શ્રી ચંદ્રમહત્તરાચાર્ય વિરચિત

પંચસંગ્રહ

દ્વિતીય ખંડ

(શ્રીમાન્ આચાર્ય શ્રી મલયગિરિ રચિત ટીકાનો અનુવાદ
તેમજ સારસંગ્રહ, પ્રશ્નોત્તરી આદિ સહિત)

અનુવાદક

(સ્વ૦) પં૦ શ્રી હીરાલાલ દેવચંદ - વઢવાણવાળા

સંપાદક

(સ્વ૦) પં૦ શ્રી પુખરાજજી અમીચંદજી કોઠારી

અધ્યાપક - શ્રી યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા. મહેસાણા

પ્રકાશક

શ્રી યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા

અને

શ્રી જૈન શ્રેયસ્કર મંડળ, મહેસાણા (ઉત્તર ગુજરાત)

ફોન નં. (૦૨૭૬૨) ૫૧૩૨૭

ગ્રંથાંક ૧૦૦

ૐ હ્રીઁ શ્રીઁ શંખેશ્વર-પાર્શ્વનાથાય નમઃ

શ્રી ચંદ્રમહત્તરાચાર્ય વિરચિત

પંચસંગ્રહ

દ્વિતીય ખંડ

(શ્રીમાન્ આચાર્ય શ્રી મલયગિરિ રચિત ટીકાનો અનુવાદ
તેમજ સારસંગ્રહ, પ્રશ્નોત્તરી આદિ સહિત)

અનુવાદક

(સ્વ૦) પં૦ શ્રી હીરાલાલ દેવચંદ - વઢવાણવાળા

સંપાદક

પં૦ શ્રી પુખરાજજી અમીચંદજી કોઠારી

અધ્યાપક - શ્રી યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા. મહેસાણા

પ્રકાશક

શ્રી યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા

અને

શ્રી જૈન શ્રેયસ્કર મંડળ, મહેસાણા (ઉત્તર ગુજરાત)

ફોન નં. (૦૨૭૬૨) ૫૧૩૨૭

શ્રી ચંદ્રમહત્તરાચાર્ય વિરચિત

પંચસંગ્રહ દ્વિતીય ખંડ

શ્રીમાન્ આચાર્ય શ્રી મલયગિરિ રચિત ટીકાનો અનુવાદ
તેમજ સારસંગ્રહ, પ્રશ્નોત્તરી આદિ સહિત

અનુવાદક
(સ્વ૦) પં૦ શ્રી હીરાલાલ દેવચંદ-વઢવાણવાળા

સંપાદક
પં૦ શ્રી પુખરાજજી અમીચંદજી કોઠારી

સર્વહક્ક પ્રકાશકને સ્વાધીન

ગ્રંથ આયોજન
શારદાબેન ચિમનભાઈ એજ્યુકેશનલ રિસર્ચ સેન્ટર
'દર્શન', શાહીબાગ, અમદાવાદ-૩૮૦૦૦૪.

પ્રથમ આવૃત્તિ :-
વીર સંવત્ ૨૫૦૧, વિક્રમ સંવત્ ૨૦૩૧, સને ૧૯૭૫

દ્વિતીય આવૃત્તિ :-
વીર સંવત્ ૨૫૨૬; વિક્રમ સંવત ૨૦૫૬; સને ૨૦૦૦

કિંમત :- રૂ. ૩૫૦=૦૦

મુદ્રક :-
નવપ્રભાત પ્રિન્ટિંગ પ્રેસ
ઘીકાંટા રોડ, અમદાવાદ-૧

પ્રકાશકીય

શ્રીમાન્ ચન્દ્રર્ષિ મહત્તરાચાર્ય વિરચિત પંચસંગ્રહ ગ્રંથના દ્વિતીય ભાગનું પુનઃ પ્રકાશન શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા—મહેસાણા દ્વારા થાય છે તે આનંદનો વિષય છે. આવા કર્મસાહિત્યના વિશિષ્ટ ગ્રંથના અભ્યાસકો જૈનશાસનમાં ચતુર્વિધ સંઘમાં છે તેથી પુનઃ પ્રકાશનનો અમૂલ્ય અવસર પ્રાપ્ત થયો છે.

વીર સંવત્ ૨૫૦૧માં પ્રકાશિત થયેલ પ્રથમાવૃત્તિની નકલો ખલાસ થઈ જવાથી અભ્યાસક વર્ગની માંગને પહોંચી વળવા પુનઃ પ્રકાશન કરીએ છીએ.

કર્મસાહિત્યના આ મહાન્ ગ્રંથમાં કર્મ સંબંધી અનેકવિધ ગંભીર વિષયો સૂક્ષ્માતિસૂક્ષ્મરૂપે સરળ ભાષામાં સમજાવ્યા છે. વિસ્તૃત વિષયાનુક્રમણિકા જોવાથી તેનો ખ્યાલ આવી શકે છે.

સ્વ૰ પૂ૰ શ્રીપુણ્યવિજયજી મહારાજ સાહેબે તથા સ્વ૰ પં૰ શ્રીપુખરાજજી અમીચંદજી આદિએ પ્રસ્તાવના વગેરેમાં લખેલ પોતાના વિદ્વત્તાપૂર્ણ લેખો દ્વારા આ મહાન્ ગ્રંથની વિશદતા, ઉત્તમતા, ગહનતા, ઉપકારિતા અને ઉપયોગિતા જાણી શકાય છે. અગત્યની કહેવા યોગ્ય બાબતો પ્રથમાવૃત્તિના પ્રકાશકીય નિવેદનમાં જણાવેલ છે.

આ ગ્રંથની દ્વિતીયાવૃત્તિના પ્રકાશનમાં સહાયભૂત થનાર દરેક સુજ્ઞ મહાશયોનો પ્રયાસ ખરેખર સ્તુત્ય—અનુમોદનીય છે. અમો તેઓશ્રીનો આ સ્થળે આભાર માનીએ છીએ. પંચસંગ્રહના દ્વિતીય ભાગના પુનઃ સંપાદન કાર્યમાં તથા મુદ્રણકાર્યમાં પૂરતી કાળજી રાખવામાં આવી છે. છતાં છદ્મસ્થતાવશ કોઈ સ્ખલના રહી ગઈ હોય તો સુજ્ઞ પુરુષોએ સુધારી અમોને જણાવવા નમ્ર વિનંતી છે.

આજના વૈજ્ઞાનિક યુગમાં કર્મવિજ્ઞાનને અદ્ભુત રીતે સમજાવનાર દ્રવ્યાનુયોગના આ મહાન્ ગ્રંથનો જિજ્ઞાસુ-મુમુક્ષુ અભ્યાસકો તલસ્પર્શી-ઊંડાણથી અભ્યાસ કરી સ્વપર આત્મહિત સાધવા સાથે આ વિષયના નવા અભ્યાસકો તૈયાર કરવામાં પ્રયત્નશીલ બને અને જૈનસમાજમાં આ અધ્યયનની પરંપરા સતત વેગવંતી બની રહે. એ જ મંગલ કામના.

મહેસાણા
વીર સંવત્ ૨૫૨૬
વિક્રમ સંવત્ ૨૦૫૬
શાસન સ્થાપના દિન
તા. ૨૬-૫-૨૦૦૦

લિ૰
શ્રી સંઘ સેવક
ડૉ૰ મફતલાલ જૂઠાલાલ શાહ
ઑ૰ સેક્રેટરી
શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત
પાઠશાળા, મહેસાણા

अर्हं नमः

विश्वोपकारिश्रुतज्ञानाय नमः

श्री पञ्चसंग्रहादिकर्मसाहित्यकर्तृभ्यो नमः

પ્રથમાવૃત્તિનું પ્રકાશકીય નિવેદન

સ્વ૰ પરમપૂજ્ય પ્રાતઃસ્મરણીય ૧૦૦૮ આ૰ દેવશ્રી વિજયભક્તિસૂરીશ્વરજી મહારાજ સાહેબના સ્વ૰ શિષ્યરત્ન પન્યાસપ્રવર પરમ પૂજ્ય ૧૦૦૮ શ્રી કનકવિજયજી મહારાજ સાહેબના શિષ્યરત્ન પરમ પૂજ્ય ૧૦૦૮ આ૰ શ્રી રુચકચન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબની સત્પ્રેરણાથી પંચસંગ્રહ-પ્રથમખંડની જેમ કર્મપ્રકૃતિરૂપ આ બીજા ખંડના પ્રકાશનનું કાર્ય આ સંસ્થાને સોંપવામાં આવેલ અને તેઓશ્રીએ પ્રેરણા દ્વારા પુસ્તક માટેની તમામ નાણાકીય સહાય જે સદ્‌ગૃહસ્થો મારફત કરાવેલ છે તે સર્વની શુભ નામાવલિ આ જ ગ્રંથમાં અન્યત્ર આપવામાં આવેલ છે.

આ ગ્રંથ અંગેની સંપૂર્ણ વ્યવસ્થા પંડિત શ્રી વસંતલાલ મફતલાલે તથા પૂજ્યશ્રીના સંસારી બંધુ સાલડી નિવાસી શ્રીયુત્ શાન્તિલાલ મણિલાલ શાહે અને કાગળો આદિ મેળવી આપી પ્રેસમાં છપાવવા વગેરેનું કાર્ય અજિત પેપર માર્ટવાળા શ્રી રસિકલાલ વાડીલાલે અને પ્રૂફ સુધારવા આદિનું કાર્ય પંડિત શ્રી રતિલાલ ચીમનલાલ દોશી (લુદરાવાળા)એ કાળજીપૂર્વક કરેલ છે.

આ સંસ્થા તરફથી પ્રથમખંડ પછી ચાર વર્ષે લગભગ ૯૦૦ પેજ પ્રમાણ દળદાર એવા આ બીજા ખંડનું પણ પ્રકાશન કરવાનો અપૂર્વ લાભ અમોને પ્રાપ્ત થતાં ગૌરવપૂર્વક વધુ આનંદ અનુભવીએ છીએ અને તે બદલ પરમ પૂજ્ય આચાર્ય શ્રી વિજય રુચકચન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ વગેરેનો તથા ઉપર જણાવેલ બંધુઓનો આભાર માનીએ છીએ.

આવા મહાકાય ગ્રંથને ટૂંક સમયમાં છાપી આપવા બદલ અમદાવાદ શિલ્પા પ્રિન્ટર્સના સંચાલકોના સૌજન્યને કેમ ભૂલી શકીએ ?

તદુપરાંત સંપાદકીય નિવેદનમાં નામપૂર્વક નિર્દેશ કરાયેલ તે તે વિષયના નિષ્ણાત પૂજ્ય મુનિભગવંતોએ તેમજ જે પંડિત મહાશયોએ પંડિતશ્રી પુખરાજજીએ સ્વયં તૈયાર કરેલ સારસંગ્રહ, પ્રશ્નોત્તરી તથા ફૂટનોટો વગેરેમાં યોગ્ય માર્ગદર્શન આપેલ તે સર્વનો પણ અમો આ સ્થળે આભાર માનીએ છીએ.

ગ્રંથનું સંપાદન તથા પ્રકાશન યથાશક્તિ કાળજીપૂર્વક કરવામાં આવેલ છે છતાં પ્રેસદોષ તથા છદ્મસ્થતા આદિના કારણે જે કંઈ સ્ખલનાઓ રહેવા પામી હોય તે જણાવવા સુજ્ઞ મહાશયોને અમારી નમ્ર વિનંતિ છે કે જેથી હવે પછીની આવૃત્તિમાં સુધારો કરી શકાય.

મહેસાણા
વીરસંવત્-૨૫૦૧
વિક્રમસંવત્-૨૦૩૧
વસંત પંચમી
રવિવાર
તા. ૧૬-૨-૧૯૭૫

લિ૰ શ્રી સંઘસેવકો
ચીમનલાલ અમૃતલાલ શાહ
બાબુલાલ જેશિંગલાલ મહેતા
ઓ૰ સેક્રેટરીઓ
શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા
અને શ્રી જૈન શ્રેયસ્કર મંડળ-મહેસાણા

બે બોલ

જૈન દર્શનમાં કર્મ સાહિત્યનું વર્ણન ઘણું જ સૂક્ષ્મ રીતે કરવામાં આવેલું છે. આ અસાર સંસારમાંથી મુમુક્ષુ આત્માઓને તરવા માટે કર્મવિષયક જ્ઞાન અનિવાર્ય છે. પ્રાથમિક અભ્યાસ માટે પૂજ્યપાદ આ૦ દેવેન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબે સરળ ભાષામાં કર્મગ્રંથોની રચના કરી છે. ત્યારબાદ આ વિષય વધુ છણાવટથી જાણવા માટે કમ્મપયડી અને પંચસંગ્રહના વિષયો અભ્યાસક વર્ગને ઘણા જ ઉપયોગી છે.

"પંચસંગ્રહ" નામના આ દળદાર ગ્રંથની રચના પૂજ્યપાદ ચંદ્રર્ષિમહત્તરાચાર્ય મહારાજશ્રીએ કરેલી. તેના ઉપર સરળ ભાષાવાળી પૂજ્ય આ૦ મલયગિરિજી મહારાજાએ ટીકા રચેલ. તેનું ગુજરાતી ભાષામાં ભાષાન્તર સ્વ૦ પંડિત શ્રી હીરાલાલભાઈ દેવચંદ દ્વારા પ્રકાશિત કરવામાં આવેલું. પંડિતશ્રીએ ઘણી જ કાળજીપૂર્વક ખંત અને પરિશ્રમથી આ ભાષાન્તર તૈયાર કરેલું, છેલ્લાં કેટલાંએક વર્ષોથી પૂજ્ય સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબોમાં કમ્મપયડી તથા પંચસંગ્રહનો અભ્યાસ સારો એવો વધ્યો છે અને ભાષાન્તરના પુસ્તકની પ્રાપ્તિ દુર્લભ બની છે. તેથી આ પુસ્તકને પ્રકાશિત કરવાની ખાસ જરૂર હતી.

આ પુસ્તકનો પહેલો અને બીજો ભાગ ફરીથી પ્રકાશિત કરવામાં સંપાદકશ્રી પુખરાજજી અમીચંદજી સાહેબની ઘણી મહેનત છે. પોતાના અનુભવોનો નિચોડ દાખલ કરવામાં, અમૂલ્ય સમયનો ભોગ આપવામાં એ કુશાગ્રબુદ્ધિગમ્યભાવોને સરળ રીતે રજૂ કરવામાં તેમણે જે અપૂર્વ ફાળો આપ્યો છે. તે ઘણો જ અનુમોદનીય છે અને અભિનંદનને પાત્ર છે.

અંતમાં પ્રત્યેક સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબોને ભણવા અને ભણાવવામાં આ ગ્રંથ વધુમાં વધુ ઉપયોગી થાય. એ જ આશા—

લિ૦

ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા

ઠે૦ ઝવેરીવાડ ખરતરની ખડકી

અમદાવાદ

પ્રથમાવૃત્તિનું નિવેદન

કર્મગ્રંથ, કર્મપ્રકૃતિના જ્ઞાનનો વધારે ફેલાવો થાય એ ઉદ્દેશથી આ ગ્રંથનું ભાષાંતર કરવાનું કાર્ય સંવત ૧૯૮૮ના આસો માસમાં શરૂ કર્યું હતું, જેનો પ્રથમ ભાગ ૧૯૯૧ની સાલમાં બહાર પડ્યો હતો. ત્યાર પછી લગભગ છ વર્ષ વીત્યા બાદ આ બીજો ભાગ બહાર પડે છે. આ ગ્રંથના કર્તા શ્રીમાન્ ચન્દ્રર્ષિ મહત્તરાચાર્ય છે અને ટીકાકાર શ્રીમાન્ આચાર્ય મલયગિરિજી છે જેનો પરિચય પ્રસ્તાવનામાં આપવામાં આવ્યો છે. આ ગ્રંથમાં ૯૯૧ ગાથાઓ છે જેમાંની ૩૯૧ ગાથા પ્રથમ ભાગમાં અને ૪૪૪ ગાથા બીજા ભાગમાં છે. (અને સપ્તતિકાની ૧૫૬ ગાથા અહીં આપવામાં આવી નથી.)

આ ભાગમાં બંધન, સંક્રમણ, ઉદ્વર્ત્તના, અપવર્તના, ઉદીરણા, ઉપશમના, નિદ્ધત્તિ અને નિકાચના એ આઠ કરણનું સ્વરૂપ વિસ્તારપૂર્વક આપવામાં આવ્યું છે.

આ આચાર્ય મહારાજ કર્મપ્રકૃતિકાર એ પ્રાચીન કર્મગ્રંથકારની પછી થયેલા હોવાથી તેમણે આ ગ્રંથના પહેલા ભાગમાં પાંચ કર્મગ્રંથ આદિનો અને બીજા ભાગમાં કર્મપ્રકૃતિનો સંગ્રહ કર્યો છે. કર્મગ્રંથ-કર્મપ્રકૃતિના જ્ઞાન માટે શ્વેતાંબર સંપ્રદાયમાં આ પૂર્ણ ગ્રંથ છે. ભણનારને વધારે સરળ થાય માટે ભાષા તદ્દન સાદી રાખી છે. તેમજ વિષયને સ્પષ્ટ કરવા માટે ઉપયોગી ટિપ્પણો પણ આપવામાં આવ્યાં છે.

આ ગ્રંથનું ભાષાંતર કરવામાં આદ્ય પ્રેરક આચાર્ય મહારાજ શ્રીમાન્ વિજય નીતિસૂરિજી અને મારા વડીલ બંધુ સમાન પંડિત ભગવાનદાસભાઈ હરખચંદ છે. તેમની વારંવાર કરેલી પ્રેરણાથી જ આ ભાષાંતરનું કાર્ય પૂર્ણ થયું છે, નહિ તો કદાચ વચમાંથી જ અટકી પડ્યું હોત. એટલે તેઓશ્રીનો અને આ ભાગનાં કેટલાંક પ્રૂફો તપાસી આપનાર શ્રીયુત્ કુંવરજીભાઈ આણંદજીનો ઉપકાર માનું છું. પ્રવર્તકજી શ્રી કાન્તિવિજયજી મહારાજજીના પ્રશિષ્ય વિદ્વાન્ મુનિમહારાજ શ્રીમાન્ પુણ્યવિજયજી મહારાજનો હાર્દિક આભાર માનું છું કે જેમણે મારી વિનંતિ સ્વીકારી પોતાની નરમ તબિયત છતાં અને બીજાં અનેક કાર્યનો બોજો છતાં આ ગ્રંથની સુંદર પ્રસ્તાવના લખી આપી છે.

આ૦ શ્રી વિજયનેમિસૂરિજીના પ્રશિષ્ય મુનિમહારાજ શ્રી વલ્લભવિજયજીનો આ સ્થળે આભાર માનું છું કે જેઓએ આ ગ્રંથની સો નકલ લઈને ગ્રંથના પ્રચારકાર્યમાં ઉત્તેજન આપ્યું છે અને તેથી જ હું આ પુસ્તકને છાપીને પ્રકાશિત કરી શક્યો છું. આ ગ્રંથનો વિષય અતિગહન હોવાથી કાળજીપૂર્વક વિચારી છપાવવાનો ખ્યાલ રાખવા છતાં જે કાંઈ અશુદ્ધિ કે શાસ્ત્રવિરુદ્ધ લખાણ થયું હોય તેની ક્ષમા યાચું છું અને વિદ્વાન પુરુષોને તે ભૂલો સુધારી વાંચવા વિનંતિ કરું છું.

હીરાલાલ દેવચંદ શાહ

ॐ ह्रीँ श्री शंखेश्वरपार्श्वनाथाय नमोनमः

સંપાદકીય નિવેદન

આ મહાન ગ્રંથના સંપાદનનું કાર્ય મારી પામે કેમ આવ્યું ? મને તેનો લાભ કેમ મળ્યો ? અને મેં તેનું સંપાદન કેમ કર્યું ? તથા ચતુર્વિધ સંઘમાં આનું મહત્ત્વ કેટલું છે ? તેમજ આ ગ્રંથ કેટલો પ્રાચીન છે વગેરે હકીકત પંચસંગ્રહના પ્રથમ ભાગમાં મારા સંપાદકીય નિવેદનમાં જણાવેલ હોવાથી અહીં પુનઃ જણાવવામાં આવતી નથી, જિજ્ઞાસુઓએ ત્યાંથી જાણી લેવું.

શ્રમણ-પ્રધાન શ્રી ચતુર્વિધ સંઘમાં આ ગ્રંથનું અધ્યયન-અધ્યાપન ઘણા કાળથી ચાલ્યું આવે છે, કેટલીક વખત આ ગ્રંથ કેવળ જાણી લેવાની દૃષ્ટિએ જ ભણાય છે. ત્યાં સમજવું જોઈએ કે,- કેવળ જાણી જવા માટે જ આ ગ્રંથ નથી, પરંતુ ખૂબ જ ચિંતન-મનન સાથે આઠ કરણરૂપ આ બીજા ખંડનું તલસ્પર્શીજ્ઞાન સૂક્ષ્મ બુદ્ધિથી જો પ્રાપ્ત કરવામાં આવે તો કેટલુંય નવું નવું જાણવા મળી શકે છે. સાથે સાથે બંધાયેલ કર્મો ઉપર અધ્યવસાયો દ્વારા કેવા પ્રકારનું પરિણમન થાય છે, આત્મા કર્મપાશમાંથી કેવી રીતે મુક્ત બની મોક્ષગામી બને છે—તેનો સચોટ ખ્યાલ આવે છે.

પ્રત્યેક સમયે દરેક કર્મો એક સરખી રીતે બંધાતાં નથી પરંતુ અનેક રીતે બંધાય છે. વળી જે કર્મ જે રીતે બંધાયું હોય તે કર્મ તે જ ઉદયમાં આવે છે અને ફળ આપે છે એમ નથી. કેટલીક વાર કેટલાંક કર્મો જે રીતે બંધાયાં હોય તે જ રીતે નિયત કાળે ઉદયમાં આવે છે અને ફળ પણ આપે છે, પરંતુ કેટલીક વાર કેટલાંક કર્મો બંધ સમયે જે રીતે બંધાયાં હોય તેનાથી અન્ય રીતે ફળ આપે છે. અગર નક્કી થયેલ સમય કરતાં વહેલાં-મોડાં અગર વધારે કાળ સુધી ફળ આપે છે, વળી કેટલાંક કર્મો તો ફળ આપ્યા વિના ક્ષય થઈ જાય છે એવું પણ બને છે.

એ રીતે કર્મોમાં બંધ સમયે અને બંધાયા પછી અધ્યવસાયો દ્વારા કેવી અસર થાય છે તે બાબત આઠ કરણોનું સ્વરૂપ સમજવાથી સારી રીતે જાણી શકાય છે.

કર્મોનો બંધ સામાન્યતયા ચાર પ્રકારે થાય છે તેમાં ૧૧માથી ૧૩મા સુધીનાં ત્રણ ગુણસ્થાનકોમાં અસાંપરાયિક અર્થાત્ યોગમાત્રથી કેવળ સાતાવેદનીયનો બંધ થાય છે તે સ્પૃષ્ટ બંધ કહેવાય છે. જેમ સૂકાં કપડાં અગર દીવાલ ઉપર પવન દ્વારા ચોંટેલ રજકણો તુરત જ છૂટા પડી જાય છે, તેમ માત્ર યોગ દ્વારા બંધાયેલ સાતાવેદનીય કર્મ પણ બીજા સમયે ભોગવાઈને છૂટું પડી જાય છે. આ બંધ અસાંપરાયિક હોવાથી બહુલતાએ તેની વિવક્ષા કરવામાં આવતી નથી એટલે મોટા ભાગે સાંપરાયિક બંધને જ બંધ તરીકે ગણવામાં આવે છે.

જેમ દરેક રાજ્યમાં નીચેની તથા ડિસ્ટ્રિક્ટ અને હાઈકોર્ટ એમ ત્રણ પ્રકારની અદાલતો હોય છે અને તદુપરાંત ભારત અગર પાકિસ્તાન જેવા સંપૂર્ણ એક-એક દેશમાં ચોથી એક સુપ્રીમ અદાલત હોય છે. વળી આ ચારેય કોર્ટોમાં જેમ દરેક પ્રકારના કેસો ચાલતા નથી પણ અમુક ચોક્કસ પ્રકારના ગુનાઓના અને રકમોના કેસો અમુક અમુક કોર્ટમાં ચાલે છે. તથા કેટલીક વખત નીચેની કે ડિસ્ટ્રિક્ટ કોર્ટે આપેલ ચુકાદો આખરી હોતો નથી, કારણ કે તે ચુકાદાથી જો વાદી કે પ્રતિવાદીને સંતોષ ન થયો હોય તો આગળ હાઈકોર્ટમાં અપીલ કરી શકે છે અને હાઈકોર્ટે આપેલા નિર્ણયથી પણ જો સંતોષ ન થાય તો સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી શકે છે અને તે કોર્ટ દ્વારા કરવામાં આવેલો નિર્ણય સર્વને બંધનકર્તા ગણાતો હોવાથી તે પ્રમાણે અવશ્ય વર્તવું પડે છે.

તેમ અમુક અમુક પ્રકારના અધ્યવસાયો દ્વારા આત્મા કર્મબંધ ત્રણ પ્રકારે કરે છે.

બંધનકરણ

જેવી રીતે નીચેની અથવા ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં ન્યાયાધીશ અમુક ચુકાદો આપે છે અને વાદી કે પ્રતિવાદી ઉપરની કોઈ પણ કોર્ટમાં ન જાય તો તે ચુકાદો બંધનકર્તા થાય છે. અને ઉપરની કોર્ટમાં જાય તો તે ચુકાદામાં ફેરફાર પણ થાય છે તેવી રીતે સામાન્ય બંધનકરણના અધ્યવસાયોથી બંધાયેલ કર્મ ઉપર અમુક કાળ પછી સંક્રમણ આદિ સાત કરણમાંના કોઈ પણ કરણની અસર ન થાય તો તેમાં કોઈ પણ જાતનો ફેરફાર થતો નથી. અર્થાત્ બંધ સમયે જેટલા કાળે, જે રીતે, જેટલું ફળ આપવા વગેરેનો સ્વભાવ નિયત થયો હોય તે જ રીતે ઉદયમાં આવે છે અને જો કોઈ કરણની અસર થઈ જાય તો તેમાં ફેરફાર થઈ જાય છે અથવા તે તે પ્રકૃતિઓ અન્યથા રૂપે ફળ આપનારી પણ બની જાય છે.

નિદ્ધત્તિ-કરણ

હાઈકોર્ટમાં અપાયેલ ચુકાદામાં જો સુપ્રીમ કોર્ટમાં જાય તો તે દ્વારા ફેરફાર પણ થઈ જાય છે તેમ નિદ્ધત્ત પ્રકારના અધ્યવસાયો દ્વારા જે કર્મ જે સ્વરૂપે બંધાયેલ હોય તે જ રીતે ભોગવવું પડે, માત્ર આવા અધ્યવસાયથી બંધાયેલ કર્મના સ્થિતિ અને રસમાં વધારો કે ઘટાડો થઈ શકે છે. આવા બંધને નિદ્ધત્ત બંધ કહેવાય છે.

નિકાચના-કરણ

સુપ્રીમ કોર્ટે આપેલા ચુકાદામાં જાહેર થયેલા દંડ કે સજા વગેરેમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર થતો જ નથી, અર્થાત્, તે દંડ કે સજા ભોગવ્યા વિના ચાલે જ નહિ, તે જ પ્રમાણે જેના વડે અત્યંત ગાઢ નિકાચિત થાય તેવા પ્રકારના તીવ્રતમ અધ્યવસાયોથી જે સમયે જેવા સ્વરૂપવાળું કર્મ બંધાયું હોય તે કર્મ તેવા સ્વરૂપે અવશ્ય ભોગવવું જ પડે છે, અર્થાત્ તે કર્મમાં કોઈ પણ કરણ લાગી શકતું નથી અને તેથી કંઈ પણ ફેરફાર થતો નથી. આવા બંધને નિકાચિત બંધ કહેવાય છે.

બંધનકરણની જેમ નિદ્ધત્તિ અને નિકાચના આ બન્નેય કરણો આત્મા જે સમયે કર્મ બાંધે છે તે સમયે પણ પ્રવર્ત્તે છે. અને નીચેની અદાલતમાં ચાલેલ કેસનો ચુકાદો ઉપરની કોર્ટમાં ન

જવાથી બંધનકર્તા થાય છે અને ઉપરની કોર્ટમાં જવાથી તેમાં ફેરફાર પણ થઈ જાય છે—એમ નીચેની કોર્ટે આપેલ જજમેન્ટનો ફલિતાર્થ છે. તેમ સામાન્ય બંધનકરણના અધ્યવસાયોથી બંધાયેલ કર્મ ઉપર અન્ય અધ્યવસાય રૂપ બીજાં કરણોની અસર ન થાય તો જે સ્વરૂપે બંધાયેલ હોય તે સ્વરૂપે ફળ આપે છે અને અન્ય કરણોની અસર થાય તો તેના સ્વરૂપમાં ફેરફાર પણ થઈ જાય છે, એમ બંધનકરણથી બંધાયેલ કર્મનો ફલિતાર્થ છે.

જેમ સુપ્રીમ કોર્ટમાં ન જનાર વ્યક્તિને હાઈકોર્ટે આપેલ ચુકાદો અવશ્ય બન્ધનકર્તા છે અને તેના ફેરફાર માટે સુપ્રીમ કોર્ટમાં જવું એ જ કેવળ ઉપાય છે કેમકે તેથી તેમાં ફેરફાર પણ થઈ જાય છે. તેમ પ્રથમથી જ નિદ્ધત્ત અધ્યવસાયો દ્વારા બંધાયેલ કર્મમાં સ્થિતિ-રસ વધારનાર ઉદ્વર્તના અને ઘટાડનાર અપવર્તના એ બે કરણો પ્રવર્તી શકે છે. અન્ય કોઈ કરણ લાગી શકતું નથી એમ નિયત થયેલ હોય છે. હવે તે પૂર્વબદ્ધ કર્મ જો નિકાચના અધ્યવસાયરૂપ સુપ્રીમ કોર્ટના તાબામાં ન આવે તો એ જ રીતે ભોગવાઈને ક્ષય થઈ જાય છે. પરંતુ નિકાચના અધ્યવસાય રૂપ સુપ્રીમ કોર્ટના તાબામાં આવી જાય તો તેમાં ઉદ્વર્તના અને અપવર્તના આ બે કરણો પણ લાગી શકતાં નથી.

બંધારણીય કાયદા વગેરેની બાબતમાં પ્રથમથી જ સુપ્રીમ કોર્ટમાં ચાલેલ કેસનો અગર નીચેની અદાલતમાં ચાલેલ કેસનો સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ જે ચુકાદો આપે છે તેમાં ફરમાવેલ દંડ કે સજા વગેરેમાં ક્યારેય કોઈપણ પ્રકારનો ફેરફાર થતો નથી અને અવશ્ય બંધનકર્તા હોય છે, તે જ પ્રમાણે-નિકાચના અધ્યવસાય દ્વારા બંધસમયે જેટલી સ્થિતિવાળું, જેટલા રસવાળું અને જે ફળ આપવા વગેરેના સ્વરૂપવાળું જે કર્મ બંધાયું હોય તે બંધ પછી અને પહેલાં બંધન કે નિદ્ધત્તિ કરણથી બંધાયેલ હોવા છતાં પછીથી તેમાં તીવ્ર અધ્યવસાય રૂપ નિકાચના કરણ લાગી તે કર્મ નિકાચિત થઈ જાય તો તેમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર થઈ શકતો નથી, પરંતુ જે સ્વરૂપે નિકાચિત બંધ થયેલ હોય અગર પછીથી નિકાચિત થયેલ હોય તે જ સ્વરૂપે ભોગવ્યા બાદ જ તે કર્મ ક્ષય પામે છે.

'સુપ્રીમ કોર્ટે ફરમાવેલ દંડ કે સજામાં કોઈપણ પ્રકારનો ફેરફાર થાય નહિ' એવો કાનૂન હોવા છતાં રાષ્ટ્રપતિ તે દંડ કે સજા પણ માફ કરી શકે છે એવો વિશિષ્ટ કાયદો છે. તેમ પ્રથમથી જ નિકાચિત બંધાયેલ અથવા પછીથી નિકાચિત થયેલ કર્મમાં પણ આઠ કરણમાંના કોઈ પણ કરણથી કોઈ પણ પ્રકારનો ફેરફાર થતો નથી, બલ્કે જે કર્મ જે રીતે નિકાચિત થયેલ હોય તે કર્મ તે રીતે જ ભોગવવું પડે છે, એમ શાસ્ત્રોમાં જણાવેલ છે, છતાં રાષ્ટ્રપતિ સમાન શ્રેણિગત અધ્યવસાયો દ્વારા અર્થાત્ તેવા પ્રકારના શુકલધ્યાન કે ધર્મધ્યાન દ્વારા નિકાચિત કર્મો પણ ભોગવ્યા વિના ક્ષય થઈ જાય છે, એમ શાસ્ત્રોમાં અપવાદરૂપ વિશિષ્ટ કાયદો છે. તેથી જ ક્યારેય પણ નિદ્ધત્ત અને નિકાચિત થયેલ જે કોઈ કર્મો સત્તામાં હોય છે તે પોતાના અપૂર્વકરણ સુધી અથવા અપૂર્વકરણ નામના આઠમા ગુણસ્થાનક સુધી નિદ્ધત્ત અને નિકાચિત રૂપે સત્તામાં હોય છે, પરંતુ પોતાના અનિવૃત્તિ કરણથી અથવા તો અનિવૃત્તિકરણ નામના નવમા ગુણસ્થાનકના પ્રથમ સમયથી કોઈ પણ કર્મનો કોઈ પણ ભાગ નિદ્ધત્ત કે નિકાચિત રૂપે હોતો જ નથી. તાત્પર્ય એ કે, આયુષ્ય વિના સત્તાગત સર્વ કર્મો ભોગવ્યા વિના પણ ક્ષય પામે તેવાં થઈ જાય છે.

સંક્રમણકરણ

નીચેની કે ડિસ્ટ્રિક્ટ કોર્ટના ન્યાયધીશે એક જ પ્રકારના કેસમાં સંડોવાયેલ ચાર વ્યક્તિઓમાંથી અમુકને નિર્દોષ ઠરાવ્યા હોય અને અમુકને દોષિત ઠરાવી સજાપાત્ર ગણાવ્યા હોય પરંતુ તેમાંથી કોઈ પણ વ્યક્તિ ઉપરની અદાલતમાં અપીલ ન કરે તો તે ફેંસલો તે જ પ્રમાણે રહે છે. પરંતુ ઉપરની અદાલતમાં જો અપીલ કરે તો પ્રથમના ફેંસલામાં ઠરાવેલ નિર્દોષ વ્યક્તિ દોષિત અને દોષિત વ્યક્તિ નિર્દોષ જાહેર થાય છે તેમ બંધનકરણના અધ્યવસાયથી બંધાયેલ કર્મમાં સંક્રમણકરણ ન લાગે તો જે કર્મ સુખાદિક કે દુઃખાદિક જે ફળ આપવાના સ્વરૂપે બંધાયેલ હોય તે કર્મ તે સ્વરૂપે ફળ આપે છે અને જો બંધાયેલ તે કર્મમાં સંક્રમણ કરણ લાગી જાય તો સુખાદિક કે દુઃખાદિકરૂપે ફળ આપવાના સ્વરૂપે પ્રથમ બંધાયેલ હોવા છતાં વિપરીત થઈ જાય છે અર્થાત્ દુઃખાદિક કે સુખાદિક સ્વરૂપે ફળ આપવાના સ્વભાવવાળાં થઈ જાય છે.

ઉદ્વર્તનાકરણ

નીચેની અદાલતે ગુનેગારને એકાદ વર્ષની સામાન્ય કેદની અથવા એકાદ હજાર રૂપિયાના દંડની સજા કરી હોય અને જો તે ગુનેગાર ઉપરની અદાલતમાં કેસ લડે તો ક્યારેક એકાદ વર્ષના બદલે બેચાર વર્ષની અને સામાન્ય કેદના બદલે સખત મજૂરી સાથેની કેદની અગર હજારના બદલે બે હજારના દંડની સજા થઈ જાય છે, તેમ બંધ સમયે અમુક સ્થિતિ કે અમુક રસવાળું કર્મ બંધાયું હોય અને પછી તેમાં ઉદ્વર્તના કરણરૂપ અધ્યવસાયોની અસર થાય તો ઉદ્વર્તના થઈ જાય, તેથી પ્રથમ બંધાયેલ કર્મની સ્થિતિ અને રસમાં વધારો થઈ જાય છે.

અપવર્તનાકરણ

નીચેની અદાલતમાં ગુનેગારને બે વર્ષ વગેરે મુદતની અને સખત મજૂરી સાથેની કેદની અગર બે હજારના દંડની સજા થઈ હોય અને પછી તે ઉપરની અદાલતમાં અપીલ કરીને કેસ લડે તો કેટલીક વાર બે વર્ષ વગેરેના બદલે ઘટીને એકાદ વર્ષની અને સખત મજૂરીની કેદના બદલે સામાન્ય કેદની તથા બે હજારની રકમના બદલે એકાદ હજારની રકમના દંડની સજા થાય છે, તેમ બંધ સમયે જેટલી સ્થિતિ અને જેટલા રસવાળું જે કર્મ બંધાયું હોય તેમાં અપવર્તના કરણરૂપ અધ્યવસાયોની અસર થાય તો તેની અપવર્તના થઈ જાય-એટલે કે બંધ સમયે બંધાયેલ કર્મની સ્થિતિ અને રસમાં ઘટાડો થઈ જાય છે.

ઉદીરણાકરણ...

ખૂન આદિનો મોટો ગુનો કરનાર વ્યક્તિ ઉપર અદાલતમાં કેસ ચાલુ હોય અગર કેસના ચુકાદામાં જેલ વગેરેની અમુક સજા થઈ હોય તે જ દરમ્યાન તે જ ગુનેગાર ખૂન આદિનો કોઈક બીજો ગુનો કરે અને તે ગુનાના બદલામાં થયેલ જેલ આદિની સજા પ્રથમના ગુનાના બદલામાં થયેલ જેલ આદિની સજાની સાથે ભોગવાઈ જાય છે તેવી રીતે પ્રથમ બંધાયેલ કર્મના ઉદયકાળમાં પ્રાપ્ત થયેલ દલિકોની સાથે અમુક પ્રકારના ઉદીરણાકરણરૂપ અધ્યવસાયો દ્વારા ઉદયકાળે પ્રાપ્ત નહિ થયેલાં કર્મદલિકો પણ ઉદયમાં આવી ભોગવાઈને દૂર થઈ જાય છે.

ઉપશમનાકરણ

કોઈ પણ અદાલતમાં ગુનેગારને અમુક મુદત પ્રમાણે જેલ વગેરેની સજા થયેલ હોવા છતાં ખાસ કોઈ કારણસર જામીન આપી અમુક મુદત સુધી તે ગુનેગાર જેલ આદિ વિના બિનગુનેગારની માફક મુક્ત રહી શકે છે અને મુદત પૂર્ણ થતાં જ પુનઃ જેલ આદિના બન્ધનમાં આવી જાય છે, તેમ પ્રથમ બંધાયેલ સત્તાગત મોહનીય કર્મનો ઉદય ચાલુ હોવા છતાં જેનાથી મોહનીય કર્મ સર્વથા દબાઈ જાય તેવા પ્રકારના વિશિષ્ટ અધ્યવસાય રૂપ સર્વોપશમના કરણથી અંતર્મુહૂર્ત કાળ સુધી આત્મા મોહનીય કર્મના ઉદયમાંથી મુક્ત બની વીતરાગ સમાન થઈ જાય છે અને તે અંતર્મુહૂર્ત કાળ પૂર્ણ થતાં જ મોહનીય કર્મનો ઉદય પુનઃ શરૂ થઈ જાય છે.

એમ બંધ સમયે બંધન, નિદ્ધત્તિ અને નિકાચના એમ ત્રણમાંથી કોઈ પણ એક કરણ દ્વારા કર્મ બંધ થાય છે અને બંધનકરણથી બંધાયેલ કર્મમાં અધ્યવસાયાનુસાર સાતેય કરણો લાગી અનેક પ્રકારના ફેરફાર થાય છે અને નિદ્ધત્તિ કરણથી બંધાયેલ કર્મમાં ઉદ્વર્તના અને અપવર્તના એ બે કરણો લાગી તેમાં ફેરફાર થાય છે પરંતુ નિકાચના કરણ દ્વારા બંધાયેલ કર્મમાં આઠમાંનું કોઈ પણ કરણ લાગતું નથી. માટે તે કર્મમાં કંઈ જ ફેરફાર થતો નથી, તેથી જે સ્વરૂપે બંધાયેલ હોય તે જ સ્વરૂપે અવશ્ય ભોગવવું પડે છે. તેમ હોવા છતાં શ્રેણિગત શુક્લધ્યાન કે ધર્મધ્યાન સ્વરૂપ વિશિષ્ટ અધ્યવસાયો દ્વારા તે નિકાચિત કર્મો રસોદયથી ભોગવ્યા વિના પણ ક્ષય થઈ જાય છે.

માટે સાધક આત્માઓએ શુભ ધ્યાન રૂપ અભ્યંતર તપની પ્રૅક્ટિસ કરવા અને તેમાં આગળ વધવાની ખૂબ જ જરૂર છે તેથી ગાઢ નિકાચિત બંધાયેલ કર્મોનો પણ ભોગવ્યા વિના ક્ષય કરી તે જ ભવમાં મોક્ષગામી બની શકાય છે.

પહેલાં અનેક વખત ભણાવવા છતાં પ્રસ્તુત-ગ્રંથગત પદાર્થોના સૂક્ષ્મ સ્વરૂપનો આવો વાસ્તવિક ખ્યાલ મને ન હતો, છતાં છેલ્લાં ૨૦ વર્ષથી સ્વર્ગત, પરમપૂજ્ય, પ્રાતઃસ્મરણીય ૧૦૦૮ શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબે અને તેઓશ્રીના સમુદાયવર્તી વિદ્વાન મુનિ ભગવંતોએ લખેલ કર્મ સાહિત્યનાં ઘણાં મેટરો તથા પુસ્તકોનું અવલોકન કરવાથી મને કંઈક સારો બોધ પ્રાપ્ત થયો છે,

પ્રસ્તુત ગ્રંથના અભ્યાસક વર્ગને ચિંતન-મનન દ્વારા પદાર્થોના વિશેષ બોધની જિજ્ઞાસા વધે અને સહેલાઈથી વિશેષ બોધ પ્રાપ્ત કરી શકે તે હેતુથી કેટલાંક યંત્રો-આકૃતિઓ અને દરેક કરણના અંતે સારસંગ્રહ તેમજ પ્રશ્નોત્તરી પણ તૈયાર કરીને મૂકવામાં આવેલ છે.

આ ગ્રંથની કેટલીક નવી ટિપ્પણીઓ, સારસંગ્રહ તેમજ પ્રશ્નોત્તરીનું સંપૂર્ણ મેટર કર્મસાહિત્યના નિષ્ણાત પ૦ પૂ૦ ગણિવર્ય ૧૦૦૮ શ્રી જયઘોષ વિજયજી મહારાજ સાહેબે પોતાના અમૂલ્ય સમયનો ભોગ આપી અક્ષરશઃ બારીકાઈથી તપાસી આપેલ છે એ ઉદીરણા કરણનું મેટર પ૦ પૂ૦ **વીરશેખર વિજયજી** મહારાજ સાહેબે સૂક્ષ્મતાપૂર્વક તપાસી આપેલ છે અને પ૦ પૂ૦ **ધર્માનંદ વિજયજી** મહારાજ સાહેબે પણ આ બાબતમાં કેટલુંક માર્ગદર્શન આપેલ છે, તેથી તે દરેક પૂજ્ય મુનિ ભગવંતોનો હું અત્યંત ઋણી છું અને તેઓશ્રીનો અતિ ઉપકાર માનું છું.

મારી વિનંતિનો સ્વીકાર કરી પરમ તપસ્વિની વિદુષી સાધ્વીજી શ્રી **લાવણ્યશ્રીજી** મહારાજ સાહેબે પોતાનાં વિદુષી શિષ્યા **મયૂરકલાશ્રીજી** તથા **મૃગલોચનાશ્રીજી** વગેરે મહારાજ સાહેબને ત્રણેક માસ માટે મહેસાણા મોકલેલ અને તે બન્નેય મહારાજ સાહેબોએ મૂળમેટરને ઝીણવટથી તપાસવા ઉપરાંત કેટલાંક ઉપયોગી યંત્રો બનાવી આપેલ છે અને તે દરમ્યાન અહીં કર્મપ્રકૃતિના અભ્યાસાર્થે રહેલ પૂ૦ પરમ વિદુષી સાધ્વીજી **ચંદ્રોદયાશ્રીજી** મહારાજ સાહેબનાં પ્રશિષ્યા પૂ૦ **ચારુધર્માશ્રીજી** મહારાજ સાહેબે પણ સારસંગ્રહનો કેટલોક ભાગ લખવાદિકમાં સહકાર આપેલ છે.

પ્રેસકોપી, યંત્રો તથા શુદ્ધિપત્રક બનાવવામાં અને મેટર તપાસવાના કાર્યમાં સંસ્થાના ભૂતપૂર્વ અધ્યાપક **પંડિત શ્રી રતિલાલ ચીમનલાલ, શાંતિલાલ સોમચંદ** તથા **વસંતલાલ નરોત્તમદાસ**ના સહકારથી આ કાર્યને સારો વેગ મળ્યો છે.

જેઓશ્રીએ મને આ ગ્રંથના સંપાદનનો અપૂર્વ લાભ આપ્યો છે તે પરમપૂજ્ય ૧૦૦૮ આચાર્યદેવશ્રી **રુચકચંદ્રસૂરીશ્વરજી** મહારાજ સાહેબ તેમજ ઉપર જણાવેલ ૫૦ પૂ૦ મુનિભગવંતો, સાધ્વીજી મહારાજ સાહેબો તથા અધ્યાપક બંધુઓનો આ સ્થળે ખૂબ ખૂબ આભાર માનું છું.

અથાગ પરિશ્રમ કરી આ સંસ્થામાં મને દાખલ કરાવનાર સ્વર્ગસ્થ ૫૦ પૂ૦ ૧૦૦૮ શ્રી **કીર્ત્તિસાગર સૂરીશ્વરજી** મહારાજ સાહેબના શિષ્ય સ્વર્ગસ્થ ૫૦ પૂ૦ ૧૦૦૮ શ્રી **જિતેન્દ્ર સાગરજી** મહારાજ સાહેબ શિવગંજ પાઠશાળાના અધ્યાપક શ્રી **જેશિંગલાલ ચુનિલાલભાઈ,** સંસ્થાના માનદમંત્રી સ્વર્ગસ્થ ડૉ૦ સાહેબ શ્રી **મગનલાલ લીલાચંદભાઈ,** પૂજ્ય વિદ્યાગુરુ અને સંસ્થાના ભૂતપૂર્વ મૅનેજર પંડિત શ્રી **પ્રભુદાસ બેચરદાસ** પારેખ, સ્વર્ગસ્થ પંડિત શ્રી **ચંદુલાલ નાનચંદ,** સ્વર્ગસ્થ પંડિત શ્રી **વર્ષાનંદજી,** અધ્યાપક શ્રી **હરજીવનદાસભાઈ,** અધ્યાપક શ્રી **કુંવરજીભાઈ** તથા શ્રી **હરગોવિંદદાસભાઈ** વગેરેએ પોતાના અમૂલ્ય સમયનો ભોગ આપી અભ્યાસમાં આગળ વધવામાં મને ખૂબ ખૂબ પ્રોત્સાહન આપ્યું છે. સારસંગ્રહાદિક સાથે આ ગ્રંથનું સંપાદન કરી શક્યો છું તે ખરેખર તેઓશ્રીના શુભ આશીર્વાદનું ફળ છે.

સારસંગ્રહાદિક તૈયાર કરવામાં શક્ય તેટલી કાળજી રાખી હોવા છતાં છદ્મસ્થતાના દોષથી, મારી ઇન્દ્રિયોની પરાધીનતાના કારણે અને પ્રેસદોષ આદિના કારણે કંઈપણ સ્ખલના રહી ગઈ હોય અને કોઈપણ સ્થળે આગમ વિરુદ્ધ લખાયું હોય તે બદલ સરલ ભાવે મિથ્યા દુષ્કૃત માગું છું અને આ વિષયના નિષ્ણાત સુજ્ઞ મહાશયોને જે કંઈ ક્ષતિ જણાય તે જણાવવા નમ્રભાવે વિજ્ઞપ્તિ કરવાપૂર્વક વિરમું છું.

વીર સંવત ૨૫૦૧
વિક્રમ સંવત ૨૦૩૧
ચૈ૦ સુ૦ ૧૩ બુધવાર
તા. ૨૩-૪-૧૯૭૫.

લિ૦
વડગામ (રાજસ્થાન) નિવાસી
પુખરાજ અમીચંદજી કોઠારી
શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા
મહેસાણા (ઉત્તર ગુજરાત)

॥ अर्हम् ॥

॥ नमः श्रीकर्मवादव्याख्यातृभ्यः ॥

આમુખ

કેવલજ્ઞાનદિવાકર સર્વતત્ત્વરહસ્યવેદી વિશ્વોપકર્ત્તા અને જગદુદ્ધર્ત્તા શ્રમણ ભગવાન શ્રી વર્ધમાન તીર્થંકરે પ્રતિપાદન કરેલ જૈનદર્શનમાં સ્યાદ્વાદ, અહિંસાવાદ વગેરે વાદો જેમ એના મહત્ત્વના અંગસ્વરૂપ છે, એ જ રીતે અને એટલા જ પ્રમાણમાં કર્મવાદ એ પણ એનું એવું જ પ્રધાન અંગ છે, સ્યાદ્વાદ અને અહિંસાવાદના વ્યાખ્યાન અને વર્ણનમાં જેમ જૈનદર્શને જગતભરના સાહિત્યમાં એક ભાત પાડી છે, એ જ પ્રમાણે કર્મવાદના વ્યાખ્યાનમાં પણ એણે એટલાં જ કૌશલ અને ગૌરવ દર્શાવ્યાં છે. એ જ કારણે જૈનદર્શને કરેલી કર્મવાદની શોધ અને તેનું વ્યાખ્યાન એ બન્નેય ભારતીય દર્શનસાહિત્યમાં તેના અનેકાન્તવાદ અને અહિંસાવાદ વગેરે વાદોની માફક ચિરસ્મરણીય મહત્ત્વનું સ્થાન ભોગવી રહેલ છે.

જૈનદર્શનમાં કર્મવાદનું સ્થાન

આજે સામાન્ય માન્યતા એવી છે કે "જૈનદર્શન કર્મવાદી છે." અલબત્ત આ માન્યતા અસત્ય તો નથી જ; છતાં આ માન્યતાની આડે એક એવી ભ્રાન્તિ જન્મી છે કે "જૈનદર્શન માત્ર કર્મવાદી છે." આ સંબંધમાં કહેવું જોઈએ કે "જૈનદર્શન માત્ર કર્મવાદી છે એમ નથી, પણ તે વિશ્વવાદી છતાં ટૂંકમાં મહાતાર્કિક આચાર્ય શ્રીસિદ્ધસેનદિવાકરના—

कालो सहाव नियई पुव्वकयं पुरिसकारणेगंता ।
मिच्छत्तं ते चेवा समासओ होइ सम्मत्तं ॥

આ કથનાનુસાર "કાલવાદ, સ્વભાવવાદ વગેરે પાંચ કારણવાદને માનનાર દર્શન છે" કર્મવાદ એ ઉપરોક્ત પાંચ કારણવાદ પૈકીનો એક વાદ છે. આમ છતાં ઉપર જણાવેલી ભ્રાન્ત માન્યતા ઉદ્‌ભવવાનું મુખ્ય કારણ એટલું જ કે, જૈનદર્શને માન્ય કરેલ પાંચ વાદો પૈકી કર્મવાદે સાહિત્યના ક્ષેત્રમાં જે વિશાળ સ્થાન રોકેલું છે એના શતાંશ જેટલુંય બીજા એક પણ વાદે રોક્યું નથી. આ ઉપરથી સમજી શકાશે કે "જૈનદર્શન માત્ર કર્મવાદને માનનાર દર્શન નથી પણ તે ટૂંકમાં પાંચ કારણવાદને માનનાર અનેકાન્તવાદી દર્શન છે."

મૌલિક જૈન કર્મસાહિત્ય

જૈન કર્મવાદનું સ્વરૂપ અને તેનું વ્યાખ્યાન અત્યારે વિદ્યમાન જૈન આગમોમાં છૂટું છૂટું

અમુક પ્રમાણમાં હોવા છતાં એ એટલું અપૂર્ણ છે કે જે જૈન કર્મવાદની મહત્તાના અંગરૂપ ન બની શકે; તેમજ જૈન આગમો પૈકીનું કોઈ પણ આગમ એવું નથી જે કેવળ કર્મવાદવિષયને લક્ષીને હોય; આ સ્થિતિમાં સૌ કોઈને એ જિજ્ઞાસા સહેજે જ થાય અને થવી જ જોઈએ કે, "ત્યારે જૈન દર્શનના અંગભૂત વ્યાખ્યાનનું મૂળ સ્થાન કયું ?" આ વિષે જૈન કર્મવાદવિષયક સાહિત્યના વ્યાખ્યાતા અને પ્રણેતાઓનો એ જવાબ છે કે, "જૈનકર્મવાદવિષયક પદાર્થોનું મૂળભૂત, વિસ્તૃત અને સંપૂર્ણ વ્યાખ્યાન **કર્મપ્રવાદ પૂર્વમાં** અર્થાત્ **કર્મપ્રવાદ પૂર્વનામક** મહાશાસ્ત્રમાં કરવામાં આવ્યું છે. એ મહાશાસ્ત્રના આધારે કર્મવાદનું વ્યાખ્યાન ગ્રંથરચના વગેરે છે." આજે આ મૂળભૂત મહાશાસ્ત્ર કાળના પ્રભાવથી વિસ્મૃતિ અને નાશના મુખમાં પડી ગયું છે. આજે આપણી સમક્ષ વિદ્યમાન કર્મવાદવિષયક સાહિત્ય એ ઉપરોક્ત મહાશાસ્ત્રના આશયને આધારે નિર્માણ કરાયેલ અંશરૂપ સાહિત્ય છે. ઉપર જણાવેલ મહાશાસ્ત્રની વિસ્મૃતિ અને અભાવમાં કર્મસાહિત્યના નિર્માતાઓને કર્મવાદવિષયક કેટલીયે વસ્તુઓનાં વ્યાખ્યાનો પ્રસંગે પ્રસંગે છોડી દેવાં પડ્યાં અને કેટલીયે વસ્તુઓના વિસંવાદ પામતાં તાત્ત્વિક વર્ણનો શ્રુતધરો ઉપર છોડી દેવામાં આવ્યાં છે ?"[1].

જૈન કર્મસાહિત્યના પ્રણેતાઓ

જૈન કર્મવાદવિષયક સાહિત્યના પ્રણેતાઓ શ્વેતાંબર અને દિગંબર એમ બે વિભાગમાં વહેંચાઈ જાય છે, તે છતાં કર્મવાદનું વ્યાખ્યાન અને વર્ણન તો એક જ રૂપમાં રહ્યું છે. એ જ કારણે દરેક તાત્ત્વિક વિષયમાં બન્નેય સંપ્રદાય સમાનતંત્રીય તરીકે ઓળખાય છે.

એ સાહિત્યની વિશેષતા વિષયમાં પણ ઉભય સંપ્રદાય સમાન દરજ્જામાં ઊભા છે. અલબત્ત ગ્રંથકર્તાઓના ક્ષયોપશમાનુસાર ગ્રંથરચના અને વસ્તુવર્ણનમાં સુગમ-દુર્ગમતા, ન્યૂનાધિકતા કે વિશદાવિશદતા હશે અને હોઈ શકે, તે છતાં વાસ્તવિક રીતે જોતાં બન્નેય પૈકી કોઈનાય કર્મવાદ વિષયક સાહિત્યનું ગૌરવ ઓછું આંકી શકાય તેમ નથી. અવસરે અવસરે, જેમ દરેક વિષયમાં બને છે તેમ કર્મવાદવિષયક સાહિત્યમાં પણ ઉભય સંપ્રદાયે એક-બીજાની

---

१. (क) ''अकरणअणुइन्नाए अणुओगधरे पणिवयामि ॥१॥''

''करणं क्रिया, ताए विणा जा उवसामणा सा अकरणोवसामणा....ताते अणुओगो वोच्छिन्नो तो तं अजाणंतो आयरिओ जाणंतस्स नमोक्कारं करेति ।'' कर्मप्रकृतिचूर्णि-उपशमनाकरणे ॥

''अकरणकृतोपशमनाया नामधेयद्वयम्, तद्यथा-अकरणोपशमना, अनुदीर्णोपशमना च । तस्याश्च सम्प्रत्यनुयोगो व्यवच्छिन्नः ।'' मलयगिरीया टीका ॥

(ख) ''तत्र या करणरहिता तस्या व्याख्या नास्ति, तद्वेत्तृणामभावात् ।'' पंचसंग्रह स्वोपज्ञटीका ।

(ग) ''जीवपदप्रतिबद्धानां त्वालापगणनादीनां द्वाराणां प्ररूपणा सम्प्रदायाभावाद् न क्रियते'' बृहत्कल्पसूत्रविभाग ४ पत्र १२१९

(घ) 'शेषाणि तु द्रव्यप्रमाणादीनि ससानुयोगद्वाराणि कर्मप्रकृतिप्राभृतादीन् ग्रन्थान् सम्यक् परिभाव्य वक्तव्यानि । ते च कर्मप्रकृतिप्राभृतादयो ग्रन्था न सम्प्रति वर्तन्ते इति लेशतोऽपि दर्शयितुं न शक्यन्ते । यस्त्वैदंयुगीनेऽपि श्रुते सम्यगत्यन्तमभियोगमास्थाय पूर्वापरौ परिभाव्य दर्शयितुं शक्नोति तेनावश्य दर्शयितव्यानि । प्रज्ञोन्मेषो हि सतामद्यापि तीव्रतीव्रतरक्षयोपशमभावेनासीनो विजयमानो लक्ष्यते । अपि चान्यदपि यत् किञ्चिदिह क्षूणमापतितं तत् तेनोपनीय तस्मिन् स्थानेऽन्यत् समीचीनमुपदेष्टव्यम् । सन्तो हि परोपकारकरणैकरसिका भवन्तीति॥

सप्ततिका गाथा ५३ मलयगिरीया टीका पत्र २४१

વસ્તુ લીધી છે, વર્ણવી છે અને સરખાવી પણ છે. એ જ પુરવાર કરે છે કે, કર્મવાદવિષયક સાહિત્યમાં બન્નેય પૈકી એક્કેયનું ગૌરવ ઓછું નથી.

બન્નેય સંપ્રદાયમાં કર્મવાદવિષયક નિષ્ણાત આચાર્યો એકસમાન દરજ્જાના થયા છે. જેમના વક્તવ્યમાં ક્યાંય સ્ખલના ન આવે. કર્મપ્રકૃતિ, પંચસંગ્રહ જેવા સમર્થ ગ્રંથો, તેનો વિષય અને તેનાં નામ આપવા વગેરે બાબતમાં પણ બન્નેય સંપ્રદાય એક કક્ષામાં ઊભા છે.

શ્વેતાંબર સંપ્રદાયમાં ભગવાન્ શ્રીશિવશર્મસૂરિ, ચૂર્ણિકાર આચાર્ય, શ્રીચંદ્રર્ષિ મહત્તર, શ્રીમાન્ ગર્ગર્ષિ, નવાંગીવૃત્તિકાર આચાર્ય શ્રી અભયદેવસૂરિ, શ્રીમુનિચંદ્રસૂરિ, મલધારી શ્રીહેમચંદ્રાચાર્ય, શ્રીચક્રેશ્વરસૂરિ, શ્રીમાન્ ધનેશ્વરાચાર્ય, ખરતર આચાર્ય શ્રીજિનવલ્લભસૂરિ, આચાર્ય શ્રીમલયગિરિ, શ્રીયશોદેવસૂરિ, શ્રીપરમાનંદસૂરિ, બૃહદ્ગચ્છીય શ્રી હરિભદ્રસૂરિ, શ્રીરામદેવ, તપાઆચાર્ય શ્રીદેવેન્દ્રસૂરિ, શ્રીઉદયપ્રભ, શ્રીગુણરત્નસૂરિ, શ્રીમુનિશેખર, આગમિક શ્રીજયતિલકસૂરિ, ન્યાયવિશારદ ન્યાયાચાર્ય મહોપાધ્યાય શ્રીયશોવિજયજી વગેરે સંખ્યાબંધ મૌલિક તેમજ વ્યાખ્યાત્મક કર્મવાદવિષયક સાહિત્યના પ્રણેતા અને વ્યાખ્યાતા નિષ્ણાત આચાર્યો અને સ્થવિરો થઈ ગયા છે.

એ જ રીતે દિગંબર સંપ્રદાયમાં પણ ભગવાન્ શ્રીપુષ્પદન્તાચાર્ય, શ્રીભૂતબલિ આચાર્ય, શ્રીકુન્દકુન્દાચાર્ય, સ્વામી શ્રીસમન્તભદ્રાચાર્ય, શ્રીગુણધરાચાર્ય, શ્રીયતિવૃષભાચાર્ય, શ્રીનેમિચંદ્ર સિદ્ધાન્તચક્રવર્તી વગેરે કર્મવાદવિષયક સાહિત્યના પ્રણેતા અને વ્યાખ્યાતા પારંગત આચાર્યો, અને સ્થવિરો થયા છે.

બન્નેય સંપ્રદાયના વિદ્વાન ગ્રંથકારોએ કર્મવાદવિષયક સાહિત્યને પ્રાકૃત-માગધી, સંસ્કૃત તેમજ લોકભાષામાં ઉતારવા એકસરખો પ્રયત્ન કર્યો છે.

શ્વેતાંબર આચાર્યોએ કર્મપ્રકૃતિ, પંચસંગ્રહ, પ્રાચીન-અર્વાચીન કર્મગ્રંથો અને તેના ઉપર ચૂર્ણિ, ભાષ્ય, ટીકા, અવચૂર્ણિ, ટિપ્પનક, ટબાઓ આદિરૂપ વિશિષ્ટ કર્મસાહિત્યનું સર્જન કર્યું છે.

જ્યારે દિગંબર આચાર્યોએ મહાકર્મપ્રકૃતિપ્રાભૃત, કષાયપ્રાભૃત, ગોમ્મટસાર, લબ્ધિસાર, ક્ષપણાસાર, પંચસંગ્રહ વગેરે શાસ્ત્રો અને તેના ઉપર માગધી-સંસ્કૃત, હિન્દી આદિ ભાષામાં વ્યાખ્યાત્મક વિશાળ કર્મસાહિત્યની રચના કરી છે.

કર્મવાદવિષયક ઉપરોક્ત ઉભય સંપ્રદાયને લગતા સાહિત્યમાં અનેક પ્રકારની વિશેષતા હોઈ એક બીજા સંપ્રદાયના સાહિત્ય તરફ દુર્લક્ષ કરવું કે ઉપેક્ષા કરવી એ કર્મવાદવિષયક અપૂર્વ જ્ઞાનથી વંચિત રહેવા જેવી જ વાત છે. છેવટે ટૂંકમાં એટલું જ કહેવું બસ છે કે જૈનદર્શનમાન્ય કર્મવાદને પુષ્ટ બનાવવામાં ઉભય સંપ્રદાયે એકસરખો ફાળો આપ્યો છે.

---

૧. શ્વેતાંબર-દિગંબર કર્મવાદવિષયક સાહિત્યનો પરિચય મેળવવા ઇચ્છનારે ભાવનગર શ્રીજૈન આત્માનંદ સભા તરફથી બહાર પડેલ અને પૂજ્યપાદ ગુરુદેવ શ્રીચતુરવિજયજી મહારાજે સંપાદિત કરેલ सटीकाश्चत्वारः प्राचीनाः कर्मग्रन्थाः ની પ્રસ્તાવના અને તપાગચ્છનાયક શ્રીદેવેન્દ્રસૂરિ વિરચિત चत्वारः कर्मग्रन्थाः માના છઠ્ઠા પરિશિષ્ટને જોવાં.

જૈન કર્મવાદ-સાહિત્યની વિશેષતા

જૈનદર્શને કર્મવાદના વિષયમાં વિચાર કરતાં કર્મ શું વસ્તુ છે ? જીવ અને કર્મનો સંયોગ કેવી રીતે થાય છે ? તેમજ એ સંયોગ ક્યારનો અને કયા રૂપમાં છે ? કર્મનાં દલિક, તેની વર્ગણાઓ, તેના ભેદો, તથા તે કેવી રીતે બંધાય અને ઉદયમાં આવે છે ? ઉદયમાં આવવા પહેલાં તેના ઉપર જીવ દ્વારા શી શી ક્રિયાઓ થાય છે ? કર્મોને આશ્રયીને જીવ દ્વારા થતી વિવિધ-ક્રિયાઓ જેને કરણ કહેવામાં આવે છે એ શું વસ્તુ છે અને તેના કેટલા પ્રકારો છે ? કર્મના બંધ અને નિર્જરાનાં શાં શાં કારણો અને ઈલાજો છે ? કર્મબંધ અને તેના ઉદયાદિને પરિણામે આત્માની કઈ કઈ શક્તિઓ આવૃત તેમજ વિકસિત થાય છે ? કયા કારણસર કર્મોનો બંધ દઢ અને શિથિલ થાય છે ? કર્મના બંધ અને નિર્જરાલક્ષી જીવ કેવી કેવી વિશિષ્ટ ક્રિયાઓ કરે છે ? કર્મના બંધ અને નિર્જરાનો આધાર શાના ઉપર છે ? આત્માની આંતરિક શુભાશુભ ભાવના અને દેહજનિત બાહ્ય શુભાશુભ ક્રિયા કર્મબંધાદિકના વિષયમાં કેવો ભાગ ભજવે છે ? શુભાશુભ કર્મો અને તેના રસની તીવ્ર-મંદતાને પરિણામે આત્મા કેવી સમ-વિષમ અનુભવ કરે છે ? વગેરે સંખ્યાતીત પ્રશ્નોનો વિચાર અને ઉકેલ કરેલ છે.

આ ઉપરાંત અનાદિ કર્મપરિણામને પ્રતાપે આત્મા કેવી કેવી પરિસ્થિતિઓમાંથી પસાર થયો છે, થાય છે અને વિવિધ ક્રિયાઓ કર્યે જાય છે એનું વાસ્તવિક અને વિશિષ્ટ વર્ણન જૈનદર્શને વર્ણવેલ કર્મવાદમાં જેટલા વિપુલ અને વિશદ રૂપમાં મળી આવશે એટલા સ્પષ્ટ રૂપમાં ભારતીય ઈતર દર્શનસાહિત્યમાં ક્યારેય લભ્ય નથી. ભારતીય અન્ય દર્શનસાહિત્યમાં આત્માની વિકસિત દશાનું વર્ણન વિશદ રૂપમાં મળી આવશે પણ અવિકસિત દશામાં એની શું સ્થિતિ હતી ? કઈ કઈ પરિસ્થિતિઓ એણે વટાવી અને તેમાંથી તેનો વિકાસ કઈ વસ્તુના પાયા ઉપર થયો ? એ વસ્તુનું વર્ણન લગભગ ઘણા જ ઓછા પ્રમાણમાં મળી શકશે.

મહાન્ આચાર્ય શ્રીસિદ્ધર્ષિની ઉપમિતિભવપ્રપંચા કથા, મલધારી શ્રીહેમચંદ્રસૂરિની ભવભાવના, મંત્રી યશઃપાલનું મોહરાજ-પરાજય નાટક; મહોપાધ્યાય શ્રીયશોવિજયજીની વૈરાગ્ય-કલ્પલતા વગેરે—જૈનદર્શનના કર્મવાદને અતિબારીકાઈથી રજૂ કરતી કૃતિઓનું નિર્માણ અને એ કૃતિઓ આજે ભારતીય સાહિત્યમાં અજોડ સ્થાન શોભાવી રહી છે એ, જૈનદર્શનના કર્મવાદને જ આભારી છે.

પ્રસંગોચિત આટલું જણાવ્યા પછી હવે મૂળ વિષય તરફ આવીએ. મૂળ વિષય પંચસંગ્રહ મહાશાસ્ત્રોનો ગુજરાતી અનુવાદ છે. એ અનુવાદને અંગે કાંઈ પણ કહેતાં પહેલાં પંચસંગ્રહ શું વસ્તુ છે અને તેને લગતું શું શું વિશિષ્ટ સાહિત્ય આજે લભ્ય છે—ઇત્યાદિ જણાવવું અતિ આવશ્યક હોઈ શરૂઆતમાં આપણે એ જ જોઈએ.

પંચસંગ્રહ અને તેને લગતું સાહિત્ય

પંચસંગ્રહ એ કર્મવાદનિષ્ણાત આચાર્ય શ્રીચંદ્રર્ષિમહત્તર વિરચિત કર્મ-સાહિત્ય-વિષયક પ્રાસાદભૂત મહાન્ ગ્રંથ છે. એમાં આચાર્યશ્રીએ જણાવ્યા પ્રમાણે શતક આદિ પાંચ ગ્રંથોનો સંક્ષેપથી સમાવેશ હોઈ અથવા એમાં પાંચ દ્વારોનું વર્ણન હોઈ એને પંચસંગ્રહ એ નામથી

ઓળખવવામાં આવ્યો છે.

ગ્રંથકારે મૂળ ગ્રંથમાં પાંચ દ્વારોનાં નામો આપ્યાં છે પણ શતક આદિ પાંચ ગ્રંથો કયા ? એ મૂળમાં કે સ્વોપજ્ઞ ટીકામાં ક્યાંય જણાવ્યું નથી. છતાં આચાર્ય શ્રીમલયગિરિએ આ ગ્રંથની[1] ટીકામાં જણાવ્યું છે તે મુજબ આ ગ્રંથમાં આચાર્યે ૧. શતક, ૨. સપ્તતિકા, ૩. કષાયપ્રાભૃત, ૪. સત્કર્મ અને ૫. કર્મપ્રકૃતિ—આ પાંચ ગ્રંથોનો સંગ્રહ કર્યો છે. આ પાંચ ગ્રંથો પૈકી સપ્તતિકા અને કર્મપ્રકૃતિ એ બે ગ્રંથો આમાં સ્પષ્ટ રીતે જોવામાં આવે છે.

બાકીના ત્રણ ગ્રંથોનો આચાર્યે કેવી રીતે સમાવેશ કર્યો છે તે સ્પષ્ટ રીતે સમજવું ઘણું કઠિન છે, ખાસ કરી તે આજે જે બે ગ્રંથો આપણને મળતા નથી એવા સત્કર્મ અને કષાયપ્રાભૃતનો સમાવેશ આચાર્યે કયે ઠેકાણે અને કેવી રીતે કર્યો છે એ સમજવાનું કે કલ્પના કરવાનું કામ તો અત્યારે આપણા માટે અશક્ય જ છે. આ સ્થિતિમાં આપણે એટલું અનુમાન કરી શકીએ કે કર્મપ્રકૃતિ અને સપ્તતિકા એ બે ગ્રંથોના વિષયો અતિ સ્વતંત્ર હોઈ આચાર્યે એ બે ગ્રંથોને સ્વતંત્ર રીતે આમાં સંગ્રહ્યા છે અને બાકીના ત્રણ ગ્રંથોનો વિષય પરસ્પર સંમિલિત થઈ જતો હોઈ તે ગ્રંથોને સંમિલિત રૂપે સંગ્રહ્યા હશે.

ભગવાન શ્રીચંદ્રર્ષિમહત્તરે પ્રસ્તુત ગ્રંથમાં શતક આદિ જે પાંચ ગ્રંથોનો સંગ્રહ કર્યો છે, તે પૈકી એક પણ ગ્રંથના નામનો સાક્ષી તરીકે સ્વોપજ્ઞ ટીકામાં ક્યાંય ઉલ્લેખ કર્યો નથી. પરંતુ આચાર્ય શ્રીમલયગિરિની ટીકામાં કષાયપ્રાભૃત સિવાયના ચાર ગ્રંથોનો પ્રમાણ તરીકે અનેક ઠેકાણે ઉલ્લેખ થયેલો જોવામાં આવે છે.[2] સત્કર્મનો ઉલ્લેખ તેમણે બે ઠેકાણે કર્યો છે પણ તે એક જ રૂપ હોઈ ખરી રીતે એક જ ગણી શકાય. શતક, સપ્તતિકા અને કર્મપ્રકૃતિ એ ત્રણ ગ્રંથો અત્યારે અતિ-પ્રચલિત છે પણ સત્કર્મ અને કષાયપ્રાભૃત એ બે ગ્રંથો અત્યારે અલભ્ય હોઈ એ વિષે આપણે ખાસ કશું જાણી કે કહી શકતા નથી.

આ ઠેકાણે આપણે એટલું કહી શકીએ કે, આચાર્ય શ્રી મલયગિરિજીના સમયે સત્કર્મશાસ્ત્ર વિદ્યમાન હતું, પરંતુ કષાયપ્રાભૃત ગ્રંથ તો તેમને પણ આપણી જેમ લભ્યં નહોતો જ, નહિ તો તેઓ આ ગ્રંથનો ઉલ્લેખ કોઈ ને કોઈ ઠેકાણે કર્યા સિવાય રહેત નહિ.

આચાર્ય શ્રીચંદ્રર્ષિ મહત્તરે પંચસંગ્રહમાં જે ગ્રંથોનો સંગ્રહ કર્યો છે તે પૈકી શતક, સપ્તતિકા અને કર્મપ્રકૃતિ એ મૌલિક ગ્રંથો શ્વેતાંબરાચાર્ય-કૃત જ છે, એ વસ્તુ અત્યારે મળતા આ ત્રણ ગ્રંથો સાથે પંચસંગ્રહમાં સંગૃહીત વિષયની સરખામણી કરતાં નિર્વિવાદ રીતે સમજી શકાય છે, ફક્ત સત્કર્મ અને કષાયપ્રાભૃત એ બે શાસ્ત્ર, જે અત્યારે શ્વેતાંબર સંપ્રદાયમાં લભ્ય ન હોઈ

---

१. ''पञ्चानां शतक-सप्ततिका—कषायप्राभृत-सत्कर्म-कर्मप्रकृतिलक्षणानां ग्रन्थानाम् ॥'' पंचसंग्रह गाथा १ टीका ॥

२. ये पुनः सत्कर्माभिधग्रन्थकाराद्यस्ते क्षपकक्षीणमोहान् व्यतिरिच्य शेषाणामेव निद्राद्विकस्योदयमिच्छन्ति । तथा च तद्ग्रन्थः—'निद्दादुगस्स उदओ, खीण [ग] खवगे परिच्चवज्ज ।'' तन्मतेनोदीरणाऽपि इत्यादि ॥ मुक्ता० आवृत्ति पत्र ११६ ।

तदुक्तं सत्कर्मग्रन्थे-''निद्दादुगस्स उदओ, खीणगखवगे परिच्चवज्ज ।'' पत्र २२७ ॥

દિગંબર સંપ્રદાયમાં લભ્ય હોવાનું માનવામાં આવે છે, એટલે આચાર્ય શ્રીચંદ્રર્ષિએ સંગૃહીત સત્કર્મ અને કષાયપ્રાભૃત ગ્રંથો દિગંબરમાન્ય ગ્રંથો હશે, કે શ્વેતાંબરમાન્ય સ્વતંત્ર ગ્રંથો હશે એ શંકા સ્વાભાવિક રીતે જ ઉપસ્થિત થયા સિવાય રહી શકતી નથી. આનું સમાધાન સ્પષ્ટ રૂપે કરવું ધારી લઈએ તેટલું સરળ ભલે ન હોય તે છતાં એટલી વાત તો નિર્વિવાદ છે કે પ્રસ્તુત પંચસંગ્રહ શાસ્ત્રમાં શ્વેતાંબરાચાર્યકૃત પ્રકરણોના સંગ્રહનો જ સંભવ અધિક સંગત તેમજ ઔચિત્યપૂર્ણ છે.

અહીં એક વસ્તુ સ્પષ્ટ કરી દેવી યોગ્ય છે કે 'કષાયપ્રાભૃત એ નામ પ્રાભૃતશબ્દાન્ત હોઈ સમયપ્રાભૃત ષટ્પ્રાભૃત વગેરે પ્રાભૃતાન્ત ગ્રંથો દિગંબર સંપ્રદાયના હોઈ કષાયપ્રાભૃત ગ્રંથ પણ દિગંબરાચાર્યકૃત હોવો જોઈએ.' એમ કોઈને લાગે; આ સામે એટલું કહેવું જ બસ છે કે, શ્વેતાંબરમાન્ય ગ્રંથરાશિમાં સિદ્ધપાહુડ-સિદ્ધપ્રાભૃત કર્મપ્રાભૃત વગેરે ગ્રંથો સુપ્રસિદ્ધ છે. એ રીતે શ્વેતાંબર સંપ્રદાયમાં કષાયપ્રાભૃત ગ્રંથ હોવામાં બાધક થવાને કશું જ કારણ નથી. પંચસંગ્રહ વગેરેની જેમ સમાનનામના અને સમાનવિષયના ગ્રંથો આજે પણ લભ્ય છે.

પંચસંગ્રહ ઉપર સ્વોપજ્ઞ અને આચાર્ય શ્રીમલયગિરિસૂરિકૃત એમ બે સમર્થ ટીકાઓ મળે છે; જે અનુક્રમે દશહજાર અને અઢાર હજાર શ્લોકપ્રમાણ છે. આ બન્નેય ટીકાઓ એકીસાથે અતિવ્યવસ્થિત રૂપમાં "મુક્તાબાઈ જૈન જ્ઞાનમંદિર ડભોઈ" તરફથી પ્રસિદ્ધ થઈ ચૂકેલ છે. તેમજ 'શ્રેષ્ઠિવર્ય દેવચંદ લાલભાઈ' વગેરે તરફથી આ ટીકાઓ છૂટી છૂટી પણ પ્રકાશિત થઈ ચૂકેલ છે.

આ ઉપરાંત ખંભાતના શાંતિનાથના તાડપત્રીય જૈન જ્ઞાનભંડારમાં વા(રા ?)મદેવ કૃત ૨૫૦૦ શ્લોક પ્રમાણ દીપક નામની ટીકા હોવાની નોંધ મળે છે, પરંતુ આ ટીકા મારા જોવામાં હજુ સુધી આવી નથી. આ દીપક ગમે તેવો હોય તે છતાં કહેવું જોઈએ કે સ્વોપજ્ઞ ટીકા અને મલયગિરિકૃત ટીકાની કક્ષાથી એ હેઠળ જ હશે અથવા આ ટીકાઓને અનુસરીને જ એ સંક્ષિપ્ત કૃતિ બની હશે.

પંચસંગ્રહકારનો સમય

પંચસંગ્રહકાર આચાર્ય કયા સમયમાં થયા હશે અથવા તેઓશ્રી કઈ શાખાના હશે ? ઈત્યાદિ વિષે કશોય સ્પષ્ટ ઉલ્લેખ ક્યાંય જોવામાં આવતો નથી. ફક્ત સ્વોપજ્ઞ ટીકાના અંતની પ્રશસ્તિમાં પોતે પાર્શ્વર્ષિના શિષ્ય છે એટલું જ જણાવ્યું છે. એટલે પંચસંગ્રહકાર ભગવાન્ શ્રી ચંદ્રર્ષિ શ્રીપાર્શ્વર્ષિના શિષ્ય હતા એથી વિશેષ આપણે એમને વિષે બીજું કશું જ સ્પષ્ટ રૂપમાં જાણી શકતા નથી. તેઓશ્રી મહત્તરપદ વિભૂષિત હતા કે કેમ એ વિષેનો ઉલ્લેખ પણ તેમની કૃતિમાં મળતો નથી. સ્વોપજ્ઞ ટીકામાં પોતા માટે 'चन्द्रर्षिणा' चन्द्रर्ष्यभिधानेन साधुना એટલો જ ઉલ્લેખ છે, તેમજ આચાર્ય શ્રીમલયગિરિએ પણ मया चन्द्रर्षि नाम्ना साधुना એટલો જ ઉલ્લેખ કર્યો છે. આમ હોવાથી પંચસંગ્રહકાર આચાર્ય મહત્તરપદ વિભૂષિત હતા—એ માટે બીજા સામાન્ય રીતે ચાલુ ઉલ્લેખનો જ આધાર આપણે રાખી શકીએ.

આચાર્ય શ્રીચંદ્રર્ષિના સત્તા-સમય વિષે એટલું જ અનુમાન કરી શકાય કે, ગર્ગર્ષિ, સિદ્ધર્ષિ, પાર્શ્વર્ષિ, ચંદ્રર્ષિ આદિ ઋષિશબ્દાન્ત નામો મોટે ભાગે નવમી-દશમી શતાબ્દીમાં વધારે

પ્રચલિત હતા. એટલે પંચસંગ્રહકાર આચાર્ય શ્રીચંદ્રર્ષિ મહત્તર નવમા-દશમા સૈકામાં થઈ ગયેલા હોવા જોઈએ. એ જમાનામાં મહત્તરપદ પણ ચાલુ હતું, એટલે ચંદ્રર્ષિ મહત્તરના ઉપર જણાવેલ સત્તા-સમય માટે ખાસ કોઈ બાધ આવતો નથી. ઉપમિતિભવપ્રપંચા કથાના પ્રણેતા આચાર્ય શ્રીસિદ્ધર્ષિના ગુરુ ગર્ગર્ષિના પ્રગુરુ દેલ્લ[1] મહત્તર મહત્તરપદવિભૂષિત હતા.

ચંદ્રર્ષિમહત્તરની અન્ય કૃતિઓ

ભગવાન્ શ્રીચંદ્રર્ષિમહત્તરકૃત ગ્રંથોમાં પંચસંગ્રહ અને તેના ઉપરની સ્વોપજ્ઞટીકા સિવાય તેમની બીજી કોઈ કૃતિ હજુ સુધી જોવામાં નથી આવી. સિત્તરિ-સપ્તિકા કર્મગ્રંથ તેમની કૃતિ તરીકે પ્રચલિત છે, પરંતુ એ માન્યતા ભૂલભરેલી છે એ મેં શ્રીજૈન આત્માનંદ સભા-ભાવનગર તરફથી પ્રસિદ્ધ થયેલ કર્મગ્રંથના બીજા વિભાગની મારી પ્રસ્તાવનામાં સ્પષ્ટ રીતે સાબિત કર્યું છે. આ ઉપરાંત સિત્તરિ-કર્મગ્રંથ ઉપરની પ્રાકૃત વૃત્તિ-ચૂર્ણિ તેમની કૃતિ હોવાનું માનવામાં આવે છે; પરંતુ સિત્તરિ-ચૂર્ણિની અર્વાચીન પ્રતિના અંતમાં તેવો ઉલ્લેખ મળતો નથી, અને પ્રાચીન તાડપત્રીય પ્રતિઓ જે મારા જોવામાં બે-ત્રણ આવી—તે અંતમાંથી ખંડિત થઈ ગયેલી હોઈ એ વિષે ચોક્કસપણે કશું જ કહી શકાય તેમ નથી.

પંચસંગ્રહનો અનુવાદ

આજે કર્મવાદવિષયના રસિકો સમક્ષ જે પંચસંગ્રહ મહાશાસ્ત્રનો સંપૂર્ણ ગુજરાતી અનુવાદ રજૂ કરવામાં આવે છે એ રચના શ્રાદ્ધવર્ય માસ્તર હીરાચંદ દેવચંદની છે. પંચસંગ્રહ જેવા પ્રાસાદભૂત ગ્રંથનો સરળ અને વિશદ રીતે લોક માનસમાં ઊતરે એવો ગુજરાતી ભાષામાં અનુવાદ કરવો એ કામ કોઈ પણ વિદ્વાન્ માની લે તેટલું સરળ કે સુખસાધ્ય નથી. એક સાધારણમાં સાધારણ ગ્રંથને લોકભાષામાં ઉતારવા માટે કેટલોય પરિશ્રમ કરવો પડે છે, તો કર્મસાહિત્ય જેવા ગહન અને ગંભીર વિષયના પ્રાસાદભૂત મહાશાસ્ત્રને લોકભાષામાં ઉતારવા માટે એ વિષયનું કેટલું ઊંડું જ્ઞાન અને ચિંતન હોવાં જોઈએ એ સહેજે સમજી શકાય તેવી વસ્તુ છે. ભાઈશ્રી હીરાચંદભાઈએ પંચસંગ્રહનો અનુવાદ કરવા ઉપરાંત અનેક સ્થળે વિષયને સ્પષ્ટ કરવા માટે વિશિષ્ટ ટિપ્પણીઓ કરી એના ગૌરવમાં ખૂબ જ ઉમેરો કર્યો છે.

અહીં એક ખાસ મુદ્દાની વસ્તુ દરેકના ધ્યાનમાં રહેવી જરૂરી છે કે, માસ્તર હીરાચંદભાઈ એ જૈન સમાજનું અણમોલું રત્ન છે. આજે જૈન સમાજમાં કર્મ સાહિત્યમાં ઊંડો રસ, અભ્યાસ અને ચિંતન ધરાવનાર જે ગણી-ગાંઠી વિશિષ્ટ વ્યક્તિઓ છે તેમાં હીરાભાઈનું સ્થાન વિશિષ્ટ છે. એટલે એમણે કરેલો આ અનુવાદ કેટલો વિશિષ્ટ છે એનો ઉત્તર સ્વાભાવિક રીતે જ મળી રહે છે.

ભાઈ શ્રીહીરાચંદભાઈએ આવા પ્રાસાદભૂત ગ્રંથોનો ગુજરાતી અનુવાદ કરી માત્ર જૈન સાહિત્ય અને જૈન સમાજની જ સેવા નથી કરી, પણ એક વિશિષ્ટમાં વિશિષ્ટ તાત્ત્વિક કૃતિ

---

૧. अभूद् भूतहितो धीरस्ततो देल्लमहत्तरः । ज्योति र्निमित्तशास्त्रज्ञः प्रसिद्धो देशविस्तरे ॥ ઉપમિતિભવપ્રપંચા કથા-પ્રશસ્તિ

અર્પણ કરી ગુર્જરગિરા અને ગુજરાતી સાહિત્યને પણ સમૃદ્ધ કર્યાં છે. તેમની આ કૃતિ તેમના કર્મસાહિત્યવિષયક અગાધ જ્ઞાન સાથે ચિરંજીવ રહી જશે.

પંચસંગ્રહ ગ્રંથમાં શાસ્ત્રકારે જે ગૌરવપૂર્ણ વિષયો ચર્ચ્યા છે તેનો પરિચય વાચકો ગ્રંથની શરૂઆતમાં આપેલી વિષયાનુક્રમણિકા જોઈને જ કરી લે, એ વધારે યોગ્ય છે.

અંતમાં, જૈન પ્રજા, આજકાલ ગુજરાતી ભાષામાં ઉતારવા તાત્ત્વિક જૈન સાહિત્યમાં દિન-પ્રતિદિન વધારે ને વધારે રસ લેનારી અને જ્ઞાન-ચારિત્રસમૃદ્ધ થાઓ એટલું કહી વિરમું છું.

લિ૰ પ્રવર્તક શ્રી ૧૦૦૮ શ્રી કાન્તિવિજયજી શિષ્ય
આત્માનંદ જૈન ગ્રંથરત્નમાલાના આદ્ય સંપાદક
મહારાજ શ્રી ચતુરવિજયજી ચરણ સેવક
મુનિ પુણ્યવિજય

॥ णमो जहट्ठिअवत्थुवाईणं ॥

॥ श्रीशंखेश्वरपार्श्वनाथाय नमोनमः ॥

યત્ કિંચિત્

આજના વૈજ્ઞાનિક યુગમાં પાશ્ચાત્ય સંસ્કૃતિની અસરથી અને ભોગવિલાસનાં પ્રાપ્ત થતાં સાધનોથી લોકોનું જડ તરફનું આકર્ષણ-રાગ વધતો જાય છે. તે પ્રસંગે સંસારપરિભ્રમણના કારણભૂત કાર્મણવર્ગણાના બંધન આદિ આઠ કરણો અને ઉદય સત્તાના વિસ્તારથી વિવેચનરૂપ પંચસંગ્રહ ભા૦ ૨નું સંપાદન અતિ આવશ્યક છે.

આજે વૈજ્ઞાનિકોએ વૈજ્ઞાનિક દૃષ્ટિથી અણુની શક્તિ વિષે શોધખોળ કરી લોકોની બાહ્યદૃષ્ટિમાં પ્રગતિનાં દર્શન કરાવ્યાં છે. તે પ્રસંગે જૈન દર્શનમાં નિરૂપેલ કાર્મણ વર્ગણાની શક્તિ અને કર્મબંધના કારણભૂત હેતુઓની આત્મા પર થતી અસરને વિસ્તૃત સ્વરૂપે નિરૂપણ કરતો આ ગ્રંથ જૈન દર્શન તરફ જૈન-જૈનેતર સર્વને અભિરુચિ કરાવવા પ્રબલ કારણભૂત થશે.

પૂ૦ સાધુ-સાધ્વીજી મ૦ સાહેબોને પંચસંગ્રહ-કર્મપ્રકૃતિના અધ્યાપન પ્રસંગે મનમાં થતું હતું કે, આ કર્મ સાહિત્યના ગ્રંથના વિસ્તૃત અભ્યાસ માટે તેમજ સ્વાધ્યાય માટે દ્વાર તેમજ કરણોના વિવેચનના અંતે સારસંગ્રહ અથવા પ્રશ્નોત્તરી હોય તો અભ્યાસકોને અધ્યયનમાં સરળતા સાથે રસ જાગ્રત થાય. આ ગ્રંથના સંપાદક મહાશયે આ ગ્રંથના પુનઃ સંપાદનમાં સરળતા સાથે રસ જાગૃત થાય. આ ગ્રંથના સંપાદક મહાશયે આ ગ્રંથના પુનઃ સંપાદનમાં અભ્યાસકોની આ જિજ્ઞાસા પૂર્ણ કરવા સાથે ઉપયોગી યંત્રો તેમજ પ્રત્યેક યોગસ્થાનમાં સ્પર્ધક વૃદ્ધિ, અંતરકરણ, ગુણશ્રેણિ, કીટ્ટિઓ વગેરે સૂક્ષ્મ બુદ્ધિગમ્ય ગહન પદાર્થોની આકૃતિઓ અને જરૂરિયાતવાળાં સ્થાનોએ ફૂટનોટોમાં વિશદ વિવેચન કરી આ સંપાદનને અતિ ઉપયોગી બનાવ્યું છે. તે આનંદનો વિષય છે.

મારા વિદ્યાગુરુ અને કર્મ સાહિત્યના ચિંતક શ્રી યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા મહેસાણાના અધ્યાપક **પંડિત પુખરાજજી અમીચંદજીએ** અથાગ પરિશ્રમ કરી જૈન દર્શનના કર્મ સાહિત્યના શ્રેષ્ઠતમ આ ગ્રંથનું સૂક્ષ્મ રીતે વિવેચન કરી કર્મ સાહિત્યના અભ્યાસકોની ઘણા સમયની જિજ્ઞાસાને પૂર્ણ કરી છે.

કરણોના વિવેચનમાં સ્પર્ધકો, અનુકૃષ્ટિ, તીવ્રમંદતા વગેરે કઠિન પદાર્થોનું સરળ ભાષામાં વિસ્તૃત વિવેચન હોવાથી આ ગ્રંથના વાંચનથી કર્મ સાહિત્યના અભ્યાસકો સ્વયં કર્મ સાહિત્યનું જ્ઞાન પ્રાપ્ત કરી શકશે એ નિર્વિવાદ હકીકત છે.

આ રીતે કર્મપ્રકૃતિ તેમજ અન્ય ગ્રંથોનું સુંદર સંપાદન થાય તો કર્મશાસ્ત્રના અભ્યાસકોને વિશેષ સુગમતા થાય તે માટે પ્રયત્નો કરવા સંપાદકશ્રીને મારી નમ્ર વિનંતિ છે.

મહેસાણા સંસ્થા આવા શ્રેષ્ઠ ગ્રંથોનું અધ્યાપન કરાવી પૂર્વકાલીન મહર્ષિઓની વફાદારી અને પરંપરા સાચવી રાખે છે. જૈન સંઘ આ સંસ્થાના વિકાસ માટે પ્રયત્નશીલ રહે એવી આશા રાખું છું.

અંતમાં અભ્યાસક વર્ગ આ ગ્રંથનો સારી રીતે ઉપયોગ કરી સંપાદકશ્રીના પ્રયત્નને વિશેષ સાર્થક કરી સ્વ-પર કલ્યાણ સાધે એવી અંતઃકરણથી આશા રાખું છું.

સંપાદક મહાશય દ્વારા આવા શ્રેષ્ઠ ગ્રંથોનું સંપાદન સુંદર રીતે થાય તે માટે શાસનદેવને પ્રાર્થના કરું છું.

લિ૰ સાહિત્યશાસ્ત્રી
માણેકલાલ હરગોવનદાસ સોનેથા
પ્રાધ્યાપક
શ્રીમદ્ વિજય ભદ્રસૂરીશ્વરજી જૈન
સંસ્કૃત પ્રાકૃત પાઠશાળા
રાધનપુર (બ૰ કાં૰)

ઠે૰ ગોડીજીની શેરી, પરામાં
રાધનપુર
સં ૨૦૩૧ મહાસુદ ૫
તા. ૧૬-૨-૭૫.

જરૂર વાંચો

વ્યાકરણકારોએ જગત્ શબ્દની વ્યુત્પત્તિ કરતાં ખૂબ જ સંક્ષેપમાં તેનું વાસ્તવિક સ્વરૂપ સમજાવ્યું છે કે—

कुटिलं गच्छतीति = जगत्

જે કુટિલ=વક્રપણે ગતિશીલ હોય તે જગત્

જગત્‌ની વક્રતા કઈ રીતે છે તેમજ એ વક્રતાથી છૂટવા માટે કેવા પ્રયત્નો જરૂરી છે તે જાણવા માટે પંચસંગ્રહ ભા૰ ૧-૨નું મનનપૂર્વકનું વાંચન ખૂબ જ ઉપયોગી બનશે.

કેમકે જગતની વક્રતામાં કર્મ, કર્મના ભેદો, કર્મબંધનાં કારણો, કર્મબંધના પ્રકારો, આઠ કરણો, તેમજ ઉદય, સત્તા આદિ કેવી રીતે કારણ બને છે, તેમજ તેનાથી છૂટવા માટે આત્મશક્તિનો ક્રમિક વિકાસ કરી યાવત્ ક્ષપક શ્રેણિથી કર્મબંધ આદિનો સર્વનાશ શી રીતે થાય છે તેનું હળવી ભાષામાં, ખૂબ સુંદર રીતે આ ગ્રંથમાં નિરૂપણ કરવામાં આવ્યું છે જેનો સામાન્ય ખ્યાલ 'સંપાદકીય' વક્તવ્યમાંથી પણ મળી રહે છે.

વિષયાનુક્રમ

વિષય	પૃષ્ઠ
બંધનકરણ	
મંગળ	૧
વીર્યનું સ્વરૂપ અને તેના ભેદ	૨-૩
યોગનાં પર્યાય નામો	૩-૪
યોગસ્થાનકનું સ્વરૂપ-તેમાં વર્ગણા, સ્પર્દ્ધક, યોગસ્થાનક, અનંતર, પરંપરોપનિધા, યોગની કેવા ક્રમથી વૃદ્ધિ થાય છે તે, યોગસ્થાન પર રહેવાનો કાળ, તેનું અલ્પબહુત્વ, જીવોના વિષયમાં યોગનું અલ્પબહુત્વ અને યોગનું કાર્ય—આટલા વિષયો વર્ણવ્યા છે.	૪-૧૮
ઔદારિકાદિ વર્ગણાઓનું સ્વરૂપ	૧૯-૩૦
વર્ગણાઓમાં વર્ણ આદિનું નિરૂપણ	૩૦
પુદ્ગલોનો પરસ્પર બંધ શાથી થાય છે—તેનો વિચાર.	૩૧
સ્નેહપ્રત્યયસ્પર્દ્ધકનો વિચાર અને તદન્તર્ગત અનંતર-પરંપરોપનિધા	૩૧-૩૬
નામપ્રત્યયસ્પર્દ્ધકનું અને તદન્તર્ગત અવિભાગ પ્રરૂપણા આદિનું સ્વરૂપ.	૩૬-૪૪, ૫૦
અસત્કલ્પનાએ ષટ્સ્થાનક યંત્ર	૪૫-૪૯
પ્રયોગપ્રત્યયસ્પર્દ્ધક વર્ગણાનું સ્વરૂપ.	૫૧
ત્રણ સ્પર્દ્ધકનું પરસ્પર અલ્પબહુત્વ.	૫૨
મૂળ તથા ઉત્તર પ્રકૃતિઓના વિભાગનું કારણ.	૫૨-૫૩
પ્રકૃતિબંધાદિકનું સ્વરૂપ.	૫૩-૫૪
મૂળ તથા ઉત્તર પ્રકૃતિઓનાં દળ વિભાગનું કારણ તથા મૂળ—ઉત્તર પ્રકૃતિઓના દળ વિભાગનું અલ્પ-બહુત્વ	૫૫-૬૧
રસબંધનું સ્વરૂપ	**૬૧-૧૨૫**
અધ્યવસાયનું સ્વરૂપ	૬૧-૬૨
અવિભાગનું નિરૂપણ	૬૨-૬૩
વર્ગણાનું નિરૂપણ	૬૩-૬૪
સ્પર્દ્ધકનું નિરૂપણ	૬૪-૬૫
રસસ્થાનનું નિરૂપણ	૬૬
કંડક અને ષટ્સ્થાનકનું સ્વરૂપ	૬૬-૬૯
અધસ્તનસ્થાનાદિકનું સ્વરૂપ	૬૯-૭૪
કેવા ક્રમથી રસની વૃદ્ધિ થાય છે તેનો તથા રસસ્થાનકોના બંધના કાળનો વિચાર	૭૪-૭૬
રસસ્થાનકોની સંખ્યાનું નિરૂપણ	૭૭-૭૮
અનંતર-પરંપરોપનિધા વડે અલ્પબહુત્વનો .વિચાર	૭૮-૮૧
અનુભાગસ્થાનોને બાંધનાર ત્રસ અને સ્થાવર જીવો કેટલા હોય ? તેની સંખ્યાનો વિચાર	૮૧-૮૨
સાન્તર-નિરંતર સ્થાનનો વિચાર.	
રસબંધસ્થાનોમાં સ્પર્શનાકાળનું અલ્પબહુત્વ	૮૨-૮૪
હાનિના પ્રમાણનો વિચાર	૮૫-૮૬
યવમધ્ય પ્રરૂપણા	૮૬
સ્પર્શના પ્રરૂપણા	૮૬-૮૭
રસબંધસ્થાનોને બાંધનાર જીવોનું અલ્પ-બહુત્વ	૮૭-૮૮
સ્થિતિબંધના હેતુભૂત અધ્યવસાયોનું અને સ્થિતિબંધના હેતુભૂત અધ્યવસાયોમાં રસબંધના કારણરૂપ અધ્યવસાયનું નિરૂપણ.	૮૮-૮૯
કષાયોદયમાં રસબંધના અધ્યવસાયોની વૃદ્ધિનો અનંતર-પરંપરોપનિધા વડે વિચાર	૮૯-૯૨
સ્થિતિબંધનાં સ્થાનોમાં અનુભાગના અધ્યવસાયનો અનંતર-પરંપરોપનિધા વડે વિચાર	૯૨-૯૩
આયુનાં સ્થિતિસ્થાનોમાં રસબંધાધ્યવસાયનો વિચાર	૯૩-૯૪
રસબંધાધ્યવસાય સ્થાનોની અનુકૃષ્ટિ	૯૪-૧૧૧

અનુકૃષ્ટિને અનુસરીને સ્થિતિબંધનાં સ્થાનોમાં રસબંધની તીવ્ર-મંદતાનો વિચાર	૧૧૧-૧૨૫
સ્થિતિબંધનું સ્વરૂપ	**૧૨૫-૧૪૪**
જીવોમાં સ્થિતિબંધનું અલ્પબહુત્વ	૧૨૫-૧૨૭
જઘન્ય અબાધા આદિ સ્થાનકોનું અલ્પ-બહુત્વ	૧૨૮-૧૨૯
આયુમાં અબાધા આદિ સ્થાનકોનું અલ્પ-બહુત્વ	૧૩૦-૧૩૩
સ્થિતિબંધમાં હેતુભૂત અધ્યવસાયોનો અને તેમાં અનંતર-પરંપરોપનિધા વડે પ્રગણનાનો વિચાર	૧૩૩-૧૩૫
સ્થિતિબંધાધ્યવસાયોની અનુકૃષ્ટિ તીવ્ર-મંદતા અને સમુદાહારનો વિચાર	૧૩૫
સ્થિતિબંધાધ્યવસાયોનું અલ્પબહુત્વ	૧૩૫-૧૩૬
સ્થિતિ-સમુદાહારમાં તીવ્ર-મંદતાનો વિચાર	૧૩૭
જીવ-સમુદાહારનો વિચાર	૧૩૭-૧૩૯
ધ્રુવપ્રકૃતિઓની જઘન્યાદિ સ્થિતિ બાંધતાં થતા રસબંધનો અનંતર-પરંપરોપનિધા વડે વિચાર	૧૩૯-૧૪૨
સઘળાં સ્થિતિસ્થાનોનું અલ્પ-બહુત્વ	૧૪૨-૧૪૪
બંધનકરણ-સારસંગ્રહ	૧૪૫-૨૦૫
બંધનકરણ-પ્રશ્નોત્તરી	૨૦૬-૨૨૦
સંક્રમણકરણ	
સંક્રમનું સામાન્ય લક્ષણ	૨૨૧-૨૨૨
પતદ્ગ્રહનું સ્વરૂપ	૨૨૨-૨૨૩
સંક્રમમાં અપવાદ	૨૨૩-૨૨૫
સંક્રમ તથા પતદ્ગ્રહના ભેદો	૨૨૫-૨૨૭
પતદ્ગ્રહમાં અપવાદ	૨૨૭-૨૨૮
સાદ્યનાદિ-પ્રરૂપણા	૨૨૮-૨૨૯
કઈ પ્રકૃતિનો ક્યાં સુધી સંક્રમ થાય તેનું નિરૂપણ	૨૨૯-૨૩૧
પતદ્ગ્રહ આશ્રયી સાદ્યનાદિ-પ્રરૂપણા	૨૩૧-૨૩૨
સંક્રમસ્થાન અને પતદ્ગ્રહસ્થાનની સંખ્યાનું નિરૂપણ ક્યાં ક્યાં કેવી કેવી રીતે સંક્રમ અને પતદ્ગ્રહ થાય તેનો વિચાર અને તેમાં સાદ્યાદિ ભંગની પ્રરૂપણા	૨૩૨-૨૪૫
ઉપરોક્ત હકીકતનું ગાથા દ્વારા કથન	૨૪૫-૨૫૭
પતદ્ગ્રહમાં સંક્રમસ્થાનોનું મોહનીયનું યંત્ર	૨૫૮-૨૫૯
ઉપશમ સમ્યક્ત્વીને ઉપશમ શ્રેણિમાં મોહનીયના પતદ્ગ્રહમાં સંક્રમસ્થાનોનું યંત્ર	૨૬૦
ક્ષાયિક સમ્યક્ત્વીને ઉપશમ શ્રેણિમાં મોહનીયના પતદ્ગ્રહમાં સંક્રમનું યંત્ર	૨૬૧
ક્ષપકશ્રેણિ આશ્રયી મોહનીયના પતદ્ગ્રહમાં સંક્રમનું યંત્ર	૨૬૨
મોહનીયનાં સંક્રમસ્થાનોમાં પતદ્ગ્રહસ્થાનોનું યંત્ર	૨૬૩-૨૬૪
નામકર્મના સંક્રમસ્થાન અને પતદ્ગ્રહ સ્થાનનો વિચાર	૨૬૫-૨૬૬
કયાં સંક્રમસ્થાનો કયા પતદ્ગ્રહમાં સંક્રમે છે, તેનો વિચાર	૨૬૬-૨૭૧
નામકર્મના પતદ્ગ્રહ અને સંક્રમનું યંત્ર	૨૭૨-૨૭૮
પ્રકૃતિ આદિના સંક્રમના વિષયમાં પ્રકૃતિ, સ્થિતિ અને રસનો સંક્રમ કઈ રીતે થાય ? તે સંબંધે શંકા-સમાધાન	૨૭૯-૨૮૨
સ્થિતિસંક્રમનું વિશેષ લક્ષણ	૨૮૨-૨૮૩
ઉત્કૃષ્ટથી અને જઘન્યથી કેટલી સ્થિતિનો સંક્રમ થાય તે જાણવા બંધોત્કૃષ્ટ અને સંક્રમોત્કૃષ્ટ સ્થિતિ એટલે શું ? તે કેટલી હોય ? અને કઈ પ્રકૃતિઓની હોય ? તેનું નિરૂપણ.	૨૮૪
બંધોત્કૃષ્ટ અને સંક્રમોત્કૃષ્ટ પ્રકૃતિઓની કેટલી સ્થિતિ અન્યત્ર સંક્રમે-તેનું કથન.	૨૮૪-૨૮૯
મિથ્યાત્વ મોહનીયની ઉત્કૃષ્ટથી કેટલી સ્થિતિ મિશ્ર અને સમ્યક્ત્વમોહનીયમાં સંક્રમે ? તેનું કથન.	૨૮૯-૨૯૧

બંધોત્કૃષ્ટ અને સંક્રમોત્કૃષ્ટ
સ્થિતિ જ્યારે સંક્રમે ત્યારે
સત્તામાં કુલ કેટલી સ્થિતિ
હોય તેનો વિચાર ૨૯૧-૨૯૨
આયુની યત્સ્થિતિનો તથા
જઘન્ય સ્થિતિસંક્રમના પ્રમાણનો
વિચાર ૨૯૨-૨૯૩
જઘન્ય સ્થિતિ સંક્રમના સ્વામીનું
નિરૂપણ ૨૯૩-૨૯૪
જઘન્ય સ્થિતિસંક્રમ કોને કહેવાય તેનું કથન ૨૯૪
જઘન્ય સ્થિતિસંક્રમનું પ્રમાણ ૨૯૫
સમ્યક્ત્વમોહનીયના જઘન્યસ્થિતિ
સંક્રમનું નિરૂપણ ૨૯૬
નિદ્રાદ્વિક તથા હાસ્યાદિ
ષટ્કના જઘન્ય સ્થિતિસંક્રમના
પ્રમાણનું નિરૂપણ ૨૯૬-૨૯૭
પુરુષવેદાદિ તથા યોગ્યન્તિક
પ્રકૃતિઓના જઘન્ય સ્થિતિસંક્રમના
પ્રમાણનું નિરૂપણ ૨૯૮-૩૦૧
જઘન્ય સ્થિતિસંક્રમના સ્વામિત્વનો વિચાર
સાદ્યનાદિ પ્રરૂપણા ૩૦૧-૩૦૩
અનુભાગસંક્રમના ભેદો અને
તેનું વિશેષ લક્ષણ ૩૦૩-૩૦૪
સર્વઘાતિ, દેશઘાતિ અને
અઘાતિપણું અને એકસ્થાનકાદિ
કોને લઈને કહેવાય છે તેનું કથન ૩૦૪-૩૦૫
સમ્યક્ત્વ-મિશ્રમોહનીયના સ્થાન અને
ઘાતિ સંબંધે વિચાર ૩૦૫-૩૦૬
કઈ કઈ પ્રકૃતિનો ઉત્કૃષ્ટ અને
જઘન્ય કેટલા સ્થાનીય રસ સંક્રમે
તેનો વિચાર ૩૦૬-૩૦૭
ઉત્કૃષ્ટ રસસંક્રમના સ્વામી કોણ ?
તેનું કથન ૩૦૮-૩૧૦
જઘન્ય અનુભાગસંક્રમના સ્વામી કોણ ?
તેનું કથન ૩૧૦-૩૧૩
સાદ્યનાદિનું નિરૂપણ ૩૧૩-૩૧૮
પ્રદેશસંક્રમનું લક્ષણ તથા તેના પાંચ
ભેદોનું કથન ૩૧૮-૩૧૯
વિધ્યાતસંક્રમનું સ્વરૂપ તથા તે
કઈ પ્રકૃતિઓનો થાય-તેનું કથન ૩૧૯-૩૨૦
ઉદ્વલનાસંક્રમનું સ્વરૂપ, ઉદ્વલના સંક્રમ
કરતાં કેવડા કેવડા ખંડો લે.
તેનાં દલિકો ક્યાં નાખે, કઈ
પ્રકૃતિનો થાય તેનો સવિસ્તર વિચાર ૩૨૦-૩૨૭
યથાપ્રવૃત્ત સંક્રમનું સ્વરૂપ તથા
તે કઈ પ્રકૃતિનો થાય તેનું નિરૂપણ. ૩૨૭-૩૨૮
ગુણસંક્રમનું સ્વરૂપ તથા કઈ કઈ
પ્રકૃતિનો થાય તેનું નિરૂપણ. ૩૨૮-૩૩૦
સર્વસંક્રમનું સ્વરૂપ ૩૩૦
કયો સંક્રમ બાધીને કયો સંક્રમ
પ્રવર્તે તેનો વિચાર ૩૩૦-૩૩૧
સ્તિબુકસંક્રમનું સ્વરૂપ ૩૩૧-૩૩૨
વિધ્યાત, ઉદ્વલના, યથાપ્રવૃત્ત અને
ગુણસંક્રમના અપહારકાલનું
અલ્પ-બહુત્વ ૩૩૨-૩૩૪
સાદ્યનાદિ પ્રરૂપણા ૩૩૪-૩૩૬
ગુણિતકર્માંશ એટલે શું અને તે
કઈ રીતે થાય તેનો વિચાર ૩૩૬-૩૪૦
કઈ કઈ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ પ્રદેશ
સંક્રમ કોણ કરે—તેનું નિરૂપણ ૩૪૦-૩૫૧
ક્ષપિતકર્માંશ એટલે શું અને તે
કઈ રીતે થાય તેનું કથન. ૩૫૧-૩૫૩
કઈ કઈ પ્રકૃતિઓનો જઘન્ય
પ્રદેશ સંક્રમ કોણ કરે તેનું નિરૂપણ ૩૫૩-૩૬૫
સ્થિત્યાદિ ત્રણ પ્રકારના
સંક્રમનાં યંત્રો. ૩૬૬-૩૮૧
સંક્રમણકરણ સારસંગ્રહ ૩૮૨-૪૩૭
સંક્રમણકરણ પ્રશ્નોત્તરી ૪૩૮-૪૪૭
ઉદ્વર્તના અપવર્તના
ઉદ્વર્તના અપવર્તનાનું સ્વરૂપ,
કઈ સ્થિતિની થાય, અને
કઈ સ્થિતિની ન થાય તેનું નિરૂપણ. ૪૪૮-૪૫૩
નિક્ષેપનું નિરૂપણ ૪૫૩
ઉદ્વર્તનાને યોગ્ય અને

નિક્ષેપને યોગ્ય સ્થિતિનું નિરૂપણ.	૪૫૩-૪૫૭
વ્યાઘાત એટલે શું ? અને વ્યાઘાત પ્રાપ્ત થાય ત્યારે ઉદ્વર્ત્તના કઈ રીતે થાય, કયાં સ્થાનકોની થાય, અને નિક્ષેપ ક્યાં થાય ? તેનું નિરૂપણ	૪૫૭-૪૬૦
સ્થિતિની ઉદ્વર્ત્તના વિષયમાં અલ્પબહુત્વ.	૪૬૦
સ્થિત્યપવર્ત્તનાનું સ્વરૂપ, કયા સ્થાનમાં થાય અને તેનો નિક્ષેપ ક્યાં થાય તેનું નિરૂપણ.	૪૬૦-૪૬૩
અપવર્ત્તનાનો સામાન્ય નિયમ.	૪૬૩-૪૬૪
અપવર્ત્તનીય અને નિક્ષેપ યોગ્ય સ્થિતિનું નિરૂપણ	૪૬૪
વ્યાઘાતમાં થતી સ્થિત્યપવર્ત્તનાનું સ્વરૂપ	૪૬૫
કંડકનું પ્રમાણ	૪૬૫-૪૬૬
સ્થિત્યપવર્ત્તનામાં અલ્પબહુત્વ	૪૬૬-૪૬૭
રસોદ્વર્ત્તનાનું સ્વરૂપ	૪૬૭-૪૬૮
રસાપવર્ત્તનાનું સ્વરૂપ	૪૬૮-૪૭૦
ઉદ્વર્ત્તના-અપવર્ત્તનાનું સંયોગે અલ્પબહુત્વ	૪૭૦-૪૭૧
ઉદ્વર્ત્તના-અપવર્ત્તનામાં વિષય અને કાલ નિયમ	૪૭૧-૪૭૨
ઉદ્વર્ત્તના-અપવર્ત્તનાકરણ સારસંગ્રહ	૪૭૩-૪૮૬
ઉદ્વર્ત્તના-અપવર્ત્તના કરણ-પ્રશ્નોત્તરી	૪૮૭-૪૯૨
ઉદીરણાકરણ	
લક્ષણ-ભેદ તથા મૂળકર્મની ઉદીરણામાં સાદ્યાદિ ભંગનું નિરૂપણ	૪૯૩-૪૯૪
ઉત્તરપ્રકૃતિઓની ઉદીરણામાં સાદ્યાદિ ભંગનું નિરૂપણ	૪૯૪-૪૯૫
ઉત્તર પ્રકૃતિઓની ઉદીરણાના સ્વામી	૪૯૬-૫૦૬
પ્રકૃતિસ્થાનના ઉદીરણાના સ્વામી	૫૦૬
સ્થિતિ ઉદીરણાનું સ્વરૂપ તથા ઉદીરણાયોગ્ય સ્થિતિ કેટલી હોય તેનું તથા તેના ભેદોનું નિરૂપણ	૫૦૭-૫૦૮
મૂળકર્મની સ્થિતિ ઉદીરણામાં સાદ્યાદિ ભંગનું નિરૂપણ	૫૦૮-૫૧૦
ઉત્તર પ્રકૃતિની ઉદીરણામાં સાદ્યાદિ ભંગનું નિરૂપણ	૫૧૦-૫૧૧
ઉત્કૃષ્ટ સ્થિતિ ઉદીરણાનું સ્વામિત્વ તથા કેટલી સ્થિતિની ઉદીરણા ન થાય તે રૂપ અદ્ધાચ્છેદનું નિરૂપણ	૫૧૧-૫૧૮
જઘન્ય સ્થિતિ ઉદીરણાનું સ્વામિત્વ	૫૧૮-૫૨૬
અનુભાગ ઉદીરણામાં સંજ્ઞા આદિનું નિરૂપણ	૫૨૬-૫૨૭
પુરુષવેદાદિ દેશઘાતિના કેવા અને કેટલા રસની ઉદીરણા થાય તેનું કથન	૫૨૭-૫૨૯
સર્વઘાતીના કેવા અને કેટલા રસની ઉદીરણા થાય તેનું કથન	૫૨૯
અઘાતીના કેવા અને કેટલા રસની ઉદીરણા થાય તેનું કથન	૫૨૯-૫૩૦
શુભ-અશુભ પરત્વે વિશેષ	૫૩૦-૫૩૧
વિપાક એટલે શું ? અને ઘાતિ કર્મપ્રકૃતિઓનો વિપાક ક્યાં હોય તેનું નિરૂપણ	૫૩૧-૫૩૩
ભવ અને પરિણામકૃત પ્રત્યયનું નિરૂપણ	૫૩૩-૫૩૭
મૂળકર્મની રસોદીરણા સંબંધે સાદ્યાદિ પ્રરૂપણા	૫૩૭-૫૩૮
ઉત્તરપ્રકૃતિની રસોદીરણા સંબંધે સાદ્યાદિ પ્રરૂપણા	૫૩૯-૫૪૦
ઉત્કૃષ્ટ રસોદીરણાનું સ્વામિત્વ	૫૪૦-૫૪૭
જઘન્ય અનુભાગની ઉદીરણાનું સ્વામિત્વ	૫૪૭-૫૫૫
મૂળકર્મની પ્રદેશોદીરણામાં સાદ્યાદિનું નિરૂપણ	૫૫૫-૫૫૬
ઉત્તરપ્રકૃતિઓની પ્રદેશોદીરણામાં સાદ્યાદિનું નિરૂપણ	૫૫૬-૫૫૭
ઉત્કૃષ્ટ પ્રદેશોદીરણાનું સ્વામિત્વ	૫૫૭-૫૬૧
જઘન્ય પ્રદેશોદીરણાનું સ્વામિત્વ	૫૬૧-૫૬૩
ઉદીરણાકરણ યંત્રો	૫૬૪--૫૯૭
ઉદીરણાકરણ સારસંગ્રહ	૫૯૮-૬૩૦
ઉદીરણાકરણ પ્રશ્નોત્તરી	૬૩૧-૬૪૦

ઉપશમનાકરણ

ઉપશમનાના ભેદોનું નિરૂપણ ૬૪૧-૬૪૨
સર્વોપશમનાના યોગ્ય જીવ કોણ ? તે તથા કરણ કરતાં પહેલાં શું કરે તેની વિચારણા ૬૪૨-૬૪૪
ત્રણ કરણનાં નામ ૬૪૪
કરણમાં અધ્યવસાયની તારતમ્યતાનું અને તેની સંખ્યાનું નિરૂપણ ૬૪૪-૬૪૫
ઊર્ધ્વમુખી અને તિર્યગ્મુખી વિશુદ્ધિનું સ્વરૂપ અને તે કયા કરણમાં હોય તેનો વિચાર ૬૪૫-૬૪૬
યથાપ્રવૃત્તિકરણની વિશુદ્ધિના તારતમ્યનું નિરૂપણ ૬૪૬-૬૪૭
અપૂર્વકરણની વિશુદ્ધિના તારતમ્યનું નિરૂપણ ૬૪૭-૬૪૮
અપૂર્વકરણમાંની અન્ય વિશેષતા ૬૪૮
સ્થિતિઘાતનું સ્વરૂપ ૬૪૮-૬૪૯
રસઘાતનું સ્વરૂપ ૬૪૯
ગુણશ્રેણિનું સ્વરૂપ ૬૫૦
અપૂર્વસ્થિતિબંધનું સ્વરૂપ ૬૫૧
અનિવૃત્તિકરણનું સ્વરૂપ
અંતરકરણનું સ્વરૂપ અને તેનો ક્રિયાકાળ ૬૫૧-૬૫૨
અંતરકરણ માંહેનાં દલિકો ક્યાં નાખે તેનું કથન ૬૫૨-૬૫૩
ગુણશ્રેણિ વગેરે ક્યારે બંધ પડે તેની વિચારણા ૬૫૪
ઉપશમસમ્યક્ત્વ ક્યારે પ્રાપ્ત કરે તેનું નિરૂપણ ૬૫૪
ત્રિપુંજ થવાની ક્રિયા ક્યારથી શરૂ થાય છે, અને તે કેવા ક્રમથી થાય છે તેનો વિચાર ૬૫૪-૬૫૬
સમ્યક્ત્વાદિ મોહનીયાદિનો કઈ રીતે અને ક્યારે ઉદય થાય તેનો વિચાર ૬૫૭-૬૫૮
સમ્યક્ત્વ સાથે શું શું પ્રાપ્ત કરે તેનો વિચાર ૬૫૮
ચારિત્રમોહનીયની ઉપશમનાનો અધિકારી કોણ તેનું કથન ૬૫૯
અવિરતિ આદિ ત્રણનું સ્વરૂપ, તથા કયા કયા કરણે કરી દેશવિરતિ આદિ પ્રાપ્ત કરે તેનું નિરૂપણ ૬૫૯-૬૬૧
દેશવિરતિ આદિ પ્રાપ્ત કરતાં ગુણશ્રેણિ ક્યારે થાય તેનું નિરૂપણ ૬૬૧-૬૬૨
ગુણથી આભોગે કે અનાભોગે પડે તો કઈ રીતે ચડે—તેનો વિચાર ૬૬૨
વિરતિ પ્રાપ્ત કર્યા પછીની વિશુદ્ધિનો વિચાર ૬૬૨-૬૬૩
અનંતાનુબંધિની વિસંયોજનાનું સ્વરૂપ ૬૬૩-૬૬૫
અનંતાનુબંધિની ઉપશમનાનું સ્વરૂપ ૬૬૫-૬૬૮
દર્શનત્રિકનું ક્ષપણાનું સ્વરૂપ ૬૬૮-૬૭૫
ક્ષાયિક સમ્યક્ત્વી કેટલામે ભવે મોક્ષમાં જાય તેનો વિચાર ૬૭૫-૬૭૬
ચારિત્રમોહનીયની ઉપશમનાની શરૂઆત કરતાં દર્શનત્રિકની ઉપશમનાનું નિરૂપણ ૬૭૬-૬૭૭
ચારિત્ર મોહનીયની ઉપશમના કરતાં થતા ત્રણ કરણનું સ્વરૂપ ૬૭૭-૬૭૮
શ્રેણિમાંના અનિવૃત્તિકરણની વિશેષતાનું દિગ્દર્શન ૬૭૮-૬૮૨
લાભાંતરાયાદિ દેશઘાતિ રસે ક્યારે બંધાય તેનું નિરૂપણ ૬૮૩
ચારિત્રમોહનીયની એકવીસ પ્રકૃતિનું અંતરકરણ ક્યારે થાય તેનું કથન તથા અંતરકરણનું સ્વરૂપ ૬૮૪-૬૮૫
પુરુષવેદાદિનો ઉદયકાળ કેટલો હોય તેનું કથન ૬૮૫-૬૮૬
અંતરકરણનાં દલિકોને નાખવાનો વિધિ ૬૮૬-૬૮૭
અંતરકરણક્રિયા શરૂ થયા પછી જે સાત પદાર્થો પ્રવર્તે છે તેનું નિરૂપણ ૬૮૭-૬૮૮
સ્ત્રીવેદની ઉપશમનાનો ક્રમ ૬૮૮-૬૮૯
સાત નોકષાયની ઉપશમનાનો ક્રમ ૬૮૯
હાસ્યષટ્ક જે સમયે ઉપશમ્યું તે

સમયે પુરુષવેદનું ઉપશમ્યા વિનાનું કેટલું શેષ રહે તેનો વિચાર ૬૯૦-૬૯૧

પુરુષવેદ ઉપશમાવતાં તેની પતદ્ગ્રહતા વગેરે ક્યારે નષ્ટ થાય તે વગેરેનું કથન ૬૯૧-૬૯૨

ત્રણ ક્રોધ, ત્યારપછી ત્રણ માન, ત્યારપછી ત્રણ માયા, ત્યારપછી ત્રણ લોભ કેવા ક્રમથી ઉપશમે, જ્યારે બે ક્રોધાદિ ઉપશમે ત્યારે સંજ્વલન ક્રોધાદિનો કેટલો બંધ થાય, તેના છેલ્લા ઉદય સમયે ઉપશમ્યા વિનાનું કેટલું બાકી રહે તેનું નિરૂપણ ૬૯૨-૬૯૭

લોભના અપૂર્વ સ્પર્દ્ધકો અને તેની કિટ્ટિઓ ક્યારે થાય, કેટલી થાય, ક્યાં સુધી થાય ? તેમાં ઉત્તરોત્તર રસ અને દલિકો કેટલાં હોય ? તેનું તથા કિટ્ટિના સ્વરૂપનું કથન ૬૯૭-૭૦૨

લોભ પતદ્ગ્રહ તરીકે ક્યારે દૂર થાય તેનું નિરૂપણ ૭૦૨

કિટ્ટિકરણાદ્ધાના ચરમ સમયે લોભનું ઉપશમ્યા વિનાનું કેટલું બાકી રહે તેનું નિરૂપણ ૭૦૨-૭૦૩

સૂક્ષ્મ કિટ્ટિઓને ક્યાં અને કેવા ક્રમથી અનુભવે અને ઉપશમાવે તેનું કથન ૭૦૩-૭૦૫

ઉપશાંતમોહ ગુણસ્થાનકનું સ્વરૂપ ૭૦૫

પ્રતિપાતનું સ્વરૂપ ૭૦૬-૭૦૭

પડતાં કઈ રીતે અને કેવા ક્રમથી લોભાદિનો ઉદય અને કરણની પ્રવૃત્તિ થાય તેનું નિરૂપણ ૭૦૭-૭૦૮

પડતાં ગુણશ્રેણિ કઈ રીતે થાય તેનું નિરૂપણ ૭૦૯-૭૧૦

પડતાં થતા સ્થિતિબંધનું નિરૂપણ ૭૧૦

પડતાં કયા ગુણસ્થાનક સુધી આવે તેનું કથન ૭૧૦-૭૧૧

શ્રેણિના ઉપશમ સમ્યક્ત્વના કાળમાં મરણ પામે તો ક્યાં જાય તેનું કથન ૭૧૧

કેટલી વાર શ્રેણિ થાય તેનું કથન ૭૧૧-૭૧૨

સ્ત્રીવેદ કે નપુંસકવેદે શ્રેણિ પ્રાપ્ત કરનાર આશ્રયી વિધિ ૭૧૨-૭૧૩

દેશોપશમનાનું સ્વરૂપ તથા કોની થાય અને કોણ કરે તેનું નિરૂપણ ૭૧૩-૭૧૪

સ્વામીના સંબંધમાં વિશેષ કથન ૭૧૫

સાદ્યાદિ ભંગનું નિરૂપણ ૭૧૫-૭૧૬

પ્રકૃતિસ્થાનોમાં સાદ્યાદિનું પ્રરૂપણ ૭૧૬-૭૧૭

સ્થિતિદેશોપશમનાનું સ્વરૂપ ૭૧૭-૭૧૮

રસ અને પ્રદેશદેશોપશમનાનું સ્વરૂપ ૭૧૮-૭૧૯

નિદ્ધત્તિ-નિકાચના કરણનું સ્વરૂપ ૭૨૦

ગુણશ્રેણિ ઉપશમના આદિમાં થતી દલિકોની રચના અને ઉપશમ માંહેનાં દલિકોનું અલ્પ-બહુત્વ ૭૨૦

આઠ કરણના અધ્યવસાયોનું અલ્પબહુત્વ ૭૨૦-૭૨૧

ક્ષપકશ્રેણિનું સ્વરૂપ ૭૨૨-૭૩૦

ઉપશમનાકરણ સારસંગ્રહ ૭૩૧-૭૩૩

નિદ્ધતિ તથા નિકાચના કરણ સારસંગ્રહ ૭૩૪-૭૩૫

ઉપશમના કરણ પ્રશ્નોત્તરી ૭૩૬-૭૮૭

नमोत्थु णं समणस्स भगवओ महावीरस्स ।

શ્રીમાન્ ચન્દ્રર્ષિ મહત્તરાચાર્ય વિરચિત

પંચસંગ્રહ

(કર્મપ્રકૃતિવિભાગ)

શ્રીમદાચાર્ય મલયગિરિ વિરચિત ટીકાના અનુવાદ સહિત

ટીકાકારકૃત મંગલ

યોગોપયોગમાર્ગણા આદિ પાંચ દ્વારનું સંપૂર્ણ સ્વરૂપ કહ્યા પછી હવે કર્મપ્રકૃતિ સંગ્રહનું સ્વરૂપ કહે છે. કર્મપ્રકૃતિ એ અન્ય શાસ્ત્ર જ છે અને બહુ વિશાળ છે. તેથી મારા જેવા અલ્પબુદ્ધિવાળા પોતાની બુદ્ધિના પ્રભાવથી તેનો સંગ્રહ કરવા સમર્થ થઈ શકતા નથી, પરંતુ કર્મપ્રકૃતિપ્રાભૃતાદિ શાસ્ત્રાર્થોના પારગામી વિશિષ્ટ શ્રુતધરોના ઉપદેશની પરંપરાથી મારા જેવા સંગ્રહ કરવા સમર્થ થાય છે. તેથી તે મહાપુરુષોને અવશ્ય નમસ્કાર કરવો જોઈએ માટે તેઓને નમસ્કાર કરે છે, અને પૂર્વના ગ્રંથ સાથે વક્ષ્યમાણ ગ્રંથના સંબંધનું પ્રતિપાદન કરે છે—

नमिऊण सुयहराणं वोच्छं करणाणि बंधणाईणि ।
संकमकरणं बहुसो अइदेसियं उदय संते जं ॥१॥

नत्वा श्रुतधरेभ्यः वक्ष्ये करणानि बंधनादीनि ।
संक्रमकरणं बहुशोऽतिदिष्टमुदये सत्तायां यत् ॥१॥

અર્થ—શ્રુતધરોને નમસ્કાર કરીને બંધનાદિ કરણોના સ્વરૂપને હું કહીશ. કારણ કે ઉદય અને સત્તાના વિચારમાં ઘણી વાર સંક્રમકરણનો અતિદેશ કર્યો છે—બતાવેલું છે.

ટીકાનુ૦—સંપૂર્ણ શ્રુતસમુદ્રના પારગામી શ્રુતધરોને નમસ્કાર કરીને વીર્યવિશેષરૂપ બંધન, સંક્રમણ, ઉદ્વર્ત્તના, અપવર્ત્તના, ઉદીરણા, ઉપશમના, નિદ્ધત્તિ અને નિકાચના કરણોનું સ્વરૂપ કહીશ.

હવે એ આઠ કરણોનો અર્થ કહે છે—જે વીર્ય વિશેષે આઠે પ્રકારનાં કર્મોનો બંધ થાય તે બંધનકરણ. જે વીર્યવ્યાપાર દ્વારા અન્ય કર્મ સ્વરૂપે રહેલ પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશો અન્ય સ્વરૂપે થાય તે સંક્રમણકરણ. ઉદ્વર્ત્તના અને અપવર્ત્તના સંક્રમણકરણના જ ભેદ છે. તે બંનેનો વિષય સ્થિતિ અને રસ છે. તેમાં જે પ્રયત્ન દ્વારા સ્થિતિ અને રસ વૃદ્ધિ પામે તે ઉદ્વર્ત્તના,

અને જે વીર્યવ્યાપાર વડે સ્થિતિ અને રસ ઓછાં થાય તે અપવર્ત્તના. તથા જે કર્મદલિકો ઉદય પ્રાપ્ત નથી એટલે કે જે દલિકો ફળ આપવા સન્મુખ થયા નથી તે કર્મદલિકોને જે પ્રયત્ન દ્વારા ઉદયાવલિકામાં પ્રવેશ કરાવી ફળ સન્મુખ કરવા તે ઉદીરણાકરણ. જે વીર્યવ્યાપાર વડે કર્મોને ઉપશમાવે—શાંત કરે એટલે કે ઉદય ઉદીરણા નિદ્ધત્તિ અને નિકાચના કરણોને અયોગ્ય કરે તે ઉપશમના. જે પ્રયત્નથી કર્મદલિકોને ઉદ્વર્ત્તના અપવર્ત્તના સિવાય શેષ કરણોને અયોગ્ય કરે એટલે કે કર્મોને એવી સ્થિતિમાં મૂકે કે ઉક્ત બે કરણ વિના અન્ય કરણો પ્રવર્ત્તે નહિ તે નિદ્ધત્તિ. જે પ્રયત્ન વડે કર્મોને એવી સ્થિતિમાં મૂકે કે જેની અંદર કોઈપણ કરણ પ્રવર્ત્તે નહિ, જેઓનાં ફળને અવશ્ય અનુભવે—ભોગવે તે નિકાચના.

આ પ્રમાણે સંક્ષેપમાં આઠ કરણનું સ્વરૂપ કહ્યું.

શંકા—પ્રસંગ સિવાય બંધનાદિ કરણોનું સ્વરૂપ શા માટે કહેવામાં આવે છે ? ગ્રન્થકારે તો ગ્રન્થની શરૂઆતમાં પાંચ દ્વારનું જ સ્વરૂપ કહેવાની પ્રતિજ્ઞા કરી છે, શા માટે આઠ કરણનું સ્વરૂપ કહેવામાં આવે છે ?

ઉત્તર—એ શંકા અયોગ્ય છે, કારણ કે સંક્રમકરણના નામનો નિર્દેશ પહેલાં ઘણાં સ્થળે ઉદયાધિકાર અને સત્તાધિકારમાં કર્યો છે, જેના નામનો નિર્દેશ કર્યો હોય તેનું સ્વરૂપ પણ અવશ્ય કહેવું જોઈએ. જો ન કહેવામાં આવે તો તેને સમજી ન શકાય માટે સંક્રમકરણના સ્વરૂપનું અને તેના સાહચર્યથી અન્ય કરણોના સ્વરૂપનું પણ પ્રતિપાદન કરે છે. ૧

કરણ એ વીર્ય વિશેષરૂપ છે, તેથી પહેલાં વીર્યના સ્વરૂપનું જ પ્રતિપાદન કરે છે—

आवरणदेससव्वक्खयेण दुहेह वीरियं होइ ।
अभिसंधिय अणभिसंधिय अकसायसलेसि उभयंपि ॥२॥

होइ कसाइवि पढमं इयरमलेसीवि जं सलेसं तु ।
गहणपरिणामफंदणरूवं तं जोगओ तिविहं ॥३॥

आवरणदेशसर्वक्षयेण द्विधेह वीर्यं भवति ।
अभिसंधिजमनभिसंधिजं अकषायि सलेश्यमुभयमपि ॥२॥

भवति कषाय्यपि प्रथमं इतरदलेश्यपि यत् सलेश्यं तु ।
ग्रहणपरिणामस्पन्दनरूपं तत् योगतस्त्रिविधम् ॥३॥

અર્થ—વીર્યાંતરાયકર્મના દેશ અને સર્વક્ષયથી બે પ્રકારે વીર્ય થાય છે. તે બંનેના અભિસંધિજ અને અનભિસંધિજ એવા બે બે ભેદ છે. તથા ઉભય-છાદ્મસ્થિક અને કૈવલિક એ બંને અકષાયિ અને સલેશ્ય હોય છે. પહેલું છાદ્મસ્થિક વીર્ય કષાયિ પણ છે. અને ઇતર-કૈવલિકવીર્ય અલેશ્ય પણ છે. જે સલેશ્યવીર્ય છે તે ગ્રહણ, પરિણામ અને સ્પન્દન રૂપ છે અને યોગથી ત્રણ પ્રકારનું છે.

ટીકાનુ૰—આ જગતમાં વીર્યાંતરાયકર્મના દેશ—અલ્પક્ષયથી અને સંપૂર્ણ ક્ષયથી એમ

વીર્ય બે પ્રકારે થાય છે. તેમાં વીર્યાંતરાયકર્મના દેશક્ષયથી ઉત્પન્ન થયેલ વીર્ય છદ્મસ્થોને હોય છે અને સંપૂર્ણ ક્ષયથી ઉત્પન્ન થયેલ વીર્ય કેવલી મહારાજને હોય છે.

વળી પણ દરેકના અભિસંધિજ અને અનભિસંધિજ એમ બબ્બે પ્રકાર છે. બુદ્ધિપૂર્વક—વિચારપૂર્વક દોડવું, કૂદવું વગેરે ક્રિયાઓમાં જે વીર્ય પ્રવર્ત્તે તે અભિસંધિજ વીર્ય કહેવાય છે, અને ઉપયોગ સિવાય ભુક્ત આહારના સપ્તધાતુ અને મલાદિ રૂપે થવામાં અને મનોલબ્ધિ રહિત એકેન્દ્રિયાદિ જીવોની આહારગ્રહણ આદિ ક્રિયાઓમાં જે પ્રવર્ત્તે તે અનભિસંધિજ વીર્ય કહેવાય છે.

છાદ્મસ્થિક અને કૈવલિક—કેવલજ્ઞાનીનું એ બંને પ્રકારનું વીર્ય અકષાયિ અને સલેશ્ય હોય છે. છદ્મસ્થ સંબંધી અકષાયિ સલેશ્ય વીર્ય ઉપશાંતમોહ અને ક્ષીણમોહ ગુણસ્થાનકવાળાઓને હોય છે, અને કેવલી સંબંધી અકષાયિ સલેશ્યવીર્ય સયોગી ગુણસ્થાનકવાળાઓને હોય છે. 'होइ कसाइवि पढमं.' છાદ્મસ્થિક વીર્ય સકષાયિ અને અકષાયિ એમ બંને પ્રકારે છે. તેમાં સકષાયિ છાદ્મસ્થિકવીર્ય સૂક્ષ્મસંપરાયગુણસ્થાનક સુધીના સંસારી જીવોને હોય છે, અને અકષાયિ માટે ઉપર કહ્યું છે. તથા કૈવલિકવીર્ય અલેશ્ય અને સલેશ્ય એમ બે ભેદે છે. તેમાં અલેશ્ય કૈવલિક વીર્ય અયોગિકેવલીગુણસ્થાનકવાળાઓને તથા સિદ્ધોને હોય છે. સલેશ્ય માટે તો ઉપર કહ્યું છે.

આ પ્રમાણે વીર્યના અનેક પ્રકાર કહીને અહીં જે વીર્ય વડે અધિકાર છે એટલે કે જે વીર્યના સંબંધમાં અહીં કહેવાનું છે તેનું જ વિશેષથી નિરૂપણ કરે છે. 'जं सलेसं तु' જે સલેશ્યવીર્ય છે તે ગ્રહણ, પરિણામ અને સ્પન્દન ક્રિયારૂપ છે. તે વીર્ય દ્વારા પુદ્ગલોનું ગ્રહણ, પરિણામ અને ગમનાદિ નાની મોટી ક્રિયા થાય છે. અલેશ્ય વીર્ય દ્વારા પુદ્ગલોનું ગ્રહણ, પરિણામ થતા નથી, કારણ કે અયોગી ગુણસ્થાનકવાળા કે સિદ્ધો બિલકુલ પુદ્ગલોને ગ્રહણ કરતા નથી.

ઔદારિકાદિ શરીર યોગ્ય પુદ્ગલોને જે ગ્રહણ કરવા તે ગ્રહણ કહેવાય છે, ગ્રહણ કરેલા તે પુદ્ગલોને ઔદારિકાદિ રૂપે કરવા—પરિણમાવવા તે પરિણામ કહેવાય છે. જો કે ગ્રહણ અને પરિણામમાં જે કારણ તે વીર્ય કહેવાય છે પરંતુ કાર્ય સાથે કારણની અભેદ વિવક્ષા કરવાથી ગ્રહણ અને પરિણામરૂપ ક્રિયાને વીર્ય કહે છે. તથા ગમનાદિ નાની મોટી ક્રિયારૂપ વીર્યને સ્પન્દના કહે છે. ઉક્ત સ્વરૂપવાળા આ સલેશ્ય વીર્યને યોગ કહેવાય છે.

મન, વચન અને કાયાનાં પુદ્ગલો દ્વારા પ્રવર્ત્તતું જે આત્મવીર્ય તે યોગ કહેવાય છે. મન, વચન અને કાયાનાં પુદ્ગલો સહકારી કારણ હોવાથી કારણમાં કાર્યનો આરોપ કરીને તેનો પણ શાસ્ત્રમાં યોગ તરીકે વ્યવહાર કર્યો છે. તેથી જ મન, વચન અને કાયારૂપ સહકારી કારણ દ્વારા ઉત્પન્ન થતા સલેશ્યવીર્યની યોગસંજ્ઞા છે અને તેના ત્રણ પ્રકાર કહેવામાં આવ્યા છે. ૧. મનોયોગ ૨. વચનયોગ અને ૩. કાયયોગ.

સહકારી કારણરૂપ મનોવર્ગણા દ્વારા પ્રવર્ત્તતું જે આત્મવીર્ય તે મનોયોગ, સહકારી કારણરૂપ ભાષાવર્ગણા દ્વારા જે વીર્ય પ્રવર્ત્તે તે વચનયોગ અને સહકારી કારણરૂપ કાયાનાં પુદ્ગલો દ્વારા જે વીર્ય પ્રવર્તે તે કાયયોગ કહેવાય છે. ૨-૩



યોગસંજ્ઞક વીર્યના એક અર્થવાળાં નામો કહે છે—

जोगो विरयं थामो उच्छाह परक्कमो तहा चेट्ठा ।
सत्ति सामत्थं चिय जोगस्स हवंति पज्जाया ॥४॥

योगो वीर्यं स्थाम उत्साहः पराक्रमः तथा चेष्टा ।
शक्तिः सामर्थ्यमेव योगस्य भवन्ति पर्यायाः ॥४॥

અર્થ—યોગ, વીર્ય, સ્થામ, ઉત્સાહ, પરાક્રમ, ચેષ્ટા, શક્તિ અને સામર્થ્ય એ સઘળા યોગના પર્યાયો છે એટલે કે એ સઘળા યોગનાં જ એક અર્થવાળાં નામો છે. ૪.

હવે યોગસંજ્ઞક વીર્યના જઘન્ય, અજઘન્ય, ઉત્કૃષ્ટ અને અનુત્કૃષ્ટના જ્ઞાન માટે વિચાર કરે છે. તેની અંદર દશ અનુયોગદ્વાર છે. તે આ પ્રમાણે—: ૧. અવિભાગ-પ્રરૂપણા, ૨. વર્ગણા પ્રરૂપણા, ૩. સ્પર્દ્ધક પ્રરૂપણા, ૪. અન્તર પ્રરૂપણા, ૫. સ્થાન પ્રરૂપણા, ૬. અનન્તરોપનિધા પ્રરૂપણા, ૭. પરમ્પરોપનિધા પ્રરૂપણા, ૮. વૃદ્ધિ પ્રરૂપણા, ૯. કાળ પ્રરૂપણા. ૧૦. અને જીવોના વિષયમાં અલ્પબહુત્વ પ્રરૂપણા. અહીં પ્રરૂપણાનો વિચાર કરવો એ અર્થ છે. તેમાં પહેલાં અવિભાગના સ્વરૂપનો વિચાર કરે છે—

पन्नाए अविभागं जहन्नविरियस्स वीरियं छिन्नं ।
एक्केक्कस्स पएसस्स असंखलोगप्पएससमं ॥५॥

प्रज्ञयाऽविभागं जघन्यवीर्यस्य वीर्यं छिन्नम् ।
एकैकस्य प्रदेशस्यासंख्यलोकप्रदेशसमम् ॥५॥

અર્થ—કેવલીના બુદ્ધિરૂપ શસ્ત્રથી જઘન્ય વીર્યવાળા જીવનું એકના બે ભાગ ન થઈ શકે એવી રીતે છેદાયેલું જે વીર્ય તે અવિભાગ કહેવાય છે. તેવા અવિભાગો એક એક પ્રદેશમાં અસંખ્યલોકાકાશ પ્રદેશપ્રમાણ હોય છે.

ટીકાનુ૰—ભવના પ્રથમ સમયે વર્ત્તમાન ઓછામાં ઓછા વીર્યવ્યાપારવાળા લબ્ધિ અપર્યાપ્ત સૂક્ષ્મનિગોદીયા જીવના કોઈપણ એક પ્રદેશના વીર્યવ્યાપારના કેવલીની બુદ્ધિરૂપ શસ્ત્રથી એકના બે ભાગ ન થઈ શકે તેવા અંશો કરીએ તો અસંખ્યલોકાકાશ પ્રદેશપ્રમાણ થાય છે. તેમાંના એક અંશને અવિભાગ કહે છે. પ્રત્યેક આત્મપ્રદેશ ઉપર આવા અસંખ્યલોકાકાશ પ્રદેશપ્રમાણ અવિભાગો—વીર્યાણુઓ હોય છે. જઘન્ય કરતાં ઉત્કૃષ્ટ વીર્યવ્યાપારવાળા પ્રદેશમાં અસંખ્યાતગુણા અવિભાગો હોય છે. આ પ્રમાણે અવિભાગનું સ્વરૂપ કહ્યું. ૫

હવે વર્ગણાનું સ્વરૂપ કહે છે—

सव्वप्पवीरिएहिं जीवपएसेहिं वग्गणा पढमा ।
बीयाइ वग्गणाओ रूबुत्तरिया असंखाओ ॥६॥

सर्वाल्पवीर्यैर्जीवप्रदेशैर्वर्गणा प्रथमा ।
द्वितीयादयो वर्गणा रूपोत्तरा असंख्येयाः ॥६॥

અર્થ—સર્વાલ્પ વીર્યવાળા જીવપ્રદેશો વડે પહેલી વર્ગણા થાય છે, એક બે આદિ અધિક વીર્યાણુવાળી બીજી આદિ અસંખ્ય વર્ગણાઓ થાય છે.

ટીકાનુ૰—વીર્યાંતરાય કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલ વીર્ય તો સઘળા આત્મપ્રદેશે સમાન જ હોય છે, પરંતુ જે પ્રદેશોને કાર્ય નજીક હોય ત્યાં વીર્યવ્યાપાર વધારે હોય છે અને જે જે પ્રદેશોને કાર્ય દૂર દૂર હોય ત્યાં ત્યાં અનુક્રમે વીર્યવ્યાપાર ઓછો ઓછો હોય[1] છે. તેથી ઓછા અને ક્રમશઃ વધારે વધારે વીર્યવ્યાપારવાળા આત્મપ્રદેશો મળી શકે છે અને વર્ગણા, સ્પર્દ્ધક અને યોગસ્થાન થઈ શકે છે.

અહીં પ્રથમ વર્ગણાનું સ્વરૂપ કહે છે—ભવના પ્રથમ સમયે વર્ત્તમાન લબ્ધિ અપર્યાપ્ત ઓછામાં ઓછા વીર્યવ્યાપારવાળા સૂક્ષ્મનિગોદીયાનો વીર્યવ્યાપાર પણ સઘળા આત્મપ્રદેશે સમાન હોતો નથી, જ્યાં કાર્ય નજીક હોય છે ત્યાં વધારે હોય છે અને કાર્ય જેમ જેમ દૂર હોય તેમ તેમ વીર્યવ્યાપાર અલ્પ અલ્પ હોય છે.

અહીં ઓછામાં ઓછા વીર્યવ્યાપારવાળા આત્મપ્રદેશોથી વર્ગણા કરવાની શરૂઆત કરવાની છે. ઓછામાં ઓછા વીર્યાવ્યાપારવાળા કોઈપણ એક આત્મપ્રદેશ પર જે વીર્યવ્યાપાર છે તેના એકના બે ભાગ ન થાય તેવા અસંખ્યલોકાકાશ પ્રદેશપ્રમાણ અંશો થાય છે તે ઉપર કહ્યું છે. આ પ્રમાણે અસંખ્યલોકાકાશ પ્રદેશપ્રમાણ સરખે સરખા વીર્યાણુવાળા આત્મપ્રદેશોનો જે સમુદાય તે વર્ગણા[2] કહેવાય છે.

---

૧. વીર્યાંતરાય કર્મના ક્ષયોપશમથી પ્રાપ્ત શક્તિને વીર્ય કહેવાય છે, અને તેના વ્યાપારને એટલે કાર્યમાં પ્રવૃત્ત વીર્યને યોગ કહેવાય છે. તાત્પર્ય એ આવ્યો કે પહેલાને લબ્ધિવીર્ય અને બીજાને ઉપયોગવીર્ય કહેવાય છે. લબ્ધિવીર્ય દરેક આત્મપ્રદેશે સમાન હોય છે, પરંતુ ઉપયોગવીર્ય સમાન હોતું નથી. જે પ્રદેશને કાર્ય નજીક હોય ત્યાં વીર્યવ્યાપાર વધારે અને જેમ જેમ કાર્ય દૂર હોય તેમ તેમ અલ્પ અલ્પ વીર્યવ્યાપાર હોય છે. તેથી જ વર્ગણા સ્પર્દ્ધક અને યોગસ્થાનકની ઉત્પત્તિ થઈ શકે છે.

૨. સરખે સરખા વીર્યાણુવાળા આત્મપ્રદેશના સમુદાયને વર્ગણા કહે છે.

આ પહેલી જઘન્ય વર્ગણામાં ઘનીકૃતલોકના અસંખ્યાતમા ભાગમાં રહેલ અસંખ્ય પ્રતરના જેટલા આકાશપ્રદેશો થાય તેટલા આત્મપ્રદેશો હોય છે.

એક વીર્યાણુ વડે અધિક ઘનીકૃતલોકના અસંખ્યાતમા ભાગમાં રહેલ અસંખ્ય પ્રતરપ્રમાણ જીવપ્રદેશોનો જે સમુદાય તે બીજી વર્ગણા. બે વીર્યાણુ અધિક ઘનીકૃતલોકના અસંખ્યાતમા ભાગમાં રહેલ અસંખ્યપ્રતર પ્રમાણ જીવપ્રદેશોનો જે સમુદાય તે ત્રીજી વર્ગણા. ત્રણ વીર્યાણુ અધિક તેટલા જ જીવપ્રદેશોના સમુદાયરૂપ ચોથી વર્ગણા. આ પ્રમાણે એક એક વીર્યાણુ વડે અધિક અધિક તેટલા તેટલા જીવપ્રદેશોના સમુદાયરૂપ સૂચિશ્રેણિના અસંખ્યાતમા ભાગમાં રહેલા અસંખ્ય આકાશપ્રદેશપ્રમાણ અસંખ્યાતી વર્ગણાઓ થાય છે. આ રીતે વર્ગણાનું સ્વરૂપ કહ્યું. ૬

હવે સ્પર્દ્ધકનું સ્વરૂપ કહે છે—

ताओ फड्डगमेगं अओ परं नत्थि रूवबुड्ढीए ।
जाव असंखालोगा पुव्वविहाणेण तो फड्डा ॥७॥

ताः स्पर्द्धकमेकं अतः परं नास्ति रूपवृद्ध्या ।
यावदसंख्येया लोकाः पूर्व्वविधानेन ततः स्पर्द्धकानि ॥७॥

અર્થ—તે વર્ગણાઓના સમૂહને સ્પર્દ્ધક કહે છે. ત્યારપછી એક એક વીર્યાણુ અધિક કોઈ આત્મપ્રદેશ નથી, પરંતુ અસંખ્યલોકાકાશ પ્રદેશપ્રમાણ વીર્યાણુ વડે અધિક આત્મપ્રદેશ મળી શકે છે. ત્યારપછી પૂર્વપ્રકારે સ્પર્દ્ધક થાય છે.

ટીકાનુ૦—જઘન્યવર્ગણાથી એક એક અધિક વીર્યાણુવાળી સૂચિશ્રેણિના અસંખ્યાતમા ભાગમાં રહેલ અસંખ્ય આકાશપ્રદેશપ્રમાણ અસંખ્યાતી વર્ગણાના સમૂહને સ્પર્દ્ધક કહે છે.[1] આ પહેલું સ્પર્દ્ધક થયું. અહીં સુધી એક એક અધિક વીર્યાણુ પ્રમાણ વ્યાપારવાળા આત્મપ્રદેશો મળી શકે છે.

અહીંથી આગળ એક વીર્યાણુ પ્રમાણ અધિક વીર્યવ્યાપારવાળો કોઈ આત્મપ્રદેશ મળી શકતો નથી. તેવી જ રીતે બેત્રણ કે સંખ્યાતા વીર્યાણુ પ્રમાણ અધિક વીર્યવ્યાપારવાળા પણ કોઈ આત્મપ્રદેશ મળી શકતા નથી, પરંતુ અસંખ્યાતલોકાકાશ પ્રદેશપ્રમાણ વીર્યાણુ વડે અધિક વીર્યવ્યાપારવાળા જીવપ્રદેશો મળી શકે છે. આ રીતે જ વીર્યવ્યાપારની વૃદ્ધિ થવામાં જીવસ્વભાવ જ કારણ છે. સમાન વીર્યવ્યાપારવાળા તે આત્મપ્રદેશોનો જે સમુદાય તે બીજા સ્પર્દ્ધકની પહેલી વર્ગણા થાય છે. ત્યારપછી પૂર્વના ક્રમે વર્ગણાઓ થાય છે. જેમ કે—પહેલી વર્ગણાથી એક વીર્યાવિભાગ અધિક જીવપ્રદેશોના સમૂહની બીજી વર્ગણા, બે વીર્યાવિભાગ અધિક જીવપ્રદેશોના સમૂહની ત્રીજી વર્ગણા, એમ એક એક વીર્યાવિભાગ અધિક અધિક જીવપ્રદેશોના સમૂહરૂપ સૂચિશ્રેણિના અસંખ્યાતમાભાગમાં રહેલા આકાશપ્રદેશપ્રમાણ અસંખ્યાતિ વર્ગણાઓ થાય છે. તેઓનો જે સમુદાય તે બીજું સ્પર્દ્ધક થાય છે.

---

૧. અનુક્રમે એકેક અધિક વીર્યાણુએ ચડતી વર્ગણાના સમૂહને સ્પર્દ્ધક કહે છે.

અહીંથી આગળ પણ એક વીર્યાવિભાગ અધિક કોઈ આત્મપ્રદેશ નથી, તેમજ બેત્રણ કે સંખ્યાતા વીર્યાણુ અધિક પણ કોઈ આત્મપ્રદેશ નથી, પરંતુ અસંખ્યાતાલોકાકાશ પ્રદેશપ્રમાણ વીર્યાણુ અધિક આત્મપ્રદેશો મળી શકે છે. સરખે સરખા તેટલા વીર્યાણુવાળા આત્મપ્રદેશોનો જે સમુદાય તે ત્રીજા સ્પર્દ્ધકની પહેલી વર્ગણા છે. ત્યારબાદ એક વીર્યાણુ અધિક જીવપ્રદેશના સમૂહની બીજી વર્ગણા. એમ ચડતા ચડતા વીર્યાણુવાળા જીવપ્રદેશોની સૂચિ શ્રેણિના અસંખ્યાતમા ભાગના આકાશપ્રદેશ પ્રમાણ અસંખ્યાતિ વર્ગણાઓ થાય છે. તેઓનો જે સમુદાય તે ત્રીજું સ્પર્દ્ધક થાય છે. આ જ ક્રમે સૂચિશ્રેણિના અસંખ્યાતમા ભાગમાં રહેલા આકાશપ્રદેશપ્રમાણ અન્ય અન્ય સ્પર્દ્ધકો થાય છે. આ પ્રમાણે સ્પર્દ્ધકનું સ્વરૂપ કહ્યું. ૭.

હવે યોગસ્થાનકનો વિચાર કરે છે—

सेढीअसंखभागिय फड्डेहिं जहन्नयं हवइ ठाणं ।
अंगुलअसंखभागुत्तराइं भुओ असंखाइ ॥८॥

श्रेण्यसंख्येयभागिकैः स्पर्द्धकैर्जन्यं भवति स्थानम् ।
अङ्गुलासंख्येयभागोत्तराणि भूयोऽसंख्येयानि ॥८॥

અર્થ—શ્રેણિના અસંખ્યાતમા ભાગમાં રહેલ આકાશપ્રદેશપ્રમાણ સ્પર્દ્ધકો વડે જઘન્ય યોગસ્થાનક થાય છે. અંગુલના અસંખ્યાતમા ભાગમાં રહેલ આકાશપ્રદેશપ્રમાણ અધિક અધિક સ્પર્દ્ધકો વડે અન્ય અન્ય અસંખ્યાતા યોગસ્થાનકો થાય છે.

ટીકાનુ૰—પૂર્વની ગાથામાં જેના સ્વરૂપનું પ્રતિપાદન કર્યું છે એવા સૂચિશ્રેણિના અસંખ્યાતમા ભાગમાં રહેલ આકાશપ્રદેશપ્રમાણ અસંખ્ય સ્પર્દ્ધકો વડે જઘન્ય યોગસ્થાનક થાય છે. આ યોગસ્થાનક ઓછામાં ઓછા વીર્યવ્યાપારવાળા ભવપ્રથમસમયે વર્ત્તમાન સૂક્ષ્મનિગોદીયા જીવને હોય છે. આ જ ક્રમે અધિક[1] અધિક વીર્યવ્યાપારવાળા અન્ય અન્ય જીવોનાં બીજાં પણ અસંખ્ય યોગસ્થાનકો થાય છે.

તે આ પ્રમાણે ઉક્ત—સૂક્ષ્મનિગોદથી કંઈક અધિક વીર્યવ્યાપારવાળા અન્ય જીવના સઘળા આત્મપ્રદેશો સમાન વીર્યવ્યાપારવાળા નથી હોતા, પરંતુ કાર્યના નજીક કે દૂરપણાને લઈને ઓછાવત્તા વીર્યવ્યાપારવાળા હોય છે. તેમાં જે ઓછામાં ઓછા વીર્યવ્યાપારવાળા આત્મપ્રદેશો છે તેનો જે સમુદાય તે બીજા યોગસ્થાનકના પહેલા સ્પર્દ્ધકની પહેલી વર્ગણા થાય છે. તેમાં વીર્યાણુની સંખ્યા પહેલા યોગસ્થાનકના છેલ્લા સ્પર્દ્ધકની છેલ્લી વર્ગણામાંના કોઈ પણ આત્મપ્રદેશ ઉપર જેટલા વીર્યાણુ છે તેમાં અસંખ્યલોકાકાશ પ્રદેશપ્રમાણ વીર્યાણુ ઉમેરીએ અને જે સંખ્યા થાય તેટલી હોય છે. એક વીર્યાણુ અધિક વીર્યવ્યાપારવાળા આત્મપ્રદેશના સમુદાયની બીજી વર્ગણા, બે વીર્યાવિભાગ અધિક વીર્યવ્યાપારવાળા આત્મપ્રદેશના સમૂહની ત્રીજી વર્ગણા, ત્રણ વીર્યાવિભાગ અધિક વીર્યવ્યાપારવાળા આત્મપ્રદેશના સમૂહની ચોથી વર્ગણા, આ પ્રમાણે

૧. અસંખ્યાત સ્પર્દ્ધક પ્રમાણ એક જીવના એક સમયના વ્યાપારને યોગસ્થાન કહે છે. એક યોગસ્થાનકમાં એક આત્માના એક સમયના વીર્યવ્યાપારનો સમાવેશ થાય છે.

એક એક અધિક વીર્યાણુવાળી સૂચિશ્રેણિના અસંખ્યાતમા ભાગમાં રહેલ પ્રદેશરાશિ પ્રમાણ અસંખ્યાતી વર્ગણાઓ થાય છે. તેના સમુદાયને પહેલું સ્પર્દ્ધક કહેવામાં આવે છે.

ત્યારપછી પહેલા યોગસ્થાનકમાં બતાવેલા ક્રમે બીજું, ત્રીજું એમ સૂચિશ્રેણિના અસંખ્યાતમા ભાગમાં રહેલ પ્રદેશરાશિપ્રમાણ સ્પર્દ્ધકો કહેવા. તેઓના સમૂહને બીજું યોગસ્થાનક કહેવાય છે. ત્યારપછી પૂર્વથી અધિક વીર્યવ્યાપારવાળા અન્ય જીવનું કહેલ ક્રમે ત્રીજું યોગસ્થાનક કહેવું. આવી રીતે અન્ય અન્ય જીવની અપેક્ષાએ પૂર્વપૂર્વથી અધિક અધિક વીર્યવ્યાપારવાળા સર્વોત્કૃષ્ટ યોગસ્થાન પર્યંત યોગસ્થાનકો કહેવા. તે સઘળા સૂચિશ્રેણિના અસંખ્યાતમા ભાગમાં રહેલ આકાશ પ્રદેશપ્રમાણ થાય છે.

પ્રશ્ન—જીવો અનન્તા હોવાથી અને દરેક જીવને યોગસ્થાન હોવાથી યોગસ્થાનકની સંખ્યા અનન્ત થાય છે, શા માટે શ્રેણિના અસંખ્યાતમા ભાગમાં રહેલ પ્રદેશરાશિપ્રમાણ કહો છો ?

ઉત્તર—અહીં ઉપરોક્ત દોષ ઘટતો નથી. કારણ કે સરખે સરખા એક એક યોગસ્થાનક ઉપર સ્થાવર જીવો અનન્ત હોય છે, અને વધારેમાં વધારે ત્રસ જીવો અસંખ્ય હોય છે. આવી રીતે સરખા સરખા યોગસ્થાનકવાળા જીવો ઘણા હોવાથી સઘળા જીવોની અપેક્ષાએ પણ કેવળજ્ઞાની દૃષ્ટ સઘળાં યોગસ્થાનકોની સંખ્યા ઉપર કહી તેટલી જ થાય છે, ઓછી કે અધિક થતી નથી. આ પ્રમાણે યોગસ્થાનકના સ્વરૂપનો વિચાર કર્યો.

અસત્કલ્પનાથી જીવોનાં યોગસ્થાનો

અસત્કલ્પનાએ એક જીવના અસંખ્ય આત્મપ્રદેશ = ૧૦૫૦૦૦

શુચિશ્રેણિનો અસંખ્યાતમો ભાગ (સર્વત્ર) = ૫

અસંખ્યલોકાકાશ પ્રદેશપ્રમાણ વીર્યાણુઓ = ૧૦૦૦૦૦૧

અંગુલના અસંખ્યાતમાભાગપ્રમાણ સ્પર્દ્ધકની વૃદ્ધિ = ૧ સ્પર્દ્ધકની વૃદ્ધિ.

પ્રથમ યોગસ્થાન

વર્ગણા.	આત્મપ્રદેશો	વીર્યાણુઓ	સ્પર્દ્ધક	વર્ગણા.	આત્મપ્રદેશો	વીર્યાણુઓ	સ્પર્દ્ધકો
૧.	૪૩૨૦	૧૦૦૦૦૦૧	૧લું	૧.	૪૧૭૦	૪૦૦૦૦૧૬	૪થું
૨.	૪૩૧૦	૧૦૦૦૦૦૨	૧લું	૨.	૪૧૬૦	૪૦૦૦૦૧૭	૪થું
૩.	૪૩૦૦	૧૦૦૦૦૦૩	૧લું	૩.	૪૧૫૦	૪૦૦૦૦૧૮	૪થું
૪.	૪૨૯૦	૧૦૦૦૦૦૪	૧લું	૪.	૪૧૪૦	૪૦૦૦૦૧૯	૪થું
૫.	૪૨૮૦	૧૦૦૦૦૦૫	૧લું	૫.	૪૧૩૦	૪૦૦૦૦૨૦	૪થું
		★					
૧.	૪૨૭૦	૨૦૦૦૦૦૬	૨જું	૧.	૪૧૨૦	૫૦૦૦૦૨૧	૫મું
૨.	૪૨૬૦	૨૦૦૦૦૦૭	૨જું	૨.	૪૧૧૦	૫૦૦૦૦૨૨	૫મું
૩.	૪૨૫૦	૨૦૦૦૦૦૮	૨જું	૩.	૪૧૦૦	૫૦૦૦૦૨૩	૫મું
૪.	૪૨૪૦	૨૦૦૦૦૦૯	૨જું	૪.	૪૦૯૦	૫૦૦૦૦૨૪	૫મું
૫.	૪૨૩૦	૨૦૦૦૦૧૦	૨જું	૫.	૪૦૮૦	૫૦૦૦૦૨૫	૫મું

વર્ગણા.	આત્મપ્રદેશો	વીર્યાણુઓ	સ્પર્દ્ધક	વર્ગણા.	આત્મપ્રદેશો	વીર્યાણુઓ	સ્પર્દ્ધકો
૧.	૪૨૨૦	૩૦૦૦૦૧૧	૩જું				
૨.	૪૨૧૦	૩૦૦૦૦૧૨	૩જું				
૩.	૪૨૦૦	૩૦૦૦૦૧૩	૩જું				
૪.	૪૧૯૦	૩૦૦૦૦૧૪	૩જું				
૫.	૪૧૮૦	૩૦૦૦૦૧૫	૩જું				

★અહીં દ્વિતીયાદિક સ્પર્દ્ધકની પ્રથમ વર્ગણામાં વીર્યાવિભાગો દ્વિગુણાધિક બતાવેલ છે. પણ વાસ્તવિક રીતે તેથી ઓછા-વધારે અથવા તેટલા જ હોય તે બહુશ્રુતો પાસેથી જાણવું.

દ્વિતીય યોગસ્થાન

૧.	૩૭૯૦	૬૦૦૦૦૨૬	૧લું	૧.	૩૪૯૦	૯૦૦૦૦૪૧	૪થું
૨.	૩૭૭૦	૬૦૦૦૦૨૭	૧લું	૨.	૩૪૭૦	૯૦૦૦૦૪૨	૪થું
૩.	૩૭૫૦	૬૦૦૦૦૨૮	૧લું	૩.	૩૪૫૦	૯૦૦૦૦૪૩	૪થું
૪.	૩૭૩૦	૬૦૦૦૦૨૯	૧લું	૪.	૩૪૩૦	૯૦૦૦૦૪૪	૪થું
૫.	૩૭૧૦	૬૦૦૦૦૩૦	૧લું	૫.	૩૪૧૦	૯૦૦૦૦૪૫	૪થું
૧.	૩૬૯૦	૭૦૦૦૦૩૧	૨જું	૧.	૩૩૯૦	૧૦૦૦૦૦૪૬	૫મું
૨.	૩૬૭૦	૭૦૦૦૦૩૨	૨જું	૨.	૩૩૭૦	૧૦૦૦૦૦૪૭	૫મું
૩.	૩૬૫૦	૭૦૦૦૦૩૩	૨જું	૩.	૩૩૫૦	૧૦૦૦૦૦૪૮	૫મું
૪.	૩૬૩૦	૭૦૦૦૦૩૪	૨જું	૪.	૩૩૩૦	૧૦૦૦૦૦૪૯	૫મું
૫.	૩૬૧૦	૭૦૦૦૦૩૫	૨જું	૫.	૩૩૧૦	૧૦૦૦૦૦૫૦	૫મું
૧.	૩૫૯૦	૮૦૦૦૦૩૬	૩જું	૧.	૩૨૯૦	૧૧૦૦૦૦૫૧	૬ઠું
૨.	૩૫૭૦	૮૦૦૦૦૩૭	૩જું	૨.	૩૨૭૦	૧૧૦૦૦૦૫૨	૬ઠું
૩.	૩૫૫૦	૮૦૦૦૦૩૮	૩જું	૩.	૩૨૫૦	૧૧૦૦૦૦૫૩	૬ઠું
૪.	૩૫૩૦	૮૦૦૦૦૩૯	૩જું	૪.	૩૨૩૦	૧૧૦૦૦૦૫૪	૬ઠું
૫.	૩૫૧૦	૮૦૦૦૦૪૦	૩જું	૫.	૩૨૧૦	૧૧૦૦૦૦૫૫	૬ઠું

તૃતીય યોગસ્થાન

૧.	૩૫૧૦	૧૨૦૦૦૦૫૬	૧લું	૧.	૨૯૧૦	૧૬૦૦૦૦૭૬	૫મું
૨.	૩૪૮૦	૧૨૦૦૦૦૫૭	૧લું	૨.	૨૮૮૦	૧૬૦૦૦૦૭૭	૫મું
૩.	૩૪૫૦	૧૨૦૦૦૦૫૮	૧લું	૩.	૨૮૫૦	૧૬૦૦૦૦૭૮	૫મું
૪.	૩૪૨૦	૧૨૦૦૦૦૫૯	૧લું	૪.	૨૮૨૦	૧૬૦૦૦૦૭૯	૫મું
૫.	૩૩૯૦	૧૨૦૦૦૦૬૦	૧લું	૫.	૨૭૯૦	૧૬૦૦૦૦૮૦	૫મું
૧.	૩૩૬૦	૧૩૦૦૦૦૬૧	૨જું	૧.	૨૭૬૦	૧૭૦૦૦૦૮૧	૬ઠું
૨.	૩૩૩૦	૧૩૦૦૦૦૬૨	૨જું	૨.	૨૭૩૦	૧૭૦૦૦૦૮૨	૬ઠું
૩.	૩૩૦૦	૧૩૦૦૦૦૬૩	૨જું	૩.	૨૭૦૦	૧૭૦૦૦૦૮૩	૬ઠું
૪.	૩૨૭૦	૧૩૦૦૦૦૬૪	૨જું	૪.	૨૬૭૦	૧૭૦૦૦૦૮૪	૬ઠું
૫.	૩૨૪૦	૧૩૦૦૦૦૬૫	૨જું	૫.	૨૬૪૦	૧૭૦૦૦૦૮૫	૬ઠું
૧.	૩૨૧૦	૧૪૦૦૦૦૬૬	૩જું	૧.	૨૬૧૦	૧૮૦૦૦૦૮૬	૭મું
૨.	૩૧૮૦	૧૪૦૦૦૦૬૭	૩જું	૨.	૨૫૮૦	૧૮૦૦૦૦૮૭	૭મું
૩.	૩૧૫૦	૧૪૦૦૦૦૬૮	૩જું	૩.	૨૫૫૦	૧૮૦૦૦૦૮૮	૭મું
૪.	૩૧૨૦	૧૪૦૦૦૦૬૯	૩જું	૪.	૨૫૨૦	૧૮૦૦૦૦૮૯	૭મું
૫.	૩૦૯૦	૧૪૦૦૦૦૭૦	૩જું	૫.	૨૪૯૦	૧૮૦૦૦૦૯૦	૭મું

૧.	૩૦૬૦	૧૫૦૦૦૦૭૧	૪થું
૨.	૩૦૩૦	૧૫૦૦૦૦૭૨	૪થું
૩.	૩૦૦૦	૧૫૦૦૦૦૭૩	૪થું
૪.	૨૯૭૦	૧૫૦૦૦૦૭૪	૪થું
૫.	૨૯૪૦	૧૫૦૦૦૦૭૫	૪થું

હવે અનંતરોપનિધા અને પરંપરોપનિધાનો વિચાર કરે છે. તેમાં ઉપનિધા એટલે વિચાર કરવો એ અર્થ છે. અનંતરોપનિધા એટલે પૂર્વ પૂર્વ યોગસ્થાનના સ્પર્દ્ધકની અપેક્ષાએ ઉત્તર ઉત્તર યોગસ્થાનના સ્પર્દ્ધકનો વિચાર કરવો તે. જેમ કે પહેલા યોગસ્થાનકના સ્પર્દ્ધકની અપેક્ષાએ બીજા યોગસ્થાનકના સ્પર્દ્ધકનો, બીજાની અપેક્ષાએ ત્રીજા યોગસ્થાનકના સ્પર્દ્ધકનો, એમ ઉત્તરોત્તર જે વિચાર કરવો તે અનંતરોપનિધા કહેવાય છે.

એ જ વિચારે છે—પૂર્વ પૂર્વ યોગસ્થાનકથી ઉત્તર ઉત્તર યોગસ્થાનકમાં એક અંગુલ પ્રમાણ ક્ષેત્રના અસંખ્યાતમા ભાગમાં જેટલા આકાશપ્રદેશ હોય તેટલા સ્પર્દ્ધકો અધિક અધિક હોય છે. જેમ કે પહેલા યોગસ્થાનકમાં જેટલા સ્પર્દ્ધકો છે તે કરતાં બીજા યોગસ્થાનકમાં અંગુલક્ષેત્રના અસંખ્યાતમા ભાગમાં જેટલા આકાશપ્રદેશ છે તેટલા સ્પર્દ્ધકો વધારે છે. એવી જ રીતે બીજાથી ત્રીજામાં વધારે છે. એ પ્રમાણે ઉત્તરોત્તર સ્પર્દ્ધકો વધારે વધારે હોય છે.

પ્રશ્ન—પૂર્વ પૂર્વ યોગસ્થાનકથી ઉત્તરોત્તર યોગસ્થાનકમાં સ્પર્દ્ધકો વધે છે એ તમે કઈ રીતે કહો છો ? કારણ કે એક યોગસ્થાનકમાં એક જ આત્માના પ્રદેશો વહેંચાય છે, દરેક આત્માના પ્રદેશો સમાન હોવાથી બીજાં યોગસ્થાનકોમાં કંઈ આત્મપ્રદેશો વધી જતા નથી જેથી સ્પર્દ્ધકની સંખ્યા વધે ?

ઉત્તર—બરાબર છે કે એક યોગસ્થાનકમાં એક જ આત્માના પ્રદેશ વહેંચાય છે અને આત્મપ્રદેશો નિયત હોવાથી તેની સંખ્યામાં વધારો થતો નથી. પરંતુ પહેલા યોગસ્થાનકમાંની દરેક વર્ગણામાં જેટલા જીવ પ્રદેશો હોય છે તેનાથી બીજા આદિ યોગસ્થાનકોની દરેક વર્ગણાઓમાં શરૂઆતથી જ જીવપ્રદેશની સંખ્યા ઓછી ઓછી થતી જાય છે. જેમ જેમ વીર્યવ્યાપાર વધે છે તેમ તેમ વર્ગણાઓમાં આત્મપ્રદેશોની સંખ્યા ઓછી ઓછી થતી જાય છે. અલ્પવીર્યવ્યાપારવાળા જીવપ્રદેશો વધારે અને અધિક અધિક વીર્યવ્યાપારવાળા પ્રદેશો અનુક્રમે અલ્પ અલ્પ હોય છે. તેમાં કારણ જીવસ્વભાવ જ છે. આ પ્રમાણે હોવાથી બીજા યોગસ્થાનકમાં પહેલા યોગસ્થાનક જેટલા સ્પર્દ્ધકો થયા પછી પણ આત્મપ્રદેશોની સંખ્યા વધશે અને તેની વર્ગણા તથા સ્પર્દ્ધકો બનશે. તેથી જ બીજા યોગસ્થાનકમાં સ્પર્દ્ધકની સંખ્યામાં પણ વધારો થશે. આ જ પ્રમાણે ઉત્તરોત્તર યોગસ્થાનકોમાં પણ સ્પર્દ્ધકની વૃદ્ધિનો વિચાર સમજી લેવો. આ પ્રમાણે અનંતરોપનિધા વડે વિચાર કર્યો. ૮.

હવે પરંપરોપનિધા વડે વિચારે છે. કોઈ પણ એક યોગસ્થાનકના સ્પર્દ્ધકોની અપેક્ષાએ દૂર રહેલા યોગસ્થાનકના સ્પર્દ્ધકોનો જે વિચાર તે પરંપરોપનિધા કહેવાય છે. તેનો જ વિચાર કરે છે—

सेढि असंखियभागं गंतुं गंतुं हवंति दुगुणाइं ।
फड्डाइं ठाणेसु पलियासंखंसगुणकारा ॥९॥

श्रेण्यसंख्येयभागं गत्वा गत्वा भवन्ति द्विगुणानि ।
स्पर्द्धकानि स्थानेषु पल्यासंख्यांशगुणकाराः ॥९॥

અર્થ—શ્રેણિના અસંખ્યાતમા ભાગપ્રમાણ યોગસ્થાનકો જઈને પછીના યોગસ્થાનકમાં બમણા સ્પર્દ્ધકો થાય છે. પલ્યોપમના અસંખ્યાતમા ભાગપ્રમાણ દ્વિગુણવૃદ્ધિનાં સ્થાનકો છે.

ટીકાનુ૦—યોગસ્થાનકોમાં પહેલા યોગસ્થાનકથી આરંભી સૂચિશ્રેણિના અસંખ્યાતમા ભાગમાં જેટલા આકાશપ્રદેશો હોય તેટલાં તેટલાં યોગસ્થાનકો ઓળંગી ઓળંગીને પછી પછીનું જે યોગસ્થાન આવે તેની તેની અંદર પૂર્વ પૂર્વ યોગસ્થાનની અપેક્ષાએ બમણા બમણા સ્પર્દ્ધકો થાય છે. જેમ કે પહેલા જઘન્ય યોગસ્થાનકમાં જેટલા સ્પર્દ્ધકો છે તેની અપેક્ષાએ શ્રેણિના અસંખ્યાતમાં ભાગમાં રહેલ આકાશપ્રદેશ પ્રમાણ યોગસ્થાનકો ઓળંગીને પછી જે યોગસ્થાન પ્રાપ્ત થાય તેમાં બમણા સ્પર્દ્ધકો હોય છે. ત્યારપછી ફરી પણ તે યોગસ્થાનકથી તેટલાં જ યોગસ્થાનકો ઓળંગીને પછી જે યોગસ્થાન પ્રાપ્ત થાય તેમાં બમણા સ્પર્દ્ધકો હોય છે. એ પ્રમાણે ફરી ફરી તેટલાં તેટલાં યોગસ્થાનકો ઓળંગીને પછી પછીના યોગસ્થાનમાં બમણા બમણા સ્પર્દ્ધકો અંતિમ સર્વોત્કૃષ્ટ યોગસ્થાન પર્યંત કહેવા. આ પ્રમાણે પૂર્વ પૂર્વ યોગસ્થાનની અપેક્ષાએ બમણા બમણા સ્પર્દ્ધકોવાળાં યોગસ્થાનકો સૂક્ષ્મ અદ્ધાપલ્યોપમના અસંખ્યાતમા ભાગમાં જેટલા સમયો હોય તેટલા થાય છે.

પહેલેથી છેલ્લે જતાં જેટલાં દ્વિગુણવૃદ્ધિનાં સ્થાનકો થાય છે તેટલાં જ છેલ્લેથી પહેલે જતાં દ્વિગુણહાનિનાં સ્થાનકો થાય છે. તે આ પ્રમાણે—ઉત્કૃષ્ટ છેલ્લા યોગસ્થાનકની અપેક્ષાએ નીચે ઊતરતાં શ્રેણિના અસંખ્યાતમા ભાગમાં રહેલ આકાશપ્રદેશપ્રમાણ સ્પર્દ્ધકો ઓળંગીને પછી જે યોગસ્થાનક આવે તેની અંદર દ્વિગુણહીન—અર્ધસ્પર્દ્ધકો હોય છે. વળી ત્યાંથી તેટલાં જ યોગસ્થાનકો નીચે ઊતરીએ અને પછી જે યોગસ્થાન આવે તેમાં પૂર્વની અપેક્ષાએ અર્ધ સ્પર્દ્ધકો હોય છે. આ પ્રમાણે નીચે નીચે તેટલાં તેટલાં યોગસ્થાનકો ઓળંગીને પછી પછી જે યોગસ્થાન આવે તેમાં અર્ધ અર્ધ સ્પર્દ્ધકો જઘન્ય યોગસ્થાનક પર્યંત કહેવા. આ રીતે જેટલાં દ્વિગુણવૃદ્ધિવાળાં સ્થાનકો છે તેટલાં જ દ્વિગુણહાનિવાળાં સ્થાનકો પણ છે. સ્વસ્થાને બંને તુલ્ય છે.

હવે દ્વિગુણવૃદ્ધિ કે દ્વિગુણહાનિવાળાં યોગસ્થાનકોનું તથા એક દ્વિગુણવૃદ્ધ અને બીજા દ્વિગુણવૃદ્ધ એ બે યોગસ્થાનકની વચમાં રહેલાં યોગસ્થાનકોનું અલ્પબહુત્વ કહે છે—દ્વિગુણવૃદ્ધ કે દ્વિગુણહીન સ્પર્દ્ધકવાળાં યોગસ્થાનકો અલ્પ છે, તેનાથી એક આંતરામાં રહેલાં યોગસ્થાનકો અસંખ્યાતગુણાં છે. આ પ્રમાણે પરંપરોપનિધાનું સ્વરૂપ કહ્યું. ૯

હવે યોગસ્થાનની વૃદ્ધિનો વિચાર કરે છે—

वड्ढंति व हायंति व चउहा जीवस्स जोगठाणाइं ।
आवलिअसंखभागंतमुहुत्तमसंखगुणहाणी ॥१०॥

वर्द्धन्ते वा हीयन्ते वा चतुर्द्धा जीवस्य योगस्थानानि ।
आवल्यसंख्येयभागमन्तर्मुहूर्त्तमसंख्यगुणहानी ॥१०॥

અર્થ—જીવોમાં યોગસ્થાનકો ચાર પ્રકારે વધે છે અથવા ઘટે છે. અસંખ્યાતગુણ વૃદ્ધિ અને હાનિ અંતર્મુહૂર્તપર્યંત થાય છે, શેષ ત્રણ વૃદ્ધિ અને હાનિ આવલિકાના અસંખ્યાતમા ભાગના સમયપર્યંત થાય છે.

ટીકાનુ૦—યોગપ્રવૃત્તિનો આધાર વીર્યાંતરાય કર્મના ક્ષયોપશમ પર અવલંબિત છે. તેનો ક્ષયોપશમ કોઈ સમયે વધે છે, કોઈ સમયે ઘટે છે અને કોઈ સમયે તેટલો ને તેટલો જ રહે છે. તેથી યોગસ્થાન પણ કોઈ સમયે વધે છે, કોઈ સમયે ઘટે છે, કોઈ સમયે તેનું તે જ રહે છે.

યોગસ્થાનકની વૃદ્ધિ અથવા હાનિ ચાર પ્રકારે થાય છે. તે આ—૧. અસંખ્યાતભાગવૃદ્ધિ, ૨. અસંખ્યાતભાગવૃદ્ધિ, ૩. સંખ્યાતગુણવૃદ્ધિ અને ૪. અસંખ્યાતગુણવૃદ્ધિ.

આ જ પ્રમાણે હાનિ પણ ચાર પ્રકારે થાય છે તે આ—૧. અસંખ્યાતભાગહીન, ૨. સંખ્યાતભાગહીન, ૩. સંખ્યાતગુણહીન અને ૪. અસંખ્યાતગુણહીન.

ચારે પ્રકારની વૃદ્ધિ અને હાનિનું સ્વરૂપ આ પ્રમાણે છે—વિવક્ષિત કોઈપણ સમયે જે યોગસ્થાન હોય છે તેનાથી પછીના સમયે ક્વચિત્ અસંખ્યાત ભાગાધિક યોગસ્થાનક હોય છે એટલે વિવક્ષિત સમયે જે વીર્યવ્યાપાર છે તેનાથી પછીના સમયે અસંખ્યાત ભાગ અધિક વીર્યવ્યાપારવાળું યોગસ્થાન હોય છે, ક્વચિત્ સંખ્યાતભાગાધિક યોગસ્થાન હોય છે, ક્વચિત્ સંખ્યાતગુણાધિક વીર્યવ્યાપારવાળું યોગસ્થાન હોય છે અને ક્વચિત્ અસંખ્યાતગુણઅધિક વીર્યવ્યાપારવાળું યોગસ્થાન હોય છે.

આ રીતે હાનિ પણ ચાર પ્રકારે થાય છે. તે આ પ્રમાણે—વિવક્ષિત કોઈ પણ સમયે જે યોગસ્થાન પર આત્મા છે તેનાથી પછીના સમયે ક્વચિત્ અસંખ્યાતમાભાગહીન વીર્યવ્યાપારવાળા યોગસ્થાન પર આત્મા જાય છે. કોઈ સમય સંખ્યાતમાભાગહીન યોગસ્થાન પર, કોઈ સમય સંખ્યાતગુણહીન એટલે વિવક્ષિત યોગસ્થાન કરતાં સંખ્યાતમો ભાગ વીર્યાવ્યાપાર જે યોગસ્થાનમાં હોય તે યોગસ્થાન પર આત્મા જાય છે, તેવી જ રીતે કોઈ સમય અસંખ્યાતગુણહીન યોગસ્થાન પર આત્મા જાય છે. આ પ્રમાણે વીર્યાન્તરાય કર્મના ક્ષયોપશમના ઓછાવત્તાપણાને લઈને યોગસ્થાનમાં હાનિવૃદ્ધિ થયા કરે છે.

હવે આ અસંખ્યાતભાગવૃદ્ધિ આદિ ચારે પ્રકારની વૃદ્ધિ અને અસંખ્યાતભાગહાનિ આદિ ચારે પ્રકારની હાનિ નિરંતર કેટલા સમયપર્યંત થાય તેના કાળ પ્રમાણનું નિરૂપણ કરે છે—'आवलि' इत्यादि—અસંખ્યાતભાગવૃદ્ધિ આદિ શરૂઆતની ત્રણ પ્રકારની વૃદ્ધિ અને અસંખ્યાતભાગહાનિ આદિ શરૂઆતની ત્રણ પ્રકારની હાનિ ઉત્કૃષ્ટથી આવલિકાના અસંખ્યાતમા ભાગ પ્રમાણ કાળપર્યંત નિરંતર થઈ શકે છે અને અસંખ્યાતગુણવૃદ્ધિ અને અસંખ્યાતગુણહાનિ ઉત્કૃષ્ટથી નિરંતર અંતર્મુહૂર્ત પર્યંત થઈ શકે છે. એટલે કે તથાપ્રકારનો વીર્યાંતરાયકર્મનો ક્ષયોપશમ થવાથી વિવક્ષિત યોગસ્થાનકથી અસંખ્યાતભાગવૃદ્ધ અન્ય અન્ય યોગસ્થાનકે પ્રતિસમય આત્મા જાય તો ઉત્કૃષ્ટથી આવલિકાના અસંખ્યાતમા ભાગના સમયપર્યંત નિરંતર

જાય છે.

આવી જ રીતે પૂર્વ પૂર્વથી ઉત્તરોત્તર સંખ્યાતભાગ વધતા અને સંખ્યાતગુણ વધતા યોગસ્થાન પર પ્રતિસમય આત્મા વૃદ્ધિ પામે તો પણ આવલિકાના અસંખ્યાતમા ભાગમાં જેટલા સમય હોય તેટલા સમયપર્યંત નિરંતર વૃદ્ધિ પામે છે. આ જ રીતે ક્ષયોપશમ મંદ અતિમંદ અને વધારે મંદ થવાથી પ્રતિસમય વિવક્ષિત યોગસ્થાનકથી અસંખ્યાતમો ભાગ ઘટતા ઘટતા અન્ય અન્ય યોગસ્થાનકે આત્મા જાય તો આવલિકાના અસંખ્યાતમા ભાગના સમયપર્યંત નિરંતર ઘટતો જાય છે.

એ જ પ્રમાણે પૂર્વ પૂર્વ સમય કરતાં ઉત્તરોત્તર સમયે સંખ્યાતભાગહીન અને સંખ્યાત-ગુણહીન યોગસ્થાનકે નિરંતર જાય તો પણ આવલિકાના અસંખ્યાતમા ભાગના સમયપર્યંત જાય છે. અસંખ્યાતગુણવૃદ્ધ અને અસંખ્યાતગુણહીન યોગસ્થાનકે નિરંતર અંતર્મુહૂર્ત્તપર્યંત અનુક્રમે વધે છે અને ઘટે છે. જઘન્યથી દરેક વૃદ્ધિ અને હાનિનો એક સમયનો કાળ છે. એટલે કે ચાર પ્રકારમાંની કોઈપણ પ્રકારની વૃદ્ધિ એક સમય થાય, પછી તે જ યોગસ્થાને સ્થિર થાય, અન્ય વૃદ્ધિવાળા યોગસ્થાનકે જાય કે હીન યોગસ્થાનકે જાય. એ જ રીતે ચાર પ્રકારમાંની કોઈપણ પ્રકારની હાનિ થાય તો એક સમય થાય. પછી તે જ યોગસ્થાનકે સ્થિર થાય અથવા વધતા યોગસ્થાનકે જાય કે અન્ય હાનિવાળા યોગસ્થાનકે જાય. આ પ્રમાણે વૃદ્ધિહાનિનો વિચાર કર્યો. ૧૦

હવે વૃદ્ધિ કે હાનિ સિવાય કોઈ પણ યોગસ્થાનકમાં જીવ કેટલો કાળ સ્થિર રહી શકે તે કાળનું પ્રતિપાદન કરે છે—

जोगट्ठाणठिईओ चउसमयादट्ठ दोण्णि जा तत्तो ।
योगस्थानस्थितयः चतुःसमयादष्टौ द्वौ यावत् ततः ।

અર્થ—યોગસ્થાનકોમાં ચારથી આઠ સમયપર્યંત અને આઠથી બે સમયપર્યંત સ્થિતિ થાય છે.

ટીકાનુ૦—યોગસ્થાનકોમાં જીવો ચાર સમયથી માંડી સમય સમય વધતા આઠ સમયપર્યંત અને ત્યારપછી સમય સમય ઘટતા બે સમયપર્યંત સ્થિર થાય છે—ટકી શકે છે. અહીં સંપ્રદાય-પરંપરા આ પ્રમાણે છે—પહેલાથી અસંખ્ય યોગસ્થાનકો કે જે અપર્યાપ્તાવસ્થામાં હોય છે તેમાંના કોઈપણ યોગસ્થાનકે આત્મા જઘન્યથી કે ઉત્કૃષ્ટથી એક સમય જ ટકી શકે છે. કારણ કે અપર્યાપ્તાવસ્થામાં પૂર્વ પૂર્વ સમયથી ઉત્તરોત્તર સમયે અવશ્ય અસંખ્યાતગુણ વધતા વધતા યોગસ્થાનકે જાય છે, તેથી જ પર્યાપ્ત સૂક્ષ્મનિગોદને યોગ્ય જઘન્ય યોગસ્થાનકથી શરૂઆત કરે છે.

તે આ પ્રમાણે—ઓછામાં ઓછા વીર્યવ્યાપારવાળા પર્યાપ્ત સૂક્ષ્મનિગોદના જઘન્ય યોગસ્થાનકથી આરંભી સૂચિશ્રેણિના અસંખ્યાતમા ભાગમાં જેટલા આકાશપ્રદેશ હોય તેટલાં યોગસ્થાનકોમાંના કોઈ પણ યોગસ્થાનકે આત્મા વધારેમાં વધારે ચાર સમયપર્યંત ટકી શકે છે. ત્યારપછીના સૂચિશ્રેણિના અસંખ્યાતમા ભાગમાં રહેલા આકાશપ્રદેશપ્રમાણ યોગસ્થાનકોમાંના

કોઈપણ યોગસ્થાનકે આત્મા પાંચ સમય ટકી શકે છે. ત્યારપછીના સૂચિશ્રેણિના અસંખ્યાતમા ભાગગત આકાશ પ્રદેશપ્રમાણ યોગસ્થાનકોમાં છ સમય ટકી શકે છે. ત્યારપછીના સૂચિશ્રેણિના અસંખ્યાતમા ભાગના આકાશપ્રદેશપ્રમાણ યોગસ્થાનકોમાં સાત સમય ટકી શકે છે. ત્યારપછીના સૂચિશ્રેણિના અસંખ્યાતમા ભાગના આકાશપ્રદેશપ્રમાણ સ્થાનકોમાં આઠ સમયપર્યંત ટકી શકે છે. ત્યારપછીના સૂચિશ્રેણિના અસંખ્યાતમા ભાગમાં રહેલ આકાશપ્રદેશપ્રમાણ યોગસ્થાનકોમાંના કોઈપણ યોગસ્થાન પર સાત સમય ટકી શકે છે. ત્યારપછીના સૂચિશ્રેણિના અસંખ્યાતમા ભાગના આકાશપ્રદેશપ્રમાણ યોગસ્થાનક પર છ સમય ટકી શકે છે. ત્યારપછીના સૂચિશ્રેણિના અસંખ્યાતમા ભાગના આકાશપ્રદેશપ્રમાણ યોગસ્થાનકોમાં પાંચ સમય ટકી શકે છે. ત્યારપછીના સૂચિશ્રેણિના અસંખ્યાતમા ભાગનાં આકાશપ્રદેશપ્રમાણ યોગસ્થાનોમાં ચાર સમય ટકી શકે છે. ત્યારપછીના સૂચિશ્રેણિના અસંખ્યાતમા ભાગનાં આકાશપ્રદેશપ્રમાણ યોગસ્થાનોમાં ત્રણ સમય ટકી શકે છે. ત્યારપછીના ઉત્કૃષ્ટ યોગસ્થાનક પર્યંતના સૂચિશ્રેણિના અસંખ્યાતમા ભાગમાં જેટલા આકાશપ્રદેશો હોય તેટલાં યોગસ્થાનકોમાંના કોઈપણ એક યોગસ્થાનમાં આત્મા વધારેમાં વધારે બે સમય ટકી શકે છે. જેનો જેટલો કાળ કહ્યો છે, તેટલો કાળ ત્યાં રહી પછી અન્ય અન્ય યોગસ્થાનકે જાય છે, એમ સર્વત્ર સમજવું. કોઈપણ યોગસ્થાનકમાં ટકી રહેવાનો જઘન્યથી એક સમયનો કાળ છે. આ પ્રમાણે યોગસ્થાનકોના કાળનો વિચાર કર્યો.

હવે ચાર આદિ સમયોના કાળમાનવાળાં યોગસ્થાનકોનું અલ્પબહુત્વ કહે છે—

अट्ठगुभयठिइयाओ जहा परमसंखगुणियाणं ॥११॥

अष्टकोभयस्थितयो यथापरमसंख्येयगुणानां ॥११॥

અર્થ—આઠ સમય કાળમાનવાળાની બંને બાજુના અનુક્રમે પછી પછીનાં યોગસ્થાનકો અનુક્રમે અસંખ્યાતગુણા છે.

ટીકાનુ૦—જે યોગસ્થાનકમાંના કોઈપણ યોગસ્થાનકમાં આત્મા આઠ સમય ટકી રહે છે તે અલ્પ છે. કારણ કે લાંબા કાળપર્યંત ટકી રહેનારાં યોગસ્થાનકો જીવસ્વભાવે અલ્પ હોય છે. તે કરતાં આઠ સમય કાળવાળાની બંને બાજુ રહેલા એટલે કે આઠ સમય કાળમાનવાળાની પહેલાના સાત સમય કાળમાનવાળા તથા આઠ સમય કાળમાનવાળાની પછીના સાત સમય કાળમાનવાળા એ પ્રત્યેક અસંખ્યાત અસંખ્યાતગુણા છે. પરસ્પર બંને સરખા છે. તે કરતાં બંને બાજુ રહેલા છ સમય કાળમાનવાળાં યોગસ્થાનકો અસંખ્યાતગુણા છે, સ્વસ્થાને પરસ્પર તુલ્ય છે. તે કરતાં ઉભયપાર્શ્વવર્તી પાંચ સમય કાળમાનવાળા અસંખ્યાતગુણા છે, સ્વસ્થાને તુલ્ય છે. તે કરતાં બંને બાજુના ચાર સમય કાળમાનવાળાં યોગસ્થાનકો અસંખ્યાતગુણા છે, પરસ્પર બંને સરખા છે. તેનાથી ત્રણ સમય કાળમાનવાળા અસંખ્યાતગુણ છે, અને તેનાથી બે સમય કાળમાનવાળા અસંખ્યાતગુણા છે. આ પ્રમાણે અલ્પબહુત્વ કહ્યું. (જુઓ યંત્ર પાનું નં.૧૫)

૧૧. હવે તે તે યોગસ્થાનકમાં વર્ત્તતા સૂક્ષ્મ બાદર પર્યાપ્ત અપર્યાપ્ત એકેન્દ્રિયાદિ જીવોના જઘન્ય અને ઉત્કૃષ્ટ યોગનું અલ્પબહુત્વ કહે છે—

અવસ્થાન પ્રાયોગ્ય યોગસ્થાનોનું કાલ અને અલ્પ બહુત્વની અપેક્ષાએ ચિત્ર



કાલમાનની અપેક્ષાએ "યવ"ની આકૃતિ }
અલ્પબહુત્વની અપેક્ષાએ "ડમરુ"ની આકૃતિ }

सुहुमेयराइयाणं जहन्नउक्कोस पज्जपज्जाणं ।
आसज्ज असंखगुणाणि होंति इह जोगठाणाणि ॥१२॥

सूक्ष्मेतरादीनां जघन्योत्कृष्टान्यपर्याप्तपर्याप्तानाम् ।
आसाद्यासंख्येयगुणानि भवन्ति इह योगस्थानानि ॥१२॥

અર્થ—સૂક્ષ્મ બાદર અપર્યાપ્ત અને પર્યાપ્ત એકેન્દ્રિયાદિનાં જઘન્ય અને ઉત્કૃષ્ટ યોગસ્થાનકો અનુક્રમે પૂર્વ પૂર્વની અપેક્ષાએ અસંખ્યાતગુણા છે.

ટીકાનુ૰—આ સંસારમાં સૂક્ષ્મ અને બાદર અપર્યાપ્ત અને પર્યાપ્ત એકેન્દ્રિયાદિ જીવોનાં જઘન્ય અને ઉત્કૃષ્ટ યોગસ્થાનકો પૂર્વ પૂર્વની અપેક્ષાએ ઉત્તરોત્તર વક્ષ્યમાણ ક્રમે અસંખ્યાતગુણ અસંખ્યાતગુણ થાય છે. તે આ પ્રમાણે—

ભવ પ્રથમ સમયે વર્તમાન લબ્ધિ અપર્યાપ્ત સૂક્ષ્મ સાધારણ એકેન્દ્રિય જીવનો જે જઘન્ય યોગ તે અલ્પ હોય છે. તેનાથી ભવ પ્રથમ સમયે વર્તમાન લબ્ધિ અપર્યાપ્ત બાદર એકેન્દ્રિનો જઘન્ય યોગ અસંખ્યાતગુણ હોય છે. તેનાથી ભવ પ્રથમ સમયે વર્ત્તમાન લબ્ધિ અપર્યાપ્ત બેઇન્દ્રિયનો જઘન્ય યોગ અસંખ્યાતગુણ છે. તેનાથી ભવ પ્રથમ સમયે વર્ત્તમાન લબ્ધિ અપર્યાપ્ત તેઇન્દ્રિયનો જઘન્ય યોગ અસંખ્યાતગુણ છે. તેનાથી ભવ પ્રથમ સમયે વર્ત્તમાન લબ્ધિ અપર્યાપ્ત ચઉરિન્દ્રયનો જઘન્ય યોગ અસંખ્યાતગુણ છે. તે કરતાં ભવ પ્રથમ સમયે વર્ત્તમાન લબ્ધિ અપર્યાપ્ત અસંજ્ઞીપંચેન્દ્રિયનો જઘન્ય યોગ અસંખ્યાતગુણ છે. તે કરતાં ભવ પ્રથમ સમયે વર્તમાન લબ્ધિ અપર્યાપ્ત સંજ્ઞીપંચેન્દ્રિયનો જઘન્યયોગ અસંખ્યાતગુણ છે.

તેનાથી લબ્ધિ અપર્યાપ્ત સૂક્ષ્મ નિગોદનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાતગુણ છે. તેનાથી લબ્ધિ અપર્યાપ્ત બાદર એકેન્દ્રિયનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાતગુણ છે, તેનાથી પર્યાપ્ત સૂક્ષ્મ નિગોદનો જઘન્યયોગ અસંખ્યાતગુણ છે. તે કરતાં પર્યાપ્ત બાદર એકેન્દ્રિયનો જઘન્ય યોગ અસંખ્યાતગુણ છે. તેનાથી પર્યાપ્ત સૂક્ષ્મ નિગોદનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાતગુણ છે. તે કરતાં પર્યાપ્ત બાદર એકેન્દ્રિયનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાતગુણ છે.

તેનાથી લબ્ધિ અપર્યાપ્ત બેઇન્દ્રિયનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાતગુણ છે. તે કરતાં લબ્ધિ અપર્યાપ્ત તેઇન્દ્રિયનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાતગુણ છે. તે કરતાં લબ્ધિ અપર્યાપ્ત ચઉરિન્દ્રિયનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાતગુણ છે. તે કરતાં લબ્ધિ અપર્યાપ્ત અસંજ્ઞીપંચેન્દ્રિયનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાતગુણ છે. તેનાથી લબ્ધિ અપર્યાપ્ત સંજ્ઞીપંચેન્દ્રિયનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાતગુણ છે.

તેનાથી પર્યાપ્ત બેઇન્દ્રિયનો જઘન્ય યોગ અસંખ્યાતગુણ છે. તેનાથી પર્યાપ્ત તેઇન્દ્રિયનો જઘન્ય યોગ અસંખ્યાતગુણ છે. તે કરતાં પર્યાપ્ત ચઉરિન્દ્રિયનો જઘન્ય યોગ અસંખ્યાતગુણ છે. તેનાથી પર્યાપ્ત અસંજ્ઞીપંચેન્દ્રિયનો જઘન્ય યોગ અસંખ્યાતગુણ છે. તે કરતાં પર્યાપ્ત સંજ્ઞીપંચેન્દ્રિયનો જઘન્ય યોગ અસંખ્યાતગુણ છે.

તે કરતાં પર્યાપ્ત બેઇન્દ્રિયનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાતગુણ છે. તેનાથી પર્યાપ્ત તેઇન્દ્રિયનો ઉત્કૃષ્ટયોગ અસંખ્યાતગુણ છે. તે કરતાં પર્યાપ્ત ચઉરિન્દ્રિયનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાતગુણ છે.

તેનાથી પર્યાપ્ત અસંજ્ઞીપંચેન્દ્રિયનો ઉત્કૃષ્ટયોગ અસંખ્યાતગુણ છે. તેનાથી અનુત્તરવાસીદેવોનો ઉત્કૃષ્ટયોગ અસંખ્યાતગુણ છે. તેનાથી ગ્રૈવેયકદેવોનો ઉત્કૃષ્ટયોગ અસંખ્યાતગુણ છે. તે કરતાં ભોગભૂમિ—અકર્મભૂમિમાં ઉત્પન્ન થયેલ તિર્યંચ તથા મનુષ્યોનો ઉત્કૃષ્ટયોગ અસંખ્યાતગુણ છે. તેનાથી આહારક શરીરિનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાતગુણ છે. તે કરતાં શેષ દેવ નારકી તિર્યંચ તથા મનુષ્યોનો ઉત્કૃષ્ટયોગ અનુક્રમે અસંખ્યાતગુણ છે.

અહીં અસંખ્યાતગુણમાં જે ગુણક સંખ્યા લેવામાં આવે છે તે સૂક્ષ્મક્ષેત્રપલ્યોપમના અસંખ્યાતમા ભાગમાં રહેલ પ્રદેશરાશિપ્રમાણ સમજવી અને પર્યાપ્તા સઘળે સ્થળે કરણથી સમજવા. આ પ્રમાણે યોગ સંબંધે સઘળાં દ્વારોનો સવિસ્તર વિચાર કર્યો ૧૨

જીવોને વિષે યોગસ્થાનનું અલ્પબહુત્વ

નંબર	જીવભેદ (કયો જીવ ?)	કેટલો યોગ	નંબર	જીવભેદ (કયો જીવ ?)	કેટલો યોગ
૧.	ભવાદ્ય સમયે લબ્ધિ અપ. સૂક્ષ્મનિગોદ જઘન્ય	અલ્પ.	૧૯	પર્યા બેઇન્દ્રિય જઘન્ય	અસં.ગુણ
			૨૦	પર્યા તેઇન્દ્રિય જઘન્ય	અસં.ગુણ
૨.	લબ્ધિ અપ. બાદર એકે. જઘન્ય	અસં.ગુણ	૨૧	પર્યા ચઉરિન્દ્રિય જઘન્ય	અસં.ગુણ
૩.	લબ્ધિ અપ. બેઇન્દ્રિય જઘન્ય	અસં.ગુણ	૨૨	પર્યા અસંજ્ઞી પંચે. જઘન્ય	અસં.ગુણ
૪.	લબ્ધિ અપ. તેઇન્દ્રિય જઘન્ય	અસં.ગુણ	૨૩	પર્યા સંજ્ઞી પંચે. જઘન્ય	અસં.ગુણ
૫.	લબ્ધિ અપ. ચઉરિન્દ્રિય જઘન્ય	અસં.ગુણ	૨૪	પર્યા બેઇન્દ્રિય ઉત્કૃષ્ટ	અસં.ગુણ
૬.	લબ્ધિ અપ. અસંજ્ઞી પંચે. જઘન્ય	અસં.ગુણ	૨૫	પર્યા તેઇન્દ્રિય ઉત્કૃષ્ટ	અસં.ગુણ
૭.	લબ્ધિ અપ. સંજ્ઞી પંચે. જઘન્ય	અસં.ગુણ	૨૬	પર્યા ચઉરિન્દ્રિય ઉત્કૃષ્ટ	અસં.ગુણ
૮.	લબ્ધિ અપર્યા. સૂક્ષ્મનિગોદ ઉત્કૃષ્ટ	અસં.ગુણ	૨૭	પર્યા અસંજ્ઞી પંચે. ઉત્કૃષ્ટ	અસં.ગુણ
૯.	કરણ બાદર એકે. ઉત્કૃષ્ટ	અસં.ગુણ	૨૮	અનુત્તરવાસીદેવ ઉત્કૃષ્ટ	અસં.ગુણ
૧૦.	પર્યા. સૂક્ષ્મનિગોદ જઘન્ય	અસં.ગુણ	૨૯	ગ્રૈવેયક દેવ ઉત્કૃષ્ટ	અસં.ગુણ
૧૧.	પર્યા. બાદર એકે. જઘન્ય	અસં.ગુણ	૩૦	ભોગભૂમિગત યુગલિક તિર્યંચ મનુષ્યનો ઉત્કૃષ્ટ	અસં.ગુણ
૧૨.	પર્યા. સૂક્ષ્મનિગોદ ઉત્કૃષ્ટ	અસં.ગુણ			
૧૩.	પર્યા. બાદર એકે. ઉત્કૃષ્ટ	અસં.ગુણ	૩૧	આહારકશરીરી ઉત્કૃષ્ટ	અસં.ગુણ
૧૪.	લબ્ધિ અપર્યા. બેઇન્દ્રિય. ઉત્કૃષ્ટ	અસં.ગુણ	૩૨	શેષ દેવ ઉત્કૃષ્ટ	અસં.ગુણ
૧૫.	લબ્ધિ તેઇન્દ્રિય ઉત્કૃષ્ટ	અસં.ગુણ	૩૩	નારક ઉત્કૃષ્ટ	અસં.ગુણ
૧૬.	લબ્ધિ ચઉરિન્દ્રિય ઉત્કૃષ્ટ	અસં.ગુણ	૩૪	શેષ તિર્યંચ ઉત્કૃષ્ટ	અસં.ગુણ
૧૭.	લબ્ધિ અસંજ્ઞીપંચે. ઉત્કૃષ્ટ	અસં.ગુણ	૩૫	શેષ મનુષ્ય ઉત્કૃષ્ટ	અસં.ગુણ
૧૮.	લબ્ધિ સંજ્ઞી પંચે. ઉત્કૃષ્ટ	અસં.ગુણ			

હવે આ યોગોથી જે કાર્ય થાય તે કહે છે—

जोगणुरूवं जीवा परिणामंतीह गिण्हिउं दलियं ।
भासाणुप्पाणमणोचियं च अवलंबए दव्वं ॥१३॥

योगानुरूपं जीवाः परिणमयन्तीह गृहीत्वा दलिकम् ।
भाषानपानमनउचितं चावलम्बयन्ति द्रव्यम् ॥१३॥

અર્થ—યોગને અનુસરીને જીવો ઔદારિકાદિ પુદ્‌ગલોને ગ્રહણ કરીને ઔદારિકાદિ શરીરરૂપે પરિણમાવે છે. અને ભાષા, શ્વાસોચ્છ્‌વાસ અને મનોયોગ્ય પુદ્‌ગલોનું અવલંબન લે છે. ૧૩

ટીકાનુ૦—આ સંસારમાં જીવો યોગને અનુસરીને પુદ્‌ગલ સ્કંધોને ગ્રહણ કરે છે. જઘન્યયોગે વર્ત્તમાન થોડા પુદ્‌ગલસ્કંધોને ગ્રહણ કરે છે, મધ્યમયોગે વર્ત્તમાન મધ્યમ અને ઉત્કૃષ્ટયોગે વર્તમાન ઉત્કૃષ્ટ—ઘણા જ પુદ્‌ગલસ્કંધોને ગ્રહણ કરે છે. આ પ્રમાણે આ લોકમાં રહેલ ઔદારિકાદિ શરીર યોગ્ય વર્ગણાઓમાંથી યોગને અનુસરીને પુદ્‌ગલસ્કંધો ગ્રહણ કરે છે અને તેઓને ઔદારિકાદિ શરીરરૂપે પરિણમાવે છે.

ભાષા, શ્વાસોચ્છ્‌વાસ અને મનોયોગ્ય વર્ગણાઓમાંથી પુદ્‌ગલસ્કંધો ગ્રહણ કરે છે તેઓને ભાષા, શ્વાસોચ્છ્‌વાસ તથા મનપણે પરિણમાવે છે અને પરિણમાવીને તે પુદ્‌ગલોને છોડી દેવામાં હેતુભૂત સામર્થ્યની પ્રાપ્તિ માટે તે જ પુદ્‌ગલોનું અવલંબન લે છે—સહાય લે છે. તે પુદ્‌ગલોના અવલંબનથી ઉત્પન્ન થયેલ વીર્ય વડે તેઓને મૂકી દે છે. જેમ બિલાડો ઊંચે કૂદવા માટે પહેલાં પોતાના શરીરનું સંકોચના બહાને અવલંબન લે છે. ત્યારપછી સંકોચ દ્વારા પ્રાપ્ત થયેલા બળ વડે ઊંચે કૂદી શકે છે, અન્યથા કૂદી શકતો નથી. અથવા કોઈ માણસને લાંબી ફાળ મારવી હોય ત્યારે થોડો પાછો હઠે છે, ત્યારપછી જ ફાળ ભરી શકે છે, નહિ તો બરાબર ફાળ ભરી શકતો નથી. તેવી જ રીતે ભાષાદિ વર્ગણાઓને છોડી મૂકવા તે જ પુદ્‌ગલોનું અવલંબન લે છે અને ત્યારપછી તેના અવલંબનથી ઉત્પન્ન થયેલ વીર્ય દ્વારા તે પુદ્‌ગલોને છોડી મૂકે છે. કારણ કે સંસારી જીવોનું વીર્ય પુદ્‌ગલોના અવલંબનથી જ પ્રવર્ત્તે છે. આ પ્રમાણે યોગનું સ્વરૂપ અને યોગથી શું કાર્ય થાય છે તે કહ્યું.[૧] ૧૩.

જીવો યોગાનુરૂપ પુદ્‌ગલસ્કંધો ગ્રહણ કરે છે, પરિણમાવે છે અને અવલંબન લે છે એમ કહ્યું. તેથી અહીં શંકા થાય કે કયાં પુદ્‌ગલો ગ્રહણ યોગ્ય છે અથવા કયાં પુદ્‌ગલો ગ્રહણ યોગ્ય નથી ? તેથી જ ગ્રહણ યોગ્ય અને ગ્રહણને અયોગ્ય વર્ગણાઓનું સ્વરૂપ હવે પછીની ગાથામાં કહે છે—

૧. અહીં એટલું સમજવાનું છે કે ઔદારિકાદિ પુદ્‌ગલોને યોગ દ્વારા ગ્રહણ કરે છે. તેઓને ઔદારિકાદિ શરીરરૂપે પરિણમાવે છે પણ છોડી મૂકતો નથી, પરંતુ બંધન નામકર્મ વડે તેઓને આત્મા પોતાની સાથે જોડી દે છે અને ભાષા, ઉચ્છ્‌વાસ અને મનોવર્ગણાઓને ગ્રહણ કરી તે તે રૂપે પરિણમાવી તેઓને છોડી મૂકે છે, કારણ કે આત્મા સાથે સંબંધ થવામાં હેતુભૂત તેઓનું બંધન નામકર્મ નથી. એટલે પૂર્વના સમયે ગ્રહણ કરે છે, પછીના સમયે છોડી મૂકે છે. આ પ્રમાણે થયા કરે છે.

एगपएसाइ अणंतजाओ होऊण होंति उरलस्स ।
अज्जोगंतरियाओ उ वग्गणाओ अणंताओ ॥१४॥

एकप्रदेशाद्या अनंतजा भूत्वा भवंति उरलस्य ।
अयोग्यान्तरितास्तु वर्गणा अनन्ताः ॥१४॥

અર્થ—એક પ્રદેશથી માંડી અનંત પરમાણુની બનેલી વર્ગણાઓને ઓળંગીને ઔદારિક યોગ્ય વર્ગણા થાય છે. ત્યારપછીથી અગ્રહણ પ્રાયોગ્ય જેની વચમાં રહી છે એવી અનંતવર્ગણાઓ થાય છે. ૧૪

ટીકાનુ૰—એક પરમાણુથી લઈને યાવત્ અનંતપરમાણુની બનેલી વર્ગણાઓ ઓળંગીને ત્યારપછીની વર્ગણાઓ ઔદારિકશરીરને યોગ્ય થાય છે. તાત્પર્ય આ પ્રમાણે છે—એક પરમાણુરૂપ વર્ગણા, બે પરમાણુની બનેલી વર્ગણા, ત્રણ પરમાણુની બનેલી વર્ગણા, એમ વધતા વધતા સંખ્યાતા પરમાણુની બનેલી વર્ગણા, અસંખ્યાતા અને અનંતા પરમાણુની બનેલી વર્ગણાઓ જીવને ગ્રહણ યોગ્ય થતી નથી. તથા અનંતાનંત પરમાણુની બનેલી વર્ગણાઓમાંની પણ કેટલીક ગ્રહણ યોગ્ય છે, કેટલીક ગ્રહણ યોગ્ય નથી.

તેમાં પરમાણુરૂપ વર્ગણા તે પરમાણુવર્ગણા કહેવાય છે. એટલે કે આ જગતમાં[1] જેટલા છૂટા પરમાણુઓ છે તે દરેક વર્ગણારૂપ છે.

પ્રશ્ન—ઓછામાં ઓછા બે અને વધારેમાં વધારે અનંતાનંત પરમાણુઓનો જે પિંડ તે વર્ગણા કહેવાય છે તો છૂટા પરમાણુઓમાં વર્ગણા શબ્દનો વ્યવહાર શી રીતે થઈ શકે ?

ઉત્તર—પ્રત્યેક પરમાણુ અનંતપર્યાય યુક્ત છે તેથી, તથા પરમાણુઓમાં પિંડ થવાની શક્તિ છે તેથી દરેક છૂટા પરમાણુઓમાં વર્ગણા શબ્દનો વ્યવહાર કરાય છે.

તે વર્ગણાઓ અનન્ત છે અને સંપૂર્ણ લોકવ્યાપ્ત છે. બે પરમાણુના સમુદાયરૂપ દ્વિપરમાણુસ્કન્ધવર્ગણા કહેવાય છે. તે પણ અનન્ત છે અને સંપૂર્ણ લોકવ્યાપ્ત છે. ત્રણ પરમાણુના પિંડરૂપ ત્રિપરમાણુસ્કન્ધવર્ગણા એ જ પ્રમાણે ચતુઃપરમાણુસ્કન્ધવર્ગણા. એમ એક એક વધતા વધતા સંખ્યાતા પરમાણુની બનેલી સંખ્યાતી વર્ગણા. અસંખ્યાતપરમાણુના સમુદાયરૂપ અસંખ્યાતીવર્ગણા અને અનન્તપરમાણુના પિંડરૂપ ચડતા ચડતા પરમાણુવાળી અનન્ત વર્ગણાઓ થાય છે. આ દરેક વર્ગણાઓ સ્વજાતિની અપેક્ષાએ અનંત છે અને સંપૂર્ણ લોકવ્યાપ્ત છે.

---

૧. પંચમકર્મગ્રંથમાં દેવેન્દ્રસૂરિ મહારાજે જગતમાંના તમામ છૂટા પરમાણુની એક વર્ગણા કહી છે, તેમજ બે પરમાણુના બનેલા જેટલા સ્કંધો છે તેની પણ એક વર્ગણા કહી છે. આવી રીતે સ્વજાતીય સ્કંધોના સમૂહની એક એક વર્ગણા કહી છે. અહીં જગતમાંના તમામ છૂટા પરમાણુઓને ભિન્ન ભિન્ન વર્ગણારૂપે કહ્યા છે એમ જ બે પરમાણુઓના જેટલા સ્કંધો છે તે દરેકને પણ ભિન્ન ભિન્ન વર્ગણારૂપે કહેલ છે. આવી રીતે સ્વજાતીય તમામ સ્કંધોને ભિન્ન ભિન્ન વર્ગણારૂપે કહેલ છે. અહીં જો કે વિરોધ લાગે છે પણ વાસ્તવિક રીતે વિરોધ નથી. કારણ કે કર્મપ્રકૃતિ પંચસંગ્રહમાં વર્ગણા અને સ્કંધને એક જ અર્થમાં ગ્રહણ કરેલ છે ત્યારે દેવેન્દ્રસૂરિ મહારાજે સ્કંધના સમૂહને વર્ગણા કહી છે એમ મને લાગે છે.

મૂળથી આરંભીને આ સઘળી વર્ગણાઓમાં પરમાણુઓ અલ્પ હોવાથી તેઓનો સ્થૂલ[1] પરિણામ થાય છે અને તેથી કરીને તે જીવને ગ્રહણ યોગ્ય થતી નથી. અનંતાનંત પરમાણુના સમુદાયરૂપ અનન્તાનન્ત પરમાણુની બનેલી પણ શરૂઆતની વર્ગણાઓ ગ્રહણ યોગ્ય થતી નથી.

જે વર્ગણાઓમાં અભવ્યથી અનંતગુણ અને સિદ્ધોના અનન્તમા ભાગ પ્રમાણ પરમાણુઓ હોય તે વર્ગણાઓ ઔદારિક શરીરના નિષ્પાદન માટે ગ્રહણ યોગ્ય થાય છે. એટલે કે જે સ્કન્ધોમાં અભવ્યથી અનંતગુણ અને સિદ્ધના અનંતમા ભાગ પ્રમાણ પરમાણુઓ હોય છે તેવા સ્કન્ધોને ગ્રહણ કરીને તેને ઔદારિકશરીરરૂપે પરિણમાવે છે. આ જઘન્ય વર્ગણા છે એટલે કે ઔદારિકશરીરને યોગ્ય જઘન્ય વર્ગણા થાય છે. તેમાં અભવ્યથી અનન્તગુણ અને સિદ્ધના અનન્તમા ભાગપ્રમાણ પરમાણુઓ હોય છે. તે કરતાં એક અધિક પરમાણુવાળી બીજી ગ્રહણપ્રાયોગ્ય વર્ગણા છે, બે અધિક પરમાણુવાળી ત્રીજી ગ્રહણપ્રાયોગ્ય વર્ગણા છે, એમ એક એક પરમાણુ વધારતા વધારતા ત્યાં સુધી કહેવું યાવત્ ઔદારિક શરીરયોગ્ય ઉત્કૃષ્ટ વર્ગણા થાય.

જઘન્ય વર્ગણાથી ઉત્કૃષ્ટ વર્ગણામાં પરમાણુઓ વિશેષાધિક હોય છે. કેટલા વધારે છે તો કહે છે કે—સ્વયોગ્ય જઘન્ય વર્ગણામાં જેટલા પરમાણુઓ હોય છે તે કરતાં તેના જ અનંતમા ભાગપ્રમાણ અધિક પરમાણુઓ તેની ઉત્કૃષ્ટ વર્ગણામાં હોય છે. ગ્રહણ યોગ્ય વર્ગણાઓમાં સર્વત્ર એ પ્રમાણે સમજવું.

અહીં ચડતા ચડતા પરમાણુવાળી ઔદારિકશરીરયોગ્ય વર્ગણાઓ જઘન્ય સ્કન્ધમાં જેટલા પરમાણુઓ હોય છે તેના અનન્તમા ભાગપ્રમાણ થાય છે, અને સમાન પરમાણુવાળી સ્વજાતીય અનન્ત હોય છે. આ અનંતમો ભાગ ક્રમશઃ મોટો થતો જાય છે, કારણ કે પૂર્વપૂર્વ ગ્રહણપ્રાયોગ્ય વર્ગણાઓથી ઉત્તરોત્તર ગ્રહણપ્રાયોગ્ય વર્ગણાઓ અનન્તગુણ પરમાણુઓવાળી હોય છે.

ઔદારિકશરીરયોગ્ય ઉત્કૃષ્ટવર્ગણાની અપેક્ષાએ એક અધિક પરમાણુ જે સ્કન્ધોમાં હોય છે તેવા સ્કન્ધો ઔદારિકશરીરને ગ્રહણયોગ્ય થતા નથી. તેવા સ્કન્ધો ગ્રહણ કરીને તેઓને ઔદારિકશરીરપણે પરિણમાવતો નથી. આ જઘન્ય અગ્રહણ પ્રાયોગ્યવર્ગણા છે. બે અધિક પરમાણુવાળી બીજી અગ્રહણપ્રાયોગ્ય વર્ગણા છે. ત્રણ અધિક પરમાણુવાળી ત્રીજી અગ્રહણપ્રાયોગ્ય વર્ગણા છે. એમ એક એક અધિક પરમાણુવાળી વર્ગણાઓ ત્યાં સુધી કહેવી યાવત્ ઉત્કૃષ્ટ અગ્રહણપ્રાયોગ્ય વર્ગણા થાય. જઘન્ય વર્ગણા કરતાં ઉત્કૃષ્ટ વર્ગણા અનંતગુણ છે.

---

૧. અહીં એ સમજવાનું છે કે સ્કંધમાં જેમ જેમ પરમાણુ વધતા જાય છે તેમ તેમ તેનો પરિણામ સૂક્ષ્મ સૂક્ષ્મ થતો જાય છે. જેમ ઓછા ઓછા પરમાણુ હોય છે તેમ તેમ તેનો પરિણામ સ્થૂલ હોય છે. કારણ પુદ્ગલોનો સ્વભાવ જ છે. જ્ઞાનીદૃષ્ટ અમુક અમુક જાતના પરિણામવાળા સ્કંધો જ અમુક અમુક શરીરપણે પરિણમે છે અને તે પરિણામ ઓછામાં ઓછા અમુક સંખ્યાવાળા અને વધારેમાં વધારે અમુક સંખ્યાવાળા પરમાણુના બનેલા સ્કંધોમાં જ હોય છે. ઓછામાં ઓછા અને વધારેમાં વધારે જે સંખ્યાવાળા પરમાણુના બનેલા સ્કંધોમાં જે પરિણામ હોય છે તેમાં એક પણ પરમાણુ વધે કે ઘટે તો તેનો પરિણામ ફરી જાય છે. જે જે પરિણામવાળા સ્કંધો જે જે શરીરને યોગ્ય હોય છે તેને ગ્રહણ કરીને તે તે શરીરપણે- પરિણમાવે છે. કેટલી કેટલી સંખ્યાવાળા પરમાણુઓના બનેલા સ્કંધો કયા કયા શરીરને યોગ્ય છે તે આગળ ઉપર જ કહેવાશે.

એટલે કે જઘન્યવર્ગણામાં જેટલા પરમાણુ છે. તેઓને અભવ્યોથી અનંતગુણ જે અનંતુ છે તે અનન્તે ગુણીએ અને જેટલા થાય તેટલા પરમાણુઓ ઉત્કૃષ્ટ અગ્રહણપ્રાયોગ્ય વર્ગણામાં હોય છે.

આ પ્રમાણે સઘળી અગ્રહણપ્રાયોગ્યવર્ગણામાં પોતાની જઘન્ય વર્ગણામાં જેટલા પરમાણુઓ હોય તેઓને અભવ્યથી અનંતગુણ જે અનંતુ છે તે અનન્તે ગુણીએ અને જેટલા થાય તેટલા પરમાણુઓ તેની ઉત્કૃષ્ટ અગ્રહણપ્રાયોગ્યવર્ગણામાં હોય છે.

આ સઘળી વર્ગણાઓ ઔદારિકશરીરપણે પરિણમી શકતી નથી માટે ઔદારિક પ્રત્યે અગ્રહણયોગ્ય છે. કારણ કે ઘણા પરમાણુવાળી હોવાથી તેઓનો પરિણામ સૂક્ષ્મ થાય છે અને તેવા સૂક્ષ્મપરિણામવાળી વર્ગણાઓ ઔદારિકપણે પરિણમતી નથી. તેમજ વૈક્રિયશરીરપણે પણ પરિણમી શકતી નથી. માટે વૈક્રિય પ્રત્યે પણ અગ્રહણયોગ્ય છે. કારણ કે તેની અપેક્ષાએ અલ્પ પરમાણુવાળી હોવાથી તેઓનો પરિણામ સ્થૂલ થાય છે, અને તેવા સ્થૂલપરિણામવાળી વર્ગણાઓ વૈક્રિયશરીરપણે પરિણમી શકતી નથી. આ પ્રમાણે આગળ પણ અગ્રહણ વર્ગણાઓના હેતુ માટે સમજવું.

અગ્રહણપ્રાયોગ્ય ઉત્કૃષ્ટ વર્ગણાની અપેક્ષાએ એક અધિક પરમાણુવાળી જે વર્ગણા તે વૈક્રિય શરીર યોગ્ય જઘન્ય વર્ગણા છે. તેવી વર્ગણાઓને ગ્રહણ કરીને આત્મા વૈક્રિયશરીરપણે પરિણમાવે છે: બે અધિક પરમાણુના સ્કંધરૂપ બીજી વૈક્રિયશરીરની ગ્રહણયોગ્ય વર્ગણા થાય છે. એમ એક એક અધિક પરમાણુવાળી વૈક્રિયશરીરની વિષયક ગ્રહણ યોગ્ય વર્ગણા ત્યાં સુધી કહેવી યાવત્ ઉત્કૃષ્ટ વર્ગણા થાય. જઘન્ય વર્ગણાથી ઉત્કૃષ્ટ વર્ગણા વિશેષાધિક પરમાણુવાળી છે. એટલે કે જઘન્યવર્ગણામાં જેટલા પરમાણુ છે તેનો અનંતમો ભાગ ઉત્કૃષ્ટ વર્ગણામાં વધારે છે.

વૈક્રિય શરીર પ્રાયોગ્ય ઉત્કૃષ્ટ વર્ગણાથી એક અધિક પરમાણુવાળી જઘન્ય અગ્રહણ યોગ્ય વર્ગણા છે. બે અધિક પરમાણુવાળી બીજી અગ્રહણ યોગ્ય વર્ગણા છે. એ પ્રમાણે એક એક અધિક પરમાણુવાળી વર્ગણા ત્યાં સુધી કહેવી યાવત્ ઉત્કૃષ્ટ અગ્રહણ વર્ગણા થાય. જઘન્ય અગ્રહણ વર્ગણાથી ઉત્કૃષ્ટ અગ્રહણ વર્ગણામાં અનંતગુણ પરમાણુ હોય છે. અહીં ગુણકરાશિ અભવ્યથી અનંતગુણ અને સિદ્ધોના અનંતમા ભાગ પ્રમાણ સમજવો.

ઉત્કૃષ્ટ અગ્રહણ પ્રાયોગ્ય વર્ગણાથી એક અધિક પરમાણુના સ્કંધરૂપ આહારકશરીરયોગ્ય જઘન્ય વર્ગણા થાય. બે અધિક પરમાણુના સ્કંધરૂપ બીજી આહારકશરીરવિષયક ગ્રહણ પ્રાયોગ્ય વર્ગણા થાય. આ પ્રમાણે એક એક અધિક અધિક પરમાણુવાળી વર્ગણાઓ ત્યાં સુધી કહેવી યાવત્ આહારકશરીરવિષયક ઉત્કૃષ્ટ વર્ગણા થાય. જઘન્ય વર્ગણાથી ઉત્કૃષ્ટ વર્ગણામાં અનંતભાગાધિક પરમાણુઓ હોય છે.

આહારકશરીરયોગ્ય ઉત્કૃષ્ટ વર્ગણાની અપેક્ષાએ એક અધિક પરમાણુના સ્કંધરૂપ અગ્રહણ પ્રાયોગ્ય જઘન્યવર્ગણા થાય. બે અધિક પરમાણુના સ્કંધરૂપ બીજી અગ્રહણ પ્રાયોગ્ય વર્ગણા થાય, એમ એક એક અધિક પરમાણુવાળી વર્ગણા ત્યાં સુધી કહેવી યાવત્ ઉત્કૃષ્ટ અગ્રહણયોગ્ય વર્ગણા થાય. જઘન્ય વર્ગણાથી ઉત્કૃષ્ટ અગ્રહણ વર્ગણામાં અનંતગુણ પરમાણુઓ હોય છે.

ઉત્કૃષ્ટ અગ્રહણવર્ગણાથી એક અધિક પરમાણુવાળી તૈજસશરીરયોગ્ય જઘન્ય વર્ગણા થાય છે. બે અધિક પરમાણુવાળી બીજી તૈજસશરીરયોગ્ય ગ્રહણ વર્ગણા થાય છે. આ પ્રમાણે એક એક અધિક પરમાણુવાળી તૈજસશરીરવિષયક વર્ગણા ત્યાં સુધી કહેવી યાવત્ તેની ઉત્કૃષ્ટ વર્ગણા થાય. જઘન્યવર્ગણા કરતાં ઉત્કૃષ્ટ વર્ગણામાં વિશેષાધિક—અનન્તમો ભાગ અધિક પરમાણુઓ હોય છે.

તૈજસશરીર યોગ્ય ઉત્કૃષ્ટવર્ગણાથી એક અધિક પરમાણુના સ્કન્ધરૂપ જઘન્ય અગ્રહણયોગ્ય વર્ગણા થાય છે. બે અધિક પરમાણુવાળી બીજી અગ્રહણયોગ્યવર્ગણા થાય છે. એમ એક એક અધિક પરમાણુના સ્કંધરૂપ વર્ગણાઓ ત્યાં સુધી કહેવી યાવત્ ઉત્કૃષ્ટ અગ્રહણયોગ્યવર્ગણા થાય. જઘન્યથી ઉત્કૃષ્ટ અગ્રહણ વર્ગણામાં અનંતગુણ પરમાણુ હોય છે, અગ્રહણયોગ્ય સઘળી વર્ગણાઓમાં ગુણકરાશિ અભવ્યથી અનન્તગુણ અને સિદ્ધોના અનન્તમા ભાગ પ્રમાણ સમજવો.

અગ્રહણયોગ્ય ઉત્કૃષ્ટ વર્ગણાથી એક અધિક પરમાણુના સ્કન્ધરૂપ જઘન્ય ભાષાયોગ્ય વર્ગણા થાય છે. જે પુદ્ગલોને આત્માઓ ગ્રહણ કરી સત્યાદિભાષારૂપે પરિણમાવીને અને અવલંબન લઈને છોડી મૂકે છે, તે ભાષાયોગ્ય વર્ગણા કહેવાય છે. બે અધિક પરમાણુવાળી બીજી ભાષાયોગ્ય વર્ગણા થાય છે. એમ એક એક અધિક પરમાણુના સ્કન્ધરૂપ ભાષાપ્રાયોગ્ય વર્ગણા ત્યાં સુધી કહેવી યાવત્ તેની ઉત્કૃષ્ટ વર્ગણા થાય. જઘન્ય વર્ગણાથી તેના અનંતમા ભાગ પ્રમાણ પરમાણુઓ ઉત્કૃષ્ટ વર્ગણામાં વધારે હોય છે.

ઉત્કૃષ્ટ ભાષાયોગ્યવર્ગણાથી એક અધિક પરમાણુવાળી અગ્રહણયોગ્ય જઘન્ય વર્ગણા થાય છે. બે અધિક પરમાણુના સ્કન્ધરૂપ બીજી અગ્રહણયોગ્ય વર્ગણા થાય છે. એમ એક એક પરમાણુ અધિક કરતાં ત્યાં સુધી જવું કે ઉત્કૃષ્ટ અગ્રહણ વર્ગણા થાય. જઘન્ય વર્ગણાથી ઉત્કૃષ્ટ અગ્રહણવર્ગણામાં અનંતગુણ પરમાણુઓ હોય છે.

અગ્રહણયોગ્ય ઉત્કૃષ્ટ વર્ગણાની અપેક્ષાએ એક અધિક પરમાણુના સ્કંધરૂપ શ્વાસોચ્છ્વાસયોગ્ય જઘન્ય વર્ગણા થાય છે. જે પુદ્ગલોને ગ્રહણ કરીને શ્વાસોચ્છ્વાસપણે પરિણમાવીને અને તેનું અવલંબન લઈને છોડી મૂકે છે તે પ્રાણાપાનયોગ્યવર્ગણા કહેવાય છે. બે અધિક પરમાણુના સ્કંધરૂપ બીજી પ્રાણાપાનયોગ્ય વર્ગણા થાય છે. એ પ્રમાણે એક એક પરમાણુ અધિક કરતાં ત્યાં સુધી કહેવું કે પ્રાણાપાનયોગ્ય ઉત્કૃષ્ટ વર્ગણા થાય. જઘન્ય વર્ગણાથી ઉત્કૃષ્ટ વર્ગણા પોતાના અનંતભાગઅધિક પરમાણુવાળી હોય છે.

પ્રાણાપાનયોગ્ય ઉત્કૃષ્ટ વર્ગણાથી એક અધિક પરમાણુના સ્કંધરૂપ અગ્રહણયોગ્ય જઘન્ય વર્ગણા થાય છે. બે અધિક પરમાણુના સ્કંધરૂપ બીજી અગ્રહણયોગ્ય વર્ગણા થાય છે. એ પ્રમાણે એક એક અધિક પરમાણુના સ્કંધરૂપ વર્ગણાઓ ત્યાં સુધી કહેવી કે અગ્રહણયોગ્ય ઉત્કૃષ્ટ વર્ગણા થાય. જઘન્ય વર્ગણાના પરમાણુઓથી ઉત્કૃષ્ટ વર્ગણામાં અનંતગુણ પરમાણુઓ હોય છે.

અગ્રહણ યોગ્ય ઉત્કૃષ્ટ વર્ગણાની અપેક્ષાએ એક પરમાણુ જેની અંદર વધારે હોય તે મન:પ્રાયોગ્ય જઘન્યવર્ગણા થાય છે. જે પુદ્ગલસ્કંધોને ગ્રહણ કરીને સત્યાદિ મનરૂપે

પરિણમાવીને અને તેનું અવલંબન લઈ છોડી મૂકે છે, તે મનઃપ્રાયોગ્ય વર્ગણા કહેવાય છે. તેનાથી બે અધિક પરમાણુવાળી બીજી મનઃપ્રાયોગ્ય વર્ગણા થાય છે. એમ એક એક અધિક પરમાણુના સ્કંધરૂપ વર્ગણાઓ ત્યાં સુધી કહેવી કે ઉત્કૃષ્ટ મનઃપ્રાયોગ્ય વર્ગણા થાય. જઘન્ય વર્ગણાથી ઉત્કૃષ્ટ વર્ગણામાં વિશેષાધિક પરમાણુઓ હોય છે.

મનોયોગ્ય ઉત્કૃષ્ટ વર્ગણાથી એક અધિક પરમાણુના સ્કંધરૂપ જઘન્ય અગ્રહણયોગ્ય વર્ગણા થાય છે. બે અધિક પરમાણુના સ્કંધરૂપ બીજી અગ્રહણ વર્ગણા થાય છે. એ પ્રમાણે એક એક પરમાણુ વધારતાં ત્યાં સુધી કહેવું કે અગ્રહણયોગ્ય ઉત્કૃષ્ટ વર્ગણા થાય. જઘન્ય વર્ગણાથી ઉત્કૃષ્ટ વર્ગણામાં અનંતગુણ પરમાણુઓ હોય છે.

અગ્રહણ યોગ્ય ઉત્કૃષ્ટ વર્ગણાથી એક પરમાણુ જે વર્ગણામાં વધારે હોય તે કર્મયોગ્ય જઘન્ય વર્ગણા થાય છે. જે વર્ગણાઓને ગ્રહણ કરીને આત્માઓ જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મરૂપે પરિણમાવે છે. આ જઘન્ય સ્કંધથી એક પરમાણુ જે સ્કંધોમાં વધારે હોય તે બીજી કર્મયોગ્ય વર્ગણા થાય છે. આ પ્રમાણે એક એક પરમાણુ અધિક કરતાં ત્યાં સુધી કહેવું કે ઉત્કૃષ્ટ કર્મયોગ્ય વર્ગણા થાય. જઘન્ય વર્ગણા કરતાં ઉત્કૃષ્ટ વર્ગણામાં વિશેષાધિક એટલે અનંતમોભાગ અધિક એટલે કે જઘન્ય વર્ગણામાં જેટલા પરમાણુઓ હોય તેના અનંતમાભાગ પ્રમાણ પરમાણુઓ ઉત્કૃષ્ટ વર્ગણામાં વધારે હોય છે. આ છેલ્લી વર્ગણા કાર્મણ વર્ગણા કહેવાય છે. જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મરૂપે પરિણમાવવા આ વર્ગણાઓમાંથી સમયે સમયે અનંતી અનંતી ગ્રહણ કરે છે. આ પ્રમાણે અગ્રહણ યોગ્ય આઠ અને જીવોને ગ્રહણ યોગ્ય આઠ વર્ગણાનું[1] સ્વરૂપ કહ્યું. ૧૪

તે પૂર્વોક્ત વર્ગણાઓનાં નામો આ નીચે ગાથામાં કહે છે.

ओरालविउव्वाहार तेयभासाणुपाणमणकम्मे ।

औदारिकवैक्रियाहारकतैजसभाषाप्राणापानमनःकर्म्माणि ।

અર્થ—ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ, ભાષા, પ્રાણપાન, મન અને કાર્મણ વિષયક ગ્રહણ યોગ્ય આઠ વર્ગણાઓ છે.

ટીકાનુ॰—પ્રથમ અગ્રહણયોગ્ય ત્યારપછી ઔદારિક ગ્રહણ યોગ્ય પછી અગ્રહણયોગ્ય, વૈક્રિય ગ્રહણયોગ્ય. આ પ્રમાણે અગ્રહણ વર્ગણાથી અંતરિત ગ્રહણ વર્ગણાઓ છે. છેલ્લી કાર્મણવર્ગણા છે. આ પ્રમાણે અત્યારે સુધી આઠ અગ્રહણ અને આઠ ગ્રહણયોગ્ય વર્ગણાઓનું સ્વરૂપ કહ્યું.

હવે દરેક વર્ગણામાં પરમાણુઓનું અલ્પબહુત્વ અને તેઓનું અવગાહ ક્ષેત્ર કહે છે—

---

૧. આ વર્ગણાઓના સ્વરૂપના કથનથી સમજાયું હશે કે અમુકથી અમુક સંખ્યાવાળા પરમાણુની બનેલી વર્ગણાઓ જ અમુક અમુક શરીરાદિરૂપે પરિણમી શકે છે. જઘન્ય વર્ગણામાંથી એક પણ પરમાણુ ઘટે કે ઉત્કૃષ્ટ વર્ગણામાં એક પણ પરમાણુ વધે તો તેનો પરિણામ ફરી જાય છે. જેટલા જેટલા પરમાણુવાળી વર્ગણાઓ જે જે શરીરાદિને યોગ્ય કહી છે. તેટલા તેટલા પરમાણુવાળી વર્ગણાઓને જ ગ્રહણ કરીને તે તે શરીરાદિરૂપે પરિણમાવી શકે છે.

अह दव्व वग्गणाणं कमो विवज्जासओ खित्ते ॥१५॥

अथ द्रव्यं वर्गणानां क्रमः विपर्यासतः क्षेत्रे ॥१५॥

અર્થ—*હવે વર્ગણાઓના દ્રવ્યને આશ્રયી વિચારતાં ઉત્તરોત્તર પરમાણુઓ વધારે વધારે* હોય છે, ક્ષેત્ર આશ્રયી વિપરીત ક્રમ છે.

ટીકાનુ૰—જે ક્રમે ઉપર ઔદારિકાદિ વર્ગણાઓ કહી છે તે ક્રમે તે વર્ગણાઓમાં પુદ્‌ગલ પરમાણુઓ વધતા જાય છે. તે આ પ્રમાણે—ઔદારિક વર્ગણાઓમાં અન્ય વર્ગણાની અપેક્ષાએ પરમાણુઓ અલ્પ છે. તેનાથી વૈક્રિય વર્ગણાઓમાં અનંતગુણ પરમાણુઓ છે, તેનાથી આહારકવર્ગણાઓમાં અનંતગુણ પરમાણુઓ હોય છે, તે કરતાં તૈજસશરીરયોગ્ય વર્ગણાઓમાં અનંતગુણ પરમાણુઓ છે, એ જ પ્રમાણે ભાષા, શ્વાસોચ્છ્‌વાસ, મનઃ અને કર્મયોગ્ય વર્ગણાઓમાં અનુક્રમે અનંત અનંતગુણ પરમાણુઓ હોય છે.

ક્ષેત્રના વિષયમાં વિપરીત ક્રમ સમજવો. તે આ પ્રમાણે—કાર્મણવર્ગણાનું અવગાહના ક્ષેત્ર સર્વથી અલ્પ છે, તે કરતાં મનઃપ્રાયોગ્ય વર્ગણાનું અવગાહના ક્ષેત્ર અસંખ્યાતગુણ છે, એટલે કે કર્મયોગ્ય એક વર્ગણા જેટલા આકાશપ્રદેશને અવગાહીને રહે છે, તેનાથી અસંખ્યાતગુણ આકાશપ્રદેશને અવગાહીને મનઃપ્રાયોગ્ય એક વર્ગણા રહે છે. આ પ્રમાણે સર્વત્ર સમજવું. તેનાથી શ્વાસોચ્છ્‌વાસ વર્ગણાનું અવગાહના ક્ષેત્ર અસંખ્યાતગુણ છે. તે કરતાં અનુક્રમે ભાષા, તૈજસ, આહારક, વૈક્રિય અને ઔદારિક વર્ગણાઓનું અવગાહના ક્ષેત્ર અસંખ્યાત અસંખ્યાત ગુણ છે.

ઉપર જે અવગાહના ક્ષેત્ર કહ્યું છે તે એકેક વર્ગણાની અપેક્ષાએ સમજવાનું છે. જો એમ ન હોય તો ઔદારિકાદિ સઘળી વર્ગણાઓ-ઔદારિકપ્રાયોગ્ય પહેલી વર્ગણા, ઔદારિક યોગ્ય બીજી વર્ગણા એ પ્રમાણે દરેક વર્ગણાઓ અનંતાનંત છે અને સંપૂર્ણ લોકવ્યાપીને રહેલી છે અને સંપૂર્ણ લોકવ્યાપી હોવાથી સંપૂર્ણ લોકપ્રમાણ અવગાહના ક્ષેત્ર થઈ જાય અને અવગાહના ક્ષેત્ર તો અંગુલના અસંખ્યાતમા ભાગનું કહ્યું છે. તેથી જ એક એક સ્કંધ વર્ગણાનું અવગાહના ક્ષેત્ર અંગુલના અસંખ્યાતમા ભાગનું સમજવાનું છે, સ્વજાતીય અનંત સ્કંધનું નહિ. ૧૫

હવે કાર્મણ વર્ગણા ઉપરની વર્ગણાઓનું સ્વરૂપ કહે છે—

कम्मोवरिं धुवेयरसुन्ना पत्तेयसुन्नबादरगा ।
सुन्ना सुहुमे सुन्ना महक्खंधो सगुणनामाओ ॥१६॥

कर्म्मण उपरि ध्रुवेतरशून्याः प्रत्येकशून्यबादरगाः ।
शून्यासूक्ष्मे शून्या महास्कन्धे सगुणनामानः ॥१६॥

અર્થ—કાર્મણ વર્ગણા પછી ધ્રુવાચિત્ત વર્ગણા, ત્યારપછી અનુક્રમે અધ્રુવાચિત્ત, શૂન્ય, પ્રત્યેક શરીર, શૂન્ય, બાદરનિગોદાશ્રિત, શૂન્ય, સૂક્ષ્મનિગોદાશ્રિત, શૂન્ય, અને છેલ્લી અચિત્ત મહાસ્કંધ વર્ગણા છે. આ સઘળી વર્ગણાઓ સાર્થક નામવાળી છે.

ટીકાનુ૰—કર્મપ્રાયોગ્ય ઉત્કૃષ્ટ વર્ગણાથી એક પરમાણુ જે વર્ગણાઓમાં અધિક છે તે

ધ્રુવાચિત્ત જઘન્ય વર્ગણા છે. જે વર્ગણાઓમાં બે પરમાણુ અધિક છે તે બીજી ધ્રુવાચિત્ત વર્ગણા છે. આ પ્રમાણે એક એક પરમાણુ અધિક અધિક કરતાં ત્યાં સુધી કહેવું કે ધ્રુવાચિત્ત ઉત્કૃષ્ટ વર્ગણા થાય. ધ્રુવાચિત્ત જઘન્ય વર્ગણામાં જેટલા પરમાણુઓ છે તેને સર્વ જીવથી અનંતગુણ જે અનંતુ છે તે અનંતે ગુણીએ અને જે સંખ્યા થાય તેટલા પરમાણુઓ ધ્રુવાચિત્ત ઉત્કૃષ્ટ વર્ગણામાં હોય છે.

પ્રશ્ન—ધ્રુવાચિત્ત દ્રવ્ય વર્ગણા એટલે શું ?

ઉત્તર—જઘન્યથી ઉત્કૃષ્ટ પર્યંત ચડતા ચડતા પરમાણુવાળી એક એક વર્ગણાઓ લોકમાં અવશ્ય હોય છે, પરંતુ કોઈ દિવસ એમાંની કોઈપણ વર્ગણાઓ વિનાનો લોક હોતો નથી. કદાચ એમાંની કોઈક વર્ગણા નષ્ટ થાય તો તેના સ્થાને અન્ય વર્ગણા ઉત્પન્ન થાય છે, માટે તે ધ્રુવવર્ગણા કહેવાય છે.

પ્રશ્ન—દરેક વર્ગણાઓ અચિત્ત છે તો આ વર્ગણાને અચિત્ત વિશેષણ શા માટે જોડ્યું ?

ઉત્તર—જો કે દરેક વર્ગણાઓ વાસ્તવિક રીતે અચિત્ત છે પરંતુ જે વર્ગણાઓ જીવ સાથે જોડાય છે તે વર્ગણાઓ ઉપચારથી સચિત્ત કહેવાય છે. જેમ ઔદારિકાદિ વર્ગણાઓ. ધ્રુવાચિત્ત અને પછી જે વર્ગણાઓ કહેવાશે તેઓને આત્મા કોઈ દિવસ ગ્રહણ કરતો નથી માટે તે વર્ગણાઓને અચિત્ત કહેલી છે.

ધ્રુવાચિત્ત ઉત્કૃષ્ટ વર્ગણાથી એક અધિક પરમાણુના સ્કંધરૂપ અધ્રુવાચિત્ત જઘન્ય વર્ગણા થાય છે. બે અધિક પરમાણુના સ્કંધરૂપ બીજી અધ્રુવાચિત્ત વર્ગણા થાય છે. એ પ્રમાણે એક એક અધિક પરમાણુના સ્કંધરૂપ વર્ગણા ત્યાં સુધી કહેવી કે અધ્રુવાચિત્ત ઉત્કૃષ્ટ વર્ગણા થાય. જઘન્ય વર્ગણા કરતાં ઉત્કૃષ્ટ વર્ગણા અનંતગુણ છે. એટલે કે જઘન્ય વર્ગણામાં જેટલા પરમાણુઓ છે તેને સર્વ જીવથી અનંતગુણ જે અનંતુ છે તે અનંતે ગુણતાં જેટલા થાય તેટલા પરમાણુઓ ઉત્કૃષ્ટ વર્ગણામાં છે.

પ્રશ્ન—અધ્રુવાચિત્ત વર્ગણા એટલે શું ?

ઉત્તર—અધ્રુવાચિત્ત દ્રવ્યવર્ગણામાં જઘન્યથી ઉત્કૃષ્ટ પર્યંત ચડતા ચડતા પરમાણુવાળી જે વર્ગણાઓ કહી છે તે સઘળી વર્ગણાઓ અવશ્ય હોય જ છે એમ નથી. કોઈક વર્ગણા કોઈ વખત હોય છે, કોઈક વખત નથી પણ હોતી, આ જ કારણથી તે સાંતરનિરંતરવર્ગણા કહેવાય છે.

અધ્રુવાચિત્ત ઉત્કૃષ્ટ વર્ગણાથી એક અધિક પરમાણુના સ્કંધરૂપ પહેલી ધ્રુવ શૂન્યવર્ગણા, બે અધિક પરમાણુના સ્કંધરૂપ બીજી શૂન્યવર્ગણા, એમ એક એક અધિક કરતાં ઉત્કૃષ્ટવર્ગણા પર્યંત કહેવું. જઘન્ય કરતાં ઉત્કૃષ્ટવર્ગણા અનંતગુણ છે. જઘન્યવર્ગણામાં જે સંખ્યા હોય તેને સર્વ જીવોથી અનંતગુણ જે અનંતું છે તે અનંતે ગુણીએ અને જે સંખ્યા થાય તેટલા ઉત્કૃષ્ટવર્ગણામાં હોય છે. આ પહેલી ધ્રુવશૂન્યવર્ગણા છે. આવી વર્ગણાઓ કોઈ કાળે જગતમાં હોતી જ નથી. માત્ર ઉપરની વર્ગણાઓની બહુલતા બતાવવા માટે જ એક અધિક પરમાણુના સ્કંધરૂપ બે અધિક પરમાણુના સ્કંધરૂપ એ પ્રમાણે નિરૂપણ કર્યું છે.

પ્રશ્ન—ધ્રુવ શૂન્યવર્ગણા એટલે શું ?

ઉત્તર—જે વર્ગણાઓ આ જગતમાં કોઈ દિવસ હોતી જ નથી. એટલે કે અધ્રુવાચિત્ત ઉત્કૃષ્ટ વર્ગણાથી પ્રત્યેકશરીરી જઘન્ય વર્ગણા સુધીમાં ચડતા ચડતા પરમાણુવાળી કોઈપણ વર્ગણાઓ કોઈ દિવસ જગતમાં હોતી જ નથી, તેથી તે ધ્રુવશૂન્યવર્ગણા કહેવાય છે. આગળ પણ ધ્રુવશૂન્ય વર્ગણા માટે આ પ્રમાણે સમજવું.

ઉત્કૃષ્ટ ધ્રુવશૂન્યવર્ગણાથી એક અધિક પરમાણુવાળી પહેલી પ્રત્યેક શરીરીવર્ગણા, બે અધિક પરમાણુવાળી બીજી પ્રત્યેકશરીરીવર્ગણા, એમ એક એક વધારતાં ત્યાં સુધી કહેવું કે પ્રત્યેકશરીરી ઉત્કૃષ્ટવર્ગણા થાય. જઘન્યવર્ગણાથી ઉત્કૃષ્ટવર્ગણા અસંખ્યાતગુણ પરમાણુવાળી છે. એટલે કે જઘન્યવર્ગણામાં જેટલા પરમાણુ છે તેને સૂક્ષ્મ ક્ષેત્રપલ્યોપમના અસંખ્યાતમા ભાગમાં જેટલા આકાશપ્રદેશો હોય તે અસંખ્યાતે ગુણીએ અને જેટલા થાય તેટલા પરમાણુઓ પ્રત્યેકશરીરી ઉત્કૃષ્ટ વર્ગણામાં હોય છે.

પ્રશ્ન—પ્રત્યેક શરીરીવર્ગણા એટલે શું ?

ઉત્તર—પ્રત્યેક નામકર્મના ઉદયવાળા જીવોને યથાસંભવ સત્તામાં રહેલ ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણનામકર્મનાં પુદ્‌ગલોને અવલંબીને સર્વજીવથી અનંતગુણપરમાણુવાળી જે વર્ગણાઓ રહી છે તે પ્રત્યેક શરીરીવર્ગણા કહેવાય છે. આ વર્ગણાઓને આત્મા કોઈ કર્મના ઉદયથી ગ્રહણ કરતો નથી પરંતુ વિશ્રસાપરિણામ વડે જ ઔદારિકાદિ પાંચ શરીરનામકર્મનાં પુદ્‌ગલોને અવલંબીને રહેલ છે. શતકચૂર્ણિમાં કહ્યું છે કે—પ્રત્યેક નામકર્મના ઉદયવાળા જીવોને ઔદારિક આદિ પાંચ શરીરનામકર્મના જે કર્માણુઓ સત્તામાં રહ્યા છે તેના એક એક પ્રદેશે સર્વજીવ કરતાં અનંતગુણ પરમાણુવાળી જે વર્ગણાઓ વિશ્રસાપરિણામ વડે ઉપચિત થયેલ છે—અવલંબીને રહી છે તે પ્રત્યેક વર્ગણા કહેવાય છે.

પ્રશ્ન—જઘન્ય પ્રત્યેક વર્ગણાથી ઉત્કૃષ્ટ પ્રત્યેક વર્ગણામાં સૂક્ષ્મક્ષેત્રપલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ આકાશપ્રદેશો વડે ગુણતાં જેટલા પરમાણુઓ થાય તેટલા પરમાણુઓ હોય છે એ ઉપર કહ્યું છે તો અહીં સૂક્ષ્મ ક્ષેત્રપલ્યોપમના અસંખ્યાતમા ભાગે ગુણવાનું કારણ શુ ?

ઉત્તર—કાર્મણ વર્ગણાઓનું ગ્રહણ યોગને અનુસરીને થાય છે. જઘન્ય યોગ હોય ત્યારે થોડી વર્ગણાઓનું ગ્રહણ થાય છે અને ઉત્કૃષ્ટ યોગ હોય ત્યારે ઘણી વર્ગણાઓનું ગ્રહણ થાય છે. જઘન્યયોગસ્થાનકથી ઉત્કૃષ્ટયોગસ્થાનક સૂક્ષ્મ ક્ષેત્રપલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ગુણતા જેટલું થાય તેટલું હોય છે. *તેથી કર્મવર્ગણાઓનું ગ્રહણ પણ સૂક્ષ્મક્ષેત્રોપલ્યોપમના અસંખ્યાતમા* ભાગે ગુણતાં જે આવે તેટલું જ થાય છે. જઘન્યયોગે પણ આત્મા અનંત વર્ગણાઓને જ ગ્રહણ કરે છે. જઘન્યયોગે જેટલી વર્ગણા ગ્રહણ કરે છે તેને સૂક્ષ્મક્ષેત્રપલ્યોપમના અસંખ્યાતમા ભાગના આકાશપ્રદેશોએ ગુણતાં જેટલી થાય તેટલી વર્ગણાઓ ઉત્કૃષ્ટયોગે ગ્રહણ કરે છે. એટલે જ્યારે જઘન્યયોગ હોય અને કર્મયોગ્ય વર્ગણાઓનું ગ્રહણ અલ્પ થાય ત્યારે જઘન્ય પ્રત્યેક શરીરીવર્ગણાઓ પ્રાપ્ત થાય છે અને જ્યારે યોગ ઉત્કૃષ્ટ હોય અને કર્મયોગ્ય વર્ગણાઓનું વધારે

પ્રમાણમાં ગ્રહણ થાય ત્યારે ઉત્કૃષ્ટ પ્રત્યેક શરીરીવર્ગણા પ્રાપ્ત થાય છે. તાત્પર્ય એ છે કે જઘન્યયોગ હોય ત્યારે જઘન્ય પ્રત્યેક વર્ગણાઓ પ્રાપ્ત થાય છે. અને જેમ જેમ યોગ વધતો જાય છે તેમ તેમ વધારે વધારે પ્રત્યેક શરીરીવર્ગણાઓ પ્રાપ્ત થતી જાય છે. અને જ્યારે ઉત્કૃષ્ટ યોગ હોય છે ત્યારે વધારેમાં વધારે પરમાણુવાળી વર્ગણાઓ પ્રાપ્ત થાય છે. આ રીતે યોગની સાથે સંબંધ હોવાથી અને યોગ જઘન્યથી ઉત્કૃષ્ટ સૂક્ષ્મક્ષેત્રપલ્યોપમના અસંખ્યાતમા ભાગે ગુણતાં જેટલો થાય તેટલો જ હોવાથી પ્રત્યેક શરીરીવર્ગણામાં પણ સૂક્ષ્મક્ષેત્રપલ્યોપમના અસંખ્યાતમા ભાગે ગુણવાનું કહ્યું છે.

પ્રત્યેક શરીરી ઉત્કૃષ્ટ વર્ગણાથી એક અધિક પરમાણુવાળી બીજી જઘન્ય ધ્રુવશૂન્યવર્ગણા થાય છે, બે અધિક પરમાણુવાળી બીજી ધ્રુવશૂન્યવર્ગણા, એમ એક એક વધારતાં ત્યાં સુધી કહેવું કે યાવત્ તેની ઉત્કૃષ્ટ વર્ગણા થાય. જઘન્ય વર્ગણાથી ઉત્કૃષ્ટ વર્ગણા અસંખ્યાતગુણી છે. જઘન્ય વર્ગણામાં જે સંખ્યા હોય તેને અસંખ્યાત લોકાકાશ પ્રદેશપ્રમાણ પ્રદેશો વડે ગુણતાં જે સંખ્યા થાય તેટલા ઉત્કૃષ્ટ વર્ગણામાં હોય છે. આ બીજી ધ્રુવશૂન્યવર્ગણા થઈ. અહીં પણ ધ્રુવશૂન્યવર્ગણાનો અર્થ પહેલી ધ્રુવશૂન્ય વર્ગણા પ્રમાણે સમજી લેવો.

બીજી ઉત્કૃષ્ટ ધ્રુવશૂન્યવર્ગણાથી એક અધિક પરમાણુવાળી જઘન્ય બાદરનિગોદ વર્ગણા થાય છે. બે અધિક પરમાણુવાળી બીજી વર્ગણા થાય છે. આ પ્રમાણે એક એક પરમાણુ અધિક કરતાં ત્યાં સુધી કહેવું કે ઉત્કૃષ્ટ બાદરનિગોદવર્ગણા થાય. જઘન્યથી ઉત્કૃષ્ટ અસંખ્યાતગુણ છે. અહીં પણ ગુણકરાશિ ક્ષેત્રપલ્યોપમનો અસંખ્યાતમો ભાગ જ છે. સૂક્ષ્મક્ષેત્રપલ્યોપમનો અસંખ્યાતમો ભાગ જ ગુણનારી સંખ્યા શા માટે છે ? તે સઘળો વિચાર પ્રત્યેક શરીરી વર્ગણા પ્રમાણે સમજી લેવો.

પ્રશ્ન—બાદરનિગોદવર્ગણા એટલે શું ?

ઉત્તર—સાધારણ નામકર્મના ઉદયવાળા બાદર એકેન્દ્રિય જીવોને સત્તામાં રહેલ ઔદારિક, તૈજસ અને કાર્મણનામકર્મના પુદ્ગલ પરમાણુઓને વિશ્રસા પરિણામ વડે અવલંબીને સર્વજીવ કરતાં અનંતગુણ પરમાણુવાળી જે વર્ગણાઓ રહી છે, તે બાદરનિગોદવર્ગણા કહેવાય છે. જો કે પંચેન્દ્રિયમાંથી બાંધીને ગયેલા કેટલાક બાદરનિગોદિયા જીવોને કેટલોક કાળ વૈક્રિય અને આહારકશરીર નામકર્મની પણ સત્તા હોય છે પરંતુ ત્યાં ગયા પછી પ્રથમ સમયથી ઉવેલાતા હોવાથી અત્યંત અસાર છે માટે તેની વિવક્ષા કરી નથી.

ઉત્કૃષ્ટ બાદરનિગોદ વર્ગણાથી એક અધિક પરમાણુવાળી ત્રીજી જઘન્ય ધ્રુવશૂન્યવર્ગણા, બે અધિક પરમાણુવાળી બીજી શૂન્યવર્ગણા, આ પ્રમાણે એક એક અધિક કરતાં ત્યાં સુધી કહેવું યાવત્ ઉત્કૃષ્ટ શૂન્યવર્ગણા થાય. જઘન્યથી ઉત્કૃષ્ટ અસંખ્યાતગુણ છે. જઘન્યવર્ગણામાં જે સંખ્યા છે તેને અંગુલમાત્ર ક્ષેત્રમાં જેટલા આકાશપ્રદેશ હોય તેના આવલિકાના અસંખ્યાતમા ભાગમાં જેટલા સમયો છે તેટલા વર્ગમૂળ કરવા, તેમાંના છેલ્લા વર્ગમૂળના અસંખ્યાતમા ભાગમાં જેટલા આકાશપ્રદેશો હોય તે વડે ગુણાકાર કરવો અને જેટલા પરમાણુઓ થાય તેટલા પરમાણુઓ ઉત્કૃષ્ટ ધ્રુવશૂન્યવર્ગણામાં હોય છે.

ઉત્કૃષ્ટ ધ્રુવશૂન્યવર્ગણાથી એક અધિક પરમાણુના સ્કંધરૂપ જઘન્ય સૂક્ષ્મનિગોદ વર્ગણા થાય છે. બે અધિક પરમાણુના સ્કંધરૂપ બીજી વર્ગણા, એમ એક એક વધારતાં ઉત્કૃષ્ટવર્ગણા પર્યંત કહેવું. જઘન્ય વર્ગણાથી ઉત્કૃષ્ટ અસંખ્યાતગુણ છે. જઘન્યવર્ગણામાં જેટલા પરમાણુઓ હોય તેને આવલિકાના અસંખ્યાતમા ભાગપ્રમાણ સમયો વડે ગુણતાં જેટલા થાય તેટલા પરમાણુઓ ઉત્કૃષ્ટ સૂક્ષ્મનિગોદવર્ગણામાં હોય છે. આ વર્ગણાનું સ્વરૂપ સામાન્યતઃ બાદરનિગોદવર્ગણાની જેમ સમજવું. અહીં જઘન્યવર્ગણાથી ઉત્કૃષ્ટવર્ગણામાં ગુણકસંખ્યા આવલિકાના અસંખ્યાતમા ભાગના સમયો કહી છે. કારણ સૂક્ષ્મનિગોદ જીવોના જઘન્ય યોગસ્થાનકથી ઉત્કૃષ્ટ યોગસ્થાનક આવલિકાના અસંખ્યાતમા ભાગના સમય વડે ગુણતાં જે થાય તેટલું જ હોય છે, વધારે હોતું નથી. કર્મપ્રદેશોનું ગ્રહણ યોગાધીન છે અને તેને આધીન સૂક્ષ્મનિગોદવર્ગણા છે, તેથી જ જઘન્યથી ઉત્કૃષ્ટવર્ગણામાં આવલિકાના અસંખ્યાતમા ભાગના સમયો વડે ગુણતાં જે સંખ્યા થાય તેટલા જ પરમાણુઓ હોય છે.

સૂક્ષ્મનિગોદ ઉત્કૃષ્ટવર્ગણાથી એક અધિક પરમાણુના સ્કંધરૂપ ચોથી જઘન્યં ધ્રુવશૂન્યવર્ગણા છે. બે અધિક પરમાણુના સ્કંધરૂપ બીજી ધ્રુવશૂન્યવર્ગણા થાય છે. એમ એક એક વધારતાં ત્યાં સુધી કહેવું યાવત્ ઉત્કૃષ્ટ ધ્રુવશૂન્યવર્ગણા થાય. જઘન્ય કરતાં ઉત્કૃષ્ટ અસંખ્યાત-ગુણ છે. જઘન્યવર્ગણામાં જે સંખ્યા હોય તેને પ્રતરના અસંખ્યાતમા ભાગમાં રહેલ અસંખ્યાતી સૂચિશ્રેણિના આકાશપ્રદેશો વડે ગુણતાં જે સંખ્યા થાય તેટલા ઉત્કૃષ્ટ ધ્રુવશૂન્યવર્ગણામાં હોય છે. ધ્રુવશૂન્યવર્ગણા એટલે જે વર્ગણાઓ આ જગતમાં કોઈ કાળે હોય જ નહિ. માત્ર ઉપરની વર્ગણાઓનું બાહુલ્ય બતાવવા માટે જ કહેવામાં આવી હોય. આ હકીકત પહેલાં કહી છે.

ઉત્કૃષ્ટ ધ્રુવશૂન્યવર્ગણાથી એક અધિક પરમાણુવાળી જઘન્ય અચિત્ત મહાસ્કંધવર્ગણા થાય છે. બે અધિક પરમાણુવાળી બીજી મહાસ્કંધવર્ગણા, એમ એક એક વધારતાં ઉત્કૃષ્ટ મહાસ્કંધવર્ગણા પર્યંત કહેવું. જઘન્ય કરતાં ઉત્કૃષ્ટ અસંખ્યાતગુણી છે. જઘન્ય મહાસ્કંધવર્ગણામાં જેટલા પરમાણુઓ રહ્યા છે તેને પલ્યોપમના અસંખ્યાતમા ભાગના સમયોથી ગુણતાં જે સંખ્યા થાય તેટલા પરમાણુઓ ઉત્કૃષ્ટ અચિત્તમહાસ્કંધ વર્ગણામાં હોય છે.

પ્રશ્ન—મહાસ્કંધવર્ગણા એટલે શું ?

ઉત્તર—જે વર્ગણાઓ વિશ્રસાપરિણામે ટંક, શિખર અને પર્વતાદિ મોટા મોટા સ્કંધોને અવલંબીને રહેલી છે, તે મહાસ્કંધવર્ગણા કહેવાય છે. આ મહાસ્કંધવર્ગણાઓ જ્યારે જ્યારે ત્રસજીવોની સંખ્યા વધારે હોય ત્યારે ત્યારે અલ્પ હોય છે અને જ્યારે ત્રસજીવોની સંખ્યા અલ્પ હોય ત્યારે વધારે હોય છે. કારણ વસ્તુસ્વભાવ જ છે. જ્યારે ત્રસજીવો ઘણા હોય છે ત્યારે ગ્રહણયોગ્ય વર્ગણાઓનું ગ્રહણ વધારે પ્રમાણમાં થાય ત્યારે આવી અગ્રહણયોગ્ય વર્ગણા થાડી હોય. ત્રસજીવ ઓછા હોય ત્યારે ગ્રહણ યોગ્ય વર્ગણાઓનું ગ્રહણ અલ્પ થાય ત્યારે સ્વાભાવિક રીતે આવા સ્કંધોનો પરિણામ વધારે થાય. શતકચૂર્ણિમાં કહ્યું છે કે—'વિશ્રસા પરિણામે ટંક, કૂટ અને પર્વતાદિ સ્થાનોને અવલંબીને જે વર્ગણાઓ રહી છે તે મહાસ્કંધવર્ગણા કહેવાય છે.' ૧. જે કાળે ત્રસકાયનો રાશિ વધારે પ્રમાણમાં હોય છે તે કાળે અચિત્ત મહાસ્કંધવર્ગણાઓ થોડી હોય છે. ૨. જે કાળે ત્રસકાયરાશિ અલ્પપ્રમાણમાં હોય છે તે કાળે મહાસ્કંધવર્ગણાઓ વધારે હોય છે. ૩

આ પ્રમાણે પરમાણુ વર્ગણાથી મહાસ્કંધવર્ગણા પર્યંત સઘળી વર્ગણાઓનું સ્વરૂપ કહ્યું. જો કે અહીં યોગ દ્વારા જે વર્ગણાઓનું ગ્રહણ થાય છે તેનું જ સ્વરૂપ કહેવું જોઈએ છતાં અન્ય વર્ગણાઓનું સ્વરૂપ પણ પ્રસંગવશાત્ કહ્યું છે. આ સઘળી વર્ગણાઓ અન્વર્થ નામવાળી છે. જેમકે—એક એક પરમાણુરૂપ વર્ગણા તે પરમાણુવર્ગણા, બે પરમાણુના પિંડરૂપ વર્ગણા તે દ્વિપરમાણુસ્કંધવર્ગણા વગેરે. અચિત્તમહાસ્કંધ સુધીની સઘળી વર્ગણાઓ પ્રદેશોની અપેક્ષાએ અનુક્રમે મોટી મોટી છે છતાં દરેક વર્ગણા અંગુલના અસંખ્યાતમા ભાગની અવગાહનાવાળી છે. કર્મપ્રકૃતિમાં કહ્યું છે કે—'દરેક વર્ગણાની અવગાહના અંગલના અસંખ્યાતમા ભાગની છે.' ૧૬.

આ પ્રમાણે ટીકામાં કહેલ અર્થનો સૂત્રકાર પણ અનુવાદ કરે છે—

सिद्धाणंतंसेणं अहव अभव्वेहणंतगुणिएहिं ।
जुत्ता जहन्नजोग्गा ओरलाईणं भवे जेट्ठा ॥१७॥

सिद्धानंतांशेन अथवा अभव्यानन्तगुणैः ।
युक्ता जघन्या योग्या औदारिकादीनां भवेज्ज्येष्ठा ॥१७॥

અર્થ—સિદ્ધોના અનંતમા ભાગે અથવા અભવ્યથી અનંતગુણ પરમાણુઓથી યુક્ત જઘન્ય ગ્રહણયોગ્ય વર્ગણા થાય છે. તે જ જઘન્યવર્ગણા પોતાના અનંતમા ભાગ વડે યુક્ત થતાં ઉત્કૃષ્ટ ગ્રહણ યોગ્ય વર્ગણા થાય છે.

ટીકાનુ૰—જે વર્ગણાઓમાં સિદ્ધોના અનંતમા ભાગ પ્રમાણ અથવા અભવ્યથી અનંતગુણ પરમાણુઓ હોય તે વર્ગણાઓ ઔદારિકશરીરને ગ્રહણયોગ્ય જઘન્યવર્ગણા થાય છે. તે જ એક બે આદિ અનુક્રમે વધતી ઉત્કૃષ્ટ ગ્રહણ યોગ્યવર્ગણા થાય છે. જઘન્યવર્ગણાથી ઉત્કૃષ્ટ વર્ગણામાં પોતાનો અનંતમો ભાગ અધિક પરમાણુઓ હોય છે.

ઔદારિક ઉત્કૃષ્ટ વર્ગણાથી એકાધિક પરમાણુવાળી અગ્રહણ યોગ્ય જઘન્ય વર્ગણા થાય છે, એક બે આદિ અનુક્રમે વધતાં ઉત્કૃષ્ટ અગ્રહણ યોગ્ય વર્ગણા થાય. અગ્રહણ જઘન્યવર્ગણામાંના પરમાણુને સિદ્ધના અનંતમા ભાગપ્રમાણ સંખ્યા વડે અથવા અભવ્યથી અનંતગુણ સંખ્યા વડે ગુણતાં જેટલા પરમાણુઓ થાય તેટલા ઉત્કૃષ્ટ અગ્રહણ વર્ગણામાં પરમાણુઓ હોય છે.

ઉત્કૃષ્ટ અગ્રહણ વર્ગણાથી એકાધિક પરમાણુવાળી વૈક્રિયશરીરને ગ્રહણ યોગ્ય જઘન્ય વર્ગણા થાય છે. તે જ એક બે આદિ ક્રમે વધતા ઉત્કૃષ્ટ વર્ગણા થાય. જઘન્યથી ઉત્કૃષ્ટ વર્ગણામાં પોતાનો અનંતમો ભાગ અધિક પરમાણુઓ હોય છે. ઉત્કૃષ્ટ ગ્રહણ યોગ્ય વર્ગણાથી એકાધિક પરમાણુવાળી અગ્રહણયોગ્ય જઘન્ય વર્ગણા થાય છે. એક બે આદિ ક્રમે વધતાં ઉત્કૃષ્ટ અગ્રહણવર્ગણા થાય છે. જઘન્યથી ઉત્કૃષ્ટમાં અનંતગુણ પરમાણુઓ હોય છે. ત્યારપછી એકાધિક પરમાણુવાળી આહારકશરીરયોગ્ય જઘન્ય વર્ગણા થાય છે. એક બે આદિ ક્રમે વધતાં ઉત્કૃષ્ટ વર્ગણા થાય છે. જઘન્યથી ઉત્કૃષ્ટમાં અનંતમો ભાગ અધિક પરમાણુઓ હોય છે. ત્યારપછી અગ્રહણ, તૈજસયોગ્ય ગ્રહણ એમ અનુક્રમે ભાષા, પ્રાણાપાન મનઃ અને કાર્મણવર્ગણાના

સંબંધમાં પણ કહેવું. ૧૭

હવે વર્ગણાઓના વર્ણાદિના નિરૂપણ માટે કહે છે—

पंच रस पंच वन्नेहिं परिणया अट्ठफास दोगंधा ।
जावाहारगजोग्गा चउफास विसेसिया उवरिं ॥१८॥

पञ्चभी रसैः पञ्चभिर्वर्णैः परिणता अष्टस्पर्शाः द्विगन्धाः ।
यावदाहारकयोग्याः चतुःस्पर्शविशेषिता उपरि ॥१८॥

અર્થ—ઔદારિકવર્ગણાથી આરંભી આહારક વર્ગણાઓ પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ અને આઠ સ્પર્શયુક્ત છે, અને ઉપરની વર્ગણાઓ ચાર સ્પર્શયુક્ત છે.

ટીકાનુ૰—ઔદારિકશરીરયોગ્ય વર્ગણાથી આરંભી આહારક શરીરયોગ્ય વર્ગણા સુધીની વર્ગણાઓ પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ અને આઠ સ્પર્શવાળી છે. અહીં[1] એક પરમાણુમાં પાંચ વર્ણમાંથી કોઈપણ એક વર્ણ, બે ગંધમાંથી કોઈપણ એક ગંધ, પાંચ રસમાંથી કોઈ પણ એક રસ, અને સ્નિગ્ધ, ઉષ્ણ, રૂક્ષ અને શીત એ ચાર સ્પર્શમાંથી અવિરુદ્ધ બે સ્પર્શ હોય છે. કહ્યું છે કે- 'એક વર્ણ, એક ગંધ, એક રસ અને અવિરુદ્ધ બે સ્પર્શવાળો, પુદ્ગલ સ્કંધનું છેવટનું કારણ, સૂક્ષ્મ અને નિત્ય એવો પરમાણુ છે.' પરંતુ સમુદાયમાં કોઈ પરમાણુ કોઈ વર્ણાદિ યુક્ત, કોઈ પરમાણુ કોઈ વર્ણાદિ યુક્ત હોવાથી સ્કંધમાં પાંચે વર્ણ, બે ગંધ, પાંચે રસ અને આઠે સ્પર્શ ઘટી શકે છે. તથા ઉપરની તૈજસાદિશરીર યોગ્ય વર્ગણાઓ પાંચ વર્ણવાળી, બે ગંધવાળી અને પાંચ રસવાળી છે. પરંતુ સ્પર્શના વિષયમાં ચાર સ્પર્શવાળી જાણવી. તેમાં પણ તૈજસાદિ વર્ગણાઓમાંના પ્રત્યેક સ્કંધમાં મૃદુ અને લઘુ એ બે સ્પર્શ તો અવસ્થિત છે અને સ્નિગ્ધ-ઉષ્ણ, સ્નિગ્ધ-શીત, રૂક્ષ-ઉષ્ણ, અને રૂક્ષ-શીત એમાંના કોઈ પણ બે સ્પર્શ હોય છે. કુલ ચાર સ્પર્શ થાય છે. એટલે કે તૈજસાદિના પ્રત્યેક સ્કંધમાં પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ અને ઉપરોક્ત ચાર સ્પર્શ કુલ સોળ ગુણ હોય છે. આ પ્રમાણે ગ્રહણ અગ્રહણ યોગ્ય વર્ગણાઓનું સ્વરૂપ કહ્યું.[2] ૧૮

---

૧. અહીં એક પરમાણુમાં છેલ્લા ચાર સ્પર્શમાંથી અવિરુદ્ધ બે સ્પર્શ કહ્યા છે તો ઔદારિકાદિના સ્કંધમાં આઠ સ્પર્શ ક્યાંથી આવ્યા ? તેના ઉત્તરમાં સમજવાનું કે તિરોભાવે દરેક પરમાણુમાં બધા સ્પર્શરૂપે પરિણમવાની શક્તિ રહેલી છે. તે શક્તિ આહારક સુધીના સ્કંધોમાં આવિર્ભાવે થાય છે. એટલે ત્યાં સુધીની વર્ગણાઓમાં આઠે સ્પર્શ કહ્યા છે. અમુક સંખ્યાવાળા પરમાણુના સ્કંધમાં જ તે આવિર્ભાવે થાય છે. તે કરતાં સંખ્યા વધે તો તથાસ્વભાવે આવિર્ભાવે થતા નથી. તેથી જ આહારક સુધીની વર્ગણાઓ લીધી છે.

૨. આ વર્ગણાઓમાં કેટલોક મતભેદ છે. કર્મપ્રકૃતિ-ચૂર્ણિમાં ઔદારિક અને વૈક્રિયની વચમાં તેમજ વૈક્રિય અને આહારકવર્ગણાની વચમાં અગ્રહણ યોગ્ય વર્ગણા માની નથી. વિશેષાવશ્યકભાષ્યમાં માની છે. તેમજ કાર્મણવર્ગણા પછીની આ ગ્રંથમાં જે રીતે વર્ગણાઓ કહી છે તેનાથી વિશેષાવશ્યકભાષ્યમાં જુદી રીતે કહી છે. શી રીતે કહી છે તે ત્યાંથી પૃષ્ઠ ૩૨૮માંથી જોઈ લેવું. તથા આહારક સુધીની વર્ગણાઓ ગુરુલઘુ છે, ગુરુલઘુ હોવાથી તેના સમૂહમાં અમુક પ્રમાણમાં વજન હોય છે. તૈજસાદિ વર્ગણાઓ અગુરુલઘુ છે, તેનો ગમે તેટલો સમૂહ એકત્ર થાય છતાં તેમાં આત્માની જેમ વજન હોતું નથી. જેમ જેમ વધારે પરમાણુનો પિંડ થાય તેમ તેમ જગ્યા ઓછી રોકે છે. આ સઘળો પુદ્ગલ સ્વભાવ છે.

પુદ્ગલોનો પરસ્પર સંબંધ સ્નેહથી થાય છે, સ્નેહ સિવાય સંબંધ થતો નથી, માટે હવે પુદ્ગલોના પરસ્પર સંબંધમાં હેતુભૂત સ્નેહનો વિચાર કરવો જોઈએ તેથી તેનો વિચાર કરે છે—તે ત્રણ પ્રકારે છે :- ૧. સ્નેહપ્રત્યયસ્પર્દ્ધકપ્રરૂપણા, ૨. નામપ્રત્યય સ્પર્દ્ધકપ્રરૂપણા, ૩. પ્રયોગપ્રત્યયસ્પર્દ્ધક પ્રરૂપણા.

તેમાં સ્નેહ વડે થયેલા સ્પર્દ્ધકનો વિચાર તે સ્નેહપ્રત્યયસ્પર્દ્ધક પ્રરૂપણા.

બંધનનામકર્મ જેની અંદર નિમિત્ત છે એવા શરીરપ્રદેશના સ્પર્દ્ધકનો વિચાર તે નામ પ્રત્યયસ્પર્દ્ધકપ્રરૂપણા. એટલે કે બંધનનામકર્મના ઉદયથી પરસ્પર બદ્ધ થયેલા શરીર પુદ્ગલોના સ્નેહને આશ્રયીને જેની અંદર વિચાર કરવામાં આવ્યો હોય તે નામપ્રત્યયસ્પર્દ્ધકપ્રરૂપણા કહેવાય છે.

યોગરૂપ હેતુ વડે ગ્રહણ કરેલા કર્મપુદ્ગલોનો પરસ્પર સંબંધ થવામાં હેતુભૂત સ્નેહને આશ્રયીને થયેલા સ્પર્દ્ધકનો જેની અંદર વિચાર કરવામાં આવ્યો હોય તે પ્રયોગ-પ્રત્યયસ્પર્દ્ધકપ્રરૂપણા.

તેમાં અહીં પ્રથમ સ્નેહપ્રત્યયસ્પર્દ્ધકનો વિચાર કરે છે—સર્વોત્કૃષ્ટ સ્નેહવાળા પરમાણુમાં રહેલ સ્નેહના કેવળીના કેવળજ્ઞાનરૂપ શસ્ત્ર વડે એકના બે અંશ ન થઈ શકે તેવા અંશો કરવા. એમાંના એક અંશને સ્નેહાણુ કહેવામાં આવે છે. આ જગતમાં કેટલાક પરમાણુઓ એક સ્નેહાણુવાળા હોય છે, કેટલાક બે સ્નેહાણુવાળા હોય છે, કેટલાક ત્રણ સ્નેહાણુવાળા હોય છે, એમ અનુક્રમે વધતા વધતા સર્વજીવ કરતાં અનંતગુણ સ્નેહાણુગુણ પણ કેટલાક પરમાણુઓ હોય છે. આ જ હકીકત હવે પછીની ગાથામાં કહે છે—

अविभागाईनेहेणं जुत्तया ताव पोग्गला अत्थि ।
सव्वजियाणंतगुणेण जाव नेहेण संजुत्ता ॥१९॥
जे एगनेह जुत्ता ते बहवो तेहिं वग्गणा पढमा ।

अविभागादिना स्नेहेन युक्तास्तावत् पुद्गलाः सन्ति ।
सर्वजीवानन्तगुणेन यावत् स्नेहेन संयुक्ताः ॥१९॥
ये एकस्नेहयुक्तास्ते बहवस्तैर्वर्गणा प्रथमा ।

અર્થ—એક સ્નેહાણુયુક્ત પરમાણુઓ હોય છે, યાવત્ સર્વજીવથી અનન્તગુણ સ્નેહાણુ યુક્ત પરમાણુઓ છે. તેમાં જે એક સ્નેહયુક્ત[1] પરમાણુઓ છે તે ઘણા છે અને તેની પહેલી વર્ગણા થાય છે.

---

૧. પુદ્ગલોનો પરસ્પર સંબંધ સ્નેહથી થાય છે, તેથી અહીં સ્નેહનો વિચાર કરવામાં આવે છે. તત્ત્વાર્થાધિગમસૂત્ર પંચમ અધ્યાય સૂત્ર ૩૨માં 'स्निग्धरुक्षत्वाद्बन्धः'થી સ્નિગ્ધતા અને રુક્ષતા એ બંને પુદ્ગલોનો પરસ્પર સંબંધ થવામાં કારણ થયેલ છે અને અહીં તો રુક્ષતાની વિચારણા કરવામાં આવી જ નથી તેનું કારણ સ્નિગ્ધતાના ઉપલક્ષણથી રુક્ષતાનું પણ ગ્રહણ કર્યું હોય તેમ લાગે છે. અથવા તો વ્યવહારમાં કોઈ પણ વસ્તુનો પરસ્પર સંબંધ થવામાં ચીકાશને કારણ માનવામાં આવે છે તેથી અહીં સ્નિગ્ધતાની જેમ

ટીકાનુ૦—આ જગતમાંના કેટલાક પરમાણુઓ એક સ્નેહાણુયુક્ત છે, કેટલાક બે સ્નેહાણુયુક્ત છે, કેટલાક ત્રણ યુક્ત છે, એ પ્રમાણે વધતા વધતા કેટલાક પરમાણુઓ સર્વજીવથી અનંતગુણ સ્નેહાણુ યુક્ત હોય છે. તેની અંદર જે પરમાણુઓ એક સ્નેહવાળા છે તે ઘણા છે, અને તેવા પરમાણુઓની પહેલી વર્ગણા થાય છે. બે સ્નેહાણુવાળા જે જે પરમાણુઓ હોય તેનો જે સમુદાય તેની બીજી વર્ગણા થાય છે. ત્રણ સ્નેહાણુવાળા પરમાણુઓના સમૂહની ત્રીજી વર્ગણા થાય છે. એ ક્રમે વધતા સંખ્યાતા સ્નેહાણુવાળા પરમાણુઓની સંખ્યાતીવર્ગણા થાય છે. અસંખ્યાતા સ્નેહાણુવાળા પરમાણુઓના સમુદાયની અસંખ્યાતી વર્ગણાઓ થાય છે. અને અનન્ત સ્નેહાણુવાળા પરમાણુઓની ચડતી ચડતી અનંતવર્ગણાઓ થાય છે.

અહીં બે પ્રકારે પ્રરૂપણા થાય છે : ૧. અનન્તરોપનિધા વડે, ૨. પરંપરોપનિધા વડે. આ બન્નેનો અર્થ પહેલાં કહેવાઈ ગયો છે. બંનેમાંથી પહેલાં અનન્તરોપનિધા વડે પ્રરૂપણા કરે છે. તથાસ્વભાવે અલ્પ અલ્પ સ્નેહાણુવાળા પરમાણુઓ વધારે છે અને વધારે વધારે સ્નેહાણુવાળા પરમાણુઓ ઓછા ઓછા છે, તેથી જ પહેલી એક સ્નેહાણુવાળી વર્ગણામાં પરમાણુઓ ઘણા છે અને બે સ્નેહાણુવાળી બીજી વર્ગણામાં અસંખ્યેયભાગહીન-અસંખ્યાતમો ભાગ ન્યૂન પરમાણુઓ હોય છે, તે કરતાં પણ ત્રીજી વર્ગણામાં અસંખ્યાતમો ભાગ ન્યૂન પરમાણુઓ હોય છે. આ પ્રમાણે પૂર્વ પૂર્વ વર્ગણા કરતાં ઉત્તરોત્તરવર્ગણામાં અસંખ્યાતમો અસંખ્યાતમો ભાગ ન્યૂન ન્યૂન પરમાણુઓ ત્યાં સુધી કહેવા યાવત્ અનંતી વર્ગણા જાય. તે જ હકીકત કહે છે—

जे दुगनेहाइजुया असंखभागूण ते कमसो ।
इय एरिसहाणीए जंति अणंता उ वग्गणा कमसो ॥२०॥

રુક્ષતાને પણ સ્નેહ શબ્દથી બતાવેલ હોય તેમ લાગે છે તેમજ સ્નિગ્ધ અને રુક્ષ એ સ્પર્શવિશેષ છે અને અહીં એ બન્ને સ્પર્શોને સ્નેહ શબ્દથી કહ્યા હોય તેમ લાગે છે.

જગતમાં રહેલ કોઈપણ પુદ્ગલોનો પરસ્પર સંબંધ થવામાં પુદ્ગલોમાં જે કુદરતી સ્નેહ છે તેનો વિચાર સ્નેહપ્રત્યયસ્પર્ધકમાં કરવામાં આવશે. પંદર પ્રકારના બંધનનામકર્મના ઉદયથી પૂર્વે ગ્રહણ કરાયેલ અને નવીન ગ્રહણ કરાતા પુદ્ગલોનો પરસ્પર સંબંધ થતી વખતે તે સંબંધ થવાના કારણભૂત જીવના સામર્થ્યવિશેષથી પુદ્ગલોમાં જે સ્નેહ ઉત્પન્ન થાય છે તેનું સ્વરૂપ નામપ્રત્યયસ્પર્ધકમાં અને યોગથી કર્મરૂપે ગ્રહણ કરાતી કાર્મણવર્ગણાના પુદ્ગલોનો આત્મપ્રદેશો સાથે એકાકારરૂપે સંબંધ થવામાં કારણભૂત જીવના સામર્થ્યવિશેષથી જે સ્નેહ ઉત્પન્ન થાય છે તેનો વિચાર પ્રયોગપ્રત્યયસ્પર્ધકમાં કરવામાં આવશે.

ટીકામાં ઘણે ઠેકાણે સ્નેહને બદલે રસ શબ્દ વાપરેલ છે પરંતુ રસથી આ સ્નેહ જ સમજવાનો છે અને તેનાથી જ સ્કંધો અને વર્ગણા બને છે, માટે પ્રથમ સ્નેહપ્રત્યય સ્પર્ધકનું અને પછી આત્માના સામર્થ્ય-વિશેષથી ગ્રહણ કરાતાં પુદ્ગલોમાં જે વધારે સ્નેહ ઉત્પન્ન થાય છે. તે સ્નેહનું સ્વરૂપ નામપ્રત્યય અને પ્રયોગપ્રત્યય સ્પર્ધકમાં કરવામાં આવશે પરંતુ કર્મપરમાણુઓમાં શુભાશુભ ફળ આપવાની શક્તિરૂપ જે રસ છે. તે રસ આત્માના કાષાયિક અધ્યવસાયો દ્વારા ગ્રહણ કરતી વખતે અધ્યવસાયોને અનુરૂપ ઓછો કે વધારે ઉત્પન્ન થાય છે, અને તેનું સ્વરૂપ હવે પછી અનુભાગબંધના સ્વરૂપમાં ગ્રંથકાર પોતે જ બતાવવાના છે. તેથી અહીં રસ શબ્દથી તે રસ સમજવાનો નથી પણ સ્નેહ સમજવાનો છે.

ये द्विकस्नेहादियुक्ता असंख्यभागोनास्ते क्रमशः ।
इति ईदृशहान्या यान्ति अनन्तास्तु वर्गणाः क्रमशः ॥२०॥

અર્થ—જે પરમાણુઓ બે આદિ સ્નેહાણુયુક્ત છે તે અનુક્રમે અસંખ્ય અસંખ્ય ભાગ ન્યૂન ન્યૂન છે. આ પ્રમાણે આવા પ્રકારની હાનિ વડે અનુક્રમે અનંતીવર્ગણા થાય છે.

ટીકાનુ૦—જે પરમાણુઓ બે સ્નેહાણુવાળા છે તે એક સ્નેહાણુવાળા પરમાણુઓની અપેક્ષાએ અસંખ્યાતમો ભાગ ન્યૂન છે. આ જ ક્રમે ત્રણ, ચાર વગેરે સ્નેહાણુવાળા પરમાણુઓની જે જે વર્ગણા છે તેમાં પરમાણુઓ પોતપોતાની અપેક્ષાએ પૂર્વ પૂર્વ વર્ગણા કરતાં અસંખ્યાતમો અસંખ્યાતમો ભાગ ન્યૂન ન્યૂન હોય છે. આ રીતે અસંખ્યાતમો અસંખ્યાતમો ભાગ ન્યૂન ન્યૂન પરમાણુવાળી અનંત વર્ગણા થાય છે. તાત્પર્ય એ છે કે બીજી વર્ગણાથી આરંભી અનંતવર્ગણાપર્યંત દરેક વર્ગણામાં પૂર્વ પૂર્વ વર્ગણા કરતાં પછી પછીની વર્ગણાઓમાં અસંખ્યાતમો અસંખ્યાતમો ભાગ ન્યૂન પરમાણુઓ હોય છે.

હવે અનન્ત વર્ગણા ગયા પછી કઈ હાનિ થાય છે તે કહે છે—

संखसूणा तत्तो संखगुणूणा तओ कमसो ।
तत्तो असंखगुणूणा अणंतगुणऊणियावि तत्तो वि ॥२१॥

संख्येयांशोनास्ततः संख्येयगुणोनास्ततः क्रमशः ।
ततोऽसंख्यगुणोना अनन्तगुणोना अपि ततोऽपि ॥२१॥

અર્થ—ત્યારપછી સંખ્યાતમા ભાગહીન વર્ગણાઓ છે, ત્યારપછી સંખ્યાતગુણહીન, ત્યારપછી અસંખ્યાતગુણહીન, અને ત્યારપછી અનન્તગુણહીન પરમાણુવાળી વર્ગણાઓ થાય છે.

ટીકાનુ૦—પૂર્વ પૂર્વ વર્ગણાઓની અપેક્ષાએ ઉત્તરોત્તર અનંતી વર્ગણાઓમાં અસંખ્યાતમો અસંખ્યાતમો ભાગ ન્યૂન ન્યૂન થવા બાદ પછીની અનન્તવર્ગણાઓમાં પૂર્વ પૂર્વ વર્ગણાથી ઉત્તરોત્તર વર્ગણામાં સંખ્યાતમો ભાગ ન્યૂન નયૂન પરમાણુઓ થતા જાય છે. એટલે કે અસંખ્યાતમો ભાગ ન્યૂન પરમાણુવાળી છેલ્લી વર્ગણાની અપેક્ષાએ પછીની જ વર્ગણામાં સંખ્યાતમો ભાગ ન્યૂન પરમાણુઓ હોય છે. તે કરતાં તેની પછીની વર્ગણામાં સંખ્યાતમો ભાગ ન્યૂન પરમાણુઓ હોય છે. આ પ્રમાણે અનંતવર્ગણા પર્યંત કહેવું.

ત્યારપછીની અનંતવર્ગણામાં સંખ્યાતગુણહીન પરમાણુઓ હોય છે. એટલે કે સંખ્યાતમો ભાગ ન્યૂન પરમાણુવાળી છેલ્લી વર્ગણાની અપેક્ષાએ તેની પછીની જ વર્ગણામાં સંખ્યાતગુણહીન પરમાણુઓ હોય છે. સંખ્યાતગુણહીન એટલે પૂર્વ પૂર્વની અપેક્ષાએ ઉત્તરોત્તર વર્ગણામાં સંખ્યાતમો સંખ્યાતમો ભાગ માત્ર પરમાણુઓ શેષ રહે છે. તેનાથી ત્યારપછીની વર્ગણામાં સંખ્યાતગુણહીન પરમાણુઓ હોય છે. આ પ્રમાણે પૂર્વ પૂર્વ વર્ગણાની અપેક્ષાએ ઉત્તરોત્તર વર્ગણામાં સંખ્યાતગુણહીન સંખ્યાતગુણહીન પરમાણુઓ અનન્તી વર્ગણા પર્યંત હોય છે.

ત્યારપછીની અનન્તી વર્ગણાઓમાં અસંખ્યેયગુણહીન પરમાણુઓ હોય છે. એટલે કે સંખ્યેયગુણહીન પરમાણુવાળી છેલ્લી વર્ગણાની અપેક્ષાએ તેની પછીની જ વર્ગણામાં

અસંખ્યેયગુણહીન પરમાણુઓ હોય છે. અસંખ્યેયગુણહીન એટલે અસંખ્યાતમો ભાગ. ત્યારપછીની વર્ગણામાં અસંખ્યેયગુણહીન પરમાણુઓ હોય છે. આ પ્રમાણે પૂર્વ પૂર્વ વર્ગણાની અપેક્ષાએ ઉત્તર ઉત્તર વર્ગણામાં અસંખ્યેયગુણહીન પરમાણુઓ અનન્ત વર્ગણા પર્યંત કહેવા.

ત્યારપછીની અનન્તી વર્ગણાઓમાં અનન્તગુણહીન પરમાણુઓ હોય છે. એટલે કે પૂર્વ પૂર્વથી ઉત્તરોત્તર વર્ગણામાં અનંતમો ભાગ શેષ પરમાણુઓ રહે છે. અસંખ્યેયગુણહીન પરમાણુવાળી છેલ્લી વર્ગણાની અપેક્ષાએ તેની પછીની જ વર્ગણામાં અનન્તગુણહીન પરમાણુઓ હોય છે, તે કરતાં પણ પછીની વર્ગણામાં અનન્તગુણહીન પરમાણુઓ હોય છે. આ પ્રમાણે પૂર્વ પૂર્વ વર્ગણાની અપેક્ષાએ ઉત્તર ઉત્તર વર્ગણામાં અનન્તગુણહીન પરમાણુઓ ત્યાં સુધી કહેવા કે છેલ્લી સર્વોત્કૃષ્ટ સ્નેહાણુવાળી વર્ગણા આવે. આ પ્રમાણે અનન્તરોપનિધા વડે વિચાર કર્યો.

હવે પરંપરોપનિધા વડે વિચાર કરે છે—

गंतुमसंखा लोगा अद्धद्धा पोग्गला भूय ॥२२॥

गत्वा असंख्येयान् लोकान् अर्द्धार्द्धाः पुद्गला भूयः ॥२२॥

અર્થ—અસંખ્યાતા લોકાકાશ પ્રદેશપ્રમાણ વર્ગણાઓ ઓળંગીને પછીની વર્ગણામાં અર્ધ પુદ્‌ગલો થાય છે. આ પ્રમાણે ફરી પણ કહેવું.

ટીકાનુ૰—પહેલી વર્ગણામાં જેટલા પરમાણુઓ છે તેની અપેક્ષાએ અસંખ્યાત લોકાકાશ પ્રદેશપ્રમાણ વર્ગણાઓ ઓળંગીને પછીની વર્ગણામાં પરમાણુઓ અર્ધ થાય છે. તેની અપેક્ષાએ વળી અસંખ્યાત લોકાકાશ પ્રદેશપ્રમાણ વર્ગણાઓ ઓળંગીને પછીની વર્ગણામાં પરમાણુઓ અર્ધ થાય છે. આ પ્રમાણે અર્ધ અર્ધ પરમાણુઓ અસંખ્યાત ભાગહીન પરમાણુવાળી છેલ્લી વર્ગણા પર્યંત કહેવા.

તે જ હકીકત આ ગાથામાં કહે છે—

पढमहाणीए एवं बीयाए संखवग्गणा गंतुं ।
अद्धं उवरित्थाओ हाणीओ होंति जा जीए ॥२३॥

प्रथमहानावेवं द्वितीयस्यां संख्येयवर्गणा गत्वा ।
अर्द्धमुपरिस्था हानयो भवन्ति या यस्याः ॥२३॥

અર્થ—પ્રથમ હાનિમાં આ પ્રમાણે સમજવું. દ્વિતીય હાનિમાં સંખ્યાતી વર્ગણા ઓળંગીને અર્દ્ધ પરમાણુઓ થાય છે. આ પ્રમાણે ઉપર રહેલ વર્ગણાઓમાં જે વર્ગણા સંખ્યાતી વર્ગણા ઓળંગીને આવે છે તેમાં અર્દ્ધ અર્દ્ધ પરમાણુઓ થાય છે—હોય છે.

ટીકાનુ૰—પહેલી અસંખ્યાતભાગહાનિમાં અસંખ્યાતા લોકાકાશ પ્રદેશપ્રમાણ વર્ગણાઓ ઓળંગીને પછી જે વર્ગણા આવે છે તેમાં અર્ધ અર્ધ પરમાણુ હોય છે. અને બીજી સંખ્યેયભાગહાનિમાં તેની પહેલી વર્ગણાથી સંખ્યાતી વર્ગણાઓ ઓળંગીને પછી જે વર્ગણા આવે છે તેમાં અર્ધ પરમાણુઓ હોય છે. તેથી જ સંખ્યાતભાગહાનિમાં જે દ્વિગુણહાનિ થાય છે તે જે

વર્ગણાથી સંખ્યાતી વર્ગણા ઓળંગી પછી જે વર્ગણા આવે છે તેમાં થાય છે. તે આ પ્રમાણે—સંખ્યાતભાગહાનિવાળી પહેલી વર્ગણાથી આરંભી સંખ્યાતી વર્ગણા ઓળંગીને જે વર્ગણા આવે છે તેમાં અસંખ્યાતભાગ હાનિવાળી છેલ્લી વર્ગણામાં રહેલ પરમાણુની અપેક્ષાએ પુદ્ગલ પરમાણુઓ અર્દ્ધા હોય છે. ત્યારપછીથી ફરી પણ સંખ્યાતી વર્ગણા ઓળંગીને પછી જે વર્ગણા હોય તેમાં અર્દ્ધ પરમાણુઓ હોય છે. આ પ્રમાણે સંખ્યાતી સંખ્યાતી વર્ગણાઓ ઓળંગીને અર્ધ અર્ધ પરમાણુઓ ત્યાં સુધી કહેવા યાવત્ સંખ્યાતભાગહાનિની છેલ્લી વર્ગણા આવે.

ઉપરની સંખ્યાતગુણ અસંખ્યાતગુણ અને અનંતગુણ એ ત્રણ હાનિમાં અમુક વર્ગણા ઓળંગીને અર્ધ પરમાણુ થવા રૂપ પરંપરોપનિધા સંભવતી નથી. કારણ કે સંખ્યાતગુણ હાનિવાળી પહેલી જ વર્ગણામાં સંખ્યેયભાગહીન પરમાણુવાળી છેલ્લી વર્ગણામાં રહેલ પરમાણુની અપેક્ષાએ સંખ્યાતગુણહીન પરમાણુઓ હોય છે. અહીં સંખ્યેયગુણહીન ઓછામાં ઓછા પણ ત્રિગુણહીન કે ચતુર્ગુણહીન ગ્રહણ કરવાના છે, પરંતુ દ્વિગુણહીન નહિ. કારણ કે શાસ્ત્રમાં જ્યાં જ્યાં સંખ્યેયગુણહીન ગ્રહણ કરેલ છે ત્યાં ત્યાં કમમાં કમ ત્રિગુણહીન અથવા ચતુર્ગુણહીન ગ્રહણ કરેલ છે. પરંતુ જઘન્ય કે ઉત્કૃષ્ટ ગ્રહણ કરેલ નથી. આ રીતે સંખ્યાતભાગહીન પરમાણુવાળી છેલ્લી વર્ગણામાં જેટલા પરમાણુઓ હોય છે, તેનો સંખ્યાતમો ભાગ એટલે ત્રીજો ભાગ કે ચોથો ભાગ સંખ્યાતગુણહીન પરમાણુવાળી પહેલી જ વર્ગણામાં શેષ રહે છે. તેથી જ અમુક વર્ગણા ઓળંગીને અર્ધ પરમાણુ શેષ રહે એ રીતની પરંપરોપનિધા સંભવતી નથી.

તેથી મૂળથી આરંભીને બીજી રીતે પરંપરોપનિધા વિચારે છે. તે આ પ્રમાણે—અસંખ્યાતભાગહાનિવાળી પહેલી અને છેલ્લી વર્ગણાની વચમાં રહેલી કેટલીક વર્ગણાઓ પહેલી વર્ગણાની અપેક્ષાએ અસંખ્યેયભાગહીન છે, કેટલીક વર્ગણાઓ સંખ્યેયભાગહીન છે, કેટલીક સંખ્યેયગુણહીન છે, કેટલીક અસંખ્યેયગુણહીન છે, અને કેટલીક અનન્તગુણહીન પરમાણુવાળી છે. આવી રીતે અસંખ્યેયભાગહાનિમાં પહેલી વર્ગણાની અપેક્ષાએ પાંચ હાનિઓ સંભવે છે.

સંખ્યેયભાગહીન પરમાણુવાળી વર્ગણાઓમાં અસંખ્યેયભાગહાનિ સિવાયની ચાર હાનિઓ સંભવે છે. તે આ પ્રમાણે—સંખ્યેયભાગહાનિવાળી પહેલી અને છેલ્લી વર્ગણાની વચમાં રહેલી વર્ગણાઓમાંની કેટલીક વર્ગણાઓ તેની પહેલી વર્ગણાની અપેક્ષાએ સંખ્યેયભાગહીન પરમાણુવાળી, કેટલીક સંખ્યેયગુણહીન પરમાણુવાળી, કેટલીક અસંખ્યેયગુણહીન પરમાણુવાળી અને કેટલીક અનન્તગુણહીન પરમાણુવાળી વર્ગણાઓ છે.

સંખ્યેયગુણહાનિમાં અસંખ્યેયભાગ અને સંખ્યેયભાગહાનિ વર્જીને શેષ ત્રણ હાનિ સંભવે છે. તે આ પ્રમાણે—સંખ્યેયગુણહાનિવાળી પહેલી અને છેલ્લી વર્ગણાની વચમાં રહેલ વર્ગણાઓમાંની કેટલીક વર્ગણાઓ તેની પહેલી વર્ગણાની અપેક્ષાએ સંખ્યેયગુણહીન પરમાણુવાળી છે, કેટલીક સંખ્યેયગુણહીન પરમાણુવાળી અને કેટલીક અનન્તગુણહીન પરમાણુવાળી વર્ગણાઓ છે.

અસંખ્યેયગુણહાનિમાં અસંખ્યેયગુણહાનિ અને અન્નતગુણહાનિ એમ બે જ હાનિ સંભવે

છે. તે આ પ્રમાણે—અસંખ્યેયગુણહાનિવાળી પહેલી અને છેલ્લી વર્ગણાઓની વચમાંની કેટલીક વર્ગણાઓ તેની પહેલી વર્ગણાની અપેક્ષાએ અસંખ્યેયગુણહીન પરમાણુવાળી છે, અને કેટલીક વર્ગણાઓ અનન્તગુણહીન પરમાણુવાળી છે.

અનન્તગુણહાનિમાં તો અનન્તગુણહાનિ એક જ ઘટે છે. કારણ કે અનન્તગુણહાનિવાળી વર્ગણાઓમાં પહેલેથી આરંભી દરેક વર્ગણાઓ અનન્તગુણહીન પરમાણુવાળી જ હોય છે. આ પ્રમાણે પરંપરોપનિધાનો વિચાર કર્યો. ૨૩

હવે અલ્પબહુત્વ કહે છે—

थोवाओ वग्गणाओ पढमहाणीए उवरिमासु कमा ।
होंति अणंतगुणाओ अणंतभागो पएसाणं ॥२४॥

स्तोका वर्गणाः प्रथमहानावुपरिमासु क्रमेण ।
भवन्त्यनन्तगुणा अनन्तभागः प्रदेशानाम् ॥२४॥

અર્થ—પ્રથમહાનિમાં વર્ગણાઓ અલ્પ છે અને ઉપરની હાનિઓમાં અનુક્રમે અનન્ત અનન્તગુણ વર્ગણાઓ હોય છે. અને પ્રદેશોનો અનન્તમો ભાગ હોય છે.

ટીકાનુ૰—પહેલી અસંખ્યાતભાગહાનિમાં વર્ગણાઓ અલ્પ છે, તેનાથી સંખ્યાતભાગહાનિમાં અનન્તગુણી વર્ગણાઓ છે, તેનાથી સંખ્યેયગુણહાનિમાં અનન્તગુણી વર્ગણાઓ છે, તે કરતાં અસંખ્યેયગુણહાનિમાં અનન્તગુણી વર્ગણાઓ છે અને તેનાથી અનન્તગુણહાનિમાં અનન્તગુણી વર્ગણાઓ છે.

પ્રદેશોની અપેક્ષાએ તો અનન્તમો ભાગ છે. તે આ પ્રમાણે—અસંખ્યેયભાગહાનિમાં પુદ્ગલો ઘણાં છે. તેનાથી સંખ્યેયભાગહાનિમાં અનન્તમો ભાગ માત્ર પુદ્ગલો છે. તે કરતાં અસંખ્યેયગુણહાનિમાં અનન્તમો ભાગ છે, તેનાથી અસંખ્યેયગુણહાનિમાં અનન્તમો ભાગ છે અને તે કરતાં અનન્તગુણહાનિમાં અનન્તમો ભાગ માત્ર પુદ્ગલો હોય છે. કારણ કે જેમ જેમ રસ વધે છે તેમ તેમ તેવા તેવા રસવાળાં પુદ્ગલો તથાસ્વભાવે ઓછા ઓછા થતા જાય છે. તેથી ઉપર ઉપર ચડતા ચડતા રસવાળી વર્ગણાઓમાં પુદ્ગલ પરમાણુઓ ઓછા ઓછા કહ્યા છે. આ પ્રમાણે સ્નેહપ્રત્યયસ્પર્દ્ધકનું સવિસ્તર સ્વરૂપ કહ્યું.

આ જગતમાં સ્નેહપ્રત્યયસ્પર્દ્ધક વચમાં એક એક સ્નેહાણુની વૃદ્ધિનો વિચ્છેદ નહિ થતો હોવાથી એક જ થાય છે. એક એક અધિક ચડતા ચડતા સ્નેહાણુવાળી વર્ગણાઓનો જે સમુદાય તે સ્પર્દ્ધક કહેવાય છે, અને એક એક ચડતા સ્નેહાણુનો જે વિચ્છેદ તે સ્પર્દ્ધકનો અન્ત કહેવાય છે. કહ્યું છે કે—'રૂપોત્તરવૃદ્ધિનો જે વિચ્છેદ તે સ્પર્દ્ધકનો અન્ત કહેવાય છે.' અહીં જઘન્યથી આરંભી ઉત્કૃષ્ટ સ્નેહાણુવાળી છેલ્લી વર્ગણા પર્યંત એક એક ચડતા સ્નેહાણુવાળી વર્ગણા મળે છે, પરંતુ વચમાં એક એક ચડતા સ્નેહાણુનો વિચ્છેદ થતો નથી માટે ઘણા સ્પર્દ્ધક થતા નથી, એક જ સ્પર્દ્ધક થાય છે. ૨૪

હવે નામપ્રત્યયસ્પર્દ્ધકનું સ્વરૂપ કહે છે. તેના વિષયમાં આઠ અનુયોગદ્વાર છે. તે આ

પ્રમાણે—૧. અવિભાગપ્રરૂપણા, ૨. વર્ગણાપ્રરૂપણા, ૩. સ્પર્દ્ધકપ્રરૂપણા, ૪. અંતરપ્રરૂપણા, ૫. વર્ગણાપુદ્‌ગલગતસ્નેહાવિભાગ સકલ સમુદાયપ્રરૂપણા, ૬. સ્થાનપ્રરૂપણા, ૭. કંડકપ્રરૂપણા, ૮. અને ષટ્‌સ્થાનપ્રરૂપણા. તેમાં પ્રથમ અવિભાગ પ્રરૂપણા કહે છે—

पंचण्ह सरीराणं परमाणूणं मईए अविभागो ।
कप्पियगाणेगंसो गुणाणु भावाणु वा होज्जा ॥२५॥

पञ्चानां शरीराणां परमाणूनां मत्याऽविभागः ।
कल्पितकानामेकांशो गुणाणुर्भावाणुर्वा भवेत् ॥२५॥

અર્થ—પાંચ શરીરોના પરમાણુઓના સ્નેહનો બુદ્ધિરૂપ શસ્ત્રથી વિભાગ કરવો. તેમાંનો જે એક અંશ તે ગુણાણુ અથવા ભાવાણુ થાય—કહેવાય.

ટીકાનુ૦—યથાયોગ્ય રીતે પંદર બંધનનામકર્મ વડે બંધયોગ્ય ઔદારિકાદિ પાંચ શરીરના પરમાણુઓમાં રહેલા સ્નેહના કેવળીની બુદ્ધિરૂપ શસ્ત્રથી એકના બે અંશ ન થાય એવી રીતે કરાયેલા અંશોમાંનો જે એક અંશ તે ગુણાણુ, ગુણપરમાણુ, અથવા ભાવપરમાણુ કહેવાય છે. આ પ્રમાણે અવિભાગનું સ્વરૂપ કહ્યું. ૨૫

હવે વર્ગણાનું સ્વરૂપ કહે છે—

जे सव्वजहन्नगुणा जोग्गा तणुबंधणस्स परमाणु ।
तेवी उ संखासंखा गुणपलिभागे अइक्कंता ॥२६॥

ये सर्वजघन्यगुणा योग्यास्तनुबन्धनस्य परमाणवः ।
तेऽपि तु संख्येयासंख्येयान् गुणपरिभागानतिक्रम्य ॥२६॥

અર્થ—શરીર બંધનનામકર્મને યોગ્ય ઓછામાં ઓછા સ્નેહાણુવાળા જે પરમાણુઓ છે તે પણ સંખ્યાતા, અસંખ્યાતા અને તુ શબ્દથી અનંતાનંત સ્નેહાણુવાળા પરમાણુઓને ઓળંગીને હોય છે.

ટીકાનુ૦—પંદર બંધનનામકર્મને યોગ્ય જે પુદ્‌ગલો છે એટલે કે શરીરયોગ્ય જે પુદ્‌ગલોનો બંધનનામકર્મના ઉદયથી આત્મા સાથે સંબંધ થાય છે તેમાં ઓછામાં ઓછા પણ સંખ્યાતા, અસંખ્યાતા કે અનંતા સ્નેહાણુવાળા પરમાણુઓ હોતા નથી પરંતુ અનંતાનંત સ્નેહાણુવાળા પરમાણુઓ હોય છે.

તાત્પર્ય આ પ્રમાણે—એક સ્નેહાવિભાગ યુક્ત પુદ્‌ગલો શરીરયોગ્ય થતા નથી એટલે કે ઔદારિક ઔદારિકાદિ પંદર બંધનમાંથી કોઈપણ બંધનના વિષયભૂત થતા નથી, એ જ પ્રમાણે બે સ્નેહાણુવાળા, ત્રણ સ્નેહાણુવાળા, એ જ ક્રમે વધતા વધતા સંખ્યાતા સ્નેહાણુવાળા, અસંખ્યાતા કે અનન્તા સ્નેહાણુવાળાં પુદ્‌ગલો પણ બંધનના વિષયભૂત થતાં નથી. પરંતુ અનંતાનંત-સર્વજીવથી અનંતગુણ સ્નેહાણુઓથી યુક્ત પરમાણુઓ બંધનનો વિષય થાય છે. સર્વજીવોથી અનંતગુણ સ્નેહાણુવાળાં પુદ્‌ગલોનો જ બંધનનામકર્મના ઉદયથી આત્મા સાથે સંબંધ

થાય છે.

તે જ હકીકત કહે છે—

सव्वजियाणंतगुणेण जे उ नेहेण पोग्गला जुत्ता ।
ते वग्गणा उ पढमा बंधणनामस्स जोग्गाओ ॥२७॥

सर्वजीवानन्तगुणेन ये तु स्नेहेन पुद्गला युक्ताः ।
ते वर्गणा तु प्रथमा बन्धननाम्नो योग्या ॥२७॥

અર્થ—સર્વજીવોથી અનન્તગુણ સ્નેહયુગ્ત જે પુદ્ગલો છે તેઓનો જે સમૂહ તે બંધનનામકર્મને યોગ્ય પહેલી વર્ગણા છે.

ટીકાનુ૦—સર્વજીવોથી અનન્તગુણ સ્નેહાવિભાગ વડે યુક્ત જે પુદ્ગલો હોય છે, તેઓનો જે સમૂહ તે પહેલી જઘન્યવર્ગણા છે. આવી વર્ગણાઓ ઔદારિક ઔદારિક બંધનનામકર્મને યોગ્ય થાય છે. એટલે કે આટલા સ્નેહાણુવાળા પરમાણુઓની બનેલી વર્ગણાઓને ગ્રહણ કરીને બંધનનામકર્મના ઉદયથી આત્મા પોતાની સાથે જોડે છે. તે કરતાં અલ્પ સ્નેહાણુવાળી વર્ગણાઓને જોડતો નથી. એક અધિક સ્નેહાણુવાળાં પુદ્ગલોના સમૂહની બીજી વર્ગણા, બે અધિક સ્નેહાણુવાળાં પુદ્ગલોના સમૂહની ત્રીજી વર્ગણા, આ પ્રમાણે એક એક રસાણુએ વધતી નિરંતર વર્ગણાઓ ત્યાં સુધી કહેવી યાવત્ અભવ્યથી અનન્તગુણ અથવા સિદ્ધોના અનંતમા ભાગ પ્રમાણ થાય. ૨૭

તે જ કહે છે—

अविभागुत्तरियाओ सिद्धाणमणंतभागतुल्लाओ ।

अविभागोत्तराः सिद्धानामनन्तभागतुल्याः ।

અર્થ—એક એક સ્નેહાણુથી વધતી વર્ગણાઓ ત્યાં સુધી કહેવી યાવત્ અભવ્યથી અનંતગુણ અથવા સિદ્ધોના અનંતમા ભાગપ્રમાણ થાય. ચડતા ચડતા સ્નેહાણુવાળી અભવ્યથી અનંતગુણ વર્ગણા થાય છે. આ પ્રમાણે વર્ગણાનું સ્વરૂપ કહ્યું.

હવે સ્પર્દ્ધકનું સ્વરૂપ કહે છે—

ताओ फड्डगमेगं

ताः स्पर्द्धकमेकम्

અર્થ—સમુદિત તે વર્ગણાઓ સ્પર્દ્ધક કહેવાય છે.

ટીકાનુ૦—એક એક સ્નેહાણુ વધારતાં અભવ્યથી અનંતગુણપર્યંત નિરંતર વર્ગણાઓ થાય છે. ત્યારપછી એક એક સ્નેહાવિભાગ વડે વધતી વર્ગણા થતી નથી, તેથી અનંતરોક્ત વર્ગણાઓના સમૂહનું સ્પર્દ્ધક થાય છે. આ પ્રમાણે સ્પર્દ્ધક કોને કહેવાય તે કહ્યું.

હવે અંતરપ્રરૂપણા કહે છે—

अणंतविवराइं इय भूय ॥२८॥

अनन्तविवराणीति भूयः ॥२८॥

અર્થ—અનન્તવિવરવાળાં સ્પર્દ્ધકો થાય છે. આ પ્રમાણે વારંવાર કહેવું.

ટીકાનુ૰—સર્વજીવો કરતાં અનન્તગુણ સ્નેહાણુરૂપ વિવરવાળાં-અપાંતરાલવાળાં સ્પર્દ્ધકો થાય છે. એનો વિશેષ વિચાર આ પ્રમાણે—પ્રથમ સ્પર્દ્ધકની છેલ્લી વર્ગણાથી આગળ એક સ્નેહાવિભાગ અધિક કોઈ પરમાણુઓ નથી, બે સ્નેહાણુ અધિક પરમાણુઓ નથી, તે જ પ્રમાણે ત્રણ, ચાર, સંખ્યાતા, અસંખ્યાતા કે અનંતા સ્નેહાણુ અધિક પરમાણુઓ નથી, પરંતુ સર્વ જીવોથી અનંતગુણ સ્નેહાણુ વડે અધિક પરમાણુઓ હોય છે. સમાન સ્નેહાણુવાળા તેઓનો જે સમુદાય તેને બીજા સ્પર્દ્ધકની પહેલી વર્ગણા કહેવામાં આવે છે. તે બીજા સ્પર્દ્ધકની પહેલી વર્ગણામાં પહેલા સ્પર્દ્ધકની પહેલી વર્ગણામાં જેટલા સ્નેહાણુ છે તે કરતાં બમણા સ્નેહાણુઓ હોય છે. તે કરતાં એક અધિક સ્નેહાણુવાળા પરમાણુઓનો જે સમુદાય તે બીજી વર્ગણા, તેનાથી એક અધિક પરમાણુઓના સમુદાયની ત્રીજી વર્ગણા, આ પ્રમાણે એક એક સ્નેહાવિભાગથી અધિક નિરંતર વર્ગણાઓ ત્યાં સુધી કહેવી યાવત્ અભવ્યથી અનન્તગુણ અને સિદ્ધોના અનંતમાભાગપ્રમાણ થાય. તેઓનો જે સમુદાય તે બીજું સ્પર્દ્ધક થાય છે.

બીજા સ્પર્દ્ધકની છેલ્લી વર્ગણાથી એક સ્નેહાવિભાગ અધિક પરમાણુઓ નથી, બે સ્નેહાવિભાગ-અધિક પરમાણુઓ નથી, ત્રણ અધિક નથી, તે જ ક્રમે વધતા સંખ્યાતા કે અસંખ્યાતા કે અનંતા સ્નેહાવિભાગ અધિક પરમાણુઓ નથી પરંતુ સર્વજીવોથી અનન્તગુણ સ્નેહાણુ યુક્ત પરમાણુઓ હોય છે. સમાન સ્નેહાણુવાળા તેઓનો જે સમુદાય તે ત્રીજા સ્પર્દ્ધકની પહેલી વર્ગણા થાય છે. તેની અંદર પહેલા સ્પર્દ્ધકની પહેલી વર્ગણાથી ત્રણ ગુણા સ્નેહાવિભાગો હોય છે. તેનાથી એક સ્નેહાણુ અધિક પરમાણુઓના સમુદાયની બીજી વર્ગણા, બે સ્નેહાણુ અધિક પરમાણુઓની ત્રીજી વર્ગણા, એ પ્રમાણે એક એક વધારતાં ત્યાં સુધી કહેવું કે અભવ્યથી અનંતગુણ અને સિદ્ધોના અનંતમા ભાગ પ્રમાણ નિરંતર વર્ગણાઓ થાય. તેઓનો જે સમુદાય તે ત્રીજું સ્પર્દ્ધક થાય છે.

ત્રીજા સ્પર્દ્ધકની છેલ્લી વર્ગણાથી એક અધિક સ્નેહાણુવાળા પરમાણુઓ નથી, બે અધિક સ્નેહાણુવાળા પરમાણુઓ નથી. ત્રણ અધિક સ્નેહાણુવાળા પરમાણુઓ નથી, એ જ ક્રમે વધતા સંખ્યાતા, અસંખ્યાતા કે અનંતા અધિક સ્નેહાણુ યુક્ત પરમાણુઓ નથી, પરંતુ સર્વજીવોથી અનંતગુણ અધિક સ્નેહાવિભાગ યુક્ત પરમાણુઓ હોય છે. સમાન સ્નેહાણુવાળા તેઓનો જે સમુદાય તે ચોથા સ્પર્દ્ધકની પહેલી વર્ગણા થાય છે. ચોથા સ્પર્દ્ધકની પહેલી વર્ગણામાં પહેલા સ્પર્દ્ધકની પહેલી વર્ગણાથી ચાર ગુણા સ્નેહાવિભાગો હોય છે. આ પ્રમાણે પહેલા સ્પર્દ્ધકની પહેલી વર્ગણાના સ્નેહાવિભાગની અપેક્ષાએ જેટલામા સ્પર્દ્ધકનો વિચાર કરીએ તેની અંદર તેટલા ગુણા સ્નેહાણુઓ હોય છે. જેમકે પાંચમા, દશમા, વીસમા, હજારમા કે લાખમા સ્પર્દ્ધકની પહેલી વર્ગણામાં પહેલા સ્પર્દ્ધકની પહેલી વર્ગણાના સ્નેહાણુઓથી પાંચગુણા, દશગુણા, વીસગુણા, હજારગુણા કે લાખગુણા સ્નેહાણુઓ હોય છે. ૨૮

એ જ સ્પષ્ટ કરે છે—

जइमं इच्छसि फड्डुं तत्तिय संखाए वग्गणा पढमा ।
गुणिया तस्साइल्ला रूबुत्तरियाओ अण्णाओ ॥२९॥

यतिममिच्छसि स्पर्द्धकं तत्संख्यया वर्गणा प्रथमा ।
गुणिता तस्यादिमा रूपोत्तरा अन्याः ॥२९॥

અર્થ—જેટલામા સ્પર્દ્ધકની પહેલી વર્ગણાના સ્નેહાણુની સંખ્યા જાણવા તું ઇચ્છે તે સંખ્યા સાથે પહેલા સ્પર્દ્ધકની પહેલી વર્ગણાના સ્નેહાણુને ગુણતાં જે આવે તે તેટલામા સ્પર્દ્ધકની પહેલી વર્ગણામાં સ્નેહાણુની સંખ્યા થાય. એક એક રૂપાદિથી અધિક અન્ય અન્ય અનંત વર્ગણાઓ થાય છે.

ટીકાનુ૰—જે સંખ્યાવાળા સ્પર્દ્ધકની પહેલી વર્ગણાના સ્નેહાણુની સંખ્યા જાણવાની જિજ્ઞાસા થાય તે સંખ્યા સાથે પહેલા સ્પર્દ્ધકની પહેલી વર્ગણામાં રહેલા સ્નેહાવિભાગોને ગુણતાં જેટલા આવે તેટલા સ્નેહાણુઓ વિવક્ષિત સ્પર્દ્ધકની પહેલી વર્ગણામાં હોય છે. જેમકે લાખંમા સ્પર્દ્ધકની પહેલી વર્ગણામાંના સ્નેહાણુની સંખ્યા જાણવા ઇચ્છનારે તે લાખની સંખ્યા સાથે પહેલા સ્પર્દ્ધકની પહેલી વર્ગણાના સ્નેહાણુને ગુણવા, જેટલા સ્નેહાણુ આવે તેટલા સ્નેહાણુ લાખમા સ્પર્દ્ધકની પહેલી વર્ગણામાં હોય છે, એટલે કે પહેલા સ્પર્દ્ધકની પહેલી વર્ગણાના સ્નેહાણુથી લાખગુણા સ્નેહાણુઓ હોય છે. ત્યારપછી તે પહેલી વર્ગણાથી એક એક સ્નેહાવિભાગ વડે અધિક સ્પર્દ્ધકની સમાપ્તિ પર્યંત અનંતવર્ગણા થાય છે.

પહેલા સ્પર્દ્ધકની પહેલી વર્ગણાના સ્નેહાણુઓથી બીજા સ્પર્દ્ધકની પહેલી વર્ગણામાં બે ગુણા, ત્રીજા સ્પર્દ્ધકની પહેલી વર્ગણામાં ત્રણ ગુણા વગેરે કહેવાથી એમ પ્રતિપાદન કર્યું કે સઘળા સ્પર્દ્ધકોમાં આંતરાઓ તુલ્ય છે. એટલે કે પહેલા સ્પર્દ્ધક અને બીજા સ્પર્દ્ધકની વચમાં જેટલા સ્નેહાણુનું અંતર છે, તેટલું જ બીજા અને ત્રીજા સ્પર્દ્ધકની વચમાં છે. તેટલું જ ત્રીજા અને ચોથા સ્પર્દ્ધકની વચ્ચે છે. એ પ્રમાણે દરેક સ્પર્દ્ધકમાં સમજવું.

આ વસ્તુને અસત્કલ્પનાથી સમજાવે છે. તે આ પ્રમાણે—પહેલા સ્પર્દ્ધકની પહેલી વર્ગણામાં અનન્ત સ્નેહાણુઓ હોય છે છતાં દશ સંખ્યાની કલ્પના કરે છે. એટલે કે પહેલી વર્ગણામાં દશ, બીજી વર્ગણામાં અગિયાર, ત્રીજીમાં બાર, ચોથીમાં તેર. આ ચાર વર્ગણાનો જે સમૂહ તે પહેલું સ્પર્દ્ધક. અહીંથી આગળ એકોત્તર વૃદ્ધિએ સ્નેહાવિભાગો હોતા નથી, પરંતુ સર્વ જીવોથી અનન્તગુણાધિક સ્નેહાણુઓ હોય છે. એ અસત્કલ્પનાએ વીસ. તે વીસ સ્નેહાણુઓ બીજા સ્પર્દ્ધકની પહેલી વર્ગણામાં હોય છે તે વીસ સ્નેહાણુઓ પહેલા સ્પર્દ્ધકની પહેલી વર્ગણા કરતાં બમણા થયા. બીજી વર્ગણામાં એકવીસ, ત્રીજીમાં બાવીસ, ચોથીમાં ત્રેવીસ. આ ચારનો સમુદાય તે બીજું સ્પર્દ્ધક અહીંથી આગળ એકોત્તર વૃદ્ધિએ સ્નેહાવિભાગો હોતા નથી, પરંતુ સર્વ જીવોથી અનન્તગુણાધિક સ્નેહાવિભાગો હોય છે. તે અસત્કલ્પનાએ ત્રીસ. આ ત્રીસ સ્નેહાણુઓ ત્રીજા સ્પર્દ્ધકની પહેલી વર્ગણામાં હોય છે. આ ત્રીસ સ્નેહાણુઓ પહેલા સ્પર્દ્ધકની પહેલી વર્ગણાના દશ સ્નેહાણુ કરતાં ત્રણ ગુણા થયા. આ પ્રમાણે દરેક સ્પર્દ્ધકની પહેલી વર્ગણામાં સમજવું. પહેલા સ્પર્દ્ધક અને બીજા સ્પર્દ્ધકની વચમાં ચૌદથી ઓગણીસ સુધી એમ છ સ્નેહાણુનું

અંતર છે. એ જ પ્રમાણે ચોવીસથી ઓગણત્રીસ સુધીના છ સ્નેહાણુનું અંતર બીજા અને ત્રીજા સ્પર્દ્ધકની વચમાં છે. એ પ્રમાણે છ છ સ્નેહાણુરૂપે આ અંતર સરખું છે. આ રીતે દરેક સ્પર્દ્ધકમાં અંતર સરખું સમજવાનું છે. અહીં સર્વ જીવથી અનન્તગુણ સંખ્યાને સ્થાને છની કલ્પના કરી છે. ૨૯

હવે કેટલા સ્પર્દ્ધકો થાય છે અને આંતરાં કેટલાં હોય છે તે કહે છે—

अभवाणंतगुणाइं फड्डाइं अंतरा उ रूवूणा !
दोण्णंतरवुड्डिओ परंपरा होंति सव्वाओ ॥३०॥

अभव्यानन्तगुणानि स्पर्द्धकान्यन्तराणि तु रूपोनानि ।
द्वे अनन्तरवृद्धी परम्परया भवन्ति सर्व्वाः ॥३०॥

અર્થ—સ્પર્દ્ધકો અભવ્યથી અનન્તગુણ થાય છે અને આંતરાઓ એક ન્યૂન થાય છે. અનન્તર બે વૃદ્ધિ થાય છે અને પરંપરાએ સઘળી વૃદ્ધિ થાય છે.

ટીકાનુ૦—અભવ્યથી અનન્તગુણ અને સિદ્ધોના અનન્તમા ભાગ પ્રમાણ સ્પર્દ્ધકો થાય છે. અને આંતરાઓ સ્પર્દ્ધકની અપેક્ષાએ એક ન્યૂન થાય છે. જેમકે ચારના આંતરા ત્રણ જ થાય છે, એમ અહીં પણ સમજી લેવું. તથા વર્ગણાઓમાં આનન્તર્ય—પૂર્વ પૂર્વથી ઉત્તર ઉત્તરની અપેક્ષાએ બે વૃદ્ધિ થાય છે. ૧. એક એક અવિભાગવૃદ્ધિ, ૨. અનંતાનંત અવિભાગવૃદ્ધિ. તેમાં એક એક અવિભાગની વૃદ્ધિ સ્પર્દ્ધકની અંદર રહેલ વર્ગણાઓમાં ઉત્તરોત્તર સમજવી અને અનંતાનંત અવિભાગની વૃદ્ધિ પૂર્વના સ્પર્દ્ધકની છેલ્લી વર્ગણાની અપેક્ષાએ પછીના સ્પર્દ્ધકની પહેલી વર્ગણામાં સમજવી.

પરંપરાવૃદ્ધિ પહેલા સ્પર્દ્ધકની પહેલી વર્ગણાની અપેક્ષાએ છએ પ્રકારે સમજવી, તે આ પ્રમાણે—૧. અનન્તભાગવૃદ્ધિ, ૨. અસંખ્યાતભાગવૃદ્ધિ, ૩. સંખ્યાતભાગવૃદ્ધિ, ૪. સંખ્યાતગુણવૃદ્ધિ, ૫. અસંખ્યાતગુણવૃદ્ધિ, અને ૬. અનન્તગુણવૃદ્ધિ. પહેલા સ્પર્દ્ધકની પહેલી વર્ગણાની અપેક્ષાએ કેટલીક વર્ગણા અનન્તભાગાધિક સ્નેહાણુવાળી, કેટલીક અસંખ્યાતભાગાધિક સ્નેહાણુવાળી અને કેટલીક સંખ્યાતભાગાધિક સ્નેહાણુવાળી હોય છે. આ પ્રમાણે દરેક સ્પર્દ્ધકમાં રહેલી વર્ગણાની અપેક્ષાએ ત્રણ વૃદ્ધિ થાય છે.

પહેલા સ્પર્દ્ધકની પહેલી વર્ગણાની અપેક્ષાએ પહેલા સ્પર્દ્ધકથી આરંભી સંખ્યાતા સ્પર્દ્ધક પર્યંત તે દરેકની પહેલી પહેલી વર્ગણામાં સંખ્યાતગુણા સ્નેહાણુઓ હોય છે. ત્યારપછી અસંખ્યાતા સ્પર્દ્ધક પર્યંત તે દરેકની પહેલી પહેલી વર્ગણામાં અસંખ્યાતગુણા અને ત્યારપછીના અનન્તસ્પર્દ્ધક પર્યંત તે દરેકની પહેલી પહેલી વર્ગણામાં અનંતગુણ સ્નેહાણુઓ હોય છે. આ પરંપરાવૃદ્ધિ પહેલા સ્પર્દ્ધકની પહેલી વર્ગણાની અપેક્ષાએ ત્યારપછીના કોઈપણ સ્પર્દ્ધકની પહેલી વર્ગણામાં થાય છે એમ સમજવું. આ પ્રમાણે અંતર પ્રરૂપણા કરી.

હવે વર્ગણામાં રહેલા કુલ પરમાણુઓના સ્નેહાવિભાગો સરવાળે કેટલા હોય છે તેનો વિચાર કરે છે, તે આ પ્રમાણે—પહેલા શરીરસ્થાનના પહેલા સ્પર્દ્ધકની પહેલી વર્ગણામાં કુલ

સ્નેહાવિભાગો અલ્પ હોય છે. તે કરતાં બીજા શરીરસ્થાનના પહેલા સ્પર્દ્ધકની પહેલી વર્ગણામાં અનંતગુણા સ્નેહાણુઓ હોય છે. તેનાથી ત્રીજા શરીરસ્થાનની પહેલી વર્ગણામાં અનંતગુણા સ્નેહાણુઓ જાણવા. આ પ્રમાણે ઉત્તરોત્તર દરેક શરીરસ્થાનની પહેલી વર્ગણામાં અનંતગુણ અનંતગુણ સ્નેહાણુઓ સમજવા. ૩૦.

હવે શરીરસ્થાનનું જ સ્વરૂપ કહે છે—

पढमाउ अणंतेहिं सरीरठाणं तु होइ फड्डेहिं ।
तयणंतभागबुड्ढी कंडकमित्ता भवे ठाणा ॥३१॥

प्रथमात्तु अनन्तैः शरीरस्थानं तु भवति स्पर्द्धकैः ।
तदनन्तभागवृद्धानि कण्डकमात्राणि भवेयुः स्थानानि ॥३१॥

અર્થ—પહેલા સ્પર્દ્ધકથી આરંભી અનંત સ્પર્દ્ધકો વડે પહેલું શરીરસ્થાન થાય છે. ત્યારપછીના તેના અનંતમાભાગ વડે વધેલા કંડક સંખ્યા પ્રમાણે સ્થાનકો થાય છે.

ટીકાનુ૦—પહેલા સ્પર્દ્ધકથી આરંભીને અનંત સ્પર્દ્ધકોનું પહેલું શરીરસ્થાન[1] થાય છે. *અનંત સ્પર્દ્ધકના સમૂહને શરીરસ્થાન કહેવાય છે. પહેલા શરીરસ્થાનકના સ્પર્દ્ધકોની અપેક્ષાએ* અનંતભાગાધિક સ્પર્દ્ધકો વડે બીજું શરીરસ્થાન થાય છે. તેના અનંતભાગાધિક સ્પર્દ્ધકો વડે ત્રીજું શરીરસ્થાન થાય છે. આ પ્રમાણે પૂર્વ પૂર્વ શરીરસ્થાનકની અપેક્ષાએ ઉત્તરોત્તર અનંતભાગાધિક સ્પર્દ્ધકોવાળાં કંડક પ્રમાણ શરીરસ્થાનકો થાય છે. કંડક એ એક સંખ્યાનું નામ છે. એક આંગળના અસંખ્યાતમા ભાગમાં જેટલા આકાશપ્રદેશો હોય તેટલી સંખ્યાને શાસ્ત્રમાં કંડક કહે છે. આ રીતે કંડક પ્રરૂપણા કરી.

હવે ષટ્સ્થાનકનો વિચાર કરે છે—

एकं असंखभागुत्तरेण पुण णंतभागवुड्ढिए ।
कंडकमेत्ता ठाणा असंखभागुत्तरं भूय ॥३२॥
एवं असंखभागुत्तराणि ठाणाणि कंडमेत्ताणि ।

एकमसंख्यभागोत्तरेण पुनरनन्तभागवृद्ध्या ।
कण्डकमात्राणि स्थानानि असंख्यभागोत्तरं भूयः ॥३२॥
एवमसंख्यभागोत्तराणि स्थानानि कण्डकमात्राणि ।

અર્થ—અનંતભાગવૃદ્ધિનું કંડક થયા પછી એક વાર અસંખ્યાતભાગવૃદ્ધિ થાય છે. ત્યારપછી અનંતભાગવૃદ્ધિનાં કંડક જેટલાં સ્થાનો થાય છે. ત્યારપછી ફરી અસંખ્યાતભાગવૃદ્ધિનું એક સ્થાન થાય છે. એ પ્રમાણે અસંખ્યાતભાગવૃદ્ધિનાં સ્થાનો કંડક જેટલાં થાય છે.

---

૧. કોઈપણ એક સમયે ગ્રહણ કરાયેલ પુદ્ગલોના સ્નેહનો જે વિચાર તે શરીરસ્થાન કહેવાય છે. વિવક્ષિત સમયે ગ્રહણ કરાયેલ વર્ગણાઓના સ્નેહનો વિચાર કોઈપણ એક શરીરસ્થાનમાં થાય છે.

ટીકાનુ૰—પૂર્વ પૂર્વ શરીરસ્થાનોના સ્પર્દ્ધકની અપેક્ષાએ ઉત્તરોત્તર શરીરસ્થાનોમાં અનંતમો ભાગ વધતાં સ્પર્દ્ધકોવાળાં શરીરસ્થાનકો એક કંડક જેટલાં થાય છે. ત્યારપછીનું જે શરીરસ્થાનક હોય તેની અંદર અનંતભાગવૃદ્ધ કંડકના છેલ્લા સ્થાનના સ્પર્દ્ધકોની અપેક્ષાએ અસંખ્યાતમા ભાગ અધિક સ્પર્દ્ધકો હોય છે. ત્યારપછીના વળી એક કંડક જેટલાં સ્થાનકો પૂર્વ પૂર્વ સ્થાનની અપેક્ષાએ અનંતભાગાધિક સ્પર્દ્ધકવાળાં થાય છે. ત્યારપછીનું જે શરીરસ્થાન હોય તે પૂર્વના શરીરસ્થાનથી અસંખ્યાતભાગાધિક સ્પર્દ્ધકવાળું હોય છે. ત્યારપછીનાં વળી એક કંડકપ્રમાણ સ્થાનો અનંતભાગાધિક સ્પર્દ્ધકવાળાં થાય છે. આ પ્રમાણે કંડકપ્રમાણ અનંતભાગાધિક સ્પર્દ્ધક વડે વ્યવહિત અસંખ્યાતભાગાધિક સ્પર્દ્ધકવાળાં શરીરસ્થાનકો પણ એક કંડકપ્રમાણ થાય છે. એટલે કે પહેલા અસંખ્યાતભાગવૃદ્ધ અને બીજા અસંખ્યાતભાગવૃદ્ધ શરીરસ્થાનની વચમાં અનંતભાગવૃદ્ધ સ્પર્દ્ધકવાળાં એક કંડક જેટલાં સ્થાનો થાય છે. આ પ્રમાણે બીજા અને ત્રીજાની વચમાં ત્રીજા અને ચોથાની વચમાં અનંતભાગવૃદ્ધ સ્પર્દ્ધકનું કંડક થાય છે. એ રીતે અસંખ્યાતભાગવૃદ્ધ સ્પર્દ્ધનું કંડક થાય છે. છેલ્લા અસંખ્યાતભાગવૃદ્ધ શરીરસ્થાનથી પછીનાં એક કંડક જેટલાં સ્થાનો અનંતભાગાધિક સ્પર્દ્ધકવાળાં થાય છે. ત્યારપછીનું જે શરીરસ્થાન થાય છે તેમાં પૂર્વના સ્થાન કરતાં સંખ્યાતમોભાગ અધિક સ્પર્દ્ધકો હોય છે. ૩૨.

તે જ હકીકત કહે છે—

संखेज्जभागवुड्ढं पुण अन्नं उट्ठए ठाणं ॥३३॥

संख्येयभागवृद्धं पुनरन्यदुत्तिष्ठते स्थानम् ॥३३॥

અર્થ—ત્યારપછી સંખ્યાતભાગવૃદ્ધ અન્યસ્થાને ઊઠે છે—થાય છે.

ટીકાનુ૰—અસંખ્યાતભાગવૃદ્ધ સ્પર્દ્ધકનું છેલ્લું સ્થાન થયા પછી એક કંડક જેટલાં સ્થાનો અનંતભાગવૃદ્ધ સ્પર્દ્ધકવાળાં થાય છે. ત્યારપછીનું સંખ્યાતભાગાધિક સ્પર્દ્ધકવાળું પહેલું એક શરીરસ્થાન થાય છે. ત્યારપછી શરૂઆતથી આરંભી જેટલાં સ્થાનો જે ક્રમે કહી ગયાં તેટલાં સ્થાનો તે જ ક્રમે કહેવાં. ત્યારપછી જે શરીરસ્થાન થાય તે પૂર્વ સ્થાનની અપેક્ષાએ સંખ્યાતભાગાધિક સ્પર્દ્ધકવાળું થાય છે. વળી પણ પહેલા અને બીજા સંખ્યાતભાગાધિક સ્થાનની વચમાં જે ક્રમે અને જેટલાં સ્થાનો કહ્યાં તે ક્રમે અને તેટલાં કહીને વળી ત્રીજું સંખ્યાતભાગાધિક સ્પર્દ્ધકવાળું સ્થાન થાય છે. આ પ્રમાણે સંખ્યેયભાગાધિક શરીરસ્થાનો પણ એક કંડક જેટલાં થાય છે. ૩૩.

એ જ કહે છે—

अमुयंतो तह पुव्वुत्तराइं एयंपि नेसु जा कंडं ।

अमुञ्चन् तथा पूर्वोत्तराणि एतदपि नेयं यावत्कण्डकम् ।

અર્થ—પૂર્વ તથા તેની પછીનાં સ્થાનોને નહિ છોડતા આ સંખ્યેયભાગાધિક સ્થાન પણ ત્યાં સુધી જાણવું કે તેનું કંડક પરિપૂર્ણ થાય.

ટીકાનુ૰—પહેલી વાર સંખ્યેયભાગવૃદ્ધ સ્થાન થયા પછી પહેલાના અનંતભાગવૃદ્ધ તથા

ત્યારપછીનાં અસંખ્યભાગવૃદ્ધ સ્થાનો જે ક્રમે પૂર્વે કર્યાં છે તે જ પ્રમાણે કરીને બીજું સંખ્યેયભાગવૃદ્ધ સ્થાન થાય. વળી પાછાં અનંત અને અસંખ્યેયભાગવૃદ્ધનાં બધાં સ્થાનો કરી ગયા પછી ત્રીજું સંખ્યેયભાગવૃદ્ધ સ્થાન થાય. આ પ્રમાણે કરતાં સંખ્યેયભાગવૃદ્ધ સ્થાનો પણ કંડક પ્રમાણ થાય.

છેલ્લું સંખ્યેયભાગવૃદ્ધસ્થાન થયા પછી અનંત અને અસંખ્યેયભાગવૃદ્ધનાં બધાં સ્થાનો કરી ગયા પછી સંખ્યેયગુણવૃદ્ધસ્થાન શરૂ થાય છે. એટલે કે અનંતર પૂર્વના સ્થાનમાં જેટલાં સ્પર્દ્ધક હોય છે તેનાથી સંખ્યાતગુણસ્પર્દ્ધકો સંખ્યેયગુણવૃદ્ધના પહેલા સ્થાનમાં હોય છે. ત્યારપછી શરૂઆતથી આરંભી અહીં સુધી જેટલાં સ્થાનો પહેલાં કહી ગયા તેટલાં સ્થાનો તે જ પ્રમાણે કહેવાં. ત્યારપછી બીજું સંખ્યેયગુણાધિક સ્પર્દ્ધકવાળું સ્થાન કહેવું. ત્યારપછી પણ એક અને બીજા સંખ્યેયગુણસ્થાનની વચ્ચે જે સ્થાનો કહ્યાં તે બધાં સ્થાનો તે જ પ્રમાણે કહેવાં. ત્યારપછી જ ત્રીજું સંખ્યેયગુણાધિકસ્થાન કહેવું. આ પ્રમાણે આ સંખ્યેયગુણાધિક સ્થાનો પણ ત્યાં સુધી કહેવાં યાવત્ તેનું કંડક પરિપૂર્ણ થાય.

છેલ્લું સંખ્યેયગુણાધિકસ્થાન કહ્યા પછી મૂળથી આરંભી પહેલા સંખ્યેયગુણવૃદ્ધસ્થાન પર્યંત જેટલાં સ્થાનો જે ક્રમે કહ્યાં તેટલાં તે જ પ્રમાણે કહેવાં. ત્યારપછી અસંખ્યેયગુણઅધિક સ્પર્દ્ધકવાળું પહેલું સ્થાન થાય છે. ત્યારપછી શરૂઆતથી આરંભી અહીં સુધી જેટલાં શરીરસ્થાનકો જે પ્રમાણે કહ્યાં છે તેટલાં તે જ પ્રમાણે કહીને બીજું અસંખ્યેયગુણાધિકસ્થાન થાય છે. ફરી તેટલાં જ કરી ગયા પછી ત્રીજું અસંખ્યેયગુણવૃદ્ધસ્થાન થાય છે. આ પ્રમાણે આ અસંખ્યેયગુણવૃદ્ધસ્થાનો પણ કંડક પ્રમાણ થાય છે.

છેલ્લા અસંખ્યેયગુણવૃદ્ધસ્થાન પછી મૂળથી આરંભી પહેલા અસંખ્યેયગુણવૃદ્ધસ્થાન પર્યંત જેટલાં સ્થાનો જે ક્રમે કહ્યાં તેટલાં તે જ પ્રમાણે કહેવાં. ત્યારપછી પૂર્વના અનંતર સ્થાનની અપેક્ષાએ અનંતગુણાધિક સ્પર્દ્ધકવાળું પહેલું શરીરસ્થાન થાય છે. ત્યારપછી મૂળથી આરંભી અહીં સુધી જેટલાં શરીરસ્થાનો પહેલાં કહ્યાં તેટલાં તે જ ક્રમે કહેવાં. ત્યારપછી બીજું અનંતગુણાધિક સ્પર્દ્ધકવાળું સ્થાન થાય છે. ત્યારપછી પહેલા અને બીજા અનંતગુણવૃદ્ધ સ્થાનની વચમાં જે સ્થાનો જે ક્રમે કહ્યાં તે જ પ્રમાણે સઘળાં કહીને અનંતગુણાધિક સ્પર્દ્ધકવાળું સ્થાન કહેવું. આ રીતે અનંતગુણાધિક શરીરસ્થાનનું કંડક પૂર્ણ થાય છે. છેલ્લી વાર અનંતગુણવૃદ્ધસ્થાન કહ્યા પછી મૂળથી આરંભી પહેલા અનંતગુણવૃદ્ધસ્થાન પર્યંત જે પંચ વૃદ્ધયાત્મક સ્થાનો કહ્યાં તે જ પ્રમાણે સઘળાં કહેવાં. પણ ત્યારપછી અનંતગુણવૃદ્ધસ્થાન ન કહેવું. કારણ કે અહીં પહેલું ષટ્સ્થાન સમાપ્ત થાય છે. આ પ્રમાણે આ પહેલું ષટ્સ્થાન થયું.

ત્યારપછી બીજું ષટ્સ્થાન શરૂ થાય છે. બીજા ષટ્સ્થાનની શરૂઆતમાં એક કંડક પ્રમાણ *અનંતભાગવૃદ્ધસ્થાનો થાય, ત્યારપછી અનંતભાગવૃદ્ધસ્થાનકંડકથી વ્યવહિત અસંખ્યભાગ-*વૃદ્ધસ્થાન કંડક જેટલાં થાય. આ રીતે પહેલા ષટ્સ્થાનકમાં જે ક્રમે કહ્યાં છે તે ક્રમે છએ વૃદ્ધિ થાય છે. અને બીજું ષટ્સ્થાનક પૂર્ણ થાય છે. બીજું પૂર્ણ થયા પછી ત્રીજું ઉપરના ક્રમે થાય છે. તેવાં અસંખ્યાતાં ષટ્સ્થાનકો થાય છે.

અસત્કલ્પનાએ ષટ્સ્થાનક યંત્ર

૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૪	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૪
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૪	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૪
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૫	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨

૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૪
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૪	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૪
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૪	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૫
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨

૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૪	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૪
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૪	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૪
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૫	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨

૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૪
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૪	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૪
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૪	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૫
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨

૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૪	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૪
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૪	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૪
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૩
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨
૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૫	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૧	૦૦૦૦૨

તે જ હકીકત કહે છે—

इय एयविहाणेणं छव्विहवुड्ढी उ ठाणेसु ॥३४॥

इति एतद्विधानेन षड्विधवृद्धिस्तु स्थानेषु ॥३४॥

અર્થ—ઉપર કહેલાં પ્રકાર વડે અનંતભાગ, અસંખ્યેયભાગ, સંખ્યેયભાગ, સંખ્યાતગુણ, અસંખ્યાતગુણ, અને અનંતગુણ રૂપ છએ પ્રકારની વૃદ્ધિ શરીરસ્થાનોમાં થાય છે. પહેલું ષટ્સ્થાન જે રીતે કહ્યું તે પ્રમાણે બીજાં અસંખ્યાતાં ષટ્સ્થાનો થાય છે અને અસંખ્યલોકાકાશ પ્રદેશપ્રમાણ શરીરસ્થાનો થાય છે. ૩૪.

તે જ બાબત કહે છે—

अस्संखलोगतुल्ला अणंतगुणरसजुया य इय ठाणा ।
कंडंति एत्थ भन्नइ अंगुलभागो असंखेज्जो ॥३५॥

असंख्यलोकतुल्यान्यनन्तगुणरसयुक्तानि चेति स्थानानि ।
कण्डकमित्यत्र भण्यते अङ्गुलभागोऽसंख्येयः ॥३५॥

અર્થ—આ પ્રમાણે અનન્તગુણસ્નેહવાળાં અસંખ્યાતા લોકાકાશ પ્રદેશપ્રમાણ શરીરસ્થાનો થાય છે. અહીં કંડક એ અંગુલના અસંખ્યાતમા ભાગની સંખ્યાને કહેવાય છે.

ટીકાનુ૦—અનન્તગુણ સ્નેહયુક્ત સ્થાનો સઘળાં મળીને પણ અસંખ્ય લોકાકાશ પ્રદેશપ્રમાણ થાય છે. ચ શબ્દ નહિ કહેલ વસ્તુનો સમુચ્ચય કરતો હોવાથી અસંખ્યેયગુણ સ્નેહાદિવાળાં પણ દરેક સ્થાનો અસંખ્ય લોકાકાશ પ્રદેશપ્રમાણ થાય છે એમ સમજવું. અહીં સ્થાનના વિચારમાં અંગુલના અસંખ્યાતમા ભાગમાં જેટલા આકાશપ્રદેશ હોય તે સંખ્યાને કંડક નામ આપેલ છે. એટલે કે તેટલી સંખ્યાની કંડક સંજ્ઞા છે.

હવે તે તે બંધનને યોગ્ય શરીરના પરમાણુઓનું અલ્પબહુત્વ કહે છે—ઔદારિક ઔદારિક બંધનયોગ્ય પુદ્ગલો અલ્પ છે, તેનાથી ઔદારિક તૈજસ બંધન યોગ્ય પુદ્ગલો અનંતગુણ છે, તેથી ઔદારિક કાર્મણ બંધનયોગ્ય પુદ્ગલો અનન્તગુણ છે, તેનાથી ઔદારિક તૈજસ કાર્મણ બંધનયોગ્ય પુદ્ગલ અનંતગુણ છે.

વૈક્રિય વૈક્રિય બંધન યોગ્ય પુદ્ગલો અલ્પ છે, તે કરતાં વૈક્રિય તૈજસ બંધનયોગ્ય પુદ્ગલો અનન્તગુણ છે, તેથી વૈક્રિય કાર્મણ બંધનયોગ્ય પુદ્ગલો અનન્તગુણ છે, તે કરતાં વૈક્રિય તૈજસ કાર્મણ બંધનયોગ્ય પુદ્ગલો અનંતગુણ છે.

આહારક આહારક બંધનયોગ્ય પુદ્ગલો અલ્પ છે, તે કરતાં આહારક તૈજસ બંધનયોગ્ય પુદ્ગલો અનંતગુણ છે, તેનાથી આહારક કાર્મણ બંધન યોગ્ય પુદ્ગલો અનન્તગુણ છે, તે કરતાં આહારક તૈજસ કર્મણ બંધનયોગ્ય પુદ્ગલો અનંતગુણ છે, તેથી તૈજસ તૈજસ બંધનયોગ્ય પુદ્ગલો અનન્તગુણ છે, તેનાથી તૈજસ કાર્મણ બંધન યોગ્ય પુદ્ગલો અનંતગુણ છે અને તેનાથી કાર્મણ કાર્મણ બંધનયોગ્ય પુદ્ગલો અનંતગુણ છે. એ પ્રમાણે નામપ્રત્યયસ્પર્દ્ધકનું

સ્વરૂપ કહ્યું. ૩૫.

હવે ક્રમપ્રાપ્ત પ્રયોગપ્રત્યયસ્પર્દ્ધકનું સ્વરૂપ કહે છે—તેની અંદર આઠ અનુયોગદ્વાર છે, તે આ પ્રમાણે—૧. અવિભાગપ્રરૂપણા, ૨. વર્ગણાપ્રરૂપણા, ૩. સ્પર્દ્ધકપ્રરૂપણા, ૪. અંતરપ્રરૂપણા, ૫. સ્થાનપ્રરૂપણા, ૬. કંડકપ્રરૂપણા, ૭. ષટ્સ્થાનકપ્રરૂપણા, અને ૮. વર્ગણાગતસ્નેહાવિભાગસકલસમુદાયપ્રરૂપણા. તેની અંદર પહેલાં તો પ્રયોગપ્રત્યય એ શબ્દનો અર્થ જ કહે છે—

होई पओगो जोगो तट्ठाणविवड्ढणाए जो उ रसो ।
परिवड्ढेइ जीवे पओगफड्डुं तयं बेंति ॥३६॥

भवति प्रयोगो योगः तत्स्थानविवृद्धया यस्तु रसः ।
परिवर्धते जीवे प्रयोगस्पर्द्धकं तकं ब्रुवन्ति ॥३६॥

અર્થ—પ્રયોગ એટલે યોગ-વીર્યવ્યાપાર. જીવ સંબંધી યોગસ્થાનની વૃદ્ધિ વડે જે રસ સ્પર્દ્ધકરૂપે પામે છે તે પ્રયોગપ્રત્યય સ્પર્દ્ધક કહેવાય છે.

ટીકાનુ૦—અહીં પ્રયોગ શબ્દ વડે યોગસ્થાન કહેવાય છે. તેની વૃદ્ધિ વડે કેવળ યોગનિમિત્તે બંધાયેલા કર્મપરમાણુઓમાં જે રસ સ્નેહસ્પર્દ્ધકરૂપે વધે છે—સ્પર્દ્ધકરૂપે પરિણામ પામે છે તે પ્રયોગપ્રત્યયસ્પર્દ્ધક કહેવાય છે. પહેલાં કહ્યું છે કે પુદ્ગલોના પરસ્પર સંબંધ થવામાં હેતુભૂત સ્નેહનો અહીં વિચાર છે. પરંતુ જે રસ જ્ઞાનાદિને ઓછા-વધતા પ્રમાણમાં દબાવે છે, અથવા જે ઓછા-વધતા પ્રમાણમાં સુખદુઃખાદિ ઉત્પન્ન કરે છે તે અનુભાગરસનો વિચાર અહીં નથી. તેનું સ્વરૂપ તો અનુભાગ બંધનું સ્વરૂપ કહેશે ત્યાં કહેશે. આ સંબંધે સ્વોપજ્ઞ ટીકામાં આ પ્રમાણે કહ્યું છે—'प्रकृष्टो वा योगो व्यापारः, तद्धेतुगृहीतपुद्गलस्नेहस्य प्ररूपणा प्रयोगस्पर्द्धक-प्ररूपणेति' તથા કર્મપ્રકૃતિમાં શ્રીમાન્ ઉપાધ્યાયજી મહારાજે આ પ્રમાણે લખ્યું છે—तत्र प्रयोगो योगः, प्रकृष्टो योग इति व्युत्पत्तेः, तत्स्थानवृद्धया यो रसः कर्मपरमाणुषु केवलयोगप्रत्ययतो बध्यमानेषु परिवर्धते स्पर्द्धकरूपतया तत्प्रयोगप्रत्ययं स्पर्द्धकम्. ત્યારપછી આ વિષયની પૂર્ણાહુતિ થયા બાદ પણ ચોવીસમી ગાથાના અવતરણમાં તેઓશ્રી જણાવે છે કે—'तदेवं कृता पुद्गलानां मिथः संबन्धहेतुभूतस्य स्नेहस्य प्ररूपणा.' આ ઉપરથી જણાશે કે અત્યાર સુધી પુદ્ગલોના પરસ્પર સંબંધ થવામાં હેતુભૂત સ્નેહનો જ વિચાર કર્યો છે. બંધનકરણના સામર્થ્યથી બંધાયેલ રસનો વિચાર અનુભાગ બંધનું સ્વરૂપ કહેશે ત્યાં કહેવાશે. ૩૬.

અવિભાગાદિની પ્રરૂપણા કરે છે—

अविभागवग्गफड्डुगअंतरठाणाइ एत्थ जइ पुव्विं ।
ठाणाइवग्गणाओ अणंतगुणणाए गच्छंति ॥३७॥

अविभागवर्गणास्पर्धकान्तरस्थानान्यत्र यथापूर्वम् ।
स्थानादिवर्गणा अनन्तगुणतया गच्छन्ति ॥३७॥

અર્થ—અવિભાગ, વર્ગણા, સ્પર્દ્ધક, અંતર, અને સ્થાનાદિનું સ્વરૂપ જેમ પહેલાં કહ્યું છે તેમ જાણવું. દરેક સ્થાનની આદિ વર્ગણામાં અનંતગુણ સ્નેહાણુઓ હોય છે.

ટીકાનુ૦—પ્રયોગપ્રત્યયસ્પર્દ્ધકના વિષયમાં અવિભાગનું સ્વરૂપ, વર્ગણાનું સ્વરૂપ, સ્પર્દ્ધકનું સ્વરૂપ, અંતરનું સ્વરૂપ, સ્થાનનું સ્વરૂપ, આદિ શબ્દથી કંડકનું સ્વરૂપ અને ષટ્સ્થાનકનું સ્વરૂપ નામપ્રત્યયસ્પર્દ્ધકની જેમ બરાબર સમજવાનું છે. આ રીતે આ દ્વારોના સંબંધમાં ભલામણ કરી.

હવે દરેક સ્થાનના પહેલા સ્પર્દ્ધકની પહેલી વર્ગણામાં સઘળાં પુદ્ગલોમાં રહેલા સ્નેહાણુઓ કેટલા હોય તેનો વિચાર કરે છે. પહેલા સ્થાનની પહેલી વર્ગણામાં રહેલાં સઘળાં પુદ્ગલોમાંના સઘળા સ્નેહાવિભાગો અલ્પ છે, તે કરતાં બીજા સ્થાનની પહેલી વર્ગણામાં અનન્તગુણ હોય છે. તેથી ત્રીજા સ્થાનની પહેલી વર્ગણામાં અનન્તગુણ હોય છે. આ પ્રમાણે પૂર્વ પૂર્વ સ્થાનની પહેલી પહેલી વર્ગણાથી ઉત્તરોત્તર સ્થાનની પહેલી પહેલી વર્ગણામાં અનન્ત અનન્તગુણ સ્નેહાવિભાગો છેલ્લા સ્થાનક પર્યંત કહેવા. ૩૭.

હવે અલ્પબહુત્વ કહે છે—

तिण्हंपि फड्डगाणं जहन्नउक्कोसगा कमा ठविउं ।
नेयाणंतगुणाओ वग्गणा णेहफड्डाओ ॥३८॥

त्रयाणामपि स्पर्द्धकानां जघन्योत्कृष्टाः क्रमेण स्थापयित्वा ।
ज्ञेया अनन्तगुणा वर्गणाः स्नेहस्पर्द्धकात् ॥३८॥

અર્થ—ત્રણે સ્પર્દ્ધકોની જઘન્ય અને ઉત્કૃષ્ટ વર્ગણા અનુક્રમે સ્થાપીને પહેલી સ્નેહપ્રત્યયવર્ગણાથી શેષ પછી પછીની વર્ગણાઓ અનન્તગુણ જાણવી.

ટીકાનુ૦—સ્નેહપ્રત્યય, નામપ્રત્યય, અને પ્રયોગપ્રત્યય એ ત્રણેની જઘન્ય અને ઉત્કૃષ્ટ વર્ગણા અનુક્રમે મૂકવી. મૂકીને પોતપોતાની પહેલી જઘન્ય વર્ગણાથી પોતપોતાની છેલ્લી ઉત્કૃષ્ટવર્ગણા અનુક્રમે અનન્તગુણ સમજવી. તે આ પ્રમાણે—સ્નેહપ્રત્યયસ્પર્દ્ધકની જઘન્ય વર્ગણામાં સ્નેહાવિભાગો અલ્પ છે, તે કરતાં તેની ઉત્કૃષ્ટવર્ગણામાં અનંતગુણ સ્નેહાણુઓ છે, તેથી નામપ્રત્યયસ્પર્દ્ધકની જઘન્યવર્ગણામાં અનન્તગુણા સ્નેહાવિભાગો હોય છે, તે કરતાં તેની જ ઉત્કૃષ્ટ વર્ગણામાં અનન્તગુણા સ્નેહાણુઓ હોય છે, તેથી પ્રયોગપ્રત્યયસ્પર્દ્ધકની જઘન્યવર્ગણામાં અનન્તગુણ સ્નેહાવિભાગો હોય છે, તેનાથી તેની જ ઉત્કૃષ્ટવર્ગણામાં અનંતગુણ સ્નેહાવિભાગો હોય છે. આ પ્રમાણે વિસ્તારથી સ્નેહનું સ્વરૂપ કહ્યું. ૩૮.

હવે બંધનકરણના સામર્થ્યથી બંધાતી મૂળ તથા ઉત્તરપ્રકૃતિઓનો વિભાગ બતાવવા માટે કહે છે—

अणुभागविसेसाओ मूलुत्तरपगइभेयकरणं तु ।
तुल्लस्सावि दलस्सा पगईओ गोणनामाओ ॥३९॥

अनुभागविशेषात् मूलोत्तरप्रकृतिभेदकरणं तुं ।
तुल्यस्यापि दलस्य प्रकृतयो गौणनामानः ॥३९॥

અર્થ—કર્મસ્વરૂપે સમાન દળવાળી છતાં સ્વભાવ-વિશેષથી મૂળ અને ઉત્તર પ્રકૃતિઓના ભેદો થાય છે. દરેક પ્રકૃતિઓ અન્વર્થ નામવાળી હોય છે.

ટીકાનુ૰—યાવજ્જીવપર્યંત આત્મા અધ્યવસાય વિશેષે સમયે સમયે અનંતી અનંતી કાર્મણવર્ગણાઓ ગ્રહણ કરે છે, અને ગ્રહણસમયે જ તે જ કાર્મણવર્ગણાના દલિકોમાં પરિણામાનુસાર જ્ઞાનાવારકત્વાદિરૂપ ભિન્ન ભિન્ન સ્વભાવો ઉત્પન્ન કરે છે. સ્વભાવભેદે વસ્તુનો ભેદ—જુદાપણું જણાય છે, જેમ ઘટ અને પટમાં. એ જ પ્રમાણે કર્મદલિકો કર્મસ્વરૂપે સમાન છતાં જ્ઞાનાવારકત્વાદિ ભિન્ન ભિન્ન સ્વભાવના ભેદે મૂળ અને ઉત્તર પ્રકૃતિઓના પણ ભિન્ન ભિન્ન પ્રકારો થાય છે. એટલે અહીં મૂળ અને ઉત્તર પ્રકૃતિઓના ભેદનું ઉપદર્શન કરાવવું કોઈપણ રીતે વિરુદ્ધ નથી.

સમયે સમયે ગ્રહણ કરાયેલી કાર્મણવર્ગણાઓમાં અધ્યવસાયાનુસાર ભિન્ન ભિન્ન સ્વભાવો આત્મા સ્વસામર્થ્યથી ઉત્પન્ન કરતો હોવાથી કર્મના મૂળ આઠ અને ઉત્તર એકસો અઠ્ઠાવન ભેદ થાય છે. અહીં અનુભાગ શબ્દ સ્વભાવ અર્થનો વાચક છે. કર્મપ્રકૃતિની ચૂર્ણિમાં લખ્યું છે કે 'अणुभागोत्ति सहावो' અહીં અનુભાગનો સ્વભાવ અર્થ છે.

મૂળ અને ઉત્તર સઘળી પ્રકૃતિઓ અન્વર્થનામવાળી છે. જેમકે—જે વડે જ્ઞાનગુણ દબાય તે જ્ઞાનાવરણ, જે વડે સુખ-દુઃખનો અનુભવ થાય તે વેદનીય, જે વડે મતિજ્ઞાન દબાય તે મતિજ્ઞાનાવરણ, જે વડે સુખનો અનુભવ થાય તે સાતાવેદનીય, ઇત્યાદિ. આ પ્રમાણે સઘળી મૂળ તથા ઉત્તર કર્મપ્રકૃતિઓ સાર્થક નામવાળી છે. અને તે સઘળી પ્રકૃતિઓનાં નામોની યથાર્થતા પહેલા ભાગમાં બંધવ્યદ્વારમાં દરેક કર્મપ્રકૃતિઓનું સ્વરૂપ વર્ણવતાં સવિસ્તર બતાવેલ છે, તેથી તે દરેક પ્રકૃતિઓના અર્થનો વિચાર અહીં કરતા નથી, એટલે પ્રકૃતિઓનું સ્વરૂપ જાણવા ઇચ્છનારાએ ત્રીજા બંધવ્ય દ્વારમાંથી જોઈ લેવું. ૩૯.

અહીં બંધનકરણમાં પ્રકૃતિબંધાદિનું સ્વરૂપ વિસ્તારપૂર્વક કહેવું જોઈએ માટે તેઓનું સ્વરૂપ કહે છે—

ठिइबंधु दलस्स ठिई पएसबंधो पएसगहणं जं ।
ताण रसो अणुभागो तस्समुदाओ पगइबंधो ॥४०॥

स्थितिबन्धो दलस्य स्थितिः प्रदेशबन्धः प्रदेशग्रहणं यत् ।
तेषां रसोऽनुभागः तत्समुदायः प्रकृतिबन्धः ॥४०॥

અર્થ—સ્થિતિબંધ એટલે દલિકની સ્થિતિ, પ્રદેશોનું જે ગ્રહણ તે પ્રદેશબંધ કહેવાય છે. તેઓનો જે રસ તે અનુભાગબંધ અને તેઓના સમુદાયને પ્રકૃતિબંધ કહેવામાં આવે છે.

ટીકાનુ૰—સમયે સમયે અધ્યવસાય વિશેષે અનંતાનંત કાર્મણવર્ગણાઓને આત્મા ગ્રહણ કરે છે અને તેઓને પાણી અને દૂધની જેમ અથવા અગ્નિ અને લોહની જેમ પોતાની સાથે જોડી

દે છે. આ પ્રદેશબંધ કહેવાય છે.

તેઓના કાળનો જે નિશ્ચય એટલે કે અમુક કર્મરૂપે પરિણમેલી વર્ગણાઓનું ફળ અમુક કાળપર્યંત અનુભવશે એવો જે નિર્ણય તે સ્થિતિબંધ કહેવાય છે. કોઈપણ કર્મરૂપે પરિણામ પામેલી વર્ગણાઓનું ફળ ક્રમપૂર્વક અનુભવાય માટે તેઓની જે ગોઠવણ-રચના થાય છે તેને નિષેક રચના કહેવામાં આવે છે. વિવક્ષિત સમયે પરિણામાનુસાર જેટલો સ્થિતિબંધ થયો હોય તેના પ્રમાણમાં અબાધાકાલ છોડીને નિષેક રચના થાય છે અને રચનાને અનુસરી ફળનો અનુભવ કરે છે. આવા કર્મવર્ગણાઓના કાલપ્રમાણને સ્થિતિબંધ કહેવામાં આવે છે.

ઓછાવત્તા પ્રમાણમાં આત્માના ગુણોને દબાવી શકે તેમજ ઓછાવત્તા પ્રમાણમાં સુખ-દુઃખાદિ આપી શકે એવી પરિણામને અનુસરીને કર્મપરમાણુઓમાં જે શક્તિ ઉત્પન્ન થાય છે તે રસબંધ કહેવાય છે.

તે ત્રણેના સમુદાયને પ્રકૃતિબંધ[1] કહેવામાં આવે છે. સ્થિતિ, રસ અને પ્રદેશનો સમુદાય તે પ્રકૃતિબંધ. આ લક્ષણ કષાયના વશથી દશમા ગુણસ્થાન સુધીમાં જે કર્મ બંધાય છે તેને આશ્રયી છે, કારણ કે તેની અંદર કષાયનિમિત્તે સ્થિતિ અને રસ ઉત્પન્ન થયેલા હોય છે. પરંતુ અગિયારમા ગુણસ્થાનથી તેરમા સુધીમાં કેવળ યોગ નિમિત્તે બંધાતા કર્મઆશ્રયી આ લક્ષણ નથી. કારણ કે તેની અંદર કષાય નહિ હોવાથી સ્થિતિ અને રસ હોતાં નથી. તેથી જ કષાયના વશથી બંધાતા કર્મઆશ્રયી આ લક્ષણ છે એમ કહેવામાં આવ્યું છે.

બીજી રીતે સમાધાન કરવાની ખાતર તેનું સમાધાન કરે છે, તે આ પ્રમાણે—કેવળ યોગનિમિત્તે બંધાતા કર્મની પણ બે સમયની સ્થિતિ છે અને આવારકશક્તિ વિનાનો કોઈક રસ પણ છે તેથી ત્યાં પણ ઉપરોક્ત પ્રકૃતિબંધનું લક્ષણ ઘટાવવું.

અન્ય આચાર્યો આ વિષયમાં આ પ્રમાણે કહે છે—કર્મવર્ગણાઓમાં જ્ઞાનાચ્છાદકત્વાદિ જુદા જુદા જે સ્વભાવો ઉત્પન્ન થાય છે તે જ પ્રકૃતિબંધ છે. પહેલાં સામાન્ય સ્વરૂપે કાર્મણવર્ગણા હતી, બંધસમયે તેની અંદર પરિણામાનુસાર ભિન્ન ભિન્ન સ્વભાવો થાય છે. ઉત્પન્ન થયેલા તે ભિન્ન ભિન્ન સ્વભાવોને જ પ્રકૃતિબંધ કહેવામાં આવે છે, ત્રણેના પિંડને નહિ. આ રીતે પ્રકૃતિબંધનું સ્વતંત્ર લક્ષણ થયું અને તે દરેક ગુણસ્થાનકે ઘટી શકે છે. કારણ કે કેવળ યોગનિમિત્તે બંધાતા કર્મમાં પણ સ્વભાવ અને પ્રદેશ તો હોય છે જ. આ રીતે તેમના અભિપ્રાયે અધ્યવસાયને અનુસરી ઉત્પન્ન થયેલ ભિન્ન ભિન્ન સ્વભાવોને પ્રકૃતિબંધ, કાળના નિર્ણયને સ્થિતિબંધ, આવારકશક્તિને રસબંધ અને કર્મપુદ્ગલોનો જ આત્મા સાથે જે સંબંધ તેને પ્રદેશબંધ કહેવામાં આવે છે. આ રીતે પ્રકૃતિબંધાદિ ચારનું સ્વરૂપ કહ્યું. ૪૦.

હવે મૂળ અને ઉત્તરપ્રકૃતિઓમાં દલિકનો વિભાગ શી રીતે થાય છે તે કહે છે—

---

૧. જેમ હાથપગ વગેરે અવયવોના સમૂહને શરીર કહેવામાં આવે છે અને તે શરીર અને અવયવોનો અવયવ-અવયવીભાવ સંબંધ છે તેમ સ્થિતિ રસ અને પ્રદેશના સમૂહને પ્રકૃતિબંધ કહેવામાં આવે છે. તે પ્રકૃતિબંધ અને સ્થિતિઆદિના સમૂહનો અવયવ-અવયવિભાગનો સંબંધ છે. પ્રકૃતિબંધ અવયવી છે, અને સ્થિત્યાદિ ત્રણે તેના અવયવો છે.

मूलुत्तरपगईणं पुव्वं दलभागसंभवो वुत्तो ।
रसभेएणं इत्तो मोहावरणाण निसुणेह ॥४१॥

मूलोत्तरप्रकृतीनां पूर्वं दलभागसंभवः प्रोक्तः ।
रसभेदेनेतः मोहावरणानां निश्रृणुत ॥४१॥

અર્થ—પહેલાં મૂળ અને ઉત્તરપ્રકૃતિઓના દલિકોના ભાગનો સંભવ-પ્રમાણ કહ્યો છે. હવે રસના ભેદે મોહનીય, જ્ઞાનાવરણ અને દર્શનાવરણના ભાગનું પ્રમાણ કહે છે, તે સાંભળો.

ટીકાનુ૰—પહેલા ભાગમાં પાંચમા દ્વારની ૭૮મી 'कमसो बुड्ढठिईणं' એ અને ત્યારપછીની ગાથાઓમાં મૂળ અને ઉત્તરપ્રકૃતિઓ સંબંધી કર્મવર્ગણાઓના ભાગનું પ્રમાણ કહ્યું છે. સ્થિતિવિશેષે કયા કર્મરૂપે કેટલી વર્ગણાઓ પરિણમે એ હકીકત કહી છે. હવે પછી ઘાતી મોહનીય, જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને નામકર્મોમાં ઘાતિ અને અઘાતિરૂપ રસવિભાગને આશ્રયી દલના ભાગનું પ્રમાણ કહીશ, એટલે કે એ કર્મરૂપે પરિણમેલી વર્ગણાઓમાંથી સર્વઘાતિરૂપે કેટલી પરિણમે અને દેશઘાતિરૂપે કેટલી વર્ગણાઓ પરિણમે એ હકીકત કહીશ. તે તમે સાંભળો. જોકે મૂળ અને ઉત્તરપ્રકૃતિઓમાં દલિકોના ભાગનું પ્રમાણ પાંચમા દ્વારમાં ૭૮ આદિ ગાથાઓમાં કહ્યું છે, છતાં અહીં પણ તેનું સ્થાન શૂન્ય ન રહે એ હેતુથી આગમને અનુસરીને કંઈક વિશેષથી કહે છે.

અહીં કર્મોમાં તેની સ્થિતિના પ્રમાણમાં ભાગ આવે છે. એટલે કે કોઈપણ કર્મરૂપે અમુક પ્રમાણમાં વર્ગણાઓનો જે પરિણામ થાય છે તે તેની સ્થિતિના પ્રમાણમાં થાય છે. જેની સ્થિતિ વધારે હોય તે રૂપે વધારે વર્ગણાઓનો પરિણામ થાય છે, અને જેની સ્થિતિ અલ્પ હોય તે રૂપે અલ્પ વર્ગણાઓનો પરિણામ થાય છે—તેના ભાગમાં થોડી વર્ગણાઓ આવે છે. તેમાં બીજાં કર્મોથી અલ્પસ્થિતિ હોવાથી આયુનો ભાગ સૌથી અલ્પ છે, કેમકે વધારેમાં વધારે તેની સ્થિતિ તેત્રીસ સાગરોપમપ્રમાણ છે. તે કરતાં નામ અને ગોત્રકર્મનો ભાગ વધારે છે, કારણ કે તે બંનેની સ્થિતિ વીસ કોડાકોડીસાગરોપમપ્રમાણ છે. સ્વસ્થાને બંનેની સમાનસ્થિતિ હોવાથી પરસ્પર તુલ્ય છે. તે કરતાં જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાયનો ભાગ મોટો છે. તેઓની ત્રીસ કોડાકોડીસાગરોપમની સ્થિતિ છે માટે. પરસ્પર ત્રણેનો સમાનસ્થિતિ હોવાથી સરખો ભાગ છે. તે કરતાં મોહનીયનો ભાગ વધારે છે, સિત્તેર કોડાકોડીસાગરોપમની સ્થિતિ છે માટે. જ્ઞાનાવરણીયાદિ કર્મોની સમાનસ્થિતિવાળું વેદનીયકર્મ છે છતાં તેનો ભાગ મોહનીયથી પણ વધારે છે. મોહનીયકર્મરૂપે જેટલું દલ પરિણમે છે તે કરતાં પણ વેદનીય કર્મરૂપે વધારે પરિણમે છે. જો એમ ન હોય તો તે પોતાના ફળરૂપ સુખ અને દુઃખનો સ્પષ્ટ અનુભવ કરાવી શકે નહિ. અત્યંત સ્પષ્ટ સુખ અને દુઃખનો જે અનુભવ કરાવે છે તે તેના ભાગમાં વધારે દલિકો આવે છે તેથી જ કરાવે છે. કેમકે વેદનીય અઘાતિ કર્મ છે.

હવે ઉત્કૃષ્ટયોગ હોય અને વધારેમાં વધારે વર્ગણાઓ ગ્રહણ કરે ત્યારે અને જઘન્યયોગ હોય અને ઓછામાં ઓછી વર્ગણાઓ ગ્રહણ કરે ત્યારે કઈ પ્રકૃતિરૂપે કેટલા પ્રમાણમાં વર્ગણાઓ પરિણમે છે તેનું અલ્પબહુત્વ કહે છે. તેમાં પ્રથમ ઉત્કૃષ્ટપદે અલ્પબહુત્વ કહે છે—

કેવળજ્ઞાનાવરણનું પ્રદેશપ્રમાણ અલ્પ છે. તેથી મનઃપર્યવજ્ઞાનાવરણીયનું અનન્તગુણ, તેથી અવધિજ્ઞાનાવરણીયનું વિશેષાધિક, તેથી શ્રુતજ્ઞાનાવરણીયનું વિશેષાધિક, અને તેનાથી મતિજ્ઞાનાવરણીયનું વિશેષાધિક દલિક હોય છે.

તથા દર્શનાવરણીયમાં સર્વથી અલ્પ પ્રચલાનું પ્રદેશપ્રમાણ છે, તેથી નિદ્રાનું વિશેષાધિક, તેથી પ્રચલાપ્રચલાનું વિશેષાધિક, તેથી નિદ્રાનિદ્રાનું વિશેષાધિક, તેથી સ્ત્યાનર્દ્ધિનું વિશેષાધિક, તેથી કેવળદર્શનાવરણીયનું વિશેષાધિક, તેથી અવધિદર્શનાવરણીયનું અનંતગુણ, તેથી અચક્ષુદર્શનાવરણીયનું વિશેષાધિક, અને તેથી ચક્ષુદર્શનાવરણીયનું વિશેષાધિક દલિક છે. વેદનીયમાં અસાતવેદનીયનું પ્રદેશપ્રમાણ સર્વાલ્પ છે, તેથી સાતવેદનીયનું વિશેષાધિક હોય છે.

મોહનીયમાં સર્વથી અલ્પ અપ્રત્યાખ્યાનાવરણ માનનો દળવિભાગ છે, તેથી અપ્રત્યાખ્યાનાવરણ ક્રોધ વિશેષાધિક, તેથી અપ્રત્યાખ્યાનાવરણ માયાનો વિશેષાધિક, તેથી અપ્રત્યાખ્યાનાવરણ લોભનો વિશેષાધિક, તેથી પ્રત્યાખ્યાનાવરણ માનનો વિશેષાધિક, તેથી પ્રત્યાખ્યાનાવરણ ક્રોધનો વિશેષાધિક, તેથી પ્રત્યાખ્યાનાવર્ણ માયાનો વિશેષાધિક, તેથી પ્રત્યાખ્યાનાવરણ લોભનો વિશેષાધિક ૯ તેથી અનંતાનુબંધિમાનનો વિશેષાધિક, તેથી અનંતાનુબંધિ ક્રોધનો વિશેષાધિક, તેથી અનંતાનુબંધિ માયાનો વિશેષાધિક, તેથી અનંતાનુબંધિ લોભનો વિશેષાધિક ૧૩ તેથી મિથ્યાત્વનો વિશેષાધિક, તેથી જુગુપ્સાનો અનન્તગુણ, તેથી ભયનો વિશેષાધિક, તેથી હાસ્ય અને શોકનો વિશેષાધિક અને સ્વસ્થાને પરસ્પર તુલ્ય, તેથી રતિ, અરતિનો વિશેષાધિક અને સ્વસ્થાને પરસ્પર તુલ્ય, તેથી સ્ત્રીવેદ અને નપુંસકવેદનો વિશેષાધિક અને સ્વસ્થાને પરસ્પર તુલ્ય, તેથી સંજ્વલનક્રોધનો વિશેષાધિક તેથી સંજ્વલન માનનો વિશેષાધિક, તેથી પુરુષવેદનો વિશેષાધિક, તેથી સંજ્વલનમાયાનો વિશેષાધિક, અને તેથી સંજ્વલનલોભનો અસંખ્યાતગુણ દલવિભાગ છે.

આયુકર્મમાં ચારે આયુનો દલવિભાગ પરસ્પર તુલ્ય છે.

નામકર્મમાં દેવગતિ અને નરકગતિનો દલવિભાગ અલ્પ છે, સ્વસ્થાને તુલ્ય છે. તેથી મનુષ્યગતિમાં વિશેષાધિક અને તેથી તિર્યગ્ગતિમાં વિશેષાધિક છે. તથા જાતિમાં બેઇન્દ્રિયાદિ ચારે જાતિનું પ્રદેશપ્રમાણ અલ્પ છે અને સ્વસ્થાને પરસ્પર તુલ્ય છે. અને તેથી એકેન્દ્રિય જાતિનું વિશેષાધિક છે. તથા શરીરનામકર્મમાં આહારકશરીરનામકર્મનું પ્રદેશપ્રમાણ અલ્પ છે. તેથી વૈક્રિયશરીરનામનું વિશેષાધિક, તેથી ઔદારિકનું વિશેષાધિક, તેથી તૈજસનું વિશેષાધિક, અને તેથી કાર્મણશરીરનામકર્મનું પ્રદેશપ્રમાણ વિશેષાધિક છે. સંઘાતન નામકર્મમાં શરીરનામકર્મ પ્રમાણે અલ્પબહુત્વ કહેવું.

બંધનનામકર્મમાં આહારક આહારક બંધન નામકર્મનો દલવિભાગ અલ્પ છે, તેથી આહારક તૈજસ બંધનનો વિશેષાધિક, તેથી આહારક કાર્મણનો વિશેષાધિક અને તેથી આહારક તૈજસ કાર્મણ નામકર્મનો વિશેષાધિક, તેથી વૈક્રિયવૈક્રિય બંધન નામકર્મનો વિશેષાધિક, તેથી વૈક્રિય તૈજસબંધનનામનો વિશેષાધિક, તેથી વૈક્રિય કાર્મણનો વિશેષાધિક, તેથી વૈક્રિય તૈજસકાર્મણનો વિશેષાધિક, તેથી ઔદારિક ઔદારિક બંધનનો વિશેષાધિક, તેથી ઔદારિક

તૈજસબંધનનો વિશેષાધિક, તેથી ઔદારિક કાર્મણબંધનનો વિશેષાધિક, તેથી ઔદારિક તૈજસ કાર્મણ બંધનનામકર્મનો વિશેષાધિક, તેથી તૈજસ તૈજસબંધનનો વિશેષાધિક, તેથી તૈજસકાર્મણબંધનનો વિશેષાધિક, અને તેથી કાર્મણ કાર્મણ બંધનનામકર્મનો વિશેષાધિક દલવિભાગ છે.

સંસ્થાનનામકર્મમાં પહેલા અને છેલ્લાને છોડી વચલા ચાર સંસ્થાન નામકર્મનું પ્રદેશપ્રમાણ અલ્પ છે, સ્વસ્થાને ચારેનું પરસ્પર તુલ્ય છે. તેથી સમચતુરસ્રનામકર્મનું વિશેષાધિક, અને તેથી હુંડકસંસ્થાન નામકર્મનું પ્રદેશપ્રમાણ વિશેષાધિક છે. તથા સંઘયણ નામકર્મમાં આદિના પાંચે સંઘયણ નામકર્મનો દળવિભાગ અલ્પ છે, સ્વસ્થાને પરસ્પર તુલ્ય છે. અને તેથી છેવઠ્ઠા સંઘયણ નામકર્મનો દળવિભાગ વિશેષાધિક છે. તથા અંગોપાંગ નામકર્મમાં આહારક અંગોપાંગનું પ્રદેશપ્રમાણ અલ્પ છે, તેથી વૈક્રિયઅંગોપાંગનું વિશેષાધિક, અને તેથી ઔદારિક અંગોપાંગ નામકર્મનું પ્રદેશપ્રમાણ વિશેષાધિક છે.

વર્ણનામકર્મમાં કૃષ્ણવર્ણનામકર્મનું પ્રદેશપ્રમાણ અલ્પ છે. તેથી નીલવર્ણનું વિશેષાધિક, તેથી લોહિતવર્ણનું વિશેષાધિક, તેથી પીતવર્ણ નામકર્મનું વિશેષાધિક, અને તેથી શ્વેતવર્ણ-નામકર્મનું દળ પ્રમાણ વિશેષાધિક છે. તથા ગંધનામકર્મમાં સુરભિગંધ નામકર્મનું પ્રદેશપ્રમાણ અલ્પ છે અને તેથી દુરભિગંધનામકર્મનું વિશેષાધિક છે. તથા રસનામકર્મમાં કટુકરસ નામકર્મનો દલવિભાગ અલ્પ, તેથી તિક્ત રસનો વિશેષાધિક, તેથી કષાયરસનો વિશેષાધિક, તેથી આમ્લરસ નામનો વિશેષાધિક, અને તેથી મધુરરસનો વિશેષાધિક દલવિભાગ છે. તથા સ્પર્શનામકર્મમાં કર્કશ અને ગુરુસ્પર્શનામકર્મનો અલ્પ દલવિભાગ છે, સ્વસ્થાને પરસ્પર તુલ્ય છે. તેથી મૃદુ અને લઘુસ્પર્શ નામનો વિશેષાધિક છે; સ્વસ્થાને બંનેનો પરસ્પર તુલ્ય છે. તેથી રુક્ષ અને શીતસ્પર્શનામકર્મનો વિશેષાધિક છે, સ્વસ્થાને પરસ્પર તુલ્ય છે. તેથી સ્નિગ્ધ અને ઉષ્ણસ્પર્શનામકર્મનો વિશેષાધિક દલવિભાગ છે, સ્વસ્થાને પરસ્પર તુલ્ય છે.

આનુપૂર્વિનામકર્મમાં દેવાનુપૂર્વિ અને નરકાનુપૂર્વિનું પ્રદેશપ્રમાણ અલ્પ છે, સ્વસ્થાને બંનેનું પરસ્પર તુલ્ય છે. તેથી મનુષ્યાનુપૂર્વિનું વિશેષાધિક, અને તેથી તિર્યગાનુપૂર્વિનામકર્મનું દળપ્રમાણ વિશેષાધિક છે.

ત્રસ નામકર્મનું પ્રદેશપ્રમાણ અલ્પ છે, તેથી સ્થાવરનામકર્મનું વિશેષાધિક છે. તથા પર્યાપ્તનામકર્મનું પ્રદેશપ્રમાણ અલ્પ છે, તેથી અપર્યાપ્ત નામકર્મનું વિશેષાધિક છે. એ પ્રમાણે સ્થિર-અસ્થિર, શુભ-અશુભ, સૌભાગ્ય-દૌર્ભાગ્ય, આદેય-અનાદેય, સૂક્ષ્મ-બાદર, અને પ્રત્યેક સાધારણના સંબંધમાં અલ્પબહુત્વ કહેવું. તથા અપયશઃકીર્ત્તિ નામકર્મનું પ્રદેશાગ્ર અલ્પ છે, તેથી યશઃકીર્ત્તિનામકર્મનું સંખ્યેયગુણ છે. અને શેષ આતપ, ઉદ્યોત, પ્રશસ્ત-અપ્રશસ્ત વિહાયોગતિ, સુસ્વર-દુઃસ્વર, આ સઘળી પ્રકૃતિઓનું ઉત્કૃષ્ટપદે પ્રદેશપ્રમાણ પરસ્પર સરખું છે.

નિર્માણ, ઉચ્છ્વાસ, ઉપઘાત, પરાઘાત, અગુરુલઘુ અને તીર્થંકરનામકર્મ આટલી પ્રકૃતિઓનું વિરોધી પ્રકૃતિઓના અભાવે અલ્પબહુત્વ નથી. કારણ કે અલ્પબહુત્વ સ્વજાતીય અન્ય પ્રકૃતિઓની અપેક્ષાએ વિચારાય છે, જેમ કૃષ્ણાદિવર્ણ નામનું શેષ વર્ણોની અપેક્ષાએ.

અથવા પ્રતિપક્ષ પ્રકૃતિઓની અપેક્ષાએ વિચારાય છે, જેમ સૌભાગ્ય-દુર્ભાગ્યના સંબંધમાં. નિર્માણનામકર્મ આદિ પ્રકૃતિઓ ન તો પરસ્પર સ્વજાતીય છે, કેમકે પિંડપ્રકૃતિ નથી માટે. ન તો પરસ્પર વિરુદ્ધ છે, કારણ કે એકીસાથે તે દરેકનો બંધ થઈ શકે છે માટે.

ગોત્રકર્મમાં નીચગોત્રનું પ્રદેશપ્રમાણ અલ્પ છે. તેથી ઉચ્ચગોત્રનું વિશેષાધિક છે.

અંતરાયકર્મમાં દાનાંતરાયનું પ્રદેશપ્રમાણ અલ્પ છે, તેથી લાભાંતરાયનું વિશેષાધિક, તેથી ભોગાંતરાયનું વિશેષાધિક, તેથી ઉપભોગાંતરાયનું વિશેષાધિક, અને તેથી વીર્યાંતરાયકર્મનું વિશેષાધિક પ્રદેશપ્રમાણ છે. આ પ્રમાણે ઉત્તરપ્રકૃતિઓના સંબંધમાં ઉત્કૃષ્ટપદે પ્રદેશપ્રમાણ કહ્યું.

હવે જઘન્યપદે અલ્પબહુત્વ કહે છે—તેમાં જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીયની પ્રકૃતિઓનું અલ્પબહુત્વ જેમ ઉત્કૃષ્ટપદે કહ્યું છે તેમ અહીં પણ જાણવું.

મોહનીયકર્મમાં અપ્રત્યાખ્યાનાવરણ માનનું પ્રદેશપ્રમાણ અલ્પ છે, તે કરતાં અનુક્રમે અપ્રત્યાખ્યાનાવરણ ક્રોધ, માયા અને લોભનું વિશેષાધિક વિશેષાધિક પ્રદેશપ્રમાણ છે. તેનાથી પ્રત્યાખ્યાનાવરણમાનનું વિશેષાધિક દળપ્રમાણ છે, તેથી અનુક્રમે પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ, માયા અને લોભનું વિશેષાધિક વિશેષાધિક દળપ્રમાણ છે. તેથી અનન્તાનુબંધિમાનનું દળ પ્રમાણ વિશેષાધિક છે, તે કરતાં અનુક્રમે અનંતાનુબંધિ ક્રોધ, માયા અને લોભનું વિશેષાધિક છે. તેથી મિથ્યાત્વનું વિશેષાધિક દળ પ્રમાણ છે. તે કરતાં જુગુપ્સાનું અનંતગુણ, તેથી ભયનું વિશેષાધિક, તે કરતાં હાસ્ય અને શોકનું વિશેષાધિક અને સ્વસ્થાને પરસ્પર તુલ્ય, તેથી રતિ અને અરતિનું વિશેષાધિક અને સ્વસ્થાને પરસ્પર તુલ્ય, તે કરતાં કોઈ પણ વેદનું વિશેષાધિક, તે કરતાં અનુક્રમે સંજ્વલન માન, ક્રોધ, માયા અને લોભનું વિશેષાધિક વિશેષાધિક દળ પ્રમાણ છે.

આયુમાં તિર્યંચ અને મનુષ્યાયુનું પ્રદેશપ્રમાણ અલ્પ છે, અને સ્વસ્થાને તુલ્ય છે. તેનાથી દેવ અને નરકાયુનું અસંખ્યાતગુણ છે, સ્વસ્થાને તુલ્ય છે.

નામકર્મમાં તિર્યંચગતિનું પ્રદેશપ્રમાણ અલ્પ છે, તેથી મનુષ્યગતિનું વિશેષાધિક, તેથી દેવગતિનું અસંખ્યેયગુણ, અને તેનાથી નરકગતિનું અસંખ્યગુણ દળપ્રમાણ છે. તથા જાતિમાં દ્વીન્દ્રિયાદિ ચાર જાતિનામકર્મનું અલ્પ દળપ્રમાણ છે, તે કરતાં એકેન્દ્રિયજાતિનું વિશેષાધિક છે. તથા શરીરનામકર્મમાં ઔદારિક શરીર નામકર્મનું અલ્પ પ્રદેશપ્રમાણ છે, તેથી તૈજસ નામનું વિશેષાધિક, તે કરતાં કાર્મણ નામનું વિશેષાધિક, તેથી વૈક્રિયશરીર નામનું અસંખ્યગુણ અને તે કરતાં આહારશરીર નામકર્મનું અસંખ્યગુણ પ્રદેશપ્રમાણ છે. આ પ્રમાણે સંઘાતનનામકર્મનું અલ્પબહુત્વ કહેવું. અંગોપાંગનામકર્મમાં ઔદારિક અંગોપાંગનામનું પ્રદેશપ્રમાણ અલ્પ છે, તેથી વૈક્રિયઅંગોપાંગનામનું અસંખ્યેયગુણ છે, અને તેથી આહારક અંગોપાંગનામનું અસંખ્યગુણ છે. તથા દેવ અને નરકાનુપૂર્વિનું પ્રદેશપ્રમાણ અલ્પ છે, તેથી મનુષ્યાનુપૂર્વિનું વિશેષાધિક છે, અને તેથી તિર્યંચાનુપૂર્વિનું વિશેષાધિક છે.

ત્રસનામકર્મનું અલ્પ પ્રદેશપ્રમાણ છે, તે કરતાં સ્થાવરનામકર્મનું વિશેષાધિક છે. એ પ્રમાણે બાદર-સૂક્ષ્મ, પર્યાપ્ત-અપર્યાપ્ત અને પ્રત્યેક-સાધારણ સંબંધમાં સમજવું.

શેષ નામકર્મની પ્રકૃતિઓનું અલ્પબહુત્વ નથી, સરખે જ ભાગે વહેંચાય છે એમ

સમજવું. એ જ પ્રમાણે સાતા-અસાતાવેદનીય અને ઉચ્ચગોત્ર-નીચગોત્રનું પણ અલ્પબહુત્વ નથી. અંતરાયકર્મમાં જેમ ઉત્કૃષ્ટપદમાં કહ્યું છે તેમ અહીં પણ જાણવું.

આ પ્રમાણે ઉત્કૃષ્ટ યોગે વધારેમાં વધારે વર્ગણા ગ્રહણ કરે ત્યારે, અને જઘન્યયોગે ઓછામાં ઓછી વર્ગણા ગ્રહણ કરે ત્યારે તે તે કર્મરૂપે કેટકેટલી વર્ગણાઓ પરિણમે તે કહ્યું. મધ્યમયોગે ગ્રહણ કરાયેલી વર્ગણાઓનું પણ તેને અનુસરીને જ સમજવું.

અહીં જ્યારે આત્મા ઉત્કૃષ્ટ યોગસ્થાનકે વર્ત્તતો હોય અને મૂળ તથા ઉત્તરપ્રકૃતિઓ અલ્પ બાંધતો હોય ત્યારે તથા સંક્રમકાળે અન્યપ્રકૃતિઓના દલિકોનો ઉત્કૃષ્ટ સંક્રમ થતો હોય ત્યારે ઉત્કૃષ્ટ પ્રદેશાગ્રનો સંભવ છે. તે જ હકીકત વિસ્તારથી કહે છે—ઉત્કૃષ્ટયોગે વર્ત્તમાન આત્મા ઉત્કૃષ્ટ પ્રદેશગ્રહણ કરે છે, તથા જ્યારે મૂળ અથવા ઉત્તરકર્મપ્રકૃતિઓ અલ્પ બાંધે ત્યારે શેષ અબધ્યમાન પ્રકૃતિઓના ભાગનું દલિક બધ્યમાન પ્રકૃતિઓમાં આવે, તથા જ્યારે અન્ય પ્રકૃતિઓના દલિકોના ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમકાળે વિવક્ષિત બધ્યમાન પ્રકૃતિમાં ઘણાં કર્મપુદ્ગલો સંક્રમે આવાં કારણો જ્યારે હોય ત્યારે ઉત્કૃષ્ટ પ્રદેશાગ્રનો સંભવ છે. વિપરીત કારણો હોય ત્યારે જઘન્યપ્રદેશાગ્રનો સંભવ છે. આ પ્રમાણે મૂળ તથા ઉત્તરપ્રકૃતિઓમાં ભાગ વિભાગ કેવી રીતે થાય છે તે કહ્યું. ૪૧.

હવે મોહનીય અને આવરણના સંબંધમાં રસભેદે દળવિભાગ કહીશું એવી જે પ્રતિજ્ઞા કરી હતી તેનો જ સૂત્રકાર નિર્વાહ કરે છે.

सव्वुक्कोसरसो जो मूलविभागस्सणंतिमो भागो ।
सव्वघाईण दिज्जइ सो इयरो देसघाईणं ॥४२॥

सर्वोत्कृष्टरसो यो मूलविभागस्यानन्ततमो भागः ।
सर्व्वघातिनीभ्यो दीयते स इतरो देशघातिनीभ्यः ॥४२॥

અર્થ—મૂળ વિભાગનો સર્વોત્કૃષ્ટ રસવાળો અનંતમો ભાગ સર્વઘાતિને આપે છે, અને ઇતર ભાગ દેશઘાતિને આપે છે.

ટીકાનુ૦—સ્થિતિને અનુસરીને જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને મોહનીયના ભાગમાં જે દલિક આવે છે તેનો સર્વોત્કૃષ્ટ રસવાળો અનંતમો ભાગ તત્કાળ બંધાતી સર્વઘાતિ પ્રકૃતિઓને યથાયોગ્યપણે વહેંચી આપે છે. એટલે કે વિવક્ષિત સમયે બંધાતી સર્વઘાતિરૂપે યથાયોગ્ય રીતે પરિણમે છે. ઇતર અનુત્કૃષ્ટરસવાળો શેષ જે દળવિભાગ રહ્યો હોય તે દેશઘાતિની કર્મપ્રકૃતિઓને યથાયોગ્ય રીતે વહેંચી આપે છે. અહીં વહેંચી આપે છે એટલે બંધાતી પ્રકૃતિરૂપે પૂર્વે કહેલા અલ્પબહુત્વના પ્રમાણમાં પરિણમે છે—તે રૂપે થાય છે એમ સમજવાનું છે.

આ સંબંધમાં વિશેષ વિચાર આ પ્રમાણે છે—સ્થિતિને અનુસરીને જ્ઞાનાવરણીયમાં જે મૂળ ભાગ પ્રાપ્ત થાય છે, તેનો સર્વોત્કૃષ્ટરસવાળો અનંતમો ભાગ કેવળજ્ઞાનાવરણરૂપે પરિણમે છે. શેષ દલિકના ચાર ભાગ કરીને યથાયોગ્ય રીતે મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ, અવધિજ્ઞાનાવરણ અને મનઃપર્યવજ્ઞાનાવરણને વહેંચી આપે છે. દર્શનાવરણીયનો જે મૂળભાગ

આવે છે, તેના ઉત્કૃષ્ટ રસવાળા અનંતમા ભાગના છ ભાગ કરી તેને પાંચ નિદ્રા અને કેવળદર્શનાવરણીયમાં વહેંચી આપે છે. શેષ દળના ત્રણ ભાગ કરી તેને ચક્ષુ, અચક્ષુ અને અવધિદર્શનાવરણીયમાં વહેંચી નાંખે છે. મોહનીયકર્મનો જે મૂળભાગ આવે છે, તેના સર્વઘાતિયોગ્ય અનંતમા ભાગના દળને બે ભાગમાં વહેંચે છે. અર્ધ ચારિત્ર મોહનીયને અને અર્ધ દર્શનમોહનીયને આપે છે. દર્શનમોહનીયના ભાગમાં આવેલ અર્ધભાગ મિથ્યાત્વ મોહનીયરૂપે જ પરિણમે છે. અને ચારિત્રમોહનીયના ભાગમાં આવેલ અર્ધભાગના બાર ભાગ કરી તેને આદિના બાર કષાયમાં વહેંચી નાંખે છે, એટલે કે તે અર્ધભાગ બાર કષાયરૂપે પરિણમે છે. ૪૨.

એ જ હકીકત કહે છે—

उक्कोसरसस्सद्धं मिच्छे अद्धं तु इयरघाईणं ।
संजलणनोकसाया सेसं अद्धद्धयं लेंति ॥४३॥

उत्कृष्टरसस्यार्द्धं मिथ्यात्वे अदर्धं तु इतरघातिनाम् ।
संज्वलननोकषायाः शेषमर्द्धमदर्धं लान्ति ॥४३॥

અર્થ—સર્વોત્કૃષ્ટરસવાળા દલિકનો અર્ધભાગ મિથ્યાત્વમાં અને અર્ધભાગ ઇતરઘાતિમાં જાય છે. અને શેષ દલિકનો અર્ધભાગ સંજ્વલનકષાયો તથા અર્ધભાગ નોકષાયો ગ્રહણ કરે છે.

ટીકાનુ૦—મોહનીયકર્મના મૂળભાગમાંના સર્વઘાતિયોગ્ય સર્વોત્કૃષ્ટ રસવાળાં પુદ્ગલોને બે ભાગમાં વહેંચે છે. તેમાંનો એક ભાગ મિથ્યાત્વમોહનીયમાં જાય છે અને એક ભાગ આદ્ય સર્વઘાતિ બાર કષાયમાં જાય છે. શેષ મૂળભાગના વળી બે ભાગ કરે છે. તેમાંનો એક ભાગ કષાયમોહનીયમાં અને એક ભાગ નોકષાયમોહનીયમાં જાય છે, કષાયમોહનીયના ભાગમાં આવેલા દળના ચાર ભાગ કરી તેને સંજ્વલન, ક્રોધ, માન, માયા, અને લોભમાં વહેંચી નાખે છે. નોકષાયમોહનીયના ભાગમાં આવેલા દળના પાંચ ભાગ કરી તેને તત્કાળ બંધાતું હાસ્ય રતિ કે શોક-અરતિ યુગલમાંનું એક યુગલ, ત્રણ વેદમાંનો એક વેદ, ભય અને જુગુપ્સા એ પાંચમાં વહેંચી નાંખે છે. બંધાતી પ્રકૃતિઓમાં જ ભાગ જતો હોવાથી નોકષાયના ભાગને પાંચમાં વહેંચે છે.

એ જ હકીકત કહે છે. મોહનીયકર્મના શેષ અનુત્કૃષ્ટ રસવાળા મૂળભાગના વળી બે ભાગ કરે છે. તેમાંનો એક ભાગ સંજ્વલન ચાર કષાયમાં જાય છે. અને એક ભાગ તત્કાળ બંધાતી નોકષાય મોહનીયની પાંચ પ્રકૃતિઓ ગ્રહણ કરે છે.

નામકર્મની અંદર સ્થિતિને અનુસરીને જે ભાગ આવે છે, તે સઘળો ભાગ ગતિ, જાતિ, શરીર, બંધન, સંઘાતન, સંઘયણ, સંસ્થાન, અંગોપાંગ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, આનુપૂર્વી, વિહાયોગતિ, અગુરુલઘુ, પરાઘાત, ઉપઘાત, ઉચ્છ્વાસ, આતપ, ઉદ્યોત, નિર્માણ, તીર્થંકર, ત્રસ. સ્થાવર, બાદર, સૂક્ષ્મ, પર્યાપ્ત, અપર્યાપ્ત, પ્રત્યેક, સાધારણ, સ્થિર, અસ્થિર, શુભ, અશુભ, સુસ્વર, દુઃસ્વર, સુભગ, દુર્ભગ, આદેય, અનાદેય, યશકીર્તિ અને અપયશકીર્તિ આટલી પ્રકૃતિઓમાંથી વિવક્ષિત સમયે જેટલી બંધાય છે તેને વહેંચી આપે છે. તેમાં પણ

વર્ણનામકર્મના ભાગમાં જે દલિક આવે છે, તેના પાંચ ભાગ કરી તેને શુક્લવર્ણ આદિ પાંચ અવાંતરભેદમાં વહેંચી દે છે. તે જ રીતે ગંધ, રસ અને સ્પર્શ નામકર્મના ભાગમાં જે દલિક આવે તેના અનુક્રમે બે, પાંચ અને આઠ ભાગ કરી તેને બે, પાંચ અને આઠ પોતપોતાના અવાંતર ભેદમાં વહેંચી નાંખે છે. કારણ કે પ્રતિસમય વર્ણાદિની દરેક ઉત્તર પ્રકૃતિઓ બંધાય છે. તથા સંઘાતનનામકર્મ અને શરીરનામકર્મના ભાગમાં જે દલિક આવે છે તેને તે સમયે બંધાતાં ત્રણ શરીર અને ત્રણ સંઘાતન અથવા ચાર શરીર અને ચાર સંઘાતનમાં વહેંચી નાખે છે. ઔદારિક, તૈજસ, કાર્મણ અથવા વૈક્રિય, તૈજસ, કાર્મણ, અથવા આહારક વૈક્રિય, તૈજસ, કાર્મણ એ પ્રમાણે એક સમયે ત્રણ અથવા ચાર શરીર અને તેનાં સંઘાતન બંધાય છે. બંધનનામકર્મના ભાગમાં જે દલિક આવે છે તેને સાત અથવા અગિયાર ભાગમાં વહેંચી નાખે છે. તેમાં જ્યારે ઉપરોક્ત ત્રણ શરીરનામકર્મ બંધાય ત્યારે સાત બંધનમાં અને જ્યારે ચાર શરીર બંધાય ત્યારે અગિયાર બંધનમાં વહેંચી નાંખે છે.

સ્થિતિને અનુસરી અંતરાયકર્મના ભાગમાં જે દલિકો આવે છે, તેના પાંચ ભાગ કરી દાનાંતરાયાદિ પાંચ પ્રકૃતિઓમાં વહેંચી નાખે છે. વેદનીય, આયુ અને ગોત્રકર્મમાં જે મૂળભાગ આવે છે, તે સઘળો તે સમયે બંધાતી એક પ્રકૃતિમાં જાય છે—તે કર્મની બંધાતી એક પ્રકૃતિરૂપે જ પરિણમે છે. કારણ કે વેદનીય, આયુ અને ગોત્રકર્મની એક એક જ પ્રકૃતિ બંધાય છે. આ ભાગની વહેંચણી પહેલાં જે અલ્પબહુત્વ બતાવ્યું છે, તેને અનુસરીને થાય છે. આ પ્રમાણે પ્રદેશબંધનું સ્વરૂપ પહેલાં જ બંધવિધિનામના પાંચમા દ્વારમાં કહ્યું છે, ત્યાંથી જોઈ લેવું. ૪૩

હવે સ્થિતિબંધ અને રસબંધને કહેવાનો પ્રસંગ છે. તેની અંદર પણ પહેલાં રસબંધનું સ્વરૂપ કહે છે. કારણ કે તેના સંબંધમાં ઘણું કહેવાનું છે. તેમાં પંદર અનુયોગદ્વાર છે. તે આ પ્રમાણે—અધ્યવસાયપ્રરૂપણા, અવિભાગપ્રરૂપણા, વર્ગણાપ્રરૂપણા, સ્પર્દ્ધકપ્રરૂપણા, અંતર-પ્રરૂપણા, સ્થાનપ્રરૂપણા, કંડકપ્રરૂપણા, ષટ્સ્થાનકપ્રરૂપણા, અધસ્તનસ્થાનપ્રરૂપણા, વૃદ્ધિ-પ્રરૂપણા, સમયપ્રરૂપણા, યવમધ્યપ્રરૂપણા, ઓજોયુગ્મપ્રરૂપણા, પર્યવસાનપ્રરૂપણા, અને અલ્પબહુત્વપ્રરૂપણા. તેમાં પ્રથમ અધ્યવસાયની પ્રરૂપણા માટે કહે છે—

जीवस्सज्झवसाया सुभासुभा संखलोकपरिमाणा ।

जीवस्याध्यवसायाः शुभाशुभा असंख्यलोकप्रमाणाः ।

અર્થ—જીવના શુભ અને અશુભ અધ્યવસાયો અસંખ્યલોકાકાશ પ્રદેશ પ્રમાણ છે.

ટીકાનુ૰—કષાયોદયથી ઉત્પન્ન થયેલ આત્મપરિણામને અધ્યવસાય કહે છે. જેમ જેમ કષાયનું બળ વધતું જાય છે તેમ તેમ પરિણામ ક્લિષ્ટ ક્લિષ્ટ-અશુભ અશુભ થતાં જાય છે, અને જેમ જેમ કષાયનું બળ ઘટતું જાય છે તેમ તેમ પરિણામ શુભ શુભ થતાં જાય છે. આ શુભાશુભ પરિણામો રસબંધમાં હેતુભૂત છે. અશુભ અધ્યવસાયોથી કર્મપુદ્ગલોમાં લીંબડો અને પટોળની ઉપમાવાળો કડવો—અશુભ ફળ આપે તેવો રસ ઉત્પન્ન થાય છે, અને શુભ અધ્યવસાયોથી ક્ષીર અને ખાંડની ઉપમાવાળો મિષ્ટ—શુભ ફળ આપે તેવો રસ ઉત્પન્ન થાય છે.

જઘન્ય કષાયોદયથી આરંભી ઉત્કૃષ્ટ કષાયોદયપર્યંત કષાયોદયનાં અસંખ્ય લોકાકાશ

પ્રદેશપ્રમાણ સ્થાનકો થાય છે તેથી તેના નિમિત્તે થતા શુભાશુભ અધ્યવસાયો પણ અસંખ્ય-લોકાકાશપ્રદેશપ્રમાણ છે. તેમાં પણ શુભ અધ્યવસાયો થોડા વધારે છે.

કઈ રીતે વધારે હોય છે તે બતાવે છે—ઉપશમશ્રેણિમાં દશમા ગુણસ્થાનકના ચરમ-સમયે જે અધ્યવસાયે પુન્યપ્રકૃતિઓનો સ્વભૂમિકાપ્રમાણે ઉત્કૃષ્ટ અને પાપપ્રકૃતિઓનો જઘન્યરસ બંધાય છે તે અધ્યવસાયથી આરંભી પહેલે ગુણસ્થાનકે જે અધ્યવસાયે પાપપ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ અને પુન્યપ્રકૃતિઓનો જઘન્ય રસ બંધાય છે તે ઉત્કૃષ્ટ અધ્યવસાય સુધીના દરેક અધ્યવસાયોને ક્રમપૂર્વક સ્થાપવા. દશમા ગુણસ્થાનથી ક્રમપૂર્વક પડી પહેલા ગુણસ્થાનકપર્યંત આવતા ક્રમશઃ સ્થાપેલા બધા અધ્યવસાયોને જેમ સ્પર્શે છે તેમ પહેલેથી ચડી દશમાપર્યંત જતા સઘળા અધ્યવસાયોને સ્પર્શે છે. અધ્યવસાયો તેના તે જ છે. પરંતુ જ્યારે આત્મા પડતો હોય છે ત્યારે કષાયોનું બળ વધતું જતું હોવાથી તે સંક્લિષ્ટ પરિણામી કહેવાય છે અને તે વખતે પુન્યપ્રકૃતિઓના રસમાં હાનિ થતી જાય છે, અને પાપપ્રકૃતિઓના રસમાં વૃદ્ધિ થતી જાય છે.

તે જ આત્મા પહેલેથી ક્રમપૂર્વક ચડતો જતો હોય ત્યારે કષાયોનું બળ ઘટતું જતું હોવાથી તે વિશુદ્ધ પરિણામી કહેવાય છે, અને તે સમયે પાપપ્રકૃતિઓના રસમાં હાનિ અને પુન્યપ્રકૃતિઓના રસમાં વૃદ્ધિ થતી જાય છે.

આ રીતે પડતા અને ચડતા અધ્યવસાયોની સંખ્યા સમાન છે. જેમ માળ ઉપરથી ઊતરતાં જેટલાં પગથિયાં હોય છે તેટલાં જ ચડતાં હોય છે. તેમ અહીં પણ સંક્લિષ્ટ પરિણામી આત્માના જેટલા અશુભ અધ્યવસાયો હોય છે તેટલા જ વિશુદ્ધ પરિણામી આત્માના શુભ અધ્યવસાયો હોય છે.

પ્રશ્ન—એક જ પરિણામ શુભ અને અશુભ બંને પ્રકારે શી રીતે હોઈ શકે ?

ઉત્તર—એક જ પરિણામ શુભ અને અશુભ બંને રીતે હોઈ શકે છે. શુભાશુભપણું સાપેક્ષ છે. જ્યારે પડતો હોય ત્યારે તે સઘળા અશુભ કહેવાય છે અને ચડતો હોય ત્યારે તે જ સઘળા શુભ કહેવાય છે. જેમ શત્રુંજય પર્વત પર ચડતા અને ઊતરતા મનુષ્યના અધ્યવસાયમાં તારતમ્ય સ્પષ્ટપણે જણાય છે. પર્વત પરથી ઊતરતો એક મનુષ્ય અને ચડતો એક મનુષ્ય બંને એક જ પગથિયા પર ઊભા હોય છતાં ચડનારના અધ્યવસાય ચડતા હોય છે, ઊતરનારના ઊતરતા હોય છે. તેમ અહીં પણ ચડતા અને ઊતરતા અધ્યવસાયના સંબંધમાં જાણવું. કેવળ ક્ષપકશ્રેણિના અધ્યવસાયો અધિક છે. કારણ કે જે અધ્યવસાયોમાં વર્તમાન ક્ષપક આત્મા ક્ષપકશ્રેણિ પર ચડે છે, ત્યાંથી પડતો નથી. તેથી અશુભ અધ્યવસાયની સંખ્યાથી શુભ અધ્યવસાયની સંખ્યા વધારે છે. આ પ્રમાણે અધ્યવસાયની પ્રરૂપણા કરી.

હવે અવિભાગપ્રરૂપણા કરે છે—

सव्वजीयाणंतगुणा एक्केक्के होंति भावाणू ॥४४॥

सर्व्वजीवानन्तगुणा एकैकस्मिन् भवन्ति भावाणवः ॥४४॥

અર્થ—એક એક પરમાણુમાં સર્વજીવથી અનન્તગુણા ભાવાણુ-રસાણુ હોય છે.

ટીકાનુ૰—યોગાનુસારે સમયે સમયે અનંતાનંત વર્ગણાઓ ગ્રહણ કરે છે અને તેઓમાંના એક એક પરમાણુમાં કાષાયિક અધ્યવસાયના વશથી ઓછામાં ઓછા પણ સર્વજીવથી અનંતગુણ ગુણપરમાણુ-ભાવપરમાણુ-રસાણુ ઉત્પન્ન કરે છે. જીવે ગ્રહણ કરતાં પહેલાં—જ્યાં સુધી જીવે ગ્રહણ કરેલા નથી હોતા ત્યાં સુધી કર્મપ્રાયોગ્ય વર્ગણામાંહેના કોઈપણ પરમાણુઓ તથાવિધ વિશિષ્ટરસયુક્ત-આવારક રસયુક્ત નહોતા પરંતુ પ્રાયઃ નીરસ[1] અને એક જ સ્વરૂપવાળા હતા એટલે કે જ્ઞાનાવરણીય આદિ ભિન્ન ભિન્ન સ્વરૂપવાળા નહોતા. જ્યારે જીવ ગ્રહણ કરે છે ત્યારે તે જ સમયે કાષાયિક અધ્યવસાયથી એક એક પરમાણુમાં ઓછામાં ઓછા સર્વ જીવ કરતાં અનંતગુણા રસાવિભાગો ઉત્પન્ન થાય છે, તેમ જ જ્ઞાનાવારકત્વાદિ ભિન્ન ભિન્ન સ્વભાવો પણ ઉત્પન્ન થાય છે. જીવ અને પુદ્ગલની અચિન્ત્યશક્તિ હોવાથી આ બધું બની શકે છે તેમાં શંકા કરવા જેવું નથી, તેમ જ યુક્તિયુક્ત નથી એમ પણ નથી, અસંગત પણ નથી.

આ સંબંધમાં એક દૃષ્ટાંત આપે છે કે—જેમ શુષ્ક ઘાસના પરમાણુઓ અત્યંત નીરસ તેમ એક સરખા હોય છે છતાં પણ જ્યારે ગાય વગેરે તેને ખાય છે ત્યારે તે પરમાણુઓ દૂધરૂપે અને સાત ધાતુરૂપે પરિમાણ પામે છે, તેમ કર્મયોગ્યવર્ગણાઓ પ્રાયઃ નીરસ અને એક સરખી હોવા છતાં જ્યારે જીવો ગ્રહણ કરે છે ત્યારે તેની અંદર રસ અને સ્વભાવ ઉત્પન્ન થાય છે. જીવમાં તેવા પ્રકારનો તીવ્ર કે મંદરસ તેમજ ભિન્ન ભિન્ન સ્વભાવ ઉત્પન્ન કરે તેવા પ્રકારના કાષાયિક અધ્યવસાયો છે અને કર્મવર્ગણાઓમાં તે તે જાતનો પરિણામ થવાનો સ્વભાવ છે એટલે તે સઘળું બની શકે છે. આ પ્રમાણે અવિભાગ-રસાણુ કોને કહે છે તેનો વિચાર કર્યો. ૪૪.

આ વિષયમાં પ્રાશ્નિક પ્રશ્ન કરે છે—

एकज्झवसायसमज्जियस्स दलियस्स किं रसो तुल्लो ।
नहु होंति णंतभेया साहिज्जंते निसामेह ॥४५॥

एकाध्यवसायसमर्जितस्य दलिकस्य किं रसस्तुल्यः ।
नहु भवन्त्यनन्तभेदाः साध्यमानान् निशमयत ॥४५॥

અર્થ—એક અધ્યવસાયથી ગ્રહણ કરેલ દલિકનો રસ શું તુલ્ય છે ? નથી, અનંતભેદો છે. કહેવાતા ભેદોને તમે સાંભળો.

ટીકાનુ૰—વિવક્ષિત સમયે કોઈપણ એક અધ્યવસાયથી ગ્રહણ કરેલ અનન્ત વર્ગણાના દરેક પરમાણુમાં રસ શું સમાન હોય છે ? ઉત્તરમાં કહે છે કે સરખો હોતો નથી, ઓછોવત્તો હોય છે. તેના ચડતાં ચડતાં અનંતા ભેદો થાય છે. તે અનંતા ભેદોને હવે પછી કહીએ છીએ તે સાવધાનતાપૂર્વક તમે સાંભળો. ૪૫.

---

૧. અહીં प्रायो नीरसा एकस्वरूपाश्च એ પદ ટીકામાં મૂકવાનું કારણ એમ લાગે છે કે જ્યાં સુધી જીવે કાર્મણવર્ગણા આત્મસાત્ કરી નથી હોતી ત્યાં સુધી તેમાં રસ-આવારક શક્તિ કે જ્ઞાનાવરણીયાદિ ભિન્ન ભિન્ન સ્વભાવ ઉત્પન્ન થયેલા હોતા નથી એટલે કે તેમાં રસ અને પ્રકૃતિ હોતાં નથી, સઘળા એક સ્વરૂપવાળા હોય છે. પરંતુ પુદ્ગલોનો પરસ્પર સંબંધ થવામાં હેતુભૂત સ્નેહ તો હોય છે. તાત્પર્ય એ કે સ્નેહ હોય છે, રસ-અનુરાગ હોતો નથી એટલે ઉપરોક્ત પદમાં કહેલી હકીકત સંગત થાય છે.

તે જ ભેદોને કહેવાની શરૂઆત કરે છે—

सव्वप्परसे गेण्हइ जे बहवे तेहिं वग्गणा पढमा ।
अविभागुत्तरिएहिं अन्नाओ विसेसहीणेहिं ॥४६॥

सर्वाल्परसान् गृह्णाति यान् बहून् तैर्वर्गणा प्रथमा ।
अविभागोत्तरैरन्या विशेषहीनैः ॥४६॥

અર્થ—સર્વાલ્પરસવાળા જે ઘણા પરમાણુઓને ગ્રહણ કરે છે તે વડે પહેલી વર્ગણા થાય છે. એક એક રસાણુ અધિક વિશેષહીન વિશેષહીન પરમાણુઓ વડે અન્ય અન્ય વર્ગણાઓ થાય છે.

ટીકાનુ૰—અન્ય પરમાણુની અપેક્ષાએ જેની અંદર ઓછામાં ઓછા રસાણુઓ ઉત્પન્ન થયા છે એવા ઓછામાં ઓછા રસવાળા ઘણા પરમાણુઓને ગ્રહણ કરે છે, એટલે કે સમયે સમયે ગ્રહણ કરાયેલી અનંત વર્ગણાઓમાં અલ્પ રસવાળા પરમાણુની સંખ્યા ઘણી વધારે હોય છે. કારણ કે તથાસ્વભાવે અલ્પ રસવાળા પરમાણુઓ વધારે હોય છે અને વધતા વધતા રસવાળા પરમાણુઓની સંખ્યા ઓછી ઓછી હોય છે. સમાન રસવાળા તેઓથી પહેલી વર્ગણા થાય છે. તે કરતાં એક એક રસાણુ અધિક પરંતુ સંખ્યામાં પૂર્વ પૂર્વથી ન્યૂન પરમાણુઓ વડે અન્ય અન્ય વર્ગણાઓ થાય છે.

તાત્પર્ય આ પ્રમાણે છે—સમયે સમયે આત્મા અનંતાનંત કાર્મણ વર્ગણાઓ ગ્રહણ કરે છે. તેઓના દરેક પરમાણુમાં રસાણુઓ સરખા નથી હોતા પણ ઓછાવત્તા હોય છે. જેટલા પરમાણુમાં ઓછામાં ઓછા રસાણુ હોય તે સરખા રસાણુવાળા સઘળા પરમાણુના સમૂહની પહેલી વર્ગણા થાય છે. ઓછામાં ઓછા પણ સર્વ જીવ કરતાં અનંતગુણા રસાણુ હોય છે. પહેલી વર્ગણામાં પરમાણુની સંખ્યા ઘણી વધારે હોય છે, ત્યારપછીની ઉત્તરોત્તર વર્ગણામાં પરમાણુની સંખ્યા અલ્પ અલ્પ થતી જાય છે. પહેલી વર્ગણાથી એક અધિક રસાણુવાળા પરમાણુના સમૂહની બીજી વર્ગણા, બે અધિક રસાણુવાળા પરમાણુના સમૂહની ત્રીજી વર્ગણા—આ પ્રમાણે એક એક અધિક રસાણુવાળી અભવ્યથી અનંતગુણ અને સિદ્ધના અનંતમા ભાગપ્રમાણ વર્ગણાઓ થાય છે. આ અનંતવર્ગણાના સમૂહનું એક સ્પર્દ્ધક થાય છે. વર્ગણા પ્રરૂપણા કરી.

હવે સ્પર્દ્ધક પ્રરૂપણા કરે છે—

दव्वेहिं वग्गणाओ सिद्धाणमणंतभागतुल्लाओ ।
एयं पढमं फड्डं ।

द्रव्यैर्वर्गणाः सिद्धानामनन्तभागतुल्याः ।
एतत्प्रथमं स्पर्द्धकम् ।

અર્થ—અભવ્યથી અનંતગુણ અને સિદ્ધના અનંતમા ભાગપ્રમાણ વર્ગણાના સમૂહનું એક

સ્પર્દ્ધક થાય છે, આ પહેલું સ્પર્દ્ધક છે.

ટીકાનુ૰—પહેલી વર્ગણાથી આરંભી એક એક અધિક રસાણુવાળી અભવ્યથી અનંતગુણ અને સિદ્ધના અનંતમા ભાગપ્રમાણ વર્ગણાના સમૂહનું સ્પર્દ્ધક થાય છે. આ પહેલું સ્પર્દ્ધક છે. આ પ્રમાણે સ્પર્દ્ધક પ્રરૂપણા કરી.

હવે અંતર પ્રરૂપણા કરે છે—

अओ परं नत्थि रूवहिया ॥४७॥

सव्वजियाणंतगुणे पलिभागे लंघिउं पुणो अन्ना ।
एवं भवंति फड्डा सिद्धाणमणंतभागसमा ॥४८॥

अतः परं नास्ति रूपाधिका ॥४७॥

सर्व्वजीवानन्तगुणान् पलिभागान् लङ्घित्वा पुनः अन्याः ।
एवं भवन्ति स्पर्द्धकानि सिद्धानामनन्तभागसमानि ॥४८॥

અર્થ—અહીંથી આગળ એક રૂપ અધિક વર્ગણા નથી. સર્વ જીવોથી અનન્તગુણ રસાણુઓ ઓળંગીને અન્ય વર્ગણા થાય છે. એ પ્રમાણે સિદ્ધોના અનંતમા ભાગપ્રમાણ સ્પર્દ્ધકો થાય છે.

ટીકાનુ૰—પહેલા સ્પર્દ્ધકની છેલ્લી વર્ગણાથી એક એક રસાવિભાગથી અધિક કોઈ પરમાણુ હોતા નથી પરંતુ સર્વ જીવોથી અનન્તગુણ અધિક રસાવિભાગવાળા પરમાણુ હોય છે. એટલે કે છેલ્લી વર્ગણા માંહેના કોઈપણ પરમાણુના રસાણુની સંખ્યામાં સર્વ જીવથી અનંતગુણ રસાણુની સંખ્યા ઉમેરીએ અને જેટલા થાય તેટલા રસાણુવાળા પરમાણુઓ હોય છે. સમાન રસાણુવાળા તેઓનો જે સમુદાય તે બીજા સ્પર્દ્ધકની પહેલી વર્ગણા થાય છે. એક એક અધિક રસાણુવાળા પરમાણુના સમૂહની બીજી વર્ગણા, બે બે અધિક રસાણુવાળા પરમાણુના સમૂહની ત્રીજી વર્ગણા, એ પ્રમાણે એક એક અધિક રસાણુવાળા પરમાણુના સમૂહની અભવ્યથી અનંતગુણ અને સિદ્ધના અનંતમા ભાગપ્રમાણ વર્ગણાઓ થાય છે. તેઓનો જે સમૂહ તે બીજું સ્પર્દ્ધક છે.

બીજા સ્પર્દ્ધકની છેલ્લી વર્ગણાથી એક એક અધિક રસાણુવાળા પરમાણુઓ હોતા નથી પરંતુ સર્વ જીવથી અનંતગુણ રસાવિભાગવાળા પરમાણુઓ હોય છે. સમાન રસાણુવાળા તેઓનો જે સમુદાય તે ત્રીજા સ્પર્દ્ધકની પહેલી વર્ગણા થાય છે. તેનાથી એક રસાણુ અધિક પરમાણુના સમુદાયની બીજી વર્ગણા, બે રસાણુ અધિક પરમાણુના સમૂહની ત્રીજી વર્ગણા. આ પ્રમાણે એક એક રસાણુ અધિક પરમાણુના સમૂહની અભવ્યથી અનન્તગુણ અને સિદ્ધના અનંતમા ભાગ પ્રમાણ વર્ગણાઓ થાય છે. તેઓનો જે સમુદાય તે ત્રીજું સ્પર્દ્ધક છે.

આ પ્રમાણે અભવ્યથી અનંતગુણ અને સિદ્ધના અનંતમા ભાગપ્રમાણ સ્પર્દ્ધકો થાય છે. દરેક સ્પર્દ્ધકની વચમાં સર્વ જીવોથી અનંતગુણ રસાણુનું અંતર છે. આ પ્રમાણે અંતર પ્રરૂપણા

કરી.

હવે સ્થાનનું નિરૂપણ કરે છે—

एयं पढमं ठाणं ।

एतत् प्रथमं स्थानम् ।

અર્થ—આ પહેલું સ્થાન છે.

ટીકાનુ૦—અભવ્યથી અનંતગુણ અને સિદ્ધના અનંતમા ભાગ પ્રમાણ સ્પર્દ્ધકે રસસ્થાન થાય છે. આ પહેલું રસસ્થાન છે. સરખા રસાણુવાળા પરમાણુના સમુદાયને વર્ગણા કહેવાય છે, ચડતા ચડતા રસાણુવાળી વર્ગણાના સમૂહને સ્પર્દ્ધક કહેવાય છે. અને એક કાષાયિક અધ્યવસાય વડે ગ્રહણ કરાયેલ પરમાણુઓના રસસ્પર્દ્ધકના સમૂહના પ્રમાણને રસસ્થાન કહેવાય છે. તેની અંદર વિવક્ષિત સમયે ગ્રહણ કરાયેલી વર્ગણાઓના રસનો વિચાર હોય છે. આ પ્રમાણે સ્થાનનું સ્વરૂપ કહ્યું.

હવે કંડક પ્રરૂપણા અને ષટ્સ્થાનક પ્રરૂપણાને ભલામણ દ્વારા કરવા ઇચ્છતાં સ્થાનોની સંખ્યા વગેરે કહે છે—

एवमसंखेज्जलोगठाणाणं ।
समवग्गणाणि फड्डाणि तेसिं तुल्लाणि विवराणि ॥४९॥
ठाणाणं परिवुड्ढि छट्ठाणकमेण तं गयं पुव्विं ।

एवमसंख्येया लोकाः स्थानानाम् ।
समवर्गणानि स्पर्द्धकानि तेषां तुल्यानि विवराणि ॥४९॥
स्थानानां परिवृद्धिः षट्स्थानक्रमेण तद्गतं पूर्व्वम् ।

અર્થ—આ પ્રમાણે અસંખ્ય લોકાકાશ પ્રદેશપ્રમાણ સ્થાનકો થાય છે. સમાન વર્ગણાવાળા સ્પર્દ્ધકો છે. અંતર પણ તેઓમાં તુલ્ય છે. સ્થાનકોમાં સ્પર્દ્ધકની વૃદ્ધિ છ સ્થાનના ક્રમે થાય છે અને તે પહેલાં પ્રતિપાદન કરેલ છે.

ટીકાનુ૦—આ પ્રમાણે અસંખ્યાત લોકાકાશ પ્રદેશપ્રમાણ રસસ્થાનકો થાય છે. આ દરેક સ્થાનકોમાં અભવ્યથી અનંતગુણ અને સિદ્ધોના અનંતમા ભાગ પ્રમાણ સ્પર્દ્ધકો હોય છે. એક બીજા સ્પર્દ્ધક વચ્ચે અંતર સર્વ જીવથી અનંતગુણ રસાણુનું છે. એટલે કે પહેલા સ્પર્દ્ધકની છેલ્લી વર્ગણાના કોઈપણ પરમાણુમાં સર્વ જીવથી અનંતગુણ રસાણુ ઉમેરતાં જેટલા રસાણુ થાય તેટલા રસાણુ બીજા સ્પર્દ્ધકની પહેલી વર્ગણાના કોઈપણ પરમાણુમાં હોય છે. આ પ્રમાણે બીજા સ્પર્દ્ધકની છેલ્લી અને ત્રીજા સ્પર્દ્ધકની પહેલી વર્ગણામાં જાણવું. સર્વ સ્પર્દ્ધકમાં પણ એ જ પ્રમાણે સમજવું.

સર્વ રસસ્થાનોમાં જો કે અભવ્યથી અનંતગુણ સ્પર્દ્ધકો હોય છે છતાં દરેક સ્થાનમાં સમાન નથી હોતા પરંતુ પૂર્વ પૂર્વ સ્થાનથી ઉત્તર ઉત્તર સ્થાનમાં ષટ્સ્થાનકના ક્રમે વૃદ્ધિ થાય છે.

તે આ પ્રમાણે—પહેલા રસસ્થાનથી બીજા રસસ્થાનમાં અનંતમા ભાગે અધિક સ્પર્દ્ધકો હોય છે. એટલે કે પહેલા રસસ્થાનમાં જેટલા સ્પર્દ્ધકો છે તેનો અનંતમો ભાગ બીજા રસસ્થાનકમાં વધારે હોય છે. તેનાથી ત્રીજા સ્થાનમાં તેનો અનંતમો ભાગ વધારે હોય છે. આ પ્રમાણે પૂર્વ પૂર્વ સ્થાનથી ઉત્તર ઉત્તર સ્થાનમાં અનંતભાગ અધિક સ્પર્દ્ધકો અંગુલના અસંખ્યાતમા ભાગમાં રહેલા આકાશપ્રદેશપ્રમાણ રસસ્થાનકોમાં થાય છે. તેઓના સમૂહને એક કંડક કહે છે. આ પ્રમાણે કંડકનું સ્વરૂપ કહ્યું.

પહેલા કંડકના છેલ્લા સ્થાનથી પછીનું જે રસસ્થાન આવે છે તે પૂર્વના અનંતર રસસ્થાનથી અસંખ્યભાગ અધિક સ્પર્દ્ધકવાળું છે. એટલે કે તેની અંદર પૂર્વના સ્થાનમાં જેટલા સ્પર્દ્ધકો હોય છે તેનો અસંખ્યાતમો ભાગ અધિક સ્પર્દ્ધકો હોય છે. તેની પછીનાં એક કંડક જેટલાં સ્થાનો પૂર્વ પૂર્વ કરતાં અનંતમો ભાગ અધિક અધિક સ્પર્દ્ધકવાળાં થાય છે. ત્યારપછીનું જે રસસ્થાન આવે છે તે પૂર્વથી અસંખ્યાતમા ભાગ અધિક સ્પર્દ્ધકવાળું થાય છે. વળી ત્યારપછીનાં એક કંડક જેટલાં સ્થાનો પૂર્વ પૂર્વથી અનંતભાગ અધિક સ્પર્દ્ધકવાળાં થાય છે. ત્યારપછી જે રસસ્થાન આવે છે તેની અંદર પૂર્વ કરતાં અસંખ્યાતમો ભાગ અધિક સ્પર્દ્ધકો હોય છે. આ પ્રમાણે અનંતભાગ અધિક કંડક વડે અંતરિત અસંખ્યાત ભાગાદિક સ્પર્દ્ધકવાળું કંડક પૂર્ણ થાય છે.

આ પ્રમાણે પહેલાં કહેલ ષટ્સ્થાનના ક્રમે સ્થાનોમાં સ્પર્દ્ધકની વૃદ્ધિ જાણવી. અને તે ષટ્સ્થાનનું સ્વરૂપ નામપ્રત્યય સ્પર્દ્ધક પ્રરૂપણા વખતે જે પ્રમાણે કહ્યું છે તે પ્રમાણે સમજવાનું છે એટલે ફરી વાર તેનું સવિસ્તર પ્રતિપાદન કર્યું નથી પરંતુ અલ્પમાત્ર કહેવાય છે. ૪૯

भागो गुणो य कीरइ जहोत्तरं एत्थ ठाणाणं ॥५०॥

भागो गुणश्च क्रियते यथोत्तरमत्र स्थानानाम् ॥५०॥

અર્થ—અહીં સ્થાનકોમાં અનુક્રમે ભાગ અને ગુણ કરાય છે.

ટીકાનુ૰—અહીં ષટ્સ્થાનકમાં કેટલાંક સ્થાનોમાં ભાગ વૃદ્ધ કરાય છે અને કેટલાંક સ્થાનોમાં ગુણવૃદ્ધ કરાય છે. તે ભાગવૃદ્ધ અને ગુણવૃદ્ધ એટલે શું ? તે કહે છે—ષટ્સ્થાનમાં ત્રણ ભાગવૃદ્ધસ્થાનો છે, તે આ પ્રમાણે—૧. અનંતભાગવૃદ્ધ, ૨. અસંખ્યેયભાગવૃદ્ધ, ૩. સંખ્યેય-ભાગવૃદ્ધ. ત્રણ ગુણવૃદ્ધસ્થાનો છે, તે આ પ્રમાણે—૧. સંખ્યેયગુણવૃદ્ધ, ૨. અસંખ્યેયગુણવૃદ્ધ ૩. અનંતગુણવૃદ્ધ.

તેની અંદર પ્રથમ અનંતભાગવૃદ્ધ એટલે શું ? તે કહે છે—પહેલા રસસ્થાનમાં જેટલા સ્પર્દ્ધકો છે તેને સર્વજીવ જે અનંતે છે તે અનંતે ભાગતાં જેટલાં આવે તેટલા સ્પર્દ્ધક વડે અધિક બીજું રસસ્થાન છે. વળી તેને સર્વજીવ જે અનંતે છે તે વડે ભાગતાં જેટલા સ્પર્દ્ધકો આવે તેટલા સ્પર્દ્ધકથી અધિક ત્રીજું રસસ્થાન છે. આ પ્રમાણે જે જે સ્થાન અનંતભાગ અધિક આવે તે તે સ્થાન પૂર્વ પૂર્વના સ્થાનની સ્પર્દ્ધકની સંખ્યાને સર્વજીવ જે અનંતે છે તે અનંતે ભાગતાં જેટલા આવે તે તે અનંતમા ભાગે અધિક હોય એમ સમજવું.

હવે અસંખ્યાતભાગવૃદ્ધ એટલે શું ? તે કહે છે—પૂર્વ પૂર્વના અનુભાગબંધસ્થાનની

સ્પર્દ્ધક સંખ્યાને અસંખ્ય લોકાકાશના જેટલા આકાશ પ્રદેશો થાય તે વડે ભાગતાં જે આવે તે અસંખ્યાતમો ભાગ અહીં લેવાનો છે. તે અસંખ્યાતમા ભાગ અધિક સ્પર્દ્ધકોવાળાં જે સ્થાનકો થાય છે તે અસંખ્યેયભાગવૃદ્ધ કહેવાય છે. એટલે કે જે સ્થાન અસંખ્યેયભાગવૃદ્ધ સ્પર્દ્ધકવાળું હોય છે તેમાં તેની પૂર્વના સ્થાનકમાં જેટલા સ્પર્દ્ધકો હોય તેને અસંખ્યલોકાકાશ પ્રદેશરાશિ વડે ભાગતાં જેટલા આવે તેટલા સ્પર્દ્ધકો વધારે હોય છે. આ પ્રમાણે જ્યાં જ્યાં અસંખ્યભાગવૃદ્ધ આવે ત્યાં ત્યાં તેની પૂર્વ પૂર્વના સ્થાનના સ્પર્દ્ધકોને અસંખ્ય લોકાકાશના પ્રદેશો વડે ભાગતાં જે આવે તે વડે અધિક છે એમ સમજવું.

સંખ્યેયભાગ અધિક એટલે શું ? તે કહે છે—પૂર્વ પૂર્વના અનુભાગ બંધના સ્થાનકના સ્પર્દ્ધકોને ઉત્કૃષ્ટ સંખ્યાતા વડે ભાગતાં જે આવે તે સંખ્યાતમો ભાગ અહીં ગ્રહણ કરવો. તે સંખ્યાતમા ભાગ અધિક સ્પર્દ્ધકવાળાં જે રસસ્થાનકો હોય તે સંખ્યેયભાગવૃદ્ધ કહેવાય છે. એટલે કે જે સ્થાન સંખ્યેયભાગવૃદ્ધ સ્પર્દ્ધકવાળું હોય છે તેમાં તેની પૂર્વના સ્થાનમાં જેટલાં સ્પર્દ્ધકો હોય તેને ઉત્કૃષ્ટ સંખ્યાતા વડે ભાગતાં જેટલાં આવે તેટલાં સ્પર્દ્ધકો વધારે હોય છે. આ પ્રમાણે જ્યાં જ્યાં સંખ્યેયભાગવૃદ્ધ થાય ત્યાં ત્યાં તેની પૂર્વના સ્થાનનાં સ્પર્દ્ધકોને ઉત્કૃષ્ટ સંખ્યાતા વડે ભાગતાં જેટલા આવે તેટલા વડે અધિક છે એમ સમજવું.

સંખ્યેયગુણવૃદ્ધ એટલે શું ? તે કહે છે—સંખ્યેયગુણવૃદ્ધ એટલે પૂર્વના રસબંધના સ્થાનકનાં સ્પર્દ્ધકોને ઉત્કૃષ્ટ સંખ્યાતા વડે ગુણવાં, ગુણતાં જે રાશિ થાય એટલા જાણવા. એટલે કે જે સ્થાન સંખ્યેયગુણ વૃદ્ધ સ્પર્દ્ધકવાળું હોય તેમાં તેની પૂર્વના સ્થાનમાં જેટલાં સ્પર્દ્ધકો હોય તેને ઉત્કૃષ્ટ સંખ્યાતા વડે ગુણતાં જેટલા થાય તેટલાં સ્પર્દ્ધકો હોય છે. આ પ્રમાણે જ્યાં જ્યાં સંખ્યેયગુણવૃદ્ધ આવે ત્યાં ત્યાં સમજવું.

અસંખ્યેયગુણવૃદ્ધ એટલે પૂર્વના સ્થાનનાં સ્પર્દ્ધકોને અસંખ્ય લોકાકાશ પ્રદેશપ્રમાણરાશિ વડે ગુણતાં જેટલા થાય તે. એટલે કે જે સ્થાન અસંખ્યગુણવૃદ્ધ થાય છે તેમાં તેની પૂર્વના સ્થાનના સ્પર્દ્ધકોને અસંખ્યલોકાકાશ પ્રદેશપ્રમાણ રાશિ વડે ગુણતાં જેટલાં આવે તેટલાં સ્પર્દ્ધકો હોય છે. આ પ્રમાણે જ્યાં જ્યાં અસંખ્યેયગુણવૃદ્ધ થાય ત્યાં ત્યાં પૂર્વ પૂર્વનાં સ્થાનનાં સ્પર્દ્ધકોને અસંખ્ય લોકાકાશપ્રદેશપ્રમાણ રાશિ વડે ગુણતાં જે આવે તેટલાં સ્પર્દ્ધકો હોય છે એમ સમજવું.

અનન્તગુણવૃદ્ધ એટલે પૂર્વના સ્થાનનાં સ્પર્દ્ધકોને સર્વજીવ જે અનંતે છે તે વડે ગુણતાં જે આવે તે. એટલે કે જે સ્થાન અનંતગુણવૃદ્ધ થાય છે તેમાં તેની પૂર્વના સ્થાનનાં સ્પર્દ્ધકોને સર્વજીવો જે અનન્તે છે તે વડે ગુણતાં જેટલાં આવે તેટલાં સ્પર્દ્ધકો હોય છે. આ પ્રમાણે જ્યાં જ્યાં અનન્તગુણવૃદ્ધ થાય ત્યાં ત્યાં પૂર્વ પૂર્વના સ્થાનનાં સ્પર્દ્ધકોને સર્વજીવ જે અનંતે છે તે વડે ગુણતાં જે આવે તેટલાં સ્પર્દ્ધકો હોય છે એમ સમજવું.

પ્રશ્ન—અનંતગુણવૃદ્ધ થાય પછી કોઈપણ રસસ્થાનકને સર્વજીવ જે અનંતે છે તે વડે ભાગી શકાય છે પરંતુ જ્યાં સુધી અનન્તગુણવૃદ્ધસ્થાન ન થયું હોય ત્યાં સુધી શરૂઆતથી અસંખ્યેયગુણવૃદ્ધ સુધીનાં કોઈપણ સ્થાનોમાંનાં સ્પર્દ્ધકોને સર્વજીવ જે અનંતે છે તે વડે શી રીતે ભાગી શકાય ? અને ભાગી ન શકાય તો અનન્તભાગવૃદ્ધિ શી રીતે ઘટે ?

ઉત્તર—જ્યાં સુધી અનન્તગુણવૃદ્ધસ્થાન ન થયું હોય ત્યાં સુધી પહેલાંનાં કોઈપણ સ્થાનોની સ્પર્દ્ધક સંખ્યાને સર્વજીવ જે અનંતે છે તે વડે ભાગ નહિ આપી શકાય તે બરાબર છે, પરંતુ ત્યાં સુધી ભાગનાર અનંતુ એટલું નાનું લેવાનું છે કે તે વડે ભાગતાં જ્ઞાની દષ્ટ સ્પર્દ્ધકની અમુક સંખ્યા આવે અને અનંતમા ભાગની વૃદ્ધિ થાય. અનંતગુણવૃદ્ધસ્થાન થયા પછી સર્વજીવ જે અનંતે છે તે વડે ભાગ આપવો અને જે સંખ્યા આવે તે અનંતમો ભાગ વધારવો. ૫૦.

छट्ठाणगअवसाणे अन्नं छट्ठाणयं पुणो अन्नं ।
एवमसंखालोगा छट्ठाणाणं मुणेयव्वा ॥५१॥

षट्स्थानकावसाने अन्यत् षट्स्थानकं पुनरन्यत् ।
एवमसंख्यलोकानि षट्स्थानानां ज्ञातव्यानि ॥५१॥

અર્થ—પહેલું ષટ્સ્થાનક પૂર્ણ થયા પછી બીજું, ત્યારપછી ત્રીજું, એ પ્રમાણે અસંખ્ય લોકાકાશ પ્રદેશપ્રમાણ ષટ્સ્થાનકો થાય છે.

ટીકાનુ૦—પહેલું ષટ્સ્થાનક પૂર્ણ થયા પછી બીજું ષટ્સ્થાનક થાય છે, ત્યારપછી એ જ ક્રમે ત્રીજું થાય છે. આ પ્રમાણે અસંખ્ય લોકાકાશ પ્રદેશપ્રમાણ અસંખ્યાતાં ષટ્સ્થાનકો થાય છે. ષટ્સ્થાનકમાં અનંતભાગાદિ ભાગવૃદ્ધિ અને સંખ્યેયગુણાદિ ગુણવૃદ્ધિ વગેરેનાં કંડકો કેવા ક્રમે થાય છે તે નામપ્રત્યયસ્પર્દ્ધક પ્રરૂપણામાં વિસ્તારથી કહ્યું છે ત્યાંથી જોઈ લેવું. કારણ કે તે પ્રમાણે અહીં પણ થાય છે. આ પ્રમાણે ષટ્સ્થાનની પ્રરૂપણા કરી. ૫૧.

હવે અધસ્તનસ્થાનની પ્રરૂપણા કરે છે—

सव्वासिं वुड्ढीणं कंडगमेत्ता अणंतरा बुड्ढी ।

सर्व्वासां वृद्धीनां कण्डकमात्रा अनन्तरा वृद्धिः ।

અર્થ—સઘળી અસંખ્યેયભાગવૃદ્ધાદિ વૃદ્ધિ પછી અનંતભાગાદિ વૃદ્ધિ એક કંડક પ્રમાણ થાય છે.

ટીકાનુ૦—અસંખ્યેયભાગવૃદ્ધ આદિ સઘળી વૃદ્ધિઓની પછી અનંતભાગવૃદ્ધ આદિ વૃદ્ધિ એક કંડક જેટલી જ થાય છે, વધારે થતી નથી. કારણ કે એક કંડક જેટલી વૃદ્ધિ થયા પછી અનુયાયી અન્ય સ્થાનની વૃદ્ધિ શરૂ થાય છે.

તાત્પર્ય આ પ્રમાણે છે—જે ક્રમે સઘળી વૃદ્ધિઓ ઊઠે છે—ઉત્પન્ન થાય છે, તે જ ક્રમે તે વૃદ્ધિ નિરંતર કંડકપ્રમાણ જ થાય છે, અધિક થતી નથી. તેથી પછી પછીની વૃદ્ધિની પહેલાં અનંતર વૃદ્ધિ કંડક માત્ર જાણવી.

અહીં અધસ્તનસ્થાનનો વિચાર કરે છે, એટલે કે પહેલા અસંખ્યેયભાગવૃદ્ધિસ્થાનની પહેલાં અનંતભાગવૃદ્ધસ્થાનો કેટલાં થાય છે ? પહેલા સંખ્યેયભાગવૃદ્ધસ્થાનની પહેલાં અસંખ્યેયભાગવૃદ્ધસ્થાનો કેટલાં થાય છે ? આ પ્રમાણે અનંતરવૃદ્ધિ કેટલા કંડક પ્રમાણ થાય છે તેનો વિચાર અહીં કરે છે. તે આ પ્રમાણે—

પહેલા અસંખ્યેયભાગવૃદ્ધસ્થાનની નીચે અનંતભાગવૃદ્ધસ્થાનો એક કંડક જેટલાં જ થાય છે, કારણ કે શરૂઆતમાં એક કંડક જેટલાં સ્થાનો થયા પછી અસંખ્યેયભાગવૃદ્ધિ શરૂ થાય છે. એ પ્રમાણે પહેલા સંખ્યેયભાગવૃદ્ધસ્થાનની પહેલાં અસંખ્યેયભાગવૃદ્ધસ્થાનો એક કંડક પ્રમાણ જ થાય છે. એ જ પ્રમાણે પહેલા સંખ્યેયગુણવૃદ્ધસ્થાનની પહેલાં સંખ્યેયભાગવૃદ્ધસ્થાનો એક કંડક પ્રમાણ થાય છે. પહેલા અસંખ્યેયગુણવૃદ્ધસ્થાનની પહેલાં સંખ્યેયગુણવૃદ્ધસ્થાનો પણ એક કંડક માત્ર થાય છે અને પહેલા અનંતગુણવૃદ્ધિસ્થાનની પહેલાં અસંખ્યેયગુણવૃદ્ધસ્થાનો પણ એક કંડક માત્ર થાય છે. આ પ્રમાણે પછીના મોટા સ્થાનની પહેલાં અનંતર પૂર્વનાં નાનાં સ્થાનો કેટલાં થાય છે તે કહ્યું.

હવે એકાંતરિતમાર્ગણા વિચારે છે. એટલે કે પછીના મોટા સ્થાનની પહેલાનું એક સ્થાન છોડીને એની પહેલાનાં સ્થાનો કેટલાં થાય તેનો વિચાર કરે છે. જેમકે—પહેલા સંખ્યેયભાગ-વૃદ્ધસ્થાનની પહેલાં અસંખ્યેયભાગવૃદ્ધસ્થાનો છોડીને અનંતભાગવૃદ્ધસ્થાનો કેટલાં થાય ? તે આ પ્રમાણે—પહેલા સંખ્યેયભાગવૃદ્ધસ્થાનની પહેલાં અનંતભાગવૃદ્ધસ્થાનો એક કંડકવર્ગ અને કંડક પ્રમાણ થાય છે. કારણ કે પહેલા અસંખ્યાતભાગવૃદ્ધસ્થાનની પહેલાં એક કંડક જેટલાં અનંતભાગવૃદ્ધસ્થાનો થાય છે. અને અસંખ્યેયભાગવૃદ્ધસ્થાનો અનંતભાગવૃદ્ધસ્થાનોથી અંતરિત થાય છે, એટલે કે જેટલી વાર અસંખ્યેયભાગવૃદ્ધસ્થાનો થશે તેટલાં કંડકો અનંતભાગવૃદ્ધિનાં થવાનાં. એક કંડકને ચાર કલ્પીએ તો શરૂઆતના અનંતભાગવૃદ્ધિના કંડકનાં ચાર અને અસંખ્યેયભાગવૃદ્ધિ ચાર વાર થશે. તો તેની વચમાં અનંતભાગવૃદ્ધિ ચાર કંડક જેટલી વાર એટલે સોળ વાર થશે. કુલ વીસ અનંતભાગવૃદ્ધિનાં સ્થાનો પહેલા સંખ્યેયભાગવૃદ્ધસ્થાનની પહેલાં થયાં. વીસ એટલે એક કંડકનો વર્ગ અને ઉપર એક કંડક થાય. એ પ્રમાણે સર્વત્ર સમજવું.

પહેલા સંખ્યેયગુણવૃદ્ધસ્થાનની પહેલાં અસંખ્યેયભાગવૃદ્ધિનાં કંડકવર્ગ અને કંડકપ્રમાણ સ્થાનકો થાય છે. પહેલા અસંખ્યેયગુણવૃદ્ધસ્થાનની પહેલાં સંખ્યેયભાગવૃદ્ધસ્થાનો કંડકવર્ગ અને કંડકમાત્ર થાય છે, પહેલા અનંતગુણવૃદ્ધસ્થાનની પહેલાં—નીચે સંખ્યેયગુણવૃદ્ધિનાં કંડકવર્ગ અને કંડક જેટલાં સ્થાનો થાય છે.

તે જ હકીકત કહે છે—

एगंतराउ वुड्डी वग्गो कंडस्स कंडं च ॥५२॥

एकान्तरा तु वृद्धि वर्गः कण्डकस्य कण्डकं च ॥५२॥

અર્થ—એકાંતરિતવૃદ્ધિ કંડકવર્ગ અને કંડકપ્રમાણ થાય છે.

ટીકાનુ૰—કંડકવર્ગ અને કંડકપ્રમાણ એકાંતરિતવૃદ્ધિ થાય છે. આ હકીકત પૂર્વની ગાથામાં કહેલી છે. હવે એવી રીતે દ્વ્યંતરિતવૃદ્ધિ કેટલી થાય તે કહે છે, તે આ પ્રમાણે—પહેલા સંખ્યેયગુણવૃદ્ધસ્થાનની નીચે અનંતભાગવૃદ્ધસ્થાનો કંડકઘન, બે કંડકવર્ગ અને એક કંડકપ્રમાણ થાય છે. પહેલા અસંખ્યેયગુણવૃદ્ધસ્થાનની નીચે અસંખ્યેયભાગવૃદ્ધસ્થાનો કંડકઘન, બે કંડકવર્ગ અને એક કંડક થાય છે. પહેલા અનંતગુણવૃદ્ધસ્થાનની નીચે સંખ્યેયભાગવૃદ્ધસ્થાનો કંડકઘન, બે

કંડકવર્ગ અને કંડકપ્રમાણ થાય છે.

કંડકઘન, બે કંડકવર્ગ અને એક કંડક શી રીતે થાય છે ? તે કહે છે—પહેલા સંખ્યેય-ભાગવૃદ્ધસ્થાનની નીચે અનંતભાગવૃદ્ધિનાં સ્થાનો કંડકવર્ગ અને કંડક થાય છે તે પહેલાં કહેવાયું છે. સંખ્યેયભાગવૃદ્ધસ્થાનો અનંતભાગવૃદ્ધ અને અસંખ્યભાગવૃદ્ધથી અંતરિત એક કંડક પ્રમાણ થાય છે. તેથી કંડકવર્ગને અને કંડકને એક કંડક વડે ગુણીએ એટલે કંડકઘન અને કંડકવર્ગ થાય અને સંખ્યેયભાગવૃદ્ધના છેલ્લા સ્થાનની પછી કંડકવર્ગ અને કંડકપ્રમાણ અનંતભાગવૃદ્ધસ્થાનો થાય છે એટલે તે મેળવતાં કુલ અનંતભાગવૃદ્ધસ્થાનો કંડકઘન, બે કંડકવર્ગ અને કંડકપ્રમાણ થાય છે.

દાખલા તરીકે—પહેલા સંખ્યેયભાગવૃદ્ધસ્થાનની નીચે વીસ વાર અનંતભાગવૃદ્ધસ્થાનો કહેવાઈ ગયાં છે તે વીસ થાય, પહેલા અને બીજા સંખ્યભાગવૃદ્ધની વચમાં પણ વીસ, બીજા અને ત્રીજાની વચમાં વીસ, ત્રીજા અને ચોથાની વચમાં વીસ અને ત્યારપછી વીસ. સરવાળે સો વાર અનંતભાગવૃદ્ધસ્થાનો પહેલી વારના સંખ્યેયગુણવૃદ્ધસ્થાનની પહેલાં થાય. ચારનો ઘન, ચોસઠ, ચારનો વર્ગ સોળ, એટલે સોનાં એક ઘન બે કંડકવર્ગ અને એક કંડક થાય. અહીં કંડકને ચાર કલ્પ્યા છે. આ જ પ્રમાણે અસંખ્યેયગુણવૃદ્ધની પહેલાં અસંખ્યભાગવૃદ્ધનાં અને અનંતગુણવૃદ્ધની પહેલાં સંખ્યાતભાગવૃદ્ધનાં સ્થાનકોનો વિચાર કરી લેવો. ૫૨

તે જ હકીકત કહે છે—

कंड कंडस्स घणो वग्गो दुगुणो दुगंतराए उ ।

कण्डकं कण्डकस्य घनः वर्गो द्विगुणो द्विकान्तरायां तु ।

અર્થ—દ્વ્યંતરિતસ્થાનમાં અનંતભાગવૃદ્ધનાં કંડક, કંડકઘન અને બે કંડકવર્ગ પ્રમાણ સ્થાનો થાય છે.

ટીકાનુ૦—પહેલા સંખ્યેયગુણવૃદ્ધસ્થાનની પહેલાં સંખ્યેયભાગવૃદ્ધનાં અને અસંખ્યેય-ભાગવૃદ્ધનાં સ્થાનો છોડી અનંતભાગવૃદ્ધસ્થાનકની સંખ્યાનો વિચાર કર્યો છે માટે તે દ્વ્યંતરિત કહેવાય છે. તે સ્થાનો કંડકઘન, બે કંડકવર્ગ અને એક કંડકપ્રમાણ થાય છે. આ પ્રમાણે દ્વ્યંતરિત માર્ગણા કહી.

હવે ત્રિઅંતરિત માર્ગણા કહે છે—પહેલા અસંખ્યેયગુણવૃદ્ધસ્થાનની નીચે અનંત-ભાગવૃદ્ધનાં કંડકવર્ગ વર્ગ, ત્રણ કંડકઘન, ત્રણ કંડકવર્ગ અને એક કંડકપ્રમાણ સ્થાનો થાય છે. પહેલી વારના અનંતગુણવૃદ્ધસ્થાનની નીચે અસંખ્યેયભાગવૃદ્ધસ્થાનકો કંડકવર્ગ વર્ગ, ત્રણ કંડકઘન, ત્રણ કંડકવર્ગ અને એક કંડકપ્રમાણ થાય છે.

કઈ રીતે આ સંખ્યા થાય છે તે કહે છે—પહેલા સંખ્યેયગુણવૃદ્ધસ્થાનની નીચે અનંતભાગવૃદ્ધસ્થાનો કંડકઘન, બે કંડકવર્ગ અને એક કંડકપ્રમાણ થાય છે તે પહેલાં કહેવાઈ ગયું છે. સંખ્યેયગુણવૃદ્ધસ્થાનો એક કંડક જેટલાં થાય છે તેથી ઉપરની સંખ્યાને કંડકે ગુણતાં કંડકવર્ગ વર્ગ વગેરે સંખ્યા આવે, તે આ પ્રમાણે—કંડકઘનને કંડકે ગુણતાં કંડકવર્ગ વર્ગ થાય, કેમકે

કંડકઘનમાં ચોસઠ છે તેને ચારે ગુણતાં બસોછપ્પન થાય, કંડકવર્ગ વર્ગ તેટલો જ થાય. બે કંડકવર્ગને કંડકે ગુણતાં બે કંડકઘન થાય, એક કંડકને કંડકે ગુણતાં કંડકવર્ગ થાય અને છેલ્લા સંખ્યેયગુણવૃદ્ધસ્થાન પછી કંડકઘન, બે કંડકવર્ગ અને એક કંડકપ્રમાણ સ્થાનો થાય છે એટલે કુલ સંખ્યા કંડકવર્ગ વર્ગ, ત્રણ કંડકઘન, ત્રણ કંડકવર્ગ અને એક કંડકપ્રમાણ થાય છે.

દાખલા તરીકે—પહેલા સંખ્યેયગુણવૃદ્ધસ્થાનની નીચે સો વાર અનંતભાગવૃદ્ધસ્થાનો કહેવાઈ ગયાં તેટલાં પહેલા અને બીજા સંખ્યેયગુણવૃદ્ધસ્થાનની વચ્ચે, તેટલાં જ બીજા અને ત્રીજાની વચ્ચે, તેટલાં જ ત્રીજા અને ચોથાની વચ્ચે કુલ ચારસો અને તેટલાં જ ત્યારપછી કુલ પાંચસો અનંતભાગવૃદ્ધસ્થાનો થાય. તેમાંથી કંડકવર્ગ વર્ગમાં બસો છપ્પન આવે, કારણ કે ચારનો વર્ગ સોળ, તેનો વર્ગ બસો છપ્પન થાય. ત્રણ કંડકઘનમાં એકસોબાણું આવે. ત્રણ કંડકવર્ગમાં અડતાળીસ આવે અને છેલ્લાં ચાર એટલે એક કંડક વધે. એટલે ઉપરોક્ત સંખ્યા થાય છે. આ પ્રમાણે અનંતગુણવૃદ્ધની પહેલાં અસંખ્યેયભાગવૃદ્ધસ્થાનોના સંબંધમાં પણ જાણી લેવું.

તે જ હકીકત કહે છે—

कंडस्स वग्गवग्गो घण वग्गा तिगुणिया कंडं ॥५३॥

कण्डकस्य वर्गवर्गः घनवर्गौ त्रिगुणितौ कण्डकम् ॥५३॥

અર્થ—કંડકવર્ગ વર્ગ, ત્રણ કંડકઘન, ત્રણ કંડકવર્ગ અને એક કંડકપ્રમાણ અનંતભાગ-વૃદ્ધસ્થાનો પહેલા અસંખ્યેયગુણવૃદ્ધસ્થાનની પહેલાં થાય છે.

ટીકાનુ૦—અસંખ્યગુણવૃદ્ધસ્થાનની પહેલાં સંખ્યેયગુણ, સંખ્યેયભાગ અને અસંખ્યેયભાગ એ ત્રણની સંખ્યા છોડી અનંતભાગવૃદ્ધસ્થાનની સંખ્યાનો વિચાર કરે છે. તેથી ત્ર્યંતરિત કહેવાય છે. ત્ર્યંતરિત અનંતભાગવૃદ્ધસ્થાનો કેટલાં થાય છે તે ઉપર કહ્યું છે.

હવે ચતુરંતરિત વિચારે છે. અહીં વચમાં ચારને છોડી વિચાર કરશે તે આ પ્રમાણે—પહેલા અનન્તગુણવૃદ્ધસ્થાનની નીચે અનંતભાગવૃદ્ધસ્થાનો કેટલાં ? તો આઠ કંડકવર્ગ વર્ગ, છ કંડકઘન, ચાર કંડકવર્ગ અને એક કંડક જેટલાં થાય છે. તે શી રીતે થાય તે કહે છે—પહેલા અસંખ્યગુણવૃદ્ધસ્થાનની નીચે અનન્તભાગવૃદ્ધસ્થાનો કંડકવર્ગ વર્ગ, ત્રણ કંડકઘન, ત્રણ કંડકવર્ગ અને કંડકપ્રમાણ થાય છે. અસંખ્યગુણવૃદ્ધસ્થાનો કંડક જેટલી વાર થાય છે તેથી ઉપરોક્ત સંખ્યાને કંડકે ગુણતાં ચાર કંડકવર્ગ વર્ગ આદિ સંખ્યા થાય. તે આ પ્રમાણે—કંડકવર્ગ વર્ગને કંડકે ગુણતાં ચાર કંડકવર્ગ વર્ગ થાય, ત્રણ કંડકઘનને કંડકે ગુણતાં ત્રણ કંડકવર્ગ વર્ગ થાય, ત્રણ કંડકવર્ગને કંડકે ગુણતાં ત્રણ કંકડઘન થાય અને કંડકને કંડકે ગુણતાં કંડકવર્ગ થાય. અને તેમાં છેલ્લા અસંખ્યગુણવૃદ્ધસ્થાન પછીનાં કંડકવર્ગ વર્ગ, ત્રણ કંડકઘન, ત્રણ કંડકવર્ગ અને કંડક જેટલાં સ્થાનો ઉમેરીએ એટલે આઠ કંડકવર્ગ વર્ગ, છ કંડકઘન, ચાર કંડકવર્ગ અને એક કંડક અનંતભાગવૃદ્ધસ્થાનો થાય છે. ૫૩

તે જ બાબત કહે છે—

अडकंड वग्गवग्गा वग्गा चत्तारि छग्घणा कंडं ।
चउ अंतर बुड्ढीए हेट्ठट्ठाण परूवणया ॥५४॥

अष्टौ कण्डकवर्गवर्गा वर्गाश्चत्वारः षट् घनाः कण्डकं ।
चतुरंतरितायां वृद्धौ अधस्तनस्थानप्ररूपणया ॥५४॥

અર્થ—ચતુરન્તરિતવૃદ્ધિમાં અનંતભાગવૃદ્ધસ્થાનો આઠ કંડકવર્ગ વર્ગ, ચાર કંડકવર્ગ, છ કંડકઘન અને કંડકપ્રમાણ થાય છે. આ હકીકત પૂર્વની ગાથામાં કહેવાઈ ગઈ છે. આ રીતે અધસ્તનસ્થાનપ્રરૂપણા કહી. ૫૪.

અધસ્તનસ્થાન પ્રરૂપણા

અનન્તર માર્ગણા સર્વત્ર — કંડકપ્રમાણ
૧

એકાન્તરિતમાર્ગણા :— કંડક × કંડક = કંડકવર્ગ
+ કંડક
= કંડકવર્ગ કંડક
૧ ૧

દ્વયન્તરિતમાર્ગણા :— કંડકવર્ગ કંડક
૧ ૧
× કંડક

કંડકઘન કંડકવર્ગ
૧ ૧
+ કંડકવર્ગ કંડક
૧ ૧

કંડકઘન કંડકવર્ગ કંડક
૧ ૨ ૧

ત્ર્યન્તરિતમાર્ગણા :— કંડકઘન કંડકવર્ગ કંડક
૧ ૨ ૧
× ૧ કંડક

કંડકવર્ગ વર્ગ કંડકઘન કંડકવર્ગ
૧ ૨ ૧
+ કંડકઘન કંડકવર્ગ કંડક
૧ ૨ ૧

	કંડકવર્ગ વર્ગ	કંડકઘન	કંડકવર્ગ	કંડક		
	૧	૩	૩	૧		
ચતુરન્તરિતમાર્ગણા :—	કં.વર્ગ વર્ગ	કં.ઘન	કં.વર્ગ	કંડક		
	૧	૩	૩	૧		
			×	કંડક		
				૧		
	કંડક પ્રમાણ	કંડકવર્ગવર્ગ	કં.વર્ગવર્ગ	કં. ઘન	કં. વર્ગ	
		૧	૩	૩	૧	
						કંડક
		+	૧	૩	૩	૧
	કંડક પ્રમાણ	કંડકવર્ગવર્ગ	કં.વર્ગવર્ગ	કં.ઘન	કં.વર્ગ	કંડક
		૧	૪	૬	૪	૧

કોઈપણ સંખ્યાને તેની તે જ સંખ્યાએ ગુણતાં વર્ગ, દા.ત. ૪ × ૪ = ૧૬

અહીં કંડક × કંડક = કંડક વર્ગ

પુનઃ તે જ સંખ્યાએ ગુણતાં ઘન થાય (૪ × ૪ × ૪ = ૬૪ અથવા ૧૬ × ૪ = ૬૪)

કંડકવર્ગ × કંડક = કંડકઘન.

પુનઃ તે જ સંખ્યાએ ગુણતાં વર્ગવર્ગ થાય (૬૪ × ૪ = ૨૫૬ એ ૪નો વર્ગવર્ગ છે.)

કંડકઘન × કંડક = કંડકવર્ગવર્ગ.

હવે વર્ગવર્ગને પુનઃ તે જ સંખ્યાએ ગુણતાં જે આવે તેના માટે જેમ વર્ગ, ઘન અને વર્ગવર્ગ અનુક્રમે કહ્યાં તેમ પારિભાષિક શબ્દ નથી માટે જ કંડક પ્રમાણ કંડકવર્ગવર્ગ ચતુરન્તરિતમાર્ગણામાં કહેલ છે.

હવે વૃદ્ધિસ્થાન પ્રરૂપણા કરે છે—

परिणामपच्चएणं एसा नेहस्स छव्विहा वुड्ढी ।
हाणी व कुणंति जिया आवलिभागं असंखेज्जं ॥५५॥

अंतर्मुहूर्त्तं चरिमा उ दोवि समयं तु पुण जहन्नेणं ।
जवमज्झविहाणेणं एत्थ विगप्पा बहुठिइया ॥५५॥

परिणामप्रत्ययेन एषा स्नेहस्य षड्विधा वृद्धिः ।
हानिर्वा कुर्वन्ति जीवाः आवलिकाभागं असंख्येयम् ॥५६॥

अंतर्मुहूर्त्तं चरमे द्वे अपि समयं तु पुनः जघन्येन ।
यवमध्यविधानेन अत्र विकल्पा बहुस्थितिकाः ॥५६॥

• **અર્થ**—પરિણામના તારતમ્યથી રસની વૃદ્ધિ અને હાનિ છ પ્રકારે થાય છે. શરૂઆતની પાંચ વૃદ્ધિ અને હાનિ જીવો ઉત્કૃષ્ટથી આવલિકાના અસંખ્યાતમા ભાગના સમયપર્યંત કરે છે અને છેલ્લી વૃદ્ધિ તથા હાનિ અંતર્મુહૂર્તપર્યંત કરે છે અને જઘન્યથી દરેક હાનિ-વૃદ્ધિનો કાળ એક સમય છે. યવમધ્ય કરવાથી ઓછીવત્તી સ્થિતિવાળાં સ્થાનોના વિકલ્પો સમજાય છે.

ટીકાનુ૦—જીવના પરિણામના વશથી અનંતરોક્ત-હમણાં જ કહી ગયા તે સ્નેહની = રસની છએ પ્રકારની હાનિ અથવા વૃદ્ધિ થાય છે. કોઈ વખતે અનંતભાગાધિક સ્પર્દ્ધકવાળા રસસ્થાનકે જાય છે, કોઈ વખતે અસંખ્યભાગાધિક સ્પર્દ્ધકવાળા રસસ્થાનકે, એ પ્રમાણે કોઈ સમયે સંખ્યાતમા ભાગ અધિક સ્પર્દ્ધકવાળા તેમજ કોઈ સમયે સંખ્યાતગુણ, અસંખ્યાતગુણ કે અનંતગુણાધિક સ્પર્દ્ધકવાળા રસસ્થાનકે આત્મા જાય છે. એ જ પ્રમાણે છ હાનિવાળાં સ્થાનકોમાં પણ જાય છે. આ રીતે આત્મા પરિણામના વશથી હાનિ-વૃદ્ધિ કર્યા કરે છે,

હવે કઈ હાનિ અથવા કઈ વૃદ્ધિ નિરંતર કેટલા કાળપર્યંત જીવો કરે છે તે કહે છે- અનંતગુણવૃદ્ધિ અને અનંતગુણહાનિ એ બે વર્જીને શેષ પાંચે વૃદ્ધિ અથવા પાંચે હાનિ વધારેમાં વધારે આવલિકાના અસંખ્યાતમા ભાગના સમયપર્યંત નિરંતર જીવો કરે છે. અને છેલ્લી અનંતગુણવૃદ્ધિ અને અનંતગુણહાનિ એ બે અંતર્મુહૂર્ત કાલપર્યંત નિરંતર કરે છે. એટલે વિવક્ષિત સમયે જે રસસ્થાન પર આત્મા વિદ્યમાન છે તે કરતાં અનન્તભાગઅધિક સ્પર્દ્ધકવાળા રસસ્થાનકે ઉત્તરોત્તર સમયે નિરંતર વધ્યા કરે તો આવલિકાના અસંખ્યાતમા ભાગના સમયપર્યંત નિરંતર વધ્યા કરે છે. એ રીતે દરેક વૃદ્ધિમાં સમજવું.

તેમજ વિવક્ષિત સમયે જે રસસ્થાન પર આત્મા છે તે કરતાં અનંતભાગહીન સ્પર્દ્ધકવાળા રસસ્થાનકે ઉત્તરોત્તર સમયે આત્મા જાય તો આવલિકાના અસંખ્યાતમા ભાગના સમયપર્યંત નિરંતર હાનિ પામે છે, એ રીતે દરેક હાનિમાં સમજવું. માત્ર છેલ્લી વૃદ્ધિ અને હાનિનો કાળ અંતર્મુહૂર્ત છે તે ઉપર કહ્યું છે. આ પ્રમાણે વૃદ્ધિના કાળની પ્રરૂપણા કહી.

હવે કયા રસબંધનાં સ્થાનકો કેટલો કાળ નિરંતર બાંધે છે તે કહે છે—પહેલા રસબંધના સ્થાનકથી અસંખ્યલોકાકાશપ્રદેશપ્રમાણ રસબંધના સ્થાનમાંના કોઈ પણ સ્થાનને વધારેમાં વધારે ચાર સમયપર્યંત નિરંતર બાંધે છે. ત્યારપછીના અસંખ્યલોકાકાશપ્રદેશપ્રમાણ રસબંધના સ્થાનમાંના કોઈ પણ સ્થાનને પાંચ સમયપર્યંત નિરંતર બાંધે છે. ત્યારપછીના અસંખ્યલોકાકાશ-પ્રદેશપ્રમાણ સ્થાનોને છ સમયપર્યંત બાંધે છે. ત્યારપછીના અસંખ્યલોકાકાશપ્રદેશપ્રમાણ સ્થાનોને નિરંતર સાત સમય બાંધે છે. ત્યારપછીના અસંખ્યલોકાકાશપ્રદેશપ્રમાણ સ્થાનોમાંના કોઈ પણ સ્થાનને નિરંતર ઉત્કૃષ્ટથી આઠ સમયપર્યંત બાંધે છે. ત્યારપછીના અસંખ્યલોકાકાશપ્રદેશપ્રમાણ રસસ્થાનકોને સાત સમયપર્યંત, ત્યારપછીનાં અસંખ્યલોકાકાશપ્રદેશપ્રમાણ સ્થાનોને છ સમયપપર્યંત, ત્યારપછીનાં અસંખ્યલોકાકાશપ્રદેશપ્રમાણ સ્થાનોને પાંચ સમયપર્યંત, ત્યારપછીના અસંખ્યલોકાકાશપ્રદેશપ્રમાણ સ્થાનોને ચાર સમયપર્યંત, ત્યારપછીના અસંખ્યલોકાકાશપ્રદેશપ્રમાણ સ્થાનોને ત્રણ સમયપર્યંત અને ત્યારપછીના અસંખ્યલોકાકાશપ્રદેશપ્રમાણ ઉત્કૃષ્ટરસસ્થાન સુધીનાં રસસ્થાનકોમાંના કોઈ પણ રસસ્થાનને ઉત્કૃષ્ટથી નિરંતર બે સમયપર્યંત બાંધે છે. જઘન્યથી કોઈપણ રસસ્થાનકને એક સમયપર્યંત જ બાંધે છે. આ પ્રમાણે કાળ પ્રરૂપણા કહી.

હવે યવમધ્યપ્રરૂપણા કરે છે—આઠ સમય કાળમાનવાળાં સ્થાનો યવમધ્ય કહેવાય છે. જેમ યવનો મધ્યભાગ જાડો હોય છે અને બંને બાજુ અનુક્રમે પાતળો પાતળો થતો જાય છે તેમ આઠ સમય કાળમાનવાળાં સ્થાનો કાળને આશ્રયી જાડા એટલે વધારે કાળમાનવાળાં છે અને તેની બંને બાજુનાં ઓછાં ઓછાં કાળમાનવાળાં સ્થાનો રહેલાં છે તેથી આઠ સમય કાળમાનવાળાં સ્થાનો યવમધ્ય કહેવાય છે. આ આઠ સમયકાળવાળાં રસબંધનાં સ્થાનકો કોઈ રસસ્થાનકની અપેક્ષાએ અનંતગુણવૃદ્ધ છે, કોઈ રસસ્થાનકની અપેક્ષાએ અનંતગુણહીન છે.

તે આ પ્રમાણે—પૂર્વના સાત સમયકાળમાનવાળા રસસ્થાનમાંના છેલ્લા રસસ્થાનથી આઠ સમયકાળવાળા રસસ્થાનનું પહેલું રસસ્થાન અનન્તગુણવૃદ્ધ સ્પર્દ્ધકવાળું હોય છે. જ્યારે પહેલું જ અનંતગુણવૃદ્ધ છે ત્યારે શેષ સઘળા તેની અપેક્ષાએ અનંતગુણવૃદ્ધ જ હોય છે. તથા આઠ સમયકાળમાનવાળામાંના છેલ્લા રસબંધ સ્થાનકથી તેની ઉપરનું-પછીનું સાત સમય-કાળમાનવાળામાંનું પહેલું સ્થાનક અનંતગુણવૃદ્ધ સ્પર્દ્ધકવાળું છે. તેની અપેક્ષાએ તેની પહેલાના આઠ સમયકાળમાનવાળાં સઘળાં રસબંધસ્થાનો અનંતગુણહીન સ્પર્દ્ધકવાળાં છે.

આવી રીતે શેષ સાત, છ સમયાદિ કાળમાનવાળાસ્થાનો પૂર્વના અને પછીના રસસ્થાનની અપેક્ષાએ અનંતગુણવૃદ્ધ અને અનંતગુણહીન સ્પર્દ્ધકવાળા હોય છે. માત્ર શરૂઆતનાં ચાર સમયકાળવાળાસ્થાનો પાંચ સમયકાળવાળાની અપેક્ષાએ અનંતગુણહીન જ હોય છે, અનંતગુણવૃદ્ધ નહિ. કારણ કે શરૂઆત જ ત્યાંથી થાય છે તેની પહેલાં કોઈ રસસ્થાન નથી કે જેની અપેક્ષાએ અનન્તગુણવૃદ્ધ હોય. તથા છેલ્લા બે સમયકાળમાનવાળાં સઘળાં સ્થાનો તેની પહેલાનાં ત્રણ સમયકાળમાનવાળાં સ્થાનોની અપેક્ષાએ અનંતગુણવૃદ્ધ જ હોય છે, અનંતગુણહીન હોતાં નથી, કારણ કે તે જ છેલ્લાં છે, તેની પછી કોઈ સ્થાનો નથી કે જેની અપેક્ષાએ અનન્તગુણહીન હોય.

આ હકીકત યવમધ્ય કરવા વડે સમજાય છે. કારણ કે યવમધ્ય-આઠ સમયકાળ-માનવાળાં સ્થાનોની પહેલાના ચાર સમયકાળવાળાથી માંડી યવમધ્યપર્યંત અનુક્રમે વધારે વધારે સ્થિતિવાળાં છે અને તે પછી બે સમયકાળવાળા સ્થાનપર્યંત ક્રમે હીન હીન સ્થિતિવાળા છે. આ પ્રમાણે સમયપ્રરૂપણા કરી.

હવે ચાર સમયાદિ કાળવાળાં સ્થાનોનું અલ્પબહુત્વ કહે છે—આઠ સમયકાળવાળાં સ્થાનો સૌથી અલ્પ છે. કારણ કે બહુ કાળપર્યંત બંધ યોગ્યસ્થાનો તથાસ્વભાવે અલ્પ જ છે, અને અલ્પ અલ્પ કાળવાળા અનુક્રમે વધારે વધારે છે. યવમધ્યસ્થાનોથી તેની બંને બાજુ રહેલાં સાત સમયકાળવાળાં સ્થાનો અસંખ્યાતગુણ છે, માંહોમાંહે તુલ્ય છે. તે કરતાં તેની બંને બાજુ રહેલાં છ સમયકાળવાળાં સ્થાનો અસંખ્યગુણ છે, સ્વસ્થાને બંને પરસ્પર તુલ્ય છે. તે કરતાં તેની બંને બાજુનાં પાંચ સમયકાળવાળાં સ્થાનો અસંખ્યગુણ છે, સ્વસ્થાને પરસ્પર તુલ્ય છે. તે કરતાં તેની બંને બાજુનાં ચાર સમયકાળવાળાં અસંખ્યગુણ છે, સ્વસ્થાને બંને પરસ્પર સરખાં છે. તે કરતાં ત્રણ સમયકાળવાળાં અસંખ્યગુણ છે અને તેનાથી બે સમય કાળવાળાં અસંખ્યગુણ છે. આ પ્રમાણે અલ્પબહુત્વ કહ્યું. ૫૬.

હવે સઘળાં રસબંધસ્થાનોના સમૂહ આશ્રયી વિશિષ્ટ સંખ્યાના નિરૂપણ માટે કહે છે—

सुहुमगणिं पविसंता चिट्ठंता तेसिं कायठिइकालो ।
कमसो असंखगुणिया तत्तो अणुभागठाणाइं ॥५७॥

सूक्ष्माग्निं प्रविशन्ति तिष्ठन्ति तेषां कायस्थितिकालः ।
क्रमशोऽसंख्येयगुणाः ततोऽनुभागस्थानानि ॥५७॥

અર્થ—જે જીવો સૂક્ષ્મ અગ્નિકાયમાં પ્રવેશ કરે છે—ઉત્પન્ન થાય છે, તથા જે જીવો તેની અંદર રહેલા છે. તથા તેનો જે સ્વકાયસ્થિતિકાળ છે તે ક્રમે અસંખ્યગુણ છે. તે કરતાં રસબંધનાં સ્થાનો અસંખ્યગુણ છે.

ટીકાનુ૰—જે જીવો એક સમયે સૂક્ષ્મ અગ્નિકાયમાં પ્રવેશ કરે છે એટલે ઉત્પન્ન થાય છે તે અલ્પ છે અને તે અસંખ્યલોકાકાશપ્રદેશપ્રમાણ છે. તે કરતાં જે જીવો સૂક્ષ્મઅગ્નિકાયપણે રહ્યા છે તે અસંખ્યગુણ છે, તેનાથી તેઓનો કાયસ્થિતિકાળ અસંખ્યગુણ છે, તે કરતાં પણ રસબંધનાં સ્થાનો અસંખ્યગુણ છે. ૫૭.

હવે તે જ વિશિષ્ટ સંખ્યા બતાવવા ઓજોયુગ્મ પ્રરૂપણા કરે છે.

कलिबारतेयकडजुम्मसन्निया होंति रासिणो कमसो ।
एगाइसेसगा चउहियंमि कडजुम्म इव सव्वे ॥५८॥

कलिद्वापरत्रेताकृतयुग्मसंज्ञिता भवन्ति राशयः क्रमशः ।
एकादिशेषकाः चतुर्भिर्हृते कृतयुग्मा इह सर्वे ॥५८॥

અર્થ—કોઈ સંખ્યાને ચારે ભાગતાં એક આદિ શેષ રહે તેવી સંખ્યાને અનુક્રમે કલિ, દ્વાપર, તેત્રા અને કૃતયુગ્મ સંજ્ઞાવાળી કહેવાય છે. અહીં સઘળા કૃતયુગ્મ સંજ્ઞાવાળા છે.

ટીકાનુ૰—અહીં વિષમ સંખ્યાને ઓજ કહે છે, જેમ—એક, ત્રણ વગેરે. અને સમસંખ્યાને યુગ્મ કહે છે. જેમ—બે, ચાર વગેરે. જે રાશિઓને ચારે ભાગતાં એક, બે, ત્રણ, વધે અને કંઈ ન વધે તે રાશિઓ અનુક્રમે કલિ, દ્વાપર, ત્રેતા અને કૃતયુગ્મ સંજ્ઞાવાળી કહેવાય છે.

એનો તાત્પર્યાર્થ આ પ્રમાણે છે—કોઈ વિવક્ષિત ચાર રાશિ સ્થાપવા, તેઓને ચારે ભાગવા, ચારે ભાગતાં જેની અંદર એક વધે તે રાશિ પૂર્વ પુરુષની પરિભાષા વડે કલ્યોજ કહેવાય છે, જેમકે તેર. અહીં વિષમસંખ્યામાં કલિ અને ત્રેતા સાથે ઓજ શબ્દ જોડાશે અને સમસંખ્યામાં દ્વાપર અને કૃત સાથે યુગ્મ જોડાશે. જે રાશિને ચારે ભાગતાં બે વધે તે દ્વાપરયુગ્મ, જેમ ચૌદ. જેની અંદર ત્રણ વધે તે ત્રેતૌજ, જેમ પંદર. અને ચારે ભાગતાં જેની અંદર કંઈ જ શેષ ન રહે તે સંખ્યા કૃતયુગ્મ કહેવાય છે, જેમ સોળ. કહ્યું છે કે—ચૌદ સંખ્યાને દ્વાપરયુગ્મ, સોળને કૃતયુગ્મ, તેરને કલ્યોજ, અને પંદરને ત્રેતૌજસંજ્ઞા કહેવાય છે.

અહીં ઉપરોક્ત સંજ્ઞા બતાવવાનું કારણ રસબંધનાં સ્થાનો, કંડકો વગેરે કઈ સંજ્ઞામાં

આવે છે તે જણાવવું તે છે, તે જ કહે છે—અહીં રસબંધના અધિકારમાં અવિભાગ, વર્ગણા, સ્પર્દ્ધક, રસસ્થાન, કંડક, આ સઘળાની સંખ્યા કૃતયુગ્મ સંજ્ઞાવાળી છે. આ પ્રમાણે ઓજોયુગ્મ પ્રરૂપણા કરી.

હવે પર્યવસાન પ્રરૂપણા કરે છે—પહેલા ષટ્સ્થાનકમાં છેલ્લી વાર અનંતગુણવૃદ્ધસ્થાન થયા પછી પહેલી અને બીજી વારના અનંતગુણવૃદ્ધ સ્થાનની વચમાં થયેલ પંચ વૃદ્ધ્યાત્મક સઘળાં સ્થાનો થાય છે. ત્યારપછી અનંતગુણવૃદ્ધસ્થાન થતું નથી. કારણ કે પહેલું ષટ્સ્થાનક પૂર્ણ થાય છે. તેથી તે છેલ્લું અનન્તગુણસ્થાન જ પહેલા ષટ્સ્થાનકનું પર્યવસાન છે. ત્યારપછી પહેલાના ક્રમે બીજું ષટ્સ્થાન શરૂ થાય છે. પહેલા ષટ્સ્થાનકમાં જેમ શરૂઆતમાં અનન્ત-ભાગવૃદ્ધસ્થાનો કંડક પ્રમાણ થાય છે. ત્યારપછી અનંતભાગ વડે અંતરિત અસંખ્યાત-ભાગવૃદ્ધસ્થાનો કંડક પ્રમાણ થાય છે, ત્યારપછી સંખ્યાતભાગાદિ સ્થાનો થાય છે તેમ બીજા ષટ્સ્થાનકમાં પણ શરૂઆતમાં અનંતભાગવૃદ્ધસ્થાનો કંડક પ્રમાણ થાય છે. ત્યારપછી અનંતભાગ વડે અંતરિત અસંખ્યાતભાગવૃદ્ધ સ્થાનો કંડક પ્રમાણ થાય છે, ત્યારપછી સંખ્યાતભાગાદિ સ્થાનો થઈ બીજું ષટ્સ્થાનક પૂર્ણ થાય છે. એ જ ક્રમે ત્રીજું, એમ અસંખ્યાતા લોકાકાશપ્રદેશપ્રમાણ ષટ્સ્થાનકો થાય છે. આ પ્રમાણે પર્યવસાન પ્રરૂપણા કહી.

હવે અલ્પબહુત્વ પ્રરૂપણા કરે છે તે બે પ્રકારે થાય. ૧. અનંતરોપનિધા વડે, ૨. પરંપરોપનિધા વડે, તેની અંદર પહેલાં અનંતરોપનિધા વડે અલ્પબહુત્વ પ્રરૂપણા કરે છે—

सव्वत्थोवा ठाणा अणंतगुणणाए जे उ गच्छंति ।
तत्तो असंखगुणिया णंतरवुड्ढीए जहा हेट्ठा ॥५९॥

सर्वस्तोकानि स्थानान्यनन्तगुणनया ये तु गच्छन्ति ।
ततोऽसंख्येयगुणान्यनन्तरवृद्ध्या यथाऽधस्तनानि ॥५९॥

અર્થ—અનન્તગુણવૃદ્ધિવાળાં સ્થાનો સૌથી અલ્પ છે. તેથી પછી પછીની વૃદ્ધિવાળાં અસંખ્યાત-અસંખ્યાતગુણ છે.

ટીકાનુ૦—જે સ્થાનો અનંતગુણવૃદ્ધિવાળાં છે તે અલ્પ છે. ત્યારપછી થતી અનંતર અનંતર વૃદ્ધિને આશ્રયી જેમ જેમ નીચે નીચેનાં સ્થાનો તેમ તેમ અસંખ્યગુણા છે.

તાત્પર્ય આ પ્રમાણે છે—અનંતગુણવૃદ્ધિવાળાં સ્થાનો માત્ર કંડક જેટલાં હોવાથી અલ્પ છે. તેનાથી અસંખ્યેયગુણવૃદ્ધિવાળાં સ્થાનો અનંતગુણવૃદ્ધિના કંડકને કંડકે ગુણવાથી અને તેની અંદર એક કંડક ઉમેરવાથી જેટલાં થાય તેટલાં હોવાથી અસંખ્યાતગુણ છે.

એમ શી રીતે તે જાણી શકાય ? તો કહે છે—પ્રત્યેક અનન્તગુણવૃદ્ધસ્થાન પહેલાં અસંખ્યેયગુણવૃદ્ધસ્થાનો કંડક પ્રમાણ થાય છે. અનંતગુણવૃદ્ધિનાં સ્થાનો એક કંડક જેટલાં છે માટે કંડકને કંડકે ગુણવા અને છેલ્લું અનંતગુણવૃદ્ધ સ્થાન થયા પછી એક કંડક પ્રમાણ અસંખ્યગુણવૃદ્ધ સ્થાનો થાય છે. માટે તે એક કંડક જેટલાં સ્થાનો વધારવાં, એટલે ઉપરોક્ત સંખ્યા થાય છે.

પહેલી વારના અનંતગુણવૃદ્ધસ્થાનની પહેલાંના અસંખ્યાતગુણવૃદ્ધ સ્થાનોથી સંખ્યેય-

ગુણવૃદ્ધ સ્થાનો પૂર્વોક્ત રીતિએ અસંખ્યેયગુણવૃદ્ધના કંડકને કંડકે ગુણી એક કંડક ઉમેરવાથી જેટલાં થાય તેટલાં હોવાથી અસંખ્યાતગુણ છે.

પહેલી વારના અસંખ્યેયગુણવૃદ્ધસ્થાન પહેલાંના કંડક પ્રમાણ સંખ્યેયગુણવૃદ્ધ સ્થાનોથી સંખ્યેયભાગવૃદ્ધસ્થાનો સંખ્યેયગુણવૃદ્ધસ્થાનના કંડકને કંડકે ગુણી એક કંડક ઉમેરવાથી જેટલાં થાય તેટલાં હોવાથી અસંખ્યાતગુણ છે. એ જ પ્રમાણે કંડક પ્રમાણ સંખ્યેયભાગવૃદ્ધસ્થાનોથી અસંખ્યેયભાગ વૃદ્ધસ્થાનો અસંખ્યાતગુણ છે. તથા કંડક પ્રમાણ અસંખ્યેયભાગવૃદ્ધસ્થાનોથી અનન્તભાગવૃદ્ધસ્થાનો અસંખ્યાતગુણ છે. કંડક અને કંડકવર્ગ જેટલાં છે માટે. સર્વત્ર ભાવના પહેલાં કરી તે પ્રમાણે કરવી. આ રીતે અનન્તરોપનિધા વડે અલ્પબહુત્વનો વિચાર કર્યો. ૫૯

હવે પરંપરોપનિધા વડે વિચાર કરે છે—

होंति परंपरवुड्ढीए थोवगाणंतभागवुड्ढा जे ।
अस्संखसंखगुणिया एक्कं दो दो असंखगुणा ॥६०॥

भवन्ति परम्परावृद्धौ स्तोकान्यनन्तभागवृद्धानि यानि ।
असंख्येयसंख्येयगुणितानि एकं द्वे द्वे असंख्येगुणानि ॥६०॥

અર્થ—પરંપરવૃદ્ધિમાં અનન્તભાગવૃદ્ધસ્થાનો અલ્પ છે, તેથી તે પછીની અસંખ્યભાગવૃદ્ધરૂપ એક સ્થાન અસંખ્યાતગુણ છે, તે કરતાં તે પછીનાં બે સ્થાન ઉત્તરોત્તર સંખ્યાતગુણ છે, તેનાથી તેની પછીનાં બે સ્થાન ઉત્તરોત્તર અસંખ્યાતગુણ છે.

ટીકાનુ૰—પરંપરવૃદ્ધિનો વિચાર કરતાં જે અનન્તભાગવૃદ્ધ સ્થાનો છે તે સર્વથી અલ્પ છે. ત્યારપછીનું અસંખ્યભાગવૃદ્ધરૂપ એક સ્થાન અસંખ્યેયગુણ છે એટલે કે અનન્તભાગવૃદ્ધસ્થાનોથી અસંખ્યેયભાગવૃદ્ધસ્થાનો અસંખ્યાતગુણ છે. તે કરતાં ત્યારપછીના બે—સંખ્યેયભાગવૃદ્ધ અને સંખ્યેયભાગવૃદ્ધસ્થાનો પૂર્વ પૂર્વ કરતાં સંખ્યાતગુણ છે. તે કરતાં પણ તે પછીનાં બે વૃદ્ધિસ્થાનો—અસંખ્યેયગુણવૃદ્ધ અને અનન્તગુણવૃદ્ધ સ્થાનો અસંખ્યાતગુણ છે.

તાત્પર્ય આ પ્રમાણે છે—અનન્તભાગવૃદ્ધસ્થાનો અલ્પ છે, કારણ કે પહેલા અનન્તભાગવૃદ્ધસ્થાનથી આરંભી એક કંડક જેટલાં જ તે સ્થાનો થાય છે, વધારે થતાં નથી. તેનાથી અસંખ્યાતભાગવૃદ્ધસ્થાનો અસંખ્યાતગુણ છે. અસંખ્યાતભાગવૃદ્ધસ્થાનો અસંખ્યાતગુણ શી રીતે થાય ? તે કહે છે—અનન્તભાગાધિક કંડકના છેલ્લા સ્થાનથી તેની પછીનું સ્થાન અસંખ્યાતભાગાધિક છે. હવે જો અનન્તભાગવૃદ્ધ કંડકની ઉપરનું પહેલું અસંખ્યેયભાગવૃદ્ધસ્થાન અનન્તભાગવૃદ્ધ કંડકના છેલ્લા સ્થાનની અપેક્ષાએ અસંખ્યેયભાગ અધિક છે તો તે પછી થતાં અનન્તભાગાધિક સ્થાનો પણ તે છેલ્લા સ્થાનની અપેક્ષાએ અસંખ્યેયભાગાધિક જ છે. કારણ કે જે અનન્તભાગાધિક સ્થાન છે તે તો પહેલા અસંખ્યેયભાગાધિક સ્થાનની અપેક્ષાએ છે. અનન્તભાગવૃદ્ધ કંડકના છેલ્લા સ્થાનની અપેક્ષાએ નહિ. તેની અપેક્ષાએ તો અસંખ્યેયભાગવૃદ્ધ સ્થાન અને તેની પછી થનારાં સઘળાં સ્થાનો અસંખ્યેયભાગ અધિક જ હોય છે. હવે જ્યારે અસંખ્યેયભાગવૃદ્ધ સ્થાનની પછીનું અનન્તભાગવૃદ્ધ સ્થાન અનન્તભાગવૃદ્ધ કંડકના છેલ્લા

સ્થાનની અપેક્ષાએ અસંખ્યેયભાગ અધિક છે તો તેની પછીના સંખ્યેયભાગ અધિકસ્થાન સુધીનાં સઘળાં સ્થાનો વિશેષ વિશેષ અસંખ્યેયભાગાધિક છે. અને તે કંડકવર્ગ અને કંડક જેટલાં છે તેથી અનંતભાગવૃદ્ધ સ્થાનોથી અસંખ્યેયભાગવૃદ્ધ સ્થાનો અસંખ્યાતગુણ જાણવાં.

તેથી પણ સંખ્યેયભાગવૃદ્ધ સ્થાનો સંખ્યાતગુણ છે. કઈ રીતે તે જાણી શકાય ? તે કહે છે—પહેલા સંખ્યેયભાગવૃદ્ધ સ્થાનમાં અનન્તર પૂર્વના સ્થાનની અપેક્ષાએ સંખ્યાતભાગવૃદ્ધિ થાય છે. જો એમ ન હોય તો તે સંખ્યાતભાગાધિક કહી જ ન શકાય. હવે જો પહેલા સંખ્યેયભાગવૃદ્ધ સ્થાનમાં સંખ્યેયભાગવૃદ્ધિ થઈ તો તે પછી થનાર અનંતભાગવૃદ્ધ અને અસંખ્યેયભાગવૃદ્ધ સ્થાનકોમાં સંખ્યાતભાગવૃદ્ધિ તો બહુ સારી રીતે થાય છે. કારણ કે જે અનન્તભાગવૃદ્ધિ અથવા અસંખ્યાતભાગવૃદ્ધિ થાય છે, તે તેની નજીકના પૂર્વ પૂર્વ સ્થાનની અપેક્ષાએ થાય છે. અહીં સંખ્યાતભાગવૃદ્ધિનો વિચાર પહેલી વાર જે સંખ્યાતભાગવૃદ્ધસ્થાન થાય છે તેની પૂર્વના સ્થાનની અપેક્ષાએ કરાય છે. તેથી જો તે પહેલા સંખ્યાતભાગવૃદ્ધસ્થાનની પૂર્વના સ્થાનની અપેક્ષાએ પહેલું સંખ્યેયભાગવૃદ્ધ સ્થાન સંખ્યાતભાગ અધિક સ્પર્દ્ધકવાળું છે તો તેની પછીના પોતપોતાના પૂર્વ પૂર્વ સ્થાનની જ અપેક્ષાએ થનારા અનન્તભાગવૃદ્ધ અને અસંખ્યેયભાગવૃદ્ધ સ્થાનો વિશેષ વિશેષ સંખ્યાતભાગવૃદ્ધ હોય જ. આ વિશેષ વિશેષ સંખ્યાતભાગવૃદ્ધિ ત્યાં સુધી કહેવી યાવત્ મૂળ બીજું સંખ્યેયભાગવૃદ્ધ સ્થાન આવે, બીજું મુખ્ય સંખ્યેયભાગાધિક સ્થાન થોડા વધારે બે સંખ્યેયભાગાધિક સ્પર્દ્ધકવાળું જાણવું. એ પ્રમાણે ત્રીજું સાતિરેક—થોડા વધારે ત્રણ સંખ્યેયભાગ અધિક સ્પર્દ્ધકવાળું જાણવું. ચોથું સાતિરેક ચાર સંખ્યેયભાગ અધિક સ્પર્દ્ધકવાળું જાણવું, એ પ્રમાણે ત્યાં સુધી કહેવું કે ઉત્કૃષ્ટ સંખ્યાતભાગ પ્રમાણ વચમાં વચમાં થનારાં મુખ્ય સંખ્યાતભાગ વૃદ્ધસ્થાનો થાય. આ પ્રમાણે પહેલા સંખ્યેયભાગવૃદ્ધસ્થાનથી આરંભી એક ન્યૂન ઉત્કૃષ્ટ સંખ્યાત પ્રમાણ મુખ્ય સંખ્યેયભાગવૃદ્ધસ્થાન સુધીનાં સઘળાં સ્થાનો પહેલા સંખ્યેયભાગવૃદ્ધની પહેલાના સ્થાનની અપેક્ષાએ સંખ્યેયભાગવૃદ્ધ છે. ઉત્કૃષ્ટ સંખ્યાતમું સંખ્યેયભાગવૃદ્ધસ્થાન સંખ્યેયગુણ એટલે સાધિક બમણા સ્પર્દ્ધકવાળું થાય છે માટે એક ન્યૂન ઉત્કૃષ્ટ સંખ્યાત પ્રમાણ ગ્રહણ કર્યા છે. તેથી જ અસંખ્યાતભાગવૃદ્ધ સ્થાનોથી સંખ્યેયભાગવૃદ્ધસ્થાનો સંખ્યાતગુણ છે. કારણ કે પહેલા સંખ્યેયભાગવૃદ્ધસ્થાનની પહેલાં જેટલાં અસંખ્યેયભાગવૃદ્ધાદિ સ્થાનો થાય છે તેટલા એક એક સંખ્યેયભાગવૃદ્ધસ્થાનની વચમાં થાય છે અને તે વચ્ચે થનારા મુખ્ય સંખ્યાતભાગવૃદ્ધસ્થાનો પ્રસ્તુત વિચારમાં ઉત્કૃષ્ટ સંખ્યાતા પ્રમાણ લેવાના છે, ફક્ત ઉત્કૃષ્ટ સંખ્યાતમું સ્થાન લેવાનું નથી. તેથી જ અસંખ્યાતભાગવૃદ્ધ સ્થાનોથી સંખ્યાતભાગવૃદ્ધસ્થાનો સંખ્યાત ગુણ છે.

સંખ્યાતભાગ વૃદ્ધસ્થાનોથી સંખ્યાતગુણવૃદ્ધસ્થાનો સંખ્યાતગુણ છે. કઈ રીતે સંખ્યાતગુણ થાય છે ? તે કહે છે—પહેલા સંખ્યેયભાગ વૃદ્ધસ્થાનની પૂર્વના સ્થાનની અપેક્ષાએ ઉત્કૃષ્ટ સંખ્યાત પ્રમાણ મુખ્ય સંખ્યેયભાગવૃદ્ધસ્થાનો ઓળંગીને છેલ્લું સ્થાન કંઈક અધિક બમણા સ્પર્દ્ધકવાળું થાય છે. ફરી પણ તેટલાં સ્થાનો ઓળંગીને છેલ્લું સ્થાન સાધિક ત્રણ ગુણું થાય છે. વળી તેટલાં સ્થાનો ઓળંગીને છેલ્લું સ્થાન કંઈક અધિક ચાર ગુણા સ્પર્દ્ધકવાળું થાય છે. એ પ્રમાણે ત્યાં સુધી કહેવું યાવત્ ઉત્કૃષ્ટ સંખ્યાતમું સ્થાન ઉત્કૃષ્ટ સંખ્યાતગુણ થાય, પહેલા સંખ્યેયગુણવૃદ્ધસ્થાનની પૂર્વના ઉત્કૃષ્ટ સંખ્યાતા પ્રમાણ મુખ્ય સંખ્યેય ભાગવૃદ્ધસ્થાનો દરેક

સંખ્યેયગુણવૃદ્ધસ્થાનની વચમાં થાય છે. અને સંખ્યેયગુણવૃદ્ધસ્થાનો ઉત્કૃષ્ટ સંખ્યાત પ્રમાણ થાય છે તેથી સંખ્યેયભાગવૃદ્ધસ્થાનોથી સંખ્યેયગુણવૃદ્ધ સ્થાનો સંખ્યાતગુણા જ થાય છે.

સંખ્યેયગુણવૃદ્ધસ્થાનોથી અસંખ્યેયગુણવૃદ્ધસ્થાનો અસંખ્યાતગુણા છે. કઈ રીતે અસંખ્યાતગુણા છે તે કહે છે—છેલ્લા ઉત્કૃષ્ટ સંખ્યાતગુણ સ્થાનથી ઉત્કૃષ્ટ સંખ્યાતાપ્રમાણ મુખ્ય સંખ્યાતભાગવૃદ્ધસ્થાનો ઓળંગીને છેલ્લું સ્થાન જઘન્ય અસંખ્યેયગુણ થાય છે. અને તે પછી થનારા સઘળા અનંતભાગવૃદ્ધ, અસંખ્યાતભાગવૃદ્ધ, સંખ્યાતભાગવૃદ્ધ, સંખ્યેયગુણવૃદ્ધ અને અસંખ્યેયગુણવૃદ્ધસ્થાનો અસંખ્યાતગુણા જ હોય છે. તેથી સંખ્યેયગુણવૃદ્ધસ્થાનોથી અસંખ્યેય-ગુણવૃદ્ધસ્થાનો અસંખ્યાતગુણા છે.

તે કરતાં અનન્તગુણવૃદ્ધસ્થાનો અસંખ્યાતગુણા છે. કારણ કે પહેલા અનન્તગુણ-વૃદ્ધસ્થાનથી આરંભી ષટ્સ્થાનકની સમાપ્તિ પર્યંત સઘળાં સ્થાનો અનન્તગુણવૃદ્ધ સ્પર્દ્ધકવાળાં જ છે, કેમકે પહેલું અનંતગુણવૃદ્ધસ્થાન તેની પૂર્વમાં જ રહેલા સ્થાનની અપેક્ષાએ અનંતગુણવૃદ્ધ છે, જો તે પહેલું જ સ્થાન અનંતગુણવૃદ્ધ છે તો તે અનંતગુણવૃદ્ધની જ અપેક્ષાએ થનારાં અનંતભાગવૃદ્ધાદિ સ્થાનો અનન્તગુણસ્પર્દ્ધકવાળાં જ કહેવાય. પ્રથમ અનંતગુણવૃદ્ધની પહેલાનાં સઘળાં સ્થાનો દરેક અનન્તગુણવૃદ્ધની વચમાં થાય છે, અનન્તગુણવૃદ્ધસ્થાનો અને આંતરાઓ કંડક પ્રમાણ થાય છે, માટે અસંખ્યેયગુણવૃદ્ધસ્થાનોથી અનંતગુણવૃદ્ધસ્થાનો અસંખ્યાતગુણા છે. આ પ્રમાણે અલ્પબહુત્વ પ્રરૂપણા કરી અને રસબંધસ્થાનોનું સ્વરૂપ કહ્યું. ૬૦

હવે આ અનુભાગબંધનાં સ્થાનોને બાંધનારા ત્રસ અને સ્થાવર જીવો કેટલા હોય તે વગેરે વિચાર કરે છે, તેમાં આઠ અનુયોગદ્વાર છે. તે કહે છે—

एगट्ठाणपमाणं अंतरठाणा निरंतरा ठाणा ।
कालो वुड्ढी जवमज्झ फासणा अप्पबहु दारा ॥६१॥

एकस्थानप्रमाणं अन्तरस्थानानि निरन्तरस्थानानि ।
कालः वृद्धिः यवमध्यं स्पर्शना अल्पबहुत्वं द्वाराणि ॥६१॥

અર્થ—અનુભાગબંધસ્થાનોને બાંધનારા જીવોના વિષયમાં આઠ અનુયોગદ્વાર કહે છે— ૧. એકસ્થાનપ્રમાણ એટલે એક એક રસબંધસ્થાનને બાંધનાર જીવોનું પ્રમાણ. ૨. અંતરસ્થાન એટલે રસબંધસ્થાનોમાં બાંધનાર જીવોની અપેક્ષાએ કેટલાં સ્થાનોનું ઓછામાં ઓછું કે વધારેમાં વધારે અંતર પડે તેનો વિચાર. ૩. નિરંતરસ્થાન એટલે કેટલાં સ્થાનોને આંતરા વિના બાંધે તેનો વિચાર. ૪. કાલપ્રમાણ—નાના જીવની અપેક્ષાએ કોઈ પણ એક અનુભાગસ્થાન કેટલો કાળ બંધાય તેનો વિચાર. ૫. વૃદ્ધિ એટલે કેવા ક્રમથી અનુભાગસ્થાનને બાંધનાર જીવોની વૃદ્ધિ થાય તેનો વિચાર. ૬. યવમધ્ય એટલે વધારેમાં વધારે કાળમાનવાળાં સ્થાનોને જણાવવાં તે. ૭. સ્પર્શના એટલે તે તે કાળમાનવાળાં સ્થાનોને નાના જીવો કેટલો કાળ સ્પર્શે તેનો વિચાર. ૮. અલ્પબહુત્વ પ્રરૂપણા એટલે આગળ પાછળના કાળમાનવાળાં સ્થાનોને સ્પર્શ કરનારા જીવોના વત્તા-ઓછાપણાનો વિચાર. આ પ્રમાણે આઠ દ્વાર છે. ૬૧

હવે જે ક્રમથી કહેવાનો નિર્ણય કર્યો હોય તે ક્રમ પ્રમાણે કહેવું જોઈએ તેવો ન્યાય હોવાથી પહેલાં એકસ્થાનપ્રમાણનો વિચાર કરે છે—

एक्केक्कंमि असंखा तसेयराणंतया सपाउग्गे ।
एगाइ जाव आवलि असंखभागो तसा ठाणे ॥६२॥

एकैकस्मिन्नसंख्याः त्रसा इतरे अनन्ताः स्वप्रायोग्ये ।
एकादिर्यावत् आवल्यसंख्यभागः त्रसाः स्थाने ॥६२॥

અર્થ—સ્વપ્રાયોગ્ય એક એક સ્થાનમાં એકથી આરંભી આવલિકાના અસંખ્યાતમા ભાગપ્રમાણ અસંખ્યાતા ત્રસ જીવો હોય છે અને સ્થાવરો અનંતા હોય છે.

ટીકાનુ૰—ત્રસજીવોને બંધયોગ્ય એક એક અનુભાગબંધસ્થાનમાં જઘન્ય—એકથી આરંભી ઉત્કૃષ્ટ—આવલિકાના અસંખ્યાતમા ભાગમાં રહેલ સમયપ્રમાણ અસંખ્યાતા ત્રસજીવો હોય છે, એટલે કે એટલા ત્રસજીવો તે તે સ્થાનને બાંધનારા હોય છે. અને સ્વપ્રાયોગ્યસ્થાનના બાંધનારા સ્થાવર જીવો અનંતા અનંતા હોય છે. સ્થાવરયોગ્ય દરેક રસસ્થાનને બાંધનારા સ્થાવર જીવો અનંતા હોય છે. આ પ્રમાણે કેટલા કેટલા જીવો રસબંધસ્થાનના બંધક છે, તેનુ પ્રમાણ કહ્યું. ૬૨.

હવે અંતરસ્થાનનો વિચાર કરે છે—

तसजुत्तठाणविवरेसु सुन्नया होंति एक्कमाईया ।
जाव असंखा लोगा निरन्तरा थावरा ठाणा ॥६३॥

त्रसयुक्तस्थानविवरेषु शून्यानि भवन्ति एकादीनि ।
यावदसंख्येया लोका निरन्तराणि स्थावरस्थानानि ॥६३॥

અર્થ—ત્રસયોગ્ય સ્થાનકોમાં વચમાં વચમાં એકથી માંડી અસંખ્યલોકાકાશ પ્રદેશપ્રમાણ સ્થાનોનું અંતર પડે છે. સ્થાવરયોગ્ય સ્થાનોમાં અંતર પડતું નથી.

ટીકાનુ૰—ત્રસયોગ્ય જે રસબંધસ્થાનો ત્રસોને બંધમાં પ્રાપ્ત થતાં નથી તે જઘન્યથી એક, બે અને ઉત્કૃષ્ટથી અસંખ્યલોકાકાશ પ્રદેશપ્રમાણ હોય છે. તાત્પર્ય એ છે કે, ત્રસજીવોથી તેઓને બંધયોગ્ય રસબંધસ્થાનો અસંખ્યાતગુણા છે એટલે બધાં સ્થાનો પ્રતિ સમયે બંધાય એમ બને નહિ, કેટલાંક બંધાય અન કેટલાંક ન બંધાય, વિવક્ષિત સમયે જે ન બંધાય તે જઘન્યથી એક, બે, અને ઉત્કૃષ્ટથી અસંખ્યલોકાકાશપ્રદેશપ્રમાણ હોય છે. તેથી જ વચમાં વચમાં અસંખ્યલોકાકાશ-પ્રદેશપ્રમાણ સ્થાનનું અંતર પડે છે તેમ કહેવામાં આવે છે.

સ્થાવર યોગ્ય જે સ્થાનો છે તે સઘળાં નિરંતર બંધાય છે. ત્રસજીવોને જેમ વચમાં બંધ શૂન્ય સ્થાન રહે છે તેમ સ્થાવર પ્રાયોગ્ય સ્થાનોમાં વચમાં કોઈ દિવસ બંધશૂન્ય સ્થાનો રહેતાં જ નથી. કારણ કે સ્થાવર જીવો અનંતા છે અને તદ્યોગ્ય રસબંધસ્થાનો અસંખ્યાતા જ છે. આ પ્રમાણે અંતરસ્થાનો વિચાર્યાં. ૬૩

હવે નિરંતર કેટલાં સ્થાનો બંધાય તે વિચારે છે—

दोआइ जाव आवलिअसंखभागो निरन्तर तसेहिं ।

द्व्यादिर्यावदावल्यसंख्यभागः निरन्तराणि त्रसैः ।

અર્થ—બે સ્થાનથી માંડીને આવલિકાના અસંખ્યાતમા ભાગનાં સમયપ્રમાણ સ્થાનો ત્રસજીવો વડે નિરન્તર બંધાતાં હોય છે.

ટીકાનુ૰—ત્રસજીવો વડે જે સ્થાનો નિરંતર બંધાય છે તે ઓછામાં ઓછા બે, ત્રણ હોય છે અને વધારેમાં વધારે આવલિકાના અસંખ્યાતમા ભાગના સમયપ્રમાણ હોય છે. કારણ કે ત્રસજીવો થોડા છે અને રસબંધનાં સ્થાનો તેઓથી અસંખ્યાતગુણ છે. તેથી સઘળાં સ્થાનો ત્રસજીવ વડે નિરંતર બાંધી શકાતાં નથી, કેટલાંક સ્થાનો નિરંતર બંધાય છે, વળી અંતર પડે છે—કેટલાંક સ્થાનો નથી બંધાતાં, વળી કેટલાંક બંધાય છે. આ પ્રમાણે દરેક સમયે હોય છે એટલે નિરંતર કેટલા બંધાય તેનો અહીં વિચાર કર્યો અને અંતર પડે—ન બંધાય તો કેટલા ન બંધાય તે ઉપરની ગાથામાં કહ્યું.

આ પ્રમાણે નિરંતર બંધાતાં સ્થાનોનો વિચાર કર્યો. હવે અનેક જીવો આશ્રયી કોઈ પણ એક સ્થાન નિરંતર કેટલો કાળ બંધાય તે કહે છે—

नाणाजीएहिं ठाणं असुन्नयं आवलिअसंखं ॥६४॥

नानाजीवैः स्थानमशून्यं आवल्यसंख्यम् ॥६४॥

અર્થ—નાના—અનેક જીવો વડે બંધાતું રસબંધસ્થાન આવલિકાના અસંખ્યાતમા ભાગ જેટલા કાળ અશૂન્ય છે.

ટીકાનુ૰—પ્રશ્ન-કોઈપણ એક રસબંધસ્થાન અનેક જીવો વડે નિરંતર બંધાય તો કેટલો કાળ બંધાય ? એટલે કે જે કોઈ સ્થાનને ત્રસજીવો નિરંતર બાંધ્યા કરે—તે સ્થાન બંધશૂન્ય ન રહે, તો કેટલો કાળ બંધશૂન્ય ન રહે ?

ઉત્તર—ત્રસયોગ્ય કોઈપણ એક સ્થાન અન્ય અન્ય જીવો વડે નિરંતર બંધાય તો ઉત્કૃષ્ટથી આવલિકાના અસંખ્યાતમા ભાગના સમય પ્રમાણ જ બંધાય છે પછી અવશ્ય બંધશૂન્ય થાય છે, એટલે કે તેને એક પણ ત્રસજીવ બાંધતો નથી. કોઈપણ સ્થાનનો જઘન્ય નિરંતર બંધકાળ એક, બે સમય છે, એટલે કે ઓછામાં ઓછા એક કે બે સમય બંધાયા પછી તે બંધશૂન્ય થાય છે.

સ્થાવર જીવોને યોગ્ય દરેક અનુભાગબંધસ્થાન અન્ય અન્ય સ્થાવર જીવો વડે નિરંતર બંધાયા જ કરે છે. કોઈપણ કાળે બંધશૂન્ય હોતા જ નથી, કારણે કે, સ્થાવર જીવો અનંત છે. આ પ્રમાણે અનેક જીવો આશ્રયી કાળનો વિચાર કર્યો.૬૪

હવે અનુભાગસ્થાનમાં કેવા ક્રમથી બાંધનારની અપેક્ષાએ જીવો વધે છે તે કહે છે. તેની અંદર બે અનુયોગદ્વાર છે. ૧. અનન્તરોપનિધા, ૨. પરંપરોપનિધા. તેમાં પ્રથમ અનંતરોપનિધા વડે વિચાર કરે છે—

जवमज्झंमि बहवो विसेसहीणाउ उभयओ कमसो ।

यवमध्ये बहवः विशेषहीनास्तु उभयतः क्रमशः ।

અર્થ—યવમધ્યમાં ઘણા જીવો છે, બંને બાજુ અનુક્રમે વિશેષહીન-હીન છે.

ટીકાનુ૰—આઠ સમય કાળવાળાં રસબંધનાં સ્થાનોને બાંધનાર જીવો ઘણા છે અને તેની બંને બાજુનાં સ્થાનોને બાંધનારા અનુક્રમે ઓછા ઓછા છે. તાત્પર્ય આ પ્રમાણે છે—સર્વ જઘન્ય રસબંધસ્થાનને બાંધનાર જીવો અલ્પ છે, બીજા સ્થાનને બાંધનાર વિશેષાધિક છે, ત્રીજા સ્થાનને બાંધનાર વિશેષાધિક છે. આ પ્રમાણે વિશેષાધિક-વિશેષાધિક આઠ સમયકાળવાળા સ્થાનપર્યંત કહેવું. ત્યારપછી સાત સમયકાળવાળા સ્થાનથી આરંભી બે સમયકાળવાળા સ્થાનપર્યંત વિશેષહીન-વિશેષહીન કહેવા. એટલે કે આઠ સમયકાળવાળાના છેલ્લા સ્થાનથી સાત સમયકાળવાળાના પહેલા સ્થાનને બાંધનાર જીવો અલ્પ છે, તેથી તે પછીના સ્થાનને બાંધનાર જીવો અલ્પ છે, એમ અલ્પ-અલ્પ ઉત્કૃષ્ટ બે સમયકાળવાળાના છેલ્લા સ્થાન પર્યંત કહેવું. આ પ્રમાણે અનંતરોપનિધા વડે વિચાર કર્યો. ૬૪

હવે પરંપરોપનિધા વડે વિચાર કરે છે—

गंतुमसंखा लोगा अद्धद्धा उभयओ जीवा ॥६५॥

गत्वाऽसंख्येयान् लोकान् अर्द्धार्द्धाः उभयतो जीवाः ॥६५॥

અર્થ—બંને બાજુ અસંખ્યલોકાકાશ પ્રમાણપ્રદેશ સ્થાનો ઓળંગીને જીવો અર્ધ અર્ધ થાય છે.

ટીકાનુ૰—યવમધ્ય સરખા આઠ સમયકાળવાળા અનુભાગસ્થાનને બાંધનાર જીવોથી તેની બંને બાજુ અસંખ્યાતા-અસંખ્યાતલોકાકાશ પ્રદેશપ્રમાણ સ્થાનો ઓળંગીને પછી પછી જે જે અનુભાગસ્થાન આવે છે તેની તેની અંદર પૂર્વ પૂર્વની અપેક્ષાએ અર્ધ અર્ધ જીવો છે. તે પ્રમાણે ત્યાં સુધી કહેવા યાવત્ એક બાજુ ચાર સમયકાળવાળું જઘન્ય સ્થાન આવે, બીજી બાજુ બે સમયકાળવાળું સર્વોત્કૃષ્ટ સ્થાન આવે.

તાત્પર્ય આ પ્રમાણે છે—જઘન્ય અનુભાગબંધસ્થાનને જેટલા જીવો બાંધે છે તે કરતાં જઘન્ય અનુભાગ બંધસ્થાનથી આરંભી અસંખ્યલોકાકાશ પ્રદેશપ્રમાણ સ્થાનો ઓળંગીને પછી જે સ્થાન આવે તેના બાંધનાર જીવો બમણા હોય છે, ફરી પણ ત્યાંથી તેટલાં સ્થાનો ઓળંગી પછી જે સ્થાન આવે તેના બાંધનારા બમણા જીવો છે. આ પ્રમાણે બમણા-બમણા યવમધ્ય પર્યંત કહેવા. યવમધ્યના છેલ્લા સ્થાન પછીથી અસંખ્યલોકાકાશ પ્રદેશપ્રમાણ સ્થાનો ઓળંગીને પછી જે સ્થાન આવે—તેની અંદર છેલ્લા દ્વિગુણવૃદ્ધસ્થાનના જીવોથી દ્વિગુણહીન એટલે અર્ધા જીવો હોય છે. ફરી પણ તેટલાં સ્થાનો ઓળંગીને પછીના સ્થાનમાં અર્ધ જીવો હોય છે. આ પ્રમાણે અર્ધ-અર્ધ બાંધનારા જીવો ત્યાં સુધી કહેવા—યાવત્ સર્વોત્કૃષ્ટ બે સમયકાળવાળું રસબંધસ્થાન આવે. આ પ્રમાણે પરંપરોપનિધા વડે વિચાર કર્યો. ૬૫

હવે હાનિના પ્રમાણનો વિચાર કરે છે—

आवलिअसंखभागं तसेसु हाणीण होइ परिमाणं ।
हाणि दुगंतरठाणा थावरहाणी असंखगुणा ॥६६॥

आवल्यसंख्येयभागः त्रसेषु हानीनां भवति परिमाणम् ।
हानिद्विकान्तरस्थानानि स्थावरहानयोऽसंख्यगुणाः ॥६६॥

અર્થ—ત્રસજીવોમાં હાનિનું પ્રમાણ આવલિકાનો અસંખ્યાતમો ભાગ છે. બે હાનિની વચ્ચેનાં સ્થાનો તથા સ્થાવર જીવોની હાનિઓ અસંખ્યેયગુણ છે.

ટીકાનુ૰—ત્રસજીવોના વિષયમાં યવમધ્યની અપેક્ષાએ તેની પહેલાં અને પછી જે દ્વિગુણહાનિ થાય છે તે સરવાળે આવલિકાના અસંખ્યાતમા ભાગના સમય પ્રમાણ થાય છે. આવલિકાના અસંખ્યાતમા ભાગમાં જેટલા સમયો હોય તેટલા સરવાળે દ્વિગુણહાનિવાળાં સ્થાનકો થાય છે.

શંકા—પહેલાં કહેવામાં આવ્યું છે કે, ત્રસજીવો વડે નિરંતર અનુભાગ સ્થાનક બંધાય તો વધારેમાં વધારે આવલિકાના અસંખ્યાતમા ભાગના સમય પ્રમાણ બંધાય છે. પછી કેટલાંક સ્થાનો બંધશૂન્ય હોય છે, વળી કેટલાંક બંધાય છે, વળી કેટલાંક બંધશૂન્ય હોય છે. આ પ્રમાણે નિરંતર પણ બંધાય છે અને વચ્ચે-વચ્ચે બંધશૂન્ય પણ હોય છે. દરેક સ્થાનો નિરંતર બંધમાં આવતાં નથી. જ્યારે આ પ્રમાણે છે તો જઘન્યસ્થાનથી આરંભી યવમધ્ય રસસ્થાન સુધી જીવોની વૃદ્ધિ કહી. ત્યારપછી જીવોની હાનિ કહી તેમજ યવમધ્યની પહેલા અને પછી સરવાળે આવલિકાના અસંખ્યાતમા ભાગપ્રમાણ દ્વિગુણહાનિનાં સ્થાનો કહ્યાં તે શી રીતે ઘટે ? ખરું જોતાં આ રીતે એક પણ દ્વિગુણહાનિ ઘટી શકે નહિ.

ઉત્તર—બરાબર છે, વિવક્ષિત કોઈપણ એક સમયની અપેક્ષાએ વિચારીએ તો વચમાં બંધશૂન્ય સ્થાનો હોવાથી દ્વિગુણહાનિ સ્થાન ઘટી શકે નહિ. પરંતુ ત્રિકાળવર્ત્તી જીવોની અપેક્ષાએ વિચારીએ તો કોઈપણ સ્થાન બંધશૂન્ય હોઈ શકે જ નહિ. કારણ કે ભૂતકાળમાં દરેક સ્થાનને જીવોએ સ્પર્શ્યા છે અને ભવિષ્યકાળમાં સ્પર્શ કરશે. તેથી જ તે અપેક્ષાએ ચાર સમયકાળવાળા સ્થાનથી યવમધ્ય પર્યંત પ્રતિસ્થાને જીવોની જે વૃદ્ધિ તથા ત્યારપછી ક્રમશઃ જીવોની જે હાનિ કહી છે, તેમજ આવલિકાના અસંખ્યાતમા ભાગ પ્રમાણ દ્વિગુણહાનિવાળાં જે સ્થાનો કહ્યાં છે તે બરાબર ઘટી શકે છે. અહીં ત્રિકાળવર્ત્તી જીવોની અપેક્ષાએ વિચાર છે, આવલિકાના અસંખ્યાતમા ભાગના સમયપ્રમાણ અનુભાગ બંધસ્થાનો નિરંતર બંધાય ત્યારપછી કેટલાંક સ્થાનો અવશ્ય બંધશૂન્ય હોય—એ વિચાર વિવક્ષિત કોઈપણ એક સમયની અપેક્ષાએ છે એટલે અહીં કોઈપણ જાતનો વિરોધ નથી.

ત્રસોની એક અને બીજી દ્વિગુણહાનિની વચમાં જે સ્થાનો છે તે કરતાં સ્થાવરોના યવમધ્ય પહેલાના અને પછીના સરવાળે જે દ્વિગુણહીન અનુભાગસ્થાનો થાય છે તે અસંખ્યાતગુણ છે. અહીં ત્રસોના સઘળા દ્વિગુણહીન સ્થાનકો અલ્પ છે, તેથી એક અને બીજી દ્વિગુણહાનિની વચ્ચેનાં રસબંધસ્થાનો અસંખ્યાતગુણ છે. સ્થાવરોના સંબંધમાં આ પ્રમાણે છે—ત્રસના બે દ્વિગુણહાનિની વચ્ચેનાં સ્થાનો અલ્પ છે, તે કરતાં તેઓનાં—સ્થાવરોનાં દ્વિગુણહીન

સ્થાનો અસંખ્યાતગુણ છે. ૬૬.

હવે યવમધ્યપ્રરૂપણા કરે છે—

जवमज्झे ठाणाइं असंखभागो उ सेसठाणाणं ।
हेट्ठंमि होंति थोवा उवरिम्मि असंखगुणियाणि ॥६७॥

यवमध्ये स्थानानि असंख्यभागस्तु शेषस्थानानाम् ।
अधस्तात् भवन्ति स्तोकान्युपरितनान्यसंख्यगुणितानि ॥६७॥

અર્થ—શેષ સ્થાનોનો અસંખ્યાતમો ભાગ યવમધ્યનાં સ્થાનો છે તથા નીચેનાં સ્થાનો થોડાં છે. ઉપરના અસંખ્યાતગુણા છે.

ટીકાનુ૦—આઠ સમયકાળવાળાં સ્થાનોને યવમધ્ય કહેવાય છે. યવના મધ્ય સરખા હોવાથી તે યવમધ્ય સ્થાનો અન્ય સ્થાનોની અપેક્ષાએ અસંખ્યાતમો ભાગ માત્ર છે. તથા યવમધ્યની નીચેના ચારથી સાત સમય સુધીના કાળવાળાં સ્થાનો અલ્પ છે, તે કરતાં યવમધ્યની ઉપરના સાતથી બે સમય સુધીનાં કાળવાળાં સ્થાનો અસંખ્યાતગુણ છે. આ પ્રમાણે યવમધ્ય પ્રરૂપણા કરી. ૬૭

હવે સ્પર્શના પ્રરૂપણા કરે છે—અતીત કાળમાં રખડતો આત્મા કયાં કયાં સ્થાનોને કેટલો કાળ સ્પર્શ્યો છે તે વિચારે છે—

दुगचउरट्ठतिसमइग सेसा य असंखगुणणया कमसो ।
काले ईए पुट्ठा जिएण ठाणा भमंतेणं ॥६८॥

द्विकचतुरष्टत्रिसामयिकानि शेषाणि चासंख्यगुणनया क्रमशः ।
कालेऽतीते स्पृष्टानि जीवेन स्थानानि भ्रमता ॥६८॥

અર્થ—અતીત કાળમાં ભ્રમણ કરતા જીવે બે, ચાર, આઠ, ત્રણ સમયકાળવાળાં તથા શેષ સ્થાનોને અનુક્રમે અસંખ્યાત—અસંખ્યાતગુણો કાળ સ્પર્શ્યો છે.

ટીકાનુ૦—અતીત કાળમાં ભ્રમણ કરતા જીવે બે સમય કાળવાળા રસબંધનાં સ્થાનોને થોડો જ કાળ સ્પર્શ્યો છે એટલે કે તેઓને થોડો જ કાળ બાંધ્યા છે. તે કરતાં નીચેનાં ચાર સમયકાળવાળાં સ્થાનોને અસંખ્યાતગુણકાળ સ્પર્શ્યો છે, તેટલો જ ઉપરનાં ચાર સમયકાળવાળાં સ્થાનને સ્પર્શ્યો છે. તેથી આઠ સમયકાળવાળાં યવમધ્યસ્થાનોને અસંખ્યાતગુણો કાળ સ્પર્શ્યો છે. તે કરતાં ત્રણ સમયકાળવાળાં સ્થાનોને અસંખ્યાતગુણો કાળ સ્પર્શ્યો છે. તેથી યવમધ્યની નીચેના પાંચ, છ અને સાત સમયકાળવાળાં અનુભાગ સ્થાનોનો સમુદિત-સરવાળે ત્રણેનો મળી સ્પર્શના કાળ અસંખ્યાતગુણો છે, તેટલો જ યવમધ્યની ઉપરના સાત, છ અને પાંચ સમયકાળવાળાં સ્થાનોનો=ત્રણેનો મળી સ્પર્શના કાળ છે.

તાત્પર્ય એ કે સંસારમાં પરિભ્રમણ કરતા આત્માએ તેટલો તેટલો કાળ તે-તે સમય પ્રમાણવાળાં અનુભાગસ્થાનોને બાંધ્યાં છે. ૬૮.

तत्तो विसेसअहियं जवमज्झा उवरिमाइं ठाणाइं ।
तत्तो कंडगहेट्ठा तत्तोवि हु सव्वठाणाइं ॥६९॥

ततो विशेषाधिकं यवमध्यादुपरितनानि स्थानानि ।
ततः कण्डकाधस्तनानि ततोऽपि हु सर्वस्थानानि ॥६९॥

અર્થ—એ કરતાં યવમધ્યની ઉપરનાં સ્થાનોનો, તે કરતાં કંડકની નીચેનાં સ્થાનોનો અને તેથી સર્વસ્થાનોનો અનુક્રમે વિશેષાધિક સ્પર્શનાકાળ છે.

ટીકાનુ૰—પાંચ, છ, સાત સમયકાળવાળાં રસબંધસ્થાનોનો સમુદિત જે સ્પર્શના કાળ કહ્યો—તેની અપેક્ષાએ યવમધ્ય ઉપરના સાતથી આરંભી બે સમયકાળવાળાં સઘળાં સ્થાનોનો સમુદિત સ્પર્શના કાળ વિશેષાધિક છે. તે કરતાં કંડક એટલે યવમધ્યની ઉપરનાં ચાર સમયકાળવાળાં સ્થાનોથી નીચેનાં પાંચ સમયકાળવાળા સ્થાનથી આરંભી જઘન્ય ચાર સમયકાળવાળાં સ્થાનો સુધીનાં સઘળાં સ્થાનોનો સમુદિત સ્પર્શના કાળ વિશેષાધિક છે. તે કરતાં સઘળાં સ્થાનોનો સમુદિત સ્પર્શના કાળ વિશેષાધિક છે. આ પ્રમાણે રસસ્થાનોમાં સ્પર્શના એટલે બંધકાળનું અલ્પબહુત્વ કહ્યું. ६९

હવે રસસ્થાનોના બાંધનારા જીવોનું અલ્પબહુત્વ કહે છે—

फासण कालप्पबहू जह तह जीवाण भणसु ठाणेसु ।
अणुभागबन्धठाणा अज्झवसाया व एगट्ठा ॥७०॥

स्पर्शनाकालाल्पबहुत्वं यथा तथा जीवानां भण स्थानेषु ।
अनुभागबन्धस्थानानि अध्यवसाया वा एकार्थाः ॥७०॥

અર્થ—સ્થાનોમાં જેમ સ્પર્શના કાળનું અલ્પબહુત્વ કહ્યું તેમ જીવોનું અલ્પબહુત્વ કહેવું. અનુભાગબંધસ્થાન અથવા અધ્યવસાય એ એકાર્થક નામો છે.

ટીકાનુ૰—રસબંધ સ્થાનોમાં જેમ સ્પર્શના કાળનું અલ્પબહુત્વ કહ્યું તે જ રીતે જીવોનું પણ અલ્પબહુત્વ કહેવું. તે આ પ્રમાણે—બે સમયકાળવાળાં રસબંધસ્થાનોને બાંધનારા જીવો અલ્પ છે, તે કરતાં યવમધ્યની પૂર્વના જઘન્ય ચાર સમયકાળનાં સ્થાનોને બાંધનાર જીવો અસંખ્યાતગુણ છે, યવમધ્ય ઉપરનાં ચાર સમયકાળવાળાં સ્થાનોને બાંધનાર જીવો પણ તેટલા જ છે, તે કરતાં આઠ સમયકાળવાળાં સ્થાનોને બાંધનાર અસંખ્યાતગુણ છે, તે કરતાં ત્રણ સમયકાળવાળાં સ્થાનોને બાંધનાર અસંખ્યાતગુણ છે, તે કરતાં શરૂઆતના પાંચ, છ અને સાત સમયકાળવાળાં સ્થાનોને બાંધનાર અસંખ્યાતગુણ છે, યવમધ્ય ઉપરનાં સાત, છ અને પાંચ સમયકાળવાળાં સ્થાનોને બાંધનાર જીવો તેટલા જ છે, તેથી યવમધ્ય ઉપરનાં સઘળાં સ્થાનોને બાંધનાર વિશેષાધિક છે, તે કરતાં શરૂઆતના જઘન્ય ચાર સમયકાળવાળા સ્થાનથી આરંભી યવમધ્ય ઉપરનાં પાંચ સમયકાળવાળાં સુધીનાં સઘળાં સ્થાનોને બાંધનાર જીવો વિશેષાધિક છે, તે કરતાં પણ સઘળાં રસબંધ સ્થાનોને બાંધનાર જીવો વિશેષાધિક છે.

આ જ વિષયમાં કર્મપ્રકૃતિમાં અધ્યવસાય સ્થાનોમાં ઉપરોક્ત જીવોનું અલ્પબહુત્વ કહ્યું છે. ત્યાં આ પ્રમાણે કહ્યું છે—'जीवप्पाबहुमेवं अज्झवसाणेसु जाणेज्जा' અધ્યવસાયોમાં આ પ્રમાણે જીવોનું અલ્પબહુત્વ જાણવું—જેમ સ્પર્શના કાળમાં કહ્યું છે. આ ગ્રંથમાં આ જ વિષયમાં રસબંધસ્થાનોના બાંધનાર જીવોનું અલ્પબહુત્વ કહ્યું તેથી પરસ્પર વિરોધ કેમ ન થાય ? હવે તે વિરોધનો પરિહાર કરે છે કે—અધ્યવસાય અને અનુભાગસ્થાન એ એકાર્થક છે. અહીં—પંચસંગ્રહમાં રસબંધસ્થાનોના બાંધનાર જીવોનું અલ્પબહુત્વ કહ્યું અને કર્મપ્રકૃતિમાં રસસ્થાનના બંધમાં નિમિત્તભૂત અધ્યવસાયોનું—કારણમાં કાર્યનો આરોપ કરીને અલ્પબહુત્વ કહ્યું. એટલે વાસ્તવિક રીતે કોઈ અર્થભેદ નથી, કારણ કે જેટલા રસબંધનાં કારણભૂત અધ્યવસાય સ્થાનો છે તેટલા જ રસબંધનાં સ્થાનો છે. આ પ્રમાણે રસબંધસ્થાનોને બાંધનાર જીવોનું અલ્પબહુત્વ કહ્યું. ૭૦.

હવે એક એક સ્થિતિસ્થાનમાં બંધનું કારણ કેટલા અધ્યવસાયો છે અને સ્થિતિસ્થાનના હેતુભૂત પ્રત્યેક અધ્યવસાયમાં નાના-અનેક જીવોની અપેક્ષાએ રસબંધના નિમિતભૂત કેટલા અધ્યવસાયો હોય છે તે કહે છે—

ठिइठाणे ठिइठाणे कसायउदया असंखलोगसमा ।
एक्केक्कसायउदये एवं अणुभागठाणाइं ॥७१॥

स्थितिस्थाने स्थितिस्थाने कषायोदया असंख्येयलोकसमाः ।
एकैककषायोदये एवमनुभागस्थानानि ॥७१॥

અર્થ—પ્રત્યેક સ્થિતિસ્થાને તેના બંધના કારણભૂત અસંખ્યલોકાકાશ પ્રદેશપ્રમાણ કષાયોદયનાં સ્થાનકો હોય છે, અને એક એક કષાયોદયે અસંખ્યલોકાકાશ પ્રદેશપ્રમાણ રસબંધના નિમિત્તભૂત અધ્યવસાયો હોય છે.

ટીકાનુ૦—એક સમયે એકીસાથે જેટલી સ્થિતિ બંધાય તેને સ્થિતિસ્થાન કહેવાય છે, તેના જઘન્યસ્થિતિથી આરંભી ઉત્કૃષ્ટ સ્થિતિબંધ પર્યંત જેટલા સમયો તેટલાં સ્થિતિસ્થાનો થાય છે. જેમકે—જઘન્યસ્થિતિ એ પહેલું સ્થિતિસ્થાન, સમયાધિક જઘન્યસ્થિતિ એ બીજું સ્થિતિસ્થાન, બે સમયાધિક જઘન્યસ્થિતિ એ ત્રીજું સ્થિતિસ્થાન, એ પ્રમાણે સમય સમય વધારતા સર્વોત્કૃષ્ટસ્થિતિ એ છેલ્લું સ્થિતિસ્થાન કહેવાય છે. આમાંનું કોઈપણ સ્થિતિસ્થાન એક સમયે એક સાથે બંધાય છે. આ રીતે અસંખ્યાતા સ્થિતિસ્થાનો થાય છે.

આ સ્થિતિસ્થાનોના બંધમાં હેતુભૂત તીવ્ર, મંદ-આદિ ભેદવાળા કષાયોદયનાં સ્થાનો છે, અને તે જઘન્યકષાયોદયથી આરંભી ક્રમશઃ વધારતા ઉત્કૃષ્ટ કષાયોદય પર્યંત અસંખ્યલોકાકાશ-પ્રદેશપ્રમાણ થાય છે. એક એક સ્થિતિસ્થાનકના બંધમાં હેતુભૂત નાના જીવોની અપેક્ષાએ અસંખ્યાતા લોકાકાશપ્રદેશપ્રમાણ કષાયોદયનાં સ્થાનો હોય છે. એટલે કે સ્થિતિ સરખી જ બાંધે છે છતાં કષાયોદયો ભિન્ન ભિન્ન હોય છે. ભિન્ન ભિન્ન કષાયોદયરૂપ કારણો વડે એક જ સ્થિતિસ્થાનના બંધરૂપ કાર્ય થાય છે.

અહીં એમ શંકા થાય કે, કારણો અનેક છતાં કાર્ય એક જ કેમ થાય ? તેના ઉત્તરમાં સમજવાનું કે કષાયોદયોરૂપ કારણો અનેક છતાં સામાન્યતઃ એક સ્થિતિસ્થાનના બંધરૂપ કાર્ય જો કે એક જ થાય છે છતાં જે સ્થિતિસ્થાન બંધાય છે તે એક સરખી જ રીતે ભોગવાય તેવું બંધાતું નથી, પરંતુ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભવાદિ અનેક જાતની વિચિત્રતાયુક્ત બંધાય છે. ભિન્ન ભિન્ન દ્રવ્યોરૂપ નિમિત્ત વડે, ભિન્ન ભિન્ન ક્ષેત્રમાં, ભિન્ન ભિન્ન કાળમાં અને જુદા જુદા ભવોમાં જે એક જ સ્થિતિસ્થાન અનુભવાય છે, તે જો તેના બંધમાં અનેક કષાયોદયરૂપ અનેક કારણો ન હોય તો ન અનુભવાય. બંધમાં એક જ કારણ હોય તો બાંધનારા સઘળા એકસરખી જ રીતે અનુભવે. એક જ સ્થિતિસ્થાન જુદા જુદા જીવો દ્રવ્યાદિ ભિન્ન ભિન્ન સામગ્રી પામીને જે અનુક્રમે છે, તે જુદા જુદા કષાયોદયરૂપ ભિન્ન ભિન્ન કારણોને જ આભારી છે.

હવે રસબંધના હેતુભૂત અધ્યવસાયોના સંબંધમાં કહે છે—એક એક કષાયોદયમાં અસંખ્યાતાલોકાકાશપ્રદેશપ્રમાણ અનુભાગ બંધનાં સ્થાનો છે એટલે કે 'કાર્ય વડે કારણ ખેંચાતું હોવાથી' રસબંધના હેતુભૂત અધ્યવસાયો હોય છે. રસબંધમાં શુદ્ધ કષાયોદય જ કારણ નથી, પરંતુ લેશ્યાજન્ય અસંખ્યાતાલોકાકાશપ્રદેશપ્રમાણ પરિણામો પણ કારણ છે. એટલે કે લેશ્યાથી થયેલ પરિણામયુક્ત કષાયોદય સ્થાન વડે રસબંધ થાય છે. દાખલા તરીકે—એક હજાર જીવોને કષાયોદયરૂપ કારણ એકસરખું જ હોય અને તેથી સ્થિતિબંધ એકસરખી જ રીતે ભોગવાય તેવો જ થાય છતાં રસબંધ એકસરખી જ રીતે ભોગવાય તેવો ન પણ થાય. લેશ્યાના ભિન્ન ભિન્ન પરિણામરૂપ નિમિત્ત વડે જુદી જુદી રીતે ભોગવાય તેવો પણ રસબંધ થાય. આ પ્રમાણે કષાયોદયયુક્ત લેશ્યાનાં પરિણામો રસબંધમાં હેતુ છે. એક એક કષાયોદયમાં રસબંધના હેતુભૂત અસંખ્યાતાલોકાકાશપ્રદેશપ્રમાણ લેશ્યાજન્ય પરિણામો હોય છે તેથી સ્થિતિ એકસરખી બાંધવા છતાં રસ વત્તો-ઓછો બંધાય છે.

જઘન્યસ્થિતિ બાંધતાં જઘન્યકષાયથી આરંભી અસંખ્યાતાલોકાકાશપ્રદેશપ્રમાણ કષાયોદયો કારણ છે, સમયાધિક બાંધતાં તે પછીના તેટલા જ કષાયોદયો કારણ છે, એ પ્રમાણે જેમ વિભાગ છે તેમ અમુક પ્રકારનો કષાયોદય હોય ત્યારે અમુક લેશ્યાનાં પરિણામો હોય અને તે વખતે અમુક રસસ્થાન બંધાય એવો વિભાગ હોય છે જે અનુકૃષ્ટિમાં સમજાશે. તેથી જ એક એક કષાયોદયમાં અનેક જીવની અપેક્ષાએ તીવ્ર, તીવ્રતર, મંદ, મંદતરાદિ લેશ્યાજન્ય અનેક પરિણામો હોવાથી અસંખ્યાતાલોકાકાશપ્રદેશપ્રમાણ રસબંધના અધ્યવસાયો માનવા તે કંઈ વિરુદ્ધ નથી.

હવે પ્રત્યેક કષાયોદયમાં રસબંધના અધ્યવસાયો ક્રમશઃ કેવી રીતે વધે છે તેનો વિચાર કરે છે. તેનો બે પ્રકાર છે : ૧. અનંતરોપનિધા વડે, ૨. પરંપરોપનિધા વડે, તેમાં પ્રથમ અનંતરોપનિધા વડે વિચાર કરે છે—

थोवाणुभागठाणा जहन्नठिइपढमबंधहेउम्मि ।
तत्तो विसेसअहिया जा चरमाए चरमहेउ ॥७२॥

स्तोकान्यनुभागस्थानानि जघन्यस्थितिप्रथमबन्धहेतौ ।
ततो विशेषाधिकानि यावत् चरमायां चरमहेतौ ॥७२॥

અર્થ—જઘન્ય સ્થિતિના પ્રથમ બંધહેતુમાં થોડા અનુભાગબંધના અધ્યવસાયો હોય છે, પછી ક્રમશઃ વધારે વધારે હોય છે. યાવત્ ચરમસ્થિતિના ચરમ બંધહેતુમાં વધારેમાં વધારે હોય છે.

ટીકાનુ૰—જઘન્ય સ્થિતિબંધમાં ઓછામાં ઓછા કષાયોદયથી આરંભી અસંખ્યાતાલોકાકાશ પ્રદેશપ્રમાણ = અસંખ્યાતા કષાયોદયો હેતુભૂત છે. તેમાંના સૌથી જઘન્ય-પહેલા કષાયોદયમાં રસબંધના હેતુભૂત લેશ્યાજન્ય પરિણામોની સંખ્યા અસંખ્યલોકાકાશ પ્રદેશપ્રમાણ છે, તે હવે પછી કહેવાશે—તેની અપેક્ષાએ અલ્પ છે. તેનાથી બીજા કષાયોદયમાં વિશેષાધિક છે, તે કરતાં ત્રીજા કષાયોદયમાં વિશેષાધિક છે. તેથી ચોથામાં વિશેષાધિક છે એ પ્રમાણે પૂર્વ પૂર્વ કષાયોદયથી ઉત્તરોત્તર કષાયોદયમાં વધારતા વધારતા ત્યાં સુધી જવું યાવત્ છેલ્લા ઉત્કૃષ્ટ સ્થિતિબંધમાં હેતુભૂત અસંખ્યલોકાકાશપ્રદેશપ્રમાણ કષાયોદયમાંનું છેલ્લું સર્વોત્કૃષ્ટ કષાયોદય સ્થાન આવે. છેલ્લા કષાયોદયસ્થાનમાં રસબંધના હેતુભૂત લેશ્યાજન્ય પરિણામોની સંખ્યા સર્વથી વધારે આવે છે.

આ પ્રમાણે અનંતરોપનિધા વડે વૃદ્ધિનો વિચાર કર્યો. ૭૨.

હવે પરંપરોપનિધા વડે વૃદ્ધિનો વિચાર કરે છે—

गंतुमसंखा लोगा पढमाहिंतो भवंति दुगुणाणि ।
आवलिअसंखभागो दुगुणठाणाण संवग्गो ॥७३॥

गत्वाऽसंख्यान् लोकान् प्रथमात् भवन्ति द्विगुणानि ।
आवल्यसंख्यभागो द्विगुणस्थानानां संवर्गः ॥७३॥

અર્થ—અસંખ્યલોકાકાશપ્રદેશપ્રમાણ ઓળંગીને પહેલાથી બમણા થાય છે. દ્વિગુણસ્થાનોનો સરવાળો આવલિકાના અસંખ્યાતમા ભાગના સમયપ્રમાણ છે.

ટીકાનુ૰—જઘન્ય સ્થિતિબંધમાં હેતુભૂત અસંખ્યલોકાકાશ પ્રદેશપ્રમાણ કષાયોદયોમાંના જઘન્ય કષાયોદયસ્થાનથી આરંભી અસંખ્યલોકાકાશ પ્રદેશપ્રમાણ કષાયોદયસ્થાન ઓળંગીને પછી જે કષાયોદયસ્થાન આવે તેની અંદર રસબંધના હેતુભૂત લેશ્યાજન્ય અધ્યવસાયો પહેલા કષાયોદયસ્થાનની અપેક્ષાએ બમણા હોય છે. ત્યારપછી તેટલા કષાયોદયસ્થાન ઓળંગીને પછી જે કષાયોદયસ્થાન આવે તેની અંદર બમણા થાય છે. ત્યારપછી વળી તેટલા કષાયોદયસ્થાન ઓળંગી પછી જે કષાયોદયસ્થાન આવે તેમાં બમણા થાય છે. આ પ્રમાણે બમણા બમણા ત્યાં સુધી કહેવા યાવત્ સર્વોત્કૃષ્ટ કષાયોદયસ્થાન આવે.

આ પ્રમાણે બમણા બમણા રસબંધના હેતુભૂત અધ્યવસાયોવાળા કષાયોદયનાં સ્થાનો સરવાળે આવલિકાના અસંખ્યાતમા ભાગમાં જેટલા સમય હોય તેટલો થાય છે. ૭૩.

असुभपगईणमेवं इयराणुक्कोसगम्मि ठिइबंधे ।
सव्वुक्कोसगहेऊ उ होइ एवं चिय असेसं ॥७४॥

अशुभप्रकृतीनामेवं इतरासां उत्कृष्टे स्थितिबन्धे ।
सर्वोत्कृष्टहेतुः तु भवत्येवमेवाशेषम् ॥७४॥

અર્થ—અશુભપ્રકૃતિઓનું પૂર્વે કહ્યું તે પ્રમાણે સમજવું. ઇતર-શુભપ્રકૃતિઓના ઉત્કૃષ્ટ સ્થિતિબંધમાં હેતુભૂત સર્વોત્કૃષ્ટ કષાયોદયસ્થાનથી આરંભી પૂર્વે કહ્યું તે પ્રમાણે સઘળું કહેવું.

ટીકાનુ૦—જઘન્ય સ્થિતિબંધમાં હેતુભૂત અસંખ્યલોકાકાશ પ્રદેશપ્રમાણ અસંખ્યાતા કષાયોદયમાંના જઘન્ય કષાયોદયથી આરંભી સર્વોત્કૃષ્ટ કષાયોદય પર્યંત ઉત્તરોત્તર કષાયોદયમાં વધારે વધારે રસબંધના હેતુભૂત અધ્યવસાયો હોય, આ જે હકીકત પૂર્વની ગાથામાં કહી તે—જ્ઞાનાવરણીય પાંચ, દર્શનાવરણીય નવ, અશાતાવેદનીય, મિથ્યાત્વમોહનીય, સોળ કષાય, નવ નોકષાય, નરકાયુ, પંચેન્દ્રિયવર્જીને જાતિચતુષ્ટય, સમચતુરસ્રવર્જીને પાંચ સંસ્થાન, પ્રથમસંઘયણ વર્જીને પાંચ સંઘયણ, અશુભવર્ણાદિ નવ, નરકદ્વિક, તિર્યગદ્વિક, અપ્રશસ્તવિહાયોગતિ, ઉપઘાત, સ્થાવરદશક, નીચગોત્ર, અને અંતરાયપંચક એ સિત્યાશી અશુભપ્રકૃતિઓ માટે જાણવી.

ઇતર-સાતાવેદનીય, તિર્યગાયુ, મનુષ્યાયુ, દેવાયુ, દેવદ્વિક, મનુષ્યદ્વિક, પંચેન્દ્રિયજાતિ, શરીર પાંચ, સંઘાતન પાંચ, બંધન પંદર, સમચતુરસ્ર સંસ્થાન, વજ્રર્ષભનારાચ સંઘયણ, ત્રણ અંગોપાંગ, શુભવર્ણાદિ અગિયાર, પરાઘાત, અગુરુલઘુ, ઉચ્છ્વાસ, આતપ, ઉદ્યોત, પ્રશસ્તવિહાયોગતિ, ત્રસદશક, નિર્માણ, તીર્થંકરનામકર્મ અને ઉચ્ચગોત્ર અગણોતેર શુભપ્રકૃતિઓના ઉત્કૃષ્ટસ્થિતિબંધમાં હેતુભૂત જે સર્વોત્કૃષ્ટ કષાયોદયસ્થાન છે ત્યાંથી આરંભી પૂર્વોક્ત પ્રકારે સઘળું વિપરીત સમજવાનું છે. તે આ પ્રમાણે—પુન્યપ્રકૃતિઓની ઉત્કૃષ્ટસ્થિતિમાં હેતુભૂત છેલ્લા સર્વોત્કૃષ્ટ કષાયોદયસ્થાનમાં રસબંધના હેતુભૂત અધ્યવસાયો થોડા, તે કરતાં દ્વિચરમ કષાયોદયસ્થાનમાં વધારે, તે કરતાં ત્રિચરમ (છેલ્લેથી ગણતાં ત્રીજા) કષાયોદયસ્થાનમાં વધારે, તે કરતાં ચતુઃચરમ—છેલ્લેથી ગણતાં ચોથા કષાયોદયસ્થાનમાં વધારે, એ પ્રમાણે વધારે વધારે ત્યાં સુધી કહેવું—યાવત્ સર્વ જઘન્યસ્થિતિબંધમાં હેતુભૂત કષાયોદયસ્થાનોમાંનું સર્વ જઘન્ય કષાયોદયસ્થાન આવે. આ પ્રમાણે અનંતરોપનિધા વડે પુન્યપ્રકૃતિઓમાં વૃદ્ધિનો વિચાર કર્યો.

હવે પરંપરોપનિધા વડે વિચારે છે—ઉત્કૃષ્ટ કષાયોદયસ્થાનથી આરંભી અસંખ્યલોકાકાશ પ્રદેશપ્રમાણ કષાયોદયસ્થાનો અધોભાગે ઓળંગીને નીચે જે કષાયોદયસ્થાન આવે તેમાં ઉત્કૃષ્ટકષાયોદય વખતે પુન્યપ્રકૃતિઓના રસબંધના નિમિત્તભૂત જે અધ્યવસાયો હતા તે કરતાં બમણા થાય છે. ફરી ત્યાંથી તેટલાં જ કષાયોદયસ્થાનો અધોભાગે ઓળંગીને પછી જે કષાયોદયસ્થાન આવે તેની અંદર બમણા થાય છે. એ પ્રમાણે વારંવાર ત્યાં સુધી કહેવું યાવત્ જઘન્ય કષાયોદયસ્થાન આવે.

વચમાં જે દ્વિગુણ-વૃદ્ધિસ્થાનો થાય છે તે સરવાળે આવલિકાના અસંખ્યાતમા ભાગમાં જેટલા સમયો હોય તેટલો થાય છે.

આ આવલિકાના અસંખ્યાતમા ભાગપ્રમાણ શુભ-અશુભપ્રકૃતિઓના પ્રત્યેકનાં

દ્વિગુણવૃદ્ધિસ્થાનો અલ્પ છે, તે કરતાં દ્વિગુણવૃદ્ધિના એક આંતરમાં કષાયોદયસ્થાનો અસંખ્યાત-ગુણા છે. આ પ્રમાણે સ્થિતિબંધના હેતુભૂત અધ્યવસાયોમાં રસબંધના હેતુભૂત અધ્યવસાયોનો વિચાર કર્યો. ૭૪.

હવે સ્થિતિબંધ સ્થાનોમાં અનુભાગબંધાધ્યવસાયસ્થાનોનો વિચાર કરે છે—

थोवाणुभागठाणा जहन्नठिइबंध असुभपगईणं ।
समयवुड्ढीए किंचाहियाइं सुहियाण विवरीयं ॥७५॥

स्तोकान्यनुभागस्थानानि जघन्यस्थितिबन्धेऽशुभप्रकृतीनाम् ।
समयवृद्धौ किञ्चिदधिकानि शुभानां विपरीतम् ॥७५॥

અર્થ—અશુભ પ્રકૃતિઓના જઘન્યસ્થિતિબંધમાં થોડા અનુભાગબંધાધ્યવસાયો છે, પછી જેમ જેમ સમય વધે તેમ તેમ થોડા-થોડા વધતા જાય છે. પુન્યપ્રકૃતિઓના સંબંધમાં વિપરીત છે.

ટીકાનુ૰—પૂર્વની ગાથામાં કહેલ આયુવર્જિત પાપપ્રકૃતિઓનો જઘન્યસ્થિતિબંધ કરતાં-બાંધતાં રસબંધના હેતુભૂત અધ્યવસાયો અલ્પ છે, અને તે પણ અસંખ્યલોકાકાશપ્રદેશપ્રમાણ હોય છે. સમયાધિક જઘન્યસ્થિતિબંધ કરતાં થોડા વધારે રસબંધ્યાવસાયો હોય છે, બે સમયાધિક જઘન્યસ્થિતિબંધ કરતાં પૂર્વનાથી થોડા વધારે રસબંધાધ્યવસાયો હોય છે, એ પ્રમાણે જેમ જેમ સમય-સમય સ્થિતિબંધ વધતો જાય તેમ તેમ ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાન પર્યંત રસબંધના હેતુભૂત અધ્યવસાયો વધતા જાય છે. ઉત્કૃષ્ટસ્થિતિસ્થાનમાં વધારેમાં વધારે રસબંધાધ્યવસાયો હોય છે.

પૂર્વની ગાથામાં કહેલ આયુવર્જિત પુન્ય પ્રકૃતિઓ માટે વિપરીત જાણવું. તે આ પ્રમાણે—પુન્ય પ્રકૃતિઓની ઉત્કૃષ્ટસ્થિતિ બાંધતાં રસબંધના હેતુભૂત અધ્યવસાયો થોડા છે, તે પણ અસંખ્યલોકાકાશપ્રદેશપ્રમાણ તો છે જ. સમયન્યૂન ઉત્કૃષ્ટસ્થિતિ બાંધતાં થોડા વધારે હોય છે, બે સમયન્યૂન બાંધતાં તેથી પણ વધારે હોય છે. આ પ્રમાણે ત્યાં સુધી કહેવું યાવત્ સર્વ જઘન્યસ્થિતિ આવે. જઘન્યસ્થિતિ બાંધતાં વધારેમાં વધારે રસબંધના હેતુભૂત અધ્યવસાયો હોય છે. આ પ્રમાણે અનંતરોપનિધા વડે વિચાર કર્યો.

હવે પરંપરોપનિધા વડે વિચાર કરે છે—

पलियासंखियमेत्ता ठिइठाणा गंतु गंतु दुगुणाइं ।
आवलिअसंखमेत्ता गुणा गुणंतरमसंखगुणं ॥७६॥

पल्यासंख्येयमात्राणि स्थितिस्थानानि गत्वा गत्वा द्विगुणानि ।
आवल्यसंख्यमात्राणि गुणानि गुणान्तरसंख्यगुणम् ॥७६॥

અર્થ—પલ્યોપમના અસંખ્યાતમા ભાગમાત્ર સ્થિતિસ્થાનો ઓળંગી ઓળંગીને બમણા થાય છે. દ્વિગુણવૃદ્ધસ્થાનો આવલિકાનો અસંખ્યાતમો ભાગમાત્ર થાય છે. ગુણાન્તર અસંખ્યાત ગુણ છે.

ટીકાનુ૰—પૂર્વની ગાથામાં કહેલ આયુવર્જિત પાપપ્રકૃતિઓની જઘન્યસ્થિતિ બાંધતાં

રસબંધના હેતુભૂત જે અધ્યવસાયો છે તેનાથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગમાં રહેલ સમયપ્રમાણ સ્થિતિસ્થાનો ઓળંગીને પછી જે સ્થિતિસ્થાન આવે તેમાં બમણા અધ્યવસાયો થાય છે. ત્યાંથી વળી તેટલાં જ સ્થિતિસ્થાનો ઓળંગી પછી જે સ્થિતિસ્થાન આવે તેમાં બમણાં અધ્યવસાયસ્થાનો થાય છે. એ પ્રમાણે પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ઓળંગી ઓળંગીને બમણા-બમણા રસબંધાધ્યવસાય સ્થાનકો ત્યાં સુધી કહેવા યાવત્ ઉત્કૃષ્ટ સ્થિતિ આવે. આ પ્રમાણે પાપપ્રકૃતિઓમાં જઘન્યસ્થિતિસ્થાનથી ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાન પર્યંત લેવાનું છે.

પુન્યપ્રકૃતિઓમાં ઉત્કૃષ્ટ સ્થિતસ્થાનથી જઘન્ય સ્થિતિસ્થાન પર્યંત લેવાનું છે. તે આ પ્રમાણે—આયુવર્જિત પૂર્વોક્ત પુન્યપ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધતાં રસબંધના હેતુભૂત જે અધ્યવસાયો હોય છે તેનાથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગપ્રમાણ અધોભાગે સ્થિતિસ્થાનો ઓળંગીને નીચે જે સ્થિતિસ્થાન આવે તેની અંદર બમણા અધ્યવસાયો હોય છે. ત્યાંથી વળી તેટલાં જ સ્થિતિસ્થાનો ઓળંગીને નીચે જે સ્થિતિસ્થાન આવે તેની અંદર બમણા રસબંધાધ્યવસાયો હોય છે. એ પ્રમાણે પલ્યોપમના અસંખ્યાતમો ભાગ નીચે નીચે ઓળંગી ઓળંગીને બમણા બમણા રસબંધના નિમિત્તભૂત અધ્યવસાયો ત્યાં સુધી કહેવા-યાવત્ જઘન્ય સ્થિતિ આવે.

અહીં શુભ અને અશુભ પ્રકૃતિઓનાં દ્વિગુણવૃદ્ધિસ્થાનો આવલિકા અસંખ્યાતમા ભાગમાં જેટલા સમયો હોય તેટલા છે, અને તે સઘળાં દ્વિગુણવૃદ્ધિ સ્થાનોથી દ્વિગુણવૃદ્ધિની આંતરે રહેલાં સ્થાનો અસંખ્યાતગુણા છે. તે આ પ્રમાણે—શુભ અને અશુભ પ્રકૃતિઓના દ્વિગુણવૃદ્ધિસ્થાનો થોડા છે, આવલિકાનો અસંખ્યાતમો ભાગમાત્ર છે માટે, તેથી દ્વિગુણવૃદ્ધિની વચમાં રહેલાં સ્થિતિસ્થાનો અસંખ્યાતગુણા છે, પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ છે માટે.

પૂર્વની બે ગાથામાં કષાયોદયસ્થાનમાં રસબંધના હેતુભૂત અધ્યવસાયોની સંખ્યાનો વિચાર કર્યો છે. આ ગાથામાં સ્થિતિસ્થાનમાં રસબંધાધ્યવસાય સ્થાનનો વિચાર કર્યો છે. ત્યાં અસંખ્યલોકાકાશપ્રદેશપ્રમાણ કષાયોદયસ્થાન ઓળંગી પછી જે કષાયોદય સ્થાન આવે તેમાં બમણા રસબંધાધ્યવસાયો હોય એમ કહ્યું. અહીં પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલાં સ્થિતિસ્થાનો ઓળંગી પછી જે સ્થિતિસ્થાન આવે તેમાં બમણા રસબંધાધ્યવસાયો હોય એમ કહ્યું છે.

એ બંનેનો સમન્વય આ પ્રમાણે કરવો—અસંખ્યલોકાકાશપ્રદેશપ્રમાણ કષાયોદય સ્થાન ઓળંગી પછી જે કષાયોદયસ્થાન આવે કે જેની અંદર બમણા રસબંધાધ્યવસાયો થાય છે તે કષાયોદયસ્થાન તે સ્થિતિસ્થાનના બંધહેતુ તરીકે આવે કે પલ્યોપમના અસંખ્યાતમા ભાગપ્રમાણ સ્થિતિસ્થાનો ઓળંગી જે સ્થિતસ્થાનમાં બમણા રસબંધાધ્યવસાયસ્થાનો થાય છે. ૭૬

હવે ચારેય આયુનાં સ્થિતિસ્થાનોમાં રસબંધાધ્યવસાયનો વિચાર કરે છે—

सव्वजहन्नठिईए सव्वाणवि आउगाण थोवाणि ।
ठाणाणि उत्तरासु असंखगुणणाए सेढीए ॥७७॥

सर्वजघन्यस्थितौ सर्वेषामप्यायुषां स्तोकानि ।
स्थानानि उत्तरासु असंख्येयगुणनया श्रेण्या ॥७७॥

અર્થ—ચારે આયુની સર્વજઘન્ય સ્થિતિમાં થોડાં સ્થાનો છે, ઉત્તર ઉત્તર સ્થાનોમાં અસંખ્યાતગુણ શ્રેણિએ હોય છે.

ટીકાનુ૦—સઘળા-ચારે આયુના સર્વજઘન્ય સ્થિતિસ્થાનમાં રસબંધાધ્યવસાયો થોડા છે, તે પણ અસંખ્યલોકાકાશ પ્રદેશપ્રમાણ તો છે જ. સમયાધિક સ્થિતસ્થાનમાં અસંખ્યાતગુણા છે. આ પ્રમાણે પછી પછીના સ્થિતિસ્થાનમાં પૂર્વ પૂર્વથી અસંખ્યાત-અસંખ્યાતગુણા ત્યાં સુધી કહેવા-યાવત્ ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાન આવે. આ પ્રમાણે આયુના સ્થિતિસ્થાનમાં રસબંધાધ્યવસાય સ્થાનોનો વિચાર કર્યો. ૭૭.

હવે રસબંધસ્થાનોની તીવ્રતા અને મંદતાનું સ્પષ્ટ જ્ઞાન થાય માટે રસબંધમાં હેતુભૂત અધ્યવસાયોની અનુકૃષ્ટિ કહે છે. અનુકૃષ્ટિ એટલે અધ્યવસાયનું અનુસરણ. પૂર્વ પૂર્વ સ્થિતિસ્થાનમાં જે જે રસબંધાધ્યવસાયો હોય તેઓમાંના અમુક અધ્યવસાયો તે પછીના કેટલા સ્થિતસ્થાન સુધી હોય તેનો જે વિચાર તે અનુકૃષ્ટિ કહેવાય છે તેની શરૂઆત કરે છે—

गंठीदेसे संन्नी अभव्वजीवस्स जो ठिईबंधो ।
ठिइवुड्ढीए तस्स उ बंधा अणुकड्ढिओ तत्तो ॥७८॥

ग्रन्थीदेशे सञ्ज्ञिनोऽभव्यजीवस्य यः स्थितिबन्धः ।
स्थितिवृद्धौ तस्य तु बन्धादनुकृष्टिस्ततः ॥७८॥

અર્થ—ગ્રન્થિદેશે જે સંજ્ઞી વર્તે છે તે અભવ્ય જીવને જે સ્થિતિબંધ થાય છે તે બંધથી આરંભી સ્થિતિ વધ્યે અનુકૃષ્ટિ થાય છે.

ટીકાનુ૦—ગ્રન્થિદેશે વર્ત્તતા સંજ્ઞી પંચેન્દ્રિય અભવ્ય જીવને જે જઘન્યસ્થિતબંધ થાય છે, તે જઘન્ય સ્થિતિબંધથી આરંભી પછી પછીનાં સ્થિતિસ્થાનોમાં રસબંધાધ્યવસાયોની અનુકૃષ્ટિ થાય છે. અનુકૃષ્ટિ એટલે અધ્યવસાયોનું અનુસરણ, અનુકૃષ્ટિ, અનુકર્ષણ, અનુવર્ત્તન એ એકાર્થક છે. ગાથામાં કહેલ 'તુ' શબ્દ નહિ કહેલ અર્થનો સમુચ્ચય કરતો હોવાથી કેટલીક પ્રકૃતિઓમાં અભવ્યને જે જઘન્ય સ્થિતબંધ થાય છે તેથી ઓછા સ્થિતિબંધથી આરંભીને પણ અનુકૃષ્ટિ[1] થાય છે એમ જાણવું. ૭૮.

वग्गे वग्गे अणुकड्ढी तिव्वमंदत्तणाइं तुल्लाइं ।
उवघायघाइपगडी कुवन्ननवगं असुभवग्गो ॥७९॥

वर्गे वर्गेऽनुकृष्टिः तीव्रमन्दत्वानि तुल्यानि ।
उपघातघातिप्रकृतयः कुवर्णनवकमशुभवर्गः ॥७९॥

અર્થ—વર્ગ-વર્ગની અનુકૃષ્ટિ અને તીવ્રતા-મંદતા આદિ તુલ્ય છે તેથી વર્ગ પાડે છે.

---

૧. અંતઃકોડાકોડી સાગરોપમપ્રમાણ સ્થિતિબંધથી આરંભી સ્થિતિ વધ્યે અનુકૃષ્ટિ થાય એમ અહીં કહ્યું છે તેથી તેનાથી ઓછો બંધ કરતા એકેન્દ્રિયથી અસંજ્ઞી સુધીના જીવોના વિષયમાં તેમજ નવમે ગુણસ્થાનકે કે જ્યાં ક્રોડ સાગરોપમનો બંધ થાય છે ત્યાં અનુકૃષ્ટિનું સ્વરૂપ બહુશ્રુત પાસેથી જાણી લેવું.

ઉપઘાત, ઘાતિકર્મ અને અશુભ વર્ણાદિ નવ એ અશુભ વર્ગ છે.

ટીકાનુ૰—જે જે કર્મપ્રકૃતિઓમાં અનુકૃષ્ટિ, તીવ્રમન્દતા લગભગ સમાન હોય છે તેવા તે તે પ્રકૃતિઓના ચાર વર્ગ પાડવામાં આવ્યા છે. ૧. અપરાવર્ત્તમાન અશુભપ્રકૃતિવર્ગ, ૨. અપરાવર્ત્તમાન શુભપ્રકૃતિવર્ગ, ૩. પરાવર્ત્તમાન શુભપ્રકૃતિવર્ગ, ૪. પરાવર્ત્તમાન અશુભપ્રકૃતિવર્ગ.

પહેલાં અપરાવર્ત્તમાન અશુભવર્ગની પ્રકૃતિઓ બતાવે છે—ઉપઘાતનામકર્મ, જ્ઞાનાવરણીય પાંચ, દર્શનાવરણીય નવ, મિથ્યાત્વમોહનીય, સોળ કષાય, નવ નોકષાય, અંતરાય પાંચ, કૃષ્ણ, નીલવર્ણ, દુરભિગંધ, કડવો, તીખોરસ ગુરુ, કર્કશ, શીત, રુક્ષ-સ્પર્શ એ અશુભવર્ણાદિની નવ એમ પંચાવન પ્રકૃતિઓ પહેલા વર્ગમાં આવે છે. ૭૯

હવે અપરાવર્ત્તમાન શુભપ્રકૃતિવર્ગ કહે છે—

परघायबंधणतणु अंग सुवन्नाइ तित्थनिम्माणं ।
अगुरुलघूसासतिगं संघाय छ्याल सुभवग्गो ॥८०॥

पराघातबन्धनतनवः अङ्गसुवर्णादि तीर्थनिर्माणम् ।
अगुरुलघूच्छ्वासत्रिकं सङ्घातं षट्चत्वारिंशत् शुभवर्गः ॥८०॥

અર્થ—પરાઘાતનામ, પંદર બંધનનામ, પાંચ શરીરનામ, ત્રણ અંગોપાંગનામ, શુભ વર્ણ, ગંધ રસ અને સ્પર્શની અગિયાર, નિર્માણનામ, તીર્થંકરનામ, અગુરુલઘુનામ, ઉચ્છ્‌વાસનામ, આતપનામ, ઉદ્યોતનામ, પાંચ સંઘાતનામ—એ છેતાળીસ અપરાવર્ત્તમાન, શુભપ્રકૃતિઓ બીજા વર્ગમાં આવે છે. ૮૦

હવે પરાવર્ત્તમાન શુભપ્રકૃતિઓનો વર્ગ બતાવે છે—

सायं थिराइ उच्चं सुरमणु दो दो पणिंदि चउरंसं ।
रिसह पसत्थविहगई सोलस परियत्तसुभवग्गो ॥८१॥

सातं स्थिरादिरुच्चं सुरमनुजयोः द्वे द्वे पञ्चेन्द्रियचतुरस्त्रम् ।
ऋषभं प्रशस्तविहायोगतिः षोडश परावर्त्तमानशुभवर्गः ॥८१॥

અર્થ—સાતાવેદનીય, સ્થિર, શુભ, સૌભાગ્ય, સુસ્વર, આદેય અને યશઃકીર્તિનામ એ સ્થિરાદિ છ, ઉચ્ચગોત્ર, દેવદ્વિક, મનુષ્યદ્વિક, પંચેન્દ્રિયજાતિ, સમચતુરસ્રસંસ્થાન, વજ્રઋષભનારાચસંઘયણ અને પ્રશસ્તવિહાયોગતિ, એ સોળ પરાવર્ત્તમાન શુભપ્રકૃતિઓ ત્રીજા વર્ગમાં આવે છે. ૮૧

હવે પરાવર્ત્તમાન અશુભપ્રકૃતિઓનો વર્ગ કહે છે—

अस्सायथावरदसगनरयदुगं विहगगई य अपसत्था ।
पंचिंदिरिसहचउरंसगेयरा असुभघोलणिया ॥८२॥

असातस्थावरदशकनरकद्विकं विहायोगतिश्चाप्रशस्ता ।
पञ्चेन्द्रियर्षभचतुरस्रेतरा अशुभघोलनिकाः ॥८२॥

અર્થ—અસાતાવેદનીય, સ્થાવર, સૂક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ, અસ્થિર, અશુભ, દુર્ભાગ્ય, દુઃસ્વર, અનાદેય અને અપયશઃકીર્તિનામ એ સ્થાવરદશક, નરકદ્વિક, અપ્રશસ્ત-વિહાયોગતિ, પંચેન્દ્રિયજાતિ સિવાયની ચાર જાતિ, પ્રથમ સંઘયણ તથા પ્રથમ સંસ્થાન વિના શેષ પાંચ સંઘયણ તથા પાંચ સંસ્થાન એ અઠ્ઠાવીસ પરાવર્ત્તમાન અશુભપ્રકૃતિઓ ચોથા વર્ગમાં આવે છે.

પરાવર્ત્તમાન પ્રકૃતિઓનું પૂર્વપુરુષોએ ઘોલનિકા એવું નામ આપ્યું છે, કારણ કે તે પ્રકૃતિઓ પરાવર્ત્તનભાવ પામીને ઘોલનાપરિણામે બંધાય છે. આ ચાર વર્ગમાંની દરેક પ્રકૃતિઓમાં પરસ્પર અનુકૃષ્ટિ અને તીવ્રમંદતા સમાન છે. માટે આ પ્રમાણે ચાર વર્ગ-વિભાગ રાખેલા છે. આ પ્રમાણે વર્ગ પ્રરૂપણા કરી. ૮૨

હવે એ વર્ગોમાં અનુક્રમે અનુકૃષ્ટિ કરે છે, તેની અંદર પહેલાં અશુભ અપરાવર્તમાન પ્રકૃતિઓની અનુકૃષ્ટિ કહે છે.

मोत्तुमसंखं भागं जहन्न ठिइठाणगाण सेसाणि ।
गच्छंति उवरिमाए तदेकदेसेण अन्नाणि ॥८३॥

मुक्त्वाऽसंख्यं भागं जघन्यस्थितिस्थानकानां शेषाणि ।
गच्छन्ति उपरितन्यां तदेकदेशेनान्यानि ॥८३॥

અર્થ—જઘન્ય સ્થિતિસ્થાન સંબંધી રસબંધાધ્યવસાયના અસંખ્યાતમા ભાગને છોડીને શેષ સઘળા ઉપરની સ્થિતિમાં જાય છે, અને તેનો એક દેશ અન્ય હોય છે.

ટીકાનુ૰—ઉપઘાતનામકર્મ આદિ પહેલા વર્ગની પંચાવન અપરાવર્ત્તમાન અશુભ-પ્રકૃતિઓની જઘન્યસ્થિતિ બાંધતાં જે રસબંધના નિમિત્તભૂત અધ્યવસાયો છે, તેનો શરૂઆતથી અસંખ્યાતમો ભાગ છોડીને શેષ સઘળા રસબંધાધ્યવસાયો બીજા સ્થિતિસ્થાનમાં જાય છે, એટલે કે શરૂઆતથી અસંખ્યાતમો ભાગ છોડીને બાકી રહેલા જે અધ્યવસાયોથી જેવો રસ જઘન્યસ્થિતિ બાંધતાં બંધાતો હતો તેવો રસ સમયાધિક દ્વિતીયસ્થિતિ બાંધતા પણ બંધાય છે. અન્યત્ર પણ એમ સમજવું. પહેલા સ્થિતિસ્થાનકમાં જે રસબંધાધ્યવસાયો હોય છે તેથી બીજા સ્થિતિસ્થાનકમાં વિશેષાધિક હોય છે તેનાથી ત્રીજામાં વિશેષાધિક હોય છે. આ પ્રમાણે દરેક સ્થિતિસ્થાને રસબંધાધ્યવસાયો વધતા જાય છે એ પહેલાં કહેવાઈ ગયું છે.

અહીં અનુકૃષ્ટિમાં પહેલા સ્થિતિસ્થાનકસંબંધી રસબંધાધ્યવસાયનો અસંખ્યાતમો ભાગ મૂકીને શેષસ્થાનકો નીચે આવ્યાં અને છે તો પહેલાથી વધારે, તેથી બાકીની સંખ્યા નવાથી પુરાય છે. એટલે કે પહેલા સ્થિતિસ્થાનકમાં જે રસબંધાધ્યવસાયો છે તેનો અસંખ્યાતમો ભાગ મૂકીને બાકીના સઘળા તથા તેના જ એક દેશમાં જેટલા આવે તેટલા બીજા નવા રસબંધાધ્યવસાયો બીજા સ્થિતિસ્થાનકમાં હોય છે. નવા એટલા વધવા જોઈએ કે તે પહેલા સ્થિતિસ્થાનગત

રસબંધાધ્યવસાયોથી સરવાળે બીજા સ્થિતિસ્થાનમાં વધારે થાય.

દાખલા તરીકે—પહેલા સ્થાનમાં સો રસબંધાધ્યોવસાયો છે, બીજામાં એકસો પાંચ છે. પહેલામાંના શરૂઆતથી પાંચ છોડી પંચાણુની બીજા સ્થાનમાં અનુકૃષ્ટિ થઈ પરંતુ તેમાં એકસો પાંચ છે એટલે દશ નવા હોય છે. આ પ્રમાણે સર્વત્ર સમજવું.

બીજું સ્થિતિસ્થાન બાંધતા જે અનુભાગબંધાધ્યવસાયો છે તેનો શરૂઆતથી અસંખ્યાતમો ભાગ છોડી બાકીના સઘળા ત્રીજું સ્થિતિસ્થાન બાંધતા હોય છે, અને બીજા નવા હોય છે. ત્રીજું સ્થિતિસ્થાન બાંધતા જે રસબંધાધ્યયસાયો હોય છે તેનો શરૂઆતથી અસંખ્યાતમો ભાગ છોડી બાકીના સઘળા ચોથું સ્થિતિસ્થાન બાંધતા હોય છે, અને બીજા નવા હોય છે. આ પ્રમાણે ત્યાં સુધી કહેવું યાવત્ પલ્યોપમના અસંખ્યાતમા ભાગમાં રહેલ સમયપ્રમાણ સ્થિતિસ્થાનો જાય.

જઘન્યસ્થિતિ બાંધતા જે રસબંધના અધ્યવસાયો હતા તેની અનુકૃષ્ટિ અહીં સમાપ્ત થઈ. એટલે કે જઘન્યસ્થિતિબંધ કરતાં જે રસબંધાધ્યવસાયો હતા તેઓ પલ્યોપમના અસંખ્યાતમા ભાગના સમયપ્રમાણ સ્થિતિસ્થાનક સુધી પહોંચ્યા ત્યારપછીના સ્થિતિસ્થાનમાં જઘન્ય સ્થિતિસંબંધી રસબંધાધ્યવસાય માંહેનું એક પણ સ્થાન હોય નહિ એ રીતે પ્રત્યેક સ્થિતિસ્થાન સંબંધી રસબંધાધ્યવસાયનું અનુસરણ પલ્યોપમના અસંખ્યાતમા ભાગના સ્થિતિસ્થાન પર્યંત જ થાય છે. ૮૩.

તે જ હકીકત કહે છે—

एवं उवरि हुत्ता गंतुणं कंडमेत्त ठिइबंधा ।
पढमठिइठाणाणं अणुकड्डी जाइ परिणिट्ठं ॥८४॥

एवमुपरिमुखं गत्वा कण्डकमात्रान् स्थितिबन्धान् ।
प्रथमस्थितिस्थानानामनुकृष्टिर्याति परिनिष्ठाम् ॥८४॥

અર્થ—આ પ્રમાણે ઉપર પલ્યોપમના અસંખ્યાતમા ભાગપ્રમાણ સ્થિતિસ્થાનો જઈને પ્રથમ સ્થિતિસ્થાન સંબંધી રસબંધાધ્યવસાયોની અનુકૃષ્ટિ પૂર્ણ થાય છે.

ટીકાનુ૦—ઉક્ત પ્રકારે દરેક સ્થિતિસ્થાનક સંબંધી રસબંધાધ્યવસાયોનો અસંખ્યાતમો અસંખ્યાતમો ભાગ છોડીને શેષ સઘળા ઉપર ઉપરના સ્થિતિસ્થાનમાં જાય છે. અને પ્રત્યેક સ્થાનકની અનુકૃષ્ટિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગના સમય પર્યંત જ થાય છે.

આ રીતે જઘન્ય સ્થિતિબંધભાવિ રસબંધાધ્યવસાયની અનુકૃષ્ટિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગના સમયપ્રમાણ સ્થિતિસ્થાનક પર્યંત થઈ. પલ્યોપમના અસંખ્યાતમાભાગ પ્રમાણ સ્થિતિસ્થાનકમાંના છેલ્લા સ્થાનકમાં પહેલા સ્થાનકના કેટલાક રસબંધાધ્યવસાયો આવ્યા, તેની ઉપરના સ્થાનમાં આવે નહિ. તાત્પર્ય એ આવ્યો કે પહેલું સ્થિતિસ્થાન બાંધતા રસબંધયોગ્ય જે જે અધ્યવસાયોથી જેવો જેવો રસ બંધાતો હતો તે તે અધ્યવસાયો જ્યાં સુધી પહોંચ્યા તેઓથી ત્યાં ત્યાં તેવો તેવો રસબંધ થાય છે. એમ સર્વત્ર સમજવું. ૮૪.



ટિપ્પણી-ઉપઘાતની જેમ શેષ પ્રકૃતિઓની અનુકૃષ્ટિ પણ સ્વપ્રાયોગ્ય ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સુધી થાય છે.

तदुवरिमआइयासुं कमसो बीयाईयाण निट्ठाइ ।
ठिइठाणाणणुकड्ढी आउक्कस्सं ठिई जाव ॥८५॥

तदुपरिमादिकासु क्रमशः द्वितीयादिकानां निष्ठाति ।
स्थितिस्थानानामनुकृष्टिः आ-उत्कृष्टां स्थितिं यावत् ॥८५॥

અર્થ—તેની ઉપર ઉપરનાં સ્થિતસ્થાનોમાં અનુક્રમે દ્વિતીયાદિ સ્થિતિસ્થાનોની અનુકૃષ્ટિ પૂર્ણ થાય છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટ સ્થિતિ પર્યંત કહેવું.

ટીકાનુ૦—જઘન્ય સ્થિતિસ્થાનકના રસબંધાધ્યવસાયોની અનુકૃષ્ટિ કંડક-પલ્યોપમના અસંખ્યાતમા ભાગમાં જેટલા સમયો હોય તેટલા સ્થાનક પર્યંત થાય છે. બીજા-ત્રીજા આદિ સ્થિતિસ્થાન સંબંધી રસબંધના અધ્યવસાયોની અનુકૃષ્ટિ કંડકની ઉપર ઉપરના સમયપર્યંત જાય છે. આ પ્રમાણે ઉત્કૃષ્ટ સ્થિતિપર્યંત જાણવું.

તાત્પર્ય આ પ્રમાણે છે—જઘન્યસ્થિતિબંધ કરતાં રસબંધના હેતુભૂત જે અધ્યવસાયો હતા તેનો પ્રત્યેક સ્થિતિસ્થાનકે શરૂઆતથી અસંખ્યાતમો ભાગ છૂટતા છૂટતા તેઓની અનુકૃષ્ટિ કંડક—પલ્યોપમના અસંખ્યાતમા ભાગના સમયપ્રમાણ સ્થાનક પર્યંત થઈ. એ પ્રમાણે બીજું—જઘન્ય સ્થિતિસ્થાન પછીનું સ્થિતિસ્થાન બાંધતા જેટલા રસબંધાધ્યવસાયો હોય તેમાંનો અસંખ્યાતમો અસંખ્યાતમો ભાગ પ્રત્યેક સ્થિતિસ્થાને છૂટતાં છૂટતાં તેઓની અનુકૃષ્ટિ કંડકપ્રમાણ સ્થાનથી ઉપરના સ્થાનમાં સમાપ્ત થાય છે. એવી જ રીતે તૃતીય સ્થિતિબંધારંભે રહેલ રસ-બંધાધ્યવસાયોની અનુકૃષ્ટિ કંડક પછીના બીજા સમયે સમાપ્ત થાય છે. આ પ્રમાણે અનુકૃષ્ટિ અને તેની પરિનિષ્ઠા—સમાપ્તિ ત્યાં સુધી કહેવી યાવત્ પૂર્વે કહેલી અપરાવર્ત્તમાન અશુભ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ આવે.

કોઈપણ સ્થિતિસ્થાનકમાં રહેલ રસબંધાધ્યવસાયોની અનુકૃષ્ટિ તે સ્થાનકથી આરંભી કંડક એટલે પલ્યોપમના અસંખ્યાતમા ભાગના સમયપ્રમાણ સ્થિતિસ્થાન પર્યંત જ જાય છે, ક્રમશઃ ઓછા થતા થતા ત્યાં સુધી તે અધ્યવસાયો અનુસરે છે. કોઈપણ સ્થિતિસ્થાનકમાંના રસબંધાધ્યવસાયોને જઘન્યથી ઉત્કૃષ્ટ પર્યંત સ્થાપવા. તેઓમાંના શરૂઆતથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગના સમયપ્રમાણ ન્યૂન, શેષ રસબંધાધ્યવસાયો ઉપરના સ્થાનકમાં જાય છે એમ સમજવું.

અસત્કલ્પનાએ પહેલા સ્થાનકમાં એક હજાર અધ્યવસાયો છે. તેઓમાંના અસંખ્યાતમા ભાગ પ્રમાણ એટલે એકથી દશ સુધી ઘટે અગિયારથી હજાર સુધીના ઉપરના સ્થાનકમાં જાય છે એમ સમજવું. ૮૫.

તે જ હકીકત કહે છે—

उवघायाईणेवं एसा परघायमाइसु विसेसो ।
उक्कोसठिइहिंतो हेट्ठमुहं कीरइ असेसं ॥८६॥



ટિપ્પણ : પરાઘાતની જેમ શેષ પ્રકૃતિઓની અનુકૃષ્ટિ પણ સ્વ-પ્રાયો૦ ઉત્કૃષ્ટ સ્થિતિથી કહેવી. જિન નામની અનુકૃષ્ટિ પણ આ પ્રમાણે હોય. પરંતુ આહારક સપ્તક અને જિનનામનો બંધ અભ૦ પ્રાયો૦ જઘ૦ સ્થિતિથી પણ ઓછો હોવાથી તેની અનુકૃષ્ટિ યથાસંભવ સ્વજઘન્યથી સ્વઉત્કૃષ્ટ સ્થિતિબંધ સુધી સમજવી.

उपघातादीनामेवमेषा पराघातादिषु विशेषः ।
उत्कृष्टस्थितेः अधोमुखं क्रियते अशेषम् ॥८६॥

અર્થ—ઉપઘાતનામકર્મ આદિની અનુકૃષ્ટિ પૂર્વે કહી તે પ્રમાણે છે. પરાઘાત આદિમાં વિશેષ છે. તેઓની ઉત્કૃષ્ટસ્થિતિથી આરંભી અધોમુખે સઘળું પૂર્વની જેમ કરાય છે.

ટીકાનુ૦—પૂર્વની ગાથામાં જે પ્રમાણે અનુકૃષ્ટિ બતાવી છે તે ઉપઘાતનામ આદિ પંચાવન અપરાવર્ત્તમાન અશુભ પ્રકૃતિઓ માટે છે, એમ સમજવું.

પરાઘાતનામ આદિ છેતાળીસ અપરાવર્ત્તમાન શુભ પ્રકૃતિઓ માટે વિશેષ છે. તેઓની અનુકૃષ્ટિ ઉત્કૃષ્ટસ્થિતિબંધથી આરંભી જઘન્યસ્થિતબંધ પર્યંત અધોમુખે પૂર્વોક્ત ક્રમે લેવાની છે. તે આ પ્રમાણે—ઉત્કૃષ્ટસ્થિતિ બંધારંભે જે રસબંધના અધ્યવસાયો હોય છે તેઓનો શરૂઆતથી અસંખ્યાતમો ભાગ મૂકીને શેષ સઘળા સમયન્યૂન ઉત્કૃષ્ટસ્થિતિબંધારંભે હોય છે અને અન્ય-બાકીના[1] નવા હોય છે. સમયન્યૂન ઉત્કૃષ્ટસ્થિતિબંધના આરંભમાં જે અનુભાગ બંધાધ્યવસાયો છે તેઓનો અસંખ્યાતમો ભાગ મૂકી શેષ સઘળા બે સમયન્યૂન ઉત્કૃષ્ટસ્થિતિબંધારંભે હોય છે અને બીજા નવા હોય છે. એ પ્રમાણે ત્યાં સુધી કહેવું યાવત્ પલ્યોપમના અસંખ્યાતમા ભાગપ્રમાણ સ્થિતિસ્થાનકો જાય.

અહીં પલ્યોપમના અસંખ્યાતમા ભાગના છેલ્લા સમયમાં ઉત્કૃષ્ટસ્થિતિ બંધારંભે રહેલ રસબંધાધ્યવસાયની અનુકૃષ્ટિ સમાપ્ત થઈ. તેની નીચેના સ્થિતિસ્થાનકમાં સમયોન ઉત્કૃષ્ટસ્થિતિ-બંધારંભ ભાવિ રસબંધાધ્યવસાયની અનુકૃષ્ટિ સમાપ્ત થાય છે. તેની નીચેના સ્થિતિસ્થાનમાં બે સમયન્યૂન ઉત્કૃષ્ટસ્થિતિબંધારંભ ભાવિ રસબંધાધ્યવસાયની અનુકૃષ્ટિ સમાપ્ત થાય છે. એ પ્રમાણે અનુકૃષ્ટિ અને સમાપ્તિ ત્યાં સુધી કહેવી યાવત્ પરાઘાતાદિ છેતાળીસ પ્રકૃતિઓની પોતપોતાની જઘન્યસ્થિતિ આવે. અથવા આ પ્રમાણે પરાઘાતાદિ છેતાળીસ પ્રકૃતિઓની અનુકૃષ્ટિ અને સમાપ્તિ પોતપોતાની જઘન્યસ્થિતિ પર્યંત કહેવી. ૮૬.

હવે પરાવર્ત્તમાન શુભ અને અશુભ પ્રકૃતિઓની અનુકૃષ્ટિ કહે છે—

सप्पडिवक्खाणं पुण असायसायाइयाण पगईणं ।
ठावेसु ठिइठाणा अंतोकोडाइ नियनियगा ॥८७॥

सप्रतिपक्षाणां पुनः असातसातादिकानां प्रकृतीनाम् ।
स्थापनीयानि स्थितिस्थानानि अन्तःकोटाकोट्यादीनि निजनिजकानि ॥८७॥

અર્થ—સપ્રતિપક્ષ અસાતા અને સાતાવેદનીયાદિ પ્રકૃતિઓના અંતઃકોડાકોડી આદિ પોતપોતાનાં સ્થિતિસ્થાનકો સ્થાપવા, સ્થાપીને અનુકૃષ્ટિ કહેવી.

---

૧. બાકીના નવા નવા હોય છે એમ કહેવાનું કારણ છેલ્લા સ્થિતિસ્થાનકથી ઉપાન્ત્યાદિ સ્થાનકોમાં રસબંધાધ્યવસાયો વધારે વધારે હોય છે તે છે. ઉપરના સ્થાનકમાંથી અસંખ્યાતમો ભાગ છૂટીને નીચે આવે છે એટલે જેટલા વધારે હોય તેટલા નવા હોય છે. પુન્યપ્રકૃતિઓમાં ઉત્કૃષ્ટ સ્થિતિથી આરંભી અને પાપ પ્રકૃતિઓમાં જઘન્યસ્થિતિથી આરંભી આ હકીકત સમજવી.



ટિપ્પણી : સ્થિરષટ્ક, ઉચ્ચગોત્ર, દેવદ્વિક, મનુષ્યાદિક, પંચેન્દ્રિયજાતિ, પ્રથમ સંઘયણ, પ્રથમ સંસ્થાન તથા શુભવિહાયોગતિની યથાસંભવ શાતા પ્રમાણે અને સ્થાવરદશક, નરકદ્વિક, અશુભવિહાયોગતિ, એકેન્દ્રિયાદિ ચારે જાતિ, પ્રથમ સિવાયનાં પાંચ સંઘયણ, તથા પાંચ સંસ્થાનની યથાસંભવ અસાતાપ્રમાણે અનુકૃષ્ટિ થાય છે.

ટીકાનુ૰—પરાવર્ત્તમાન પ્રકૃતિઓની અનુકૃષ્ટિમાં અને પૂર્વોક્ત પ્રકૃતિઓની અનુકૃષ્ટિમાં થોડો તફાવત છે તે કહે છે. પ્રતિપક્ષવાળી જે પ્રકૃતિઓ હોય તે સપ્રતિપક્ષ કહેવાય, જેમ સાત-અસાતાદિ. તે પરસ્પર વિરોધી સાત-અસાત વેદનીયાદિ પ્રકૃતિઓના અંતઃકોડાકોડીથી આરંભી સ્થિતિસ્થાનકો સ્થાપવાં. કારણ કે અભવ્યનો જઘન્ય સ્થિતિબંધ અંતઃકોડાકોડી પ્રમાણ છે. અને અભવ્યના જઘન્ય સ્થિતિબંધથી આરંભી પ્રાયઃઅનુકૃષ્ટિ થાય છે એ પહેલાં કહ્યું છે, માટે અહીં સ્થાપનામાં અંતઃકોડાકોડી આદિ સ્થાનકો સ્થાપવાનું કહ્યું છે.

આ પ્રમાણે સ્થાપીને સાતાવેદનીયના ઉત્કૃષ્ટસ્થિતિસ્થાનકથી આરંભી અધોમુખક્રમે અને અસાતાવેદનીયની અંતઃકોડાકોડી પ્રમાણ સ્થાનકથી આરંભી ઊર્ધ્વમુખક્રમે અનેક સેંકડો સાગરોપમપ્રમાણ સ્થિતિસ્થાનકો પરસ્પર આક્રાંત હોય છે. કારણ કે આટલાં સ્થિતિસ્થાનકો પરાવર્ત્તમાનપરિણામે બંધાય છે. એટલે કે આટલાં સ્થાનકોમાં સાત-અસાતવેદનીય વારાફરતી બંધાયા કરે છે. બાકીના સાતવેદનીયના નીચે અધોમુખે અને અસાતાના ઉપર—ઊર્ધ્વમુખે પોતપોતાની ચરમ-સ્થિતિ પર્યંત સ્થિતિસ્થાનકો સ્થાપવાં. આ સઘળાં સ્થાનકો બાંધતાં પ્રતિપક્ષ પ્રકૃતિઓના બંધનો અભાવ હોવાથી વિશુદ્ધિ અને સંક્લેશના વશથી તે એકલા જ બંધાય છે માટે તે શુદ્ધ કહેવાય છે.

તાત્પર્ય આ પ્રમાણે છે—છઠ્ઠે ગુણસ્થાનકે અશાતાવેદનીયની ઓછામાં ઓછી જે અંતઃકોડાકોડી પ્રમાણ સ્થિતિ બંધાય છે ત્યાંથી આરંભી ઉત્કૃષ્ટ પંદર કોડાકોડી પ્રમાણ સ્થિતિબંધ સુધીનાં સ્થિતિસ્થાનોમાં સાત-અસાતવેદનીય વારાફરતી બંધાયા કરે છે. તેટલાં સ્થાનકોમાં સાતા બંધાઈ શકે છે, અને અસાતા પણ બંધાઈ શકે છે એટલે પરસ્પર આક્રાંત કહેવાય છે. સાતાને દબાવી અસાતા બંધાઈ શકે છે, અસાતાને દબાવી સાતા બંધાઈ શકે છે. સમયાધિક પંદર કોડાકોડીથી આરંભી ત્રીસ કોડાકોડી પ્રમાણ સ્થિતબંધ પર્યંત એકલી અસાતા જ બંધાય છે એટલે એ શુદ્ધ કહેવાય છે. તે સ્થાનકોનો બંધ થતાં સાતાવેદનીય બંધાતી નથી. છઠ્ઠે ગુણઠાણે અસાતાની અંતઃકોડાકોડી પ્રમાણ જે જઘન્યસ્થિતિ બંધાય છે. સમય ન્યૂન તે અંતઃકોડાકોડીથી આરંભી સાતાના જઘન્ય સ્થિતિબંધ પર્યંત એકલી સાતા જ બંધાય છે. તે સ્થાનકોમાં અસાતાવેદનીય બંધાતી નથી એટલે તે શુદ્ધ કહેવાય છે.

જેટલી સ્થિતિઓ પરસ્પર આક્રાંત છે તેઓની તથા જે સ્થિતિ શુદ્ધ બંધાય છે તેઓની અનુકૃષ્ટિમાં તારતમ્ય છે. તે તારતમ્ય આ ગાથામાં કહે છે—

जा पडिवक्खक्कंता ठिईओ ताणं कमो इमो होइ ।
ताणन्नाणिय ठाणा सुद्धठिईणं तु पुव्वकमो ॥८८॥

याः प्रतिपक्षाक्रान्ताः स्थितयः तासां क्रमोऽयं भवति ।
तान्यन्यानि च स्थानानि शुद्धस्थितीनां तु पूर्वक्रमः ॥८८॥

અર્થ—જે સ્થિતિઓ પ્રતિપક્ષથી આક્રાંત છે તેઓમાં તે જ અધ્યવસાયો અનુસરે છે અને અન્ય હોય છે, એ ક્રમે છે. અને શુદ્ધસ્થિતિઓમાં પૂર્વોક્ત ક્રમ છે.

ટીકાનુ૦—છઠ્ઠે ગુણસ્થાનકે અસાતાવેદનીયની જે અંતઃકોડાકોડી પ્રમાણ જઘન્ય સ્થિતિ બંધાય છે ત્યાંથી આરંભી પંદર કોડાકોડી પર્યંત સાતા-અસાતાની સઘળી સ્થિતિઓ પરસ્પર આક્રાન્ત છે. તેટલાં સ્થિતિસ્થાનકોમાં અનુકૃષ્ટિનો નીચે કહેશે—તે ક્રમ છે. અને જે શુદ્ધ=વિરોધીની પ્રકૃતિઓથી અનાક્રાન્ત સ્થિતિઓ છે, તેની અંદર પરાઘાત તથા ઉપઘાતાદિમાં જે કહ્યો તે ક્રમ છે.

અતિ સંક્ષેપમાં કહેલી આ હકીકતને વિસ્તારથી વિચારે છે—સાતાવેદનીયની ઉત્કૃષ્ટસ્થિતિ બાંધતા જે રસબંધના અધ્યવસાયો હોય તે સઘળા સમયન્યૂન ઉત્કૃષ્ટસ્થિતિનો બંધ કરતાં હોય છે અને બીજા નવા પણ હોય છે. બીજા નવા હોવાનું કારણ પ્રતિસ્થિતિસ્થાનકમાં રસબંધાધ્યવસાયો વધતા જાય છે, તે છે. સમયન્યૂન ઉત્કૃષ્ટસ્થિતિ બાંધતા જે રસબંધાધ્યવસાયો છે તે સઘળા બે સમયન્યૂન ઉત્કૃષ્ટસ્થિતિ બાંધતા હોય છે અને બીજા નવા પણ હોય છે. આ પ્રમાણે પૂર્વ પૂર્વ સ્થાનકમાં જે જે અધ્યવસાયો હોય તે તે સઘળા ઉત્તરોત્તર સ્થાનમાં ત્યાં સુધી અનુસરે કે છઠ્ઠે ગુણઠાણે અસાતાની જેટલી જઘન્યસ્થિતિ બંધાય છે તે સ્થિતિસ્થાન આવે, કારણ કે સ્થાપનામાં ત્યાં સુધીની સ્થિતિઓ પરસ્પર આક્રાંત કહી છે—પરાવર્ત્તમાન પરિણામે બંધાય છે એમ કહ્યું છે. તાત્પર્ય એ છે કે, જઘન્ય રસબંધને યોગ્ય જેટલી અસાતાની સ્થિતિઓ સાતા સાથે પરાવર્ત્તન પામી પામીને બંધાય છે તેટલી આક્રાંત સ્થિતિઓમાં તે અને અન્ય એટલે પૂર્વ સ્થિતિસ્થાનમાં જે રસબંધાધ્યવસાયો છે તે અને બીજા નવા એ ક્રમ પ્રવર્તે છે.

પછીનાં શુદ્ધ સ્થાનકોમાં પૂર્વોક્ત ક્રમ પ્રવર્તે છે તે કહે છે—અસાતાની અભવ્યપ્રાયોગ્ય જઘન્યસ્થિતિબંધ સરખી સાતાની સ્થિતિ બાંધતા જે રસબંધાધ્યવસાયો હોય છે તેનો અસંખ્યાતમો ભાગ મૂકીને શેષ સઘળા અસાતાના જઘન્ય બંધસ્થાનની નીચેના કે જ્યાં કેવળ સાતા જ બંધાય છે તે સ્થિતિસ્થાનમાં હોય છે અને બીજા નવા હોય છે. તે સ્થાનકમાં જે રસબંધાધ્યવસાયો છે તેનો અસંખ્યાતમો ભાગ મૂકી શેષ સઘળા તેની નીચેના સ્થાનકમાં હોય છે અને બીજા નવા હોય છે. આ પ્રમાણે પૂર્વ પૂર્વ સ્થાનકમાં જે જે રસબંધાધ્યવસાયો હોય તેનો અસંખ્યાતમો-અસંખ્યાતમો ભાગ પ્રતિસ્થિતિસ્થાનકે ઓછો ઓછો થતાં ત્યાં સુધી જવું કે પલ્યોપમના અસંખ્યાતમા ભાગપ્રમાણ સ્થિતિઓ જાય. પલ્યોપમના અસંખ્યાતમા ભાગનો છેલ્લા સમયમાં અસાતાના જઘન્યસ્થિતિબંધ જેટલા સાતાના જઘન્યસ્થિતિબંધમાંના રસબંધાધ્યવસાયની અનુકૃષ્ટિ સમાપ્ત થાય છે. તેની નીચેના સ્થાનકમાં અસાતાના જઘન્ય સ્થિતિબંધ તુલ્ય સ્થિતિસ્થાનકથી નીચેના સ્થાનક રસબંધાધ્યવસાયની એટલે કે જે સ્થિતિસ્થાનકમાં શુદ્ધ સાતા જ બંધાય છે તે સ્થાનકના રસબંધાધ્યવસાયની અનુકૃષ્ટિ સમાપ્ત થાય છે. આ પ્રમાણે અનુકૃષ્ટિ અને સમાપ્તિ ત્યાં સુધી કહેવી કે સાતાની જઘન્ય સ્થિતિ આવે. આ જ ક્રમે સ્થિરનામકર્મ આદિ પરાવર્ત્તમાન શુભ પ્રકૃતિઓની અનુકૃષ્ટિ જાણવી.

હવે અસાતા વેદનીયની અનુકૃષ્ટિ કહે છે—સાતાની સાથે પરાવર્ત્તમાન પરિણામે છઠ્ઠે ગુણઠાણે અસાતાની જે જઘન્યસ્થિતિ બંધાય છે, તે બાંધતા જે રસબંધાધ્યવસાયો હોય તે સઘળા સમયાધિક સ્થિતિ બાંધતા હોય છે અને અન્ય નવા પણ હોય છે. સમયાધિક સ્થિતિ બાંધતા જે અધ્યવસાયો હોય છે તે સઘળા બે સમયાધિક સ્થિતિ બાંધતા હોય છે અને બીજા નવા પણ હોય છે. આ પ્રમાણે પૂર્વ પૂર્વ સ્થાનમાં જે જે સ્વરૂપવાળા રસબંધાધ્યવસાયો હોય છે તે જ ઉત્તરોત્તર

સ્થાનમાં અનુસરે—જાય છે અને બીજા નવા પણ હોય છે એમ ત્યાં સુધી કહેવું યાવત્ ઘણાં સેંકડો સાગરોપમપ્રમાણ સ્થિતિસ્થાનકો જાય. એટલે કે તે અને અન્ય એ ક્રમ છઠ્ઠા ગુણઠાણે બંધાતી જઘન્યસ્થિતિથી આરંભી પંદર કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિ પર્યંત કહેવો, કારણ કે તેટલી સ્થિતિઓ આક્રાંત છે, સાતા સાથે પરાવર્ત્તમાન પરિણામે બંધાય છે.

સમયાધિક પંદર કોડાકોડીથી આરંભી એકલી જ અસાતા બંધાય છે. તેથી તેનો ક્રમ ઉપઘાતાદિ માટે કહ્યો તે છે. અંતઃકોડાકોડીથી આરંભી પંદર કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિસ્થાનકો સર્વ જઘન્ય રસબંધને પણ યોગ્ય છે. કારણ કે સાતાની સાથે પરાવર્ત્તન પામી પામીને બંધાય છે. પરાવર્ત્તમાન પરિણામી આત્મા મંદ પરિણામી હોય છે તેથી ઉપરોક્ત સ્થિતિઓમાં વર્ત્તમાન આત્મા મંદરસ બાંધી શકે છે.

જઘન્યરસબંધને યોગ્ય સ્થિતિઓના ચરમસ્થિતિબંધે એટલે કે પંદરમી કોડાકોડીના ચરમ સમયે રસબંધના હેતુભૂત જે અધ્યવસાયો હોય તેઓનો અસંખ્યાતમો ભાગ મૂકીને શેષ સઘળા ઉપરના સમયાધિક પંદર કોડાકોડી પ્રમાણ સ્થિતિસ્થાન બાંધતા હોય છે અને અન્ય નવા પણ હોય છે. સમયાધિક પંદર કોડાકોડી બાંધતા જે રસબંધાધ્યવસાયો છે તેઓનો અસંખ્યાતમો ભાગ મૂકી શેષ સઘળા બે સમયાધિક પંદર કોડાકોડી પ્રમાણ સ્થિતિસ્થાનક બાંધતા હોય છે અને બીજા નવા પણ હોય છે. એ પ્રમાણે પૂર્વ પૂર્વ સ્થિતિસ્થાન સંબંધી રસબંધાધ્યવસાયોનો અસંખ્યાતમો-અસંખ્યાતમો ભાગ છોડતા છોડતા ત્યાં સુધી જવું કે કંડક—પલ્યોપમના અસંખ્યાતમા ભાગપ્રમાણ સ્થિતિસ્થાનો જાય. અહીં જઘન્ય રસબંધયોગ્ય ચરમસ્થિતિ—પંદરમી કોડાકોડીના ચરમસમયના રસબંધાધ્યવસાયની અનુકૃષ્ટિ સમાપ્ત થઈ. તે ઉપરના સ્થિતિસ્થાનકમાં સમયાધિક પંદર કોડાકોડી પ્રમાણ સ્થિતિસ્થાનકના રસબંધાધ્યવસાયની અનુકૃષ્ટિ સમાપ્ત થઈ. આ પ્રમાણે અનુકૃષ્ટિ અને સમાપ્તિ અસાતાની ઉત્કૃષ્ટ સ્થિતિ પર્યંત કહેવી. સ્થાવરદશક, નરકદ્વિક વગેરે બધી મળીને પરાવર્તમાન સત્તાવીસ અશુભ પ્રકૃતિઓની[1] અનુકૃષ્ટિ આ જ રીતે કહેવી. ૮૮

---

૧. ક્યાંથી ક્યાં સુધીનાં સ્થિતિસ્થાનકો પરાવર્ત્તમાન-વારાફરતી બંધાય છે તે અહીં કહ્યું નથી પરંતુ પંચમ કર્મગ્રંથ ગાથા ૭૨ની ટીકામાં સ્પષ્ટ રીતે કહ્યું છે. તેનો પાઠ આ—तथा सातवेदनीयं स्थिरनाम शुभनाम यशःकीर्त्तिनामेत्येताश्चतस्रः प्रकृतीः सेतराः सप्रतिपक्षा असातवेदनीयास्थिराशुभायशःकीर्त्तिनामसहिताः सर्वा अष्टौ प्रकृतीः 'संमो व'त्ति-सम्यग्दृष्टिः वाशब्दान्मिथ्यादृष्टिर्वा, सामान्योक्तावपि परावर्त्तमानमध्यमपरिणामो जघन्यानुभागाः करोति । कथम् ? इति चेद्, उच्यते—इह पूर्वं सातस्य पञ्चदशसागरोपमकोटीकोट्य उत्कृष्टा स्थितिरभिहिता, असातस्य तु त्रिंशत्सागरोपमकोटीकोट्यः तत्र प्रमत्तसंयतस्तत्प्रायोग्यविशुद्धो असातस्य सम्यग्दृष्टियोग्यस्थितिषु सर्वजघन्या-मन्तःसागरोपमकोटीकोटीप्रमाणां स्थितिं बध्नाति, ततोऽन्तर्मुहूर्त्तात् पारवृत्य सातं बध्नाति, पुनरप्यसातमित्येवं देशविरताविरतसम्यग्दृष्टिसम्यग्मिथ्यादृष्टिसास्वादनमिथ्यादृष्ट्योऽपि परावृत्य सातासाते बध्नन्ति । तत्र च मिथ्यादृष्टिः सातासाते परावृत्य तावद् बध्नाति यावत् सातस्य पञ्चदशसागरोपमकोटीकोटीलक्षणा ज्येष्ठा स्थितिः, ततः परतोऽपि संक्लिष्टः संक्लिष्टतरः संक्लिष्टतमोऽसातमेव केवलं तावद् बध्नाति यावत् त्रिंशत्सागरोपमकोटीकोट्यः । प्रमत्तादपि परतोऽप्रमत्तादयो विशुद्धा विशुद्धतराः सातमेव केवलं बध्नन्ति यावत् सूक्ष्मसंपराये द्वादश मुहूर्त्ताः । तदेवं व्यवस्थिते सातस्य समयोनपञ्चदशसागरोपमकोटीकोटीलक्षणायाः स्थितेरारभ्यासातेन सह परावृत्य बध्नतो जघन्यानुभागबन्धोचितः । परावर्त्तमानमध्यमपरिणामस्तावल्लभ्यते यावत्प्रमत्तगुणस्थानके अन्तःसागरोपमकोटीकोटीलक्षणा सर्वजघन्या असातस्थितिः । एतेषु हि सम्यग्दृष्टिमिथ्यादृष्टियोग्येषु स्थितिस्थानेषु प्रकृतेः प्रकृत्यन्तरसंक्रमे मन्दः परिणामो जघन्यानु-

સ્થાપનામાં અભવ્ય પ્રાયોગ્ય જઘન્યસ્થિતિબંધ પર્યંત અનુકૃષ્ટિ લેવાનું કહ્યું છે તેની અંદર વિશેષ કહે છે—

मोत्तूण नीयमियरासुभाणं जो जो जहन्नठिइबंधो ।
नियपडिवक्खसुभाणं ठावेयव्वो जहन्नयरो ॥८९॥

मुक्त्वा नीचं इतराशुभानां यो यो जघन्यस्थितिबन्धः ।
निजप्रतिपक्षशुभानां स्थापयितव्यो जघन्यतरः ॥८९॥

અર્થ—નીચગોત્રને મૂકીને ઇતર અશુભ પ્રકૃતિઓનો જે જે જઘન્યસ્થિતબંધ થાય છે તેથી પણ અલ્પસ્થિતિબંધ તેની પોતાની પ્રતિપક્ષ શુભ પ્રકૃતિઓનો સ્થાપનામાં સ્થાપવો.

ટીકાનુ૰—ગાથામાં ગ્રહણ કરેલ નીચગોત્ર એ અન્ય પ્રકૃતિઓનો ઉપલક્ષણસૂચક હોવાથી તિર્યગ્દ્વિક પણ ગ્રહણ કરવું. એટલે તિર્યગ્દ્વિક અને નીચગોત્ર છોડીને શેષ અસાતાવેદનીયાદિ પરાવર્ત્તમાન અશુભ પ્રકૃતિઓનો જે અભવ્ય પ્રાયોગ્ય જઘન્ય સ્થિતિબંધ સ્થાપનામાં સ્થાપેલ છે. તેથી પણ અલ્પ સ્થિતિબંધ તેઓની પોતપોતાની પ્રતિપક્ષ સાતાવેદનીયાદિ શુભ પ્રકૃતિઓનો સ્થાપવો. એટલે કે સાતાવેદનીયાદિ શુભ પ્રકૃતિઓની અનુકૃષ્ટિ અભવ્ય પ્રાયોગ્ય જઘન્યસ્થિતિબંધથી અલ્પ સ્થિતિબંધ સુધી જાય છે.[1] કારણ કે છઠ્ઠે ગુણઠાણે અસાતાનો જે જઘન્યસ્થિતિબંધ થાય છે તે જઘન્ય સ્થિતિબંધથી તો સાતા સાથે પરાવર્ત્તન ભાવ પામે છે ત્યાંથી તો તે અને અન્ય એ ક્રમે અનુકૃષ્ટિ જાય છે. પરંતુ જે પરિણામે છઠ્ઠે ગુણઠાણે અસાતાનો જઘન્યસ્થિતિબંધ થાય તેથી પણ સારા પરિણામે જ્યારે એકલી જ સાતા બંધાય ત્યાં તદેકદેશ અને અન્ય એ ક્રમે અનુકૃષ્ટિ જાય છે તેથી અભવ્ય પ્રાયોગ્ય જઘન્યસ્થિતિબંધથી પણ ઓછો સ્થિતિબંધ

भागबन्धयोग्यो लभ्यते, नान्यत्र । આ પાઠમાં સ્પષ્ટપણે બતાવ્યું છે કે પ્રમત્ત ગુણઠાણે અસાતાવેદનીયની જે જઘન્ય સ્થિતિ બંધાય છે, ત્યાંથી આરંભી સાતાવેદનીય પંદર કોડાકોડી સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિ સુધીની સ્થિતિઓ પરાવર્ત્તમાન પરિણામે બંધાય છે. અને પરાવર્ત્તમાન પરિણામ વડે તેટલી સ્થિતિઓમાં તે અને અન્ય એ અનુક્રમે રસબંધાધ્યવસાયોની અનુકૃષ્ટિ જાય છે. જે સ્થિતિસ્થાનકથી જે સ્થિતિસ્થાનક પર્યંત એકલી જ સાતા કે અસાતા બંધાય ત્યાં અપરાવર્ત્તમાન શુભ-અશુભ વર્ગમાં જે ક્રમ છે તે ક્રમે અનુકૃષ્ટિ થાય છે. આ પ્રમાણે સ્થિર-અસ્થિરાદિ અન્ય પ્રકૃતિઓમાં પણ યથાયોગ્ય રીતે સમજવાનું છે.

અહીં સામાન્યથી અસાતાવેદનીયની જેમ શેષ સત્તાવીસ પ્રકૃતિઓની અનુકૃષ્ટિની ભલામણ કરી છે, પરંતુ સૂક્ષ્મત્રિક, વિકલત્રિક તેમજ મધ્યમના ચાર સંઘયણ અને ચાર સંસ્થાનો એમ આ ચૌદ પ્રકૃતિઓની જેટલી ઉત્કૃષ્ટ સ્થિતિ છે, તેના કરતાં તેની પ્રતિપક્ષભૂત બાદરત્રિક, એકેન્દ્રિય તથા પંચેન્દ્રિયજાતિ, અંતિમસંઘયણ તથા સંસ્થાન એ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટસ્થિતિ અધિક છે, માટે જેમ સાતાવેદનીયની પંદર કોડાકોડી સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિબંધની ઉપર અસાતાની ત્રીસ કોડાકોડી સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિ સ્થાન સુધીમાં તેનો એક દેશ અને અન્ય અધ્યવસાયોની જે પ્રમાણે અનુકૃષ્ટિ થાય છે તેમ સૂક્ષ્મત્રિકાદિ ચૌદ પ્રકૃતિઓમાં થશે નહીં પણ પોતપોતાના જઘન્યસ્થિતિબંધથી પોતપોતાના ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સુધી તે અને અન્ય એ પ્રમાણે અધ્યવસાયોની અનુકૃષ્ટિ થાય છે, તેથી આ ચૌદ પ્રકૃતિઓમાં આટલી વિશેષતા છે. અને શેષ તેર પ્રકૃતિઓની અનુકૃષ્ટિ બરાબર અસાતાની સમાન છે.

૧. અહીં સાતાની જઘન્યસ્થિતિ ક્યાં સુધીની લેવી તે ખ્યાલમાં આવતું નથી.

સ્થાપનામાં સ્થાપવો એમ કહ્યું છે. આ પ્રમાણે ચારે વર્ગની અનુકૃષ્ટિ કહી. ૮૯.

હવે તિર્યગ્દ્વિક અને નીચગોત્રની અનુકૃષ્ટિ કહે છે. આ પ્રકૃતિઓનો ચાર વર્ગમાંથી એક પણ વર્ગમાં સમાવેશ કરવામાં આવ્યો નથી, કારણ કે વર્ગોની અનુકૃષ્ટિથી આ પ્રકૃતિઓની અનુકૃષ્ટિમાં તારતમ્ય છે. તે જ બતાવે છે—

पडिवक्खजहन्नयरो तिरिदुगनीयाण सत्तममहीए ।
सम्मत्तादीए तओ अणुकड्ढी उभयवग्गेसु ॥९०॥

प्रतिपक्षजघन्यतरः तिर्यग्द्विकनीचैर्गोत्रयोः सप्तममह्याम् ।
सम्यक्त्वादौ ततः अनुकृष्टिः उभयवर्गयोः ॥९०॥

અર્થ—સાતમી નરકપૃથ્વીમાં જે સમયે સમ્યક્ત્વ ઉત્પન્ન થાય છે તેની પહેલાના સમયે જે જઘન્યસ્થિતિબંધ થાય છે ત્યાંથી આરંભી તિર્યગ્દ્વિક અને નીચગોત્રની અનુકૃષ્ટિની શરૂઆત કરવી. તેથી સ્થાપનામાં પ્રતિપક્ષ પ્રકૃતિઓથી પણ જઘન્યસ્થિતિબંધ સ્થાપવો. ત્યારપછી ઉભયવર્ગની અનુકૃષ્ટિ પરાવર્ત્તમાન શુભાશુભ પ્રકૃતિઓ પ્રમાણે કહેવી.

ટીકાનુ૦—અભવ્યપ્રાયોગ્ય જે જઘન્યસ્થિતિબંધ થાય છે તેથી પણ તિર્યગ્દ્વિક અને નીચગોત્રનો થોડો સ્થિતિબંધ સાતમી નરકપૃથ્વીના નારકીને સમ્યક્ત્વ ઉત્પન્ન કરતાં અનિવૃત્તિકરણના ચરમસમયે થાય છે. સાતમી નરકપૃથ્વીના નારકીઓને જ્યાં સુધી પહેલું ગુણસ્થાન હોય છે ત્યાં સુધી ભવસ્વભાવે તિર્યગ્દ્વિક અને નીચગોત્ર જ બંધાય છે, જ્યારે બીજા સઘળા જીવો સમ્યક્ત્વ પ્રાપ્ત કરતાં થતા શુભ પરિણામે પરાવર્ત્તમાન પુન્ય પ્રકૃતિઓ જ બાંધે છે. તેથી એ ત્રણ પ્રકૃતિઓની અનુકૃષ્ટિની શરૂઆત જે સમયે તેઓને સમ્યક્ત્વ ઉત્પન્ન થાય છે તેની પહેલાના સમયે જે જઘન્યસ્થિતિબંધ થાય છે ત્યાંથી આરંભી અભવ્ય પ્રાયોગ્ય જે જઘન્યસ્થિતિ બંધાય છે ત્યાં સુધી તદેકદેશ અને અન્ય એ ક્રમે કરવી. ત્યારપછીથી આરંભી મનુષ્યદ્વિક અને ઉચ્ચગોત્ર એ શુભપ્રકૃતિ તથા તિર્યગ્દ્વિક અને નીચગોત્ર એ અશુભ પ્રકૃતિ એ બંને વર્ગની અનુકૃષ્ટિ શુભાશુભ પરાવર્ત્તમાન-અપરાવર્ત્તમાન પ્રકૃતિઓના વર્ગની જેમ કહેવી.

મનુષ્યગતિ આદિ શુભ પ્રકૃતિઓની અનુકૃષ્ટિ તો પહેલા કહી ગયા છે. અહીં તિર્યગ્દ્વિક અને નીચગોત્રની અનુકૃષ્ટિ કહે છે—સાતમી નરકપૃથ્વીમાં વર્ત્તમાન નારકીને જે સમયે સમ્યક્ત્વ ઉત્પન્ન થાય તે પહેલાંના સમયે તિર્યગ્ગતિની જઘન્યસ્થિતિ બાંધતા જે રસબંધના હેતુભૂત અધ્યવસાયો છે તેનો અસંખ્યાતમો ભાગ છોડીને શેષ સઘળા સમયાધિક જઘન્યસ્થિતિ બાંધતા હોય છે અને બીજા નવા પણ હોય છે. સમયાધિક જઘન્યસ્થિતિ બાંધતા જે રસબંધાધ્યવસાયો હોય છે તેનો અસંખ્યાતમો ભાગ છોડી શેષ સઘળા બે સમયાધિક જઘન્યસ્થિતિ બાંધતા હોય છે અને બીજા નવા પણ હોય છે. આ પ્રમાણે ત્યાં સુધી કહેવું. યાવત્ પલ્યોપમના અસંખ્યાતમા ભાગપ્રમાણ સ્થિતિસ્થાનકો થાય.

પલ્યોપમના અસંખ્યાતમા ભાગપ્રમાણ સ્થિતિસ્થાનમાંના છેલ્લા સ્થિતિસ્થાનકમાં જઘન્યસ્થિતિબંધ સંબંધી રસબંધાધ્યવસાયની અનુકૃષ્ટિ સમાપ્ત થાય છે. તે પછીના સ્થિતિસ્થાનમાં

સમયાધિક જઘન્યસ્થિતિબંધ સંબંધી અધ્યવસાયોની અનુકૃષ્ટિ સમાપ્ત થાય છે. તે પછીના સ્થાનકમાં બે સમયાધિક જઘન્ય સ્થિતિબંધ સંબંધી અધ્યવસાયોની અનુકૃષ્ટિ સમાપ્ત થાય છે. આ પ્રમાણે ત્યાં સુધી કહેવું યાવત્ અભવ્યપ્રાયોગ્ય જઘન્યસ્થિતિબંધ આવે.

અભવ્યપ્રાયોગ્ય જઘન્યસ્થિતિબંધ કરતાં જે રસબંધના અધ્યવસાયો હોય છે તે સઘળા સમયાધિક અભવ્યપ્રાયોગ્ય જઘન્યસ્થિતિબંધ કરતા હોય છે અને બીજા નવા પણ હોય છે. સમયાધિક અભવ્યપ્રાયોગ્ય જઘન્યસ્થિતિબંધમાં જે અધ્યવસાયો છે. તે સઘળા બે સમયાધિક જઘન્યસ્થિતિ બાંધતા હોય છે અને બીજા નવા પણ હોય છે. આ પ્રમાણે પૂર્વ પૂર્વ સ્થાનકમાં જે જે રસબંધાધ્યવસાયો છે તે તે સઘળા અને બીજા નવા ઉપર ઉપરના સ્થિતિબંધમાં હોય છે. એમ સેંકડો સાગરોપમ પ્રમાણ સ્થિતબંધ પર્યંત કહેવું. એટલે કે જેટલાં સ્થિતિસ્થાનકો પ્રતિપક્ષપ્રકૃતિઓ સાથે પરાવર્ત્તમાન પરિણામે બંધાય છે તેટલા સ્થિતિસ્થાનક પર્યંત કહેવું.

જેમકે—નીચગોત્ર દશકોડાકોડી પર્યંત[1] ઉચ્ચૈર્ગોત્ર સાથે પરાવર્ત્તમાન પરિણામે બંધાય છે અને તિર્યગ્દ્વિક પંદર કોડાકોડી સાગરોપમ પર્યંત મનુષ્યદ્વિક સાથે પરાવર્ત્તમાન પરિણામે બંધાય છે તેથી ત્યાં સુધી તે અને અન્ય એ ક્રમે અધ્યવસાયોની અનુકૃષ્ટિ લઈ જવી. ત્યારપછી એટલે કે શતપૃથક્ત્વ—અનેક સેંકડો સાગરોપમની ચરમસ્થિતિમાં જે રસબંધના અધ્યવસાયો છે તેનો અસંખ્યાતમો ભાગ મૂકીને શેષ સઘળા સમયાધિક ઉપરના સ્થિતિસ્થાનકમાં જાય છે અને બીજા નવા પણ હોય છે. તે સ્થિતિસ્થાનકમાં જે રસબંધાધ્યવસાયો હોય છે તેનો અસંખ્યાતમો ભાગ છોડી શેષ સઘળા તેની ઉપરના સ્થિતિસ્થાનકમાં હોય છે અને બીજા નવા પણ હોય છે. આ પ્રમાણે પલ્યોપમના અસંખ્યાતમા ભાગના સમયપ્રમાણ સ્થિતિસ્થાનક પર્યંત કહેવું.

તે સ્થિતિસ્થાનકમાં શતપૃથક્ત્વ સાગરોપમની ચરમસ્થિતિ સંબંધી અધ્યવસાયોની અનુકૃષ્ટિ સમાપ્ત થાય છે. તે પછીના સ્થિતિસ્થાનકમાં સમયાધિક શતપૃથક્ત્વસાગરોપમ સંબંધી અધ્યવસાયોની અનુકૃષ્ટિ સમાપ્ત થાય છે. આ પ્રમાણે ત્યાં સુધી કહેવું કે તે તે પ્રકૃતિઓનું ઉત્કૃષ્ટસ્થિતિસ્થાન આવે. આ રીતે તિર્યગાનુપૂર્વી અને નીચગોત્રની પણ અનુકૃષ્ટિ સમજવી. ૯૦

હવે ત્રસાદિ ચતુષ્કની અનુકૃષ્ટિ કહેવા ઇચ્છતા કહે છે—

अट्ठारसकोडीओ परघायकमेण तसचउक्केवि ।

अष्टादशकोट्यः पराघातक्रमेण त्रसचतुष्केऽपि ।

અર્થ—અઢાર કોડાકોડી સાગરોપમ પર્યંત પરાઘાત પ્રમાણે ત્રસ ચતુષ્કમાં અનુકૃષ્ટિ કહેવી, પછી 'અપિ' શબ્દથી સાતાની જેમ કહેવી.

---

૧. પરાવર્ત્તમાન પ્રકૃતિઓનાં જે સ્થિતિસ્થાનકો એકલા જ બંધાય—તેની વિરોધિની પ્રકૃતિઓ સાથે પરાવર્ત્તન પામી ન બંધાય તે સ્થિતિસ્થાનકો બંધાતાં રસબંધાધ્યવસાયની અનુકૃષ્ટિનો તદેકદેશ અને અન્ય એ ક્રમ છે. જેટલાં સ્થિતિસ્થાનકો પરાવર્ત્તન પામીને બંધાય છે ત્યાં તે અને અન્ય એટલે કે ઉપરનાં સઘળાં અને નવાં એ ક્રમ છે.


તિર્યંચદ્વિકની અનુકૃષ્ટિ ગાથા-૯૦
૨૦ કો.કો.
શુદ્ધ સ્થાનો
તદેકદેશ-અન્ય
યાવત્ ૨૦ કો.કો.સુધી
ઉપઘાત પ્રમાણે
૧૫. કો.કો
યાવત્ ૧૫ કો.કો.સુધી
"તાનિ· અન્યાનિ ચ"
મનુષ્યદ્વિક સાથેનાં
આક્રાન્ત
સ્થાનો
અંતઃ કો.કો.
અભવ્ય પ્રાયોગ્યજઘન્ય
શુદ્ધ સ્થાનો
તદેકદેશ-અન્ય
ઉપઘાત પ્રમાણે
અંતઃ કો.કો.(૭મીનારક)


ગાથા-૯૦ નીચગોત્રની અનુકૃષ્ટિ
૨૦કો.કો.
યાવત્ ૨૦ કો.કો. સુધી
ઉપઘાત પ્રમાણે
તદેકદેશ-અન્ય
૧૦કો.કો.
યાવત ૧૦ કો.કો.સુધી
તાનિ - અન્યાનિ
ઉચ્ચગોત્ર
સાથે
આક્રાન્ત
અંતઃકો.કો.
અભ: પ્રા.
જઘ.સ્થિતિ
શુદ્ધ
તદેકદેશ-અન્ય
ઉપઘાત પ્રમાણે
અંતઃ કો.કો.
(૭મીનારક)

ટીકાનુ૦—ત્રસ ચતુષ્કમાં વીસ કોડાકાડી સાગરોપમના સ્થિતિસ્થાનથી આરંભીને નીચે અઢાર કોડાકોડી સાગરોપમના સ્થિતિસ્થાનક સુધી, અનુકૃષ્ટિ પરાઘાતની જેમ કહેવી, અને સ્થાવરની સાથે પરાવર્ત્તન પરિણામે જે સ્થિતિસ્થાનકથી બંધ શરૂ થાય તે સ્થિતિસ્થાનકથી સાતાની જેમ અનુકૃષ્ટિ કહેવી. એટલે કે અઢારમી કોડાકોડીના છેલ્લા સમયથી સાતાની જેમ અનુકૃષ્ટિ કહેવી.[1]

તેની અંદર ત્રસ નામકર્મની અનુકૃષ્ટિ કહે છે. ત્રસ નામકર્મની ઉત્કૃષ્ટસ્થિતિ બાંધતા જે અનુભાગબંધનાં અધ્યવસાય સ્થાનો છે તેઓનો અસંખ્યાતમો ભાગ છોડીને શેષ સઘળા સમયોન ઉત્કૃષ્ટસ્થિતિ બાંધતા હોય છે અને બીજા નવા પણ હોય છે. સમયોન ઉત્કૃષ્ટસ્થિતિ બાંધતા જે રસબંધના અધ્યવસાયો હોય છે તેઓનો અસંખ્યાતમો ભાગ મૂકીને શેષ સઘળા બે સમયન્યૂન ઉત્કૃષ્ટસ્થિતિ બાંધતા હોય છે અને બીજા નવા પણ હોય છે. આ પ્રમાણે પલ્યોપમના અસંખ્યાતમાભાગ પ્રમાણ સ્થિતિસ્થાનો પર્યંત કહેવું.

પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિસ્થાનક માંહેના આ છેલ્લા સ્થિતિસ્થાનમાં ઉત્કૃષ્ટસ્થિતિસ્થાન સંબંધી રસબંધાધ્યવસાયની અનુકૃષ્ટિ સમાપ્ત થાય છે. તે પછીના સ્થિતિસ્થાનમાં સમયન્યૂન ઉત્કૃષ્ટસ્થિતિ સંબંધી રસબંધાધ્યવસાયની અનુકૃષ્ટિ સમાપ્ત થાય છે. આ પ્રમાણે નીચે નીચે અનુકૃષ્ટિ અને સમાપ્તિ ત્યાં સુધી કહેવી યાવત્ અઢાર કોડાકોડી સાગરોપમ સ્થિતિ બાકી રહે. એટલે કે વીસમી કોડાકોડીના છેલ્લા સમયથી આરંભી અઢારમી કોડાકોડી સાગરોપમના છેલ્લા સમય પર્યંત કહેવી.

અઢારમી કોડાકોડી સાગરોપમની ચરમસ્થિતિમાં જે રસબંધાધ્યવસાયો હોય છે તે સઘળા અઢારમી કોડાકોડી સાગરોપમની દ્વિચરમ સ્થિતિમાં હોય છે અને અન્ય નવા પણ હોય છે. દ્વિચરમસ્થિતિમાં જે રસબંધાધ્યવસાયો હોય છે તે સઘળા ત્રિચરમ સ્થિતિસ્થાન બાંધતા હોય છે અને અન્ય નવા પણ હોય છે. આ પ્રમાણે ત્યાં સુધી કહેવું યાવત્ અભવ્ય પ્રાયોગ્ય જઘન્ય અનુભાગબંધના વિષયભૂત સ્થાવર નામકર્મની સ્થિતિ પ્રમાણ સ્થિતિ આવે. એટલે કે જે જઘન્ય સ્થિતિસ્થાન પર્યંત ત્રસનામકર્મ સ્થાવરનામકર્મ સાથે પરાવર્ત્તન ભાવે બંધાય છે તે સ્થિતિ આવે ત્યાં સુધી તે અને અન્ય એ ક્રમે અનુકૃષ્ટિ કહેવી.

---

૧. અહીં ત્રસચતુષ્કની ઉત્કૃષ્ટ સ્થિતિ ૨૦ કો૦ કો૦ સાગરોપમ પ્રમાણ છે. અને તેના પ્રતિપક્ષભૂત સૂક્ષ્મત્રિકની ઉત્કૃષ્ટ સ્થિતિ ૧૮ કો૦ કો૦ સાગરોપમની છે. તેથી ૨૦ કો૦ કો૦ થી ૧૮ કો૦ કો૦ સુધીના બાદરત્રિકનાં સ્થિતિસ્થાનો શુદ્ધ છે. કારણ કે તે પ્રતિપક્ષ પ્રકૃતિ સાથે પરાવૃત્તિથી બંધાતાં નથી. અને ત્રસની પ્રતિપક્ષ સ્થાવર નામકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રસની સમાન ૨૦ કો૦ કો૦ હોવા છતાં ત્રસનામકર્મની ૨૦થી ૧૮ કો૦ કો૦ સાગરોપમની સ્થિતિ ઈશાન સુધીના દેવો વર્જી શેષ ચારગતિના જીવો યથાસંભવ બાંધે છે. ત્યારે સ્થાવરની ૧૮ કો૦ કો૦ થી ૨૦ કો૦ કો૦ સુધીની સ્થિતિ માત્ર ઈશાન સુધીના દેવો જ બાંધે છે. માટે ત્રસ અને સ્થાવર બન્નેના ૨૦ કો૦ કો૦ થી ૧૮ કો૦ કો૦ સુધીનાં સ્થિતિસ્થાનો અનાક્રાંત (શુદ્ધ) હોય છે અને ૧૮ કો૦ કો૦ સાગરોપમથી નીચેનાં સ્થાવર નામકર્મની અભવ્ય પ્રાયોગ્ય જઘન્ય સ્થિતિ સુધીનાં સ્થિતિસ્થાનો નારક સિવાય ત્રણ ગતિના જીવો પરાવર્તન પરિણામે બાંધે છે. માટે એટલાં જ સ્થિતિસ્થાનો આક્રાંત હોય છે.

અભવ્યપ્રાયોગ્ય જઘન્યસ્થિતિ બાંધતા જે રસબંધના અધ્યવસાયો હોય છે તેનો અસંખ્યાતમો ભાગ મૂકીને શેષ સઘળા તેની નીચેની સ્થિતિ બાંધતા કે જયાં શુદ્ધ ત્રસનામકર્મ જ બંધાય છે ત્યાં હોય છે અને બીજા નવા પણ હોય છે. તે પૂર્વોક્ત સ્થિતિ બાંધતા જે રસબંધાધ્યવસાયો હોય છે તેનો અસંખ્યાતમો ભાગ છોડી શેષ સઘળા તેની નીચેના સ્થિતિસ્થાનમાં જાય છે અને બીજા નવા પણ હોય છે. આ પ્રમાણે ત્યાં સુધી કહેવું યાવત્ પલ્યોપમના અસંખ્યાતમા ભાગગત સમયપ્રમાણ સ્થિતિસ્થાનો જાય.

અહીંયાં છેલ્લા સ્થિતિસ્થાનમાં અભવ્યપ્રાયોગ્ય જઘન્યસ્થિતિસ્થાનના એટલે કે જે સ્થિતિસ્થાનથી શુદ્ધ ત્રસનામકર્મ જ બંધાય છે તેની પહેલાના સ્થાનકના રસબંધાધ્યવસાયની અનુકૃષ્ટિ સમાપ્ત થાય છે. તેની નીચેના સ્થિતિસ્થાનકમાં જે સ્થિતિસ્થાનકમાં શુદ્ધ ત્રસનામકર્મ બંધાય છે તે સ્થાનકની અનુકૃષ્ટિ સમાપ્ત થાય છે. એ પ્રમાણે અનુકૃષ્ટિ અને સમાપ્તિ ત્યાં સુધી કહેવી યાવત્ જઘન્યસ્થિતિ આવે. એ પ્રમાણે બાદર, પર્યાપ્ત અને પ્રત્યેક નામકર્મની પણ અનુકૃષ્ટિ જાણવી. (જુઓ. યંત્ર પૃ૦ ૧૧૨.)

હવે પહેલાં જે કહ્યું છે 'उवरिहुत्ता गंतुण कण्डकमेत्तठिइबन्धा' તેની અંદરના કંડક શબ્દનો અને આગળ ઉપર કહેવામાં આવનાર નિવર્ત્તન કંડક શબ્દનો અર્થ કહે છે—

कंडं निव्वत्तणकंडकं च पल्लस्ससंखंसो ॥९१॥

कण्डकं निर्वर्त्तनकण्डकं च पल्यस्यासंख्यांशः ॥९१॥

અર્થ—કંડક અને નિર્વર્ત્તન કંડક એ બંને પલ્યોપમના અસંખ્યાતમા ભાગમાં રહેલ સમયપ્રમાણ સંખ્યાનું નામ છે. આ પ્રમાણે વિસ્તારપૂર્વક અનુકૃષ્ટિનું સ્વરૂપ કહ્યું. ૯૧

હવે અનુકૃષ્ટિને અનુસરીને કયા સ્થાનકમાં કેટલા પ્રમાણમાં તીવ્ર અને મંદરસ બંધાય તે કહે છે. તેનું સામાન્ય લક્ષણ આ પ્રમાણે છે—સઘળી અશુભ પ્રકૃતિઓમાં જઘન્યસ્થિતિથી આરંભી ઉત્તરોત્તર સ્થિતિમાં અનુક્રમે અનંતગુણો રસ કહેવો અને શુભ પ્રકૃતિઓમાં—ઉત્કૃષ્ટ-સ્થિતિથી આરંભી અનુક્રમે નીચે નીચેના સ્થાનકમાં અનંતગુણ રસ કહેવો. આ પ્રમાણે સામાન્ય સ્વરૂપ કહીને વિશેષ સ્વરૂપ કહે છે—

जा निव्वत्तणकंडं जहन्नठिइपढमठाणगाहिंतो ।
गच्छंति उवरिहुत्तं अणंतगुणणाए सेढीए ॥९२॥
तत्तो पढमठिईए उक्कोसं ठाणगं अणंतगुणं ।
तत्तो कंडग-उवरिं आ-उक्कस्सं नए एवं ॥९३॥
उक्कोसाणं कंडं अणंतगुणणाए तन्नए पच्छा ।
उवघायमाइयाणं इयराणुक्कोसगाहिंतो ॥९४॥

यावन्निर्वर्त्तनकण्डकं जघन्यस्थितिप्रथमस्थानकात् ।
गच्छंति उपरिमुखं अनन्तगुणनया श्रेण्या ॥९२॥



जा निव्वत्तणकंडं जहन्नठिइपढमठाणगाहिंतो ।
गच्छंति उवरिहुत्तं अणंतगुणणाए सेढीए ॥९२॥

ततः प्रथमस्थितौ उत्कृष्टं स्थानकं अनन्तगुणम् ।
ततः कण्डकस्य उपरि आ-उत्कृष्टं नयेत् एवं ॥९३॥
उत्कृष्टानां कण्डकं अनन्तगुणनया ततो नयेत् पश्चात् ।
उपघातादीनां इतरासां उत्कृष्टकात् ॥९४॥

અર્થ—જઘન્યસ્થિતિના પ્રથમ અનુભાગ સ્થાનકથી આરંભી નિવર્ત્તન કંડક પર્યંત ઉપર ઉપરના સ્થાનકમાં જઘન્યરસ અનંતગુણશ્રેણિએ જાય છે. તેનાથી પ્રથમ સ્થિતિસ્થાનકમાં ઉત્કૃષ્ટ રસસ્થાન અનંતગુણ થાય છે. તેથી નિવર્ત્તન કંડકની ઉપરના સ્થિતિસ્થાનમાં જઘન્ય અનંતગુણ રસબંધ થાય છે. આ પ્રમાણે ઉત્કૃષ્ટસ્થિતિસ્થાન પર્યંત જાણવું. છેલ્લા કંડક પ્રમાણ સ્થાનકોમાં ઉત્કૃષ્ટ રસ કહ્યા વિના બાકી છે તે સ્થાનોમાં પૂર્વ પૂર્વથી ઉત્તરોત્તર અનન્તગુણ રસ છેલ્લા ઉત્કૃષ્ટસ્થિતિસ્થાન પર્યંત કહેવો. ઉપઘાતાદિમાં ઉપર પ્રમાણે કહેવું અને ઇતર-પરાઘાતાદિમાં ઉત્કૃષ્ટસ્થિતિસ્થાનકથી આરંભી અધોમુખ ઉપર પ્રમાણે કહેવું.

ટીકાનુ૦—ઉપઘાતનામ આદિ પંચાવન પ્રકૃતિઓમાં-જઘન્ય સ્થિતિસ્થાનક બાંધતા જે જઘન્ય રસસ્થાન બંધાય છે તેનાથી અનંતગુણ-અનંતગુણ જઘન્યરસ અનુક્રમે ઉપર ઉપરના સ્થિતિસ્થાનક બાંધતા બંધાય છે. તે આ પ્રમાણે—જઘન્ય સ્થિતિસ્થાન બાંધતા જે જઘન્ય રસ બંધાય છે તે અલ્પ છે, તેનાથી બીજું સ્થિતિસ્થાન બાંધતા જે જઘન્ય રસ બંધાય છે તે અનંતગુણ છે, તેનાથી પણ ત્રીજું સ્થિતિસ્થાન બાંધતા જે જઘન્ય રસ બંધાય છે તે અનંતગુણ છે. આ પ્રમાણે પૂર્વ-પૂર્વ સ્થિતિસ્થાન બાંધતા જે જઘન્ય રસ બંધાય, તેનાથી ઉત્તરોત્તર સ્થિતિસ્થાનમાં જઘન્ય અનંતગુણ રસ ત્યાં સુધી કહેવો યાવત્ નિવર્ત્તન કંડક થાય. નિવર્ત્તન કંડક એટલે જ્યાં જઘન્ય સ્થિતિબંધભાવિ રસબંધાધ્યવસાયની અનુકૃષ્ટિ સમાપ્ત થાય છે.

જઘન્યસ્થિતિબંધથી આરંભી પલ્યોપમના અસંખ્યાતમા ભાગના સમયપ્રમાણ સ્થિતિસ્થાનક પર્યંત જઘન્યસ્થિતિના રસબંધાધ્યવસાયની અનુકૃષ્ટિ થાય છે માટે મૂળથી આરંભી ત્યાં સુધીનાં સ્થાનકોને નિવર્ત્તન કંડક કહેવાય છે. અથવા પલ્યોપમના અસંખ્યાતમા ભાગના સમયપ્રમાણ સ્થિતિસ્થાનકની સંખ્યાને નિવર્ત્તન કંડક કહેવાય છે જે આગળ કહેલ છે.

નિવર્ત્તન કંડકના છેલ્લા સ્થિતિસ્થાનકે જે જઘન્યરસ બંધાય છે તેનાથી પહેલી સ્થિતિમાં ઉત્કૃષ્ટ રસબંધ અનંતગુણ થાય છે, તેનાથી નિવર્ત્તન કંડકની ઉપરની પહેલી સ્થિતિમાં જઘન્ય રસ અનંતગુણ બંધાય છે, તેનાથી પણ બીજી સ્થિતિમાં ઉત્કૃષ્ટ રસ અનંતગુણ બંધાય છે, તેનાથી કંડક ઉપરની બીજી સ્થિતિમાં જઘન્યરસ અનંતગુણ બંધાય છે, તેનાથી ત્રીજી સ્થિતિમાં ઉત્કૃષ્ટ રસ અનંતગુણ બંધાય છે. એ પ્રમાણે નીચે-નીચેના એક એક સ્થાનકમાં ઉત્કૃષ્ટ અનંતગુણ રસ અને કંડકની ઉપરે-ઉપરના એક એક સ્થાનકમાં જઘન્ય રસ અનંતગુણ ત્યાં સુધી કહેવો યાવત્ ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાન આવે, એટલે કે ઉત્કૃષ્ટ સ્થિતિમાં જઘન્ય રસબંધ અનંતગુણ થાય ત્યાં સુધી ઉક્ત પ્રકારે જાણવું.

છેલ્લી કંડકપ્રમાણ સ્થિતિઓમાં ઉત્કૃષ્ટ અનુભાગ કહ્યા સિવાય બાકી રહે છે તે પણ ઉત્તરોત્તર

અનંતગુણ-અનંતગુણ કહેવો, તે આ પ્રમાણે—ઉત્કૃષ્ટ સ્થિતિના જઘન્ય રસથી છેલ્લા કંડકની પહેલી સ્થિતિમાં ઉત્કૃષ્ટ રસ અનંતગુણ છે, તેનાથી તે પછીની બીજી સ્થિતિમાં ઉત્કૃષ્ટ રસ અનંતગુણ છે, તેનાથી પણ તે પછીની ત્રીજી સ્થિતિમાં ઉત્કૃષ્ટ રસ અનંતગુણ છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટ સ્થિતિપર્યંત અનંતગુણ રસ કહેવો. આ પ્રમાણે ઉપઘાતાદિ પંચાવન પ્રકૃતિઓ માટે જાણવું.

ગાથા - ૯૨ - ૯૩ - ૯૪
અપરાવર્તમાન • અશુભ ૫૫-ની તીવ્ર મંદતા



પરાઘાત આદિ છેતાળીસ પ્રકૃતિઓમાં-ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાનકથી આરંભી અધોમુખે પૂર્વોક્ત ક્રમે અનંતગુણ શ્રેણીએ રસ કહેવો. તે આ પ્રમાણે—ઉત્કૃષ્ટસ્થિતિમાં જઘન્ય અનુભાગ અલ્પ હોય છે. સમયોન ઉત્કૃષ્ટ સ્થિતિમાં જઘન્ય અનુભાગ અનંતગુણ, તેનાથી બે સમયન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિમાં જઘન્ય રસ અનંતગુણ, એ પ્રમાણે નિવર્તન કંડક પર્યંત જઘન્ય રસ અનંતગુણ કહેવો.

કંડકના છેલ્લા સ્થાનકના જઘન્ય રસથી ઉત્કૃષ્ટ સ્થિતિમાં ઉત્કૃષ્ટ રસ અનંતગુણ થાય છે. તેનાથી કંડકની નીચેના પહેલા સ્થાનકમાં જઘન્ય રસ અનંતગુણ થાય છે. તેનાથી સમયોન ઉત્કૃષ્ટ સ્થિતિમાં ઉત્કૃષ્ટ રસ અનંતગુણ થાય છે. તેનાથી કંડકની નીચેના બીજા સ્થાનકમાં જઘન્ય રસ અનંતગુણ થાય છે. તેનાથી બે સમય ન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિમાં ઉત્કૃષ્ટ રસ અનંતગુણ થાય છે. આ પ્રમાણે ઉપરના એક એક સ્થાનકમાં ઉત્કૃષ્ટ અને કંડકની નીચેના એક એક સ્થાનકમાં જઘન્ય રસ અનંતગુણ ત્યાં સુધી કહેવો યાવત્ જઘન્યસ્થિતિમાં જઘન્ય રસ અનંતગુણ થાય.

છેલ્લી કંડકમાત્ર સ્થિતિઓમાં ઉત્કૃષ્ટ રસ કહ્યા વિના બાકી છે તે પણ અનંતગુણ ક્રમે કહેવો. તે આ પ્રમાણે—જઘન્ય સ્થિતિના જઘન્ય રસથી છેલ્લી કંડકમાત્ર સ્થિતિમાંની પહેલી સ્થિતિમાં ઉત્કૃષ્ટ રસ અનંતગુણ, તેનાથી તે પછીની સ્થિતિમાં ઉત્કૃષ્ટ રસ અનંતગુણ, એ પ્રમાણે અનંત-અનંતગુણ કરતા કંડકની છેલ્લી જઘન્ય સ્થિતિમાં ઉત્કૃષ્ટ રસ અનંતગુણ કહેવો. આ પ્રમાણે અપરાવર્ત્તમાન શુભાશુભ પ્રકૃતિઓમાં તીવ્ર મંદતા જણાવી.

હવે અસાતાની તીવ્ર મન્દતા જણાવે છે—

अस्सायजहन्नठिईठाणेहिं तुल्लयाइं सव्वाणं ।
आपडिवक्खक्कंतगठिईण ठाणाइं हीणाइं ॥९५॥

तत्तो अणंतगुणणाए जंति कंडस्स संखियाभागा ।
तत्तो अणंतगुणियं जहन्नठिई उक्कस्सं ठाणं ॥९६॥

एवं उक्कस्साणं अणंतगुणणाए कंडकं वयइ
एक्कं जहन्नठाणं जाइ परक्कंतठाणाणं ॥९७॥

उवरिं उवधायसमं

असातजघन्यस्थितिस्थानैस्तुल्यानि सर्वासाम् ।
आ-प्रतिपक्षाक्रान्तस्थितीनां स्थानानि हीनानि ॥९५॥

ततः अनन्तगुणनया यान्ति कण्डकस्य संख्येया भागाः ।
ततः अनन्तगुणं जघन्यस्थितावुत्कृष्टं स्थानम् ॥९६॥

एवमुत्कृष्टानां अनन्तगुणनया कण्डकं व्रजति ।
एकं जघन्यस्थानं याति पराक्रान्तस्थानानाम् ॥९७॥

उपर्युपघातसमम् ।

ગાથા-૯૪
અપરાવર્તમાન. શુભ. ૪૬ પ્રકૃતિની તીવ્ર મંદતા



अस्सायजहन्नठिईठाणेहिं तुल्लयाइं सव्वाणं ।
आपडिवक्खक्कंतगठिईण ठाणाइं हीणाइं ॥९५॥

અર્થ—પ્રતિપક્ષ વડે આક્રાંત જેટલાં સ્થિતિસ્થાનકો છે તે સઘળાનો જઘન્ય રસ અસાતાના જઘન્ય સ્થિતિસ્થાન તુલ્ય થાય છે. ૯૫

ત્યારપછી કંડકના[1] સંખ્યાતા ભાગપર્યંત અનંતગુણાકારે જઘન્ય રસ થાય છે. કંડકના સંખ્યાતા ભાગમાંના છેલ્લા સ્થિતિસ્થાનકથી જઘન્ય સ્થિતિમાં ઉત્કૃષ્ટ રસ અનંતગુણ થાય છે.

એ પ્રમાણે ઉત્કૃષ્ટ રસવાળાં સ્થાનોનું અનંતગુણાકારે એક કંડક જાય ત્યારે એક સ્થાનકમાં જઘન્ય અનન્તગુણ રસ થાય. પ્રતિપક્ષાક્રાન્ત સ્થિતિઓમાં આ પ્રમાણે થાય છે. ૯૭

ઉપર ઉપઘાત સમાન થાય છે.

ટીકાનુ૦—સાતવેદનીયરૂપ પ્રતિપક્ષ વડે જેટલાં સ્થિતિસ્થાનો આક્રાન્ત છે તે સઘળાંનાં જઘન્ય રસબંધસ્થાનો અસાતાની જઘન્યસ્થિતિ બાંધતા જે જઘન્ય રસબંધ થાય છે તેની તુલ્ય છે. તાત્પર્ય આ પ્રમાણે છે—અસાતાની જઘન્યસ્થિતિ બાંધતા જે જઘન્ય રસબંધ થાય છે તે અલ્પ છે, સમયાધિક જઘન્યસ્થિતિ બાંધતા જઘન્ય રસબંધ તેટલો જ થાય છે, બે સમયાધિક જઘન્યસ્થિતિ બાંધતા પણ જઘન્ય રસબંધ તેટલો જ થાય છે. આ પ્રમાણે જેટલી સ્થિતિઓ પ્રતિપક્ષ વડે આક્રાન્ત છે તેટલી સ્થિતિઓમાં પૂર્વ પૂર્વ સ્થિતિસ્થાનકમાં જેટલો જેટલો જઘન્ય રસબંધ થાય છે તેટલો તેટલો ઉત્તરોત્તર સ્થિતિસ્થાનકમાં જઘન્યરસબંધ થાય છે. છઠ્ઠે ગુણસ્થાને અસાતાનો જે જઘન્યસ્થિતિબંધ થાય છે ત્યાંથી આરંભી પંદર કોડાકોડી સાગરોપમ સુધીનાં સ્થાનકો પરસ્પર આક્રાંત હોવાથી ત્યાં સુધીનાં સ્થાનકોમાં જઘન્ય રસબંધ સરખો જ થાય છે.

ત્યારપછી તદેકદેશ અને અન્ય એ ક્રમથી જે સ્થિતિસ્થાનથી અનુકૃષ્ટિ શરૂ થાય છે તે સ્થાનકમાં પૂર્વ સ્થિતિસ્થાનકથી જઘન્ય રસબંધ અનંતગુણ થાય છે. તે આ પ્રમાણે—પૂર્ણ પંદર કોડાકોડી સ્થિતિબંધ બાંધતા જે જઘન્ય રસબંધ થાય છે તેનાથી સમયાધિક પંદર કોડાકોડી બાંધતા અનંતગુણ જઘન્યરસબંધ થાય છે, તેનાથી બે સમયાધિક પંદર કોડાકોડી બાંધતા અનંતગુણ જઘન્ય રસબંધ થાય છે. આ પ્રમાણે ત્યાં સુધી કહેવું યાવત્ કંડકના સંખ્યાતા ભાગપ્રમાણ સ્થિતિસ્થાનો જાય, એક ભાગ બાકી રહે. અહીં સુધી તો કેવલ જઘન્ય અનુભાગ કહેવાયો છે.

હવે ઉત્કૃષ્ટ અનુભાગ પણ કહે છે—કંડકના સંખ્યાતા ભાગપ્રમાણ સ્થિતિસ્થાનોમાંના છેલ્લા સ્થિતિસ્થાનમાં જે જઘન્ય રસબંધ થાય છે તેનાથી જઘન્યસ્થિતિસ્થાનકથી આરંભી કંડક જેટલા સ્થાનકમાં ઉત્કૃષ્ટ રસબંધ અનંતતગુણ કહેવો. તે આ પ્રમાણે—જઘન્યસ્થિતિસ્થાનકમાં ઉત્કૃષ્ટરસ અનંતગુણ થાય છે, તેનાથી સમયાધિક જઘન્યસ્થિતિ બાંધતા ઉત્કૃષ્ટરસ અનંતગુણ થાય છે, તેનાથી બે સમયાધિક જઘન્યસ્થિતિ બાંધતા ઉત્કૃષ્ટ રસ અનંતગુણ થાય છે. આ પ્રમાણે પૂર્વ-પૂર્વ સ્થાનકથી ઉત્તર-ઉત્તર સ્થાનકમાં અનંતગુણ રસ ત્યાં સુધી કહેવો કે એક કંડક જેટલાં સ્થાનકો થાય. તેનાથી જે સ્થિતિસ્થાનકની અપેક્ષાએ કંડક પ્રમાણ સ્થાનકોમાં ઉત્કૃષ્ટ રસ કહ્યો તેની ઉપરના એટલે કે કંડકના શેષ સંખ્યાતમા ભાગના પહેલા સ્થિતિસ્થાનકમાં જઘન્ય રસ

૧. અહીં મૂળ ગ્રંથમાં અને પૂ૦ મલયગિરિ મ૦ની ટીકામાં નિવર્તન કંડકના સંખ્યાતા ભાગો લખ્યા છે. પરંતુ આ જ ગ્રંથની સ્વોપજ્ઞ ટીકામાં તેમજ કર્મપ્રકૃતિ મૂળ ગ્રંથમાં, ચૂર્ણિમાં અને તેની બન્ને ટીકાઓમાં કંડકના અસંખ્યાતા ભાગો લખ્યા છે. તત્ત્વ અતિશય જ્ઞાની જાણે.

અનંતગુણ થાય છે. તેનાથી શરૂઆતના જે કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોનો ઉત્કૃષ્ટરસ કહ્યો, તેની પછીના સ્થિતિસ્થાનકમાં ઉત્કૃષ્ટરસ અનંતગુણ, તેનાથી તે પછીના સ્થિતિસ્થાનકમાં ઉત્કૃષ્ટ રસ અનંતગુણ, એમ પૂર્વ-પૂર્વ સ્થિતિસ્થાનકથી ઉત્તરોત્તર સ્થિતિસ્થાનકમાં ઉત્કૃષ્ટરસ અનંતગુણ ત્યાં સુધી કહેવો યાવત્ કંડક પ્રમાણ સ્થિતિસ્થાનો જાય. તેનાથી કંડકના શેષ સંખ્યાતમા ભાગના બીજા સ્થિતિસ્થાનમાં જઘન્ય રસ અનંતગુણ થાય છે. તેનાથી પૂર્વ જે બે કંડક પ્રમાણ સ્થાનકોમાં ઉત્કૃષ્ટ રસ કહ્યો તેની પછીના કંડક પ્રમાણ સ્થાનકોમાં પૂર્વ-પૂર્વથી ઉત્તરોત્તર અનંતગુણ ઉત્કૃષ્ટ રસ કહેવો. આ પ્રમાણે કંડકના શેષ સંખ્યાતમા ભાગના એક એક સ્થિતિસ્થાનકે જઘન્યરસ અને નીચે એક એક કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોમાં ઉત્કૃષ્ટ રસ અનંતગુણ ત્યાં સુધી કહેવો યાવત્ તે અને અન્ય એ અનુકૃષ્ટિ પૂરી થયા બાદ જ્યાંથી તદેકદેશ અને અન્ય એ અનુકૃષ્ટિ શરૂ થાય છે તે જઘન્ય રસબંધના વિષયભૂત સ્થિતિસ્થાનનું કંડક પૂર્ણ થાય અને જેટલી સ્થિતિઓ પ્રતિપક્ષથી આક્રાંત ઉત્કૃષ્ટ રસના વિષયભૂત છે તેટલી સ્થિતિઓ પણ પૂર્ણ થાય. એટલે કે જેટલાં સ્થિતિસ્થાનકો પ્રતિપક્ષથી આક્રાંત છે તેટલાં સ્થિતિસ્થાનોમાં ઉત્કૃષ્ટ રસ અને જે પ્રતિપક્ષથી આક્રાંત નથી તેમાંના શરૂઆતના એક કંડક પ્રમાણ સ્થાનકોમાં જઘન્યરસ કહેવાઈ જાય=પરિપૂર્ણ થાય.

પ્રતિપક્ષ પ્રકૃતિઓથી અનાક્રાંત સ્થિતિઓમાં ઉપઘાતની જેમ કહેવાનું છે. તે આ પ્રમાણે—શતપૃથક્ત્વ સાગરોપમના છેલ્લા કંડકના ઉત્કૃષ્ટ અનુભાગથી પ્રતિપક્ષથી અનાક્રાંત પૂર્વોક્ત જઘન્યરસના વિષયભૂત પહેલા કંડકની ઉપરની પહેલી સ્થિતિમાં જઘન્યરસ અનંતગુણ, તેનાથી શતપૃથક્ત્વ સાગરોપમની ઉપરના પહેલા કંડકની પહેલી સ્થિતિમાં ઉત્કૃષ્ટરસ અનંતગુણ, તેનાથી કંડક ઉપરની બીજી સ્થિતિમાં જઘન્યરસ અનંતગુણ, તેનાથી કંડકની બીજી સ્થિતિમાં ઉત્કૃષ્ટરસ અનંતગુણ, એ પ્રમાણે કંડકને આંતરે એક-એક સ્થાનકમાં ઉત્કૃષ્ટ અને એક-એક સ્થિતિસ્થાનકમાં જઘન્યરસ અનંતગુણ ક્રમે કહેતા ત્યાં સુધી જવું યાવત્ અસાતા વેદનીયની ઉત્કૃષ્ટસ્થિતિમાં જઘન્યરસ અનંતગુણ થાય. કંડક પ્રમાણ છેલ્લી સ્થિતિઓમાં ઉત્કૃષ્ટરસ કહ્યા વિનાનો બાકી રહે છે તે પણ પૂર્વ-પૂર્વ કરતાં ઉત્તરોત્તર ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાન પર્યંત અનંતગુણ ક્રમે કહેવો. સ્થાવરદશક અને નરકદ્વિકાદિ સત્તાવીસ પ્રકૃતિઓની તીવ્રમંદતા આ પ્રમાણે સમજવી.

હવે સાતાની તીવ્ર-મંદતા કહે છે—

सायस्सवि नवरी उक्कसठिइओ ।

सातस्यापि नवरमुत्कृष्टस्थितिः ।

અર્થ—સાતાની પણ એ પ્રમાણે તીવ્રમંદતા કહેવી. પરંતુ ઉત્કૃષ્ટસ્થિતિથી આરંભી કહેવી.



ટિપ્પણી :-અશાતાની જેમજ પરાવર્ત્તમાન શુભ પ્રકૃતિઓની તીવ્ર-મંદતા જાણવી પરંતુ યથાસંભવ ઉત્કૃષ્ટસ્થિતિથી આરંભી સ્વ-જઘન્ય સુધી તે સમજવી.

ટીકાનુ૰—સાતાની તીવ્ર-મંદતા અસાતાની જેમ જ કહેવાની છે માત્ર ઉત્કૃષ્ટ સ્થિતિથી શરૂઆત કરવાની છે. તે આ પ્રમાણે—સાતાની ઉત્કૃષ્ટસ્થિતિ બાંધતા જઘન્ય અનુભાગ અલ્પ, સમયોન ઉત્કૃષ્ટસ્થિતિ બાંધતા જઘન્ય અનુભાગ તેટલો જ બંધાય, બે સમયન્યૂન ઉત્કૃષ્ટસ્થિતિ બાંધતા પણ જઘન્ય અનુભાગ તેટલો જ બંધાય છે. એ પ્રમાણે પૂર્વ-પૂર્વથી ઉત્તરોત્તર સ્થિતિસ્થાન બાંધતાં તેટલો જ જઘન્યરસનો બંધ ત્યાં સુધી કહેવો યાવત્ અભવ્ય પ્રાયોગ્ય જઘન્ય સ્થિતિસ્થાનક આવે. જેટલાં સ્થિતિસ્થાનકો અસાતાની સાથે પરાવર્ત્તમાન ભાવે બંધાય છે તેટલાં સ્થિતિસ્થાનકોમાં પૂર્વના સ્થાનકમાં જેટલો જઘન્યરસ બંધાય છે તેટલો જ ઉત્તર ઉત્તર સ્થાનકમાં બંધાય છે. કારણ કે રસબંધના હેતુભૂત જે અધ્યવસાયો પૂર્વ સ્થાનકમાં છે તે જ ઉત્તર સ્થાનકમાં પણ છે.

તેનાથી નીચલા સ્થિતિસ્થાનકમાં જઘન્યરસ અનંતગુણ, તેનાથી તેની નીચેના સ્થિતિસ્થાનકમાં જઘન્યરસ અનંતગુણ, એ પ્રમાણે અનંતગુણ રસ ત્યાં સુધી કહેવો યાવત્ કંડકના સંખ્યાતાભાગ જાય, એક ભાગ શેષ રહે. સંખ્યાત ભાગહીન કંડક પ્રમાણ આ સ્થિતિઓનો તે સ્થિતિઓ સાકાર ઉપયોગથી જ બંધાતી હોવાથી 'સાકારોપયોગ' એ નામે પૂર્વ ગ્રંથોમાં વ્યવહાર છે.

તેનાથી ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાનક બાંધતા ઉત્કૃષ્ટ રસ અનંતગુણ બંધાય, તેનાથી સમયોન ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધતા ઉત્કૃષ્ટરસ અનંતગુણ બંધાય, તેનાથી બે સમયન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધતાં ઉત્કૃષ્ટરસ અનંતગુણ બંધાય, એ પ્રમાણે નીચે નીચેના સ્થિતિસ્થાનકમાં ઉત્કૃષ્ટ રસ અનંતગુણ ત્યાં સુધી કહેવો યાવત્ કંડક પ્રમાણ સ્થિતિસ્થાનકો જાય. આ કંડકના છેલ્લા સ્થિતિસ્થાનના ઉત્કૃષ્ટરસથી નીચે જે સ્થિતિસ્થાનનો જઘન્યરસ કહીને પાછા ફર્યા હતા, તેની નીચેના એટલે કે કંડકના શેષ સંખ્યાતમા ભાગના પહેલા સ્થિતિસ્થાનકમાં જઘન્ય રસ અનંતગુણ કહેવો. તે કરતાં ઉપર કંડકપ્રમાણ સ્થાનકોથી નીચેના કંડકપ્રમાણ સ્થાનકોમાં ઉત્તરોત્તર અનંતગુણ રસ કહેવો. તે કંડકપ્રમાણ સ્થાનકોમાંના છેલ્લા સ્થાનકથી જે સ્થિતિસ્થાનકથી ઉપરના બીજા કંડકપ્રમાણ સ્થાનકોમાં ઉત્તરોત્તર અનંતગુણ રસ કહ્યો તેની નીચેના સ્થિતિસ્થાનકમાં જઘન્ય રસ અનંતગુણ કહેવો. તેનાથી ઉપરના ત્રીજા કંડકપ્રમાણ સ્થાનકોમાં ઉત્તરોત્તર અનંતગુણ રસ કહેવો. આ પ્રમાણે નીચે નીચેના એક એક સ્થિતિસ્થાનકમાં જઘન્ય રસ અને ઉપરના એક એક કંડકપ્રમાણ સ્થાનકોમાં ઉત્કૃષ્ટ રસ અનંતગુણ ક્રમે ત્યાં સુધી કહેવો યાવત્ સાકારોપયોગ સંજ્ઞાવાળા જઘન્ય રસના વિષયભૂત સ્થાનકોનું કંડક પરિપૂર્ણ થાય અને ઉત્કૃષ્ટ રસના વિષયભૂત અભવ્ય પ્રાયોગ્ય જઘન્ય સ્થિતિબંધ સુધીનાં સઘળાં સ્થિતિસ્થાનકો સમાપ્ત થાય. એટલે કે ત્યાં સુધીનાં સઘળાં સ્થાનકોમાં ઉત્કૃષ્ટ રસ કહેવાઈ જાય.

અભવ્યપ્રાયોગ્ય જઘન્ય સ્થિતિસ્થાનક બાંધતાં જે ઉત્કૃષ્ટરસ બંધાય છે તેનાથી સાકારોપયોગ સંજ્ઞાવાળા કંડકની નીચલા સ્થિતિસ્થાનકમાં જઘન્ય રસ અનંતગુણ કહેવો, તેનાથી અભવ્યપ્રાયોગ્ય જઘન્ય સ્થિતિની નીચેના પહેલા સ્થિતિસ્થાનકમાં ઉત્કૃષ્ટ રસ અનંતગુણ કહેવો, તેનાથી સાકારોપયોગ સંજ્ઞાવાળા કંડકની નીચેના બીજા સ્થિતિસ્થાનકમાં જઘન્યરસ અનંતગુણ કહેવો, તેનાથી અભવ્ય યોગ્ય જઘન્ય સ્થિતિની નીચેના બીજા સ્થિતિસ્થાનકમાં ઉત્કૃષ્ટ રસ

અનંતગુણ કહેવો, એ પ્રમાણે ઉપર એક સ્થાનમાં ઉત્કૃષ્ટ અને નીચે એક સ્થાનકમાં જઘન્ય રસ અનંતગુણક્રમે ત્યાં સુધી કહેવો. યાવત્ જઘન્ય સ્થિતિ આવે—સાતાની જે ઓછામાં ઓછી સ્થિતિ પર્યંત અનુકૃષ્ટિ થતી હોય તે છેલ્લી સ્થિતિ આવે. કંડક પ્રમાણ છેલ્લાં સ્થિતિસ્થાનોમાં ઉત્કૃષ્ટરસ કહ્યા વિના બાકી રહે છે તે પણ ઉત્તરોત્તર છેલ્લા જઘન્ય સ્થિતિસ્થાન પર્યંત અનુક્રમે અનંતગુણ કહેવો. સ્થિરાદિષટ્ક અને ઉચ્ચગોત્રાદિ પંદર પ્રકૃતિઓની તીવ્રમંદતા આ પ્રમાણે કહેવી.

હવે નીચગોત્રની અને ઉપલક્ષણ દ્વારા તિર્યગ્દ્વિક તથા ત્રસાદિચતુષ્કની પણ તીવ્રમંદતા કહે છે—

अंतेसुवघायसमं मज्झे नीयस्ससायसमं ॥९८॥

अन्तयोरूपघातसमं मध्ये नीचस्यासातसमम् ॥९८॥

અર્થ—શરૂઆતનાં અને છેવટનાં સ્થિતિસ્થાનકોમાં ઉપઘાતની જેમ અને વચલાં સ્થાનકોમાં અસાતાની જેમ નીચગોત્રની તીવ્રમંદતા જાણવી.

ટીકાનુ૦—શરૂઆતમાં અને છેવટે નીચગોત્રની તીવ્રમંદતા ઉપઘાતની જેમ સમજવી. ગાથામાં માત્ર 'નીચ' પદ મૂકેલું હોવાથી ઉપલક્ષણથી તિર્યગ્દ્વિક અને ત્રસાદિ ચતુષ્કની પણ એ જ પ્રમાણે જાણવી. અને વચમાં અસાતાની જેમ સમજવી. આ તો અતિ સંક્ષેપમાં કહ્યું. તેનો જ હવે વિસ્તારથી વિચાર કરે છે.

સમ્યક્ત્વ ઉત્પન્ન કરતા અનિવૃત્તિકરણના ચરમસમયે વર્તમાન સાતમી નરકપૃથ્વીના નારકીને સર્વજઘન્ય સ્થિતિબંધ થાય છે. તે સમયે જે સર્વજઘન્ય રસબંધ થાય છે તે અલ્પ, તેનાથી સમયાધિક-બીજી સ્થિતિમાં અનંતગુણ, તેનાથી સમયાધિક-ત્રીજી સ્થિતિમાં અનંતગુણ એ પ્રમાણે ત્યાં સુધી કહેવું. યાવત્ નિવર્ત્તન કંડક પૂર્ણ થાય તેનાથી-કંડકના છેલ્લા સ્થિતિસ્થાનકથી જઘન્યસ્થિતિમાં ઉત્કૃષ્ટ રસ અનંતગુણ, તેનાથી નિવર્ત્તન કંડકની ઉપરની પહેલી સ્થિતિમાં જઘન્યરસ અનંતગુણ, તેનાથી સમયાધિક જઘન્યસ્થિતિમાં ઉત્કૃષ્ટરસ અનંતગુણ, તેનાથી નિવર્ત્તન કંડકની ઉપરની બીજી સ્થિતિમાં જઘન્યરસ અનંતગુણ, એ પ્રમાણે કંડક ઉપરની સ્થિતિઓમાં જઘન્યરસ અને જઘન્યસ્થિતિ ઉપરની સ્થિતિઓમાં ઉત્કૃષ્ટરસ અનુક્રમે અનંતગુણ ત્યાં સુધી કહેવો યાવત્ અભવ્યપ્રાયોગ્ય જઘન્યસ્થિતિબંધની નીચેનું સ્થિતિસ્થાનક આવે. અભવ્યપ્રાયોગ્ય જઘન્યસ્થિતિબંધની નીચેની કંડકપ્રમાણ સ્થિતિઓમાં ઉત્કૃષ્ટ અનુભાગ કહેવો, બાકી રહેલ છે જે આગળ ઉપર કહેશે.

અભવ્યપ્રાયોગ્ય જઘન્યરસના વિષયભૂત જઘન્યસ્થિતિની નીચેના સ્થિતિસ્થાનકથી અભવ્ય યોગ્ય જઘન્યરસના વિષયભૂત પહેલી સ્થિતિમાં-જઘન્યસ્થિતિમાં જઘન્ય અનુભાગ અનંતગુણ થાય છે. તેની પછીની બીજી સ્થિતિમાં જઘન્ય અનુભાગ તેટલો જ થાય છે. ત્રીજી સ્થિતિમાં જઘન્ય અનુભાગ તેટલો જ થાય છે. એ પ્રમાણે ત્યાં સુધી કહેવું યાવત્ શતપૃથક્ત્વ સાગરોપમપ્રમાણ સ્થિતિઓ જાય. જ્યાં સુધી ઉચ્ચગોત્ર સાથે પરાવર્તન ભાવે બંધાય છે અને તે અને અન્ય એ અનુક્રમે અનુકૃષ્ટિ જાય છે ત્યાં સુધી પૂર્વ પૂર્વ સ્થાનકમાં જઘન્યરસ જેટલો બંધાય તેટલો જ ઉત્તર ઉત્તરસ્થાનકમાં બંધાય એમ કહેવું.

અભવ્યયોગ્ય જઘન્યસ્થિતિબંધથી આરંભી દશ કોડાકોડી સાગરોપમ પર્યંત ઉચ્ચ-નીચગોત્ર પરાવર્તન ભાવે બંધાય છે માટે દશ કોડાકોડી સાગરોપમરૂપ છેલ્લા સ્થિતિસ્થાનકપર્યંત તેની પૂર્વ પૂર્વના સ્થાનકમાં જે જઘન્ય રસબંધ થાય છે તે જ ઉત્તર ઉત્તર સ્થાનકમાં થાય એમ કહેવું. આ સઘળાં સ્થિતિસ્થાનકો પરાવર્તન પરિણામે બંધાતાં હોવાથી તેઓનું પૂર્વ પુરુષોએ 'પરાવર્ત્તમાન જઘન્યાનુભાગ બંધપ્રાયોગ્ય' એ નામ કરેલું—પાડેલું છે.

એની ઉપરની પહેલી સ્થિતિમાં જઘન્ય અનુભાગ અનંતગુણ, તેનાથી બીજી સ્થિતિમાં જઘન્ય અનુભાગ અનંતગુણ, ત્રીજી સ્થિતિમાં જઘન્ય અનુભાગ અનંતગુણ, એ પ્રમાણે ત્યાં સુધી કહેવું યાવત્ કંડકના સંખ્યાતા ભાગ જાય એક ભાગ રહે. તેનાથી અભવ્યપ્રાયોગ્ય જઘન્યસ્થિતિબંધની નીચેના એક કંડકપ્રમાણ જે સ્થાનોમાં ઉત્કૃષ્ટરસ કહ્યા વિના બાકી રહેલ છે તે સ્થાનોમાં અનુક્રમે ઉત્કૃષ્ટરસ અનંતગુણ કહેવો. તેનાથી ઉપરોક્ત અભવ્યપ્રાયોગ્ય જઘન્યસ્થિતિબંધની નીચેના કંડકમાં જે સ્થિતિસ્થાનકથી અનુક્રમે અનંતગુણ ઉત્કૃષ્ટરસ કહ્યો. તેની પછીના અર્થાત્ જે સ્થિતિસ્થાનનો જઘન્યરસ કહી અટક્યા હતા, તેની પછીના એટલે કંડકના શેષ સંખ્યાતમા ભાગના પહેલા સ્થિતિસ્થાનકમાં જઘન્યરસ અનંતગુણ, તેનાથી અભવ્યપ્રાયોગ્ય જઘન્યસ્થિતિબંધથી આરંભી એક કંડકપ્રમાણ સ્થાનકોમાં ઉત્કૃષ્ટ અનુભાગ અનુક્રમે અનંતગુણ કહેવો. તેનાથી અભવ્યપ્રાયોગ્ય જઘન્યસ્થિતિબંધથી આરંભી કંડકપ્રમાણ સ્થાનકોમાં જે સ્થિતિસ્થાનકથી ઉત્કૃષ્ટરસ અનુક્રમે અનંતગુણ કહ્યો તેની ઉપરના એકસ્થિતિસ્થાનકમાં જઘન્ય અનંતગુણ રસ કહેવો, તેનાથી અભવ્યપ્રાયોગ્ય જઘન્યસ્થિતિબંધથી આરંભી કંડકની ઉપરના કંડકપ્રમાણ સ્થાનકોમાં અનુક્રમે ઉત્કૃષ્ટ રસ અનંતગુણ કહેવો. એ પ્રમાણે એક સ્થિતિસ્થાનકમાં જઘન્ય અનુભાગ અને કંડકપ્રમાણ સ્થિતિસ્થાનકમાં ઉત્કૃષ્ટ અનુભાગ કહેતા ત્યાં સુધી જવું યાવત્ અભવ્યપ્રાયોગ્ય જઘન્ય અનુભાગ બંધના વિષયભૂત છેલ્લી સ્થિતિ આવે. એટલે કે જે સ્થિતિસ્થાનક સુધી ઉચ્ચગોત્ર સાથે પરાવર્ત્તન ભાવે બંધાય છે તે છેલ્લું સ્થિતિસ્થાનક આવે. તેનાથી જે સ્થિતિસ્થાનકમાં છેવટે જઘન્ય અનુભાગ કહ્યો હતો તેની ઉપરના એટલે કે ઉચ્ચગોત્ર સાથે અનાક્રાંત સ્થાનકોમાંના શરૂઆતથી કંડકપ્રમાણ સ્થાનકોની ઉપરના પહેલા સ્થિતિસ્થાનકમાં જઘન્ય અનુભાગ અનંતગુણ, તેનાથી અનાક્રાંત સ્થાનકોમાંના પહેલા સ્થાનકમાં ઉત્કૃષ્ટરસ અનંતગુણ, તેનાથી અનાક્રાંત સ્થાનકોમાંના બીજા કંડકના બીજા સ્થિતિસ્થાનકમાં જઘન્યરસ અનંતગુણ, તેનાથી અનાક્રાંત સ્થાનકોમાંના પહેલા કંડકના બીજા સ્થાનકમાં ઉત્કૃષ્ટ રસ અનંતગુણ, એ પ્રમાણે એક સ્થિતિસ્થાનકમાં જઘન્ય અનુભાગ અને એક સ્થિતિસ્થાનકમાં ઉત્કૃષ્ટ અનુભાગ કહેતા ત્યાં સુધી જવું યાવત્ ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાનકમાં જઘન્ય અનુભાગ અનંતગુણ આવે—થાય. કંડકપ્રમાણ છેલ્લાં સ્થિતિસ્થાનકોમાં ઉત્કૃષ્ટ અનુભાગ કહ્યા વિનાનો રહે છે તે પણ અનુક્રમે ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાનક પર્યંત અનંતગુણ કહેવો. આ પ્રમાણે તિર્યગ્દ્વિકની તીવ્ર-મંદતા જાણવી.

હવે ત્રસનામકર્મની કહે છે—તેની ઉત્કૃષ્ટ સ્થિતિથી આરંભી નીચગોત્ર પ્રમાણે કહેવાની છે, તે આ પ્રમાણે—ત્રસનામકર્મની ઉત્કૃષ્ટસ્થિતિ બાંધતા જઘન્ય અનુભાગબંધ અલ્પ, તેનાથી સમયોન ઉત્કૃષ્ટસ્થિતિ બાંધતા જઘન્ય અનુભાગ અનંતગુણ, તેનાથી બે સમયન્યૂન ઉત્કૃષ્ટસ્થિતિ બાંધતા જઘન્ય અનુભાગ અનંતગુણ, આ પ્રમાણે નીચે નીચેના સ્થાનમાં જઘન્ય અનુભાગ

અનંતગુણ કહેતા ત્યાં સુધી જવું યાવત્ કંડકપ્રમાણ સ્થિતિસ્થાનકો જાય. તેનાથી ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાન બાંધતા ઉત્કૃષ્ટ અનુભાગ અનંતગુણ, તેનાથી કંડકની નીચેની પહેલી સ્થિતિમાં જઘન્ય અનુભાગ અનંતગુણ, તેનાથી સમયોન ઉત્કૃષ્ટ સ્થિતિમાં ઉત્કૃષ્ટ અનુભાગ અનંતગુણ, તેનાથી કંડકની નીચેની બીજી સ્થિતિમાં જઘન્ય અનુભાગ અનંતગુણ, તેનાથી બે સમયન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાનકમાં ઉત્કૃષ્ટ અનુભાગ અનંતગુણ, એ પ્રમાણે એક સ્થિતિમાં જઘન્ય અને એક સ્થિતિમાં ઉત્કૃષ્ટ અનુભાગ અનંતગુણ કહેતા ત્યાં સુધી જવું યાવત્ અઢારમી કોડાકોડી સાગરોપમની ઉપરની સ્થિતિ-ઉત્કૃષ્ટસ્થિતિથી નીચે ઊતરતા અને તે ઉત્કૃષ્ટ સ્થિતિને છેલ્લી ગણતા ઓગણીસમી કોડાકોડી સાગરોપમની પહેલી સ્થિતિ આવે. અઢારમી કોડાકોડી સાગરોપમની ઉપરની એક કંડકપ્રમાણ સ્થિતિઓમાં ઉત્કૃષ્ટ અનુભાગ કહ્યા વિના બાકી રહે છે. શેષ સઘળાં સ્થાનોમાં તો જઘન્ય-ઉત્કૃષ્ટ બંને રસ કહેવાઈ ગયા છે. શેષ રહેલ એક કંડકપ્રમાણ સ્થિતિઓમાં ઉત્કૃષ્ટરસ હવે પછી કહેશે.

ઓગણીસમી કોડાકોડી સાગરોપમની પહેલી સ્થિતિથી અઢારમી કોડાકોડીની છેલ્લી ઉત્કૃષ્ટસ્થિતિમાં જઘન્ય અનુભાગ અનંતગુણ તેનાથી સમયન્યૂન સ્થિતિમાં જઘન્ય અનુભાગ તેટલો જ, તેનાથી બે સમયન્યૂન સ્થિતિમાં જઘન્ય અનુભાગ તેટલો જ, એ પ્રમાણે નીચે નીચેના સ્થિતિસ્થાનકમાં જઘન્ય અનુભાગ તેટલો જ ત્યાં સુધી કહેવો યાવત્ અભવ્યપ્રાયોગ્ય જઘન્યસ્થિતિબંધ આવે. જેટલાં સ્થિતિસ્થાનકો સ્થાવર નામકર્મ સાથે પરાવર્ત્તન ભાવે બંધાય છે તેમાંનું ઉત્કૃષ્ટ સ્થિતિથી નીચે ઊતરતાં છેલ્લું સ્થાન આવે.

તેનાથી નીચેની પહેલી સ્થિતિમાં જઘન્ય અનુભાગ અનંતગુણ, તેનાથી તેની નીચેની સ્થિતિમાં જઘન્ય અનુભાગ અનંતગુણ, એ પ્રમાણે જઘન્ય અનંતગુણ ત્યાં સુધી કહેવો યાવત્ કંડકના સંખ્યાતા ભાગપ્રમાણ સ્થિતિસ્થાનો જાય, એક ભાગ બાકી રહે.

તેનાથી અઢાર કોડાકોડી ઉપરના ઓગણીસમી કોડાકોડીના છેલ્લા કંડકપ્રમાણ જે સ્થાનોમાં ઉત્કૃષ્ટરસ કહ્યા વિના બાકી રહ્યો છે તેમાં અનુક્રમે અનંતગુણ રસ કહેવો એટલે કે અઢારમી કોડાકોડી ઉપરના કંડકપ્રમાણ સ્થિતિસ્થાનકોમાંના છેલ્લા સ્થિતિસ્થાનમાં ઉત્કૃષ્ટરસ અનંતગુણ, તેનાથી દ્વિચરમસ્થિતિમાં ઉત્કૃષ્ટરસ અનંતગુણ એમ પછી પછીના સ્થિતિસ્થાનકમાં ઉત્કૃષ્ટ અનંતગુણ રસ ત્યાં સુધી કહેવો યાવત્ કંડકપ્રમાણ સ્થાનકો પૂર્ણ થાય. અનાક્રાંત એક કંડકપ્રમાણ સ્થાનોમાં ઉત્કૃષ્ટરસ કહ્યા વિના જે બાકી હતો તે કહેવાઈ જાય.

તેનાથી અભવ્યપ્રાયોગ્ય જઘન્ય સ્થિતિબંધની નીચેના કંડકના સંખ્યાતા ભાગપ્રમાણ જે સ્થાનોમાં જઘન્યરસ કહ્યો હતો તેની નીચેના સ્થાનકમાં જઘન્યરસ અનંતગુણ, તેનાથી અઢારમી કોડાકોડી સાગરોપમના છેલ્લા સ્થિતિસ્થાનકથી આરંભી એક કંડકપ્રમાણ સ્થાનોમાં ઉત્કૃષ્ટ રસ અનુક્રમે અનંતગુણ કહેવો. તેનાથી નીચે જે સ્થિતિસ્થાનકમાં જઘન્ય રસ કહ્યો તેની નીચેના સ્થિતિસ્થાનકમાં જઘન્યરસ અનંતગુણ, આ પ્રમાણે અનુક્રમે એક કંડકપ્રમાણ સ્થિતિસ્થાનકોમાં ઉત્કૃષ્ટરસ અનંતગુણ અને એક સ્થિતિસ્થાનકમાં જઘન્યરસ અનંતગુણ કહેતા ત્યાં સુધી જવું યાવત્ ઉપરના સ્થાવરનામકર્મ સાથે પરાવર્ત્તન ભાવે બંધાતા અભવ્ય પ્રાયોગ્ય જઘન્ય સ્થિતિબંધ


ગાથા-૯૮
નીચ ગોત્રની તીવ્ર મંદતા
∴ આ પ્રમાણેજ તિર્યંચદ્વિકની પણ કહેવી.
પરંતુ મનુષ્યદ્વિકના ૧૫ કો.કો. સુધી આક્રાન્ત સ્થાનો લેવાં.
૨૦ કો.કો.
યાવત ૨૦ કો.કો. સુધી ઉપઘાત પ્રમાણે
નિવ.કંડકનો છેલ્લો સંખ્યાતમો ભાગ
નિવ.કંડકના સંખ્યા.ભાગો
નિવ.કંડક
૧૦ કો.કો.
આક્રાન્ત સ્થાનો.તાનિ-અન્યાનિ ચ
જઘ. અનુભાગ તુલ્ય
આ પ્રમાણે યાવત નિવ.કંડકના છેલ્લા સંખ્યાતમા ભાગમાં જઘ. ત્રસ ચતુ. આક્રાન્ત સ્થાનોમાં ઉત્કૃષ્ટ રસના કંડકો પૂર્ણ થયા ત્યાં સુધી કહેવું.
અભવ્ય પ્રાયો. જઘ. સ્થિતિ
કંડક
ઉપઘાત પ્રમાણે
નિવ.કંડક
૭મી.નારક સમ્ય.ઉપાન્ત્ય સમયે જઘ.સ્થિતિ
ત્રસ ચતુષ્કની તીવ્ર મંદતા પણ આજ પ્રમાણે છે. પરંતુ ઉત્કૃષ્ટ સ્થિતિથી અધોમુખે કહેવું.

સુધીના ઉત્કૃષ્ટરસના વિષયભૂત સઘળાં સ્થિતિસ્થાનકો પૂર્ણ થાય અને નીચે જઘન્યરસના વિષયભૂત એક કંડકપ્રમાણ સ્થિતિસ્થાનકો પૂર્ણ થાય.

ત્યારપછી અભવ્યપ્રાયોગ્ય જઘન્ય સ્થિતિસ્થાનકથી કંડકપ્રમાણ સ્થાનકની નીચેના બીજા કંડકના પહેલા સ્થિતિસ્થાનમાં જઘન્ય અનંતગુણરસ, તેનાથી અભવ્યપ્રાયોગ્ય જઘન્યસ્થિતિબંધની નીચેના પહેલા સ્થિતિસ્થાનકમાં ઉત્કૃષ્ટ અનંતગુણ રસ, તેનાથી બીજા કંડકના બીજા સ્થિતસ્થાનકમાં જઘન્ય અનંતગુણ રસ, તેનાથી અભવ્યપ્રાયોગ્ય જઘન્યસ્થિતિબંધની નીચેના બીજા સ્થિતિસ્થાનકમાં ઉત્કૃષ્ટ અનંતગુણ રસબંધ કહેવો. એ પ્રમાણે અભવ્યપ્રાયોગ્ય જઘન્ય સ્થિતિબંધની નીચે નીચેના એક એક સ્થાનકમાં ઉત્કૃષ્ટરસ અને અભવ્યપ્રાયોગ્ય જઘન્યસ્થિતિની નીચેના કંડકપ્રમાણ સ્થાનોની નીચે નીચેના એક એક સ્થિતિસ્થાનકમાં અનુક્રમે જઘન્ય રસબંધ અનંતગુણ ત્યાં સુધી કહેવો યાવત્ ત્રસ નામકર્મનો જઘન્યસ્થિતિબંધ થાય. છેલ્લા કંડકપ્રમાણ સ્થિતિસ્થાનોમાં ઉત્કૃષ્ટ રસ કહ્યા વિના બાકી રહે છે તે પણ અનુક્રમે અનંતગુણ કહેવો. આ પ્રમાણે બાદર, પર્યાપ્ત અને પ્રત્યેક નામકર્મની તીવ્ર-મંદતા સમજવી. આ પ્રમાણે અનુભાગબંધનું સવિસ્તર સ્વરૂપ કહ્યું.

હવે પ્રસંગપ્રાપ્ત સ્થિતિબંધનું સ્વરૂપ કહે છે. તેની અંદર ચાર અનુયોગદ્વાર છે. તે આ પ્રમાણે—૧. સ્થિતિસ્થાન પ્રરૂપણા, ૨. નિષેકપ્રરૂપણા, ૩. અબાધા કંડકપ્રરૂપણા અને, ૪. અલ્પબહુત્વપ્રરૂપણા. એક સમયે એક સાથે જેટલી સ્થિતિ બંધાય તે સ્થિતિસ્થાન કહેવાય છે. કુલ કેટલાં સ્થિતિસ્થાનકો હોય છે, તથા એકેન્દ્રિયાદિને કેટલાં કેટલાં સ્થિતિસ્થાનો હોય છે તે 'ठिइठाणाइं एगेंदियाण थोवाइं होंति सव्वेण' પાંચમું દ્વાર ગાથા ૫૬માં કહ્યું છે. અહીં આ દ્વારમાં કયા કયા જીવો કોનાથી વધતો ઓછો સ્થિતિબંધ કરે તે સ્થિતિબંધનું અલ્પબહુત્વ કહે છે—

संजय बादरसुहुमग पज्जअपज्जाण हीणमुक्कोसो ।
एवं विगलासन्निसु संजय उक्कोसगो बंधो ॥९९॥

देस दुग विरय चउरो सन्निपर्ञ्चिदियस्स चउरो य ।
संखेज्जगुणा कमसो सञ्जय उक्कोसगाहिंतो ॥१००॥

संयतस्य बादरसूक्ष्मयोः पर्याप्तापर्याप्तयोर्हीनमुत्कृष्टः ।
एवं विकलासंज्ञिषु संयतस्योत्कृष्टो बन्धः ॥९९॥

देशस्य द्विकमविरतस्य चत्वारः संज्ञिपञ्चेन्द्रियस्य चत्वारश्च ।
संख्येयगुणाः क्रमशः संयतस्योत्कृष्टकात् ॥१००॥

અર્થ—સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકવર્તી સંયતને અત્યંત અલ્પ-કષાયજન્ય બાર મુહૂર્ત, આઠ મુહૂર્ત કે અંતર્મુહૂર્ત પ્રમાણ ઓછામાં ઓછો સ્થિતિબંધ થતો હોવાથી તે સંયતનો જઘન્ય

સ્થિતિબંધ સૌથી અલ્પ છે. તેનાથી બાદર[1] એકેન્દ્રિય પર્યાપ્તનો જઘન્ય સ્થિતિબંધ અસંખ્યાતગુણ છે, તેનાથી સૂક્ષ્મ પર્યાપ્તાનો જઘન્ય સ્થિતિબંધ વિશેષાધિક છે, તેનાથી બાદર અપર્યાપ્તાનો જઘન્ય સ્થિતિબંધ વિશેષાધિક છે. તેનાથી સૂક્ષ્મ અપર્યાપ્તાનો જઘન્ય સ્થિતિબંધ વિશેષાધિક છે, તેનાથી સૂક્ષ્મ અપર્યાપ્તાનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ વિશેષાધિક છે, તેનાથી બાદર અપર્યાપ્તાનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ વિશેષાધિક છે, તેનાથી સૂક્ષ્મ પર્યાપ્તનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ વિશેષાધિક છે, અને તેનાથી બાદર પર્યાપ્તાનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ વિશેષાધિક છે.

એ પ્રમાણે પર્યાપ્ત-અપર્યાપ્ત વિકલેન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિયનો જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિબંધ અનુક્રમે વધારે વધારે કહેવો. તે આ પ્રમાણે—બાદર પર્યાપ્તાના ઉત્કૃષ્ટ સ્થિતિબંધથી પર્યાપ્ત બેઇન્દ્રિયનો જઘન્ય સ્થિતિબંધ સંખ્યાતગુણો, તેનાથી અપર્યાપ્ત બેઇન્દ્રિયનો જઘન્ય સ્થિતિબંધ વિશેષાધિક, તેનાથી અપર્યાપ્ત બેઇન્દ્રિયનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ વિશેષાધિક, તેનાથી પર્યાપ્ત બેઇન્દ્રિયનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ વિશેષાધિક.

તેનાથી પર્યાપ્ત તેઇન્દ્રિયનો જઘન્ય સ્થિતિબંધ વિશેષાધિક, તેનાથી અપર્યાપ્ત તેઇન્દ્રિયનો જઘન્ય સ્થિતિબંધ વિશેષાધિક, તેનાથી અપર્યાપ્ત તેઇન્દ્રિયનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ વિશેષાધિક, તેનાથી પર્યાપ્ત તેઇન્દ્રિયનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ વિશેષાધિક.

તેનાથી પર્યાપ્ત ચઉરિન્દ્રિયનો જઘન્ય સ્થિતિબંધ વિશેષાધિક, તેનાથી અપર્યાપ્ત ચઉરિન્દ્રિયનો જઘન્ય સ્થિતિબંધ વિશેષાધિક, તેનાથી અપર્યાપ્ત ચઉરિન્દ્રિયનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ વિશેષાધિક, તેનાથી પર્યાપ્ત ચઉરિન્દ્રિયનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ વિશેષાધિક.

તેનાથી પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિયનો જઘન્ય સ્થિતિબંધ સંખ્યાતગુણ, તેનાથી અપર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિયનો જઘન્ય સ્થિતિબંધ વિશેષાધિક, તેનાથી અપર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિયનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ વિશેષાધિક, તેનાથી પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિયનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ વિશેષાધિક છે.

તેનાથી છઠ્ઠે ગુણઠાણે સંક્લિષ્ટ પરિણામે ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધતા સાધુનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સંખ્યાતગુણ છે. તેનાથી દેશવિરતિ ગુણસ્થાનકવાળાનો જઘન્ય સ્થિતિબંધ સંખ્યાતગુણ, તેનાથી તેનો જ ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સંખ્યાતગુણ, તેનાથી ચતુર્થગુણસ્થાનકવાળા પર્યાપ્તાનો જઘન્ય સ્થિતિબંધ સંખ્યાતગુણ તેનાથી તેના જ અપર્યાપ્તનો જઘન્ય સ્થિતિબંધ સંખ્યાતગુણ, તેનાથી તેના જ અપર્યાપ્તનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સંખ્યાતગુણ, તેનાથી તેના જ પર્યાપ્તાનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સંખ્યાતગુણ.

---

૧. સામાન્યથી સંક્લેશ કે વિશુદ્ધિનો આધાર યોગ ઉપર છે. જેને યોગ વધારે હોય તેને તેના લાયક સારામાં સારા કે ખરાબમાં ખરાબ પરિણામ થઈ શકે છે. એકેન્દ્રિયમાં બાદર પર્યાપ્ત એકેન્દ્રિયને બીજા એકેન્દ્રિયથી યોગ વધારે હોવાથી તેને જ તદ્યોગ્ય સારા કે ખરાબ પરિણામ થાય છે તેથી એકેન્દ્રિય લાયક જઘન્ય કે ઉત્કૃષ્ટ સ્થિતિબંધ પણ તેને જ થાય છે. તેનાથી પર્યાપ્ત સૂક્ષ્મ એકેન્દ્રિયને ઓછો સંક્લેશ અને ઓછી વિશુદ્ધિ હોય છે, તેથી તે બાદર પર્યાપ્ત જેટલી જઘન્ય કે ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધી શકતો નથી. પરંતુ જઘન્ય કરતાં વધારે બાંધે છે અને ઉત્કૃષ્ટ કરતાં ઓછી બાંધે છે. દાખલા તરીકે, બાદર પર્યાપ્ત ઉત્કૃષ્ટ ૧૧૦ વરસ અને જઘન્ય ૪૦ વરસનો સ્થિતિબંધ કરતો હોય તો સૂક્ષ્મ પર્યાપ્ત ઉત્કૃષ્ટ ૮૦ અને જઘન્ય ૭૦ વરસનો કરે છે. એ જ ક્રમે બાદર અપર્યાપ્ત અને સૂક્ષ્મ અપર્યાપ્ત માટે પણ સમજવું.

તેનાથી સંજ્ઞીપંચેન્દ્રિય પર્યાપ્તાનો જઘન્ય સ્થિતિબંધ સંખ્યાતગુણ, તેનાથી સંજ્ઞીપંચેન્દ્રિય અપર્યાપ્તાનો જઘન્ય સ્થિતિબંધ સંખ્યાતગુણ અને તેનાથી સંજ્ઞી-પંચેન્દ્રિય અપર્યાપ્તાનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સંખ્યાતગુણ છે.

સંયતના ઉત્કૃષ્ટ સ્થિતિબંધથી આરંભી અપર્યાપ્ત સંજ્ઞીના ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સુધીના સઘળા સ્થિતિબંધો અંતઃકોડાકોડી સાગરોપમની અંતર્ગત જ સમજવા. સંયતના ઉત્કૃષ્ટ સ્થિતિ-બંધથી ન્યૂન સ્થિતિબંધ અંતઃકોડાકોડીની અંતર્ગત છે અને નથી, કારણ કે આઠમા ગુણસ્થાનક સુધીનો બંધ અંતઃકોડાકોડીની અંતર્ગત છે, નવમા ગુણસ્થાનકના પહેલા જ સમયે એક ક્રોડ સાગરોપમપ્રમાણ બંધ થતો હોવાથી તે બંધ અંતઃકોડાકોડીની અંતર્ગત નથી.

અપર્યાપ્ત સંજ્ઞીના ઉત્કૃષ્ટ સ્થિતિબંધથી પર્યાપ્ત સંજ્ઞીનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સંખ્યાતગુણ છે. અને તે વીસ, ત્રીસ કે સિત્તેર વગેરે કોડાકોડી સાગરોપમરૂપ લેવાનો છે. આ પ્રમાણે સ્થિતિસ્થાન પ્રરૂપણા કરી.

નિષેકપ્રરૂપણા પાંચમું દ્વાર ગાથા ૫૦ 'मोतुमबाहा समये'એ ગાથામાં અને અબાધાકંડક-પ્રરૂપણા પાંચમું દ્વાર ગાથા ૫૩ 'उक्कोसगठिइबन्धा'એ ગાથામાં પહેલાં કરેલી છે માટે તે ત્યાંથી જોઈ લેવી. ૧૦૦

સ્થિતિબંધનું અલ્પબહુત્વ :—

નં.	કોનો ?	કેટલો ?	નં.	કોનો ?	કેટલો ?
૧.	૧૦મા ગુણઠાણે મુનિનો જઘન્ય	અલ્પ	૧૯	અપર્યા. ચઉરિન્દ્રિય જઘન્ય	વિશેષાધિક
૨.	પર્યા. બાદર એકે. જઘન્ય	અસં.ગુણ.	૨૦	અપર્યા ચઉરિન્દ્રિય ઉત્કૃષ્ટ	વિશેષાધિક
૩.	પર્યા. સૂક્ષ્મ એકે. જઘન્ય	વિશેષાધિક	૨૧	પર્યા. ચઉરિન્દ્રિય ઉત્કૃષ્ટ	વિશેષાધિક
૪.	અપ. બાદર એકે. જઘન્ય	વિશેષાધિક	૨૨	પર્યા. અસંજ્ઞી પંચે. જઘન્ય	સંખ્યા.ગુણ
૫.	અપ. સૂક્ષ્મ એકે. જઘન્ય	વિશેષાધિક	૨૩	અપર્યા. અસંજ્ઞી પંચે. જઘન્ય	વિશેષાધિક
૬.	અપ. સૂક્ષ્મ એકે. ઉત્કૃષ્ટ	વિશેષાધિક	૨૪	અપર્યા. અસંજ્ઞી પંચે. ઉત્કૃષ્ટ	વિશેષાધિક
૭.	અપ. બાદર એકે. ઉત્કૃષ્ટ	વિશેષાધિક	૨૫	પર્યા. અસંજ્ઞી પંચે. ઉત્કૃષ્ટ	વિશેષાધિક
૮.	પર્યા. સૂક્ષ્મ એકે. ઉત્કૃષ્ટ	વિશેષાધિક	૨૬	મુનિનો ઉત્કૃષ્ટ	સંખ્યા.ગુણ
૯.	પર્યા. બાદર એકે. ઉત્કૃષ્ટ	વિશેષાધિક	૨૭	દેશ વિરતિનો જઘન્ય	સંખ્યા.ગુણ
૧૦.	પર્યા. બેઇન્દ્રિય જઘન્ય	સંખ્યા.ગુણ	૨૮	દેશ વિરતિનો ઉત્કૃષ્ટ	સંખ્યા.ગુણ
૧૧.	અપર્યા. બેઇન્દ્રિય જઘન્ય	વિશેષાધિક	૨૯	ચોથા ગુણઠાણે પર્યા. જઘન્ય	સંખ્યા.ગુણ
૧૨.	અપર્યા. બેઇન્દ્રિય ઉત્કૃષ્ટ	વિશેષાધિક	૩૦	ચોથા ગુણઠાણે અપર્યા. જઘન્ય	સંખ્યા.ગુણ
૧૩.	પર્યા. બેઇન્દ્રિય ઉત્કૃષ્ટ	વિશેષાધિક	૩૧	ચોથા ગુણઠાણે અપર્યા. ઉત્કૃષ્ટ	સંખ્યા.ગુણ
૧૪.	પર્યા. તેઇન્દ્રિય જઘન્ય	વિશેષાધિક	૩૨	ચોથા ગુણઠાણે પર્યા. ઉત્કૃષ્ટ	સંખ્યા.ગુણ
૧૫.	અપર્યા. તેઇન્દ્રિય જઘન્ય	વિશેષાધિક	૩૩	પર્યા. સંજ્ઞી પંચે. જઘન્ય	સંખ્યા.ગુણ
૧૬.	અપર્યા. તેઇન્દ્રિય ઉત્કૃષ્ટ	વિશેષાધિક	૩૪	અપર્યા. સંજ્ઞી પંચે. જઘન્ય	સંખ્યા.ગુણ
૧૭.	પર્યા. તેઇન્દ્રિય ઉત્કૃષ્ટ	વિશેષાધિક	૩૫	અપર્યા. સંજ્ઞી પંચે ઉત્કૃષ્ટ	સંખ્યા.ગુણ
૧૮.	પર્યા. ચઉરિન્દ્રિય જઘન્ય	વિશેષાધિક	૩૬	પર્યા. સંજ્ઞી પંચે. ઉત્કૃષ્ટ	સંખ્યા.ગુણ

હવે અલ્પબહુત્વ પ્રરૂપણા કહે છે—

थोवा जहन्नबाहा उक्कोसाबाहठाणकंडाणि ।
उक्कोसिया अबाहा नाणापएसंतरा तत्तो ॥१०१॥

एगं पएसविवरं आबाहाकंडगस्स ठाणाणि ।
हीणठिइ ठिइट्ठाणा उक्कोसट्ठिइ तओ अहिया ॥१०२॥

स्तोका जघन्याबाधा उत्कृष्टाबाधास्थानानि कण्डकानि ।
उत्कृष्टाबाधा नानाप्रदेशान्तराणि ततः ॥१०१॥

एकं प्रदेशविवरं अबाधाकण्डकस्य स्थानानि ।
हीनस्थितिः स्थितिस्थानानि उत्कृष्टा स्थितिः ततोऽधिका ॥१०२॥

અર્થ—પર્યાપ્ત-અપર્યાપ્ત સંજ્ઞીપંચેન્દ્રિય જીવોમાં આયુવર્જિત સાત કર્મની જઘન્ય અબાધા અલ્પ છે, કારણ કે તે અંતર્મુહૂર્ત્ત પ્રમાણ છે. તેનાથી અબાધાસ્થાનો અને કંડકસ્થાનો અસંખ્યાતગુણ છે, અને પરસ્પર બંને સરખા છે. બંને સમાન શી રીતે છે તે બતાવે છે—જઘન્ય અબાધાથી આરંભી ઉત્કૃષ્ટ અબાધાના ચરમ સમય પર્યંત જેટલા સમયો તેટલાં અબાધાનાં સ્થાનો છે. તે આ પ્રમાણે—એક સમયે એક સાથે જેટલી સ્થિતિ બંધાય અને તેની જેટલી અબાધા પડે તે અબાધાસ્થાન કહેવાય. જેમકે—જઘન્યસ્થિતિબંધ થતો હોય ત્યારે અંતર્મુહૂર્ત્ત પ્રમાણ જઘન્ય અબાધા પડે તે પહેલું અબાધાસ્થાન કહેવાય. સમયાધિક જઘન્ય અબાધા એ બીજું અબાધાસ્થાન, બે સમયાધિક જઘન્ય અબાધા એ ત્રીજું અબાધાસ્થાન, એ પ્રમાણે ઉત્કૃષ્ટ સ્થિતિબંધમાં ઉત્કૃષ્ટ ત્રણ હજાર કે સાત હજારાદિ વર્ષ પ્રમાણ છેલ્લું અબાધાસ્થાન છે. અંતર્મુહૂર્ત્તન્યૂન સાત હજાર વરસના જેટલા સમયો થાય તેટલાં વધારેમાં વધારે અબાધાસ્થાનો થાય છે.

કંડકો પણ તેટલા જ થાય છે. કારણ કે ઉત્કૃષ્ટ અબાધામાંથી જેમ જેમ સમય ઓછો થતો જાય તેમ તેમ ઉત્કૃષ્ટ સ્થિતિબંધમાંથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલો સ્થિતિબંધ પણ ઓછો થતો જાય છે. એ પ્રમાણે ઓછો થતાં થતાં એક બાજુ જઘન્ય સ્થિતિબંધ આવે, બીજી બાજુ જઘન્ય અબાધાસ્થાન આવે તેથી જેટલાં અબાધાસ્થાનો છે તેટલાં કંડકસ્થાનો પણ છે.

આ હકીકત પૂર્વે બંધવિધિદ્વારમાં સ્થિતિબંધના અધિકારમાં કહેલ છે. તેથી જ અન્તર્મુહૂર્ત્ત પ્રમાણ જઘન્ય અબાધાથી અંતર્મુહૂર્ત્ત ન્યૂન સાત હજાર વરસના સમયપ્રમાણ અબાધાસ્થાનો અસંખ્યાતગુણ છે.

તેનાથી ઉત્કૃષ્ટ અબાધા વિશેષાધિક છે, કારણ કે જઘન્ય અબાધાનો પણ તેની અંદર સમાવેશ થઈ જાય છે. તેનાથી દલિકોની નિષેક રચનામાં દ્વિગુણહાનિરૂપ જે આંતરાઓ છે તે અસંખ્યાતગુણ છે, કારણ કે તે પલ્યોપમના પહેલા વર્ગમૂળના અસંખ્યાતમા ભાગના સમયપ્રમાણ છે. તેનાથી નિષેક રચનામાં જે દ્વિગુણહાનિ થાય છે તેના એક આંતરાનાં જે નિષેકસ્થાનો છે તે

અસંખ્યાતગુણા છે, કારણ કે તે પલ્યોપમના અસંખ્યાતા વર્ગમૂળના જેટલા સમયો થાય તેટલા છે. તેનાથી અબાધાસ્થાન અને કંડકસ્થાનનો સરવાળો અસંખ્યાતગુણ છે. તેની અંદર અબાધાસ્થાનો તો પહેલાં કહ્યાં છે. કંડકસ્થાનો પણ તેટલાં જ છે તે પણ પહેલાં કહેલ છે. તે બંનેનાં સમુદિત સ્થાનો એક આંતરાનાં નિષેકસ્થાનોથી અસંખ્યાતગુણા છે. સ્વોપજ્ઞ ટીકામાં પણ એ જ પ્રમાણે વ્યાખ્યાન કર્યું છે. તેની અંદર આ પ્રમાણે કહ્યું છે : 'अबाधा च कण्डकानि च अबाधाकण्डकं समाहारे द्वन्द्वः तस्य स्थानानि तयोर्द्वयोरपि स्थानसंख्येतिभावः' તાત્પર્ય એ કે અબાધા અને કંડક એ બંનેની સ્થાન સંખ્યા અસંખ્યાત-ગુણ[1] છે.

કર્મપ્રકૃતિમાં આ દ્વારના સ્થાનમાં અર્થેન કંડક અસંખ્યાતગુણ કહેલ છે. અર્થેન કંડક એટલે શું ? તેનું પરંપરાને જાણનાર મહર્ષિઓ આ પ્રમાણે વ્યાખ્યાન કરે છે—જઘન્ય અબાધાહીન ઉત્કૃષ્ટ અબાધા વડે જઘન્યસ્થિતિહીન ઉત્કૃષ્ટ સ્થિતિને ભાગતાં જે ભાગ આવે તે અર્થેન કંડક કહેવાય છે. અહીં જવાબમાં પલ્યોપમના અસંખ્યાતમા ભાગરૂપ કંડક આવશે. કારણ કે જઘન્ય અબાધાહીન ઉત્કૃષ્ટ અબાધાના જેટલા સમયો થાય તેટલા જઘન્ય સ્થિતિહીન ઉત્કૃષ્ટસ્થિતિના પલ્યોપમના અસંખ્યાતમા ભાગરૂપ કંડકો થાય છે. કેમકે એક એક કંડક જેટલી સ્થિતિ ઓછી થાય ત્યારે એક એક સમય અબાધાનો ઓછો થાય છે. એટલે પલ્યોપમના અસંખ્યાતમા ભાગરૂપ કંડકને અર્થેન કહેવાય છે.

તેનાથી જઘન્યસ્થિતિબંધ અસંખ્યાતગુણ છે કેમકે તે અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ છે. શ્રેણિ ઉપર નહિ ચડેલા સંજ્ઞીપંચેન્દ્રિયો જઘન્ય પણ અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ જ સ્થિતિબંધ કરે છે. તેનાથી સ્થિતિસ્થાનો સંખ્યાતગુણા છે. તેની અંદર જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય અને અંતરાય કર્મના કંઈક અધિક ઓગણત્રીસ ગુણા છે, મિથ્યાત્વ મોહનીયના કંઈક અધિક અગણોતેર ગુણા છે અને નામ તથા ગોત્રકર્મના કંઈક અધિક ઓગણીસગુણા છે. તેનાથી ઉત્કૃષ્ટસ્થિતિબંધ વિશેષાધિક છે. જઘન્યસ્થિતિ અને અબાધાનો પણ તેની અંદર સમાવેશ થાય છે માટે. ૧૦૧-૧૦૨

---

૧. અબાધા સ્થાનો અને કંડક સ્થાનો એ દરેક અંતર્મુહૂર્ત ન્યૂન સાત હજાર વર્ષના સમયપ્રમાણ છે અને તે બન્નેનો સરવાળો કરતાં બમણા થાય. પરંતુ અહીં તે એકેક સ્થાનો કરતાં ઉત્કૃષ્ટ અબાધા વિશેષાધિક કહી અને ત્યારબાદ કુલ દ્વિગુણ હાનિસ્થાનો અને એક દ્વિગુણહાનિના આંતરાનાં નિષેકસ્થાનો એકેકથી અસંખ્યાતગુણ બતાવી આ બન્ને સ્થાનોના સમૂહને અસંખ્યાતગુણ કહ્યો છે. તે કઈ રીતે ઘટે ? તે સમજાતું નથી. આ જ સ્થાને કર્મપ્રકૃતિ બંધનકરણ ગાથા ૮૬માં અર્થેનકંડક કહ્યું છે. અને બન્ને ટીકાકાર મહર્ષિઓએ તેનો અર્થ—"જઘન્ય અબાધાહીન ઉત્કૃષ્ટ અબાધા વડે જઘન્યસ્થિતિહીન ઉત્કૃષ્ટ સ્થિતિને ભાગતાં જે આવે—અર્થાત્ એક સમયરૂપ અબાધાની હાનિ-વૃદ્ધિમાં જે પલ્યોપમના અસંખ્યાતમા ભાગપ્રમાણ સ્થિતિબંધની હાનિવૃદ્ધિ થાય છે. તેટલો પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ એ પ્રમાણે કહેલ છે" અને તે અર્થેનકંડક એના પૂર્વે કહેલ દ્વિગુણહાનિના એક આંતરાનાં નિષેકસ્થાનોની અપેક્ષાએ અસંખ્યાતગુણ સંભવી શકે છે. અહીં તત્ત્વ કેવલીગમ્ય.

પર્યા. અપર્યા. સંજ્ઞીનું સાત કર્મમાં અલ્પબહુત્વ :

૧.	જઘન્ય અબાધા.	અલ્પ.	અંતર્મુહૂર્ત
૨.	અબાધા સ્થાનો	અસં.ગુણ	જઘન્ય અબાધા રહિત ઉત્કૃષ્ટ અબાધાના સમય પ્રમાણ
૩.	કંડક સ્થાનો	(પરસ્પર તુલ્ય)	જઘન્ય અબાધા રહિત ઉત્કૃષ્ટ અબાધાના સમય પ્રમાણ
૪.	ઉત્કૃષ્ટ અબાધા.	વિશેષાધિક	જઘ. અબાધારૂપ અંતર્મુ. ના સમયો વડે અધિક ત્રણ હજારાદિ વર્ષના સમયપ્રમાણ
૫.	નિષેકનાં દ્વિગુણહાનિનાં સ્થાનો	અસં.ગુણ	પલ્યોપમના પ્રથમ વર્ગમૂળના અસંખ્યાતમા ભાગના સમયપ્રમાણ
૬.	દ્વિગુણહાનિનાં એક આંતરાનાં સ્થાનો	અસં.ગુણ	પલ્યોપમના અસંખ્યાતા વર્ગમૂળના સમયપ્રમાણ
૭.	અબાધાસ્થાનો+ કંડકસ્થાનો	અસં.ગુણ	ટિપ્પણ વાંચી સ્વયં વિચારવું
૮.	જઘન્ય સ્થિતિબંધ	અસં.ગુણ	અંતઃકોડાકોડી સાગરોપમપ્રમાણ (શ્રેણિ વિનાના જીવો આશ્રયી)
૯.	સર્વ સ્થિતિસ્થાનો	સંખ્યાતગુણ	જઘ. સ્થિતિબંધન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિબંધના સમયપ્રમાણ
૧૦.	ઉત્કૃષ્ટ સ્થિતિબંધ	વિશેષાધિક	પોતપોતાના સંપૂર્ણ ઉત્કૃષ્ટ સ્થિતિબંધ પ્રમાણ

હવે આયુકર્મના સંબંધમાં અલ્પબહુત્વ કહે છે—

आउसु जहन्नबाहा जहन्नबंधो अबाहठाणाणि ।
उक्कोसबाह नाणंतराणि एगंतरं तत्तो ॥१०३॥
ठिइबंधट्ठाणाइ उक्कोसठिई तओ वि अब्भहिया ।
सन्निसु अप्पाबहुयं दसट्ठभेयं इमं भणियं ॥१०४॥

आयुष्षु जघन्याबाधा जघन्यबन्धः अबाधास्थानानि ।
उत्कृष्टाबाधा नानान्तराणि एकान्तरं ततः ॥१०३॥
स्थितिबन्धस्थानान्युत्कृष्टस्थितिस्ततोऽप्यभ्यधिका ।
संज्ञिष्वल्पबहुत्वं दशाष्टभेदमिदं भणितम् ॥१०४॥

અર્થ—પર્યાપ્ત અસંજ્ઞીપંચેન્દ્રિય અને પર્યાપ્ત સંજ્ઞીપંચેન્દ્રિય એ બન્નેના આયુની જઘન્ય અબાધા અલ્પ છે, ક્ષુલ્લકભવના ત્રીજા ભાગથી અત્યંત નાના અંતર્મુહૂર્ત પ્રમાણ છે માટે. તેનાથી જઘન્યસ્થિતિબંધ સંખ્યાતગુણ છે, ક્ષુલ્લક[1] ભવરૂપ છે માટે. તેનાથી અબાધાસ્થાનો સંખ્યાતગુણા

૧. અહીં તથા આગળ શેષ જીવભેદોમાં જઘન્યસ્થિતિબંધ ક્ષુલ્લકભવ પ્રમાણ કહ્યો છે તે અબાધકાળ વિનાનો બતાવ્યો હોય તેમ લાગે છે. અન્યથા અબાધાકાળ સહિત ક્ષુલ્લકભવ પ્રમાણ જઘન્ય સ્થિતિબંધ આવે.

છે, જઘન્ય અબાધા રહિત પૂર્વ કોટીનો ત્રીજો ભાગ છે માટે. તેનાથી ઉત્કૃષ્ટ અબાધા વિશેષાધિક છે, જઘન્ય અબાધાનો તેની અંદર સમાવેશ થાય છે માટે. તેનાથી દલિકોની નિષેક રચનામાં દ્વિગુણહાનિનાં સ્થાનો અસંખ્યાતગુણા છે, પલ્યોપમના પહેલા વર્ગમૂળના અસંખ્યાતમા ભાગમાં રહેલ સમયપ્રમાણ છે. માટે તેનાથી દ્વિગુણહાનિના એક આંતરાનાં સ્થિતિસ્થાનો અસંખ્યાતગુણ છે, પલ્યોપમના અસંખ્યાતા વર્ગમૂળમાં રહેલ સમયપ્રમાણ છે માટે. તેનાથી કુલ સ્થિતિબંધસ્થાનો અસંખ્યાતગુણ છે, તેનાથી ઉત્કૃષ્ટ સ્થિતિ વિશેષાધિક છે, જઘન્ય સ્થિતિ અને અબાધાનો તેની અંદર સમાવેશ થઈ જાય છે માટે. આ પ્રમાણે પર્યાપ્ત-અપર્યાપ્ત સંજ્ઞીપંચેન્દ્રિયમાં સાત કર્મોનું દશ ભેદે અને પર્યાપ્ત સંજ્ઞીપંચેન્દ્રિયમાં આયુકર્મનું આઠ ભેદે અલ્પબહુત્વ કહ્યું. તથા 'सन्निसु' એ પદના બહુવચનને અનુસરીને આયુકર્મના અલ્પબહુત્વમાં પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિયને પણ ગ્રહણ કર્યા છે. આ અલ્પબહુત્વ પ્રમાણે બીજા જીવોમાં પણ આગમને અનુસરીને અલ્પબહુત્વ જાણી લેવું. તે આ પ્રમાણે-અપર્યાપ્ત અસંજ્ઞીપંચેન્દ્રિય, અપર્યાપ્ત સંજ્ઞીપંચેન્દ્રિય અને પર્યાપ્ત—અપર્યાપ્ત બાદર-સૂક્ષ્મ એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય એ દરેકમાં આયુની જઘન્ય અબાધા અલ્પ છે, તેનાથી જઘન્ય સ્થિતિબંધ સંખ્યાતગુણ છે, ક્ષુલ્લક ભવરૂપ છે માટે. તેનાથી અબાધાસ્થાનો સંખ્યાતગુણા છે, તેનાથી ઉત્કૃષ્ટ અબાધા વિશેષાધિક છે, તેનાથી પણ સ્થિતિબંધસ્થાનો સંખ્યાતગુણા છે, જઘન્ય સ્થિતિ ન્યૂન પૂર્વકોટિ પ્રમાણ છે માટે. તેનાથી ઉત્કૃષ્ટ સ્થિતિબંધ વિશેષાધિક છે, જઘન્યસ્થિતિ અને અબાધાનો તેની અંદર સમાવેશ થાય છે માટે.

પર્યાપ્તા સંજ્ઞી-અસંજ્ઞી પંચે.નું આયુઃ કર્મમાં અલ્પબહુત્વ :

૧.	જઘન્ય અબાધા.	અલ્પ.	અંતર્મુહૂર્ત
૨.	જઘન્યસ્થિતિબંધ.	સંખ્યાતગુણ	જઘન્ય અબાધાસહિત ક્ષુલ્લકભવ પ્રમાણ
૩.	અબાધા સ્થાનો.	સંખ્યાતગુણ	જઘન્ય અબાધા રહિત પૂર્વકોટિના ત્રીજા ભાગના સમયપ્રમાણ
૪.	ઉત્કૃષ્ટ અબાધા.	વિશેષાધિક	પૂર્વકોટિના ત્રીજા ભાગપ્રમાણ
૫.	નિષેકનાં દ્વિગુણહાનિનાં સ્થાનો	અસં.ગુણ	પલ્યોપમના પ્રથમ વર્ગમૂળના અસંખ્યાતમા ભાગના સમયપ્રમાણ
૬.	દ્વિગુણહાનિનાં એક આંતરાનાં સ્થાનો	અસં.ગુણ	પલ્યોપમના અસંખ્યાતા વર્ગમૂળના સમયપ્રમાણ
૭.	સર્વસ્થિતિ સ્થાનો	અસ.ગુણ	અબાધારૂપ અંતર્મુ. અધિક ક્ષુલ્લકભવન્યૂન પર્વ ક્રોડના ત્રીજા ભાગે અધિક અસંજ્ઞીને પલ્ય.ના અસંખ્યાતમા ભાગના અને સંજ્ઞીને ૩૩ સાગરોપમના સમયપ્રમાણ
૮.	ઉત્કૃષ્ટ સ્થિતિબંધ	વિશેષાધિક	પૂર્વક્રોડના $\frac{1}{3}$ ભાગ અધિક ૩૩ સાગર.સંજ્ઞીને પૂર્વક્રોડના $\frac{1}{3}$ ભાગ અધિક અસંભાગ/પલ્ય અસંજ્ઞીને

તથા પર્યાપ્ત-અપર્યાપ્ત અસંજ્ઞીપંચેન્દ્રિય, ચઉરિન્દ્રિય, તેઇન્દ્રિય, બેઇન્દ્રિય, સૂક્ષ્મ-બાદર એકેન્દ્રિયોમાં આયુવર્જિત સાત કર્મોના પ્રત્યેકનાં અબાધાસ્થાનો અને કંડકો અલ્પ છે. પરસ્પર બંને તુલ્ય છે, કારણ કે તે આવલિકાના અસંખ્યાતમા ભાગમાં રહેલ સમયપ્રમાણ છે. તેનાથી

પર્યા૦ સંજ્ઞી-અસંજ્ઞી પંચે. સિવાયના જીવભેદમાં આયુઃકર્મનું અલ્પબહુત્વ :

૧.	જઘન્ય અબાધા.	અલ્પ.	અંતર્મુહૂર્ત.
૨.	જઘન્યસ્થિતિબંધ.	સંખ્યાતગુણ	જઘન્ય અબાધાસહિત ક્ષુલ્લકભવ પ્રમાણ
૩.	અબાધા સ્થાનો.	સંખ્યાતગુણ	જઘન્ય અબાધા ન્યૂન સ્વઆયુના ત્રીજા ભાગના સમયપ્રમાણ
૪.	ઉત્કૃષ્ટ અબાધા.	વિશેષાધિક	સ્વઆયુષ્યના ત્રીજા ભાગ પ્રમાણ.
૫.	સ્થિતિબંધનાં સ્થાનો	સંખ્યાતગુણ	સ્વઆયુષ્યના ત્રીજા ભાગે અધિક જઘન્યસ્થિતિ ન્યૂન, પૂર્વક્રોડના સમયપ્રમાણ.
૬.	ઉત્કૃષ્ટ સ્થિતિબંધ	વિશેષાધિક	સ્વઆયુષ્યના ત્રીજા ભાગે અધિક પૂર્વક્રોડ વર્ષ.

પર્યા૦ અપર્યા૦ સંજ્ઞી સિવાયના ૧૨ જીવભેદમાં ૭ કર્મનું અલ્પબહુત્વ :

૧.	અબાધા સ્થાનો	અલ્પ	આવલિકાના અસંખ્યાતમા ભાગમાં રહેલ સમયપ્રમાણ
૨.	કંડક સ્થાનો	(પરસ્પર તુલ્ય)	આવલિકાના અસંખ્યાતમા ભાગમાં રહેલ સમયપ્રમાણ
૩.	જઘન્ય અબાધા.	અસં.ગુણ	અંતર્મુહૂર્ત
૪.	ઉત્કૃષ્ટ અબાધા.	વિશેષાધિક	જઘન્ય અબાધારૂપ અંતર્મુહૂર્તથી બૃહત્તર અંતર્મુહૂર્ત
૫.	નિષેકનાં દ્વિગુણહાનિનાં સ્થાનો	અસં.ગુણ	પલ્યોપમના પ્રથમ વર્ગમૂળના અસંખ્યાતમા ભાગમાં રહેલ સમયપ્રમાણ
૬.	એક દ્વિગુણહાનિનાં આંતરાનાં સ્થાનો	અસં.ગુણ	પલ્યોપમના અસંખ્યાતા વર્ગમૂળના સમયપ્રમાણ
૭.	અબાધાસ્થાનો+ કંડકસ્થાનો	અસં.ગુણ	સંજ્ઞીપર્યા.માં આ જ સ્થાને કહેલ ટિપ્પણ જોવી.
૮.	સ્થિતિસ્થાનો	અસં.ગુણ	એકે.માં પલ્ય.ના અસંખ્યાતમા ભાગના સમયપ્રમાણ શેષમાં પલ્ય.ના સંખ્યાતમા ભાગના સમયપ્રમાણ
૯.	જઘન્ય સ્થિતિબંધ	અસં.ગુણ	એકે.માં પલ્ય.નો અસંખ્યાતમો ભાગ ન્યૂન $\frac{૧}{૭}$ આદિ સાગરોપમ પ્રમાણ શેષમાં પલ્યનો સંખ્યાતમો ભાગ ન્યૂન-$\frac{૨૫}{૭}$, $\frac{૫૦}{૭}$, $\frac{૧૦૦}{૭}$, $\frac{૧૦૦૦}{૭}$ આદિ સાગરોપમપ્રમાણ.
૧૦.	ઉત્કૃષ્ટ સ્થિતિબંધ	વિશેષાધિક	એકે.માં $\frac{૧}{૭}$ સાગરોપમાદિ પ્રમાણ શેષમાં $\frac{૨૫}{૭}$, $\frac{૫૦}{૭}$, $\frac{૧૦૦}{૭}$, $\frac{૧૦૦૦}{૭}$ સાગરોપમાદિ પ્રમાણ.

જઘન્ય અબાધા અસંખ્યાતગુણ છે, અંતર્મુહૂર્તપ્રમાણ છે માટે. તેનાથી ઉત્કૃષ્ટ અબાધા વિશેષાધિક છે, કારણ કે તેની અંદર જઘન્ય અબાધાનો પણ સમાવેશ થાય છે. તેનાથી દલિકોની નિષેક રચનામાં દ્વિગુણહાનિ સ્થાનો અસંખ્યાતગુણ છે. તેનાથી દ્વિગુણહાનિના એક આંતરાનાં સ્થિતિસ્થાનો અસંખ્યાતગુણ છે. તેનાથી અબાધાસ્થાનો અને કંડકસ્થાનો સરવાળે અસંખ્યાતગુણ છે. તેનાથી સ્થિતિસ્થાનો અસંખ્યાતગુણ છે, કારણ કે તે એકેન્દ્રિય અને શેષ બેઇન્દ્રિયાદિ જીવો આશ્રયીને અનુક્રમે પલ્યોપમના અસંખ્યાતમા તથા પલ્યોપમના સંખ્યાતમા ભાગમાં રહેલ સમયપ્રમાણ છે. તેનાથી જઘન્ય સ્થિતિબંધ અસંખ્યાતગુણ છે, કારણ કે તે એકેન્દ્રિયમાં પલ્યોપમના અસંખ્યાતમા ભાગ ન્યૂન સાગરોપમાદિપ્રમાણ છે અને બેઇન્દ્રિયાદિ જીવોમાં પલ્યોપમના સંખ્યાતમા ભાગ ન્યૂન પચીસ, પચાસ આદિ સાગરોપમાદિ પ્રમાણ છે. તેનાથી ઉત્કૃષ્ટ સ્થિતિબંધ વિશેષાધિક છે, કારણ કે તે એકેન્દ્રિયોને પોતાના જઘન્ય સ્થિતિબંધથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગે અધિક અને શેષ જીવોને પલ્યોપમના સંખ્યાતમા ભાગે અધિક છે. આ પ્રમાણે અલ્પબહુત્વ કહ્યું. ૧૦૩-૧૦૪.

હવે સ્થિતિબંધના હેતુભૂત અધ્યવસાયસ્થાનોનો વિચાર કરે છે. તેની અંદર ત્રણ અનુયોગદ્વાર છે. ૧. સ્થિતિસમુદાહાર, ૨. પ્રકૃતિસમુદાહાર અને, ૩. જીવસમુદાહાર. સમુદાહારનો અર્થ પ્રતિપાદન કરવું એ છે. પ્રત્યેક સ્થિતિસ્થાનકે તેના બંધમાં હેતુભૂત અધ્યવસાયોનું જે પ્રતિપાદન તે સ્થિતિસમુદાહાર કહેવાય છે. તેના પણ ત્રણ અનુયોગદ્વાર છે. તે આ પ્રમાણે—૧. પ્રગણના-અધ્યવસાયની સંખ્યાની ગણતરી, ૨. અનુકૃષ્ટિ, ૩. તીવ્ર-મંદતા. તેમાં પ્રથમ પ્રગણનાનો વિચાર કરે છે—

ठिइठाणे ठिइठाणे अज्झवसाया असंखलोगसमा ।

स्थितिस्थाने स्थितिस्थाने अध्यवसाया असंख्यलोकसमाः ।

અર્થ—પ્રત્યેક સ્થિતિસ્થાને તેના બંધમાં હેતુભૂત અસંખ્યલોકાકાશ પ્રદેશપ્રમાણ અધ્યવસાયો હોય છે.

ટીકાનુ૰—એક સમયે એક સાથે જેટલી સ્થિતિ બંધાય તે સ્થિતિસ્થાનક કહેવાય. જેમકે-જઘન્યસ્થિતિ એ પહેલું સ્થિતિસ્થાનક, સમયાધિક જઘન્યસ્થિતિ એ બીજું સ્થિતિસ્થાનક, એમ જઘન્યસ્થિતિથી આરંભી ઉત્કૃષ્ટસ્થિતિ સુધીના જેટલા સમયો થાય તેમાં જઘન્યસ્થિતિનું એક સ્થિતિસ્થાન ઉમેરીએ તેટલાં દરેક કર્મોનાં સ્થિતિસ્થાનકો થાય છે. એક એક સ્થિતિસ્થાનક બાંધતા તેના બંધમાં હેતુભૂત કષાયોદયજન્ય અધ્યવસાયો અનેક જીવોની અપેક્ષાએ અસંખ્યલોકાકાશ પ્રદેશપ્રમાણ હોય છે. પહેલાં 'ठिइठाणे ठिइठाणे कसायउदया असंखलोगसमा' એ ગાથામાં આ જ હકીકત કહી છે પરંતુ ત્યાં કષાયોદય સ્થાનમાં રસબંધમાં હેતુભૂત અધ્યવસાયોનો મુખ્યત્વે વિચાર છે. અને અહીં સ્થિતિસ્થાનકના જ હેતુભૂત અધ્યવસાયોનો મુખ્યત્વે વિચાર છે. તે અધ્યવસાયોનો અનંતરોપનિધા વડે અને પરંપરોપનિધા વડે એમ બે રીતે વિચાર થઈ શકે છે તેમાં પ્રથમ અનંતરોપનિધા વડે વિચાર કરે છે—

कमसो विसेसअहिया सत्तण्हाउस्ससंखगुणा ॥१०५॥

क्रमशो विशेषाधिकाः समानामायुषोऽसंख्यगुणाः ॥१०५॥

અર્થ—સાત કર્મોમાં અનુક્રમે વિશેષાધિક છે અને આયુકર્મમાં અસંખ્યાતગુણ અધ્યવસાયો છે.

ટીકાનુ૦—આયુ સિવાય સાત કર્મોનાં બીજા આદિ સ્થિતિસ્થાનો બાંધતા તેના બંધમાં હેતુભૂત અધ્યવસાયો અનુક્રમે વધારે વધારે હોય છે અને આયુમાં અનુક્રમે અસંખ્યાત અસંખ્યાતગુણ હોય છે. તે આ પ્રમાણે—જ્ઞાનાવરણીય કર્મની જઘન્યસ્થિતિ બાંધતા તે સ્થિતિબંધમાં હેતુભૂત કષાયોદયજન્ય આત્મપરિણામની સંખ્યા અનેક જીવોની અપેક્ષાએ અસંખ્યાતાલોકાકાશ પ્રદેશપ્રમાણ હોય છે, અને તે પછીના સ્થિતિસ્થાનની અપેક્ષાએ અલ્પ છે. તેટલા અધ્યવસાયોથી એક જ સ્થિતિસ્થાન બંધાય છે. તેનાથી સમયાધિક બીજું સ્થિતિસ્થાન બાંધતા વિશેષાધિક અધ્યવસાયો હોય છે, તેનાથી ત્રીજું સ્થિતિસ્થાન બાંધતા વિશેષાધિક હોય છે. આ પ્રમાણે પૂર્વ પૂર્વ સ્થિતિસ્થાનકોમાં તેના બંધમાં હેતુભૂત જે અધ્યવસાયો છે તેનાથી ઉત્તર ઉત્તર સ્થિતિસ્થાનમાં વિશેષાધિક-વિશેષાધિક કરતા ત્યાં સુધી જવું યાવત્ ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાન આવે.

આ પ્રમાણે દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, નામ, ગોત્ર અને અંતરાય કર્મના સંબંધમાં પણ કહેવું.

આયુકર્મની જઘન્યસ્થિતિ બાંધતા તેના બંધમાં હેતુભૂત અનેક જીવોની અપેક્ષાએ અસંખ્યલોકાકાશ પ્રદેશપ્રમાણ કષાયોદયજન્ય અધ્યવસાયો હોય છે. પછીના સ્થિતિબંધની અપેક્ષાએ તે અલ્પ છે. તેનાથી બીજી સમયાધિક જઘન્યસ્થિતિ બાંધતા અસંખ્યાતગુણા છે, તેનાથી ત્રીજું સ્થિતિસ્થાન બાંધતા અસંખ્યાતગુણા છે. આ પ્રમાણે ત્યાં સુધી કહેવું યાવત્ ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાન આવે. આયુ સિવાય સાત કર્મોમાં પૂર્વ પૂર્વ સ્થાનકથી ઉત્તર ઉત્તર સ્થાનકમાં થોડા થોડા વધે છે અને આયુકર્મમાં પૂર્વ પૂર્વ સ્થાનકથી ઉત્તર ઉત્તર સ્થાનકમાં અસંખ્યાતગુણ અસંખ્યાતગુણ વધે છે. આ પ્રમાણે અનંતરોપનિધા વડે વિચાર કર્યો. ૧૦૫

હવે પરંપરોપનિધા વડે વિચારે છે.

पल्लासंखसमाओ गंतूण ठिईओ होंति ते दुगुणा ।
सत्तण्हज्झवसाया गुणगारा ते असंखेज्जा ॥१०६॥

पल्यासंख्यसमाः गत्वा स्थितीः भवन्ति ते द्विगुणाः ।
सप्तानामध्यवसायाः गुणकाराणि तान्यसंख्येयानि ॥१०६॥

અર્થ—સાત કર્મમાં પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલાં સ્થિતિસ્થાનો ઓળંગીને અધ્યવસાયો બમણા થાય છે. આવાં દ્વિગુણવૃદ્ધિસ્થાનો અસંખ્યાતા થાય છે.

ટીકાનુ૦—આયુ વિના સાત કર્મોની જઘન્યસ્થિતિ બાંધતા સ્થિતિબંધમાં હેતુભૂત કષાયોદયજન્ય જે અધ્યવસાયો છે તેની અપેક્ષાએ જઘન્યસ્થિતિથી આરંભી પલ્યોપમના અસંખ્યાતમા ભાગમાં રહેલ સમયપ્રમાણ સ્થિતિસ્થાનો ઓળંગીને પછી જે સ્થિતિસ્થાન આવે તેમાં

બમણા અધ્યવસાયો થાય છે. ત્યાંથી વળી તેટલાં જ સ્થિતિસ્થાનો ઓળંગી પછી જે સ્થિતિસ્થાન આવે તેની અંદર બમણા અધ્યવસાયો થાય છે. આ પ્રમાણે દ્વિગુણવૃદ્ધિ ત્યાં સુધી કહેવી યાવત્ ઉત્કૃષ્ટ સ્થિતિ આવે.

આ પ્રમાણે જે દ્વિગુણવૃદ્ધિ સ્થાનો થાય છે તે અસંખ્યાતા છે. તે જ કહે છે—એક અંગુલ પ્રમાણ ક્ષેત્રમાં રહેલા આકાશપ્રદેશના પહેલા વર્ગમૂળના કુલ જેટલા છેદનકો થાય—છેદનક એટલે અર્ધા અર્ધા ભાગ—તે છેદનકોના અસંખ્યાતમા ભાગમાં જેટલા છેદનકો હોય તેની જેટલા આકાશપ્રદેશપ્રમાણ સંખ્યા થાય તેટલાં દ્વિગુણવૃદ્ધિસ્થાનો થાય છે. કર્મપ્રકૃતિમાં કહ્યું છે કે 'नाणंतराणि अंगुलमूलच्छेयणमसंखतमो' અંગુલ પ્રમાણ ક્ષેત્રના આકાશ પ્રદેશના પહેલા વર્ગમૂળના કુલ છેદનકોના અસંખ્યાતમા ભાગમાં જેટલા છેદનકો હોય તેની સરવાળે જે પ્રદેશસંખ્યા થાય તેટલાં દ્વિગુણવૃદ્ધિસ્થાનો થાય છે. દ્વિગુણવૃદ્ધિસ્થાનો થોડાં છે અને દ્વિગુણવૃદ્ધિસ્થાનની વચ્ચેના એક આંતરાનાં સ્થિતિસ્થાનો અસંખ્યાતગુણ છે. આ પ્રમાણે પ્રરૂપણા કહી.

હવે અનુકૃષ્ટિ કહે છે—સ્થિતિબંધમાં હેતુભૂત અધ્યવસાયોની અનુકૃષ્ટિ થતી નથી, કારણ કે પ્રત્યેક સ્થિતિસ્થાનકમાં તેના બંધમાં હેતુભૂત નવા જ અધ્યવસાયો હોય છે, જેમકે, જ્ઞાનાવરણીયની જઘન્યસ્થિતિ બાંધતા જે અધ્યવસાયો છે તે માંહેનો એક પણ અધ્યવસાય સમયાધિક જઘન્યસ્થિતિ બાંધતા હોતો નથી પરંતુ સઘળા નવા જ—બીજા જ હોય છે. બે સમયાધિક જઘન્યસ્થિતિ બાંધતા પણ અન્ય જ હોય છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટ સ્થિતિ પર્યંત કહેવું. આ જ રીતે સઘળાં કર્મોના સંબંધમાં જાણવું.

હવે તીવ્રમંદતા જણાવવાનો અવસર છે પરંતુ તે આગળ ઉપર કહેશે. આ પ્રમાણે સ્થિતિસમુદાહાર-સ્થિતિસ્થાનકોમાં અધ્યવસાયોનું જાણવું.

હવે પ્રકૃતિ સમુદાહાર એટલે પ્રત્યેક કર્મોના બંધમાં હેતુભૂત કેટલા અધ્યવસાયો હોય તે કહે છે. તેની અંદર બે અનુયોગદ્વાર છે, તે આ પ્રમાણે—૧. પ્રમાણાનુગમ-સંખ્યાનો વિચાર અને અલ્પબહુત્વ. તેમાં પહેલાં પ્રમાણાનુગમનો વિચાર કરે છે—જ્ઞાનાવરણીયકર્મનાં સઘળાં સ્થિતિસ્થાનકોના અધ્યવસાયોની કુલ સંખ્યા અસંખ્યાતા લોકાકાશપ્રદેશપ્રમાણ છે. આ પ્રમાણે સઘળાં કર્મોમાં જાણવું. ૧૦૬.

હવે અલ્પબહુત્વ કહે છે—

ठिइदीहाए कमसो असंखगुणणाए होंति पगईणं ।
अज्झवसाया आउगनामट्ठमदुविहमोहाणं ॥१०७॥

स्थितिदैर्घ्यात् क्रमशः असंख्यगुणनया भवन्ति प्रकृतीनाम् ।
अध्यवसाया आयुर्नामाष्टमद्विविधमोहानाम् ॥१०७॥

અર્થ—કર્મોની દીર્ઘસ્થિતિને અનુસરી અનુક્રમે અસંખ્યાતગુણ અધ્યવસાયો હોય છે. આયુ, નામ, અંતરાય, ચારિત્ર મોહનીય અને દર્શનમોહનીયમાં અનુક્રમે અસંખ્યાતગુણ અધ્યવસાયો હોય છે.

ટીકાનુ૦—જે કર્મની જે અનુક્રમથી મોટી સ્થિતિ છે તે ક્રમથી તેના અસંખ્યગુણા અધ્યવસાયો હોય છે. તે આ પ્રમાણે—આયુષ્યકર્મના બંધમાં હેતુભૂત સ્થિતિબંધના અધ્યવસાયો અલ્પ છે. તેનાથી નામકર્મના અને તેની સમાન સ્થિતિ હોવાથી ગોત્રકર્મના અસંખ્યાતગુણા છે. ગાથામાં નામકર્મનું ગ્રહણ ગોત્રકર્મનું ઉપલક્ષક છે તેથી સરખી સ્થિતિવાળાં અન્ય કર્મો પણ ગ્રહણ કરી લેવાનાં છે. અન્યત્ર પણ એમ જ સમજવું.

શંકા—આયુકર્મની અંદર પૂર્વ પૂર્વથી ઉત્તરોત્તર દરેક સ્થિતિસ્થાનમાં તદ્‌બંધહેતુભૂત અસંખ્યાત અસંખ્યાતગુણા અધ્યવસાયો થતા જાય છે અને નામ તથા ગોત્રકર્મના પ્રત્યેક સ્થિતિસ્થાનકમાં વિશેષાધિક વિશેષાધિક થાય છે. તો પછી આયુકર્મના અધ્યવસાયોથી નામ અને ગોત્રકર્મના અધ્યવસાયો અસંખ્યાતગુણા કેમ થાય ? આયુકર્મનાં સ્થિતિસ્થાનોથી નામ અને ગોત્રકર્મનાં સ્થિતિસ્થાનો ઘણાં હોવાથી કદાચ વિશેષાધિક થાય.

ઉત્તર—આયુકર્મની જઘન્યસ્થિતિ બાંધતા તદ્‌બંધહેતુભૂત અધ્યવસાયો ઘણા જ થોડા છે. અને નામ તથા ગોત્રકર્મની જઘન્યસ્થિતિ બાંધતા તદ્‌બંધહેતુભૂત અધ્યવસાયો ઘણા જ વધારે છે. વળી આયુકર્મથી નામ અને ગોત્રકર્મનાં સ્થિતિસ્થાનો પણ ઘણાં જ વધારે છે તેથી આયુકર્મના પ્રત્યેક સ્થિતિસ્થાનમાં અસંખ્યાતગુણ ક્રમે અધ્યવસાયો વધવા છતાં અને નામ તથા ગોત્રમાં પ્રત્યેક સ્થિતિસ્થાનમાં વિશેષાધિક વિશેષાધિક થવા છતાં સરવાળે આયુકર્મના સ્થિતિબંધાધ્યવસાયોથી નામ અને ગોત્રકર્મના સ્થિતિબંધાધ્યવસાયો અસંખ્યાતગુણા જ થાય છે, માટે અહીં કંઈ દોષ નથી. નામ અને ગોત્રકર્મના સ્થિતિબંધાધ્યવસાયોથી આઠમા અંતરાયકર્મના અને તેની સમાન સ્થિતિવાળા જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય તથા વેદનીય કર્મના સ્થિતિબંધાધ્યવસાયો અસંખ્યાતગુણા છે.

શંકા—નામ અને ગોત્રની વીસ કોડાકોડી સાગરોપમની સ્થિતિ છે. જ્ઞાનાવરણીયાદિ ચાર કર્મની ત્રીસ કોડાકોડી સાગરોપમની સ્થિતિ છે. નામ-ગોત્રકર્મથી દશ કોડાકોડી સાગરોપમ માત્ર વધારે છે તેટલામાં નામ ગોત્રકર્મના સ્થિતિબંધાધ્યવસાયોથી જ્ઞાનાવરણીયાદિના અસંખ્યાતગુણા શી રીતે થાય ?

ઉત્તર—જો કે નામ-ગોત્રથી જ્ઞાનાવરણીયાદિની સ્થિતિ દોઢી છે છતાં સ્થિતિબંધના હેતુભૂત અધ્યવસાયો અસંખ્યાતગુણા જ હોય છે. કારણ કે પહેલાં કહેવામાં આવ્યું છે કે—પૂર્વ પૂર્વ સ્થિતિસ્થાનોથી ઉત્તરોત્તર સ્થિતિસ્થાનોમાં એવી ક્રમથી અધ્યવસાયો વધે છે કે પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિસ્થાનકો ઓળંગી જઈએ એટલે બમણા થાય, વળી તેટલા ઓળંગીએ એટલે બમણા થાય. આ પ્રમાણે હોવાથી માત્ર એક પલ્યોપમ પ્રમાણ સ્થિતિસ્થાનકો ઓળંગવાથી જ અસંખ્યાતગુણા થાય કારણ કે એક પલ્યોપમમાં પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલા ખંડ અસંખ્યાતા થાય—તો પછી દશ કોડાકોડી સાગરોપમને અંતે શા માટે અસંખ્યાત ગુણા ન થાય ? અર્થાત્ થાય જ.

જ્ઞાનાવરણીયાદિના સ્થિતિબંધાધ્યવસાયોથી કષાય મોહનીયના અસંખ્યાતગુણા છે, તેનાથી પણ દર્શનમોહનીયના સ્થિતિબંધાધ્યવસાયો અસંખ્યાતગુણા છે. આ પ્રમાણે પ્રકૃતિસમુદાહાર

વર્ણવ્યો.-૧૦૭

હવે સ્થિતિસમુદાહારમાંના વિષયમાં તીવ્રમંદતા આગળ કહીશું એમ પહેલાં કહ્યું હતું. હવે તે તીવ્રમંદતા કહે છે—

सव्वजहन्नस्स रसादणंतगुणिओ य तस्स उक्कोसो ।
ठिइबंधे ठिइबंधे अज्झवसाओ जहाकमसो ॥१०८॥

सर्वजघन्यस्य रसात् अनन्तगुणितश्च तस्योत्कृष्टः ।
स्थितिबन्धे स्थितिबन्धे अध्यवसायो यथाक्रमशः ॥१०८॥

અર્થ—સર્વ જઘન્ય સ્થિતિબંધના સર્વ જઘન્ય રસથી તેનો જ ઉત્કૃષ્ટ રસ અનંતગુણ હોય છે. આ પ્રમાણે પ્રત્યેક સ્થિતિસ્થાનકમાં અનુક્રમે અનંતગુણ કહેવો.

ટીકાનુ૦—સૌથી ઓછામાં ઓછો સ્થિતિબંધ કરતા સ્થિતિબંધના હેતુભૂત જે જઘન્ય અધ્યવસાય છે તેનો સંક્લેશરૂપ કે વિશુદ્ધિરૂપ રસ-સ્વભાવ-સામર્થ્ય અલ્પ છે તેનાથી તે જ સ્થિતબંધના હેતુભૂત ઉત્કૃષ્ટ અધ્યવસાય અનંતગુણ સામર્થ્યવાળો હોય છે. અહીં રસનો સ્વભાવ કે સામર્થ્ય એવો અર્થ થાય છે. તાત્પર્ય એ કે જઘન્ય અધ્યવસાયથી ઉત્કૃષ્ટ અધ્યવસાય તેટલો તીવ્ર છે. એ પ્રમાણે પ્રત્યેક સ્થિતિબંધે સ્થિતિબંધના હેતુભૂત જઘન્ય-ઉત્કૃષ્ટ અધ્યવસાયો ઉક્ત પ્રકારે અનંતગુણ તીવ્ર કહેવા.

તે આ પ્રમાણે—જ્ઞાનાવરણીયની જઘન્યસ્થિતિ બાંધતા સ્થિતિબંધના હેતુભૂત જઘન્ય અધ્યવસાય મંદ પ્રભાવવાળો છે. તેનાથી તે જ જઘન્યસ્થિતિ બાંધતા સ્થિતિબંધમાં હેતુભૂત ઉત્કૃષ્ટ અધ્યવસાય અનંતગુણ સામર્થ્યવાળો છે. તેનાથી સમયાધિક જઘન્યસ્થિતિ બાંધતા સ્થિતિબંધમાં હેતુભૂત જઘન્ય અધ્યવસાય અનંતગુણ સામર્થ્યવાળો છે. તેનાથી તે જ સમયાધિક જઘન્ય સ્થિતિબંધમાં હેતુભૂત કષાયોદય-જઘન્ય ઉત્કૃષ્ટ અધ્યવસાય અનંતગુણ સામર્થ્યવાળો છે. આ પ્રમાણે દરેક સ્થિતિસ્થાને જઘન્ય-ઉત્કૃષ્ટ સ્થિતિબંધાધ્યવસાયસ્થાનને અનંતગુણ કહેતા ત્યાં સુધી જવું યાવત્ ઉત્કૃષ્ટસ્થિતિબંધમાં હેતુભૂત છેલ્લો સર્વોત્કૃષ્ટ કષાયોદય-જન્ય અધ્યવસાય અનન્તગુણ સામર્થ્યવાળો થાય. અહીં સ્થિતિબંધના અધ્યવસાયસ્થાનોની અનુકૃષ્ટિ થતી નથી કારણ કે પૂર્વ પૂર્વ સમયથી ઉત્તરોત્તર સમયે નવા જ કષાયોદયજન્ય અધ્યવસાયો હોય છે. તેથી જ એક જ સ્થિતિબંધમાં પણ જઘન્યથી ઉત્કૃષ્ટ સ્થિતિબંધાધ્યવસાયસ્થાન અનંતગુણ સામર્થ્યવાળું કહેવામાં આવે છે. આ પ્રમાણે સ્થિતિસમુદાહાર પૂર્ણ રીતે કહ્યો અને પ્રકૃતિ સમુદાહાર પણ કહ્યો. ૧૦૮

હવે જીવ સમુદાહાર એટલે જીવના વિષયમાં સ્થિતિબંધના હેતુભૂત અધ્યવસાયોનું પ્રતિપાદન કરે છે—

धुवपगई बंधंता चउठाणाई सुभाण इयराणं ।
दो ठाणगाइ तिविवं सट्ठाणजहन्नगाईसु ॥१०९॥

ध्रुवप्रकृतीर्बध्नन्तः चतुःस्थानादि शुभानामितरासाम् ।
द्विस्थानकादिं त्रिविधं स्वस्थानजघन्यकादिषु ॥१०१॥

અર્થ—ધ્રુવબંધિની પ્રકૃતિઓ બાંધતા શુભપ્રકૃતિઓનો ચતુઃસ્થાનકાદિ ત્રણ પ્રકારનો રસ બાંધે છે, અને અશુભ પ્રકૃતિઓનો બે સ્થાનકાદિ ત્રણ પ્રકારનો રસ બાંધે છે. આ રીતે રસનો બંધ સ્વયોગ્ય જઘન્યાદિ સ્થિતિ બાંધતા પ્રવર્ત્તે છે.

ટીકાનુ૰—જ્ઞાનાવરણીય પાંચ, દર્શનાવરણીય નવ, મિથ્યાત્વમોહનીય, સોળ કષાય, ભય, જુગુપ્સા, તૈજસ, કાર્મણ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, અગુરુલઘુ, ઉપઘાત, નિર્માણ અને અંતરાય પંચકરૂપ સુડતાળીસ ધ્રુવપ્રકૃતિઓને બાંધતા પરાવર્ત્તમાન સાતવેદનીય, દેવદ્વિક, મનુષ્યદ્વિક, પંચેન્દ્રિયજાતિ, વૈક્રિયદ્વિક, ઔદારિકદ્વિક, આહારકદ્વિક, સમચતુરસ્રસંસ્થાન, વજ્રઋષભનારાચસંઘયણ, પરાઘાત, ઉચ્છ્વાસ, આતપ, ઉદ્યોત, ત્રસદશક, પ્રશસ્તવિહાયોગતિ, તીર્થંકરનામકર્મ, નરકાયુ વિના ત્રણ આયુ, અને ઉચ્ચગોત્ર ચોત્રીસ પુન્યપ્રકૃતિઓનો ચતુઃસ્થાનક, ત્રિસ્થાનક અને દ્વિસ્થાનક રસબંધ કરે છે.

તે જ પૂર્વોક્ત ધ્રુવપ્રકૃતિઓ બાંધતા જો પરાવર્ત્તમાન અશાતાવેદનીય, વેદત્રય, હાસ્ય, રતિ, શોક, અરતિ, નરકાયુ, નરકદ્વિક, તિર્યગ્દ્વિક, પંચેન્દ્રિય જાતિ વિના શેષ ચાર જાતિ, પ્રથમ સંસ્થાન વિના શેષ પાંચ સંસ્થાન, પ્રથમ સંઘયણ વિના શેષ પાંચ સંઘયણ, અપ્રશસ્ત વિહાયોગતિ, સ્થાવરદશક અને નીચગોત્રરૂપ ઓગણચાળીસ પ્રકૃતિઓ બાંધે તો તેઓનો દ્વિસ્થાનક, ત્રિસ્થાનક અને ચતુઃસ્થાનક રસબંધ કરે છે.

આ પ્રમાણે ધ્રુવપ્રકૃતિ બાંધતા ઉપર પરાવર્ત્તનમાન પુન્ય તથા પાપ પ્રકૃતિઓનો જે રસબંધ કહ્યો તે પોતપોતાને યોગ્ય જઘન્ય કે ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધતા થાય છે એમ સમજવું.

એ જ સંબંધમાં વિશેષ વિચાર આ પ્રમાણે છે—ધ્રુવબંધિ પ્રકૃતિઓની જઘન્યસ્થિતિ બાંધતા પરાવર્ત્તમાન જે શુભ પ્રકૃતિઓ બંધાય છે તેનો ચતુઃસ્થાનક રસબંધ કરે છે, અને જે પરાવર્ત્તમાન અશુભ પ્રકૃતિઓ બંધાય છે તેનો દ્વિસ્થાનક રસબંધ કરે છે, કારણ કે ત્રણ આયુ વિના કોઈપણ પ્રકૃતિઓનો જઘન્ય સ્થિતિબંધ પ્રશસ્ત પરિણામ થાય છે. અને પ્રશસ્ત પરિણામ હોવાથી પુન્યપ્રકૃતિઓનો ચતુઃસ્થાનક અને પાપ પ્રકૃતિઓનો દ્વિસ્થાનક રસબંધ થાય છે.

જેમ જેમ પરિણામની મલિનતા થતી જાય છે તેમ તેમ સ્થિતિબંધ વધારે વધારે થતો જાય છે ત્યારે પુન્યપ્રકૃતિઓમાં રસબંધ મંદમંદ થતો જાય છે અને પાપ પ્રકૃતિઓમાં રસબંધ વધારે વધારે થતો જાય છે. જ્યારે ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરે છે ત્યારે પાપ પ્રકૃતિઓનો ચતુઃસ્થાનક રસબંધ થાય છે અને પુન્યપ્રકૃતિઓનો તથાસ્વભાવે બે સ્થાનક રસબંધ થાય છે. આ પ્રમાણે સ્થિતિબંધ જેમ જેમ ઓછો થાય તેમ તેમ પુન્યપ્રકૃતિઓના રસની વૃદ્ધિ અને પાપપ્રકૃતિઓના રસની હાનિ થતી જાય છે.

આ જ ક્રમે સ્થિતિબંધને અનુસરી રસબંધ કેવી રીતે વધે છે તે કહે છે—ધ્રુવબંધિ પ્રકૃતિઓની અજઘન્ય સ્થિતિ બાંધતા પરાવર્ત્તમાન શુભ પ્રકૃતિઓનો અથવા અશુભ પ્રકૃતિઓનો ત્રિસ્થાનક રસબંધ કરે છે. અહીં બંનેનો સમાન રસબંધ થાય છે તેમ સમજવાનું નથી પરંતુ

જ્યારે અપ્રત્યાખ્યાનાવરણીય કષાય મન્દ હોય ત્યારે પુન્યનો તીવ્ર ત્રિસ્થાનક અને પાપનો મંદ ત્રિસ્થાનક રસબંધ થાય છે, અને જેમ જેમ તે કષાય તીવ્ર થતો જાય તેમ તેમ પુન્યનો મંદ મંદ ત્રિસ્થાનક અને પાપનો તીવ્ર તીવ્ર ત્રિસ્થાનક રસબંધ થતો જાય છે. ત્રિસ્થાનક રસબંધના અસંખ્ય પ્રકાર હોવાથી આ હકીકત ઘટી જાય છે.

ધ્રુવબંધિની પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધતા પરાવર્ત્તમાન પુન્ય પ્રકૃતિઓનો દ્વિસ્થાનક રસબંધ અને અશુભ પ્રકૃતિઓનો ચતુઃસ્થાનક રસબંધ કરે છે. અહીં પણ જેમ જેમ કષાયનું બળ વધતું જાય તેમ તેમ સ્થિતિબંધ વધારે, પુન્યનો રસ મંદ અને પાપનો તીવ્ર રસબંધ થાય છે એમ સમજવાનું છે. આ જ કારણથી પુન્ય પ્રકૃતિઓનો ચતુઃસ્થાનકાદિ ત્રિવિધ રસબંધ કહ્યો અને પાપ પ્રકૃતિઓનો દ્વિસ્થાનકાદિ ત્રિવિધ રસબંધ કહ્યો.

કારણ કે જ્યારે પુન્ય પ્રકૃતિઓનો ચતુઃસ્થાનક રસબંધ થતો હોય ત્યારે પરિણામ અતિશય નિર્મળ હોય છે તે વખતે સ્થિતિબંધ જઘન્ય થાય અને પાપ પ્રકૃતિઓનો એક સ્થાનક કે બે સ્થાનક રસબંધ થાય.

જ્યારે પુન્ય પ્રકૃતિઓનો ત્રિસ્થાનક રસબંધ થાય ત્યારે શુભ પરિણામની મંદતાને લઈ સ્થિતિબંધ અજઘન્ય-મધ્યમ થાય અને પાપ પ્રકૃતિઓનો ત્રિસ્થાનક રસબંધ થાય.

જ્યારેં પુન્ય પ્રકૃતિઓનો દ્વિસ્થાનક રસબંધ થાય ત્યારે પરિણામની ક્લિષ્ટતા હોવાથી સ્થિતિબંધ ઉત્કૃષ્ટ થાય તથા પાપ પ્રકૃતિઓનો ચતુઃસ્થાનક રસબંધ થાય છે.

સ્થિતિબંધ તથા રસબંધનો આધાર કષાય પર છે. જેમ જેમ કષાય તીવ્ર તેમ તેમ સ્થિતિબંધ વધારે, પુન્યમાં રસ મંદ અને પાપમાં તીવ્ર રસબંધ થાય છે. એ નિયમ પ્રમાણે જ્યારે અનંતાનુબંધી કષાય તીવ્ર રૂપમાં હોય ત્યારે સ્થિતિબંધ ઉત્કૃષ્ટ, પાપ પ્રકૃતિઓમાં રસ તીવ્ર—ચતુઃસ્થાનક અને પુન્યમાં રસ મંદ-તથાસ્વભાવે બે સ્થાનક થાય છે, જેમ જેમ તે કષાય ઘટતો જાય તેમ તેમ પાપમાં રસ મંદ, પુન્યમાં વધારે અને સ્થિતિબંધ ઓછો થતો જાય છે.

અપ્રત્યાખ્યાનાવરણીય તીવ્ર રૂપમાં હોય ત્યારે સ્થિતિબંધ મધ્યમ, પુન્યમાં ત્રિસ્થાનક અને પાપમાં પણ ત્રિસ્થાનક રસબંધ થાય છે, તે કષાય પણ જેમ જેમ ઘટતો જાય તેમ તેમ પુન્ય પ્રકૃતિઓના રસમાં વૃદ્ધિ અને પાપના રસમાં હાનિ થતી જાય છે.

પ્રત્યાખ્યાનાવરણીય કષાય્ જ્યારે તીવ્ર રૂપમાં હોય ત્યારે સ્થિતિબંધ પૂર્વના કરતાં કમ, પુન્યનો ચતુઃસ્થાનક રસબંધ અને પાપનો બે સ્થાનક રસબંધ થાય છે. તે પણ કષાયના ઘટવાથી ઘટતો જાય છે. સંજ્વલનકષાય જ્યારે તીવ્ર રૂપમાં હોય ત્યારે સ્થિતિબંધ પૂર્વનાથી કમ, પુન્યનો ચતુઃસ્થાન રસબંધ પરંતુ પૂર્ણથી ઘણો વધારે અને પાપનો બે સ્થાનક રસબંધ થાય છે. તેનું બળ પણ જેમ જેમ ઘટતું જાય છે તેમ તેમ પુન્યનો ચતુઃસ્થાનક રસ વધતો જાય છે અને પાપનો બે સ્થાનક કે એક સ્થાનક રસબંધ થાય છે. છેવટે દશમા ગુણસ્થાનકના અંત સમયે કષાય અત્યંત મંદ હોવાથી પુન્યનો અત્યંત ઉત્કૃષ્ટ અને પાપનો અત્યંત હીન રસબંધ થાય છે. આ પ્રમાણે કષાયની તીવ્ર મંદતા પર સ્થિતિ-રસબંધની તીવ્ર મંદતા અવલંબે છે. ૧૦૯

હવે ધ્રુવ પ્રકૃતિઓની જઘન્યાદિ સ્થિતિ બાંધતા પુન્ય પ્રકૃતિઓના ચતુઃસ્થાનકાદિ રસબંધ

કરનારા અને પાપ પ્રકૃતિઓના દ્વિસ્થાનકાદિ રસબંધ કરનારા જીવોના વિષયમાં અલ્પબહુત્વ કહે છે—

चउदुठाणाइ सुभासुभाण बंधे जहन्नधुवठिइसु ।
थोवा विसेसअहिया पुहुत्तपरओ विसेसूणा ॥११०॥

चतुःद्विस्थानादौ शुभाशुभानां बन्धे जघन्यध्रुवस्थितिषु ।
स्तोका विशेषाधिकाः पृथक्त्वपरतो विशेषोनाः ॥११०॥

અર્થ—પુન્ય પ્રકૃતિઓનો ચતુઃસ્થાનક અને પાપ પ્રકૃતિઓનો બે સ્થાનક રસબંધ થતો હોય ત્યારે ધ્રુવ પ્રકૃતિઓની જઘન્ય સ્થિતિ બાંધનારા જીવો અલ્પ હોય છે, પછી પછીની સ્થિતિ બાંધનારા જીવો ક્રમશઃ વધારે વધારે હોય છે. શતપૃથક્ત્વ સાગરોપમ પછીનાં સ્થાનકોમાં અલ્પ અલ્પ હોય છે.

ટીકાનુ૰—પરાવર્ત્તમાન શુભ પ્રકૃતિઓનો ચઉઠાણિયો અને પરાવર્ત્તમાન અશુભ પ્રકૃતિઓનો બેઠાણિયો રસ બાંધતા જે જીવો ધ્રુવબંધિ પ્રકૃતિઓની જઘન્ય સ્થિતિ બાંધે છે તે થોડા છે, ત્યારપછીની બીજી સ્થિતિ જેઓ બાંધે છે તે વિશેષાધિક છે, ત્રીજી સ્થિતિ બાંધનારા વિશેષાધિક છે, એ પ્રમાણે ઉત્તરોત્તર ત્યાં સુધી કહેવું યાવત્ સેંકડો પૃથક્ત્વ સાગરોપમ પ્રમાણ સ્થિતિઓ જાય. અહીં 'પૃથક્ત્વ' શબ્દ બહુત્વવાચી હોવાથી તાત્પર્ય આ પ્રમાણે છે—

ઘણા સેંકડો સાગરોપમપ્રમાણ સ્થિતિઓ જાય ત્યાં સુધી અનુક્રમે એક એક સ્થિતિ સ્થાને વિશેષાધિક વિશેષાધિક જીવો કહેવા. ત્યારપછીથી વિશેષહીન વિશેષહીન કહેવા. અને તે પણ એક એક સ્થિતિસ્થાનકે વિશેષહીન વિશેષહીન અનેક સેંકડો સાગરોપમ સુધી કહેવા.

પરાવર્ત્તમાન શુભ અથવા અશુભ પ્રકૃતિઓનો ત્રણઠાણિઓ રસ બાંધતા તે સમયે જેટલી સ્થિતિ બંધાઈ શકે તેટલી ધ્રુવબંધિ પ્રકૃતિઓની જઘન્ય સ્થિતિ બાંધનારા જીવો થોડા છે, ત્યારપછીની બીજી સ્થિતિ બાંધનારા વિશેષાધિક, ત્રીજી સ્થિતિ બાંધનારા વિશેષાધિક, એ પ્રમાણે ઉત્તરોત્તર વિશેષાધિક વિશેષાધિક ત્યાં સુધી કહેવું યાવત્ ઘણા સેંકડો સાગરોપમ પ્રમાણ સ્થિતિઓ જાય. ત્યારપછી એક એક સ્થિતિસ્થાનકે વિશેષહીન વિશેષહીન કહેવા, તે પણ સેંકડો સાગરોપમ પ્રમાણ સ્થિતિસ્થાનક સુધી કહેવા.

પરાવર્ત્તમાન શુભ પ્રકૃતિઓનો બેઠાણિયો રસ અને પરાવર્ત્તમાન અશુભ પ્રકૃતિઓનો ચઉઠાણિયો રસ બાંધતા ધ્રુવબંધિ પ્રકૃતિઓની સ્વભૂમિકાને અનુસરી જઘન્ય સ્થિતિ બાંધનારા એટલે કે તે વખતે જેટલી સ્થિતિ બંધાઈ શકે તેટલી સ્થિતિ બાંધનારા જીવો અલ્પ છે, ત્યારપછીની બીજી સ્થિતિ બાંધનારા વિશેષાધિક છે, ત્યારપછીની ત્રીજી સ્થિતિ બાંધનાર વિશેષાધિક છે, એ પ્રમાણે ત્યાં સુધી કહેવું યાવત્ ઘણા સેંકડો સાગરોપમ પ્રમાણ સ્થિતિઓ જાય. ત્યારપછીની સ્થિતિ બાંધનારા જીવો ઉત્તરોત્તર હીન હીન છે. તે પણ ઉત્તરોત્તર સ્થિતિઓમાં વિશેષહીન વિશેષહીન સેંકડો સાગરોપમ પ્રમાણ સ્થિતિસ્થાનક પર્યંત કહેવું. આ પ્રમાણે અનંતરોપનિધા વડે વિચાર કર્યો. ૧૧૦

હવે પરંપરોપનિધા વડે વિચાર કરતાં કહે છે—

पल्लसंखियमूला गंतुं दुगुणा हवंति अद्धा य ।
नाणा गुणहाणीणं असंखगुणमेगगुणविवरं ॥१११॥

पल्याऽसंख्येयमूलानि गत्वा द्विगुणा भवन्ति अर्द्धाश्च ।
नानागुणहानीनामसंख्यगुणमेकं गुणविवरम् ॥१११॥

અર્થ—પલ્યોપમના અસંખ્યાતા વર્ગમૂળો ઓળંગીને ત્યારપછીના સ્થાનકમાં બમણા બમણા જીવો શતપૃથક્ત્વ સાગરોપમ પર્યંત થાય છે. ત્યારપછીથી તેટલાં સ્થાનકો ઓળંગીને અર્ધા થાય છે. ગુણવૃદ્ધિ અને ગુણહાનિનાં સ્થાનકો અલ્પ છે, અને ગુણવૃદ્ધ કે ગુણહીનના આંતરાનાં સ્થાનો અસંખ્યાતગુણા છે.

ટીકાનુ૦—પરાવર્ત્તમાન પુન્ય પ્રકૃતિઓનો ચઉઠાણિયો અને પાપ પ્રકૃતિઓનો બેઠાણિયો રસ બાંધતા જે જીવો ધ્રુવબંધિ પ્રકૃતિઓની જઘન્ય સ્થિતિ બાંધે છે, તેની અપેક્ષાએ તે જઘન્ય સ્થિતિથી આરંભી પલ્યોપમના અસંખ્યાતા વર્ગમૂળોમાં જેટલા સમયો હોય તેટલાં સ્થિતિસ્થાનો ઓળંગી પછી જે સ્થિતિસ્થાનક આવે તેના બાંધનારા જીવો બમણા હોય છે. વળી પણ ત્યાંથી તેટલાં સ્થિતિસ્થાનો ઓળંગી પછી જે સ્થિતિસ્થાન આવે તેના બાંધનારા જીવો બમણા હોય છે. આ પ્રમાણે તેટલાં તેટલાં સ્થિતિસ્થાનો ઓળંગી પછી પછીના સ્થિતિસ્થાનને બાંધનારા બમણા બમણા જીવો ત્યાં સુધી કહેવા યાવત્ સેંકડો સાગરોપમ પ્રમાણ સ્થિતિસ્થાનો જાય. ત્યારપછીના સ્થિતિસ્થાનથી આરંભી પલ્યોપમના અસંખ્યાતા વર્ગમૂળ પ્રમાણ સ્થિતિસ્થાનો ઓળંગી પછી જે સ્થિતિસ્થાન આવે તેમાં દ્વિગુણવૃદ્ધના છેલ્લા સ્થાનકની અપેક્ષાએ અર્ધા જીવો હોય છે. ત્યાંથી વળી તેટલાં સ્થિતિસ્થાનો ઓળંગી પછીના સ્થિતિસ્થાનને બાંધનારા જીવો અર્ધા હોય છે. એ પ્રમાણે અર્ધા અર્ધા ત્યાં સુધી કહેવા યાવત્ ઘણા સેંકડો સાગરોપમ પ્રમાણ સ્થિતિસ્થાનો જાય.

સઘળા મળી દ્વિગુણવૃદ્ધિના અને દ્વિગુણહાનિનાં કેટલાં સ્થાનકો થાય ? એ પ્રશ્નના ઉત્તરમાં કહે છે—પલ્યોપમના પ્રથમ વર્ગમૂળના અસંખ્યાતમા ભાગના સમયપ્રમાણ થાય છે.

જે સ્થાનકમાં દ્વિગુણવૃદ્ધ કે દ્વિગુણહીન જીવો હોય છે, તે સ્થાનકો હવે પછીના સ્થાનકની અપેક્ષાએ અલ્પ છે. કેમકે તે પલ્યોપમના પ્રથમ વર્ગમૂળના અસંખ્યાતમા ભાગના સમયપ્રમાણ છે. તેનાથી દ્વિગુણવૃદ્ધ કે દ્વિગુણહીનના એક આંતરામાં અસંખ્યાતગુણા સ્થિતિસ્થાનો છે. કારણ કે પલ્યોપમના અસંખ્યાતા વર્ગમૂળના સમય પ્રમાણ છે.

આ પ્રમાણે પરાવર્ત્તમાન શુભ કે અશુભ પ્રકૃતિઓનો ત્રણ ઠાણિયો રસ બાંધનારા તથા પરાવર્ત્તમાન શુભ પ્રકૃતિઓનો બેઠાણિયો અને અશુભ પરાવર્ત્તમાન પ્રકૃતિઓનો ચઉઠાણિયો રસ બાંધનારા જીવોના વિષયમાં પણ અલ્પબહુત્વ કહેવું.

અહીં શુભ અથવા અશુભ પરાવર્ત્તમાન પ્રકૃતિઓના રસબંધના વિષયમાં અનાકાર ઉપયોગે બેઠાણિયા રસનો બંધ થાય છે એમ સમજવું. આ હકીકત અનુકૃષ્ટિ સમજવાથી સમજી શકાય છે. "તે અને અન્ય" એ પ્રમાણે જ્યાં સુધી અધ્યવસાયોની અનુકૃષ્ટિ થાય છે તેમાંના જે

અધ્યવસાયો વડે બેઠાણિયો રસ બંધાય છે તે અનાકારોપયોગ વડે બંધાઈ શકે છે. ૧૧૧

હવે સઘળાં સ્થિતિસ્થાનોનું અલ્પબહુત્વ કહે છે—

चउठाणाई जवमज्झ हिट्ठुउवरिं सुभाण ठिइबंधा ।
संखेज्जगुणा ठिइठाणगाई असुभाण मीसा य ॥११२॥

चतुःस्थानादीनां यवमध्यादध उपरि शुभानां स्थितिबन्धौ ।
संख्येयगुणानि स्थितिस्थानानि अशुभानां मिश्राणि च ॥११२॥

અર્થ—ચાર સ્થાનકાદિ રસ યોગ્ય સ્થિતિસ્થાનકોના યવમધ્યની નીચે અને ઉપરનાં સ્થિતિસ્થાનો અનુક્રમે સંખ્યાતગુણા છે. શુભ-અશુભ પ્રકૃતિઓનો જઘન્ય સ્થિતિબંધ ક્રમે સંખ્યાતગુણ અને વિશેષાધિક છે અને તેનાથી અશુભ પ્રકૃતિઓના દ્વિસ્થાનકાદિ રસયોગ્ય સ્થિતિસ્થાનોના યવમધ્યની નીચે-ઉપરનાં સ્થિતિસ્થાનો અને મિશ્ર સ્થિતિસ્થાનો સંખ્યાતગુણા છે.

ટીકાનુ૦—જેટલાં અને જે સ્થિતિસ્થાનકોને બાંધતો આત્મા ચઉઠાણિયો રસબંધ કરે છે તેનું જે યવમધ્ય તે ચતુઃસ્થાનક રસ યવમધ્ય કહેવાય છે. આ પ્રમાણે ત્રિસ્થાનકરસ યવમધ્ય અને દ્વિસ્થાનકરસ યવમધ્ય માટે પણ સમજવું.

પરાવર્ત્તમાન પુન્ય પ્રકૃતિઓના ચતુઃસ્થાનકરસ યવમધ્યની નીચેનાં સ્થિતિસ્થાનો અલ્પ છે, તેનાથી ચતુઃસ્થાનક રસ યવમધ્યની ઉપરનાં સ્થિતિસ્થાનો સંખ્યાતગુણા છે, તેનાથી પરાવર્ત્તમાન શુભ પ્રકૃતિઓના ત્રિસ્થાનક રસ યવમધ્યની નીચેનાં સ્થિતિસ્થાનો સંખ્યાતગુણા છે, તેનાથી ત્રિસ્થાનક રસ યવમધ્યની ઉપરનાં સ્થિતિસ્થાનો સંખ્યાતગુણા છે, તેનાથી પરાવર્ત્તમાન પુન્ય પ્રકૃતિઓના દ્વિસ્થાનક રસ યવમધ્યની નીચેના એકાંત સાકારોપયોગ વડે બંધાતાં સ્થિતિસ્થાનો સંખ્યાતગુણા છે, તેનાથી દ્વિસ્થાનકરસ યવમધ્યની નીચેનાં પરંતુ એકાંત સાકારોપયોગ વડે જે સ્થિતિસ્થાનો બંધાય છે તેની ઉપરના સાકાર અને અનાકાર એમ મિશ્ર ઉપયોગ વડે બંધાતાં સ્થિતિસ્થાનો સંખ્યાતગુણા છે, તેનાથી પણ દ્વિસ્થાનકરસ યવમધ્યની ઉપરનાં મિશ્ર સ્થિતિસ્થાનો સંખ્યાતગુણા છે, તેનાથી પણ પરાવર્ત્તમાન પુન્ય પ્રકૃતિઓનો જઘન્ય સ્થિતિબંધ સંખ્યાતગુણો છે.

તેનાથી પરાવર્ત્તમાન અશુભ પ્રકૃતિઓનો જઘન્ય સ્થિતિબંધ વિશેષાધિક છે, તેનાથી પણ પરાવર્ત્તમાન અશુભ પ્રકૃતિઓના દ્વિસ્થાનક રસ યવમધ્યની નીચેના એકાંત સાકારોપયોગ વડે બંધાતાં સ્થિતિસ્થાનો સંખ્યાતગુણા છે, તેનાથી પણ દ્વિસ્થાનક રસ યવમધ્યની નીચેના પરંતુ એકાંત સાકારોપયોગ વડે જ બંધાય છે તેની ઉપરના મિશ્ર-સાકાર અને અનાકાર એમ બંને ઉપયોગ વડે બંધાતાં સ્થિતિસ્થાનો સંખ્યાતગુણા છે, તેનાથી પણ તે જ પરાવર્ત્તમાન અશુભ પ્રકૃતિઓના દ્વિસ્થાનક રસ યવમધ્યની ઉપરનાં મિશ્ર સ્થિતિસ્થાનો સંખ્યાતગુણા છે, (તેનાથી ઉપરના એકાંત સાકારોપયોગ યોગ્ય સ્થિતિસ્થાનો સંખ્યાતગુણા છે,) તેનાથી પણ તે જ પરાવર્ત્તમાન અશુભ પ્રકૃતિઓના ત્રિસ્થાનકરસ યવમધ્યની નીચેનાં સ્થિતિસ્થાનો સંખ્યાતગુણા છે, તેનાથી ત્રિસ્થાનકરસ યવમધ્યની ઉપરનાં સ્થિતિસ્થાનો સંખ્યાતગુણા છે, તેનાથી પરાવર્ત્તમાન અશુભ પ્રકૃતિઓના ચતુઃસ્થાનક રસ યવમધ્યની નીચેનાં સ્થિતિસ્થાનો સંખ્યાતગુણા છે.

તેનાથી પણ ચતુઃસ્થાનક રસ યવમધ્યની ઉપરની ડાયસ્થિતિ સંખ્યાતગુણી છે. અહીં ડાયસ્થિતિ એટલે જે સ્થિતિસ્થાનકથી અપવર્ત્તન કરણ વડે[૧] ઉત્કૃષ્ટ સ્થિતિને પ્રાપ્ત થાય તેટલી સ્થિતિ ડાયસ્થિતિ કહેવાય છે. તેનાથી પણ અંતઃકોડાકોડી સાગરોપમપ્રમાણ સ્થિતિ સંખ્યાતગુણી છે, તેનાથી પણ પરાવર્ત્તમાન પુન્ય પ્રકૃતિઓના દ્વિસ્થાનક રસ યવમધ્યની ઉપરનાં જે મિશ્ર સ્થિતિસ્થાનો છે તેની ઉપરના એકાંત સાકારોપયોગ યોગ્ય સ્થિતિસ્થાનો સંખ્યાતગુણા છે, તેનાથી પણ પરાવર્ત્તમાન પુન્ય પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ વિશેષાધિક છે.

તેનાથી પણ પરાવર્ત્તમાન અશુભ પ્રકૃતિઓની બદ્ધ ડાયસ્થિતિ વિશેષાધિક છે. બદ્ધ ડાયસ્થિતિ એટલે જે સ્થિતિસ્થાનક બાંધીને આત્મા મંડુકપ્લુતિ ન્યાયે ડાય-ફાળ મારીને ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધે ત્યારથી આરંભી ત્યાં સુધીની સ્થિતિ બદ્ધ ડાયસ્થિતિ કહેવાય છે. અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિબંધ કરીને પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય આત્મા અનંતર સમયે ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરી શકે છે માટે અંતઃકોડાકોડી સાગરોપમ ન્યૂન સંપૂર્ણ કર્મસ્થિતિ પ્રમાણ સ્થિતિ બદ્ધ ડાયસ્થિતિ કહેવાય છે. તેનાથી પણ પરાવર્ત્તમાન અશુભ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ વિશેષાધિક છે.

હવે ગાથાનો અક્ષરાર્થ કઈ રીતે કરવો તે કહે છે—ચતુઃસ્થાનાદિ—પરાવર્ત્તમાન શુભ પ્રકૃતિઓના ચઉઠાણિયા, ત્રિઠાણિયા અને બેઠાણિયા રસવાળા દરેકના યવમધ્યની નીચેનાં અને ઉપરનાં સ્થિતિસ્થાનો અનુક્રમે સંખ્યાતગુણા છે. ગાથાના અંતમાં મૂકેલ 'ચ' શબ્દ નહિ કહેલ અર્થનો સમુચ્ચય કરતો હોવાથી દ્વિસ્થાનકરસ યવમધ્યની નીચે-ઉપરનાં મિશ્ર સ્થિતિસ્થાનો સંખ્યાતગુણા કહેવાં.

તથા શુભ-અશુભ પ્રકૃતિઓનો જઘન્ય સ્થિતિબંધ અનુક્રમે સંખ્યેયગુણ તથા વિશેષાધિક કહેવો. તેનાથી પરાવર્ત્તમાન અશુભ પ્રકૃતિઓના દ્વિસ્થાનક, ત્રિસ્થાનક અને ચતુઃસ્થાનક રસવાળા દરેકના સ્થિતિસ્થાનકના યવમધ્યની નીચેનાં અને ઉપરનાં સ્થિતિસ્થાનો સંખ્યાતગુણા છે, અને દ્વિસ્થાનકરસ યવમધ્યની નીચે ઉપરનાં મિશ્ર સ્થાનકો પણ સંખ્યાતગુણા છે. 'ચ' શબ્દ અનુક્તનો સમુચ્ચાયક હોવાથી ડાયસ્થિતિ અને અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિ ક્રમે સંખ્યાતગુણ છે.

તેનાથી પરાવર્ત્તમાન પુન્ય પ્રકૃતિઓના દ્વિસ્થાનકરસ યવમધ્યની ઉપરના એકાંત સાકારોપયોગ યોગ્ય સ્થિતિસ્થાનો સંખ્યાતગુણા છે. તેનાથી પરાવર્ત્તમાન પુન્ય પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ, પરાવર્ત્તમાન અશુભ પ્રકૃતિઓની બદ્ધ ડાયસ્થિતિ અને પરાવર્ત્તમાન અશુભ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ અનુક્રમે વિશેષાધિક છે. આ સઘળાં સ્થાનકોનું અલ્પબહુત્વ સુખપૂર્વક બોધ થાય એટલા માટે આગમને અનુસરી પહેલાં જ કહેવાયું છે.

હવે આ વિષયમાં જીવોનું અલ્પબહુત્વ કહે છે—પરાવર્ત્તમાન પુન્ય પ્રકૃતિઓનો ચાર ઠાણિયો રસ બાંધનારા જીવો અલ્પ છે, તેનાથી ત્રણ સ્થાનક રસ બાંધનારા સંખ્યાતગુણા છે,

---

૧. અહીં તાત્પર્ય એમ જણાય છે કે—જે સ્થિતિસ્થાનક બાંધતો આત્મા ઉત્કૃષ્ટ સ્થિતિ સુધીનાં સ્થાનકોની અપવર્ત્તના કરી શકે તે સ્થિતિ ડાયસ્થિતિ કહેવાય. પછી બહુશ્રુત જાણે.

તેનાથી પણ બેઠાણિયો રસ બાંધનારા જીવો સંખ્યાતગુણા છે, તેનાથી પરાવર્ત્તમાન અશુભ પ્રકૃતિઓનો બેઠાણિયો રસ બાંધનારા જીવો સંખ્યાતગુણા છે, તેનાથી પણ ચઉઠાણિયો રસ બાંધનારા સંખ્યાતગુણા છે, અને તેનાથી પણ ત્રણ સ્થાનક રસ બાંધનારા આત્માઓ વિશેષાધિક છે.

આ પ્રમાણે કર્મપ્રકૃતિ સંગ્રહમાં બંધનકરણનો અનુવાદ સમાપ્ત થયો.

॥ ॐ ह्रीँ श्रीशंखेश्वरपार्श्वनाथाय नमोनमः ॥

પંચસંગ્રહ—દ્વિતીય ભાગ

બંધનકરણ સારસંગ્રહ

પ્રથમ વિભાગમાં યોગ-ઉપયોગ-માર્ગણા વગેરે પાંચ દ્વારનું વર્ણન છે અને આ વિભાગમાં બંધનાદિ આઠ કરણોનું અને બંધોદયસત્તાના સંવેધનું ક્રમશઃ સ્વરૂપ છે.

કર્મબંધ-સામાન્ય, અલ્પનિકાચિત અને ગાઢનિકાચિત એમ ત્રણ પ્રકારે થાય છે.

આત્મા જે સમયે શુભાશુભ ક્રિયાઓ દ્વારા જેટલાં અને જેવા પ્રકારનાં કાર્યો બાંધે છે, તેટલા અને તેવા જ પ્રકારે જ હંમેશાં ઉદયમાં આવે તેવું બનતું નથી, પરંતુ બાંધ્યા પછી તેમાં આત્માના કષાય મિશ્રિત યોગ=અધ્યવસાય અને યોગના બળથી અનેક પ્રકારના ફેરફાર થાય છે, તે જ કષાય મિશ્રિત યોગ=અધ્યવસાય અને યોગના બળને કરણ કહેવામાં આવે છે, અને તેવાં કરણો મુખ્ય આઠ છે.

સામાન્યથી કોઈ પણ કાર્યને ઉત્પન્ન કરનાર પ્રબલ સાધનને કરણ કહેવામાં આવે છે અને અહીં કરણ શબ્દથી કર્મબંધાદિમાં નિમિત્તભૂત આત્માનું વિશેષ પ્રકાનું વીર્ય કહેવાય છે.

ભિન્ન ભિન્ન પ્રકારના કાર્યની અપેક્ષાએ બંધન, સંક્રમણ, ઉદ્વર્ત્તના, અપવર્ત્તના ઉદીરણા, ઉપશમના, નિદ્ધત્તિ અને નિકાચના એમ આઠ જ કરણો છે.

જે વીર્ય વિશેષ વડે કાર્મણ વર્ગણાનાં પુદ્‌ગલોનો આત્મપ્રદેશો સાથે પાણી અને દૂધની જેમ એકમેક થવા રૂપ સંબંધ થાય તે બંધનકરણ, જે વીર્ય વિશેષ વડે અન્ય કર્મરૂપે રહેલ પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશો પોતાના મૂળ કર્મથી અભિન્ન એવી અન્ય પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશ રૂપ થાય તે સંક્રમણ કરણ, જે વીર્ય વ્યાપાર દ્વારા કર્મપ્રકૃતિના સ્થિતિ અને રસ વધે તે ઉદ્વર્તના કરણ અને જે વીર્ય પ્રવૃત્તિથી સ્થિતિ તથા રસ ઘટે તે અપવર્ત્તના કરણ. આ ઉદ્વર્તના અને અપવર્ત્તના સંક્રમણ કરણના પેટા ભેદો કહી શકાય. લાંબા કાળે ફળ આપવા યોગ્ય કર્મ પુદ્‌ગલોને જે વીર્ય વ્યાપાર દ્વારા શીઘ્ર ફળ આપવાની યોગ્યતાવાળા કરી ઉદયાવલિકામાં પ્રવેશ કરાવી ઉદય પ્રાપ્ત કર્મ પુદ્‌ગલો સાથે ભોગવવા યોગ્ય કરવા તે ઉદીરણા કરણ. જે વીર્ય વિશેષથી સત્તામાં રહેલ કર્મપુદ્‌ગલો ઉદય, ઉદીરણા, નિદ્ધત્તિ અને નિકાચના કરણને અસાધ્ય રૂપ થાય તે ઉપશમના કરણ. જે વીર્ય વ્યાપારથી કર્મ ઉદ્વર્ત્તના અને અપવર્તના સિવાય દરેક કરણને અયોગ્ય થાય તે નિદ્ધત્તિકરણ અને જ વીર્ય-વિશેષથી બંધાયેલ કર્મ દરેક કરણને અસાધ્ય જ થાય. અર્થાત્ અવશ્યમેવ વિપાકોદયથી પોતાનું ફળ આપીને જ વિલીન થાય તે નિકાચના કરણ.

બંધનકરણ....બંધ વખતે જ પ્રવર્ત્તે છે, નિદ્ધત્તિ અને નિકાચના કરણ બંધ વખતે અને

બંધ પછી પણ અસર કરે છે અને બાકીનાં સંક્રમણાદિ પાંચ કરણો બંધાયેલ કર્મની બંધ આવલિકા વીત્યા પછી જ તે તે કર્મ ઉપર અસર કરી ફેરફાર કરે છે. આ ઉપરથી સામાન્ય નિદ્ધત્ત અને નિકાચિત્ત એમ કર્મબંધ ત્રણ પ્રકારે હોય છે.

દોરાથી બાંધેલી પરસ્પર સોયોની જેમ આત્મ-પ્રદેશોમાં જે કાર્મણ વર્ગણાનો એકમેક સંબંધ થાય તે સામાન્યબંધ, અગ્નિથી તપાવેલી પરસ્પર યુક્ત કરેલ સોયોની જેમ આત્મ પ્રદેશોમાં કાર્મણ પુદ્ગલોનો જે ગાઢ એકમેક સંબંધ થાય તે નિદ્ધત્ત બંધ. અને અગ્નિથી તપાવેલ હથોડાથી ટીપેલ પરસ્પર એક સ્વરૂપે કરેલ સોયોની જેમ આત્મ પ્રદેશોમાં કાર્મણ પુદ્ગલોનો અત્યંત ગાઢ એકમેકરૂપ જે સંબંધ થાય તે નિકાચિત બંધ કહેવાય છે.

કરણ એ વીર્ય સ્વરૂપ છે. તે વીર્ય સત્તા રૂપે દરેક આત્માઓના પ્રત્યેક પ્રદેશોમાં અનંત અને સમાન હોય છે. અયોગી તથા સિદ્ધ પરમાત્માઓને તે અનંત વીર્ય સંપૂર્ણ પ્રકટ રૂપે હોય છે. તે વીર્ય પુદ્ગલ સહકૃત વ્યાપાર રૂપે ન હોવાથી કરણ રૂપે બની શકતું નથી માટે અહીં લેશ્યાવાળા તેરમા ગુણસ્થાનક સુધીના જીવોના વીર્યનો વિચાર પ્રસ્તુત છે.

વીર્યાન્તરાય કર્મથી ઢંકાયેલા વીર્યને આવૃત્ત વીર્ય કહેવાય છે અને વીર્યાન્તરાય કર્મના ક્ષયોપશમ અથવા ક્ષયથી પ્રગટ થયેલા વીર્યને લબ્ધિવીર્ય કહેવાય છે.

ક્ષાયિક ભાવનું લબ્ધિવીર્ય તેરમા ગુણસ્થાનકવર્તી કેવલી ભગવંતોને સંપૂર્ણ હોય છે અને તે દરેકને સમાન હોય છે તથા ક્ષયોપશમ ભાવનું વીર્ય બારમા ગુણસ્થાનક સુધીના જીવોને હોય છે.

વીર્યાન્તરાય કર્મનો ક્ષયોપશમ દરેક આત્માને ભિન્ન ભિન્ન પ્રકારનો હોવાથી સર્વાલ્પવીર્યવાળા લબ્ધિ અપર્યાપ્ત સૂક્ષ્મ નિગોદિયા જીવના ભવના પ્રથમ સમયથી બારમા ગુણસ્થાનક સુધીના દરેક જીવોને વીર્યલબ્ધિ પણ ભિન્ન ભિન્ન પ્રકારે હોય છે અને વીર્યાન્તરાયના ક્ષયોપશમથી પ્રગટ થયેલ વીર્યમાંથી જે સમયે જેટલા વીર્યનો મન, વચન અને કાયા દ્વારા વ્યાપાર થાય તેટલા વીર્યને કરણવીર્ય અથવા યોગ કહેવાય છે. તે યોગ એક પ્રકારનો હોવા છતાં કારણમાં કાર્યનો ઉપચાર કરવાથી મન, વચન અને કાયાના ભેદથી મનોયોગ, વચનયોગ અને કાયયોગ એમ ત્રણ પ્રકારે કહેવાય છે.

કોઈ પણ એક આત્માના દરેક પ્રદેશોમાં વિવક્ષિત સમયે વીર્યલબ્ધિ સમાન હોવા છતાં કાર્યરૂપે યોગસંજ્ઞાવાળું વીર્ય (કરણવીર્ય) સમાન હોતું નથી. કારણ કે જ્યાં કાર્યનું નજદીકપણું ત્યાં તે આત્મપ્રદેશોમાં ચેષ્ટા વધુ થતી હોવાથી કરણ વીર્ય અધિક હોય છે અને તે આત્મ પ્રદેશોથી જે જે આત્મ પ્રદેશો જેટલે જેટલે અંશે દૂર હોય ત્યાં તે આત્મ પ્રદેશોમાં તેટલે તેટલે અંશે ઓછી ઓછી ચેષ્ટા હોવાથી તે તે આત્મ પ્રદેશોમાં કરણવીર્ય ક્રમશઃ ઓછું ઓછું હોય છે.

જે કરણવીર્ય—દોડવું, હલન-ચલન કરવું વગેરે કેટલીક ક્રિયાઓમાં જીવની ઈચ્છા-પૂર્વક પ્રવર્ત્તે છે તે અભિસંધિજ અને મન વગરના એકેન્દ્રિયાદિ જીવોનો તથા મનવાળા જીવોનો પણ ઈચ્છા વિના જે શરીરમાં લોહીનું ફરવું, નાડીના ધબકારા, ખાધેલા આહારાદિને પચાવવા આદિમાં જે વીર્ય વ્યાપાર તે અનભિસંધિજ કહેવાય છે. ઉપર કહ્યા મુજબ આ કરણ વીર્ય એક

જીવના સર્વ પ્રદેશોમાં તરતમ-ભાવે હોય છે, તેથી તેના અવિભાગ, વર્ગણા, સ્પર્દ્ધક, અંતર, યોગસ્થાન, અનંતરોપનિધા, પરંપરોપનિધા, વૃદ્ધિ-હાનિ, અવસ્થાનકાળ અને જીવો આશ્રયી અલ્પબહુત્વ આ દશ પ્રરૂપણા (વિચારણા) ક્રમશઃ કરવામાં આવે છે.

કેવલીની બુદ્ધિરૂપી શસ્ત્રથી પણ જેના બે વિભાગ ન થઈ શકે એવા વીર્યના અંશને અવિભાગ અથવા નિર્વિભાજ્ય અંશ કહેવાય છે અને ઓછામાં ઓછા વીર્યવાળા લબ્ધિ અપર્યાપ્ત સૂક્ષ્મ નિગોદિયા જીવને ઉત્પત્તિના પ્રથમ સમયે જઘન્ય વીર્યવાળા આત્મ પ્રદેશોમાં પણ અસંખ્યાત લોકાકાશ પ્રદેશો પ્રમાણ અવિભાગો હોય છે અને ઉત્કૃષ્ટથી પણ એક એક આત્મ પ્રદેશમાં અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ વીર્યાવિભાગો હોય છે, પરંતુ જઘન્ય કરતાં ઉત્કૃષ્ટ વીર્યાવિભાગો અસંખ્યગુણ હોય છે.

સર્વથી ઓછા પણ અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ સમાન વીર્યાવિભાગવાળા તે જ જીવના જેટલા પ્રદેશો હોય તેનો સમૂહ તે પ્રથમ વર્ગણા, તેવા આત્મ-પ્રદેશો ઘનીકૃત લોકના અસંખ્યાતમા ભાગમાં રહેલ અસંખ્ય પ્રતરોના અસંખ્ય આકાશ પ્રદેશ સમાન હોય છે તેથી એક વીર્યાવિભાગ અધિક વીર્યવાળા તેટલા જ—પણ પૂર્ણ કરતાં થોડા ઓછા—આત્મ-પ્રદેશોનો સમૂહ તે બીજી વર્ગણા અને તેથી એક વીર્યાવિભાગ જેમાં વધારે હોય એવા અને પૂર્વથી વિશેષ હીન આત્મપ્રદેશોનો સમૂહ તે ત્રીજી વર્ગણા. એ પ્રમાણે ઉત્તરોત્તર એક એક વીર્યાવિભાગની વૃદ્ધિવાળા અને પૂર્વ-પૂર્વથી ઓછા ઓછા આત્મ પ્રદેશોના સમૂહરૂપ શ્રેણિના અસંખ્યાતમા ભાગ પ્રમાણ વર્ગણાઓ થાય છે. અર્થાત્ ત્યાં સુધી એક એક વીર્યાવિભાગની વૃદ્ધિવાળા આત્મપ્રદેશો મળે છે, સરખે સરખા વીર્યાવિભાગવાળા પ્રદેશોના સમૂહને વર્ગણા કહેવાય છે.

સાતરાજપ્રમાણ સૂચિશ્રેણિના અસંખ્યાતમા ભાગમાં રહેલ પ્રદેશ પ્રમાણ વર્ગણાઓનું એક સ્પર્ધક થાય છે. જેની અંદર એક એક વીર્યાવિભાગની વૃદ્ધિ વડે વર્ગણાઓ સ્પર્ધા કરતી હોય તે સ્પર્ધક કહેવાય છે. હજુ એક જીવના પ્રદેશો ઘણા બાકી રહે છે પણ હવે પૂર્વની છેલ્લી વર્ગણાના આત્મ પ્રદેશોમાં રહેલ વીર્યાવિભાગોથી એક એક વીર્યાવિભાગ અધિકવાળા જીવપ્રદેશો હોતા નથી. એ જ પ્રમાણે બે-ત્રણ-ચાર, સંખ્યાત કે અસંખ્યાત વીર્યાવિભાગ અધિકવાળા પણ જીવ પ્રદેશો હોતા નથી. પરંતુ અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ અધિક વીર્યાવિભાગવાળા જીવ પ્રદેશો હોય છે, તેથી જ અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ અંતર છે.

તે પછી પૂર્વની જેમ બીજા સ્પર્ધકની પ્રથમ વર્ગણા અને ત્યારબાદ એક એક વીર્યાવિભાગની વૃદ્ધિવાળા પૂર્વ-પૂર્વથી ઓછા ઓછા જીવ પ્રદેશના સમૂહરૂપ બીજી વગેરે, એમ ફરી પણ શ્રેણિના અસંખ્યાતમા ભાગ પ્રમાણ વર્ગણાઓનું બીજું સ્પર્ધક થાય છે....તે પછી ફરીથી અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ અધિક અધિક વીર્યાવિભાગવાળા જીવ પ્રદેશો હોય છે, એમ શ્રેણિના અસંખ્યાતમા ભાગમાં રહેલ સ્પર્ધકો થાય ત્યારે તે જીવના બધા પ્રદેશો પૂર્ણ થાય છે....અને તે સ્પર્ધકોના સમૂહનું પ્રથમ જઘન્ય યોગસ્થાન થાય છે. આ રીતે ચડતા ચડતા વીર્યવાળા જુદા જુદા જીવોની અપેક્ષાએ સૂચિશ્રેણિના અસંખ્યાતમા ભાગમાં રહેલ અસંખ્ય પ્રદેશ પ્રમાણ અસંખ્યાત યોગસ્થાનો હોય છે. વિવક્ષિત કોઈપણ એક સમયે એક જીવના સર્વ આત્મપ્રદેશોનો વીર્ય વ્યાપાર તે યોગસ્થાન કહેવાય છે. અહીં સ્થાવર પ્રાયોગ્ય એક એક

યોગસ્થાનમાં અનંત સ્થાવર જીવો અને ત્રસ પ્રાયોગ્ય એક એક યોગ સ્થાનમાં ઉત્કૃષ્ટથી અસંખ્ય જીવો હોય છે, તેથી જીવો અનંત હોવા છતાં યોગસ્થાનો અસંખ્યાત જ હોય છે.

પૂર્વ પૂર્વના યોગસ્થાનથી પછી પછીના તરતના જ યોગસ્થાનમાં અંતર વિના કેટલા સ્પર્ધકો અધિક હોય એમ શોધવું તે અનંતરોપનિધા કહેવાય છે, તથાસ્વભાવે જ ઓછા ઓછા વીર્યવાળા જીવ પ્રદેશો વધારે વધારે અને અધિક અધિક વીર્યાવિભાગવાળા જીવ પ્રદેશો ક્રમશઃ ઓછા ઓછા હોય છે, તેથી દરેક જીવના પ્રદેશો સરખા હોવા છતાં પછી પછીના યોગસ્થાનમાં વર્ગણાઓ ઘણી ઘણી થાય છે અને વર્ગણાઓ ઘણી થવાથી અંગુલના અસંખ્યાતમા ભાગમાં રહેલ આકાશ પ્રદેશ પ્રમાણ અસંખ્યાત-અસંખ્યાત સ્પર્ધકો વધતા જાય છે.

કોઈ પણ અમુક યોગ સ્થાનના સ્પર્ધકોથી કેટલાં યોગસ્થાનો ગયા પછીના યોગ સ્થાનમાં બમણા સ્પર્ધકો થાય એમ પરંપરાએ સ્પર્ધકોનો વિચાર કરવો તે પરંપરોપનિધા કહેવાય છે.

સર્વ જઘન્ય પ્રથમ યોગસ્થાનથી શ્રેણિના અસંખ્યાતમા ભાગે રહેલ યોગસ્થાનો ઓળંગ્યા પછીના યોગસ્થાનમાં સ્પર્ધકો બમણા થાય છે, ત્યાંથી પુનઃ તેટલાં યોગસ્થાનો ઓળંગ્યા પછીના યોગસ્થાનમાં બમણા અને સર્વ જઘન્ય યોગ સ્થાનથી ચારગુણા થાય છે. એમ સર્વોત્કૃષ્ટ અંતિમ યોગસ્થાન સુધી પૂર્વ પૂર્વના યોગસ્થાનથી શ્રેણિના અસંખ્યાતમા ભાગ પ્રમાણ યોગસ્થાનો ઓળંગી ઓળંગી પછી પછીના યોગસ્થાનમાં બમણા બમણા સ્પર્ધકો હોય છે. સર્વ યોગસ્થાનોના પ્રમાણભૂત શ્રેણિના અસંખ્યાતમા ભાગથી જેટલાં જેટલાં યોગસ્થાનો ઓળંગી જે જે યોગસ્થાનોમાં બમણા સ્પર્ધકો થાય છે તે તે યોગસ્થાનોના પ્રમાણભૂત શ્રેણિનો અસંખ્યાતમો ભાગ-સંખ્યાતગુણ નાનો હોય છે, તેથી એવાં દ્વિગુણ વૃદ્ધિનાં સ્થાનો પણ કુલ્લે અદ્ધાપલ્યોપમના અસંખ્યાતમા ભાગે રહેલ સમય પ્રમાણ અસંખ્યાત છે અને એક એક વૃદ્ધિની વચમાં રહેલ સ્થાનો શ્રેણિના અસંખ્યાતમા ભાગ પ્રમાણ હોવાથી દ્વિગુણ વૃદ્ધિનાં સ્થાનોથી અસંખ્યાતગુણ હોય છે.

ક્ષમોપશમ તથા બાહ્ય નિમિત્તોની વિચિત્રતા હોવાથી કોઈ પણ જીવને કાયમ માટે સરખો યોગ રહેતો નથી, પરંતુ અસંખ્યાત ભાગ-સંખ્યાત ભાગ-સંખ્યાત ગુણ અને અસંખ્યાત ગુણ એમ ચાર પ્રકારે વૃદ્ધિ અને ચાર પ્રકારે હાનિવાળો હોય છે. ઉત્કૃષ્ટથી પણ પ્રત્યેક પ્રદેશમાં વીર્યાવિભાગો અસંખ્યાત જ હોય છે માટે અનંતગુણ વૃદ્ધિ કે હાનિ સંભવતી નથી.

અસંખ્ય ગુણ વૃદ્ધિવાળાં કે હાનિવાળાં યોગસ્થાનોમાં જીવ નિરંતર અંતર્મુહૂર્ત સુધી અને શેષ ત્રણ પ્રકારની વૃદ્ધિ અથવા હાનિવાળાં યોગસ્થાનોમાં નિરંતર ઉત્કૃષ્ટથી આવલિકાના અસંખ્યાતમા ભાગ પ્રમાણ કાળ સુધી રહી શકે છે અને જઘન્યથી ચારે વૃદ્ધિ તથા હાનિઓ એક-બે સમય સુધી હોય છે.

કેવલ અપર્યાપ્તમાં જ સંભવી શકે તેવા શરૂઆતનાં અસંખ્ય યોગસ્થાનોમાં જીવ એક સમયથી વધારે રહી શકતો જ નથી. કારણ કે અપર્યાપ્ત જીવો દરેક સમયે અસંખ્ય ગુણ વધતા યોગવાળા હોય છે. પરંતુ પર્યાપ્તના જઘન્ય યોગસ્થાનથી સર્વાન્તિમ ઉત્કૃષ્ટ યોગસ્થાન સુધીનાં યોગસ્થાનોમાં જીવ એક સમયથી વધારે કાળ પણ રહી શકે છે અને તેને અવસ્થાકાળ કહેવાય છે.

ત્યાં પર્યાપ્તના સર્વ જઘન્ય યોગસ્થાનથી શરૂઆતના શ્રેણિના અસંખ્યાતમા ભાગ પ્રમાણ યોગસ્થાનોનો ચાર સમય ત્યારપછીના શ્રેણિના અસંખ્યાતમા ભાગ પ્રમાણ યોગસ્થાનોનો પાંચ સમય એમ અનુક્રમે શ્રેણિના અસંખ્યાતમા ભાગ પ્રમાણ યોગસ્થાનોનો છ, સાત, આઠ સાત, છ, પાંચ, ચાર, ત્રણ અને બે સમય ઉત્કૃષ્ટ અવસ્થાન કાળ છે અને જઘન્યથી સર્વનો એક સમય પ્રમાણ કાળ છે.

ચાર સમયાદિક અવસ્થાન કાળવાળાં યોગસ્થાનો શ્રેણિના અસંખ્યાતમા ભાગ પ્રમાણ હોવા છતાં શ્રેણિનો અસંખ્યાતમો ભાગ સમાન ન હોવાથી નીચે પ્રમાણે ઓછાવત્તાપણું હોય છે. આઠ સમયના કાળવાળાં યોગસ્થાનો સર્વથી થોડા અને ત્યારબાદ સાત, છ, પાંચ અને ચાર સમયના કાળવાળાં યોગસ્થાનો અનુક્રમે એક એકથી અસંખ્યાતગુણ અને બન્ને બાજુના પરસ્પર સરખા હોય છે અને તેથી પણ ઉપરના ત્રણ અને બે સમયના કાળવાળાં યોગસ્થાનો અનુક્રમે અસંખ્યાતગુણા હોય છે.

ઉત્પત્તિના પ્રથમ સમયે લબ્ધિ અપર્યાપ્ત સૂક્ષ્મ નિગોદીયાનો જઘન્ય યોગ સર્વથી અલ્પ, તે થકી ઉપરના વિશેષણવાળા બાદર એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચતુરિન્દ્રિય, અસંજ્ઞીપંચેન્દ્રિય અને સંજ્ઞીપંચેન્દ્રિયનો જઘન્ય યોગ અનુક્રમે એક એકથી અસંખ્યાતગુણ હોય છે. તેનાથી લબ્ધિ અપર્યાપ્ત સૂક્ષ્મ નિગોદનો, તે થકી લબ્ધિ અપર્યાપ્ત બાદર એકેન્દ્રિયનો ઉત્કૃષ્ટયોગ ક્રમશઃ અસંખ્યાત ગુણ હોય છે. તે થકી સૂક્ષ્મ અને બાદર પર્યાપ્ત એકેન્દ્રિયનો જઘન્ય અને તેનાથી સૂક્ષ્મ પર્યાપ્ત અને બાદર પર્યાપ્ત એકેન્દ્રિયનો ઉત્કૃષ્ટ યોગ અનુક્રમે અસંખ્યાત ગુણ હોય છે, તેનાથી લબ્ધિ અપર્યાપ્ત બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચતુરિન્દ્રિય, અસંજ્ઞીપંચેન્દ્રિય અને સંજ્ઞીપંચેન્દ્રિયનો ઉત્કૃષ્ટ યોગ ક્રમશઃ એક-એકથી અસંખ્યાતગુણ છે. તે થકી પર્યાપ્ત બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચતુરિન્દ્રિય, અસંજ્ઞીપંચેન્દ્રિય અને સંજ્ઞીપંચેન્દ્રિયનો જઘન્ય યોગ અને તે થકી પર્યાપ્ત બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચતુરિન્દ્રિય, અસંજ્ઞીપંચેન્દ્રિય, અનુત્તરવાસી દેવો, ગ્રૈવેયક દેવો, યુગલિક મનુષ્યતિર્યંચો, આહારક શરીરી, બાકીના દેવો, નારકો, તિર્યંચો અને મનુષ્યોનો ઉત્કૃષ્ટયોગ અનુક્રમે એક એકથી અસંખ્યાત ગુણ છે. અહીં સર્વત્ર ગુણાકાર સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમના અસંખ્યાતમા ભાગમાં રહેલ અસંખ્ય આકાશ પ્રદેશ પ્રમાણ સમજવો.

આત્મા જઘન્ય યોગે જઘન્ય, મધ્યમ યોગે મધ્યમ અને ઉત્કૃષ્ટ યોગે ઉત્કૃષ્ટ પાંચ શરીરને યોગ્ય પુદ્ગલ સ્કંધોને ગ્રહણ કરી તે તે શરીર રૂપે પરિણમાવે છે અને શ્વાસોચ્છ્વાસ, ભાષા તથા મનઃ યોગ્ય પુદ્ગલો સ્કંધોને યોગને અનુસારે ગ્રહણ કરી તે તે રૂપે પરિણમાવી છોડવાની શક્તિને પ્રાપ્ત કરવા માટે અવલંબે પણ છે.

જગતની અંદર એક એક છૂટા પરમાણુઓ જેટલા હોય તે પ્રત્યેકને અથવા સમૂહને પરમાણુ વર્ગણા કહેવાય છે. એ જ પ્રમાણે બે પરમાણુની દ્વિપ્રદેશી, ત્રણ પરમાણુની ત્રિપ્રદેશી એમ સંખ્યાત પ્રદેશો સુધીની સંખ્યાતી, અસંખ્યાત પ્રદેશો સુધીની અસંખ્યાતી અને અનંત પ્રદેશો સુધીની અનંતી વર્ગણાઓ થાય છે. પરમાણુ વર્ગણામાં બતાવ્યા પ્રમાણે અમુક પ્રદેશોની સંખ્યાવાળા એક એક સ્કંધને અથવા અમુક સરખા પ્રદેશોની સંખ્યાવાળા બધા સ્કંધોના સમૂહને

વર્ગણા કહેવાય છે.

છૂટા છૂટા પરમાણુના સમૂહને પરમાણુ વર્ગણા કહી શકાય. પરંતુ એક એક પરમાણુમાં સમૂહ ન હોવાથી વર્ગણા કેમ કહી શકાય ? તેના ઉત્તરમાં સમજવાનું કે એક એક પરમાણુમાં પણ વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ વગેરેના અવિભાજ્ય ભાગો અર્થાત્ ભાવ પરમાણુઓ અનેક હોય છે. તેથી તે અપેક્ષાએ તેઓનો સમૂહ હોવાથી પરમાણુને પણ વર્ગણા કહી શકાય અથવા પરમાણુમાં સ્કંધ રૂપ વર્ગણા થવાની યોગ્યતા હોવાથી તેને વર્ગણા કહેવામાં કોઈ દોષ નથી.

વર્ગણા એ સ્કંધનો એકાર્થવાચી શબ્દ પણ છે. કારણ કે આ જ ગ્રંથમાં આગળ એક એક વર્ગણાની અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ બતાવેલ છે અને તે એક એક સ્કંધની અપેક્ષાએ જ ઘટી શકે. ત્યાં જો સમાન પ્રદેશોની સંખ્યાતવાળા સ્કંધોના સમૂહને વર્ગણા કહેવામાં આવે તો એક એક વર્ગણા સંપૂર્ણ લોકપ્રમાણ અવગાહનાવાળી થાય એમ સમજવું જોઈએ.

અભવ્યથી અનંતગુણ અથવા સિદ્ધના અનંતમા ભાગ પ્રમાણ પરમાણુના બનેલા સ્કંધો ઔદારિક શરીરને યોગ્ય જઘન્ય ગ્રહણ વર્ગણા બને છે. તેનાથી એક પણ પરમાણુ ઓછો હોય તેવા સ્કંધો ઔદારિકાદિ કોઈ પણ શરીરને યોગ્ય બનતા નથી એટલે કે કામમાં આવતા નથી. આ ઔદારિક યોગ્ય જઘન્ય ગ્રહણ વર્ગણામાં એક એક પરમાણુ ઉમેરતાં અનંતી ઔદારિક યોગ્ય વર્ગણાઓ બને છે. જઘન્ય ગ્રહણ વર્ગણામાં રહેલ પરમાણુઓથી અનંત ભાગ અધિક પરમાણુઓ ઔદારિકની ઉત્કૃષ્ટ ગ્રહણ પ્રાયોગ્ય વર્ગણામાં હોય છે. આ પ્રમાણે કાર્મણ સુધીની દરેક જઘન્ય ગ્રહણ વર્ગણામાં રહેલ પરમાણુઓનો અનંતમો ભાગ અધિક કરતાં પોતપોતાની ઉત્કૃષ્ટ ગ્રહણ વર્ગણા થાય છે.

સામાન્યથી જેમ જેમ પરમાણુઓ વધે છે તેમ તેમ તથાસ્વભાવે જ પરિણામ સૂક્ષ્મ સૂક્ષ્મ થાય છે. ઔદારિક ગ્રહણ પ્રાયોગ્ય ઉત્કૃષ્ટ વર્ગણાના સ્કંધમાં એક પરમાણુ અધિક હોય તેવા સ્કંધો ઔદારિકાદિ કોઈ પણ શરીરને ઉપયોગમાં આવતા નથી. તેથી અગ્રહણ વર્ગણા કહેવાય છે, કારણ કે પૂર્વ-પૂર્વનાં શરીરો માટે સૂક્ષ્મ અને પછી પછીનાં શરીરો માટે સ્થૂલ પરિણામ થાય છે, તથાસ્વભાવે જ એક પરમાણુ અધિક યા ઓછો થવાથી યોગ્ય અને અયોગ્ય બની જાય છે. બે પરમાણુ અધિક, ત્રણ પરમાણુ અધિક યાવત્ અંતિમ ગ્રહણ યોગ્ય વર્ગણામાં અભવ્યથી અનંતગુણ અથવા સિદ્ધના અનંતમા ભાગ પ્રમાણ પરમાણુઓ વધે તેવા બધા સ્કંધો અગ્રહણ યોગ્ય હોય છે. એ જ પ્રમાણે સર્વત્ર અંતિમ ગ્રહણ પ્રાયોગ્ય વર્ગણામાં અભવ્યથી અનંતગુણ અથવા સિદ્ધના અનંતમા ભાગ જેટલા પરમાણુઓ વધે ત્યાં સુધીની વર્ગણાઓ અગ્રહણ યોગ્ય અને પછી એક પરમાણુ વધે ત્યારે ગ્રહણ યોગ્ય બને છે એમ ઔદારિક અગ્રહણ પછી વૈક્રિય ગ્રહણ-અગ્રહણ, આહારક ગ્રહણ-અગ્રહણ, તૈજસ ગ્રહણ-અગ્રહણ, ભાષા ગ્રહણ-અગ્રહણ, શ્વાસોચ્છ્વાસ ગ્રહણ-અગ્રહણ, મનઃ ગ્રહણ-અગ્રહણ અને કાર્મણ ગ્રહણ, યોગ્ય વર્ગણાઓ બને છે.

અંતિમ કાર્મણ ગ્રહણ વર્ગણામાં એક પરમાણુ અધિક થાય ત્યારે ધ્રુવાચિત્ત વર્ગણા બને છે. આ પ્રથમ ધ્રુવાચિત્ત વર્ગણામાં સર્વ જીવ-રાશિથી અનંત ગુણ પરમાણુઓ વધે ત્યાં સુધીની અનંતી ધ્રુવાચિત્ત વર્ગણાઓ છે. જે વર્ગણાઓ કાયમ માટે જગતમાં હોય જ છતાં તે વર્ગણાઓને

જીવ કોઈ પણ કાળે ગ્રહણ કરતો જ નથી માટે ધ્રુવાચિત્ત કહેવામાં આવે છે.

સર્વોત્કૃષ્ટ ધ્રુવાચિત્ત વર્ગણામાં એક પરમાણુ ઉમેરતાં અધ્રુવાચિત્ત જઘન્ય વર્ગણા થાય છે, એમાં એક એક પરમાણુ અધિક કરતાં સર્વ જીવરાશિથી અનંતગુણ પરમાણુ અધિક થાય ત્યાં સુધીની અનંતી અધ્રુવાચિત્ત વર્ગણાઓ બને છે. જે વર્ગણાઓ જગતમાં કાયમ વિદ્યમાન નથી હોતી. પરંતુ કોઈક વાર તેમાંની કેટલીક હોય અને કેટલીક ન પણ હોય તેથી અધ્રુવ, એ પરિણામે રહેલ વર્ગણાઓને જીવ કોઈ પણ કાલે ગ્રહણ કરતો ન હોવાથી અચિત્ત કહેવાય છે. શાસ્ત્રોમાં કેટલાંયેક સ્થાનોએ આ વર્ગણાઓને સાન્તર-નિરંતર વર્ગણા પણ કહેલ છે. સર્વાન્તિમ અધ્રુવાચિત્ત વર્ગણામાં એક પરમાણુ અધિક કરતાં પ્રથમ ધ્રુવશૂન્ય વર્ગણા થાય છે, તેમાં એક એક પરમાણુ ઉમેરતાં યાવત્ સર્વ જીવોથી અનંતગુણ પરમાણુ ઉમેરીએ ત્યાં સુધીની પ્રથમ ધ્રુવશૂન્ય વર્ગણાઓ છે. જે વર્ગણાઓ ક્યારે પણ જગતમાં હોય જ નહીં પરંતુ પછીની વર્ગણામાં કેટલા પરમાણુઓ અધિક છે. માત્ર એ હકીકત બતાવવા માટે જ જેની વિચારણા કરવામાં આવી હોય તેને ધ્રુવશૂન્ય વર્ગણા કહેવાય છે. આગળ પણ ધ્રુવશૂન્ય વર્ગણાઓનો આ જ અર્થ સમજવાનો છે.

પ્રથમ ઉત્કૃષ્ટ ધ્રુવશૂન્ય વર્ગણામાં એક પરમાણુ અધિક કરતાં જઘન્ય પ્રત્યેક શરીરી વર્ગણા થાય છે. તેમાં એક એક પરમાણુ અધિક કરતાં જઘન્ય પ્રત્યેક શરીરી વર્ગણામાં રહેલ પરમાણુઓને સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમના અસંખ્યાતમા ભાગે રહેલ અસંખ્યાત પ્રદેશ પ્રમાણ રાશિથી ગુણાકાર કરવાથી જેટલા પરમાણુઓ થાય તેટલા પરમાણુઓ ઉમેરવાથી ઉત્કૃષ્ટ પ્રત્યેક શરીરી વર્ગણા થાય છે. પ્રત્યેક શરીરી જીવોને સત્તામાં રહેલ ઔદારિકાદિ પાંચેય શરીર નામકર્મની વર્ગણાઓમાં સ્વાભાવિક પરિણામથી સર્વ જીવ રાશિ થકી અનંત ગુણ પરમાણુઓથી બનેલ અનંતા સ્કંધો જોડાયેલા હોય છે. તે પ્રત્યેક શરીરી વર્ગણા કહેવાય છે અને તે વર્ગણાઓ જઘન્ય યોગે પણ અનંતી ગ્રહણ થાય છે અને જઘન્યથી ઉત્કૃષ્ટ યોગ ક્ષેત્ર પલ્યોપમના અસંખ્યાતમા ભાગમાં રહેલ પ્રદેશોના ગુણાકાર જેટલો હોય છે તથા યોગના અનુસારે ગ્રહણ કરાતી ઔદારિકાદિ શરીર નામકર્મની વર્ગણાઓમાં એ વર્ગણાઓના પ્રમાણમાં પ્રત્યેક શરીરી વર્ગણાઓ પણ કુદરતીએ ગ્રહણ થાય છે, માટે તેટલી જ હોય છે. એ જ પ્રમાણે બાદર નિગોદી અને સૂક્ષ્મ નિગોદી વર્ગણાઓની સંખ્યા માટે પણ જાણવું.

ઉત્કૃષ્ટ પ્રત્યેક શરીરી વર્ગણામાં એક પરમાણુ અધિક થતાં દ્વિતીય જઘન્ય ધ્રુવશૂન્ય વર્ગણા થાય છે. એ પ્રમાણે વારંવાર એક એક પરમાણુ ઉમેરતાં જઘન્ય ધ્રુવશૂન્ય વર્ગણામાં જેટલા પરમાણુઓ છે તેઓને અસંખ્ય લોકાકાશ અસંખ્ય પ્રદેશો વડે ગુણવાથી જેટલી સંખ્યા થાય તેટલા પરમાણુઓ વધતાં ઉત્કૃષ્ટ દ્વિતીય ધ્રુવશૂન્ય વર્ગણા થાય છે અને તેમાં એક પરમાણુ અધિક થાય ત્યારે જઘન્ય બાદર નિગોદી વર્ગણા થાય છે. એ મુજબ વારંવાર એક એક પરમાણુ અધિક કરતાં જઘન્ય વર્ગણામાં રહેલ પરમાણુઓની સંખ્યાને સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમના અસંખ્યાતમા ભાગમાં રહેલ અસંખ્ય પ્રદેશોએ ગુણવાથી જેટલી સંખ્યા થાય તેટલા પરમાણુઓ અધિક ઉમેરતાં ઉત્કૃષ્ટ બાદર શરીરી વર્ગણા થાય છે. બાદર નામ કર્મના ઉદયવાળા નિગોદના જીવોને સત્તામાં રહેલ ઔદારિક, તૈજસ અને કાર્મણ નામકર્મનાં પુદ્ગલોમાં સર્વ જીવ રાશિથી અનંતગુણ

પરમાણુઓ સ્વાભાવિક રીતે જ સંયુક્ત થયેલા હોય છે, તે બાદર નિગોદી વર્ગણા કહેવાય છે. કેટલાયેક બાદર નિગોદ આત્માઓને વૈક્રિય તથા આહારક શરીર નામકર્મ પણ સત્તામાં હોય છે. પરંતુ તે બન્નેની પ્રથમથી જ ઉદ્વલના થાય છે. તેથી તેની વિવક્ષા કરી નથી.

બાદર નિગોદ ઉત્કૃષ્ટ વર્ગણામાં એક પરમાણુ અધિક થાય છે ત્યારે ત્રીજી જઘન્ય ધ્રુવશૂન્ય વર્ગણા થાય છે. એમાં એક એક પરમાણુ અધિક કરતાં જઘન્ય વર્ગણામાં રહેલ પરમાણુઓને અંગુલ માત્ર ક્ષેત્રના પ્રદેશોના એક આવલિકામાં જેટલા સમયો હોય તેટલા વર્ગમૂળ કાઢી તેમાંના છેલ્લા વર્ગમૂળના અસંખ્યાતમા ભાગમાં જેટલા આકાશ પ્રદેશ હોય તેટલી સંખ્યા વડે ગુણાકાર કરવાથી જેટલી સંખ્યા આવે તેટલા પરમાણુઓ અધિક થાય ત્યારે ઉત્કૃષ્ટ તૃતીય ધ્રુવશૂન્ય વર્ગણા થાય છે. તેમાં એક પરમાણુ અધિક થાય ત્યારે સૂક્ષ્મ નિગોદ વર્ગણા થાય છે. એમાં એક એક પરમાણુ અધિક ઉમેરતાં જઘન્ય વર્ગણામાં રહેલ પરમાણુઓને આવલિકાના અસંખ્યાતમા ભાગમાં રહેલ અસંખ્યાત સમયો વડે ગુણતાં જેટલી સંખ્યા થાય તેટલા પરમાણુઓ અધિક કરવાથી ઉત્કૃષ્ટ સૂક્ષ્મ નિગોદ વર્ગણા થાય છે. અહીં ટીકામાં સૂક્ષ્મ નિગોદના જીવોને જઘન્ય યોગથી ઉત્કૃષ્ટ યોગ આવલિકાના અસંખ્યાતમા ભાગમાં રહેલ અસંખ્યાત સમયોના ગુણાકાર પ્રમાણ કહેલ છે. પરંતુ યોગના અલ્પબહુત્વમાં સર્વત્ર જઘન્ય યોગથી ઉત્કૃષ્ટ યોગ સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમના અસંખ્યાતમા ભાગમાં રહેલ અસંખ્ય પ્રદેશ પ્રમાણ ગુણાકારે કહેલ છે. છતાં અહીં એમ કેમ કહેલ છે ? તેનું રહસ્ય બહુશ્રુતો જાણે !

ઉત્કૃષ્ટ સૂક્ષ્મ નિગોદ વર્ગણામાં એક પરમાણુ અધિક થાય ત્યારે ચોથી જઘન્ય ધ્રુવશૂન્ય વર્ગણા થાય છે. એમાં એક એક પરમાણુ ઉમેરતાં જઘન્ય વર્ગણામાં રહેલ પરમાણુઓને પ્રતરના અસંખ્યાતમા ભાગમાં રહેલ અસંખ્ય પ્રદેશો વડે ગુણાકાર કરતાં જે સંખ્યા આવે તેટલા પરમાણુઓ અધિક થાય ત્યારે ઉત્કૃષ્ટ ચોથી ધ્રુવશૂન્ય વર્ગણા થાય છે અને તેમાં એક પરમાણુ અધિક થાય ત્યારે અચિત્ત મહાસ્કંધ વર્ગણા થાય છે. એમ એક એક પરમાણુ અધિક કરતાં જઘન્ય વર્ગણામાં રહેલ પરમાણુઓને પલ્યોપમના અસંખ્યાતમા ભાગમાં રહેલ અસંખ્યાત સમયો વડે ગુણતાં જેટલા થાય તેટલા પરમાણુઓ અધિક કરવાથી ઉત્કૃષ્ટ અચિત્ત મહાસ્કંધ વર્ગણા થાય છે.

લોખંડમાં જેમ સ્વાભાવિક રીતે કાટ લાગેલો હોય છે તેમ ગુફા, પર્વત અને તેનાં શિખરો વગેરેમાં તથાસ્વભાવે જ સર્વ જીવ-રાશિથી અનંતગુણ પરમાણુઓવાળી વર્ગણાઓ લાગેલી હોય છે. તેને અચિત્ત મહાસ્કંધ વર્ગણા કહે છે. આ વર્ગણાઓ જગતમાં ઘણી હોય છે ત્યારે તથાસ્વભાવે જ ત્રસજીવો ઓછા અને જ્યારે ત્રસજીવો ઘણા હોય છે ત્યારે આ વર્ગણાઓ ઓછી હોય છે. એ ઉપરાંત પણ પન્નવણા સૂત્રમાં અનેક પ્રકારે પુદ્ગલ સ્કંધો બતાવેલ છે પરંતુ પ્રયોજનના અભાવે અહીં બતાવેલ નથી.

આ સઘળી વર્ગણાઓ ગુણ પ્રમાણે યથાર્થ નામવાળી છે. એક પરમાણુમાં એક સમયે પ્રગટપણે કોઈ પણ એક વર્ણ, એક રસ, એક ગંધ, અને શીત-સ્નિગ્ધ, શીત-રુક્ષ, ઉષ્ણ-સ્નિગ્ધ અથવા ઉષ્ણ-રુક્ષ આ બે સ્પર્શ હોય છે. પરંતુ સત્તારૂપે-યોગ્યતારૂપે પાંચ વર્ણ, પાંચ રસ, બે ગંધ અને આઠેય સ્પર્શ હોય છે. માટે જ કેટલાક સ્કંધોમાં પણ વર્ણાદિક ચારેના બધા પેટા ભેદો હોઈ શકે છે. તેમાં ઔદારિક ગ્રહણ વર્ગણાથી આહારક ગ્રહણ સુધીની વર્ગણાઓમાં પાંચ વર્ણ,

બે ગંધ, પાંચ રસ અને આઠ સ્પર્શ હોય છે અને તે વર્ગણાઓ ગુરુ-લઘુ અને બાદર પરિણામી કહેવાય છે અને આહારક અગ્રહણથી કાર્મણ ગ્રહણ સુધીની વર્ગણાઓમાં પાંચ વર્ણ, પાંચ રસ, બે ગંધ અને છેલ્લા ચાર સ્પર્શ હોય છે. કેટલાક આચાર્યોના મતે ગુરુ-લઘુ એ બે સ્પર્શ અવસ્થિત અને છેલ્લા ચાર સ્પર્શમાંથી અવિરોધી એવા કોઈ પણ બે, એમ કુલ ચાર સ્પર્શ હોય છે.

પરમાણુઓ પરસ્પર જોડાવાથી સ્કંધો બને છે. તેથી સ્કંધો બનવા માટે પરમાણુઓમાં કોઈ પણ પ્રકારની સ્નિગ્ધતા અથવા રુક્ષતા હોવી જોઈએ. 'તત્ત્વાર્થ સૂત્રમાં પણ કહ્યું છે કે સ્નિગ્ધતા અને રુક્ષતાથી પુદ્ગલોનો પરસ્પર સંબંધ થાય છે.' જો કે આ ગ્રંથમાં તેમજ કર્મ પ્રકૃતિમાં રુક્ષતાની વાત કરી નથી. પરંતુ માત્ર સ્નિગ્ધતાની જ વાત કરી છે અને તેનું સ્વરૂપ સ્નેહપ્રત્યય સ્પર્દ્ધક વગેરેથી ત્રણ પ્રકારે બતાવેલ છે. પરંતુ રુક્ષતાનું સ્વરૂપ બતાવવામાં આવેલ નથી. છતાં સ્નેહના ઉપલક્ષણથી રુક્ષતાનું પણ ગ્રહણ કરેલ હોય તેમ લાગે છે, અથવા પુદ્ગલોના પરસ્પર સંબંધ થવામાં કારણભૂત જે સ્નિગ્ધતા અને રુક્ષતા છે તે બન્નેને અહીં સ્નેહ શબ્દથી બતાવેલ હોય તેમ લાગે છે. પછી તો બહુશ્રુતો જાણે....વળી ટીકામાં સ્નેહના બદલે ઘણા ઠેકાણે રસ શબ્દનો પ્રયોગ કરેલ છે. પરંતુ કર્મ પરમાણુઓમાં કષાયજનિત પરિણામ દ્વારા ગ્રહણ સમયે જે શુભાશુભ ફળ આપવાની શક્તિરૂપ રસ કહેવાય છે. તે રસનું સ્વરૂપ અનુભાગ બંધના પ્રસંગે હવે પછી આ જ ગ્રંથમાં બતાવવામાં આવશે. તેથી અહીં રસનો અર્થ સ્નેહ જ કરવાનો છે અને તે સ્નેહ, સ્નિગ્ધ સ્પર્શનું બીજું નામ છે.

જગતમાં રહેલ પુદ્ગલોનો પરસ્પર સંબંધ થવામાં તે સ્નેહ કારણ છે. તે સ્નેહનું સ્વરૂપ સ્નેહપ્રત્યય સ્પર્દ્ધકમાં કહેલ છે અને બંધન નામકર્મના ઉદયથી આત્મપ્રદેશો સાથે તેમજ પૂર્વે બંધાયેલ ઔદારિકાદિ પુદ્ગલો સાથે નવીન બંધાતાં ઔદારિકાદિ પુદ્ગલોનો પરસ્પર સંબંધ થવામાં હેતુભૂત સ્નેહનો વિચાર નામ પ્રત્યય સ્પર્દ્ધકમાં કરેલ છે. તેમજ યોગ વડે ગ્રહણ કરાયેલ કાર્મણ વર્ગણાઓનો આત્મપ્રદેશો સાથે તેમજ પૂર્વ બદ્ધ કર્મ પુદ્ગલોની સાથે પરસ્પર સંબંધ થવાના કારણભૂત સ્નેહનો વિચાર પ્રયોગ પ્રત્યય સ્પર્દ્ધકમાં કરેલ છે.

સ્નેહપ્રત્યય સ્પર્દ્ધક

કેવલી ભગવંતની બુદ્ધિરૂપ શાસ્ત્ર વડે છેદવા છતાં પણ જેના બે ભાગ ન પડી શકે એવા નિર્વિભાજ્ય સ્નેહના અંશને સ્નેહાવિભાગ કહેવામાં આવે છે. તેવા એક એક સ્નેહાવિભાગવાળા જગતમાં જેટલા પરમાણુઓ છે, તેઓનો સમુદાય તે પ્રથમ વર્ગણા કહેવાય છે અને તેવા પરમાણુઓ અત્યંત ઘણા છે. બે સ્નેહાણુવાળાં જેટલાં પુદ્ગલો જગતમાં છે, તેઓનો સમુદાય તે બીજી વર્ગણા અને તેવાં પુદ્ગલો પ્રથમ વર્ગણાથી ઓછાં હોય છે. ત્રણ સ્નેહાણુવાળાં પુદ્ગલોનો સમુદાય ત્રીજી વર્ગણા એમ એક એક સ્નેહાણુ અધિક કરતાં સર્વોત્કૃષ્ટ સ્નેહાણુવાળા પરમાણુઓ સુધીની અનંતી વર્ગણાઓ થાય છે. અહીં એક એક સ્નેહાવિભાગની વૃદ્ધિવાળાં પુદ્ગલો જગતમાં નિરંતર મળે છે. તેથી એક જ સ્પર્દ્ધક થાય છે. જગતમાં તથાસ્વભાવે જ ઓછા ઓછા સ્નેહવાળા પરમાણુઓ ઘણા અને અધિક અધિક સ્નેહવાળા પરમાણુઓ થોડા હોય છે. તે કારણથી પ્રથમ વર્ગણાથી ઉત્તરોત્તર યાવત્ સર્વોત્કૃષ્ટ વર્ગણા સુધી પરમાણુઓ ઓછા ઓછા હોય છે. માટે વર્ગણાઓમાં પુદ્ગલોની અપેક્ષાએ અનંતરોપનિધા અને પરંપરોપનિધા એમ બે પ્રકારની હાનિ

સંભવે છે.

ત્યાં પ્રથમ અનંતરોપનિધાથી પ્રથમ વર્ગણાની અપેક્ષાએ અનંતી વર્ગણાઓમાં ક્રમશઃ અસંખ્યભાગહીન-હીન અને ત્યારપછીની અનંતી વર્ગણાઓમાં અનુક્રમે એક એકથી સંખ્યાત ભાગહીન ત્યારપછીની અનંતી વર્ગણાઓમાં ક્રમશઃ સંખ્યાત ગુણહીન ત્યારબાદ અનંતી વર્ગણાઓમાં અસંખ્ય ગુણહીન અને ત્યારપછીની સર્વાંતિમ વર્ગણા સુધીની અનંતી વર્ગણાઓમાં અનંત ગુણહીન હીન પરમાણુઓ હોય છે. તેમાં પણ પાંચે હાનિવાળી વર્ગણાઓ અનંતી હોવા છતાં અસંખ્યાત ભાગહીન પુદ્ગલોવાળી વર્ગણાઓ સર્વથી થોડી તે થકી સંખ્યાત ભાગહીન, સંખ્યાત ગુણહીન, અસંખ્યાત ગુણહીન અને અનંત ગુણહીન પુદ્ગલોવાળી વર્ગણાઓ ક્રમશઃ એક એકથી અનંતગુણ છે અને પરમાણુઓની અપેક્ષાએ અનંત ગુણહીન વર્ગણાઓમાં પરમાણુઓ સૌથી થોડા તેનાથી અસંખ્યાત ગુણહીન, સંખ્યાત ગુણહીન, સંખ્યાત ભાગહીન અને અસંખ્યાત ભાગહીન પુદ્ગલોવાળી વર્ગણાઓમાં પુદ્ગલો અનુક્રમે એક એકથી અનંતગુણ છે.

વિવક્ષિત વર્ગણાથી અમુક વર્ગણાઓ ગયા પછી પુદ્ગલો કેટલાં ઓછાં થાય તેની વિચારણા કરવી તે પરંપરોપનિધા કહેવાય છે.

ત્યાં અસંખ્યાત ભાગહીન પુદ્ગલોવાળી જે અનંતી વર્ગણાઓ છે. તેમાં સર્વથી અલ્પ સ્નેહાણુવાળી જે પ્રથમ વર્ગણા—તેમાં જે પુદ્ગલો છે તેની અપેક્ષાએ અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ વર્ગણાઓ ઓળંગ્યા પછીની વર્ગણામાં પુદ્ગલો અર્ધા હોય છે અને તે વર્ગણાનાં પુદ્ગલોથી પુનઃ અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ વર્ગણાઓ પછીની વર્ગણામાં પુદ્ગલો અર્ધા હોય છે. તેની અપેક્ષાએ ફરીથી તેટલી વર્ગણાઓ ઓળંગ્યા પછીની વર્ગણામાં પુદ્ગલો અર્ધા હોય છે એમ અસંખ્યાતમા ભાગહીન પુદ્ગલોવાળી અંતિમ વર્ગણા સુધી અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ વર્ગણાઓ ઓળંગી ઓળંગી પછી પછીની વર્ગણામાં પુદ્ગલો અર્ધા અર્ધા હોય છે.

અસંખ્યાત ભાગ હાનિવાળી છેલ્લી વર્ગણામાં જેટલાં પુદ્ગલો છે તેની અપેક્ષાએ સંખ્યાત ભાગ હાનિવાળી સંખ્યાતી વર્ગણાઓ ઓળંગ્યા પછીની વર્ગણામાં અર્ધા પુદ્ગલો થાય છે. ત્યાંથી પુનઃ સંખ્યાતી વર્ગણાઓ ઓળંગ્યા પછીની વર્ગણામાં પુદ્ગલો અર્ધા થાય છે. એમ સંખ્યાતી-સંખ્યાતી વર્ગણાઓ ઓળંગી-ઓળંગી પછી પછીની વર્ગણામાં અર્ધા અર્ધા પુદ્ગલો ત્યાં સુધી સમજવા કે યાવત્ સંખ્યાત ભાગ હાનિવાળી અનંતી વર્ગણાઓમાંની છેલ્લી વર્ગણા આવે.

ત્યારપછીની સંખ્યાતગુણહીનાદિક ત્રણ પ્રકારની હાનિવાળી વર્ગણાઓમાં એ રીતે પરંપરોપનિધા ઘટતી નથી. કારણ કે સંખ્યાત ભાગહીન પુદ્ગલોવાળી અન્તિમ વર્ગણાથી સંખ્યાત ગુણહીન પ્રથમ વર્ગણામાં જ પુદ્ગલો સંખ્યાત ગુણહીન એટલે ઓછામાં ઓછા ત્રણ-ચાર ગુણહીન અર્થાત્ ત્રીજા કે ચોથા ભાગ જેટલા થઈ જાય છે.

તે કારણે મૂળથી પાંચે પ્રકારની હાનિવાળી વર્ગણાઓમાં બીજી રીતે પરંપરોપનિધા આ રીતે છે—અસંખ્યાત ભાગહીન જે અનંતી વર્ગણાઓ છે તેમાં પ્રથમ વર્ગણાનાં પુદ્ગલોની અપેક્ષાએ કેટલીક વર્ગણાઓમાં અસંખ્યાત ભાગહીન, કેટલીક વર્ગણાઓમાં સંખ્યાત ભાગહીન, કેટલીક વર્ગણાઓમાં સંખ્યાત ગુણહીન, કેટલીક વર્ગણાઓમાં અસંખ્યાત ગુણહીન અને કેટલીક

છેલ્લી વર્ગણાઓમાં અનંત ગુણહીન પુદ્ગલો હોવાથી પાંચેય પ્રકારની હાનિ સંભવે છે.

સંખ્યાત ભાગહીન પુદ્ગલોવાળી જે અનંતી વર્ગણાઓ છે. તેમાંની પ્રથમ વર્ગણામાં જ પુદ્ગલો તેના પૂર્વની છેલ્લી વર્ગણામાં રહેલ પુદ્ગલોથી સંખ્યાત ભાગહીન હોય છે. તેથી અસંખ્યાત ભાગહીન-હાનિ સંભવતી નથી. તેથી પ્રથમ સંખ્યાત ભાગ હાનિવાળી વર્ગણાનાં પુદ્ગલોની અપેક્ષાએ પછીની કેટલીક વર્ગણાઓમાં સંખ્યાત ભાગહીન, કેટલીકમાં સંખ્યાત ગુણહીન, કેટલીકમાં અસંખ્યાત ગુણહીન અને કેટલીક વર્ગણાઓમાં અનંત ગુણહીન પુદ્ગલો હોવાથી છેલ્લી ચાર હાનિઓ સંભવે છે.

એ જ પ્રમાણે છેલ્લી સંખ્યાત ભાગહીન વર્ગણામાં રહેલ પુદ્ગલોની અપેક્ષાએ સંખ્યાત ગુણહીન પ્રથમ વર્ગણામાં જ પુદ્ગલો સંખ્યાત ગુણહીન થાય છે માટે અસંખ્યાત ભાગ અને સંખ્યાત ભાગહીન વિના શેષ ત્રણ હાનિઓ સંખ્યાત ગુણહીન જે અનંતી વર્ગણાઓ છે તેમાં સંભવે છે. ત્યાં સંખ્યાત ગુણહીન પ્રથમ વર્ગણામાં રહેલ પુદ્ગલોની અપેક્ષાએ શરૂઆતની કેટલીક વર્ગણાઓમાં સંખ્યાત ગુણહીન પછીની કેટલીકમાં અસંખ્યાત ગુણહીન અને પછીની છેલ્લી અનંતી વર્ગણાઓમાં અનંત ગુણહીન પુદ્ગલો સંભવે છે.

એ જ રીતે અસંખ્યાત ગુણહીન પુદ્ગલોવાળી અનંતી વર્ગણાઓમાં અસંખ્યાત ગુણહીન પુદ્ગલોવાળી પ્રથમ વર્ગણાનાં પુદ્ગલોની અપેક્ષાએ શરૂઆતની કેટલીક વર્ગણાઓમાં અસંખ્યાત ગુણહીન અને છેલ્લી અનંતી વર્ગણાઓમાં અનંત ગુણહીન એ બે જ હાનિઓ સંભવે છે. પણ શેષ ત્રણ હાનિ સંભવતી નથી. તેમજ અનંત ગુણહીન અનંતી વર્ગણાઓમાં અનંત ગુણહીન એક જ હાનિ સંભવે છે.

નામપ્રત્યય સ્પર્દ્ધક

અહીં અવિભાગ, વર્ગણા, સ્પર્દ્ધક, અંતર, સ્થાન, વર્ગણા પુદ્ગલ ગત સકલ સ્નેહાવિભાગ, કંડક અને ષટ્સ્થાનપ્રરૂપણા આ આઠ અનુયોગ દ્વારો છે.

વ્યાખ્યાન કરવાની વિશિષ્ટ પદ્ધતિને અનુયોગ દ્વાર કહેવામાં આવે છે.

(૧) અવિભાગ

ત્યાં એક સ્નેહાવિભાગથી માંડી અનંતાનંત સ્નેહાવિભાગવાળા પુદ્ગલો શરીર બંધન નામકર્મને યોગ્ય થતા નથી. પરંતુ જે પુદ્ગલ પરમાણુઓમાં ઓછામાં ઓછા પણ સર્વ જીવોથી અનંતગુણ સ્નેહાવિભાગ હોય તે જ પુદ્ગલો શરીર નામકર્મને યોગ્ય બને છે.

(૨) વર્ગણા

સર્વ જીવરાશિથી અનંત ગુણ અવિભાગ દરેક વર્ગણામાં હોવા છતાં અન્ય સર્વ પરમાણુઓ થકી ઓછા અને સમાન સ્નેહાવિભાગવાળા પરમાણુઓનો જે સમુદાય તે પ્રથમ વર્ગણા, તેથી એક સ્નેહાવિભાગ અધિક પરમાણુઓનો સમુદાય તે બીજી વર્ગણા. એમ પૂર્વ-પૂર્વ વર્ગણાથી એક એક સ્નેહાવિભાગ અધિકવાળા પરમાણુઓના સમુદાય રૂપ અભવ્યથી અનંત ગુણ અને સિદ્ધના અનંતમા ભાગ પ્રમાણ વર્ગણાઓ થાય છે. પૂર્વ-પૂર્વની વર્ગણાથી પછી પછીની

વર્ગણાઓમાં પુદ્‌ગલો ઓછાં ઓછાં હોય છે.

(૩) **સ્પર્દ્ધક**

ઉપર જણાવેલ અભવ્યથી અનંત ગુણ વર્ગણાઓનો સમુદાય તે એક સ્પર્દ્ધક કહેવાય છે. પ્રથમ સ્પર્દ્ધકની અંતિમ વર્ગણામાં રહેલ સ્નેહાવિભાગની અપેક્ષાએ એક-બે, સંખ્યાત-અસંખ્યાત યાવત્ અનંત ગુણ અધિક સ્નેહાણુવાળા પરમાણુઓ મળતા જ નથી. પરંતુ સર્વ જીવ રાશિથી અનંત ગુણ અધિક સ્નેહાવિભાગવાળા પરમાણુઓ મળે છે. તેવા સરખે સરખા સ્નેહાવિભાગવાળા પરમાણુઓના સમુદાય રૂપ બીજા સ્પર્દ્ધકની પ્રથમ વર્ગણા થાય છે. ત્યારબાદ એક-એક સ્નેહાવિભાગની વૃદ્ધિવાળી ઉત્તરોત્તર અભવ્યથી અનંતગુણ અને સિદ્ધના અનંતમા ભાગ જેટલી વર્ગણાઓ થાય ત્યારે બીજું સ્પર્દ્ધક પૂર્ણ થાય છે. પછી પુનઃ સર્વ જીવ રાશિથી અનંત ગુણ અંતર પડે છે. પછી પૂર્વની જેમ અભવ્યથી અનંતગુણ વર્ગણાઓનું ત્રીજું સ્પર્દ્ધક થાય છે. એમ સ્પર્દ્ધકો પણ અભવ્યથી અનંત ગુણ અથવા સિદ્ધના અનંતમા ભાગ જેટલા થાય છે.

(૪) **અંતર**

કોઈ પણ સ્પર્દ્ધકની છેલ્લી વર્ગણાથી તેના પછીના સ્પર્દ્ધકની પ્રથમ વર્ગણામાં સર્વ જીવ રાશિથી અનંત ગુણ સ્નેહાવિભાગનું અંતર હોય છે અને આવાં અંતરો જેટલા સ્પર્દ્ધકો હોય તેનાથી એક ઓછા હોય છે. જેમ ચાર આંગળીના આંતરા ત્રણ હોય છે તેમ અભવ્યથી અનંત ગુણ સ્પર્દ્ધકોમાં એક ન્યૂન અભવ્યથી અનંતગુણ આંતરાઓ હોય છે.

કોઈ પણ એક સ્પર્દ્ધકની વર્ગણાઓમાં ઉત્તરોત્તર એક એક સ્નેહાવિભાગ અને કોઈ પણ સ્પર્દ્ધકની છેલ્લી વર્ગણાથી તેની પછીના સ્પર્દ્ધકની પહેલી વર્ગણામાં સર્વ જીવ રાશિથી અનંત ગુણ સ્નેહાવિભાગ અધિક હોય છે. તેથી સ્નેહાવિભાગની અપેક્ષાએ વર્ગણાઓમાં અંતર વિના બે પ્રકારની વૃદ્ધિ સંભવે છે અને પરંપરોપનિધાએ એક સ્પર્દ્ધક ગત પ્રથમ વર્ગણામાં રહેલ સ્નેહાવિભાગની અપેક્ષાએ કેટલીક વર્ગણાઓમાં અનંત ભાગ અધિક, કેટલીકમાં અસંખ્યાત ભાગ અધિક અને તે જ સ્પર્દ્ધકની છેલ્લી કેટલીક વર્ગણાઓમાં સંખ્યાત ભાગ અધિક—એમ ત્રણ પ્રકારની વૃદ્ધિ સંભવે છે.

પ્રથમ સ્પર્દ્ધકની પ્રથમ વર્ગણાથી અપેક્ષાએ બીજા સ્પર્દ્ધકની પ્રથમ વર્ગણામાં બમણા, ત્રીજા સ્પર્દ્ધકની પ્રથમ વર્ગણામાં ત્રણ ગુણા, એમ હજારમા સ્પર્દ્ધકની પ્રથમ વર્ગણામાં હજાર ગુણા, લાખમા સ્પર્દ્ધકની પ્રથમ વર્ગણામાં લાખ ગુણા, એ પ્રમાણે અસંખ્યાતમા સ્પર્દ્ધકની પ્રથમ વર્ગણામાં અસંખ્યાત ગુણ અને અનંતમા સ્પર્દ્ધકની પ્રથમ વર્ગણામાં અનંતગુણ સ્નેહાવિભાગો હોય છે. તેથી પ્રથમ સ્પર્દ્ધકની કોઈ પણ વર્ગણાના સ્નેહાવિભાગોથી સંખ્યાત સ્પર્દ્ધકો સુધીની કોઈ પણ વર્ગણામાં સંખ્યાતગુણ, અસંખ્યાત સ્પર્દ્ધકો સુધીની વર્ગણાઓમાં અસંખ્યાત ગુણ અને અનંત સ્પર્દ્ધકો સુધીની વર્ગણાઓમાં અનંતગુણ સ્નેહાવિભાગો હોય છે.

(૫) **સ્થાન**

ઉપર બતાવ્યા પ્રમાણે અભવ્યથી અનંતગુણ સ્પર્દ્ધકોનું પ્રથમ સર્વ જઘન્ય એક શરીર સ્થાન થાય છે. ઔદારિકાદિ બંધન નામકર્મના ઉદયથી એક જીવે એક સમયે ગ્રહણ કરેલ સર્વ

પુદ્ગલોના સર્વ સ્નેહ સમુદાયનો વિચાર તે શરીરસ્થાન કહેવાય છે.

(૬) વર્ગણા પુદ્ગલગત સકલ સ્નેહાવિભાગ સમુદાય

વર્ગણામાં રહેલ બધા પરમાણુઓના સ્નેહાવિભાગો કેટલા થાય તે વિચાર. પ્રથમ શરીરસ્થાનના પ્રથમ સ્પર્દ્ધકની પ્રથમ વર્ગણામાં સ્નેહાવિભાગો સર્વથી અલ્પ છે. તે થકી બીજા સ્થાનના પ્રથમ સ્પર્દ્ધકની પ્રથમ વર્ગણામાં અનંતગુણ છે. એ પ્રમાણે ત્રીજા-ચોથા-પાંચમા યાવત્ અંતિમ સ્થાન સુધી પૂર્વ-પૂર્વના શરીર સ્થાનના પહેલા-પહેલા સ્પર્દ્ધકની પહેલી-પહેલી વર્ગણાના સ્નેહાવિભાગથી પછી-પછીના સ્થાનના પ્રથમ-પ્રથમ સ્પર્દ્ધકની પહેલી-પહેલી વર્ગણામાં અનંતગુણ હોય છે.

(૭) કંડક

પ્રથમ શરીર સ્થાનમાં જેટલા સ્પર્દ્ધકો છે તેનાથી અનંત ભાગ અધિક સ્પર્દ્ધકોવાળું બીજું સ્થાન હોય છે અને બીજા સ્થાનમાં જેટલા સ્પર્દ્ધકો હોય છે તેનાથી પણ અનંત ભાગ અધિક સ્પર્દ્ધકોવાળું ત્રીજું સ્થાન હોય છે. એમ પૂર્વ-પૂર્વ સ્થાનના સ્પર્દ્ધકોની અપેક્ષાએ અનંત ભાગ અધિક-અધિક સ્પર્દ્ધકોવાળા નિરંતર અસંખ્ય શરીર સ્થાન થાય છે. તેથી અનંત ભાગ વૃદ્ધ કંડક કહેવાય છે. અંગુલ માત્ર ક્ષેત્રના અસંખ્યાતમા ભાગમાં રહેલ આકાશ પ્રદેશોની જે અસંખ્યાતી સંખ્યા છે તે સંખ્યાને કંડક કહે છે.

(૮) ષટ્સ્થાન

ઉપર બતાવેલ અનંત ભાગ વૃદ્ધના કંડક પછી અસંખ્યાત ભાગ વૃદ્ધનું એક સ્થાન આવે છે. અર્થાત્ અનંત ભાગ વૃદ્ધ સ્થાનોના કંડકના છેલ્લા સ્થાનમાં જેટલા સ્પર્દ્ધકો છે તેનાથી અસંખ્ય ભાગાધિક સ્પર્દ્ધકોનું એક સ્થાન આવે છે. ત્યારબાદ પુનઃ અનંત ભાગ વૃદ્ધ સ્થાનોનું એક કંડક પછી અસંખ્યાત ભાગ વૃદ્ધનું એક સ્થાન એમ વારંવાર કંડક પ્રમાણ અનંત ભાગ વૃદ્ધ સ્થાનો અને એક એક સ્થાન અસંખ્યાત ભાગ વૃદ્ધ ત્યાં સુધી હોય છે કે યાવત્ વચ્ચે વચ્ચે આવેલ અસંખ્યાત ભાગ વૃદ્ધનાં સ્થાનો પણ એક કંડક જેટલાં થાય. ત્યારબાદ પુનઃ કંડક પ્રમાણ અનંત ભાગ વૃદ્ધનાં સ્થાનો આવે અને પછી સંખ્યાત ભાગ વૃદ્ધનું એક સ્થાન આવે, અર્થાત્ છેલ્લા અનંત ભાગ વૃદ્ધ કંડકના છેલ્લા સ્થાનમાં જેટલા સ્પર્દ્ધકો છે તેનાથી સંખ્યાત ભાગ અધિક સ્પર્દ્ધકો આ સ્થાનમાં હોય છે. તેથી આ સંખ્યાત ભાગ વૃદ્ધસ્થાન કહેવાય છે. તે પછી મૂળથી જેટલાં સ્થાનો પ્રથમ આવ્યાં છે તેટલાં બધાં અનંત ભાગ વૃદ્ધ કંડકો અને વચ્ચે વચ્ચે અસંખ્યાત ભાગ વૃદ્ધનાં સ્થાનો ફરીથી આવે અને પછી બીજું સંખ્યાત ભાગ વૃદ્ધનું સ્થાન આવે. ત્યારબાદ ફરીથી પહેલા અને બીજા સંખ્યાત ભાગ વૃદ્ધનાં સ્થાનોની વચ્ચે જેટલા અને જે રીતે અનંત ભાગ વૃદ્ધ કંડકો અને અસંખ્યાત વૃદ્ધનાં સ્થાનો આવ્યાં હતાં તેટલાં બધાં જ આવે, ત્યારબાદ ત્રીજું સંખ્યાત ભાગ વૃદ્ધ સ્થાન આવે. એ પ્રમાણે સંખ્યાત ભાગ વૃદ્ધનાં સ્થાનો પણ વારંવાર ત્યાં સુધી આવે કે તે પણ એક કંડક પ્રમાણ થાય.

ત્યારપછી મૂળથી લઈને જેટલાં સ્થાનો પ્રથમ સંખ્યાત ભાગની પહેલાં આવી ગયાં તેટલાં બધાં સ્થાનો ફરીથી આવે અને ફરીથી સંખ્યાત ભાગ વૃદ્ધ સ્થાન આવવાનો પ્રસંગ પ્રાપ્ત થાય

ત્યારે તે સ્થાન ન આવતાં તેની જગ્યાએ સંખ્યાત ગુણ વૃદ્ધ સ્પર્દ્ધકોવાળું સ્થાન આવે છે. ત્યારપછી મૂળથી અનંત ભાગ વૃદ્ધ, અસંખ્યાત ભાગ વૃદ્ધ અને સંખ્યાત ભાગ વૃદ્ધનાં જે સ્થાનો આવેલાં છે તે બધાં પુનઃ આવે અને પછી બીજું સંખ્યાત ગુણ વૃદ્ધ સ્થાન આવે એમ પહેલા અને બીજા સંખ્યાત ગુણ વૃદ્ધ સ્થાનની વચ્ચે આવેલા અનંત ભાગાધિક ત્રણે પ્રકારનાં બધાં સ્થાનો ફરીથી આવે ત્યારે સંખ્યાત ગુણ વૃદ્ધનું ત્રીજું સ્થાન આવે.

એમ વારંવાર વચ્ચે વચ્ચે ત્રણ-ત્રણ પ્રકારનાં સ્થાનો અને એક એક સંખ્યાત ગુણ વૃદ્ધનું સ્થાન ત્યાં સુધી આવે કે યાવત્ સંખ્યાત ગુણ વૃદ્ધનાં સ્થાનો પણ એક કંડક પ્રમાણ થાય. ત્યારબાદ પ્રથમના ક્રમ મુજબ પુનઃ ત્રણે પ્રકારનાં બધાં સ્થાનો આવી જાય અને સંખ્યાત ગુણ વૃદ્ધ સ્થાનનો પ્રસંગ આવે ત્યારે સંખ્યાત ગુણ વૃદ્ધ સ્થાન આવતું નથી પણ તેના બદલે પૂર્વના અંતિમ સ્થાનમાં રહેલ સ્પર્દ્ધકોની અપેક્ષાએ અસંખ્યાત ગુણ અધિક સ્પર્દ્ધકોવાળું એક સ્થાન આવે છે. ત્યારબાદ શરૂઆતથી લઈને અહીં સુધીમાં જેટલાં સ્થાનો આવેલાં છે તે બધાં સ્થાનો ફરીથી આવે અને પછી અસંખ્યાત ગુણ વૃદ્ધનું બીજું સ્થાન આવે એ પ્રમાણે પહેલા અને બીજા અસંખ્યાત ગુણ વૃદ્ધ સ્થાનની વચમાં જે અનંત ભાગ વૃદ્ધ વગેરે ચાર પ્રકારનાં સ્થાનો આવે છે તેટલાં સ્થાનો આવે. પછી ત્રીજી વાર એક અસંખ્યાત ગુણ વૃદ્ધનું સ્થાન આવે.

એમ એક એક અસંખ્યાત ગુણ વૃદ્ધનું સ્થાન અને તેની વચમાં અનંત ભાગાધિક ચારે પ્રકારનાં સ્થાનો ત્યાં સુધી આવે કે યાવત્ અસંખ્યાત ગુણ વૃદ્ધનાં સ્થાનો પણ એક કંડક પ્રમાણ થાય. ત્યારબાદ ફરીથી અનંત ભાગ વૃદ્ધ વગેરે ચારે પ્રકારનાં સ્થાનો આવે અને પછી ફરીથી અસંખ્યાત ગુણ વૃદ્ધ સ્થાનનો પ્રસંગ આવે ત્યારે તેના બદલે અનંત ગુણ વૃદ્ધનું એક સ્થાન આવે છે. ત્યારપછી શરૂઆતથી લઈને અનંત ભાગ વૃદ્ધાદિ પાંચે પ્રકારનાં જેટલાં સ્થાનો આવે છે તે ફરીથી આવે. પછી બીજું અનંત ગુણ વૃદ્ધનું એક સ્થાન આવે. પછી પુનઃ તેટલાં પાંચેય પ્રકારનાં સ્થાનો આવે. ત્યારબાદ ત્રીજું અનંત ગુણ વૃદ્ધનું સ્થાન આવે. એ પ્રમાણે અનંત ગુણ વૃદ્ધનાં સ્થાનો પણ એક કંડક જેટલાં થઈ જાય છે. ત્યારબાદ અનંત ગુણ વૃદ્ધ વગેરે પાંચેય પ્રકારનાં સ્થાનો ફરીથી આવે. પણ ત્યારબાદ અનંત ગુણ વૃદ્ધનું સ્થાન આવતું નથી. કારણ કે ત્યાં આ પ્રથમ ષટ્સ્થાનની સમાપ્તિ થાય છે.

ત્યારપછી પ્રથમ ષટ્સ્થાનના છેલ્લા સ્થાનના છેલ્લા સ્પર્દ્ધકની છેલ્લી વર્ગણાના સ્નેહાવિભાગથી પણ અનંત ભાગ અધિક સ્નેહાવિભાગવાળી બીજા ષટ્સ્થાનના પ્રથમ સ્થાનના પ્રથમ સ્પર્દ્ધકની પ્રથમ વર્ગણાની શરૂઆત થાય છે અને એ જ રીતે પૂર્વની જેમ બીજું-ત્રીજું યાવત્ અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ ષટ્સ્થાનો થાય છે. તેનો વિશેષ ખ્યાલ ભાષાંતરમાં આપેલ યંત્ર ઉપરથી સમજી શકાશે.

પ્રયોગપ્રત્યય સ્પર્દ્ધક

આ સ્પર્દ્ધકમાં પણ નામપ્રત્યય સ્પર્દ્ધકમાં બતાવ્યા પ્રમાણે અવિભાગાદિ આઠેય અનુયોગ દ્વારોનો વિચાર છે. હવે ત્રણે પ્રકારના સ્પર્દ્ધકોનું અલ્પબહુત્વ આ પ્રમાણે છે. સ્નેહપ્રત્યય સ્પર્દ્ધકની પ્રથમ વર્ગણામાં સ્નેહાવિભાગો સર્વથી અલ્પ છે તે થકી તે જ સ્પર્દ્ધકોની છેલ્લી

વર્ગણામાં સ્નેહાવિભાગો અનંત ગુણ છે. તે થકી નામપ્રત્યય પ્રથમ સ્થાનના પ્રથમ સ્પર્દ્ધકની પ્રથમવર્ગણાના કુલ સ્નેહાવિભાગો અનંત ગુણ છે. તેથી એ જ નામપ્રત્યય સ્પર્દ્ધકના છેલ્લા સ્થાનના છેલ્લા સ્પર્દ્ધકની છેલ્લી વર્ગણાના કુલ સ્નેહાવિભાગો અનંત ગુણ છે. તે થકી પ્રયોગપ્રત્યયમાં પ્રથમ સ્થાનના પ્રથમ સ્પર્દ્ધકની પ્રથમ વર્ગણામાં રહેલ સકલ સ્નેહાવિભાગો અને તે થકી એના ચરિમ સ્થાનના ચરિમ સ્પર્દ્ધકની ચરિમ વર્ગણામાં રહેલ બધાય સ્નેહાવિભાગો ક્રમશઃ અનંત ગુણ છે.

તેરમા ગુણસ્થાનક સુધીના દરેક આત્માઓ યોગના અનુસારે સમયે સમયે અનંતીકાર્મણ વર્ગણાઓ ગ્રહણ કરે છે. ગ્રહણ કરતી વખતે બધી કાર્મણ વર્ગણાઓ સમાન હોવા છતાં ગ્રહણ કરનાર આત્માના અધ્યવસાય પ્રમાણે તેમાં ભિન્ન ભિન્ન સ્વભાવો ઉત્પન્ન થાય છે. ભિન્ન ભિન્ન સ્વભાવો પ્રગટ થવાથી કર્મના પણ મૂળ અને ઉત્તર ભેદોની અપેક્ષાએ અનેક પ્રકારો થાય છે. જેમ દૂધ અને દહીંનો સ્વભાવ ભિન્ન ભિન્ન હોવાથી તે બન્ને વસ્તુ પણ જુદી છે. તેમ કર્મ રૂપે સમાન હોવા છતાં સ્વભાવમાં ભેદથી તેમાં પણ અનેક ભેદો હોય છે અને તે જ પ્રકૃતિબંધ કહેવાય છે. અહીં અનુભાગનો અર્થ સ્વભાવ કરેલો છે. બંધનકરણના સામર્થ્યરૂપ અધ્યવસાય વિશેષથી આત્મા કાર્મણ વર્ગણા ગ્રહણ કરી આત્મપ્રદેશો સાથે દૂધ અને જલની જેમ એકમેક રૂપ સંબંધ કરે છે ત્યારે તે કર્મ કહેવાય છે અને તે કર્મના જ્ઞાનાવરણીય વગેરે મૂળ આઠ અને મતિજ્ઞાનાવરણીય વગેરે ઉત્તર ભેદ સ્થૂલ રૂપે એકસો અઠ્ઠાવન છે. તે દરેક નામો યથાર્થ ગુણવાળા છે. જેમ જ્ઞાનને આવરે તે જ્ઞાનાવરણીય, મતિજ્ઞાનને રોકે તે મતિજ્ઞાનાવરણીય, એમ સર્વત્ર સમજવું.

જે સમયે જે કર્મ બંધાય છે તે જ સમયે બંધાયેલ તે કર્મ આત્મા સાથે કેટલા કાળ કર્મ રૂપે રહેશે તે નક્કી થવું તેને સ્થિતિબંધ કહેવાય છે.

જ્ઞાનાવરણીય અથવા તો સાતા-અસાતા વેદનીય વગેરે કર્મો જ્ઞાનને રોકવાનું કે સુખ-દુઃખ વગેરે ઉત્પન્ન કરવાનું ફળ કેટલા પ્રમાણમાં બતાવશે તે પ્રમાણ બંધ સમયે નક્કી થવું તે રસબંધ અથવા અનુભાગ બંધ કહેવાય છે.

બંધ સમયે જેટલી કાર્મણ વર્ગણા ગ્રહણ થઈ કર્મ રૂપે પરિણામ પામે તે પ્રદેશબંધ કહેવાય છે.

અહીં પ્રકૃતિબંધ એ અવયવી છે અને સ્થિતિબંધાદિ ત્રણ તેના અવયવો છે. માટે જ આ ગ્રંથમાં સ્થિતિબંધાદિ ત્રણના સમુદાયને પ્રકૃતિબંધ કહેલ છે. પરંતુ નવતત્ત્વાદિ ગ્રંથોમાં પ્રકૃતિનો અર્થ સ્વભાવ કહેલ છે.

પ્રકૃતિબંધનું સ્વરૂપ કહીને પ્રદેશબંધનું સ્વરૂપ કહે છે.

પ્રતિસમયે ગ્રહણ કરેલી કાર્મણ વર્ગણાના તે તે સમયે ત્રીજા વિના એકથી સાત ગુણઠાણા સુધી આયુષ્ય બંધાય ત્યારે આઠ અને શેષ કાળે તેમજ ત્રીજે, આઠમે અને નવમે ગુણઠાણે આયુષ્ય વિના સાત, દશમે ગુણઠાણે આયુ અને મોહ વિના છ. અગિયારથી તેર ગુણ ઠાણે એક ભાગ પડે છે અને તેમાં દરેક કર્મને ભાગ સરખે મળતો નથી. પરંતુ આયુષ્યને સૌથી અલ્પ. તે

થકી નામ અને ગોત્રને વિશેષાધિક અને પરસ્પર સમાન. તે થકી જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાયને વિશેષાધિક અને પરસ્પર સમાન. તે થકી મોહનીયને વિશેષાધિક અને તે થકી વેદનીયને વિશેષાધિક ભાગ મળે છે. આનો વિશેષ વિચાર આ જ ગ્રંથના પ્રથમ ભાગમાં પંચમ દ્વારમાં પ્રદેશ બંધના પ્રસંગે બતાવેલ છે. માટે વિશેષાર્થીઓએ ત્યાંથી જોઈ લેવું.

અહીં ગ્રહણ કરેલ દલિકમાં સર્વઘાતી રસવાળા અને દેશઘાતી રસવાળા દલિકો કયા કર્મના કેટલા અને અઘાતી રસવાળા દલિકો કયા કર્મના હોય છે તે કહેવા યોગ્ય છે.

જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય એ ચાર ઘાતી કર્મો છે. તેથી તેઓનો રસ ઘાતી હોય છે, ત્યાં અંતરાય કર્મમાં કોઈ પ્રકૃતિ સર્વઘાતી ન હોવાથી એને મળેલ દલિકના પાંચ ભાગ પડી દાનાન્તરાયાદિક પાંચ અંતરાય રૂપે વહેંચાય છે. શેષ ત્રણ ઘાતી કર્મોમાં બન્ને પ્રકારની પ્રકૃતિઓ હોવાથી દેશઘાતી અને સર્વઘાતી એમ બન્ને પ્રકારનો રસ હોય છે.

પોતપોતાના મૂળ કર્મને પ્રાપ્ત થયેલ દલિકોના અનંતમા ભાગ જેટલા જ સંખ્યાતી સર્વઘાતી રસવાળા દલિકો હોય છે. તેથી જ્ઞાનાવરણીય કર્મને પ્રાપ્ત થયેલ દલિકમાં સર્વઘાતી રસવાળો જે અનંતમો ભાગ છે. તેમાંથી અમુક ભાગ કેવલજ્ઞાનાવરણીયને મળે અને શેષ દલિક મનઃપર્યવ જ્ઞાનાવરણીય વગેરે ચાર પ્રકૃતિઓને મળે છે. એ જ પ્રમાણે દર્શનાવરણીય કર્મને પ્રાપ્ત થયેલ દલિકના અનંતમા ભાગ પ્રમાણ સર્વઘાતી રસવાળા દલિકોમાંથી અમુક ભાગ સર્વઘાતી પાંચ નિદ્રા અને કેવલદર્શનાવરણ એ છને મળે છે અને શેષ દલિક અવધિદર્શનાવરણીય વગેરે ત્રણને મળે છે. મોહનીય કર્મને પ્રાપ્ત થયેલ દલિકના અનંતમા ભાગ પ્રમાણ જે સર્વઘાતી રસવાળા દલિકો છે, તેમાંથી અમુક ભાગના બે ભાગ થઈ એક સંપૂર્ણ ભાગ મિથ્યાત્વ મોહનીયને અને બીજા અર્ધા ભાગના બાર ભાગ પડી અનંતાનુબંધિ ક્રોધાદિ બાર કષાયોને મળે છે. બાકીના સર્વઘાતી અને દેશઘાતી રસવાળા દલિકના બે ભાગ થઈ કષાય મોહનીયને પ્રાપ્ત થયેલ એક ભાગ દલિકના પુનઃ ચાર ભાગ પડી ચારેય સંજ્વલનને અને નોકષાય મોહનીયને પ્રાપ્ત શેષ એક ભાગ એકીસાથે બંધાતી બેમાંથી એક યુગલ, ત્રણ વેદમાંથી એક વેદ અને ભય-જુગુપ્સા એ પાંચ પ્રકૃતિઓને મળે છે.

શેષ ચાર કર્મો અઘાતી હોવાથી તેઓનો બધો રસ અઘાતી જ હોય છે. વેદનીય, આયુષ્ય અને ગોત્ર—આ ત્રણે કર્મોની કોઈ પણ સમયે એક જ પ્રકૃતિ બંધાતી હોવાથી પોતપોતાના મૂળ કર્મને પ્રાપ્ત થયેલ સર્વ દલિક તે સમયે બંધાતી એક જ પ્રકૃતિને સંપૂર્ણપણે મળે છે અને નામકર્મને પ્રાપ્ત દલિકના ભાગ તે સમયે ચૌદ પિંડ, આઠ પ્રત્યેક અને ત્રસવીસકમાંથી જેટલી પ્રકૃતિઓ બંધાતી હોય તે બધી પ્રકૃતિઓને મળે છે અને તેમાંથી વર્ણ-ગંધ-રસ અને સ્પર્શ નામકર્મને પ્રાપ્ત થયેલ દલિકમાંથી પોતપોતાના પેટા ભેદો પ્રમાણે અનુક્રમે પાંચ, બે, પાંચ અને આઠ ભેદો થઈ તેના વીસેય ભેદોને મળે છે. તેમજ શરીર નામ અને સંઘાતન નામકર્મને મળેલ ભાગમાંથી જ્યારે ત્રણ શરીર અને ત્રણ સંઘાતન બંધાતા હોય ત્યારે ત્રણ અને ચાર શરીર અને ચાર સંઘાતન બંધાતા હોય ત્યારે ચાર ભાગ થઈ તે દરેકને મળે છે. એ જ પ્રમાણે અંગોપાંગ નામકર્મને પ્રાપ્ત થયેલ દલિકના પણ જ્યારે એક બંધાતું હોય ત્યારે એકને જ, અને બે બંધાતા હોય ત્યારે બે ભાગ પડી બન્નેને મળે છે. પરંતુ ત્રણેય અંગોપાંગ એકીસાથે બંધાતા નથી. બંધન

નામકર્મને પ્રાપ્ત દલિકના જ્યારે ત્રણ શરીર બંધાતાં હોય ત્યારે સાત અને ચાર શરીર બંધાતાં હોય ત્યારે અગિયાર ભાગ પડી અનુક્રમે સાત અને અગિયારને મળે છે. પરંતુ તેથી વધારે બંધનો એકીસાથે બંધાતાં નથી.

આ દલ વિભાજનની સામાન્ય વિધિ છે. પરંતુ જેના જેટલા ભાગ પડે છે અને જેટલી પ્રકૃતિઓને મળે છે તે દરેકને સમાન જ મળે છે એમ નથી. પરંતુ ૪૧મી ગાથાના ભાષાંતરમાં બતાવેલ અલ્પબહુત્વ પ્રમાણે ન્યૂનાધિક હોય છે.

હવે સ્થિતિબંધ અને રસબંધનું સ્વરૂપ કહેવાનું છે. પરંતુ સ્થિતિબંધથી રસબંધના સ્વરૂપમાં અધિક કહેવાનું હોવાથી ક્રમનું ઉલ્લંઘન કરી પ્રથમ રસબંધનું સ્વરૂપ કહે છે.

ત્યાં અધ્યવસાય, અવિભાગ, વર્ગણા, સ્પર્દ્ધક, અંતર, સ્થાન, કંડક, ષટ્સ્થાન, અધ્યસ્તનસ્થાન, વૃદ્ધિ, સમય, યવમધ્ય, ઓજોયુગ્મ, પર્યવસાન અને અલ્પબહુત્વ આ પંદર અનુયોગ દ્વારો છે.

(૧) અધ્યવસાય

કર્મ પરમાણુઓમાં શુભ કે અશુભ ફળ આપવાની શક્તિ, તાકાત કે પાવરને અહીં રસ કહેવામાં આવે છે. પરંતુ પ્રશ્ન એ થાય છે કે તે રસ કર્મ પરમાણુઓમાં પહેલેથી જ હોય છે કે આત્મા કર્મરૂપે ગ્રહણ કરે ત્યારે નવીન ઉત્પન્ન થાય છે ? જૈન દર્શનની માન્યતા મુજબ જે પદાર્થમાં જે શક્તિ કે ગુણ સર્વથા હોય જ નહીં, તે શક્તિ કે ગુણ કદાપિ ઉત્પન્ન થતા જ નથી. તેમજ કર્મ પરમાણુઓમાં પહેલેથી પણ તેવો રસ પ્રગટ રૂપે હોઈ શકતો નથી. પણ સત્તા રૂપે અર્થાત્ તિરોભાવે હોય છે. જે વખતે આત્મા કાર્મણ વર્ગણા ગ્રહણ કરી કર્મ રૂપે પરિણમાવે છે તે વખતે આત્માનો જેવો તીવ્ર યા મંદ કષાયોદય અને જેવી શુભાશુભ લેશ્યા હોય તેવો રસ પ્રગટ થાય છે.

કડવી તુંબડી અથવા લીંબડા જેવો કડવા વિપાકવાળો હોય તે અશુભ અને શેરડી અગર ખાંડ જેવો આહ્લાદક મધુર વિપાકવાળો હોય તે શુભ રસ છે. ત્યાં પાપ પ્રકૃતિઓમાં અશુભ અને પુન્ય પ્રકૃતિઓમાં શુભ રસ હોય છે.

જેમ જેમ કષાયોની અને અશુભ લેશ્યાઓની તીવ્રતા તેમ તેમ તે સમયે બંધાતી પાપ પ્રકૃતિઓમાં તીવ્ર એટલે કે ઉત્કૃષ્ટ અર્થાત્ વધારે અને પુન્ય પ્રકૃતિઓમાં ઓછો રસ ઉત્પન્ન થાય છે અને જેમ જેમ કષાયોની અને અશુભ લેશ્યાઓની મંદતા અથવા શુભ લેશ્યાઓની તીવ્રતા તેમ તેમ તે વખતે બંધાતી પાપ પ્રકૃતિઓમાં ઓછો અને પુન્ય પ્રકૃતિઓમાં વધારે રસ ઉત્પન્ન થાય છે.

કર્મ પરમાણુઓમાં રસને પ્રગટ કરનાર—લેશ્યા સહિત કષાયોદયવાળા તીવ્ર-તીવ્રતર-તીવ્ર-તમ તેમજ મંદ-મંદતર-મંદતમ જે આત્મ પરિણામો તે જ રસબંધના અધ્યવસાયો છે અને તે અસંખ્યાત લોકાકાશના પ્રદેશ રાશિ પ્રમાણ અસંખ્યાતા છે. અગિયારથી તેર ગુણઠાણા સુધી શુક્લ લેશ્યા હોવા છતાં કષાયોદય ન હોવાથી ત્યાં બંધાતી સાતા-વેદનીયમાં કોઈ પણ પ્રકારનો રસ પડતો નથી. પણ એકથી દસ ગુણસ્થાનક સુધી કષાયોદય પણ હોવાથી તે વખતે બંધાતી કર્મ પ્રકૃતિઓમાં રસ ઉત્પન્ન થાય છે.

પ્રથમ ગુણઠાણે કષાયો અને અશુભ લેશ્યાઓની તીવ્રતા હોવાથી તે વખતે બંધાતી પાપ પ્રકૃતિઓમાં ઘણો અને પુન્ય પ્રકૃતિઓમાં થોડો રસ પડે છે તે જ પ્રમાણે દસમા ગુણઠાણે કષાયો અત્યંત અલ્પ અને લેશ્યા અત્યંત શુભ હોવાથી તે વખતે બંધાતા મતિજ્ઞાનાવરણીય વગેરે અશુભ કર્મોમાં અત્યંત ઓછો અને યશઃકીર્ત્તિ વગેરે શુભ કર્મોમાં અત્યંત વધારે રસ પડે છે.

અધ્યવસાયો શુભ અને અશુભ એમ બે પ્રકારના છે. પહેલાથી દસમા ગુણઠાણા સુધી ચડતા જે અધ્યવસાયો શુભ હોય છે તે જ અધ્યવસાયો દસમાથી પહેલે ગુણઠાણે આવતાં અશુભ હોય છે. ફક્ત ક્ષપક શ્રેણિગત આઠમાથી દસમા ગુણઠાણા સુધીના અધ્યવસાયો ચડતી વખતે જ આવે છે માટે તે શુભ હોય છે. પણ ક્ષપક શ્રેણિથી પડવાનો અભાવ હોવાથી તે અધ્યવસાયો પડતી વખતે આવતા ન હોવાથી અશુભ હોતા નથી. તેથી અશુભ અધ્યવસાયો કરતાં ક્ષપક શ્રેણિગત આ ત્રણ ગુણસ્થાનકના શુભ અધ્યવસાયો અધિક હોય છે.

(૨) અવિભાગ

કષાયવાળા પરિણામ દ્વારા આત્મા જે સમયે કાર્મણ વર્ગણાના જેટલા સ્કંધો ગ્રહણ કરે છે તે દરેક સ્કંધોના પ્રત્યેક પરમાણુઓમાં ઓછામાં ઓછા પણ સર્વ જીવ રાશિથી અનંતગુણ રસાવિભાગો ઉત્પન્ન કરે છે. અર્થાત્ કેવલીની બુદ્ધિ રૂપ શસ્ત્રથી છેદી છેદી એવો અંશ કરે કે જેનો ફરીથી ભાગ પડી શકે જ નહીં તેવા રસના અંશને અવિભાગ પલિચ્છેદ અથવા રસ અવિભાગ કહેવામાં આવે છે અને તેવા રસાવિભાગો એક એક પરમાણુમાં જઘન્યથી પણ સર્વ જીવરાશિથી અનંતગુણ પ્રગટ થાય છે.

(૩) વર્ગણા

એક સમયે ગ્રહણ કરેલ સર્વ કર્મ પરમાણુઓમાં ઓછો-વધતો હોવાથી વર્ગણાઓ અને સ્પર્દ્ધકો વગેરે થાય છે.

ઉપર બતાવ્યા પ્રમાણે સર્વ જીવરાશિથી અનંતગુણ જઘન્ય રસાવિભાગવાળા જે પરમાણુઓનો સમુદાય તે પ્રથમ સ્પર્દ્ધકની સર્વ જઘન્ય પ્રથમ વર્ગણા થાય.છે.

સર્વ જીવરાશિથી અનંતગુણ એ ઘણી મોટી સંખ્યા હોવા છતાં અસત્કલ્પનાએ સાતની સંખ્યા કલ્પીએ તો સાત-સાત રસાવિભાગવાળા પરમાણુઓનો સમુદાય તે પ્રથમ વર્ગણા. તેથી એકાધિક એટલે આઠ રસાવિભાગવાળા પરમાણુઓનો સમુદાય તે બીજી વર્ગણા. તે થકી એકાધિક એટલે નવ રસાવિભાગવાળા પરમાણુઓનો સમુદાય તે ત્રીજી વર્ગણા અને તેથી પણ એકાધિક એટલે દશ રસાવિભાગવાળા પરમાણુઓનો સમુદાય તે ચોથી વર્ગણા. એમ વાસ્તવિક રીતે એક-એક રસાવિભાગની વૃદ્ધિએ અભવ્યથી અનંતગુણ અને સિદ્ધના અનંતમા ભાગ પ્રમાણ વર્ગણાઓનું એક પ્રથમ સ્પર્દ્ધક થાય છે. તેથી અહીં અસત્કલ્પનાથી અભવ્યથી અનંતગુણ સંખ્યાને ચારની સંખ્યા કલ્પતાં આ ચાર વર્ગણાઓનો સમુદાય તે પ્રથમ સ્પર્દ્ધક છે. સરખે-સરખા રસાવિભાગવાળા પરમાણુઓનો સમુદાય તે વર્ગણા કહેવાય છે.

પ્રતિસમયે ગ્રહણ કરાયેલ કર્મ પરમાણુઓમાં તથાસ્વભાવે જ થોડા-થોડા રસવાળા પરમાણુઓ ઘણા હોય છે અને વધારે વધારે રસવાળા પરમાણુઓ ઓછા-ઓછા હોય છે અને

તેથી જ પ્રથમ વર્ગણામાં રસ ઓછો હોવાથી પરમાણુઓ ઘણા હોય છે અને સર્વાન્તિમ વર્ગણા સુધી પછી પછીની વર્ગણાઓમાં રસાવિભાગો ઘણા ઘણા હોવાથી પરમાણુઓ વિશેષ હીન-હીન હોય છે.

(૪) સ્પર્દ્ધક

જેમાં વર્ગણાઓ અંતર વિના એક-એક રસાવિભાગની વૃદ્ધિ વડે સ્પર્ધા કરતી હોય તેને સ્પર્દ્ધક કહેવાય છે અને આ પ્રથમ સ્પર્દ્ધકની અંતિમ વર્ગણાના એક-એક પરમાણુમાં જેટલા રસાવિભાગો છે, તે થકી એક-બે યાવત્ સંખ્યાત-અસંખ્યાત કે અનંત અધિક રસાવિભાગવાળા પરમાણુઓ હોતા જ નથી. પરંતુ સર્વ જીવરાશિથી અનંતગુણ અધિક રસાવિભાગવાળા પરમાણુઓ હોય છે. અહીં અસત્કલ્પનાથી સર્વ જીવરાશિથી અનંતગુણ સંખ્યાને સાતની સંખ્યાથી કલ્પી બતાવવામાં આવેલ છે.

(૫) અંતર

ઉપર બતાવ્યા પ્રમાણે સર્વ જીવરાશિથી અનંતગુણ અધિક રસાવિભાગવાળા એટલે અસત્કલ્પનાથી સાત અધિક રસાવિભાગવાળા એટલે સત્તર રસાવિભાગવાળા જેટલા પરમાણુઓ હોય તેઓના સમુદાયથી બીજા સ્પર્દ્ધકની શરૂઆત થાય છે. તેથી વાસ્તવિક રીતે સર્વ જીવરાશિથી અનંતગુણ અને અસત્કલ્પનાએ સાતનું અંતર પડે છે.

(૬) સ્થાન

સર્વ જીવરાશિથી અનંતગુણ અધિક એટલે અસત્કલ્પનાથી સત્તર-સત્તર રસાવિભાગવાળા પરમાણુઓનો સમુદાય તે બીજા સ્પર્દ્ધકની પ્રથમ વર્ગણા. તેથી એક અધિક એટલે અઢાર રસાવિભાગવાળા પરમાણુઓનો સમુદાય તે બીજી, તેથી એકાધિક એટલે ઓગણીસ રસાવિભાગવાળા પરમાણુઓનો સમુદાય તે ત્રીજી અને તેથી પણ એક અધિક એટલે વીસ રસાવિભાગવાળા પરમાણુઓનો સમુદાય તે ચોથી વર્ગણા. એમ એક-એક રસાવિભાગની વૃદ્ધિએ ખરી રીતે અભવ્યથી અનંતગુણ-અનંતી વર્ગણાઓ હોવા છતાં અસત્કલ્પનાથી આ ચાર વર્ગણાઓનો સમુદાય તે બીજું સ્પર્દ્ધક. આ સ્પર્દ્ધકની છેલ્લી વર્ગણાના પરમાણુઓમાં જે રસાવિભાગો છે તેનાથી એક-બે-યાવત્ સંખ્યાત-અસંખ્યાત કે અનંત અધિક રસાવિભાગવાળા પરમાણુઓ હોતા જ નથી. પરંતુ સર્વ જીવરાશિથી અનંતગુણ અધિક રસાવિભાગવાળા પરમાણુઓ હોય છે. તેથી પુનઃ સર્વ જીવરાશિથી અનંતગુણ અંતર પડે છે.

સર્વ જીવરાશિથી અનંતગુણ એટલે કે અસત્કલ્પનાએ સાત રસાવિભાગ અધિક અર્થાત્ સત્તાવીસ રસાવિભાગવાળા પરમાણુઓનો સમુદાય તે ત્રીજા સ્પર્દ્ધકની પ્રથમ વર્ગણા છે, તેથી એક એક રસાવિભાગ અધિક પરમાણુઓવાળી પ્રથમ સ્પર્દ્ધકની જેમ અહીં પણ અભવ્યથી અનંતગુણ અથવા સિદ્ધના અનંતમા ભાગ પ્રમાણ અનંતી વર્ગણાઓ હોવા છતાં અસત્કલ્પનાથી સત્તાવીસ-અઠ્ઠાવીસ-ઓગણત્રીસ અને ત્રીસ રસાવિભાગવાળા પરમાણુઓના સમુદાય રૂપ ચાર વર્ગણાઓનું ત્રીજું સ્પર્દ્ધક થાય છે. ત્યારબાદ સર્વ જીવરાશિથી અનંતગુણ અંતર પડે છે. પછી એ જ પ્રમાણે અભવ્યથી અનંતગુણ વર્ગણાઓનું ચોથું સ્પર્દ્ધક થાય છે. અસત્કલ્પનાથી સર્વ

જીવરાશિથી અનંતગુણ એટલે સાત અધિક કરતાં સાડત્રીસ-આડત્રીસ-ઓગણચાળીસ-ચાળીસ રસાવિભાગવાળા પરમાણુઓના સમુદાય રૂપ ચાર વર્ગણાઓનું ચોથું સ્પર્દ્ધક થાય છે. એમ વાસ્તવિક રીતે અભવ્યથી અનંતગુણ અને સિદ્ધના અનંતમા ભાગ પ્રમાણ સ્પર્દ્ધકોનું એક રસસ્થાન થાય છે. પરંતુ અસત્કલ્પનાથી અહીં અભવ્યથી અનંતગુણ=ચારની સંખ્યા લીધેલ હોવાથી આ ચાર સ્પર્દ્ધકોનું સર્વ જઘન્ય રસવાળું પ્રથમ રસસ્થાન થાય છે એમ સમજવું.

વિવક્ષિત સમયે ગ્રહણ કરેલ સર્વ કર્મ પરમાણુઓમાં જેટલો રસસમૂહ હોય તેને એક રસસ્થાન કહેવાય છે.

(૭) કંડક

સર્વ જઘન્ય રસ સ્થાનમાં રહેલા સ્પર્દ્ધકોથી અનંત ભાગ અધિક સ્પર્દ્ધકોવાળું બીજું રસસ્થાન હોય છે અને બીજા રસસ્થાનના સ્પર્દ્ધકોથી અનંત ભાગ અધિક સ્પર્દ્ધકોવાળું ત્રીજું રસસ્થાન. એમ પૂર્વ-પૂર્વના સ્થાનમાં રહેલ સ્પર્દ્ધકોથી પછી પછીના સ્થાનમાં અનંત ભાગ અધિક-અધિક સ્પર્દ્ધકો હોય છે. કુલ્લે આવાં સ્થાનો અંગુલ માત્ર ક્ષેત્રના આકાશ પ્રદેશોના અસંખ્યાતમા ભાગમાં રહેલ આકાશ પ્રદેશો જેટલા હોય છે અને તે અનંત ભાગ વૃદ્ધ કંડક કહેવાય છે. કંડક એટલે અંગુલના અસંખ્યાતમા ભાગમાં રહેલ પ્રદેશ પ્રમાણ અસંખ્યાતી સંખ્યા.

(૮) ષટ્સ્થાન

આ અનંતભાગ વૃદ્ધના કંડકના છેલ્લા સ્થાનમાં જેટલા સ્પર્દ્ધકો છે તેની પછી અસંખ્યાતભાગ અધિક સ્પર્દ્ધકોવાળું એક સ્થાન હોય છે. ત્યારબાદ પુનઃ અનંતભાગ વૃદ્ધ સ્પર્દ્ધકવાળા નિરંતર કંડક પ્રમાણ સ્થાનો અને ત્યારબાદ પુનઃ અસંખ્યાતભાગ વૃદ્ધનું એક સ્થાન હોય છે. એમ વારંવાર નિરંતર કંડક પ્રમાણ અનંત ભાગ વૃદ્ધનાં સ્થાનો અને અસંખ્યાત ભાગ વૃદ્ધનું એક એક સ્થાન ત્યાં સુધી હોય છે કે યાવત્ વચ્ચે વચ્ચે આવતા અસંખ્યાતભાગ વૃદ્ધનાં સ્થાનો એક કંડક પ્રમાણ થાય. એમ સંખ્યાત ભાગ વૃદ્ધ, સંખ્યાતગુણ વૃદ્ધ, અસંખ્યાતગુણ વૃદ્ધ અને અનંતગુણ વૃદ્ધ એ છ પ્રકારનાં સ્થાનો અને પછી અનંતગુણ વૃદ્ધ વિના પાંચ પ્રકારનાં સ્થાનોના અંત સુધીનું નામપ્રત્યય સ્પર્દ્ધકના વિચારમાં બતાવ્યા પ્રમાણે પ્રથમ ષટ્સ્થાન થાય છે. એમ અહીં રસબંધમાં પણ કુલ અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ ષટ્સ્થાન થાય છે.

અહીં ષટ્સ્થાનમાં સંખ્યાતભાગાદિ ત્રણ પ્રકારના ભાગાકાર અને સંખ્યાત ગુણાદિ ત્રણ પ્રકારના ગુણાકાર બતાવેલ છે. જ્યાં સંખ્યાતભાગાધિક બતાવેલ હોય ત્યાં પૂર્વની સ્પર્દ્ધક સંખ્યાને ઉત્કૃષ્ટ સંખ્યાથી ભાગતાં જે સંખ્યા આવે તે સંખ્યા અધિક કરવી. એ જ પ્રમાણે જ્યાં સંખ્યાત ગુણાધિક બતાવેલ હોય ત્યાં પૂર્વની સંખ્યાને ઉત્કૃષ્ટ સંખ્યા વડે ગુણતાં જે સંખ્યા આવે તે સંખ્યા અધિક કરવી. જ્યાં અસંખ્યભાગાધિક કહેલ હોય ત્યાં પૂર્વની સંખ્યાને અસંખ્યાત લોકાકાશ પ્રદેશ રાશિ પ્રમાણ અસંખ્યાત સંખ્યા વડે ભાગવાથી જેટલી સંખ્યા આવે તેટલી સંખ્યા અધિક કહેવી. જ્યાં અસંખ્યાત ગુણાધિક કહેલ હોય ત્યાં પૂર્વની સંખ્યાને અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ અસંખ્યાત વડે ગુણવાથી જેટલી સંખ્યા આવે તેટલી સંખ્યા અધિક કહેવી. જ્યાં અનંત ભાગાધિક બતાવેલ હોય ત્યાં પૂર્વની સંખ્યાને સર્વ જીવરાશિ પ્રમાણ અનંત સંખ્યા વડે ભાગવાથી

જે સંખ્યા આવે તેટલી સંખ્યા અધિક સમજવી અને જ્યાં અનંત ગુણાધિક બતાવેલ હોય ત્યાં પૂર્વની સંખ્યાને સર્વ જીવરાશિ વડે ગુણતાં જેટલી સંખ્યા આવે તેટલી સંખ્યા અધિક જાણવી.

અહીં પ્રશ્ન થાય કે પ્રથમના ષટ્સ્થાનમાં પ્રથમ અનંતગુણ વૃદ્ધ સ્થાનની પહેલાનાં બધાં સ્થાનોમાં સર્વ જીવરાશિ પ્રમાણ અનંત સ્પર્દ્ધકો હોતા જ નથી. કારણ કે અભવ્યથી અનંતગુણ અથવા સિદ્ધના અનંતમા ભાગ પ્રમાણ સ્પર્દ્ધકોનું પ્રથમ સ્થાન થાય છે અને ત્યારબાદ પણ અસંખ્યાતગુણ વૃદ્ધના કંડક સુધી ક્યાંય પણ અનંત સ્પર્દ્ધકો વધતા ન હોવાથી સર્વત્ર અભવ્યથી અનંતગુણા સ્પર્દ્ધકો હોય છે અને આ સંખ્યાથી સર્વ જીવરાશિની અનંત સંખ્યા ઘણી જ મોટી છે, તેથી અભવ્યથી અનંતગુણ એવી પૂર્વની સંખ્યાને સર્વ જીવરાશિ પ્રમાણ અનંત સંખ્યાથી ભાગી શકાય જ નહિ. તો અનંતભાગ વૃદ્ધ સ્થાનો કેવી રીતે ઘટી શકે ?

તેના ઉત્તરમાં સમજવું કે પ્રથમના ષટ્સ્થાનમાં રહેલ પ્રથમ અનંતગુણ વૃદ્ધવાળા સ્થાનની પહેલાંનાં કોઈ પણ સ્થાનોમાં રહેલ સ્પર્દ્ધકોને સર્વ જીવરાશિથી ભાગી શકાય નહીં એ વાત સાચી છે, પરંતુ આવાં સ્થાનો બહુ અલ્પ હોવાથી તેની વિવક્ષા કરી નથી અને આ જ પ્રથમ ષટ્સ્થાનના પ્રથમ અનંતગુણ વૃદ્ધ સ્થાન પછીનાં બધાં સ્થાનોમાં અને બીજાં વગેરે બધાં ષટ્સ્થાનોના કોઈ પણ સ્થાનના સ્પર્દ્ધકોને સર્વ જીવરાશિથી ભાગી શકાય છે. તે જ પ્રમાણે સંયમશ્રેણિ, શ્રુતકેવલી વગેરેના સ્વરૂપમાં અનેક ઠેકાણે ષટ્સ્થાનો સંભવે છે, ત્યાં સર્વત્ર ઘણી મોટી સંખ્યા હોવાથી પૂર્વની સંખ્યાને સર્વ જીવરાશિથી ભાગી શકાય છે. માટે કોઈ દોષ નથી.

(૯) અધસ્તનસ્થાન

ઉપર ઉપરનાં કોઈ પણ વૃદ્ધિવાળાં સ્થાનોની નીચે પૂર્વ-પૂર્વની વૃદ્ધિવાળાં સ્થાનો કેટલાં છે ? એમ વિચારવું તે અધસ્તનસ્થાન પ્રરૂપણા કહેવાય છે. તેના અનંતર અનં પરંપર એમ બે પ્રકાર છે. ત્યાં કોઈ પણ એક વૃદ્ધિવાળાં સ્થાનોની પહેલાની તરતની વૃદ્ધિવાળાં સ્થાનો કેટલાં હોય ? એમ અંતર વિના નીચેનાં સ્થાનોનો વિચાર કરવો તે અનંતર અધસ્તનસ્થાન પ્રરૂપણા છે, જેમ પ્રથમ અનંતગુણ વૃદ્ધ સ્થાનની પહેલા અસંખ્ય ગુણ વૃદ્ધનાં સ્થાનો એક કંડક પ્રમાણ છે. એ જ પ્રમાણે પ્રથમ અસંખ્ય ગુણ વૃદ્ધ સ્થાનની પહેલા સંખ્યાત ગુણ વૃદ્ધ સ્થાનો પણ કંડક પ્રમાણ છે. એમ પ્રથમ સંખ્યાત ગુણ વૃદ્ધ સ્થાનની પૂર્વે સંખ્યાત ભાગ વૃદ્ધ સ્થાનો, પ્રથમ સંખ્યાત ભાગ વૃદ્ધ સ્થાનની પહેલા અસંખ્યાત ભાગ વૃદ્ધ સ્થાનો તેમજ પ્રથમ અસંખ્યાત ભાગ વૃદ્ધ સ્થાનની પૂર્વ અનંત ભાગ વૃદ્ધ સ્થાનો પણ એક એક કંડક પ્રમાણ હોય છે.

ઉપર-ઉપરનાં વૃદ્ધિવાળાં સ્થાનોની અપેક્ષાએ વચ્ચે એક-બે-ત્રણ અને ચાર પ્રકારની વૃદ્ધિવાળાં સ્થાનો છોડી તેની નીચેનાં સ્થાનો કેટલાં છે એનો વિચાર કરવો તે પરંપરોપનિધા, તેના એકાંતરિત, દ્વયંતરિત, ત્ર્યંતરિત અને ચતુરંતરિત એમ ચાર પ્રકાર છે. ત્યાં પ્રથમ અનંતગુણ વૃદ્ધિવાળાં સ્થાનોની નીચે સંખ્યાત ગુણ વૃદ્ધનાં સ્થાનો એક કંડક વર્ગ અને એક કંડક જેટલાં છે. તે આ પ્રમાણે—અસંખ્યાતા ગુણ વૃદ્ધના એક એક સ્થાનની નીચે સંખ્યાત ગુણ વૃદ્ધ સ્થાનો એક-એક કંડક પ્રમાણ છે અને અસંખ્યાત ગુણ વૃદ્ધનાં સ્થાનો કંડક પ્રમાણ છે. એટલે કંડકમાં જેટલી

સંખ્યા હોય તેટલી વખત સંખ્યાત ગુણ વૃદ્ધના કંડકો આવે, માટે કંડકને કંડક વડે ગુણતાં એક કંડક વર્ગ થાય અને અસંખ્યાત ગુણ વૃદ્ધ કંડકની ઉપર પણ અનંતગુણ વૃદ્ધ સ્થાનની પહેલાં એક કંડક પ્રમાણ સંખ્યાત ગુણ વૃદ્ધનાં સ્થાનો હોય છે માટે એકાંતરિત માર્ગણામાં સર્વત્ર સ્થાનો કંડક વર્ગ અને એક કંડક પ્રમાણ હોય છે.

અનંતગુણ વૃદ્ધની પહેલાં સંખ્યાત ભાગ વૃદ્ધનાં સ્થાનો એક કંડક ઘન, બે કંડક વર્ગ અને એક કંડક હોય છે. અહીં સમજવા માટે અસત્કલ્પનાએ ચારની સંખ્યાને કંડક જણાવેલ છે. તેથી પ્રથમ અનંતગુણ વૃદ્ધના સ્થાનની નીચે સંખ્યાત ભાગ વૃદ્ધ સ્થાનો અસત્કલ્પનાએ ૧૦૦ આવે છે, ત્યાં એક કંડકઘન એટલે ચોસઠ, કંડકવર્ગની સંખ્યા સોળ હોવાથી બે કંડક વર્ગ એટલે બત્રીસ અને એક કંડક એટલે ચાર. એમ કુલ્લે ૧૦૦ સ્થાનો થાય છે. એમ અસંખ્યાત ગુણ વૃદ્ધની નીચે અસંખ્યાત ભાગ વૃદ્ધ સ્થાનો અને સંખ્યાત ગુણ વૃદ્ધ સ્થાનોની નીચે અનંત ભાગ વૃદ્ધ સ્થાનો પણ એક કંડકઘન, બે કંડક વર્ગ અને એક કંડક પ્રમાણ આવે છે. આ દ્વયંતરિત માર્ગણા છે.

જે સંખ્યા હોય તેને તે જ સંખ્યા વડે ગુણતાં જે આવે તે તેનો (મૂળ-સંખ્યાનો) વર્ગ કહેવાય. દા. ત. ૪નો વર્ગ ૧૬. વર્ગને પોતાની મૂળ સંખ્યા વડે ગુણતાં મૂળ સંખ્યાનો ઘન થાય છે. જેમ ૪ ના વર્ગ ૧૬ ને તેની મૂળ સંખ્યા ૪ સાથે ગુણતાં ૬૪ થાય, તે ચારનો ઘન કહેવાય. તે ઘનને તેની મૂળ સંખ્યા સાથે ગુણતાં વર્ગ-વર્ગ થાય છે. જેમ ચારનો ઘન ચોસઠ. તેને મૂળ સંખ્યા ચાર સાથે ગુણતાં ૨૫૬ થાય, તે ચારનો એટલે અસત્કલ્પનાએ કંડકનો વર્ગવર્ગ કહેવાય.

પ્રથમ અનંતગુણ વૃદ્ધ સ્થાનની નીચે અસંખ્યાત ભાગ વૃદ્ધ સ્થાનો એક કંડક વર્ગવર્ગ, ત્રણ કંડકઘન, ત્રણ કંડક વર્ગ અને એક કંડક પ્રમાણ હોય છે. અસત્કલ્પનાએ અનંતગુણ વૃદ્ધ સ્થાનના પહેલા સ્થાનની નીચે અસંખ્યાત ભાગ વૃદ્ધનાં કુલ ૫૦૦ સ્થાનો છે, ત્યાં ઉપર બતાવ્યા મુજબ એક કંડક વર્ગવર્ગ એટલે ૨૫૬, ત્રણ કંડકઘન એટલે ૧૯૨, ત્રણ કંડકવર્ગ એટલે ૪૮ અને એક કંડક એટલે ૪=૫૦૦ થાય છે. એ જ પ્રમાણે અસંખ્ય ગુણ વૃદ્ધના પહેલા સ્થાનની નીચે અનંત ભાગ વૃદ્ધનાં સ્થાનો પણ એટલાં જ હોય છે. આ ત્ર્યંરિત માર્ગણા છે.

અનંતગુણ વૃદ્ધના પ્રથમ સ્થાનની પહેલાના અસંખ્ય ગુણવૃદ્ધ, સંખ્યાત ગુણ વૃદ્ધ, સંખ્યાત ભાગ વૃદ્ધ અને અસંખ્યાત ભાગ વૃદ્ધ એ ચાર પ્રકારનાં સ્થાનોની નીચે અને વચ્ચે કુલ અનંત ભાગ વૃદ્ધ સ્થાનો આઠ કંડક વર્ગ વર્ગ, છ કંડક ઘન, ચાર કંડક વર્ગ અને એક કંડક પ્રમાણ છે. કારણ કે એક એક અસંખ્ય ગુણ વૃદ્ધ સ્થાનની પહેલા કુલ અનંત ભાગ વૃદ્ધ સ્થાનો એક કંડક વર્ગવર્ગ, ત્રણ કંડક ઘન, ત્રણ કંડક વર્ગ અને એક કંડક પ્રમાણ છે અને અસંખ્યાત ગુણ વૃદ્ધ સ્થાનો કંડક પ્રમાણ હોવાથી પૂર્વની સંખ્યાને કંડકે ગુણવી. અર્થાત્ કંડક વર્ગવર્ગને ચાર સંખ્યાત્મક કંડકે ગુણતાં ચાર કંડક વર્ગવર્ગ, ત્રણ કંડક ઘનને કંડકે ગુણતાં ત્રણ કંડક વર્ગવર્ગ થાય, તે પૂર્વની સંખ્યામાં ઉમેરતાં કુલ સાત કંડક વર્ગવર્ગ થાય, ત્રણ કંડક વર્ગને કંડકે ગુણતાં ત્રણ કંડક ઘન થાય અને એક કંડકને કંડકે ગુણતાં એક કંડક વર્ગ થાય, વળી અસંખ્ય ગુણ વૃદ્ધના કંડકના ચરિમ સ્થાન પછી તથા અનંતગુણ વૃદ્ધના પ્રથમ સ્થાનની પહેલાં એક કંડક વર્ગવર્ગ, ત્રણ કંડક ઘન, ત્રણ કંડક વર્ગ અને એક કંડક પ્રમાણ ફરીથી અનંત ભાગ વૃદ્ધ સ્થાનો

હોય છે. તે પૂર્વની સંખ્યામાં ઉમેરતાં કુલ આઠ કંડક વર્ગવર્ગ, છ કંડક ઘન, ચાર કંડક વર્ગ અને એક કંડક પ્રમાણ થાય છે. આ ચતુરંતરિત માર્ગણા છે.

(૧૦) વૃદ્ધિ

અધ્યવસાય દ્વારમાં બતાવ્યા પ્રમાણે કોઈ પણ એક કાષાયિક અધ્યવસાયથી એક રસસ્થાન બંધાય છે. એટલે કાષાયિક લેશ્યા મિશ્રિત અધ્યવસાય કારણ છે અને રસબંધસ્થાન તેનું કાર્ય છે. તેમજ કાષાયિક અધ્યવસાયોની તરતમતા ઉપર રસબંધની તરતમતાનો આધાર છે. કોઈ પણ જીવને કાષાયિક અધ્યવસાયો હંમેશ માટે સમાન હોતા નથી. પરંતુ અનંત ભાગ અધિક વગેરે છ પ્રકારની વૃદ્ધિવાળા અને અનંતભાગહીન વગેરે છ પ્રકારની હાનિવાળા હોય છે. તેથી તે અધ્યવસાયો દ્વારા બંધાતાં રસમાં પણ છ પ્રકારની વૃદ્ધિ અને છ પ્રકારની હાનિ સંભવે છે.

નિરંતર કોઈ પણ આત્મા અનંત ભાગ અધિક અધિક વૃદ્ધિએ રસ બાંધે તો ઉત્કૃષ્ટથી કેટલો કાળ બાંધે ? તેમજ નિરંતર અનંતભાગહીન-હીન રસ બાંધે તો પણ ઉત્કૃષ્ટથી કેટલો કાળ બાંધે ? એ જ પ્રમાણે શેષ પાંચ પ્રકારની વૃદ્ધિએ અથવા હાનિએ જો નિરંતર રસ બાંધે તો ઉત્કૃષ્ટથી કેટલા કાળ સુધી બાંધે ? તેનો અહીં વિચાર કરવામાં આવે છે.

ત્યાં કોઈ પણ જીવ અનંતગુણ વૃદ્ધ અથવા અનંતગુણહીન રસબંધ ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત્ત કાળ પ્રમાણ અને શેષ અનંત ભાગ વૃદ્ધાદિક પાંચ પ્રકારે વૃદ્ધ અને અનંત ભાગ હીનાદિક પાંચ પ્રકારે હીન રસબંધ પણ નિરંતર ઉત્કૃષ્ટથી આવલિકાના અસંખ્યાતમા ભાગના કાળ પ્રમાણ કરે છે. ત્યારબાદ અવશ્ય અન્ય પ્રકારે વૃદ્ધ અથવા હીન રસબંધ કરે છે, જઘન્યથી દરેક વૃદ્ધિ-હાનિનો કાળ એક સમય પ્રમાણે છે.

(૧૧) અવસ્થાનકાળ

ઉપર બતાવેલ કોઈ પણ પ્રકારનો અધિક કે ઓછો રસબંધ ન કરે તો એકસરખો રસબંધ કેટલો કાળ કરે ? તે અહીં વિચારવાનું છે. ત્યાં સર્વ જઘન્ય રસસ્થાનથી યાવત્ શરૂઆતના અસંખ્ય લોકાકાશ પ્રદેશ પ્રમાણ અધ્યવસાયોમાંનો કોઈ પણ એક અધ્યવસાય ઉત્કૃષ્ટથી ચાર સમય સુધી રહી શકે છે. એ જ પ્રમાણે ત્યારપછીના અસંખ્ય લોકાકાશ પ્રદેશ પ્રમાણ અધ્યવસાયો પાંચ સમય, ત્યારપછીના તેટલા જ અધ્યવસાયો છ સમય, ત્યારપછીના તેટલા જ સાત સમય, ત્યારપછીના તેટલા જ આઠ સમય સુધી અને ત્યારપછી ઉપર ઉપરના તેટલા તેટલા અધ્યવસાયો અનુક્રમે સાત, છ, પાંચ, ચાર, ત્રણ અને બે સમય કાળ સુધી વધુમાં વધુ ટકી શકે છે. ત્યારબાદ અધ્યવસાય અને રસબંધ પણ નક્કી બદલાઈ જાય છે. જઘન્યથી દરેક અધ્યવસાય એક સમય રહે છે.

(૧૨) યવમધ્ય

જેમ યવનો મધ્ય ભાગ જાડો અને બે બાજુ પાતળો હોય છે તેમ જઘન્યથી ઉત્કૃષ્ટ સુધીના અધ્યવસાયો અથવા રસસ્થાનોની એક લાઈન કરીએ તો તેમાં વચલા અધ્યવસાયો અને રસસ્થાનો કાળની અપેક્ષાએ આઠ સમયવાળા હોવાથી જાડો અને બન્ને બાજુના ક્રમશઃ હીન-

હીન કાળવાળા હોવાથી પાતળો આકાર થાય છે. તેથી જ આઠ સમયવાળા અધ્યવસાયોને યવમધ્ય કહેવાય છે.

નીચેના સાત સમયના કાળવાળા છેલ્લા અધ્યવસાયની અપેક્ષાએ આઠ સમયના કાળવાળા અધ્યવસાયોમાંનો પ્રથમ અધ્યવસાય અનંતગુણ વૃદ્ધ હોય છે. તેથી તેની પછીના આઠ સમયવાળા બધા અધ્યવસાય સ્થાનો અનંતગુણ વૃદ્ધ હોય છે અને ઉપરના સાત સમયના કાળવાળા અધ્યવસાયોમાંના પહેલા અધ્યવસાયથી આઠ સમયના કાળવાળા અધ્યવસાયોમાંનો છેલ્લો અધ્યવસાય અનંતગુણહીન હોય છે. તેથી જ તેના પહેલાના આઠ સમય કાળવાળા બધા અધ્યવસાયો અનંતગુણ હીન હોય છે. માટે જ આઠ સમયવાળા અધ્યવસાયો અનંતગુણ વૃદ્ધિ અને હાનિ એમ બન્નેમાં પ્રાપ્ત થાય છે.

એ જ પ્રમાણે શરૂઆતના ચાર સમય કાળવાળા અને છેલ્લા બે સમયના કાળવાળા અધ્યવસાયો છોડી શેષ પાંચથી ત્રણ સમય સુધીના કાળવાળા દરેક અધ્યવસાયો અનંતગુણ વૃદ્ધિ અને હાનિ એમ બન્નેમાં પ્રાપ્ત થાય છે. પરંતુ શરૂઆતના ચાર સમયવાળા અધ્યવસાયો કેવળ અનંતગુણ હાનિમાં અને ઉપરના બે સમયવાળા અધ્યવસાયો ફક્ત અનંતગુણ વૃદ્ધિમાં જ પ્રાપ્ત થાય છે. અહીં શરૂઆતના ચારથી છેલ્લા બે સમય સુધીના કાળવાળા દરેક અધ્યવસાયો સામાન્યથી અસંખ્યાત્ લોકાકાશ પ્રદેશ પ્રમાણ કહ્યા છે. પરંતુ અસંખ્યાતાના અસંખ્યાતા ભેદો હોવાથી આઠ સમયવાળા સૌથી થોડા છે. તે થકી તેની બન્ને બાજુ સાત, છ, પાચ અને ચાર સમયના કાળવાળા અધ્યવસાયો અનુક્રમે એક-એકથી અસંખ્યાત ગુણ અને બન્ને બાજુના પરસ્પર તુલ્ય હોય છે. તે થકી ઉપરના ત્રણ અને બે સમયવાળા પણ અનુક્રમે અસંખ્યાતગુણા છે.

એક સમયે સૂક્ષ્મ અગ્નિકાયમાં ઉત્પન્ન થતા જીવો અસંખ્ય લોકાકાશ પ્રદેશ પ્રમાણ છે. તે થકી સૂક્ષ્મ અગ્નિકાયરૂપે રહેલ સર્વ જીવો, તેથી તેઓની સ્વકાયસ્થિતિ અને તેના કરતાં રસબંધનાં સ્થાનો (અથવા સર્વ રસબંધના અધ્યવસાયો) ક્રમશઃ એક એકથી અસંખ્યાત ગુણ છે.

(૧૩) ઓજોયુગ્મ

ઓજ એટલે એક, ત્રણ, પાંચ વગેરે એકી સંખ્યા અને યુગ્મ એટલે બે, ચાર, છ વગેરે બેકી સંખ્યા અને તેના કુલ કલ્યોજ, દ્વાપરયુગ્મ, ત્રેતૌજ અને કૃતયુગ્મ એમ ચાર પ્રકાર છે.

કોઈ પણ અમુક રાશિને ચારે ભાગવાથી એક શેષ રહે તે કલ્યોજ—જેમ તેર, ચારે ભાગવાથી બે શેષ રહે તે દ્વાપર યુગ્મ—જેમ ચૌદ, ચારે ભાગવાથી ત્રણ શેષ રહે તે ત્રેતૌજ, જેમ પંદર અને ચારે ભાગવાથી કાંઈ પણ બાકી ન રહે તે કૃતયુગ્મ. જેમ બાર અથવા સોળ.

અહીં રસના વિચારમાં રસાવિભાગો, વર્ગણાઓ, સ્પર્દ્ધકો, રસસ્થાનો, કંડકો અને ષટ્સ્થાનોની સંખ્યા કૃતયુગ્મ સંજ્ઞાવાળી છે. અર્થાત્ અવિભાગાદિ દરેકને ચારે ભાગીએ તો કાંઈ પણ શેષ રહેતું નથી.

(૧૪) પર્યવસાન

અનંતગુણ વૃદ્ધિવાળા કંડકનું છેલ્લું સ્થાન એ પર્યવસાન અર્થાત્ ષટ્સ્થાનનો છેડો છે.

કારણ કે કંડકના છેલ્લા અનંતગુણ વૃદ્ધ સ્થાનની પછી અનંત ભાગ વૃદ્ધાદિક પાંચ પ્રકારનાં સ્થાનો આવે છે અને ત્યાં પ્રથમ ષટ્સ્થાન પૂર્ણ થાય છે. એમ દરેક ષટ્સ્થાનમાં છેલ્લું અનંત ગુણ વૃદ્ધ સ્થાન એ પર્યવસાન છે.

(૧૫) અલ્પબહુત્વ

આ અલ્પબહુત્વનો વિચાર અનંતરોપનિધા અને પરંપરોપનિધાથી બે પ્રકારે છે. ત્યાં પ્રથમ અનંતરોપનિધાએ-અનંતગુણ વૃદ્ધિવાળાં સ્થાનોથી અસંખ્યાત ગુણ વૃદ્ધિવાળાં સ્થાનો અસંખ્યાત ગુણ હોય છે. કારણ કે અસત્કલ્પનાએ ષટ્સ્થાનના કોષ્ટકમાં પાંચ અંકથી બતાવ્યા પ્રમાણે અનંતગુણ વૃદ્ધનાં સ્થાનો કંડક પ્રમાણ અર્થાત્ ચાર છે. ત્યારે ચાર અંકથી બતાવેલ અસંખ્ય ગુણ વૃદ્ધ સ્થાનો કુલ વીસ છે અને તે ચારની અપેક્ષાએ કંડક વર્ગ અને કંડક પ્રમાણ-અસંખ્યાત ગુણ છે. એ જ પ્રમાણે અસંખ્ય ગુણ વૃદ્ધ, સંખ્યાત ગુણ વૃદ્ધ, સંખ્યાત ભાગ વૃદ્ધ, અસંખ્યાત ભાગ વૃદ્ધ અને અનંત ભાગ વૃદ્ધ સ્થાનો અનુક્રમે એક-એકથી અસંખ્યાતગુણ છે. સર્વ ઠેકાણે પૂર્વની સંખ્યાને કંડકે ગુણી અને એક કંડક સંખ્યા ઉમેરવાથી જેટલી સંખ્યા થાય તેટલાં છે.

પરંપરોપનિધાએ અલ્પબહુત્વની વિચારણા કરતાં પહેલાં નીચેની હકીકત બરાબર સમજવાની આવશ્યકતા છે. કારણ કે તે બરાબર સમજાય તો જ પરંપરોપનિધાએ બતાવેલ અલ્પબહુત્વ બરાબર સમજી શકાય.

કોઈ પણ ષટ્સ્થાનની અંદર અનંત ભાગ વૃદ્ધ વગેરે જે છ પ્રકારનાં સ્થાનો બતાવેલાં છે, તે પોતપોતાના પૂર્વના તરતના સ્થાનની અપેક્ષાએ છે. પરંતુ આખાય ષટ્સ્થાનમાં શરૂઆતના અનંત ભાગ વૃદ્ધના કંડકના છેલ્લા સ્થાનની અપેક્ષાએ પછીનાં કોઈ પણ સ્થાનો અનંત ભાગાધિક-સ્પર્દ્ધકવાળાં છે જ નહિ. એ જ પ્રમાણે પ્રથમ અસંખ્યાત ભાગ વૃદ્ધ સ્થાનથી આરંભી પ્રથમ સંખ્યાત ભાગ વૃદ્ધ સ્થાનની પહેલાના બધા અસંખ્યાત ભાગ વૃદ્ધનાં સ્થાનો અને પૂર્વ-પૂર્વના સ્થાનની અપેક્ષાએ વચ્ચે વારંવાર કંડક પ્રમાણ જે અનંત ભાગ વૃદ્ધ સ્થાનો આવે છે. તે બધાયે અસંખ્યાત ભાગ વૃદ્ધ જ ગણાય છે. એ જ પ્રમાણે પ્રથમ સંખ્યાત ભાગ વૃદ્ધ સ્થાનોથી ષટ્સ્થાનના અંતિમ સ્થાન સુધી પૂર્વ-પૂર્વના સ્થાનની અપેક્ષાએ છએ પ્રકારની વૃદ્ધિવાળાં સ્થાનો હોવા છતાં પ્રથમ સંખ્યાત ભાગ વૃદ્ધની પહેલાંના અસંખ્યાત ભાગ વૃદ્ધ સ્થાનોની અપેક્ષાએ કોઈ પણ સ્થાન અનંત ભાગ વૃદ્ધ અને અસંખ્યાત ભાગ વૃદ્ધ છે જ નહિ પરંતુ શેષ સંખ્યાત ભાગ વૃદ્ધ વગેરે ચાર પ્રકારનાં સ્થાનો છે.

છેલ્લા અસંખ્યાત ભાગ વૃદ્ધ સ્થાનની પછીના પહેલા સંખ્યાત ભાગ વૃદ્ધ સ્થાનથી આરંભી પ્રથમના સંખ્યાત ગુણ વૃદ્ધ સ્થાનની પહેલાના જે કંડક પ્રમાણ મૂળ સંખ્યાત ભાગ વૃદ્ધ સ્થાનો છે તે, અને તેની વચ્ચે આવતા પૂર્વ-પૂર્વના સ્થાનની અપેક્ષાએ અનંત ભાગ વૃદ્ધ અને અસંખ્યાત ભાગ વૃદ્ધનાં જે સ્થાનો છે તે બધા સંખ્યાત ભાગ વૃદ્ધ નથી પરંતુ એ કંડક પ્રમાણ મૂળ સંખ્યાત ભાગ વૃદ્ધ સ્થાનોમાંના ઉત્કૃષ્ટ સંખ્યાત સુધીના અંતિમ સ્થાનની પહેલાનાં બધાં સ્થાનો સંખ્યાત ભાગ વૃદ્ધ ગણાય છે અને ત્યારપછી ઉત્કૃષ્ટ સંખ્યાત વાર ઉત્કૃષ્ટ સંખ્યા પ્રમાણ મૂળ સંખ્યાત ભાગ સ્થાનો આવે. તેના અંતિમ સ્થાનની પહેલાના ત્રણે પ્રકારની વૃદ્ધિવાળાં

સ્થાનો સંખ્યાત ભાગ વૃદ્ધિવાળાં સ્થાનોની અપેક્ષાએ સંખ્યાત ગુણ વૃદ્ધિવાળા ગણાય છે અને ત્યારપછીના મૂળ સંખ્યાત ભાગ વૃદ્ધનાં જેટલાં સ્થાનો બાકી છે તે અને સંખ્યાત ગુણ વૃદ્ધિવાળાં મૂળ કંડક પ્રમાણ સ્થાનો તથા ત્યારપછીના પ્રથમ અનંતગુણ વૃદ્ધિવાળા સ્થાનની પહેલાં જે કંડક પ્રમાણ અસંખ્યાત ગુણ વૃદ્ધિવાળાં સ્થાનો છે તે અને તેની વચ્ચે આવતા અનંત ભાગ વૃદ્ધાદિક પાંચેય પ્રકારનાં સ્થાનો અસંખ્યાત ગુણ વૃદ્ધિવાળાં ગણાય છે અને પ્રથમ અનંતગુણ વૃદ્ધિવાળા સ્થાનથી આરંભી ત્યારપછીના પૂર્વ-પૂર્વના સ્થાનની અપેક્ષાએ જે અનંત ભાગ વૃદ્ધ વગેરે છએ પ્રકારનાં સ્થાનો છે તે બધાએ પ્રથમ અનંતગુણ વૃદ્ધિવાળા સ્થાનની પહેલાંના અસંખ્યાત ગુણ વૃદ્ધિવાળાં સ્થાનોની અપેક્ષાએ અનંતગુણ વૃદ્ધ જ છે.

કોષ્ટકમાં અસત્કલ્પનાએ બતાવેલ ષટ્સ્થાનની અંદર કુલ ૧૫૬૨૪ રસસ્થાનો છે. તેમાં ફક્ત પ્રથમનાં ચાર સ્થાનો અનંત ભાગ વૃદ્ધ છે અને પ્રથમના ૧ ના અંકથી ૨ જા અંકની પહેલાનાં કુલ ૨૦ સ્થાનો છે તે બધાં અસંખ્યાત ભાગ અધિક છે અને તેની અપેક્ષાએ પ્રથમના ૨ જા અંકથી પ્રથમના ૩ જા અંકની પહેલાંના જે કુલ ૧૦૦ (સો) સ્થાનો છે તેમાંનાં કેટલાંક સંખ્યાત ભાગ અધિક, કેટલાંક સંખ્યાત ગુણ અધિક અને છેલ્લાં કેટલાંક અસંખ્યાત ગુણ અધિક સ્પર્દ્ધકોવાળાં છે. અહીં કંડકની સંખ્યા ૪ ની આપેલી હોવાથી મૂળ સંખ્યાત ભાગ વૃદ્ધ સ્થાનોમાં જ સંખ્યાત ભાગ-સંખ્યાત ગુણ અને અસંખ્યાતગુણ વૃદ્ધ સ્થાનો કઈ રીતે છે તે બરાબર સમજાવી શકાય તેમ ન હોવાથી પછી કંડકની કોઈ નવી સંખ્યા કલ્પી બરાબર સમજાવીશું.

મૂળ સંખ્યાત ભાગ વૃદ્ધનાં છેલ્લાં કેટલાંક સ્થાનોમાં અસંખ્યાત ગુણ વૃદ્ધ સ્પર્દ્ધકો છે, તેથી પ્રથમના ત્રણ અંકથી બતાવેલ સંખ્યાત ગુણ વૃદ્ધ સ્થાનથી આરંભી પ્રથમના અનંતગુણ વૃદ્ધના સ્થાનની પહેલાનાં કુલ ૩૦૦૦ (ત્રણ હજાર) રસસ્થાનો છે. તે બધાએ પણ અસંખ્યાત ગુણ વૃદ્ધ છે અને તે અસંખ્યાત ગુણ વૃદ્ધ સ્થાનોની અપેક્ષાએ પાંચ અંક રૂપ પ્રથમ અનંતગુણ વૃદ્ધ સ્થાનથી આરંભી ષટ્સ્થાનમાં આવતાં છેલ્લા બિન્દુ સુધીનાં જે ૧૨૫૦૦ (બાર હજાર, પાંચસો) સ્થાનો છે તે બધાં અનંતગુણ વૃદ્ધ જ છે.

ત્યાં ઉપર બતાવ્યા મુજબ અનંત ભાગ વૃદ્ધનાં સ્થાનો એક કંડક પ્રમાણ જ છે. ત્યારપછીના અને પ્રથમના સંખ્યાત ભાગ વૃદ્ધ સ્થાનથી પહેલાના પૂર્વ-પૂર્વના સ્થાનની અપેક્ષાએ અનંત ભાગ અને સંખ્યાત ભાગ વૃદ્ધ હોવા છતાં બધાં અસંખ્યાત ભાગ વૃદ્ધ જ છે અને તેવાં સ્થાનો કંડક વર્ગ અને કંડક પ્રમાણ હોવાથી પૂર્વનાં સ્થાનોથી અસંખ્યાતગુણ છે અને અસંખ્યાત ભાગ વૃદ્ધ સ્થાનોથી સંખ્યાત ભાગ વૃદ્ધ સ્થાનો તેમજ સંખ્યાતગુણ વૃદ્ધ સ્થાનો અનુક્રમે સંખ્યાતગુણ છે.

જો કે ષટ્સ્થાનની અંદર મૂળ સંખ્યાત ભાગ વૃદ્ધ સ્થાનો કંડક પ્રમાણ અસંખ્યાતા છે. તે જ પ્રમાણે મૂળ સંખ્યાતગુણ વૃદ્ધ સ્થાનો પણ કંડક પ્રમાણ અસંખ્યાતા છે અને તે દરેકની વચ્ચે અનંત ભાગ વૃદ્ધાદિક સ્થાનો અસંખ્યાતીવાર આવે છે પણ મૂળ સંખ્યાત ભાગ વૃદ્ધિવાળાં સ્થાનોમાં જ સંખ્યાતગુણ અને અસંખ્યાતગુણ વૃદ્ધ સ્થાનો થઈ જાય છે. માટે પૂર્વ-પૂર્વનાં વૃદ્ધિવાળાં સ્થાનોની અપેક્ષાએ સંખ્યાત ભાગ અને સંખ્યાતગુણ વૃદ્ધ સ્થાનો અસંખ્યાતગુણ નથી પણ સંખ્યાતગુણ છે.

- મૂળ સંખ્યાત ભાગ વૃદ્ધ સ્થાનોમાં જ સંખ્યાત ભાગ વૃદ્ધ, સંખ્યાતગુણ વૃદ્ધ અને અસંખ્યાતગુણ વૃદ્ધ સ્પર્દ્ધકો કેમ હોય છે ? તે અસત્કલ્પનાએ કંડકની મોટી સંખ્યા લઈ આ રીતે સમજી શકાશે.

અહીં ૫૦ (પચાસ)ની સંખ્યાને કંડક, ૫(પાંચ)ની સંખ્યાને ઉત્કૃષ્ટ સંખ્યાત અને સંખ્યાત ભાગ વૃદ્ધ પ્રથમ સ્થાનની પહેલાના સ્થાનમાં કુલ સ્પર્દ્ધકો અનંત હોવા છતાં અસત્કલ્પનાએ ૫૦૦ (પાંચસો) સમજવા.

તે ૫૦૦ (પાંચસો)ને ઉત્કૃષ્ટ સંખ્યા રૂપ ૫(પાંચ)વડે ભાગતાં ૧૦૦ (સો) આવે તે ૧૦૦ (સો) અધિક કરવાથી પ્રથમ સંખ્યાત ભાગ વૃદ્ધ સ્થાનમાં ૬૦૦ (છસો) અને ફરીથી બીજું સંખ્યાત ભાગ વૃદ્ધ સ્થાન આવે ત્યારે ૧૦૦ (સો) વધવાથી ૭૦૦ (સાતસો), એમ ત્રીજા, ચોથા અને પાંચમા સ્થાનમાં પણ સંખ્યાત ભાગ રૂપ સો-સો સ્પર્દ્ધકો વધવાથી કુલ ૧૦૦૦ (હજાર) થાય. અને વચ્ચે જે અનંત ભાગ વૃદ્ધ તથા અસંખ્યાત ભાગ વૃદ્ધ સ્થાનો આવે છે ત્યાં પણ થોડા થોડા સ્પર્દ્ધકો થાય છે. માટે પાંચમા મૂળ સંખ્યાત ભાગ વૃદ્ધ સ્થાનમાં હજારથી પણ અધિક સ્પર્દ્ધકો થાય છે. એટલે પાંચસોની અપેક્ષાએ જે હજારથી અધિક સ્પર્દ્ધકો છે તે સંખ્યાત ભાગ અધિક નથી પણ સંખ્યાતગુણ અધિક છે. અને તે પાંચમા સંખ્યાત ભાગ વૃદ્ધ સ્થાનની પહેલાં ચાર વખત બધાં સ્થાનો આવે છે. તેથી હજુ મૂળ સંખ્યાત ભાગ વૃદ્ધ સ્થાનો ૪૬ (છેતાળીસ) બાકી હોવા છતાં પાંચમા સ્થાનથી આવતાં બધાં સ્થાનો પૂર્વનાં સ્થાનોની અપેક્ષાએ સંખ્યાતગુણવૃદ્ધ છે. ઉત્કૃષ્ટ સંખ્યાતરૂપ પાંચમા સ્થાનમાં સાધિક બમણા, દસમા સ્થાનની અંદર સાધિક ત્રણગણા, પંદરમા સ્થાનની અંદર સાધિક ચારગણા અને વીસમા સ્થાનની અંદર સાધિક પાંચગણા થાય છે. અહીં પાંચની સંખ્યાને ઉત્કૃષ્ટ સંખ્યાત કલ્પેલ હોઈ આ વીસમા સ્થાનની અંદર સાધિક પાંચગણા સ્પર્દ્ધકો હોવાથી સંખ્યાતગુણ નથી પણ અસંખ્યાત ગુણ છે. તેથી જ ઉત્કૃષ્ટ સંખ્યાતીવાર મૂળ ઉત્કૃષ્ટ સંખ્યાતા સ્થાનના અંતિમ સ્થાનની પહેલાનાં બધાં સ્થાનો સંખ્યાતગુણવૃદ્ધ સ્પર્દ્ધકવાળાં છે. અને તે પૂર્વના સંખ્યાત ભાગ વૃદ્ધ સ્થાનોની સંખ્યા પ્રમાણ ઉત્કૃષ્ટ સંખ્યાતવાર આવે છે. તેથી સંખ્યાત ભાગ વૃદ્ધ સ્થાનોથી સંખ્યાતગુણ વૃદ્ધ સ્થાનો સંખ્યાતગુણા છે.

હજી મૂળ સંખ્યાત ભાગ વૃદ્ધ સ્થાનો કંડક પ્રમાણ અસત્કલ્પનાએ ૫૦ (પચાસ) કલ્પેલા છે. તેમાંનાં ૩૧ સ્થાનો બાકી છે. વીસમા સ્થાનમાં જ સાધિક પાંચગુણા હોવાથી અસંખ્યાતગુણ થઈ જાય છે. તેથી તે પછીનાં બાકી રહેલ મૂળ સંખ્યાતભાગ વૃદ્ધિવાળાં ૩૦ (ત્રીસ) સ્થાનોમાં અસંખ્યાતગુણ વૃદ્ધ સ્પર્દ્ધકો હોવાથી મૂળ સંખ્યાત ભાગ વૃદ્ધ સ્થાનોમાં જ આ પ્રમાણે સંખ્યાત ભાગ વૃદ્ધ વગેરે ત્રણ પ્રકારની વૃદ્ધિ ઘટી શકે છે. અને ત્યારપછીના અનંતગુણ વૃદ્ધ પ્રથમ સ્થાનની પહેલાના મૂળ સંખ્યાતગુણવૃદ્ધ સ્થાનો અને તેની વચ્ચે આવતા અનંત ભાગવૃદ્ધ વગેરે ત્રણે પ્રકારનાં સ્થાનો તેમજ અસંખ્યાતગુણ વૃદ્ધિવાળાં મૂળ સ્થાનો અને તેની વચ્ચે આવતા અનંતભાગ વૃદ્ધ વગેરે ચારે પ્રકારનાં સ્થાનો અસંખ્યાત ગુણ વૃદ્ધ જ છે. અને તે બન્ને પ્રકારના તેમજ જે વીસમા મૂળ સંખ્યાત ભાગ વૃદ્ધ સ્થાનથી અસંખ્યાતગુણ વૃદ્ધ સ્પર્દ્ધકો થયા છે. તે બાકી રહેલ ૩૦ (ત્રીસ) મૂળ સંખ્યાત ભાગ વૃદ્ધનાં સ્થાનો પણ અસંખ્યાતગુણ વૃદ્ધ સ્પર્દ્ધકોવાળાં છે.

માટે જ સંખ્યાતગુણ વૃદ્ધ સ્થાન કરતાં અસંખ્યાતગુણ વૃદ્ધ સ્થાનો અસંખ્યાતગુણા છે. અને તેની અપેક્ષાએ પ્રથમ અનંતગુણ વૃદ્ધના સ્થાનથી ષટ્સ્થાનની સમાપ્તિ સુધીનાં બધાં સ્થાનો પૂર્વ-પૂર્વના સ્થાનની અપેક્ષાએ યથાસંભવ છએ પ્રકારની વૃદ્ધિવાળા હોવા છતાં અહીં અનંતગુણ વૃદ્ધ સ્પર્દ્ધકવાળાં છે. અને તે પૂર્વનાં સ્થાનો કરતાં અસંખ્યાતવાર આવતા હોવાથી અસંખ્યાતગુણા છે.

અહીં સુધી રસબંધનાં સ્થાનોનું તથા તેના કારણભૂત અધ્યવસાય સ્થાનોનું સ્વરૂપ બતાવ્યું પણ હવે એ રસસ્થાનોને બાંધનારા—બંધકપણે વર્તતા જીવોનો વિચાર કરવાનો છે. તેમાં એક સ્થાન જીવ પ્રમાણ, અંતરસ્થાન, નિરંતરસ્થાન, એકસ્થાનના બંધનું કાલપ્રમાણ, વૃદ્ધિ, યવમધ્ય, સ્પર્શના અને જીવોનું અલ્પબહુત્વ એ આઠ અનુયોગ દ્વારો છે.

(૧) એક સ્થાન જીવ પ્રમાણ

સ્થાવર પ્રાયોગ્ય એક એક સ્થાનને બાંધનારા ઉત્કૃષ્ટથી અને જઘન્યથી પણ હંમેશાં અનંતા અને ત્રસપ્રાયોગ્ય એક એક સ્થાનને બાંધનારા ઉત્કૃષ્ટથી આવલિકાના અસંખ્યાતમા ભાગ પ્રમાણ અસંખ્યાતા અને જઘન્યથી એક-બે જીવો હોય છે. અને કોઈ કોઈ વાર કેટલાંક સ્થાનોને બાંધનારા ત્રસ જીવો નથી પણ હોતા.

(૨) અંતરસ્થાન

સ્થાવર પ્રાયોગ્ય સ્થાનો થોડાં હોવાથી અને તેને બાંધનારા જીવો અનંત હોવાથી દરેક સ્થાનને બાંધનારા સ્થાવર જીવો સદા અનંતા હોય છે. અર્થાત્ સ્થાવર પ્રાયોગ્ય કોઈ પણ સ્થાનને કોઈ વખત જીવો ન બાંધે અને ખાલી હોય એવું બનતું જ નથી. જ્યારે ત્રસ પ્રાયોગ્ય સ્થાનો ઘણાં હોવાથી અને ત્રસજીવો થોડા હોવાથી વચ્ચે-વચ્ચે જઘન્યથી એક-બે અને ઉત્કૃષ્ટથી અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ રસસ્થાનો શૂન્ય હોય છે. અર્થાત્ કોઈ વાર તેટલાં સ્થાનોને બાંધનારા કોઈ પણ ત્રસ જીવો હોતા નથી. એમ પણ બને છે.

(૩) નિરંતરસ્થાન

સ્થાવર પ્રાયોગ્ય બધાં સ્થાનોને બાંધનારા જીવો હંમેશાં હોવાથી અનેક જીવો આશ્રયી બધાં સ્થાનો હંમેશાં બંધાતાં જ હોય છે. અને ત્રસજીવો જઘન્યથી બે અને ઉત્કૃષ્ટથી આવલિકાના અસંખ્યાતમા ભાગમાં રહેલ સમય પ્રમાણ તત્પ્રાયોગ્ય અસંખ્યાતા સ્થાનોને અંતર વિના બાંધે છે પણ તેથી વધારે નહિ.

(૪) એકસ્થાન કાલપ્રમાણ

સ્થાવર પ્રાયોગ્ય દરેક સ્થાનને જુદા-જુદા જીવો હંમેશાં બાંધતા હોય છે અને ત્રસપ્રાયોગ્ય કોઈ પણ એક સ્થાનને જુદા-જુદા ત્રસજીવો જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી આવલિકાના અસંખ્યાતમા ભાગ પ્રમાણ કાળ સુધી સતત બાંધનારા હોય છે. પછી તો તે વિવક્ષિત સ્થાનને બાંધનાર અમુક સમય સુધી કોઈ પણ જીવ હોય જ નહિ.

(૫) વૃદ્ધિ પ્રરૂપણા

બહુ અલ્પ કષાયવાળા તેમજ બહુ વધારે કષાયવાળા જીવો તથા સ્વભાવે જ જગતમાં

ઓછા હોય છે. અને મધ્યમ કષાયવાળા જીવો વધારે હોય છે. તેથી જ યવમધ્ય=આઠ સમયના કાળવાળાં રસસ્થાનોને બાંધનારા જીવો ઘણા હોય છે. અને ક્રમશઃ બન્ને બાજુ પછી પછીનાં રસસ્થાનોને બાંધનારા જીવો ઓછા ઓછા હોય છે. આ અનંતરોપનિધા છે. પરંપરોપનિધાએ વિચારીએ તો જઘન્ય ચાર સમયવાળા પહેલા રસસ્થાનને બાંધનારા જીવો અલ્પ હોય છે. અને ત્યાંથી અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ રસસ્થાનો ઓળંગી પછીના રસસ્થાનને બાંધનારા જીવો બમણા હોય છે. ત્યાંથી પુનઃ તેટલી જ સંખ્યા પ્રમાણ રસસ્થાનો ઓળંગી-ઓળંગી પછીના રસસ્થાનને બાંધનારા જીવો બમણા હોય છે. એમ યવમધ્યસ્થાનો સુધી અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ રસસ્થાનો ઓળંગી-ઓળંગી પછી પછીનાં રસસ્થાનોને બાંધનારા જીવો બમણા-બમણા હોય છે. અને યવમધ્યનાં રસસ્થાનોની અપેક્ષાએ ઉપરના બે સમયવાળા સર્વોત્કૃષ્ટ અન્તિમ રસસ્થાન સુધી અસંખ્ય લોકાકાશ પ્રદેશ પ્રમાણ રસસ્થાનો ઓળંગી-ઓળંગી પછી-પછીનાં રસસ્થાનોને બાંધનારા જીવો અર્ધા-અર્ધા હોય છે.

આવાં દ્વિગુણહાનિનાં સ્થાનો ત્રસ જીવોમાં આવલિકાના અસંખ્યાતમા ભાગ પ્રમાણ હોય છે અને ત્રસના એક દ્વિગુણહાનિનાં વચ્ચે રહેલાં સ્થાનો તેઓના દ્વિગુણહાનિ સ્થાનોથી અસંખ્ય ગુણ છે અને ત્રસોના એક દ્વિગુણ હાનિના વચમાં રહેલ સ્થાનોથી પણ સ્થાવર પ્રાયોગ્ય સ્થાનોમાં દ્વિગુણહાનિ સ્થાનો અસંખ્યાતગુણા છે. અર્થાત્ સ્થાવર જીવોમાં દ્વિગુણ હાનિનાં સ્થાનો ઘણાં છે. અને તેનાથી એક દ્વિગુણ હાનિનાં વચ્ચે રહેલાં સ્થાનો ઓછાં છે.

અહીં સ્વાભાવિક એવી શંકા થાય કે ત્રસ જીવો નિરંતર આવલિકાના અસંખ્યાતમા ભાગમાં રહેલ અસંખ્યાત સમય જેટલાં સ્થાનોને જ બાંધે છે. ત્યારપછી એક, બે યાવત્ અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ સ્થાનો વચ્ચે ખાલી હોય છે. ત્યારબાદ વળી અંતર વિના અમુક સ્થાનો લાઈનસર બાંધે છે. અને ત્યારપછી વળી કેટલાંયેક સ્થાનોને નથી પણ બાંધતા, તેમજ કોઈ પણ એક સ્થાનને એકીસાથે આવલિકાના અસંખ્યાતમા ભાગ જેટલા જ જીવો બાંધે છે. જ્યારે અહીં તો અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ સ્થાનો ઓળંગી ઓળંગી પછી પછીના સ્થાનમાં આવલિકાના અસંખ્યાતમા ભાગ જેટલી વખત દ્વિગુણહાનિ સ્થાનો બતાવ્યાં, પરંતુ નિરંતર આવલિકાના અસંખ્યાતમા ભાગથી વધારે સ્થાનો બંધાતાં જ નથી. અને તેથી એક પણ દ્વિગુણહાનિ સ્થાન થઈ શકે જ નહિ. તેમજ વિવક્ષિત સ્થાનથી પછીના સ્થાનને બાંધનાર એક એક જીવ અધિક ગણીએ તોપણ અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ સ્થાનો સુધી જતાં જીવો પણ અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ થાય, અર્થાત્ એક સ્થાનને બાંધનાર ત્રસ જીવો અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ થઈ જાય. પરંતુ કોઈ પણ એક સ્થાનને ઉત્કૃષ્ટથી પણ આવલિકાના અસંખ્યાતમા ભાગ જેટલા જ જીવો બાંધે છે, એમ કહ્યું છે. તો તેના ઉત્તરમાં સમજવાનું કે તમોએ કહી તે વાત બરાબર છે, હંમેશ માટે આટલાં સ્થાનોને આટલા ત્રસ જીવો બાંધનારા હોતા નથી. પરંતુ અહીં દ્વિગુણ હાનિ સ્થાનો ત્રિકાળવર્ત્તી જીવોની અપેક્ષાએ બતાવેલ છે. એટલે પ્રથમ સ્થાનને બાંધનારા ઉત્કૃષ્ટથી જેટલા જીવો હોય છે, તેનાથી અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પછીના સ્થાનને જ્યારે જીવો બાંધતા હોય ત્યારે ઉત્કૃષ્ટથી પહેલા સ્થાનને બાંધનારા જીવો કરતાં બમણા હોય છે.

જેમ નાનાં અને તેથી મોટાં મોટાં અનુક્રમે કુલ પાંચ મકાનો હોય, તેમાંના કોઈ પણ મકાનમાં એક સાથે સો માણસ રહેતા ન હોય, એટલું જ નહિ પરંતુ કોઈ વખત તે મકાનમાં બે, ત્રણ અને તેમાંના સૌથી નાના મકાનમાં ૨૫ માણસો પણ રહે પરંતુ જ્યારે કોઈ લગ્ન-ઉત્સવ વગેરેનો પ્રસંગ હોય અને જેટલાનો સમાવેશ થઈ શકે તેટલા માણસોને રહેવું હોય ત્યારે સૌથી નાના મકાનમાં વધુમાં વધુ ૨૫ અને તેની પછી પછીના મકાનમાં અનુક્રમે અધિક-અધિક એમ સૌથી મોટા મકાનમાં ૧૦૦થી વધારે માણસો પણ રહી શકે, તેમ અહીં પણ સમજવાનું છે. માટે ઉપર બતાવેલ બેમાંથી એક પણ દોષ અહીં લાગતો નથી.

(૬) યવમધ્ય

યવના મધ્યભાગની જેમ વચલા અસંખ્યાતમા ભાગ જેટલા અસંખ્ય રસસ્થાનો આઠ સમયના કાળવાળા હોવાથી સૌથી વધારે, કાળની અને જીવની અપેક્ષાએ પહોળા અથવા જાડા આકારવાળા છે. અને તેની બન્ને બાજુએ ઓછા ઓછા કાળ અને જીવોવાળા હોવાથી યવ જેમ બન્ને બાજુ સાંકડો અથવા પાતળો હોય તેમ અધ્યવસાય સ્થાનો પણ હોય છે. તેમાં યવમધ્યસ્થાનોથી નીચેના સાતથી ચાર સમય સુધીના અધ્યવસાય સ્થાનો અસંખ્યાતગુણા છે. અને તેથી પણ યવમધ્યની ઉપરના સાતથી બે સમય સુધીના અસંખ્યાતગુણા છે.

(૭) સ્પર્શના

કોઈ પણ જીવે ભૂતકાળમાં જે રસસ્થાનને જેટલા કાળ સુધી બાંધ્યું હોય તે જીવ આશ્રયી તેટલા કાળ વિશેષને સ્પર્શના કહેવાય છે.

ત્યાં ભૂતકાળમાં બે સમયકાળવાળાં સર્વોત્કૃષ્ટ રસસ્થાનોનો અલ્પકાળ છે. તેથી શરૂઆતનાં ચાર સમયવાળાં સ્થાનોનો અસંખ્યાતગુણ કાળ છે. કંડકસંજ્ઞાવાળાં યવમધ્યથી ઉપરનાં ચાર સમયવાળાં સ્થાનોનો સ્પર્શના કાળ પણ તેટલો જ છે, તે થકી યવમધ્ય સ્વરૂપ આઠ સમયવાળાં સ્થાનોનો, તે થકી ઉપરનાં ત્રણ સમયવાળાં સ્થાનોનો કાળ અનુક્રમે અસંખ્યાતગુણ છે. તે થકી નીચેનાં પાંચ, છ અને સાત સમયવાળાં સ્થાનોનો સમુદિતકાળ (તેમજ પ્રત્યેકનો કાળ) અસંખ્યાતગુણ છે. યમધ્યથી ઉપરના સાત, છ અને પાંચ સમયવાળાં બધાંયે સ્થાનોનો સમુદિતકાળ પણ તેટલો જ છે. તે થકી યવમધ્યથી ઉપરનાં બધાં સ્થાનોનો, તેથી શરૂઆતના ચાર સમયથી આરંભી યવમધ્યથી ઉપરના પાંચ સમય સુધીનાં બધાં સ્થાનોનો સમુદિત અને તેથી પણ સર્વે સ્થાનોનો સ્પર્શનાકાળ ક્રમશઃ વિશેષાધિક છે.

(૮) જીવાલ્પબહુત્વ

ભૂતકાળમાં કયાં સ્થાનોને અલ્પ જીવોએ અને કયાં સ્થાનોને વધારે જીવોએ બાંધેલ છે, તે આ દ્વારમાં બતાવેલ છે.

સર્વોત્કૃષ્ટ બે સમયવાળાં સ્થાનોને બાંધનારા જીવો અલ્પ છે. તે થકી શરૂઆતના ચાર સમયવાળાં સ્થાનોને બાંધનારા અને યવમધ્યથી ઉપરનાં ચાર સમયવાળાં સ્થાનોને બાંધનારા જીવો અસંખ્યાતગુણ પણ પરસ્પર બન્ને સમાન છે. તે થકી યવના મધ્યભાગ સમાન આઠ સમયવાળાં સ્થાનોને અને તેથી ત્રણ સમયવાળાં સ્થાનોને બાંધનારા જીવો અનુક્રમે અસંખ્યાતગુણ

છે. તેથી યવમધ્યથી નીચેના પાંચ, છ અને સાત સમયનાં સ્થાનોને સમુદિતપણે બાંધનારા જીવો અસંખ્યાતગુણ છે. યવમધ્યથી ઉપરના સાત, છ અને પાંચ સમયવાળાં સમુદિત સ્થાનોને બાંધનારા જીવો પણ તેટલા જ છે. તેનાથી યવમધ્યથી ઉપરનાં સર્વ સ્થાનોને અને તે થકી નીચેના ચાર સમયથી આરંભી ઉપરના પાંચ સમય સુધીનાં સર્વ સ્થાનોને સમુદિતપણે અને તેથી પણ સર્વ રસસ્થાનોને બાંધનારા જીવો ક્રમશઃ વિશેષાધિક વિશેષાધિક છે. અહીં રસસ્થાનો એ કાર્ય છે. અને અધ્યવસાય સ્થાનો એ કારણ છે તેથી કર્મપ્રકૃતિમાં રસસ્થાનોને બદલે કાર્યમાં કારણનો ઉપચાર કરી અધ્યવસાયો બતાવેલ છે. તેથી પરસ્પર વિરોધ આવતો નથી.

કોઈ પણ એક સમયે જેટલા કાળવાળું કર્મ બંધાય તેટલા કાળને એક સ્થિતિસ્થાન કહેવાય છે. અને જે કર્મનો જેટલો જઘન્ય સ્થિતિબંધ હોય ત્યાંથી આરંભી એક એક સમયની વૃદ્ધિએ પોતપોતાના ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સુધી જેટલા સમયો હોય તેટલા તે તે કર્મનાં સ્થિતિસ્થાનો અર્થાત્ સ્થિતિના પ્રકારો કે ભેદો હોય છે. કયા કર્મનાં કેટલાં સ્થિતિસ્થાનો હોય તે આગળ સ્થિતિબંધના પ્રસંગે બતાવવામાં આવશે.

એક એક સ્થિતિસ્થાનના કારણભૂત જે આત્માનાં કાષાયિક પરિણામો અર્થાત્ જે કાષાયિક પરિણામોથી કર્મનો અમુક પ્રકારનો સ્થિતિબંધ થાય તે પરિણામો સ્થિતિબંધના અધ્યવસાયો છે.

વિવક્ષિત કોઈ જીવને કોઈ પણ એક સમયે કોઈ પણ એક પ્રકારનો સ્થિતિબંધ અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ કષાયોદયમાંના કોઈ પણ એક કષાયોદયથી થાય છે. તેથી ત્રિકાળવર્તી અનેક જીવો આશ્રયી એક એક સ્થિતિસ્થાનની અંદર તેના કારણભૂત અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ અધ્યવસાયો હોય છે.

પ્રશ્ન—સ્થિતિબંધના કારણભૂત અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ અસંખ્યાત અધ્યવસાયો દ્વારા સમાન સ્થિતિબંધ રૂપ એક પ્રકારનું કાર્ય કેમ બની શકે ? કારણ કે કાર્યના ભેદથી જ કારણનો ભેદ થઈ શકે છે. અને કાર્યના ભેદ વિના કારણનો ભેદ થઈ શકતો જ નથી. તેથી એક એક સ્થિતિબંધના કારણભૂત એક જ અધ્યવસાય હોવો જોઈએ. પરંતુ અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ કેમ હોય ?

ઉત્તર—અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ અસંખ્યાતા કષાયોદયથી સામાન્યપણે સમાન સ્થિતિબંધરૂપ એક કાર્ય થવા છતાં જેટલા જીવોએ સમાન સ્થિતિવાળું જે કર્મ બાંધ્યું હોય તે બધાયને એક જ પ્રકારનાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવના નિમિત્તથી એક જ વખતે ઉદયમાં આવતું નથી, પરંતુ તેમાંના ભિન્ન ભિન્ન જીવોને ભિન્ન ભિન્ન પ્રકારનાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવરૂપ નિમિત્તોથી ઉદયમાં આવે છે.

જેમ પાંચ દિવસ તાવ લાવે તેવી સ્થિતિવાળું કર્મ અનેક જીવોએ એકીસાથે બાંધ્યું હોવા છતાં તેમાંના અમુક જીવને કેળા ખાવાથી, અમુકને ઠંડા પાણીએ નાહવાથી, એ જ પ્રમાણે કોઈકને સિમલા કે આબુ પ્રદેશમાં ફરવાથી, કોઈકને સવારે કે કોઈકને સાંજે અથવા અમુકને શિયાળામાં, કે અમુકને ઉનાળામાં, કોઈકને વધુ પ્રમાણમાં જાગવાથી તો કોઈકને વધુ પરિશ્રમ કે ભૂખ્યા રહેવાથી તેમજ કોઈકને મનુષ્યભવમાં અને કોઈકને તિર્યંચ ભવમાં તાવ આવે છે. એમ

ભિન્ન ભિન્ન અધ્યવસાયરૂપ કારણોના ભેદ વિના ઉપર બતાવ્યા મુજબ ભિન્ન ભિન્ન રીતે વિપાકોદયરૂપ તાવ આવવાનું કાર્ય બની શકે જ નહિ.

તેથી ઉપર જણાવ્યા મુજબ જુદા જુદા પ્રકારના વિપાકોદયરૂપ જુદાં જુદાં કાર્યો હોવાથી તેના કારણભૂત અધ્યવસાયો પણ અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ માનવામાં કોઈ વિરોધ નથી.

જઘન્ય સ્થિતિબંધમાં અસંખ્ય લોકાકાશ પ્રદેશ પ્રમાણ અધ્યવસાયો હોય છે. અને પછી પછીના સ્થિતિસ્થાનમાં વિશેષાધિક હોય છે. એમ સર્વોત્કૃષ્ટ અંતિમ સ્થિતિસ્થાન સુધી સમજવું.

સ્થિતિબંધના કારણભૂત એક-એક કષાયોદયમાં એટલે સ્થિતિસ્થાન અધ્યવસાયમાં રસબંધના હેતુભૂત અધ્યવસાયો અસંખ્ય લોકાકાશ પ્રદેશ પ્રમાણ હોય છે. કારણ કે એક એક કષાયોદયની અંદર લેશ્યાજન્ય તીવ્ર-તીવ્રતર, મંદ-મંદતર અને મંદતમ વગેરે અસંખ્ય પ્રકારનાં પરિણામો હોય છે. અર્થાત્ સ્થિતિબંધમાં કારણભૂત કેવળ કષાયોદય છે અને રસબંધના કારણભૂત કષાય સહિત લેશ્યા જન્ય પરિણામ છે.

હવે સર્વ જઘન્ય સ્થિતિબંધમાં કારણભૂત જે અસંખ્ય લોકાકાશ પ્રદેશ પ્રમાણ કષાયોદય છે. તેમાંના સર્વજઘન્ય પ્રથમ કષાયોદયમાં રસબંધના હેતુભૂત લેશ્યા જન્ય પરિણામો અર્થાત્ અનુભાગ બંધના અધ્યવસાયસ્થાનો ત્રિકાળવર્ત્તી ભિન્ન ભિન્ન જીવોની અપેક્ષાએ અસંખ્ય લોકાકાશ પ્રદેશ પ્રમાણ હોય છે. તેનાથી તે જઘન્ય સ્થિતિબંધના હેતુભૂત બીજા કષાયોદયમાં વિશેષાધિક હોય છે. તેથી પણ ત્રીજા કષાયોદયમાં વિશેષાધિક, એમ પછી પછીના કષાયોદયમાં વિશેષાધિક વિશેષાધિક અનુભાગબંધના અધ્યવસાયો યાવત્ ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાનના અસંખ્ય કષાયોદયમાંના સર્વાન્તિમ ઉત્કૃષ્ટ કષાયોદય સુધી હોય છે. આ પ્રમાણે સ્થિતિબંધના અધ્યવસાયોમાં અનુભાગબંધના અધ્યવસાયો અનંતરોપનિધાએ છે.

હવે પરંપરોપનિધાએ બતાવે છે. સર્વ જઘન્ય કષાયોદયથી અસંખ્ય લોકાકાશ પ્રદેશ પ્રમાણ કષાયોદય ઓળંગી પછી જે કષાયોદય આવે તેમાં પ્રથમ કષાયોદય કરતાં રસબંધના અધ્યવસાયો બમણા હોય છે. ત્યાંથી પુનઃ અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ કષાયોદય પછીના કષાયોદયમાં રસબંધના અધ્યવસાયો દ્વિગુણ હોય છે, એમ સર્વોત્કૃષ્ટ સ્થિતિબંધના કારણભૂત અસંખ્ય કષાયોદયમાંના સર્વાંતિમ ઉત્કૃષ્ટ કષાયોદય સુધી વારંવાર અસંખ્ય લોકાકાશ પ્રદેશ પ્રમાણ સ્થિતિબંધના અધ્યવસાયો ઓળંગી-ઓળંગી પછી પછીના સ્થિતિબંધના અધ્યવસાયોમાં એટલે કષાયોદયમાં પૂર્વ-પૂર્વની અપેક્ષાએ બમણા-બમણા રસબંધના અધ્યવસાયો હોય છે. એમ કુલ દ્વિગુણવૃદ્ધિનાં સ્થાનો આવલિકાના અસંખ્યાતમા ભાગ પ્રમાણ અસંખ્યાતા હોય છે, અને એક દ્વિગુણહાનિના વચમાં રહેલ કષાયોદય તેનાથી અસંખ્યાતગુણ હોય છે.

આ પ્રમાણે મતિજ્ઞાનાવરણીય વગેરે ૮૭ અશુભ પ્રકૃતિઓમાં સમજવું અને સાતાવેદનીય વગેરે ૬૯ શુભ પ્રકૃતિઓમાં તેથી વિપરીત હોય છે. તે આ પ્રમાણે—સર્વોત્કૃષ્ટ સ્થિતિબંધના કારણભૂત અસંખ્ય લોકાકાશ પ્રદેશ પ્રમાણ કષાયોદયમાંના સર્વોત્કૃષ્ટ પ્રથમ કષાયોદયમાં રસબંધના અધ્યવસાયો અલ્પ છતાં અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ હોય છે અને

પછી પછીના કષાયોદયમાં અનુભાગ બંધના અધ્યવસાયો વિશેષાધિક-વિશેષાધિક યાવત્ સર્વજઘન્ય સ્થિતિબંધના હેતુભૂત અસંખ્ય કષાયોદયમાંનો સર્વ જઘન્ય કષાયોદય આવે ત્યાં સુધી સમજવું. આ અનંતરોપનિધા છે.

પરંપરોપનિધાએ સર્વોત્કૃષ્ટ સ્થિતિબંધના હેતુભૂત સર્વોત્કૃષ્ટ અધ્યવસાયોરૂપ કષાયોદયમાં જે રસબંધના અધ્યવસાયો છે તેની અપેક્ષાએ અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ કષાયોદય પછીના કષાયોદયમાં દ્વિગુણ, ત્યાંથી પુનઃ તેટલા જ કષાયોદય ઓળંગી પછીના કષાયોદયમાં દ્વિગુણ, એમ તેટલા-તેટલા કષાયોદય ઓળંગી ઓળંગી પછીના કષાયોદયમાં રસબંધના અધ્યવસાયો દ્વિગુણ-દ્વિગુણ હોય, એમ યાવત્ સર્વ જઘન્ય સ્થિતિબંધના કારણભૂત સર્વજઘન્ય કષાયોદય આવે ત્યાં સુધી સમજવું.

એ પ્રમાણે સ્થિતિબંધના અધ્યવસાયોમાં રસબંધના અધ્યવસાયોનો વિચાર કરી હવે સ્થિતિબંધ સ્થાનોમાં રસબંધના અધ્યવસાયોનો વિચાર કરે છે.

અહીં પણ અનંતરોપનિધા અને પરંપરોપનિધા એમ બે પ્રકારની માર્ગણા છે.

આયુષ્ય વિના મતિજ્ઞાનાવરણીય વગેરે ૮૯ પાપપ્રકૃતિઓના જઘન્ય સ્થિતિબંધમાં જે અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ અનુભાગબંધના અધ્યવસાયો છે તેની અપેક્ષાએ સમયાધિક જઘન્ય સ્થિતિબંધમાં વિશેષાધિક, તેનાથી બે સમયાધિક જઘન્ય સ્થિતિબંધમાં વિશેષાધિક એમ સર્વોત્કૃષ્ટ સ્થિતિસ્થાન સુધી દરેક સ્થિતિસ્થાનમાં રસબંધના અધ્યવસાયો વિશેષાધિક વિશેષાધિક હોય છે.

પરંપરોપનિધાએ સર્વ જઘન્ય સ્થિતિબંધ સ્થાનમાં જ રસબંધના અધ્યવસાયો છે તેની અપેક્ષાએ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિ સ્થાનો ઓળંગી પછીના સ્થિતિસ્થાનમાં બમણા, ત્યાંથી પુનઃ તેટલાં સ્થિતિસ્થાનો ઓળંગી પછીના સ્થિતિસ્થાનમાં બમણા, એમ સર્વોત્કૃષ્ટ સ્થિતિબંધસ્થાન સુધી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિસ્થાનો ઓળંગી-ઓળંગી પછી-પછીના સ્થિતિસ્થાનમાં બમણા-બમણા રસબંધના અધ્યવસાયો હોય છે.

આયુષ્ય સિવાયની શેષ સાતાવેદનીય વગેરે ૬૬ પુન્યપ્રકૃતિઓમાં ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સ્થાનમાં અધ્યવસાયો અલ્પ અને ત્યાંથી જઘન્ય સ્થિતિબંધ સ્થાન સુધી સમય-સમય ન્યૂન દરેક સ્થિતિબંધ સ્થાનમાં વિશેષાધિક-વિશેષાધિક રસબંધના અધ્યવસાયો હોય છે. અને પરંપરોપનિધાએ પણ ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સ્થાનથી જઘન્ય સ્થિતિબંધસ્થાન સુધી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિસ્થાનો ઓળંગી-ઓળંગી પછી પછીના સ્થિતિસ્થાનમાં રસબંધના અધ્યવસાયો બમણા-બમણા થાય છે.

અહીં પણ સર્વ દ્વિગુણવૃદ્ધિનાં સ્થાનો આવલિકાના અસંખ્યાતમા ભાગમાં રહેલ અસંખ્યાત સમય પ્રમાણ હોય છે અને તેથી પણ એક દ્વિગુણવૃદ્ધિની વચ્ચે રહેલ સ્થિતિસ્થાનો અસંખ્યાતગુણા છે.

ચારે આયુષ્યના જઘન્ય સ્થિતિબંધમાં રસબંધના અધ્યવસાયો અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ છે, અને સમયાધિક જઘન્ય સ્થિતિબંધમાં અસંખ્યાતગુણા છે, એમ પોતપોતાના ઉત્કૃષ્ટ

સ્થિતિસ્થાન સુધી પછી-પછીના સ્થિતિબંધ સ્થાનમાં રસબંધના અધ્યવસાયો તથાસ્વભાવે અસંખ્યાતગુણ જ હોય છે, તેથી અહીં પરંપરોપનિધા સંભવતી નથી.

હવે રસની તીવ્ર-મંદતા સમજવા માટે પ્રથમ અનુભાગબંધના અધ્યવસાયોની અનુકૃષ્ટિ બતાવે છે.

અનુકૃષ્ટિ એટલે પહેલા-પહેલાનાં સ્થિતિસ્થાનોમાં રહેલ રસબંધના હેતુભૂત અધ્યવસાય સ્થાનોનું ઉપર-ઉપરનાં સ્થિતિસ્થાનોમાં ખેંચાવું, અર્થાત્ જવું.

ત્યાં અમુક અમુક પ્રકૃતિઓની અનુકૃષ્ટિ એક સમાન હોવાથી પ્રકૃતિઓના ચાર વર્ગો પાડવામાં આવ્યા છે. તે આ પ્રમાણે—

મતિજ્ઞાનાવરણીય વગેરે પિસ્તાળીસ ઘાતી, અશુભવર્ણાદિ નવ અને ઉપઘાત આ પંચાવન પ્રકૃતિઓનો અપરાવર્તનમાન અશુભ વર્ગ છે.

પરાઘાત, ઉચ્છ્વાસ, આતપ, ઉદ્યોત, પાંચ શરીર, પંદર બંધન, પાંચ સંઘાતન, ત્રણ અંગોપાંગ, અગુરુલઘુ, નિર્માણ શુભવર્ણાદિ અને તીર્થંકર નામકર્મ, આ છેંતાળીસ પ્રકૃતિઓનો અપરાવર્તમાન શુભ વર્ગ છે.

સાતાવેદનીય, પ્રથમ સંઘયણ, પ્રથમ સંસ્થાન, સ્થિરષટ્ક, શુભ વિહાયોગતિ મનુષ્યદ્વિક, દેવદ્વિક, પંચેન્દ્રિય જાતિ અને ઉચ્ચ ગોત્ર આ સોળ પ્રકૃતિઓનો પરાવર્ત્તમાન શુભ છે.

અસાતાવેદનીય, નરકદ્વિક, પ્રથમની ચાર જાતિ, અશુભ વિહાયોગતિ, અંતિમ પાંચ સંઘયણ, અંતિમ પાંચ સંસ્થાન અને સ્થાવર દશક આ અઠ્ઠાવીસ પ્રકૃતિઓનો પરાવર્ત્તમાન અશુભ વર્ગ છે.

લગભગ બધી પ્રકૃતિઓની અભવ્ય જીવને ગ્રંથિ-દેશ પાસે જે જઘન્ય સ્થિતિબંધ થાય છે ત્યાંથી શરૂ કરી પોતપોતાની ઉત્કૃષ્ટ સ્થિતિ સુધી અનુકૃષ્ટિ બતાવવામાં આવી છે. તિર્યંચદ્વિક, અને નીચ ગોત્ર આ ત્રણ પ્રકૃતિઓની અભવ્ય પ્રાયોગ્ય જઘન્ય સ્થિતિથી નીચેનાં સ્થિતિસ્થાનોમાં પણ અનુકૃષ્ટિ વ્યવસ્થિત હોવાથી બતાવવામાં આવેલ છે અને તેથી જ આ ત્રણ પ્રકૃતિઓ પરાવર્ત્તમાન અશુભ વર્ગની હોવા છતાં તેમાં ન ગણતાં અલગ પાડી ભિન્ન રીતે અનુકૃષ્ટિ બતાવવામાં આવી છે.

ટીકામાં આ ત્રણ સિવાયની શેષ સર્વ પ્રકૃતિઓની અભવ્ય પ્રાયોગ્ય જઘન્ય સ્થિતિસ્થાનથી જ અનુકૃષ્ટિ બતાવવામાં આવી છે. પરંતુ સાતા-અસાતા, સ્થિર-અસ્થિર, શુભ-અશુભ અને યશઃ-અયશઃ આ આઠ પ્રકૃતિઓના જઘન્ય રસબંધના સ્વામી આ જ ગ્રંથના પાંચમા દ્વારની ટીકામાં અને શતકચૂર્ણીમાં એકથી છ ગુણસ્થાનક સુધીના જીવો બતાવ્યા છે. માટે ઉપરની આઠ પ્રકૃતિઓની અનુકૃષ્ટિ અભવ્ય પ્રાયોગ્ય જઘન્ય સ્થિતિબંધથી સંખ્યાત ગુણહીન પ્રમત્ત ગુણઠાણે જે જઘન્ય સ્થિતિબંધ થાય છે ત્યાંથી પોતપોતાના ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સ્થાન સુધી સંભવી શકે છે. તેમજ યથાસંભવ સર્વ પ્રકૃતિઓનો એકેન્દ્રિયથી અસંજ્ઞીપંચેન્દ્રિય સુધીના જીવોને અને બીજાથી આઠમા ગુણસ્થાનક સુધીના સંજ્ઞીપંચેન્દ્રીય જીવોને અભવ્ય પ્રાયોગ્ય જઘન્ય સ્થિતિબંધથી પણ ઘણો ઓછો સ્થિતિબંધ થાય છે અને ત્યાં પણ અમુક પ્રકારની અનુકૃષ્ટિ હોય છે, છતાં તેમાં

કેટલીક ભિન્નતા હોવાથી અહીં બતાવવામાં આવેલ નથી. જિજ્ઞાસુઓએ બહુશ્રુતો પાસેથી જાણી લેવી.

મતિજ્ઞાનાવરણીય વગેરે પંચાવન અપરાવર્ત્તમાન અશુભ પ્રકૃતિઓના અભવ્ય પ્રાયોગ્ય જઘન્ય સ્થિતિબંધ સ્થાનમાં પછીનાં સ્થિતિસ્થાનોની અપેક્ષાએ ઓછા હોવા છતાં અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ રસબંધના અધ્યવસાયો હોય છે. તે અધ્યવસાયોમાંના શરૂઆતના એક અસંખ્યાતમા ભાગ પ્રમાણ અધ્યવસાયો બાદ કરી શેષ તે સર્વ અને બાદ કરેલ અધ્યવસાયોની સંખ્યાથી થોડા વધારે નવા અધ્યવસાયો સમયાધિક જઘન્ય સ્થિતિસ્થાનમાં હોય છે. પુનઃ તેમાંના શરૂઆતના અસંખ્યાતમા ભાગ જેટલા અધ્યવસાયો છોડી શેષ સર્વ અને છોડ્યા તેનાથી કંઈક વિશેષ સંખ્યા પ્રમાણ નવા અનુભાગ બંધના અધ્યવસાયો બે સમયાધિક જઘન્ય સ્થિતિબંધ સ્થાનમાં હોય છે. એ પ્રમાણે દરેક સ્થિતિસ્થાનમાં રહેલ રસબંધના અધ્યવસાયોમાંના શરૂઆતના એક એક અસંખ્યાતમા ભાગ પ્રમાણ અધ્યવસાયો છોડી શેષ તે સર્વે અને છોડેલા અધ્યવસાયોથી થોડા વધારે નવા-નવા અધ્યવસાયો ઉપર ઉપરના સ્થિતિસ્થાનમાં જાય છે અને એમ થવાથી સર્વ જઘન્ય સ્થિતિબંધના અધ્યવસાયો પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ અધિક સ્થિતિબંધ સુધી જાય છે—અર્થાત્ પહોંચે છે.

જે સ્થિતિબંધના અધ્યવસાયો જે સ્થિતિસ્થાન સુધી પહોંચે છે તેટલાં સ્થિતિસ્થાનોને એક કંડક કહેવામાં આવે છે અને તે પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ હોય છે. તેથી જ જઘન્ય સ્થિતિબંધના અધ્યવસાયોની અનુકૃષ્ટિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગના ચરમ સ્થિતિસ્થાનમાં પૂર્ણ થાય છે. સમયાધિક જઘન્ય સ્થિતિસ્થાનના અધ્યવસાયોની કંડક ઉપરના પ્રથમ સ્થિતિસ્થાનમાં, બે સમયાધિક જઘન્ય સ્થિતિસ્થાનના અધ્યવસાયોની કંડક ઉપરના દ્વિતીય સ્થિતિસ્થાનમાં, ત્રણ સમયાધિક જઘન્ય સ્થિતિસ્થાનના અધ્યવસાયોની કંડક ઉપરના તૃતીય સ્થિતિસ્થાનમાં, એમ કોઈ પણ વિવક્ષિત સ્થિતિસ્થાનના અધ્યવસાયોની અનુકૃષ્ટિ તે સ્થિતિસ્થાનના કંડકના ચરમ સ્થાનમાં પૂર્ણ થાય છે. તેથી જ એ પ્રમાણે સર્વોત્કૃષ્ટ સ્થિતિબંધના અંતિમ કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોમાંના પ્રથમ સ્થિતિસ્થાનના અધ્યવસાયોની અનુકૃષ્ટિ કંડકના ચરમ સ્થિતિરૂપ સર્વોત્કૃષ્ટ સ્થિતિસ્થાનમાં પૂર્ણ થાય છે.

પરાઘાત વગેરે છેતાળીસ અપરાવર્ત્તમાન શુભ પ્રકૃતિઓની અનુકૃષ્ટિ સર્વોત્કૃષ્ટ સ્થિતિબંધસ્થાનથી પોતપોતાના અભવ્ય પ્રાયોગ્ય જઘન્ય સ્થિતિબંધ સુધી મતિજ્ઞાનાવરણીય વગેરેથી ઊલટા ક્રમે હોય છે.

તે આ પ્રમાણે—સર્વોત્કૃષ્ટ સ્થિતિબંધ સ્થાનમાં નીચે નીચેનાં સ્થિતિસ્થાનોની અપેક્ષાએ અલ્પ હોવા છતાં અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ રસબંધના અધ્યવસાયો હોય છે. તેમાંથી શરૂઆતના એક અસંખ્યાતમા ભાગ પ્રમાણ છોડી શેષ સર્વ અને છોડેલ સંખ્યાથી થોડા અધિક નવા અધ્યવસાયો સમય ન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સ્થાનમાં હોય છે, સમય ન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સ્થાનમાં જે અધ્યવસાયો છે તેના શરૂઆતના એક અસંખ્યાતમા ભાગ પ્રમાણ અધ્યવસાયો છોડી શેષ સર્વે અને છોડેલ અધ્યવસાયોથી થોડા વધારે નવા અધ્યવસાયો બે સમય ન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સ્થાનમાં હોય છે.

એમ દરેક સ્થિતિબંધ સ્થાનમાં અધ્યવસાયોમાંના શરૂઆતના એક એક અસંખ્યાતમા ભાગ પ્રમાણ અધ્યવસાયો છોડી શેષ સર્વે અને છોડેલ સંખ્યાથી થોડા વધારે નવા નવા અધ્યવસાયો નીચે નીચેના સ્થિતિબંધ સ્થાનમાં જતા હોવાથી સર્વોત્કૃષ્ટ સ્થિતિબંધના અધ્યવસાયો પ્રથમ કંડકના ચરમ સ્થિતિસ્થાન સુધી જાય છે. એ જ પ્રમાણે સમયોન ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સ્થાનના રસબંધના અધ્યવસાયોની અનુકૃષ્ટિ કંડકના નીચેના પ્રથમ સ્થિતિબંધ સ્થાનમાં, બે સમયોન ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સ્થાનના અધ્યવસાયોની કંડકની નીચેના બીજા સ્થિતિબંધ સ્થાનમાં, ત્રણ સમયોન ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સ્થાનના અધ્યવસાયોની કંડકની નીચેના ત્રીજા સ્થિતિસ્થાનમાં પૂર્ણ થાય છે. યાવત્ સર્વથી નીચેના કંડકના પહેલા સ્થિતિસ્થાનના અધ્યવસાયોની અનુકૃષ્ટિ તે જ કંડકના ચરમ સ્થિતિસ્થાન રૂપ અભવ્ય પ્રાયોગ્ય જઘન્ય સ્થિતિસ્થાનમાં પૂર્ણ થાય છે.

સાતાવેદનીય વગેરે સોળ પરાવર્ત્તમાન શુભ પ્રકૃતિઓ અને અસાતાવેદનીય વગેરે અઠ્ઠાવીસ પરાવર્ત્તમાન અશુભ પ્રકૃતિઓની અનુકૃષ્ટિ વિચારતાં પહેલાં નીચેની બાબતો ખ્યાલમાં લેવી જરૂરી છે.

શુભ અને અશુભ પ્રતિપક્ષ પ્રકૃતિઓના જેટલાં સ્થિતિસ્થાનો પ્રત્યેક અંતર્મુહૂર્ત્તે પરાવર્તનપણે અર્થાત્ વારાફરતી બંધાય છે તેટલાં સ્થિતિસ્થાનોને આક્રાંત સ્થિતિસ્થાનો કહેવામાં આવે છે.

જેમ અભવ્ય પ્રાયોગ્ય જઘન્ય સ્થિતિબંધથી પ્રતિપક્ષ બન્ને પ્રકૃતિઓમાંથી જે પ્રકૃતિનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ ઓછો હોય ત્યાં સુધીનાં બધાં સ્થિતિસ્થાનો આક્રાંત કહેવાય છે. તેથી અભવ્ય પ્રાયોગ્ય સાતા-અસાતાવેદનીયના જઘન્ય સ્થિતિબંધથી સાતાના પંદર કોડાકોડી સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સુધીનાં બધાં સ્થિતિસ્થાનો બન્ને પ્રકૃતિના આક્રાંત કહેવાય અને તેમાંની જે પ્રકૃતિની ઉત્કૃષ્ટ સ્થિતિ અધિક હોય તે સ્થિતિસ્થાનો શુદ્ધ કહેવાય છે. અર્થાત્ બન્ને પ્રકૃતિઓ બંધાય તેવા મધ્યમ પરિણામ ન હોય પણ વધારે ખરાબ પરિણામ હોય ત્યારે જ જે સ્થિતિ બંધાય છે, જેમ પંદર કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિબંધ થકી અધિક સ્થિતિબંધ યોગ્ય સંક્લિષ્ટ પરિણામ હોય ત્યારે સમયાધિક પંદર કોડાકોડી સાગરોપમથી ત્રીસ કોડાકોડી સાગરોપમ સુધીની અસાતાની સ્થિતિ બંધાય છે, તેથી તે સર્વે સ્થિતિસ્થાનો શુદ્ધ કહેવાય છે.

એ જ પ્રમાણે પ્રતિપક્ષ બે પ્રકૃતિઓમાંથી જે પ્રકૃતિનો અભવ્ય પ્રાયોગ્ય જઘન્ય સ્થિતિબંધથી પણ વધારે ઓછો જઘન્ય સ્થિતિબંધ હોય છે તે પ્રકૃતિઓના તેની પ્રતિપક્ષ પ્રકૃતિના અભવ્ય પ્રાયોગ્ય જઘન્ય સ્થિતિબંધથી પોતાના જઘન્ય સ્થિતિબંધ સુધીનાં નીચેનાં સ્થિતિસ્થાનો શુદ્ધ હોય છે અને તેથી જ અસાતાવેદનીયના અભવ્ય પ્રાયોગ્ય જઘન્ય સ્થિતિબંધથી નીચે સાતાવેદનીયના જઘન્ય સ્થિતિબંધ સુધીના સાતાવેદનીયનાં શુદ્ધ સ્થિતિસ્થાનો હોય છે. અર્થાત્ વધારે વિશુદ્ધિવાળાં પરિણામો હોય ત્યારે અભવ્ય પ્રાયોગ્ય જઘન્ય સ્થિતિબંધથી પણ ઓછો સાતાવેદનીયનો જઘન્ય સ્થિતિબંધ થાય છે માટે સાતાવેદનીયનાં તે સ્થિતિસ્થાનો શુદ્ધ કહેવાય છે.

અમુક અપવાદ વિના શુભ પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ સ્થિતિબંધથી અશુભ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ વધારે હોય છે. માટે શુભ પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ સ્થિતિબંધથી અશુભ પ્રકૃતિઓનો જેટલો

વધારે ઉત્કૃષ્ટ સ્થિતિબંધ હોય છે તે બધાં અશુભ પ્રકૃતિઓનાં શુદ્ધ સ્થિતિસ્થાનો હોય છે. વળી અશુભ પ્રકૃતિઓના અભવ્ય પ્રાયોગ્ય જઘન્ય સ્થિતિબંધથી પ્રાયઃ શુભ પ્રકૃતિઓનો જઘન્ય સ્થિતિબંધ ઘણો ઓછો હોય છે, તેથી અશુભ પ્રકૃતિઓના અભવ્ય પ્રાયોગ્ય જઘન્ય સ્થિતિબંધથી શુભ પ્રકૃતિઓનાં નીચેનાં સ્થિતિસ્થાનો શુદ્ધ હોય છે.

પ્રતિપક્ષ બન્ને પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ સમાન હોવા છતાં અમુક મર્યાદા સુધીની બન્ને પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરનારા જીવો એક ન હોય પણ ભિન્ન સ્વરૂપવાળા હોય તો તે અર્થાત્ સ્થિતિસ્થાનો આક્રાંત નથી પણ હોતાં પણ શુદ્ધ હોય છે. જેમ નરકદ્વિક અને તિર્યંચદ્વિકની વીસ કોડાકોડી સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિ સમાન હોવા છતાં સમયાધિક અઢાર કોડાકોડી સાગરોપમથી વીસ કોડાકોડી સાગરોપમ સુધીની નરકદ્વિકની ઉત્કૃષ્ટ સ્થિતિ મનુષ્ય-તિર્યંચો અને તિર્યંચદ્વિકની દેવો તથા નારકો જ બાંધે છે. એ જ પ્રમાણે સમયાધિક અઢાર કોડાકોડી સાગરોપમથી વીસ કોડાકોડી સાગરોપમ સુધીની સ્થાવર નામકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ફક્ત ઈશાન સુધીના દેવો અને ત્રસ નામકર્મની ઈશાન સુધીના દેવો વર્જી શેષ ચાર ગતિના જીવો બાંધે છે, માટે તે પણ સઘળાં સ્થિતિસ્થાનો શુદ્ધ હોય છે.

સાતાવેદનીય વગેરે શુભ પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ સ્થિતિબંધમાં અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ રસબંધના જે અધ્યવસાયો છે, તે સર્વે અને તેથી પણ તીવ્ર શક્તિવાળા થોડા નવા અધ્યવસાયો સમયોન ઉત્કૃષ્ટ સ્થિતિબંધમાં હોય છે. સમયોન ઉત્કૃષ્ટ સ્થિતિબંધમાં જે અધ્યવસાયો હોય છે તે સર્વે અને તેથી પણ તીવ્ર શક્તિવાળા થોડા નવા વધારે અધ્યવસાયો બે સમયોન ઉત્કૃષ્ટ સ્થિતિબંધમાં હોય છે. બે સમયોન ઉત્કૃષ્ટ સ્થિતિબંધમાં જે અધ્યવસાયો છે તે સર્વે અને તેનાથી તીવ્ર શક્તિવાળા થોડા નવા વધારે અધ્યવસાયો ત્રિસમયોન ઉત્કૃષ્ટ સ્થિતિબંધમાં હોય છે. એ પ્રમાણે અસાતાના અભવ્ય પ્રાયોગ્ય જઘન્ય સ્થિતિબંધની સમાન સાતાવેદનીયનો જઘન્ય સ્થિતિબંધ આવે ત્યાં સુધી ઉપર ઉપરના સ્થિતિસ્થાનમાં જેટલા જેટલા અધ્યવસાયો હોય છે તે સર્વે અને તેનાથી વધારે તીવ્ર શક્તિવાળા થોડા નવા વધારે વધારે અધ્યવસાયો હોય છે.

અસાતાના અભવ્ય પ્રાયોગ્ય જઘન્ય સ્થિતિબંધની સમાન સાતાવેદનીયના જઘન્ય સ્થિતિબંધમાં જે રસબંધના અધ્યવસાયો છે તેમાંના શરૂઆતના એક સંખ્યાતમા ભાગ જેટલા છોડી શેષ સર્વે અને છોડ્યા તેથી વધારે નવા અધ્યવસાયો સાતાના સમયોન જઘન્ય સ્થિતિબંધમાં હોય છે. સમયોન જઘન્ય સ્થિતિબંધમાં જે અધ્યવસાયો છે, તેમાંના શરૂઆતના અસંખ્યાતમા ભાગ જેટલા છોડી શેષ સર્વે અને છોડ્યા તેથી થોડા વધારે નવા સાતાના બે સમયોન જઘન્ય સ્થિતિબંધમાં હોય છે.

એમ અસાતાના અભવ્ય પ્રાયોગ્ય જઘન્ય સ્થિતિબંધ સમાન સાતાના જઘન્ય સ્થિતિબંધ સ્થાનના અધ્યવસાયોની અનુકૃષ્ટિ પ્રથમ કંડકના ચરમ સ્થિતિસ્થાનમાં પૂર્ણ થાય છે. સમયોન જઘન્ય સ્થિતિબંધના અધ્યવસાયોની અનુકૃષ્ટિ કંડક પછીના નીચેના સ્થિતિસ્થાનમાં પૂર્ણ થાય છે. એમ સાતાના જઘન્ય સ્થિતિબંધના છેલ્લા કંડકના પહેલા સ્થિતિસ્થાનની અનુકૃષ્ટિ તે જ કંડકના ચરમ સ્થિતિસ્થાન રૂપ જઘન્ય સ્થિતિબંધમાં પૂર્ણ થાય છે. શેષ સર્વે પરાવર્તમાન શુભ પ્રકૃતિઓની અનુકૃષ્ટિ પણ આ જ પ્રમાણે હોય છે.

અસાતાવેદનીય વગેરે પરાવર્તમાન અશુભ પ્રકૃતિઓના અભવ્ય પ્રાયોગ્ય જઘન્ય સ્થિતિબંધમાં જે રસબંધનાં અધ્યવસાય સ્થાનો છે તે સર્વે અને તેનાથી તીવ્ર શક્તિવાળા થોડા વધારે નવા અધ્યવસાયો સમયાધિક જઘન્ય સ્થિતિબંધ સ્થાનમાં હોય છે, અને સમયાધિક જઘન્ય સ્થિતિબંધ સ્થાનમાં જે અધ્યવસાયો છે તે સર્વે તેમજ તેનાથી તીવ્ર શક્તિવાળા થોડા નવા બે સમયાધિક જઘન્ય સ્થિતિબંધ સ્થાનમાં હોય છે. એમ સાતાવેદનીય વગેરે પ્રતિપક્ષ પ્રકૃતિઓના પંદર કોડાકોડી સાગરોપમ વગેરે ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સુધી અસાતાવેદનીય વગેરે પ્રકૃતિઓના પૂર્વ પૂર્વના નીચેના સ્થિતિસ્થાનમાં રસબંધના જે અધ્યવસાયો છે તે સર્વે અને તેનાથી તીવ્ર શક્તિવાળા થોડા વધારે નવા નવા અધ્યવસાયો ઉત્તરોત્તર ઉપર-ઉપરના સ્થિતિસ્થાનમાં હોય છે.

સાતાવેદનીય વગેરેની ઉત્કૃષ્ટ સ્થિતિ સમાન અસાતાવેદનીય વગેરેના પંદર કોડાકોડી સાગરોપમના સ્થિતિબંધ સ્થાનમાં જે અધ્યવસાયો છે તેઓમાંના શરૂઆતના અસંખ્યાતમા ભાગના અધ્યવસાયો છોડી શેષ સર્વે અને છોડેલ સંખ્યાથી થોડા વધારે તીવ્ર શક્તિવાળા અધ્યવસાયો સમયાધિક પંદર કોડાકોડી સાગરોપમના સ્થિતિબંધ સ્થાનમાં હોય છે. વળી એ સ્થિતિબંધ સ્થાનમાં જે અધ્યવસાયો છે, તેઓમાંના શરૂઆતના અસંખ્યાતમા ભાગ પ્રમાણ અધ્યવસાયો છોડી શેષ સર્વે અને છોડેલ સંખ્યાથી થોડા વધારે નવા બે સમયાધિક પંદર કોડાકોડી સાગરોપમના સ્થિતિબંધ સ્થાનમાં હોય છે. અહીં જે અધ્યવસાયો છે તેઓમાંના શરૂઆતના અસંખ્યાતમા ભાગના છોડી શેષ સર્વે અને છોડેલ સંખ્યાથી થોડા નવા અધ્યવસાયો ત્રિ-સમયાધિક પંદર કોડાકોડી સાગરોપમના સ્થિતિબંધ સ્થાનમાં હોય છે.

એમ પૂર્વ-પૂર્વના સ્થિતિબંધ સ્થાનમાં રહેલ અધ્યવસાયોનો શરૂઆતનો અસંખ્યાતમો ભાગ છોડી છોડી શેષ સર્વે અને છોડેલા છે તેનાથી થોડા વધારે વધારે તીવ્ર શક્તિવાળા અધ્યવસાયો અસાતાવેદનીય વગેરે પ્રકૃતિઓના ત્રીસ કોડાકોડી સાગરોપમ વગેરેના ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સ્થાન સુધી હોય છે. ત્યાં અસાતાવેદનીયના પંદર કોડાકોડી સાગરોપમ પ્રમાણ બંધના ઉપરના સ્થિતિબંધ સ્થાનના અધ્યવસાયોની અનુકૃષ્ટિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ ઉપરના કંડકના છેલ્લા સ્થિતિસ્થાનમાં પૂરી થાય છે. આક્રાંત સ્થિતિઓની ઉપરના પહેલા કંડકના બીજા સ્થિતિસ્થાનના અધ્યવસાયોની કંડકની ઉપરના પહેલા સ્થિતિસ્થાનમાં, આક્રાંત સ્થિતિના ઉપરના ત્રીજા સ્થિતિબંધ સ્થાનના અધ્યવસાયોની અનુકૃષ્ટિ નિવર્ત્તન કંડકના ઉપરના બીજા સ્થિતિસ્થાનમાં પૂર્ણ થાય છે.

એમ વિવક્ષિત દરેક સ્થિતિબંધ સ્થાનના અધ્યવસાયોની અનુકૃષ્ટિ તે તે કંડકના ચરમ સ્થિતિસ્થાનમાં પૂર્ણ થાય છે. તેથી સર્વોત્કૃષ્ટ સ્થિતિબંધના અંતિમ કંડકના પ્રથમ સ્થિતિસ્થાનની અનુકૃષ્ટિ તે જ કંડકના ચરમ સ્થિતિસ્થાન રૂપ ત્રીસ કોડાકોડી સાગરોપમ પ્રમાણ ચરમ સ્થિતિબંધ સ્થાનમાં પૂર્ણ થાય છે. ફક્ત સૂક્ષ્મત્રિક, વિકલત્રિક તથા મધ્યમના ચાર સંસ્થાન અને ચાર સંઘયણો એ ચૌદ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સ્થાનની પોતપોતાની પ્રતિપક્ષ પ્રકૃતિઓથી ઓછો છે માટે અભવ્ય પ્રાયોગ્ય જઘન્ય સ્થિતિબંધ સ્થાનથી પોતપોતાના ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સુધી તે સર્વે અને થોડા નવા-નવા અધ્યવસાયો હોય છે. આ બધી સ્થિતિઓ આક્રાંત હોય છે. માટે આ ચૌદ પ્રકૃતિઓમાં ઉપર અસાતાવેદનીય વગેરેની જેમ શુદ્ધ સ્થિતિસ્થાનો હોતાં નથી એટલી વિશેષતા

છે. આ હકીકત શતક ચૂર્ણિમાં છે.

સાતમી પૃથ્વીના નારકો સિવાય બીજા કોઈ પણ જીવો સમ્યક્ત્વાદિ ગુણોની પ્રાપ્તિ વખતે તિર્યંચદ્વિક અને નીચ ગોત્ર બાંધતા નથી પરંતુ સાતમી નારકીના જીવો મિથ્યાત્વાવસ્થામાં આ ત્રણ પ્રકૃતિઓ અવશ્ય બાંધતા હોવાથી ઉપશમ સમ્યક્ત્વની પ્રાપ્તિના પૂર્વ સમયે પણ આ જ ત્રણ પ્રકૃતિઓ બાંધે છે અને તે વખતે અભવ્ય પ્રાયોગ્ય જઘન્ય સ્થિતિબંધથી ઘણો જ ઓછો સ્થિતિબંધ હોય છે, માટે મિથ્યાત્વના ચરમ સમયે તિર્યંચગતિ વગેરે આ ત્રણ પ્રકૃતિઓનો સાતમી નારકના નારકો જેટલો જઘન્ય સ્થિતિબંધ કરે છે ત્યાંથી અભવ્ય પ્રાયોગ્ય જઘન્ય સ્થિતિબંધ સુધી આ ત્રણ પ્રકૃતિઓના અધ્યવસાયોની અનુકૃષ્ટિ મતિજ્ઞાનાવરણીય વગેરે પ્રકૃતિઓની સમાન હોય છે અને અભવ્ય પ્રાયોગ્ય જઘન્ય સ્થિતિબંધથી પોતપોતાના ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સુધી અસાતાવેદનીયની સમાન અનુકૃષ્ટિ હોય છે. અર્થાત્ અભવ્ય પ્રાયોગ્ય જઘન્યસ્થિતિબંધથી તિર્યંચદ્વિકનો અઢાર કોડાકોડી સાગરોપમ પ્રમાણ અને નીચ ગોત્રનો દશ કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિબંધ આવે ત્યાં સુધીનાં સ્થિતિસ્થાનો આક્રાંત હોય છે તેમજ તિર્યંચદ્વિકના સમયાધિક અઢાર કોડાકોડી સાગરોપમથી અને નીચ ગોત્રના સમયાધિક દસ કોડાકોડી સાગરોપમથી ઉપરના વીસ કોડાકોડી સાગરોપમ સુધીનાં બધાંય સ્થિતિસ્થાનો શુદ્ધ હોય છે.

ત્રસ ચતુષ્ક સામાન્ય રીતે શુભ પ્રકૃતિઓના વર્ગમાં આવી શકે, તેથી એ ચારેય પ્રકૃતિઓની અનુકૃષ્ટિ સાતાવેદનીયની સમાન જ થઈ શકત. પરંતુ વીસ કોડાકોડી સાગરોપમથી સમયાધિક અઢાર કોડાકોડી સાગરોપમ પ્રમાણ ત્રસ નામકર્મનો સ્થિતિબંધ ઈશાન સુધીના દેવો વર્જી અન્ય ચારેય ગતિના જીવો અને સ્થાવર નામકર્મનો ઈશાન સુધીના દેવો જ કરે છે. બાદર ત્રિકના પ્રતિપક્ષ સૂક્ષ્મત્રિકનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ અઢાર કોડાકોડી સાગરોપમથી વધારે છે જ નહીં. માટે આ ચારેય પ્રકૃતિઓની અનુકૃષ્ટિ જુદી બતાવવામાં આવી છે. અર્થાત્ વીસ કોડાકોડી સાગરોપમથી સમયાધિક અઢાર કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિબંધ સુધી પરાઘાતની જેમ અને પછી પોતપોતાના જઘન્ય સ્થિતિબંધ સુધી સાતાવેદનીયની જેમ અનુકૃષ્ટિ હોય છે. એટલે અઢાર કોડાકોડી સાગરોપમથી એના પ્રતિપક્ષ સ્થાવર ચતુષ્કના અભવ્ય પ્રાયોગ્ય જઘન્ય સ્થિતિબંધ સમાન સ્થિતિબંધ થાય ત્યાં સુધીનાં બધાં સ્થિતિસ્થાનો આક્રાંત હોય છે અને તે સિવાયનાં ઉપરનાં તથા નીચેનાં એમ બન્ને બાજુનાં સઘળાં સ્થિતિસ્થાનો શુદ્ધ હોય છે.

અનુકૃષ્ટિ કહ્યા બાદ હવે તીવ્ર-મંદતા બતાવે છે, ત્યાં સામાન્યથી—સર્વ અશુભ પ્રકૃતિઓના જઘન્ય સ્થિતિબંધ સ્થાનથી ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સ્થાન સુધી દરેક સ્થિતસ્થાનમાં અને શુભ પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ સ્થિતિબંધથી જઘન્ય સ્થિતિબંધ સ્થાન સુધી દરેક સ્થિતિસ્થાનમાં અનંતગુણ રસ હોય છે અને વિશેષથી વિચારતાં મતિજ્ઞાનાવરણીય વગેરે અપરાવર્ત્તમાન અશુભ પ્રકૃતિઓના જઘન્ય સ્થિતિબંધ સ્થાનમાં જઘન્ય રસ અલ્પ હોય છે. તે થકી સમયાધિક જઘન્ય સ્થિતિબંધમાં જઘન્ય રસ અનંતગુણ હોય છે, તે કરતાં પણ બે સમયાધિક જઘન્ય સ્થિતિબંધ સ્થાનમાં જઘન્ય રસ અનંતગુણ હોય છે.

એમ પૂર્વ-પૂર્વના સ્થિતિસ્થાનથી એક કંડક પ્રમાણ ઉપર ઉપરનાં સ્થિતિસ્થાનોમાં જઘન્ય રસ અનુક્રમે અનંતગુણ હોય છે અને કંડકના ચરમ સ્થિતિસ્થાનના જઘન્ય રસથી સર્વ જઘન્ય

સ્થિતિબંધ સ્થાનનો ઉત્કૃષ્ટ રસ અનંતગુણ હોય છે. તે થકી કંડકના ઉપરના પ્રથમ સ્થિતિસ્થાનનો જઘન્ય રસ અનંતગુણ, તે થકી શરૂઆતના સમયાધિક જઘન્ય સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ રસ અનંતગુણ, તેના કરતાં કંડકના ઉપરના બીજા સ્થિતિસ્થાનનો જઘન્ય રસ અનંતગુણ, તે થકી શરૂઆતના બે સમયાધિક જઘન્ય સ્થિતિબંધ સ્થાનનો અર્થાત્ ત્રીજા સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ રસ અનંતગુણ, તે કરતાં કંડકની ઉપરના ત્રીજા સ્થિતિબંધ સ્થાનનો જઘન્ય રસ અનંતગુણ અને તે થકી શરૂઆતના ચોથા સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ રસ અનંતગુણ હોય છે. એમ ઉપરના એક એક સ્થિતિબંધ સ્થાનનો જઘન્ય અને નીચેના એક એક સ્થિતિબંધ સ્થાનનો ઉત્કૃષ્ટ રસ ક્રમશઃ અનંતગુણ-અનંતગુણ હોવાથી સર્વોત્કૃષ્ટ સ્થિતિસ્થાનના દ્વિચરમ કંડકના છેલ્લા સ્થિતિસ્થાનના ઉત્કૃષ્ટ રસથી અંતિમ કંડકના ચરમ સ્થિતિસ્થાનનો એટલે કે સર્વોત્કૃષ્ટ ચરમ સ્થિતિબંધ સ્થાનનો જઘન્ય રસ અનંતગુણ હોય છે, તે થકી ઉપરના ચરમ કંડકના પ્રથમ સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ રસ અનંતગુણ, તેના કરતાં તેના ઉપરના બીજા, ત્રીજા, ચોથા એમ યાવત્ તે જ ઉપરના કંડકના સર્વોત્કૃષ્ટ સ્થિતિબંધ સ્થાનરૂપ કંડકના ચરમ સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ રસ ક્રમશઃ એક-એકથી અનંતગુણ છે.

પરાઘાત વગેરે અપરાવર્ત્તમાન શુભ પ્રકૃતિઓમાં ઉત્કૃષ્ટ સ્થિતિબંધથી આરંભી જઘન્ય સ્થિતિબંધ સુધી મતિજ્ઞાનાવરણીય વગેરેની જેમ તીવ્ર-મંદતા હોય છે. તે આ પ્રમાણે—સર્વોત્કૃષ્ટ સ્થિતિબંધ સ્થાનમાં જઘન્ય રસ અલ્પ હોય છે. તેનાથી સમયોન ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સ્થાનમાં જઘન્ય રસ અનંતગુણ, તે થકી બે સમયોન ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સ્થાનમાં જઘન્ય રસ અનંતગુણ હોય છે. એમ શરૂઆતના કંડકના ચરમ સ્થિતિબંધ સ્થાન સુધી પૂર્વ-પૂર્વના સ્થિતિસ્થાનથી પછી પછીના નીચેના સ્થિતિસ્થાનનો જઘન્ય રસ અનુક્રમે અનંતગુણ હોય છે.

પ્રથમ કંડકના ચરમ સ્થિતિસ્થાનના જઘન્ય રસથી તે જ કંડકના પ્રથમ સ્થિતિસ્થાન રૂપ સર્વોત્કૃષ્ટ સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ રસ અનંતગુણ હોય છે. તે થકી કંડકની નીચેના પ્રથમ સ્થિતિસ્થાનનો જઘન્ય અને તે થકી સમયોન ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ, તે થકી કંડકથી નીચેના બીજા સ્થિતિસ્થાનનો જઘન્ય અને તેના કરતાં બે સમયોન ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ રસ અનંતગુણ હોય છે. એમ જ્યાં સુધી પોતપોતાની અનુકૃષ્ટિ સંભવે છે, ત્યાં સુધીના જઘન્ય સ્થિતિસ્થાન સુધી નીચેના એક એક સ્થિતિસ્થાનનો જઘન્ય અને ઉપરના એક એક સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ રસ ક્રમશઃ અનંતગુણ હોવાથી જઘન્ય સ્થિતિના દ્વિચરમ કંડકના ચરમ સ્થિતિસ્થાનના ઉત્કૃષ્ટ રસથી જઘન્ય સ્થિતિસ્થાન રૂપ ચરમ કંડકના ચરમ સ્થિતિસ્થાનનો જઘન્ય રસ અનંતગુણ હોય છે. તેનાથી ચરમ કંડકના પ્રથમ સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ રસ અનંત ગુણ હોય છે. તેનાથી તે જ કંડકના બીજા, ત્રીજા, ચોથા યાવત્ જઘન્ય સ્થિતિરૂપ ચરમ સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ રસ ક્રમશઃ એક એકથી અનંતગુણ હોય છે.

અનુકૃષ્ટિમાં બતાવ્યા પ્રમાણે જેટલાં સ્થિતિસ્થાનોમાં તે સર્વે અને અન્ય અધ્યવસાયો હોય છે તેટલાં સ્થિતિસ્થાનોને આક્રાંત સ્થિતિસ્થાનો કહેવાય છે, અથવા તેટલાં સ્થિતિસ્થાનોમાં અભવ્ય પ્રાયોગ્ય જઘન્ય રસ બંધ થતો હોવાથી જઘન્ય અનુભાગના વિષયવાળાં સ્થિતિસ્થાનો કહેવાય છે અથવા તો શુભ અને અશુભ-પ્રતિપક્ષ પ્રકૃતિઓના તે બધાં સ્થિતિસ્થાનો પ્રત્યેક અંતર્મુહૂર્તે પરાવર્ત્તમાન મધ્યમ પરિણામે વારંવાર બંધાતાં હોવાથી પરાવર્ત્તમાન સ્થિતિસ્થાનો પણ

કહેવાય છે.

ત્યાં અસાતાવેદનીયના અભવ્ય પ્રાયોગ્ય જઘન્ય સ્થિતિબંધ સ્થાનમાં જઘન્ય રસ અલ્પ હોય છે, સમયાધિક જઘન્ય, બે સમયાધિક જઘન્ય, ત્રણ સમયાધિક જઘન્ય. ચાર સમયાધિક જઘન્ય સ્થિતિબંધ એમ યાવત્ આક્રાંત સ્થિતિસ્થાનોના ચરમ સ્થિતિબંધ સ્થાન સુધીના અર્થાત્ પંદર કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિસ્થાન સુધીનાં દરેક સ્થિતિસ્થાનોમાં જઘન્ય રસ તેટલો જ = સમાન હોય છે. આક્રાંત સ્થિતિઓના ચરમ સ્થિતિસ્થાનના અર્થાત્ પંદર કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિસ્થાનના જઘન્ય રસથી આક્રાંત સ્થિતિની ઉપરના પ્રથમ કંડકના પ્રથમ સ્થિતિસ્થાનનો જઘન્ય રસ અનંતગુણ હોય છે. તે થકી તે જ કંડકના શરૂઆતના બીજા સ્થિતિસ્થાનનો, તે થકી ત્રીજા, ચોથા, પાંચમા યાવત્ આક્રાંત સ્થિતિસ્થાનના ઉપરના પ્રથમ કંડકના સંખ્યાતા ભાગોનાં સ્થિતિસ્થાનો પૂર્ણ થાય અને એક[1] સંખ્યાતમો ભાગ બાકી રહે ત્યાં સુધી ક્રમશઃ જઘન્ય રસ અનંતગુણ હોય છે.

સંખ્યાતા ભાગોમાંના ચરમ સ્થિતિસ્થાનના જઘન્ય રસથી અભવ્ય પ્રાયોગ્ય જઘન્ય સ્થિતિસ્થાન રૂપ પ્રથમ સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ રસ અનંતગુણ હોય છે. તેનાથી બીજા, ત્રીજા, ચોથા યાવત્ આક્રાંત સ્થિતિઓના નીચેના પ્રથમ કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોનો ઉત્કૃષ્ટ રસ ક્રમશઃ અનંતગુણ હોય છે, તે આક્રાંત સ્થિતિઓના શરૂઆતના નીચેના પ્રથમ કંડકના ચરમ સ્થિતિસ્થાનના ઉત્કૃષ્ટ રસથી આક્રાંત સ્થિતિઓની ઉપરના પ્રથમ કંડકના બાકી રહેલ સંખ્યાતમા ભાગમાંના પ્રથમ સ્થિતિસ્થાનનો જઘન્ય રસ અનંતગુણ હોય છે. તેનાથી શરૂઆતના બીજા કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોનો ઉત્કૃષ્ટ રસ ક્રમશઃ એક એકથી અનંતગુણ હોય છે, તે બીજા કંડકના ચરમ સ્થિતિસ્થાનના ઉત્કૃષ્ટ રસથી આક્રાંત સ્થિતિઓના ઉપરના કંડકના સંખ્યાતમા ભાગમાંના પ્રથમ સ્થિતિસ્થાનનો જઘન્ય રસ આવી ગયેલ હોવાથી તેની ઉપરના બીજા સ્થિતિસ્થાનનો જઘન્ય રસ અનંતગુણ હોય છે. તે થકી આક્રાંત સ્થિતિઓના શરૂઆતના ત્રીજા કંડક પ્રમાણ સ્થિતિઓનો ઉત્કૃષ્ટ રસ ક્રમશઃ એક-એકથી અનંતગુણ હોય છે, તે ત્રીજા કંડકના ચરમ સ્થિતિસ્થાનના ઉત્કૃષ્ટ રસથી આક્રાંત સ્થિતિઓની ઉપરના કંડકના સંખ્યાતમા ભાગમાંના શરૂઆતના ત્રીજા સ્થિતિસ્થાનનો જઘન્ય રસ અનંતગુણ હોય છે. તે થકી આક્રાંત સ્થિતિઓના શરૂઆતના ચોથા કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોનો ઉત્કૃષ્ટ રસ અનુક્રમે એક એકથી અનંતગુણ હોય છે.

એમ આક્રાંત સ્થિતિઓની ઉપરના પ્રથમ કંડકના સંખ્યાતમા ભાગમાંના ઉપર-ઉપરના એક એક સ્થિતિસ્થાનનો જઘન્ય રસ અને શરૂઆતનાં એક એક કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોનો નિરંતર ઉત્કૃષ્ટ રસ અનંતગુણ-અનંતગુણ ત્યાં સુધી હોય છે કે—આક્રાંત સ્થિતિઓમાંનાં ઉપરનાં છેલ્લાં એટલે કે પંદર કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિસ્થાનોમાંના ચરમ સ્થિતિસ્થાન સુધીનાં બધાં સ્થિતિસ્થાનોનો ઉત્કૃષ્ટ રસ પૂર્ણ થાય અને આક્રાંત સ્થિતિઓની ઉપરના પ્રથમ કંડકનાં બધાં

---

૧. અહીં પૂ૰ આ૰ શ્રીમલયગિરિજી મહારાજે ટીકામાં કંડકના સંખ્યાતમા ભાગો અને એક સંખ્યાતમો ભાગ એમ બતાવેલ છે. પરંતુ આ જ ગ્રંથની સ્વોપજ્ઞટીકામાં અને કર્મપ્રકૃતિ મૂળ તથા તેની ટીકામાં સર્વત્ર કંડકના અસંખ્યાતા ભાગો અને એક અસંખ્યાતમો ભાગ એ પ્રમાણે જણાવેલ છે. તેથી અહીં અશુદ્ધિ હોય તેમ લાગે છે.

સ્થિતિસ્થાનોનો જઘન્ય રસ પૂર્ણ થાય, માત્ર પંદર કોડાકોડી સાગરોપમ ઉપરના આ પ્રથમ કંડકનો ઉત્કૃષ્ટ રસ બાકી રહે છે.

તેથી આ કંડકના ઉપરના ચરમ સ્થિતિસ્થાનના જઘન્ય રસથી આ જ કંડકના શરૂઆતના નીચેના પ્રથમ સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ રસ અનંતગુણ હોય છે. તે થકી તે કંડકની ઉપરના બીજા કંડકના પ્રથમ સ્થિતિસ્થાનનો જઘન્ય રસ, તે થકી આક્રાંત સ્થિતિઓ ઉપરના પ્રથમ કંડકના શરૂઆતના બીજા સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ રસ, તે કરતાં બીજા કંડકના બીજા સ્થિતિસ્થાનનો જઘન્ય રસ, તે થકી આક્રાંત સ્થિતિ ઉપરના પ્રથમ કંડકના શરૂઆતના ત્રીજા સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ રસ અનંતગુણ હોય છે.

એમ અસાતાવેદનીયના ત્રીસ કોડાકોડી સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાન સુધી ઉપરના એક-એક સ્થિતિસ્થાનનો જઘન્ય અને નીચેના એક-એક સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ રસ ક્રમશઃ અનંતગુણ હોવાથી ઉત્કૃષ્ટ સ્થિતિના ચરમ કંડકની પૂર્વના કંડકના ચરમ સ્થિતિસ્થાનના ઉત્કૃષ્ટ રસથી ચરમ કંડકના ચરમ સ્થિતિસ્થાન રૂપ અર્થાત્ ત્રીસ કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિસ્થાનનો જઘન્ય રસ અનંતગુણ હોય છે. તે થકી તે જ ચરમ કંડકના શરૂઆતના પહેલા સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ રસ અનંતગુણ હોય છે. તેનાથી તે જ કંડકના બીજા, ત્રીજા, ચોથા યાવત્ ત્રીસ કોડાકોડી સાગરોપમ પ્રમાણ ચરમ સ્થિતિસ્થાન સુધીના દરેક સ્થિતિસ્થાનમાં ઉત્કૃષ્ટ રસ અનુક્રમે એક-એક અનંતગુણ હોય છે.

એ જ પ્રમાણે દરેક પરાવર્તમાન અશુભ પ્રકૃતિઓની તીવ્ર-મંદતા જાણવી. પરંતુ સૂક્ષ્મત્રિક વગેરે ચૌદ પ્રકૃતિઓમાં પોતપોતાના ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સુધી તે અને અન્ય અધ્યવસાયો જતા હોવાથી પોતપોતાના ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાન સુધી દરેક સ્થિતિસ્થાનોમાં જઘન્ય રસ તેટલો જ = સમાન હોય છે અને આક્રાંત સ્થિતિઓના ચરમ સ્થિતિસ્થાનના જઘન્ય રસ કરતાં પોતપોતાના અભવ્ય પ્રાયોગ્ય જઘન્ય સ્થિતિબંધ સ્થાનથી આરંભી આક્રાંત સ્થિતિઓના પોતપોતાના સર્વોત્કૃષ્ટ સ્થિતિસ્થાન સુધીનાં દરેક સ્થિતિસ્થાનોમાં ઉત્કૃષ્ટ રસ ક્રમશઃ એક એકથી અનંતગુણ હોય છે આટલી વિશેષતા છે.

સાતાવેદનીયના સર્વોત્કૃષ્ટ પંદર કોડાકોડી સાગરોપમ પ્રમાણના સ્થિતિબંધ સ્થાનમાં જઘન્ય રસ અલ્પ હોય છે. સમયોન ઉત્કૃષ્ટ, બે સમયોન ઉત્કૃષ્ટ, ત્રણ સમયોન ઉત્કૃષ્ટ એમ એક એક ઊતરતાં આક્રાંત સ્થિતિઓના નીચેના ચરમ સ્થિતિસ્થાન સુધી દરેક સ્થિતિબંધ સ્થાનોમાં જઘન્ય રસ તેટલો જ અર્થાત્ સમાન હોય છે.

આક્રાંત સ્થિતિસંબંધી ચરમ સ્થિતિના જઘન્ય રસથી તેની નીચેના પ્રથમ સ્થિતિસ્થાનનો જઘન્ય રસ અનંતગુણ હોય છે. તે થકી તેની નીચેના બીજા સ્થિતિસ્થાનનો જઘન્ય રસ અનંતગુણ હોય છે. એ જ પ્રમાણે નીચે નીચે ત્રીજા, ચોથા, પાંચમા વગેરે આક્રાંત સ્થિતિની નીચેના પ્રથમ કંડકના સંખ્યાતમા ભાગોનાં સ્થિતિસ્થાનો પૂર્ણ થાય ત્યાં સુધી દરેક સ્થિતિ સ્થાનમાં પૂર્વ-પૂર્વના ઉપરના સ્થિતિસ્થાનથી ઉત્તરોત્તર નીચે નીચેના સ્થિતિસ્થાનમાં જઘન્ય રસ ક્રમશઃ અનંતગુણ હોય છે.

. એ કંડકના સંખ્યાતા ભાગોમાંના ચરમ સ્થિતિસ્થાનના જઘન્ય રસથી સાતાવેદનીયના પંદર કોડાકોડી સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સ્થાનનો ઉત્કૃષ્ટ રસ અનંતગુણ હોય છે. તે થકી સમયોન ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ રસ અનંતગુણ, તે થકી બે સમયોન ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ રસ અનંતગુણ, તે થકી ત્રણ સમયોન ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ રસ અનંતગુણ એમ પંદર કોડાકોડી સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સ્થાનથી એક કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોમાં પૂર્વ-પૂર્વ ઉપર-ઉપરના સ્થિતિસ્થાનથી તેની પછી પછીના નીચેના સ્થિતિસ્થાનનો નિરંતર ઉત્કૃષ્ટ રસ ક્રમશઃ અનંતગુણ હોય છે.

તે પ્રથમ કંડકના નીચેના અંતિમ સ્થિતિસ્થાનના ઉત્કૃષ્ટ રસથી આક્રાંત સ્થિતિઓની નીચેના પ્રથમ કંડકના જે સંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિસ્થાનો જઘન્ય રસ બતાવ્યા વિનાનાં બાકી છે તેમાંના પ્રથમના સ્થિતિસ્થાનનો જઘન્ય રસ અનંતગુણ હોય છે, તેના કરતાં ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાનના શરૂઆતના બીજા કંડકમાંના ઉપરના પ્રથમ સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ રસ અનંતગુણ હોય છે. તેના કરતાં તે જ બીજા કંડકના શેષ સ્થિતિસ્થાનોમાં ઉપર-ઉપરના સ્થિતિસ્થાનથી નીચે-નીચેના સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ રસ ક્રમશઃ અનંતગુણ હોય છે. આ બીજા કંડકના નીચેના ચરમ સ્થિતિસ્થાનના ઉત્કૃષ્ટ રસથી આક્રાંત સ્થિતિઓની નીચેના પ્રથમ કંડકના સંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિસ્થાનોમાંના શરૂઆતના બીજા સ્થિતિસ્થાનનો જઘન્ય રસ અનંતગુણ હોય છે. તે પછી શરૂઆતના ઉપરના ત્રીજા કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોમાં ઉપરના પ્રથમ સ્થિતિસ્થાનથી નીચેના ચરમ સ્થિતિસ્થાન સુધી દરેક સ્થિતિસ્થાનોનો નિરંતર ઉત્કૃષ્ટ રસ અનુક્રમે એક એકથી અનંતગુણા હોય છે, તે ઉપરના ત્રીજા કંડકના નીચેના ચરમ સ્થિતિસ્થાનના ઉત્કૃષ્ટ રસથી આક્રાંત સ્થિતિઓની નીચેના કંડકના સંખ્યાતમા ભાગમાંના શરૂઆતના ત્રીજા સ્થિતિસ્થાનનો જઘન્ય રસ અનંતગુણ હોય છે.

એમ આક્રાંત સ્થિતિઓના ઉપર ઉપરના કંડકથી નીચે નીચેના એક એક કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોનો નિરંતર એક એકથી ઉત્કૃષ્ટ રસ અને આક્રાંત સ્થિતિઓની નીચેના પ્રથમ કંડકના બાકી રહેલ સંખ્યાતમા ભાગમાંના એક એક સ્થિતિસ્થાનનો જઘન્ય રસ ક્રમશઃ અનંતગુણ-અનંતગુણ ત્યાં સુધી હોય છે કે યાવત્ સાતાવેદનીયની આક્રાંત સ્થિતિઓ પૂર્ણ થાય અને અસાતાવેદનીયના જઘન્ય સ્થિતિબંધ સમાન સાતાવેદનીયના જઘન્ય સ્થિતિબંધની નીચે એક કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોનો જઘન્ય રસ પૂર્ણ થાય. અર્થાત્ બધી આક્રાંત સ્થિતિઓનો ઉત્કૃષ્ટ રસ પૂર્ણ થઈ જાય અને તેની નીચેના કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોનો જઘન્ય રસ પૂર્ણ થાય. માત્ર ઉત્કૃષ્ટ રસ બાકી રહે.

આ કંડકને પૂર્વાચાર્યોએ સાકારોપયોગ પ્રાયોગ્ય સંજ્ઞા આપેલ છે. આ કંડકના નીચેના ચરમ સ્થિતિસ્થાનના જઘન્ય રસથી આ જ કંડકના ઉપરના પ્રથમ સ્થિતિસ્થાનનો અર્થાત્ આક્રાંત સ્થિતિઓની નીચેના પ્રથમ સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ રસ અનંતગુણ હોય છે. તે થકી તેની નીચેના બીજા કંડકમાંના ઉપરના પ્રથમ સ્થિતિસ્થાનનો જઘન્ય રસ અનંતગુણ, તે થકી આક્રાંત સ્થિતિઓની નીચેના પ્રથમ કંડકમાંના ઉપરના બીજા સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ રસ અનંતગુણ હોય છે.

એમ જ્યાં સુધી સાતાવેદનીયની અનુકૃષ્ટિ સંભવે છે ત્યાં સુધી નીચે નીચેના એક એક સ્થિતિસ્થાનનો જઘન્ય અને ઉપરના એક એક સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ રસ અનંતગુણ હોવાથી સાતાવેદનીયના નીચેના ચરમ કંડકથી પૂર્વના કંડકના ચરમ સ્થિતિસ્થાનના ઉત્કૃષ્ટ રસથી ચરમ કંડકના ચરમ સ્થિતિસ્થાનનો જઘન્ય રસ અનંતગુણ હોય છે. ચરમ કંડક પ્રમાણ ચરમ સ્થિતિસ્થાનોનો જે ઉત્કૃષ્ટ રસ હજુ બાકી છે તે આ પ્રમાણે-ચરમ કંડકના ચરમ સ્થિતિસ્થાનના જઘન્ય રસથી તે જ ચરમ કંડકના પ્રથમ સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ રસ અનંતગુણ, તે થકી તે જ કંડકના નીચેના બીજા, ત્રીજા, ચોથા, યાવત્ જઘન્ય સ્થિતિસ્થાન સુધીના દરેક સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ રસ ક્રમશઃ એક એકથી અનંતગુણ હોય છે. એ જ પ્રમાણે ઉચ્ચ ગોત્ર વગેરે શેષ પરાવર્ત્તમાન શુભ પ્રકૃતિઓની તીવ્ર-મંદતા જાણવી.

તિર્યંચદ્વિકના જઘન્ય સ્થિતિબંધ સ્થાનમાં જે જઘન્ય રસ હોય છે, તે અલ્પ છે. તે થકી સમયાધિક જઘન્ય સ્થિતિબંધ સ્થાનમાં અનંતગુણ, તે થકી બે સમયાધિક જઘન્ય સ્થિતિબંધ સ્થાનનો જઘન્ય રસ અનંતગુણ, એમ શરૂઆતના કંડક પ્રમાણ સ્થિતિઓનો નીચે નીચેના પૂર્વ-પૂર્વના સ્થિતિસ્થાનથી ઉપર ઉપરના સ્થિતિસ્થાનનો જઘન્ય રસ ક્રમશઃ અનંતગુણ હોય છે.

આ પ્રથમ કંડકના ચરમ સ્થિતિસ્થાનના જઘન્ય રસથી જઘન્ય સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ રસ અનંતગુણ, તે થકી કંડકની ઉપરના પ્રથમ સ્થિતિસ્થાનનો જઘન્ય રસ, તે થકી બે સમયાધિક જઘન્ય સ્થિતિબંધનો ઉત્કૃષ્ટ રસ, તે થકી કંડકની ઉપરના બીજા સ્થિતિસ્થાનનો જઘન્ય રસ અનંતગુણ હોય છે.

એમ અભવ્ય પ્રાયોગ્ય જઘન્ય સ્થિતિસ્થાનથી નીચેના અર્થાત્ જ્યાંથી આક્રાંત સ્થિતિઓ શરૂ થાય છે તેની નીચેના સ્થિતિસ્થાન સુધી ઉપર એક એક સ્થિતિસ્થાનનો જઘન્ય અને નીચે એક એક સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ રસ અનંતગુણ હોય છે.

આક્રાંત સ્થિતિઓની નીચેનાં એક કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોનો ઉત્કૃષ્ટ રસ બાકી છે એ યાદ રાખવું.

આ આક્રાંત સ્થિતિઓની નીચેના સ્થિતિસ્થાનના જઘન્ય રસથી આક્રાંત સ્થિતિઓમાંના પ્રથમ સ્થિતિસ્થાનનો અર્થાત્ અભવ્ય પ્રાયોગ્ય જઘન્ય સ્થિતિસ્થાનનો જઘન્ય રસ અનંતગુણ હોય છે, તે સ્થિતિસ્થાનથી આક્રાંત સ્થિતિઓમાંના ઉપરના અઢાર કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિસ્થાન સુધીનાં દરેક સ્થિતિસ્થાનોનો જઘન્ય રસ તેટલો જ અર્થાત્ તેની સમાન જ હોય છે.

આક્રાંત સ્થિતિઓમાંના ઉપરના ચરમ સ્થિતિસ્થાનના જઘન્ય રસથી તેની ઉપરના પ્રથમ કંડકના પ્રથમ સ્થિતિસ્થાનનો જઘન્ય રસ અનંતગુણ હોય છે. તે થકી તે જ કંડકના બીજા, ત્રીજા, ચોથા યાવત્ સંખ્યાતા ભાગો પ્રમાણ સ્થિતિસ્થાનો પૂર્ણ થાય અને એક સંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિસ્થાનો બાકી રહે ત્યાં સુધી પૂર્વ-પૂર્વના નીચે-નીચેના સ્થિતિસ્થાનથી ઉપર-ઉપરના સ્થિતિસ્થાનનો જઘન્ય રસ ક્રમશઃ અનંતગુણ હોય છે.

આ કંડકના સંખ્યાતા ભાગો પ્રમાણ સ્થિતિસ્થાનોમાંના ઉપરના ચરમ સ્થિતિસ્થાનના જઘન્ય રસથી આક્રાંત સ્થિતિઓની નીચે અર્થાત્ અભવ્ય પ્રાયોગ્ય જઘન્ય સ્થિતિબંધની નીચે જે

એક કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોનો ઉત્કૃષ્ટ રસ બાકી છે. તેમાંના નીચે શરૂઆતના પ્રથમ સ્થિતિસ્થાનથી અનુક્રમે પછી પછીના સ્થિતિસ્થાનમાં ઉત્કૃષ્ટ રસ અનંતગુણ હોય છે.

આક્રાંત સ્થિતિઓની નીચેના ચરમ સ્થિતિસ્થાનના ઉત્કૃષ્ટ રસથી આક્રાંત સ્થિતિઓની ઉપરના અર્થાત્ અઢાર કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિસ્થાનની ઉપરના પ્રથમ કંડકના છેલ્લા ઉપરના જે સંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિસ્થાનો જઘન્ય રસ બતાવ્યા વિનાનાં બાકી છે, તેમાંના શરૂઆતના પ્રથમ સ્થિતિસ્થાનનો જઘન્ય રસ અનંતગુણ હોય છે, તે થકી અભવ્ય પ્રાયોગ્ય જઘન્ય સ્થિતિસ્થાનથી અર્થાત્ આક્રાંત સ્થિતિઓના શરૂઆતના સ્થિતિસ્થાનથી કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોમાં પૂર્વ-પૂર્વના નીચે-નીચેના સ્થિતિસ્થાનથી ઉપર-ઉપરના દરેક સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ રસ ક્રમશઃ અનંતગુણ હોય છે.

આ આક્રાંત સ્થિતિઓના શરૂઆતના પ્રથમ કંડકના ચરમ સ્થિતિસ્થાનના ઉત્કૃષ્ટ રસથી આક્રાંત સ્થિતિઓની ઉપરના પ્રથમ કંડકના ચરમ સંખ્યાતમા ભાગનાં સ્થિતિસ્થાનોમાંના બીજા સ્થિતિસ્થાનનો જઘન્ય રસ અનંતગુણ હોય છે. તે થકી આક્રાંત સ્થિતિઓના શરૂઆતના બીજા કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોમાં નીચે નીચેના સ્થિતિસ્થાનથી ઉપર ઉપરનાં સ્થિતિસ્થાનોનો ઉત્કૃષ્ટ રસ ક્રમશઃ અનંતગુણ હોય છે. આ બીજા કંડકના ચરમ સ્થિતિસ્થાનના ઉત્કૃષ્ટ રસથી આક્રાંત સ્થિતિઓની ઉપરના પ્રથમ કંડકના બાકી રહેલ સંખ્યાતમા ભાગના સ્થિતિસ્થાનોમાંના શરૂઆતના ત્રીજા સ્થિતિસ્થાનનો જઘન્ય રસ અનંતગુણ હોય છે. તે થકી આક્રાંત સ્થિતિઓના શરૂઆતના ત્રીજા કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોનો નિરંતર ઉત્કૃષ્ટ રસ અનંતગુણ હોય છે.

એમ આક્રાંત સ્થિતિઓની ઉપરના કંડકના બાકી રહેલ છેલ્લા સંખ્યાતમા ભાગમાંના પછી પછીના ઉપર ઉપરના એક એક સ્થિતિસ્થાનનો જઘન્ય રસ અને આક્રાંત સ્થિતિઓની શરૂઆતથી ઉપર ઉપરના એક એક કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોનો નિરંતર ઉત્કૃષ્ટ રસ અનંતગુણ ત્યાં સુધી હોય છે કે યાવત્ અઢાર કોડાકોડી સાગરોપમ પ્રમાણ ઉપરના ચરમ સ્થિતિસ્થાન સુધીનાં બધાં સ્થિતિસ્થાનોનો ઉત્કૃષ્ટ રસ પૂર્ણ થાય અને આક્રાંત સ્થિતિઓની ઉપરના પ્રથમ કંડકના બાકી રહેલ સંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિસ્થાનોનો જઘન્ય રસ પૂર્ણ થાય. એટલે કે આક્રાંત સ્થિતિઓની ઉપર માત્ર એક કંડક પ્રમાણ સ્થિતિઓનો ઉત્કૃષ્ટ રસ બતાવવાનો બાકી રહેશે.

આક્રાંત સ્થિતિઓની ઉપરના પ્રથમ કંડકના ચરમ સ્થિતિસ્થાનના જઘન્ય રસથી તે જ કંડકના પ્રથમ સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ રસ અનંતગુણ, તે થકી તે કંડકની ઉપરના બીજા કંડકના પ્રથમ સ્થિતિસ્થાનનો જઘન્ય રસ, તે થકી શરૂઆતના પ્રથમ કંડકના બીજા સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ રસ, તે થકી બીજા કંડકના શરૂઆતના બીજા સ્થિતિસ્થાનનો જઘન્ય રસ, તે થકી આક્રાંત સ્થિતિઓની ઉપરના પ્રથમ કંડકના શરૂઆતના ત્રીજા સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ રસ અનંતગુણ હોય છે. એમ ઉપર ઉપરના એક એક સ્થિતિસ્થાનનો જઘન્ય અને નીચે નીચેના એક એક સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ રસ ક્રમશઃ અનંતગુણ હોવાથી વીસ કોડાકોડી સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાનના દ્વિ-ચરમ કંડકના ચરમ સ્થિતિસ્થાનના ઉત્કૃષ્ટ રસથી ચરમ કંડકના ચરમ સ્થિતિસ્થાનનો અર્થાત્ વીસ કોડાકોડી સાગરોપમ પ્રમાણ ચરમ સ્થિતિસ્થાનનો જઘન્ય રસ

અનંતગુણ હોય છે. તે ચરમ સ્થિતિસ્થાનના જઘન્ય રસથી ઉત્કૃષ્ટ રસ બતાવ્યા વિનાના ઉપરનાં ચરમ કંડક પ્રમાણ સ્થિતિસ્થાનો બાકી છે તે દરેકમાં નીચે નીચેના પૂર્વ પૂર્વના સ્થિતિસ્થાન કરતાં ઉપર ઉપરના સ્થિતિસ્થાનમાં ઉત્કૃષ્ટ રસ ક્રમશઃ અનંતગુણ હોય છે.

નીચ ગોત્રમાં પણ આ જ પ્રમાણે તીવ્ર-મંદતા હોય છે. પરંતુ તેની પ્રતિપક્ષ ઉચ્ચ ગોત્રનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ દસ કોડાકોડી સાગરોપમ પ્રમાણ હોવાથી નીચ ગોત્રમાં અભવ્ય પ્રાયોગ્ય જઘન્ય સ્થિતિબંધથી દસ કોડાકોડી સાગરોપમ સ્થિતિબંધ સુધીનાં સ્થિતિસ્થાનો આક્રાંત હોય છે. આ વિશેષતા છે.

ત્રસ ચતુષ્કની તીવ્ર-મંદતા વીસ કોડાકોડી સાગરોપમથી અઢાર કોડાકોડી સાગરોપમ સુધી પરાઘાતની સમાન અને અઢાર કોડાકોડી સાગરોપમથી પોતપોતાની જ્યાં સુધી અનુકૃષ્ટિ સંભવે છે, ત્યાં સુધી સાતાવેદનીયની જેમ હોય છે.

તે આ પ્રમાણે—વીસ કોડાકોડી સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિબંધમાં જે જઘન્ય રસ છે, તે અલ્પ છે. તે થકી સમયોન ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સ્થાનમાં, તે થકી બે સમયોન ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સ્થાનમાં, તે થકી સમયોન ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સ્થાનમાં, જઘન્ય રસ ક્રમશઃ અનંતગુણ હોય છે.

એમ કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોમાં ઉપર ઉપરના સ્થિતિસ્થાનથી નીચે નીચેના સ્થિતિસ્થાનમાં જઘન્ય રસ ક્રમશઃ અનંતગુણ હોય છે. પ્રથમ કંડકના ચરમ સ્થિતિસ્થાનના જઘન્ય રસથી ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સ્થાનનો ઉત્કૃષ્ટ રસ અનંતગુણ, તે થકી કંડકની નીચેના પ્રથમ સ્થિતિસ્થાનનો જઘન્ય, તે થકી સમયોન ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સ્થાનનો ઉત્કૃષ્ટ રસ, તે થકી કંડકની નીચેના બીજા સ્થિતિસ્થાનનો જઘન્ય રસ, તે થકી બે સમયોન ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સ્થાનનો ઉત્કૃષ્ટ રસ અનંતગુણ હોય છે.

એ જ પ્રમાણે સમયાધિક અઢાર કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિબંધ સ્થાન સુધી નીચે નીચેના એક એક સ્થિતિસ્થાનનો જઘન્ય અને ઉપર ઉપરના એક એક સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ રસ ક્રમશઃ અનંતગુણ છે.

અઢાર કોડાકોડી સાગરોપમની ઉપરના એક કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોનો જઘન્ય રસ આવી ગયેલ છે પરંતુ ઉત્કૃષ્ટ રસ બાકી છે એ યાદ રાખવું.

સમયાધિક અઢાર કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિસ્થાનના જઘન્ય રસથી અઢાર કોડાકોડી સાગરોપમ પ્રમાણ અર્થાત્ ઉપરના શરૂઆતના પ્રથમના આક્રાંત સ્થિતિસ્થાનનો જઘન્ય રસ અનંતગુણ હોય છે. આ સ્થિતિસ્થાનથી સ્થાવર ચતુષ્કના અભવ્ય પ્રાયોગ્ય જઘન્ય સ્થિતિબંધ સુધીના ત્રસ ચતુષ્કનાં દરેક સ્થિતિસ્થાનોનો જઘન્ય રસ તેટલો જ અર્થાત્ સમાન જ હોય છે. અહીં આક્રાંત સ્થિતિઓ પૂર્ણ થઈ.

આ આક્રાંત સ્થિતિસ્થાનોમાંના ચરમ સ્થિતિસ્થાનના જઘન્ય રસથી આક્રાંત સ્થિતિઓની નીચેના શરૂઆતના પહેલા, બીજા, ત્રીજા, ચોથા યાવત્ પ્રથમ કંડકના સંખ્યાતા ભાગો પ્રમાણ સ્થિતિસ્થાનોમાંના છેલ્લા સ્થિતિસ્થાન સુધીનાં દરેક સ્થિતિસ્થાનોનો પૂર્વ-પૂર્વના ઉપરના સ્થિતિસ્થાનથી નીચે નીચેના સ્થિતિસ્થાનનો જઘન્ય રસ ક્રમશઃ અનંતગુણ હોય છે.

આ ચરમ સ્થિતિસ્થાનના જઘન્ય રસથી અઢાર કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિબંધની ઉપર જે કંડક પ્રમાણ સ્થિતિસ્થાનો ઉત્કૃષ્ટ રસ બતાવ્યા વિનાનાં બાકી છે તેમાંના ઉપરના પહેલા, બીજા, ત્રીજા, ચોથા યાવત્ સમયાધિક અઢાર કોડાકોડી સાગરોપમ પ્રમાણ છેલ્લા સ્થિતિબંધ સ્થાન સુધીનાં દરેક સ્થિતિસ્થાનોનો ઉત્કૃષ્ટ રસ એક એકથી ક્રમશઃ અનંતગુણ હોય છે.

સમયાધિક અઢાર કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિબંધના ઉત્કૃષ્ટ રસથી આક્રાંત સ્થિતિઓની નીચેના પ્રથમ કંડકના જે સંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિબંધ સ્થાનો જઘન્ય રસ બતાવ્યા વિનાનાં બાકી છે, તેમાંના શરૂઆતના પ્રથમ સ્થિતિસ્થાનનો જઘન્ય રસ અનંતગુણ હોય છે. તે થકી અઢાર કોડાકોડી સાગરોપમ પ્રમાણ આક્રાંત સ્થિતિઓના શરૂઆતનાં પ્રથમ કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોનો ઉત્કૃષ્ટ રસ ક્રમશઃ એક એકથી અનંતગુણ હોય છે.

આ શરૂઆતના પ્રથમ કંડકના ચરમ સ્થિતિસ્થાનના ઉત્કૃષ્ટ રસથી આક્રાંત સ્થિતિઓની નીચેના પ્રથમ કંડકના સંખ્યાત ભાગ પ્રમાણ સ્થિતિસ્થાનોમાંના શરૂઆતના બીજા સ્થિતિસ્થાનનો જઘન્ય રસ અનંતગુણ હોય છે. તે થકી અઢાર કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિસ્થાનના શરૂઆતના બીજા કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોનો ઉત્કૃષ્ટ રસ ક્રમશઃ એક એકથી અનંતગુણ હોય છે.

એમ આક્રાંત સ્થિતિઓની નીચેના પ્રથમ કંડકના બાકી રહેલ સંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિસ્થાનોમાંના એક એક સ્થિતિસ્થાનનો જઘન્ય રસ અને અઢાર કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિબંધથી નીચે નીચે કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોનો નિરંતર ઉત્કૃષ્ટ રસ અનંતગુણ ત્યાં સુધી હોય છે કે યાવત્ ત્રસ ચતુષ્કની આક્રાંત સ્થિતિઓમાંના છેલ્લા સ્થિતિસ્થાન સુધીનો ઉત્કૃષ્ટ રસ પૂર્ણ થાય અને તેની નીચે અર્થાત્ આક્રાંત સ્થિતિઓની નીચે કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોનો જઘન્ય રસ પૂર્ણ થાય.

આક્રાંત સ્થિતિઓની નીચેના પ્રથમ કંડકના ચરમ સ્થિતિસ્થાનના જઘન્ય રસથી આ જ કંડકના પ્રથમ સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ રસ, તે થકી કંડકની નીચેના પ્રથમ સ્થિતિસ્થાનનો જઘન્ય, તે થકી આ જ કંડકના શરૂઆતના બીજા સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ, તે થકી કંડકની નીચેના બીજા સ્થિતિસ્થાનનો જઘન્ય, તે થકી આ જ કંડકના શરૂઆતના ત્રીજા સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ રસ ક્રમશઃ અનંતગુણ હોય છે.

એમ ત્રસ ચતુષ્કના જઘન્ય સ્થિતિબંધ સુધી નીચે એક-એક સ્થિતિસ્થાનનો જઘન્ય અને ઉપર એક-એક સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ રસ અનંતગુણ હોવાથી દ્વિચરમ કંડકના ચરમ સ્થિતિસ્થાનના ઉત્કૃષ્ટ રસથી ચરમ કંડકના ચરમ સ્થિતિસ્થાન રૂપ જઘન્ય સ્થિતિબંધ સ્થાનનો જઘન્ય રસ અનંતગુણ હોય છે. તે ચરમ સ્થિતિસ્થાનના જઘન્ય રસથી છેલ્લા કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોમાંના ઉપરના પ્રથમ સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ રસ અનંતગુણ હોય છે, તે થકી બીજા, ત્રીજા, ચોથા, પાંચમા યાવત્ તે ચરમ કંડકના ચરમ સ્થિતિસ્થાન સુધી ઉત્કૃષ્ટ રસ ક્રમશઃ એક એકથી અનંતગુણ હોય છે.

આ પ્રમાણે અનુભાગ બંધનું સ્વરૂપ કહી હવે સ્થિતિબંધનું સ્વરૂપ કહે છે.

ત્યાં સ્થિતિસ્થાન, નિષેક પ્રરૂપણા, અબાધા કંડક પ્રરૂપણા અને અલ્પ-બહુત્વ પ્રરૂપણા એમ ચાર અનુયોગ દ્વારો છે.

તેમાં પ્રથમ ત્રણ અનુયોગ દ્વારનું સ્વરૂપ આ જ ગ્રંથના પ્રથમ ભાગના પંચમ-દ્વારમાં આવી ગયેલ હોવાથી પુનઃ ન બતાવતાં ફક્ત જુદા જુદા જીવો આશ્રયી છત્રીસ બોલપૂર્વક સ્થિતબંધનું અલ્પ-બહુત્વ બતાવવામાં આવે છે.

(૧) સૂક્ષ્મ સંપરાયવર્તી યતિનો જઘન્ય સ્થિતિબંધ સર્વથી અલ્પ અને તે માત્ર વેદનીયની અપેક્ષાએ બાર મુહૂર્ત્ત, નામ અને ગોત્રની અપેક્ષાએ આઠ મુહૂર્ત્ત અને શેષ કર્મોની અપેક્ષાએ અંતર્મુહૂર્ત્ત પ્રમાણ છે. તે થકી (૨) પર્યાપ્ત બાદર એકેન્દ્રિયનો જઘન્ય સ્થિતિબંધ બે સપ્તમાંશ સાગરોપમાદિ પ્રમાણ હોવાથી અસંખ્યાતગુણ. તેનાથી (૩) પર્યાપ્ત સૂક્ષ્મ એકેન્દ્રિયનો જઘન્ય સ્થિતિબંધ વિશેષાધિક. તે થકી (૪) બાદર અપર્યાપ્ત એકેન્દ્રિય અને (૫) સૂક્ષ્મ અપર્યાપ્ત એકેન્દ્રિયનો જઘન્ય સ્થિતિબંધ ક્રમશઃ વિશેષાધિક છે. તેથી (૬) સૂક્ષ્મ અપર્યાપ્તનો ઉત્કૃષ્ટ. (૭) બાદર અપર્યાપ્તનો ઉત્કૃષ્ટ. (૮) સૂક્ષ્મ પર્યાપ્તનો ઉત્કૃષ્ટ તથા (૯) બાદર પર્યાપ્તનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ ક્રમશઃ એક એકથી વિશેષાધિક છે.

બાદર પર્યાપ્ત એકેન્દ્રિયના ઉત્કૃષ્ટ સ્થિતિબંધથી (૧૦) બેઇન્દ્રિય પર્યાપ્તનો જઘન્ય સ્થિતિબંધ સંખ્યાત ગુણ છે. કારણ કે એકેન્દ્રિયના ઉત્કૃષ્ટ સ્થિતિબંધથી બેઇન્દ્રિયનો જઘન્ય સ્થિતિબંધ કાંઈક ન્યૂન પચીસ ગુણો છે. તે થકી (૧૧) અપર્યાપ્ત બેઇન્દ્રિયનો જઘન્ય. (૧૨) અપર્યાપ્તા બેઇન્દ્રિયનો ઉત્કૃષ્ટ. અને (૧૩) પર્યાપ્તા બેઇન્દ્રિયનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ ક્રમશઃ એક એકથી વિશેષાધિક છે.

તેના કરતાં (૧૪) પર્યાપ્ત તેઇન્દ્રિયનો જઘન્ય. (૧૫) અપર્યાપ્ત તેઇન્દ્રિયનો જઘન્ય. (૧૬-૧૭) અપર્યાપ્ત તથા પર્યાપ્ત તેઇન્દ્રિયનો ઉત્કૃષ્ટ. (૧૮-૧૯) પર્યાપ્ત અને અપર્યાપ્ત ચતુરિન્દ્રિયનો જઘન્ય. અને (૨૦-૨૧) અપર્યાપ્ત તથા પર્યાપ્ત ચતુરિન્દ્રિયનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ ક્રમશઃ એક-એકથી વિશેષાધિક છે.

તેના કરતાં (૨૨) અસંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તાનો જઘન્ય સ્થિતિબંધ સંખ્યાત ગુણ છે. કારણ કે પર્યાપ્ત ચતુરિન્દ્રિયના ઉત્કૃષ્ટ સ્થિતિબંધથી પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિયનો જઘન્ય સ્થિતિબંધ કાંઈક ન્યૂન દશ ગુણો છે. તેથી (૨૩) અપર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિયનો જઘન્ય, (૨૪-૨૫) અપર્યાપ્ત તથા પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિયનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ ક્રમશઃ વિશેષાધિક છે.

અસંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તના ઉત્કૃષ્ટ સ્થિતિબંધથી (૨૬) મિથ્યાત્વાભિમુખ પ્રમત્ત સંયતનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ અંતઃ કોડાકોડી સાગરોપમ પ્રમાણ હોવાથી સંખ્યાતગુણ છે. તે થકી (૨૭-૨૮) દેશવિરતિનો જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સંખ્યાતગુણ. તે કરતાં (૨૯) પર્યાપ્ત અવિરતિ સમ્યગ્દષ્ટિનો અને (૩૦) અપર્યાપ્ત અવિરતિ સમ્યગ્દષ્ટિનો જઘન્ય અને તે જ (૩૧-૩૨) અપર્યાપ્ત તથા પર્યાપ્ત અવિરતિ સમ્યગ્દષ્ટિનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ ક્રમશઃ સંખ્યાત ગુણ છે. તેનાથી (૩૩) પર્યાપ્ત મિથ્યાદષ્ટિ સંજ્ઞી તથા (૩૪) અપર્યાપ્ત મિથ્યાદષ્ટિ સંજ્ઞીનો જઘન્ય અને તે થકી (૩૫) અપર્યાપ્ત મિથ્યાદષ્ટિ સંજ્ઞીનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ ક્રમશઃ સંખ્યાત ગુણ છે અને તેથી પણ

(૩૬) પર્યાપ્ત મિથ્યાદૃષ્ટિ સંજ્ઞીનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સંખ્યાત ગુણ છે.

સંયતના ઉત્કૃષ્ટ સ્થિતિબંધથી અપર્યાપ્ત મિથ્યાદૃષ્ટિ સંજ્ઞીપંચેન્દ્રિય સુધીના દરેક જીવોને અંતઃ કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિબંધ હોવા છતાં અંતઃ કોડાકોડી સંખ્યાત પ્રકારની હોવાથી ઉપરોક્ત અલ્પબહુત્વ ઘટી શકે છે. તેમજ અંતઃ કોડાકોડી સાગરોપમથી સિત્તેર કોડાકોડી સાગરોપમ વગેરે સ્થિતિબંધ પણ સંખ્યાતગુણ હોય તે સહેજે સમજાય તેમ છે.

હવે જઘન્ય અબાધા, ઉત્કૃષ્ટ અબાધા, જઘન્ય સ્થિતિબંધ, ઉત્કૃષ્ટ સ્થિતિબંધ, અબાધા સ્થાનો, કંડક સ્થાનો, દ્વિગુણહાનિનાં સ્થાનો, એક દ્વિગુણહાનિના વચ્ચે રહેલ નિષેક સ્થાનો, સ્થિતિસ્થાનો અને અબાધા કંડક સ્થાનો—આ દસ પદાર્થોનું ચૌદ જીવ સ્થાનકોમાં અલ્પ બહુત્વ આ પ્રમાણે છે.

પર્યાપ્ત અને અપર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય જીવોમાં આયુષ્ય વિના શેષ સાત કર્મની જઘન્ય અબાધા માત્ર અંતર્મુહૂર્ત પ્રમાણ હોવાથી અલ્પ છે. તેનાથી અબાધા સ્થાનો તેમજ કંડક સ્થાનો અંતર્મુહૂર્ત ન્યૂન ઉત્કૃષ્ટ અબાધાના જેટલા સમયો છે, તેટલા હોવાથી અસંખ્યાતગુણા છે અને પરસ્પર બન્ને સમાન છે. કારણ કે અબાધામાંથી એક એક સમયની હાનિએ એક એક કંડક થાય છે. કંડક સ્થાનોથી ઉત્કૃષ્ટ અબાધા જઘન્ય અબાધા રૂપ અંતર્મુહૂર્ત અધિક હોવાથી વિશેષાધિક છે. તેનાથી દ્વિગુણહીન નિષેકસ્થાનો પલ્યોપમના પ્રથમ વર્ગમૂળના અસંખ્યાતમા ભાગના સમય પ્રમાણ હોવાથી અસંખ્યાત ગુણ છે. તેનાથી એક દ્વિગુણ હાનિના અંતરાલમાં રહેલ નિષેકસ્થાનો પલ્યોપમના અસંખ્યાતા પ્રથમ વર્ગમૂળના સમય પ્રમાણ હોવાથી અસંખ્યાત ગુણ છે. તેનાથી અબાધા કંડક અસંખ્યાત ગુણ છે. આ સ્થાને કમ્મપયડીમાં અર્થેન કંડક બતાવેલ છે. કારણ કે અબાધા અને કંડક સ્થાનો પ્રથમ જુદાં જુદાં આવી ગયેલ છે. માટે અહીં ફરીથી કેમ બતાવ્યાં છે તે સમજાતું નથી. કદાચ તે બન્નેના સમૂહને ફરીથી ગણીએ તો પણ પૂર્વના પદાર્થથી અસંખ્યાત ગુણ થઈ શકતા નથી વગેરે બાબત મૂળ ભાષાંતરમાં કરેલ ૧૦૧-૧૦૨ ગાથાની ટિપ્પણીમાં બતાવેલ છે. માટે ત્યાંથી જોઈ લેવું.

તે થકી અંતઃ કોડાકોડી સાગરોપમ પ્રમાણ હોવાથી જઘન્ય સ્થિતિબંધ અસંખ્યાત ગુણ છે. જો કે આઠમા ગુણસ્થાનકની આગળ સંજ્ઞીપંચેન્દ્રિયો અંતઃ કોડાકોડી સાગરોપમથી પણ ઓછો બંધ કરે છે. પણ અહીં તેની વિવિક્ષા કરવામાં આવી નથી. જઘન્ય સ્થિતિબંધથી સ્થિતિસ્થાનો-જઘન્ય સ્થિતિબંધ રહિત ઉત્કૃષ્ટ સ્થિતિબંધના સમય પ્રમાણ હોવાથી સંખ્યાત ગુણ છે. અને તેનાથી ઉત્કૃષ્ટ સ્થિતિબંધ વિશેષાધિક છે. કારણ કે તેમાં જઘન્ય સ્થિતિબંધ પણ આવી જાય છે.

શેષ બાર જીવસ્થાનકોમાં અબાધાસ્થાનો અને કંડકસ્થાનો અલ્પ છે. કારણ કે તે આવલિકાના અસંખ્યાતમા ભાગમાં રહેલ સમય પ્રમાણ છે, અને પરસ્પર બન્ને તુલ્ય છે. જો કે અહીં સામાન્યથી બારેય જીવસ્થાનકોમાં આ બન્ને પદાર્થો આવલિકાના અસંખ્યાતમા ભાગના સમય પ્રમાણ બતાવેલ છે. પરંતુ વિશેષ વિચાર કરતાં એકેન્દ્રિય સિવાયના શેષ આઠ ભેદોમાં આવલિકાના સંખ્યાતમા ભાગના સમય પ્રમાણ હોય તેમ લાગે છે. પછી તો બહુશ્રુતો જાણે.

આ બન્નેથી જઘન્ય અબાધા અંતર્મુહૂર્ત પ્રમાણ હોવાથી અસંખ્યાત ગુણ છે. તેનાથી

ઉત્કૃષ્ટ અબાધા વિશેષાધિક છે. તેનાથી દ્વિગુણહાનિનાં સ્થાનો અને એક દ્વિગુણહાનિના અંતરાલમાં રહેલ નિષેકસ્થાનો ક્રમશઃ અસંખ્યાત ગુણ છે. તેથી અબાધા સ્થાનો અને કંડક સ્થાનોનો સમૂહ અસંખ્યાત ગુણ છે. તેનાથી સ્થિતિસ્થાનો અસંખ્યાત ગુણ છે. કારણ કે એકેન્દ્રિયના ચારેય ભેદોમાં પલ્યોપમના અસંખ્યાતમા ભાગના સમય પ્રમાણ અને બાકીના આઠ જીવભેદોમાં પલ્યોપમના સંખ્યાતમા ભાગના સમય પ્રમાણ છે. તેથી જઘન્ય સ્થિતિબંધ બે સપ્તમાંશ સાગરોપમ વગેરે પ્રમાણરૂપ હોવાથી અસંખ્યાત ગુણ છે, અને તેનાથી ઉત્કૃષ્ટ સ્થિતિબંધ વિશેષાધિક છે.

આયુષ્ય કર્મની આબાધાનો આધાર તેના સ્થિતિબંધ ઉપર નથી. પરંતુ જે ભવમાં આયુષ્ય બાંધે છે તે ભવ ઉપર છે. માટે કંડક સ્થાનો અને તેના આધારે થતા અબાધા કંડક સ્થાનો પણ ઘટતા નથી. તેથી આ બે સિવાય આયુષ્ય કર્મમાં આઠ બોલોનું જ અલ્પ બહુત્વ હોય છે.

ત્યાં અસંજ્ઞી પર્યાપ્ત અને સંજ્ઞી પર્યાપ્તમાં જઘન્ય અબાધા ક્ષુલ્લકભવના ત્રીજા ભાગથી પણ ઘણા નાના સંખ્યાત આવલિકા પ્રમાણ-અંતર્મુહૂર્ત્ત પ્રમાણ હોવાથી અલ્પ છે. તેનાથી જઘન્ય સ્થિતિબંધ અંતર્મુહૂર્ત અધિક ક્ષુલ્લકભવ પ્રમાણ હોવાથી સંખ્યાત ગુણ છે. તેનાથી અબાધા સ્થાનો અંતર્મુહૂર્ત્ત ન્યૂન પૂર્વક્રોડના ત્રીજા ભાગના સમયો પ્રમાણ હોવાથી સંખ્યાત ગુણ છે.

તેથી પણ ઉત્કૃષ્ટ અબાધા પરિપૂર્ણ પૂર્વકોડીનો ત્રીજો ભાગ હોવાથી વિશેષાધિક છે. તેથી દ્વિગુણહાનિનાં સ્થાનો પલ્યોપમના પ્રથમ વર્ગમૂળના અસંખ્યાતમા ભાગમાં રહેલ સમય પ્રમાણ હોવાથી અસંખ્યાત ગુણ છે. તેનાથી એક દ્વિગુણહાનિના અંતરાલમાં રહેલ નિષેકસ્થાનો પલ્યોપમના અસંખ્યાતા પ્રથમ વર્ગમૂળમાં રહેલ સમય પ્રમાણ હોવાથી અસંખ્યાતગુણ છે. તેના કરતાં સ્થિતિબંધ સ્થાનો અંતર્મુહૂર્ત્ત અધિક ક્ષુલ્લકભવ ન્યૂન પૂર્વકોડીના ત્રીજા ભાગ સહિત તેત્રીસ સાગરોપમના સમય પ્રમાણ હોવાથી અને અસંજ્ઞી પર્યાપ્તામાં પલ્યોપમના અસંખ્યાતમા ભાગના સમય પ્રમાણ હોવાથી અસંખ્યાતગુણ છે. અને તેથી ઉત્કૃષ્ટ સ્થિતિબંધ પૂર્વકોડીના ત્રીજા ભાગે અધિક તેત્રીસ સાગરોપમ હોવાથી વિશેષાધિક છે.

શેષ બાર જીવભેદોમાં પૂર્વક્રોડ વર્ષથી અધિક આયુષ્યનો સ્થિતિબંધ ન હોવાથી દ્વિગુણહાનિ સ્થાનો અને તેના અભાવે એક દ્વિગુણ હાનિના અંતરાલમાં થનાર નિષેક સ્થાનો ઘટતા નથી. માટે બાકીના છ પદાર્થોનું અલ્પબહુત્વ આ પ્રમાણે છે. જઘન્ય અબાધા ક્ષુલ્લકભવના ત્રીજા ભાગથી પણ ઘણા નાના અંતર્મુહૂર્ત્ત પ્રમાણ હોવાથી અલ્પ છે. તેનાથી જઘન્ય સ્થિતિબંધ અંતર્મુહૂર્ત્ત અધિક ક્ષુલ્લકભવ પ્રમાણ હોવાથી સંખ્યાત ગુણ છે. તેનાથી અબાધાસ્થાનો એકેન્દ્રિયની અપેક્ષાએ સાધિક સાત હજાર વર્ષના સમય પ્રમાણ હોવાથી સંખ્યાત ગુણ છે. તેનાથી પણ ઉત્કૃષ્ટ અબાધા તે જઘન્ય અબાધા સહિત હોવાથી વિશેષાધિક છે. તેનાથી સ્થિતિબંધ સ્થાનો એકેન્દ્રિયની અપેક્ષાએ સાધિક સાત હજાર વર્ષ અધિક પૂર્વકોડી વર્ષ પ્રમાણ હોવાથી સંખ્યાત ગુણ છે. તેથી પણ ઉત્કૃષ્ટ સ્થિતિબંધ-તે જઘન્ય અબાધા અને જઘન્ય સ્થિતિબંધ સહિત હોવાથી વિશેષાધિક છે.

હવે સ્થિતિબંધના અધ્યવસાયોમાં સ્થિતિ સમુદાહાર, પ્રકૃતિ સમુદાહાર અને જીવ સમુદાહાર એ ત્રણ અનુયોગ દ્વારો કહે છે.

સમુદાહાર એટલે પ્રતિપાદન અર્થાત્ કથન. ત્યાં પ્રથમ સ્થિતિસ્થાનોને આશ્રયી અધ્યવસાયોનું કથન કરવું તે સ્થિતિસમુદાહાર, તેમાં દરેક સ્થિતિસ્થાનમાં અધ્યવસાયોની સંખ્યા બતાવવી તે પ્રગણના, વિવક્ષિત સ્થિતિસ્થાનના અધ્યવસાયો દ્વિતીયાદિક સ્થિતિસ્થાનમાં જાય અથવા ન જાય તે અનુકૃષ્ટિ અને કયા અધ્યવસાયથી કયો અધ્યવસાય કેટલા અંશે તીવ્ર અથવા મંદ શક્તિવાળો છે તે તીવ્ર-મંદતા, આ ત્રણ બાબતો છે.

એક સમયે કોઈપણ કર્મની જેટલી સ્થિતિ બંધાય તે એક સ્થિતિસ્થાન કહેવાય છે. જઘન્ય સ્થિતિબંધથી સમય-સમયની વૃદ્ધિએ પોતપોતાના ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સુધી જેટલા સમયો થાય તેટલાં તેટલાં સ્થિતિસ્થાનો તે તે કર્મનાં હોય છે.

અનેક જીવો આશ્રયી કોઈપણ એક સ્થિતિબંધ સ્થાન તેના કારણભૂત કષાયોદયજન્ય અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ અધ્યવસાયોથી બંધાય છે. અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ ભિન્ન ભિન્ન અધ્યવસાયો દ્વારા એક જ પ્રકારનો સ્થિતિબંધ કેમ થઈ શકે ? એવા પ્રશ્નના ઉત્તરમાં સમજવાનું કે ભિન્ન ભિન્ન પ્રકારના અધ્યવસાયો દ્વારા એક જ પ્રકારનો સ્થિતિબંધ થાય છે પણ તે બધાય જીવોને એક જ રીતે એક જ સાથે ઉદયમાં આવી ભોગવાતો નથી પરંતુ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ-ભવ વગેરે ભિન્ન ભિન્ન નિમિત્તોને આશ્રયી જુદા જુદા જીવોને જુદી જુદી રીતે ઉદયમાં આવી ભોગવાય છે માટે કોઈ વિરોધ નથી.

પ્રથમ રસબંધના અધ્યવસાયોનો વિચાર કરતી વખતે સ્થિતિબંધના કારણભૂત સ્થિતિબંધના અધ્યવસાયોનો ગૌણ ભાવે વિચાર કરવામાં આવેલ છે. પરંતુ અહીં મુખ્યત્વે સ્થિતિબંધના અધ્યવસાયોનો જ વિચાર કરવાનો છે.

દરેક સ્થિતિબંધ સ્થાનમાં તેના કારણભૂત કષાયોદય જનિત અધ્યવસાયો અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ હોય છે. ત્યાં આયુષ્ય વિના શેષ સાત કર્મના જઘન્ય સ્થિતિબંધ સ્થાનમાં અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ અધ્યવસાયો છે, છતાં ઉપરનાં સ્થિતિસ્થાનોની અપેક્ષાએ ઘણા જ ઓછા છે. અને દ્વિતીયાદિક સ્થિતિસ્થાનથી પોતપોતાના ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સ્થાન સુધી વિશેષાધિક-વિશેષાધિક હોય છે, આયુષ્યકર્મના પ્રથમ સ્થિતિબંધ સ્થાનમાં અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ અધ્યવસાયો હોય છે અને દ્વિતીયાદિક સ્થિતિસ્થાનથી પોતપોતાના ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સ્થાન સુધી ક્રમશઃ અસંખ્યાત ગુણ હોય છે અને તેમ હોવામાં તથા-સ્વભાવ જ કારણ છે. આ અનંતરોપનિધાએ વાત થઈ, પરંપરોપનિધાએ વિચારીએ તો જ્ઞાનાવરણીય વગેરે સાત કર્મોના જઘન્ય સ્થિતિબંધ સ્થાનમાં જે અધ્યવસાય સ્થાનો છે. ત્યાંથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિસ્થાનો ઓળંગી, પછી જે સ્થિતિસ્થાન આવે તેમાં જઘન્ય સ્થિતિબંધ સ્થાનના અધ્યવસાયોની અપેક્ષાએ દ્વિગુણ અધ્યવસાયો થાય છે. ત્યાંથી પુનઃ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિસ્થાનો ઓળંગી પછીના સ્થિતિસ્થાનમાં દ્વિગુણ અને જઘન્ય સ્થિતિસ્થાનથી ચતુર્ગુણ થાય છે. એમ પોતપોતાની ઉત્કૃષ્ટ સ્થિતિ સુધી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિસ્થાનો ઓળંગી-ઓળંગી પછી પછીના સ્થિતિસ્થાનમાં અધ્યવસાયો બમણા બમણા હોય છે.

એમ દરેક કર્મમાં કુલ દ્વિગુણવૃદ્ધિનાં સ્થાનો અંગુલ માત્ર ક્ષેત્રોમાં જેટલા આકાશપ્રદેશો

છે, તેનું પ્રથમ વર્ગમૂળ કાઢતાં જેટલી સંખ્યા આવે તે સંખ્યાને જેટલીવાર અર્ધી અર્ધી કરતાં એકની સંખ્યા આવે તેટલા છેદનકો કહેવાય છે, તે છેદનકોના અસંખ્યાતમા ભાગમાં જેટલા આકાશપ્રદેશોની સંખ્યા આવે તેટલા હોય છે.

જેમ રસબંધના અધ્યવસાયો વિવક્ષિત સ્થિતિબંધ સ્થાનથી પછી પછીના સ્થિતિબંધ સ્થાનમાં જાય છે તેમ સ્થિતિબંધના અધ્યવસાયો જતા નથી, અર્થાત્ દરેક સ્થિતિબંધના અધ્યવસાયો તદ્દન જુદા જ હોય છે. માટે અહીં રસબંધના અધ્યવસાયોની જેમ અનુકૃષ્ટિ થતી નથી.

પ્રથમ સ્થિતિસ્થાનમાં પ્રથમ કષાયોદય રૂપ અધ્યવસાય સ્થાન અત્યંત મંદ શક્તિવાળું હોય છે. અને તેના કરતાં તે જ પ્રથમ સ્થિતિસ્થાનના કારણભૂત ઉત્કૃષ્ટ કષાયોદય રૂપ અંતિમ અધ્યવસાય સ્થાન અનંતગુણ તીવ્ર શક્તિવાળું હોય છે. તેનાથી દ્વિતીય સ્થિતિસ્થાનનો જઘન્ય અધ્યવસાય, તેનાથી તે જ દ્વિતીય સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ અધ્યવસાય એમ દરેક સ્થિતિસ્થાનનો જઘન્ય અને ઉત્કૃષ્ટ અધ્યવસાય ક્રમશઃ એક એકથી અનંતગુણ તીવ્ર શક્તિ અથવા સામર્થ્યવાળો હોય છે.

પ્રકૃતિમાં અધ્યવસાયોનું કથન કરવું તે પ્રકૃતિ સમુદાહાર કહેવાય. તેમાં દરેક પ્રકૃતિનાં અધ્યવસાય સ્થાનોની સંખ્યા કહેવી તે પ્રમાણાનુગમ અને કઈ પ્રકૃતિથી કઈ પ્રકૃતિના અધ્યવસાયો કેટલા ઓછા-વધારે છે એમ બતાવવું તે અલ્પ-બહુત્વ. એમ બે બાબતો છે.

જ્ઞાનાવરણીય વગેરે દરેક કર્મનાં બધાં સ્થિતિસ્થાનોના અધ્યવસાયો અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ છે. આ પ્રમાણાનુગમ છે.

આયુષ્ય કર્મના અધ્યવસાયો અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ હોવા છતાં શેષ કર્મની અપેક્ષાએ ઘણા જ ઓછા છે. તેનાથી નામ તથા ગોત્ર કર્મના અસંખ્યાતગુણ છે.

જો કે આયુષ્ય કર્મના દરેક સ્થિતિસ્થાનમાં અધ્યવસાયો અસંખ્યાત ગુણ છે અને આ બે કર્મોમાં વિશેષાધિક છે, તો પણ આયુષ્યના જઘન્ય સ્થિતિબંધમાં અધ્યવસાયો ઘણા જ થોડા છે અને તેનાથી આ બે કર્મોના જઘન્ય સ્થિતિબંધમાં ઘણા જ વધારે અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ છે. વળી આયુષ્ય કરતાં આ બે કર્મોનો સ્થિતિબંધ પણ ઘણો જ મોટો છે, માટે જ આયુષ્ય કરતાં આ બે કર્મના અધ્યવસાયો વિશેષાધિક નથી પરંતુ અસંખ્યાતગુણ છે, નામ અને ગોત્રકર્મથી જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય અને અંતરાયકર્મના અધ્યવસાયો અસંખ્યાતગુણ છે અને પરસ્પર ચારેયના સમાન છે.

નામ અને ગોત્રકર્મથી આ ચાર કર્મની સ્થિતિ દોઢી હોવાથી અધ્યવસાયો પણ વિશેષાધિક હોવા જોઈએ પરંતુ અસંખ્યાતગુણ કેમ હોય ? અહીં આવી શંકા પણ ન કરવી, કારણ કે વિવક્ષિત સ્થિતિસ્થાનના અધ્યવસાયોથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિસ્થાનો ઓળંગી પછીના સ્થિતિસ્થાનમાં અધ્યવસાયો બમણા થાય છે. આ વાત પ્રથમ જ આવી ગઈ છે, એક પલ્યોપમના પણ અસંખ્યાતા ભાગ પ્રમાણ ટુકડા અસંખ્યાતા થાય, તેથી

વિવક્ષિત સ્થિતિ સ્થાનથી એક પલ્યોપમ જેટલાં સ્થિતિસ્થાનો ઓળંગીએ ત્યાં સુધીમાં પણ અસંખ્યાત વાર બમણા-બમણા અધ્યવસાયો થાય છે. અર્થાત્ અસંખ્યાતગુણા થઈ જાય છે.

તાત્પર્ય એ છે કે વિવક્ષિત સ્થિતિસ્થાનથી એક પલ્યોપમ પછીના સ્થિતિસ્થાનમાં પણ અધ્યવસાયો અસંખ્યાતગુણ થાય છે, તો દશ કોડાકોડી સાગરોપમ જેટલાં સ્થિતિસ્થાનો વધે ત્યારે સહેલાઈથી ઘણા જ વધારે અસંખ્યાતગુણ થાય. આ ચાર કર્મના અધ્યવસાયોથી કષાય મોહનીયના અને તેનાથી મિથ્યાત્વ મોહનીય રૂપ દર્શન મોહનીયનાં અધ્યવસાય સ્થાનો ક્રમશઃ અસંખ્યાતગુણ હોય છે.

હવે જીવો આશ્રયી અધ્યવસાયોનું પ્રતિપાદન કરવું તે જીવ સમુદાહાર કહેવાય છે.

સ્વભૂમિકાને અનુસારે સર્વ વિશુદ્ધ જીવો મતિજ્ઞાનાવરણીય વગેરે સુડતાળીસ ધ્રુવબંધી પ્રકૃતિઓની જઘન્ય સ્થિતિને બાંધતા સાતાવેદનીય વગેરે ચોત્રીસ શુભ પરાવર્ત્તમાન પ્રકૃતિઓમાંથી જેટલી પ્રકૃતિઓ બાંધે છે તેઓનો ચતુઃસ્થાનિક રસ બાંધે છે. અને અસાતાવેદનીય વગેરે ઓગણચાળીસ પરાવર્ત્તમાન અશુભ પ્રકૃતિઓમાંથી જે જે પ્રકૃતિઓ બાંધે છે તેઓનો દ્વિસ્થાનિક રસ બાંધે છે.

મધ્યમ પરિણામી જીવો મતિજ્ઞાનાવરણીય વગેરે ધ્રુવબંધી પ્રકૃતિઓની સ્વભૂમિકાનુસાર અજઘન્ય અર્થાત્ મધ્યમ સ્થિતિને બાંધતા શુભ અને અશુભ પરાવર્ત્તમાન પ્રકૃતિઓમાંથી જે પ્રકૃતિઓ બાંધતા હોય તેઓનો ત્રિસ્થાનિક રસ બાંધે છે. અને અતિ સંક્લિષ્ટ પરિણામી જીવો મતિજ્ઞાનાવરણીય વગેરે ધ્રુવબંધી પ્રકૃતિઓની સ્વભૂમિકાનુસારે ઉત્કૃષ્ટ સ્થિતિને બાંધતા પરાવર્ત્તમાન શુભ પ્રકૃતિઓમાંની જે પ્રકૃતિઓ બાંધતા હોય તેઓનો દ્વિસ્થાનિક રસ બાંધે છે. અને પરાવર્ત્તમાન અશુભ પ્રકૃતિઓમાંથી જે પ્રકૃતિઓ બંધાતી હોય તેઓનો ચાર સ્થાનિક રસ બાંધે છે.

અહીં અધ્યવસાયોમાં જીવો આશ્રયી અનંતરોપનિધા અને પરંપરોપનિધા એ બે માર્ગણા છે, ત્યાં અનંતરોપનિધાએ વિચારે છે. પૃથક્ત્વ શબ્દ સેંકડોની સંખ્યાને બતાવનાર છે.

પરાવર્ત્તમાન શુભ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ ચાર સ્થાનિક રસબંધ કરનારા અને મતિજ્ઞાનાવરણીય વગેરે ધ્રુવબંધી પ્રકૃતિઓની સ્વભૂમિકાનુસાર જઘન્ય સ્થિતિને બાંધનારા જીવો અલ્પ છે. તેનાથી સમયાધિક જઘન્ય સ્થિતિને બાંધનારા જીવો વિશેષાધિક છે. તેથી પણ બે સમયાધિક જઘન્ય સ્થિતિને બાંધનારા જીવો વિશેષાધિક છે. એમ ઘણા સેંકડો સાગરોપમ સુધી દરેક સ્થિતિબંધને બાંધનારા જીવો વિશેષાધિક-વિશેષાધિક હોય છે. ત્યારબાદ પુનઃ ઘણા સેંકડો સાગરોપમ સુધી અર્થાત્ શુભ પ્રકૃતિઓના જઘન્ય ચતુઃસ્થાનિક રસબંધ સુધીના સ્થિતિ બંધ સ્થાનમાં વર્ત્તતા જીવો વિશેષહીન-હીન હોય છે.

એ જ પ્રમાણે પરાવર્ત્તમાન શુભ પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ ત્રિસ્થાનિક રસ બાંધનારા અને ધ્રુવબંધી પ્રકૃતિઓની સ્વભૂમિકાનુસાર મધ્યમ સ્થિતમાંની જઘન્ય સ્થિતિને બાંધનારા જીવો અલ્પ હોય છે. ત્યારપછી ઘણા સેંકડો સાગરોપમ સુધી દરેક સ્થિતિસ્થાનને બાંધનારા જીવો ક્રમશઃ

વિશેષાધિક હોય છે. તે પછી પુનઃ ઘણા સેંકડો સાગરોપમ સુધી અર્થાત્ શુભ પ્રકૃતિઓના જઘન્ય ત્રિસ્થાનિક રસ સુધીની સ્થિતિને બાંધનારા જીવો દરેક સ્થિતિસ્થાનમાં ક્રમશઃ વિશેષહીન-હીન હોય છે.

એમ પરાવર્ત્તમાન શુભ પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ દ્વિસ્થાનિક રસને બાંધનારાં અને ધ્રુવબંધી પ્રકૃતિઓના સ્વભૂમિકાનુસાર ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાનોમાંના પ્રથમ જઘન્ય સ્થિતિસ્થાનનો બાંધનારા જીવો અલ્પ હોય છે. ત્યારબાદ ઘણા સેંકડો સાગરોપમ સુધી દરેક સ્થિતિસ્થાનને બાંધનારા જીવો ક્રમશઃ વિશેષાધિક-વિશેષાધિક હોય છે. તે પછી પુનઃ શુભ પ્રકૃતિઓના જઘન્ય દ્વિસ્થાનિક રસને બાંધનારા અને ધ્રુવબંધી પ્રકૃતિઓની સ્વભૂમિકાનુસાર ઉત્કૃષ્ટ સ્થિતિ સુધીનાં દરેક સ્થિતિસ્થાનોને બાંધનારા જીવો ક્રમશઃ વિશેષહીન-વિશેષહીન હોય છે.

પરાવર્ત્તમાન અશુભ પ્રકૃતિઓમાં તેનાથી વિપરીત રીતે હોય છે તે આ પ્રમાણે— પરાવર્ત્તમાન અશુભ પ્રકૃતિઓના દ્વિસ્થાનિક રસને બાંધનારા અને ધ્રુવબંધી પ્રકૃતિઓની સ્વભૂમિકાનુસાર જઘન્ય સ્થિતિમાંથી પ્રથમ સ્થિતિને બાંધનારા જીવો અલ્પ હોય છે. ત્યાંથી ઘણા સેંકડો સાગરોપમ સુધીના દરેક સ્થિતિસ્થાનને બાંધનારા જીવો ક્રમશઃ વિશેષાધિક વિશેષાધિક હોય છે. પુનઃ ત્યાંથી ગણા સેંકડો સાગરોપમ સુધી અર્થાત્ પરાવર્ત્તમાન અશુભ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ દ્વિસ્થાનિક રસ બંધાય તેટલાં સ્થિતિસ્થાનો સુધી ક્રમશઃ વિશેષહીન-વિશેષહીન હોય છે.

એ જ પ્રમાણે પરાવર્ત્તમાન અશુભ પ્રકૃતિઓના જઘન્ય ત્રિસ્થાનિક રસને બાંધનારા અને ધ્રુવબંધી પ્રકૃતિઓની સ્વભૂમિકાનુસાર મધ્યમ સ્થિતિને બાંધનારા જઘન્ય સ્થિતિસ્થાનથી ઘણા સેંકડો સાગરોપમ સુધીનાં દરેક સ્થિતિસ્થાનોમાં જીવો વિશેષાધિક અને પુનઃ ઘણા સેંકડો સાગરોપમ સુધી વિશેષહીન-વિશેષહીન હોય છે. અને પરાવર્ત્તમાન અશુભ પ્રકૃતિઓના જઘન્ય ચતુઃસ્થાનિક રસને બાંધનારા તેમજ ધ્રુવબંધી પ્રકૃતિઓની સ્વભૂમિકાનુસાર ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાનોમાંના જઘન્ય સ્થિતિસ્થાનથી ઘણા સેંકડો સાગરોપમ સુધીનાં સ્થિતિસ્થાનોમાં જીવો ક્રમશઃ વિશેષાધિક અને ત્યારબાદ ઉત્કૃષ્ટ ચતુઃસ્થાનિક રસબંધ સુધીના ઘણા સેંકડો સાગરોપમ પ્રમાણ છેલ્લાં સ્થિતિસ્થાનોમાં ક્રમશઃ જીવો વિશેષહીન-વિશેષહીન હોય છે.

હવે પરંપરોપનિધાએ વિચારીએ તો પરાવર્ત્તમાન શુભ પ્રકૃતિઓના ચતુઃસ્થાનિક અને પરાવર્ત્તમાન અશુભ પ્રકૃતિઓના દ્વિસ્થાનિક રસને બાંધતા ધ્રુવબંધી પ્રકૃતિઓની જેટલી જઘન્ય સ્થિતિ બંધાય છે, તે સ્થિતિસ્થાનને બાંધનારા જેટલા જીવો હોય છે, તેની અપેક્ષાએ તે પ્રથમ સ્થિતિસ્થાનથી પલ્યોપમના અસંખ્યાતા વર્ગમૂળોના જેટલા સમયો હોય તેટલાં સ્થિતિસ્થાનો ઓળંગી પછીના સ્થિતિસ્થાનને બાંધનારા જીવો દ્વિગુણ હોય છે અને ત્યાંથી પુનઃ તેટલાં સ્થિતિસ્થાનો ઓળંગી પછીના સ્થિતિસ્થાનને બાંધનારા જીવો દ્વિગુણ હોય છે.

એમ ઘણા સેંકડો સાગરોપમ સુધી પલ્યોપમના અસંખ્યાતા વર્ગમૂળોનાં સમય પ્રમાણ સ્થિતિસ્થાનો ઓળંગી-ઓળંગી પછી-પછીના સ્થિતિસ્થાનને બાંધનારા જીવો દ્વિગુણ-દ્વિગુણ હોય છે અને ત્યારબાદ ઘણા સેંકડો સાગરોપમ સુધી ઉપરોક્ત સંખ્યા પ્રમાણ સ્થિતિસ્થાનો ઓળંગી-ઓળંગીને પછી પછીના સ્થિતિસ્થાનને બાંધનારા જીવો અર્ધા-અર્ધા હોય છે. એ જ પ્રમાણે

પરાવર્તમાન શુભ-અશુભ પ્રકૃતિઓના ત્રિસ્થાનિક અને ધ્રુવબંધી પ્રકૃતિઓની સ્વભૂમિકાનુસાર મધ્યમ સ્થિતિને બાંધનારા તેમજ પરાવર્તમાન શુભ પ્રકૃતિઓના દ્વિસ્થાનિક અને પરાવર્તમાન અશુભ પ્રકૃતિઓના ચતુઃસ્થાનિક રસને બાંધતા ધ્રુવબંધી પ્રકૃતિઓની જેટલી ઉત્કૃષ્ટ સ્થિતિ બંધાય છે તે સ્થિતિસ્થાનોને બાંધનારા જીવો વિષે પણ સમજવું. કુલ દ્વિગુણવૃદ્ધિ અથવા હાનિનાં સ્થાનો પલ્યોપમના પ્રથમ વર્ગમૂળના અસંખ્યાતમા ભાગમાં રહેલ સમય પ્રમાણ હોય છે અને તેનાથી એક દ્વિગુણવૃદ્ધિ અથવા હાનિના અંતરાલમાં રહેલ સ્થાનો પલ્યોપમના અસંખ્યાતા વર્ગમૂળના સમય પ્રમાણ હોવાથી અસંખ્યાતગુણ છે.

મંદ પરિણામથી જે સ્થિતિસ્થાનો બંધાય છે, તે નિરાકારોપયોગ પ્રાયોગ્ય કહેવાય છે. અને જે સ્થિતિસ્થાનો તીવ્ર પરિણામથી બંધાય છે, તે સાકારોપયોગ પ્રાયોગ્ય કહેવાય છે. તે બન્ને પ્રકારનાં સ્થિતિસ્થાનો પરાવર્તમાન શુભ તેમજ અશુભ બન્ને પ્રકારની પ્રકૃતિઓના દ્વિસ્થાનિક રસબંધમાં હોય છે. અને ત્રિસ્થાનિક તેમજ ચતુસ્થાનિક રસ જે સ્થિતિસ્થાનોમાં પડે છે તે બધાં સ્થિતિસ્થાનો સાકારોપયોગ પ્રાયોગ્ય જ હોય છે અર્થાત્ સાકારોપયોગ પ્રાયોગ્ય સ્થિતિસ્થાનો દ્વિસ્થાનિકાદિ ત્રણે પ્રકારના રસબંધમાં હોય છે અને નિરાકારોપયોગ પ્રાયોગ્ય સ્થિતિસ્થાનો માત્ર દ્વિસ્થાનિક રસબંધમાં જ હોય છે.

હવે શુભાશુભ પરાવર્તમાન પ્રકૃતિઓના સ્થિતિબંધ આશ્રયી કુલ બાવીસ પ્રકારે સ્થિતિસ્થાનાદિ પદોનું અલ્પબહુત્વ બતાવે છે.

ત્યાં પરાવર્તમાન કે અપરાવર્તમાન કોઈપણ પ્રકૃતિના ચતુઃસ્થાનિક, ત્રિસ્થાનિક અને દ્વિસ્થાનિક રસબંધ પ્રાયોગ્ય જેટલાં સ્થિતિસ્થાનો છે તે સ્થિતિસ્થાનોમાંના જે સ્થિતિસ્થાનને બાંધનારા જીવો સૌથી વધારે હોય છે તે સ્થિતિસ્થાનને યવમધ્ય કહેવાય છે. અને તે સ્થિતિસ્થાનથી સમય-સમયની વૃદ્ધિવાળાં જે સ્થિતિસ્થાનો છે તે યવમધ્યથી ઉપરનાં સ્થિતિસ્થાનો કહેવાય છે, અને તે સ્થિતિસ્થાનથી સમય-સમયની હાનિવાળાં જે સ્થિતિસ્થાનો છે તે યવમધ્યથી નીચેનાં સ્થિતિસ્થાનો કહેવાય છે. એમ સર્વત્ર સમજવું.

ત્યાં (૧) પરાવર્તમાન સાતાવેદનીય વગેરે શુભ પ્રકૃતિઓના ચતુઃસ્થાનિક યવમધ્યથી નીચેનાં જે સ્થિતિસ્થાનો છે તે સૌથી અલ્પ છે, તેના કરતાં (૨) એ જ સાતાવેદનીય વગેરે શુભ પરાવર્તમાન પ્રકૃતિઓના ચતુઃસ્થાનિક યવમધ્યથી ઉપરનાં સ્થિતિસ્થાનો સંખ્યાતગુણ છે. તે થકી (૩) એ જ પ્રકૃતિઓના ત્રિસ્થાનિક યવમધ્યથી નીચેના અને (૪) ઉપરનાં સ્થિતિસ્થાનો ક્રમશઃ સંખ્યાતગુણા છે. તે થકી (૫) એ જ પ્રકૃતિઓના દ્વિસ્થાનિક યવમધ્યથી નીચેના એકાંત સાકારોપયોગ પ્રાયોગ્ય સ્થિતિસ્થાનો અને (૬) યવમધ્યથી નીચેના જ પરંતુ એકાંત સાકારોપયોગ પ્રાયોગ્યથી ઉપરના મિશ્ર સ્થિતિસ્થાનો અને (૭) દ્વિસ્થાનિક યવમધ્યથી ઉપરનાં મિશ્ર સ્થિતિસ્થાનો ક્રમશઃ એક એકથી સંખ્યાતગુણા છે. તેથી પણ (૮) આ પ્રકૃતિઓનો જઘન્ય સ્થિતિબંધ સંખ્યાતગુણ છે.

તે થકી (૯) અસાતાવેદનીય વગેરે પરાવર્તમાન અશુભ પ્રકૃતિઓનો જઘન્ય સ્થિતિબંધ વિશેષાધિક છે. તે થકી (૧૦) અસાતાવેદનીય વગેરે અશુભ પ્રકૃતિઓના દ્વિસ્થાનિક યવમધ્યથી

નીચે શરૂઆતના એકાંત સાકારોપયોગ પ્રાયોગ્ય સ્થિતિસ્થાનો અને તે પછી (૧૧) તે જ દ્વિસ્થાનિક યવમધ્યથી નીચેના પરંતુ એકાંત સાકારોપયોગ પ્રાયોગ્ય સ્થિતિસ્થાનોની ઉપરનાં મિશ્ર સ્થિતિસ્થાનો અને તે થકી (૧૨) તે જ દ્વિસ્થાનિક યવમધ્યથી ઉપરના શરૂઆતના મિશ્ર અને પછી (૧૩) તેની ઉપરના એકાંત સાકારોપયોગ પ્રાયોગ્ય સ્થિતિસ્થાનો ક્રમશઃ સંખ્યાતગુણ છે. તે થકી (૧૪) એ જ પ્રકૃતિઓના ત્રિસ્થાનિક યવમધ્યથી નીચેના તેનાથી (૧૫) યવમધ્યથી ઉપરના અને ત્યારબાદ (૧૬) એ જ પ્રકૃતિઓના ચતુઃસ્થાનિક યવમધ્યથી નીચેનાં સ્થિતિસ્થાનો ક્રમશઃ સંખ્યાતગુણ છે.

તે થકી (૧૭) યવમધ્યથી ઉપરની અપવર્તના ડાયસ્થિતિ સંખ્યાતગુણ છે. તેનાથી પણ (૧૮) અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિબંધ સંખ્યાતગુણ છે. તે થકી (૧૯) સાતાવેદનીય વગેરે પરાવર્તમાન શુભપ્રકૃતિઓના દ્વિસ્થાનિક યવમધ્યથી ઉપરનાં મિશ્ર સ્થિતિસ્થાનોની ઉપરના જે એકાંત સાકારોપયોગ પ્રાયોગ્ય સ્થિતિસ્થાનો બાકી છે તે અંતઃકોડાકોડી સાગરોપમ ન્યૂન પંદર કોડાકોડી સાગરોપમ પ્રમાણ વગેરે હોવાથી સંખ્યાતગુણ છે. તેના કરતાં (૨૦) એ જ શુભ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ વિશેષાધિક છે, તેના કરતાં (૨૧) બદ્ધ ડાયસ્થિતિ અંતઃકોડાકોડી સાગરોપમ ન્યૂન સંપૂર્ણ કર્મસ્થિતિ-ત્રીસ કોડાકોડી સાગરોપમ વગેરે પ્રમાણ હોવાથી વિશેષાધિક છે. અને તેથી પણ (૨૨) અશુભ પ્રકૃતિઓની સંપૂર્ણ કર્મસ્થિતિ ત્રીસ કોડાકોડી સાગરોપમ પ્રમાણ હોવાથી વિશેષાધિક છે.

અહીં સત્તરમા બોલમાં અશુભ પ્રકૃતિઓના ચતુઃસ્થાનિક યવમધ્યથી ઉપર ડાયસ્થિતિ બતાવી છે અને એકવીસમા બોલમાં બદ્ધ ડાયસ્થિતિ બતાવી છે. ત્યાં કર્મપ્રકૃતિ-ઉપાધ્યાયજી મ.ની ટીકામાં સત્તરમા બોલમાં બતાવેલ ડાયસ્થિતિનો અર્થ બતાવતાં જણાવેલ છે કે અપવર્ત્તનાકરણ વિશેષથી જે સ્થિતિસ્થાનથી મોટામાં મોટો કૂદકો મારી સર્વોત્કૃષ્ટ સ્થિતિબંધ કરી શકે તે સ્થિતિને અપવર્ત્તના ડાયસ્થિતિ કહેવાય છે.

આનો ભાવાર્થ આમ સમજાય છે કે—જે મધ્યમ અંતઃકોડાકોડીનો બંધ કરી સર્વોત્કૃષ્ટ સ્થિતિબંધ કરી શકે તે મધ્યમ અંતઃકોડાકોડી પ્રમાણ સ્થિતિને જ અપવર્ત્તના ડાયસ્થિતિ કહેવાય. પરંતુ તેમાં અપવર્ત્તના કરણ વિશેષથી એ શબ્દનું રહસ્ય સમજાતું નથી. માટે નીચે પ્રમાણે અર્થ કરીએ તો અપવર્ત્તના કરણ વિશેષથી એ શબ્દનું રહસ્ય પણ આવી જાય અને પદાર્થના સ્વરૂપમાં કોઈ તફાવત પડતો નથી.

સત્તાગત સર્વોત્કૃષ્ટ સ્થિતિને અપવર્ત્તનાકરણથી ઘટાડી અર્થાત્ ઓછી કરી જેટલી નવી સ્થિતિ રચવામાં આવે તેને અપવર્ત્તના ડાયસ્થિતિ કહેવાય. દા.ત. સો સમયાત્મક સર્વોત્કૃષ્ટ સ્થિતિને સ્થિતિઘાતથી ઘટાડી અગિયાર સમયાત્મક સ્થિતિ બનાવે તો તે અગિયાર સમયાત્મક સ્થિતિ અપવર્ત્તના ડાયસ્થિતિ કહી શકાય, અને તેમ માનીએ તો સર્વોત્કૃષ્ટ સ્થિતિસત્તાને સ્થિતિઘાત દ્વારા મોટામાં મોટો કૂદકો મારી મધ્યમ અંતઃકોડાકોડી પ્રમાણ જે નવી સ્થિતિ બનાવે તે અપવર્ત્તના ડાયસ્થિતિ કહેવાય અને તે ઉત્કૃષ્ટ અંતઃકોડાકોડીથી સંખ્યાતગુણહીન હોય છે, એમ મને લાગે છે. પછી તો બહુશ્રુતો કહે તે ખરું.

• ઓછામાં ઓછો જેટલો સ્થિતિબંધ કરી ત્યારપછી તરતના સમયે તે જ જીવ વધારેમાં વધારે જેટલો સ્થિતિબંધ કરી શકે તેટલી બધી સ્થિતિને બદ્ધ ડાયસ્થિતિ કહેવામાં આવે છે.

સંજ્ઞીપંચેન્દ્રિય પર્યાપ્ત જીવ અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિબંધ કરી તદનન્તર સમયે અતિસંક્લિષ્ટ પરિણામે ઉત્કૃષ્ટ સ્થિતિબંધ પણ કરી શકે છે. માટે અંતઃકોડાકોડી સાગરોપમ ન્યૂન સંપૂર્ણ કર્મસ્થિતિને બદ્ધ ડાયસ્થિતિ કહેવાય છે.

આ અલ્પબહુત્વ અત્યંત ગંભીર અને ખૂબ જ ગહન છે. માટે બહુશ્રુતો પાસે શક્ય તેટલો સમજવા પ્રયત્ન કરવો. અભ્યાસકોને કંઈક સરળતાથી જ્ઞાન થાય તે હેતુથી અસત્કલ્પના દ્વારા સાતા અને અસાતા આ બે પ્રકૃતિઓના સ્થિતિસ્થાનને કલ્પી આ અલ્પબહુત્વ સમજાવવા પ્રયત્ન કરેલ છે. છતાં તેમાં કંઈ ક્ષતિ હોય તો સુધારી જણાવવા સુજ્ઞ મહાશયોને મારી નમ્ર વિનંતિ છે.

સાતાવેદનીય તથા અસાતાવેદનીયની ઉત્કૃષ્ટ સ્થિતિ ક્રમશઃ પંદર અને ત્રીસ કોડાકોડી સાગરોપમ પ્રમાણ હોવા છતાં બે અને ચાર અબજ સમય પ્રમાણ કલ્પેલ છે. અને સંખ્યાતગુણની જગ્યાએ ઓગણીસમા બોલ સિવાય અન્યત્ર સર્વ ઠેકાણે ત્રણ ગુણ અને ૧૯મા બોલમાં સંખ્યાતગુણના સ્થાને સાધિક દસ ગુણ સંખ્યા કલ્પી છે.

શુભ પ્રકૃતિઓનાં જે સ્થિતિસ્થાનોમાં કેવળ ચતુઃસ્થાનિક રસ બંધાય છે તે સ્થિતિસ્થાનો ચતુઃસ્થાનિક રસવાળાં અને જે સ્થિતિસ્થાનોમાં ચાર અને ત્રણ સ્થાન અથવા માત્ર ત્રિસ્થાનિક રસ બંધાય છે, તે સ્થિતિસ્થાનો ત્રિસ્થાનિક રસવાળાં કહેવાય છે. પરંતુ દ્વિસ્થાનિક રસની બાબતમાં તેમ નથી. કારણ કે જેટલાં સ્થિતિસ્થાનોમાં દ્વિસ્થાનિક રસ ઘટી શકે તેટલાં બધાં સ્થિતિસ્થાનો દ્વિસ્થાનિક રસવાળાં કહેવાય છે અને અસાતાવેદનીય વગેરે અશુભ પ્રકૃતિઓનાં જે સ્થિતિસ્થાનોમાં ફક્ત દ્વિસ્થાનિક રસ પડે છે તે સ્થિતિસ્થાનો દ્વિસ્થાનિક રસવાળાં અને જે સ્થિતિસ્થાનોમાં ત્રિસ્થાનિક રસ બંધાય અને ચતુઃસ્થાન ન બંધાય તે સ્થિતિસ્થાનો ત્રિસ્થાનિક રસવાળાં કહેવાય છે. પરંતુ ચતુઃસ્થાનિક રસબંધની બાબતમાં તેમ નથી, કારણ કે જેટલાં સ્થિતિસ્થાનોમાં ચાર સ્થાનિક રસ પડી શકે તે બધાં સ્થિતિસ્થાનો ચતુઃસ્થાનિક રસવાળાં બતાવ્યાં છે.

અર્થાત્ શુભ પ્રકૃતિઓનાં જેટલાં સ્થિતિસ્થાનોમાં દ્વિસ્થાનિક રસ પડી શકે છે, તેમાંનાં કેટલાંક સ્થિતિસ્થાનોમાં કેટલીક વાર ત્રિસ્થાનિક અને કેટલીક વાર કેટલાંક સ્થિતિસ્થાનોમાં ચતુઃસ્થાનિક રસબંધ પણ પડતો હોય, છતાં તે બધાં સ્થિતિસ્થાનો દ્વિસ્થાનિક રસવાળાં બતાવવામાં આવ્યાં છે. તે જ પ્રમાણે અસાતાવેદનીય વગેરે અશુભ પ્રકૃતિઓનાં જેટલાં સ્થિતિસ્થાનોમાં ચાર સ્થાનિક રસ પડી શકે છે. તેમાંનાં કેટલાંક સ્થિતિસ્થાનોમાં કેટલીક વાર ત્રિસ્થાનિક અને કેટલીક વાર દ્વિસ્થાનિક રસ પડવા છતાં તે બધાં સ્થિતિસ્થાનો ચતુઃસ્થાનિક રસબંધ પ્રાયોગ્ય કહેવામાં આવ્યાં છે.

(૧) સાતાવેદનીયના ચતુઃસ્થાનિક યવમધ્યથી નીચેનાં સ્થિતિસ્થાનો ૮૭૪૭ (આઠ

હજાર, સાતસો અડતાળીસ)થી ૮૭૫૧ (આઠ હજાર, સાતસો એકાવન) સુધીના કુલ ૪ (ચાર) છે. અને (૨) એ જ ચતુઃસ્થાનિક યવમધ્યથી ઉપરના ૮૭૫૩ (આઠ હજાર, સાતસો ત્રેપન)થી ૮૭૬૪ (આઠ હજાર, સાતસો ચોસઠ) સુધીના કુલ ૧૨ (બાર) છે, માટે સંખ્યાતગુણ છે. એના કરતાં (૩) એ જ સાતાવેદનીયના ત્રિસ્થાનિક યવમધ્યથી નીચેના ૮૭૬૫ (આઠ હજાર, સાતસો પાંસઠ)થી પણ ૮૮૦૦ (આઠ હજાર, આઠસો) સુધીના કુલ ૩૬ (છત્રીસ) હોવાથી સંખ્યાતગુણ અને તેના કરતાં (૪) તે જ ત્રિસ્થાનિક યવમધ્યથી ઉપરનાં સ્થિતિસ્થાનો ૮૮૦૨ (આઠ હજાર, આઠસો બે)થી ૮૯૦૯ (આઠ હજાર, નવસો નવ) સુધીનાં કુલ ૧૦૮ (એકસો આઠ) હોવાથી સંખ્યાતગુણ છે.

તેના કરતાં (૫) એ જ સાતાવેદનીયના દ્વિસ્થાનિક યવમધ્યથી નીચેના શરૂઆતના એકાંત સાકારોપયોગ પ્રાયોગ્ય સ્થિતિસ્થાનો ૮૯૧૦ (આઠ હજાર, નવસો દશ)થી ૯૨૩૩ (નવ હજાર, બસો તેત્રીસ) સુધીના કુલ ૩૨૪ (ત્રણસો ચોવીસ) હોવાથી સંખ્યાતગુણ છે. તેથી (૬) તેની ઉપરના યવમધ્યથી નીચેનાં મિશ્ર સ્થિતિસ્થાનો ૯૨૩૪ (નવ હજાર, બસો ચોત્રીસ)થી ૧૦૨૦૫ (દશ હજાર, બસો પાંચ) સુધીના કુલ ૯૭૨ (નવસો બોતેર) હોવાથી સંખ્યાતગુણ છે. અને (૭) તેના કરતાં પણ તે જ દ્વિસ્થાનિક યવમધ્યથી ઉપરનાં મિશ્ર સ્થિતિસ્થાનો ૧૦૨૦૭ (દશ હજાર, બસો સાત)થી ૧૩૧૨૨ (તેર હજાર, એકસો બાવીસ) સુધીના કુલ ૨૯૧૬ (બે હજાર, નવસો સોળ) હોવાથી સંખ્યાતગુણ છે. તેના કરતાં (૮) એ જ સાતાવેદનીયનો જઘન્ય સ્થિતિબંધ ૮૭૪૮ (આઠ હજાર, સાતસો અડતાળીસ) સમય પ્રમાણ હોવાથી સંખ્યાતગુણ છે. તેનાથી (૯) અસાતાવેદનીયનો જઘન્ય સ્થિતિબંધ ૮૮૦૦ (આઠ હજાર, આઠસો) સમય પ્રમાણ હોવાથી વિશેષાધિક છે.

તે થકી (૧૦) અસાતાવેદનીયના દ્વિસ્થાનિક યવમધ્યથી નીચેના શરૂઆતનાં એકાંત સાકારોપયોગ પ્રાયોગ્ય સ્થિતિસ્થાનો ૮૮૦૧ (આઠ હજાર, આઠસો એક)થી ૩૫૨૦૧ (પાંત્રીસ હજાર, બસો એક) સુધીના કુલ ૨૬૪૦૦ (છવ્વીસ હજાર, ચોરસો) હોવાથી સંખ્યાતગુણ છે. તેના કરતાં પણ (૧૧) એ જ અસાતાવેદનીયના એ જ દ્વિસ્થાનિક યવમધ્યથી નીચેના પરંતુ એકાંત સાકારોપયોગ પ્રાયોગ્યથી ઉપરનાં મિશ્ર સ્થિતિસ્થાનો ૩૫૨૦૨ (પાંત્રીસ હજાર, બસો બે)થી ૧૧૪૪૦૧ (એક લાખ, ચૌદ હજાર, ચારસો એક) સુધીના કુલ ૭૯૨૦૦ (અગણ્યાએંશી હજાર બસો) હોવાથી સંખ્યાતગુણ છે. તેથી પણ (૧૨) એ જ અસાતાના દ્વિસ્થાનિક યવમધ્યથી ઉપરનાં શરૂઆતનાં મિશ્ર સ્થિતિસ્થાનો ૧૧૪૪૦૩ (એક લાખ, ચૌદ હજાર, ચારસો ત્રણ)થી ૩,૫૨,૦૦૨ (ત્રણ લાખ, બાવન હજાર, બે) સુધીના કુલ ૨,૩૭,૬૦૦ (બે લાખ, સાડત્રીસ હજાર, છસો) હોવાથી સંખ્યાતગુણ છે.

તેના કરતાં (૧૩) એ જ અસાતાવેદનીયનાં મિશ્ર સ્થિતિસ્થાનોની ઉપરનાં એકાંત સાકારોપયોગ પ્રાયોગ્ય સ્થિતિસ્થાનો ૩,૫૨,૦૦૩ (ત્રણ લાખ, બાવન હજાર, ત્રણ)થી ૧૦૬૪૮૦૨ (દસ લાખ, ચોસઠ હજાર, આઠ સો, બે) સુધીનાં કુલ ૭,૧૨,૮૦૦ (સાત લાખ, બાર હજાર, આઠસો) હોવાથી સંખ્યાતગુણ છે. તેના કરતાં (૧૪) એ જ અસાતાવેદનીયના

ત્રિસ્થાનિક યવમધ્યથી નીચેનાં સ્થિતિસ્થાનો ૧૦૬૪૮૦૩ (દશ લાખ, ચોસઠ હજાર, આઠસો ત્રણ)થી ૩૨૦૩૨૦૨ (બત્રીસ લાખ, ત્રણ હજાર, બસો બે) સુધીના કુલ ૨૧૩૮૪૦૦ (એકવીસ લાખ, આડત્રીસ હજાર, ચારસો) હોવાથી સંખ્યાતગુણ છે.

તેથી (૧૫) તે જ ત્રિસ્થાનિક યવમધ્યથી ઉપરનાં સ્થિતિસ્થાનો ૩૨૦૩૨૦૪ (બત્રીસ લાખ, ત્રણ હજાર, બસો ચાર)થી ૯૬૧૮૪૦૩ (છન્નુ લાખ, અઢાર હજાર, ચારસો ત્રણ) સુધીના કુલ ૬૪૧૫૨૦૦ (ચોસઠ લાખ, પંદર હજાર, બસો) હોવાથી સંખ્યાતગુણ છે. તેથી (૧૬) અસાતાવેદનીયના ચતુઃસ્થાનિક યવમધ્યથી નીચેનાં સ્થિતિસ્થાનો ૯૬૧૮૪૦૪ (છન્નુ લાખ, અઢાર હજાર, ચારસો ચાર)થી ૨,૮૮,૬૪,૦૦૩ (બે ક્રોડ, ઇઠ્યાસી લાખ, ચોસઠ હજાર, ત્રણ) સુધીનાં કુલ ૧,૯૨,૪૫,૬૦૦ (એક ક્રોડ, બાણુ લાખ, પિસ્તાળીસ હજાર, છસો) હોવાથી સંખ્યાતગુણ છે. તેના કરતાં (૧૭) એ જ ચતુઃસ્થાનિક યવમધ્યથી ઉપરની અપવર્તના ડાયસ્થિતિ ૫,૭૭,૩૬,૮૦૦ (પાંચ ક્રોડ, સિત્યોતેર લાખ, છત્રીસ હજાર, આઠસો) સમય પ્રમાણ હોવાથી સંખ્યાતગુણ છે.

તેનાથી પણ (૧૮) અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિબંધ ૧૭,૩૨,૧૦,૪૦૦ (સત્તર ક્રોડ, બત્રીસ લાખ, દશ હજાર, ચારસો) સમય પ્રમાણ હોવાથી સંખ્યાતગુણ છે. તે થકી (૧૯) સાતાવેદનીયના દ્વિસ્થાનિક યવમધ્યથી ઉપરનાં મિશ્ર સ્થિતિસ્થાનોની ઉપરના એકાંત સાકારોપયોગ પ્રાયોગ્ય સ્થિતિસ્થાનો ૧૩૧૨૩ (તેર હજાર, એકસો ત્રેવીસ)થી ૨૦૦૦૦૦૦૦૦૦ (બે અબજ) સુધીનાં કુલ ૧,૯૯,૯૯,૮૬,૮૭૮ (એક અબજ, નવ્વાણુ ક્રોડ, નવ્વાણુ લાખ, છ્યાસી હજાર, આઠસો ઇઠ્યોતેર) હોવાથી સંખ્યાતગુણ છે. તેનાથી (૨૦) સાતાવેદનીયનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ પરિપૂર્ણ ૨૦૦૦૦૦૦૦૦૦ (બે અબજ) સમય પ્રમાણ હોવાથી વિશેષાધિક છે.

તેથી (૨૧) ચતુઃસ્થાનિક યવમધ્યથી ઉપરની બદ્ધ ડાયસ્થિતિ ૫,૭૭,૩૬,૮૦૧ (પાંચ ક્રોડ, સિત્યોતેર લાખ, છત્રીસ હજાર, આઠસો એક)થી ૪૦૦૦૦૦૦૦૦૦ (ચાર અબજ) સુધીના કુલ ૩,૯૪,૨૨,૬૩,૨૦૦ (ત્રણ અબજ, ચોરાણુ ક્રોડ, બાવીસ લાખ, ત્રેસઠ હજાર, બસો) સમય પ્રમાણ હોવાથી વિશેષાધિક છે. અને તેથી પણ (૨૨) અસાતાવેદનીયનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ પરિપૂર્ણ ૪૦૦૦૦૦૦૦૦૦ (ચાર અબજ) સમય પ્રમાણ હોવાથી વિશેષાધિક છે.

એ જ પ્રમાણે શેષ પરાવર્ત્તમાન શુભ પ્રકૃતિઓ અને શેષ પરાવર્ત્તમાન અશુભ પ્રકૃતિઓનાં સ્થિતિસ્થાનોનું અલ્પ-બહુત્વ સમજી લેવું.

હવે પરાવર્ત્તમાન શુભ અને અશુભ પ્રકૃતિઓના દ્વિસ્થાનિકાદિ રસને બાંધનારા જીવોનું અલ્પ-બહુત્વ આ પ્રમાણે છે.

પરાવર્ત્તમાન શુભ પ્રકૃતિઓના ચતુઃસ્થાનિક રસબંધ કરનારા જીવો અલ્પ છે, તે થકી ત્રિસ્થાનિક અને દ્વિસ્થાનિક રસબંધ કરનારા જીવો ક્રમશઃ સંખ્યાતગુણ છે. તેથી પરાવર્ત્તમાન અશુભ પ્રકૃતિઓના દ્વિસ્થાનિક અને ચતુઃસ્થાનિક રસબંધ કરનારા જીવો ક્રમશઃ સંખ્યાતગુણ છે, અને તેથી પણ ત્રિસ્થાનિક રસબંધ કરનારા જીવો વિશેષાધિક છે.

અસત્કલ્પનાએ બતાવેલ પરાવર્તમાન શુભાશુભ પ્રકૃતિઓના રસયવમધ્યથી સ્થિતિસ્થાનાદિકના અલ્પબહુત્વની

: સ્થાપના :

નંબર	પ્રકૃતિઓના	રસ યવમધ્યથી	નીચેના યા ઉપરના	સ્થિતિસ્થાનાદિકનું	અલ્પબહુત્વ	ક્યાંથી.........ક્યાં સુધી
૧.	શુભ પરા.	ચતુઃસ્થાનિક	નીચેના	સ્થિતિસ્થાનો	અલ્પ કુલ ૪	૮૭૪૮ થી ૮૭૫૧
૨.	શુભ પરા.	ચતુઃસ્થાનિક	ઉપરના	સ્થિતિસ્થાનો	સંખ્યાતગુણ કુલ ૧૨	૮૭૫૩ થી ૮૭૬૪
૩.	શુભ પરા.	ત્રિસ્થાનિક	નીચેના	સ્થિતિસ્થાનો	સંખ્યાતગુણ કુલ ૩૬	૮૭૬૫ થી ૮૮૦૦
૪.	શુભ પરા.	ત્રિસ્થાનિક	ઉપરના	સ્થિતિસ્થાનો	સંખ્યાતગુણ કુલ ૧૦૮	૮૮૦૨ થી ૮૯૦૯
૫.	શુભ પરા.	દ્વિસ્થાનિક	નીચેના	સાકાર સ્થિતિસ્થાનો	સંખ્યાતગુણ કુલ ૩૨૪	૮૯૧૦ થી ૯૨૩૩
૬.	શુભ પરા.	દ્વિસ્થાનિક	નીચેના	મિશ્ર સ્થિતિસ્થાનો	સંખ્યાતગુણ કુલ ૯૭૨	૯૨૩૪ થી ૧૦૨૦૫
૭.	શુભ પરા.	દ્વિસ્થાનિક	ઉપરના	મિશ્ર સ્થિતિસ્થાનો	સંખ્યાતગુણ કુલ ૨૯૧૬	૧૦૨૦૭ થી ૧૩૧૨૨
૮.	શુભ પરા.	—	—	જઘન્ય સ્થિતિ	સંખ્યાતગુણ કુલ ૮૭૪૮ સમયપ્રમાણ	— — —
૯.	અશુભ પરા.	—	—	જઘન્ય સ્થિતિ,	વિશેષાધિક ૮૮૦૦ સમયપ્રમાણ	
૧૦.	અશુભ પરા.	દ્વિસ્થાનિક	નીચેના	સાકાર સ્થિ.સ્થા.	સંખ્યાતગુણ કુલ ૨૬૪૦૦	૮૮૦૧ થી ૩૫૨૦૧
૧૧.	અશુભ પરા.	દ્વિસ્થાનિક	નીચેના	મિશ્ર સ્થિ.સ્થા.	સંખ્યાતગુણ કુલ ૭૯૨૦૦	૩૫૨૦૨ થી ૧૧૪૪૦૧

૧૨.	અશુભ પરા.	દ્વિસ્થાનિક	ઉપરના	મિશ્ર સ્થિ.સ્થા.	સંખ્યાતગુણ કુલ ૨૩૭૬૦૦	૧૧૪૪૦૩ થી ૩૫૨૦૦૨
૧૩.	અશુભ પરા.	દ્વિસ્થાનિક	ઉપરના	સાકાર સ્થિ.સ્થા.	સંખ્યાતગુણ કુલ ૭૧૨૮૦૦	૩૫૨૦૦૩ થી ૧૦૬૪૮૦૨
૧૪.	અશુભ પરા.	ત્રિસ્થાનિક	નીચેના	સ્થિતિસ્થાનો	સંખ્યાતગુણ કુલ ૨૧૩૮૪૦૦	૧૦૬૪૮૦૩ થી ૩૨૦૩૨૦૨
૧૫.	અશુભ પરા.	ત્રિસ્થાનિક	ઉપરના	સ્થિતિસ્થાનો	સંખ્યાતગુણ કુલ ૬૪૧૫૨૦૦	૩૨૦૩૨૦૪ થી ૯૬૧૮૪૦૩
૧૬.	અશુભ પરા.	ચતુઃસ્થાનિક	નીચેના	સ્થિતિસ્થાનો	સંખ્યાતગુણ કુલ ૧૯૨૪૫૬૦૦	૯૬૧૮૪૦૪ થી ૨૮૮૬૪૦૦૩
૧૭.	અશુભ પરા.	ચતુઃસ્થાનિક	ઉપરના	ડાયસ્થિતિ (અપ.)	સં.ગુણ કુલ ૫૭૭૩૬૮૦૦ સમયપ્રમાણ	— — —
૧૮.	અશુભ પરા.	—	—	અંતઃકોડા. સાગરો	સં.ગુણ.કુલ ૧૭૩૨૧૦૪૦૦ સમયપ્રમાણ	— — —
૧૯.	શુભ પરા.	દ્વિસ્થાનિક	ઉપર્યુપરિ	સાકાર સ્થિતિસ્થાન	સં.ગુણ.કુલ ૧૯૯૯૯૮૬૮૭૮	૧૩૧૨૩ થી ૨૦૦૦૦૦૦૦૦૦
૨૦.	શુભ પરા.	—	—	ઉત્કૃષ્ટ સ્થિતિ	સં.ગુણ.કુલ ૨૦૦૦૦૦૦૦૦૦ સમયપ્રમાણ	— — —
૨૧.	અશુભ પરા.	—	—	બદ્ધ ડાયસ્થિતિ	વિશેષા.કુલ. ૩૯૪૨૨૬૩૨૦૦	૫૭૭૩૬૮૦૧ થી ૪૦૦૦૦૦૦૦૦૦
૨૨.	અશુભ પરા.	—	—	ઉત્કૃષ્ટ સ્થિતિ	વિશેષા.કુલ. ૪૦૦૦૦૦૦૦૦૦ સમયપ્રમાણ	— — —

આ પ્રમાણે અત્યંત ગંભીર એવા બંધનકરણનો સ્વબુદ્ધિ-અનુસાર સંક્ષિપ્ત સારસંગ્રહ સમાપ્ત થયો.

બંધનકરણ પ્રશ્નોત્તરી

પ્રશ્ન—૧. બંધનાદિ આઠ પ્રકારનાં કરણો બતાવ્યાં ત્યાં કરણ એટલે શું ?

ઉત્તર— બંધાદિ આઠ પ્રકારની ક્રિયાઓમાં હેતુભૂત કષાય સહિત અથવા કષાય રહિત એવો જીવનો વીર્ય-વ્યાપાર અર્થાત્ પ્રવૃત્તિરૂપ વીર્ય તે કરણ કહેવાય છે. તેમાં બંધન, ઉપશમના, ઉદ્વર્ત્તના, નિદ્ધત્તિ અને નિકાચનામાં સકષાય જીવનું જ પ્રવૃત્તિવીર્ય કરણ છે અને અપવર્ત્તના, ઉદીરણા તેમજ સંક્રમમાં કષાય સહિત અને કષાયરહિત એમ બન્ને પ્રકારના જીવોનું પ્રવૃત્તિવીર્ય કરણ છે, કારણ કે ૧૧-૧૨ અને ૧૩મા ગુણસ્થાને કષાયનો અભાવ હોવા છતાં યથાસંભવ અપવર્ત્તના, સંક્રમણ અને ઉદીરણા કરણ પ્રવર્ત્તે છે. જો કે ઉપશાન્તાદિ ત્રણ ગુણસ્થાનકે અકષાય વીર્યથી સાતાવેદનીય બંધાય છે. પણ તેની વિવક્ષા નથી.

પ્રશ્ન—૨. પ્રવૃત્તિવીર્ય એટલે શું ?

ઉત્તર— વીર્યાંતરાયકર્મના ક્ષયોપશમ અથવા ક્ષયથી પ્રગટ થયેલ જે આત્માની શક્તિ તે લબ્ધિવીર્ય કહેવાય છે. તેમાંથી મન વચન અને કાયા દ્વારા થતો વીર્યનો વ્યાપાર અર્થાત્ આત્મપ્રદેશોનું આંદોલન = હલન-ચલન, તે પ્રવૃત્તિવીર્ય કહેવાય છે. આ પ્રવૃત્તિવીર્યનાં જ કરણવીર્ય, યોગ, બળ વગેરે નામો છે.

પ્રશ્ન—૩. એક એક આત્મપ્રદેશમાં ઓછામાં ઓછા અને વધારેમાં વધારે વીર્યાવિભાગો કેટલા હોય ?

ઉત્તર—ઓછામાં ઓછા અસંખ્ય લોકાકાશ પ્રદેશ પ્રમાણ અને વધારેમાં વધારે પણ અસંખ્યાતલોકાકાશ પ્રદેશ પ્રમાણ જ વીર્યાવિભાગો હોય છે. પરંતુ અસંખ્યાતાના અસંખ્યાતા ભેદો હોવાથી જઘન્ય કરતાં ઉત્કૃષ્ટ અસંખ્યાતગુણ હોય છે.

પ્રશ્ન—૪. કોઈપણ વિવક્ષિત વર્ગણાના વીર્યાવિભાગોથી તેની પછીની અનંતર વર્ગણામાં કેટલા વીર્યાવિભાગો વધે અથવા ઘટે ?

ઉત્તર—કોઈપણ એક સ્પર્દ્ધકમાં વિવક્ષિત વર્ગણામાં રહેલ વીર્યાવિભાગોની અપેક્ષાએ પછીની અનંતર વર્ગણાના એક એક જીવપ્રદેશમાં એક એક વીર્યાવિભાગો વધે છે પરંતુ વિવક્ષિત વર્ગણાના સંપૂર્ણ વીર્યાવિભાગોની અપેક્ષાએ પછીની અનંતર વર્ગણામાં કુલ વીર્યાવિભાગો અસંખ્યાત ભાગ હીન હોય છે, કારણ કે એક એક આત્મપ્રદેશમાં એક એક વીર્યાવિભાગ વધે છે તેથી અસંખ્ય પ્રતરના અસંખ્ય પ્રદેશ રાશિ પ્રમાણ કુલ વીર્યાવિભાગો વધે, પરંતુ પૂર્વ પૂર્વ વર્ગણાની અપેક્ષાએ પછી પછીની વર્ગણામાં અસંખ્યાતમા ભાગ પ્રમાણ અસંખ્યાત-અસંખ્યાત જીવપ્રદેશો ઓછા ઓછા હોય છે અને તે એક એક પ્રદેશમાં અસંખ્ય અસંખ્ય લોકાકાશ પ્રદેશ

પ્રમાણ વીર્યાવિભાગો હોય છે તેથી અસંખ્યાત વખત અસંખ્ય લોકાકાશ પ્રદેશ પ્રમાણ વીર્યાવિભાગો ઘટે અને માત્ર અસંખ્ય પ્રતરના અસંખ્ય પ્રદેશ રાશિ પ્રમાણ વીર્યાવિભાગો વધે છે.

પ્રશ્ન—૫. યોગસ્થાન એટલે શું ?

ઉત્તર—એક જ સમયે કોઈપણ એક સયોગી જીવના સર્વ-આત્મપ્રદેશોમાં થતો વીર્યવ્યાપાર તે એક યોગસ્થાન કહેવાય છે.

પ્રશ્ન—૬. વિવક્ષિત એક સમયે એક એક જીવને એક એક યોગસ્થાન હોય છે તો જીવો અનંત હોવાથી યોગસ્થાનો પણ અનંત હોવાં જોઈએ, પરંતુ યોગસ્થાનો શ્રેણિના અસંખ્યાતમા ભાગ પ્રમાણ અસંખ્યાત જ કેમ ?

ઉત્તર—સ્થાવર પ્રાયોગ્ય એક એક યોગસ્થાનમાં નિરંતર જઘન્યથી પણ અનંતા જીવો હોય છે અને ત્રસ પ્રાયોગ્ય એક એક સ્થાનમાં પણ ઉત્કૃષ્ટથી અસંખ્યાત જીવો હોય છે માટે જીવો અનંત હોવા છતાં અનંત અને અસંખ્યાત જીવોને પણ એક એક યોગસ્થાન હોઈ શકે છે તેથી યોગસ્થાનો અસંખ્યાત છે તેમાં કોઈ વિરોધ નથી.

પ્રશ્ન—૭. સિદ્ધ પરમાત્માને જેમ જ્ઞાન, દર્શન અને ચારિત્ર અનંત હોય છે તેમ વીર્ય પણ અનંતુ કહ્યું છે છતાં અહીં યોગરૂપ વીર્યમાં અસંખ્યાત ભાગ હીન વગેરે ચાર પ્રકારની વૃદ્ધિ અને હાનિ બતાવી. પરંતુ અનંતભાગ અને અનંતગુણ એ બે હાનિ-વૃદ્ધિઓ કેમ ન બતાવી ?

ઉત્તર—સિદ્ધ પરમાત્માને કેવલ લબ્ધિવીર્ય હોય છે અને તે અનંત છે તે બરાબર છે, તેમજ સયોગી કેવલીઓને પણ અનંત લબ્ધિવીર્ય હોય છે પરંતુ સયોગી જીવોને યોગરૂપ પ્રવૃત્તિવીર્ય ઉત્કૃષ્ટથી પણ અસંખ્યાતું જ હોય છે માટે અનંત ભાગ અને અનંતગુણ એ બે હાનિ-વૃદ્ધિ ઘટતી નથી પણ શેષ ચાર પ્રકારની જ વૃદ્ધિ-હાનિ ઘટે છે.

પ્રશ્ન—૮. લબ્ધિ અપર્યાપ્ત અને કરણ પર્યાપ્ત જીવોને આશ્રયી જઘન્ય-ઉત્કૃષ્ટ યોગનું અલ્પબહુત્વ બતાવવું, પરંતુ કરણ અપર્યાપ્ત જીવોને વિષે શું સમજવું ?

ઉત્તર—અલ્પબહુત્વમાં કરણ અપર્યાપ્ત જીવોને પણ વિચાર કરીએ તો અલ્પબહુત્વ આ પ્રમાણે ઘટે. લબ્ધિ અપર્યાપ્ત બાદર એકેન્દ્રિયના ઉત્કૃષ્ટ યોગથી કરણ અપર્યાપ્ત સૂક્ષ્મ એકેન્દ્રિયનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાતગુણ, તેનાથી કરણ પર્યાપ્ત સૂક્ષ્મ એકેન્દ્રિયનો જઘન્ય યોગ અસંખ્યાત ગુણ, તેથી કરણ અપર્યાપ્ત બાદર એકેન્દ્રિયનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાત ગુણ, તેથી કરણ પર્યાપ્ત બાદર એકેન્દ્રિયનો જઘન્ય યોગ અસંખ્યાત ગુણ અને તે થકી કરણ પર્યાપ્ત સૂક્ષ્મ બાદર એકેન્દ્રિયનો ઉત્કૃષ્ટ યોગ અનુક્રમે અસંખ્યાતગુણ અસંખ્યાતગુણ કહેવો અને કરણ પર્યાપ્ત બાદર એકેન્દ્રિયના ઉત્કૃષ્ટ યોગથી લબ્ધિ અપર્યાપ્ત બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય અને સંજ્ઞી પંચેન્દ્રિયનો ઉત્કૃષ્ટ યોગ અનુક્રમે એક એકથી અસંખ્યગુણ કહેવો. લબ્ધિ અપર્યાપ્ત સંજ્ઞીપંચેન્દ્રિયના ઉત્કૃષ્ટ યોગથી કરણ અપર્યાપ્ત બેઇન્દ્રિયનો ઉત્કૃષ્ટ યોગ, તેનાથી કરણ પર્યાપ્ત બેઇન્દ્રિયનો જઘન્ય, એક કરણ અપર્યાપ્ત તેઇન્દ્રિયનો ઉત્કૃષ્ટ, કરણ પર્યાપ્ત તેઇન્દ્રિયનો જઘન્ય, કરણ અપર્યાપ્ત ચઉરિન્દ્રિયનો ઉત્કૃષ્ટ, કરણ પર્યાપ્ત ચઉરિન્દ્રિયનો જઘન્ય, કરણ અપર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિયનો ઉત્કૃષ્ટ, કરણ પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિયનો જઘન્ય, કરણ

અપર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિયનો ઉત્કૃષ્ટ અને કરણ પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિયનો જઘન્ય, યોગ અનુક્રમે એક એકથી અસંખ્યાતગુણ કહી પછી પ્રસ્તુત ગ્રન્થમાં બતાવ્યા પ્રમાણે કરણ પર્યાપ્ત બેઇન્દ્રિયાદિકનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાતગુણ-અસંખ્યાતગુણ સમજવો.

એ પ્રમાણે કરણ અપર્યાપ્ત જીવોના યોગનું અલ્પ-બહુત્વ કર્મપ્રકૃતિ ચૂર્ણિના ટિપ્પનકમાં પૂજ્ય મુનિચંદ્રસૂરિજી મહારાજ સાહેબે બતાવેલ છે અને તે તે લબ્ધિ અપર્યાપ્તાના જઘન્ય અને ઉત્કૃષ્ટ યોગસ્થાનમાંનું યથાસંભવ મધ્યવર્ત્તી યોગસ્થાન તે તે કરણ અપર્યાપ્તાનું જઘન્ય યોગસ્થાન ઘટે એમ લાગે છે.

પ્રશ્ન—૯. ઉત્કૃષ્ટથી તેઇન્દ્રિયોનું શરીર ત્રણ ગાઉ પ્રમાણ અને બેઇન્દ્રિયનું બાર યોજન હોવાથી તેઇન્દ્રિય કરતાં બેઇન્દ્રિયનો યોગ અધિક હોવો જોઈએ છતાં અલ્પ-બહુત્વમાં અસંખ્યાત ગુણ હીન કેમ કહેલ છે ?

ઉત્તર—યોગનો આધાર એકાંતે શરીરની અવગાહના ઉપર નથી. દા.ત. મોટાં શરીરવાળાં ગાય, બળદ તથા ઊંટ વગેરે કરતાં વાઘ વગેરેનું શરીર નાનું હોવા છતાં તેમાં બળ અર્થાત્ યોગ વધારે હોય છે તેમ બેઇન્દ્રિયનો યોગ તેઇન્દ્રિય કરતાં અસંખ્યાત ગુણ હીન હોવામાં કોઈ વાંધો નથી.

પ્રશ્ન—૧૦. અહીં જીવોમાં અસંખ્યગુણ યોગ બતાવેલ છે ત્યાં ગુણાકાર કયો સમજવો ? તથા અહીં બંધનકરણમાં યોગનું સ્વરૂપ શા માટે બતાવેલ છે ?

ઉત્તર—યોગના અલ્પ-બહુત્વમાં સર્વત્ર સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમના અસંખ્યાતમા ભાગમાં રહેલ આકાશ પ્રદેશ રાશિ પ્રમાણ ગુણાકાર સમજવો તથા યોગના આધારે પ્રદેશોનો સમૂહ ગ્રહણ થતો હોવાથી બંધન કરણમાં યોગનું સ્વરૂપ બતાવેલ છે. જીવભેદોમાં જેમ યોગ અસંખ્યગુણ છે તેમ પ્રદેશબંધ પણ અસંખ્યાતગુણ હોય છે.

પ્રશ્ન—૧૧. જીવ યોગને અનુસારે ભાષા, શ્વાસોચ્છ્વાસ તથા મનોયોગ્ય પુદ્ગલ સ્કંધો ગ્રહણ કરી ભાષાદિ રૂપે પરિણમાવી અવલંબે છે એમ કહ્યું, જ્યારે ઔદારિકાદિ પાંચ શરીર યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરી તે તે શરીર રૂપે પરિણમાવે છે એટલું જ કહ્યું, તો અવલંબે છે એમ શા માટે ન કહ્યું ?

ઉત્તર—ભાષા વગેરેનાં પુદ્ગલોને તે તે રૂપે પરિણમાવ્યા પછી તરત જ છોડવાનાં હોય છે તેથી છોડવાની શક્તિને પ્રાપ્ત કરવા માટે ભાષા વગેરેનાં પુદ્ગલોને અવલંબે છે એમ કહ્યું, પરંતુ ઔદારિકાદિ શરીર યોગ્ય પુદ્ગલોને તરત છોડવાનાં ન હોવાથી અવલંબનની જરૂર નથી માટે ગ્રહણ કરી પરિણમાવે છે એટલું જ કહ્યું, પણ અવલંબન કરવાનું કહ્યું નથી.

પ્રશ્ન—૧૨. સ્નેહપ્રત્યય, નામપ્રત્યય અને પ્રયોગપ્રત્યય આ ત્રણેય સ્પર્દ્ધકમાં સ્નેહનો વિચાર હોવા છતાં પરસ્પર શું વિશેષતા છે ?

ઉત્તર—જગદ્વર્ત્તી પુદ્ગલોના સ્કંધો બનવામાં હેતુભૂત સ્વાભાવિક સ્નેહનો વિચાર સ્નેહપ્રત્યય સ્પર્દ્ધકમાં, બંધન નામકર્મના ઉદયથી પૂર્વે ગ્રહણ કરેલ અને નવા ગ્રહણ કરાતા ઔદારિકાદિ પુદ્ગલોનો પરસ્પર સંબંધ થવામાં હેતુભૂત સ્નેહનો વિચાર નામપ્રત્યય સ્પર્દ્ધકમાં

તથા યોગ વડે ગ્રહણ કરાતા કાર્મણ વર્ગણાનાં પુદ્ગલોનો આત્મપ્રદેશો સાથે દૂધ અને પાણીની જેમ સંબંધ થવામાં કારણભૂત સ્નેહનો વિચાર પ્રયોગપ્રત્યય સ્પર્દ્ધકમાં કરેલ હોવાથી ત્રણેયમાં પરસ્પર વિશેષતા છે.

પ્રશ્ન—૧૩. શરીરસ્થાન એટલે શું ?

ઉત્તર—એક જીવે વિવક્ષિત કોઈપણ એક સમયે પૂર્વે ગ્રહણ કરેલ અને ગ્રહણ કરાતાં ઔદારિકાદિ પુદ્ગલોમાં રહેલ સમગ્ર સ્નેહ સ્પર્દ્ધકોના સમૂહને એક શરીરસ્થાન કહેવાય છે.

પ્રશ્ન—૧૪. મોહનીય કર્મને પ્રાપ્ત થયેલ કુલ દલિકનો સર્વઘાતી રસવાળો જે અનંતમો ભાગ છે તેનો અર્ધો ભાગ મિથ્યાત્વને અને અર્ધો ભાગ પહેલા બાર કષાયને મળે છે એમ બતાવેલ છે, અને પ્રથમના બાર કષાયને મળેલા દલિકના બાર ભાગ પડે છે તેથી અનંતાનુબંધી લોભ કરતાં મિથ્યાત્વને મળતું દલિક સંખ્યાતગુણ આવે, પરંતુ જઘન્ય તથા ઉત્કૃષ્ટ પદના અલ્પ-બહુત્વમાં સંખ્યાતગુણ ન બતાવતાં અનંતાનુબંધી લોભ કરતાં મિથ્યાત્વને મળતું દલિક વિશેષાધિક છે એ કેમ કહ્યું છે ?

ઉત્તર—મોહનીય કર્મને પ્રાપ્ત થયેલ દલિકમાંથી સર્વઘાતી રસવાળો જે અનંતમો ભાગ છે તેમાંથી અમુક ભાગનાં દલિકો સર્વઘાતી પ્રકૃતિઓને મળે છે અને તેના દર્શન મોહનીય રૂપ મિથ્યાત્વ મોહનીય અને કષાય મોહનીય એમ બે ભાગ પડે છે એમ સામાન્યથી બતાવેલ છે, પણ તે બે ભાગ બરાબર અર્ધા અર્ધા છે એમ સમજવાનું નથી, પરંતુ સર્વઘાતી રસવાળા અનંતમા ભાગ પ્રમાણ દલિકનો કંઈક અધિક તેરમો ભાગ મિથ્યાત્વ મોહનીયને મળે છે એમ સમજવાનું છે. તેથી અનંતાનુબંધિ લોભ કરતાં મિથ્યાત્વ મોહનીયને વિશેષાધિક દલિક પ્રાપ્ત થાય છે તેમાં કોઈ વિરોધ નથી.

પ્રશ્ન—૧૫. જઘન્યપદે અલ્પ-બહુત્વમાં ત્રણે વેદને મળતું દલિક પરસ્પર તુલ્ય બતાવેલ છે જ્યારે ઉત્કૃષ્ટ પદે સ્ત્રી તથા નપુંસકવેદને પ્રાપ્ત થતું દલિક સમાન બતાવી તેનાથી સંજ્વલન ક્રોધ તથા માનનું અનુક્રમે વિશેષાધિક બતાવી તેથી પુરુષવેદનું વિશેષાધિક કેમ બતાવે છે ?

ઉત્તર—જઘન્યપદે સૂક્ષ્મ લબ્ધિ અપર્યાપ્તને ઉત્પત્તિના પ્રથમ ક્ષણે ગૃહીત દલિકમાંથી મોહનીયને પ્રાપ્ત થયેલ દેશઘાતિ દલિકનો કંઈક ન્યૂન અર્ધ ભાગ નોકષાય મોહનીયને મળે છે. અને તે વખતે પાંચેય નોકષાયો બંધાતા હોવાથી નોકષાયને પ્રાપ્ત થયેલ દલિકનો લગભગ પાંચમો ભાગ એક નોકષાયને મળે છે, ત્યારે ઉત્કૃષ્ટપદે નવમા ગુણસ્થાનકના પ્રથમ ભાગે પાંચ નોકષાયમાંથી માત્ર એક પુરુષવેદ જ બંધાતો હોવાથી નોકષાયને પ્રાપ્ત થયેલ સમગ્ર દલિક તેને જ મળે છે અને તે દલિક સમગ્ર મોહનીયને મળેલ દલિકની અપેક્ષાએ કંઈક ન્યૂન અર્ધ ભાગ પ્રમાણ છે. વળી પુરુષવેદનો બંધવિચ્છેદ થયા બાદ નવમા ગુણસ્થાનકના બીજા ભાગે સંજ્વલન ક્રોધને સમગ્ર મોહનીયને મળેલ દલિકનો કંઈક ન્યૂન ચોથો ભાગ મળે છે અને સંજ્વલન ક્રોધનો બંધવિચ્છેદ થયા બાદ સંજ્વલન માનને સમગ્ર મોહનીયને મળેલ દલિકનો કંઈક ન્યૂન ત્રીજો ભાગ મળે છે. આવી રીતે પુરુષવેદને સમગ્ર મોહનીયનો કંઈક ન્યૂન અર્ધ ભાગ અને સંજ્વલન

માનને સમગ્ર મોહનીયનો કંઈક ન્યૂન ત્રીજો ભાગ મળતો હોવાથી સંજ્વલન માન કરતાં પુરુષવેદનું દલિક વિશેષાધિક કહેલ છે.

અહીં માનનો બંધવિચ્છેદ થાય બાદ ચોથા ભાગે માયાને પણ સમગ્ર મોહનીયને મળેલ દલિકનો કંઈક ન્યૂન અર્ધ ભાગ મળે છે છતાં નોકષાય કરતાં કષાય મોહનીયને કંઈક વિશેષાધિક ભાગ પ્રાપ્ત થતો હોવાથી પુરુષવેદ કરતાં સંજ્વલન માયાનું દલિક અસંખ્યાતમા ભાગ અધિક રૂપ વિશેષાધિક બતાવેલ છે.

પ્રશ્ન—૧૬. અનુભાગબંધસ્થાન એટલે શું ?

ઉત્તર—એક જ જીવે એક સમયે ગ્રહણ કરેલ સર્વ કર્મ પરમાણુઓના રસ સ્પર્દ્ધકોનો સમૂહ તે એક અનુભાગબંધસ્થાન કહેવામાં આવે છે.

પ્રશ્ન—૧૭. ષટ્સ્થાનોમાં અનંતભાગાધિક છ પ્રકારની વૃદ્ધિઓમાં ભાગાકાર તથા ગુણાકાર કયો લેવો ?

અનંતભાગ અને અનંતગુણમાં સર્વજીવરાશિ પ્રમાણ અનંત સંખ્યા, અસંખ્યાત ભાગ તથા અસંખ્યાતગુણમાં અસંખ્ય લોકાકાશ પ્રદેશ પ્રમાણ અસંખ્યાત સંખ્યા અને સંખ્યાતભાગ તથા સંખ્યાતગુણમાં ઉત્કૃષ્ટ સંખ્યા પ્રમાણ ભાગાકાર તથા ગુણાકાર સમજવો.

પ્રશ્ન—૧૮. પ્રથમ ષટ્સ્થાનમાંના પ્રથમ અનંતગુણ વૃદ્ધ સ્થાનની પહેલાંનાં બધાં સ્થાનોમાં સ્પર્દ્ધકો સિદ્ધના અનંતમા ભાગ પ્રમાણ જ હોવાથી તેને સર્વજીવરાશિથી કેવી રીતે ભાગી શકાય ? કેમ કે તે સંખ્યા ભાજક સંખ્યાની અપેક્ષાએ ઘણી જ નાની છે.

ઉત્તર— પ્રથમ ષટ્સ્થાનમાંના અનંતગુણ વૃદ્ધના પ્રથમ સ્થાન સુધીમાં જ અલ્પ સંખ્યા હોવાથી ભાગી શકાય નહીં પરંતુ ત્યારપછીનાં તમામ સ્થાનોમાં, શેષ સર્વ ષટ્સ્થાનોમાં તેમજ સંયમશ્રેણિ વગેરેનાં ષટ્સ્થાનોમાં સર્વ જીવરાશિ પ્રમાણ સંખ્યા હોવાથી તેને સર્વ જીવરાશિથી ભાગી શકાય છે એમ બહુલતાની અપેક્ષાએ ઘટતું હોવાથી એ પ્રમાણે બતાવવામાં કોઈ વિરોધ લાગતો નથી.

પ્રશ્ન—૧૯. અસત્કલ્પનાએ કંડકની સંખ્યા ૪ કલ્પેલ હોવાથી અધઃસ્થાન પ્રરૂપણામાં ચતુરન્તરિત માર્ગણામાં અનંત ભાગ વૃદ્ધ અનુભાગ બંધસ્થાનો આઠ કંડક વર્ગ વર્ગ, છ કંડક ઘન ચાર કંડકવર્ગ અને એક કંડક પ્રમાણ કહ્યા છે તે બરાબર છે, પરંતુ વાસ્તવિક રીતે પણ તેટલા જ આવે કે વધારે ?

ઉત્તર—આઠ કંડક વર્ગ વર્ગ વગેરે સંખ્યા અસત્તકલ્પનાએ બરાબર છે. પરંતુ વાસ્તવિક રીતે તો ચાર અધિક કંડક પ્રમાણ કંડકવર્ગ વર્ગવર્ગ, છ કંડકઘન, ચાર કંડક વર્ગ અને એક કંડક પ્રમાણ છે એમ કર્મપ્રકૃતિની ટીકામાં પૂજ્ય શ્રી ઉપાધ્યાયજી મહારાજ સાહેબે જણાવેલ છે.

પ્રશ્ન—૨૦. સ્થિતિબંધ તથા રસબંધ કષાયજનિત આત્મ પરિણામથી થાય છે અને તેને જ અધ્યવસાયો કહેવામાં આવે છે, તો પછી સ્થિતિબંધના કારણભૂત એક એક કષાયોદયમાં અનેક જીવોની અપેક્ષાએ રસબંધના કારણભૂત અધ્યવસાયો અસંખ્ય લોકાકાશ પ્રદેશ પ્રમાણ કેવી રીતે ઘટી શકે ?

. ઉત્તર—સ્થિતિબંધમાં કેવળ કષાયોદયજનિત આત્મપરિણામ કારણ છે, જ્યારે રસબંધમાં કષાયોદય સહિત કૃષ્ણાદિ લેશ્યાજનિત આત્મપરિણામો કારણ છે અને એક એક કષાયોદયમાં અનેક જીવોની અપેક્ષાએ કૃષ્ણાદિ લેશ્યાજનિત અસંખ્ય પ્રકારનાં પરિણામો હોય છે માટે સ્થિતિબંધના કારણભૂત એક એક કષાયોદયમાં અનેક જીવોની અપેક્ષાએ રસબંધના કારણભૂત અસંખ્ય લોકાકાશ પ્રદેશ પ્રમાણ અધ્યવસાયો ઘટી શકે છે. આ હકીકત કર્મપ્રકૃતિ બંધનકરણ ગાથા ૫૨ મીની ટીકામાં પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજ સાહેબે દર્શાવેલ છે.

પ્રશ્ન—૨૧. ત્રસનામકર્મ તથા સ્થાવરનામકર્મ એ બન્નેની ઉત્કૃષ્ટ સ્થિતિ ૨૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ સમાન હોવા છતાં ૨૦થી સમયાધિક ૧૮ કોડાકોડી સાગરોપમ પ્રમાણ ત્રસનામકર્મનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ ઈશાન સુધીના દેવ સિવાય શેષ ચારેય ગતિના જીવો કરે છે અને સ્થાવર નામકર્મનો એટલો સ્થિતિબંધ માત્ર ઈશાન સુધીના દેવો જ કરે છે અર્થાત્ આટલાં સ્થિતિસ્થાનોના બાંધનારા જીવો ભિન્ન ભિન્ન હોવાથી ત્રસનામકર્મની અનુકૃષ્ટિ તથા તીવ્ર મંદતા સાતાવેદનીયની જેમ પ્રાપ્ત થતી નથી તેથી જુદી બતાવવામાં આવે છે તેવી રીતે પંચેન્દ્રિય જાતિ અને એકેન્દ્રિય જાતિ નામકર્મના ૨૦થી સમયાધિક ૧૮ કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિબંધના સ્વામી ભિન્ન ભિન્ન હોવાથી પંચેન્દ્રિયજાતિ નામકર્મની અનુકૃષ્ટિ તથા તીવ્ર-મંદતા પણ સાતાવેદનીયની જેમ ન બતાવતાં ત્રસનામકર્મની જેમ ભિન્ન બતાવવી જોઈએ છતાં સાતાની જેમ કેમ બતાવી ?

ઉત્તર—પ્રશ્ન બરાબર છે. પરંતુ પંચસંગ્રહ કે કર્મપ્રકૃતિમાં આ બાબતનો કોઈ ઉલ્લેખ નથી. સામાન્યથી આ બધી પ્રકૃતિઓની અનુકૃષ્ટિ તથા તીવ્રમંદતા સાતાવેદનીયની જેમ સમજવી, એમ બતાવેલ છે. દિગમ્બરીય મહાબંધ ગ્રન્થમાં તો પંચેન્દ્રિય જાતિની અનુકૃષ્ટિ તથા તીવ્ર-મંદતા ત્રસનામકર્મની જેમ જ બતાવી છે માટે આ બાબતમાં અતિશય જ્ઞાનીઓનું વચન જ પ્રમાણ છે.

પ્રશ્ન—૨૨. ઔદારિકાદિ ૨૬ પ્રકારની વર્ગણાઓમાંની કઈ વર્ગણામાં સર્વથી વધારે અવાન્તર અર્થાત્ પેટાવર્ગણાઓ હોય ?

ઉત્તર—અચિત્ત મહાસ્કંધ વર્ગણામાં અવાન્તર વર્ગણાઓ સર્વથી વધારે હોય છે. કારણ કે અચિત્ત મહાસ્કંધની સર્વ પ્રથમ જઘન્ય વર્ગણામાં જેટલા પરમાણુઓ છે તેનાથી એક ન્યૂન બધી વર્ગણાઓની સંખ્યા છે અને તેના કરતાં પણ અચિત્ત મહાસ્કન્ધમાં પેટાવર્ગણાઓ અસંખ્યાતગુત છે.

પ્રશ્ન—૨૩. ઔદારિકથી કાર્મણ સુધીની વર્ગણાઓની અવગાહના બતાવી છે. પરંતુ ધ્રુવાચિત્તાદિ શેષ વર્ગણાઓની નથી બતાવી તેનું શું કારણ ?

ઉત્તર—ધ્રુવાચિત્તાદિ શેષ વર્ગણાઓની અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ છે, છતાં ઔદારિકાદિ વર્ગણાઓની જેમ તે અવગાહના નિયત ન હોવાથી અલ્પ-બહુત્વમાં બતાવેલ નથી. એમ કર્મપ્રકૃતિ ટિપ્પનકમાં રહેલ છે.

પ્રશ્ન—૨૪. ઔદારિકાદિ ગ્રાહ્ય વર્ગણામાં વર્ણાદિ ચારના ઉત્તર ભેદો કેટલા હોય ?

ઉત્તર—ગ્રાહ્ય ઔદારિક વૈક્રિય અને આહારક વર્ગણામાં વર્ણાદિ ચારના વીસેય ઉત્તર

ભેદો હોય છે. જ્યારે તૈજસાદિ શેષ પાંચ ગ્રાહ્ય વર્ગણામાં પાંચ વર્ણ, પાંચ રસ, બે ગંધ અને શ્રી ભગવતીજી વગેરેના અભિપ્રાયે છેલ્લા ચાર સ્પર્શ અને પંચસંગ્રહ-કર્મપ્રકૃતિ ટીકા તથા બૃહત્શતક વગેરેના અભિપ્રાયે ગુરુ, લઘુ એ બે અવસ્થિત અને છેલ્લા ચારમાંથી શીત-સ્નિગ્ધ અથવા શીત-રુક્ષ અથવા ઉષ્ણ-સ્નિગ્ધ અથવા ઉષ્ણ-રુક્ષ એમ અવિરોધી બે, તેથી એક સ્કંધમાં કુલ ચાર સ્પર્શો હોય છે અને અનેક સ્કંધ આશ્રયી છ સ્પર્શો હોય છે તથા કેટલાકના મતે તૈજસ વર્ગણામાં આઠ સ્પર્શો હોય છે.

પ્રશ્ન—૨૫. કેટલીક પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ અને જઘન્ય રસબંધ સંયમી વગેરે વિશિષ્ટ પ્રકારના અમુક જ જીવો કરે છે અને તે જીવો ઉત્કૃષ્ટથી પણ સંખ્યાતા જ હોય છે છતાં ત્રસપ્રાયોગ્ય કોઈપણ વિવક્ષિત એક રસસ્થાનને બાંધનારા જીવો ઉત્કૃષ્ટથી આવલિકાના અસંખ્યાતમા ભાગ પ્રમાણ અસંખ્યાતા કેમ કહ્યા છે ?

ઉત્તર—સામાન્યથી ત્રસ પ્રાયોગ્ય કોઈપણ એક રસબંધસ્થાનના બંધક જીવો આવલિકાના અસંખ્યાતમા ભાગ પ્રમાણ કહ્યા છે અને તે અભવ્ય ત્રસ પ્રાયોગ્ય જે રસસ્થાનો છે તેના બંધક ઉત્કૃષ્ટથી સમકાળે અસંખ્યાત જીવો ઘટી શકે છે પરંતુ તે સિવાયનાં સર્વ સ્થાનોના બંધક નહીં. કારણ કે પ્રથમ ગુણસ્થાને પણ સંયમાભિમુખ જીવો થીણદ્ધિત્રિક, અનંતાનુબંધી અને મિથ્યાત્વનો જઘન્ય રસબંધ કરે છે તે જીવો પણ વિવક્ષિત સમયે સંખ્યાતા જ હોય છે તો પછી સંયમી વગેરે જીવો સંખ્યાતા જ હોય તે નિર્વિવાદ છે.

પ્રશ્ન—૨૬. સ્થાવર પ્રાયોગ્ય દરેક રસસ્થાનમાં અનંત જીવો કહ્યા છે. તો પ્રત્યેક નામકર્મના ઉદયવાળા એકેન્દ્રિય જીવોની જેટલી વિશુદ્ધિ હોય અને તેઓ શુભ પ્રકૃતિઓનો જેટલો ઉત્કૃષ્ટ અને અશુભ પ્રકૃતિઓનો જેટલો જઘન્ય રસ બાંધી શકે તથા તે જીવોના જેટલા સંક્લિષ્ટ પરિણામ હોય અને શુભ પ્રકૃતિઓનો જેટલો જઘન્ય અને અશુભ પ્રકૃતિઓનો જેટલો ઉત્કૃષ્ટ રસ બાંધે તેટલો તે તે પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ તથા જઘન્ય રસ સાધારણ જીવો શું બાંધી શકે ? અર્થાત્ પ્રત્યેક જીવો જેટલી સાધારણ જીવોની વિશુદ્ધિ અને સંક્લિષ્ટતા હોઈ શકે ?

ઉત્તર—સાધારણ જીવોને પણ પ્રત્યેક વનસ્પતિ જેટલી વિશુદ્ધિ અને સંક્લિષ્ટતા હોય છે, અન્યથા સ્થાવર પ્રાયોગ્ય દરેક રસસ્થાનને બાંધનારા જીવો અનંતા ઘટી શકે જ નહીં પરંતુ વિશેષ એ કે ત્રસપ્રાયોગ્ય આયુષ્યના રસબંધનાં સ્થાનોને બાંધનારા જીવો અસંખ્યાત અથવા સંખ્યાત યથાયોગ્ય હોય છે.

પ્રશ્ન—૨૭. ત્રસપ્રાયોગ્ય નિરંતર બંધપણા વડે પ્રાપ્ત થતા રસબંધસ્થાનકો ઉત્કૃષ્ટથી માત્ર આવલિકાના અસંખ્યાતમા ભાગના સમય પ્રમાણ અસંખ્યાતા જ હોય છે તો પરંપરોપનિધામાં અસંખ્ય લોકાકાશ પ્રદેશ પ્રમાણ સ્થાનો ઓળંગી ઓળંગીને પછી પછીના સ્થાનને બાંધનારા જીવો દ્વિગુણ દ્વિગુણ બતાવ્યા તે કેવી રીતે ઘટી શકે ? અર્થાત્ એક પણ દ્વિગુણ વૃદ્ધિ કે હાનિ ન જ આવે.

ઉત્તર—વિવક્ષિત એક સમયે બંધક વડે પ્રાપ્ત થતાં ત્રસપ્રાયોગ્ય નિરંતર સ્થાનો આવલિકાના અસંખ્યાતામા ભાગ પ્રમાણ જ હોય છે પરંતુ વિવક્ષિત કોઈપણ એક સ્થાનથી

અસંખ્ય લોકાકાશ પ્રદેશ પ્રમાણ સ્થાનો ઓળંગી ઓળંગીને પછી પછીના સ્થાનમાં બંધકપણા વડે ઉત્કૃષ્ટથી પ્રાપ્ત થતા જીવો દ્વિગુણ દ્વિગુણ હોય છે, છતાં હંમેશાં એમ જ હોતું નથી, ક્યારેક જઘન્ય સ્થાનના બંધક જીવો વધારે અને અસંખ્ય લોકાકાશ પ્રદેશ પ્રમાણ સ્થાનો ઓળંગી પછીના સ્થાનના બંધક જીવો ઓછા હોય અથવા ન પણ હોય. આમ કર્મપ્રકૃતિ ટિપ્પનકમાં ખુલાસો મળે છે છતાં આ બાબતમાં બહુશ્રુતો કહે તે ખરું.

પ્રશ્ન—૨૮. જઘન્ય રસબંધસ્થાનકથી ઉત્કૃષ્ટ રસબંધસ્થાન સુધીનાં સ્થાનોનો ઉત્કૃષ્ટ બંધકાળ ચારથી આઠ સમય અને પછી અનુક્રમે બે સમય સુધીનો છે તો તેમાંનાં સ્થાવર પ્રાયોગ્ય સ્થાનો શું બધા સમયના કાળવાળાં ઘટી શકે ? અર્થાત્ સ્થાવરો બાંધી શકે ?

ઉત્તર—હા, કાળની અપેક્ષાએ ચારથી બે સમય સુધીનાં અગિયાર પ્રકારનાં સ્થાનોને ત્રસ જીવો બાંધે છે તેમ તે અગિયાર પ્રકારનાં દરેક સ્થાનોમાંનાં અમુક અમુક સ્થાનો સ્થાવર જીવ પણ બાંધે છે.

પ્રશ્ન—૨૯. અઠ્ઠાવીસમા પ્રશ્નોત્તરમાં જે અગિયાર પ્રકારનાં સ્થાનો બતાવ્યાં, તેમાંનાં અમુક અમુક સ્થાનોને સ્થાવર જીવો હંમેશાં બાંધે છે એ કેવી રીતે સમજી શકાય ?

ઉત્તર—જો અમુક કાળવાળાં સ્થાનોના બંધક ત્રસજીવો જ હોત અને અમુક કાળવાળાં સ્થાનોના જ બંધક સ્થાવર જીવો હોય તો અતીતકાળમાં સ્પર્શાયેલ સ્થાનોમાં અમુક કાળ મર્યાદાવાળાં સ્થાનો કરતાં અમુક કાળવાળાં સ્થાનોનો સ્પર્શના કાળ અનંતગુણ બતાવત, કારણ કે ત્રસ પ્રાયોગ્ય સ્થાનો અત્યંત ઘણાં છે અને તેમાં બંધકપણે વર્તમાન ત્રસ જીવોની સંખ્યા અત્યંત અલ્પ છે. વળી દરેક જીવનો ત્રસપણાના કાળ કરતાં સ્થાવરપણામાં અનંતગુણ કાળ પસાર થયેલ હોય છે. છતાં કોઈપણ સ્થાનો કરતાં કોઈપણ સ્થાનોનો સ્પર્શના કાળ અનંતગુણ બતાવવામાં આવેલ નથી તેથી જ અગિયાર પ્રકારનાં દરેક સ્થાનોમાંનાં અમુક અમુક સ્થાનો સ્થાવર પ્રાયોગ્ય પણ છે અને તેઓને હંમેશાં સ્થાવર જીવો બાંધે છે તે સ્પષ્ટ સમજાય છે.

પ્રશ્ન—૩૦. સ્થાવર જીવોની એક દ્વિગુણવૃદ્ધિ કે હાનિના વચમાં રહેલ સ્થાનો કેટલાં હોય ?

ઉત્તર—આવલિકાના અસંખ્યાતમા ભાગ પ્રમાણ અને તે પણ ત્રસ પ્રાયોગ્ય સ્થાનોમાં જેટલાં દ્વિગુણવૃદ્ધિ કે હાનિનાં સ્થાનો છે તેનાથી અસંખ્યાતમા ભાગ પ્રમાણ. આ હકીકત ત્રિરાશિના ગણિતથી સમજી શકાય તેમ છે.

પ્રશ્ન—૩૧. પ્રસ્તુત ગ્રન્થમાં તથા કર્મપ્રકૃતિમાં તિર્યંચદ્વિક તથા નીચ ગોત્ર સિવાય લગભગ બધી પ્રકૃતિઓના અનુભાગ બંધના અધ્યવસાયોની અનુકૃષ્ટિ તથા તીવ્ર-મંદતા સંજ્ઞીપંચેન્દ્રિય અભવ્ય પ્રાયોગ્ય જઘન્ય સ્થિતિબંધથી શરૂ કરેલ છે તો તેનાથી નીચેનાં સ્થિતિબંધ સ્થાનોમાં કેમ બતાવેલ નથી ?

ઉત્તર—વિવક્ષિત એક સમયે અનેક જીવોની અપેક્ષાએ અથવા ભિન્ન ભિન્ન કાળની અપેક્ષાએ કોઈપણ એક જીવને સંજ્ઞીપંચેન્દ્રિય અભવ્ય પ્રાયોગ્ય જઘન્ય સ્થતિબંધ સ્થાનથી ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સુધીનાં બધાં જ સ્થિતિસ્થાનો નિરંતરપણે પ્રાપ્ત થાય છે તેથી તે સઘળાં સ્થિતિસ્થાનોમાં

રસબંધના અધ્યવસાયોની અનુકૃષ્ટિ તથા તીવ્ર-મંદતા બતાવેલ છે પરંતુ સંજ્ઞીપંચેન્દ્રિય અભવ્ય પ્રાયોગ્ય જઘન્ય સ્થિતિબંધથી નીચેનાં સઘળાં સ્થિતિસ્થાનો નિરંતરપણે અનેક જીવોની અપેક્ષાએ પણ બંધમાં પ્રાપ્ત થતાં નથી તેનું કારણ એ છે કે—

જે સ્થિતિબંધ સ્થાનો શ્રેણિમાં જ પ્રાપ્ત થાય છે ત્યાં અંતર્મુહૂર્તે અંતર્મુહૂર્તે પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિબંધ એકીસાથે ઘટે છે અને સંયમીના ઉત્કૃષ્ટ સ્થિતિબંધથી દેશવિરતિનો જઘન્ય સ્થિતિબંધ સંખ્યાતગુણ હોવાથી સંયમીના ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સ્થાનની પછીના સ્થિતિસ્થાનથી દેશવિરતિના જઘન્ય સ્થિતિબંધ સ્થાનની પહેલાંના સ્થિતિબંધ સ્થાન સુધીનાં બધાં જ સ્થિતિસ્થાનો કોઈપણ જીવની અપેક્ષાએ બંધપણે પ્રાપ્ત થતાં જ નથી.

એ જ પ્રમાણે દેશવિરતિના ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સ્થાનની પછીના સ્થિતિસ્થાનથી અવિરતિ સમ્યગ્દષ્ટિના જઘન્ય સ્થિતિબંધ સ્થાનની પહેલાંનાં સઘળાં સ્થિતિસ્થાનો તેમજ અવિરતિ સમ્યગ્દષ્ટિના ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સ્થાનની પછીના સ્થિતિબંધ સ્થાનથી મિથ્યાત્વી પર્યાપ્ત સંજ્ઞીપંચેન્દ્રિયના જઘન્ય સ્થિતિબંધની પૂર્વનાં સઘળાંય સ્થિતિસ્થાનો અને એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય તથા ચઉરિન્દ્રિયના પોતપોતાના ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સ્થાનની પછીના સ્થિતિબંધ સ્થાનથી અનુક્રમે બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિયના જઘન્ય સ્થિતિબંધ સ્થાનની પહેલાંનાં તમામ સ્થિતિસ્થાનો ભિન્ન ભિન્ન જીવોની અપેક્ષાએ ત્રિકાળનો આશ્રયીને પણ નિરંતરપણે પ્રાપ્ત થતાં નથી, માટે તે સ્થિતિસ્થાનોમાં અનુકૃષ્ટિ અને તીવ્ર-મંદતા ઘટતી નથી.

વળી એકેન્દ્રિય વગેરે જીવોના જઘન્ય સ્થિતિબંધથી ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સુધીનાં યથાસંભવ પલ્યોપમના અસંખ્યાતમા કે સંખ્યાતમા ભાગ પ્રમાણ અને તેથી વધારે જે અવિરતિ સમ્યગ્દષ્ટિ વગેરે જીવોને સેંકડો સાગરોપમ પ્રમાણ સ્થિતિસ્થાનો ભિન્ન ભિન્ન કાળને આશ્રયીને એક જીવને, અને અનેક જીવની અપેક્ષાએ એક સમયે નિરંતરપણે પ્રાપ્ત થાય છે તે બધાં જ સ્થિતિસ્થાનોમાં અહીં દર્શાવ્યા મુજબ રસબંધના અધ્યવસાય સ્થાનોની અનુકૃષ્ટિ અને તીવ્ર-મંદતા ઘટી શકે છે, પરંતુ ગ્રન્થ વિસ્તારના ભયથી ગ્રન્થકારે દર્શાવેલ ન હોય તેમ લાગે છે.

પ્રશ્ન—૩૨. બાદર પર્યાપ્ત અને સૂક્ષ્મ પર્યાપ્તનો જઘન્ય, બાદર અપર્યાપ્ત અને સૂક્ષ્મ અપર્યાપ્તનો જઘન્ય, સૂક્ષ્મ અપર્યાપ્ત અને બાદર અપર્યાપ્તનો ઉત્કૃષ્ટ તથા સૂક્ષ્મ પર્યાપ્ત અને બાદર પર્યાપ્ત એકેન્દ્રિયનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ આ આઠેય બોલોમાં અનુક્રમે એક એકથી વિશેષાધિક દર્શાવેલ છે પણ ક્યાંય સંખ્યાતગુણ કહ્યો નથી, જ્યારે સૂક્ષ્મ અને બાદર અપર્યાપ્ત તેમજ સૂક્ષ્મ અને બાદર પર્યાપ્તનાં સ્થિતિસ્થાનો અનુક્રમે એક એકથી સંખ્યાતગુણ બતાવ્યાં છે, તેથી પ્રશ્ન થાય છે કે, સ્થિતિબંધ વિશેષાધિક હોવા છતાં સ્થિતિસ્થાનો સંખ્યાતગુણ કેવી રીતે ઘટી શકે ?

ઉત્તર—સામાન્યથી બાદર પર્યાપ્ત એકેન્દ્રિયના જઘન્ય સ્થિતિબંધ અને બાદર પર્યાપ્ત એકેન્દ્રિયના ઉત્કૃષ્ટ સ્થિતિબંધની વચ્ચે એકંદર પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલું અંતર હોવાથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન સાગરોપમના અમુક નિયત ભાગ પ્રમાણથી સાગરોપમના અમુક નિયત પૂર્ણ ભાગ સુધીનાં સ્થિતિસ્થાનોમાંના અમુકથી અમુક હદ સુધીનાં

સ્થિતિસ્થાનો ચારેય પ્રકારના એકેન્દ્રિયો બાંધે છે તેથી જઘન્ય સ્થિતિબંધથી ઉત્કૃષ્ટ સ્થિતિબંધ પણ વિશેષાધિક જ છે.

દા.ત. એકેન્દ્રિયને મિથ્યાત્વ મોહનીયનો જઘન્ય સ્થિતિબંધ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન એક સાગરોપમ છે અને ઉત્કૃષ્ટ પૂરો એક સાગરોપમ પ્રમાણ છે. હવે જો અસત્કલ્પનાએ સાગરોપમ પ્રમાણ સ્થિતિને એક લાખ સમયની અને પલ્યોપમના અસંખ્યાતમા ભાગને પંદરસો પંચાવન સમય પ્રમાણ કલ્પીએ તો એકેન્દ્રિયને મિથ્યાત્વનો જઘન્ય સ્થિતિબંધ અઠ્ઠાણું હજાર, ચારસો છેતાળીસ (૯૮૪૪૬) સમય પ્રમાણ = પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન એક સાગરોપમ અને ઉત્કૃષ્ટ એક લાખ સમય પ્રમાણ = એક સાગરોપમ પ્રમાણ છે. આમ અઠ્ઠાણું હજાર, ચારસો છેતાળીસ (૯૮૪૪૬) સમય પ્રમાણ સ્થિતિબંધની અપેક્ષાએ એક લાખ સમય પ્રમાણ સ્થિતિબંધ વિશેષાધિક જ છે, તેથી તેની અંતર્ગત આવતા એકેન્દ્રિયના આઠેય બોલોમાં સ્થિતિબંધ વિશેષાધિક જ હોય છતાં સ્થિતિસ્થાનો સંખ્યાતગુણ ઘટી શકે છે. તે આ પ્રમાણે.

સૂક્ષ્મ અપર્યાપ્તના નવ્વાણું હજાર, બસો એકવીસથી (૯૯૨૨૧થી) બસો પચીસ (૨૨૫) સુધીનાં પાંચ સ્થિતિસ્થાનો કલ્પીએ અને બાદર અપર્યાપ્તનાં સૂક્ષ્મ અપર્યાપ્તનાં સ્થાનોની અપેક્ષાએ નીચે અને ઉપર એમ બન્ને બાજુ સંખ્યાતગુણ એટલે પાંચ પાંચ ગુણા ગણીએ તો નવ્વાણું હજાર, એકસો છન્નું(૯૯૧૯૬)થી નવ્વાણું હજાર, બસો પચાસ (૯૯૨૫૦) સુધીનાં કુલ પંચાવન આવે.

સૂક્ષ્મ અપર્યાપ્તનાં સ્થિતિસ્થાનોની નીચે અને ઉપર બાદર અપર્યાપ્તનાં જેટલાં સ્થિતિસ્થાનો આવ્યાં તેના કરતાં પણ સૂક્ષ્મ પર્યાપ્તમાં બાદર અપર્યાપ્તનાં કુલ સ્થિતિસ્થાનોની નીચે અને ઉપર સંખ્યાતગુણ = પાંચ પાંચ ગુણાં આવવાથી નવ્વાણું હજાર, ઇકોતેર (૯૯૦૭૧)થી નવ્વાણું હજાર, ત્રણસો પંચોતેર (૯૯૩૭૫) સુધીનાં કુલ ત્રણસો અને પાંચ સ્થિતિસ્થાનો આવે.

જ્યારે બાદર અપર્યાપ્તનાં કુલ સ્થિતિસ્થાનોથી સૂક્ષ્મ પર્યાપ્તામાં નીચે અને ઉપર જેટલાં સ્થિતિસ્થાનો આવ્યાં તેના કરતાં બાદર પર્યાપ્તામાં સૂક્ષ્મ પર્યાપ્તાનાં કુલ ત્રણસો પાંચ (૩૦૫) સ્થિતિસ્થાનોની નીચે અને ઉપર પાંચ પાંચ ગુણાં સ્થિતિસ્થાનો આવવાથી બાદર પર્યાપ્તામાં અઠ્ઠાણું હજાર, ચારસો છેતાળીસ(૯૮૪૪૬)થી એક લાખ (૧,૦૦,૦૦૦) સમય સુધીનાં પંદરસો પંચાવન (૧૫૫૫) સ્થિતિસ્થાનો આવે છે.

એમ સંખ્યાતગુણ ઘટી શકે છે.

પ્રશ્ન—૩૩. એકેન્દ્રિયમાં આયુષ્ય વિના સાત કર્મનાં અબાધાસ્થાનો કેટલાં ?

ઉત્તર—આવલિકાના અસંખ્યાતમા ભાગમાં રહેલ સમયો પ્રમાણ અસંખ્યાતા છે.

પ્રશ્ન—૩૪. વિકલેન્દ્રિય તથા અસંજ્ઞી પંચેન્દ્રિયમાં આયુષ્ય વિના સાત કર્મનાં અબાધાસ્થાનો કેટલાં ?

ઉત્તર—પંચસંગ્રહ તથા કર્મપ્રકૃતિની ટીકા અને ચૂર્ણિમાં સંજ્ઞી સિવાયના બારેય જીવભેદોમાં આયુષ્ય વિના સાત કર્મનાં અબાધાસ્થાનો સામાન્યથી આવલિકાના અસંખ્યાતમા ભાગ પ્રમાણ બતાવ્યાં છે, પરંતુ જેસલમેરના ભંડારની તાડપત્રમાં લખેલ કર્મપ્રકૃતિ ચૂર્ણિમાં વિકલેન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિયમાં આવલિકાના સંખ્યાતમા ભાગમાં રહેલ સમય પ્રમાણ કહેલ છે અને તે જ બરાબર લાગે છે, કારણ કે એકેન્દ્રિયમાં જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિબંધ વચ્ચે પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ અંતર છે તેથી ત્યાં આવલિકાના અસંખ્યાતમા ભાગ પ્રમાણ આવે તે બરાબર છે પરંતુ વિકલેન્દ્રિય અને અસંજ્ઞીમાં જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિબંધ વચ્ચે પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ અંતર હોવાથી આવલિકાના સંખ્યાતમા ભાગ પ્રમાણ અબાધાસ્થાનો આવે. ટીકામાં પ્રેસદોષાદિના કારણે અશુદ્ધ છપાયેલ હોય તેમ લાગે છે અગર અન્ય કોઈ કારણ હોય તો બહુશ્રુતો કહે તે પ્રમાણ.

પ્રસ્તુત ગ્રન્થમાં સામાન્યથી એ બારેય જીવભેદોમાં અબાધાસ્થાનો તથા કંડકસ્થાનો કરતાં અંતર્મુહૂર્ત્ત પ્રમાણ જઘન્ય અબાધા અસંખ્યાતગુણ દર્શાવેલ છે પરંતુ ઉપર જણાવ્યા પ્રમાંણે બેઇન્દ્રિય વગેરેના આઠ ભેદોમાં અબાધાસ્થાનો અને કંડકસ્થાનો આવલિકાના સંખ્યાતમા ભાગ પ્રમાણ આવે તો તેની અપેક્ષાએ જઘન્ય અબાધા અંતર્મુહૂર્ત્ત પ્રમાણ એટલે કે સંખ્યાત આવલિકા પ્રમાણ હોવાથી અસંખ્યાતગુણ ન આવતાં સંખ્યાતગુણ જ આવે એમ મને લાગે છે.

પ્રશ્ન—૩૫. અબાધા કંડકનું પ્રમાણ કેટલું ? અને તે દરેક જીવભેદમાં સમાન છે કે ન્યૂનાધિક ?

ઉત્તર—અસંખ્યાત પલ્યોપમના પ્રથમ વર્ગમૂળમાં જે સંખ્યા આવે તેટલાં સ્થિતિસ્થાનોનું એક અબાધા કંડક છે અને તે શ્રેણિગત જીવો સિવાય તમામ જીવ ભેદમાં આયુષ્ય વિના સાતેય કર્મમાં સમાન છે.

પ્રશ્ન—૩૬. નિષેક રચનામાં એક દ્વિગુણહાનિના વચ્ચેનાં નિષેકસ્થાનો કેટલાં હોય ? અને તે દરેક જીવભેદમાં સમાન હોય કે ન્યૂનાધિક ? તથા આ એક દ્વિગુણ હાનિના અંતરાલમાં આવેલ નિષેક સ્થાનોની અપેક્ષાએ એક અબાધાકંડક નાનું કે મોટું ?

ઉત્તર—એક દ્વિગુણ હાનિના વચમાં આવતાં નિષેકસ્થાનો અસંખ્યાત પલ્યોપમના પ્રથમ વર્ગમૂળમાં રહેલા સમયો પ્રમાણ છે અને તે આયુષ્ય સિવાય સાતેય કર્મમાં તમામ જીવભેદોમાં સમાન છે. જો કે એક દ્વિગુણહાનિના વચમાં રહેલ નિષેકસ્થાનો અને એક અબાધા કંડક એ બન્નેનું પ્રમાણ સામાન્યથી અસંખ્યાત પલ્યોપમના પ્રથમ વર્ગમૂળ પ્રમાણ = પલ્યોપમના પ્રથમ વર્ગમૂળથી અસંખ્યાત ગુણ પ્રમાણ હોવાથી તુલ્ય લાગે છે તો પણ અસંખ્યાતાના અસંખ્યાતા ભેદો હોવાથી એક દ્વિગુણહાનિના અંતરાલમાં રહેલ નિષેકસ્થાનોની અપેક્ષાએ એક અબાધા કંડક અસંખ્યગુણ મોટું હોય છે.

પ્રશ્ન—૩૭. ચૌદેય જીવસ્થાનકોમાં આઠેય કર્મનાં નિષેકસ્થાનોમાં આવતાં કુલ દ્વિગુણહાનિ સ્થાનો કેટલાં હોય ?

ઉત્તર—અદ્ધા પલ્યોપમના પ્રથમ વર્ગમૂળના અસંખ્યાતમા ભાગમાં રહેલ અસંખ્યાત

સમય.પ્રમાણ હોય છે. માત્ર જે જીવો પૂર્વક્રોડથી વધારે આયુષ્ય બાંધતા જ નથી તે એકેન્દ્રિયાદિક જીવોને આયુષ્યકર્મમાં એક પણ દ્વિગુણહાનિ સ્થાન સંભવતું નથી.

પ્રશ્ન—૩૮. આયુષ્ય કર્મ-આશ્રયી જઘન્ય અબાધા કેટલી હોય ?

ઉત્તર—ક્ષુલ્લકભવના ત્રીજા ભાગના સંખ્યાતમા ભાગ પ્રમાણ હોય, કારણ કે ક્ષુલ્લક ભાવના આયુષ્યવાળા જીવો પોતાના આયુષ્યના ત્રીજા ભાગની શરૂઆતમાં જ આયુષ્ય બાંધે એવો નિયમ નથી, પરંતુ પોતાના આયુષ્યના નવમા, સત્તાવીસમા, એક્યાશી ભાગમાં અથવા છેવટે ક્ષુલ્લક ભવના ત્રીજા ભાગના સંખ્યાતમા ભાગ પ્રમાણ અંતર્મુહૂર્ત્ત કાળ બાકી રહે ત્યારે તેનાથી પણ જઘન્ય અંતર્મુહૂર્ત્ત પ્રમાણ કાળમાં આયુષ્ય બાંધી શકે છે તથા આયુષ્યના બંધ પછી જે શેષ કાળ બાકી રહે તે પણ અંતર્મુહૂર્ત્ત પ્રમાણ હોય છે અને તે કાળને ઠાણાંગસૂત્રમાં તથા પન્નાવણા-સૂત્રમાં અસંક્ષેપ્યાદ્ધા કહેલ છે અને તે જ અબાધા કાળ છે.

પ્રશ્ન—૩૯. સાતેય લબ્ધિ અપર્યાપ્ત જીવોનું જઘન્ય અને ઉત્કૃષ્ટ આયુષ્ય અંતર્મુહૂર્ત્ત પ્રમાણ છે પરંતુ જઘન્યથી ઉત્કૃષ્ટ કેટલું વધારે હોય ?

ઉત્તર—સાતેય લબ્ધિ અપર્યાપ્ત જીવભેદોમાં જઘન્ય આયુષ્ય કરતાં અબાધાસ્થાનો સંખ્યાતગુણ બતાવેલ છે અને જઘન્ય આયુષ્ય ક્ષુલ્લક ભવ પ્રમાણ અંતર્મુહૂર્ત્ત હોય છે. વળી તેના કરતાં પણ અબાધાસ્થાનો સંખ્યાતગુણ કહ્યા છે અને તે પોતાના આયુષ્યના ત્રીજા ભાગમાંથી પણ આયુષ્ય બંધનું અંતર્મુહૂર્ત્ત બાદ કરતાં શેષ કાળ પ્રમાણ હોય છે તેથી સ્પષ્ટ સમજાય છે કે સાતેય લબ્ધિ અપર્યાપ્તાના જઘન્ય આયુષ્યથી ઉત્કૃષ્ટ આયુષ્ય સંખ્યાતગુણ હોય છે.

પ્રશ્ન—૪૦. સંજ્ઞી પર્યાપ્તામાં સાત કર્મ-આશ્રયી જેમ દશ બોલનું અલ્પ બહુત્વ કહ્યું છે તેમ આયુષ્ય કર્મ-આશ્રયી દશ બોલનું ન કહેતાં આઠ બોલનું જ કેમ કહ્યું ?

ઉત્તર—સાતકર્મની જેમ શેષ આયુષ્યમાં સ્થિતિબંધને અનુસારે અબાધાનું નિયતપણું ન હોવાથી આયુષ્ય કર્મમાં અબાધાકંડકો તથા અબાધાસ્થાનો અને અબાધા કંડક સ્થાનોના સમૂહરૂપ એ બે બોલો ઘટતા ન હોવાથી આઠ જ બોલોનું અલ્પ-બહુત્વ કહેલ છે.

પ્રશ્ન—૪૧. અસંજ્ઞી અને સંજ્ઞી પર્યાપ્તા સિવાયના શેષ બાર જીવભેદોમાં ઉપર બતાવેલ આઠ બોલોના બદલે આયુષ્ય કર્મમાં છ બોલનું જ અલ્પ-બહુત્વ કેમ કહ્યું ?

ઉત્તર—એ બાર જીવભેદોમાં ઉત્કૃષ્ટથી પણ પૂર્વ ક્રોડ વર્ષ પ્રમાણ આયુષ્ય બંધ થાય છે અને પ્રથમ સ્થિતિસ્થાનમાં થયેલ દલિક નિક્ષેપની અપેક્ષાએ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિસ્થાનો ઓળંગી પછીના સ્થિતિસ્થાનકમાં અર્ધ દલિક પ્રાપ્ત થાય છે પરંતુ આ જીવભેદોમાં સંખ્યાત વર્ષ પ્રમાણ જ આયુષ્યબંધ હોવાથી એક પણ દ્વિગુણહાનિ આવતી નથી અને તેથી જ દ્વિગુણહાનિના અંતરાલમાં રહેલ નિષેકસ્થાનો પણ ન જ આવે તે સ્વાભાવિક છે માટે એ બે વિના શેષ છ બોલનું જ અલ્પ-બહુત્વ કહ્યું છે.

પ્રશ્ન—૪૨. શુભ અને અશુભ એમ બન્ને પ્રકારની પ્રકૃતિઓનાં ત્રિસ્થાનિક અને ચતુઃસ્થાનિક રસબંધ યોગ્ય સઘળાં સ્થિતિસ્થાનો સાકારોપયોગ પ્રાયોગ્ય અને દ્વિસ્થાનિક રસબંધ પ્રાયોગ્ય સ્થિતિસ્થાનો સાકારોપયોગ અને નિરાકારોપયોગ પ્રાયોગ્ય એમ બન્ને પ્રકારનાં બતાવ્યાં

છે જ્યારે શુભ પ્રકૃતિઓનો દ્વિસ્થાનિક રસ બંધાય ત્યારે અશુભ પ્રકૃતિઓનો ચારઠાણિયો રસ બંધાય છે તથા અશુભનો બેઠાણિયો બંધાય ત્યારે શુભનો ચારઠાણિયો રસ બંધાય છે, તો એક જ સમયે એક જ જીવને પરસ્પર વિરોધી સાકાર અને નિરાકાર એમ બન્ને ઉપયોગો કેવી રીતે ઘટી શકે ?

ઉત્તર—અહીં વિશેષ બોધ રૂપ સાકારોપયોગ અને સામાન્ય બોધરૂપ નિરાકારોપયોગ લેવાના નથી પણ સ્થિતિબંધ અને રસબંધના કારણભૂત જે કષાયોદય જન્ય અધ્યવસાયો છે તેમાં તે કષાયોદયરૂપ અધ્યવસાયથી જે પ્રકૃતિઓનો મંદ રસબંધ થાય તે પ્રકૃતિઓની અપેક્ષાએ તે અધ્યવસાયો નિરાકારોપયોગ રૂપ છે અને જે કષાયોદય જનિત અધ્યવસાયો દ્વારા જે પ્રકૃતિઓનો વિશિષ્ટ પ્રકારનો તીવ્રરસ બંધાય તે પ્રકૃતિઓના રસબંધને આશ્રયી તે અધ્યવસાયો સાકારોપયોગ રૂપ કહેવાય છે. માટે એક જ જીવને એક જ સમયે ભિન્ન ભિન્ન પ્રકૃતિઓના રસબંધને આશ્રયી ઉપર બતાવેલ સ્વરૂપવાળા સાકારોપયોગ અને નિરાકારોપયોગ બન્ને સાથે ઘટી શકે છે. આ સમાધાન કર્મપ્રકૃતિ-ચૂર્ણિના ટિપ્પનકમાં પૂ. મુનિચંદ્રસૂરિજી મહારાજ સાહેબે બતાવેલ છે. જુઓ- બંધવિહાણ મૂળપયડી ઠિઈબંધો દ્વિતીય પરિશિષ્ટ.

પ્રશ્ન—૪૩. પંદરમા પ્રશ્નના ઉત્તરમાં જણાવેલ છે કે માનનો બંધવિચ્છેદ થયા પછી સંજ્વલન માયાને સમગ્ર મોહનીયકર્મને પ્રાપ્ત થયેલ દલિકનો કંઈક ન્યૂન અર્ધ ભાગ મળે છે અને તેમ હોવાથી સંજ્વલન માયાનો બંધવિચ્છેદ થયા બાદ નવમા ગુણસ્થાનકના પાંચમા ભાગે મોહનીયકર્મને પ્રાપ્ત થયેલ બધું જ દલિક સંજ્વલન લોભને મળે અને તે માયાને પ્રાપ્ત થતા દલિકની અપેક્ષાએ સાધિક દ્વિગુણ હોવાથી સંજ્વલન માયા કરતાં સંજ્વલન લોભને સંખ્યાતગુણ દલિક મળે છતાં ટીકાઓમાં સંજ્વલન માયા કરતાં સંજ્વલન લોભનું દલિક અસંખ્યાતગુણ કેમ બતાવેલ છે ?

ઉત્તર—પ્રશ્ન યોગ્ય છે, કર્મપ્રકૃતિ ચૂર્ણિમાં સંજ્વલન માયા કરતાં સંજ્વલન લોભનું દલિક સંખ્યાતગુણ જ કહેલ છે, છતાં પ્રસ્તુત ગ્રન્થની તેમ જ કર્મપ્રકૃતિની બન્ને ટીકાઓ અને નવ્ય શતકની ટીકા વગેરેમાં અસંખ્યાતગુણ કહેલ છે તેનું કારણ સમજાતું નથી અથવા તો પરંપરાએ અશુદ્ધિ ચાલતી આવી હોય એમ પણ બને, તેનો પૂર્ણ નિર્ણય તો અતિશય જ્ઞાની કરી શકે.

પ્રશ્ન—૪૪. શાસ્ત્રોમાં બદ્ધ, સ્પૃષ્ટ, નિદ્ધત્ત અને નિકાચિત એમ બંધ ચાર પ્રકારે બતાવેલ છે, પરંતુ અહીં બંધનકરણમાં સ્પૃષ્ટ સિવાય ત્રણ પ્રકારના બંધની વાત બતાવી, તો ઉપશાંતમોહ વગેરે ત્રણ ગુણસ્થાનકોમાં બે સમય પ્રમાણ સાતાવેદનીય કર્મનો જે બંધ થાય છે, તે સ્પૃષ્ટબંધ અહીં કેમ બતાવવામાં આવેલ નથી ?

ઉત્તર—આ ગ્રંથમાં દશમા ગુણસ્થાનક સુધી કાષાયિક પરિણામ અને યોગથી જે બંધ થાય છે તે બંધની જ વિવક્ષા કરી છે. માટે સ્પૃષ્ટને બતાવેલ નથી.

પ્રશ્ન—૪૫. દલવિભાગ વખતે તે તે સમયે બંધાતી ઘાતીકર્મોની પ્રકૃતિઓમાં અનંતભાગ પ્રમાણ જે સર્વઘાતી દલિકો હોય છે તે સર્વઘાતી પ્રકૃતિઓને જ મળે કે દેશઘાતી

પ્રકૃતિઓને પણ મળે ?

ઉત્તર—ઘાતીકર્મોમાં સર્વઘાતી રસવાળા અનંતભાગ જેટલાં દલિકો હોય છે, અને તે દલિકો સર્વઘાતીને તેમજ દેશઘાતી પ્રકૃતિઓને પણ મળે છે, પરંતુ સર્વઘાતી પ્રકૃતિઓને કેવળ સર્વઘાતી જ મળે છે, જ્યારે દેશઘાતી પ્રકૃતિઓને દેશઘાતી અને સર્વઘાતી એમ બન્ને પ્રકારનાં દલિકો મળે છે, તેથી જ અંતરાયકર્મ દેશઘાતી હોવા છતાં તેને પણ સર્વઘાતી રસવાળાં દલિકો મળે છે.

પ્રશ્ન—૪૬. રસબંધના જઘન્યથી ઉત્કૃષ્ટ સુધીના અધ્યવસાયોનો ઉત્કૃષ્ટ અવસ્થાન કાળ ચારથી વધતો વધતો આઠ સમય સુધી અને તેથી આગળ ઘટતો ઘટતો બે સમય સુધી બતાવવામાં આવેલ છે, તે બરાબર છે, પરંતુ ગુણાભિમુખ અને દોષાભિમુખ અવસ્થામાં જ જે અધ્યવસાયો દ્વારા જઘન્ય કે ઉત્કૃષ્ટ રસ બંધાય છે, તે અધ્યવસાયોનો કાળ એક સમયથી વધારે કેમ ઘટી શકે ?

ઉત્તર—સમ્યક્ત્વ વગેરે ગુણાભિમુખ અવસ્થામાં અને મિથ્યાત્વાદિક દોષાભિમુખ અવસ્થામાં જે અધ્યવસાયો દ્વારા જઘન્ય કે ઉત્કૃષ્ટ રસબંધ થાય છે, તે અધ્યવસાયો એક સમયથી વધારે ટકી શકતા જ નથી એ વાત બરાબર લાગે છે, પરંતુ મૂળ તથા ટીકામાં તેની અવિવક્ષા કરી હોય તેમ લાગે છે. અન્યથા ગુણાભિમુખ કે દોષાભિમુખ અવસ્થામાં ઉત્કૃષ્ટ કે જઘન્ય રસબંધ એક સમયથી વધારે કાળ ઘટી શકે, પરંતુ એક સમયથી વધારે કાળ ક્યાંય બતાવેલ નથી.

પ્રશ્ન—૪૭. શુભાશુભ દરેક પ્રકૃતિઓનો અભવ્ય પ્રાયોગ્ય જઘન્ય સ્થિતિબંધ સરખો હોય કે ઓછો-વધારે ?

ઉત્તર—અભવ્ય પ્રાયોગ્ય જઘન્ય સ્થિતિબંધ અશુભ પ્રકૃતિઓનો વધારે હોય છે અને તેમાં પણ સ્વજાતીય વધારે અશુભ પ્રકૃતિઓનો સૌથી વધારે અને શુભ પ્રકૃતિઓનો સૌથી ઓછો હોય છે. દા.ત.અસાતાના અભવ્ય પ્રાયોગ્ય જઘન્ય સ્થિતિબંધથી સાતાનો અભવ્ય પ્રાયોગ્ય જઘન્ય સ્થિતિબંધ ઓછો હોય છે. એ જ પ્રમાણે એકેન્દ્રિય જાતિનો અભવ્ય પ્રાયોગ્ય જઘન્ય સ્થિતિબંધ જેટલો હોય છે, તેના કરતાં બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચતુરિન્દ્રિય અને પંચેન્દ્રિય જાતિનો ક્રમશઃ ઓછો-ઓછો હોય છે. એમ સર્વત્ર સમજવું.

પ્રશ્ન—૪૮. બેઇન્દ્રિયાદિક આઠ જીવભેદોમાં આયુષ્ય વિના સાત કર્મોના અબાધા સ્થાનો કરતાં જઘન્ય અબાધા કેટલી વધારે હોય ?

ઉત્તર—જો કે ટીકામાં આઠે જીવભેદોમાં અબાધા સ્થાનો આવલિકાના અસંખ્યાતમા ભાગના સમય પ્રમાણ બતાવેલ છે. માટે તે અપેક્ષાએ જઘન્ય અબાધા સંખ્યાત આવલિકા પ્રમાણ હોવાથી અસંખ્યાતગુણ થાય, પરંતુ વિવેચનમાં પ્ર. ૩૪ના ઉત્તરમાં બતાવ્યા મુજબ આ આઠ જીવ-ભેદોમાં અબાધાસ્થાનો આવલિકાના સંખ્યાતમા ભાગમાં રહેલ અસંખ્યાત સમય પ્રમાણ માનીએ તો તેના કરતાં જઘન્ય અબાધા અસંખ્યાત ગુણ નહીં પરંતુ સંખ્યાતગુણ હોય.

પ્રશ્ન—૪૯. બેઇન્દ્રિયાદિક આઠ જીવભેદોમાં સ્થિતિસ્થાનો પલ્યોપમના સંખ્યાતમા

ભાગમાં રહેલ સમય પ્રમાણ છે, તો તેની અપેક્ષાએ બેઇન્દ્રિયાદિકનો જઘન્ય સ્થિતિબંધ અસંખ્યાતગુણ શી રીતે આવે ? કારણ કે સંજ્ઞીપંચેન્દ્રિયનાં સ્થિતિસ્થાનો અનેક કોડાકોડી સાગરોપમના સમય પ્રમાણ હોવા છતાં પલ્યોપમના સંખ્યાતમા ભાગના સમયો કરતાં સંખ્યાતગુણા જ બતાવેલ છે.

ઉત્તર—જો કે અહીં ટીકામાં બેઇન્દ્રિયાદિક આઠ જીવભેદોના આયુષ્ય વિના સાત કર્મોનાં સ્થિતિસ્થાનો થકી જઘન્ય સ્થિતિબંધ અસંખ્યાતગુણ બતાવેલ છે, પરંતુ વિચાર કરતાં તમારા જણાવ્યા મુજબ સંખ્યાતગુણ આવે પણ અસંખ્યાતગુણ ન આવે કારણ કે, પલ્યોપમના સંખ્યાતમા ભાગની અપેક્ષાએ બેઇન્દ્રિયાદિકનો જઘન્ય સ્થિતિબંધ સંખ્યાતગુણ જ છે. તે કર્મપ્રકૃતિ ચૂર્ણિથી જણાય છે.

પ્રશ્ન—૫૦. બીજી પ્રકૃતિઓની જેમ આયુષ્ય કર્મની પ્રકૃતિઓમાં અનુકૃષ્ટિ તેમજ તીવ્ર-મંદતા કેમ બતાવેલ નથી ?

ઉત્તર—આયુષ્ય કર્મની પ્રકૃતિઓમાં જઘન્ય સ્થિતિબંધ વગેરેમાં સ્થિતિબંધના જે અધ્યવસાયો છે તેની અપેક્ષાએ દ્વિતીયાદિક સ્થિતિસ્થાનમાં સર્વત્ર અસંખ્યાતગુણ સ્થિતિબંધના અધ્યવસાયો હોય છે. તેથી જ અન્ય પ્રકૃતિઓમાં જેમ પ્રથમ સ્થિતિસ્થાનના રસબંધના અધ્યવસાયો દ્વિતીયાદિક સ્થિતિસ્થાનમાં જાય છે, તેમ આયુષ્ય કર્મની પ્રકૃતિઓના પ્રથમ સ્થિતિસ્થાનના રસબંધના અધ્યવસાયો દ્વિતીયાદિક સ્થિતિસ્થાનમાં જતા નથી. તેથી જ અનુકૃષ્ટિ અને તીવ્ર-મંદતા આયુષ્ય કર્મની પ્રકૃતિઓમાં બતાવેલ નથી. એમ લાગે છે.

પ્રશ્ન—૫૧. નિકાચિત કર્મમાં કોઈપણ કરણ લાગતું નથી અને અવશ્ય ભોગવવું જ પડે એમ પ્રથમ નિકાચિત કરણની વ્યાખ્યામાં બતાવેલ છે. તથા આઠમા ગુણસ્થાનકના અંત સુધી નિદ્ધત્ત અને નિકાચિત બંધ પણ ચાલુ હોય છે, અને આઠમા ગુણસ્થાનકે પણ અંતઃ કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિબંધ થાય છે, તો તે નિકાચિત કર્મોનો અંતર્મુહૂર્ત્તમાં ક્ષય કરી આત્મા કેવળજ્ઞાન શી રીતે પામી શકે ?

ઉત્તર—નિકાચિત કર્મમાં અપવર્ત્તનાદિ કોઈપણ કરણો લાગતાં નથી પરંતુ અત્યંત તીવ્ર વિશુદ્ધ અધ્યવસાય દ્વારા કરાયેલ પ્રાયશ્ચિત્ત આદિ તપશ્ચર્યાથી તેમજ શ્રેણિમાં પ્રાપ્ત થયેલ અપૂર્વ અધ્યવસાય સ્વરૂપ શુક્લધ્યાન વગેરેથી અંતર્મુહૂર્ત્તમાં નિકાચિત કર્મોનો પણ ક્ષય કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કરી શકે છે, અર્થાત્ નિકાચિત કર્મો ભોગવ્યા વિના ન જ છૂટે એમ માનવાનું નથી. આ બાબત વિશેષ જાણવાની ઇચ્છાવાળાએ અધ્યાત્મમત પરીક્ષા-પાનું ૫૪, તથા વિશેષાવશ્યક ભાષ્ય-ગાથા ૨૧૫૪ ની ટીકા જોવી.

બંધનકરણ પ્રશ્નોત્તરી સમાપ્ત

ॐ ह्रीँ श्री अर्हते नमः

શ્રી સંક્રમણકરણ

આ પ્રમાણે બંધનકરણ કહ્યું. હવે ઉદ્દેશક્રમે અવસર પ્રાપ્ત સંક્રમણકરણને કહેવાની શરૂઆત કરે છે. પ્રકૃતિ, સ્થિતિ, રસ, અને પ્રદેશરૂપ વિષયના ભેદે સંક્રમ ચાર પ્રકારે છે. તેમાં પહેલાં સંક્રમનું સામાન્ય લક્ષણ કહેવાને ઇચ્છતા આચાર્ય મહારાજ આ ગ્રંથની શરૂઆત કરે છે—

बज्झंतियासु इयरा ताओवि य संकमंति अन्नोन्नं ।
जा संतयाए चिट्ठहिं बंधाभावेवि दिट्ठीओ ॥१॥

बध्यमानास्वितराः ता अपि च सङ्क्रामन्त्यन्योऽन्यम् ।
याः सत्तया तिष्ठन्ति बन्धाभावेऽपि दृष्टी ॥१॥

અર્થ—જે પ્રકૃતિઓ સત્તા વડે રહેલી—વિદ્યમાન છે તે અબધ્યમાન પ્રકૃતિઓનો બધ્યમાન પ્રકૃતિમાં જે સંક્રમ થાય છે, તથા બધ્યમાન પ્રકૃતિઓનો પરસ્પર જે સંક્રમ થાય છે, તે સઘળો સંક્રમ કહેવાય છે. બંધનો અભાવ છતાં પણ બે દૃષ્ટિનો સંક્રમ થાય છે.

ટીકાનુ૦—બધ્યમાન-બંધાતી પ્રકૃતિઓમાં અબધ્યમાન—નહિ બંધાતી પ્રકૃતિઓનો જે સંક્રમ થાય છે, સંક્રમ થાય છે એટલે બધ્યમાન પ્રકૃતિરૂપે પરિણમે છે—પોતાના સ્વરૂપને છોડી બંધાતી પ્રકૃતિના સ્વરૂપને પ્રાપ્ત કરે છે તે સંક્રમ કહેવાય છે. જેમકે, બંધાતી સાતાવેદનીયમાં નહિ બંધાતી અસાતાવેદનીય સંક્રમે છે, અથવા બંધાતા ઉચ્ચ ગોત્રમાં નહિ બંધાતું નીચ ગોત્ર સંક્રમે છે તે સંક્રમ કહેવાય છે. જે પ્રકૃતિ જેની અંદર સંક્રમે તે પ્રકૃતિ તે રૂપે થઈ જાય છે. અસાતાવેદનીય સાતાવેદનીયમાં સંક્રમે ત્યારે તે સાતાવેદનીયરૂપે થાય છે, એટલે તે સાતાવેદનીયનું જ—સુખ ઉત્પન્ન કરવા રૂપ—કાર્ય કરે[1] છે. એ પ્રમાણે સર્વત્ર સમજવું. તથા બધ્યમાન પ્રકૃતિઓનો પરસ્પર જે સંક્રમ થાય છે, જેમકે, બધ્યમાન શ્રુતજ્ઞાનાવરણમાં બધ્યમાન મતિજ્ઞાનાવરણનો, અને બધ્યમાન મતિજ્ઞાનાવરણમાં બધ્યમાન શ્રુતજ્ઞાનાવરણનો એ પણ સઘળો સંક્રમ કહેવાય છે.

હવે કેવા સ્વરૂપવાળી અબધ્યમાન પ્રકૃતિઓ સંક્રમે છે ? તો કહે છે કે—જે પ્રકૃતિઓનાં દલિકો સત્તામાં હોય છે તે સંક્રમે છે. જેનો ક્ષય થઈ ગયો હોય અને જેણે હજી

---

૧. સંક્રમણ કરણ વડે જે પ્રકૃતિઓ બંધાતી પ્રકૃતિમાં સંક્રમે છે તે, તે રૂપે થઈ જાય છે. એટલે જેની અંદર સંક્રમી તેનું જ કાર્ય કરે છે. નીચ ગોત્ર ઉચ્ચ ગોત્રમાં જ્યારે સંક્રમે ત્યારે જેટલું દલિક ઉચ્ચ ગોત્ર રૂપે થયું તે ઉચ્ચ ગોત્રનું જ કાર્ય કરે છે. જેની અંદર સંક્રમે છે તે પતદ્ગ્રહ કહેવાય છે. જ્યાં સુધી પતદ્ગ્રહ હોય ત્યાં સુધી તેની અંદર સ્વજાતીય પ્રકૃતિ સંક્રમે છે. એટલું યાદ રાખવું કે સત્તાગત સઘળું દલિક સંક્રમતું નથી પરંતુ અમુક ભાગ જ સંક્રમે છે. નીચ ગોત્ર જ્યારે ઉચ્ચ ગોત્રમાં સંક્રમે ત્યારે નીચ ગોત્ર સર્વથા સંક્રમી તેની સત્તા જ ઊડી જાય એમ થતું નથી, પરંતુ નીચ ગોત્રનો અમુક ભાગ જ સંક્રમે છે. એટલે તેની પણ સત્તા કાયમ રહે છે. જેટલું સંક્રમે તેટલું તે રૂપે થાય છે.

પોતાના સ્વરૂપને પ્રાપ્ત કર્યું ન હોય એટલે કે જેઓ સત્તામાં જ પ્રાપ્ત થઈ ન હોય તેનો સંક્રમ થતો નથી. કારણ કે તે અનુક્રમે નષ્ટ થયેલી હોવાથી અને ઉત્પન્ન થયેલી નહિ હોવાથી તેનાં દલિકોનો જ અભાવ છે.

બધ્યમાન પ્રકૃતિઓનાં દલિકો તો સત્તામાં હોય જ, કારણ કે તે બંધાય છે, એટલે બંધાવલિકા ગયા પછી તે તો સંક્રમી શકે છે એટલે તેના સંબંધમાં કંઈ પ્રશ્ન રહેતો નથી. પરંતુ અબધ્યમાન જે પ્રકૃતિઓ સંક્રમે છે તેઓનાં દલિકો જે સત્તામાં હોય તે સંક્રમે છે. જે દલિકો ભોગવાઈ ક્ષય થઈ ગયાં હોય તે ક્ષય થયેલાં હોવાથી જ સંક્રમતાં નથી, અને જેઓએ પોતાના સ્વરૂપને જ પ્રાપ્ત ન કર્યું હોય એટલે કે જેઓ સ્વરૂપે જ સત્તામાં ન હોય તે સત્તામાં જ નહિ હોવાથી સંક્રમતાં નથી. તાત્પર્ય એ કે સત્તામાં રહેલાં અબધ્યમાન પ્રકૃતિઓનાં દલિકો બધ્યમાન પ્રકૃતિરૂપે થાય છે.

અબધ્યમાન પ્રકૃતિઓનો બધ્યમાન પ્રકૃતિઓમાં, અથવા બધ્યમાનનો બધ્યમાનમાં જે સંક્રમ થાય તે સંક્રમ કહેવાય એવું જે સંક્રમનું લક્ષણ કહ્યું તે પરિપૂર્ણ નથી. કારણ કે મિશ્રમોહનીય અને સમ્યક્ત્વમોહનીય નથી બંધાતી, છતાં તેમાં મિથ્યાત્વમોહનીય અને મિશ્રમોહનીયનો સંક્રમ થાય છે. આ વસ્તુ ધ્યાનમાં રાખી વિશેષ કહે છે—પતદ્ગ્રહરૂપ મિશ્રમોહનીય અને સમ્યક્ત્વમોહનીયના બંધનો અભાવ છતાં પણ તેની અંદર મિથ્યાત્વમોહનીય અને મિશ્રમોહનીયનો સંક્રમ થાય છે. ચોથા ગુણસ્થાનથી આરંભી અગિયારમા ગુણસ્થાનક સુધીમાં મિથ્યાત્વમોહનીયનો મિશ્ર અને સમ્યક્ત્વમોહનીય એ બંનેમાં, તથા મિશ્રનો સમ્યક્ત્વમોહનીયમાં સંક્રમ થાય છે એ પણ સંક્રમ કહેવાય છે.

આ લક્ષણ પ્રકૃતિસંક્રમ, સ્થિતિસંક્રમ, અનુભાગસંક્રમ, અને પ્રદેશસંક્રમ એ ચારેમાં સામાન્ય સ્વરૂપે સમજવું. એટલે સંક્રમનું સામાન્ય લક્ષણ આ થયું—અન્ય સ્વરૂપે રહેલા પ્રકૃતિ, સ્થિતિ રસ અને પ્રદેશોને બંધાતી સ્વજાતીય પ્રકૃત્યાદિરૂપે કરવા તે, તથા મિથ્યાત્વ અને મિશ્ર મોહનીયને નથી બંધાતી છતાં પણ મિશ્ર અને સમ્યક્ત્વમોહનીય રૂપે કરવા તે સંક્રમ કહેવાય છે. ૧.

આ પ્રમાણે સંક્રમના સામાન્ય લક્ષણને કહી, હવે જે પ્રકૃતિઓમાં સંક્રમ થાય છે તેઓનું સંજ્ઞાંતર—અન્ય નામ કહે છે—

संकमइ जासु दलियं ताओ उ पडिग्गहा समक्खाया ।
जा संकमआवलियं करणासज्झं भवे दलियं ॥२॥

सङ्क्रामति यासु दलिकं तास्तु पतद्ग्रहाः समाख्याताः ।
यावत् सङ्क्रमावलिकां करणासाध्यं भवेद्दलिकम् ॥२॥

અર્થ—જે કર્મપ્રકૃતિઓમાં દલિક સંક્રમે છે તે પ્રકૃતિઓ પતદ્ગ્રહ કહેવાય છે. સંક્રમેલું દલિક એક આવલિકા પર્યંત કરણાસાધ્ય હોય છે.

ટીકાનુ૦—બંધાતી જે કર્મપ્રકૃતિઓમાં સંક્લેશ અથવા વિશુદ્ધિરૂપ જીવના વીર્યવ્યાપારરૂપ

અસાધારણ કારણ વડે બંધાતી અગર નહિ બંધાતી કર્મપ્રકૃતિઓના સત્તામાં રહેલાં દલિકો—કર્મપરમાણુઓ સંક્રમે છે તે કર્મપ્રકૃતિઓ પતદ્ગ્રહ કહેવાય છે. પતદ્ એટલે પડનાર—સંક્રમનાર દલિકોનો, ગ્રહ—જે આધાર તે પતદ્ગ્રહ. તાત્પર્ય એ કે સત્તામાં રહેલાં દલિકો બંધાતી જે કર્મપ્રકૃતિરૂપે થાય તે પતદ્ગ્રહ કહેવા.

સંક્રમેલું તે દલિક જે સમયે સંક્રમ્યું તે સમયથી આરંભી એક આવલિકાકાળ પર્યંત કરણાસાધ્ય—ઉદ્વર્ત્તના, અપવર્ત્તના આદિ કોઈપણ કરણને અયોગ્ય હોય છે, એટલે કે તે દલિકમાં કોઈ પણ કરણની પ્રવૃત્તિ થતી નથી. એક આવલિકા કાળ તદવસ્થ પડ્યું રહે છે, ત્યારપછી કોઈ પણ કરણને યોગ્ય થાય છે. આ પ્રમાણે જે સમયે બંધાયું તે બદ્ધદલિકમાં પણ બદ્ધ સમયથી આરંભી એક આવલિકા કાળ પર્યંત કોઈ પણ કરણની પ્રવૃત્તિ થતી નથી. સંક્રમેલા દલિકમાં પણ સંક્રમનું સામાન્ય લક્ષણ ઘટે છે, માટે અહીં સંક્રમ સમયથી આરંભી એક આવલિકા કાળ તે દલિક કરણને અસાધ્ય હોય છે એમ કહ્યું છે. ૨.

પહેલી ગાથામાં કહેલું સંક્રમનું સામાન્ય લક્ષણ અતિવ્યાપ્તિ[1] દોષવાળું થયું તેથી તે દોષને દૂર કરવા તેમાં અપવાદ કહે છે—

नियनिय दिट्ठि न केइ दुइयतइज्जा न दंसणतिगंपि ।
मीसंमि न सम्मत्तं दंसकसाया न अन्नोन्नं ॥३॥

निजां निजां दृष्टिं न केचित् द्वितीयतृतीया न दर्शनत्रिकमपि ।
मिश्रे न सम्यक्त्वं दर्शनकषाययोर्नान्योऽन्यम् ॥३॥

અર્થ—કોઈ આત્માઓ પોતપોતાની દૃષ્ટિને અન્યત્ર સંક્રમાવતા નથી, બીજા તથા ત્રીજા ગુણસ્થાનકવાળા દર્શનત્રિકને સંક્રમાવતા નથી, મિશ્રમોહનીયમાં સમ્યક્ત્વમોહનીયનો સંક્રમ થતો નથી તથા દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયનો પરસ્પર સંક્રમ થતો નથી.

ટીકાનુ૰—કોઈપણ આત્માઓ પોતપોતાની દૃષ્ટિને અન્યત્ર સંક્રમાવતા નથી, એટલે કે કોઈપણ જીવો તેઓને જે દર્શનમોહનીયનો ઉદય હોય તે દર્શનમોહનીયને અન્ય પ્રકૃતિરૂપે કરતા નથી. જેમકે, મિથ્યાદૃષ્ટિ આત્માઓ મિથ્યાત્વમોહનીયને અન્યત્ર સંક્રમાવતા નથી. એ પ્રમાણે સમ્યગ્મિથ્યાદૃષ્ટિ મિશ્રમોહનીયને, અને સમ્યગ્દૃષ્ટિ સમ્યક્ત્વમોહનીયને અન્ય પ્રકૃતિમાં સંક્રમાવતા નથી.

---

૧. જેટલામાં લક્ષણ ઘટવું જોઈએ તેનાથી પણ અધિક સ્થાનમાં લક્ષણનું ઘટવું તે અતિવ્યાપ્તિ કહેવાય છે. સંક્રમનું સામાન્ય લક્ષણ પહેલી ગાથામાં આ પ્રમાણે કર્યું છે—અન્ય સ્વરૂપે રહેલ પ્રકૃત્યાદિને સ્વજાતીય પ્રકૃતિરૂપે કરવા તે સંક્રમ કહેવાય છે. આ લક્ષણ પ્રમાણે જે દર્શન મોહનીયનો ઉદય હોય તે દર્શન મોહનીયના સંક્રમનો, બીજે-ત્રીજે ગુણઠાણે દર્શન મોહનીયના સંક્રમનો, મિશ્ર મોહનીય અને સમ્યક્ત્વ મોહનીયના સંક્રમનો, દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીયના પરસ્પર સંક્રમનો, આયુચતુષ્કના પરસ્પર સંક્રમનો, મૂળકર્મના પરસ્પર સંક્રમનો અને ઉપશાંત થયેલ દલિકના સંક્રમનો નિષેધ થતો નથી, પરંતુ સંક્રમના સામાન્ય લક્ષણ પ્રમાણે સંક્રમ થઈ શકે છે. પણ શાસ્ત્રકારને તે ઇષ્ટ નથી. કેમકે તે પ્રમાણે સંક્રમ થતો નથી. આ રીતે દોષપ્રાપ્ત સંક્રમના સામાન્ય લક્ષણમાં અપવાદ કહી તે દોષ દૂર કરે છે.

બીજા સાસ્વાદન ગુણસ્થાનકવાળા અને ત્રીજા સમ્યગ્મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનકવાળા જીવો ત્રણ દર્શનમોહનીયમાંથી કોઈપણ પ્રકૃતિનો સંક્રમ કરતા નથી.

મિશ્રમોહનીયમાં સમ્યક્ત્વમોહનીયને સંક્રમાવતા નથી.

દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય એ બંનેને પરસ્પર સંક્રમાવતા નથી એટલે કે દર્શનમોહનીયને ચારિત્રમોહનીયમાં સંક્રમાવતા નથી, ચારિત્રમોહનીયને દર્શનમોહનીયમાં[1] સંક્રમાવતા નથી. ૩

આ ગાથામાં પણ સંક્રમના અપવાદ કહે છે—

संकामंति न आउं उवसंतं तहय मूलपगईओ ।
पगइठाणविभेया संकमणपडिग्गहा दुविहा ॥४॥

संक्रमयन्ति न आयूंषि उपशान्तं तथा च मूलप्रकृतीः ।
प्रकृतिस्थानविभेदात् संक्रमपतद्ग्रहौ द्विविधौ ॥४॥

અર્થ—આયુને પરસ્પર સંક્રમાવતા નથી, તથા ઉપશાંત દલનો સંક્રમ થતો નથી, તેમજ મૂળકર્મનો પરસ્પર સંક્રમ થતો નથી. પ્રકૃતિ, સ્થાનના ભેદે સંક્રમ અને પતદ્ગ્રહ બબ્બે પ્રકારે થાય છે.

ટીકાનુ૰—કોઈપણ આત્માઓ કોઈ પણ આયુને પરસ્પર સંક્રમાવતા નથી, એટલે કે સત્તાગત કોઈ પણ આયુ બંધાતા કોઈ પણ આયુ રૂપે થતું નથી.

---

૧. અહીં તથા કર્મપ્રકૃતિ સંક્રમણ કરણમાં પણ દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીયનો પરસ્પર સંક્રમ થતો નથી એમ સ્પષ્ટ જણાવેલ છે. પરંતુ નવ્યશતક વૃત્તિમાં ગાથા ૯૯ની વૃત્તિમાં દેવેન્દ્રસૂરીશ્વરજી મહારાજે તથા વિશેષાવશ્યક બૃહદ્વૃત્તિમાં, આવશ્યકચૂર્ણિ વગેરેમાં ક્ષાયિક સમ્યક્ત્વ પામતા, અનંતાનુબંધીનો ક્ષય કરતો આત્મા અનંતાનુબંધીનો અનંતમો ભાગ મિથ્યાત્વ મોહનીયમાં સંક્રમાવે છે. અને પછી અનંતાનુબંધી સહિત મિથ્યાત્વ મોહનો ક્ષય કરે છે." આ રીતે અનંતાનુબંધીનો મિથ્યાત્વ મોહનીયમાં સંક્રમ થાય છે એમ જણાવેલ છે.

આ વાતનો સમન્વય કરતાં પહેલાં દર્શનમોહનીયની અને ચારિત્રમોહનીયની પ્રકૃતિઓ કઈ કઈ છે તેનો વિચાર કરવાથી ખ્યાલ આવી જશે. આ જ ગ્રંથનું ત્રીજું દ્વાર, કર્મગ્રંથ તથા આચારાંગવૃત્તિ વગેરે ગ્રંથો મિથ્યાત્વાદિક ત્રણને દર્શન મોહનીયમાં અને શેષ અનંતાનુબંધી વગેરે પચીસ પ્રકૃતિઓને ચારિત્રમોહનીયમાં જણાવે છે. જ્યારે તત્ત્વાર્થની ટીકામાં અનંતાનુબંધી ચતુષ્ક અને દર્શનત્રિક એ સાત પ્રકૃતિઓને દર્શનમોહનીય અને શેષ એકવીસ પ્રકૃતિઓને ચારિત્ર મોહનીયમાં જણાવી છે. વળી અનંતાનુબંધી ચતુષ્ક પણ દર્શનગુણનો જ ઘાત કરે છે. તેથી અન્ય ગ્રંથોમાં પણ તે સાત પ્રકૃતિઓને ''દર્શનસપ્તક'' તરીકે બતાવવામાં આવી છે.

હવે જો, દર્શનમોહનીય એટલે અનંતાનુબંધી આદિ સાત પ્રકૃતિઓ ગ્રહણ કરીએ તો ''દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયનો પરસ્પર સંક્રમ થતો નથી'' એ પાઠ અને ''અનંતાનુબંધીનો મિથ્યાત્વ મોહનીયમાં સંક્રમ થયો'' એ પાઠ સંગત થઈ શકે છે. તથા દર્શનત્રિકને દર્શનમોહનીયથી ગ્રહણ કરીએ તો ''અનંતાનુબંધીનો મિથ્યાત્વમાં સંક્રમ થાય છે'' તે અલ્પ હોવાથી તેની અવિવક્ષા કરી હોય, અથવા મતાંતર હોય તેમ લાગે છે. તત્ત્વ તો બહુશ્રુતો જાણે.

જે જે ચારિત્રમોહનીયનો સર્વથા ઉપશમ થાય તેનો કોઈ પણ પ્રકૃતિમાં સંક્રમ થતો નથી. માત્ર ઉપશમેલા દર્શનમોહનીયનો સંક્રમ થાય છે એટલે કે મિથ્યાત્વ અને મિશ્રમોહનીયને સમ્યક્ત્વમોહનીય રૂપ કરે છે. આ હકીકત ગ્રંથના પૂર્વાપરનો વિચાર કરવાથી જાણી શકાય છે.

તથા જ્ઞાનાવરણીયાદિ મૂળકર્મને પરસ્પર સંક્રમાવતા નથી. જેમકે—જ્ઞાનાવરણીયની કોઈપણ પ્રકૃતિને દર્શનાવરણીયાદિ કોઈપણ કર્મમાં, અથવા દર્શનાવરણીયની કોઈપણ પ્રકૃતિને જ્ઞાનાવરણાદિ કોઈપણ કર્મમાં સંક્રમાવતા નથી. એ પ્રમાણે સઘળા મૂળકર્મ આશ્રયી કહેવું. આ અપવાદ સિવાય સંક્રમનું સામાન્ય લક્ષણ પ્રવર્ત્તે છે તેમ સમજવું.

આ પ્રમાણે સંક્રમમાં અપવાદ કહી સંક્રમ અને પતદ્ગ્રહના ભેદો કહે છે—પ્રકૃતિ અને પ્રકૃતિસ્થાનના ભેદે સંક્રમ અને પતદ્ગ્રહ બબ્બે પ્રકારે થાય છે, તે આ પ્રમાણે—પ્રકૃતિ સંક્રમ, પ્રકૃતિસ્થાનસંક્રમ, પ્રકૃતિ પતદ્ગ્રહ, અને પ્રકૃતિસ્થાન[૧] પતદ્ગ્રહ.

જ્યારે એક પ્રકૃતિ એકમાં સંક્રમે, જેમકે—સાતા અસાતામાં, અથવા અસાતા સાતામાં ત્યારે જે પ્રકૃતિ સંક્રમે છે તે એક જ સંક્રમતી હોવાથી પ્રકૃતિ સંક્રમ, અને એકમાં સંક્રમ થાય છે માટે પ્રકૃતિ પતદ્ગ્રહ.

જ્યારે બે, ત્રણ આદિ ઘણી પ્રકૃતિઓ ઘણીમાં સંક્રમે ત્યારે પ્રકૃતિસ્થાન સંક્રમ અને પ્રકૃતિસ્થાન પતદ્ગ્રહ કહેવાય. તાત્પર્ય એ કે જ્યારે એક પ્રકૃતિ સંક્રમતી હોય ત્યારે પ્રકૃતિસંક્રમ, અનેક સંક્રમતી હોય ત્યારે પ્રકૃતિસ્થાનસંક્રમ, સંક્રમ્યમાણ પ્રકૃતિનો આધાર જ્યારે એક પ્રકૃતિ હોય ત્યારે પ્રકૃતિ પતદ્ગ્રહ, અને અનેક હોય ત્યારે પ્રકૃતિસ્થાન પતદ્ગ્રહ કહેવાય.

તેમાં જ્યારે ઘણી પ્રકૃતિઓ એકમાં સંક્રમે જેમકે—એક યશઃકીર્ત્તિમાં નામકર્મની શેષ પ્રકૃતિઓ—ત્યારે તે પ્રકૃતિસ્થાન સંક્રમ કહેવાય. જ્યારે ઘણી પ્રકૃતિમાં એક સંક્રમે, જેમકે—મિશ્ર અને સમ્યક્ત્વ મોહનીયમાં મિથ્યાત્વમોહનો સંક્રમ થાય—ત્યારે તે પ્રકૃતિસ્થાન પતદ્ગ્રહ કહેવાય, જ્યારે ઘણી પ્રકૃતિઓમાં ઘણી પ્રકૃતિઓ સંક્રમે—જેમકે જ્ઞાનાવરણીયની પાંચે પ્રકૃતિઓ પાંચેમાં—ત્યારે તે પ્રકૃતિસ્થાન સંક્રમ અને પ્રકૃતિસ્થાન પતદ્ગ્રહ કહેવાય. અહીં વાસ્તવિક રીતે જો કે અનેક પ્રકૃતિઓ સંક્રમતી હોય અને પતદ્ગ્રહ પણ અનેક પ્રકૃતિઓ હોય છતાં પણ જ્યારે સંક્રમ અને પતદ્ગ્રહપણામાં એક એક પ્રકૃતિના સંક્રમની અને એક એક પ્રકૃતિરૂપ પતદ્ગ્રહની

૧. અહીં આ પ્રમાણે ચૌભંગી થઈ શકે છે :- ૧. સંક્રમ્યમાણ પ્રકૃતિ એક, પતદ્ગ્રહ પ્રકૃતિ પણ એક, ૨. સંક્રમ્યમાણ પ્રકૃતિ અનેક, પતદ્ગ્રહ પ્રકૃતિ એક, ૩. સંક્રમ્યમાણ પ્રકૃતિ એક, પતદ્ગ્રહ અનેક, અને ૪. સંક્રમ્યમાણ પ્રકૃતિ અનેક, પતદ્ગ્રહ પ્રકૃતિ પણ અનેક. તેમાં બંધાતી સાતવેદનીયમાં જ્યારે અસાતા સંક્રમે ત્યારે સંક્રમનાર અને પતદ્ગ્રહ એક એક પ્રકૃતિ હોવાથી ત્યાં પહેલો ભાંગો ઘટે છે. આઠમા ગુણસ્થાનકના સાતમા ભાગથી દશમા ગુણસ્થાનક સુધીમાં બંધાતી યશઃકીર્તિમાં નામકર્મની ઘણી પ્રકૃતિઓ સંક્રમતી હોવાથી ત્યાં બીજો ભાંગો ઘટે છે. પ્રથમ ઉપશમ સમ્યક્ત્વની પ્રાપ્તિ વખતે મિથ્યાત્વના ત્રણ પુંજ કરે છે. ત્યારથી માંડી એક આવલિકા કાલ સુધી મિશ્ર મોહનીયનો સંક્રમ થતો નથી. માટે તે વખતે માત્ર મિથ્યાત્વમોહનીયનો મિશ્ર અને સમ્યક્ત્વ મોહનીય એમ બેમાં સંક્રમ થતો હોવાથી ત્યાં ત્રીજો ભાંગો ઘટે છે. અને બંધાતી નામકર્મની ત્રેવીસાદિ પ્રકૃતિઓમાં સંક્રમનાર નામકર્મની ઘણી પ્રકૃતિઓ હોવાથી ત્યાં ચોથો ભંગ ઘટે છે એમ અન્યત્ર જ્યાં ઘટે ત્યાં દૃષ્ટાંતની યોજના કરી લેવી.

વિવક્ષા કરીએ ત્યારે તેને પ્રકૃતિ સંક્રમ અને પ્રકૃતિ પતદ્‌ગ્રહ કહેવાય એમ સમજવું. આ પ્રમાણે હોવાથી આગળ ઉપર જ્યાં એક એક પ્રકૃતિ સંક્રમ અને એક એક પ્રકૃતિરૂપ પતદ્‌ગ્રહનો વિચાર કરશે ત્યાં પ્રકૃતિસ્થાન સંક્રમ અને પ્રકૃતિસ્થાન પતદ્‌ગ્રહનો સદ્‌ભાવ હોવા છતાં પણ તેનું પ્રકૃતિસંક્રમ અને પ્રકૃતિ પતદ્‌ગ્રહરૂપે પ્રતિપાદન વિરોધી નહિ[1] થાય. ૪. તથા—

खयउवसमदिट्ठीणं सेढीए न चरिमलोभसंकमणं ।
खवियट्ठगस्स इयराइ जं कमा होंति पंचण्हं ॥५॥

क्षायिकोपशमदृष्टीनां श्रेण्यां न चरमलोभसंक्रमणम् ।
क्षपिताष्टकस्येतरस्यां यतो क्रमाद् भवति पञ्चानाम् ॥५॥

અર્થ—ક્ષાયિક અથવા ઉપશમ સમ્યગ્દૃષ્ટિ જીવોને ઉપશમશ્રેણિમાં અંતરકરણ કરે ત્યારે અને ઇતર-ક્ષપકશ્રેણિમાં આઠ કષાયનો ક્ષય કર્યા બાદ અંતરકરણ કરે ત્યારે ચરમ-સંજ્વલન લોભનો સંક્રમ થતો નથી. કારણ કે પાંચ પ્રકૃતિઓનો સંક્રમ ક્રમપૂર્વક થાય છે.

ટીકાનુ૦—ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ અથવા ઉપશમ સમ્યગ્દૃષ્ટિ જીવોને ઉપશમશ્રેણિમાં જ્યારે અંતરકરણ કરે ત્યારે સંજ્વલન લોભનો સંક્રમ થતો નથી. તથા ઇતર-ક્ષપકશ્રેણિમાં આઠ કષાયનો ક્ષય કર્યા પછી અંતરકરણ કરે ત્યારે સંજ્વલન લોભનો સંક્રમ થતો નથી. કારણ શું ? એમ પૂછતા હો તો કહે છે—ઉપશમશ્રેણિમાં અથવા ક્ષપકશ્રેણિમાં અંતરકરણ કર્યા બાદ પુરુષવેદ અને સંજ્વલન ચતુષ્ક એ પાંચ પ્રકૃતિઓનો ક્રમપૂર્વક—એટલે કે પહેલા જેનો બંધવિચ્છેદ થાય તેનો પછીથી બંધવિચ્છેદ થનારી પ્રકૃતિમાં સંક્રમ થાય છે. ઉત્ક્રમે થતો નથી એટલે કે જેનો બંધવિચ્છેદ પછી થાય છે તેનો પહેલાં બંધવિચ્છેદ થનારી પ્રકૃતિમાં સંક્રમ થતો નથી.

જેમકે—પુરુષવેદને સંજ્વલન ક્રોધાદિમાં સંક્રમાવે છે પરંતુ સંજ્વલન ક્રોધાદિને પુરુષવેદમાં સંક્રમાવતા નથી. એ પ્રમાણે સંજ્વલનક્રોધને સંજ્વલન માનાદિમાં સંક્રમાવે છે પરંતુ પુરુષવેદમાં સંક્રમાવતા નથી. સંજ્વલન માનને સંજ્વલન માયાદિમાં સંક્રમાવે છે પરંતુ સંજ્વલન ક્રોધાદિમાં સંક્રમાવતા નથી. અને સંજ્વલન માયાને સંજ્વલન લોભમાં જ સંક્રમાવે છે પરંતુ સંજ્વલનમાનાદિમાં સંક્રમાવતા નથી. કર્મપ્રકૃતિ ગા૦ ૪માં કહ્યું છે કે—'અંતરકરણ કર્યે છતે ચારિત્રમોહનીયની પાંચ પ્રકૃતિઓનું ક્રમપૂર્વક સંક્રમણ થાય છે.' આ પ્રમાણે ઉક્ત ન્યાયે અંતરકરણ થયા બાદ સંજ્વલન લોભનો સંક્રમ ઘટી શકતો નથી.

અંતરકરણથી અન્યત્ર એટલે કે અંતરકરણ કર્યા પહેલાં એ પાંચે પ્રકૃતિઓનો ક્રમપૂર્વક અથવા ક્રમ સિવાય બંને રીતે સંક્રમ પ્રવર્ત્તે છે. ક્રોધનો લોભમાં તેમજ લોભનો ક્રોધમાં પણ સંક્રમ

---

૧. દાખલા તરીકે—જ્ઞાનાવરણીયની પાંચ પ્રકૃતિનો બંધ દશમાના ચરમ સમય પર્યંત થાય છે. એટલે પાંચે પ્રકૃતિઓ પતદ્‌ગ્રહરૂપે છે અને સંક્રમનારી પણ પાંચે છે. મતિજ્ઞાનાવરણીય શ્રુતજ્ઞાનાવરણાદિ ચારેમાં સંક્રમે છે. આ પ્રમાણે દરેક સમયે જ્ઞાનાવરણીયની પાંચે પ્રકૃતિઓ સંક્રમરૂપે અને પતદ્‌ગ્રહરૂપે હોવા છતાં પણ જ્યારે એક એકના સંક્રમની અને એક એક પ્રકૃતિરૂપ પતદ્‌ગ્રહની વિવક્ષા કરીએ. જેમકે—મતિજ્ઞાનાવરણીય શ્રુતજ્ઞાનાવરણીયમાં, મતિજ્ઞાનાવરણીય અવધિજ્ઞાનાવરણીયમાં—ત્યારે તેને પ્રકૃતિ સંક્રમ અને પ્રકૃતિ પતદ્‌ગ્રહ કહી શકાય. કારણ કે અહીં વિવક્ષા પ્રમાણ છે. એ પ્રમાણે અન્યત્ર પણ સમજવું.

થઈ શકે છે. ઉક્ત પ્રકૃતિ સિવાય શેષ પ્રકૃતિઓનો અંતરકરણ કર્યા પછી કે પહેલા ક્રમપૂર્વક અથવા ક્રમ સિવાય સંક્રમ થાય છે એમ સમજવું. ૫.

હવે પતદ્ગ્રહમાં અપવાદ કહે છે—

मिच्छे खविए मीसस्स नत्थि उभएवि नत्थि सम्मस्स ।
उव्वलिएसुं दोसुं पडिग्गहया नत्थि मिच्छस्स ॥६॥

मिथ्यात्वे क्षपिते मिश्रस्य नास्ति उभयेऽपि नास्ति सम्यक्त्वस्य ।
उद्वलितयोर्द्वयोः पतद्ग्रहता नास्ति मिथ्यात्वस्य ॥६॥

અર્થ—મિથ્યાત્વમોહનીયનો ક્ષય થયે છતે મિશ્રમોહનીય પતદ્ગ્રહરૂપે રહેતી નથી. મિથ્યાત્વ અને મિશ્ર બંનેનો ક્ષય થયા બાદ સમ્યક્ત્વમોહનીય પતદ્ગ્રહ થતી નથી. અને સમ્યક્ત્વમોહનીય તથા મિશ્રમોહનીયની ઉદ્વલના થયે છતે મિથ્યાત્વ મોહનીય પતદ્ગ્રહરૂપે રહેતું નથી.

ટીકાનુ૦—ક્ષાયિક સમ્યક્ત્વ ઉપાર્જન કરતાં મિથ્યાત્વ મોહનીયનો ક્ષય થયા પછી મિશ્રમોહનીય પતદ્ગ્રહ રૂપે રહેતું નથી એટલે કે મિશ્ર મોહનીયમાં કોઈપણ અન્ય પ્રકૃતિનું દલિક સંક્રમતું નથી, કારણ કે મિશ્ર મોહનીયમાં માત્ર મિથ્યાત્વ મોહનીયનું જ દલિક સંક્રમે છે, અન્ય કોઈપણ પ્રકૃતિનું સંક્રમતું નથી. તેનો તો ક્ષય થયો એટલે મિશ્રમોહનીયની પતદ્ગ્રહતા પણ નષ્ટ થઈ.

મિથ્યાત્વમોહનીય અને મિશ્રમોહનીય બંનેનો ક્ષય થયા બાદ સમ્યક્ત્વ મોહનીયની પતદ્ગ્રહતા દૂર થાય છે. કારણ કે સમ્યક્ત્વમોહનીયમાં મિથ્યાત્વ અને મિશ્રમોહનીયનો જ સંક્રમ થાય છે. તે બંનેનો તો ક્ષય થયો, એટલે અન્ય કોઈ પણ પ્રકૃતિના સંક્રમનો અસંભવ હોવાથી સમ્યક્ત્વમોહનીય પણ પતદ્ગ્રહ રૂપે રહેતું નથી.

મિથ્યાત્વગુણસ્થાનકે સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીયની ઉદ્વલના થયા પછી મિત્યાત્વમોહનીય પતદ્ગ્રહ થતું નથી. કારણ કે પહેલે ગુણસ્થાનકે મિથ્યાત્વમોહનીયમાં મિશ્રમોહનીય અને સમ્યક્ત્વમોહનીયનો જ સંક્રમ થાય છે. ચારિત્ર મોહનીયની કોઈ પણ પ્રકૃતિનો સંક્રમ થતો નથી. દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયનો પરસ્પર સંક્રમ થતો નથી એ પહેલાં કહી ગયા છે. અને સમ્યક્ત્વ તથા મિશ્રમોહનીયની તો ઉદ્વલના થઈ એટલે અન્ય કોઈ પણ પ્રકૃતિના સંક્રમનો અભાવ હોવાથી મિથ્યાત્વ મોહનીયની પતદ્ગ્રહતા નષ્ટ થાય છે. ૬.

હવે શ્રેણિમાં પતદ્ગ્રહ સંબંધે અપવાદ કહે છે—

दुसुतिसु आवलियासु समयविहीणासु आइमठिईए ।
सेसासुं पुंसंजलणयाण न भवे पडिग्गहया ॥७॥

द्वयोस्तिसृष्वावलिकासु समयविहीनासु आदिमस्थितेः ।
शेषासु पुंसंज्वलनानां न भवेत् पतद्ग्रहता ॥७॥

અર્થ—પ્રથમ સ્થિતિની સમયન્યૂન બે અને ત્રણ આવલિકા શેષ રહે ત્યારે અનુક્રમે પુરુષવેદ અને સંજ્વલનની પતદ્ગ્રહતા હોતી નથી.

ટીકાનુ૦—અહીં ગાથામાં ગ્રહણ કરેલ બે અને ત્રણ એ શબ્દ સાથે પુરુષવેદ અને સંજ્વલન ચતુષ્કની ક્રમપૂર્વક યોજના કરવી. એ પ્રમાણે યોજના કરતાં આ પ્રમાણે અર્થ થાય છે. અંતરકરણ કર્યા બાદ સમયન્યૂન બે આવલિકા પ્રમાણ પ્રથમ સ્થિતિ શેષ રહે ત્યારે પુરુષવેદની પતદ્ગ્રહતા રહેતી નથી. એટલે કે પુરુષવેદમાં અન્ય કોઈ પણ પ્રકૃતિનું દલિક સંક્રમતું નથી.[1] તથા સમયન્યૂન ત્રણ આવલિકા પ્રમાણ પ્રથમસ્થિતિ શેષ રહે ત્યારે સંજ્વલન ચતુષ્ક-ક્રોધ, માન, માયા અને લોભ પતદ્ગ્રહરૂપે રહેતા નથી. પ્રથમ સ્થિતિ તેટલી તેટલી શેષ રહે ત્યારે તેની અંદર અન્ય કોઈ પણ પ્રકૃતિનું દલિક સંક્રમતું નથી. આ પ્રમાણે પતદ્ગ્રહપણાના વિષયમાં અપવાદ કહ્યો. ૭.

હવે સાદિ અનાદિની પ્રરૂપણા કરવી જોઈએ. તે બે પ્રકારે છે : ૧. મૂળ પ્રકૃતિ વિષયક, અને ૨. ઉત્તર પ્રકૃતિ વિષયક. તેમાં મૂળ કર્મ પ્રકૃતિઓનો પરસ્પર સંક્રમ નહિ થતો હોવાથી તેમાં સાદિ અનાદિ પ્રરૂપણા સંભવતી નથી માટે ઉત્તર પ્રકૃતિઓના સંબંધમાં વિચારણા કરે છે.

धुवसंतीणं चउहेह संकमो मिच्छणीयवेयणीए ।
साईअधुवो बंधोव्व होई तह अधुवसंतीणं ॥८॥

ध्रुवसत्ताकानां चतुर्धेह संक्रमो मिथ्यात्वनीचैर्वेदनीयानाम् ।
साद्यध्रुवो बन्ध इव भवति तथाऽध्रुवसत्ताकानाम् ॥८॥

અર્થ—જેઓની ધ્રુવસત્તા છે તેઓનો સંક્રમ સાદિ આદિ ચાર પ્રકારે છે. મિથ્યાત્વ, નીચ ગોત્ર અને વેદનીયનો સંક્રમ સાદિ-સાન્ત છે. અને અધ્રુવસત્તાવાળી પ્રકૃતિઓનો બંધની જેમ સાદિ અને સાંત એમ બે પ્રકારે છે.

ટીકાનુ૦—સમ્યક્ત્વમોહનીય, મિશ્રમોહનીય, નરકદ્વિક, મનુષ્યદ્વિક, દેવદ્વિક, વૈક્રિયસપ્તક, આહારકસપ્તક, તીર્થંકરનામ, ઉચ્ચ ગોત્ર એ ચોવીસ પ્રકૃતિઓ અને આયુચતુષ્ક કુલ અઠ્ઠાવીસ પ્રકૃતિઓ અધ્રુવસત્તાવાળી છે, અને શેષ એકસો ત્રીસ કર્મપ્રકૃતિઓની ધ્રુવસત્તા છે.

હવે સાદ્યાદિ ભંગનો વિચાર કરે છે—મિથ્યાત્વમોહનીય, નીચ ગોત્ર અને સાતા-અસાતાવેદનીય સિવાય એકસો છવ્વીસ ધ્રુવસત્કર્મપ્રકૃતિઓનો સંક્રમ સાદ્યાદિરૂપે ચાર પ્રકારે હોય છે. તે આ પ્રમાણે—ઉપરોક્ત ધ્રુવસત્કર્મપ્રકૃતિઓનો સંક્રમના વિષયભૂત પ્રકૃતિના—પતદ્ગ્રહ

---

૧. અહીં એમ શંકા થાય કે સમયન્યૂન બે કે ત્રણ આવલિકા પ્રમાણ પ્રથમ સ્થિતિ શેષ રહે ત્યારે પતદ્ગ્રહતા કેમ નષ્ટ થાય ? જ્યાં સુધી બંધ હોય ત્યાં સુધી પતદ્ગ્રહતા કાયમ કેમ ન રહે ? બંધ તો પતદ્ગ્રહપણું દૂર થયા પછી સમયન્યૂન બે આવલિકા પર્યન્ત થાય છે. અહીં કારણ એમ સમજાય છે કે ઉપરોક્ત પ્રકૃતિઓના અબંધના પહેલા સમયથી માત્ર બંધાયેલું દલિક જ સત્તામાં રહે છે, અન્ય કોઈ પણ પ્રકારનું દલિક રહેતું નથી. હવે જો બંધવિચ્છેદ પર્યન્ત પતદ્ગ્રહરૂપે ચાલુ રહે તો બંધવિચ્છેદ થયા પછી સંક્રમેલું દલિક પણ સત્તામાં રહે, માટે ઉપરોક્ત કાળ શેષ રહે ત્યારે પતદ્ગ્રહતા નષ્ટ થાય એમ સંભવે છે.

પ્રકૃતિના બંધનો વિચ્છેદ થાય બાદ સંક્રમ થતો નથી, ત્યારપછી સંક્રમના વિષયભૂત પ્રકૃતિઓનો પોતપોતાના બંધહેતુ મળવાથી ફરી બંધ થાય ત્યારે સંક્રમ થાય છે માટે સાદિ, બંધવ્યવચ્છેદ સ્થાન જેઓએ પ્રાપ્ત કર્યું નથી તેઓને અનાદિ કાળથી સંક્રમ થાય છે માટે અનાદિ, અભવ્યને કોઈ કાળે બંધવિચ્છેદ નહિ થાય માટે અનંત, અને ભવ્યને કાલાંતરે બંધવિચ્છેદનો સંભવ હોવાથી સાંત સંક્રમ હોય છે.

મિથ્યાત્વમોહનીય, નીચ ગોત્ર, સાત-અસાતવેદનીયનો સંક્રમ સાદિ અને સાંત એમ બે પ્રકારે છે. તે આ પ્રમાણે—મિથ્યાત્વમોહનીયનો સંક્રમ વિશુદ્ધ સમ્યગ્દૃષ્ટિને થાય છે. અને વિશુદ્ધ સમ્યગ્દૃષ્ટિપણું કાદાચિત્ક—અમુક કાળે જ હોય છે, અનાદિ કાળથી હોતું નથી, તેથી જ્યારે ઉપશમ કે ક્ષયોપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત થાય ત્યારે મિથ્યાત્વમોહનીયનો સંક્રમ થાય માટે સાદિ, અને ત્યારપછી ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત થાય અથવા પડીને મિથ્યાત્વે જાય ત્યારે સંક્રમનો અંત થાય માટે સાંત. આ રીતે મિથ્યાત્વનો સંક્રમ સાદિ, સાન્ત ભાંગે જ છે.

સાત-અસાતવેદનીય અને ઉચ્ચ-નીચ ગોત્ર એ પ્રકૃતિઓ પરાવર્ત્તમાન હોવાથી જ તેઓનો સંક્રમ સાદિ-સાંત ભાંગે છે. તે આ પ્રમાણે—સાતવેદનીય જ્યારે બંધાય ત્યારે અસાતાનો સંક્રમ થાય, અને અસાતા જ્યારે બંધાતી હોય ત્યારે સાતાનો સંક્રમ થાય. એ પ્રમાણે ઉચ્ચ ગોત્ર બંધાય ત્યારે નીચ ગોત્રનો સંક્રમ થાય, નીચ ગોત્ર જ્યારે બંધાય ત્યારે ઉચ્ચ ગોત્રનો સંક્રમ થાય. બંધાતી પ્રકૃતિ પતદ્‌ગ્રહ છે અને નહિ બંધાતી સંક્રમ્યમાણ છે. આ રીતે એ પ્રકૃતિઓ પરાવર્ત્તમાન હોવાથી તેઓનો સંક્રમ સાદિ અને સાંત ભાંગે છે.

અધ્રુવસત્કર્મ પ્રકૃતિઓનો બંધની જેમ સંક્રમ પણ સાદિ-સાંત સમજવો. કારણ કે તેઓની સત્તા જ અધ્રુવ છે. સત્તા હોય ત્યારે સંક્રમ થાય, ન હોય ત્યારે ન થાય. ૮.

ઉપરોક્ત ગાથામાં સંક્રમ ઉપર જે ભાંગા કહ્યા તે બરાબર છે. હવે આપ કહો કે કઈ પ્રકૃતિનો સંક્રમ ક્યાં સુધી થાય ? જેથી કરીને ત્યાંથી આગળ ન થાય અને પડે ત્યારે ફરી થાય એટલે સંક્રમની સાદિ થાય એ સમજી શકાય ? આચાર્ય માહારાજ તેનો ઉત્તર આપતાં કહે છે—

साअणजसदुविहकसायसेसदोदंसणाण जइपुव्वा ।
संकामगंत कमसो सम्मुच्चाणं पढमदुइया ॥९॥

सातानन्तानुबन्धियशः द्विविधकषायशेषद्विदर्शनानां यतिपूर्व्वाः ।
संक्रामकान्ताः क्रमशः सम्यक्त्वोच्चयोः प्रथमद्वितीयाः ॥९॥

અર્થ—સાતવેદનીય, અનન્તાનુબંધી, યશઃકીર્ત્તિ, કષાય અને નોકષાય એમ બે પ્રકારના કષાય, શેષ કર્મપ્રકૃતિઓ, અને મિથ્યાત્વ તથા મિશ્ર એમ બે દર્શનમોહનીય એ પ્રકૃતિઓના સંક્રમ કરનારાઓમાં અનુક્રમે પ્રમત્તસંયતાદિ ગુણસ્થાનકવર્ત્તી જીવો પર્યવસાનરૂપે સમજવા. તથા સમ્યક્ત્વમોહનીય અને ઉચ્ચ ગોત્રના અનુક્રમે પહેલા અને બીજા ગુણસ્થાનકવર્ત્તી જીવો પર્યવસાનભૂત સમજવા.

ટીકાનુ૰—સાતવેદનીય, અનંતાબંધી યશઃકીર્ત્તિ, અનંતાનુબંધી સિવાય બાર કષાય અને નોકષાય એમ બે પ્રકારના કષાય, શેષ કર્મપ્રકૃતિ, અને સમ્યક્ત્વમોહનીય તથા મિશ્રમોહનીય એ

બે દર્શનમોહનીય, આ સઘળી કર્મપ્રકૃતિઓના અનુક્રમે પ્રમત્ત સંયતાદિ ગુણસ્થાનવર્તી આત્માઓ અનુક્રમે સંક્રમ કરનારાઓમાં અંત રૂપે સમજવા એટલે કે ઉક્ત પ્રકૃતિઓના સંક્રમસ્વામી તે તે ગુણસ્થાનક સુધીના જીવો સમજવા.

સમ્યક્ત્વમોહનીય અને ઉચ્ચ ગોત્રના અનુક્રમે પહેલા અને બીજા ગુણસ્થાનક સુધીના જીવો સંક્રમાવનારાઓમાં અંતરૂપે સમજવા.

ઉપર જે કહ્યું તેનો તાત્પર્ય આ પ્રમાણે—સાતાવેદનીયના સંક્રમના સ્વામી મિથ્યાદૃષ્ટિથી આરંભી પ્રમત્ત સંયમ સુધીના જીવો સમજવા, તે ઉપરના ગુણસ્થાનકવર્ત્તિ જીવો નહિ. કારણ કે અપ્રમત્તાદિ ગુણસ્થાનકે અસાતવેદનીયનો બંધ થતો નથી પરંતુ સાતાનો જ બંધ થાય છે તેથી અસાતાનો સાતામાં સંક્રમ થાય છે, પતદ્ગ્રહનો અભાવ હોવાથી સાતાનો સંક્રમ થતો નથી. માટે સાતવેદનીયનો સંક્રમ કરનારાઓમાં છેલ્લા પ્રમત્તસંયત આત્માઓ જ સમજવા. એટલે કે પ્રમત્તસંયમ પર્યંત જ સાતાનો સંક્રમ થઈ શકે છે એમ સમજવું. આ પ્રમાણે સર્વત્ર સંક્રમ કરનારાઓમાં પર્યન્તવર્ત્તિ કોણ તે સમજી લેવું. જે ગુણસ્થાનક સુધી પતદ્ગ્રહ પ્રકૃતિનો સદ્ભાવ હોવાથી જે પ્રકૃતિનો સંક્રમ થતો હોય તે ગુણસ્થાનકવાળો આત્મા તે પ્રકૃતિનો છેવટનો સંક્રમક—સંક્રમાવનાર સમજવો.

આ પ્રમાણે અનંતાનુબંધિના સંક્રમસ્વામી મિથ્યાદૃષ્ટિથી આરંભી અપ્રમત્તસંયત સુધીના જીવો સમજવા, આગળના ગુણસ્થાનકવર્ત્તી જીવો નહિ. કારણ કે આગળનાં ગુણસ્થાનકોમાં અનંતાનુબંધિનો સર્વથા ઉપશમ અગર તો ક્ષય થયેલો હોવાથી સંક્રમ થતો નથી.

યશઃકીર્ત્તિના મિથ્યાદૃષ્ટિથી આરંભી અપૂર્વકરણના છઠ્ઠા ભાગ સુધીના જીવો સંક્રમના સ્વામી સમજવા, ઉપરના ગુણસ્થાનકવર્ત્તી જીવો નહિ. કારણ કે એકલી યશઃકીર્ત્તિ જ બંધાતી હોવાથી તે પતદ્ગ્રહ છે, સંક્રમનારી નથી.

અનંતાનુબંધિ સિવાયના બાર કષાય અને નવ નોકષાયના સંક્રમના સ્વામી મિથ્યાદૃષ્ટિથી આરંભી અનિવૃત્તિ બાદર સંપરાય સુધીના જીવો સમજવા. અનિવૃત્તિ બાદર સંપરાય ગુણઠાણે કષાય અને નોકષાયનો સર્વથા ઉપશમ અથવા ક્ષય થતો હોવાથી આગળના ગુણઠાણે તેઓનો સંક્રમ થતો નથી.

જે પ્રકૃતિઓ માટે કહી ગયા અને હવે પછી કહેશે તે સિવાયની મતિજ્ઞાનાવરણાદિ[1] સઘળી પ્રકૃતિઓના મિથ્યાદૃષ્ટિથી આરંભી સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનક સુધીના જીવો સંક્રમના સ્વામી સમજવા, આગળ ઉપરના ગુણસ્થાનવર્ત્તી જીવો નહિ, કારણ કે ઉપશાંતમોહાદિ[2] ગુણઠાણે બંધનો જ અભાવ હોવાથી પ્રકૃતિ પતદ્ગ્રહ રૂપે રહેતી નથી, એટલે કોઈ પણ પ્રકૃતિનો સંક્રમ થતો નથી.

---

૧. અહીં અધળી કર્મપ્રકૃતિઓમાં જ્ઞાના૰ ૫, દર્શના૰ ૯, અસાતવેદનીય, યશઃકીર્તિ સિવાયની નામકર્મની સઘળી પ્રકૃતિઓ, નીચ ગોત્ર, અને અંતરાય પાંચ એ પ્રકૃતિઓ સમજવી.

૨. જો કે અગિયારમાંથી તેરમા સુધીમાં સાતાનો બંધ છે, પરંતુ તે કષાય નિમિત્તે નહિ થતો હોવાથી તે પતદ્ગ્રહ તરીકે વિવક્ષાતી નથી, તેથી તેમાં અસાતાનો સંક્રમ થતો નથી.

. મિથ્યાત્વમોહનીય અને મિશ્રમોહનીયના અવિરતિ સમ્યગ્દૃષ્ટિથી આરંભી ઉપશાંતમોહ ગુણસ્થાનક સુધીના આત્માઓ સંક્રમના સ્વામી સમજવા. ક્ષીણમોહાદિ ગુણઠાણે તેની સત્તાનો જ અભાવ હોવાથી સંક્રમનો અભાવ છે. મિશ્રમોહનીયનો મિથ્યાદૃષ્ટિ પણ સંક્રમક છે. સાસાદન અને મિશ્રદૃષ્ટિ જીવો તો કોઈ પણ દર્શનમોહનીયનો કોઈ પણ પ્રકૃતિમાં સંક્રમ કરતા નથી. કહ્યું છે કે—'બીજા-ત્રીજા ગુણસ્થાનકવર્તી જીવો દર્શનત્રિકનો સંક્રમ કરતા નથી.' મિથ્યાદૃષ્ટિ તો મિથ્યાત્વમોહનીયને તે પતદ્ગ્રહ હોવાથી સ્વભાવે જ સંક્રમાવતો નથી. કહ્યું છે કે—'જે દૃષ્ટિના ઉદયમાં વર્ત્તે છે તે દૃષ્ટિને કોઈ જીવો સંક્રમાવતા નથી.' માટે મિશ્ર અને મિથ્યાત્વમોહનીયના સંક્રમના સ્વામી અવિરતિ સમ્યગ્દૃષ્ટિ આદિ કહ્યા છે.

સમ્યક્ત્વમોહનીયના સંક્રમનો સ્વામી મિથ્યાદૃષ્ટિ આત્મા જ છે, અન્ય કોઈ નથી. કારણ કે સમ્યક્ત્વમોહનીયને મિથ્યાત્વે વર્ત્તમાન આત્મા જ સંક્રમાવે છે, પરંતુ સાસાદને કે મિશ્રે સંક્રમાવતો નથી, કેમકે બીજે-ત્રીજે ગુણઠાણે કોઈ દૃષ્ટિનો સંક્રમ થતો નથી, અને ચતુર્થાદિ ગુણસ્થાનકે વિશુદ્ધ પરિણામ છે માટે સમ્યક્ત્વમોહનીયના સંક્રમના સ્વામી અવિશુદ્ધ મિથ્યાદૃષ્ટિ કહ્યા છે.

ઉચ્ચ ગોત્રના સંક્રમના સ્વામી સાસ્વાદન સુધીના જીવો છે. કારણ કે મિથ્યાદૃષ્ટિ અને સાસ્વાદન ગુણસ્થાનકવર્તી જીવો જ નીચ ગોત્રકર્મ બાંધે છે. જ્યાં સુધી અને જ્યારે નીચ ગોત્ર બંધાય ત્યાં સુધી અને ત્યારે જ ઉચ્ચ ગોત્રનો સંક્રમ થાય છે. બંધાતી પ્રકૃતિ પતદ્ગ્રહ છે અને પતદ્ગ્રહ સિવાય સંક્રમ થતો નથી. નીચ ગોત્ર બીજા ગુણઠાણા સુધી જ બંધાતું હોવાથી ત્યાં સુધી જ ઉચ્ચ ગોત્રનો સંક્રમ થાય છે. આગળ ઉપરના ગુણઠાણે એકલું ઉચ્ચ ગોત્ર બંધાતું હોવાથી નીચ ગોત્રનો જ સંક્રમ થાય છે. આ પ્રમાણે કઈ પ્રકૃતિનો ક્યાં સુધી સંક્રમ થાય તે કહ્યું અને સંક્રમ આશ્રયી સાદ્યાદિ ભંગની પ્રરૂપણા કરી. ૯

હવે પતદ્ગ્રહપણાને આશ્રયી સાદ્યાદિ પ્રરૂપણા કરવા ઇચ્છતા કહે છે—

चउहा पडिग्गहत्तं धुवबंधिणं विहाय मिच्छत्तं ।
मिच्छाधुवबंधिणं साई अधुवा पडिग्गहया ॥१०॥

चतुर्धा प्रतिग्रहत्वं ध्रुवबन्धिनीनां विहाय मिथ्यात्वम् ।
मिथ्यात्वाध्रुवबन्धिनीनां साद्यध्रुवा पतद्ग्रहता ॥१०॥

અર્થ—મિથ્યાત્વ છોડીને શેષ ધ્રુવબંધિ પ્રકૃતિઓનું પતદ્ગ્રહત્વ ચાર પ્રકારે છે. તથા મિથ્યાત્વ અને અધ્રુવબંધિ પ્રકૃતિઓનું પતદ્ગ્રહત્વ સાદિ અને સાંત છે.

ટીકાનુ૰—મિથ્યાત્વમોહનીય છોડીને શેષ જ્ઞાનાવરણીય પાંચ, દર્શનાવરણીય નવ, કષાય સોળ, ભય, જુગુપ્સા, તૈજસ સપ્તક, વર્ણાદિ વીસ, નિર્માણ, અગુરુલઘુ, ઉપઘાત, અને અંતરાય પંચક એમ સડસઠ ધ્રુવબંધિ પ્રકૃતિઓનું પતદ્ગ્રહપણું ચાર પ્રકારે છે. એટલે કે એ પ્રકૃતિઓ જે પતદ્ગ્રહરૂપે છે તે સાદિ, અનાદિ, ધ્રુવ અને અધ્રુવ એમ ચાર ભાંગે છે.

તે આ પ્રમાણે—ઉપરોક્ત ધ્રુવબંધિ પ્રકૃતિઓનો પોતપોતાનો જ્યારે બંધવિચ્છેદ થાય ત્યારે તેઓ પતદ્ગ્રહપણે રહેતી નથી. એટલે કે તેની અંદર અન્ય કોઈ પણ પ્રકૃતિઓનું દલિક સંક્રમતું નથી. ફરી જ્યારે તે તે પ્રકૃતિઓના પોતપોતાના બંધહેતુઓ મળવાથી બંધનો આરંભ થાય ત્યારે તે પ્રકૃતિઓ પતદ્ગ્રહ રૂપે થાય છે. આ પ્રમાણે પતદ્ગ્રહરૂપે નષ્ટ થયા પછી ફરી પતદ્ગ્રહ રૂપે થાય છે માટે સાદિ, તે ઉપરોક્ત પ્રકૃતિઓનું બંધવિચ્છેદ સ્થાન જેઓએ પ્રાપ્ત નથી કર્યું તેઓનું પતદ્ગ્રહપણું અનાદિ, અભવ્યને બંધવિચ્છેદ થવાનો જ નહિ હોવાથી અનન્ત, અને ભવ્ય ઉપરના ગુણસ્થાનકે જઈ તે તે પ્રકૃતિઓનો બંધવિચ્છેદ કરશે એટલે પતદ્ગ્રહપણાનો પણ નાશ થશે, માટે સાંત.

મિથ્યાત્વમોહનીય અને અધ્રુવબંધિ પ્રકૃતિઓની પતદ્ગ્રહતા સાદિ-સાંત છે. તે આ પ્રમાણે—મિથ્યાત્વમોહનીય ધ્રુવબંધી છે છતાં પણ જે જીવને સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીયની સત્તા હોય તે જ એ બે પ્રકૃતિના દલિકને મિથ્યાત્વમોહનીયમાં સંક્રમાવે છે. બીજો કોઈ સંક્રમાવતો નથી. સમ્યક્ત્વ, મિશ્રમોહનીયની સત્તા સર્વદા હોતી નથી, માટે મિથ્યાત્વમોહની પતદ્ગ્રહતાસાદિ, સાંત છે.

અધ્રુવબંધી શેષ છ્યાસી પ્રકૃતિઓ અધ્રુવબંધિ હોવાથી જ તેઓની પતદ્ગ્રહતા સાદિ-સાંત સમજવી. ચાર આયુષ્યનો પરસ્પર સંક્રમ થતો નહિ હોવાથી તેના પર કોઈ પણ ભાંગાનો વિચાર કર્યો નથી. આ પ્રમાણે એક એક પ્રકૃતિના સંક્રમ અને પતદ્ગ્રહત્વ આશ્રયી સાદ્યાદિ ભંગની પ્રરૂપણા કરી. ૧૦.

હવે પ્રકૃતિસ્થાનમાં સાદ્યાદિ ભંગની પ્રરૂપણા કરવા ઇચ્છતા પહેલાં સંક્રમ અને પતદ્ગ્રહના વિષયમાં તેઓના સ્થાનની સંખ્યાની પ્રરૂપણા કરવા માટે આ ગાથા કહે છે—

संतट्ठाणसमाइं संकमठाणाइं दोण्णि बीयस्स ।
बंधसमा पडिग्गहगा अट्ठहिया दोवि मोहस्स ॥११॥

सत्तास्थानसमानि संक्रमस्थानानि द्वे द्वितीयस्य ।
बन्धस्थानसमाः पतद्ग्रहकाः अष्टाभ्यधिके द्वे अपि मोहस्य ॥११॥

અર્થ—સત્તાસ્થાનોની સમાન દરેક કર્મનાં સંક્રમસ્થાનકો છે. માત્ર બીજા દર્શનાવરણીય-કર્મના બે છે. બંધસ્થાનકોની સમાન પતદ્ગ્રહસ્થાનકો છે. પરંતુ મોહનીયકર્મમાં બંધસ્થાનકો અને સત્તાસ્થાનકોથી આઠ આઠ અધિક પતદ્ગ્રહસ્થાનકો અને સંક્રમસ્થાનકો છે.

ટીકાનુ૰—સત્તાસ્થાનકોની સમાન સંક્રમસ્થાનકો હોય છે. એટલે કે જે કર્મનાં જેટલાં સત્તાસ્થાનકો હોય છે તે કર્મનાં તેટલાં સંક્રમસ્થાનકો પણ હોય છે. માત્ર બીજા દર્શનાવરણીય કર્મમાં નવ અને છની સત્તારૂપ બે જ સંક્રમસ્થાનકો છે, પરંતુ સત્તાસ્થાનકની જેમ ત્રીજું ચાર પ્રકૃતિની સત્તારૂપ સંક્રમસ્થાનક નથી. કારણ કે ચારની સત્તા બારમા ગુણસ્થાનકના ચરમસમયે હોય છે. ત્યાં કોઈ પતદ્ગ્રહ નહિ હોવાથી તે સંક્રમસ્થાનક નથી.

બંધસ્થાનકોની સમાન પતદ્ગ્રહસ્થાનકો હોય છે. એટલે કે જે કર્મનાં જેટલાં બંધસ્થાનકો

હોય છે, તેનાં તેટલાં પતદ્ગ્રહસ્થાનકો પણ હોય છે. માત્ર મોહનીયકર્મમાં સંક્રમ અને પતદ્ગ્રહ એ બંને સ્થાનકો સત્તાસ્થાનકો અને બંધસ્થાનકોથી આઠ આઠ અધિક જાણવાં. તે આ પ્રમાણે મોહનીયકર્મનાં સત્તાસ્થાનકો પંદર છે તેમાં આઠ અધિક કરતાં સંક્રમસ્થાનકો ત્રેવીસ થાય છે. બંધસ્થાનકો દશ છે, તેમાં આઠ અધિક કરતાં પતદ્ગ્રહસ્થાનકો અઢાર થાય છે.

હવે પ્રત્યેક કર્મનાં કેટલાં સંક્રમસ્થાનકો અને પતદ્ગ્રહસ્થાનકો હોય છે તેની સંખ્યા કહે છે—જ્ઞાનાવરણીય અને અંતરાય એ દરેક કર્મનું પાંચે પાંચ પ્રકૃતિરૂપ એક જ સત્તાસ્થાનક અને એક જ સંક્રમસ્થાનક છે તથા પાંચ પાંચ પ્રકૃતિરૂપ એક જ બંધસ્થાનક અને એક જ પતદ્ગ્રહસ્થાનક છે. કારણ કે બંધ અને સત્તામાંથી પાંચે પ્રકૃતિઓ એકસાથે જ જાય છે. બંધમાંથી સાથે જતી હોવાથી પાંચે પ્રકૃતિઓ એકસાથે પતદ્ગ્રહપણે ઘટી શકે છે અને સત્તામાંથી પાંચે સાથે જતી હોવાથી સંક્રમનાર પણ પાંચે ઘટી શકે છે.

તે આ પ્રમાણે—જ્ઞાનાવરણીયની પાંચે પ્રકૃતિઓનો પરસ્પર સંક્રમ થાય છે. મતિજ્ઞાનાવરણીયકર્મ શ્રુતજ્ઞાનાવરણીય, અવધિજ્ઞાનાવરણીય, મનઃપર્યવજ્ઞાનાવરણીય, અને કેવળજ્ઞાનાવરણીયમાં સંક્રમે છે. એ પ્રમાણે શ્રુતજ્ઞાનાવરણીય પણ મતિજ્ઞાનાવરણીય, અવધિજ્ઞાનાવરણીય, મનઃપર્યવજ્ઞાનાવરણીય અને કેવળજ્ઞાનાવરણીયમાં સંક્રમે છે. આ જ રીતે અવધિજ્ઞાનાવરણીયાદિ માટે અને અંતરાય માટે પણ વિચાર કરી લેવો. કારણ કે દશમા ગુણસ્થાનકના ચરમ સમય પર્યંત એ સઘળી પ્રકૃતિઓ નિરંતર બંધાય છે, અને બારમા ગુણસ્થાનકના ચરમ સમય પર્યંત નિરંતર સત્તામાં છે. ધ્રુવબંધિ હોવાથી એ દરેક પ્રકૃતિઓ એકસાથે પતદ્ગ્રહપણે ઘટે છે. અને ધ્રુવસત્તા હોવાથી પતદ્ગ્રહ હોય ત્યાં સુધી એકસાથે સંક્રમનારી પણ હોય છે. એટલે એ બંને કર્મનું પાંચ પાંચ પ્રકૃતિરૂપ એક જ પતદ્ગ્રહસ્થાન અને પાંચ પાંચ પ્રકૃતિરૂપ એક જ સંક્રમસ્થાનક છે.

હવે સાદ્યાદિ ભંગની ઘટના કરે છે—જ્ઞાનાવરણીય અને અંતરાયકર્મમાં સંક્રમ અને પતદ્ગ્રહ સાદિ, અનાદિ, ધ્રુવ અને અધ્રુવ એમ ચાર પ્રકારે છે. તે આ પ્રમાણે—ઉપશાંતમોહ ગુણસ્થાનકે તે બંને કર્મનો બંધ થતો નહિ હોવાથી પતદ્ગ્રહપણે નથી અને પતદ્ગ્રહ નહિ હોવાથી સંક્રમ પણ થતો નથી. ત્યાંથી પડે ત્યારે બંને પ્રવર્ત્તે છે માટે સાદિ, તે સ્થાન જેઓએ પ્રાપ્ત કર્યું નથી તેઓને અનાદિ, અભવ્યને અનંત, અને ભવ્યને સંક્રમ અને પતદ્ગ્રહ એ બંને સાંત છે.

દર્શનાવરણીયકર્મનાં ત્રણ સત્તાસ્થાનકો છે. તે આ પ્રમાણે—૧. ચક્ષુર્દર્શનાવરણાદિ ચાર પ્રકૃતિનું, ૨. નિદ્રાદ્વિક સાથે છ પ્રકૃતિનું, તેમજ, ૩. થીણદ્ધિત્રિક સાથે નવ પ્રકૃતિનું, બંધસ્થાનકો અને પતદ્ગ્રહસ્થાનકો એ પ્રમાણે જ ત્રણ છે. સંક્રમસ્થાનક છ પ્રકૃતિઓનું અને નવ પ્રકૃતિનું એમ બે છે. ચાર પ્રકૃતિનું સંક્રમસ્થાનક નથી. કારણ પહેલાં કહેવાયું છે.

હવે સાદ્યાદિ ભંગની ઘટના કરે છે. દર્શનાવરણીયકર્મની નવે પ્રકૃતિના બંધક મિથ્યાદૃષ્ટિ અને સાસ્વાદન ગુણસ્થાનકવર્તી જીવો નવના પતદ્ગ્રહમાં એ નવે પ્રકૃતિઓ સંક્રમાવે છે. આ નવનો પતદ્ગ્રહ સાદિ, અનાદિ, ધ્રુવ અને અધ્રુવ એમ ચાર પ્રકારે છે. તે આ પ્રકારે—મિશ્રદૃષ્ટિ

આદિ ગુણસ્થાનકે છનો બંધ થતો હોવાથી નવનો પતદ્ગ્રહ નથી, ત્યાંથી પડે ત્યારે થાય છે માટે સાદિ, તે સ્થાન જેઓએ પ્રાપ્ત નથી કર્યું તેઓને અનાદિ, અભવ્ય આશ્રયી અનંત, અને ભવ્ય આશ્રયી સાંત છે.

મિશ્રગુણસ્થાનકથી આરંભી અપૂર્વકરણના સંખ્યાતમા ભાગ પર્યંત દર્શનાવરણીયકર્મની નવની સત્તાવાળા અને છના બંધક, છમાં નવ સંક્રમાવે છે. આ છનો પતદ્ગ્રહ સાદિ સાન્ત છે. કારણ કે કાદાચિત્ક—અમુક વખતે જ પ્રવર્ત્તે[1] છે.

અપૂર્વકરણના સંખ્યાતમે ભાગે નિદ્રા અને પ્રચલાનો બંધવિચ્છેદ થયા પછીથી આરંભી સૂક્ષ્મસંપરાયના ચરમસમય પર્યંત ઉપશમ શ્રેણિમાં નવની સત્તાવાળા એ ચારના બંધક ચારમાં નવ પ્રકૃતિઓ સંક્રમાવે છે. આ ચારનો પતદ્ગ્રહ પણ અંતર્મુહૂર્ત્ત પર્યંત જ હોવાથી સાદિ-સાંત છે.

નવ પ્રકૃતિરૂપ સંક્રમસ્થાન સાદિ, અનાદિ, ધ્રુવ અને અધ્રુવ એમ ચાર પ્રકારે છે. તે આ પ્રમાણે—સૂક્ષ્મસંપરાયથી અગાડી ઉપશાંતમોહે સંક્રમ થતો નથી ત્યાંથી પડે ત્યારે થાય છે માટે સાદિ, તે સ્થાન જેઓ પ્રાપ્ત કર્યું નથી. તેઓને અનાદિ, અભવ્યને ધ્રુવ અને ભવ્યને અધ્રુવ હોય છે.

ક્ષપકશ્રેણિમાં અનિવૃત્તિબાદરસંપરાય ગુણસ્થાનકનો સંખ્યાતમો ભાગ શેષ રહે ત્યારે થીણદ્ધિત્રિકનો સત્તામાંથી ક્ષય થાય છે. તેનો ક્ષય થયા પછીથી આરંભી સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનકના ચરમસમય પર્યંત દર્શનાવરણીયની છની સત્તાવાળા અને ચારના બંધક, ચારમાં છ સંક્રમાવે છે. આ સંક્રમ અને પતદ્ગ્રહ અંતર્મુહૂર્ત્ત પર્યંત જ પ્રવર્ત્તતા હોવાથી સાદિ-સાંત છે.

અગિયારમા ગુણસ્થાનકના પ્રથમ સમયથી બારમા ગુણસ્થાનકના ચરમ સમય પર્યંત જો કે સત્તામાં હોય છે છતાં દર્શનાવરણીયકર્મનો સંક્રમ થતો નથી કારણ કે બંધ નથી, બંધ નહિ હોવાથી પતદ્ગ્રહ પણ નથી. અને આ જ કારણથી ચાર પ્રકૃતિરૂપ ત્રીજું સંક્રમસ્થાનક પણ ઘટતું નથી.

વેદનીય અને ગોત્ર એ દરેક કર્મના બબ્બે સત્તાસ્થાનક છે. તે આ પ્રમાણે—૧. બે પ્રકૃતિરૂપ અને ૨. એક પ્રકૃતિરૂપ. જો કે વેદનીય અને ગોત્રકર્મનું બે પ્રકૃતિરૂપ સત્તાસ્થાનક છે છતાં પણ બંને પ્રકૃતિઓ એકીસાથે સંક્રમ થતો નહિ હોવાથી એક એક પ્રકૃતિરૂપ એક એક સંક્રમસ્થાનક જ ઘટે છે. કારણ કે પરાવર્ત્તમાન હોવાથી ગોત્ર અને વેદનીયની બબ્બે પ્રકૃતિમાંથી માત્ર એક એકનો જ બંધ થાય છે. એટલે બંધાતી પ્રકૃતિ પતદ્ગ્રહપણે છે, અને નહિ બંધાતી પ્રકૃતિ સંક્રમનારી તરીકે છે. જો બંને સાથે બંધાતી હોત તો જ્ઞાનાવરણીયની જેમ પરસ્પર સંક્રમ થઈ શકત એટલે બેય પ્રકૃતિઓ પતદ્ગ્રહપણે અને સંક્રમપણે ઘટી શકત. તેમ નહિ હોવાથી એક એક પ્રકૃતિરૂપ જ સંક્રમસ્થાનક સમજવું.

---

૧. છનો પતદ્ગ્રહ વચમાં થતાં મનુષ્ય ભવાધિક એકસો બત્રીસ સાગરોપમ પર્યંત પ્રવર્ત્તે છે. કારણ કે દર્શનાવરણીયની છ પ્રકૃતિનો બંધ તેટલો કાળ થાય છે. કેમ કે ચોથાથી સાતમા સુધીમાં આત્મા એટલો જ વખત વધારેમાં વધારે ટકી શકે છે.

તે આ પ્રમાણે—સાતવેદનીય અને અસાતવેદનીય એ બંનેની સત્તાવાળા સાતવેદનીયના બંધક મિથ્યાદષ્ટિથી આરંભી સૂક્ષ્મસંપરાય સુધીના જીવો જ્યારે સાતવેદનીય બાંધે ત્યારે પતદ્ગ્રહરૂપે તે પ્રકૃતિમાં અસાતવેદનીય સંક્રમાવે છે. એ પ્રમાણે સાત-અસાત વેદનીય એ બંનેની સત્તાવાળા અસાતવેદનીયના બંધક મિથ્યાદષ્ટિથી આરંભી પ્રમત્ત સંયત પર્યંતવર્ત્તી આત્માઓ જ્યારે અસાતવેદનીય બાંધે ત્યારે પતદ્ગ્રહરૂપ તે પ્રકૃતિમાં સાતવેદનીય સંક્રમાવે છે. આ પ્રમાણે સાત-અસાતવેદનીયનું એક પ્રકૃતિરૂપ સંક્રમસ્થાન અને એક પ્રકૃતિરૂપ પતદ્ગ્રહસ્થાન હોય છે. તે સંક્રમસ્થાન અને પતદ્ગ્રહસ્થાન સાદિ-સાંત છે. કારણ કે વારંવાર પરાવર્ત્તન થવાનો સદ્ભાવ છે.

ઉચ્ચ ગોત્રના બંધક મિથ્યાદષ્ટિથી આરંભી સૂક્ષ્મસંપરાયપર્યંતવર્ત્તી આત્માઓ જ્યારે ઉચ્ચ ગોત્ર બાંધે ત્યારે પતદ્ગ્રહરૂપ તે પ્રકૃતિમાં નીચ ગોત્ર સંક્રમાવે છે, અને ઉચ્ચ-નીચ બંનેની સત્તાવાળા નીચ ગોત્રના બંધક મિથ્યાદષ્ટિ અને સાસ્વાદનગુણસ્થાનવર્ત્તી આત્માઓ જ્યારે નીચ ગોત્ર બાંધે ત્યારે બંધાતી તે પ્રકૃતિમાં ઉચ્ચ ગોત્ર સંક્રમાવે છે. આ પ્રમાણે ગોત્રકર્મમાં પણ એક સંક્રમસ્થાન અને એક પતદ્ગ્રહસ્થાનનો સંભવ છે. તે બંને સ્થાન વેદનીયની જેમ સાદિ સાંત છે.

મોહનીય, તથા નામકર્મ સિવાય શેષ છકર્મમાં પતદ્ગ્રહાદિ

કર્મ	પતદ્ગ્રહ	સંક્રમ	સત્તા	કાળ	ગુણસ્થાન
જ્ઞાનાવરણીય	૫	૫	૫	અનાદિઅનંત અનાદિ સાંત સાદિ સાંત	૧ થી ૧૦
દર્શનાવરણીય	૯	૯	૯	અનાદિ અનંત અનાદિ સાંત સાદિ સાંત	૧લું ૨ જું
	૬	૯	૯	સાધિક એકસો બત્રીસ સાગરોપમ	૩થી ૮/૧ ભાગ સુધી
	૪	૯	૯	અંતર્મુહૂર્ત્ત	૮/૨ ભાગથી ૧૦મા સુધી ઉપશમ શ્રેણિ ૮/૨ ભાગથી ૯માના સંખ્યાતા ભાગ સુધી ક્ષપક શ્રેણિ
	૪	૬	૬	અંતર્મુહૂર્ત્ત	૯માનો છેલ્લો સંખ્યાતમો ભાગને ૧૦મું
વેદનીય	૧	૧	૨	અનાદિ અનંત અનાદિ સાંત સાદિ સાંત	૧ થી ૧૦

કર્મ	પતદ્ગ્રહ	સંક્રમ	સત્તા	કાળ	ગુણસ્થાન
ગોત્ર	૧	૧	૨		૧ થી ૧૦
અંતરાય	૫	૫	૫	અનાદિ અનંત અનાદિ સાંત સાદિ સાંત	૧ થી ૧૦

આયુષ્યમાં પરસ્પર સંક્રમ ન હોવાથી પતદ્ગ્રહાદિ નથી.

મોહનીયકર્મનાં પંદર સત્તાસ્થાનકો છે. તે આ પ્રમાણે-૨૮-૨૭-૨૬-૨૪-૨૩-૨૨-૨૧-૧૩-૧૨-૧૧-૫-૪-૩-૨-૧. કહ્યું છે કે—'આઠ, સાત, છ, ચાર, ત્રણ, બે અને એક અધિક વીસ, તેર, બાર, અગિયાર, પાંચ અને તેમાંથી એક એક ન્યૂન કરતાં એક સુધીનાં કુલ પંદર મોહનીયકર્મનાં સત્તાસ્થાનકો છે.' સંક્રમસ્થાનકો ત્રેવીસ છે. તે આ પ્રમાણે-૧-૨-૩-૪-૫-૬-૭-૮-૯-૧૦-૧૧-૧૨-૧૩-૧૪-૧૮-૧૯-૨૦-૨૧-૨૨-૨૩-૨૫-૨૬-૨૭. કહ્યું છે કે—'આઠ અને ચાર અધિક વીસ, એટલે કે અઠ્ઠાવીસ અને ચોવીસ તથા સત્તર, સોળ, અને પંદર એ પાંચ વર્જીને એકથી અઠ્ઠાવીસ સુધીનાં સઘળાં—એમ મોહનીયકર્મમાં કુલ ત્રેવીસ સંક્રમસ્થાનકો થાય છે; અહીં સત્તાસ્થાનકમાં જો કે અઠ્ઠાવીસ અને ચોવીસ એ બે કહ્યાં છે છતાં સંક્રમમાં તે હોતાં નથી માટે તે બંને સત્તાસ્થાનકો સંક્રમસ્થાનમાંથી કાઢી નાખ્યાં છે.

શા માટે સંક્રમમાં હોતાં નથી ? તો કહે છે—અઠ્ઠાવીસની સત્તાવાળા મિથ્યાદૃષ્ટિને મિથ્યાત્વ એ સમ્યક્ત્વ અને મિશ્રમોહનીયનું પતદ્ગ્રહ છે માટે મિથ્યાત્વ સિવાયની શેષ સત્તાવીસ પ્રકૃતિઓ જ સંક્રમે છે, અઠ્ઠાવીસ સંક્રમતી નથી. તેમાં ચારિત્રમોહનીય પચીસ પ્રકૃતિઓ ચારિત્રમોહનીયમાં પરસ્પર સંક્રમે છે, અને મિથ્યાત્વમોહનીયમાં મિશ્ર અને સમ્યક્ત્વમોહનીય સંક્રમે છે. કેમકે દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયનું પરસ્પર સંક્રમણ થતું નથી.

એ પ્રમાણે અનંતાનુબંધના વિસંયોજક ચોવીસની સત્તાવાળા સમ્યગ્દૃષ્ટિને સમ્યક્ત્વમોહનીય એ મિશ્ર અને મિથ્યાત્વમોહનીયનું પતદ્ગ્રહ હોવાથી તે વિના શેષ ત્રેવીસ પ્રકૃતિઓ જ સંક્રમે છે, ચોવીસ સંક્રમતી નથી માટે ચોવીસ પ્રકૃતિરૂપ સંક્રમસ્થાનક નથી. સત્તર આદિ ત્રણ સંક્રમસ્થાનકો કેમ નથી હોતાં ? તેનું કારણ હવે પછી સઘળાં સંક્રમસ્થાનકોનો વિચાર કરશે તે ઉપરથી સમજાશે.

હવે શેષ સઘળાં સંક્રમસ્થાનકોનો વિચાર કરે છે. સમ્યક્ત્વમોહનીયની ઉદ્વલના થયા પછી સત્તાવીસની સત્તાવાળા મિથ્યાદૃષ્ટિને મિથ્યાત્વ એ મિશ્રમોહનીયનું પતદ્ગ્રહ હોવાથી તેના વિના શેષ છવ્વીસ પ્રકૃતિઓ સંક્રમે છે. તથા મિશ્રમોહનીયની ઉદ્વલના થયા બાદ છવ્વીસની સત્તાવાળા મિથ્યાદૃષ્ટિને ચારિત્રમોહનીયની પચીસ પ્રકૃતિઓ સંક્રમે છે, અથવા છવ્વીસની સત્તાવાળા અનાદિ મિથ્યાદૃષ્ટિને પણ પચીસ પ્રકૃતિઓ સંક્રમે છે. અહીં મિથ્યાત્વમોહનીયનો સંક્રમ થતો નથી, કારણ કે તે ચારિત્રમોહનીયમાં સંક્રમતું નથી. કેમકે દર્શનમોહનીય અને

ચારિત્રમોહનીયના પરસ્પર સંક્રમનો અભાવ છે.

અથવા અઠ્ઠાવીસની સત્તાવાળા ઔપશમિક સમ્યગ્દષ્ટિનો સમ્યક્ત્વ પ્રાપ્ત થયા પછી આવલિકા વીત્યા બાદ સમ્યક્ત્વમોહનીયમાં મિથ્યાત્વ અને મિશ્રમોહનીયનો સંક્રમ થાય છે તેથી સમ્યક્ત્વમોહનીય પતદ્ગ્રહ છે માટે તેને દૂર કરતા શેષ સત્તાવીસ પ્રકૃતિઓ સંક્રમમાં હોય છે. તથા તે જ અઠ્ઠાવીસની સત્તાવાળા અને આવલિકાની અંદર વર્ત્તતા એટલે કે સમ્યક્ત્વ પ્રાપ્ત થયા જેને આવલિકા વીતી નથી એવા ઔપશમિક સમ્યગ્દષ્ટિને મિશ્રમોહનીય એ સમ્યક્ત્વમોહનીયમાં સંક્રમતું નથી કારણ કે, સમ્યક્ત્વને અનુરૂપ વિશુદ્ધિના સામર્થ્ય વડે મિથ્યાત્વનાં પુદ્ગલો જ મિશ્રમોહનીય રૂપ અન્ય પરિણામને પ્રાપ્ત થયાં છે એટલે કે મિશ્રમોહનીયરૂપે પરિણમ્યાં છે. અન્ય પ્રકૃતિરૂપે પરિણામ કરવો—પરિણમાવવું તે સંક્રમ કહેવાય છે.

જે સમયે જેનો અન્ય પ્રકૃતિરૂપે પરિણામ થાય તે સમયથી આરંભી એક આવલિકા પર્યંત તે દલિક સકલ કરણને અયોગ્ય હોય છે, એટલે કે તેમાં કોઈ પણ કરણની પ્રવૃત્તિ થતી નથી.

અહીં સમ્યક્ત્વ પ્રાપ્ત થયા પછી આવલિકાની અંદર મિશ્રમોહનીયની સંક્રમાવલિકા પૂર્ણ થઈ નહિ હોવાથી તેનું દલિક સમ્યક્ત્વમોહનીયમાં સંક્રમતું નથી. માત્ર મિથ્યાત્વમોહનીયનું જ સંક્રમે છે. સમ્યક્ત્વમોહનીયનો તો સમ્યક્ત્વીને સંક્રમ જ થતો નથી માટે તે બંને દૂર કરતાં શેષ છવ્વીસ પ્રકૃતિઓ સંક્રમમાં હોય છે.

ચોવીસની સત્તાવાળો સમ્યગ્દષ્ટિ આત્મા સમ્યક્ત્વથી પડી મિથ્યાત્વે જવા છતાં અને ત્યાં ફરી પણ અનંતાનુબંધી કષાય બાંધે છે છતાં પણ સત્તા પ્રાપ્ત તે કષાયને સંક્રમાવતો નથી. કારણ કે સમ્યક્ત્વથી પડેલો અનંતાનુબંધિનો વિસંયોજક આત્મા અનંતાનુબંધિના બંધની ફરી શરૂઆત કરે છે પણ જે સમયે બાંધે તે સમયથી આરંભી એક આવલિકા પર્યંત તેમાં કોઈપણ કરણ લાગતું નથી, માટે મિથ્યાત્વ ગુણઠાણે બંધાવલિકા પર્યંત અનંતાનુબંધિનો સંક્રમ થતો નથી. અને મિથ્યાત્વમોહનીય એ મિશ્ર અને સમ્યક્ત્વમોહનીયનું પતદ્ગ્રહ છે માટે અનંતાનુબંધિ અને મિથ્યાત્વ મોહનીય દૂર કરતાં શેષ ત્રેવીસ પ્રકૃતિઓ સંક્રમે છે. 24+4=28-(4+1) = 23

આ પ્રમાણે વિચારતાં ચોવીસના સંક્રમસ્થાનનો અભાવ છે. તથા ચોવીસની સત્તાવાળા સમ્યગ્દષ્ટિને ક્ષાયિક સમ્યક્ત્વ ઉપાર્જન કરતા જ્યારે મિથ્યાત્વમોહનીયનો ક્ષય થાય ત્યારે સમ્યક્ત્વમોહનીય સિવાય બાવીસ પ્રકૃતિઓ સંક્રમે છે. અહીં સત્તામાં ત્રેવીસ પ્રકૃતિઓ હોય છે.

અથવા ઉપશમશ્રેણિમાં વર્ત્તમાન ઔપશમિક સમ્યગ્દષ્ટિ જ્યારે ચારિત્રમોહનીયનું અંતરકરણ કરે છે ત્યારે તેને સંજ્વલનલોભનો સંક્રમ થતો નથી. કારણ કે અંતરકરણ કરે ત્યારે પુરુષવેદ અને સંજ્વલન ચતુષ્કનો અનાનુપૂર્વિ-ઉત્ક્રમે સંક્રમ થતો નથી એ પહેલાં કહ્યું છે, તથા અનંતાનુબંધિનો ક્ષય અથવા સર્વોપશમ કરેલો હોવાથી તેનો સંક્રમ થતો નથી, અને સમ્યક્ત્વમોહનીય એ મિશ્ર તથા મિથ્યાત્વમોહનીયનું પતદ્ગ્રહ છે માટે તેનો પણ સંક્રમ થતો નથી. તેથી સંજ્વલન લોભ, અનંતાનુબંધિ ચતુષ્ક અને સમ્યક્ત્વમોહનીય એ છ પ્રકૃતિ સિવાય શેષ બાવીસ પ્રકૃતિઓ સંક્રમે છે.

ઉપશમશ્રેણિમાં વર્ત્તમાન તે જ ઉપશમ સમ્યગ્દષ્ટિને નપુંસકવેદ ઉપશમે ત્યારે એકવીસ

પ્રકૃતિઓ સંક્રમે છે. અથવા ક્ષાયિક સમ્યક્ત્વ ઉપાર્જન કરતા બાવીસની સત્તાવાળો ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ સમ્યક્ત્વમોહનીયને ક્યાંય પણ સંક્રમાવતો નથી તેથી તેને એકવીસ સંક્રમે છે. અથવા ક્ષપકશ્રેણિમાં વર્ત્તમાન ક્ષપકને જ્યાં સુધી આઠ કષાયોનો ક્ષય થયેલો નથી હોતો ત્યાં સુધી એકવીસ પ્રકૃતિ સંક્રમમાં હોય છે.

ઉપશમશ્રેણિમાં વર્ત્તમાન ઉપશમ સમ્યગ્દષ્ટિને પૂર્વોક્ત એકવીસ પ્રકૃતિમાંથી જ્યારે સ્ત્રીવેદ ઉપશમે ત્યારે શેષ વીસ પ્રકૃતિ સંક્રમે છે. અથવા ઉપશમશ્રેણિનો સ્વીકાર કરનાર ક્ષાયિક સમ્યગ્દષ્ટિને ચારિત્રમોહનીયનું જ્યારે અંતકરણ કરે ત્યારે પૂર્વે કહેલ યુક્તિથી સંજવલન લોભનો સંક્રમ થતો નહિ હોવાથી તેના સિવાય વીસ પ્રકૃતિ સંક્રમમાં હોય છે.

ત્યારપછી નપુંસકવેદ જ્યારે ઉપશમે ત્યારે ઓગણીસ, અને સ્ત્રીવેદ ઉપશમે ત્યારે ઉપશમશ્રેણિમાં વર્ત્તમાન તે જ ક્ષાયિક સમ્યગ્દષ્ટિને અઢાર પ્રકૃતિઓ સંક્રમમાં હોય છે.

ઉપશમશ્રેણિમાં વર્ત્તમાન ઔપશમિક સમ્યગ્દષ્ટિને પૂર્વોક્ત વીસમાંથી જ્યારે છ નોકષાયો ઉપશમે ત્યારે શેષ ચૌદ પ્રકૃતિઓ સંક્રમમાં હોય છે. ત્યારપછી તેમાંથી પુરુષવેદ ઉપશમે ત્યારે તેર પ્રકૃતિઓ સંક્રમે છે. અથવા ક્ષપકશ્રેણિમાં વર્ત્તમાન ક્ષપકને પૂર્વોક્ત એકવીસ પ્રકૃતિમાંથી આઠ કષાયોનો ક્ષય કરે ત્યારે તેર પ્રકૃતિઓ સંક્રમે છે. તેને જ જ્યારે ચારિત્રમોહનીયનું અંતકરણ કરે ત્યારે બાર પ્રકૃતિઓ સંક્રમે છે. કારણ કે અંતકરણ કર્યા પછી ચારિત્રમોહનીયની પ્રકૃતિઓનો ક્રમપૂર્વક સંક્રમ થતો હોવાથી સંજ્વલન લોભનો સંક્રમ થતો નથી. અથવા ઉપશમશ્રેણિમાં વર્ત્તમાન ક્ષાયિક સમ્યગ્દષ્ટિને પૂર્વોક્ત અઢાર પ્રકૃતિમાંથી છ નોકષાયો ઉપશમે ત્યારે શેષ બાર પ્રકૃતિઓ સંક્રમે છે.

ત્યારપછી પુરુષવેદ ઉપશમે ત્યારે તેને જ અગિયાર પ્રકૃતિઓ સંક્રમમાં હોય છે. અથવા ક્ષપકને પૂર્વોક્ત બારમાંથી નપુંસકવેદનો ક્ષય ત્યારે શેષ અગિયાર પ્રકૃતિઓ સંક્રમે છે. અથવા ઉપશમશ્રેણિમાં વર્ત્તમાન ઉપશમ સમ્યગ્દષ્ટિને પૂર્વોક્ત તેર પ્રકૃતિમાંથી અપ્રત્યાખ્યાનાવરણ, પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ ઉપશમે ત્યારે અગિયાર પ્રકૃતિઓ સંક્રમમાં હોય છે.

ક્ષપકશ્રેણિમાં વર્ત્તમાન ક્ષપકને પૂર્વોક્ત અગિયારમાંથી સ્ત્રીવેદનો ક્ષય થાય ત્યારે દશ પ્રકૃતિઓ સંક્રમે છે. અથવા ઉપશમશ્રેણિમાં વર્ત્તમાન ઉપશમસમ્યગ્દષ્ટિને પૂર્વોક્ત અગિયારમાંથી સંજ્વલન ક્રોધ ઉપશમે ત્યારે શેષ દશ પ્રકૃતિઓ સંક્રમમાં હોય છે.

ઉપશમશ્રેણિમાં વર્ત્તમાન ક્ષાયિક સમ્યગ્દષ્ટિ પૂર્વોક્ત અગિયારમાંથી અપ્રત્યાખ્યાનાવરણ પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ ઉપશમે ત્યારે શેષ નવ પ્રકૃતિઓ સંક્રમે છે. તેને જ સંજ્વલન ક્રોધ ઉપશમે ત્યારે આઠ પ્રકૃતિઓ સંક્રમમાં હોય છે. અથવા ઉપશમશ્રેણિમાં વર્ત્તમાન ઉપશમ સમ્યગ્દષ્ટિને પૂર્વોક્ત દશમાંથી અપ્રત્યાખ્યાનાવરણ, પ્રત્યાખ્યાનાવરણ માન ઉપશમે ત્યારે શેષ આઠ પ્રકૃતિઓ સંક્રમે છે. તેને જ સંજ્વલન માન ઉપશમે ત્યારે સાત પ્રકૃતિઓ સંક્રમે છે.

ઉપશમશ્રેણિમાં વર્ત્તમાન ક્ષાયિક સમ્યગ્દષ્ટિને પૂર્વોક્ત આઠમાંથી અપ્રત્યાખ્યાનાવરણ, પ્રત્યાખ્યાનાવરણ માન ઉપશમે ત્યારે શેષ છ પ્રકૃતિઓ સંક્રમે છે. તેને જ સંજ્વલન માન ઉપશમે ત્યારે શેષ પાંચ પ્રકૃતિઓ સંક્રમમાં હોય છે. અથવા ઉપશમશ્રેણિમાં વર્ત્તમાન ઔપશમિક

સમ્યગ્દષ્ટિને પૂર્વોક્ત સાતમાંથી અપ્રત્યાખ્યાનાવરણ, પ્રત્યાખ્યાનાવરણ માયા ઉપશમે ત્યારે શેષ પાંચ પ્રકૃતિઓ સંક્રમે છે.

તેને જ સંજ્વલન માયા ઉપશમે ત્યારે ચાર પ્રકૃતિઓ સંક્રમમાં હોય છે. અથવા ક્ષપકને પૂર્વોક્ત દશમાંથી છ નોકષયોનો ક્ષય થાય ત્યારે શેષ ચાર પ્રકૃતિઓ સંક્રમે છે. તેને જ પુરુષવેદનો ક્ષય ત્યારે ત્રણ પ્રકૃતિઓ સંક્રમે છે. અથવા ઉપશમશ્રેણિમાં વર્ત્તમાન ક્ષાયિક સમ્યગ્દષ્ટિને પૂર્વોક્ત પાંચમાંથી અપ્રત્યાખ્યાનાવરણ, પ્રત્યાખ્યાનાવરણરૂપ માયા ઉપશમે ત્યારે શેષ ત્રણ પ્રકૃતિઓ સંક્રમે છે, તેને જ સંજ્વલન માયા ઉપશમે ત્યારે સંજ્વલન લોભ પતદ્ગ્રહ હોય ત્યાં સુધી શેષ બે લોભ સંક્રમમાં હોય છે. અથવા ઉપશમશ્રેણિમાં વર્ત્તમાન ઉપશમસમ્યગ્દષ્ટિને પૂર્વોક્ત ચારમાંથી અપ્રત્યાખ્યાનાવરણ, પ્રત્યાખ્યાનાવરણ રૂપ લોભ ઉપશમે ત્યારે શેષ મિશ્ર અને મિથ્યાત્વમોહનીયરૂપ બે પ્રકૃતિ સંક્રમમાં હોય છે. અથવા ક્ષપકને પૂર્વોક્ત ત્રણ પ્રકૃતિમાંથી સંજ્વલન ક્રોધનો ક્ષય થાય ત્યારે બે પ્રકૃતિ સંક્રમે છે તેને જ સંજ્વલન માનનો ક્ષય થાય ત્યારે એક સંજ્વલન માયા સંક્રમે છે.

આ પ્રમાણે વિચારતાં અઠ્ઠાવીસ, ચોવીસ, સત્તર, સોળ, અને પંદર રૂપ સંક્રમસ્થાનો સંભવતાં નથી માટે તેનો નિષેધ કર્યો છે. માટે તે સિવાય શેષ ત્રેવીસ સંક્રમસ્થાનો સમજવાં.

ક્ષાયિક સમ્યક્ત્વે ઉપશમ શ્રેણિમાં જ ઘટે એવાં સંક્રમસ્થાનો	(૪) ૧૯-૧૮-૯-૬
ઉપશમ સમ્યક્ત્વે ઉપશમ શ્રેણિમાં જ ઘટે એવાં સંક્રમસ્થાનો	(૨) ૧૪-૭
ક્ષપકશ્રેણિમાં જ ઘટે એવાં સંક્રમસ્થાનો	(૧) ૧,
ત્રણે શ્રેણિમાં ઘટે એવાં સંક્રમસ્થાનો	(૨) ૧૧,૨
ક્ષપકશ્રેણિ તથા ઉપશમ સમ્યક્ત્વ ઉપશમશ્રેણિ એ બન્નેમાં ઘટે એવાં સંક્રમસ્થાનો	(૪) ૧૩,૧૦,૪,૨
ક્ષપકશ્રેણિ તથા ક્ષાયિક સમ્યક્ત્વ ઉપશમશ્રેણિ એ બન્નેમાં ઘટે એવાં સંક્રમસ્થાનો	(૨) ૧૨,૩,
ઉપ. સમ્ય. ઉપ. શ્રેણિ ક્ષાયિક સમ્યક્ત્વશ્રેણિ એ બન્નેમાં ઘટે એવાં સંક્રમસ્થાનો	(૩) ૧૮,૫,૨૦

આ સંક્રમસ્થાનોમાં પચીસ પ્રકૃતિરૂપ સંક્રમસ્થાન સાદિ, અનાદિ, ધ્રુવ અને અધ્રુવ એમ ચાર પ્રકારે છે. તે આ પ્રમાણે—અઠ્ઠાવીસની સત્તાવાળો મિથ્યાદષ્ટિ જ્યારે સમ્યક્ત્વ, મિશ્રમોહનીય ઉવેલે ત્યારે તેને પચીસનું સંક્રમસ્થાન થાય. માટે સાદિ, અનાદિ મિથ્યાદષ્ટિને અનાદિ, અભવ્યને ધ્રુવ અને ભવ્યને અધ્રુવ હોય છે. અને બાકીનાં સંક્રમસ્થાનકો અમુક કાળ પર્યંત જ પ્રવર્ત્તતાં હોવાથી સાદિ-સાંત છે.

હવે પતદ્ગ્રહ સ્થાનકો કહેવા માટે પહેલા મોહનીયકર્મનાં બંધસ્થાનકો કહે છે—મોહનીયકર્મનાં દશ બંધસ્થાનકો છે. તે આ પ્રમાણે—બાવીસ, એકવીસ, સત્તર, તેર, નવ, પાંચ, ચાર, ત્રણ, બે, અને એક. કહ્યું છે કે—'બાવીસ, એકવીસ, સત્તર, તેર, નવ, પાંચ,

ચાર, ત્રણ, બે, અને એક—એમ મોહનીયકર્મનાં દશ બંધસ્થાનકો છે.'

પતદ્ગ્રહ સ્થાનો અઢાર છે, તે આ પ્રમાણે—એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત, નવ, દશ, અગિયાર, તેર, ચૌદ, પંદર, સત્તર, અઢાર, ઓગણીસ, એકવીસ, અને બાવીસ. કહ્યું છે કે—'સોળ, બાર, આઠ, વીસ અને ત્રેવીસથી અઠ્ઠાવીસ સુધીના છ-કુલ દશ વર્જીને શેષ પ્રકૃતિઓના સમૂહરૂપ અઢાર પતદ્ગ્રહસ્થાનો છે.'

તેમાં કયા પતદ્ગ્રહમાં કઈ પ્રકૃતિઓ સંક્રમે છે તેનો વિચાર કરે છે—અઠ્ઠાવીસની સત્તાવાળા મિથ્યાદૃષ્ટિને મિથ્યાત્વ એ સમ્યક્ત્વ અને મિશ્રમોહનીયનું પતદ્ગ્રહ હોવાથી તેના સિવાય શેષ સત્તાવીસ પ્રકૃતિઓ મિથ્યાત્વ, સોળકષાય, ત્રણ વેદમાંથી બંધાતો એક વેદ, બે યુગલમાંથી બંધાતું એક યુગલ, ભય, અને જુગુપ્સારૂપ બાવીસ પ્રકૃતિઓમાં સંક્રમે છે. સમ્યક્ત્વમોહનીય ઉવેલે ત્યારે સત્તાવીસની સત્તાવાળા તે જ મિથ્યાદૃષ્ટિને મિથ્યાત્વ એ મિશ્રમોહનીયનું પતદ્ગ્રહ હોવાથી તેના વિના શેષ છવ્વીસ પ્રકૃતિઓ પૂર્વોક્ત બાવીસમાં સંક્રમે છે.

મિશ્રમોહનીય ઉવેલે ત્યારે છવ્વીસની સત્તાવાળા તે જ મિથ્યાદૃષ્ટિને મિથ્યાત્વમોહનીયમાં કોઈપણ પ્રકૃતિ સંક્રમતી નહિ હોવાથી તે કોઈનું પતદ્ગ્રહ નથી માટે પૂર્વોક્ત બાવીસમાંથી તેને દૂર કરતાં શેષ એકવીસ પ્રકૃતિના સમુદાયરૂપ પતદ્ગ્રહમાં પચીસ પ્રકૃતિમો સંક્રમે છે. અથવા છવ્વીસની સત્તાવાળા અનાદિ મિથ્યાદૃષ્ટિને મિથ્યાત્વ કોઈપણ પ્રકૃતિમાં સંક્રમતું નથી તેમજ તેની અંદર કોઈ અન્ય પ્રકૃતિ સંક્રમતી નથી, માટે આધાર-આધેય ભાવ રહિત તે મિથ્યાત્વમોહનીયને દૂર કરતાં શેષ પચીસ પ્રકૃતિઓ એકવીસ પ્રકૃતિમાં સંક્રમે છે.

ચોવીસની સત્તાવાળો કોઈ સમ્યગ્દૃષ્ટિ પડીને મિથ્યાત્વે જાય, ત્યાં જો કે મિથ્યાત્વરૂપ હેતુ વડે અનંતાનુબંધિ કષાયને ફરી બાંધે છે તો પણ તે બંધાવલિકા પર્યંત સકલ કરણને અયોગ્ય હોવાથી સત્તામાં હોવા છતાં પણ તેને સંક્રમાવે નહિ, અને મિથ્યાત્વમોહનીય સમ્યક્ત્વ અને મિશ્રમોહનીયનું પતદ્ગ્રહ છે, માટે અનંતાનુબંધિ ચતુષ્ક અને મિથ્યાત્વમોહનીય વર્જીને શેષ ત્રેવીસ પ્રકૃતિઓ પૂર્વોક્ત બાવીસ પ્રકૃતિઓમાં સંક્રમાવે છે. આ રીતે મિથ્યાદૃષ્ટિને બાવીસના પતદ્ગ્રહમાં સત્તાવીસ, છવ્વીસ અને ત્રેવીસ પ્રકૃતિના સમૂહરૂપ ત્રણ સંક્રમસ્થાનકો સંક્રમે છે, અને એકવીસના પતદ્ગ્રહમાં પચીસ પ્રકૃતિઓ સંક્રમે છે. શેષ સંક્રમસ્થાનો કે પતદ્ગ્રહસ્થાનો મિથ્યાદૃષ્ટિને સંભવતાં નથી.

સાસ્વાદન સમ્યગ્દૃષ્ટિને 'બીજા ત્રીજા ગુણસ્થાનકવાળા દર્શનત્રિકને સંક્રમાવતા નથી' એવું શાસ્ત્રવચન હોવાથી દર્શનમોહનીયની ત્રણ પ્રકૃતિઓના સંક્રમનો અભાવ છે, માટે અહીં હમેશાં એકવીસના પતદ્ગ્રહમાં પચીસ પ્રકૃતિઓ જ સંક્રમે છે.

સમ્યગ્મિથ્યાદૃષ્ટિને પણ દર્શનમોહની ત્રણ પ્રકૃતિઓના સંક્રમનો અભાવ છે માટે અઠ્ઠાવીસની સત્તાવાળા અગર સમ્યક્ત્વમોહ વિના સત્તાવીસની સત્તાવાળા મિશ્રદૃષ્ટિને પચીસ પ્રકૃતિઓ અને અનંતાનુબંધિ રહિત ચોવીસની સત્તાવાળા મિશ્રદૃષ્ટિ એકવીસ પ્રકૃતિઓ બાર કષાય, પુરુષવેદ, ભય, જુગુપ્સા, અને બે યુગલમાંથી એક યુગલરૂપ બંધાતી સત્તર પ્રકૃતિઓમાં

સંક્રમે છે. આ પ્રમાણે સાસ્વાદન અને મિશ્રદષ્ટિ માટે કહ્યું.

હવે અવિરતિ સમ્યગ્દષ્ટિ, દેશવિરતિ, પ્રમત્ત, અપ્રમત્ત ગુણસ્થાનકોમાં સંક્રમ સ્થાનકો સરખાં હોવાથી એક સાથે જ પતદ્ગ્રહસ્થાનકો કહેવામાં આવે છે. તેમાં આ અવિરતિ આદિ ચાર ગુણસ્થાનકોમાં ઔપશમિક સમ્યગ્દષ્ટિને સમ્યક્ત્વ પ્રાપ્તિના પ્રથમ સમયથી આરંભી આવલિકા કાળપર્યંત સમ્યક્ત્વ અને મિશ્રમોહનીય પતદ્ગ્રહરૂપે જ હોય છે, તેથી શેષ છવ્વીસ પ્રકૃતિઓ અવિરતિ સમ્યગ્દષ્ટિને બાર કષાય, પુરુષવેદ, ભય, જુગુપ્સા, અને બે યુગલમાંથી એક યુગલરૂપ બંધાતી સત્તર પ્રકૃતિઓ તથા સમ્યક્ત્વ મોહનીય અને મિશ્રમોહનીય કુલ ઓગણીસ પ્રકૃતિના સમુદાયરૂપ પતદ્ગ્રહમાં, દેશવિરતિને પ્રત્યાખ્યાનાવરણ ચતુષ્ક, સંજ્વલન ચતુષ્ક, પુરુષવેદ, ભય, જુગુપ્સા, અન્યતર યુગલ, સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીયરૂપ પંદરના પતદ્ગ્રહમાં, અને પ્રમત્ત-અપ્રમત્તસંયતને સંજ્વલન ચતુષ્ક, પુરુષવેદ, ભય, જુગુપ્સા, અન્યતર યુગલ, સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીયરૂપ અગિયારના પતદ્ગ્રહમાં સંક્રમે છે.

તે જ અવિરતિ સમ્યગ્દષ્ટિ આદિને ઉપશમ સમ્યક્ત્વની પ્રાપ્તિથી આવલિકા પૂર્ણ થયા પછી મિશ્રમોહનીય સંક્રમમાં અને પતદ્ગ્રહપણામાં હોય છે. કારણ કે મિશ્રમોહનીયની સંક્રમાવલિકા વીતી ગઈ છે એટલે કે કરણસાધ્ય થઈ છે માટે સત્તાવીસ પ્રકૃતિઓ પૂર્વોક્ત ઓગણીસ, પંદર અને અગિયારરૂપ ત્રણ પતદ્ગ્રહમાં સંક્રમે છે.

અનંતાનુબંધિની ઉદ્વલના થયા બાદ ચોવીસની સત્તાવાળા તે જ અવિરતિ સમ્યગ્દષ્ટિ આદિ ગુણસ્થાનકવર્ત્તી ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ જીવોને સમ્યક્ત્વમોહનીય પતદ્ગ્રહ હોવાથી શેષ ત્રેવીસ પ્રકૃતિઓ પૂર્વોક્ત ઓગણીસ આદિ ત્રણ પતદ્ગ્રહોમાં સંક્રમે છે. ત્યારપછી ક્ષાયિક સમ્યક્ત્વ ઉત્પન્ન કરતાં મિથ્યાત્વનો ક્ષય થયા પછી મિશ્રમોહનીય પતદ્ગ્રહપણે હોતું નથી, અને મિથ્યાત્વ સંક્રમમાં હોતું નથી, માટે શેષ બાવીસ પ્રકૃતિઓ અવિરતિ, દેશવિરતિ અને સંયત આત્માઓને અનુક્રમે અઢાર, ચૌદ અને દશના પતદ્ગ્રહમાં સંક્રમે છે. ત્યારપછી મિશ્રમોહનીયનો ક્ષય થયા બાદ સમ્યક્ત્વમોહનીય પતદ્ગ્રહપણામાં હોતી નથી અને સંક્રમમાં તો છે જ નહિ તેથી એકવીસ પ્રકૃતિઓ અવિરતાદિ ગુણસ્થાનકવાળાઓને અનુક્રમે સત્તર, તેર અને નવના પતદ્ગ્રહમાં સંક્રમે છે.

હવે ઉપશમશ્રેણિમાં વર્ત્તમાન ઔપશમિક સમ્યગ્દષ્ટિનાં સંક્રમસ્થાનોને આશ્રયી પતદ્ગ્રહનો વિધિ કહે છે—ચોવીસની સત્તાવાળા ઔપશમિકસમ્યગ્દષ્ટિને સમ્યક્ત્વમોહનીય એ મિથ્યાત્વ અને મિશ્રનું પતદ્ગ્રહ હોવાથી તેને દૂર કરતાં શેષ ત્રેવીસ પ્રકૃતિઓ પુરુષવેદ, સંજ્વલન ચતુષ્ક, સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીય એમ સાતના પતદ્ગ્રહમાં સંક્રમે છે. ઉપશમશ્રેણિમાં વર્ત્તતા તે જ આત્માને અંતકરણ કર્યા પછી સંજ્વલન લોભનો સંક્રમ થતો નથી તેથી તે સિવાય શેષ બાવીસ પ્રકૃતિઓ પૂર્વોક્ત સાતના પતદ્ગ્રહમાં સંક્રમે છે. તેને જ નપુંસકવેદનો ઉપશમ થયા પછી એકવીસ પ્રકૃતિઓ સાતના પતદ્ગ્રહમાં સંક્રમે છે. ત્યારપછી સ્ત્રીવેદનો ઉપશમ થયા પછી વીસ પ્રકૃતિઓ સાતના પતદ્ગ્રહમાં સંક્રમે છે.

ત્યારપછી પુરુષવેદની પ્રથમ સ્થિતિ સમયન્યૂન બે આવલિકા શેષ રહે ત્યારે તે

પતદ્ગ્રહપણામાં રહેતો નથી. કહ્યું છે કે—'પ્રથમ સ્થિતિની સમયન્યૂન બે અને ત્રણ આવલિકા શેષ રહે ત્યારે અનુક્રમે પુરુષવેદ અને સંજ્વલન ચતુષ્ક પતદ્ગ્રહપણામાં રહેતા નથી.' માટે પૂર્વોક્ત સાત પ્રકૃતિમાંથી પુરુષવેદ દૂર કરતાં શેષ છના પતદ્ગ્રહમાં વીસ પ્રકૃતિઓ સંક્રમે છે. ત્યારપછી છ નોકષાયો ઉપશમે ત્યારે શેષ ચૌદ પ્રકૃતિઓ પૂર્વોક્ત છના પતદ્ગ્રહમાં સંક્રમે છે. છમાં ચૌદ પ્રકૃતિઓ સમયોન બે આવલિકા પર્યંત સંક્રમે છે. કારણ કે જે સમયે છ નોકષાયો ઉપશમે છે તે સમયે પુરુષવેદનો બંધ વિચ્છેદ થાય છે તે સમયે સમયન્યૂન બે આવલિકા કાળનું બંધાયેલું જ ઉપશમ્યા વિનાનું શેષ રહે છે, તેનો ઉપશમ અને સંક્રમ સમય ન્યૂન બે આવલિકા કાળ પર્યંત થાય છે. માટે ઉપર કહ્યું છે કે છમાં ચૌદ પ્રકૃતિઓ સમયોન બે આવલિકા સુધી સંક્રમે છે. પુરુષવેદનો ઉપશમ થાય બાદ શેષ તેર પ્રકૃતિઓ છના પતદ્ગ્રહમાં અંતર્મુહૂર્ત પર્યંત સંક્રમે છે.

ત્યારપછી સંજ્વલન ક્રોધની પ્રથમ સ્થિતિ સમય ન્યૂન ત્રણ આવલિકા શેષ રહે ત્યારે સંજ્વલન ક્રોધ પણ પતદ્ગ્રહ થતો નથી માટે પૂર્વોક્ત છમાંથી તેને ઓછો કરતાં શેષ પાંચના પતદ્ગ્રહમાં તે જ તેર પ્રકૃતિઓ સંક્રમે છે. ત્યારપછી અપ્રત્યાખ્યાનાવરણ અને પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ ઉપશમે ત્યારે શેષ અગિયાર પ્રકૃતિઓ પાંચના પતદ્ગ્રહમાં સમયોન બે આવલિકા પર્યંત સંક્રમે છે. અહીં કારણ પુરુષવેદમાં કહ્યું તે પ્રમાણે સમજી લેવું. ત્યારપછી સંજ્વલન ક્રોધ ઉપશમે ત્યારે શેષ દશ પ્રકૃતિઓ તે જ પાંચના પતદ્ગ્રહમાં અંતર્મુહૂર્ત પર્યંત સંક્રમે છે.

ત્યારપછી સંજ્વલન માનની પ્રથમ સ્થિતિ સમય ન્યૂન ત્રણ આવલિકા શેષ રહે ત્યારે સંજ્વલન માન પણ પતદ્ગ્રહ થતો નથી, માટે પાંચમાંથી તેને દૂર કરતાં શેષ ચારના પતદ્ગ્રહમાં દશ પ્રકૃતિઓ સમય ન્યૂન બે આવલિકા પર્યંત સંક્રમે છે. ત્યારપછી અપ્રત્યાખ્યાનાવરણ, પ્રત્યાખ્યાનાવરણ માન ઉપશમે ત્યારે શેષ આઠ પ્રકૃતિઓ ચારના પતદ્ગ્રહમાં સંક્રમે છે. સંજ્વલન માન ઉપશમે ત્યારે સાત પ્રકૃતિઓ અંતર્મુહૂર્ત પર્યંત ચારના પતદ્ગ્રહમાં સંક્રમે છે.

ત્યારપછી સંજ્વલન માયાની પ્રથમ સ્થિતિ સમય ન્યૂન ત્રણ આવલિકા શેષ રહે ત્યારે સંજ્વલન માયા પણ પતદ્ગ્રહ થતી નથી. માટે ચારમાંથી તેને દૂર કરતાં શેષ ત્રણના પતદ્ગ્રહમાં પૂર્વોક્ત સાત પ્રકૃતિઓ સંક્રમે છે. તે ત્યાં સુધી સંક્રમે છે યાવત્ સમયન્યૂન બે આવલિકા કાળ જાય. ત્યારપછી અપ્રત્યાખ્યાનાવરણ, પ્રત્યાખ્યાનાવરણ માયા ઉપશમે ત્યારે શેષ પાંચ પ્રકૃતિઓ ત્રણના પતદ્ગ્રહમાં સંક્રમે છે. તે ત્યાં સુધી સંક્રમે યાવત્ સમય ન્યૂન બે આવલિકા કાળ જાય. ત્યારપછી સંજ્વલન માયા ઉપશમે ત્યારે શેષ ચાર પ્રકૃતિઓ અંતર્મુહૂર્ત પર્યંત ત્રણના પતદ્ગ્રહમાં સંક્રમે છે.

ત્યારપછી અનિવૃત્તિ બાદર સંપરાય ગુણસ્થાનકના ચરમ સમયે અપ્રત્યાખ્યાનાવરણ, પ્રત્યાખ્યાનાવરણ લોભ ઉપશમે ત્યારે શેષ મિથ્યાત્વમોહનીય અને મિશ્રમોહનીય એ બે પ્રકૃતિઓ સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીય[1] એ બે પ્રકૃતિમાં સંક્રમે છે. અહીં દર્શનમોહનીય

૧. અહીં એટલું સમજી લેવાનું કે નવમા ગુણસ્થાનકનો સમય ન્યૂન બે આવલિકા કાળ શેષ રહે ત્યારથી જ સંજ્વલન લોભ પતદ્ગ્રહ થતો નથી ત્યારથી જ બે પ્રકૃતિનો બેમાં સંક્રમ થાય છે એમ સમજવું.

અને ચારિત્રમોહનીયનો પરસ્પર સંક્રમ થતો નહિ હોવાથી મિશ્ર અને મિથ્યાત્વમોહનીયનો લોભમાં સંક્રમ થતો નથી. એટલે જ બેનો બેમાં સંક્રમ થાય છે. તેમાં મિથ્યાત્વ, સમ્યક્ત્વ અને મિશ્રમોહનીયમાં, અને મિશ્રમોહનીય સમ્યક્ત્વમોહનીયમાં સંક્રમે છે.

આ પ્રમાણે ઉપશમ સમ્યગ્દષ્ટિને ઉપશમશ્રેણિમાં સંક્રમ અને પતદ્ગ્રહનો વિધિ કહ્યો.

હવે ઉપશમશ્રેણિમાં વર્તતા ક્ષાયિક સમ્યગ્દષ્ટિનો સંક્રમ અન પતદ્ગ્રહ વિધિ કહે છે—

તેમાં અનંતાનુબંધિ ચતુષ્ક અને દર્શનત્રિકનો ક્ષય થયા પછી એકવીસની સત્તાવાળો ક્ષાયિક સમ્યગ્દષ્ટિ ઉપશમ શ્રેણિનો સ્વીકાર કરે છે. તેને નવમા ગુણસ્થાનકે અંતર્મુહૂર્ત્ત પર્યંત પુરુષવેદ અને સંજ્વલન ચતુષ્કરૂપ પાંચના પતદ્ગ્રહમાં એકવીસ પ્રકૃતિમાં એકવીસ પ્રકૃતિઓ સંક્રમે છે. આઠમા ગુણસ્થાનકે તો તેને નવના પતદ્ગ્રહમાં એકવીસ સંક્રમે છે એમ સમજવું. નવમા ગુણસ્થાનકે જ્યારે અંતકરણ કરે ત્યારે સંજ્વલન લોભનો સંક્રમ થતો નહિ હોવાથી તેના સિવાય શેષ વીસ પ્રકૃતિઓ પાંચના પતદ્ગ્રહમાં અંતર્મુહૂર્ત્ત પર્યંત સંક્રમે છે. ત્યારપછી નપુંસકવેદ ઉપશમે ત્યારે ઓગણીસ પ્રકૃતિઓ અંતર્મુહૂર્ત્ત પર્યંત પાંચમાં સંક્રમે છે. ત્યારપછી સ્ત્રીવેદ ઉપશમે ત્યારે અઢાર પ્રકૃતિઓ તે જ પાંચના પતદ્ગ્રહમાં અંતર્મુહૂર્ત્ત પર્યંત સંક્રમ છે.

ત્યારપછી પુરુષવેદની પ્રથમ સ્થિતિ સમ્યન્યૂન બે આવલિકા શેષ રહે ત્યારે તે પતદ્ગ્રહ થતો નથી માટે તેના સિવાય શેષ ચારના પતદ્ગ્રહમાં અઢાર પ્રકૃતિઓ સંક્રમે છે. ત્યારપછી છ નોકષાયોનો ઉપશમ થાય ત્યારે શેષ બાર પ્રકૃતિઓ ચારના પતદ્ગ્રહમાં સમયન્યૂન બે આવલિકા પર્યંત સંક્રમે છે. ત્યારપછી પુરુષવેદનો ઉપશમ થયે છતે અગિયાર પ્રકૃતિઓ ચારના પતદ્ગ્રહમાં અંતર્મુહૂર્ત્ત પર્યંત સંક્રમે છે.

ત્યારપછી સંજ્વલન ક્રોધની પ્રથમસ્થિતિ સમયોન ત્રણ આવલિકા શેષ રહે ત્યારે સંજ્વલન ક્રોધ પણ પતદ્ગ્રહ થતો નથી માટે ચારમાંથી તેને દૂર કરતાં શેષ ત્રણના પતદ્ગ્રહમાં તે પૂર્વોક્ત અગિયાર પ્રકૃતિઓ સંક્રમે છે. તે ત્યાં સુધી સંક્રમે યાવત્ સમય ન્યૂન બે આવલિકા કાળ જાય. ત્યારપછી અપ્રત્યાખ્યાનાવરણ, પ્રત્યાખ્યાનાવરણ બે ક્રોધ ઉપશમે ત્યારે નવ પ્રકૃતિઓ પૂર્વોક્ત ત્રણના પતદ્ગ્રહમાં સમયન્યૂન બે આવલિકાકાળ પર્યંત સંક્રમે છે. ત્યારપછી સંજ્વલન ક્રોધ ઉપશમે એટલે આઠ પ્રકૃતિઓ અંતર્મુહૂર્ત્ત પર્યંત ત્રણના પતદ્ગ્રહમાં સંક્રમે છે.

ત્યારપછી સંજ્વલન માનની પ્રથમ સ્થિતિ સમય ન્યૂન ત્રણ આવલિકા શેષ રહે ત્યારે સંજ્વલન માન પણ પતદ્ગ્રહ થતો નથી માટે ત્રણમાંથી તેને કાઢતાં શેષ બેના પતદ્ગ્રહમાં પૂર્વોક્ત આઠ પ્રકૃતિઓ સમયોન બે આવલિકા કાળ સુધી સંક્રમે છે. ત્યારપછી અપ્રત્યાખ્યાનાવરણ, પ્રત્યાખ્યાનાવરણ બે માન ઉપશમે ત્યારે સાત પ્રકૃતિઓ બેના પતદ્ગ્રહમાં સમય ન્યૂન બે આવલિકાપર્યંત સંક્રમે છે. ત્યારપછી સંજ્વલન માન ઉપશમે ત્યારે પાંચ પ્રકૃતિઓ બેના પતદ્ગ્રહમાં અંતર્મુહૂર્ત્ત પર્યંત સંક્રમે છે.

ત્યારપછી સંજ્વલન માયાની પ્રથમ સ્થિતિ સમય ન્યૂન ત્રણ આવલિકા શેષ રહે ત્યારે સંજ્વલન માયા પણ પતદ્ગ્રહ થતી નથી માટે બેમાંથી તેને દૂર કરતાં શેષ સંજ્વલન લોભ રૂપ એકના પતદ્ગ્રહમાં તે પાંચે પ્રકૃતિઓ સમય ન્યૂન બે આવલિકા પર્યંત સંક્રમે છે. ત્યારપછી

અપ્રત્યાખ્યાનાવરણ, પ્રત્યાખ્યાનાવરણ માયાનો ઉપશમ થાય ત્યારે શેષ ત્રણ પ્રકૃતિઓ સંજ્વલન લોભમાં સંક્રમે છે. તે ત્યાં સુધી સંક્રમે યાવત્ સમય ન્યૂન બે આવલિકા કાળ જાય. ત્યારપછી સંજ્વલન માયા ઉપશમે એટલે અપ્રત્યાખ્યાનાવરણ પ્રત્યાખ્યાનાવરણ એ બે લોભ સંજ્વલન લોભમાં[1] અંતર્મુહૂર્ત્ત પર્યંત સંક્રમે છે.

ત્યારપછી અનિવૃત્તિ બાદર સંપરાય ગુણસ્થાનકના ચરમ સમયે તે બંને લોભ ઉપશમી જાય છે. એટલે દશમા ગુણસ્થાનકે કોઈ પ્રકૃતિનો કોઈ પ્રકૃતિમાં સંક્રમ થતો નથી. આ પ્રમાણે ઉપશમશ્રેણિમાં વર્ત્તતા ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ આશ્રયી સંક્રમ-પતદ્ગ્રહ વિધિ કહ્યો.

હવે ક્ષપકશ્રેણિમાં વર્ત્તમાન ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ આશ્રયી સંક્રમ-પતદ્ગ્રહ વિધિ કહે છે.

એકવીસની સત્તાવાળો ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ ક્ષપકશ્રેણિનો સ્વીકાર કરે છે.

અનિવૃત્તિબાદર સંપરાય ગુણસ્થાનકને પ્રાપ્ત થયેલા તેને પુરુષવેદ અને સંજ્વલન ચતુષ્કરૂપ પાંચના પતદ્ગ્રહમાં એકવીસ પ્રકૃતિઓ સંક્રમે છે. ત્યારપછી આઠ કષાયનો ક્ષય થયે છતે તેર પ્રકૃતિઓ અંતર્મુહૂર્ત્ત પર્યંત પાંચના પતદ્ગ્રહમાં સંક્રમે છે. ત્યારપછી અંતરકરણ કરે ત્યારે સંજ્વલન લોભનો સંક્રમ થતો નથી માટે શેષ બાર પ્રકૃતિઓ તે જ પાંચના પતદ્ગ્રહમાં અંતર્મુહૂર્ત્ત પર્યંત સંક્રમે છે. ત્યારપછી નપુંસકવેદનો ક્ષય થયે છતે અગિયાર પ્રકૃતિઓ અંતર્મુહૂર્ત્ત કાળ પર્યંત સંક્રમે છે. સ્ત્રીવેદનો ક્ષય થાય એટલે દશ પ્રકૃતિઓ અંતર્મુહૂર્ત્ત પર્યંત તે જ પાંચના પતદ્ગ્રહમાં સંક્રમે છે.

ત્યારપછી પુરુષવેદની પ્રથમ સ્થિતિ સમય ન્યૂન બે આવલિકા શેષ રહે ત્યારે તે પતદ્ગ્રહ થતો નથી માટે પાંચમાંથી તેને દૂર કરતાં શેષ ચારના પતદ્ગ્રહમાં તે જ દશ પ્રકૃતિઓ સમય ન્યૂન બે આવલિકા પર્યંત સંક્રમે છે. ત્યારપછી છ નોકષાયોનો ક્ષય થયે છતે શેષ ચાર પ્રકૃતિઓ સમયોન બે આવલિકા પર્યંત તે જ ચારના પતદ્ગ્રહમાં સંક્રમે છે.

જે સમયે પુરુષવેદનો ક્ષય થયો તે સમયે સંજ્વલન ક્રોધ પણ પતદ્ગ્રહપણે હોતા નથી માટે તેના સિવાય શેષ માન, માયા અને લોભ એ ત્રણ પ્રકૃતિઓમાં ક્રોધ, માન અને માયા એ ત્રણ પ્રકૃતિઓ અંતર્મુહૂર્ત્ત પર્યંત[1] સંક્રમે છે.

સંજ્વલન ક્રોધનો બંધવિચ્છેદ થયા પછી સમયન્યૂન બે આવલિકા કાળે સંજ્વલન ક્રોધનો ક્ષય થાય છે, અને તે જ સમયે સંજ્વલન માન પતદ્ગ્રહપણે રહેતા નથી માટે શેષ બે પ્રકૃતિનો બે પ્રકૃતિમાં અંતર્મુહૂર્ત્ત પર્યંત સંક્રમ થાય છે. સંજ્વલન માનનો બંધવિચ્છેદ થયા પછી સમયોન બે આવલિકા કાળે સંજ્વલન માનનો પણ સત્તામાંથી નાશ થાય છે. અને તે જ સમયે સંજ્વલન માયાની પતદ્ગ્રહતા પણ રહેતી નથી માટે એક સંજ્વલન લોભ રૂપ પતદ્ગ્રહમાં સંજ્વલન માયા રૂપ એક પ્રકૃતિ અંતર્મુહૂર્ત્ત પર્યંત સંક્રમે છે. સંજ્વલન માયાનો બંધવિચ્છેદ થયા

---

૧. સંજ્વલન લોભ પતદ્ગ્રહપણે હોય ત્યાં સુધી ઉપરોક્ત બે લોભ સંક્રમે. નવમા ગુણસ્થાનકનો સમયન્યૂન બે આવલિકા કાળ બાકી રહે એટલે સંજ્વલન લોભ પતદ્ગ્રહપણે રહેતો નથી. ત્યારથી બે લોભનો સંક્રમ થતો નથી પરંતુ એકલો ઉપશમ જ થાય છે. નવમા ગુણસ્થાનકના ચરમ સમયે એ બે લોભ સર્વથા શાંત થઈ જાય છે.

પછી સમયોન બે આવલિકા કાળે સંજ્વલન માયાનો પણ ક્ષય થાય છે. ત્યારપછી કોઈ પ્રકૃતિ કોઈ પ્રકૃતિમાં સંક્રમતી નથી.

આ પતદ્ગ્રહોમાં એકવીસનો પતદ્ગ્રહ સાદિ, અનાદિ, ધ્રુવ અને અધ્રુવ એમ ચાર પ્રકારે છે. તેમાં મિથ્યાદષ્ટિને સમ્યક્ત્વ અને મિશ્રમોહનીયની ઉદ્વલના થયા બાદ છવ્વીસ પ્રકૃતિની સત્તાવાળાને એકવીસના પતદ્ગ્રહની શરૂઆત થાય માટે સાદિ, છવ્વીસની સત્તાવાળા અનાદિ મિથ્યાદષ્ટિ આશ્રયી અનાદિ, અભવ્યને ધ્રુવ, અને ભવ્યને અધ્રુવ છે. શેષ સઘળા પતદ્ગ્રહો નિયતકાળ પર્યંત પ્રવર્ત્તતા હોવાથી સાદિ સાંત છે.

ઉપર જે સવિસ્તર અર્થ કહ્યો તે જ અર્થને સૂત્રકાર સંક્ષેપમાં બતાવે છે—

पन्नरससोलसत्तरअडचउवीसा य संकमे नत्थि ।
अट्ठदुवालससोलसवीसा य पडिग्गहे नत्थि ॥१२॥

पञ्चदशषोडशसप्तदशअष्टचतुर्विंशतयश्च संक्रमे न सन्ति ।
अष्टद्वादशषोडशविंशतयश्च पतद्ग्रहे न सन्ति ॥१२॥

અર્થ—પંદર, સોળ, સત્તર, આઠ અને ચાર અધિક વીસ એમ પાંચ સ્થાનો સંક્રમમાં હોતાં નથી. તથા આઠ, બાર, સોળ અને વીસ એ ચાર સ્થાનો પતદ્ગ્રહમાં હોતાં નથી.

ટીકાનુ૰—મોહનીયકર્મના પંદર, સોળ, સત્તર, અઠ્ઠાવીસ અને ચોવીસ એ પાંચ પ્રકૃતિસ્થાનો સંક્રમના વિષયભૂત હોતાં નથી, શેષ ત્રેવીસ સંક્રમસ્થાનો સંક્રમના વિષયભૂત હોય છે. તેનો સવિસ્તર વિચાર પૂર્વની ગાથામાં કરી આપ્યો છે.

આઠ, બાર, સોળ અને વીસ એ ચાર પ્રકૃતિસ્થાનો પતદ્ગ્રહના વિષયભૂત નથી. ગાથામાં 'वीसा' એ પદ પછી મૂકેલ 'च' શબ્દ અનુક્ત અર્થનો સમુચ્ચાયક હોવાથી ત્રેવીસ, ચોવીસ, પચીસ, છવ્વીસ, સત્તાવીસ અને અઠ્ઠાવીસ એ છ સ્થાનો પણ પતદ્ગ્રહના વિષયભૂત હોતાં નથી, શેષ અઢાર પતદ્ગ્રહ સ્થાનો હોય છે. તેનો પણ પૂર્વની ગાથામાં વિચાર કર્યો છે. ૧૨.

હવે સર્વ સંક્રમસ્થાનો અને પતદ્ગ્રહ સ્થાનોની સાદ્યાદિ ભંગની પ્રરૂપણા કરે છે—

संकमण पडिग्गहया पढमतइज्जट्ठमाणचउभेया ।
इगवीसो पडिग्गहगो पणुवीसो संकमो मोहे ॥१३॥

संक्रमणपतद्ग्रहता प्रथमतृतीयाष्टमानां चतुर्भेदा ।
एकविंशतिः पतद्ग्रहः पञ्चविंशतिः संक्रमो मोहे ॥१३॥

અર્થ—પહેલા, ત્રીજા અને આઠમા કર્મનો સંક્રમ અને પતદ્ગ્રહ ચાર પ્રકારે છે અને મોહનીય કર્મનો એકવીસ પ્રકૃતિરૂપ પતદ્ગ્રહ અને પચીસ પ્રકૃતિરૂપ સંક્રમ ચાર પ્રકારે છે.

ટીકાનુ૰—પહેલું જ્ઞાનાવરણીય, ત્રીજું વેદનીય, અને આઠમું અંતરાય—એ ત્રણ કર્મનો સંક્રમ અને તેઓનું પતદ્ગ્રહપણું સાદિ, અનાદિ, ધ્રુવ અને અધ્રુવ એમ ચાર પ્રકારે છે. તે આ

પ્રમાણે—તેમાં જ્ઞાનાવરણીય અને અંતરાય આશ્રયી તો પહેલાં અગિયારમી ગાથામાં વિચાર કર્યો છે, માટે ત્યાંથી જોઈ લેવું.

ત્રીજા વેદનીયકર્મનું બેમાંથી નહિ બંધાતી એક પ્રકૃતિરૂપ સંક્રમસ્થાન અને બંધાતી એક પ્રકૃતિરૂપ પતદ્ગ્રહસ્થાન સામાન્યપણે સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનક પર્યંત હોય છે ત્યાંથી આગળ ઉપશાંતમોહાદિ ગુણઠાણે સાંપરાયિક બંધનો અભાવ હોવાથી સંક્રમ કે પતદ્ગ્રહ બેમાંથી કોઈપણ સ્થાન હોતું નથી. કષાયરૂપ બંધહેતુ વડે જ્યાં સુધી પ્રકૃતિઓ બંધાય છે ત્યાં સુધી જ બંધાતી તે પ્રકૃતિઓ પતદ્ગ્રહ થાય છે. જ્યાં કષાય બંધહેતુ નથી ત્યાં કદાચ પ્રકૃતિ બંધાતી હોય છતાં તે પતદ્ગ્રહ થતી નથી.

અગિયારમા આદિ ગુણઠાણે સાતાવેદનીય સિવાય અન્ય કોઈ પણ પ્રકૃતિનો બંધ થતો નથી, બંધ ન હોવાથી પતદ્ગ્રહ નથી અને પતદ્ગ્રહનો અભાવ હોવાથી કોઈ પણ પ્રકૃતિ સંક્રમતી નથી. સાતાવેદનીય બંધાય છે પરંતુ તે પતદ્ગ્રહ નથી, કારણ કે તેના બંધમાં કષાય હેતુ નથી. ઉપશાંત મોહ ગુણસ્થાનકેથી પડે ત્યારે તેના બંને સ્થાનની શરૂઆત થાય છે. દશમાથી સાતમા સુધીમાં સાતાવેદનીય પતદ્ગ્રહ, અસાતાનો સંક્રમ, અને છઠ્ઠાથી નીચેનાં ગુણસ્થાનકોમાં પરિણામને અનુસરી બેમાંથી જે બંધાય તે પતદ્ગ્રહ, શેષનો સંક્રમ હોય છે. માટે તે બંને સ્થાન સાદિ છે. અગિયારમું ગુણસ્થાનક જેઓએ પ્રાપ્ત કર્યું નથી તેઓ આશ્રયી અનાદિ, અભવ્યને અનંત અને ભવ્યને સાંત છે.

સામાન્યથી વેદનીયકર્મ આશ્રયી વિચારીએ ત્યારે ઉપર પ્રમાણે ચાર ભાંગા ઘટે છે પરંતુ જ્યારે તેની એક એક પ્રકૃતિ આશ્રયી વિચારીએ ત્યારે સંક્રમ અને પતદ્ગ્રહ બંને સાદિ અને સાંત એમ બે પ્રકારે છે. તે બે ભંગનો વિચાર પહેલા કરી ગયા છે. તથા મોહનીયનો એકવીસ પ્રકૃતિરૂપ પતદ્ગ્રહ અને પચીસ પ્રકૃતિરૂપ સંક્રમ સાદિ આદિ ચાર પ્રકારે છે. તેનો પણ વિચાર પૂર્વે કરેલો છે ત્યાંથી જોઈ લેવું. ૧૩

दंसणवरणे नवगो संकमणपडिग्गहा भवे एवं ।
साई अधुवा सेसा संकमणपडिग्गहठाणा ॥१४॥

दर्शनावरणे नवकः संक्रमः पतद्ग्रहो भवेदेवम् ।
साद्यध्रुवाणि शेषाणि संक्रमपतद्ग्रहस्थानानि ॥१४॥

અર્થ—દર્શનાવરણીય કર્મમાં નવ પ્રકૃતિરૂપ સંક્રમસ્થાન અને પતદ્ગ્રહસ્થાન સાદિ આદિ ચાર પ્રકારે છે. શેષ સંક્રમ અને પતદ્ગ્રહસ્થાનો સાદિ સાંત છે.

ટીકાનુ૦—દર્શનાવરણીય કર્મમાં નવ પ્રકૃતિના સમૂહરૂપ સંક્રમસ્થાન અને નવ પ્રકૃતિના સમૂહરૂપ પતદ્ગ્રહસ્થાન સાદિ આદિ ચાર પ્રકારે છે, તેનો વિચાર અગિયારમી ગાથામાં કર્યો છે. બાકીના દર્શનાવરણીય કર્મના અને શેષ સઘળા કર્મનાં સંક્રમસ્થાનો અને પતદ્ગ્રહસ્થાનો પરિમિત કાળ પર્યંત થતાં હોવાથી સાદિ સાંત છે. ૧૪.

હવે દર્શનાવરણીય કર્મમાં જે સંક્રમ અને જે પતદ્ગ્રહો જે રીતે સંભવે છે તેઓને તે રીતે

પ્રતિપાદન કરવા ઇચ્છતા કહે છે—

नवछक्कचउक्केसुं नवगं संकमइ उवसमगयाणं ।
खवगाण चउसु छक्कं दुइएमोहं अओ वोच्छं ॥१५॥

नवकषट्कचतुष्केषु नवकं संक्रामति उपशमगतानाम् ।
क्षपकाणां चतुष्के षट्कं द्वितीये मोहमतः वक्ष्ये ॥१५॥

અર્થ—બીજા દર્શનાવરણીય કર્મના નવ, છ અને ચાર એ ત્રણ પતદ્ગ્રહમાં ઉપશમ શ્રેણિને પ્રાપ્ત થયેલા આત્માઓને નવ સંક્રમે છે. ક્ષપકશ્રેણિગત આત્માઓને ચારમાં છ સંક્રમે છે. હવે પછી મોહનીય સંબંધે કહીશ.

ટીકાનુ૰—બીજા દર્શનાવરણીય કર્મની અંદર નવ, છ અને ચાર એ ત્રણ પતદ્ગ્રહમાં નવ પ્રકૃતિઓ સંક્રમે છે. તેમાં પહેલા બે ગુણસ્થાનક પર્યંત નવમાં નવ સંક્રમે છે. ત્રીજા ગુણસ્થાનકથી આરંભી આઠમા ગુણસ્થાનકના પ્રથમ ભાગ પર્યંત થીણદ્ધિત્રિક નહિ બંધાતું હોવાથી શેષ છના પતદ્ગ્રહમાં નવ સંક્રમે છે.

આઠમા ગુણસ્થાનકના બીજા ભાગથી દશમા ગુણસ્થાનકના ચરમસમય પર્યંત ઉપશમશ્રેણિને પ્રાપ્ત થયેલા આત્માઓને બંધાતી દર્શનાવરણીયની ચાર પ્રકૃતિમાં નવ સંક્રમે છે. ચારમાં નવનો સંક્રમ ઉપશમશ્રેણિમાં જ થાય છે, ક્ષપકશ્રેણિગત આત્માઓ જ નવમા ગુણસ્થાનકે ક્ષીણદ્ધિત્રિકનો ક્ષય થયા પછી સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકના ચરમસમય પર્યંત બંધાતી ચાર પ્રકૃતિમાં છ પ્રકૃતિઓ સંક્રમાવે છે. અન્ય કોઈ સંક્રમાવતા નથી ત્યારપછી બંધનો અભાવ હોવાથી સંક્રમ કે પતદ્ગ્રહ હોતો નથી.

હવે પછી સંક્રમ અને પતદ્ગ્રહસ્થાનોને આશ્રયી મોહનીયકર્મ સંબંધે કહીશ. ૧૫.

અહીં પહેલાં સંક્રમસ્થાનોને શોધવાનો ઉપાય કહે છે—

लोभस्स असंकमणा उव्वलणा खवणओ छसत्तण्हं ।
उवसंताण वि दिट्ठीण संकमा नेया ॥१६॥

लोभस्यासंक्रमणादुद्वलनातः क्षपणातः षट्सप्तानाम् ।
उपशान्तानामपि दृष्टीनां संक्रमात् संक्रमा ज्ञेयाः ॥१६॥

અર્થ—લોભના સંક્રમનો અભાવ, સમ્યક્ત્વ, મિશ્રમોહનીય અને અનંતાનુબંધિની ઉદ્વલના, સાત નોકષાયોની ક્ષપણા, ઉપશાંત થવા છતાં પણ દૃષ્ટિઓનો સંક્રમ—આ સર્વનો વિચાર કરી સંક્રમસ્થાનો ક્યાં ક્યાં હોય છે તે સમજવું.

ટીકાનુ૰—અહીં જે બાબતો નીચે કહે છે તે બાબતોને લક્ષ્યમાં રાખી ક્યાં ક્યાં સંક્રમસ્થાનો હોય છે તે સમજી લેવું. જેમકે, નવમા ગુણસ્થાનકે અંતરકરણ કર્યા પછી સંજ્વલન લોભનો સંક્રમ થતો નથી એટલે ત્યારપછી શરૂઆતમાં બાવીસ, વીસ કે બારનું સંક્રમસ્થાન હોય છે. એ પ્રમાણે અન્યત્ર પણ સમજી લેવું. તથા સમ્યક્ત્વમોહનીય, મિશ્રમોહનીય અને

અનંતાનુબંધિની ઉદ્વલના થયા પછી, અને હાસ્યષટ્ક તથા પુરુષવેદ એ સાત નોકષાયોનો ક્ષય થયા પછી તેઓનો સંક્રમ થતો નથી. તથા ત્રણ દૃષ્ટિઓનો ઉપશમ[1] થવા છતાં પણ સંક્રમ થાય છે. આ સર્વનો વિચાર કરી જે સંક્રમસ્થાન જ્યાં અને જ્યારે ઘટે તે ત્યાં ઘટાવી લેવું. કયું સંક્રમસ્થાન ક્યાં ઘટે છે તે વિસ્તારથી અગિયારમી ગાથામાં કહ્યું છે ત્યાંથી જોઈ લેવું. ૧૬.

હવે જે જે સંક્રમસ્થાનો જે જે ગુણસ્થાનકોમાં સંભવે છે તેને ત્યાં પ્રતિપાદન કરતાં કહે છે—

आमीसं पणुवीसो इगवीसो मीसगाउ जा पुव्वो ।
मिच्छखवगे दुवीसो मिच्छे य तिसत्तछव्वीसो ॥१७॥

आमिश्रं पञ्चविंशतिरेकविंशतिर्मिश्रकाद् यावदपूर्व्वः ।
मिथ्यात्वक्षपके द्वाविंशतिः मिथ्यात्वे च त्रिसप्तषड्विंशतिः ॥१७॥

અર્થ—મિશ્ર ગુણસ્થાનક પર્યંત પચીસ પ્રકૃતિરૂપ, મિશ્ર ગુણસ્થાનકથી અપૂર્વકરણ પર્યંત એકવીસ પ્રકૃતિરૂપ મિથ્યાત્વ ક્ષપકને બાવીસ પ્રકૃતિરૂપ અને મિથ્યાત્વ ગુણઠાણે ત્રેવીસ, સત્તાવીસ અને છવ્વીસ પ્રકૃતિરૂપ, સંક્રમસ્થાનો હોય છે.

ટીકાનુ૦—પચીસ પ્રકૃતિરૂપ સંક્રમસ્થાન મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનકથી આરંભી, મિશ્ર ગુણસ્થાનક પર્યન્ત હોય છે, અન્યત્ર હોતું નથી. તથા મિશ્ર ગુણસ્થાનકથી આરંભી અપૂર્વકરણ ગુણસ્થાનક પર્યંત એકવીસ પ્રકૃતિરૂપ સંક્રમસ્થાન હોય છે. શેષ ગુણસ્થાનકોમાં હોતું નથી.

મિથ્યાત્વના ક્ષપક અવિરતિ સમ્યગ્દૃષ્ટિ દેશવિરતિ, સર્વવિરતિ પ્રમત્ત-અપ્રમત્ત ગુણસ્થાનકે બાવીસ પ્રકૃતિનું સંક્રમસ્થાન હોય છે, અન્યત્ર હોતું નથી. તથા મિથ્યાત્વ ગુણસ્થાનકે અને ગાથામાં ગ્રહણ કરેલ 'च' શબ્દ વડે અવિરતિ, દેશવિરતિ અને સર્વવિરતિ ગુણસ્થાનકોમાં પણ ત્રેવીસ, સત્તાવીસ અને છવ્વીસ એમ ત્રણ સંક્રમસ્થાનકો હોય છે. શેષ ગુણસ્થાનકોમાં હોતાં નથી.[2] ૧૭.

હવે પતદ્ગ્રહસ્થાનો અઢાર જ હોય છે, વધારે ઓછાં હોતાં નથી તેમાં યુક્તિનો ઉપન્યાસ કરતાં કહે છે—

खवगस्स सबंधच्चिय उवसमसेढीए सम्ममीसजुया ।
मिच्छखवगे ससम्मा अट्ठारस इय पडिग्गहया ॥१८॥

क्षपकस्य स्वबन्धा एवोपशमश्रेण्यां सम्यक्मिश्रयुताः ।
मिथ्यात्वक्षपके ससम्यक्त्वाः अष्टादशेति पतद्ग्रहाः ॥१८॥

---

૧. અહીં સમ્યક્ત્વ મોહનીયનો અન્ય પ્રકૃતિનયન સંક્રમ થતો નથી, પરંતુ અપવર્ત્તના સંક્રમ થાય છે. મિશ્ર તથા મિથ્યાત્વ મોહનીયનો જ અન્ય પ્રકૃતિ નયન સંક્રમ થાય છે, એમ સમજવું.

૨. ત્રેવીસનો સંક્રમ ઉપશમ સમ્યક્ત્વને ઉપશમ શ્રેણિમાં આઠમા ગુણસ્થાનકે તથા અંતકરણ ન કરે ત્યાં સુધી નવમા ગુણસ્થાનકે પણ હોય છે. પરંતુ અહીં શ્રેણિ વિનાના સાત ગુણ સ્થાનકની અપેક્ષાએ બતાવેલ છે.

અર્થ—ક્ષપક પોતાનાં બંધસ્થાનકો જ પતદ્ગ્રહો હોય છે. તે જ પતદ્ગ્રહો ઉપશમશ્રેણિમાં સમ્યક્ત્વ અને મિશ્રમોહનીય યુક્ત હોય છે. મિથ્યાત્વના ક્ષપકને સમ્યક્ત્વ યુક્ત પતદ્ગ્રહ હોય છે. એ રીતે અઢાર પતદ્ગ્રહસ્થાનો હોય છે.

ટીકાનુ૦—જેણે અનંતાનુબંધિ આદિ સાત પ્રકૃતિનો ક્ષય કર્યો છે તેને અને ચારિત્રમોહના ક્ષપકને પોતાનાં જે બંધસ્થાનકો છે, એટલે કે તેઓ મોહનીયકર્મની જેટલી પ્રકૃતિઓ બાંધે છે તે જ પતદ્ગ્રહો હોય છે. જેમકે, ક્ષાયિક સમ્યક્ત્વી અવિરતિ, દેશવિરતિ અને સર્વવિરતિ આત્માઓને અનુક્રમે સત્તર, તેર અને નવ એમ ત્રણ પતદ્ગ્રહો હોય છે. ચારિત્રમોહનીયના ક્ષપકને[1] પાંચ ચાર, ત્રણ, બે અને પ્રકૃતિના બંધરૂપ પાંચ પતદ્ગ્રહો હોય છે.

ઉપશમશ્રેણિમાં ઉપશમ સમ્યગ્દષ્ટિને ક્ષપક સંબંધી જે પાંચ આદિ પતદ્ગ્રહો છે તે જ સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીય યુક્ત લેવાના છે. એટલે તેઓને સાત, છ, પાંચ, ચાર અને ત્રણ એમ પાંચ પતદ્ગ્રહો હોય છે. તથા ક્ષાયિક સમ્યક્ત્વ ઉત્પન્ન કરતાં મિથ્યાત્વમોહનીયનો ક્ષય થયા પછી જ્યાં સુધી મિશ્રમોહનીયનો ક્ષય ન થાય ત્યાં સુધી પૂર્વે ક્ષાયકિ સમ્યક્ત્વી-અવિરતિ, દેશવિરતિ અને સર્વવિરતિને સત્તર, તેર અને નવરૂપ જે પતદ્ગ્રહો કહ્યા છે તેમાં સમ્યક્ત્વ મોહનીય મેળવતા અઢાર, ચૌદ અને દશ એમ ત્રણ પતદ્ગ્રહો હોય છે. અને જ્યાં સુધી મિથ્યાત્વમોહનીયનો ક્ષય ન થાય ત્યાં સુધી તે જ સત્તર આદિ પતદ્ગ્રહો સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીય સાથે ઓગણીસ, પંદર અને અગિયાર એમ ત્રણ હોય છે.

બાવીસ અને એકવીસ પ્રકૃતિના સમૂહરૂપ બે પતદ્ગ્રહ મિથ્યાદષ્ટિ અને સાસ્વાદને હોય છે તે પ્રસિદ્ધ છે. તેમાં મિથ્યાદષ્ટિને બંને અને સાસ્વાદન સમ્યગ્દષ્ટિને એકવીસ રૂપ એક પતદ્ગ્રહ જ હોય છે.

આ પ્રકારે અઢાર પતદ્ગ્રહો જ થાય છે, વધારે ઓછા થતા નથી. એક જ સંખ્યા બે વાર આવે ત્યાં સંખ્યા એક લેવી પરંતુ એક પતદ્ગ્રહ બે રીતે થાય છે એમ સમજવું. જેમકે સમ્યક્ત્વ અને મિશ્રમોહનીય એક બે પ્રકૃતિરૂપ પતદ્ગ્રહ અગિયારમે ગુણઠાણે પણ હોય છે અને ક્ષપકશ્રેણિમાં માયા અને લોભ એમ બે પ્રકૃતિરૂપ નવમે ગુણઠાણે પણ હોય છે. ૧૮

હવે શ્રેણિ આશ્રયી જે પતદ્ગ્રહમાં જે સંક્રમસ્થાનો સંક્રમે છે તેને કહેવા ઇચ્છતા કહે છે—

दसगट्ठारसगाई चउ चउरो संकमंति पंचंमि ।
सत्तडचउदसिगारसबारसट्ठारा चउक्कंमि ॥१९॥

दशकाष्टादशादयश्चत्वारश्चत्वारः संक्रामन्ति पञ्चके ।
सप्ताष्टचतुर्दशैकादशद्वादशाष्टदश चतुष्के ॥१९॥

અર્થ—દશ અને અઢાર આદિ ચાર ચાર સંક્રમસ્થાનો પાંચના પતદ્ગ્રહમાં સંક્રમે છે.

૧. અહીં ક્ષપક કહેવાથી ચારિત્ર મોહનીયના ક્ષય કરનાર નવમા ગુણસ્થાનકવાળા લેવાના છે. આઠમા ગુણસ્થાનવાળા નહિ, કારણ કે ત્યાં ચારિત્રમોહનીયની એક પણ પ્રકૃતિનો સર્વથા ક્ષય થતો નથી.

તથા સાત આઠ, ચાર, દશ, અગિયાર, બાર અને અઢાર એમ સાત સંક્રમસ્થાનો ચારમાં સંક્રમે છે.

ટીકાનુ૰—પાંચ પ્રકૃતિના સમૂહરૂપ પતદ્ગ્રહમાં દશ, અગિયાર, બાર અને તેર તથા અઢાર, ઓગણીસ, વીસ અને એકવીસ એમ ચાર ચાર સંક્રમસ્થાનો સંક્રમે છે.

તેમાં ક્ષપકશ્રેણિમાં અંતરકરણ કર્યા પછી નપુંસકવેદ અને સ્ત્રીવેદનો ક્ષય થયા બાદ અનુક્રમે અગિયાર અને દશ પ્રકૃતિઓ પાંચમાં સંક્રમે છે, તેમજ ઉપશમશ્રેણિમાં ઉપશમ સમ્યગ્દષ્ટિને અનુક્રમે અપ્રત્યાખ્યાન-પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ અને સંજ્વલન ક્રોધ ઉપશમે એટલે અગિયાર અને દશ પ્રકૃતિઓ પાંચમાં સંક્રમે છે. તથા બાર પ્રકૃતિઓનો પાંચમાં સંક્રમ ક્ષપકશ્રેણિમાં જ થાય છે, તે પણ અંતરકરણ કર્યા પછી નપુંસકવેદનો ક્ષય ન થાય ત્યાં સુધી થાય છે. તથા તેર પ્રકૃતિઓ આઠ કષાયનો ક્ષય કર્યા પછી અંતરકરણ ન કરે ત્યાં સુધી ક્ષપકશ્રેણિમાં, અને પુરુષવેદનો ઉપશમ થયા પછી ઉપશમસમ્યગ્દષ્ટિને ઉપશમ શ્રેણિમાં પાંચના પતદ્ગ્રહમાં સંક્રમે છે. તથા અઢાર, ઓગણીસ અને વીસ એ ત્રણ સંક્રમસ્થાનો ક્ષાયિક સમ્યગ્દષ્ટિને ઉપશમશ્રેણિમાં હોય છે તેમાં અંતરકરણ કરે એટલે લોભનો સંક્રમ ન થાય માટે વીસ, નપુંસકવેદનો ઉપશમ થયા પછી ઓગણીસ અને સ્ત્રીવેદનો ઉપશમ થાય એટલે અઢાર પ્રકૃતિઓ પાંચમાં સંક્રમે છે તથા ક્ષાયિક સમ્યગ્દષ્ટિને ઉપશમશ્રેણિમાં અંતરકરણ કર્યા પહેલાં અને આઠ કષાયના ક્ષય પહેલાં ક્ષપકશ્રેણિમાં એકવીસ પ્રકૃતિઓ પાંચમાં સંક્રમે છે.

ચારના પતદ્ગ્રહમાં સાત, આઠ, ચાર, દશ, અગિયાર, બાર અને અઢાર એ સંક્રમસ્થાનો સંક્રમે છે તેમાં હાસ્ય ષટ્કનો ક્ષય થયા પછી ચાર પ્રકૃતિઓ ચારમાં ક્ષપકશ્રેણિમાં જ સંક્રમે છે. તથા સ્ત્રીવેદનો ક્ષય થયા પછી ક્ષપકશ્રેણિમાં અને સંજ્વલન ક્રોધનો ઉપશમ થયા પછી ઉપશમશ્રેણિમાં દશ પ્રકૃતિઓ ચારમાં સંક્રમે છે. તથા તે જ ઉપશમ સમ્યક્ત્વીને ઉપશમશ્રેણિમાં અપ્રત્યાખ્યાનાવરણ-પ્રત્યાખ્યાનાવરણ માન ઉપશમે એટલે આઠ અને સંજ્વલન માન ઉપશમે એટલે સાત પ્રકૃતિઓ ચારમાં સંક્રમે છે. તથા અગિયાર, બાર અને અઢાર એ ત્રણ સંક્રમસ્થાનો ક્ષાયિક સમ્યક્ત્વીને ઉપશમ શ્રેણિમાં હોય છે. તેમાં સ્ત્રીવેદનો ઉપશમ થયા પછી અઢાર, હાસ્યષટ્કનો ઉપશમ થયા પછી બાર અને પુરુષવેદનો ઉપશમ થયા પછી અગિયાર પ્રકૃતિઓ ચારના પતદ્ગ્રહમાં સંક્રમે છે. ૧૯

तिन्नि तिगाई सत्तट्ठनवय संकममिगारस तिगम्मि ।
दोसु छडट्ठदुपंच य इगि एक्कं दोण्णि तिण्णि पण ॥२०॥

त्रीणि त्रिकादीनि सप्ताष्टनवैकैकादशसंक्रमास्त्रिके ।
द्वयोः षट्काष्टकद्विकपञ्चकाः चैकस्मिन्नेका द्वे तिस्र पञ्च ॥२०॥

અર્થ—ત્રણ આદિ ત્રણ તથા સાત, આઠ, નવ અને અગિયાર એ સાત સંક્રમસ્થાનો ત્રણમાં છે. તથા બેમાં છ, આઠ, બે અને પાંચ એ ચાર સંક્રમસ્થાનો અને એકમાં એક, બે, ત્રણ અને પાંચ એ ચાર સંક્રમસ્થાનો સંક્રમે છે.

ટીકાનુ૰—ત્રણ આદિ ત્રણ એટલે ત્રણ, ચાર, અને પાંચ તથા સાત, આઠ, નવ અને અગિયાર એ સાત સંક્રમસ્થાનો ત્રણના પતદ્ગ્રહમાં સંક્રમે છે.

તેમાં ક્ષપકશ્રેણિમાં પુરુષવેદનો ક્ષય થયા પછી ત્રણ પ્રકૃતિઓ ત્રણમાં સંક્રમે છે. તથા ઉપશમ સમ્યક્ત્વીને ઉપશમશ્રેણિમાં સંજ્વલન-માન ઉપશમ્યા પછી સાત, અપ્રત્યાખ્યાન-પ્રત્યાખ્યાનાવરણીય માયા ઉપશમે એટલે પાંચ અને સંજ્વલન માયા ઉપશમે એટલે ચાર પ્રકૃતિઓ ત્રણમાં સંક્રમે છે. આઠ, નવ અને અગિયાર એ ત્રણ સંક્રમસ્થાનો ક્ષાયિક સમ્યક્ત્વીને ઉપશમશ્રેણિમાં હોય છે. તેમાં પુરુષવેદ ઉપશમ્યા પછી અગિયાર પ્રકૃતિઓ, અપ્રત્યાખ્યાન-પ્રત્યાખ્યાન ક્રોધ ઉપશમ્યા પછી નવ, અને સંજ્વલન ક્રોધ ઉપશમ્યા પછી આઠ પ્રકૃતિઓ ત્રણમાં સંક્રમે છે.

બેના પતદ્ગ્રહમાં છ, આઠ, બે અને પાંચ રૂપ ચાર સંક્રમસ્થાનો સંક્રમે છે. તેમાં છ, આઠ અને પાંચ એ સંક્રમસ્થાનો ક્ષાયિક સમ્યગ્દષ્ટિને ઉપશમશ્રેણિમાં હોય છે. તેમાં સંજ્વલન ક્રોધ ઉપશમ્યા પછી માન પતદ્ગ્રહ તરીકે દૂર થાય એટલે આઠ બેમાં સંક્રમે છે. તેમાંથી અપ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાન માન ઉપશમે એટલે છ અને સંજ્વલન માન ઉપશમે એટલે પાંચ પ્રકૃતિઓ બેમાં સંક્રમે છે. તથા ક્ષપકશ્રેણિમાં ક્રોધનો ક્ષય થયા પછી માન અને માયા એ બે પ્રકૃતિઓ માયા અને લોભ એ બેમાં અને ઉપશમશ્રેણિમાં સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીય એ બેમાં મિથ્યાત્વમોહનીય અને મિશ્રમોહનીય એ બે પ્રકૃતિઓ સંક્રમે છે.

એક પ્રકૃતિરૂપ પતદ્ગ્રહમાં એક, બે, ત્રણ અને પાંચ પ્રકૃતિઓ સંક્રમે છે. તેમાં સંજ્વલન માન ઉપશમ્યા પછી માયા પતદ્ગ્રહમાંથી દૂર થાય એટલે એક લોભમાં પાંચ પ્રકૃતિઓ ક્ષાયિક સમ્યક્ત્વીને ઉપશમશ્રેણિમાં સંક્રમે છે. તેને જ અપ્રત્યાખ્યાન-પ્રત્યાખ્યાન માયા ઉપશમ્યા પછી ત્રણ, અને સંજ્વલન માયા ઉપશમ્યા પછી બે લોભરૂપ બે પ્રકૃતિઓ સંજ્વલન લોભમાં સંક્રમે છે. તથા ક્ષપકશ્રેણિમાં માનનો ક્ષય થયા પછી એક સંજ્વલન માયાનો લોભમાં સંક્રમ થાય છે. ૨૦

હવે મિથ્યાદષ્ટિ આદિમાં અને ઔપશમિક સમ્યગ્દષ્ટિને ઉપશમ્યશ્રેણિમાં પતદ્ગ્રહસ્થાનોમાં સંક્રમસ્થાનોનો વિચાર કરવા ઇચ્છતા કહે છે—

पणवीसो संसारिसु इगवीसे सत्तरे य संकमइ ।
तेरस चउदस छक्के वीसा छक्के य सत्ते य ॥२१॥

पञ्चविंशतिः संसारिषु एकविंशतौ सप्तदशके च संक्रामति ।
त्रयोदश चतुर्दश षट्के विंशतिः षट्के च सप्तके च ॥२१॥

અર્થ—સંસારી આત્માઓને એકવીસ અને સત્તરમાં, પચીસ પ્રકૃતિઓ સંક્રમે છે. તેર અને ચૌદ છમાં તથા વીસ, છ અને સાતમાં સંક્રમે છે.

ટીકાનુ૰—મિથ્યાદષ્ટિ, સાસ્વાદન, અને સમ્યગ્મિથ્યાદષ્ટિરૂપ સંસારી જીવોને એકવીસ અને સત્તરના પતદ્ગ્રહમાં પચીસ પ્રકૃતિઓ સંક્રમે છે. તેમાં મિથ્યાદષ્ટિ અને સાસ્વાદન ગુણસ્થાનકે એકવીસમાં અને સમ્યગ્મિથ્યાદષ્ટિ ગુણસ્થાનકે સત્તરમાં પચીસ પ્રકૃતિઓ સંક્રમે છે.

ઉપશમશ્રેણિમાં ઉપશમ સમ્યગ્દૃષ્ટિને અનુક્રમે હાસ્યષટ્ક અને પુરુષવેદનો ઉપશમ થયા પછી ચૌદ અને તેર પ્રકૃતિઓ છમાં સંક્રમે છે. તથા પુરુષવેદ પતદ્ગ્રહમાંથી ઓછો ન થયો હોય ત્યાં સુધી સાતના પતદ્ગ્રહમાં વીસ પ્રકૃતિઓ અને તે દૂર થયા પછી છના પતદ્ગ્રહમાં વીસ પ્રકૃતિઓ સંક્રમે છે. ૨૧

बावीसे गुणवीसे पन्नरसेक्कारसेसु छव्वीसा ।
संकमइ सत्तवीसा मिच्छे तह अविरयाईणं ॥२२॥

द्वाविंशतौ एकोनविंशतौ पञ्चदशसु एकादशसु षड्विंशतिः ।
संक्रामति सप्तविंशतिः मिथ्यात्वे तथाऽविरतादीनाम् ॥२२॥

અર્થ—બાવીસ, ઓગણીસ, પંદર અને અગિયારના પતદ્ગ્રહમાં છવ્વીસ અને સત્તાવીસ પ્રકૃતિઓ મિથ્યાત્વી અને અવિરતિ સમ્યગ્દૃષ્ટિ આદિને સંક્રમે છે.

ટીકાનુ૦—મિથ્યદૃષ્ટિ તથા અવિરતાદિ-અવિરતિ સમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિ અને સર્વવિરતિ ગુણસ્થાનકવાળાઓને અનુક્રમે બાવીસ, ઓગણીસ, પંદર, અને અગિયારમાં છવ્વીસ અને સત્તાવીસ પ્રકૃતિઓ સંક્રમે છે.

તેમાં મિથ્યાદૃષ્ટિને બાવીસમાં, અવિરતિ સમ્યગ્દૃષ્ટિને ઓગણીસમાં, દેશવિરતિને પંદરમાં અને સર્વવિરત-પ્રમત્ત અપ્રમત્તને અગિયારમાં છવ્વીસ અને સત્તાવીસ પ્રકૃતિઓ સંક્રમે છે. તેમાં પહેલે ગુણઠાણે સમ્યક્ત્વમોહનીયની ઉદ્વલના થાય બાદ છવ્વીસ પ્રકૃતિઓ બાવીસમાં સંક્રમે છે. અને અવિરતાદિને ઉપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત થયા પછી આવલિકાની અંદર છવ્વીસ અને આવલિકા પછી સત્તાવીસ પ્રકૃતિઓ ઓગણીસ આદિ પતદ્ગ્રહમાં સંક્રમે છે. ૨૨

बावीसे गुणवीसे पन्नरसेक्कारसे य सत्ते य ।
तेवीसा सकमइ मिच्छाविरयाइयाण कमा ॥२३॥

द्वाविंशतावेकोनविंशतौ पञ्चदशसु च सप्तसु च ।
त्रयोविंशतिः संक्रामति मिथ्यादृष्ट्यविरतादीनां क्रमात् ॥२३॥

અર્થ—મિથ્યાદૃષ્ટિ અને અવિરતાદિને અનુક્રમે બાવીસ, ઓગણીસ, પંદર, અગિયાર અને સાતના પતદ્ગ્રહમાં ત્રેવીસ પ્રકૃતિઓ સંક્રમે છે.

ટીકાનુ૦—મિથ્યાદૃષ્ટિ અને અવિરતિ આદિ-અવિરતિ, દેશવિરત, સંયત, અને અનિવૃત્તિ બાદરસંપરાયવર્ત્તી આત્માઓને અનુક્રમે બાવીસ, ઓગણીસ, પંદર, અગિયાર, અને સાતના પતદ્ગ્રહમાં ત્રેવીસ પ્રકૃતિઓ સંક્રમે છે.

તેમાં અનંતાનુબંધિની વિસંયોજના કરી પહેલા ગુણસ્થાનકને પ્રાપ્ત થયેલા મિથ્યાદૃષ્ટિને એક આવલિકા પર્યંત ત્રેવીસ પ્રકૃતિઓ ચારિત્રમોહનીયની એકવીસ અને મિથ્યાત્વ એમ બાવીસના પતદ્ગ્રહમાં સંક્રમે છે. તથા અનંતાનુબંધિના વિસંયોજક ચોવીસની સત્તાવાળા ક્ષાપોયશમિક સમ્યગ્દૃષ્ટિ અવિરતિ, દેશવિરત અને સર્વવિરત આત્માઓને અનુક્રમે ઓગણીસ,

પંદર અને અગિયારના પતદ્ગ્રહમાં ત્રેવીસ પ્રકૃતિઓ સંક્રમે છે. અને નવમે ગુણઠાણે અંતરકરણની શરૂઆત કરતા પહેલા સાતના પતદ્ગ્રહમાં ત્રેવીસ પ્રકૃતિઓ સંક્રમે છે. ૨૩

अट्ठारसचोद्दसदससत्तगेसु बावीस खीणमिच्छाणं ।
सत्तरसतेरनवसत्तगेसु इगवीसं संकमइ ॥२४॥

अष्टादशचतुर्दशसप्तकेषु द्वाविंशतिः क्षीणमिथ्यात्वानाम् ।
सप्तदशत्रयोदशनवसप्तकेषु एकोनविंशतिः संक्रामति ॥२४॥

અર્થ—જેણે મિથ્યાત્વમોહનીયનો ક્ષય કર્યો છે એવા અવિરતાદિને અઢાર, ચૌદ અને દશના પતદ્ગ્રહમાં અને ઉપશમશ્રેણિમાં ઉપશમ સમ્યક્ત્વીને સાતના પતદ્ગ્રહમાં બાવીસ પ્રકૃતિઓ સંક્રમે છે. તથા તે જ ક્ષીણ સપ્તક અવિરતાદિને સત્તર, તેર અને નવના પતદ્ગ્રહમાં અને ઉપશમશ્રેણિમાં ઉપશમ સમ્યક્ત્વીને સાતના પતદ્ગ્રહમાં ઓગણીસ સંક્રમે છે.

ટીકાનુ૦—ક્ષાયિક સમ્યક્ત્વ ઉપાર્જન કરતા જેઓએ મિથ્યાત્વમોહનો ક્ષય કર્યો છે એવા અવિરતિ, દેશવિરત અને સંયત આત્માઓને અઢાર, ચૌદ અને દશના પતદ્ગ્રહમાં બાવીસ પ્રકૃતિઓ સંક્રમે છે. તેમાં જેણે મિથ્યાત્વ મોહનો ક્ષય કર્યો છે તેવા અવિરતિ સમ્યગ્દષ્ટિને અઢારમાં, દેશવિરતને ચૌદમાં અને સર્વવિરતને દશમાં બાવીસ પ્રકૃતિઓ સંક્રમે છે. ગાથામાં ગ્રહણ કરેલ બહુવચન ઇષ્ટ અર્થની વ્યાપ્તિ માટે હોવાથી ઔપશમિક સમ્યગ્દષ્ટિને ઉપશમ શ્રેણિમાં અંતરકરણ કર્યા પછી સાતના પતદ્ગ્રહમાં બાવીસ પ્રકૃતિઓ સંક્રમે છે.

તે જ ક્ષાયિક સમ્યક્ત્વી અવિરતાદિને સત્તર, તેર અને નવના પતદ્ગ્રહમાં એકવીસ પ્રકૃતિઓ સંક્રમે છે. તેમાં ચોથે ગુણઠાણે સત્તર પાંચમે તેર અને છઠ્ઠે-સાતમે નવના પતદ્ગ્રહમાં એકવીસ પ્રકૃતિઓ સંક્રમે છે.[1] અને ઔપશમિક સમ્યગ્દષ્ટિને ઉપશમશ્રેણિમાં નપુંસકવેદનો ઉપશમ થયા પછી એકવીસ પ્રકૃતિઓ સાતના પતદ્ગ્રહમાં સંક્રમે છે. ૨૪

અહીં પહેલા ક્ષપકશ્રેણિ અને ઉપશમશ્રેણિના પતદ્ગ્રહોમાં સંક્રમસ્થાનો કહ્યાં. હવે કેવળ ક્ષપકશ્રેણિના પતદ્ગ્રહોમાં સંક્રમને પ્રતિપાદન કરવા ઇચ્છતા કહે છે—

दसगाइचउक्कं एक्कवीस खवगस्स संकमहि पंचे ।
दस चत्तारि चउक्के तिसु तिन्नि दु दोसु एक्केक्कं ॥२५॥

दशकादिचतुष्कमेकविंशतिः क्षपकस्य संक्रामति पञ्चके ।
दश चतस्रः चतुष्के तिसृषु तिस्रः द्वे द्वयोरेकस्यामेका ॥२५॥

અર્થ—ક્ષપકને દશ આદિ ચાર અને એકવીસ પ્રકૃતિઓ પાંચમાં, દશ અને ચાર ચારમાં, ત્રણમાં ત્રણ, બેમાં બે અને એકમાં એક પ્રકૃતિ સંક્રમે છે.

---

૧. એ જ પ્રમાણે મિશ્ર મોહનીયનો ક્ષય થયા પછી બાવીસની સત્તાવાળા અવિરતાદિ ક્ષાયોપશમિક સમ્યક્ત્વીને પણ એ જ ત્રણ પતદ્ગ્રહોમાં એકવીસ પ્રકૃતિઓનો સંક્રમ હોય છે. પરંતુ તે ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરતાં જ હોય છે. માટે તેની અવિવિક્ષા કરી હોય તેમ લાગે છે.

ટીકાનુ૦—ક્ષપકશ્રેણિમાં વર્તમાન અનિવૃત્તિ બાદર સંપરાય ગુણસ્થાનકવર્તી આત્માને દશ, અગિયાર, બાર અને તેર એ ચાર તથા એકવીસ એમ પાંચ સંક્રમસ્થાનો પાંચ પ્રકૃતિઓમાં સંક્રમે છે. તેમાં આઠ કષાયનો ક્ષય થયા પહેલાં એકવીસ પ્રકૃતિઓ પુરુષવેદ અને સંજ્વલન ચતુષ્ક એમ બંધાતી પાંચ પ્રકૃતિમાં સંક્રમે છે. આઠ કષાયનો ક્ષય થયા પછી તેર પ્રકૃતિઓ પાંચમાં સંક્રમે છે. અંતરકરણ કર્યા પછી લોભનો સંક્રમ ન થાય માટે બાર પ્રકૃતિઓ પાંચમાં સંક્રમે છે. નપુંસકવેદનો ક્ષય થયા પછી અગિયાર, અને સ્ત્રીવેદનો ક્ષય થયા પછી દશ પ્રકૃતિઓ પૂર્વોક્ત પાંચના પતદ્ગ્રહમાં સંક્રમે છે.

દશ અને ચાર પ્રકૃતિઓ ચારના પતદ્ગ્રહમાં સંક્રમે છે. તેમાં પુરુષવેદની પ્રથમ સ્થિતિ સમયન્યૂન બે આવલિકા શેષ રહે ત્યારે તે પતદ્ગ્રહ થતો નથી એટલે પૂર્વોક્ત દશ પ્રકૃતિઓ સંજ્વલન ચતુષ્કમાં સંક્રમે છે. અને હાસ્યષટ્કનો ક્ષય થયા પછી ચાર પ્રકૃતિઓ પૂર્વોક્ત ચારમાં સંક્રમે છે.

પતદ્ગ્રહમાંથી ક્રોધ દૂર થયા પછી શેષ ત્રણના પતદ્ગ્રહમાં ત્રણ પ્રકૃતિઓ સંક્રમે છે. એ પ્રમાણે પતદ્ગ્રહમાંથી માન ગયા પછી માયા અને લોભ એ બે પ્રકૃતિ માયા અને લોભ એ બેના પતદ્ગ્રહમાં સંક્રમે છે. અને માયા પતદ્ગ્રહમાંથી દૂર થયા પછી એક લોભમાં માયા સંક્રમે છે. ૨૫

હવે ક્ષાયિક સમ્યગ્દષ્ટિને ઉપશમશ્રેણિમાં પતદ્ગ્રહોમાં સંક્રમસ્થાનકો કહેવા ઇચ્છતા કહે છે—

अट्ठाराइचउक्कं पंचे अट्ठार बार एक्कारा ।
चउसु इगारसनवअड तिगे दुगे अट्ठछप्पंच ॥२६॥

अष्टादशादिचतुष्कं पञ्चके अष्टादश द्वादश एकादश ।
चतसृषु एकादश नव अष्टौ त्रिके द्विके अष्टौ षड् पञ्च ॥२६॥

અર્થ—અઢાર આદિ ચાર પાંચના પતદ્ગ્રહમાં, અઢાર બાર અને અગિયાર ચારમાં, અગિયાર, નવ અને આઠ ત્રણમાં, આઠ, છ અને પાંચ બેના પતદ્ગ્રહમાં સંક્રમે છે.

ટીકાનુ૦—ક્ષાયિક સમ્યગ્દષ્ટિને ઉપશમશ્રેણિમાં અઢાર, ઓગણીસ, વીસ અને એકવીસ એ ચાર સંક્રમસ્થાનો પુરુષવેદ અને સંજ્વલન ચતુષ્ક એમ પાંચના પતદ્ગ્રહમાં સંક્રમે છે. તેમાં અંતરકરણ કર્યા પહેલાં એકવીસ પ્રકૃતિઓ પાંચમાં સંક્રમે છે. અંતરકરણ કર્યા પછી લોભ વિના વીસ પ્રકૃતિઓ પાંચમાં સંક્રમે છે. નપુંસકવેદનો ઉપશમ થયા પછી ઓગણીસ પ્રકૃતિઓ અને સ્ત્રીવેદનો ઉપશમ થયા પછી અઢાર પ્રકૃતિઓ પાંચમાં સંક્રમે છે.

અઢાર, બાર અને અગિયાર પ્રકૃતિઓ ચારના પતદ્ગ્રહમાં સંક્રમે છે. તેમાં પતદ્ગ્રહમાંથી પુરુષવેદ ગયા પછી અઢાર પ્રકૃતિઓ ચારમાં સંક્રમે છે. હાસ્યષટ્કનો ઉપશમ થયા પછી બાર પ્રકૃતિઓ, અને પુરુષવેદનો ઉપશમ થયા પછી અગિયાર પ્રકૃતિઓ ચારના પતદ્ગ્રહમાં સંક્રમે છે.

અગિયાર, નવ અને આઠ પ્રકૃતિઓ ત્રણના પતદ્ગ્રહમાં સંક્રમે છે. તેમાં સંજ્વલન ક્રોધ પતદ્ગ્રહ હોય ત્યાં સુધી સંજ્વલન ચતુષ્કમાં અગિયાર પ્રકૃતિઓ સંક્રમે છે, અને ક્રોધ પતદ્ગ્રહમાંથી ગયા પછી અગિયાર પ્રકૃતિઓ ત્રણમાં સંક્રમે છે. તથા અપ્રત્યાખ્યાનાવરણ, પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ શાંત થયા પછી નવ પ્રકૃતિઓ, અને સંજ્વલન ક્રોધ ઉપશમ્યા પછી આઠ પ્રકૃતિઓ ત્રણમાં સંક્રમે છે.

બેમાં આઠ છ અને પાંચ પ્રકૃતિઓ સંક્રમે છે. તેમાં સંજ્વલન માન પતદ્ગ્રહમાંથી દૂર થયા પછી આઠ પ્રકૃતિઓ બેમાં સંક્રમે છે. અપ્રત્યાખ્યાનાવરણ-પ્રત્યાખ્યાનાવરણ માન ઉપશમ્યા પછી છ પ્રકૃતિઓ અને સંજ્વલન માન ઉપશમ્યા પછી પાંચ પ્રકૃતિઓ માયા અને લોભ એ બેમાં સંક્રમે છે. ૨૬

पण दोन्नि तिन्नि एक्के उवसमसेढीएँ खइयदिट्ठिस्स ।
इयरस्स उ दो दोसु सत्तसु वीसाइ चत्तारि ॥२७॥

पञ्च द्वे तिस्रः एकस्यामुपशमश्रेण्यां क्षायिकदृष्टेः ।
इतरस्य तु द्वे द्वयोः सप्तसु विंशत्यादीनि चत्वारि ॥२७॥

અર્થ—ઉપશમશ્રેણિમાં ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિને પાંચ, બે અને ત્રણ પ્રકૃતિઓ એકમાં સંક્રમે છે. ઇતર-ઉપશમ શ્રેણિમાં ઉપશમ સમ્યગ્દૃષ્ટિને બેમાં બે અને સાતમાં વીસ આદિ ચાર સંક્રમે છે.

ટીકાનુ૰—માયા પતદ્ગ્રહમાંથી દૂર થયા પછી એક લોભમાં પાંચ પ્રકૃતિઓ સંક્રમે છે. અપ્રત્યાખ્યાનાવરણ-પ્રત્યાખ્યાનાવરણ માયા ઉપશમ્યા પછી ત્રણ પ્રકૃતિઓ એક લોભમાં, અને સંજ્વલન માયા ઉપશમ્યા પછી માત્ર અપ્રત્યાખ્યાનાવરણ-પ્રત્યાખ્યાનાવરણ એ બે લોભ, સંજ્વલન લોભ પતદ્ગ્રહ હોય ત્યાં સુધી તે એકમાં સંક્રમે છે. આ પ્રમાણે અઢાર આદિ સંક્રમસ્થાનો પાંચ આદિ પતદ્ગ્રહમાં ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિને ઉપશમશ્રેણિમાં સમજવા.

ઇતર-ઉપશમશ્રેણિમાં ઉપશમસમ્યક્ત્વીને મિથ્યાત્વ અને મિશ્ર મોહનીય એ બે પ્રકૃતિ બે પ્રકૃતિમાં—સમ્યક્ત્વ અને મિશ્રમોહનીયમાં સંક્રમે છે. તથા સાતના પતદ્ગ્રહમાં વીસ, એકવીસ, બાવીસ અને ત્રેવીસ એ ચાર સંક્રમસ્થાનો સંક્રમે છે. તેમાં અંતરકરણ કરતા પહેલાં અનંતાનુબંધિ અને સમ્યક્ત્વ મોહનીય સિવાય ત્રેવીસ પ્રકૃતિઓ સાતમાં સંક્રમે છે. અંતરકરણ કર્યા પછી લોભ સિવાય બાવીસ, નપુંસકવેદ ઉપશમ્યા પછી એકવીસ, અને સ્ત્રીવેદ ઉપશમ્યા પછી વીસ પ્રકૃતિઓ સાતમાં સંક્રમે છે. ૨૭

छसु वीस चोद्द तेरस तेरेक्कारस य दस य पंचंमि ।
दसड सत्त चउक्के तिगंमि सग पंच चउरो य ॥२८॥

षट्सु विंशतिः चतुर्दश त्रयोदशैकादश च दश च पञ्चसु ।
दशाष्टौ सप्त चतुष्के त्रिके सप्त पञ्च चतस्रश्च ॥२८॥

અર્થ—છમાં વીસ, ચૌદ અને તેર પ્રકૃતિઓ સંક્રમે છે. પાંચમાં તેર, અગિયાર, અને દશ સંક્રમે છે. ચારમાં દશ, આઠ અને સાત સંક્રમે છે. અને ત્રણમાં સાત, પાંચ અને ચાર પ્રકૃતિઓ સંક્રમે છે.

ટીકાનુ૰—પતદ્ગ્રહમાંથી પુરુષવેદ દૂર થયા પછી છ પ્રકૃતિઓમાં પૂર્વોક્ત વીસ પ્રકૃતિઓ સંક્રમે છે. હાસ્યષટ્ક ઉપશમ્યા પછી તેર પ્રકૃતિઓ છના પતદ્ગ્રહમાં સંક્રમે છે.

ક્રોધ પતદ્ગ્રહમાંથી ઓછો થયા પછી પાંચમાં તેર પ્રકૃતિઓ સંક્રમે છે. અપ્રત્યાખ્યાનાવરણ, પ્રત્યાખ્યાનાવરણ માન ઉપશમ્યા પછી અગિયાર અને સંજ્વલન ક્રોધ ઉપશમ્યા પછી દશ પ્રકૃતિઓ પાંચમાં સંક્રમે છે.

માન પતદ્ગ્રહમાંથી ઓછો થયા પછી ચારના પતદ્ગ્રહમાં દશ પ્રકૃતિઓ સંક્રમે છે. અપ્રત્યાખ્યાનાવરણ-પ્રત્યાખ્યાનાવરણ માન ઉપશમ્યા પછી આઠ, અને સંજ્વલન માન ઉપશમ્યા પછી સાત પ્રકૃતિઓ ચારના પતદ્ગ્રહમાં સંક્રમે છે.

સંજ્વલન માયા પતદ્ગ્રહમાંથી ઓછી થયા પછી ત્રણમાં સાત પ્રકૃતિઓ સંક્રમે છે. અપ્રત્યાખ્યાનાવરણ-પ્રત્યાખ્યાનાવરણ માયા ઉપશમ્યા પછી પાંચ અને સંજ્વલન માયા ઉપશમ્યા પછી ચાર પ્રકૃતિઓ ત્રણમાં સંક્રમે છે. જ્યાં સુધી સંજ્વલન લોભ પતદ્ગ્રહ હોય ત્યાં સુધી અપ્રત્યાખ્યાનાવરણ-પ્રત્યાખ્યાનાવરણ લોભ તેમાં સંક્રમે.

સંજ્વલન લોભ પતદ્ગ્રહમાંથી દૂર થયા પછી મિથ્યાત્વ અને મિશ્રમોહનીય એ બે પ્રકૃતિઓ સમ્યક્ત્વ તથા મિશ્રમોહનીય એ બેમાં સંક્રમે છે. ૨૮

અહીં મિથ્યાદૃષ્ટિ, સાસ્વાદન અને મિશ્રગુણસ્થાનકના પતદ્ગ્રહો સુગમ હોવાથી તેને નહિ કહેતાં બાકીના પતદ્ગ્રહોને કહેવા ઇચ્છતા કહે છે—

गुणवीसपन्नरेक्कारसाइ ति ति सम्मदेसविरयाणं ।
सत्त पणाइ छ पंच उ पडिग्गहगा उभयसेढीसु ॥२९॥

एकोनविंशतिपञ्चदशैकादशादयस्त्रयस्त्रयः सम्यक्त्वदेशविरतानाम् ।
सप्तपञ्चादयः षड्पञ्च तु पतद्ग्रहका उभयश्रेण्योः ॥२९॥

અર્થ—ઓગણીસ, પંદર અને અગિયાર આદિ ત્રણ ત્રણ પતદ્ગ્રહો અવિરતિ સમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિ અને સર્વવિરતિ ગુણસ્થાનકે હોય છે. તથા અનુક્રમે સાત આદિ છ અને પાંચ આદિ પાંચ પતદ્ગ્રહો ઉભયશ્રેણિમાં હોય છે.

ટીકાનુ૰—અવિરતિ સમ્યગ્દૃષ્ટિને ઓગણીસ, અઢાર અને સત્તર એ ત્રણ પતદ્ગ્રહો, દેશવિરતિને પંદર, ચૌદ અને તેર એ ત્રણ પતદ્ગ્રહો અને સર્વવિરત પ્રમત્ત-અપ્રમત્તને અગિયાર, દશ અને નવ એ ત્રણ પતદ્ગ્રહો હોય છે. તેમાં અવિરતિ સમ્યગ્દૃષ્ટિને બંધાતી સત્તર પ્રકૃતિઓ તથા સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીય એમ ઓગણીસ પ્રકૃતિઓ પતદ્ગ્રહમાં હોય છે. તેને જ ક્ષાયિક સમ્યક્ત્વ ઉપાર્જન કરતા મિથ્યાત્વનો ક્ષય થયા પછી અઢાર, અને મિશ્રમોહનીયનો ક્ષય થયા બાદ સત્તર પ્રકૃતિઓ પતદ્ગ્રહમાં હોય છે.

દેશવિરતિને અપ્રત્યાખ્યાનાવરણ ચતુષ્કનો બંધ નહિ થતો હોવાથી ઉપરોક્ત ઓગણીસમાંથી તેને દૂર કરતાં શેષ પંદર પ્રકૃતિઓ શરૂઆતમાં પતદ્‌ગ્રહપણે હોય છે. તેમાંથી ઉપરોક્ત ક્રમે મિથ્યાત્વ અને મિશ્રમોહનીયનો ક્ષય થાય એટલે ચૌદ અને તેર પ્રકૃતિઓ પતદ્‌ગ્રહમાં હોય છે.

સર્વવિરતને પ્રત્યાખ્યાનાવરણ ચતુષ્ક નહિ બંધાતું હોવાથી તેના સિવાય શેષ અગિયાર પ્રકૃતિઓ શરૂઆતમાં પતદ્‌ગ્રહમાં હોય છે. તેમાંથી ક્ષાયિક સમ્યક્ત્વ ઉપાર્જન કરતાં અનુક્રમે મિથ્યાત્વ અને મિશ્રમોહનીયનો ક્ષય થયા પછી દશ અને નવ પ્રકૃતિઓ પતદ્‌ગ્રહમાં હોય છે.

સાત, છ, પાંચ, ચાર, ત્રણ અને બે એ છ પતદ્‌ગ્રહો ઔપશમિક સમ્યક્ત્વીને ઉપશમશ્રેણિમાં હોય છે. પાંચ, ચાર, ત્રણ, બે અને એક એ પાંચ પતદ્‌ગ્રહો ક્ષાયિક સમ્યક્ત્વીને ઉપશમશ્રેણિમાં અને ક્ષપકશ્રેણિમાં હોય છે. જો કે અહીં ગાથામાં સાત આદિ છ અને પાંચ આદિ પાંચ પતદ્‌ગ્રહો ઉભયશ્રેણિમાં હોય છે એમ સામાન્યથી કહ્યું છે છતાં શ્રેણિગત પૂર્વે કહેલા સંક્રમ અને પતદ્‌ગ્રહસ્થાનોનો વિચાર કરતાં તેમજ મૂળ ટીકામાં કહેલ તાત્પર્યનો વિચાર કરતાં સાત આદિ છ પતદ્‌ગ્રહસ્થાનો ઉપશમસમ્યક્ત્વીને ઉપશમશ્રેણિમાં અને પાંચ આદિ પાંચ ક્ષાયિક સમ્યગ્દષ્ટિને ઉપશમશ્રેણિમાં તેમજ ક્ષપકશ્રેણિમાં હોય છે માટે અમે એ પ્રમાણે વ્યાખ્યાન કર્યું છે. માત્ર સાત આદિ-છ ઉપશમશ્રેણિમાં અને પાંચ આદિ પાંચ ક્ષપકશ્રેણિમાં હોય એવો ક્રમ લેવાનો નથી. આ પ્રમાણે વિસ્તારપૂર્વક મોહનીય કર્મ સંબંધે કહ્યું.

પતદ્ગ્રહમાં સંક્રમસ્થાનો

મોહનીય કર્મ (ગુણસ્થાન ૧-૮)

પતદ્ગ્રહ	સંક્રમ	કોનો	સત્તા	કાળ	ગુણસ્થાન
૨૨	૨૭	મિથ્યાત્વમોહનીય વિના	૨૮	પલ્યો. અસં. ભાગ	૧લું
	૨૬	મિથ્યા. મિશ્ર. વિના	૨૭	પલ્યો. અસં. ભાગ	૧લું
	૨૩	મિથ્યા. અનંતા. ૪ વિના	૨૮	આવલિકા	૧લું
૨૧	૨૫	દૃષ્ટિ ૩ વિના	૨૬	અનાદિ અનંત અનાદિ સાંત સાદિ સાંત	૧લું
	૨૫	દૃષ્ટિ વિના	૨૮	છ આવલિકા	૨જું
૧૯	૨૭	સમ્ય. મોહનીય વિના	૨૮	સાધિક ૩૩ સાગરોપમ	૪થું ક્ષયોપશમ સમ્યક્ત્વી
	૨૬	સમ્ય. મિશ્ર વિના	૨૮	આવલિકા	૪થું ઉપ. સમ્યક્ત્વની પ્રાપ્તિની પ્રથમ આવલિકા
	૨૩	સમ્ય. અનંતા. ૪ વિના	૨૪- ૨૮	સાધિક ૩૩ સાગરોપમ	૪થું ક્ષયો. સમ્ય. અનંતા.ની વિસંયોજના કરી હોય તે
૧૮	૨૨	સમ્ય. મિથ્યા. વિના	૨૩	અંતર્મુહૂર્ત	૪થું ક્ષાયિક પામતો ક્ષયો. સમ્ય.
૧૭	૨૫	દૃષ્ટિ-૩ વિના	૨૭- ૨૮	અંતર્મુહૂર્ત	૩જું મિશ્ર દૃષ્ટિ
	૨૧	દર્શન સપ્તક વિના	૨૨	અંતર્મુહૂર્ત	૪થું વેદક સમ્ય.
	૨૧	દર્શન સપ્તક વિના	૨૧	સાધિક ૩૩ સાગરોપમ	૪થું ક્ષાયિક સમ્ય.
૧૫	૨૭	સમ્ય. વિના	૨૮	દેશોન પૂર્વક્રોડ	૫મું ક્ષયો. સમ્ય.
	૨૬	સમ્ય. મિશ્ર વિના	૨૮	આવલિકા	૫મું ઉપ. સમ્ય. પ્રાપ્તિની પ્રથમ આવલિકા
	૨૩	સમ્ય. અનંતા ૪ વિના	૨૪- ૨૮	દેશોન પૂર્વક્રોડ	૫મું અનંતાની વિસંયોજના કરી હોય તે ક્ષયો. સમ્ય.
૧૪	૨૨	સમ્ય. મિથ્યા. અનંતા.૪ વિના	૨૩	અંતર્મુહૂર્ત અંતર્મુહૂર્ત	૫મું ક્ષાયિક પામતો ક્ષયો. સમ્ય.

ઉપશમ શ્રેણિનો પ્રારંભ કરતાં અનંતાનુબંધની જેમણે ઉપશમના કરી હોય એવા જીવને આશ્રયીને ૨૮ની સત્તા અંતર્મુહૂર્ત કાળ ઘટે. (અનંતાનુબંધીની વિસંયોજના કરીને જ ઉપશમ શ્રેણિનો આરંભ કરે એવું માનનાર આચાર્યના મતે ૨૮ની સત્તા જ ન ઘટે.)

પતદ્ગ્રહ	સંક્રમ	કોનો	સત્તા	કાળ	ગુણસ્થાન
૧૩	૨૧	દર્શનસપ્તક વિના	૨૨ ૨૧	અંતર્મુહૂર્ત દેશોનપૂર્વક્રોડ	૫મું વેદક સમ્ય. ૫મું ક્ષાયિક સમ્ય
૧૧	૨૭	સમ્ય. વિના	૨૮	દેશોનપૂર્વક્રોડ	૬ઠ્ઠું ૭મું ક્ષયો. સમ્ય.
	૨૬	સમ્ય. મિશ્ર વિના	૨૮	આવલિકા	૬ઠ્ઠું ૭મું ઉપ સમ્ય. ની પ્રાપ્તિની પ્રથમાવલિકા
	૨૩	સમ્ય. અનંતા-૪ વિના	૨૪-૨૮	દેશોનપૂર્વક્રોડ	૬ઠ્ઠું ૭મું ૮મું અનંતા.ની સંયોજના કરી હોય તે
૧૦	૨૨	સમ્ય. અનંતા-૪ મિથ્યા વિના	૨૩	અંતર્મુહૂર્ત	૬ઠ્ઠું ૭મું ક્ષાયિક પામતો ક્ષયો. સમ્ય.
૯	૨૧	દર્શન સપ્તક વિના	૨૨ ૨૧	અંતર્મુહૂર્ત દેશોનપૂર્વક્રોડ	૬ઠ્ઠું ૭મું વેદક સમ્યક્ત્વી. ૬ઠ્ઠું ૭મું ૮મું ક્ષાયિક પામતો ક્ષયો. સમ્ય.

ઉપશમ સમ્યક્ત્વીને ઉપશમ શ્રેણિમાં

મોહનીય કર્મના પતદ્‌ગ્રહમાં સંક્રમસ્થાનો

પતદ્‌ગ્રહ	સંક્રમ	સં. પ્રકૃતિ	સત્તા	કાળ-ગુણસ્થાન
હાસ્ય, રતિ, ભય, જુગુપ્સા, સમ્ય. મિશ્ર પુ. વેદ, સંજ. ચતુષ્ક ૧૧	૨૩	અનં. વિના બાર કષાય, નવ નોકષાય, મિથ્યાત્વ, મિશ્ર મોહનીય	૨૪-૨૮	અંતર્મુહૂર્ત-૮મું
સં. ૪. પુ. વેદ, સમ્ય, મિશ્ર મોહનીય ૭	૨૩	મિથ્યાત્વ, મિશ્ર મોહનીય	૨૪-૨૮	અંતર્મુહૂર્ત-૯મું
	૨૨	સંજ્વલન લોભ વિના ઉપરોક્ત	૨૪-૨૮	અંતર્મુહૂર્ત અંતરકરણ કરે છતે
	૨૧	નપુ. વેદ ઉપશમે છતે	૨૪-૨૮	અંતર્મુહૂર્ત અંતરકરણ કરે છતે
	૨૦	સ્ત્રી વેદ ઉપશમે છતે	૨૪-૨૮	અંતર્મુહૂર્ત અંતરકરણ કરે છત
પુ. વેદ વિના ૬	૨૦	સ્ત્રી વેદ ઉપશમે છતે	૨૪-૨૮	સમયન્યૂન બે આવલિકા
	૧૪	હાસ્ય ષટ્‌ક ઉપશમે છતે	૨૪-૨૮	સમયન્યૂન બે આવલિકા
	૧૩	પું. વેદ ઉપશમે છતે	૨૪-૨૮	અંતર્મુહૂર્ત બે આવલિકા
સં. ક્રોધ વિના ૫	૧૩	પું. વેદ ઉપશમે છતે	૨૪-૨૮	સમયન્યૂન બે આવલિકા
	૧૧	અપ્ર. પ્રત્યા. ક્રોધ ઉપશમે છતે	૨૪-૨૮	સમયન્યૂન બે આવલિકા
	૧૦	સં. ક્રોધ ઉપશમે છતે	૨૪-૨૮	અંતર્મુહૂર્ત બે આવલિકા
સં. માન વિના ૪	૧૦	સં. ક્રોધ ઉપશમે છતે	૨૪-૨૮	સમયન્યૂન બે આવલિકા
	૮	અપ્ર.પ્ર.માન ઉપશમે છતે	૨૪-૨૮	સમયન્યૂન બે આવલિકા
	૭	સં. માન ઉપશમે છતે	૨૪-૨૮	સમયન્યૂન અંતર્મુહૂર્ત આવલિકા
સં. માયા વિના ૩	૭	સં. માન ઉપશમે છતે	૨૪-૨૮	સમયન્યૂન બે આવલિકા
	૫	અપ્ર. પ્ર. માયા ઉપશમે છતે	૨૪-૨૮	સમયન્યૂન બે આવલિકા
	૪	સં. માયા ઉપશમે છતે	૨૪-૨૮	અંતર્મુહૂર્ત બે આવલિકા
સં લોભ વિના સમ્ય. મિશ્ર ૨	૨	અપ્ર. પ્ર. લોભ ઉપશમે	૨૪-૨૮	અંતર્મુહૂર્ત બે ૯થી ૧૧

ક્ષાયિક સમ્યક્ત્વીને ઉપશમ શ્રેણિમાં

મોહનીય કર્મનાં પતદ્ગ્રહસ્થાનોમાં સંક્રમસ્થાનો

પતદ્ગ્રહ	સંક્રમ	સં. પ્રકૃતિ	સત્તા	કાળ	ગુણ
૯ હાસ્ય, રતિ, ભય, જુગુ. પું. વેદ. સંજ્વ. ચતુષ્ક	૨૧	૧૨ કષાય, ૯નો કષાય	૨૧	અંતર્મુહૂર્ત્ત	૮મું
૫	૨૧	૧૨ કષાય, ૯નો કષાય	૨૧	અંતર્મુહૂર્ત્ત	૯મું
પુ. વેદ. સંજ્વ. ૪	૨૦	સંજ્વ. લોભ વિના (અંતરકરણ કરે ત્યારે)	૨૧	અંતર્મુહૂર્ત્ત	૯મું
	૧૯	નપું. વેદ ઉપશમે ત્યારે	૨૧	અંતર્મુહૂર્ત્ત	૯મું
	૧૮	સ્ત્રી વેદ ઉપશમે છતે	૨૧	અંતર્મુહૂર્ત્ત	૯મું
૪ સંજ્વલન ચતુષ્ક	૧૮	સ્ત્રી વેદ ઉપશમે છતે	૨૧	સમયન્યૂન બે આવલિકા	૯મું
	૧૨	હાસ્યષટ્ક ઉપશમે છતે	૨૧	સમયન્યૂન બે આવલિકા	૯મું
	૧૧	પુ. વેદ ઉપશમે છતે	૨૧	અંતર્મુહૂર્ત્ત	૯મું
૩ સંજ્વ માન, માયા, લોભ.	૧૧	પુ. વેદ ઉપશમે છતે	૨૧	સમયન્યૂન બે આવલિકા	૯મું
	૯	અપ્ર. પ્રત્યા. ક્રોધ ઉપશમે છતે	૨૧	સમયન્યૂન બે આવલિકા	૯મું
	૮	સંજ્વ. ક્રોધ ઉપશમે છતે	૨૧	અંતર્મુહૂર્ત્ત	૯મું
૨ સંજ્વ માયા, લોભ	૮	સંજ્વ. ક્રોધ ઉપશમે છતે	૨૧	સમયન્યૂન બે આવલિકા	૯મું
	૬	અપ્ર. પ્ર. માન ઉપશમે છતે	૨૧	સમયન્યૂન બે આવલિકા	૯મું
	૫	સં. માન ઉપશમે છતે	૨૧	અંતર્મુહૂર્ત્ત બે આવલિકા	૯મું
૧	૫	સં. માન ઉપશમે છતે	૨૧	સમયન્યૂન બે આવલિકા	૯મું
	૩	અપ્ર. પ્ર. માયા ઉપશમે છતે	૨૧	સમયન્યૂન બે આવલિકા	૯મું
	૨	સંજ્વ. માયા ઉપશમે છતે	૨૧	અંતર્મુહૂર્ત્ત	૯મું

ક્ષપક શ્રેણિ આશ્રયી

પતદ્ગ્રહ સ્થાનોમાં સંક્રમસ્થાનો

પતદ્ગ્રહ	સંક્રમ	સં. પ્રકૃતિ	સત્તા	કાળ	ગુણ
૯ હાસ્ય, રતિ, ભય, જુગુ સંજ્વ. ૪ પુ. વેદ	૨૧	૧૨ કષાય, ૯નો કષાય	૨૧	અંતર્મુહૂર્ત્ત	૮મું
૫. હાસ્ય, રતિ, ભય, જુગુપ્સા વિના	૨૧	૧૨ કષાય, ૯નો કષાય	૨૧	અંતર્મુહૂર્ત્ત	૯મું
	૧૩	અપ્રત્યા. પ્રત્યા. ૮ના ક્ષયે	૧૩	અંતર્મુહૂર્ત્ત	૯મું
	૧૧	સંજ્વ. લોભ વિના	૧૩	અંતર્મુહૂર્ત્ત અંતરકરણ	૯મું
	૧૧	નપું. વેદના ક્ષયે.	૧૨	કરે છતે અંતરકરણ	૯મું
	૧૦	સ્ત્રી વેદના ક્ષયે.	૧૧	અંતર્મુહૂર્ત્ત અંતરકરણ	૯મું
૪ પુ. વેદ વિના.	૧૦	સ્ત્રી વેદના ક્ષયે.	૧૧	સમયોન બે આવલિકા	૯મું
	૪	હાસ્ય ૬ ક્ષયે.	૫	સમયોન બે આવલિકા	૯મું
૩ સંજ્વ. ક્રોધ વિના	૩	પુ. વેદના ક્ષયે.	૪	અંતર્મુહૂર્ત્ત	૯મું
૨ સંજ્વ. માન વિના	૨	સંજ્વ. ક્રોધના ક્ષયે.	૩	અંતર્મુહૂર્ત્ત	૯મું
૧ સંજ્વ. માયા વિના	૧	સંજ્વ. માનના ક્ષયે.	૨	અંતર્મુહૂર્ત્ત	૯મું

મોહનીય કર્મ

સંક્રમસ્થાનમાં પતદ્ગ્રહસ્થાનો

(ગુણસ્થાન ૧થી ૧૧)

સંક્રમ	પતદ્ગ્રહ	સત્તા	કાળ	ગુણસ્થાન	સ્વામી
૨૭	૨૨	૨૮	પલ્યો. અસં. ભાગ	૧લું	ઉપશમ મિથ્યાત્વી
	૧૯	૨૮	સાધિક ૩૩ સાગરોપમ	૪થું	ક્ષયોપશમ સમ્યક્ત્વી
	૧૫	૨૮	દેશોન પૂર્વક્રોડ વર્ષ	૫મું	ઉપશમ મિથ્યાત્વી
	૧૧	૨૮	દેશોન પૂર્વક્રોડ વર્ષ	૬ઠ્ઠું-૭મું	ઉપશમ મિથ્યાત્વી
૨૬	૨૨	૨૭	પલ્યો. અસં. ભાગ	૧લું	મિથ્યાત્વી.
	૧૯	૨૮	આવલિકા	૪થું	ઉપ. સમ્યક્ત્વી પ્રથમાવલિકા.
	૧૫	૨૮	આવલિકા	૫મું	ઉપ. સમ્યક્ત્વી પ્રથમાવલિકા.
	૧૧	૨૮	આવલિકા	૬ઠ્ઠું-૭મું	ઉપ. સમ્યક્ત્વી પ્રથમાવલિકા.
૨૫	૨૧	૨૬	અનાદિ અનંત અનાદિ સાંત સાદિ સાંત	૧લું	મિથ્યાત્વી
		૨૮	છ આવલિકા	૨જું	સાસ્વાદન સમ્યક્ત્વી
	૧૭	૨૭-૨૮	અંતર્મુહૂર્ત	૩જું	મિશ્ર દૃષ્ટિ
૨૩	૨૨	૨૮	આવલિકા	૧લું	અનંતા. ૪ની વિસંયોજના કરીને આવેલો મિથ્યાત્વી.
	૧૯	★૨૪-૨૮	સાધિક ૩૩ સાગરોપમ	૪થું	અનંતા. ૪ની વિસંયોજના કરનાર ક્ષયો. સમ્યક્ત્વી
	૧૫	★૨૪-૨૮	દેશોનપૂર્વક્રોડ	૫મું	અનંતા. ૪ની વિસંયોજના કરીને આવેલો મિથ્યાત્વી.
	૧૧	★૨૪-૨૮	દેશોનપૂર્વક્રોડ	૬-૭-૮મું	અનંતા. ૪ની વિસંયોજના કરીને આવેલો મિથ્યાત્વી.
	૭	૨૪-૨૮	અંતર્મુહૂર્ત સાગરોપમ	૯મું	ઉપ. શ્રેણિ. ઉપ.સમ્ય. અંતર-કરણ ન કરે ત્યાં સુધી.
૨૨	૧૮	૨૩	અંતર્મુહૂર્ત	૪થું	ક્ષાયિક પામતો ક્ષયો. સમ્ય.
	૧૪	૨૩	અંતર્મુહૂર્ત	૫મું	ક્ષાયિક પામતો ક્ષયો. સમ્ય.
	૧૦	૨૩	અંતર્મુહૂર્ત	૬ઠ્ઠું-૭મું	ક્ષાયિક પામતો ક્ષયો. સમ્ય.
	૭	૨૪-૨૮	અંતર્મુહૂર્ત	૯મું	ઉપ. શ્રેણિ, ઉપ.સમ્ય. અંતરકરણ-વર્તી નપું. વેદ ન ઉપશમે ત્યાં સુધી.
૨૧	૧૮	૨૨	અંતર્મુહૂર્ત	૪થું	વેદક સમ્ય.
		૨૧	સાધિક ૩૩ સાગરોપમ	૪થું	ક્ષાયિક સમ્ય.
	૧૩	૨૨	અંતર્મુહૂર્ત	૫મું	વેદક સમ્ય.
		૨૧	દેશોનપૂર્વક્રોડ	૫મું	ક્ષાયિક સમ્ય.
	૯	૨૨	અંતર્મુહૂર્ત	૬ઠ્ઠું-૭મું	વેદક સમ્ય.
		૨૧	દેશોનપૂર્વક્રોડ	૬ઠ્ઠું-૭મું	ક્ષાયિક સમ્ય.
		૨૧	અંતર્મુહૂર્ત	૮મું	ક્ષાયિક સમ્ય.
	૭	૨૪-૨૮	અંતર્મુહૂર્ત	૯મું	ઉપ. શ્રેણિ, ઉપ. સમ્ય. નપુ. વેદ ઉપશાંત થયે ઉપ. શ્રેણિ ક્ષાયિક સમ્ય. અંત. ન કરે ત્યાં સુધી
	૫	૨૧	અંતર્મુહૂર્ત	૯મું	ક્ષપક શ્રેણિ કષાયાષ્ટક ક્ષય ન થાય ત્યાં સુધી

★ અનંતાનુબંધીની ઉપશમના કરીને પણ ઉપશમ શ્રેણિનો પ્રારંભ કરી શકાય અને શ્રેણિ સંબંધી અનંતાનુબંધીની ઉપશમના ૪, ૫, ૬, ૭મા ગુણસ્થાનકે કરે એવું માનનારા આચાર્યના મતે ૨૮ની સત્તા અંતર્મુહૂર્ત ઘટે.

સંક્રમ	પતદ્ગ્રહ	સત્તા	કાળ	ગુણ.	સ્વામી
૨૦	૭	૨૪-૨૮	અંતર્મુહૂર્ત્ત	૯મું	ઉપ.શ્રેણિ ઉપ.સમ્ય. સ્ત્રી વેદ ઉપશાંત થયે
	૬	૨૪-૨૮	સમયોન બે આવલિકા	૯મું	ઉપ.શ્રેણિ ઉપ.સમ્ય. સ્ત્રી વેદ ઉપશાંત થયે
૧૯	૫	૨૧	અંતર્મુહૂર્ત્ત	૯મું	ઉપ.ક્ષાયિક ઉપ.સમ્ય. અંતરકરણવતી
	૫	૨૧	અંતર્મુહૂર્ત્ત	૯મું	ઉપ.શ્રેણિ ક્ષાયિક સમ્ય. નપુ. વેદ. ઉપશાંત થયે.
૧૮	૫	૨૧	અંતર્મુહૂર્ત્ત	૯મું	ઉપ.ક્ષાયિક સમ્ય. સ્ત્રીવેદ ઉપશાંત થયે
	૪	૨૧	સમયોન બે આવલિકા	૯મું	ઉપ.ક્ષાયિક સમ્ય. સ્ત્રીવેદ ઉપશાંત થય
૧૪	૬	૨૪-૨૮	સમયોન બે આવલિકા	૯મું	ઉપ.ક્ષાયિક ઉપ.સમ્ય. હાસ્યષ્ટ ઉપશાંત થયે
૧૩	૫	૨૪-૨૮	અંતર્મુહૂર્ત્ત	૯મું	ઉપ.ક્ષાયિક ઉપ.પુ.વેદ હાસ્યષ્ટ ઉપશાંત થયે
	૫	૨૪-૨૮	સમયોન બે આવલિક	૯મું	ઉપ.ક્ષાયિક ઉપ.પુ.વેદ હાસ્યષ્ટ ઉપશાંત થયે
	૫	૧૩	અંતર્મુહૂર્ત્ત	૯મું	ક્ષપક શ્રેણિ કષાયાષ્ટકના ક્ષયે
૧૨	૫	૧૩	અંતર્મુહૂર્ત્ત	૯મું	ક્ષપક શ્રેણિ અંતરકરણ કરે છતે.
	૪	૨૧	સમયોન બે આવલિકા	૯મું	ઉપ. શ્રેણિ સમ્ય. હાસ્યષ્ટ ઉપશાંત થયે
૧૧	૫	૨૮-૨૪	સમયોન બે આવલિકા	૯મું	ઉપ.શ્રેણિ ઉપ.સમ્ય.અપ્રત્યા. પ્રત્યા. ક્રોધ થયે
	૫	૧૨	અંતર્મુહૂર્ત્ત	૯મું	ક્ષપક શ્રેણિ નપુ. વેદના ક્ષયે
	૪	૨૧	અંતર્મુહૂર્ત્ત	૯મું	ઉપ.શ્રેણિ ક્ષાયિક સમ્ય. પુ.વેદ ઉપશાંત થયે
	૩	૨૧	સમયોન બે આવલિકા	૯મું	ઉપ.શ્રેણિ ક્ષાયિક સમ્ય. પુ.વેદ ઉપશાંત થયે
૧૦	૫	૨૮-૨૪	અંતર્મુહૂર્ત્ત	૯મું	ઉપ.શ્રેણિ ઉપ. સમ્ય. સં. ક્રોધ ઉપશાંત થયે
	૫	૧૧	અંતર્મુહૂર્ત્ત	૯મું	ક્ષપક શ્રેણિ સ્ત્રીવેદ થયે
	૪	૧૧	સમયોન બે આવલિકા	૯મું	ક્ષપક શ્રેણિ સ્ત્રીવેદ થયે
૯	૩	૨૧	સમયોન બે આવલિકા	૯મું	ઉપ. શ્રેણિ, ક્ષાયિક સમ્ય. અપ્રત્ય. ક્રોધ ઉપ પ્રત્યા. શાંત થયે
૮	૪	૨૮-૨૪	સમયોન બે આવલિકા	૯મું	ઉપ. શ્રેણિ, ઉપ. સમ્ય. અપ્રત્ય. માન ઉપ પ્રત્યા. શાંત થયે
	૩	૨૧	અંતર્મુહૂર્ત્ત	૯મું	ઉપ.શ્રેણિ, ક્ષાયિક સમ્ય.સં ક્રોધ ઉપશાત થયે
	૨	૨૧	સમયોન બે આવલિકા	૯મું	ઉપ.શ્રેણિ, ક્ષાયિક સમ્ય.સં ક્રોધ ઉપશાત થયે
૭	૪	૨૪-૨૮	અંતર્મુહૂર્ત્ત	૯મું	ઉપ.શ્રેણિ, ઉપ સમ્ય.સં.માન
	૩	૨૪-૨૮	સમયોન બે આવલિકા	૯મું	ઉપ.શ્રેણિ, ઉપ સમ્ય.સં.માન
૬	૨	૨૧	સમયોન બે આવલિકા	૯મું	ઉપ.શ્રેણિ, ક્ષાયિક.સમ્ય. અપ્રત્યા. પ્રત્યા. માન ઉપશાંત થયે
૫	૩	૨૪-૨૮	સમયોન બે આવલિક	૯મું	ઉપ. શ્રેણિ. ઉપ. સમ્ય. અપ્રત્યા. પ્રત્યા. માયા શાંત થયે
	૨	૨૪-૨૮	અંતર્મુહૂર્ત્ત	૯મું	ઉપ. શ્રેણિ ક્ષાયિક સમ્ય. સં. માન ઉપશાંત થયે
	૧	૨૧	સમયોન બે આવલિકા	૯મું	ઉપ.શ્રેણિ ક્ષાયિક સમ્ય. સં. માન ઉપશાંત થયે
૪	૪	૫	સમયોન બે આવલિકા	૯મું	ક્ષપક શ્રેણિ હાસ્ય ૬ ના થયે
	૩	૨૪-૨૮	અંતર્મુહૂર્ત્ત	૯મું	ઉપ. શ્રેણિ ઉપ સમ્ય. સં. માયા ઉપશાંત થયે
૩	૩	૪	અંતર્મુહૂર્ત્ત	૯મું	ક્ષપક શ્રેણિ પુરુષ વેદના ક્ષયે
	૧	૨૧	સમયોન બે આવલિકા	૯મું	ઉપ. શ્રેણિ ક્ષાયિક સ. અપ્રત્યા. પ્રત્યા માયા ઉપશાંત થયે
૨	૨	૩	અંતર્મુહૂર્ત્ત	૯મું	ક્ષપક શ્રેણિ સંજ્વલન ક્રોધના થયે.
	૨	૨૮-૨૪	અંતર્મુહૂર્ત્ત	૯,૧૦ ૧૧	ઉપ. શ્રેણિ સ. ઉપ. અપ્રત્યા. પ્રત્યા. લોભ ઉપશાંત થયે
	૧	૨૧	અંતર્મુહૂર્ત્ત	૯મું	ઉપ. શ્રેણિ ક્ષાયિક સ. સં.માયા ઉપશાંત થયે
૧	૧	૨	અંતર્મુહૂર્ત્ત	૯મું	ક્ષપકશ્રેણિ સંજ્વલન માન થયે

હવે નામકર્મ માટે કહેવાય છે—

નામકર્મનાં બાર સત્તાસ્થાનકો છે. તે આ પ્રમાણે—એકસો ત્રણ, એકસો બે, છન્નું, પંચાણું, ૧૦૩-૧૦૨-૯૬-૯૫. આ ચાર સત્તાસ્થાનકોની 'પ્રથમ' એવી સંજ્ઞા છે. પ્રથમ સત્તાસ્થાનક ચતુષ્ક એમ જ્યાં કહે ત્યાં આ ચાર સત્તાસ્થાનકો લેવાં. તેમાં સઘળી નામકર્મની પ્રકૃતિઓનો જે સમૂહ તે ૧૦૩, તીર્થંકર નામકર્મની સત્તા રહિત ૧૦૨, પૂર્વોક્ત એકસો ત્રણની સત્તા જ્યારે આહારક સપ્તકની સત્તા રહિત હોય ત્યારે ૯૬, પૂર્વોક્ત એકસો બેની સત્તા આહારક સપ્તક રહિત હોય ત્યારે પંચાણું.

ઉપરોક્ત પ્રથમ સત્તા ચતુષ્કમાંથી ક્ષપકશ્રેણિમાં નવમે ગુણઠાણે તેર પ્રકૃતિનો ક્ષય થાય ત્યારે અનુક્રમે નેવું, નેવ્યાસી, બ્યાશી અને બ્યાશી ૯૦, ૮૯, ૮૩ અને ૮૨ એમ ચાર સત્તાસ્થાનકો થાય છે. એની 'બીજું સત્તાચતુષ્ક' એવી સંજ્ઞા છે.

પંચાણુંસાંથી દેવદ્વિક ઉવેલે ત્યારે ત્રાણું, તેની અંદરથી વૈક્રિય સપ્તક અને નરકદ્વિક ઉવેલે ત્યારે ચોરાશી અને મનુષ્યદ્વિક ઉવેલે ત્યારે બ્યાશી એમ ત્રણ સત્તાસ્થાનની 'અધ્રુવ' એવી સંજ્ઞા છે. બ્યાશીનું સત્તાસ્થાનક જો કે બીજા સત્તા ચતુષ્કમાં આવે છે. તેમજ ચોરાશીની સત્તાવાળા મનુષ્યદ્વિક ઉવેલે ત્યારે પણ થાય છે. પરંતુ સંખ્યા તુલ્ય હોવાથી તેને એક જ ગણ્યું છે. એક સત્તાસ્થાનક બે રીતે થાય છે એટલે સત્તાસ્થાનકની સંખ્યાનો ભેદ થતો નથી. આ પ્રમાણે દશ સત્તાસ્થાનો થયાં.

તેમાં બીજા સત્તાચતુષ્કમાંના નેવું અને ત્યાશીરૂપ બે સત્તાસ્થાનો સંક્રમમાં ઘટતાં નથી. કારણ હવે પછી સંક્રમસ્થાનોનો વિચાર કરશે ત્યાં સમજાશે. બાકીનાં સત્તાસ્થાનો સંક્રમમાં હોય છે, એટલે હમણાં કહેલ દશ સત્તાસ્થાનોમાંથી આઠ સંક્રમસ્થાનકો સંભવે છે. નવ અને આઠ પ્રકૃતિના સમૂહરૂપ બે સત્તાસ્થાનો છે પરંતુ તે અયોગી અવસ્થાના ચરમસમયે હોવાથી સંક્રમના વિષયભૂત નથી. કેમકે જ્યારે પતદ્ગ્રહ હોય ત્યારે સંક્રમ થાય છે, બંધાતી પ્રકૃતિ પતદ્ગ્રહ હોય છે, ચૌદમે ગુણસ્થાનકે કોઈપણ પ્રકૃતિ બંધાતી નહિ હોવાથી પતદ્ગ્રહ નથી માટે ત્યાં કોઈ પ્રકૃતિનો સંક્રમ પણ થતો નથી.

આ પ્રમાણે બાર સત્તાસ્થાનોમાંથી આઠ સંક્રમસ્થાનો હોય છે અને બીજા ચાર સંક્રમસ્થાનો સત્તાસ્થાનની બહારનાં છે. તે આ પ્રમાણે—એકસો એક, ચોરાણુ, ઇઠ્યાશી અને એક્યાશી. ૧૦૧, ૯૪, ૮૮, ૮૧. આ પ્રમાણે હોવાથી સત્તાસ્થાનો જેમ બાર છે તેમ સંક્રમસ્થાનો પણ બાર જ હોય છે. અન્યત્ર કહ્યું છે કે—'૧૦૩, ૧૦૨, ૯૬, ૯૫, ૯૩, ૯૦, ૮૯, ૮૪, ૮૩, ૮૨, ૯ અને ૮ એટલા નામકર્મનાં સત્તાસ્થાનો હોય છે. તથા ૧૦૩, ૧૦૨, ૧૦૧, ૯૬, ૯૫, ૯૪, ૯૩, ૮૯, ૮૮, ૮૪, ૮૨, ૮૧ એ બાર નામકર્મનાં સંક્રમસ્થાનકો છે.'

બંધસ્થાનકો આઠ છે. તે આ—૨૩, ૨૫, ૨૬, ૨૮, ૨૯, ૩૦, ૩૧ અને ૧. પતદ્ગ્રહસ્થાનો પણ તે જ છે. કહ્યું છે કે—'૨૩, ૨૫, ૨૬, ૨૮, ૨૯, ૩૦, ૩૧ અને ૧ એ આઠ નામકર્મનાં બંધસ્થાનકો છે. ૨૩, ૨૫, ૨૬, ૨૮, ૨૯, ૩૦, ૩૧ અને ૧ એ આઠ

નામકર્મનાં પતદ્ગ્રહસ્થાનો છે.' ૨૯.

હવે કઈ પ્રકૃતિઓ કોની અંદર સંક્રમે છે તેનું નિરૂપણ કરે છે—

पढमचउक्कं तित्थगरवज्जितं अधुवसंततियजुत्तं ।
तिगपणछव्वीसेसुं संकमइ पडिग्गहेसु तिसु ॥३०॥

प्रथमचतुष्कं तीर्थकरवर्जितमध्रुवसत्तात्रिकयुक्तम् ।
त्रिकपञ्चषड्विंशतिषु संक्रामति प्रतिग्रहेषु त्रिषु ॥३०॥

અર્થ—તીર્થંકરનામકર્મની સત્તાવાળાં સત્તાસ્થાનકો વર્જીને શેષ પ્રથમ સત્તાસ્થાન ચતુષ્ક અને અધ્રુવ સત્તાત્રિક એમ પાંચ સત્તાસ્થાનો ત્રેવીસ, પચીસ અને છવ્વીસરૂપ ત્રણ પતદ્ગ્રહોમાં સંક્રમે છે.

ટીકાનુ૦—પ્રથમ સત્તાસ્થાન ચતુષ્ક ૧૦૩, ૧૦૨, ૯૬ અને ૯૫ માંથી તીર્થંકર નામકર્મની જેની અંદર સત્તા છે એવા ૧૦૩ અને ૯૬ એ બે સત્તાસ્થાનકો વર્જીએ અને તેમાં અધ્રુવ સત્તાવાળાં ૯૩, ૮૪ અને ૮૨ એ ત્રણ સત્તાસ્થાનકો ઉમેરીએ એટલે ૧૦૨, ૯૫, ૯૩, ૮૪ અને ૮૨ એ પાંચ સ્થાનો બંધાતી ત્રેવીસ, પચીસ, અને છવ્વીસ પ્રકૃતિરૂપ ત્રણ પતદ્ગ્રહમાં સંક્રમે છે. તાત્પર્ય એ કે, ત્રેવીસ આદિ ત્રણ પતદ્ગ્રહમાં એકસો બે, પંચાણું, ત્રાણું, ચોરાશી અને બ્યાશી એ પાંચ પાંચ સંક્રમસ્થાનકો સંક્રમે છે. તે આ પ્રમાણ છે—

વર્ણાદિચતુષ્ક, અગુરુલઘુ, ઉપઘાત, નિર્માણ, તૈજસ, કાર્મણ, ઔદારિક શરીર, હુંડકસંસ્થાન, એકેન્દ્રિયજાતિ, તિર્યંચગતિ, તિર્યંચાનુપૂર્વી, બાદર-સૂક્ષ્મ બેમાંથી એક, સ્થાવર, અપર્યાપ્ત, પ્રત્યેક-સાધારણમાંથી એક, અસ્થિર, અશુભ, દુર્ભગ, અનાદેય અને અપયશકીર્તિરૂપ અપર્યાપ્ત એકેન્દ્રિય યોગ્ય ત્રેવીસ પ્રકૃતિનો બધ કરતા, અને એકસો બે આદિ ઉપરોક્ત પાંચ પ્રકૃતિસ્થાનોની સત્તાવાળા એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિય તિર્યંચો[1] અનુક્રમે તે ત્રેવીસ પ્રકૃતિમાં ૧૦૨, ૯૫, ૯૩, ૮૪ અને ૮૨ એ પાંચ સંક્રમસ્થાનો સંક્રમાવે છે.

તૈજસ, કાર્મણ, અગુરુલઘુ, ઉપઘાત, નિર્માણ, વર્ણાદિ ચતુષ્ક, એકેન્દ્રિયજાતિ, હુંડકસંસ્થાન, ઔદારિકશરીર, તિર્યંચગતિ, તિર્યંચાનુપૂર્વી, સ્થાવર, બાદર-સૂક્ષ્મમાંથી એક, પર્યાપ્તનામ, પ્રત્યેક-સાધારણમાંથી એક, સ્થિર-અસ્થિરમાંથી એક, શુભ-અશુભમાંથી એક, દુર્ભગ, અનાદેય, યશ-અપયશમાંથી એક, પરાઘાત અને ઉચ્છ્વાસરૂપ એકેન્દ્રિયયોગ્ય પચીસ પ્રકૃતિનો બંધ કરતા અને એકસો બે પ્રકૃતિ આદિ પાંચમાંથી કોઈપણ પ્રકૃતિસ્થાનની સત્તાવાળા એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય આદિ આત્માઓ તે પચીસમાં એકસો

૧. અહીં મનુષ્ય નહિ ગ્રહણ કરવાનું કારણ તેને બધાં સત્તાસ્થાનકો નથી હોતાં તે છે. મનુષ્યોને મનુષ્યદ્વિક બ્યાશીનું સત્તાસ્થાન હોતું નથી, તે સિવાયનાં ચાર સત્તાસ્થાનકો હોય છે. તે ચાર સત્તાસ્થાનો ત્રેવીસ, પચીસ, અને છવ્વીસ એ ત્રણ પતદ્ગ્રહમાં સંક્રમી શકે છે. મનુષ્યો પણ ત્રેવીસાદિ ત્રણે બંધસ્થાનો બાંધી શકે છે. એટલે તે જ્યારે બંધાય ત્યારે ઉપરોક્ત એકસો બે આદિ પ્રકૃતિસ્થાનોમાંનું જે સત્તામાં હોય તે સંક્રમી શકે છે.

બે, પંચાણું, ત્રાણું, ચોરાશી અને બ્યાશી એ પાંચ સંક્રમસ્થાનો સંક્રમાવે છે.[1]

અથવા તૈજસ, કાર્મણ, વર્ણાદિ ચતુષ્ક, અગુરુલઘુ, ઉપઘાત, નિર્માણ, બેઇન્દ્રયાદિ કોઈપણ જાતિ, હુંડકસંસ્થાન, સેવાર્ત્ત સંઘયણ, ઔદારિક શરીર, ઔદારિક અંગોપાંગ, તિર્યંચગતિ, તિર્યંચાનુપૂર્વી, ત્રસ, બાદર, અપર્યાપ્ત, પ્રત્યેક, અસ્થિર, અશુભ, દુર્ભગ, અનાદેય અને અપયશકીર્ત્તિરૂપ અપર્યાપ્ત વિકલેન્દ્રિય, તિર્યક્પંચેન્દ્રિય અને મનુષ્ય[2] યોગ્ય પચીસ પ્રકૃતિઓનો બંધ કરતા, અને એકસો બે આદિ ઉપરોક્ત પાંચ પ્રકૃતિસ્થાનોની સત્તાવાળા એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યો તે પચીસમાં એકસો બે આદિ પાંચ સંક્રમસ્થાનકો સંક્રમાવે છે.

તૈજસ, કાર્મણ, અગુરુલઘુ, ઉપઘાત, નિર્માણ, વર્ણાદિ ચતુષ્ક, એકેન્દ્રિયજાતિ, હુંડકસંસ્થાન, ઔદારિકશરીર, તિર્યંચગતિ, તિર્યંચાનુપૂર્વી, સ્થાવર, પર્યાપ્ત, બાદર, પ્રત્યેક, સ્થિર-અસ્થિરમાંથી એક, શુભ-અશુભમાંથી એક, દુર્ભગ, અનાદેય, યશ-અપયશકીર્ત્તિમાંથી એક, પરાઘાત, ઉચ્છ્વાસ અને આતપ-ઉદ્યોતમાંથી એક એમ એકેન્દ્રિય યોગ્ય છવ્વીસ પ્રકૃતિઓનો બંધ કરતા, અને એકસો બે અને પંચાણુંની સત્તાવાળા, નારકી વર્જિત એકેન્દ્રિયાદિ સઘળા જીવો તે છવ્વીસના પ્રકૃતિસ્થાનમાં એકસો બે અને પંચાણું સંક્રમાવે છે. તથા છવ્વીસ પ્રકૃતિઓ બાંધતા, ત્રાણું અને ચોરાશીની સત્તાવાળા. દેવતા અને નારકી વર્જિત બાકીના એકેન્દ્રિયાદિ આત્માઓ છવ્વીસમાં ત્રાણું અને ચોરાશી પ્રકૃતિઓ સંક્રમાવે છે. તથા બ્યાશીની સત્તાવાળા અને છવ્વીસ પ્રકૃતિઓ બાંધતા દેવ નારક અને મનુષ્ય વર્જિત તે જ એકેન્દ્રિયાદિ આત્માઓ છવ્વીસમાં બ્યાશી પ્રકૃતિઓ સંક્રમાવે છે. આ પ્રમાણે ત્રેવીસ, પચીસ અને છવ્વીસના પતદ્ગ્રહોમાં કયાં સંક્રમસ્થાનો સંક્રમે છે તે કહ્યું. ૩૦.

હવે બાકીના પતદ્ગ્રહોમાં સંક્રમસ્થાનોનો વિચાર કરતાં કહે છે—

पढमं संतचउक्कं इगतीसे अधुवतियजुयं तं तु ।
गुणतीसतीसएसु जसहीणा दो चउक्क जसे ॥३१॥

प्रथमं सत्ताचतुष्कं एकत्रिंशति अध्रुवत्रिकयुक्तं तत्तु ।
एकोनत्रिंशत्त्रिंशतोः यशोहीने द्वे चतुष्के यशसि ॥३१॥

અર્થ—એકત્રીસમાં પ્રથમ સત્તા ચતુષ્ક સંક્રમે છે. અધ્રુવ સત્તાત્રિક સાથે પ્રથમ સત્તા ચતુષ્ક ઓગણત્રીસ અને ત્રીસમાં સંક્રમે છે. યશઃકીર્ત્તિ હીન બે ચતુષ્ક યશઃકીર્ત્તિમાં સંક્રમે છે.

ટીકાનુ૰—દેવગતિ, પંચેન્દ્રિયજાતિ, વૈક્રિયશરીર, વૈક્રિયઅંગોપાંગ, સમચતુરસ્રસંસ્થાન દેવાનુપૂર્વી પરાઘાત, ઉચ્છ્વાસ, પ્રશસ્તવિહાયોગતિ, ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, સ્થિર, શુભ, સુભગ, સુસ્વર, આદેય, યશઃકીર્ત્તિ, તૈજસ, કાર્મણ, વર્ણાદિચતુષ્ક, અગુરુલઘુ, ઉપઘાત,

---

૧. અહીં એટલું વિશેષ છે કે, દેવોને એકસો બે અને પંચાણુ તથા મનુષ્યોને બ્યાશી વિનાનાં સંક્રમસ્થાનો હોય છે.

૨. પરંતુ મનુષ્ય પ્રાયોગ્ય પચીસ પ્રકૃતિઓ બાંધતાં બ્યાશી વિનાનાં શેષ ચાર સંક્રમસ્થાનો હોય છે.

નિર્માણ, તીર્થંકર અને આહારકદ્વિક રૂપ એકત્રીસ પ્રકૃતિઓનો બંધ કરતો અપ્રમત્ત અને અપૂર્વકરણ ગુણસ્થાનકે વર્ત્તમાન સંયમ આત્મા તે એકત્રીસમાં, પ્રથમસત્તાચતુષ્ક—એકસો ત્રણ, એકસો બે, છન્નું અને પંચાણું એ ચાર સંક્રમસ્થાનો સંક્રમાવે છે. તેમાં તીર્થંકરનામકર્મ અને આહારકદ્વિકની બંધાવલિકા વીત્યા બાદ એકસો ત્રણ સંક્રમાવે છે. જેને તીર્થંકરનામકર્મની બંધાવલિકા ન વીતી હોય પરંતુ આહારકસપ્તકની બંધાવલિકા વીતી હોય તે એકસો બે એકત્રીસમાં[1] સંક્રમાવે છે. તીર્થંકરનામકર્મની બંધાવલિકા વીતી હોય પરંતુ આહારક સપ્તકની ન વીતી હોય તે છન્નું સંક્રમાવે છે. અને તીર્થંકરનામ અને આહારકસપ્તક એ બંનેની બંધાવલિકા જેઓને ન વીતી હોય તેઓ પંચાણું પ્રકૃતિઓ, બંધાતી એકત્રીસમાં સંક્રમાવે છે.

અધ્રુવસત્તાત્રિક સાથે પ્રથમ સત્તા ચતુષ્ક ઓગણત્રીસ અને ત્રીસમાં સંક્રમાવે છે. તાત્પર્ય એ કે ઓગણત્રીસ અને ત્રીસના પતદ્ગ્રહમાં એકસો ત્રણ, એકસો બે, છન્નું, પંચાણું, ત્રાણું, ચોરાશી અને બ્યાશી એ સાત સાત સંક્રમસ્થાનકો સંક્રમાવે છે.

તેમાં તૈજસ, કાર્મણ, વર્ણાદિ ચતુષ્ક, અગુરુલઘુ, ઉપઘાત, નિર્માણ, પંચેન્દ્રિયજાતિ. ઔદારિકદ્વિક, સમચતુરસ્રસંસ્થાન, વજ્રઋષભનારાચસંઘયણ, મનુષ્યદ્વિક, ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, સ્થિર-અસ્થિરમાંથી એક, શુભ અશુભમાંથી એક, સુભગ, સુસ્વર, આદેય, યશઃકીર્ત્તિ-અપયશકીર્ત્તિમાંથી એક, પરાઘાત, ઉચ્છ્વાસ, પ્રશસ્તવિહાયોગતિ અને તીર્થંકરનામરૂપ મનુષ્યગતિયોગ્ય ત્રીસ કર્મપ્રકૃતિઓનો બંધ કરતાં, એકસો ત્રણની સત્તાવાળા સમ્યગ્દષ્ટિ દેવને બંધાતી તે ત્રીસમાં એકસો ત્રણ પ્રકૃતિઓ સંક્રમે છે.

દેવદ્વિક, પંચેન્દ્રિયજાતિ, વૈક્રિયશરીર, સમચતુરસ્રસંસ્થાન, વૈક્રિયઅંગોપાંગ, પરાઘાત, ઉચ્છ્વાસ, પ્રશસ્તવિહાયોગતિ, ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, સ્થિર, શુભ, સુભગ, સુસ્વર, આદેય, યશઃકીર્ત્તિ, તૈજસ, કાર્મણ, વર્ણાદિ ચતુષ્ક, અગુરુલઘુ, ઉપઘાત, નિર્માણ, અને આહારકદ્વિકરૂપ દેવગતિ યોગ્ય ત્રીસ કર્મપ્રકૃતિઓનો બંધ કરતા, એકસો બે પ્રકૃતિઓની સત્તાવાળા અપ્રમત્તસંયત અથવા અપૂર્વકરણ ગુણસ્થાકવર્ત્તી આત્માને બંધાતી તે ત્રીસમાં એકસો બે પ્રકૃતિઓ સંક્રમે છે.

અથવા તૈજસ, કાર્મણ, અગુરુલઘુ, ઉપઘાત, નિર્માણ, વર્ણાદિ ચતુષ્ક, તિર્યંચદ્વિક, બેઇન્દ્રિયાદિ જાતિમાંથી કોઈ પણ જાતિ, ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, સ્થિર-અસ્થિરમાંથી એક, શુભ અશુભમાંથી એક, દુર્ભગ, દુઃસ્વર, અનાદેય, યશઃકીર્ત્તિ-અપયશઃકીર્ત્તિમાંથી એક, ઔદારિકદ્વિક, કોઈપણ એક સંસ્થાન, કોઈ પણ એક સંઘયણ[2], અપ્રશસ્તવિહાયોગતિ, પરાઘાત,

---

૧. તીર્થંકરનામકર્મનો નિકાચિત બંધ થયા પછી પ્રતિસમય ચોથાથી આઠમાના છઠ્ઠા ભાગ સુધીમાં તીર્થંકરનામકર્મ અવશ્ય બંધાયા કરે છે. એ પ્રમાણે આહારકદ્વિક બંધાયા પછી સાતમાંથી આઠમાના છઠ્ઠા ભાગ સુધીમાં આહારકદ્વિક પણ પ્રતિસમય બંધાયા કરે છે.

૨. અહીં બેઇન્દ્રિયાદિકમાં બતાવેલ આદિ શબ્દથી સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ સિવાયના તિર્યંચ જીવપ્રાયોગ્ય જ ૩૦ પ્રકૃતિ બતાવેલ હોય તો સંઘયણ અને સંસ્થાન છમાંથી ગમે તે ન લેતાં છેવટ્ઠું સંઘયણ અને હુંડકસંસ્થાન લેવું જોઈએ અને જો સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય પ્રકૃતિઓ પણ બતાવેલ હોય તો છ સંઘયણ અને છ સંસ્થાનની જેમ ત્યાં ઘટતી પ્રતિપક્ષ બધી જ પ્રકૃતિઓનું ગ્રહણ હોવું જોઈએ માટે તે વિચારણીય છે.

ઉચ્છ્વાસ અને ઉદ્યોતરૂપ બેઇન્દ્રિયાદિ તિર્યંચોને યોગ્ય ત્રીસ પ્રકૃતિઓનો બંધ કરતા, એકસો બે પ્રકૃતિઓની સત્તાવાળા એકેન્દ્રિયાદિ જીવોને બંધાતી તે ત્રીસમાં એકસો બે કર્મપ્રકૃતિઓ સંક્રમે છે.

પૂર્વે કહેલી તીર્થંકરનામકર્મ સહિત મનુષ્યગતિ પ્રાયોગ્ય ત્રીસ કર્મપ્રકૃતિઓનો બંધ કરતા છન્નુંની સત્તાવાળા સમ્યગ્દૃષ્ટિ દેવ નારકોને બંધાતી તે ત્રીસમાં છન્નું કર્મપ્રકૃતિઓ સંક્રમે છે.

આહારકદ્વિક સાથે દેવગતિયોગ્ય ત્રીસ પ્રકૃતિઓ બાંધતાં, એકસોબેની સત્તાવાળા આહારક સપ્તકની બંધાવલિકા જેઓને વીતી નથી તેવા અપ્રમત્ત અને અપૂર્વકરણ ગુણસ્થાનકવર્તી આત્માઓ બંધાતી તે ત્રીસમાં પંચાણું પ્રકૃતિઓ સંક્રમાવે છે. અથવા પંચાણુંની સત્તાવાળા ઉદ્યોતનામ સાથે તિર્યંચગતિ યોગ્ય ત્રીસ કર્મપ્રકૃતિઓ બાંધતા એકેન્દ્રિયાદિ આત્માઓને બંધાતી તે ત્રીસમાં પંચાણું કર્મપ્રકૃતિઓ સંક્રમે છે.

ત્રાણું, ચોરાશી અથવા બ્યાશી કર્મપ્રકૃતિઓની સત્તાવાળા એકેન્દ્રિયાદિ જીવોને પૂર્વે કહેલી તિર્યંચગતિ યોગ્ય ઉદ્યોતનામ સાથે ત્રીસ પ્રકૃતિઓ બાંધતાં બંધાતી ત્રીસમાં અનુક્રમે ત્રાણું, ચોરાશી અને બ્યાશી કર્મપ્રકૃતિઓ સંક્રમે છે.

તીર્થંકરનામકર્મ સાથે દેવદ્વિક, પંચેન્દ્રિયજાતિ, વૈક્રિયદ્વિક, પરાઘાત, ઉચ્છ્વાસ, પ્રશસ્તવિહાયોગતિ, ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, સ્થિર-અસ્થિરમાંથી એક, શુભ-અશુભમાંથી એક, સુભગ, સુસ્વર, આદેય, યશઃકીર્ત્તિ-અપયશકીર્ત્તિમાંથી એક, સમચતુરસ્રસંસ્થાન, તૈજસ, કાર્મણ, વર્ણાદિ ચતુષ્ક, અગુરુલઘુ, ઉપઘાત અને નિર્માણરૂપ ઓગણત્રીસ કર્મપ્રકૃતિઓ બાંધતા, એકસો ત્રણની સત્તાવાળા અવિરતિસમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિ અને પ્રમત્તસંયત આત્માઓને ઓગણત્રીસના પતદ્ગ્રહમાં એકસો ત્રણ પ્રકૃતિઓ સંક્રમે છે.

ઓગણત્રીસ કર્મપ્રકૃતિઓ બાંધતાં, તે જ અવિરતાદિ ત્રણ ગુણસ્થાનકવર્ત્તી આત્માઓ તીર્થંકરનામકર્મની બંધાવલિકા વીત્યા પહેલાં એકસો બે પ્રકૃતિઓ તે જ ઓગણત્રીસમાં સંક્રમાવે છે. અથવા પૂર્વે કહેલી બેઇન્દ્રિયાદિ યોગ્ય ઉદ્યોત રહિત ઓગણત્રીસ કર્મપ્રકૃતિઓ બાંધતાં, એકસો બે પ્રકૃતિઓની સત્તાવાળા એકેન્દ્રિયાદિ જીવો ઓગણત્રીસમાં એકસો બે પ્રકૃતિઓ સંક્રમાવે છે.

તીર્થંકરનામકર્મ સાથે દેવગતિ યોગ્ય ઓગણત્રીસ કર્મપ્રકૃતિઓ બાંધતાં છન્નું પ્રકૃતિઓની સત્તાવાળા અવિરતિસમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિ અને પ્રમત્તસંયમ આત્માઓ ઓગણત્રીસના પતદ્ગ્રહમાં છન્નું કર્મપ્રકૃતિઓ સંક્રમાવે છે.

અપર્યાપ્તાવસ્થામાં વર્ત્તમાન તીર્થંકરનામકર્મની સત્તાવાળા મિથ્યાદૃષ્ટિ નારકીઓ મનુષ્યદ્વિક, પંચેન્દ્રિયજાતિ ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, સ્થિર-અસ્થિરમાંથી એક, શુભ-અશુભમાંથી એક, સુભગ-દુર્ભગમાંથી એક, આદેય-અનાદેયમાંથી એક, યશ-અપયશમાંથી એક, છ સંસ્થાનમાંથી એક, છ સંઘયણમાંથી એક, વર્ણાદિ ચતુષ્ક, અગુરુલઘુ, ઉપઘાત, તૈજસ, કાર્મણ, નિર્માણ, ઔદારિકદ્વિક, સુસ્વર-દુઃસ્વરમાંથી એક, પરાઘાત, ઉચ્છ્વાસ, પ્રશસ્ત-અપ્રશસ્તવિહાયોગતિમાંથી એક, એમ મનુષ્યગતિ પ્રાયોગ્ય ઓગણત્રીસ કર્મપ્રકૃતિઓ બાંધતાં,

ઓગણત્રીસમાં છન્નું કર્મપ્રકૃતિઓ સંક્રમાવે છે.

તીર્થંકરનામ સાથે દેવગતિ યોગ્ય ઓગણત્રીસ પ્રકૃતિઓ બાંધતાં છન્નુંની સત્તાવાળા અવિરતિ, દેશવિરતિ અને પ્રમત્ત આત્માઓને તીર્થંકરનામકર્મની બંધવલિકા વીત્યા પહેલાં ઓગણત્રીસમાં પંચાણું કર્મપ્રકૃતિઓ સંક્રમે છે. તથા તિર્યંચગતિ પ્રાયોગ્ય ઓગણત્રીસ કર્મપ્રકૃતિઓ બાંધતાં પંચાણુંની સત્તાવાળા એકેન્દ્રિયાદિ જીવોને બંધાતી તે ઓગણત્રીસમાં પંચાણું કર્મપ્રકૃતિઓ સંક્રમે છે.

ત્રાણું, ચોરાશી અને બ્યાશી એ ત્રણ સંક્રમસ્થાનો માટે ત્રીસના પતદ્ગ્રહમાં જેમ કહ્યું તેમ ઓગણત્રીસના પતદ્ગ્રહમાં પણ સમજી લેવું.

આઠમા ગુણસ્થાનકના છઠ્ઠા ભાગ પછી યશઃકીર્ત્તિરૂપ બંધાતી એક પ્રકૃતિના પતદ્ગ્રહમાં યશઃકીર્ત્તિહીન પ્રથમ સત્તાચતુષ્ક સંક્રમે છે. તાત્પર્યાર્થ આ પ્રમાણે—યશઃકીર્ત્તિરૂપ પતદ્ગ્રહમાં આઠ સંક્રમસ્થાનકો સંક્રમે છે. તે આ પ્રમાણે—૧૦૨, ૧૦૧, ૯૫, ૯૪, ૮૯, ૮૮, ૮૨ અને ૮૧.

તેમાં એકસો ત્રણ કર્મપ્રકૃતિઓની સત્તાવાળાને, બધ્યમાન યશઃકીર્ત્તિ પતદ્ગ્રહ હોવાથી તેના વિના શેષ એકસો બે કર્મપ્રકૃતિઓ એક યશઃકીર્ત્તિમાં સંક્રમે છે. એ પ્રમાણે એકસો બેની સત્તાવાળાને એકસો એક, છન્નુંની સત્તાવાળાને પંચાણું અને પંચાણુંની સત્તાવાળાને ચોરાણું પ્રકૃતિઓ સંક્રમે છે. આઠમા ગુણસ્થાનકના છઠ્ઠા ભાગ પછી માત્ર એક યશઃકીર્ત્તિ જ બંધાય છે, અન્ય કોઈપણ નામકર્મની પ્રકૃતિનો બંધ થતો નથી. બંધાતી તે પ્રકૃતિ જ પતદ્ગ્રહ છે તેથી તેના સિવાય એકસો બે આદિ કર્મપ્રકૃતિઓ એક યશઃકીર્ત્તિમાં સંક્રમે છે તથા એકસો ત્રણ પ્રકૃતિની સત્તાવાળાને ક્ષપકશ્રેણિમાં નવમે ગુણઠાણે નામકર્મની નરકદ્વિક, તિર્યંચદ્વિક, પંચેન્દ્રિયજાતિ સિવાય જાતિ ચતુષ્ક, સ્થાવર, સૂક્ષ્મ, સાધારણ, આતપ અને ઉદ્યોત એ તેર પ્રકૃતિઓનો ક્ષય થયા પછી તેના સિવાય અને યશઃકીર્ત્તિ પતદ્ગ્રહ હોવાથી તેના સિવાય નેવ્યાશી કર્મપ્રકૃતિઓ યશઃકીર્ત્તિમાં સં મે છે. એ પ્રમાણે એકસો બેની સત્તાવાળાને તેર પ્રકૃતિનો ક્ષય થયા બાદ ઇઠ્યાશી, છન્નુંની સત્તાવાળાને બ્યાશી અને પંચાણુંની સત્તાવાળાને નામકર્મની તેર પ્રકૃતિઓ ક્ષય થયા પછી એક્યાશી પ્રકૃતિઓ યશઃકીર્ત્તિમાં સંક્રમે છે. આઠમાના છઠ્ઠા ભાગ પછીથી અન્ય કોઈ પતદ્ગ્રહ નહિ હોવાથી યશઃકીર્ત્તિનો સંક્રમ થતો નથી. માટે તેને સંક્રમનારી પ્રકૃતિઓમાંથી ઓછી કરવામાં આવે છે. ૩૧.

पढमचउक्कं आइल्लवज्जियं दो अणिच्च आइल्ला ।
संकमहिं अट्ठवीसे सामी जहसंभवं नेया ॥३२॥

प्रथमचतुष्कमादिमवर्जितं द्वे अनित्ये आदिमे ।
संक्रामन्ति अष्टाविंशतौ स्वामिनो यशासंभवं ज्ञेयाः ॥३२॥

અર્થ—પહેલા વર્જિત પ્રથમ સત્તા ચતુષ્ક માંહેનાં ત્રણ સત્તાસ્થાનો અને અનિત્ય સંજ્ઞાવાળાં શરૂઆતનાં બે સત્તાસ્થાનો અઠ્ઠાવીસમાં સંક્રમે છે. સ્વામી યથાસંભવ સમજવા.

ટીકાનુ૦—પ્રથમ સત્તાચતુષ્કમાંહેનું શરૂઆતનું એકસો ત્રણ પ્રકૃતિના સમૂહરૂપ સત્તાસ્થાન છોડી શેષ ત્રણ સત્તાસ્થાનો અને અનિત્ય સંજ્ઞાવાળા શરૂઆતના ત્રાણું અને ચોરાશી એ બે કુલ

પાંચ સત્તાસ્થાનો અઠ્ઠાવીસમાં સંક્રમે છે. તાત્પર્ય એ કે—અઠ્ઠાવીસના પતદ્ગ્રહમાં એકસો બે, છન્નું, પંચાણું, ત્રાણું અને ચોરાશી એ પાંચ સંક્રમસ્થાનો સંક્રમે છે. હવે તેનું ક્રમ વાર વર્ણન કરે છે—

નરકદ્વિક, પંચેન્દ્રિયજાતિ, વૈક્રિયદ્વિક, હુંડકસંસ્થાન, પરાઘાત, ઉચ્છ્વાસ, અપ્રશસ્ત-વિહાયોગતિ, ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, અસ્થિર, અશુભ, દુર્ભગ, દુઃસ્વર, અનાદેય, અપયશઃકીર્ત્તિ, વર્ણાદિચતુષ્ક, અગુરુલઘુ ઉપઘાત, તૈજસ, કાર્મણ અને નિર્માણ એક નરક પ્રાયોગ્ય અઠ્ઠાવીસ કર્મપ્રકૃતિ બાંધતાં એકસો બેની સત્તાવાળા મિથ્યાદષ્ટિ તિર્યંચ અથવા મનુષ્યને અઠ્ઠાવીસમાં એકસો બે પ્રકૃતિઓ સંક્રમે છે. અથવા તૈજસ, કાર્મણ, વર્ણાદિ ચતુષ્ક, અગુરુલઘુ, ઉપઘાત, નિર્માણ, દેવદ્વિક, વૈક્રિયદ્વિક, પંચેન્દ્રિયજાતિ, સમચતુરસ્રસંસ્થાન, પરાઘાત, ઉચ્છ્વાસ, પ્રશસ્તવિહાયોગતિ ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, સ્થિર-અસ્થિરમાંથી એક, શુભ-અશુભમાંથી એક, સુભગ, સુસ્વર, આદેય અને યશઃકીર્ત્તિ-અપયશઃકીર્ત્તિમાંથી એક એમ દેવગતિ પ્રાયોગ્ય અઠ્ઠાવીસ કર્મપ્રકૃતિનો બંધ કરતાં બેની સત્તાવાળા સમ્યગ્દષ્ટિ અથવા મિથ્યાદષ્ટિ મનુષ્ય તિર્યંચોને યથાયોગ્યપણે અઠ્ઠાવીસમાં એકસો બે કર્મપ્રકૃતિઓ સંક્રમે છે.

તથા પહેલાં જેણે નારકીનું આયુ બાંધ્યું છે અને નારકીમાં જવા જે સન્મુખ થયેલ છે એવા તીર્થંકર નામકર્મ સાથે છન્નુંની સત્તાવાળા મિથ્યાદષ્ટિ મનુષ્યને નરક યોગ્ય અઠ્ઠાવીસ પ્રકૃતિ બાંધતાં છન્નું પ્રકૃતિઓ અઠ્ઠાવીસમાં સંક્રમે છે.

પંચાણુંના સંક્રમનો વિચાર એકસો બે પ્રકૃતિના સંક્રમ પ્રમાણે જાણી લેવો. માત્ર એકસો બેના સ્થાને પંચાણું કહેવું. તથા દેવગતિ યોગ્ય પૂર્વોક્ત અઠ્ઠાવીસ પ્રકૃતિઓ બાંધતાં, ત્રાણુંની સત્તાવાળા મિથ્યાદષ્ટિને વૈક્રિય સપ્તક અને દેવદ્વિકની બંધાવલિકા વીત્યા બાદ ત્રાણું પ્રકૃતિઓ અઠ્ઠાવીસમાં સંક્રમે છે. અથવા પંચાણુંની સત્તાવાળા મિથ્યાદષ્ટિને દેવગતિયોગ્ય અઠ્ઠાવીસ કર્મપ્રકૃતિઓ બાંધતાં દેવદ્વિકની બંધાવલિકા વીત્યા પહેલાં ત્રાણું પ્રકૃતિઓ અઠ્ઠાવીસમાં સંક્રમે છે. અથવા ત્રાણુંની સત્તાવાળા મિથ્યાદષ્ટિને નરકગતિ યોગ્ય અઠ્ઠાવીસ કર્મપ્રકૃતિઓ બાંધતાં વૈક્રિયસપ્તક અને નરકદ્વિકની બંધાવલિકા વીત્યા બાદ ત્રાણું પ્રકૃતિઓ અઠ્ઠાવીસમાં સંક્રમે છે. અથવા પંચાણુંની સત્તાવાળો મિથ્યાદષ્ટિ નરકગતિ યોગ્ય પૂર્વોક્ત અઠ્ઠાવીસ પ્રકૃતિ બાંધતાં નરકદ્વિકની બંધાવલિકા વીત્યા પહેલાં અઠ્ઠાવીસમાં ત્રાણું પ્રકૃતિઓ સંક્રમાવે છે.

ત્રાણુંની સત્તાવાળો મિથ્યાદષ્ટિ દેવગતિયોગ્ય અઠ્ઠાવીસ પ્રકૃતિઓ બાંધતાં, દેવદ્વિક અને વૈક્રિય સપ્તકની બંધાવલિકા વીત્યા પહેલાં ચોરાશી પ્રકૃતિઓ અઠ્ઠાવીસમાં સંક્રમાવે છે. અથવા ત્રાણુંની સત્તાવાળો મિથ્યાદષ્ટિ નરકયોગ્ય અઠ્ઠાવીસ પ્રકૃતિઓ બાંધતાં, નરકદ્વિક અને વૈક્રિયસપ્તકની બંધાવલિકા વીત્યા પહેલાં અઠ્ઠાવીસમાં ચોરાશી પ્રકૃતિઓ સંક્રમાવે છે.

સંક્રમસ્થાનના સ્વામીત્વનો વિચાર એટલે કે કયા સંક્રમસ્થાનનો સ્વામી કોણ છે તેનો વિચાર સંભવ પ્રમાણે સમજવો એટલે કે જ્યાં જે સંભવે તે જાણવો અને તે પ્રાયઃ દરેક સંક્રમસ્થાને જણાવેલો પણ છે. ૩૨.

★

નામકર્મ—પતદ્ગ્રહમાં સંક્રમસ્થાનો

પતદ્ગ્રહ	કોના પ્રાયોગ્ય	સંક્રમ	સત્તા	કાળ	ગુણ	સ્વામી
૨૩	અપ. એકે.	૧૦૨	૧૦૨	અંતર્મુહૂર્ત્ત	૧લું	તિર્યંચ મનુષ્ય
	પ્રાયોગ્ય	૯૫	૯૫	અંતર્મુહૂર્ત્ત	૧લું	તિર્યંચ મનુષ્ય
		૯૩	૯૩	અંતર્મુહૂર્ત્ત	૧લું	તિર્યંચ મનુષ્ય
		૮૪	૮૪	અંતર્મુહૂર્ત્ત	૧લું	તિર્યંચ મનુષ્ય
		૮૨	૮૨	અંતર્મુહૂર્ત્ત	૧લું	તિર્યંચ મનુષ્ય
૨૫	પર્યા. બાદર	૧૦૨	૧૦૨	અંતર્મુહૂર્ત્ત	૧લું	તિર્યંચ મનુષ્ય દેવ
	એકે. પ્રાયોગ્ય	૯૫	૯૫	અંતર્મુહૂર્ત્ત	૧લું	તિર્યંચ મનુષ્ય દેવ
		૯૩	૯૩	અંતર્મુહૂર્ત્ત	૧લું	તિર્યંચ મનુષ્ય દેવ
		૮૪	૮૪	અંતર્મુહૂર્ત્ત	૧લું	તિર્યંચ મનુષ્ય દેવ
		૮૨	૮૨	અંતર્મુહૂર્ત્ત	૧લું	તિર્યંચ મનુષ્ય દેવ
૨૫	અપ. વિકલે.	૧૦૨	૧૦૨	અંતર્મુહૂર્ત્ત	૧લું	તિર્યંચ મનુષ્ય
	અપ. તિર્યંચ	૯૫	૯૫	અંતર્મુહૂર્ત્ત	૧લું	તિર્યંચ મનુષ્ય
	પંચે. પ્રાયોગ્ય	૯૩	૯૩	અંતર્મુહૂર્ત્ત	૧લું	તિર્યંચ મનુષ્ય
		૮૪	૮૪	અંતર્મુહૂર્ત્ત	૧લું	તિર્યંચ મનુષ્ય
		૮૨	૮૨	અંતર્મુહૂર્ત્ત	૧લું	તિર્યંચ મનુષ્ય
૨૫	અપ. મનુષ્ય	૧૦૨	૧૦૨	અંતર્મુહૂર્ત્ત	૧લું	તિર્યંચ મનુષ્ય
	પ્રાયોગ્ય	૯૫	૯૫	અંતર્મુહૂર્ત્ત	૧લું	તિર્યંચ મનુષ્ય
		૯૩	૯૩	અંતર્મુહૂર્ત્ત	૧લું	તિર્યંચ મનુષ્ય
		૮૪	૮૪	અંતર્મુહૂર્ત્ત	૧લું	તિર્યંચ મનુષ્ય
		૮૨	૮૪	આવલિકા	૧લું	તિર્યંચ મનુષ્ય
૨૬	પર્યા. એકે.	૧૦૨	૧૦૨	અંતર્મુહૂર્ત્ત	૧લું	તિર્યંચ મનુષ્ય દેવ
	પ્રાયોગ્ય	૯૫	૯૫	અંતર્મુહૂર્ત્ત	૧લું	તિર્યંચ મનુષ્ય દેવ
		૯૩	૯૩	અંતર્મુહૂર્ત્ત	૧લું	તિર્યંચ મનુષ્ય દેવ
		૮૪	૮૪	અંતર્મુહૂર્ત્ત	૧લું	તિર્યંચ મનુષ્ય દેવ
		૮૨	૮૨	અંતર્મુહૂર્ત્ત	૧લું	તિર્યંચ મનુષ્ય દેવ
૨૮	નારક	૧૦૨	૧૦૨	અંતર્મુહૂર્ત્ત	૧લું	તિર્યંચ મનુષ્ય
	પ્રાયોગ્ય	૯૬	૯૬	અંતર્મુહૂર્ત્ત	૧લું	જિનનામની સત્તાવાળા નરકાભિમુખ મનુષ્યને છેલ્લા અંત.
		૯૫	૯૫	અંતર્મુહૂર્ત્ત	૧લું	તિર્યંચ મનુષ્ય
		૯૩	૯૫	આવલિકા	૧લું	નરકદ્વિકની બંધાવલિકામાં વર્તતા તિર્યંચ મનુષ્ય

પતદ્ગ્રહ	કોના પ્રાયોગ્ય	સંક્રમ	સત્તા	કાળ	ગુણ	સ્વામી
		૯૩	૯૩	અંતર્મુહૂર્ત્ત	૧લું	નરક, વૈ.૭ની બંધાવલિકા વીત્યા બાદ તિર્યંચ મનુષ્ય
		૮૪	૯૩	આવલિકા	૧લું	નરક, વૈ.૭ની બંધાવલિકામાં વર્ત્તતા તિર્યંચ મનુષ્ય
૨૮	દેવપ્રાયોગ્ય	૧૦૨	૧૦૨	પલ્યો.નો અસં. ભાગ	૧થી૮/૬	મનુષ્ય, તિર્યંચ
		૯૫	૯૫	અંત.ન્યૂનપૂર્વ ક્રોડનો ત્રીજો ભાગ અધિક ૩ પલ્યોપમ	૧થી૮/૬	મનુષ્ય, તિર્યંચ
		૯૩	૯૫	આવલિકા	૧લું.	દેવ, ની બંધાવલિકામાં વર્તતા મનુષ્ય, તિર્યંચ
		૯૩	૯૩	અંતર્મુહૂર્ત્ત	૧લું.	દેવ, વૈ.૭ની બંધાવલિકા વીત્યા બાદ.
		૮૪	૯૩	આવલિકા	૧લું.	દેવ, વૈ.૭ની બંધાવલિકા વર્તતા મનુષ્ય-તિર્યંચ.
૨૯	દેવપ્રાયોગ્ય	૧૦૩	૧૦૩	દેશોન પૂર્વક્રોડ	૪થી૮/૬	મનુષ્ય
		૧૦૨	૧૦૩	આવલિકા	૪થી૮/૬	મનુષ્ય જિનનામની બંધાવલિકામાં વર્તતા
		૯૬	૯૬	દેશોન પૂર્વક્રોડ	૪થી૮/૬	મનુષ્ય
		૯૫	૯૬	આવલિકા	૪થી૮/૬	મનુષ્ય જિનનામની બંધાવલિકામાં વર્તતા
૨૯	મનુષ્ય પ્રાયો.	૧૦૨	૧૦૨	૩૩ સાગરોપમ અથવા પલ્યો. અસંખ્યાતમો ભાગ	૧થી ૪	ચારે ગતિના જીવો.
		૯૬	૯૬	અંતર્મુહૂર્ત્ત	૧લું	જિનનામની સત્તાવાળો નારક અપર્યાપ્તાવસ્થામાં (સમ્યક્ત્વ ન પામે ત્યાં સુધી)
		૯૫	૯૫	૩૩ સાગર.	૧થી ૪	ચારે ગતિના જીવો.
		૯૩	૯૩	અંતર્મુહૂર્ત્ત	૧લું.	મનુષ્ય-તિર્યંચ.
		૮૪	૮૪	અંતર્મુહૂર્ત્ત	૧લું.	મનુષ્ય-તિર્યંચ.
		૮૨	૮૪	આવલિકા	૧લું.	મનુ, ની બંધાવલિકામાં વર્તતા તિર્યંચ

પતદ્ગ્રહ	કોના પ્રાયોગ્ય	સંક્રમ	સત્તા	કાળ	ગુણ	સ્વામી
૨૯	વિકલે.પ્રાયો.	૧૦૨	૧૦૨	અંતર્મુહૂર્ત્ત	૧લું.	મનુષ્ય-તિર્યંચ.
		૯૫	૯૫	અંતર્મુહૂર્ત્ત	૧લું.	મનુષ્ય-તિર્યંચ.
		૯૩	૯૩	અંતર્મુહૂર્ત્ત	૧લું.	મનુષ્ય-તિર્યંચ.
		૮૪	૮૪	અંતર્મુહૂર્ત્ત	૧લું.	મનુષ્ય-તિર્યંચ.
		૮૨	૮૨	અંતર્મુહૂર્ત્ત	૧લું.	મનુષ્ય-તિર્યંચ.
૨૯	તિર્યંચ પંચે. પ્રાયોગ્ય	૧૦૨	૧૦૨	પલ્યો/અસંખ્યાતમો ભાગ	૧લું.૨જું	મનુષ્ય-તિર્યંચ-દેવ-નારક
		૯૫	૯૫	૩૩ સાગર+અંત	૧લું.૨જું	મનુષ્ય-તિર્યંચ-દેવ-નારક
		૯૩	૯૩	અંતર્મુહૂર્ત્ત	૧લું.૨જું	મનુષ્ય-તિર્યંચ
		૮૪	૮૪	અંતર્મુહૂર્ત્ત	૧લું.૨જું	મનુષ્ય-તિર્યંચ
		૮૨	૮૨	અંતર્મુહૂર્ત્ત	૧લું.૨જું	તિર્યંચ
૩૦	દેવપ્રાયોગ્ય	૧૦૨	૧૦૨	અંતર્મુહૂર્ત્ત	૭થી૮/૬	યતિ.
		૯૫	૧૦૨	આવલિકા	૭થી૮/૬	યતિ આહા.૨ની બંધાવલિકામ
૩૦	મનુષ્ય પ્રાયો.	૧૦૩	૧૦૩	૩૩ સાગરોપમ અથવા પલ્ય/ અસંખ્યાતમો ભાગ	૪થું	દેવ.
		૯૬	૯૬	૩૩ સાગરોપમ	૪થું	દેવ-નારક.
૩૦	વિકલે. પ્રાયો.	૧૦૨	૧૦૨	અંતર્મુહૂર્ત્ત	૧લું.	મનુષ્ય-તિર્યંચ
		૯૫	૯૫	અંતર્મુહૂર્ત્ત	૧લું.	મનુષ્ય-તિર્યંચ
		૯૩	૯૩	અંતર્મુહૂર્ત્ત	૧લું.	મનુષ્ય-તિર્યંચ
		૮૪	૮૪	અંતર્મુહૂર્ત્ત	૧લું.	મનુષ્ય-તિર્યંચ
		૮૨	૮૨	અંતર્મુહૂર્ત્ત	૧લું.	મનુષ્ય-તિર્યંચ
૩૦	પંચે. તિર્યંચ	૧૦૨	૧૦૨	અંતર્મુહૂર્ત્ત	૧લું.૨જું.	તિર્યંચ-મનુષ્ય-દેવ-નારક.
		૯૫	૯૫	અંતર્મુહૂર્ત્ત	૧લું.૨જું.	તિર્યંચ-મનુષ્ય-દેવ-નારક.
		૯૩	૯૩	અંતર્મુહૂર્ત્ત	૧લું.૨જું.	તિર્યંચ-મનુષ્ય-દેવ-નારક.
		૮૪	૮૪	અંતર્મુહૂર્ત્ત	૧લું.૨જું.	તિર્યંચ-મનુષ્ય-દેવ-નારક.
		૮૨	૮૨	અંતર્મુહૂર્ત્ત	૧લું.૨જું.	તિર્યંચ-મનુષ્ય-દેવ-નારક.
૩૧	દેવ પ્રાયો.	૧૦૩	૧૦૩	અંતર્મુહૂર્ત્ત	૭થી૮/૬	યતિ-જિનનામ, આહારક૨ની બંધાવલિકા વીત્યા બાદ
		૧૦૨	૧૦૩	આવલિકા	૭થી૮/૬	યતિ, જિન.ની બંધાવલિકામાં
		૯૬	૧૦૩	આવલિકા	૭થી૮/૬	યતિ, આહા.૨ની બંધાવલિકામાં
		૯૫	૧૦૩	આવલિકા	૭થી૮/૬	યતિ, જિન આહા.૨ની બંધાવલિકામાં

પતદ્ગ્રહ	કોના પ્રાયોગ્ય	સંક્રમ	સત્તા	કાળ	ગુણ	સ્વામી
૧	—	૧૦૨	૧૦૩	અંતર્મુહૂર્ત્ત	ઉપ.ક્ષપક. ૮/૭થી૧૦ ૮/૭થી૯/૧	યતિ-ઉભય શ્રેણિ ગત
		૧૦૧	૧૦૨	અંતર્મુહૂર્ત્ત	ઉપ.ક્ષપક. ૮/૭થી૧૦ ૮/૭થી૯/૧	યતિ-ઉભય શ્રેણિ ગત
		૯૫	૯૬	અંતર્મુહૂર્ત્ત	ઉપ.ક્ષપક. ૮/૭થી૧૦ ૮/૭થી૯/૧	યતિ-ઉભય શ્રેણિ ગત
		૯૪	૯૫	અંતર્મુહૂર્ત્ત	ઉપ.ક્ષપક. ૮/૭થી૧૦ ૮/૭થી૯/૧	યતિ-ઉભય શ્રેણિ ગત
		૮૯	૯૦	અંતર્મુહૂર્ત્ત	૯/૨થી૧૦	યતિ-ક્ષપક શ્રેણિ ગત
		૮૮	૮૯	અંતર્મુહૂર્ત્ત	૯/૨થી૧૦	યતિ-ક્ષપક શ્રેણિ ગત
		૮૨	૮૩	અંતર્મુહૂર્ત્ત	૯/૨થી૧૦	યતિ-ક્ષપક શ્રેણિ ગત
		૮૧	૮૨	અંતર્મુહૂર્ત્ત	૯/૨થી૧૦	યતિ-ક્ષપક શ્રેણિ ગત

નામકર્મ—સંક્રમસ્થાનોમાં પતદ્ગ્રહસ્થાનો

સંક્રમ	પતદ્ગ્રહ	સત્તા	કોને યોગ્ય	કાળ	ગુણઠાણા	સ્વામી
૧૦૩	૨૯	૧૦૩	દેવ	દેશોન પૂર્વક્રોડ	૪થી૮	મનુષ્ય
	૩૦	૧૦૩	મનુષ્ય	પલ્યો.નો અસંખ્યાતમો ભાગ	૪થું	દેવ
	૩૧	૧૦૩	દેવ	અંતર્મુહૂર્ત	૭થી૯	મનુષ્ય (યતિ)
૧૦૨	૨૩	૧૦૨	અ. એકે.	અંતર્મુહૂર્ત	૧લું	મનુ. તિર્યંચ
	૨૫	૧૦૨	પ. એકે.	અંતર્મુહૂર્ત	૧લું	દેવ, મનુ., તિર્યંચ
	૨૫	૧૦૨	અપ.ત્રસપ્રાયો.	અંતર્મુહૂર્ત	૧લું	દેવ, મનુ., તિર્યંચ
	૨૬	૧૦૨	પ. એકે.	અંતર્મુહૂર્ત	૧લું	દેવ, મનુ., તિર્યંચ
	૨૮	૧૦૨	દેવ	પલ્યો.નો અસંખ્યાતમો ભાગ	૧થી૮	મનુ., તિર્યંચ
	૨૮	૧૦૨	નારક	અંતર્મુહૂર્ત	૧લું	મનુ., તિર્યંચ
	૨૯	૧૦૩	દેવ	એક આવલિકા	૪થી૯	મનુ., તિર્યંચ
	૨૯	૧૦૨	મનુષ્ય	પલ્યો.નો અસં.-ખ્યાતમો ભાગ	૧થી૪	દેવ, નારક, તિર્યંચ, મનુ.
	૨૯-૩૦	૧૦૨	વિકલેન્દ્રિય	અંતર્મુહૂર્ત	૧લું	દેવ, નારક, તિર્યંચ, મનુ.
	૨૯-૩૦	૧૦૨	પં. તિર્યંચ	અંતર્મુહૂર્ત	૧-૨	દેવ, નારક, તિર્યંચ, મનુ.
	૩૦	૧૦૨	દેવ	અંતર્મુહૂર્ત	૭-૮	મનુષ્ય
	૩૧	૧૦૩	દેવ	એક આવલિકા	૭થી૯	મનુષ્ય
	૧	૧૦૩	અપ્રાયોગ્ય	અંતર્મુહૂર્ત	૯થી૧૦	ઉભય શ્રેણિવાળા યતિ
૧૦૧	૧	૧૦૨	અપ્રાયોગ્ય	અંતર્મુહૂર્ત	૯થી૧૦	ઉભય શ્રેણિવાળા યતિ
૯૬	૨૮	૯૬	નારક	અંતર્મુહૂર્ત	૧લું	મનુષ્ય
	૨૯	૯૬	દેવ	દેશોન પૂર્વક્રોડ	૪થી૮	મનુષ્ય
	૨૯	૯૬	મનુષ્ય	અંતર્મુહૂર્ત	૧લું	અપર્યાપ્તનારક
	૩૦	૯૬	મનુષ્ય	૩૩ સાગરોપમ	૪થું	દેવ-નારક
	૩૧	૧૦૩	દેવયોગ્ય	આવલિકા	૭થી૯	યતિ-(મનુષ્ય)
૯૫	૨૩	૯૫	અપ. એકે.	અંતર્મુહૂર્ત	૧લું	તિર્યંચ મનુષ્ય
	૨૫	૯૫	અપ. ત્રસ.	અંતર્મુહૂર્ત	૧લું	તિર્યંચ મનુષ્ય
	૨૫	૯૫	પર્યાપ્તા એકે.	અંતર્મુહૂર્ત	૧લું	તિર્યંચ મનુષ્ય દેવ
	૨૬	૯૫	પર્યાપ્તા એકે.	અંતર્મુહૂર્ત	૧લું	તિર્યંચ મનુષ્ય દેવ

સંક્રમ	પતદ્ગ્રહ	સત્તા	કોને યોગ્ય	કાળ	ગુણઠાણા	સ્વામી
	૨૮	૯૫	દેવ	અંતર્મુ.ન્યૂનપૂર્વ ક્રોડનો ત્રીજો ભાગ અધિક ૩ પલ્યો.	૧થી૮	મનુષ્ય, તિર્યંચ
	૨૮	૯૫	નારક	અંતર્મુહૂર્ત્ત	૧લું	મનુષ્ય, તિર્યંચ
	૨૯	૯૬	દેવ	આવલિકા	૪થી૮	મનુષ્ય
	૨૯	૯૫	મનુષ્ય	૩૩ સાગરોપમ	૧થી૪	ચારે ગતિના જીવો
૯૫	૨૯	૯૫	પ.વિકલે.પ્રાયો.	અંતર્મુહૂર્ત્ત	૧લું	તિર્યંચ મનુષ્ય
	૨૯	૯૫	પ.તિર્યગ્.પ્રાયો.	અંતર્મુહૂર્ત્ત	૧લુંરજું	ચારે ગતિના જીવો
	૩૦	૧૦૨	દેવયોગ્ય	આવલિકા	૭થી૮ ભાગ	યતિ (મનુષ્ય)
	૩૦	૯૫	પ. વિકલેન્દ્રિય	અંતર્મુહૂર્ત્ત	૧લું	તિર્યંચ, મનુષ્ય
	૩૦	૯૫	પ.પંચે.તિર્યંચ	અંતર્મુહૂર્ત્ત	૧લુંરજું	ચારે ગતિના જીવો
	૩૧	૧૦૩	દેવયોગ્ય	આવલિકા	૭થી૮ ભાગ	યતિ (મનુષ્ય)
	૧	૯૬	અપ્રાયોગ્ય	અંતર્મુહૂર્ત્ત	૮/૭થી ૧૦ સુ.	ઉભય શ્રેણિવાળા યતિ
૯૪	૧	૯૫	અપ્રાયોગ્ય	અંતર્મુહૂર્ત્ત	૮/૭થી ૧૦ સુ.	ઉભય શ્રેણિવાળા યતિ
૯૩	૨૩	૯૩	અપ. એકે.	અંતર્મુહૂર્ત્ત	૧લું	મનુષ્ય, તિર્યંચ
	૨૫	૯૩	અપ. ત્રસ	અંતર્મુહૂર્ત્ત	૧લું	મનુષ્ય, તિર્યંચ
	૨૫	૯૩	પ. એકે.	અંતર્મુહૂર્ત્ત	૧લું	મનુષ્ય, તિર્યંચ
	૨૬	૯૩	પ. એકે.	અંતર્મુહૂર્ત્ત	૧લું	મનુષ્ય, તિર્યંચ
	૨૮	૯૫	દેવપ્રાયોગ્ય	આવલિકા	૧લું	મનુષ્ય, તિર્યંચ
	૨૮	૯૩	દેવપ્રાયોગ્ય	અંતર્મુહૂર્ત્ત	૧લું	મનુષ્ય, તિર્યંચ
	૨૮	૯૫	નરક પ્રાયોગ્ય	આવલિકા	૧લું	મનુષ્ય, તિર્યંચ
૯૩	૨૮	૯૩	નરક પ્રાયોગ્ય	અંતર્મુહૂર્ત્ત	૧લું	મનુષ્ય, તિર્યંચ
	૨૯	૯૩	મનુષ્ય પ્રાયોગ્ય	અંતર્મુહૂર્ત્ત	૧લું	મનુષ્ય, તિર્યંચ
	૨૯	૯૩	પ.પંચે.તિર્યંચ	અંતર્મુહૂર્ત્ત	૧લું	મનુષ્ય, તિર્યંચ
	૨૯	૯૩	પ. વિકલેન્દ્રિય	અંતર્મુહૂર્ત્ત	૧લું	મનુષ્ય, તિર્યંચ
	૩૦	૯૩	પ.પંચે.તિર્યંચ	અંતર્મુહૂર્ત્ત	૧લું	મનુષ્ય, તિર્યંચ
	૩૦	૯૩	પ. વિકલેન્દ્રિય	અંતર્મુહૂર્ત્ત	૧લું	મનુષ્ય, તિર્યંચ
૮૯	૧	૯૦	અપ્રાયોગ્ય	અંતર્મુહૂર્ત્ત	૯/૨થી ૧૦ સુ.	ક્ષપક શ્રેણિવાળા

સંક્રમ	પતદ્ગ્રહ	સત્તા	કોને યોગ્ય	કાળ	ગુણઠાણા	સ્વામી
૮૮	૧	૮૯	અપ્રાયોગ્ય	અંતર્મુહૂર્ત્ત	૯/૨થી ૧૦ સુ.	ક્ષપક શ્રેણિવાળા
૮૪	૨૩	૮૪	અપ. એકે.	અંતર્મુહૂર્ત્ત	૧લું	મનુષ્ય, તિર્યંચ
	૨૫	૮૪	અપ. ત્રસ	અંતર્મુહૂર્ત્ત	૧લું	મનુષ્ય, તિર્યંચ
	૨૫	૮૪	પર્યાપ્તા એકે.	અંતર્મુહૂર્ત્ત	૧લું	મનુષ્ય, તિર્યંચ
	૨૬	૮૪	પર્યાપ્તા એકે.	અંતર્મુહૂર્ત્ત	૧લું	મનુષ્ય, તિર્યંચ
	૨૮	૯૩	દેવપ્રાયોગ્ય	આવલિકા	૧લું	મનુષ્ય, તિર્યંચ
	૨૮	૯૩	નરક પ્રાયોગ્ય	આવલિકા	૧લું	મનુષ્ય, તિર્યંચ
	૨૯	૮૪	મનુષ્ય	અંતર્મુહૂર્ત્ત	૧લું	મનુષ્ય, તિર્યંચ
	૨૯	૮૪	પ.પંચે.તિર્યંચ	અંતર્મુહૂર્ત્ત	૧લું	મનુષ્ય, તિર્યંચ
	૨૯	૮૪	પ. વિકલેન્દ્રિય	અંતર્મુહૂર્ત્ત	૧લું	મનુષ્ય, તિર્યંચ
૮૪	૩૦	૮૪	પ.પંચે.તિર્યંચ	અંતર્મુહૂર્ત્ત	૧લું	મનુષ્ય, તિર્યંચ
	૩૦	૮૪	પ. વિકલેન્દ્રિય	અંતર્મુહૂર્ત્ત	૧લું	મનુષ્ય, તિર્યંચ
૮૨	૨૩	૮૨	અપ. એકે.	અંતર્મુહૂર્ત્ત	૧લું	તિર્યંચ
	૨૫	૮૪	અપ. મનુષ્ય	આવલિકા	૧લું	તિર્યંચ
	૨૫	૮૨	અપ. ત્રસ	અંતર્મુહૂર્ત્ત	૧લું	તિર્યંચ
	૨૫	૮૨	પર્યાપ્ત એકે.	અંતર્મુહૂર્ત્ત	૧લું	તિર્યંચ
	૨૬	૮૨	પર્યાપ્ત એકે.	અંતર્મુહૂર્ત્ત	૧લું	તિર્યંચ
	૨૯	૮૪	મનુષ્ય	આવલિકા	૧લું	તિર્યંચ
	૨૯	૮૨	પ.પંચે. તિર્યંચ	અંતર્મુહૂર્ત્ત	૧લું	તિર્યંચ
	૨૯	૮૨	પ. વિકલેન્દ્રિય	અંતર્મુહૂર્ત્ત	૧લું	તિર્યંચ
	૩૦	૮૨	પ.પંચે. તિર્યંચ	અંતર્મુહૂર્ત્ત	૧લું	તિર્યંચ
	૩૦	૮૨	પ. વિકલેન્દ્રિય	અંતર્મુહૂર્ત્ત	૧લું	તિર્યંચ
	૧	૮૩	અપ્રાયોગ્ય	અંતર્મુહૂર્ત્ત	૯/૨ભાગથી ૧૦	ક્ષપક શ્રેણિવાળા
૮૧	૧	૮૨	અપ્રાયોગ્ય	અંતર્મુહૂર્ત્ત	૯/૨ભાગથી ૧૦	ક્ષપક શ્રેણિવાળા

હવે પ્રકૃતિસંક્રમના વિષયમાં પ્રકૃતિનો સંક્રમ શી રીતે થઈ શકે ? તેવા પ્રકારનો શિષ્ય પાસે પ્રશ્ન કરાવતા આચાર્ય મહારાજ કહે છે—

संकमइ नन्न पगइं पगईओ पगइसंकमे दलियं ।
ठिइअणुभागा चेवं ठंति तहट्ठा तयणुरूवं ॥३३॥

संक्रमयति नान्यां प्रकृतिं प्रकृतेः प्रकृतिसंक्रमे दलिकम् ।
स्थित्यनुभागौ चैवं तिष्ठन्ति तथास्थाः तदनुरूपम् ॥३३॥

અર્થ—પ્રકૃતિસંક્રમમાં સંક્રમ્યમાણ પ્રકૃતિમાંથી દલિક ખેંચીને અન્ય પ્રકૃતિપણે કરતો નથી, સ્થિતિ અને અનુભાગના વિષયમાં પણ એ જ પ્રશ્ન છે. ઉત્તર આપતા આચાર્ય મહારાજ કહે છે કે, સંક્રમ્યમાણ પ્રકૃતિના પરમાણુઓ પતદ્ગ્રહ પ્રકૃતિના સ્વરૂપને પ્રાપ્ત કરી પતદ્ગ્રહ પ્રકૃતિના સ્વરૂપે રહે છે.

ટીકાનુ૰—અહીં શંકા કરે છે કે, પ્રકૃતિસંક્રમના વિષયમાં[1] સંક્રમતી પ્રકૃતિમાંથી તેના

---

૧. આ સંબંધમાં ઉપાધ્યાયજી મહારાજ આ પ્રમાણે લખે છે—શિષ્ય શંકા કરે છે કે—સંક્રમતી પ્રકૃતિમાંથી પરમાણુરૂપ દલિકોને જે પતદ્ગ્રહ પ્રકૃતિરૂપે કરે છે તે પ્રકૃતિસંક્રમ કહેવાતો નથી પરંતુ તે પ્રદેશ સંક્રમ જ કહેવાય છે. અહીં કદાચ એમ કહેવામાં આવે કે પ્રકૃતિ એટલે સ્વભાવ તેનો જે સંક્રમ તે પ્રકૃતિસંક્રમ, તો તે પણ અયોગ્ય છે. કેમ કે એકલા સ્વભાવને અન્યમાં સંક્રમાવવો અશક્ય છે. આ પ્રમાણે વિચારતાં પ્રકૃતિ સંક્રમ ઘટી શકતો નથી, તેથી તેનું પ્રતિપાદન ભીંત વિના ચિત્રો બનાવવા જેવું છે. સ્થિતિસંક્રમ અને અનુભાગ સંક્રમ પણ ઘટી શકતા નથી. કારણ કે, સ્થિતિ એટલે નિયત કાળ પર્યંત અમુક સ્વરૂપે રહેવું તે. કાળ અમૂર્ત્ત હોવાથી તેને અન્યમાં સંક્રમાવી શકાતો નથી. અનુભાગ એ રસ છે અને તે પરમાણુનો ગુણ છે. ગુણને ગુણીમાંથી ખેંચી અન્ય રૂપે કરી શકાતો નથી, અને ગુણી પરમાણુનો જે સંક્રમ તે તો પ્રદેશ સંક્રમ કહેવાય, બીજો કોઈ સંક્રમ કહી શકાય નહિ, માટે પ્રકૃતિ સંક્રમાદિનું વર્ણન વંધ્યાના પુત્રના સૌભાગ્યાદિ ગુણોના વર્ણનના જેવું છે. હવે તેનો ઉત્તર આપતા આચાર્ય મહારાજ જણાવે છે કે વિવક્ષિત પરમાણુઓમાંથી સ્વભાવ, સ્થિતિ અને રસને ખેંચી આત્મા અન્ય પરમાણુઓ-પતદ્ગ્રહગત પરમાણુઓમાં નાખે છે એ પ્રકૃતિ સંક્રમાદિ કહેવાય છે એમ અમે કહેતા નથી, જેથી પૂર્વોક્ત દોષ પ્રાપ્ત થાય. પરંતુ જ્યારે આત્મા સ્વભાવ, સ્થિતિ અને રસના આધારભૂત કર્મ પરમાણુઓને પર પ્રકૃતિમાં સંક્રમાવતો હોય અને સંક્રમાવીને પર પ્રકૃતિરૂપે કરતો હોય ત્યારે તેના સ્વભાવને પતદ્ગ્રહ પ્રકૃતિના સ્વભાવને અનુસરતો કરવો તે પ્રકૃતિસંક્રમ, સંક્રમ્યમાણ પ્રકૃતિની નિયત કાળ પર્યંત રહેવારૂપ સ્થિતિને પતદ્ગ્રહ પ્રકૃતિરૂપે કરવી અર્થાત્ પતદ્ગ્રહને અનુસરતી કરવી તે સ્થિતિસંક્રમ, સંક્રમ્યમાણ પ્રકૃતિના રસને પતદ્ગ્રહ પ્રકૃતિને અનુસરનાર રસરૂપે કરવો તે અનુભાગ સંક્રમ અને પરમાણુઓનો જે સંક્રમ તે પ્રદેશ સંક્રમ કહેવાય એમ અમે કહીએ છીએ જે સ્વરૂપવાળા, જેટલા કાળમાં અનુભવવા યોગ્ય, જેટલા રસવાળા, અને જેટલાં દલિકોને જે પ્રકૃતિમાં સંક્રમાવે તેટલી સ્થિતિવાળાં, તેટલા રસવાળાં, તેટલાં દલિકો તે સ્વરૂપને પ્રાપ્ત કરે છે. એટલે કે તેટલાં દલિકો તેટલા કાળ પર્યંત સામર્થ્યના પ્રમાણમાં પતદ્ગ્રહ પ્રકૃતિના સ્વભાવને અનુસરતું કાર્ય કરે છે. જેમ કે, મતિજ્ઞાનાવરણીયને જ્યારે શ્રુતજ્ઞાનાવરણીયમાં સંક્રમાવે ત્યારે જેટલા રસવાળાં, જેટલા કાળપર્યંત ભોગવાય તેવા, જેટલાં દલિકોને શ્રુતજ્ઞાનાવરણીયમાં સંક્રમાવે તેટલાં દલિકો, તેટલા કાળપર્યંત, શક્તિના પ્રમાણમાં શ્રુતજ્ઞાનને આવરવાનું કાર્ય કરે છે. એટલે સંક્રમેલું તે દલ શ્રુતજ્ઞાનાવરણીય કહેવાય છે, મતિજ્ઞાનાવરણીય નહિ એટલે અહીં કોઈ દોષ પ્રાપ્ત થતો નથી.

પરમાણુરૂપ દલિકોને ખેંચીને પતદ્ગ્રહ પ્રકૃતિરૂપે સંક્રમાવતો નથી અર્થાત્ સંક્રમનારી પ્રકૃતિમાં રહેલાં દલિકોને ખેંચીને પતદ્ગ્રહ પ્રકૃતિરૂપે કરતો નથી. જો એમ થાય તો પરમાણુરૂપ દલિકોનો સંક્રમ પ્રકૃતિસંક્રમ કહેવાય નહિ. કારણ કે પરમાણુનો જે સંક્રમ તે પ્રદેશસંક્રમ કહેવાય, પ્રકૃતિસંક્રમ નહિ.

હવે કદાચ એમ કહેવામાં આવે કે પ્રકૃતિ એટલે સ્વભાવ તેનો જે સંક્રમ તે પ્રકૃતિસંક્રમ, તો તે પણ અયોગ્ય છે. કારણ કે કર્મ પરમાણુઓમાં રહેલા જ્ઞાનાવારકત્વાદિ સ્વભાવને અન્યમાં સંક્રમાવવો અશક્ય છે, કેમ કે પુદ્ગલોમાંથી કેવળ સ્વભાવને ખેંચી શકાતો નથી. આ પ્રમાણે વિચાર કરતાં પ્રકૃતિસંક્રમ ઘટી શકતો નથી માટે તેનું પ્રતિપાદન વંધ્યાના પુત્રના સૌભાગ્યાદિ ગુણોના વર્ણન કરવા જેવું છે.

સ્થિતિ અને અનુભાગ સંક્રમના વિષયમાં જે આગળ ઉપર કહેશે તે પણ અયુક્ત છે, કારણ કે વિચાર કરતાં તે બંને ઘટી શકતા નથી. કેમ ઘટી શકતા નથી ? તે પ્રશ્નના ઉત્તરમાં કહે છે, તે આ પ્રમાણે—નિયતકાલ પર્યંત અમુક સ્વરૂપે રહેવું તે સ્થિતિ કહેવાય છે. કાળ અમૂર્ત્ત હોવાથી અન્યમાં સંક્રમાવવો—અન્ય સ્વરૂપે કરવો તે અશક્ય છે. અનુભાગ એ રસ છે અને રસ એ પરમાણુઓનો ગુણ છે. ગુણો ગુણી સિવાય અન્યમાં સંક્રમાવી શકાતા નથી—અન્ય રૂપે કરી શકાતા નથી. અને ગુણી-ગુણવાળા પરમાણુઓનો જે સંક્રમ તે તો પ્રદેશસંક્રમ કહેવાય છે. આ પ્રમાણે વિચારતાં સ્થિતિસંક્રમ અને અનુભાગ સંક્રમ પણ ઘટી શકતા નથી.

હવે આચાર્ય મહારાજ ઉત્તર આપતાં કહે છે—સંક્રમતી પ્રકૃતિઓના પરમાણુઓ જ્યારે પતદ્ગ્રહ પ્રકૃતિરૂપે થાય છે ત્યારે તદ્ગત સ્વભાવ, સ્થિતિ અને રસ પણ પતદ્ગ્રહ પ્રકૃતિના સ્વભાવ, સ્થિતિ અને રસને અનુસરતા થાય છે. તાત્પર્ય એ કે જે કર્મપ્રકૃતિના જેટલા સ્થાનકના અને જેટલા રસવાળા જેટલા કર્માણુઓ જે સ્વરૂપે થાય છે તેટલા સ્થાનકના તેટલા રસવાળા પરમાણુઓ તેટલા કાળપર્યંત તે સ્વરૂપે કાર્ય કરે છે, એટલે કે જે સમયે જે કર્મપ્રકૃતિના પરમાણુઓ પતદ્ગ્રહરૂપે થાય છે તે જ સમયે તદ્ગત સ્વભાવ, સ્થિતિ અને રસ પણ તે રૂપે જ થાય છે એટલે પરમાણુમાંથી સ્વભાવ, સ્થિતિ કે રસને ખેંચીને અન્યમાં કઈ રીતે સંક્રમાવી શકાય એ પ્રશ્નને અવકાશ રહેતો નથી.

આ જ અર્થને વિસ્તારથી સમજાવે છે—પ્રકૃતિ એટલે જ્ઞાનાદિ ગુણને આવરવાદિરૂપ કર્મોનો સ્વભાવ, સ્થિતિ એટલે નિયત કાલપર્યંત અવસ્થાન—રહેવું, અને તે પણ કર્મ પરમાણુઓનું આત્મા સાથે અમુક કાલપર્યંત રહેવારૂપ અવધિ—મર્યાદા વિશેષ જ છે. અનુભાગ એટલે અધ્યવસાયને અનુસરી ઉત્પન્ન થયેલ આવારક શક્તિરૂપ રસ, અને આ ત્રણેના આધારભૂત જે પરમાણુઓ તે પ્રદેશ છે. આ પ્રમાણે હોવાથી પરમાણુઓને જ્યારે પર પ્રકૃતિમાં સંક્રમાવે અને સંક્રમાવીને જ્યારે પર પ્રકૃતિરૂપે કરે ત્યારે પ્રકૃતિસંક્રમ આદિ સઘળું ઘટી શકે છે.

તે આ પ્રમાણે—સંક્રમ્યમાણ પરમાણુઓના સ્વભાવને પતદ્ગ્રહ પ્રકૃતિના સ્વભાવને અનુસરતો કરવો તે પ્રકૃતિસંક્રમ, સંક્રમતા પરમાણુઓની અમુક નિયત કાલપર્યંત રહેવારૂપ

મર્યાદાને પતદ્ગ્રહ પ્રકૃતિને અનુસરતી કરવી તે સ્થિતિસંક્રમ, સંક્રમતા પરમાણુઓના રસને—આવારક શક્તિને પતદ્ગ્રહ પ્રકૃતિના રસને અનુસરતો કરવો તે અનુભાગ સંક્રમ અને પરમાણુઓનું જ જે પ્રક્ષેપણસંક્રમ તે પ્રદેશસંક્રમ કહેવાય છે. જે સમયે પ્રદેશોનો સંક્રમ થાય છે તે જ સમયે તદ્-અંતર્ગત સ્વભાવાદિ પણ પલટાઈ જ જાય છે—પતદ્ગ્રહને અનુસરતા થઈ જ જાય છે.

આ પ્રમાણે હોવાથી પહેલાં જે શંકા કરી કે 'પ્રકૃતિ એટલે સ્વભાવ તેનો જે સંક્રમ તે પ્રકૃતિસંક્રમ એમ માનવામાં આવે તો તે અયુક્ત છે, કારણ કે સ્વભાવને પરમાણુમાંથી ખેંચી અન્યત્ર સંક્રમાવી શકાતો નથી' આ સઘળું અસ્થાન છે. કેમ કે વિવક્ષિત પરમાણુમાંથી સ્વભાવ, સ્થિતિ અને રસ ખેંચીને અન્ય પરમાણુઓમાં નંખાય છે તે પ્રકૃતિ સંક્રમાદિ કહેવાય છે, એમ અમે કહેતા નથી, પરંતુ વિવક્ષિત પરમાણુઓમાં રહેલા સ્વભાવાદિને પલટાવીને પતદ્ગ્રહ પ્રકૃતિના સ્વભાવાદિને અનુસરતા કરવા તેને અમે પ્રકૃતિ સંક્રમાદિ કહીએ છીએ એટલે અહીં કોઈ દોષ પ્રાપ્ત થતો નથી. અને આ પ્રમાણે હોવાથી જ એક બીજા વિના એક બીજા ટકી-રહી શકતા નથી. એક પ્રવર્તે ત્યારે સઘળા પ્રવર્તે છે.

મૂળ ટીકામાં કહ્યું છે કે—'પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશના વિષયમાં—સંબંધમાં બંધ અથવા ઉદય અથવા સંક્રમ એક સાથે જ પ્રવર્તે છે, એટલે કે એ ચારેનો સાથે જ બંધ અથવા ઉદય અથવા સંક્રમ થાય છે,' માત્ર વાણી ક્રમપૂર્વક પ્રવર્તતી હોવાથી એક સાથે એ ચારેના સ્વરૂપનું નિદર્શન થઈ શકતું નથી. તેથી જ્યારે જેનું સ્વરૂપ કહેવાની ઇચ્છા થાય ત્યારે તેને બુદ્ધિ વડે પૃથક્ કરીને સવિસ્તર કહેવાય છે, એટલે સઘળું સંગત થાય છે.

હવે સ્થિતિ રસ અને પ્રદેશનો જે સમૂહ તે પ્રકૃતિ,—'તે ત્રણેનો જે સમુદાય તે પ્રકૃતિબંધ' એ પહેલાં કહ્યું છે. તેનો જે સંક્રમ તે પ્રકૃતિસંક્રમ. આ રીતે ત્રણેનો સમૂહ પ્રકૃતિબંધ, હોવાથી પ્રકૃતિનો જ્યારે સંક્રમ થાય ત્યારે ત્રણેયનો સંક્રમ થાય છે.

અહીં ત્રણેના સમૂહને જ્યારે પ્રકૃતિસંક્રમ કહેવામાં આવે ત્યારે પ્રકૃતિસંક્રમ ભિન્ન કેમ હોઈ શકે એ પ્રશ્ન થાય છે. તેના ઉત્તરમાં આચાર્ય મહારાજ કહે છે કે, સમુદાયીથી-અવયવીથી સમુદાય-અવયવ કંઈક ભિન્ન હોય છે. જેમ આખા શરીરથી હાથ-પગ કંઈક ભિન્ન હોય છે. તેથી સ્થિતિસંક્રમાદિથી પ્રકૃતિસંક્રમ કથંચિત્ ભિન્ન છે. સ્થિતિસંક્રમ અને અનુભાગ સંક્રમનું સ્વરૂપ તો પહેલાં કહ્યું છે તે પ્રમાણે અહીં પણ સમજવું. ૩૩

સ્થિતિસંક્રમના વિષયમાં ઉપર સ્પષ્ટ ખુલાસો કરવા છતાં નહિ સમજતો શિષ્ય ફરી પ્રશ્ન કરે છે—

दलियरसाणं जुत्तं मुत्तत्ता अन्नभावसंकमणं ।
ठिईकालस्स न एवं उउसंकमणं पिव अदुट्ठं ॥३४॥

दलिकरसानां युक्तं मूर्तत्वादन्यभावसंक्रमणम् ।
स्थितिकालस्य नैवं ऋतुसंक्रमणमिवादुष्टम् ॥३४॥

અર્થ—દલિક અને રસ મૂર્ત્ત હોવાથી તેઓનું અન્ય રૂપે સંક્રમણ થાય એ યોગ્ય છે, પરંતુ કાલ અમૂર્ત્ત હોવાથી તેનો સંક્રમ યોગ્ય નથી. ઉત્તર આપતા આચાર્ય મહારાજ કહે છે—ઋતુના સંક્રમની જેમ કાલનો સંક્રમ પણ નિર્દોષ છે.

ટીકાનુ૦—પૃથ્વી અને જળની જેમ કર્મ પરમાણુઓ અને તેની અંદર રહેલો રસ મૂર્ત્તરૂપી હોવાથી તેઓનો અન્ય રૂપે સંક્રમ થાય તે તો યોગ્ય છે. પરંતુ કાલ અમૂર્ત્ત છે, માટે કાલનો અન્ય રૂપે સંક્રમ કઈ રીતે ઘટી શકે ? આ પ્રશ્ન અયોગ્ય છે. કારણ કે કાલનો સંક્રમ અમે માનતા જ નથી. પરંતુ સ્થિતિનો માનીએ છીએ. અહીં સ્થિતિ એટલે અવસ્થા-કર્મ પરમાણુઓનું અમુક સ્વરૂપે રહેવું એ છે. તે સ્થિતિ પહેલાં અન્ય રૂપે હતી. અત્યારે જ્યારે સંક્રમ થાય ત્યારે પતદ્ગ્રહ સ્વરૂપે કરાય છે. અર્થાત્ પહેલાં જે પરમાણુઓ જેટલા કાળ માટે જે ફળ આપવા માટે નિયત થયા હતા તે પરમાણુઓ તેટલા કાળપર્યંત અન્ય રૂપે ફળ આપે તેવી સ્થિતિમાં મુકાય છે તેને અમે સ્થિતિસંક્રમ કહીએ છીએ. આ યુક્તિ યુક્ત નથી, એમ નથી. કારણ કે પ્રત્યક્ષ સિદ્ધ છે.

તે આ પ્રમાણે—તૃણ આદિ પરમાણુઓ પહેલાં તૃણ આદિ રૂપે હતા તે મીઠાની ખાણમાં જ્યારે પડે ત્યારે કાળક્રમે લવણરૂપે થઈ જાય છે. તાત્પર્ય એ કે અન્ય રૂપે રહેલ વસ્તુ અન્ય રૂપે થઈ જાય છે. તેમ અધ્યવસાયના યોગે અન્ય સ્વરૂપે રહેલા પરમાણુઓ અન્ય સ્વરૂપે થાય અને જે સ્વરૂપે થાય તે રૂપે નિયત કાળપર્યંત ફળ પણ આપે છે.

અથવા સ્થિતિ, કાળનું સંક્રમણ થાય તેમાં પણ કંઈ દોષ નથી. તે જ કહે છે—ઋતુના સંક્રમણની જેમ સ્થિતિ-કાળનો સંક્રમ પણ નિર્દોષ છે. અર્થાત્ વૃક્ષાદિમાં સ્વભાવથી અનુક્રમે અને દેવાદિના પ્રયોગ વડે એક સાથે પણ જેમ સઘળી ઋતુઓ સંક્રમે છે, કેમ કે તે ઋતુનું કાર્ય તે તે જાતનાં પુષ્પ અને ફળાદિરૂપે દેખાય છે તેમ અહીં પણ આત્મા સ્વવીર્યના યોગે કર્મપરમાણુઓમાંના સાતાદિ સ્વરૂપના હેતુભૂત કાળને ઉડાવી દઈને અસાતાદિના હેતુભૂત કાળને સંક્રમાવે—અસાતાદિનો હેતુભૂત કાળ કરે તો તે પણ નિર્દોષ છે. ૩૪

આ પ્રમાણે પ્રકૃતિ સંક્રમનું સ્વરૂપ કહ્યું. હવે સ્થિતિસંક્રમની શરૂઆત કરતા પહેલાં પ્રકૃતિસંક્રમના સામાન્ય લક્ષણને બાધ ન આવે તેમ સ્થિતિસંક્રમનું વિશેષ લક્ષણ કહે છે—

उवट्टणं च ओवट्टणं च पगतिंतरम्मि वा नयणं ।
बंधे व अबंधे वा जं संकामो इइ ठिईए ॥३५॥

उद्वर्तनं वापवर्त्तनं च प्रकृत्यन्तरे वा नयनम् ।
बन्धे वाबन्धे वा यत् संक्रमः इति स्थितेः ॥३५॥

અર્થ—ઉદ્વર્ત્તન અથવા અપવર્ત્તન અને અન્ય પ્રકૃતિનયન એમ સ્થિતિનો સંક્રમ ત્રણ પ્રકારે છે. અને તે બંધ હોય અથવા ન હોય છતાં પણ પ્રવર્ત્તે છે—એમ સમજવું.

ટીકાનુ૦—આ પ્રમાણે પ્રકૃતિસંક્રમનું સ્વરૂપ કહ્યું. હવે સ્થિતિસંક્રમને કહેવાનો અવસર છે.

તેમાં પાંચ અર્થાધિકારો—વિષયો છે. તે આ પ્રમાણે—ભેદ, વિશેષ લક્ષણ, ઉત્કૃષ્ટ

સ્થિતિસંક્રમનું પ્રમાણ જઘન્ય સ્થિતિ સંક્રમનું પ્રમાણ અને સાદિ આદિ પ્રરૂપણા.

તેમાં પ્રથમ ભેદનું નિરૂપણ કરે છે. ભેદ એટલે પ્રકાર. સ્થિતિનો સંક્રમ બે પ્રકારે છે. ૧. મૂળ કર્મની સ્થિતિનો સંક્રમ, ૨. ઉત્તર પ્રકૃતિઓની સ્થિતિનો સંક્રમ, મૂળકર્મની સ્થિતિનો સંક્રમ મૂળ કર્મ આઠ હોવાથી આઠ પ્રકારે છે. ઉત્તર પ્રકૃતિની સ્થિતિનો સંક્રમ મતિજ્ઞાનાવરણીયથી વીર્યાંતરાય પર્યંત ઉત્તર પ્રકૃતિઓ એકસો અઠ્ઠાવન હોવાથી એકસો અઠ્ઠાવન પ્રકારે છે.

હવે વિશેષલક્ષણના નિરૂપણ માટે કહે છે—અલ્પ કાળ પર્યંત ફળ આપવા માટે વ્યવસ્થિત થયેલા કર્માણુઓને દીર્ઘ કાળપર્યંત ફળ આપે એવી સ્થિતિમાં મૂકવા તે ઉદ્વર્ત્તન. દીર્ઘ કાળ પર્યંત ફળ આપવા માટે વ્યવસ્થિત થયેલા કર્માણુઓને અલ્પ કાળ પર્યંત ફળ આપે એવી સ્થિતિમાં મૂકવા તે અપવર્ત્તન અને પતદ્‌ગ્રહ પ્રકૃતિ સ્વરૂપે કરવા તે અન્ય પ્રકૃતિ નયન સંક્રમ. આ પ્રમાણે સ્થિતિનો સંક્રમ ત્રણ પ્રકારે થાય છે, એટલે કે સ્થિતિની ઉદ્વર્ત્તના, અપવર્ત્તના થાય છે તેમજ અન્ય સ્વરૂપે રહેલી સ્થિતિ અન્ય-પતદ્‌ગ્રહ સ્વરૂપે પણ થાય છે. આ સંક્રમ બંધ હોય કે ન હોય ત્યારે પણ થાય છે એમ સમજવું.

તેમાં પણ અન્ય પ્રકૃતિ નયન સંક્રમ સમ્યક્ત્વ અને મિશ્રમોહનીય સિવાય શેષ પતદ્‌ગ્રહ પ્રકૃતિઓનો બંધ થતો હોય ત્યારે જ થાય છે. અર્થાત્ જેની અંદર સંક્રમ થાય છે તે પ્રકૃતિના બંધ સિવાય અન્ય પ્રકૃતિ નયન સંક્રમ થતો નથી. માત્ર સમ્યક્ત્વ-મિશ્રમોહનીયનો બંધ થતો નહિ હોવાથી તેઓના બંધ વિના પણ તે બંનેમાં મિથ્યાત્વમોહનીયનો અને સમ્યક્ત્વમોહનીયમાં મિશ્રનો સંક્રમ થાય છે. કહ્યું છે કે—'સમ્યગ્દૃષ્ટિ આત્માને બંધ વિના પણ બેમાં અને એકમાં અનુક્રમે મિથ્યાત્વનો અને મિશ્રમોહનો સંક્રમ થાય છે.'

ઉદ્વર્ત્તના સંક્રમ પણ જે પ્રકૃતિની ઉદ્વર્ત્તના થાય છે તેનો બંધ થતો હોય ત્યારે જ થાય છે. જે માટે આગળ કહેશે—'બંધ થતો હોય ત્યાં સુધી જ ઉદ્વર્ત્તના થાય છે.' માત્ર અપવર્ત્તના સંક્રમ જેની અપવર્ત્તના થાય છે તેનો બંધ થતો હોય કે ન થતો હોય છતાં પ્રવર્ત્તે છે.

તાત્પર્ય એ કે અન્ય પ્રકૃતિ નયન સંક્રમ પતદ્‌ગ્રહ પ્રકૃતિના બંધની, અને ઉદ્વર્ત્તના સંક્રમ પોતાના બંધની અપેક્ષા રાખે છે ત્યારે અપવર્ત્તના બંધની અપેક્ષા રાખતી નથી.

અહીં વિશેષ લક્ષણ એ થયું કે પ્રકૃતિ અને પ્રદેશનો એકલો અન્ય પ્રકૃતિ નયન સંક્રમ થાય છે ત્યારે સ્થિતિ અને રસમાં ઉપરોક્ત ત્રણે સંક્રમ પ્રવર્ત્તે છે. સ્થિતિ સંક્રમનું આ વિશેષ લક્ષણ સંક્રમના સામાન્ય લક્ષણનો બાધ કર્યા સિવાય પ્રવર્ત્તે છે એમ સમજવું. પરંતુ સામાન્ય લક્ષણના અપવાદરૂપે પ્રવર્ત્તે છે એમ નહિ. તેથી સામાન્ય લક્ષણમાં મૂળ કર્મપ્રકૃતિઓના પરસ્પર સંક્રમનો પ્રતિષેધ કરેલો હોવાથી અહીં—સ્થિતિમાં પણ મૂળ કર્મની સ્થિતિનો અન્ય પ્રકૃતિ નયન સંક્રમ પ્રવર્ત્તતો નથી, પરંતુ ઉદ્વર્ત્તના અને અપવર્ત્તના એમ બે જ પ્રવર્ત્તે છે. અને ઉત્તર પ્રકૃતિઓમાં ત્રણે પ્રવર્ત્તે છે. ૩૫.

આ પ્રમાણે વિશેષ લક્ષણનું પ્રતિપાદન કરીને હવે ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ અને જઘન્ય સ્થિતિસંક્રમના જ્ઞાન માટે કહે છે—

जासिं बंधनिमित्तो उक्कोसो बंध मूलपगईणं ।
ता बंधुक्कोसाओ सेसा पुण संकमुक्कोसा ॥३६॥

यासां बन्धनिमित्त उत्कृष्टो बन्धो मूलप्रकृतीनाम् ।
ता बन्धोत्कृष्टाः शेषाः पुनः संक्रमोत्कृष्टाः ॥३६॥

અર્થ—જે ઉત્તર પ્રકૃતિઓનો મૂળ કર્મના સ્થિતિબંધને અનુસરી ઉત્કૃષ્ટ સ્થિતિબંધ થતો હોય તે પ્રકૃતિઓ બંધોત્કૃષ્ટ કહેવાય છે, અને શેષ પ્રકૃતિઓ સંક્રમોત્કૃષ્ટ કહેવાય છે.

ટીકાનુ૦—મૂળ કર્મ પ્રકૃતિઓનો જેટલો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કહ્યો છે તેટલો જ ઉત્કૃષ્ટ સ્થિતિબંધ જે ઉત્તર પ્રકૃતિઓનો બંધ નિમિત્તે થાય છે અર્થાત્ બંધ કાળે જ તેટલો બંધ થઈ શકે છે તે બંધોત્કૃષ્ટ કહેવાય છે. તે પ્રકૃતિઓ આ—જ્ઞાનાવરણીય પાંચ, દર્શનાવરણીય નવ, અંતરાય પાંચ, આયુ ચાર, અસાતવેદનીય, નરકદ્વિક, તિર્યગ્દ્વિક, એકેન્દ્રિય-જાતિ, પંચેન્દ્રિયજાતિ, તૈજસ સપ્તક, ઔદારિક સપ્તક, વૈક્રિય સપ્તક, નીલ અને કટુ વર્જિત શેષ અશુભ વર્ણાદિ સપ્તક, અગુરુલઘુ, પરાઘાત, ઉપઘાત, ઉચ્છ્વાસ, આતપ, ઉદ્યોત, નિર્માણ, હુંડકસંસ્થાન, છેવટ્ઠું, સંઘયણ, અશુભવિહાયોગતિ, સ્થાવરનામ, ત્રસચતુષ્ક, અસ્થિર ષટ્ક, નીચ ગોત્ર, સોળ કષાય, અને મિથ્યાત્વ, સઘળી મળી સત્તાણું. આ સઘળી કર્મપ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ પોતાના બંધકાળે સ્વ મૂળકર્મની સમાન થઈ શકતો હોવાથી તેઓ બંધોત્કૃષ્ટ કહેવાય છે.

બંધોત્કૃષ્ટ પ્રકૃતિઓમાં મનુષ્યના અને તિર્યંચના આયુનું ગ્રહણ કર્યું છે, તેનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ જો કે પોતાના મૂળ કર્મની સમાન થતો નથી, છતાં આયુમાં પરસ્પર સંક્રમણ થતું નહિ હોવાથી તેઓની સ્થિતિ સંક્રમ દ્વારા ઉત્કૃષ્ટ થઈ શકતી નથી માટે બંધોત્કૃષ્ટમાં તેની ગણના કરી છે. સોળ કષાયોને ચારિત્ર મોહનીયરૂપ મૂળ કર્મની અપેક્ષાએ સમાન સ્થિતિવાળા હોવાથી બંધોત્કૃષ્ટમાં ગણ્યા છે.

ઉપર કહી તે સિવાયની એકસઠ કર્મપ્રકૃતિઓ સંક્રમોત્કૃષ્ટ છે. તે આ પ્રમાણે—સાતાવેદનીય, સમ્યક્ત્વમોહનીય, મિશ્રમોહનીય, નવ નોકષાય, આહારક સપ્તક, શુભ વર્ણાદિ અગિયાર, નીલ, કટુ, દેવદ્વિક, મનુજદ્વિક, વિકલેન્દ્રિયત્રિક, છેલ્લાં સિવાય પાંચ સંઘયણ અને પાંચ સંસ્થાન, પ્રશસ્ત વિહાયોગતિ, સૂક્ષ્મ, સાધારણ, અપર્યાપ્ત, સ્થિર ષટ્ક, તીર્થંકરનામ અને ઉચ્ચ ગોત્ર. આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ પોતાના મૂળ કર્મની સમાન, બંધ વડે થતી નથી પરંતુ પોતાની સ્વજાતીય પ્રકૃતિની ઉત્કૃષ્ટ સ્થિતના સંક્રમ વડે થાય છે માટે તેઓ સંક્રમોત્કૃષ્ટ કહેવાય છે. ૩૬

હવે બંધોત્કૃષ્ટ તથા સંક્રમોત્કૃષ્ટ પ્રકૃતિઓની કેટલી સ્થિતિ અન્યત્ર સંક્રમે તે કહે છે—

बंधुक्कासाण ठिई मोत्तुं दो आवली उ संकमइ ।
सेसा इयराण पुणो आवलियतिगं पमोत्तूणं ॥३७॥

बन्धोत्कृष्टानां स्थितिः मुक्त्वा द्वे आवलिके तु संक्रामति ।
शेषा इतरासां पुनः आवलिकात्रिकं प्रमुच्य ॥३७॥

અર્થ—બંધોત્કૃષ્ટ પ્રકૃતિઓની બે આવલિકા સ્થિતિ છોડીને શેષ સ્થિતિ સંક્રમે છે અને ઇતર-બાકીની પ્રકૃતિઓની ત્રણ આવલિકા સ્થિતિ છોડીને શેષ સ્થિતિ સંક્રમે છે.

ટીકાનુ૰—બંધોત્કૃષ્ટ[1] પ્રકૃતિઓની બંધાવલિકા રૂપ બે આવલિકા પ્રમાણ સ્થિતિ છોડીને

---

૧. કોઈપણ કર્મપ્રકૃતિની ઉત્કૃષ્ટ સ્થિતિસત્તા બંધોત્કૃષ્ટ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ જેટલી બંધાય તેટલી અને સંક્રમોત્કૃષ્ટ પ્રકૃતિઓની સંક્રમ દ્વારા જેટલી ઉત્કૃષ્ટ સ્થિતિ પ્રાપ્ત થાય તેમાં એક ઉદયાવલિકા મેળવતા જેટલી થાય તેટલી હોય છે, તેનાથી વધારે હોતી નથી.

પ્રશ્ન—સમયે સમયે કર્મ તો બંધાયા કરે છે માટે સમયે સમયે જેટલી સ્થિતિ બંધાય તે સઘળાના સરવાળા જેટલી સત્તા કેમ નહિ ? જેમ કે વિવક્ષિત સમયે જ્ઞાનાવરણીયની ત્રીસ કોડાકોડી પ્રમાણ સ્થિતિ બાંધી, પછીના સમયે તેટલી જ સ્થિતિ બાંધી, પછીના સમયે વળી તેટલી જ બાંધી તો તે સઘળાના સરવાળા જેટલી સ્થિતિ સત્તામાં કેમ ન હોય ? માત્ર ત્રીસ કોડાકોડી જ કેમ ?

ઉત્તર—નિષેક રચના કઈ રીતે થાય છે તેનો ખ્યાલ બરાબર હોય તો આ પ્રશ્ન ઉત્પન્ન થશે નહિ. નિષેક રચના આ પ્રમાણે થાય છે—જે સમયે જ્ઞાનાવરણીયકર્મ ત્રીસ કોડાકોડી પ્રમાણ બંધાયું, તેના ભાગમાં આવેલાં દલિકોની રચના તે સમયથી આરંભી ત્રણ હજાર વર્ષ પ્રમાણ સ્થિતિ છોડી ત્રણ હજાર વર્ષ ન્યૂન ત્રીસ કોડાકોડીના જેટલા સમયો હોય તેટલા સ્થાનકમાં થાય છે, પછીના સમયે બંધાયેલી તેટલી જ સ્થિતિના ભાગ પ્રાપ્ત દલિકો પછીના સમયથી આરંભી ત્રણ હજાર વરસ ન્યૂન ત્રીસ કોડાકોડીના જેટલા સમયો થાય તેટલામાં ગોઠવાય છે. આ પ્રમાણે જે જે સમયે જેટલી જેટલી સ્થિતિ બંધાય અને તેના ભાગમાં જેટલાં દલિકો આવે તેની રચના તે સમયથી આરંભી તેનો જેટલો અબાધાકાળ હોય તેટલી સ્થિતિ છોડીને બાકીના સ્થાનકમાં થાય છે. આ પ્રમાણે હોવાથી સરવાળો થતો નથી કેમ કે નિષેક સ્થાનો તો તેના તે જ છે માત્ર તે તે સ્થાનકમાં વારંવાર દલિકો આવતા હોવાથી તે અતિ પુષ્ટ થાય છે. નિષેકનાં સ્થાનકો તેના તે જ હોવાથી સરવાળો થતો નથી, તેમજ જેમ જેમ પછી પછીના સમયે જાય તેમ તેમ પૂર્વ પૂર્વની સમય સમય પ્રમાણ સ્થિતિ ભોગવાઈ ક્ષય થતી જતી હોવાથી ઉત્કૃષ્ટ સ્થિતિથી એક પણ સમય વધતો નથી એટલે ઉત્કૃષ્ટ સ્થિતિ જેટલી જ સત્તા હોય છે. એમ દરેક સ્થળે સમજવું.

પ્રશ્ન—વિવક્ષિત સમયે બંધાયેલા ત્રીસ કોડાકોડી પ્રમાણ સ્થિતિના ત્રણ હજાર વરસ પ્રમાણ અબાધાકાળમાં દલિક રચના હોય કે નહિ ? શું તે સ્થાનકો સાવ દલિક રચના વિનાનાં હોય ?

ઉત્તર—વચમાં કોઈપણ સ્થાનકો સાવ દલિક રચના વિનાના હોય જ નહિ. કારણ કે પ્રતિસમય બંધ ચાલુ છે, પૂર્વે બંધાયેલ કર્મની નિષેક રચના વિવક્ષિત સમયે બંધાયેલા કર્મના અબાધાકાળમાં પણ હોય છે જ. અબાધાકાળ વિવક્ષિત સમયે બંધાયેલા કર્મનો હોઈ શકે, સંપૂર્ણ કર્મનો નહિ. એટલે જે સમય ત્રીસ કોડાકોડી સાગરોપમ સ્થિતિ બંધાય તે સમયે ભોગવવા યોગ્ય સ્થિતિ પૂર્ણ ત્રીસ કોડાકોડી જ હોય, ઓછી નહિ. અને તેથી જ તેની બંધાવલિકા ગયા બાદ ઉદયાવલિકા ઉપરની બંધાવલિકા અને ઉદયાવલિકા એમ બે આવલિકાન્યૂન ત્રીસ કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિ અન્યમાં સંક્રમી શકે છે. માટે જ કહ્યું છે કે બંધોત્કૃષ્ટ પ્રકૃતિની સ્થિતિ બે આવલિકા ન્યૂન સંક્રમે છે.

પ્રશ્ન—સંક્રમોત્કૃષ્ટ પ્રકૃતિની કેટલી સ્થિતિ સંક્રમી શકે ?

ઉત્તર—ત્રણ આવલિકા ન્યૂન સંક્રમી શકે. કારણ કે બંધોત્કૃષ્ટ પ્રકૃતિની બે આવલિકા ન્યૂન સ્થિતિ પ્રાપ્ત થાય, તેમાં ઉદયાવલિકા મેળવતાં સંક્રમોત્કૃષ્ટ પ્રકૃતિઓની કુલ સ્થિતિ સત્તા એક આવલિકા ન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિ જેટલી થાય, તેમાંથી સંક્રમાવલિકા ગયા બાદ ઉદયાવલિકા ઉપરની સ્થિતિ સંક્રમે એટલે સંક્રમોત્કૃષ્ટ પ્રકૃતિની ત્રણ આવલિકા ન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિ સંક્રમી શકે. દાખલા તરીકે—નરકગતિની વીસ કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિ બાંધી, બંધાવલિકા ગયા બાદ ઉદયાવલિકા ઉપરની સ્થિતિ બંધાતી

બાકીની સઘળી સ્થિતિ સંક્રમે છે. બે આવલિકા પ્રમાણ સ્થિતિ છોડવાનું કારણ શું ? ઉત્તરમાં કહે છે—કોઈપણ કર્મના બંધ સમયથી આરંભી એક આવલિકા પર્યંત તેમાં કોઈપણ કરણની પ્રવૃત્તિ થતી નથી, આવલિકા ગયા બાદ જ કરણની પ્રવૃત્તિ થાય છે. આ નિયમ હોવાથી જે સમયે ઉત્કૃષ્ટ સ્થિતિનો બંધ થાય તે સમયથી આરંભી એક આવલિકા ગયા બાદ તે સ્થિતિ સંક્રમને યોગ્ય થાય છે. એ જ રીતે ઉદય સમયથી આરંભી એક આવલિકા કાળમાં ભોગવાય તેટલાં સ્થિતિસ્થાનોને ઉદયાવલિકા કહેવાય છે અને તેમાં પણ કોઈ કરણ લાગતું નથી, ઉપરની સ્થિતિમાં કરણ લાગે છે. કોઈ પણ કર્મપ્રકૃતિ, પછી ભલે તે પ્રદેશોદયવતી હોય કે રસોદયવતી પરંતુ તેના ઉદય સમયથી આરંભી એક આવલિકા પ્રમાણ સ્થિતિ ઉદયાવલિકા કહેવાય છે, એવો પ્રાચીન શાસ્ત્રોમાં વ્યવહાર છે, માટે બંધાવલિકા ઉદયાવલિકા હીન બાકીની સઘળી સ્થિતિ સંક્રમી શકે છે એમ કહ્યું છે.

તેમાં જ્ઞાનાવરણ પંચક, દર્શનાવરણ નવક, અસાતવેદનીય, અને અંતરાય પંચકની બંધાવલિકા ગયા બાદ ઉદયાવલિકા ઉપરની અર્થાત્ બંધાવલિકા અને ઉદયાવલિકા એમ બે આવલિકા ન્યૂન ઉત્કૃષ્ટ ત્રીસ કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિ અન્યત્ર સંક્રમે છે. એ પ્રમાણે

મનુષ્યગતિમાં તેની ઉદયાવલિકા ઉપર સંક્રમાવે, એટલે મનુષ્યગતિની તે ઉદયાવલિકા મેળવતાં કુલ સ્થિતિ સત્તા એક આવલિકા ન્યૂન વીસ કોડાકોડી થાય. હવે જે સમયે નરકગતિની સ્થિતિ મનુષ્યગતિમાં સંક્રમી તે સમયથી સંક્રમાવલિકા ગયા બાદ ઉદયાવલિકા ઉપરની સ્થિતિ સંક્રમે એટલે કુલ ત્રણ આવલિકા ન્યૂન વીસ કોડાકોડી પ્રમાણ સ્થિતિ બંધાતી દેવગતિમાં સંક્રમી શકે. એટલે જ કહ્યું છે કે ઉત્કૃષ્ટ સ્થિતિમાંથી સંક્રમોત્કૃષ્ટ પ્રકૃતિઓની ત્રણ આવલિકા ન્યૂન સ્થિતિ અન્યત્ર સંક્રમે છે. એ પ્રમાણે અન્યત્ર પણ સમજવું.

પ્રશ્ન—નરકગતિ મનુષ્યગતિમાં સંક્રમે ત્યારે નરકગતિની સત્તા રહે કે નહિ ? શું નરકગતિની સત્તા સાવ ખલાસ થાય ?

ઉત્તર—અન્ય પ્રકૃતિ નયન સંક્રમ વડે જે પ્રકૃતિ અન્યમાં સંક્રમે તેની સત્તા સાવ ખલાસ થાય નહિ. સંક્રમનારી પ્રકૃતિના સત્તામાં જેટલાં સ્થિતિસ્થાનો છે અને તેમાં જે દલરચના છે તે સ્થિતિસ્થાનોની દલરચનાનો અમુક ભાગ અન્યમાં સંક્રમે છે, સત્તાગત સંપૂર્ણ દળ રચના અન્ય રૂપે થતી નથી એટલે તેની સત્તાનો સર્વથા અભાવ થતો નથી. સત્તાનો સર્વથા અભાવ તો વ્યાઘાતભાવિની અપવર્ત્તના વડે થાય છે.

પ્રશ્ન—ઉપર બંધોત્કૃષ્ટ પ્રકૃતિની બંધાવલિકા ગયા બાદ ઉદયાવલિકા ઉપરની સ્થિતિ પતદ્ગ્રહ પ્રકૃતિની ઉદયાવલિકા ઉપર સંક્રમે એમ શા માટે કહ્યું ? ઉદયાવલિકામાં પણ સંક્રમે એમ કેમ ન કહ્યું ?

ઉત્તર—બંધાવલિકા ગયા બાદ ઉદયાવલિકા ઉપરની સ્થિતિ અન્યત્ર સંક્રમે છે એમ ઉપર કહ્યું છે. અન્ય પ્રકૃતિ નયન સંક્રમ વડે જે સ્થાનકોમાં સંક્રમ થાય છે તેની નિષેક રચનામાં ફેરફાર થતો નથી. બંધકાળે જે પ્રમાણે નિષેક રચના થઈ છે તે તે જ પ્રમાણે રહે છે, માત્ર તેમાંના સ્વભાવાદિ પલટાઈ જાય છે. બંધાવલિકા ગયા બાદ જે સમયે સંક્રમ થાય છે તે સમયે ઉદયાવલિકા જેટલો કાળ ગયા પછી ફળ આપી શકે તે સ્થાનકોનો સંક્રમ થાય છે, ઉદયાવલિકા કરણને અયોગ્ય હોવાથી તેની અંદરનાં સ્થાનકોનો સંક્રમ થતો નથી. તેથી જ ઉદયાવલિકા ઉપર સંક્રમે છે એમ કહ્યું છે. ઉદયાવલિકામાંનાં સ્થાનકો જો સંક્રમ થઈ શકતાં હોત અગર તો નિષેક રચનામાં ફેરફાર થતો હોત તો ઉદયાવલિકામાં સંક્રમ છે એમ કહેત. અહીં માત્ર છેલ્લે જઘન્યસ્થિતિનો અન્ય પ્રકૃતિ નયન સંક્રમ વડે જે ઉદયાવલિકામાં સંક્રમે થાય છે તેની નિષેક રચનામાં પણ ફેરફાર થાય છે. જેમ હાસ્યાદિષટ્કની સંખ્યેય વરસ પ્રમાણ સ્થિતિ સંજ્વલન ક્રોધની ઉદયાવલિકામાં સંક્રમે છે. ઉદ્વર્ત્તના-અપવર્ત્તના વડે નિષેક રચનામાં પણ ફેરફાર થાય છે.

કષાયોની ચાળીસ કોડાકોડી સાગરોપમ પ્રમાણ, અને નરકદ્વિકાદિ-પ્રકૃતિઓની વીસ કોડાકોડી સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિ બે આવલિકા ન્યૂન સંક્રમે છે.

ઇતર—સંક્રમોત્કૃષ્ટ પ્રકૃતિઓની બંધાવલિકા, સંક્રમાવલિકા અને ઉદયાવલિકા એમ ત્રણ આવલિકારૂપ સ્થિતિ છોડીને બાકીની સઘળી સ્થિતિ સંક્રમે છે. તે આ પ્રમાણે—બંધોત્કૃષ્ટ પ્રકૃતિની ઉત્કૃષ્ટ સ્થિતિ બંધાવલિકા ગયા બાદ ઉદયાવલિકા ઉપરની સઘળી સંક્રમોત્કૃષ્ટ પ્રકૃતિમાં સંક્રમે છે અને તે પણ તેની ઉદયાવલિકા ઉપર સંક્રમે છે. ઉદયાવલિકા ઉપર સંક્રમે છે માટે તે ઉદયાવલિકા મેળવતા કુલ સ્થિતિની સત્તા એક આવલિકા ન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિપ્રમાણ થાય છે. જે સમયે સંક્રમ થાય છે તે સમયથી આરંભી એક આવલિકા પર્યંત સંક્રમેલા દલિકમાં પણ કોઈ કરણ લાગતું નથી માટે જે સમયે સંક્રમી તે સમયથી આરંભી સંક્રમાવલિકા ગયા બાદ, તેની ઉદયાવલિકા ઉપરની સઘળી સ્થિતિ અન્યત્ર સંક્રમે છે. માટે જ કહ્યું છે કે, સંક્રમોત્કૃષ્ટ પ્રકૃતિઓની સ્થિતિ કુલ સ્થિતિમાંથી ત્રણ આવલિકા ન્યૂન અન્યત્ર સંક્રમે છે.

દૃષ્ટાંત આપી તે જ વાતને સમજાવે છે—નરકદ્વિકની વીસ કોડાકોડી સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધીને તેની બંધાવલિકા વીત્યા બાદ ઉદયાવલિકા ઉપરની સઘળી સ્થિતિને મનુષ્યદ્વિક બાંધતો તે મનુષ્યદ્વિકમાં તેની ઉદયાવલિકા ઉપર સંક્રમાવે છે, જે સમયે નરકદ્વિકની સ્થિતિ મનુષ્યદ્વિકમાં સંક્રમાવી તે સમયથી આરંભી સંક્રમાવલિકા ગયા બાદ તેની ઉદયાવલિકા ઉપરની સઘળી સ્થિતિને દેવદ્વિક બાંધતો તેમાં સંક્રમાવે છે.

અહીં બંધાવલિકા ગયા બાદ ઉદયાવલિકા ઉપરની નરકદ્વિકની સ્થિતિ મનુષ્યદ્વિકમાં સંક્રમી અને સંક્રમાવલિકા ગયા બાદ ઉદયાવલિકા ઉપરની મનુષ્યદ્વિકની સ્થિતિ દેવદ્વિકમાં સંક્રમી એટલે સંક્રમોત્કૃષ્ટ મનુષ્યદ્વિકની ત્રણ આવલિકાહીન સ્થિતિનું જ દેવદ્વિકમાં સંક્રમણ થયું તેથી જ ઉપર કહ્યું છે કે સંક્રમોત્કૃષ્ટ પ્રકૃતિઓની ત્રણ આવલિકા ન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિનું જ અન્યત્ર સંક્રમણ થાય છે.

અહીં જો કે નરકદ્વિકની બંધાવલિકા અને ઉદયાવલિકા તથા મનુષ્યદ્વિકની સંક્રમાવલિકા અને ઉદયાવલિકા કુલ ચાર આવલિકા જણાય છે પરંતુ નરકદ્વિકની ઉદયાવલિકા અને મનુષ્યદ્વિકની સંક્રમાવલિકાનો કાળ એક જ હોવાથી સરવાળે ત્રણ આવલિકા સ્થિતિ જ ઓછી થાય છે, વધારે નહિ. એ જ પ્રમાણે સંક્રમોત્કૃષ્ટ અન્ય પ્રકૃતિઓ માટે પણ સમજવું. ૩૭

અહીં તીર્થંકરનામકર્મ અને આહારક સપ્તકને અનુક્રમે સમ્યગ્દષ્ટિ આદિ આત્માઓ અને સંયતો બાંધે છે, તેઓને તેનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ જ થાય છે. તેમજ સઘળી કર્મપ્રકૃતિઓની સત્તા પણ તેઓને અંતઃકોડાકોડીથી વધારે હોતી નથી, તેથી સંક્રમ વડે પણ તે પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ સત્તા અંતઃકોડાકોડીથી વધારે થાય નહિ.

અહીં શંકા થાય કે શું તે પ્રકૃતિઓ બંધોત્કૃષ્ટ છે ? કે સંક્રમોત્કૃષ્ટ ? એ શંકાને દૂર કરવા માટે કહે છે—

तित्थयराहाराणं संकमणे बंधसंतएसु पि ।
अंतोकोडाकोडी तहावि ता संकमुक्कोसा ॥३८॥

तीर्थकराहारकयोः संक्रमणे बन्धसतोरपि ।
अन्तः कोटाकोटी तथापि ताः संक्रमोत्कृष्टाः ॥३८॥

અર્થ—જો કે તીર્થંકરનામ અને આહારક સપ્તકમાં જ્યારે સંક્રમ થાય ત્યારે બંધ અને સત્તામાં પણ અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિ જ હોય છે. તોપણ તેઓ સંક્રમોત્કૃષ્ટ છે.

ટીકાનુ૰—જો કે તીર્થંકરનામકર્મ અને આહારક સપ્તકમાં જ્યારે અન્ય પ્રકૃતિઓની સ્થિતિનો સંક્રમ થાય ત્યારે સઘળી પ્રકૃતિઓનો સ્થિતિબંધ અને સત્તા અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ જ હોય છે, તેથી સંક્રમ પણ અંતઃકોડાકોડીથી અધિક સ્થિતિનો થતો નથી, તોપણ તે પ્રકૃતિઓ સંક્રમોત્કૃષ્ટ છે, બંધોત્કૃષ્ટ નથી એમ સમજવું. અંતઃકોડાકોડીથી વધારે બંધ અને વધારે સત્તા નહિ હોવાનું કારણ તીર્થંકરનામ અને આહારક સપ્તકના બંધક અનુક્રમે સમ્યગ્દષ્ટિ આદિ આત્માઓ અને સંયતો છે. તેઓને કોઈ પણ કર્મપ્રકૃતિનો અંતઃકોડાકોડીથી વધારે સ્થિતિબંધ થતો નથી તેમજ કોઈ પણ પ્રકૃતિની અંતઃકોડાકોડીથી વધારે સત્તા હોતી નથી.

પહેલે ગુણઠાણેથી ચતુર્થ આદિ ગુણસ્થાનકમાં આત્મા જાય ત્યારે અપૂર્વ શુદ્ધિના યોગે સ્થિતિ ઓછી કરીને જ જાય છે. કદાચ ઉત્કૃષ્ટ સ્થિતિની સત્તા લઈ ચોથે ગુણસ્થાનકે જાય પરંતુ તે ઉત્કૃષ્ટ સ્થિતિની સત્તા અંતર્મુહૂર્ત્તથી વધારે રહેતી નથી, વિશુદ્ધિના બળથી અંતર્મુહૂર્ત્તમાં જ અંતઃકોડાકોડી સ્થિતિ કરી નાખે છે. બંધ તો અંતઃકોડાકોડી જ હોય છે.

કદાચ અહીં એમ શંકા થાય કે તે ઉત્કૃષ્ટ સ્થિતિ સત્તામાં જ્યારે હોય ત્યારે તે સ્થિતિનો સંક્રમ થવાથી મનુષ્યદ્વિકાદિની જેમ ઉત્કૃષ્ટ સ્થિતિસત્તા કેમ ન થાય ? તેના ઉત્તરમાં સમજવું કે તે વખતે તીર્થંકરનામ અને આહારકદ્વિકનો બંધ જ થતો નથી. જ્યારે તેઓનો બંધ થાય છે ત્યારે કોઈપણ કર્મપ્રકૃતિઓની અંતઃકોડાકોડીથી વધારે સત્તા હોતી નથી એટલે યશઃકીર્ત્તિ આદિની સ્થિતિનો જ્યારે તેમાં સંક્રમ થાય ત્યારે અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિનો જ સંક્રમ થાય એટલે તીર્થંકરનામ અને આહારકદ્વિકની સત્તા અંતઃકોડાકોડીથી વધારે હોય જ નહિ.

માત્ર બંધસ્થિતિથી સત્તાગત સ્થિતિ સંખ્યાતગુણી હોવાથી બંધથી સંખ્યાતગુણી સ્થિતિનો સંક્રમ થાય છે, એટલે તીર્થંકરનામકર્મ અને આહારકદ્વિકના બંધથી તેની સત્તાગત સ્થિતિ સંખ્યાતગુણી હોય છે. કર્મપ્રકૃતિ ચૂર્ણિમાં કહ્યું છે કે, બંધસ્થિતિથી સત્તાગત સ્થિતિ સંખ્યાતગુણી હોય છે. સામાન્યતઃ સમ્યગ્દષ્ટિ આદિ આત્માઓને દરેક પ્રકૃતિના બંધથી તેની સત્તાગત સ્થિતિ સંખ્યાતગુણી હોય છે. તીર્થંકરનામ અને આહારકદ્વિકના બંધકાળે તેમાં સંક્રમનારી સ્વ-જાતીય પ્રકૃતિની ઉત્કૃષ્ટ, જેટલી સ્થિતિની સત્તા હોય તે યથાયોગ્યપણે સંક્રમી શકે છે માટે સંક્રમોત્કૃષ્ટ કહી છે. ૩૮

ઉપર કહેલ અર્થનો જ વિચાર કરે છે—

एवइय संतया जं सम्मद्दिट्ठीण सव्वकम्मेसु ।
आऊणि बंधउक्कोसगाणि जं णण्णसंकमणं ॥३९॥

एतावती सत्ता यत्सम्यग्दृष्टीनां सर्वकर्मसु ।
आयूंषि बन्धोत्कृष्टानि यत् नान्यसंक्रमणम् ॥३९॥

અર્થ—કારણ કે સમ્યગ્દષ્ટિ આત્માઓને સઘળા કર્મની એટલી જ સત્તા હોય છે. ચારે

આયુ બંધોત્કૃષ્ટ છે, કારણ કે તેમાં અન્યનું સંક્રમણ થતું નથી.

ટીકાનુ૰—પ્રશ્ન :- નામકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ વીસ કોડાકોડી સાગરોપમ પ્રમાણ છે માટે આહારક સપ્તક અને તીર્થંકરનામકર્મની મનુષ્યદ્વિકાદિની જેમ સંક્રમ દ્વારા ઉત્કૃષ્ટ સ્થિતિની સત્તા બંધાવલિકા અર્થાત્ એક આવલિકા ન્યૂન વીસ કોડાકોડી સાગરોપમ ઘટી શકે છે, તો શા માટે એમ કહેવામાં આવે છે કે તીર્થંકરનામ અને આહારક સપ્તકની સંક્રમ વડે પણ ઉત્કૃષ્ટ સ્થિતિ અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ જ હોય છે ?

ઉત્તર—આ શંકા ત્યારે જ થઈ શકે કે જ્યારે તીર્થંકરનામ અને આહારક સપ્તક બંધાતું હોય ત્યારે તેમાં સંક્રમને યોગ્ય પ્રકૃતિની સ્થિતિસત્તા વીસ કોડાકોડી સાગરોપમ પ્રમાણ હોય. પરંતુ તેમ નથી, આયુ કર્મ વિના કોઈપણ કર્મપ્રકૃતિની સ્થિતિની સત્તા સમ્યગ્દષ્ટિ આત્માઓને અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ જ હોય છે, વધારે હોતી નથી, માટે સંક્રમ પણ તેટલી જ સ્થિતિનો થાય છે.

તાત્પર્ય આ પ્રમાણે છે—તીર્થંકરનામકર્મ અને આહારક સપ્તકમાં તેઓના બંધકાળે અન્ય પ્રકૃતિની સ્થિતિ સંક્રમે છે, અન્ય કાળે નહિ. આ પ્રકૃતિઓનો બંધ ક્રમશઃ વિશુદ્ધ સમ્યક્ત્વી અને સંયત આત્માઓને જ થાય છે, તેઓને આયુ સિવાય સઘળા કર્મની સત્તા અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ જ હોય છે, વધારે હોતી નથી. માટે સંક્રમ પણ તેટલી જ સ્થિતિનો થાય છે, અધિક સ્થિતિનો થતો નથી. કદાચ તેઓને અંતઃકોડાકોડીથી વધારે બંધ થતો હોય તો અધિક સ્થિતિની સત્તાનો સંભવ હોઈ શકે પરંતુ બંધ પણ અંતઃકોડાકોડી સાગરોપમનો જ હોય છે, અધિક હોતો નથી. માત્ર બંધથી સત્તા સંખ્યાતગુણી હોય છે, તે પૂર્વની ગાથામાં કહ્યું છે.

ચારે આયુ બંધોત્કૃષ્ટ સમજવા, સંક્રમોત્કૃષ્ટ નહિ. કારણ કે તેમાં પરસ્પર કે અન્ય કોઈ પણ કર્મપ્રકૃતિના દલિકનો સંક્રમ થતો નથી.

કદાચ અહીં એમ શંકા થાય કે મનુષ્ય-તિર્યંચના આયુનો સ્વ-મૂળકર્મની સમાન બંધ થતો નહિ હોવાથી તેને બંધોત્કૃષ્ટમાં કેમ ગણ્યા ? ઉત્તરમાં સમજવું કે સંક્રમોત્કૃષ્ટમાં ગણવામાં આવે તો આયુમાં અન્ય પ્રકૃતિના દલિકનો સંક્રમ થાય છે એવો વ્યામોહ થાય. એ વ્યામોહ ન થાય માટે બંધોત્કૃષ્ટમાં ગણ્યા છે. કારણ કે ચારે આયુમાં પરસ્પર સંક્રમ કે કોઈ અન્ય પ્રકૃતિના દલિકનો સંક્રમ થતો જ નથી. બંધોત્કૃષ્ટ અને સંક્રમોત્કૃષ્ટથી અન્ય કોઈ ત્રીજો ભેદ નથી કે તેમાં તેને દાખલ કરાય. એટલે કાં તો બેયમાં ન ગણવા જોઈએ કે બંધોત્કૃષ્ટમાં ગણવા જોઈએ. અહીં બંધોત્કૃષ્ટમાં ગણ્યા છે તે યુક્તિયુક્ત જ છે. ૩૯

આ પ્રમાણે જે કર્મપ્રકૃતિઓનો પતદ્ગ્રહ પ્રકૃતિનો બંધ છતાં સંક્રમ થાય છે તેઓની સ્થિતિના સંક્રમનું પ્રમાણ કહીને હવે જે કર્મપ્રકૃતિઓનો પતદ્ગ્રહ પ્રકૃતિના બંધના અભાવમાં પણ સંક્રમ થાય છે, તેઓની સ્થિતિના સંક્રમનું પ્રમાણ કહેવા માટે કહે છે—

गंतुं सम्मो मिच्छंतस्सुक्कोसं ठिइं च काऊणं ।
मिच्छियराणुक्कोसं करेति ठितिसंकमं सम्मो ॥४०॥

गत्वा सम्यग्दृष्टिः मिथ्यात्वस्योत्कृष्टां च स्थितिं कृत्वा ।
मिथ्यात्वेतरयोः करोति स्थितिसंक्रमं सम्यग्दृष्टिः ॥४०॥

અર્થ—કોઈ ક્ષાયોપશમિક સમ્યક્ત્વી મિથ્યાત્વે જઈને મિથ્યાત્વની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધીને સમ્યગ્દષ્ટિ ગુણસ્થાનકે જાય ત્યાં તે સમ્યકૃદષ્ટિ આત્મા સમ્યક્ત્વ અને મિશ્રમોહનીયમાં મિથ્યાત્વ મોહનીયની ઉત્કૃષ્ટ સ્થિતિ સંક્રમાવે છે.

ટીકાનુ૦—કોઈ[1] આત્મા પહેલાં ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ થઈને ત્યારપછી મિથ્યાત્વે જાય, મિથ્યાત્વે જઈને ઉત્કૃષ્ટ સંક્લેશે વર્ત્તતો મિથ્યાત્વ મોહનીયનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરે, ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કર્યા બાદ અંતર્મુહૂર્ત્ત પર્યંત મિથ્યાત્વ ગુણસ્થાનકે જ રહે, અંતર્મુહૂર્ત્ત વીત્યા બાદ વિશુદ્ધિના બળથી સમ્યક્ત્વ પ્રાપ્ત કરે, ત્યારે પછી સમ્યગ્દષ્ટિ છતો તે આત્મા અંતર્મુહૂર્ત્ત ન્યૂન સિત્તેર કોડાકોડી સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિને સમ્યક્ત્વ અને મિશ્રમોહનીયમાં તેઓનો બંધ નથી છતાં સંક્રમાવે છે. આ પ્રમાણે મિથ્યાત્વમોહનીયની અંતર્મુહૂર્ત્ત ન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિનો સંક્રમ સમ્યગ્દષ્ટિને થાય છે, અને તે મિશ્ર અને સમ્યક્ત્વમોહનીયમાં થાય છે. ૪૦

આ પ્રમાણે મિથ્યાત્વમોહનીયની અંતર્મુહૂર્ત્ત ન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિનો સંક્રમ કહ્યો અને તેનો સ્વામી સમ્યગ્દષ્ટિ કહ્યો. હવે સમ્યક્ત્વ અને મિશ્રમોહનીયના ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમનું પ્રમાણ, તેના સ્વામી અને અન્ય સઘળી પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિના સંક્રમના સ્વામીને પ્રતિપાદન કરવા ઇચ્છતા કહે છે—

अंतोमुहुत्तहीणं आवलियदुहीण तेसु सट्ठाणे ।
उक्कोससंकमपहू उक्कोसगबंधगण्णासु ॥४१॥

अन्तर्मुहूर्त्तहीनामावलिकाद्विकहीनां तयोः स्वस्थाने ।
उत्कृष्टसंक्रमप्रभुः उत्कृष्टबन्धका अन्यासाम् ॥४१॥

અર્થ—સમ્યક્ત્વ અને મિશ્રમોહનીયની અંતર્મુહૂર્ત્ત અને બે આવલિકા હીન ઉત્કૃષ્ટ સ્થિતિનો સંક્રમ થાય છે. તેમાં સમ્યક્ત્વનો સ્વસ્થાનમાં, અને મિશ્રનો ઉભયમાં થાય છે. શેષ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિના સંક્રમસ્વામી તે તે પ્રકૃતિની ઉત્કૃષ્ટ સ્થિતિના બંધક સમજવા.

ટીકાનુ૦—કોઈ ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ આત્મા મિથ્યાત્વે જઈ તીવ્ર સંક્લેશે મિથ્યાત્વની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધી અંતર્મુહૂર્ત્ત પછી સમ્યગ્દષ્ટિ ગુણસ્થાનકે જાય ત્યાં અંતર્મુહૂર્ત્ત ન્યૂન

---

૧. અહીં ક્ષાયોપશમિક સમ્યક્ત્વી લેવાનું કારણ તેને ત્રણે પુંજ સત્તામાં હોય છે. પહેલે ગુણઠાણેથી કરણ કરીને તેમજ કરણ કર્યા સિવાય એમ બે રીતે સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે, તે હકીકત ઉપશમના કરણમાં કહી છે. કરણ કરીને જે સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે તે તો અંતઃકોડાકોડીની સત્તા લઈને જ ઉપર જાય છે. કરણ કર્યા વિના જે ચડે છે તે ઉપર કહ્યા પ્રમાણે ઉત્કૃષ્ટ સ્થિતિની સત્તા લઈ ચોથે ગુણઠાણે જાય છે, અને અંતર્મુહૂર્ત્ત ન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિ સંક્રમાવે છે. ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરીને અંતર્મુહૂર્ત્ત પર્યંત પહેલે ગુણઠાણે રહીને જ સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે માટે અંતર્મુહૂર્ત્ત ન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિનો સંક્રમ થાય એમ કહ્યું છે. ચતુર્થ ગુણસ્થાનકે ગયા બાદ અંતર્મુહૂર્ત્ત પર્યંત જ ઉત્કૃષ્ટ સ્થિતિની સત્તા રહે છે તેટલા કાળમાં વિશુદ્ધિના બળથી અંતઃકોડાકોડીની ઉપરાંત સ્થિતિનો નાશ કરે છે એટલે અંતર્મુહૂર્ત્ત બાદ અંતઃકોડાકોડી સાગરોપમથી વધારે સ્થિતિની સત્તા હોતી નથી.

અને ઉદયાવલિકા ઉપરની તે સિત્તેર કોડાકોડી સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિને સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીયમાં તેની ઉદયાવલિકા ઉપર સંક્રમાવે છે. ઉદયાવલિકા ઉપર સંક્રમાવતો હોવાથી તે ઉદયાવલિકા મેળવતાં અંતર્મુહૂર્ત્ત ન્યૂન સિત્તેર કોડાકોડી સાગરોપમ પ્રમાણ સમ્યક્ત્વ મોહનીય અને મિશ્રમોહનીયની ઉત્કૃષ્ટ સ્થિતિ સત્તા થાય છે. મિથ્યાત્વમોહનીયની સ્થિતિનો જે સમયે સંક્રમ થયો તે સમયથી સંક્રમાવલિકા સકલ કરણને અયોગ્ય હોવાથી તે એક આવલિકા ગયા બાદ ઉદયાવલિકા ઉપરની સમ્યક્ત્વમોહનીયની સ્થિતિનો સ્વસ્થાનમાં અપવર્ત્તના સંક્રમ થાય છે અને મિશ્રમોહનીયનો સ્વસ્થાનમાં અપવર્ત્તના સંક્રમ થાય છે તેમજ સમ્યક્ત્વમોહનીયમાં સંક્રમ થાય છે.

પોતપોતાની દૃષ્ટિને અન્યત્ર સંક્રમાવતા નથી તે, તથા ચારિત્રમોહનીય અને દર્શનમોહનીયનો પરસ્પર સંક્રમ થતો નથી એ પૂર્વે કહ્યું છે તે નિયમ પ્રમાણે સમ્યગ્દૃષ્ટિ સમ્યક્ત્વમોહનીયને કોઈ પર પ્રકૃતિમાં સંક્રમાવે નહિ તેથી તેમાં એક અપવર્ત્તના સંક્રમ જ પ્રવર્ત્તે એમ કહ્યું છે. સ્થિતિને ઓછી કરવારૂપ અપવર્ત્તના સંક્રમ સ્વમાં જ થાય છે. આ પ્રમાણે સમ્યક્ત્વ અને મિશ્રમોહનીયની ઉત્કૃષ્ટ સ્થિતિનો સંક્રમ બે આવલિકા અધિક અંતર્મુહૂર્ત્ત ન્યૂન સિત્તેર કોડાકોડી સાગરોપમ પ્રમાણ થાય છે અને તેનો સ્વામી વેદક સમ્યગ્દૃષ્ટિ છે.[૧]

દેવાયુ, જિનનામ અને આહારક સપ્તક સિવાય બાકીની બંધોત્કૃષ્ટ કે સંક્રમોત્કૃષ્ટ પ્રકૃતિઓના તે તે પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધનારા ઉત્કૃષ્ટ સ્થિતિ સંક્રમના સ્વામી છે. અને તે પ્રાયઃ સંજ્ઞી મિથ્યાદૃષ્ટિ આત્માઓ જ છે. તથા દેવાયુની ઉત્કૃષ્ટ સ્થિતિના સંક્રમનો સ્વામી અપ્રમત્ત ગુણસ્થાનકને સન્મુખ થયેલ પ્રમત્ત સંયત છે. પહેલાં જેણે જિનનામકર્મ બાંધ્યું છે એવો નરકને સન્મુખ થયેલ મિથ્યાદૃષ્ટિ જિનનામની ઉત્કૃષ્ટ સ્થિતિના સંક્રમનો સ્વામી છે, તથા આહારકસપ્તકની ઉત્કૃષ્ટ સ્થિતિ પ્રમત્તને સન્મુખ થયેલ અપ્રમત્ત સંયમ બાંધે છે અને તે બંધાવલિકા ગયા બાદ સંક્રમાવે છે[૨].

હવે બંધોત્કૃષ્ટ કે સંક્રમોત્કૃષ્ટ પ્રકૃતિઓની સ્થિતિનો જ્યારે સંક્રમ થાય ત્યારે કુલ કેટલી સ્થિતિ હોય તેને બતાવતાં કહે છે—

बंधुक्कोसाणं आवलिए आवलिदुगेण इयराणं ।
हीणा सव्वावि ठिई सो जट्ठिइ संकमो भणियो ॥४२॥

---

૧. ઉપરોક્ત નવ પ્રકૃતિઓ સિવાયની બાકીની પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિના બંધક સંજ્ઞી મિથ્યાદૃષ્ટિ છે માટે તેની ઉત્કૃષ્ટ સ્થિતિનો સંક્રમ પણ તેઓને જ થાય તેથી તે તેના સ્વામી કહ્યા છે. અહીં 'પ્રાયઃ' એ ગ્રહણ કરવાનું કારણ જે પરિણામે મિથ્યાત્વમોહનીયની સિત્તેર કોડાકોડી સ્થિતિ બાંધે તેવા પરિણામે અન્ય જ્ઞાનાવરણીયાદિની પણ ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધી શકે. જેમ મિથ્યાત્વની ઉત્કૃષ્ટ સત્તા લઈ ચોથે ગુણઠાણે જાય છે અને ત્યાં અંતર્મુહૂર્ત્ત ન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિ સંક્રમાવે તેમ અંતર્મુહૂર્ત્ત ન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિનો સંક્રમ થઈ શકે એ જણાવવા માટે હોય તેમ લાગે છે. માત્ર અંતર્મુહૂર્ત્ત ન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિનો સંક્રમ થાય પછી જ્ઞાની જાણે.

૨. આહારક સપ્તકની ઉત્કૃષ્ટ સ્થિતિના સંક્રમના સ્વામી પ્રમત્ત સંયત હોય તેમ જણાય છે. કારણ કે અપ્રમત્તેથી પ્રમત્તે જતાં તેની ઉત્કૃષ્ટ સ્થિતિ બંધાય છે.

बन्धोत्कृष्टानामावलिकया आवलिकाद्विकेनेतरासाम् ।
हीना सर्व्वापि स्थितिः स यत्स्थितिसंक्रमो भणितः ॥४२॥

અર્થ—બંધોત્કૃષ્ટ પ્રકૃતિઓની એક આવલિકાહીન અને ઇતર—સંક્રમોત્કૃષ્ટ પ્રકૃતિઓની બે આવલિકા હીન જે ઉત્કૃષ્ટ સ્થિતિ તે યત્સ્થિતિ સંક્રમ કહેવાય છે.

ટીકાનુ૰—યત્સ્થિતિ સંક્રમ એટલે જે સમયે કોઈ પણ કર્મપ્રકૃતિની ઉત્કૃષ્ટ સ્થિતિનો સંક્રમ થાય તે સમયે કુલ કેટલી સ્થિતિ હોય તેનો જે વિચાર. તેમાં જે સમયે બંધોત્કૃષ્ટ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિનો સંક્રમ થાય ત્યારે તેની સ્થિતિ ઉત્કૃષ્ટ સ્થિતિની અપેક્ષાએ એક આવલિકા ન્યૂન હોય છે. તે આ પ્રમાણે—સંક્લિષ્ટ પરિણામ વડે ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધીને બંધાવલિકા ગયા બાદ અન્ય પ્રકૃતિમાં સંક્રમાવવાનો આરંભ કરે છે માટે બંધોત્કૃષ્ટ પ્રકૃતિઓની સંક્રમકાળે એક આવલિકા ન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિ સત્તામાં હોય છે. બંધ સમયથી એક આવલિકા સુધી બાંધેલી તે ઉત્કૃષ્ટ સ્થિતિમાં કોઈ કરણ લાગતું નહિ હોવાથી તેટલી સ્થિતિ ઓછી થાય છે એટલે સંક્રમકાળે એક આવલિકા ન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિ સત્તામાં ઘટી શકે છે.

ઇતર—સંક્રમોત્કૃષ્ટ પ્રકૃતિઓની સંક્રમકાળે સઘળી સ્થિતિ બે આવલિકા ન્યૂન હોય છે. તે આ પ્રમાણે—બંધાવલિકા ગયા બાદ ઉદયાવલિકા ઉપરની સ્થિતિનો અન્ય પ્રકૃતિમાં તેની ઉદયાવલિકા ઉપર સંક્રમ થાય છે, અને સંક્રમ સમયથી એક આવલિકા-સંક્રમાવલિકા ગયા બાદ કુલ બે આવલિકા ન્યૂન તે ઉત્કૃષ્ટ સ્થિતિને અન્ય પ્રકૃતિમાં સંક્રમાવવાનો આરંભ કરે છે. માટે સંક્રમોત્કૃષ્ટ પ્રકૃતિઓની સંક્રમકાળે બંધાવલિકા અને સંક્રમાવલિકા એમ બે આવલિકા ન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિ સત્તામાં હોય છે. બંધાવલિકા ગયા બાદ ઉદયાવલિકા ઉપરની બંધોત્કૃષ્ટ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ સંક્રમોત્કૃષ્ટ પ્રકૃતિની ઉદયાવલિકા ઉપર સંક્રમે એટલે તે ઉદયાવલિકા મેળવતાં એક આવલિકા ન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિ સત્તામાં થાય, એક આવલિકા ન્યૂન તે ઉત્કૃષ્ટ સ્થિતિને સંક્રમાવલિકા ગયા બાદ અન્યત્ર સંક્રમાવે, એટલે સંક્રમોત્કૃષ્ટ પ્રકૃતિઓની સંક્રમકાળે બે આવલિકા ન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિ સંભવે છે. ૪૨

આયુની યત્સ્થિતિનું પ્રતિપાદન કરવા માટે કહે છે—

साबाहा आउठिई आवलिगूणा उ जट्ठिति सट्ठाणे ।
एक्का ठिई जहण्णो अणुदइयाणं निहयसेसा ॥४३॥

साबाधा आयुःस्थितिः आवलिकोना तु यत्स्थितिः स्वस्थाने ।
एकस्याः स्थितेर्जघन्योऽनुदयवतीनां निहतशेषा ॥४३॥

અર્થ—સ્વસ્થાન સંક્રમ થાય ત્યારે આવલિકા ન્યૂન અબાધા સહિત જે સ્થિતિ તે આયુની યત્સ્થિતિ કહેવાય છે. તથા એક સ્થાનકનો જે સંક્રમ તે જઘન્ય સંક્રમ કહેવાય છે, અને અનુદયવતી પ્રકૃતિઓની હત શેષ સ્થિતિનો સંક્રમ જઘન્ય સંક્રમ કહેવાય છે.

ટીકાનુ૰—આયુમાં માત્ર ઉદ્વર્ત્તના-અપવર્ત્તના જ થાય છે, અન્ય પ્રકૃતિ નયન સંક્રમ થતો

નથી. તેમાં પણ વ્યાઘાતભાવિની અપવર્ત્તના[1] તે તે આયુનો જ્યારે ઉદય હોય ત્યારે જ થાય છે માટે તેને આશ્રયી અહીં આયુની યત્સ્થિતિનું નિરૂપણ કર્યું નથી, પરંતુ જે નિર્વ્યાઘાતભાવિ અપવર્ત્તના કે જે ઉદય ન હોય ત્યારે પણ થાય છે તેને આશ્રયી અને જ્યારે બંધ પ્રવર્ત્તતો હોય ત્યારે પહેલા આદિ સમયે બંધાયેલ લતાની બંધાવલિકા વીત્યા બાદ ઉદ્વર્ત્તના પણ થાય છે તેને આશ્રયી યત્સ્થિતિનું નિરૂપણ કર્યું છે.

આ પ્રમાણે જ્યારે નિર્વ્યાઘાતભાવિ અપવર્ત્તના અને ઉદ્વર્ત્તનારૂપ સ્વસ્થાન સંક્રમ થાય ત્યારે આયુની યત્સ્થિતિનું—સઘળી સ્થિતિનું પ્રમાણ આવલિકાન્યૂન અબાધા સહિત ઉત્કૃષ્ટ સ્થિતિ જેટલું છે. જેમકે—પૂર્વકોટી વર્ષના આયુવાળો કોઈ આત્મા બે ભાગ ગયા પછી બરાબર ત્રીજા ભાગના પહેલા સમયે તેત્રીસ સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ આયુ બાંધે તેનો બંધાવલિકા ગયા બાદ ઉપરોક્ત બેમાંથી કોઈપણ સંક્રમ થઈ શકે છે. તેથી તે એક આવલિકાહીન પૂર્વકોટીના ત્રીજા ભાગ અધિક તેત્રીસ સાગરોપમ પ્રમાણ કુલ સ્થિતિ સંભવે છે. આ પ્રમાણે ઉત્કૃષ્ટ સ્થિતિના સંક્રમનું પ્રમાણ, તેના સ્વામી અને યત્સ્થિતિનું પ્રમાણ કહ્યું.

હવે જઘન્ય સ્થિતિના સંક્રમનું પ્રમાણ કહે છે—તેમાં ઉદયવતી પ્રકૃતિઓની સત્તામાં સમયાધિક આવલિકા શેષ રહે ત્યારે એક સમય પ્રમાણ સ્થિતિનો છેલ્લો જે સંક્રમ થાય તે જઘન્ય સ્થિતિસંક્રમ કહેવાય છે.[2] અને અનુદયવતી પ્રકૃતિઓની ક્ષય થતા થતા જે સ્થિતિ શેષ રહે તેનો જે છેલ્લો સંક્રમ તે જઘન્યસ્થિતિ સંક્રમ કહેવાય છે. ૪૩

આ પ્રમાણે જઘન્યસ્થિતિ સંક્રમનું પ્રમાણ કહ્યું. હવે જઘન્યસ્થિતિ સંક્રમના સ્વામી કહે છે—

जो जो जाणं खवगो जहण्णठितिसंकमस्स सो सामी ।
सेसाणं तु सजोगी अंतमुहुत्तं जओ तस्स ॥४४॥

यो यो यासां क्षपकः जघन्यस्थितिसंक्रमस्य स स्वामी ।
शेषाणां तु सयोगी अन्तर्मुहूर्तं यतस्तस्य ॥४४॥

---

૧. અહીં તે તે આયુના ઉદય વખતે વ્યાઘાતભાવિની અપવર્ત્તના કહી છે. તે અપવર્તનીય આયુમાં સમજવી. અનપવર્ત્તનીય આયુમાં તો વ્યાઘાતભાવિની અપવર્ત્તના થતી જ નથી, ફક્ત નિર્વ્યાઘાતભાવિની અપવર્ત્તના થાય છે.

૨. અહીં ઉદયવતી પ્રકૃતિઓનો પોત-પોતાના ક્ષય વખતે સમયાધિક આવલિકા સત્તામાં શેષ રહે ત્યારે ઉપરની સમય પ્રમાણ સ્થિતિનો જઘન્યસ્થિતિ સંક્રમ કહ્યો, પરંતુ ઉદયવતી સઘળી પ્રકૃતિઓમાં પોત-પોતાના ક્ષય વખતે સમય પ્રમાણ સ્થિતિનો સંક્રમ ઘટતો નથી, કારણ કે ચરમોદયવાળી નામકર્મની નવ, ઉચ્ચ ગોત્ર તેમજ બે વેદનીય, એ બારનો અયોગી ગુણઠાણે ઉદય હોય છે. અને ત્યાં સંક્રમ થતો નથી, તે જ પ્રમાણે નપુંસકવેદ અને સ્ત્રીવેદનો જઘન્યસ્થિતિસંક્રમ સમયપ્રમાણ આવતો નથી, પરંતુ ઉપર બતાવેલ ચૌદ સિવાય શેષ વીસ ઉદયવતી પ્રકૃતિઓનો અને તદ્ઉપરાંત નિદ્રા અને પ્રચલા એમ બાવીસ પ્રકૃતિઓનો જઘન્ય સ્થિતિસંક્રમ અપવર્ત્તના આશ્રયી એક સમયપ્રમાણ ઘટે છે. કર્મપ્રકૃતિ-સંક્રમણકરણમાં તેમજ આ ગ્રંથમાં પણ હવે પછી આ જ પ્રમાણે બતાવવામાં આવેલ છે. તેથી ટીકાકારમહર્ષિએ અહીં સઘળી ઉદયવતી પ્રકૃતિઓ સામાન્યથી જણાવી હોય તેમ લાગે છે. અથવા અન્ય કોઈ કારણ હોય તો બહુશ્રુતો જાણે.

અર્થ—જે આત્મા જે કર્મપ્રકૃતિનો ક્ષપક છે તે આત્મા તે પ્રકૃતિની જઘન્ય સ્થિતિના સંક્રમનો સ્વામી છે. શેષ પ્રકૃતિઓનો સયોગીકેવલી સ્વામી છે, કારણ કે તેને અંતર્મુહૂર્ત પ્રમાણ અલ્પસ્થિતિ હોય છે.

ટીકાનુ૰—જે જે આત્મા જે જે કર્મપ્રકૃતિઓનો ક્ષપક છે તે તે આત્મા તે તે પ્રકૃતિઓની જઘન્યસ્થિતિ સંક્રમાવે છે. કારણ કે તેઓનો ક્ષય કરતાં કરતાં છેવટે અલ્પસ્થિતિ સત્તામાં રહે છે અને તેને સંક્રમાવે છે. જેમકે—ચારિત્રમોહનીયની સંજ્વલન લોભ સિવાય વીસ પ્રકૃતિઓનો અનિવૃત્તિ બાદર સંપરાયવર્ત્તી સ્વામી છે, સંજ્વલનલોભનો સૂક્ષ્મસંપરાયવર્ત્તી સ્વામી છે, દર્શન સપ્તકના ચોથા ગુણઠાણાથી સાતમા સુધીના સ્વામી છે, જ્ઞાનાવરણીય પાંચ, દર્શનાવરણીય છ, અંતરાય પાંચ, એ સઘળી પ્રકૃતિઓના ક્ષીણમોહ ગુણસ્થાનકવર્તી સ્વામી છે. તથા શેષ અઘાતિ કર્મપ્રકૃતિઓના જઘન્યસ્થિતિ સંક્રમના સ્વામી સયોગીકેવલી છે. કારણ કે તેને જ ચરમસમયે તે કર્મપ્રકૃતિઓની સંક્રમ યોગ્ય અંતર્મુહૂર્તપ્રમાણ જઘન્યસ્થિતિ સત્તામાં હોય છે, અન્યને હોતી નથી. ૪૪.

હવે જઘન્યસ્થિતિ સંક્રમ કોને કહેવાય ? તે કહે છે—

उदयावलिए छोभो अण्णप्पगईए जो य अंतिमओ ।
सो संकमो जहण्णो तस्स पमाणं इमं होइ ॥४५॥

उदयावलिकायां छोभः अन्यप्रकृतेः यो यः अन्तिमः ।
स संक्रमो जघन्यः तस्य प्रमाणमिदं भवति ॥४५॥

અર્થ—અન્ય પ્રકૃતિનો ઉદયાવલિકામાં જે છેલ્લો પ્રક્ષેપ થાય તે જઘન્યસંક્રમ કહેવાય છે. તેનું પ્રમાણ આ છે.

ટીકાનુ૰—કોઈ વિવક્ષિત સંક્રમતી પ્રકૃતિની સ્થિતિનો પતદ્ગ્રહ પ્રકૃતિની ઉદયાવલિકામાં જે છેલ્લો છોભ-પ્રક્ષેપ-સંક્રમ થાય તે, તેમજ પોતાની જ પ્રકૃતિ સંબંધી ઉદયાવલિકામાં અર્થાત્ પોતાની જ ઉદયાવલિકામાં જે છેલ્લો સંક્રમ થાય તે જઘન્યસ્થિતિ સંક્રમ કહેવાય છે. તાત્પર્ય એ કે, ક્ષય કરતા છેવટે જેટલી સ્થિતિનો અન્ય[1] પ્રકૃતિ નયન સંક્રમ વડે—સંક્રમણકરણ વડે પરપ્રકૃતિની ઉદયાવલિકામાં સંક્રમ થાય તે અથવા અપવર્ત્તના સંક્રમ વડે પોતાની જ ઉદયાવલિકામાં જે સંક્રમ થાય તે જઘન્યસ્થિતિ સંક્રમ કહેવાય.

આ ઉપરથી ઉદયાવલિકાના બહારના ભાગમાં જે સંક્રમ થાય તે જઘન્યસ્થિતિ સંક્રમ ન કહેવાય એમ સિદ્ધ થયું. છેલ્લે જેટલી સ્થિતિનો ઉદયાવલિકામાં પ્રક્ષેપ થાય તે જઘન્યસ્થિતિ સંક્રમ કહેવાય, એ જઘન્યસ્થિતિ સંક્રમનું લક્ષણ નિદ્રાદ્વિક છોડીને સમજવું. નિદ્રાદ્વિક માટે આગળ ઉપર

---

૧. જો કે અન્ય પ્રકૃતિ નયન સંક્રમ વડે જેટલાં સ્થાનકોનો સંક્રમ થાય છે તેમાં કંઈ ફેરફાર થતો નથી અર્થાત્ બાંધતી વખતે જે કાળે જે પ્રકારનાં ફળ આપવા રૂપે નિયત થયા હોય છે, સંક્રમ થયા બાદ તે કાળે જેમાં સંક્રમ થયો તેને અનુસરતું ફળ આપે છે. પરંતુ છેલ્લે જેટલી જઘન્યસ્થિતિનો સંક્રમ થાય છે તે સ્થિતિ સંકોચાઈ ઉદયાવલિકામાં સંક્રમે છે. અર્થાત્ ઉદયાવલિકાના કાળમાં ફળ આપે તેવી થઈ જાય છે.

કહેવાશે. કઈ પ્રકૃતિનો કેટલો જઘન્યસ્થિતિ સંક્રમ થાય તેના નિરૂપણ માટે કહે છે—જઘન્યસ્થિતિ સંક્રમનું પ્રમાણ કે જેને હવે પછી અમે કહીશું તે સમજવું. ૪૫

તે જ જઘન્યસ્થિતિ સંક્રમનું પ્રમાણ કહે છે—

संजलणलोभनाणंतराय-दंसणचउक्कआऊणं ।
सम्मत्तस्स य समओ सगआवलियाति भागंमि ॥४६॥

संज्वलनलोभज्ञानान्तरायदर्शनचतुष्कायुषाम् ।
सम्यक्त्वस्य च समयः स्वकावलिकात्रिभागे ॥४६॥

અર્થ—સંજ્વલનલોભ, જ્ઞાનાવરણીય, અંતરાય, દર્શનાવરણચતુષ્ક, આયુ અને સમ્યક્ત્વમોહનીયની પોતાની આવલિકાના ત્રીજા ભાગમાં સમયપ્રમાણ સ્થિતિનો જે સંક્રમ થાય છે તે જઘન્યસ્થિતિ સંક્રમ કહેવાય છે.

ટીકાનુ૦—સંજ્વલનલોભ, જ્ઞાનાવરણીય પાંચ, અંતરાય પાંચ, દર્શનાવરણીય ચાર, આયુ ચાર, અને સમ્યક્ત્વમોહનીય સઘળી મળી વીસ પ્રકૃતિઓની સ્થિતિનો ક્ષય થતાં સત્તા વિચ્છેદ કાળે તેઓની એક સમયપ્રમાણ સ્થિતિનો પોતાની જ ઉદયાવલિકાના સમયાધિક ત્રીજા ભાગમાં જે પ્રક્ષેપ થાય તે જઘન્ય સ્થિતિસંક્રમ કહેવાય છે.

તાત્પર્ય આ પ્રમાણે—ક્ષપકશ્રેણિમાં સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકે ક્ષય કરતા કરતા જ્યારે સંજ્વલનલોભની સમયાધિક આવલિકા પ્રમાણસ્થિતિ શેષ રહે ત્યારે ઉદયાવલિકા સકલ કરણને અયોગ્ય હોવાથી ઉદયાવલિકા ઉપરની સમયપ્રમાણ સ્થિતિને અપવર્ત્તના કરણ વડે નીચેના પોતાના જ ઉદયાવલિકાના સમયાધિક ત્રીજા ભાગમાં સંક્રમાવે, તે સંજ્વલનલોભનો જઘન્ય સ્થિતિસંક્રમ કહેવાય છે, અને તેનો સ્વામી સૂક્ષ્મસંપરાયવતી આત્મા છે.

એ જ પ્રમાણે ક્ષીણમોહ ગુણસ્થાનકે જ્ઞાનાવરણીય પાંચ, અંતરાય પાંચ તથા ચક્ષુ, અચક્ષુ, અવધિ અને કેવલદર્શનાવરણીય એ દર્શનાવરણીય ચાર, એમ ચૌદ પ્રકૃતિઓની સત્તામાં સમયાધિક એક આવલિકા સ્થિતિ શેષ રહે ત્યારે ઉદયાવલિકા ઉપરની સમયપ્રમાણ સ્થિતિને અપવર્ત્તના સંક્રમ વડે પોતપોતાની ઉદયાવલિકા નીચેના સમયાધિક ત્રીજા ભાગમાં જે સંક્રમાવે તે, તે પ્રકૃતિઓનો જઘન્યસ્થિતિ સંક્રમ કહેવાય છે, અને તેનો સ્વામી ક્ષીણમોહ ગુણસ્થાનવર્ત્તી આત્મા છે.

તથા ચારે આયુની સ્થિતિ ભોગવતા ભોગવતા સત્તામાં જ્યારે સમયાધિક આવલિકા શેષ આયુ રહે ત્યારે ઉદયાવલિકા ઉપરની તે સમયપ્રમાણ સ્થિતિને પોતપોતાની ઉદયાવલિકાના નીચેના સમયાધિક ત્રીજા ભાગમાં જે સંક્રમાવે તે તેનો જઘન્યસ્થિતિ સંક્રમ કહેવાય છે, અને તેના સ્વામી તે તે આયુના ઉદયવાળા આત્માઓ છે.

અહીં જઘન્ય સમયપ્રમાણ સ્થિતિને આત્મા તથાસ્વભાવે ઉદયાવલિકાના પ્રથમ સમયથી—ઉદય સમયથી આરંભી સમયાધિક ત્રીજા ભાગમાં સંક્રમાવે છે. જેમકે આવલિકાના નવ સમય કલ્પીએ તો શરૂઆતના ચાર સમયમાં સંક્રમાવે છે, અન્ય સમયોમાં સંક્રમાવતો નથી.

ઉપરોક્ત સઘળી પ્રકૃતિઓની યત્સ્થિતિ—સઘળી સ્થિતિ સમયાધિક આવલિકા સમજવી. સમ્યક્ત્વમોહનીય માટે નીચેની ગાથામાં કહે છે. ૪૬

સમ્યક્ત્વમોહનીય માટે સૂત્રકાર પોતે જ વિચાર કરે છે—

खविऊण मिच्छमीसे मणुओ सम्मम्मि खवयसेसम्मि ।
चउगइउ तओ होउं जहण्णठितिसंकमस्सामी ॥४७॥

क्षपयित्वा मिथ्यात्वमिश्रे मनुजः सम्यक्त्वे क्षपितशेषे ।
चतुर्गतिकः ततो भूत्वा जघन्यस्थितिसंक्रमस्वामी ॥४७॥

અર્થ—મનુષ્ય છતાં મિથ્યાત્વ અને મિશ્રમોહનીય ખપાવીને સમ્યક્ત્વમોહનીય ક્ષપિત શેષ થાય ત્યારે ચારમાંથી કોઈ પણ ગતિમાં જઈને તેની સમય પ્રમાણ જઘન્ય સ્થિતિ સંક્રમાવે છે, અને તેનો સ્વામી ચાર ગતિમાંથી કોઈ પણ ગતિનો આત્મા થાય છે.

ટીકાનુ૦—જઘન્યથી પણ આઠ વરસથી અધિક આયુવાળો કોઈ મનુષ્ય ક્ષાયિકસમ્યક્ત્વ ઉપાર્જન કરતાં મિથ્યાત્વ અને મિશ્રમોહનીયને સર્વથા ખપાવીને સમ્યક્ત્વમોહનીયને સર્વાપવર્ત્તના વડે અપવર્ત્તે[1] છે. આ પ્રમાણે જ્યારે સર્વાપવર્ત્તના થાય ત્યારે સમ્યક્ત્વમોહનીય ક્ષપિત શેષ[2] થાય છે. આ રીતે જ્યારે સમ્યક્ત્વમોહનીય ક્ષપિત શેષ થાય ત્યારે ચારમાંથી ગમે તે ગતિમાં જઈ શકે છે એટલે ગમે તે ગતિમાં જઈને ત્યાં તેની સમયાધિક આવલિકા સ્થિતિ શેષ રહે ત્યારે ઉદયાવલિકા ઉપરની તે સમયપ્રમાણ સ્થિતિને અપવર્ત્તના સંક્રમ વડે પોતાની આવલિકાના સમયાધિક ત્રીજા ભાગમાં સંક્રમાવે છે તે તેનો જઘન્ય સ્થિતિસંક્રમ કહેવાય છે. અને તેનો સ્વામી ચાર ગતિમાંથી કોઈ પણ ગતિમાં વર્ત્તમાન આત્મા છે. યત્સ્થિતિ સમયાધિક આવલિકા છે. ૪૭

હવે નિદ્રાદ્વિકનો જઘન્ય સ્થિતિ સંક્રમ કહે છે—

निद्दादुगस्स साहियआवलियदुगं तु साहिए तंसे ।
हासाईणं संखेज्ज वच्छरा ते य कोहम्मि ॥४८॥

---

૧. સર્વાપવર્ત્તના વડે અપવર્ત્તે છે એટલે વ્યાઘાતભાવિની અપવર્ત્તના વડે જેટલી ઓછી થઈ શકે તેટલી કરે છે. હવે જેટલી સ્થિતિ સત્તામાં રહી તેટલી સ્થિતિ લઈ મરણ પામી શકે છે અને ગમે તે ગતિમાં પરિણામાનુસાર જઈ શકે છે. તેથી જ તેના જઘન્ય સ્થિતિસંક્રમનો સ્વામી ચારમાંથી ગમે તે ગતિનો આત્મા હોય છે. ઉપશમના કરણમાં ક્ષાયિક સમ્યક્ત્વ પામવાના અધિકારમાં કહ્યું છે કે મિથ્યાત્વ, મિશ્રમોહનીય ક્ષય થાય ત્યારે સમ્યક્ત્વ મોહનીયની આઠ વરસની સ્થિતિ સત્તામાં રહે છે તેના અંતર્મુહૂર્ત્ત-અંતર્મુહૂર્ત્ત પ્રમાણ ખંડોને ક્ષય કરતાં છેલ્લો ખંડ જ્યારે ક્ષય થઈ જાય ત્યારે ઉદય સમયથી આરંભી ગુણ શ્રેણીના મસ્તક સુધીની અંતર્મુહૂર્ત્ત પ્રમાણ સ્થિતિ સત્તામાં રહે છે. તે સ્થિતિને લઈને પરિણામાનુસાર ગમે તે ગતિમાં જાય છે.

૨. ક્ષપિત શેષ થાય એટલે અપવર્ત્તના કરણ વડે ક્ષય કરતાં કરતાં બાકી રહેલી જેટલી સ્થિતિ લઈ અન્ય ગતિમાં જઈ શકે. ક્ષાયિક સમ્યક્ત્વ કયો આત્મા ઉપાર્જન કરી શકે તે માટે ઉપશમનાકરણ જોવું, અહીં એટલું યાદ રાખવું કે વ્યાઘાતભાવિની અપવર્ત્તના કરણોમાં થાય છે. નિર્વ્યાઘાત ભાવિની અપવર્ત્તના સામાન્યતઃ હંમેશાં પ્રવર્ત્તે છે.

निद्राद्विकस्य साधिकावलिकाद्विकं तु साधिके त्र्यंशे ।
हास्यादीनां संख्येया वत्सरास्ते च क्रोधे ॥४८॥

અર્થ—નિદ્રાદ્વિકની સમયમાત્રસ્થિતિને જે સાધિક ત્રીજા ભાગમાં સંક્રમાવે છે તે તેનો જઘન્ય સંક્રમ છે. યત્સ્થિતિ આવલિકાના અસંખ્યાતમા ભાગે અધિક બે આવલિકા છે. તથા હાસ્યાદિનો જે સંખ્યેય વરસ પ્રમાણ સંક્રમ થાય છે તે તેનો જઘન્ય સંક્રમ છે અને તે ક્રોધમાં થાય છે.

ટીકાનુ૦—નિદ્રા અને પ્રચલારૂપ નિદ્રાદ્વિકની પોતાની સ્થિતિની ઉપરની એક સમય માત્ર સ્થિતિને પોતાના સંક્રમના અંતે ઉદયાવલિકા નીચેના સમયાધિક ત્રીજા ભાગમાં જે સંક્રમાવે છે તે તેનો જઘન્ય સ્થિતિસંક્રમ છે.

તાત્પર્ય આ પ્રમાણે છે—ક્ષીણકષાય વીતરાગ છદ્મસ્થ ગુણસ્થાનકે ક્ષય કરતાં કરતાં નિદ્રાદ્વિકની આવલિકાના અસંખ્યાતમા ભાગે અધિક બે આવલિકા પ્રમાણ સ્થિતિ સત્તામાં શેષ રહે ત્યારે સૌથી ઉપરની સમય-પ્રમાણ સ્થિતિને અપવર્ત્તના કરણ વડે નીચેના ઉદય સમયથી આરંભી ઉદયાવલિકાના સમયાધિક ત્રીજા ભાગમાં જે સંક્રમાવે છે તે નિદ્રાદ્વિકનો જઘન્ય સ્થિતિસંક્રમ કહેવાય છે. અને તેનો સ્વામી ક્ષીણ કષાય વીતરાગ આત્મા છે. તે વખતે યત્સ્થિતિ આવલિકાના અસંખ્યાતમા ભાગે અધિક બે આવલિકા છે.

અહીં વસ્તુસ્વભાવ જ એ છે કે નિદ્રાદ્વિકની આવલિકાના અસંખ્યાતમા ભાગ અધિક બે આવલિકા પ્રમાણ સ્થિતિ સત્તામાં શેષ રહે ત્યારે ઉપરની એક સમયપ્રમાણ અપવર્ત્તના કરણ વડે સંક્રમે છે, પરંતુ મતિજ્ઞાનાવરણીયાદિની જેમ સમયાધિક આવલિકા શેષ રહે ત્યારે નહિ. અહીં મતિજ્ઞાનાવરણીયાદિમાં સમયાધિક આવલિકા પ્રમાણ સ્થિતિની સત્તા શેષ રહે ત્યાં સુધી અપવર્ત્તના થાય છે ત્યારે નિદ્રાદ્વિકમાં આવલિકાના અસંખ્યાતમા ભાગ અધિક બે આવલિકા રહે ત્યાં સુધી થાય છે. કારણ જીવસ્વભાવ છે.

અનિવૃત્તિ બાદરગુણસ્થાનકે વર્ત્તમાન ક્ષપક આત્માને હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય અને જુગુપ્સા એ હાસ્યષટ્કનો ક્ષય થતા સંખ્યાત વર્ષપ્રમાણ સ્થિતિ સત્તામાં શેષ રહે છે તે સંખ્યાત વર્ષપ્રમાણ સ્થિતિનો જે સંજ્વલન ક્રોધમાં સંક્રમ થાય છે તે તેનો જઘન્ય સ્થિતિસંક્રમ છે. તેના સ્વામી નવમા ગુણસ્થાનકવર્તી આત્મા છે. તે વખતે તેની યત્સ્થિતિ અંતર્મુહૂર્ત્ત અધિક સંખ્યાતા વર્ષપ્રમાણ છે. કારણ કે અંતરકરણમાં વર્ત્તતા છતા તે સંખ્યાત વર્ષ પ્રમાણ સ્થિતિને સંજ્વલન ક્રોધમાં સંક્રમાવે છે. અંતરકરણમાં કર્મદલિક હોતા નથી પરંતુ તેનાથી ઉપર હોય છે. કારણ કે તે દલિક વિનાની શુદ્ધ ભૂમિકા છે. માટે અંતરકરણના કાલથી અધિક સંખ્યાતવર્ષ પ્રમાણ સ્થિતિ જઘન્ય સ્થિતિ સંક્રમકાળે હાસ્યષટ્કની યત્સ્થિતિ છે. આ સંખ્યાત વર્ષ પ્રમાણ સ્થિતિને અપવર્ત્તના કરણ વડે અપવર્ત્તીને સંજ્વલનક્રોધની ઉદયાવલિકામાં સંક્રમાવે છે એમ સમજવું. અન્યથા—જો એમ ન હોય તો સ્થિતિ ઘણી હોવાથી ઉદયાવલિકાના ઉપરના ભાગમાં પણ પ્રક્ષેપ થાય અને તેમ થાય તો 'અન્ય પ્રકૃતિનો ઉદયાવલિકામાં જે છેલ્લો સંક્રમ થાય તે જઘન્યસંક્રમ કહેવાય' એ પૂર્વે કહેલા વચનની સાથે વિરોધ આવે. માટે સંખ્યાત વર્ષપ્રમાણ

સ્થિતિને અપવર્ત્તીને ઉદયાવલિકામાં સંક્રમાવે છે એમ માનવું જોઈએ. ૪૮

હવે પુરુષવેદાદિનો જઘન્ય સ્થિતિસંક્રમ કેટલો હોય તે કહે છે—

पुंसंजलणाण ठिई जहन्नया आवलीदुगेणूणा ।
अंतो जोगंतीणं पलियासंखंस इयराणं ॥४९॥

पुंसंज्वलनानां स्थितिः जघन्याऽऽवलीद्विकेनोना ।
अन्तो योग्यन्तानां पल्यासंख्यांश इतरासाम् ॥४९॥

અર્થ—પુરુષવેદ અને સંજ્વલન કષાયની અંતર્મુહૂર્ત્ત ન્યૂન જે જઘન્યસ્થિતિ તે તેનો જઘન્ય સ્થિતિસંક્રમ છે. યત્સ્થિતિ અંતર્મુહૂર્ત્ત સહિત બે આવલિકા ન્યૂન જઘન્યસ્થિતિ છે. સયોગીગુણસ્થાનકે જેનો અંત થાય છે તેની અંતર્મુહૂર્ત્ત પ્રમાણ અને ઇતર પ્રકૃતિઓની પલ્યોપમના અસંખ્યાતમા ભાગપ્રમાણ સ્થિતિનો જઘન્ય સ્થિતિસંક્રમ થાય છે.

ટીકાનુ૰—પુરુષવેદનો આઠ વર્ષ, સંજ્વલન ક્રોધનો બે માસ, સંજ્વલન માનનો એક માસ અને સંજ્વલન માયાનો પંદર દિવસ પ્રમાણ જે જઘન્યસ્થિતિબંધ પહેલાં કહ્યો છે તે જ જઘન્યસ્થિતિબંધ અંતર્મુહૂર્ત્ત ન્યૂન તે પ્રકૃતિઓનો જઘન્ય સ્થિતિસંક્રમ છે.

અહીં અંતર્મુહૂર્ત્ત ન્યૂન શા માટે કહ્યો ? એ પ્રશ્નના ઉત્તરમાં જણાવે છે કે—અબાધા રહિત સ્થિતિ અન્યત્ર સંક્રમે છે. કારણ કે અબાધા કાળમાં દળરચના થતી નથી, ઉપરના સમયથી થાય છે, એટલે અબાધાકાળથી ઉપરનાં સ્થાનકોમાં કર્મદલિકનો સંભવ છે. કહ્યું છે કે, 'અબાધાકાળ ન્યૂન કર્મસ્થિતિમાં દળરચના થાય છે, અબાધાકાળમાં થતી નથી.' જઘન્યસ્થિતિબંધ થાય ત્યારે અબાધા અંતર્મુહૂર્ત્ત પ્રમાણ તો હોય છે જ માટે અંતર્મુહૂર્ત્ત ન્યૂન જઘન્ય સ્થિતિબંધ એ પુરુષવેદાદિ[1] પ્રકૃતિઓનો જઘન્યસ્થિતિસંક્રમ છે. જઘન્ય સ્થિતિસંક્રમકાળે તેઓની યત્સ્થિતિ બે આવલિકા ન્યૂન અબાધા સહિત આઠ વર્ષાદિ જઘન્ય સ્થિતિબંધ પ્રમાણ સમજવી.

---

૧. અહીં પુરુષવેદાદિ પ્રકૃતિઓનો અંતર્મુહૂર્ત્ત ન્યૂન જઘન્યસ્થિતિબંધ પ્રમાણ જઘન્યસ્થિતિસંક્રમ કહ્યો, કારણમાં એમ જણાવ્યું કે અબાધામાં તો દળરચના હોતી નથી. બરાબર છે, વિવક્ષિત સમયે બંધાયેલ કર્મની અબાધામાં તો દલ રચના હોતી નથી. પરંતુ પહેલાં બંધાયેલા કે જેનો અબાધાકાળ વીતી ગયો હોય છે તેની દળ રચના તો હોય છે. પહેલાં ટિપ્પનમાં જણાવી પણ ગયા કે 'વિવક્ષિત સમયે બંધાયેલ કર્મનો અબાધાકાળ હોઈ શકે, આખી લતાનો નહિ' અને તેથી જ ત્રીસ કોડાકોડી સાગરોપમાદિ પ્રમાણ બંધાયેલ કર્મસ્થિતિ બંધાવલિકા-ઉદયાવલિકા ન્યૂન સંક્રમી શકે છે એ પ્રમાણે અહીં બંધાવલિકા ગયા બાદ ઉદયાવલિકા ઉપરની એમ બે આવલિકા ન્યૂન આઠ વર્ષ પ્રમાણ સંક્રમે તે જઘન્યસ્થિતિસંક્રમ એમ કેમ ન કહ્યું ? અંતર્મુહૂર્ત્ત ન્યૂન શા માટે કહ્યો ?

પ્રશ્ન ઠીક છે, પરંતુ આ પ્રશ્ન ત્યારે જ થાય કે જે સમયે ઉપરોક્ત પ્રકૃતિઓનો જઘન્ય સ્થિતિસંક્રમ થાય તે સમયે અન્ય સમયોનાં બંધાયેલ કર્મદલો સત્તામાં હોય. પરંતુ તેમ નથી. જે સમયે પુરુષવેદાદિનો જઘન્ય સ્થિતિસંક્રમ થાય છે તે સમયે પોતપોતાના વિચ્છેદ સમયે જે બંધાયું હોય છે તે જ સત્તામાં હોય છે, અન્ય કોઈ પણ સમયનું બંધાયેલ સત્તામાં હોતું નથી, કેમ કે ક્ષય થઈ ગયેલ હોય છે. માટે જ પુરુષવેદાદિ પ્રકૃતિઓનો અંતર્મુહૂર્ત્ત ન્યૂન આઠ વર્ષાદિ પ્રમાણ જઘન્ય સ્થિતિસંક્રમ કહ્યો છે.

. બે આવલિકા ન્યૂન શા માટે ? એમ પૂછતા હો તો જણાવે છે—બંધવિચ્છેદ સમયે બંધાયેલી તે પુરુષવેદાદિ પ્રકૃતિઓની લતાને બંધાવલિકા ગયા બાદ સંક્રમાવવાનો આરંભ કરે છે. જે સમયથી સંક્રમથી શરૂઆત કરે તે સમયથી એક આવલિકા કાળે પૂર્ણપણે સંક્રમી જાય છે, સંક્રમાવલિકાના ચરમસમયે જઘન્ય સ્થિતિસંક્રમ થાય છે, તેથી બંધાવલિકા અને સંક્રમાવલિકા પ્રમાણ કાળ ઓછો થઈ જાય છે માટે તે બે આવલિકા વિના અને અબાધાકાળ સહિત જે જઘન્ય સ્થિતિબંધ તે જઘન્ય સ્થિતિસંક્રમકાળે યત્સ્થિતિ છે. સ્વામી અનિવૃત્તિ બાદરસંપરાય ગુણસ્થાનકવર્તી ક્ષપક આત્મા છે. માત્ર પુરુષવેદના જઘન્ય સ્થિતિસંક્રમનો અધિકારી[1] પુરુષવેદના ઉદયે શ્રેણિ આરંભનાર જ હોય છે. આ જ હકીકતને સકારણ જણાવે છે—

પુરુષવેદ સિવાય અન્યવેદે[2] ક્ષપકશ્રેણિ આરંભનાર હાસ્યાદિષટ્ક સાથે જ પુરુષવેદ ખપાવે છે. અને પુરુષવેદે ક્ષપકશ્રેણિ આરંભનાર હાસ્યાદિષટ્કનો ક્ષય થયા પછી પુરુષવેદ ખપાવે છે. એટલે પુરુષવેદે જ્યારે ક્ષપકશ્રેણિ પ્રાપ્ત કરે ત્યારે તેનો ક્ષય કરવામાં ઘણો કાળ મળી શકે છે. વળી જેનો ઉદય હોય છે તેની ઉદીરણા પણ પ્રવર્ત્તે છે, માટે પુરુષવેદે ક્ષપકશ્રેણિ સ્વીકારનારને ઉદય ઉદીરણા વડે તેની ઘણી સ્થિતિ તૂટે છે—ભોગવાઈ ક્ષય થાય છે. આમ પુરુષવેદે શ્રેણિ પર આરૂઢ થયેલાને જ તેનો જઘન્ય સ્થિતિસંક્રમ સંભવે છે, અન્ય વેદે શ્રેણિ પર આરૂઢ થનારને સંભવતો નથી.

તથા સંક્રમ આશ્રયીને સયોગીકેવલી ગુણસ્થાનકે જેનો અંત થાય છે તે પ્રકૃતિઓનો સયોગીકેવલી ગુણસ્થાનકના ચરમસમયે જઘન્ય સ્થિતિસંક્રમ થાય છે. સયોગ્યન્તક તે પ્રકૃતિઓ આ છે—નરકદ્વિક, તિર્યગ્દ્વિક, પંચેન્દ્રિય જાતિ સિવાય જાતિ ચતુષ્ક, સ્થાવર, સૂક્ષ્મ, સાધારણ, આતપ અને ઉદ્યોત સિવાય નામકર્મની ૯૦ પ્રકૃતિઓ, સાત-અસાતવેદનીય, અને ઉચ્ચ-નીચ ગોત્ર આ ૯૪ પ્રકૃતિઓનો જઘન્ય સ્થિતિસંક્રમ અંતર્મુહૂર્ત્ત પ્રમાણ થાય છે. કારણ કે સયોગીના ચરમસમયે એ ૯૪ પ્રકૃતિઓની સ્થિતિ સત્તામાં અંતર્મુહૂર્ત્ત પ્રમાણ જ હોય છે.

અંતર્મુહૂર્ત્તપ્રમાણ તે સ્થિતિને ચરમસમયે સર્વાપવર્ત્તના વડે અપવર્ત્તીને-ઘટાડીને અયોગીના કાળ પ્રમાણ કરે છે. જો કે અયોગીનો કાળ અંતર્મુહૂર્ત્ત પ્રમાણ છે, પરંતુ તે પૂર્વોક્ત પ્રકૃતિઓના સત્તાકાળથી નાનું હોય છે. એટલે સર્વાપવર્ત્તના વડે અયોગીના કાળપ્રમાણ સ્થિતિ રાખી બાકીની અંતર્મુહૂર્ત્ત પ્રમાણ સ્થિતિને અપવર્ત્તે છે. એટલે અહીં અંતર્મુહૂર્ત્ત પ્રમાણ સ્થિતિને ઘટાડવા રૂપ અપવર્ત્તના સંક્રમ રૂપ સ્થિતિસંક્રમ પ્રવર્ત્તે છે—થાય છે, તેથી જ તે ૯૪ પ્રકૃતિઓનો અંતર્મુહૂર્ત્ત પ્રમાણ જઘન્ય સ્થિતિસંક્રમ કહ્યો છે. સયોગીના ચરમસમયે સર્વાપવર્ત્તના થતી હોવાથી

---

૧. કોઈ પણ વેદ કે કષાયે શ્રેણિ આરંભવી એટલે તે તે વેદ કે કષાયનો ઉદય હોય ત્યારે તે તે શ્રેણિની શરૂઆત કરવી તે છે.

૨. પુરુષવેદ સિવાય અન્ય વેદે શ્રેણિ આરંભનાર હાસ્ય ષટ્ક અને પુરુષવેદ સાથે જ ખપાવે છે ત્યારે પુરુષવેદે આરંભનાર હાસ્ય ષટ્ક પછી સમયોન બે આવલિકા કાળે પુરુષવેદને સત્તામાંથી દૂર કરે છે. આથી જ પુરુષવેદે શ્રેણિ માંડનારને પુરુષવેદનો ક્ષય કરવામાં ઘણો ટાઈમ મળી શકે છે. વળી એનો ઉદય હોવાથી ઉદય-ઉદીરણા દ્વારા ઘણું ભોગવાઈ જાય છે એટલે છેવટે સત્તામાં અલ્પ રહે છે.

જઘન્ય સ્થિતિસંક્રમનો સ્વામી સયોગીકેવલી છે. અહીં સર્વાપવર્ત્તના વડે ઉદયાવલિકા રહિત સ્થિતિની અપવર્ત્તના થાય છે, ઉદયાવલિકા સકલ કરણને અયોગ્ય હોવાથી તેની અપવર્ત્તના થતી નથી. એટલે જે સમયે સર્વાપવર્ત્તના પ્રવર્ત્તે છે તે સમયે યત્સ્થિતિ-કુલ સ્થિતિ ઉદયાવલિકા મેળવતાં જેટલી થાય તેટલી સમજવી.

અહીં કોઈ શંકા કરે કે—જેમ મતિજ્ઞાનાવરણીયાદિ પ્રકૃતિઓનો સમયાધિક આવલિકાસ્થિતિ શેષ રહે ત્યારે ક્ષીણમોહ ગુણઠાણે સમયપ્રમાણ જઘન્ય સ્થિતિસંક્રમ કહ્યો છે તેમ અયોગી ગુણઠાણે તે ૯૪ પ્રકૃતિઓની સમયાધિક આવલિકા સ્થિતિ શેષ રહે ત્યારે ઉદયાવલિકા ઉપરની સમયપ્રમાણ સ્થિતિ ઘટાડવા રૂપ જઘન્ય સ્થિતિસંક્રમ કેમ ન કહ્યો ? તેના ઉત્તરમાં જણાવે છે કે, સઘળા સૂક્ષ્મ કે બાદર કોઈપણ જાતના યોગ રહિત, મેરુ પર્વતની જેમ સ્થિર એવા અયોગીકેવલી ભગવાન આઠ કરણ માંહેનું કોઈપણ કરણ પ્રવર્ત્તાવતા નથી. કારણ કે નિષ્ક્રિય છે, માત્ર સ્વતઃ ઉદય પ્રાપ્ત કર્મને જ વેદે છે. માટે સયોગી કેવલીને જ તે પ્રકૃતિઓનો જઘન્ય સ્થિતિસંક્રમ હોય છે—થાય છે.

ઉક્ત શેષ-બાકીની સ્ત્યાનર્દ્ધિત્રિક, મિથ્યાત્વ, મિશ્ર, અનન્તાનુબંધિ[1], અપ્રત્યાખ્યાનાવરણ, પ્રત્યાખ્યાનાવરણ એ બાર કષાય, સ્ત્રીવેદ, નપુંસકવેદ, નરકદ્વિક, તિર્યગ્દ્વિક, પંચેન્દ્રિય જાતિ સિવાય જાતિ ચતુષ્ક, સ્થાવર, સૂક્ષ્મ, સાધારણ, આતપ અને ઉદ્યોત એ બત્રીસ પ્રકૃતિઓનો પોતપોતાના ક્ષય કાળે પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિખંડનો જે છેલ્લો સંક્રમ થાય છે તે જઘન્ય સ્થિતિસંક્રમ કહેવાય છે.

હવે જઘન્ય સ્થિતિસંક્રમના સ્વામીપણાનો વિચાર કરે છે—મિથ્યાત્વ અને મિશ્ર એ બે પ્રકૃતિને ક્ષયકાળે સર્વાપવર્ત્તના વડે અપવર્ત્તીને સત્તામાં રાખેલા પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ તેના ચરમ ખંડને સંક્રમાવતા અવિરતિ, દેશવિરતિ, પ્રમત્ત અને અપ્રમત્ત મનુષ્યો જઘન્ય સ્થિતિસંક્રમના સ્વામી[2] છે.

અનંતાનુબંધિની વિસંયોજના કરતાં અનિવૃત્તિ કરણે સર્વાપવર્ત્તના વડે અપવર્ત્તીને સત્તામાં રાખેલા પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ ચરમખંડને સર્વસંક્રમ વડે સંક્રમાવતા ચારે ગતિના સમ્યગ્દૃષ્ટિ આત્માઓ જઘન્ય સ્થિતિ સંક્રમના સ્વામી છે.

શેષ થિણદ્ધીત્રિકાદિ છવ્વીસ પ્રકૃતિઓને ક્રમપૂર્વક ખપાવતા સર્વાપવર્ત્તના વડે અપવર્ત્તીને

---

૧. મિથ્યાત્વ, મિશ્ર અને અનંતાનુબંધિ સિવાય શેષ પ્રકૃતિઓને ક્ષપકશ્રેણિ પર આરૂઢ થયેલો આત્મા નવમે ગુણઠાણે ખપાવે છે, અને મિથ્યાત્વાદિ છ પ્રકૃતિઓને ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરનાર ચોથાથી સાતમા સુધીના જીવો ખપાવે છે. આ પ્રકૃતિઓની સ્થિતિને ક્ષય કરતાં કરતાં છેલ્લા પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ ખંડ રહે છે—તેને પણ ખપાવતાં તે છેલ્લા સ્થિતિઘાતના અંતર્મુહૂર્ત્ત કાળના ચરમસમયે સર્વ સંક્રમ વડે સંક્રમાવી સત્તારહિત થાય છે. એટલે આ પ્રકૃતિઓનો પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ જઘન્ય સ્થિતિસંક્રમ કહ્યો છે.

૨. મિથ્યાત્વ અને મિશ્રમોહનીયનો સર્વથા ક્ષય જિનકાલિક પ્રથમ સંઘયણી મનુષ્યો જ કરતા હોવાથી તેઓને જ જઘન્ય સ્થિતિસંક્રમના સ્વામી કહ્યા છે.

સત્તામાં રાખેલ પોતપોતાના પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ ચરમખંડને સંક્રમાવતા અનિવૃત્તિ બાદર સંપરાય નામના નવમા ગુણસ્થાનકવર્ત્તી આત્માઓ જઘન્ય સ્થિતિસંક્રમના સ્વામી છે.

જે કાળે જઘન્ય સ્થિતિસંક્રમ થાય છે તે કાળે સ્ત્રી, નપુંસકવેદ વર્જીને બાકીની પ્રકૃતિઓની યત્સ્થિતિ, જેટલી સ્થિતિનો જઘન્ય સંક્રમ થાય છે—તેનાથી એક આવલિકા અધિક છે, અને સ્ત્રીવેદ, નપુંસકવેદની અન્તર્મુહૂર્ત્ત અધિક છે.

આવલિકા અને અંતર્મુહૂર્ત્ત અધિક યત્સ્થિતિ કઈ રીતે સમજી શકાય એ પ્રશ્નના ઉત્તરમાં જણાવે છે. સ્ત્રીવેદ, નપુંસકવેદ વર્જીને બાકીની પ્રકૃતિઓના પલ્યોપમના અસંખ્યાતમા ભાગપ્રમાણ ચરમસ્થિતિખંડને નીચેની એક ઉદયાવલિકા છોડીને સંક્રમાવે છે. કેમકે એ ઉદયાવલિકા સકલ કરણને અયોગ્ય છે. એટલે એ ત્રીસ પ્રકૃતિઓના જઘન્ય સ્થિતિસંક્રમ કાળે તેની યત્સ્થિતિ સંક્રમનાર સ્થિતિથી એક આવલિકા અધિક છે.

સ્ત્રીવેદ અને નપુંસકવેદના પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ ચરમખંડને અંતરકરણમાં રહ્યો રહ્યો સંક્રમાવે છે. અંતરકરણમાં કર્મદલિક નથી પરંતુ ઉપર બીજી સ્થિતિમાં છે. અંતરકરણનો કાળ અંતર્મુહૂર્ત્ત પ્રમાણ છે. એટલે અંતર્મુહૂર્ત્ત યુક્ત પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ સ્ત્રીવેદ, નપુંસકવેદની યત્સ્થિતિ છે. આ પ્રમાણે જઘન્ય સ્થિતિસંક્રમના સ્વામી કહ્યા.

આ પ્રમાણે સ્વામિત્વની પ્રરૂપણા કરી. હવે સાદિ આદિની પ્રરૂપણાનો અવસર છે. તે બે પ્રકારે છે : ૧. મૂળપ્રકૃતિ સંબંધી, ૨. ઉત્તરપ્રકૃતિ સંબંધી. તેમાં પહેલાં મૂળપ્રકૃતિ સંબંધે સાદિ આદિની પ્રરૂપણા કરે છે—

मूलठिईण अजहन्नो सत्तण्ह तिहा चतुव्विहो मोहे ।
सेसविगप्पा साई अधुवा ठितिसंकमे होंति ॥५०॥

मूलस्थितेरजघन्यः सप्तानां त्रिधा चतुर्विधः मोहे ।
शेषविकल्पाः साद्यध्रुवाः स्थितिसंक्रमे भवन्ति ॥५०॥

અર્થ—મોહ સિવાય સાત મૂળપ્રકૃતિનો અજઘન્ય સ્થિતિસંક્રમ ત્રણ પ્રકારે છે, મોહનો અજઘન્ય સ્થિતિસંક્રમ ચાર પ્રકારે છે. અને શેષ વિકલ્પ સાદિ, સાંત એમ બે પ્રકારે છે.

ટીકાનુ૦—અહીં જઘન્ય સ્થિતિ સિવાય ઉત્કૃષ્ટ સ્થિતિ સુધીનાં તમામ સ્થિતિસ્થાનોનો અજઘન્યમાં સમાવેશ થાય છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટ સ્થિતિ સિવાય જઘન્ય સ્થિતિ સુધીનાં તમામ સ્થાનોનો અનુત્કૃષ્ટમાં સમાવેશ થાય છે. તાત્પર્ય એ કે, સઘળાં સ્થિતિસ્થાનોનો જઘન્ય-અજઘન્ય એ બેમાં અથવા ઉત્કૃષ્ટ-અનુત્કૃષ્ટ એ બેમાં સમાવેશ થાય છે. જઘન્ય-અજઘન્યાદિનું સ્વરૂપ કહ્યા પછી તેના પર સાદિ આદિ ભાંગા ઘટાવે છે.

મોહનીય સિવાય મૂળ સાત કર્મનો અજઘન્ય સ્થિતિસંક્રમ અનાદિ, ધ્રુવ અને અધ્રુવ એમ ત્રણ પ્રકારે છે. તે આ રીતે—જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાયનો જઘન્ય સ્થિતિસંક્રમ ક્ષીણમોહ ગુણસ્થાનકની સમયાધિક એક આવલિકા શેષ રહે ત્યારે થાય છે. નામ, ગોત્ર, વેદનીય અને આયુ એ ચાર કર્મનો જઘન્ય સ્થિતિસંક્રમ સયોગીકેવલીના ચરમ સમયે થાય છે. આ જઘન્ય

સ્થિતિનો સંક્રમ એક સમય માત્ર થતો હોવાથી સાદિ અને સાંત એમ બે ભાંગે છે. આ સિવાયનો સઘળો સ્થિતિસંક્રમ અજઘન્ય છે અને તે અનાદિ કાળથી થતો હોવાથી અનાદિ છે. અભવ્યોને અજઘન્ય સ્થિતિસંક્રમનો અંત નહિ થાય માટે અનંત, તેમજ ભવ્યોને બારમા અને તેરમા ગુણસ્થાનકના અંત સમયે અજઘન્યનો અંત થશે માટે સાંત. આ રીતે મૂળ સાતકર્મનો અજઘન્ય સ્થિતિસંક્રમ ત્રણ ભાંગે છે.

મોહનીય કર્મનો અજઘન્ય સ્થિતિસંક્રમ સાદિ, અનાદિ, ધ્રુવ અને અધ્રુવ એમ ચાર પ્રકારે છે. તે આ રીતે—મોહનીયકર્મનો જઘન્ય સ્થિતિસંક્રમ ક્ષપક આત્માને સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકની સમયાધિક આવલિકા શેષ સ્થિતિ હોય ત્યારે થાય છે. તે સમયમાત્ર હોવાથી સાદિ-સાંત છે. તે સિવાયનો સઘળો સ્થિતિસંક્રમ અજઘન્ય છે. તે ઉપશાંત મોહગુણસ્થાનકે ક્ષાયિક સમ્યગ્દષ્ટિને થતો નથી, ત્યાંથી પડે ત્યારે થાય છે માટે સાદિ, તે સ્થાન નહિ પ્રાપ્ત કરનારને અનાદિ, અભવ્ય અને ભવ્યની અપેક્ષાએ અનુક્રમે ધ્રુવ અને અધ્રુવ છે.

ઉત્કૃષ્ટ, અનુત્કૃષ્ટ અને જઘન્યરૂપ બાકીના વિકલ્પો સાદિ અને સાંત છે. તે આ રીતે—જેઓ ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરે છે તેઓ જ ઉત્કૃષ્ટ સ્થિતિ સંક્રમાવે છે. ઉત્કૃષ્ટ સ્થિતિબંધ ઉત્કૃષ્ટ સંક્લેશે થાય છે. અને તે ઉત્કૃષ્ટ સંક્લેશ હંમેશ હોતો નથી પરંતુ વચમાં વચમાં થઈ જાય છે, એટલે જ્યારે ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરે ત્યારે ઉત્કૃષ્ટ સ્થિતિનો સંક્રમ પણ કરે છે, તે સિવાયના કાળમાં અનુત્કૃષ્ટ સ્થિતિસંક્રમ કરે છે. આ રીતે બંને વારાફરતી થતા હોવાથી સાદિ-સાંત છે. તથા જઘન્ય સ્થિતિસંક્રમ એક સમય પ્રમાણ હોય છે માટે સાદિ-સાંત છે એ તો પહેલાં કહેવાઈ જ ગયું છે. આ પ્રમાણે મૂળકર્મના ઉત્કૃષ્ટ આદિ સંક્રમમાં સાદ્યાદિ ભાંગા કહ્યા. ૫૦

હવે ઉત્તરપ્રકૃતિને અંગે સાદિ આદિ ભાંગાનો વિચાર કહે છે—

तिविहो धुवसंताणं चउव्विहो तह चरित्तमोहीणं ।
अजहन्नो सेसासु दुविहो सेसा वि दुविगप्पा ॥५१॥

त्रिविधो ध्रुवसतीनां चतुर्विधस्तथा चारित्रमोहानां ।
अजघन्यो शेषाणां द्विविधः शेषा अपि द्विविकल्पाः ॥५१॥

અર્થ—ધ્રુવસત્તાવાળી પ્રકૃતિઓનો અજઘન્ય સ્થિતિસંક્રમ ત્રણ પ્રકારે, ચારિત્રમોહનીયનો ચાર પ્રકારે, અને શેષ પ્રકૃતિઓનો બે પ્રકારે છે. તથા શેષ વિકલ્પો પણ બે પ્રકારે છે.

ટીકાનુ૰—ધ્રુવ છે સત્તા જેઓની તે ધ્રુવસત્તાક પ્રકૃતિઓ કહેવાય અને તેવી ૧૩૦ છે. તે આ—નરકદ્વિક, દેવદ્વિક વૈક્રિયસપ્તક, આહારક સપ્તક, મનુષ્યદ્વિક, તીર્થંકરનામ, સમ્યક્ત્વમોહનીય, મિશ્રમોહનીય, ઉચ્ચ ગોત્ર અને ચાર આયુ. આ અઠ્ઠાવીસ પ્રકૃતિઓ અધ્રુવ સત્તાવાળી છે, ૧૫૮માંથી તે પ્રકૃતિઓને દૂર કરતાં શેષ ૧૩૦ ઉત્તરપ્રકૃતિઓ ધ્રુવ સત્તાવાળી છે. તે ૧૩૦માંથી પણ ચારિત્રમોહનીયની પચીસ પ્રકૃતિઓ કાઢી નાખવી, કેમ કે તેના માટે જુદું જ કહેવામાં આવશે. એટલે ૧૩૦માંથી ચારિત્રમોહનીયની ૨૫ કાઢતાં શેષ ૧૦૫ પ્રકૃતિઓનો જઘન્ય સ્થિતિસંક્રમ પોતપોતાના ક્ષયના અંત એક સમયમાત્ર થતો હોવાથી સાદિ-સાંત છે. તે

સિવાયનો અન્ય સઘળો સ્થિતિસંક્રમ અજઘન્ય છે, અને તે અનાદિ કાળથી થતો હોવાથી અનાદિ છે, અને ભવ્ય-અભવ્યની અપેક્ષાએ અનુક્રમે સાંત અને અનંત છે.

ચારિત્રમોહનીયની પચીસ પ્રકૃતિઓનો અજઘન્ય સ્થિતિસંક્રમ સાદિ, અનાદિ, ધ્રુવ અને અધ્રુવ એમ ચાર પ્રકારે છે, તે આ પ્રમાણે—ઉપશમશ્રેણિમાં એ પચીસ પ્રકૃતિઓનો સર્વથા ઉપશમ થયા પછી કોઈ સંક્રમ થતો નથી, ત્યાંથી પડે ત્યારે અજઘન્ય સંક્રમ થાય છે માટે સાદિ, તે સ્થાન જેણે પ્રાપ્ત કર્યું નથી તેઓ આશ્રયી અનાદિ, અભવ્યને અનન્ત અને ભવ્યને સાંત અજઘન્ય સંક્રમ છે.

શેષ અઠ્ઠાવીસ અધ્રુવ સત્તાવાળી પ્રકૃતિઓના જઘન્ય, અજઘન્ય, ઉત્કૃષ્ટ અને અનુત્કૃષ્ટ એ ચારે વિકલ્પો તેઓની સત્તા જ અધ્રુવ હોવાથી સાદિ-સાંત એ બે ભાંગે છે.

ધ્રુવ સત્તાવાળી પ્રકૃતિઓના અજઘન્ય સિવાય શેષ જઘન્ય, ઉત્કૃષ્ટ અને અનુત્કૃષ્ટ એ ત્રણ વિકલ્પો પણ સાદિ-સાંત ભાંગે છે. તેમાં ઉત્કૃષ્ટ-અનુત્કૃષ્ટ સ્થિતિસંક્રમ ઉપરના સાદિ-સાંત એ બે ભંગ મૂળકર્મમાં જે પ્રમાણે કહ્યા તે પ્રમાણે સમજવા. અને જઘન્ય સ્થિતિસંક્રમ તો પોતપોતાના ક્ષયને અંતે એક સમયમાત્ર થતો હોવાથી સાદિ-સાંત ભાંગે છે. આ પ્રમાણે ઉત્તરપ્રકૃતિના જઘન્ય-અજઘન્ય સંક્રમાદિ પર સાદિ આદિ ચાર ભાંગા વિચાર્યા. ૫૧

આ પ્રમાણે સ્થિતિસંક્રમનું સ્વરૂપ કહ્યું. હવે અનુભાગસંક્રમ કહેવાનો અવસર છે. તેમાં સાત અનુયોગદ્વાર છે. તે આ—૧. ભેદ, ૨. વિશેષ લક્ષણ, ૩. સ્પર્દ્ધક પ્રરૂપણા, ૪. ઉત્કૃષ્ટ અનુભાગસંક્રમનું પ્રમાણ, ૫. જઘન્ય અનુભાગસંક્રમનું પ્રમાણ, ૬. સ્વામિત્વ અને ૭. સાદિ આદિ પ્રરૂપણા, તેમાં પ્રથમ ભેદપ્રરૂપણા કહે છે—

ठितिसंकमो व्व तिविहो रसम्मि उव्वट्टणाइ विन्नेओ ।
रसकारणओ नेयं घाइत्तविसेसणभिहाणं ॥५२॥

स्थितिसंक्रमवत्त्रिविधः रसे उद्वर्त्तनादिना विज्ञेयः ।
रसकारणतो ज्ञेयं घातित्वविशेषणाभिधानम् ॥५२॥

અર્થ—રસનો સંક્રમ ઉદ્વર્તનાદિ ભેદે સ્થિતિસંક્રમની જેમ ત્રણ પ્રકારે જાણવો. તથા ઘાતિત્વ આદિ વિશેષનામ રસને લઈને સમજવું.

ટીકાનુ૰—અનુભાગનો સંક્રમ બે પ્રકારે છે—૧. મૂળપ્રકૃતિના અનુભાગનો સંક્રમ, ૨. ઉત્તરપ્રકૃતિના અનુભાગનો સંક્રમ. તેમાં મૂળપ્રકૃતિના અનુભાગનો સંક્રમ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય આદિ આઠ કર્મના ભેદે આઠ પ્રકારે છે. તથા ઉત્તરપ્રકૃતિઓના અનુભાગનો સંક્રમ મતિજ્ઞાનાવરણીય, શ્રુતજ્ઞાનાવરણીય યાવત્ વીર્યાંતરાય સુધી ૧૫૮ ઉત્તરપ્રકૃતિના ભેદે ૧૫૮ પ્રકારે છે. મૂળ અને ઉત્તરપ્રકૃતિઓના રસનો સંક્રમ થાય છે માટે તેના પણ ૮ અને ૧૫૮ ભેદો થાય છે. આ રીતે ભેદની પ્રરૂપણા કરી.

હવે વિશેષ લક્ષણનું કથન કરે છે—સ્થિતિસંક્રમની જેમ રસનો સંક્રમ પણ ઉદ્વર્તના, અપવર્તના અને પ્રકૃત્યન્તર નયન સંક્રમરૂપ ત્રણ ભેદે છે. તેમાં સત્તામાં રહેલા અલ્પ રસને

વધારવો તે ઉદ્વર્ત્તના, સત્તામાં રહેલા અધિક રસને અલ્પ કરવો તે અપવર્ત્તના, અને વિવક્ષિત પ્રકૃતિના રસને બંધાતી અન્ય પ્રકૃતિના રસ રૂપે કરવો તે પ્રકૃત્યન્તર નયન સંક્રમ કહેવાય છે. એટલે કે સત્તામાં રહેલ રસની જે વધઘટ થાય છે અને એક સ્વરૂપે રહેલ રસ અન્ય સ્વરૂપે જેમ કે સાતવેદનીયનો અસાતવેદનીય રૂપે થાય છે તે સઘળા સંક્રમના જ પ્રકારો છે. આ રીતે વિશેષ લક્ષણનું કથન કર્યું.

હવે રસસ્પર્દ્ધકની પ્રરૂપણા કરે છે—રસ સ્પર્દ્ધકો સર્વઘાતી, દેશઘાતી અને અઘાતી એમ ત્રણ પ્રકારે છે. તેમાં પોતાનાથી હણાઈ શકે—દબાઈ શકે તેવા કેવલજ્ઞાનાદિ ગુણને જે સર્વથા ઘાત કરે તે સર્વઘાતિરસસ્પર્દ્ધકો કહેવાય છે. પોતાનાથી દબાઈ શકે તેવા જ્ઞાનાદિ ગુણના મતિજ્ઞાનાદિરૂપ એક દેશને જે દબાવે છે તે દેશઘાતિ સ્પર્દ્ધક કહેવાય છે. અને જે રસસ્પર્દ્ધકો આત્માના કોઈ પણ ગુણને દબાવતા નથી પરંતુ જેમ પોતે ચોર ન હોય છતાં ચોરના સંબંધથી ચોર કહેવાય છે તેમ સર્વઘાતિરસસ્પર્દ્ધકના સંબંધથી સર્વઘાતી કહેવાય છે, તે અઘાતિસ્પર્દ્ધકો છે.

આ અઘાતિ સ્પર્દ્ધકો સ્વયં આત્માના કોઈ ગુણને દબાવતા નથી, માત્ર સર્વઘાતિ સ્પર્દ્ધકનો જ્યાં સુધી સંબંધ છે ત્યાં સુધી તેના જેવો ભાગ ભજવે છે. જેમ નિર્બળ બળવાનની સાથે મળે ત્યારે બળવાનના જેવો ભાગ ભજવે છે, તેમ અઘાતિરસ સર્વઘાતિ રસના સંબંધવાળો હોય ત્યાં સુધી તેનો જેવો ભાગ ભજવે છે.

પૂર્વે પ્રકૃતિઓમાં જે સર્વઘાતી, દેશઘાતી કે અઘાતીપણું કહ્યું તે સર્વઘાતી આદિ રસ સ્પર્દ્ધકના સંબંધથી સમજવું. એટલે કે તે તે પ્રકારના રસના સંબંધથી જ સર્વઘાતી, દેશઘાતી કે અઘાતી પ્રકૃતિઓ કહેવાય છે, એમ સમજવું. એ જ હકીકત ગાથાના પદથી કહે છે—रसकारणतः-સર્વઘાતિ આદિ રસરૂપ કારણને આશ્રયીને જ કર્મપ્રકૃતિઓ સર્વઘાતિની, દેશઘાતિની કે અઘાતિની કહેવાય છે. ૫૨

ઉપર કહી તે જ હકીકતને આ ગાથામાં વિશેષ સ્પષ્ટતા થાય માટે કહે છે—

देसग्घाइरसेणं, पगईओ होन्ति देसघाईओ ।
इयरेणियरा एमेव, ठाणसन्ना वि नेयव्वा ॥५३॥

देशघातिरसेन प्रकृतयो भवन्ति देशघातिन्यः ।
इतरेणेतरे एवमेव स्थानसंज्ञाऽपि ज्ञातव्या ॥५३॥

અર્થ—દેશઘાતિ રસસ્પર્દ્ધકના સંબંધથી પ્રકૃતિઓ દેશઘાતિ છે, અને इतरेण—સર્વઘાતિ રસસ્પર્દ્ધકના સંબંધથી પ્રકૃતિઓ इतरे—સર્વઘાતિ છે. એ પ્રમાણે સ્થાન સંજ્ઞા પણ જાણવી.

ટીકાનુ૦—કર્મપ્રકૃતિઓમાં સર્વઘાતિત્વ, દેશઘાતિત્વ અને અઘાતિત્વ એ રસના સંબંધથી છે. દેશઘાતિ રસ સ્પર્દ્ધકના સંબંધથી મતિજ્ઞાનાવરણીય આદિ પચીસ કર્મપ્રકૃતિઓ દેશઘાતિ કહેવાય છે, સર્વઘાતિ રસસ્પર્દ્ધકના સંબંધથી કેવલજ્ઞાનાવરણીયાદિ વીસ પ્રકૃતિઓ સર્વઘાતી કહેવાય છે, અને અઘાતિ રસસ્પર્દ્ધકના સંબંધથી સાતવેદનીયાદિ પંચોતેર પ્રકૃતિઓ અઘાતી કહેવાય છે. આત્માના જ્ઞાનાદિ ગુણને સૂર્ય અને મેઘને દષ્ટાંતે જે પ્રકૃતિઓ સર્વથા ઘાત કરે તે

સર્વઘાતી, ગુણના એક દેશને દેશથી ઘાત કરે તે દેશઘાતી, અને જે પ્રકૃતિઓ આત્માના કોઈ ગુણનો ઘાત કરતી નથી, પરંતુ સાતા આદિ ઉત્પન્ન કરે છે તે કર્મપ્રકૃતિઓ અઘાતી કહેવાય છે.

આ જ પ્રમાણે એકસ્થાનકાદિ સ્થાન સંજ્ઞા પણ રસના સંબંધથી જ જાણવી. બંધની અપેક્ષાએ એકસો વીસ પ્રકૃતિમાંથી મતિ-શ્રુત-અવધિ અને મનઃપર્યવજ્ઞાનાવરણીય, ચક્ષુ-અચક્ષુ અને અવધિદર્શનાવરણીય, પુરુષવેદ, સંજ્વલન ચતુષ્ક, અને પાંચ અંતરાય એ સત્તર પ્રકૃતિઓ એકસ્થાનક, દ્વિસ્થાનક, ત્રણસ્થાનક અને ચારસ્થાનક રસવાળી છે. અને બાકીની એકસો ત્રણ પ્રકૃતિઓ બે, ત્રણ અને ચાર સ્થાનક રસવાળી છે. કર્મપ્રકૃતિઓમાં એક સ્થાનકાદિ જે સ્થાન સંજ્ઞા કહી છે તે પણ રસ-અનુભાગરૂપ કારણને લઈને જ છે. જેમ કે—જે મતિજ્ઞાનાવરણાદિ કર્મપ્રકૃતિઓમાં એકસ્થાનક અતિમંદ રસ હોય છે તે એકસ્થાનક રસવાળી કહેવાય છે એ પ્રમાણે દ્વિસ્થાનકાદિ રસવાળી પણ સમજી લેવી. અધ્યવસાયાનુસાર જે પ્રકૃતિઓમાં જેવો રસ ઉત્પન્ન થયો હોય તે પ્રકૃતિઓમાં તેને અનુરૂપ એક સ્થાનકાદિ સંજ્ઞા સમજવી. ૫૩

પૂર્વની ગાથામાં બંધની અપેક્ષાએ ઘાતિત્વ અને સ્થાન સંજ્ઞાનો વિચાર કર્યો છે. સમ્યક્ત્વ અને મિશ્ર મોહનીય બંધાતી નહિ હોવાને લીધે તેની સ્થાનાદિ સંજ્ઞા કહી નથી તે કહેવા માટે તથા કેટલીક પ્રકૃતિઓના સંક્રમ આશ્રયી કંઈક વિશેષ કહેવા માટે આ ગાથા કહે છે—

सव्वग्घाइ दुठाणो मीसायवमणुयतिरियआऊणं ।
इगदुट्ठाणो सम्मंमि तदियरोण्णासु जह हेट्ठा ॥५४॥

सर्वघाती द्विस्थानकः मिश्रातपमनुजतिर्यगायुषाम् ।
एकद्विस्थानकः सम्यक्त्वे तदितरोऽन्यासु यथाऽधस्तात् ॥५४॥

અર્થ—મિશ્ર, આતપ અને મનુજ-તિર્યંચના આયુષ્યનો સંક્રમને આશ્રયી રસ સર્વઘાતી અને દ્વિસ્થાનક હોય છે. સમ્યક્ત્વનો સંક્રમ આશ્રયી રસ એકસ્થાનક, મંદ બેસ્થાનક અને દેશઘાતી હોય છે. તથા અન્ય પ્રકૃતિઓમાં જેમ ત્રીજા દ્વારમાં બંધ આશ્રયી કહ્યો છે તે પ્રમાણે સંક્રમ આશ્રયી પણ હોય છે.

ટીકાનુ૰—પ્રસ્તુત રસ સંક્રમના અધિકારમાં, કેટલો અને કેવો રસ સંક્રમે છે તે કહેવું પ્રસ્તુત છે, માત્ર ઘાતિત્વાદિ સંજ્ઞા અને સ્થાન સંજ્ઞા કહીને જ રહી જવું તે પ્રસ્તુત નથી. એટલે આ ગાથામાં કઈ પ્રકૃતિઓનો કેટલો અને કેવો રસ સંક્રમે છે તે કહે છે.

મિશ્રમોહનીય, આતપ અને મનુષ્ય-તિર્યંચ આયુનો રસ દ્વિસ્થાનક અને સર્વઘાતી સંક્રમે છે. તેમાં મિશ્રમોહનીયનો રસ તો સર્વઘાતી અને મધ્યમ બે સ્થાનક જ હોય છે, અન્ય હોતો નથી, એટલે તેના સંક્રમઆશ્રયી સર્વઘાતી અને મધ્યમ બે સ્થાનક રસ કહ્યો છે. આતપ, મનુષ્યાયુ અને તિર્યંચાયુનો જો કે બે, ત્રણ, ચાર સ્થાનક રસ હોય છે, કેમ કે તેવો રસ બંધાય છે, છતા તથાસ્વભાવે દ્વિસ્થાનક રસ જ સંક્રમે છે. તથા એ પ્રકૃતિઓનો રસ અઘાતી છે એટલે પોતાના સ્વભાવે આત્માના કોઈ ગુણને દબાવતો નથી, પરંતુ સર્વઘાતી અન્યાન્ય પ્રકૃતિઓના રસના સંબંધથી તે સર્વઘાતી છે, પરંતુ અઘાતી નથી. આ સંબંધમાં પહેલા કહી ગયા છે કે જેમ ચોરના સંબંધથી શાહુકાર ચોર કહેવાય છે તેમ સર્વઘાતિ રસ સાથે અનુભવાતો અઘાતિ રસ પણ સર્વઘાતી

કહેવાય છે. શાસ્ત્રમાં તેને સર્વઘાતિ પ્રતિભાગ એટલે કે સર્વઘાતિની સદૃશતાને ભજનાર કહ્યો છે, પરંતુ સર્વઘાતી નહિ. કેમ કે ઘાતિ કર્મપ્રકૃતિઓનો સર્વથા ક્ષય થયા બાદ તેરમે ગુણઠાણે રહેલા અઘાતિ ચાર કર્મનો રસ આત્માના કોઈપણ ગુણનો ઘાત કરતો નથી. જો પોતાના સ્વભાવે જ સર્વઘાતી હોત તો કેવળજ્ઞાનાવરણીયાદિની જેમ તે પણ આત્માના ગુણોને દબાવત.

સમ્યક્ત્વ મોહનીયનો એક સ્થાનક અને મંદ દ્વિસ્થાનક તથા દેશઘાતિરસ સંક્રમે છે, અન્ય પ્રકારનો નહિ, કેમકે અસંભવ છે. આ પ્રમાણે પહેલાં નહિ કહેલ સમ્યક્ત્વ, મિશ્રમોહનીયની સ્થાન સંજ્ઞા અને ઘાતિત્વ પણ પ્રસંગે કહ્યું.

બાકીની પ્રકૃતિઓના પહેલાં આ જ ગ્રંથના ત્રીજા દ્વારમાં બંધ આશ્રયી એક સ્થાનકાદિ અને સર્વઘાતી જેવા પ્રકારનો રસ કહ્યો છે. સંક્રમમાં પણ તેવા જ પ્રકારનો રસ સમજવો. જેટલો અને જેવો બંધાય છે તેટલો અને તેવો સંક્રમે પણ છે. ૫૪

પૂર્વની ગાથામાં રસનો સામાન્યતઃ સંક્રમ બતાવીને આ ગાથામાં સંક્રમના વિષયમાં ઉત્કૃષ્ટ અને જઘન્ય રસ જેવા સ્વરૂપવાળો હોય તેનું પ્રતિપાદન કહે છે—

दुट्ठाणो च्चिय जाणं ताणं उक्कोसओ वि सो चेव ।
संकमइ वेयगे वि हु सेसासुक्कोसओ परमो ॥५५॥

द्विस्थानकः चैव यासां तासां उत्कृष्टतोऽपि स चैव ।
संक्रामति वेदकेऽपि हु शेषासूत्कृष्टः परमः ॥५५॥

અર્થ—જે પ્રકૃતિઓનો રસ સંક્રમના વિષયમાં દ્વિસ્થાનક જ હોય છે, તેઓનો ઉત્કૃષ્ટ પણ તે જ રસ સંક્રમે છે. વેદકસમ્યક્ત્વનો પણ ઉત્કૃષ્ટ દ્વિસ્થાનક જ સંક્રમે છે. શેષ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ-ચતુઃસ્થાનક રસ સંક્રમે છે.

ટીકાનુ૰—મિશ્રમોહનીય, આતપ, મનુષ્યાયુ, અને તિર્યગાયુરૂપ[1] જે પ્રકૃતિઓનો દ્વિસ્થાનક રસ જ સંક્રમે છે, અસંભવપણાથી અથવા તથાસ્વભાવરૂપ કારણથી અન્ય પ્રકારનો રસ સંક્રમી શકતો નથી, તે પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ પણ બે સ્થાનક રસ જ સંક્રમે છે, અન્ય કોઈ પ્રકારનો રસ સંક્રમતો નથી. તથા વેદક સમ્યક્ત્વ-સમ્યક્ત્વ મોહનીયનો પણ ઉત્કૃષ્ટ બે સ્થાનક રસ જ સંક્રમે છે. જો કે તેનો એક સ્થાનક રસ છે પણ તે જઘન્ય છે, અને ત્રણ કે ચાર સ્થાનીય રસ મિશ્ર અને સમ્યક્ત્વમોહનીયનો હોતો જ નથી. તથા શેષ સઘળી પ્રકૃતિઓનો સંક્રમના વિષયમાં ઉત્કૃષ્ટથી ચાર સ્થાનક રસ હોય છે. ૫૫

હવે જઘન્ય રસ કેટલા સ્થાનીય સંક્રમે છે, તે કહે છે.

एकट्ठाणजहन्नं संकमइ पुरिससम्मसंजलणे ।
इयरासुं दोट्ठाणि य जहण्णरससंकमे फड्डुं ॥५६॥

---

૧. આ પ્રકૃતિઓનો બંધમાં વધારે સ્થાનકવાળો રસ હોય છે. પરંતુ તથાસ્વભાવે સંક્રમમાં ઉત્કૃષ્ટ તો બે સ્થાનક જ હોય છે.

एकस्थानजघन्यं संक्रामति पुरुषसम्यक्त्वसंज्वलनानाम् ।
इतरासां द्विस्थानं च जघन्यरससंक्रमे स्पद्र्धकम् ॥५६॥

અર્થ—પુરુષવેદ, સમ્યક્ત્વમોહનીય અને સંજ્વલન કષાયનું એકસ્થાનવાળું સર્વ જઘન્ય રસ સ્પર્દ્ધક સંક્રમે છે, અને ઇતર પ્રકૃતિઓનું બે સ્થાનક જઘન્ય રસ સ્પર્દ્ધક સંક્રમે છે.

ટીકાનુ૰—પુરુષવેદ, સમ્યક્ત્વમોહનીય, સંજ્વલન ક્રોધ, માન, માયા અને લોભનું એકસ્થાનક રસ સંબંધી ઓછામાં ઓછા રસવાળું જે સ્પર્દ્ધક હોય તે જ્યારે સંક્રમે ત્યારે તેઓનો જઘન્ય-અનુભાગ સંક્રમ થયો કહેવાય છે. (આ સંક્રમ ક્યારે થાય તે હવે પછી કહેવાતા ઉત્કૃષ્ટ અને જઘન્યાનુભાગ સંક્રમના સ્વામિત્વાધિકારમાંથી જોઈ લેવું.)

ઇતર—શેષ કર્મપ્રકૃતિઓના જઘન્ય રસ સંક્રમના વિષયમાં બેસ્થાનક રસ સ્પર્દ્ધક સમજવું. એટલે કે—શેષ પ્રકૃતિઓમાં તેઓનું સર્વ જઘન્ય-ઓછામાં ઓછા રસવાળું બે સ્થાનક રસ સ્પર્દ્ધક જ્યારે સંક્રમે ત્યારે તેનો જઘન્ય અનુભાગ સંક્રમ થયો એમ કહેવાય છે.

અહીં જો કે મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યવજ્ઞાનાવરણ, ચક્ષુ, અચક્ષુ અને અવધિદર્શનાવરણ તથા અંતરાય પંચક એ પ્રકૃતિઓનો એકસ્થાનક રસ પણ બંધમાં હોય છે—બંધાય છે. છતાં ક્ષયકાળે જ્યારે જઘન્ય રસ સ્પર્દ્ધક સંક્રમે ત્યારે બેસ્થાનક રસ પણ સંક્રમે છે, એટલે કે બેસ્થાનક રસની સાથે એકસ્થાનક રસ પણ સંક્રમે છે, કેવળ એકસ્થાનક રસ સંક્રમતો નથી, માટે તે પ્રકૃતિઓના જઘન્ય રસ સંક્રમના વિષયભૂત એકસ્થાનક રસ કહ્યો નથી.

અહીં શંકા કરનારાઓ એ શંકા કરે કે જ્યારે ઉપરોક્ત પ્રકૃતિઓનો એકસ્થાનક રસ બંધાય છે, ત્યારે જઘન્ય રસ સંક્રમકાળે એકસ્થાનક રસ કેમ સંક્રમે નહિ ? તેના ઉત્તરમાં એમ કહ્યું કે, જઘન્ય રસ સંક્રમકાળે તથાજીવસ્વભાવે કેવળ એકસ્થાનક રસ સંક્રમતો નથી પણ પૂર્વબદ્ધ બેસ્થાનક અને એકસ્થાનક બંને સંક્રમે છે માટે તે પ્રકૃતિઓના સંક્રમના વિષયમાં એકસ્થાનક રસ ન કહ્યો. જો તે પ્રકૃતિઓના જઘન્ય રસ સંક્રમના વિષયમાં એકસ્થાનક રસ કહ્યો હોત તો છેલ્લે જ્યારે જઘન્ય રસ સંક્રમ થાય ત્યારે કેવળ એકસ્થાનક રસનો જ થાય, બેસ્થાનકનો થઈ શકે નહિ, અને સંક્રમ તો બેસ્થાનક રસનો પણ થાય છે. માટે એક સ્થાનક રસનો સંક્રમ ન કહેતાં બેસ્થાનક રસનો સંક્રમ કહ્યો. બેસ્થાનકમાં એકસ્થાનક સમાય, એકસ્થાનકમાં બેસ્થાનક સમાય નહિ. અહીં રસનો સંક્રમ એટલે તેવા તેવા રસવાળા પુદ્ગલનો સંક્રમ સમજવો. ૫૬.

આ પ્રમાણે જઘન્ય રસ સંક્રમનું પ્રમાણ કહ્યું, હવે તેટલા રસનો સંક્રમાવનાર કોણ હોય ? તે કહેવું જોઈએ, તેમાં—

પહેલાં ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમના સ્વામી કોણ હોય તે કહે છે—

बंधिय उक्कोसरसं आवलियाओ परेण संकामे ।
जावंतमुहू मिच्छो असुभाणं सव्वपयडीणं ॥५७॥

बद्ध्वोत्कृष्टरसं आवलिकायाः परतः संक्रमयति ।
यावदन्तर्मुहूर्त्तं मिथ्यादृष्टिः अशुभानां सर्वप्रकृतीनाम् ॥५७॥

અર્થ—મિથ્યાદૃષ્ટિ આત્મા અશુભ સઘળી પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ રસ બાંધીને આવલિકા ગયા પછી અંતર્મુહૂર્ત્ત પર્યંત તેને સંક્રમાવે છે.

ટીકાનુ૰—પાંચ જ્ઞાનાવરણ, નવ દર્શનાવરણ, અસાતાવેદનીય, અઠ્ઠાવીસ મોહનીય, નરકદ્વિક, તિર્યદ્વિક, એકેન્દ્રિયાદિ ચાર અશુભ જાતિ, પ્રથમ સિવાય બાકીના પાંચ સંઘયણ અને પાંચ સંસ્થાન, અશુભવર્ણાદિ નવ, ઉપઘાત, અપ્રશસ્ત વિહાયોગતિ, સ્થાવર, સૂક્ષ્મ, સાધારણ, અપર્યાપ્ત, અસ્થિર, અશુભ, દુર્ભગ, દુઃસ્વર, અનાદેય, અપયશ, નીચ ગોત્ર અને અંતરાય પંચક એ સઘળી—અઠ્ઠાશી અશુભ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ રસ બાંધીને આવલિકા ગયા બાદ બાંધેલા તે રસને સૂક્ષ્મ એકેન્દ્રિય[1] અપર્યાપ્તથી આરંભી સઘળા ચારે ગતિના મિથ્યાદૃષ્ટિ જીવો અન્તર્મુહૂર્ત્ત પર્યંત સંક્રમાવે છે.

માત્ર અસંખ્યાત વર્ષાયુવાળા તિર્યંચો, મનુષ્યો અને આનતાદિ દેવો ઉત્કૃષ્ટ રસને સંક્રમાવતા નથી. કારણ કે તેઓ મિથ્યાદૃષ્ટિ[2] હોવા છતાં પણ તીવ્ર સંક્લેશનો અભાવ હોવાથી ઉપરોક્ત અશુભ પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ રસને બાંધતા નથી, અને ઉત્કૃષ્ટ રસના બંધનો અભાવ હોવાને લીધે ઉત્કૃષ્ટ રસને તેઓ સંક્રમાવતા પણ નથી માટે તેઓને વર્જ્યા છે.

મિથ્યાદૃષ્ટિને ઉત્કૃષ્ટ રસનો સંક્રમ બંધાવલિકા ગયા બાદ અંતર્મુહૂર્ત્ત જ કહ્યો છે, વધારે કાળ નહિ. કારણ કે અન્તર્મુહૂર્ત્ત પછી શુભ પરિણામને યોગે તેના ઉત્કૃષ્ટ રસના વિનાશનો સંભવ છે. મિથ્યાદૃષ્ટિ આત્મા પાપ કે પુન્ય પ્રકૃતિના ઉત્કૃષ્ટ રસને યથાયોગ્ય રીતે બાંધ્યા છતાં પણ બંધ થયા પછી અંતર્મુહૂર્ત્ત બાદ તે શુભ પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ રસને સંક્લેશ વડે અને અશુભ પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ રસને વિશુદ્ધિ વડે અવશ્ય નાશ કરે છે, અને તેથી જ તેઓને ઉત્કૃષ્ટ રસના સંક્રમનો કાળ અંતર્મુહૂર્ત્ત કહ્યો છે. ૫૭

आयावुज्जोचोराल-पढमसंघयणमणदुगाउणं ।
मिच्छा सम्मा य सामी सेसाणं जोगि सुभियाणं ॥५८॥

आतपोद्योतौरालप्रथमसंघयणमनुजद्विकायुषाम् ।
मिथ्यादृष्टयः सम्यग्दृष्टयश्च स्वामिनः शेषाणां योगिनः शुभानाम् ॥५८॥

---

૧. જો કે ઉપરોક્ત પાપ પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ રસનો બંધ સંજ્ઞી મિથ્યાદૃષ્ટિ કરે છે. પરંતુ તેવો રસ બાંધી એકેન્દ્રિયાદિમાં ઉત્પન્ન થાય તો તે એકેન્દ્રિયાદિ જીવો ઉત્કૃષ્ટ રસનો સંક્રમ કરી શકે છે.

૨. યુગલિકો અને આનતાદિ દેવો તીવ્ર સંક્લેશ નહિ હોવાને લીધે ભલે ઉત્કૃષ્ટ રસ બાંધે નહિ પણ જે સંજ્ઞીમાંથી તેઓ આવે છે ત્યાં બંધાયેલ ઉત્કૃષ્ટ રસ લઈને આવે તો તે કેમ ન સંક્રમાવે ? જેમ એકેન્દ્રિયો પૂર્વભવના બાંધેલા ઉત્કૃષ્ટ રસને સંક્રમાવે છે. તેના ઉત્તરમાં સમજવાનું કે, ઉપર ગાથાના અંતે કહ્યું છે કે મિથ્યાદૃષ્ટિઓ પુન્ય કે પાપના ઉત્કૃષ્ટ રસને અંતર્મુહૂર્ત્તથી વધારે ટકાવી શકતા નથી. યુગલિકોનું અને આનતાદિ દેવોનું આયુ તે પ્રશસ્ત પ્રકૃતિ હોવાને લીધે શુદ્ધ લેશ્યાએ બંધાય છે. જે લેશ્યાએ બંધાય છે તે લેશ્યા મનુષ્ય-તિર્યંચનું અંતર્મુહૂર્ત્ત આયુ શેષ હોય ત્યારે થાય છે. છેલ્લા અંતર્મુહૂર્ત્તમાં પ્રશસ્ત લેશ્યા હોવાને લીધે પૂર્વ ઉત્કૃષ્ટ રસ કદાચ બાંધ્યો હોય તોપણ તે ઘટી જાય છે. એટલે અશુભ પ્રકૃતિના ઉત્કૃષ્ટ રસની સત્તા લઈને યુગલિક અને આનતાદિમાં જતા નથી એટલે ઉત્કૃષ્ટ રસના સંક્રમાધિકારી તેઓ નથી.

અર્થ—આતપ, ઉદ્યોત, ઔદારિક સપ્તક, પ્રથમ સંઘયણ, મનુષ્યદ્વિક અને ચાર આયુના ઉત્કૃષ્ટ રસ સંક્રમના સ્વામી મિથ્યાદષ્ટિ અને સમ્યગ્દષ્ટિઓ જાણવા. અને શેષ શુભ પ્રકૃતિઓના સયોગી-કેવલીઓ જાણવા.

ટીકાનુ૦—આતપ, ઉદ્યોત, ઔદારિક સપ્તક, પ્રથમ સંઘયણ અને મનુષ્યદ્વિક એ બાર કર્મપ્રકૃતિઓના ઉત્કૃષ્ટ રસ સંક્રમના સ્વામી મિથ્યાદષ્ટિ અને સમ્યગ્દષ્ટિ બંને પ્રકારના આત્માઓ સમજવા. તે આ પ્રમાણે—સમ્યગ્દષ્ટિ આત્માઓ શુભ પ્રકૃતિઓના અનુભાગનો વિનાશ કરતા નથી પરંતુ વિશેષતઃ એકસો બત્રીસ સાગરોપમ સુધી ટકાવી રાખે છે. એટલે આતપ, ઉદ્યોત સિવાય ઉપરોક્ત પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ રસને સમ્યગ્દષ્ટિ છતાં બાંધી બંધાવલિકા ગયા બાદ તે ઉત્કૃષ્ટ રસને ઉપરોક્ત કાળ પર્યંત સમ્યગ્દષ્ટિ આત્માઓ સંક્રમાવે છે. તથા ઉપરોક્ત કાળ પર્યંત તે રસને ટકાવીને પછીથી મિથ્યાત્વે પણ જાય છે, એટલે મિથ્યાદષ્ટિઓ પણ ઉપરોક્ત પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ રસને સંક્રમાવે છે.

આતપ, ઉદ્યોતનો ઉત્કૃષ્ટ અનુભાગ મિથ્યાદષ્ટિઓ જ બાંધે છે. માટે બંધાવલિકા ગયા બાદ તે બેના ઉત્કૃષ્ટ રસના સંક્રમનો તો તેઓને અભાવ નથી જ, અને ઉત્કૃષ્ટ રસ સત્તામાં છતાં મિથ્યાત્વેથી સમ્યક્ત્વે જતા સમ્યગ્દષ્ટિઓ પણ તે બે પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ રસને સંક્રમાવે છે. કેમ કે શુભ પ્રકૃતિ હોવાથી સમ્યગ્દષ્ટિઓ તે બેના ઉત્કૃષ્ટ રસને ઓછો કરતા નથી. પરંતુ ટકાવી રાખે છે, એટલે સમ્યગ્દષ્ટિને પણ તેના ઉત્કૃષ્ટ રસના સંક્રમનો કોઈ વિરોધ નથી.

ચાર[1] આયુના ઉત્કૃષ્ટ રસને સમ્યગ્દષ્ટિ કે મિથ્યાદષ્ટિ છતાં બાંધી, બંધાવલિકા ગયા બાદ તે તે આયુની સમયાધિક આવલિકા શેષ રહે ત્યાં સુધી સમ્યગ્ કે મિથ્યા એમ બંને દષ્ટિવાળા સંક્રમાવે છે. એટલે ચાર આયુના ઉત્કૃષ્ટ રસ સંક્રમના સ્વામી સમ્યગ્દષ્ટિ અને મિથ્યાદષ્ટિ બંને છે.

શેષ સાતવેદનીય[2], દેવદ્વિક, પંચેન્દ્રિયજાતિ, વૈક્રિયસપ્તક, આહારક સપ્તક, તૈજસ સપ્તક, સમચતુરસ્ર સંસ્થાન, શુભવર્ણાદિ અગિયાર, પ્રશસ્ત વિહાયોગતિ, ઉચ્છ્વાસનામ, અગુરુલઘુ, પરાઘાત, ત્રસાદિદશ, નિર્માણ, તીર્થંકર અને ઉચ્ચ ગોત્રરૂપ ચોપન શુભ પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ રસને પોતપોતાના બંધ વિચ્છેદ સમયે બાંધી બંધાવલિકા ગયા બાદ સયોગી કેવલીના ચરમ સમય પર્યંત તે ઉત્કૃષ્ટ રસને સંક્રમાવે છે. માટે એ ચોપન પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ રસ સંક્રમના સ્વામી સયોગી-કેવલી આત્માઓ જાણવા. અને 'च' શબ્દથી તે તે પ્રકૃતિઓનો બંધવિચ્છેદ થયા પછી જે જે ગુણસ્થાને વર્ત્તતા હોય તે તે ગુણસ્થાન વર્ત્તી જીવો પણ સમજવા. જેમ કે, સાતવેદનીય, યશઃકીર્ત્તિ અને ઉચ્ચ ગોત્રના ઉત્કૃષ્ટ રસને બારમા ગુણસ્થાનકવર્ત્તી જીવો અને શેષ

---

૧. અહીં ત્રણ આયુનો ઉત્કૃષ્ટ રસબંધ મિથ્યાદષ્ટિ કરે છે અને દેવાયુનો અપ્રમત્ત આત્મા કરે છે. એટલે જ્યાં જ્યાં બાંધે ત્યાં ત્યાં તો ઉત્કૃષ્ટ રસનો સંક્રમ ઘટી શકે છે. અને ઉત્કૃષ્ટ રસ સત્તામાં છતાં, મિથ્યાત્વેથી સમ્યક્ત્વે જતા સમ્યગ્દષ્ટિને ત્રણ આયુમાં ઉત્કૃષ્ટ રસનો, અને સમ્યક્ત્વેથી પડી મિથ્યાત્વે જતા મિથ્યાદષ્ટિને પણ દેવાયુના ઉત્કૃષ્ટ રસનો સંક્રમ ઘટી શકે છે.

૨. સાતવેદનીય, યશઃકીર્ત્તિ અને ઉચ્ચ ગોત્ર એ ત્રણના ઉત્કૃષ્ટ રસનો બંધ ક્ષપકને દશમા ગુણસ્થાનકના અંત સમયે અને શેષ પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ રસનો બંધ ક્ષપકને આઠમાના છઠ્ઠા ભાગે થાય છે.

પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ રસને નવ-દશ અને બારમા ગુણસ્થાનકવર્ત્તી જીવો પણ સંક્રમાવનાર જાણવા. ૫૮

આ પ્રમાણે ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમના સ્વામી કહ્યા. હવે જઘન્ય અનુભાગ સંક્રમના સ્વામી કહેવા જોઈએ, તેમાં જઘન્ય અનુભાગ સંક્રમનો સંભવ કોને હોઈ શકે તેના પરિજ્ઞાન માટે નીચેની ગાથા કહે છે—

खवगस्संतरकरणे अकए घाईण जो उ अणुभागो ।
तस्स अणंतो भागो सुहुमेगिंदिय अए थोवो ॥५९॥

क्षपकस्यान्तरकरणेऽकृते घातिनां यस्त्वनुभागः ।
तस्यानन्तभागः सूक्ष्मैकेन्द्रियस्य कृते स्तोकः ॥५९॥

અર્થ—અંતરકરણ ન કરાયું હોય ત્યાં સુધી ક્ષપકને ઘાતિકર્મનો જે અનુભાગ (સત્તામાં) હોય છે, તેનો અનંતમો ભાગ સૂક્ષ્મ એકેન્દ્રિયને હોય છે. અને અંતરકરણ કરાયા બાદ અલ્પ હોય છે.

ટીકાનુ૰—જ્યાં સુધી અંતરકરણ થયું હોતું નથી ત્યાં સુધી સર્વઘાતિ કે દેશઘાતી કર્મપ્રકૃતિઓનો જે અનુભાગ ક્ષપક આત્માને સત્તામાં હોય છે, તેનો અનંતમો ભાગ સૂક્ષ્મ-એકેન્દ્રિયને (સત્તામાં) હોય છે, એટલે કે જ્યાં સુધી અંતરકરણ થયું હોતું નથી ત્યાં સુધી સૂક્ષ્મ એકેન્દ્રિયના સત્તાગત અનુભાગથી ક્ષપક આત્માનો સર્વઘાતિ કે દેશઘાતિ કર્મપ્રકૃતિઓનો સત્તાગત અનુભાગ અનંતગુણ હોય છે. પરંતુ અંતરકરણ કરાયા બાદ સૂક્ષ્મ એકેન્દ્રિયના સત્તાગત અનુભાગથી રસઘાત વડે ઘણો રસ ઓછો થઈ જતો હોવાથી ક્ષપક આત્માને ઘાતિકર્મપ્રકૃતિઓનો અનુભાગ ઘણો ઓછો હોય છે. ૫૯

सेसाणं असुभाणं केवलिणो जो उ होइ अणुभागो ।
तस्स अणंतो भागो असण्णिपंचेंदिए होइ ॥६०॥

शेषाणामशुभानां केवलिनः यस्तु भवत्यनुभागः ।
तस्यानन्तभागः असंज्ञिपंचेन्द्रिये भवति ॥६०॥

અર્થ—શેષ અશુભ પ્રકૃતિઓનો કેવલીને જે અનુભાગ હોય છે, તેનો અનંતમો ભાગ અસંજ્ઞી પંચેન્દ્રિયને હોય છે.

ટીકાનુ૰—શેષ અસાતાવેદનીય, પ્રથમવર્જ પાંચ સંસ્થાન, પ્રથમવર્જ પાંચ સંહનન, અશુભ વર્ણાદિ નવ, ઉપઘાત, અપ્રશસ્ત વિહાયોગતિ, દુર્ભગ, દુઃસ્વર, અનાદેય, અસ્થિર, અશુભ, અપર્યાપ્ત, અપયશકીર્ત્તિ અને નીચ ગોત્ર એ ત્રીસ અઘાતિ અશુભ પ્રકૃતિઓનો કેવલી ભગવંતને સત્તામાં જે અનુભાગ હોય છે, તેનો અનંતમો ભાગ અસંજ્ઞીપંચેન્દ્રિયને સત્તામાં હોય છે.

તાત્પર્ય એ કે અસંજ્ઞીપંચેન્દ્રિયના અનુભાગથી કેવલી મહારાજને ઉક્ત અશુભ-પ્રકૃતિઓનો અનુભાગ અનંતગુણ હોય છે. જે અનુભાગ જેના અનંતમા ભાગે હોય તેનાથી તે અનંતગુણ હોય

છે. એટલે સર્વઘાતિ કે દેશઘાતિ પ્રકૃતિઓના જઘન્ય અનુભાગ સંક્રમનો સંભવ ક્ષપકને અંતરકરણ કરાયા બાદ જાણવો, અને શેષ અસાતવેદનીયાદિ અશુભ અઘાતિ પ્રકૃતિઓના અનુભાગ સંક્રમનો સંભવ સયોગીકેવલીને નહિ પરંતુ જેને ઘણા રસની સત્તાનો નાશ થઈ ગયો છે એવા સૂક્ષ્મ એકેન્દ્રિયાદિને જાણવો. આગળ ઉપર તેને જ જઘન્ય રસનો સંક્રમ કહેશે.

એક વસ્તુનો અહીં ખ્યાલ રાખવો કે મિથ્યાદષ્ટિઓ શુભ પ્રકૃતિઓનો અનુભાગને સંક્લેશ વડે અને અશુભ પ્રકૃતિઓના અનુભાગને વિશુદ્ધિ વડે અંતર્મુહૂર્ત બાદ અવશ્ય નાશ કરે છે. આ વાત પહેલાં કહેવાઈ ગઈ છે. જઘન્ય અનુભાગનો સંભવ કોને હોય તેના જ્ઞાન ઉપરથી જઘન્ય અનુભાગ સંક્રમ કોણ કરે તેનો ખ્યાલ આવી શકશે. ૬૦

સમ્યગ્દષ્ટિઓ અશુભ પ્રકૃતિઓના અને શુભ પ્રકૃતિઓના રસને જે કરે છે તે કહે છે—

सम्मद्दिट्ठी न हणइ सुभाणुभागं दु चेव दिट्ठिणं ।
सम्मत्तमीसगाणं उक्कोसं हणइ खवगो उ ॥६१॥

सम्यग्दृष्टिर्न हन्ति शुभानुभागं द्वयोश्चैव दृष्ट्योः ।
सम्यक्त्वमिश्रयोरुत्कृष्टं हन्ति क्षपकस्तु ॥६१॥

અર્થ—સમ્યગ્દષ્ટિ આત્મા શુભ અનુભાગને હણતો નથી—ઓછો કરતો નથી. સમ્યક્ત્વ અને મિશ્ર એ બે દૃષ્ટિના ઉત્કૃષ્ટ રસને ક્ષપક આત્મા હણે છે.

ટીકાનુ૦—સમ્યગ્દષ્ટિ આત્મા સાતવેદનીય, દેવદ્વિક, મનુજદ્વિક, પંચેન્દ્રિય જાતિ, પ્રથમ સંસ્થાન, પ્રથમ સંઘયણ, ઔદારિકસપ્તક, વૈક્રિયસપ્તક, આહારકસપ્તક તૈજસસપ્તક, શુભવર્ણાદિ ૧૧, અગુરુલઘુ, પરાઘાત, ઉચ્છ્વાસ, આતપ, ઉદ્યોત, પ્રશસ્તવિહાયોગતિ, ત્રસાદિ દશ, નિર્માણ, તીર્થંકર અને ઉચ્ચ ગોત્ર એ છાસઠ પુન્ય પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ અનુભાગનો વિનાશ કરતો નથી—ઓછો કરતો નથી, પરંતુ બે[1] છાસઠ સાગરોપમ પર્યંત પરિપાલન કરે છે—ટકાવી રાખે છે.

મિથ્યાદષ્ટિ અને સમ્યગ્દષ્ટિ એ બંને સમ્યક્ત્વ મોહનીય અને મિશ્રમોહનીયના ઉત્કૃષ્ટ રસનો નાશ કરતા નથી પરંતુ ક્ષપક નાશ કરે છે. ક્ષપક ક્ષયકાળે તે બંને પ્રકૃતિના ઉત્કૃષ્ટ રસનો નાશ કરે છે. કર્મપ્રકૃતિ સંક્રમણકરણ ગા૦ ૫૯મીમાં કહ્યું છે કે, સમ્યગ્દષ્ટિ આત્માઓ શુભ પ્રકૃતિઓના અનુભાગને હણતા નથી. તથા મિથ્યાત્વી અને સમ્યક્ત્વી એ બંને પ્રકારના આત્માઓ સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીયના ઉત્કૃષ્ટ રસનો નાશ કરતા નથી, પરંતુ દર્શનત્રિકના ક્ષપક આત્માઓ જ ક્ષયકાળે તેના ઉત્કૃષ્ટ રસનો નાશ કરે છે. જો કે આ હકીકત

---

૧. બે છાસઠ કહેવાનું કારણ-ક્ષયોપશમ સમ્યક્ત્વનો છાસઠ સાગરોપમ ઉત્કૃષ્ટ નિરંતર કાળ છે. તેટલો કાળ સમ્યક્ત્વનું પાલન કરી અંતર્મુહૂર્ત મિશ્રે જઈ ફરી વાર ક્ષયોપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે અને તેને પણ છાસઠ સાગર૦ ટકાવી રાખે છે. ત્યારબાદ તે મોક્ષે જાય છે કે પડીને મિથ્યાત્વે જાય છે. મોક્ષે જાય તો સર્વથા કર્મનો ક્ષય કરે છે, અને મિથ્યાત્વે જાય તો ત્યાં ગયા બાદ અંતર્મુહૂર્ત પછી ઉત્કૃષ્ટ રસનો નાશ કરે છે. એટલે ઉપરના ગુણઠાણે બે છાસઠ સાગરોપમ જ પુણ્યના ઉત્કૃષ્ટ રસને ટકાવી રાખે છે. સમ્યક્ત્વાદિ ગુણસ્થાનક વર્તી આત્માઓના પરિણામ પ્રશસ્ત હોવાથી પુન્ય પ્રકૃતિઓના રસને ટકાવી શકે છે અને પાપનો રસ ઓછો કરે છે. મિથ્યાદષ્ટિઓ અંતર્મુહૂર્તથી અધિક પુન્ય કે પાપ કોઈના રસને ટકાવી શકતા નથી.

પહેલાં ટીકામાં કહેવાઈ ગઈ છે, ફરી એ જ હકીકત ગાથામાં અહીં કહી છે. ૬૧

આ પ્રમાણે જઘન્ય અનુભાગ સંક્રમનો સ્વામી કોણ હોઈ શકે તેના સંભવનો વિચાર કર્યો, હવે જઘન્ય અનુભાગ સંક્રમનો સ્વામી કોણ હોય તે કહે છે—

घाईणं जे खवगो जहण्णरससंकमस्स ते सामी ।
आऊण जहण्णठिइ-बंधाओ आवली सेसा ॥६२॥

घातिनां यः क्षपकः जघन्यरससंक्रमस्य स स्वामी ।
आयुषां जघन्यस्थितिबंधात् आवलिका शेषा ॥६३॥

અર્થ—જે ક્ષપક આત્મા છે તે ઘાતિકર્મ પ્રકૃતિઓના જઘન્ય રસસંક્રમનો સ્વામી છે. આયુના જઘન્યરસ સંક્રમનો સ્વામી તે તે આયુના જઘન્ય સ્થિતિબંધથી આરંભી પોતાની સમયાધિક આવલિકા શેષ રહે ત્યાં સુધીનો છે.

ટીકાનુ૦—ઘાતિ કર્મપ્રકૃતિઓના જઘન્ય રસ સંક્રમના સ્વામી ક્ષપક શ્રેણિમાં વર્ત્તનાર આત્માઓ છે. તે આત્માઓ ક્ષપકશ્રેણિમાં અંતરકરણ કર્યા પછી સ્થિતિઘાતાદિ વડે ક્ષય કરતા કરતા તે તે પ્રકૃતિઓની જઘન્યસ્થિતિ જ્યાં જ્યાં સંક્રમાવે છે ત્યાં ત્યાં જઘન્ય રસનો પણ સંક્રમ કરે છે. એટલે કે અંતરકરણ કર્યા બાદ અનિવૃત્તિ બાદર સંપરાય વર્ત્તી ક્ષપક આત્મા નવ નોકષાય અને સંજવલન ચતુષ્કનું અંતરકરણ કર્યા બાદ તેનો અનુક્રમે ક્ષય કરતાં તે તે પ્રકૃતિની જઘન્ય સ્થિતિના સંક્રમકાળે જઘન્ય રસ પણ સંક્રમાવે છે.

જ્ઞાનાવરણીયપંચક, અંતરાયપંચક, દર્શન ચતુષ્ક, નિદ્રાદ્વિક એ સોળ પ્રકૃતિઓનો સમયાધિક આવલિકારૂપ શેષ સ્થિતિમાં વર્તમાન ક્ષીણકષાય ગુણસ્થાનવર્ત્તી આત્મા જઘન્ય અનુભાગ સંક્રમાવે છે.

સમ્યક્ત્વ અને મિશ્રમોહનીયનો ક્ષપક આત્મા પોત-પોતાના ચરમ ખંડના સંક્રમકાળે જઘન્યાનુભાગ સંક્રમાવે છે.

ચાર આયુની જઘન્યસ્થિતિ બાંધીને—આયુકર્મમાં જઘન્યસ્થિતિ બંધાય ત્યારે રસ પણ જઘન્ય બંધાય છે માટે જઘન્યસ્થિતિનું ગ્રહણ કર્યું છે—બંધાવલિકા ગયા બાદ તે તે આયુની સમયાધિક એક આવલિકા શેષ રહે ત્યાં સુધી જઘન્ય[1] અનુભાગ સંક્રમાવે છે. ૬૨

अणतित्थुव्वलगाणं संभवओ आवलिए परएणं ।
सेसाणं इगिसुहुमो घाइयअणुभागकम्मंसो ॥६३॥

---

૧. કોઈ પણ કર્મની ઉદ્વર્ત્તના તેનો બંધ થતો હોય ત્યાં સુધી જ થાય છે. એટલે ઉદ્વર્ત્તનાનો બંધ સાથે સંબંધ છે, અપવર્ત્તનાનો બંધ સાથે સંબંધ નથી, બંધ હોય કે ન હોય પણ અપવર્ત્તના યોગ્ય અધ્યવસાય ગમે ત્યારે થાય છે. ચાર આયુની જઘન્ય સ્થિતિ બંધાતાં તેનો રસ પણ જઘન્ય બંધાય છે, હવે જો તે જઘન્ય આયુના બંધકાળ સુધીમાં તેના રસની ઉદ્વર્ત્તના ન થાય તો તેવો જ જઘન્ય રસ સત્તામાં રહે છે અને તેને સમયાધિક આવલિકા શેષ રહે ત્યાં સુધી સંક્રમાવે છે. તથા જ્યાં જ્યાં અન્ય સ્વરૂપે કરવા રૂપ સંક્રમ ઘટી શકે ત્યાં ત્યાં તે સંક્રમ સમજવો, અન્ય સ્થળે ઉદ્વર્ત્તના, અપવર્ત્તના જે સંભવે તે સમજવો.

अनन्तानुबन्धितीर्थोद्वलकानां संभवत आवलिकायाः परतः ।
शेषाणां सूक्ष्मैकेन्द्रियः घातितानुभागकर्म्मांशः ॥६३॥

અર્થ—જઘન્ય રસબંધના સંભવથી આરંભી આવલિકા બાદ અનન્તાનુબંધી, તીર્થંકર અને ઉદ્વલન યોગ્ય પ્રકૃતિઓના જઘન્ય રસને સંક્રમાવે છે. શેષ પ્રકૃતિઓના જઘન્ય રસનો સંક્રમ જેણે સત્તામાંથી ઘણા રસનો નાશ કર્યો છે એવો સૂક્ષ્મ એકેન્દ્રિય કરે છે.

ટીકાનુ૰—અનંતાનુબંધી, તીર્થંકર નામ, અને ઉદ્વલન યોગ્ય-નરકદ્વિક મનુજદ્વિક, દેવદ્વિક, વૈક્રિયસપ્તક, આહારકસપ્તક, ઉચ્ચ ગોત્રરૂપ-એકવીસ પ્રકૃતિઓનો જઘન્ય રસબંધના સંભવથી આરંભી બંધાવલિકા ગયા બાદ એટલે કે ઉપરોક્ત પ્રકૃતિઓના જઘન્ય રસ બાંધીને આવલિકા-બંધાવલિકા ગયા બાદ જઘન્ય અનુભાગ સંક્રમાવે છે.

કયો જીવ સંક્રમાવે તે કહે છે—વૈક્રિય સપ્તક, દેવદ્વિક, નરકદ્વિકનો જઘન્ય અનુભાગ અસંજ્ઞી પંચેન્દ્રિય સંક્રમાવે છે, મનુષ્યદ્વિક અને ઉચ્ચ ગોત્રનો જઘન્યાનુભાગ સૂક્ષ્મનિગોદ, આહારક સપ્તકનો અપ્રમત્ત, તીર્થંકર નામકર્મનો અવિરતિ સમ્યગ્દષ્ટિ, અનન્તાનુબંધી કષાયનો પશ્ચાત્કૃત સમ્યક્ત્વ-સમ્યક્ત્વથી પડેલો મિથ્યાદષ્ટિ જઘન્ય રસ સંક્રમાવે છે. અસંજ્ઞી આદિ તે તે પ્રકૃતિઓનો જઘન્ય રસ બાંધી બંધાવલિકા ગયા બાદ સંક્રમાવી શકે છે. આ છવ્વીસ પ્રકૃતિઓનો જઘન્યાનુભાગ સંક્રમ એક સમયે માત્ર હોય છે, ત્યાર બાદ અજઘન્ય સંક્રમ શરૂ થાય છે.

ઉક્ત વ્યતિરિક્ત શેષ સત્તાણુ પ્રકૃતિઓનો જેણે સત્તામાંથી ઘણા રસનો નાશ કર્યો છે એવો, અને સૂક્ષ્મ એકેન્દ્રિયને જેટલા રસની સત્તા હોય તેનાથી પણ અલ્પ રસ બાંધતો, તથા તે ભવમાં કે અન્ય દ્વીન્દ્રિયાદિ ભવમાં વર્ત્તતો જ્યાં સુધી અન્ય વધારે અનુભાગ ન બાંધે ત્યાં સુધી જઘન્ય અનુભાગ સંક્રમાવતો સૂક્ષ્મ એકેન્દ્રિય તેઉકાય-વાયુકાયનો આત્મા જઘન્ય અનુભાગ સંક્રમનો સ્વામી છે. અત્યંત અલ્પ રસની સત્તાવાળો અને અત્યંત અલ્પ રસ બાંધતો સૂક્ષ્મ એકેન્દ્રિય તેઉકાય કે વાયુકાય તે જ ભવમાં વર્ત્તતો હોય કે અન્ય બેઇન્દ્રિયાદિના ભવમાં વર્ત્તતો હોય પરંતુ જ્યાં સુધી અધિક રસ ન બાંધે ત્યાં સુધી જ જઘન્ય રસ સંક્રમાવે છે. ૬૩

આ પ્રમાણે જઘન્યાનુભાગ સંક્રમના સ્વામી કહ્યા. ત્યારબાદ સાદ્યાદિ પ્રરૂપણા કરવી જોઈએ. તે બે પ્રકારે છે : ૧. મૂળ પ્રકૃતિ વિષયક સાદ્યાદિ પ્રરૂપણા. ૨. ઉત્તર પ્રકૃતિ વિષયક સાદ્યાદિ પ્રરૂપણા. તેમાં પહેલાં મૂળકર્મ વિષયક સાદ્યાદિ પ્રરૂપણા કહે છે—

साइयवज्जो अजहण्णसंकमो पढमदुहयचरिमाणं ।
मोहस्स चउविगप्पो आउसणुक्कोसओ चउहा ॥६४॥

सादिवर्जोऽजघन्यसंक्रमः प्रथमद्वितीयचरमाणां ।
मोहस्य चतुर्विकल्प आयुषोऽनुत्कृष्टश्चतुर्धा ॥६४॥

અર્થ—પહેલા, બીજા અને છેલ્લા કર્મનો અજઘન્ય અનુભાગ સંક્રમ સાદિ વિના ત્રણ પ્રકારે છે, મોહનો ચાર પ્રકારે છે. અને આયુનો અનુત્કૃષ્ટ અનુભાગ સંક્રમ ચાર પ્રકારે છે.

ટીકાનુ૰—જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાય એ ત્રણ કર્મનો અજઘન્ય અનુભાગ

સંક્રમ સાદિ ભંગ વર્જીને અનાદિ, ધ્રુવ અને અધ્રુવ એમ ત્રણ પ્રકારે છે. તે આ પ્રમાણે—એ ત્રણ કર્મનો જઘન્ય અનુભાગ સંક્રમ ક્ષીણમોહ ગુણસ્થાનકની સમયાધિક એક આવલિકા શેષ સ્થિતિ હોય ત્યારે થાય છે, તે એક સમયમાત્ર થતો હોવાથી સાદિ-સાંત છે. તે સિવાય અન્ય સઘળો અજઘન્ય અનુભાગ સંક્રમ પ્રવર્ત્તે છે. અને તે દરેક આત્માઓને અનાદિ કાળથી પ્રવર્ત્તતો હોવાથી અનાદિ છે, અભવ્ય ને ભવિષ્યમાં કોઈ પણ કાળે નાશ નહિ થાય માટે અનંત, અને ભવ્ય આત્મા બારમા ગુણસ્થાનકના ચરમ સમયે અજઘન્ય અનુભાગ સંક્રમનો નાશ કરશે માટે તેઓ આશ્રયી સાંત, બારમા ગુણસ્થાનકથી પડતો નહિ હોવાથી અજઘન્ય અનુભાગ સંક્રમની સાદિ-શરૂઆત નથી.

મોહનીયનો અજઘન્ય અનુભાગ સંક્રમ સાદિ, અનાદિ, ધ્રુવ અને અધ્રુવ એમ ચાર પ્રકારે છે. તે આ પ્રમાણે—ક્ષપકશ્રેણિમાં વર્ત્તમાન આત્માને દશમા ગુણસ્થાનકની સમયાધિક એક આવલિકા શેષ સ્થિતિ હોય ત્યારે મોહનીયનો જઘન્ય અનુભાગ સંક્રમ થાય છે. તે એક સમય જ થતો હોવાથી સાદિ-સાંત છે. તે સિવાય અન્ય સઘળો અનુભાગ સંક્રમ અજઘન્ય છે. તે ઉપશમશ્રેણિમાં વર્ત્તમાન ક્ષાયિક સમ્યક્ત્વીને ઉપશાંતમોહગુણસ્થાનકે થતો નથી, ઉપશાંતમોહ ગુણસ્થાનકથી પડે ત્યારે થાય છે માટે સાદિ, તે સ્થાન હજુ સુધી જેઓએ પ્રાપ્ત કર્યું નથી તેઓ આશ્રયી અનાદિ, અભવ્ય આશ્રયી ધ્રુવ-અનન્ત, અને ભવ્યો આશ્રયી સાંત છે.

આયુનો અનુત્કૃષ્ટ અનુભાગ સંક્રમ સાદિ આદિ ચાર પ્રકારે છે. તે આ પ્રમાણે—અપ્રમત્ત ગુણસ્થાનકે દેવાયુનો ઉત્કૃષ્ટ અનુભાગ બાંધીને તેની બંધાવલિકા ગયા બાદ સંક્રમાવવાની શરૂઆત કરે છે, અને તેને—ઉત્કૃષ્ટ રસને અનુત્તરદેવના ભવમાં આવલિકા ન્યૂન તેત્રીસ સાગરોપમ પર્યંત સંક્રમાવે છે. એટલે કે અનુત્તરદેવના ભવમાં રહેતાં ઉત્કૃષ્ટ રસને ત્યાં સુધી સંક્રમાવે છે યાવત્ તેત્રીસ સાગરોપમ પ્રમાણ સ્થિતિ જાય, માત્ર તેની એક છેલ્લી આવલિકા સ્થિતિ શેષ રહે. તે સિવાયનો આયુનો સઘળો અનુભાગ સંક્રમ અનુત્કૃષ્ટ છે, અનુત્તરદેવમાંથી મનુષ્યમાં આવતાં અનુત્કૃષ્ટ અનુભાગ સંક્રમ પ્રવર્ત્તે માટે સાદિ, તે સ્થાન ન પામ્યા હોય તેને આશ્રયી અનાદિ, અભવ્ય આશ્રયી અનંત અને ભવ્ય આશ્રયી સાંત છે.

साइयवज्जो वेयणियनामगोयाण होइ अणुक्कोसो ।
सव्वेसु सेसभेया साई अधुवा य अणुभागे ॥६५॥

सादिवर्जो वेदनीयनामगोत्राणां भवत्यनुत्कृष्टः ।
सर्व्वेषां शेषभेदाः साद्यध्रुवाश्चानुभागे ॥६५॥

અર્થ—વેદનીય, નામ અને ગોત્રકર્મનો અનુત્કૃષ્ટ અનુભાગ સંક્રમ સાદિ સિવાય ત્રણ ભાંગે છે. સઘળા કર્મના ઉત્કૃષ્ટ આદિ શેષ ભેદો સાદિ-સાંત છે.

ટીકાનુ૦—વેદનીય, નામ અને ગોત્રકર્મનો અનુત્કૃષ્ટ અનુભાગ સંક્રમ સાદિ સિવાય અનાદિ, ધ્રુવ અને અધ્રુવ એમ ત્રણ ભાંગે છે. તે આ પ્રમાણે—વેદનીય, નામ અને ગોત્રકર્મના ઉત્કૃષ્ટ અનુભાગનો બંધ ક્ષપકશ્રેણિમાં સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકના ચરમ સમયે થાય છે. ત્યાં ઉત્કૃષ્ટ રસ બાંધીને તેની બંધાવલિકા વીત્યા બાદ સયોગીકેવલીના ચરમ સમય પર્યંત સંક્રમાવે છે.

અમુક નિયમિત કાળ પર્યંત જ ઉત્કૃષ્ટ રસનો સંક્રમ થતો હોવાથી તે સાદિ-સાંત છે. તે સિવાય અન્ય સઘળો અનુભાગ સંક્રમ અનુત્કૃષ્ટ છે, તે સામાન્યતઃ સર્વ જીવોને અનાદિ કાળથી થાય છે માટે અનાદિ, અભવ્ય આશ્રયી અનંત અને ભવ્ય આશ્રયી સાંત છે.

સઘળા મૂળકર્મમાંના અનુભાગ સંક્રમના વિષયમાં ઉક્ત શેષ વિકલ્પો સાદિ-સાંત ભાંગે છે. તેમાં ચાર ઘાતિકર્મના ઉત્કૃષ્ટ, અનુત્કૃષ્ટ અને જઘન્ય એ ત્રણ શેષ છે, તેમાં જઘન્ય સાદિ-સાંત ભાંગે છે, અને તેનો અજઘન્ય ભંગ કહેતાં વિચાર કર્યો જ છે. ઉપરોક્ત ચાર ઘાતિકર્મનો મિથ્યાદૃષ્ટિ જ્યારે ઉત્કૃષ્ટ રસ બાંધે અને તેની બંધાવલિકા ગયા બાદ જ્યાં સુધી સત્તા રહે ત્યાં સુધી સંક્રમાવે, ત્યારબાદ અનુત્કૃષ્ટ સંક્રમાવે, આ પ્રમાણે મિથ્યાદૃષ્ટિ આત્માને વારાફરતી ઉત્કૃષ્ટ, અનુત્કૃષ્ટ રસનો સંક્રમ થતો હોવાથી તે બંને સાદિ-સાંત છે. તથા ચાર અઘાતિકર્મના જઘન્ય, અજઘન્ય અને ઉત્કૃષ્ટ એ ત્રણ શેષ છે, તેમાં અનુત્કૃષ્ટ રસ સંક્રમ કહેવાના પ્રસંગે ઉત્કૃષ્ટ રસ સંક્રમનો વિચાર કર્યો છે. જઘન્ય રસ સંક્રમ સૂક્ષ્મ અપર્યાપ્ત એકેન્દ્રિયને થાય છે, અજઘન્ય પણ તેને થાય છે માટે તે બંને સાદિ-સાંત ભાંગે છે. ૯૫

મૂળ કર્મપ્રકૃતિ સંબંધે સાદ્યાદિ પ્રરૂપણા કરી. હવે ઉત્તરપ્રકૃતિ સંબંધે સાદ્યાદિ પ્રરૂપણા કરવા ઇચ્છતા કહે છે—

अजहण्णो चउभेओ पढमगसंजलणनोकसायाणं ।
साइयवज्जो सो च्चिय जाणं खवगो खवियमोहा ॥९६॥

अजघन्यश्चतुर्भेदः प्रथमसंज्वलननोकषायाणाम् ।
सादिवर्जः स एव यासां क्षपकः क्षपितमोहः ॥९६॥

અર્થ—પહેલો કષાય, સંજ્વલન અને નવ નોકષાયનો અજઘન્ય અનુભાગ સંક્રમ ચાર પ્રકારે છે. તથા જે પ્રકૃતિઓનો ક્ષપક—જેણે મોહનો નાશ કર્યો છે એવો—આત્મા છે તે પ્રકૃતિઓનો અજઘન્ય અનુભાગ સંક્રમ, સાદિ વર્જ ત્રણ પ્રકારે છે.

ટીકાનુ૦—અનન્તાનુબંધિ કષાય, સંજ્વલન કષાય અને નવ નોકષાય એ સત્તર પ્રકૃતિઓનો અજઘન્ય સંક્રમ સાદિ, અનાદિ, ધ્રુવ અને અધ્રુવ એમ ચાર પ્રકારે છે. તે આ પ્રમાણે—અનંતાનુબંધી વિના ઉપરોક્ત તેર પ્રકૃતિઓનો જઘન્ય અનુભાગ સંક્રમ તે તે પ્રકૃતિઓના ક્ષયકાળે તેની જઘન્ય સ્થિતિનો સંક્રમ થાય ત્યારે હોય છે. અને અનંતાનુબંધી[1]

---

૧. પ્રશ્ન—સંજ્વલન આદિ પ્રકૃતિઓનો જઘન્ય રસ સંક્રમ તેની જઘન્યસ્થિતિ સંક્રમકાળે કહ્યો, અને અનંતાનુબંધિનો તે કષાય સર્વથા ઉવેલાઈ ગયા બાદ મિથ્યાત્વે આવી ફરી બાંધે, અને તેની બંધાવલિકા ગયા બાદ બીજી આવલિકાના પ્રથમ સમયે કહ્યો, એમ કેમ ? શા માટે જઘન્ય સ્થિતિસંક્રમકાલે તેનો જઘન્યરસ સંક્રમ ન કહ્યો ?

ઉત્તર—અનંતાનુબંધિની જઘન્યસ્થિતિનો સંક્રમ અનંતાનુબંધિની વિસંયોજના કરતાં તેનો ચરમખંડ સર્વથા સંક્રમાવે ત્યારે થાય છે. તે વખતે ચરમખંડમાં કાળભેદે અનેક સમયના બંધાયેલાં દલિકો હોય છે. અનેક સમયના બંધાયેલાં દલિકો હોવાને લીધે તેમાં શુદ્ધ એક જ સમયનાં બંધાયેલાં દલિકોના રસથી વધારે હોય તે સ્વાભાવિક છે. એટલે જ ઉપરના ગુણઠાણે અનંતાનુબંધિનો નાશ કરી પડી પહેલા ગુણઠાણે આવે

કષાયનો જઘન્ય અનુભાગ સંક્રમ સમ્યક્ત્વ અવસ્થામાં તે કષાયો ઉદ્વલના સંક્રમ વડે સર્વથા ઉવેલાઈ જાય, ત્યાર બાદ પડી મિથ્યાત્વે આવે, ત્યાં મિથ્યાત્વરૂપ હેતુ વડે ફરી બાંધે, તેની બંધાવલિકા ગયા બાદ બીજી આવલિકાના પ્રથમ સમયે થાય છે. આ સિવાયનો એ સત્તરે પ્રકૃતિનો સઘળો અનુભાગ સંક્રમ અજઘન્ય છે. ઉપશમ શ્રેણિમાં સર્વથા ઉપશમ તે સત્તરે પ્રકૃતિનો અજઘન્ય અનુભાગ સંક્રમ થતો નથી, ત્યાંથી પડે ત્યારે થાય છે માટે સાદિ, તે સ્થાન જેણે પ્રાપ્ત કર્યું નથી તેઓ આશ્રયી અનાદિ, ભવ્ય આશ્રયી અધ્રુવ, અને અભવ્ય આશ્રયી ધ્રુવ છે.

જે પાંચ જ્ઞાનાવરણ, સ્ત્યાનર્દ્ધિત્રિક વિના છ દર્શનાવરણ અને પાંચ અંતરાયરૂપ સોળ પ્રકૃતિઓના ક્ષપક ક્ષીણમોહ ગુણસ્થાનકવર્ત્તી આત્માઓ છે, તે પ્રકૃતિઓનો અજઘન્ય અનુભાગસંક્રમ સાદિ સિવાય અનાદિ, ધ્રુવ અને અધ્રુવ એમ ત્રણ ભાંગે છે. તે આ પ્રમાણે— એ સોળ કર્મપ્રકૃતિઓનો જઘન્ય અનુભાગસંક્રમ ક્ષીણકષાય ગુણસ્થાનની સમયાધિક એક આવલિકા સ્થિતિ શેષ હોય ત્યારે થાય છે. તે એક સમયપ્રમાણ હોવાથી સાદિ સાંત છે. તે સિવાયનો અન્ય સઘળો અજઘન્ય અનુભાગ સંક્રમ છે. તેની આદિ નથી માટે અનાદિ, ભવ્યને અધ્રુવ અને અભવ્ય ધ્રુવ છે. ૬૬

सुभधुवचउवीसाए होइ अणुक्कोस साइपरिवज्जो ।
उज्जोयरिसभओरालियाण चउहा दुहा सेसा ॥६७॥

शुभध्रुवचतुर्विंशते र्भवत्यनुत्कृष्टः सादिपरिवर्जः ।
उद्योतर्षभौदारिकाणां चतुर्धा द्विधा शेषाः ॥६७॥

અર્થ—શુભ ધ્રુવ ચોવીસ પ્રકૃતિનો અનુત્કૃષ્ટ રસસંક્રમ સાદિ સર્જ ત્રણ ભાંગે છે, ઉદ્યોત, વજ્રઋષભનારાચ સંહનન અને ઔદારિક સપ્તકનો અનુત્કૃષ્ટ રસસંક્રમ ચાર પ્રકારે છે, અને શેષ વિકલ્પો બે ભાગે છે.

ટીકાનુ૦—લગભગ જે પ્રકૃતિઓનો સમ્યક્ત્વની આત્માઓનો ધ્રુવ બંધ છે, તેવી શુભ ધ્રુવ ત્રસાદિ દશક, સાતવેદનીય, પંચેન્દ્રિયજાતિ, અગુરુલઘુ, ઉચ્છ્વાસ, નિર્માણ, પ્રશસ્તવિહાયોગતિ, સમચતુરસ્રસંસ્થાન, પરાઘાત, તૈજસ, કાર્મણ, શુભ વર્ણ ચતુષ્ક આ ચોવીસ પ્રકૃતિઓનો અનુત્કૃષ્ટ અનુભાગ સંક્રમ સાદિ વર્જિત અનાદિ, ધ્રુવ અને અધ્રુવ એમ ત્રણ ભાંગે

ત્યાં તદ્પ્રાયોગ્ય વિશુદ્ધિ પરિણામે શક્યતા પ્રમાણે ઓછી સ્થિતિ અને રસવાળા દલિકો બાંધે, બંધાવલિકા ગયા બાદ બીજી આવલિકાના પ્રથમ સમયે તે શુદ્ધ એક સમયના બાંધેલાં જઘન્ય રસયુક્ત દલિકોને સંક્રમાવે તેને જઘન્યરસ સંક્રમ કહ્યો છે. અનંતાનુબંધિ વિના બીજી કોઈ પણ મોહ પ્રકૃતિ સત્તામાંથી સર્વથા નષ્ટ થયા પછી ફરી બંધાઈ સત્તામાં આવતી નથી, માત્ર અનંતાનુબંધી કષાયો જ એવા છે કે તેનો સત્તામાંથી સર્વથા નાશ થયા પછી મિથ્યાત્વરૂપ બીજી નાશ ન થયું હોય તો ફરી સત્તામાં આવી શકે છે. એટલે તેનો જઘન્ય રસસંક્રમનો કાળ અને સંજ્વલનાદિના જઘન્ય રસ સંક્રમનો કાળ જુદો પડે છે.

આ પ્રમાણે લગભગ જે પ્રકૃતિઓનો સર્વથા નાશ થયા પછી ફરી બંધાઈ શકતી હોય તેનો જઘન્યરસ સંક્રમ અનંતાનુબંધિની રીતે કહેવામાં હરકત નથી.

છે. અહીં તૈજસ અને કાર્મણના ગ્રહણથી તેનું સપ્તક લઈએ, અને શુભવર્ણાદિ ચતુષ્કના સ્થાને શુભ વર્ણાદિ અગિયાર લઈએ તો ચોવીસમાં બાર મળતાં છત્રીસ થાય છે. કર્મપ્રકૃતિમાં "तिविहो छत्तीसाए अणुक्कोसो" એ પદથી છત્રીસ લીધી છે, એટલે વિવક્ષાવશાત્ બંધન, સંઘાતન અને વર્ણાદિના ભેદો ગ્રહણ કરીએ તોપણ કંઈ વિરોધ નથી.

હવે ત્રણ ભાંગા ઘટાવે છે, તે આ પ્રમાણે—આ ચોવીસ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ અનુભાગ ક્ષપકશ્રેણિમાં વર્ત્તમાન ક્ષપક આત્મા પોતપોતના બંધવિચ્છેદ સમયે બાંધે છે. તે ઉત્કૃષ્ટરસ બાંધીને બંધાવલિકા ગયા બાદ સંક્રમાવવાનો આરંભ કરે છે. તેને ત્યાં સુધી સંક્રમાવે છે યાવત્ સયોગીકેવલીનો ચરમ સમય આવે. ક્ષપક બાદરસંપરાય, સૂક્ષ્મસંપરાય, ક્ષીણમોહ અને સયોગીકેવલી સિવાય શેષ સર્વને એ પ્રકૃતિઓનો અનુત્કૃષ્ટ અનુભાગ સંક્રમ થાય છે. તેની આદિ નથી, અનાદિકાળથી થાય છે માટે અનાદિ, અભવ્ય આશ્રયી અનંત અને ભવ્ય આશ્રયી સાંત છે.

ઉદ્યોત, વજ્રઋષભનારાચસંઘયણ અને ઔદારિક સપ્તકનો અનુત્કૃષ્ટ અનુભાગ સંક્રમ સાદિ અનાદિ, ધ્રુવ અને અધ્રુવ એમ ચાર ભાંગે છે. તે આ પ્રમાણે—ઉદ્યોત સિવાય ઉપરોક્ત આઠ કર્મપ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ અનુભાગ વિશુદ્ધ પરિણામી સમ્યગ્દષ્ટિ દેવ બાંધે છે, બાંધી આવલિકા વ્યતીત થયા બાદ સંક્રમાવે છે.

ઉદ્યોતનામકર્મનો સમ્યક્ત્વને પ્રાપ્ત કરતો અનિવૃત્તિકરણના ચરમસમયવર્તી મિથ્યાદૃષ્ટિ સાતમી નરક પૃથ્વીમાં વર્ત્તમાન આત્મા ઉત્કૃષ્ટ અનુભાગ બાંધે છે. અને તેને બંધાવલિકા ગયા બાદ સંક્રમાવે છે. તે નવે પ્રકૃતિના ઉત્કૃષ્ટ અનુભાગને જઘન્ય અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ બે છાસઠ સાગરોપમ પર્યંત સંક્રમાવે છે. જો કે સાતમી[1] નરકપૃથ્વીમાં સમ્યક્ત્વમાં વર્ત્તમાન આત્મા છેલ્લા અંતર્મુહૂર્ત્તમાં તો અવશ્ય મિથ્યાત્વે જાય છે, તોપણ આગળના તિર્યંચના ભવમાં જે જીવ અપર્યાપ્તાવસ્થાના અંતર્મુહૂર્ત બાદ સમ્યક્ત્વ પ્રાપ્ત કરશે તેને અહીં ગ્રહણ કર્યો છે. અહીં વચમાં થોડો મિથ્યાત્વનો કાળ હોવા છતાં પણ પ્રાચીન ગ્રંથોમાં વિવક્ષ્યો નથી એટલે ટીકાકાર મહારાજ કહે છે કે અમે પણ વિવક્ષ્યો નથી. તેથી જ બે છાસઠ સાગરોપમ ઉત્કૃષ્ટાનુભાગસંક્રમનો કાળ કહ્યો છે. ઉત્કૃષ્ટથી પડતાં અનુત્કૃષ્ટ અનુભાગનો સંક્રમ થાય છે, તે જ્યારે થાય ત્યારે સાદિ. તે સ્થાન જેણે પ્રાપ્ત કર્યું નથી તેઓ આશ્રયી અનાદિ, અભવ્યને ધ્રુવ અને ભવ્ય આશ્રયી અધ્રુવ છે.

ઉક્ત પ્રકૃતિઓના શેષ વિકલ્પો સાદિ-સાંત એમ બે ભાંગે છે. તે આ પ્રમાણે—અનંતાનુબંધિ આદિ સત્તર અને જ્ઞાનાવરણીયાદિ સોળ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ અનુભાગસંક્રમ અતિ સંક્લિષ્ટ પરિણામી મિથ્યાદૃષ્ટિને થાય છે. (તેના ઉત્કૃષ્ટ રસનો બંધ સંક્લિષ્ટ મિથ્યાત્વીને થાય છે અને બંધાવલિકા ગયા બાદ સંક્રમે છે.) અંતર્મુહૂર્ત્ત બાદ અનુત્કૃષ્ટ થાય છે. વળી જ્યારે ઉત્કૃષ્ટરસ બાંધે ત્યારે ઉત્કૃષ્ટ અનુભાગસંક્રમ. ત્યારબાદ અનુત્કૃષ્ટ રસ સંક્રમ થાય છે. આ પ્રમાણે વારાફરતી થતો હોવાને લીધે તે બંને સાદિ-સાંત ભાંગે છે. જઘન્યના સાદિ-સાંત સંબંધમાં તો

૧. કોઈ આત્મા સાતમી નારકીમાં સમ્યક્ત્વ લઈ જતો નથી, ત્યાંથી સમ્યક્ત્વ લઈ મરતો નથી. પર્યાપ્તાવસ્થામાં તેને સમ્યક્ત્વ થાય છે અને તે છેલ્લા અંતર્મુહૂર્ત્ત ન્યૂન ભવસ્થિતિ પર્યંત ઉત્કૃષ્ટથી ટકે છે.

વિચાર કરી જ ગયા છે. તથા શુભ ધ્રુવ ચોવીસ પ્રકૃતિનો જઘન્ય અનુભાગ સંક્રમ જેણે ઘણા રસની સત્તાનો નાશ કર્યો છે તેવા સૂક્ષ્મ એકેન્દ્રિયને હોય છે. જ્યાં સુધી તેવા પ્રકારના ઘણા રસની સત્તાનો નાશ ન કર્યો હોય ત્યાં સુધી તેને પણ અજઘન્ય રસસંક્રમ હોય છે. માટે એ બંને સાદિ-સાંત છે. ઉત્કૃષ્ટ આશ્રયી તો અનુત્કૃષ્ટ ઉપર ભંગ કહેવાના અવસરે વિચાર કર્યો છે જ.[1]

શેષ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ અનુભાગ બંધ સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તાને—શુભ પ્રકૃતિઓનો વિશુદ્ધ પરિણામે અને અશુભ પ્રકૃતિઓનો સંક્લેશ પરિણામે થાય છે, શેષ કાલ અનુત્કૃષ્ટ રસબંધ થાય છે, જેમ બંધ થાય છે તેમ સંક્રમ પણ થાય છે માટે તે બંને સાદિ-સાંત છે. તથા જઘન્ય અનુભાગ સંક્રમ જેણે ઘણા રસની સત્તાનો નાશ કર્યો છે તેવા સૂક્ષ્મ એકેન્દ્રિયને હોય છે. જ્યાં સુધી તેવા પ્રકારના ઘણા રસની સત્તાનો નાશ ન થયો હોય ત્યાં સુધી અજઘન્ય રસ સંક્રમ તે સૂક્ષ્મ એકેન્દ્રિયમાં કે અજઘન્ય રસની સત્તાવાળા અન્ય જીવોમાં પણ હોય છે માટે તે બંને સાદિ-સાંત છે. આ પ્રમાણે જઘન્યાદિ વિકલ્પો પર સાદિ આદિ ભંગોનો વિચાર કર્યો. આ પ્રમાણે અનુભાગ સંક્રમનું સ્વરૂપ કહ્યું. ૬૭

અનુભાગ સંક્રમ સમાપ્ત

આ રીતે અનુભાગસંક્રમનું સ્વરૂપ કહ્યું. હવે પ્રદેશસંક્રમ કહેવાનો અવસર છે. તેમાં પાંચ અર્થાધિકાર—વિષયો કહેવાના છે, તે આ—ભેદ, લક્ષણ-સ્વરૂપ, સાદ્યાદિ પ્રરૂપણા, ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમસ્વામી, અને જઘન્ય પ્રદેશ સંક્રમસ્વામી. તેમાંથી પહેલા ભેદ અને લક્ષણને પ્રતિપાદન કરતાં આ ગાથા કહે છે—

विज्झा-उव्वलण-अहापवत्त-गुण-सव्वसंकमेहि अणू ।
जं नेइ अण्णपगइं पएससंकामणं एयं ॥६८॥

विध्यातोद्वलनयथाप्रवृत्तगुणसर्व्वसंक्रमैः अणून् ।
यन्नयत्यन्यप्रकृतिं प्रदेशसंक्रमणमेतत् ॥६८॥

અર્થ—વિધ્યાત-ઉદ્વલન-યથાપ્રવૃત્ત-ગુણ અને સર્વસંક્રમ વડે કર્મ પરમાણુઓને અન્ય પ્રકૃતિ પ્રત્યે જે લઈ જવા એટલે અન્ય પ્રકૃતિ સ્વરૂપે જે કરવા તે પ્રદેશસંક્રમ કહેવાય છે.

ટીકાનુ૰—વિધ્યાતસંક્રમ, ઉદ્વલનાસંક્રમ, યથાપ્રવૃત્તસંક્રમ, ગુણસંક્રમ અને સર્વસંક્રમ એમ પ્રદેશસંક્રમ પાંચ પ્રકારે છે. એ પ્રદેશસંક્રમના ભેદો કહ્યા. એ પાંચ સંક્રમ વડે જેની બંધાવલિકા વીતી ગઈ છે એવા સત્તાગત કર્મ પરમાણુઓને—વર્ગણાઓને પતદ્ગ્રહ પ્રકૃતિમાં નાખીને તે સ્વરૂપે કરવા તે પ્રદેશસંક્રમ કહેવાય છે. આ પંચ સંક્રમ વડે આત્મા અન્ય સ્વરૂપે રહેલ સત્તાગત કર્મ પરમાણુઓને પતદ્ગ્રહ પ્રકૃતિ સ્વરૂપે કરે છે. જેમ સાતા વેદનીયના અણુઓને

---

૧. જો ઉત્કૃષ્ટ રસનો બંધ કે સંક્રમ પહેલા ગુણઠાણે થતો હોય તો અનુત્કૃષ્ટ પર સાદિ-સાંત એ બે ભાંગા ઘટે, ને જઘન્ય પહેલે ગુણઠાણે થતો હોય તો અજઘન્ય પર બે ભાંગા ઘટે. કેમ કે વારાફરતી થાય છે. જેના જઘન્ય કે ઉત્કૃષ્ટ બંધ કે સંક્રમ ઉપરના ગુણઠાણે થતા હોય તેના અજઘન્ય અને અનુત્કૃષ્ટ પર ત્રણ કે ચાર ભાંગા ઘટે. કેમ કે ચડીને પડેલા, નહિ ચડનાર અને હવે પછી ચડનાર જીવો હોય છે.

બંધાતી અસાતા રૂપે અથવા અસાતાના કર્માણુઓને બંધાતી સાતા રૂપે કરે તે સઘળો પ્રદેશસંક્રમ કહેવાય છે. આ રીતે વિધ્યાતસંક્રમાદિ વડે કર્માણુઓને જે અન્ય પ્રકૃતિ સ્વરૂપે કરે છે તે પ્રદેશસંક્રમ કહેવાય છે એમ કહ્યું. આ પ્રમાણે સંક્રમનું સ્વરૂપ કહ્યું.

એ પાંચ સંક્રમમાંના પહેલા વિધ્યાતસંક્રમનું સ્વરૂપ કહે છે—

जाण न बंधो जायइ आसज्ज गुणं भवं व पगईणं ।
विज्झाओ ताणंगुलअसंखभागेण अण्णत्थ ॥६१॥

यासां बंधो न जायते आसाद्य गुणं भवं वा प्रकृतीनां ।
विध्यातः तासामंगुलासंख्येयभागेनान्यत्र ॥६१॥

અર્થ—જે કર્મ પ્રકૃતિઓનો ગુણ અથવા ભવને આશ્રયીને બંધ થતો નથી તે કર્મ પ્રકૃતિઓનો વિધ્યાતસંક્રમ થાય છે. પ્રથમ સમયે વિધ્યાતસંક્રમ વડે જેટલું દલિક પર પ્રકૃતિમાં સંક્રમાવે છે, તે માને શેષ, દલિકોને પણ સંક્રમાવે તો અંગુલના અસંખ્યાતમા ભાગમાં રહેલ આકાશ પ્રદેશ જેટલાં સમયો વડે સંક્રમાવી રહે છે.

ટીકાનુ૦—સંક્રમનું સામાન્ય સ્વરૂપ તો પૂર્વની ગાથામાં કહ્યું છે. પ્રદેશ સંક્રમ વડે સત્તાગત કર્માણુઓને અન્ય સ્વરૂપે કરવાના હોય છે. કઈ રીતે અન્ય સ્વરૂપે થાય તે આ પાંચ સંક્રમના ભેદનું સ્વરૂપ સમજવાથી સમજાશે.

અહીં પ્રથમ વિધ્યાત સંક્રમનું સ્વરૂપ અને તે કઈ કર્મપ્રકૃતિઓનો થાય તે કહે છે— વિધ્યાત=વિશિષ્ટ સમ્યક્ત્વાદિ ગુણ કે દેવાદિ ભવને આશ્રયીને જે કર્મપ્રકૃતિઓનો બંધ શાંત થયેલ—નષ્ટ થયેલ છે—બંધ થતો નથી, તેવી પ્રકૃતિઓનો જે સંક્રમ તે વિધ્યાત સંક્રમ છે.

હવે કઈ પ્રકૃતિનો વિધ્યાતસંક્રમ થાય છે, તે કહેવા માટે ભવ કે ગુણ આશ્રયી કઈ પ્રકૃતિઓનો બંધ થતો નથી તે કહે છે—મિથ્યાદષ્ટિ ગુણસ્થાનકે સોળ કર્મપ્રકૃતિઓનો બંધવિચ્છેદ થાય છે, એટલે તે સોળ પ્રકૃતિઓનો સાસ્વાદનાદિ ગુણઠાણામાં ગુણ નિમિત્તે બંધ થતો નથી. એ પ્રમાણે સાસ્વાદને પચીસ પ્રકૃતિઓનો બંધવિચ્છેદ થાય છે, તેનો મિશ્રદષ્ટિ આદિ ગુણઠાણાઓમાં બંધ થતો નથી. અવિરતિ સમ્યગ્દષ્ટિ ગુણઠાણે દશનો બંધવિચ્છેદ થાય છે, તેનો દેશવિરતિ આદિમાં બંધ થતો નથી. દેશવિરતિ ગુણઠાણે ચારનો બંધવિચ્છેદ થાય છે, તેનો પ્રમત્તાદિ ગુણઠાણામાં બંધ થતો નથી. પ્રમત્ત ગુણઠાણે છ પ્રકૃતિનો બંધવિચ્છેદ થાય છે, તેનો અપ્રમત્તાદિ ગુણઠાણામાં બંધ થતો નથી. જે જે ગુણઠાણાથી બંધ થતો નથી તે તે પ્રકૃતિઓનો ત્યાંથી વિધ્યાતસંક્રમ પ્રવર્તે છે.

વૈક્રિય સપ્તક, આહારક સપ્તક, દેવદ્વિક, નરકદ્વિક, એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય જાતિ, સ્થાવર, સૂક્ષ્મ, સાધારણ, અપર્યાપ્ત અને આતપ એ સત્તાવીસ પ્રકૃતિઓ નારકીઓ અને સનત્કુમારાદિ દેવો ભવ નિમિત્તે બાંધતા નથી. તિર્યગ્દ્વિક અને ઉદ્યોત સાથે પૂર્વોક્ત સત્તાવીસ પ્રકૃતિઓ આનતાદિ દેવો બાંધતા નથી. સંઘયણ ષટ્ક, પ્રથમ સંસ્થાન વર્જીને શેષ સંસ્થાન, નપુંસક વેદ, મનુજદ્વિક ઔદારિક સપ્તક, તિર્યંચ ગતિમાં એકાન્તે અનુભવવા

યોગ્ય સ્થાવરનામકર્માદિ દશ પ્રકૃતિઓ દુર્ભગત્રિક, નીચ ગોત્ર અને અપ્રશસ્તવિહાયોગતિ એ કર્મપ્રકૃતિઓને ભવસ્વભાવે યુગલિકો બાંધતા નથી.

આ પ્રમાણે જે જે પ્રકૃતિઓ જે જે ગતિમાં ભવિનિમિત્તે બંધાતી નથી તેનો તેનો ત્યાં ત્યાં વિધ્યાત સંક્રમ પ્રવર્ત્તે છે. તાત્પર્ય એ કે જે જે કર્મ જેને જેને કે જ્યાં જ્યાં ગુણનિમિત્તે કે ભવનિમિત્તે બંધમાં આવતું નથી તે તે કર્મ તેને તેને કે ત્યાં ત્યાં વિધ્યાતસંક્રમ યોગ્ય છે એમ સમજવું એટલે કે તે તે કર્મપ્રકૃતિઓનો ત્યાં ત્યાં વિધ્યાતસંક્રમ પ્રવર્ત્તે છે એમ સમજવું

હવે દલિકના પ્રમાણના નિરૂપણ માટે કહે છે—વિધ્યાતસંક્રમ વડે પહેલા સમયે જેટલું કર્મદલિક પરપ્રકૃતિમાં નાખે છે, તેટલા પ્રમાણથી શેષ દલિકને પણ પરપ્રકૃતિમાં નાખે તો અંગુલ-માત્ર ક્ષેત્રના અસંખ્યાતમા ભાગમાં જેટલા આકાશ પ્રદેશ હોય તેટલા સમયો વડે સંપૂર્ણપણે સંક્રમાવી રહે છે. તાત્પર્ય એ કે—પ્રથમ સમયે જેટલું કર્મદલિક વિધ્યાત સંક્રમ વડે અન્ય પ્રકૃતિમાં સંક્રમાવે, તે પ્રમાણ વડે તે પ્રકૃતિના અન્ય દલિકને સંક્રમાવે તો તેને સંપૂર્ણપણે સંક્રમાવતાં ઉપરોક્ત આકાશપ્રદેશની સંખ્યાપ્રમાણ સમયો જેટલો (અસંખ્યાતી ઉત્સર્પિણી-અવસર્પિણી પ્રમાણ) કાળ જાય છે. આ સંક્રમ વડે કોઈ કર્મપ્રકૃતિનાં સઘળાં દલિકો સત્તામાંથી ખાલી થતાં નથી, અહીં તો અસત્કલ્પનાએ આ ક્રમે સંક્રમાવે તો કેટલો કાળ જાય તે જ માત્ર કહ્યું છે. આ વિધ્યાતસંક્રમ પ્રાયઃ યથાપ્રવૃત્તસંક્રમના[1] અંતે પ્રવર્તે છે.

આ રીતે વિધ્યાતસંક્રમનું સ્વરૂપ કહ્યું, હવે ઉદ્વલનાસંક્રમનું સ્વરૂપ કહે છે.

पलियस्ससंखभागं अंतमुहुत्तेण तीए उव्वलइ ।
एवं पलियासंखियभागेण कुणइ निल्लेवं ॥७०॥

पल्यस्यासंख्येयभागमन्तर्मुहूर्त्तेन तया उद्वलयति ।
एवं पल्यासंख्येयभागेन करोति निर्लेपम् ॥७०॥

અર્થ—સત્તાગત સ્થિતિના અગ્રભાગથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગપ્રમાણ ખંડને અંતર્મુહૂર્તકાળે ઉવેલે છે. એ પ્રમાણે ઉવેલતાં પલ્યોપમના અસંખ્યાતમા ભાગમાત્ર કાલે સર્વથા નિર્લેપ કરે છે.

ટીકાનુ૰—કર્મોને સત્તામાંથી નિર્મૂળ કરવામાં જે ઉપયોગી સાધનો છે તેમાં ઉદ્વલના સંક્રમ પણ એક પ્રબળ સાધન છે. ઉદ્વલનાનો અર્થ જ ઉખેડવું—સત્તામાંથી નિર્મૂળ કરવું એવો થાય છે,

૧. વિધ્યાતસંક્રમ યથાપ્રવૃત્ત સંક્રમના અંતે કહેવાનું કારણ યથાપ્રવૃત્ત સંક્રમ સામાન્ય છે, બંધ યોગ્ય સઘળી પ્રકૃતિઓનો તે થાય છે, અને વિધ્યાતસંક્રમ તો ગુણ કે ભવનિમિત્તે જે જે પ્રકૃતિઓ બંધમાંથી વિચ્છિન્ન થઈ તેનો તેનો થાય છે. એટલે સાધારણ રીતે પહેલાં યથાપ્રવૃત્તસંક્રમ પ્રવર્ત્તે છે અને બંધમાંથી વિચ્છિન્ન થયા બાદ વિધ્યાતસંક્રમ પ્રવર્ત્તે છે. આમ યથાપ્રવૃત્તસંક્રમના અંતે વિધ્યાતસંક્રમ પ્રવર્ત્તે છે એમ કહ્યું છે. પ્રાયઃ કહેવાનું કારણ અન્યસંક્રમ પ્રવર્ત્યા બાદ પણ વિધ્યાતસંક્રમ પ્રવર્ત્તે તો વાંધો નથી એમ જણાવવા માટે છે. જેમ કે ઉપશમ શ્રેણિમાં ગુણસંક્રમ પ્રવર્ત્યા બાદ મરણ પામી અનુત્તર વિમાનમાં જાય તો ગુણ નિમિત્તે નહિ બંધાતી પ્રકૃતિઓનો વિધ્યાતસંક્રમ થાય છે. અને ઉપશમ સમ્યક્ત્વ પ્રાપ્તિના અંતરકરણમાં મિથ્યાત્વ અને મિશ્રમોહનીયનો ગુણસંક્રમના અંતે વિધ્યાત સંક્રમ પ્રવર્ત્તે છે.

એટલે એ સંક્રમ વડે સત્તાગત સ્થિતિના અગ્રભાગમાંથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેવડા ખંડને લઈ તેને અંતર્મુહૂર્તકાળે નાશ કરે છે. વળી બીજો ખંડ લે છે તેને અંતર્મુહૂર્તકાળે નાશ કરે છે, એ પ્રમાણે પલ્યોપમના અસંખ્યાતમા ભાગપ્રમાણ સ્થિતિખંડને લેતો અને તેને અંતર્મુહૂર્તકાળે નાશ કરતો સત્તાગત સંપૂર્ણ સ્થિતિને અંતર્મુહૂર્તકાળે કે પલ્યોપમના અસંખ્યાતમા ભાગપ્રમાણ કાળે નાશ કરે છે.

પહેલા ગુણઠાણે સમ્યક્ત્વ, મિશ્રમોહનીયાદિને નિર્મૂળ કરતા પલ્યોપમના અસંખ્યાતમા ભાગપ્રમાણ કાળ જાય છે. અને ઉપરના ગુણઠાણે અનંતાનુબંધિ આદિ કર્મપ્રકૃતિઓને નિર્મૂળ કરતાં અંતર્મુહૂર્ત કાળ જાય છે.

આ હકીકત તથા કઈ કઈ પ્રકૃતિઓમાં ઉદ્વલના સંક્રમ પ્રવર્ત્તે છે તે ક્રમપૂર્વક કહે છે—

પહેલાં ઉદ્વલન યોગ્ય કર્મપ્રકૃતિઓના પલ્યોપમના અસંખ્યાતમા ભાગમાત્ર સ્થિતિખંડને અંતર્મુહૂર્તકાળે ઉવેલે છે. ત્યારબાદ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ બીજા સ્થિતિખંડને ઉવેલે છે. ત્યારબાદ ત્રીજા સ્થિતિખંડને ઉવેલે છે, એ પ્રમાણે અંતર્મુહૂર્ત્તે અંતર્મુહૂર્ત્તે પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિખંડને ઉવેલતો-ખંડતો-ઉખેડતો-નાશ કરતો ઉવેલાતા તે કર્મને પલ્યોપમના અસંખ્યાતમાભાગ જેટલા કાળે નિર્લેપ કરે છે એટલે કે સંપૂર્ણપણે નિર્મૂળ કરે છે—સત્તા વિનાનું કરે છે.

અહીં એ ધ્યાનમાં રાખવું કે કોઈપણ કર્મને નિર્મૂળ કરવું હોય ત્યારે સ્થિતના અગ્ર-ઉપરના ભાગથી નિર્મૂળ કરતો આવે છે, પરંતુ વચમાંથી કે ઉદય સમયથી નિર્મૂળ કરતો નથી. ૭૦.

પલ્યોપમના અસંખ્યાતમા ભાગપ્રમાણ સ્થિતિખંડને અંગે જે વિશેષ હકીકત છે તે કહે છે—

पढमाओ बीअखंडं विसेसहीणं ठिईए अवणेइ ।
एवं जाव दुचरिमं असंखगुणियं तु अंतिमयं ॥७१॥

प्रथमात् द्वितीयखण्डं विशेषहीनं स्थित्या अपनयति ।
एवं यावद् द्विचरमं असंख्येयगुणं तु अन्तिमम् ॥७१॥

અર્થ—સ્થિતિના પહેલા સ્થિતિખંડથી સ્થિતિનો બીજો ખંડ નાનો અંતર્મુહૂર્ત્તે દૂર કરે છે. આ પ્રમાણે દ્વિચરમખંડ સુધી જાણવું. છેલ્લો ખંડ અસંખ્યેયગુણ મોટો સમજવો.

ટીકાનુ૦—ઉદ્વલના સંક્રમ વડે પલ્યોપમના અસંખ્યાતમા-અસંખ્યાતમા ભાગપ્રમાણ જે સ્થિતિના ખંડો દૂર કરે છે—નષ્ટ કરે છે, તેમાં પહેલા સ્થિતિખંડથી બીજો સ્થિતિનો ખંડ નાનો દૂર કરે છે, ત્રીજો તેનાથી પણ નાનો દૂર કરે છે. એમ યાવત્ પૂર્વ પૂર્વથી નાના નાના સ્થિતિના ખંડોને દ્વિચરમ સ્થિતિખંડ પર્યંત દૂર કરે છે. તાત્પર્ય એ કે, પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિસ્થાનકોમાં રહેલાં દલિકોને એકસાથે દૂર કરવા પ્રયત્ન કરે છે—તેટલાં તમામ સ્થાનકોમાંથી પહેલા સમયે અમુક પ્રમાણમાં દલિકો લઈ દૂર કરે છે, બીજા સમયે તમામમાંથી

લઈ દૂર કરે છે એમ અંતર્મુહૂર્તકાળે પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ ખંડને એકસાથે દૂર કરે છે.

દાખલા તરીકે—પલ્યોપમના અસંખ્યાતમા ભાગના સો સ્થિતિસ્થાનક કલ્પીએ તો પહેલા સમયે તે સોએમાંથી દલિકો લઈ દૂર કરે, બીજા સમયે પણ સોએમાંથી દલિકો દૂર કરે, તેમ અંતર્મુહૂર્તના છેલ્લા સમયે પણ સોએમાંથી દલિકો લઈ તેવડા ખંડને ખલાસ કરે. ત્યારબાદ બીજો ખંડ લે તેને પણ પૂર્વોક્ત ક્રમે દૂર કરે, વળી ત્રીજો ખંડ લે તેને પણ એ જ ક્રમે ખાલી કરે.

અહીં વિશેષ એ છે કે પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ જે ખંડ લેવાનો કહ્યો છે તે નાનો નાનો સમજવો. પહેલો ખંડ મોટો, બીજો નાનો, ત્રીજો તેનાથી નાનો, એમ દ્વિચરમખંડ પર્યંત સમજવું. અસંખ્યાતાના અસંખ્યાતા ભેદ હોવાથી બની શકે છે.

આ પ્રમાણે અહીં સ્થિતિના ખંડોમાં તારતમ્ય હોવાથી અનન્તરોપનિધા વડે અને પરંપરોપનિધા વડે એમ બે રીતે વિચાર થઈ શકે છે. તેમાં અનંતરોપનિધા વડે તો દ્વિચરમખંડ પર્યંત પૂર્વ પૂર્વ ખંડથી ઉત્તરોત્તર ખંડ નાના નાના છે એ વિચારી ગયા. હવે પરંપરોપનિધા વડે વિચાર કરે છે, તે આ પ્રમાણે—

પહેલા સ્થિતિખંડની અપેક્ષાએ કેટલાએક સ્થિતિના ખંડો સ્થિતિની અપેક્ષાએ અસંખ્યાત ભાગ હીન હોય છે, કેટલાએક સંખ્યાતભાગહીન હોય છે, કેટલાક સંખ્યાતગુણ હીન હોય છે, તો કેટલાક અસંખ્યાતગુણ હીન હોય છે.

જ્યારે પ્રદેશ પરિણામની અપેક્ષાએ વિચાર કરીએ ત્યારે સ્થિતિના પહેલા ખંડમાં કુલ જે દલિક હોય છે, તેનાથી સ્થિતિના બીજા ખંડમાં વિશેષાધિક હોય છે, તેનાથી ત્રીજામાં વિશેષાધિક હોય છે, એમ પૂર્વ પૂર્વ ખંડથી ઉત્તરોત્તરખંડમાંથી વિશેષાધિક વિશેષાધિક દલિકો દ્વિચરમખંડ પર્યંત હોય છે. દલિકોની અપેક્ષાએ અનંતરોપનિધા વડે આ પ્રમાણે વિચાર કર્યો.

હવે પરંપરોપનિધા વડે દલિકોની અપેક્ષાએ વિચાર કરે છે તે આ પ્રમાણે—પહેલા સ્થિતિખંડથી દલિકની અપેક્ષાએ કોઈક સ્થિતિખંડ અસંખ્યાતભાગ અધિક હોય છે, કોઈક સંખ્યાતભાગ અધિક હોય છે, કોઈક સંખ્યાતગુણ અધિક હોય છે, તો કોઈ અસંખ્યાતગુણ અધિક હોય છે.

હવે નહિ કહેલ છેલ્લા ખંડ માટેની હકીકત કહે છે—દ્વિચરમસ્થિતિખંડથી ચરમસ્થિતિખંડ સ્થિતિની અપેક્ષાએ અસંખ્યાતગુણ છે, એટલે કે જેવડા પલ્યોપમના અસંખ્યાતમા ભાગપ્રમાણ દ્વિચરમસ્થિતિખંડ છે તેનાથી અસંખ્યાત ગુણ મોટા પલ્યોપમના અસંખ્યાતમા ભાગપ્રમાણ ચરમસ્થિતિખંડ છે. ગાથામાં કહેલ 'તુ' શબ્દ અધિક અર્થને સૂચવતો હોવાથી છેલ્લો સ્થિતિખંડ પહેલા સ્થિતિખંડની અપેક્ષાએ દલિકોને આશ્રયી અસંખ્યાતગુણ મોટો અને સ્થિતિની અપેક્ષાએ અસંખ્યાતમો ભાગ માત્ર છે તેમ સમજવું. ૭૧

આ પ્રમાણે ઉદ્વલના સંક્રમ વડે દૂર કરવા માટે જે ખંડો છે તે કેટલા પ્રમાણવાળા લે તે હકીકત કહી. હવે દ્વિચરમખંડ સુધીના ખંડોમાંનાં દલિકો ક્યાં નાખે તે કહે છે—આટલી સ્થિતિ ઓછી થઈ, અમુક સ્થિતિનો ખંડ દૂર કર્યો તે ક્યારે કહેવાય કે જેટલી જેટલી સ્થિતિ દૂર થવાની

હોય તેટલાં તેટલાં સ્થાનોમાંનાં દલિકો દૂર કરી તેટલી ભૂમિકા સાફ કરે—દલ વિનાની કરે. અહીં ઉદ્વલના સંક્રમ વડે પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ ખંડો લઈ તેટલાં સ્થાનકોમાંનાં દલિકો દૂર કરી ભૂમિ સાફ કરવાની છે, એટલે તે દલિકો ક્યાં નાખે તે કહેવું જોઈએ, માટે આ ગાથામાં તે હકીકત કહે છે—

खंडदलं सट्ठाणे समए समए असंखगुणणाए ।
सेढीए परट्ठाणे विसेसहीणाए संछुभइ ॥७२॥

खण्डदलं स्वस्थाने समये समये असंख्येयगुणनया ।
श्रेण्या परस्थाने विशेषहीना संछुभति ॥७२॥

અર્થ—પ્રતિસમય દરેક સ્થિતિખંડનાં દલિકો સ્વસ્થાનમાં અસંખ્યાતગુણ શ્રેણિએ અને પરસ્થાનમાં વિશેષહીન શ્રેણિએ સંક્રમાવે છે.

ટીકાનુ૰—પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ ખંડમાંથી જેટલી સ્થિતિ દૂર કરવા માટે સમયે સમયે જે દલિકો ઉકેરે છે—સંક્રમાવવા ગ્રહણ કરે છે, તેમાં પહેલે સમયે થોડું દલિક ઉકેરે છે—એટલે ઉખાડે છે—ત્યાંથી તે દલિકો લઈ અન્યત્ર પ્રક્ષેપે છે. બીજે સમયે અસંખ્યાતગુણ ઉકેરે છે, તેનાથી ત્રીજે સમયે અસંખ્યાતગુણ ઉકેરે છે, એમ ઉકેરતા—તે પ્રથમ ખંડ દૂર કરતા જે અંતર્મુહૂર્તકાળ જાય છે, તેના ચરમસમયે દ્વિચરમસમયથી અસંખ્યાતગુણ ઉકેરે છે. આ પહેલા ખંડને ઉકેરવાનો વિધિ કહ્યો. આ જ ક્રમે દ્વિચરમખંડ સુધીના સઘળા સ્થિતિખંડો ઉકેરે છે.

હવે તે દલિકો ક્યાં નાખે છે તે કહે છે—સ્થિતિખંડના દલિકને પ્રતિસમયે સ્વસ્થાનમાં અસંખ્યાત ગુણાકારે અને પરસ્થાનમાં વિશેષહીન શ્રેણીએ સંક્રમાવે છે તે આ પ્રમાણે—પહેલા સમયે સ્થિતિખંડનું જે કર્મદલિક અન્ય પ્રકૃતિમાં નાખે છે—અન્ય પ્રકૃતિરૂપે કરે છે તે અલ્પ છે તેનાથી તે જ સમયે સ્વસ્થાનમાં નીચે જે નાખે છે તે પરમાં નાખ્યું છે તેનાથી અસંખ્યાતગુણ હોય છે.

ઉદ્વલના સંક્રમ વડે સ્થિતિખંડમાંથી ગ્રહણ કરેલ દલિક કેટલુંક પરરૂપે કરે છે, અને કેટલુંક જે પ્રકૃતિને ઉદ્વલના સંક્રમ વડે નિર્મૂળ કરવાનો પ્રયત્ન કરે છે તેનાં પોતાનાં જે સ્થાનકો ઉવેલાય છે તે સિવાયનાં નીચેનાં સ્થાનકોમાં પ્રક્ષેપે છે. તેમાં જેટલા પરમાં ગયા તે તો ઓછા જ થયા, પરંતુ નીચે સ્વસ્થામાં જે ગયા તે તો ઓછા ન થતાં જે પ્રકૃતિ ઉવેલાય છે તેના જ પોતાનાં નીચેનાં સ્થાનકોને પુષ્ટ કરનારાં થાય છે. ઉદ્વલના સંક્રમનો આ ક્રમ છે. દ્વિચરમ સ્થિતિખંડ પર્યન્ત તો આ રીતે સ્વ અને પરમાં દલિક નંખાય છે, પરંતુ છેલ્લા ખંડનું દલિક તે પોતે જ ઉવેલાતો હોવાથી નીચે પોતાનામાં દલપ્રક્ષેપનું કોઈ સ્થિતિસ્થાનક નહિ હોવાને લીધે પરમાં જ નાખી ખલાસ કરે છે, અને તે પ્રકૃતિ નિર્મૂળ થાય છે.

પહેલા સમયે નીચે સ્વસ્થાનમાં જે દલિક નાખ્યું તેનાથી બીજે સમયે સ્વસ્થાનમાં નીચે જે દલિક નાખે છે—પ્રક્ષેપે છે તે અસંખ્યાતગુણ હોય છે, અને પહેલે સમયે પરમાં જે દલિક નાખ્યું તેનાથી બીજે સમયે જે દલિક પરમાં નંખાય છે તે વિશેષહીન હોય છે. તેનાથી પણ ત્રીજે

સમયે સ્વસ્થાનમાં જે દલિક પ્રક્ષેપાય છે તે બીજે સમયે સ્વસ્થાનમાં પ્રક્ષેપાયેલા દલિકથી અસંખ્યાતગુણ છે, અને ત્રીજે સમયે પરપ્રકૃતિમાં જે પ્રક્ષેપાય છે તે બીજે સમયે પરસ્થાનમાં પ્રક્ષેપાયેલ દલિકથી વિશેષહીન છે. આ પ્રમાણે પૂર્વ પૂર્વ સમયે સ્વસ્થાનમાં જે દલિક પ્રક્ષેપાય છે તેનાથી ઉત્તરોત્તર સમયે સ્વસ્થાનમાં અસંખ્યાતગુણ પ્રક્ષેપાય છે, અને પૂર્વ પૂર્વ સમયે પરસ્થાનમાં જે પ્રક્ષેપાય છે—પરરૂપે જે કરાય છે તેનાથી ઉત્તરોત્તર સમયે પરસ્થાનમાં હીન હીન પ્રક્ષેપાય છે—અન્ય સ્વરૂપે હીન હીન કરાય છે. એમ અંતર્મુહૂર્ત કે જે એક સ્થિતિખંડને ઉકેરવાનો કાળ છે તેના ચરમસમય પર્યંત કહેવું. એમ દ્વિચરમખંડ સુધીના સઘળા સ્થિતિખંડોને ઉકેરવાનો વિધિ સમજવો.

હવે ચરમખંડના દલિકને ઉકેરવાનો વિધિ કહે છે—ચરમસ્થિતિખંડમાં જે કંઈપણ દલપ્રમાણ છે તેમાંથી સકલ કરણને અયોગ્ય હોવાથી ઉદયાવલિકાગત દલિક છોડીને શેષ સઘળું દલિક પરમાં નાખે છે. તે આ પ્રમાણે—પહેલા સમયે થોડું નાખે છે, બીજા સમયે અસંખ્યાતગુણ નાખે છે, તેનાથી પણ ત્રીજા સમયે અસંખ્યાતગુણ નાખે છે એમ પૂર્વ પૂર્વ સમયથી ઉત્તરોત્તર સમયે અસંખ્યાતગુણ-અસંખ્યાતગુણ પરમાં પ્રક્ષેપ અંતર્મુહૂર્તના ચરમસમય પર્યંત થાય છે. અહીં પહેલો, બીજો કે છેલ્લો સમય વગેરે જે કહ્યું તે છેલ્લા ખંડને ઉવેલતા જે અંતર્મુહૂર્ત કાળ થાય છે તેના સમજવા. એમ અન્યત્ર પણ સમજવું.

છેલ્લા ખંડનું છેલ્લા સમયે જે કંઈ દલિક પરમાં પ્રક્ષેપાય છે તે સર્વસંક્રમ કહેવાય છે. સર્વસંક્રમ એટલે સઘળા દલિકનો સંક્રમ. સર્વસંક્રમ થયા પછી કોઈ ખંડનું દલિક બાકી રહેતું નથી. છેલ્લા ખંડનું અંતર્મુહૂર્તના ચરમસમયે સઘળું દલિક પરમાં પ્રક્ષેપવામાં સર્વસંક્રમ પ્રવર્ત્તે છે, અથવા કહો કે છેલ્લા સમયનું તે સઘળું દલિક જે પરમાં જાય છે તે સર્વસંક્રમ કહેવાય છે. ઉદ્વલના સંક્રમ વડે છેલ્લો ખંડ ઉવેલાયા બાદ એક ઉદયાવલિકા શેષ રહે છે, તેને સ્તિબુકસંક્રમ વડે સંક્રમાવી દૂર કરે છે. ૭૨

દ્વિચરમ સ્થિતિખંડના દલિકને ચરમ સમયે જેટલું સ્વ અને પરસ્થાનમાં નાખે છે તે હિસાબે પરમાં પ્રક્ષેપતા તે ચરમખંડને દૂર થતાં કેટલો કાળ જાય તે કહે છે—

दुचरिमखंडस्य दलं चरिमे जं देइ सपरट्ठाणंमि ।
तम्माणेणस्स दलं पल्लंगुलसंखभागेहिं ॥७३॥

द्विचरमखण्डस्य दलं चरमे यद्ददाति स्वपरस्थाने ।
तन्मानेनास्य दलं पल्याङ्गुलसंख्यभागैः ॥७३॥

અર્થ—ચરમ સમયે દ્વિચરમખંડનું જે દલ સ્વ અને પરમાં નાખે છે તે માને તે ચરમખંડનું દલ પરમાં નાખતાં અનુક્રમે પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલા કાળે અને અંગુલના અસંખ્યાતમા ભાગમાં રહેલ આકાશપ્રદેશના સમય પ્રમાણ કાળે દૂર થાય છે—ખલાસ થાય છે.

ટીકાનુ૦—ચરમ સમયે દ્વિચરમ સ્થિતિખંડનું જે પ્રદેશપ્રમાણ પોતાના જ ચરમ

સ્થિતિખંડરૂપ સ્વસ્થાનમાં નાખે છે તે માને ચરમસ્થિતિખંડનું દલિક પ્રતિ સમય અપહરતા—અન્યમાં સંક્રમાવતા પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલા કાળે તે ચરમખંડ સંપૂર્ણપણે અપહરાય છે. એટલે તે ચરમખંડને તદ્દન નિર્મૂળ કરતાં પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલો કાળ જાય છે.

તથા ચરમસમયે દ્વિચરમ સ્થિતિખંડનું દલિક જેટલું પરપ્રકૃતિમાં નાખે છે તે માને અપહરાતું ચરમખંડનું દલિક અંગુલના અસંખ્યાતમા ભાગમાં રહેલ આકાશપ્રદેશપ્રમાણ સમયો વડે અપહરાય છે. એટલે કે ચરમ સમયે દ્વિચરમ સ્થિતિખંડના દલિકને જેટલું પરમાં નાખે છે તે માને ચરમખંડનું પરમાં નાખે—સંક્રમાવે તો તે ચરમખંડને તદ્દન નિર્મૂળ થતાં અંગુલના અસંખ્યાતમા ભાગના આકાશપ્રદેશ પ્રમાણ સમયો જાય છે. અંગુલમાત્ર ક્ષેત્રના અસંખ્યાતમા ભાગે જેટલા આકાશપ્રદેશો હોય તેટલા ચરમસ્થિતિખંડના ઉપર કહેલ પ્રમાણવાળા દલિકના ખંડો થાય છે એ તાત્પર્ય છે.

આ ક્ષેત્ર આશ્રયી માર્ગણા-વિચાર થયો.

કાળ આશ્રયી માર્ગણા-વિચાર આ પ્રમાણે છે—દ્વિચરમસ્થિતિખંડનું જેટલા પ્રમાણવાળું કર્મદલિક ચરમ સમયે પર પ્રકૃતિમાં નાખે છે, તેટલા પ્રમાણવાળું ચરમસ્થિતિખંડનું દલિક જો દરેક સમયે પરપ્રકૃતિમાં નાખે તો તે ચરમસ્થિતિખંડ અસંખ્યાતી ઉત્સર્પિણી-અવસર્પિણી કાળે નિર્લેપ થાય છે—નિર્મૂળ થાય છે—સત્તાવિનાનું થાય છે—નષ્ટ થાય છે. અમુક પ્રમાણ વડે ચરમસ્થિતિખંડનું દલિક પરમાં સંક્રમાવે તો કેટલો કાળ જાય તે કહ્યું.[1] અહીં 'ચરમ સમય' એ શબ્દ વડે દ્વિચરમ ઉવેલતા જે અંતર્મુહૂર્તકાળ જાય છે, તેનો છેલ્લો સમય લેવાનો છે. ૭૩

આ રીતે ઉદ્વલના એટલે શું ? તે કેવી રીતે થાય ? દલિકો ક્યાં સંક્રમે તે સઘળું કહ્યું. હવે ઉવેલાતી પ્રકૃતિઓના સ્વામી કહે છે. અર્થાત્ કઈ કઈ, પ્રકૃતિઓની કોણ-કોણ ઉદ્વલના કરે, તે કહે છે—

एवं उव्वलणासंकमेण नासेइ अविरओ आहारं ।
सम्मोऽणमिच्छमीसे छत्तीस नियट्टी जा माया ॥७४॥

एवमुद्वलनासंक्रमेण नाशयति अविरत आहारं ।
सम्यग्दृष्टिः अनन्तानुबन्धिमिथ्यात्वमिश्राणि
षट्त्रिंशतमनिवृत्तिः यावन्मायाम् ॥७४॥

અર્થ—આ રીતે ઉદ્વલના સંક્રમ વડે અવિરતિ જીવ આહારક દ્વિકનો નાશ કરે છે, સમ્યગ્દૃષ્ટિ જીવ અનંતાનુબંધી, મિથ્યાત્વ અને મિશ્ર મોહનીયનો નાશ કરે છે, અને માયા સુધીની

---

૧. ઉદ્વલના સંક્રમ વડે સ્વમાં નીચે વધારે ઊતરે છે એટલે તે માને સંક્રમાવતાં કાળ ઓછો જાય છે અને પરમાં ઓછું સંક્રમાવે છે માટે તે માને સંક્રમાવતાં કાળ વધારે જાય છે. કોઈ પ્રકૃતિને સત્તામાંથી નિર્મૂળ કરવા જ્યાં એકલી ઉદ્વલના પ્રવર્તે ત્યાં પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલો કાળ જાય છે. સાથે ગુણસંક્રમ પણ પ્રવર્તે ત્યારે અંતર્મુહૂર્તમાં કોઈ પણ કર્મપ્રકૃતિ નિર્મૂળ થઈ જાય છે.

છત્રીસ કર્મપ્રકૃતિઓનો અનિવૃત્તિ બાદરસંપરાયવર્ત્તી આત્મા નાશ કરે છે. ૭૪.

ટીકાનુ૦—ઉદ્વલના સંક્રમ વડે જે પ્રકારે કર્મપ્રકૃતિઓને સત્તામાંથી નિર્મૂળ કરવાનો પૂર્વની ગાથાઓમાં વિધિ કહ્યો તે પ્રકારે અવિરતિ છતો આહારક સપ્તકનો નાશ કરે છે એટલે કે વિરતિપણામાંથી જે સમયે આહારક સપ્તકની સત્તાવાળો આત્મા અવિરતિપણું પ્રાપ્ત કરે તે સમયથી અંતર્મુહૂર્ત્ત જવા બાદ આહારક સપ્તકની ઉદ્વલનાનો આરંભ કરે છે, અને તેને પલ્યોપમના અસંખ્યાતમા ભાગે નિર્મૂળ કરે છે.[1]

તથા અવિરતિ સમ્યગ્દષ્ટિ, દેશવિરત કે સર્વવિરત આત્મા અનંતાનુબંધી, મિથ્યાત્વમોહનીય અને મિશ્રમોહનીયને અન્તર્મુહૂર્ત્ત કાળે પૂર્ણ પ્રકારે ઉવેલે છે.

તથા મધ્યમ આઠ કષાય, નવ નોકષાય, સ્ત્યાનર્દ્ધિત્રિક, નામકર્મની તેર પ્રકૃતિ અને સંજ્વલન ક્રોધ, માન, માયા એ છત્રીસ પ્રકૃતિઓને અનિવૃત્તિ બાદર સંપરાય નામના નવમા ગુણસ્થાનકવર્ત્તી આત્મા પૂર્વોક્ત પ્રકારે અંતર્મુહૂર્ત્તકાળે ઉવેલે છે. આ ગાથામાં ઓગણપચાસ પ્રકૃતિઓની ઉદ્વલનાના સ્વામી કહ્યા. ૭૪

सम्ममीसाई मिच्छो सुरदुगवेउव्विछक्कमेगिंदी ।
सुहुमतसुच्चमणुदुगं अंतमुहुत्तेण अणिअट्टी ॥७५॥

सम्यक्त्वमिश्रे मिथ्यादृष्टिः सुरद्विकवैक्रियषट्कमेकेन्द्रियः ।
सूक्ष्मत्रस उच्चैर्मनुजद्विकं अन्तर्मुहूर्त्तेणानिवृत्तिः ॥७५॥

અર્થ—સમ્યક્ત્વ અને મિશ્રમોહનીયનો મિથ્યાદષ્ટિ નાશ કરે છે. સુરદ્વિક અને વૈક્રિય ષટ્કનો એકેન્દ્રિય નાશ કરે છે. અને ઉચ્ચ ગોત્ર તથા મનુષ્યદ્વિકનો સૂક્ષ્મત્રસ નાશ કરે છે. અનિવૃત્તિ આત્મા અંતર્મુહૂર્ત્તકાળે છત્રીસ પ્રકૃતિઓને ઉવેલે છે.

ટીકાનુ૦—અઠ્ઠાવીસની સત્તાવાળો મિથ્યાદષ્ટિ આત્મા સમ્યક્ત્વ અને મિશ્રમોહનીયને પૂર્વોક્ત પ્રકારે પલ્યોપમના અસંખ્યાતમા ભાગપ્રમાણ કાળે ઉવેલે છે નામકર્મની પંચાણુંની સત્તાવાળો એકેન્દ્રિય આત્મા પહેલા દેવદ્વિકને ઉવેલે છે, ત્યારબાદ વૈક્રિય શરીર, વૈક્રિય અંગોપાંગ, વૈક્રિય બંધન, વૈક્રિય સંઘાતન, અને નરકદ્વિક એ વૈક્રિયષટ્કને એકસાથે પલ્યોપમના અસંખ્યાતમાભાગ પ્રમાણ કાળે ઉવેલે છે. તથા સૂક્ષ્મત્રસ-તેઉકાય અને વાયુકાય આત્મા પ્રથમ ઉચ્ચ ગોત્રને અને ત્યારબાદ મનુજદ્વિકને પૂર્વોક્ત ક્રમે પલ્યોપમના અસંખ્યાતમા ભાગપ્રમાણ કાળે ઉવેલે છે.[2]

''पलियासंखियभागेण कुणइ णिल्लेवं'' એ ગાથાના પાદ વડે ઉદ્વલના સંક્રમ વડે ઉવેલાતી કર્મપ્રકૃતિઓનો સામાન્ય રીતે પલ્યોપમના અસંખ્યાતમા ભાગપ્રમાણ કાળ કહ્યો છે, તેમાં અહીં અપવાદ કહે છે—અનિવૃત્તિ બાદરસંપરાય નામે નવમા ગુણસ્થાનકવર્ત્તી આત્મા પૂર્વોક્ત ૭૪મી

૧. આહારક સપ્તકની સત્તા અવિરતિપણામાં ટકતી નથી, વિરતિપણામાં જ ટકી રહે છે.

૨. પહેલાં વૈક્રિયષટ્કાદિ પ્રકૃતિ ઉવેલાયા બાદ ઉચ્ચ ગોત્ર અને ત્યારબાદ મનુજદ્વિક ઉવેલાય છે તે ખ્યાલમાં રાખવું.

ગાથામાં કહેલ છત્રીસ કર્મપ્રકૃતિઓને અંતર્મુહૂર્ત્તકાળે સંપૂર્ણપણે ઉવેલે છે—નાશ કરે છે.

ગાથામાં કહેલ 'छत्तीस नियट्टि' પદ અન્યના ઉપલક્ષણ રૂપ હોવાથી ક્ષાયિક સમ્યક્ત્વ ઉપાર્જન કરતા ચોથાથી સાતમા ગુણસ્થાનવર્ત્તી આત્માઓ અનંતાનુબંધી, મિથ્યાત્વમોહનીય અને મિશ્રમોહનીયને પણ અંતર્મુહૂર્ત્તકાળે ઉવેલે છે એમ સમજવું. આ ગાથામાં તેર[1] પ્રકૃતિના ઉદ્વલનાના સ્વામી કહ્યા. અહિ જેટલી પ્રકૃતિઓ માટે ઉદ્વલનાનો અંતર્મુહૂર્ત્તકાળ કહ્યો તે સિવાયની અન્ય પ્રકૃતિઓ માટે ઉદ્વલનાનો પલ્યોપમના અસંખ્યાતમા ભાગપ્રમાણ કાળ સમજવો. ૭૫

આ પ્રમાણે ઉદ્વલના સંક્રમનું સ્વરૂપ કહ્યું. હવે યથાપ્રવૃત્ત સંક્રમનું સ્વરૂપ કહે છે—

संसारत्था जीवा सबंधजोगाण तद्दलपमाणा ।
संकामे तणुरूवं अहापवत्तीए तो णाम ॥७६॥

संसारस्था जीवाः स्वबंधयोग्यानां तद्दलप्रमाणात्(स्य) ।
संक्रमयन्ति तदनुरूपं यथाप्रवृत्त्या ततः नाम ॥७६॥

અર્થ—સંસારસ્થ જીવો સ્વબંધયોગ્ય પ્રકૃતિઓના દલિકોને તે તે પ્રકૃતિઓના સત્તાગત દલને અનુરૂપ યોગાનુસારે સંક્રમાવે છે માટે તેનું 'યથાપ્રવૃત્ત' એવું નામ છે.

ટીકાનુ૦—યથાપ્રવૃત્ત સંક્રમ એટલે યોગની પ્રવૃત્તિને અનુસરીને થનારો સંક્રમ. યોગની પ્રવૃત્તિ અલ્પ હોય તો અલ્પ દલિકોનો સંક્રમ થાય, મધ્યમ પ્રવૃત્તિ હોય તો મધ્યમ થાય અને યોગની પ્રવૃત્તિ ઉત્કૃષ્ટ હોય તો—વધારેમાં વધારે દલિકોનો સંક્રમ થાય. યોગની પ્રવૃત્તિને અનુસરીને જ આ સંક્રમ થતો હોવાથી યથાપ્રવૃત્ત સંક્રમ એવું તેનું સાન્વય નામ છે.

આ સંક્રમ વડે સંસારમાં વર્ત્તનાર આત્માઓ સ્વબંધ યોગ્ય ધ્રુવબંધિ કે અધ્રુવબંધિ પ્રકૃતિઓના દલિકને—જે કર્મપ્રકૃતિના દલિકને સંક્રમાવે છે તેના સત્તાગત દલિકને—અનુરૂપ

---

૧. ૭૪મી ગાથામાં ૪૯ પ્રકૃતિઓના અને ૭૫મી ગાથામાં ૧૩ પ્રકૃતિઓના કુલ-૬૨ પ્રકૃતિઓના સ્વામી કહ્યા. તેમાં મિશ્ર મોહનીય પહેલા ગુણસ્થાનકે અને ક્ષાયિક સમ્યક્ત્વ ઉપાર્જન કરતાં પણ ઉવેલાય છે. અને નરકદ્વિક એકેન્દ્રિયમાં તેમજ નવમા ગુણસ્થાનકે ઉવેલાય છે. માટે તે ત્રણે પ્રકૃતિ બે વાર ન ગણતાં એક જ વાર લેવાથી કુલ ૬૨માંથી ૩ બાદ કરતાં ૫૯ થાય છે. વળી ૭૪મી ગાથામાં બંધનના પંદર ભેદની વિવક્ષા કરીને આહારક સપ્તક લીધું છે. જ્યારે ૭૫મી ગાથામાં બંધન પાંચની વિવક્ષા કરીને વૈક્રિય ચતુષ્ક લીધું છે. જો બન્ને સ્થળે પંદર બંધન વિવક્ષીએ તો ૭૪મી ગાથામાં કહેલ ૪૯ અને ૭૫મી ગાથામાં કહેલ ૧૬ = કુલ ૬૫ થાય. તેમાંથી મિશ્ર અને નરકદ્વિક બાદ કરતાં ૬૨ પ્રકૃતિઓ ઉદ્વલના યોગ્ય થાય. અને જો બન્ને સ્થળે પાંચ બંધન વિવક્ષીએ તો ૭૪મી ગાથામાં કહેલ ૪૬ અને ૭૫મી ગાથામાં કહેલ ૧૩ = કુલ ૫૯માંથી મિશ્ર તથા નરકદ્વિક બાદ કરતાં ૫૬ પ્રકૃતિઓ ઉદ્વલના યોગ્ય થાય છે. ઉદ્વલના યોગ્ય તેટલી જ પ્રકૃતિઓ છે. અન્ય પ્રકૃતિઓમાં ઉદ્વલના સંક્રમ પ્રવર્ત્તતો નથી.

અહીં એ ધ્યાનમાં રાખવાનું છે કે સમ્યક્ત્વમોહનીયની ઉદ્વલના પહેલે કહી પરંતુ ક્ષાયિક ઉપાર્જન કરતાં ચોથા આદિમાં ન કહી. કારણ કે ઉદ્વલના સંક્રમ વડે સ્વ અને પર એમ બન્નેમાં દલિક જાય છે. ચોથા આદિમાં સમ્યક્ત્વમોહનીયનું દલ દર્શન મોહનીય તથા ચારિત્રમોહનીયનો પરસ્પર સંક્રમ થતો નહિ હોવાથી પરમાં જશે નહિ, માત્ર સ્વમાં જ જશે માટે ચતુર્થાદિમાં તેની ઉદ્વલના ન કહી.

સંક્રમાવે છે. તે કાળે જો ધ્રુવબંધિ કે અધ્રુવબંધિ પ્રકૃતિઓનું દલિક ઘણું બંધાતું હોય, અગર તદ્ભવ બંધ યોગ્ય કેટલીએક અધ્રુવબંધિ પ્રકૃતિઓનો તે વખતે બંધ ન હોય પરંતુ પૂર્વે બંધાયેલું ઘણું દલિક સત્તામાં હોય તો ઘણું સંક્રમાવે છે, થોડું હોય તો થોડું સંક્રમાવે છે. મતલબમાં સત્તામાં રહેલ દલિકને અનુસારે—દલિકના પ્રમાણમાં સંક્રમાવે છે. તે પણ જઘન્ય મધ્યમ કે ઉત્કૃષ્ટ જેવા પ્રકારની યોગપ્રવૃત્તિ હોય તે પ્રકારે સંક્રમાવે છે. જઘન્ય યોગમાં વર્ત્તમાન થોડું દલિક સંક્રમાવે છે, મધ્યમ યોગમાં વર્ત્તમાન મધ્યમ, અને ઉત્કૃષ્ટ યોગમાં વર્ત્તમાન ઘણાં દલિકોને સંક્રમાવે છે. આ કારણથી જ આ સંક્રમનું યથાપ્રવૃત્ત સંક્રમ એવું સાન્વય નામ છે.

'સ્વબંધ યોગ્ય પ્રકૃતિઓના દલિકને સંક્રમાવે છે' એમ કહેતા આચાર્ય મહારાજ આ વસ્તુ જણાવે છે—જો કે કેટલીએક અધ્રુવબંધિ પ્રકૃતિઓનો સંક્રમકાળે બંધ ન હોય તોપણ જે પ્રકૃતિઓની તે ભવમાં બંધની યોગ્યતા હોય તેઓનો બંધનો અભાવ હોવા છતાં પણ યથાપ્રવૃત્તસંક્રમ પ્રવર્ત્તે છે. જે પ્રકૃતિઓનો બંધ હોય તેનો જ યથાપ્રવૃત્ત સંક્રમ પ્રવર્ત્તે એમ જણાવવું હોત તો 'बज्झमाणीणं'- બંધાતી એવો પાઠ લખત. એમ નથી લખ્યું માટે બંધાતી હોય કે તે ભવમાં બંધ યોગ્ય હોય, ભલે સંક્રમકાળે બંધાતી ન હોય તોપણ તેનો યથાપ્રવૃત્ત સંક્રમ પ્રવર્ત્તે છે. ૭૬

હવે ગુણસંક્રમનું સ્વરૂપ કહે છે—

असुभाण पएसग्गं बज्झंतीसु असंखगुणणाए ।
सेढीए अपुव्वाई छुभंति गुणसंकमो एसो ॥७७॥

अशुभानां प्रदेशाग्रं बध्यमाना स्वसंख्येयगुणनया ।
श्रेण्या अपूर्व्वादिः छुभन्ति गुणसंक्रम एषः ॥७७॥

અર્થ—અબધ્યમાન અશુભ પ્રકૃતિઓના પ્રદેશોને તત્કાળ બંધાતી પ્રકૃતિમાં અસંખ્ય ગુણશ્રેણિએ અપૂર્વકરણ આદિ જીવો જે સંક્રમાવે તે ગુણસંક્રમ[1] કહેવાય છે.

ટીકાનુ૰—અબધ્યમાન અશુભ પ્રકૃતિઓનાં દલિકોને પ્રતિસમય અસંખ્ય ગુણશ્રેણિએ બધ્યમાન પ્રકૃતિઓમાં અપૂર્વકરણ આદિ ગુણસ્થાનવર્ત્તી આત્માઓ જે સંક્રમાવે છે તે ગુણસંક્રમ કહેવાય છે. પૂર્વ પૂર્વ સમયથી ઉત્તરોત્તર સમયે અસંખ્ય-અસંખ્ય ગુણાકારે જે સંક્રમ તે ગુણસંક્રમ એ શબ્દનો વ્યુત્પત્ત્યર્થ છે.

---

૧. આ ગુણસંક્રમ અબધ્યમાન અશુભ પ્રકૃતિઓનો થાય છે, અને અપૂર્વકરણ આદિ ગુણઠાણે તેમજ ચતુર્થ ગુણસ્થાનકાદિમાં ક્ષાયિક સમ્યક્ત્વાદિ પ્રાપ્ત કરતાં ત્રણ કરણ કરે છે ત્યાં અપૂર્વકરણ આદિ કરણમાં પ્રવર્તે છે. તેમાં અપૂર્વકરણ ગુણસ્થાનકથી અબંધાતી તમામ અશુભ પ્રકૃતિઓનો ઉપશમ અને ક્ષપક બંને શ્રેણિમાં ગુણસંક્રમ થાય છે. અને ક્ષાયિક સમ્યક્ત્વાદિ પ્રાપ્ત કરતાં થતા ત્રણ કરણમાંના અપૂર્વકરણાદિમાં મિથ્યાત્વ, મિશ્રમોહનીય અને અનંતાનુબંધી એ છનો જ ગુણસંક્રમ થાય છે. ચોથાથી સાતમા સુધીમાં અનંતાનુબંધિની વિસંયોજના કરતાં અનંતાનુબંધિનો, અને દર્શનાત્રિકનો ક્ષય કરતાં મિથ્યાત્વ તથા મિશ્ર મોહનીય એ બે પ્રકૃતિનો ગુણસંક્રમ થાય છે.

અપૂર્વકરણ ગુણસ્થાનકથી કઈ અશુભ પ્રકૃતિઓનો ગુણસંક્રમ થાય તે કહે છે—મિથ્યાત્વ, આતપ અને નરકાયુ વર્જીને મિથ્યાદૃષ્ટિને જ બંધ યોગ્ય તેર પ્રકૃતિઓનો, અનંતાનુબંધી, તિર્યગાયુ અને ઉદ્યોતવર્જીને સાસ્વાદન યોગ્ય ઓગણીસ પ્રકૃતિઓનો (અપૂર્વકરણ આદિ ગુણસ્થાનકોમાં ગુણસંક્રમ થાય છે.)

અહીં ઉપર જે પ્રકૃતિઓ વર્જી, તેને વર્જવાનું કારણ કહે છે—મિથ્યાત્વ અને અનંતાનુબંધિને અપૂર્વકરણ ગુણસ્થાનક પ્રાપ્ત થતાં પહેલાં જ અવિરતિ સમ્યગ્દૃષ્ટિ આદિ ગુણસ્થાનકવર્ત્તી આત્માઓ ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરતાં ખપાવે છે, આતપ, ઉદ્યોત શુભ પ્રકૃતિ છે, ગુણસંક્રમ અશુભ પ્રકૃતિઓનો થાય છે, અને આયુનો પર પ્રકૃતિમાં સંક્રમ થતો નથી માટે મિથ્યાત્વ આદિ પ્રકૃતિઓનું વર્જન કર્યું છે.

અપ્રત્યાખ્યાનાવરણ-પ્રત્યાખ્યાનાવરણ એ આઠ કષાય, અસ્થિર, અશુભ અયશઃકીર્તિ, શોક, અરતિ, અસાતવેદનીય એ રીતે ૧૩+૧૯+૧૪ સઘળી મળી છેતાળીસ અબધ્યમાન અશુભ પ્રકૃતિઓનો અપૂર્વકરણ ગુણસ્થાનકથી આરંભી ગુણસંક્રમ થાય છે.

નિદ્રાદ્વિક, ઉપઘાત, અશુભ વર્ણાદિ નવ, હાસ્ય, રતિ, ભય, જુગુપ્સા એ અશુભ પ્રકૃતિઓનો અપૂર્વકરણ ગુણઠાણે જે સમયે બંધવિચ્છેદ થાય ત્યારપછીથી આરંભી ગુણસંક્રમ થાય છે.★ આ પ્રમાણે અપૂર્વકરણ ગુણસ્થાનકથી કઈ કઈ પ્રકૃતિઓનો ગુણસંક્રમ થાય તે કહ્યું.

હવે બીજા અર્થ કહે છે—અપૂર્વકરણાદિ સંજ્ઞાવાળા[1] કરણની પ્રવૃત્તિ જ્યારથી થાય ત્યારથી અબધ્યમાન અશુભ પ્રકૃતિના દલિકને અસંખ્યગુણશ્રેણિએ બધ્યમાન પ્રકૃતિમાં જે નાખે છે

★ અહીં ટીકામાં અપ્રમત્ત ગુણસ્થાનક સુધીમાં બંધ વિચ્છેદ થનાર પ્રકૃતિઓ ૪૬ અને અપૂર્વકરણ ગુણસ્થાનકે બંધ વિચ્છેદ થનાર નિદ્રાદ્વિક વગેરે સોળ—એમ બાસઠ પ્રકૃતિ તેમજ અપૂર્વકરણ સંજ્ઞાવાળા અપૂર્વકરણથી અનંતાનુબંધી ચતુષ્ક, મિથ્યાત્વ અને મિશ્ર એ છ પ્રકૃતિઓ એમ કુલ ૬૮ પ્રકૃતિઓનો ગુણસંક્રમ બતાવ્યો છે, અને તેમાં વર્ણના ઉત્તર ભેદો ન લેતાં સામાન્યથી અશુભ વર્ણચતુષ્ક લેવાથી પાંચ પ્રકૃતિ બાદ કરતાં કુલ ત્રેસઠ પ્રકૃતિઓનો ગુણસંક્રમ થાય છે. એમ બતાવવામાં આવ્યું છે.

પરંતુ પુરુષવેદ અને લોભ વિના સંજ્વલનત્રિક એ ચાર પ્રકૃતિનો પણ ગુણસંક્રમ સંભવી શકે છે. કારણ કે અપૂર્ણકરણથી અબધ્યમાન સઘળી અશુભ પ્રકૃતિઓનો ગુણસંક્રમ થાય છે. તેથી જ નિદ્રાદ્વિકાદિ પ્રકૃતિઓનો ગુણસંક્રમ બતાવ્યો છે. એ જ રીતે નવમા ગુણસ્થાનકે પોતપોતાના બંધવિચ્છેદ પછી આ ચાર પ્રકૃતિઓનો પણ ગુણસંક્રમ થવામાં કોઈ બાધ જણાતો નથી. તથા ષષ્ઠ કર્મગ્રંથ ગાથા ૬૭ની ટીકામાં પણ બંધવિચ્છેદ સમયે સમયન્યૂન બે આવલિકા કાલમાં બંધાયેલ સત્તાગત દલિકનો તેટલા જ કાલે ગુણસંક્રમ દ્વારા ક્ષય કરે છે એમ જણાવેલ છે. અને ઉદ્વલના સંક્રમ દ્વારા પણ જે પ્રકૃતિઓનો અંતર્મુહૂર્ત્ત કાલે ક્ષય થાય છે ત્યાં પણ ઉદ્વલના સંક્રમની અંતર્ગત ગુણસંક્રમ માનેલો છે. છતાં તે ઉદ્વલનાનુવિદ્ધ ગુણસંક્રમની જો વિવક્ષા ન કરીએ તો નવમા ગુણઠાણે ઉદ્વલના સંક્રમ દ્વારા ક્ષય પામતી મધ્યમ આઠ કષાયાદિ શેષ પ્રકૃતિઓનો પણ ગુણસંક્રમ ઘટી શકે નહીં, છતાં તે પ્રકૃતિઓ ગુણસંક્રમમાં ગણાવી છે—માટે આ ચાર પ્રકૃતિઓનો પણ ગુણસંક્રમ અવશ્ય સંભવે છે તથાપિ ટીકાકાર મહર્ષિએ તેની વિવક્ષા કેમ નથી કરી તે બહુશ્રુત જાણે.

૧. સંજ્ઞાવાળા કહેવાનું કારણ સમ્યક્ત્વાદિ પ્રાપ્ત કરતાં જે ત્રણ કરણો થાય છે તેમાંનું અપૂર્વ અને અનિવૃત્તિકરણ લેવા માટે છે. તે કરણમાં પણ ચોથાથી સાતમા સુધીમાં મિશ્ર, મિથ્યાત્વમોહનીય અને અનંતાનુબંધીનો ગુણસંક્રમ થાય છે.

તે પણ ગુણસંક્રમ કહેવાય છે. આવો પણ અર્થ હોવાથી ક્ષપણકાળે મિથ્યાત્વ, મિશ્ર અને અનંતાનુબંધીનો અપૂર્વકરણરૂપ કરણથી આરંભી ગુણસંક્રમ પ્રવર્ત્તે છે તેમાં કોઈ વિરોધ નથી.[1] અબધ્યમાન તમામ અશુભ પ્રકૃતિઓનો ગુણસંક્રમ તો આઠમા ગુણસ્થાનકથી જ થાય છે. ૭૭.

આ પ્રમાણે ગુણસંક્રમનું સ્વરૂપ કહ્યું. હવે સર્વસંક્રમના સ્વરૂપને પ્રતિપાદન કરવા ઇચ્છતા આ ગાથા કહે છે—

चरमठिईए रइयं पइसमयमसंखियं पएसग्गं ।
ता छुभइ अन्नपगइं जावंते सव्वसंकामो ॥७८॥

चरमस्थितौ रचितं प्रतिसमयमसंख्येयं प्रदेशाग्रं ।
तावच्छुभति अन्यप्रकृतिं यावदन्ते सर्वसंक्रमः ॥७८॥

અર્થ—ઉદ્વલના સંક્રમ કરતાં ચરમસ્થિતિખંડમાં સ્વસ્થાન પ્રક્ષેપ દ્વારા જે દલિક રચેલું છે તેને અન્યપ્રકૃતિમાં પ્રતિસમય અસંખ્યાત અસંખ્યાત ગુણાકારે ત્યાં સુધી નાખે યાવત્ દ્વિચરમપ્રક્ષેપ આવે. છેલ્લો જે પ્રક્ષેપ થાય તે સર્વસંક્રમ કહેવાય છે.

ટીકાનુ૰—ઉદ્વલના સંક્રમ વડે પરમાં અને સ્વમાં દલિક પ્રક્ષેપ થાય છે, તેમાં પરમાં ઓછો અને સ્વમાં વધારે થાય છે એ હકીકત પહેલાં આવી ગઈ છે. તે ઉદ્વલના સંક્રમ વડે સંક્રમાવતાં સ્વસ્થાન પ્રક્ષેપ દ્વારા ચરમસ્થિતિખંડમાં જે દલિક રચાયું-ગોઠવાયું-નખાયું છે, તેને પૂર્વ પૂર્વ સમયથી ઉત્તરોત્તર સમયે અસંખ્યાત અસંખ્યાત ગુણાકારે અંતર્મુહૂર્ત્ત સુધી પરપ્રકૃતિમાં પ્રક્ષેપે છે, અને અંતર્મુહૂર્ત્તકાળે તે ચરમખંડ નિર્લેપ થાય છે, આ હકીકત પણ પહેલાં આવી ગઈ છે.

હવે અહીં ઉદ્વલના સંક્રમ ક્યાં સુધી કહેવાય અને સર્વસંક્રમ કોને કહેવાય તે કહે છે—

ઉદ્વલના સંક્રમ કરતાં સ્વસ્થાન પ્રક્ષેપ વડે ચરમસ્થિતિખંડમાં જે કર્મદલિક ગોઠવ્યું છે, તેને પ્રતિસમય પરપ્રકૃતિમાં અસંખ્યાત અસંખ્યાત ગુણાકારે ત્યાં સુધી સંક્રમાવે યાવત્ દ્વિચરમ પ્રક્ષેપ આવે. અહીં સુધી તો ઉદ્વલના સંક્રમ કહેવાય છે. હવે તે અંતર્મુહૂર્ત્તના છેલ્લે સમયે છેલ્લો જે પ્રક્ષેપ થાય તેને સર્વસંક્રમ કહેવાય છે. તાત્પર્ય એ કે જે પ્રકૃતિમાં ઉદ્વલના સંક્રમ પ્રવર્ત્તે છે. તેના ચરમખંડનો ચરમસમયે સંપૂર્ણપણે પરમાં જે પ્રક્ષેપ થાય તેને સર્વસંક્રમ કહેવાય છે. પહેલાં ઉદ્વલના સંક્રમનું સ્વરૂપ કહેવાના પ્રસંગે પણ સર્વસંક્રમનો વિચાર કર્યો છે. ૭૮.

હવે કયા સંક્રમને બાધીને કયો સંક્રમ પ્રવર્ત્તે છે તેનો વિચાર કરતાં આ ગાથા કહે છે—

बाहिय अहापवत्तं सहेउणाहो गुणो व विज्झाओ ।
उव्वलणसंकमस्सवि कसिणो चरिमम्मि खंडम्मि ॥७९॥

---

૧. અહીં ઉપલક્ષણથી અનાદિ મિથ્યાદૃષ્ટિ અંતરકરણમાં રહેલ આત્મા પણ ઉપશમ સમ્યક્ત્વની પ્રાપ્તિના પ્રથમ સમયથી અંતર્મુહૂર્ત્ત સુધી મિથ્યાત્વ અને મિશ્રમોહનીયનો ગુણસંક્રમ કરે છે. (જુઓ ઉપશમનાકરણ-ગાથા-૨૩).

बाधित्वा यथाप्रवृत्तं स्वहेतुना गुणो वा विध्यातः ।
उद्वलनसंक्रमस्यापि कृत्स्नः चरमे खण्डे ॥७९॥

અર્થ—સ્વહેતુના સામર્થ્ય વડે યથાપ્રવૃત્ત સંક્રમને બાધીને ગુણસંક્રમ અથવા વિધ્યાતસંક્રમ પ્રવર્ત્તે છે. ઉદ્વલના સંક્રમના ચરમખંડના ચરમ પ્રક્ષેપરૂપ સર્વસંક્રમ છે.

ટીકાનુ૰—પોતાના ગુણ કે ભવરૂપ નિમિત્તે પ્રાપ્ત કરી અબંધ થવારૂપ હેતુની પ્રાપ્તિના સંબંધના સામર્થ્ય વડે યથાપ્રવૃત્ત સંક્રમને બાધીને ગુણસંક્રમ કે વિધ્યાતસંક્રમ પ્રવર્ત્તે છે. યથાપ્રવૃત્ત સંક્રમ એ સામાન્ય છે એટલે ગુણ કે ભવરૂપ હેતુ વડે કર્મપ્રકૃતિનો બંધવિચ્છેદ થયા પછી વિધ્યાતસંક્રમ કે ગુણસંક્રમ પ્રવર્ત્તે છે. માટે યથાપ્રવૃત્ત સંક્રમનો બાધ કરીને—તેને હઠાવીને ગુણસંક્રમ કે વિધ્યાતસંક્રમ પ્રવર્ત્તે છે એમ કહ્યું છે. તથા સર્વસંક્રમ એ ઉદ્વલના સંક્રમના ચરમખંડના ચરમ પ્રક્ષેપરૂપ છે એટલે એ સર્વસંક્રમ પણ ઉદ્વલનાસંક્રમને બાધીને પ્રવર્ત્તે છે એમ સમજવું. ૭૯

અહીં છઠ્ઠો સ્તિબુકસંક્રમ નામનો પણ સંક્રમ છે. પણ તેમાં કરણનું લક્ષણ ઘટતું નહિ હોવાથી સંક્રમ કરણના છઠ્ઠા ભેદ તરીકે જોડ્યો—કહ્યો નથી. કરણ એ સલેશ્ય વીર્ય કહેવાય છે. એટલે જ્યાં લેશ્યા યુક્ત વીર્યનો વ્યાપાર હોય ત્યાં સંક્રમ-બંધનાદિ કરણની પ્રવૃત્તિ થાય છે. સ્તિબુકસંક્રમ તો લેશ્યા વિનાના અયોગી કેવલી ભગવાનને પણ અયોગી ગુણસ્થાનકના દ્વિચરમ સમયે તોંતેર પ્રકૃતિનો પ્રવર્ત્તે છે. એટલે સ્તિબુક[1] સંક્રમ આઠ કરણની અંતર્ગત નથી. છતાં અહીં એનું સ્વરૂપ કહેવાનું કારણ એ પણ એક પ્રકારનો સંક્રમ છે. એટલે જ સંક્રમના અધિકારમાં તેનું પણ સ્વરૂપ કહેવું જોઈએ માટે તેના સ્વરૂપનું પ્રતિપાદન કરવા ઇચ્છતા નીચેની ગાથા કરે છે—

पिंडपगईण जा उदयसंगया तीए अणुदयगयाओ ।
संकामिऊण वेयइ जं एसो थिबुगसंकामो ॥८०॥

पिंडप्रकृतीनां योदयसंगता तस्यामनुदयगताः ।
संक्रमय्य वेदयति यदेषः स्तिबुकसंक्रमः ॥८०॥

---

૧. કરણ એટલે જીવના વીર્યનો વ્યાપાર. જ્યાં જ્યાં વીર્યનો વ્યાપાર હોય છે, ત્યાં ત્યાં યથાયોગ્ય રીતે સંક્રમાદિ કરણો પ્રવર્ત્તે છે. ત્યારે સ્તિબુકસંક્રમની પ્રવૃત્તિમાં વીર્યવ્યાપાર નથી તે તો સાહજિક રીતે થાય છે. એટલે જ સંક્રમ વડે હજારો વર્ષોમાં ભોગવી શકાય તેવું કર્મ એક જ સમયમાં અન્ય સ્વરૂપે થઈ જે રૂપે થાય તે રૂપે ફળ આપે છે. અને સ્તિબુકસંક્રમ વડે કોઈ પણ જાતના વીર્યવ્યાપાર વિના ફળ આપવા સન્મુખ થયેલ એક સમય માત્રમાં ભોગવાય તેટલું દળ અન્ય રૂપે થાય છે. વળી એ પણ વિશેષ છે કે સંક્રમકરણ વડે અન્ય સ્વરૂપ થયેલ કર્મ પોતાના મૂળ સ્વરૂપને છોડી દે છે જ્યારે સ્તિબુકસંક્રમ વડે અન્યમાં ગયેલ દળ સર્વથા પોતાના મૂળ સ્વરૂપને છોડતું નથી; એટલે કે સર્વથા પતદ્ગ્રહ પ્રકૃતિરૂપે પરિણમતું નથી. સંક્રમકરણ વડે બંધાવલિકા ગયા બાદ ઉદયાવલિકા ઉપરનું દળ અન્ય રૂપે થાય છે, ત્યારે સ્તિબુકસંક્રમ વડે ઉદયાવલિકાના ઉદયગત એક સ્થાનકનું જ દલ ઉદયવતી પ્રકૃતિના ઉદયસમયમાં કોઈપણ જાતના પ્રયત્ન સિવાય જાય છે.

અર્થ—પિંડ પ્રકૃતિઓમાં ઉદય પ્રાપ્ત જે પ્રકૃતિ છે, તેમાં ઉદય અપ્રાપ્ત પ્રકૃતિને સંક્રમાવીને જે અનુભવે છે તે સ્તિબુકસંક્રમ કહેવાય છે.

ટીકાનુ૰—ગતિ, જાતિ, શરીર, અંગોપાંગ, બંધન, સંઘાતન, સંઘયણ, સંસ્થાન, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, આનુપૂર્વી અને વિહાયોગતિ એ ચૌદ પિંડપ્રકૃતિઓમાં દરેકની ઉદય પ્રાપ્ત જે પ્રકૃતિ હોય છે તેની સમાનકાળ[1] વાળી ઉદય સ્થિતિમાં જે પ્રકૃતિનો ઉદય નથી તેને સંક્રમાવીને અનુભવે તે સ્તિબુક સંક્રમ કહેવાય છે. જેમ ઉદય પ્રાપ્ત મનુજ ગતિમાં શેષ ત્રણ ગતિના દળને, ઉદય પ્રાપ્ત એકેન્દ્રિય જાતિમાં શેષ જાતિના દલિકને સંક્રમાવે છે, આ સ્તિબુક સંક્રમ કહેવાય છે. પ્રદેશોદય પણ આનું જ અપર નામ છે, બંને એક જ છે.

નામકર્મની ઘણી પ્રકૃતિઓ છે, સઘળીનો કંઈ રસોદય હોતો નથી, અમુકનો જ હોય છે, બાકી સઘળી પ્રકૃતિઓ પ્રદેશોદયે અનુભવાય છે. એટલે ગાથામાં માત્ર પિંડ પ્રકૃતિઓનું જે નામ આપ્યું તે તો બાહુલ્યની અપેક્ષાએ છે, તેથી અન્ય કર્મપ્રકૃતિઓમાં પણ જો તેનો સ્વરૂપતઃ ઉદય ન હોય તો તેમાં સ્તિબુકસંક્રમ પ્રવર્ત્તે છે એમ સમજવું. જેમ ક્ષયકાળે સંજ્વલન ક્રોધાદિની શેષીભૂત ઉદયાવલિકા સંજ્વલન માનાદિમાં સ્તિબુક સંક્રમ વડે સંક્રમે છે. ૮૦

આ રીતે સ્તિબુકસંક્રમનું પણ સ્વરૂપ કહ્યું. હવે વિધ્યાતસંક્રમ, ઉદ્વલના સંક્રમ, યથાપ્રવૃત્ત સંક્રમ અને ગુણસંક્રમના અપહાર કાલનું અલ્પબહુત્વ કહેવા ઇચ્છતા આ ગાથા કહે છે—

गुणमाणेणं दलिअं हीरंतं थोवएण निट्ठाइ ।
कालोऽसंखगुणेणं अहविज्झउव्वलणगाणं ॥८१॥

गुणमानेन दलिकं ह्रियमाणं स्तोकेन निष्ठाति ।
कालोऽसंख्येयगुणो यथाप्रवृत्तविध्यातोद्वलनानाम् ॥८१॥

---

૧. સત્તામાં અસંખ્ય સ્થિતિ સ્થાનો હોય છે અને તે ક્રમશઃ અનુભવાય છે. એકસાથે એકથી વધારે સ્થિતિસ્થાનો અનુભવાતાં નથી જે કર્મપ્રકૃતિના ફળને સ્વસ્વરૂપે-સાક્ષાત્ અનુભવે છે તેના અનુભવાતા-ઉદય સમયમાં જેનો અબાધાકાળ વીતી ગયો છે પરંતુ સ્વસ્વરૂપે ફળ આપી શકે તેવી સ્થિતિમાં નથી તેવી પ્રકૃતિનો ઉદય સમય-ઉદય પ્રાપ્ત સ્થિતિસ્થાન આત્માની કોઈ પણ પ્રકારની વીર્યપ્રવૃત્તિ વિના સહજ ભાવે સંક્રમે છે. એટલે ઉપર કહેલ 'સમાન કાળવાળી ઉદય સ્થિતિમાં' એનો એ તાત્પર્ય હોઈ શકે કે સંક્રમનાર પ્રકૃતિનું ઉદયસ્થાન હોવું જોઈએ તેમજ પતદ્ગ્રહ પ્રકૃતિનું પણ ઉદયસ્થાન હોવું જોઈએ. ઉદયસ્થાનમાં ઉદયસ્થાન સંક્રમવું જોઈએ. અહીં ઉદયસ્થાનમાં ઉદયસ્થાનનું સંક્રમણ થાય છે, એટલે બંનેના ઉદયકાળરૂપ સમાન સ્થિતિ ઘટી શકે છે. અબાધાકાળ વીતી ગયા બાદ તો દરેક કર્મ અવશ્ય ફળ આપવા સન્મુખ થાય છે. તેમાં કોઈ કર્મ સ્વરૂપે ફળ આપે તેવી સ્થિતિમાં હોય છે, તો કોઈ કર્મ અન્યમાં મળી જઈ ફળ આપે તેવી સ્થિતિમાં હોય છે. જે ગતિના આયુનો ઉદય હોય છે તેને અનુકૂળ તમામ પ્રકૃતિઓનો સ્વરૂપતઃ ઉદય હોય છે. તે સિવાયની અન્ય પ્રકૃતિઓનો પરરૂપે ઉદય હોય છે. પરરૂપે જે ઉદય તેનું જ નામ પ્રદેશોદય કે સ્તિબુકસંક્રમ કહેવાય છે. અહીં એ પણ ખ્યાલમાં રાખવું કે અબાધાકાળ વીતી ગયા બાદ દરેક કર્મ ફળ આપવા સન્મુખ થાય છે એટલે જે સ્વરૂપે અનુભવાય તેની જેમ ઉદયાવલિકા હોય છે, તેમ જે પરરૂપે અનુભવાય—સ્વરૂપે ન અનુભવાય તેની પણ ઉદયાવલિકા હોય છે. ઉદયાવલિકા એટલે ઉદય સમયથી આરંભી એક આવલિકા કાળમાં ભોગવાય તેટલાં સ્થિતિસ્થાનો. તે સ્થિતિસ્થાનો તો બંનેમાં છે જ. માત્ર એકને રસોદયાવલિકા કહેવાય છે, બીજાને પ્રદેશોદયાવલિકા કહેવાય છે.

અર્થ—ચરમખંડનું ગુણસંક્રમના પ્રમાણ વડે અપહરાતું દલિક થોડા કાળે નિર્લેપ થાય છે. તે જ ખંડના યથાપ્રવૃત્ત, વિધ્યાત અને ઉદ્વલના સંક્રમ વડે અપહરાતા દલિકનો અનુક્રમે અસંખ્યાત-અસંખ્યાત ગુણ કાળ થાય છે.

ટીકાનુ૦—ઉદ્વલના સંક્રમના સ્વરૂપને કહેવાના પ્રસંગમાં જે ચરમખંડ કહ્યો હતો, તે ચરમખંડના દલિકને ગુણસંક્રમણના પ્રમાણથી અપહાર કરીએ-પરમાં નાખીએ તો તે ચરમખંડ થોડા જ કાળે-અંતર્મુહૂર્તકાળે સંપૂર્ણપણે નિર્લેપ થાય છે. તથા તે જ ચરમખંડના દલિકને યથાપ્રવૃત્ત, વિધ્યાત અને ઉદ્વલના સંક્રમના પ્રમાણથી એટલે કે તે તે સંક્રમ વડે જેટલું જેટલું અપહરી શકાય—પરમાં સંક્રમાવી શકાય તે પ્રમાણથી અપહરીએ તો અનુક્રમે અસંખ્યાત અસંખ્યાત ગુણ કાળે અપહરી શકાય છે. તેથી તેઓનો અપહારકાળ અનુક્રમે અસંખ્યાત અસંખ્યાત ગુણ જાણવો.

કઈ રીતે અસંખ્યાત ગુણ કાળ જાય ? તે કહે છે—તે ચરમખંડને યથાપ્રવૃત્તસંક્રમ વડે અપહાર કરીએ તો તે ખંડ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલા કાળે નિર્લેપ થાય છે, માટે ગુણસંક્રમ વડે થતા અપહાર કાળથી યથાપ્રવૃત્ત સંક્રમ વડે થતો અપહાર કાળ અસંખ્યાતગુણ થાય છે.

તે જ ચરમખંડને વિધ્યાતસંક્રમ વડે અપહાર કરીએ તો તે ચરમખંડ અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણી કાળે નિર્લેપ થાય છે, માટે યથાપ્રવૃત્ત સંક્રમ વડે થતા અપહારકાળથી વિધ્યાત સંક્રમ વડે થતો અપહારકાળ અસંખ્યાતગુણ થાય છે.

તે જ ચરમખંડને દ્વિચરમ સ્થિતિખંડના ચરમ સમયે પર પ્રકૃતિમાં જેટલું દલિક નંખાય છે તે માને ઉદ્વલના સંક્રમ વડે અપહાર કરીએ તો તે ચરમખંડ અતિપ્રભૂત-ઘણી અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણી વડે નિર્લેપ થાય છે, માટે વિધ્યાત સંક્રમ વડે થતા અપહાર કાળથી ઉદ્વલના સંક્રમ વડે થતો અપહારકાળ આ રીતે અસંખ્યાત ગુણ થાય છે.

વિધ્યાત અને ઉદ્વલના સંક્રમ વડે થતો અપહાર ક્ષેત્રથી વિચારીએ તો અંગુલના અસંખ્યાતમા ભાગમાં રહેલ આકાશપ્રદેશ જેટલા સમય પ્રમાણ કાળે થાય છે. માત્ર ઉદ્વલના સંક્રમ વડે થતા અપહારકાળમાં અતિમોટો અંગુલનો અસંખ્યાતમો ભાગ ગ્રહણ કરવો.[1] ૮૧

---

૧. આ ગાથામાં સંક્રમના વિષયમાં કાળનું જે અલ્પબહુત્વ કહ્યું તે ઉપરથી કયા સંક્રમનું કેટલું બળ છે તે ખ્યાલમાં આવ્યું હશે. સૌથી વધારે બળ ગુણસંક્રમનું છે તેનાથી ઓછું યથાપ્રવૃત્ત સંક્રમનું અને તેનાથી ઓછું વિધ્યાતનું છે. જો કે યોગાનુસાર સંક્રમ થાય છે પરંતુ કાળભેદે થતો હોવાથી એ અલ્પબહુત્વ સંભવે છે. ગુણસંક્રમ વડે થતો સંક્રમ તો હંમેશાં વધારે જ હોય છે. બંધ યોગ્ય પ્રકૃતિઓનો સંક્રમ અને બંધવિચ્છેદ થયા પછી થતો તેનો જ સંક્રમ એમાં વધતા-ઓછાપણું રહે છે. બંધયોગ્યનો વધારે અને બંધવિચ્છેદ થયા પછી અલ્પ દલનો સંક્રમ થાય છે. ઉદ્વલના સંક્રમ તો ઉપરના ગુણઠાણે થાય છે તેનું બળ યથાપ્રવૃત્તથી વધારે છે, કેમ કે તે વડે અંતર્મુહૂર્તમાં કર્મપ્રકૃતિ નિઃસત્તાક થાય છે. ઉદ્વલના સંક્રમમાં તો સ્વમાં નંખાય તે હિસાબે નંખાય તો યથાપ્રવૃત્ત સંક્રમ જેટલું બળ અને પરમાં નંખાય તે હિસાબે નંખાય તો તેનાથી ઘણુ ઓછું બળ છે. પ્રકૃતિને નિઃસત્તાક કરવામાં ઉદ્વલના ઉપયોગી છે. જ્યાં જ્યાં તે લાગુ પડે છે ત્યાં ત્યાં તે તે પ્રકૃતિ નિઃસત્તાક થાય છે. પહેલે ગુણઠાણે કેટલીક પ્રકૃતિઓમાં ઉદ્વલના સંક્રમ પ્રવર્ત્તે છે, પરંતુ ઉપરના ગુણઠાણે પ્રવર્ત્તે તેનાથી પહેલા ગુણઠાણે કમ બળવાળો હોય છે.

દ્વિચરમખંડ સુધીના ખંડોનું દલિક ઉદ્વલનાસંક્રમ વડે પરમાં અને સ્વમાં એમ બે રીતે સંક્રમાવે છે. પૂર્વની ગાથામાં જે અલ્પબહુત્વ કહ્યું છે, તેમાં દ્વિચરમખંડનું પરમાં જે સંક્રમાવે તે હિસાબે ચરમખંડનું દલ પરમાં નાખે તો જેટલો કાળ થાય તેટલો કાળ ઉદ્વલના સંક્રમનો લેવાનો છે તે જણાવવા ઇચ્છતા, તથા યથાપ્રવૃત્ત સંક્રમનું પણ પ્રમાણ કહેવા ઇચ્છતા આ ગાથા કહે છે—

जं दुचरिमस्स चरिमे सपरट्ठाणेसु देई समयम्मि ।
ते भागे जहकमसो अहापवत्तुव्वलणमाणे ॥८२॥

यद् द्विचरमस्य चरमे स्वपरस्थानयोः ददाति समये ।
तौ भागौ यथाक्रमशः यथाप्रवृत्तोद्वलनमानं ॥८२॥

અર્થ—દ્વિચરમખંડના ચરમ સમયે સ્વ અને પરસ્થાનમાં જે દલ ભાગ નાખે છે, તે દલ ભાગ અનુક્રમે યથાપ્રવૃત્ત અને ઉદ્વલના સંક્રમનું પ્રમાણ છે.

ટીકાનુ૰—દ્વિચરમખંડનો ચરમસમયે જે દલભાગ સ્વસ્થાનમાં અને પરસ્થાનમાં આપે છે—સંક્રમાવે છે, તે દલભાગ અનુક્રમે યથાપ્રવૃત્તસંક્રમ અને ઉદ્વલનાસંક્રમનું પ્રમાણ છે.

અહીં તાત્પર્ય આ છે—પૂર્વની ગાથામાં ચરમખંડને ગુણસંક્રમાદિ વડે સંક્રમાવતા થતા કાળનું અલ્પબહુત્વ કહ્યું છે, તેમાં યથાપ્રવૃત્ત અને ઉદ્વલન સંક્રમ વડે ચરમખંડને સંક્રમાવતાં કયું પ્રમાણ લેવાનું છે, તે ત્યાં કહ્યું નથી. અહીં બતાવે છે—ઉદ્વલના સંક્રમમાં દ્વિચરમખંડનો ચરમ પ્રક્ષેપ કરતાં જેટલું દલ સ્વસ્થાનમાં નાખે છે, તે પ્રમાણ યથાપ્રવૃત્તસંક્રમમાં લેવાનું છે. એટલે કે તે હિસાબે ચરમખંડને સંક્રમાવતાં જેટલો કાળ થાય તેટલો કાળ યથાપ્રવૃત્તનો લેવાનો છે. (આ હેતુથી જ ઉદ્વલનાસંક્રમ વડે દ્વિચરમખંડનો ચરમ પ્રક્ષેપ કરતાં જેટલું દળ સ્વમાં નાખે છે તે માને ચરમખંડને સંક્રમાવતાં જેટલો કાળ થાય તેની તુલ્ય યથાપ્રવૃત્ત સંક્રમ વડે સંક્રમાવતાં કાળ થાય છે, એમ અન્યત્ર કહ્યું છે.)

ઉદ્વલના સંક્રમમાં દ્વિચરમખંડનો ચરમ પ્રક્ષેપ કરતાં જેટલું દળ પરમાં નાખે છે, તે પ્રમાણ ઉદ્વલના સંક્રમમાં લેવાનું છે. એટલે કે દ્વિચરમખંડનો ચરમપ્રક્ષેપ કરતાં પરમાં જેટલું દલિક નાખે છે તે માને ચરમખંડને અન્યત્ર સંક્રમાવતાં જેટલો કાળ થાય તેટલો કાળ ઉદ્વલનાનો લેવાનો છે. આ પ્રમાણે લેતાં ઉપરોક્ત અલ્પબહુત્વ સંભવે છે. ૮૨

આ રીતે વિસ્તારપૂર્વક પાંચે સંક્રમનું સ્વરૂપ કહ્યું. હવે સાદિ આદિનો વિચાર કરવો જોઈએ, તેમાં મૂળ કર્મનો પરસ્પર સંક્રમ થતો નથી, માટે ઉત્તર પ્રકૃતિઓના સંક્રમના વિષયમાં જ સાદ્યાદિ ભંગોનો વિચાર કરવા આ ગાથા કહે છે—

चउहा धुवछव्वीसगसयस्स अजहन्नसंकमो होइ ।
अणुक्कोसो विहु वज्जिय उरालियावरणनवविग्घं ॥८३॥

चतुर्धा ध्रुवषड्विंशत्युत्तरशतस्याजघन्यसंक्रमो भवति ।
अनुत्कृष्टोऽपि हु वर्जयित्वौदारिकावरणनवविघ्नम् ॥८३॥

અર્થ—પૂર્વોક્ત ધ્રુવ એકસો છવ્વીસ પ્રકૃતિઓનો અજઘન્યસંક્રમ ચાર પ્રકારે છે, અને ઔદારિક સપ્તક, નવ આવરણ અને અંતરાય વર્જીને શેષપ્રકૃતિઓનો અનુત્કૃષ્ટ પણ ચાર પ્રકારે છે.

ટીકાનુ૰—પૂર્વે કહેલ ધ્રુવસત્તાવાળી એકસો છવ્વીસ પ્રકૃતિઓનો અજઘન્ય પ્રદેશસંક્રમ સાદિ, અનાદિ, ધ્રુવ, અને અધ્રુવ એમ ચાર પ્રકારે છે. તેમાં જેનું સ્વરૂપ આગળ કહેશે તેવો અને કર્મ ક્ષય માટે પ્રયત્નવંત ક્ષપિતકર્માંશ આત્મા સઘળી ધ્રુવસત્તાવાળી પ્રકૃતિઓનો જઘન્ય પ્રદેશસંક્રમ કરે છે, અને તે નિયત કાળ પર્યંત જ થતો હોવાથી સાદિ-સાંત છે. તે સિવાયનો જે પ્રદેશસંક્રમ અન્ય જીવોને થાય છે, તે સઘળો અજઘન્ય છે. તે અજઘન્ય પ્રદેશસંક્રમ ઉપશમશ્રેણિમાં બંધવિચ્છેદ થયા બાદ પતદ્ગ્રહનો અભાવ થવાથી કોઈપણ પ્રકૃતિનો થતો નથી, ત્યાંથી પડે ત્યારે થાય છે માટે સાદિ, તે સ્થાન જેઓએ પ્રાપ્ત કર્યું નથી તેઓ આશ્રયી અનાદિ, અભવ્ય આશ્રયી ધ્રુવ અને ભવ્ય આશ્રયી અધ્રુવ છે.

અનુત્કૃષ્ટ પ્રદેશસંક્રમ પણ ઔદારિક સપ્તક, જ્ઞાનાવરણ પંચક, દર્શનાવરણ ચતુષ્ક અને અંતરાય પંચક વર્જીને શેષ એકસો પાંચ ધ્રુવ સત્તાવાળી પ્રકૃતિઓનો સાદિ આદિ ચાર પ્રકારે છે. તેમાં ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ જેનું સ્વરૂપ આગળ કહેશે તેવો અને કર્મ ક્ષય માટે ઉદ્યમવંત ગુણિતકર્માંશ આત્મા કરે છે, અન્ય કોઈ કરતા નથી. અને તેઓને તે નિયત સમય જ થતો હોવાથી સાદિ-સાંત છે. તે સિવાયનો અન્ય સઘળો પ્રદેશસંક્રમ અનુત્કૃષ્ટ છે, અને તે ઉપશમ-શ્રેણિમાં બંધ વિચ્છેદ થયા બાદ થતો નથી, ત્યાંથી પડે ત્યારે થાય છે માટે સાદિ, તે સ્થાન નહિ પ્રાપ્ત કરનારને અનાદિ, અભવ્યને ધ્રુવ અને ભવ્યને અધ્રુવ છે. ૮૩

सेसं साइअधुवं जहन्न सामी य खवियकम्मंसो ।
ओरालाइसु मिच्छो उक्कोसगस्स गुणियकम्मो ॥८४॥

शेषं साद्यध्रुवं जघन्यस्य स्वामी च क्षपितकर्म्मांशः ।
औदारिकादेर्मिथ्यात्वे उत्कृष्टस्य गुणितकर्म्मांशः ॥८४॥

અર્થ—શેષ સર્વ સાદિ—અધ્રુવ છે. જઘન્ય પ્રદેશસંક્રમનો સ્વામી ક્ષપિતકર્માંશ છે, અને ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમનો સ્વામી ગુણિતકર્માંશ છે. ઔદારિકનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ મિથ્યાત્વમાં થાય છે.

ટીકાનુ૰—પૂર્વની ગાથામાં જે પ્રકૃતિઓ માટે જે કંઈ પણ કહી ગયા તે સિવાયનું જઘન્યાદિ સર્વ સાદિ-સાંત જાણવું. તેમાં એકસો પાંચ પ્રકૃતિના તો અનુક્ત જઘન્ય અને ઉત્કૃષ્ટ એ બે જ વિકલ્પ છે. અને તે તો અજઘન્ય અને અનુત્કૃષ્ટનું સ્વરૂપ કહેવાના પ્રસંગમાં પ્રાયઃ વિચારાઈ ગયેલા છે. દરેક સ્થળે નિયત કાળ પર્યંત જ થતા હોવાથી જઘન્ય અને ઉત્કૃષ્ટ તો સાદિ-સાંત જ હોય છે.

ઔદારિક સપ્તક આદિ એકવીસ પ્રકૃતિઓ કે જેને પૂર્વની ગાથામાં વર્જી છે, તેનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ ગુણિતકર્માંશ મિથ્યાદૃષ્ટિને હોય છે, તે સિવાયના કાળમાં અનુત્કૃષ્ટ હોય છે. આ રીતે

મિથ્યાદૃષ્ટિમાં જ (વારાફરતી) થતા હોવાથી તે બંને સાદિ-સાંત છે. તેનો જઘન્ય ભંગ તો અજઘન્ય કહેવાના પ્રસંગમાં સાદિ-સાંત ભાંગે કહેવાઈ ગયેલ છે.

ધ્રુવસત્તાવાળી એકસો ત્રીસ પ્રકૃતિઓ છે તેમાંથી એકસો છવ્વીસ પ્રકૃતિઓના ભંગ કહ્યા, શેષ ચાર પ્રકૃતિઓના કહે છે—મિથ્યાત્વમોહનીયની ધ્રુવસત્તા છે છતાં તેનું સમ્યક્ત્વ અને મિશ્રમોહનીયરૂપ પતદ્ગ્રહ સ્થાયી નહિ હોવાથી તેનો કોઈ પણ પ્રકારનો સંક્રમ હંમેશાં થતો નથી. પતદ્ગ્રહ જ્યારે હોય ત્યારે અને તે પણ ભવ્યાત્માને નિયતકાળ પર્યંત જ થાય છે, માટે તેના જઘન્યાદિ ચારે સાદિ-સાંત ભાંગ છે. અભવ્યનો તો મિથ્યાત્વના પ્રદેશોનો સંક્રમ જ થતો નથી.

નીચ ગોત્ર અને સાત-અસાતવેદનીય પરાવર્તમાન હોવાથી તેના અજઘન્યાદિ સાદિ-સાંત સમજવા. કેમકે સાતા બંધાય ત્યારે અસાતા સંક્રમે, અસાતા બંધાય ત્યારે સાતા સંક્રમે, ઉચ્ચ ગોત્ર બંધાય ત્યારે નીચ ગોત્ર સંક્રમે, નીચ ગોત્ર બંધાય ત્યારે ઉચ્ચ ગોત્ર સંક્રમે. જે પ્રકૃતિ બંધાતી હોય તેમાં નહિ બંધાતીનો અજઘન્યસંક્રમ થાય. એટલે તે પ્રકૃતિઓના અજઘન્યાદિ સંક્રમ સ્થાયી નહિ હોવાથી તેમાં સાદિ-સાંત ભંગ જ ઘટી શકશે, તથા અધ્રુવસત્તાવાળી-અઠ્ઠાવીસ પ્રકૃતિઓના અજઘન્યાદિ પ્રદેશસંક્રમ તેઓ અધ્રુવ સત્તાવાળી હોવાથી જ સાદિ-સાંત ભાંગે છે. ૮૪

આ રીતે સાદ્યાદિભંગની પ્રરૂપણા કરી. હવે ઉત્કૃષ્ટ અને જઘન્ય પ્રદેશસંક્રમના સ્વામી કોણ ? તે કહેવાનો ક્રમ પ્રાપ્ત પ્રસંગ છે. તેમાં જઘન્ય પ્રદેશસંક્રમના સ્વામી ક્ષપિતકર્માંશ આત્મા છે, અને ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમના સ્વામી ગુણિતકર્માંશ આત્મા છે. તેમાં પણ ઔદારિકસપ્તક, જ્ઞાનાવરણ પંચક, દર્શનાવરણ ચતુષ્ક અને અંતરાય પંચક એ એકવીસ પ્રકૃતિના ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમના સ્વામી ગુણિતકર્માંશ મિથ્યાદૃષ્ટિ છે, અને શેષ પ્રકૃતિઓના યથાસંભવ ઉપરના ગુણસ્થાનવર્તી આત્માઓ છે, જે આગળ ઉપર કહેશે. પરંતુ અહીં ગુણિતકર્માંશ કોને કહેવાય ? તેનું શું સ્વરૂપ છે ? તે કહેવા ઇચ્છતા આ ગાથા કહે છે—

बायरतसकालूणं कम्मठिइ जो उ बायरपुढवीए ।
पज्जत्तापज्जत्तदीहेयरआउगो वसिउं ॥८५॥

बादरत्रसकालोनां कर्मस्थितिं यस्तु बादरपृथिव्यां ।
पर्याप्तापर्याप्तयोः दीर्घेतरायुः उषित्वा ॥८५॥

અર્થ—કોઈ આત્મા બાદર ત્રસકાયના કાયસ્થિતિકાળ ન્યૂન કર્મસ્થિતિ પર્યંત બાદર પૃથ્વીમાં પર્યાપ્ત અને અપર્યાપ્ત ભવોમાં દીર્ઘ અને અલ્પ આઉખે રહીને—

ટીકાનુ૰—ત્રસો બે પ્રકારે છે : ૧. સૂક્ષ્મત્રસ, ૨. બાદરત્રસ. તેમાં બેઇન્દ્રિયાદિ બાદરત્રસ છે, અને તેઉકાય-વાઉકાય સૂક્ષ્મત્રસ કહેવાય છે. અહીં સૂક્ષ્મત્રસના વ્યવચ્છેદ માટે-પૃથક્ કરવા માટે 'બાદર' પદ ગ્રહણ કર્યું છે. બેઇન્દ્રિયાદિ બાદરત્રસનો પૂર્વકોટિ પૃથક્ત્વ અધિક બે હજાર સાગરોપમ પ્રમાણ જે કાયસ્થિતિ કાળ કહ્યો છે, તે વડે ન્યૂન મોહનીયકર્મની સિત્તેર કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિ પર્યંત કોઈ આત્મા બાદર પૃથ્વીકાયના ભવોમાં રહીને,

કેવી રીતે રહીને ? એ પ્રશ્નના ઉત્તરમાં કહે છે કે—

પર્યાપ્તાના ભવોમાં લાંબા આઉખે અને અપર્યાપ્તાના ભવોમાં અલ્પ આઉખે રહીને, શેષ એકેન્દ્રિયની અપેક્ષાએ બાદર પૃથ્વીકાયનું આયુ વધારે હોય છે, તેથી કરીને દીર્ઘ કાળ પર્યંત નિરંતર તેઓ ઘણાં કર્મપુદ્ગલોનું ગ્રહણ કરી શકે છે, તથા શેષ એકેન્દ્રિયની અપેક્ષાએ પર્યાપ્ત ખર બાદરપૃથ્વીકાય અત્યન્ત બળવાન હોવાથી તેઓમાં દુઃખ સહન કરવાની તાકાત વધારે હોય છે, જેથી તેઓને ઘણાં કર્મપુદ્ગલનો ક્ષય થતો નથી, એટલે આવા જીવને કર્મબંધ વધારે થાય છે અને ક્ષય અલ્પ પ્રમાણમાં થાય છે. માટે બાદર અને પર્યાપ્ત વિશેષણયુક્ત પૃથ્વીકાયનું ગ્રહણ કર્યું છે.

'पज्जत्तापज्जत्त' પદથી પર્યાપ્તના ઘણા ભવો અને અપર્યાપ્તાના અલ્પ ભવો ગ્રહણ કરવાના કહ્યા છે. અહીં નિરંતર પર્યાપ્તાના ભવો કેમ ન લેવા ? વચમાં અપર્યાપ્તાના થોડા પણ ભવો શા માટે લેવા ? એવો પ્રશ્ન થાય છે, તેના ઉત્તરમાં જણાવે છે કે, એકલા પર્યાપ્તાની તેટલી સ્વકાયસ્થિતિ નથી, બંનેની મળીને છે, એટલે પૂર્ણ કાયસ્થિતિ લેવા માટે વચમાં અપર્યાપ્તાના ભવો લેવાના છે. બે હજાર સાગરોપમ ન્યૂન સિત્તેર કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્વકાયસ્થિતિમાં જેટલા ઓછામાં ઓછા હોઈ શકે તેટલા અપર્યાપ્તાના ભવો અને શેષ સઘળા પર્યાપ્તાના ભવો ગ્રહણ કરવાના છે.

અહીં અપર્યાપ્તાના ભવો ઓછા અને પર્યાપ્તાના ભવો ઘણા ગ્રહણ કરવાનું કારણ ઘણાં કર્મપુદ્ગલોનો સત્તામાંથી ક્ષય ન થાય એ છે, અન્યથા નિરંતર ઉત્પન્ન થતાં અને મરણ પામતાં ઘણાં કર્મપુદ્ગલોનો સત્તામાંથી ક્ષય થાય. અહીં તેનું પ્રયોજન નથી. અહીં તો બંધાય વધારે અને સત્તામાંથી જાય અલ્પ તેનું પ્રયોજન છે, કેમકે અહીં ગુણિતકર્માંશનું સ્વરૂપ કહેવાનું છે. આવી રીતે પર્યાપ્તાના ઘણા અને અપર્યાપ્તાના અલ્પ ભવો કરીને (ત્યારપછી ગુણિતકર્માંશને અંગે જે હકીકત કહેવાની છે તે હવે પછીની ગાથામાં કહેશે.) ૮૫

ત્રસની કાયસ્થિતિ ન્યૂન મોહનીયની ઉત્કૃષ્ટસ્થિતિ પ્રમાણ બાદરપૃથ્વીકાયમાં કઈ રીતે રહીને ત્રસમાં જાય જેથી આત્મા ગુણિતકર્માંશ થઈ શકે ? તે હકીકત પૂર્વની ગાથામાં કહી. આ ગાથામાં પણ એ જ હકીકત કહે છે—

जोगकसाउक्कोसो बहुसो आउं जहन्नजोगेणं ।
बंधिय उवरिल्लासु ठिइसु निसेगं बहुं किच्चा ॥८६॥

योगकषायोत्कृष्टो बहुशः आयुर्जघन्ययोगेन ।
बद्ध्वा उपरितनीषु स्थितिषु निषेकं बहु कृत्वा ॥८६॥

અર્થ—ઘણી વાર ઉત્કૃષ્ટ યોગ અને ઉત્કૃષ્ટ કષાયમાં રહીને, આયુને જઘન્ય યોગે બાંધીને, અને ઉપરનાં સ્થિતિસ્થાનોમાં કર્મનો નિષેક ઘણો કરીને, બાદર ત્રસમાં ઉત્પન્ન થાય.

ટીકાનુ૰—ઘણી વાર ઉત્કૃષ્ટ યોગસ્થાનમાં અને ઘણી વાર ઉત્કૃષ્ટ કષાયોદયજન્ય સંક્લેશસ્થાનમાં રહીને, અર્થાત્ ઘણી વાર ઉત્કૃષ્ટ યોગવાળો અને ઉત્કૃષ્ટ સંક્લિષ્ટ પરિણામવાળો થઈને, અહીં ઉત્કૃષ્ટ યોગમાં અને ઉત્કૃષ્ટ સંક્લેશમાં રહેવાનું કારણ કહે છે—ઉત્કૃષ્ટ

યોગસ્થાનમાં વર્તમાન આત્મા ઘણાં કર્મપુદ્ગલો ગ્રહણ કરે છે, અને ઉત્કૃષ્ટ સંક્લેશસ્થાનમાં વર્તમાન આત્મા ઉત્કૃષ્ટસ્થિતિ બાંધે છે, ઘણાં કર્મપુદ્ગલોની ઉદ્વર્ત્તના કરે છે, અને અલ્પ દલની અપવર્ત્તના કરે છે. ઘણી ઉદ્વર્ત્તના અને અલ્પ અપવર્ત્તના કરવાનું કારણ ઉપરનાં સ્થાનકોને કર્મદલથી પુષ્ટ કરવા એ છે.

દરેક ભવમાં આયુબંધકાળે જઘન્યયોગે આયુનો બંધ કરીને, જઘન્ય યોગે આયુનો બંધ કરવાનું કારણ જો કે આયુને યોગ્ય ઉત્કૃષ્ટયોગે વર્ત્તતો આયુકર્મનાં ઘણાં પુદ્ગલો ગ્રહણ કરે છે, પરંતુ તથાપ્રકારના જીવસ્વભાવે જ્ઞાનાવરણીયકર્મનાં ઘણાં પુદ્ગલોનો ક્ષય કરે છે. અહીં માત્ર જ્ઞાનાવરણીયકર્મનાં જ ઘણાં પુદ્ગલોનો ક્ષય થવાનું કહ્યું તેમાં જીવસ્વભાવ જ કારણ છે. કોઈપણ કર્મનાં ઘણાં પુદ્ગલો સત્તામાંથી ઓછાં થાય તેનું અહીં પ્રયોજન નથી માટે જઘન્યયોગે આયુબંધ કહ્યો છે.

ઉપરનાં સ્થિતિસ્થાનકોમાં કર્મપુદ્ગલોને ગોઠવવારૂપ નિષેક પોતપોતાની ભૂમિકાને અનુસરીને ઘણો કરીને, ઉપરનાં સ્થાનકોમાં વધારે નિક્ષેપ કરવાનું કારણ નીચેનાં સ્થાનકો તો ઉદય દ્વારા ભોગવાઈ ક્ષય થઈ જશે, પરંતુ ઉપરનાં સ્થાનકોમાં ગોઠવાયેલાં દલિકો જ ગુણિતકર્માંશ થતા સુધી ટકી શકશે માટે ઉપરનાં સ્થાનકોમાં પોતપોતાની ભૂમિકાને અનુસારે વધારે ગોઠવવાનું કહ્યું છે. આ રીતે બાદર પૃથ્વીકાયમાં પૂર્વક્રોડ પૃથક્ત્વાધિક બે હજાર સાગરોપમન્યૂન સિત્તેર કોડાકોડી સાગરોપમ પર્યંત રહીને ત્યાંથી નીકળે, નીકળીને બાદરત્રસકાયમાં ઉત્પન્ન થાય. ૮૬.

બાદરત્રસમાં ઉત્પન્ન થઈને ગુણિતકર્માંશને અંગે કઈ કઈ વિધિ કરવાની છે તે કહે છે—

बायरतसकालमेवं वसित्तु अंते य सत्तमक्खिइए ।
लहुपज्जत्तो बहुसो जोगकसायाहिओ होउं ॥८७॥

बादरत्रसकालमेवमुषित्वा अंते च सप्तमपृथिव्यां ।
लघु पर्याप्तः बहुशः योगकषायाधिको भूत्वा ॥८७॥

અર્થ—બાદરત્રસમાં પણ એ પ્રકારે પોતાના કાયસ્થિતિકાળ પર્યંત રહીને, અને છેવટે સાતમી નરકપૃથ્વીમાં શીઘ્ર પર્યાપ્તપણું પામીને અને ત્યાં ઘણી વાર ઉત્કૃષ્ટ યોગ અને ઉત્કૃષ્ટ કષાયવાળો થઈને.

ટીકાનુ૰—૮૫ અને ૮૬મી ગાથામાં ગુણિતકર્માંશને યોગ્ય જે વિધિ કહ્યો છે, તે વિધિ કરવા પૂર્વક પૂર્વક્રોડ પૃથક્ત્વ અધિક બે હજાર સાગરોપમ પ્રમાણ બાદરત્રસકાયના કાયસ્થિતિકાળ પર્યંત બાદરત્રસમાં રહીને, તેટલા કાળમાં વધારેમાં વધારે જેટલી વાર સાતમી નરકપૃથ્વીમાં જઈ શકાય તેટલી વાર સાતમી નરકપૃથ્વીમાં જાય. તે નારકભવોમાંના છેલ્લા સાતમી નરક પૃથ્વીના ભવમાં સઘળાં બીજાં નારકોથી શીઘ્ર પર્યાપ્તભાવને પ્રાપ્ત થાય—શીઘ્ર પર્યાપ્તા થાય. અપર્યાપ્તાવસ્થામાં કાળ ઓછો જાય એટલા માટે શીઘ્ર પર્યાપ્તભાવ પામવાનું કહ્યું છે. તથા તે સાતમી નરકપૃથ્વીમાં અનેક વાર ઉત્કૃષ્ટ યોગસ્થાનક અને ઉત્કૃષ્ટ કષાયોદયજન્ય

ઉત્કૃષ્ટ સંક્લેશ સ્થાનકને પ્રાપ્ત થાય.

અહીં સાતમી નરકપૃથ્વીના ભવમાં વર્તમાન જીવનું આયુ દીર્ઘ હોય છે, અને ઉત્કૃષ્ટ કષાયજન્ય ઉત્કૃષ્ટ સંક્લેશ તેમજ ઉત્કૃષ્ટયોગ હોઈ શકે છે, માટે જેટલી વાર જઈ શકાય તેટલી વાર સાતમી નરકપૃથ્વીમાં જાય તેમ કહ્યું છે. તથા અપર્યાપ્તાની અપેક્ષાએ પર્યાપ્તાનો યોગ અસંખ્યાતગુણ હોય છે, અને વધારે યોગ હોવાને લીધે ઘણાં કર્મપુદ્ગલો ગ્રહણ કરી શકે છે. અહીં ગુણિતકર્માંશના અધિકારમાં જે ઘણાં કર્મપુદ્ગલો ગ્રહણ કરે અને ઓછાં દૂર કરે તેવા. આત્માનું પ્રયોજન છે, માટે શીઘ્ર પર્યાપ્ત થાય એમ કહ્યું છે. ૮૭.

ઉપરોક્ત વિધિ કર્યા બાદ વળી ગુણિતકર્માંશને અંગે શું કરવાનું છે તે કહે છે—

जोगजवमज्झ उवरिं मुहुत्तमच्छित्तु जीवियवसाणे ।
तिचरिमदुचरिमसमए पूरित्तु कसायमुक्कोसं ॥८८॥
जोगुक्कोसं दुचरिमे चरिमसमए उ चरिमसमयंमि ।
संपुन्नगुणियकम्मो पगयं तेणेह सामित्ते ॥८९॥

योगयवमध्यस्योपरि मुहूर्त्तं स्थित्वा जीवितावसाने ।
त्रिचरिमद्विचरिमसमये पूरयित्वा कषायमुत्कृष्टम् ॥८८॥
योगोत्कृष्टं द्विचरमे चरमसमये तु चरमसमये ।
संपूर्णगुणितकर्म्मांशः प्रकृतं तेनेह स्वामित्वे ॥८९॥

અર્થ—પોતાના આયુના અંતે યોગના યવમધ્યના ઉપરનાં યોગસ્થાનોમાં અંતર્મુહૂર્ત્ત રહીને, તથા ત્રિચરમ અને દ્વિચરમ સમયે ઉત્કૃષ્ટ કષાય અને દ્વિચરમ અને ચરમ સમયે ઉત્કૃષ્ટ યોગ પૂરીને આત્મા ગુણિતકર્માંશ થાય છે.

દ્વિચરમ અને ચરમ સમયે ઉત્કૃષ્ટ યોગવાળો થાય. આ વિધિથી પોતાના આયુના ચરમ સમયે તે સાતમી નરક પૃથ્વીનો જીવ સંપૂર્ણ ગુણિતકર્માંશ થાય. એવા જીવનો જ ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમના સ્વામિત્વના વિષયમાં અધિકાર છે.

ટીકાનુ૰—યોગના અધિકારમાં આઠ સમય કાળમાનવાળાં જે યોગસ્થાનકો કહ્યાં છે તે યવમધ્ય સંજ્ઞાવાળાં કહેવાય છે. ઉપર વર્ણવ્યો તેવો સાતમી નરક પૃથ્વીનો આત્મા પોતાનું અંતર્મુહૂર્ત્ત આયુ બાકી રહે ત્યારે યવમધ્ય યોગસ્થાનની ઉપરના સાત છ આદિ સમયના કાળવાળા યોગસ્થાનમાં અંતર્મુહૂર્ત્ત પર્યંત અનુક્રમે વધતો જાય, અર્થાત્ અનુક્રમે ચડતા ચડતા યોગસ્થાનકે જાય. યોગમાં વધવાનું કારણ ઘણાં કર્મપુદ્ગલો ગ્રહણ કરે તે છે. તથા પોતાના આયુના અંતસમયથી ગણતાં ત્રીજે સમયે અને બીજા સમયે ઉત્કૃષ્ટ કષાયોદયજન્ય ઉત્કૃષ્ટ સંક્લિષ્ટ પરિણામી થાય અને બીજા સમયે અને પહેલા-પોતાના આયુના છેલ્લા સમયે ઉત્કૃષ્ટ યોગવાળો થાય.

અહીં ઉત્કૃષ્ટ યોગ અને ઉત્કૃષ્ટ સંક્લેશ બંને એકસાથે એક સમયકાળ જ હોય છે,

અધિક કાળ હોતા નથી. માટે ત્રીજા અને બીજા સમયે ઉત્કૃષ્ટ સંક્લેશ અને બીજા અને પહેલા એટલે કે નારકાયુના છેલ્લા સમયે ઉત્કૃષ્ટ યોગ એમ સમ-વિષમપણે ઉત્કૃષ્ટ સંક્લેશ અને ઉત્કૃષ્ટ યોગ ગ્રહણ કર્યો છે. ત્રિચરમ અને દ્વિચરમ સમયે ઉત્કૃષ્ટ સંક્લેશ ગ્રહણ કરવાનું કારણ ઉદ્વર્ત્તના ઘણી થાય અને અપવર્ત્તના અલ્પ થાય તે છે, અને ચરમ તથા દ્વિચરમ સમયે ઉત્કૃષ્ટ યોગ ગ્રહણ કરવાનું કારણ કર્મ પુદ્ગલોનો પરિપૂર્ણ સંચય થાય તે છે. આવા સ્વરૂપવાળો નારકી પોતાના આયુના ચરમ સમયે સંપૂર્ણ ગુણિતકર્માંશ થાય છે.

હવે પછી ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમના સ્વામી કહેવાના છે ત્યાં ઉપરોક્ત સ્વરૂપવાળા ગુણિતકર્માંશ જીવનો જ અધિકાર છે, કેમ કે તેવા ઉત્કૃષ્ટ પ્રદેશના સંચય-સત્તાવાળો જીવ જ ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ કરી શકે છે. ૮૮-૮૯.

આ રીતે ગુણિતકર્માંશ-વધારેમાં વધારે કર્માંશની સત્તાવાળા આત્માનું સ્વરૂપ કહ્યું. હવે ઉત્કૃષ્ટ પ્રદેશનો સંક્રમ કોણ કરે ? તે કહે છે—

तत्तो तिरियागय आलिगोवरिं उरलएक्कवीसाए ।
सायं अणंतर बंधिऊण आली परमसाए ॥९०॥

ततः तिर्यक्ष्वागतः आवलिकाया उपरि औदारिकैकविंशतेः ।
सातमनन्तरं बद्ध्वा आवलिकायाः परमसातं ॥९०॥

અર્થ—સાતમી નરક પૃથ્વીમાંથી નીકળી તિર્યંચ ગતિમાં આવેલ આત્મા આવલિકા ગયા બાદ ઔદારિકાદિ એકવીસ પ્રકૃતિનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ કરે છે. તિર્યંચ ભવમાં સાતા બાંધીને આવલિકા બાદ બંધાતી અસાતામાં સાતા સંક્રમાવે તે તેનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ છે.

ટીકાનુ૦—પંચાસીથી નેવ્યાસી સુધીની ગાથામાં કહેલ વિધિ પ્રમાણે થયેલ ગુણિતકર્માંશ આત્મા સાતમી નરકપૃથ્વીમાંથી નીકળી પર્યાપ્ત તિર્યંચ પંચેન્દ્રિયમાં ઉત્પન્ન થાય. ત્યાં તે તિર્યંચ પોતાના ભવની પ્રથમાવલિકાના ચરમસમયે ઔદારિક સપ્તક, જ્ઞાનાવરણ પંચક, દર્શનાવરણ ચતુષ્ક અને અંતરાય પંચકરૂપ એકવીસ પ્રકૃતિનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ કરે[1] છે. કારણ કે નારક ભવના ચરમસમયે ઉત્કૃષ્ટ યોગ વડે ઉપરોક્ત પ્રકૃતિઓનું ઘણું કર્મદલિક ગ્રહણ કર્યું છે, તેને બંધાવલિકા વીત્યા બાદ સંક્રમાવે છે, તે પહેલાં નહિ. વળી બીજે કોઈ પણ સ્થળે આટલું ઘણું કર્મદલિક સત્તામાં હોઈ શકતું નથી માટે નારકીમાંથી નીકળી તિર્યંચમાં આવ્યા બાદ તે ભવની પહેલી આવલિકાના ચરમસમયે ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ થાય તેમ કહ્યું છે.

તથા નારકભવમાંથી નીકળી તિર્યંચના ભવમાં આવે, ત્યાં તે ભવના પ્રથમ સમયથી આરંભી સાતવેદનીયને તેના ઉત્કૃષ્ટ બંધકાળ સુધી બાંધીને પછી અસાતવેદનીય બાંધે, તે અસાત-

૧. સાતમી નારકીના જીવો ત્યાંથી નીકળી સંખ્યાત વર્ષાયુવાળા ગર્ભજ પર્યાપ્ત તિર્યંચમાં જ ઉત્પન્ન થાય છે. તેથી નારકી પછીનો અનંતર તિર્યંચનો ભવ ગ્રહણ કર્યો છે. સાતમી નારકીના જીવે પોતાના આયુના ચરમસમયે બાંધેલ કર્મની બંધાવલિકા તિર્યંચગતિમાં પોતાની પ્રથમાવલિકાના ચરમસમયે પૂર્ણ થાય છે, માટે પ્રથમાવલિકાનો ચરમસમય ગ્રહણ કર્યો છે.

વેદનીયની બંધાવલિકાના ચરમસમયે જેની બંધાવલિકા વીતી ગઈ છે એવું તિર્યંચના ભવમાં પ્રથમ સમયથી ઉત્કૃષ્ટ બંધકાળ સુધી બાંધેલું સંપૂર્ણ પ્રદેશ સત્તાવાળું સાતવેદનીય કર્મ બંધાતાં તે અસાતવેદનીયમાં યથાપ્રવૃત્તસંક્રમ વડે સંક્રમાવતાં સાતાનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ કરે છે.[1] ૯૦

कम्मचउक्के असुभाण बज्झमाणीण सुहुमरागंते ।
संछोभणंमि नियगे चउवीसाए नियट्टिस्स ॥९१॥

कर्मचतुष्केऽशुभानामबध्यमानानां सूक्ष्मरागान्ते ।
संछोभने निजके चतुर्विंशतेः अनिवृत्तेः ॥९१॥

અર્થ—ચાર કર્મની નહિ બંધાતી અશુભ પ્રકૃતિઓનો સૂક્ષ્મસંપરાયના ચરમ સમયે ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ થાય છે. તથા અનિવૃત્તિબાદરને ચોવીસ પ્રકૃતિનો પોતપોતાના ચરમ સંક્રમ સમયે ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ થાય છે.

ટીકાનુ૦—સૂક્ષ્મસંપરાય અવસ્થામાં નહિ બંધાતી દર્શનાવરણ, વેદનીય, નામ અને ગોત્ર એ ચાર કર્મની નિદ્રાદ્વિક, અસાતવેદનીય, પ્રથમવર્જ પાંચ સંસ્થાન, પ્રથમવર્જ પાંચ સંઘયણ, અશુભ વર્ણાદિ નવ, ઉપઘાત, અપ્રશસ્ત વિહાયોગતિ, દુર્ભગ, દુઃસ્વર, અનાદેય, અપર્યાપ્ત, અસ્થિર, અશુભ, અયશઃકીર્ત્તિ, અને નીચ ગોત્ર રૂપ બત્રીસ પાપ પ્રકૃતિઓનો ગુણિતકર્માંશ ક્ષપક આત્માને સૂક્ષ્મસંપરાયના ચરમ સમયે (ગુણસંક્રમ વડે) ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમ થાય છે.

અનિવૃત્તિબાદર સંપરાય ગુણસ્થાનકે વર્ત્તમાન ગુણિતકર્માંશ ક્ષપક આત્માને મધ્યમ આઠ કષાય, સ્ત્યાનર્દ્ધિત્રિક, તિર્યંચદ્વિક, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરિન્દ્રિયજાતિ, સૂક્ષ્મ, સાધારણ અને છ નોકષાય એમ ચોવીસ કર્મપ્રકૃતિઓનો પોતપોતાનો જે સમયે ચરમસંક્રમ થાય તે સમયે સર્વસંક્રમ વડે ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમ થાય છે. ૯૧.

संछोभणाए दोण्हं मोहाणं वेयगस्स खणसेसे ।
उप्पाइय सम्मत्तं मिच्छत्तगए तमतमाए ॥९२॥

संछोभे द्वयोर्मोहयोः वेदकस्य क्षणशेषे ।
उत्पाद्य सम्यक्त्वं मिथ्यात्वं गते तमस्तमायाम् ॥९२॥

અર્થ—બે મોહનીય-મિથ્યાત્વ અને મિશ્રમોહનીયનો પોતપોતાના ચરમ સંછોભ સમયે ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમ થાય છે. તથા સાતમી નારકીમાં અંતર્મુહૂર્ત્ત આયુ બાકી હોય ત્યારે સમ્યક્ત્વ ઉત્પન્ન કરીને મિથ્યાત્વે જાય ત્યારે વેદકનો-સમ્યક્ત્વમોહનીયનો ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમ થાય છે.

---

૧. સાતા અસાતા એ બંને પરાવર્ત્તમાન હોવાથી અંતર્મુહૂર્ત્તથી વધારે કાળ બંધાતી નથી. અહીં સાતમી નરક પૃથ્વીમાં જેટલી વાર વધારે બંધાઈ શકે તેટલી વાર અસાતા બાંધી તેને પુષ્ટ દળવાળી કરે. ત્યાંથી મરણ પામી તિર્યંચમાં આવી શરૂઆતના અંતર્મુહૂર્ત્તમાં સાતા બાંધે અને પૂર્વની અસાતા સંક્રમાવે. આ પ્રમાણે સંક્રમ વડે અને બંધ વડે સાતા પુષ્ટ થાય. એટલે તેની બંધાવલિકા વીત્યાબાદ અનંતર સમયે બંધાતી અસાતામાં સાતાનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ કરે. આ રીતે સાતાનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ સંભવી શકે છે.

ટીકાનુ૦—બે મોહનીય—મિથ્યાત્વ અને મિશ્રમોહનીયનો ક્ષાયિક સમ્યક્ત્વ ઉપાર્જન કરતા ક્ષપક આત્માને તે બે પ્રકૃતિનો જે સમયે ચરમ સંછોભ-સંક્રમ થાય તે સમયે સર્વસંક્રમ વડે સંક્રમાવતા ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ થાય છે. મિથ્યાત્વ અને મિશ્રમોહનીયના ચરમખંડને ઉવેલતા તે ચરમખંડના દલને પૂર્વ પૂર્વ સમયથી ઉત્તરોત્તર સમયે અસંખ્ય અસંખ્ય ગુણાકારે પરમાં—સમ્યક્ત્વ મોહનીયમાં ચરમ સમય પર્યંત નાખે છે. એટલે ચરમ સમયે સર્વોત્કૃષ્ટ પ્રદેશ સંક્રમ ઘટી શકે છે. ચરમ સમયે જે સઘળું દળ પરમાં સંક્રમાવે છે તે જ સર્વસંક્રમ કહેવાય છે, એટલે ઉપર 'સર્વસંક્રમ વડે' એમ ગ્રહણ કર્યું છે.

તમસ્તમા નામની સાતમી નારકીમાં અંતર્મુહૂર્ત્ત શેષ આયુ રહે ત્યારે ઔપશમિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરીને અને તે સમ્યક્ત્વના કાળમાં જેટલા શક્ય હોય તેટલા દીર્ઘ અંતર્મુહૂર્ત્ત પર્યંત ગુણસંક્રમ વડે સમ્યક્ત્વ મોહનીયને મિથ્યાત્વ અને મિશ્રમોહનીયના દળને સંક્રમાવવા વડે પુષ્ટ કરીને સમ્યક્ત્વથી પડીને મિથ્યાત્વે જાય, ત્યાં તેના-મિથ્યાત્વના પ્રથમ સમયે જ સમ્યક્ત્વમોહનીયનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ કરે છે. ૯૨

અનન્તાનુબંધિનો ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમ જણાવે છે—

भिन्नमुहुत्ते सेसे जोगकसाउक्कसाइं काऊण ।
संजोअणाविसंजोयगस्स संछोभणाए सिं ॥९३॥

भिन्नमुहूर्त्ते शेषे योगकषायोत्कृष्टानि कृत्वा ।
संयोजनावियोजकस्य संछोभे एषाम् ॥९३॥

અર્થ—અન્તર્મુહૂર્ત્ત આયુ શેષ રહે ત્યારે યોગ અને કષાયને ઉત્કૃષ્ટ કરીને નરકમાંથી નીકળી તિર્યંચમાં આવી ત્યાં અનંતાનુબંધીની વિસંયોજના કરનારને ચરમસંક્રમ સમયે તે કષાયોનો ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમ થાય છે.

ટીકાનુ૦—સાતમી નરકપૃથ્વીમાં વર્તમાન ગુણિતકર્માંશ આત્મા પોતાનું જ્યારે અંતર્મુહૂર્ત્ત આયુ બાકી રહે ત્યારે ઉત્કૃષ્ટ યોગસ્થાનકોને અને ઉત્કૃષ્ટ કષાયસ્થાનકોને કરીને-ઉત્કૃષ્ટ યોગસ્થાનકોને અને ઉત્કૃષ્ટ કષાયોદયજન્ય સંક્લેશ સ્થાનકોને પ્રાપ્ત કરીને તે સાતમી નરકપૃથ્વીમાંથી નીકળી (તિર્યંચમાં આવી) ત્યાં ક્ષયોપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરે, ત્યારબાદ તે ક્ષયોપશમ સમ્યક્ત્વ છતાં અનંતાનુબંધિની વિસંયોજના-ક્ષય કરવા પ્રયત્ન કરે. ક્ષય કરતા એ અનંતાનુબંધિના ચરમખંડનો ચરમ પ્રક્ષેપ કરે ત્યારે સર્વસંક્રમ વડે તેનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ થાય છે. તાત્પર્ય એ કે ચરમખંડનું સઘળું દલિક ચરમ સમયે સર્વસંક્રમ વડે જેટલું પરમાં સંક્રમાવે તે અનંતાનુબંધિ કષાયનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ કહેવાય છે. ૯૩

નપુંસકવેદનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ કહે છે—

ईसाणागयपुरिसस्स इत्थियाए व अट्ठवासाए ।
मासपुहुत्तब्भहिए नपुंसगस्स चरिमसंछोभे ॥९४॥

ईशानागतपुरुषस्य स्त्रिया वा अष्टवर्षस्य ।
मासपृथक्त्वाभ्यधिकस्य नपुंसकस्य चरमसंछोभे ॥९४॥

અર્થ—માસ પૃથક્ત્વ અધિક આઠ વરસની ઉંમરવાળા ઈશાન દેવલોકથી આવેલા પુરુષ અથવા સ્ત્રીને ચરમ સંછોભ સમયે નપુંસકવેદનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ થાય છે.

ટીકાનુ૦—કોઈ ગુણિતકર્માંશ ઈશાન દેવલોકના દેવ સંક્લિષ્ટ પરિણામ વડે એકેન્દ્રિય પ્રાયોગ્ય કર્મ બાંધતાં નપુંસકવેદને વારંવાર બાંધીને ત્યારબાદ ઈશાન દેવલોકમાંથી ચ્યવી પુરુષ અથવા સ્ત્રી થાય. તે પુરુષ અથવા સ્ત્રી પોતાની માસ પૃથક્ત્વ અધિક આઠ વરસની ઉંમર થાય ત્યારે ક્ષપકશ્રેણિ પર આરૂઢ થાય. ક્ષપકશ્રેણિમાં નપુંસકવેદને ખપાવતા તે પુરુષ અથવા સ્ત્રીને ચરમ[1] પ્રક્ષેપ કાળે સર્વસંક્રમ વડે સંક્રમાવતાં નપુંસકવેદનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ થાય છે. ૯૪

સ્ત્રીવેદનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ કહે છે—

पूरित्तु भोगभूमीसु जीविय वासाणि-संखियाणि तओ ।
हस्सठिइं देवागय लहु छोभे इत्थिवेयस्स ॥९५॥

पूरयित्वा भोगभूमिषु जीवित्वा वर्षाण्यसंख्येयानि ततः ।
ह्रस्वस्थितिं देवागतः लघु संछोभे स्त्रीवेदस्य ॥९५।

અર્થ—ભોગભૂમિમાં અસંખ્ય વર્ષ પર્યંત સ્ત્રીવેદને બાંધીને પૂરીને અને તેટલો જ કાળ ત્યાં જીવીને જઘન્ય સ્થિતિવાળા દેવમાં ઉત્પન્ન થાય, ત્યાંથી મરણ પામી મનુષ્યમાં ઉત્પન્ન થાય, અને શીઘ્ર ક્ષપકશ્રેણિ પર આરૂઢ થાય, ત્યાં સ્ત્રીવેદને ખપાવતા ચરમસંછોભકાળે તેનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ થાય છે.

ટીકાનુ૦—ભોગભૂમિ-યુગલિયાના ક્ષેત્રમાં અસંખ્યાતા વર્ષ પર્યંત સ્ત્રીવેદ બાંધીને અને અન્ય પ્રકૃતિનાં દલિકોના સંક્રમ વડે પૂરીને અને ત્યાં તેટલા જ વર્ષ જીવીને પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલો કાળ જાય ત્યારે અકાલ[2] મૃત્યુ વડે મરણ પામી દશ હજાર વરસ

---

૧. અહીં 'ચરમ પ્રક્ષેપ' વારંવાર આવે છે તે કયો ? એમ કદાચ પ્રશ્ન થાય તો તેના ઉત્તરમાં—નપુંસકવેદને ઉદ્વલના સંક્રમ વડે પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેવડા ખંડો કરી કરી દૂર કરતા ચરમખંડ સિવાયના તમામ ખંડો સ્વ અને પરમાં સંક્રમાવી ખાલી કરે છે. દરેક ખંડને સંક્રમાવતા અંતર્મુહૂર્તકાળ જાય છે. એ પ્રમાણે ચરમખંડને પૂર્વ પૂર્વ સમયથી ઉત્તરોત્તર સમયે અસંખ્યાત અસંખ્યાત ગુણાકારે પરમાં સંક્રમાવતા અંતર્મુહૂર્તના ચરમ સમયે સઘળું જે પરમાં સંક્રમાવે તે ચરમ પ્રક્ષેપ કહેવાય છે. અહીં એક તો ગુણિતકર્માંશ આત્મા છે, વળી પૂર્વ પૂર્વ સમયથી પછી પછીના સમયે અસંખ્યાત અસંખ્યાત ગુણ સંક્રમાવે છે, એટલે છેલ્લે સમયે ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ સંભવે છે.

ઉદ્વલના સંક્રમ વડે દ્વિચરમખંડ પર્યંત સ્વ અને પર બંનેમાં સંક્રમાવે છે, અને ચરમખંડના દળને માત્ર પરમાં જ સંક્રમાવે છે. કેમ કે તે છેલ્લો ખંડ હોવાથી હવે સ્વમાં સંક્રમાવવાને કોઈ સ્થાન નથી. નપુંસકવેદની જેમ જ્યાં જ્યાં 'ચરમપ્રક્ષેપ' શબ્દ આવે ત્યાં ત્યાં ચરમખંડનો ચરમ સમયે જે સઘળો પ્રક્ષેપ થાય તે ગ્રહણ કરવો.

૨. આ પદ વડે યુગલિકનું અકાલ મૃત્યુ થાય એમ સંભવે છે.

પ્રમાણ દેવની જઘન્યસ્થિતિ બાંધી દેવપણે ઉત્પન્ન થાય.

તાત્પર્ય એ કે યુગલિકના ભવમાં માત્ર પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ જીવીને અને તેટલા કાળમાં સ્ત્રીવેદને વારંવાર બાંધી અને અન્ય પ્રકૃતિઓનાં દલિકોના સંક્રમ વડે પુષ્ટ કરી દશ હજાર વરસનું જઘન્ય આયુ બાંધી દેવપણે ઉત્પન્ન થાય. દેવભવમાં પણ સ્ત્રીવેદ બાંધી અને પૂર્ણ કરી પોતાના આયુના અંતે મરણ પામી કોઈ પણ વેદયુક્ત મનુષ્ય થાય, માસ પૃથક્ત્વ અધિક આઠ વરસનું આયુ વીત્યા બાદ ક્ષપકશ્રેણિ પર આરૂઢ થાય, ત્યાં સ્ત્રીવેદને ખપાવતાં તેના ચરમ પ્રક્ષેપ કાળે સર્વસંક્રમ વડે સંક્રમાવતાં સ્ત્રીવેદનો ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમ થાય છે.

આ રીતે જ સ્ત્રીવેદના પ્રદેશની ઉત્કૃષ્ટ સત્તા અને તેનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ કેવલજ્ઞાની મહારાજે પોતાના જ્ઞાન દ્વારા જાણેલ છે, માટે જ તેમણે કહેલ છે. એટલે અહીં આ યુક્તિનું જ અનુસરણ કરવું, અન્ય કોઈ યુક્તિનું નહિ. પ્રાચીન ગ્રંથોમાં અન્ય કોઈ યુક્તિ દેખાતી નહિ હોવાથી કોઈપણ પ્રમાણ સિવાય બીજી યુક્તિ આપવી તે પણ અશક્ય છે. આ પ્રમાણે અન્ય સ્થળે પણ જ્યાં અન્ય કોઈ યુક્તિ ન જણાય ત્યાં યથાયોગ્ય રીતે કેવલજ્ઞાનીમહારાજે કેવલજ્ઞાન દ્વારા એ પ્રમાણે જ જોયેલ છે એ યુક્તિ અનુસરવી. આ અતીન્દ્રિય વિષય છે. યુક્તિ દ્વારા જેટલું સમજી શકાય તેટલું સમજવા પ્રયત્ન કરવો. જ્યાં યુક્તિ જ ન જણાય ત્યાં કેવલી મહારાજને હવાલો આપવો. ૯૫

પુરુષવેદનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ કહે છે—

वरिसवरित्थि पूरिय सम्मत्तसंखवासियं लभिय ।
गन्तुं मिच्छत्तमओ जहन्नदेवट्ठिइं भोच्चा ॥९६॥
आगन्तुं लहु पुरिसं संछुभमाणस्स पुरिसवेअस्स ।

वर्षवरं स्त्रियं पूरयित्वा सम्यक्त्वसंख्येयवार्षिकं लब्ध्वा ॥
गत्वा मिथ्यात्वमतो जघन्यदेवस्थितिं भुक्त्वा ॥९६॥
आगत्य लघु पुरुषं संछुभमानस्य पुरुषवेदस्य ।

અર્થ—નપુંસકવેદ અને સ્ત્રીવેદને પૂરીને, ત્યારબાદ અસંખ્યાતવર્ષ પ્રમાણ સમ્યક્ત્વ પ્રાપ્ત કરીને—પાળીને ત્યારબાદ મિથ્યાત્વે જઈ ત્યાંથી જઘન્યસ્થિતિવાળા દેવમાં જાય, ત્યાંથી ચ્યવી મનુષ્યમાં ઉત્પન્ન થાય, ત્યાં શીઘ્રપણે ક્ષપકશ્રેણિ પર આરૂઢ થાય, તે શ્રેણિમાં પુરુષવેદને સંક્રમાવતાં તેનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ થાય છે.

ટીકાનુ૰—વર્ષવર એ નપુંસકવેદનું અપર નામ છે. તે નપુંસકવેદને ઈશાન દેવલોકમાં ઘણા કાળ પર્યંત બંધ વડે અને સ્વજાતીય અન્ય કર્મ પ્રકૃતિઓના દલિકના સંક્રમ વડે પૂરીને—પુષ્ટ કરીને—ઘણા દલિકની સત્તાવાળાં કરીને આયુ પૂર્ણ થયે ત્યાંથી ચ્યવી સંખ્યાત વર્ષના આયુવાળામાં[1] ઉત્પન્ન થઈ અસંખ્યાતવર્ષના આયુવાળા-યુગલિકમાં ઉત્પન્ન થાય. ત્યાં સંખ્યાત-

૧. અહીં સંખ્યાતવર્ષાયુવાળા એમ સામાન્ય પદ મૂક્યું છે. તેથી મનુષ્ય કે તિર્યંચ બન્ને લઈ શકાય એમ જણાય છે.

વર્ષ પર્યંત સ્ત્રીવેદને બંધ વડે અને અન્ય પ્રકૃતિઓનાં દલિકોના સંક્રમ વડે પુષ્ટ કરે. ત્યારબાદ સમ્યક્ત્વ પ્રાપ્ત કરે. તે સમ્યક્ત્વને અસંખ્યાતા વર્ષ પર્યંત પાળે અને તે સમ્યક્ત્વ નિમિત્તે તેટલા વર્ષ પર્યંત પુરુષવેદ બાંધે. સમ્યક્ત્વના કાળમાં પુરુષવેદને બાંધતો તે આત્મા તે પુરુષવેદમાં સ્ત્રીવેદ અને નપુંસકવેદના દલિકને નિરંતર સંક્રમાવે. યુગલિકમાં પલ્યોપમના અસંખ્યાતમા ભાગપ્રમાણ સર્વાયુ જીવી અંતે મિથ્યાત્વે જઈ દશ હજાર વર્ષપ્રમાણ જઘન્યાયુવાળા દેવમાં ઉત્પન્ન થાય. ત્યાં અંતર્મુહૂર્ત બાદ પર્યાપ્ત થઈ સમ્યક્ત્વ પ્રાપ્ત કરે. ત્યાં પણ સમ્યક્ત્વ નિમિત્તે પુરુષવેદ બાંધે અને તેમાં સ્ત્રી-નપુંસકવેદના દલિક સંક્રમાવે. ત્યારબાદ દેવભવમાંથી ચ્યવી મનુષ્યમાં ઉત્પન્ન થાય. ત્યાં સાત માસ અધિક આઠ વર્ષ વીત્યા બાદ ક્ષપકશ્રેણિ પર આરૂઢ થાય. ક્ષપકશ્રેણિમાં આરૂઢ તે ગુણિતકર્માંશ આત્મા અત્યાર સુધીમાં જેનાં ઘણાં દલિકો એકઠાં કર્યાં છે તે પુરુષવેદનો જે છેલ્લો પ્રક્ષેપ કરે તે તેનો ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમ કહેવાય છે.

અહીં બંધવિચ્છેદ થતા પહેલાં બે આવલિકા કાળે જે દળ બાંધ્યું છે તે અતિ અલ્પ હોવાથી તેનો છેલ્લો સંક્રમ ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ તરીકે લેવાનો નથી પરંતુ તેને છોડીને ઘણા એકઠા થયેલા શેષ દળનો જે છેલ્લો સંક્રમ થાય તે ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ[1] કહેવાય છે. ૯૬

तस्सेव सगे कोहस्स माणमायाणमवि कसिणो ॥९७॥

तस्यैव स्वके क्रोधस्य मानमाययोरपि कृत्स्नः ॥९७॥

અર્થ—તેને જ પોતાના ચરમ સંછોભે ક્રોધનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ થાય છે. એ પ્રમાણે માન અને માયાનો પણ ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ થાય છે.

ટીકાનુ૰—પુરુષવેદના ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમનો જે રીતે અને જે સ્વામી છે તે રીતે અને તે જ સંજ્વલન ક્રોધ, માન અને માયાના ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમનો પણ સ્વામી છે. આ સંસારમાં પરિભ્રમણ કરતા બાંધેલા અને ક્ષપણકાળે નહિ બંધાતી સ્વજાતીય અશુભ પ્રકૃતિઓના ગુણસંક્રમ વડે ઘણા એકઠા થયેલા સંજ્વલનક્રોધનો જ્યારે ચરમ પ્રક્ષેપ થાય ત્યારે તેનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ થાય છે. અહીં પણ બંધ વિચ્છેદ થતા પહેલાં બે આવલિકા કાળે જે દળ બાંધ્યું હતું તેને છોડીને શેષ દલિકના ચરમ પ્રક્ષેપ સમયે ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ જાણવો. માન અને માયાના સંબંધમાં પણ એ પ્રમાણે સમજવું. ૯૭

---

૧. પુરુષવેદ જ્યાં સુધી બંધાતો હતો ત્યાં સુધી તો તેનો યથાપ્રવૃત્તસંક્રમ થતો હતો, બંધવિચ્છેદ થયા પછી ક્ષપકશ્રેણિમાં તેનો ગુણસંક્રમ થાય છે. તે ગુણસંક્રમ વડે પૂર્વ સમયથી ઉત્તરોત્તર સમયે અસંખ્યાત અસંખ્યાત ગુણાકારે સંક્રમાવતાં છેલ્લા જે સમયે તેના પૂર્વ સમયથી અસંખ્યાત ગુણ સંક્રમાવે તે તેનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ કહી શકાય. પરંતુ બંધવિચ્છેદ થયા પછી બે સમયન્યૂન બે આવલિકા કાળે છેલ્લો જે સર્વસંક્રમ થાય છે તે ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ તરીકે કહી શકાય નહિ. કારણ કે સર્વસંક્રમ વડે છેલ્લા સમયે જે સંક્રમાવે છે તે બંધવિચ્છેદ સમયે જે બંધાયું હતું તે શુદ્ધ એક સમયનું જ સંક્રમાવે છે, એટલે તે દલ અતિ અલ્પ હોવાથી તેને ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ તરીકે ગણી શકાય નહિ. ક્રોધ, માન અને માયાનો પણ આ રીતે ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ સંભવી શકે. આ પ્રમાણે મને સમજાય છે. પછી તત્ત્વ કેવલી મહારાજ જાણે. ભાષાંતર કર્ત્તા હી+દે.

चउरुवसमित्तु खिप्पं लोभजसाणं ससंकमस्संते ।
चउसमगो उच्चस्सा खवगो नीया चरिमबंधे ॥९८॥

चतुरुपशमय्य क्षिप्रं लोभयशसोः स्वसंक्रमस्यान्ते ।
चतुःशमकः उच्चैर्गोत्रस्य क्षपकः नीचैर्गोत्रस्य चरमबंधे ॥९८॥

અર્થ—ચાર વાર મોહનીય ઉપશમાવીને શીઘ્ર ક્ષપકશ્રેણિ પ્રાપ્ત કરનાર આત્માને પોતાના સંક્રમને અંતે લોભ અને યશઃકીર્ત્તિનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ થાય છે. તથા ચાર વાર મોહને ઉપશમાવનાર ક્ષપક આત્મા નીચ ગોત્રનો ચરમ બંધ થાય ત્યારે ઉચ્ચ ગોત્રનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ કરે છે.

ટીકાનુ૰—અનેક ભવમાં ભ્રમણ કરવા દ્વારા ચાર વાર મોહનીયને ઉપશમાવીને, ચોથી વારની ઉપશમના થયા પછી શીઘ્ર ક્ષપકશ્રેણિ પર આરૂઢ થયેલા ગુણિતકર્માંશ તે જ આત્માને છેલ્લા સંક્રમ સમયે સંજ્વલન લોભ અને યશઃકીર્ત્તિનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ થાય છે.

ચાર વાર ઉપશમશ્રેણિ પ્રાપ્ત કરવાનું કારણ કહે છે—ઉપશમશ્રેણિ જ્યારે પ્રાપ્ત કરે ત્યારે તે શ્રેણિમાં સ્વજાતીય અન્ય પ્રકૃતિઓનાં ઘણાં દલિકોનો ગુણસંક્રમ વડે સંક્રમ થતો હોવાથી સંજ્વલન લોભ અને યશઃકીર્ત્તિ એ બંને પ્રકૃતિ નિરંતર પુરાય છે. ઘણાં દલિકોની સત્તાવાળી થાય છે, તેથી ઉપશમશ્રેણિનું ગ્રહણ કર્યું છે. તથા આખા સંસારમાં ભ્રમણ કરતા ચાર વાર જ મોહનો સંપૂર્ણ ઉપશમ થાય છે; પાંચમી વાર થતો નથી, માટે ''ચાર વાર મોહનીયને ઉપશમાવીને'' એમ કહ્યું છે.

સંજ્વલન લોભનો ચરમપ્રક્ષેપ ક્યાં થાય છે તે કહે છે—સંજ્વલન લોભનો ચરમપ્રક્ષેપ અંતરકરણના ચરમ સમયે સમજવો, ત્યારબાદ નહિ. કેમ કે ત્યારબાદ લોભનો પ્રક્ષેપ-સંક્રમ જ થતો નથી. આ વિષયમાં પહેલા કહી ગયા છીએ કે, 'અંતરકરણ ક્રિયા કાળ શરૂ થાય ત્યારે ચારિત્રમોહનીયની તે સમયે બંધાતી પ્રકૃતિઓનો ક્રમપૂર્વક સંક્રમ થાય છે; ઉત્ક્રમથી સંક્રમ થતો નથી'. એટલે અંતરકરણ ક્રિયા શરૂ થયા બાદ તો સંજ્વલન લોભનો સંક્રમ જ ન થાય. માટે જે સમયથી લોભનો સંક્રમ બંધ થયો તેના પહેલાના સમયે બંધ અને અન્ય પ્રકૃતિઓના સંક્રમ વડે પુષ્ટ થયેલ તેનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ થાય છે.

એ પ્રમાણે અપૂર્વકરણ ગુણસ્થાનકના જે સમયે નામકર્મની ત્રીસ પ્રકૃતિનો છેલ્લો બંધ થાય તે સમયે બંધ વડે અને સ્વજાતીય અબધ્યમાન અન્ય પ્રકૃતિઓના સંક્રમ વડે પુષ્ટ થયેલ યશઃકીર્તિનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ થાય છે. ત્રીસ પ્રકૃતિઓનો બંધવિચ્છેદ થયા પછી તે યશઃકીર્તિ એકલી જ બંધાતી હોવાથી તે જ પતદ્ગ્રહ છે. અન્ય કોઈ પતદ્ગ્રહ નથી માટે યશઃકીર્ત્તિનો સંક્રમ થાય નહિ. એટલે ''ત્રીસનો બંધવિચ્છેદ સમય'' ગ્રહણ કર્યો છે.

હવે ઉચ્ચ ગોત્રનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ ક્યાં થાય તે કહે છે—મોહનો ઉપશમ કરતાં માત્ર ઉચ્ચ ગોત્ર કર્મ જ બંધાય છે, નીચ ગોત્ર બંધાતું નથી. એટલું જ નહિ પણ નીચ ગોત્રનાં દલિકોને ગુણસંક્રમ વડે ઉચ્ચ ગોત્રમાં સંક્રમાવે છે. માટે અહીં પણ ચાર વાર મોહનો સર્વોપશમ અવશ્ય

ગ્રહણ કરવો જોઈએ. એટલે ચાર વાર મોહનીયને ઉપશમાવતો ઉચ્ચ ગોત્રને બાંધતો આત્મા નીચ ગોત્રને ગુણસંક્રમ વડે ઉચ્ચ ગોત્રમાં સંક્રમાવે છે. ચાર વાર મોહનો સર્વોપશમ બે ભવમાં થાય છે. તેથી બે ભવમાં ચાર વાર મોહને ઉપશમાવી ત્રીજા ભવમાં મિથ્યાત્વે જાય; ત્યાં નીચ ગોત્ર બાંધે, અને નીચ ગોત્ર બાંધતો તેમાં નીચ ગોત્ર સંક્રમાવે, ત્યારબાદ ફરી પણ સમ્યક્ત્વ પ્રાપ્ત કરી તેના બળથી ઉચ્ચ ગોત્ર બાંધતો તેમાં નીચ ગોત્ર સંક્રમાવે. એ પ્રમાણે ઘણી વાર ઉચ્ચ ગોત્ર અને નીચ ગોત્ર બાંધતો (અહીં વારાફરતી કેટલીવાર ઉચ્ચ ગોત્ર અને નીચ ગોત્ર બાંધે તે કહ્યું નથી) છેલ્લે નીચ ગોત્રનો બંધ વિચ્છેદ કરી મોક્ષમાં જવા ઇચ્છતો આત્મા નીચ ગોત્રના બંધના ચરમસમયે બંધ અને ગુણસંક્રમ વડે પુષ્ટ થયેલા ઉચ્ચ ગોત્રનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ કરે છે. આ રીતે જ ઉચ્ચ ગોત્રનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ થાય છે. ૯૮.

હવે પરાઘાતાદિનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ કહે છે—

परघायसकलतसचउसुसरादितिसासखगतिचउरंसं ।
सम्मधुवा रिसभजुया संकामइ विरचिया सम्मो ॥९९॥

पराघातसकलत्रसचतुष्कसुस्वरादित्रिकोच्छ्वासखगतिचतुरस्राः ।
सम्यक्ध्रुवा वज्रर्षभयुक्ताः संक्रामयति विरचिताः सम्यग्दृष्टिः ॥९९॥

અર્થ—દીર્ઘકાળથી બાંધેલ પરાઘાત, પંચેન્દ્રિય જાતિ, ત્રસ ચતુષ્ક, સુસ્વરાદિત્રિક, ઉચ્છ્વાસ નામ, શુભવિહાયોગતિનામ અને સમચતુરસ્રસંસ્થાન રૂપ સમ્યગ્દષ્ટિને શુભ ધ્રુવબંધિની પ્રકૃતિઓ પ્રથમ સંઘયણ સાથે સમ્યગ્દષ્ટિ આત્મા સંક્રમાવે છે.

ટીકાનુ૰—પરાઘાતનામ, પંચેન્દ્રિયજાતિ, ત્રસચતુષ્ક-ત્રસ, બાદર, પર્યાપ્ત અને પ્રત્યેક, સુસ્વરાદિત્રિક-સુસ્વર, સુભગ અને આદેય, ઉચ્છ્વાસનામ, પ્રશસ્તવિહાયોગતિ અને સમચતુરસ્ર સંસ્થાનનામ આ બાર પુન્ય પ્રકૃતિઓને દરેક ગતિવાળા સમ્યગ્દષ્ટિ આત્માઓ પ્રતિસમય અવશ્ય બાંધે છે, માટે તે 'સમ્યગ્દષ્ટિ શુભધ્રુવસંજ્ઞા' વાળી કહેવાય છે. તથા વજ્રઋષભનારાચ સંઘયણને તો દેવ અને નારકભવમાં વર્તમાન સઘળા સમ્યગ્દષ્ટિ આત્માઓ જ પ્રતિસમય બાંધે છે, મનુષ્ય-તિર્યંચો બાંધતા નથી. સમ્યક્ત્વી મનુષ્ય તિર્યંચો તો માત્ર દેવગતિ પ્રાયોગ્ય જ બાંધે છે, અને તેનો બંધ કરતા હોવાથી તેઓને સંઘયણ બંધાતું નથી માટે પ્રથમ સંઘયણ નામકર્મ સમ્યગ્દષ્ટિ શુભ ધ્રુવ સંજ્ઞાવાળું કહેવાતું નથી. માટે બાર પ્રકૃતિથી જુદું કહેલ છે.

હવે એ તેરે પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ કઈ રીતે થાય તે કહે છે—છાસઠ સાગરોપમ પર્યંત ક્ષાયોપશમિક સમ્યક્ત્વનું અનુપાલન કરતો આત્મા પ્રતિસમય ઉપરોક્ત પ્રકૃતિઓ બાંધે છે. ત્યારબાદ અંતર્મુહૂર્ત્ત પર્યંત મિશ્ર ગુણસ્થાનકે જઈ ફરી વાર ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરે. તે ફરી વાર પ્રાપ્ત કરેલા ક્ષયોપશમ સમ્યક્ત્વને પણ છાસઠ સાગરોપમ પર્યંત અનુભવતો આત્મા એ સઘળી પ્રકૃતિઓ બાંધે છે. સમ્યક્ત્વી આત્માઓને એ પ્રકૃતિની વિરોધી પ્રકૃતિઓનો બંધ થતો નથી.

અહીં ઉપરોક્ત તેર પ્રકૃતિમાંથી બારનો તો એકસો બત્રીસે સાગરોપમ નિરંતર બંધ

લેવો, અને પ્રથમ સંઘયણનો દેવ-નારકના ભવમાં જ્યારે જ્યારે જાય ત્યારે બંધ લેવો. આ પ્રમાણે સમ્યગ્દષ્ટિ છતાં સમ્યક્ત્વીને જેનો બંધ ધ્રુવ છે તેવી બાર પ્રકૃતિઓને એકસો બત્રીસ સાગરોપમ પર્યંત બંધ વડે અને અન્ય સ્વજાતીય પ્રકૃતિઓના સંક્રમ વડે પૂરીને—પુષ્ટ કરીને, અને વજ્રર્ષભનારાચ સંઘયણને મનુષ્ય-તિર્યગ્ભવહીન-દેવનારક ભવમાં યથાસંભવ ઉત્કૃષ્ટ કાળ સુધી બંધ વડે અને અન્ય સ્વજાતીય પ્રકૃતિઓના સંક્રમ વડે પૂરીને સમ્યગ્દષ્ટિને શુભ ધ્રુવ સંજ્ઞાવાળી ઉપરોક્ત બાર પ્રકૃતિઓનો અપૂર્વકરણ ગુણસ્થાનકે બંધવિચ્છેદ થયા પછી બંધાવલિકા પૂર્ણ થયા બાદ યશઃકીર્ત્તિમાં સંક્રમાવતા ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ કરે છે.

વજ્રઋષભનારાચ સંઘયણનો દેવભવમાંથી ચ્યવી મનુષ્યમાં આવી સમ્યગ્દષ્ટિ છતાં દેવગતિ પ્રાયોગ્ય બંધ કરતાં આવલિકા કાળ પછી ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ કરે છે. દેવભવમાં છેલ્લા સમયે જે પ્રથમ સંઘયણ નામકર્મ બાંધ્યું તેનો બંધાવલિકા ગયા બાદ સંક્રમ થાય તેથી દેવમાંથી મનુષ્યમાં આવી આવલિકાકાળ પછી ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ કહ્યો છે.

અહીં એક શંકા થાય તેમ છે અને તે એ કે, બાર પ્રકૃતિઓની સાથે પ્રથમ સંઘયણનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ કેમ ન કહ્યો ? ઉત્તરમાં સમજવાનું કે બાર પ્રકૃતિઓ તો આઠમાના છઠ્ઠા ભાગ સુધી નિરંતર બંધાય છે, કેમ કે એ સમ્યગ્દષ્ટિ ધ્રુવસંજ્ઞાવાળી છે એટલે બંધ વડે અને સાતમા સુધી યથાપ્રવૃત્ત સંક્રમ વડે અને આઠમાના પ્રથમ સમયથી અન્ય સ્વજાતીય અશુભ પ્રકૃતિઓના ગુણસંક્રમ વડે અતિ ઘણા દળવાળી થાય છે, માટે આઠમા ગુણઠાણે બંધવિચ્છેદ થયા બાદ એક આવલિકા-બંધાવલિકા ઓળંગીને બંધાતી યશઃકીર્ત્તિમાં એ બારનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ કહ્યો છે. અને પ્રથમ સંઘયણ તો સમ્યક્ત્વી મનુષ્યોને બંધાતું નથી, કેમ કે તેઓ દેવભવ પ્રાયોગ્ય બંધ કરે છે, એટલે મનુષ્ય ભવમાં તે બંધ વડે પુષ્ટ થતું નથી અને બંધાતું નહિ હોવાથી તેમાં અન્ય કોઈ પ્રકૃતિઓનું દળ સંક્રમતું પણ નથી. ઊલટું જો આઠમા ગુણઠાણે બારની સાથે તેનો ઉત્કૃષ્ટસંક્રમ કહેવામાં આવે તો તે નહિ ઘટે, કેમ કે દેવમાંથી મનુષ્યમાં આવી જ્યાં સુધી આઠમે ગુણઠાણે બંધવિચ્છેદ સ્થાન સુધી નહિ પહોંચે ત્યાં સુધી વજ્રઋષભનારાચ સંઘયણને અન્યમાં સંક્રમાવવા વડે હીન દળવાળું કરશે એટલે બારની સાથે ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ ઘટી શકશે નહિ. માટે દેવમાંથી મનુષ્યમાં આવી આવલિકા ગયા બાદ ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ કહ્યો છે. ૯૯

નરકદ્વિકાદિનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ કહે છે—

नरयदुगस्स विछोभे पुव्वकोडीपुहुत्तनिचियस्स ।
थावरउज्जोयायवएगिंदीणं नपुंससमं ॥१००॥

नरकद्विकस्य विछोभे पूर्वकोटिपृथक्त्वनिचितस्य ।
स्थावरोद्योतातपैकेन्द्रियाणां नपुंसकसमम् ॥१००॥

અર્થ—પૂર્વકોટી પૃથક્ત્વ પર્યંત બાંધેલા નરદ્વિકનો ૯મા ગુણઠાણે તેના ચરમપ્રક્ષેપ સમયે ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ થાય છે. તથા સ્થાવરનામ, ઉદ્યોતનામ, આતપનામ, અને એકેન્દ્રિય જાતિનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ નપુંસકવેદની જેમ થાય છે.

ટીકાનુ૰—પૂર્વકોટી વર્ષના આયુવાળા તિર્યંચના સાત ભવોમાં વારંવાર નરકગતિ નરકાનુપૂર્વિરૂપ નરકદ્વિક બાંધે. આઠમે ભવે મનુષ્ય થઈ ક્ષપકશ્રેણિ પર આરૂઢ થાય, આરૂઢ થયેલા તે આત્માને નરકદ્વિકને અન્યત્ર સંક્રમાવતાં જ્યારે તેનો છેલ્લો પ્રક્ષેપ થાય ત્યારે સર્વસંક્રમ વડે તેનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ થાય છે.

સ્થાવર નામ, ઉદ્યોતનામ, આતપનામ અને એકેન્દ્રિયજાતિનામ એમ ચાર પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ નપુંસકવેદની જેમ થાય છે. નપુંસકવેદનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ જે રીતે કહ્યો છે તે રીતે ઉપરોક્ત ચાર પ્રકૃતિઓનો પણ ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ થાય છે. ૧૦૦

મનુષ્યદ્વિકનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ કહે છે—

तेत्तीसयरा पालिय अंतमुहुत्तूणगाइं सम्मत्तं ।
बन्धित्तु सत्तमाओ निग्गम्म समए नरदुगस्स ॥१०१॥

त्रयस्त्रिंशदतराणि पालयित्वा अंतर्मुहूर्त्तोनानि सम्यक्त्वं ।
बद्ध्वा सप्तमात् निर्गम्य समये नरद्विकस्य ॥१०१॥

અર્થ—અંતર્મુહૂર્ત્ત ન્યૂન તેત્રીસ સાગરોપમ પર્યંત સમ્યક્ત્વ પાળીને અને તેટલો કાળ સમ્યક્ત્વ નિમિત્તે મનુષ્યદ્વિક બાંધીને સાતમી નરકમાંથી તિર્યંચભવમાં જાય, તે તિર્યંચ ભવમાં પહેલે જ સમયે મનુષ્યદ્વિકનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ કરે છે.

ટીકાનુ૰—સાતમી નરકનો કોઈ નારક જીવ પર્યાપ્તો થયા બાદ સમ્યક્ત્વ પ્રાપ્ત કરે અને તેને અન્તર્મુહૂર્ત્ત ન્યૂન તેત્રીસ સાગરોપમ પર્યંત અનુભવે. (અહીં અન્તર્મુહૂર્ત્ત ન્યૂન કહેવાનું કારણ સમ્યક્ત્વ લઈને કોઈ જીવ સાતમી નરકમાં જતો નથી અને સમ્યક્ત્વ લઈને સાતમી નરકમાંથી અન્ય ગતિમાં પણ જતો નથી. પરંતુ પર્યાપ્તો થયા બાદ સમ્યક્ત્વ ઉત્પન્ન કરી શકે છે અને છેલ્લા અંતર્મુહૂર્ત્તમાં તેને વમી નાખે છે. એટલે શરૂઆતનું અને અંતનું એમ બે અંતર્મુહૂર્ત્ત મળી મોટા એક અંતર્મુહૂર્ત્ત ન્યૂન તેત્રીસ સાગરોપમનો સમ્યક્ત્વનો કાળ સાતમી નારકીમાં સંભવે છે.) તેટલો કાળ તે સાતમી નારકીનો જીવ સમ્યક્ત્વના પ્રભાવથી મનુષ્યદ્વિક બાંધે. બાંધીને પોતાના આયુના છેલ્લા અંતર્મુહૂર્ત્તમાં મિથ્યાત્વે જાય. ત્યાં મિથ્યાત્વ નિમિત્તક તિર્યંચદ્વિક બાંધતો ગુણિતકર્માંશ તે સાતમી નારકીનો આત્મા ત્યાંથી નીકળી તિર્યંચગતિમાં જાય. ત્યાં પહેલે જ સમયે બંધાતા તિર્યંચદ્વિકમાં યથાપ્રવૃત્તસંક્રમ વડે મનુષ્યદ્વિકને સંક્રમાવતાં તેનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ[1] કરે છે. ૧૦૧

---

૧. અહીં સાતમી નારકીમાં સમ્યક્ત્વ નિમિત્તક મનુષ્યદ્વિક બાંધી છેલ્લા અંતર્મુહૂર્ત્તમાં મિથ્યાત્વે જઈ મનુષ્યદ્વિકની બંધાવલિકા વીત્યા બાદ મિથ્યાત્વ નિમિત્તક બંધાતા તિર્યંચદ્વિકમાં મનુષ્યદ્વિક સંક્રમાવતાં તેનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ કેમ ન કહેવાય ? અંતર્મુહૂર્ત્ત બાદ તિર્યંચ ગતિમાં જઈ તેટલો કાળ મનુષ્યદ્વિકને અન્યમાં સંક્રમ વડે કંઈક ઓછું કરી તિર્યગ્ભવના પહેલા સમયે તિર્યગ્દ્વિકમાં સંક્રમાવતાં ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ કેમ કહેવાય ? એવો પ્રશ્ન અહીં થાય છે. ઉત્તરમાં સમજવાનું કે, સાતમી નારકીમાં મિથ્યાત્વ ગુણઠાણે ભવનિમિત્તક મનુષ્યદ્વિકનો બંધ નથી. જે પ્રકૃતિઓ ભવ કે ગુણનિમિત્તક બંધાતી નથી તેનો વિધ્યાતસંક્રમ

તીર્થંકરાદિનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ કહે છે—

तित्थयराहाराणं सुरगइनवगस्स थिरसुभाणं च ।
सुभधुवबंधीण तहा सगबंधा आलिगं गंतु ॥१०२॥

तीर्थकराहाराणां सुरगतिनवकस्य स्थिरशुभयोः च ।
शुभध्रुवबन्धिनीनां तथा स्वकबन्धादावलिकां गत्वा ॥१०२॥

અર્થ—તીર્થંકર, આહારક સપ્તક, દેવગતિ નવક, સ્થિર, શુભ, અને શુભ ધ્રુવબંધિની પ્રકૃતિઓનો પોતાના છેલ્લા બંધથી આવલિકા ગયા બાદ પરાઘાતાદિની જેમ ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમ થાય છે.

ટીકાનુ૰—તીર્થંકર નામ, આહારકસપ્તક, સુરગતિનવક—દેવદ્વિક વૈક્રિયસપ્તક, સ્થિર, શુભ, અને નામકર્મની ધ્રુવબંધિની પુન્ય પ્રકૃતિઓ—તૈજસસપ્તક શુક્લવર્ણ, રક્તવર્ણ, હારિદ્રવર્ણ, સુરભિગંધ, કષાયરસ, આમ્લરસ, મધુરરસ, મૃદુ, લઘુ સ્નિગ્ધ અને ઉષ્ણસ્પર્શ, અગુરુલઘુ અને નિર્માણ સઘળી મળી ઓગણચાળીસ પ્રકૃતિઓનો પરાઘાતાદિની જેમ ચાર વાર ઉપશમાવનારને છેલ્લે બંધવિચ્છેદ થયા પછી પોતાની બંધાવલિકા ગયા બાદ યશઃકીર્ત્તિમાં સંક્રમાવતાં ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ થાય છે.

આ જ વિષયને વિશેષ સ્પષ્ટ કરે છે—આહારકસપ્તક અને તીર્થંકર નામકર્મને તેનો વધારેમાં વધારે જેટલો બંધકાળ હોય તેટલો કાળ બાંધે. તેમાં આહારકસપ્તકનો ઉત્કૃષ્ટ બંધકાળ દેશોન પૂર્વકોટિ પર્યંત સંયમનું પાલન કરતાં જેટલી વાર અપ્રમત્ત ગુણસ્થાનકે જાય તેટલો જાણવો. અને તીર્થંકર નામકર્મનો ઉત્કૃષ્ટ બંધકાળ દેશોન બે પૂર્વકોટિ અધિક તેત્રીસ સાગરોપમ જાણવો. આટલો કાળ બંધ વડે અને અન્ય પ્રકૃતિના સંક્રમ વડે પુષ્ટદળવાળી કરે. પુષ્ટદળવાળી કરીને ક્ષપકશ્રેણિ પર આરૂઢ થાય. ક્ષપક શ્રેણિ પર આરૂઢ થયેલો તે આત્મા જ્યારે આઠમા ગુણઠાણે બંધવિચ્છેદ થયા પછી આવલિકામાત્ર કાળ ગયા બાદ યશઃકીર્ત્તિમાં સંક્રમાવે ત્યારે તેનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ થાય છે.

શુભ ધ્રુવબંધિની, સ્થિર અને શુભ—સઘળી મળી બાવીસ પ્રકૃતિઓનો ચાર વાર મોહનીયનો સર્વોપશમ કર્યા પછી બંધવિચ્છેદ થયા બાદ આવલિકા ઓળંગીને યશઃકીર્ત્તિમાં સંક્રમાવતાં ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ થાય છે. ગુણસંક્રમ વડે સંક્રમેલું દલિક આવલિકા ગયા પછી જ સંક્રમયોગ્ય થાય છે, અન્યથા થતું નથી. માટે બંધવિચ્છેદ પછી આવલિકા ગયા બાદ ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ કહ્યો છે.

દેવદ્વિક અને વૈક્રિયસપ્તકને (મનુષ્ય-તિર્યગ્ભવમાં) પૂર્વકોટિ પૃથક્ત્વ કાળ સુધી બાંધે.

થાય છે એ વાત પહેલાં કહી ગયા છે. એટલે સાતમી નારકીમાં છેલ્લા અંતર્મુહૂર્ત્તમાં વિધ્યાત સંક્રમ વડે મનુષ્યદ્વિક સંક્રમશે અને તિર્યંચભવના પહેલા સમયે યથાપ્રવૃત્ત સંક્રમે વડે સંક્રમશે. કેમ કે તિર્યંચભવમાં તેનો બંધ છે. વિધ્યાતસંક્રમ વડે જે દળ અન્યમાં સંક્રમે છે તે બહુ અલ્પ હોય છે, અને યથાપ્રવૃત્તસંક્રમ વડે જે સંક્રમે તે ઘણું હોય છે. માટે તિર્યંચભવમાં પહેલા સમયે ઉત્કૃષ્ટસંક્રમ કહ્યો છે.

બાંધીને આઠમે ભવે ક્ષપકશ્રેણિ પર આરૂઢ થાય. ક્ષપકશ્રેણિમાં ઉપરોક્ત પ્રકૃતિઓનો બંધવિચ્છેદ થયા પછી આવલિકા ઓળંગીને યશઃકીર્ત્તિમાં સંક્રમાવતાં તેનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ થાય છે. તે વખતે અન્ય પ્રકૃતિઓના ગુણસંક્રમ વડે સંક્રમેલાં દલિકોની સંક્રમાવલિકા વ્યતીત થઈ ગયેલી હોવાથી ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ સંભવે છે. ૧૦૨

આ પ્રમાણે ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ સ્વામિત્વ કહ્યું. હવે પ્રસંગાગત જઘન્ય પ્રદેશસંક્રમ સ્વામિત્વ કહેવું જોઈએ. તેમાં જઘન્ય પ્રદેશસંક્રમનો સ્વામી ક્ષપિતકર્માંશ આત્મા હોય છે, તેથી ક્ષપિતકર્માંશનું સ્વરૂપ કહે છે.

सुहुमेसु निगोएसु कम्मठिंतिं पलियऽसंखभागूणं ।
वसिउं मंदकसाओ जहन्नजोगो उ जो एइ ॥१०३॥

जोग्गेसु तो तसेसु सम्मत्तमसंखवार संपप्प ।
देसविरइं च सव्वं अण उव्वलणं च अडवारा ॥१०४॥

चउरुवसमित्तु मोहं लहुं खवेंतो भवे खवियकम्मो ।
पाएण तेण पगयं पडुच्च काओ वि सविसेसं ॥१०५॥

सूक्ष्मेषु निगोदेषु कर्म्मस्थितिं पल्योपमासंख्येय भागोनां ।
उषित्वा मंदकषायः जघन्ययोगः तु तेभ्य एति ॥१०३॥

योग्येषु ततः त्रसेषु सम्यक्त्वसंख्येयवारान् संप्राप्य ।
देशविरतिं च सर्वां (विरतिं) अन (अनंतानुबंधि) उद्वलनं च
अष्टौ वारान् ॥१०४॥

चतुः उपशमय्य मोहं लघु क्षपयन् भवेत् क्षपितकर्म्मांशः ।
प्रायः तेन प्रकृतं काः अपि सविशेषम् ॥१०५॥

અર્થ—સૂક્ષ્મ નિગોદમાં પલ્યોપમના અસંખ્યાતમે ભાગે ન્યૂન કર્મસ્થિતિ સિત્તેર કોડાકોડી સાગરોપમ પર્યંત મંદ કષાય અને મંદયોગ યુક્ત રહીને.

સમ્યક્ત્વાદિને યોગ્ય ત્રસભવમાં ઉત્પન્ન થાય, ત્યાં ઉત્પન્ન થઈને અસંખ્ય વાર સમ્યક્ત્વ, કંઈક ન્યૂન તેટલી વાર દેશવિરતિ ચારિત્ર, આઠ વાર સર્વવિરતિ ચારિત્ર, આઠ વાર અનંતાનુબંધિની વિસંયોજના.

અને ચાર વાર ચારિત્ર મોહનીયને ઉપશમાવીને શીઘ્ર ક્ષપકશ્રેણિ પર આરોહણ કરતો આત્મા ક્ષપિતકર્માંશ કહેવાય છે. જઘન્ય પ્રદેશસંક્રમ સ્વામિત્વના વિષયમાં તેવા આત્માનો અધિકાર છે. જો કે કેટલીક પ્રકૃતિઓના સંબંધમાં વિશેષ છે જે યથાવસરે કહીશું.

ટીકાનુ૦—કોઈએક આત્મા સૂક્ષ્મ અનંતકાય જીવોમાં પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન સિત્તેર કોડાકોડી સાગરોપમ પર્યંત રહે, એટલો કાળ ત્યાં રહેવાનું કારણ જણાવે છે—

સૂક્ષ્મનિગોદો અલ્પ આયુવાળા હોય છે, તેથી તેઓને ઘણાં જન્મ-મરણ થાય છે. ઘણાં જન્મ-મરમ થવાથી વેદના વડે વ્યાપ્ત તેઓને ઘણાં પુદ્ગલોનો ક્ષય થાય છે. (અસાતાવેદનીયના ઉદયવાળા દુઃખી આત્માને ઘણાં પુદ્ગલોનો ક્ષય થાય છે, સાતાવેદનીયના ઉદયવાળા સુખી આત્માને પુદ્ગલોનો ક્ષય અલ્પ પ્રમાણમાં થાય છે.) ઘણાં જન્મ-મરણ કરનારને જન્મ-મરણ-જન્ય દુઃખ બહુ હોય છે. માટે સૂક્ષ્મ નિગોદનું ગ્રહણ કર્યું છે.

હવે સૂક્ષ્મ નિગોદમાં કઈ રીતે રહે તે કહે છે. મંદ કષાયવાળો—શેષ નિગોદની અપેક્ષાએ અલ્પ કષાયવાળો રહે. કારણ કે મંદ કષાયવાળો આત્મા અલ્પ સ્થિતિ બાંધે છે. અને ઉદ્વર્તના પણ અલ્પ સ્થિતિની કરે છે. તથા મંદ યોગવાળો એટલે કે, અન્ય નિગોદ જીવોની અપેક્ષાએ ઇંદ્રિયજન્ય અલ્પ વીર્ય વ્યાપારવાળો રહે. કારણ કે અલ્પ વીર્ય વ્યાપારવાળો આત્મા નવીન કર્મ પુદ્ગલોનું ગ્રહણ બહુ અલ્પ પ્રમાણમાં કરે છે. અહીં ક્ષપિત કર્માંશના અધિકારમાં એવા અલ્પ કષાયવાળા અને અલ્પ વીર્ય વ્યાપારવાળા સૂક્ષ્મ નિગોદનું જ પ્રયોજન હોવાથી અલ્પ કષાયી અને અલ્પ યોગી સૂક્ષ્મનિગોદનું ગ્રહણ કર્યું છે.

આ પ્રમાણે મંદ કષાયી અને જઘન્ય યોગવાળો સૂક્ષ્મનિગોદ આત્મા અભવ્ય પ્રાયોગ્ય જઘન્ય પ્રદેશ સંચય કરીને ત્યાંથી નીકળી સમ્યક્ત્વ, દેશવિરતિ અને સર્વવિરતિને યોગ્ય ત્રસમાં ઉત્પન્ન થાય. ત્યાં ઉત્પન્ન થઈને સંખ્યાતીત—અસંખ્ય વાર સમ્યક્ત્વ અને કંઈક ન્યૂન તેટલી વાર દેશવિરતિ પ્રાપ્ત કરે.

જે ત્રસ ભવમાં સમ્યક્ત્વાદિ પ્રાપ્ત થાય તેવા ત્રસ ભવોમાં કઈ રીતે ઉત્પન્ન થાય અને ત્યાં સમ્યક્ત્વાદિ કઈ રીતે પ્રાપ્ત કરે તે કહે છે.—સૂક્ષ્મ નિગોદમાંથી નીકળી અંતર્મુહૂર્ત્ત આઉખે બાદર પૃથ્વીકાયમાં ઉત્પન્ન થાય. અંતર્મુહૂર્ત્ત આયુ પૂર્ણ કરી ત્યાંથી નીકળી પૂર્વકોટી વર્ષના આયુવાળા મનુષ્યમાં ઉત્પન્ન થાય. મનુષ્યમાં ઉત્પન્ન થઈ ગર્ભમાં માત્ર સાત માસ ગુમાવી યોનિથી બહાર આવે—તેનો પ્રસવ થાય—જન્મ ધારણ કરે. આઠ વરસની ઉંમરવાળો થયો છતો ચારિત્ર પ્રાપ્ત કરે. દેશોન પૂર્વકોટી પર્યંત ચારિત્રનું પાલન કરી અલ્પ આયુ-અંતર્મુહૂર્ત્ત આયુ શેષ રહે ત્યારે મિથ્યાત્વે જાય. મિથ્યાત્વી છતાં જ કાળ કરી દશ હજાર વર્ષના આયુવાળા દેવમાં દેવપણે ઉત્પન્ન થાય. ત્યાં અંતર્મુહૂર્ત્ત કાળ ગયા પછી પર્યાપ્તાવસ્થામાં સમ્યક્ત્વ પ્રાપ્ત કરે. દેવભવમાં દશ હજાર વર્ષ જીવીને અને તેટલો કાળ સમ્યક્ત્વ પાળીને અંતે—અંતર્મુહૂર્ત્ત આયુ બાકી રહે ત્યારે મિથ્યાત્વે જાય, ત્યાં બાદર પર્યાપ્ત પૃથ્વીકાય યોગ્ય અંતર્મુહૂર્ત્ત પ્રમાણ આયુ બાંધી મરણ પામી બાદર પૃથ્વીકાયમાં ઉત્પન્ન થાય. ત્યાંથી અંતર્મુહૂર્ત્ત કાળે નીકળી વળી મનુષ્યમાં ઉત્પન્ન થાય, અને ફરી વાર પણ સમ્યક્ત્વ કે દેશવિરતિ પ્રાપ્ત કરે. આ પ્રમાણે દેવ અને મનુષ્યના ભવોમાં સમ્યક્ત્વાદિને પ્રાપ્ત કરતો અને છોડતો ત્યાં સુધી કહેવો, યાવત્ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલા કાળમાં સંખ્યાતીતવાર સમ્યક્ત્વ અને તેનાથી કંઈક ઓછી વાર દેશવિરતિનો લાભ થાય.

અહીં જ્યારે જ્યારે સમ્યક્ત્વાદિની પ્રાપ્તિ થાય ત્યારે ત્યારે બહુ પ્રદેશવાળી પ્રકૃતિઓને અલ્પ પ્રદેશવાળી કરે છે, માટે બહુ વાર સમ્યક્ત્વાદિને પ્રાપ્ત કરે તેમ કહ્યું છે. વળી

સમ્યક્ત્વાદિને યોગ્ય ત્રસભવોમાં આઠ વાર[1] સર્વવિરતિ પ્રાપ્ત કરે છે અને તેટલી જ વાર અનંતાનુબંધિ કષાયનું ઉદ્વલન કરે છે.

ચાર વાર ચારિત્રમોહનીયને સર્વથા ઉપશમાવીને ત્યારપછીના ભવમાં શીઘ્ર ક્ષપકશ્રેણિ પર આરૂઢ થઈ કર્મોને ક્ષય કરતો આત્મા ક્ષપિતકર્માંશ અત્યંત અલ્પ કર્મપ્રદેશની સત્તાવાળો કહેવાય છે. આવા ક્ષપિતકર્માંશ આત્માનો જઘન્ય પ્રદેશસંક્રમ સ્વામિત્વના વિચારમાં પ્રાયઃબહુલતાએ અધિકાર છે. કેમ કે આવા આત્માને સત્તામાં બહુ અલ્પપ્રદેશ હોય છે, એટલે સંક્રમ પણ અલ્પ જ થાય છે. કેટલીક પ્રકૃતિઓને આશ્રયી વિશેષ છે તે યથાવસરે કહીશ. આ રીતે ક્ષપિતકર્માંશનું સ્વરૂપ કહ્યું. ૧૦૩-૧૦૪-૧૦૫.

હવે જઘન્ય પ્રદેશસંક્રમનો સ્વામી કોણ હોય તે કહે છે—

हासदुभयकुच्छणं खीणंताणं च बंधचरिमंमि ।
समए अहापवत्तेण ओहिजुयले अणोहिस्स ॥१०६॥

हास्यद्विकभयकुत्सानां क्षीणान्तानां च बंधचरमे ।
समये यथाप्रवृत्तेन अवधियुगलेऽनवधेः ॥१०६॥

અર્થ—હાસ્યદ્વિક, ભય, જુગુપ્સા અને ક્ષીણમોહે જેનો નાશ થાય છે એવી મતિજ્ઞાનાવરણીયાદિ સોળ પ્રકૃતિઓનો પોતાના બંધના ચરમ સમયે યથાપ્રવૃત્ત સંક્રમ વડે જઘન્ય પ્રદેશસંક્રમ થાય છે. તેમાંથી અવધિદ્વિકનો અવધિજ્ઞાન વિનાના જીવને જઘન્ય પ્રદેશસંક્રમ થાય છે.

ટીકાનુ૰—હાસ્યાદ્વિક-હાસ્ય અને રતિ, ભય જુગુપ્સા, તથા ક્ષીણમોહ ગુણસ્થાનકે જે કર્મપ્રકૃતિઓનો સત્તામાંથી અંત થાય છે તેવી અવધિજ્ઞાનાવરણ રહિત જ્ઞાનાવરણીય ચતુષ્ક, અવધિદર્શનાવરણ રહિત દર્શનાવરણત્રિક, નિદ્રાદ્વિક, અને અંતરાય પંચક; સઘળી મળી અઢાર પ્રકૃતિઓનો પોતાના બંધના ચરમ સમયે યથાપ્રવૃત્ત સંક્રમ વડે સંક્રમાવતાં જઘન્ય પ્રદેશસંક્રમ થાય છે.

અવધિજ્ઞાનાવરણ, અવધિદર્શનાવરણનો પણ પોતાના બંધ વિચ્છેદ સમયે જ જઘન્ય પ્રદેશસંક્રમ થાય છે, પરંતુ અવધિજ્ઞાન વિનાના આત્માને થાય છે. તાત્પર્યાર્થ આ પ્રમાણે—અવધિજ્ઞાન જેને ઉત્પન્ન થયું છે, તેવા આત્માને અવધિજ્ઞાનાવરણ રહિત જ્ઞાનાવરણચતુષ્ક, અને અવધિદર્શનાવરણરહિત દર્શનાવરણત્રિક એમ સાત પ્રકૃતિનો પોતપોતાના બંધવિચ્છેદ સમયે (ક્ષપિતકર્માંશ આત્માને) જઘન્ય પ્રદેશસંક્રમ થાય છે.

અવધિજ્ઞાન ઉત્પન્ન કરતો આત્મા ઘણાં કર્મપુદ્ગલોને તથાસ્વભાવે ક્ષય કરે છે, તેથી ઉપરોક્ત પ્રકૃતિઓના પોતાના બંધવિચ્છેદ સમયે સત્તામાં અલ્પ પુદ્ગલો જ રહે છે, એટલે જ

---

૧. સંસારમાં રખડતો ભવ્ય આત્મા અસંખ્ય વાર ક્ષયોપશમ સમ્યક્ત્વ કંઈક ન્યૂન તેટલી વાર દેશવિરતિ ચારિત્ર, આઠ વાર સર્વવિરતિ ચારિત્ર, અને તેટલી જ વાર અનંતાનુબંધિની વિસંયોજના કરી શકે છે, માટે તેમ કહ્યું છે.

જઘન્યસંક્રમ થાય છે. અહીં જઘન્ય પ્રદેશસંક્રમનો અધિકાર છે, માટે અવધિજ્ઞાન યુક્ત આત્માને જઘન્ય પ્રદેશસંક્રમાધિકારી કહ્યો છે. બંધવિચ્છેદ થયા બાદ પતદ્ગ્રહ નહિ હોવાથી સંક્રમ જ થતો નથી માટે બંધવિચ્છેદ સમય ગ્રહણ કર્યો છે.

નિદ્રાદ્વિક, હાસ્ય-રતિ, ભય, અને જુગુપ્સાનો પણ પોતાના બંધવિચ્છેદ સમયે જઘન્ય પ્રદેશસંક્રમ થાય છે. કેમ કે બંધવિચ્છેદ થયા પછી તેઓનો ગુણસંક્રમ વડે સંક્રમ થાય છે. આઠમા ગુણસ્થાનકથી બંધવિચ્છેદ થયા બાદ અશુભ પ્રકૃતિઓનો ગુણસંક્રમ થાય છે એમ પહેલાં કહેવાઈ ગયું છે, અને ગુણસંક્રમ વડે તો ઘણાં પુદ્ગલો સંક્રમે, માટે બંધવિચ્છેદ સમયે યથાપ્રવૃત્ત સંક્રમ વડે સંક્રમાવતાં જઘન્ય પ્રદેશસંક્રમ થાય એમ કહ્યું છે.

અંતરાય પંચકનો પણ પોતાના બંધવિચ્છેદ સમયે જઘન્ય પ્રદેશસંક્રમ થાય છે. કેમ કે બંધવિચ્છેદ થયા પછી તો કોઈ પતદ્ગ્રહ નહિ હોવાને લીધે સંક્રમ જ થતો નથી, માટે બંધના ચરમસમયે જઘન્ય પ્રદેશસંક્રમ થાય એમ કહ્યું છે.

જેમને અવધિજ્ઞાન અને અવધિદર્શન ઉત્પન્ન થયું હોતું નથી તેવા આત્માને અવધિજ્ઞાનાવરણ અને અવધિદર્શનાવરણનો પોતાના બંધના ચરમસમયે જઘન્ય પ્રદેશસંક્રમ થાય છે. કારણ બતાવે છે—અવધિજ્ઞાન-દર્શન ઉત્પન્ન કરતાં પ્રબળ ક્ષયોપશમના સદ્ભાવથી અવધિજ્ઞાનાવરણ અને અવધિદર્શનાવરણનાં પુદ્ગલો અતિ રુક્ષ—અતિ નિઃસ્નેહ થાય છે, અને તેથી કરીને બંધવિચ્છેદ કાલે પણ તે સત્તામાં ઘણાં રહી જતા હોવાથી તેનાં ઘણાં પુદ્ગલોનો ક્ષય થાય છે. અને તેથી જઘન્ય પ્રદેશસંક્રમ થતો નથી, માટે અવધિજ્ઞાન વિનાના આત્માને અવધિજ્ઞાનદર્શનાવરણનો જઘન્ય પ્રદેશસંક્રમ[1] થાય એમ કહ્યું છે.

थीणतिगइत्थिमिच्छाण पालिय बेछसट्ठि सम्मत्तं ।
सगखवगाए जहन्नो अहापवत्तस्स चरमंमि ॥१०७॥

स्त्यानर्द्धिकस्त्रीमिथ्यात्वानां पालयित्वा द्वे षट्षष्ठी सम्यक्त्वम् ।
स्वस्य क्षपणायां जघन्यः यथाप्रवृत्तस्य चरमे ॥१०७॥

અર્થ—બે છાસઠ સાગરોપમ સુધી સમ્યક્ત્વ પાળીને ક્ષપકશ્રેણિમાં પોતપોતાના યથાપ્રવૃત્તકરણના ચરમસમયે થીણદ્ધિત્રિક, સ્ત્રીવેદ અને મિથ્યાત્વમોહનીયનો જઘન્ય પ્રદેશસંક્રમ થાય છે.

ટીકાનુ૰—એકસો બત્રીસ સાગરોપમ પર્યંત સમ્યક્ત્વનું પાલન કરીને, અને તેટલા કાળ પર્યંત સમ્યક્ત્વના પ્રભાવથી ઘણાં દલિકો દૂર કરીને—ક્ષય કરીને થોડાં બાકી રહે ત્યારે તે પ્રકૃતિઓને ખપાવવા માટે તત્પર થયેલા આત્માને પોતપોતાના યથાપ્રવૃત્તકરણના અંત સમયે

---

૧. અહીં તથાસ્વભાવે અવધિજ્ઞાન ઉત્પન્ન કરતો આત્મા જ્ઞાનાવરણાદિ અન્ય પ્રકૃતિઓનાં ઘણાં પુદ્ગલો દૂર કરે છે, પરંતુ પોતાનાં ઘણાં પુદ્ગલો દૂર કરતો નથી, જો કે રૂક્ષ કરે છે. એટલે અવધિજ્ઞાનીને અન્ય પ્રકૃતિઓનો બંધવિચ્છેદ સમયે જઘન્ય પ્રદેશસંક્રમ કહ્યો પરંતુ અવધિજ્ઞાનાવરણ અને અવધિદર્શનાવરણનો અવધિજ્ઞાન વિનાના જીવને જઘન્ય પ્રદેશસંક્રમ કહ્યો છે.

વિધ્યાત સંક્રમ વડે સંક્રમાવતા સ્ત્યાનર્દ્ધિત્રિક, સ્ત્રીવેદ અને મિથ્યાત્વમોહનીયનો જઘન્ય પ્રદેશસંક્રમ થાય છે. અપૂર્વકરણે ગુણસંક્રમનો સંભવ હોવાથી જઘન્ય પ્રદેશસંક્રમ થતો નથી. તેમાં ક્ષપક શ્રેણિમાં આરૂઢ થયેલા આત્માને સ્ત્યાનર્દ્ધિત્રિક અને સ્ત્રીવેદનો અપ્રમત્ત ગુણસ્થાનકના ચરમસમયે જઘન્ય પ્રદેશસંક્રમ થાય છે. કેમ કે શ્રેણિ પર આરૂઢ થનારને સાતમું ગુણસ્થાનક જ યથાપ્રવૃત્તકરણ ગણાય છે. આઠમા ગુણસ્થાનકથી અબધ્યમાન અશુભ પ્રકૃતિઓનો ગુણસંક્રમ પ્રવર્ત્તતો હોવાથી જઘન્ય પ્રદેશસંક્રમ થઈ શકતો નથી, માટે અપ્રમત્ત-યથાપ્રવૃત્તકરણના ચરમસમયે વિધ્યાત સંક્રમ વડે સંક્રમાવતાં જઘન્ય પ્રદેશસંક્રમ થાય તેમ કહ્યું છે.

જો કે ઉપરોક્ત પ્રકૃતિઓનો ''યથાપ્રવૃત્તસંક્રમ વડે સંક્રમાવતાં પોતપોતાના યથાપ્રવૃત્તકરણના ચરમસમયે જઘન્ય પ્રદેશસંક્રમ થાય તેમ મૂળ ટીકામાં કહ્યું છે,'' પરંતુ ગુણ કે ભવનિમિત્તે જે પ્રકૃતિઓ બંધાતી નથી તેનો વિધ્યાતસંક્રમ આ જ ગ્રંથમાં પહેલાં કહ્યો છે, યથાપ્રવૃત્તસંક્રમ નહિ.

અહીં ઉપરોક્ત પ્રકૃતિઓનો ત્રીજા ગુણસ્થાનકથી અબંધ ગુણ નિમિત્તે થયો છે માટે તેનો વિધ્યાતસંક્રમ થવો જોઈએ, યથાપ્રવૃત્ત નહિ. આ કારણથી શ્રીમલયગિરિજી મહારાજે વિધ્યાતસંક્રમ વડે સંક્રમાવતા જઘન્ય પ્રદેશસંક્રમ થાય તેમ આ ગાથાની ટીકામાં કહ્યું છે. તત્ત્વ કેવળી ભગવંત જાણે.

તથા ક્ષાયિક સમ્યક્ત્વ ઉપાર્જન કરતા જિનકાલિક પ્રથમ સંઘયણી ચોથાથી સાતમા સુધીના ગુણસ્થાનકમાં વર્ત્તમાન મનુષ્યને દર્શનત્રિકનો ક્ષય કરવા કરેલા ત્રણ કરણમાંના યથાપ્રવૃત્તકરણના ચરમ સમયે વિધ્યાત સંક્રમ વડે સંક્રમાવતા મિથ્યાત્વમોહનીયનો જઘન્ય પ્રદેશસંક્રમ થાય છે. અપૂર્વકરણે ગુણસંક્રમ પ્રવર્ત્તતો હોવાથી યથાપ્રવૃત્ત કરણનો ચરમસમય ગ્રહણ કર્યો છે. ૧૦૭

अरइसोगट्ठकसायअसुभधुवबन्धिअथिरतियगाणं ।
अस्सायस्स य चरिमे अहापवत्तस्स लहु खवगे ॥१०८॥

अरतिशोकाष्टकषायाशुभध्रुवबन्ध्यस्थिरत्रिकाणाम् ।
असातस्य च चरमे यथाप्रवृत्तस्य लघु क्षपके ॥१०८॥

અર્થ—અરતિ, શોક, મધ્યમ આઠ કષાય, ધ્રુવબંધિની નામકર્મની—અશુભ પ્રકૃતિઓ, અસ્થિરત્રિક અને અશાતાવેદનીયનો જઘન્ય પ્રદેશસંક્રમ શીઘ્ર ક્ષપકને યથાપ્રવૃત્ત કરણના ચરમ સમયે થાય છે.

ટીકાનુ૰—અરતિ, શોક, નામકર્મની અશુભધ્રુવબંધિની પ્રકૃતિઓ—અશુભ વર્ણ આદિ નવ અને ઉપઘાત, અસ્થિરત્રિક-અસ્થિર, અશુભ અને અયશઃકીર્ત્તિ, તથા અસાતવેદનીય એમ સોળ કર્મ પ્રકૃતિઓને શીઘ્રપણે—અહીં શીઘ્રપણાનો અર્થ એ સમજવો કે સાત માસ ગર્ભના અને આઠ વર્ષ ત્યારપછીના કુલ સાત માસ અધિક આઠ વર્ષ અતિક્રમીને સત્તામાંથી નિર્મૂળ કરવા

પ્રયત્નશીલ આત્માને યથાપ્રવૃત્તકરણ-અપ્રમત્તગુણઠાણાના ચરમ સમયે યથાપ્રવૃત્ત[1] સંક્રમ વડે સંક્રમાવતાં જઘન્ય પ્રદેશસંક્રમ થાય છે.

દેશોન પૂર્વક્રોડ વર્ષ પર્યંત ચારિત્રનું પાલન કરીને ક્ષપકશ્રેણિ પર આરૂઢ આત્માને યથાપ્રવૃત્તકરણના ચરમસમયે વિધ્યાતસંક્રમ વડે સંક્રમાવતાં વચલા આઠ કષાયનો જઘન્ય પ્રદેશસંક્રમ થાય છે. મૂળ ટીકામાં ઉપરોક્ત ચોવીસે પ્રકૃતિઓ માટે પૂર્વક્રોડ વર્ષ પર્યંત ચારિત્રનું પાલન કરી ક્ષપકશ્રેણિ પર આરૂઢ થનાર આત્માને યથાપ્રવૃત્તકરણના ચરમસમયે યથાપ્રવૃત્ત સંક્રમ વડે સંક્રમાવતાં જઘન્ય પ્રદેશસંક્રમ કહ્યો છે. ત્યારપછી થતા અપૂર્વકરણે તો ગુણસંક્રમ પ્રવર્તતો હોવાથી જઘન્ય પ્રદેશસંક્રમ ઘટી શકતો નથી. તત્ત્વ જ્ઞાની મહારાજ જાણે. ૧૦૮

हस्सगुणद्धं पूरिय सम्मं मीसं च धरिय उक्कोसं ।
कालं मिच्छत्तगए चिरउव्वलगस्स चरिमम्मि ॥१०९॥

ह्रस्वगुणाद्धां पूरयित्वा सम्यक्त्वं मिश्रं च धृत्वोत्कृष्टं ।
कालं मिथ्यात्वं गतस्य चिरोद्वलकस्य चरिमे ॥१०९॥

અર્થ—સમ્યક્ત્વ ઉત્પન્ન કરીને અલ્પ ગુણસંક્રમના કાળ વડે સમ્યક્ત્વ અને મિશ્રમોહનીયને પૂરીને, અને તેનું સમ્યક્ત્વના ઉત્કૃષ્ટ કાળ પર્યંત પાલન કરીને મિથ્યાત્વે ગયેલા પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ઉદ્વલના કરનારને દ્વિચરમ ખંડના ચરમ સમયે મિથ્યાત્વમાં સંક્રમાવતાં તેનો જઘન્ય પ્રદેશસંક્રમ થાય છે.

ટીકાનુ૰—સમ્યક્ત્વ[2] ઉત્પન્ન કરીને અલ્પકાળ પર્યંત ગુણસંક્રમ વડે મિથ્યાત્વ મોહનીયના દળથી સમ્યક્ત્વ અને મિશ્રમોહનીયને પૂરીને—ભરીને સમ્યક્ત્વનો જે એકસો બત્રીસ સાગરોપમ ઉત્કૃષ્ટ કાળ છે, તેટલો કાળ સમ્યક્ત્વ ધારણ કરીને—પાલન કરીને ત્યારબાદ મિથ્યાત્વે જાય. ત્યાં પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલા કાળે થનારી ઉદ્વલના વડે સમ્યક્ત્વ અને મિશ્રમોહનીયને ઉવેલતા તેના દ્વિચરમ ખંડના દલિકને ચરમ સમયે મિથ્યાત્વરૂપ પરપ્રકૃતિમાં જેટલું સંક્રમાવે તે તેનો જઘન્ય પ્રદેશસંક્રમ કહેવાય છે.

દરેક ખંડને ઉવેલતા અંતર્મુહૂર્ત્ત થાય છે, તેમ દ્વિચરમખંડને ઉવેલતા પણ અંતર્મુહૂર્ત્ત થાય છે. વળી ઉદ્વલનામાં સ્વમાં જે સંક્રમ થાય તે કરતાં પરમાં ઉત્તરોત્તર અલ્પ થાય છે એટલે દ્વિચરમ ખંડનો ચરમ સમયે મિથ્યાત્વરૂપ પર પ્રકૃતિમાં જે સંક્રમ થાય તે જઘન્ય પ્રદેશ સંક્રમ કહ્યો છે. ચરમખંડના દલિકને તો પરમાં પૂર્વ પૂર્વ સમયથી ઉત્તરોત્તર સમયે અસંખ્યાત અસંખ્યાત

---

૧. ગુણ કે ભવનિમિત્તે અબધ્યમાન પ્રકૃતિઓનો વિધ્યાતસંક્રમ થાય છે એમ પહેલાં આ જ કરણની ગાથા ૬૯ની ટીકામાં કહ્યું છે. અરતિ, શોક, અસ્થિર ત્રિક અને અસાતવેદનીય એ છ પ્રકૃતિઓ બંધમાંથી છઠ્ઠા ગુણસ્થાનકે જાય છે એટલે સાતમા ગુણસ્થાનકે તેનો વિધ્યાતસંક્રમ વડે સંક્રમાવતાં જઘન્ય પ્રદેશ સંક્રમ થવો જોઈએ. પરંતુ અહીં યથાપ્રવૃત્તસંક્રમ વડે સંક્રમાવતા જઘન્ય પ્રદેશસંક્રમ કહ્યો છે.

૨. સમ્યક્ત્વ ઉત્પન્ન કરીને ત્યારબાદ અંતર્મુહૂર્ત્ત સુધી ચડતા પરિણામવાળો રહે છે, તેથી તેટલો કાળ મિથ્યાત્વનાં દલિકોને મિશ્ર અને સમ્યક્ત્વમાં અને મિશ્રના સમ્યક્ત્વમાં ગુણસંક્રમ વડે સંક્રમાવે છે, અહીં જેટલો અલ્પકાળ હોઈ શકે તેટલો કાળ લેવાનો છે. કેમ કે જઘન્ય પ્રદેશસંક્રમ કહેવાનો છે.

ગુણાકારે સંક્રમાવે છે, એટલે ચરમ સમયે તેનો જઘન્ય પ્રદેશ સંક્રમ ઘટી શકતો નથી, માટે અહીં દ્વિચરમખંડ લીધો છે. ૧૦૯

संजोयणाण चउरुवसमित्तु संजोयइत्तु अप्पद्धं ।
छवट्ठिदुगं पालिय अहापवत्तस्स अंतम्मि ॥११०॥

संयोजनाः चतुरुपशमय्य संयोजयित्वाऽल्पाद्धाम् ।
षट्षष्ठी द्वे पालयित्वा यथाप्रवृत्तस्यान्ते ॥११०॥

અર્થ—ચાર વાર મોહનીય ઉપશમાવીને, ત્યારબાદ મિથ્યાત્વે જઈ અલ્પકાળ પર્યંત સંયોજના—અનંતાનુબંધી બાંધી સમ્યક્ત્વ પ્રાપ્ત કરે, તેને બે છાસઠ સાગરોપમ પાળી છેવટે અનંતાનુબંધિની વિસંયોજના કરતાં પોતાના યથાપ્રવૃત્તકરણના ચરમ સમયે તેનો જઘન્ય પ્રદેશસંક્રમ થાય છે.

ટીકાનુ૰—ચાર વાર મોહનીય કર્મનો સર્વોપશમ કરે. અહીં ચાર વાર મોહનીયનો સર્વોપશમ શા માટે કહ્યો ? એ પ્રશ્નના ઉત્તરમાં કહે છે—ઘણાં પુદ્ગલોનો ક્ષય થાય માટે. તે આ પ્રમાણે—ચારિત્ર મોહનીયની પ્રકૃતિઓને ઉપશમાવતો આત્મા સ્થિતિઘાત, રસઘાત, ગુણશ્રેણિ અને ગુણસંક્રમ વડે ઘણાં પુદ્ગલોને સત્તામાંથી નાશ કરે છે, માટે ચાર વાર મોહનીયનો સર્વોપશમ કહ્યો છે.

એ પ્રમાણે ચાર વાર સર્વોપશમ કરીને મિથ્યાત્વે જાય. ત્યાં અલ્પકાળ પર્યંત અનંતાનુબંધી બાંધે. અહીં જ્યારે અનંતાનુબંધી બાંધે છે ત્યારે ચારિત્રમોહનીયનું દળ સત્તામાં અલ્પ જ હોય છે, કારણ કે ચાર વાર મોહના સર્વોપશમના કાળમાં સ્થિતિઘાતાદિ વડે ક્ષય કર્યું છે. માટે અનંતાનુબંધિ બાંધતા તેની અંદર યથાપ્રવૃત્ત સંક્રમ વડે અત્યંત અલ્પ ચારિત્રમોહનું દલિક સંક્રમાવે છે.

અંતર્મુહૂર્ત વીત્યા બાદ ફરી સમ્યક્ત્વ પ્રાપ્ત કરે. તેને બે છાસઠ સાગરોપમ પર્યંત પાળીને અનંતાનુબંધિ કષાયની ક્ષપણા કરવા પ્રયત્નવંત આત્માને પોતાના યથાપ્રવૃત્તકરણના ચરમ સમયે વિધ્યાતસંક્રમ વડે સંક્રમાવતાં તેનો જઘન્ય પ્રદેશસંક્રમ થાય છે. અપૂર્વકરણે ગુણસંક્રમ થતો હોવાથી જઘન્ય પ્રદેશસંક્રમ ઘટી શકતો નથી. અનંતાનુબંધિની વિસંયોજના કરવા ત્રણ કરણ કરે છે, તેમાંનું પહેલું યથાપ્રવૃત્તકરણ અહીં લેવાનું છે. ૧૧૦

हस्सं कालं बंधिय विरओ आहारमविरइं गंतुं ।
चिरओव्वलणे थोवो तित्थं बंधालिगा परओ ॥१११॥

ह्रस्वं कालं बद्ध्वा विरतिः आहारमविरतिं गत्वा ।
चिरोद्वलनेन स्तोकः तीर्थं बंधावलिकायाः परतः ॥१११॥

અર્થ—અલ્પકાળ પર્યંત અપ્રમત્ત છતાં આહારકદ્વિક બાંધીને અવિરતિપણામાં જઈને ચિરોદ્વલના વડે પલ્યોપમના અસંખ્યાતમા ભાગપ્રમાણ કાળે ઉવેલતાં તેનો જઘન્ય પ્રદેશસંક્રમ

થાય છે.

ટીકાનુ૦—અલ્પકાળ પર્યંત અપ્રમત્ત છતાં આહારકદ્વિક બાંધીને એટલે કે ઓછામાં ઓછો જેટલો અપ્રમત્તનો કાળ હોઈ શકે તેટલા કાળપર્યંત આહારક સપ્તક બાંધીને કર્મોદયવશાત્ અવિરતિ અવસ્થા પ્રાપ્ત કરે. તે અવિરતિ અવસ્થામાં અંતર્મુહૂર્ત કાળ ગયા પછી તે આહારકદ્વિકને ચિરોદ્વલના—પલ્યોપમના અસંખ્યાતમા ભાગપ્રમાણ કાળે થતી ઉદ્વલના વડે ઉવેલવા માંડે. ઉવેલતાં ઓછામાં ઓછો જે સંક્રમ થાય તે તેનો જઘન્ય પ્રદેશ સંક્રમ કહેવાય છે. કયો સંક્રમ થાય કે જે જઘન્ય સંક્રમ કહેવાય ? તે કહે છે—દ્વિચરમખંડને ઉવેલતાં ચરમ સમયે તેનું જે કર્મદલિક પરપ્રકૃતિમાં સંક્રમાવે તે આહારક સપ્તકનો જઘન્યપ્રદેશસંક્રમ કહેવાય[1] છે.

તીર્થંકર નામકર્મ બાંધતાં પહેલા સમયે જે દલિક બાંધ્યું તે પહેલા સમયના દલિકને બંધાવલિકા ગયા બાદ યથાપ્રવૃત્ત સંક્રમ વડે પરપ્રકૃતિમાં જે સંક્રમાવે તે તીર્થંકર નામકર્મનો જઘન્ય પ્રદેશસંક્રમ કહેવાય[2] છે.

वेउव्वेक्कारसगं उव्वलियं बंधिऊण अप्पद्धं ।
जेट्ठट्ठितिनरयाओ उव्वट्टित्ता अबंधित्ता ॥११२॥

थावरगसमुव्वलणे मणुदुगउच्चाण सुहुमबद्धाणं ।
एमेव समुव्वलणे तेउवाउसुवगयस्स ॥११३॥

वैक्रियैकादशमुद्वलितं बद्ध्वाऽल्पाद्धाम् ।
ज्येष्ठस्थितिनरकादुद्वर्त्त्य अबद्ध्वा ॥११२॥

स्थावरगतस्य समुद्वलने मनुजद्विकोच्चैर्गोत्राणाम् सूक्ष्मबद्धानाम् ।
एवमेव समुद्वलने तेऊवाय्वोरुपगतस्य ॥११३॥

---

૧. અહીં ઉદ્વલના સંક્રમનું સ્વરૂપ ખાસ લક્ષ્યમાં રાખવું જોઈએ. પલ્યોપમના અસંખ્ય ભાગપ્રમાણ ખંડને લઈ લઈ સ્વ અને પરમાં સંક્રમાવી અંતર્મુહૂર્તે અંતર્મુહૂર્તે ખાલી કરે છે. ઉત્તરોત્તર સમયે સ્વ કરતાં પરમાં ઓછું સંક્રમાવે છે. પરથી સ્વમાં અસંખ્યાત ગુણ સંક્રમાવે છે. દરેક ખંડને એ પ્રમાણે સંક્રમાવતા દ્વિચરમ ખંડનું પોતાના સંક્રમકાળના અંતર્મુહૂર્તના છેલ્લા સમયે પરમાં જે સંક્રમાવે તે તેનો જઘન્ય પ્રદેશ સંક્રમ કહેવાય છે. છેલ્લા ખંડને તો પૂર્વ પૂર્વથી ઉત્તરોત્તર સમયે અસંખ્ય અસંખ્ય ગુણ પરમાં સંક્રમાવે છે એટલે ત્યાં જઘન્ય સંક્રમ ઘટી શકતો નથી, એટલે દ્વિચરમખંડ ગ્રહણ કર્યો છે. એ પ્રમાણે અન્યત્ર પણ સમજવું.

૨. તીર્થંકર નામકર્મનું બંધના પહેલા સમયે જ દળ બાંધ્યું છે તે જ શુદ્ધ એક સમયનું બાંધેલ બંધાવલિકા ગયા બાદ સંક્રમ તે તેનો જઘન્ય સંક્રમ છે. તીર્થંકર નામકર્મની ઉદ્વલના થતી નથી કે આહારકની જેમ દ્વિચરમખંડનું ચરમ સમયે જે પરમાં સંક્રમે તે જઘન્ય પ્રદેશ સંક્રમ તરીકે કહી શકાય. વળી બીજા અનેક સમયના બાંધેલા ગ્રહણ કરવામાં સત્તામાં ઘણા હોવાને લીધે પ્રમાણ વધી જાય. વળી જ્યારે તેનો સંક્રમ થશે ત્યારે યથાપ્રવૃત્ત સંક્રમ જ થશે એટલે તીર્થંકર નામકર્મની શરૂઆતના બંધ સમયે જે બાંધ્યું તેની બંધાવલિકા પૂર્ણ થતાં જ પછીના સમયે પહેલા સમયે જે બાંધ્યું તે જ દળ યથાપ્રવૃત્ત સંક્રમ વડે સંક્રમતાં જઘન્ય પ્રદેશ સંક્રમ થાય તેમ કહ્યું છે.

અર્થ—પહેલાં સત્તામાં જે વૈક્રિય એકાદશક છે તેની ઉદ્વલના કરે, ત્યારબાદ બંધ યોગ્ય ભવમાં અલ્પ કાળ પર્યંત બાંધીને જ્યેષ્ઠ સ્થિતિવાળા નરકમાં જાય, ત્યાંથી નીકળી તિર્યંચમાં જાય, ત્યાં બાંધ્યા વિના સ્થાવરમાં જાય, ત્યાં તેની ઉદ્વલના કરતાં દ્વિચરમખંડનું ચરમ સમયે જે દળ પરમાં સંક્રમાવે તે વૈક્રિય એકાદશકનો જઘન્ય પ્રદેશ સંક્રમ કહેવાય છે. એ જ પ્રમાણે સૂક્ષ્મ એકેન્દ્રિયમાં બંધાયેલ મનુજદ્વિક અને ઉચ્ચ ગોત્રને ઉવેલતાં તેઉકાય-વાયુકાયમાં ગયેલ આત્માને તેનો જઘન્ય પ્રદેશસંક્રમ થાય છે.

ટીકાનુ૰—જે વખતે વૈક્રિયાદિ અગિયાર પ્રકૃતિઓના જઘન્ય પ્રદેશસંક્રમનો વિચાર કરે છે, તે પહેલાં કાળભેદે અનેક સમયનું બંધાયેલ દેવદ્વિક, નરકદ્વિક અને વૈક્રિયસપ્તનું જે દળ સત્તામાં પડ્યું છે, તેને એકેન્દ્રિયમાં જઈ ઉદ્વલના સંક્રમની વિધિએ ઉવેલી નાખે. ઉવેલવાનું કારણ કાળભેદે અનેક સમયના બાંધેલાં ઘણાં દલિકો સત્તામાં હોવાને લીધે જઘન્ય પ્રદેશસંક્રમ ઘટી શકે નહિ તે છે.

આ પ્રમાણે ઉવેલીને પંચેન્દ્રિયમાં જઈ અલ્પ કાળ પર્યંત બાંધે. બાંધીને તેત્રીસ[1] સાગરોપમની સ્થિતિવાળા સાતમી નરકપૃથ્વીમાં નારકીપણે ઉત્પન્ન થાય. ત્યાં તેટલો કાળ યથાયોગ્ય રીતે વૈક્રિય એકાદશક અનુભવી ત્યાંથી નીકળી સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચમાં ઉત્પન્ન થાય. ત્યાં તે વૈક્રિય એકાદશકને બાંધ્યા વિના જ એકેન્દ્રિયમાં ઉત્પન્ન થાય.

તે એકેન્દ્રિયના ભવમાં પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ કાળે થતી ઉદ્વલના વડે તે વૈક્રિય એકાદશકને ઉવેલતાં દ્વિચરમખંડનું ચરમ સમયે જે દલિક પર પ્રકૃતિમાં સંક્રમાવે તે તેનો જઘન્ય પ્રદેશસંક્રમ કહેવાય છે.

એ જ પ્રમાણે કાળભેદે અનેક સમયનું બંધાયેલ ઉચ્ચ ગોત્ર અને મનુષ્યદ્વિકનું જે દળ સત્તામાં હોય તેને તેઉ-વાયુ ભવમાં ઉવેલી નાખે. ત્યારબાદ ફરી મનુજદ્વિકાદિના બંધયોગ્ય સૂક્ષ્મ એકેન્દ્રિયના ભવમાં જઈ અંતર્મુહૂર્ત્ત પર્યંત બાંધે. ત્યાંથી નીકળી પંચેન્દ્રિય ભવમાં જઈ સાતમી નરકમાં જવા યોગ્ય કર્મ બાંધી સાતમી નરક પૃથ્વીમાં ઉત્કૃષ્ટ આયુવાળો નારકી થાય. ત્યાંથી નીકળી સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયમાં ઉત્પન્ન થાય.

આટલા કાળ પર્યંત તે ત્રણે પ્રકૃતિ બાંધે નહિ, અને પ્રદેશસંક્રમ વડે અનુભવી ઓછી કરે. (અહીં જો કે જે ભવમાં નરક યોગ્ય આયુ બાંધે છે, અને જે ભવમાં નારકીમાંથી નીકળી જાય છે તે બંને ભવ ઉપરોક્ત ત્રણે પ્રકૃતિને બંધ યોગ્ય છે, પરંતુ અહીં જઘન્ય પ્રદેશસંક્રમનો અધિકાર હોવાથી એવો જીવ પસંદ કરવાનો છે કે બંધયોગ્ય ભવમાં પણ ન બાંધે. એટલે બાંધે નહિ અને પ્રદેશ સંક્રમ વડે અનુભવી ઓછી કરે તેમ કહ્યું છે.)

ત્યારબાદ તે પંચેન્દ્રિયના ભવમાંથી નીકળી તેઉ કે વાયુમાં ઉત્પન્ન થાય. ત્યાં તે મનુજદ્વિક અને ઉચ્ચ ગોત્રને ચિરોદ્વલના-પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ કાળે થતી ઉદ્વલના વડે ઉવેલતાં દ્વિચરમખંડનું ચરમ સમયે જે દલિક પરમાં સંક્રમાવે છે તે તેનો જઘન્ય

---

૧. અનુત્તર વિમાનનું પણ તેત્રીસ સાગરોપમ આયુ છે પણ ત્યાં જઈ પછી એકેન્દ્રિય ભવોમાં જતો નથી માટે સાતમી નારકીમાં જાય તેમ કહ્યું છે.

પ્રદેશ સંક્રમ કહેવાય[1] છે. ૧૧૨-૧૧૩

अणुवसमित्ता मोहं सायस्स असायअंतिमे बंधे ।
पणतीसा य सुभाणं अपुव्वकरणालिगा अंते ॥११४॥

अनुपशमय्य मोहं सातस्य असातान्तिमे बंधे ।
पञ्चत्रिंशतश्च शुभानां अपूर्वकरणावलिकाऽन्ते ॥११४॥

અર્થ—મોહનીયને ઉપશમાવ્યા સિવાય અસાતાના અંતિમ બંધમાં સાતા સંક્રમે ત્યારે સાતાનો જઘન્યસંક્રમ થાય છે. શુભ પાંત્રીસ પ્રકૃતિઓનો જઘન્ય પ્રદેશસંક્રમ અપૂર્વકરણની પ્રથમાવલિકાના અંત સમયે થાય છે.

ટીકાનુ૦—મોહનીયકર્મનો ઉપશમ કર્યા સિવાય એટલે કે ઉપશમશ્રેણિ કર્યા વિના અસાત વેદનીયકર્મના બંધમાં જ (છઠ્ઠા ગુણસ્થાનકના અંતે થતો) છેલ્લો બંધ, તે છેલ્લા બંધનો જે છેલ્લો સમય-પ્રમત્ત ગુણસ્થાનકનો છેલ્લો સમય, તે છેલ્લા સમયમાં વર્તમાન ક્ષપકશ્રેણિ પર આરૂઢ થવામાં ઉદ્યમવંત આત્માને અસાતામાં સાતા સંક્રમાવતાં સાતાનો જઘન્ય પ્રદેશસંક્રમ થાય છે. સાતમા ગુણસ્થાનકના પ્રથમ સમયથી એકલી સાતા જ બંધાતી હોવાથી સાતા પતદ્ગ્રહ થાય છે, એટલે તે સંક્રમતી નથી. પરંતુ અસાતા સાતામાં સંક્રમે છે. ઉપશમશ્રેણિનો નિષેધ કરવાનું કારણ ઉપશમશ્રેણિમાં અસાતા વેદનીયનાં ઘણાં પુદ્ગલો સાતામાં સંક્રમે છે, એટલે સાતા અધિક પ્રદેશવાળી થાય છે. તેમ થવાથી તેનો જઘન્ય પ્રદેશસંક્રમ ઘટી શકતો નથી, માટે 'ઉપશમશ્રેણિ કર્યા સિવાય' એમ જણાવ્યું છે.

તથા પંચેન્દ્રિય જાતિ, સમચતુરસ્ર સંસ્થાન, તૈજસ સપ્તક, પ્રશસ્તવિહાયોગતિ, શુક્લ, લોહિત અને હારિદ્રવર્ણ, સુરભિગંધ, કષાય, આમ્લ અને મધુરરસ, મૃદુ, લઘુ સ્નિગ્ધ અને ઉષ્ણ સ્પર્શ, અગુરુલઘુ, પરાઘાત, ઉચ્છ્વાસ, ત્રસાદિ દશક અને નિર્માણ એ પાંત્રીસ પ્રકૃતિઓનો ઉપશમશ્રેણિ કર્યા સિવાયની ક્ષપિતકર્માંશ સંબંધી શેષ વિધિ વડે જઘન્ય પ્રદેશ પ્રમાણ કરીને ખપાવવા પ્રયત્નવંત ક્ષપિતકર્માંશ આત્માને અપૂર્વકરણની પ્રથમ આવલિકાના અંત સમયે જઘન્ય પ્રદેશસંક્રમ થાય છે. પ્રથમાવલિકા પૂર્ણ થયા પછી તો અપૂર્વકરણ ગુણસ્થાનકના પ્રથમ સમયથી અશુભ પ્રકૃતિઓના ગુણસંક્રમ વડે પ્રાપ્ત થયેલ અતિ ઘણાં દલિકની સંક્રમાવલિકા પૂર્ણ થવાને લીધે તે દલિકના સંક્રમનો પણ સંભવ હોવાથી જઘન્ય પ્રદેશ સંક્રમ ઘટી શકતો નથી, એટલે અપૂર્વકરણની પ્રથમાવલિકાનો ચરમ સમય ગ્રહણ કર્યો છે.

અહીં પણ ઉપશમશ્રેણિ કરવાનો નિષેધ કર્યો છે. કારણ કે ઉપશમશ્રેણિમાં ઉપરોક્ત પાંત્રીસ પ્રકૃતિઓ શુભ હોવાથી તેમાં અશુભ પ્રકૃતિઓનાં ઘણાં દલિકો ગુણસંક્રમ વડે સંક્રમશે, તેથી તેનો જઘન્ય પ્રદેશસંક્રમ ઘટી શકશે નહિ. તથા ઉપશમશ્રેણિ સિવાયની ક્ષપિતકર્માંશ થવાને યોગ્ય અન્ય ક્રિયા વડે જઘન્ય પ્રદેશાગ્રસત્તામાં જઘન્ય પ્રદેશનો સંચય કરીને ક્ષપકશ્રેણિ પર

૧. સત્તામાંથી કાઢી સૂક્ષ્મ એકેન્દ્રિયમાં જઈ બાંધ્યા પછી કોઈ સ્થળે બાંધતો નથી અને ઓછી તો કરે છે એટલે સત્તામાં અલ્પ રહે છે, એટલે તેઉ-વાયુમાં ઉવેલતાં જઘન્ય પ્રદેશસંક્રમ ઘટી શકે છે.

આરૂઢ થનાર આત્માને પોતાના બંધવિચ્છેદ સમયે વજ્રઋષભનારાચ સંઘયણનો જઘન્ય પ્રદેશ સંક્રમ થાય છે. અહીં ઉપશમશ્રેણિના નિષેધનું કારણ ઉપર કહ્યું છે તે જ સમજવું. ચોથા ગુણસ્થાનક સુધી જ પ્રથમ સંઘયણ[1] નામકર્મ બંધાય છે એટલે ક્ષપકશ્રેણિ પર ચડતા મનુષ્યને તે ગુણસ્થાનકના ચરમ સમયે પ્રથમ સંઘયણ નામનો જઘન્ય પ્રદેશસંક્રમ થાય છે. આ બાબત ગાથામાં કહી નથી, પરંતુ મૂળ ટીકામાં કહી છે. માટે જાણી લેવી. ૧૧૪

तेवट्ठं उदहिसयं गेविज्जाणुत्तरे सऽबंधित्ता ।
तिरिदुगउज्जोयाइं अहापवत्तस्स अंतंमि ॥११५॥

त्रिषष्टमुदधिशतं ग्रैवेयकानुत्तरेषु स अबद्ध्वा ।
तिर्यग्द्विकोद्योतं यथाप्रवृत्तस्यान्ते ॥११५॥

અર્થ—ગ્રૈવેયક અને અનુત્તર વિમાનમાં એકસો ત્રેસઠ સાગરોપમ પર્યંત બાંધ્યા વિના ખપાવતાં તિર્યગ્દ્વિક અને ઉદ્યોત નામકર્મનો તે—ક્ષપિતકર્માંશ આત્મા યથાપ્રવૃત્તકરણના અંતે જઘન્ય પ્રદેશસંક્રમ કરે છે.

ટીકાનુ૰—ચાર પલ્યોપમ અધિક એકસો ત્રેસઠ સાગરોપમ સુધી ગ્રૈવેયક અને અનુત્તર વિમાનમાં ભવપ્રત્યય કે ગુણપ્રત્યય વડે બાંધ્યા વિના સર્વ જઘન્ય સત્તાવાળો ક્ષપિતકર્માંશ આત્મા યથાપ્રવૃત્તકરણના ચરમ સમયે તિર્યગ્દ્વિક અને ઉદ્યોત નામકર્મનો જઘન્ય પ્રદેશ સંક્રમ કરે છે.

અહીં ચાર પલ્યોપમ અધિક એકસો ત્રેસઠ સાગરોપમ કઈ રીતે કહ્યા ? તે પ્રશ્નના ઉત્તરમાં કહે છે—કોઈ ક્ષપિતકર્માંશ આત્મા ત્રણ પલ્યોપમના આયુવાળા યુગલિક મનુષ્યમાં ઉત્પન્ન થાય. ત્યાં તે આત્મા દેવદ્વિક જ બાંધે છે, તિર્યગ્દ્વિક કે ઉદ્યોતનામ બાંધતો નથી. અંતર્મુહૂર્ત્ત આયુ શેષ રહે ત્યારે ત્યાં સમ્યક્ત્વ પ્રાપ્ત કરી સમ્યક્ત્વથી પડ્યા સિવાય એક પલ્યોપમના આયુવાળો દેવ થાય, ત્યારબાદ સમ્યક્ત્વથી પડ્યા વિના જ દેવભવમાંથી ચ્યવી મનુષ્ય થાય, મનુષ્ય ભવમાં પણ સમ્યક્ત્વથી ચ્યુત ન થાય પરંતુ સમ્યક્ત્વ સહિત એકત્રીસ સાગરોપમના આઉખે ગ્રૈવેયકમાં દેવ થાય. ત્યાં ઉત્પન્ન થયા પછી અંતર્મુહૂર્ત્ત ગયા બાદ મિથ્યાત્વે જાય. મિથ્યાત્વે જવા છતાં ત્યાં ભવપ્રત્યયે ઉપરોક્ત પ્રકૃતિઓ બાંધતો નથી, અંતર્મુહૂર્ત્ત શેષ આયુ રહે ત્યારે ફરી સમ્યક્ત્વ પ્રાપ્ત કરે. ત્યારબાદ વચમાં થનારા મનુષ્યભવ યુક્ત ત્રણ વાર અચ્યુત દેવલોકમાં અને બે વાર અનુત્તર દેવમાં જવા વડે એકસો બત્રીસ[2] સાગરોપમ ક્ષયો-

૧. કર્મપ્રકૃતિ સંક્રમણકરણ ગાથા ૧૦૯માં પ્રથમ સંઘયણનો જઘન્યપ્રદેશ સંક્રમ પણ પંચેન્દ્રિયજાતિ આદિ પાંત્રીસ પ્રકૃતિઓની સાથે જ અપૂર્વકરણની પ્રથમ આવલિકાના અંત સમયે કહ્યો છે.

૨. ક્ષયોપશમ સમ્યક્ત્વનો અવિરતિ છાસઠ સાગરોપમનો કાળ છે, તે બાવીસ બાવીસ સાગરોપમના આઉખે ત્રણ વાર અચ્યુત દેવલોકમાં જઈ પૂર્ણ કરે છે, ત્યારબાદ અંતર્મુહૂર્ત્ત મિશ્ર ગુણસ્થાનકે જઈ ફરી વાર ક્ષયોપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરી શકે છે, અને તેને તેત્રીસ-તેત્રીસ સાગરોપમના આઉખે અનુત્તર વિમાનમાં જઈ પૂર્ણ કરે છે. તે કાળના છેલ્લા અંતર્મુહૂર્ત્તમાં જો ક્ષપકશ્રેણિ પર આરૂઢ ન થાય તો કાળ પૂર્ણ કરી પડી મિથ્યાત્વ પ્રાપ્ત કરે છે. આ કાળ વચમાં થનારા મનુષ્યભવ વડે અધિક સમજવો.

પશમ સમ્યક્ત્વનું પાલન કરી તે સમ્યક્ત્વના કાળનું અંતર્મુહૂર્ત શેષ રહે ત્યારે શીઘ્ર ખપાવવા પ્રયત્નશીલ થાય. ક્ષપક શ્રેણિ પર આરૂઢ થયેલ આત્માને યથાપ્રવૃત્તકરણ-અપ્રમત્ત ગુણસ્થાનકના ચરમ સમયે જઘન્ય પ્રદેશ સંક્રમ થાય છે. અપૂર્વકરણથી ગુણસંક્રમ[1] પ્રવર્તે છે, માટે ત્યાં જઘન્ય પ્રદેશ સંક્રમ ન થાય.

આ રીતે સંસારચક્રમાં રખડતા ચાર પલ્યોપમ અધિક એકસો ત્રેસઠ સાગરોપમ પર્યંત ગુણ કે ભવ પ્રત્યયે તિર્યગ્દ્વિક અને ઉદ્યોતનામકર્મ બાંધતો નથી, અને સંક્રમ પ્રદેશોદયાદિ વડે ઓછા કરે છે એટલે તેનો ક્ષપક શ્રેણિ પર આરૂઢ થતા અપ્રમત્તના અંત સમયે જઘન્ય પ્રદેશ સંક્રમ ઘટી શકે છે. શ્રેણિ પર આરૂઢ થતા જે ત્રણ કરણ કરે છે તેમાંનું યથાપ્રવૃત્તકરણ તે અપ્રમત્ત ગુણસ્થાનક છે. ૧૧૫.

इगिविगलायवथावरचउक्कमबंधिऊण पणसीयं ।
अयरसयं छट्ठीए बावीसयरं जहा पुव्वं ॥११६॥

एकविकलेन्द्रियातपस्थावरचतुष्कमबद्ध्वा पञ्चाशीतं ।
अतरशतं षष्ठ्यां द्वाविंशतिमतराणि यथा पूर्वं ॥११६॥

અર્થ—એકસો પંચાશી સાગરોપમ પર્યંત બાંધ્યા વિના ખપાવતાં યથાપ્રવૃત્તકરણના અંતે એકેન્દ્રિય, વિકલેન્દ્રિય જાતિ, આતપ, અને સ્થાવર ચતુષ્કનો જઘન્ય પ્રદેશસંક્રમ થાય છે. તેમાં એકસો ત્રેસઠ સાગરોપમનો અબંધકાળ જેમ પૂર્વે કહ્યો તેમ લેવાનો છે. તેમાં છઠ્ઠી નારકીના બાવીસ સાગરોપમ વધે છે.

ટીકાનુ૦—એકેન્દ્રિય જાતિ, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચતુરિન્દ્રિય જાતિ, આતપ[2], સ્થાવર, સૂક્ષ્મ, સાધારણ, અને અપર્યાપ્ત એમ સ્થાવર ચતુષ્ક એ નવ પ્રકૃતિને ચાર પલ્યોપમ અધિક એકસો પંચાશી સાગરોપમ સુધી બાંધ્યા વિના તે સમ્યક્ત્વના કાળના અંતે એટલે કે એકસો બત્રીસ સાગરોપમ પ્રમાણ છેલ્લો સમ્યક્ત્વનો જે કાળ છે તેના ચરમ અંતર્મુહૂર્ત્તે ક્ષપક શ્રેણિ પર આરૂઢ થનાર આત્મા યથાપ્રવૃત્તકરણના અંત સમયે એ નવ પ્રકૃતિનો જઘન્ય પ્રદેશસંક્રમ કરે છે. આટલા કાળપર્યંત આ નવ પ્રકૃતિને ગુણ કે ભવ નિમિત્તે બાંધતો નથી અને સંક્રમ અને પ્રદેશોદય વડે અલ્પ કરે છે, એટલે સત્તામાં અલ્પ રહે છે. અલ્પ રહેલા તે દલિકને અપ્રમત્ત ગુણસ્થાનકના ચરમ સમયે જે સંક્રમાવે છે તે જઘન્ય પ્રદેશસંક્રમ કહેવાય છે. અપૂર્વકરણથી તો ગુણસંક્રમ પ્રવર્ત્તે છે એટલે જઘન્ય પ્રદેશસંક્રમ ઘટતો નથી, એટલે અપ્રમત્તનો ચરમસમય ગ્રહણ કર્યો છે.

---

૧. જો કે ઉદ્યોત નામકર્મનો ગુણસંક્રમ થતો નથી કેમ કે અબધ્યમાન અશુભ-પ્રકૃતિઓનો ગુણસંક્રમ થાય છે. પરંતુ જઘન્ય પ્રદેશસંક્રમ તો અપ્રમત્તના અંત સમયે કહ્યો છે. કેમ કે અપૂર્વકરણથી તેનો ઉદ્વલના સંક્રમ પ્રવર્ત્તે છે.

૨. ઉદ્યોત નામકર્મ માટે આ પહેલાંની ગાથામાં જે ટિપ્પણ કર્યું છે તે આતપ નામકર્મ માટે પણ સમજવું. કેમ કે નવમે ગુણઠાણે આતપ નામકર્મ પણ ખપાવે છે.

અહીં ચાર પલ્યોપમ અધિક એકસો પંચાશી સાગરોપમ કઈ રીતે થાય ? એ પ્રશ્ન ઉત્તરમાં કહે છે—ક્ષપિતકર્માંશ કોઈ આત્મા નરકાયું બાંધી છઠ્ઠી નારકીમાં બાવીસ સાગરોપમને આઉખે નારકી થાય, ત્યાં ભવનિમિત્તે ઉપરોક્ત પ્રકૃતિઓ બાંધતો નથી. ત્યાં અંતર્મુહૂર્ત શેષ આયુ રહે ત્યારે સમ્યક્ત્વ પ્રાપ્ત કરે, અને સમ્યક્ત્વથી પડ્યા સિવાય નારકીમાંથી નીકળી મનુષ્ય થાય. મનુષ્યપણામાં પણ સમ્યક્ત્વથી પડ્યા સિવાય સમ્યક્ત્વ સાથે દેશવિરતિનું પાલન કરીને ચાર પલ્યોપમના આયુવાળા સૌધર્મ દેવલોકે દેવ થાય. અહીં પણ સમ્યક્ત્વથી ચ્યુત ન થાય, પરંતુ તેટલો કાળ સમ્યક્ત્વનું પાલન કરી સમ્યક્ત્વ સાથે જ દેવભવમાંથી ચ્યવી મનુષ્ય થાય. તે મનુષ્યભવમાં સુંદર રીતે ચારિત્રનું પાલન કરી એકત્રીસ સાગરોપમને આઉખે ગ્રૈવેયક દેવમાં ઉત્પન્ન થાય. એટલો કાળ ગુણનિમિત્તે ઉપરોક્ત પ્રકૃતિઓ બાંધે નહિ. ગ્રૈવેયકમાં ઉત્પન્ન થયા બાદ અંતર્મુહૂર્ત પછી સમ્યક્ત્વથી પડી મિથ્યાત્વે જાય. અહીં મિથ્યાત્વી છતાં પણ ભવનિમિત્તે ઉપરોક્ત પ્રકૃતિઓ બાંધશે નહિ. અંતર્મુહૂર્ત આયુ બાકી રહે ત્યારે ફરી સમ્યક્ત્વ પ્રાપ્ત કરે. ત્યારબાદ પૂર્વની ગાથામાં કહેલ રીતિએ બે છાસઠ સાગરોપમ પર્યંત સમ્યક્ત્વનું પાલન કરી એ સમ્યક્ત્વ કાળનું છેલ્લું અંતર્મુહૂર્ત શેષ રહે ત્યારે કર્મોને સત્તામાંથી નિર્મૂળ કરવાનો પ્રયત્ન કરે. આ પ્રમાણે સંસારમાં પરિભ્રમણ કરનાર આત્માને ચાર પલ્યોપમ અધિક એકસો પંચાશી સાગરોપમ સુધી ઉપરોક્ત નવ પ્રકૃતિઓના બંધનો અભાવ પ્રાપ્ત થાય છે. ૧૧૬

दुसराइतिण्णि णीयऽसुभखगइसंघयणसंठियपुमाणं ।
सम्माजोग्गाणं सोलसण्हं सरिसं थिवेएणं ॥११७॥

दुःस्वरादित्रिकनीचैर्गोत्राशुभखगतिसंहननसंस्थाननपुंसकवेदानाम् ।
सम्यक्त्वायोग्यानां षोडशानां सदृशं स्त्रीवेदेन ॥११७॥

અર્થ—દુઃસ્વરત્રિક, નીચ ગોત્ર, અશુભખગતિ, અશુભસંઘયણ પંચક, અશુભ સંસ્થાનપંચક, અને નપુંસકવેદ એ સમ્યક્ત્વીઓને બંધને અયોગ્ય સોળ પ્રકૃતિઓનો જઘન્ય પ્રદેશસંક્રમ સ્ત્રીવેદ સમાન જાણવો.

ટીકાનુ૰—દુઃસ્વર, દુર્ભગ અને અનાદેય રૂપ દુર્ભગત્રિક, નીચ ગોત્ર, અશુભ વિહાયોગતિ, પહેલાને છોડી શેષ અશુભ પાંચ સંઘયણ, પહેલાને છોડી અશુભ પાંચ સંસ્થાન, અને નપુંસકવેદ, એમ સમ્યગ્દષ્ટિ આત્માઓને બંધને અયોગ્ય સોળ કર્મપ્રકૃતિઓનો જઘન્ય પ્રદેશસંક્રમ સ્ત્રીવેદની સમાન જાણવો. સ્ત્રીવેદના જઘન્ય પ્રદેશસંક્રમનો જે સ્વામી કહ્યો છે તે ઉપરોક્ત પ્રકૃતિઓનો પણ જાણવો. પ્રદેશસંક્રમસ્વામી પહેલાં ત્રણ પલ્યોપમના આયુવાળા યુગલિક મનુષ્યમાં ઉત્પન્ન થયેલો અને ત્યાં અંતર્મુહૂર્ત આયુ શેષ રહે ત્યારે સમ્યક્ત્વ પ્રાપ્ત કરનાર કહેવો, શેષ વિધિ સ્ત્રીવેદમાં કહી છે તે પ્રમાણે જ કહેવી.

समयाहिआवलिए आऊण जहण्णजोगबंधाणं ।
उक्कोसाऊ अंते नरतिरिया उरलसत्तस्स ॥११८॥

समयाधिकावलिकायां आयुषां जघन्ययोगबद्धानां ।
उत्कृष्टायुषः अन्ते नरतिर्यञ्चः उरलसप्तकस्य ॥११८॥

અર્થ—જઘન્યયોગ વડે બંધાયેલા સઘળા આયુની સમયાધિક આવલિકા શેષ રહે ત્યારે જઘન્ય પ્રદેશસંક્રમ થાય છે. ઉત્કૃષ્ટ આયુવાળા મનુષ્ય તિર્યંચો પોતાના આયુના અંત સમયે ઔદારિક સપ્તકનો જઘન્ય પ્રદેશસંક્રમ કરે છે.

ટીકાનુ૦—જઘન્ય યોગ વડે બંધાયેલા આયુની સત્તામાં જ્યારે સમયાધિક એક આવલિકા શેષ રહે ત્યારે તેઓનો જઘન્ય પ્રદેશસંક્રમ થાય છે. આયુકર્મમાં આ સંક્રમ સ્વસ્થાનમાં જ સમજવો, કારણ કે આયુકર્મમાં અન્ય પ્રકૃતિનયન સંક્રમ જ થતો નથી. એટલે ઉદયાવલિકા ઉપરના સમયનું દલિક અપવર્ત્તના વડે નીચે ઉતારવા રૂપ અપવર્ત્તના સંક્રમ સમજવો, અન્ય પ્રકૃતિનયન સંક્રમ નહિ.

ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમ આયુવાળા મનુષ્યો અને તિર્યંચો પોતાના આયુના અંતે ઔદારિક સપ્તકનો જઘન્ય પ્રદેશસંક્રમ કરે છે. તાત્પર્ય એ કે—કોઈ એક જીવ અન્ય સઘળા જીવોની અપેક્ષાએ સર્વ જઘન્ય ઔદારિક સપ્તકની પ્રદેશ સત્તાવાળો હોય, એવો તે જીવ ત્રણ પલ્યોપમ આયુવાળા યુગલિક તિર્યંચ કે મનુષ્યમાં ઉત્પન્ન થાય. તે યુગલિક આત્મા ઔદારિક સપ્તકને ઉદય-ઉદીરણા વડે અનુભવતાં અને વિધ્યાતસંક્રમ વડે પર પ્રકૃતિમાં સંક્રમાવતાં પોતાના આયુના ચરમ સમયે તે ઔદારિક સપ્તકનો જઘન્ય પ્રદેશસંક્રમ કરે છે. એક તો અન્ય જીવોની અપેક્ષાએ અલ્પ સત્તાવાળો છે, અને ત્રણ પલ્યોપમ સુધી ઉદય-ઉદીરણા વડે ભોગવી તેમજ વિધ્યાતસંક્રમ વડે અન્યમાં સંક્રમાવી અલ્પ કરે છે. એટલે છેવટે અલ્પ પ્રદેશની સત્તાવાળા તે ઔદારિક સપ્તકનો જઘન્ય પ્રદેશસંક્રમ કરી શકે છે. ૧૧૮

पुंसंजलणतिगाणं जहण्णजोगिस्स खवगसेढीए ।
सगचरिमसमयबद्धं जं छुभइ सगंतिमे समये ॥११९॥

पुंसंज्वलनत्रिकाणां जघन्ययोगिनो क्षपकश्रेण्यां ।
स्वकचरिमसमयबद्धं यत् छुभति स्वकान्तिमे समये ॥११९॥

અર્થ—ક્ષપકશ્રેણિમાં વર્ત્તમાન જઘન્યયોગવાળા આત્માએ પુરુષવેદ અને સંજ્વલનત્રિકનું પોતપોતાના બંધના અંત સમયે જે દલિક બાંધ્યું, તેને પોતપોતાના અંત સમયે જે સંક્રમાવે તે તેઓનો જઘન્ય પ્રદેશસંક્રમ કહેવાય છે.

ટીકાનુ૦—ક્ષપકશ્રેણિમાં વર્તમાન જઘન્ય યોગવાળા આત્માએ તે તે પ્રકૃતિઓનો જે સમયે છેલ્લો બંધ થાય છે તે સમયે જે દલિક બાંધ્યું, તેને બંધાવલિકા ગયા બાદ સંક્રમાવતાં, સંક્રમાવલિકાના ચરમ સમયે પરપ્રકૃતિમાં જે છેલ્લા સંક્રમ કરે તે તેઓનો જઘન્ય પ્રદેશસંક્રમ છે.

તાત્પર્ય એ કે—આ ચારે પ્રકૃતિઓનું બંધવિચ્છેદ સમયે સમયોન બેઆવલિકામાં બંધાયેલ દળને છોડી અન્ય કોઈપણ સમયનું બંધાયેલ સત્તામાં હોતું નથી. તેને પણ પ્રતિસમય સંક્રમાવતા ક્ષય કરે છે, તે ત્યાં સુધી કે ચરમ સમયે બંધાયેલ દલિકનો અસંખ્યાતમો ભાગ શેષ રહે. પુરુષવેદાદિ પ્રકૃતિઓનું બંધવિચ્છેદ સમયે સમયોન બે આવલિકા કાળમાં બંધાયેલું જ બાકી રહે છે.

અહીં એવો નિયમ છે કે જે સમયે બાંધે તે સમયથી બંધાવલિકા ગયા બાદ સંક્રમાવવાની શરૂઆત કરે, તે સંક્રમાવલિકાના ચરમ સમયે સંપૂર્ણપણે ખાલી કરે. આ નિયમ પ્રમાણે ઉપરોક્ત પ્રકૃતિઓનું બંધવિચ્છેદ સમયે જે દલિક બંધાય છે, તેની બંધાવલિકા ગયા બાદ સંક્રમાવવાની શરૂઆત કરે છે તેને સંક્રમાવતાં સંક્રમાવતાં સંક્રમાવલિકાના ચરમ સમયે બંધવિચ્છેદ સમયે બંધાયેલા શુદ્ધ એક સમયનું જ દળ રહે છે, તે પણ બંધવિચ્છેદ સમયે જે બાંધ્યું હતું તેનો અસંખ્યાતમો ભાગ જ શેષ રહે છે, તેને સર્વસંક્રમ વડે સંક્રમાવતાં તે પ્રકૃતિઓનો જઘન્ય પ્રદેશસંક્રમ કહેવાય છે. ૧૧૯

કોઈપણ કારણથી મૂળકારે અને ટીકાકારે અહીં સંજ્વલન લોભનો જઘન્ય પ્રદેશસંક્રમ બતાવેલ નથી. પરંતુ કર્મપ્રકૃતિ સંક્રમણકરણ ગાથા ૯૮ની ટીકામાં....કોઈપણ વાર ઉપશમશ્રેણિ કર્યા વિના ક્ષપકશ્રેણિ ઉપર આરૂઢ થનાર અપૂર્વકરણ ગુણસ્થાનકની પહેલી આવલિકાના અંતે સંજ્વલન લોભના જઘન્ય પ્રદેશસંક્રમના સ્વામી....બતાવેલ છે.

આ પ્રમાણે પૂજ્ય શ્રી ચંદ્રર્ષિ મહારાજે બનાવેલ મૂળ અને આચાર્ય શ્રીમાન્ મલયગિરિ મહારાજે બનાવેલ પંચસંગ્રહની ટીકામાંનું સંક્રમણ કરણનું ભાષાંતર પૂર્ણ થયું.

સંખ્યા	પ્રકૃતિઓ	ઉત્કૃષ્ટ સ્થિતિ સંક્રમ પ્રમાણ	જઘન્ય સ્થિતિસંક્રમ પ્રમાણ	ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમના સ્વામી	જઘન્ય સ્થિતિસંક્રમના સ્વામી	સાદ્યાદિ પ્રરૂપણા	ઉત્કૃષ્ટ રસસંક્રમ પ્રમાણ	જઘન્ય રસસંક્રમ પ્રમાણ
૧૪	જ્ઞાનાવરણીય દર્શનાવરણીય ચતુષ્ક અંતરાય	બે આવલિકા ન્યૂન ૩૦ કોડાકોડી સાગરોપમ	સમય પ્રમાણ એકસ્થિતિ	ચારેય ગતિના મિથ્યાદૃષ્ટિ	સમયાધિક આવલિકા શેષ બારમા ગુણસ્થાનક વાળા	અજઘન્યસાદિ વિના ત્રણ પ્રકારે જઘન્ય ઉત્કૃષ્ટ અને અનુત્કૃષ્ટ સાદિ અને અધ્રુવ એમ બે પ્રકારે	ચતુઃસ્થાનિક અને સર્વઘાતી	દ્વિસ્થાનિક અને સર્વઘાતી
૨	નિદ્રાદ્વિક	બે આવલિકા ન્યૂન ૩૦ કોડાકોડી સાગરોપમ	સમય પ્રમાણ એકસ્થિતિ	ચારેય ગતિના મિથ્યાદૃષ્ટિ	અસંખ્યાત ભાગઅધિક બેઆવલિકા શેષ બારમા ગુણસ્થાનક વાળા	અજઘન્યસાદિ વિના ત્રણ પ્રકારે જઘન્ય ઉત્કૃષ્ટ અને અનુત્કૃષ્ટ સાદિ અને અધ્રુવ એમ બે પ્રકાર	ચતુઃસ્થાનિક અને સર્વઘાતી	દ્વિસ્થાનિક અને સર્વઘાતી
૩	થીણદ્ધિ ત્રિક	બે આવલિકા ન્યૂન ૩૦ કોડાકોડી સાગરોપમ	પલ્યોપમનો અસંખ્યા- તમો ભાગ	ચારેય ગતિના મિથ્યાદૃષ્ટિ	ક્ષપક ૯મા ગુણસ્થાનક વાળા ચરમપ્રક્ષેપ સમયે	અજઘન્યસાદિ વિના ત્રણ પ્રકારે જઘન્ય ઉત્કૃષ્ટ અને અનુત્કૃષ્ટ સાદિ અને અધ્રુવ એમ બે પ્રકારે	ચતુઃસ્થાનિક અને સર્વઘાતી	દ્વિસ્થાનિક અને સર્વઘાતી
૧	અસાતા વેદનીય	બે આવલિકા ન્યૂન ૩૦ કોડાકોડી સાગરોપમ	અંતર્મુહૂર્ત -	ચારેય ગતિના મિથ્યાદૃષ્ટિ	સયોગી કેવળીના ચરમ સમયે	અજઘન્યસાદિ વિના ત્રણ પ્રકારે જઘન્ય ઉત્કૃષ્ટ અને અનુત્કૃષ્ટ સાદિ અને અધ્રુવ એમ બે પ્રકારે	ચતુઃસ્થાનિક અને સર્વઘાતી	દ્વિસ્થાનિક અને સર્વઘાતી
૧	સાતા વેદનીય	ત્રણ આવલિકા ન્યૂન ૩૦ કોડાકોડી સાગરોપમ	અંતર્મુહૂર્ત	ચારેય ગતિના મિથ્યાદૃષ્ટિ	સયોગી કેવળીના ચરમ સમયે	અજઘન્યસાદિ વિના ત્રણ પ્રકારે જઘન્ય ઉત્કૃષ્ટ અને અનુત્કૃષ્ટ સાદિ અને અધ્રુવ એમ બે પ્રકારે	ચતુઃસ્થાનિક અને સર્વઘાતી	દ્વિસ્થાનિક અને સર્વઘાતી
૧	મિથ્યાત્વ મોહનીય	બે આવલિકા ન્યૂન ૩૦ કો.કો.સા. સ્વસંક્રમથી, પરસં.થીઆ. અધિક અંત ન્યૂન ૭૦ કો.કો.સા.	પલ્યોપમનો -અસંખ્યાત- તમો ભાગ	ચારેય ગતિના મિથ્યાદૃષ્ટિ તથા સમ્યગ્દૃષ્ટિ	પોતાના ચરમપ્રક્ષેપ વખતે સાતમાગુણ વાળા મનુષ્યો	અજઘન્યસાદિ વિના ત્રણ પ્રકારે જઘન્ય ઉત્કૃષ્ટ અને અનુત્કૃષ્ટ સાદિ અને અધ્રુવ એમ બે પ્રકારે	ચતુઃસ્થાનિક અને સર્વઘાતી	દ્વિસ્થાનિક અને સર્વઘાતી

ઉત્કૃષ્ટ રસ સંક્રમના સ્વામી	જઘન્ય રસ સંક્રમના સ્વામી	સાદ્યાદિ પ્રરૂપણા	ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમના સ્વામી	જઘન્ય પ્રદેશ સંક્રમના સ્વામી	સાદ્યાદિ પ્રરૂપણા
યુગલિક અને આનતાદિ દેવો વિના ચારે ગતિના મિથ્યાદૃષ્ટિ	સમયાધિક આવલિકા શેષ બારમા ગુણસ્થાનક વાળા	અજઘન્યસાદિ વિના ત્રણ પ્રકારે અને શેષ ત્રણ સંક્રમ સાદિ અને અધ્રુવ બે પ્રકારે	ગુણિતકર્માંશ સાતમી નરકમાંથી નીકળી પં-તિર્યંચમાં પ્રથમ આવલિકાના ચરમ સમયે	ક્ષપિતકર્માંશ દશમા ગુ ના ચરમ સમયે અવધિદ્વિકાવરણનો અવધિદ્વિકે રહિતનેશેષ આવરણનો અવધિદ્વિક સહિતને	અજઘન્ય ચાર પ્રકારે અને શેષ ત્રણ સાદિ અને અધ્રુવ એમ બે પ્રકારે
યુગલિક અને આનતાદિ દેવો વિના ચારે ગતિના મિથ્યાદૃષ્ટિ	અસંખ્યાત ભાગાધિક બે આવલિકાશેષ બારમા ગુણ.વાળા	અજઘન્યસાદિ વિના ત્રણ પ્રકારે અને શેષ ત્રણ સંક્રમ સાદિ અને અધ્રુવ બે પ્રકારે	ક્ષપક સૂક્ષ્મસંપરાય ચરમ સમયે	સ્વબંધ વિચ્છેદ ચરમ સમયે ક્ષપક આઠમા-ગુણઠાણે	અજઘન્ય અને અનુત્કૃષ્ટ ચાર પ્રકારે શેષ બે સાદિ અધ્રુવ એમ બે પ્રકારે
યુગલિક અને આનતાદિ દેવો વિના ચારે ગતિના મિથ્યાદૃષ્ટિ	પોતાના ચરમ પ્રક્ષેપ વખતે ક્ષપક નવમા ગુણસ્થાનક વાળા	જઘન્યાદિ ચારે સાદિ અધ્રુવ એમ બે પ્રકારે	ક્ષપક નવમા ગુણસ્થાનકે	૧૩૨ સાગરોપમ સમ્યક્ત્વનું પાલન-કરી ક્ષપક યથા-પ્રવૃત્ત કરણ ચરમ સમયે	અજઘન્ય અને અનુત્કૃષ્ટ ચાર પ્રકારે શેષ બે સાદિ અધ્રુવ એમ બે પ્રકારે
યુગલિક અને આનતાદિ દેવો વિના ચારે ગતિના મિથ્યાદૃષ્ટિ	હત-પ્રભૂત અનુભાગ સત્તાવાળા એકેન્દ્રિયા-દિક	જઘન્યાદિ ચારે સાદિ અધ્રુવ એમ બે પ્રકારે	ક્ષપક સૂક્ષ્મ-સંપરાય ચરમ સમયે	ક્ષપક અપ્રમત્તગુણઠાણે યથાપ્રવૃત્ત કરણના-ચરમ સમયે	જઘન્યાદિ ચારે બંધ સાદિ અધ્રુવ એમ બે પ્રકારે
સયોગી ગુ.નાં ચરમ સમયે	હત-પ્રભૂત અનુભાગ સત્તાવાળા એકેન્દ્રિયા-દિક	અનુત્કૃષ્ટ સાદિ વિના ત્રણ પ્રકારે અને શેષ ત્રણ સાદિ અધ્રુવ એમ બે પ્રકારે	દીર્ઘકાળ સાતાનો-બંધ કરી અસાતાની બંધ આવલિકાના ચરમ સમયે	મોહનો ઉપશમ નહિ કરેલ ક્ષપક અસાતાના-ચરમ બંધ સમયે	જઘન્યાદિ ચારે બંધ સાદિ અધ્રુવ એમ બે પ્રકારે
યુગલિક તથા આનતાદિ દેવો વિના ચારે ગતિના મિથ્યાદૃષ્ટિ	પોતાના ચરમ પ્રક્ષેપ વખતે ચોથાથી-સાતમાગુણ સુધીના મનુષ્યો	જઘન્યાદિ ચારે સાદિ અધ્રુવ એમ બે પ્રકારે	પોતાના ક્ષયના - ચરમ પ્રક્ષેપ સમયે ૪થી ૭ ગુણઠાણા વાળા	૧૩૨ સાગરોપમ સમ્યક્ત્વનું પાલન-કરી સ્વ ક્ષપક યથાપ્રવૃત્તકરણ ચરમ સમયે	જઘન્યાદિ ચારે બંધ સાદિ અધ્રુવ એમ બે પ્રકારે

સંખ્યા	પ્રકૃતિઓ	ઉત્કૃષ્ટ સ્થિતિ સંક્રમ પ્રમાણ	જઘન્ય સ્થિતિસંક્રમ પ્રમાણ	ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમના સ્વામી	જઘન્ય સ્થિતિસંક્રમના સ્વામી	સાદ્યાદિ પ્રરૂપણા	ઉત્કૃષ્ટ રસસંક્રમ પ્રમાણ	જઘન્ય રસસંક્રમ પ્રમાણ
૧	મિશ્ર મોહનીય	બે આવ. અધિક અંત. ન્યૂન ૭૦ કો.કો.સા.	પલ્યો.નો અસંખ્યાતમો ભાગ	ચારેય ગતિના સમ્યગ્દૃષ્ટિ	પોતાના ચરમ પ્રક્ષેપ વખતે ૪થી ૭ ગુણવાળા મનુષ્ય	જઘન્યાદિ ચારેય સાદિ અને અધ્રુવ એમ બે પ્રકારે	દ્વિસ્થાનિક અને સર્વ-ઘાતી	દ્વિસ્થાનિક અને સર્વઘાતી
૧	સમ્યક્ત્વ મોહનીય	બે આવ. અધિક અંત. ન્યૂન ૭૦ કો.કો.સા.	સમયપ્રમાણ એકસ્થિતિ	ચારેય ગતિના સમ્યગ્દૃષ્ટિ	સમયાધિક આવ.શેષકૃત કરણવાળા યથાસંભવ ચારેગતિના ૪થી૭ ગુણ.	જઘન્યાદિ ચારેય સાદિ અને અધ્રુવ એમ બે પ્રકારે	દ્વિસ્થાનિક અને દેશ-ઘાતી	એક સ્થાનીય એક દેશઘાતી
૪	અનંતાનુબંધી ચતુષ્ક	બે આવલિકા ન્યૂન ૪૦ કોડાકોડી સાગરોપમ	પલ્યો.નો અસંખ્યાતમો ભાગ	ચારેય ગતિના મિથ્યાદૃષ્ટિ	પોતાના ચરમ પ્રક્ષેપ વખતે ૪થી૭ ગુણ-વાળા યથા સંભવ ચારે ગતિના	અજઘન્યાદિ ચાર પ્રકારે અને જઘન્યાદિ ત્રણ સાદિ અને અધ્રુવ બે પ્રકારે	ચતુઃસ્થાનિક અને સર્વ-ઘાતી	દ્વિસ્થાનીય અને સર્વઘાતી
૮	મધ્યમ કષાયાષ્ટક	બે આવલિકા ન્યૂન ૪૦ કોડાકોડી સાગરોપમ	પલ્યો.નો અસંખ્યાતમો ભાગ	ચારેય ગતિના મિથ્યાદૃષ્ટિ	પોતાના ચરમ પ્રક્ષેપ વખતે ક્ષપક ૯મા ગુણવાળા	અજઘન્યાદિ ચાર પ્રકારે અને જઘન્યાદિ ત્રણ સાદિ અને અધ્રુવ બે પ્રકારે	ચતુઃસ્થાનિક અને સર્વ-ઘાતી	દ્વિસ્થાનીય અને સર્વઘાતી
૧	સંજ્વલન ક્રોધ	બે આવલિકા ન્યૂન ૪૦ કોડાકોડી સાગરોપમ	અંતર્મુહૂર્ત ન્યૂન બે માસ	ચારેય ગતિના મિથ્યાદૃષ્ટિ	પોતાના ચરમ પ્રક્ષેપ વખતે ક્ષપક ૯મા ગુણવાળા	અજઘન્યાદિ ચાર પ્રકારે અને જઘન્યાદિ ત્રણ સાદિ અને અધ્રુવ બે પ્રકાર	ચતુઃસ્થાનિક અને સર્વ-ઘાતી	એક સ્થાનીય અને દેશઘાતી
૧	સંજ્વલન માન	બે આવલિકા ન્યૂન ૪૦ કોડાકોડી સાગરોપમ	અંતર્મુહૂર્ત ન્યૂન એક માસ	ચારેય ગતિના મિથ્યાદૃષ્ટિ	પોતાના ચરમ પ્રક્ષેપ વખતે ક્ષપક ૯મા ગુણવાળા	અજઘન્યાદિ ચાર પ્રકારે અને જઘન્યાદિ ત્રણ સાદિ અને અધ્રુવ બે પ્રકારે	ચતુઃસ્થાનિક અને સર્વ-ઘાતી	એક સ્થાનીય અને દેશઘાતી
૧	સંજ્વલન માયા	બે આવલિકા ન્યૂન ૪૦ કોડાકોડી સાગરોપમ	અંતર્મુહૂર્ત ન્યૂન ૧૫ દિવસ	ચારેય ગતિના મિથ્યાદૃષ્ટિ	પોતાના ચરમ પ્રક્ષેપ વખતે ક્ષપક ૯મા ગુણવાળા	અજઘન્યાદિ ચાર પ્રકારે અને જઘન્યાદિ ત્રણ સાદિ અને અધ્રુવ બે પ્રકારે	ચતુઃસ્થાનિક અને સર્વ-ઘાતી	એક સ્થાનીય અને દેશઘાતી

ઉત્કૃષ્ટ રસ સંક્રમના સ્વામી	જઘન્ય રસ સંક્રમના સ્વામી	સાદ્યાદિ પ્રરૂપણા	ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમના સ્વામી	જઘન્ય પ્રદેશ સંક્રમના સ્વામી	સાદ્યાદિ પ્રરૂપણા
યુગલિક તથા આનતાદિ દેવો વિના ચારે ગતિના મિથ્યાદૃષ્ટિ	પોતાના ચરમ પ્રક્ષેપ વખતે ૪થી ૭-ગુણ.સુધીના મનુષ્યો	જઘન્યાદિ ચારે સાદિ અધ્રુવ એમ બે પ્રકારે	પોતાના ક્ષયના - ચરમ પ્રક્ષેપ સમયે ૪થી ૭ ગુણઠાણા વાળા	૧૩૨ સાગરોપમ સમ્યક્ત્વનું પાલન કરી દ્વિચરમ સ્થિતિ ખંડના ચરમ સમયે મિથ્યાદૃષ્ટિ	જઘન્યાદિ ચારે સાદિ અધ્રુવ એમ બે પ્રકારે
યુગલિક તથા આનતાદિ દેવો વિના ચારે ગતિના મિથ્યાદૃષ્ટિ	સમયાધિક આવ.શેષકૃત કરણવાળા, યથાસંભવ ચારે ગતિના ૪થી૭ગુણ.	જઘન્યાદિ ચારે સાદિ અધ્રુવ એમ બે પ્રકારે	દીર્ઘકાળ ઉપ,સમ્ય.-પાળી મિથ્યા.ના પ્રથમ સમયે સાતમી નારક	૧૩૨ સાગરોપમ સમ્યક્ત્વનું પાલન-કરી દ્વિચરમ સ્થિતિ ખંડના ચરમ સમયે મિથ્યાદૃષ્ટિ	જઘન્યાદિ ચારે સાદિ અધ્રુવ એમ બે પ્રકારે
યુગલિક તથા આનતાદિ દેવો વિના ચારે ગતિના મિથ્યાદૃષ્ટિ	પોતાના ચરમ પ્રક્ષેપ વખતે - ૪થી ૭-ગુણ.સુધીના મનુષ્યો	અજઘન્ય ચાર પ્રકારે શેષ ત્રણ સાદિ અધ્રુવ એમ બે પ્રકારે	અંતર્મુહૂર્ત્ત શેષ રહે છતે સ્વ. ચરમ પ્રક્ષેપ વખતે સાતમી નારક	અલ્પકાળ બાંધી ૧૩૨ સાગર. સમ્યક્ત્વનું-પાલન કરી સ્વ. ક્ષપક યથા પ્રવૃત્ત કરણ ચરમ સમયે	અજઘન્ય અને અનુત્કૃષ્ટ ચાર પ્રકારે શેષ બે સાદિ અધ્રુવ એમ બે પ્રકારે
યુગલિક તથા આનતાદિ દેવો વિના ચારે ગતિના મિથ્યાદૃષ્ટિ	પોતાના ચરમ પ્રક્ષેપ વખતે ક્ષપક -નવમા ગુણવાળા	જઘન્યાદિ ચારે સાદિ-અધ્રુવ એમ બે પ્રકારે	પોતાના ચરમ - પ્રક્ષેપ વખતે નવમા ગુણસ્થાનકમાં ક્ષપક	દીર્ઘ ક્ષપક અપ્રમત્ત યથાપ્રવૃત્ત કરણ-- ચરમ સમયે	અજઘન્ય અને અનુત્કૃષ્ટ ચાર પ્રકારે શેષ બે સાદિ અધ્રુવ એમ બે પ્રકારે
યુગલિક તથા આનતાદિ દેવો વિના ચારે ગતિના મિથ્યાદૃષ્ટિ	પોતાના ચરમ પ્રક્ષેપ વખતે ક્ષપક -નવમા ગુણવાળા	અજઘન્ય ચાર પ્રકારે શેષ ત્રણ સાદિ-અધ્રુવ એમ બે પ્રકારે	પોતાના ચરમ - પ્રક્ષેપ વખતે નવમા ગુણસ્થાનકમાં ક્ષપક	જઘ. યોગથી સ્વબંધ વિચ્છેદ સમયે બંધા-- યેલના ચરમ સંક્રમ સમયે ક્ષપક નવમા ગુણઠાણે	અજઘન્ય અને અનુત્કૃષ્ટ ચાર પ્રકારે શેષ બે સાદિ અધ્રુવ એમ બે પ્રકારે
યુગલિક તથા આનતાદિ દેવો વિના ચારે ગતિના મિથ્યાદૃષ્ટિ	પોતાના ચરમ પ્રક્ષેપ વખતે ક્ષપક -નવમા ગુણવાળા	અજઘન્ય ચાર પ્રકારે શેષ ત્રણ સાદિ-અધ્રુવ એમ બે પ્રકારે	પોતાના ચરમ - પ્રક્ષેપ વખતે નવમા ગુણસ્થાનકમાં ક્ષપક	જઘ. યોગથી સ્વબંધ વિચ્છેદ સમયે બંધા-- યેલના ચરમ સંક્રમ સમયે ક્ષપક નવમા ગુણઠાણે	અજઘન્ય અને અનુત્કૃષ્ટ ચાર પ્રકારે શેષ બે સાદિ અધ્રુવ એમ બે પ્રકાર
યુગલિક તથા આનતાદિ દેવો વિના ચારે ગતિના મિથ્યાદૃષ્ટિ	પોતાના ચરમ પ્રક્ષેપ વખતે ક્ષપક -નવમા ગુણવાળા	અજઘન્ય ચાર પ્રકારે શેષ ત્રણ સાદિ-અધ્રુવ એમ બે પ્રકારે	પોતાના ચરમ - પ્રક્ષેપ વખતે નવમા ગુણસ્થાનકમાં ક્ષપક	જઘ. યોગથી સ્વબંધ વિચ્છેદ સમયે બંધા-- યેલના ચરમ સંક્રમ સમયે ક્ષપક નવમા ગુણઠાણે	અજઘન્ય અને અનુત્કૃષ્ટ ચાર પ્રકારે શેષ બે સાદિ અધ્રુવ એમ બે પ્રકારે

સંખ્યા	પ્રકૃતિઓ	ઉત્કૃષ્ટ સ્થિતિ સંક્રમ પ્રમાણ	જઘન્ય સ્થિતિસંક્રમ પ્રમાણ	ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમના સ્વામી	જઘન્ય સ્થિતિસંક્રમના સ્વામી	સાદ્યાદિ પ્રરૂપણા	ઉત્કૃષ્ટ રસસંક્રમ પ્રમાણ	જઘન્ય રસસંક્રમ પ્રમાણ
૧	સંજ્વલન લોભ	બે આવલિકા ન્યૂન ૪૦ કોડાકોડી સાગરોપમ	સમય પ્રમાણ એક સ્થિતિ	ચારેય ગતિના મિથ્યાદૃષ્ટિ	સમયાધિક આવ. શેષ ક્ષપક૧૦મા ગુણવાળા	અજઘન્યાદિ ચાર પ્રકારે અને જઘન્યાદિ ત્રણ સાદિ અને અધ્રુવ એમ બે પ્રકારે	ચતુઃસ્થાનિક અને સર્વ-ઘાતી	એક સ્થાનીય અને દેશઘાતી
૨	હાસ્ય રતિ	ત્રણ આવ. ન્યૂન ૨૦ કોડાકોડી સાગરોપમ	સંખ્યાતા વર્ષ	ચારેય ગતિના મિથ્યાદૃષ્ટિ	પોતાના ચરમ પ્રક્ષેપ વખતે ૯મા ગુણવાળા	અજ. ચાર પ્રકારે, જઘન્ય વગેરે ત્રણ સાદિ અને અધ્રુવ એમ બે પ્રકારે	ચતુઃસ્થાનિક અને સર્વ-ઘાતી	દ્વિસ્થાનિક અને સર્વઘાતી
૨	અરતિ શોક	ત્રણ આવ. ન્યૂન ૨૦ કોડાકોડી સાગરોપમ	સંખ્યાતા વર્ષ	ચારેય ગતિના મિથ્યાદૃષ્ટિ	પોતાના ચરમ પ્રક્ષેપ વખતે ૯મા ગુણવાળા	અજ. ચાર પ્રકારે જઘન્ય વગેરે ત્રણ સાદિ અને અધ્રુવ એમ બે પ્રકારે	ચતુઃસ્થાનિક અને સર્વ-ઘાતી	દ્વિસ્થાનિક અને સર્વઘાતી
૨	ભય જુગુપ્સા	ત્રણ આવ. ન્યૂન ૨૦ કોડાકોડી સાગરોપમ	સંખ્યાતા વર્ષ	ચારેય ગતિના મિથ્યાદૃષ્ટિ	પોતાના ચરમ પ્રક્ષેપ વખતે ૯મા ગુણવાળા	અજ. ચાર પ્રકારે જઘન્ય વગેરે ત્રણ સાદિ અને અધ્રુવ એમ બે પ્રકારે	ચતુઃસ્થાનિક અને સર્વ-ઘાતી	દ્વિસ્થાનિક અને સર્વઘાતી
૧	પુરુષવેદ	ત્રણ આવ. ન્યૂન ૨૦ કોડાકોડી સાગરોપમ	અંત. ન્યૂન આઠ વર્ષ	ચારેય ગતિના મિથ્યાદૃષ્ટિ	પોતાના ચરમ પ્રક્ષેપ વખતે સ્વ. વેદારૂઢ ક્ષપક ૯મા ગુણવાળા	અજ. ચાર પ્રકારે જઘન્ય વગેરે ત્રણ સાદિ અને અધ્રુવ એમ બે પ્રકારે	ચતુઃસ્થાનિક અને સર્વ-ઘાતી	એક સ્થાનીય અને દેશઘાતી
૧	સ્ત્રીવેદ	ત્રણ આવ. ન્યૂન ૨૦ કોડાકોડી સાગરોપમ	પલ્યો.નો અસંખ્યાત-મો ભાગ	ચારેય ગતિના મિથ્યાદૃષ્ટિ	પોતાના ચરમ પ્રક્ષેપ વખતે સ્વ. વેદારૂઢ ક્ષપક ૯મા ગુણવાળા	અજ. ચાર પ્રકારે જઘન્ય વગેરે ત્રણ સાદિ અને અધ્રુવ એમ બે પ્રકારે	ચતુઃસ્થાનિક અને સર્વ-ઘાતી	દ્વિસ્થાનીય અને સર્વઘાતી
૧	નપુંસક વેદ	ત્રણ આવ. ન્યૂન ૨૦ કોડાકોડી સાગરોપમ	પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ	ચારેય ગતિના મિથ્યાદૃષ્ટિ	પોતાના ચરમ પ્રક્ષેપ વખતે સ્વ. વેદારૂઢ ક્ષપક ૯મા ગુણવાળા	અજ. ચાર પ્રકારે જઘન્ય વગેરે ત્રણ સાદિ અને અધ્રુવ એમ બે પ્રકારે	ચતુઃસ્થાનિક અને સર્વ-ઘાતી	દ્વિસ્થાનીય અને સર્વઘાતી

ઉત્કૃષ્ટ રસ સંક્રમના સ્વામી	જઘન્ય રસ સંક્રમના સ્વામી	સાદ્યાદિ પ્રરૂપણા	ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમના સ્વામી	જઘન્ય પ્રદેશ સંક્રમના સ્વામી	સાદ્યાદિ પ્રરૂપણા
યુગલિક તથા આનતાદિ દેવો વિના ચારે ગતિના મિથ્યાદૃષ્ટિ	સમયાધિક આવલિકા શેષ ક્ષપક -સૂક્ષ્મ સંપરાયી	અજઘન્ય ચાર પ્રકારે શેષ ત્રણ સાદિ-અધ્રુવ એમ બે પ્રકારે	પોતાના સંક્રમના - અંતે ક્ષપક નવમા ગુણસ્થાનકવાળા	મોહનો ઉપશમ નહીં કરેલ ક્ષપક અપૂર્વકરણ- પ્રથમ આવલિકાના ચરમ સમયે	અજઘન્ય અને અનુત્કૃષ્ટ ચાર પ્રકારે શેષ બે સાદિ અધ્રુવ એમ બે પ્રકારે
યુગલિક તથા આનતાદિ દેવો વિના ચારે ગતિના મિથ્યાદૃષ્ટિ	પોતાના ચરમ પ્રક્ષેપ વખતે પ્રક્ષેપ નવમા ગુણવાળા	અજઘન્ય ચાર પ્રકારે શેષ ત્રણ સાદિ-અધ્રુવ એમ બે પ્રકારે	પોતાના ચરમ - પ્રક્ષેપ વખતે ક્ષપક નવમા ગુણ સ્થાનક વાળા	ક્ષપક અપૂર્વકરણ સ્વબંધ વિચ્છેદ- સમયે	અજઘન્ય અને અનુત્કૃષ્ટ ચાર પ્રકારે શેષ બે સાદિ અધ્રુવ એમ બે પ્રકારે
યુગલિક તથા આનતાદિ દેવો વિના ચારે ગતિના મિથ્યાદૃષ્ટિ	પોતાના ચરમ પ્રક્ષેપ વખતે પ્રક્ષેપ નવમા ગુણવાળા	અજઘન્ય ચાર પ્રકારે શેષ ત્રણ સાદિ-અધ્રુવ એમ બે પ્રકારે	પોતાના ચરમ - પ્રક્ષેપ વખતે ક્ષપક નવમા ગુણ સ્થાનક વાળા	ક્ષપક અપ્રમત્ત ગુણઠાણે યથાપ્રવૃત્ત- કરણના ચરમ સમયે	અજઘન્ય અને અનુત્કૃષ્ટ ચાર પ્રકારે શેષ બે સાદિ અધ્રુવ એમ બે પ્રકારે
યુગલિક તથા આનતાદિ દેવો વિના ચારે ગતિના મિથ્યાદૃષ્ટિ	પોતાના ચરમ પ્રક્ષેપ વખતે પ્રક્ષેપ નવમા ગુણવાળા	અજઘન્ય ચાર પ્રકારે શેષ ત્રણ સાદિ-અધ્રુવ એમ બે પ્રકારે	પોતાના ચરમ - પ્રક્ષેપ વખતે ક્ષપક નવમા ગુણ સ્થાનક વાળા	ક્ષપક અપૂર્વકરણ સ્વબંધ વિચ્છેદ- સમયે	અજઘન્ય અને અનુત્કૃષ્ટ ચાર પ્રકારે શેષ બે સાદિ અધ્રુવ એમ બે પ્રકારે
યુગલિક તથા આનતાદિ દેવો વિના ચારે ગતિના મિથ્યાદૃષ્ટિ	પોતાના ચરમ પ્રક્ષેપ વખતે પ્રક્ષેપ નવમા ગુણવાળા	અજઘન્ય ચાર પ્રકારે શેષ ત્રણ સાદિ-અધ્રુવ એમ બે પ્રકારે	પોતાના ચરમ - પ્રક્ષેપ વખતે ક્ષપક નવમા ગુણ સ્થાનક વાળા	સંજ્વલન ક્રોધની જેમ ક્ષપક નવમા ગુણઠાણે	અજઘન્ય અને અનુત્કૃષ્ટ ચાર પ્રકારે શેષ બે સાદિ અધ્રુવ એમ બે પ્રકારે
યુગલિક તથા આનતાદિ દેવો વિના ચારે ગતિના મિથ્યાદૃષ્ટિ	પોતાના ચરમ પ્રક્ષેપ વખતે પ્રક્ષેપ નવમા ગુણવાળા	અજઘન્ય ચાર પ્રકારે શેષ ત્રણ સાદિ-અધ્રુવ એમ બે પ્રકારે	પોતાના ચરમ - પ્રક્ષેપ વખતે ક્ષપક નવમા ગુણ સ્થાનક વાળા	૧૩૨ સાગરોપમ સમ્યક્ત્વનું પાલન- કરી ક્ષપક યથાપ્રવૃત્ત- કરણના ચરમ સમયે	અજઘન્ય અને અનુત્કૃષ્ટ ચાર પ્રકારે શેષ બે સાદિ અધ્રુવ એમ બે પ્રકારે
યુગલિક તથા આનતાદિ દેવો વિના ચારે ગતિના મિથ્યાદૃષ્ટિ	પોતાના ચરમ પ્રક્ષેપ વખતે પ્રક્ષેપ નવમા ગુણવાળા	અજઘન્ય ચાર પ્રકારે શેષ ત્રણ સાદિ-અધ્રુવ એમ બે પ્રકારે	પોતાના ચરમ - પ્રક્ષેપ વખતે ક્ષપક નવમા ગુણ સ્થાનક વાળા	સ્ત્રીવેદની જેમ પરંતુ પહેલા ત્રણ પલ્યોપમના- આયુષ્યવાળો યુગલિકનો ભવ અધિક કહેવો	અજઘન્ય અને અનુત્કૃષ્ટ ચાર પ્રકારે શેષ બે સાદિ અધ્રુવ એમ બે પ્રકારે

સંખ્યા	પ્રકૃતિઓ	ઉત્કૃષ્ટ સ્થિતિ સંક્રમ પ્રમાણ	જઘન્ય સ્થિતિસંક્રમ પ્રમાણ	ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમના સ્વામી	જઘન્ય સ્થિતિસંક્રમના સ્વામી	સાદ્યાદિ પ્રરૂપણા	ઉત્કૃષ્ટ રસસંક્રમ પ્રમાણ	જઘન્ય રસસંક્રમ પ્રમાણ
૧	દેવાયુષ્ય	૩૩ સાગરો-પમ	સમય પ્રમાણ એકસ્થિતિ	સમ્યગ્દૃષ્ટિ મનુષ્ય અને અનુત્તરદેવ	સમયાધિક આવલિકા શેષ પોતાના ભવમાં	જઘન્યાદિ ચારેય સાદિ અને અધ્રુવ એમ બે પ્રકારે	ચતુઃસ્થાનિક અને સર્વ-ઘાતી	દ્વિસ્થાનીય અને સર્વઘાતી
૧	મનુષ્યાયુષ્ય	ત્રણ પલ્યો પમ	સમય પ્રમાણ એકસ્થિતિ	મિથ્યાદૃષ્ટિ મનુષ્ય તિર્યંચ-	સમયાધિક આવલિકા શેષ પોતાના ભવમાં	જઘન્યાદિ ચારેય સાદિ અને અધ્રુવે એમ બે પ્રકારે	દ્વિસ્થાનીય અને સર્વ-ઘાતી	દ્વિસ્થાનીય અને સર્વઘાતી
૧	તિર્યંચાયુષ્ય	ત્રણ પલ્યો પમ	સમય પ્રમાણ એકસ્થિતિ	મિથ્યાદૃષ્ટિ મનુષ્ય તિર્યંચ-	સમયાધિક આવલિકા શેષ પોતાના ભવમાં	જઘન્યાદિ ચારેય સાદિ અને અધ્રુવે એમ બે પ્રકારે	દ્વિસ્થાનીય અને સર્વ-ઘાતી	દ્વિસ્થાનીય અને સર્વઘાતી
૧	નરકાયુષ્ય	૩૩ સાગરો-પમ	સમય પ્રમાણ એકસ્થિતિ	મિથ્યાદૃષ્ટિ મનુષ્ય તિર્યંચ- તથા નારક	સમયાધિક આવલિકા શેષ પોતાના ભવમાં	જઘન્યાદિ ચારેય સાદિ અને અધ્રુવે એમ બે પ્રકારે	ચતુઃસ્થાનીય અને સર્વઘાતી	દ્વિસ્થાનીય અને સર્વઘાતી
૨	દેવદ્વિક	ત્રણ આવ-લિકા ન્યૂન ૨૦ કો.કો. સાગરોપમ	અંતર્મુહૂર્ત	ચારેય ગતિના મિથ્યાદૃષ્ટિ	સયોગીના ચરમ સમયે	જઘન્યાદિ ચારેય સાદિ અને અધ્રુવે એમ બે પ્રકારે	ચતુઃસ્થાનીય અને સર્વઘાતી	દ્વિસ્થાનીય અને સર્વઘાતી
૨	મનુષ્યદ્વિક	ત્રણ આવ-લિકા ન્યૂન ૨૦ કો.કો. સાગરોપમ	અંતર્મુહૂર્ત	ચારેય ગતિના મિથ્યાદૃષ્ટિ	સયોગીના ચરમ સમયે	જઘન્યાદિ ચારેય સાદિ અને અધ્રુવે એમ બે પ્રકારે	ચતુઃસ્થાનીય અને સર્વઘાતી	દ્વિસ્થાનીય અને સર્વઘાતી
૨	તિર્યંચદ્વિક	બે આવલિકા ન્યૂન ૨૦ કો.કો. સા.	પલ્યો.નો અસંખ્યા-તમો ભાગ	ચારેય ગતિના મિથ્યાદૃષ્ટિ	પોતાના ચરમ પ્રક્ષેપ વખતે ક્ષપક ૯મા ગુણ-વાળા	અજ. સાદિ વિના ત્રણ પ્રકારે, શેષ ત્રણ સાદિ અધ્રુવ બે પ્રકારે	ચતુઃસ્થાનીય અને સર્વઘાતી	દ્વિસ્થાનીય અને સર્વઘાતી

ઉત્કૃષ્ટ રસ સંક્રમના સ્વામી	જઘન્ય રસ સંક્રમના સ્વામી	સાદ્યાદિ પ્રરૂપણા	ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમના સ્વામી	જઘન્ય પ્રદેશ સંક્રમના સ્વામી	સાદ્યાદિ પ્રરૂપણા
મનુષ્ય, અનુત્તરવાસી દેવ	સ્વ. જઘ. બદ્ધાયુ નરક વિના ત્રણ ગતિના જીવો	જઘન્યાદિ ચારે સાદિ-અધ્રુવ એમ બે પ્રકારે	પોતાના ચરમ - પ્રક્ષેપ વખતે ક્ષપક નવમા ગુણ સ્થાનક વાળા	જઘ.યોગે બાંધેલ પોત-પોતાના ભવમાં સમયાધિક આવલિકા શેષ હોય ત્યારે સ્વસંક્રમની અપેક્ષાએ	સ્વસંક્રમની અપેક્ષાએ જઘન્યાદિ ચારેય સાદિ અધ્રુવ એમ બે પ્રકારે
મનુષ્ય તથા-તિર્યંચો	સ્વ. જઘ. બદ્ધાયુ મનુષ્ય-તિર્યંચ	જઘન્યાદિ ચારે સાદિ-અધ્રુવ એમ બે પ્રકારે	-	જઘન્યયોગે બાંધેલ પોત પોતાના ભવમાં સમયાધિક આવલિકા શેષ હોય ત્યારે સ્વસંક્રમની અપેક્ષાએ	સ્વસંક્રમની અપેક્ષાએ જઘન્યાદિ ચારેય સાદિ અધ્રુવ એમ બે પ્રકારે
મનુષ્ય તથા-તિર્યંચો	સ્વ. જઘ. બદ્ધાયુ મનુષ્ય-તિર્યંચ	જઘન્યાદિ ચારે સાદિ-અધ્રુવ એમ બે પ્રકારે	-	જઘન્યયોગે બાંધેલ પોત પોતાના ભવમાં સમયાધિક આવલિકા શેષ હોય ત્યારે સ્વસંક્રમની અપેક્ષાએ	સ્વસંક્રમની અપેક્ષાએ જઘન્યાદિ ચારેય સાદિ અધ્રુવ એમ બે પ્રકારે
દેવ વિના-ત્રણ ગતિના જીવો	સ્વ. જઘ. બદ્ધાયુ દેવ વિના ત્રણ ગતિના જીવો	જઘન્યાદિ ચારે સાદિ-અધ્રુવ એમ બે પ્રકારે	-	જઘન્યયોગે બાંધેલ પોત પોતાના ભવમાં સમયાધિક આવલિકા શેષ હોય ત્યારે સ્વસંક્રમની અપેક્ષાએ	સ્વસંક્રમની અપેક્ષાએ જઘન્યાદિ ચારેય સાદિ અધ્રુવ એમ બે પ્રકારે
ક્ષપક સ્વબંધ-વિચ્છેદથી સયોગી કેવળી સુધીના જીવો	અસંજ્ઞિ પંચે. પર્યાપ્ત જઘ. અનુભાગ-બાંધી આવલિકા પછી	જઘન્યાદિ ચારે સાદિ-અધ્રુવ એમ બે પ્રકારે	પૂર્વક્રોડ પૃથ. સુધી બંધથી પૂરી ક્ષપક આઠમા ગુણસ્થાને સ્વ. વિચ્છેદથી આવલિકાના અંતે	અલ્પકાળ બાંધી સાતમી નરકમાં જઈ ત્યાંથી-નીકળી બાંધ્યા વિના દ્વિચરમ સ્થિતિ ખંડના ઉદ્વલનાના ચરમ સમયે	જઘન્યાદિ ચારેય સાદિ-અધ્રુવ એમ બે પ્રકારે
સમ્યગ્દષ્ટિ તથા મિથ્યાદષ્ટિ ચારેય ગતિના જીવો	સૂક્ષ્મલબ્ધિ અપર્યા. નિગોદ જઘ. અનુભાગ-બાંધી આવલિકા બાદ	જઘન્યાદિ ચારે સાદિ-અધ્રુવ એમ બે પ્રકારે	બે અંત. ન્યૂન ૩૩ સાગરો. ૭મી નરકમાં પૂરી તિર્યંગ્ગતિમાં પ્રથમ સમયે	સૂ. નિગોદમાં અલ્પકાળ બાંધી ૭મી નરકથી નીકળી બાંધ્યા વિના ચિરોદ્વલનાના ચરમ સમયે	જઘન્યાદિ ચારેય સાદિ-અધ્રુવ એમ બે પ્રકારે
યુગલિક તથા-આનતાદિ દેવો વર્જિત-ચારેય ગતિના મિથ્યાદષ્ટિ	હત-પ્રભૂત અનુભાગ સત્તાવાળા-સૂક્ષ્મ-એકેન્દ્રિય-વગેરે	જઘન્યાદિ ચારે સાદિ-અધ્રુવ એમ બે પ્રકારે	પોતાના ચરમ - પ્રક્ષેપ વખતે ક્ષપક નવમા ગુણસ્થાનકે	ચાર પલ્યોપમ અધિક ૧૬૩ સાગર. નહીં બાંધી ક્ષપક યથાપ્રવૃત્ત કરણ ચરમ સમયે	અજઘ. અને અનુત્કૃષ્ટ ચાર પ્રકારે શેષ બે સાદિ અધ્રુવ એમ બે પ્રકારે

સંખ્યા	પ્રકૃતિઓ	ઉત્કૃષ્ટ સ્થિતિ સંક્રમ પ્રમાણ	જઘન્ય સ્થિતિસંક્રમ પ્રમાણ	ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમના સ્વામી	જઘન્ય સ્થિતિસંક્રમના સ્વામી	સાદ્યાદિ પ્રરૂપણા	ઉત્કૃષ્ટ રસસંક્રમ પ્રમાણ	જઘન્ય રસસંક્રમ પ્રમાણ
૨	નરકદ્વિક	બે આવલિકા ન્યૂન ૨૦ કો.કો. સા.	પલ્યો.નો અસંખ્યાત-તમો ભાગ	ચારેય ગતિના મિથ્યાદષ્ટિ	પોતાના ચરમ પ્રક્ષેપ વખતે ક્ષપક ૯મા ગુણ-વાળા	અજ. સાદિ વિના ત્રણ પ્રકારે, શેષ ત્રણ સાદિ અધ્રુવ બે પ્રકારે	ચતુઃસ્થાનીય અને સર્વઘાતી	દ્વિસ્થાનીય અને સર્વઘાતી
૧	એકેન્દ્રિય જાતિ	બે આવલિકા ન્યૂન ૨૦ કો.કો. સા.	પલ્યો.નો અસંખ્યાત-તમો ભાગ	ઈશાનાન્ત મિથ્યાદષ્ટિ દેવો	પોતાના ચરમ પ્રક્ષેપ વખતે ક્ષપક ૯મા ગુણ-વાળા	અજઘન્ય ત્રણ પ્રકારે, શેષ ત્રણ સાદિ અધ્રુવ બે પ્રકારે	ચતુઃસ્થાનીય અને સર્વઘાતી	દ્વિસ્થાનીય અને સર્વઘાતી
૩	વિકલેન્દ્રિય જાતિ	ત્રણ આ. ન્યૂન ૨૦ કો.કો. સા.	પલ્યો.નો અસંખ્યાત-તમો ભાગ	મિથ્યાદષ્ટિ મનુષ્ય તિર્યંચો	પોતાના ચરમ પ્રક્ષેપ વખતે ક્ષપક ૯મા ગુણ-વાળા	અજઘન્ય ત્રણ પ્રકારે, શેષ ત્રણ સાદિ અધ્રુવ બે પ્રકારે	ચતુઃસ્થાનીય અને સર્વઘાતી	દ્વિસ્થાનીય અને સર્વઘાતી
૭	પંચેન્દ્રિય જાતિ, ત્રસ ચતુષ્ક - પરાઘાત ઉચ્છ્વાસ	બે આવલિકા ન્યૂન ૨૦ કો.કો. સા.	અંતર્મુહૂર્ત્ત	ચારેય ગતિના મિથ્યાદષ્ટિ	સયોગી ગુ.ના ચરમ સમયે	અજઘન્ય ત્રણ પ્રકારે, શેષ ત્રણ સાદિ અધ્રુવ બે પ્રકારે	ચતુઃસ્થાનીય અને સર્વઘાતી	દ્વિસ્થાનીય અને સર્વઘાતી
૭	ઔદારિક સપ્તક	બે આવલિકા ન્યૂન ૨૦ કો.કો. સા.	અંતર્મુહૂર્ત્ત	ઔદારિક સપ્તકના દેવો અને નારકો	સયોગી ગુ.ના ચરમ સમયે	અજઘન્ય ત્રણ પ્રકારે, શેષ ત્રણ સાદિ અધ્રુવ બે પ્રકારે	ચતુઃસ્થાનીય અને સર્વઘાતી	દ્વિસ્થાનીય અને સર્વઘાતી
૭	વૈક્રિય સપ્તક	બે આવલિકા ન્યૂન ૨૦ કો.કો. સા.	અંતર્મુહૂર્ત્ત	વૈક્રિય સપ્તકના મિથ્યાદષ્ટિ મનુષ્ય અને તિર્યં.	સયોગી ગુ.ના ચરમ સમયે	જઘન્યાદિ ચારેય સાદિ અને અધ્રુવ એમ બે પ્રકારે	ચતુઃસ્થાનીય અને સર્વઘાતી	દ્વિસ્થાનીય અને સર્વઘાતી
૭	આહારક સપ્તક	ત્રણ આ. ન્યૂન અંતઃ કો.કો. સા.	અંતર્મુહૂર્ત્ત	ચારેય ગતિના જીવો	સયોગી ગુ.ના ચરમ સમયે	જઘન્યાદિ ચારેય સાદિ અને અધ્રુવ એમ બે પ્રકારે	ચતુઃસ્થાનીય અને સર્વઘાતી	દ્વિસ્થાનીય અને સર્વઘાતી

ઉત્કૃષ્ટ રસ સંક્રમના સ્વામી	જઘન્ય રસ સંક્રમના સ્વામી	સાદ્યાદિ પ્રરૂપણા	ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમના સ્વામી	જઘન્ય પ્રદેશ સંક્રમના સ્વામી	સાદ્યાદિ પ્રરૂપણા
યુગલિક તથા-- આનતાદિ દેવો વર્જિત-ચારેય ગતિના મિથ્યાદષ્ટિ	અસંજ્ઞિ પંચે. પર્યાપ્ત જઘ. અનુભાગ-બાંધી આવ-લિકા પછી	જઘન્યાદિ ચારે સાદિ-અધ્રુવ એમ બે પ્રકારે	પૂર્વક્રોડ પૃથ. સુધી બંધથી પૂરી પોતાના ચરમ પ્રક્ષેપ વખતે ક્ષપક નવમા ગુણઠાણે	દેવદ્વિકની જેમ ઉદ્વલનાના દ્વિચરમ-સ્થિતિખંડના ચરમ સમયે	જઘન્યાદિ ચારેય સાદિ-અધ્રુવ એમ બે પ્રકારે
યુગલિક તથા-- આનતાદિ દેવો વર્જિત-ચારેય ગતિના મિથ્યાદષ્ટિ	હત પ્રભૂત અનુભાગ સત્તાવાળા-સૂ. એકેન્દ્રિય-વગેરે	જઘન્યાદિ ચારે સાદિ-અધ્રુવ એમ બે પ્રકારે	પોતાના ચરમ પ્રક્ષેપ વખતે ક્ષપક નવમા ગુણસ્થાનકે	સાધિક ૧૮૫ સા. નહીં બાંધીને ક્ષપક યથાપ્રવૃત્તકરણ ચરમ સમયે	અજઘન્ય અને અનુત્કૃષ્ટ ચાર પ્રકારે શેષ ૨ સાદિ અધ્રુવ એમ બે પ્રકારે
યુગલિક તથા- આનતાદિ દેવો વર્જિત-ચારેય ગતિના મિથ્યાદષ્ટિ	હત પ્રભૂત અનુભાગ સત્તાવાળા-સૂ. એકેન્દ્રિય-વગેરે	જઘન્યાદિ ચારે સાદિ-અધ્રુવ એમ બે પ્રકારે	પોતાના ચરમ પ્રક્ષેપ વખતે ક્ષપક નવમા ગુણસ્થાનકે	સાધિક ૧૮૫ સા. નહીં બાંધીને ક્ષપક-યથાપ્રવૃત્તકરણ ચરમ સમયે	અજઘન્ય અને અનુત્કૃષ્ટ ચાર પ્રકારે શેષ ૨ સાદિ અધ્રુવ એમ બે પ્રકારે
ક્ષપક સ્વબંધ-વિચ્છેદથી સયોગી કેવળી સુધીના જીવો	હત પ્રભૂત અનુભાગ સત્તાવાળા-સૂ. એકેન્દ્રિય-વગેરે	અનુત્કૃષ્ટ સાદિ વિના ત્રણ પ્રકારે શેષ ત્રણ સાદિ અધ્રુવ એમ બે પ્રકારે	૧૩૨ સાગરો. સમ્યક્ત્વના કાળમાં પૂરી ક્ષપક સ્વબંધ વિચ્છેદથી આવલિકા પછી	મોહનો ઉપ. કર્યા વિના ક્ષપિત કર્માંશ અપૂર્વકરણ પ્રથમ આવલિકાના અંત્યસમયે	અજઘન્ય અને અનુત્કૃષ્ટ ચાર પ્રકારે શેષ ૨ સાદિ અધ્રુવ એમ બે પ્રકારે
સમ્ય. મિથ્યા-દષ્ટિ ચારેય ગતિના જીવો	હત પ્રભૂત અનુભાગ સત્તાવાળા-સૂ. એકેન્દ્રિય-વગેરે	અનુત્કૃષ્ટ ચાર પ્રકારે અને શેષ ત્રણ સાદિ અધ્રુવ એમ બે પ્રકારે	સાતમી નરકમાંથી નીકળી પર્યા. તિર્યંચમાં પહેલી આવલિકાના અંતે.	સર્વાલ્પ પ્રદેશ સત્તા-વાળા ત્રણ પલ્યોપમના આયુષ્યવાળા યુગલિકમાં અંતે.	અજઘન્ય ચાર પ્રકારે અને જઘન્ય ત્રણ સાદિ-અધ્રુવ એમ બે પ્રકારે
ક્ષપક સ્વબંધ-વિચ્છેદથી સયોગી કેવળી સુધીના જીવો	અસંજ્ઞિ, પંચે. પર્યા, જઘ. અનુ-ભાગબાંધી-આ. પછી	જઘન્યાદિ ચારે સાદિ અધ્રુવ એમ બે પ્રકારે	પૂર્વક્રોડ પૃથ. સુધી બંધથી પૂરી ક્ષપક આઠમા ગુણઠાણે સ્વ. વિચ્છેદથી આવલિકા પછી	દેવદ્વિકની જેમ એકે.માં ઉદ્વલનાના દ્વિચરમ-સ્થિતિ ખંડના ચરમ સમયે	અજઘન્યાદિ ચારેયસાદિ-અધ્રુવ એમ બે પ્રકારે
ક્ષપક સ્વબંધ-વિચ્છેદથી સયોગી કેવળી સુધીના જીવો	અપ્રમત્તયતિ જઘ. અનુ. બાંધી-આવલિકા-પછી	જઘન્યાદિ ચારે સાદિ અધ્રુવ એમ બે પ્રકારે	ક્ષપક અપૂર્વ. સ્વબંધ વિચ્છેદથી આવલિકા પછી	અલ્પકાળ બાંધી અવિરતિ ઉદ્વલનાના-દ્વિચરમ સ્થિતિ ખંડના ચરમ સમયે	અજઘન્યાદિ ચારેય સાદિ-અધ્રુવ એમ બે પ્રકારે

સંખ્યા	પ્રકૃતિઓ	ઉત્કૃષ્ટ સ્થિતિ સંક્રમ પ્રમાણ	જઘન્ય સ્થિતિસંક્રમ પ્રમાણ	ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમના સ્વામી	જઘન્ય સ્થિતિસંક્રમના સ્વામી	સાદ્યાદિ પ્રરૂપણા	ઉત્કૃષ્ટ રસસંક્રમ પ્રમાણ	જઘન્ય રસસંક્રમ પ્રમાણ
૯	તૈજસકાર્મણ-સપ્તક અગુરુ લઘુ, નિર્માણ	બે આ. ન્યૂન ૨૦ કો.કો. સા.	અંતર્મુહૂર્ત	ચારે ગતિના મિથ્યાદૃષ્ટિ	સયોગી ગુ. ના ચરમ સમયે	અજ. સાદિ વિના ત્રણ પ્રકારે શેષ ત્રણ સાદિ અને અધ્રુવ એમ બે પ્રકારે	ચતુઃસ્થાનીય અને સર્વઘાતી	દ્વિસ્થાનીય અને સર્વઘાતી
૧	પ્રથમ-સંઘયણ	ત્રણ આ. ન્યૂન ૨૦ કો.કો. સા.	અંતર્મુહૂર્ત	ચારે ગતિના મિથ્યાદૃષ્ટિ	સયોગી ગુ. ના ચરમ સમયે	અજ. સાદિ વિના ત્રણ પ્રકારે શેષ ત્રણ સાદિ અને અધ્રુવ એમ બે પ્રકારે	ચતુઃસ્થાનીય અને સર્વઘાતી	દ્વિસ્થાનીય અને સર્વઘાતી
૫	પ્રથમ-સંસ્થાન સુ. વિ.ગતિ સૌભા.ત્રિક	ત્રણ આ. ન્યૂન ૨૦ કો.કો. સા.	અંતર્મુહૂર્ત	ચારે ગતિના મિથ્યાદૃષ્ટિ	સયોગી ગુ. ના ચરમ સમયે	અજ. સાદિ વિના ત્રણ પ્રકારે શેષ ત્રણ સાદિ અને અધ્રુવ એમ બે પ્રકારે	ચતુઃસ્થાનીય અને સર્વઘાતી	દ્વિસ્થાનીય અને સર્વઘાતી
૮	મધ્યમાકૃતિ-ચતુષ્ક મધ્યમ સંઘયણ ચતુષ્ક	ત્રણ આ. ન્યૂન ૨૦ કો.કો. સા.	અંતર્મુહૂર્ત	ચારે ગતિના મિથ્યાદૃષ્ટિ	સયોગી ગુ. ના ચરમ સમયે	અજ. સાદિ વિના ત્રણ પ્રકારે શેષ ત્રણ સાદિ અને અધ્રુવ એમ બે પ્રકારે	ચતુઃસ્થાનીય અને સર્વઘાતી	દ્વિસ્થાનીય અને સર્વઘાતી
૧	છેવટ્ઠું-સંઘયણ	બે આ. ન્યૂન ૨૦ કો.કો. સા.	અંતર્મુહૂર્ત	મિથ્યાદૃષ્ટિ દેવો તથા નારકો	સયોગી ગુ. ના ચરમ સમયે	અજ. સાદિ વિના ત્રણ પ્રકારે શેષ ત્રણ સાદિ અને અધ્રુવ એમ બે પ્રકારે	ચતુઃસ્થાનીય અને સર્વઘાતી	દ્વિસ્થાનીય અને સર્વઘાતી
૧	હુંડક-સંસ્થાન	બે આ. ન્યૂન ૨૦ કો.કો. સા.	અંતર્મુહૂર્ત	મિથ્યાદૃષ્ટિ દેવો તથા નારકો	સયોગી ગુ. ના ચરમ સમયે	અજ. સાદિ વિના ત્રણ પ્રકારે શેષ ત્રણ સાદિ અને અધ્રુવ એમ બે પ્રકારે	ચતુઃસ્થાનીય અને સર્વઘાતી	દ્વિસ્થાનીય અને સર્વઘાતી
૮	નીલ અને-કટુવર્જિત અશુભ વર્ણાદિ સપ્તક તથા ઉપઘાત	બે આવ. ન્યૂન ૨૦ કો.કો. સા.	અંતર્મુહૂર્ત	ચારે ગતિના મિથ્યાદૃષ્ટિ	સયોગી ગુ. ના ચરમ સમયે	અજ. સાદિ વિના ત્રણ પ્રકારે શેષ ત્રણ સાદિ અને અધ્રુવ એમ બે પ્રકારે	ચતુઃસ્થાનીય અને સર્વઘાતી	દ્વિસ્થાનીય અને સર્વઘાતી

ઉત્કૃષ્ટ રસ સંક્રમના સ્વામી	જઘન્ય રસ સંક્રમના સ્વામી	સાદ્યાદિ પ્રરૂપણા	ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમના સ્વામી	જઘન્ય પ્રદેશ સંક્રમના સ્વામી	સાદ્યાદિ પ્રરૂપણા
ક્ષપક સ્વબંધ-વિચ્છેદથી સયોગી કેવળી સુધીના જીવો	હત પ્રભૂત અનુ. સત્તા-વાળા સૂ.-એકેન્દ્રિય-વગેરે	અનુત્કૃષ્ટ સાદિ વિના ત્રણ પ્રકારે શેષ ત્રણ સાદિ અધ્રુવ એમ બે પ્રકારે	ક્ષપક અપૂર્વ. સ્વબંધ વિચ્છેદથી આવલિકા પછી	મોહનો ઉપ. કર્યા વિના ક્ષપિત કર્માંશ-અપૂર્વકરણ પ્રથમ આવલિકાના અંત્ય સમયે	અજઘન્યાદિ અને અનુત્કૃષ્ટ ચાર પ્રકારે શેષ બે સાદિ અધ્રુવ એમ બે પ્રકારે
સમ્યગ્દષ્ટિ, મિથ્યાદષ્ટિ ચારેય ગતિના જીવો	હત પ્રભૂત અનુ. સત્તા-વાળા સૂ.-એકેન્દ્રિય-વગેરે	અનુત્કૃષ્ટ ચાર પ્રકારે શેષ ત્રણ સાદિ અધ્રુવ એમ બે પ્રકારે	ઉત્કૃષ્ટ બંધકાળ સુધી પૂરી મનુ-ભવમાં પ્રથમ આવલિકા પછી	મોહનો ઉપ. કર્યા વિના ક્ષપિત કર્માંશ અપૂર્વકરણ પ્રથમ આવલિકાના અંત્ય સમયે	અજઘન્યાદિ અને અનુત્કૃષ્ટ ચાર પ્રકારે શેષ બે સાદિ અધ્રુવ એમ બે પ્રકારે
ક્ષપક સ્વબંધ-વિચ્છેદથી સયોગી કેવળી સુધીના જીવો	હત પ્રભૂત અનુ. સત્તા-વાળા સૂ.-એકેન્દ્રિય-વગેરે	અનુત્કૃષ્ટ સાદિ વિના ત્રણ પ્રકારે શેષ ત્રણ સાદિ અધ્રુવ એમ બે પ્રકારે	ક્ષપક અપૂર્વ. સ્વબંધ વિચ્છેદથી આવલિકા પછી	મોહનો ઉપ. કર્યા વિના ક્ષપિત કર્માંશ અપૂર્વકરણ પ્રથમ આવલિકાના અંત્ય સમયે	અજઘન્યાદિ અને અનુત્કૃષ્ટ ચાર પ્રકારે શેષ બે સાદિ અધ્રુવ એમ બે પ્રકારે
યુગલિક અને આનતાદિ દેવો વિના ચારે ગતિના મિથ્યા. જીવો	હત પ્રભૂત અનુ. સત્તા-વાળા સૂ.-એકેન્દ્રિય-વગેરે	જઘન્યાદિ ચારેય સાદિ-અધ્રુવ એમ બે પ્રકારે	ક્ષપક સૂક્ષ્મ. ચરમ સમયે	યુગલિકમાં પ્રથમ ત્રણ પલ્યોપમ ન બાંધી ૧૩૨ સાગ.સમ્યક્ત્વનું પાલન કરી ક્ષપક યથા-પ્રવૃત્ત કરણના અંતે	અજઘન્યાદિ અને અનુત્કૃષ્ટ ચાર પ્રકારે શેષ બે સાદિ અધ્રુવ એમ બે પ્રકારે
યુગલિક અને આનતાદિ દેવો વિના ચારે ગતિના મિથ્યા. જીવો	હત પ્રભૂત અનુ. સત્તા-વાળા સૂ.-એકેન્દ્રિય-વગેરે	જઘન્યાદિ ચારેય સાદિ-અધ્રુવ એમ બે પ્રકારે	ક્ષપક સૂક્ષ્મ. ચરમ સમયે	યુગલિકમાં પ્રથમ ત્રણ પલ્યોપમ ન બાંધી ૧૩૨ સાગ.સમ્યક્ત્વનું પાલન કરી ક્ષપક યથા-પ્રવૃત્ત કરણના અંતે	અજઘન્યાદિ અને અનુત્કૃષ્ટ ચાર પ્રકારે શેષ બે સાદિ અધ્રુવ એમ બે પ્રકારે
યુગલિક અને આનતાદિ દેવો વિના ચારે ગતિના મિથ્યા. જીવો	હત પ્રભૂત અનુ. સત્તા-વાળા સૂ.-એકેન્દ્રિય-વગેરે	જઘન્યાદિ ચારેય સાદિ-અધ્રુવ એમ બે પ્રકારે	ક્ષપક સૂક્ષ્મ. ચરમ સમયે	યુગલિકમાં પ્રથમ ત્રણ પલ્યોપમ ન બાંધી ૧૩૨ સાગ.સમ્યક્ત્વનું પાલન કરી ક્ષપક યથા-પ્રવૃત્ત કરણના અંતે	અજઘન્યાદિ અને અનુત્કૃષ્ટ ચાર પ્રકારે શેષ બે સાદિ અધ્રુવ એમ બે પ્રકારે
યુગલિક અને આનતાદિ દેવો વિના ચારે ગતિના મિથ્યા. જીવો	હત પ્રભૂત અનુ. સત્તા-વાળા સૂ.-એકેન્દ્રિય-વગેરે	જઘન્યાદિ ચારેય સાદિ-અધ્રુવ એમ બે પ્રકારે	ક્ષપક સૂક્ષ્મ. ચરમ સમયે	ક્ષપક યથાપ્રવૃત્તકરણ ચરમ સમયે	અજઘન્યાદિ અને અનુત્કૃષ્ટ ચાર પ્રકારે શેષ બે સાદિ અધ્રુવ એમ બે પ્રકારે

સંખ્યા	પ્રકૃતિઓ	ઉત્કૃષ્ટ સ્થિતિ સંક્રમ પ્રમાણ	જઘન્ય સ્થિતિસંક્રમ પ્રમાણ	ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમના સ્વામી	જઘન્ય સ્થિતિસંક્રમના સ્વામી	સાદ્યાદિ પ્રરૂપણા	ઉત્કૃષ્ટ રસસંક્રમ પ્રમાણ	જઘન્ય રસસંક્રમ પ્રમાણ
૨	નીલ વર્ણ કટુ રસ	ત્રણ આ. ન્યૂન ૨૦ કો.કો. સા.	અંતર્મુહૂર્ત્ત	ચારેય ગતિના મિથ્યાદૃષ્ટિ	સયોગી ગુ ના ચરમ સમયે	અજ.સાદિ વિના ત્રણ પ્રકારે શેષ ત્રણ સાદિ અને અધ્રુવ એમ બે પ્રકારે	ચતુઃસ્થાનીય અને સર્વઘાતી	દ્વિસ્થાનીય અને સર્વઘાતી
૧૧	શુભવર્ણાદિ-એકાદશ	ત્રણ આ. ન્યૂન ૨૦ કો.કો. સા.	અંતર્મુહૂર્ત્ત	ચારેય ગતિના મિથ્યાદૃષ્ટિ	સયોગી ગુ ના ચરમ સમયે	અજ.સાદિ વિના ત્રણ પ્રકારે શેષ ત્રણ સાદિ અને અધ્રુવ એમ બે પ્રકારે	ચતુઃસ્થાનીય અને સર્વઘાતી	દ્વિસ્થાનીય અને સર્વઘાતી
૧	અશુભ-વિહાયોગતિ	બે આ. ન્યૂન ૨૦ કો.કો. સા.	અંતર્મુહૂર્ત્ત	ચારેય ગતિના મિથ્યાદૃષ્ટિ	સયોગી ગુ. ના ચરમ સમયે	અજ.સાદિ વિના ત્રણ પ્રકારે શેષ ત્રણ સાદિ અને અધ્રુવ એમ બે પ્રકારે	ચતુઃસ્થાનીય અને સર્વઘાતી	દ્વિસ્થાનીય અને સર્વઘાતી
૧	અતાપ	બે આ. ન્યૂન ૨૦ કો.કો. સા.	પલ્યો.નો અસંખ્યા-તમો ભાગ	મિથ્યાદૃષ્ટિ ઈશાનાન્ત દેવો તથા એકેન્દ્રિયો	પોતાના ચરમ પ્રક્ષેપ વખતે ક્ષપક ૯મા ગુણ.વાળા	અજ.સાદિ વિના ત્રણ પ્રકારે શેષ ત્રણ સાદિ અને અધ્રુવ એમ બે પ્રકારે	દ્વિસ્થાનીય અને સર્વઘાતી	દ્વિસ્થાનીય અને સર્વઘાતી
૧	ઉદ્યોત	બે આ. ન્યૂન ૨૦ કો.કો. સા.	પલ્યો.નો અસંખ્યા-તમો ભાગ	મિથ્યાદૃષ્ટિ દેવો તથા નારકો	પોતાના ચરમ પ્રક્ષેપ વખતે ક્ષપક ૯મા ગુણ.વાળા	અજ.સાદિ વિના ત્રણ પ્રકારે શેષ ત્રણ સાદિ અને અધ્રુવ એમ બે પ્રકારે	ચતુઃસ્થાનીય અને સર્વઘાતી	દ્વિસ્થાનીય અને સર્વઘાતી
૧	તીર્થંકર નામકર્મ	ત્રણ આ. ન્યૂન અંત કો.કો. સા.	અંતર્મુહૂર્ત્ત	મિથ્યાદૃષ્ટિ મનુષ્યો	સયોગી ગુ. ના ચરમ સમયે	જઘન્યાદિ ચારેય સાદિ અધ્રુવ એમ બે પ્રકારે	ચતુઃસ્થાનીય અને સર્વઘાતી	દ્વિસ્થાનીય અને સર્વઘાતી
૨	સ્થિરદ્વિક	ત્રણ આ. ન્યૂન ૨૦ કો.કો. સા.	અંતર્મુહૂર્ત્ત	ચારે ગતિના મિથ્યાદૃષ્ટિ	સયોગી ગુ. ના ચરમ સમયે	અજ.સાદિ વિના ત્રણ પ્રકારે અને શેષ ત્રણ સાદિ અને અધ્રુવ અને બે પ્રકારે	ચતુઃસ્થાનીય અને સર્વઘાતી	દ્વિસ્થાનીય અને સર્વઘાતી

ઉત્કૃષ્ટ રસ સંક્રમના સ્વામી	જઘન્ય રસ સંક્રમના સ્વામી	સાદ્યાદિ પ્રરૂપણા	ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમના સ્વામી	જઘન્ય પ્રદેશ સંક્રમના સ્વામી	સાદ્યાદિ પ્રરૂપણા
યુગલિક અને- આનતાદિ દેવો વિના ચારે ગતિના મિથ્યા. જીવો	હત પ્રભૂત અનુ. સત્તા- વાળા સૂ.- એકેન્દ્રિય- વગેરે	જઘન્યાદિ ચારેય સાદિ-અધ્રુવ એમ બે પ્રકારે	ક્ષપક સૂક્ષ્મ. ચરમ સમયે	ક્ષપક યથાપ્રવૃત્તકરણ ચરમ સમયે	અજઘન્યાદિ અને અનુત્કૃષ્ટ ચાર પ્રકારે શેષ બે સાદિ અધ્રુવ એમ બે પ્રકારે
ક્ષપક સ્વબંધ- વિચ્છેદથી સયોગી કેવળી સુધીના જીવો	હત પ્રભૂત અનુ. સત્તા- વાળા સૂ.- એકેન્દ્રિય- વગેરે	અનુત્કૃષ્ટ સાદિ વિના ત્રણ પ્રકારે શેષ ત્રણ સાદિ અધ્રુવ એમ બે પ્રકારે	ક્ષપક અપૂર્વ. સ્વબંધ વિચ્છેદથી આવલિકા પછી	મોહનો ઉપ. કર્યા વિના ક્ષપિત કર્માંશ- અપૂર્વકરણ પ્રથમ આવલિકાના અંતે ક્ષપક	અજઘન્યાદિ અને અનુત્કૃષ્ટ ચાર પ્રકારે શેષ બે સાદિ અધ્રુવ એમ બે પ્રકારે
યુગલિક અને- આનતાદિ દેવો વિના ચારે ગતિના મિથ્યા. જીવો	હત પ્રભૂત અનુ. સત્તા- વાળા સૂ.- એકેન્દ્રિય- વગેરે	જઘન્યાદિ ચારેય સાદિ-અધ્રુવ એમ બે પ્રકારે	ક્ષપક સૂક્ષ્મ. ચરમ સમયે	યુગલિકમાં પ્રથમ ત્રણ પલ્યોપમ ન બાંધી ૧૩૨ સાગ.સમ્યક્ત્વનું પાલન કરી ક્ષપક યથા- પ્રવૃત્તકરણના અંતે	અજઘન્યાદિ અને અનુત્કૃષ્ટ ચાર પ્રકારે શેષ બે સાદિ અધ્રુવ એમ બે પ્રકારે
સમ્યગ્દૃષ્ટિ- મિથ્યાદૃષ્ટિ ચારેય ગતિના જીવો	હત પ્રભૂત અનુ. સત્તા- વાળા સૂ.- એકેન્દ્રિય- વગેરે	જઘન્યાદિ ચારેય સાદિ-અધ્રુવ એમ બે પ્રકારે	પોતાના ચરમ પ્રક્ષેપ વખતે ક્ષપક નવમા ગુણઠાણે	સાધિક ૧૮૫ સા. ન બાંધી ક્ષપક અપ્રમત્ત યથાપ્રવૃત્તકરણના અંતે	અજઘન્યાદિ અને અનુત્કૃષ્ટ ચાર પ્રકારે શેષ બે સાદિ અધ્રુવ એમ બે પ્રકારે
સમ્યગ્દૃષ્ટિ- મિથ્યાદૃષ્ટિ ચારેય ગતિના જીવો	હત પ્રભૂત અનુ. સત્તા- વાળા સૂ.- એકેન્દ્રિય- વગેરે	અનુત્કૃષ્ટ ચાર પ્રકારે શેષ ત્રણ સાદિ અધ્રુવ એમ બે પ્રકારે	પોતાના ચરમ પ્રક્ષેપ વખતે ક્ષપક નવમા ગુણઠાણે	સાધિક ૧૬૩ સા. ન બાંધી ક્ષપક અપ્રમત્ત યથાપ્રવૃત્તકરણના અંતે	અજઘન્યાદિ અને અનુત્કૃષ્ટ ચાર પ્રકારે શેષ બે સાદિ અધ્રુવ એમ બે પ્રકારે
ક્ષપક સ્વબંધ- વિચ્છેદથી સયોગી કેવળી સુધીના જીવો	મનુષ્ય જઘ. અનુભાગ- બાંધી આવ- લિકા પછી	જઘન્યાદિ ચારેય સાદિ અધ્રુવ એમ બે પ્રકારે	દેશોન બે પૂર્વક્રોડ અધિક ૩૩ સાગર. બાંધી સ્વબંધ વિચ્છેદથી આવલિકા પછી	જઘન્ય યોગે બંધાયેલ જિન નામના બંધ આવલિકા પછીના પ્રથમ સમયે	જઘન્યાદિ ચારેય સાદિ અધ્રુવ એમ બે પ્રકારે
ક્ષપક સ્વબંધ- વિચ્છેદથી સયોગી કેવળી સુધીના જીવો	હત પ્રભૂત અનુ. સત્તા- વાળા સૂ.- એકેન્દ્રિય- વગેરે	અનુત્કૃષ્ટ સાદિ વિના ત્રણ પ્રકારે શેષ ત્રણ સાદિ અધ્રુવ એમ બે પ્રકારે	ક્ષપક અપૂર્વકરણ સ્વબંધ વિચ્છેદથી આવલિકા પછી	મોહનો ઉપ. કર્યા વિના ક્ષપિત કર્માંશ- અપૂર્વકરણ પ્રથમ આવલિકાના અંતે ક્ષપક	અજઘન્યાદિ અને અનુત્કૃષ્ટ ચાર પ્રકારે શેષ બે સાદિ અધ્રુવ એમ બે પ્રકારે

સંખ્યા	પ્રકૃતિઓ	ઉત્કૃષ્ટ સ્થિતિ સંક્રમ પ્રમાણ	જઘન્ય સ્થિતિસંક્રમ પ્રમાણ	ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમના સ્વામી	જઘન્ય સ્થિતિસંક્રમના સ્વામી	સાદ્યાદિ પ્રરૂપણા	ઉત્કૃષ્ટ રસસંક્રમ પ્રમાણ	જઘન્ય રસસંક્રમ પ્રમાણ
૧	યશકીર્તિ	ત્રણ આ. ન્યૂન ૨૦ કો.કો. સા.	અંતર્મુહૂર્ત્ત	ચારેય ગતિના મિથ્યાદૃષ્ટિ	સયોગી ગુ. ના ચરમ સમયે	અજ.સાદિ વિના ત્રણ પ્રકારે અને શેષ ત્રણ સાદિ અને અધ્રુવ એમ બે પ્રકારે	ચતુઃસ્થાનીય અને સર્વઘાતી	દ્વિસ્થાનીય અને સર્વઘાતી
૧	સ્થાવર	બે આવ. ન્યૂન ૨૦ કો.કો. સા.	પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ	મિથ્યાદૃષ્ટિ ઈશાનાન્ત દેવો તથા એકેન્દ્રિય	પોતાના ચ. પ્રક્ષેપ વખતે ક્ષપક ૯મા ગુ. વાળા	અજ.સાદિ વિના ત્રણ પ્રકારે શેષ ત્રણ સાદિ અને અધ્રુવ એમ બે પ્રકારે	ચતુઃસ્થાનીય અને સર્વઘાતી	દ્વિસ્થાનીય અને સર્વઘાતી
૨	સૂક્ષ્મ-સાધારણ	ત્રણ આવ. ન્યૂન ૨૦ કો.કો. સા.	પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ	મિથ્યાદૃષ્ટિ મનુષ્યો તથા તિર્યંચો	પોતાના ચ. પ્રક્ષેપ વખતે ક્ષપક ૯મા ગુ. વાળા	અજ.સાદિ વિના ત્રણ પ્રકારે શેષ ત્રણ સાદિ અને અધ્રુવ એમ બે પ્રકારે	ચતુઃસ્થાનીય અને સર્વઘાતી	દ્વિસ્થાનીય અને સર્વઘાતી
૧	અપર્યાપ્ત-	ત્રણ આવ. ન્યૂન ૨૦ કો.કો. સા.	અંતર્મુહૂર્ત્ત	મિથ્યાદૃષ્ટિ મનુષ્યો તથા તિર્યંચો	સયોગી ગુ. ના ચરમ સમયે	અજ.સાદિ વિના ત્રણ પ્રકારે શેષ ત્રણ સાદિ અને અધ્રુવ એમ બે પ્રકારે	ચતુઃસ્થાનીય અને સર્વઘાતી	દ્વિસ્થાનીય અને સર્વઘાતી
૩	અસ્થિરદ્વિક-અયશ	બે આવ. ન્યૂન ૨૦ કો.કો. સા.	અંતર્મુહૂર્ત્ત	ચારેય ગતિના મિથ્યાદૃષ્ટિ	સયોગી ગુ. ના ચરમ સમયે	અજ.સાદિ વિના ત્રણ પ્રકારે શેષ ત્રણ સાદિ અને અધ્રુવ એમ બે પ્રકારે	ચતુઃસ્થાનીય અને સર્વઘાતી	દ્વિસ્થાનીય અને સર્વઘાતી
૩	દૌર્ભાગ્ય-ત્રિક	બે આવ. ન્યૂન ૨૦ કો.કો. સા.	અંતર્મુહૂર્ત્ત	ચારેય ગતિના મિથ્યાદૃષ્ટિ	સયોગી ગુ. ના ચરમ સમયે	અજ.સાદિ વિના ત્રણ પ્રકારે શેષ ત્રણ સાદિ અને અધ્રુવ એમ બે પ્રકારે	ચતુઃસ્થાનીય અને સર્વઘાતી	દ્વિસ્થાનીય અને સર્વઘાતી
૧	નીચગોત્ર	બે આવ. ન્યૂન ૨૦ કો.કો. સા.	અંતર્મુહૂર્ત્ત	ચારેય ગતિના મિથ્યાદૃષ્ટિ	સયોગી ગુ. ના ચરમ સમયે	અજ.સાદિ વિના ત્રણ પ્રકારે શેષ ત્રણ સાદિ અને અધ્રુવ એમ બે પ્રકારે	ચતુઃસ્થાનીય અને સર્વઘાતી	દ્વિસ્થાનીય અને સર્વઘાતી
૧	ઉચ્ચગોત્ર	ત્રણ આવ. ન્યૂન ૨૦ કો.કો. સા.	અંતર્મુહૂર્ત્ત	ચારેય ગતિના મિથ્યાદૃષ્ટિ	સયોગી ગુ. ના ચરમ સમયે	જઘન્યાદિ ચારેય સાદિ અને અધ્રુવ એમ બે પ્રકારે	ચતુઃસ્થાનીય અને સર્વઘાતી	દ્વિસ્થાનીય અને સર્વઘાતી

ઉત્કૃષ્ટ રસ સંક્રમના સ્વામી	જઘન્ય રસ સંક્રમના સ્વામી	સાદ્યાદિ પ્રરૂપણા	ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમના સ્વામી	જઘન્ય પ્રદેશ સંક્રમના સ્વામી	સાદ્યાદિ પ્રરૂપણા
ક્ષપક સ્વબંધ-વિચ્છેદથી સયોગી કેવળી સુધીના જીવો	હત પ્રભૂત અનુ. સત્તા-વાળા સૂ. એકે. વગેરે-	અનુત્કૃષ્ટ સાદિ વિના ત્રણ પ્રકારે અને શેષ ત્રણ સાદિ અધ્રુવ એમ બે પ્રકારે	ક્ષપક અપૂર્વ છઠ્ઠા ભાગના ચરમ સમયે	મોહનો ઉપ. કર્યા વિના ક્ષપિત કર્માંશક્ષપક અપૂર્વકરણ પ્રથમ આવલિકાના અંતે	અજઘન્યાદિ અને અનુત્કૃષ્ટ ચાર પ્રકારે શેષ બે સાદિ અધ્રુવ એમ બે પ્રકારે
યુગલિક અને આનતાદિ વર્જિત ચારે ગતિના મિથ્યા.	હત પ્રભૂત અનુ. સત્તા-વાળા સૂ. એકે. વગેરે-	જઘન્યાદિ ચારેય સાદિ અધ્રુવ એમ બે પ્રકારે	પોતાના ચરમ પ્રક્ષેપ વખતે ક્ષપક નવમા ગુણસ્થાનકે	સાધિક ૧૮૫ સાગ. ન બાંધી ક્ષપક અપ્રમત્ત-યથાપ્રવૃત્તકરણના અંતે	અજઘન્યાદિ અને અનુત્કૃષ્ટ ચાર પ્રકારે શેષ બે સાદિ અધ્રુવ એમ બે પ્રકારે
યુગલિક અને આનતાદિ વર્જિત ચારે ગતિના મિથ્યા.	હત પ્રભૂત અનુ. સત્તા-વાળા સૂ. એકે. વગેરે-	જઘન્યાદિ ચારેય સાદિ અધ્રુવ એમ બે પ્રકારે	પોતાના ચરમ પ્રક્ષેપ વખતે ક્ષપક નવમા ગુણસ્થાનકે	સાધિક ૧૮૫ સાગ. ન બાંધી ક્ષપક અપ્રમત્ત-યથાપ્રવૃત્તકરણના અંતે	અજઘન્યાદિ અને અનુત્કૃષ્ટ ચાર પ્રકારે શેષ બે સાદિ અધ્રુવ એમ બે પ્રકારે
યુગલિક અને આનતાદિ વર્જિત ચારે ગતિના મિથ્યા.	હત પ્રભૂત અનુ. સત્તા-વાળા સૂ. એકે. વગેરે-	જઘન્યાદિ ચારેય સાદિ અધ્રુવ એમ બે પ્રકારે	ક્ષપક સૂક્ષ્મ. ચરમ સમયે	સાધિક ૧૮૫ સાગ. ન બાંધી ક્ષપક અપ્રમત્ત-યથાપ્રવૃત્તકરણના અંતે	અજઘન્યાદિ અને અનુત્કૃષ્ટ ચાર પ્રકારે શેષ બે સાદિ અધ્રુવ એમ બે પ્રકારે
યુગલિક અને આનતાદિ વર્જિત ચારે ગતિના મિથ્યા.	હત પ્રભૂત અનુ. સત્તા-વાળા સૂ. એકે. વગેરે-	જઘન્યાદિ ચારેય સાદિ અધ્રુવ એમ બે પ્રકારે	ક્ષપક સૂક્ષ્મ. ચરમ સમયે	ક્ષપક યથાપ્રવૃત્તકરણના ચરમ સમયે	અજઘન્યાદિ અને અનુત્કૃષ્ટ ચાર પ્રકારે શેષ બે સાદિ અધ્રુવ એમ બે પ્રકારે
યુગલિક અને આનતાદિ વર્જિત ચારે ગતિના મિથ્યાદષ્ટિ	હત પ્રભૂત અનુ. સત્તા-વાળા સૂ. એકેન્દ્રિય-વગેરે	જઘન્યાદિ ચારેય સાદિ અધ્રુવ એમ બે પ્રકારે	ક્ષપક સૂક્ષ્મ. ચરમ સમયે	યુગલિકમાં ત્રણ પલ્યો-પમ ન બાંધી ૧૩૨ સાગ. સમ્યક્ત્વનું પાલન કરી ક્ષપક યથા. પ્રકરણના અંતે	અજઘન્યાદિ અને અનુત્કૃષ્ટ ચાર પ્રકારે શેષ બે સાદિ અધ્રુવ એમ બે પ્રકારે
યુગલિક અને આનતાદિ વર્જિત ચારે ગતિના મિથ્યાદષ્ટિ	હત પ્રભૂત અનુ. સત્તા-વાળા સૂ. એકેન્દ્રિય-વગેરે	જઘન્યાદિ ચારેય સાદિ અધ્રુવ એમ બે પ્રકારે	ક્ષપક સૂક્ષ્મ. ચરમ સમયે	યુગલિકમાં ત્રણ પલ્યો-પમ ન બાંધી ૧૩૨ સાગ. સમ્યક્ત્વનું પાલન કરી ક્ષપક યથા. પ્રકરણના અંતે	જઘન્યાદિ ચારેય સાદિ અધ્રુવ એમ બે પ્રકારે
ક્ષપક સ્વબંધ-વિચ્છેદથી સયોગી કેવળી સુધીના જીવો	સૂક્ષ્મ લબ્ધિ અપર્યાપ્ત નિગોદ જઘ. અનુભાગ બાંધી આવ-લિકા બાદ	જઘન્યાદિ ચારેય સાદિ અધ્રુવ એમ બે પ્રકારે	ચાર વખત મોહનો ઉપશમ કરેલા શીઘ્ર ક્ષપક નીચ ગોત્રના ચરમ બંધના ચરમ સમયે	સૂ.નિગોદમાં અલ્પકાળ બાંધી ૭મી નરકમાંથી નીકળી બાંધ્યા વિના તેઉકાય કે વાયુકાયમાં ઉદ્વલ. દ્વિચરમ સ્થિતિ ખંડના ચરમ સમયે	જઘન્યાદિ ચારેય સાદિ અધ્રુવ એમ બે પ્રકારે

॥ ॐ ह्रीँ श्रीशंखेश्वरपार्श्वनाथाय नमोनमः ॥

"સંક્રમણકરણ સારસંગ્રહ"

પંચસંગ્રહ—દ્વિતીય ભાગ

પૂર્વે બંધાયેલ અથવા બંધાતી પ્રકૃતિઓના સત્તામાં રહેલ પ્રકૃતિ-સ્થિતિ-રસ અને પ્રદેશ સ્વજાતીય બંધાતી પ્રકૃતિમાં પડી તે બંધાતી પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશરૂપે બની જાય તે સંક્રમ કહેવાય છે.

તેના મુખ્ય બે પ્રકાર પડી શકે છે. તે આ પ્રમાણે—

(૧) વર્ત્તમાન સમયે અબધ્યમાન પણ પૂર્વે બંધાયેલ અને સત્તામાં રહેલ પરાવર્ત્તમાન સાતાવેદનીય વગેરે પ્રકૃતિઓનાં દલિકોને વર્ત્તમાન સમયે બંધાતી અસાતાવેદનીય વગેરે પ્રકૃતિઓ રૂપે બનાવે, અર્થાત્ તે રૂપે ફળ આપે તેવા કરે તે સંક્રમ.

(૨) મતિજ્ઞાનાવરણીય વગેરે ધ્રુવબંધી એવી બધ્યમાન પ્રકૃતિઓના સત્તામાં રહેલ દલિકોને બધ્યમાન પોતાના મૂળકર્મથી અભિન્ન એવી અન્ય પ્રકૃતિ રૂપે બનાવે તે પણ સંક્રમ, અર્થાત્ બંધાતી અને ન બંધાતી એમ બન્ને પ્રકારની પ્રકૃતિઓનાં સત્તાગત દલિકોનો બંધાતી પ્રકૃતિઓને વિષે સંક્રમ થાય છે.

જે પ્રકૃતિઓનો બંધ ચાલુ હોય તેમાં જ અન્ય પ્રકૃતિઓનો સંક્રમ થાય છે. ફક્ત સમ્યક્ત્વ મોહનીય અને મિશ્ર મોહનીયનો બંધ ન હોવા છતાં સમ્યક્ત્વ મોહનીયમાં મિથ્યાત્વ અને મિશ્રનો તથા મિશ્રમોહનીયમાં મિથ્યાત્વનો સંક્રમ થાય છે.

જે વીર્ય વિશેષથી આ સંક્રમ થાય છે તે વીર્ય વિશેષને સંક્રમણકરણ કહેવાય છે.

જે સમયે જે દલિક અન્ય પ્રકૃતિમાં સંક્રમે છે તે સમયથી એક આવલિકા સુધીનો કાળ તે સંક્રમાવલિકા કહેવાય છે. એ જ પ્રમાણે જે સમયે જે કર્મ બંધાય છે, તે સમયથી એક આવલિકા સુધીના કાળને બંધાવલિકા કહેવાય છે.

તે સંક્રમાવલિકા કે બંધાવલિકામાં કોઈપણ કરણ લાગતું નથી. અર્થાત્ જે સમયે જે કર્મ બંધાયેલ હોય અથવા જે સમયે જે કર્મ દલિક અન્ય પ્રકૃતિમાં સંક્રમ્યું હોય તે સમયથી એક આવલિકા સુધી તે કર્મદલિક ઉપર કોઈપણ પ્રકારની અસર થતી નથી એટલે કે તેમાં કોઈપણ પ્રકારનો ફેરફાર થતો નથી. તેમજ દર્શનત્રિક સિવાય ઉપશાંત થયેલ ચરિત્ર મોહનીયની પ્રકૃતિઓમાં પણ સંક્રમ થતો નથી અને ઉદયાવલિકામાં અને ઉદ્વર્ત્તના આવલિકામાં પણ કોઈ કરણ લાગતું નથી. માટે ઉદ્વર્ત્તના આવલિકા અને ઉદયાવલિકાગત કર્મનો પણ સંક્રમ થતો નથી.

ઉદય સમયથી એક આવલિકાના સમય પ્રમાણ કાળમાં થયેલ દલિક રચનાને ઉદયાવલિકા કહેવાય છે.

ઉદ્વર્ત્તના અને અપવર્ત્તના પણ સંક્રમના જ પ્રકારો છે, પરંતુ વિવક્ષિત સાતાવેદનીય વગેરે પ્રકૃતિઓના બંધ સમયે થયેલ દલિક રચનાનાં સ્થિતિસ્થાનોનો અને બંધાયેલ રસનો ફેરફાર થઈ માત્ર સ્થિતિ અને રસ ઘટે અથવા વધે તેને ક્રમશઃ અપવર્ત્તના અને ઉદ્વર્ત્તના રૂપ સ્વસંક્રમ કહેવામાં આવે છે....જેનું સ્વરૂપ સંક્રમણકરણ પછી કહેવામાં આવશે. તેથી અહીં વિવક્ષિત પ્રકૃતિના સત્તાગત દલિક વગેરેને બંધાતી મૂળકર્મથી અભિન્ન સ્વજાતીય અન્ય પ્રકૃતિના દલિકાદિ સ્વરૂપે બનાવી તે રૂપે ફળ આપે તેવા કરવા તે પરસંક્રમ છે.

સંક્રમના બતાવેલ સામાન્ય લક્ષણમાં થોડા અપવાદો પણ છે. તે આ પ્રમાણે—

(૧) દર્શનત્રિકમાંથી જે જીવને જે દર્શન મોહનીયનો ઉદય હોય તે દર્શન મોહનીયનો સંક્રમ થતો નથી, અર્થાત્ મિથ્યાદૃષ્ટિને મિથ્યાત્વનો, મિશ્રદૃષ્ટિને મિશ્રનો અને સમ્યગ્દૃષ્ટિને સમ્યક્ત્વ મોહનીયનો સંક્રમ થતો નથી.

(૨) સાસ્વાદન અને મિશ્રગુણઠાણે રહેલ જીવ દર્શનત્રિકમાંથી એકેનો સંક્રમ કરતો નથી.

(૩) મિશ્ર મોહનીયમાં સમ્યક્ત્વ મોહનીયનો સંક્રમ થતો નથી.

(૪) ચારેય આયુષ્યનો પરસ્પર સંક્રમ થતો નથી.

(૫) જ્ઞાનાવરણીય વગેરે મૂળકર્મોનો પણ પરસ્પર અર્થાત્ એક બીજામાં સંક્રમ થતો નથી.

(૬) દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીયનો પરસ્પર એક બીજામાં સંક્રમ થતો નથી.

(૭) દર્શનત્રિક સિવાય ઉપશાંત થયેલ ચારિત્ર મોહનીયની પ્રકૃતિઓનો સંક્રમ થતો નથી.

(૮) નવમે ગુણઠાણે અંતરકરણ કર્યા પછી પુરુષવેદ અને સંજ્વલનક્રોધાદિ ચાર એ બંધાતી પાંચ પ્રકૃતિઓનો સંક્રમ ક્રમપૂર્વક જ થાય છે, પરંતુ ઉત્ક્રમે થતો નથી, અર્થાત્ પુરુષવેદનો ક્રોધાદિ ચારમાં થાય....પણ ક્રોધનો પુરુષવેદમાં ન થતાં સંજ્વલન માનાદિક ત્રણમાં જ થાય. અને તેથી જ સંજ્વલન લોભનો કોઈમાં સંક્રમ થતો નથી. અંતરકરણ કર્યા પહેલાં આ પાંચેય પ્રકૃતિઓનો અને અંતરકરણ કર્યા પછી પણ આ પાંચ સિવાયની અન્ય પ્રકૃતિઓનો ક્રમપૂર્વક કે ક્રમ વિના પણ સંક્રમ થાય છે. માટે જ અંતરકરણ કર્યા પછી સંજ્વલનલોભનો સંક્રમ થતો નથી.

સંક્રમતી પ્રકૃતિ જે પ્રકૃતિમાં પડે તે પ્રકૃતિને પતદ્ગ્રહ કહેવામાં આવે છે.

સામાન્યથી બંધાતી પ્રકૃતિ પતદ્ગ્રહ હોય છે. પરંતુ તેમાં થોડા અપવાદો પણ છે.

(૧) બંધાતી ન હોવા છતાં મિશ્રમોહનીય તથા સમ્યક્ત્વ મોહનીય પતદ્ગ્રહ બને છે.

(૨) સંજ્વલન ચતુષ્કની પ્રથમ સ્થિતિ સમયોન ત્રણ આવલિકા બાકી રહે ત્યારે બંધ હોવા છતાં તે તે સંજ્વલન કષાય અપતદ્ગ્રહ થાય છે, એ જ પ્રમાણે પુરુષવેદની પ્રથમસ્થિતિ સમયોન બે આવલિકા બાકી રહે ત્યારે પુરુષવેદ અપતદ્ગ્રહ થાય છે.

(૩) સમ્યક્ત્વ મોહનીય અને મિશ્રમોહનીય સત્તામાં ન હોય ત્યારે બંધ હોવા છતાં મિથ્યાત્વ અપતદ્ગ્રહ હોય છે.

(૪) મિથ્યાત્વ ક્ષય થયે છતે મિશ્રમોહનીય અને મિશ્રમોહનીય ક્ષય થયે છતે સમ્યક્ત્વ મોહનીય પણ અપતદ્ગ્રહ થાય છે.

---

(૧) જ્યારે સાતા અસાતામાં કે અસાતા સાતામાં સંક્રમે ત્યારે એકનો એકમાં સંક્રમ થતો હોવાથી પ્રકૃતિસંક્રમ અને પ્રકૃતિપતદ્ગ્રહ કહેવાય છે.

(૨) જ્યારે મિથ્યાત્વ મોહનીય મિશ્ર અને સમ્યક્ત્વ મોહનીયમાં સંક્રમે ત્યારે એકનો બેમાં સંક્રમ થતો હોવાથી પ્રકૃતિસંક્રમ અને પ્રકૃતિસ્થાન પતદ્ગ્રહ કહેવાય છે.

(૩) જ્યારે આઠમા ગુણઠાણાના સાતમા ભાગથી દશમા ગુણઠાણા સુધી નામકર્મની દેવગતિ આદિ અનેક પ્રકૃતિઓ એક યશઃકીર્ત્તિમાં સંક્રમે ત્યારે અનેકનો એકમાં સંક્રમ થતો હોવાથી પ્રકૃતિ સ્થાનસંક્રમ અને પ્રકૃતિ પતદ્ગ્રહ કહેવાય છે.

(૪) જ્યારે મતિજ્ઞાનાવરણીય વગેરે પાંચે પ્રકૃતિઓ મતિજ્ઞાનાવરણીય વગેરે પાંચમાં પરસ્પર સંક્રમે ત્યારે અનેકનો અનેકમાં સંક્રમ થતો હોવાથી પ્રકૃતિસ્થાન સંક્રમ અને પ્રકૃતિસ્થાન પતદ્ગ્રહ કહેવાય છે. એમ સર્વત્ર સમજવું.

બે-ત્રણ વગેરે પ્રકૃતિઓના સમુદાયને પ્રકૃતિસ્થાન કહેવામાં આવે છે.

હવે સાદ્યાદિ-ભંગ વિચાર પ્રસ્તુત છે.

ત્યાં મૂળકર્મનો પરસ્પર સંક્રમ થતો ન હોવાથી ઉત્તરપ્રકૃતિ આશ્રયી વિચારે છે.

મિથ્યાત્વ, સાતા, અસાતા વેદનીય અને નીચ ગોત્ર વિના બાકીની ૧૨૬ (એકસો છવ્વીસ) ધ્રુવસત્તા પ્રકૃતિઓનો સંક્રમ સાદ્યાદિ ચાર પ્રકારે અને મિથ્યાત્વ મોહનીય વગેરે ચાર ધ્રુવ સત્તાવાળી તથા ચારેય-આયુષ્યનો પરસ્પર સંક્રમ ન હોવાથી તે સિવાય શેષ દેવગતિ વગેરે ૨૪ (ચોવીસ) અધ્રુવ સત્તાવાળી એમ કુલ ૨૮ (અઠ્ઠાવીસ) પ્રકૃતિઓનો સંક્રમ સાદિ-અધ્રુવ એમ બે પ્રકારે છે. તે આ પ્રમાણે—

જ્યાં સુધી સંક્રમ્યમાણ પ્રકૃતિને સંક્રમના વિષયભૂત પતદ્ગ્રહ પ્રકૃતિનો બંધ હોય ત્યાં સુધી સંક્રમ્યમાણ પ્રકૃતિનો સંક્રમ થાય છે, પરંતુ પતદ્ગ્રહ પ્રકૃતિનો બંધવિચ્છેદ થયા બાદ તેના વિષયભૂત પ્રકૃતિનો સંક્રમ થતો નથી. તેથી પતદ્ગ્રહ પ્રકૃતિનો પુનઃ બંધ શરૂ થાય ત્યારે તેના વિષયભૂત પ્રકૃતિનો સંક્રમ શરૂ થાય માટે સાદિ, અને પતદ્ગ્રહ પ્રકૃતિના બંધવિચ્છેદ સ્થાનને નહીં પામેલ જીવો આશ્રયી અનાદિ, અભવ્યોને પતદ્ગ્રહ પ્રકૃતિના બંધવિચ્છેદનો અભાવ હોવાથી ધ્રુવ અને ભવ્યોને પતદ્ગ્રહ પ્રકૃતિનો બંધવિચ્છેદ થયા બાદ તેના વિષયભૂત પ્રકૃતિના સંક્રમનો પણ અભાવ થાય છે માટે અધ્રુવ.

મિથ્યાત્વ મોહનીયનો સંક્રમ સમ્યગ્દષ્ટિ આત્માઓને જ થાય છે. અને સમ્યગ્દષ્ટિપણું હંમેશાં હોતું નથી માટે સમ્યક્ત્વ પામે ત્યારે મિથ્યાત્વના સંક્રમની સાદિ અને મિથ્યાત્વનો ક્ષય થાય અગર જીવ પ્રથમના ત્રણ ગુણઠાણે જાય ત્યારે સંક્રમનો અભાવ થવાથી અધ્રુવ.

સાતા-અસાતા વેદનીય તેમજ નીચ ગોત્ર અને ઉચ્ચ ગોત્ર પરાવર્તમાન હોવાથી જ્યારે જે બંધાય ત્યારે તેમાં તેની પ્રતિપક્ષ એક પ્રકૃતિનો સંક્રમ થતો હોવાથી સાદિ અને અધ્રુવ છે.

દેવગતિ વગેરે અધ્રુવ સત્તાવાળી પ્રકૃતિઓની સત્તા જ કાયમી હોતી નથી તેથી જ્યારે સત્તામાં હોય ત્યારે સંક્રમ થાય અને સત્તામાં ન હોય ત્યારે સંક્રમ ન થાય માટે મિથ્યાત્વ વગેરે ૨૮ (અઠ્ઠાવીસ) પ્રકૃતિઓનો સંક્રમ સાદિ અને અધ્રુવ એમ બે પ્રકારે છે.

હવે કઈ પ્રકૃતિઓનો સંક્રમ ક્યાંથી કયા ગુણઠાણા સુધી હોય છે, તે બતાવે છે.

અસાતા વેદનીયનો બંધ છઠ્ઠા ગુણઠાણા સુધી હોવાથી સાતા વેદનીયનો સંક્રમ એકથી છ ગુણઠાણા સુધી થાય છે, પછી દશમા ગુણઠાણા સુધી માત્ર સાતાનો જ બંધ હોવાથી અસાતાનો જ સંક્રમ થાય છે, અર્થાત્ અસાતાનો સંક્રમ એકથી દસ ગુણઠાણા સુધી થાય છે.

મિથ્યાત્વાદિ પ્રથમના ત્રણ ગુણઠાણે મિથ્યાત્વનો સંક્રમ ન હોવાથી અને ક્ષીણમોહાદિ ગુણઠાણે સત્તાનો જ અભાવ હોવાથી ચોથાથી અગિયારમા ગુણઠાણા સુધી જે જીવોને મિથ્યાત્વ સત્તામાં હોય તેઓને મિથ્યાત્વનો સંક્રમ થાય છે.

બીજા-ત્રીજા ગુણઠાણે દર્શનત્રિકનો સંક્રમ ન હોવાથી તે બે ગુણઠાણા વર્જી મિશ્રમોહનીયની સત્તાવાળા જીવોને પહેલે તેમજ ચોથાથી અગિયારમા ગુણઠાણા સુધી કુલ નવ ગુણઠાણે મિશ્રમોહનીયનો સંક્રમ હોય છે.

સમ્યક્ત્વ મોહનીયનો સંક્રમ માત્ર પહેલે જ ગુણઠાણે હોવાથી તેની સત્તાવાળા જીવોને પહેલે ગુણઠાણે જ હોય છે.

અનંતાનુબંધી ચારનો પહેલા બે ગુણઠાણે નક્કી અને ત્રીજાથી સાતમા ગુણઠાણા સુધી જેઓને સત્તામાં હોય તેઓને અવશ્ય સંક્રમ થાય છે, પરંતુ બીજાઓને નહિ, અપૂર્વકરણાદિ ગુણઠાણે ઉપશમ અથવા ક્ષય થયેલ હોવાથી તેઓનો સર્વથા સંક્રમ થતો નથી.

આઠમા ગુણઠાણાના સાતમા ભાગથી યશઃકીર્ત્તિના સંક્રમના વિષયભૂત નામકર્મની પતદ્ગ્રહ રૂપ અન્ય કોઈ પ્રકૃતિનો બંધ ન હોવાથી યશઃકીર્ત્તિનો સંક્રમ આઠમા ગુણઠાણાના છઠ્ઠા ભાગ સુધી હોય છે.

નીચ ગોત્રનો બંધ પ્રથમના બે ગુણઠાણા સુધી હોવાથી ઉચ્ચ ગોત્રનો સંક્રમ પ્રથમના બે ગુણઠાણા સુધી થાય છે.

બીજે તથા ત્રીજે ગુણઠાણે જિનનામની સત્તાનો જ અભાવ હોવાથી પહેલે તથા ચોથાથી દસમા સુધીનાં કુલ આઠ ગુણસ્થાનકોમાં જિનનામની સત્તાવાળાઓને જિનનામનો સંક્રમ થાય છે.

અપ્રત્યાખ્યાનીય વગેરે બાર કષાય અને નવ નોકષાય એમ કુલ ચારિત્ર મોહનીયની એકવીસ પ્રકૃતિઓનો નવમા ગુણઠાણે જ્યાં સુધી પોતપોતાનો ક્ષય કે ઉપશમ ન થાય ત્યાં સુધી અને શેષ મતિજ્ઞાનાવરણીય વગેરે એકસો એકવીસ પ્રકૃતિઓનો એકથી દસ ગુણઠાણા સુધી સંક્રમ થાય છે.

જે ગુણસ્થાનકોમાં જે પ્રકૃતિઓનો સંક્રમ બતાવ્યો છે, તે ગુણસ્થાનકોમાં તે સર્વ

પ્રકૃતિઓનો હંમેશાં હોય છે એમ સમજવાનું નથી, પરંતુ યથાસંભવ તેમાંની મતિજ્ઞાનાવરણીય વગેરે ધ્રુવબંધી પ્રકૃતિઓનો હંમેશાં અને સાતા વેદનીય વગેરે અધ્રુવબંધી પ્રકૃતિઓનો કોઈ વખતે હોય છે અને કોઈ વખતે નથી પણ હોતો. તે સ્વયં સમજી લેવું.

હવે પતદ્‌ગ્રહ પ્રકૃતિ આશ્રયી સાદ્યાદિ-ભંગ બતાવે છે.

ત્યાં મિથ્યાત્વ વિના છેતાળીસ ધ્રુવબંધી પ્રકૃતિઓની પતદ્‌ગ્રહતા સાદ્યાદિ ચાર પ્રકારે અને ચાર આયુષ્ય વિના અધ્રુવબંધી અગણોસિત્તેર, મિથ્યાત્વ તેમજ મિશ્ર અને સમ્યક્ત્વમોહનીય એમ બોંતેર પ્રકૃતિઓની પતદ્‌ગ્રહતા સાદિ અને અધ્રુવ એમ બે પ્રકારે છે. તે આ પ્રમાણે—જે પ્રકૃતિઓનો જે ગુણસ્થાનક સુધી બંધ હોય ત્યાં સુધી તેમાં સામાન્યથી અન્ય પ્રકૃતિનો સંક્રમ થાય છે....માટે ત્યાં સુધી તે પ્રકૃતિ પતદ્‌ગ્રહ કહેવાય છે પરંતુ બંધવિચ્છેદ થયા પછી તેમાં અન્ય પ્રકૃતિનો સંક્રમ થતો ન હોવાથી તેની પતદ્‌ગ્રહતા પણ રહેતી નથી માટે જે પ્રકૃતિનો જ્યાં સુધી બંધ હોય ત્યાં સુધી તે પ્રકૃતિ સામાન્યથી પતદ્‌ગ્રહ હોય છે, તેથી તે તે ધ્રુવબંધી પ્રકૃતિઓનો બંધવિચ્છેદ થયા બાદ ફરીથી બંધ શરૂ થાય ત્યારે તે તે પ્રકૃતિના પતદ્‌ગ્રહની સાદિ, અને બંધવિચ્છેદ ન થાય ત્યાં સુધી અનાદિ, અભવ્ય જીવોને બંધવિચ્છેદ થતો જ ન હોવાથી તેઓ આશ્રયી ધ્રુવ અને ભવ્ય જીવોને બંધવિચ્છેદ થતો હોવાથી અધ્રુવ.

મિથ્યાત્વ મોહનીય ધ્રુવબંધી હોવા છતાં તેમાં મિશ્ર અને સમ્યક્ત્વ મોહનીય એ બે પ્રકૃતિઓનો જ સંક્રમ થાય છે. પરંતુ પ્રથમ ગુણઠાણે આ બે પ્રકૃતિઓની હંમેશાં સત્તા હોતી નથી, તેથી જ્યારે સત્તામાં હોય છે ત્યારે જ મિથ્યાત્વ પતદ્‌ગ્રહ થાય છે, અન્યથા નહિ, માટે મિથ્યાત્વની પતદ્‌ગ્રહતા સાદિ-અધ્રુવ છે.

અધ્રુવબંધી પ્રકૃતિઓ અમુક નિયત ટાઇમે બંધાય છે, માટે તેની પતદ્‌ગ્રહતા પણ સાદિ અને અધ્રુવ હોય તે સ્વાભાવિક છે. અને સમ્યક્ત્વ મોહનીય તેમજ મિશ્ર મોહનીય પણ અનિયત સત્તાવાળી હોવાથી તે બન્નેની પતદ્‌ગ્રહતા પણ સાદિ-અધ્રુવ છે.

હવે કયા કયા કર્મનાં કેટલાં કેટલાં સંક્રમસ્થાનો અને પતદ્‌ગ્રહસ્થાનો હોય છે, તે કહે છે—

ત્યાં મોહનીય કર્મનાં સત્તાસ્થાનો અઠ્ઠાવીસ આદિ પંદર છે, પરંતુ સંક્રમસ્થાનો આઠ અધિક હોવાથી ત્રેવીસ અને બંધસ્થાનો બાવીસ આદિ દશ છે. પરંતુ પતદ્‌ગ્રહો આઠ અધિક હોવાથી કુલ અઢાર છે.

શેષ સર્વ કર્મોનાં જેટલાં બંધસ્થાનો છે, તેટલાં જ પતદ્‌ગ્રહસ્થાનો છે, અને જેટલાં સત્તાસ્થાનો છે તેટલાં જ સામાન્યથી સંક્રમસ્થાનો છે, પરંતુ દર્શનાવરણીય, વેદનીય અને ગોત્રકર્મમાં જે ફેરફાર છે તે હમણાં બતાવશે.

જ્ઞાનાવરણીય કર્મની પાંચે પ્રકૃતિઓ ધ્રુવબંધી હોવાથી દશમા ગુણસ્થાનક સુધી સાથે જ બંધાય છે તેમજ ધ્રુવસત્તા હોવાથી બારમા ગુણઠાણા સુધી પાંચેયની સાથે જ સત્તા હોય છે માટે પાંચ પ્રકૃતિ રૂપ એક જ પતદ્‌ગ્રહ અને એક જ સંક્રમ સ્થાન છે, અને તે દશમા ગુણઠાણા સુધી હોય છે. અગિયારમે અને બારમે ગુણઠાણે પાંચેય પ્રકૃતિઓની સત્તા હોવા છતાં એકેયનો બંધ

ન હોવાથી પતદ્ગ્રહના અભાવે સંક્રમ થતો નથી. આ પતદ્ગ્રહ તથા સંક્રમસ્થાન સાદ્યાદિ ચાર પ્રકારે છે, કારણ કે અગિયારમા ગુણઠાણે બંનેનો અભાવ છે, ત્યાંથી પડી દશમે ગુણઠાણે આવે ત્યારે પુનઃ બન્ને શરૂ થાય માટે સાદિ, દશમા ગુણઠાણાથી આગળ નહીં ગયેલાઓને અનાદિ, અભવ્યોને ધ્રુવ અને ભવ્યોને આગળ ઉપર સંક્રમ અને પતદ્ગ્રહ એમ બન્નેના અભાવનો સંભવ હોવાથી અધ્રુવ છે.

અંતરાય કર્મના વિષયમાં પણ આ જ પ્રમાણે છે.

દર્શનાવરણીય કર્મના નવ, છ અને ચાર પ્રકૃતિરૂપ ત્રણ બંધસ્થાનો હોવાથી પતદ્ગ્રહ સ્થાનો ત્રણ છે, પરંતુ ઉપર મુજબનાં ત્રણ સત્તાસ્થાનો હોવા છતાં ચારની સત્તા બારમા ગુણસ્થાનકના ચરમ સમયે હોય છે. તે વખતે દર્શનાવરણીયની એકે પ્રકૃતિનો બંધ ન હોવાથી પતદ્ગ્રહના અભાવે ચારનો સંક્રમ થતો નથી તેથી શેષ નવ અને છ પ્રકૃતિ રૂપ બે સંક્રમસ્થાનો છે. તેમાં નવનો સંક્રમ પહેલા-બીજા ગુણઠાણે નવના પતદ્ગ્રહમાં થાય છે, અને ત્રીજાથી આઠમા ગુણઠાણાના સંખ્યાતમા ભાગ સુધી નવનો છમાં થાય છે, અને ત્યારબાદ ઉપશમ શ્રેણિમાં દશમા ગુણઠાણા સુધી નવનો ચારમાં થાય છે, પરંતુ ક્ષપક શ્રેણિમાં નવમા ગુણસ્થાનકના સંખ્યાતા ભાગો સુધી નવનો ચારમાં અને તે પછી થીણદ્ધિત્રિકની સત્તાનો વિચ્છેદ થવાથી દશમા ગુણસ્થાનક સુધી. શેષ છ પ્રકૃતિઓનો ચારમાં સંક્રમ થાય છે. અગિયારમા-બારમા ગુણઠાણે યથાસંભવ દર્શનાવરણીયનાં ત્રણે સત્તાસ્થાનો હોવા છતાં સંક્રમ્યમાણ પ્રકૃતિના આધારભૂત પતદ્ગ્રહ રૂપ દર્શનાવરણીયની એકે પ્રકૃતિનો બંધ ન હોવાથી સંક્રમ થતો નથી.

ત્યાં ઉપશમ શ્રેણિમાં અગિયારમા ગુણસ્થાનકથી પડતાં નવનો સંક્રમ શરૂ થાય માટે સાદિ અને નવના સંક્રમના વિચ્છેદ સ્થાનને નહીં પામેલા જીવોને અનાદિ, અભવ્યોને ધ્રુવ અને ભવ્યોને અધ્રુવ હોવાથી ચાર પ્રકારે છે.

છનો સંક્રમ નવમા ગુણસ્થાનકના સંખ્યાતા ભાગો ગયા પછી દશમા ગુણઠાણા સુધી માત્ર અંતર્મુહૂર્ત્ત પ્રમાણ હોવાથી સાદિ-અધ્રુવ છે.

ત્રીજા અથવા ચોથા ગુણસ્થાનકે દર્શનાવરણીયની છ પ્રકૃતિ બાંધતાં પ્રથમના બે ગુણસ્થાનકે આવી પુનઃ નવ પ્રકૃતિનો બંધ શરૂ કરે ત્યારે નવના પતદ્ગ્રહની સાદિ અને થીણદ્ધિત્રિકના બંધ વિચ્છેદને નહીં પામેલા જીવોને અનાદિ, ભવ્યોને અધ્રુવ અને અભવ્યોને ધ્રુવ હોવાથી નવનું પતદ્ગ્રહ ચાર પ્રકારે છે.

છ અને ચારનું પતદ્ગ્રહ ક્વચિત્ હોવાથી સાદિ અને અધ્રુવ એમ બે પ્રકારે છે. તેમાં છના પતદ્ગ્રહનો જઘન્ય અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ સાધિક એકસો બત્રીસ સાગરોપમ પ્રમાણ કાળ છે, અને ચારના પતદ્ગ્રહનો જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત્ત કાળ છે.

વેદનીય અને ગોત્રકર્મની વિવક્ષિત સમયે બેમાંથી એક જ પ્રકૃતિ બંધાતી હોવાથી એક જ પતદ્ગ્રહ હોય છે અને આ બન્ને કર્મોનાં બે અને એક પ્રકૃતિરૂપ બે સત્તાસ્થાનો હોવા છતાં જેનો બંધ ન હોય તે પ્રકૃતિ તેની પ્રતિપક્ષ બંધાતી પ્રકૃતિમાં સંક્રમે છે, માટે સંક્રમ સ્થાન એક પ્રકૃતિ રૂપ એક જ હોય છે.

વિવક્ષિત એક પ્રકૃતિનો સંક્રમ અને પતદ્ગ્રહ સાદિ-અધ્રુવ હોય છે, પરંતુ સામાન્યથી વેદનીય અને ગોત્રકર્મનો સંક્રમ અને પતદ્ગ્રહ આ રીતે સાદ્યાદિ ચાર પ્રકારે ઘટી શકે છે. કારણ કે અગિયારમા ગુણસ્થાનકથી પડે ત્યારે બંધ શરૂ થવાથી પતદ્ગ્રહ અને સંક્રમ ચાલુ થાય છે. માટે સાદિ, અથવા તો ઉચ્ચ ગોત્રની ઉદ્વલના કર્યા બાદ ફરીથી બંધ કરે ત્યારે ગોત્ર આશ્રયી સાદિ અને બંધવિચ્છેદ સ્થાનને નહીં પામેલ અથવા ઉચ્ચ ગોત્રની ઉદ્વલના નહીં કરેલ જીવોની અપેક્ષાએ ગોત્ર આશ્રયી અનાદિ, ઉચ્ચ ગોત્રની ઉદ્વલના ન કરનાર અભવ્યોને ધ્રુવ અને ભવ્યોને અધ્રુવ હોય છે.

મોહનીય કર્મના ૨૮, ૨૭, ૨૬, ૨૪, ૨૩, ૨૨, ૨૧, ૧૩, ૧૨, ૧૧, ૫, ૪, ૩, ૨, ૧ એમ કુલ પંદર સત્તાસ્થાનો છે. પરંતુ સંક્રમ સ્થાનો આઠ અધિક છે તે પહેલાં જ કહેવાઈ ગયું છે. તેથી ૨૮, ૨૪, ૧૭, ૧૬, ૧૫ આ પાંચ વર્જી શેષ ૨૭, ૨૬, ૨૫, ૨૩, ૨૨, ૨૧, ૨૦, ૧૯, ૧૮, ૧૪, ૧૩, ૧૨, ૧૧, ૧૦, ૯, ૮, ૭, ૬, ૫, ૪, ૩, ૨, ૧ પ્રકૃતિરૂપ કુલ ૨૩ સંક્રમ સ્થાનો છે.

અઠ્ઠાવીસની સત્તા સમ્યગ્દષ્ટિ અને મિથ્યાદષ્ટિ એમ બન્નેને હોવા છતાં પોતપોતાની દષ્ટિનો સંક્રમ ન હોવાથી અઠ્ઠાવીસનું સંક્રમ સ્થાન નથી. એ જ પ્રમાણે ચોવીસની સત્તા ત્રીજાથી અગિયારમા ગુણસ્થાનક સુધી હોવા છતાં સમ્યગ્દષ્ટિ આત્મા સમ્યક્ત્વ મોહનીયનો અને મિશ્રદષ્ટિ મિશ્રનો સંક્રમ કરતો ન હોવાથી ચોવીસનો સંક્રમ પણ થતો નથી અને ૧૭-૧૬-૧૫ પ્રકૃતિઓનો સંક્રમ કેમ નથી, તે સંક્રમ સ્થાનોનો વિચાર કરવાથી સમજી શકાશે.

અઠ્ઠાવીસની સત્તાવાળા મિથ્યાદષ્ટિને મિથ્યાત્વ, એ સમકિતમોહનીય અને મિશ્રમોહનીયનું પતદ્ગ્રહ હોવાથી અને દર્શન મોહનીય તેમજ ચારિત્ર મોહનીયનો પરસ્પર સંક્રમ ન હોવાથી મિથ્યાત્વનો સંક્રમ થતો નથી તેથી સત્તાવીસનો સંક્રમ થાય છે. અથવા અઠ્ઠાવીસની સત્તાવાળા સમ્યગ્દષ્ટિને સમ્યક્ત્વ મોહનીયનો સંક્રમ ન હોવાથી શેષ સત્તાવીસનો સંક્રમ થાય છે અને અઠ્ઠાવીસની સત્તાવાળા ઉપશમ સમ્યગ્દષ્ટિને ઉપશમ સમ્યક્ત્વની પ્રાપ્તિના સમયથી આવલિકા પર્યંત મિશ્રમોહનીયનો પણ સંક્રમ ન હોવાથી મિશ્ર અને સમ્યક્ત્વ મોહનીય વિના શેષ છવ્વીસ પ્રકૃતિઓનો સંક્રમ હોય છે, અથવા સત્તાવીસની સત્તાવાળા મિથ્યાદષ્ટિને મિથ્યાત્વ પતદ્ગ્રહ હોવાથી તે વિના શેષ છવ્વીસનો સંક્રમ હોય છે અને છવ્વીસની સત્તાવાળા મિથ્યાદષ્ટિને મિથ્યાત્વનો સંક્રમ થતો ન હોવાથી શેષ ચારિત્ર મોહનીયની પચીસ પ્રકૃતિઓનો સંક્રમ થાય છે, એ જ પ્રમાણે અઠ્ઠાવીસની સત્તાવાળા સાસ્વાદન સમ્યગ્દષ્ટિને પણ પચીસનો સંક્રમ થાય છે અને અઠ્ઠાવીસ તથા સત્તાવીસની સત્તાવાળા મિશ્રદષ્ટિને દર્શનત્રિક વિના પચીસ પ્રકૃતિઓનો સંક્રમ હોય છે.

ચોવીસની સત્તાવાળા સમ્યગ્દષ્ટિ પહેલે ગુણઠાણે જાય ત્યારે પ્રથમ બંધાવલિકામાં અનંતાનુબંધીનો સંક્રમ ન હોવાથી અને મિથ્યાત્વ મોહનીયનો પણ સંક્રમ ન હોવાથી શેષ ત્રેવીસ પ્રકૃતિઓનો સંક્રમ થાય છે અથવા ચોવીસની સત્તાવાળા સમ્યગ્દષ્ટિને સમ્યક્ત્વ મોહનીય વિના શેષ ત્રેવીસનો સંક્રમ થાય છે.

ચોવીસની સત્તાવાળા મનુષ્યને ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરતાં મિથ્યાત્વનો ક્ષય કર્યા બાદ ત્રેવીસની સત્તા થાય ત્યારે સમ્યક્ત્વ મોહનીય તથા મિથ્યાત્વનો સંક્રમ ન હોવાથી શેષ બાવીસનો સંક્રમ થાય અથવા ઉપશમ સમ્યક્ત્વીને ઉપશમ શ્રેણિમાં અંતરકરણ કર્યા પછી સંજ્વલન લોભનો સંક્રમ ન હોવાથી તથા સમ્યક્ત્વ મોહનીયનો પણ સંક્રમ ન હોવાથી શેષ બાવીસનો સંક્રમ થાય છે.

બાવીસની સત્તાવાળા ક્ષયોપશમ સમ્યગ્દષ્ટિને દર્શનત્રિકનો સંક્રમ ન હોવાથી શેષ એકવીસનો અને ક્ષાયિક સમ્યગ્દષ્ટિને પણ એકવીસનો સંક્રમ થાય છે, તેમજ ચોવીસની સત્તાવાળા મિશ્રદષ્ટિને પણ દર્શનત્રિક વિના એકવીસનો સંક્રમ થાય છે અને કર્મપ્રકૃતિ સંક્રમણકરણ ગાથા ૧૬માં બતાવ્યા પ્રમાણે ૨૪ની સત્તાવાળા સાસ્વાદન સમ્યગ્દષ્ટિને પણ દર્શનત્રિક વિના ૨૧નો સંક્રમ હોય છે છતાં અહીં તેની વિવક્ષા કરી નથી. અથવા ક્ષપક શ્રેણિમાં નવમા ગુણઠાણે એકવીસની સત્તાવાળાને આઠ કષાયનો ક્ષય ન થાય ત્યાં સુધી એકવીસનો સંક્રમ હોય છે, અથવા ઉપશમ સમ્યગ્દષ્ટિને ઉપશમશ્રેણિમાં અંતરકરણ કર્યા બાદ નપુંસકવેદનો ઉપશમ થયા પછી તેનો, સંજ્વલન લોભ અને સમ્યક્ત્વ મોહનીય એ ત્રણનો સંક્રમ ન હોવાથી શેષ એકવીસ પ્રકૃતિઓનો સંક્રમ થાય છે.

એ જ જીવને સ્ત્રીવેદનો ઉપશમ થયા પછી પૂર્વોક્ત ત્રણ અને સ્ત્રીવેદ આ ચાર વિના શેષ વીસનો સંક્રમ થાય છે, અથવા ક્ષાયિક સમ્યગ્દષ્ટિને ઉપશમ શ્રેણિમાં અંતરકરણ કર્યા પછી સંજ્વલન લોભનો સંક્રમ ન હોવાથી તે વિના શેષ વીસનો સંક્રમ થાય છે, અને એ જ જીવને નપુંસકવેદનો ઉપશમ થાય ત્યારે ઓગણીસનો અને સ્ત્રીવેદનો ઉપશમ થાય ત્યારે સંજ્વલનલોભ, નપુંસકવેદ અને સ્ત્રીવેદ વિના શેષ અઢારનો સંક્રમ થાય છે.

ઉપશમ સમ્યક્ત્વીને ઉપશમ શ્રેણિમાં હાસ્યષટ્કનો ઉપશમ થયા બાદ પુરુષવેદ વિના આઠ નોકષાય, ચાર અનંતાનુબંધી, સંજ્વલનલોભ અને સમ્યક્ત્વ મોહનીય એ ચૌદ વિના શેષ ચૌદ પ્રકૃતિઓનો સંક્રમ થાય છે.

એ જ જીવને પુરુષવેદનો ઉપશમ થયા બાદ તેરનો સંક્રમ થાય છે અથવા ક્ષપક શ્રેણિમાં આઠ કષાયનો ક્ષય થયા પછી તેરનો અને એને જ અંતરકરણ કર્યા પછી સંજ્વલન લોભ વિના શેષ બારનો સંક્રમ થાય છે અથવા ક્ષાયિક સમ્યક્ત્વીને ઉપશમ શ્રેણિમાં હાસ્યષટ્કનો ઉપશમ થયા બાદ પુરુષવેદ વિના આઠ નોકષાય અને સંજ્વલન લોભ એ નવ વિના શેષ બારનો સંક્રમ થાય છે. ઉપશમ સમ્યક્ત્વીને ઉપશમ શ્રેણિમાં અપ્રત્યાખ્યાનીય અને પ્રત્યાખ્યાનીય ક્રોધનો ઉપશમ થાય ત્યારે અગિયારનો અથવા ક્ષાયિક સમ્યક્ત્વીને ઉપશમ શ્રેણિમાં પુરુષવેદનો ઉપશમ થાય ત્યારે અગિયારનો તેમજ ક્ષપકશ્રેણિમાં નપુંસકવેદનો ક્ષય થાય ત્યારે પણ અગિયારનો સંક્રમ થાય છે.

ઉપશમ સમ્યક્ત્વીને ઉપશમશ્રેણિમાં સંજ્વલન ક્રોધનો ઉપશમ થાય ત્યારે દસનો અથવા ક્ષપકશ્રેણિમાં સ્ત્રીવેદનો ક્ષય થાય ત્યારે દસનો સંક્રમ થાય છે.

ક્ષાયિક સમ્યગ્દષ્ટિને ઉપશમશ્રેણિમાં અપ્રત્યાખ્યાનીય તથા પ્રત્યાખ્યાનીય ક્રોધનો ઉપશમ

થાય ત્યારે નવનો અને એને જ સંજ્વલન ક્રોધનો ઉપશમ થાય ત્યારે આઠનો સંક્રમ થાય છે. તેમજ ઉપશમ સમ્યક્ત્વીને ઉપશમશ્રેણિમાં અપ્રત્યાખ્યાનીય તથા પ્રત્યાખ્યાનીય માનનો ઉપશમ થાય ત્યારે પણ આઠનો સંક્રમ હોય છે અને એને જ સંજ્વલન માનનો ઉપશમ થાય ત્યારે સાતનો સંક્રમ હોય છે.

ક્ષાયિક સમ્યક્ત્વીને ઉપશમશ્રેણિમાં અપ્રત્યાખ્યાનીય અને પ્રત્યાખ્યાનીય માન ઉપશમે ત્યારે છનો સંક્રમ થાય છે અને એને જ સંજ્વલનમાન ઉપશમે ત્યારે પાંચનો સંક્રમ થાય છે, અથવા ઉપશમ સમ્યક્ત્વીને ઉપશમશ્રેણિમાં અપ્રત્યાખ્યાનીય અને પ્રત્યાખ્યાનીય માયાનો ઉપશમ થાય ત્યારે પાંચનો અને એને જ સંજ્વલન માયાનો ઉપશમ થાય ત્યારે ચારનો અથવા ક્ષપકશ્રેણિમાં હાસ્યષટ્કનો ક્ષય થાય ત્યારે પણ ચારનો સંક્રમ હોય છે.

ક્ષાયિક સમ્યક્ત્વીને ઉપશમશ્રેણિમાં અપ્રત્યાખ્યાનીય અને પ્રત્યાખ્યાનીય એ બે માયા ઉપશમે ત્યારે ત્રણનો અથવા ક્ષપકશ્રેણિમાં પુરુષવેદનો ક્ષય થયા પછી ત્રણનો સંક્રમ હોય છે.

ઉપશમ સમ્યક્ત્વીને ઉપશમશ્રેણિમાં અપ્રત્યાખ્યાનીય તથા પ્રત્યાખ્યાનીય લોભનો ઉપશમ થયા બાદ માત્ર મિથ્યાત્વ અને મિશ્ર એ બેનો સંક્રમ હોય છે અથવા ક્ષાયિક સમ્યક્ત્વીને ઉપશમશ્રેણિમાં સંજ્વલન માયાનો ઉપશમ થાય ત્યારે માત્ર અપ્રત્યાખ્યાનીય અને પ્રત્યાખ્યાનીય એ બે લોભનો સંક્રમ હોય છે, અને ક્ષપકશ્રેણિમાં પણ સંજ્વલન ક્રોધનો ક્ષય થયા પછી બેનો સંક્રમ હોય છે. અને ક્ષપકશ્રેણિમાં સંજ્વલન માનનો ક્ષય થયા પછી માત્ર એક સંજ્વલન માયાનો સંક્રમ હોય છે.

ઉપરોક્ત સંક્રમસ્થાનોમાં સાદ્યાદિ વિચાર

તેમાં—સમ્યક્ત્વથી પડી મિથ્યાત્વ ગુણસ્થાનકે આવી સમ્યક્ત્વ અને મિશ્ર મોહનીયની ઉદ્વલના કર્યા બાદ પચીસનો સંક્રમ શરૂ થાય માટે સાદિ, સમ્યક્ત્વ ન પામેલ જીવને અનાદિ, અભવ્યને ધ્રુવ, અને ભવ્યને અધ્રુવ એમ પચીસનો સંક્રમ ચાર પ્રકારે છે, અને બાકીના બાવીસ સંક્રમ સ્થાનો કોઈક વખતે હોવાથી સાદિ અને અધ્રુવ એમ બે પ્રકારે છે.

પતદ્ગ્રહ સ્થાનોમાં સાદ્યાદિ વિચાર

મોહનીય કર્મના ૨૨, ૨૧, ૧૭, ૧૩, ૯, ૫, ૪, ૩, ૨, ૧. એમ દશ બંધસ્થાનો છે, અને બંધસ્થાન કરતાં આઠ પતદ્ગ્રહ સ્થાનો અધિક છે. એ વાત પ્રથમ કહેવાઈ ગયેલ હોવાથી ૮, ૧૨, ૧૬, ૨૦ અને ૨૩થી ૨૮ વર્જી શેષ ૨, ૨૧, ૧૯, ૧૮, ૧૭, ૧૫, ૧૪, ૧૩, ૧૧, ૧૦, ૯, ૭, ૬, ૪, ૩, ૨, ૧. પ્રકૃતિરૂપ કુલ ૧૮ પતદ્ગ્રહ સ્થાનો છે. તેમાં સમ્યક્ત્વથી પડી મિથ્યાત્વ ગુણઠાણે આવી સમ્યક્ત્વ અને મિશ્ર મોહનીયની ઉદ્વલના કર્યા બાદ મિથ્યાત્વ કોઈનો પતદ્ગ્રહ ન હોવાથી એકવીસ પ્રકૃતિના પતદ્ગ્રહની સાદિ, સમ્યક્ત્વ ન પામેલા જીવને અનાદિ, અભવ્યને ધ્રુવ અને ભવ્યને અધ્રુવ હોવાથી ૨૧નો પતદ્ગ્રહ ચાર પ્રકારે છે. શેષ ૧૭ પતદ્ગ્રહ સ્થાનો અમુક નિયત ટાઇમે હોવાથી સાદિ અને અધ્રુવ એમ બે પ્રકારે છે.

મોહનીયનાં પતદ્ગ્રહમાં સંક્રમસ્થાનો

હવે કયા કયા પતદ્ગ્રહમાં કેટલાં અને કયાં કયાં સંક્રમસ્થાનો હોય છે તે બતાવે છે. ત્યાં

અઠ્ઠાવીસની સત્તાવાળા મિથ્યાદષ્ટિને મિથ્યાત્વનો સંક્રમ ન હોવાથી શેષ સત્તાવીસ પ્રકૃતિઓ બંધાતી બાવીસ પ્રકૃતિઓમાં સંક્રમે છે અને સમ્યક્ત્વ મોહનીયની ઉદ્વલના થયા પછી એ જ સત્તાવીસની સત્તાવાળા મિથ્યાદષ્ટિને સમ્યક્ત્વ અને મિથ્યાત્વ વિના શેષ છવ્વીસનો સંક્રમ બાવીસમાં થાય છે.

તેમજ મિશ્ર મોહનીયની ઉદ્વલના કરેલ અથવા અનાદિ મિથ્યાદષ્ટિ છવ્વીસની સત્તાવાળાને મિથ્યાત્વ વિના શેષ પચીસનો સંક્રમ મિથ્યાત્વ કોઈનું પતદ્ગ્રહ ન હોવાથી તે વિના પ્રથમ ગુણઠાણે બંધાતી એકવીસના પતદ્ગ્રહમાં થાય છે.

ચોવીસની સત્તાવાળા સમ્યગ્દષ્ટિ પ્રથમ ગુણઠાણે આવે ત્યારે અનંતાનુબંધીને બાંધવા છતાં પ્રથમ આવલિકામાં કોઈ કરણ લાગતું ન હોવાથી અઠ્ઠાવીસની સત્તા હોવા છતાં અનંતાનુબંધી ચાર અને મિથ્યાત્વ વિના શેષ ત્રેવીસનો સંક્રમ બાવીસમાં થાય છે.

એમ પ્રથમ ગુણસ્થાનકે બાવીસના પતદ્ગ્રહમાં ૨૭, ૨૬ અને ૨૩ એ ત્રણ સંક્રમસ્થાનો સંક્રમે છે અને એકવીસના પતદ્ગ્રહમાં પચીસનો સંક્રમ થાય છે.

સાસ્વાદન ગુણસ્થાનકે અઠ્ઠાવીસની સત્તા હોવા છતાં દર્શનત્રિકનો સંક્રમ ન હોવાથી શેષ પચીસનો સંક્રમ બંધાતી એકવીસ પ્રકૃતિઓમાં થાય છે. અને અઠ્ઠાવીસ તથા સત્તાવીસની સત્તાવાળા મિશ્રદષ્ટિને દર્શન મોહનીયનો સંક્રમ ન હોવાથી શેષ પચીસ પ્રકૃતિઓ આ ગુણ-સ્થાનકે બંધાતી સત્તર પ્રકૃતિરૂપ પતદ્ગ્રહમાં પડે છે અને ચોવીસની સત્તાવાળાને દર્શનત્રિક વિના શેષ એકવીસ પ્રકૃતિઓ સત્તરમાં સંક્રમે છે.

ચોથા ગુણસ્થાનકે કયા કયા પતદ્ગ્રહોમાં કયાં કયાં સંક્રમસ્થાનો હોય છે તે કહે છે....આ ગુણસ્થાનકે અપ્રત્યાખ્યાનીય વગેરે બાદ કષાય, ભય અને જુગુપ્સા, એક યુગલ તથા પુરુષવેદ એમ બંધાતી સત્તર તેમજ સમ્યક્ત્વ મોહનીય અને મિશ્ર મોહનીય સહિત કુલ ઓગણીસના પતદ્ગ્રહમાં અઠ્ઠાવીસની સત્તાવાળાને સમ્યક્ત્વ મોહનીયનો સંક્રમ ન હોવાથી શેષ સત્તાવીસનો, અને ઉપશમ સમ્યક્ત્વની પ્રાપ્તિની અભ્યંતર આવલિકામાં રહેલ જીવને મિશ્ર મોહનીયનો સંક્રમ ન હોવાથી મિશ્ર અને સમ્યક્ત્વ મોહનીય વિના શેષ છવ્વીસ પ્રકૃતિઓનો તેમજ ચોવીસની સત્તાવાળાને ચાર અનંતાનુબંધી અને સમ્યક્ત્વ મોહનીય વિના શેષ ત્રેવીસનો સંક્રમ હોય છે.

ચોવીસની સત્તાવાળાને ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરતાં મિથ્યાત્વનો ક્ષય થયા પછી ત્રેવીસની સત્તા થાય ત્યારે મિશ્ર મોહનીય પતદ્ગ્રહ ન હોવાથી બંધાતી સત્તર અને સમ્યક્ત્વ મોહનીય એ અઢારના પતદ્ગ્રહમાં મિથ્યાત્વ અને સમ્યક્ત્વ મોહનીય વિના શેષ બાવીસનો સંક્રમ થાય છે અને એ જ જીવને મિશ્રનો ક્ષય થયા પછી બાવીસની સત્તા થાય ત્યારે સમ્યક્ત્વ મોહનીય સંક્રમ અને પતદ્ગ્રહ એમ બન્નેમાં ન હોવાથી તેને અથવા ક્ષાયિક સમ્યગ્દષ્ટિને શેષ ચારિત્ર મોહનીયની એકવીસ પ્રકૃતિઓનો સંક્રમ બંધાતી સત્તર પ્રકૃતિરૂપ પતદ્ગ્રહમાં થાય છે. એ પ્રમાણે અહીં ઓગણીસના પતદ્ગ્રહમાં ૨૭, ૨૬, ૨૩ એ ત્રણ અને ૧૮ના પતદ્ગ્રહમાં ૨૨, અને ૧૭ના પતદ્ગ્રહમાં ૨૧ એમ પાંચ સંક્રમ સ્થાનો અને ત્રણ પતદ્ગ્રહ સ્થાનો હોય છે.

એમ પાંચમે, છઠ્ઠે તેમજ સાતમે ગુણસ્થાનકે પણ પાંચ-પાંચ સંક્રમ સ્થાનો અને ત્રણ-ત્રણ પતદ્‌ગ્રહો હોય છે, પરંતુ પાંચમા ગુણસ્થાનકે અપ્રત્યાખ્યાનીય ચતુષ્કનો બંધ ન હોવાથી ૧૯,૧૮ અને ૧૭ એ ત્રણને બદલે ક્રમશઃ ૧૫, ૧૪ અને ૧૩ એ ત્રણ પતદ્‌ગ્રહો અને છઠ્ઠે-સાતમે ગુણસ્થાનકે પ્રત્યાખ્યાનીય ચતુષ્કનો બંધ ન હોવાથી ઉપરના ત્રણ પતદ્‌ગ્રહોમાંની ચાર પ્રકૃતિ બાદ કરતાં ક્રમશઃ ૧૧, ૧૦ અને ૯ પ્રકૃતિરૂપ ત્રણ પતદ્‌ગ્રહો હોય છે.

ત્યાં પાંચમા ગુણસ્થાનકે પૂર્વોક્ત રીતે પંદરના પતદ્‌ગ્રહમાં ૨૭, ૨૬ અને ૨૩ એ ત્રણ, અને ૧૪ના પતદ્‌ગ્રહમાં ૨૨, તથા ૧૩ના પતદ્‌ગ્રહમાં ૨૧ એમ પાંચ સંક્રમ સ્થાનો, અને છઠ્ઠે તથા સાતમે ગુણસ્થાનકે ૧૧ના પતદ્‌ગ્રહમાં ૨૭, ૨૬ અને ૨૩ એ ત્રણ ૧૦ના પતદ્‌ગ્રહમાં ૨૨, અને ૯ના પતદ્‌ગ્રહમાં ૨૧ એ પાંચ સંક્રમ સ્થાનો હોય છે.

આઠમા ગુણસ્થાનકે ચાર સંજ્વલન, ભય, જુગુપ્સા, હાસ્ય, રતિ અને પુરુષવેદ એ બંધાતી નવ તેમજ મિશ્ર અને સમ્યક્ત્વ મોહનીય એમ અગિયારના પતદ્‌ગ્રહમાં અઠ્ઠાવીસ અને ચોવીસની સત્તાવાળા ઔપશમિક સમ્યગ્દૃષ્ટિને અનંતાનુબંધી અને સમ્યક્ત્વ મોહનીય વિના શેષ ત્રેવીસનો સંક્રમ થાય છે. ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિને એ જ મિશ્ર અને સમ્યક્ત્વ મોહનીય વિના શેષ નવના પતદ્‌ગ્રહમાં એકવીસનો સંક્રમ હોય છે.

ઉપશમસમ્યક્ત્વીને ઉપશમ શ્રેણિ આશ્રયી પતદ્‌ગ્રહમાં સંક્રમસ્થાનો

નવમા ગુણસ્થાનકે ચાર સંજ્વલન અને પુરુષવેદ એ પાંચ પ્રકૃતિઓ બંધાય છે, અને મિશ્રમાં મિથ્યાત્વનો, તેમજ સમ્યક્ત્વ મોહનીયમાં મિશ્ર તથા મિથ્યાત્વ એ બેનો સંક્રમ થતો હોવાથી મિશ્ર અને સમ્યક્ત્વમોહનીય એ બે અને પૂર્વોક્ત પાંચ એ સાત પ્રકૃતિઓ પતદ્‌ગ્રહ હોય છે. અને અઠ્ઠાવીસની અથવા આ ગ્રંથના મતે અનંતાનુબંધી વિના ચોવીસ પ્રકૃતિઓની સત્તા હોય છે, પરંતુ સમ્યક્ત્વમોહનીયનો સંક્રમ ન હોવાથી અંતરકરણ ન કરે ત્યાં સુધી તે વિના શેષ ત્રેવીસનો સંક્રમ સાતમાં થાય છે અને તે જ સાતના પતદ્‌ગ્રહમાં અંતરકરણ કર્યા પછી સંજ્વલનલોભનો સંક્રમ ન હોવાથી સમ્યક્ત્વમોહનીય અને સંજ્વલન લોભ વિના શેષ બાવીસનો, નપુંસકવેદનો ઉપશમ થયા બાદ ૨૧નો, સ્ત્રીવેદનો ઉપશમ થયા પછી ૨૦નો એમ ચાર સંક્રમસ્થાનો થાય છે, અને પુરુષવેદની પ્રથમસ્થિતિ સમયોન બે આવલિકા બાકી રહે ત્યારે પુરુષવેદ પતદ્‌ગ્રહ ન હોવાથી પુરુષવેદ વિના શેષ છના પતદ્‌ગ્રહમાં સમયોન બે આવલિકાકાળ સુધી વીસ અને હાસ્ય ષટ્કનો ઉપશમ થયા બાદ સમયોન બે આવલિકાકાળ સુધી શેષ ચૌદનો સંક્રમ થાય છે. કારણ કે હાસ્ય ષટ્કનો ઉપશમ થયા બાદ સમયોન બે આવલિકાકાળ પછી પુરુષવેદનો પણ સંપૂર્ણ ઉપશમ થઈ જાય છે અને પુરુષવેદનો ઉપશમ થયા બાદ શેષ તેરનો સંક્રમ થાય છે. એમ ત્રણ સંક્રમસ્થાનો હોય છે.

સંજ્વલન ક્રોધની પ્રથમ સ્થિતિ સમયોન ત્રણ આવલિકા બાકી રહે ત્યારે તે અપતદ્‌ગ્રહ થાય છે માટે સંજ્વલન ક્રોધ વિના શેષ પાંચના પતદ્‌ગ્રહમાં સમયોન બે આવલિકા સુધી ૧૩નો, અપ્રત્યાખ્યાનીય તથા પ્રત્યાખ્યાનીય ક્રોધનો ઉપશમ થયા બાદ સમયોન બે આવલિકા સુધી શેષ ૧૧નો, અને સંજ્વલન ક્રોધનો ઉપશમ થયા બાદ શેષ ૧૦નો અંતર્મુહૂર્તકાળ સુધી હોય છે.

સંજ્વલનમાનની પ્રથમ સ્થિતિ સમયોન ત્રણ આવલિકા બાકી રહે ત્યારે તે અપતદ્ગ્રહ હોવાથી સંજ્વલન માયા અને લોભ, મિશ્ર અને સમ્યક્ત્વમોહનીય એ ચારના પતદ્ગ્રહમાં સમયોન બે આવલિકા સુધી ૧૦નો, અપ્રત્યાખ્યાનીય-પ્રત્યાખ્યાનીય એ બે માનનો ઉપશમ થયા બાદ સમયોન બે આવલિકા સુધી શેષ ૮નો અને સંજ્વલન માનનો ઉપશમ થયા બાદ અંતર્મુહૂર્ત્ત સુધી શેષ સાતનો સંક્રમ થાય છે.

સંજ્વલન માયાની પ્રથમ સ્થિતિ સમયોન ત્રણ આવલિકા શેષ રહે તે અપતદ્ગ્રહ થાય છે તેથી સંજ્વલન માયા વિના શેષ ત્રણના પતદ્ગ્રહમાં સમયોન બે આવલિકા સુધી સાતનો અને અપ્રત્યાખ્યાનીય પ્રત્યાખ્યાનીય એ બે માયાનો ઉપશમ થાય ત્યારે સમયોન બે આવલિકા સુધી શેષ પાંચનો અને સંજ્વલન માયાનો ઉપશમ થાય ત્યારે અંતર્મુહૂર્ત્ત સુધી શેષ ચારનો સંક્રમ થાય છે.

સંજ્વલન લોભની પ્રથમ સ્થિતિ સમયોન ત્રણ આવલિકા બાકી રહે ત્યારે તે પણ અપતદ્ગ્રહ થવાથી અપ્રત્યાખ્યાનીય અને પ્રત્યાખ્યાનીય લોભનો તેમાં સંક્રમ થતો નથી માટે તે સમયથી અગિયારમા ગુણસ્થાનક સુધી મિશ્ર અને સમ્યક્ત્વમોહનીય એ બેમાં મિથ્યાત્વ અને મિશ્રમોહનીય એ બેનો સંક્રમ થાય છે.

ક્ષાયિકસમ્યક્ત્વીને ઉપશમશ્રેણિ આશ્રયી પતદ્ગ્રહમાં સંક્રમસ્થાનો

ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ ઉપશમશ્રેણિ આશ્રયી સંક્રમ અને પતદ્ગ્રહ સ્થાનો ઉપર પ્રમાણે જ હોય છે માત્ર દર્શનત્રિક સત્તામાં ન હોવાથી સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીય રૂપ બે પ્રકૃતિઓ પતદ્ગ્રહમાં અને મિથ્યાત્વ તથા મિશ્ર એ બે પ્રકૃતિઓ સંક્રમમાં ન હોવાથી દરેક પતદ્ગ્રહ અને સંક્રમ સ્થાનોમાં બે-બે પ્રકૃતિઓ ઓછી લેવી.

ચાર સંજ્વલન અને પુરુષવેદ એ પાંચના પતદ્ગ્રહમાં અંતરકરણ ન કરે ત્યાં સુધી ૨૧, અંતરકરણ કર્યા પછી સંજ્વલન લોભ વિના ૨૦, નપુંસક વેદના ઉપશમ પછી ૧૯, સ્ત્રીવેદના ઉપશમ પછી ૧૮, એ ચાર સંક્રમસ્થાનો હોય છે.

પુરુષવેદની પ્રથમ સ્થિતિ સમયોન બે આવલિકા બાકી રહે ત્યારે તે અપતદ્ગ્રહ થવાથી શેષ ચારના પતદ્ગ્રહમાં સમયોન બે આવલિકાકાળ સુધી ૧૮, હાસ્યષટ્કનો ઉપશમ થયા બાદ સમયોન બે આવલિકાકાળ સુધી ૧૨, અને પુરુષવેદ ઉપશમ થયા પછી અંતર્મુહૂર્ત્ત સુધી ૧૧, એમ ત્રણ સંક્રમસ્થાનો હોય છે.

સંજ્વલનક્રોધ અપતદ્ગ્રહ થાય ત્યારે શેષ ત્રણમાં સમયોન બે આવલિકા સુધી ૧૧નો, અપ્રત્યાખ્યાનીય પ્રત્યાખ્યાનીય બે ક્રોધનો ઉપશમ થયા બાદ સમયોન બે આવલિકા સુધી ૯નો, અને સંજ્વલન ક્રોધનો ઉપશમ થયા બાદ અંતર્મુહૂર્ત્ત સુધી ૮નો સંક્રમ હોય છે.

સંજ્વલનમાન અપતદ્ગ્રહ થાય ત્યારે સંજ્વલમાયા અને લોભ એ બેના પતદ્ગ્રહમાં સમયોન બે આવલિકા સુધી ૮નો, અપ્રત્યાખ્યાનીય પ્રત્યાખ્યાનીય માનનો ઉપશમ થયા બાદ સમયોન બે આવલિકા સુધી ૬નો, અનો સંજ્વલનમાનનો ઉપશમ થયા બાદ અંતર્મુહૂર્ત્ત સુધી ૫નો સંક્રમ હોય છે.

સંજ્વલનમાયા અપતદ્ગ્રહ થાય ત્યારે સંજ્વલલોભ રૂપ એકના પતદ્ગ્રહમાં સમયોન બે આવલિકા સુધી પનો, અપ્રત્યાખ્યાનીય પ્રત્યાખ્યાનીય એ બે માયા ઉપશમ્યા પછી સમયોન બે આવલિકા સુધી ત્રણનો અને સંજ્વલનમાયાનો ઉપશમ થયા બાદ અંતર્મુહૂર્ત્ત સુધી બેનો સંક્રમ હોય છે. અને નવમા ગુણસ્થાનકનો સમયોન બે આવલિકાકાળ બાકી રહે ત્યારે સંજ્વલનલોભ પણ અપતદ્ગ્રહ થવાથી મોહનીયની કોઈપણ પ્રકૃતિઓનો સંક્રમ થતો નથી.

ક્ષપકશ્રેણિ આશ્રયી પતદ્ગ્રહમાં સંક્રમસ્થાનો

ચાર સંજ્વલન અને પુરુષવેદ એ પાંચના પતદ્ગ્રહમાં મધ્યમના આઠ કષાયનો ક્ષય ન થાય ત્યાં સુધી ૨૧ અને આઠ કષાયનો ક્ષય થયા બાદ ૧૩, અંતરકરણ કર્યા પછી સંજ્વલન લોભનો સંક્રમ ન હોવાથી શેષ ૧૨, નપુંસકવેદના ક્ષય પછી ૧૧, સ્ત્રીવેદના ક્ષય પછી ૧૦, એ પાંચ સંક્રમસ્થાનો હોય છે.

પુરુષવેદની પ્રથમસ્થિતિ સમયોન બે આવલિકા રહે ત્યારે પુરુષવેદ અપતદ્ગ્રહ થવાથી શેષ ચાર સંજ્વલન રૂપ પતદ્ગ્રહમાં સમયોન બે આવલિકા સુધી ૧૦નો સંક્રમ હોય છે. અને હાસ્યષટ્કનો ક્ષય થયા બાદ પુરુષવેદ અને સંજ્વલન ક્રોધાદિ ત્રણ એ ચારનો સંક્રમ સમયોન બે આવલિકા સુધી ચારના પતદ્ગ્રહમાં થાય છે. તેમજ હાસ્યષટ્કના ક્ષય પછી સમયોન બે આવલિકાકાળે પુરુષવેદનો સંપૂર્ણ ક્ષય થઈ જાય છે. તેથી સંજ્વલન ક્રોધમાં સંક્રમવા યોગ્ય કોઈપણ પ્રકૃતિ રહેતી નથી. કારણ કે અંતરકરણ કર્યા પછી સંજ્વલન ક્રોધાદિ ચારનો સંક્રમ અનુક્રમે જ થાય છે. માટે પુરુષવેદના ક્ષય સાથે જ સંજ્વલન ક્રોધની પતદ્ગ્રહતા નષ્ટ થઈ જાય છે. એ જ પ્રમાણે હવે પછી પણ ક્રોધાદિનો ક્ષય થાય ત્યારે માનાદિકમાં સંક્રમવા યોગ્ય કોઈ પ્રકૃતિ ન રહેવાથી સંજ્વલન ક્રોધના ક્ષયની સાથે જ સંજ્વલન માનની, સંજ્વલન માનના ક્ષયની સાથે જ સંજ્વલન માયાની અને સંજ્વલન માયાના ક્ષયની સાથે જ સંજ્વલન લોભની પતદ્ગ્રહતા નષ્ટ થાય છે. તેથી પુરુષવેદના ક્ષયની પછી સંજ્વલન માનાદિક ત્રણના પતદ્ગ્રહમાં અંતર્મુહૂર્ત્તકાળ સુધી સંજ્વલન ક્રોધાદિ ત્રણનો, સંજ્વલન ક્રોધનો ક્ષય થયા પછી સંજ્વલન માયાદિ બેના પતદ્ગ્રહમાં અંતર્મુહૂર્ત્ત સુધી સંજ્વલન માનાદિ બેનો અને સંજ્વલન માનનો ક્ષય થયા બાદ સંજ્વલન લોભરૂપ એકના પતદ્ગ્રહમાં અંતર્મુહૂર્ત્તકાળ સુધી એક સંજ્વલન માયાનો સંક્રમ થાય છે. અને સંજ્વલન માયાનો ક્ષય થયા પછી મોહનીયકર્મની કોઈપણ પ્રકૃતિનો કોઈપણ પ્રકૃતિમાં સંક્રમ થતો નથી.

અંતરકરણ કર્યા પછી સંજ્વલન લોભનો સંક્રમ થતો નથી માટે અંતરકરણ થયું છે કે નથી થયું તેમજ ઔપશમિક તથા ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિને મિથ્યાત્વ અને મિશ્રમોહનીયનો સંક્રમ થાય છે, ક્ષાયિકને નહીં માટે ક્ષાયિક સમ્યક્ત્વી છે કે અન્ય સમ્યગ્દષ્ટિ છે તેમજ અનંતાનુબંધી, સમ્યક્ત્વમોહનીય તથા મિશ્રમોહનીયની ઉદ્વલના કરી હોય તેને તેનો, અથવા અનંતાનુબંધીની ઉદ્વલના કરી મિથ્યાત્વ ગુણઠાણે આવેલ જીવને તેની પ્રથમ બંધાવલિકામાં અનંતાનુબંધીનો સંક્રમ હોતો નથી, અન્યને હોય છે અને શેષ મોહનીયની પ્રકૃતિઓનો ક્ષય અથવા ઉપશમ ન થાય ત્યાં સુધી સંક્રમ હોય છે પણ પછી હોતો નથી. આ બાબતો ધ્યાનમાં રાખવાથી સંક્રમસ્થાનો સહેલાઈથી શોધી શકાશે.

હવે કયું કયું સંક્રમસ્થાન કયા કયા ગુણસ્થાનક સુધી હોય છે તે બતાવે છે. ૨૭ તથા ૨૬નો સંક્રમ પહેલે અને ચારથી સાત એમ કુલ પાંચ ગુણસ્થાનકે હોય છે. ૨૫નો સંક્રમ પ્રથમના ત્રણ ગુણસ્થાનકે હોય છે. અને ૨૩નો સંક્રમ પહેલે તેમજ ચારથી સાત અને આઠમાથી નવમા ગુણસ્થાનકે અંતરકરણ ન કરે ત્યાં સુધી ઔપશમિક સમ્યગ્દૃષ્ટિને હોવાથી કુલ સાત ગુણસ્થાનકે હોય છે. ૨૨નો સંક્રમ ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરનારને મિથ્યાત્વનો ક્ષય થયા બાદ ચારથી સાત એ ચાર ગુણઠાણે હોય છે. અને ઉપશમ સમ્યગ્દૃષ્ટિને ઉપશમશ્રેણિમાં અંતરકરણ કર્યા પછી સંજ્વલન લોભ વિના પણ ૨૨નો સંક્રમ હોય છે. ૨૧નો સંક્રમ ૨૪ની સત્તાવાળાને ત્રીજે અને ૨૨ની સત્તાવાળા ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિને ચારથી સાત તેમજ ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિને ચારથી નવમા ગુણસ્થાનકના સંખ્યાતા ભાગ સુધી હોવાથી કુલ સાત ગુણઠાણે હોય છે.

દર્શન સપ્તકનો ક્ષય કરેલ આત્માને જે ગુણઠાણે જેટલી પ્રકૃતિ બંધાતી હોય તેટલી જ પ્રકૃતિઓ પતદ્ગ્રહ હોય છે. માટે ચોથે ૧૭, પાંચમે ૧૩, અને સર્વવિરતને છઠ્ઠે, સાતમે અને આઠમે ૯ પ્રકૃતિરૂપ ત્રણ પતદ્ગ્રહો હોય છે અને દર્શનત્રિકની સત્તાવાળા ક્ષાયોપશમિક અથવા ઔપશમિક સમ્યગ્દૃષ્ટિને બંધ કરતાં સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીય એ બે પ્રકૃતિઓ પતદ્ગ્રહમાં વધારે હોવાથી ૧૭, ૧૩ અને ૯ ને બદલે ક્રમશઃ ૧૯, ૧૫, ૧૧ પ્રકૃતિરૂપ ત્રણ પતદ્ગ્રહો હોય છે. તેમજ ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરતાં મિથ્યાત્વમોહનીયનો ક્ષય થયા પછી સમ્યક્ત્વમોહનીય પતદ્ગ્રહ હોય છે પણ મિશ્રમોહનીય પતદ્ગ્રહ ન હોવાથી ચારથી સાત ગુણઠાણે ઉપરોક્ત ત્રણ પતદ્ગ્રહમાંથી એક પ્રકૃતિ ઓછી થવાથી ક્રમશઃ ૧૮, ૧૪, ૧૦ પ્રકૃતિરૂપ ત્રણ પતદ્ગ્રહો હોય છે અને મિશ્રગુણઠાણે બંધાતી ૧૭ પ્રકૃતિરૂપ એક જ પતદ્ગ્રહ હોય છે, અન્ય પતદ્ગ્રહો હોતા નથી.

પહેલે ગુણઠાણે મિથ્યાત્વ પતદ્ગ્રહ હોય તેવા જીવને ૨૨ અને અન્યને ૨૧ પ્રકૃતિરૂપ એ બે પતદ્ગ્રહો હોય છે અને સાસ્વાદન ગુણઠાણે બધ્યમાન ૨૧ પ્રકૃતિરૂપ એક જ પતદ્ગ્રહ હોય છે અને ક્ષપકશ્રેણિમાં તેમજ ક્ષાયિક સમ્યક્ત્વને ઉપશમશ્રેણિમાં નવમા ગુણઠાણે પાંચ, ચાર, ત્રણ, બે અને એક પ્રકૃતિરૂપ પાંચ બંધસ્થાન હોવાથી પાંચ પતદ્ગ્રહો હોય છે. તેમજ ઔપશમિક સમ્યક્ત્વીને ઉપશમશ્રેણિમાં મિશ્રમોહનીય મિથ્યાત્વનું અને સમ્યક્ત્વમોહનીય મિશ્ર અને મિથ્યાત્વનું પતદ્ગ્રહ હોવાથી આ બે અને પૂર્વોક્ત પાંચ એમ ૭, ૬, ૫, ૪, ૩, અને ૨ પ્રકૃતિરૂપ છ પતદ્ગ્રહો હોય છે. એમ કુલ મોહનીયકર્મના અઢાર જ પતદ્ગ્રહો હોય છે પણ તેથી અધિક હોતા નથી.

હવે શ્રેણિ આશ્રયી નવમે ગુણસ્થાનકે કયા કયા પતદ્ગ્રહમાં કેટલાં અને કયાં સંક્રમસ્થાનો હોય છે, તે કહે છે.

ઉપશમ સમ્યગ્દૃષ્ટિને ઉપશમશ્રેણિમાં બંધાતી પાંચ અને સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીય એ સાતના પતદ્ગ્રહમાં અંતરકરણ કર્યા પહેલાં સમ્યક્ત્વમોહનીય વિના ૨૩, અંતરકરણ કર્યા પછી સંજ્વલન લોભ વિના ૨૨, નપુંસકવેદનો ઉપશમ કર્યા બાદ ૨૧ અને સ્ત્રીવેદનો ઉપશમ કર્યા બાદ ૨૦, એ ચાર સંક્રમસ્થાનો હોય છે તેમજ એ જ જીવને પુરુષવેદ અપતદ્ગ્રહ થાય ત્યારે તે વિના શેષ ૬ના પતદ્ગ્રહમાં સમયોન બે આવલિકા સુધી પૂર્વોક્ત ૨૦,

તથા હાસ્યષટ્કનો ઉપશમ થયા પછી સમયોન બે આવલિકા સુધી ૧૪, અને પુરુષવેદનો ઉપશમ થયા બાદ ૧૩, એમ ત્રણ સંક્રમસ્થાનો હોય છે.

પાંચના પતદ્ગ્રહમાં ક્ષાયિક સમ્યક્ત્વીને ઉપશમશ્રેણિમાં અંતરકરણ ન કરે ત્યાં સુધી તથા ક્ષપકશ્રેણિમાં આઠ કષાયનો ક્ષય ન કરે ત્યાં સુધી ૨૧, ક્ષાયિક સમ્યક્ત્વીને ઉપશમશ્રેણિમાં અંતરકરણ કર્યા પછી સંજ્વલન લોભ વિના ૨૦, એને જ નપુંસકવેદના ઉપશમ પછી ૧૯, સ્રીવેદના ઉપશમ પછી ૧૮ તથા ક્ષપકશ્રેણિમાં આઠ કષાયના ક્ષય પછી ૧૩, અંતરકરણ કર્યા બાદ સંજ્વલન લોભ વિના ૧૨, નપુંસકવેદના ક્ષય પછી ૧૧, સ્રીવેદના ક્ષય પછી ૧૦, અથવા ઉપશમ સમ્યક્ત્વીને ઉપશમશ્રેણિમાં સંજ્વલન ક્રોધની પતદ્ગ્રહતા નષ્ટ થયા બાદ પાંચના પતદ્ગ્રહમાં સમયોન બે આવલિકા સુધી ૧૩, અપ્રત્યા, પ્રત્યા. બે ક્રોધનો ઉપશમ થયા બાદ સમયોન બે આવલિકા સુધી ૧૧ સંજ્વલન ક્રોધનો ઉપશમ થયા પછી અંતર્મુહૂર્ત્ત સુધી ૧૦, એમ આઠ સંક્રમસ્થાનો હોય છે.

ક્ષાયિક સમ્યગ્દષ્ટિને ઉપશમશ્રેણિમાં પુરુષવેદ પતદ્ગ્રહ થાય ત્યારે ચારના પતદ્ગ્રહમાં સમયોન બે આવલિકા સુધી ૧૮, એને જ હાસ્યષટ્કનો ઉપશમ થયા બાદ સમયોન બે આવલિકા સુધી ૧૨, પુરુષવેદના ઉપશમ પછી ૧૧, અને ઔપશમિક સમ્યક્ત્વીને ઉપશમશ્રેણિમાં સંજ્વલન માન અપતદ્ગ્રહ થાય ત્યારે સમયોન બે આવલિકા સુધી ૧૦, અથવા ક્ષપકશ્રેણિમાં પુરુષવેદ અપતદ્ગ્રહ થાય ત્યારે સમયોન બે આવલિકા સુધી ૧૦ અને ઔપશમિક સમ્યક્ત્વીને ઉપશમશ્રેણિમાં અપ્રત્યાખ્યાનીય પ્રત્યાખ્યાનીય બે માનનો ઉપશમ થાય ત્યારે સમયોન બે આવલિકા સુધી ૮, તથા એને જ સંજ્વલન માનનો ઉપશમ થયા બાદ અંતર્મુહૂર્ત્ત સુધી ૭, અને ક્ષપકશ્રેણિમાં હાસ્યષટ્કનો ક્ષય થયા પછી ચારના પતદ્ગ્રહમાં સમયોન બે આવલિકા સુધી ૪, એમ સાત સંક્રમસ્થાનો હોય છે.

ક્ષાયિક સમ્યક્ત્વીને ઉપશમશ્રેણિમાં સંજ્વલન ક્રોધ અપતદ્ગ્રહ થાય ત્યારે સંજ્વલન માયા વગેરે ત્રણના પતદ્ગ્રહમાં સમયોન બે આવલિકા સુધી મધ્યમના આઠ કષાય અને સંજ્વલન ક્રોધાદિક ત્રણ એ ૧૧, તથા એને જ અપ્રત્યા. પ્રત્યા. એ બે ક્રોધનો ઉપશમ થાય ત્યારે સમયોન બે આવલિકા સુધી ૯, અને એને જ સંજ્વલન ક્રોધનો ઉપશમ થયા બાદ અંતર્મુહૂર્ત્ત સુધી ૮, તેમજ ઔપશમિક સમ્યક્ત્વીને ઉપશમશ્રેણિમાં સંજ્વલન માયા અપતદ્ગ્રહ થયા બાદ સંજ્વલન લોભ અને મિશ્ર તથા સમ્યક્ત્વમોહનીય એ ત્રણના પતદ્ગ્રહમાં સમયોન બે આવલિકા સુધી અપ્રત્યા. વગેરે ત્રણ માયા, બે લોભ, મિથ્યાત્વ અને મિશ્રમોહનીય એ ૭, અને તેને જ બે માયાનો ઉપશમ થયા બાદ સમયોન બે આવલિકા સુધી ૫, અને સંજ્વલન માયાના ઉપશમ પછી અંતર્મુહૂર્ત્ત સુધી ૪, તેમજ ક્ષપકશ્રેણિમાં પુરુષવેદના ક્ષયની સાથે જ સંજ્વલન ક્રોધ અપતદ્ગ્રહ થવાથી શેષ ત્રણના પતદ્ગ્રહમાં સંજ્વલન લોભ વિના ૩, એમ ત્રણના પતદ્ગ્રહમાં સાત સંક્રમસ્થાનો હોય છે.

ક્ષાયિક સમ્યક્ત્વીને ઉપશમશ્રેણિમાં સંજ્વલન માન અપતદ્ગ્રહ થાય બાદ માયા અને લોભ એ ૨ના પતદ્ગ્રહમાં સમયોન બે આવલિકા સુધી અપ્રત્યાખ્યાનીય વગેરે ત્રણ માન, ત્રણ માયા અને બે લોભ એ ૮, અને બે માનનો ઉપશમ થયા બાદ સમયોન બે આવલિકા સુધી ૬,

અને સંજ્વલન માનના ઉપશમ પછી અંતર્મુહૂર્ત સુધી ૫, તેમજ ઔપશમિક સમ્યક્ત્વીને ઉપશમશ્રેણિમાં સંજ્વલન લોભની અપતદ્ગ્રહતા પછી મિશ્ર અને સમ્યક્ત્વમોહનીય રૂપ બેના પતદ્ગ્રહમાં મિથ્યાત્વ અને મિશ્ર એ ૨, અથવા ક્ષપકશ્રેણિમાં સંજ્વલન ક્રોધના ક્ષયની સાથે જ સંજ્વલન માનની અપતદ્ગ્રહતા થવાથી શેષ બેમાં સંજ્વલન માન અને માયા એ ૨, એમ ચાર સંક્રમસ્થાનો હોય છે.

ક્ષાયિક સમ્યક્ત્વીને ઉપશમશ્રેણિમાં સંજ્વલન માયાની પતદ્ગ્રહતા પછી લોભરૂપ એકના પતદ્ગ્રહમાં સમયોન બે આવલિકા સુધી અપ્રત્યાખ્યાનીય વગેરે ત્રણ માયા અને બે લોભ એમ ૫, બે માયાના ઉપશમ પછી સમયોન બે આવલિકા સુધી ૩, અને સંજ્વલન માયાના ઉપશમ બાદ અંતર્મુહૂર્ત સુધી ૨, તેમજ ક્ષપકશ્રેણિમાં એ જ એકના પતદ્ગ્રહમાં સંજ્વલન માયા ૧, એમ ચાર સંક્રમસ્થાનો હોય છે.

મોહનીય કર્મમાં સંક્રમસ્થાન વાર પતદ્ગ્રહો

હવે કયાં કયાં સંક્રમસ્થાનો કયા કયા પતદ્ગ્રહમાં પડે છે,....તે કહે છે—

૨૮ની સત્તાવાળા મિથ્યાદૃષ્ટિને મિથ્યાત્વ વિના ૨૭નો સંક્રમ બંધાતી ૨૨માં, ચોથે ગુણસ્થાનકે સમ્યક્ત્વમોહનીય વિના ૨૭નો ૧૯માં, પાંચમે ગુણસ્થાનકે ૧૫માં, અને છટ્ઠે તથા સાતમે ગુણસ્થાનકે ૧૧માં, એમ કુલ ચાર પતદ્ગ્રહમાં હોય છે.

૨૭ની સત્તાવાળા મિથ્યાદૃષ્ટિને મિથ્યાત્વ વિના શેષ ૨૬નો સંક્રમ ૨૨માં, ઉપશમ સમ્યક્ત્વની પ્રાપ્તિની અભ્યંતર આવલિકામાં વર્ત્તમાન ૨૮ની સત્તાવાળા ઔપશમિક સમ્યગ્દૃષ્ટિને સમ્યક્ત્વ તથા મિશ્રમોહનીય વિના શેષ ૨૬નો ૧૯માં, પાંચમે ગુણઠાણે ૧૫માં, છટ્ઠે તથા સાતમે ગુણઠાણે ૧૧માં એમ કુલ ચાર પતદ્ગ્રહમાં થાય છે.

૨૬ની સત્તાવાળા મિથ્યાદૃષ્ટિને મિથ્યાત્વ વિના શેષ ૨૫નો સંક્રમ મિથ્યાત્વ વિના બધ્યમાન ૨૧માં, સાસ્વાદન ગુણઠાણે ૨૮ની સત્તાવાળાને એ જ ૨૫નો ૨૧માં, મિશ્ર ગુણઠાણે ૨૮ તથા ૨૭ની સત્તાવાળાને ૨૫નો બધ્યમાન ૧૭માં એમ બે પતદ્ગ્રહમાં થાય છે.

૨૪ની સત્તાવાળો સમ્યગ્દૃષ્ટિ પ્રથમ ગુણઠાણે આવે ત્યારે ૨૮ની સત્તા થાય પણ પ્રથમ બંધ આવલિકામાં વર્ત્તમાનને અનંતાનુબંધી અને મિથ્યાત્વ વિના શેષ ૨૩નો સંક્રમ ૨૨માં, અને ૨૪ની સત્તાવાળાને ચોથા ગુણસ્થાનકે અનંતાનુબંધી અને સમ્યક્ત્વ મોહનીય વિના ૨૩નો ૧૯માં, પાંચમે ગુણઠાણે ૧૫માં, છટ્ઠે, સાતમે તથા આઠમે ગુણઠાણે ૧૧માં અને નવમે ગુણઠાણે અંતરકરણ કર્યા પહેલાં ૭માં, એમ પાંચ પતદ્ગ્રહમાં થાય છે.

૨૪ની સત્તાવાળા ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિને ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરતાં મિથ્યાત્વનો ક્ષય થાય ત્યારે ૨૩ની સત્તાવાળાને ચોથા ગુણઠાણે સમ્યક્ત્વ મોહનીય વિના શેષ ૨૨નો સંક્રમ સમ્યક્ત્વમોહનીય અને બધ્યમાન ૧૭ એમ ૧૮માં, પાંચમે ગુણસ્થાનકે બીજા ચાર કષાય વિના ૧૪માં, છટ્ઠે તથા સાતમે ગુણઠાણે ત્રીજા ચાર કષાય વિના ૧૦માં, અને ઉપશમ સમ્યક્ત્વીને ઉપશમશ્રેણિમાં અંતરકરણ કર્યા પછી સમ્યક્ત્વ મોહનીય અને સંજ્વલન લોભ વિના ૨૨નો સંક્રમ સાતમાં, એમ ચાર પતદ્ગ્રહમાં થાય છે.

કેટલાક આચાર્યોના મતે ૨૪ની સત્તાવાળા સાસ્વાદન સમ્યગ્દષ્ટિને દર્શનત્રિક વિના ૨૧નો બધ્યમાન ૨૧માં, મિશ્ર ગુણઠાણે બધ્યમાન ૧૭માં, ૨૨ની સત્તાવાળા ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિને અને ક્ષાયિક સમ્યગ્દષ્ટિને ચોથે ગુણઠાણે પણ બધ્યમાન ૧૭માં, પાંચમે ૧૩માં, છઠ્ઠે, સાતમે તથા આઠમે ૯માં, અને ઔપશમિક સમ્યગ્દષ્ટિને ઉપશમશ્રેણિની અંદર અંતરકરણમાં નપુંસકવેદના ઉપશમ પછી ૭માં, અને ક્ષાયિક સમ્યગ્દષ્ટિને નવમા ગુણઠાણે આઠ કષાયનો ક્ષય ન થાય અથવા અંતરકરણ ન કરે ત્યાં સુધી બધ્યમાન ૫માં, એમ છ પતદ્ગ્રહમાં થાય છે.

હવે પછીનાં સંક્રમસ્થાનો માત્ર શ્રેણિમાં નવમા ગુણઠાણે જ પ્રાપ્ત થાય છે. પરંતુ બેનો સંક્રમ દસમે અને અગિયારમે ગુણઠાણે હોય છે, એ વિશેષતા છે.

ઔપશમિક સમ્યગ્દષ્ટિને ઉપશમશ્રેણિમાં સ્ત્રીવેદનો ઉપશમ થયા બાદ ૨૦નો સંક્રમ ૭માં, પુરુષવેદ અપતદ્ગ્રહ થયા પછી પુરુષવેદ વિના ચાર સંજ્વલન, મિશ્ર તથા સમ્યક્ત્વ મોહનીય એ ૬માં, તેમજ ક્ષાયિક સમ્યક્ત્વીને ઉપશમશ્રેણિમાં અંતરકરણ કર્યા પછી સંજ્વલન લોભ વિના ૨૦નો બધ્યમાન ૫માં, એમ ત્રણ પતદ્ગ્રહમાં થાય છે. એ જ જીવને નપુંસકવેદનો ઉપશમ થયા બાદ ૧૯નો સંક્રમ બધ્યમાન પાંચ પ્રકૃતિરૂપ એક જ પતદ્ગ્રહમાં થાય છે. તેને જ સ્ત્રીવેદના ઉપશમ પછી ૧૮નો સંક્રમ પ્રથમ બધ્યમાન ૫માં, અને પુરુષવેદ અપતદ્ગ્રહ થયા બાદ ૪માં, એમ બે પતદ્ગ્રહમાં થાય છે.

ઉપશમ સમ્યક્ત્વીને ઉપશમશ્રેણિમાં હાસ્યષટ્કનો ઉપશમ થયા બાદ ૧૪નો સંક્રમ ચાર સંજ્વલન, મિશ્ર તથા સમ્યક્ત્વમોહનીય એ છ પ્રકૃતિરૂપ એક પતદ્ગ્રહમાં અને એ જ જીવને પુરુષવેદનો ઉપશમ થયા બાદ ૧૩નો સંક્રમ પ્રથમ એ જ ૬માં, અને સંજ્વલન ક્રોધ અપતદ્ગ્રહ થયા પછી શેષ ૫માં, અથવા ક્ષપકશ્રેણિમાં આઠ કષાયના ક્ષય પછી પણ ૫માં, એમ બે પતદ્ગ્રહમાં થાય છે.

ક્ષપકશ્રેણિમાં અંતરકરણ કર્યા પછી સંજ્વલન લોભ વિના ૧૨નો સંક્રમ ૫માં, તથા ક્ષાયિકસમ્યક્ત્વીને ઉપશમશ્રેણિમાં હાસ્યષટ્કનો ઉપશમ થયા બાદ ૪માં, એમ બે પતદ્ગ્રહમાં થાય છે.

ઔપશમિક સમ્યગ્દષ્ટિને ઉપશમશ્રેણિમાં ૧૧નો સંક્રમ સંજ્વલન ક્રોધ અપતદ્ગ્રહ થયા બાદ ૫માં, અથવા ક્ષપકશ્રેણિમાં નપુંસકવેદનો ક્ષય થયા પછી ૫માં, અને ક્ષાયિક સમ્યગ્દષ્ટિને ઉપશમશ્રેણિમાં પુરુષવેદના ઉપશમ પછી ૪માં, તેમજ સંજ્વલન ક્રોધ અપતદ્ગ્રહ થયા પછી ૩માં, એમ ત્રણ પતદ્ગ્રહમાં થાય છે.

ઉપશમ સમ્યક્ત્વીને ઉપશમશ્રેણિમાં સંજ્વલન ક્રોધના ઉપશમ પછી ૧૦નો સંક્રમ ૫માં, અને સંજ્વલન માન અપતદ્ગ્રહ થાય ત્યારે એ જ જીવને ૪માં થાય છે. અથવા ક્ષપકશ્રેણિમાં સ્ત્રીવેદના ક્ષય પછી બધ્યમાન પાંચમાં અને પુરુષવેદની અપતદ્ગ્રહતા થાય ત્યારે સમયોન આવલિકા સુધી ચારમાં દશનો સંક્રમ થાય છે.

ક્ષાયિક સમ્યક્ત્વીને ઉપશમશ્રેણિમાં અપ્રત્યા. પ્રત્યા. ક્રોધનો ઉપશમ થયા પછી ૯નો

સંક્રમ સંજ્વલન માનાદિક ૩માં છે.

ઉપશમ સમ્યક્ત્વીને ઉપશમશ્રેણિમાં અપ્રત્યા. પ્રત્યા. માનનો ઉપશમ થાય બાદ ૮નો સંક્રમ ૪માં અને ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિને ઉપશમશ્રેણિમાં સંજ્વલન ક્રોધનો ઉપશમ થાય બાદ સંજ્વલન માનાદિક ૩માં તથા એને જ સંજ્વલન માન અપતદ્ગ્રહ થાય ત્યારે સંજ્વલન માયા તથા લોભ એ ૨ના પતદ્ગ્રહમાં થાય છે.

ઉપશમ સમ્યક્ત્વીને ઉપશમશ્રેણિમાં સંજ્વલન માનનો ઉપશમ થયા પછી ૭નો સંક્રમ ૪માં અને સંજ્વલન માયા અપતદ્ગ્રહ થાય ત્યારે ૩માં થાય છે.

ક્ષાયિક સમ્યક્ત્વીને ઉપશમશ્રેણિમાં અપ્રત્યાખ્યાનીય પ્રત્યાખ્યાનીય માનનો ઉપશમ થયા પછી ૬નો સંક્રમ સંજ્વલન માયા અને લોભ એ ૨માં થાય છે.

ઉપશમ સમ્યક્ત્વીને ઉપશમશ્રેણિમાં અપ્રત્યાખ્યાનીય પ્રત્યાખ્યાનીય માયાનો ઉપશમ થયા બાદ ૫નો સંક્રમ ૩માં, ક્ષાયિક સમ્યક્ત્વીને ઉપશમશ્રેણિમાં સંજ્વલન માનનો ઉપશમ થયા બાદ ૨માં, અને સંજ્વલનમાયા અપતદ્ગ્રહ થાય ત્યારે સંજ્વલન લોભરૂપ ૧માં થાય છે.

ક્ષપકશ્રેણિમાં હાસ્યષટ્કનો ક્ષય થયા પછી સંજ્વલન લોભ વિના ૪નો સંક્રમ સંજ્વલન ક્રોધાદિક ૪માં અને ઉપશમ સમ્યક્ત્વીને ઉપશમશ્રેણિમાં સંજ્વલન માયાનો ઉપશમ થયા બાદ ૩માં થાય છે.

ક્ષપકશ્રેણિમાં પુરુષવેદના ક્ષય પછી ૩નો સંક્રમ ૩માં અને ક્ષાયિક સમ્યક્ત્વીને ઉપશમશ્રેણિમાં અપ્રત્યા. પ્રત્યા. માયાનો ઉપશમ થયા બાદ ૧ લોભમાં થાય છે.

ઉપશમ સમ્યક્ત્વીને ઉપશમશ્રેણિમાં લોભ અપતદ્ગ્રહ થયા બાદ ૨નો સંક્રમ ૨માં અથવા ક્ષપકશ્રેણિમાં ક્રોધનો ક્ષય થયા પછી ૨નો સંજ્વલન માયા અને સંજ્વલન લોભ એ ૨માં અને ક્ષાયિક સમ્યક્ત્વીને ઉપશમશ્રેણિમાં સંજ્વલન માયાનો ઉપશમ થયા બાદ સંજ્વલન લોભ રૂપ ૧માં થાય છે.

ક્ષપકશ્રેણિમાં સંજ્વલન માનનો ક્ષય થયા પછી ૧ સંજ્વલન માયાનો સંજ્વલન લોભ રૂપ ૧ના પતદ્ગ્રહમાં સંક્રમ થાય છે.

નામકર્મનાં સંક્રમસ્થાન તથા પતદ્ગ્રહ સ્થાનો

નામકર્મનાં સંક્રમસ્થાનો અને પતદ્ગ્રહ સ્થાનોનો વિચાર કરતાં પહેલાં સત્તાસ્થાનો અને બંધસ્થાનો કહે છે.

નામ કર્મની સર્વે પ્રકૃતિઓ સત્તામાં હોય ત્યારે ૧૦૩, જિનનામ સત્તામાં ન હોય ત્યારે ૧૦૨, આહારક સપ્તક વિના શેષ સર્વ પ્રકૃતિઓ હોય ત્યારે ૯૬ અને જિનનામ તથા આહારક સપ્તક વિના શેષ પ્રકૃતિઓની સત્તા હોય ત્યારે ૯૫. આ ચાર સત્તાસ્થાનોને પ્રથમ સત્તાસ્થાન ચતુષ્ક કહેવાય છે.

આ ચાર સત્તાસ્થાનવાળા જીવોને ક્ષપકશ્રેણિમાં નવમા ગુણઠાણે સ્થાવરદ્વિક વગેરે નામ કર્મની ૧૩ પ્રકૃતિઓનો ક્ષય થયા બાદ ક્રમશઃ ૯૦, ૮૯, ૮૩ અને ૮૨. આ ચાર સત્તાસ્થાનો

થાય છે. આ દ્વિતીય સત્તાસ્થાન ચતુષ્ક કહેવાય છે.

૯૫ની સત્તાવાળાને દેવદ્વિકની ઉદ્વલના થયા બાદ ૯૩ અથવા ૮૪ની સત્તાવાળાને વૈક્રિયસપ્તક તથા દેવદ્વિક અથવા વૈક્રિયસપ્તક અને નરકદ્વિક એ નવનો બંધ થાય ત્યારે ૯૩, અને ૯૩માંથી નરકદ્વિક અને વૈક્રિયસપ્તક એ નવની ઉદ્વલના થાય ત્યારે ૮૪, અથવા ૮૨ની સત્તાવાળાને મનુષ્યદ્વિકનો બંધ થાય ત્યારે ૮૪, અને તેમાંથી મનુષ્યદ્વિકની ઉદ્વલના થાય ત્યારે ૮૨નું સત્તાસ્થાન થાય છે. આ ત્રણ સત્તાસ્થાનોને અધ્રુવ સત્તાસ્થાન કહેવાય છે.

૮૨નું સત્તાસ્થાન, ૯૫ની સત્તાવાળાને ક્ષપકશ્રેણિમાં ૧૩ પ્રકૃતિઓનો ક્ષય થયા બાદ અને ૮૪ની સત્તાવાળા તેઉકાય-વાયુકાયને મનુષ્યદ્વિકની ઉદ્વલના થયા બાદ—એમ બે રીતે આવે છે, તેથી બન્નેમાં પ્રકૃતિઓ ભિન્ન હોવા છતાં પ્રકૃતિઓની સંખ્યા સમાન હોવાથી એક જ ગણાય છે.

આ દશ સત્તાસ્થાનોમાંથી ૯૦ અને ૮૩ એ બે સત્તાસ્થાનો સંક્રમમાં આવતાં નથી. તેનું કારણ આગળ સમજાવશે. તે સિવાયનાં આઠ સત્તાસ્થાનો સંક્રમમાં છે. તેમજ ૯ અને ૮ પ્રકૃતિરૂપ બે સત્તાસ્થાનો ચૌદમા ગુણસ્થાનકના ચરમસમયે હોવાથી પતદ્ગ્રહના અભાવે સંક્રમરૂપે થતા નથી તથા ૧૦૧, ૯૪, ૮૮ અને ૮૧ આ ચાર સંક્રમસ્થાનો સત્તાસ્થાનોથી અતિરિક્ત છે તેથી સત્તાસ્થાનોની જેમ કુલ સંક્રમસ્થાનો પણ બાર છે.

૨૩, ૨૫, ૨૬, ૨૮, ૨૯, ૩૦, ૩૧ અને ૧ પ્રકૃતિરૂપ જે આઠ બંધસ્થાનો છે, તે જ આઠ પતદ્ગ્રહ સ્થાનો છે.

નામકર્મનાં પતદ્ગ્રહોમાં સંક્રમસ્થાનો

હવે કયા કયા પતદ્ગ્રહોમાં કેટલાં અને કયાં કયાં સંક્રમસ્થાનો હોય છે, તે કહે છે....

આઠમા ગુણસ્થાનકના સાતમા ભાગથી દસમા ગુણસ્થાનક સુધી એક યશઃકીર્ત્તિ બંધાય છે તેથી યશઃકીર્ત્તિરૂપ ૧ પ્રકૃતિનું પતદ્ગ્રહ હોય છે. પરંતુ ત્યાં તે સિવાય નામ કર્મની બીજી કોઈ પ્રકૃતિ બંધાતી ન હોવાથી યશઃકીર્ત્તિનો સંક્રમ થતો નથી.

સામાન્યથી અનેક જીવો આશ્રયી ઉપશમશ્રેણિમાં આઠમા ગુણઠાણાથી દશમા ગુણઠાણા સુધી અને ક્ષપકશ્રેણિમાં નવમા ગુણઠાણે નામ કર્મની ૧૩ પ્રકૃતિઓનો ક્ષય ન થાય ત્યાં સુધી ૧૦૩ વગેરે પ્રથમનાં ચાર સત્તાસ્થાનો હોય છે અને ક્ષપકશ્રેણિમાં નવમા ગુણઠાણે ૧૩ પ્રકૃતિઓનો ક્ષય થયા પછી દશમા ગુણઠાણા સુધી ૯૦, ૮૯, ૮૩, ૮૨ એ ચાર સત્તાસ્થાનો હોય છે.

તેથી આઠમા ગુણઠાણાના સાતમા ભાગથી ઉપશમશ્રેણિમાં દસમા ગુણઠાણા સુધી અને ક્ષપકશ્રેણિમાં નવમા ગુણઠાણાના પહેલા ભાગ સુધી યશઃકીર્ત્તિ રૂપ ૧ના પતદ્ગ્રહમાં ૧૦૩, ૧૦૨, ૯૬ અને ૯૫ની સત્તાવાળા જીવોને યશઃકીર્તિ વિના ક્રમશઃ ૧૦૨, ૧૦૧, ૯૫ અને ૯૪ પ્રકૃતિરૂપ ચાર, અને ક્ષપકશ્રેણિમાં નવમા ગુણસ્થાનકના બીજા ભાગથી દશમા ગુણસ્થાનક સુધી ૯૦, ૮૯, ૮૩ અને ૮૨ની સત્તાવાળા જીવોને યશઃકીર્તિ વિના ક્રમશઃ ૮૯, ૮૮, ૮૨ અને ૮૧ પ્રકૃતિરૂપ ચાર, એમ કુલ આઠ સંક્રમસ્થાનો હોય છે.

અપર્યાપ્ત એકેન્દ્રિય પ્રાયોગ્ય ત્રેવીસ પ્રકૃતિઓનો બંધ કરનારા તિર્યંચ અને મનુષ્યો હોય છે. અને સામાન્યથી આ ત્રેવીસ પ્રકૃતિ બાંધતા તેઓને ૧૦૨, ૯૫, ૯૩, ૮૪, ૮૨ એ પાંચ સત્તાસ્થાનો હોય છે. તેથી ૨૩ના પતદ્ગ્રહમાં તિર્યંચોને આ પાંચ અને મનુષ્યોને ૮૨ નું સત્તાસ્થાન ન હોવાથી શેષ ચાર સંક્રમસ્થાનો હોય છે.

પર્યાપ્ત એકેન્દ્રિય પ્રાયોગ્ય પચીસ પ્રકૃતિઓનો બંધ કરનારા સામાન્યથી નરક સિવાય ત્રણ ગતિના જીવો હોય છે. અને ત્રેવીસના બંધસ્થાનની જેમ પચીસના બંધે પણ સામાન્યથી પાંચ સત્તાસ્થાનો હોય છે. તેથી અહીં પણ ૨૫ના પતદ્ગ્રહમાં તિર્યંચોને પાંચેય સંક્રમસ્થાનો હોય છે પરંતુ મનુષ્યોને ૮૨ વિના ચાર અને દેવોને ૧૦૨ તથા ૯૫ પ્રકૃતિરૂપ બે સંક્રમસ્થાનો હોય છે.

અપર્યાપ્ત ત્રસ પ્રાયોગ્ય ૨૫ પ્રકૃતિનો બંધ કરનાર મનુષ્ય અને તિર્યંચો જ હોય છે, તેથી તે પચીસના પતદ્ગ્રહમાં પણ મનુષ્યોને ૮૨ વિના ચાર, અને તિર્યંચોને પાંચે સંક્રમસ્થાનો હોય છે, પરંતુ અપર્યાપ્ત મનુષ્ય પ્રાયોગ્ય પચીસનો બંધ કરનાર તિર્યંચોને ૮૨નું સત્તાસ્થાન ન હોવાથી તે વિના શેષ ચાર સંક્રમસ્થાન હોય છે.

પર્યાપ્ત એકેન્દ્રિય પ્રાયોગ્ય છવ્વીસ પ્રકૃતિઓનો બંધ કરનાર નરક વિના ત્રણ ગતિના જીવો હોય છે અને સામાન્યથી પૂર્વોક્ત પાંચ સત્તાસ્થાનો હોવાથી છવ્વીસના પતદ્ગ્રહમાં પણ તિર્યંચોને પાંચ સંક્રમસ્થાનો છે પરંતુ મનુષ્યોને ૮૨ વિના ચાર, અને દેવોને ૧૦૨, ૯૫ એમ બે સંક્રમસ્થાનો હોય છે.

દેવ અથવા નરક પ્રાયોગ્ય ૨૮ પ્રકૃતિના પતદ્ગ્રહમાં ૧૦૨ની સત્તાવાળાને ૧૦૨, પ્રથમ નરકાયુ બાંધી ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરી જિનનામ બાંધનાર ૯૬ની સત્તાવાળા મનુષ્યને મિથ્યાત્વ અને નરકાભિમુખ અવસ્થામાં નરક પ્રાયોગ્ય ૨૮ના પતદ્ગ્રહમાં ૯૬, અને દેવ તથા નરક પ્રાયોગ્ય એમ બન્ને પ્રકારના ૨૮ના પતદ્ગ્રહમાં ૯૫ની સત્તાવાળા મનુષ્ય તથા તિર્યંચને ૯૫, ૯૫ની સત્તાવાળાને દેવદ્વિકની અથવા નરકદ્વિકની બંધ આવલિકા વ્યતીત ન થાય ત્યાં સુધી ૯૩, ૯૩ની સત્તાવાળાને વૈક્રિયસપ્તક અને દેવદ્વિક અથવા વૈક્રિયસપ્તક અને નરકદ્વિક એ નવની પ્રથમ બંધ આવલિકામાં ૮૪, એમ પાંચ સંક્રમસ્થાનો હોય છે અર્થાત્ નરક પ્રાયોગ્ય ૨૮ના પતદ્ગ્રહમાં પાંચ અને દેવપ્રાયોગ્ય ૨૮ના પતદ્ગ્રહમાં ૯૬ વિનાનાં ચાર સંક્રમસ્થાનો હોય છે.

તિર્યંચ, મનુષ્ય અને જિનનામ સહિત દેવ પ્રાયોગ્ય એમ ત્રણે પ્રકારના ૨૯ પ્રકૃતિના બંધરૂપ પતદ્ગ્રહમાં સામાન્યથી ૧૦૩, ૧૦૨, ૯૬, ૯૫, ૯૩, ૮૪ અને ૮૨ એ સાત સંક્રમસ્થાનો હોય છે. તેમાં તિર્યંચ પ્રાયોગ્ય પતદ્ગ્રહમાં દેવતાઓને તથા નારકોને ૧૦૨ અને ૯૫ એ બે સત્તાસ્થાનો હોવાથી બે સંક્રમસ્થાનો, મનુષ્યોને ૧૦૨, ૯૫, ૯૩ અને ૮૪ એ ચાર અને તિર્યંચોને ૮૨ સહિત એ પાંચ સંક્રમસ્થાનો હોય છે, મનુષ્ય પ્રાયોગ્ય પતદ્ગ્રહમાં દેવતાઓને ૧૦૨ અને ૯૫ રૂપ બે સત્તાસ્થાન હોવાથી બે, નારકોને એ બે ઉપરાંત જિનનામ સહિત ૯૬ની સત્તા હોય ત્યારે અપર્યાપ્ત-અવસ્થામાં મિથ્યાદષ્ટિને ૯૬ એમ ત્રણ, મનુષ્ય તથા

તિર્યંચોને ૧૦૨, ૯૫, ૯૩ અને ૮૪ એમ ચાર સંક્રમસ્થાનો હોય છે. જિનનામ સહિત દેવ પ્રાયોગ્ય પતદ્ગ્રહમાં ૧૦૩ની સત્તાવાળાને જિનનામ કર્મની બંધ આવલિકા વ્યતીત થયા બાદ ૧૦૩, બંધ આવલિકામાં ૧૦૨, તેમજ આહારક સપ્તક વિના ૯૬ની સત્તાવાળાને જિનનામની બંધ આવલિકા વ્યતીત થયા પછી ૯૬, અને જિનનામની પ્રથમ બંધ આવલિકામાં ૯૫, એમ કુલ ચાર સંક્રમસ્થાનો હોય છે.

ઉપર પ્રમાણે તિર્યંચ, મનુષ્ય અને દેવ પ્રાયોગ્ય ૩૦ના પતદ્ગ્રહોમાં સામાન્યથી ૧૦૩ વગેરે સાત સંક્રમસ્થાનો છે. ત્યાં ઉદ્યોત સહિત તિર્યંચ પ્રાયોગ્ય ૩૦ના પતદ્ગ્રહમાં દેવતા તથા નારકોને ૧૦૨ અને ૯૫ એ બે, મનુષ્યોને આ બે અને ૯૩ તથા ૮૪ એમ ચાર અને તિર્યંચોને ૮૨ સહિત પાંચ સંક્રમસ્થાનો છે. જિનનામ સહિત મનુષ્ય પ્રાયોગ્ય પતદ્ગ્રહમાં ૧૦૩ અને ૯૬ની સત્તાવાળા દેવોને ક્રમશઃ ૧૦૩ તથા ૯૬ એ બે, અને નારકોને ૧૦૩ની સત્તા ન હોવાથી ૯૬ નું એક સંક્રમસ્થાન હોય છે. આહારકદ્વિક સહિત દેવ પ્રાયોગ્ય ૩૦ના પતદ્ગ્રહમાં ૧૦૨ની સત્તાવાળા યતિને આહારકની અભ્યન્તર આવલિકામાં ૯૫ અને બંધ આવલિકા વ્યતીત થયા પછી ૧૦૨ એમ બે સંક્રમસ્થાનો હોય છે.

આહારકદ્વિક અને જિનનામ સહિત દેવ પ્રાયોગ્ય ૩૧ના પતદ્ગ્રહમાં ૧૦૩ની સત્તા હોય છે, પરંતુ આહારકદ્વિક અને જિનનામ એ ત્રણેની બંધ આવલિકા વ્યતીત થયા બાદ ૧૦૩, જિનનામની પ્રથમ બંધ આવલિકામાં જિનનામ વિના ૧૦૨, આહારકદ્વિકની પ્રથમ બંધ આવલિકામાં આહારક સપ્તક વિના ૯૬ અને જિનનામ તથા આહારકદ્વિક એ ત્રણેની પ્રથમ બંધ આવલિકામાં ૯૫ એમ ચાર સંક્રમસ્થાનો હોય છે.

કેટલાં અને કયાં સંક્રમસ્થાનો કયા કયા પતદ્ગ્રહોમાં સંક્રમે તે કહે છે.

૧૦૩નો સંક્રમ દેવ પ્રાયોગ્ય ૩૧, ૨૯ અને જિનનામ સહિત મનુષ્ય પ્રાયોગ્ય ૩૦ એમ ત્રણ પતદ્ગ્રહોમાં, ૧૦૨ તથા ૯૫નો સંક્રમ ૨૩ આદિ આઠે પતદ્ગ્રહોમાં, ૧૦૧નો ૧માં, ૯૬નો સંક્રમ ૨૮, ૨૯, ૩૦ અને ૩૧ એમ ચારમાં, ૯૩ અને ૮૪ એ બે સંક્રમસ્થાનો ૨૩, ૨૫, ૨૬, ૨૮, ૨૯ અને ૩૦ એ છમાં, ૯૪, ૮૯, ૮૮ અને ૮૧ આ ચાર સંક્રમસ્થાનો ૧માં, ૮૨નો સંક્રમ ૨૩, ૨૫, ૨૬, ૨૯, ૩૦ અને ૧ એમ છ પતદ્ગ્રહોમાં થાય છે.

આ પ્રમાણે પ્રકૃતિસંક્રમ કહ્યો.

પ્રશ્ન—પ્રકૃતિ એટલે કર્મ પરમાણુઓમાં અમુક સુખાદિ આપવાનો સ્વભાવ, અને સ્થિતિ એટલે સુખાદિ આપનાર કર્મ પરમાણુઓ આત્મા સાથે અમુક નિયત ટાઇમ સુધી રહી ફળ આપે તે, રસ એટલે અમુક પ્રમાણમાં સુખાદિ આપવાનો કર્મ પરમાણુઓમાં રહેલ જે પાવર અર્થાત્ શક્તિ તે....તો આ પ્રકૃતિ વગેરે ત્રણે અમૂર્ત્ત હોવાથી અને તે કર્મ પરમાણુઓની અંદર જ રહેતા હોવાથી તેમાંથી બહાર કાઢી અન્ય પતદ્ગ્રહ પ્રકૃતિ-સ્થિતિ અને રસાદિક રૂપે કેમ બની શકે ? કદાચ તમે એમ કહો કે સંક્રમ્યમાણ પ્રકૃતિઓના કર્મ પરમાણુઓ પતદ્ગ્રહ પ્રકૃતિ રૂપે પરિણમે અર્થાત્ પતદ્ગ્રહ પ્રકૃતિરૂપે થાય ત્યારે સ્વભાવ વગેરે પતદ્ગ્રહ પ્રકૃતિરૂપે થઈ જાય છે, માટે પ્રકૃતિ સંક્રમ વગેરે કહી શકાય તો તે પણ બરાબર નથી. કારણ કે અન્ય કર્મના

પરમાણુઓને અન્ય કર્મના પરમાણુ રૂપે બનાવવા તેને પ્રદેશસંક્રમ કહેવાય છે. અને તે પ્રદેશસંક્રમમાં અન્ય સંક્રમો પણ આવી જાય છે, માટે પ્રકૃત્યાદિ ચાર પ્રકારનો સંક્રમ કહેવો નિરર્થક છે.

ઉત્તર—પ્રકૃતિબંધ વગેરે ચાર પ્રકારનો બંધ. ઉદય અને સંક્રમ એ ચારેય જુદા જુદા નહીં પરંતુ એક જ સાથે થાય છે. માત્ર શબ્દો એક સાથે બોલાતા નથી પરંતુ ક્રમપૂર્વક બોલાય છે. તેથી બંધ, ઉદય તેમજ સંક્રમ વગેરેમાં પ્રકૃતિ-સ્થિતિ વગેરે એક-એકનું ક્રમપૂર્વક વર્ણન કરાય છે. તેથી જ્યારે સાતા વેદનીયના કર્મ પરમાણુઓ અસાતા વેદનીયરૂપે પરિણમી અસાતા રૂપે બને છે ત્યારે તે પ્રદેશસંક્રમ કહેવાય છે. અને જ્યારે સાતાના પરમાણુઓ અસાતા રૂપે પરિણમે છે ત્યારે તે પરમાણુઓમાં પહેલાં જેટલી સુખ આપવાની શક્તિરૂપ પાવર હતો, તે હવે દુઃખ આપવાની શક્તિરૂપે પરિણમે છે તેને અનુભાગ સંક્રમ કહેવાય છે. અને પહેલાં જે પરમાણુઓ અમુક નિયત ટાઈમ સુધી સુખ આપવાની યોગ્યતારૂપે રહેવાના હતા તેના બદલે હવે તેટલા જ ટાઈમ સુધી દુઃખ આપવાની યોગ્યતારૂપે રહેનારા થયા તે સ્થિતિસંક્રમ અને પહેલાં જે પરમાણુઓમાં સુખ આપવાનો સ્વભાવ હતો તે બદલાઈને હવે દુઃખ આપવાનો સ્વભાવ થયો, તે પ્રકૃતિસંક્રમ કહેવાય છે. માટે ઉપરના કોઈ દોષો આવતા નથી.

પ્રશ્ન—તમારા કહેવા પ્રમાણે કદાચ પ્રકૃતિ અને અનુભાગ સંક્રમ થાય પરંતુ સ્થિતિરૂપ કાળ અમૂર્ત્ત છે, તો અમૂર્ત્ત પદાર્થનો અન્યમાંથી અન્યમાં સંક્રમ કેમ થાય ?

ઉત્તર—અમે પહેલાં જ કહ્યું છે કે કર્મ પરમાણુઓમાંથી કાળને બહાર કાઢી અન્ય કર્મ પરમાણુઓમાં સ્થાપન કરવો એને સ્થિતિસંક્રમ કહ્યો નથી. પરંતુ જે કર્મ પરમાણુઓ જેટલા ટાઈમ સુધી જે રૂપે ફળ આપવાના હતા તે પરમાણુઓ તેટલા ટાઈમ સુધી અન્યમાં સંક્રમ્યા બાદ એ રૂપે ફળ આપે છે તેને સ્થિતિસંક્રમ કહ્યો છે માટે કોઈ દોષ નથી. અથવા તો જેમ કાળરૂપ છ ઋતુઓ અમૂર્ત્ત હોવા છતાં દેવાદિકના પ્રયોગથી એક-બીજામાં સંક્રમી અન્ય ઋતુઓનું કાર્ય અન્ય ઋતુઓમાં થાય છે, તેમજ તીર્થંકર પરમાત્મા વગેરેના પુન્યથી જેમ છ એ ઋતુઓ સમકાળે ફળે છે, તેમ કાળ અમૂર્ત્ત હોવા છતાં જીવના વીર્ય વિશેષથી સાતા વેદનીયના પરમાણુઓમાંથી તે કાળને દૂર કરી અસાતા વેદનીયરૂપે ફળ આપે તેવા નવા કાળનું આગમન કરે તેમ કહેવું તે પણ યોગ્ય જ છે.

હવે સ્થિતિસંક્રમનો અવસર છે અને તેના ભેદ, વિશેષ લક્ષણ, ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ પ્રમાણ, અને તેના સ્વામી, જઘન્ય સ્થિતિ સંક્રમ પ્રમાણ, અને તેના સ્વામી તેમજ સાદ્યાદિ પ્રરૂપણા. આ સાત અનુયોગ દ્વાર છે.

(૧) **ભેદ**—પ્રકૃતિસંક્રમમાં અન્ય પ્રકૃતિ નયનરૂપ એક જ પ્રકારનો સંક્રમ બતાવેલો હોવાથી મૂળ આઠકર્મનો અને ચાર આયુષ્યનો પરસ્પર સંક્રમ થતો નથી અર્થાત્ એઓના સંક્રમનો નિષેધ કર્યો છે. પરંતુ અહીં મૂળકર્મો અને આયુષ્યમાં પણ અપવર્ત્તના અને ઉદ્વર્ત્તનારૂપ સ્થિતિસંક્રમ થાય છે. માટે મૂળ પ્રકૃતિઓનો અને ઉત્તર પ્રકૃતિઓનો એમ સ્થિતિસંક્રમ બે પ્રકારે કહી પુનઃ મૂળ કર્મોનો સ્થિતિસંક્રમ જ્ઞાનાવરણીય વગેરે આઠ પ્રકારે અને ઉત્તર પ્રકૃતિઓનો

સ્થિતિસંક્રમ મતિજ્ઞાનાવરણીય વગેરે એકસો અઠ્ઠાવન પ્રકારે કહ્યો છે.

(૨) **વિશેષ લક્ષણ**—પ્રકૃતિસંક્રમ એક પ્રકારે હોવા છતાં અપવર્ત્તના, ઉદ્વર્ત્તના અને અન્ય પ્રકૃતિ નયનરૂપ સ્થિતિસંક્રમ ત્રણ પ્રકારે છે. (૧) લાંબા ટાઈમે ભોગવવા યોગ્ય દલિકોને થોડા ટાઈમમાં ભોગવવાની યોગ્યતાવાળા કરવા તે અપવર્ત્તના સંક્રમ છે. (૨) અમુક થોડા ટાઈમમાં ભોગવવા યોગ્ય દલિકોની સ્થિતિ વધારી તેમાં લાંબા ટાઈમે ભોગવવા રૂપ યોગ્યતા કરવી તે ઉદ્વર્ત્તના સંક્રમ (૩) વિવક્ષિત પ્રકૃતિનાં દલિકોની સ્થિતિને પતદ્ગ્રહ પ્રકૃતિની સ્થિતિરૂપે બનાવવી તે અન્ય પ્રકૃતિ નયન રૂપ સ્થિતિસંક્રમ છે. એટલે પ્રકૃતિસંક્રમ અને પ્રદેશસંક્રમ અન્ય પ્રકૃતિ નયન રૂપ એક પ્રકારનો છે પરંતુ સ્થિતિસંક્રમ અને આગળ ઉપર બતાવાતો અનુભાગ સંક્રમ ત્રણ-ત્રણ પ્રકારે હોય છે.

જે પ્રકૃતિનો અપવર્ત્તના સંક્રમ થાય છે ત્યારે તે પ્રકૃતિનો બંધ હોય કે ન પણ હોય પરંતુ જે પ્રકૃતિનો ઉદ્વર્તના સંક્રમ થાય તે વખતે તે પ્રકૃતિનો બંધ અવશ્ય હોય છે. અને અન્ય પ્રકૃતિ નયન સંક્રમ સમ્યક્ત્વ મોહનીય અને મિશ્રમોહનીય વિના પતદ્ગ્રહ પ્રકૃતિઓનો બંધ હોય ત્યારે જ થાય છે. પરંતુ સમ્યક્ત્વ મોહનીય તથા મિશ્રમોહનીય બંધ ન હોવા છતાં સમ્યક્ત્વ મોહનીયમાં મિથ્યાત્વ અને મિશ્રનો તથા મિશ્રમાં મિથ્યાત્વનો સંક્રમ થાય છે.

(૩) **ઉત્કૃષ્ટસ્થિતિ પ્રમાણ**—જે ઉત્તર પ્રકૃતિઓનો પોતાના મૂળકર્મ જેટલો અને કષાયોનો ચારિત્ર મોહનીય જેટલો સ્થિતિબંધ થતો હોય તે પ્રકૃતિઓ બંધોત્કૃષ્ટા કહેવાય છે. અને તેવી પ્રકૃતિઓ....પાંચ જ્ઞાનાવરણીય, નવ દર્શનાવરણીય, અસાતા વેદનીય, મિથ્યાત્વ, સોળ કષાય, ચાર આયુષ્ય, નરકદ્વિક, તિર્યંચદ્વિક, એકેન્દ્રિય તથા પંચેન્દ્રિય જાતિ, ઔદારિક સપ્તક, વૈક્રિય સપ્તક, તૈજસ-કાર્મણ સપ્તક સેવાર્ત્ત સંહનન, હુંડક સંસ્થાન, નીલવર્ણ અને કટુરસ વિના શેષ અશુભ વર્ણાદિ સાત, અપ્રશસ્ત વિહાયોગતિ, તીર્થંકર નામ વિના સાત પ્રત્યેક પ્રકૃતિઓ, ત્રસચતુષ્ક, સ્થાવર, અસ્થિરષટ્ક, નીચગોત્ર અને પાંચ અંતરાય એમ સત્તાણું છે.

જે પ્રકૃતિઓનો સ્થિતિબંધ પોતાના મૂળકર્મથી ઓછો હોય તે સંક્રમોત્કૃષ્ટા કહેવાય છે અને તેવી પ્રકૃતિઓ બાકીની એકસઠ છે. તેમજ મતાન્તરે વર્ણચતુષ્કના વીસેય પેટાભેદો બંધોત્કૃષ્ટા માનીએ તો કુલ....બંધોત્કૃષ્ટા ૧૧૦, અને સંક્રમોત્કૃષ્ટા શેષ ૪૮ છે.

જો કે આ જ ગ્રંથના પ્રથમ ભાગના ત્રીજા દ્વારમાં ચારે આયુષ્યને બંધોત્કૃષ્ટા કહ્યા નથી, કેમ કે મનુષ્ય અને તિર્યંચ આયુષ્યનો સ્થિતિબંધ મૂળકર્મ જેટલો નથી અને દેવ તથા નરક આયુષ્યનો સ્થિતિબંધ મૂળકર્મની સમાન ૩૩ સાગરોપમ બંધોત્કૃષ્ટા હોવા છતાં પ્રયોજનના અભાવે તેમાં ગણી નથી, પણ પરમાર્થથી આ બે પ્રકૃતિઓ બંધોત્કૃષ્ટા છે, એમ ટીકાકારે બતાવેલ છે. પરંતુ આયુષ્ય કર્મની કોઈપણ પ્રકૃતિમાં અન્ય પ્રકૃતિનો સંક્રમ થતો ન હોવાથી તેની સ્થિતિ બંધ જેટલી જ રહે છે. માટે અહીં બંધોત્કૃષ્ટા કહી છે.

બંધાવલિકા અને સંક્રમાવલિકામાં કોઈપણ કરણ લાગતું નથી. તેથી કોઈપણ કર્મનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ થાય ત્યારે બંધ આવલિકા વીત્યા પછી તેનો સંક્રમ થઈ શકે પરંતુ બંધાવલિકા વીત્યા પછી રસોદય અથવા પ્રદેશોદયરૂપે તે-તે કર્મ ઉદયમાં ચાલુ જ હોય છે. અને ઉદય સમયથી

આરંભી એક આવલિકાના અંતર્ગત રહેલ સ્થિતિસ્થાનોને ઉદયાવલિકા કહેવાય છે. અને તે ઉદયાવલિકા ગત સ્થિતિસ્થાનોમાં રહેલ કર્મને પણ કોઈ કરણ લાગતું નથી, તેથી બંધાવલિકા વ્યતીત થયા બાદ ઉદયાવલિકા ઉપરની સંપૂર્ણ સ્થિતિ બધ્યમાન તેના પતદ્ગ્રહ રૂપ પ્રકૃતિમાં ઉદયાવલિકાની ઉપર સંક્રમે છે.

દા.ત. બંધોત્કૃષ્ટા નીચ ગોત્રની સ્થિતિ ૨૦ કોડાકોડી સાગરોપમને બદલે અસત્યકલ્પનાએ ૨૦ આવલિકા અને ઉચ્ચ ગોત્રની ૧૦ કોડાકોડી સાગરોપમને બદલે ૧૦ આવલિકાની કલ્પીએ....તો ૨૦ આવલિકા પ્રમાણ નીચ ગોત્રનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરી, તેની બંધાવલિકા વ્યતીત થયા પછી ૧૯ આવલિકા પ્રમાણ સ્થિતિ રહે ત્યારે સંક્રમને યોગ્ય થાય પરંતુ શરૂ થયેલ ઉદયાવલિકામાં પણ કોઈ કરણ લાગતું ન હોવાથી ઉદયાવલિકાની ઉપરની ૧૮ આવલિકા પ્રમાણ સ્થિતિને તે વખતે બંધ શરૂ થયેલ ઉચ્ચ ગોત્રમાં ઉદયાવલિકાની ઉપર સંક્રમાવે છે. તેથી મિથ્યાત્વ વિના બંધોત્કૃષ્ટા દરેક પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ બંધ આવલિકા અને ઉદયાવલિકા રૂપ બે આવલિકા ન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિબંધ જેટલો થાય છે.

મિથ્યાત્વ મોહનીયનો આવલિકા અધિક અંતર્મુહૂર્ત્ત ન્યૂન ૭૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ થાય છે. કારણ કે મિથ્યાત્વ ગુણઠાણે અતિ સંક્લિષ્ટ પરિણામે ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરી અંતર્મુહૂર્ત્ત પછી જ સમ્યક્ત્વ પ્રાપ્ત કરી શકે પણ તે પહેલાં નહીં. તેથી સમ્યક્ત્વ પામે ત્યારે અંતર્મુહૂર્ત્ત ન્યૂન મિથ્યાત્વી જે ઉત્કૃષ્ટ સ્થિતિ સત્તા હોય છે તેમાંથી ઉદયાવલિકા ઉપરની બધી સ્થિતિ મિશ્ર અને સમ્યક્ત્વ મોહનીયની ઉદયાવલિકાની ઉપર સંક્રમાવે છે.

અને ચારે આયુષ્યનો પરસ્પર સંક્રમ ન હોવાથી તેમજ બધ્યમાન આયુષ્યના અબાધાકાળમાં વિવક્ષિત આયુષ્યનાં દલિકો પણ ન હોવાથી તથા ઉદય વિના પણ બંધઆવલિકા પછી નિર્વ્યાઘાત ભાવિની અપવર્ત્તના અને બંધ વખતે ઉદ્વર્ત્તના થાય છે, માટે સ્વસંક્રમની અપેક્ષાએ દેવ-નરક આયુષ્યનો ૩૩ સાગરોપમ અને મનુષ્ય-તિર્યંચ આયુષ્યનો ૩ પલ્યોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિ સંક્રમ થાય છે.

શંકા—તત્કાળ બંધાયેલ કર્મમાં અમુક વર્ષો પ્રમાણ અબાધાકાળ હોય છે તો અબાધાકાળમાં દલિક રચના ન હોવાથી બંધ-આવલિકા વ્યતીત થયા પછી ઉદયાવલિકા કેવી રીતે શરૂ થાય ?

ઉત્તર—જે વખતે જે કર્મ બંધાય તે વખતે પૂર્વબદ્ધ તે કર્મ સર્વથા સત્તામાં ન જ હોય, તો જ આ શંકા બરાબર છે, પરંતુ ધ્રુવસત્તાવાળી પ્રકૃતિઓની હંમેશાં સત્તા હોવાથી અને મિથ્યાત્વ અવસ્થામાં તે કર્મોનો યથાસંભવ હંમેશાં બંધ ચાલુ હોવાથી નવીન કર્મ બંધાય ત્યારે તે નવીન કર્મનાં અબાધા સ્થાનોમાં પણ પૂર્વબદ્ધ અને જેનો અબાધાકાળ વીતી ગયેલ છે એવા સત્તાગત કર્મ પ્રકૃતિઓની નિષેક રચના ચાલુ જ હોય છે. માટે જ બંધઆવલિકા પછી ઉદયાવલિકા શરૂ થાય છે અને અધ્રુવ સત્તાવાળી પ્રકૃતિઓ સત્તામાં ન હોય પરંતુ જ્યારે નવો જ બંધ શરૂ થાય ત્યારે બંધાવલિકા વીત્યા બાદ તેઓની અબાધાકાળમાં પૂર્વબદ્ધ દલિક સત્તામાં ન હોવાથી ઉદયાવલિકા શરૂ થતી નથી. પણ પૂર્વબદ્ધ દલિક સત્તામાં હોય ત્યારે અધ્રુવ

સત્તાવાળી પ્રકૃતિઓમાં પણ બંધાવલિકા વીત્યા બાદ ધ્રુવ સત્તાવાળી પ્રકૃતિઓની જેમ ઉદયાવલિકા શરૂ થઈ જાય છે. તેથી અહીં આ શંકાને અવકાશ નથી.

ઉપર બતાવ્યા મુજબ બે આવલિકા ન્યૂન બંધોત્કૃષ્ટા પ્રકૃતિની ઉત્કૃષ્ટ સ્થિતિ સંક્રમોત્કૃષ્ટા પ્રકૃતિઓની ઉદયાવલિકા ઉપર સંક્રમે ત્યારે સામાન્યથી સંક્રમોત્કૃષ્ટા પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ એક આવલિકા ન્યૂન મૂળકર્મના ઉત્કૃષ્ટ સ્થિતિબંધ જેટલી થાય છે. દા.ત. અસત્કલ્પનાએ ઉપર બતાવ્યા મુજબ બે આવલિકા ન્યૂન અઢાર આવલિકા પ્રમાણ નીચ ગોત્રની ઉત્કૃષ્ટ સ્થિતિ બધ્યમાન ઉચ્ચ ગોત્રમાં ઉદયાવલિકા ઉપર સંક્રમે ત્યારે અઢાર આવલિકા અને ઉચ્ચ ગોત્રની એક ઉદયાવલિકા મળી કુલ ઓગણીસ આવલિકા પ્રમાણ ઉચ્ચ ગોત્રની ઉત્કૃષ્ટ સ્થિતિ થાય અને તે પોતાના મૂળકર્મની અસત્કલ્પના કલ્પેલ વીસ આવલિકા પ્રમાણ સ્થિતિબંધથી એક આવલિકા ન્યૂન છે.

જઘન્ય સ્થિતિસંક્રમ અને ઉદ્વલના સંક્રમ સિવાય વિવક્ષિત સ્થિતિસ્થાનમાં રહેલ દલિકો નિષેક રચનામાં ફેરફાર થયા વિના પતદ્ગ્રહ પ્રકૃતિના સ્થિતિસ્થાન રૂપે પરિણામ પામે છે. માટે જ સંક્રમ્યમાણ પ્રકૃતિ અને બધ્યમાન પ્રકૃતિ એ બન્નેની ઉદયાવલિકા એક જ સાથે શરૂ થાય છે અને ઉદયાવલિકામાં રહેલ દલિકોનો સંક્રમ થતો ન હોવાથી ઉદયાવલિકાના ઉપરનાં દલિકોનો સંક્રમ પતદ્ગ્રહ પ્રકૃતિની ઉદયાવલિકામાં થતો નથી કેમ કે તેમ થાય તો સ્થિતિસ્થાનોનો ફેરફાર થાય. માટે જ પતદ્ગ્રહ પ્રકૃતિઓની ઉદયાવલિકા ઉપર સંક્રમ થાય છે તેમ કહ્યું છે.

ઉપર કહ્યા પ્રમાણે સ. મોહનીય મિશ્રમોહનીય, જિનનામ અને આહારક સપ્તક વિના શેષ સંક્રમોત્કૃષ્ટા પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિસત્તા પોતાના મૂળકર્મથી એક આવલિકા ન્યૂન હોય છે અને સંક્રમ આવલિકામાં કોઈ કરણ લાગતું ન હોવાથી સંક્રમ આવલિકા વ્યતીત થયા બાદ ઉદયાવલિકા ઉપરની એટલે કુલ ત્રણ આવલિકા ન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ બંધ શરૂ થયેલ પતદ્ગ્રહ રૂપ પ્રકૃતિઓની ઉદયાવલિકા ઉપર થાય છે. દા.ત. અસત્કલ્પનાએ ઉપર ગોત્રકર્મનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ વીસ આવલિકાનો બતાવી ઉચ્ચ ગોત્રની એક આવલિકા ન્યૂન અર્થાત્ ઓગણીસ આવલિકા પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિસત્તા બતાવી છે, અને તે ઉચ્ચ ગોત્રની સંક્રમાવલિકા પૂર્ણ થયા બાદ તે સંક્રમને યોગ્ય થાય. પરંતુ ઉદયાવલિકામાં કોઈ કરણ લાગતું ન હોવાથી સંક્રમાવલિકા અને ઉદયાવલિકા રહિત શેષ સત્તર આવલિકા પ્રમાણ ઉચ્ચ ગોત્રનો સંક્રમ, બધ્યમાન નીચ ગોત્ર રૂપ પતદ્ગ્રહમાં થાય છે.

સમ્યક્ત્વ મોહનીય તથા મિશ્રમોહનીય ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ બે આવલિકા અને અંતર્મુહૂર્ત્ત ન્યૂન ૭૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ થાય છે, કારણ કે સમ્યક્ત્વ પામે ત્યારે અંતર્મુહૂર્ત્ત ન્યૂન ઉદયાવલિકા ઉપરની એટલે એક આવલિકા અને અંતર્મુહૂર્ત્ત ન્યૂન મિથ્યાત્વ મોહનીયની સ્થિતિનો સંક્રમ મિશ્ર અને સમ્ય. મોહનીયમાં ઉદયાવલિકાની ઉપર થાય છે. તેથી તે સમયે મિશ્ર ને સમ્યક્ત્વ મોહનીયની ઉદયાવલિકા ઉમેરતાં અંતર્મુહૂર્ત્ત ન્યૂન ૭૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિ સત્તા થાય અને સંક્રમાવલિકા વીત્યા બાદ ઉદયાવલિકા ઉપરની એટલે બે આવલિકા અને અંતર્મુહૂર્ત્ત ન્યૂન સમ્યક્ત્વ મોહનીયની સંપૂર્ણ સ્થિતિનો અપવર્ત્તના સંક્રમ અને મિશ્રમોહનીયનો અપવર્ત્તના સંક્રમ તેમજ સમ્યક્ત્વ મોહનીયમાં પણ સંક્રમ થાય છે.

તીર્થંકર નામકર્મ અને આહારક સપ્તકના બંધકો ક્રમશઃ સમ્યગ્દૃષ્ટિઓ અને અપ્રમત્તાદિ મુનિઓ છે. અને તે વખતે અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ આ આઠેય પ્રકૃતિઓનો સ્થિતિબંધ થાય છે, પરંતુ સ્થિતિબંધ કરતાં નામકર્મની અન્ય પ્રકૃતિઓની સ્થિતિસત્તા આ ગુણસ્થાનકોમાં સંખ્યાતગુણ અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ હોય છે. માટે બધ્યમાન એવી આ પ્રકૃતિઓમાં અન્ય પ્રકૃતિઓનો સંક્રમ થવાથી આ પ્રકૃતિઓની ઉત્તર સ્થિતિસત્તા થાય છે. તેથી બંધોત્કૃષ્ટા નથી પરંતુ સંક્રમોત્કૃષ્ટા છે. અને સત્તા કરતાં આ આઠ પ્રકૃતિઓનો બે આવલિકા ન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ થાય છે.

શંકા—સમ્યગ્દૃષ્ટિને પણ શરૂઆતમાં અંતર્મુહૂર્ત સુધી કંઈક ન્યૂન વીસ કોડાકોડી સાગરોપમ પ્રમાણ નામકર્મની અન્ય પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિસત્તા હોય છે. માટે સંક્રમ દ્વારા આ પ્રકૃતિઓની બીજી પ્રકૃતિઓની જેમ કંઈક ન્યૂન વીસ કોડાકોડી સાગ. પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિસત્તા કેમ ન થાય ?

ઉત્તર—તેવી ઉ. સ્થિતિસત્તાવાળા સમ્યગ્દૃષ્ટિ જીવો આ પ્રકૃતિઓનો બંધ કરતા જ નથી, પરંતુ અંતઃકોડાકોડી સાગરોપમની સત્તા થયા પછી જ આ પ્રકૃતિઓનો બંધ શરૂ થાય છે. માટે આ શંકાને સ્થાન નથી.

સંક્રમ વખતે વિવક્ષિત પ્રકૃતિઓની જેટલી સ્થિતિસત્તા હોય તે યત્સ્થિતિ કહેવાય છે. અને તે બંધોત્કૃષ્ટા તેમજ સંક્રમોત્કૃષ્ટા પ્રકૃતિઓની સંક્રમ્યમાણ સ્થિતિથી એક આવલિકા અધિક છે. તેથી ચાર આયુષ્ય તથા મિથ્યાત્વ મોહનીય વિના ૯૨ બંધોત્કૃષ્ટા પ્રકૃતિઓની એક આવલિકા ન્યૂન અને મિથ્યાત્વ મોહનીયની અંતર્મુહૂર્ત ન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિ પ્રમાણ યત્સ્થિતિ હોય છે....દેવ-નરક આયુષ્યની તથા મનુષ્ય-તિર્યંચાયુષ્યની યત્સ્થિતિ બંધ આવલિકા ન્યૂન પૂર્વક્રોડના ત્રીજા ભાગ રૂપ અબાધાકાળ સહિત ક્રમશઃ ૩૩ સાગરોપમ અને ૩ પલ્યોપમના હોય છે. તથા સમ્યક્ત્વ મોહનીય અને મિશ્રમોહનીયની એક આવલિકા અને અંતર્મુહૂર્ત ન્યૂન ૭૦ કોડાકોડી સાગરોપમ, તીર્થંકર નામકર્મ તથા આહારક સપ્તકની સત્તાગત અંતઃકોડાકોડી સાગરોપમથી એક આવલિકા ન્યૂન અને શેષ એકાવન સંક્રમોત્કૃષ્ટા પ્રકૃતિઓની બે આવલિકા ન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિસત્તા પ્રમાણ સંક્રમ વખતે ઉત્કૃષ્ટ સ્થિતિસત્તા અર્થાત્ યત્સ્થિતિ હોય છે.

(૪) ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમના સ્વામી

જિનનામ, આહારક સપ્તક અને દેવાયુષ્ય વિના બધી પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ મિથ્યાદૃષ્ટિ સંજ્ઞી પંચેન્દ્રિય કરે છે, તેથી ઉપરોક્ત નવ અને ત્રણ દર્શનમોહનીય વિના શેષ બંધોત્કૃષ્ટા પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરી એક આવલિકા બાદ અને સંક્રમોત્કૃષ્ટા પ્રકૃતિઓનો તેની પ્રતિપક્ષ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કર્યા બાદ બે આવલિકા પછી ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ થાય છે. માટે આ સઘળી પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમના સ્વામી બહુલતાએ મિથ્યાદૃષ્ટિ સંજ્ઞી પંચેન્દ્રિયો છે. અને અવિરત સમ્યગ્દૃષ્ટિ દર્શનત્રિકના, જિનનામ કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિસત્તાવાળા અવિરત સમ્યગ્દૃષ્ટિ જિનનામ કર્મના, અપ્રમત્તમુનિ આહારક સપ્તકના, અને પૂર્વક્રોડ વર્ષના આયુષ્યવાળા પ્રમત્તમુનિ દેવાયુષ્યના ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમના સ્વામી છે.

(૫-૬) જઘન્ય સ્થિતિસંક્રમ પ્રમાણ તથા તેના સ્વામી

અપવર્ત્તના અને ઉદ્વર્ત્તના સંક્રમ આની પછી સ્વતંત્ર કહેવામાં આવશે, તેથી આ કરણમાં મુખ્યતાએ અન્ય પ્રકૃતિ નયનરૂપ સંક્રમનો વિષય છે. તોપણ મિથ્યાત્વ મોહનીય વિના જે પ્રકૃતિઓનો અન્ય પ્રકૃતિ નયન સ્વરૂપ ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમથી ઉત્કૃષ્ટ અપવર્ત્તના સ્થિતિસંક્રમ વધારે થતો હોય તે પ્રકૃતિઓના અને જે પ્રકૃતિઓનો અન્ય પ્રકૃતિ નયનરૂપ જઘન્ય સ્થિતિસંક્રમથી અપવર્ત્તના જઘન્ય સ્થિતિસંક્રમ ઓછો થતો હોય તે પ્રકૃતિઓના અન્ય પ્રકૃતિ નયન સ્થિતિસંક્રમના પ્રમાણને બદલે અપવર્ત્તના સ્થિતિસંક્રમનું પ્રમાણ અને સ્વામી બતાવ્યા છે. અને જે પ્રકૃતિઓનો અપવર્ત્તનાની સમાન જ અન્ય પ્રકૃતિ નયનરૂપ ઉત્કૃષ્ટ અથવા જઘન્ય સ્થિતિસંક્રમ થતો હોય તે પ્રકૃતિઓના અપવર્ત્તનાને બદલે અન્ય પ્રકૃતિ નયનરૂપ સ્થિતિસંક્રમનું પ્રમાણ અને સ્વામી બતાવ્યા છે.

જેમ સમ્યક્ત્વ મોહનીયનો અન્ય પ્રકૃતિ નયન સ્થિતિસંક્રમ અપવર્ત્તના સ્થિતિસંક્રમથી ઓછો અને પહેલે ગુણસ્થાનકે થાય છે. પરંતુ તેના બદલે અપવર્ત્તના સ્થિતિસંક્રમ તેનાથી પણ વધારે અને ચોથો ગુણઠાણે થાય છે તેથી પહેલાના બદલે ચોથા ગુણઠાણે અપવર્ત્તના સ્થિતિસંક્રમ આશ્રયી ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમના સ્વામી બતાવ્યા છે. તથા ચોથા ગુણસ્થાનકે મિશ્રમોહનીયનો અપવર્ત્તના સ્થિતિસંક્રમ અને અન્ય પ્રકૃતિ નયન સંક્રમ સમાન હોવાથી ત્યાં બેમાંથી ગમે તે સંક્રમ આશ્રયી ચોથે ગુણઠાણે ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમના સ્વામી ઘટી શકે.

તે જ પ્રમાણે ક્ષપકશ્રેણિમાં નવમા ગુણસ્થાનકે અપવર્ત્તના દ્વારા હાસ્યષટ્કની સંખ્યાત વર્ષ પ્રમાણ સ્થિતિ કરી એકીસાથે સંજ્વલન ક્રોધાદિકમાં સંક્રમાવે છે માટે હાસ્યષટ્કનું અન્ય પ્રકૃતિ નયન જઘન્ય સ્થિતિસંક્રમનું પ્રમાણ બતાવેલ છે. પરંતુ મતિજ્ઞાનાવરણીય વગેરે કેટલીક પ્રકૃતિઓનો અન્ય પ્રકૃતિ નયનરૂપ જઘન્ય સ્થિતિસંક્રમ અંતર્મુહૂર્ત્ત પ્રમાણ છે, અને બારમા ગુણસ્થાનકની સમયાધિક આવલિકા બાકી રહે ત્યારે ઉપરની એક સમય પ્રમાણ સ્થિતિનો જઘન્ય અપવર્ત્તના સ્થિતિસંક્રમ થાય છે. માટે મતિજ્ઞાનાવરણીય વગેરે પ્રકૃતિઓના જઘન્ય સ્થિતિસંક્રમના સ્વામી અને પ્રમાણ અન્ય પ્રકૃતિ નયન જઘન્ય સ્થિતિસંક્રમના બદલે અપવર્ત્તના જઘન્ય સ્થિતિસંક્રમને આશ્રયી બતાવ્યા છે.

ત્યાં પાંચ જ્ઞાનાવરણીય, ચાર દર્શનાવરણીય, પાંચ અંતરાય, ચાર આયુષ્ય, નિદ્રા-પ્રચલા, સમ્યક્ત્વ મોહનીય, સંજ્વલન લોભ, બે વેદનીય, ગોત્રદ્વિક અને સ્થાવરદ્વિકાદિ તેર વિના શેષ નામકર્મની નેવું એમ કુલ ૧૧૬ પ્રકૃતિઓનું અપવર્ત્તનાની અપેક્ષાએ અને તે સિવાયની ૪૨ પ્રકૃતિઓનું અન્ય પ્રકૃતિ નયન સંક્રમની અપેક્ષાએ જઘન્ય સ્થિતિસંક્રમનું પ્રમાણ અને સ્વામી બતાવવામાં આવેલ છે. અને આ બન્ને પ્રકારનો જઘન્ય સ્થિતિસંક્રમ ઉદયાવલિકામાં જ થાય છે, પરંતુ ઉદયાવલિકાની બહાર થતો નથી.

પાંચ જ્ઞાનાવરણીય, ચાર દર્શનાવરણીય, પાંચ અંતરાય, નિદ્રાદ્વિક, સમ્યક્ત્વ મોહનીય, સંજ્વલન લોભ અને ચાર આયુષ્યનો પોત-પોતાના ક્ષય વખતે સમયાધિક આવલિકા શેષ રહે ત્યારે ઉપરની સમય પ્રમાણ સ્થિતિને અપવર્ત્તના દ્વારા ઉદયાવલિકાના શરૂઆતના સમયાધિક

ત્રીજા ભાગની અંદર સંક્રમાવે છે ત્યારે જઘન્ય સ્થિતિસંક્રમ થાય છે. તેમાં પાંચ જ્ઞાનાવરણીય વગેરે ચૌદ પ્રકૃતિઓના બારમા ગુણસ્થાનકવાળા, સમ્યક્ત્વ મોહનીયના ચારે ગતિના સમ્યગ્દૃષ્ટિ, સંજ્વલન લોભના ક્ષપક સૂક્ષ્મ સંપરાયવર્ત્તી અને ચારે આયુષ્યના સ્વ-સ્વગતિવર્તી જઘન્ય સ્થિતિસંક્રમના સ્વામી છે. અને નિદ્રાદ્વિકના બારમા ગુણસ્થાનકવાળા આવલિકાના અસંખ્યાતા ભાગ સહિત બે આવલિકા પ્રમાણ કાળ બાકી રહે ત્યારે સર્વોપરિ સમય પ્રમાણ સ્થિતિની અપવર્ત્તના કરી ઉદયાવલિકાના શરૂઆતના સમયાધિક ત્રીજા ભાગમાં સંક્રમાવે છે. અહીં વસ્તુ-સ્વભાવ જ કારણ છે.

ક્ષપક-નવમા ગુણઠાણે હાસ્યષટ્કના ચરમ પ્રક્ષેપ વખતે સંખ્યાત વર્ષ પ્રમાણ સ્થિતિની અપવર્ત્તના કરી સંજ્વલન ક્રોધની ઉદયાવલિકામાં સંક્રમાવે ત્યારે સંખ્યાત વર્ષ પ્રમાણ જઘન્ય સ્થિતિસંક્રમ થાય છે. અને એ જ જીવ બંધવિચ્છેદ સમયે બંધાયેલ પુરુષવેદ અને સંજ્વલન ક્રોધાદિ ત્રણના અબાધાકાળમાં પૂર્વબદ્ધ-દલિક ન હોવાથી અનુક્રમે અંતર્મુહૂર્ત્ત ન્યૂન આઠ વર્ષ, બે માસ, એક માસ અને પંદર દિવસ પ્રમાણ પુરુષવેદાદિ ચારનો જઘન્ય સ્થિતિસંક્રમ કરે છે, માટે આ દશેય પ્રકૃતિઓના જઘન્ય સ્થિતિસંક્રમના સ્વામી ક્ષપક નવમા ગુણઠાણાવર્તી જીવો છે. પરંતુ અન્ય વેદે શ્રેણિ માંડનારને પુરુષવેદનો જલદી ક્ષય થતો હોવાથી તેમજ ઉદય તથા ઉદીરણા ન હોવાથી જઘન્ય સ્થિતિસંક્રમ ઘટતો નથી માટે પુરુષવેદે શ્રેણિ માંડનારને પુરુષવેદનો જઘન્ય સ્થિતિસંક્રમ હોય છે. આ વિશેષતા છે.

મિથ્યાત્વ મોહનીય, મિશ્રમોહનીય, પ્રથમના બાર કષાય, નપુંસકવેદ, સ્ત્રીવેદ, થીણદ્ધિત્રિક, સ્થાવરદ્વિક, તિર્યંચદ્વિક, નરકદ્વિક, આતપદ્વિક, એકેન્દ્રિયાદિ આદ્ય ચાર જાતિ અને સાધારણ નામકર્મ આ બત્રીસ પ્રકૃતિઓનો પોત-પોતાના ક્ષયના અંતે ચરમસ્થિતિ ઘાતના ચરમ પ્રક્ષેપ વખતે પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ જઘન્ય સ્થિતિસંક્રમ છે. તેમાં ચાર અનંતાનુબંધીના ચારે ગતિના સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાત્વ તથા મિશ્રમોહનીયના ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરનાર ચોથાથી સાતમા ગુણઠાણા સુધીના મનુષ્ય અને શેષ છવ્વીસ પ્રકૃતિઓના ક્ષપક નવમા ગુણઠાણાવાળાં જીવો જઘન્ય સ્થિતિસંક્રમના સ્વામી છે. શેષ ચોરાણું પ્રકૃતિઓનો સયોગી ગુણસ્થાનકના ચરમ સમયે સર્વ-અપવર્ત્તના કરણથી અપવર્ત્તના કરે ત્યારે અંતર્મુહૂર્ત્ત પ્રમાણ જઘન્ય સ્થિતિસંક્રમ હોય છે અને તે જ તેના સ્વામી છે.

જઘન્ય સ્થિતિસંક્રમ વખતે જેટલી સત્તા હોય તે જઘન્ય યત્સ્થિતિ કહેવાય છે અને તે સામાન્ય રીતે જઘન્ય સ્થિતિસંક્રમથી એક આવલિકા અધિક હોય છે. પરંતુ નવ નોકષાય, સંજ્વલન ક્રોધાદિ ત્રણ અને નિદ્રાદ્વિકમાં એમ નથી. કારણ કે નવ નોકષાય અને સંજ્વલન ક્રોધાદિ ત્રણ—એ બારનો અંતરકરણમાં જઘન્ય સ્થિતિસંક્રમ થાય છે અને અંતરકરણમાં દલિક હોતું નથી, પરંતુ સ્થિતિસત્તા હોય છે, માટે આ બારમાંથી હાસ્યષટ્ક, સ્ત્રીવેદ અને નપુંસકવેદની જઘન્ય સ્થિતિસંક્રમથી યત્સ્થિતિ અંતર્મુહૂર્ત્ત અધિક હોય છે અને પુરુષવેદ તેમજ સંજ્વલન ક્રોધાદિ ત્રણ એ ચારનો જે વખતે જઘન્ય સ્થિતિસંક્રમ કરે છે, તે વખતે બંધવિચ્છેદ સમયે બંધાયેલ કર્મદલિક સિવાય અન્ય દલિક સત્તામાં વિદ્યમાન ન હોવાથી ચરમ સમયે બંધાયેલ કર્મલતાની બંધ આવલિકા વીત્યા બાદ સંક્રમણ આવલિકાના ચરમ સમયે જઘન્યસ્થિતિસંક્રમ થાય છે. માટે

અંતર્મુહૂર્ત પ્રમાણ અબાધા સહિત બે આવલિકા ન્યૂન જઘન્ય સ્થિતિસંક્રમ પ્રમાણ યત્સ્થિતિ હોય છે. તેમજ તથાસ્વભાવે જ આવલિકાના અસંખ્યાતમા ભાગ સહિત બે આવલિકા પ્રમાણ સ્થિતિસત્તા શેષ હોય ત્યારે જ નિદ્રાદ્વિકની ઉપરની સમય પ્રમાણ સ્થિતિનો સંક્રમ થતો હોવાથી નિદ્રાદ્વિકની યત્સ્થિતિ આવલિકાના અસંખ્યાતમા ભાગ સહિત બે આવલિકા પ્રમાણ હોય છે.

(૭) સાદ્યાદિ—મૂળ પ્રકૃતિઓનો પરસ્પર સંક્રમ ન હોવાથી અપવર્ત્તના સંક્રમ આશ્રયી ભંગનો વિચાર કરવામાં આવે છે.

મોહનીયનો અજઘન્ય સ્થિતિસંક્રમ ચાર પ્રકારે અને શેષ ત્રણ સંક્રમ સાદિ-અધ્રુવ એમ બે પ્રકારે હોવાથી દશ, અને શેષ સાત કર્મનો અજઘન્ય સ્થિતિસંક્રમ સાદિ વિના ત્રણ પ્રકારે તથા જઘન્યાદિ ત્રણ સ્થિતિસંક્રમો સાદિ-અધ્રુવ એમ બે પ્રકારે હોવાથી નવ-નવ એમ મૂળકર્મના સ્થિતિસંક્રમ આશ્રયી ૭૩ ભાંગા થાય છે.

ત્યાં મોહનીયનો કર્મનો જઘન્ય સ્થિતિસંક્રમ ક્ષપક શ્રેણિમાં દશમા ગુણઠાણે સમયાધિક આવલિકા બાકી રહે ત્યારે એક જ સમય થતો હોવાથી સાદિ-અધ્રુવ એમ બે પ્રકારે છે, તે સિવાય સર્વ કાળે અજઘન્ય સ્થિતિસંક્રમ હોય છે. અને તે ક્ષાયિક સમ્યક્ત્વીને ઉપશમ શ્રેણિમાં અગિયારમા ગુણઠાણે હોતો નથી. ત્યાંથી પડતાં દશમા ગુણઠાણે થાય છે, માટે સાદિ, અને જઘન્ય સ્થિતિસંક્રમના સ્થાનને તેમજ અગિયારમા ગુણસ્થાનકને નહીં પામેલ જીવો આશ્રયી અનાદિ, અભવ્યોને ધ્રુવ અને ભવ્યોને અધ્રુવ હોવાથી અજઘન્ય સ્થિતિસંક્રમ ચાર પ્રકારે હોય છે.

જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય તેમજ અંતરાય એ ત્રણનો જઘન્ય સ્થિતિસંક્રમ બારમા ગુણઠાણે સમયાધિક આવલિકા શેષ હોય ત્યારે, તેમજ ચાર અઘાતી કર્મોનો તેરમા ગુણઠાણાના અંતે સમય માત્ર થતો હોવાથી સાદિ-અધ્રુવ એમ બે પ્રકારે છે. તે સિવાય અન્ય અજઘન્ય સ્થિતિસંક્રમ છે. તે અભવ્યોને અનાદિ-ધ્રુવ તેમજ ભવ્યોનો અંત થશે માટે અધ્રુવ, એમ અજઘન્ય સ્થિતિસંક્રમ ત્રણ પ્રકારે છે.

આઠે કર્મનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરી આવલિકા પછી ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ, અને શેષ કાળે અનુત્કૃષ્ટ સ્થિતિસંક્રમ કરે છે. ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સંજ્ઞી પંચેન્દ્રિય જીવો અમુક ટાઇમે જ કરે છે. માટે આ બન્ને સંક્રમો વારાફરતી થતા હોવાથી સાદિ-અધ્રુવ એમ બે પ્રકારે છે.

ચારિત્ર મોહનીયની પચીસ પ્રકૃતિઓ વિના શેષ ધ્રુવસત્તાવાળી એકસો પાંચ પ્રકૃતિઓનો અજઘન્ય સ્થિતિસંક્રમ સાદિ વિના ત્રણ પ્રકારે અને જઘન્ય, ઉત્કૃષ્ટ તથા અનુત્કૃષ્ટ એ બે-બે પ્રકારે હોવાથી એક-એકના નવ-નવ માટે ૯૪૫, ચારિત્ર મોહનીયની પચીસ પ્રકૃતિઓનો અજઘન્ય સ્થિતિસંક્રમ સાદ્યાદિ ચાર પ્રકારે અને શેષ ત્રણ સંક્રમ સાદિ-અધ્રુવ એમ બે પ્રકારે હોવાથી એક-એકના દશ-દશ, એમ ૨૫૦, અને અધ્રુવ સત્તાવાળી અઠાવીસ પ્રકૃતિઓની સત્તા જ અધ્રુવ હોવાથી જઘન્યાદિ ચારે સંક્રમો સાદિ-અધ્રુવ, એમ બે-બે પ્રકારે હોવાથી એક-એકના આઠ-આઠ એમ ૨૨૪, આ પ્રમાણે સર્વે મળી ઉત્તર પ્રકૃતિઓના સ્થિતિસંક્રમ આશ્રયી કુલ ૧૪૧૯ ભાંગા થાય છે.

આ દરેક પ્રકૃતિઓનો પોત-પોતાના ક્ષય વખતે સંક્રમને અંતે જઘન્ય સ્થિતિસંક્રમ એક

સમય પ્રમાણ જ થતો હોવાથી સાદિ અને અધ્રુવ એમ બે પ્રકારે છે. તે સિવાયના કાળમાં જ્યારે સંક્રમ હોય છે, ત્યારે અજઘન્ય હોય છે, અને ચારિત્ર મોહનીય સિવાય એકસો પાંચ ધ્રુવસત્તા પ્રકૃતિઓનો જઘન્ય સ્થિતિસંક્રમ યથાસંભવ બારમે અને તેરમે ગુણઠાણે થાય છે, અને ત્યાંથી પડવાનો અભાવ હોવાથી જઘન્ય સ્થિતિસંક્રમની સાદિ થતી નથી, પરંતુ અભવ્યોને અનાદિકાળથી હોય છે માટે અનાદિ, અને તેઓને કોઈકાળે આનો અંત થતો ન હોવાથી ધ્રુવ અને ભવ્યોને આગળ અંત થતો હોવાથી અધ્રુવ એમ ત્રણ પ્રકારે છે. ક્ષાયિક સમ્યક્ત્વી અગિયારમા ગુણઠાણાથી પડે ત્યારે ચારિત્ર મોહનીયની પચીસ પ્રકૃતિઓના અજઘન્ય સ્થિતિસંક્રમની યથાસંભવ સાદિ થાય છે, અને જઘન્ય સ્થિતિસંક્રમના સ્થાનને તેમજ અગિયારમા ગુણસ્થાનકને નહીં પામેલા જીવોને અનાદિ, અભવ્યોને હંમેશાં હોવાથી ધ્રુવ અને ભવ્યોને કાલાંતરે વિચ્છેદ થતો હોવાથી અધ્રુવ....એમ ચાર પ્રકારે હોય છે. વળી સંજ્ઞી પંચેન્દ્રિય દરેક પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરી આવલિકા પછી ઉત્કૃષ્ટ અને ત્યારબાદ અનુત્કૃષ્ટ સ્થિતિસંક્રમ કરે છે. ઉત્કૃષ્ટ સ્થિતિબંધ અમુક-અમુક ટાઈમે થતો હોવાથી આ બન્ને સંક્રમો સાદિ-અધ્રુવ એમ બે પ્રકારે છે.

અધ્રુવ સત્તાવાળી અઠ્ઠાવીસ પ્રકૃતિઓની સત્તા જ અધ્રુવ હોવાથી તે પ્રકૃતિઓના જઘન્યાદિ ચારે સંક્રમ સાદિ-અધ્રુવ એમ બે પ્રકારે જ હોય છે.

અનુભાગ સંક્રમ

અહીં ભેદ, વિશેષ લક્ષણ, સ્પર્દ્ધકપ્રરૂપણા, ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમપ્રમાણ, જઘન્ય અનુભાગ સંક્રમપ્રમાણ, સ્વામી અને સાદ્યાદિ એ સાત દ્વારો છે.

(૧) ભેદ—મૂળ અને ઉત્તર પ્રકૃતિઓ આશ્રયી અનુભાગ સંક્રમ બે પ્રકારે છે, પુનઃ મૂળ પ્રકૃતિ અનુભાગ સંક્રમ જ્ઞાનાવરણીય વગેરે આઠ પ્રકારે અને ઉત્તર પ્રકૃતિ અનુભાગ સંક્રમ મતિજ્ઞાનાવરણીય વગેરે એકસો અઠ્ઠાવન પ્રકારે છે.

(૨) વિશેષ લક્ષણ—વિવક્ષિત પ્રકૃતિના દલિકમાં રહેલ રસ ઓછો થવો તે અપવર્ત્તના, રસ વધવો તે ઉદ્વર્ત્તના તેમજ પતદ્ગ્રહ પ્રકૃતિનાં દલિકોનાં રસરૂપે પરિણમવો તે અન્ય પ્રકૃતિ નયનરૂપ અનુભાગ સંક્રમ છે.

અહીં મૂળ પ્રકૃતિઓનો પરસ્પર સંક્રમ ન હોવાથી ઉદ્વર્ત્તના અને અપવર્ત્તના એ બે પ્રકારે અને ઉત્તર પ્રકૃતિઓમાં ત્રણ પ્રકારે અનુભાગ સંક્રમ પ્રવર્ત્તે છે.

(૩) સ્પર્દ્ધક પ્રરૂપણા—બંધ શતકમાં બતાવ્યા મુજબ બંધ આશ્રયી મતિજ્ઞાનાવરણીય વગેરે ચાર જ્ઞાનાવરણીય, ચક્ષુર્દર્શનાદિ ત્રણ દર્શનાવરણીય, પુરુષવેદ, ચાર સંજ્વલન અને પાંચ અંતરાય એ સત્તર પ્રકૃતિઓનો સ્થાન સંજ્ઞા આશ્રયી એકસ્થાનિક વગેરે ચારે પ્રકારનો રસ હોય છે અને શેષ એકસો ત્રણ પ્રકૃતિઓનો દ્વિસ્થાનિક, ત્રિસ્થાનિક અને ચતુઃસ્થાનિક એમ ત્રણ પ્રકારનો રસ હોય છે અને ઘાતીપણાને આશ્રયી સર્વઘાતી પ્રકૃતિઓનો રસ સર્વઘાતી, દેશઘાતી પ્રકૃતિઓનો ત્રિસ્થાનિક અને ચતુઃસ્થાનિક સર્વઘાતી, દ્વિસ્થાનિક રસમાં કેટલાક સ્પર્દ્ધકો દેશઘાતી અને કેટલાક સર્વઘાતી એમ મિશ્ર, અને એક સ્થાનિક રસ સ્પર્દ્ધકો દેશઘાતી હોય છે. સમ્યક્ત્વ

મોહનીયનો રસ એકસ્થાનિક તેમજ જઘન્ય દ્વિસ્થાનિક અને દેશઘાતી હોય છે, મિશ્રમોહનીયનો રસ મધ્યમ દ્વિસ્થાનિક અને સર્વઘાતી હોય છે, અને અઘાતી પ્રકૃતિઓનો રસ અઘાતી હોવા છતાં સર્વઘાતી પ્રકૃતિઓના રસ સ્પર્દ્ધકો સાથે ઉદયમાં આવે ત્યારે સર્વઘાતી પ્રકૃતિઓની સમાન ફળ બતાવે છે માટે સર્વઘાતી પ્રતિભાગા કહેવાય છે.

(૪) ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમ પ્રમાણ—સત્તામાં રહેલ પ્રકૃતિઓનો વધારેમાં વધારે જેટલો રસ સંક્રમે તે ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમ અને ઓછામાં ઓછો જેટલો રસ સંક્રમે તે જઘન્ય અનુભાગ સંક્રમ કહેવાય છે.

ત્યાં સમ્યક્ત્વ મોહનીયનો જઘન્ય દ્વિસ્થાનિક રસ સંક્રમ છે ત્યારે સ્થાન આશ્રયી દ્વિસ્થાનિક અને ઘાતી આશ્રયી દેશઘાતી એ ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમ છે. મનુષ્યાયુષ્ય, તિર્યંચાયુષ્ય, આતપ અને મિશ્રમોહનીયનો જ્યારે સર્વોત્કૃષ્ટ દ્વિસ્થાનિક રસ સંક્રમે છે ત્યારે સ્થાન આશ્રયી દ્વિસ્થાનિક અને ઘાતી આશ્રયી સર્વઘાતી ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમ થાય છે. અહીં મનુષ્ય-તિર્યંચાયુ અને આતપનો ત્રિસ્થાનિક તથા ચતુઃસ્થાનિક રસ સત્તામાં હોવા છતાં તથાસ્વભાવે જ તેનો ઉદ્વર્તના-અપવર્તના તેમજ અન્ય પ્રકૃતિ નયનરૂપ સંક્રમ થતો નથી માટે જ ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમ દ્વિસ્થાનિક બતાવેલ છે. શેષ સર્વે પ્રકૃતિઓનો જ્યારે સર્વોત્કૃષ્ટ ચતુઃસ્થાનિક રસનો સંક્રમ થાય ત્યારે સ્થાન આશ્રયી ચતુઃસ્થાનિક અને ઘાતી આશ્રયી સર્વઘાતી ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમ થાય છે.

(૫) જઘન્ય અનુભાગ સંક્રમ પ્રમાણ—સમ્યક્ત્વ મોહનીય, પુરુષવેદ, સંજ્વલન ચતુષ્ક એ છ પ્રકૃતિઓનો જઘન્ય અનુભાગ સંક્રમ સ્થાન આશ્રયી એકસ્થાનિક અને ઘાતીપણાને આશ્રયી દેશઘાતી છે, અર્થાત્ આ છ પ્રકૃતિઓનો જ્યારે જઘન્ય એકસ્થાનિક રસ સંક્રમે છે ત્યારે જઘન્ય અનુભાગ સંક્રમ કહેવાય છે અને શેષ સર્વે પ્રકૃતિઓનો સ્થાન આશ્રયી દ્વિસ્થાનિક અને ઘાતીપણાને આશ્રયી સર્વઘાતી જઘન્ય અનુભાગ સંક્રમે છે અર્થાત્ આ સઘળી પ્રકૃતિઓનો જ્યારે જઘન્ય દ્વિસ્થાનિક રસનો સંક્રમ થાય ત્યારે જઘન્ય અનુભાગ સંક્રમ કહેવાય છે.

જો કે મતિજ્ઞાનાવરણીય વગેરે સાત-દેશઘાતી આવરણો અને પાંચ અંતરાય એ બાર પ્રકૃતિઓનો બંધ આશ્રયી એક સ્થાનિક રસ બતાવેલ છે, પરંતુ તે પ્રકૃતિઓના જઘન્ય અનુભાગ સંક્રમ વખતે પૂર્વબદ્ધ સત્તામાં રહેલ દ્વિસ્થાનિક રસ સ્પર્દ્ધકોનો પણ સંક્રમ થાય છે, માટે જઘન્યથી પણ દ્વિસ્થાનિક અનુભાગ સંક્રમ થાય છે પરંતુ એક સ્થાનિક નહીં.

(૬) સ્વામિત્વ—સ્વામીનો વિચાર કરતાં પહેલાં નીચેના નિયમો ખાસ ધ્યાનમાં રાખવાથી સ્વામી સહેલાઈથી સમજી શકશે.

(૧) સઘળી અશુભ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ અનુભાગ બંધ અતિ સંક્લિષ્ટ મિથ્યાદૃષ્ટિ આત્માઓ કરે છે. અને કર્યા પછી એક આવલિકા બાદ અંતર્મુહૂર્ત્ત કાળ સુધી ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમ કરે છે, પછી વિશુદ્ધ પરિણામ આવવાથી તેના રસનો ઘાત કરે છે, માટે મિથ્યાત્વી હોવા છતાં અંતર્મુહૂર્ત્ત પછી ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમ થતો નથી.

(૨) સંજ્ઞી પંચેન્દ્રિયો ઉત્કૃષ્ટ રસબંધ કરવા છતાં તેઓ કાળ કરી સૂક્ષ્મ અપર્યાપ્ત

એકેન્દ્રિયાદિકમાં ઉત્પન્ન થાય તો ત્યાં પણ અંતર્મુહૂર્ત કાળ સુધી ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમ કરી શકે છે.

(૩) આતપ વગેરે કેટલીક શુભ પ્રકૃતિઓનો પણ ઉત્કૃષ્ટ અનુભાગ બંધ મિથ્યાત્વીઓ કરે છે પરંતુ તેઓ પણ અંતર્મુહૂર્ત પછી સંક્લિષ્ટ પરિણામે તેના રસનો અવશ્ય ઘાત કરે છે, માટે મિથ્યાદૃષ્ટિને કોઈપણ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમ અંતર્મુહૂર્તથી વધારે પ્રાપ્ત થતો નથી.

(૪) જે શુભ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ અનુભાગ બંધ સમ્યગ્દૃષ્ટિઓ કરે છે તે પ્રકૃતિઓનો જ્યાં સુધી સમ્યગ્દૃષ્ટિ હોય ત્યાં સુધી સામાન્યથી ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમ કરે છે.

(૫) ક્ષપકશ્રેણિમાં આત્મા અંતરકરણ ન કરે ત્યાં સુધી સઘળી ઘાતી પ્રકૃતિઓનો સત્તાગત અનુભાગ એકેન્દ્રિયો કરતાં અનંતગુણ હોય છે, માટે ઘાતી પ્રકૃતિઓનો જઘન્ય અનુભાગ સંક્રમ અંતરકરણ કર્યા પછી જ પ્રાપ્ત થાય છે.

(૬) અશુભ પ્રકૃતિઓનો અસંજ્ઞી કરતાં સયોગી કેવલી ભગવંતને પણ અનંતગુણ રસ સત્તામાં હોય છે. તેથી અશુભ અઘાતી પ્રકૃતિઓનો જઘન્ય અનુભાગ સંક્રમ સૂક્ષ્મ એકેન્દ્રિયોમાં પ્રાપ્ત થાય છે.

(૭) સમ્યક્ત્વ મોહનીય અને મિશ્રમોહનીયના ઉત્કૃષ્ટ અનુભાગનો ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરતી વખતે જ ઘાત કરે છે, તેથી આ બન્ને પ્રકૃતિઓનો જઘન્ય અનુભાગ સંક્રમ ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરનાર જીવને જ હોય છે.

પાંચ જ્ઞાનાવરણીય, નવ દર્શનાવરણીય, અસાતા વેદનીય, અઠ્ઠાવીસ મોહનીય, નીચ ગોત્ર, પાંચ અંતરાય, નરકદ્વિક, તિર્યંચદ્વિક, એકેન્દ્રિયાદિક ચાર જાતિ, પ્રથમ વિનાના પાંચ સંઘયણ, પ્રથમ વિનાના પાંચ સંસ્થાન, અશુભવર્ણાદિ નવ, અશુભ વિહાયોગતિ, ઉપઘાત અને સ્થાવર દશક આ ઇઠ્યાસી પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમના સ્વામી યુગલિક અને આનતથી અનુત્તર સુધીના દેવો વર્જી શેષ ચારે ગતિના મિથ્યાદૃષ્ટિ જીવો અંતર્મુહૂર્ત કાળ પર્યંત હોય છે.

યુગલિક અને આનતાદિ દેવો અતિ સંક્લિષ્ટ પરિણામી ન હોવાથી આ અશુભ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ અનુભાગ બંધ કરતા નથી. તેમજ અતિ સંક્લિષ્ટ પરિણામી અન્ય પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય જીવો ઉત્કૃષ્ટ અનુભાગ બંધ કરી અંતર્મુહૂર્ત પછી જ યુગલિકાદિમાં ઉત્પન્ન થાય છે અને અંતર્મુહૂર્ત બાદ આ પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ અનુભાગનો અવશ્ય નાશ થઈ જાય છે. તેથી જ યુગલિક તથા આનતાદિ દેવો ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમના સ્વામી નથી.

આતપ, ઉદ્યોત, ઔદારિક સપ્તક, પ્રથમ સંઘયણ અને મનુષ્યદ્વિક આ બાર પ્રકૃતિઓના સમ્યગ્દૃષ્ટિ તેમજ મિથ્યાદૃષ્ટિ ચારેય ગતિના સર્વે જીવો ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમના સ્વામી છે. મિથ્યાદૃષ્ટિ આતપ તથા ઉદ્યોતનો ઉત્કૃષ્ટ અનુભાગ બંધ કરી બંધ આવલિકા પછી અંતર્મુહૂર્ત સુધી મિથ્યાત્વ ગુણઠાણે અને જો સમ્યક્ત્વ પામે તો સમ્યક્ત્વપણામાં એકસો બત્રીસ સાગરોપમ કાળ સુધી ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમ કરે છે. તેમજ શેષ દશ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ અનુભાગ બંધ સમ્યગ્દૃષ્ટિ મનુષ્ય કરે છે તેથી સમ્યક્ત્વ અવસ્થામાં એકસો બત્રીસ સાગરોપમ કાળ પ્રમાણ અને પહેલે ગુણઠાણે અથવા કાળ કરીને અન્યત્ર સૂક્ષ્મ એકેન્દ્રિયાદિકમાં જાય તો ત્યાં પણ અંતર્મુહૂર્ત કાળ સુધી આ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમ થઈ શકે છે.

દેવાયુષ્યનો અપ્રમત્તયતિ અને શેષ ત્રણ આયુષ્યનો ઉત્કૃષ્ટ રસબંધ મિથ્યાદૃષ્ટિ સંજ્ઞીપંચેન્દ્રિય કરે છે પરંતુ ચારે આયુની બંધ આવલિકા વીત્યા બાદ સ્વ-સ્વ આયુષ્યની સમયાધિક આવલિકા બાકી રહે ત્યાં સુધી, વળી આયુષ્ય બંધ થયા પછી ગુણસ્થાનકોનું પણ પરાવર્તન થઈ શકે છે માટે સમ્યગ્દૃષ્ટિ અથવા મિથ્યાદૃષ્ટિ ચારે આયુષ્યના ઉત્કૃષ્ટ રસસંક્રમના સ્વામી છે.

સાતાવેદનીય, યશઃકીર્ત્તિ અને ઉચ્ચ ગોત્ર આ ત્રણ પ્રકૃતિઓના ઉત્કૃષ્ટરસસંક્રમના સ્વામી બારમા-તેરમા ગુણસ્થાનકવર્તી અને શેષ દેવદ્વિક વૈક્રિય સપ્તક, પંચેન્દ્રિય જાતિ, આહારક- સપ્તક, તૈજસ-કાર્મણ સપ્તક, સમચતુરસ્રસંસ્થાન, પરાઘાત, ઉચ્છ્વાસ, અગુરુલઘુ, નિર્માણ, તીર્થંકર નામકર્મ, પ્રશસ્ત વિહાયોગતિ, શુભવર્ણાદિ અગિયાર અને ત્રસનવક આ એકાવન પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ રસસંક્રમના સ્વામી ક્ષપક અપૂર્વકરણ ગુણસ્થાનકના સાતમા ભાગથી સયોગી ગુણસ્થાનક સુધીના જીવો છે.

ક્ષપક નવમા ગુણસ્થાનકે અંતરકરણ કર્યા પછી નવ નોકષાય અને ચાર સંજ્વલનનો જે વખતે જઘન્ય સ્થિતિસંક્રમ કરે છે તે જ સમયે જઘન્ય અનુભાગ સંક્રમના સ્વામી છે. ટીકામાં સામાન્યથી ચારે સંજ્વલનના જઘન્ય અનુભાગ સંક્રમના સ્વામી ક્ષપક અનિવૃત્તિકરણવર્તી કહ્યા છે પરંતુ સંજ્વલન લોભના જઘન્ય અનુભાગ સંક્રમના સ્વામી ક્ષપક સૂક્ષ્મસંપરાયવર્તી સમયાધિક આવલિકા શેષ રહે તે જ સમયે જઘન્યસ્થિતિ સંક્રમના સ્વામી કહેલ હોવાથી તે જ સંભવે છે.

પાંચ જ્ઞાનાવરણીય, છ દર્શનાવરણીય અને પાંચ અંતરાય એ સોળના બારમા ગુણસ્થાનકની સમયાધિક આવલિકા શેષ રહે ત્યારે જઘન્ય અનુભાગ સંક્રમના સ્વામી છે, પરંતુ નિદ્રાદ્વિકના સાધિક બે આવલિકા શેષ હોય ત્યારે સંભવે એમ લાગે છે.

તે તે પ્રકૃતિઓની સત્તા વિનાના જીવને પ્રથમ તત્પ્રાયોગ્ય જઘન્ય અનુભાગ બંધ કરી બંધાવલિકા બાદ આહારકસપ્તકના પ્રમત્તયતિ, વૈક્રિયસપ્તક, દેવદ્વિક અને નરકદ્વિકના પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય, મનુષ્યદ્વિક અને ઉચ્ચ ગોત્રના સૂક્ષ્મનિગોદ, તીર્થંકર નામકર્મના અવિરત સમ્યગ્દૃષ્ટિ, સમ્યક્ત્વ મોહનીય અને મિશ્રમોહનીયના ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરનાર પોત-પોતાના ચરમસ્થિતિઘાતના ચરમ પ્રક્ષેપ વખતે સમ્યગ્દૃષ્ટિ, ચાર અનંતાનુબંધીના ચોવીસની સત્તાવાળા સમ્યગ્દૃષ્ટિ મિથ્યાત્વગુણઠાણે જઈ બંધ આવલિકા પછી સમયમાત્ર જઘન્ય અનુભાગ સંક્રમના સ્વામી છે અને ચારે આયુષ્યનો જઘન્ય સ્થિતિબંધ સમયે જ જઘન્યરસબંધ થાય છે. માટે ચારે આયુષ્યનો જઘન્યસ્થિતિબંધ કરનાર બંધાવલિકા વીત્યા બાદ સ્વ-સ્વ આયુષ્યની સમયાધિક આવલિકા શેષ રહે ત્યાં સુધી જઘન્ય અનુભાગ સંક્રમના સ્વામી છે.

ઘણી અનુભાગ સત્તાનો નાશ કર્યો છે જેણે અને સત્તા કરતાં જ્યાં સુધી અલ્પ અનુભાગ બંધ કરે ત્યાં સુધી સૂક્ષ્મ તેઉકાય-વાયુકાય અથવા અન્ય એકેન્દ્રિય તેમજ બેઇન્દ્રિય વગેરે જીવો શેષ સત્તાણું પ્રકૃતિઓના જઘન્ય અનુભાગ સંક્રમના સ્વામી છે.

(૭) સાદ્યાદિ—મૂળપ્રકૃતિ અને ઉત્તરપ્રકૃતિ આશ્રયી સાદ્યાદિ ભંગનો વિચાર કરવાનો છે. ત્યાં પ્રથમ મૂળપ્રકૃતિ આશ્રયી કહે છે.

જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય એ ત્રણનો અજઘન્ય અનુભાગ સંક્રમ સાદિ

વિના ત્રણ પ્રકારે અને શેષ ત્રણ સંક્રમો સાદિ-અધ્રુવ એમ બે-બે પ્રકારે હોવાથી એક-એકના નવ-નવ કુલ સત્તાવીસ, મોહનીયનો અજઘન્ય અને આયુષ્યનો અનુત્કૃષ્ટ ચાર-ચાર પ્રકારે અને આ બન્ને કર્મના શેષ ત્રણ સંક્રમો બે-બે પ્રકારે હોવાથી એક-એકના દશ-દશ એમ વીસ. વેદનીય, નામ અને ગોત્ર એ ત્રણ કર્મનો અનુત્કૃષ્ટ અનુભાગ સંક્રમ ત્રણ પ્રકારે અને બાકીના ત્રણ સંક્રમો બે-બે પ્રકારે હોવાથી એક-એકના નવ-નવ એમ સત્તાવીસ. એ પ્રમાણે મૂળકર્મ આશ્રયી અનુભાગ સંક્રમના કુલ ચુંમોતેર ભાંગા થાય છે.

ત્યાં જ્ઞાનાવરણીય વગેરે ત્રણ કર્મોનો જઘન્ય અનુભાગ સંક્રમ બારમા ગુણસ્થાનકની સમયાધિક આવલિકા બાકી હોય ત્યારે સમયમાત્ર થતો હોવાથી સાદિ અને અધ્રુવ છે. શેષ સર્વકાળે આ ત્રણ કર્મોનો અજઘન્ય અનુભાગ સંક્રમ હોય છે અને તે અભવ્યોને અનાદિ-ધ્રુવ અને ભવ્યોને કાલાંતરે વિચ્છેદ થવાનો હોવાથી અધ્રુવ એમ ત્રણ પ્રકારે છે.

મોહનીયકર્મનો જઘન્ય અનુભાગ સંક્રમ ક્ષપક-સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકની સમયાધિક આવલિકા શેષ હોય ત્યારે સમયમાત્ર થતો હોવાથી સાદિ અને અધ્રુવ છે અને શેષ કાળ અજઘન્ય હોય છે. ક્ષાયિક સમ્યક્ત્વી ઉપશમ શ્રેણિથી પડે ત્યારે અજઘન્ય અનુભાગ સંક્રમની શરૂઆત કરે છે માટે સાદિ, ઉપરોક્ત સ્થાનને અથવા અનુભાગ સંક્રમના સ્થાનને નહીં પામેલા જીવોને અનાદિ, અભવ્યોને ધ્રુવ અને ભવ્યોને અધ્રુવ હોય છે.

આ ચારે કર્મોનો ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમ સંજ્ઞી-પંચેન્દ્રિયમાં ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કર્યા પછી આવલિકા બાદ અંતર્મુહૂર્ત કાળ પર્યંત હોય છે અને શેષકાળે અનુત્કૃષ્ટ હોય છે. પુનઃ ઉત્કૃષ્ટ બંધ કરે ત્યારે આવલિકા બાદ ઉત્કૃષ્ટ અને પછી અનુત્કૃષ્ટ એમ વારાફરતી અનેક વાર થતા હોવાથી ઉત્કૃષ્ટ અને અનુત્કૃષ્ટ અનુભાગ સંક્રમ સાદિ-અધ્રુવ એમ બે પ્રકારે છે.

અપ્રમત્ત ગુણસ્થાનકે દેવાયુષ્યનો ઉત્કૃષ્ટ અનુભાગ બંધ કર્યા બાદ એક આવલિકા પછી અનુત્તર-વિમાનમાં સમયાધિક આવલિકા શેષ રહે ત્યાં સુધી સાધિક તેત્રીસ સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમ કરે છે માટે તે સાદિ અને અધ્રુવ છે, અને તે સિવાય શેષ સઘળો અનુભાગ સંક્રમ અનુત્કૃષ્ટ છે તે અનુત્તર-વિમાનમાં એક આવલિકા બાકી રહે ત્યારે પ્રવર્ત્તે છે. માટે સાદિ, અનુત્તર-વિમાનનું આયુષ્ય નહીં બાંધેલ જીવોને અનાદિ, અભવ્યોને ધ્રુવ અને ભવ્યોને અધ્રુવ એમ ચાર પ્રકારે હોય છે. આયુષ્યનો જઘન્ય અનુભાગ બંધ કરી બંધાવલિકા બાદ સ્વ-સ્વ ભવમાં સમયાધિક આવલિકા બાકી રહે ત્યાં સુધી જઘન્ય અને શેષ કાળે અજઘન્ય, એમ સંસારમાં વારંવાર થતા જઘન્ય અને અજઘન્ય બન્ને અનુભાગ સંક્રમો સાદિ અને અધ્રુવ છે.

વેદનીય, નામ અને ગોત્રકર્મનો ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમ બારમા-તેરમા ગુણસ્થાનકે હોય છે, તે પ્રતિનિયત કાલ હોવાથી સાદિ-અધ્રુવ છે. તે સિવાય શેષ સર્વકાલે અનુત્કૃષ્ટ થાય છે. અને તેની શરૂઆત ન હોવાથી અનાદિ, અભવ્યોને ધ્રુવ, અને ભવ્યોને અધ્રુવ છે. આ ત્રણ કર્મોનો ઘણી-અનુભાગ સત્તાનો નાશ કરેલ સૂક્ષ્મ એકેન્દ્રિયાદિ જીવોને જઘન્ય અનુભાગ સંક્રમ અને પુનઃ અધિક-રસ બાંધ્યા બાદ અથવા જ્યાં સુધી સત્તાગત ઘણા અનુભાગનો નાશ ન કરે ત્યાં સુધી અજઘન્ય અનુભાગ સંક્રમ, એમ પ્રથમ ગુણસ્થાનકે એકેન્દ્રિયાદિ જીવોને વારંવાર થતા હોવાથી બન્ને સાદિ-અધ્રુવ છે.

અનંતાનુબંધી ચતુષ્ક, નવ નોકષાય, અને સંજ્વલન ચતુષ્ક આ સત્તર પ્રકૃતિઓનો અજઘન્ય અનુભાગ સંક્રમ ચાર પ્રકારે, શેષ ત્રણ સંક્રમો સાદિ-અધ્રુવ એમ બે-બે પ્રકારે હોવાથી એક-એકના દશ-દશ, કુલ એકસોસિત્તેર. પાંચ જ્ઞાનાવરણીય, છ દર્શનાવરણીય અને પાંચ અંતરાય એ સોળનો અજઘન્ય અનુભાગ સંક્રમ સાદિ વિના ત્રણ પ્રકારે અને બાકીના ત્રણ સંક્રમો સાદિ-અધ્રુવ એમ બે પ્રકારે હોવાથી એક-એકના નવ-નવ કુલ એકસો ચુંમાળીસ. ત્રસદશક, પંચેન્દ્રિયજાતિ, સમચતુરસ્રસંસ્થાન, શુભવિહાયોગતિ, તૈજસ-કાર્મણસપ્તક, શુભવર્ણાદિ અગિયાર, પરાઘાત, ઉચ્છ્વાસ, અગુરુલઘુ, નિર્માણ, અને સાતાવેદનીય આ છત્રીસ પ્રકૃતિઓનો અનુત્કૃષ્ટ અનુભાગ સંક્રમ સાદિ વિના ત્રણ પ્રકારે અને બાકીના સંક્રમો સાદિ-અધ્રુવ એમ બે પ્રકારે હોવાથી એક-એકના નવ-નવ કુલ ત્રણસો ચોવીસ. ઔદારિક સપ્તક, ઉદ્યોત, પ્રથમસંઘયણ આ નવનો અનુત્કૃષ્ટ અનુભાગ સંક્રમ ચાર પ્રકારે અને શેષ ત્રણ સંક્રમો સાદિ-અધ્રુવ એમ બે-બે પ્રકારે હોવાથી એક-એકના દશ-દશ કુલ નેવું. બાકીની થીણદ્ધિત્રિક વગેરે એંસી પ્રકૃતિઓના ચારે અનુભાગ સંક્રમ સાદિ-અધ્રુવ એમ બે-બે પ્રકારે હોવાથી એક-એકના આઠ-આઠ કુલ છસો ચાળીસ....એમ ઉત્તર પ્રકૃતિઓના અનુભાગ સંક્રમ આશ્રયી ૧,૩૬૮ (એકહજાર, ત્રણસો, અડસઠ) ભાંગા થાય છે.

ચોવીસની સત્તાવાળો પ્રથમ ગુણસ્થાનકે આવી અનંતાનુબંધીનો બંધ કરે ત્યારે બંધ આવલિકા પછીના પહેલા સમયે તેનો જઘન્ય સંક્રમ થાય છે અને નવ નોકષાય તેમજ ચાર સંજ્વલનના ક્ષપકને પોત-પોતાના જઘન્ય સ્થિતિ સંક્રમ કાળે એક સમયમાત્ર જઘન્ય અનુભાગ સંક્રમ થાય છે. માટે સાદિ-અધ્રુવ એમ બે પ્રકારે છે. તે સિવાયના કાળમાં જ્યારે આ પ્રકૃતિઓનો સંક્રમ હોય છે ત્યારે તે અજઘન્ય અનુભાગ સંક્રમ હોય છે. તે અજઘન્ય અનુભાગ સંક્રમ પ્રથમ ગુણસ્થાનકે સમયાધિક આવલિકા પછી અને તે ક્ષાયિક સમ્યગ્દષ્ટિ અગિયારમા ગુણસ્થાનકથી પડે ત્યારે પુનઃ શરૂ થાય છે ત્યારે સાદિ, અને આ સ્થાનોને નહીં પામેલા જીવને અનાદિ, અભવ્યોને ધ્રુવ અને ભવ્યોને અધ્રુવ હોય છે.

બારમા ગુણસ્થાનકે મતિજ્ઞાનાવરણીય વગેરે સોળ પ્રકૃતિઓનો જઘન્ય અનુભાગ સંક્રમ સમયમાત્ર થતો હોવાથી સાદિ-અધ્રુવ છે, તે સિવાય જ્યારે આ પ્રકૃતિઓનો સંક્રમ પ્રવર્ત્તે છે ત્યારે તે અજઘન્ય હોય છે પરંતુ તેની શરૂઆત ન હોવાથી અનાદિ, અભવ્યોને ધ્રુવ અને ભવ્યોને અધ્રુવ હોય છે. આ સોળ અને પૂર્વોક્ત સત્તર, એમ તેત્રીસ પ્રકૃતિઓનો સંજ્ઞીપંચેંદ્રિય ઉત્કૃષ્ટ અનુભાગ બંધ કરી આવલિકા પછી ઉત્કૃષ્ટ અને શેષ કાળે અનુત્કૃષ્ટ એમ વારાફરતી અનેક વાર કરતા હોવાથી આ બન્ને સંક્રમો સાદિ-અધ્રુવ બે પ્રકારે છે.

ત્રસાદિ શુભપ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમ પોત-પોતાનો બંધ વિચ્છેદ કરી આવલિકા બાદ સયોગીના અંત સુધી થતો હોવાથી સાદિ-અધ્રુવ છે. તે સિવાયના કાળમાં જ્યારે આ પ્રકૃતિઓનો સંક્રમ હોય છે ત્યારે અનુત્કૃષ્ટ હોય છે અને તેની શરૂઆત ન હોવાથી અનાદિ, અભવ્યોને ધ્રુવ અને ભવ્યોને અધ્રુવ એમ ત્રણ પ્રકારે છે.

સર્વવિશુદ્ધ દેવ ઉત્કૃષ્ટ અનુભાગ બંધ કરી બંધ-આવલિકા બાદ ઔદારિક સપ્તક અને પ્રથમ સંઘયણ એ આઠનો અને સપ્તમપૃથ્વીનો નારક મિથ્યાત્વના ચરમ સમયે ઉત્કૃષ્ટ અનુભાગ

બંધ કરી આવલિકા બાદ સમ્યક્ત્વ અવસ્થામાં ઉદ્યોતનો એકસો બત્રીસ સાગરોપમ કાળ સુધી ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમ કરે છે. માટે સાદિ-અધ્રુવ એમ બે પ્રકારે છે. અને તે સિવાય જ્યારે આ પ્રકૃતિઓનો સંક્રમ થાય છે ત્યારે તે અનુત્કૃષ્ટ હોય છે. ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમ કર્યા બાદ પુનઃ અનુત્કૃષ્ટા શરૂ થાય છે માટે સાદિ, ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમના સ્થાનને નહીં પામેલા જીવોને અનાદિ, અભવ્યોને ધ્રુવ અને ભવ્યોને અધ્રુવ એમ અનુત્કૃષ્ટ અનુભાગ સંક્રમ ચાર પ્રકારે છે. આ નવ તેમજ ત્રસાદિ છત્રીસ એમ પિસ્તાળીસ પ્રકૃતિઓનો જઘન્ય અને અજઘન્ય અનુભાગ સંક્રમ, વેદનીયાદિ મૂળકર્મની જેમ એકેન્દ્રિયાદિમાં વારંવાર થતા હોવાથી સાદિ-અધ્રુવ બે પ્રકારે છે.

થીણદ્ધિત્રિક વગેરે શેષ એંશી પ્રકૃતિઓનો જઘન્ય અને અજઘન્ય અનુભાગ સંક્રમ સૂક્ષ્મ એકેન્દ્રિયાદિમાં વેદનીય કર્મની જેમ વારંવાર થતો હોવાથી બંને સાદિ-અધ્રુવ છે. અને દેવદ્વિક, વૈક્રિયસપ્તક, આહારકસપ્તક, જિનનામ, ઉચ્ચ ગોત્ર અને મનુષ્યદ્વિક એ ૨૦ વિના ૬૦ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ રસ બંધ કરી આવલિકા બાદ અમુક ટાઇમ સુધી ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમ અને શેષકાળે અનુત્કૃષ્ટ અનુભાગ સંક્રમ એમ એ બન્ને પણ વારંવાર થતા હોવાથી સાદિ-અધ્રુવ બે પ્રકારે છે. દેવદ્વિક વગેરે ૨૦ પ્રકૃતિઓની સત્તા જ અધ્રુવ હોવાથી તેનો પણ ઉત્કૃષ્ટ અને અનુત્કૃષ્ટ અનુભાગ સંક્રમ સાદિ અધ્રુવ એમ બે પ્રકારે હોય છે.

"અનુભાગ સંક્રમ સમાપ્ત"

"પ્રદેશસંક્રમ"

અહીં ભેદ, વિશેષ લક્ષણ, સાદ્યાદિ, ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમના સ્વામી અને જઘન્ય પ્રદેશ સંક્રમના સ્વામી એ પાંચ અધિકારો અર્થાત્ પાંચ મુખ્ય વિષયો છે.

(૧) ભેદ—વિધ્યાત, ઉદ્વલના, યથાપ્રવૃત્ત, ગુણસંક્રમ અને સર્વ સંક્રમ આ પ્રદેશસંક્રમના ભેદો છે. જો કે છઠ્ઠો એક સ્તિબુક સંક્રમ પણ છે. પરંતુ તે કરણરૂપ વીર્ય વિના ચૌદમા ગુણસ્થાનકે પણ થાય છે. અને અહીં કરણરૂપ વીર્યથી થતા સંક્રમનો જ અધિકાર છે. તેથી સ્તિબુક સંક્રમને ગણેલ નથી.

(૨) **વિશેષ લક્ષણ**—જેની બંધ આવલિકા વ્યતીત થઈ છે એવા સત્તાગત કર્મ દલિકોને બધ્યમાન પ્રકૃતિઓમાં લઈ જવા અર્થાત્ પતદ્ગ્રહ પ્રકૃતિરૂપે બનાવવા તે પ્રદેશસંક્રમ કહેવાય છે.

(૧) **વિધ્યાતસંક્રમ**—સમ્યક્ત્વાદિ ગુણના અથવા દેવાદિક ભવના નિમિત્તથી જે પ્રકૃતિઓનો બંધ-વિચ્છેદ થાય. અર્થાત્ બંધ અટકી જાય. તે તે પ્રકૃતિઓનો ત્યારબાદ વિધ્યાત સંક્રમ થાય છે.

ઉપશમસમ્યક્ત્વની પ્રાપ્તિના અંતરકરણમાં બંધ ન હોવા છતાં અંતર્મુહૂર્ત્ત પછી મિથ્યાત્વ તેમજ મિશ્રમોહનીયનો વિધ્યાત સંક્રમ થાય છે.

અપૂર્વકરણ ગુણસ્થાનકથી ગુણપ્રત્યય બંધવિચ્છેદ થયેલ હોવા છતાં કોઈપણ અશુભપ્રકૃતિઓનો વિધ્યાત થતો નથી. પરંતુ યથાસંભવ ગુણસંક્રમ અને ઉદ્વલના સંક્રમ પ્રવર્ત્તે છે, એ જ પ્રમાણે ગુણપ્રત્યય બંધ ન હોવા છતાં પોતપોતાના ક્ષયના અપૂર્વકરણના પ્રથમ સમયથી ચાર અનંતાનુબંધી, મિથ્યાત્વ તથા મિશ્રમોહનીયનો પણ વિધ્યાત સંક્રમ થતો નથી પરંતુ

ઉદ્વલનાનુવિદ્ધ ગુણસંક્રમ થાય છે તેમજ ગુણ કે ભવ પ્રત્યય બંધ ન હોવા છતાં જે અવસ્થામાં જે પ્રકૃતિઓની ઉદ્વલના થાય છે ત્યાં તે પ્રકૃતિઓનો વિધ્યાત સંક્રમ હોતો નથી.

મિથ્યાત્વ ગુણસ્થાનકે બંધવિચ્છેદવાળી સોળ પ્રકૃતિઓમાંથી નરકાયુ તથા મિથ્યાત્વ વિના (નરકદ્વિક, એકેન્દ્રિયાદિક ચાર જાતિ, સ્થાવર ચતુષ્ક, આતપ, હુંડકસંસ્થાન, સેવાર્ત સંહનન અને નપુંસકવેદ.) ચૌદનો સાસ્વાદનથી, સાસ્વાદને બંધ વિચ્છેદવાળી પચીસમાંથી તિર્યંચાયુ વિના (તિર્યંચદ્વિક, દૌર્ભાગ્યત્રિક, થીણદ્ધિત્રિક, અનંતાનુબંધી ચતુષ્ક, મધ્યમ ચાર સંસ્થાન, મધ્યમ ચાર સંઘયણ, અશુભવિહાયોગતિ સ્ત્રીવેદ, ઉદ્યોત અને નીચ ગોત્ર) ચોવીસનો મિશ્રથી, ચોથે ગુણસ્થાનકે બંધવિચ્છેદવાળી દશમાંથી મનુષ્યાયુ વિના (અપ્રત્યાખ્યાનીય ચતુષ્ક, મનુષ્યદ્વિક ઔદારિકદ્વિક અને પ્રથમ સંઘયણ) નવનો દેશવિરતિથી, ચાર પ્રત્યાખ્યાનીય કષાયનો પ્રમત્તથી, પ્રમત્તગુણસ્થાનકે બંધવિચ્છેદવાળી (અરતિ, શોક, અસ્થિરદ્વિક, અયશ અને અસાતાવેદનીય) છ પ્રકૃતિઓનો અપ્રમત્તથી, આઠમા ગુણસ્થાનકના છઠ્ઠા ભાગે બંધવિચ્છેદ થનાર નામકર્મની ત્રીસ પ્રકૃતિઓમાંથી ઉપઘાત વિના શેષ (ત્રસનવક, વર્ણચતુષ્ક, અગુરુલઘુ, નિર્માણ, પરાઘાત, ઉચ્છ્‌વાસ, દેવદ્વિક, વૈક્રિયદ્વિક, આહારકદ્વિક, તૈજસ, કાર્મણ, સમચતુરસ્રસંસ્થાન, શુભવિહાયોગતિ, તીર્થંકરનામ અને પંચેન્દ્રિયજાતિ) ઓગણત્રીસ પ્રકૃતિઓનો અપૂર્વકરણના સાતમા ભાગથી, ચોથા ગુણસ્થાનકથી મિથ્યાત્વ અને મિશ્રમોહનીયનો તથા સાતમી નરકમાં પ્રથમ ગુણસ્થાનકે ઉચ્ચ ગોત્ર અને મનુષ્યદ્વિકનો વિધ્યાત સંક્રમ પ્રવર્તે છે. એમ ગુણના નિમિત્તથી કુલ નેવ્યાશી (૮૯) પ્રકૃતિઓનો વિધ્યાત સંક્રમ થાય છે.

તેમજ ઈશાન સુધીના દેવોમાં ભવપ્રત્યયિક બંધ નથી જેઓનો એવી (દેવદ્વિક, વૈક્રિયદ્વિક, આહારકદ્વિક, નરકદ્વિક સૂક્ષ્મત્રિક અને વિકલત્રિક એ) ચૌદનો, નરકગતિમાં તેમજ સનત્કુમારથી સહસ્રાર સુધીના દેવોમાં (ઉપરોક્ત ચૌદ તથા એકેન્દ્રિય, સ્થાવર અને આતપ એ) સત્તરનો, આનતાદિ દેવોમાં (પૂર્વોક્ત સત્તર તેમજ તિર્યંચદ્વિક અને ઉદ્યોત એ) વીસનો, તેમજ યુગલિકમાં (છ સંઘયણ, પ્રથમ વિના પાંચ સંસ્થાન, નપુંસકવેદ, મનુષ્યદ્વિક, તિર્યંચદ્વિક, નરકદ્વિક ઔદારિકદ્વિક, સ્થાવર ચતુષ્ક, એકેન્દ્રિયાદિક ચાર જાતિ, અશુભવિહાયોગતિ, દૌર્ભાગ્યત્રિક, નીચ ગોત્ર અને આતપ એ) ચોત્રીસનો વિધ્યાત સંક્રમ હોય છે.

એમ દેવ-નારક અને યુગલિકોમાં (નપુંસકવેદ, નીચ ગોત્ર, ચાર ગતિ, એકેન્દ્રિયાદિક ચાર જાતિ, ઔદારિકદ્વિક, વૈક્રિયદ્વિક, આહારકદ્વિક, છ સંઘયણ, પ્રથમ વિનાના પાંચ સંસ્થાન, ચાર આનુપૂર્વી, અશુભવિહાયોગતિ, આતપ, ઉદ્યોત, સ્થાવર ચતુષ્ક અને દુર્ભાગ્યત્રિક) સર્વ મળી આ એકતાળીસ પ્રકૃતિઓનો ભવપ્રત્યયિક વિધ્યાત સંક્રમ થાય છે. પરંતુ ઉપર બતાવેલ ગુણપ્રત્યયિક વિધ્યાત સંક્રમવાળી નેવ્યાશી (૮૯) પ્રકૃતિઓમાં આ એકતાળીસ (૪૧) પ્રકૃતિઓ આવી ગયેલ હોવાથી જુદી નથી. તેથી નેવ્યાશી પ્રકૃતિઓનો વિધ્યાત સંક્રમ થાય છે.

તેમાં નપુંસકવેદાદિ એકતાળીસ પ્રકૃતિઓનો ગુણપ્રત્યયિક, ભવપ્રત્યયિક એમ બન્ને પ્રકારનો અને અડતાળીસ પ્રકૃતિઓનો કેવળ ગુણપ્રત્યયિક વિધ્યાત સંક્રમ હોય છે અને પ્રથમ ગુણસ્થાનકે જો જિનનામની સત્તા હોય તો ત્યાં પણ તેનો વિધ્યાત સંક્રમ થાય છે....તેમજ સાતમી નરકના મિથ્યાદૃષ્ટિ નારકોમાં મનુષ્યદ્વિક તથા ઉચ્ચ ગોત્રનો ગુણપ્રત્યયિક બંધ ન હોવાથી

આ ત્રણનો પણ વિધ્યાત સંક્રમ થાય છે, તેમજ આહારકદ્વિકની સત્તાવાળા જીવોને અવિરતિ પામ્યા બાદ અંતર્મુહૂર્ત પછી ઉદ્વલના સંક્રમ થાય છે તેથી અવિરતિની પ્રાપ્તિના પ્રથમ અંતર્મુહૂર્તમાં આ બે પ્રકૃતિઓનો પણ વિધ્યાત સંક્રમ થતો હોય તેમ લાગે છે.

આ વિધ્યાત સંક્રમ યથાપ્રવૃત્ત સંક્રમના અંતે ઘણું કરીને પ્રવર્ત્તે છે. ઘણું કરીને કહેવાનું કારણ અંતરકરણમાં મિથ્યાત્વ અને મિશ્રમોહનીય ગુણસંક્રમને રોકી બન્નેનો વિધ્યાત સંક્રમ પ્રવર્ત્તે છે.

(૨) ઉદ્વલના સંક્રમ—સત્તાગત કર્મદલિકોને ઉખેડવા અથવા નિર્મૂળપણે તેનો નાશ કરવો તે ઉદ્વલના સંક્રમ કહેવાય છે, સત્તાગત પ્રકૃતિઓનો નાશ કરવા માટેનાં અનેક સાધનોમાં ઉદ્વલના સંક્રમ પણ એક પ્રબલ સાધન છે.

ત્યાં સત્તાગત કર્મસ્થિતિના ઉપરના પલ્યોપમના અસંખ્યાતમાભાગ જેટલા સ્થિતિખંડને ઉપાડી અંતર્મુહૂર્ત કાળમાં નાશ કરે, ત્યારબાદ પ્રથમ નાશ કરેલ સ્થિતિખંડના નીચેના બીજા પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિ ખંડને ઉપાડી પુનઃ તેનો અંતર્મુહૂર્તમાં નાશ કરે, એમ દ્વિચરમસ્થિતિખંડ સુધી પૂર્વ-પૂર્વના સ્થિતિખંડથી કંઈક ઓછા-ઓછા છતાં પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિખંડ ઉપાડી ઉપાડી દરેક અંતર્મુહૂર્ત્તે નાશ કરે છે, અને દ્વિચરમ-સ્થિતિખંડથી અસંખ્યાતગુણ પ્રમાણ ચરમસ્થિતિખંડનો પણ અંતર્મુહૂર્તમાં વિનાશ કરે છે.

અહીં સ્થિતિ તથા દલિકને આશ્રયી અનંતરોપનિધાથી અને પરંપરોપનિધાથી એમ બે રીતે વિચાર કરી શકાય છે.

અનંતરોપનિધાએ-સ્થિતિની અપેક્ષાએ પ્રથમના સ્થિતિખંડથી દ્વિચરમસ્થિતિખંડ સુધીના દરેક સ્થિતિખંડો વિશેષ હીન-હીન અર્થાત્ અસંખ્યાત ભાગ હીન-હીન સ્થિતિવાળા હોય છે, અને દ્વિચરમસ્થિતિખંડથી ચરમસ્થિતિખંડ અસંખ્યાતગુણ હોવા છતાં પ્રથમના સ્થિતિખંડની અપેક્ષાએ અસંખ્યાતગુણ હીન સ્થિતિવાળો હોય છે.

પરંપરોપનિધાએ-પ્રથમ સ્થિતિખંડથી શરૂઆતના કેટલાક સ્થિતિખંડો અસંખ્યાતભાગ હીન, તેની નીચેના કેટલાક સ્થિતિખંડો સંખ્યાત ભાગહીન, તેની નીચેના કેટલાક સંખ્યાતગુણ હીન અને તેની નીચેના કેટલાક છેલ્લા સ્થિતિખંડો અસંખ્યાતગુણ હીન હોય છે.

અનંતરોપનિધાથી-દલિકોની અપેક્ષાએ પ્રથમ સ્થિતિખંડ સર્વથી અલ્પ દલિકવાળો હોય છે, અને તેની નીચેના દ્વિચરમસ્થિતિખંડ સુધીના દરેક સ્થિતિખંડો વિશેષાધિક-વિશેષાધિક અર્થાત્ અસંખ્યાતભાગ અધિક-અધિક દલિકવાળા હોય છે અને ચરમસ્થિતિખંડ અસંખ્યાતગુણ દલિકવાળો હોય છે.

પરંપરોપનિધાએ-પ્રથમ સ્થિતિખંડનાં દલિકોની અપેક્ષાએ નીચેના શરૂઆતના કેટલાક સ્થિતિખંડો અસંખ્યાતભાગ અધિક, તેની નીચેના કેટલાક સંખ્યાતભાગ અધિક, તેની નીચેના કેટલાક સંખ્યાતગુણ અધિક અને તેની નીચેના કેટલાક સ્થિતિખંડો અસંખ્યાતગુણ અધિક દલિકવાળા હોય છે.

આ ઉદ્વલના સંક્રમમાં ઉકેરાતા સ્થિતિખંડોનું દલિક નહીં ઉકેરાતા નીચેનાં પોતાનાં સ્થિતિસ્થાનોમાં અને સ્વજાતીય અન્ય પ્રકૃતિઓમાં પણ નાખે છે.

ત્યાં દ્વિચરમ સ્થિતિખંડના ચરમસમય સુધી પ્રથમ સ્થિતિખંડના પ્રથમ સમયથી સમયે સમયે અસંખ્યાતગુણ દલિક નીચે સ્વસ્થાનમાં નાખે છે અને પરસ્થાનમાં પ્રથમ સમયથી વિશેષ હીન-હીન નાખે છે. પ્રથમ સમયે પરસ્થાનમાં જેટલું દલિક નાખે છે તેના કરતાં સ્વસ્થાનમાં અસંખ્યાતગુણ દલિક નાખે છે. અને ચરમસ્થિતિખંડ પોતે જ ઉકેરાતો હોવાથી વળી તેની નીચે માત્ર એક ઉદયાવલિકા પ્રમાણ જ સ્થિતિ હોવાથી તેના સમગ્ર દલિકને સમયે સમયે અસંખ્યાતગુણ પરપ્રકૃતિમાં જ નાખે છે પરંતુ સ્વમાં નહીં.

આ ઉદ્વલના સંક્રમ કેટલીક પ્રકૃતિઓના યથાપ્રવૃત્ત સંક્રમને રોકીને અને કેટલીક પ્રકૃતિઓના વિધ્યાત સંક્રમને રોકીને પ્રવર્ત્તે છે એમ અવિરતિભાવને પામ્યા પછી અંતર્મુહૂર્ત્ત બાદ આહારકદ્વિકની, મિથ્યાદૃષ્ટિ સમ્યક્ત્વમોહનીય તથા મિશ્રમોહનીયની, એકેન્દ્રિય પ્રથમ દેવદ્વિક અને પછી નરકદ્વિક અને વૈક્રિયદ્વિક એ ચારની એકીસાથે, તેઉકાય તથા વાયુકાય પ્રથમ ઉચ્ચ ગોત્ર અને ત્યારબાદ મનુષ્યદ્વિકની એમ આ તેર પ્રકૃતિઓની પલ્યોપમના અસંખ્યાતમાભાગ પ્રમાણ કાળમાં ઉદ્વલના કરે છે. અને અનંતાનુબંધી ચાર, મિથ્યાત્વ તથા મિશ્રમોહનીય એ છ પ્રકૃતિઓની ચોથાથી સાતમા ગુણસ્થાનક સુધીના જીવો, તેમજ નવમા ગુણસ્થાનકે થીણદ્ધિત્રિક સ્થાવરદ્વિક, સાધારણ, આતપ, ઉદ્યોત, પ્રથમની ચાર જાતિ, નરકદ્વિક, તિર્યંચદ્વિક, અપ્રત્યાખ્યાનીય વગેરે સંજ્વલન લોભ વિના અગિયાર કષાય, અને નવ નોકષાય એમ કુલ બેતાળીસ પ્રકૃતિઓની અંતર્મુહૂર્ત્તમાં ઉદ્વલના કરે છે.

ઉદ્વલના સંક્રમમાં કુલ પંચાવન પ્રકૃતિઓ થાય છે, પરંતુ નરકદ્વિક અને મિશ્રમોહનીયની ઉદ્વલના ક્રમશઃ એકેન્દ્રિયમાં અને મિથ્યાત્વગુણસ્થાનકે પલ્યોપમના અસંખ્યાતમાભાગ પ્રમાણ કાળે અને નવમા ગુણસ્થાનકે તેમજ ચોથાથી સાતમા ગુણસ્થાનકે અંતર્મુહૂર્ત્તકાળે એમ બન્નેય રીતે થતી હોવાથી આ ત્રણ પ્રકૃતિઓ બે વાર આવે છે. તેથી ત્રણ પ્રકૃતિઓ બાદ કરતાં કુલ બાવન પ્રકૃતિઓનો ઉદ્વલના સંક્રમ થાય છે.

જે પ્રકૃતિઓની અંતર્મુહૂર્ત્તમાં ઉદ્વલના કરે છે તે પ્રકૃતિઓમાં અમુક કાળ પછી ઉદ્વલના સંક્રમની સાતે પ્રાયઃ ગુણસંક્રમ પણ પ્રવર્ત્તે છે.

(૩) **યથાપ્રવૃત્તસંક્રમ**—બધ્યમાન ધ્રુવબંધી અને બંધ વિચ્છેદ નથી થયેલ જેઓનો એવી અધ્રુવબંધી પ્રવૃત્તિઓનો બંધ ન હોય તોપણ આ બન્ને પ્રકારની પ્રકૃતિઓનું સત્તામાં જેટલું દલિક હોય તેના અનુસારે તેમજ જે સમયે જઘન્ય, મધ્યમ કે ઉત્કૃષ્ટ જેટલો યોગ હોય તેના પ્રમાણમાં સ્વજાતીય બધ્યમાન પ્રકૃતિઓમાં જે સંક્રમ થાય છે, તે યથાપ્રવૃત્તસંક્રમ કહેવાય છે. ચાર આયુષ્ય તથા મિથ્યાત્વ વિના કુલ એકસો સત્તર પ્રકૃતિઓનો યથાપ્રવૃત્તસંક્રમ હોય છે.

(૪) **ગુણસંક્રમ**—સત્તામાં રહેલ નહીં બંધાતી અશુભપ્રકૃતિઓનો અપૂર્વકરણ ગુણસ્થાનકના પ્રથમ સમયથી દશમા ગુણસ્થાનક સુધી સ્વજાતીય બંધાતી પ્રકૃતિઓમાં અસંખ્યાતગુણાકારે જે સંક્રમ થાય તે ગુણસંક્રમ કહેવાય છે.

થીણદ્ધિત્રિક, અસાતાવેદનીય, મધ્યમના આઠ કષાય, સ્ત્રીવેદ, નપુંસકવેદ, અરતિ, શોક, તિર્યંચદ્વિક, નરકદ્વિક, એકેન્દ્રિયાદિ ચાર જાતિ, પ્રથમ વિનાના પાંચ સંઘયણ અને પાંચ સંસ્થાન અશુભવિહાયોગતિ, સ્થાવરદશક અને નીચ ગોત્ર આ છેતાળીસ પ્રકૃતિઓનો અપૂર્વકરણ

ગુણસ્થાનકના પ્રથમ સમયથી, નિદ્રાદ્વિક, ઉપઘાતનામ, હાસ્ય, રતિ, ભય, જુગુપ્સા અને અશુભવર્ણચતુષ્ક એ અગિયારનો પોત-પોતાના બંધ વિચ્છેદ સમયથી યથાસંભવ દશમા ગુણસ્થાનક સુધી તેમજ ઔપશમિક સમ્યગ્દષ્ટિને અંતરકરણમાં અંતર્મુહૂર્ત્ત કાળ સુધી યથાસંભવ ચોથાથી સાતમા ગુણસ્થાનક સુધીમાં મિથ્યાત્વ અને મિશ્રમોહનીય એ બેનો અને બીજા અર્થ પ્રમાણે ચોથાથી સાતમા ગુણસ્થાનક સુધી અનંતાનુબંધી મિથ્યાત્વ અને મિશ્રમોહનીય એ છનો ક્ષયકાળે પોતપોતાના અપૂર્વકરણના પ્રથમ સમયથી ગુણસંક્રમ થાય છે.

એમાં મિથ્યાત્વ તથા મિશ્રમોહનીય બે વાર આવવાથી તે બે પ્રકૃતિઓ ઓછી કરતાં ૪૬ + ૧૧ + ૬ = સર્વ મળી ૬૩ પ્રકૃતિઓનો ગુણસંક્રમ થાય છે. અને પુરુષવેદ તથા સંજ્વલન ક્રોધાદિ ત્રણ એ ચારનો પણ ક્ષપક શ્રેણિમાં નવમા ગુણસ્થાનકે પોતપોતાના બંધવિચ્છેદ પછી ગુણસંક્રમ સંભવે છે. અને સપ્તતિકાની ટીકા વગેરેમાં બતાવેલ પણ છે. છતાં અહીં ટીકાકાર મહર્ષિએ આ ચાર પ્રકૃતિઓનો ગુણસંક્રમ બતાવેલ નથી તેનું કારણ અતિશય જ્ઞાનીઓ જાણે.

આ ગુણસંક્રમ વિધ્યાતસંક્રમને અને નિદ્રાદ્વિક વગેરે કેટલીક અશુભ પ્રકૃતિઓના યથા પ્રવૃત્તસંક્રમને રોકી પ્રવર્ત્તે છે.

(૫) સર્વસંક્રમ—ઉદ્વલના સંક્રમના ચરમસ્થિતિખંડના દલિકનો ચરમ સમયે પરપ્રકૃતિમાં જે સંક્રમ થાય છે તેને જ સર્વસંક્રમ કહેવાય છે. તેથી ઉદ્વલના સંક્રમમાં બતાવેલ બાવન પ્રકૃતિઓનો સર્વ સંક્રમ થાય છે અને તે ઉદ્વલના સંક્રમના અંતે થાય છે.

કયા કયા સંક્રમથી કેટલું દલિક સંક્રમે છે તે બતાવે છે.

ઉદ્વલના સંક્રમના ચરમસ્થિતિખંડના સર્વદલિકને ગુણસંક્રમથી સંક્રમાવતાં અંતર્મુહૂર્ત્ત કાળ લાગે છે. અને ચરમ સ્થિતિખંડના તે જ દલિકને યથાપ્રવૃત્ત સંક્રમથી અથવા ઉદ્વલના સંક્રમમાં દ્વિચરમસ્થિતિખંડના ચરમ સમયે સ્વમાં નીચે જેટલું દલિક સંક્રમાવે છે તે પ્રમાણથી સંક્રમાવે તો પલ્યોપમના અસંખ્યાતમા ભાગકાળે સર્વ દલિક ખલાસ થાય.

જો તે જ દલિકને વિધ્યાત સંક્રમ અથવા દ્વિચરમ સ્થિતિખંડના ચરમસમયે પરપ્રકૃતિમાં જેટલું દલિક સંક્રમાવે છે તે પ્રમાણથી સંક્રમાવે તો અંગુલના અસંખ્યાતમા ભાગમાં રહેલ પ્રદેશરાશિને સમયે-સમયે દૂર કરતાં જેટલી અસંખ્યાતી ઉત્સર્પિણી-અવસર્પિણી થાય તેટલા કાળમાં સર્વ દલિક ખલાસ થાય છે.

આ બંને સંક્રમમાં અસંખ્યાતી ઉત્સર્પિણી-અવસર્પિણી પ્રમાણ કાળ હોવા છતાં અંગુલનો અસંખ્યાતમો ભાગ નાનો-મોટો લેવાનો હોવાથી વિધ્યાત સંક્રમ કરતાં ઉદ્વલના સંક્રમમાં અસંખ્યાત ગુણકાળ થાય છે.

સ્તિબુકસંક્રમ

વિપાકોદયમાં પ્રાપ્ત થયેલ મનુષ્યગતિ વગેરેના ઉદયસમયમાં તેની સમાન સમયમાં રહેલ અનુદયપ્રાપ્ત સ્વજાતિય પ્રકૃતિઓનાં દલિકોને સંક્રમાવી અર્થાત્ ઉદયપ્રાપ્ત પ્રકૃતિઓમાં નાખી-અનુભવી-ક્ષય કરે તે સ્તિબુક સંક્રમ અથવા પ્રદેશોદય કહેવાય છે. છતાં તેમાં સંક્રમણ કરણનું લક્ષણ ઘટતું ન હોવાથી તેને પ્રદેશસંક્રમના ભેદ તરીકે બતાવેલ નથી પરંતુ તે પણ સંક્રમ હોવાથી પાંચ સંક્રમ પછી તેનું પણ સ્વરૂપ બતાવવામાં આવેલ છે.

॥ उत्तरप्रकृतिषु विध्यातादि-पंच-प्रदेशसंक्रमाणां यन्त्रकम् ॥

નં.	પ્રકૃતિઓ		વિધ્યાત	ઉદ્વલના	યથાપ્રવૃત્ત	ગુણ.સં	સર્વ સં.	કુલ
૧.	મતિ જ્ઞાનાવરણીય		૦	૦	૧	૦	૦	૧
૨.	શ્રુતજ્ઞાનાવરણીય		૦	૦	૧	૦	૦	૧
૩.	અવધિજ્ઞાનાવરણીય		૦	૦	૧	૦	૦	૧
૪.	મનઃપર્યવજ્ઞાનાવરણીય		૦	૦	૧	૦	૦	૧
૫.	કેવલજ્ઞાનાવરણીય		૦	૦	૧	૦	૦	૧
૬.	ચક્ષુદર્શનાવરણીય		૦	૦	૧	૦	૦	૧
૭.	અચક્ષુદર્શનાવરણીય		૦	૦	૧	૦	૦	૧
૮.	અવધિદર્શનાવરણીય		૦	૦	૧	૦	૦	૧
૯.	કેવલદર્શનાવરણીય		૦	૦	૧	૦	૦	૧
૧૦.	નિદ્રા		૦	૦	૧	૧	૦	૨
૧૧.	નિદ્રા-નિદ્રા		૧	૧	૧	૧	૧	૫
૧૨.	પ્રચલા		૦	૦	૧	૧	૦	૨
૧૩.	પ્રચલા-પ્રચલા		૧	૧	૧	૧	૧	૫
૧૪.	થીણદ્ધિ		૧	૧	૧	૧	૧	૫
૧૫.	સાતાવેદનીય		૦	૦	૧	૦	૦	૧
૧૬.	અસાતાવેદનીય		૧	૦	૧	૧	૦	૩
૧૭.	સમ્યક્ત્વ મોહનીય		૦	૧	૧	૦	૧	૩
૧૮.	મિશ્રમોહનીય		૧	૧	૧	૧	૧	૫
૧૯.	મિથ્યાત્વ મોહનીય		૧	૧	૦	૧	૧	૪
૨૦.	અનંતાનુબંધી	ક્રોધ	૧	૧	૧	૧	૧	૫
૨૧.	અનંતાનુબંધી	માન	૧	૧	૧	૧	૧	૫
૨૨.	અનંતાનુબંધી	માયા	૧	૧	૧	૧	૧	૫
૨૩.	અનંતાનુબંધી	લોભ	૧	૧	૧	૧	૧	૫
૨૪.	અપ્રત્યાખ્યાનીય	ક્રોધ	૧	૧	૧	૧	૧	૫
૨૫.	અપ્રત્યાખ્યાનીય	માન	૧	૧	૧	૧	૧	૫
૨૬.	અપ્રત્યાખ્યાનીય	માયા	૧	૧	૧	૧	૧	૫
૨૭.	અપ્રત્યાખ્યાનીય	લોભ	૧	૧	૧	૧	૧	૫
૨૮.	પ્રત્યાખ્યાનીય	ક્રોધ	૧	૧	૧	૧	૧	૫
૨૯.	પ્રત્યાખ્યાનીય	માન	૧	૧	૧	૧	૧	૫

૩૦.	પ્રત્યાખ્યાનીય	માયા	૧	૧	૧	૧	૧	૫
૩૧.	પ્રત્યાખ્યાનીય	લોભ	૧	૧	૧	૧	૧	૫
૩૨.	સંજ્વલન	ક્રોધ	૦	૧	૧	૧/૦	૧	૪/૩
૩૩.	સંજ્વલન	માન	૦	૧	૧	૧/૦	૧	૪/૩
૩૪.	સંજ્વલન	માયા	૦	૧	૧	૧/૦	૧	૪/૩
૩૫.	સંજ્વલન	લોભ	૦	૦	૧	૦	૦	૧
૩૬.	હાસ્ય	નોકષાય	૦	૧	૧	૧	૧	૪
૩૭.	રતિ	નોકષાય	૦	૧	૧	૧	૧	૪
૩૮.	અરતિ	નોકષાય	૧	૧	૧	૧	૧	૫
૩૯.	શોક	નોકષાય	૧	૧	૧	૧	૧	૫
૪૦.	ભય	નોકષાય	૦	૧	૧	૧	૧	૪
૪૧.	જુગુપ્સા	નોકષાય	૦	૧	૧	૧	૧	૪
૪૨.	પુરુષવેદ		૦	૧	૧	૧/૦	૧	૪/૩
૪૩.	સ્ત્રીવેદ		૧	૧	૧	૧	૧	૫
૪૪.	નપુંસકવેદ		૧	૧	૧	૧	૧	૫
૪૫.	દેવાયુઃ		૦	૦	૦	૦	૦	૦
૪૬.	મનુષ્યાયુ		૦	૦	૦	૦	૦	૦
૪૭.	તિર્યંચાયુઃ		૦	૦	૦	૦	૦	૦
૪૮.	નરકાયુઃ		૦	૦	૦	૦	૦	૦
૪૯.	દેવગતિ	નામકર્મ	૧	૧	૧	૦	૧	૪
૫૦.	મનુષ્યગતિ		૧	૧	૧	૦	૧	૪
૫૧.	તિર્યંચગતિ		૧	૧	૧	૧	૧	૫
૫૨.	નરકગતિ		૧	૧	૧	૧	૧	૫
૫૩.	એકેન્દ્રિય	જાતિ	૧	૧	૧	૧	૧	૫
૫૪.	બેઇન્દ્રિય	જાતિ	૧	૧	૧	૧	૧	૫
૫૫.	તેઇન્દ્રિય	જાતિ	૧	૧	૧	૧	૧	૫
૫૬.	ચઉરિન્દ્રિય	જાતિ	૧	૧	૧	૧	૧	૫
૫૭.	પંચેન્દ્રિય	જાતિ	૧	૦	૧	૦	૦	૨
૫૮.	ઔદારિકશરીર		૧	૦	૧	૦	૦	૨
૫૯.	વૈક્રિય શરીર		૧	૧	૧	૦	૧	૪
૬૦.	આહારક શરીર		૧	૧	૧	૦	૧	૪

૬૧.	તૈજસ શરીર		૧	૦	૧	૦	૦	૨
૬૨.	કાર્મણ શરીર		૧	૦	૧	૦	૦	૨
૬૩.	ઔદારિક	અંગોપાંગ	૧	૦	૧	૦	૦	૨
૬૪.	વૈક્રિય	અંગોપાંગ	૧	૧	૧	૦	૧	૪
૬૫.	આહારક	અંગોપાંગ	૧	૧	૧	૦	૧	૪
૬૬.	વજ્રઋષભનારાચ	સંઘયણ	૧	૦	૧	૦	૦	૨
૬૭.	ઋષભનારાચ		૧	૦	૧	૧	૦	૩
૬૮.	નારાચ		૧	૦	૧	૧	૦	૩
૬૯.	અર્ધ-નારાચ		૧	૦	૧	૧	૦	૩
૭૦.	કીલિકા		૧	૦	૧	૧	૦	૩
૭૧.	છેવઠ્ઠું		૧	૦	૧	૧	૦	૩
૭૨.	સમચતુરસ્ર	સંસ્થાન	૧	૦	૧	૦	૦	૨
૭૩.	ન્યગ્રોધ	પરિમંડળ	૧	૦	૧	૧	૦	૩
૭૪.	સાદિ		૧	૦	૧	૧	૦	૩
૭૫.	વામન		૧	૦	૧	૧	૦	૩
૭૬.	કુબ્જ		૧	૦	૧	૧	૦	૩
૭૭.	હુંડક		૧	૦	૧	૧	૦	૩
૭૮.	વર્ણ[૧]		૧	૦	૧	૧	૦	૩
૭૯.	ગંધ		૧	૦	૧	૧	૦	૩
૮૦.	રસ		૧	૦	૧	૧	૦	૩
૮૧.	સ્પર્શ		૧	૦	૧	૧	૦	૩
૮૨.	દેવાનુપૂર્વી		૧	૧	૧	૦	૧	૪
૮૩.	મનુષ્યાનુપૂર્વી		૧	૧	૧	૦	૧	૪
૮૪.	તિર્યંચાનુપૂર્વી		૧	૧	૧	૧	૧	૫
૮૫.	નરકાનુપૂર્વી		૧	૧	૧	૧	૧	૫
૮૬.	શુભવિહાયોગતિ		૧	૦	૧	૦	૦	૨
૮૭.	અશુભવિહાયોગતિ		૧	૦	૧	૧	૦	૩
૮૮.	પરાઘાત		૧	૦	૧	૦	૦	૨
૮૯.	ઉચ્છ્વાસ		૧	૦	૧	૦	૦	૨

૧. અહીં વર્ણચતુષ્ક શુભ અને અશુભ એમ બે પ્રકારે હોવાથી બંધવિચ્છેદ પછી અશુભવર્ણચતુષ્કનો ગુણસંક્રમ અને શુભવર્ણચતુષ્કનો વિધ્યાતસંક્રમ થાય છે. પરંતુ કોષ્ટકમાં સામાન્યથી વર્ણચતુષ્ક લીધેલ હોવાથી ગુણસંક્રમ અને વિધ્યાતસંક્રમ એમ બંને બતાવેલ છે.

૯૦.	આતપ	૧	૧	૧	૦	૧	૪
૯૧.	ઉદ્યોત	૧	૧	૧	૦	૧	૪
૯૨.	અગુરુલઘુ	૧	૦	૧	૦	૦	૨
૯૩.	તીર્થંકરનામ	૧	૦	૧	૦	૦	૨
૯૪.	નિર્માણ	૧	૦	૧	૦	૦	૨
૯૫.	ઉપઘાત	૦	૦	૧	૧	૦	૨
૯૬.	ત્રસ	૧	૦	૧	૦	૦	૨
૯૭.	બાદર	૧	૦	૧	૦	૦	૨
૯૮.	પર્યાપ્ત	૧	૦	૧	૦	૦	૨
૯૯.	પ્રત્યેક	૧	૦	૧	૦	૦	૨
૧૦૦.	સ્થિર	૧	૦	૧	૦	૦	૨
૧૦૧.	શુભ	૧	૦	૧	૦	૦	૨
૧૦૨.	સૌભાગ્ય	૧	૦	૧	૦	૦	૨
૧૦૩.	સુસ્વર	૧	૦	૧	૦	૦	૨
૧૦૪.	આદેય	૧	૦	૧	૦	૦	૨
૧૦૫.	યશઃકીર્ત્તિ	૦	૦	૧	૦	૦	૧
૧૦૬.	સ્થાવર	૧	૧	૧	૧	૧	૫
૧૦૭.	સૂક્ષ્મ	૧	૧	૧	૧	૧	૫
૧૦૮.	અપર્યાપ્ત	૧	૦	૧	૧	૦	૩
૧૦૯.	સાધારણ	૧	૧	૧	૧	૧	૫
૧૧૦.	અસ્થિર	૧	૦	૧	૧	૦	૩
૧૧૧.	અશુભ	૧	૦	૧	૧	૦	૩
૧૧૨.	દુર્ભાગ્ય	૧	૦	૧	૧	૦	૩
૧૧૩.	દુઃસ્વર	૧	૦	૧	૧	૦	૩
૧૧૪.	અનાદેય	૧	૦	૧	૧	૦	૩
૧૧૫.	અયશઃકીર્તિ	૧	૦	૧	૧	૦	૩
૧૧૬.	ઉચ્ચ ગોત્ર	૧	૧	૧	૦	૧	૪
૧૧૭.	નીચ ગોત્ર	૧	૦	૧	૧	૦	૩
૧૧૮.	દાનાન્તરાય	૦	૦	૧	૦	૦	૧
૧૧૯.	લાભાન્તરાય	૦	૦	૧	૦	૦	૧
૧૨૦.	ભોગાન્તરાય	૦	૦	૧	૦	૦	૧
૧૨૧.	ઉપભોગાન્તરાય	૦	૦	૧	૦	૦	૧
૧૨૨.	વીર્યાન્તરાય	૦	૦	૧	૦	૦	૧
કુલ.	—	૮૯	૫૨	૧૧૭	૬૭/૬૩	૫૨	—

(૩) **સાદ્યાદિ**—મૂળ કર્મોનો પરસ્પર સંક્રમ ન હોવાથી ઉત્તરપ્રકૃતિઓ આશ્રયી સાદ્યાદિ ભંગ આ પ્રમાણે છે.

મિથ્યાત્વ, બે વેદનીય અને નીચ ગોત્ર વિના શેષ ધ્રુવસત્તાવાળી એકસો છવ્વીસ પ્રકૃતિઓનો અજઘન્ય પ્રદેશ સંક્રમ ચાર પ્રકારે, તેમાંની જ્ઞાનાવરણીય પાંચ, દર્શનાવરણીય ચાર, અંતરાય પાંચ તથા ઔદારિક સપ્તક આ એકવીસ વિના શેષ એકસો પાંચ ધ્રુવસત્તા પ્રકૃતિઓનો અનુત્કૃષ્ટ-પ્રદેશસંક્રમ સાદ્યાદિ ચાર પ્રકારે, મતિજ્ઞાનાવરણીય વગેરે એકવીસ પ્રકૃતિઓનો અનુત્કૃષ્ટ તથા એકસો છવ્વીસ ધ્રુવસત્તાવાળી પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ અને જઘન્યપ્રદેશસંક્રમ સાદિ-અધ્રુવ, એમ બે પ્રકારે છે.

તેથી મતિજ્ઞાનાવરણીય વગેરે ૨૧ પ્રકૃતિઓના એક-એકના....દશ....દશ ભંગ થવાથી કુલ ૨૧૦, શેષ ૧૦૫ પ્રકૃતિઓના બાર-બાર ભંગ થવાથી કુલ ૧૨૬૦, અને મિથ્યાત્વ, બે વેદનીય તથા નીચ ગોત્ર આ ચાર ધ્રુવસત્તાવાળી અને ચાર આયુષ્યનો પરસ્પર સંક્રમ ન હોવાથી ચાર આયુષ્ય વિના શેષ ચોવીસ અધ્રુવસત્તાવાળી કુલ ૨૮ પ્રકૃતિઓના જઘન્યાદિ ચારેય પ્રકારનાં પ્રદેશસંક્રમ સાદિ-અધ્રુવ એમ બે પ્રકારે હોવાથી એક એકના આઠ-આઠ-એમ ૨૮ ના ૨૨૪, એ પ્રમાણે સર્વે મળી ૧૬૯૪ ભાંગા થાય છે.

જેનું સ્વરૂપ હવે પછી કહેવામાં આવશે તેવા ગુણિતકર્માંશ આત્માને ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમ અને ક્ષપિતકર્માંશ આત્માને પ્રાયઃ જઘન્યપ્રદેશ સંક્રમ થાય છે.

તેમાં પૂર્વોક્ત ધ્રુવસત્તાવાળી એકસો છવ્વીસ પ્રકૃતિઓનો જઘન્યપ્રદેશસંક્રમ ક્ષય કરવા માટે તૈયાર થયેલા ક્ષપિતકર્માંશને થતો હોવાથી સાદિ અને અધ્રુવ છે. તે સિવાયના કાળમાં હંમેશાં અજઘન્ય પ્રદેશસંક્રમ હોય છે, છતાં ઉપશમ શ્રેણિમાં અગિયારમા ગુણસ્થાનકે કોઈ પણ પ્રકૃતિઓનો પ્રદેશસંક્રમ થતો નથી. ત્યાંથી પડે ત્યારે પુનઃ અજઘન્ય સંક્રમ થાય છે, તેથી સાદિ, જઘન્ય પ્રદેશસંક્રમના સ્થાનને અથવા પ્રદેશસંક્રમના અભાવના સ્થાનને નહીં પામેલા જીવોને અનાદિ, અભવ્યોને ધ્રુવ અને ભવ્યોને અધ્રુવ એમ ચાર પ્રકારે હોય છે.

તેમાંથી મતિજ્ઞાનાવરણીય વગેરે પૂર્વોક્ત એકવીસ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ ગુણિતકર્માંશ મિથ્યાદૃષ્ટિને અમુક નિયત ટાઈમે થતો હોવાથી અને શેષકાળે અનુત્કૃષ્ટ થતો હોવાથી આ બન્ને સંક્રમો સાદિ અને અધ્રુવ છે, શેષ એકસો પાંચ ધ્રુવસત્તાવાળી પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ ગુણિતકર્માંશ આત્માને ક્ષપકશ્રેણિમાં ઉપરનાં ગુણસ્થાનકોમાં થાય છે. માટે સાદિ અને અધ્રુવ એમ બે પ્રકારે છે. શેષ-સર્વકાળે અનુત્કૃષ્ટ પ્રદેશસંક્રમ હોય છે. પરંતુ ઉપશમ શ્રેણિમાં અગિયારમા ગુણસ્થાનકે પતદ્ગ્રહના અભાવે આમાંની કોઈપણ પ્રકૃતિઓનો સંક્રમ થતો જ નથી. ત્યાંથી પડે અને પતદ્ગ્રહ પ્રકૃતિઓનો બંધ શરૂ થાય ત્યારે ફરીથી અનુત્કૃષ્ટ સંક્રમ કરે છે. માટે સાદિ, ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમના સ્થાનને અથવા પ્રદેશસંક્રમના અભાવના સ્થાનને નહીં પામેલા જીવોને અનાદિ, અભવ્યોને ધ્રુવ અને ભવ્યોને અધ્રુવ એમ ચાર પ્રકારે હોય છે.

મિથ્યાત્વ ધ્રુવસત્તા હોવા છતાં તેનો પ્રદેશસંક્રમ સમ્યગ્દૃષ્ટિને જ થાય છે, તેમજ બે વેદનીય અને નીચ ગોત્ર પણ ધ્રુવસત્તા હોવા છતાં બંધ આશ્રયી પરાવર્તમાન હોવાથી જઘન્યાદિ

ચારે સંક્રમો સાદિ-અધ્રુવ એમ બે પ્રકારે જ હોય છે, અને અધ્રુવ સત્તાવાળી ચોવીસ પ્રકૃતિઓની સત્તા જ અધ્રુવ હોવાથી તેના જઘન્યાદિ ચારેય સંક્રમો સ્વાભાવિક રીતે સાદિ-અધ્રુવ એમ બે પ્રકારે છે.

(૪) ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમના સ્વામી : મતિજ્ઞાનાવરણીય વગેરે એકવીસ પ્રકૃતિઓના ગુણિતકર્માંશ મિથ્યાદૃષ્ટિ અને શેષ પ્રકૃતિઓના ગુણિતકર્માંશ બહુલતાએ ઉપરના ગુણસ્થાનકવાળા ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમના સ્વામી હોય છે. તેથી પ્રથમ ગુણિતકર્માંશ જીવનું સ્વરૂપ બતાવે છે.

જે જીવને સૌથી વધારે કર્મપ્રદેશો સત્તામાં હોય તે જીવ ગુણિતકર્માંશ કહેવાય છે. એ કઈ રીતે થાય તે અહીં સમજાવે છે.

જેટલી વાર શક્ય હોય તેટલી વાર પોતાની ભૂમિકાને અનુસારે ઉત્કૃષ્ટ યોગવાળો અને ઉત્કૃષ્ટ કષાયવાળો થાય અને દરેક ભવની અંદર તત્પ્રાયોગ્ય જઘન્ય યોગસ્થાને વર્તતો આયુષ્યનો બંધ કરે, વળી દરેક વખતે ઉપરનાં સ્થાનોમાં વધારે-વધારે દલિકો ગોઠવે, તેમજ બની શકે તેટલા દીર્ઘાયુવાળા બાદરકઠણ પૃથ્વીકાય પર્યાપ્તાના અને ઓછામાં ઓછા અપર્યાપ્ત પૃથ્વીકાયના ભવો થાય તે રીતે પૂર્વક્રોડ પૃથક્ત્વ અધિક બે હજાર સાગરોપમ પ્રમાણ બેઇન્દ્રિયાદિ ત્રસકાયની સ્વકાયસ્થિતિથી ન્યૂન સિત્તેરકોડાકોડી સાગરોપમ પ્રમાણ બાદરપૃથ્વીકાયમાં રહી બેઇન્દ્રિયાદિ ત્રસકાયમાં પૂર્વોક્ત રીતિ એ જ પૂર્વક્રોડપૃથક્ત્વ અધિક બે હજાર સાગરોપમ કાળ સુધી રહે, તે દરમ્યાન બની શકે તેટલી વાર ઉત્કૃષ્ટ આયુવાળા સાતમીનરકમાં નારકપણે ઉત્પન્ન થાય અને છેલ્લા સાતમીનરકના ભવમાં અન્ય જીવોની અપેક્ષાએ બની શકે તેટલો શીઘ્ર પર્યાપ્તો થઈ પૂર્વોક્ત વિધિ પ્રમાણે અંતર્મુહૂર્ત ન્યૂન તેત્રીસ સાગરોપમ પ્રમાણ કાળ વ્યતીત કરી અંતર્મુહૂર્ત આયુષ્ય બાકી રહે છતે આઠ સમયના કાળવાળા યવમધ્યથી ઉપરના સાત સમય વગેરેનાં કાળવાળાં યોગસ્થાનોમાં અંતર્મુહૂર્ત કાળ પ્રમાણ ક્રમશઃ અસંખ્યાતગુણવૃદ્ધ ચડતાં યોગસ્થાનોમાં વર્તી પોતાના ભવના આયુષ્યના છેલ્લા સમયથી ત્રીજા અને બીજા સમયે ઉત્કૃષ્ટ કષાયોદયવાળો તથા ઉપાન્ત્ય (છેલ્લાથી પહેલા) સમયે અને છેલ્લા સમયે ઉત્કૃષ્ટયોગવાળો થાય, તેવો સાતમી નરકનો ચરમસમયવર્તીજીવ સંપૂર્ણ ગુણિતકર્માંશ કહેવાય છે.

ઉત્કૃષ્ટયોગથી ઘણાં કર્મ-પુદ્ગલો ગ્રહણ થાય અને ઉત્કૃષ્ટ કષાયોદયથી ઉદ્વર્તના ઘણી થાય, એટલે કે ઉપરનાં સ્થાનોમાં ઘણાં દલિકો રહે, અને અપવર્તના અલ્પ થવાથી નીચેનાં સ્થાનોમાં દલિકો થોડાં રહે તેમજ નીચેનાં સ્થાનો ઉદયથી ભોગવાઈ જાય પરંતુ ઉપરનાં સ્થાનોમાં દલિકો લાંબા ટાઈમ ટકી રહે છે, તેથી ઉત્કૃષ્ટયોગ અને ઉત્કૃષ્ટ કષાયોદય બની શકે તેટલી વાર થવાનું બતાવેલ છે.

આયુષ્ય જઘન્યયોગે બાંધે ત્યારે તથાસ્વભાવે જ આયુષ્યકર્મનાં પુદ્ગલો થોડાં ગ્રહણ કરે અને જ્ઞાનાવરણીય વગેરે કર્મનાં થોડાં પુદ્ગલોનો ક્ષય કરે, માટે દરેક ભવમાં જઘન્યયોગે આયુષ્ય બાંધે એમ કહ્યું છે. તથા ઉપરનાં સ્થાનોમાં વિશેષ દલરચના કરવાનું કારણ તે સ્થાનોમાં દલિક લાંબો ટાઈમ ટકી રહે તે છે.

અન્ય એકેન્દ્રિય કરતાં ખર બાદર પૃથ્વીકાયનું આયુષ્ય વધારે હોય છે, તેથી ઘણા લાંબા વખત સુધી સતત ઘણાં પુદ્ગલો ગ્રહણ કરી શકે અને બીજા એકેન્દ્રિયો કરતાં વધારે બળવાન હોવાથી દુ:ખ પણ ઘણું સહન કરી શકે તેથી ઓછાં પુદ્ગલોનો ક્ષય થાય માટે બાદર પૃથ્વીકાયનું ગ્રહણ કરેલ છે. તેમજ અપર્યાપ્ત કરતાં પર્યાપ્તપણામાં યોગ અને કષાય વધુ પ્રમાણમાં હોય છતાં પણ ઉપરાઉપર-નિરંતર પર્યાપ્તાના સાતથી વધારે ભવ થઈ શકતા નથી તેથી બની શકે તેટલા વધારે પર્યાપ્તાના અને સ્વકાય સ્થિતિ પૂર્ણ કરવા માટે ઓછામાં ઓછા અપર્યાપ્તાના ભવો બતાવેલ છે.

ત્રસકાયની સ્વકાયસ્થિતિ સાધિક બે હજાર સાગરોપમથી વધારે નથી. તેથી આટલો કાળ ન્યૂન સિત્તેર કોડાકોડી સાગરોપમ પ્રમાણકાળ સુધી બાદરપૃથ્વીકાયમાં રહેવાનું બતાવેલ છે.

સાતમી નરકમાં અન્ય જીવો કરતાં યોગ અને કષાય ઘણી વાર ઘણા જ વધારે થઈ શકે છે, માટે બની શકે તેટલી વાર સાતમીનરકમાં જવાનું બતાવેલ છે.

અપર્યાપ્તની અપેક્ષાએ પર્યાપ્તપણામાં યોગ અને કષાય વધુ પ્રમાણમાં હોય છે, તેથી અન્ય નારકોની અપેક્ષાએ છેલ્લા ભવમાં જલદી પર્યાપ્ત થવાનું બતાવેલ છે.

ઉત્કૃષ્ટ યોગસ્થાનોમાં વર્તતાં ઘણાં દલિકો ગ્રહણ થાય અને અસંખ્યાતગુણ ચડતાં યોગસ્થાનોમાં તેથી અધિક કાળ રહી શકતો નથી માટે અંતર્મુહૂર્ત આયુષ્ય બાકી હોય ત્યારે યવમધ્યથી ઉપરનાં યોગસ્થાનોમાં અંતર્મુહૂર્ત કાળપ્રમાણ અસંખ્યાતગુણવૃદ્ધ યોગસ્થાનોમાં રહેવાનું બતાવેલ છે.

ઉત્કૃષ્ટયોગ અથવા ઉત્કૃષ્ટકષાય વધુમાં વધુ એકીસાથે બે સમય સુધી જ હોઈ શકે છે, તેમ જ બન્ને એકીસાથે ઉત્કૃષ્ટ એક જ સમય રહી શકે છે માટે સાતમી નારકના અંતિમભવમાં ત્રિચરિમ અને દ્વિચરિમ એમ બે સમય ઉત્કૃષ્ટકષાયવાળો અને દ્વિચરિમ તથા ચરિમસમયે ઉત્કૃષ્ટયોગવાળો થાય તે જીવ ચરિમસમયે ગુણિતકર્માંશ હોય છે, એમ બતાવવામાં આવેલ છે.

પૂર્વોક્ત ગુણિતકર્માંશ અન્ય ગતિમાં તેમજ અસંખ્યાત વર્ષના આયુષ્યવાળામાં ઉત્પન્ન થતો ન હોવાથી કાળ કરી સંખ્યાત વર્ષના આયુષ્યવાળા ગર્ભજ પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચમાં ઉત્પન્ન થાય, ત્યાં ઉત્પન્ન થયા બાદ આવલિકાના ચરમ સમયે પાંચ જ્ઞાનાવરણીય, ચાર દર્શનાવરણીય, પાંચ અંતરાય અને ઔદારિકસપ્તક આ એકવીસ પ્રકૃતિઓનો યથાપ્રવૃત્તસંક્રમથી સંક્રમાવતાં ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ કરે છે.

ગુણિત કર્માંશ જીવ ગર્ભજ તિર્યંચમાં ઉત્પન્ન થઈ મોટા અંતર્મુહૂર્ત કાળ પ્રમાણ સાતાવેદનીયનો બંધ કરી અસાતાવેદનીયનો બંધ શરૂ કરે ત્યારે પૂર્વ ઘણી પુષ્ટ થયેલ સાતાવેદનીયનો બંધ આવલિકા વીત્યા બાદ યથાપ્રવૃત્તસંક્રમ દ્વારા અસાતામાં સંક્રમાવે ત્યારે ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ થાય છે.

નિદ્રાદ્વિક, અસાતાવેદનીય, ઉપઘાત, અશુભ વર્ણાદિનવક, અપર્યાપ્ત, અસ્થિરષટ્ક, અપ્રશસ્તવિહાયોગતિ, અંતિમ પાંચ સંઘયણ, અંતિમ પાંચ સંસ્થાન અને નીચ ગોત્ર આ બત્રીસ પ્રકૃતિઓનો ગુણિતકર્માંશ સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકના ચરમ સમયે ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમનો

સ્વામી છે.

થીણદ્ધિત્રિક, મધ્યમના આઠ કષાય, છ નોકષાય, તિર્યંચદ્વિક, વિકલત્રિક, સૂક્ષ્મ અને સાધારણ આ ચોવીસ પ્રકૃતિઓનો ક્ષપક નવમા ગુણસ્થાનકે પોત-પોતાના ચરમપ્રક્ષેપના ચરમ સમયે સર્વ સંક્રમ દ્વારા સંક્રમાવતો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમનો સ્વામી છે.

ગુણિતકર્માંશ સાતમી નરકમાંથી નીકળી ગર્ભજપર્યાપ્ત તિર્યંચમાં ઉત્પન્ન થઈ ત્યાંથી કાળ કરી મનુષ્યમાં આવી ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરતાં ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિ જ્યારે મિથ્યાત્વ અને મિશ્રમોહનીયના ચરમસ્થિતિઘાતનો ચરમપ્રક્ષેપ ગુણસંક્રમના અંતે સર્વસંક્રમ દ્વારા સમ્યક્ત્વમોહનીયમાં કરે છે. તે સમયે અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવો મિથ્યાત્વ અને મિશ્રમોહનીયના ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમના સ્વામી છે.

સાતમી નરકમાં અંતર્મુહૂર્ત્ત આયુષ્ય બાકી રહે છતે ઉપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરી ઘણા મોટા અંતર્મુહૂર્ત્ત સુધી ગુણસંક્રમ દ્વારા મિથ્યાત્વ અને મિશ્રમોહનીયને સમ્યક્ત્વમાં સંક્રમાવી મિથ્યાત્વે જાય ત્યારે પ્રથમ સમયે યથાપ્રવૃત્ત સંક્રમથી સંક્રમાવતાં સમ્યક્ત્વમોહનીયના ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમનો સ્વામી છે.

સાતમી નરકમાં અંતર્મુહૂર્ત્ત આયુ બાકી રહે છતે છેલ્લી ગુણિતકર્માંશની આવશ્યક ક્રિયાઓ કરી ત્યાંથી કાળ કરી ગર્ભજ તિર્યંચ પર્યાપ્તામાં ઉત્પન્ન થાય અને ત્યાં ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પામી ચાર અનંતાનુબંધીનો ક્ષય કરતા જ્યારે ચરમસ્થિતિઘાતનો ચરમપ્રદેશ સર્વસંક્રમ દ્વારા પરપ્રકૃતિમાં કરે છે, ત્યારે ચાર અનંતાનુબંધીનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમનો સ્વામી છે.

ગુણિતકર્માંશ જીવ સાતમી નરકમાંથી નીકળી તિર્યંચમાં જઈ ત્યાંથી કાળ કરી ઈશાન દેવલોકમાં જાય અને ત્યાં અત્યંત સંક્લિષ્ટ થઈ વારંવાર નપુંસકવેદ, એકેન્દ્રિયજાતિ, સ્થાવર, આતપ અને ઉદ્યોતનામકર્મનો બંધ દ્વારા તેમજ અન્યપ્રકૃતિઓના સંક્રમ દ્વારા ઘણાં દલિકોનો સંચય કરી ત્યાંથી કાળ કરી સ્ત્રી અથવા પુરુષવેદપણે મનુષ્યમાં ઉત્પન્ન થાય અને ત્યાં સાત માસ અધિક આઠ વર્ષની વયે ક્ષપકશ્રેણિ ઉપર આરૂઢ થઈ જ્યારે નવમા ગુણસ્થાનકે આ દરેક પ્રકૃતિઓના ચરમસ્થિતિઘાતનો ચરમપ્રક્ષેપ સર્વસંક્રમ દ્વારા કરે છે, ત્યારે તે આ પાંચ પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમનો સ્વામી છે.

ગુણિતકર્માંશ જીવ યુગલિકમાં ઉત્પન્ન થઈ અસંખ્યાત વરસ સુધી વારંવાર બંધ તથા સંક્રમ દ્વારા સ્ત્રીવેદને ખૂબ જ પુષ્ટ કરી પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ વ્યતીત થાય બાદ અકાળપણે મૃત્યુ પામી જઘન્ય સ્થિતિવાળા દેવમાં ઉત્પન્ન થઈ ત્યાં પણ વારંવાર બંધ તથા સંક્રમથી સ્ત્રીવેદને પુષ્ટ કરી કોઈ પણ વેદે મનુષ્યમાં ઉત્પન્ન થઈ માસપૃથક્ત્વ અધિક આઠ વરસની વયે ક્ષપકશ્રેણિ ઉપર આરૂઢ થાય તે જીવ ચરમસ્થિતિઘાતના ચરમપ્રક્ષેપને સર્વસંક્રમ દ્વારા સંક્રમાવે ત્યારે સ્ત્રીવેદના ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમનો સ્વામી છે.

ગુણિતકર્માંશ જીવ ઈશાનદેવલોકમાં પૂર્વોક્ત રીતે નપુંસકવેદને પુષ્ટ કરી ત્યાંથી સંખ્યાતવર્ષના આયુષ્યવાળામાં આવી ત્યાંથી કાળ કરી અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા યુગલિકમાં ઉત્પન્ન થાય ત્યાં અસંખ્યાત વર્ષ સુધી વારંવાર બંધ તથા અન્ય પ્રકૃતિઓના સંક્રમ દ્વારા સ્ત્રીવેદને

પુષ્ટ કરી પછી સમ્યક્ત્વ પામી અસંખ્યાત વર્ષ સુધી પુરુષવેદને બંધથી અને અન્ય બે વેદના સંક્રમથી અત્યંત પુષ્ટ કરી અંતે મિથ્યાત્વ પામી પલ્યોપમના અસંખ્યાતમા ભાગપ્રમાણ આયુષ્ય પૂર્ણ કરી દશ હજાર વરસના આયુષ્યવાળા દેવમાં ઉત્પન્ન થાય ત્યાં અન્ય જીવોની અપેક્ષાએ અત્યંત જલદી પર્યાપ્ત થઈ તુરત જ સમ્યક્ત્વ પ્રાપ્ત કરી બંધ તથા અન્ય બે વેદના સંક્રમ દ્વારા પુરુષવેદના દલિક સંગ્રહને અત્યંત વધારી ત્યાંથી કાળ કરી મનુષ્યમાં ઉત્પન્ન થાય અને ત્યાં માસપૃથક્ત્વ અધિક આઠ વરસની ઉંમરે ક્ષપકશ્રેણિ ઉપર આરૂઢ થઈ સર્વસંક્રમ દ્વારા ચરમસ્થિતિઘાતના ચરમપ્રક્ષેપને કરે છે. તે સમયે પુરુષવેદના ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમનો સ્વામી છે.

એ જ જીવ અર્થાત્ પુરુષવેદના ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમનો સ્વામી જ્યારે ગુણસંક્રમના અંતે સર્વસંક્રમ દ્વારા ક્રોધનો માનમાં, માનનો માયામાં, અને માયાનો લોભમાં ચરમ સ્થિતિઘાતનો ચરમ પ્રક્ષેપ કરે ત્યારે નવમા ગુણસ્થાનકે ક્રમશઃ ક્રોધ, માન અને માયાના ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમનો સ્વામી છે.

અહીં ચરમસ્થિતિઘાતનો ચરમપ્રદેશ એટલે બંધવિચ્છેદ સમયથી પૂર્વે સમયોન બે આવલિકા કાળમાં બંધાયેલ દલિકને છોડી તેના પહેલાં બંધાયેલ સત્તાગત દલિકનો ચરમપ્રક્ષેપ સમજવાનો છે, પરંતુ બંધવિચ્છેદ સમયાદિકમાં બંધાયેલ દલિકના બંધવિચ્છેદ પછી સમયોન બે આવલિકા કાળે જે ગુણસંક્રમ દ્વારા ક્ષય કરે છે તેના ચરમ સમયનો સંક્રમ સમજવાનો નથી, કારણ કે તે દલિકો બહુ જ અલ્પ પ્રમાણમાં હોય છે, તેથી ત્યાં ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ થતો નથી.

અનેક ભવમાં ભમતાં ચાર વાર મોહનીકર્મનો ઉપશમ કરી પછીના ભવમાં માસપૃથક્ત્વ અધિક આઠ વર્ષની ઉંમરે તરત જ ક્ષપણાને માટે તૈયાર થયેલ જીવ અપૂર્વકરણ ગુણસ્થાનકના છઠ્ઠા ભાગના અંત્ય સમયે યશઃકીર્તિના અને નવમા ગુણસ્થાનકે અંતરકરણ કરવાના પૂર્વ સમયે સંજ્વલન લોભના ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમનો સ્વામી છે.

જેટલી વાર જીવ અપૂર્વકરણાદિ ગુણસ્થાનકોએ જાય તેટલી વાર અપૂર્વકરણ ગુણસ્થાનકના પ્રથમ સમયથી અબધ્યમાન અશુભ પ્રકૃતિઓનાં ઘણાં દલિકો ગુણસંક્રમ દ્વારા યશઃકીર્તિ અને સંજ્વલનલોભમાં આવે છે, અને સંપૂર્ણ ભવચક્રમાં મોહનીયકર્મનો ઉપશમ ચાર જ વાર થાય છે માટે ચાર વાર મોહનીયકર્મનો ઉપશમ કરવાનું કહેલ છે, તેમજ અપૂર્વકરણના છઠ્ઠા ભાગ પછી યશઃકીર્તિ સિવાય નામકર્મની અન્ય કોઈપણ પ્રકૃતિ બંધાતી ન હોવાથી પતદ્ગ્રહના અભાવે યશઃકીર્તિનો સંક્રમ થતો જ નથી માટે આઠમા ગુણસ્થાનકના છઠ્ઠા ભાગના અંતે યશઃકીર્તિનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ કહેલ છે, અને નવમા ગુણસ્થાનકે અંતરકરણ કર્યા પછી ચારિત્રમોહનીયની પ્રકૃતિઓનો ઉત્ક્રમે સંક્રમ થતો ન હોવાથી સંજ્વલન લોભનો સંક્રમ થતો નથી તેથી અંતરકરણના પૂર્વ સમયે સંજ્વલન લોભનો ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમ કહેલ છે.

એ જ પ્રમાણે ચાર વાર મોહનીયનો ઉપશમ કરી પછીના ભવમાં અનેક વાર વારાફરતી ઉચ્ચ અને નીચ ગોત્રનો બંધ કરી ઉચ્ચ ગોત્રને બંધથી તેમજ નીચ ગોત્રના દલિકના સંક્રમથી ખૂબ જ પુષ્ટ કરી ક્ષપકશ્રેણિ ઉપર આરૂઢ થવાને ઇચ્છનાર આત્મા જ્યારે પ્રથમ ગુણસ્થાનકે નીચ ગોત્રનો ચરમ બંધ કરે ત્યારે તે નીચ ગોત્રના ચરમસમયે ઉચ્ચ ગોત્રના ઉત્કૃષ્ટ

પ્રદેશસંક્રમનો સ્વામી છે.

પંચેન્દ્રિયજાતિ, સમચતુરસ્રસંસ્થાન, પ્રશસ્તવિહાયોગતિ, પરાઘાત, ઉચ્છ્વાસ, ત્રસચતુષ્ક, સૌભાગ્યત્રિક આ બાર પ્રકૃતિઓ સમ્યગ્દષ્ટિને હંમેશાં બંધાય છે. તેથી સમ્યગ્દષ્ટિ શુભધ્રુવબંધી સંજ્ઞાવાળી કહેવાય છે.

તે બાર પ્રકૃતિઓને મિશ્ર સહિત સમ્યક્ત્વ એકસો બત્રીસ સાગરોપમ કાળ સુધી નિરંતર બંધ અને યથાસંભવ વિધ્યાત તેમજ ગુણસંક્રમ દ્વારા અત્યંત પુષ્ટ કરી ક્ષય કરવાને તૈયાર થયેલ જીવ અપૂર્વકરણ ગુણસ્થાનકે પોતાનો બંધ વિચ્છેદ થયા બાદ એક આવલિકા પછી આ બારેય પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમનો સ્વામી છે.

અપૂર્વકરણ ગુણસ્થાનકે અબધ્યમાન અશુભ પ્રકૃતિઓનાં ગુણસંક્રમ દ્વારા આ પ્રકૃતિઓમાં ઘણાં જ દલિકો આવે છે. અને બંધવિચ્છેદ થયા બાદ આવલિકા પછી આ પ્રકૃતિઓનાં બધાં .દલિકની સંક્રમાવલિકા અને બંધાવલિકા વ્યતીત થયેલ હોવાથી બંધાવલિકા પછી જ યશઃકીર્તિમાં સંક્રમાવતાં ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ થાય એમ બતાવવામાં આવેલ છે.

વજ્રઋષભનારાચ સંઘયણનો પણ આ જ રીતે એકસો બત્રીસ સાગરોપમના કાળ દરમ્યાન દેવભવમાં જેટલો કાળ વ્યતીત થાય તેટલા કાળ સુધી બાંધી છેલ્લે મનુષ્યભવની અંદર ઉત્પન્ન થઈ આવલિકા બાદ વજ્રઋષભનારાચ સંઘયણનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમનો સ્વામી છે, ત્યારબાદ સંક્રમ, ઉદય તથા ઉદીરણા દ્વારા ઘણાં દલિકો ઓછા થવાથી પરાઘાત વગેરે પ્રકૃતિઓની જેમ અપૂર્વકરણ ગુણસ્થાનકમાં ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ થતો નથી.

પૂર્વક્રોડના આયુષ્યવાળા તિર્યંચના નિરંતર સાત ભવોમાં વારંવાર બંધ તથા સંક્રમ દ્વારા નરકદ્વિકનાં ઘણાં દલિકોનો સંગ્રહ કરી આઠમા ભવે ક્ષપકશ્રેણિ ઉપર આરૂઢ થનાર આત્મા નવમા ગુણસ્થાનકે ગુણસંક્રમના અંતે સર્વસંક્રમ દ્વારા ચરમસ્થિતિઘાતના ચરમપ્રક્ષેપને સંક્રમાવે ત્યારે નરકદ્વિકના ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમનો સ્વામી છે.

સમ્યક્ત્વ સહિત જીવ સાતમી નરકમાં ઉત્પન્ન થતો ન હોવાથી સાતમી નારકમાં ગયેલ જીવ પર્યાપ્તિઓ પૂર્ણ કરી અંતર્મુહૂર્ત પછી તુરત જ સમ્યક્ત્વ પામી અંતર્મુહૂર્ત ન્યૂન તેત્રીસ સાગરોપમ સુધી સમ્યક્ત્વનું પાલન કરી તે દરમ્યાન નિરંતર બંધ તથા સંક્રમ દ્વારા મનુષ્યદ્વિકને અત્યંત પુષ્ટ કરી અંતર્મુહૂર્ત આયુષ્ય બાકી રહે ત્યારે મિથ્યાત્વ ગુણસ્થાનકે આવી કાળ કરી તિર્યંચમાં ઉત્પન્ન થાય ત્યારે પ્રથમ સમયે યથાપ્રવૃત્ત સંક્રમ દ્વારા સંક્રમાવતાં મનુષ્યદ્વિકના ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમનો સ્વામી છે.

તૈજસ-કાર્મણ સપ્તક, શુભવર્ણાદિ અગિયાર, અગુરુલઘુ, નિર્માણ—આ વીસ ધ્રુવબંધી શુભ પ્રકૃતિઓના પણ ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમના સ્વામી પરાઘાત વગેરેની જેમ અપૂર્વકરણ ગુણસ્થાનકે પોતાના બંધવિચ્છેદ પછી એક આવલિકા બાદ છે. છતાં આ પ્રકૃતિઓ ધ્રુવબંધી હોવાથી અલગ બતાવવામાં આવી છે.

સ્થિર અને શુભના પણ ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમના સ્વામી એ જ જીવો છે. પરંતુ આ પ્રકૃતિઓ અધ્રુવબંધી હોવાથી અને છઠ્ઠા ગુણસ્થાનક સુધી અસ્થિર અને અશુભ પણ બંધાતી

હોવાથી એકસો બત્રીસ સાગરોપમ કાળ દરમ્યાન યથાસંભવ બાંધે છે. આટલી વિશેષતા છે:

પૂર્વક્રોડના આયુષ્યવાળા મનુષ્ય અથવા તિર્યંચના ઉપરાઉપરી સાતભવોમાં શક્ય તેટલા વધારે કાળ સુધી વારંવાર દેવદ્વિક અને વૈક્રિય સપ્તકને બંધ તથા સંક્રમ દ્વારા અત્યંત પુષ્ટ કરી આઠમા ભવે ક્ષપકશ્રેણિ ઉપર આરૂઢ થયેલ જીવ પોત-પોતાના બંધ વિચ્છેદ પછી એક આવલિકા બાદ સકલ કર્મલતાની બંધાવલિકા વીતી ગઈ છે. માટે ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમનો સ્વામી છે.

એ જ પ્રમાણે દેશોન પૂર્વક્રોડ વર્ષ સુધી વારંવાર આહારક સપ્તકને અને દેશોન બે પૂર્વક્રોડ અધિક તેત્રીસ સાગરોપમ કાળ સુધી તીર્થંકર નામકર્મને નિરંતર બંધ તથા સંક્રમ દ્વારા પુષ્ટ કરી ક્ષપકશ્રેણિમાં આઠમા ગુણસ્થાનકે પોતાના બંધ વિચ્છેદ બાદ એક આવલિકાના અંતે ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમના સ્વામી છે.

(૫) જઘન્યપ્રદેશસંક્રમના સ્વામી — જઘન્ય પ્રદેશસંક્રમના સ્વામી ક્ષપિતકર્માંશ આત્મા હોય છે. અન્ય સર્વ જીવો કરતાં જે જીવને ઓછામાં ઓછા કર્મ પરમાણુઓની સત્તા હોય તે જીવ ક્ષપિતકર્માંશ કહેવાય છે. તેથી જીવ ક્ષપિતકર્માંશ કઈ રીતે થઈ શકે, તેની રીત બતાવે છે.

સ્વભૂમિકાનુસાર સૂક્ષ્મ નિગોદગત અન્ય જીવોની અપેક્ષાએ ઘણા જ મંદ યોગવાળો અને મંદ કષાયોદયવાળો થઈ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ ન્યૂન સિત્તેર કોડાકોડી સાગરોપમ કાળ સુધી સૂક્ષ્મનિગોદમાં રહી, અભવ્ય જીવને ઓછામાં ઓછી જેટલી પ્રદેશસત્તા હોય તેટલી પ્રદેશ સત્તા કરી, ત્યાંથી બાદર પર્યાપ્ત પૃથ્વીકાયમાં ઉત્પન્ન થાય, અને ત્યાંથી અંતર્મુહૂર્તમાં જ કાળ કરી પૂર્વક્રોડવર્ષના આયુષ્યવાળો મનુષ્ય થઈ માસપૃથક્ત્વ અધિક આઠ વરસની વયે દીક્ષા ગ્રહણ કરી દેશોનપૂર્વક્રોડ સુધી સંયમનું પાલન કરી અંતે મિથ્યાત્વ પામી દશ હજાર વર્ષના આયુષ્યવાળો દેવ થાય, ત્યાં પર્યાપ્તિઓ પૂર્ણ થતાં જ સમ્યક્ત્વ પામે અને અંતર્મુહૂર્ત આયુષ્ય બાકી રહે પુનઃ મિથ્યાત્વ પામી બાદર પર્યાપ્ત પૃથ્વીકાયમાં ઉત્પન્ન થાય, ત્યાંથી પુનઃ મનુષ્યમાં આવી દેશવિરતિ અથવા સર્વવિરતિ પાળી અંતે મિથ્યાત્વી થઈ ફરીથી જઘન્ય સ્થિતિવાળો દેવ થાય, એમ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ કાળમાં વારંવાર બાદર પર્યાપ્ત પૃથ્વીકાયમાં, મનુષ્યમાં અને દેવમાં ઉત્પન્ન થઈ, તે દરમ્યાન અસંખ્યાતી વાર સમ્યક્ત્વ અને તેથી ઘણી થોડી અસંખ્યાતીવાર દેશવિરતિ, આઠ વાર સર્વવિરતિચારિત્ર, આઠ વાર અનંતાનુબંધી કષાયની વિસંયોજના અને ચાર વાર મોહનીય કર્મનો ઉપશમ કરી ત્યારબાદ અન્ય ભવમાં માસપૃથક્ત્વ અધિક આઠ વર્ષની ઉંમરે થતાં તરત જ ક્ષપકશ્રેણિ ઉપર આરૂઢ થયેલ જીવ ક્ષપિતકર્માંશ કહેવાય છે.

નિગોદની અંદર અન્ય જીવો કરતાં યોગ અને કષાય ઘણો જ અલ્પ હોય છે. તેથી નવાં કર્મ-પુદ્ગલો ઘણાં જ ઓછા ગ્રહણ કરે છે. અને પૂર્વબદ્ધ કર્મની ઉદ્વર્તના ઓછી અને અપવર્ત્તના વધુ પ્રમાણમાં થાય છે. તેમજ વારંવાર જન્મ-મરણ થવાથી વ્યાકુળતા અને દુઃખનો અનુભવ કરતાં જ્ઞાનાવરણીય વગેરે કર્મનાં ઘણાં કર્મપુદ્ગલો સત્તામાંથી દૂર થઈ જાય છે તેથી સ્વભૂમિકાનુસાર જઘન્યયોગ અને જઘન્ય કષાયવાળો થઈ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ ન્યૂન ઉત્કૃષ્ટ કર્મસ્થિતિ કાળ પ્રમાણ સૂક્ષ્મનિગોદમાં રહેવાનું બતાવેલ છે.

દેવ અને મનુષ્ય ભવમાં યથાસંભવ વારંવાર સમ્યક્ત્વાદિ ગુણો પ્રાપ્ત કરતાં સત્તામાંથી ઘણાં કર્મો ક્ષય પામે અને નવીન કર્મો ઘણાં જ ઓછા બંધાય તેથી જ અસંખ્યાતીવાર સમ્યક્ત્વ, તેનાથી ઘણી અલ્પ અસંખ્યાતીવાર દેશવિરતિ, તેમજ ભવચક્રમાં તેથી વધારે વાર સર્વવિરતિ આદિ પ્રાપ્ત કરતો ન હોવાથી આઠ વાર સર્વવિરતિચારિત્ર, આઠ વાર અનંતાનુબંધી કષાયની વિસંયોજના અને ચાર વાર મોહનીયકર્મનો સર્વોપશમ કરવાનું બતાવેલ છે.

એ જ આત્મા હવે પછી બતાવવામાં આવશે તે પ્રમાણે જઘન્ય પ્રદેશસંક્રમનો સ્વામી થાય છે.

નિદ્રાદ્વિક, હાસ્ય-રતિ, ભય અને જુગુપ્સા આ છ પ્રકૃતિઓમાં અપૂર્વકરણ ગુણસ્થાનકના પ્રથમ સમયથી ગુણસંક્રમ દ્વારા સ્વજાતીય અબધ્યમાન અશુભ પ્રકૃતિઓનાં ઘણાં જ દલિકો આવે છે. અને પોતાના બંધવિચ્છેદ પછી આ પ્રકૃતિઓના પણ ગુણસંક્રમ દ્વારા અન્ય પ્રકૃતિઓમાં ઘણાં દલિકો સંક્રમે છે. તેથી આ છયે પ્રકૃતિઓના પોતપોતાના બંધવિચ્છેદ સમયે યથાપ્રવૃત્ત સંક્રમ દ્વારા સંક્રમાવતાં અપૂર્વકરણ ગુણસ્થાનવર્તી જીવો જઘન્ય પ્રદેશસંક્રમના સ્વામી છે.

અવધિજ્ઞાન-દર્શન પ્રાપ્ત કરતી વખતે તથાસ્વભાવે જ અન્ય પ્રકૃતિઓનાં ઘણાં દલિકો સત્તામાંથી દૂર થઈ જાય છે અને થોડાં જ બાકી રહે છે. તેથી જ જઘન્ય પ્રદેશસંક્રમ થઈ શકે, માટે અવધિજ્ઞાન-દર્શન પ્રાપ્ત કરેલ જીવો દશમા ગુણસ્થાનકથી આગળ પતદ્ગ્રહરૂપ પ્રકૃતિઓના બંધનો અભાવ હોવાથી દશમા ગુણસ્થાનકના ચરમસમયે અવધિજ્ઞાનાવરણ વિના ચાર જ્ઞાનાવરણ, અવધિદર્શનાવરણ વિના ત્રણ દર્શનાવરણ અને પાંચ અંતરાય એ બાર પ્રકૃતિઓના જઘન્ય પ્રદેશસંક્રમના સ્વામી છે.

અવધિજ્ઞાન-દર્શન પ્રાપ્ત કરેલ જીવોને અવધિજ્ઞાનાવરણ તથા અવધિદર્શનાવરણનાં પુદ્ગલો ઘણાં જ રૂક્ષ થઈ જાય છે, તેથી બંધવિચ્છેદ સમયે પણ આ બે પ્રકૃતિઓના ઘણા પ્રદેશોનો સંક્રમ થાય છે. માટે તેવા જીવોને જઘન્ય પ્રદેશસંક્રમ થતો ન હોવાથી અવધિજ્ઞાન-દર્શન પ્રાપ્ત નહીં કરેલ જીવો દશમા ગુણસ્થાનકના ચરમસમયે અવધિજ્ઞાનાવરણ તેમજ અવધિદર્શનાવરણ જઘન્ય પ્રદેશસંક્રમના સ્વામી છે.

એકસો બત્રીસ સાગરોપમ કાળ સુધી સમ્યક્ત્વનું પાલન કરતાં થીણદ્ધિત્રિક, સ્ત્રીવેદ અને મિથ્યાત્વમોહનીય એ પાંચ પ્રકૃતિઓના સંક્રમ વગેરે દ્વારા સત્તામાંથી ઘણાં પુદ્ગલો ઓછા કરી ક્ષય કરવા તૈયાર થયેલ જીવો સાતમા ગુણસ્થાનકના અંતે થીણદ્ધિત્રિક અને સ્ત્રીવેદ એ ચારના તથા ક્ષાયિક સમ્યક્ત્વને પ્રાપ્ત કરતા ચોથાથી સાતમા ગુણસ્થાનક સુધીના મનુષ્યો મિથ્યાત્વના યથાપ્રવૃત્તકરણના અંતે વિધ્યાતસંક્રમ દ્વારા સંક્રમાવતાં જઘન્ય પ્રદેશસંક્રમના સ્વામી છે.

સાત માસ અધિક આઠ વર્ષની ઉંમરે ક્ષપકશ્રેણિ ઉપર આરૂઢ થવાને ઇચ્છનાર ક્ષપિતકર્માંશ જીવ અપ્રમત્ત ગુણસ્થાનકે યથાપ્રવૃત્તકરણના અંતે યથાપ્રવૃત્તસંક્રમ દ્વારા સંક્રમાવતાં અરતિ શોક, અસ્થિરદ્વિક, અયશઃકીર્તિ, અસાતાવેદનીય, ઉપઘાત અને કુવર્ણાદિ નવક એ સોળ પ્રકૃતિઓના તેમજ દેશોનપૂર્વક્રોડ વર્ષ સંયમનું પાલન કરી ક્ષપકશ્રેણિ ઉપર આરૂઢ થનાર

અપ્રમત્તગુણસ્થાનકે યથાપ્રવૃત્તકરણના અંતે વિધ્યાતસંક્રમ દ્વારા સંક્રમાવતાં મધ્યમ આઠ કષાયના જઘન્ય પ્રદેશસંક્રમના સ્વામી છે.

અપૂર્વકરણ ગુણસ્થાનકના પ્રથમ સમયથી મધ્યમના આઠ કષાય અને અરતિ વગેરે છ, એ ચૌદ પ્રકૃતિઓનો ગુણસંક્રમ થાય છે. માટે યથાપ્રવૃત્તકરણના અંતે જઘન્ય પ્રદેશ સંક્રમ કહેલ છે તે બરાબર છે. પરંતુ અશુભવર્ણાદિનવક અને ઉપઘાત આ દશ પ્રકૃતિઓ આઠમા ગુણસ્થાનકના છઠ્ઠા ભાગ સુધી બંધાય છે. તેથી ત્યાં સુધી ગુણસંક્રમ થતો ન હોવાથી આઠમાના છઠ્ઠા ભાગે પણ જઘન્ય પ્રદેશસંક્રમ થઈ શકે, છતાં અહીં યથાપ્રવૃત્તકરણના અંતે કહેલ છે. તેનું કારણ અતિશય જ્ઞાનીઓ જાણે....

સમ્યક્ત્વ પ્રાપ્ત કરી ઘટી શકે તેટલા ઓછામાં ઓછા-અંતર્મુહૂર્ત્ત કાળ સુધી સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીયમાં ગુણસંક્રમ દ્વારા મિથ્યાત્વનો સંક્રમ કરી એકસો બત્રીસ સાગરોપમ સુધી સમ્યક્ત્વનું પાલન કરી મિથ્યાત્વ ગુણસ્થાનકે જઈ ઉદ્વલના શરૂ કરે, તે ઉદ્વલનાના દ્વિચરમ સ્થિતિખંડના ચરમસમયે ઓછામાં ઓછાં દલિકો પર પ્રકૃતિમાં સંક્રમાવે છે ત્યારે મિથ્યાદષ્ટિ સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીયના જઘન્ય પ્રદેશસંક્રમનો સ્વામી છે.

ચાર વાર મોહનીયનો સર્વોપશમ કરી પ્રથમ ગુણસ્થાનકે આવી સ્વભૂમિકાનુસાર જઘન્ય યોગસ્થાને વર્તતા શક્ય તેટલા નાના અંતર્મૂહૂર્ત્ત પ્રમાણ કાળમાં અનંતાનુબંધીનો બંધ કરી પુનઃ એકસો બત્રીસ સાગરોપમ સુધી સમ્યક્ત્વનું પાલન કરી અનંતાનુબંધી કષાયને ક્ષય કરવા માટે ત્રણ કરણ કરે ત્યારે યથાપ્રવૃત્તકરણના અંત સમયે વિધ્યાત સંક્રમ દ્વારા સંક્રમાવતાં ચારેય અનંતાનુબંધી કષાયના જઘન્ય પ્રદેશસંક્રમના સ્વામી છે.

જ્યારે જ્યારે મોહનીયકર્મનો ઉપશમ કરે ત્યારે ત્યારે સ્થિતિઘાત વગેરેથી સત્તામાં રહેલ શેષ ચારિત્રમોહનીયની પ્રકૃતિઓનાં ઘણાં દલિકો સત્તામાંથી ક્ષય થઈ જાય છે, તેથી મિથ્યાત્વ ગુણસ્થાનકે આવી પુનઃ અનંતાનુબંધી બાંધે ત્યારે તેમાં સંક્રમથી ચારિત્રમોહનીયની પ્રકૃતિઓનાં ઘણાં જ ઓછાં દલિકો આવે માટે ચાર વાર મોહનીયનો ઉપશમ કરવાનું કહેલ છે, અને એકસો બત્રીસ સાગરોપમ કાળ સુધી સંક્રમ દ્વારા અનંતાનુબંધીના ઘણાં જ દલિકો સત્તામાંથી દૂર થઈ જાય છે. તેથી એકસો બત્રીસ સાગરોપમકાળ સમ્યક્ત્વનું પાલન કરી પછી ક્ષય કરે એમ કહેલ છે, અને અપૂર્વકરણમાં ગુણસંક્રમ દ્વારા ઘણાં દલિકો સંક્રમે છે, તેથી યથાપ્રવૃત્તકરણના અંત્ય સમયે બતાવેલ છે.

શક્ય તેટલા નાનામાં નાના અંતર્મુહૂર્ત્ત પ્રમાણ અપ્રમત્ત ગુણસ્થાનકે આહારકસપ્તકનો બંધ કરી અવિરત થઈ અંતર્મુહૂર્ત્ત બાદ આહારક સપ્તકની ઉદ્વલના શરૂ કરે, તે કરતાં કરતાં જ્યારે દ્વિચરમસ્થિતિખંડના ચરમસમયે પરપ્રકૃતિમાં દલિક સંક્રમાવે ત્યારે આહારક સપ્તકના જઘન્ય પ્રદેશસંક્રમના સ્વામી છે.

પહેલામાં પહેલો તીર્થંકર નામકર્મનો બંધ શરૂ કરે અને પહેલા સમયે બંધાયેલ લતાની બંધ આવલિકા પૂર્ણ કરી પહેલા સમયે યથાપ્રવૃત્તસંક્રમથી પરપ્રકૃતિમાં સંક્રમાવે ત્યારે તીર્થંકર નામના જઘન્ય પ્રદેશસંક્રમના સ્વામી છે.

બંધ આવલિકા પછીના બીજા વગેરે સમયમાં બંધ આવલિકાના બીજા વગેરે સમયમાં બંધાયેલ અને અન્ય પ્રકૃતિઓના સંક્રમ દ્વારા આવેલ દલિકોની બંધ આવલિકા અને સંક્રમ આવલિકા વ્યતીત થયેલ હોવાથી તેઓનો પણ સંક્રમ થાય તેથી જઘન્ય પ્રદેશસંક્રમ ઘટી શકે નહીં. માટે જ પહેલી બંધ આવલિકા પછીના પહેલા સમયે જ જઘન્ય પ્રદેશસંક્રમ બતાવેલ છે.

જેને વૈક્રિયાદિ અગિયાર પ્રકૃતિઓ સત્તામાં નથી તેવો જીવ પંચેન્દ્રિયના ભવમાં બની શકે તેટલા નાના અંતર્મુહૂર્ત્ત કાળ સુધી વૈક્રિયાદિ અગિયાર પ્રકૃતિઓને બાંધી કાળ કરી સાતમી નરકમાં તેત્રીસ સાગરોપમના આયુષ્યવાળો નારક થાય અને ત્યાંથી મરી ગર્ભજ પર્યાપ્ત તિર્યંચમાં ઉત્પન્ન થઈ ઉપરોક્ત અગિયાર પ્રકૃતિઓ બાંધ્યા વિના જ કાળ કરી એકેન્દ્રિયમાં ઉત્પન્ન થઈ ઉદ્વલના શરૂ કરે અને તેઉકાય કે વાયુકાયમાં મનુષ્યદ્વિક અને ઉચ્ચ ગોત્ર એ ત્રણ પ્રકૃતિઓની ઉદ્વલના કરી સૂક્ષ્મનિગોદમાં ઉત્પન્ન થઈ બની શકે તેટલા નાનામાં નાના અંતર્મુહૂર્ત્ત સુધી આ ત્રણ પ્રકૃતિઓ બાંધી પંચેન્દ્રિયમાં ઉત્પન્ન થઈ ત્યાં આ ત્રણ પ્રકૃતિઓનો બંધ કર્યા વિના જ સાતમી નરકમાં તેંત્રીસ સાગરોપમના આયુષ્યવાળો નારક થાય. ત્યાંથી મરી પંચેન્દ્રિય-તિર્યંચમાં ઉત્પન્ન થાય. ત્યાંથી આ ત્રણ પ્રકૃતિઓ બાંધ્યા વિના જ કાળ કરી તેઉકાય કે વાયુકાયમાં આવી ઉદ્વલના શરૂ કરે અને તે ઉદ્વલના કરતાં જ્યારે દ્વિચરમસ્થિતિખંડના ચરમ સમયે પરપ્રકૃતિઓમાં ઓછામાં ઓછાં દલિકો સંક્રમાવે છે, ત્યારે વૈક્રિયસપ્તક, દેવદ્વિક અને નરકદ્વિક એ અગિયાર પ્રકૃતિઓના એકેન્દ્રિય અને મનુષ્યદ્વિક તથા ઉચ્ચ ગોત્રના તેઉકાય કે વાયુકાય જઘન્ય પ્રદેશસંક્રમના સ્વામી છે.

અલ્પકાળમાં ઘણાં જ અલ્પ બંધાયેલ દલિકોને આટલા લાંબા કાળ સુધી સંક્રમ દ્વારા તેમજ નરકદ્વિક અને વૈક્રિયસપ્તકના ઉદય તથા ઉદીરણા દ્વારા પણ સત્તામાંથી ઘણાં જ દલિકો દૂર થઈ જાય છે અને બંધથી પણ વધુ દલિકોનો સંચય ન થાય માટે બાંધવા યોગ્ય ભવોમાં પણ બંધ કર્યા વિના જ એકેન્દ્રિયાદિમાં આવી ઉદ્વલના કરવાનું કહેલ છે.

ઉપશમશ્રેણિમાં અપૂર્વકરણ ગુણસ્થાનકથી અબધ્યમાન અશુભ પ્રકૃતિઓનો ગુણસંક્રમ થાય છે. માટે અસાતાનાં ઘણાં દલિકો સાતામાં આવી જાય છે. તેથી સંક્રમ વખતે સાતાનો જઘન્ય પ્રદેશસંક્રમ ન આવે માટે ઉપશમશ્રેણિ કર્યા વિના ક્ષપકશ્રેણિ ઉપર આરૂઢ થનાર આત્મા છઠ્ઠા ગુણસ્થાનકના અંતે અસાતાવેદનીયનો છેલ્લો બંધ કરે ત્યારે યથાપ્રવૃત્તસંક્રમથી સંક્રમાવતાં સાતાવેદનીયના જઘન્ય પ્રદેશસંક્રમનો સ્વામી છે. પછી સાતા જ બંધાતી હોવાથી સાતાનો સંક્રમ થતો જ નથી.

એક પણ વાર મોહનીયનો ઉપશમ કર્યા વિના ક્ષપિતકર્માંશની બાકીની બધી ક્રિયાઓ કરી જઘન્ય પ્રદેશસત્તાવાળા થઈ ક્ષપકશ્રેણિ ઉપર આરૂઢ થનાર આત્માઓ અપૂર્વકરણ ગુણસ્થાનકની પ્રથમ આવલિકાના અંત્ય સમયે યથાપ્રવૃત્તસંક્રમથી સંક્રમાવતાં પંચેન્દ્રિય જાતિ, તૈજસ-કાર્મણ સપ્તક, સમચતુરસ્રસંસ્થાન, શુભવર્ણાદિ અગિયાર, પ્રશસ્ત વિહાયોગતિ, પરાઘાત, ઉચ્છ્વાસ, અગુરુલઘુ, નિર્માણ-નામકર્મ અને ત્રસદશક આ પાંત્રીસ પ્રકૃતિઓના જઘન્ય પ્રદેશસંક્રમના સ્વામી છે.

અપૂર્વકરણ ગુણસ્થાનકથી અબધ્યમાન અશુભપ્રકૃતિઓનાં ઘણાં દલિકો ગુણસંક્રમ દ્વારા આ પ્રકૃતિઓમાં આવવાથી જઘન્ય પ્રદેશસંક્રમ ન થાય માટે એક વાર પણ મોહનીયનો ઉપશમ કર્યા વિના એમ કહેલ છે. અને ક્ષપકશ્રેણિ ઉપર આરૂઢ થતી વખતે પણ અપૂર્વકરણના પ્રથમ સમયથી ગુણસંક્રમ દ્વારા અબધ્યમાન અશુભપ્રકૃતિઓનાં ઘણાં દલિકો આવે અને તે દલિકની પણ સંક્રમાવલિકા વ્યતીત થયા બાદ સંક્રમ થાય માટે અપૂર્વકરણ ગુણસ્થાનકથી પહેલી આવલિકાના ચરમ સમયે જઘન્ય પ્રદેશસંક્રમના સ્વામી કહેલ છે.

એવા જ જીવો પોતાના બંધવિચ્છેદ સમયે એટલે કે ચરમ મનુષ્યભવના પહેલાંના દેવ કે નરક ભવના ચરમસમયે યથાપ્રવૃત્તસંક્રમથી સંક્રમાવતા વજ્રઋષભનારાચ સંઘયણના જઘન્ય પ્રદેશ સંક્રમના સ્વામી છે. એમ આ ગ્રંથમાં ટીકાકારે મૂળ ટીકાના આધારે બતાવેલ છે. પરંતુ કર્મપ્રકૃતિ સંક્રમણકરણ ગાથા ૧૦૯ની ટીકામાં અપૂર્વકરણ ગુણસ્થાનકની પહેલી આવલિકાના ચરમ સમયે વજ્રઋષભનારાચ સંઘયણનો જઘન્ય પ્રદેશસંક્રમ કહેલ છે, યુક્તિથી પણ એ જ વધારે ઠીક લાગે છે. કારણ કે બંધવિચ્છેદ સમય સુધી યથાપ્રવૃત્તસંક્રમ હોય છે, અને અપૂર્વકરણ ગુણસ્થાનકે વિધ્યાત સંક્રમ હોય છે. તથા યથાપ્રવૃત્તસંક્રમ કરતાં વિધ્યાત સંક્રમથી ઘણું જ ઓછું દલિક સંક્રમે છે. તેમ જ મનુષ્યના ભવમાં ઉદય તથા સંક્રમથી પણ તેટલા કાળમાં સત્તામાંથી ઘણું જ દલિક ઓછું થઈ જાય છે. છતાં અહીં બંધવિચ્છેદ સમયે કેમ કહેલ છે તેનો નિર્ણય અતિશય જ્ઞાની જ કરી શકે.

સાધિક ચાર પલ્યોપમ અધિક એકસો ત્રેસઠ સાગરોપમ સુધી કોઈક ભવમાં ભવપ્રત્યયિક અને કોઈક ભવમાં ગુણપ્રત્યયિક બંધ કર્યા વિના ક્ષપકશ્રેણિ ઉપર આરૂઢ થનાર જીવો સાતમા ગુણસ્થાનકે યથાપ્રવૃત્તકરણના અંત્ય સમયે વિધ્યાત સંક્રમથી સંક્રમાવતાં તિર્યંચદ્વિક અને ઉદ્યોત એ ત્રણ પ્રકૃતિઓના જઘન્ય પ્રદેશ સ્વામી છે. પછી અપૂર્વકરણ ગુણસ્થાનકે તિર્યંચદ્વિકનો ગુણસંક્રમ થાય છે. માટે જઘન્ય પ્રદેશસંક્રમ થઈ શકતો નથી.

એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, સ્થાવરચતુષ્ક અને આતપ આ નવ પ્રકૃતિઓનો છઠ્ઠી નારક, ગ્રૈવેયક, મનુષ્ય તથા દેવભવમાં ગુણપ્રત્યયિક અથવા ભવપ્રત્યયિક સાધિક ચાર પલ્યોપમ સહિત એકસો પંચાસી સાગરોપમ સુધી બંધ કર્યા વિના અંતે મનુષ્યના ભવમાં ક્ષપકશ્રેણિ ઉપર આરૂઢ થનાર જીવો અપ્રમત્તગુણસ્થાનકે યથાપ્રવૃત્તકરણના અંતે વિધ્યાત સંક્રમથી સંક્રમાવતાં આ નવે પ્રકૃતિઓના જઘન્ય પ્રદેશસંક્રમના સ્વામી છે. પછી અપૂર્વકરણ ગુણસ્થાનકથી આતપ વિના આઠ પ્રકૃતિઓનો ગુણસંક્રમ થતો હોવાથી જઘન્ય પ્રદેશસંક્રમ ઘટી શકતો નથી માટે જ યથાપ્રવૃત્તકરણના અંતે કહેલ છે.

ત્રણ પલ્યોપમના આયુષ્યનાળા યુગલિક ભવના અંતે સમ્યક્ત્વ પામી ત્યારબાદ દેવ-મનુષ્ય ભવોમાં સાધિક ૧૩૨ સાગરોપમ પ્રમાણ સમ્યક્ત્વનો કાળ પૂર્ણ કરી ચરમ અંતર્મુહૂર્તે ક્ષપકશ્રેણિ ઉપર આરૂઢ થનાર આત્માઓ અપ્રમત્તગુણઠાણે યથાપ્રવૃત્તકરણના અંતે વિધ્યાતસંક્રમથી સંક્રમાવતાં દૌર્ભાગ્યત્રિક, અશુભવિહાયોગતિ, પ્રથમ વિનાના સંસ્થાના, પ્રથમ વિનાના પાંચ સંઘયણ, નીચ ગોત્ર અને નપુંસકવેદ આ સોળ પ્રકૃતિઓના જઘન્ય પ્રદેશસંક્રમના સ્વામી છે.

આટલા દીર્ઘકાળ પર્યંત ગુણ તથા ભવપ્રત્યયિક બંધના અભાવથી તેમ જ સંક્રમ તથા યથાસંભવ ઉદય અને ઉદીરણા દ્વારા સત્તામાંથી ઘણાં જ દલિકો ક્ષય પામે છે. માટે એકસો બત્રીસ સાગરોપમ આદિ કાળ બતાવેલ છે.

સ્વભૂમિકાનુસાર જઘન્ય યોગસ્થાનકે યથાસંભવ ચારે આયુષ્યનો બંધ કરી તે તે આયુષ્યના ઉદય યોગ્ય ભવમાં સમયાધિક આવલિકા બાકી રહે ત્યારે ચરમસમયનાં દલિકોને નીચે સમયાધિક આવલિકાના ત્રીજા ભાગમાં અપવર્તનાથી સંક્રમાવે ત્યારે ચારેય આયુષ્યના અપવર્ત્તના રૂપ સ્વસંક્રમની અપેક્ષાએ જઘન્ય પ્રદેશસંક્રમના સ્વામી છે.

બીજા જીવો કરતાં જેઓને ઔદારિક સપ્તકના ઓછામાં ઓછાં દલિકો સત્તામાં છે એવા જીવો ત્રણ પલ્યોપમના આયુષ્યવાળા યુગલિકમાં ઉત્પન્ન થાય. ત્યાં ત્રણ પલ્યોપમ સુધી ભવપ્રત્યયિક બંધનો અભાવ હોવાથી અને વિધ્યાત સંક્રમ તથા ઉદય-ઉદીરણાથી સત્તામાંથી ઘણાં જ દલિકો દૂર કરી પોતાના આયુષ્યના અંતે ઔદારિક સપ્તકના જઘન્ય પ્રદેશસંક્રમના સ્વામી છે.

પુરુષવેદ અને સંજ્વલન ક્રોધાદિ ત્રણ આ ચાર પ્રકૃતિઓના ક્ષપકશ્રેણિમાં નવમા ગુણસ્થાનકે બંધ વિચ્છેદ સમયે માત્ર છેલ્લે સમયોન બે આવલિકા કાળમાં બાંધેલ દલિક જ સત્તામાં રહે છે. પણ તે પહેલાંનું બંધાયેલ સત્તામાં હોતું નથી.

સ્વભૂમિકાનુસાર જઘન્ય યોગસ્થાને વર્તમાન પોત-પોતાના બંધવિચ્છેદ સમયે જે દલિક બાંધે છે. તે દલિકને બંધ આવલિકા વીત્યા બાદ અન્ય પ્રકૃતિમાં સંક્રમાવવાની શરૂઆત કરે છે. અને સંક્રમાવતાં સંક્રમાવલિકાના ચરમ સમયે બંધ વિચ્છેદ સમયે બંધાયેલ દલિકનો પણ જે છેલ્લો અસંખ્યાતમો ભાગ સર્વ સંક્રમથી સંક્રમાવે છે ત્યારે આ ચારેય પ્રકૃતિઓના જઘન્ય પ્રદેશ સંક્રમના સ્વામી છે.

અહીં મૂળમાં તથા ટીકામાં સંજ્વલના લોભના જઘન્ય પ્રદેશ સંક્રમના સ્વામી બતાવેલ નથી, તેનું કારણ સમજાતું નથી, પરંતુ ઉપશમશ્રેણિ કર્યા વિના ક્ષપકશ્રેણિ ઉપર આરૂઢ થનાર અપૂર્વકરણ ગુણસ્થાનકની પ્રથમ આવલિકા અંત્ય સમયે સંજ્વલન લોભના જઘન્ય પ્રદેશ સંક્રમના સ્વામી છે.

ઉપશમશ્રેણિમાં ગુણસંક્રમ દ્વારા અબધ્યમાન અશુભપ્રકૃતિઓના લોભમાં ઘણાં દલિકો આવે તેથી જઘન્ય પ્રદેશસંક્રમ ન થાય, માટે એક પણ વાર ઉપશમ શ્રેણિ કર્યા વિના અને ક્ષપકશ્રેણિમાં પણ અપૂર્વકરણ ગુણસ્થાનકના પ્રથમ સમયથી અબધ્યમાન અશુભપ્રકૃતિઓના લોભમાં ગુણસંક્રમથી ઘણાં દલિકો આવે અને સંક્રમાવલિકા વ્યતીત થયા બાદ તેઓનો પણ અન્યત્ર સંક્રમ થાય તેથી સંજ્વલન લોભનો જઘન્યપ્રદેશ સંક્રમ ન થાય માટે જ અપૂર્વકરણ ગુણસ્થાનકથી પ્રથમ આવલિકાના ચરમ સમયે સંજ્વલન લોભના જઘન્ય પ્રદેશસંક્રમના સ્વામી છે એમ કર્મપ્રકૃતિ સંક્રમણકરણ ગાથા ૯૮ની ટીકામાં બતાવેલ છે.

ઇતિ સંક્રમણકરણ સારસંગ્રહ

સંક્રમણકરણ પ્રશ્નોત્તરી

પ્રશ્ન—૧. સંક્રમ એટલે શું ? અને તેના કેટલા પ્રકાર છે ? તે દૃષ્ટાન્ત આપી સમજાવો.

ઉત્તર—અમુક સ્વરૂપે ફળ આપનાર કર્મપરમાણુઓનો ફળ આપવાનો જેવો સ્વભાવ છે તેવા સ્વરૂપે ફળ ન આપે તેમ પોતાના મૂળ કર્મથી અભિન્ન એવી અન્ય પ્રકૃતિના સ્વભાવરૂપે ફળ આપે તેવા કરવા, અથવા અમુક નિયત સમયે કે અમુક પ્રમાણના પાવરથી ફળ આપવાના સંયોગોમાં દલિકો ગોઠવાયેલાં હોય છતાં જલદી અથવા લાંબા સમયે અને ઓછા કે વધુ પ્રમાણના પાવરરૂપે ફળ આપે તેવા કરવા તે સંક્રમ કહેવાય છે. આ સંક્રમ અન્ય પ્રકૃતિ નયન, અપવર્તના તેમજ ઉદ્વર્તના એમ ત્રણ પ્રકારે છે.

જેમ સત્તામાં રહેલ સાતાવેદનીયના કર્મપરમાણુઓનો સુખ આપવાનો સ્વભાવ બદલી અસાતાવેદનીયના કર્મપરમાણુઓની જેમ દુઃખ આપવાના સ્વભાવવાળા કરવા તે અન્ય પ્રકૃતિનયન સંક્રમ.

બંધ સમયે એકાદ વર્ષ કે તેથી વધુ કાળ પછી ફળ આપવાની યોગ્યતા રૂપે ગોઠવાયેલ કર્માણુઓને ઘટાડીને એકાદ માસમાં કે તેથી ઓછા કાળમાં ફળ આપવાની યોગ્યતા રૂપે કરવા અથવા વધુ પાવરરૂપ ફળ આપવાની યોગ્યતાવાળા કર્માણુઓને અલ્પ પાવરવાળા કરી દેવા તે અપવર્તના સંક્રમ.

બંધ સમયે એકાદ માસ કે તેથી ઓછા સમયમાં ફળ આપવાની યોગ્યતાવાળા ગોઠવાયેલ કર્માણુઓને એકાદ વર્ષ પછી ફળ આપે તેવા કરવા, અથવા વિપાક આશ્રયી હીન પાવરવાળા કર્માણુઓને અધિક પાવરવાળા કરવા તે ઉદ્વર્તના સંક્રમ કહેવાય છે.

અન્ય પ્રકૃતિ નયન સંક્રમને પરસંક્રમ તથા ઉદ્વર્તના અને અપવર્તના સંક્રમને સ્વસંક્રમ કહેવાય છે.

પ્રશ્ન—૨. જે પ્રકૃતિઓનો અન્ય પ્રકૃતિનયન સંક્રમ થાય—તેઓનો બંધ અવશ્ય હોય ?

ઉત્તર—સંક્રમ યોગ્ય પ્રકૃતિઓ ત્રણ પ્રકારની છે. (૧) મતિજ્ઞાનાવરણીય વગેરે કેટલીક ધ્રુવબંધી પ્રકૃતિઓનો બંધ હોય ત્યારે જ સંક્રમ થાય. (૨) નીચ ગોત્ર વગેરે કેટલીક પરાવર્તમાન પ્રકૃતિઓનો બંધ હોય ત્યારે જ સંક્રમ થાય અને (૩) દેવગતિ વગેરે કેટલીક પરાવર્તમાન પ્રકૃતિઓનો બંધ હોય અથવા ન હોય તોપણ તેમનો સંક્રમ થાય છે.

પ્રશ્ન—૩. પતદ્ગ્રહરૂપે બધ્યમાન પ્રકૃતિ જ હોય કે અબધ્યમાન પણ હોય ?

ઉત્તર—સામાન્યથી બધ્યમાન પ્રકૃતિઓ જ પતદ્ગ્રહરૂપે હોય છે. પરંતુ સમ્યક્ત્વ મોહનીય તથા મિશ્રમોહનીય બંધમાં ન હોવા છતાં પતદ્ગ્રહ થઈ શકે છે.

પ્રશ્ન—૪. બધ્યમાન છતાં પતદ્ગ્રહ ન બને એવી કોઈ પ્રકૃતિઓ હોય ? અને હોય તો કેટલી ? તે સકારણ જણાવો.

ઉત્તર—બધ્યમાન છતાં મિથ્યાત્વ મોહનીય, પુરુષવેદ, સંજ્વલન ચતુષ્ક તથા નીચ ગોત્ર, આ સાત પ્રકૃતિઓ કેટલીક વાર પતદ્ગ્રહરૂપે ન પણ હોય, તેનું કારણ એ છે કે પ્રથમ ગુણસ્થાનકે મિથ્યાત્વનો બંધ અવશ્ય હોવા છતાં તેમાં ચારિત્ર મોહનીયની પ્રકૃતિઓ સંક્રમતી નથી, પરંતુ જો સમ્યક્ત્વ મોહનીય અને મિશ્રમોહનીય સત્તામાં હોય તો તે બે સંક્રમે છે. આ બેની સત્તા બધા જીવોને હોતી નથી માટે જે જીવોને આ બેની સત્તા ન હોય તેઓને મિથ્યાત્વ મોહનીય અપતદ્ગ્રહરૂપે હોય છે. બંધ હોવા છતાં પુરુષવેદની પ્રથમ સ્થિતિ સમયોન બે આવલિકા તથા સંજ્વલન ચતુષ્કની પ્રથમસ્થિતિ સમયોન ત્રણ આવલિકા બાકી રહે ત્યારે તે તે પ્રકૃતિ અપતદ્ગ્રહરૂપે બને છે એમ શાસ્ત્રીય વચન છે. તેમજ ઉચ્ચ ગોત્રની ઉદ્વલના કરેલ માત્ર નીચ ગોત્રની સત્તાવાળા જીવોને નીચ ગોત્રનો બંધ હોવા છતાં તેમાં સંક્રમયોગ્ય ઉચ્ચ ગોત્રનો સત્તામાં જ અભાવ હોવાથી તે અપતદ્ગ્રહ બને છે.

પ્રશ્ન—૫. અસાતાવેદનીય વગેરે પ્રકૃતિમાં સંક્રમેલ સાતા વેદનીય વગેરેની સત્તા રહે કે નહીં ?

ઉત્તર—સાતાવેદનીય વગેરે જે પ્રકૃતિનો સંક્રમ થાય તે પ્રકૃતિના દરેક સ્થિતિ સ્થાનમાંથી અમુક પ્રમાણમાં દલિકનો અસાતા વેદનીય વગેરેમાં સંક્રમ થતો હોવાથી દલિકો ઓછાં થાય પણ સ્થિતિસત્તા ઓછી થાય નહિ. માત્ર ઉદ્વલના સંક્રમ, સર્વસંક્રમ, અન્ય પ્રકૃતિમાં જઘન્ય સ્થિતિસંક્રમ તેમજ વ્યાઘાત અપવર્તના સંક્રમથી સ્થિતિસત્તા ઓછી થાય છે. પરંતુ બીજા કોઈ સંક્રમથી નહીં.

પ્રશ્ન—૬. સંક્રમ્યમાણ પ્રકૃતિ પતદ્ગ્રહ પ્રકૃતિરૂપે થાય ત્યારે તેની સ્થિતિમાં ફેરફાર થાય છે કે નહીં ?

ઉત્તર—કોઈ પણ પ્રકૃતિ પતદ્ગ્રહરૂપે થાય ત્યારે સ્થિતિમાં ફેરફાર થતો નથી. પરંતુ સંક્રમ્યમાણ સ્થિતિસ્થાનોના બદલે પતદ્ગ્રહ પ્રકૃતિનાં સ્થિતિસ્થાનો રૂપે થાય છે. દષ્ટાંતરૂપે સાતાવેદનીયના ૯૧થી ૧૦૦ સુધીનાં સ્થિતિસ્થાનોમાંનાં દલિકોનો અનુક્રમે તેની સમાન સ્થિતિવાળા અસાતાવેદનીયના ૯૧થી ૧૦૦ સુધીનાં સ્થિતિસ્થાનોમાં જ સંક્રમ થાય છે. પરંતુ પતદ્ગ્રહ પ્રકૃતિ કરતાં સંક્રમ્યમાણ પ્રકૃતિની સ્થિતિ વધારે હોય તો સંક્રમ્યમાણ પ્રકૃતિની સ્થિતિ સમાન પતદ્ગ્રહ પ્રકૃતિની સ્થિતિ વધી જાય છે. દષ્ટાંતરૂપે ૧૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ સાતાવેદનીયમાં ૨૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ અસાતાવેદનીયનો સંક્રમ થાય ત્યારે અસાતાવેદનીયની પોતાની સત્તા ૨૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ કાયમ રહે અને સાતાવેદનીયની ૧૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિના બદલે ૨૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ થઈ જાય છે.

પ્રશ્ન—૭. સત્તામાં રહેલ દરેક પ્રકૃતિનો સંક્રમ થાય જ કે ન પણ થાય ?

ઉત્તર—બંધાવલિકા અને સંક્રમાવલિકા વીત્યા પછી પોતાને સંક્રમાવવા માટે પતદ્ગ્રહરૂપ પ્રકૃતિ હોય તો સત્તાગત પ્રકૃતિઓનો સંક્રમ અવશ્ય થાય છે, પરંતુ બંધાવલિકા કે

સંક્રમાવલિકા વ્યતીત થયેલ ન હોય અથવા જેઓને પતદ્ગ્રહરૂપ પ્રકૃતિઓ ન હોય તેવી સત્તાગત પ્રકૃતિઓનો સંક્રમ થતો નથી.

જેમ તેઉકાય અને વાયુકાયને નીચ ગોત્ર સત્તામાં હોવા છતાં તેને સંક્રમાવવા માટે ઉચ્ચ ગોત્ર રૂપ પતદ્ગ્રહ પ્રકૃતિનો બંધ ન હોવાથી નીચ ગોત્રનો સંક્રમ થતો નથી. તે જ પ્રમાણે આહારકદ્વિક વગેરેનો પ્રથમ બંધ થાય ત્યારે સત્તા હોવા છતાં પ્રથમની બંધાવલિકામાં આહારકદ્વિક વગેરેનો સંક્રમ થતો નથી. અને મોહનીયની ૨૪ પ્રકૃતિની સત્તાવાળો સમ્યગ્દૃષ્ટિ મિથ્યાત્વે આવે ત્યારે પ્રથમ સમયથી અપ્રત્યાખ્યાનીય વગેરે કષાયોને અનંતાનુબંધિમાં સંક્રમાવી અનંતાનુબંધી રૂપે બનાવે છે. પરંતુ સંક્રમાવલિકા વ્યતીત થયા વિના સત્તામાં હોવા છતાં અનંતાનુબંધીનો સંક્રમ કરતો નથી.

પ્રશ્ન—૮. ધ્રુવસત્તા હોવા છતાં એવી કઈ અને કેટલી પ્રકૃતિઓ છે કે જેઓનો સંક્રમ સાદિ અને અધ્રુવ એમ બે પ્રકારે જ થાય ?

ઉત્તર—મિથ્યાત્વ, નીચ ગોત્ર તથા સાતા-અસાતાવેદનીય એ ચાર પ્રકૃતિઓ ધ્રુવસત્તાવાળી હોવા છતાં તેઓનો સંક્રમ સાદિ અને અધ્રુવ એમ બે પ્રકારે જ થાય છે.

પ્રશ્ન—૯. ઉપશમ સમ્યક્ત્વની પ્રાપ્તિની અભ્યંતરાવલિકામાં મિશ્રમોહનીયનો સંક્રમ કેમ ન હોય ?

ઉત્તર—ત્રણ કરણ કરી પ્રથમ ઉપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરે ત્યારે જે સમયે અંતરકરણમાં પ્રવેશ કરે છે તે જ સમયે અને મતાંતરે અંતરકરણના પૂર્વ સમયે મિથ્યાત્વનાં પુદ્ગલોને વિશુદ્ધ પરિણામ દ્વારા મિશ્ર અને સમ્યક્ત્વરૂપે બનાવી ત્રણ પુંજ કરે છે. વિવક્ષિત પ્રકૃતિરૂપે બનાવવા તે સંક્રમ કહેવાય છે. અને સંક્રમાવલિકામાં કોઈ કરણ લાગતું નથી તેથી મિથ્યાત્વમાંથી જે સમયે કર્મપરમાણુઓ મિશ્રમોહનીયરૂપે બને છે તે સમયથી એક આવલિકા સુધી મિશ્રમોહનીયનો સમ્યક્ત્વમોહનીયમાં સંક્રમ થતો નથી પણ સંક્રમાવલિકા પછી થાય છે.

પ્રશ્ન—૧૦. ઉપરોક્ત પ્રશ્નોત્તરમાં કહ્યા મુજબ ઉપશમ સમ્યક્ત્વની પ્રાપ્તિની અભ્યંતરાવલિકામાં જો મિશ્રમોહનીયનો સંક્રમ થતો નથી. તો મોહનીયની ૨૪ની સત્તાવાળા ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિ ઉપશમ સમ્યક્ત્વની પ્રાપ્તિની અભ્યંતરાવલિકામાં સમ્યક્ત્વ તથા મિશ્રમોહનીય વિના ૨૨ નો સંક્રમ કેમ કરતા નથી ?

ઉત્તર—૨૪ની સત્તાવાળો જીવ પ્રથમ ક્ષાયોપશમિક સમ્યક્ત્વી હોય છે અને તેને ત્રણે પુંજ સત્તામાં હોવાથી ઉપશમ સમ્યક્ત્વની પ્રાપ્તિની અભ્યંતરાવલિકામાં મિશ્ર પુંજ પ્રથમથી જ થયેલ હોય છે. તેથી તેની સંક્રમાવલિકા વ્યતીત થયેલ હોવાથી તે વખતે પણ તે મિશ્રમોહનીયનો સમ્યક્ત્વ મોહનીયમાં સંક્રમ ચાલુ હોવાથી ૨૪ની સત્તાવાળા ઉપશમ સમ્યક્ત્વીને અભ્યંતરાવલિકામાં ૨૨નો સંક્રમ ન થતાં ૨૩નો થાય છે.

પ્રશ્ન—૧૧. પ્રત્યેક કર્મનાં પોતાનાં બંધસ્થાનોની સમાન જ પતદ્ગ્રહસ્થાનો હોય છે કે તેમાં કંઈ વિશેષતા છે ?

ઉત્તર—આયુષ્ય અને મોહનીય વિના છ કર્મનાં પોતાના બંધસ્થાનની સમાન પતદ્ગ્રહસ્થાનો હોય છે. અને મોહનીય કર્મનાં ૧૦ બંધસ્થાનો હોવા છતાં પતદ્ગ્રહસ્થાનો

૧૮ છે.

પ્રશ્ન—૧૨. કયાં કયાં કર્મનાં સંક્રમસ્થાનો પોતાનાં સત્તાસ્થાનોની સમાન સંખ્યાવાળાં હોય છે અને કયાં કયાં કર્મનાં સમાન નથી હોતાં ?

ઉત્તર—જ્ઞાનાવરણીય, અંતરાય અને નામકર્મનાં સંક્રમસ્થાનો સત્તાસ્થાનોની સમાન જ છે. પરંતુ નામકર્મમાં સત્તાસ્થાન અને સંક્રમસ્થાનમાં પ્રકૃતિઓની સંખ્યા સમાન નથી અર્થાત્ ભિન્ન છે. જ્યારે દર્શનાવરણીયનાં સત્તાસ્થાનો ૩ અને સંક્રમસ્થાનો ૨ છે તેમજ વેદનીય અને ગોત્રકર્મનાં સત્તાસ્થાનો ૨ અને સંક્રમસ્થાન ૧ અને મોહનીય કર્મનાં સત્તાસ્થાનો ૧૫ અને સંક્રમસ્થાનો ૨૩ છે.

પ્રશ્ન—૧૩. દર્શનાવરણીય કર્મનું ચાર પ્રકૃતિમય સત્તાસ્થાન છે. છતાં તે સત્તાસ્થાનનો સંક્રમ કેમ નથી ?

ઉત્તર—ચાર પ્રકૃતિમય સત્તાસ્થાન ૧૨ મા ગુણસ્થાનકના ચરમ સમયે હોય છે પણ ત્યાં દર્શનાવરણીયની એક પણ પ્રકૃતિનો બંધ ન હોવાથી પતદ્ગ્રહના અભાવે ચારનો સંક્રમ થતો નથી.

પ્રશ્ન—૧૪. ધ્રુવબંધી દરેક પ્રકૃતિની પતદ્ગ્રહતા સાદ્યાદિ ચાર પ્રકારે હોવા છતાં મિથ્યાત્વની પતદ્ગ્રહતા સાદિ અને અધ્રુવ બે પ્રકારે જ કેમ છે ?

ઉત્તર—મિથ્યાત્વમોહનીય ધ્રુવબંધી હોવા છતાં તેમાં ચારિત્રમોહનીયની પ્રકૃતિઓનો સંક્રમ થતો નથી. પરંતુ સમ્યક્ત્વ અને મિશ્રમોહનીય એ બેનો જ સંક્રમ થાય છે અને આ બે પ્રકૃતિઓની ઉદ્વલના કર્યા પછી મિથ્યાદષ્ટિને અને ક્યારેય પણ અનાદિમિથ્યાત્વીને સત્તા હોતી નથી, માટે એ બે પ્રકૃતિઓ સત્તામાં હોય ત્યારે મિથ્યાત્વ-પતદ્ગ્રહરૂપે હોય છે. અને સત્તામાં ન હોય ત્યારે બંધ હોવા છતાં મિથ્યાત્વ પતદ્ગ્રહ હોય નહીં, તેથી સાદિ અને અધ્રુવ એમ બે પ્રકારે જ હોય છે.

પ્રશ્ન—૧૫. ઉપશમશ્રેણિમાં ક્ષાયિક સમ્યક્ત્વીને મોહનીયમાં અન્યપ્રકૃતિનયન સંક્રમ કયા ગુણસ્થાનક સુધી હોય ?

ઉત્તર—નવમા ગુણસ્થાનક સુધી હોય.

પ્રશ્ન—૧૬. અગિયારમા ગુણસ્થાને મોહનીય કર્મની પ્રકૃતિઓનો સંક્રમ હોય ? જો હોય તો કોને ? અને કઈ કઈ પ્રવૃત્તિઓનો હોય ?

ઉત્તર—અગિયારમા ગુણસ્થાને ઉપશમ સમ્યક્ત્વીને મિથ્યાત્વ અને મિશ્રમોહનીય એ બે પ્રકૃતિઓનો સંક્રમ હોય છે.

પ્રશ્ન—૧૭. કઈ કઈ ગતિમાં નામકર્મનાં કેટલાં અને કયાં સંક્રમસ્થાનો હોય ?

ઉત્તર—દેવગતિમાં ૧૦૩, ૧૦૨, ૯૬ અને ૯૫ એમ ચાર, નરકગતિમાં ૧૦૩ વિના તે જ ત્રણ, તિર્યંચગતિમાં ૧૦૨, ૯૫, ૯૩, ૮૪ અને ૮૨ એમ પાંચ અને મનુષ્યગતિમાં બધાં જ (૧૨) સંક્રમસ્થાનો હોય છે.

પ્રશ્ન—૧૮. મનુષ્ય પ્રાયોગ્ય ૨૯ પ્રકૃતિઓના પતદ્ગ્રહમાં નારકની જેમ દેવતાઓને નામકર્મની ૯૬ પ્રકૃતિઓનો સંક્રમ કેમ ન હોય ?

ઉત્તર—દેવોને જિનનામની સત્તા ચોથે ગુણઠાણે જ હોય છે. અને સમ્યગ્દષ્ટિને જિનનામની સત્તા હોય ત્યારે તેનો બંધ પણ અવશ્ય થતો હોવાથી મનુષ્ય પ્રાયોગ્ય ૨૯નો બંધ થતો નથી. પરંતુ પ્રથમ નરકાયુષ્ય બાંધી ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પામી જિનનામકર્મનો બંધ કરેલ મનુષ્ય મિથ્યાત્વી થઈને જ નરકમાં જાય છે. અને તે મિથ્યાત્વી નારકને અપર્યાપ્તાવસ્થામાં જિનનામ સત્તામાં હોવા છતાં તેના બંધનો અભાવ હોવાથી મનુષ્ય પ્રાયોગ્ય ૨૯ના પતદ્ગ્રહમાં અંતર્મુહૂર્ત્ત સુધી ૯૬ પ્રકૃતિઓનો સંક્રમ હોય છે.

પ્રશ્ન—૧૯. સમ્યક્ત્વી જીવને મોહનીયાદિ કર્મની ૭૦ કોડાકોડી સાગરોપમ વગેરે ઉત્કૃષ્ટ સ્થિતિસત્તા હોય ? જો હોય તો કઈ રીતે અને કેટલા કાળ સુધી હોય.

ઉત્તર—સમ્યક્ત્વીને સિદ્ધાંતના મતે અંતઃકોડાકોડી સાગરોપમથી વધારે સ્થિતિસત્તા ન જ હોય, પરંતુ કાર્મગ્રંથિક મતે ગ્રંથિભેદ કરી સમ્યક્ત્વી થઈ પુનઃ મિથ્યાત્વ ગુણઠાણે આવે ત્યારે અતિસંક્લિષ્ટ પરિણામે ઉત્કૃષ્ટ સ્થિતિબંધ પણ થાય છે. તથા મિથ્યાત્વી જીવ ત્રણ કરણ કરી પુનઃ સમ્યક્ત્વી થાય તેને અંતઃકોડાકોડી સાગરોપમથી વધારે કોઈ કર્મની સ્થિતિસત્તા હોતી નથી, પરંતુ જે મિથ્યાત્વી ત્રણ કરણ કર્યા વિના સમ્યક્ત્વ પામે છે તે સમ્યક્ત્વીને ઉત્કૃષ્ટ સ્થિતિ સત્તા હોઈ શકે છે. પણ અંતર્મુહૂર્ત્ત સુધી જ, કારણ કે ત્યાર પછી તુરત જ અપવર્તના કરણ દ્વારા ઘટી જવાથી સ્થિતસત્તા અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ થઈ જાય છે.

પ્રશ્ન—૨૦. અપવર્તના આશ્રયી જઘન્ય સ્થિતિ સંક્રમ કેટલી અને કઈ કઈ પ્રકૃતિઓનો થાય ?

ઉત્તર—જ્ઞાનાવરણીય ૫. દર્શનાવરણીય ૯. વેદનીય ૨. સમ્યક્ત્વમોહનીય સંજ્વલન લોભ, આયુષ્ય ૪. સ્થાવરાદિ ૧૩ વિના નામકર્મની ૯૦. ગોત્રની ૨ અને અંતરાયની ૫. એમ કુલ ૧૧૬ પ્રકૃતિઓનો અપવર્તના આશ્રયી જઘન્ય સ્થિતિ સંક્રમ થાય છે.

પ્રશ્ન—૨૧. સંક્રમણ-કરણમાં અન્ય પ્રકૃતિ નયન સંક્રમની પ્રધાનતા હોવા છતાં ૧૧૬ પ્રકૃતિઓનો અપવર્ત્તના આશ્રયી જઘન્ય સ્થિતિ સંક્રમ શા માટે કહ્યો ?

ઉત્તર—૧૧૬ પ્રકૃતિઓનો અપવર્તના જઘન્ય સ્થિતિ સંક્રમ કરતાં અન્ય પ્રકૃતિનયન જઘન્ય સ્થિતિસંક્રમ ઘણો વધારે હોય છે. માટે અપવર્તના આશ્રયી જઘન્ય સ્થિતિ સંક્રમ કહ્યો છે.

પ્રશ્ન—૨૨. એવી કેટલી અને કઈ કઈ પ્રકૃતિઓ છે કે જેમનો જઘન્ય સ્થિતસંક્રમ એક સમયપ્રમાણ થાય છે ?

ઉત્તર—જ્ઞાનાવરણીય ૫. દર્શનાવરણીય ૬. અંતરાય પાંચ, આયુષ્ય ચાર, સમ્યક્ત્વ મોહનીય તથા સંજ્વનલોભ એમ ૨૨ પ્રકૃતિઓનો જઘન્ય સ્થિતિસંક્રમ એક સમય પ્રમાણ થાય છે.

પ્રશ્ન—૨૩. વ્યાઘાત અપવર્તના, સ્થિતિઘાત તથા રસઘાત આ ત્રણે સમ્યક્ત્વાદિ

ગુણોની પ્રાપ્તિ વખતે જ હોય કે અન્ય કાળે પણ હોય ?

ઉત્તર—એકેન્દ્રિયાદિ સર્વે જીવોને સમ્યક્ત્વાદિ વિશિષ્ટ ગુણોની પ્રાપ્તિ વિના પણ વ્યાઘાત અપવર્તના, સ્થિતિઘાત તેમ જ રસઘાત હોઈ શકે છે.

પ્રશ્ન—૨૪. એકેન્દ્રિયાદિકને વ્યાઘાત અપવર્તના, સ્થિતિઘાત તથા રસઘાત હોઈ શકે છે એમ કેવી રીતે સમજી શકાય ?

ઉત્તર—સંજ્ઞીપંચેન્દ્રિયમાંથી અસંજ્ઞી એવા એકેન્દ્રિયાદિકમાં ઉત્પન્ન થયેલા તમામ જીવોને અમુક કાળ પછી પોત-પોતાના સ્થિતિબંધ તથા રસબંધ જેટલી જ સત્તા હોય છે. પણ તેથી અધિક હોતી નથી, તેથી જ એમ સમજી શકાય છે કે વ્યાઘાત અપવર્તના વગેરે ત્રણેય પદાર્થો મિથ્યાત્વ ગુણસ્થાનકે એકેન્દ્રિયાદિક જીવોને પણ હોઈ શકે છે અને તેથી જ અમુક કાળમાં સત્તાગત ઉત્કૃષ્ટ સ્થિતિ અને રસનો નાશ કરી સ્વબંધ પ્રમાણ સ્થિતિ સત્તા અને અનુભાગ સત્તા કરે છે.

પ્રશ્ન—૨૫. નરકદ્વિકના ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમના સ્વામી કોણ હોય ?

ઉત્તર—દેવ વિના શેષ ત્રણ ગતિના જીવો.

પ્રશ્ન—૨૬. ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરી બંધાવલિકા પછી ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ થાય એમ કહેલ છે. અને નરકદ્વિકના ઉત્કૃષ્ટ સ્થિતિબંધના સ્વામી મનુષ્યો અને તિર્યંચો જ છે તેથી તેમને સ્થિતિબંધ થયા પછી બંધાવલિકા બાદ ઉત્કૃષ્ટ સ્થિતિ સંક્રમ થઈ શકે છે પણ નારકોને શી રીતે હોય ?

ઉત્તર—મનુષ્યો તથા તિર્યંચો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરી નરકમાં જઈ તુરત જ મનુષ્ય કે તિર્યંચ પ્રાયોગ્ય બધ્યમાન પ્રકૃતિઓમાં બંધાવલિકા પછી ઉદયાવલિકા ઉપરની નરકદ્વિકની સર્વ સ્થિતિને સંક્રમાવે છે. તેથી નારકોને પણ નરકદ્વિકનો ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ હોઈ શકે છે.

પ્રશ્ન—૨૭. વૈક્રિયસપ્તક અને દેવદ્વિકના જઘન્ય અનુભાગ સંક્રમના સ્વામી બંધાવલિકા બાદ પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિયો કહ્યા છે પણ આ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સંજ્ઞી પંચેન્દ્રિય જીવો જ કરે છે તેથી બંધાવલિકા બાદ સંજ્ઞી પંચેન્દ્રિય જીવો જ જઘન્ય અનુભાગ સંક્રમના સ્વામી કેમ ન હોય ?

ઉત્તર—સંજ્ઞીપંચેન્દ્રિય જીવોને ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સમયે આ પ્રકૃતિઓનો જઘન્ય રસબંધ થાય પરંતુ તે વખતે પૂર્વબદ્ધ અધિક રસ સત્તામાં હોય છે. તેથી તેનો પણ સંક્રમ થતો હોવાથી જઘન્ય અનુભાગ સંક્રમના સ્વામી સંજ્ઞીપંચેન્દ્રિય જીવો નથી પણ અસંજ્ઞી પર્યાપ્ત તિર્યંચો પ્રથમ એકેન્દ્રિયમાંથી ઉદ્વલના કરીને આવેલ હોય છે. તેઓને પૂર્વબદ્ધ રસ સત્તામાં હોતો નથી માટે જ આ નવ પ્રકૃતિઓના જઘન્ય અનુભાગ સંક્રમના સ્વામી અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચો સિવાય બીજા કોઈ હોતા નથી.

પ્રશ્ન—૨૮. મિથ્યાત્વીને કોઈપણ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમ અંતર્મુહૂર્તથી અધિક કાળ કેમ ન હોય ?

ઉત્તર—મિથ્યાત્વી સંક્લિષ્ટ પરિણામે શુભ પ્રકૃતિઓના અને વિશુદ્ધિ પરિણામે અશુભ પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ અનુભાગનો અવશ્ય નાશ કરે છે અને સતત સંક્લિષ્ટ અથવા વિશુદ્ધપરિણામ અંતર્મુહૂર્તથી વધારે રહેતા નથી માટે મિથ્યાત્વીને અંતર્મુહૂર્તથી અધિક કાળ શુભાશુભ કોઈ પણ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમ ઘટી શકતો નથી.

પ્રશ્ન—૨૯. એવી કઈ અશુભ પ્રકૃતિઓ છે કે જેઓનો ઉત્કૃષ્ટ અનુભાગ મિથ્યાદષ્ટિ ન જ હણે ?

ઉત્તર—સમ્યક્ત્વ મોહનીય અને મિશ્રમોહનીયના ઉત્કૃષ્ટ અનુભાગને તેનો ક્ષય કરનારા જીવોને વર્જી અન્ય કોઈ પણ જીવો હણતા નથી તેથી મિથ્યાદષ્ટિઓ તેના ઉત્કૃષ્ટ અનુભાગને હણતા જ નથી.

પ્રશ્ન—૩૦. એકેન્દ્રિય જીવોમાં કઈ અને કેટલી પ્રકૃતિઓનો જઘન્ય અનુભાગ સંક્રમ ઘટી શકે ?

ઉત્તર—થીણદ્ધિત્રિક, બે વેદનીય, મિથ્યાત્વ મોહનીય, મધ્યમના આઠ કષાય, તિર્યંચદ્વિક, પાંચ જાતિ, ઔદારિકસપ્તક, તૈજસ-કાર્મણ સપ્તક, છ સંઘયણ, છ સંસ્થાન, વર્ણાદિ વીસ, બે વિહાયોગતિ, તીર્થંકર નામકર્મ વિના સાત પ્રત્યેક પ્રકૃતિઓ, ત્રસદશક, સ્થાવર દશક અને નીચ ગોત્ર આ સત્તાણું પ્રકૃતિઓનો તેમજ મનુષ્યદ્વિક, ઉચ્ચ ગોત્ર અને તિર્યંચ તથા મનુષ્યનું આયુષ્ય આ પાંચ પ્રકૃતિઓનો જઘન્ય અનુભાગ સંક્રમ એકેન્દ્રિય જીવોમાં ઘટી શકે છે.

પ્રશ્ન—૩૧. આયુષ્યનો બંધ કરી ઉદયમાં આવ્યા વિના આયુષ્યની વ્યાઘાત અપવર્તના થાય કે નહીં ? અર્થાત્ ઉદયમાં આવ્યા પહેલાં બાંધેલું આયુષ્ય ઓછું થઈ શકે નહીં ?

ઉત્તર—બાંધ્યા પછી ઉદયમાં આવ્યા પહેલાં આયુષ્યની વ્યાઘાત અપવર્તના કરી આયુષ્યને ઓછું કરી શકે છે. જેમ કૃષ્ણ વાસુદેવે પ્રથમ બાંધેલ સાતમી નરકના આયુષ્યને અઢાર હજાર મુનિઓને વંદન કરવાથી અપવર્તના કરણથી ત્રીજી નારકનું કર્યું - એમ શ્રી ભગવતીજી સૂત્રમાં અપવર્ત્તના અધિકારમાં ટીકાકાર મહર્ષિએ બતાવેલ છે. (જુઓ - પ્રશ્નોત્તર રત્ન ચિંતામણિ - પ્રશ્નોત્તર ૧૨૦)

પ્રશ્ન—૩૨ એવી કેટલી અને કઈ કઈ પ્રકૃતિઓ છે કે જેમાં વિધ્યાત વગેરે પાંચેય પ્રકારના પ્રદેશ સંક્રમો ઘટી શકે ?

ઉત્તર—થીણદ્ધિત્રિક, અનંતાનુબંધી વગેરે બાર કષાય, અરતિ, શોક, સ્ત્રી વેદ, નપુંસકવેદ, મિશ્રમોહનીય, નરકદ્વિક, તિર્યંચદ્વિક, આદ્ય ચારજાતિ, સ્થાવરદ્વિક અને સાધારણ નામકર્મ—આ એકત્રીસ પ્રકૃતિઓમાં વિધ્યાત આદિ પાંચે પ્રકારના સંક્રમો થાય છે.

પ્રશ્ન—૩૩. એવી કઈ પ્રકૃતિઓ છે કે જેમાં વિધ્યાત વગેરે પાંચમાંથી એકે પ્રકારનો પ્રદેશ સંક્રમ ન થાય ?

ઉત્તર—ચાર આયુષ્યનો પરસ્પર સંક્રમ ન હોવાથી તેમાં પાંચમાંથી એક પણ પ્રકારનો પ્રદેશ સંક્રમ ઘટી શકતો નથી.

પ્રશ્ન—૩૪. સત્તામાં રહેલ કર્મોનો સંપૂર્ણ ક્ષય કયા કયા પ્રદેશસંક્રમોથી થઈ શકે ? અને કયા પ્રદેશસંક્રમોથી ન થઈ શકે ?

ઉત્તર—ઉદ્વલના કે ગુણસંક્રમના અંતે થતા સર્વસંક્રમથી જ સત્તામાં રહેલ કર્મદલિકોનો સર્વથા ક્ષય થઈ શકે છે. પરંતુ વિધ્યાત અને યથાપ્રવૃત્તસંક્રમથી કોઈપણ કર્મનો સર્વથા ક્ષય થઈ શકતો નથી.

પ્રશ્ન—૩૫. વિધ્યાત વગેરે પાંચ પ્રકારના પ્રદેશસંક્રમો પૈકી કયા કયા સંક્રમમાં કેટલી અને કઈ કઈ પ્રકૃતિઓ આવે ?

ઉત્તર—વિધ્યાત સંક્રમમાં થીણદ્ધિત્રિક, અસાતાવેદનીય, મિથ્યાત્વ મોહનીય, મિશ્રમોહનીય, આદ્ય બાર કષાય, અરતિ, શોક, નપુંસકવેદ, સ્રીવેદ, ઉપઘાત તથા યશઃ કીર્ત્તિ વિના નામકર્મની પાંસઠ, અને બે ગોત્ર આ નેવ્યાશી,

ઉદ્વલના તથા સર્વ સંક્રમમાં-થીણદ્ધિત્રિક, સંજ્વલન લોભ વિના મોહનીયની સત્તાવીસ, નરકદ્વિક, તિર્યંચદ્વિક મનુષ્યદ્વિક, દેવદ્વિક, આદ્ય ચાર જાતિ, વૈક્રિયદ્વિક, આહારદ્વિક, આતપ, ઉદ્યોત, સ્થાવરદ્વિક, સાધારણ અને ઉચ્ચ ગોત્ર આ બાવન,

યથાપ્રવૃત્તસંક્રમમાં—ચાર આયુષ્ય તથા મિથ્યાત્વ વિના એકસો સત્તર.

ગુણસંક્રમમાં પાંચ નિદ્રા, અસાતાવેદનીય, મિથ્યાત્વ, મિશ્રમોહનીય, આદ્ય બાર કષાય, પુરુષવેદ વિના આઠનોકષાય, નરકદ્વિક, તિર્યંચદ્વિક, એકેન્દ્રિયાદિક ચાર જાતિ, પ્રથમ સિવાયનાં પાંચ સંઘયણ, પ્રથમ સિવાયનાં પાંચ સંસ્થાન, અશુભવર્ણાદિ ચતુષ્ક, અશુભવિહાયોગતિ, ઉપઘાત, સ્થાવર દશક અને નીચ ગોત્ર આ ત્રેસઠ અથવા પુરુષ વેદ અને સંજ્વલન ક્રોધાદિ ત્રણ સહિત કુલ સડસઠ પ્રકૃતિઓ આવે છે.

પ્રશ્ન—૩૬. સંપૂર્ણ સંસારચક્રમાં સમ્યક્ત્વ, દેશવિરતિ ચારિત્ર, સર્વવિરતિ ચારિત્ર, અનંતાનુબંધીની વિસંયોજના અને મોહનીયકર્મનો સર્વોપશમ વધુમાં વધુ કેટલી વાર કરી શકે ?

ઉત્તર—સમ્યક્ત્વ અને દેશવિરતિ અસંખ્યાતવાર, પરંતુ સમ્યક્ત્વ કરતાં દેશવિરતિ ઓછી વાર, સર્વવિરતિ તથા અનંતાનુબંધીની વિસંયોજના આઠ-આઠવાર અને મોહનીયકર્મોનો સર્વોપશમ વધુમાં વધુ ચાર વાર પ્રાપ્ત કરી શકે છે.

પ્રશ્ન—૩૭. સર્વોત્કૃષ્ટ કષાયોદય અને સર્વોત્કૃષ્ટ યોગસ્થાન આ બન્ને ભાવો એક જ જીવને એક સાથે કેટલા ટાઈમ રહી શકે ?

ઉત્તર—આ બન્ને ભાવો એકસાથે એક જ સમય રહી શકે છે.

પ્રશ્ન—૩૮. મિશ્ર અને સમ્યક્ત્વ મોહનીયનો યથાપ્રવૃત્તસંક્રમ ક્યારે અને કયા ગુણસ્થાનકે હોય ?

ઉત્તર—મોહનીયની ૨૮ની સત્તાવાળો સમ્યક્ત્વથી પડી મિથ્યાત્વે આવે ત્યારે પહેલા અંતર્મુહૂર્ત્તમાં આ બન્ને પ્રકૃતિઓનો યથાપ્રવૃત્તસંક્રમ હોય છે એમ પૂ. મુનિચંદ્રસૂરીશ્વરજી મહારાજે કર્મપ્રકૃતિ ટિપ્પણકમાં બતાવેલ છે.

પ્રશ્ન—૩૯. નિદ્રાદ્વિક, હાસ્ય, રતિ, ભય, અને જુગુપ્સા આ છ પ્રકૃતિઓનો જઘન્ય પ્રદેશસંક્રમ ક્ષપિતકર્માંશ આત્માને આઠમા ગુણસ્થાનકે પોત-પોતાના બંધવિચ્છેદ સમયે બતાવેલ છે. પરંતુ જેમ દેવગતિ વગેરે શુભ છત્રીસ પ્રકૃતિઓનો ઉપશમ શ્રેણિ વિના શેષ ક્ષપિત કર્માંશની ક્રિયા કરેલ જીવને આઠમા ગુણસ્થાનકની પહેલી આવલિકાના ચરમસમયે બતાવેલ છે, તેમ આ પ્રકૃતિઓ પણ આઠમા ગુણસ્થાનકના અમુક ભાગ સુધી બંધાતી હોવાથી અબધ્યમાન અશુભપ્રકૃતિઓનાં ઘણાં દલિકો ગુણસંક્રમ દ્વારા અપૂર્વકરણ ગુણસ્થાનકના પ્રથમસમયથી નિદ્રા વગેરે છ પ્રકૃતિઓમાં આવે, માટે બંધ વિચ્છેદ સમયના બદલે આઠમા ગુણસ્થાનકની પહેલી આવલિકાના અંતે જઘન્યપ્રદેશ સંક્રમ કેમ ન બતાવ્યો ?

ઉત્તર—ઉપરની શંકા બરાબર લાગે છે. તેથી જ કષાયપ્રાભૃતચૂર્ણિમાં હાસ્ય, રતિ, ભય અને જુગુપ્સાનો જઘન્ય પ્રદેશ સંક્રમ આઠમા ગુણસ્થાનકની પહેલી આવલિકાના ચરમસમયે બતાવેલ છે. અને નિદ્રાદ્વિક માટે પણ એમ જ લાગે છે, છતાં આ ગ્રન્થમાં અને કર્મપ્રકૃતિમાં તથા તેની ટીકા વગેરેમાં પોતપોતાના બંધવિચ્છેદ સમયે બતાવેલ છે. તેનું કારણ બહુશ્રુતો જાણે; અગર મતાંતર હોય તેમ લાગે છે.

પ્રશ્ન—૪૦. આ ગ્રંથમાં તેમજ કર્મપ્રકૃતિ-ટીકામાં અન્ય પ્રકૃતિનયન સંક્રમની અપેક્ષાએ મિથ્યાત્વમોહનીયનો ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ અંતર્મુહૂર્ત્ત ન્યૂન સિત્તેર કોડાકોડી સાગરોપમ બતાવેલ છે. પરંતુ સ્વસંક્રમની અપેક્ષાએ બે આવલિકા ન્યૂન સિત્તેર કોડાકોડી સાગરોપમ પ્રમાણ કેમ બતાવેલ નથી ?

ઉત્તર—કર્મપ્રકૃતિ-મૂળમાં તથા ચૂર્ણિમાં સિત્તેર કોડાકોડી સાગરોપમ પ્રમાણ બંધોત્કૃષ્ટ મિથ્યાત્વનો બે આવલિકા ન્યૂન સિત્તેર કોડાકોડી સાગરોપમ પ્રમાણ ઉદ્વર્ત્તના તથા અપવર્તનારૂપ સ્વસંક્રમની અપેક્ષાએ બતાવેલ છે. પરંતુ ટીકાઓમાં સ્વસંક્રમની અવિવક્ષા કરી અન્ય પ્રકૃતિનયન સંક્રમની અપેક્ષાએ અંતર્મુહૂર્ત્ત ન્યૂન સિત્તેર કોડાકોડી સાગરોપમ પ્રમાણ બતાવેલ છે. માટે અહીં કોઈ વિરોધ નથી.

પ્રશ્ન—૪૧. ટીકામાં ચારે આયુષ્યના ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમના સ્વામી સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ એમ બન્ને પ્રકારના જીવો બતાવ્યા છે. ત્યાં ત્રણ આયુષ્યમાં તો બન્ને પ્રકારના જીવો સમજી શકાય છે, પરંતુ દેવાયુષ્યનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ અને ઉત્કૃષ્ટ અનુભાગબંધ સંયમી આત્માઓ જ કરે છે, અને ત્યાં ભવપર્યંત ચોથું ગુણસ્થાનક જ હોય છે, તેથી દેવાયુષ્યનો ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમ મિથ્યાદૃષ્ટિને શી રીતે ઘટે ?

ઉત્તર—તમારી શંકા બરાબર છે, અને તેથી કર્મપ્રકૃતિ ચૂર્ણિ કે ટીકામાં ચારેય આયુષ્યના ઉત્કૃષ્ટ અનુભાગસંક્રમના સ્વામી મિથ્યાદૃષ્ટિ કે સમ્યગ્દૃષ્ટિ ન બતાવતાં સામાન્યથી બતાવેલ છે, પરંતુ સંયમી આત્મા દેવાયુષ્યનો ઉત્કૃષ્ટ અનુભાગ બંધ કરી જો પહેલે ગુણસ્થાનકે જઈ અપવર્ત્તનાકરણથી દેવાયુષ્યને ઘટાડી અલ્પ સ્થિતિવાળું કરે તો મિથ્યાત્વ ગુણસ્થાનકે પણ દેવાયુષ્યનો ઉત્કૃષ્ટ અનુભાગસંક્રમ અંતર્મુહૂર્ત્ત કાળ સુધી ઘટી શકે છે, અને એ અપેક્ષાએ અહીં બતાવેલ હોય તેમ લાગે છે.

પ્રશ્ન—૪૨. પુરુષવેદે ક્ષપકશ્રેણિ માંડનારને ૯મા ગુણઠાણે બંધવિચ્છેદ સમયે બંધાયેલ કર્મલતાના સંક્રમના ચરમ સમયે અંતર્મુહૂર્ત્ત ન્યૂન આઠ વર્ષ પ્રમાણ પુરુષવેદનો જઘન્ય સ્થિતિસંક્રમ બતાવેલ છે. તેનું કારણ પુરુષવેદે શ્રેણિ માંડનારને ઉદય-ઉદીરણા વડે સત્તામાંથી ઘણી સ્થિતિ ઓછી થાય છે એમ જણાવેલ છે પણ અન્યવેદે શ્રેણિ માંડનારને ઉદય-ઉદીરણા ન હોવાથી જઘન્ય સ્થિતિસંક્રમ ઘટતો નથી. પરંતુ બંધ વિચ્છેદ સમયે બંધાયેલ કર્મલતાના ચરમ સંક્રમ સમયે પૂર્વબદ્ધ દલિક સત્તામાં હોતું જ નથી. તો પછી પુરુષવેદ શ્રેણિ માંડનારને ઉદય-ઉદીરણા દ્વારા સત્તામાંથી ઘણી સ્થિતિ ઓછી થાય છે અને બીજાને નહિ-એમ કેમ જણાવેલ છે ?

ઉત્તર—પુરુષવેદે શ્રેણિ માંડનારને જે સમયે પુરુષવેદનો બંધ-વિચ્છેદ થાય છે તેના કરતાં અન્યવેદે શ્રેણિ માંડનારને પુરુષવેદનો ઘણા કાળ પહેલાં બંધવિચ્છેદ થાય છે તેથી બંધવિચ્છેદ સમયે પણ સંખ્યાત વર્ષ પ્રમાણ જઘન્ય સ્થિતિબંધ થાય છે અને તેને હાસ્યષટ્કની સાથે જ પુરુષવેદનો ક્ષય થતો હોવાથી સંક્રમના ચરમ સમયે પણ હાસ્યષટ્કની જેમ પુરુષવેદનો સંખ્યાત વર્ષ પ્રમાણ જઘન્ય સ્થિતિસંક્રમ હોય છે. પણ તેનાથી ઓછો નહિ, માટે જ પુરુષવેદે શ્રેણિ માંડનારને જઘન્ય સ્થિતિ સંક્રમ હોય છે, પણ અન્યવેદે શ્રેણિ માંડનારને નહિ—એમ જણાવેલ છે તે બરાબર છે.

સંક્રમણકરણ પ્રશ્નોત્તરી સમાપ્ત

ॐ ह्रीँ अर्हं नमः

ઉદ્વર્ત્તના અને અપવર્ત્તનાકરણ

આ પ્રમાણે સંક્રમ (અન્ય પ્રકૃતિપણે પરિણમાવવા રૂપ) કરણનું સવિસ્તર સ્વરૂપ કહ્યું. હવે ઉદ્દેશક્રમને અનુસરીને ઉદ્વર્ત્તના-અપવર્ત્તનાકરણ ક્રમપ્રાપ્ત છે એટલે તેનું સ્વરૂપ કહેવા યોગ્ય છે, તે કહે છે. ઉદ્વર્ત્તના અને અપવર્ત્તના એ બંને સ્થિતિ અને અનુભાગના વિષયભૂત છે. તેમાં સ્થિતિ હોય તો જ અનુભાગનો સંભવ હોવાથી પહેલાં સ્થિતિની ઉદ્વર્ત્તના-અપવર્ત્તના કહેવી જોઈયે, ત્યારબાદ રસની ઉદ્વર્ત્તના-અપવર્ત્તના. તેમાં પણ પહેલાં ઉદ્દેશક્રમ પ્રમાણે સ્થિતિની ઉદ્વર્ત્તના કહે છે—

उदयावलिबज्झाणं ठिईण उव्वट्टणा उ ठितिविसया ।
सोक्कोसअबाहाओ जावावलि होइ अइत्थवणा ॥१॥

उदयावलिकाबाह्यानां स्थितीनामुद्वर्त्तना तु स्थितिविषया ।
स्वोत्कृष्टाबाधातः यावदावलिः भवत्यतिस्थापना ॥१॥

અર્થ—સ્થિતિના વિષયરૂપ ઉદ્વર્ત્તના ઉદયાવલિકા બાહ્ય સ્થિતિઓની થાય છે. અને પોતાની ઉત્કૃષ્ટ અબાધાથી આરંભી આવલિકા સુધીની સ્થિતિઓ અતીત્થાપના છે. (તેટલી સ્થિતિઓમાં ઉદ્વર્ત્તના થતી નથી.)

ટીકાનુ૦—આત્માના જે પ્રયત્ન દ્વારા સ્થિતિ અને રસની વૃદ્ધિ થાય તે સ્થિતિ અને રસની ઉદ્વર્ત્તના[1] કહેવાય છે. એટલે ઉદ્વર્ત્તનાનો વિષય સ્થિતિ અને રસ છે, પ્રકૃતિ, પ્રદેશ

---

૧. અહીં ઉદ્વર્ત્તના અને અપવર્ત્તના થાય છે એટલે શું થાય છે તે સમજવું જોઈએ, સંક્રમણકરણ દ્વારા અન્ય સ્વરૂપે રહેલ પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશ બંધાતી સ્વજાતીય પતદ્ગ્રહ પ્રકૃતિરૂપે થાય છે. ત્યારે ઉદ્વર્ત્તના, અપવર્ત્તના દ્વારા સ્વપ્રકૃતિના સ્થિતિ-રસમાં જ વૃદ્ધિ-હાનિ થાય છે. સ્થિતિ અને રસની ઉદ્વર્ત્તના તે જે કર્મ પ્રકૃતિના હોય તે પ્રકૃતિ બંધાતી હોય ત્યારે જ થાય છે. જેમ કે મતિજ્ઞાનાવરણીયના સ્થિતિ અને રસની ઉદ્વર્ત્તના મતિજ્ઞાનાવરણીય જ્યાં સુધી બંધાતું હોય ત્યાં સુધી જ થાય છે, અપવર્ત્તનામાં બંધ સાથે સંબંધ નથી. જેના સ્થિતિ કે રસની અપવર્ત્તના થાય તે બંધાતી હોય કે ન બંધાતી હોય (અહીં એ ખ્યાલમાં રાખવું કે જે સમયે કર્મ બંધાય તે સમયથી આરંભી આવલિકા ગયા બાદ જ તેમાં સંક્રમણાદિ કોઈપણ કરણ પ્રવર્તે છે. એટલે અહીં ઉદ્વર્ત્તના અપવર્ત્તના પણ જેની બંધાવલિકા વીતી હોય તેમાં જ પ્રવર્ત્તે છે એમ સમજવું.) તોપણ થાય છે.

કઈ સ્થિતિની ઉદ્વર્ત્તના થાય તે કહે છે—જે પ્રકૃતિ બંધાય છે તેની જેટલી અબાધા હોય, સત્તામાં રહેલ કર્મ પ્રકૃતિની તેટલી સ્થિતિમાં જીવ-સ્વભાવે ઉદ્વર્ત્તના પ્રવર્ત્તતી નથી, એટલે કે અબાધા પ્રમાણ સત્તાગત સ્થિતિસ્થાનકોમાંનાં દલિકોને ઉપાડી અબાધા ઉપરનાં સ્થાનકો સાથે ભોગવાય તેમ કરતો નથી, એટલે જ આટલી સ્થિતિને અતિસ્થાપના એટલે ઉદ્વર્ત્તનાને અયોગ્ય સ્થિતિ કહી છે. ઉત્કૃષ્ટ અબાધા એ ઉત્કૃષ્ટ અતિસ્થાપના અને એક આવલિકા કે આવલિકાના અસંખ્યાતમો ભાગ જઘન્ય અતિસ્થાપના છે. અપવર્ત્તનામાં બંધની સાથે સંબંધ નહિ હોવાથી અબાધા પ્રમાણ સ્થિતિ અતિસ્થાપના હોતી નથી, પરંતુ તેમાં

એક આવલિકા કે સમયન્યૂન આવલિકાના બે તૃતીયાંશ ભાગ અતિસ્થાપના છે, તે વિવેચનમાંથી જણાશે. અબાધા પ્રમાણ સ્થિતિમાં ઉદ્વર્ત્તના જ થતી નથી એમ સમજવાનું નથી, પરંતુ તેના નિયમ પ્રમાણે અબાધાની સ્થિતિઓમાં થાય છે, એટલે કે ઉદયાવલિકાગત દલિકોને છોડી ઉપરના સ્થાનમાંનાં દલિકોને એક આવલિકા પછી ઉદયમાં આવનાર દલિકો સાથે ઉદયમાં આવવા યોગ્ય કરે છે. માત્ર અબાધા સ્થાનોમાંનાં દલિકોને અબાધા વીત્યા બાદ ફળ આપે તેવાં કરતો નથી.

ઉદ્વર્ત્તના-અપવર્ત્તના કરે-એટલે શું કરે ? એ પ્રશ્નના ઉત્તરમાં સમજવાનું કે નિષેક સમયે કર્મદલિકને જે સમયે ફળ આપવા યોગ્ય નિયત કર્યાં હોય તેને મોડાં ફળ આપવા યોગ્ય કે વહેલા ફળ આપવા યોગ્ય કરે છે મોડાં ફળ આપવા યોગ્ય કરે તેને ઉદ્વર્ત્તના અને વહેલાં ફળ આપવા યોગ્ય કરે તેને અપવર્ત્તના કહેવામાં આવે છે. મોડાં ફળ આપવા યોગ્ય કરે તો ઓછામાં ઓછું આવલિકા કે આવલિકાનો અસંખ્યાતમો ભાગ મોડાં ફળ આપવા યોગ્ય કરે છે, અને વહેલાં ફળ આપવા યોગ્ય કરે તો કમમાં કમ એક આવલિકા કે સમયન્યૂન આવલિકાના બે તૃતીયાંશ ભાગ જેટલાં વહેલાં ફળ આપે તેમ કરે છે.

દાખલા તરીકે—મતિજ્ઞાનાવરણીયનાં જે દલિકો જે સમયે ફળ આપે તેવી રીતે નિયત થયા હોય તેને ત્યાર પછીના સમયથી આરંભી ઓછામાં ઓછી એક આવલિકા કે આવલિકાના અસંખ્યાતમા ભાગ પછી ફળ આપી શકે તેવાં કરે તે ઉદ્વર્ત્તના અને એક આવલિકા કે સમયન્યૂન બે તૃતીયાંશ આવલિકા જેટલો કાળ વહેલાં ફળ આપે તેવાં કરે તે સ્થિતિની અપવર્ત્તના કહેવાય છે.

તાત્પર્ય એ કે, અમુક અમુક સ્થાનકોમાંનાં દલિકોને મોડાં ફળ આપે તેવાં કરવાં તે ઉદ્વર્ત્તના અને વહેલાં ફળ આપે તેવાં કરવાં તે અપવર્ત્તના કહેવાય છે. રસની ઉદ્વર્ત્તના અપવર્ત્તનામાં પણ તેમજ સમજવાનું છે. એટલે કે જે સ્થાનકમાંના દલિકના રસની ઉદ્વર્ત્તના કરવાની હોય તેના રસને તેના ઉપલા સ્થાનકથી પ્રારંભી એક આવલિકા પછી-મોડાં ફળ આપે તેવાં દલિકોમાં મેળવી તેમાં રહેલા રસ જેટલા રસવાળા કરવા તે રસની ઉદ્વર્ત્તના, અને જે સ્થાનકમાંના દલિકના રસની અપવર્ત્તના કરવાની હોય તેના રસને તેના પછીના સ્થાનકથી આરંભી એક આવલિકા પહેલાં-વહેલાં ફળ આપે તેવાં દલિકોમાં મેળવી તેમાં રહેલ રસ જેટલા રસવાળા કરવા તે રસની અપવર્ત્તના કહેવાય છે. ઉપર ઉપરનાં સ્થાનકોમાં દલિકો અલ્પ, પરંતુ વધારે વધારે રસવાળા હોય છે. અને નીચે-નીચેનાં સ્થાનકોમાં દલિકો વધારે પરંતુ અલ્પ-અલ્પ રસવાળાં હોય છે. તેથી નીચેનાં સ્થાનકોનાં દલિકો ઉપરનાં સ્થાનકોમાં એટલે કે બંધ સમયે મોડાં મોડાં ફળ આપવા માટે નિયત થયેલાં સ્થાનકોમાં પડે ત્યારે રસ વધે છે, અને ઉપરનાં સ્થાનકોનાં દલિકો નીચેનાં સ્થાનકોમાં પડે ત્યારે રસ ઘટે છે, એમ કહેવામાં આવે છે.

અહીં સંક્રમણ અને ઉદ્વર્ત્તના-અપવર્ત્તનામાં એટલો તફાવત છે કે, જે સ્થાનકોમાંનાં દલિકો સંક્રમે છે—અન્ય પ્રકૃતિરૂપે થાય છે તે દલિકોનું સ્થાન બદલાતું નથી, માત્ર સ્વરૂપ બદલાય છે. એટલે કે જે સ્થાનકોમાં દલિકો રહ્યાં હોય તે જ સ્થાનકોમાં દલિકો રહે છે. પરંતુ સ્વરૂપ પલટાઈ જાય છે. જેમકે-મતિજ્ઞાનાવરણીયની બંધાવલિકા ગયા બાદ ઉદયાવલિકા ઉપરનાં અસંખ્ય સ્થાનકોનાં દલિકો બંધ સમયે જ્યાં ગોઠવાયાં હતાં ત્યાં જ રહીને અન્ય સ્વરૂપે-શ્રુતજ્ઞાનાવરણીયાદિ સ્વરૂપે થાય છે. પરંતુ ઉદ્વર્ત્તના-અપવર્ત્તના થાય ત્યારે સ્થાનનું પરાવર્ત્તન જરૂર થાય છે, કેમ કે કાં તો મોડાં ફળ આપે તેવાં અથવા વહેલાં ફળ આપે તેમ કરવાનું હોય છે. મોડાં ફળ આપે તેમ કરવાનું હોય તો મોડાં ફળ આપે તેની સાથે ગોઠવવાનાં હોય છે અને વહેલાં ફળ આપે તેમ કરવાનું હોય તો વહેલાં ફળ આપે તેની સાથે ગોઠવવાનાં હોય છે. એટલે ઉદ્વર્ત્તના, અપવર્ત્તના નિષેકરચનામાં ફેરફાર કરે છે. ઉદ્વર્ત્તના બંધની સાથે સંબંધ રાખે છે માટે સત્તામાંની સ્થિતિ કે રસ વધારેમાં વધારે જેટલી સ્થિતિ કે જેટલો રસ બંધાય ત્યાં સુધી વધે છે. અપવર્ત્તના બંધની સાથે સંબંધ રાખતી નથી. તેથી શ્રેણિઓમાં અત્યંત નિર્મળ પરિણામ દ્વારા બંધથી પણ સત્તામાં અલ્પરસ થાય છે.

અહીં એક વાત ખાસ લક્ષ્યમાં રાખવી કે જે જે સ્થાનકોમાંનાં દલિકોનું સંક્રમણ આદિ થાય તે તે

નહિ. ઉદ્વર્ત્તના-અપવર્ત્તના દ્વારા પ્રકૃતિ અને પ્રદેશમાં વૃદ્ધિ-હાનિ થતી નથી, પરંતુ સ્થિતિ-રસમાં થાય છે. અહીં ક્રમ પ્રાપ્ત પહેલાં સ્થિતિ-રસની ઉદ્વર્ત્તના કહીને ત્યારબાદ સ્થિતિ-રસની અપવર્ત્તના કહેશે. તેમાં પણ પહેલાં સ્થિતિની ઉદ્વર્ત્તના કહે છે. સ્થિતિની ઉદ્વર્ત્તના ઉદયાવલિકા છોડી ઉપર જે સ્થિતિઓ છે તેમાં પ્રવર્ત્તે છે. ઉદયાવલિકા સઘળા કરણને અયોગ્ય હોવાથી તેમાં પ્રવર્ત્તતી નથી.

શંકા—બંધાવલિકા ગયા બાદ ઉદયાવલિકા ઉપરની સઘળી સ્થિતિની-સઘળાં સ્થિતિસ્થાનોની ઉદ્વર્ત્તના થઈ શકે ?

ઉત્તર—બંધાવલિકા ઉપરની સઘળી સ્થિતિની-સઘળાં સ્થિતિસ્થાનોની ઉદ્વર્ત્તના થઈ શકે નહિ.

પ્રશ્ન—ત્યારે કેટલાની થઈ શકે ?

ઉત્તર—સ્વજાતીય જે પ્રકૃતિની જેટલી સ્થિતિ બંધાય છે, તેની જેટલી અબાધા હોય સત્તામાં રહેલ તે જ પ્રકૃતિની તેટલી સ્થિતિની ઉદ્વર્ત્તના થઈ શકે નહિ, પરંતુ અબાધા ઉપરની સ્થિતિની ઉદ્વર્ત્તના થઈ શકે. એટલે ઉત્કૃષ્ટ અબાધા હોય ત્યારે ઉત્કૃષ્ટ અબાધા પ્રમાણ સત્તાગત સ્થિતિની, મધ્યમ હોય ત્યારે મધ્યમ અબાધા પ્રમાણ સ્થિતિની અને જઘન્ય અબાધા હોય ત્યારે જઘન્ય અબાધા પ્રમાણ સત્તાગત સ્થિતિની ઉદ્વર્ત્તના થઈ શકે નહિ, પરંતુ તે ઉપરની સ્થિતિની થઈ શકે.

આ પ્રમાણે ઉત્કૃષ્ટ અબાધા પ્રમાણ સ્થિતિ એ ઉત્કૃષ્ટ અતીત્થાપના, મધ્યમ અબાધા પ્રમાણ સ્થિતિ એ મધ્યમ અતીત્થાપના, અને અલ્પ અલ્પ થતા જઘન્ય અબાધા પ્રમાણ સ્થિતિ એ જઘન્ય અતીત્થાપના છે. અતીત્થાપના એટલે ઉલ્લંઘના. એટલે કે જેટલી સ્થિતિ ઓળંગીને ઉદ્વર્ત્તના થાય તે ઓળંગવા યોગ્ય સ્થિતિ-અતીત્થાપના સ્થિતિ કહેવાય છે. કેમ કે ઉત્કૃષ્ટ મધ્યમ કે જઘન્ય અબાધા પ્રમાણ સત્તાગત સ્થિતિને છોડી સ્થિતિની ઉદ્વર્ત્તના થાય છે માટે તેટલી સ્થિતિ અતીત્થાપના કહેવાય છે. જઘન્ય અબાધા પ્રમાણ જઘન્ય અતીત્થાપનાથી પણ અલ્પ અતીત્થાપના છે અને તે આવલિકા પ્રમાણ છે.

ઉપર જે કહ્યું તેનો તાત્પર્યાર્થ આ પ્રમાણે છે—ઉદ્વર્ત્તનાનો સંબંધ બંધ સાથે છે. એટલે જેટલી સ્થિતિ બંધાય સત્તાગત સ્થિતિ તેટલી વધે છે. બધ્યમાન પ્રકૃતિની જેટલી સ્થિતિ બંધાય તેની જેટલી અબાધા હોય તેની તુલ્ય કે તેનાથી હીન જેની બંધાવલિકા વીતી ગઈ છે તેવી તે

સ્થાનકોમાંનાં તમામ દલિકોનું થતું નથી પરંતુ થોડાં થોડાં દલિકોનું થાય છે. જેમ કે મતિજ્ઞાનાવરણીયનો શ્રુતજ્ઞાનાવરણીયાદિમાં સંક્રમ થાય ત્યારે બંધાવલિકા ગયા બાદ ઉદયાવલિકા ઉપરનાં તમામ સ્થાનકોમાંનાં અમુક અમુક પ્રમાણ દલિકોને શ્રુતજ્ઞાનાવરણીય રૂપે કરે. પરંતુ દરેક સ્થાનકોમાં જેટલાં દલિકો છે તે તમામને શ્રુતજ્ઞાનાવરણીયાદિ રૂપે કરતો નથી તેથી જ કોઈપણ એક સ્થાનકમાંના અમુક દલનો સંક્રમ, અમુક દલની ઉદ્વર્ત્તના, અમુક દલની અપવર્ત્તના, અમુક દલની ઉદીરણા આદિ પ્રવર્ત્તી શકે છે. એક સ્થાનકોમાંનાં દલિકોમાં એકસાથે ઘણાં કરણો પ્રવર્ત્તી શકે છે. આવલિકા, આવલિકાનો અસંખ્યાતમો ભાગ કે સમયન્યૂન આવલિકાના બે તૃતીયાંશ ભાગ અતીત્થાપના ક્યારે હોય તે ટીકાનુવાદ વાંચવાથી સમજાશે.

કર્મની જ પૂર્વબદ્ધ સ્થિતિની ઉદ્વર્ત્તના થતી નથી. એટલે કે અબાધા પ્રમાણ તે સત્તાગત સ્થિતિને ત્યાંથી ઉપાડી બંધાતી તે જ પ્રકૃતિની અબાધા ઉપરની સ્થિતિમાં નાખતો નથી. કારણ કે તે સ્થિતિ અબાધાની અંતઃપ્રવિષ્ટ-અંદરની છે.

અહીં સ્થિતિને ઉપાડી અન્યત્ર નાખવાનો તાત્પર્ય તે તે સ્થિતિસ્થાનમાં ભોગવવા યોગ્ય દલિકોને ઉપાડી અન્યત્ર નાખતો નથી એ છે.

અબાધા ઉપર જે સ્થિતિ છે તેની છેવટના સ્થિતિસ્થાન પર્યંત ઉદ્વર્ત્તના થાય છે. આ પ્રમાણે અબાધાની અંદરની સઘળી સ્થિતિઓ ઉદ્વર્ત્તના આશ્રયી અતિક્રમણીય છે. એટલે કે અબાધા પ્રમાણ સત્તાગત સ્થાનકોનાં દલિકોને અબાધા ઉપરનાં સ્થાનકોમાં નાખતો નથી—અબાધા ઉપરનાં સ્થાનકોનાં દલિકો સાથે ભોગવાય તેમ કરતો નથી. આ પ્રમાણે હોવાથી જે ઉત્કૃષ્ટ અબાધા એ ઉત્કૃષ્ટ અતીત્થાપના છે, સમયોન ઉત્કૃષ્ટ અબાધા એ સમયોન ઉત્કૃષ્ટ અતીત્થાપના છે, બે સમયોન ઉત્કૃષ્ટ અબાધા એ બે સમયોન ઉત્કૃષ્ટ અતીત્થાપના છે, એમ સમય સમય અબાધા હીન-હીન થતાં ત્યાં સુધી કહેવું કે જઘન્ય અંતર્મુહૂર્ત્ત પ્રમાણ અબાધા એ જઘન્ય અતીત્થાપના છે.

આ પ્રમાણે બંધાતી પ્રકૃતિની સ્થિતિની જે અબાધા હોય તત્પ્રમાણ સત્તાગત સ્થિતિની ઉદ્વર્ત્તના ન થાય, જઘન્ય અબાધારૂપ અતીત્થાપનાથી પણ જઘન્ય અતીત્થાપના છે, અને તે આવલિકા પ્રમાણ છે, અને તે ઉદયાવલિકારૂપ છે. કારણ કે ઉદયાવલિકાની અંદરની સ્થિતિઓની ઉદ્વર્ત્તના થતી નથી. કહ્યું છે કે—'સ્થિતિની ઉદ્વર્ત્તના ઉદયાવલિકા ઉપરની સ્થિતિમાં થાય છે.'

શંકા—કોઈપણ કાળે બંધ હોય તો જ ઉદ્વર્ત્તના થાય છે. કહ્યું પણ છે કે—'બંધ પર્યંત એટલે કે જ્યાં સુધી બંધ થાય ત્યાં સુધી જ ઉદ્વર્ત્તના[1] પ્રવર્ત્તે છે.' કોઈપણ પ્રકૃતિની ઉદ્વર્ત્તના તે

---

૧. ઉદ્વર્ત્તના કરે છે એટલે વહેલા ભોગવાય તેમ નિયત થયેલાં દલિકોને મોડાં ભોગવાય તેમ કરે છે. બંધ સમયે જે નિષેક રચના થઈ હોય તેને ઉદ્વર્ત્તનામાં ફેરવી નાખે છે. કેટલીક વખતે જેટલી સ્થિતિ બંધાય તેટલી જ સત્તામાં હોય છે. કેટલીક વખતે બંધથી સત્તામાં ઓછી હોય છે, કેટલીક વખતે બંધથી સત્તા વધારે હોય છે. આ દરેક વખતે ઉદ્વર્ત્તના કેવી રીતે થાય તે સમજવા યોગ્ય છે.

ઉપર કહ્યા પ્રમાણે અહીં એ ખ્યાલમાં રાખવાનું છે કે ઉદ્વર્ત્તના થાય ત્યારે બંધ સમયે થયેલ નિષેક રચનામાં ફેરફાર થાય છે. અને જેટલી સ્થિતિ બંધાય તેટલી જ સ્થિતિની સત્તા હોય ત્યારે બદ્ધ સ્થિતિની અબાધા તુલ્ય સત્તાગત સ્થિતિ છોડી ઉપરના જે સ્થિતિસ્થાનકના દલિકની ઉદ્વર્ત્તના થાય છે, તેના દલિકને તેના ઉપરના સમયથી આવલિકાના સમય પ્રમાણ સ્થિતિ છોડી ઉપરના બંધાતી સ્થિતિના ચરમસ્થાન સુધીના કોઈ પણ સ્થાનકના દલિકની સાથે ભોગવાય તેમ કરે છે. તાત્પર્ય એ કે—બંધ સમયે જે સમયે ભોગવાય તેમ નિયત થયા હોય તેને એક આવલિકા પછી કોઈ પણ સમયે ભોગવવા યોગ્ય કરે છે. આ પ્રમાણે નિષેક રચના ફરે છે. સ્થિતિની ઉદ્વર્ત્તના એટલે અમુક સ્થાનમાં ભોગવવા માટે નિયત થયેલાં દલિકોને ત્યાર પછીથી કમમાં કમ આવલિકા પછી ફળ આપે તેની સાથે ભોગવવા યોગ્ય કરવા એ છે. જે સ્થિતિની ઉદ્વર્ત્તના કરવાની હોય છે તેની ઉપરના સમયથી આરંભી એક આવલિકા પ્રમાણ સ્થિતિમાં દલિક નિક્ષેપ જીવસ્વભાવે થતો નથી, પરંતુ ત્યાર પછીના કોઈ પણ સ્થાનમાં થાય છે, માટે આવલિકા અતીત્થાપના કહેવાય છે. આથી ઓછામાં ઓછી એક આવલિકા પ્રમાણ સ્થિતિ વધે છે. વધારેમાં વધારે અબાધા ઉપરની સ્થિતિના દલિકને બંધાતી સ્થિતિમાંના છેલ્લા સ્થિતિસ્થાનમાં નાખે છે તે વખતે તેની ઘણી સ્થિતિ વધે છે એમ કહેવાય છે.

પ્રકૃતિના બંધ થતાં સુધી જ થાય છે. જેમ કે મિથ્યાત્વ મોહનીયની ઉદ્વર્ત્તના મિથ્યાત્વ મોહનીયના બંધ થતાં સુધી જ થાય છે, એમ અન્ય પ્રકૃતિઓ માટે પણ સમજવું. વળી એમ પણ કહ્યું કે, બધ્યમાન પ્રકૃતિની અબાધા પ્રમાણ સત્તાગત સ્થિતિની ઉદ્વર્ત્તના થતી નથી. આ પ્રમાણે હોવાથી જે ઉદયાવલિકાગત સ્થિતિઓ છે, તેનો અબાધામાં જ સમાવેશ થતો હોવાથી ઉદ્વર્ત્તના નહિ જ થાય, તો ઉદયાવલિકાગત સ્થિતિઓની ઉદ્વર્ત્તના ન થાય—એમ શા માટે નિષેધ કરો છો ? નિષેધ તો થઈ જ ગયો છે.

ઉત્તર—ઉપરોક્ત શંકા અમારા અભિપ્રાયના અજ્ઞાનને લઈ થઈ હોવાથી અયુક્ત છે. ઉપર અમે જે કહ્યું કે, બધ્યમાન પ્રકૃતિની અબાધા પ્રમાણ સત્તાગત સ્થિતિની ઉદ્વર્ત્તના ન થાય એનો તાત્પર્ય એ છે કે—તે અબાધાની અંતર્ગત સ્થિતિઓનો સ્વસ્થાનથી ઉપાડી અબાધા ઉપરનાં સ્થાનકોમાં નિક્ષેપ ન થાય, એટલે કે, અબાધાની અંતર્ગત જે સ્થિતિસ્થાનકો રહેલાં છે તેનાં દલિકો અબાધા ઉપરનાં સ્થાનકોમાં રહેલાં દલિકો સાથે ભોગવાય તેવાં ન થાય. પરંતુ અબાધાનો અબાધામાં જ જે ક્રમ અમે અબાધાની ઉપરનાં સ્થાનકો માટે કહીશું તે ક્રમે ઉદ્વર્ત્તના અને

કેટલી વધે છે—તે ગાથાના અર્થમાં કહેવાશે.

સમયે સમયે બંધાતા કર્મમાં બદ્ધ સમયથી આરંભી એક આવલિકા પર્યંત કોઈ કરણ લાગતું નથી, માટે સત્તાગત સ્થિતિનું નામ લેવામાં આવે છે. સત્તાગત સ્થિતિની નિષેક રચના ફરી જઈ બદ્ધ સ્થિતિ જેટલી થઈ જાય છે. જેમકે અંતઃકોડાકોડી સાગરોપમની સત્તાવાળો કોઈ આત્મા સિત્તેર કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિ બાંધે ત્યારે અંતઃકોડાકોડીમાં ભોગવાય તેવી રીતે નિયત થયેલ નિષેક રચના ફરી જઈ સિત્તેર કોડાકોડીમાં ભોગવાય તેવી થાય છે.

અહીં એ ખ્યાલમાં રાખવું કે, જે જે સ્થિતિની ઉદ્વર્ત્તના થવાની હોય તેનાં દલિકો તેના ઉપરના સમયથી આરંભી એક અતીત્થાપનાવલિકા છોડી ઉપર-ઉપરના કોઈ પણ સ્થાનકમાં પડે છે. આ નિયમ પ્રમાણે કોઈપણ સ્થાનક કે સ્થાનકોની ઉદ્વર્ત્તના થાય છે. સત્તાગત સ્થિતિ કે રસ તત્સમય બંધાતી સ્થિતિ કે બંધાતા રસ પ્રમાણ થાય છે, પણ બંધાતી સ્થિતિ કે બંધાતા રસથી સત્તાગત સ્થિતિ કે રસ વધે નહિ.

સત્તાગત સ્થિતિથી બંધાતી સ્થિતિ ઓછી હોય ત્યારે બંધાતી સ્થિતિની અબાધા પ્રમાણ સત્તાગત સ્થિતિ છોડી ઉપરના સ્થાનકના દલિકને તેના ઉપરના સમયથી આવલિકા છોડી બંધાતી સ્થિતિના છેલ્લા સ્થિતિસ્થાન સુધીના કોઈ પણ સ્થાન સાથે ભોગવાય તેમ કરે છે. જેમ કે—દશ કોડાકોડી પ્રમાણ સ્થિતિની સત્તા છે, બંધ કોડાકોડીનો થાય છે. તે સમયે પાંચસો વરસ પ્રમાણ સત્તાગત સ્થિતિ છોડી તેની ઉપરના સ્થાનગત દલિકને તેની ઉપરથી એક આવલિકા છોડી સમયાધિક એક આવલિકા અને પાંચસો વરસ ન્યૂન પાંચ કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થાનકમાંના કોઈ પણ સ્થાનક સાથે ભોગવાય તેમ કરે છે. તેનાથી વધે નહિ કેમ કે બંધ અધિક નથી. સ્થિતિની ઉદ્વર્ત્તનાનો જે ક્રમ છે તે રસની ઉદ્વર્ત્તનાનો પણ છે.

સત્તાગત સ્થિતિથી અધિક સ્થિતિનો બંધ થાય ત્યારે ઉદ્વર્ત્તનાનો ક્રમ ટીકાનુવાદથી જાણી લેવો.

સત્તાગત છેલ્લી સ્થિતિની કે ઉપાન્ત્યાદિ સ્થિતિઓની ઉદ્વર્ત્તના ક્યારે થાય તે ટીકાના ભાષાંતરમાંથી જોઈ લેવું.

અહીં ઉદ્વર્ત્યમાન સ્થિતિ અને નિક્ષેપ એ બે નામ આવે છે તેમાં ઉદ્વર્ત્યમાન સ્થિતિ તેને કહેવામાં આવે છે કે જે સ્થિતિ-સ્થિતિસ્થાનકનાં દલિકોને ઉપરનાં સ્થાનકોમાં નાખવાનાં હોય નિક્ષેપ સ્થિતિ તેને કહેવામાં આવે છે કે, ઉદ્વર્ત્યમાન સ્થિતિસ્થાનકનાં દલિકો જેમાં નાખે છે—જેની સાથે ભોગવવા યોગ્ય કરે છે.

નિક્ષેપ થાય તેમાં કંઈ વિરુદ્ધ નથી. આ પ્રમાણે હોવાથી ઉદયાવલિકાની અંતર્ગત સ્થિતિઓની પણ ઉદ્વર્ત્તના પ્રાપ્ત થાય છે, તેનો નિષેધ કરવા ઉદયાવલિકાગત સ્થિતિઓની ઉદ્વર્ત્તના ન થાય એમ કહ્યું છે. અબાધાનાં સ્થાનકોની ઉદ્વર્ત્તના અબાધાનાં સ્થાનકોમાં જ થઈ શકે છે. જેમ કે, મિથ્યાત્વ મોહનીયની સિત્તેર કોડાકોડી સ્થિતિ બંધાઈ—તેની સાત હજાર વર્ષ પ્રમાણ અબાધા છે. સત્તાગત તેટલી સ્થિતિની ઉદ્વર્ત્તનાનો નિષેધ કર્યો છે. એટલે કે તે સાત હજાર વર્ષ પ્રમાણ સ્થાનકોમાંના કોઈપણ સ્થાનકના દલિક સાત હજાર વર્ષ પછી ભોગવવા યોગ્ય દલિકો સાથે ભોગવાય તેમ ન કરે, પરંતુ અબાધાગત ઉદયાવલિકા ઉપરનાં સ્થાનકોનાં દલિકોને તે પછીના સ્થાનકથી આરંભી આવલિકા ઓળંગી પછીના સ્થાનકથી સાતમા હજારના છેલ્લા સમય સુધીનાં સ્થાનકો સાથે ભોગવાય તેવા કરી શકે છે.

આ પ્રમાણે અબાધાનાં સ્થાનકોની અબાધાનાં સ્થાનકોમાં ઉદ્વર્ત્તના થઈ શકે છે. માત્ર ઉદયાવલિકા કરણને અયોગ્ય હોવાથી તેમાં થતી નથી, માટે તેનું વર્જન કર્યું છે. ૧

હવે નિક્ષેપની નિરૂપણા માટે ગાથા કહે છે—

इच्छियठितिठाणाओ आवलिगं लंघिउण तद्दलियं ।
सव्वेसु वि निक्खिप्पइ ठितिठाणेसु उवरिमेसु ॥२॥

ईप्सितस्थितिस्थानादावलिकां लङ्घयित्वा तद्दलिकम् ।
सर्व्वेष्वपि निक्षिप्यते स्थितिस्थानेषूपरितनेषु ॥२॥

અર્થ—ઈપ્સિત સ્થિતિસ્થાનથી એક આવલિકા ઓળંગી ઉપરનાં સઘળાં સ્થિતિસ્થાનોમાં ઉદ્વર્ત્યમાન સ્થિતિના દલનો નિક્ષેપ કરે છે.

ટીકાનુ૦—બંધાતી સ્થિતિની અબાધાપ્રમાણ સત્તાગત સ્થિતિ છોડી ઉપરના ઉદ્વર્ત્તનાને યોગ્ય જે સ્થિતિસ્થાનો છે, ત્યાંથી આરંભી જે સ્થિતિની—સ્થિતિસ્થાનની ઉદ્વર્ત્તના કરવી ઈષ્ટ હોય તેનાં દલિકોને તેની ઉપરના સ્થાનથી એક આવલિકા પ્રમાણ સ્થિતિ ઓળંગી ઉપરનાં કોઈ પણ સ્થાનોમાં નાખે છે. આ ગાથામાં જે સ્થિતિસ્થાનની ઉદ્વર્ત્તના થાય છે તેનું દલિક કયાં અને કેટલામાં નાખે તે કહ્યું છે. ઉદ્વર્ત્તનાને યોગ્ય સ્થિતિનાં દલિકો જે સ્થિતિની ઉદ્વર્ત્તના કરવાની હોય છે તેના ઉપરના સમયથી આવલિકા પ્રમાણ સ્થાનકો છોડી ઉપરનાં સઘળાં સ્થાનકોમાં નાખે છે એટલે કે તે સઘળાં સ્થાનકોની સાથે ભોગવાય તેવાં કરે છે. ૨

ઉપરની ગાથામાં ઉદ્વર્ત્યમાન સ્થિતિનાં દલિકો ક્યાં નાખે તે કહ્યું. અને કેટલામાં નાખે તે સામાન્યથી કહ્યું. આ ગાથા જેટલામાં નાખે છે તેનું નિશ્ચિત પ્રમાણ કહે છે—

आवलिअसंखभागाइ जाव कम्मट्ठितित्ति निक्खेवो ।
समयोत्तरावलीए साबाहाए भवे ऊणो ॥३॥

आवल्यसङ्ख्यभागाद् यावत्कर्म्मस्थितिरिति निक्षेपः ।
समयोत्तरावल्या साबाधया भवेदूनः ॥३॥

અર્થ—આવલિકાના અસંખ્યાતમા ભાગથી આરંભી યાવત્ ઉત્કૃષ્ટ કર્મ સ્થિતિ એ નિક્ષેપનો વિષય છે, અને તે સમયાધિક આવલિકા અને અબાધા ન્યૂન છે.

ટીકાનુ૦—અહીં નિક્ષેપના વિષયરૂપ સ્થિતિ બે પ્રકારે છે. ૧. જઘન્ય, ૨. ઉત્કૃષ્ટ. નિક્ષેપના વિષયરૂપ સ્થિતિઓ તે કહેવાય છે કે જેની અંદર જે સ્થિતિની ઉદ્વર્ત્તના થાય છે તેનાં દલિકો નખાય છે. તેનું જઘન્ય-ઉત્કૃષ્ટ કેટલું પ્રમાણ હોય છે તે કહે છે—

આવલિકાના અસંખ્યાતમા ભાગપ્રમાણ સ્થિતિઓમાં કર્મદલિકનો જે નિક્ષેપ થાય છે તે જઘન્ય નિક્ષેપ કહેવાય છે. આ જઘન્ય નિક્ષેપ ક્યારે હોય તે કહે છે. સત્તાગત સ્થિતિની સમાન સ્થિતિનો જ્યારે બંધ થાય ત્યારે સત્તાગત સ્થિતિમાંહેની ચરમ સ્થિતિની ઉદ્વર્ત્તના ન થાય. કારણ કે જેટલી સ્થિતિની સત્તા છે તેટલો જ બંધ થાય છે, એટલે સત્તાગત સ્થિતિમાંહેના ચરમ સ્થિતિસ્થાનના દલિકને પ્રક્ષેપવા યોગ્ય કોઈ સ્થાન નથી. દ્વિચરમ સ્થિતિની પણ ઉદ્વર્ત્તના ન થાય. યાવત્ ચરમ સ્થિતિસ્થાનથી આરંભી એક આવલિકા અને આવલિકાના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિની ઉદ્વર્ત્તના ન થાય. આ પ્રમાણે સત્તાગત સ્થિતિની સમાન સ્થિતિનો જ્યારે બંધ થાય ત્યારે તે સર્વોત્કૃષ્ટ સ્થિતિના અગ્ર ભાગથી એટલે કે છેલ્લા સ્થિતિસ્થાનથી આરંભી એક આવલિકાના અને આવલિકાના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિસ્થાનોની ઉદ્વર્ત્તના થતી નથી, તેની નીચેના સ્થાનકની જ ઉદ્વર્ત્તના થાય છે. અને તેના દલિકને તેની ઉપરના સમયથી આરંભી આવલિકા-અતીત્થાપનાવલિકા માત્ર સ્થિતિ ઓળંગી ઉપરના આવલિકાના અસંખ્યાતમા ભાગપ્રમાણ સ્થિતિમાં નાખે છે, પરંતુ અતીત્થાપના આવલિકામાં નાખતો નથી. આ આવલિકામાં પ્રક્ષેપ નહિ કરવાનું કારણ તથાપ્રકારનો જીવસ્વભાવ છે. આ પ્રમાણે ચરમ સ્થિતિસ્થાનથી આવલિકા અને આવલિકાનો અસંખ્યાતમો ભાગ ઓળંગી તેની નીચેના સ્થાનની ઉદ્વર્ત્તના કરે ત્યારે છેલ્લા આવલિકાના અસંખ્યાતમા ભાગપ્રમાણ સ્થિતિ એ જઘન્ય નિક્ષેપના વિષયરૂપ છે. ઓછામાં ઓછા નિક્ષેપના વિષયરૂપ સ્થિતિ ઉપરોક્ત રીતિએ આવલિકાનો અસંખ્યાતમો ભાગ જ હોય છે.

આ રીતે સત્તાગત સ્થિતિની સમાન બંધ થાય ત્યારે ચરમ સ્થિતિસ્થાનથી આરંભી એક આવલિકા અને આવલિકા અસંખ્યાતમા ભાગ પ્રમાણ ઉદ્વર્ત્તના ન થાય એ સિદ્ધ થયું. (અને તેની નીચેના સ્થિતિસ્થાનથી આરંભી બંધાતી સ્થિતિની અબાધા પ્રમાણ સ્થિતિ છોડી કોઈ પણ સ્થિતિસ્થાનની ઉદ્વર્ત્તના થઈ શકે એ પણ સિદ્ધ થયું) એટલે ઉત્કૃષ્ટ[1] સ્થિતિ બંધ જ્યારે થાય ત્યારે

૧. સત્તાગત સ્થિતિથી અધિક સ્થિતિનો બંધ થાય ત્યારે ઉદ્વર્ત્તના કઈ રીતે થાય તે હકીકત છઠ્ઠી ગાથામાં આવશે, એટલે જ ભાષાંતરમાં અહીં સત્તાગત સ્થિતિની સમાન બંધ થાય ત્યારે ઉદ્વર્ત્તના કઈ રીતે થાય એમ કહ્યું છે. જે સમયે ઉત્કૃષ્ટ સ્થિતિબંધ થાય તે સમયે તો તેની ઉદ્વર્ત્તના ન થાય, પરંતુ બંધાવલિકા ગયા બાદ થાય, માટે બંધાવલિકા પ્રમાણ સ્થિતિ ઉદ્વર્ત્તનાને અયોગ્ય કહી છે. બંધાયેલી ઉત્કૃષ્ટ સ્થિતિ બંધાવલિકા પછીના સમયે બંધાવલિકા ન્યૂન થઈ, તે સમયે તેની પ્રમાણ અન્ય સ્થિતિ બંધાઈ. તેની અબાધા પ્રમાણ બંધાવલિકા ન્યૂન ઉત્કૃષ્ટ સત્તાગત સ્થિતિની પણ ઉદ્વર્ત્તના નહિ થાય માટે અબાધા સ્થિતિ વર્જી. તથા છેવટના સ્થિતિસ્થાનથી આરંભી એક આવલિકા અને આવલિકાના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિની પણ ઉદ્વર્ત્તના થઈ શકતી નથી માટે તે પણ વર્જી છે.

બંધાવલિકા,- અબાધા, અને આવલિકાના અસંખ્યાતમા ભાગ સહિત એક આવલિકા આટલી સ્થિતિ છોડી શેષ સ્થિતિ ઉદ્વર્તનાને યોગ્ય છે એમ સમજવું, કારણ કે બંધાવલિકા અંતર્ગત દલિક સકલ કરણને અયોગ્ય છે માટે બંધાતી સ્થિતિની અબાધા પ્રમાણ સત્તાગત સ્થિતિ ઉદ્વર્તનાને અયોગ્ય છે, કેમ કે તેટલી સ્થિતિ અતીત્થાપનારૂપે પહેલાં કહી છે, માટે અબાધાની અંતર્ગત સ્થિતિ પણ ઉદ્વર્તનાને યોગ્ય નથી તથા એક આવલિકા અને આવલિકાના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિઓ ઉપર કહેલ યુક્તિથી ઉદ્વર્તનાને યોગ્ય નથી. માટે ઉત્કૃષ્ટ સ્થિતિમાંથી બંધાવલિકા, અબાધાપ્રમાણ સ્થિતિ અને આવલિકાના અસંખ્યાતમા ભાગ અધિક એક આવલિકા પ્રમાણ સ્થિતિઓ છોડી શેષ સ્થિતિઓ ઉદ્વર્તનાને યોગ્ય છે, એમ કહ્યું છે.

આ રીતે ઉદ્વર્તનાને યોગ્ય સ્થિતિઓનો વિચાર કર્યા પછી ઉત્કૃષ્ટ નિક્ષેપના વિષયરૂપ સ્થિતિઓનો વિચાર કરે છે.

જ્યારે ઉપરના સ્થિતિસ્થાનકથી આવલિકા અને આવલિકાના અસંખ્યાતમા ભાગપ્રમાણ સ્થિતિ ઓળંગી-ઊતરી નીચેની પહેલી સ્થિતિની ઉદ્વર્તના કરે ત્યારે તેનાં દલિકોને તેની ઉપરના સ્થાનકથી આવલિકા પ્રમાણ સ્થાનકો ઓળંગી છેવટના આવલિકાના અસંખ્યાતમા ભાગપ્રમાણ સ્થાનકોમાં નાખે છે, તે જઘન્ય નિક્ષેપ છે, એ પહેલાં કહ્યું છે. તેની નીચેની બીજી સ્થિતિની ઉદ્વર્તના કરે ત્યારે સમયાધિક આવલિકાનો અસંખ્યાતમો ભાગ નિક્ષેપના વિષયરૂપ થાય છે, જ્યારે તેની નીચેના ત્રીજી સ્થિતિની ઉદ્વવર્તના કરે ત્યારે બે સમયાધિક આવલિકાનો અસંખ્યાતમો ભાગ નિક્ષેપના વિષયરૂપ થાય છે. અહીં દરેક સ્થળે અતીત્થાપના સ્થિતિઓ આવલિકા પ્રમાણ જ રહે છે, નિક્ષેપ વધે છે. અને એ પ્રમાણે નિક્ષેપના વિષયરૂપ સ્થિતિઓમાં સમય સમયની વૃદ્ધિ થતાં ત્યાં સુધી વધે છે—યાવત્ ઉત્કૃષ્ટ થાય છે.

ઉત્કૃષ્ટ નિક્ષેપ કેટલો થાય તે કહે છે. સમયાધિક આવલિકા અને અબાધા હીન સંપૂર્ણ કર્મસ્થિતિ એ ઉત્કૃષ્ટ નિક્ષેપ છે તે આ પ્રમાણે—બંધાતી સ્થિતિની અબાધાપ્રમાણ સ્થિતિની ઉદ્વર્તના થતી નથી. તેની ઉપર રહેલ સ્થિતિની ઉદ્વવર્તના થાય છે. એ પહેલાં આવી ગયેલ છે. તે અબાધાની ઉપર રહેલ સ્થિતિની ઉદ્વર્તના કરે ત્યારે તે સ્થિતિસ્થાનના દલિકનો નિક્ષેપ અબાધા ઉપરનાં સ્થિતિસ્થાનકોમાં થાય છે, અબાધાની અંદરનાં સ્થિતિસ્થાનકોમાં થતો નથી. કારણ કે જે સ્થિતિસ્થાનની ઉદ્વર્તના કરે તેના દલિકનો નિક્ષેપ જે સ્થિતિની ઉદ્વર્તના કરે છે તેની ઉપરનાં સ્થાનકોમાં જ થાય છે. તેમાં પણ જે સ્થિતિની ઉદ્વર્તના કરે છે તેની ઉપરના સ્થિતિસ્થાનકથી આરંભી આવલિકા પ્રમાણ સ્થિતિ ઓળંગી ઉપરની સઘળી સ્થિતિઓમાં દલિક નિક્ષેપ કરે છે.

એટલે ઉપર એમ કહેવામાં આવ્યું છે કે ઉત્કૃષ્ટ સ્થિતિ બંધાય ત્યારે બંધાવલિકા, અબાધા, અને આવલિકાના અસંખ્યાતમા ભાગ અધિક એક આવલિકા પ્રમાણ સ્થિતિ છોડી શેષ સ્થિતિઓની ઉદ્વર્તના થાય છે.

અહીં ઉદ્વર્તનાને યોગ્ય જે સ્થિતિઓ કહી છે તેમાંના કોઈ પણ સ્થિતિનાં દલિકોને તેના ઉપરના સમયથી એક આવલિકા છોડી ઉપરનાં સ્થાનોમાં પ્રક્ષેપે છે, એટલે કે તેટલાં મોડાં ફળ આપવા યોગ્ય કરે છે એમ સમજવું.

તેથી[1] અતીત્થાપના આવલિકા, જે સ્થિતિની ઉદ્વર્ત્તના થાય તે સમયપ્રમાણસ્થિતિ અને અબાધાને વર્જી શેષ સંપૂર્ણ કર્મસ્થિતિ ઉત્કૃષ્ટ દલનિક્ષેપના વિષયરૂપ થાય છે.

આ પ્રમાણે અબાધાની ઉપર રહેલ સ્થિતિની જ્યારે ઉદ્વર્ત્તના કરે ત્યારે તે સ્થિતિસ્થાન આશ્રયી ઉત્કૃષ્ટ નિક્ષેપ સંભવે છે, સર્વોપરિતન સ્થિતિસ્થાનની ઉદ્વર્ત્તના કરે ત્યારે તેના આશ્રયી જઘન્ય નિક્ષેપ સંભવે છે. ૩

દલિકના નિક્ષેપરૂપ જે સ્થિતિઓ ઉપર કહી ગયા તે આચાર્ય મહારાજા ગાથા દ્વારા કહે છે—

अब्बाहोवरिठाणगदलं पडुच्चेह परमनिक्खेवो ।
चरिमुव्वट्टणगाणं पडुच्च इह जायइ जहण्णो ॥४॥

अबाधोपरिस्थानकदलं प्रतीत्येह परमनिक्षेपः ।
चरममुद्वर्त्यमानं प्रतीत्येह जायते जघन्यः ॥४॥

અર્થ—અબાધાની ઉપર રહેલ સ્થિતિસ્થાનના દળ આશ્રયી ઉત્કૃષ્ટ નિક્ષેપ થાય છે. અને ઉદ્વર્ત્તના કરતાં છેલ્લા સ્થિતિસ્થાન આશ્રયી જઘન્ય નિક્ષેપ થાય છે.

ટીકાનુ૦—અબાધાની ઉપર રહેલ સ્થિતિસ્થાનની જ્યારે ઉદ્વવર્ત્તના કરે ત્યારે તેના દલિકને તેના ઉપરના સ્થિતિસ્થાનકથી આરંભી આવલિકા પ્રમાણ સ્થિતિસ્થાનો છોડી ઉપરના તમામ સ્થિતિસ્થાનકમાં નાખે છે. માટે તેના આશ્રયી અહીં—ઉદ્વર્તના કરણમાં ઉત્કૃષ્ટ નિક્ષેપ થાય છે. અને જેના પછીના સ્થિતિસ્થાનની ઉદ્વર્ત્તના થતી નથી એવા છેલ્લા સ્થિતિસ્થાનની ઉદ્વર્ત્તના કરે ત્યારે તેના આશ્રયી જઘન્ય નિક્ષેપ સંભવે છે.

જેમકે, સત્તાની સમાન સ્થિતિનો જ્યારે બંધ થાય ત્યારે ઉપરના સ્થાનકથી આવલિકા અને આવલિકાના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિમાંહેના કોઈ પણ સ્થિતિસ્થાનકની ઉદ્વર્ત્તના થતી નથી, તેના નીચેના સ્થિતિસ્થાનની ઉદ્વર્ત્તના થાય છે. જ્યારે તે સ્થિતિસ્થોનની ઉદ્વર્ત્તના થાય ત્યારે તેના આશ્રયી આવલિકાના અસંખ્યાતમા ભાગ પ્રમાણ જઘન્ય નિક્ષેપ સંભવે છે. અને વચલાં સ્થિતિસ્થાનો આશ્રયી મધ્યમ નિક્ષેપ છે. ૪

આ ગાથામાં ઉદ્વર્ત્તના યોગ્ય જેટલી સ્થિતિઓ છે, તેનું પ્રતિપાદન કરે છે—

उक्कोसगठितिबंधे बंधावलिया अबाहमेत्तं च ।
निक्खेवं च जहण्णं मोत्तुं उव्वट्टए सेसं ॥५॥

---

૧. જેટલાં સ્થિતિસ્થાનો ઓળંગી દલિકનો નિક્ષેપ કરે તે અતીત્થાપના કહેવાય છે. ઓછામાં ઓછી એક આવલિકા ઓળંગીને જ દલ નિક્ષેપ કરે છે, માટે એક આવલિકા અતીત્થાપના કહી છે. તેમાં આવલિકા પ્રમાણ સ્થિતિમાં દલ નિક્ષેપ ન કરે માટે વર્જી છે. જે સ્થિતિસ્થાનની ઉદ્વર્ત્તના કરે છે તેના દલિકનો નિક્ષેપ તેના ઉપરના સ્થાનકથી આરંભી આવલિકા પ્રમાણ સ્થિતિ છોડી ઉપરના સ્થાનકમાં થાય છે, માટે તે ઉદ્વર્ત્યમાન સ્થાન પણ વર્જ્યું છે. અબાધા વર્જવાનું કારણ અબાધા પ્રમાણ સ્થાનકના દલનો નિક્ષેપ અબાધાની ઉપરનાં સ્થાનકોમાં થતો નથી એ છે.

उत्कृष्टस्थितिबंधे बंधावलिकामबाधामात्रं च ।
निक्षेपं च जघन्यं मुक्त्वोद्वर्त्तयति शेषम् ॥५॥

અર્થ—ઉત્કૃષ્ટ સ્થિતિ બંધ કરે ત્યારે બંધાવલિકા, અબાધા અને જઘન્ય નિક્ષેપ છોડીને શેષ સ્થિતિઓની ઉદ્વર્તના કરે છે.

ટીકાનુ૰—જ્યારે ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરે ત્યારે બંધાવલિકા પ્રમાણ સ્થિતિ, બંધાતી સ્થિતિની અબાધા પ્રમાણ સત્તાગત સ્થિતિ અને જઘન્યનિક્ષેપ પ્રમાણ સ્થિતિ છોડી શેષ સઘળી સ્થિતિની ઉદ્વર્તના કરે છે.

અહીં જઘન્ય નિક્ષેપ પ્રમાણ સ્થિતિના ગ્રહણથી છેવટની આવલિકા અને આવલિકાના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિ ગ્રહણ કરવાની છે. કેમકે તેટલી સ્થિતિની ઉદ્વર્તના થતી નથી. આનું સ્પષ્ટીકરણ પહેલાં કર્યું છે.

આ પ્રમાણે નિર્વ્યાઘાતે એટલે કે સત્તાગત સ્થિતિની સમાન જ્યારે બંધ થાય ત્યારે ઉદ્વર્તના કઈ રીતે થાય તે કહ્યું. ૫

હવે વ્યાઘાતે એટલે કે સત્તાગત સ્થિતિથી સમય આદિ અધિક સ્થિતિનો બંધ થાય ત્યારે કઈ રીતે ઉદ્વર્તનાનો અને દલ-નિક્ષેપનો વિધિ થાય તે કહે છેઃ—

निव्वाघाए एवं वाघाओ संतकम्महिगबंधो ।
आवलिअसंखभागो जावावलि तत्थ इत्थवणा ॥६॥

निर्व्याघाते एवं व्याघातः सत्कर्माधिकबन्धः ।
आवल्यसंङ्ख्येयभागात् यावदावली तत्रातिस्थापना ॥६॥

અર્થ—વ્યાઘાતના અભાવે ઉદ્વર્તના અને દલનિક્ષેપનો વિધિ ઉપર કહ્યા પ્રમાણે સમજવો. સત્તાથી અધિક કર્મનો જે બંધ તે વ્યાઘાત કહેવાય છે. તે વ્યાઘાતમાં જઘન્ય આવલિકાનો અસંખ્યાતમો ભાગ અને વધતા પૂર્ણ આવલિકા અતીત્થાપના છે.

ટીકાનુ૰—ઉપર કહ્યા પ્રમાણે દલિકનો નિક્ષેપ વ્યાઘાત ન હોય ત્યારે હોય છે. વ્યાઘાત હોય ત્યારે નીચે કહેશે તે પ્રમાણે હોય છે.

અહીં વ્યાઘાત એટલે શું ? એ પ્રશ્નના ઉત્તરમાં કહે છે—સત્તામાં રહેલ સ્થિતિની અપેક્ષાએ અધિક નવીન સ્થિતિનો કર્મબંધ કરવો તે વ્યાઘાત કહેવાય છે. તે વખતે અતીત્થાપના આવલિકાનો અસંખ્યાતમો ભાગ છે, અને તે વધતાં આવલિકા પૂર્ણ થાય છે.

તાત્પર્ય આ પ્રમાણે—સત્તામાં રહેલ સ્થિતિની અપેક્ષાએ સમય, બે સમય આદિ વડે અધિક નવીન કર્મનો જે બંધ થાય તેને અહીં વ્યાઘાત માનેલ છે. તે વખતે અતીત્થાપના જઘન્યથી આવલિકાનો અસંખ્યાતમો ભાગ માત્ર હોય છે. તે આ પ્રમાણે—સત્તાગત સ્થિતિથી સમયમાત્ર અધિક નવીન કર્મનો બંધ થાય ત્યારે પૂર્વની સત્તાગત સ્થિતિમાંહેના ચરમ સ્થિતિસ્થાનની ઉદ્વર્તના થતી નથી, દ્વિચરમ-ઉપાન્ત્ય સ્થિતિની ઉદ્વર્તના થતી નથી, એ પ્રમાણે સત્તાગત સ્થિતિના છેલ્લા સ્થાનકથી આરંભી આવલિકા અને આવલિકાના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિસ્થાનની

ઉદ્વર્ત્તના થતી નથી. એ પ્રમાણે સત્તાગત સ્થિતિથી બે સમય અધિક નવીન કર્મનો બંધ થાય, ત્રણ સમય અધિક નવીન કર્મનો બંધ થાય, યાવત્ સત્તાગત સ્થિતિથી આવલિકાના અસંખ્યાતમા ભાગ અધિક નવીન કર્મનો સ્થિતિબંધ થાય ત્યાં સુધી પણ સત્તામાં રહેલ સ્થિતિના ચરમ આદિ સ્થાનોની ઉદ્વર્ત્તના થતી નથી. પરંતુ જ્યારે આવલિકાના બે અસંખ્યાતમા ભાગ અધિક નવીન કર્મનો સ્થિતિબંધ થાય ત્યારે સત્તામાં રહેલ સ્થિતિમાંહેની ચરમ સ્થિતિની ઉદ્વર્ત્તના થાય છે. અને તે ચરમ સ્થાનની ઉદ્વર્ત્તના કરીને તેનાં દલિકોને તેના ઉપરના સ્થાનથી આવલિકાનો પહેલો અસંખ્યાતમો ભાગ ઓળંગી બીજા અસંખ્યાતમા ભાગમાં નાખે છે. આ વખતે આવલિકાના અસંખ્યાતમા ભાગ પ્રમાણ જઘન્ય નિક્ષેપ અને તેટલી જ જઘન્ય અતીત્થાપના ઘટે છે.

અહીં તાત્પર્ય એ આવ્યો કે—સત્તામાં રહેલ સ્થિતિથી જ્યાં સુધી આવલિકાના બે અસંખ્યાતમા ભાગ અધિક નવીન સ્થિતિનો બંધ ન થાય ત્યાં સુધી તો વ્યાઘાત ન હોય ત્યારે જે રીતે ઉદ્વર્ત્તના અને નિક્ષેપ થાય છે તે પ્રમાણે અહીં વ્યાઘાતમાં પણ ઉદ્વર્ત્તના અને નિક્ષેપ થાય છે.

વ્યાઘાત ન હોય ત્યારે એટલે કે સત્તામાં રહેલ સ્થિતિની સમાન સ્થિતિ જ્યારે બંધાય ત્યારે જેમ સત્તામાં રહેલ સ્થિતિમાંહેના ચરમ સ્થિતિસ્થાનની[1] ઉદ્વર્ત્તના થતી નથી, દ્વિચરમ સ્થાનની થતી નથી, યાવત્ આવલિકા અને આવલિકાના અસંખ્યાતમા ભાગમાં રહેલ સ્થિતિસ્થાનની ઉદ્વવર્ત્તના થતી નથી, પરંતુ તેના નીચેના સ્થાનની ઉદ્વર્ત્તના થાય છે અને તેના દલિકને ઉપરના સ્થિતિસ્થાનથી આવલિકા છોડી આવલિકા છેલ્લા અસંખ્યાતમા ભાગમાં નાખે છે. તેમ સત્તાગત સ્થિતિથી જ્યાં સુધી આવલિકાના બે અસંખ્યાતમા ભાગ અધિક બંધ ન થાય ત્યાં સુધી પણ સત્તાગત સ્થિતિમાંહેના ચરમ, દ્વિચરમ યાવત્ આવલિકા અને આવલિકાના અસંખ્યાતમા ભાગમાં રહેલ કોઈ સ્થિતિની ઉદ્વર્ત્તના થતી નથી, પરંતુ તેની નીચેના સ્થાનકની જ ઉદ્વર્ત્તના થાય છે અને તેના દલિકને તેના ઉપરના સ્થિતિસ્થાનકથી આવલિકા છોડી ઉપરનાં જેટલાં સ્થાનકો હોય તે તમામમાં નાખે છે. અહીં માત્ર નિક્ષેપ વધ્યો એટલું જ, કેમ કે અહીં નિક્ષેપ લગભગ આવલિકાના ત્રણ અસંખ્યાતમા ભાગ પ્રમાણ થયો.

જ્યારે સત્તાગત સ્થિતિથી બરાબર આવલિકાના બે અસંખ્યાતમા ભાગ અધિક સ્થિતિબંધ થાય ત્યારે સત્તાગત સ્થિતિમાંહેના ચરમ સ્થિતિસ્થાનની ઉદ્વર્ત્તના થાય છે. તે વખતે સત્તાગત સ્થિતિથી આવલિકાના બે અસંખ્યાતમા ભાગ અધિક સ્થિતિબંધ થયો એટલે આવલિકાનો એક પહેલો અસંખ્યાતમો ભાગ[2] અતીત્થાપના અને આવલિકાનો બીજો અસંખ્યાતમો ભાગ નિક્ષેપ ઘટે છે. ઓછામાં ઓછા નિક્ષેપ અને ઓછામાં ઓછી અતીત્થાપના આ રીતે અને આટલી જ હોય છે, ઉદ્વર્ત્તનામાં એનાથી ઓછો નિક્ષેપ અને અતીત્થાપના હોતાં નથી. જ્યારે સમયાધિક આવલિકા બે અસંખ્યાતમા ભાગ અધિક નવીન કર્મનો બંધ થાય ત્યારે ચરમ સ્થાનકના દલિકને

---

૧. એક સાથે જેટલી સ્થિતિ બંધાય તેને બંધાતુ સ્થિતિસ્થાન કહેવાય છે, અને એકીસાથે ભોગવવા યોગ્ય થયેલ દલિક રચનાને સત્તાગત સ્થિતિસ્થાન કહેવાય છે.

૨. જેટલી સ્થિતિ ઓળંગી ઉદ્વર્ત્તાતા સ્થાનકનાં દલિકો નાંખે તે ઓળંગવા યોગ્ય સ્થિતિને અતીત્થાપના કહેવાય છે. અને જેટલા સ્થાનકમાં નાખે તે નિક્ષેપનાં સ્થાનકો કહેવાય છે.

તેના ઉપરના સ્થાનથી સમયાધિક આવલિકાનો અસંખ્યાતમો ભાગ ઓળંગી છેલ્લા આવલિકાના અસંખ્યાતમા ભાગમાં નાખે છે. અહીં નિક્ષેપનાં સ્થાનકો તો તેટલાં જ રહેવાનાં, માત્ર અતીત્થાપના સમય પ્રમાણ વધી.

એ પ્રમાણે નવીન કર્મનો બંધ સમયાદિ વધતાં અતીત્થાપના વધે. અને તે ત્યાં સુધી વધે કે એક આવલિકા પૂર્ણ થાય. જ્યાં સુધી અતીત્થાપનાની આવલિકા પૂર્ણ ન થાય ત્યાં સુધી નિક્ષેપ આવલિકાનો અસંખ્યાતમો ભાગ જ રહે. જેમ કે સત્તાગત સ્થિતિથી અસંખ્યાતમા ભાગાધિક આવલિકા અધિક અભિનવ સ્થિતિનો બંધ થાય ત્યારે સત્તાગત સ્થિતિમાંહેના ચરમસ્થાનકનાં દલિકોનો તેના ઉપરના સ્થાનકથી પૂર્ણ એક આવલિકા ઓળંગી ઉપરના છેલ્લા આવલિકાના અસંખ્યાતમા ભાગમાં નિક્ષેપ કરે. આ વખતે પૂરી એક આવલિકા અતીત્થાપના અને આવલિકાના એક અસંખ્યાતમા ભાગ પ્રમાણ નિક્ષેપનાં સ્થાનકો છે. ત્યારબાદ જેમ સત્તાગત સ્થિતિથી અભિનવ કર્મનો સ્થિતિબંધ વધતો જાય તેમ નિક્ષેપમાં વૃદ્ધિ થતી જાય છે. અતીત્થાપના એક આવલિકા જ કાયમ રહે છે. ૬

ઉપર કહેલ અર્થને સૂત્રકાર પોતે જ આ બે ગાથા દ્વારા કહે છે—

आवलिदोसंखंसा जइ वड्ढइ अहिणवो उ ठिइबंधो ।
उव्वट्टंति तो चरिमा एवं जावलि अइत्थवणा ॥७॥

अइत्थावणालियाए पुण्णाए वड्ढइत्ति निक्खेवो ।
ठितिउव्वट्टणमेवं एत्तो ओव्वट्टणं वोच्छं ॥८॥

आवल्या द्वावसंख्येयांशौ यदि वर्द्धते अभिनवस्तु स्थितिबन्धः ।
उद्वर्त्तयति ततः चरमामेवं यावदावलिरतिस्थापना ॥७॥

अतिस्थापनावलिकायां पूर्णायां वर्द्धते इति निक्षेपः ।
स्थित्युद्वर्त्तनमेवं इतोऽपवर्त्तनं वक्ष्ये ॥८॥

અર્થ—સત્તાગત સ્થિતિથી અભિનવ સ્થિતિબંધ જ્યારે આવલિકાના બે અસંખ્યાતમા ભાગ પ્રમાણ વધે—થાય ત્યારે સત્તાગત સ્થિતિમાંહેની ચરમ સ્થિતિની ઉદ્વર્તના કરે છે. (આ વખતે આવલિકાનો પહેલો અસંખ્યાતમો ભાગ અતીત્થાપના અને બીજો અસંખ્યાતમો ભાગ નિક્ષેપ છે. ત્યારબાદ સમયાદિ સ્થિતિબંધની વૃદ્ધિએ) એક આવલિકા પૂર્ણ થતાં સુધી અતીત્થાપના વધે છે. (૭) અતીત્થાપનાવલિકા પૂર્ણ થતાં નિક્ષેપ વધે છે. આ પ્રમાણે સ્થિતિની ઉદ્વર્તના થાય છે. હવે પછી સ્થિતિની અપવર્તના કહેવામાં આવશે. (૮)

ટીકાનુ૰—જ્યારે સત્તામાં રહેલ સ્થિતિની અપેક્ષાએ અભિનવ-નવીન સ્થિતિબંધ આવલિકાના બે અસંખ્યાતમા ભાગ અધિક થાય છે, ત્યારે સત્તામાં રહેલ સ્થિતિમાંહેની ચરમ સ્થિતિ-સ્થિતિસ્થાનની ઉદ્વર્તના કરે છે. ઉદ્વર્તના કરીને તે ચરમ સ્થિતિસ્થાનકના દલિકને આવલિકાનો પહેલો અસંખ્યાતમો ભાગ ઓળંગી બીજા અસંખ્યાતમા ભાગમાં નાખે છે. (સત્તાગત સ્થિતિના ચરમ સમયે ફળ આપવા નિયત થયેલા દલિકને ત્યાર પછીથી આવલિકાનો

અસંખ્યાતમો ભાગ ગયા બાદ આવલિકાના છેલ્લા અસંખ્યાતમા ભાગમાં ફળ આપવા નિયત થયેલાં દલિકો સાથે ફળ આપે તેમ કરે છે.) આવલિકાના અસંખ્યાતમા ભાગપ્રમાણ આ અતીત્થાપના અને આવલિકાના અસંખ્યાતમા ભાગ પ્રમાણ નિક્ષેપ એ જઘન્ય છે. ત્યાર પછી અભિનવ સ્થિતિબંધમાં સમયાદિક વડે વૃદ્ધિ થતાં અતીત્થાપના વધે છે. અને તે ત્યાં સુધી વધે છે, યાવત્ એક આવલિકા પૂર્ણ થાય. અતીત્થાપનાની આવલિકા પૂર્ણ થતાં સુધી નિક્ષેપ આવલિકાનો અસંખ્યાતમો ભાગ જ રહે છે. આવલિકા પૂર્ણ થયા પછી નિક્ષેપ વધે છે.

બીજી ગાથાના બીજા પદમાં મૂકેલો इति શબ્દ ઉદ્વર્ત્તનાની વક્તવ્યતાની સમાપ્તિનો સૂચક છે. જ્યાં સુધી નવીન સ્થિતિબંધ પહેલાંની સત્તામાં રહેલ સ્થિતિથી આવલિકાના બે અસંખ્યાતમા ભાગ અધિક થતો નથી ત્યાં સુધી પહેલાની સત્તામાં રહેલ સ્થિતિમાંહેની ચરમ સ્થિતિસ્થાનકથી એક આવલિકા અને આવલિકાના અસંખ્યાતમા ભાગપ્રમાણ સ્થિતિની ઉદ્વર્ત્તના કરતો નથી, તેની નીચેની સ્થિતિની જ જીવ સ્વભાવે ઉદ્વર્ત્તના કરે છે. તેમાં પણ જ્યારે અસંખ્યાતમા ભાગ અધિક આવલિકા ઓળંગી નીચેના સ્થાનકની ઉદ્વર્ત્તના કરે ત્યારે તેના ઉપરના સ્થાનથી આવલિકા ઓળંગી ઉપરના આવલિકાના અસંખ્યાતમા[1] ભાગમાં નાખે છે. જ્યારે તેની નીચેની બીજી સ્થિતિની ઉદ્વર્ત્તના કરે ત્યારે સમયાધિક અસંખ્યાતમા ભાગમાં નાખે છે. એ પ્રમાણે જેમ નિર્વ્યાઘાતે થનારી ઉદ્વર્ત્તનામાં કહ્યું તેમ સમજવું.

હવે અલ્પબહુત્વ કહે છે—જઘન્ય અતીત્થાપના અને જઘન્ય નિક્ષેપ અલ્પ છે. માંહોમાંહે પરસ્પર તુલ્ય છે. કારણ કે એ બંને વ્યાઘાતમાં આવલિકાના અસંખ્યાતમા ભાગ પ્રમાણ છે. તેનાથી ઉત્કૃષ્ટ અતીત્થાપના અસંખ્યાતગુણ છે. કેમ કે તે ઉત્કૃષ્ટ અબાધા પ્રમાણ છે. તેનાથી ઉત્કૃષ્ટ નિક્ષેપ અસંખ્યાત ગુણ છે, કેમ કે તે સમયાધિક આવલિકા અને અબાધા હીન સંપૂર્ણ કર્મસ્થિતિ પ્રમાણ છે. તેનાથી સંપૂર્ણ કર્મસ્થિતિ વિશેષાધિક છે. કેમ કે તે સમયાધિક આવલિકા અને અબાધા સહિત છે.

હવે ઉદ્વર્ત્તનાનો ઉપસંહાર અને અપવર્ત્તનાનો ઉપક્ષેપ કરતા કહે છે—આ પ્રકારે સ્થિતિની ઉદ્વર્ત્તના[2] થાય છે. અહીંથી આગળ સ્થિતિની અપવર્ત્તના કહેવામાં આવશે. ૭-૮

૧. આ વખતે નિક્ષેપના વિષયરૂપે સ્થિતિ આવલિકાના બે અસંખ્યાતમા ભાગ અને ત્રીજો અપૂર્ણ અસંખ્યાતમો ભાગ હોવી જોઈએ. કેમ કે સત્તાગત સ્થિતિના ચરમ સ્થાનકથી આરંભી આવલિકા અને આવલિકાના અસંખ્યાતમા ભાગની નીચેના સ્થાનકની ઉદ્વર્ત્તના કરે છે. અને નવીન સ્થિતિબંધ સત્તાગત સ્થિતિથી કંઈક ન્યૂન આવલિકાના બે અસંખ્યાતમા ભાગ અધિક છે એટલે અહીં જે સ્થાનની ઉદ્વર્ત્તના કરે છે તેના ઉપરના સ્થાનથી અતીત્થાપના આવલિકા ઓળંગતાં નિક્ષેપના વિષયરૂપ સ્થિતિ આવલિકાના બે અસંખ્યાતમા ભાગ અધિક છે. એટલે અહીં જે સ્થાનની ઉદ્વર્ત્તના કરે છે તેના ઉપરના સ્થાનકથી અતીત્થાપના આવલિકા ઓળંગતા નિક્ષેપના વિષયરૂપ સ્થિતિ આવલિકાના બે અસંખ્યાતમા ભાગ અને ત્રીજો અપૂર્ણ અસંખ્યાતમો ભાગ સંભવે છે.

૨. સત્તાની સમાન સ્થિતિનો બંધ થતો હોય ત્યારે અને અધિક સ્થિતિનો બંધ થતો હોય ત્યારે થતી ઉદ્વર્ત્તના માટે અસત્કલ્પનાએ દૃષ્ટાંત આપી કહેવાય છે—બંધાવલિકા જેમાં વીતી ગઈ છે એવા સત્તામાં એક લાખ સ્થિતિસ્થાનકો છે, જે સમયે સત્તામાં લાખ સ્થિતિસ્થાનકો છે તે સમયે નવો બંધ પણ લાખ સ્થાનક પ્રમાણ થયો. તેની અબાધા સો સમય પ્રમાણ છે. સત્તાગત સ્થિતિના પહેલા સ્થાનકથી આરંભી સો સમયપ્રમાણ સ્થિતિની ઉદ્વર્ત્તના જીવસ્વભાવે નહિ થાય. એકસો એકમા સમયની થાય અને તેના દલિકને તેની ઉપરના સ્થાનથી એટલે કે એકસો બેમા સ્થાનકથી એક આવલિકાના સમયપ્રમાણ સ્થાનકો ઓળંગી

ઉપરનાં સ્થાનકોમાં નાખે. આવલિકાના નવ સમય કલ્પીએ તો એકસો બેમા સ્થાનકથી એકસો દશ સ્થાનક સુધીમાં નહિ નાખે. એકસો અગિયારમા સ્થાનકથી લાખમા સ્થાનક સુધીમાં નાખે. એ પ્રમાણે એકસો બેમા એકસો ત્રણમા વગેરે જે જે સ્થાનકોની ઉદ્વર્ત્તના કરે તેની ઉપરના સ્થાનકથી આવલિકાના સમયપ્રમાણ સ્થાનકો ઓળંગી ઉપરનાં સ્થાનકોમાં દલ પ્રક્ષેપ કરે. અહીં એ ખ્યાલમાં રાખવું કે છેવટે અતીત્થાપનાની આવલિકા અને નિક્ષેપનો ઓછામાં ઓછો આવલિકાનો અસંખ્યાતમો ભાગ રહેવો જોઈએ. આ હિસાબે વિચારતાં લાખમા સ્થાનકની ઉદ્વર્ત્તના નહિ થાય. કેમ કે તેની ઉપર એક અતીત્થાપનાની આવલિકાની અને આવલિકાનો અસંખ્યાતમો ભાગ રહેવા જોઈએ તે નથી. તેની નીચેના સ્થાનકની પણ નહિ થાય યાવત્ લાખમા સ્થાનકથી નીચે ઊતરતાં નવ્વાણું હજાર નવસો નેવ્યાસીમા સ્થાનક સુધીની ઉદ્વર્ત્તના નહિ થાય. (અહીં આવલિકાના નવ અને અસંખ્યાતમા ભાગના ત્રણ સમય કલ્પ્યા છે. એટલે બાર સ્થાનકની નહિ થાય.) નવ્વાણું હજાર નવસો ઇઠ્યાસીમા સ્થિતિસ્થાનની જ ઉદ્વર્ત્તના થાય અને તેનાં દલિકોને નેવ્યાસીથી સત્તાણું સુધીનાં સ્થાનકો ઓળંગી છેલ્લા અઠ્ઠાણુથી એક લાખમાં છેલ્લા સ્થાનક સુધીમાં નાખે. સિત્યાશીમા સ્થાનકની ઉદ્વર્ત્તના કરે તો તેના દલિકને ઇઠ્યાશીમા સ્થાનકથી છન્નું સ્થાનક સુધીનાં સ્થિતિસ્થાનકો ઓળંગી સત્તાણુંથી છેલ્લા સ્થાનક સુધીમાં નાખે. અહીં નિક્ષેપમાં એક સમય વધ્યો. એ પ્રમાણે નીચે ઊતરતા અબાધા ઉપરના એકસો એકમી સ્થિતિની ઉદ્વર્ત્તના કરે તો તેના દલિકને એકસો બેથી એકસો દશમા સુધીનાં સ્થાનકો ઓળંગી એકસો અગિયારથી લાખમા છેલ્લા સ્થાન સુધીમાં નાખે. સમાન સ્થિતિનો બંધ થાય ત્યારે આ પ્રમાણે ઉદ્વર્ત્તના થાય છે.

આ પ્રમાણે સત્તાગત સ્થિતિ આવલિકાના બે અસંખ્યાતમા ભાગ પ્રમાણ અધિક એટલે કે અસત્કલ્પનાએ છ અધિક (એક લાખ ઉપર છ) સ્થિતિસ્થાનનો બંધ ન થાય ત્યાં સુધી પણ ઉદ્વર્ત્તના ઉપર કહ્યા પ્રમાણે જ થાય છે. એટલે જ્યાં સુધી એક લાખ અને ઉપર પાંચ અધિક સ્થિતિસ્થાનો બાંધે ત્યાં સુધી છેલ્લાં આદિ સ્થાનોની ઉદ્વર્ત્તના ન થાય પરંતુ નવ્વાણું હજાર નવસો ઇઠ્યાસીમા સ્થાનની જ ઉદ્વર્ત્તના થાય, અને તેના દલિકને અતીત્થાપનાવલિકા-નવ સમય પ્રમાણ ઓળંગી નવ્વાણું હજાર નવસો અઠ્ઠાણું આદિ ઉપરનાં તમામ સ્થાનોમાં નાખે. જ્યારે સત્તાગત લાખ સ્થાનક પ્રમાણ સ્થિતિસ્થાનથી આવલિકાના બે અસંખ્યાતમા ભાગ અધિક એટલે કે એક લાખ અને ઉપર છ સ્થાનક પ્રમાણ સ્થિતિબંધ કરે ત્યારે લાખમા સ્થિતિસ્થાનની ઉદ્વર્ત્તના થાય. અને તેના દલિકને આવલિકાનો અસંખ્યાતમો ભાગ ઓળંગી એટલે કે લાખ ઉપરના પહેલા, બીજા અને ત્રીજા સ્થિતિસ્થાનને ઓળંગી ઉપરના આવલિકાના અસંખ્યાતમા ભાગમાં એટલે કે લાખ ઉપરના ચોથા, પાંચમા અને છઠ્ઠા સ્થિતિસ્થાનમાં નાખે. એક અધિક સ્થિતિ બાંધે એટલે કે લાખ ઉપર સાત સ્થાનકનો બંધ કરે તો એકથી ચાર ઓળંગી પાંચથી સાતમા સુધીમાં નાખે. અહીં અતીત્થાપનામાં સમય વધ્યો, નિક્ષેપનાં સ્થાનકો તો તેટલાં જ રહ્યાં. એ પ્રમાણે અતીત્થાપનાની આવલિકા પૂર્ણ ન થાય ત્યાં સુધી અતીત્થાપના વધે અને આવલિકા પૂર્ણ થયા પછી નિક્ષેપ વધે.

અહીં આવલિકાના બે અસંખ્યાતમા ભાગ કે તેથી અધિક બંધ થાય ત્યારે લાખમા સ્થાનકની અપેક્ષાએ નિક્ષેપ ક્યાં થાય એ કહ્યું. પરંતુ આવલિકાના બે અસંખ્યાતમા ભાગ અધિક બંધ થાય ત્યારે નવ્વાણું હજાર નવસો નવ્વાણુંમા સ્થિતિસ્થાનની ઉદ્વર્ત્તના થાય કે નહિ અને થાય તો તેના દલિકને ક્યાં નાખે તે કહ્યું નથી પરંતુ તેની પણ ઉદ્વર્ત્તના થાય અને ઉપરના હિસાબે જ પ્રક્ષેપ કરે. એટલે કે નવ્વાણું હજાર નવસો નવ્વાણુંમા સ્થાનકની ઉદ્વર્ત્તના કરે અને તેના દલિકને લાખમા, પહેલા, બીજા અને ત્રીજા સ્થાનકને ઓળંગી ચોથા, પાંચમા અને છઠ્ઠા સ્થાનમાં નાખે. અઠ્ઠાણુમા સ્થાનકની પણ ઉદ્વર્ત્તના કરે અને તેના દલિકને પણ ચોથા, પાંચમા અને છઠ્ઠા સ્થિતિસ્થાનમાં નાખે. આ પ્રમાણે અતીત્થાપનાની આવલિકા પૂર્ણ ન થાય ત્યાં સુધી નિક્ષેપનાં સ્થાનકો તેટલાં જ રહે, ત્યારબાદ નિક્ષેપ વધે.

અબાધાનાં સ્થાનોની ઉદ્વર્ત્તના અબાધાનાં સ્થાનોમાં જ થાય છે. એટલે ઉદયાવલિકા સકલ કરણને અયોગ્ય હોવાથી નવ સ્થાનકો ઓળંગી દશમા સ્થાનકની ઉદ્વર્ત્તના થાય અને તેના દલિકને વીસમા સ્થાનકથી સો સુધીના સ્થાનકમાં નાખે. આ પ્રમાણે અબાધાનાં સ્થાનોની પણ ઉદ્વર્ત્તના થાય છે.

કરેલી પ્રતિજ્ઞાનો નિર્વાહ કરે છે—

ओव्वट्टन्तो य ठिर्ति उदयावलिबाहिरा ठिईठाणा ।
निक्खिवइ से तिभागे समयहिगे लंघिउं सेसं ॥९॥

अपवर्त्तयंश्च स्थितिमुदयावलिकाबाह्यानि स्थितिस्थानानि ।
निक्षिपति स्वे त्रिभागे समयाधिके लङ्घित्वा शेषम् ॥९॥

અર્થ—સ્થિતિની અપવર્ત્તના કરતો ઉદયાવલિકા બાહ્ય સ્થાનોની અપવર્ત્તના કરે છે. અને શેષ સ્થાનો ઓળંગી પોતાના સમયાધિક ત્રીજા ભાગમાં નાખે છે.

ટીકાનુ૰—સ્થિતિની અપવર્ત્તના કરતો આત્મા ઉદયાવલિકાની બહારનાં સ્થિતિસ્થાનોની અપવર્ત્તના કરે છે, ઉદયાવલિકામાંનાં સ્થાનકોની કરતો નથી. કેમ કે ઉદયાવલિકા સકળ કરણને અયોગ્ય છે.

જે સ્થાનકની અપવર્ત્તના કરે તેના દલિકને ક્યાં નાખે ? એ પ્રશ્નના ઉત્તરમાં કહે છે—શેષસમય ન્યૂન બે તૃતીયાંશ ભાગ પ્રમાણ સ્થાનકો ઓળંગી સમયાધિક આવલિકાના ત્રીજા ભાગમાં નાખે છે. તાત્પર્યાર્થ આ પ્રમાણે છે—ઉદયાવલિકા ઉપરની સમયમાત્ર સ્થિતિની અપવર્ત્તના કરતો તેના દલિકને ઉદયાવલિકાના ઉપરના સમય ન્યૂન બે તૃતીયાંશ સ્થાનકો ઓળંગી નીચેના સમયાધિક[1] ત્રીજા ભાગમાં નાખે છે. આ જઘન્ય નિક્ષેપ અને જઘન્ય અતીત્થાપના છે. જ્યારે ઉદયાવલિકા ઉપરના બીજા સ્થિતિસ્થાનની અપવર્ત્તના કરે ત્યારે પહેલાં જે અતીત્થાપના કહી છે તે સમયાધિક થાય છે, નિક્ષેપ તેટલો જ રહે છે. જ્યારે ઉદયાવલિકા ઉપરના ત્રીજા સ્થિતિસ્થાનની અપવર્ત્તના કરે ત્યારે અતીત્થાપના બે સમય વડે અધિક થાય, નિક્ષેપ તેટલો જ રહે. એ પ્રમાણે અતીત્થાપનાની આવલિકા પૂર્ણ ન થાય ત્યાં સુધી અતીત્થાપના વધે છે, ત્યારબાદ નિક્ષેપમાં વૃદ્ધિ થાય છે. ૯

ઉપરોક્ત હકીકતને આ ગાથામાં કહે છે—

उदयावलि उवरित्था एमेवोवट्टए ठिइट्ठाणा ।
जावावलियतिभागो समयाहिगो सेसठितिणं तु ॥१०॥

उदयावलिकोपरिस्थानि एवमेवापवर्त्तयति स्थितिस्थानानि ।
यावदावलिकात्रिभागः समयाधिकः शेषस्थितीनां तु ॥१०॥

---

૧. ઉદયાવલિકાના નવ સમય કલ્પીએ તો ઉદયાવલિકા ઉપરના સ્થાનકના દલિકને ઉદયાવલિકાના છેલ્લા પાંચ સમય ઓળંગી નીચેના ઉદય સમયથી આરંભી ચાર સ્થાનકમાં નાખે છે, કેમ કે બે ભાગના છ સમય થાય, તેમાં એક સમય ન્યૂન લેવાનો છે. એટલે તે પાંચ સમય પ્રમાણ થાય, તેટલી અતીત્થાપના કહેવી નિક્ષેપ સમયાધિક ત્રીજો ભાગ છે, તેના ચાર સમય થાય. એટલે તેટલામાં નિક્ષેપ થાય, અને તે જઘન્યનિક્ષેપ કહેવાય.

અર્થ—અતીત્થાપનાની આવલિકા પૂર્ણ થતા સુધી ઉદયાવલિકાની ઉપરનાં સ્થિતિસ્થાનકોની અપવર્ત્તના ઉપર કહ્યા પ્રમાણે કરે છે. એ અતીત્થાપનાની આવલિકા પૂર્ણ ન થાય ત્યાં સુધી નિક્ષેપ વિષયક સ્થિતિ સમયાધિક ત્રીજો ભાગ રહે છે.

ટીકાનુ૰—પૂર્વોક્ત રીતિએ ઉદયાવલિકાની ઉપર રહેલાં સ્થિતિસ્થાનોની ત્યાં સુધી અપવર્ત્તના કરે યાવત્ અતીત્થાપનાવલિકા પૂર્ણ થાય. જ્યાં સુધી અતીત્થાપનાની આવલિકા પૂર્ણ ન થાય ત્યાં સુધી નિક્ષેપનાં વિષય રૂપ સ્થિતિસ્થાનો સમયાધિક આવલિકાનો ત્રીજો ભાગ જ રહે છે. અતીત્થાપનાની આવલિકા પૂર્ણ થયા પછી અતીત્થાપના આવલિકા જ રહે છે. નિક્ષેપનાં વિષયરૂપ સ્થિતિસ્થાનો વધે છે. અને તે નિક્ષેપનાં વિષયરૂપ સ્થિતિસ્થાનો અતીત્થાપનાવલિકા રહિત કર્મની સંપૂર્ણ સ્થિતિ પ્રમાણ છે. ૧૦

અપવર્ત્તનાનો સામાન્ય નિયમ કહે છે—

इच्छोवट्टणठिइठाणगाउ उल्लंघिऊण आवलियं ।
निक्खिवइ तद्दलियं अह ठितिठाणेसु सव्वेसु ॥११॥

ईप्सितापवर्त्तनीयस्थितिस्थानादुल्लङ्घ्य आवलिकाम् ।
निक्षिपति तद्दलिकमथ स्थितिस्थानेषु सर्व्वेषु ॥११॥

અર્થ—ઇષ્ટ અપવર્ત્તનીય સ્થિતિસ્થાનકથી આવલિકા ઓળંગી તેના દલિકને સઘળાં સ્થિતિસ્થાનોમાં નાખે છે.

ટીકાનુ૰—જે જે સ્થાનકની અપવર્ત્તના કરવી ઇષ્ટ હોય—એટલે કે જીવ જે જે સ્થિતિસ્થાનકની અપવર્ત્તના કરે તેના દલિકને તેની નીચેના સ્થાનકથી આવલિકા પ્રમાણ સ્થિતિસ્થાનો ઓળંગી નીચે રહેલાં સઘળાં સ્થાનકોમાં નાખે છે. આ પ્રમાણે હોવાથી જ્યારે સત્તામાં રહેલ સ્થિતિમાંહેના છેલ્લા સ્થિતિસ્થાનની અપવર્ત્તના કરે ત્યારે તેના દલિકને તેની નીચેના સ્થાનકથી આવલિકા પ્રમાણ સ્થિતિસ્થાનકો ઓળંગી નીચે રહેલાં સઘળાં સ્થિતિસ્થાનોમાં નાખે છે—નાખી શકે છે. જે સમયે કર્મ બંધાય તે સમયથી એક આવલિકા ગયા બાદ તેની અપવર્ત્તના કરે છે. માટે બંધાવલિકા વ્યતીત થયા બાદ સમયાધિક અતીત્થાપનાવલિકા રહિત સંપૂર્ણ કર્મસ્થિતિ એ ઉત્કૃષ્ટ નિક્ષેપના વિષયરૂપ છે. અને નવમી ગાથામાં કહેલ સમયાધિક આવલિકાના ત્રીજા ભાગરૂપ સ્થિતિ જઘન્ય નિક્ષેપના વિષયરૂપ છે, ૧૧.

ઉપરોક્ત ગાથામાં કહેલ હકીકતને જ ગાથા દ્વારા કહે છે—

उदयावलिउवरित्थं ठाणं अहिकिच्च होइ अइहीणो ।
निक्खेवो सव्वोवरिठिइठाणवसा भवे परमो ॥१२॥

उदयावलिकोपरिस्थं स्थानमधिकृत्य भवत्यतिहीनः ।
निक्षेपः सर्वोपरिस्थितिस्थानवशाद् भवेत्परमः ॥१२॥

અર્થ—ઉદયાવલિકા ઉપર રહેલ સ્થાન આશ્રયી અતિ જઘન્ય નિક્ષેપ છે, અને

સર્વોપરિતન સ્થિતિસ્થાન આશ્રયી ઉત્કૃષ્ટ નિક્ષેપ સંભવે છે.

ટીકાનુ૰—જ્યારે ઉદયાવલિકા ઉપરની સ્થિતિની અપવર્ત્તના કરે ત્યારે તે અપવર્ત્તનીય સ્થાન આશ્રયી સમયાધિક આવલિકાના એક તૃતીયાંશ ભાગરૂપ જઘન્ય નિક્ષેપ સંભવે છે. કેમ કે ઉદયાવલિકા ઉપરની સ્થિતિની અપવર્ત્તના કરે ત્યારે તેના દલિકને સમયન્યૂન આવલિકાના એક તૃતીયાંશ ભાગમાં નાખે છે. અને જ્યારે સત્તાગત સ્થિતિમાંહેની ઉપરની-છેલ્લી સ્થિતિની અપવર્ત્તના કરે ત્યારે તે સ્થિતિ-સ્થિતિસ્થાન આશ્રયી યથોક્તરૂપ ઉત્કૃષ્ટ નિક્ષેપ સંભવે છે. કેમ કે ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરી બંધાવલિકા ગયા બાદ તેની અપવર્ત્તના કરી શકે છે. બંધાવલિકા ગયા બાદ આવલિકા ન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિ સત્તામાં હોય છે. તેમાંની છેલ્લી સ્થિતિની અપવર્ત્તના કરે ત્યારે તેનાં દલિકોને અપવર્ત્યમાન સ્થિતિસ્થાનકની નીચેના સ્થિતિસ્થાનકથી આવલિકા પ્રમાણ સ્થિતિસ્થાનકો છોડી નીચેનાં તમામ સ્થાનકોમાં નાખે છે. આ પ્રમાણે છેલ્લા સ્થિતિસ્થાન આશ્રયી સમયાધિક બે આવલિકા ન્યૂન ઉત્કૃષ્ટ નિક્ષેપ સંભવે છે. ૧૨

આ ગાથામાં જેટલી સ્થિતિઓ નિક્ષેપના વિષયરૂપ છે, તે અને જેટલી સ્થિતિઓ અપવર્ત્તનીય હોય છે, તે કહે છે—

समयाहियइत्थवणा बंधावलिया य मोत्तु निक्खेवो ।
कम्मट्ठिइ बंधोदयआवलिया मोत्तु ओवट्टे ॥१३॥

समयाधिकामतिस्थापनां बंधावलिकां च मुक्त्वा निक्षेपः ।
कर्मस्थितिः बंधोदयावलिकां मुक्त्वापवर्त्तयति ॥१३॥

અર્થ—સમયાધિક અતીત્થાપનાવલિકા અને બંધાવલિકા છોડી શેષ સ્થિતિ નિક્ષેપના વિષયરૂપ છે. તથા બંધાવલિકા અને ઉદયાવલિકા છોડી શેષ સ્થિતિની અપવર્ત્તના કરે છે.

ટીકાનુ૰—અપવર્ત્તનાના વિષયમાં સમયાધિક અતીત્થાપનાવલિકા અને બંધાવલિકા પ્રમાણ સ્થિતિઓ છોડી શેષ સઘળી સ્થિતિઓ નિક્ષેપના વિષયરૂપ છે—એટલે કે શેષ સઘળી સ્થિતિઓમાં દળનિક્ષેપ કરે છે. કારણ કે પ્રતિસમય બંધાયેલું કર્મ બંધાવલિકા ગયા બાદ કરણ યોગ્ય થાય છે, બંધાવલિકા ન વીતી હોય ત્યાં સુધી નહિ. વળી જે સ્થાનકની અપવર્ત્તના કરે છે, તેના દલિકને તેમાં જ નાખતો નથી પરંતુ તેની નીચેના સ્થિતિસ્થાનકથી એક આવલિકા પ્રમાણ સ્થાનકો છોડી નીચેનાં તમામ સ્થાનકોમાં નાખે છે. માટે બંધાવલિકા અને સમયાધિક અતીત્થાપનાવલિકા છોડી શેષ સઘળી સ્થિતિઓ નિક્ષેપના વિષયરૂપ છે, એમ કહ્યું છે.

તથા બંધાવલિકા અને ઉદયાવલિકા છોડી શેષ સઘળી કર્મસ્થિતિની અપવર્ત્તના કરી શકે છે, કેમ કે બંધાવલિકા ગયા બાદ બદ્ધસ્થિતિને અપવર્ત્તે છે અને તે પણ ઉદયાવલિકા ઉપર રહેલ સ્થિતિને અપવર્ત્તે છે, ઉદયાવલિકા અંતર્ગત સ્થિતિને નહિ. માટે બંધાવલિકા તથા ઉદયાવલિકા હીન સંપૂર્ણ કર્મસ્થિતિ એ અપવર્ત્તનાના વિષયરૂપ છે. આ પ્રમાણે નિર્વ્યાઘાતે અપવર્ત્તનાનો પ્રકાર કહ્યો. ૧૩

આ પ્રમાણે વ્યાઘાતના અભાવમાં થતી અપવર્ત્તનાનો વિધિ કહ્યો. હવે વ્યાઘાતમાં થતી અપવર્ત્તનાનો વિધિ કહે છે—

निव्वाघाए एवं ठिइघातो एत्थ होइ वाघाओ ।
वाघाए समऊणं कंडगमइत्थावणा होई ॥१४॥

निर्व्याघाते एवं स्थितिघातोऽत्र भवति व्याघातः ।
व्याघाते समयोनं कण्डकमतिस्थापना भवति ॥१४॥

અર્થ—નિર્વ્યાઘાતે આ પ્રમાણે અપવર્ત્તના સમજવી. અહીં વ્યાઘાત એટલે સ્થિતિઘાત કહેવાય છે. વ્યાઘાતે સમયોન કંડકપ્રમાણસ્થિતિ અતીત્થાપના છે.

ટીકાનુ૦—ઉપર જે અપવર્ત્તનાનું સ્વરૂપ કહ્યું તે વ્યાઘાતના અભાવમાં સમજવું. વ્યાઘાતમાં અપવર્ત્તના અન્ય રીતે થાય છે, જે હવે કહેવામાં આવે છે. અપવર્ત્તનાના વિષયમાં સ્થિતિઘાતને જ વ્યાઘાત કહેવામાં આવે છે. તે વ્યાઘાત જ્યારે પ્રાપ્ત થાય ત્યારે—એટલે કે સ્થિતિઘાત કરે ત્યારે સમયોન કંડક પ્રમાણ સ્થિતિ અતીત્થાપના થાય છે.

અહીં સમય ન્યૂન શા માટે કહેવામાં આવે છે ? તેના ઉત્તરમાં કહે છે—ઉપરની છેલ્લી સમયમાત્ર સ્થિતિની અપવર્ત્તના કરે ત્યારે અપવર્ત્તતા તે સ્થિતિસ્થાનક સાથે કંડક પ્રમાણ સ્થિતિ ઓળંગાય છે. એટલે કે અપવર્ત્તાતા તે ચરમસ્થાનકના દલિકને અપવર્ત્તાતા તે ચરમસ્થાનક સાથે કંડક પ્રમાણ સ્થિતિસ્થાનકો ઓળંગી નીચેનાં સ્થાનકોમાં નાખે છે. માટે અપવર્ત્તાતા તે સમય વિના કંડક પ્રમાણ સ્થિતિ અતીત્થાપના થાય છે.

કંડક એટલે શું અને તેનું કેટલું પ્રમાણ છે તે નીચેની ગાથામાં કહેવાશે. ૧૪

આ ગાથામાં કંડકનું જઘન્ય ઉત્કૃષ્ટ પ્રમાણ કહે છે.

उक्कोसं डायट्ठिई किंचूणा कंडगं जहण्णं तु ।
पल्लासंखंसं डायट्ठिईउ जतो परमबंधो ॥१५॥

उत्कृष्टं डायस्थितिः किञ्चिदूना कंडकं जघन्यं तु ।
पल्यासंख्येयांशं डायस्थितिस्तु यतः परमबन्धः ॥१५॥

અર્થ—કંડકનું ઉત્કૃષ્ટ પ્રમાણ કંઈક ન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિરૂપ ડાયસ્થિતિ છે, અને જઘન્ય પ્રમાણ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ છે. જે સ્થિતિથી ઉત્કૃષ્ટ સ્થિતિબંધ થાય, ત્યાંથી આરંભી ઉત્કૃષ્ટ સ્થિતિબંધ પર્યંત સઘળી ડાયસ્થિતિ કહેવાય છે.

ટીકાનુ૦—જે સ્થિતિથી આરંભી ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરે તે સ્થિતિથી ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સુધીની સઘળી સ્થિતિ ડાયસ્થિતિ કહેવાય છે. અને તે કંઈક ન્યૂન ઉત્કૃષ્ટ કર્મસ્થિતિ પ્રમાણ છે, કારણ કે પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય આત્મા અંતઃકોડાકોડી પ્રમાણ સ્થિતિબંધ કરીને અનંતર સમયે

ઉત્કૃષ્ટ સંક્લેશના વશથી ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરે છે. એટલે અંતઃકોડાકોડીથી આરંભી ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સુધીની સઘળી સ્થિતિ ડાયસ્થિતિ કહેવાય છે. અને તે ડાયસ્થિતિ અંતઃકોડાકોડી ન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિ પ્રમાણ હોવાથી કંઈક ન્યૂન ઉત્કૃષ્ટ કર્મ પ્રમાણ થાય છે. તે ડાયસ્થિતિ[1] કંડકનું ઉત્કૃષ્ટ પ્રમાણ છે. વ્યાઘાતે આ સમય ન્યૂન કંડક પ્રમાણ સ્થિતિ ઉત્કૃષ્ટ અતિસ્થાપના છે.

અહીં વ્યાઘાત એટલે સ્થિતિઘાત છે. એ વ્યાઘાત પ્રાપ્ત થાય ત્યારે ઉપરના સ્થાનકના દલિકને અપવર્ત્તાતી સ્થિતિ સાથે ઉપરોક્ત સ્વરૂપવાળા કંડક પ્રમાણ સ્થિતિસ્થાનકો ઓળંગી અંતઃકોડાકોડીમાં નાખે છે, માટે સમય ન્યૂન કંડક પ્રમાણ સ્થિતિ ઉત્કૃષ્ટ અતીત્થાપના કહી છે. આ ઉત્કૃષ્ટ કંડક સમયમાત્ર ન્યૂન પણ કંડક કહેવાય છે, જેને એટલી સ્થિતિની સત્તા હોય. એમ બે સમય ન્યૂન, ત્રણ સમય ન્યૂન પણ કંડક કહેવાય છે, એ પ્રમાણે ન્યૂન થતા થતા પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ પણ કંડક કહેવાય છે, અને તે જઘન્ય કંડક છે. પલ્યોપમના અસંખ્યાતમા[2] ભાગ પ્રમાણ સ્થિતિ વ્યાઘાતે જઘન્ય અતીત્થાપના છે.

હવે અલ્પબહુત્વ કહે છે—અપવર્તનામાં જઘન્ય નિક્ષેપ સર્વથી અલ્પ છે. કેમ કે તે સમયાધિક આવલિકાના ત્રીજા ભાગ પ્રમાણ છે. તેનાથી જઘન્ય અતીત્થાપના ત્રણ સમયન્યૂન બમણી છે.

નિક્ષેપથી ત્રણ સમયન્યૂન બમણી કઈ રીતે ? એ પ્રશ્નના ઉત્તરમાં કહે છે.—વ્યાઘાત વિના જઘન્ય અતીત્થાપના સમયન્યૂન આવલિકાના બે તૃતીયાંશ ભાગ પ્રમાણ છે, એ પહેલાં કહેવાઈ ગયું છે. આવલિકાને અસત્કલ્પનાએ નવ સમય પ્રમાણ કલ્પીએ તો સમયન્યૂન બે તૃતીયાંશ ભાગ પાંચ સમય પ્રમાણ થાય, એટલી જઘન્ય અતીત્થાપના છે. જઘન્ય નિક્ષેપ સમયાધિક આવલિકાનો એક તૃતીયાંશ ભાગ છે, અને એ સમયાધિક એક તૃતીયાંશ ભાગ અસત્કલ્પનાએ ચાર સમય પ્રમાણ થાય છે. તે જઘન્ય નિક્ષેપને બમણો કરીએ અને તેમાંથી ત્રણ ન્યૂન કરીએ એટલે પાંચ સમય પ્રમાણ રહે છે કે જે અતીત્થાપનાનું જઘન્ય પ્રમાણ છે. તેથી જ એમ કહ્યું છે કે જઘન્ય નિક્ષેપથી જઘન્ય અતીત્થાપના ત્રણ સમય વડે ન્યૂન બમણી છે.

તેનાથી વ્યાઘાત વિના ઉત્કૃષ્ટ અતીત્થાપના વિશેષાધિક છે. કેમકે તે પૂર્ણ એક આવલિકા પ્રમાણ છે. તેનાથી વ્યાઘાતે ઉત્કૃષ્ટ અતીત્થાપના અસંખ્યાતગુણ છે કેમ કે તે ઉત્કૃષ્ટ ડાયસ્થિતિ પ્રમાણ છે. ઉત્કૃષ્ટ ડાયસ્થિતિનું પ્રમાણ ઉપર આ ગાથામાં જ કહ્યું છે. તેનાથી ઉત્કૃષ્ટ નિક્ષેપ વિશેષાધિક છે. કેમ કે તે સમયાધિક બે આવલિકાન્યૂન સંપૂર્ણ કર્મસ્થિતિ પ્રમાણ છે. (અપવર્ત્તનામાં ઉત્કૃષ્ટ નિક્ષેપનું પ્રમાણ પહેલાં કહેવાઈ ગયું છે.) તેનાથી સંપૂર્ણ કર્મ સ્થિતિ વિશેષાધિક છે. ઉત્કૃષ્ટ નિક્ષેપમાં જે ન્યૂન કહ્યું, તે આમાં ભળી જાય છે માટે.

---

૧. આ ગ્રંથમાં किंचूणा પદ ઉત્કૃષ્ટ સ્થિતિના વિશેષણ તરીકે બતાવ્યું છે. એટલે ડાયસ્થિતિને કંઈક ન્યૂન કર્મ સ્થિતિ પ્રમાણ એટલે કે અંતઃકોડાકોડી ન્યૂન ઉત્કૃષ્ટસ્થિતિ પ્રમાણ કહી છે અને કર્મપ્રકૃતિમાં એ જ પદને ડાયસ્થિતિના વિશેષણ તરીકે ગણ્યું છે. એટલે કંઈક ન્યૂન ડાયસ્થિતિ કંડકનું ઉત્કૃષ્ટ પ્રમાણ કહ્યું છે, તત્ત્વ બહુશ્રુત જાણે.

૨. જેટલી સ્થિતિનો ઘાત કરે છે, તેનું દલિક ઘાત કરાતાં સ્થાનકોમાં નાખતો નથી માટે ઘાત્યમાન સ્થિતિ અતીત્થાપના છે.

હવે -ઉદ્વર્ત્તના અને અપવર્ત્તનાનું સંયોગે અલ્પબહુત્વ કહે છે—ઉદ્વર્ત્તનામાં વ્યાઘાતે જઘન્ય અતીત્થાપના અને જઘન્ય નિક્ષેપ સર્વસ્તોક છે, સ્વસ્થાને પરસ્પર તુલ્ય છે. કેમ કે તે બંને આવલિકાના અસંખ્યાતમા ભાગ પ્રમાણ છે. તેનાથી અપવર્ત્તનામાં જઘન્ય નિક્ષેપ અસંખ્યાત ગુણ છે. કેમ કે તે સમયાધિક આવલિકાના ત્રીજા ભાગ પ્રમાણ છે અને આવલિકાના અસંખ્યાતમા ભાગથી સમયાધિક ત્રીજો ભાગ અસંખ્યાત ગુણ હોય છે. તેનાથી અપવર્ત્તનામાં જઘન્ય અતીત્થાપના ત્રણ સમયન્યૂન દ્વિગુણ છે કારણ ઉપર કહેવાઈ ગયું છે. તેનાથી અપવર્ત્તનામાં જ વ્યાઘાત વિના ઉત્કૃષ્ટ અતીત્થાપના વિશેષાધિક છે. કેમ કે તે પૂર્ણ આવલિકા પ્રમાણ છે. તેનાથી ઉદ્વર્ત્તનામાં ઉત્કૃષ્ટ અતીત્થાપના સંખ્યાત ગુણ છે. કેમ કે તે ઉત્કૃષ્ટ અબાધા રૂપ છે. તેનાથી અપવર્ત્તનામાં વ્યાઘાતે ઉત્કૃષ્ટ અતીત્થાપના અસંખ્યાત ગુણ છે. કેમ કે તે ઉત્કૃષ્ટ ડાયસ્થિતિ પ્રમાણ છે. તેનાથી ઉદ્વર્ત્તનામાં ઉત્કૃષ્ટ નિક્ષેપ વિશેષાધિક છે, પ્રમાણ પહેલાં કહેવાયું છે. તેનાથી અપવર્ત્તનામાં ઉત્કૃષ્ટ નિક્ષેપ વિશેષાધિક છે. આનું પ્રમાણ પણ ઉપર કહેવાયું છે. તેનાથી સંપૂર્ણ કર્મસ્થિતિ વિશેષાધિક છે. ૧૫.

આ પ્રમાણે સ્થિતિની અપવર્ત્તના કહી, હવે અનુભાગની ઉદ્વર્ત્તના-અપવર્તના કહેવાનો પ્રસંગ છે. તેમાં પહેલાં અનુભાગની ઉદ્વર્ત્તના કહે છે.

चरिमं नोवट्टिज्जइ जाव अणंताणि फड्डगाणि तओ ।
उस्सकिय उव्वट्टइ उदया ओवट्टणा एवं ॥१६॥

चरिमं नोद्वर्त्यते यावदनन्तानि स्पदर्धकानि ततः ।
अवष्टक्योद्वर्तयति उदयादपवर्तनैवम् ॥१६॥

અર્થ—ચરમ સ્પર્દ્ધકની ઉદ્વર્ત્તના કરતો નથી, યાવત્ અનંતા સ્પર્દ્ધકોની ઉદ્વર્ત્તના કરતો નથી. નીચે ઊતરી સમયમાત્ર સ્થિતિગત સ્પર્દ્ધકની ઉદ્વર્ત્તના કરે છે. ઉદય સમયથી આરંભી અનુભાગની અપવર્ત્તના સ્થિતિ અપવર્ત્તનાની જેમ પ્રવર્ત્તે છે.

ટીકાનુ૦—ચરમ અનુભાગ સ્પર્દ્ધકની ઉદ્વર્ત્તના કરતો નથી, દ્વિચરમ સ્પર્દ્ધકની કરતો નથી, ત્રિચરમની કરતો નથી, એમ યાવત્ ચરમ સ્પર્દ્ધકથી આરંભી અનંતા સ્પર્દ્ધકની ઉદ્વર્ત્તના કરતો નથી.

અહીં તાત્પર્યાર્થ આ પ્રમાણે છે—સત્તાની સમાન સ્થિતિનો બંધ થતો હોય ત્યારે કે સત્તાથી અધિક સ્થિતિનો બંધ થતો હોય ત્યારે જે સ્થિતિની ઉદ્વર્ત્તના થાય છે તે સ્થિતિસ્થાનકમાં રહેલા રસસ્પર્દ્ધકોની—દલિકોના રસની પણ ઉદ્વર્ત્તના થાય છે. તથા ઉદ્વર્ત્યમાન સ્થિતિનાં દલિકોનો જ્યાં નિક્ષેપ થાય છે, તેમાં ઉદ્વર્ત્યમાન રસ સ્પર્દ્ધકોનો પણ નિક્ષેપ થાય છે. એટલે કે તેની સમાન રસવાળા થાય છે. આ નિયમને અનુસરીને જેમ સ્થિતિની ઉદ્વર્ત્તનામાં વ્યાઘાતના અભાવે ઉપરના સ્થાનકથી આવલિકાનો અસંખ્યાતમો ભાગ અને આવલિકા પ્રમાણ સ્થાનકોની ઉદ્વર્ત્તના કરતો નથી, તેમ તેટલાં સ્થિતિસ્થાનકોમાંના દળના રસસ્પર્ધકની પણ ઉદ્વર્ત્તના કરતો નથી.

તાત્પર્ય એ કે સર્વોપરિતન આવલિકાના અસંખ્યાતમા ભાગપ્રમાણ સ્થિતિરૂપ જે નિક્ષેપ

છે તેના તથા નીચેના અતીત્થાપનાવલિકા પ્રમાણ જે સ્થિતિસ્થાનકો છે તેના રસસ્પર્દ્ધકની ઉદ્વર્ત્તના તથાસ્વભાવે કરતો નથી. પરંતુ તેની નીચેના સમયમાત્ર સ્થિતિગત જે સ્પર્દ્ધકો છે, તેની ઉદ્વર્ત્તના કરે છે. અને કરીને અતીત્થાપનાવલિકા ગત અનન્ત સ્પર્દ્ધકો ઓળંગી ઉપરના છેવટના આવલિકાના અસંખ્યાતમા ભાગમાં રહેલા સ્પર્દ્ધકોમાં નાખે છે. એટલે કે ઉદ્વર્ત્યમાન રસસ્પર્દ્ધકો નિક્ષેપના સ્પર્દ્ધકોના સમાન રસવાળા કરે છે. એ પ્રમાણે જેમ જેમ નીચે નીચે ઊતરે છે તેમ તેમ નિક્ષેપ વધે છે. અતીત્થાપના સર્વત્ર આવલિકા પ્રમાણ સ્થિતિ સ્થાનગત સ્પર્દ્ધકો જ રહે છે. એ પ્રમાણે જે જે સ્થાનગત રસ સ્પર્દ્ધકોની ઉદ્વર્તના કરે છે. તેને તેની ઉપરના સ્થિતિસ્થાનગત સ્પર્દ્ધકથી આરંભી આવલિકા પ્રમાણ સ્થાનગત સ્પર્દ્ધકો ઓળંગી ઉપરના સ્થાનમાં નાખે છે એટલે કે તેની સમાન રસવાળા કરે છે. એ રીતે વ્યાઘાતભાવે જે સ્થિતિઓની ઉદ્વર્ત્તના કરે છે, તેના રસસ્પર્દ્ધકોની પણ ઉદ્વર્ત્તના કરે છે. અને ઉદ્વર્ત્યમાન દલિકો જ્યાં નાખે છે. રસસ્પર્દ્ધકો પણ ત્યાં નાખે છે, એટલે કે તેની સમાન રસવાળા કરે છે.

એ પ્રમાણે વ્યાઘાતમાં પણ સમજવું.

હવે ઉત્કૃષ્ટ નિક્ષેપ કેટલો છે ? એ પ્રશ્નના ઉત્તરમાં કહે છે—બંધાવલિકા વીત્યા બાદ સમયાધિક આવલિકાગત સ્પર્દ્ધકો છોડી શેષ સઘળા સ્પર્દ્ધકો નિક્ષેપના વિષયરૂપ છે. તે જ હકીકતને સ્પષ્ટ કરે છે—જે સ્થિતિસ્થાનમાંહેના સ્પર્દ્ધકોની ઉદ્વર્ત્તના કરે છે, તે સ્થાનમાંહેના સ્પર્દ્ધકોનો તે સ્થાનમાં જ નિક્ષેપ કરતો નથી, તેથી તે ઉદ્વર્ત્યમાન સ્થિતિસ્થાનગત સ્પર્દ્ધકોને, આવલિકામાત્રગત સ્પર્દ્ધકો અતીત્થાપના છે તેથી આવલિકા પ્રમાણ સ્થાન ગત સ્પર્દ્ધકોને તથા બંધાવલિકા વ્યતીત થયા પછી જ કરણ યોગ્ય થાય તેથી તે બંધાવલિકાને, કુલ સમયાધિક બે આવલિકાગત સ્પર્દ્ધકો છોડી શેષ સઘળા સ્થાનગત સ્પર્દ્ધકો નિક્ષેપના વિષયરૂપ થાય છે. (તથા જેટલી સ્થિતિઓ ઉદ્વર્ત્તનાના વિષયરૂપ છે તેટલી સ્થિતિ માંહેના રસસ્પર્દ્ધકો પણ ઉદ્વર્ત્તનાના વિષયરૂપ છે.)

હવે આ વિષયમાં અલ્પબહુત્વ કહે છે—જઘન્યનિક્ષેપ સર્વથી અલ્પ છે. કેમ કે તે માત્ર આવલિકાના અસંખ્યાતમા ભાગમાં રહેલ સ્પર્દ્ધકના વિષયરૂપ છે. તેનાથી અતીત્થાપના અનંતગુણ છે. કેમ કે નિક્ષેપના વિષયરૂપ સ્પર્દ્ધકોથી અતીત્થાપનાવલિકાના વિષયરૂપ સ્પર્દ્ધકો અનંતગુણ છે. એ પ્રમાણે સર્વત્ર રસના વિષયમાં અનંતગુણપણું સ્પર્દ્ધકની અપેક્ષાએ સમજવું. તેનાથી ઉત્કૃષ્ટ નિક્ષેપ અનંતગુણ છે. તેનાથી કુલ અનુભાગ વિશેષાધિક છે. આ રીતે રસોદ્વર્ત્તનાનું સ્વરૂપ કહ્યું.

હવે અતિદેશ-ભલામણ દ્વારા રસાપવર્ત્તનાનું સ્વરૂપ કહે છે. જે રીતે ઉપર રસની ઉદ્વર્ત્તના કહી તે રીતે રસની અપવર્ત્તના પણ કહેવી. માત્ર ઉદય આરંભી સ્થિતિની અપવર્ત્તનાની જેમ કહેવી.

તાત્પર્ય એ કે જે સ્થિતિસ્થાનકની અપવર્ત્તના થાય છે, તે સ્થિતિસ્થાનમાંહેના રસસ્પર્દ્ધકોની પણ અપવર્ત્તના થાય છે. અને અપવર્ત્યમાન સ્થિતિનાં દલિકો જેમાં નાખે છે, રસસ્પર્દ્ધકોનો પણ તેમાં નિક્ષેપ કરે છે. એટલે કે અપવર્ત્યમાન રસસ્પર્દ્ધકોને નિક્ષેપના સ્પર્દ્ધકોની

સમાન શક્તિવાળાં કરે[1] છે.

હવે કયા સ્થિતિસ્થાનમાંહેના રસસ્પર્દ્ધકોની અપવર્ત્તના થાય છે અને તેનો નિક્ષેપ ક્યાં થાય છે, તે કહે છે—પ્રથમ સ્પર્દ્ધકની અપવર્ત્તના કરતો નથી, બીજા સ્પર્દ્ધકની અપવર્ત્તના કરતો નથી, ત્રીજા સ્પર્દ્ધકોની પણ કરતો નથી એમ યાવત્ આવલિકામાત્ર સ્થિતિગત સ્પર્દ્ધકની અપવર્ત્તના કરતો નથી, પરંતુ તેના ઉપરના સ્થાનગત સ્પર્દ્ધકની અપવર્ત્તના કરે છે. તેમાં જ્યારે ઉદયાવલિકાથી ઉપરના સમયમાત્ર સ્થિતિગત સ્પર્દ્ધકની અપવર્ત્તના કરે ત્યારે તેનો આવલિકાના સમયન્યૂન બે તૃતીયાંશ સ્થિતિસ્થાનગત સ્પર્દ્ધકો ઓળંગી ઉદયસ્થાનથી આરંભી આવલિકાના સમયાધિક એક તૃતીયાંશ સ્થિતિસ્થાનગત સ્પર્દ્ધકોમાં નિક્ષેપ કરે છે. જ્યારે ઉદયાવલિકાથી ઉપરના બીજા સમયમાત્ર સ્થિતિગત સ્પર્દ્ધકની અપવર્ત્તના કરે, ત્યારે પૂર્વોક્ત આવલિકાના સમયોન બે તૃતીયાંશ ભાગ પ્રમાણ અતીત્થાપના સમયમાત્ર સ્થિતિગત સ્પર્દ્ધક વડે અધિક સમજવી. નિક્ષેપના સ્પર્દ્ધકો તો તેટલાં જ જાણવાં. એ પ્રમાણે સમય-સમયની વૃદ્ધિએ અતીત્થાપના ત્યાં સુધી વધારવી—યાવત્ આવલિકા પૂર્ણ થાય. ત્યારબાદ અતીત્થાપના સર્વત્ર આવલિકા પ્રમાણ સ્થિતિસ્થાનગત સ્પર્દ્ધકરૂપ જ રહે છે, નિક્ષેપ વધે છે. આ પ્રમાણે વ્યાઘાતના અભાવે અપવર્ત્તનાનું સ્વરૂપ સમજવું.

વ્યાઘાતમાં સમયમાત્ર સ્થિતિગત સ્પર્દ્ધક વડે ન્યૂન અનુભાગકંડક અતીત્થાપના જાણવી. કંડકનું પ્રમાણ અને સમયન્યૂનપણાનું કારણ વગેરે જેમ પહેલાં સ્થિતિની અપવર્ત્તનામાં કહ્યું છે તેમ અહીં પણ સમજવું. ૧૬

પૂર્વ ગાથામાં જે હકીકત કહી તેને જ અહીં સ્પષ્ટ કરે છે—

अइत्थावणाइयाओ सण्णाओ दुसुवि पुव्ववुत्ताओ ।
किंतु अणंतअभिलावेण फड्डुगा तासु वत्तव्वा ॥१७॥

अतिस्थापनाद्याः संज्ञाः द्वयोरपि पूर्वप्रोक्ताः ।
किन्तु अनन्ताभिलापेन स्पर्द्धकानि तयोर्वक्तव्यानि ॥१७॥

અર્થ—રસની ઉદ્વર્ત્તના અને અપવર્ત્તના એ બંનેમાં અતીત્થાપના આદિ સંજ્ઞાઓ પૂર્વે કહેલ છે તે પ્રમાણે સમજવી. માત્ર તે બંનેમાં સ્પર્દ્ધકો અનંતાભિલાપે કહેવા.

ટીકાનુ૰—અનુભાગની ઉદ્વર્ત્તના અને અનુભાગની અપવર્ત્તનામાં જઘન્ય અતીત્થાપના, ઉત્કૃષ્ટ અતીત્થાપના, આદિ શબ્દથી જઘન્ય નિક્ષેપ અને ઉત્કૃષ્ટ નિક્ષેપ એ સાદિ સંજ્ઞાઓ પૂર્વે કહી છે તે પ્રમાણે જ જાણવી. એટલે કે સ્થિતિની ઉદ્વર્ત્તનામાં અને અપવર્ત્તનામાં અતીત્થાપના

---

૧. અહીં એટલું વિશેષ સમજવાનું કે ઉદ્વર્ત્તના બંધની સાથે સંબંધ રાખે છે એટલે જેટલી સ્થિતિ કે રસ બંધાય તેની સમાન સત્તાગત સ્થિતિ અને રસને કરે છે, અધિક કરતો નથી. પરંતુ અપવર્ત્તનાનો બંધની સાથે સંબંધ નથી. એટલે અપવર્ત્યમાન રસસ્પર્દ્ધકોનો જેમાં નિક્ષેપ થાય છે તેની સમાન રસવાળા તો થાય છે, પરંતુ અત્યંત વિશુદ્ધ પરિણામને યોગે તેનાથી-બંધ દ્વારા પ્રાપ્ત થયેલા સત્તાગત સ્પર્દ્ધકોથી પણ અત્યંત હીન રસવાળા થાય છે. જેમ કિટ્ટિઓમાં.

અને નિક્ષેપનું જે જઘન્ય-ઉત્કૃષ્ટ પ્રમાણ કહ્યું છે તે અહીં પણ સમજવું. કેમ કે જે સ્થિતિની ઉદ્વર્તના કે અપવર્તના થાય છે તે જ સ્થાનગત સ્પર્દ્ધકની પણ ઉદ્વર્તના કે અપવર્તના થાય છે. સ્થિતિની ઉદ્વર્તના કે અપવર્તનામાં જે સ્થિતિ સ્થાનગત દલિકનો જ્યાં નિક્ષેપ થાય છે, તે સ્થાનગત રસસ્પર્દ્ધકનો પણ ત્યાં જ નિક્ષેપ થાય છે. અહીં માત્ર એટલું વિશેષ છે કે નિક્ષેપ અને અતીત્થાપનાદિ રૂપ સંજ્ઞાઓમાં સ્પર્દ્ધકો અનંતપ્રમાણ[1] કહેવા. એ પ્રમાણે જ યથાસ્થળે કહેલ છે.

હવે આ અનુભાગની અપવર્તનામાં અલ્પબહુત્વ કહે છે—જઘન્ય નિક્ષેપ સર્વથી અલ્પ છે. આવલિકાનો સમયાધિક એક તૃતીયાંશ ભાગ છે માટે. તેનાથી જઘન્ય અતીત્થાપના અનંતગુણ છે. આવલિકાના સમયન્યૂન બે તૃતીયાંશ ભાગ છે માટે. તેનાંથી વ્યાઘાતે અતીત્થાપના અનંતગુણ છે. સમયન્યૂન કંડક પ્રમાણ છે માટે. વ્યાઘાતે કંડકનું પ્રમાણ પહેલાં કહ્યું છે. તેનાથી ઉત્કૃષ્ટ અનુભાગ કંડક વિશેષાધિક છે. કેમ કે તે અતીત્થાપનાથી એક સમયગત સ્પર્દ્ધક વડે અધિક છે. તેનાથી ઉત્કૃષ્ટ નિક્ષેપ વિશેષાધિક છે. તેનાથી સર્વ અનુભાગ વિશેષાધિક છે. ૧૭

આ બે ગાથામાં સૂત્રકાર ઉદ્વર્તના-અપવર્તનાનું સંયોગે અલ્પબહુત્વ કહે છે—

થોવં પએસગુણહાણિ અંતરે દુસુ વિ હીણનિક્ખેવો ।
તુલ્લો અણંતગુણિઓ દુસુ વિ અઇત્થાવણા ચેવં ॥૧૮॥

તત્તો વાઘાયણુભાગકંડગં એક્કવગ્ગણાહીણં ।
ઉક્કોસો નિક્ખેવો તુલ્લો સવિસેસ સંતં ચ ॥૧૯॥

स्तोकं प्रदेशगुणहान्यन्तरे (स्पर्द्धकजातं) द्वयोरपि हीननिक्षेपः ।
तुल्यः अनन्तगुणिता द्वयोरपि अतिस्थापना चैवम् ॥१८॥

ततो व्याघातेऽनुभागकण्डकं एकवर्गणाहीनम् ।
उत्कृष्टो निक्षेपस्तुल्यः सविशेषं सच्च ॥१९॥

અર્થ—પ્રદેશની ગુણવૃદ્ધિ કે હાનિના આંતરે રહેલ સ્પર્દ્ધકો અતિ અલ્પ છે. તેનાથી બંનેમાં—ઉદ્વર્તનાપવર્તનામાં જઘન્ય નિક્ષેપ અનંતગુણ છે, પરસ્પર તુલ્ય છે. તેનાથી બંનેમાં અતીત્થાપના અનંતગુણ છે, અને एवं - પરસ્પર તુલ્ય છે, (૧૮) તેનાથી વ્યાઘાતે એક વર્ગણા હીન અનુભાગ કંડક અનંતગુણ છે. તેનાથી બંનેમાં ઉત્કૃષ્ટ નિક્ષેપ વિશેષાધિક છે, પરસ્પર તુલ્ય છે. તેનાથી કુલ સત્તા વિશેષાધિક છે. (૧૯)

ટીકાનુ૰—એક સ્થિતિમાં-સ્થિતિસ્થાનમાં રહેલ કર્મ વર્ગણાઓનાં ચડતી ચડતી રસાણુવાળી વર્ગણાના ક્રમે જેટલાં સ્પર્દ્ધકો થાય, તેને ક્રમશઃ આ પ્રમાણે સ્થાપવાં—સર્વ જઘન્ય રસવાળું સ્પર્દ્ધક પહેલું, વિશેષાધિક રસવાળું બીજું, તેનાથી વિશેષાધિક રસવાળું ત્રીજું, યાવત્

---

૧. પ્રતિસ્થિતિસ્થાન અનંત સ્પર્દ્ધક પ્રમાણ હોય છે. એટલે ઉદ્વર્તના અનંત સ્પર્દ્ધકની થાય છે, તેમજ તેનો નિક્ષેપ પણ અનંત સ્પર્દ્ધકમાં થાય છે. એટલે ઉપર નિક્ષેપ અને અતીત્થાપના આદિ સંજ્ઞાઓમાં રસ સ્પર્દ્ધકોનો અનંત શબ્દ વડે અભિલાપ કરવાનું કહ્યું છે.

સર્વોત્કૃષ્ટ રસવાળું છેલ્લું. તેમાં પહેલા સ્પર્દ્ધકથી આરંભી અનુક્રમે પછી પછીનાં સ્પર્દ્ધકો પ્રદેશની અપેક્ષાએ હીન હીન હોય છે. કેમ કે અધિક અધિક રસવાળાં સ્પર્દ્ધકો તથાસ્વભાવે હીન હીન પ્રદેશવાળાં હોય છે. અને છેલ્લા સ્પર્દ્ધકથી આરંભી પશ્ચાનુપૂર્વીએ અનુક્રમે પ્રદેશની અપેક્ષાએ વિશેષાધિક વિશેષાધિક હોય છે. તેની અંદર દ્વિગુણવૃદ્ધિના અગર દ્વિગુણ હાનિના એક અંતરમાં જે રસસ્પર્દ્ધકનો સમુદાય હોય તે હવે પછી કહેશે તેની અપેક્ષાએ અલ્પ છે. અથવા સ્નેહ પ્રત્યય સ્પર્દ્ધકના અનુભાગના વિષયમાં પ્રદેશની અપેક્ષાએ જે દ્વિગુણવૃદ્ધિ કે દ્વિગુણહાનિ કહી છે તે દ્વિગુણવૃદ્ધિ અથવા દ્વિગુણહાનિના એક અંતરમાં જે અનુભાગ પટલ—રસનો સમૂહ—કુલ રસ હોય તે હવે કહેશે તેનાથી અલ્પ છે. તેનાથી ઉદ્વર્ત્તના અને અપવર્ત્તના એ બંનેમાં જઘન્ય નિક્ષેપ અનંતગુણ છે, પરસ્પર તુલ્ય છે. જો કે ઉદ્વર્ત્તનામાં જઘન્ય નિક્ષેપ આવલિકાના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિમાં રહેલ સ્પર્દ્ધકો છે, અને અપવર્ત્તનામાં આવલિકાના સમયાધિક ત્રીજા ભાગ પ્રમાણ સ્થિતિમાં રહેલ સ્પર્દ્ધકો છે, તોપણ શરૂઆતની સ્થિતિઓમાં સ્પર્દ્ધકો અલ્પ હોય છે, અને છેલ્લી સ્થિતિઓમાં ઘણાં હોય છે માટે સ્થિતિમાં હીનાધિકપણું હોવા છતાં સ્પર્દ્ધકની અપેક્ષાએ બંનેમાં નિક્ષેપ તુલ્ય છે. આ પ્રમાણે અતીત્થાપનાના વિષયમાં પણ તુલ્યપણું સમજી લેવું, નિક્ષેપથી ઉદ્વર્ત્તના-અપવર્ત્તના એ બંનેમાં[1] અતીત્થાપનાના અનંતગુણ છે, અને પરસ્પર તુલ્ય છે. તેનાથી વ્યાઘાતે સમયમાત્ર સ્થિતિમાં રહેલ સ્પર્દ્ધકના સમુદાયરૂપ એક વર્ગણા વડે[2] હીન અનુભાગ કંડક અનંતગુણ છે. તેનાથી ઉદ્વર્તના-અપવર્તનામાં ઉત્કૃષ્ટ નિક્ષેપ વિશેષાધિક છે, પરસ્પર તુલ્ય છે. તેનાથી પૂર્વબદ્ધ[3] અથવા બંધાતી કુલ અનુભાગની સત્તા વિશેષાધિક છે. કેમ કે સમયાધિક અતીત્થાપનાવલિકાગત પૂર્વબદ્ધ સ્પર્દ્ધકો વડે અને બંધાતા સ્પર્દ્ધકો વડે અધિક છે. ૧૮-૧૯

આ ગાથામાં ઉદ્વર્ત્તના-અપવર્ત્તના વિષયમાં કાલનિયમ અને વિષયનિયમ કહે છે—

आबंधं उव्वट्टइ सव्वत्थोवट्टणा ठितिरसाणं ।
किट्टिवज्जे उभयं किट्टिसु ओवट्टणा एक्का ॥२०॥

आ बन्धमुद्वर्त्तयति सर्वत्रापवर्त्तना स्थितिरसयोः ।
किट्टिवर्जे उभयं किट्टिषु अपवर्त्तना एका ॥२०॥

---

૧. રસોદ્વર્ત્તનામાં અતીત્થાપના આવલિકાનો અસંખ્યાતમો ભાગ છે, અને રસાપવર્ત્તનામાં સમયન્યૂન આવલિકાના બે તૃતીયાંશ ભાગ છે છતાં ઉપરોક્ત યુક્તિએ બંનેમાં સ્પર્દ્ધકો જ્ઞાનિમહારાજે સરખા કહ્યા છે.

૨. અહીં એક વર્ગણાનો અર્થ એક સ્થિતિસ્થાનમાં રહેલ સ્પર્દ્ધકનો સમૂહ થાય છે.

૩. અહીં ઉત્કૃષ્ટ નિક્ષેપના વિષયભૂત અનુભાગથી પૂર્વબદ્ધ અથવા બધ્યમાન સર્વ અનુભાગને અલગ-અલગ વિશેષાધિક બતાવેલ છે પરંતુ કર્મપ્રકૃતિ ઉદ્વર્ત્તના-અપવર્ત્તના કરણ ગાથા ૯માં અને એની ટીકામાં સત્તાગત પૂર્વબદ્ધ અનુભાગ અને બધ્યમાન એમ બન્ને પ્રકારના સંયુક્ત અનુભાગને ઉત્કૃષ્ટ નિક્ષેપના વિષયભૂત અનુભાગથી વિશેષાધિક બતાવેલ છે અને તે જ વધારે યુક્ત લાગે છે. પછી તો બહુશ્રુતો જાણે.

અર્થ—બંધ સુધી જ ઉદ્વર્ત્તના થાય છે. સ્થિતિ, રસની અપવર્ત્તના સર્વત્ર પ્રવર્ત્તે છે. કિટ્ટિ સિવાયના દલિકમાં બંને પ્રવર્ત્તે છે, અને કિટ્ટિઓમાં એક અપવર્ત્તના જ પ્રવર્ત્તે છે.

ટીકાનુ૦—જ્યાં સુધી જે કર્મ કે કર્મપ્રકૃતિઓ બાંધે છે, ત્યાં સુધી જ તેના સ્થિતિરસની ઉદ્વર્ત્તના કરે છે. જેનો જેનો બંધ વિચ્છેદ થાય છે તેના તેના સ્થિતિ-રસની ઉદ્વર્ત્તના કરતો નથી. અને સ્થિતિ-રસની અપવર્ત્તના બંધ હોય કે ન હોય સર્વત્ર પ્રવર્ત્તે છે. અપવર્ત્તનામાં બંધ સાથે સંબંધ નથી. આ પ્રમાણે કાળનો નિયમ કહ્યો અથવા आबन्धः એટલે જેટલી સ્થિતિ કે જેટલાં રસનો બંધ થાય છે, સત્તાગત તેટલી સ્થિતિની અને તેટલા સ્થિતિસ્થાનગત રસસ્પર્દ્ધકની ઉદ્વર્ત્તના થાય છે, પરંતુ અધિક સ્થિતિ કે રસની ઉદ્વર્ત્તના થતી નથી.[1] અપવર્ત્તનાનો બંધ સાથે સંબંધ નહિ હોવાથી બંધપ્રમાણથી સત્તાગત સ્થિતિ કે રસ વધારે હોય અથવા અલ્પ હોય તોપણ અપવર્ત્તના પ્રવર્ત્તે છે. તથા જે કર્મદલિકનો રસ કિટ્ટિરૂપ થયો નથી, તેમાં ઉદ્વર્ત્તના-અપવર્ત્તના બંને પ્રવર્તે છે. કિટ્ટિરૂપે થયેલ રસમાં માત્ર અપવર્ત્તના જ પ્રવર્ત્તે છે, ઉદ્વર્ત્તના પ્રવર્ત્તતી નથી. આ સઘળો વિષય નિયમ કહ્યો.

આ પ્રમાણે વઢવાણ શહેર નિવાસી હીરાલાલ
દેવચંદે કરેલ ઉદ્વર્ત્તના-અપવર્ત્તના
કરણનો અનુવાદ સમાપ્ત થયો.

---

૧. જેટલી સ્થિતિ કે જેટલો રસબંધ થાય ત્યાં સુધી સત્તામાંહેની સ્થિતિ અને રસ વધે. સત્તાની સમાન સ્થિતિ કે રસ બંધાય ત્યારે અને સત્તાથી અધિક સ્થિતિ અને રસ બંધ થાય ત્યારે ઉદ્વર્ત્તના કઈ રીતે થાય તે હકીકત તો કહેવાઈ ગઈ છે. પરંતુ એવું બને કે સત્તાથી બંધ ઓછો થાય ત્યારે ઉદ્વર્ત્તના થાય કે નહિ ? અને થાય તો કઈ રીતે થાય ? દાખલા તરીકે દશ કોડાકોડી સાગરની સત્તા છે અને બંધ પાંચ કોડાકોડી સાગરપ્રમાણ થાય ત્યારે કઈ રીતે ઉદ્વર્ત્તના થાય ? અહીં અથવા आबन्धः કહીને જે હકીકત કહી છે તે ઉપરથી એમ સમજાય છે કે પાંચસો વરસ પ્રમાણ અબાધા છોડી પાંચસો વરસ ન્યૂન પાંચ કોડાકોડી પ્રમાણ સત્તાગત સ્થાનોની ઉદ્વર્ત્તના થઈ શકે. એટલે કે અબાધાના ઉપરના સ્થાનની ઉદ્વર્ત્તના થાય તો તેનાં દલિકો તેની ઉપરના સ્થાનકથી આવલિકા પ્રમાણ અતીત્થાપના ઓળંગી સમયાધિક આવલિકા અધિક પાંચસો ન્યૂન પાંચ કોડાકોડી માંહેનાં સ્થાનકોમાં નિક્ષેપ થાય. રસની ઉદ્વર્ત્તના પણ એ પ્રમાણે થાય. મતલબમાં બંધ સ્થિતિ સુધી જ સત્તાગત સ્થિતિ વધે. સત્તાગત રસ પણ જેટલો બંધાયો હોય તેની સમાન થાય. સત્તાગત સ્થિતિ અને રસ બંધાતી સ્થિતિ કે રસથી વધી શકે નહિ. કેમ કે ઉદ્વર્ત્તનાનો બંધ સાથે જ સંબંધ છે.

ઉદ્વર્ત્તના અપવર્ત્તનાકરણ–સારસંગ્રહ

હવે ઉદ્વર્ત્તના અને અપવર્ત્તના કરણ કહેવાનો અવસર છે.

અન્ય પ્રકૃતિરૂપે રહેલ પ્રકૃતિ, સ્થિતિ, રસ અને દલિકને સ્વજાતીય પતદ્ગ્રહ પ્રકૃતિ, સ્થિતિ, રસ અને દલિકરૂપે કરવા તે પરપ્રકૃતિરૂપ કહેવાય છે, અને તેનો વિચાર આગળ કરવામાં આવેલ છે.

સંક્રમણકરણથી જે દલિકનો સંક્રમ થાય છે, તે દલિકો તે જ સ્થિતિસ્થાનમાં રહે છે. દા. ત. ૧૧થી ૧૦૦ સ્થિતિસ્થાનોમાં રહેલ સાતાવેદનીયનાં દલિકોનો અસાતાવેદનીયમાં સંક્રમ થાય ત્યારે તે દલિકો સાતાને બદલે અસાતા ઉત્પન્ન કરવાનું કાર્ય બજાવે છે. પરંતુ દલિકો ૧૧થી ૧૦૦ સુધીનાં સ્થિતિસ્થાનોમાં જ રહે છે. અર્થાત્ જે દલિકો જે સમયે સાતા રૂપે ફળ આપવાનાં હતાં તે દલિકો તે જ સમયે ફળ આપે, પણ સાતાને બદલે અસાતા રૂપે. ત્યારે ઉદ્વર્ત્તના-અપવર્ત્તનામાં તેમ નથી. વળી પરપ્રકૃતિ રૂપ સંક્રમ પ્રકૃતિ વગેરે ચારેયનો થાય છે, ત્યારે ઉદ્વર્ત્તના-અપવર્ત્તના સંક્રમમાત્ર સ્થિતિ અને રસનો જ થાય છે.

જે વીર્ય વિશેષથી વિવક્ષિત પ્રકૃતિના અમુક દલિકોની સ્થિતિ અને રસ વધે તે ઉદ્વર્ત્તના કરણ અને જે વીર્ય વિશેષથી વિવક્ષિત પ્રકૃતિના અમુક દલિકોની સ્થિતિ અને રસ ઘટે તે અપવર્ત્તના કરણ કહેવાય છે.

અર્થાત્ વિવક્ષિત પ્રકૃતિનાં અમુક સ્થિતિસ્થાનોમાં રહેલાં દલિકો તેની પછીનાં સ્થિતિસ્થાનોમાં રહેલ દલિકો સાથે ભોગવવા યોગ્ય કરવા તે સ્થિતિ ઉદ્વર્ત્તના અને ઉપરનાં પછીનાં સ્થિતિસ્થાનોનાં દલિકોમાં રહેલ રસના પ્રમાણમાં વધારે રસવાળા કરવા તે રસની ઉદ્વર્ત્તના કહેવાય છે.

એ જ પ્રમાણે ઉપર-ઉપરનાં સ્થિતિસ્થાનોમાં રહેલ અમુક-અમુક દલિકોને શરૂઆતનાં નીચેનાં સ્થિતિસ્થાનોમાં રહેલ દલિકોની સાથે ભોગવવા યોગ્ય કરવા તે સ્થિતિ અપવર્ત્તના અને ઉપર-ઉપરનાં પછીનાં સ્થિતિસ્થાનોનાં દલિકોના રસને ઘટાડી શરૂઆતના નીચેનાં સ્થિતિસ્થાનોનાં દલિકોના રસને ઘટાડી શરૂઆતના નીચેનાં સ્થિતિસ્થાનોનાં દલિકોમાં રહેલ રસના પ્રમાણમાં ઓછા રસવાળા કરવા તે રસની ઉદ્વર્ત્તના કહેવાય છે.

દા. ત. અસાતાવેદનીયના ૧૦મા સ્થિતિસ્થાનમાંના અમુક-અમુક દલિકોને ૧૯થી ૧૦૦મા સ્થિતિસ્થાનમાં રહેલ દલિકો સાથે ભોગવવા યોગ્ય કરવા તે સ્થિતિ-ઉદ્વર્ત્તના અને તે જ ૧૦મા સ્થિતિસ્થાનના અમુક અમુક દલિકોમાં રહેલ રસને ૧૯થી ૧૦૦મા સ્થિતિસ્થાનના દલિકોમાં રહેલ રસના પ્રમાણમાં અધિક રસવાળા કરવા તે રસ-ઉદ્વર્ત્તના.

એ જ પ્રમાણે અસાતાવેદનીયના ૧૦૦મા સ્થિતિસ્થાનમાં રહેલ અમુક-અમુક દલિકોને

૧થી ૯૦મા સ્થિતિસ્થાનમાં રહેલ દલિકો સાથે ભોગવવા યોગ્ય કરવા તે સ્થિતિ અપવર્તના અને ૧૦૦મા સ્થિતિસ્થાનના અમુક અમુક દલિકોના રસને ઘટાડી ને ૧થી ૯૦મા સ્થિતિસ્થાનના દલિકોમાં રહેલ રસની સમાન ઓછા રસવાળા કરવા તે રસ અપવર્ત્તના કહેવાય છે.

તેથી સ્થિતિ ઉદ્વર્ત્તના અને અપવર્ત્તનામાં દલિકોનાં સ્થિતિસ્થાનો પણ બદલાઈ જાય છે, અર્થાત્ અમુક સ્થિતિસ્થાનોમાં રહેલ અમુક અમુક દલિકો તેની ઉપરનાં કે નીચેનાં સ્થિતિસ્થાનોમાં ગોઠવાઈ જાય છે.

અહીં એ પણ યાદ રાખવું કે વ્યાઘાત અપવર્ત્તના અને ઉદ્વલના વગેરે અમુક પ્રકારના વિશિષ્ટ સંક્રમ સિવાય સંક્રમ, ઉદ્વર્ત્તના, અપવર્ત્તના કે ઉદીરણાથી કોઈપણ સ્થિતિસ્થાનમાં રહેલ સંપૂર્ણ દલિકો ત્યાંથી ખલાસ થતા નથી પરંતુ વિવક્ષિત સ્થિતિસ્થાનોમાં રહેલ અમુક દલિકોનો અન્ય પ્રકૃતિઓમાં સંક્રમ થાય છે. તેમજ અમુક દલિકોની ઉદ્વર્ત્તના, અમુક દલિકોની અપવર્ત્તના અને અમુક દલિકોની ઉદીરણા થાય છે. છતાં તે તે સ્થિતિસ્થાનોમાં પણ અમુક દલિકો કાયમ રહી જાય છે. આ સામાન્ય નિયમ છે.

શરૂઆતનાં નીચે નીચેનાં સ્થિતિસ્થાનોમાં દલિકો ઘણાં હોવા છતાં રસ ઓછો ઓછો હોય છે અને ક્રમશઃ ઉપર ઉપરનાં સ્થિતિસ્થાનોમાં દલિકો ઓછા ઓછા હોવા છતાં રસ અધિક-અધિક પ્રમાણમાં હોય છે.

ઉદ્વર્ત્તનાનો બંધ સાથે સંબંધ છે, અર્થાત્ જે પ્રકૃતિનો જ્યારે બંધ ચાલુ હોય અને જેટલો નવો સ્થિતિબંધ થતો હોય ત્યારે જ પૂર્વબદ્ધ સત્તામાં રહેલ તે પ્રકૃતિના તે સમયે બધ્યમાન સ્થિતિના પ્રમાણમાં સ્થિતિ અને રસ વધે છે. પણ બંધ ન હોય ત્યારે ઉદ્વર્ત્તના થતી નથી અને બધ્યમાન સ્થિતિ કે રસથી પૂર્વબદ્ધ સત્તામાં રહેલ ઉપરની સ્થિતિ કે રસની પણ ઉદ્વર્ત્તના થતી નથી.

દા. ત. અસાતાવેદનીયનો પાંચ કોડાકોડી સાગરોપમ પ્રમાણ નવીન બંધ થતો હોય તે વખતે પૂર્વબદ્ધ અસાતાવેદનીયની સત્તા દશ કોડાકોડી સાગરોપમ પ્રમાણ હોય તોપણ સમયાધિક પાંચ કોડાકોડી સાગરોપમથી દશ કોડાકોડી સાગરોપમ સુધીની સ્થિતિની (કે તે સ્થિતિસ્થાનોનાં દલિકોમાં રહેલ રસની) ઉદ્વર્ત્તના થતી નથી, પરંતુ અમુક સ્થિતિસ્થાનો છોડી કંઈક ન્યૂન શરૂઆતના પાંચ કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિ અને તેનાં દલિકોમાં રહેલ રસની જ ઉદ્વર્ત્તના થાય છે અને અપવર્ત્તનાનો બંધ સાથે સંબંધ ન હોવાથી વિવક્ષિત પ્રકૃતિનો બંધ હોય કે ન હોય તોપણ તે પ્રકૃતિના સ્થિતિ અને રસની અપવર્ત્તના થાય છે.

ત્યાં પ્રથમ સ્થિતિની ઉદ્વર્ત્તના બતાવે છે.

સત્તાગત સ્થિતિથી ઓછો અથવા સમાન નવીન સ્થિતિબંધ થાય ત્યારે નિર્વ્યાઘાત ઉદ્વર્ત્તના અને સત્તાગત સ્થિતિથી અધિક સ્થિતિબંધ થાય ત્યારે જે ઉદ્વર્ત્તના તે વ્યાઘાત ઉદ્વર્ત્તના અર્થાત્ સત્તાગત સ્થિતિથી અધિક નવીન બંધ થાય તે વ્યાઘાત કહેવાય છે.

નિર્વ્યાઘાત સ્થિતિ ઉદ્વર્ત્તના

બધ્યમાન કર્મપ્રકૃતિની બંધાવલિકા વ્યતીત થતાં જ ઉદયાવલિકાની ઉપરના પ્રથમ સ્થિતિસ્થાનથી બધ્યમાન સ્થિતિના ચરમસ્થિતિસ્થાનથી એક આવલિકા અને બીજી આવલિકાના

અસંખ્યાતમા ભાગ જેટલાં સ્થિતિસ્થાનો છોડી શેષ પૂર્વ બદ્ધ સત્તાગત બધાં સ્થિતિસ્થાનોમાં રહેલ દલિકોની ઉદ્વર્ત્તના થાય છે. અર્થાત્ પૂર્વબદ્ધ સત્તાગત ગમે તેટલી સ્થિતિ હોય તોપણ તેનાથી ઓછો અગર તેની સમાન નવીન સ્થિતિબંધ થાય ત્યારે બધ્યમાન સ્થિતિ કરતાં બંધાવલિકા, ઉદયાવલિકા અને અંતિમ આવલિકાના અસંખ્યાતમા ભાગ અધિક એક આવલિકા પ્રમાણ તેમજ બધ્યમાન પ્રકૃતિની અબાધાની અંદરના છેલ્લા આવલિકાના અસંખ્યાતમા ભાગ સહિત એક આવલિકા પ્રમાણ સ્થિતિસ્થાનો વર્જી શેષ સર્વ સ્થિતિસ્થાનોની ઉદ્વર્ત્તના થાય છે. તેથી તેટલી સ્થિતિઓ ઉદ્વર્ત્તનાને યોગ્ય છે.

પરંતુ બધ્યમાન પ્રકૃતિના અબાધાસ્થાનમાં રહેલ પૂર્વબદ્ધ સત્તાગત સ્થિતિસ્થાનોનાં દલિકોને બધ્યમાન લતાના અબાધાસ્થાનનાં ઉપરનાં સ્થિતિસ્થાનોમાં રહેલ દલિકો સાથે ભોગવવા યોગ્ય કરી શકાતાં નથી. તેથી અબાધાગત સ્થિતિસ્થાનો ઉત્કૃષ્ટ અતિસ્થાપના કહેવાય છે. અર્થાત્ તેટલાં સ્થિતિસ્થાનોની ઉદ્વર્ત્તના થતી નથી, પરંતુ બધ્યમાન પ્રકૃતિના અબાધાસ્થાનમાં રહેલ પૂર્વબદ્ધ સત્તાગત ઉદયાવલિકાની ઉપરનાં સ્થિતિસ્થાનોનાં દલિકોને તે જ અબાધાના ચરમસ્થિતિસ્થાન સુધીનાં દલિકોની સાથે ભોગવવા યોગ્ય બનાવી શકે છે તેથી ઉદયાવલિકાની ઉપરના બધ્યમાન લતાના અબાધાસ્થાનમાં રહેલ સ્થિતિસ્થાનો સર્વથા ઉદ્વર્ત્તનાને અયોગ્ય છે એમ નથી.

આ હકીકત બરાબર યાદ રાખવી, તેથી ઉત્કૃષ્ટ સ્થિતિબંધ થાય ત્યારે ઉત્કૃષ્ટ અબાધાપ્રમાણ, મધ્યમ સ્થિતિબંધ થાય ત્યારે મધ્યમ અબાધાપ્રમાણ અને જઘન્ય સ્થિતિબંધ થાય ત્યારે અંતર્મુહૂર્ત-જઘન્ય અબાધાપ્રમાણ જઘન્ય અતિસ્થાપના અર્થાત્ ઉદ્વર્ત્તનાને અયોગ્ય સ્થિતિસ્થાનો હોય છે અને તેથી પણ જઘન્ય આવલિકા પ્રમાણ ઉદ્વર્ત્તનાને અયોગ્ય સ્થિતિસ્થાનો રૂપ જઘન્ય અતીત્થાપના હોય છે. જ્યારે વ્યાઘાત સ્થિતિ ઉદ્વર્ત્તનામાં તો આવલિકાથી પણ સમય-સમય ન્યૂન યાવત્ આવલિકાના અસંખ્યાતમા ભાગ જેટલી જઘન્ય અતીત્થાપના હોય છે.

બંધાવલિકા અને ઉદયાવલિકામાં કોઈપણ કરણ લાગતું નથી માટે પ્રથમ બે આવલિકાનું વર્જન કરેલ છે. અને જે સ્થિતિસ્થાનમાંથી દલિકોની ઉદ્વર્ત્તના કરે છે તે દલિકોને તેનાં ઉપરનાં સ્થિતિસ્થાનોથી એક આવલિકાગત સમય પ્રમાણ સ્થિતિસ્થાનો ઓળંગી તેની ઉપરના ઓછામાં ઓછા આવલિકાના અસંખ્યાતમા ભાગમાં રહેલ અસંખ્યાતમા સ્થિતિસ્થાનોમાં નાખે છે, અર્થાત્ તે સ્થિતિસ્થાનોમાં રહેલ દલિકોની સાથે ભોગવવા યોગ્ય કરે છે. તેથી જ આવલિકાના અસંખ્યાતમા ભાગે અધિક એક આવલિકા પ્રમાણ ચરમ સ્થિતિસ્થાનોનું વર્જન કરવામાં આવેલ છે.

જે સ્થિતિસ્થાનનાં દલિકોને ઉપાડી જેટલાં સ્થિતિસ્થાનોમાં નાખવામાં આવે છે અર્થાત્ જેટલાં સ્થિતિસ્થાનોમાં રહેલ દલિકોની સાથે ભોગવવા યોગ્ય કરે છે તે સઘળાં સ્થિતિસ્થાનો નિક્ષેપના વિષયભૂત ગણાય છે. તેથી જેટલો નવો સ્થિતિબંધ થાય તેના ચરમ સ્થિતિસ્થાનના સમાન પૂર્વબદ્ધ સત્તાગત સ્થિતિસ્થાનથી આવલિકાના અસંખ્યાતમા ભાગ અધિક એક આવલિકાના સમય પ્રમાણ સ્થિતિસ્થાનોની ઉદ્વર્ત્તના થતી જ નથી. પરંતુ તેની નીચેના સ્થિતિસ્થાનની ઉદ્વર્ત્તના થાય છે. અને જ્યારે તેમાંના ઉપરના પ્રથમ સ્થિતિસ્થાનની ઉદ્વર્ત્તના કરે

ત્યારે તેની ઉપરના આવલિકા પ્રમાણ અતીત્થાપનારૂપ સ્થિતિસ્થાનોને છોડી તેની ઉપરના આવલિકાના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિસ્થાનોમાં નિક્ષેપ કરે છે તેથી આવલિકાના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિસ્થાનો જઘન્ય નિક્ષેપ રૂપ છે.

તે પ્રથમ ઉદ્વર્તના યોગ્ય સ્થિતિસ્થાનના નીચે નીચેનાં સ્થિતિસ્થાનોથી અબાધાસ્થાનની ઉપરના બીજા સ્થિતિસ્થાન સુધીના કોઈપણ સ્થિતિસ્થાનની ઉદ્વર્તના થાય ત્યારે સમયાધિક આવલિકાના અસંખ્યાતમા ભાગથી યાવત્ બે સમય અધિક આવલિકા સહિત અબાધા ન્યૂન સંપૂર્ણ કર્મસ્થિતિ મધ્યમ નિક્ષેપરૂપ હોય છે.

જ્યારે નવીન બંધાતી લતાના અબાધાસ્થાનથી ઉપરના પ્રથમસ્થિતિસ્થાનના સમાન સ્થાનની ઉદ્વર્તના કરે ત્યારે અબાધાગત સ્થિતિસ્થાનો, ઉદ્વર્ત્યમાન એક સ્થિતિસ્થાન તથા તેની ઉપર અતીત્થાપનારૂપ એક આવલિકાનાં સ્થિતિસ્થાનો છોડી તેની ઉપરનાં બધાં સ્થિતિસ્થાનોમાં દલિક નિક્ષેપ થાય છે. અને તે વખતે સમયાધિક આવલિકા સહિત અબાધાન્યૂન સંપૂર્ણ કર્મસ્થિતિ પ્રમાણ સ્થિતિઓ ઉત્કૃષ્ટ નિક્ષેપરૂપ હોય છે.

આ હકીકત કંઈક સરળતાથી સમજાય તેથી અસત્કલ્પના દ્વારા બતાવવામાં આવે છે.

આવલિકાના અસંખ્યાતમા સમયો હોવા છતાં અસત્કલ્પનાએ નવ, દશ કોડાકોડી સાગરોપમ સ્થિતિબંધને દશ હજાર સમયપ્રમાણ, ઉત્કૃષ્ટ અબાધા એક હજાર વર્ષપ્રમાણ હોવા છતાં સો સમયપ્રમાણ, જઘન્ય અબાધા અંતર્મુહૂર્ત પ્રમાણ હોવા છતાં પચીસ સમય પ્રમાણ અને આવલિકાના અસંખ્યાતમા ભાગને અસત્કલ્પનાએ ત્રણ સમય પ્રમાણ સમજવો.

પૂર્વબદ્ધ દશ હજાર સમયપ્રમાણ સાતાવેદનીયની નવ સમય-પ્રમાણ બંધાવલિકા પૂર્ણ થાય અને તે વખતે સત્તાગત સ્થિતિ જેટલો જ અર્થાત્ નવ સમયન્યૂન દશ હજાર સમય પ્રમાણ સાતાવેદનીયનો નવો બંધ ચાલુ હોય ત્યારે બધ્યમાન લતાની અબાધા સો સમય પ્રમાણ હોય છે અને તેમાં દશથી અઢાર સુધીનાં નવ સ્થિતિસ્થાનો ઉદયાવલિકા રૂપ હોવાથી તે સ્થિતિસ્થાનોમાં ઉદ્વર્તના થતી જ નથી.

તેની ઉપરના ઓગણીસમા સ્થિતિસ્થાનથી સત્તાણુમા સ્થિતિસ્થાન સુધીના અબાધાગત સ્થિતિસ્થાનોમાં રહેલ દલિકોની ઉદ્વર્તના થાય છે. એટલે તેમાંના કોઈપણ સ્થિતિસ્થાનના અમુક દલિકોને તેની ઉપરના આવલિકા પ્રમાણ સ્થિતિસ્થાનો છોડી તેની ઉપરના બધ્યમાન લતાના અબાધા સ્થાનના છેલ્લા સ્થિતિસ્થાન સુધીનાં સ્થિતિસ્થાનોમાં રહેલ દલિકો સાથે ભોગવવા યોગ્ય કરે છે. અર્થાત્ ઓગણીસમા સ્થિતિસ્થાનથી સત્તાણુમા સ્થિતિસ્થાન સુધીનાં દલિકોની ઉદ્વર્તના થઈ શકે છે.

પૂર્વબદ્ધની અપેક્ષાએ અઠ્ઠાણુથી એકસોનવ સુધીનાં સ્થિતિસ્થાનોની ઉદ્વર્તના થતી નથી, કારણ કે અઠ્ઠાણુથી એકસો છ સુધીના અસત્કલ્પનાએ આવલિકા પ્રમાણ નવ સ્થિતિસ્થાનો અતીત્થાપના રૂપ છે. અને એકસો સાતથી એકસો નવ સુધીનાં ત્રણ સ્થિતિસ્થાનો જઘન્ય નિક્ષેપના વિષયભૂત છે. વળી ઓગણીસથી એકસોનવ સુધીના કોઈપણ સ્થિતિસ્થાનમાં રહેલ દલિકો તેની ઉપરના એકસો દશથી દશ હજારમા સ્થિતિસ્થાન સુધીના કોઈપણ સ્થિતિસ્થાનમાં

રહેલ દલિકો સાથે ભોગવવા યોગ્ય થતા નથી, કારણ કે ઓગણીસથી એકસો નવ સુધીનાં સ્થિતિસ્થાનો બધ્યમાન લતાની અબાધાના અંતર્ગત છે, તેથી તે ઉત્કૃષ્ટ અતીત્થાપનારૂપ છે.

બધ્યમાન લતાની અબાધાસ્થાનના ઉપરના એટલે પૂર્વબદ્ધલતાના એકસો દશમા સ્થિતિસ્થાનનાં દલિકો એકસો અગિયારથી એકસો ઓગણીસ સુધીની અસત્કલ્પનાએ નવ સમયાત્મક આવલિકા પ્રમાણ અતીત્થાપના છોડી તેની ઉપર એકસોવીસથી દશ હજાર સમય સુધીના કુલ નવ હજાર આઠસો એક્યાશી સ્થિતિસ્થાનોમાં પડે. કારણ કે—અસત્કલ્પનાએ—પ્રાગ્બદ્ધની બંધાવલિકા નવ સમય પ્રમાણ, નવીન બધ્યમાન લતાની અબાધા સો સમય પ્રમાણ, ઉદ્વર્ત્યમાન એક સ્થિતિસ્થાન અને નવ સમયરૂપ આવલિકા પ્રમાણ અતીત્થાપના = એકસો ઓગણીસ સમયો દશ હજારમાંથી ઓછા થાય, તેથી શેષ બધ્યમાન લતાના ચરમ સમય સુધીના નવ હજાર આઠસો એક્યાશી સમયોમાં નિક્ષેપ થાય છે.

એ જ પ્રમાણે જ્યારે સત્તાગત સ્થિતિથી = નવ સમય ન્યૂન દશ હજાર સમયથી ઓછો-ઓછો સ્થિતિબંધ થાય ત્યારે અબાધા ઓછી-ઓછી થવાથી અતીત્થાપના પણ ઓછી ઓછી હોય છે. અને તે મધ્યમ અતીત્થાપના છે. એમ સર્વ જઘન્ય સ્થિતિબંધ થાય ત્યારે પચીસ સમય પ્રમાણ જઘન્ય અબાધા તે જઘન્ય અતીત્થાપના છે.

બધ્યમાન લતાના અબાધાસ્થાનની ઉપરના અર્થાત્ એકસો દશમા સ્થિતિસ્થાનનાં પૂર્વબદ્ધ સત્તાગત અમુક દલિકો તેની ઉપર એટલે એકસો અગિયારથી એકસો ઓગણીસમા સ્થિતિસ્થાન સુધીના નવ સ્થિતિસ્થાનરૂપ આવલિકામાં તથાસ્વભાવે જ પડતાં નથી. અર્થાત્ તે સ્થિતિસ્થાનોમાં રહેલ દલિકો સાથે ભોગવવા યોગ્ય થતા નથી. કારણ કે નવ સ્થિતિસ્થાનાત્મક આવલિકા એ અતીત્થાપના છે. તેથી એકસો વીસમા સ્થિતિસ્થાનથી દશ હજારમા સ્થિતિસ્થાન સુધીનાં દરેક સ્થિતિસ્થાનોમાં રહેલ દલિકો સાથે ભોગવવા યોગ્ય થાય છે અને તે જ ઉત્કૃષ્ટ નિક્ષેપના વિષયભૂત સ્થિતિઓ હોવાથી સમયાધિક આવલિકા, બંધાવલિકા અને અબાધા ન્યૂન એટલે અસત્કલ્પનાએ એકસો ઓગણીસ સ્થિતિસ્થાન રહિત દશ હજારમા સ્થિતિસ્થાન સુધીના કુલ નવ હજાર આઠસો એક્યાશી સ્થિતિસ્થાનોમાં ઉત્કૃષ્ટ નિક્ષેપ થાય છે.

તથા અબાધાની ઉપરના બીજા, ત્રીજા અર્થાત્ એકસો અગિયારમા, એકસો બારમા વગેરે સ્થિતિસ્થાનોમાં રહેલ દલિકોનો તેની ઉપરના આવલિકા પ્રમાણ નવ-નવ સ્થિતિસ્થાનો છોડી તેની ઉપર જેટલાં જેટલાં સ્થિતિસ્થાનો રહે તેટલાં તેટલાં સ્થિતિસ્થાનોમાં દલિક નિક્ષેપ થાય છે તે છેવટ નવ હજાર નવસો સિત્યાશીમા સ્થિતિસ્થાનમાં રહેલ દલિકોનો તેની ઉપર નવ હજાર નવસો અઠ્યાશીથી નવ હજાર નવસો છન્નું સુધીના આવલિકા પ્રમાણ નવ સ્થિતિસ્થાનો રૂપ અતીત્થાપનાની ઉપરના નવ હજાર નવસો સત્તાણુથી દશ હજારમા સ્થિતિસ્થાન સુધીનાં ચાર સ્થિતિસ્થાનોમાં નિક્ષેપ થાય છે. અને તે બધી સ્થિતિઓ મધ્યમ નિક્ષેપના વિષયભૂત છે.

જ્યારે નવ હજાર નવસો ઇઠ્યાશીમા સ્થિતિસ્થાનનાં દલિકોની ઉદ્વર્ત્તના થાય ત્યારે તેની ઉપરનાં આવલિકા સ્વરૂપ નવ સ્થિતિસ્થાનો છોડી નવ હજાર નવસો અઠ્ઠાણુથી દશ હજારમા સ્થિતિસ્થાન સુધીનાં ત્રણ સ્થિતિસ્થાનોમાં દલિક નિક્ષેપ થાય છે અર્થાત્ તે દલિકોની સાથે

ભોગવવા યોગ્ય થાય છે. તેથી અસત્કલ્પનાએ ત્રણ સમયરૂપ આવલિકાના અસંખ્યાતમા ભાગ જેટલાં સ્થિતિસ્થાનોમાં જે નિક્ષેપ થાય છે તે સ્થિતિસ્થાનો જઘન્ય નિક્ષેપના વિષયભૂત છે.

એમ નિર્વ્યાઘાત ઉદ્વર્ત્તના થાય ત્યારે બધ્યમાન સ્થિતિના અંતિમ સ્થિતિસ્થાનથી એક આવલિકા અને આવલિકાના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિસ્થાનોની ઉદ્વર્ત્તના થતી જ નથી, પરંતુ તેની નીચેના અને અબાધાની ઉપરનાં બધાં સ્થિતિસ્થાનોની ઉદ્વર્ત્તના થાય છે. તેમજ ઉદયાવલિકાની ઉપરના અર્થાત્ ઓગણીસમા સ્થિતિસ્થાનથી અબાધાસ્થાનની અંતર્ગત રહેલ સત્તાણુમા સ્થિતિસ્થાન સુધીનાં સ્થાનોની ઉદ્વર્ત્તના થાય છે અને તેનો નિક્ષેપ યથાસંભવ એકસો નવમા સ્થિતિસ્થાન સુધીમાં થાય છે. પરંતુ એકસો દશથી દશ હજારમા સ્થિતિસ્થાન સુધીનાં સ્થાનોમાં તેનો નિક્ષેપ થતો નથી.

સત્તાગતસ્થિતિથી સમયાધિક અધિક સ્થિતિબંધ થાય ત્યારે વ્યાઘાત ઉદ્વર્ત્તના થાય છે. એમ ટીકામાં બતાવેલ છે પરંતુ સત્તાગત દશ હજાર સમય પ્રમાણ સ્થિતિ હોય અને આવલિકાના બે અસંખ્યાતમા ભાગ પ્રમાણ અધિક અર્થાત્ દશ હજાર છ સમય પ્રમાણ સ્થિતિબંધ ન થાય પરંતુ દશ હજાર અને પાંચ સમય પ્રમાણ નવો સ્થિતિબંધ થાય ત્યાં સુધી તો પૂર્વબદ્ધ સત્તાગત નવ હજાર નવસો નેવ્યાસીથી દશ હજારમા સ્થિતિસ્થાન સુધીનાં બાર સ્થિતિસ્થાનોની ઉદ્વર્ત્તના થતી જ નથી, પરંતુ નિર્વ્યાઘાત ઉદ્વર્ત્તનામાં બતાવ્યા મુજબ નવ હજાર નવસો ઇઠ્યાશીમા સ્થિતિસ્થાન સુધીનાં સ્થિતિસ્થાનોની જ ઉદ્વર્ત્તના થાય છે.

દશ હજાર સમય પ્રમાણ સ્થિતિથી પાંચ સમય અધિક સ્થિતિબંધ થાય ત્યાં સુધી માત્ર નિક્ષેપનાં વિષયભૂત સ્થિતિસ્થાનો વધે છે તેથી એક સમયાધિક, બે સમયાધિક, એમ એક-એક સમયની વૃદ્ધિએ પાંચ સમયાધિક દશ હજાર સમય પ્રમાણ સ્થિતિબંધ થાય ત્યાં સુધી નવ હજાર નવસો ઇઠ્યાશીમા સ્થિતિસ્થાનની ઉદ્વર્ત્તના થાય ત્યારે તેનાં દલિકોનો નવ સમય પ્રમાણ અતીત્થાપના રૂપ આવલિકાની ઉપર નવ હજાર નવસો અઠ્ઠાણુથી ચાર, પાંચ, યાવત્ એક-એક સમય અધિક કરતાં આઠ સ્થિતિસ્થાનોમાં નિક્ષેપ થાય છે.

વ્યાઘાત સ્થિતિ ઉદ્વર્ત્તના :

જ્યારે છ સમયાધિક દશ હજાર સમય પ્રમાણ સ્થિતિબંધ થાય ત્યારે પૂર્વબદ્ધ સત્તાગત નવ હજાર નવસો નેવ્યાસીથી દશ હજારમા સ્થિતિસ્થાન સુધીનાં સ્થિતિસ્થાનોમાં રહેલ દલિકોની પણ ઉદ્વર્ત્તના થાય છે અને તે વખતે જઘન્ય અતીત્થાપના અને જઘન્ય નિક્ષેપ એમ બન્ને આવલિકાના અસંખ્યાતમા ભાગમાં રહેલ અસંખ્યાત સ્થિતિસ્થાનો પ્રમાણ હોય છે. અને તે અસત્કલ્પનાએ ત્રણ ત્રણ હોય છે. અને તે વખતથી જ વ્યાઘાત ઉદ્વર્ત્તના શરૂ થાય છે.

દશ હજારમા સ્થિતિસ્થાનની ઉદ્વર્ત્તના થાય ત્યારે દશ હજાર ઉપરનાં ત્રણ સ્થિતિસ્થાનો છોડી તેની ઉપરના દશ હજાર ચાર પાંચ અને છ સમય રૂપ ત્રણ સ્થિતિસ્થાનોમાં નિક્ષેપ થાય છે. સાત સમય અધિક દશ હજાર સમય પ્રમાણ સ્થિતિબંધ થાય ત્યારે દશ હજારમા સ્થિતિસ્થાનનાં દલિકોની તેની ઉપરના ચાર સમય છોડી દશ હજાર પાંચથી સાત સુધીના ત્રણ સ્થિતિસ્થાનોમાં નિક્ષેપ થાય છે.

એમ એક-એક સમય અધિક કરતાં યાવત્ બાર સમય અધિક દશ હજાર સમય પ્રમાણ નવો સ્થિતિબંધ થાય ત્યાં સુધી દશ હજારમા સ્થિતિસ્થાનની ઉદ્વર્ત્તના કરી તેનાં દલિકોનો તેની ઉપરના એક-એક સમય અધિક કરતાં યાવત્ દશ હજાર નવ સમય સુધીનાં આવલિકાપ્રમાણ નવ સ્થિતિસ્થાનો છોડી તેની ઉપરના દશ હજાર દશથી દશ હજાર બાર સુધીનાં ત્રણ સ્થિતિસ્થાનોમાં જ નિક્ષેપ થાય છે એટલે અતીત્થાપના રૂપ આવલિકા પૂર્ણ ન થાય ત્યાં સુધી માત્ર અતીત્થાપના વધે છે, પરંતુ નિક્ષેપના વિષયભૂત સ્થિતિઓ તેટલી જ રહે છે અને અતીત્થાપના રૂપ આવલિકા પૂર્ણ થયા બાદ જેમ-જેમ નવો સ્થિતિબંધ વધે છે તેમ તેમ નિક્ષેપના વિષયભૂત સ્થિતિઓ વધે છે પણ અતીત્થાપના તેટલી જ રહે છે.

તેથી તેર સમયાધિક દશ હજાર સમય પ્રમાણ સ્થિતિબંધ થાય ત્યારે પૂર્વબદ્ધ સત્તાગત દશ હજારમા સ્થિતિસ્થાનની ઉદ્વર્ત્તના કરી તેની ઉપરના નવ સમયો છોડી દશ હજારદશથી દશ હજાર તેર સુધીનાં ચાર સ્થિતિસ્થાનોમાં, ચૌદ સમયાધિક દશ હજાર સમય પ્રમાણ સ્થિતિબંધ થાય ત્યારે દશ હજાર દશથી દશ હજાર ચૌદ સુધીનાં પાંચ સ્થિતિસ્થાનોમાં અને પંદર સમયાધિક દશ હજાર સમય પ્રમાણ સ્થિતિબંધ થાય ત્યારે દશ હજાર દશથી દશ હજાર પંદર સુધીનાં છ સ્થિતિસ્થાનોમાં નિક્ષેપ થાય છે.

એમ એક એક સમય અધિક કરતાં યાવત્ ઉત્કૃષ્ટ સ્થિતિબંધ થાય ત્યાં સુધી માત્ર નિક્ષેપના વિષયભૂત સ્થિતિઓ જ વધે છે પરંતુ અતીત્થાપના તેટલી જ રહે છે તેથી વ્યાઘાત ઉદ્વર્ત્તનામાં જે જે સ્થિતિસ્થાનની ઉદ્વર્ત્તના થાય તે તે સ્થિતિસ્થાનનાં દલિકોનો તેની ઉપરનાં એક આવલિકા પ્રમાણ સ્થિતિસ્થાનો છોડી બધ્યમાન લતાના ચરમસ્થિતિસ્થાન સુધીનાં દરેક સ્થિતિસ્થાનોમાં નિક્ષેપ થાય છે. અર્થાત્ તે સ્થિતિસ્થાનોમાં રહેલ દલિકો સાથે ભોગવવાની યોગ્યતાવાળાં કરે છે.

સ્થિતિ ઉદ્વર્ત્તનાના પદાર્થોનું અલ્પ-બહુત્વ :

વ્યાઘાત ઉદ્વર્ત્તનામાં જઘન્ય નિક્ષેપ અને જઘન્ય અતીત્થાપના બન્ને આવલિકાના અસંખ્યાતમા ભાગના સમય પ્રમાણ હોવાથી તે બન્ને આગળ બતાવાતા પદાર્થોથી અલ્પ અને પરસ્પર સમાન છે. તે થકી આવલિકા રૂપ અતીત્થાપના અસંખ્યાતગુણ છે તેનાથી ઉત્કૃષ્ટ અતીત્થાપના ઉત્કૃષ્ટ અબાધારૂપ હોવાથી સંખ્યાતગુણ છે. તેથી ઉત્કૃષ્ટ નિક્ષેપના વિષયભૂત સ્થિતિઓ સમયાધિક આવલિકા સહિત ઉત્કૃષ્ટ અબાધા ન્યૂન સંપૂર્ણ કર્મસ્થિતિ પ્રમાણ હોવાથી અસંખ્યાતગુણ છે અને તે થકી સંપૂર્ણ કર્મસ્થિતિ વિશેષાધિક છે, કારણ કે તેમાં સમયાધિક આવલિકા સહિત અબાધા પણ આવી જાય છે. તેથી સંપૂર્ણ કર્મસ્થિતિ પ્રમાણ છે.

સ્થિતિ અપવર્ત્તના :

અપવર્ત્તનાનો બંધ સાથે સંબંધ ન હોવાથી તે તે પ્રકૃતિનો બંધ હોય કે ન હોય તોપણ સત્તાગત સ્થિતિઓની સદા અપવર્ત્તના ચાલુ જ હોય છે. અને તે નિર્વ્યાઘાત અપવર્ત્તના કહેવાય છે. બંધાવલિકામાં કોઈ પણ કરણ લાગતું ન હોવાથી બંધાવલિકા વીત્યા બાદ તરત જ ઉદયાવલિકા શરૂ થાય છે પરંતુ ઉદયાવલિકામાં પણ કોઈ કરણ લાગતું ન હોવાથી

ઉદયાવલિકાની ઉપરનાં સત્તાગત બધાં સ્થિતિસ્થાનોમાં રહેલ દલિકોની અપવર્ત્તના થાય છે. અર્થાત્ બંધાવલિકા અને ઉદયાવલિકા ન્યૂન સત્તાગત બધાં સ્થિતિસ્થાનો અપવર્ત્તનાને યોગ્ય હોય છે તેથી જ ઉત્કૃષ્ટ સ્થિતિસત્તા હોય ત્યારે મોહનીય કર્મની બે આવલિકા ન્યૂન સિત્તેર કોડાકોડી સાગરોપમ પ્રમાણ, આયુષ્યની આવલિકા ન્યૂન તેત્રીસ સાગરોપમ પ્રમાણ, નામ અને ગોત્રકર્મની બે આવલિકા ન્યૂન વીસ કોડાકોડી સાગરોપમ પ્રમાણ અને જ્ઞાનાવરણીય વગેરે શેષ ચાર કર્મોની બે આવલિકા ન્યૂન ત્રીસ કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિઓ અપવર્ત્તનાને યોગ્ય હોય છે.

જે સ્થિતિસ્થાનનાં દલિકોની અપવર્ત્તના કરે છે તેને તે સ્થિતિસ્થાનમાં નાખતો નથી.. તેમજ સમયાધિક આવલિકાના ત્રીજા ભાગ સહિત એક આવલિકાની ઉપરના કોઈ પણ સ્થિતિસ્થાનની અપવર્ત્તના કરે ત્યારે તેનાં દલિકોને તેની નીચેનાં એક આવલિકા પ્રમાણ સ્થિતિસ્થાનો છોડી તેની નીચેના સ્થિતિસ્થાનથી ઉદયના સમય સુધીનાં જેટલાં સ્થિતિસ્થાનો હોય છે તે બધામાં નાખે છે. અર્થાત્ તે સ્થિતિસ્થાનોમાં રહેલ દલિકો સાથે ભોગવવા યોગ્ય કરે છે અને જે સ્થિતિસ્થાનોમાં નાખે છે તેટલાં સ્થિતિસ્થાનો નિક્ષેપના વિષયભૂત હોય છે. તેથી ઉત્કૃષ્ટ સ્થિતિસત્તાના ચરમ સ્થિતિસ્થાનની અપવર્ત્તના કરે ત્યારે તેની નીચેનાં આવલિકા પ્રમાણ સ્થિતિસ્થાનો છોડી તેની નીચેનાં બધાં સ્થિતિસ્થાનોમાં નિક્ષેપ કરે છે. અને બંધાવલિકા વ્યતીત થયા પછી જ અપવર્તના શરૂ થાય છે. તેથી બંધાવલિકા, અપવર્ત્યમાન સમય અને અતીત્થાપનારૂપ આવલિકા એમ સમયાધિક બે આવલિકા ન્યૂન સંપૂર્ણ કર્મસ્થિતિ ઉત્કૃષ્ટ નિક્ષેપના વિષયભૂત છે.

સત્તાગત ચરમસ્થિતિસ્થાનથી નીચેના સ્થિતિસ્થાનની અપવર્ત્તના કરે ત્યારે તેને અપવર્ત્યમાન સ્થિતિસ્થાનની નીચેનાં આવલિકા પ્રમાણ સ્થિતિસ્થાનો છોડી તેની નીચેનાં બધાં સ્થિતિસ્થાનોમાં દલિક નિક્ષેપ થાય છે અને તે બધી સ્થિતિઓ મધ્યમ નિક્ષેપના વિષયભૂત છે.

જે સ્થિતિસ્થાનની અપવર્ત્તના કરે છે તે સ્થિતિસ્થાનનાં દલિકોનો તેની નીચેનાં આવલિકા પ્રમાણ સ્થિતિસ્થાનો છોડી શેષ બધાં સ્થિતિસ્થાનોમાં નિક્ષેપ કરે છે. આ હકીકત સમયાધિક આવલિકાના ત્રીજા ભાગ સહિત એક આવલિકાની ઉપરનાં સ્થિતિસ્થાનોની અપવર્ત્તના કરે ત્યાં સુધી લાગુ પડે છે. પરંતુ તેનાથી નીચે-નીચેનાં સ્થિતિસ્થાનોની અપવર્ત્તના કરે ત્યારે અતીત્થાપનારૂપ આવલિકા ક્રમશઃ એક-એક સમય ન્યૂન થાય છે. તેથી ઉદયાવલિકાની ઉપરના પ્રથમ સ્થિતિસ્થાનની ઉદ્વર્ત્તના કરે ત્યારે તેનાં દલિકોનો સમયન્યૂન આવલિકાના બે તૃતીયાંશ ભાગ પ્રમાણ સ્થિતિસ્થાનો છોડી તેની નીચેના સમયાધિક આવલિકાના ત્રીજા ભાગ જેટલાં સ્થિતિસ્થાનોમાં નિક્ષેપ કરે છે. અને તે વખતે સમયાધિક આવલિકાના ત્રીજા ભાગ પ્રમાણ સ્થિતિઓ જઘન્ય નિક્ષેપના વિષયભૂત અને સમયોન આવલિકાના બે તૃતીયાંશ ભાગ પ્રમાણ સ્થિતિઓ જઘન્ય અતીત્થાપના રૂપ હોય છે.

અસત્કલ્પનાએ દશ હજાર સમય પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરે ત્યારે તેની નવ સમય પ્રમાણ બંધાવલિકા વ્યતીત થયા બાદ દશથી અઢાર સુધીના ઉદયાવલિકા પ્રમાણ નવ સ્થિતિસ્થાનોની ઉપરના ઓગણીસથી દશ હજારમા સ્થિતિસ્થાન સુધીનાં નવ હજાર નવસો

બ્યાસી સ્થિતિસ્થાનો અપવર્ત્તનાને યોગ્ય હોય છે અને તેમાંના છેલ્લા દશ હજારમા સ્થિતિસ્થાનની અપવર્તના કરે ત્યારે તેનાં દલિકોનો નવ હજાર નવસો નવ્વાણુમા સ્થિતિસ્થાનથી નવ હજાર નવસો એકાણું સુધીનાં નવ સ્થિતિસ્થાનો છોડી શેષ નવ હજાર નવસો નેવુંમા સ્થિતિસ્થાનથી દશમા સ્થિતિસ્થાન સુધીનાં કુલ નવ હજાર નવસો એક્યાશી સ્થિતિસ્થાનોમાં નિક્ષેપ થાય છે. અર્થાત્ એટલી સ્થિતિઓ ઉત્કૃષ્ટ નિક્ષેપ રૂપ છે. અને તે ઓગણીસ સમય ન્યૂન દશ હજાર સમય પ્રમાણ સંપૂર્ણ કર્મસ્થિતિ પ્રમાણ છે, કારણ કે આવલિકા અસત્કલ્પનાએ નવ સમય પ્રમાણ કલ્પેલ હોવાથી સમયાધિક બે આવલિકાના ઓગણીસ સમયો થાય છે.

નવ હજાર નવસો નવ્વાણુમા સ્થિતિસ્થાનની અપવર્ત્તના કરે ત્યારે તેનાં દલિકોનો નવ હજાર નવસો અઠ્ઠાણુથી નવ હજાર નવસો નેવું સુધીનાં આવલિકા પ્રમાણ નવ સ્થિતિસ્થાનો છોડી તેની નીચેના નવ હજાર નવસો નેવ્યાસીથી દશમા સ્થિતિ સ્થાન સુધીનાં નવ હજાર નવસો એંસી સ્થિતિસ્થાનોમાં નિક્ષેપ કરે. નવ હજાર નવસો અઠ્ઠાણુમા સ્થિતિસ્થાનની અપવર્ત્તના કરે ત્યારે તેનાં દલિકોનો તેની નીચેનાં આવલિકા પ્રમાણ નવ સ્થિતિસ્થાનો છોડી તેની નીચેના દશમા સ્થિતિસ્થાન સુધીનાં કુલ નવ હજાર નવસો અગણ્યાએંસી સ્થિતિસ્થાનોમાં નિક્ષેપ કરે છે. એમ નીચે નીચેના સ્થિતિસ્થાનની અપવર્ત્તના કરે ત્યારે તેની નીચેનાં નવ નવ સ્થિતિસ્થાનો છોડી તેની નીચેના સ્થિતિસ્થાનથી દશમા સ્થિતિસ્થાન સુધીનાં બધાં સ્થિતિસ્થાનોમાં દલિક નિક્ષેપ કરે છે.

એમ ત્રેવીસમા સ્થિતિસ્થાન સુધી સમજવું, અર્થાત્ ત્રેવીસમા સ્થિતિસ્થાનની અપવર્ત્તના કરે ત્યારે આવલિકા પ્રમાણ બાવીસથી ચૌદમા સુધીનાં નવ સ્થિતિસ્થાનો છોડી તેની નીચેના દશથી તેર સુધીનાં સ્થિતિસ્થાનોમાં દલિક નિક્ષેપ કરે છે તેની નીચેના ક્રમશઃ બાવીસમા, એકવીસમા અને વીસમા સ્થિતિસ્થાનની અપવર્ત્તના કરે ત્યારે તેની નીચેના ક્રમશઃ આઠ, સાત અને છ સ્થિતિસ્થાનો છોડી તેની નીચેનાં દશથી તેર સુધીનાં સ્થિતિસ્થાનોમાં જ નિક્ષેપ કરે છે. તેથી ત્રેવીસમા સ્થિતિસ્થાનથી ક્રમશઃ નીચે નીચેનાં સ્થિતિસ્થાનોની અપવર્ત્તના કરે ત્યારે નવ સમય પ્રમાણ આવલિકા રૂપ અતીત્થાપના એક એક સમય ઓછી ઓછી થાય છે પણ નિક્ષેપના વિષયભૂત સ્થિતિઓ તેટલી જ રહે છે. છેવટે નવ સમયાત્મક ઉદયાવલિકાની ઉપરના પહેલા એટલે કે ઓગણીસમા સ્થિતિસ્થાનની અપવર્ત્તના કરે ત્યારે તેનાં દલિકોનો અઢારથી ચૌદમા સુધીનાં પાંચ સ્થિતિસ્થાનો છોડી શરૂઆતના દશથી તેર એમ ચાર સ્થિતિસ્થાનોમાં નિક્ષેપ કરે છે. ત્યારે અસત્કલ્પનાએ આવલિકાનો ત્રીજો ભાગ ત્રણ સમય પ્રમાણ હોવાથી એ પાંચ સ્થિતિસ્થાનો સમય ન્યૂન આવલિકાના બે તૃતીયાંશ ભાગ પ્રમાણ છે અને તે જઘન્ય અતીત્થાપના છે તથા જઘન્ય નિક્ષેપનાં વિષયભૂત જે ચાર સ્થિતિસ્થાનો છે તે સમયાધિક આવલિકાના ત્રીજા ભાગ પ્રમાણ છે.

આ નિર્વ્યાઘાત અપવર્ત્તના છે તેથી આ અપવર્ત્તના દ્વારા કોઈ પણ સ્થિતિસ્થાનનાં સંપૂર્ણ દલિકો અન્ય સ્થિતિસ્થાનમાં જતાં નથી પરંતુ અમુક અમુક દલિકો નીચેનાં સ્થિતિસ્થાનોમાં જાય છે. છતાં અમુક અમુક દલિકો તે તે સ્થિતિસ્થાનોમાં પણ રહી જાય છે. આ વાત પ્રથમ પણ બતાવેલ છે.

જ્યારે સ્થિતિઘાત થાય છે, ત્યારે વ્યાઘાત અપવર્ત્તના કહેવાય છે. તેથી વ્યાઘાત

અપવર્ત્તનાનું બીજું નામ સ્થિતિઘાત છે, તેથી જ્યારે જેટલી સ્થિતિઓનો ઘાત થાય અર્થાત્ જેટલી સ્થિતિઓની વ્યાઘાત અપવર્ત્તના થાય તેટલી સ્થિતિઓ સત્તામાંથી સંપૂર્ણ ક્ષય થઈ જાય છે અને તે સ્થિતિસ્થાનોનાં બધાં દલિકોને તેની નીચેનાં સ્થિતિસ્થાનોમાં રહેલ દલિકો સાથે ભોગવવાની યોગ્યતાવાળાં કરે છે.

આ વ્યાઘાત અપવર્ત્તના મુખ્યત્વે અપૂર્વકરણ સંજ્ઞાવાળા કરણથી તથા અપૂર્વકરણગુણસ્થાનકથી થાય છે અને ગૌણપણે એકેન્દ્રિયથી અસંજ્ઞી સુધીના જીવોમાં પણ વ્યાઘાત અપવર્ત્તના થાય છે, કારણ કે એકેન્દ્રિયાદિકમાં ઉત્પન્ન થયેલા જીવોને અમુક ટાઇમ પછી એકેન્દ્રીયાદિક જીવોના બંધ જેટલી જ સ્થિતિસત્તા રહે છે અને તે વ્યાઘાત અપવર્ત્તનાથી જ થાય છે એમ મને લાગે છે.

વ્યાઘાત અપવર્ત્તનામાં સમયન્યૂન ઉત્કૃષ્ટ કંડક પ્રમાણ સ્થિતિઓ અતીત્થાપના રૂપ હોય છે. અને તે કંડકની નીચે સત્તામાં જેટલી કર્મ સ્થિતિ હોય તેટલી સ્થિતિમાં નિક્ષેપ થતો હોવાથી કંડકની નીચેની બધી સ્થિતિઓ નિક્ષેપના વિષયભૂત હોય છે.

ઉત્કૃષ્ટ કંડક આ ગ્રંથના મતે બદ્ધડાયસ્થિતિ પ્રમાણ છે અને કર્મપ્રકૃતિના મતે કંઈક ન્યૂન બદ્ધડાયસ્થિતિ પ્રમાણ છે.

સંજ્ઞીપંચેન્દ્રિય પર્યાપ્ત પોતાને યોગ્ય જઘન્ય અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ બંધ કરી તુરત જ બીજા સમયે ત્યાંથી કૂદકો મારી સિત્તેર કોડાકોડી સાગરોપમ પ્રમાણ વગેરે ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરે છે. તે અંતઃકોડાકોડી સાગરોપમ ન્યૂન સંપૂર્ણ કર્મસ્થિતિ બદ્ધ ડાયસ્થિતિ કહેવાય છે. અને તે જ ઉત્કૃષ્ટ કંડકનું પ્રમાણ છે. માટે અંતઃકોડાકોડી સાગરોપમ ન્યૂન સંપૂર્ણ સત્તાગત સ્થિતિરૂપ ઉત્કૃષ્ટ કંડકની તે સમયથી અપવર્ત્તના કરાતી કંડક પ્રમાણ સ્થિતિઓમાંનાં દરેક સ્થિતિસ્થાનોનાં અમુક અમુક દલિકો અંતર્મુહૂર્ત્ત પ્રમાણ કાળમાં કંડકની નીચેનાં સ્થિતિસ્થાનોમાં ગોઠવાઈ જાય છે. એમ તે અંતર્મુહૂર્ત્તના ચરમ સમય સુધીમાં તે કંડક પ્રમાણ સ્થિતિઓનાં બધાં દલિકો દરેક સમયે તેની નીચેનાં સ્થિતિસ્થાનોમાં ગોઠવાઈ કંડક પ્રમાણ સ્થિતિઓ સત્તામાંથી ચરમ સમયે એકસાથે ક્ષય પામતી હોવાથી ઓછી થઈ જાય છે તેથી તે કંડકની અપવર્ત્તના કરતા પહેલા સમયે ઉપરના પહેલા સ્થિતિસ્થાનમાં રહેલ દલિકોમાંનાં અમુક દલિકો સમય ન્યૂન કંડકપ્રમાણ સ્થિતિઓની નીચેનાં સ્થિતિસ્થાનોમાં ગોઠવાય છે. માટે જ સમયન્યૂન ઉત્કૃષ્ટ કંડકપ્રમાણ ઉત્કૃષ્ટ અતીત્થાપના છે અને જઘન્યથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગપ્રમાણ એક કંડક હોય છે, તેથી વ્યાઘાત અપવર્ત્તનામાં સમયન્યૂન પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ જઘન્ય કંડક તે જઘન્ય અતીત્થાપના છે.

અહીં વ્યાઘાત અપવર્ત્તનામાં નિક્ષેપના વિષયભૂત સ્થિતિઓ અપવર્ત્તના કરાતા કંડકની નીચે સત્તામાં જેટલી સ્થિતિઓ હોય તેટલી સ્થિતિઓ થાય છે. માટે તેટલી સ્થિતિઓ નિક્ષેપના વિષયભૂત છે.

સ્થિતિ અપવર્ત્તનાના પદાર્થોનું અલ્પ બહુત્વ

નિર્વ્યાઘાત અપવર્ત્તનામાં જઘન્ય નિક્ષેપના વિષયભૂત સ્થિતિઓ આવલિકાના સમયાધિક

ત્રીજા ભાગપ્રમાણ અને અસત્કલ્પનાએ ચાર સમયપ્રમાણ હોવાથી તે હવે પછીના પદાર્થોથી અલ્પ, તે થકી નિર્વ્યાઘાત અપવર્ત્તનામાં જઘન્ય અતીત્થાપના આવલિકાના સમય ન્યૂન બે તૃતીયાંશભાગ પ્રમાણ અને અસત્કલ્પનાએ પાંચ સમય પ્રમાણ હોવાથી ત્રણ ન્યૂન દ્વિગુણ. તેથી નિર્વ્યાઘાત અપવર્ત્તનામાં ઉત્કૃષ્ટ અતીત્થાપના આવલિકા પ્રમાણ હોવાથી વિશેષાધિક, તે થકી વ્યાઘાત અપવર્ત્તનામાં ઉત્કૃષ્ટ અતીત્થાપના સમયોન કંડક પ્રમાણ હોવાથી અસંખ્યાતગુણ, તેનાથી સમયાધિક બે આવલિકા ન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિઓ ઉત્કૃષ્ટનિક્ષેપના વિષયભૂત હોવાથી ઉત્કૃષ્ટ નિક્ષેપ વિશેષાધિક, અને તેથી પણ સત્તાગત ઉત્કૃષ્ટ સ્થિતિ સમયાધિક બે આવલિકા અધિક હોવાથી સંપૂર્ણ ઉત્કૃષ્ટ સ્થિતિ પ્રમાણ છે, માટે વિશેષાધિક છે.

સ્થિતિ ઉદ્વર્ત્તના અને અપવર્ત્તનામાં આવતા પદાર્થોનું સંયુક્ત અલ્પ-બહુત્વ

વ્યાઘાત ઉદ્વર્ત્તનામાં જઘન્ય નિક્ષેપ અને જઘન્ય અતીત્થાપના આવલિકાના અસંખ્યાતમા ભાગ પ્રમાણ હોવાથી પછીના પદાર્થોથી અલ્પ અને પરસ્પર બંને તુલ્ય છે. તે થકી નિર્વ્યાઘાત અપવર્ત્તનામાં જઘન્ય નિક્ષેપ આવલિકાના સમયાધિક ત્રીજા ભાગના સમય પ્રમાણ હોવાથી અસંખ્યાતગુણ, તે થકી એ જ નિર્વ્યાઘાત અપવર્ત્તનામાં જઘન્ય અતીત્થાપના સમય ન્યૂન આવલિકાના બે તૃતીયાંશ ભાગના સમયપ્રમાણ હોવાથી ત્રણ સમય ન્યૂન દ્વિગુણ, તેનાથી નિર્વ્યાઘાત અપવર્ત્તનામાં ઉત્કૃષ્ટ અતીત્થાપના આવલિકાપ્રમાણ હોવાથી વિશેષાધિક, તે થકી ઉદ્વર્ત્તનામાં ઉત્કૃષ્ટ અતીત્થાપના ઉત્કૃષ્ટ અબાધાપ્રમાણ હોવાથી અસંખ્યાતગુણ. તેનાથી વ્યાઘાત અપવર્ત્તનામાં ઉત્કૃષ્ટ અતીત્થાપના સમયન્યૂન ડાયસ્થિતિ પ્રમાણ હોવાથી અસંખ્યાતગુણ. તે થકી ઉદ્વર્ત્તનામાં ઉત્કૃષ્ટ નિક્ષેપના વિષયભૂત સ્થિતિઓ સમયાધિક આવલિકા સહિત અબાધાન્યૂન સંપૂર્ણ કર્મસ્થિતિપ્રમાણ હોવાથી વિશેષાધિક, તેનાથી અપવર્ત્તનામાં ઉત્કૃષ્ટ નિક્ષેપના વિષયભૂત સ્થિતિઓ સમયાધિક બે આવલિકા ન્યૂન સંપૂર્ણ કર્મસ્થિતિ પ્રમાણ હોવાથી વિશેષાધિક અને તે થકી પણ સંપૂર્ણ કર્મસ્થિતિ સમયાધિક બે આવલિકા અધિક હોવાથી વિશેષાધિક છે.

અનુભાગ ઉદ્વર્ત્તના

જે જે સ્થિતિસ્થાનમાં રહેલ દલિકોની સ્થિતિની ઉદ્વર્ત્તના અથવા અપવર્ત્તના થાય છે, તે તે દલિકોના અનુભાગની પણ ઉદ્વર્ત્તના અને અપવર્ત્તના થાય છે. માટે સામાન્યથી સ્થિતિ ઉદ્વર્ત્તના અને સ્થિતિ અપવર્ત્તનાની જેમ જ અનુભાગ ઉદ્વર્ત્તના અને અનુભાગ અપવર્ત્તના પણ હોય છે. પરંતુ કોઈપણ એક સ્થિતિસ્થાનનાં દલિકોમાં રસસ્પર્દ્ધકો અનંતા હોય છે. માટે અનુભાગના વિષયમાં સ્પર્દ્ધકોની અપેક્ષાએ કેટલાક ઠેકાણે અનંતગુણ આવશે.

જેમ નિર્વ્યાઘાત ઉદ્વર્ત્તનામાં ચરમ સ્થિતિસ્થાનથી આવલિકાના અસંખ્યાતમા ભાગસહિત આવલિકા પ્રમાણ ચરમસ્થિતિસ્થાનો નિક્ષેપ અને અતીત્થાપના રૂપ હોવાથી ઉદ્વર્ત્તનાને યોગ્ય નથી. તેમ તેટલાં સ્થિતિસ્થાનોમાં રહેલ રસસ્પર્દ્ધકો પણ ઉદ્વર્ત્તનાને યોગ્ય નથી. પરંતુ તેની નીચેના પ્રથમ સ્થિતિસ્થાનગત રસસ્પર્દ્ધકોની ઉદ્વર્ત્તના થાય ત્યારે તે દલિકોના સ્પર્દ્ધકોને તેની ઉપરના આવલિકાગત સ્પર્દ્ધકોને છોડી તેની ઉપરના ચરમ આવલિકાના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિસ્થાનોનાં દલિકોમાં રહેલ અનંત સ્પર્દ્ધકોની સમાન અધિક રસવાળા કરે છે અને

તેની નીચે નીચેનાં સ્થિતિસ્થાનોના રસની ઉદ્વર્તના થાય ત્યારે તે તે સ્થિતિસ્થાનની ઉપર આવલિકા પ્રમાણ સ્થિતિગત રસસ્પર્દ્ધકો છોડી તેની ઉપર નવીન બધ્યમાન પ્રકૃતિના ચરમ સમય સુધીનાં સ્થિતિસ્થાનોમાં રહેલ અનુભાગ સ્પર્દ્ધકોમાં નિક્ષેપ થાય છે. તેથી જેમ સ્થિતિ ઉદ્વર્તનામાં અબાધાની ઉપરના પ્રથમ સ્થિતિસ્થાનની ઉદ્વર્તના થાય ત્યારે તેની ઉપર આવલિકા પ્રમાણ સ્થિતિસ્થાનો છોડી બધ્યમાન સ્થિતિના ચરમસમય સુધીનાં દરેક સ્થિતિસ્થાનોમાં નિક્ષેપ થાય છે. તેમ રસ ઉદ્વર્તનામાં અબાધાની ઉપરના પ્રથમ સ્થિતિસ્થાનગત રસસ્પર્દ્ધકોની ઉદ્વર્તના થાય ત્યારે તે સ્થિતિસ્થાનની ઉપરના આવલિકા પ્રમાણ સ્થિતિસ્થાનગત રસસ્પર્દ્ધકો છોડી બધ્યમાન સ્થિતિના ચરમ સમય સુધીના દરેક સ્થિતિસ્થાનગત રસસ્પર્દ્ધકોમાં તેનો નિક્ષેપ થાય છે.

જો કે વ્યાઘાત અનુભાગ ઉદ્વર્તનામાં વ્યાઘાતસ્થિતિ ઉદ્વર્તનાની જેમ જઘન્ય નિક્ષેપ અને જઘન્ય અતીત્થાપના એ બંને આવલિકાના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિસ્થાનોમાં રહેલ અનંત રસસ્પર્દ્ધક પ્રમાણ હોય છે. તોપણ નિક્ષેપના વિષયભૂત સ્થિતિસ્થાનો ઉપરનાં છે, અને અતીત્થાપનાના વિષયભૂત સ્થિતિસ્થાનો તેની નીચેનાં છે અને ઉપર ઉપરનાં સ્થિતિસ્થાનોથી નીચે નીચેનાં સ્થિતિસ્થાનોમાં રહેલ દલિકોમાં રસ ઓછો ઓછો હોય છે. તેથી નિક્ષેપના વિષયભૂત અનુભાગથી અતીત્થાપના રૂપ અનુભાગ હીન હોય એમ લાગે છે. પણ કેટલો હીન હોય છે તે બહુશ્રુતો જાણે. તેનાથી આવલિકારૂપ ઉત્કૃષ્ટ અતીત્થાપનાગત સ્પર્દ્ધકો અનંતગુણ, તેનાથી ઉત્કૃષ્ટ નિક્ષેપના વિષયભૂત અનુભાગ સ્પર્દ્ધકો અનંતગુણ અને તેથી પણ સર્વસત્તાગત અનુભાગ વિશેષાધિક હોય છે.

અનુભાગ અપવર્ત્તના

અહીં પણ સ્થિતિ અપવર્ત્તનાની જેમ બંધાવલિકા વીત્યા પછી ઉદયાવલિકાની ઉપરનાં સ્થિતિસ્થાનોમાં રહેલ રસસ્પર્દ્ધકોની જ અપવર્ત્તના થાય છે. તેથી ઉદયાવલિકાની ઉપરના પ્રથમ સ્થિતિગત રસસ્પર્દ્ધકોની અપવર્ત્તના કરે ત્યારે તે દલિકોના રસસ્પર્દ્ધકોને તેની નીચેના સમયન્યૂન આવલિકાના બે તૃતીયાંશ ભાગના સમય પ્રમાણ સ્થિતિસ્થાનોગત સ્પર્દ્ધકોને છોડી તેની નીચેના આવલિકાના સમયાધિક ત્રીજા ભાગના સમયપ્રમાણ સ્થિતિસ્થાનોનાં દલિકોમાં રહેલ રસની સમાન ઓછા રસવાળા કરે છે. અર્થાત્ તેમાં નિક્ષેપ કરે છે. અને સત્તાગત અંતિમ સ્થિતિસ્થાનના અનુભાગની અપવર્ત્તના કરે ત્યારે તેની નીચેના આવલિકાના સમયપ્રમાણ સ્થિતિગત રસસ્પર્દ્ધકોને છોડી તેની નીચેના ઉદયના પ્રથમ સ્થિતિસ્થાન સુધીનાં બધાં સ્થિતિસ્થાનોમાં રહેલ અનુભાગ સ્પર્દ્ધકોમાં નિક્ષેપ કરે છે. અર્થાત્ તેની સમાન ઓછો રસ કરે છે. માટે અનુભાગ અપવર્ત્તનામાં ઉદયાવલિકા પ્રમાણ સ્થિતિસ્થાનોમાં રહેલ શરૂઆતના અનંતા રસસ્પર્દ્ધકોની અપવર્ત્તના થતી નથી અને બંધાવલિકા વીત્યા પછી જ અપવર્ત્તના થાય છે. માટે બે આવલિકાન્યૂન સંપૂર્ણ સત્તાગત સ્થિતિના અનુભાગની અપવર્ત્તના થઈ શકે છે.

અપવર્ત્તનાનો બંધ સાથે સંબંધ ન હોવાથી જે સ્થિતિસ્થાનોમાં નિક્ષેપ થાય છે તે સ્થિતિસ્થાનોની સમાન રસ ઓછા થાય છે. અને કેટલીક વાર તેનાથી પણ અલ્પ રસ થઈ જાય છે. ગુરુગમથી આ હકીકત વિશેષપણે જાણવા જેવી છે.

અપવર્ત્તનામાં જઘન્ય નિક્ષેપના વિષયભૂત અનુભાગ સ્પર્દ્ધકો અનંત હોવા છતાં હવે પછી બતાવાતા અનુભાગની અપેક્ષાએ અલ્પ છે, તેથી જઘન્ય અતીત્થાપનાગત અનુભાગ સ્પર્દ્ધકો અનંતગુણ. તેનાથી એક સમય ન્યૂન ઉત્કૃષ્ટ કંડકરૂપ અતીત્થાપનાગત અનુભાગ સ્પર્દ્ધકો અનંતગુણ, તેથી ઉત્કૃષ્ટ કંડકગત અનુભાગ વિશેષાધિક, તેથી ઉત્કૃષ્ટ નિક્ષેપના વિષયભૂત અનુભાગ સ્પર્દ્ધકો વિશેષાધિક અને તેથી પણ સત્તાગત સર્વ અનુભાગ વિશેષાધિક છે.

ઉદ્વર્ત્તના અને અપવર્ત્તના આશ્રયી અનુભાગનું સંયુક્ત અલ્પ-બહુત્વ

કોઈ પણ એક સ્થિતિસ્થાનની અંદર અનંત રસસ્પર્દ્ધકો હોય છે. તેમાં પ્રથમ સ્પર્દ્ધક, ઓછા રસવાળું હોય છે. અને ત્યારબાદ ચરમ સ્પર્દ્ધક સુધીના ઉત્તરોત્તર દરેક સ્પર્દ્ધકો અધિક અધિક રસવાળાં હોય છે. તેમજ થોડા થોડા રસવાળા પરમાણુઓ ઘણા ઘણા અને અધિક અધિક રસવાળા પરમાણુઓ ઓછા ઓછા હોય છે તેથી એક સ્થિતિગત અનંત રસસ્પર્દ્ધકોને લાઇનસર ગોઠવીએ તો સર્વ જઘન્ય રસ સ્પર્દ્ધકમાં પરમાણુઓ ઘણો હોય છે. અને પછી પછીના સ્પર્દ્ધકમાં પરમાણુઓ ઓછા ઓછા હોય છે, તેથી સર્વ જઘન્ય પ્રથમ રસસ્પર્દ્ધકના પરમાણુઓની અપેક્ષાએ અમુક સ્પર્દ્ધકો પછીના સ્પર્દ્ધકોમાં પરમાણુઓ અર્ધા થઈ જાય છે. તે એક દ્વિગુણહાનિ કહેવાય છે. આ દ્વિગુણહાનિની મધ્યમાં રહેલ સ્પર્દ્ધકો હવે પછીના અનુભાગની અપેક્ષાએ ઘણા જ અલ્પ છે. અથવા સ્નેહ પ્રત્યય સ્પર્દ્ધકમાં જે વર્ગણાના પરમાણુઓની અપેક્ષાએ અસંખ્ય લોકાકાશ પ્રદેશ પ્રમાણ વર્ગણાઓ ઓળંગ્યા પછીની વર્ગણામાં પરમાણુઓ અર્ધા થાય છે. તે પણ એક દ્વિગુણહાનિ કહેવાય છે. તે દ્વિગુણહાનિની વચ્ચે રહેલ સ્નેહરૂપી રસનો સમૂહ થોડો હોય છે.

તે થકી ઉદ્વર્ત્તના અને અપવર્ત્તના એ બન્નેમાં જઘન્ય નિક્ષેપના વિષયભૂત અનુભાગ અનંતગુણ અને પરસ્પર બન્નેમાં તુલ્ય હોય છે. જો કે ઉદ્વર્ત્તનામાં આવલિકાના અસંખ્યાતમા ભાગના સમય પ્રમાણ સ્થિતિગત સ્પર્દ્ધકો જઘન્ય નિક્ષેપના વિષયભૂત છે અને અપવર્ત્તનામાં સમયાધિક આવલિકાના ત્રીજા ભાગના સમય પ્રમાણ સ્થિતિસ્થાનમાં રહેલ રસસ્પર્દ્ધકો જઘન્ય નિક્ષેપના વિષયભૂત છે. છતાં ઉદ્વર્ત્તનામાં નિક્ષેપના વિષયભૂત સ્થિતિસ્થાનો ઘણાં ઉપરનાં હોય છે. અને ઉપર ઉપરનાં સ્થિતિસ્થાનોમાં અનુભાગ અધિક અધિક હોય છે. અને અપવર્ત્તનાના નિક્ષેપભૂત સ્થિતિસ્થાનો શરૂઆતનાં છે. તેમજ શરૂઆતનાં સ્થિતિસ્થાનોમાં અનુભાગ ઓછો-ઓછો હોય છે. તેથી બન્નેમાં જઘન્ય નિક્ષેપના વિષયભૂત સ્થિતિસ્થાનો સમાન ન હોવા છતાં અનુભાગ સમાન હોય છે.

તે થકી વ્યાઘાત ઉદ્વર્ત્તનામાં અને નિર્વ્યાઘાત અપવર્ત્તનામાં જઘન્ય અતીત્થાપના રૂપ અનુભાગ અનંતગુણ અને પરસ્પર બન્નેમાં તુલ્ય હોય છે. અહીં પણ ઉદ્વર્ત્તનામાં જઘન્ય અતીત્થાપના આવલિકાના અસંખ્યાતમા ભાગના સમય પ્રમાણ અને અપવર્ત્તનામાં સમયન્યૂન આવલિકાના બે તૃતીયાંશ ભાગના સમય પ્રમાણ સ્થિતિસ્થાનો છે. છતાં જઘન્ય નિક્ષેપમાં બતાવેલ યુક્તિથી અનુભાગ સમાન હોય છે.

તેથી વ્યાઘાત અપવર્ત્તનામાં અતીત્થાપના એક સ્થિતિસ્થાન ન્યૂન કંડક પ્રમાણ સ્થિતિગત અનુભાગ હોવાથી વ્યાઘાતમાં ઉત્કૃષ્ટ અતીત્થાપનાગત અનુભાગ અનંતગુણ છે. તે થકી બન્નેમાં

ઉત્કૃષ્ટ નિક્ષેપના વિષયભૂત અનુભાગ વિશેષાધિક છે. અને તેથી પણ પૂર્વબદ્ધ સત્તાગત અથવા બધ્યમાન લતાગત અનુભાગ વિશેષાધિક હોય છે.

કિટ્ટિ-કૃત દલિકને વર્જી શેષ સત્તાગત સર્વ દલિકમાં ઉદ્વર્ત્તના અને અપવર્ત્તના બન્ને પ્રવર્ત્તે છે. પરંતુ ઉદ્વર્ત્તના તે તે પ્રકૃતિનો બંધ હોય ત્યારે જ થાય છે, અન્યથા નહીં. તેમજ કિટ્ટીરૂપ કરાયેલ દલિકોમાં ઉદ્વર્ત્તના થતી નથી પરંતુ ફક્ત અપવર્ત્તના જ થાય છે.

આ ઉદ્વર્ત્તના-અપવર્ત્તનાનું સ્વરૂપ પંચસંગ્રહ તથા કર્મપ્રકૃતિની ટીકાઓના આધારે લખેલ છે. પરંતુ કર્મપ્રકૃતિના ટિપ્પણકમાં જાણવા યોગ્ય કેટલીક વિશેષ હકીકતો ભિન્ન રીતે પણ બતાવેલ છે. શક્ય હશે તો પુસ્તકના અંતે પરિશિષ્ટમાં આપીશ અન્યથા વિશેષાર્થીઓએ તે ટિપ્પણક જોઈ લેવું.

ઉદ્વર્ત્તના-અપવર્ત્તનાકરણ સારસંગ્રહ સમાપ્ત

ઉદ્વર્તના અપવર્તનાકરણ પ્રશ્નોત્તરી

પ્રશ્ન—૧. સંક્રમના કુલ કેટલા પ્રકાર છે ? અને તે કયા કયા ?

ઉત્તર—ત્રણ, (૧) અન્યપ્રકૃતિનયનસંક્રમ (૨) ઉદ્વર્તના સંક્રમ (૩) અપવર્તના સંક્રમ.

પ્રશ્ન—૨. આ ત્રણે સંક્રમો પ્રકૃતિ વગેરે ચારેયના થાય ?

ઉત્તર—અન્ય પ્રકૃતિનયન સંક્રમ પ્રકૃતિ આદિ ચારેયનો, અને ઉદ્વર્તના તથા અપવર્તના સંક્રમ માત્ર સ્થિતિ અને રસનો જ થાય છે.

પ્રશ્ન—૩. આ ત્રણમાંથી મૂળ અને ઉત્તર પ્રકૃતિઓમાં કેટલા અને કયા કયા સંક્રમ થાય ?

ઉત્તર—મૂળ આઠેય કર્મપ્રકૃતિઓમાં અને આયુષ્યકર્મની ચારેય ઉત્તર પ્રકૃતિઓમાં ઉદ્વર્તના અને અપવર્તના રૂપ ફક્ત બે પ્રકારના અને ચાર આયુષ્ય વિના એકસો ચોપ્પન ઉત્તર પ્રકૃતિઓમાં ત્રણેય પ્રકારના સંક્રમ થાય છે.

પ્રશ્ન—૪. ઉદ્વર્તના, અપવર્તના અને અન્યપ્રકૃતિનયન સંક્રમમાં શું તફાવત છે ?

ઉત્તર—ઉદ્વર્તના સંક્રમ તે તે પ્રકૃતિનો બંધ હોય ત્યારે જ તથાસ્થિતિ અને રસનો થાય છે. અપવર્તના સંક્રમ તે તે પ્રકૃતિનો બંધ હોય કે ન હોય તોપણ થાય છે. અને તે પણ સ્થિતિ તથા રસનો થાય છે.

આ બન્ને પ્રકારના સંક્રમોથી પૂર્વનાં નિષેકસ્થાનો બદલાઈ જાય છે. અર્થાત્ બંધ સમયે જે દલિકો જ્યારે અને જેટલા રસયુક્ત ફળ આપવાની યોગ્યતાવાળા થયેલા હોય છે તેના બદલે જ્યારે તેની જેટલી ઉદ્વર્તના થાય ત્યારે તે દલિકો તેટલાં મોડાં અને વધારે રસયુક્ત ફળ આપવાની યોગ્યતાવાળાં થાય છે. એ જ રીતે બંધ સમયે જે દલિકો જ્યારે અને જેટલા રસયુક્ત ફળ આપવાની યોગ્યતાવાળા નિયત થયેલા હોય તેના બદલે જ્યારે તેની જેટલી અપવર્તના થાય ત્યારે તે દલિકો તેટલાં વહેલાં અને ઓછા રસયુક્ત ફળ આપવાની યોગ્યતાવાળાં થઈ જાય છે.

અન્યપ્રકૃતિનયનસંક્રમથી વિવક્ષિત પ્રકૃતિરૂપે રહેલ સ્થિતિ-રસયુક્ત દલિકો તે સમયે તેની સ્વજાતીય બધ્યમાન પ્રકૃતિનાં દલિકો રૂપે બની જાય છે. તેથી સ્થિતિ અને રસ પણ બધ્યમાન પ્રકૃતિરૂપે જ થઈ જાય છે. તેથી આ સંક્રમથી બંધ સમયે થયેલ નિષેકરચના બદલાતી નથી પરંતુ તેના તે સ્થાનમાં રહેલ હોવા છતાં તે પ્રકૃતિના બદલે જેમાં સંક્રમે તે પ્રકૃતિરૂપે ફળ આપવાની યોગ્યતા નિયત થાય છે.

પ્રશ્ન—૫. સ્થિતિ ઉદ્વર્તનાના કેટલા પ્રકાર છે ? અને તે દરેકમાં જઘન્ય તથા ઉત્કૃષ્ટ અતીત્થાપના તેમજ નિક્ષેપ ક્યારે અને કેટલો હોય ?

ઉત્તર—નિર્વ્યાઘાત અને વ્યાઘાત એમ સ્થિતિ ઉદ્વર્ત્તના બે પ્રકારે છે.

ત્યાં પૂર્વબદ્ધ સત્તાગત સ્થિતિની સમાન કે ઓછો નવો બંધ થાય ત્યારે નિર્વ્યાઘાત ઉદ્વર્ત્તના હોય છે તેમાં કોઈ પણ સ્થિતિસ્થાનનાં દલિકોની ઉદ્વર્ત્તના કરે ત્યારે તેની ઉપર આવલિકાગત સ્થિતિસ્થાનો છોડી તેની ઉપરનાં સ્થિતિસ્થાનોમાં ગોઠવે છે. માટે જઘન્ય અતીત્થાપના આવલિકા અને બધ્યમાન લતાનાં અબાધાસ્થાનોમાં રહેલ પૂર્વબદ્ધ સત્તાગત કોઈપણ સ્થિતિસ્થાનનાં દલિકોની ઉદ્વર્ત્તના કરી તે દલિકોને બધ્યમાન લતાના અબાધાસ્થાનની ઉપરની સ્થિતિઓમાં ગોઠવતો નથી. તેથી બધ્યમાન પ્રકૃતિની અબાધા સમાન ઉત્કૃષ્ટ અતીત્થાપના છે.

આવલિકાના અસંખ્યાતમા ભાગ સહિત આવલિકા પ્રમાણ સત્તાગત અંતિમ સ્થિતિસ્થાનોની નીચેના પ્રથમસ્થિતિસ્થાનની ઉદ્વર્ત્તના થાય ત્યારે આવલિકા પ્રમાણ અતીત્થાપના છોડી તેની ઉપરના છેલ્લા આવલિકાના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિસ્થાનોમાં નિક્ષેપ થાય છે. અને એ જ જઘન્ય નિક્ષેપ છે.

જ્યારે બધ્યમાન લતાના અબાધાસ્થાનની ઉપરના પૂર્વબદ્ધ પ્રથમ સ્થિતિસ્થાનનાં દલિકોની ઉદ્વર્ત્તના થાય ત્યારે આવલિકા પ્રમાણ અતીત્થાપના છોડી તેની ઉપરનાં બધાં સ્થિતિસ્થાનોમાં નિક્ષેપ થાય છે. અને તે સમયાધિક આવલિકા સહિત અબાધા ન્યૂન ઉત્કૃષ્ટ કર્મસ્થિતિ પ્રમાણ છે. અને તે જ ઉત્કૃષ્ટ નિક્ષેપ છે.

પૂર્વબદ્ધ સત્તાગત સ્થિતિથી અધિક બંધ થાય ત્યારે વ્યાઘાત ઉદ્વર્ત્તના થાય છે. તેમાં જઘન્ય નિક્ષેપ આવલિકાના અસંખ્યાતમા ભાગ પ્રમાણ અને ઉત્કૃષ્ટ નિક્ષેપ નિર્વ્યાઘાત ઉદ્વર્ત્તનાની સમાન હોય છે. અને પૂર્વબદ્ધ સત્તાથી આવલિકાના બે અસંખ્યાતમા ભાગ પ્રમાણ અધિક નવીન બંધ થાય ત્યારે જઘન્ય અતીત્થાપના આવલિકાના અસંખ્યાતમા ભાગ પ્રમાણ અને ઉત્કૃષ્ટ અતીત્થાપના નિર્વ્યાઘાત ઉદ્વર્ત્તનાની સમાન હોય છે.

પ્રશ્ન—૬. સ્થિતિ અપવર્ત્તનાના કેટલા પ્રકારે છે ? અને તે દરેકમાં જઘન્ય તથા ઉત્કૃષ્ટ અતીત્થાપના તેમજ નિક્ષેપ કેટલો અને ક્યારે હોય ?

ઉત્તર—નિર્વ્યાઘાત અને વ્યાઘાત એમ સ્થિતિ અપવર્ત્તના પણ બે પ્રકારે છે.

બંધાવલિકા વીત્યા બાદ ઉદયાવલિકા ઉપરની સત્તાગત બધી સ્થિતિઓની સામાન્યથી હંમેશાં અપવર્ત્તના ચાલુ હોય છે. તે નિર્વ્યાઘાત અપવર્ત્તના કહેવાય છે. અને સ્થિતિઘાત થાય ત્યારે તેના દ્વિચરમ સમય સુધી નિર્વ્યાઘાત અને ચરમ સમયે વ્યાઘાત અપવર્ત્તના થાય છે. અર્થાત્ સ્થિતિઘાતના ચરમ સમયનું કે આખા સ્થિતિઘાતનું જ બીજું નામ વ્યાઘાત અપવર્ત્તના છે.

નિર્વ્યાઘાત અપવર્ત્તનામાં ઉદયાવલિકા ઉપરના પ્રથમ સ્થિતિસ્થાનની અપવર્ત્તના થાય ત્યારે સમય ન્યૂન આવલિકાના બે તૃતીયાંશ ભાગ પ્રમાણ સ્થિતિસ્થાનો જઘન્ય અતીત્થાપના હોય છે. અને તેની નીચેના શરૂઆતના સમયાધિક આવલિકાના ત્રીજા ભાગના સમયપ્રમાણ સ્થિતિસ્થાનો જઘન્ય નિક્ષેપના વિષયભૂત હોય છે તેમજ સત્તાગત અંતિમ સ્થિતિસ્થાનની અપવર્ત્તના થાય ત્યારે આવલિકા પ્રમાણ સ્થિતિસ્થાનો ઉત્કૃષ્ટ અતીત્થાપના હોય છે. અને તેની નીચેનાં બધાં સ્થિતિસ્થાનોમાં નિક્ષેપ થાય છે. તેથી તે વખતે સમયાધિક બે આવલિકા ન્યૂન સંપૂર્ણ

કર્મસ્થિતિ ઉત્કૃષ્ટ-નિક્ષેપરૂપ હોય છે.

વ્યાઘાત અપવર્ત્તનામાં ઉત્કૃષ્ટ કંડક પ્રમાણ સ્થિતિઘાત થાય ત્યારે સમય ન્યૂન ડાયસ્થિતિ પ્રમાણ ઉત્કૃષ્ટ અતીત્થાપના હોય છે અને તેની નીચે અંતઃકોડાકોડી પ્રમાણ સ્થિતિસ્થાનો હોવાથી તે ઉત્કૃષ્ટ નિક્ષેપના વિષયભૂત હોય છે.

પલ્યોપમના અસંખ્યાતમા ભાગના જઘન્ય કંડક પ્રમાણ સ્થિતિઘાત થાય ત્યારે સમય ન્યૂન કંડક પ્રમાણ જઘન્ય અતીત્થાપના અને તેની નીચેની યથાસંભવ અંતઃકોડાકોડી સાગરોપમથી અંતર્મુહૂર્ત્ત પ્રમાણ સ્થિતિઓ જઘન્ય નિક્ષેપના વિષયભૂત હોય છે.

પ્રશ્ન—૭. અતીત્થાપના એટલે શું ?

ઉત્તર—જે સ્થિતિસ્થાનનાં દલિકોની ઉદ્વર્ત્તના કરી તે સ્થિતિસ્થાનની ઉપર જેટલાં સ્થિતિસ્થાનોમાં તે દલિકો ન નાખે, અર્થાત્ જેટલાં સ્થિતિસ્થાનો છોડી પછીનાં સ્થિતિસ્થાનોમાં નાખે તે છોડવા યોગ્ય સ્થિતિસ્થાનો અતીત્થાપના કહેવાય છે. અથવા જેટલાં સ્થિતિસ્થાનો ઉદ્વર્ત્તનાને યોગ્ય ન હોય તે પણ અતીત્થાપના કહેવાય છે.

એ જ પ્રમાણે અપવર્ત્તનામાં જે સ્થિતિસ્થાનનાં દલિકોની અપવર્ત્તના થાય ત્યારે તે દલિકોને નીચેનાં જેટલાં સ્થિતિસ્થાનો છોડી તેની નીચેનાં સ્થિતિસ્થાનોમાં નાખે તે છોડવા યોગ્ય સ્થિતિસ્થાનો અતીત્થાપના કહેવાય છે.

પ્રશ્ન—૮. ઉદ્વર્ત્તના યોગ્ય કુલ ઉત્કૃષ્ટ સ્થિતિ કેટલી હોય ?

ઉત્તર—બંધ આવલિકા, ઉત્કૃષ્ટ અબાધા અને આવલિકાના અસંખ્યાતમા ભાગ સહિત આવલિકા પ્રમાણ સ્થિતસ્થાનો છોડી શેષ ઉત્કૃષ્ટ સ્થિતિ ઉદ્વર્ત્તનાને યોગ્ય હોય છે.

પ્રશ્ન—૯. ઉત્કૃષ્ટથી અપવર્ત્તનાને અયોગ્ય તેમજ યોગ્ય કેટલી સ્થિતિઓ હોય ?

ઉત્તર—બંધ આવલિકા અને ઉદય આવલિકા એમ બે આવલિકા પ્રમાણ સ્થિતિઓ અયોગ્ય અને બે આવલિકા ન્યૂન સત્તાગત બધી સ્થિતિઓ અપવર્ત્તનાને યોગ્ય હોય છે.

પ્રશ્ન—૧૦. ઉદ્વર્ત્તના તથા અપવર્ત્તનામાં જે સ્થિતિસ્થાનોમાં નિક્ષેપ થાય છે, તે સ્થિતિસ્થાનોની ઉદ્વર્ત્તના કે અપવર્ત્તના થાય કે નહિ ?

ઉત્તર—જે સ્થિતિસ્થાનોમાં નિક્ષેપ થાય છે તે બધાં સ્થિતિસ્થાનોની ઉદ્વર્ત્તના તેમજ અપવર્ત્તના થાય છે. પરંતુ ઉદ્વર્ત્તનામાં આવલિકાના અસંખ્યાતમા ભાગ પ્રમાણ જે સ્થિતિસ્થાનો જઘન્ય નિક્ષેપ રૂપ છે, તે સ્થિતિસ્થાનોમાંથી કોઈ પણ સ્થિતિસ્થાનની ઉદ્વર્ત્તના થતી નથી અને અપવર્ત્તનામાં જે ઉદયાવલિકાગત સ્થિતિસ્થાનોમાં નિક્ષેપ થાય છે તે સ્થિતિસ્થાનોની અપવર્ત્તના થતી નથી.

પ્રશ્ન—૧૧. નિર્વ્યાઘાત અપવર્ત્તના તેમજ બન્ને પ્રકારની ઉદ્વર્ત્તનાથી કોઈ પણ કર્મની સ્થિતિ એકંદરે ઘટતી કે વધતી નથી. તો આ બે કારણોથી જીવને શું લાભ કે નુકસાન થાય ?

ઉત્તર—ઉદ્વર્ત્તના બંધ હોય ત્યારે જ થાય છે, પણ બંધના અભાવમાં થતી નથી. તેથી વિવક્ષિત પ્રકૃતિનો બંધ ન હોય ત્યારે કેવલ અપવર્ત્તના થાય અને તેથી ઉપર-ઉપરનાં

સ્થિતિસ્થાનોમાં ઘણાં-ઘણાં રસવાળાં જે દલિકો હતાં તેમાંનાં ઘણાં-ઘણાં દલિકો નીચેનાં સ્થિતિસ્થાનોમાં આવે ત્યારે તે સ્થિતિસ્થાનોમાં રહેલ દલિકોની સમાન ઓછા રસવાળાં થઈ જાય છે. તેથી ઉદ્વર્તનાના અભાવે કેવલ અપવર્તના થાય ત્યારે સત્તામાંથી ઘણો અનુભાગ ભોગવ્યા વિના જ ઓછો થતો હોવાથી ઉદય વખતે બહુ જ ઓછો રસ ઉદયમાં આવે એ મોટો લાભ થાય છે, પરંતુ તે પ્રકૃતિની ઉદ્વર્તના પણ ચાલુ હોય તો તે લાભ ન થાય. તેમજ જે જે દલિકોની ઉદ્વર્તના થાય તે તે દલિકોમાં બધ્યમાન દલિકોની સમાન અધિક રસ થઈ જાય છે. તેથી એકંદરે સત્તામાં પ્રથમ કરતાં રસ વધી જાય છે તેથી નુકસાન પણ થાય છે.

કેવળ અપવર્તના થાય, અથવા તો અપવર્તના અધિક પ્રમાણમાં અને ઉદ્વર્તના ઓછા પ્રમાણમાં થાય ત્યારે એકંદર સત્તામાં રસ ઘટે છે. અને અપવર્તના ઓછા પ્રમાણમાં તથા ઉદ્વર્તના અધિક પ્રમાણમાં થતી હોય ત્યારે એકંદર સત્તામાં રસ વધે છે અને બન્ને સમ પ્રમાણમાં હોય ત્યારે અમુક દલિકોની સ્થિતિ અને રસ વધવા કે ઘટવા છતાં એકંદરે સત્તામાં તેટલો જ રહે છે. તેથી કોઈ લાભ કે અલાભ થતો નથી.

પ્રશ્ન—૧૨. ઉપર જણાવ્યા મુજબ અપવર્તના અને ઉદ્વર્તના બન્ને સમાન પ્રમાણમાં હોય ત્યારે કોઈ પ્રકારનો લાભ થતો નથી તો તેવા પ્રકારની અપવર્તના કે ઉદ્વર્તના શા માટે કરે છે ?

ઉત્તર—લાભ કે નુકસાન ન હોવા છતાં અમુક પ્રકારના વીર્યવિશેષથી જીવ તથા સ્વભાવે જ અપવર્તના તેમજ ઉદ્વર્તના કરે છે.

પ્રશ્ન—૧૩. વ્યાઘાત ઉદ્વર્તનામાં પૂર્વબદ્ધ સત્તાગત સ્થિતિથી કેટલો નવો અધિક બંધ થાય ત્યારે પૂર્વસત્તાગત ચરમ સ્થિતિસ્થાનોની ઉદ્વર્તના થાય ?

ઉત્તર—પૂર્વબદ્ધ સત્તાગત સ્થિતિથી જ્યારે ઓછામાં ઓછો બરાબર આવલિકા બે અસંખ્યાતમા ભાગ પ્રમાણ અધિક સ્થિતિબંધ થાય ત્યારે પૂર્વના સત્તાગત આવલિકા અને આવલિકાના અસંખ્યાતમા ભાગ પ્રમાણ ચરમ સ્થિતિસ્થાનોની પણ ઉદ્વર્તના થાય છે પરંતુ તેનાથી એક સમય ન્યૂન સ્થિતિબંધ થાય ત્યાં સુધી થતી નથી.

પ્રશ્ન—૧૪. બધ્યમાન લતાના અબાધા સ્થાનોમાં રહેલ પૂર્વબદ્ધ સત્તાગત સ્થિતિસ્થાનોની ઉદ્વર્તના થતી નથી. માટે બધ્યમાન લતાની અબાધા પ્રમાણ ઉત્કૃષ્ટ અતીત્થાપના હોય અને જઘન્ય અબાધા હોય ત્યારે તેની અંદર રહેલ પૂર્વબદ્ધ સત્તાગત સ્થિતિઓની પણ ઉદ્વર્તના થતી નથી, તેથી જઘન્ય અબાધા પ્રમાણ જઘન્ય અતીત્થાપના હોય છે. અને તે ઓછામાં ઓછી અંતર્મુહૂર્ત પ્રમાણ હોવાથી ઉદયાવલિકા તેની અંદર જ આવી જાય, છતાં જઘન્ય અબાધાથી ન્યૂન આવલિકા પ્રમાણ જઘન્ય અતીત્થાપના કેમ બતાવેલ છે ?

ઉત્તર—બધ્યમાન લતાનાં અબાધા સ્થાનોમાં આવેલ પૂર્વબદ્ધ સત્તાગત સ્થિતિસ્થાનોની ઉદ્વર્તના થાય છે, પરંતુ તે સ્થિતિસ્થાનોનાં દલિકોને બધ્યમાન લતાનાં અબાધાસ્થાનોની ઉપરનાં સ્થિતિસ્થાનોમાં ગોઠવતો નથી, પણ અબાધાની અંદરનાં સ્થિતિસ્થાનોમાં જ ગોઠવે છે. તેથી અબાધાગત સ્થિતિસ્થાનોની પણ આવી ઉદ્વર્તના થાય છે. પરંતુ ઉદયાવલિકા સકલ કરણને

અયોગ્ય હોવાથી તેમાં આવી ઉદ્વર્ત્તના પણ થતી નથી. આ હકીકતને સ્પષ્ટ કરવા માટે જ આવલિકા પ્રમાણ જઘન્ય અતીત્થાપના બતાવેલ છે.

પ્રશ્ન—૧૫. વ્યાઘાત અપવર્ત્તનામાં એક વર્ગણા ન્યૂન ઉત્કૃષ્ટ કંડક પ્રમાણ અનુભાગ અતીત્થાપના બતાવેલ છે, તેમાં વર્ગણા શબ્દનો અર્થ શું છે ?

ઉત્તર—અહીં એક સ્થિતિસ્થાનમાં રહેલ અનંત સ્પર્દ્ધકોના સમૂહને એક વર્ગણા કહેલ છે.

પ્રશ્ન—૧૬. એક સ્થિતિસ્થાનમાં અનંતા રસસ્પર્દ્ધકો શી રીતે હોય ?

ઉત્તર—દરેક સમયે જીવ અભવ્યથી અનંતગુણ પરમાણુથી બનેલા અનંતા કર્મસ્કંધોને ગ્રહણ કરે છે. અને પ્રતિસમયે ગ્રહણ કરાતા તે કર્મસ્કંધોમાં અનંતા સ્પર્ધકો હોય છે તેમજ તે અનંતા સ્પર્દ્ધકો બંધ સમયે અસંખ્યાત સમય પ્રમાણ જેટલો સ્થિતિબંધ થાય તેનાં અબાધાસ્થાનો છોડી શેષ સર્વ સ્થિતિસ્થાનોમાં ગોઠવાય છે. માટે દરેક સમયે બંધાતા અનંત સંખ્યા પ્રમાણ સ્પર્દ્ધકોને સ્થિતિબંધના અસંખ્યાત સમયો વડે ભાગવાથી દરેક સ્થિતિસ્થાનમાં માત્ર એક સમયે બંધાયેલ રસસ્પર્દ્ધકો પણ અનંતા આવે તો એક એક સ્થિતિસ્થાનમાં અસંખ્યાત સમયે બંધાયેલ અનંત અનંત સ્પર્દ્ધકો હોવાથી એક એક સ્થિતિસ્થાનમાં અનંતાનંત સ્પર્દ્ધકો હોય તે સહેજે સમજાય તેમ છે.

પ્રશ્ન—૧૭. સત્તાગત કર્મના ક્ષય માટે અપવર્ત્તનાની જરૂર છે કે કેમ ?

ઉત્તર—વ્યાઘાત અપવર્ત્તના વિના સત્તાગત સ્થિતિનો ક્ષય થતો જ નથી. તેથી સત્તાગત સ્થિતિનો ક્ષય કરવા વ્યાઘાત અપવર્ત્તનાની ખાસ જરૂર છે. અને તેથી જ તેરમા ગુણસ્થાનકના અંત સુધી સ્થિતિઘાત રૂપ વ્યાઘાત અપવર્ત્તના થાય છે.

પ્રશ્ન—૧૮. પૂર્વબદ્ધ સત્તાગત સ્થિતિથી કેટલો વધારે સ્થિતિબંધ થાય ત્યાં સુધી આવલિકાના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિસ્થાનો જઘન્ય નિક્ષેપના વિષયભૂત હોય ?

ઉત્તર—પૂર્વબદ્ધ સત્તાગત સ્થિતિથી આવલિકાના અસંખ્યાતમા ભાગ સહિત એક આવલિકા પ્રમાણ અધિક નવો સ્થિતિબંધ થાય ત્યાં સુધી ચરમ સ્થિતિસ્થાન આશ્રયી આવલિકાના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સર્વત્ર સંખ્યાથી સમાન સ્થિતિઓ જઘન્ય નિક્ષેપના વિષયભૂત હોય છે.

પ્રશ્ન—૧૯. પૂર્વબદ્ધ સત્તાગત સ્થિતિથી કેટલો અધિક સ્થિતિબંધ થાય ત્યાં સુધી આવલિકાથી ઓછી અતીત્થાપના હોય ?

ઉત્તર—પૂર્વબદ્ધ સત્તાગત સ્થિતિથી જ્યાં સુધી પરિપૂર્ણ આવલિકાના એક અસંખ્યાતમા ભાગ સહિત (એટલે કે જઘન્ય નિક્ષેપની સમાન) આવલિકા પ્રમાણ અધિક નવો સ્થિતિબંધ ન થાય ત્યાં સુધી અતીત્થાપના આવલિકાથી ઓછી હોય છે પણ પૂર્ણ આવલિકા હોતી નથી.

પ્રશ્ન—૨૦. ઉત્કૃષ્ટ કંડકનું પ્રમાણ કેટલું છે.

ઉત્તર—આ ગ્રંથના મતે અંતઃકોડાકોડી સાગરોપમ ન્યૂન સંપૂર્ણ કર્મસ્થિતિ સમાન બદ્ધ-

ડાયસ્થિતિ જેટલું અને કર્મપ્રકૃતિના મતે કંઈક ન્યૂન ડાયસ્થિતિ જેટલું કંડકનું પ્રમાણ છે.

પ્રશ્ન—૨૧. વ્યાઘાત અપવર્ત્તનામાં જઘન્ય અતીત્થાપના પલ્યોપમના અસંખ્યાતમા ભાગપ્રમાણ કંડક જેટલી બતાવેલ છે. પરંતુ ક્ષાયિકસમ્યક્ત્વની પ્રાપ્તિમાં સમ્યક્ત્વ મોહનીયમાં અને ક્ષપકશ્રેણિમાં પણ કેટલીક પ્રકૃતિઓના સંખ્યાત વર્ષ પ્રમાણ અને અંતર્મુહૂર્ત્ત પ્રમાણ સ્થિતિઘાત બતાવેલ છે. તેથી ત્યાં સંખ્યાત વર્ષ અને અંતર્મુહૂર્ત્ત પ્રમાણ જઘન્ય અતીત્થાપના કેમ ન હોય ?

ઉત્તર—ક્ષાયિક સમ્યક્ત્વ અને ક્ષપકશ્રેણીની પ્રાપ્તિમાં પલ્યોપમના અસંખ્યાતમા ભાગથી પણ ન્યૂન યાવત્ અંતર્મુહૂર્ત્ત પ્રમાણ સુધીના સ્થિતિઘાતો થાય છે. તેથી ત્યાં તેટલી જ અતીત્થાપના હોય એ વાત બરાબર છે. પરંતુ છઠ્ઠા પ્રશ્નના ઉત્તરમાં અભવ્ય પ્રાયોગ્ય સ્થિતિઘાતને આશ્રયી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ જઘન્ય કંડક હોય છે. તેથી જઘન્ય અતીત્થાપના પણ તેટલી કહી છે.

ઉદ્વર્ત્તના-અપવર્ત્તનાકરણ પ્રશ્નોત્તરી સમાપ્ત.

ॐ ह्रीँ अर्हं नमः

ઉદીરણાકરણ

આ પ્રમાણે ઉદ્વર્ત્તના તથા અપવર્ત્તનાકરણનું સ્વરૂપ કહ્યું. હવે કર્મપ્રકૃતિમાં કહેલ ક્રમને અનુસરી ઉદીરણાકરણનું સ્વરૂપ કહેવા યોગ્ય છે. તેમાં આટલા વિષયો છે. અને તે આ પ્રમાણે છે—લક્ષણ, ભેદ, સાદ્યાદિનું નિરૂપણ, અને સ્વામિત્વ. તેમાં પ્રથમ લક્ષણ અને ભેદના સ્વરૂપના પ્રતિપાદન માટે નીચેની ગાથા કહે છે. તેમાં અર્ધી ગાથા વડે લક્ષણ, અને અર્ધી ગાથા વડે ભેદનું સ્વરૂપ કહે છે.

जं करणेणोकड्डिय दिज्जइ उदए उदीरणा एसा ।
पगतिट्ठितिमाइ चउहा मूलुत्तरभेयओ दुविहा ॥१॥

यत्करणेनापकृष्य दीयते उदये उदीरणैषा ।
प्रकृतिस्थित्यादिचतुर्धा मूलोत्तरभेदतो द्विविधा ॥१॥

અર્થ—કરણ દ્વારા જે કર્મદલિકો ખેંચીને ઉદયમાં દેવાય છે, તે ઉદીરણા કહેવાય છે. તે પ્રકૃતિ, સ્થિતિ આદિ ભેદે ચાર પ્રકારે છે, વળી તે સઘળા મૂળ તેમજ ઉત્તરપ્રકૃતિના ભેદે બબ્બે પ્રકારે છે.

ટીકાનુ૦—કષાયયુક્ત કે કષાય સિવાયની જે વીર્યપ્રવૃત્તિ દ્વારા ઉદયાવલિકાની બહિર્વર્ત્તી ઉપરનાં સ્થાનકોમાં રહેલા કર્માણુઓને ખેંચીને ઉદયાવલિકામાં દેવાય-નખાય = તે દલિકોનો ઉદયાવલિકામાં પ્રક્ષેપ થાય એટલે કે ઉદયાવલિકાનાં સ્થાનકોમાં રહેલ દલિકો સાથે ભોગવાય-તેવા કરાય તે ઉદીરણા કહેવાય છે. કહ્યું છે કે 'ઉદયાવલિકાની ઉપરની સ્થિતિઓમાં રહેલ દલિકોને કષાયયુક્ત કે કષાય વિનાની જે વીર્યપ્રવૃત્તિ દ્વારા ખેંચીને ઉદયાવલિકામાં પ્રવેશ કરાવાય તે ઉદીરણા કહેવાય છે.'

તે ઉદીરણા પ્રકૃતિ, સ્થિતિ આદિના ભેદે ચાર પ્રકારે છે, તે આ પ્રમાણે—પ્રકૃત્યુદીરણા, સ્થિત્યુદીરણા, અનુભાગોદીરણા અને પ્રદેશોદીરણા. વળી તે દરેક મૂળ પ્રકૃતિઓના ભેદે અને ઉત્તર પ્રકૃતિઓના ભેદે બબ્બે પ્રકારે છે, તેમાં મૂળ પ્રકૃતિના ભેદે આઠ પ્રકારે અને ઉત્તર પ્રકૃતિઓના ભેદે અઠ્ઠાવન પ્રકારે છે. ૧

આ પ્રમાણે ઉદીરણાના લક્ષણ અને ભેદનું સ્વરૂપ કહ્યું. હવે સાદ્યાદિ પ્રરૂપણા કરવી જોઈએ, તે બે પ્રકારે છે. ૧. મૂળકર્મ વિષયક, અને ૨. ઉત્તરપ્રકૃતિ વિષયક. તેમાં પહેલાં મૂળ કર્મ વિષયક સાદ્યાદિ પ્રરૂપણા કરે છે—

वेयणीय मोहणीयाण होइ चउहा उदीरणाउस्स ।
साइअधुवा सेसाण साइवज्जा भवे तिविहा ॥२॥

वेदनीयमोहनीययोर्भवति चतुर्द्धोदीरणाऽऽयुषः ।
सादिरध्रुवा शेषाणां सादिवर्ज्जा भवेत्त्रिविधा ॥२॥

અર્થ—વેદનીય અને મોહનીયની ઉદીરણા ચાર પ્રકારે, આયુની સાદિ-સાન્ત, અને શેષકર્મની સાદિ સિવાય ત્રણ પ્રકારે છે.

ટીકાનુ૦—વેદનીય મોહનીયકર્મની ઉદીરણા સાદિ, અનાદિ, અનંત, અને સાંત એમ ચાર પ્રકારે છે. તે આ પ્રમાણે—વેદનીયકર્મની ઉદીરણા પ્રમત્ત સંયત ગુણસ્થાન પર્યંત થાય છે. ત્યારબાદ તદ્યોગ્ય અધ્યવસાયના અભાવે થતી નથી.

મોહનીયકર્મની ઉદીરણા ક્ષપકશ્રેણિમાં ચરમાવલિકા ન્યૂન સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનના કાળ પર્યંત થાય છે, ત્યારબાદ થતી નથી. એટલે અપ્રમત્તાદિ ગુણસ્થાનકેથી પડતાં વેદનીયની, અને ઉપશાંત મોહગુણસ્થાનકેથી પડતાં મોહનીયકર્મની ઉદીરણા શરૂ થાય છે માટે સાદિ, અત્યાર સુધીમાં તે સ્થાન જેઓએ પ્રાપ્ત કર્યું નથી તેઓ આશ્રયી અનાદિ, અભવ્યો આશ્રયી અનંત અને ભવ્યાત્માઓ આશ્રયી સાંત હોય છે.

આયુની ઉદીરણા સાદિ-સાંત છે. ઉદયાવલિકા સકલ કરણને અયોગ્ય હોવાથી પર્યંત આવલિકામાં આયુની ઉદીરણા અવશ્ય થતી નથી. માટે સાંત, ફરી પણ પરભવમાં ઉત્પત્તિના પ્રથમ સમયે પ્રવર્ત્તે છે માટે સાદિ છે.

બાકીના જ્ઞાનાવરણ, દર્શનાવરણ, નામ, ગોત્ર, અને અંતરાય એ પાંચ મૂળ કર્મપ્રકૃતિની ઉદીરણા અનાદિ, ધ્રુવ અને અધ્રુવ એમ ત્રણ પ્રકારે છે, તે આ રીતે—જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાયની ઉદીરણા ક્ષીણમોહગુણસ્થાનની ચરમાવલિકા શેષ ન રહે ત્યાં સુધી સર્વ જીવોને અવશ્ય થાય છે; અને નામ-ગોત્રની ઉદીરણા સયોગીકેવલી ગુણસ્થાનકના ચરમસમય પર્યંત સર્વજીવોને અવશ્ય થાય છે, માટે તે પાંચ કર્મની ઉદીરણા અનાદિ છે. ત્યાંથી પડવાનો અભાવ છે માટે સાદિ નથી. અભવ્ય આશ્રયી અનંત અને ભવ્યાત્માઓ કે જેઓ બારમે અને તેરમે ગુણસ્થાનકે જઈ તે તે કર્મની ઉદીરણાનો નાશ કરશે, તેઓ આશ્રયી સાંત છે. ૨

આ પ્રમાણે મૂળ કર્મવિષયક સાદ્યાદિનું નિરૂપણ કર્યું. હવે ઉત્તરપ્રકૃતિના વિષયમાં સાદ્યાદિનું નિરૂપણ કરવા ઇચ્છતા કહે છે—

आधुवोदयाण दुविहा मिच्छस्स चउव्विहा तिहण्णासु ।
मूलुत्तरपगईणं भणामि उद्दीरगा एत्तो ॥३॥

अध्रुवोदयानां द्विधा मिथ्यात्वस्य चतुर्विधा त्रिधान्यासु ।
मूलोत्तरप्रकृतीनां भणाम्युदीरका अतः ॥३॥

અર્થ—અધ્રુવોદયી પ્રકૃતિઓની ઉદીરણા સાદિ અને સાંત એક બે પ્રકારે છે. ધ્રુવોદયી પ્રકૃતિઓમાં મિથ્યાત્વની ચાર પ્રકારે અને અન્ય પ્રકૃતિઓની ઉદીરણા ત્રણ પ્રકારે છે. હવે મૂળ અને ઉત્તર પ્રકૃતિઓના ઉદીરક કોણ છે ? તે કહું છુ.

ટીકાનુ૦—મિથ્યાત્વ, ઘાતિકર્મની ચૌદ, અને નામકર્મની તેત્રીસ કુલ અડતાળીસ ધ્રુવોદયી

પ્રકૃતિઓને વર્જીને શેષ એકસો દશ અધ્રુવોદયી પ્રકૃતિઓની ઉદીરણા તે સઘળી પ્રકૃતિઓ અધ્રુવોદયી હોવાથી સાદિ અને સાંત એમ બે પ્રકારે છે.

ધ્રુવોદયી પ્રકૃતિઓમાં મિથ્યાત્વની ઉદીરણા સાદિ, અનાદિ, ધ્રુવ અને અધ્રુવ એમ ચાર પ્રકારે છે. તે આ રીતે—જેણે સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યું છે તેને ઉદય નહિ હોવાથી મિથ્યાત્વની ઉદીરણા થતી નથી—માટે સાંત છે; સમ્યક્ત્વથી પડી મિથ્યાત્વે ગયેલાને ફરી ઉદીરણા થાય છે માટે સાદિ, અત્યારસુધી જેણે સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યું નથી તેઓ આશ્રયી અનાદિ, કોઈ કાળે સમ્યક્ત્વ પ્રાપ્ત કરતા નહિ હોવાથી અભવ્ય આશ્રયી અનંત અને ભવ્ય આશ્રયી સાંત છે.

જ્ઞાનાવરણીય પાંચ, દર્શનાવરણીય ચાર, અંતરાય પાંચ, અસ્થિર, સ્થિર, શુભ, અશુભ, તૈજસસપ્તક, અગુરુલઘુ, વર્ણાદિ વીસ અને નિર્માણ સઘળી મળી સુડતાળીસ પ્રકૃતિઓની ઉદીરણા અનાદિ, અનંત અને સાંત એમ ત્રણ પ્રકારે છે.

ઉપરોક્ત સુડતાળીસે પ્રકૃતિઓ ધ્રુવોદયી હોવાથી અનાદિકાળથી સઘળા જીવોને તેની ઉદીરણા પ્રવર્ત્તે છે માટે અનાદિ, અભવ્યોને અનંતકાળ પર્યંત પ્રવર્ત્તશે માટે અનંત, અને જે ભવ્યાત્માઓ ઉપરના ગુણસ્થાનકે જઈ ઉપરોક્ત પ્રકૃતિઓની ઉદીરણાનો વિચ્છેદ કરશે તેઓ આશ્રયી સાંત છે. તેમાં જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાયની ઉદીરણા બારમા ગુણસ્થાનકની આવલિકા શેષ ન રહે ત્યાં સુધી થાય છે, અને નામકર્મની તેત્રીસ પ્રકૃતિઓની ઉદીરણા તેરમા ગુણસ્થાનકના ચરમ સમય પર્યંત થાય છે, ત્યારબાદ તેનો વિચ્છેદ થાય છે. ૩

આ પ્રમાણે સાદ્યાદિનું નિરૂપણ કહ્યું. હવે અહીંથી ગ્રંથકાર કયો કયો જીવ કઈ કઈ મૂળ અને ઉત્તર કર્મપ્રકૃતિઓનો ઉદીરક છે, તે કહે છે.—

घाईणं छउमत्था उदीरगा रागिणो इ मोहस्स ।
वेयाऊण पमत्ता सजोगिणो नामगोयाणं ॥४॥

घातिनां छद्मस्था उदीरका रागिणस्तु मोहस्य ।
वेद्यायुषोः प्रमत्ताः सयोगिनो नामगोत्रयोः ॥४॥

અર્થ—ઘાતિકર્મના ઉદીરક છદ્મસ્થો છે, મોહના રાગી આત્માઓ, વેદનીય અને આયુના પ્રમત્ત સુધીના આત્માઓ, અને નામ-ગોત્રના સયોગી ગુણસ્થાન પર્યંતવર્તી આત્માઓ છે.

ટીકાનુ૦—જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાયરૂપ ઘાતિ કર્મપ્રકૃતિઓના ચરમાવલિકા ન્યૂન ક્ષીણમોહ ગુણસ્થાન સુધીમાં વર્તમાન સઘળા છદ્મસ્થ આત્માઓ ઉદીરક છે. મોહનીયકર્મના ચરમાવલિકા હીન સૂક્ષ્મસંપરાય ગુણસ્થાન સુધીના રાગી આત્માઓ ઉદીરક છે. વેદનીય અને આયુના પ્રમત્ત ગુણસ્થાનક સુધીના સઘળા આત્માઓ ઉદીરક છે. છઠ્ઠા ગુણસ્થાનક સુધીમાં પણ આયુની જ્યારે જ્યારે પર્યંતાવલિકા શેષ રહે ત્યારે ત્યારે તેમાં ઉદીરણા પ્રવર્ત્તતી નથી, તે સિવાયના કાળમાં પ્રવર્ત્તે છે. તથા નામ અને ગોત્રકર્મના સયોગીકેવલી ગુણસ્થાન સુધીના સઘળા આત્માઓ ઉદીરક છે. ૪

આ રીતે મૂળકર્મ પ્રકૃતિના ઉદીરણાના સ્વામી કહ્યા. હવે ઉત્તર પ્રકૃતિઓની ઉદીરણાના

સ્વામી કહે છે—

उवपरघायं साहारणं च इयरं तणुइ पज्जत्ता ।
छउमत्था चउदंसणनाणावरणंतरायाणं ॥५॥

उपघातं पराघातं साधारणं चेतरत् तन्वा पर्याप्ताः ।
छद्मस्थाश्चतुर्दर्शनज्ञानावरणान्तरायाणाम् ॥५॥

અર્થ—ઉપઘાત, પરાઘાત, સાધારણ, અને પ્રત્યેકના શરીર પર્યાપ્તિએ પર્યાપ્તા ઉદીરક છે. દર્શનાવરણીય ચાર, જ્ઞાનાવરણ પાંચ અને અંતરાય પાંચ એ ચૌદ પ્રકૃતિના સઘળા છદ્મસ્થ જીવો ઉદીરક છે.

ટીકાનુ૦—ઉપઘાત આદિમાં ષષ્ઠીના અર્થમાં પ્રથમા વિભક્તિ થઈ છે, માટે તેનો અર્થ આ પ્રમાણે થાય છે. ઉપઘાત, પરાઘાત સાધારણ અને इतर—પ્રત્યેક નામકર્મની ઉદીરણાના સ્વામી શરીરપર્યાપ્તિએ પર્યાપ્તા સઘળા આત્માઓ છે. માત્ર સાધારણ નામના[1] સાધારણ શરીરી જીવો

---

૧. સાધારણ, પ્રત્યેક અને ઉપઘાત નામકર્મની ઉદીરણા અહીં શરીરપર્યાપ્તિએ પર્યાપ્તાને કહી છે. પરંતુ કર્મપ્રકૃતિમાં પ્રકૃતિસ્થાન ઉદીરણાના અધિકારમાં અને આ જ ગ્રંથમાં સપ્તતિકા સંગ્રહમાં નામકર્મના ઉદયાધિકારમાં સાધારણ, પ્રત્યેક અને ઉપઘાતની ઉદીરણા શરીરસ્થને અને પરાઘાતની ઉદીરણા શરીરપર્યાપ્તિએ પર્યાપ્તાને કહી છે. અહીં શરીરસ્થ એટલે ઉત્પત્તિસ્થળે ઉત્પન્ન થયેલા, અને શરીરપર્યાપ્તા એટલે જેઓએ શરીર પર્યાપ્તિ પૂરી કરી લીધી હોય તેવા, એટલો શરીરસ્થ અને શરીરપર્યાપ્ત એ બેમાં ભેદ છે. જ્યાં જ્યાં ઉદય કે ઉદીરણાનાં સ્થાનો બતાવ્યાં છે ત્યાં ત્યાં એ ભેદ સ્પષ્ટપણે સમજાય છે.

જેમ કે, એકેન્દ્રિયને ૨૧-૨૪-૨૫-૨૬-૨૭ એ પાંચ ઉદય કે ઉદીરણાસ્થાનો છે. તેમાં વિગ્રહગતિમાં ૨૧, પ્રત્યેક કે સાધારણ, ઉપઘાત, ઔદારિક શરીર નામકર્મ અને હુંડકસ્થાન મેળવીએ અને આનુપૂર્વી કાઢીએ એટલે શરીરસ્થને ૨૪ની ઉદીરણા થાય છે. ત્યારબાદ શરીર પર્યાપ્તિએ પર્યાપ્તાને પરાઘાત સાથે ૨૫ની ઉદીરણા થાય છે. અહીં શરીરસ્થને ૨૪ની અને શરીરપર્યાપ્તિએ પર્યાપ્તાને ૨૫ની ઉદીરણા કહી છે. કદાચ અહીં શરીરસ્થ એટલે 'શરીરપર્યાપ્તિએ પર્યાપ્તા' એવો જ અર્થ કરીએ તો પ્રત્યેક આદિ સાથે જ પરાઘાતની ઉદીરણા પણ શરૂ થવી જોઈએ આગળ-પાછળ નહિ.

કદાચ શરીરસ્થ એટલે શરીરપર્યાપ્તિએ પર્યાપ્તા, એમ અર્થ કરીને એમ કહીએ કે શરીર પર્યાપ્તિએ પર્યાપ્તાને પહેલાં પ્રત્યેકાદિની ઉદીરણા શરૂ થાય, ત્યારબાદ કેટલાએક સમય ગયા પછી પરાઘાતની ઉદીરણા શરૂ થાય તો શું વાંધો છે ? એમ કહેવું એ પણ ઠીક નથી. કેમ કે શરીર પર્યાપ્તિ જ્યાં સુધી પૂર્ણ થઈ નથી ત્યાં સુધીના અંતર્મુહૂર્ત્ત પર્યંત ઔદારિક આદિ પ્રકૃતિઓનો ઉદય ન હોય તે કેમ બને ? ઔદારિક નામકર્મના ઉદય વિના તો ઔદારિક વર્ગણામાંથી પુદ્ગલ જ ગ્રહણ કરી શકતો નથી. અને અંતર્મુહૂર્ત્ત સુધી ઔદારિક પુદ્ગલ જ ગ્રહણ કરતો નથી એમ પણ કહી શકાય તેમ નથી. કેમ કે ઉત્પત્તિસ્થાને ઉત્પન્ન થઈને જ દરેક આત્માઓ ઔદારિક પુદ્ગલોને ગ્રહણ કરવાની શરૂઆત કરી દે છે.

કદાચ અહીં એમ કહેવામાં આવે કે અહીં ઉદીરણા શરીરપર્યાપ્તિએ પર્યાપ્તાને કહી છે. એટલે ઉદય ભલે ઉત્પત્તિસ્થળે ઉત્પન્ન થવાની સાથે જ થાય, ઉદીરણા પછી શરૂ થશે એ પણ ઠીક નથી. કેમ કે ઉદય અને ઉદીરણા સાથે જ શરૂ થાય છે. વળી ઉદીરણાનાં સ્થાનકો જ્યાં કહ્યાં છે, ત્યાં પ્રત્યેકાદિની શરીરસ્થને અને પરાઘાતની શરીરપર્યાપ્તિએ પર્યાપ્તને ઉદીરણા સ્પષ્ટ રીતે કહી છે. વળી ગાથા ૮માં आहारी એટલે આહારપર્યાપ્તિએ પર્યાપ્તાને વૈક્રિય શરીરની ઉદીરણા કહી છે, પ્રત્યેકાદિની ઉદીરણા શરીરની ઉદીરણા સાથે

જાણવા તથા દર્શનાવરણીય ચાર, જ્ઞાનાવરણીય પાંચ અને અંતરાય પાંચ—એ ચૌદ કર્મપ્રકૃતિઓની ઉદીરણાના સ્વામી ચરમાવલિકામાં વર્તમાન ક્ષીણમોહને વર્જીને શેષ સઘળા છદ્મસ્થ આત્માઓ છે. ૫

तसथावराइतिगतिगआउ गईजातिदिट्ठिवेयाणं ।
तन्नामाणूपुव्वीण किंतु ते अंतरगईए ॥६॥

त्रसस्थावरादित्रिक-त्रिकायुर्गतिजातिदृष्टिवेदानाम् ।
तन्नामानः आनुपूर्व्वीणां किन्तु ते अन्तरगतौ ॥६॥

અર્થ—ત્રસત્રિક, સ્થાવરત્રિક, આયુ, ગતિ, જાતિ, દષ્ટિ અને વેદ એ સઘળી પ્રકૃતિઓની ઉદીરણાના સ્વામી તે તે નામવાળા જીવો છે. માત્ર આનુપૂર્વીની ઉદીરણાના સ્વામી વિગ્રહગતિમાં વર્તમાન આત્માઓ જ છે.

ટીકાનુ૰—ત્રસાદિત્રિક—ત્રસ, બાદર અને પર્યાપ્ત, સ્થાવરાદિ ત્રિક—સ્થાવર, સૂક્ષ્મ અને અપર્યાપ્ત, ચાર આયુ, ચાર ગતિ, પાંચ જાતિ; ત્રણ દૃષ્ટિ—મિથ્યાત્વમોહનીય, મિશ્રમોહનીય અને સમ્યક્ત્વમોહનીય, નપુંસક આદિ ત્રણ વેદ એ સઘળી પ્રકૃતિઓની ઉદીરણાના સ્વામી તે તે નામવાળા એટલે કે તે તે પ્રકૃતિઓના ઉદયવાળા જીવો છે.

જેમ કે—ત્રસનામની ઉદીરણાના સ્વામી ત્રસ નામના ઉદયવાળા ત્રસ જીવો, બાદરનામની ઉદીરણાના સ્વામી બાદરનામના ઉદયવાળા બાદર જીવો, સૂક્ષ્મનામના ઉદયવાળા સૂક્ષ્મજીવો, એ પ્રમાણે ઉપરોક્ત તે તે પ્રકૃતિના ઉદયવાળા જીવો તે તે પ્રકૃતિની ઉદીરણાના સ્વામી છે. ભલે પછી તે જીવો વિગ્રહગતિમાં વર્તતા હોય કે શરીરસ્થ હોય.

આનુપૂર્વી નામકર્મની ઉદીરણાના સ્વામી આનુપૂર્વીના ઉદયવાળા જીવો છે, જેમ કે, નરકાનુપૂર્વીની ઉદીરણાના સ્વામી નારકો છે, એ પ્રમાણે શેષ આનુપૂર્વી માટે પણ સમજવું. માત્ર વિગ્રહગતિમાં વર્તમાન જીવો જ આનુપૂર્વીના ઉદીરક છે, કેમ કે વિગ્રહગતિમાં જ તેનો ઉદય છે. ૬

आहारी उत्तरतणु नरतिरितव्वेयए पमोत्तूणं ।
उद्दीरंती उरलं ते चेव तसा उवंगं से ॥७॥

જ થાય છે, આગળ પાછળ નહિ.

વળી કર્મપ્રકૃતિ ઉદી. ગા. ૬માં 'पत्तेगियरस्स उ तणुत्था' એ પદની ચૂર્ણિ આ પ્રમાણે છે. 'पत्तेयसरीरणामाए साहारणसरीरणामाए य सव्वे सरीरोदए वट्टमाणा उदीरगा' એટલે શરીર નામના ઉદયે વર્તમાન પ્રત્યેક-સાધારણની ઉદીરણાના સ્વામી છે એમ કહે છે. પરાઘાત માટે ગા. ૧૨માં 'परघायस्स उ देहेण पज्जत्ता' અહીં देहेण पज्जत्ता એટલે શરીર પર્યાપ્તિએ પર્યાપ્તા સ્પષ્ટ પાઠ છે. ચૂર્ણિમાં પણ એ પ્રકારે જ છે. અહીં तणुत्था અને देहेण पज्जत्तानो સ્પષ્ટ ભેદ જણાય છે. માટે શરીરસ્થ એટલે ઉત્પત્તિ સ્થળે ઉત્પન્ન થયેલા એ અર્થ ઠીક લાગે છે. ઉપર શરીરસ્થ એટલે શરીરપર્યાપ્તિએ પર્યાપ્તા અર્થ કઈ રીતે કર્યો છે તે સમજાતું નથી. અહીં તત્ત્વ બહુશ્રુત જાણે.

आहारी उत्तरतनवः नरतिरश्चस्तद्वेदकान् प्रमुच्य ।
उदीरयन्ति उरलं ते चैव त्रसा उपाङ्गं तस्य ॥७॥

અર્થ—આહારક શરીરી, તથા વૈક્રિયશરીરી દેવો, નારકીઓ અને તેના વેદક મનુષ્ય તિર્યંચોને છોડી શેષ સઘળા જીવો ઔદારિક નામની ઉદીરણાના સ્વામી છે. તે જ સઘળા પરંતુ ત્રસ જીવો તેના ઉપાંગની ઉદીરણાના સ્વામી છે.

ટીકાનુ૦—આહારક શરીર જેઓએ વિકુર્વ્યું છે તેવા આહારક શરીરી આત્માઓ, વૈક્રિયશરીરી દેવો અને નારકીઓ તથા વૈક્રિયશરીરની જેઓએ વિકુર્વણા કરી છે તેવા વૈક્રિય શરીરી મનુષ્યો[1] અને તિર્યંચો આ સઘળાઓને છોડીને શેષ સઘળા એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરિન્દ્રિય અને પંચેન્દ્રિય આત્માઓ ઔદારિક શરીર નામકર્મ, ઔદારિક બંધન ચતુષ્ટય અને ઔદારિક સંઘાતનની ઉદીરણાના સ્વામી છે.

તથા જે જીવો ઔદારિક શરીરની ઉદીરણાના સ્વામી છે તે સઘળા ઔદારિક અંગોપાંગ નામની ઉદીરણાના પણ સ્વામી છે. પરંતુ માત્ર ત્રસ જીવો જ સ્વામી છે. કેમ કે સ્થાવરોને અંગોપાંગ નામકર્મનો ઉદય હોતો નથી. ૭

आहारीसुरनारग सण्णी इयरेऽनिलो उ पज्जत्तो ।
लद्धीए बायरो दीरगो उ वेउव्वियतणुस्स ॥८॥

आहारिणः सुरनारकाः संज्ञिन इतरे अनिलस्तु पर्याप्तः ।
लब्ध्या बादर उदीरकास्तु वैक्रियतनोः ॥८॥

અર્થ—આહાર પર્યાપ્તિએ પર્યાપ્ત દેવો, નારકો, વૈક્રિયલબ્ધિ યુક્ત સંજ્ઞી મનુષ્યો-તિર્યંચો અને બાદર પર્યાપ્ત વાઉકાય વૈક્રિયશરીર નામકર્મના ઉદીરક છે.

ટીકાનુ૦—તનુસ્થ-ઉત્પત્તિસ્થાને ઉત્પન્ન થયેલા—આહાર પર્યાપ્તિએ પર્યાપ્તા દેવો અને નારકીઓ, તથા જેઓને વૈક્રિય શરીર કરવાની શક્તિ ઉત્પન્ન થયેલી છે અને તેની વિકુર્વણા કરી રહ્યા છે એવા સંજ્ઞી મનુષ્યો અને તિર્યંચો તથા વૈક્રિય લબ્ધિ સંપન્ન દુર્ભગનામના ઉદયવાળા બાદરપર્યાપ્ત વાઉકાય આ સઘળા જીવો વૈક્રિય શરીર નામકર્મની, ઉપલક્ષણથી વૈક્રિય બંધન ચતુષ્ટય અને વૈક્રિયસંઘાતન નામની ઉદીરણાના સ્વામી છે. ૮

तदुवंगस्सवि तेच्चिय पवणं मोत्तूण केइ नर तिरिया ।
आहारसत्तगस्स वि कुणइ पमत्तो विउव्वन्तो ॥९॥

तदुपाङ्गस्यापि ते एव पवनं मुक्त्वा केऽपि नरतिर्यञ्चः ।
आहारकसप्तकस्यापि करोति प्रमत्तः विकुर्वन् ॥९॥

---

૧. વૈક્રિય અને આહારકની વિકુર્વણા કરનાર મનુષ્ય-તિર્યંચને જ્યાં સુધી તે વૈક્રિય અને આહારક શરીર રહે છે, ત્યાં સુધી વૈક્રિય અને આહારક નામની જ ઉદય-ઉદીરણા હોય છે, ઔદારિકની ઉદય ઉદીરણા હોતી નથી. જો કે તે વખતે ઔદારિક શરીર હયાત છે પરંતુ તે નિશ્ચેષ્ટ હોય છે.

અર્થ—વાયુકાય છોડીને વૈક્રિય અંગોપાંગના પણ તે જ જીવો ઉદીરક છે. માત્ર કેટલાએક મનુષ્ય-તિર્યંચો ઉદીરક છે. આહારક સપ્તકની વિકુર્વણા પ્રમત્ત સંયતો કરે છે.

ટીકાનુ૰—વૈક્રિય અંગોપાંગ નામની ઉદીરણાના સ્વામી પણ વાયુકાય જીવોને અંગોપાંગ નહિ હોવાથી તેઓને છોડી આઠમી ગાથામાં કહ્યા તે જ દેવાદિ આત્માઓ કે જેઓ વૈક્રિયશરીરનામના ઉદીરક છે તેઓ સઘળા છે. માત્ર મનુષ્ય-તિર્યંચોમાંના થોડા જ વૈક્રિયશરીર અને વૈક્રિય અંગોપાંગનામના ઉદીરક છે. કારણ કે કેટલાએક તિર્યંચ-મનુષ્યો જ વૈક્રિયલબ્ધિ યુક્ત હોય છે. જેઓને તેની લબ્ધિ હોય તેઓ જ તેને વિકુર્વી શકે છે.

તથા આહારકસપ્તકની વિકુર્વણા કરતા લબ્ધિયુક્ત ચૌદ પૂર્વધર પ્રમત્તસંયત આત્માઓ તેની ઉદીરણા કરે છે, એટલે તેની[1] ઉદીરણાના તેમાં સ્વામી છે. ૯

तेत्तीसं नामधुवोदयाण उद्दीरगा सजोगीओ ।
लोभस्स उ तणुकिट्टीण होंति तणुरागिणो जीवा ॥१०॥

त्रयस्त्रिंशतां नामध्रुवोदयानां उदीरकाः सयोगिनः ।
लोभस्य तु तनुकिट्टीनां भवन्ति तनुरागिणो जीवाः ॥१०॥

અર્થ—નામની ધ્રુવોદયી તેત્રીસ પ્રકૃતિઓના સયોગી સુધીના જીવો ઉદીરક છે. લોભની સૂક્ષ્મકિટ્ટીઓના તનુરાગી—સૂક્ષ્મસંપરાયવર્તી આત્માઓ ઉદીરક છે.

ટીકાનુ૰—નામકર્મની ધ્રુવોદયી તૈજસ સપ્તક, વર્ણાદિ વીસ, સ્થિર, અસ્થિર, શુભ, અશુભ, નિર્માણ અને અગુરુલઘુ એ તેત્રીસ પ્રકૃતિઓના સયોગી કેવલી ગુણસ્થાન સુધીમાં વર્તતા સઘળા આત્માઓ ઉદીરણા સ્વામી છે.

ચરમાવલિકા છોડી સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનવર્તી આત્માઓ લોભ સંબંધી સૂક્ષ્મ કિટ્ટીઓની ઉદીરણાના સ્વામી છે. ક્ષપકશ્રેણીમાં ચરમાવલિકા એ ઉદયાવલિકા છે અને તે સકલ કરણને અયોગ્ય છે, અને તેની ઉપર દલિક જ નથી. તથા ઉપશમશ્રેણિમાં અંતરકરણ ઉપરની બીજી સ્થિતિમાં દલિક હોય છે પરંતુ તેની ઉદીરણા પણ તે વખતે હોતી નથી. માટે તેનું વર્જન કર્યું છે. (બાદર લોભની ઉદીરણા તો નવમા ગુણસ્થાનક સુધી થાય છે, માટે બાદર લોભની ઉદીરણાના સ્વામી નવમા સુધીના આત્માઓ છે. કેવળ કિટ્ટીકૃત લોભની દશમા ગુણસ્થાનકે વર્તમાન આત્માઓ જ ઉદીરણા કરે છે, કેમ કે તેનો ઉદય દશમે ગુણસ્થાનકે જ હોય છે). ૧૦

पंचिंदियपज्जत्ता नरतिरिय चउरंसउसभपुव्वाणं ।
चउरंसमेव देवा उत्तरतणुभोगभूमा य ॥११॥

---

૧. આહારક શરીર વિકુર્વી તે શરીર યોગ્ય સઘળી પર્યાપ્તિએ પર્યાપ્તો થઈ અપ્રમત્તે જાય છે, અને ત્યાં તેઓને ૨૯ અને ૩૦ એ બે નામકર્મનાં ઉદયસ્થાનકો હોય છે. એટલે આહારકદ્વિકની ઉદીરણા અપ્રમત્ત પણ કરે છે. છતાં અલ્પ હોવાથી વિવક્ષા કરી નથી, એમ જણાય છે.

पञ्चेन्द्रियपर्याप्ता नरतिर्यञ्चः समचतुरस्त्रवज्रर्षभपूर्वाणाम् ।
चतुरस्त्रमेव देवा उत्तरतनुभोगभूमिजाश्च ॥११॥

અર્થ—સમચતુરસ્રાદિ સંસ્થાન અને વજ્રઋષભ સંઘયણાદિ સંઘયણના ઉદીરણા પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યો છે. દેવો, ઉત્તર તનુવાળા, અને ભોગભૂમિજો સમચતુરસ્ર સંસ્થાનના જ ઉદીરક છે.

ટીકાનુ૦—શરીરપર્યાપ્તિએ પર્યાપ્તા[1] પંચેન્દ્રિય તિર્યંચો અને મનુષ્યો સમચતુરસ્રાદિ છ સંસ્થાન અને વજ્રઋષભનારાચ સંઘયણાદિ છ સંઘયણની ઉદીરણાના સ્વામી છે. ઉદયપ્રાપ્ત કર્મની જ ઉદીરણા થાય છે તેવો નિયમ હોવાથી જ્યારે જે સંઘયણ કે જે સંસ્થાન ઉદયપ્રાપ્ત હોય ત્યારે તેની ઉદીરણા થાય છે. અન્યની નહિ, એમ સમજવું.

તથા સઘળા દેવો, ઉત્તર તનુવાળા-આહારકશરીર અને વૈક્રિયશરીરી અને ભોગભૂમિમાં ઉત્પન્ન થયેલા સઘળા[2] યુગલિકો એક સમચતુરસ્ર સંસ્થાનની જ ઉદીરણા કરે છે. ઉદયનો અભાવ હોવાથી તેઓ અન્ય સંસ્થાનોની ઉદીરણા કરતા નથી. ૧૧

आइमसंघयणं चिय सेढीमारूढगा उदीरेंति ।
इयरे हुंडं छेवट्ठगं तु विगला अपज्जत्ता ॥१२॥

आदिमसंहननमेव श्रेणिमारूढा उदरयन्ति ।
इतरे हुण्डं सेवार्त्तं तु विकला अपर्याप्ताः ॥१२॥

અર્થ—શ્રેણિ પર આરૂઢ થયેલા પ્રથમ સંઘયણને જ ઉદીરે છે. ઇતર હુંડકને અને દ્વીન્દ્રિયાદિ ત્રસો તથા અપર્યાપ્તાઓ છેવટ્ઠા સંઘયણને ઉદીરે છે.

ટીકાનુ૦—(શ્રેણી શબ્દથી અહીં ક્ષપકશ્રેણિ લેવાની છે, કેમ કે ઉપશમ શ્રેણિ પર તો પ્રથમના ત્રણ સંઘયણ વડે આરૂઢ થઈ શકાય છે.) એટલે ક્ષપકશ્રેણિ પર આરૂઢ થયેલા આત્માઓ વજ્રઋષભનારાચ સંઘયણની જ ઉદીરણા કરે છે, ઉદયનો અભાવ હોવાથી અન્ય કોઈ પણ સંઘયણવાળા આત્માઓ ક્ષપકશ્રેણિ પર આરૂઢ થઈ શકતા નથી.

તથા **इतरे**- ઉપર જે જીવોને જે સંસ્થાનના ઉદીરક કહ્યા તેનાથી અન્ય—એકેન્દ્રિયો, વિકલેન્દ્રિયો, નારકીઓ અને લબ્ધિ અપર્યાપ્તા પંચેન્દ્રિય તિર્યંચ—મનુષ્યો હુંડકસંસ્થાનની જ ઉદીરણા કરે છે, કેમ કે તેઓ સઘળાને હુંડકસંસ્થાનનો જ ઉદય હોય છે, અન્ય કોઈ સંસ્થાન તેઓને ઉદયમાં હોતું નથી. તથા વિકલેન્દ્રિયો અને લબ્ધિ અપર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચ-મનુષ્યો એક સેવાર્ત્ત સંઘયણની જ ઉદીરણા કરે છે. શેષ સંઘયણનો તેઓને ઉદય નહિ હોવાથી ઉદીરણા કરતા નથી. ૧૨

---

૧. અહીં પણ શરીર પર્યાપ્તિએ પર્યાપ્તા સંઘયણ-સંસ્થાનના ઉદીરક કહ્યા છે. પરંતુ તનુસ્થને-ઉત્પત્તિ સ્થળે ઉત્પન્ન થયેલાને શરીરનામકર્મના ઉદયની સાથે તેઓનો ઉદય થાય છે અને ઉદય સાથે ઉદીરણા પણ હોય છે. માટે સંઘયણ-સંસ્થાનના ઉદીરક પણ તનુસ્થ હોય એમ જણાય છે.

૨. સંઘયણમાં પણ પ્રથમ સંઘયણની જ ઉદીરણા યુગલિકો કરે છે.

वेउव्वियआहारगउदए न नरावि होंति संघयणी ।
पज्जत्तबायरे च्चिय आयवउद्दीरगो भोमो ॥१३॥

वैक्रियाऽऽहारकोदये न नरा अपि भवन्ति संहननिनः ।
पर्याप्तबादर एव आतपोदीरको भौमः ॥१३॥

અર્થ—વૈક્રિય અને આહારકના ઉદયવાળા મનુષ્યો પણ સંઘયણી હોતા નથી. પર્યાપ્ત બાદર પૃથ્વીકાય જ આતપનો ઉદીરક છે.

ટીકાનુ૦—ઉત્તરવૈક્રિય અને આહારક નામકર્મના ઉદયે વર્તતા મનુષ્યો અને અપિ શબ્દથી ઉત્તર વૈક્રિય શરીરી તિર્યંચો પણ કોઈ પણ સંઘયણની ઉદીરણા કરતા નથી, કેમ કે સંઘયણ ઔદારિક શરીરમાં હોય છે. અન્ય શરીરોમાં હાડકાં નહિ હોવાથી સંઘયણો હોતા નથી.

તથા સૂર્યના વિમાનની નીચે રહેલ ખર પર્યાપ્ત બાદર પૃથ્વીકાય જીવો જ આતપની ઉદીરણાના સ્વામી છે, કેમ કે અન્ય કોઈ પણ જીવોને આતપનો ઉદય હોતો નથી. ૧૩

पुढवीआउवणस्सइबायरपज्जत्त उत्तरतणू य ।
विगलपणिंदियतिरिया उज्जोवुद्दीरगा भणिया ॥१४॥

पृथिव्यम्बुवनस्पतयः बादरपर्याप्ता उत्तरतनवः ।
विकलेन्द्रियपञ्चेन्द्रियतिर्यञ्चः उद्योतोदीरका भणिताः ॥१४॥

અર્થ—બાદર પર્યાપ્ત પૃથ્વીકાય, અપ્કાય, વનસ્પતિકાય, ઉત્તરવૈક્રિય અને આહારક શરીરી, વિકલેન્દ્રિય અને પંચેન્દ્રિય તિર્યંચો એ સઘળા ઉદ્યોતના ઉદીરક છે.

ટીકાનુ૦—બાદર લબ્ધિ પર્યાપ્ત પૃથ્વીકાય, અપ્કાય અને (પ્રત્યેક કે સાધારણ) વનસ્પતિકાય તથા ઉત્તરવૈક્રિયશરીરી, આહારકશરીરી તથા પર્યાપ્ત વિકલેન્દ્રિયો, અને તિર્યંચ પંચેન્દ્રિયો આ સઘળા જીવોને તીર્થંકર પરમાત્માઓએ અને ગણધરોએ ઉદ્યોતની ઉદીરણાના સ્વામી કહ્યા છે, કેમ કે આ સઘળાઓને ઉદ્યોતના ઉદયનો સંભવ છે. ઉદ્યોતનો જ્યારે અને જેઓને ઉદય હોય ત્યારે અને તેઓને ઉદ્યોતની ઉદીરણા પણ હોય છે. ૧૪

सगला सुगतिसराणं पज्जत्तासंखवास देवा य ।
इयराणं नेरइया नरतिरि सुसरस्स विगला य ॥१५॥

सकलाः सुगतिस्वरयोः पर्याप्ता असंख्येयवर्षायुषो देवाश्च ।
इतरयोर्नैरयिका नरतिर्यञ्चः सुस्वरस्य विकलाश्च ॥१५॥

અર્થ—પર્યાપ્ત પંચેન્દ્રિયો, અસંખ્ય વર્ષાયુવાળા યુગલિકો અને દેવો શુભવિહાયોગતિ અને સુસ્વરના ઉદીરક છે. તથા નારકીઓ અને કેટલાએક મનુષ્ય તિર્યંચો અશુભવિહાયોગતિ અને દુઃસ્વરના ઉદીરક છે. વિકલેન્દ્રિયો સુસ્વર અને દુઃસ્વરના ઉદીરક છે.

ટીકાનુ૦—કેટલાએક પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચો અને મનુષ્યો, તથા અસંખ્ય વર્ષના

આયુવાળા સઘળા યુગલિકો, સઘળા દેવો પ્રશસ્ત વિહાયોગતિ અને સુસ્વર નામની ઉદીરણાના સ્વામી છે. તથા નારકીઓ અને જેને જેને તેનો ઉદય હોય તેવા પર્યાપ્ત મનુષ્ય-તિર્યંચો[1] અપ્રશસ્ત વિહાયોગતિ અને દુસ્વરની ઉદીરણાના સ્વામી છે. તથા પર્યાપ્ત વિકલેન્દ્રિયોમાંથી કેટલાએક સુસ્વરની અને કેટલાએક દુઃસ્વરની ઉદીરણાના સ્વામી છે. લબ્ધિ અપર્યાપ્ત વિકલેન્દ્રિયાદિને વિહાયોગતિ અને સ્વરનો ઉદય હોતો નથી. ૧૫

ऊसासस्स सरस्स य पज्जत्ता आणुपाणभासासु ।
जा ण निरुंभइ ते ताव होंति उद्दीरगा जोगी ॥१६॥

उच्छ्वासस्य स्वरस्य च पर्याप्ता आनप्राणभाषाभ्याम् ।
यावन्न निरुध्येते ते तावद्भवन्त्युदीरका योगिनः ॥१६॥

અર્થ—આનપાન અને ભાષાપર્યાપ્તિએ પર્યાપ્તા અનુક્રમે ઉચ્છ્વાસ અને સ્વરના ઉદીરક છે. તથા જ્યાં સુધી તે બેનો રોધ થયો હોતો નથી ત્યાં સુધી તે બેના સયોગી કેવલી ઉદીરક છે.

ટીકાનુ૦—ઉચ્છ્વાસ અને સ્વર સાથે આનપ્રાણ અને ભાષા શબ્દોનો અનુક્રમે યોગ કરવો. તાત્પર્ય એ કે શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિએ પર્યાપ્તા સઘળા આત્માઓ ઉચ્છ્વાસ નામકર્મના ઉદીરક છે. અને ભાષાપર્યાપ્તિએ પર્યાપ્તા સઘળા આત્માઓ સુસ્વર અથવા દુઃસ્વર બેમાંથી જેનો ઉદય હોય તેના ઉદીરક છે. પરસ્પર વિરોધી પ્રકૃતિ હોવાથી બંનેનો સાથે ઉદય હોતો નથી. જો કે પહેલાં સામાન્યથી સ્વર નામના ઉદીરક પર્યાપ્તા કહી ગયા છે, છતાં 'ભાષાપર્યાપ્તિએ પર્યાપ્તા જ સ્વરના ઉદીરક હોય છે' એ વિશેષ બતાવવા માટે અહીં ફરી કહેવામાં આવ્યું છે. તથા જ્યાં સુધી ઉચ્છ્વાસ અને ભાષાનો રોધ થયો હોતો નથી ત્યાં સુધી જ સયોગીકેવલી આત્માઓ ઉચ્છ્વાસ અને સ્વર નામના ઉદીરક હોય છે. ત્યારબાદ ઉદય બંધ પડી જવાથી ઉદીરણા થતી નથી. ૧૬

नेरइया सुहुमतसा वज्जिय सुहुमा य तह अपज्जत्ता ।
जसकित्तुदीरगाइज्जसुभगनामाण सण्णिसुरा ॥१७॥

नैरयिकान् सूक्ष्मत्रसान् वर्जयित्वा सूक्ष्मांश्च तथाऽपर्याप्तान् ।
यशःकीर्त्तेरुदीरकाः आदेयसुभगनाम्नोः संज्ञिसुराः ॥१७॥

અર્થ—નારકી, સૂક્ષ્મત્રસ, સૂક્ષ્મ, તથા અપર્યાપ્તાઓને વર્જીને શેષ જીવો યશઃકીર્ત્તિના ઉદીરક હોય છે. આદેય અને સુભગ નામના સંજ્ઞી અને દેવો ઉદીરક હોય છે.

---

૧. લબ્ધિ અપર્યાપ્ત મનુષ્ય તિર્યંચોને ઉપરોક્ત પ્રકૃતિઓનો ઉદય જ હોતો નથી, કેમ કે તેઓને શરૂઆતનાં ૨૧ અને ૨૬ બે જ ઉદયસ્થાનો હોય છે. પર્યાપ્ત નામના ઉદયવાળા મનુષ્ય-તિર્યંચોમાં કેટલાકને શુભવિહાયોગતિ અને સુસ્વરનો અને કેટલાએકને અશુભ વિહાયોગતિ અને દુસ્વરનો ઉદય હોય છે. જેને જેનો ઉદય હોય તે તેની ઉદીરણા કરે છે.

ટીકાનુ૦—નારકીઓ, સૂક્ષ્મત્રસ-તેઉકાય અને વાયુકાય જીવો, સૂક્ષ્મનામકર્મના ઉદયવાળા સઘળા આત્માઓ, અને લબ્ધિ અપર્યાપ્તા એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરિન્દ્રિય અને પંચેન્દ્રિય આ સઘળાઓને છોડીને શેષ સઘળા આત્માઓ યશઃકીર્ત્તિના ઉદીરક છે. જેઓને યશઃકીર્ત્તિનો ઉદય કહ્યો છે તેઓને પણ જ્યારે યશઃકીર્ત્તિનો ઉદય હોય ત્યારે જ તેની ઉદીરણા કરે છે.

તથા કેટલાએક સંજ્ઞી મનુષ્ય અને તિર્યંચો અને કેટલાએક દેવો સૌભાગ્ય અને આદેય નામના ઉદીરક છે, કે જેઓને તેનો ઉદય હોય છે. ૧૭

उच्चं चिय जइ अमरा केई मणुया व नीयमेवण्णे ।
चउगइया दुभगाई तित्थयरो केवली तित्थं ॥१८॥

उच्चैर्गोत्रमेव यतयोऽमराः केऽपि मनुष्या वा नीचमेवान्ये ।
चतुर्गतिका दुर्भगादीः तीर्थंकरः केवली तीर्थम् ॥१८॥

અર્થ—યતિઓ અને દેવો ઉચ્ચ ગોત્રને જ ઉદીરે છે. કેટલાએક મનુષ્યો ઉચ્ચ ગોત્રને ઉદીરે છે. અન્ય જીવો નીચ ગોત્રને જ ઉદીરે છે. દુર્ભગ આદિને ચારે ગતિના જીવો ઉદીરે છે. તીર્થંકરકેવલી તીર્થંકર નામને ઉદીરે છે.

ટીકાનુ૦—સમ્યક્ સંયમાનુષ્ઠાનમાં પ્રયત્ન કરતા સઘળા મુનિરાજો, (દેશવિરતિ ગુણસંપન્ન મનુષ્યો) અને સઘળા ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ અને વૈમાનિક દેવો ઉચ્ચ ગોત્રને જ ઉદીરે છે. તથા કેટલાક પ્રાકૃત મનુષ્યો કે જેઓએ ઉચ્ચ કુલમાં જન્મ ધારણ કર્યો છે તેઓ પણ ઉચ્ચ ગોત્રને ઉદીરે છે. તેઓ સઘળાને નીચ ગોત્રનો ઉદય નહિ હોવાથી નીચ ગોત્ર ઉદીરતા નથી. તથા ઉક્ત વ્યતિરિક્ત નારકીઓ તિર્યંચો, અને નીચ કુળમાં ઉત્પન્ન થયેલા મનુષ્યો નીચ ગોત્રને જ ઉદીરે છે.

તથા દુર્ભગ, અનાદેય અને અપયશઃકીર્ત્તિ એ ત્રણ કર્મ પ્રકૃતિને ચારે ગતિના જીવો ઉદીરે છે. માત્ર જેઓને સુભગ આદિનો ઉદય હોય તેઓ તેને ઉદીરે છે, શેષ સઘળા દુર્ભગ આદિના ઉદયે વર્ત્તતા દુર્ભગાદિની ઉદીરણા કરે છે.

તથા જેઓએ તીર્થંકર નામકર્મ બાંધ્યું છે તેઓને જ્યારે કેવળજ્ઞાન ઉત્પન્ન થાય ત્યારે તેઓ તીર્થંકર નામકર્મની ઉદીરણા કરે છે, શેષકાળે નહિ. કેમ કે શેષકાળે તીર્થંકર નામનો ઉદય હોતો નથી. ૧૮

मोत्तूण खीणरागं इंदियपज्जत्तगा उदीरंति
निद्दापयला सायासायाई जे पमत्तत्ति ॥१९॥

मुक्त्वा क्षीणरागं इन्द्रियपर्याप्तका उदीरयन्ति ।
निद्राप्रचले साताऽसाते ये प्रमत्ता इति ॥१९॥

અર્થ—ચરમાવલિકા સ્થિતિ ક્ષીણરાગને છોડી ઇન્દ્રિયપર્યાપ્તિએ પર્યાપ્તા સઘળા નિદ્રા અને પ્રચલાની ઉદીરણા કરે છે. સાતા અને અસાતાને પ્રમત્તગુણસ્થાન સુધીના આત્માઓ

ઉદીરે છે.

ટીકાનુ૰—નિદ્રા અને પ્રચલાની ઉદીરણા ક્ષીણમોહ ગુણસ્થાનની ચરમ આવલિકા શેષ ન રહે ત્યાં સુધી ઇન્દ્રિય પર્યાપ્તિએ પર્યાપ્તા સઘળા જીવો જ્યારે તેનો ઉદય હોય ત્યારે ઉદીરણા કરે છે.

'કર્મસ્તવ' નામના પ્રાચીન બીજા કર્મગ્રંથના કર્તા આદિ કેટલાએક આચાર્ય મહારાજાઓ ક્ષપકશ્રેણિમાં અને ક્ષીણમોહગુણસ્થાનકે પણ નિદ્રાદ્વિકનો ઉદય માને છે, ઉદય હોય ત્યારે અવશ્ય તેની ઉદીરણા પણ હોય છે, માટે તેમના મતે અહીં ઇન્દ્રિય પર્યાપ્તિએ પર્યાપ્તા થવાના કાળથી આરંભી ક્ષીણમોહગુણસ્થાનકની ચરમાવલિકા શેષ ન રહે ત્યાં સુધી નિદ્રાદ્વિકની ઉદીરણા કહી છે.

'સત્કર્મ' નામના ગ્રંથના કર્ત્તા આદિ કેટલાએક આચાર્ય મહારાજાઓ ક્ષપકશ્રેણી અને ક્ષીણમોહગુણસ્થાનકે વર્તમાન આત્માઓને છોડીને નિદ્રાદ્વિકનો ઉદય માને છે, તે ગ્રંથમાં કહ્યું છે કે, ક્ષપકશ્રેણિમાં અને ક્ષીણમોહગુણસ્થાનકે વર્તમાન આત્માઓને છોડી શેષ જીવોને નિદ્રાદ્વિકનો ઉદય હોય છે. તેમના મતે ક્ષપકશ્રેણિમાં વર્તમાન આત્માઓને છોડી શેષ ઉપશાંતમોહગુણસ્થાનક સુધીમાં વર્તમાન સઘળા આત્માઓને નિદ્રાદ્વિકનો ઉદય અને ઉદીરણા હોય છે.

કર્મપ્રકૃતિ ઉદીરણાકરણ ગાથા ૧૮મીમાં કહ્યું છે કે—'જે સમયે ઇન્દ્રિય પર્યાપ્તિએ પર્યાપ્તો થાય તેની પછીના સમયથી આરંભી ક્ષપકશ્રેણિ અને ક્ષીણમોહે વર્ત્તતા આત્માઓને છોડીને (ઉપશાંતમોહ ગુણસ્થાન પર્યંત) શેષ સઘળા જીવો નિદ્રા અને પ્રચલાની ઉદીરણાના સ્વામી છે.'

તથા મિથ્યાદૃષ્ટિથી આરંભી પ્રમત્ત ગુણસ્થાનક સુધીમાં વર્તમાન સઘળા આત્માઓ સાતા-અસાતાની ઉદીરણા કરે છે. અન્ય અપ્રમત્તાદિ ગુણસ્થાનકવર્ત્તી આત્માઓ અતિવિશુદ્ધ પરિણામવાળા હોવાથી "તદ્યોગ્ય અધ્યવસાયના અભાવે બેમાંથી કોઈની ઉદીરણા કરતા નથી, માત્ર તેઓને સાતા-અસાતામાંથી એકનો ઉદય જ હોય છે." ૧૯

अपमत्ताईउत्तरतणूयअस्संखयाउ वज्जेत्ता ।
सेसानिद्दाणं सामी सबंधगंता कसायाणं ॥२०॥

अप्रमत्ताद्युत्तरतन्वसंख्येयायुषः वर्जयित्वा ।
शेषनिद्राणां स्वामिनः स्वबन्धकान्ताः कषायाणाम् ॥२०॥

અર્થ—અપ્રમત્તાદિ, ઉત્તર તનુવાળા, અને અસંખ્યેય વર્ષાયુઓને છોડી શેષ જીવો શેષ નિદ્રાઓની ઉદીરણાના સ્વામી છે. જે કષાયોનો જ્યાં જ્યાં બંધ વિચ્છેદ થાય ત્યાં સુધીમાં વર્ત્તતા આત્માઓ તે તે કષાયની ઉદીરણાના સ્વામી છે.

ટીકાનુ૰—અપ્રમત્તાદિ ગુણસ્થાનકવાળા, ઉત્તરતનૂ—વૈક્રિયશરીરી[1] અને આહારક-શરીરી, અને અસંખ્યેય વર્ષના આયુવાળા યુગલિક આત્માઓને છોડીને શેષ સઘળા જીવો શેષ

૧. અહિ 'વૈક્રિય શરીરી' એ પદથી દેવો, નારકીઓ તેમજ વૈક્રિય જેઓએ વિકુર્વ્યું છે, તેવા મનુષ્ય, તિર્યંચો લેવાના છે.

નિદ્રાઓના (નિદ્રાદ્વિકની ઉદીરણાના સ્વામી કહી ગયા છે, એટલે તે સિવાયની), નિદ્રાનિદ્રા, પ્રચલાપ્રચલા અને થીણદ્ધિનિદ્રાની ઉદીરણાના સ્વામી છે.

તથા જે જે કષાયનો જે જે ગુણસ્થાનકે બંધવિચ્છેદ થાય છે, તે તે ગુણસ્થાનક સુધીમાં વર્તમાન આત્માઓ તે તે કષાયની ઉદીરણાના સ્વામી છે, અન્ય નહિ. જેમકે—અનન્તાનુબંધીના સાસ્વાદન સુધીમાં વર્ત્તતા, અપ્રત્યાખ્યાનાવરણ કષાયના અવિરતિ સમ્યગ્દષ્ટિ સુધીમાં વર્ત્તતા, પ્રત્યાખ્યાનાવરણ કષાયના દેશવિરતિ સુધીમાં વર્ત્તતા, લોભ વર્જિત સંજ્વલન કષાયના નવમા ગુણસ્થાનકે જ્યાં સુધી તેનો બંધ થાય છે—ત્યાં સુધીમાં વર્ત્તતા તથા સંજ્વલન લોભના અનિવૃત્તિ બાદર સંપરાય ગુણસ્થાન સુધીમાં વર્ત્તતા આત્માઓ ઉદીરક હોય છે. અને કિટ્ટીઓના દશમે ગુણસ્થાનકે વર્તમાન આત્માઓ ઉદીરક હોય છે. એ હકીકત દશમી ગાથામાં આ જ પ્રકરણમાં પહેલાં કહેવાઈ ગઈ છે. ૨૦

हासरईसायाणं अंतमुहुत्तं तु आइमं देवा ।
इयराणं नेरइया उड्ढं परियत्तणविहीए ॥२१॥

हास्यरतिसातानां अन्तर्मुहूर्त्तं तु आद्यं देवाः ।
इतरासां नैरयिकाः ऊर्ध्वं परावर्त्तनविधिना ॥२१॥

અર્થ—પહેલા અંતર્મુહૂર્ત્ત પર્યંત દેવો હાસ્ય, રતિ અને સાતાના ઉદીરક હોય છે. અને નારકીઓ શોક, અરતિ અને અસાતાના ઉદીરક હોય છે. ત્યારબાદ પરાવર્ત્તનના ક્રમે ઉદીરક હોય છે.

ટીકાનુ૰—ઉત્પત્તિના પ્રથમ સમયથી આરંભી અંતર્મુહૂર્ત્તપર્યંત સઘળા દેવો અવશ્ય હાસ્ય, રતિ અને સાતાવેદનીયના જ ઉદીરક હોય છે, કારણ કે શરૂઆતના અંતર્મુહૂર્ત્તપર્યંત સઘળા દેવોને હાસ્ય, રતિ અને સાતાનો જ ઉદય હોય છે. અને નારકીઓ ઉત્પત્તિના પ્રથમ સમયથી આરંભી અંતર્મુહૂર્ત્તપર્યંત અવશ્ય શોક, અરતિ અને અસાતાવેદનીયના જ ઉદીરક હોય છે, કેમ કે નારકીઓને તે કાળે શોક, અરતિ અને અસાતાવેદનીયનો જ ઉદય છે.

આદ્ય અંતર્મુહૂર્ત્ત વીત્યા બાદ દેવો અને નારકીઓ પરાવર્ત્તનના ક્રમે છએ પ્રકૃતિમાં યથાયોગ્ય રીતે જેનો ઉદય હોય તેના ઉદીરક હોય છે. ઉપરોક્ત પ્રકૃતિઓ પરાવર્ત્તમાન છે અને પરાવર્ત્તમાન હોવાથી સર્વદા અમુક જ પ્રકૃતિનો ઉદય હોઈ શકતો નથી. તેમાં નારકીઓને ઘણો કાળ અસાતાના ઉદયમાં જાય છે. સાતાના ઉદયનો સંભવ તીર્થંકરના જન્મ કલ્યાણક આદિ પ્રસંગોએ હોય છે. દેવોને ઘણો કાળ સાતાના ઉદયમાં જાય છે. અસાતાના ઉદયનો સંભવ માત્સર્યાદિ દોષનો ઉદય, પ્રિયનો વિયોગ અને ચ્યવનાદિ પ્રસંગોએ હોય છે.

કેટલાએક નારકીઓ કે જેઓ તીવ્ર પાપના યોગે નારકીમાં ઉત્પન્ન થયેલા હોય છે. તેઓને પોતાની આખી ભવસ્થિતિ પર્યંત અસાતાવેદનીયના જ ઉદયનો સંભવ હોવાથી તેઓ તેના જ ઉદીરક હોય છે. ૨૧

हासाईछक्कस्स उ जाव अपुव्वो उदीरगा सव्वे ।
उदओ उदीरणा इव ओघेणं होइ नायव्वो ॥२२॥

हास्यादिषट्कस्य तु यावदपूर्व्वमुदीरकाः सर्वे ।
उदय उदीरणा इव ओघेन भवति ज्ञातव्यः ॥२२॥

અર્થ—અપૂર્વકરણ સુધીના સઘળા હાસ્યાદિ ષટ્કના ઉદીરક હોય છે, સામાન્ય રીતે જેમ ઉદીરણા કહી, તેમ ઉદય જાણવા યોગ્ય છે.

ટીકાનુ૦—હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય અને જુગુપ્સા રૂપ હાસ્યષટ્કના ઉદીરક અપૂર્વકરણ ગુણસ્થાનક સુધીમાં વર્તમાન સઘળા આત્માઓ જાણવા.

જેમ વિસ્તારપૂર્વક પ્રકૃતિ ઉદીરણાનું સ્વરૂપ કહ્યું તેમ સામાન્યતઃ ઉદયનું સ્વરૂપ પણ સમજવું, કેમ કે પ્રાયઃ ઉદય અને ઉદીરણા સાથે જ પ્રવર્ત્તે છે. માત્ર એકતાળીસ પ્રકૃતિમાં જ ઉદીરણાથી ઉદય વધારે કાળ હોય છે, એમ જણાવવા અહીં પ્રાયઃ પદ મૂકેલ છે, કેમ કે તે સિવાયની પ્રકૃતિઓમાં તો ઉદય અને ઉદીરણા સાથે જ પ્રવર્ત્તે છે. તે એકતાળીસ પ્રકૃતિઓના નામ અને કેટલો કાળ ઉદય વધારે હોય તે પાંચમું દ્વાર ઉદયવિધિ ગાથા ૯૮-૧૦૦માં કહી ગયેલ છે, ત્યાંથી જોઈ લેવું ૨૨.

पगइट्ठाणविगप्पा जे सामी होंति उदयमासज्ज ।
तेच्चिय उदीरणाए नायव्वा घातिकम्माणं ॥२३॥

प्रकृतिस्थानविकल्पा ये स्वामिनो भवन्ति उदयमासाद्य ।
ते एव उदीरणायां ज्ञातव्या घातिकर्म्मणाम् ॥२३॥

અર્થ—ઘાતિકર્મના ઉદય આશ્રયી જે પ્રકૃતિસ્થાનો, તેના વિકલ્પો અને સ્વામી કહ્યા છે તે જ ઉદીરણામાં પણ જાણવા.

ટીકાનુ૦—જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાયરૂપ ઘાતિકર્મનાં ઉદય આશ્રયી જે જે પ્રકૃતિસ્થાનો કહ્યાં છે, તે તે પ્રકૃતિસ્થાનોના જે જે ભેદો કહ્યા છે અને તે તે ભેદના મિથ્યાદષ્ટિ આદિ જે સ્વામી કહ્યા છે તે સઘળા અન્યૂનાતિરિક્ત ઉદીરણાના વિષયમાં પણ સમજવા. કેમ કે ૪૧ વિના 'જ્યાં જ્યાં સુધી ઉદય હોય છે ત્યાં ત્યાં સુધી ઉદીરણા હોય છે' એ શાસ્ત્રીય વચન છે.

અહીં એકસાથે જેટલી પ્રકૃતિઓનો ઉદય હોય તે પ્રકૃતિસ્થાન કહેવાય છે. જેમ કે-મોહનીયની મિથ્યાદષ્ટિને એકસાથે સાત ઉદયમાં હોય, આઠ હોય, નવ હોય, અને દશ પણ હોય. તેમાં આઠનો ઉદય અનેક રીતે થાય. નવનો પણ અનેક રીતે થાય. આ પ્રમાણે ઉદીરણામાં પણ પ્રકૃતિસ્થાન, તેના વિકલ્પો વગેરે સંબંધે પણ સમજવું. ૨૩

मोत्तुं अजोगिठाणं सेसा नामस्स उदयवण्णेया ।
गोयस्स य सेसाणं उदीरणा जा पमत्तोत्ति ॥२४॥

मुक्त्वाऽयोगिस्थानं शेषाणि नाम्न उदयवज्ज्ञेयानि ।
गोत्रस्य च शेषयोरुदीरणा यावत्प्रमत्तमिति ॥२४॥

અર્થ—અયોગીનાં પ્રકૃતિસ્થાનો છોડી નામ અને ગોત્રકર્મનાં શેષ પ્રકૃતિસ્થાનો ઉદયની જેમ જાણવાં તથા શેષ-વેદનીય અને આયુની ઉદીરણા પ્રમત્તપર્યંત થાય છે એમ સમજવું.

ટીકાનુ૰—અયોગી ગુણસ્થાન સંબંધી આઠ પ્રકૃતિના ઉદયરૂપ અને નવ પ્રકૃતિના ઉદયરૂપ એ બે પ્રકૃતિસ્થાન છોડી શેષ વીસ, એકવીસ આદિ નામકર્મનાં પ્રકૃતિસ્થાનો ઉદીરણાધિકારમાં ઉદયની જેમ જ જાણવાં, જેમ તે સઘળાં ઉદયમાં છે તેમ ઉદીરણામાં પણ છે, એમ સમજવું.

અયોગી સંબંધી આઠ અને નવના ઉદયને છોડવાનું કારણ ઉદીરણા યોગ નિમિત્તે થતી હોવાથી અને અયોગી કેવલી ભગવાન યોગનો અભાવ હોવાથી કોઈ પણ કર્મની ઉદીરણા કરતા નથી. અન્યત્ર કહ્યું છે કે 'અયોગી ગુણસ્થાને વર્તમાન આત્મા કોઈ પણ કર્મને ઉદીરતા નથી.' માટે આઠ પ્રકૃતિરૂપ અને નવ પ્રકૃતિરૂપ પ્રકૃતિસ્થાન અયોગીકેવલીને ઉદયમાં હોય છે, પરંતુ ઉદીરણામાં હોતું નથી.

બાકીનાં વીસ, એકવીસ આદિ પ્રકૃતિસ્થાનો ઉદયની જેમ ઉદીરણામાં પણ સામાન્ય રીતે સપ્રભેદ જાણવાં.

ગોત્રના સંબંધમાં જ્યાં જ્યાં ઉચ્ચ ગોત્ર કે નીચ ગોત્રનો ઉદય નથી હોતો તેને છોડી શેષ ઉદય ઉદીરણા સહિત જાણવો. એટલે કે જ્યારે જ્યારે અને જ્યાં જ્યાં ઉચ્ચ ગોત્ર કે નીચ ગોત્રનો ઉદય હોય ત્યાં ત્યાં અને ત્યારે ત્યારે ઉદીરણા પણ સાથે જ સમજવી. માત્ર ચૌદમે ગુણસ્થાનકે યોગ નહિ હોવાથી ઉચ્ચ ગોત્રનો ઉદય હોય છતાં ઉદીરણાહીન હોય એમ સમજવું.

સાત-અસાતવેદનીય અને મનુષ્યાયુની પ્રમત્તસંયત ગુણસ્થાન પર્યંત ઉદીરણા જાણવી, આગળના અપ્રમત્તાદિ ગુણસ્થાનકે નહિ. કેમ કે તેઓ અતિવિશુદ્ધ પરિણામવાળા છે. વેદનીય અને આયુની ઉદીરણા ઘોલના પરિણામે થાય છે, અને તેવા પરિણામ છઠ્ઠા ગુણસ્થાન સુધી જ હોય છે.

ઇતિ શબ્દ અધિક અર્થનો સૂચક હોવાથી શેષ ત્રણ આયુની અને મનુષ્યાયુની પણ છેલ્લી આવલિકામાં ઉદીરણા થતી નથી, કેવળ ઉદય જ પ્રવર્તે છે.[૧] ૨૪.

આ રીતે પ્રકૃતિ ઉદીરણા કહી. હવે ક્રમપ્રાપ્ત સ્થિતિ-ઉદીરણા કહેવાનો પ્રસંગ છે. તેમાં પાંચ અર્થાધિકારો-વિષયો છે. અને તે આ—લક્ષણ, ભેદ, સાદ્યાદિ પ્રરૂપણા, અદ્ધાછેદ, અને સ્વામિત્વ. તેમાંથી લક્ષણ અને ભેદનું પ્રતિપાદન કરવા માટે નીચેનું સૂત્ર કહે છે.

पत्तोदयाए इयरा सह वेयइ ठिइउदीरणा एसा ।
बेआवलिया हीणा जावक्कोसत्ति पाउग्गा ॥२५॥

---

૧. કર્મપ્રકૃતિ ઉદીરણા કરણ ગા. ૨૨થી ૨૮મી સુધીમાં વિસ્તારપૂર્વક ઉદીરણાનાં સ્થાનકો કહ્યાં છે.

प्राप्तोदययेतरा सह वेद्यते स्थित्युदीरणैषा ।
द्व्यावलिकाभ्यां हीना यावदुत्कृष्टं प्रायोग्या ॥२५॥

અર્થ—ઉદય પ્રાપ્ત સ્થિતિ સાથે જે इतरा- ઉદય અપ્રાપ્ત સ્થિતિ વેદાય છે, તે સ્થિત્યુદીરણા કહેવાય છે અને તે બે આવલિકા ન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિ સુધીની સઘળી સ્થિતિ છે.

ટીકાનુ૰—ઉદય પ્રાપ્ત સ્થિતિ સાથે इतरा-ઉદય અપ્રાપ્ત ઉદયાવલિકા ઉપર રહેલી સ્થિતિને વીર્યવિશેષે ખેંચીને જે વેદાય તે સ્થિતિ-ઉદીરણા કહેવાય છે. જો કે સ્થિતિના સમયોને ખેંચી તેનો પ્રક્ષેપ કે અનુભવ થતો નથી. કેમ કે કાળ કંઈ ખેંચાતો નથી. પરંતુ ઉદયાવલિકા ગયા બાદ તે તે સમયે ભોગવવા માટે નિયત થયેલાં દલિકોને વીર્યવિશેષે ખેંચીને ઉદયાવલિકામાં જે સમયો—સ્થિતિસ્થાનકો છે તેની સાથે ભોગવવા યોગ્ય કરે છે.

તાત્પર્ય એ કે ઉદયાવલિકા પછી કોઈ પણ કાળે ભોગવવા યોગ્ય દલિકોને ઉદીરણાકરણ વડે ઉદયાવલિકા સાથે ભોગવવા યોગ્ય કરે છે.

જો કે અહીં ઉદીરણા દલિકોની જ છે, પરંતુ તે તે સ્થિતિસ્થાનમાં રહેલાં કર્મદલિકોને ઉદીરે છે માટે સ્થિતિ ઉદીરણા કહી છે. આ પ્રમાણે સ્થિત્યુદીરણાનું લક્ષણ કહ્યું.

જ્ઞાનાવરણીયાદિ કર્મની ઉદીરણા યોગ્ય સ્થિતિ કેટલી હોય છે તે કહે છે—બે આવલિકા ન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિ જેટલી હોય તેટલી ઉત્કૃષ્ટથી ઉદીરણા યોગ્ય સ્થિતિ છે. એટલે કે બે આવલિકા ન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિના જેટલા સમયો થાય તેટલાં સ્થિતિસ્થાનો ઉદીરણાને યોગ્ય છે.

એ જ વસ્તુનો વિચાર કરે છે—ઉદય છતાં જે પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ થાય છે. તેઓની ઉત્કૃષ્ટથી બે આવલિકા ન્યૂન સઘળી સ્થિતિ ઉદીરણા યોગ્ય છે.

જેમ કે—જ્ઞાનાવરણીયાદિ જે કર્મપ્રકૃતિઓનો ઉદય હોય ત્યારે ઉત્કૃષ્ટ સ્થિતિબંધ થાય છે. તેઓની બંધાવલિકા ગયા બાદ ઉદયાવલિકા ઉપરની સઘળી સ્થિતિ ઉદીરણા કરે છે.

આ પ્રમાણે ઉદયબંધોત્કૃષ્ટ પ્રકૃતિઓની બે આવલિકા ન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિ ઉત્કૃષ્ટ ઉદીરણા યોગ્ય થાય છે. તથા જે નરકગતિ આદિ કર્મપ્રકૃતિઓનો ઉદય-રસોદય ન હોય ત્યારે ઉત્કૃષ્ટ સ્થિતિબંધ થાય તેની યથાસંભવ-ઉદય થાય ત્યારે જેટલી સ્થિતિ સત્તામાં હોય તેમાંથી ઉદયાવલિકા રહિત શેષ સ્થિતિઓ ઉદીરણા યોગ્ય થાય છે.

ઉદીરણાના ભેદો કહે છે—બે આવલિકા ન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિના જેટલા સમયો થાય, તેટલા સ્થિતિ ઉદીરણાના પ્રભેદો જાણવા. તે આ પ્રમાણે—ઉદયાવલિકા ઉપરની સમયમાત્ર સ્થિતિ કોઈને ઉદીરણા યોગ્ય હોય છે—કે જેને સત્તામાં તેટલી જ શેષ રહી હોય. એ પ્રમાણે કોઈને બે સમયમાત્ર, કોઈને ત્રણ સમયમાત્ર, એમ વધતા યાવત્ કોઈને બે આવલિકા ન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિ ઉદીરણા યોગ્ય હોય છે. એટલે બે આવલિકા ન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિના જેટલા સમયો તેટલાં ઉદીરણાનાં સ્થાનકો-ભેદો સમજવા. આ પ્રમાણે ઉદીરણાના ભેદો કહ્યા. ૨૫.

આ પ્રમાણે ભેદ પ્રરૂપણા કહી. હવે સાદિ આદિ ભાંગાની પ્રરૂપણા કરવી જોઈએ. તે મૂળપ્રકૃતિ વિષયક અને ઉત્તરપ્રકૃતિ વિષયક એમ બે પ્રકારે છે. તેમાં અહીં મૂળપ્રકૃતિ વિષયક

સાદિ, અનાદિ પ્રરૂપણા નીચેનું સૂત્ર કહે છે—

वेयणियाऊण दुहा चउव्विहा मोहणीय अजहन्ना ।
पंचण्ह साइवज्जा सेसा सव्वेसु दुविगप्पा ॥२६॥

वेदनीयायुषोर्द्विधा चतुर्विधा मोहनीयस्याजघन्या ।
पंचानां सादिवर्जाः शेषाः सर्वेषु द्विविकल्पाः ॥२६॥

અર્થ—વેદનીય અને આયુની અજઘન્ય ઉદીરણા બે પ્રકારે, મોહનીયની ચાર પ્રકારે, અને શેષ પાંચ કર્મની સાદિ વર્જ ત્રણ પ્રકારે છે. સર્વ કર્મમાં શેષ વિકલ્પો બે ભાંગા છે.

ટીકાનુ૰—વેદનીય અને આયુની અજઘન્ય સ્થિતિ-ઉદીરણા સાદિ અને સાંત એમ બે પ્રકારે છે. તે આ પ્રમાણે—વેદનીયની જઘન્ય સ્થિતિની ઉદીરણા અતિ અલ્પ સ્થિતિની સત્તાવાળા એકેન્દ્રિયને હોય છે. સમયાન્તરે—કાલાન્તરે વધતી સત્તાવાળા તેને જ અજઘન્ય સ્થિતિની ઉદીરણા હોય છે. વળી જઘન્ય સ્થિતિની સત્તાવાળો થાય ત્યારે તેને જઘન્ય સ્થિતિની ઉદીરણા થાય છે. આ પ્રમાણે જઘન્યથી અજઘન્ય અને અજઘન્યથી જઘન્ય ઉદીરણા થતી હોવાથી તે બંને સાદિ-સાંત છે.

આયુની જઘન્ય સ્થિતિની ઉદીરણા વર્જીને શેષ સઘળી અજઘન્ય સ્થિતિ ઉદીરણા છે, અને તે સમયાધિક પર્યંતાવલિકા શેષ રહે ત્યારે થતી નથી. કેમ કે સમયાધિક પર્યંત આવલિકા શેષ રહે ત્યારે જઘન્ય સ્થિત્યુદીરણા થાય છે, વળી પરભવે ઉત્પત્તિના પ્રથમ સમયથી અજઘન્ય સ્થિતિ-ઉદીરણા થાય છે. માટે તે સાદિ-સાંત છે. વળી જઘન્ય, ઉત્કૃષ્ટ અને અનુકૃષ્ટ આ ત્રણે સાદિ-સાંત છે. તેમાં જઘન્ય તો અજઘન્ય સ્થિત્યુદીરણાના પ્રસંગે કહેવાઈ ગયેલ છે. ઉત્કૃષ્ટ સ્થિત્યુદીરણા આયુનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરી તેનો જ્યારે ઉદય થાય ત્યારે સમયમાત્ર હોય છે, ત્યારબાદ અનુત્કૃષ્ટ સ્થિત્યુદીરણા હોય છે, અને તે સમયાધિક આવલિકા પ્રમાણ આયુ શેષ રહે ત્યાં સુધી હોય છે. સમયાધિક આવલિકા શેષ રહે ત્યારે સમય પ્રમાણ સ્થિતિની જઘન્ય ઉદીરણા થાય છે. આ પ્રમાણે નિયત કાલ પર્યંત પ્રવર્ત્તતા હોવાથી આ ત્રણે ભંગ સાદિ-સાંત છે.

તથા મોહનીયની અજઘન્ય સ્થિત્યુદીરણા સાદિ, અનાદિ, ધ્રુવ અને અધ્રુવ એમ ચાર પ્રકારે છે. તે આ પ્રમાણે—મોહનીયની જઘન્ય સ્થિત્યુદીરણા સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકે વર્તમાન ઉપશમ અથવા ક્ષપકને તે ગુણસ્થાનકની સમયાધિક આવલિકા શેષ રહે ત્યારે થાય છે એ સિવાય સર્વત્ર અજઘન્ય ઉદીરણા હોય છે તે ઉપશાંતમોહ ગુણસ્થાનકે થતી નથી ત્યાંથી પડે ત્યારે થાય છે. માટે સાદિ, તે સ્થાન જેઓએ અદ્યાપિ પ્રાપ્ત કર્યું નથી તેઓને અનાદિ, અભવ્યને ધ્રુવ અને ભવ્યને અધ્રુવ છે. તેના શેષ જઘન્ય, ઉત્કૃષ્ટ અને અનુત્કૃષ્ટ એ ત્રણે વિકલ્પ સાદિ-સાંત ભાંગે છે. તેમાં મોહનીયની જઘન્ય સ્થિતિ ઉદીરણા દશમા ગુણસ્થાનકે તે ગુણસ્થાનકનો સમયાધિક આવલિકા કાળ શેષ રહે ત્યારે સમય પ્રમાણ સ્થિતિની થાય છે. અને તે સમયમાત્ર થતી હોવાથી સાદિ-સાંત છે, ઉત્કૃષ્ટ સ્થિત્યુદીરણા ઉત્કૃષ્ટ સંક્લેશે વર્તમાન મિથ્યાદૃષ્ટિને કેટલોએક કાળ-ઉત્કૃષ્ટ સ્થિતિબંધ અંતર્મુહૂર્ત્ત થતો હોવાથી અંતર્મુહૂર્ત્ત પર્યંત હોય છે. ત્યારબાદ અનુત્કૃષ્ટ ઉદીરણા હોય છે. વળી ક્લિષ્ટ પરિણામના યોગે ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધે ત્યારે ઉત્કૃષ્ટ સ્થિત્યુદીરણા હોય છે. આ

પ્રમાણે મિથ્યાદૃષ્ટિને સંક્લેશ અને વિશુદ્ધ પરિણામે ઉત્કૃષ્ટ અને અનુત્કૃષ્ટ સ્થિતિબંધ થાય ત્યારે ઉત્કૃષ્ટ અને અનુત્કૃષ્ટ સ્થિત્યુદીરણા થાય છે. માટે તે બંને સાદિ-સાંત છે.

તથા જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય, નામ અને ગોત્ર એ પાંચ કર્મની અજઘન્ય સ્થિત્યુદીરણા અનાદિ, ધ્રુવ અને અધ્રુવ એમ ત્રણ પ્રકારે હોય છે. તેમાં જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાયની જઘન્ય સ્થિત્યુદીરણા ક્ષીણકષાયને તેની સમયાધિક આવલિકા શેષ રહે ત્યારે હોય છે. શેષ કાલે અજઘન્ય હોય છે. તે અજઘન્ય સ્થિત્યુદીરણા અનાદિ કાળથી થતી હોવાથી અનાદિ, અભવ્યને ધ્રુવ અને ભવ્યને અધ્રુવ છે.

નામ અને ગોત્રકર્મની જઘન્ય સ્થિત્યુદીરણા સયોગી કેવલીને ચરમ સમયે હોય છે. તે એક સમયમાત્ર થતી હોવાથી સાદિ-સાંત છે તે સિવાયની સઘળી અજઘન્ય સ્થિત્યુદીરણા છે. તે અનાદિ કાળથી થાય છે માટે અનાદિ, અભવ્યને અનંત અને ભવ્યને સાંત છે. શેષ જઘન્ય ઉત્કૃષ્ટ અને અનુત્કૃષ્ટ સાદિ-સાંત ભાગે છે.

તેમાં પાંચે કર્મની જઘન્ય સ્થિત્યુદીરણામાં સાદિ સાંત ભંગ અજઘન્ય સ્થિત્યુદીરણાના પ્રસંગે કહેલ છે. ઉત્કૃષ્ટ-અનુત્કૃષ્ટ સ્થિત્યુદીરણા મોહનીય કર્મની જેમ મિથ્યાદૃષ્ટિને વારાફરતી થતી હોવાથી સાદિ-સાંત છે.

આ પ્રમાણે મૂળકર્મની સાદિ આદિ પ્રરૂપણા કહી, હવે ઉત્તર પ્રકૃતિમાં સાદ્યાદિ પ્રરૂપણા કરતાં આ ગાથા કહે છે—

मिच्छत्तस्स चऊहा धुवोदयाणं तिहा उ अजहन्ना ।
सेसविगप्पा दुविहा सव्वविगप्पा उ सेसाणं ॥२७॥

मिथ्यात्वस्य चतुर्द्धा ध्रुवोदयानां त्रिधा चाजघन्या ।
शेषविकल्पा द्विविधाः सर्वविकल्पास्तु शेषाणाम् ॥२७॥

અર્થ—મિથ્યાત્વની અજઘન્ય સ્થિત્યુદીરણા ચાર પ્રકારે અને ધ્રુવોદયીની ત્રણ પ્રકારે છે. તેઓના શેષ વિકલ્પો બે પ્રકારે છે. અને શેષ પ્રકૃતિઓના સર્વ વિકલ્પો બે પ્રકારે છે.

ટીકાનુ૦—મિથ્યાત્વની અજઘન્ય સ્થિત્યુદીરણા સાદિ, અનાદિ, ધ્રુવ અને અધ્રુવ એમ ચાર પ્રકારે છે. તે આ પ્રકારે—પ્રથમ ઉપશમ સમ્યક્ત્વ ઉત્પન્ન કરતાં મિથ્યાત્વની પ્રથમ સ્થિતિ સમયાધિક આવલિકા શેષ રહે ત્યારે મિથ્યાદૃષ્ટિને જઘન્ય સ્થિતિની ઉદીરણા થાય છે. અને તે એક સમય પર્યંત જ થતી હોવાથી સાદિ, સાંત છે. સમ્યક્ત્વથી પડી મિથ્યાત્વે જતાં મિથ્યાત્વની અજઘન્ય સ્થિત્યુદીરણાની શરૂઆત થાય માટે સાદિ, હજુ સુધી જેઓએ પ્રથમ સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યું નથી તેઓને અનાદિ, અભવ્યને અનંત, અને ભવ્યને સાંત સ્થિત્યુદીરણા હોય છે.

પાંચ જ્ઞાનાવરણ, ચાર દર્શનાવરણ, પાંચ અંતરાય, તૈજસ સપ્તક, વર્ણાદિ વીસ, સ્થિર, અસ્થિર, શુભ, અશુભ, અગુરુલઘુ, અને નિર્માણ એ ધ્રુવોદયી સુડતાળીસ પ્રકૃતિઓની અજઘન્ય સ્થિત્યુદીરણા અનાદિ, ધ્રુવ અને અધ્રુવ એમ ત્રણ પ્રકારે છે. તે આ પ્રકારે—જ્ઞાનાવરણ પંચક, અંતરાય પંચક અને દર્શનાવરણ ચતુષ્ક એ ચૌદ પ્રકૃતિની જઘન્યસ્થિત્યુદીરણા ક્ષીણકષાય

ગુણસ્થાનકની સમયાધિક આવલિકા શેષ રહે ત્યારે થાય છે. અને તે સમયપર્યંત થતી હોવાથી સાદિ-સાંત છે. તે સિવાયની સઘળી અજઘન્ય સ્થિત્યુદીરણા છે. તે અનાદિકાળથી પ્રવર્ત્તે છે માટે અનાદિ, અભવ્યને અનંત, અને ભવ્યને સાંત છે. તથા તૈજસસપ્તક આદિ નામકર્મની તેત્રીસ પ્રકૃતિઓની જઘન્યસ્થિત્યુદીરણા સયોગીકેવલીને ચરમ સમયે થાય છે, તે એક સમય પર્યંત થતી હોવાથી સાદિ-સાંત છે. તે સિવાયની અન્ય સઘળી અજઘન્ય સ્થિત્યુદીરણા છે. અને તે અનાદિકાળથી પ્રવર્ત્તે છે માટે અનાદિ, અભવ્યને અનંત અને ભવ્યને સાંત છે.

ઉપરોક્ત મિથ્યાત્વાદિ અડતાળીસ પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ, અનુત્કૃષ્ટ અને જઘન્યરૂપ શેષ વિકલ્પો સાદિ અને અધ્રુવ એમ બે પ્રકારે છે. તે આ પ્રમાણે—ઉપરોક્ત સઘળી પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિત્યુદીરણા ઉત્કૃષ્ટ સંક્લેશમાં વર્તમાન મિથ્યાદૃષ્ટિને કેટલોએક કાલ (અંતર્મુહૂર્ત્ત) હોય છે ત્યારબાદ સમયાન્તરે—કાળાન્તરે (અંતર્મુહૂર્ત્ત બાદ) અનુત્કૃષ્ટ, આ પ્રમાણે વારાફરતી ઉત્કૃષ્ટ—અનુત્કૃષ્ટ ઉદીરણા પ્રવર્ત્તતી હોવાથી સાદિ-સાન્ત છે. અજઘન્ય ઉદીરણા કહેવાના પ્રસંગે જઘન્યસ્થિત્યુદીરણા સાદિ-સાંત ભાંગે પહેલાં કહી ગયા છે.

તથા શેષ અધ્રુવોદયી એકસો દશ પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ, અનુત્કૃષ્ટ, જઘન્ય અને અજઘન્ય એ સઘળા વિકલ્પો તેઓ અધ્રુવોદયી હોવાથી જ સાદિ અને સાંત એમ બે પ્રકારે છે. ॥૨૭॥

આ પ્રમાણે સાદ્યાદિ ભંગની પ્રરૂપણા કરી. હવે સ્વામિત્વ અને અદ્ધાચ્છેદને પ્રતિપાદન કરવા આ સૂત્ર કહે છે.

सामित्तद्धाछेया इह ठिइसंकमेण तुल्लाओ ।
बाहुल्लेण विसेसं जं जाणं ताण तं वोच्छं ॥२८॥

स्वामित्वाद्धाच्छेदौ इह स्थितिसंक्रमेण तुल्यौ ।
बाहुल्येन विशेषो यो यासां तासां तं वक्ष्ये ॥२८॥

અર્થ—અહીં સ્વામિત્વ અને અદ્ધાચ્છેદ ઘણે ભાગે સ્થિતિસંક્રમની તુલ્ય છે. અહીં જેના સંબંધમાં જે વિશેષ છે, તેના સંબંધમાં તે હું કહીશ.

ટીકાનુ૰—અહીં સ્થિતિ ઉદીરણાના વિષયમાં ઉત્કૃષ્ટ કે જઘન્યસ્થિતિની ઉદીરણાનો સ્વામી કોણ છે તે, અને કેટલી સ્થિતિની ઉદીરણા થતી નથી અને કેટલીની થાય છે તે ઘણે ભાગે સ્થિતિ સંક્રમની તુલ્ય છે. એટલે કે જેમ પહેલાં સંક્રમણકરણમાં સ્થિતિસંક્રમના વિષયમાં જેટલી ઉત્કૃષ્ટ કે જઘન્ય સ્થિતિનો સંક્રમ થાય અને જેટલી સ્થિતિનો સંક્રમ ન થાય તે રૂપ અદ્ધાચ્છેદ કહ્યો છે, તેમ અહીં ઉદીરણાના અધિકારમાં પણ બાહુલ્યથી ઘણે ભાગે જાણવો. માત્ર અહીં જે પ્રકૃતિઓના સંબંધમાં જે વિષય છે, તેઓના સંબંધમાં તે હું કહીશ. ૨૮

ઉત્કૃષ્ટ-જઘન્યસ્થિતિ ઉદીરણાનું સ્વામિત્વ આ ગાથામાં કહે છે—

अंतोमुहूत्तहीणा सम्मे मिस्संमि दोहि मिच्छस्स ।
आवलिदुगेण हीणा बंधुक्कोसाण परमठिई ॥२९॥

अंतर्मुहूर्त्तेन हीना सम्यक्त्वे मिश्रे द्वाभ्यां मिथ्यात्वस्य ।
आवलिद्विकेन हीना बंधोत्कृष्टानां परमस्थितिः ॥२१॥

અર્થ—સમ્યક્ત્વની ઉદીરણા યોગ્ય સ્થિતિ મિથ્યાત્વની અંતર્મુહૂર્ત્ત હીન સિત્તેર કોડાકોડી સાગર પ્રમાણ છે, અને મિશ્રની બે અંતર્મુહૂર્ત્ત વડે હીન છે. તથા બંધોત્કૃષ્ટ પ્રકૃતિઓની બે આવલિકા ન્યૂન ઉત્કૃષ્ટસ્થિતિ ઉદીરણા યોગ્ય છે.

ટીકાનુ૦—મિથ્યાત્વની અંતર્મુહૂર્ત્ત ન્યૂન સિત્તેર કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિ સમ્યક્ત્વમોહનીયમાં સંક્રમે છે, સંક્રમેલી ઉદયાવલિકા ઉપરની તે સ્થિતિને તેના ઉદયવાળો ક્ષયોપશમ સમ્યક્ત્વી આત્મા ઉદીરે છે. એટલે કુલ અંતર્મુહૂર્ત્ત ન્યૂન સિત્તેર કોડાકોડી સાગરોપમ સમ્યક્ત્વની સ્થિતિ ઉદીરણા યોગ્ય થાય છે તથા મિથ્યાત્વની અંતર્મુહૂર્ત્ત ન્યૂન સિત્તેર કોડાકોડી સાગર પ્રમાણ સ્થિતિ ચતુર્થ ગુણસ્થાનકે મિશ્રમોહનીયમાં સંક્રમે છે. ત્યાં અંતર્મુહૂર્ત્ત રહી ત્રીજે ગુણસ્થાનકે જાય તો તે મિશ્રગુણસ્થાનવર્તી આત્મા ઉદયાવલિકા ઉપરની બે અંતર્મુહૂર્ત્ત ન્યૂન સિત્તેર કોડાકોડી સાગર પ્રમાણ ઉદીરે છે, એટલે તેને કુલ બે અંતર્મુહૂર્ત્ત ન્યૂન સિત્તેર કોડાકોડી સાગર પ્રમાણ સ્થિતિ ઉદીરણા યોગ્ય થાય છે.

ઉપરોક્ત હકીકતનો વિશેષ વિચાર આ પ્રમાણે છે—કોઈ મિથ્યાદૃષ્ટિ આત્મા તીવ્ર સંક્લિષ્ટ પરિણામને યોગે મિથ્યાત્વમોહનીયની સિત્તેર કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિ બાંધે, બાંધીને અંતર્મુહૂર્ત્ત કાળ પર્યંત મિથ્યાત્વે જ રહી (ઉત્કૃષ્ટસ્થિતિનો બંધ કરી અંતર્મુહૂર્ત્ત અવશ્ય મિથ્યાત્વે જ રહે છે.) સમ્યક્ત્વ[1] પ્રાપ્ત કરે, તે સમ્યક્ત્વી આત્મા અંતર્મુહૂર્ત્ત ન્યૂન સિત્તેર કોડાકોડી પ્રમાણ મિથ્યાત્વની સઘળી સ્થિતિને સમ્યક્ત્વમોહનીયમાં અને મિશ્રમોહનીયમાં સંક્રમાવે છે. અંતર્મુહૂર્ત્ત ન્યૂન સમ્યક્ત્વમોહનીયની તે ઉત્કૃષ્ટસ્થિતિ સંક્રમાવલિકા વ્યતીત થયા બાદ ઉદીરણા યોગ્ય થાય છે. સંક્રમાવલિકા વ્યતીત થવા છતાં તે સ્થિતિ અંતર્મુહૂર્ત્ત ન્યૂન જ કહેવાય છે. (માત્ર સંક્રમાવલિકા અંતર્મુહૂર્ત્તમાં મળી જવાથી તે અંતર્મુહૂર્ત્ત મોટું થાય છે.) માટે સમ્યક્ત્વમોહનીયની મોટા અંતર્મુહૂર્ત્ત ન્યૂન સિત્તેર કોડાકોડી સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટસ્થિતિ ઉદીરણા યોગ્ય કહી છે.

તથા કોઈ એક આત્મા સમ્યક્ત્વ ગુણસ્થાનકે અંતર્મુહૂર્ત્ત[2] રહી મિશ્ર ગુણસ્થાન પ્રાપ્ત કરે, ત્યાં મિશ્રમોહનીયનો અનુભવ કરતા (ઉદયાવલિકા ઉપરની) મિશ્રમોહનીયની બે અંતર્મુહૂર્ત્ત ન્યૂન સિત્તેર કોડાકોડી સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટસ્થિતિ ઉદીરણા યોગ્ય થાય છે. (અહીં દરેક સ્થળે ઉદયાવલિકા ઉપરની સ્થિતિની જ ઉદીરણા કરે છે. પરંતુ ઉદયાવલિકા અંતર્મુહૂર્ત્તમાં મેળવી દીધેલી હોવાથી અંતર્મુહૂર્ત્ત ન્યૂન કહેલ છે. માત્ર અંતર્મુહૂર્ત્ત તેટલું મોટું લેવાનું છે.)

---

૧. કરણ કર્યા વિના જે જીવ સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે તેને આ હકીકત સંભવે છે. જે યથાપ્રવૃત્યાદિ કરણ કરીને ચડે છે, તેને તો અંતઃકોડાકોડી સાગરની જ સત્તા રહે છે.

૨. જેમ ઉત્કૃષ્ટ સ્થિતિનો બંધ કરી અંતર્મુહૂર્ત્ત મિથ્યાત્વે રહી પછી સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે, તેમ સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યા પછી અંતર્મુહૂર્ત્ત સમ્યક્ત્વ ગુણસ્થાનકે રહી પછી જ મિશ્ર ગુણસ્થાનક પ્રાપ્ત કરે છે. દર્શન મોહનીય ત્રિકની ઉત્કૃષ્ટ સ્થિતિની સત્તા પંચમાદિ ગુણસ્થાનકે હોતી નથી.

તથા જ્ઞાનાવરણ પંચક, અંતરાય પંચક, દર્શનાવરણ ચતુષ્ક, તૈજસસપ્તક, વર્ણાદિ વીસ, નિર્માણ, અસ્થિર, અશુભ, અગુરુલઘુ, મિથ્યાત્વ, સોળ, કષાય, ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, દુઃસ્વર, દુર્ભગ, અનાદેય, અપયશકીર્તિ, વૈક્રિયસપ્તક, પંચેન્દ્રિયજાતિ, હુંડકસંસ્થાન, ઉપઘાત, પરાઘાત, ઉચ્છ્વાસ, અસાતાવેદનીય, ઉદ્યોત, અશુભવિહાયોગતિ, અને નીચ ગોત્રરૂપ છ્યાસી ઉદય[1] બંધોત્કૃષ્ટ પ્રકૃતિઓની બે આવલિકા ન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિ ઉદીરણા યોગ્ય થાય છે.

તે આ રીતે—ઉપરોક્ત પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરી બંધાવલિકા ગયા બાદ ઉદયાવલિકા ઉપરની સઘળી સ્થિતિની ઉદીરણા કરે છે, માટે ઉદય બંધોત્કૃષ્ટ પ્રકૃતિઓની બે આવલિકા ન્યૂન પોતપોતાની ઉત્કૃષ્ટસ્થિતિ ઉદીરણા યોગ્ય કહી છે.

ઉપરોક્ત પ્રકૃતિઓની ઉદીરણા, યોગ્યસ્થિતિ કહીને હવે અદ્ધાચ્છેદ કહે છે. જેટલી સ્થિતિની ઉદીરણા ન થાય તેટલી ઉદીરણાને અયોગ્ય સ્થિતિ અદ્ધાચ્છેદ કહેવાય છે. તેમાં સમ્યક્ત્વમોહનીયનો અંતર્મુહૂર્ત્ત, મિશ્રમોહનીયનો બે[2] અંતર્મુહૂર્ત્ત અને ઉદયબંધોત્કૃષ્ટ પ્રકૃતિઓનો બે આવલિકા અદ્ધાચ્છેદ છે. તે તે પ્રકૃતિના ઉદયવાળા તેટલી તેટલી સ્થિતિની ઉદીરણાના સ્વામી છે. ૨૯

मणुयाणुपुव्विआहारदेवदुगसुहुमवियलतिअगाणं ।
आयावस्स य परिवडणमंतमुहुहीणमुक्कोसा ॥३०॥

मनुजानुपूर्व्याहारकदेवद्विकसूक्ष्मविकलत्रिकाणाम् ।
आतपस्य च प्रतिपतनेऽन्तर्मुहूर्त्तेन हीनोत्कृष्टा ॥३०॥

અર્થ—મનુષ્યાનુપૂર્વી, આહારક, સપ્તક, દેવદ્વિક, સૂક્ષ્મત્રિક, વિકલત્રિક, અને આતપની ઉત્કૃષ્ટ સ્થિતિનો બંધ કરી પડે ત્યારે તે પ્રકૃતિઓની અંતર્મુહૂર્ત્ત ન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિ ઉદીરણા યોગ્ય હોય છે.

ટીકાનુ૦—મનુષ્યાનુપૂર્વી, આહારકસપ્તક, દેવગતિ-દેવાનુપૂર્વીરૂપ દેવદ્વિક, સૂક્ષ્મ, અપર્યાપ્ત અને સાધારણરૂપ સૂક્ષ્મત્રિક, બેઇન્દ્રિય તેઇન્દ્રિય અને ચૌરિન્દ્રિય જાતિરૂપ વિકલત્રિક, તથા આતપનામ એ સત્તર પ્રકૃતિઓની જે ઉત્કૃષ્ટસ્થિતિ છે તે બાંધી, તે બંધથી પડે ત્યારે અર્થાત્ તેનો બંધ કરી રહ્યા બાદ અંતર્મુહૂર્ત્ત ન્યૂન ઉત્કૃષ્ટસ્થિતિ ઉદીરણા યોગ્ય થાય છે. એનો વિશેષ વિચાર આ પ્રમાણે—

કોઈ એક આત્મા તથાપ્રકારના પરિણામ વિશેષે નરકાનુપૂર્વીની વીસ કોડાકોડી સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટસ્થિતિ બાંધીને ત્યારબાદ શુભપરિણામ વિશેષે મનુષ્યાનુપૂર્વીની પંદર

---

૧. જે પ્રકૃતિઓનો ઉદય હોય અને ઉત્કૃષ્ટ સ્થિતિનો બંધ થાય તે ઉદયબંધોત્કૃષ્ટ પ્રકૃતિઓ કહેવાય છે.

૨. ઉદયાવલિકા ઉપરની સ્થિતિની ઉદીરણા થાય છે, એટલે ઉદયાવલિકા પણ અદ્ધાચ્છેદમાં જ ગણાય છે. એટલે અંતર્મુહૂર્ત્ત ઉપર ઉદયાવલિકા અદ્ધાચ્છેદ કહેવો જોઈએ, પરંતુ અહીં ઉદયાવલિકાને અંતર્મુહૂર્ત્તમાં જ સમાવી હોવાથી જુદી કહી નથી.

કોડાકોડી સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટસ્થિતિ બાંધવાનો આરંભ કરે. બંધાતી તે મનુષ્યાનુપૂર્વીની સ્થિતિમાં બંધાવલિકાતીત થયેલી અને ઉદયાવલિકા ઉપરની—કુલ બે આવલિકા ન્યૂન વીસ કોડાકોડી સાગરોપમ પ્રમાણ નરકાનુપૂર્વીની સ્થિતિને મનુષ્યાનુપૂર્વીની ઉદયાવલિકા ઉપર સંક્રમાવે. એટલે મનુષ્યાનુપૂર્વીની કુલ સ્થિતિ એક આવલિકા ન્યૂન વીસ કોડાકોડી સાગર પ્રમાણ થાય. મનુષ્યાનુપૂર્વી બાંધતો જઘન્યથી પણ અંતર્મુહૂર્ત્ત પર્યંત બાંધે છે. એટલે અંતર્મુહૂર્ત્ત પ્રમાણ સ્થિતિ આવલિકા ન્યૂન વીસ કોડાકોડીમાંથી ઓછી થાય છે. તે બાંધ્યા પછી કાળ કરીને અનંતર સમયે મનુષ્ય થઈ મનુષ્યાનુપૂર્વીને અનુભવતાં અંતર્મુહૂર્ત્ત ન્યૂન વીસ કોડાકોડી સાગરોપમ પ્રમાણ તેની સ્થિતિ ઉદીરણા યોગ્ય થાય છે.

શંકા—જેમ મનુષ્યગતિની પંદર કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિ બંધાય છે, તેમ મનુષ્યાનુપૂર્વીની પણ તેટલી જ બંધાય છે. બેમાંથી એકની પણ વીસ કોડાકોડી સ્થિતિ બંધાતી નથી. એટલે તે બંને પ્રકૃતિ સંક્રમોત્કૃષ્ટ કહી છે. હવે જ્યારે તે બંનેમાં સંક્રમોત્કૃષ્ટપણું સમાન છે, ત્યારે જેમ મનુષ્યગતિની ત્રણ આવલિકા ન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિ ઉદીરણા યોગ્ય કહી છે, તેમ મનુષ્યાનુપૂર્વીની ત્રણ આવલિકા ન્યૂન વીસ કોડાકોડી સાગરપ્રમાણ ઉત્કૃષ્ટસ્થિતિ ઉદીરણા યોગ્ય કેમ ન કહી ?

ઉત્તર—તે પ્રશ્ન અયોગ્ય છે. કેમ કે મનુષ્યાનુપૂર્વી અનુદય સંક્રમોત્કૃષ્ટ છે, અને મનુષ્યગતિ ઉદય સંક્રમોત્કૃષ્ટ છે. ઉદય સંક્રમોત્કૃષ્ટ પ્રકૃતિઓની સંક્રમાવલિકા ગયા બાદ ઉદયાવલિકા ઉપરની સ્થિતિને ઉદય હોવાથી ઉદીરી શકે છે. એટલે તેની ત્રણ આવલિકા ન્યૂન ઉત્કૃષ્ટસ્થિતિ ઉદીરણા યોગ્ય થાય છે, અને અનુદય સંક્રમોત્કૃષ્ટ કૃતિનો (તેમાં ઉત્કૃષ્ટ સ્થિતિનો સંક્રમ થયા પછી) અંતર્મુહૂર્ત્ત બાદ ઉદય થાય છે, માટે તેઓની અંતર્મુહૂર્ત્ત ન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિ ઉદીરણા યોગ્ય થાય છે.

ઉદય છતાં સંક્રમ દ્વારા જેઓની ઉત્કૃષ્ટસ્થિતિની સત્તા થાય તે ઉદય સંક્રમોત્કૃષ્ટ અને ઉદય ન હોય ત્યારે સંક્રમ દ્વારા જેની ઉત્કૃષ્ટસ્થિતિની સત્તા થાય તે અનુદય સંક્રમોત્કૃષ્ટ કહેવાય છે.

અનુદય સંક્રમોત્કૃષ્ટ પ્રકૃતિઓ ત્રીજા દ્વારમાં આ પ્રમાણે કહી છે—'મનુષ્યાનુપૂર્વી' મિશ્રમોહનીય, આહારકદ્વિક, દેવદ્વિક, વિકલત્રિક, સૂક્ષ્મત્રિક, અને તીર્થંકરનામ.'

તથા આહારકસપ્તકની અપ્રમત્ત છતાં તદ્યોગ્ય ઉત્કૃષ્ટ સંક્લેશ વડે ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધે, તેની અંદર તે જ સમયે સ્વમૂળ પ્રકૃતિથી અભિન્ન કોઈ અન્ય ઉત્તરપ્રકૃતિનું ઉત્કૃષ્ટસ્થિતિવાળું દલિક સંક્રમે. એટલે સંક્રમ દ્વારા આહારકદ્વિકની ઉત્કૃષ્ટ અન્તઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિની સત્તા થાય.[1] તે આહારકદ્વિક બાંધ્યા પછી અંતર્મુહૂર્ત્ત રહીને આહારક શરીર કરવાનો

---

૧. આહારકદ્વિક બાંધ્યા પછી અંતર્મુહૂર્ત્ત ગયા બાદ જ તેને ફોરવે છે. જ્યારે ફોરવે ત્યારે તેનો ઉદય થાય, અને ઉદય થાય ત્યારે ઉદીરણા થાય, માટે આહારક સપ્તકની અંતર્મુહૂર્ત્ત ન્યૂન ઉદીરણા કહી. આહારક સપ્તક અપ્રમત્તે બાંધે છે, ત્યાં ગમે તેવા સંક્લિષ્ટ પરિણામ થાય પરંતુ અંતઃકોડાકોડીથી અધિક બંધ થતો નથી. તેમજ કોઈ પણ પ્રકૃતિની ત્યાં અંતઃકોડાકોડીથી અધિક સત્તા હોતી નથી. એટલું ખરું કે

પ્રારંભ કરે, તેનો આરંભ કરતો આત્મા લબ્ધિ ફોરવવામાં ઉત્સુકતાવાળો હોવાથી અવશ્ય પ્રમાદયુક્ત થાય છે—(લબ્ધિનો આરંભ અને અંત બંને પ્રમત્તગુણસ્થાનકે થાય છે.) એટલે પ્રમત્ત છતાં આહારકશરીર ઉત્પન્ન કરતાં આહારકસપ્તકની અંતર્મુહૂર્ત્ત ન્યૂન ઉત્કૃષ્ટસ્થિતિ ઉદીરણા યોગ્ય થાય છે.

તથા કોઈ એક આત્મા તથાવિધ પરિણામ વિશેષે નરકગતિની વીસ કોડાકોડી સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટસ્થિતિ બાંધીને શુભ પરિણામ વિશેષે દેવગતિની દશ કોડાકોડી સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટસ્થિતિ બાંધવાનો આરંભ કરે. બંધાતી તે દેવગતિની સ્થિતિમાં તેની ઉદયાવલિકા ઉપર બંધાવલિકા જેની વીતી ગઈ છે એવી અને ઉદયાવલિકા ઉપરની કુલ બે આવલિકા ન્યૂન નરકગતિની સઘળી સ્થિતિ સંક્રમાવે. એટલે દેવગતિની એક આવલિકા ન્યૂન વીસ કોડાકોડી સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટસ્થિતિની સત્તા થાય. દેવગતિ બાંધતો જઘન્યથી અંતર્મુહૂર્ત્ત પર્યંત બાંધે છે. તે અંતર્મુહૂર્ત્ત આવલિકા ન્યૂન વીસ કોડાકોડી પ્રમાણ દેવગતિની ઉત્કૃષ્ટ સ્થિતિસત્તામાંથી ઓછું થાય છે. બાંધ્યા પછી કાલ કરી અનંતર સમયે દેવ થાય. દેવપણું અનુભવતાં તેને દેવગતિની અંતર્મુહૂર્ત્ત ન્યૂન વીસ કોડાકોડી સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિ ઉદીરણા યોગ્ય થાય છે.

શંકા—ઉક્ત યુક્તિને અનુસરી આવલિકા અધિક[1] અંતર્મુહૂર્ત્ત ન્યૂન સ્થિતિ ઉદીરણા યોગ્ય થાય છે, તો પછી અંતર્મુહૂર્ત્ત ન્યૂન કેમ કહો છો ?

ઉત્તર—અહીં અંતર્મુહૂર્ત્ત ન્યૂન કહેવામાં કોઈ દોષ નથી. કેમ કે અંતર્મુહૂર્ત્તમાં આવલિકા નાખીએ છતાં પણ તે અંતર્મુહૂર્ત્ત જ થાય છે, માત્ર તે મોટું સમજવું. આ પ્રમાણે દેવાનુપૂર્વી માટે પણ સમજવું. આ પ્રમાણે શેષ વિકલત્રિકાદિ પ્રકૃતિઓની પણ ઉદીરણા યોગ્ય ઉત્કૃષ્ટસ્થિતિ યથાયોગ્ય રીતે સ્વયમેવ વિચારી લેવી.

શંકા—અનુદય સંક્રમોત્કૃષ્ટ સ્થિતિવાળી ઉપરોક્ત પ્રકૃતિઓની અંતર્મુહૂર્ત્ત ન્યૂન ઉત્કૃષ્ટસ્થિતિ ઉદીરણા યોગ્ય હોય છે, એમ જે ઉપર કહ્યું તે બરાબર છે. પરંતુ આતપનામ બંધોત્કૃષ્ટ છે, તેથી જ્ઞાનાવરણીયાદિની જેમ તેની બંધાવલિકા અને ઉદયાવલિકા એમ બે આવલિકા ન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિ ઉદીરણા યોગ્ય પ્રાપ્ત થાય છે, તો પછી શા માટે અંતર્મુહૂર્ત્ત ન્યૂન કહો છો ?

આહારકમાં સંક્રમાવનાર અન્ય પ્રકૃતિઓની સ્થિતિ સત્તા આહારકની સ્થિતિ સત્તાથી અધિક હોય છે. એટલે જ એમ કહ્યું કે સંક્રમ્યા બાદ આહારકની સત્તા ઉત્કૃષ્ટ અંતઃકોડાકોડીની થાય છે.

૧. દેવગતિનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કર્યા પછી અંતર્મુહૂર્ત્ત બાદ મરણ પામે છે અને એ અંતર્મુહૂર્ત્ત પ્રમાણ સ્થિતિ પ્રદેશોદય દ્વારા ભોગવાઈ જાય છે માટે અંતર્મુહૂર્ત્ત ન્યૂન કહી છે. અને આવલિકા ન્યૂન વીસ કોડાકોડીની તો દેવગતિની ઉત્કૃષ્ટ સ્થિતિની સત્તા જ હોય છે. કોઈપણ સંક્રમોત્કૃષ્ટ પ્રકૃતિની પોતાની મૂળ પ્રકૃતિની સ્થિતિ જેટલી સત્તા જ થતી નથી. માટે આવલિકા અધિક અંતર્મુહૂર્ત્ત ન્યૂન' વીસ કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિ ઉદીરણા કેમ ન કહી એ શંકા કરી છે. ઉત્તરમાં એમ જણાવ્યું છે કે એ આવલિકા અમે અંતર્મુહૂર્ત્તમાં સમાવી છે અને અંતર્મુહૂર્ત્ત મોટું લેવાનું છે.

ઉત્તર—તમારી શંકા અયોગ્ય છે. કેમકે જ્ઞાનાવરણીયાદિ ઉદય બંધોત્કૃષ્ટ છે, અને આતપનામ અનુદય બંધોત્કૃષ્ટ છે. અનુદય બંધોત્કૃષ્ટ પ્રકૃતિઓની અનુદય સંક્રમોત્કૃષ્ટ પ્રકૃતિઓની જેમ અંતર્મુહૂર્ત ન્યૂન જ ઉત્કૃષ્ટ સ્થિતિ ઉદીરણા યોગ્ય થાય છે.

હવે એ આતપ નામકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ઉદીરણાનો વિચાર કરે છે—ઉત્કૃષ્ટ સંક્લેશે વર્તમાન ઈશાન સુધીના દેવો જ એકેન્દ્રિય પ્રાયોગ્ય આતપ, સ્થાવર અને એકેન્દ્રિય જાતિ નામની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધે છે, અન્ય કોઈ બાંધતા નથી. તે દેવો આતપ નામકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધી અંતર્મુહૂર્ત્ત પર્યંત દેવભવમાં જ મધ્યમ પરિણામે રહી કાળ કરીને ખર બાદર પૃથ્વીકાયમાં ઉત્પન્ન થાય, ત્યાં ઉત્પન્ન થઈને શરીર પર્યાપ્તિએ પર્યાપ્ત થયા બાદ આતપ નામના ઉદયે વર્તમાન તેની ઉદીરણા કરે છે, માટે આતપ નામની અંતર્મુહૂર્ત્ત ન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિ ઉદીરણા યોગ્ય થાય એમ કહ્યું છે. આતપનું ગ્રહણ ઉપલક્ષણ છે, તેથી અન્ય-સ્થાવર, એકેન્દ્રિય જાતિ, નરકદ્વિક, તિર્યગ્દ્વિક, ઔદારિક સપ્તક, છેવટ્ઠું સંઘયણ, નિદ્રા પંચકરૂપ ઓગણીસ અનુદય બંધોત્કૃષ્ટ પ્રકૃતિઓની અંતર્મુહૂર્ત્ત ન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિ ઉદીરણા યોગ્ય છે એમ સમજવું. તેમાં સ્થાવર અને એકેન્દ્રિયજાતિની ભાવના આતપની જેમ જ સમજવી.

નરકદ્વિક માટે કહે છે—પર્યાપ્ત સંજ્ઞીપંચેન્દ્રિય તિર્યંચ અથવા મનુષ્ય નરકદ્વિકની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધે, ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કર્યા પછી અંતર્મુહૂર્ત્ત વ્યતીત થયા બાદ નીચેની પાંચમી[1] છઠ્ઠી અને સાતમીમાંથી કોઈપણ નરકપૃથ્વીમાં ઉત્પન્ન થાય. તેને જે સમયે નરકાયુનો ઉદય થાય તે જ સમયે અંતર્મુહૂર્ત્ત ન્યૂન વીસ કોડાકોડી સાગર પ્રમાણ નરકગતિની ઉત્કૃષ્ટ સ્થિતિ ઉદીરણા યોગ્ય થાય છે. માત્ર નરકાનુપૂર્વીની અંતર્મુહૂર્ત્ત ન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિની ઉદીરણા વિગ્રહગતિમાં જ હોય છે.

તથા કોઈ એક નારકી ઔદારિક સપ્તક, તિર્યગ્દ્વિક, અને અન્ત્ય સંઘયણ એ કર્મપ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધી ત્યારબાદ મધ્યમ પરિણામવાળો થઈ ત્યાં જ અંતર્મુહૂર્ત્ત રહી તિર્યંચગતિમાં ઉત્પન્ન થાય. તિર્યંચગતિમાં ઉત્પન્ન થયેલો તે આત્મા અંતર્મુહૂર્ત્ત ન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિની ઉદીરણા કરે છે.

તથા નિદ્રાપંચકની પણ અનુદયે ઉત્કૃષ્ટ સંક્લેશે ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધી અંતર્મુહૂર્ત્ત ગયા બાદ નિદ્રાના ઉદયે વર્તતા અંતર્મુહૂર્ત્ત ન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિની ઉદીરણા કરે છે. નિદ્રાનો જ્યારે

---

૧. આ ત્રણ નરક પ્રાયોગ્ય નરકગતિ લાયક કર્મ બાંધતાં નરકદ્વિકની ઉત્કૃષ્ટ સ્થિતિનો બંધ થાય છે. અન્ય નરક પ્રાયોગ્ય બાંધતાં મધ્યમ સ્થિતિ બંધાય છે, માટે નીચેની ત્રણ નરક લીધી છે.

છેલ્લા અંતર્મુહૂર્તમાં પોતાના આયુના ચરમ સમય પર્યંત મનુષ્ય કે તિર્યંચ નરકગતિ યોગ્ય બંધ કરે છે, પરંતુ તેનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરતા નથી એમ જણાય છે. કેમ કે અંતર્મુહૂર્ત્ત પર્યંત મધ્યમ પરિણામી થઈ ત્યાં જ રહી નરક ગતિમાં ઉત્પન્ન થવાનું લખે છે. આ ઉપરથી એમ સમજાય છે કે નરકગતિ યોગ્ય બંધના અંતર્મુહૂર્ત્તના પ્રથમ ભાગમાં તેનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરે, બીજા ભાગમાં ન કરે. એટલે જ અંતર્મુહૂર્ત્ત ન્યૂન વીસ કોડાકોડી ઉદીરણા યોગ્ય થાય. જો છેલ્લા સમય સુધી બંધ થતો હોય તો બે આવલિકા ન્યૂન ઉદીરણા યોગ્ય થાય. આ સિવાય આ રીતે જ્યાં કહ્યું હોય ત્યાં અન્યત્ર પણ યથાયોગ્ય રીતે આ પ્રમાણે સમજી લેવું. જેમ કે દેવગતિના વિષયમાં.

ઉદય હોય ત્યારે ઉત્કૃષ્ટ સંક્લિષ્ટ પરિણામ હોતા નથી, પરંતુ મધ્યમ પરિણામ હોય છે એટલે તેનો ઉદય ન હોય ત્યારે તીવ્ર સંક્લિષ્ટ પરિણામે તેની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધે છે. અને ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધ્યા પછી અંતર્મુહૂર્ત્ત ગયા પછી જ ઉદયમાં આવે છે. ઉદય હોય ત્યારે જ ઉદીરણા થાય છે, માટે અંતર્મુહૂર્ત્ત ન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિ ઉદીરણા યોગ્ય થાય છે.

તથા મનુજગતિ, સાતવેદનીય, સ્થિરાદિ ષટ્ક, હાસ્યાદિષટ્ક, ત્રણ વેદ, શુભ વિહાયોગતિ પ્રથમ સંઘયણ પંચક, પ્રથમ સંસ્થાન પંચક અને ઉચ્ચ ગોત્રરૂપ ઓગણત્રીસ ઉદય સંક્રમોત્કૃષ્ટ પ્રકૃતિઓની ત્રણ આવલિકા ન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિ ઉદીરણા યોગ્ય સમજવી. અહીં બંધાવલિકા, સંક્રમાવલિકા અને ઉદયાવલિકા એમ ત્રણ આવલિકા સમજવી. અહીં મનુષ્યગતિ આદિમાં ઉત્કૃષ્ટ કેટલી સ્થિતિ સંક્રમે છે, સંક્રમ્યા પછી તેની કેટલી સ્થિતિની સત્તા થાય છે અને તેમાંથી કેટલી ઉદીરે છે એ સઘળું લક્ષ્યમાં રાખી ઉત્કૃષ્ટ સ્થિતિની ઉદીરણા કહેવા યોગ્ય છે.

જેમ કે—નરકગતિની બંધાવલિકા ગયા બાદ ઉદયાવલિકા ઉપરની એમ બે આવલિકા ન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિ સંક્રમે, જેમાં સંક્રમે તેની ઉદયાવલિકા ઉપર જ સંક્રમે, કારણ કે જેની સ્થિતિ સંક્રમે છે તેની ઉદયાવલિકા ઉપરની સ્થિતિ સંક્રમે છે. એટલે જ જેમાં સંક્રમે તેની ઉદયાવલિકા મેળવતાં એક આવલિકા ન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિની સત્તા થાય. સંક્રમાવલિકા ગયા બાદ ઉદયાવલિકા ઉપરની સ્થિતિની ઉદીરણા થાય, એટલે ઉપર કહી તે પ્રમાણે ત્રણ આવલિકા ન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિ ઉદીરણા યોગ્ય થાય છે. અહીં દરેક સ્થળે બે કે ત્રણ આવલિકા કે અન્તર્મુહૂર્ત્ત ન્યૂન જેટલો કાળ ઉદીરણાને અયોગ્ય કહ્યો છે, તેટલો અદ્ધાચ્છેદ સમજવો. અને જે જે પ્રકૃતિનો જેને જેને ઉદય હોય તે તે પ્રકૃતિના ઉદયવાળા જીવો તેની તેની ઉત્કૃષ્ટસ્થિતિની ઉદીરણાના સ્વામી સમજવા. ૩૦

हयसेसा तित्थठिई पल्लसंखेज्जमेत्तिया जाया ।
तीसे सजोगि पढमे समए उद्दीरणुक्कोसा ॥३१॥

हतशेषा तीर्थस्थितिः पल्यासंख्येयमात्रा जाता ।
तस्याः सयोगिनः प्रथमे समये उदीरणोत्कृष्टा ॥३१॥

અર્થ—ઓછી થતા થતા તીર્થંકરનામકર્મની પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ માત્ર સ્થિતિ શેષ રહી. સયોગીના પ્રથમ સમયે તેની જે ઉદીરણા તે ઉત્કૃષ્ટ ઉદીરણા કહેવાય છે.

ટીકાનુ૦—કેવળજ્ઞાન પ્રાપ્ત કરતાં પહેલાં અપવર્ત્તી-અપવર્ત્તીને=અપવર્ત્તના કરણ વડે ઓછી કરી કરીને તીર્થંકર નામકર્મની પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ માત્ર સ્થિતિ બાકી રાખી.[1]

---

૧. અહીં શંકા થાય કે તીર્થંકર નામકર્મની સ્થિતિ ત્રીજે ભવે તો નિકાચિત બાંધી પછી તેની અપવર્ત્તના કેમ થાય ? નિકાચિત બંધ કર્યા પછી અપવર્ત્તના કેમ ? શંકા બરાબર છે. જેટલી સ્થિતિ નિકાચિત થાય છે તેની તો અપવર્ત્તના થતી નથી. પરંતુ વધારાની સ્થિતિની અપવર્ત્તના થાય છે. જીવ સ્વભાવે જે સમયોમાં તીર્થંકર નામકર્મ નિકાચિત થાય છે, ત્યારથી તેનું જેટલું આયુ બાકી હોય તેટલું ભવાંતરનું અને ત્યારપછીના મનુષ્યભવનું જેટલું આયુ થવાનું હોય તેટલી જ સ્થિતિ નિકાચિત થાય છે, અધિક થતી નથી. એટલે નિકાચિત સ્થિતિ તો ભોગવીને જ ખલાસ કરે છે. તેની ઉપરની જે સ્થિતિ રહી કે જેમાં કરણો લાગી શકે તેને ઓછી કરી સયોગીના પ્રથમ સમયે પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ રાખે છે અને તેની ઉદીરણા કરે છે કે જે ઉત્કૃષ્ટ ઉદીરણા કહેવાય છે, એમ સમજાય છે.

હણાતાં હણાતાં શેષ રહેલી તેટલી સ્થિતિની સયોગીકેવલી ગુણસ્થાનકના પ્રથમસમયે જે ઉદીરણા થાય તે ઉત્કૃષ્ટ ઉદીરણા કહેવાય છે. સર્વદા ઉત્કૃષ્ટથી પણ આટલી જ તીર્થંકર નામકર્મની સ્થિતિ ઉદીરણા યોગ્ય હોય છે, અધિક નહિ.

ચારે આયુનો પોતપોતાનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ થયા પછી જ્યારે તેનો ઉદય થાય ત્યારે ઉદયના પ્રથમ સમયે તે તે આયુની ઉત્કૃષ્ટ સ્થિતિ ઉદીરણા થાય છે અને તે ઉત્કૃષ્ટ ઉદીરણા કહેવાય છે. તે તે આયુના ઉદયવાળો આત્મા તેનો સ્વામી છે.

આ પ્રમાણે અદ્ધાચ્છેદ અને ઉત્કૃષ્ટ ઉદીરણાનું સ્વામિત્વ કહ્યું. હવે જઘન્યસ્થિતિ ઉદીરણાનું સ્વામિત્વ કહે છે—

भयकुच्छआयवुज्जोयसव्वघाईकसायनिद्दाणं ।
अतिहीणसंतबंधो जहण्णउद्दीरगो अतसो ॥३२॥

भयजुगुप्साऽऽतपोद्योतसर्वघातिकषायनिद्राणाम् ।
अतिहीनसत्बन्धः जघन्योदीरकोऽत्रसः ॥३२॥

અર્થ—ભય, જુગુપ્સા, આતપ, ઉદ્યોત, સર્વઘાતિ કષાયો અને નિદ્રાની અતિહીન સત્તા અને બંધવાળો સ્થાવર આત્મા જઘન્ય સ્થિતિનો ઉદીરક છે.

ટીકાનુ૦—અતિ અલ્પ સ્થિતિની સત્તાવાળો અને સત્તાની અપેક્ષાએ કંઈક અધિક અગર તો સરખો જ નવીન કર્મનો બંધ કરતો સ્થાવર આત્મા ભય, જુગુપ્સા, આતપ, ઉદ્યોત, આદિના બાર સર્વઘાતિ કષાયો, અને નિદ્રા પંચક કુલ એકવીસ પ્રકૃતિઓની બંધાવલિકા વીત્યા બાદ જઘન્ય સ્થિતિ ઉદીરણા કરે છે. કારણ કે તેને સત્તામાં અતિ જઘન્ય સ્થિતિ છે. અને નવો બંધ પણ સત્તાની સમાન કે થોડો જ વધારે કરે છે, એટલે ઉપરોક્ત પ્રકૃતિઓની ઉદીરણાનો સ્વામી સ્થાવર કહ્યો છે. સ્થાવરથી ત્રસને બંધ અને સત્તા વધારે હોય છે, માટે તેને વર્જ્યો છે.

અહીં આતપ[1] અને ઉદ્યોત સિવાય ઓગણીસ પ્રકૃતિઓ ધ્રુવબંધી હોવાથી, અને આતપ અને ઉદ્યોતની કોઈ પ્રતિપક્ષ પ્રકૃતિ નહિ હોવાથી તેમજ આ પ્રકૃતિઓની જેટલી અલ્પ સ્થિતિની ઉદીરણા સ્થાવર કરે છે, તેનાથી અલ્પ અન્ય કોઈ કરી શકતા નહિ હોવાથી ઉક્ત સ્વરૂપવાળો સ્થાવર જ આ પ્રકૃતિઓની જઘન્ય સ્થિતિનો ઉદીરક કહ્યો છે. ૩૨

---

૧. આ પ્રકૃતિઓની સ્થાવરો-એકેન્દ્રિયો જઘન્ય સ્થિતિના ઉદીરક હોવાનું કારણ સ્થાવરો ત્રસ-બેઇન્દ્રિયાદિથી અલ્પ સ્થિતિ બાંધે છે. અને અલ્પ બાંધતો હોવાથી ત્રસમાંથી સત્તા વધારે લઈને આવ્યો હોય તોપણ તેને ઓછી કરી નાખે છે. એકેન્દ્રિયોથી બેઇન્દ્રિયાદિ ત્રસો પચીસ આદિ ગુણ બંધ કરે છે. જ્યારે બંધ વધારે કરે છે, ત્યારે સત્તા વધારે હોય જ. જો કે સંજ્ઞી પંચેન્દ્રિયો ગુણસ્થાનક પરત્વે અલ્પ સ્થિતિબંધ કરે છે પરંતુ નિદ્રાદ્વિક સિવાયની ઉપરોક્ત પ્રકૃતિઓ ઉદયમાંથી જે જે ગુણસ્થાનકે જાય છે ત્યાં ત્યાં અંતઃકોડાકોડીથી બંધ કે સત્તા ઓછા હોતા નથી. નિદ્રાદ્વિકનો અગિયારમા ગુણસ્થાનક સુધી ઉદય હોય છે અને ત્યાં તેની સ્થિતિની સત્તા એકેન્દ્રિયથી પણ ન્યૂન સંભવે છે, તેથી તેની જઘન્ય સ્થિતિની ઉદીરણા ત્યાં કહેવી જોઈએ પણ કહી નથી. તત્ત્વ કેવલ ગમ્ય.

एगिंदियजोगाणं पडिवक्खा बंधिऊण तव्वेइ ।
बंधालिचरमसमये तदागए सेसजाईणं ॥३३॥

एकेन्द्रिययोग्यानां प्रतिपक्षाः बद्ध्वा तद्वेदी ।
बंधावलिकाचरमसमये तस्मादागतः शेषजातीनाम् ॥३३॥

અર્થ—પ્રતિપક્ષ પ્રકૃતિઓને બાંધીને બંધાવલિકાના ચરમ સમયે તદ્વેદી આત્મા એકેન્દ્રિય યોગ્ય પ્રકૃતિઓની જઘન્ય સ્થિતિની ઉદીરણા કરે છે. તેમાંથી-એકેન્દ્રિયમાંથી આવેલો શેષ જાતિઓની (એ પ્રમાણે) જઘન્ય સ્થિતિ ઉદીરણા કરે છે.

ટીકાનુ૦—એકેન્દ્રિયોને જ ઉદીરણા પ્રત્યે પ્રકૃતિઓ, જેવી કે, એકેન્દ્રિયજાતિ, સ્થાવર, સૂક્ષ્મ અને સાધારણ નામ. તે પ્રકૃતિઓની જઘન્ય સ્થિતિની સત્તાવાળો એકેન્દ્રિય તે તે પ્રકૃતિઓની પ્રતિપક્ષ પ્રકૃતિઓને બાંધીને બંધાવલિકાના ચરમ સમયે તે તે પ્રકૃતિઓના ઉદયવાળો આત્મા જઘન્ય સ્થિતિની ઉદીરણા કરે છે.

તેમાં એકેન્દ્રિયજાતિની પ્રતિપક્ષ બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દિરય અને પંચેન્દ્રિય જાતિ છે, અને સ્થાવર, સૂક્ષ્મ અને સાધારણ નામની પ્રતિપક્ષ અનુક્રમે ત્રસ, બાદર અને પ્રત્યેક છે.

તાત્પર્યાર્થ આ છે—સર્વ જઘન્ય-ઓછામાં ઓછી સ્થિતિની સત્તાવાળો એકેન્દ્રિય, બેઇન્દ્રિયાદિ ચારે જાતિઓને ક્રમપૂર્વક બાંધે. ક્રમપૂર્વક તે ચારે જાતિનામકર્મને બાંધ્યા પછી એકેન્દ્રિયજાતિને બાંધવાનો આરંભ કરે. તેની બંધાવલિકાના ચરમ સમયે તે એકેન્દ્રિય આત્મા પોતાની જાતિની જઘન્ય સ્થિતિની ઉદીરણા કરે છે.

ઉપરોક્ત સ્વરૂપવાળા એકેન્દ્રિય આત્માને પોતાની જાતિની જઘન્ય સ્થિતિનો ઉદીરક કહેવાનું કારણ—એક તો તે એકેન્દ્રિયજાતિની ઓછામાં ઓછી સ્થિતિની સત્તાવાળો છે. બીજું, જેટલો કાળ પોતાની પ્રતિપક્ષ બેઇન્દ્રિયાદિ જાતિનામકર્મ બાંધે તેટલા કાળ પ્રમાણ એકેન્દ્રિયજાતિની સ્થિતિ ભોગવવા દ્વારા ન્યૂન કરે છે, તેથી સત્તામાં અતિ અલ્પ સ્થિતિ રહે છે, અને સત્તામાં અતિ અલ્પ સ્થિતિ રહેવાથી ઉદીરણા પણ અતિ અલ્પ સ્થિતિની જ થાય છે. એટલે ઉપરોક્ત સ્વરૂપવાળો એકેન્દ્રિય આત્મા પોતાની જાતિની જઘન્ય સ્થિતિનો ઉદીરક કહ્યો છે. આ ઉપરથી અતિ જઘન્ય સ્થિતિની સત્તા, અને પ્રતિપક્ષ પ્રકૃતિનો બંધ એ બંને ગ્રહણ કરવાનું કારણ સમજાઈ ગયું હશે, તથા ચારે જાતિ બાંધ્યા પછી એકેન્દ્રિયજાતિની બંધાવલિકાના ચરમ સમયે જઘન્ય સ્થિતિની ઉદીરણા થાય, એમ કહેવાનું કારણ—બંધાવલિકા પૂર્ણ થયા પછીના સમયે બંધાવલિકાના પ્રથમ સમયે બંધાયેલ લતાનો પણ ઉદય થવાથી ઉદીરણા થાય, અને તેમ થાય તો ઉદીરણામાં સ્થિતિ વધી જાય, તે ન થાય માટે બંધાવલિકાના ચરમ સમયે જઘન્ય ઉદીરણા થાય એમ કહ્યું છે.

જે રીતે એકેન્દ્રિયજાતિની જઘન્ય ઉદીરણા કહી તે રીતે સ્થાવર, સૂક્ષ્મ અને સાધારણ નામકર્મની પણ જઘન્ય સ્થિતિની ઉદીરણા કહેવી. માત્ર તે ત્રણેની પ્રતિપક્ષ પ્રકૃતિઓ અનુક્રમે ત્રસ, બાદર અને પ્રત્યેક નામ જાણવી. જેમ કે—સ્થાવર નામકર્મની અતિ જઘન્ય સ્થિતિની સત્તાવાળો એકેન્દ્રિય આત્મા જેટલી વધારે વાર ત્રસ નામકર્મ બાંધી શકે તેટલી વધારે વાર બાંધે, ત્યારબાદ

સ્થાવર નામ બાંધવાનો આરંભ કરે, તેની બંધાવલિકાના ચરમ સમયે તે એકેન્દ્રિય આત્મા સ્થાવર નામકર્મની જઘન્ય સ્થિતિની ઉદીરણા કરે. એ પ્રમાણે બાદરાદિ માટે પણ સમજવું.

તથા એકેન્દ્રિય ભવમાંથી આવેલો બેઇન્દ્રિયાદિ આત્મા પોતપોતાની જાતિની એ જ પ્રમાણે જઘન્ય સ્થિતિની ઉદીરણા કરે છે. અહીં તાત્પર્ય આ છે—કોઈ જઘન્ય સ્થિતિની સત્તાવાળો એકેન્દ્રિય આત્મા તે ભવમાંથી નીકળી બેઇન્દ્રિયમાં ઉત્પન્ન થાય, ત્યાં પૂર્વે બાંધેલ બેઇન્દ્રિય જાતિને અનુભવવાનો આરંભ કરે. અનુભવના—ઉદયના પ્રથમ સમયથી આરંભી દીર્ઘકાળ પર્યંત એકેન્દ્રિય જાતિ બાંધે, ત્યારબાદ તેઇન્દ્રિય જાતિ દીર્ઘકાળ પર્યંત બાંધે, એ પ્રમાણે ચતુરિન્દ્રિય અને પંચેન્દ્રિયજાતિ ક્રમપૂર્વક બાંધે. માત્ર જે જાતિની જઘન્ય સ્થિતિની ઉદીરણા કહેવાની છે, તે જાતિને છેલ્લી બાંધે. આ પ્રમાણે ચાર મોટા અંતર્મુહૂર્ત્ત જાય, તેટલો કાળ બેઇન્દ્રિયજાતિને અનુભવવા દ્વારા ઓછી કરે. ત્યારબાદ બેઇન્દ્રિયજાતિને બાંધવાનો આરંભ કરે. તેની બંધાવલિકાના ચરમ સમયે એકેન્દ્રિય ભવમાંથી જેટલી જઘન્ય સ્થિતિની સત્તા લઈને આવ્યો હતો તેની અપેક્ષાએ ચાર અંતર્મુહૂર્ત્ત ન્યૂન બેઇન્દ્રિય જાતિની જઘન્ય સ્થિતની ઉદીરણા કરે છે.

ક્રમપૂર્વક ચાર જાતિના બંધનું અને બંધાવલિકાના ચરમ સમયે ઉદીરણાનું કારણ એકેન્દ્રિય જાતિની જઘન્ય સ્થિતિની ઉદીરણાના પ્રસંગે કહ્યું છે તે જાણવું, એ જ પ્રમાણે તેઇન્દ્રિય અને ચતુરિન્દ્રિયજાતિ નામની જઘન્ય સ્થિત્યુદીરણા પણ કહેવી. ૩૩

दुभगाइनीयतिरिदुगअसारसंघयणनोकसायाणं ।
मणुपुव्वऽपज्जतइयस्स सन्निमेवं इगागयगे ॥३४॥

दुर्भगादिनीचतिर्यग्द्विकासारसंहनननोकषायाणाम् ।
मनुजानुपूर्व्यपर्याप्ततृतीयस्य संज्ञिन्येवं एकेन्द्रियागते ॥३४॥

અર્થ—એકેન્દ્રિયમાંથી આવેલા સંજ્ઞીમાં દુર્ભગાદિ, નીચ ગોત્ર, તિર્યગ્દ્વિક અસાર સંઘયણ, નોકષાય-હાસ્ય, રતિ, અરતિ અને શોક, મનુજાનુપૂર્વી, અપર્યાપ્તનામ, અને ત્રીજા વેદનીયકર્મની એ પ્રમાણે જઘન્ય સ્થિતિની ઉદીરણા થાય છે.

ટીકાનુ૰—દુર્ભગ આદિ ત્રણ—દુર્ભગ, અનાદેય, અને અપયશઃકીર્ત્તિ, નીચ ગોત્ર, તિર્યગ્દ્વિક-તિર્યંચગતિ અને તિર્યંચાનુપૂર્વી, અસારસંઘયણ—પહેલા સિવાય પાંચ સંઘયણ, નોકષાયો-હાસ્ય, રતિ અને શોક-અરતિ એ ચાર, વેદોના સંબંધે આગળ ઉપર કહેવાનું હોવાથી અને ભય જુગુપ્સા સંબંધે કહી ગયા હોવાથી અહીં નોકષાય શબ્દ વડે ઉપરોક્ત હાસ્યાદિ ચારને જ ગ્રહણ કરવા. તથા મનુષ્યાનુપૂર્વી, અપર્યાપ્તનામ અને ત્રીજું સાતા-અસાતારૂપ વેદનીયકર્મ, સઘળી મળી ઓગણીસ પ્રકૃતિઓની જઘન્ય સ્થિતિ ઉદીરણા એકેન્દ્રિય ભવમાંથી આવેલા[1] સંજ્ઞી પંચેન્દ્રિયમાં થાય છે.

---

૧. અહીં દુર્ભગત્રિક વગેરે ૧૯ પ્રકૃતિઓની જઘન્ય સ્થિતિ ઉદીરણા એકેન્દ્રિયમાંથી આવેલા સંજ્ઞી પંચેન્દ્રિયને બતાવી, પરંતુ મનુષ્યાનુપૂર્વી અને પાંચ સંઘયણ વિના ૧૩ પ્રકૃતિઓનો ઉદય એકેન્દ્રિયાદિ જીવોને પણ હોય છે છતાં એકેન્દ્રિયાદિ જીવોમાં જઘન્ય સ્થિતિ ઉદીરણા ન બતાવતાં સંજ્ઞી પંચેન્દ્રિયમાં જ બતાવી તેનું કારણ શેષ જીવો કરતાં સંજ્ઞી પંચેન્દ્રિય જીવોને પરાવર્ત્તમાન બંધ યોગ્ય દરેક પ્રકૃતિઓનો

ભાવના આ પ્રમાણે—જઘન્ય સ્થિતિની સત્તાવાળો એકેન્દ્રિય એકેન્દ્રિય ભવમાંથી નીકળી પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિયમાં ઉત્પન્ન થાય. ઉત્પત્તિના પ્રથમ સમયથી આરંભી દુર્ભગનામકર્મને અનુભવતો મોટા અંતર્મુહૂર્ત્ત પર્યંત સુભગનામ બાંધે, ત્યારબાદ દુર્ભગનામ બાંધવાનો આરંભ કરે, તેની બંધાવલિકાના ચરમ સમયે પૂર્વબદ્ધ દુર્ભગનામકર્મની જઘન્ય સ્થિતિની ઉદીરણા કરે.

એ જ પ્રમાણે અનાદેય, અપયશઃકીર્ત્તિ અને નીચ ગોત્રની પણ જઘન્ય સ્થિતિની ઉદીરણા કહેવી. માત્ર અહીં આદેય યશઃકીર્ત્તિ અને ઉચ્ચ ગોત્ર રૂપ પ્રતિપક્ષ પ્રકૃતિઓનો અનુક્રમે બંધ કહેવો.

તથા સર્વ જઘન્ય સ્થિતિની સત્તાવાળો બાદર[૧] તેઉકાય-વાયુકાય આત્મા પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચમાં ઉત્પન્ન થાય. ત્યાં ભવના પ્રથમ સમયથી આરંભી મોટા અંતર્મુહૂર્ત્તકાળ પર્યંત મનુષ્યગતિ બાંધે, ત્યારબાદ તિર્યંચગતિ બાંધવાનો આરંભ કરે. બંધાવલિકાના ચરમ સમયે પૂર્વબદ્ધ તે તિર્યંચગતિની જઘન્ય સ્થિતિની ઉદીરણા કરે છે. તિર્યંચાનુપૂર્વીની જઘન્ય સ્થિત્યુદીરણા પણ આ જ પ્રમાણે કહેવી. માત્ર વિગ્રહગતિમાં ત્રીજે સમયે કહેવી. તિર્યંચગતિનો ઉદય તો વિગ્રહ-અવિગ્રહ બંને સ્થળે હોય છે, પરંતુ આનુપૂર્વીનો ઉદય વિગ્રહગતિમાં જ હોય છે, માટે તેની જઘન્ય સ્થિતિની ઉદીરણા વિગ્રહગતિમાં અને વધારે કાળ કાઢવા ખાતર ત્રીજે સમયે કહી છે.

એ જ પ્રમાણે અસાર પાંચ સંઘયણમાંથી વેદ્યમાન સંઘયણને છોડી શેષ પાંચ સંઘયણનો બંધકાળ અતિ દીર્ઘ કહેવો. ત્યારબાદ વેદ્યમાન સંઘયણનો બંધ કહેવો, બંધાવલિકાના ચરમ સમયે વેદ્યમાન અસાર સંઘયણની જઘન્ય સ્થિતિની ઉદીરણા કહેવી. (જઘન્યસ્થિતિની ઉદીરણા કહેવાનો ક્રમ જાતિનામકર્મની જેમ જ છે.) હાસ્ય-રતિની જઘન્ય સ્થિતિ ઉદીરણા સાતાની જેમ, અને શોક-અરતિની જઘન્ય સ્થિતિ ઉદીરણા અસાતાની જેમ કહેવી.

ઓછામાં ઓછી મનુષ્યાનુપૂર્વીની સ્થિતિની સત્તાવાળો એકેન્દ્રિય એકેન્દ્રિય ભવમાંથી નીકળી મનુષ્યમાં ઉત્પન્ન થાય. વિગ્રહગતિમાં વર્તમાન તે મનુષ્ય પોતાના આયુના ત્રીજે સમયે[૨] મનુષ્યાનુપૂર્વીની જઘન્ય સ્થિતિની ઉદીરણા કરે. તથા અપર્યાપ્તનામની અતિજઘન્ય સ્થિતિની સત્તાવાળો એકેન્દ્રિય એકેન્દ્રિય ભવમાંથી નીકળી અપર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિયમાં ઉત્પન્ન થાય. ભવ પ્રથમ સમયથી આરંભી મોટા અંતર્મુહૂર્ત્ત પર્યંત પર્યાપ્ત નામકર્મ બાંધે, ત્યારબાદ અપર્યાપ્ત નામ-

---

બંધકાળ સંખ્યાત ગુણ છે તેથી એકેન્દ્રિયાદિ જીવોની અપેક્ષાએ સંજ્ઞી પંચેન્દ્રિયમાં વધારે જઘન્યસ્થિતિ ઉદીરણા પ્રાપ્ત થાય છે. તેથી એકેન્દ્રિયમાંથી આવેલા સંજ્ઞીપંચેન્દ્રિય જીવો જ બતાવ્યા છે.

૧. બીજા એકેન્દ્રિયની અપેક્ષાએ તેઉકાય-વાયુકાયમાં તિર્યંચજાતિનામની સ્થિતિની જઘન્ય સત્તા હોય એમ જણાય છે, તેથી તે બેનું ગ્રહણ કર્યું હોય એમ જણાય છે. પરાવર્ત્તમાન પ્રકૃતિઓ તેની વિરોધીની બીજી પ્રકૃતિઓ બંધાતી હોય ત્યારે અંતર્મુહૂર્ત્ત પર્યંત જ બંધાય છે, માટે અંતર્મુહૂર્ત્ત જ બંધકાળ લીધો છે. અપર્યાપ્તાવસ્થામાં દેવનરક ગતિનો બંધ થતો નથી માટે માત્ર મનુષ્યગતિનો બંધ લીધો છે.

૨. અહીં ઉદયનો કાળ ત્રણ સમયનો જ હોવાથી પ્રતિપક્ષ તિર્યંચાનુપૂર્વીનો બંધ અને બંધાવલિકાના ચરમ સમયે ઉદીરણા ઘટી શકશે નહિ માટે પ્રતિપક્ષ પ્રકૃતિનો બંધ આદિ કંઈ કહેવામાં આવ્યું નથી.

કર્મને બાંધવાનો આરંભ કરે. બંધાવલિકાના ચરમ સમયે પૂર્વબદ્ધ તે અપર્યાપ્ત નામકર્મની જઘન્ય સ્થિતિ ઉદીરણા કરે છે.

સાતાવેદનીયની અતિજઘન્ય સ્થિતિની સત્તાવાળો એકેન્દ્રિય આત્મા એકેન્દ્રિય ભવમાંથી નીકળી પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિયમાં ઉત્પન્ન થાય. ઉત્પત્તિના પ્રથમ સમયથી આરંભી સાતાવેદનીયને અનુભવતો મોટા અંતર્મુહૂર્ત પર્યંત અસાતાવેદનીય બાંધે, ત્યારબાદ ફરી સાતાને બાંધવાનો આરંભ કરે, બંધાવલિકાના ચરમ સમયે પૂર્વબદ્ધ સાતાવેદનીયની જઘન્ય સ્થિતિની ઉદીરણા કરે છે.

એ પ્રમાણે અસાતાવેદનીયની પણ જઘન્ય સ્થિતિ ઉદીરણા કહેવી. માત્ર સાતાવેદનીયને સ્થાને અસાતાવેદનીય પદ બોલવું, અસાતાવેદનીયને સ્થાને સાતાવેદનીય પદ બોલવું. ૩૪

अमणागयस्स चिरठिइअंते देवस्स नारयस्सा वा ।
तदुवंगगईणं आणुपुव्विणं तइयसमयंमि ॥३५॥

अमनस्कादागतस्य चिरस्थित्यन्ते देवस्य नारकस्य वा ।
तदुपाङ्गगतीनामानुपूर्व्योः तृतीयसमये ॥३५॥

અર્થ—અસંજ્ઞી પંચેન્દ્રિયમાંથી આવેલા દેવ અથવા નારકીને પોતપોતાના આયુની દીર્ઘ સ્થિતિના અંતે વૈક્રિય અંગોપાંગ, દેવગતિ અને નરકગતિની જઘન્ય સ્થિતિ ઉદીરણા થાય છે. અને આનુપૂર્વીની પોતપોતાના આયુના ત્રીજે સમયે જઘન્ય સ્થિતિ ઉદીરણા થાય છે.

ટીકાનુ૦—અસંજ્ઞી પંચેન્દ્રિયમાંથી નીકળી દેવ અથવા નારકીમાં આવેલાને પોતપોતાના આયુની દીર્ઘ સ્થિતિને અંતે વૈક્રિય અંગોપાંગ, દેવગતિ અને નરકગતિ એમ ત્રણ પ્રકૃતિની જઘન્ય સ્થિતિ ઉદીરણા થાય છે. તથા દેવ-નારકાનુપૂર્વીની પોતપોતાના આયુના ત્રીજે સમયે જઘન્ય સ્થિતિ ઉદીરણા થાય છે.

તાત્પર્ય આ પ્રમાણે—કોઈ અસંજ્ઞી પંચેન્દ્રિય આત્મા દેવગતિ આદિની અતિ અલ્પ સ્થિતિ બાંધીને અને ત્યારબાદ અસંજ્ઞી પંચેન્દ્રિયમાં જ દીર્ઘકાળ[1] પર્યંત રહીને પલ્યોપમના

---

૧. અહીં કેટલો દીર્ઘ કાળ એ કંઈ કહેતા નથી. પરંતુ કોઈ પૂર્વકોટી વર્ષના આયુવાળો અસંજ્ઞી હોય, અને તે આયુનો અમુક થોડો ભાગ ગયા બાદ જઘન્ય સ્થિતિએ ઉપરોક્ત ત્રણ પ્રકૃતિ બાંધે, ત્યારબાદ ન બાંધે. આ પ્રમાણે હોય તો દીર્ઘકાળ પર્યંત અસંજ્ઞીમાં રહેવાનું ઘટી શકે છે. એવો આત્મા પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ દેવ અથવા નારકાયુ બાંધી દેવ કે નારકીમાં ઉત્પન્ન થાય. અસંજ્ઞીઓ તે કરતાં વધારે આયુ બાંધતા નથી. તેટલો કાળ ત્યાં ઉદય-ઉદીરણાથી સ્થિતિ ઓછી કરે, એટલે પોતપોતાના આયુના ચરમ સમયે જઘન્ય સ્થિતિની ઉદીરણા ઘટી શકે. અહીં કદાચ એમ શંકા થાય કે તેત્રીસ સાગરોપમના આયુવાળા દેવ નારકીને ચરમ સમયે જઘન્ય સ્થિતિ ઉદીરણા કેમ ન કહી ? તેના ઉત્તરમાં એમ સમજવાનું કે તેટલી આયુની સ્થિતિ બાંધનાર સંજ્ઞી પર્યાપ્ત જ હોય અને તે ઉપરોક્ત પ્રકૃતિઓની અંતઃકોડાકોડીથી ઓછી સ્થિતિ બાંધતા નથી અને અસંજ્ઞીઓ તો ઉપરોક્ત પ્રકૃતિઓની પલ્યોપમના અસંખ્યાતમા ભાગ ન્યૂન સાતીયા બે હજાર ભાગ જ જઘન્ય સ્થિતિ બાંધે છે. એટલે અસંજ્ઞીમાંથી આવેલા દેવ નારકીને જ જઘન્ય સ્થિતિ ઉદીરણા સંભવે છે.

અસંખ્યાતમા ભાગપ્રમાણ આયુવાળો દેવ અથવા નારકી થાય. પોતપોતાના આયુના ચરમ સમયે વર્તમાન તે દેવ અથવા નારકીને યથાયોગ્ય રીતે દેવગતિ, નરકગતિ અને વૈક્રિય અંગોપાંગની જઘન્ય સ્થિતિની ઉદીરણા થાય છે. તથા અસંજ્ઞી પંચેન્દ્રિયમાંથી આવેલા પરંતુ વિગ્રહગતિમાં પોતપોતાના આયુના ત્રીજે સમયે વર્તમાન તે જ દેવ અથવા નારકીને અનુક્રમે દેવાનુપૂર્વી અને નરકાનુપૂર્વીની જઘન્ય સ્થિતિ ઉદીરણા થાય છે. ૩૫

वेयतिगं दिट्ठिदुगं संजलणाणं च पढमठ्ठिईए ।
समयाहिगालियाए सेसाए उवसमे वि दुसु ॥३६॥

वेदत्रिकस्य दृष्टिद्विकस्य संज्वलनानां च प्रथमस्थितेः ।
समयाधिकावलिकायां शेषायामुपशमेऽपि द्वयोः ॥३६॥

અર્થ—પ્રથમ સ્થિતિની સમયાધિક આવલિકા પ્રમાણ શેષ સ્થિતિ રહે ત્યારે વેદત્રિક, દૃષ્ટિદ્વિક અને સંજ્વલન કષાયોની જઘન્ય સ્થિતિ ઉદીરણા થાય છે. સમ્યક્ત્વ મોહનીય અને સંજ્વલન લોભની બંને શ્રેણિમાં અને શેષ પ્રકૃતિઓની ક્ષપક શ્રેણિમાં જ જઘન્ય સ્થિતિ ઉદીરણા થાય છે.

ટીકાનુ૦—જ્યારે અંતરકરણ-આંતરૂં પાડવાની ક્રિયા શરૂ કરે ત્યારે નીચેની નાની સ્થિતિ એ પ્રથમ સ્થિતિ અને ઉપરની મોટી સ્થિતિ એ બીજી સ્થિતિ કહેવાય છે. પ્રથમ સ્થિતિની સમયાધિક આવલિકા પ્રમાણ સ્થિતિ શેષ રહે ત્યારે વેદત્રિક—સ્ત્રી, પુરુષ અને નપુંસકવેદ, દૃષ્ટિ દ્વિક—મિથ્યાત્વ અને સમ્યક્ત્વ મોહનીય અને સંજ્વલન કષાયો—ક્રોધ, માન, માયા અને લોભ એ નવ પ્રકૃતિની ઉદયાવલિકા ઉપરની સમયમાત્ર સ્થિતિ જ ઉદીરણા યોગ્ય હોવાથી તે સમયપ્રમાણ સ્થિતિની ઉદીરણા રૂપ જઘન્ય સ્થિતિ ઉદીરણા થાય છે. માત્ર સમ્યક્ત્વમોહનીય અને સંજ્વલન લોભની ઉપશમ અને ક્ષપક બંને[1] શ્રેણિમાં અને શેષ પ્રકૃતિઓની ક્ષપકશ્રેણિમાં જ જઘન્ય સ્થિતિ ઉદીરણા થાય છે. ''वेयतिगं'' ઇત્યાદિ પદોમાં પ્રાકૃતપણાને લઈ ષષ્ઠીના અર્થમાં પ્રથમા વિભક્તિ થઈ છે.

एगिंदागय अइहीणसत्त सण्णीसु मीसउदयंते ।
पवणो सट्ठिइ जहण्णगसमसत्त विउव्वियस्संते ॥३७॥

---

૧. અહીં સમ્યક્ત્વ મોહનીય અને સંજ્વલન લોભની બંને શ્રેણિમાં અને શેષ પ્રકૃતિઓની માત્ર ક્ષપકશ્રેણિમાં જ જઘન્ય સ્થિતિ ઉદીરણા કહી છે, પરંતુ બંને શ્રેણિમાં કહી નથી. કેમ ન કહી તેનું કારણ સમજાતું નથી. કેમ કે બંને શ્રેણિમાં પ્રથમ સ્થિતિની સમયાધિક આવલિકા પ્રમાણ સ્થિતિ શેષ રહે ત્યારે ઉદયાવલિકા ઉપરની સમય પ્રમાણ સ્થિતિ એ ઓછામાં ઓછી સ્થિતિ છે, અને તેની ઉદીરણા જઘન્ય ઉદીરણા કહેવાય છે. તત્ત્વ બહુશ્રુત જાણે. અહીં મિથ્યાત્વ મોહનીયની તો પ્રથમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરતાં પ્રથમ સ્થિતિની સમયાધિક સ્થિતિ શેષ રહે ત્યારે જઘન્ય સ્થિત્યુદીરણા સંભવે છે. કેમ કે શ્રેણિમાં તો સર્વથા ઉપશમ કરતાં કે ક્ષય કરતાં તેનો રસોદય હોતો નથી.

एकेन्द्रियागतोऽतिहीनसत्ताकः संज्ञिषु मिश्रोदयान्ते ।
पवनः स्वस्थितिजघन्यसमसत्ताकः वैक्रियस्यान्ते ॥३७॥

અર્થ—અતિહીન સત્તાવાળો એકેન્દ્રિયમાંથી નીકળી સંજ્ઞીમાં આવેલો આત્મા ઉદયને અંતે મિશ્રમોહનીયની જઘન્ય સ્થિતિ ઉદીરણા કરે છે. તથા પોતાની જઘન્ય સ્થિતિની સમાન વૈક્રિય ષટ્કની સ્થિતિની સત્તાવાળો વાયુકાય આત્મા ઉદયને અંતે વૈક્રિયષટ્કની જઘન્ય સ્થિતિઉદીરણા કરે છે.

ટીકાનુ૰—પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન એક સાગરોપમ પ્રમાણ અતિહીન મિશ્રમોહનીયની સ્થિતિસત્તાવાળો કોઈ એકેન્દ્રિય આત્મા એકેન્દ્રિય ભવમાંથી નીકળી સંજ્ઞી પંચેન્દ્રિયમાં ઉત્પન્ન થાય, ત્યાં તેને જે સમયથી આરંભી અંતર્મુહૂર્ત્ત બાદ મિશ્રમોહનીયની ઉદીરણા દૂર થશે તે સમયે તે મિશ્ર ગુણસ્થાન પ્રાપ્ત કરે. અંતર્મુહૂર્ત્તના ચરમ સમયે—મિશ્રગુણસ્થાનકના ચરમ સમયે તે આત્મા મિશ્રમોહનીયની જઘન્ય સ્થિતિ ઉદીરણા કરે છે. એકેન્દ્રિયને ઓછામાં ઓછી જેટલી સ્થિતિની સત્તા હોઈ શકે તેનાથી હીન સ્થિતિવાળું મિશ્રમોહનીય ઉદીરણા યોગ્ય રહેતું નથી. કેમ કે પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન સાગરોપમથી પણ જ્યારે સ્થિતિ ઓછી થાય ત્યારે મિથ્યાત્વમોહનીયના ઉદયનો સંભવ હોવાથી મિશ્રમોહનીયની ઉદ્વલનાનો સંભવ[1] છે.

તથા બંધાતી નામકર્મની પ્રકૃતિઓની જેટલી જઘન્ય સ્થિતિ સત્તા હોઈ શકે તેટલી એટલે કે પલ્યોપમના અસંખ્યાતમે ભાગે ન્યૂન સાગરોપમના સાતીયા બે ભાગ પ્રમાણ વૈક્રિયષટ્ક-વૈક્રિયશરીર, વૈક્રિયસંઘાતન અને વૈક્રિય બંધન ચતુષ્ની સ્થિતિની સત્તાવાળો વાયુકાય આત્મા ઉદ્વલન યોગ્ય થતાં પહેલાં છેલ્લી વાર વૈક્રિયશરીર વિકુર્વે ત્યારે તે ષટ્કના ઉદયના અન્ય સમયે તેની જઘન્ય સ્થિતિ ઉદીરણા કરે છે. તાત્પર્ય એ કે—પલ્યોપમના અસંખ્યાતમે ભાગે હીન સાગરોપમના સાતીયા બે ભાગ પ્રમાણ વૈક્રિયષટ્કની જઘન્ય સ્થિતિની સત્તાવાળો પર્યાપ્ત બાદર વાયુકાય આત્મા ઘણી વાર વૈક્રિય શરીર વિકુર્વિને છેલ્લી વાર વૈક્રિયશરીરનો આરંભ કરે ત્યારે તેના ઉદયના ચરમ સમયે વૈક્રિયષટ્કની જઘન્ય સ્થિતિ ઉદીરણા કરે છે. ત્યારબાદ અતિ હીન સ્થિતિની સત્તાવાળા તે વૈક્રિયષટ્કની ઉદ્વલનાનો સંભવ છે. એકેન્દ્રિયને અંગોપાંગનો ઉદય નહિ હોવાથી અહીં વૈક્રિય અંગોપાંગનું ગ્રહણ કર્યું નથી. ૩૭

चउरुवसमित्तु मोहं मिच्छं खविउं सुरोत्तमो होउं ।
उक्कोससंजमंते जहण्णगाहारगदुगाणं ॥३८॥

---

૧. એકેન્દ્રિયો ઓછામાં ઓછી પલ્યોપમના અસંખ્યાતમે ભાગે ન્યૂન સાગરોપમના ત્રણ ભાગ, બે ભાગ, સાગરોપમ આદિ સ્થિતિ તો બાંધે છે. તેથી બંધાતી પ્રકૃતિઓની સ્થિતિસત્તા તેનાથી તો ઓછી હોઈ શકે નહિ. નહિ બંધાતી વૈક્રિય ષટ્કાદિ પ્રકૃતિની તેનાથી પણ જ્યારે સ્થિતિ ઓછી થાય ત્યારે તેની ઉદ્વલનાનો સંભવ હોવાથી તે ઉદય યોગ્ય રહેતું નથી. એટલે જ મિશ્રમોહનીય માટે એમ કહ્યું છે કે પલ્યોપમના અસંખ્યાતમે ભાગે ન્યૂન સાગરોપમથી પણ જ્યારે તેની સ્થિતિસત્તા ઓછી થાય ત્યારે તેની ઉદ્વલના થાય છે એટલે મિશ્રમોહનીયની પલ્યોપમના અસંખ્યાતમે ભાગે ન્યૂન સાગરોપમ પ્રમાણ સ્થિતિ જઘન્ય ઉદીરણા યોગ્ય કહી છે, તેનાથી ન્યૂન નહિ. કેમ કે તેનાથી હીન સ્થિતિ ઉદય યોગ્ય જ રહેતી નથી.

चतुरुपशमय्य मोहं मिथ्यात्वं क्षपयित्वा सुरोत्तमो भूत्वा ।
उत्कृष्टसंयमान्ते जघन्याऽऽहारकद्विकयोः ॥३८॥

અર્થ—મોહનીયનો ચાર વાર ઉપશમ કરી, ત્યારબાદ મિથ્યાત્વનો ક્ષય કરી ઉત્તમ સુર થઈને મનુષ્યમાં ઉત્પન્ન થાય. તેમાં ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોટિ વર્ષ પ્રમાણ સંયમ પાળીને અંતે આહારકદ્વિકની જઘન્ય સ્થિતિ ઉદીરણા કરે છે.

ટીકાનુ૦—સંસારમાં પરિભ્રમણ કરતાં ચાર વાર મોહનીયકર્મની સર્વોપશમના[1] કરી, ત્યારબાદ મિથ્યાત્વ, મિશ્ર અને સમ્યક્ત્વ મોહનીયનો ક્ષય કરી સર્વાર્થસિદ્ધ મહાવિમાનમાં ઉત્પન્ન થાય. ગાથામાં ગ્રહણ કરેલ 'मिच्छं' એ પદ અન્ય દર્શનમોહનું ઉપલક્ષણ છે, કેમ કે મિથ્યાત્વનો ક્ષય થયા પછી મિશ્ર-સમ્યક્ત્વ મોહનીયનો અવશ્ય ક્ષય થાય છે. સર્વાર્થસિદ્ધિમાં તેત્રીસ સાગરોપમ પ્રમાણ આયુ પૂર્ણ કરી પૂર્વકોટી વર્ષને આઉખે મનુષ્યમાં ઉત્પન્ન થાય, અને મનુષ્ય ભવમાં આઠ વરસની ઉંમર થયા બાદ ચારિત્ર ગ્રહણ કરે—તેટલો કાળ ન્યૂન પૂર્વકોટિ વર્ષ પ્રમાણ સંયમનું પાલન કરી અંતે આહારક શરીરની વિકુર્વણા કરનાર આહારક સપ્તકના ઉદયના—જે પછીના સમયે આહારક શરીર વિખરાઈ જશે અને ઉદયનો અંત થશે તે—અંતસમયે જઘન્ય સ્થિતિ ઉદીરણા કરે છે. મનુષ્ય ભવમાં દેશોન પૂર્વકોટિ પ્રમાણ સંયમના પાલનનું કારણ તેટલા કાળે આહારક સપ્તકની સત્તાગત સ્થિતિનો નાશ થાય છે, અને છેવટે અલ્પસ્થિતિ સત્તામાં રહે છે. તેથી જ પૂર્વકોટિ વર્ષને અંતે આહારક શરીર કરનારને જઘન્ય સ્થિતિ ઉદીરણા કહી છે. ૩૮

खीणंताणं खीणे मिच्छत्तकमेण चोद्दसण्हंपि ।
सेसाण सजोगंते भिण्णमुहुत्तट्ठिईगाणं ॥३९॥

क्षीणान्तानां क्षीणे मिथ्यात्वक्रमेण चतुर्दशानामपि ।
शेषाणां सयोग्यन्ते भिन्नमुहूर्त्तस्थितिकानाम् ॥३९॥

અર્થ—ક્ષીણમોહ ગુણસ્થાનકે જેનો ક્ષય થાય છે તેવી મતિજ્ઞાનાવરણીયાદિ ચૌદ પ્રકૃતિઓની મિથ્યાત્વના ક્રમે ક્ષીણમોહ ગુણસ્થાનકે જઘન્ય સ્થિતિ ઉદીરણા થાય છે. તથા અન્તર્મુહૂર્ત્ત સ્થિતિવાળી શેષ પ્રકૃતિઓની સયોગીના અંત સમયે જઘન્ય સ્થિતિ ઉદીરણા થાય છે.

ટીકાનુ૦—ક્ષીણમોહ ગુણસ્થાનકે જેનો સત્તામાંથી નાશ થાય છે તે જ્ઞાનાવરણીય પાંચ, અંતરાય પાંચ, અને ચક્ષુદર્શનાવરણીયાદિ ચાર, એમ ચૌદ પ્રકૃતિઓની ક્ષીણમોહ ગુણસ્થાનકે જ

---

૧. ચાર વાર મોહનીયનો સર્વોપશમ કરવાનું કારણ તે સ્થિતિમાં આહારક સપ્તકમાં સંક્રમનાર પ્રકૃતિઓનો સ્થિતિઘાત થાય છે, એટલે આહારકના સંક્રમ યોગ્ય સ્થાનમાં અલ્પ સ્થિતિનો સંક્રમ થાય છે. વળી તે તે વખતે અત્યંત વિશુદ્ધ પરિણામને યોગે તેની બંધયોગ્ય ભૂમિમાં અલ્પ સ્થિતિ બંધાય છે. સર્વાર્થસિદ્ધ વિમાનમાં તેટલો કાળ પ્રદેશોદયે સ્થિતિ ઓછી કરે છે અને નવી બાંધતો નથી. એટલે ચાર વાર મોહનો ઉપશમ અને ત્યારબાદ ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરી સર્વાર્થસિદ્ધિમાં ઉત્પત્તિ કહી છે. મનુષ્ય ભવમાં દેશોન પૂર્વકોટિ પ્રમાણ ચારિત્રના પાલનનું કારણ તો ઉપર કહ્યું જ છે.

મિથ્યાત્વની રીતિએ એટલે કે જેમ મિથ્યાત્વની ઉદય યોગ્ય સમયાધિક આવલિકા પ્રમાણ શેષ સ્થિતિ રહે ત્યારે સમય પ્રમાણ સ્થિતિની જઘન્ય સ્થિતિ ઉદીરણા થાય છે તેમ ઉપરોક્ત ચૌદ પ્રકૃતિઓની સમયાધિક આવલિકા પ્રમાણ સ્થિતિ સત્તામાં શેષ રહે ત્યારે જઘન્ય સ્થિતિ ઉદીરણા થાય છે. (અહીં સમય પ્રમાણ જઘન્ય સ્થિતિનું જ સામ્ય છે. કેમ કે મિથ્યાત્વનો ક્ષય તો ચોથાથી સાતમા ગુણસ્થાનક સુધીમાં થાય છે, જ્યાં તેનો ઉદય જ હોતો નથી.)

તથા મનુજગતિ, પંચેન્દ્રિયજાતિ, પ્રથમ સંઘયણ, ઔદારિક સપ્તક, સંસ્થાન ષટ્ક, ઉપઘાત, પરાઘાત, ઉચ્છ્વાસ, પ્રશસ્ત-અપ્રશસ્ત વિહાયોગતિ, ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, સુભગ, સુસ્વર, દુઃસ્વર, આદેય, યશઃકીર્તિ, તીર્થંકર અને ઉચ્ચ ગોત્ર રૂપ બત્રીસ અને નિર્માણ આદિ નામ ધ્રુવોદયી તેત્રીસ કુલ પાંસઠ પ્રકૃતિઓની અંતર્મુહૂર્ત્ત પ્રમાણ સ્થિતિની સયોગી કેવલીના ચરમ સમયે જઘન્ય સ્થિતિ ઉદીરણા થાય છે. સયોગી કેવલીના ચરમ સમયે સત્તાગત તમામ પ્રકૃતિઓની સ્થિતિ અંતર્મુહૂર્ત્ત પ્રમાણ જ સત્તામાં હોય છે, એટલે ઉદયાવલિકા ઉપરની અંતર્મુહૂર્ત્ત પ્રમાણ સ્થિતિ જ જઘન્ય ઉદીરણા યોગ્ય રહે છે, એટલે પાંસઠ પ્રકૃતિઓની અંતર્મુહૂર્ત્ત પ્રમાણ જ જઘન્ય સ્થિતિ ઉદીરણા કહી છે.

તથા ચારે આયુની પણ તેની ઉદીરણાને અંતે (સમયાધિક આવલિકા પ્રમાણ સ્થિતિ સત્તામાં શેષ રહે ત્યારે) જઘન્ય સ્થિતિ ઉદીરણા સમજવી.[1] ૩૯

આ પ્રમાણે સ્થિતિ ઉદીરણા કહી, હવે અનુભાગોદીરણા કહે છે.

अणुभागुदीरणाए घाइसण्णा य ठाणसन्ना य ।
सुहया विवागहेऊ जोत्थ विसेसो तयं वोच्छं ॥४०॥

अनुभागोदीरणायां घातिसंज्ञा च स्थानसंज्ञा च ।
शुभता विपाकहेतू योऽत्र विशेषः तं वक्ष्ये ॥४०॥

અર્થ—અનુભાગ ઉદીરણામાં ઘાતિસંજ્ઞા, સ્થાનસંજ્ઞા, શુભાશુભપણું, વિપાક અને હેતુ ઉદયને આશ્રયીને પહેલાં જેમ કહ્યા તેમ અહીં પણ સમજવા. આ વિષયમાં જે વિશેષ છે તે હું કહીશ.

---

૧. સ્થિતિ ઉદીરણામાં કેટલાએક સ્થળે એમ આવ્યું છે કે—બંધાવલિકા ગયા બાદ ઉદયાવલિકા ઉપરની સ્થિતિ પતદ્ગ્રહ પ્રકૃતિની ઉદયાવલિકા ઉપર સંક્રમે છે. એમ શા માટે થાય છે તેનું કારણ નીચે આપવામાં આવ્યું છે—જેની સ્થિતિ સંક્રમ છે તેની ઉદયાવલિકા ઉપરની સ્થિતિ સંક્રમે છે. અન્ય પ્રકૃતિ નયન સંક્રમમાં સ્થાનનો ફેરબદલો થતો નહિ હોવાથી જેમાં સંક્રમે છે, તેની ઉદયાવલિકા ઉપર સંક્રમે છે, એમ કહ્યું છે. એટલે તે ઉદયાવલિકા મેળવતાં એક આવલિકા ન્યૂન તેની ઉત્કૃષ્ટ સત્તા થાય છે. જેમ કે નરકગતિની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધે. જે સમયે તેની બંધાવલિકા પૂર્ણ થાય તે સમયે દેવગતિ બાંધવાનો આરંભ કરે. બંધાતી દેવગતિમાં ઉદયાવલિકા ઉપરનું નરકગતિનું દળ સંક્રમે. ઉદયાવલિકા ઉપરનું નરકગતિનું દળ દેવગતિની ઉદયાવલિકા ઉપર સંક્રમે એટલે તે ઉદયાવલિકા મેળવતાં એક આવલિકા ન્યૂન વીસ કોડાકોડી સાગર પ્રમાણ દેવગતિની ઉત્કૃષ્ટ સ્થિતિ સત્તામાં થાય. વળી તેની સંક્રમાવલિકા ગયા બાદ ઉદયાવલિકા ઉપરનું અન્યત્ર સંક્રમે. આ પ્રમાણે અન્યત્ર પણ સમજવું.

ટીકાનુ૰—અનુભાગ ઉદીરણાના સંબંધમાં છ અર્થાધિકાર-વિષયો છે. તે આ પ્રમાણે—૧. સંજ્ઞાપ્રરૂપણા, ૨. શુભાશુભપ્રરૂપણા, ૩. વિપાકપ્રરૂપણા, ૪. હેતુપ્રરૂપણા, ૫. સાદ્યાદિપ્રરૂપણા અને ૬. સ્વામિત્વપ્રરૂપણા. તેમાં સંજ્ઞા, શુભાશુભપણું, વિપાક અને હેતુનું માત્ર સૂચન કરવા માટે કહે છે. અહીં સંજ્ઞા બે પ્રકારે છે : ૧. ઘાતિસંજ્ઞા, ૨. સ્થાનસંજ્ઞા, તેમાં ઘાતિસંજ્ઞા ત્રણ પ્રકારે છે. ૧. સર્વઘાતિસંજ્ઞા, ૨. દેશઘાતિસંજ્ઞા, અને ૩. અઘાતિસંજ્ઞા. સ્થાનસંજ્ઞા ચાર પ્રકારે છે. તે આ—૧. એકસ્થાનક, ૨. દ્વિસ્થાનક, ૩. ત્રિસ્થાનક અને ૪. ચતુઃસ્થાનક. શુભ અશુભપણાને ભેદે શુભાશુભત્વે બે પ્રકારે છે. તેમાં મતિજ્ઞાનાવરણીયાદિ અશુભ છે, અને સાતવેદનીયાદિ શુભ છે. વિપાક ચાર પ્રકારે છે. તે આ પ્રમાણે—૧. પુદ્ગલવિપાક, ૨. ક્ષેત્રવિપાક, ૩. ભવવિપાક, અને ૪. જીવવિપાક. હેતુઓ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવના ભેદે પાંચ પ્રકારે છે.

આ પ્રમાણે આ ઘાતિસંજ્ઞા, સ્થાનસંજ્ઞા, શુભાશુભપણું, વિપાક અને હેતુઓ જેમ બંધ અને ઉદયને આશ્રયીને પહેલાં ત્રીજા દ્વારમાં કહ્યા છે તેમ અહીં અનુભાગ ઉદીરણામાં પણ જાણવા. એટલે કે ત્યાં જે પ્રકૃતિઓને બંધ ઉદયને આશ્રયી સર્વઘાતી આદિ કહી હોય તેમ અહીં ઉદીરણામાં પણ સમજવી. માત્ર તે સંબંધમાં અહીં જે કંઈ વિશેષ છે, તે કહીશ. ૪૦

સંજ્ઞાના સંબંધમાં વિશેષ કહેતા આ ગાથા કહે છે—

पुरिसित्थिविग्घअच्चक्खुचक्खुसम्माण इगिदुठाणो वा ।
मणपज्जवपुंसाणं वच्चासो सेस बंधसमा ॥४१॥

पुरुषस्त्रीविघ्नाचक्षुश्चक्षुःसम्यक्त्वानामेकस्मिन् द्विस्थाने वा ।
मनःपर्यवापुंसोर्व्यत्यासः शेषाणां बंधसमा ॥४१॥

અર્થ—પુરુષવેદ, સ્ત્રીવેદ, અંતરાય, અચક્ષુર્દર્શનાવરણીય, ચક્ષુર્દર્શનાવરણીય અને સમ્યક્ત્વમોહનીયની એક અને બે સ્થાનક રસની ઉદીરણા થાય છે. તથા મનઃપર્યવજ્ઞાનાવરણીય અને નપુંસકવેદના સંબંધે વ્યત્યાસ-વિપરીતતા છે. શેષ પ્રકૃતિઓની બંધ સમાન ઉદીરણા થાય છે.

ટીકાનુ૰—પુરુષવેદ, સ્ત્રીવેદ, પાંચ અંતરાય, અચક્ષુર્દર્શનાવરણીય, ચક્ષુર્દર્શનાવરણીય અને સમ્યક્ત્વમોહનીયની અનુભાગોદીરણા એક સ્થાનક અને બે સ્થાનક રસની જાણવી. તે સંબંધે વિશેષ ભાવના આ પ્રમાણે છે—પુરુષવેદ, અંતરાયપંચક, અચક્ષુર્દર્શનાવરણ અને ચક્ષુર્દર્શનાવરણના બંધ આશ્રયી અનુભાગનો વિચાર કરીએ તો એક સ્થાનક, બે સ્થાનક, ત્રણ સ્થાનક અને ચાર સ્થાનક એમ ચારે પ્રકારના રસે બંધાય છે. પરંતુ એ પ્રકૃતિઓના રસની ઉદીરણા આશ્રયી વિચાર કરીએ તો જઘન્યથી એક સ્થાનક અને મંદ બે સ્થાનક રસની ઉદીરણા થાય છે, અને ઉત્કૃષ્ટથી સર્વોત્કૃષ્ટ બે સ્થાનક રસની જ ઉદીરણા થાય છે. પરંતુ ત્રણ કે ચાર સ્થાનક રસની ઉદીરણા થતી નથી.

સ્ત્રી વેદનો બે સ્થાનક, ત્રણ સ્થાનક અને ચાર સ્થાનક એમ ત્રણ પ્રકારે રસબંધ થાય છે.

પરંતુ તેની અનુભાગોદીરણા જઘન્યથી એક સ્થાનક અને મંદ બે સ્થાનક રસની થાય છે. તેમજ ઉત્કૃષ્ટથી સર્વોત્કૃષ્ટ બે સ્થાનક રસની થાય છે.

સમ્યક્ત્વમોહનીયનો બંધ થતો નહિ હોવાથી તેના સંબંધમાં બંધ આશ્રયી કંઈ કહેવાનું નથી, પરંતુ ઉદીરણા થાય છે, માટે તેના સંબંધે વિશેષ કહે છે—સમ્યક્ત્વમોહનીયની ઉત્કૃષ્ટથી બે સ્થાનક રસની અને જઘન્યથી એક સ્થાનક રસની ઉદીરણા થાય છે. તથા તેનો જે એક સ્થાનક કે બે સ્થાનક રસ છે તે દેશઘાતી છે.

મનઃપર્યવજ્ઞાનાવરણ અને નપુંસકવેદના સંબંધે બંધમાં કહ્યું છે તેનાથી અહીં વિપરીત જાણવું. એટલે કે બંધ આશ્રયી નપુંસકવેદનો જેવો પ્રકારનો રસ કહ્યો છે, તેવા પ્રકારનો રસ મનઃપર્યવજ્ઞાનાવરણીયની ઉદીરણામાં જાણવો. અને બંધ આશ્રયી મનઃપર્યવજ્ઞાનાવરણનો જેવો રસ કહ્યો છે તેવો નપુંસકવેદની ઉદીરણામાં સમજવો. તે આ પ્રમાણે—મનઃપર્યવજ્ઞાનાવરણનો બંધ આશ્રયી એક સ્થાનક, બે સ્થાનક, ત્રણ સ્થાનક અને ચાર સ્થાનક એમ ચાર પ્રકારનો રસ કહ્યો છે. અને અહીં ઉત્કૃષ્ટ ઉદીરણા આશ્રયી ચતુઃસ્થાનક, અને અનુત્કૃષ્ટ-મધ્યમ ઉદીરણા આશ્રયી ચતુઃસ્થાનક, ત્રિસ્થાન અને દ્વિસ્થાનક રસ છે. નપુંસક વેદનો અનુભાગ બંધ આશ્રયી ચતુઃસ્થાનક, ત્રણ સ્થાનક અને બે સ્થાનક એમ ત્રણ પ્રકારે કહ્યો છે. અને અહીં ઉત્કૃષ્ટ ઉદીરણા આશ્રયી ચતુઃસ્થાનક, અને અનુત્કૃષ્ટ-મધ્યમ ઉદીરણા આશ્રયી ચતુઃસ્થાનક, ત્રિસ્થાનક, બે સ્થાનક અને એક સ્થાનક કહ્યો છે.

શંકા—જો નપુંસકવેદના એક સ્થાનક રસનો બંધ થતો નથી, તો ઉદીરણા શી રીતે થાય ?

ઉત્તર—જો કે નપુંસકવેદનો એક સ્થાનક રસ બંધાતો નથી, પરંતુ ક્ષય કાળે રસઘાત કરતાં સત્તામાં તેના એક સ્થાનક રસનો સંભવ છે. એટલે જઘન્યથી તેના એક સ્થાનક રસની ઉદીરણા કહી છે.

તથા શેષ દેશઘાતિ પ્રકૃતિઓનો બંધમાં જેમ ચારે પ્રકારનો રસ કહ્યો છે, તેમ અનુભાગોદીરણામાં પણ ચારે પ્રકારનો રસ સમજવો. ૪૧

હવે દેશઘાતિ પ્રકૃતિઓના ઘાતિત્વ આશ્રયી વિશેષ કહેતા આ ગાથા કહે છે—

देसोवघाइयाणं उदय देसो व होइ सव्वो य ।
देसोवघाइओ च्चिय अचक्खुसम्मत्तविग्घाणं ॥४२॥

देशोपघातिनीनामुदये देशो वा भवति सर्वश्च ।
देशोपघात्येव अचक्षुःसम्यक्त्वविघ्नानाम् ॥४२॥

અર્થ—દેશઘાતિ પ્રકૃતિઓની ઉદય-ઉદીરણામાં દેશઘાતી અથવા સર્વઘાતી રસ હોય છે. તથા અચક્ષુર્દર્શનાવરણીય, સમ્યક્ત્વ મોહનીય અને અંતરાયનો દેશઘાતી જ રસ ઉદય-ઉદીરણામાં હોય છે.

ટીકાનુ૦—પૂર્વની ગાથામાં કેવા પ્રકારના રસની ઉદીરણા થાય તે કહ્યું. આ ગાથામાં તે

રસ કેવો હોય ? ઘાતિ કે અઘાતિ ? તે કહે છે. દેશઘાતિ-જ્ઞાનાવરણીય ચતુષ્ક, ચક્ષુર્દર્શનાવરણીય અવધિદર્શનાવરણીય, નવનોકષાય, અને સંજ્વલન ચતુષ્કરૂપ પ્રકૃતિઓના ઉદીરણારૂપ ઉદયમાં એટલે કે ઉદીરણામાં દેશઘાતી રસ હોય છે તેમ સર્વઘાતી રસ પણ હોય છે. અચક્ષુર્દર્શનાવરણ, સમ્યક્ત્વમોહનીય અને પાંચ અંતરાયના રસની ઉદીરણામાં દેશઘાતિ રસ જ હોય છે, પણ સર્વઘાતિ રસ હોતો નથી.

घायं ठाणं च पडुच्च सव्वघाईण होइ जह बंधे ।
अग्घाईणं ठाणं पडुच्च भणिमो विसेसोऽत्थ ॥४३॥

घातं स्थानं च प्रतीत्य सर्वघातिनां भवति यथा बंधे ।
अघातिनां स्थानं प्रतीत्य भणामः विशेषोऽत्र ॥४३॥

અર્થ—સર્વઘાતી પ્રકૃતિઓના ઘાતિપણાને અને સ્થાનને આશ્રયી જેમ બંધમાં કહ્યું તેમ ઉદીરણામાં પણ સમજવું. અઘાતિ પ્રકૃતિઓના સ્થાન આશ્રયી જે વિશેષ છે તે અમે અહીં કહીએ છીએ.

ટીકાનુ૦—કેવલજ્ઞાનાવરણ, કેવલદર્શનાવરણ, આદિના બાર કષાય, મિથ્યાત્વમોહનીય, અને પાંચ નિદ્રારૂપ સર્વઘાતી પ્રકૃતિઓના રસની ઘાતિસંજ્ઞા અને સ્થાનસંજ્ઞા આશ્રયી વિચાર કરીએ તો તે પ્રકૃતિઓના બંધમાં જેવો રસ હોય છે તેવો જ ઉદીરણામાં પણ સમજવો.

તાત્પર્ય એ કે—જેમ આ પ્રકૃતિઓનો બંધ ચાર સ્થાનક, ત્રણ સ્થાનક અને બે સ્થાનક એમ ત્રણ પ્રકારના રસે કહ્યો છે, તેમજ તે ત્રણે પ્રકારના રસને જેમ સર્વઘાતી કહ્યો છે, તેમ ઉદીરણામાં જાણવો. એટલે કે તે પ્રકૃતિઓના ચાર, ત્રણ અને બે સ્થાનક રસની ઉદીરણા થાય છે, અને તે સર્વઘાતી જ હોય છે. માત્ર ઉત્કૃષ્ટ રસની ઉદીરણામાં ચતુઃસ્થાનક જ અને અનુત્કૃષ્ટ-મધ્યમ રસની ઉદીરણામાં ત્રણે પ્રકારનો રસ હોય છે.

હવે અઘાતિ એકસો અગિયાર પ્રકૃતિઓની ઉદીરણામાં સ્થાન આશ્રયી જે વિશેષ છે તે અમે કહીએ છીએ. ૪૩

કરેલ પ્રતિજ્ઞાનો નિર્વાહ કરે છે—

थावरचउआयवउरलसत्ततिरिविगलमणुयतियगाणं ।
नग्गोहाइचउण्हं एगिंदिउसभाइछण्हंपि ॥४४॥
तिरिमणुजोगाणं मीसगुरुयखरनरयदेवपुव्वीणं ।
दुट्ठाणिओच्चिय रसो उदए उद्दीरणाए य ॥४५॥

स्थावरचतुष्कातपोरलसप्तकतिर्यग्विकलमनुजत्रिकाणाम् ।
न्यग्रोधादिचतुर्णामेकेन्द्रियर्षभादिषण्णामपि ॥४४॥
तिर्यग्मनुजयोग्यानां मिश्रगुरुस्वरनरकदेवानुपूर्व्वीणाम् ।
द्विस्थानिक एव रस उदये उदीरणायां च ॥४५॥

અર્થ—ચુંમાળીસ અને પિસ્તાળીસમી ગાથામાં કહેલ—જેનાં નામ વિવેચનમાં આવશે તે સાડત્રીસ અઘાતિ પ્રકૃતિઓનો બે સ્થાનક રસ જ ઉદય અને ઉદીરણામાં હોય છે.

ટીકાનુ૰—સ્થાવર ચતુષ્ક-સ્થાવર, સૂક્ષ્મ, અપર્યાપ્ત અને સાધારણ, આતપ, ઔદારિક સપ્તક, તિર્યંચત્રિક-તિર્યંચગતિ, તિર્યંચાનુપૂર્વી અને તિર્યંચાયુ, વિકલત્રિક-બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિયજાતિ, મનુષ્યત્રિક-મનુષ્યગતિ, મનુષ્યાનુપૂર્વી અને મનુષ્યાયુ, ન્યગ્રોધાદિ ચાર-ન્યગ્રોધપરિમંડલ, સાદિ, વામન અને કુબ્જ. એકેન્દ્રિયજાતિ, અને વજ્રર્ષભનારાચાદિ છ સંઘયણ, સઘળી મળી તિર્યંચ અને મનુષ્યમાં જ ઉદયયોગ્ય બત્રીસ પ્રકૃતિઓ તથા મિશ્રમોહનીય, ગુરુ અને ખર સ્પર્શ નામ, દેવ અને નરકની આનુપૂર્વીનામ એ પાંચ સઘળી મળી સાડત્રીસ પ્રકૃતિઓના ઉદય અને ઉદીરણામાં બે સ્થાનક[1] જ રસ હોય છે. માત્ર ઘાતિ સંજ્ઞા આશ્રયી મિશ્રમોહનીયનો રસ સર્વઘાતિ અને શેષ પ્રકૃતિઓનો રસ અઘાતિ[2] છે. ૪૪. ૪૫.

હવે શુભ અને અશુભપણા પરત્વે વિશેષ કહે છે—

सम्मत्तमीसगाणं अणुभरसो सेसयाण बंधुत्तं ।
उक्कोसुदीरणा संतयंमि छट्ठाणवडिएवि ॥४६॥

सम्यक्त्वमिश्रयोरशुभरसः शेषाणां बन्धोक्तम् ।
उत्कृष्टोदीरणा सत्कर्मणि षट्स्थानपतितेऽपि ॥४६॥

અર્થ—સમ્યક્ત્વ અને મિશ્રમોહનીયનો રસ અશુભ છે. શેષ પ્રકૃતિઓના સંબંધે બંધમાં કહ્યા પ્રમાણે છે. સત્તામાં-અનુભાગની સત્તામાં છ સ્થાન પડવા છતાં પણ ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણા થાય છે.

ટીકાનુ૰—સમ્યક્ત્વ અને મિશ્રમોહનીય એ બંને પ્રકૃતિ ઘાતિ હોવાથી તેનો રસ અશુભ જ જાણવો. અને તેથી જ તે બંને રસ આશ્રયી પાપ પ્રકૃતિ કહેવાય છે, કર્મપ્રકૃતિમાં કહ્યું છે કે—"મિશ્ર અને સમ્યક્ત્વમોહનીય પાપ પ્રકૃતિમાં ગણાય છે." બાકીની પ્રકૃતિઓનું શુભાશુભપણું બંધની જેમ જાણવું. એટલે કે બંધમાં જે પ્રકૃતિઓને શુભ કહી હોય તે અહીં પણ શુભ જાણવી. બંધમાં જેને અશુભ કહી હોય તેને અહીં પણ અશુભ જાણવી.

હવે કેટલા પ્રકારના અનુભાગની સત્તામાં વર્તતો આત્મા ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણા કરે છે તે કહે છે—ઉત્કૃષ્ટ અનુભાગની સત્તામાં છ સ્થાનક પડવા છતાં પણ ઉત્કૃષ્ટ રસની ઉદીરણા થાય છે એમ સમજવું.

---

૧. આ પ્રકૃતિઓ ગમે તેવા રસવાળી બંધાય છતાં તેઓનો ઉદયમાં અને ઉદીરણામાં બે સ્થાનિક જ રસ હોય છે, કેમ કે જીવ સ્વભાવે સત્તામાં રસ ઓછો થઈ ઉદયમાં આવે છે.

૨. જે પ્રકૃતિઓના સંબંધમાં અમુક પ્રકારના રસની ઉદીરણા થાય એમ ન કહ્યું હોય તે બંધ પ્રમાણે સમજવો. અર્થાત્ તે તે પ્રકૃતિઓનો જઘન્ય-ઉત્કૃષ્ટ જેટલો રસ બંધ થતો હોય તેટલો ઉદીરણામાં પણ સમજવો. માત્ર અઘાતિ પ્રકૃતિઓનો અનુભાગ સર્વઘાતિ પ્રતિભાગ સદૃશ કહ્યો છે. અઘાતિ પ્રકૃતિઓનો રસ છે અઘાતિ, છતાં સર્વઘાતિ સાથે જ્યાં સુધી અનુભવાય છે ત્યાં સુધી તેના જેવો થઈ અનુભવાય છે.

તાત્પર્યાર્થ આ પ્રમાણે છે—જ્યારે સર્વોત્કૃષ્ટ રસ બંધાય ત્યારે સર્વોત્કૃષ્ટ રસની સત્તા થાય. સત્તામાં રહેલ તે સર્વોત્કૃષ્ટ રસ અનન્તભાગ હીન થાય અથવા અસંખ્યાત ભાગ હીન થાય અથવા સંખ્યાતભાગ હીન થાય અથવા સંખ્યાતગુણહીન થાય અથવા અસંખ્યાતગુણહીન થાય કે અનંતગુણહીન થાય છતાં પણ ઉત્કૃષ્ટ રસની ઉદીરણા થાય છે. કારણ કે અનંતાનંત સ્પર્દ્ધકોના અનુભાગનો ક્ષય થવા છતાં પણ અનંત સ્પર્દ્ધકો બંધાતી વખતે જેવા રસવાળા બંધાયા હતા તેવા જ રસવાળા રહે છે. જેટલા સ્પર્દ્ધકો બંધાયા તે તમામ સ્પર્દ્ધકોમાંથી કંઈ રસ ઘટી જતો નથી. પરંતુ અમુક અમુક સ્પર્દ્ધકોમાંથી અનંતભાગહીન કે અનંતગુણહીન આદિ રસ ઓછો થાય છે. એટલે મૂળ-બંધાતી વખતે જે રસ બંધાયો હતો તે સામુદાયિક રસની અપેક્ષાએ અનંતગુણહીન-અનંતમો ભાગ રસ બાકી રહેવા છતાં પણ ઉત્કૃષ્ટ રસની ઉદીરણા થાય છે. તો પછી અસંખ્યાત ગુણહીન આદિ[1] રસ શેષ રહે ત્યારે પણ ઉત્કૃષ્ટ રસની ઉદીરણા થાય તેમાં કંઈ આશ્ચર્ય નથી. ૪૬

હવે વિપાક આશ્રયી જે વિશેષ છે, તે કહે છે—

मोहणीयनाणवरणं केवलियं दंसणं विरियविग्घं ।
संपुन्नजीवदव्वे न पज्जवेसुं कुणइ पागं ॥४७॥

मोहनीयज्ञानावरणं कैवलिकं दर्शनं वीर्यविघ्नम् ।
संपूर्णजीवद्रव्ये न पर्यायेषु कुर्वन्ति पाकम् ॥४७॥

અર્થ—મોહનીય, જ્ઞાનાવરણીય, કેવલદર્શનાવરણીય, અને વીર્યાંતરાય કર્મ સંપૂર્ણ જીવદ્રવ્યમાં વિપાક કરે છે, પરંતુ સર્વ પર્યાયમાં વિપાક કરતા નથી.

ટીકાનુ૦—અઠ્યાવીસ પ્રકારનું મોહનીય, પાંચ પ્રકારનું જ્ઞાનાવરણીય, કેવલદર્શનાવરણીય, અને વીર્યાંતરાય એ પાંત્રીસ કર્મપ્રકૃતિઓ સંપૂર્ણ જીવદ્રવ્યમાં વિપાક ઉત્પન્ન કરે છે, પરંતુ સઘળા પર્યાયમાં ઉત્પન્ન કરતો નથી, એટલે કે એ પાંત્રીસ પ્રકૃતિઓ દ્રવ્યથી સંપૂર્ણ જીવદ્રવ્યને હણે છે—દબાવે છે, પરંતુ સઘળા પર્યાયોને દબાવવાનું અશક્ય હોવાથી દબાવતી નથી.

---

૧. કુલ સામુદાયિક રસમાંથી અનંતમો ભાગ, અસંખ્યાતમો ભાગ કે સંખ્યાતમો ભાગ રસ જે ઓછો થાય તે અનુક્રમે અનંત ભાગ હીન, અસંખ્યાત ભાગ હીન અને સંખ્યાત ભાગ હીન કહેવાય છે. તથા કુલ અનુભાગનો અનંતમો ભાગ, અસંખ્યાતમો ભાગ કે સંખ્યાતમો ભાગ જ સત્તામાં શેષ રહે ત્યારે તે અનંતગુણહીન, અસંખ્યાત ગુણહીન કે સંખ્યાત ગુણહીન થયેલો કહેવાય છે. અનંતભાગહીન એટલે માત્ર અનંતમો ભાગ જ ઓછો, અને અનંતગુણહીન થાય એટલે અનંતમો ભાગ બાકી રહે એ અર્થ સમજવો, બાકીના ભાગહીન કે ગુણહીનમાં પણ ઉપર કહ્યા પ્રમાણે સમજવું.

કુલ સામુદાયિક રસ અનંત ભાગાદિહીન કે અનંતગુણાદિહીન થાય છે, પણ સત્તાગત તમામ સ્પર્દ્ધકોમાંથી કંઈ અનંતભાગહીનાદિ રસ ઓછો થતો નથી. કેટલાયે સ્પર્દ્ધકો જેવા બંધાયા હતા તેવા જ સત્તામાં રહી જાય છે. એટલે ઉત્કૃષ્ટ રસની સત્તાકાળે ષટ્સ્થાન પડવા છતાં પણ ઉદીરણા થઈ શકે છે. જેમ ઉપશમ શ્રેણિમાં કિટ્ટિઓ થયા પછી પણ અપૂર્વ સ્પર્દ્ધક અને પૂર્વ સ્પર્દ્ધક પણ સત્તામાં રહે છે.

તાત્પર્ય એ કે, ઉપરોક્ત કર્મ પ્રકૃતિઓ પોતાના ફળનો અનુભવ જીવના અમુક ભાગને કરાવે છે, અમુક ભાગને કરાવતી નથી, એમ નથી, પણ સંપૂર્ણ જીવદ્રવ્યને કરાવે છે, છતાં તેનાથી જીવમાં રહેલા અનંત જ્ઞાનાદિ ગુણો સર્વથા દબાઈ જતા નથી. ઉપરોક્ત કર્મપ્રકૃતિઓ જે જે સમ્યક્ત્વ, ચારિત્રાદિ ગુણોને દબાવે છે તે તમામના અમુક અમુક અંશો ઉઘાડા રહે છે જ. કેમ કે તમામ અંશોને દબાવવાની તે કર્મોમાં શક્તિ જ નથી, જીવ સ્વભાવે તે ગુણો સંપૂર્ણપણે દબાઈ શકતા પણ નથી, જો સંપૂર્ણપણે દબાઈ જાય તો જીવ અજીવ જ થઈ જાય. જેમ ગાઢ વાદળાં આવવા છતાં પણ તેનાથી ચંદ્ર-સૂર્યની પ્રભા સંપૂર્ણપણે દબાઈ શકતી નથી. પરંતુ દિવસ-રાત્રિનો ભેદ જણાય તેટલી ઉઘાડી રહે છે, તેમ અહીં પણ સમજવું. કહ્યું છે કે ''ગાઢ મેઘ પ્રાપ્ત થવા છતાં પણ ચન્દ્ર-સૂર્યની પ્રભા ઉઘાડી હોય છે.'' ૪૭

गुरुलहुगाणंतपएसिएसु चक्खुस्स सेसविग्घाणं ।
जोगेसु गहणधरणे ओहीणं रुविदव्वेसु ॥४८॥

गुरुलघुकानामनन्तप्रादेशिकेषु चक्षुषः शेषविघ्नानाम् ।
योग्येषु ग्रहणधारणे अवध्योः रूपिद्रव्येषु ॥४८॥

અર્થ—ગુરુ-લઘુ દ્રવ્યોના અનંત પ્રાદેશિક સ્કંધોમાં ચક્ષુર્દર્શનાવરણીયનો, ગ્રહણ-ધારણમાં યોગ્ય પુદ્ગલોમાં શેષ અંતરાયનો, અને રૂપીદ્રવ્યોમાં અવધિજ્ઞાન-દર્શનાવરણીયનો વિપાક છે.

ટીકાનુ૰—જે ગુણની જેટલા પ્રમાણમાં જાણવા આદિની શક્તિ હોય તેને આવરનારું કર્મ તેટલા પ્રમાણમાં તે જ્ઞાનાદિ ગુણને દબાવે છે. જેમ અવધિજ્ઞાનની માત્ર રૂપીદ્રવ્યને જાણવાની શક્તિ છે તે રૂપીદ્રવ્યની જાણવાની શક્તિને જ અવધિજ્ઞાનાવરણીય દબાવે છે. તાત્પર્ય એ કે જે ગુણનો જેટલો અને જે વિષય હોય તેટલા અને તે વિષયને તેને આવરનારાં કર્મો દબાવે છે. જે ગુણથી જે જાણી શકાય, જે ગુણનું જે કાર્ય હોય તે તેનો વિષય કહેવાય છે. એ જ હકીકત કહે છે—

ગુરુ-લઘુ પરિણામી અનંત પ્રાદેશિક જે સ્કંધો છે, તેમાં એટલે કે તેવા સ્કંધોનું ચક્ષુ દ્વારા સામાન્ય જ્ઞાન નહિ થવા દેવું તે ચક્ષુર્દર્શનાવરણનો વિપાક છે. કેમ કે ચક્ષુદર્શન દ્વારા ગુરુ-લઘુ પરિણામી અનંત પ્રદેશના બનેલા સ્કંધો જ જાણી શકાય છે. તથા શેષ અંતરાય-દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય અને ઉપભોગાંતરાય કર્મોનો ગ્રહણ અને ધારણ કરી શકે તેટલાં પુદ્ગલ દ્રવ્યોમાં જ દાનાંતરાયાદિ કર્મોનો વિપાક છે, આત્મા પુદ્ગલ દ્રવ્યનો અનંતમો ભાગ જ દાનમાં દઈ શકે છે, લાભ મેળવી શકે છે, કે ભોગ-ઉપભોગ કરી શકે છે, તમામ પુદ્ગલ દ્રવ્યનો નહિ. દાનાદિ ગુણોનો તેટલો જ વિષય છે. એટલે તેને આવરનારાં કર્મોનો વિપાક પણ તેટલામાં જ હોય છે.

અવધિજ્ઞાનાવરણ અને અવધિદર્શનાવરણકર્મનો રૂપીદ્રવ્યોમાં જ વિપાક છે—એટલે કે તે કર્મ પોતાની શક્તિનો અનુભવ આત્માને રૂપી પદાર્થોનું સામાન્ય-વિશેષ જ્ઞાન નહિ થવા દઈને કરાવે છે. અરૂપી દ્રવ્યોમાં તેનો વિપાક નથી. જીવોને અરૂપી દ્રવ્યનું જ્ઞાન નહિ-થવામાં અવધિ જ્ઞાન-દર્શનાવરણીય કર્મનો ઉદય હેતુ નથી. કેમ કે તે તેનો વિષય નથી. તાત્પર્ય એ કે જેટલા

વિષયમાં ચક્ષુર્દર્શનાદિનો વ્યાપાર છે, તેટલા જ વિષયમાં ચક્ષુર્દર્શનાવરણીયાદિ કર્મોનો પણ વ્યાપાર છે એટલે ઉપર કહેલા નિયમમાં કોઈ વિરોધ આવતો નથી. ૪૮

सेसाणं जह बंधे होइ विवागो उ पच्चओ दुविहो ।
भवपरिणामकओ वा निग्गुणसगुणाण परिणइओ ॥४९॥

शेषाणां यथा बन्धे भवति विपाकस्तु प्रत्ययो द्विविधः ।
भवपरिणामकृतो वा निर्गुणसगुणानां परिणतितः ॥४९॥

અર્થ—શેષ પ્રકૃતિઓનો વિપાક જેમ બંધમાં કહ્યો છે તેમ ઉદીરણામાં પણ સમજવો. ભવકૃત અને પરિણામકૃત એમ પ્રત્યય બે પ્રકારે છે. તેમાં પરિણામકૃત નિર્ગુણ અને સગુણ સંબંધે બે પ્રકારે છે.

ટીકાનુ૰—ઉક્ત શેષ પ્રકૃતિઓનો વિપાક-ફળનો અનુભવ પુદ્‌ગલ અને ભવ આદિ દ્વારા જેમ બંધમાં કહ્યો છે, તેમ ઉદીરણામાં પણ સમજવો. એટલે કે પુદ્‌ગલ અને ભવ આદિ દ્વારા ઉદીરણા વડે પણ તે તે પ્રકૃતિઓના ફળને આત્મા અનુભવે છે.

હવે પ્રત્યય કહે છે—પ્રત્યય, હેતુ અને કારણ એ એકાર્થક છે. કયા હેતુ કે કારણોને લઈ ઉદીરણા થાય છે, તે અહીં કહેવાનું છે. વીર્ય વ્યાપાર વિના ઉદીરણા થઈ શકતી નહિ હોવાથી કષાય સહિત કે કષાય રહિત યોગ સંજ્ઞાવાળું[1] વીર્ય તેનું મુખ્ય કારણ છે. ઉદીરણામાં કારણરૂપ યોગસંજ્ઞાવાળું તે વીર્ય વિશેષ ભવકૃત અને પરિણામકૃત એમ બે પ્રકારે છે. તેમાં દેવ નારક આદિ ભવ સમજવો, અને અધ્યવસાય કે આહારકાદિ શરીરનો પરિણામ અને બાંધેલા રસનો અન્યથાભાવ એ પરિણામ સમજવો.

પરિણામકૃત પણ બે પ્રકારે છે : ૧. નિર્ગુણ સંબંધી, ૨. સગુણ સંબંધી. એટલે કે નિર્ગુણ આત્માઓને પરિણામ વડે કરાયેલ અને ગુણવાન આત્માઓને પરિણામ વડે કરાયેલ એમ પરિણામકૃત પ્રત્યય બે પ્રકારે છે. ૪૯

---

૧. કોઈપણ કરણની પ્રવૃત્તિ વીર્યવ્યાપાર વિના થઈ શકતી નથી, એટલે કષાય સહિત કે કષાય વિનાની જે વીર્યપ્રવૃત્તિ તે જ ઉદીરણામાં પણ કારણ છે, અમુક અમુક પ્રકારનો વીર્યવ્યાપાર થવામાં પણ અનેક કારણો હોય છે. જેમ કે દેવ ભવમાં અમુક પ્રકારનો અને નારક, તિર્યગ્, મનુષ્યભવમાં અમુક પ્રકારનો વીર્યવ્યાપાર હોય છે. દેશ કે સર્વવિરતિ આદિ ગુણવાળાઓનો અમુક પ્રકારનો અને ગુણ વિનાના આત્માઓનો અમુક પ્રકારનો વીર્યવ્યાપાર હોય છે. વૈક્રિય, આહારક શરીરનો પરિણામ પણ અમુક અમુક પ્રકૃતિઓની ઉદીરણામાં કારણ છે. એટલે પરિણામનો અર્થ જેમ અધ્યવસાય થાય છે, તેમ અહીં શરીર આદિનો પરિણામ એ અર્થ પણ થાય છે. વળી જેવો અને જેટલો રસ બંધાય છે તેવો અને તેટલો જ રસ ઉદીરાય છે, એમ કંઈ નથી, કેમ કે કેટલીયે પ્રકૃતિઓનો સર્વઘાતી અને ચઉઠાણીયો રસ બંધાય છે છતાં તે સર્વઘાતી રસે જ કે ચઉઠાણીયા રસે જ ઉદયમાં આવે છે એમ નથી. બંધમાં ગમે તેવો રસ હોય છતાં ઉદય-ઉદીરણામાં અમુક પ્રકારનો જ રસ હોય છે. એટલે બાંધેલા રસનો વિપરિણામ કરી—ફેરફાર કરી—હાનિવૃદ્ધિ કરી ઉદયમાં લાવે છે. એટલે પરિણામનો અર્થ 'અન્યથાભાવ કરવો' એવો પણ થાય છે. આ પ્રમાણે વીર્યવ્યાપાર થવામાં ભવાદિ અનેક કારણ હોવાથી ઉદીરણા પણ અનેક રીતે પ્રવર્ત્તે છે. વીર્યવ્યાપાર એ સીધું કારણ છે. બાકી બધાં અવાંતર કારણો છે એમ સમજાય છે.

હવે જે પ્રકૃતિઓની ઉદીરણા ગુણ-અગુણ પરિણામકૃત કે ભવકૃત નથી તેનો નિર્દેશ કરતાં આ ગાથા કહે છે.

उत्तरतणुपरिणामे अहिय अहोन्तावि होंति सुसरजुया ।
मिउलहु परघाउज्जोय खगइचउरंसपत्तेया ॥५०॥

उत्तरतनुपरिणामे अधिकमभवन्त्योऽपि भवन्ति सुस्वरयुक्ताः ।
मृदुलघुपराघातोद्योतखगतिसमचतुरस्रप्रत्येकाः ॥५०॥

અર્થ—સુસ્વર સાથે મૃદુ, લઘુ, પરાઘાત, ઉદ્યોત, પ્રશસ્તવિહાયોગતિ, સમચતુરસ્રસંસ્થાન, અને પ્રત્યેક નામ કર્મ રૂપ પ્રકૃતિઓ અધિક-વિશેષ આશ્રયી પહેલાં ન હોવા છતાં ઉત્તર શરીરનો પરિણામ કરે ત્યારે અવશ્ય ઉદીરણામાં પ્રાપ્ત થાય છે.

ટીકાનુ૦—સુસ્વર યુક્ત મૃદુ, લઘુ, પરાઘાત, ઉદ્યોત, પ્રશસ્ત વિહાયોગતિ, સમચતુરસ્રસંસ્થાન, અને પ્રત્યેક નામ રૂપ કર્મ પ્રકૃતિઓ જો કે વિશેષ આશ્રયી પહેલાં નહોતી. તોપણ ઉત્તર વૈક્રિય કે આહારક શરીર જ્યારે કરે ત્યારે અવશ્ય ઉદીરણામાં પ્રાપ્ત થાય છે.

તાત્પર્ય એ કે—પોતાના મૂળ શરીરથી અન્ય વૈક્રિય કે આહારક શરીર કરતાં પહેલાં ઉપરોક્ત પ્રકૃતિઓની ઉદીરણા અવશ્ય હોય છે એમ નથી, એની વિરોધી પ્રકૃતિઓની પણ ઉદીરણા કે ઉદય હોય છે. કેમ કે ગમે તે સંસ્થાન કે વિહાયોગતિ આદિના ઉદયવાળા ઉત્તર શરીર કરી શકે છે. પરંતુ જ્યારે ઉત્તર વૈક્રિય કે આહારક શરીર કરે ત્યારે તે શરીર જ્યાં સુધી રહે ત્યાં સુધી ઉપરોક્ત પ્રકૃતિઓની જ ઉદયપૂર્વક ઉદીરણા થાય છે. એટલે અહીં ગુણ-અગુણનું પ્રાધાન્ય નથી, પરંતુ ઉત્તર શરીરનું જ પ્રાધાન્ય છે. માટે ઉપરોક્ત પ્રકૃતિઓની વૈક્રિય કે આહારક શરીર કરે ત્યારે થતી ઉદીરણા ગુણાગુણ પરિણામ કૃત કે ભવકૃત નથી. પરંતુ શરીર પરિણામકૃત[1] છે. એમ સમજવું. ૫૦

सुभगाइ उच्चगोयं गुणपरिणामा उ देसमाईणं ।
अइहीणफड्डुगाओ अणंतंसो नोकसायाणं ॥५१॥

सुभगाद्युच्चैर्गोत्राणां गुणपरिणामात्तु देशादीनाम् ।
अतिहीनस्पदर्धकादनन्तांशोः नोकषायाणाम् ॥५१॥

---

૧. અહીં ગાથામાં શરીર પરિણામકૃત એવો ભેદ નથી. એટલે અહીં શંકા થાય કે ગાથામાં કહેલા ભેદમાંથી કયા ભેદમાં ઉપરોક્ત પ્રકૃતિઓની ઉદીરણાનો સમાવેશ કરવો ?

ઉત્તરમાં સમજવું કે પરિણામકૃતમાં જ સમાવેશ કરવો. કર્મપ્રકૃતિ ઉદીરણાકરણ ગાથા ૫૧ માં શરીરનો પરિણામ ઉપરોક્ત પ્રકૃતિઓની ઉદીરણામાં કારણભૂત હોવાથી પરિણામકૃત ઉદીરણામાં તેનો સમાવેશ કર્યો છે. તેમાં આહારક શરીરનો પરિણામ ગુણવાન આત્માઓને જ થતો હોવાથી તેની ઉદીરણાનો સમાવેશ ગુણપરિણામકૃતમાં, અને વૈક્રિય શરીરનો પરિણામ ગુણી-નિર્ગુણી બંનેને થતો હોવાથી તેની ઉદીરણાનો સમાવેશ સગુણ, નિર્ગુણ પરિણામકૃત બંનેમાં થઈ શકે છે. એટલે જ પાછલા ટિપ્પણમાં પરિણામનો શરીરપરિણામ પણ અર્થ કર્યો છે.

અર્થ—દેશવિરતિ આદિ જીવોને સૌભાગ્યાદિ અને ઉચ્ચ ગોત્રકર્મની ઉદીરણા ગુણ પરિણામથી થાય છે. દેશવિરતિ આદિ જીવોને નવ નોકષાયોનો અતિહીન સ્પર્દ્ધકથી આરંભી અનંતમો ભાગ ગુણપરિણામકૃત ઉદીરણા યોગ્ય સમજવો.

ટીકાનુ૦—દેશવિરતિ અને પ્રમત્ત સંયતાદિ આત્માઓને સુભગાદિ-સૌભાગ્ય આદેય અને યશઃકીર્ત્તિ, તથા ઉચ્ચ ગોત્ર કર્મની અનુભાગોદીરણા ગુણપરિણામકૃત-દેશવિરતિ આદિ વિશિષ્ટગુણની પ્રાપ્તિ વડે થયેલા પરિણામ દ્વારા કરાયેલી છે એમ સમજવું.

તે જ હકીકત સ્પષ્ટ કરે છે. જે કોઈ આત્મા સુભગ આદિની પ્રતિપક્ષ દુર્ભગ આદિ પ્રકૃતિના ઉદયયુક્ત હોય છતાં પણ જ્યારે તે દેશવિરતિ કે સર્વવિરતિ ગુણ પ્રાપ્ત કરે છે ત્યારે તે દેશવિરતિ આદિ ગુણના પ્રભાવથી તે ગુણસંપન્ન આત્માને સુભગાદિ પ્રકૃતિની જ ઉદયપૂર્વક ઉદીરણા પ્રવર્ત્તે છે. એટલે કે દુર્ભગાદિનો ઉદય પલટાઈ સુભગાદિનો જ ઉદય થાય છે.

સ્ત્રીવેદ આદિ નવ નોકષાયોના અતિ જઘન્ય અનુભાગ સ્પર્દ્ધકથી આરંભી અનુક્રમે (કુલ સ્પર્દ્ધકનો) અનંતમો ભાગ[1] દેશવિરત-સર્વવિરત આત્માઓને ગુણપરિણામકૃત ઉદીરણા યોગ્ય સમજવો. કર્મપ્રકૃતિ ઉદીરણાકરણ ગાથા ૫૨માં તો આ પ્રકૃતિઓનો અસંખ્યાતમો ભાગ ગુણપરિણામકૃત ઉદીરણા યોગ્ય કહ્યો છે. તત્ત્વ કેવલી ભગવંત જાણે. ૫૧

जा जंमि भवे नियमा उदीरए ताउ भवनिमित्ताओ ।
परिणामपच्चयाओ सेसाओ सइ स सव्वत्थ ॥५२॥

या यस्मिन्भवे नियमादुदीरयति ता भवनिमित्ताः ।
परिणामप्रत्ययाः शेषाः सती सा सर्वत्र ॥५२॥

અર્થ—જે પ્રકૃતિઓને જે ભવમાં અવશ્ય ઉદીરે છે, તે ભવનિમિત્તક કહેવાય છે. અને શેષ પરિણામ પ્રત્યયિક કહેવાય છે. કારણ કે તે પ્રકૃતિઓની ઉદીરણા સર્વત્ર પ્રવર્ત્તે છે.

ટીકાનુ૦—જે જે કર્મ પ્રકૃતિઓને જે જે ભવમાં અવશ્ય ઉદીરે છે, તે તે પ્રકૃતિઓ તે તે ભવ છે કારણ જેમાં એવી એટલે કે તદ્દ તદ્દભવ પ્રત્યયિક કહેવાય છે, અર્થાત્ તે તે પ્રકૃતિઓની ઉદીરણામાં તે તે ભવ કારણ છે એમ સમજવું. જેમ નરકત્રિકની ઉદીરણા નારકભવનિમિત્તક થાય છે, દેવત્રિકની ઉદીરણામાં દેવભવ કારણ છે, તિર્યગ્ત્રિક એકેન્દ્રિય, વિકલેન્દ્રિયજાતિ, સ્થાવર, સૂક્ષ્મ, સાધારણ અને આતપ નામકર્મની ઉદીરણા તિર્યગ્ભવ પ્રત્યયિક છે, અને મનુષ્યત્રિકની ઉદીરણામાં મનુષ્યભવ હેતુ છે. ઉપરોક્ત વીસ પ્રકૃતિઓની ઉદીરણા તે તે ભવમાં જ થતી હોવાથી ભવ પ્રત્યયિક કહેવાય છે.

બાકીની પ્રકૃતિઓની ઉદીરણામાં કોઈ ખાસ ભવ પ્રતિબંધક નહિ હોવાથી પરિણામ

---

૧. જઘન્ય સ્પર્દ્ધકથી આરંભી કુલ સ્પર્દ્ધકોનો અનંતમો ભાગ વેદાદિ પ્રકૃતિઓનો દેશવિરત આદિ આત્માઓને ઉદીરણા યોગ્ય અહીં કહ્યો છે. એટલે જઘન્ય રસ સ્પર્દ્ધકથી આરંભી અનંત સ્પર્દ્ધક દ્વારા જેવા પરિણામ થાય તેવો વેદાદિનો ઉદય દેશવિરતાદિને સમજવો, કેમ કે ગુણના પ્રભાવથી તે તે પાપપ્રકૃતિઓનો ઉદય મંદમંદ હોય છે, એટલે એ સંભવે છે.

પ્રત્યયિક કહેવાય છે. એ જ હકીકત કહે છે—ઉપરોક્ત વીસ પ્રકૃતિઓ સિવાય શેષ પ્રકૃતિઓની ઉદીરણા પરિણામ પ્રત્યય અને ધ્રુવ છે. કારણ કે સર્વ ભાવોમાં અને સર્વ ભવોમાં વિદ્યમાન ઉદીરણા ધ્રુવોદયીની જ હોય છે. માટે પરિણામ નિમિત્તે થનારી છે ઉદીરણા જેની એવી શેષ પ્રકૃતિઓ ધ્રુવોદયી જ[1] સમજવી. વળી તેઓની ઉદીરણા નિર્ગુણ પરિણામકૃત જાણવી. ૫૨

तित्थयरं घाईणि य आसज्ज गुणं पहाणभावेण ।
भवपच्चइया सव्वा तहेव परिणामपच्चइया ॥५३॥

तीर्थकरं घातिन्यश्च आसाद्य गुणं प्रधानभावेन ।
भवप्रत्ययाः सर्व्वाः तथैव परिणामप्रत्ययाः ॥५३॥

અર્થ—તીર્થંકર અને ઘાતિ કર્મપ્રકૃતિઓ ગુણને આશ્રયીને પ્રધાનભાવે ગુણપરિણામ પ્રત્યયિક જાણવી. અથવા સઘળી પ્રકૃતિઓ ભવપ્રત્યયિક તેમજ પરિણામપ્રત્યયિક પણ કહેવાય છે.

ટીકાનુ૦—તીર્થંકરનામ, ઘાતિ કર્મપ્રકૃતિઓ—પાંચજ્ઞાનાવરણ, નવદર્શનાવરણ, નોકષાયવર્જીને મોહનીય અને પાંચ અંતરાય, તથા 'च' શબ્દથી વૈક્રિયસપ્તક અને ધ્રુવોદયી

૧. અહીં શેષ પદ વડે ધ્રુવોદયી પ્રકૃતિઓ જ લીધી હોય તેમ લાગે છે. કેમ કે તેનો ઉદય હંમેશાં હોય છે, તેમજ તેના ઉદયમાં કોઈ ભવ કે ભાવ પ્રતિબંધક નથી. અને ઉપરોક્ત વીસ સિવાય બાકીની અધ્રુવોદયી પ્રકૃતિઓના ઉદયમાં પણ ભવ પ્રતિબંધક નહિ હોવાથી તેનો સમાવેશ નિર્ગુણ પરિણામકૃત ઉદીરણામાં થાય તો કોઈ વાંધો જણાતો નથી. કર્મપ્રકૃતિ ઉદીરણા કરણ ગાથા ૫૩ માં નીચે પ્રમાણે હકીકત છે—તીર્થંકર નામ, પાંચ જ્ઞાનાવરણ, નવ દર્શનાવરણ, નોકષાય સિવાય મોહનીય અને પાંચ અંતરાયની ઉદીરણા તિર્યંચ અને મનુષ્યોને પરિણામ પ્રત્યયિક છે. અહીં પરિણામ શબ્દનો અર્થ 'અન્યથાભાવ' કહ્યો છે, (જે સ્વરૂપ હોય તે સ્વરૂપને પલટાવી નાખવું એવો તેનો અર્થ છે.) તેમાં તિર્યંચો અથવા મનુષ્યો ગુણપ્રત્યયે અન્યથા-અન્ય સ્વરૂપે બંધાયેલ હોય તેને અન્યથા—અન્ય સ્વરૂપે પરિણમાવી ઉદીરે છે. (એટલે કે તે તે પ્રકૃતિઓનો જેનો અને જેટલો રસ બાંધ્યો હોય તેમાં ફેરફાર કરી ઉદીરે છે એ તાત્પર્ય છે.) તથા શેષ સાતવેદનીયાદિ છપ્પન પ્રકૃતિઓની ઉદીરણા ગુણપ્રત્યયિક નહિ હોવાથી ભવપ્રત્યયિક જાણવી. તથા પૂર્વોક્ત પ્રકૃતિઓની ઉદીરણા પણ પૂર્વોક્ત તિર્યંચ, મનુષ્ય વિના શેષ જીવોને ભવપ્રત્યયિક જાણવી. અહીંથી કર્મપ્રકૃતિની ટીકામાં કઈ કર્મપ્રકૃતિઓ અને તે શા માટે ભવપ્રત્યયિક છે તેનાં કારણો બતાવ્યાં છે. આ માટે ઉદીરણા કરણ ત્રેપનમી ગાથાની ટીકા જોવી. આ પ્રમાણે ઉપાધ્યાયજી મહારાજે કર્મ૦ નો અર્થ કરી ફેરફાર જણાવવા પંચસંગ્રહની ગાથા લીધી છે અને તેની ટીકા પણ કરી છે. અંતમાં તેનું સમાધાન કરતાં આ પ્રમાણે જણાવેલું છે. આ પણ વિરુદ્ધ નથી. વિવક્ષાભેદે આ કથન પણ યુક્તિયુક્ત છે. કેમ કે સઘળી પ્રકૃતિઓ યથાયોગ્ય રીતે કોઈ ને કોઈ ભવમાં જ ઉદીરાય છે. જેમ કે દેવગતિ યોગ્ય દેવભવમાં, નરકગતિ યોગ્ય નરકભવમાં ઇત્યાદિ, માટે સર્વપ્રકૃતિઓની ઉદીરણા ભવપ્રત્યય છે. અથવા સઘળા જીવો પરિણામના વશથી પ્રભૂત રસવાળી પ્રકૃતિઓને અલ્પરસવાળી કરીને ઉદીરે છે, માટે સઘળી પ્રકૃતિઓની ઉદીરણા પરિણામ પ્રત્યય પણ છે. અન્યત્ર કહ્યું પણ છે કે—'સઘળી પ્રકૃતિઓ ભવપ્રત્યયિક છે તેમજ પરિણામપ્રત્યયિક પણ છે.' માટે અહીં વિચિત્ર ઉક્તિમાં વિવક્ષા ભેદ જ શરણ છે એમ જાણવું.' જુઓ કર્મપ્રકૃતિ ગાથા ૫૩ ટીકા.

પ્રકૃતિઓ. અન્યથા બંધાયેલી આ સઘળી પ્રકૃતિઓને ગુણને અવલંબીને અન્યથા પરિણમાવીને[૧] ઉદીરે છે, માટે તેઓની ઉદીરણા પ્રધાનભાવે-મુખ્યતાએ ગુણપરિણામકૃત સમજવી.

અથવા સઘળી પ્રકૃતિઓ યથાયોગ્ય રીતે કોઈ ને કોઈ ભવમાં જ ઉદીરાય છે. જેમ કે-તિર્યંચગતિ યોગ્ય પ્રકૃતિઓ તિર્યંચભવમાં, મનુષ્યગતિ યોગ્ય મનુષ્યભવમાં, નરકગતિયોગ્ય નરક ભવમાં અને દેવગતિ યોગ્ય દેવભવમાં. માટે સઘળીએ પ્રકૃતિઓની ઉદીરણા ભવપ્રત્યયિક જાણવી. અથવા તેવા તેવા પ્રકારના પરિણામના વશથી ઘણા રસવાળી પ્રકૃતિઓને અલ્પ રસવાળી કરીને, અને અલ્પ રસવાળી પ્રકૃતિઓ હોય તેને ઘણા રસવાળી કરીને સઘળા જીવો ઉદીરે છે, માટે સઘળી પ્રકૃતિઓ પરિણામ પ્રત્યયિક જાણવી. આ હકીકત આ પહેલાંની ગાથાના ટિપ્પણમાં પણ જણાવેલ છે. આ જ ગાથાને ઉપાધ્યાયજી મહારાજે કર્મપ્રકૃતિ ઉદીરણાકરણ ગા૦ ૫૩માં પ્રમાણ તરીકે લીધી છે. ૫૩

આ પ્રમાણે પ્રત્યય પ્રરૂપણા કરી. હવે સાદિ આદિ પ્રરૂપણા કરવાનો અવસર પ્રાપ્ત છે. તે મૂળ કર્મપ્રકૃતિવિષયક અને ઉત્તર કર્મપ્રકૃતિ વિષયક એમ બે પ્રકારે છે. તેમાં પહેલાં મૂળ પ્રકૃતિ વિષયક સાદ્યાદિ પ્રરૂપણા કરવા ઇચ્છતા આ બે ગાથા કહે છે.

वेयणिएणुक्कोसा अजहण्णा मोहणीय चउभेया ।
सेसघाईणं तिविहा नामगोयाणणुक्कोसा ॥५४॥

सेसविगप्पा दुविहा सव्वे आउस्स होउमुवसन्तो ।
सव्वट्ठगओ साए उक्कोसुदीरणं कुणइ ॥५५॥

वेदनीयेऽनुत्कृष्टाजघन्या मोहनीयस्य चतुर्भेदा ।
शेषघातिनां त्रिविधा नामगोत्रयोरनुत्कृष्टा ॥५४॥

शेषविकल्पा द्विविधाः सर्वे आयुषः भूत्वोपशान्तः ।
सर्वार्थगतः सातस्योत्कृष्टामुदीरणां करोति ॥५५॥

અર્થ—વેદનીય કર્મની અનુત્કૃષ્ટ ઉદીરણા અને મોહનીયની અજઘન્ય ઉદીરણા ચાર પ્રકારે છે, શેષ ઘાતિકર્મની ત્રણ પ્રકારે છે. નામ અને ગોત્રકર્મની અનુત્કૃષ્ટ ઉદીરણા ત્રણ પ્રકારે છે. ઉક્ત શેષ વિકલ્પો બે પ્રકારે છે. આયુકર્મના સઘળા વિકલ્પો બે પ્રકારે છે. ઉપશાંત થઈને સર્વાર્થસિદ્ધમાં ગયેલો આત્મા સાતવેદનીયની ઉત્કૃષ્ટ ઉદીરણા કરે છે. ૫૪-૫૫.

ટીકાનુ૦—વેદનીય કર્મની અનુત્કૃષ્ટ અનુભાગોદીરણા સાદિ, અનાદિ, ધ્રુવ અને અધ્રુવ એમ ચાર પ્રકારે છે. તે આ રીતે—ઉપશમશ્રેણિમાં સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકે યથાયોગ્યપણે ઉત્કૃષ્ટ રસવાળું જે સાતવેદનીયકર્મ બાંધે. ત્યાંથી કાળધર્મ પામી સર્વાર્થસિદ્ધ મહાવિમાનમાં ઉત્પન્ન થાય ત્યારે પહેલે સમયે તેની જે ઉદીરણા થાય તે ઉત્કૃષ્ટ અનુભાગોદીરણા કહેવાય છે. અને તે નિયત કાળપર્યંત થતી હોવાથી સાદિ-સાંત છે. તે સિવાયની અન્ય સઘળી અનુત્કૃષ્ટ ઉદીરણા છે. તે અપ્રમત્ત ગુણસ્થાનાદિમાં થતી નથી, ત્યાંથી પડે ત્યારે થાય છે, માટે સાદિ, તે સ્થાન પ્રાપ્ત નહિ કરનારને અનાદિ, અભવ્યને ધ્રુવ અને ભવ્યને અધ્રુવ ઉદીરણા છે.

મોહનીયની અજઘન્ય અનુભાગોદીરણા સાદિ, અનાદિ, ધ્રુવ અને અધ્રુવ એમ ચાર પ્રકારે છે. તે પ્રમાણે—મોહનીયકર્મની જઘન્ય અનુભાગોદીરણા ક્ષપકશ્રેણિમાં સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકે વર્તમાન આત્માને સમયાધિક આવલિકા શેષ સ્થિતિ હોય ત્યારે થાય છે. અને તે એક સમય પર્યંત જ થતી હોવાથી સાદિ-સાંત છે. શેષ કાળ અજઘન્ય અનુભાગોદીરણા પ્રવર્ત્તે છે તે ઉપશાંતમોહ ગુણસ્થાનકે થતી નથી, ત્યાંથી પડે ત્યારે થાય છે—માટે સાદિ, તે સ્થાન નહિ પ્રાપ્ત કરનારને અનાદિ, અભવ્યને ધ્રુવ અને ભવ્યને અધ્રુવ છે.

શેષ જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાયકર્મરૂપ ઘાતિકર્મની અજઘન્ય અનુભાગોદીરણા અનાદિ, ધ્રુવ અને અધ્રુવ એમ ત્રણ પ્રકારે છે. તે આ પ્રમાણે—આ કર્મપ્રકૃતિઓની ક્ષીણમોહ ગુણસ્થાનકની સમયાધિક આવલિકાપ્રમાણ સ્થિતિ શેષ રહે ત્યારે જઘન્ય અનુભાગોદીરણા થાય છે. અને તે એક સમય માત્ર થતી હોવાથી સાદિ-સાંત છે. તે સિવાય અન્ય સઘળી અજઘન્ય અનુભાગોદીરણા પ્રવર્ત્તે છે. તે અનાદિ કાળથી પ્રવર્ત્તતી હોવાથી અનાદિ, અભવ્યને ધ્રુવ અને ભવ્યને અધ્રુવ છે.

નામ-ગોત્રકર્મની અનુત્કૃષ્ટ અનુભાગોદીરણા અનાદિ, ધ્રુવ અને અધ્રુવ એમ ત્રણ પ્રકારે છે. તે આ રીતે—આ બે કર્મની ઉત્કૃષ્ટ અનુભાગોદીરણા સયોગીકેવલ ગુણસ્થાનકે પ્રવર્તે છે. અને તે નિયત કાળ પર્યંત પ્રવર્ત્તતી હોવાથી સાદિ-સાંત છે. તે સિવાયની અન્ય સઘળી અનુત્કૃષ્ટ છે. આ ગુણસ્થાનક પ્રાપ્ત થતાં પહેલાં અનાદિ કાળથી થતી હોવાથી અનુત્કૃષ્ટ ઉદીરણા અનાદિ છે. અભવ્યને અનંત, અને ભવ્ય જ્યારે ચૌદમું ગુણસ્થાનક પ્રાપ્ત કરશે ત્યારે અનુત્કૃષ્ટ ઉદીરણાને અંત કરશે માટે તેઓ આશ્રયી સાંત છે.

જે જે કર્મ આશ્રયી જે જે વિકલ્પો કહ્યા તે સિવાયના અન્ય વિકલ્પો સાદિ અને સાંત એમ બે પ્રકારે છે. તે આ પ્રમાણે-ઘાતિકર્મની ઉત્કૃષ્ટ-અનુત્કૃષ્ટ અનુભાગોદીરણા મિથ્યાત્વીને પર્યાયે-વારાફરતી પ્રવર્ત્તતી હોવાથી સાદિ-સાંત છે. ઉક્તકર્મનો ઉત્કૃષ્ટ રસબંધ પહેલા ગુણઠાણે થાય છે, એટલે જ્યાં સુધી ઉત્કૃષ્ટ રસ સત્તામાં હોય ત્યાં સુધી તેની ઉત્કૃષ્ટ ઉદીરણા, ત્યારબાદ અનુત્કૃષ્ટ અનુભાગોદીરણા પ્રવર્ત્તે છે. વળી જ્યારે ઉત્કૃષ્ટ રસનો બંધ થાય ત્યારે ઉત્કૃષ્ટ અનુભાગોદીરણા પ્રવર્ત્તે છે. આ પ્રમાણે વારાફરતી થતી હોવાથી સાદિ-સાંત છે. અને જઘન્ય ઉદીરણા આશ્રયી અજઘન્ય ઉદીરણા કહેવાના પ્રસંગે કહેલ છે.

નામ, ગોત્ર અને વેદનીયકર્મની જઘન્ય, અજઘન્ય અનુભાગોદીરણા મિથ્યાદૃષ્ટિને વારાફરતી થતી હોવાથી તે બંને સાદિ-સાંત છે. ઉક્તકર્મના જઘન્ય અનુભાગનો બંધ નિગોદીયા જીવોને થાય છે, માટે ઉપરોક્ત રીતે જઘન્ય, અજઘન્ય, સાદિ-સાંત છે. ઉત્કૃષ્ટ ઉદીરણા સંબંધે પહેલાં વિચાર કર્યો છે. આયુના જઘન્ય આદિ ચારે ભેદો તે અધ્રુવ હોવાથી સાદિ અને સાંત એમ બે પ્રકારે છે. કેમ કે પર્યંતાવલિકામાં કોઈપણ આયુની ઉદીરણા થતી નથી, પર્યંતાવલિકા શેષ ન રહે ત્યાં સુધી જ થાય છે. ૫૪-૫૫.

આ પ્રમાણે મૂળકર્મ સંબંધ સાદિ આદિ ભંગનો વિચાર કર્યો. હવે ઉત્તર પ્રકૃતિ સંબંધે વિચાર કરતાં આ ગાથા કહે છે.

कक्खडगुरुमिच्छाणं अजहण्णा मिउलहूणणुक्कोसा ।
चउहा साइयवज्जा वीसाए धुवोदयसुभाणं ॥५६॥

कर्कशगुरुमिथ्यात्वानामजघन्या मृदुलघ्वोरनुत्कृष्टा ।
चतुर्द्धा सादिवर्जा विंशतेर्ध्रुवोदयशुभानाम् ॥५६॥

અર્થ—કર્કશ ગુરુ અને મિથ્યાત્વની અજઘન્ય અને મૃદુ, લઘુની અનુત્કૃષ્ટ અનુભાગોદીરણા ચાર પ્રકારે છે. તથા શુભ વીસ ધ્રુવોદયી પ્રકૃતિની અનુત્કૃષ્ટ અનુભાગોદીરણા સાદિ વર્જીને ત્રણ પ્રકારે છે.

ટીકાનુ૰—કર્કશ, ગુરુ અને મિથ્યાત્વમોહનીયની અજઘન્ય અનુભાગોદીરણા સાદિ, અનાદિ, ધ્રુવ અને અધ્રુવ એમ ચાર પ્રકારે છે. તે આ પ્રમાણે—સમ્યક્ત્વ અને સંયમ એક સાથે એક જ સમયે પ્રાપ્ત કરવા ઇચ્છતા કોઈ મિથ્યાદૃષ્ટિ આત્માને તીવ્ર વિશુદ્ધિને લીધે મિથ્યાત્વમોહનીયની જઘન્ય અનુભાગની ઉદીરણા પ્રવર્ત્તે છે. તે નિયત કાળ પર્યંત થતી હોવાથી સાદિ-સાંત છે. તે સિવાયના અન્ય મિથ્યાદૃષ્ટિને તેની અજઘન્ય અનુભાગોદીરણા પ્રવર્ત્તે છે. સમ્યક્ત્વથી પડતા અજઘન્ય અનુભાગની ઉદીરણા પ્રવર્ત્તે માટે સાદિ, તે સ્થાન પ્રાપ્ત નહિ કરનારને અનાદિ, અભવ્યને ધ્રુવ અને ભવ્ય આશ્રયી અધ્રુવ છે.

કર્કશ અને ગુરુસ્પર્શના જઘન્ય અનુભાગની ઉદીરણા કેવલી સમુદ્ઘાતથી નિવર્ત્તતા કેવલી મહારાજને છઠ્ઠે સમયે (જીવ સ્વભાવે) થાય છે. તે સમયમાત્ર થતી હોવાથી સાદિ-સાંત છે. તે સિવાયની અન્ય સઘળી અજઘન્ય છે. તે કેવલી સમુદ્ઘાતથી નિવર્ત્તતાં સાતમે સમયે થાય માટે સાદિ, તે સ્થાન પ્રાપ્ત નહિ કરનારને અનાદિ, અભવ્યને ધ્રુવ અને ભવ્ય આશ્રયી અધ્રુવ છે. તથા મૃદુ, લઘુ સ્પર્શની અનુત્કૃષ્ટ અનુભાગોદીરણા સાદિ, અનાદિ, ધ્રુવ અને અધ્રુવ એમ ચાર પ્રકારે છે. તે આ રીતે—આ પ્રકૃતિના ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણા આહારક શરીરસ્થ સંયતને થાય છે. (અંતર્મુહૂર્ત્ત પર્યંત જ પ્રવર્ત્તતી હોવાથી) તે સાદિ-સાંત છે તે સિવાય અન્ય સઘળી અનુભાગોદીરણા અનુત્કૃષ્ટ છે. તે આહારક શરીરનો ઉપસંહાર કરતાં પ્રવર્ત્તે માટે સાદિ, તે સ્થાન પ્રાપ્ત નહિ કરનારને અનાદિ, અભવ્યને ધ્રુવ અને ભવ્યને અધ્રુવ છે.

તૈજસ સપ્તક, સ્થિર, શુભ, નિર્માણ, અગુરુલઘુ, શ્વેત, પીત, રક્તવર્ણ, સુરભિગંધ, મધુર, આમ્લ, કષાયરસ, ઉષ્ણ, સ્નિગ્ધ સ્પર્શરૂપ શુભ ધ્રુવોદયી વીસ પ્રકૃતિઓની અનુત્કૃષ્ટ અનુભાગોદીરણા અનાદિ, ધ્રુવ અને અધ્રુવ એમ ત્રણ પ્રકારે છે. તે આ પ્રમાણે—આ પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ રસની ઉદીરણા સયોગી કેવલીને ચરમ સમયે થાય છે, એટલે તે સાદિ-સાંત છે. તે સિવાય અન્ય સઘળી અનુત્કૃષ્ટ છે. તે સર્વદા પ્રવર્ત્તતી હોવાથી અનાદિ, અભવ્યને ધ્રુવ અને ભવ્યને અધ્રુવ છે. ૫૬

अजहण्णा असुभधुवोदयाण तिविहा भवे तिवीसाए ।
साईअधुवा सेसा सव्वे अधुवोदयाणं तु ॥५७॥

अजघन्याऽशुभध्रुवोदयानां त्रिविधा भवेत् त्रयोविंशतेः ।
साद्यध्रुवाः शेषाः सर्वेऽध्रुवोदयानां तु ॥५७॥

અર્થ—અશુભ ધ્રુવોદયી ત્રેવીસ પ્રકૃતિની અજઘન્ય અનુભાગોદીરણા ત્રણ પ્રકારે છે. ઉક્ત શેષ વિકલ્પો સાદિ-અધ્રુવ છે, તથા અધ્રુવોદયી પ્રકૃતિઓના સઘળા વિકલ્પો સાદિ-અધ્રુવ છે.

ટીકાનુ૰—પંચવિધ જ્ઞાનાવરણ. ચક્ષુ, અચક્ષુ, અવધિ અને કેવલ દર્શનાવરણ, કૃષ્ણ-નીલવર્ણ, દુરભિગંધ, તિક્ત-કટુરસ, રુક્ષ-શીત સ્પર્શ, અશુભ અને પાંચ અંતરાય રૂપ અશુભ ધ્રુવોદયી ત્રેવીસ પ્રકૃતિની અજઘન્ય અનુભાગોદીરણા અનાદિ, ધ્રુવ અને અધ્રુવ એમ ત્રણ પ્રકારે છે. તે આ રીતે—ઉપરોક્ત પ્રકૃતિઓની જઘન્ય અનુભાગની ઉદીરણા તે તે પ્રકૃતિઓનો ઉદીરણાવિચ્છેદ જ્યાં થાય ત્યાં થાય છે. અને તે સાદિ-અધ્રુવ છે. તે સિવાયની અન્ય સઘળી અજઘન્ય છે. સર્વદા પ્રવર્ત્તતી હોવાથી તે અનાદિ છે, અભવ્યને ધ્રુવ અને ભવ્યને અધ્રુવ છે. ઉપરોક્ત સઘળી પ્રકૃતિઓના ઉક્ત શેષ વિકલ્પો સાદિ-અધ્રુવ છે. કઈ પ્રકૃતિના કયા વિકલ્પો ઉક્ત શેષ છે, તે કહે છે—કર્કશ, ગુરુ મિથ્યાત્વ અને અશુભ ધ્રુવોદયી ત્રેવીસ પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ, અનુત્કૃષ્ટ અને જઘન્ય એ ત્રણ ઉક્ત શેષ છે. મૃદુ, લઘુ અને શુભ ધ્રુવોદયી વીસ પ્રકૃતિઓના જઘન્ય-અજઘન્ય અને ઉત્કૃષ્ટ એ ત્રણ ઉક્ત શેષ છે.

આ ઉક્ત શેષ વિકલ્પોમાં સાદિ-સાંત ભંગનો વિચાર કરે છે—કર્કશ, ગુરુ, મિથ્યાત્વ અને અશુભ ધ્રુવોદયી ત્રેવીસ પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ-અનુત્કૃષ્ટ અનુભાગની ઉદીરણા મિથ્યાત્વીઓને વારાફરતી થાય છે. કેમ કે તે સઘળી પાપ પ્રકૃતિઓ છે અને તેનો ઉત્કૃષ્ટ રસબંધ મિથ્યાદૃષ્ટિઓને થાય છે, માટે તે બંને ભંગ સાદિ-સાંત છે. જઘન્યનો વિચાર તો અજઘન્યભંગ કહેવાના પ્રસંગે કહી ગયા છે. તથા મૃદુ, લઘુ અને ધ્રુવોદયી શુભ વીસ પ્રકૃતિઓના જઘન્ય-અજઘન્ય અનુભાગની ઉદીરણા મિથ્યાત્વીઓને વારાફરતી થાય છે. કેમ કે તે પુન્યપ્રકૃતિઓ છે, અને ક્લિષ્ટ પરિણામને યોગે તેઓનો જઘન્ય રસબંધ થાય છે. માટે તે બંને સાદિ-સાંત છે. અનુત્કૃષ્ટ કહેવાના પ્રસંગે ઉત્કૃષ્ટ અનુભાગોદીરણાના ભંગનો વિચાર કરી ગયા છે.

શેષ અધ્રુવોદયી એકસો દશ પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ, અનુત્કૃષ્ટ, જઘન્ય અને અજઘન્ય એ સઘળા વિકલ્પો તે પ્રકૃતિઓ જ અધ્રુવોદયી હોવાથી સાદિ-સાંત છે. જ્યારે ઉદય હોય ત્યારે ઉત્કૃષ્ટ આદિ કોઈપણ ભાંગે ઉદીરણા પ્રવર્ત્તે, ઉદય નિવર્ત્તે ત્યારે નિવર્ત્તે છે. ૫૭

આ પ્રમાણે સાદ્યાદિ ભંગનો વિચાર કર્યો. હવે ક્રમ પ્રાપ્ત સ્વામિત્વ કહેવાનો પ્રસંગ છે. તે ઉત્કૃષ્ટ ઉદીરણા સ્વામિત્વ અને જઘન્ય ઉદીરણા સ્વામિત્વ એમ બે પ્રકારે છે. તેમાં પ્રથમ ઉત્કૃષ્ટ ઉદીરણાના સ્વામિત્વનું પ્રતિપાદન કરે છે—

दाणाइअचक्खूणं उक्कोसाइंमि हीणलद्धिस्स ।
सुहुमस्स चक्खुणो पुण तेइंदिय सव्वपज्जत्ते ॥५८॥

दानाद्यचक्षुषामुत्कृष्टाऽऽदौ हीनलब्धेः ।
सूक्ष्मस्य चक्षुषः पुनस्त्रीन्द्रियस्य सर्वपर्याप्तस्य ॥५८॥

અર્થ—દાનાંતરાયાદિ પાંચ અને અચક્ષુદર્શનાવરણીયના ઉત્કૃષ્ટ રસની ઉદીરણા હીન લબ્ધિવાળા સૂક્ષ્મ એકેન્દ્રિયને ભવાદિ સમયે થાય છે. ચક્ષુદર્શનાવરણીયની ઉત્કૃષ્ટ અનુભાગોદીરણા સર્વપર્યાપ્તિએ પર્યાપ્ત તેઇન્દ્રિયને થાય છે.

ટીકાનુ૰—દાનાંતરાયાદિ પાંચ અંતરાય અને અચક્ષુદર્શનાવરણીય એ છ કર્મપ્રકૃતિઓના ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણા અત્યંત અલ્પ દાનાદિની લબ્ધિવાળા અને અત્યંત અલ્પ ચક્ષુ સિવાયની શેષ ઇન્દ્રિયના વિજ્ઞાનની લબ્ધિવાળા સૂક્ષ્મ એકેન્દ્રિયને ઉત્પત્તિને પ્રથમ સમયે થાય છે. તથા સઘળી પર્યાપ્તિએ પર્યાપ્ત તેઇન્દ્રિયોને પર્યાપ્તિના ચરમ સમયે ચક્ષુદર્શનાવરણના ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણા થાય છે. તે તે આત્માઓ તે તે પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણાના સ્વામી છે.[1] ૫૮

निद्दाणं पंचण्हवि मज्झिमपरिणामसंकिलिट्ठस्स ।
पणनोकसायसाए नरए जेट्ठट्ठिति समत्तो ।।५९।।

निद्राणां पंचानामपि मध्यमपरिणामसंक्लिष्टस्य ।
पञ्चनोकषायासातानां नारको ज्येष्ठस्थितिकः समाप्तः ।।५९।।

અર્થ—મધ્યમ પરિણામવાળા અને તત્પ્રાયોગ્ય સંક્લિષ્ટ આત્માને પાંચે નિદ્રાની ઉત્કૃષ્ટ અનુભાગોદીરણા થાય છે. તથા ઉત્કૃષ્ટ સ્થિતિવાળો પર્યાપ્ત નારકી પાંચ નોકષાય અને અસાતવેદનીયની ઉત્કૃષ્ટ અનુભાગોદીરણાનો સ્વામી છે.

ટીકાનુ૰—સઘળી પર્યાપ્તિએ પર્યાપ્ત, મધ્યમ પરિણામવાળા અને તત્પ્રાયોગ્ય સંક્લેશ-યુક્ત આત્માને પાંચે નિદ્રાની ઉત્કૃષ્ટ અનુભાગોદીરણા થાય છે. અત્યન્ત વિશુદ્ધ પરિણામવાળાને કે અત્યન્ત સંક્લિષ્ટ પરિણામવાળાને કોઈ પણ નિદ્રાનો ઉદય જ હોતો નથી,

---

૧. જઘન્ય, ઉત્કૃષ્ટ ઉદીરણાનો કોણ સ્વામી છે તે જોવાથી આ હકીકત સ્પષ્ટ થશે. તેના સ્વામિત્વનો અધિકાર હવે પછી શરૂ થાય છે.

અહીં ઉદીરણાના સ્વામિત્વના સંબંધમાં કેટલીએક પ્રકૃતિઓનું સ્વામિત્વ સમજાય છે. કેટલીએકનું સમજાતું નથી. નહિ સમજાય તેને બુહશ્રુતને ભળાવીને સમજાય તે કારણોને અહીં બતાવવા પ્રયાસ કર્યો છે.

અહીં સૂક્ષ્મ એકેન્દ્રિયોને ભવ પ્રથમસમયે દાનાંતરાયાદિ પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણા કહી છે. કારણ એમ જણાય છે કે શરૂઆતમાં તે દાનાદિગુણો ખૂબ દબાયેલા હોય છે, કર્મનો ઉદય તીવ્ર પ્રમાણમાં હોય છે એટલે ઉદીરણા પણ ઉત્કૃષ્ટ હોય છે. આ પ્રકૃતિઓનો દરેક જીવોને ક્ષયોપશમ હોય છે, અને તે પણ ભવ પ્રથમ સમયથી જેમ જેમ આગળ વધતો જાય તેમ તેમ વધારે હોવો જોઈએ એમ લાગે છે. એટલે આગળ જેમ જેમ યોગ વધતો જાય તેમ તેમ ક્ષયોપશમ વધતો હોય. અને તેથી ઉદીરણાનું પ્રાબલ્ય ઘટતું જાય એમ લાગે છે.

તેઇન્દ્રિયને પોતાની પર્યાપ્તાવસ્થાના ચરમસમયે ચક્ષુદર્શનાવરણીયના અનુભાગની ઉત્કૃષ્ટ ઉદીરણા કહી છે. દરેક અપર્યાપ્ત અપર્યાપ્તાવસ્થામાં ઉત્તરોત્તર સમયે અસંખ્યગુણયોગવૃદ્ધિએ વધે છે, અપર્યાપ્તાવસ્થાના છેલ્લા સમયે યોગ ઘણો હોવાને લીધે ઘણો અનુભાગ ઉદીરી શકે એમ જણાય છે. એકેન્દ્રિયાદિને એટલો યોગ નહિ હોવાથી તેઓ ઘણા અનુભાગની ઉદીરણા નહિ કરી શકતા હોય એટલે તેમને લીધા ન હોય. ચઉરિન્દ્રિયાદિને તો ચક્ષુઇન્દ્રિયાવરણનો ક્ષયોપશમ જ હોય છે.

માટે મધ્યમ પરિણામવાળાનું ગ્રહણ કર્યું છે. અહીં અપર્યાપ્તાવસ્થામાં પણ તીવ્ર નિદ્રાનો ઉદય નહિ હોવાથી પર્યાપ્તાવસ્થા ગ્રહણ કરી છે.

તથા નપુંસકવેદ, અરતિ, શોક, ભય અને જુગુપ્સા એમ પાંચ નોકષાય અને અસાત વેદનીયના ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણાને સ્વામી ઉત્કૃષ્ટ આયુવાળો અને સઘળી પર્યાપ્તિએ પર્યાપ્ત નારકી[1] જાણવો. ૫૯

पंचेंदियतसबायरपज्जत्तगसायसुस्सरगईणं ।
वेउव्वुस्सासस्स य देवो जेट्ठट्ठिति समत्तो ॥६०॥

पञ्चेन्द्रियत्रसबादरपर्याप्तकसातसुस्वरगतीनाम् ।
वैक्रियोच्छ्वासयोश्च देवो ज्येष्ठस्थितिकः समाप्तः ॥६०॥

અર્થ—પંચેન્દ્રિયજાતિ, ત્રસ, બાદર, પર્યાપ્ત, સાતવેદનીય, સુસ્વર; દેવગતિ, વૈક્રિયસપ્તક અને ઉચ્છ્વાસ નામકર્મની ઉત્કૃષ્ટ અનુભાગોદીરણાનો સ્વામી ઉત્કૃષ્ટ સ્થિતિવાળો પર્યાપ્ત દેવ છે.

ટીકાનુ૦—પંચેન્દ્રિયજાતિ, ત્રસ, બાદર, પર્યાપ્તનામ, સાતવેદનીય, સુસ્વરનામ, દેવગતિ, વૈક્રિયસપ્તક અને ઉચ્છ્વાસનામ એ પંદર પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણા[2] સઘળી પર્યાપ્તિએ પર્યાપ્ત, ઉત્કૃષ્ટ સ્થિતિવાળો—તેત્રીસ સાગરોપમના આયુવાળો અને સર્વવિશુદ્ધ પરિણામી દેવ કરે છે. (આ સઘળી પુન્ય પ્રકૃતિઓ છે એટલે તેના ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણા પુન્યના તીવ્ર પ્રકર્ષવાળા અનુત્તરવાસી દેવો કરે છે). ૬૦

सम्मत्तमीसगाणं से काले गहिहिइत्ति मिच्छंत्तं ।
हासरईणं पज्जत्तगस्स सहसारदेवस्स ॥६१॥

सम्यक्त्वमिश्रयोः यस्मिन् काले ग्रहीष्यति मिथ्यात्वम् ।
हास्यरत्योः पर्याप्तकस्य सहस्रारदेवस्य ॥६१॥

અહીં એક શંકા થાય છે કે—તેઇન્દ્રિયોને અપર્યાપ્તાથી પર્યાપ્તાવસ્થામાં યોગ વધારે હોય છે, તો પર્યાપ્તાને ઉત્કૃષ્ટ ઉદીરણા કેમ ન કહી ? આનું ખાસ કારણ સમજાતું નથી. અહીં કારણો બુદ્ધિમાં આવ્યાં તેવાં જણાવ્યાં છે. બાકી તત્ત્વ કેવલી ગમ્ય છે. ઉપાધ્યાયજી મહારાજે કર્મપ્રકૃતિમાં આ જ પ્રસંગે આ પ્રમાણે જણાવ્યું છે. 'दानान्तरायादिकृतलब्ध्यपकर्षस्य चक्षुर्दर्शनावरणकृतलब्धिप्रतिबन्धस्य च परमकाष्ठायाः प्रतिनियतसमये एव संभवात्तदुपादानम्' દાનાન્તરાય આદિ કર્મથી થયેલ દાનાદિ લબ્ધિનો અપકર્ષ (હાનિ) અને ચક્ષુદર્શનાવરણ કર્મથી થયેલ ચક્ષુદર્શનાદિના પ્રતિબન્ધની તીવ્રતા અમુક સમયે જ હોવાથી તેનું ગ્રહણ કરેલું છે.

૧. ઉત્કૃષ્ટ આયુવાળા સાતમી નારકીના પર્યાપ્ત નારકીને ઉપરોક્ત પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ રસની ઉદીરણા સંભવે છે. કેમ કે અત્યંત પાપ કરી સાતમી નારકીમાં ગયેલા હોય છે. વળી અપર્યાપ્તાથી પર્યાપ્તાવસ્થામાં યોગ વધારે હોય એટલે પર્યાપ્ત ગ્રહણ કર્યો હોય તેમ લાગે છે.

૨. ઉત્કૃષ્ટ, અનુત્કૃષ્ટ આદિ ભંગ કહેવાના પ્રસંગે સાતવેદનીયના ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણા સર્વાર્થસિદ્ધમહાવિમાનમાં ઉત્પન્ન થાય ત્યારે પ્રથમસમયે કહી છે, અને આ ગાથામાં પર્યાપ્તાવસ્થામાં કહી છે. તત્ત્વ કેવલીગમ્ય.

અર્થ—જે આત્મા પછીના સમયે મિથ્યાત્વ પ્રાપ્ત કરશે તેને સમ્યક્ત્વ અને મિશ્રમોહનીયના ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણા થાય છે. તથા પર્યાપ્ત સહસ્રારદેવને હાસ્ય-રતિના ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણા થાય છે.

ટીકાનુ૰—પછીના સમયે જ મિથ્યાત્વ પ્રાપ્ત કરનાર સર્વ સંક્લિષ્ટ પરિણામી સમ્યક્ત્વમોહનીયના ઉદયવાળાને સમ્યક્ત્વમોહનીયના અને મિશ્રમોહનીયના ઉદયવાળાને મિશ્રમોહનીયના ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણા થાય છે. (મિથ્યાત્વે જનાર આત્મા તીવ્ર સંક્લેશવાળો હોય છે, એટલે સમ્યક્ત્વ અને મિશ્રમોહનીયના ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણા જે પછીના સમયે મિથ્યાત્વે જાય તે સમયે સંભવે છે) તથા સઘળી પર્યાપ્તિએ પર્યાપ્ત સહસ્રાર[1] દેવને હાસ્ય-રતિના ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણા થાય છે. ૬૧

गइहुंडुवघायाणिट्ठखगतिदुसराइणीयगोयाणं ।
नरइओ जेट्ठट्ठिइ मणुआ अंते अपज्जत्तस्स ॥६२॥

गतिहुण्डोपघातानिष्टखगतिदुःखरादिनीचैर्गोत्राणाम् ।
नैरयिकः ज्येष्ठस्थितिकः मनुजा अन्ते अपर्याप्तस्य ॥६२॥

અર્થ—નરકગતિ, હુંડકસંસ્થાન, ઉપઘાત, અનિષ્ટખગતિ, દુઃસ્વરાદિ અને નીચ ગોત્રના ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણા ઉત્કૃષ્ટસ્થિતિવાળો નારકી કરે છે. અપર્યાપ્ત નામના ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણા અંતે મનુષ્ય કરે છે.

ટીકાનુ૰—નરકગતિ, હુંડકસંસ્થાન, ઉપઘાતનામ, અપ્રશસ્ત વિહાયોગતિ, દુર્ભગ, દુઃસ્વર, અનાદેય, અપયશકીર્ત્તિનામ અને નીચ ગોત્ર એ નવ પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણા ઉત્કૃષ્ટ આયુવાળો સઘળી પર્યાપ્તિએ પર્યાપ્તો, અતિસંક્લિષ્ટ પરિણામી નારકી કરે છે.

આ સઘળી પાપપ્રકૃતિઓ છે, એટલે એના ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણાને યોગ્ય અતિ સંક્લિષ્ટ પરિણામી સાતમી નારકીનો આત્મા જ સંભવે છે. કેમ કે તેને એવો તીવ્ર સંક્લેશ સંભવે છે કે જેને લઈ ઉપરોક્ત પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણા થાય.

અપર્યાપ્તનામકર્મના ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણાનો સ્વામી અપર્યાપ્તાવસ્થાના ચરમસમયે વર્તમાન અપર્યાપ્ત મનુષ્ય છે. ૬૨

---

૧. અહીં હાસ્ય-રતિના ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણાનો સ્વામી પર્યાપ્ત સહસ્રારદેવ કહ્યો છે. આગળ ત્રેસઠમી ગાથામાં કર્કશાદિ પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણાનો સ્વામી આઠ વરસની ઉંમરવાળો અને આઠમે વર્ષે વર્તમાન પંચેન્દ્રિય તિર્યંચ કહ્યો છે, સહસ્રાદેવ અને આઠ વરસની જ ઉંમરવાળો પંચેન્દ્રિય તિર્યંચ, વળી આઠમે વર્ષે વર્તમાન જીવ જ યોગ્ય ગણ્યો, એનું કારણ કેવળજ્ઞાની મહારાજે આવા જ જીવને ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણા કરનાર જોયો, એટલે જ તે કહ્યો એમ સમજવું. ક્યારે અને કયા જીવને પ્રકર્ષ પ્રાપ્ત રસ હોય તે જ્ઞાની વિના કોણ કહી શકે ? અમુક જ જીવને અમુક કાળે પ્રકર્ષ પ્રાપ્ત રસ સંભવે છે, એટલે જેને જ્યારે અને જેવા સંયોગોમાં સંભવે તે અહીં કહ્યું છે.

कक्खडगुरुसंघयणा थीपुमसंट्ठाणतिरिगईणं च ।
पंचिंदिओ तिरिक्खो अट्ठमवासेट्ठवासाऊ ॥६३॥

कर्कशगुरुसंहननानां स्त्रीपुरुषसंस्थानतिर्यग्गतीनां च ।
पंचेन्द्रियस्तिर्यक् अष्टमवर्षे अष्टवर्षायुः ॥६३॥

અર્થ—કર્કશ, ગુરુ, પાંચ સંઘયણ, સ્ત્રીવેદ, પુરુષવેદ, ચાર સંસ્થાન અને તિર્યગ્ગતિનામના ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણાનો સ્વામી આઠ વર્ષના આયુવાળો અને આઠમે વર્ષે વર્તમાન તિર્યક્પંચેન્દ્રિય છે.

ટીકાનુ૦—કર્કશ અને ગુરુસ્પર્શ, પહેલા સિવાયનાં પાંચ સંઘયણ, સ્ત્રી અને પુરુષવેદ, પહેલા અને છેલ્લા સિવાયના ચાર સંસ્થાન અને તિર્યગ્ગતિનામ સઘળી મળી ચૌદ પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણાનો સ્વામી આઠ વરસના આયુવાળો અને આઠમે વરસે વર્તમાન સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય છે. ૬૩

तिगपलियाउ समत्तो मणुओ मणुयगतिउसभउरलाणं ।
पज्जत्ता चउगइया उक्कोस सगाउयाणं तु ॥६४॥

त्रिपल्यायुः समाप्तो मनुजो मनुष्यगति-ऋषभोरलानाम् ।
पर्याप्ताश्चतुर्गतिका उत्कृष्टां स्वायुषां तु ॥६४॥

અર્થ—ત્રણ પલ્યોપમના આયુવાળો પર્યાપ્ત મનુષ્ય મનુષ્યગતિ, વજ્રઋષભનારાચ સંઘયણ અને ઔદારિક સપ્તકના ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણા કરે છે. તથા ચારે ગતિના પર્યાપ્તા પોતપોતાના આયુના ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણા કરે છે.

ટીકાનુ૦—ત્રણ પલ્યોપમના આયુવાળો, સઘળી પર્યાપ્તિએ પર્યાપ્ત અને સર્વવિશુદ્ધ પરિણામવાળો મનુષ્ય મનુષ્યગતિ, વજ્રઋષભનારાચસંઘયણ અને ઔદારિક સપ્તકના ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણા કરે છે. તથા પોતપોતાના આયુની ઉત્કૃષ્ટસ્થિતિમાં વર્ત્તતા અર્થાત્ ઉત્કૃષ્ટ આયુવાળા ચારે ગતિના પર્યાપ્તા આત્માઓ પોતપોતાના આયુની ઉત્કૃષ્ટ ઉદીરણા કરે છે. તેમાં ત્રણ આયુની વિશુદ્ધ પરિણામવાળો અને નારકાયુની સર્વ સંક્લિષ્ટ પરિણામી નારકીઓ પોતપોતાના આયુની ઉત્કૃષ્ટ અનુભાગોદીરણાના સ્વામી સમજવા. ૬૪

हस्सट्ठिई पज्जत्ता तन्नामा विगलजाइसुहुमाणं ।
थावरनिगोयएगिंदियाणमिह बायरा नवरं ॥६५॥

ह्रस्वस्थितिकाः पर्याप्तास्तन्नामानो विकलजातिसूक्ष्माणाम् ।
स्थावरनिगोदैकेन्द्रियाणामिह बादरा नवरम् ॥६५॥

અર્થ—વિકલેન્દ્રિયજાતિ, સૂક્ષ્મ, સ્થાવર, સાધારણ અને એકેન્દ્રિયજાતિના ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણા જઘન્ય આયુવાળા પર્યાપ્તા તે તે નામવાળા જીવો કરે છે. પરંતુ સ્થાવર, સાધારણ અને એકેન્દ્રિયજાતિ નામકર્મના માત્ર બાદર જાણવા.

ટીકાનુ૦—બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય જાતિનામ અને સૂક્ષ્મનામકર્મના ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણા જઘન્ય આયુવાળા, સઘળી પર્યાપ્તિએ પર્યાપ્તા અને અત્યંત ક્લિષ્ટ પરિણામી તે તે નામવાળા એટલે કે બેઇન્દ્રિયજાતિના બેઇન્દ્રિયો, તેઇન્દ્રિયજાતિના તેઇન્દ્રિયો, ચઉરિન્દ્રિયજાતિના ચઉરિન્દ્રિયો અને સૂક્ષ્મનામના સૂક્ષ્મએકેન્દ્રિયો કરે છે. અલ્પ આયુવાળા ઉત્કૃષ્ટ સંક્લિષ્ટ પરિણામવાળા હોય છે. અને ઉત્કૃષ્ટ સંક્લેશે પાપપ્રકૃતિઓના ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણા થાય છે, માટે અલ્પ આયુવાળાનું ગ્રહણ કર્યું છે.

તથા જઘન્ય આયુવાળા, સઘળી પર્યાપ્તિએ પર્યાપ્તા, તીવ્ર સંક્લેશ પરિણામી, બાદર એકેન્દ્રિય જીવો સ્થાવરનામ, સાધારણનામ અને એકેન્દ્રિય જાતિનામકર્મના ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણા કરે છે. તેમાં સ્થાવરનામની સ્થાવરો, સાધારણનામની બાદર સાધારણ એકેન્દ્રિયો અને એકેન્દ્રિયજાતિનામની સ્થાવર અને સાધારણ બંને ઉદીરણા કરે છે. સૂક્ષ્મ કરતાં બાદરને સંક્લેશ વધારે હોય છે, માટે બાદર ગ્રહણ કર્યો છે. ૬૫

आहारतणू पज्जत्तगो उ चउरंसमउयलहुयाणं ।
पत्तेयखगइपरघायतइयमुत्तीण य विसुद्धो ॥६६॥

आहारतन्वा पर्याप्तस्तु चतुरस्रमृदुलघुकानाम् ।
प्रत्येकखगतिपराघाततृतीयमूर्त्तीनां च विशुद्धः ॥६६॥

અર્થ—સમચતુરસ્રસંસ્થાન, મૃદુ, લઘુ, પ્રત્યેક, પ્રશસ્તવિહાયોગતિ, પરાઘાત અને આહારક સપ્તકના ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણા વિશુદ્ધ પરિણામી સઘળી પર્યાપ્તિએ પર્યાપ્તિએ પર્યાપ્ત આહારક શરીરી કરે છે.

ટીકાનુ૦—સમચતુરસ્રસંસ્થાન, મૃદુ-લઘુ સ્પર્શનામ, પ્રત્યેક, પ્રશસ્ત વિહાયોગતિ, પરાઘાત અને આહારકસપ્તક એ તેર પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણાનો સ્વામી આહારક શરીર વડે પર્યાપ્ત એટલે કે આહારકશરીરની સઘળી પર્યાપ્તિએ પર્યાપ્ત તીવ્ર વિશુદ્ધિમાન આહારકશરીરી સંયત[1] આત્મા છે. ૬૬

उत्तरवेउव्विजई उज्जोयस्सायवस्स खरपुढवी ।
नियगगईणं भणिया तइये समएणुपुव्वीणं ॥६७॥

उत्तरवैक्रिययतिरुद्योतस्यातपस्य खरपृथ्वी ।
निजकगतिनां भणितास्तृतीये समये आनुपूर्वीणाम् ॥६७॥

અર્થ—ઉત્તર વૈક્રિય યતિ ઉદ્યોતનામના, ખરપૃથ્વી આતપ નામના અને પોતપોતાની ગતિના જે ઉદીરક કહ્યા છે તે જ ભવના ત્રીજે સમયે વર્તમાન જીવો આનુપૂર્વીનામના ઉત્કૃષ્ટ

---

૧. આહારક શરીર ચૌદ પૂર્વધર સંયત જ વિકુર્વે છે. પરંતુ અહીં સર્વ વિશુદ્ધ લીધો છે. તે પરથી એમ જણાય છે કે છઠ્ઠે ગુણઠાણે શરીર વિકુર્વી સાતમે જતો, આગર તો સાતમે ગયેલો અપ્રમત્ત આત્મા ઉપરોક્ત પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણાનો સ્વામી હોય.

અનુભાગની ઉદીરણાના સ્વામી છે.

ટીકાનુ૰—વૈક્રિય શરીરની સઘળી પર્યાપ્તિએ પર્યાપ્ત, સર્વ વિશુદ્ધ પરિણામવાળા વૈક્રિયશરીરધારી યતિ ઉદ્યોતનામકર્મના ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણાના સ્વામી[1] છે. તથા સર્વ વિશુદ્ધ પરિણામી, સઘળી પર્યાપ્તિએ પર્યાપ્ત અને ઉત્કૃષ્ટ આયુવાળા ખર બાદર પૃથ્વીકાય આત્મા આતપ નામકર્મના ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણાના સ્વામી છે.

પૃથ્વીકાયના ઘણા ભેદો બૃહત્સંગ્રહણી આદિ ગ્રંથોમાં કહ્યા છે, તેમાં ખર-કઠણ પૃથ્વીકાયનું જ ઉત્કૃષ્ટ આયુ હોય છે, એટલે તે જીવો જ અહીં લીધા છે. સૂર્યના વિમાનની નીચે રહેલા રત્નના જીવોને જ આતપનો ઉદય હોય છે, અને તે ખર પૃથ્વીકાય છે. તથા શરીરપર્યાપ્તિએ પર્યાપ્તાને આતપનો ઉદય થઈ શકે છે, પરંતુ તેના ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણા તો પર્યાપ્તાને થાય છે, એટલે અહીં પર્યાપ્તા ગ્રહણ કર્યા છે.

તથા જે જે ગતિના જે જે જીવો ઉદીરક કહ્યા છે તે જ જીવો આનુપૂર્વીનામકર્મના ઉત્કૃષ્ટ અનુભાગના પણ ઉદીરક છે, માત્ર તેઓ પોતપોતાના ભવના ત્રીજે સમયે વર્તમાન ગ્રહણ કરવા. કેમ કે આનુપૂર્વીનો ઉદય વિગ્રહગતિમાં જ હોય છે. વળી ઉદીરણા ઉદય સહભાવિ છે. અને વધારેમાં વધારે વિગ્રહગતિ ત્રણ સમયની હોય છે, માટે અહીં ત્રીજો સમય લીધો છે. માત્ર મનુષ્ય-દેવાનુપૂર્વીના વિશુદ્ધ પરિણામી અને નારક-તિર્યગાનુપૂર્વીના સંક્લિષ્ટ પરિણામી સમજવો. ૬૭

जोगन्ते सेसाणं सुभाणमियराण चउसुवि गईसु ।
पज्जत्तुक्कडमिच्छेसु लद्धिहीणेसु ओहीणं ॥६८॥

योग्यन्ते शेषाणां शुभानामितरासां चतसृष्वपि गतिषु ।
पर्याप्तोत्कटमिथ्यात्विषु लब्धिहीनेषु अवध्योः ॥६८॥

અર્થ—શેષ શુભ પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણા સયોગીના ચરમસમયે થાય છે. પર્યાપ્ત ઉત્કટ મિથ્યાત્વી ચારે ગતિના જીવોને શેષ પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણા થાય છે. અવધિદ્વિકના ઉત્કૃષ્ટ રસની ઉદીરણા અવધિલબ્ધિ હીનને થાય છે.

ટીકાનુ૰—સયોગીકેવલી ગુણસ્થાનકના ચરમસમયે વર્તમાન આત્માઓને જે પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણા કહી ગયા તે સિવાયની તૈજસસપ્તક, મૃદુ-લઘુ વર્જીને શેષ શુભ વર્ણ આદિ નવ, અગુરુલઘુ, સ્થિર, શુભ, સૌભાગ્ય, આદેય, યશઃકીર્ત્તિ, નિર્માણ, ઉચ્ચ ગોત્ર અને તીર્થંકર નામરૂપ પચીસ[2] શુભ પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણા થાય છે.

---

૧. જોકે આહારક શરીરીને પણ ઉદ્યોતનો ઉદય હોય છે, વળી વૈક્રિયથી આહારક વધારે તેજસ્વી હોય છે છતાં તેના ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણા આહારક શરીરીને ન લેતાં વૈક્રિય યતિને જ કહી છે.

૨. પુન્ય પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણા અત્યંત વિશુદ્ધ પરિણામવાળા આત્માને અને પાપ પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણા અત્યંત સંક્લિષ્ટ પરિણામવાળા આત્માને થાય છે. તે તે પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણાને યોગ્ય તીવ્ર વિશુદ્ધિ કે સંક્લેશ ક્યાં હોય તે આ ગ્રંથમાં બતાવ્યું છે. કેટલીક વખતે એ સ્થળ માટે શંકા થઈ આવે છે કે અહીં કેમ હોય ? પરંતુ એ શંકા અસ્થાને છે, કેમ કે આ વિષય અતીન્દ્રિય હોવાથી એમાં આપણી અલ્પ બુદ્ધિ કામ કરી શકતી નથી. કેવળજ્ઞાની ભગવંતે જ્ઞાન

આ સઘળી પુન્ય પ્રકૃતિઓ છે, સયોગીકેવલી જેવા પરમ પવિત્ર આત્માઓ છે, એટલે ઉપરોક્ત પુન્ય પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણા સયોગી ગુણસ્થાનકે કહી છે.

તથા ઇતર-મતિ-શ્રુત-મનઃપર્યવ અને કેવલજ્ઞાનાવરણ, કેવલદર્શનાવરણ, મિથ્યાત્વ, સોળ કષાય, કર્કશ-ગુરુ વર્જીને શેષ અશુભ વર્ણાદિ સાત, અસ્થિર, અને અશુભરૂપ એકત્રીસ અશુભ પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણા ચારે ગતિમાંના સઘળી પર્યાપ્તિએ પર્યાપ્તા ઉત્કૃષ્ટ સંક્લેશે વર્ત્તતા મિથ્યાદૃષ્ટિ આત્માઓ કરે છે.

આ સઘળી પાપ પ્રકૃતિઓ છે, તેના ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણા તીવ્ર સંકલેશે થાય છે, તેવો તીવ્ર સંકલેશ મિથ્યાદૃષ્ટિઓને પર્યાપ્તાવસ્થામાં હોય છે. એટલે અહીં પર્યાપ્ત મિથ્યાદૃષ્ટિ ગ્રહણ કર્યા છે. વળી તીવ્ર સંકલેશ સંજ્ઞીમાં હોવાથી અહીં ચારે ગતિના સંજ્ઞી લેવા જોઈએ.

તથા અવધિજ્ઞાનાવરણ, અવધિદર્શનાવરણના ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણા અવધિજ્ઞાન-અવધિદર્શનાલબ્ધિ વિનાના ચારે ગતિના તીવ્ર સંક્લિષ્ટ પરિણામી મિથ્યાદૃષ્ટિઓને જાણવી. અવધિજ્ઞાન-દર્શનલબ્ધિયુક્ત આત્માઓને તે ઉત્પન્ન કરતાં વિશુદ્ધ પરિણામને લઈ તેને આવરનાર કર્મના ઘણા રસનો ક્ષય થતો હોવાથી ઉત્કૃષ્ટ રસ સત્તામાં હોતો નથી, એટલે ઉત્કૃષ્ટ રસની ઉદીરણા ક્યાંથી થાય ? માટે અવધિલબ્ધિહીનને ઉત્કૃષ્ટ રસોદીરણા કહી છે. ૬૮

આ પ્રમાણે ઉત્કૃષ્ટ અનુભાગ ઉદીરણાના સ્વામી કહ્યા. હવે જઘન્ય અનુભાગ ઉદીરણાના સ્વામી કહે છે—

सुयकेवलिणो मइसुयचक्खुअचक्खुणुदीरणा मन्दा ।
विपुलपरमोहिगाणं मणनाणोहीदुगस्सा वि ॥६९॥

श्रुतकेवलिनो मतिश्रुतचक्षुरचक्षुषामुदीरणा मन्दा ।
विपुलपरमावध्योः मनोज्ञानावधिद्विकयोरपि ॥६९॥

અર્થ—મતિ[1]—શ્રુત જ્ઞાનાવરણ, અને ચક્ષુ-અચક્ષુ દર્શનાવરણના જઘન્ય અનુભાગની ઉદીરણા શ્રુતકેવલીને થાય છે. મનઃપર્યવજ્ઞાનાવરણ અને અવધિજ્ઞાન-દર્શનાવરણની જઘન્ય અનુભાગોદીરણા અનુક્રમે વિપુલમતિ અને પરમાવધિજ્ઞાનીને થાય છે.

ટીકાનુ૦—ક્ષીણકષાય ગુણસ્થાનની સમયાધિક આવલિકા શેષ સ્થિતિ રહે ત્યારે શ્રુતકેવલીચૌદ પૂર્વધર ભગવંતને મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ, ચક્ષુદર્શનાવરણ અને અચક્ષુ-દર્શનાવરણના જઘન્ય અનુભાગની ઉદીરણા થાય છે. તથા ક્ષીણકષાયગુણસ્થાનની સમયાધિક

દ્વારા જોઈ જે કહ્યું છે તેને તેમ માનીને આપણે ચાલવાનું છે. એટલે જેટલું બુદ્ધિથી સમજાય તેટલું સમજી બાકીનું જ્ઞાનીને ભળાવવું તે જ યોગ્ય છે.

૧. પાપ પ્રકૃતિઓના જઘન્ય અનુભાગની ઉદીરણા વિશુદ્ધ પરિણામે થાય છે. એટલે તે તે પ્રકૃતિઓના જઘન્ય અનુભાગની ઉદીરણાને યોગ્ય વિશુદ્ધિ સ્થાન ક્યાં હોય, તે વિચારી જઘન્ય અનુભાગની ઉદીરણા કહેવાની હોય છે, જે અહીં કહી છે. એ પ્રમાણે પુન્ય પ્રકૃતિઓના જઘન્ય અનુભાગની ઉદીરણા સંક્લેશ પરિણામે સમજવી.

આવલિકા પ્રમાણ શેષ સ્થિતિ રહે ત્યારે વિપુલમતિ મનઃપર્યવજ્ઞાનીને મનઃપર્યવજ્ઞાનાવરણના અને પરમાવધિજ્ઞાનીને અવધિજ્ઞાન-દર્શનાવરણના જઘન્ય અનુભાગની ઉદીરણા થાય છે. શ્રુતકેવલી, મનઃપર્યવજ્ઞાની, અને પરમાવધિ જ્ઞાનીને તે તે જ્ઞાન જ્યારે ઉત્પન્ન થાય ત્યારે તીવ્ર વિશુદ્ધિના બળથી ઘણા અનુભાગનો નાશ થયેલો હોય છે. વળી ક્ષપકશ્રેણિ પણ આરૂઢ થયેલ તે મહાત્માઓ રસઘાત વડે તે કર્મના ઘણા રસનો નાશ કરે છે. એટલે છેલ્લે બારમા ગુણસ્થાનકની સમયાધિક આવલિકા બાકી રહે ત્યારે ઉપરોક્ત પ્રકૃતિઓના જઘન્ય અનુભાગની ઉદીરણા થાય છે. છેલ્લી આવલિકા તે ઉદયાવલિકા છે, તેમાં તો કોઈ કરણની પ્રવૃત્તિ થતી નથી, માટે સમયાધિક આવલિકા શેષ રહે ત્યારે જઘન્ય અનુભાગોદીરણા થાય એમ કહ્યું છે. ૬૯

खवगम्मि विग्घकेवलसंजलणाणं सनोकसायाणं ।
सगसगउदीरणंते निद्दापयलाणमुवसंते ॥७०॥

क्षपके विघ्नकेवलसंज्वलनानां सनोकषायाणाम् ।
स्वस्वोदीरणान्ते निद्राप्रचलयोरुपशान्ते ॥७०॥

અર્થ—અંતરાય, કેવલદ્વિકાવરણ, સંજ્વલન કષાય અને નવનોકષાયના જઘન્ય અનુભાગની ઉદીરણા ક્ષપક આત્માને પોતપોતાની ઉદીરણાને અંતે થાય છે. નિદ્રા-પ્રચલાની ઉપશાંતમોહે થાય છે.

ટીકાનુ૦—અંતરાય પંચક, કેવલજ્ઞાનાવરણ, કેવલદર્શનાવરણ, સંજ્વલન ચાર કષાય અને નવ નોકષાય કુલ વીસ પ્રકૃતિઓના જઘન્ય અનુભાગની ઉદીરણા ક્ષપકશ્રેણિમાં વર્તમાન આત્માને તે તે પ્રકૃતિઓની ઉદીરણાને અંતે એટલે કે તે તે પ્રકૃતિઓની છેલ્લી ઉદીરણા જે સમયે થાય તે સમયે થાય છે. તેમાં પાંચ અંતરાય, કેવળજ્ઞાનાવરણ અને કેવળદર્શનાવરણની જઘન્ય રસોદીરણા બારમા ગુણસ્થાનકની સમયાધિક આવલિકા શેષ સ્થિતિ હોય ત્યારે થાય છે. સંજ્વલનના ચાર કષાય અને ત્રણ વેદના જઘન્ય અનુભાગની ઉદીરણા[1] અનિવૃત્તિ બાદર સંપરાય ગુણસ્થાનકે તે તે પ્રકૃતિની છેલ્લી ઉદીરણા જે સમયે થાય તે સમયે થાય છે. અને હાસ્યષટ્કના જઘન્ય અનુભાગની ઉદીરણા અપૂર્વકરણ ગુણસ્થાનકના ચરમ સમયે થાય છે. તથા નિદ્રા અને પ્રચલાની ઉપશાંતમોહે[2] તીવ્ર વિશુદ્ધિ હોવાથી જઘન્ય અનુભાગની ઉદીરણા થાય છે. ૭૦

---

૧. અહીં ટીકામાં તેમજ કર્મપ્રકૃતિ ઉદીરણાકરણ ગાથા ૭૦મી શ્રીમલયગિરિજી મહારાજ સાહેબની ટીકામાં ચારેય સંજ્વલન અને ત્રણ વેદના જઘન્ય અનુભાગની ઉદીરણા નવમા ગુણસ્થાને બતાવી છે. પરંતુ મૂળ ગાથામાં પોતપોતાની ઉદીરણાના અંતે ક્ષપકશ્રેણિમાં કહી છે. તેથી સંજ્વલન લોભની જઘન્ય અનુભાગની ઉદીરણા ક્ષપકને સૂક્ષ્મ સંપરાયની સમયાધિક આવલિકા શેષ હોય ત્યારે ઘટે અને કર્મપ્રકૃતિ ઉદીરણા કરણ ગાથા ૭૦ની ઉપાધ્યાયજી કૃત ટીકામાં પણ તેમજ બતાવેલ છે. અને તે જ વધારે ઠીક લાગે છે. પછી તો બહુશ્રુતો જાણે.

૨. જેઓ નિદ્રાદ્વિકનો ઉદય ક્ષપકશ્રેણિમાં અને ક્ષીણમોહે નથી માનતા તેમને મતે ઉપશાંતમોહે જઘન્યાનુભાગની ઉદીરણા સમજવી. અને જેઓ ક્ષપકશ્રેણિમાં નિદ્રાનો ઉદય માનતા હોય તેમને મતે બારમા ગુણસ્થાનકની બે સમયાધિક આવલિકા શેષ રહે ત્યારે જઘન્ય રસોદીરણા થાય એમ સમજવું.

·निद्दानिद्दाईणं पमत्तविरए विसुज्झमाणंमि ।
वेयगसम्मत्तस्स उ सगखवणोदीरणा चरिमे ॥७१॥

निद्रानिद्रादीनां प्रमत्तविरते विशुध्यमाने ।
वेदकसम्यक्त्वस्य तु स्वक्षपणोदीरणाचरमे ॥७१॥

અર્થ—નિદ્રાનિદ્રાદિ ત્રિકના મંદ રસની ઉદીરણા તીવ્ર વિશુદ્ધિવાળા પ્રમત્તવિરતને થાય છે. તથા વેદક સમ્યક્ત્વના મંદરસની ઉદીરણા તે પ્રકૃતિના ક્ષય કાળે છેલ્લી ઉદીરણા થાય ત્યારે થાય છે.

ટીકાનુ૦—નિદ્રાનિદ્રા પ્રચલાપ્રચલા અને સ્ત્યાનર્દ્ધિના જઘન્ય રસની ઉદીરણા વિશુદ્ધિવાળા-અપ્રમત્ત ગુણસ્થાનકને સન્મુખ થયેલા પ્રમત્ત સંયતને થાય છે. કેમ કે થીણદ્ધિત્રિકનો ઉદય પ્રમત્ત ગુણસ્થાનક સુધી જ હોય છે.

તથા ક્ષાયિક સમયક્ત્વ ઉત્પન્ન કરતા પહેલાં મિથ્યાત્વ મોહનીય અને મિશ્રમોહનીયનો ક્ષય કરે, ત્યારબાદ સમ્યક્ત્વ મોહનીયનો ક્ષય કરતાં તેની જ્યારે સમયાધિક આવલિકા પ્રમાણ સ્થિતિ સત્તામાં શેષ રહે ત્યારે થતી છેવટની ઉદીરણા કાળે સમ્યક્ત્વમોહનીયના જઘન્ય રસની ઉદીરણા થાય છે. અને તે ઉદીરણા ચારે ગતિમાંહેના કોઈપણ ગતિવાળા વિશુદ્ધ પરિણામી જીવને થાય છે, એમ સમજવું. કેમ કે સમ્યક્ત્વમોહનીયની અંતર્મુહૂર્ત્ત પ્રમાણ સ્થિતિ સત્તામાં શેષ રહે અને આયુ પૂર્ણ થાય તો ગમે તે ગતિમાં જાય છે, અને અંતર્મુહૂર્ત્ત પ્રમાણ તે સ્થિતિને ખપાવી નાખે છે. તે ખપાવતાં ખપાવતાં સમયાધિક આવલિકા પ્રમાણ સ્થિતિ રહે ત્યારે સમ્યક્ત્વમોહનીયની છેલ્લી ઉદીરણા થાય છે. અહીં જઘન્ય ઉદીરણા વિશુદ્ધ પરિણામીને લેવાની છે. ૭૧

सम्मपडिवत्तिकाले पंचण्हवि संजमस्स चउचउसु ।
सम्माभिमुहो मीसे आऊण जहण्णठितिगोत्ति ॥७२॥

सम्यक्त्वप्रतिपत्तिकाले पञ्चानामपि संयमस्य चतसृ-चतसृणाम् ।
सम्यक्त्वाभिमुखो मिश्रस्य आयुषां जघन्यस्थितिक इति ॥७२॥

અર્થ—સમ્યક્તની પ્રાપ્તિ કાળે પાંચના, અને સંયમની પ્રતિપત્તિકાળે ચાર-ચારના જઘન્ય અનુભાગની ઉદીરણા થાય છે. સમ્યક્ત્વની પ્રાપ્તિને સન્મુખ આત્મા મિશ્રની અને જઘન્ય આયુવાળા આયુની જઘન્ય રસોદીરણા કરે છે.

ટીકાનુ૦—સમ્યક્ત્વ અને अपि શબ્દથી સંયમ બંનેની પ્રાપ્તિકાળે અર્થાત્ એક સાથે સમ્યક્ત્વ[1] અને સંયમ પ્રાપ્ત કરે ત્યારે એટલે કે મિથ્યાત્વથી જ સમ્યક્ત્વ સાથે સર્વવિરતિ

---

૧. પહેલે ગુણસ્થાનકેથી સમ્યક્ત્વ પ્રાપ્ત કરી ચોથે, સમ્યક્ત્વ સાથે જ દેશવિરતિ પ્રાપ્ત કરી પાંચમે અને સમ્યક્ત્વ સાથે જ સર્વવિરતિ પ્રાપ્ત કરી વચ્ચેનાં ગુણસ્થાનોને સ્પર્શ કર્યા સિવાય સર્વવિરતિ ગુણસ્થાનકે જઈ શકે છે. અહીં પહેલેથી છઠ્ઠે જનારને તીવ્ર વિશુદ્ધિ હોય છે, એટલે પહેલાના અંતે ઉપરોક્ત પાંચ પ્રકૃતિના જઘન્ય અનુભાગની ઉદીરણા થઈ શકે છે.

ચારિત્ર પ્રાપ્ત કરનાર આત્માને મિથ્યાત્વ ગુણસ્થાનકના ચરમ સમયે અત્યંત વિશુદ્ધ પરિણામ હોવાથી મિથ્યાત્વ અને અનંતાનુબંધિ એ પાંચ પ્રકૃતિના જઘન્ય અનુભાગની ઉદીરણા થાય છે.

તથા સંયમની પ્રતિપત્તિકાળે ચાર-ચાર પ્રકૃતિઓના જઘન્ય અનુભાગની ઉદીરણા થાય છે. અર્થાત્ અવિરતિ સમ્યગ્દૃષ્ટિથી સર્વવિરતિ ચારિત્ર પ્રાપ્ત કરનારને ચતુર્થ ગુણસ્થાનકના અંતે અપ્રત્યાખ્યાનાવરણ ક્રોધ, માન, માયા અને લોભના જઘન્યાનુભાગની અને દેશવિરતિ ગુણ-સ્થાનકથી સર્વવિરતિ પ્રાપ્ત કરનારને દેશવિરતિને અંતે તીવ્ર વિશુદ્ધિ હોવાથી પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ, માન, માયા અને લોભના જઘન્ય અનુભાગથી ઉદીરણા થાય છે. તથા જે સમ્યગ્મિથ્યાદૃષ્ટિ અનંતર સમયે સમ્યક્ત્વ પ્રાપ્ત કરશે, તે સમ્યગ્મિથ્યાદૃષ્ટિ આત્મા મિશ્રમોહનીયના જઘન્ય અનુભાગની ઉદીરણા કરે છે. મિશ્રદૃષ્ટિ આત્મા તથાપ્રકારની વિશુદ્ધિના અભાવે સમ્યક્ત્વ અને સંયમ એક સાથે પ્રાપ્ત કરી શકતા નથી, પરંતુ સમ્યક્ત્વ જ પ્રાપ્ત કરી શકે છે, માટે ગાથામાં सम्माभिमुहोमीसे સમ્યક્ત્વને સન્મુખ થયેલ મિશ્રદૃષ્ટિ મિશ્રમોહનીયના જઘન્ય અનુભાગનો ઉદીરક કહ્યો છે.

પોતપોતાના આયુની જઘન્ય સ્થિતિમાં વર્તમાન અર્થાત્ જઘન્ય આયુવાળા ચારે ગતિના આત્માઓ પોતપોતાના આયુની જઘન્ય રસોદીરણા કરે છે. તેમાં ત્રણ આયુનો જઘન્ય સ્થિતિબંધ સંક્લેશના વશથી થાય છે, જઘન્ય રસબંધ પણ તે વખતે જ થાય છે. કેમ કે નારકાયુ વિના ત્રણ આયુ પુન્ય પ્રકૃતિ છે, તેની જઘન્ય સ્થિતિ અને સાથે જઘન્ય રસબંધ પણ સંક્લેશે થાય છે. એટલે એ ત્રણ આયુની જઘન્ય રસોદીરણાના અધિકારી જઘન્ય આયુવાળા છે. અને નારકાયુનો જઘન્ય સ્થિતિબંધ વિશુદ્ધિના વશથી થાય છે, તેનો જઘન્ય રસબંધ પણ તે વખતે જ થાય છે. કેમ કે નારકાયુ પાપપ્રકૃતિ છે. તેનો જઘન્ય સ્થિતિબંધ અને સાથે જઘન્ય રસબંધ પણ વિશુદ્ધિના યોગે થાય છે. એટલે નારકાયુના જઘન્ય રસની ઉદીરણાનો અધિકારી પણ તેની જઘન્ય સ્થિતિવાળો આત્મા છે. તાત્પર્ય એ આવ્યો કે ત્રણ આયુના જઘન્ય અનુભાગનો ઉદીરક તે તે આયુની જઘન્ય સ્થિતિમાં વર્તમાન અતિ સંક્લિષ્ટ પરિણામી, અને નારકાયુના જઘન્ય અનુભાગનો ઉદીરક પોતાની જઘન્ય સ્થિતિમાં વર્તમાન અતિવિશુદ્ધ પરિણામવાળો આત્મા છે. ૭૨

पोग्गलविवागियाणं भवाइसमये विसेसमुरलस्स ।
सुहुमापज्जो वाऊ बादरपज्जत्त वेउव्वे ॥७३॥

જે પછીના સમયે સમ્યક્ત્વ સાથે સર્વવિરતિ પ્રાપ્ત કરે તે સમયે એટલે કે મિથ્યાત્વના ચરમ સમયે મિથ્યાત્વ મોહનીયના જઘન્ય રસની ઉદીરણા અહીં તેમજ કર્મપ્રકૃતિમાં પણ કહી છે. અહીં કયું સમ્યક્ત્વ પ્રાપ્ત કરતાં જઘન્યરસની ઉદીરણા થાય તે વિચારવાનું રહે છે. ક્ષાયોપશમિક પ્રાપ્ત કરતાં મિથ્યાત્વના ચરમ સમયે મિથ્યાત્વમોહનીયના જઘન્ય રસની ઉદીરણા સંભવે છે. જો કે ઉપશમ સમ્યક્ત્વ સાથે પણ સર્વવિરતિ પ્રાપ્ત કરે છે. પરંતુ તેની ઉદીરણા પ્રથમ સ્થિતિની સમયાધિક આવલિકા શેષ રહે ત્યારે દૂર થાય છે એટલે ઉપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરતાં મિથ્યાત્વના ચરમ સમયે મિથ્યાત્વ મોહનીયની ઉદીરણા જ સંભવી શકતી નથી, તો પછી જઘન્ય કઈ રીતે સંભવે ? માટે ક્ષાયોપશમિક સમ્યક્ત્વ સાથે સર્વવિરતિ પ્રાપ્ત કરનારને મિથ્યાત્વના ચરમ સમયે તેના જઘન્ય રસની ઉદીરણા સંભવે છે. તત્ત્વ કેવલીગમ્ય.

पुद्गलविपाकिनीनां भवादिसमये विशेष उरलस्य ।
सूक्ष्मापर्याप्तो वायुः बादरपर्याप्तः वैक्रियस्य ॥७३॥

અર્થ—પુદ્ગલવિપાકિ પ્રકૃતિઓના જઘન્ય અનુભાગની ઉદીરણા ભવના આદિ સમયે આદિ સમયે કરે છે. માત્ર ઔદારિકષટ્કની સૂક્ષ્મ અપર્યાપ્ત વાયુકાય કરે છે, અને વૈક્રિયષટ્કની બાદર પર્યાપ્ત વાયુકાય કરે છે.

ટીકાનુ૦—પુદ્ગલ દ્વારા જે કર્મપ્રકૃતિઓના ફળને આત્મા અનુભવે છે, તે સઘળી પુદ્ગલવિપાકિ પ્રકૃતિઓના જઘન્ય અનુભાગની ઉદીરણા ભવ-જન્મના પ્રથમ સમયે કરે છે. આ માત્ર સામાન્ય હકીકત કહી. પરંતુ કઈ પુદ્ગલવિપાકિ પ્રકૃતિના જઘન્ય અનુભાગને કયો જીવ ઉદીરે છે, તે અહીં કહ્યું નથી, એટલે હવે પછી તે કહીશ. હવે એ જ કરેલ પ્રતિજ્ઞાને ગ્રંથકાર મહારાજ નિર્વાહ કરે છે. ઔદારિક ષટ્કના જઘન્ય અનુભાગની ઉદીરણા અલ્પ આયુવાળો અપર્યાપ્ત વાયુકાય ભવના પ્રથમ સમયે કરે છે. વૈક્રિય ષટ્કના જઘન્ય અનુભાગની ઉદીરણા અલ્પ આયુવાળો બાદર પર્યાપ્ત વાયુકાય કરે છે. વૈક્રિય શરીર બાદર પર્યાપ્ત વાયુકાયને જ હોય છે. માટે બાદર પર્યાપ્તનું ગ્રહણ કર્યું છે. અહીં ષટ્કમાં અંગોપાંગ વર્જ્યું છે, કેમ કે એકેન્દ્રિયોને અંગોપાંગનો ઉદય હોતો નથી. ૭૩.

अप्पाऊ बेइंदि उरलंगे नारओ तदियरंगे ।
निल्लेवियवेउव्वा असण्णिणो आगओ कूरो ॥७४॥

अल्पायुः द्वीन्द्रिय उरलाङ्गे नारकस्तदितराङ्गे ।
निर्लेपितवैक्रियेभ्योऽसंज्ञिभ्य आगतः क्रूरः ॥७४॥

અર્થ—અલ્પ આયુવાળો બેઇન્દ્રિય ઔદારિક અંગોપાંગના, અને જેણે વૈક્રિય ઉવેલ્યું છે એવો અસંજ્ઞીમાંથી આવેલો અતિક્રૂર નારક વૈક્રિય અંગોપાંગના જઘન્ય અનુભાગની ઉદીરણા કરે છે.

ટીકાનુ૦—અલ્પ આયુવાળો બેઇન્દ્રિય પોતાના ભવના પ્રથમ સમયે ઔદારિક અંગોપાંગના જઘન્ય અનુભાગની ઉદીરણા કરે છે. તથા પહેલાં ઉવેલેલા નિઃસત્તાક વૈક્રિય અંગોપાંગને અલ્પ કાળ બાંધી પોતાના આયુના અંતે પોતાની ભૂમિકાને અનુસરીને દીર્ઘ આયુવાળો નારકી થાય. એટલે કે એકેન્દ્રિય ભવમાં વૈક્રિય ઉવેલી નાખી, ત્યાંથી ચ્યવી અસંજ્ઞી પંચેન્દ્રિય થાય. ત્યાં અલ્પ કાળ વૈક્રિય બાંધી જેટલું વધારે આયુ બાંધી શકે તેટલું બાંધી નારકી થાય. અસંજ્ઞી નારકીનું પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ આયુ બાંધે છે, એટલે તેટલે આઉખે નારકી થાય. તે અતિસંક્લિષ્ટ પરિણામવાળો નારકી પોતાના ભવના પ્રથમ સમયે વૈક્રિય અંગોપાંગના જઘન્ય અનુભાગની ઉદીરણા કરે છે. ૭૪

मिच्छोऽन्तरे किलिट्ठो वीसाइ धुवोदयाण सुभियाण ।
आहारजई आहारगस्स अविसुद्धपरिणामो ॥७५॥

मिथ्यादृष्टिरन्तरे क्लिष्टः विंशतेर्ध्रुवोदयानां शुभानाम् ।
आहारकयतिराहारकस्याविशुद्धपरिणामः ॥७५॥

અર્થ—વિગ્રહગતિમાં વર્તમાન ક્લિષ્ટ મિથ્યાદૃષ્ટિ વીસ શુભ ધ્રુવોદયી પ્રકૃતિઓના જઘન્ય અનુભાગની ઉદીરણા કરે છે. તથા અવિશુદ્ધ પરિણામી આહારકયતિ આહારકસપ્તકના જઘન્ય અનુભાગની ઉદીરણા કરે છે.

ટીકાનુ૦—વિગ્રહગતિમાં વર્તમાન અણાહારી અતિક્લિષ્ટ પરિણામી મિથ્યાદૃષ્ટિ આત્મા તૈજસસપ્તક, મૃદુ-લઘુ સ્પર્શ વર્જિત શુભ વર્ણાદિ નવ, અગુરુલઘુ, સ્થિર, શુભ અને નિર્માણરૂપ શુભ ધ્રુવોદયી વીસ પ્રકૃતિઓના જઘન્ય અનુભાગની ઉદીરણા[1]નો સ્વામી છે. તથા (સ્વ પ્રાયોગ્ય) સંક્લિષ્ટ પરિણામી આહારકયતિ આહારકસપ્તકના જઘન્ય અનુભાગની ઉદીરણાનો સ્વામી છે. ૭૫

अप्पाउ रिसभचउरंसगाण अमणो चिरट्ठिइ चउण्हं ।
संठाणाण मणूओ संघयणाणं तु सुविसुद्धो ॥७६॥

अल्पायुः ऋषभचतुरस्त्रयोः अमनाः चिरस्थितिः चतुर्णाम् ।
संस्थानानां मनुजः संहननानां तु सुविशुद्धः ॥७६॥

અર્થ—અલ્પઆયુવાળો અસંજ્ઞી પ્રથમ સંઘયણ-સંસ્થાનની, દીર્ઘ સ્થિતિવાળો અસંજ્ઞી ચાર સંસ્થાનની, અને વિશુદ્ધ પરિણામવાળો મનુષ્ય ચાર સંઘયણના જઘન્ય અનુભાગની ઉદીરણાનો સ્વામી છે.

ટીકાનુ૦—અલ્પ આયુવાળો અતિસંક્લિષ્ટ પરિણામી ભવના પ્રથમ સમયે વર્તમાન આહારી અને મિથ્યાદૃષ્ટિ અસંજ્ઞી પંચેન્દ્રિય આત્મા વજ્રઋષભનારાચ સંઘયણ અને સમચતુરસ્ર સંસ્થાનના જઘન્ય અનુભાગની ઉદીરણાનો સ્વામી છે. આ પ્રકૃતિઓ શુભ છે તેથી તેની જઘન્ય રસોદીરણામાં ક્લિષ્ટ પરિણામ હેતુ છે, અને અલ્પ આયુવાળો ક્લિષ્ટપરિણામી હોય છે, માટે અહીં અલ્પાયુ એ વિશેષણ ગ્રહણ કર્યું છે, તથા પોતાના આયુની ઉત્કૃષ્ટ સ્થિતિમાં વર્તમાન અર્થાત્ સ્વપ્રાયોગ્ય ઉત્કૃષ્ટ આયુવાળો એટલે કે પૂર્વકોટિ વર્ષાયુવાળો આહારી ભવ પ્રથમ સમયે વર્તમાન તે જ અસંજ્ઞી પંચેન્દ્રિય જીવ વચલા ચાર સંસ્થાનના ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણાનો સ્વામી છે. તથા સેવાર્ત અને વજ્રઋષભનારાચ સંઘયણ વર્જીને વચલા ચાર સંઘયણના જઘન્ય અનુભાગની ઉદીરણાનો સ્વામી પૂર્વકોટિ વર્ષના આયુવાળો ભવ પ્રથમ સમયે વર્તમાન આહારી અને વિશુદ્ધ પરિણામવાળો મનુષ્ય છે. ઉપરોક્ત પ્રકૃતિઓ અશુભ છે, તેની જઘન્ય રસોદીરણામાં વિશુદ્ધ પરિણામ હેતુ છે, દીર્ઘ આયુવાળા વિશુદ્ધ પરિણામી હોય છે, માટે અહીં દીર્ઘાયુ એ વિશેષણ ગ્રહણ કર્યું છે. તિર્યક્ પંચેન્દ્રિયની અપેક્ષાએ મનુષ્યો પ્રાયઃ અલ્પ બળવાળા

---

૧. પુન્યપ્રકૃતિઓના જઘન્ય અનુભાગની ઉદીરણા અતિસંક્લિષ્ટ પરિણામીને થાય છે. અને તેવો સંક્લેશ પ્રથમ ગુણસ્થાનકે હોય છે, એટલે મિથ્યાદૃષ્ટિ આત્મા ગ્રહણ કર્યો છે. અતિ અલ્પ યોગ-બળ લેવા માટે વિગ્રહગતિમાં વર્તમાન આત્મા લીધો હોય તેમ જણાય છે.

હોય છે, માટે ઉપરોક્ત અશુભ સંઘયણની જઘન્ય રસોદીરણાના સ્વામી તરીકે મનુષ્ય કહ્યા છે. ૭૬

हुंडोवघायसाहारणाण सुहुमो सुदीह पज्जत्तो ।
परघाए लहुपज्जो आयावुज्जोय तज्जोगो ॥७७॥

हुण्डोपघातसाधारणानां सूक्ष्मः सुदीर्घः पर्याप्तः ।
पराघातस्य लघुपर्याप्तः आतपोद्योतयोः तद्योग्यः ॥७७॥

અર્થ—હુંડકસંસ્થાન, ઉપઘાત અને સાધારણ નામની જઘન્ય રસોદીરણાનો સ્વામી દીર્ઘ સ્થિતિવાળો પર્યાપ્ત સૂક્ષ્મ એકેન્દ્રિય છે. પરાઘાતની જઘન્ય રસોદીરણાનો સ્વામી શીઘ્ર પર્યાપ્ત છે. અને આતપ-ઉદ્યોતની જઘન્ય રસોદીરણાનો સ્વામી તદ્ યોગ્ય પૃથ્વીકાય છે.

ટીકાનુ૦—દીર્ઘ આયુવાળો (પોતાને યોગ્ય) અતિ વિશુદ્ધ પરિણામી પર્યાપ્ત સૂક્ષ્મ એકેન્દ્રિય આત્મા હુંડકસંસ્થાન, ઉપઘાત અને સાધારણ નામના જઘન્ય અનુભાગની ઉદીરણાનો સ્વામી છે. તથા શીઘ્ર પર્યાપ્ત થયેલ અતિક્લિષ્ટ પરિણામી પોતાની પર્યાપ્તાવસ્થાના ચરમ સમયે વર્તમાન તેજ સૂક્ષ્મ એકેન્દ્રિય આત્મા પરાઘાત નામની જઘન્ય રસોદીરણા કરે છે. આતપ-ઉદ્યોતના જઘન્યરસની ઉદીરણા તેના ઉદયને યોગ્ય-તેનો ઉદય જેને હોઈ શકે તેવા શરીરપર્યાપ્તિએ પર્યાપ્તપણાના પ્રથમ સમયે વર્તમાન ક્લિષ્ટ પરિણામી પૃથ્વીકાયજીવ કરે છે. જો કે ઉદ્યોતનો ઉદય પૃથ્વીકાય સિવાય અન્ય જીવોને પણ હોય છે, પરંતુ તેના જઘન્ય રસની ઉદીરણા પૃથ્વીકાયને જ હોય છે. ૭૭.

छेवट्ठस्स बिइंदी बारसवासाउ मउयलहुयाणं ।
सण्णि विसुद्धाणाहारगो य पत्तेयमुरलसमं ॥७८॥

सेवार्त्तस्य द्वीन्द्रियो द्वादशवर्षायुः मृदुलघ्वोः ।
संज्ञी विशुद्धो अनाहारकश्च प्रत्येकमुरलसमम् ॥७८॥

અર્થ—બાર વર્ષના આયુવાળો બેઇન્દ્રિય સેવાર્ત્તના અને વિશુદ્ધ પરિણામી અણાહારી સંજ્ઞી મૃદુ-લઘુના જઘન્ય અનુભાગની ઉદીરણાનો સ્વામી છે, પ્રત્યેક ઔદારિકની જેમ સમજવું.

ટીકાનુ૦—બાર વર્ષના આયુવાળો, બારમે વર્ષે વર્તમાન બેઇન્દ્રિય આત્મા સેવાર્ત્ત સંઘયણના જઘન્ય અનુભાગની ઉદીરણા કરે છે. પોતાની ભૂમિકાને અનુસરીને અતિવિશુદ્ધ પરિણામવાળો અર્થાત્ પોતાને જેટલી ઉત્કૃષ્ટ વિશુદ્ધિ હોઈ શકે તેવી વિશુદ્ધિમાં વર્તમાન અણાહારી સંજ્ઞી પંચેન્દ્રિય આત્મા મૃદુ-લઘુ સ્પર્શના જઘન્ય અનુભાગની ઉદીરણા કરે છે. તથા પ્રત્યેકનામના જઘન્ય રસની ઉદીરણા ઔદારિકનામની જેમ સમજવી. જે ઔદારિક શરીરનામના જઘન્ય રસની ઉદીરણા ઉદયના પ્રથમ સમયે વર્તમાન સૂક્ષ્મ એકેન્દ્રિય કરે છે, તેમ પ્રત્યેકનામના જઘન્ય રસની ઉદીરણા પણ તે જ ઉદયના પ્રથમ સમયે વર્તમાન સૂક્ષ્મ એકેન્દ્રિય કરે છે. ૭૮.

कक्खडगुरुणमंथे विणियट्टे णामअसुहधुवियाणं ।
जोगंतंमि नवण्हं तित्थिस्साउज्जियाइंमि ॥७९॥

कर्कशगुर्वोर्मथि विनिवृत्ते नामाशुभध्रुवाणाम् ।
योग्यन्ते नवानां तीर्थस्यायोजिकादौ ॥७९॥

અર્થ—કર્કશ અને ગુરુ સ્પર્શની મંથાનના સંહાર સમયે, નામકર્મની અશુભ નવ ધ્રુવોદયી પ્રકૃતિઓની સયોગીના ચરમ સમયે, અને તીર્થંકરનામકર્મની આયોજિકા કરણની પહેલાના સમયે જઘન્ય અનુભાગની ઉદીરણા કરે છે.

ટીકાનુ૦—સમુદ્ઘાતથી નિવર્ત્તતાં મંથાનના સંહાર સમયે કર્કશ અને ગુરુ સ્પર્શના જઘન્ય અનુભાગની ઉદીરણા કરે છે, તથા નીલ-કૃષ્ણ વર્ણ, દુરભિગન્ધ, તિક્ત-કટુરસ, શીત, રૂક્ષ સ્પર્શ, અસ્થિર અને અશુભનામ એ નામકર્મની નવ અશુભધ્રુવોદયી પ્રકૃતિઓના જઘન્ય અનુભાગની ઉદીરણા સયોગીકેવલી ગુણસ્થાનકના ચરમ સમયે વર્તમાન આત્મા કરે છે. આ સઘળી પાપ પ્રકૃતિઓના મંદ રસની ઉદીરણા તીવ્ર વિશુદ્ધિમાન આત્મા કરે છે, તેરમાના ચરમ સમયે સર્વોત્કૃષ્ટ વિશુદ્ધિ હોવાથી તેના મંદરસની ઉદીરણાનો તે અધિકાર છે.

તીર્થંકરનામકર્મના મંદ અનુભાગની ઉદીરણા આયોજિકાકરણના પહેલાંના સમયે વર્તમાન આત્મા કરે છે. આયોજિકાકરણ દરેક કેવળી ભગવંતને થાય છે, અને તે કેવળી સમુદ્ઘાત પહેલાં જ થાય છે. કેવળીની દૃષ્ટિરૂપ મર્યાદા વડે અત્યંત પ્રશસ્ત મન, વચન અને કાયાનો જે વ્યાપાર તે આયોજિકા કરણ કહેવાય છે. જો કે કેવળી મહારાજના યોગનો વ્યાપાર પ્રશસ્ત જ હોય છે, છતાં અહીં એવી વિશિષ્ટ યોગ પ્રવૃત્તિ થાય છે, કે જેની પછી સમુદ્ઘાત અથવા યોગના નિરોધરૂપ વિશિષ્ટ ક્રિયાઓ થાય છે. આ આયોજિકાકરણની શરૂઆત જે સમયે થાય, તેની પહેલાં તીર્થંકર નામકર્મના મંદ અનુભાગની ઉદીરણા કરે છે. આયોજિકાકરણની શરૂઆતથી તેના ઘણા અનુભાગની ઉદીરણા કરે છે માટે જે સમયે આયોજિકા કરણની શરૂઆત થાય, તેની પહેલાંના સમયે તીર્થંકરનામકર્મની જઘન્ય રસોદીરણા કરે છે, એમ કહ્યું છે. ૭૯.

सेसाणं वेयंतो मज्झिमपरिणामपरिणओ कुणइ ।
पच्चयसुभासुभाविय चिंतिय णेओ विवागी य ॥८०॥

शेषाणां वेदयन् मध्यमपरिणामपरिणतः करोति ।
प्रत्ययशुभाशुभा अपि च चिन्तयित्वा ज्ञेयो विपाकी च ॥८०॥

અર્થ—શેષ પ્રકૃતિઓના મંદ અનુભાગની ઉદીરણા તે તે પ્રકૃતિને વેદતો મધ્યમ પરિણામ પરિમત આત્મા કરે છે. આ પ્રમાણે પ્રત્યય, શુભાશુભપણું આદિનો વિચાર કરી જઘન્ય-ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણાનો સ્વામી જાણવો—સમજવો.

ટીકાનુ૦—શેષ સાત-અસાતવેદનીય, ચાર ગતિ, પાંચ જાતિ. ચાર. આનુપૂર્વી, ઉચ્છ્વાસ, બે વિહાયોગતિ, ત્રસ, સ્થાવર, બાદર, સૂક્ષ્મ, પર્યાપ્ત, અપર્યાપ્ત. સુભગ, દુર્ભગ,

સુસ્વર, દુઃસ્વર, આદેય, અનાદેય, યશઃકીર્ત્તિ; અપયશકીર્ત્તિ, નીચ ગોત્ર, ઉચ્ચ ગોત્રરૂપ ચોત્રીસ કર્મપ્રકૃતિઓના જઘન્ય અનુભાગની ઉદીરણા તે તે પ્રકૃતિના ઉદયમાં વર્તમાન મધ્યમ પરિણામ પરિણત[1] સઘળા આત્માઓ કરે છે.

હવે સઘળી કર્મપ્રકૃતિઓના જઘન્ય અને ઉત્કૃષ્ટ રસોદીરણાના સ્વામિત્વનું સામાન્યથી જ્ઞાન થાય માટે ઉપાય બતાવે છે—પરિણામ પ્રત્યય આ બેમાંથી કયા પ્રત્યય-કારણને લઈ કર્મપ્રકૃતિઓની ઉદીરણા થાય છે ? તેનો વિચાર, તથા જે પ્રકૃતિના રસની ઉદીરણા કરેલી છે, તે પ્રકૃતિ પુન્ય છે કે પાપ ? તેનો વિચાર કરવો, તથા अपि શબ્દથી પુદ્ગલ-જીવ-ભવ-કે ક્ષેત્રમાંથી કઈ વિપાકી છે તે વિચારવું. એનો બરાબર વિચાર કરીને विपाक- જઘન્ય રસ-ઉદીરણાનો કે ઉત્કૃષ્ટ રસોદીરણાનો સ્વામી કોણ છે તે યથાવત્ સમજી લેવું.

જેમકે—પરિણામ પ્રત્યયા રસોદીરણા પ્રાયઃ ઉત્કૃષ્ટ હોય છે, એ ભવપ્રત્યયા પ્રાયઃ જઘન્ય હોય છે. શુભ પ્રકૃતિઓના જઘન્ય અનુભાગની ઉદીરણા સંક્લેશે[2], અને ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણા વિશુદ્ધિએ થાય છે. અશુભ પ્રકૃતિઓના જઘન્ય રસની ઉદીરણા વિશુદ્ધિએ અને ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણા સંક્લેશે થાય છે. પુદ્ગલાદિ પ્રત્યયનો ઉત્કર્ષ-પુષ્ટતા હોય ત્યારે ઉત્કૃષ્ટ અને ભવાદિ સમયે જઘન્ય રસોદીરણા હોય છે.

આ પ્રમાણે પ્રત્યયાદિનો યથાવત્ વિચાર કરી તે તે પ્રકૃતિના ઉદયવાળાઓને જઘન્ય કે ઉત્કૃષ્ટ અનુભાગ ઉદીરણાના સ્વામી સમજવા. ૮૦

આ પ્રમાણે અનુભાગની ઉદીરણા કહી. હવે પ્રદેશની ઉદીરણા કહેવાનો અવસર છે. તેમાં બે અર્થાધિકાર—વિષય છે. ૧. સાદ્યાદિ પ્રરૂપણા, ૨. સ્વામિત્વ પ્રરૂપણા. સાદ્યાદિ પ્રરૂપણા પણ બે પ્રકારે છે. ૧. મૂળ પ્રકૃતિ સંબંધી, ૨. ઉત્તર પ્રકૃતિ સંબંધી. તેમાં મૂળ પ્રકૃતિ સંબંધી સાદ્યાદિ પ્રરૂપણા કરવા ઇચ્છતા આ ગાથા કહે છે.

पंचण्हमणुक्कोसा तिहा चउद्धा य वेयमोहाणं ।
सेसवियप्पा दुविहा सव्वविगप्पाउ आउस्स ॥८१॥

---

૧. આ સઘળી પરાવર્ત્તમાન પ્રકૃતિઓ છે, અને તેના મંદ અનુભાગની ઉદીરણા પરાવર્ત્તમાનભાવે થાય છે એટલે કે પુન્ય પ્રકૃતિ બાંધી પાપ પ્રકૃતિ બાંધતા પુન્યપ્રકૃતિના મંદ અનુભાગની, અને પાપપ્રકૃતિ બાંધી પુન્ય પ્રકૃતિ બાંધતા પાપ પ્રકૃતિના મંદ અનુભાગની ઉદીરણા કરે છે. પરાવર્ત્તમાનભાવ હોય ત્યારે પરિણામની મંદતા હોય છે, તે વખતે તીવ્ર વિશુદ્ધિ કે તીવ્ર સંક્લેશ હોતો નથી. તેથી તીવ્ર રસબંધ કે તીવ્ર રસની ઉદીરણા થતી નથી. પરંતુ મંદ રસબંધ અને મંદ રસની ઉદીરણા થાય છે.

૨. જેમ પુન્યપ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ વિશુદ્ધિએ તીવ્ર રસબંધ થાય છે, અને પછી જેમ જેમ વિશુદ્ધિ મંદ થતી જાય છે તેમ તેમ પુન્ય પ્રકૃતિઓનો રસબંધ ઓછો ઓછો થતો જાય છે. વળી તીવ્ર વિશુદ્ધિએ પુન્ય પ્રકૃતિઓના તીવ્ર રસની ઉદીરણા થાય છે. અને તે વિશુદ્ધિ જેમ જેમ ઓછી થતી જાય છે તેમ તેમ શુભરસની ઉદીરણા ઓછી ઓછી થતી જાય છે. પાપ પ્રકૃતિઓ માટે તેથી વિપરીત પ્રરૂપણા કરવાની છે. આ રીતે તીવ્ર રસબંધ થાય ત્યારે ઉદીરણા પણ તીવ્ર રસની થાય અને મંદ રસબંધ થાય ત્યારે ઉદીરણા પણ મંદરસની થાય છે. જેમ બંધને યોગ્ય અસંખ્ય અધ્યવસાય સ્થાનકો છે તેમ ઉદીરણાને યોગ્ય પણ અસંખ્ય અધ્યવસાય સ્થાનકો છે. અધ્યવસાયને અનુસરીને ઉદીરણા થાય છે.

पञ्चानामनुत्कृष्टा त्रिधा चतुर्द्धा च वेद्यमोहयोः ।
शेषविकल्पा द्विविधाः सर्वविकल्पा आयुषः ॥८१॥

અર્થ—પાંચ કર્મની અનુત્કૃષ્ટ પ્રદેશોદીરણા ત્રણ પ્રકારે, અને વેદનીય તથા મોહનીયની ચાર પ્રકારે છે. ઉક્ત કર્મના શેષ વિકલ્પો બે પ્રકારે છે તથા આયુના સર્વ વિકલ્પો બે પ્રકારે છે.

ટીકાનુ૰—જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય, નામ અને ગોત્રકર્મરૂપ મૂળકર્મપ્રકૃતિની ઉત્કૃષ્ટ પ્રદેશોદીરણા અનાદિ, ધ્રુવ અને અધ્રુવ એમ ત્રણ પ્રકારે છે તે આ રીતે—ઉક્ત કર્મની અનુત્કૃષ્ટ પ્રદેશોદીરણા ગુણિતકર્મ્માંશ આત્માને પોતપોતાની ઉદીરણાને અંતે થાય છે. તે નિયત કાળપર્યંત જ પ્રવર્ત્તથી હોવાથી સાદિ-સાંત છે. તે સિવાયની અન્ય સઘળી ઉદીરણા અનુત્કૃષ્ટ છે. અને તે અનાદિકાળથી પ્રવર્ત્તતી હોવાથી અનાદિ છે. અભવ્ય આશ્રયી અનંત અને ભવ્ય આશ્રયી સાંત છે. ઉક્ત કર્મમાંહેના ત્રણ ઘાતીકર્મની છેલ્લી ઉદીરણા બારમે અને અઘાતીકર્મની તેરમા ગુણસ્થાનકે પ્રવર્ત્તતી હોવાથી અને તે બંને સ્થળેથી પડવાનો અભાવ હોવાથી સાદિ ભંગ નથી.

તથા વેદનીયની અને મોહનીયકર્મની અનુત્કૃષ્ટ પ્રદેશોદીરણા સાદિ, અનાદિ, ધ્રુવ અને અધ્રુવ એમ ચાર પ્રકારે છે, તે આ પ્રમાણે—વેદનીયની ઉત્કૃષ્ટ પ્રદેશોદીરણા અપ્રમત્તભાવને સન્મુખ થયેલા સર્વ વિશુદ્ધ પ્રમત્તસંયત આત્માને થાય છે. મોહનીયની ઉત્કૃષ્ટ પ્રદેશોદીરણા તેની ઉદીરણાના પર્યવસાન સમયે સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકે થાય છે. બંને કર્મની ઉત્કૃષ્ટ પ્રદેશોદીરણા નિયત કાળ પર્યંત પ્રવર્ત્તતી હોવાથી સાદિ-સાંત છે. તે સિવાય અન્ય સઘળી અનુત્કૃષ્ટ છે. તે અનુત્કૃષ્ટ પ્રદેશોદીરણા અપ્રમત્ત ગુણસ્થાનકથી પડતાં વેદનીયકર્મની અને ઉપશાંતમોહ ગુણસ્થાનકથી પડતાં મોહનીયકર્મની શરૂ થાય માટે સાદિ, તે સ્થાન જેણે પ્રાપ્ત કર્યું નથી તેઓ આશ્રયી અનાદિ, અભવ્ય આશ્રયી ધ્રુવ અને ભવ્ય આશ્રયી અધ્રુવ છે.

આ સાતે કર્મના ઉક્ત વ્યતિરિક્ત જઘન્ય, અજઘન્ય અને ઉત્કૃષ્ટ એ ત્રણ વિકલ્પ સાદિ અને સાંત એમ બે પ્રકારે છે. તે આ પ્રમાણે—આ સાતે કર્મની જઘન્ય પ્રદેશોદીરણા સંક્લિષ્ટ પરિણામી મિથ્યાદૃષ્ટિને થાય છે. સંક્લેશ પરિણામથી વિશુદ્ધ પરિણામમાં આવેલા મિથ્યાદૃષ્ટિને અજઘન્ય થાય છે. આ રીતે બંને વારાફરતી પ્રવર્ત્તતા હોવાથી જઘન્ય-અજઘન્ય પ્રદેશોદીરણા સાદિ-સાંત છે. ઉત્કૃષ્ટ ભંગનો વિચાર તો અનુત્કૃષ્ટ કહેવાના પ્રસંગે થઈ ગયો છે.

તથા આયુના જઘન્ય, અજઘન્ય, ઉત્કૃષ્ટ અને અનુત્કૃષ્ટ એ ચારે વિકલ્પ આયુ અધ્રુવોદયી હોવાથી જ સાદિ અને સાંત એમ બે ભાંગે છે. ૮૧

હવે ઉત્તર પ્રકૃતિ સંબંધે સાદ્યાદિ પ્રરૂપણા કહે છે.—

तिविहा धुवोदयाणं मिच्छस्स चउव्विहा अणुक्कोसा ।
सेसविगप्पा दुविहा सव्वविगप्पा य सेसाणं ॥८२॥

त्रिविधा ध्रुवोदयानां मिथ्यात्वस्य चतुर्विधाऽनुत्कृष्टा ।
शेषविकल्पा द्विविधाः सर्वविकल्पाश्च शेषाणाम् ॥८२॥

અર્થ—ધ્રુવોદયી પ્રકૃતિઓની અનુત્કૃષ્ટ પ્રદેશોદીરણા ત્રણ પ્રકારે અને મિથ્યાત્વની ચાર

પ્રકારે છે. શેષ વિકલ્પો બે પ્રકારે છે. તથા શેષ પ્રકૃતિઓના સર્વ વિકલ્પો બે પ્રકારે છે.

ટીકાનુ૦—ધ્રુવોદયી સુડતાળીસ પ્રકૃતિઓની અનુત્કૃષ્ટ પ્રદેશોદીરણા અનાદિ, ધ્રુવ અને અધ્રુવ એમ ત્રણ પ્રકારે છે. તે આ પ્રમાણે—પાંચ જ્ઞાનાવરણ, પાંચ અંતરાય અને ચાર દર્શનાવરણ એમ ચૌદ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ પ્રદેશોદીરણા પોતપોતાની ઉદીરણાના પર્યવસાન સમયે બારમા ગુણસ્થાનકની સમયાધિક આવલિકા શેષ રહે ત્યારે ગુણિતકર્મ્માંશ આત્માને થાય છે. અને તે સાદિ-સાંત છે. તે સિવાયની અન્ય સઘળી અનુત્કૃષ્ટ પ્રદેશોદીરણા છે. અને તે અનાદિકાળથી પ્રવર્ત્તતી હોવાથી અનાદિ છે. અભવ્ય આશ્રયી અનંત અને ભવ્ય આશ્રયી સાંત છે.

તથા તૈજસ સપ્તક, વર્ણાદિ વીસ, સ્થિર, અસ્થિર, શુભ, અશુભ, અગુરુલઘુ અને નિર્માણ એ તેત્રીસ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ પ્રદેશોદીરણા ગુણિતકર્મ્માંશ સયોગી કેવલીને ચરમ સમયે થાય છે. માટે તે સાદિ-સાંત છે, કેમ કે સમયમાત્ર પ્રવર્ત્તે છે. તે સિવાયની અન્ય સઘળી અનુત્કૃષ્ટ છે. અનાદિ કાળથી તે પ્રવર્ત્તતી હોવાથી અનાદિ છે. અભવ્ય આશ્રયી ધ્રુવ અને ભવ્ય આશ્રયી અધ્રુવ છે.

મિથ્યાત્વની અનુત્કૃષ્ટ પ્રદેશોદીરણા સાદિ, અનાદિ, ધ્રુવ અને અધ્રુવ એમ ચાર પ્રકારે છે, તે આ પ્રમાણે—સંયમ સાથે જ સમ્યક્ત્વને પ્રાપ્ત કરવા ઇચ્છતા મિથ્યાદૃષ્ટિને મિથ્યાત્વની ઉત્કૃષ્ટ પ્રદેશોદીરણા થાય છે. નિયત કાળ પર્યંત તે થતી હોવાથી સાદિ-સાંત છે. તે સિવાયની અન્ય સઘળી અનુત્કૃષ્ટ છે. સમ્યક્ત્વથી પડતાં શરૂ થાય માટે સાદિ, તે સ્થાન પ્રાપ્ત નહિ કરનારને અનાદિ, અભવ્યને અનંત અને ભવ્યને સાંત છે.

ઉક્ત પ્રકૃતિઓના ઉક્ત શેષ જઘન્ય, અજઘન્ય અને ઉત્કૃષ્ટરૂપ વિકલ્પો સાદિ અને સાંત એમ બે પ્રકારે છે. તે આ રીતે—ઉક્ત સઘળી પ્રકૃતિઓની જઘન્ય પ્રદેશોદીરણા અતિ સંક્લિષ્ટ પરિણામ છતાં મિથ્યાદૃષ્ટિને થાય છે, અને વિશુદ્ધ પરિણામ છતાં અજઘન્ય થાય છે. વળી જ્યારે સંક્લિષ્ટ પરિણામ થાય ત્યારે જઘન્ય, એમ મિથ્યાદૃષ્ટિને વારાફરતી થતી હોવાથી તે બંને ભંગ સાદિ-સાંત છે. અનુત્કૃષ્ટ ભંગને કહેવાના અવસરે ઉત્કૃષ્ટ ભંગનો તો વિચાર કરી ગયા છે.

તથા બાકીની અધ્રુવોદયી એકસો દશ ઉત્તર પ્રકૃતિઓના જઘન્ય, અજઘન્ય, ઉત્કૃષ્ટ અને અનુત્કૃષ્ટ પ્રદેશોદીરણા તે સઘળી અધ્રુવોદયી હોવાથી સાદિ અને સાંત એમ બે પ્રકારે છે. ૮૨.

આ પ્રમાણે સાદિ આદિ ભંગ સંબંધે વિચાર કર્યો. હવે તે પ્રદેશોદીરણાનો સ્વામી કોણ ? તેનો વિચાર કરવો જોઈએ. તે સ્વામિત્વ બે પ્રકારે છે—૧. ઉત્કૃષ્ટ પ્રદેશોદીરણા સ્વામિત્વ, ૨. જઘન્ય પ્રદેશોદીરણા સ્વામિત્વ. તેમાં પહેલાં ઉત્કૃષ્ટ પ્રદેશોદીરણાના સ્વામિત્વ સંબંધે વિચાર કરતાં આ ગાથા કહે છે.

अणुभागुदीरणाए होंति जहन्नसामिणो जे उ ।
जेट्ठपएसोदीरणसामी ते घाइकम्माणं ॥८३॥

अनुभागोदीरणाया भवन्ति जघन्यायाः स्वामिनो ये तु ।
ज्येष्ठप्रदेशोदीरणास्वामिनः ते घातिकर्म्मणाम् ॥८३॥

અર્થ—ઘાતિકર્મની જઘન્ય અનુભાગ ઉદીરણાના જે સ્વામી છે તે ઘાતિકર્મની ઉત્કૃષ્ટ

પ્રદેશોદીરણાના સ્વામી છે.

ટીકાનુ૦—પહેલાં જઘન્ય અનુભાગની ઉદીરણાના અધિકારમાં ઘાતિકર્મની જઘન્ય અનુભાગ ઉદીરણાના જે સ્વામી કહ્યા, તે જ ઘાતિકર્મની ઉત્કૃષ્ટ પ્રદેશોદીરણાના સ્વામી જાણવા. અતિ સંક્ષેપે કહેલી આ હકીકતને વિસ્તારથી કહે છે—અવધિજ્ઞાનાવરણ વર્જીને ચાર જ્ઞાનાવરણ, ચક્ષુ, અચક્ષુ અને કેવલ દર્શનાવરણ એ સાત પ્રકૃતિની ક્ષીણમોહ ગુણસ્થાનકની સમયાધિક આવલિકા શેષ રહે ત્યારે ગુણિતકર્મ્માંશ આત્માને ઉત્કૃષ્ટ પ્રદેશોદીરણા થાય છે, અવધિજ્ઞાનાવરણ, અવધિદર્શનાવરણની ક્ષીણકષાય ગુણસ્થાનકની સમયાધિક આવલિકા શેષ સ્થિતિ રહે ત્યારે અવધિ લબ્ધિ વિનાના ગુણિતકર્મ્માંશ આત્માને ઉત્કૃષ્ટ પ્રદેશોદીરણા થાય છે. આ વખતે ગુણિતકર્મ્માંશ આત્મા સમયપ્રમાણ જઘન્ય સ્થિતિ, જઘન્ય અનુભાગ, અને ઉત્કૃષ્ટ પ્રદેશની ઉદીરણા કરે છે. બારમા ગુણસ્થાનકની સમયાધિક આવલિકા પ્રમાણ શેષ સ્થિતિ રહે ત્યારે ઉક્ત કર્મપ્રકૃતિઓની પણ તેટલી જ સ્થિતિ સત્તામાં શેષ રહે છે. છેલ્લી આવલિકા ઉદયાવલિકા હોવાથી તેની ઉપરની સમય પ્રમાણ સ્થિતિ, અને તે સ્થિતિસ્થાનમાંના જઘન્ય રસયુક્ત વધારેમાં વધારે દલિકોને[1] ગુણિત કર્મ્માંશ આત્મા ઉદીરે છે.

નિદ્રા અને પ્રચલાની ઉત્કૃષ્ટ પ્રદેશોદીરણા ઉપશાંતકષાય ગુણસ્થાનકે વર્તમાન આત્માને, સ્ત્યાનર્દ્ધિત્રિકની અપ્રમત્તભાવને સન્મુખ થયેલ પ્રમત્તમુનિને, મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાયની સંયમ સહિત સમ્યક્ત્વને પ્રાપ્ત કરવા ઇચ્છતા મિથ્યાત્વ ગુણસ્થાનકના ચરમ સમયે વર્તમાન મિથ્યાદૃષ્ટિને, મિશ્રમોહનીયની જે સમયે ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પ્રાપ્ત થાય તેની પહેલાના સમયે-એટલે કે ત્રીજેથી ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરી ચોથે ગુણસ્થાનકે જતાં ત્રીજા ગુણસ્થાનકના ચરમ સમયે, અપ્રત્યાખ્યાનાવરણકષાયની અનંતર સમયે સર્વવિરતિ ચારિત્ર પ્રાપ્ત કરવા ઇચ્છતા અવિરતિ સમ્યગ્દૃષ્ટિને, પ્રત્યાખ્યાનાવરણ કષાયની અનન્તર સમયે સર્વવિરતિ ચારિત્ર પ્રાપ્ત કરવા ઇચ્છતા દેશવિરતિને, સંજ્વલન ક્રોધ, માન અને માયાની તે તે કષાયના ઉદયવાળાને પોતપોતાના ઉદયના પર્યવસાન સમયે, ત્રણ વેદ અને સંજ્વલન લોભની તે તે પ્રકૃતિના ઉદયવાળા ક્ષપકને ઉક્ત પ્રકૃતિની સમયાધિક આવલિકા પ્રમાણ શેષ સ્થિતિ રહે ત્યારે, અને હાસ્યાદિ ષટ્કની અપૂર્વકરણ ગુણસ્થાનકના ચરમ સમયે ઉત્કૃષ્ટ પ્રદેશોદીરણા થાય

---

૧. બારમા ગુણસ્થાનકની સમયાધિક આવલિકા શેષ સ્થિતિ રહે ત્યારે દરેકને જઘન્ય સ્થિતિની ઉદીરણા તો થાય. પરંતુ દરેકને જઘન્ય રસની જ ઉદીરણા થતી હોત તો જઘન્ય રસની જ ઉદીરણાના અધિકારમાં ઉત્કૃષ્ટ શ્રુતજ્ઞાનીને કે વિપુલમતિ મનઃપર્યવજ્ઞાનીને એમ 'ઉત્કૃષ્ટ' આદિ વિશેષણ જોડીને જઘન્ય અનુભાગોદીરણા ન કહેત. પરંતુ સામાન્યથી જ બારમા ગુણસ્થાનકની સમયાધિક આવલિકા શેષ રહે ત્યારે શ્રુતજ્ઞાનાવરણાદિની જઘન્ય રસોદીરણા થાય એમ કહેત. એમ નથી કહ્યું તે પરથી એમ સમજાય છે કે ઉત્કૃષ્ટ શ્રુતપૂર્વી આદિને જઘન્ય રસની ઉદીરણા થાય, અન્યને મધ્યમ રસની ઉદીરણા થાય. વળી એમ પણ નથી સમજવાનું કે જઘન્ય રસોદીરણા કરનાર દરેક ઉત્કૃષ્ટ પ્રદેશની જ ઉદીરણા કરે છે, કેમ કે ગુણિતકર્મ્માંશ હોય તે કરે, અન્ય મધ્યમ પ્રદેશોદીરણા કરે. માત્ર જે સ્થળે ઘાતિકર્મની જઘન્ય રસોદીરણા કહી ત્યાં જ તેની ઉત્કૃષ્ટ પ્રદેશોદીરણા થાય છે. જેમ કે મતિજ્ઞાનાવરણીયાદિની બારમા ગુણસ્થાનકની સમયાધિક આવલિકા શેષ રહે ત્યારે જઘન્ય રસોદીરણા કહી છે તેમ બારમાની સમયાધિક આવલિકા શેષ રહે ત્યારે તે પ્રકૃતિઓની ગુણિતકર્મ્માંશ આત્માને ઉત્કૃષ્ટ પ્રદેશોદીરણા પણ કહેવી.

છે. સર્વત્ર ગુણિતકર્મ્માંશ આત્માને ઉત્કૃષ્ટ પ્રદેશોદીરણા થાય છે, એમ સમજવું. ૮૩

वेयणियाण पमत्तो अपमत्तत्तं जया उ पडिवज्जे ।
संघयणपणगतणुदुगुज्जोयाणं तु अपमत्तो ॥८४॥

वेदनीययोः प्रमत्तोऽप्रमत्तत्वं यदा तु प्रतिपद्येत ।
संहननपञ्चकतनुद्विकोद्योतानां तु अप्रमत्तः ॥८४॥

અર્થ—વેદનીયની ઉત્કૃષ્ટ પ્રદેશોદીરણાનો સ્વામી અપ્રમત્ત પ્રાપ્ત કરનાર પ્રમત્ત છે. સંઘયણ પંચક, તનુદ્વિક અને ઉદ્યોતનો ઉત્કૃષ્ટ પ્રદેશોદીરક અપ્રમત્ત આત્મા છે.

ટીકાનુ૰—જે પછીના સમયે અપ્રમત્તપણું પ્રાપ્ત કરશે તેવો પ્રમત્ત સંયમ આત્મા સાત-અસાતરૂપ વેદનીયકર્મની ઉત્કૃષ્ટ પ્રદેશોદીરણાનો સ્વામી છે. કેમ કે તેને સર્વ વિશુદ્ધ પરિણામ છે. વિશુદ્ધ પરિણામે તેની ઉત્કૃષ્ટ પ્રદેશોદીરણા થાય છે. તથા પ્રથમ સંહનન સિવાય શેષ પાંચ સંહનન, વૈક્રિયસપ્તક, આહારકસપ્તક અને ઉદ્યોતનામકર્મની ઉત્કૃષ્ટ પ્રદેશોદીરણાનો સ્વામી અપ્રમત્ત આત્મા છે. ૮૪.

तिरियगईए देसो अणुपुव्विगईण खाइयो सम्मो ।
दुर्भगाईनीआणं विरइ अब्भुट्ठिओ सम्मो ॥८५॥

तिर्यग्गतेर्देशः आनुपूर्व्विगतीनां क्षायिकः सम्यक्त्वी ।
दुर्भगादिनीचानां विरतिमभ्युत्थितः सम्यक्त्वी ॥८५॥

અર્થ—તિર્યંચગતિની ઉત્કૃષ્ટ પ્રદેશોદીરણાનો સ્વામી દેશવિરતિ, આનુપૂર્વી અને દેવ-નરકગતિની ક્ષાયિક સમ્યક્ત્વી તથા દુર્ભગ આદિ અને નીચ ગોત્રની ઉત્કૃષ્ટ પ્રદેશોદીરણાનો સ્વામી વિરતિની સન્મુખ થયેલ અવિરતિ સમ્યગ્દષ્ટિ છે.

ટીકાનુ૰—તિર્યંચગતિની ઉત્કૃષ્ટ પ્રદેશોદીરણાનો સ્વામી દેશવિરતિ આત્મા જાણવો. તથા તે તે ગતિમાં પોતાના આયુના ઉદયના ત્રીજે સમયે વર્તમાન ક્ષાયિક[1] સમ્યગ્દષ્ટિ ચાર આનુપૂર્વીની ઉત્કૃષ્ટ પ્રદેશોદીરણાનો સ્વામી સમજવો, તે જ ક્ષાયિક સમ્યગ્દષ્ટિ દેવ-નરકગતિની ઉત્કૃષ્ટ પ્રદેશોદીરણાનો પણ સ્વામી સમજવો. તથા વિરતિ પ્રાપ્ત કરવા સન્મુખ થયેલ એટલે કે અનંતર સમયે જે સંયમને પ્રાપ્ત કરશે તે અવિરતિ સમ્યગ્દષ્ટિ આત્મા દુઃસ્વર માટે કહેવાનું હોવાથી દુર્ભગ, અનાદેય, અપયશકીર્ત્તિ અને નીચ ગોત્રની ઉત્કૃષ્ટ પ્રદેશોદીરણાનો સ્વામી છે. ૮૫

देव निरयाउगाणं जहण्णजेट्ठट्ठिई गुरुअसाए ।
इयराऊणं इयरा अट्ठमवासेट्ठ वासाऊ ॥८६॥

---

૧. નરક-તિર્યંચાનુપૂર્વીની ઉત્કૃષ્ટ પ્રદેશોદીરણાનો સ્વામી ક્ષાયિક સમ્યગ્દષ્ટિ છે અને શેષ બે આનુપૂર્વી ઉત્કૃષ્ટ ઉદીરણાનો સ્વામી (સામાન્ય) સમ્યક્ત્વી છે, એમ કર્મપ્રકૃતિમાં કહ્યું છે.

देवनारकायुषोर्जघन्यज्येष्ठस्थितिकौ गुर्वसातौ ।
इतरायुषोरीतरौ अष्टमवर्षेऽष्टवर्षायुषौ ॥८६॥

અર્થ—દેવ અને નરકાયુની ઉત્કૃષ્ટ પ્રદેશોદીરણાનો સ્વામી ગુરુ દુઃખોદયી અનુક્રમે જઘન્ય અને ઉત્કૃષ્ટ આયુવાળા દેવ, નારકી જાણવા. ઇતર-મનુષ્ય અને તિર્યગાયુની ઉત્કૃષ્ટ પ્રદેશોદીરણાના સ્વામી આઠ વર્ષના આયુવાળા આઠમે વરસે વર્તમાન મનુષ્ય અને તિર્યંચો સમજવા.

ટીકાનુ૦—જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિવાળા ગુરુ દુઃખોદયી અને નારકી અનુક્રમે દેવ-નારકાયુની ઉત્કૃષ્ટ પ્રદેશોદીરણાના સ્વામી સમજવા. તાત્પર્ય એ કે—દશ હજાર વર્ષના આયુવાળો ભારે દુઃખના ઉદયમાં વર્તમાન અર્થાત્ ઘણો દુઃખી દેવ દેવાયુની ઉત્કૃષ્ટ પ્રદેશોદીરણાનો સ્વામી છે. અલ્પ આયુવાળા દેવો દુઃખી હોઈ શકે છે, કેમ કે અલ્પ પુન્યના પ્રકર્ષવાળા છે. અને મિત્ર વિયોગાદિ કારણે તીવ્ર દુઃખોદયી પણ સંભવી શકે છે, અને તીવ્ર દુઃખ આયુની પ્રબળ ઉદીરણા થવામાં કારણ છે, એટલે અલ્પ આયુવાળા દેવ ગ્રહણ કર્યા છે. તથા તેત્રીસ સાગરોપમના આયુવાળો અત્યન્ત દુઃખી નારકી નરકાયુની ઉત્કૃષ્ટ પ્રદેશોદીરણા કરે છે. કારણ કે ઘણાં દુઃખને અનુભવતો ઘણાં પુદ્ગલોનો ક્ષય કરે છે, માટે તેનું ગ્રહણ કર્યું છે તથા ઇતર-તિર્યંચ-મનુષ્યાયુની ઉત્કૃષ્ટ પ્રદેશોદીરણાના સ્વામી અનુક્રમે આઠ વરસના આયુવાળા આઠમે વર્ષે વર્તમાન અત્યંત દુઃખી તિર્યંચ અને મનુષ્યો સમજવા. ૮૬.

एगंतेणं चिय जा तिरिक्खजोग्गाउ ताण ते चेव ।
नियनियनामविसिट्ठा अपज्जनामस्स मणु सुद्धो ॥८७॥

एकान्तेनैव यास्तिर्यग्योग्यास्तासां ते चैव ।
निजनिजनामविशिष्टा अपर्याप्तनाम्नो मनुष्यः शुद्धः ॥८७॥

અર્થ—એકાન્તે તિર્યંચગતિમાં જ જે ઉદય યોગ્ય પ્રકૃતિઓ છે તેઓની ઉત્કૃષ્ટ પ્રદેશોદીરણાના સ્વામી તે તે વિશિષ્ટ નામવાળા તિર્યંચો જ છે. તથા અપર્યાપ્ત નામની ઉત્કૃષ્ટ પ્રદેશોદીરણાના સ્વામી વિશુદ્ધ પરિણામી મનુષ્ય છે.

ટીકાનુ૦—જે કર્મપ્રકૃતિઓ એકાન્તે તિર્યંચગતિમાં જ ઉદય યોગ્ય છે, જેવી કે-એકેન્દ્રિયજાતિ, બેઇન્દ્રિયજાતિ, તેઇન્દ્રિયજાતિ, ચઉરિન્દ્રિયજાતિ, આતપ, સ્થાવર, સૂક્ષ્મ અને સાધારણ એ આઠ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ પ્રદેશોદીરણાના સ્વામી તે તે નામવાળા તિર્યંચો જ છે. જેમ કે-એકેન્દ્રિયજાતિ અને સ્થાવર નામની ઉત્કૃષ્ટ પ્રદેશોદીરણાના સ્વામી પોતાને યોગ્ય સર્વવિશુદ્ધ બાદર એકેન્દ્રિય પૃથ્વીકાય, આતપ નામની ખર બાદર પૃથ્વીકાય, સૂક્ષ્મ નામની પર્યાપ્ત સૂક્ષ્મ એકેન્દ્રિય, સાધારણ નામની સાધારણ વનસ્પતિ, અને વિકલેન્દ્રિયજાતિની વિકલેન્દ્રિયો ઉત્કૃષ્ટ પ્રદેશોદીરણાના સ્વામી છે. આ સઘળા પોતપોતાને યોગ્ય ઉત્કૃષ્ટ વિશુદ્ધિમાં વર્તતા ઉત્કૃષ્ટ પ્રદેશોદીરણાના સ્વામી સમજવા.

તથા અપર્યાપ્ત નામની ઉત્કૃષ્ટ પ્રદેશોદીરણાના સ્વામી અપર્યાપ્તાવસ્થાના ચરમ સમયે

વર્તમાન વિશુદ્ધ પરિણામવાળા સંમૂર્છિમ અપર્યાપ્ત મનુષ્ય સમજવા. ૮૭

जोगंतुदीरणाणं जोगंते दुसरसुसरसासाणं ।
नियगंते केवलीणं सव्वविसुद्धस्स सेसाणं ॥८८॥

योग्यन्तोदीरणानां योग्यन्ते दुःस्वरसुस्वरोच्छ्वासानाम् ।
निजकान्ते केवलिनां सर्व्वविशुद्धस्य शेषाणाम् ॥८८॥

અર્થ—સયોગીને અંતે જેની ઉદીરણા થાય છે, તેઓની ઉત્કૃષ્ટ પ્રદેશોદીરણાના સ્વામી ચરમ સમયે વર્તમાન સયોગીકેવલી છે, તથા દુઃસ્વર, સુસ્વર અને ઉચ્છ્વાસ નામની ઉત્કૃષ્ટ પ્રદેશોદીરણા તેનો તેના નિરોધકાળે સયોગીકેવલીને થાય છે. તથા શેષ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ પ્રદેશોદીરણા સર્વવિશુદ્ધ પરિણામીને જાણવી.

ટીકાનુ૰—જે પ્રકૃતિઓના ઉદીરક ચરમ સમયે વર્તમાન સયોગીકેવલી છે, તે મનુજગતિ, પંચેન્દ્રિયજાતિ, તૈજસસપ્તક, ઔદારિક સપ્તક, સંસ્થાન ષટ્ક, પ્રથમ સંઘયણ, વર્ણાદિ વીસ, અગુરુલઘુ, ઉપઘાત, પરાઘાત, વિહાયોગતિદ્વિક, ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, સ્થિર, અસ્થિર, શુભ, અશુભ, સુભગ, આદેય, યશઃકીર્ત્તિ, નિર્માણ, તીર્થંકર અને ઉચ્ચ ગોત્ર રૂપ બાસઠ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ પ્રદેશોદીરણા કરનાર ચરમ સમયે વર્તમાન સયોગીકેવલી છે.

સુસ્વર, દુસ્વરની સ્વરના નિરોધકાળે અને ઉચ્છ્વાસનામની ઉચ્છ્વાસના નિરોધકાળે સયોગીકેવલી ભગવાન ઉત્કૃષ્ટ પ્રદેશોદીરણા કરે છે.

બાકીની[1] પ્રકૃતિઓ કે જેની ઉત્કૃષ્ટ પ્રદેશોદીરણાનો સ્વામી કહ્યો ન હોય તે પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ પ્રદેશોદીરણા તે તે પ્રકૃતિના ઉદયવાળા સર્વવિશુદ્ધ પરિણામીને સમજવી. દરેક પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ પ્રદેશોદીરણા ગુણિતકર્મ્માંશ આત્માને થાય છે, એમ સમજવું. ૮૮

આ પ્રમાણે ઉત્કૃષ્ટ પ્રદેશોદીરણાનું સ્વામિત્વ કહ્યું, હવે જઘન્ય પ્રદેશોદીરણાનું સ્વામિત્વ કહે છે—

तप्पाओगकिलिट्ठा सव्वाण होंति खवियकम्मंसा ।
ओहीणं तव्वेई मंदाएँ सुही य आऊणं ॥८९॥

तत्प्रायोग्यक्लिष्टाः सर्व्वासां भवन्ति क्षपितकर्म्मांशाः ।
अवध्योस्तद्वेदी मन्दायाः सुखी चायुषाम् ॥८९॥

---

૧. શેષ કર્મપ્રકૃતિઓમાં પાંચ અંતરાય અને સમ્યક્ત્વ મોહનીયકર્મ રહે છે તેમાં અંતરાયની ઉત્કૃષ્ટ પ્રદેશોદીરણા બારમા ગુણસ્થાનકની સમયાધિક આવલિકા શેષ રહે ત્યારે ગુણિતકર્મ્માંશ આત્માને થાય છે. અને મિશ્રમોહનીયકર્મ સર્વસંક્રમ વડે જ્યારે સમ્યક્ત્વમોહનીયમાં સંક્રમે ત્યારે સમ્યક્ત્વમોહનીયની ઉત્કૃષ્ટ પ્રદેશસત્તા થાય, મિશ્રમોહનીય સંક્રમ્યા પછી સંક્રમાવલિકા ગયા બાદ સમ્યક્ત્વમોહનીયની ઉત્કૃષ્ટ પ્રદેશોદીરણા ગુણિતકર્મ્માંશ આત્માને સંભવે છે.

અર્થ—તત્પ્રાયોગ્ય ક્લિષ્ટ પરિણામવાળા ક્ષપિતકર્મ્માંશ આત્માઓ સઘળી પ્રકૃતિઓની જઘન્ય પ્રદેશોદીરણાના સ્વામી છે. તેમાં અવધિદ્વિકના તદ્વેદી અને આયુના સુખી આત્માઓ સમજવા.

ટીકાનુ૦—જે જીવો જે કર્મપ્રકૃતિના ઉદીરક છે, અને તે પ્રકૃતિઓની ઉદીરણા કરનારાઓમાં અતિક્લિષ્ટ પરિણામવાળા છે, એટલે કે જે જીવો અતિક્લિષ્ટ પરિણામે જે કર્મપ્રકૃતિઓની ઉદીરણા કરે છે, ક્ષપિતકર્મ્માંશ તે જીવો તે પ્રકૃતિઓની જઘન્ય પ્રદેશોદીરણાના સ્વામી સમજવા. જેમ કે—

અવધિજ્ઞાનાવરણ વર્જિત ચાર જ્ઞાનાવરણ, અવધિદર્શનાવરણ વર્જિત ત્રણ દર્શનાવરણ, પચીસ ચારિત્ર મોહનીય, મિથ્યાત્વ, બે વેદનીય, એ પ્રકૃતિઓની જઘન્ય પ્રદેશોદીરણાના સ્વામી પર્યાપ્ત અતિક્લિષ્ટ પરિણામી મિથ્યાદૃષ્ટિ જાણવા.

નિદ્રાપંચકની તત્પ્રાયોગ્ય ક્લિષ્ટ પરિણામી પર્યાપ્ત સંજ્ઞી, સમ્યક્ત્વ મોહનીયની મિથ્યાત્વ ગુણસ્થાનકે જવા તત્પર થયેલા સમ્યક્ત્વમોહનીયના ઉદયવાળા આત્મા, મિશ્રમોહનીયની મિથ્યાત્વે જવા સન્મુખ થયેલ મિશ્રમોહના ઉદયવાળા આત્મા, જઘન્ય પ્રદેશોદીરણાના સ્વામી જાણવા.

ચાર ગતિ, પંચેન્દ્રિયજાતિ, ઔદારિકસપ્તક, વૈક્રિયસપ્તક, તૈજસ સપ્તક, સંસ્થાનષટ્ક, સંઘયણષટ્ક, વર્ણાદિવીસ, પરાઘાત, ઉપઘાત, અગુરુલઘુ, ઉચ્છ્વાસ, ઉદ્યોત, વિહાયોગતિદ્વિક, ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, સ્થિર, અસ્થિર, શુભ, અશુભ, સુભગ, દુર્ભગ, સુસ્વર, દુઃસ્વર, આદેય, અનાદેય, યશકીર્ત્તિ, અપયશઃકીર્ત્તિ, ઉચ્ચ ગોત્ર, નીચ ગોત્ર, નિર્માણ, અને પાંચ અંતરાય એમ નેવ્યાસી પ્રકૃતિઓની અતિક્લિષ્ટ પરિણામી પર્યાપ્ત સંજ્ઞી, જઘન્ય પ્રદેશોદીરણાના સ્વામી સમજવા.

આહારકસપ્તકની તેના ઉદયવાળા તત્પ્રાયોગ્ય સંક્લિષ્ટ પરિણામી (પ્રમત્ત સંયત) આત્મા, ચાર આનુપૂર્વીની તત્પ્રાયોગ્ય સંક્લિષ્ટ પરિણામી આત્મા, આતપની સર્વસંક્લિષ્ટ ખર પૃથ્વીકાય, એકેન્દ્રિયજાતિ, સ્થાવર અને સાધારણની સર્વ સંક્લિષ્ટ પરિણામી બાદર એકેન્દ્રિય, સૂક્ષ્મનામની સૂક્ષ્મ, અપર્યાપ્તનામની ભવ ચરમ સમયે વર્તમાન અપર્યાપ્ત મનુષ્ય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય જાતિની અનુક્રમે સર્વ સંક્લિષ્ટ પરિણામવાળા અને ભવના અંત સમયે વર્તમાન બેઇન્દ્રિય તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિયો જઘન્ય પ્રદેશોદીરણાના સ્વામી સમજવા.

જ્યાં સુધી આયોજિકાકરણની શરૂઆત થઈ નથી હોતી ત્યાં સુધી એટલે કે આયોજિકાકરણની શરૂઆત થતાં પહેલાં તીર્થંકરનામની જઘન્ય પ્રદેશોદીરણા સયોગીકેવલી તીર્થંકર ભગવંત કરે છે.

અવધિ જ્ઞાન-દર્શનાવરણની જઘન્ય પ્રદેશોદીરણા અવધિજ્ઞાન અને અવધિદર્શન વેદી એટલે કે અવધિજ્ઞાન જેને ઉત્પન્ન થયું છે તેવો અતિ ક્લિષ્ટ પરિણામી આત્મા કરે છે. કારણ કે અવધિજ્ઞાન ઉત્પન્ન કરતાં ઘણાં પુદ્ગલોનો ક્ષય થાય છે, માટે તેના અનુભવવાળો એટલે કે અવધિજ્ઞાનવાળો આત્મા અહીં ગ્રહણ કર્યો છે.

ચાર આયુની જઘન્ય પ્રદેશોદીરણા પોતપોતાની ભૂમિકાને અનુસરીને સુખી આત્મા કરે છે. તેમાં નારકાયુની દશ હજાર વર્ષના આયુવાળા નારકી કરે છે. કારણ કે તે જઘન્ય આયુવાળા નારકી અન્ય નારકોની અપેક્ષાએ સુખી છે. બાકીના આયુની જઘન્ય પ્રદેશોદીરણા પોતપોતાની ઉત્કૃષ્ટ સ્થિતિમાં વર્તમાન તે તે આયુના ઉદયવાળા કરે છે.

જેમાં ઉપર કહેલ અર્થનો સંગ્રહ કર્યો છે એવી અન્યે બનાવેલી ગાથા કહે છે—

उक्कोसुदीरणाए सामी सुद्धो उ गुणियकम्मंसो ।

इयराअ खवियकम्मो तज्जोगुद्दीरणा किलिट्ठो ॥

એટલે કે—શુદ્ધ પરિણામવાળો ગુણિતકર્માંશ આત્મા ઉત્કૃષ્ટ પ્રદેશોદીરણાનો સ્વામી છે. અને તત્પ્રાયોગ્ય ક્લિષ્ટ પરિણામવાળો ક્ષપિતકર્માંશ આત્મા જઘન્ય પ્રદેશોદીરણાનો સ્વામી છે. ૮૯

આ પ્રમાણે વઢવાણ શહેર નિવાસી શ્રાવક હીરાલાલ
દેવચંદે કરેલ ઉદીરણા કરણનો અનુવાદ સમાપ્ત થયો.

मूलप्रकृतिषु प्रकृत्यादिचतुर्विध-

મૂળકર્મ	પ્રકૃતિ ઉદીરણા		સ્થિતિ—ઉદીરણા								
	સાદ્યાદિ	સ્વામિત્વ	જ	ઉ	અ જ.	અ નુ.	ઉ. પ્રમાણ	જ. પ્રમાણ	ઉ. સ્વામી	જ. સ્વામી	ઘા.સ્થા. આશ્રયી ઉત્કૃષ્ટ
જ્ઞાનાવરણ દર્શના-વરણ(૨)	૩	સમયાધિક આવ.શેષ ક્ષીણમોહ સુધીના	૨	૨	૩	૨	બે.આવલિ. ન્યૂન ૩૦ કો.કો.સાગ.	૧ સમય	અતિ સં.મિ. સંજ્ઞી પર્યાપ્ત	સમયાધિક આવલિકા શેષ ક્ષીણમોહી	સર્વઘાતી ચતુઃસ્થા.
વેદનીય (૧)	૪	પ્રમત્ત સુધીના	૨	૨	૨	૨	બે.આવલિ. ન્યૂન ૩૦ કો.કો.સાગ.	સાધિક પલ્યો.અસં ભાગ ન્યૂન ૩/૭ સાગ.	અતિ સં.મિ. સંજ્ઞી પર્યાપ્ત	જ.સ્થિતિ-સત્તાવાળા એકેન્દ્રિય	સર્વઘાતી પ્રતિભાગા ચતુઃસ્થા.
મોહનીય (૧)	૪	સમયાધિક આવ.શેષ સૂક્ષ્મ સંપ. સુધીના	૨	૨	૪	૨	બે.આવલિ. ન્યૂન ૭૦ કો.કો.સાગ.	૧ સમય	અતિ સં.મિ. સંજ્ઞી પર્યાપ્ત	સમયાધિક આવ.શેષ ક્ષપકસૂક્ષ્મ સંપરાયી	સર્વઘાતી પ્રતિભાગા ચતુઃસ્થા.
આયુષ્ય (૧)	૨	પ્રમત્ત સુધીના	૨	૨	૨	૨	આવલિકા ન્યૂન ૩૩ સાગરો.	૧ સમય	ઉ. સ્થિતિ-વાળા ભવાદ્ય સમયવર્તી દવ-નારક	સમયાધિક આવ.શેષ આયુ. વાળા સર્વે	સર્વઘાતી પ્રતિભાગા ચતુઃસ્થા.
નામ-ગોત્ર (૧)	૩	સયોગી સુધીના	૨	૨	૩	૨	બે.આવલિ. ન્યૂન ૨૦ કો.કો.સાગ.	અંતર્મુહૂર્ત	અતિ સં. મિથ્યા. પર્યા.સંજ્ઞી	ચરમ સમયવર્તી સયોગી	સર્વઘાતી પ્રતિભાગા ચતુઃસ્થા.
અંતરાય (૧)	૩	સમયાધિક આવ.શેષ ક્ષીણ મોહ-સુધીના	૨	૨	૩	૨	બે.આવલિ. ન્યૂન ૩૦ કો.કો.સાગ.	૧ સમય	અતિ સં.મિ. સંજ્ઞી પર્યાપ્ત	સમયાધિક આવ.શેષ ક્ષીણ મોહી	દેશઘાતિ દ્વિસ્થા.

–उदीरणायन्त्रकम् ॥

						અનુભાગ-ઉદીરણા						પ્રદેશ-ઉદીરણા	
ઘા. સ્થા. આશ્રયી જ.	વિપાકી	જ.	ઉ.	અજ.	અનુ.	ઉ. સ્વામી	જ. સ્વામી	જ.	ઉ.	અજ.	અનુ.	ઉ. સ્વામી	જ. સ્વામી
સર્વઘા. પ્રતિભાગા દ્વિસ્થા.	જીવવિ.	૨	૨	૩	૨	અતિ સં. મિથ્યા પર્યા. સંજ્ઞી	સમયાધિક આવલિ. શેષ ક્ષીણ-મોહી	૨	૨	૨	૩	સમયાધિક આ.શેષ ક્ષીણ-મોહી	અતિ સં. મિથ્યા.પર્યા. સંજ્ઞી
સર્વઘા. દ્વિસ્થા.	જીવવિ.	૨	૨	૨	૪	ઉ. સ્થિતિ-વાળા પર્યા.અનુ-ત્તર વાસી	પરાવર્તમાન મધ્યમ પરિ-ણામી મિથ્યા. દૃષ્ટિ	૨	૨	૨	૪	અપ્રમત્તાભિ-મુખ પ્રમત્ત-યતિ	અતિ સં. મિથ્યા.પર્યા. સંજ્ઞી
દેશ ઘા. પ્રતિભાગા એક સ્થા.	જીવવિ.	૨	૨	૪	૨	અતિ સં. મિથ્યા. પર્યાપ્ત સંજ્ઞી	સમયાધિક આવ. શેષ ક્ષપક સૂક્ષ્મ સંપરાયી	૨	૨	૨	૪	સમયાધિક આ.શેષ સૂક્ષ્મ-સંપરાયી	અતિ સં. મિથ્યા.પર્યા. સંજ્ઞી
સર્વઘા. પ્રતિભાગા દ્વિસ્થા.	ભવ વિ.	૨	૨	૨	૨	ઉ. સ્થિ. વાળા ભવાદ્ય સમયવર્તી	સમયાધિક આવલિ. શેષ આયુ-વાળા	૨	૨	૨	૨	અતિ દુઃખી જીવો	અતિ સુખી જીવો
સર્વઘા. પ્રતિભાગા દ્વિસ્થા.	ક્રમશઃ ભવ વિના ત્રણ જીવ વિ.	૨	૨	૨	૩	ચરમ સમયવર્તી સયોગી	પરા. મધ્યમ પરિણામી મિથ્યાદૃષ્ટિ	૨	૨	૨	૩	ચરમ સમયવર્તી સયોગી	અતિ સં. મિથ્યા.પર્યા. સંજ્ઞી
દેશઘાતિ એકસ્થા.	જીવ વિ.	૨	૨	૩	૨	સર્વા.લબ્ધિ ભાવાદ્ય સમય.અપ. સૂક્ષ્મ એકે. જીવ	સમયાધિક આવ. શેષ ક્ષીણમોહી	૨	૨	૨	૩	સમયાધિક આ.શેષ ક્ષીણ-મોહી	અતિ સં. મિથ્યા.પર્યા. સંજ્ઞી

॥ પ્રકૃતિ—સ્થિતિ-

પ્રકૃતિઓ	સંખ્યા	પ્રકૃતિ ઉદી. સાદ્યા. (૧)	પ્રકૃતિ સ્વામિત્વ (૨)	જઘ. સ્થિતિ ઉદીરણા (૩)	ઉ. સ્થિતિ ઉદીરણા (૪)
પાંચ જ્ઞાનવ. ચાર દર્શના. પાંચ અંતરાય	૧૪	અનાદિ, ધ્રુવ અધ્રુવ	મિથ્યાદષ્ટિથી સમયાધિક આવલિકા શેષ સુધીના ક્ષીણમોહી	સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ
નિદ્રા-પ્રચલા	૨	સાદિ-અધ્રુવ	ઇન્દ્રિય પર્યાપ્તિના પછીના સમયથી અગિયારમા ગુણ. સુધીના	સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ
થીણદ્ધિત્રિક	૩	સાદિ-અધ્રુવ	ઇન્દ્રિય પર્યાપ્તિના પછીના સમયથી ષષ્ઠગુણ. સુધીના પર્યાપ્ત સંખ્યાત વર્ષના આયુ-વાળા મનુષ્ય અને તિર્યંચ	સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ
મિથ્યાત્વ મોહનીય	૧	સાદિ-અનાદિ ધ્રુવ-અધ્રુવ	પ્રથમ ગુણસ્થાનકવાળા જીવો	સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ
મિશ્ર મોહનીય	૧	સાદિ-અધ્રુવ ધ્રુવ-અધ્રુવ	મિશ્રદષ્ટિ	સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ
સમ્યક્ત્વ મોહનીય	૧	સાદિ-અધ્રુવ	ક્ષાયિક સમ્યક્ત્વ પામતાં ચરમા-વલિકા સિવાયના ચતુર્થગુણ.થી સપ્તમગુણ. સુધીના ક્ષયોપશમ સમ્યક્ત્વી	સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ
અનંતાનુબંધી ચતુષ્ક	૪	સાદિ-અધ્રુવ	પ્રથમના બે ગુણસ્થાનકવર્તી	સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ
અપ્રત્યાખ્યા-નીય ચતુષ્ક	૪	સાદિ-અધ્રુવ	પ્રથમના ચાર ગુણસ્થાનકવર્તી	સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ

-उदीरणा यन्त्रकम् ॥

અજ. સ્થિ. ઉદી. (૫)	અનુ. સ્થિ. ઉદી. (૬)	ઉ. સ્થિ. ઉદી. પ્રમાણ (૭)	જ. સ્થિ. ઉ પ્રમાણ (૮)	ઉ. સ્થિ. ઉદી. સ્વામી (૯)	જ. સ્થિ. ઉદી. સ્વામી (૧૦)
અનાદિ, ધ્રુવ અધ્રુવ	સાદિ-અધ્રુવ	બે આવલિકા ન્યૂન ૩૦ કો.કો.	૧ સમય	અતિસંક્લિ.પર્યા. સંજ્ઞી પંચેન્દ્રિય મિથ્યાદષ્ટિ	સમયાધિક આવલિકા શેષ ક્ષીણમોહી
સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ	અંત. ન્યૂન ૩૦ કો.કો.સાગરો.	પલ્યો.ના અસં. ભાગે ન્યૂ. ૩/૭સા.	પર્યા. સંજ્ઞી પંચેન્દ્રિય મિથ્યાદષ્ટિ	બંધાવલિ.ના. અંતે જ. સ્થિ. સત્તાવાળા એકે.
સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ	અંત. ન્યૂન ૩૦ કો.કો.સાગરો.	પલ્યો.ના અસં. ભાગે ન્યૂ. ૩/૭સા.	પર્યા. સંજ્ઞી પંચેન્દ્રિય મિથ્યા.મનુષ્ય અને તિર્યંચ	બંધાવલિ.ના. અંતે જ. સ્થિ. સત્તાવાળા એકે.
સાદિ-અનાદિ ધ્રુવ-અધ્રુવ	સાદિ-અધ્રુવ	બે આવ. ન્યૂન ૭૦ કો.કો.સાગરો.	૧ સમય	પર્યા. સંજ્ઞી પંચેન્દ્રિય મિથ્યાદષ્ટિ	મિથ્યાત્વની પ્રથમ સ્થિ. સમયાધિક આવલિકા શેષ મિથ્યાદષ્ટિ
સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ	બે અંત. ન્યૂન ૭૦ કો.કો.સાગરો.	પલ્યો. અસં. ભાગે ન્યૂન ૧ સા.	મિથ્યાદષ્ટિ	એકે. સમાન જ. સ્થિ. વાળા એકે.માંથી આવેલ સં. પંચે. મિશ્રદષ્ટિ
સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ	એક અંત. ન્યૂન ૭૦ કો.કો.સાગરો.	૧ સમય	ક્ષયોપશમ સમ્યક્ત્વી	ક્ષાયિક સમ્ય. પ્રાપ્ત કરનાર સમ. આવ. શેષ ચારથી સાત ગુણ.વાળા યથા-સંભવ ચારે ગતિના વેદક સમ્યક્ત્વી
સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ	બે આવલિકા ન્યૂન ૪૦ કો.કો.સાગરો.	બે આવ. અધિક પલ્યો. અસં.ભા.ન્યૂન ૪/૭ સાગ.	પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય મિથ્યાદષ્ટિ	બંધાવલિ.ના અંતે જઘન્ય સ્થિતિસત્તાવાળા એકેન્દ્રિય
સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ	બે આવલિકા ન્યૂન ૪૦ કો.કો.સાગરો.	બે આવ. અધિક પલ્યો. અસં.ભા.ન્યૂન ૪/૭ સાગ.	પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય મિથ્યાદષ્ટિ	બંધાવલિ.ના અંતે જઘન્ય સ્થિતિસત્તાવાળા એકેન્દ્રિય

પ્રકૃતિઓ	સંખ્યા	પ્રકૃતિ ઉદી. સાદ્યા. (૧)	પ્રકૃતિ સ્વામિત્વ (૨)	જઘ. સ્થિતિ ઉદીરણા (૩)	ઉ. સ્થિતિ ઉદીરણા (૪)
પ્રત્યાખ્યાનીય ચતુષ્ક	૪	સાદિ-અધ્રુવ	પ્રથમના પાંચ ગુણસ્થાનકવર્તી	સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ
સંજ્વલનત્રિક	૩	સાદિ-અધ્રુવ	નવ ગુણસ્થાનકવર્તી સ્વબંધ વિચ્છેદ સમય સુધીના જીવો	સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ
સંજ્વલન લોભ	૧	સાદિ-અધ્રુવ	સમયાધિક આવલિકા શેષ સુધીના દશ ગુણસ્થાનકવર્તી	સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ
હાસ્ય-રતિ	૨	સાદિ-અધ્રુવ	આઠમા ગુણસ્થાનક સુધીના જીવો	સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ
શોક-અરતિ	૨	સાદિ-અધ્રુવ	આઠમા ગુણસ્થાનક સુધીના જીવો	સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ
ભય-જુગુપ્સા	૨	સાદિ-અધ્રુવ	આઠમા ગુણસ્થાનક સુધીના જીવો	સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ
ત્રણ વેદ	૩	સાદિ-અધ્રુવ	નવ ગુણસ્થાનકવર્તી સ્વોદીરણા વિચ્છેદ સુધીના	સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ
સાતા-વેદનીય	૧	સાદિ-અધ્રુવ	પ્રમત્ત ગુણસ્થાનકવર્તી સુધીના જીવો	સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ
અસાતા-વેદનીય	૧	સાદિ-અધ્રુવ	પ્રમત્ત ગુણસ્થાનકવર્તી સુધીના જીવો	સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ

અજ. સ્થિ. ઉદી. (૫)	અનુ. સ્થિ. ઉદી. (૬)	ઉ. સ્થિ. ઉદી. પ્રમાણ (૭)	જ. સ્થિ. ઉ પ્રમાણ (૮)	ઉ. સ્થિ. ઉદી. સ્વામી (૯)	જ. સ્થિ. ઉદી. સ્વામી (૧૦)
સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ	બે આવલિકા ન્યૂન ૪૦ કો.કો.સાગરો.	બે આવ. અધિક પલ્યો. અસં.ભા.ન્યૂન $\frac{2}{7}$ સાગ.	પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય મિથ્યાદષ્ટિ	બંધાવલિ.ના અંતે જઘન્ય સ્થિતિસત્તાવાળા એકેન્દ્રિયો
સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ	બે આવલિકા ન્યૂન ૪૦ કો.કો.સાગરો.	૧ સમય	પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય મિથ્યાદષ્ટિ	ક્ષપક નવમા ગુણ.વાળા સ્વોદય ચરમ સમયે
સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ	બે આવલિકા ન્યૂન ૪૦ કો.કો.સાગરો.	૧ સમય	પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય મિથ્યાદષ્ટિ	સમયાધિક આવ. શેષ ક્ષપક તથા ઉપશમક દશમા ગુણ સ્થા.વર્તી
સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ	૩ આવલિકા ન્યૂન ૪૦ કો.કો.સાગરો.	બે આવ. અધિક અંત સહ પલ્યો.અસં.ભા. ન્યૂન $\frac{4}{7}$ સાગ.	પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય મિથ્યાદષ્ટિ	જઘ. સ્થિ. સત્તાવાળા એકે.માંથી આવેલ સ્વ-બંધાવલિકાના અંતે સંજ્ઞી
સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ	૩ આવલિકા ન્યૂન ૪૦ કો.કો.સાગરો.	બે આવ. અધિક અંત સહ પલ્યો.અસં.ભા. ન્યૂન $\frac{4}{7}$ સાગ.	પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય મિથ્યાદષ્ટિ	જઘ. સ્થિ. સત્તાવાળા એકે.માંથી આવેલ સ્વ-બંધાવલિકાના અંતે સંજ્ઞી
સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ	૩ આવલિકા ન્યૂન ૪૦ કો.કો.સાગરો.	બે આવ. અધિક પલ્યો. અસં.ભા. ન્યૂન $\frac{4}{7}$ સાગ.	પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય મિથ્યાદષ્ટિ	બંધાવલિકાના અંતે જઘ. સ્થિ. સત્તાવાળા એકેન્દ્રિય
સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ	૩ આવલિકા ન્યૂન ૪૦ કો.કો.સાગરો.	૧ સમય	પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય મિથ્યાદષ્ટિ	ક્ષપક નવમા ગુણસ્થાનકે સ્વોદીરણાના અંત્ય સમયે
સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ	ત્રણ આવલિકા ન્યૂન ૪૦ કો.કો.સાગરો.	બે આવ. અધિક અંત સહ અસં.ભા. ન્યૂન $\frac{3}{7}$ સાગ.	પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય મિથ્યાદષ્ટિ	જઘ. સ્થિતિ સત્તાવાળા એકેન્દ્રિયમાંથી આવેલ સંજ્ઞી બંધાવલિકાના ચરમ સમયે
સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ	બે આવલિકા ન્યૂન ૨૦ કો.કો.સાગરો.	બે આવ. અધિક અંત સહ અસં.ભા. ન્યૂન $\frac{3}{7}$ સાગ.	પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય મિથ્યાદષ્ટિ	જઘ. સ્થિતિ સત્તાવાળા એકેન્દ્રિયમાંથી આવેલ સંજ્ઞી બંધાવલિકાના ચરમ સમયે

પ્રકૃતિઓ	સંખ્યા	પ્રકૃતિ ઉદી. સાદ્યા. (૧)	પ્રકૃતિ સ્વામિત્વ (૨)	જઘ. સ્થિતિ ઉદીરણા (૩)	ઉ. સ્થિતિ ઉદીરણા (૪)
ઉચ્ચ ગોત્ર	૧	સાદિ-અધ્રુવ	તેરમા ગુણસ્થાનકવર્તી સુધીના યથાસંભવ મનુષ્યો, દેવો	સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ
નીચ ગોત્ર	૧	સાદિ-અધ્રુવ	નારક, તિર્યંચ અને નીચ કુલોત્પન્ન મનુષ્ય ચોથા ગુણ. સુધી	સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ
નરકાયુ	૧	સાદિ-અધ્રુવ	ચરમાવલિકા વિનાના નારકો	સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ
તિર્યંચાયુ	૧	સાદિ-અધ્રુવ	ચરમાવલિકા વિનાના તિર્યંચો	સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ
મનુષ્યાયુ	૧	સાદિ-અધ્રુવ	ચરમાવલિકા વિનાના પ્રમત્ત-ગુણ. સુધીના મનુષ્ય	સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ
દેવાયુ	૧	સાદિ-અધ્રુવ	ચરમાવલિકા વિનાના દેવો	સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ
નરકગતિ	૧	સાદિ-અધ્રુવ	નારકો	સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ
દેવગતિ	૧	સાદિ-અધ્રુવ	દેવો	સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ
તિર્યંચગતિ	૧	સાદિ-અધ્રુવ	તિર્યંચો	સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ

અજ. સ્થિ. ઉદી. (૫)	અનુ સ્થિ. ઉદી. (૬)	ઉ. સ્થિ. ઉદી. પ્રમાણ (૭)	જ. સ્થિ. ઉ પ્રમાણ (૮)	ઉ. સ્થિ. ઉદી. સ્વામી (૯)	જ. સ્થિ. ઉદી. સ્વામી (૧૦)
સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ	ત્રણ આવલિકા ન્યૂન ૨૦ કો.કો.સાગરો.	અંતર્મુહૂર્ત	પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય મિથ્યાદષ્ટિ	ચરમ સમયવર્તી સયોગી
સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ	બે આવલિકા ન્યૂન ૨૦ કો.કો.સાગરો.	બે આવલિકા અધિક અંત. સહિત પલ્યો. અસં. ભાગ ન્યૂન ૩/૭ સાગ.	પર્યાપ્ત સંજ્ઞી મિથ્યા.તિર્યંચો, નારકો અને નીચ કુલોત્પન્ન મનુષ્યો	જઘ. સ્થિતિ સત્તાવાળા એકેન્દ્રિયમાંથી આવેલ સ્વબંધ આવલિ.ના ચરમ સમયવર્તી સંજ્ઞી
સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ	આવલિકા ન્યૂન ૩૩ સાગરોપમ	૧ સમય	ભવાદ્ય સમય-વર્તી ઉ. સ્થિતિ-વાળા નારકો	સમયાધિક આવલિકા શેષ નારકો
સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ	આવલિકા ન્યૂન ૩ પલ્યોપમ	૧ સમય	ભવાદ્ય સમય-વર્તી ઉ. સ્થિતિ-વાળા તિર્યંચો	સમયાધિક આવલિકા શેષ તિર્યંચો
સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ	આવલિકા ન્યૂન ૩ પલ્યોપમ	૧ સમય	ભવાદ્ય સમય-વર્તી ઉ. સ્થિતિ-વાળા મનુષ્યો	સમયાધિક આવલિકા શેષ મનુષ્યો
સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ	આવલિકા ન્યૂન ૩૩ સાગરોપમ	૧ સમય	ભવાદ્ય સમય-વર્તી ઉ. સ્થિતિ-વાળા દેવો	સમયાધિક આવલિકા શેષ દેવો
સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ	આવલિકા અધિક અંત. ન્યૂન ૨૦ કો.કો. સાગ.	સાધિક પલ્યો. બે અસં.ભાગ ન્યૂન ૨૦૦૦/૭ સાગરોપમ	ભવાદ્ય સમય-વર્તી ધૂમપ્રભાદિ ત્રણ પૃથ્વીના નારક મિથ્યા.	અલ્પકાળ બાંધી દીર્ઘાયુ-વાળા અસંજ્ઞીમાંથી આવેલ ચરમ સમયવર્તી ઉ. સ્થિતિવાળા દેવો
સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ	આવલિકા અધિક અંત. ન્યૂન ૨૦ કો.કો. સાગ.	સાધિક પલ્યો. બે અસં.ભાગ ન્યૂન ૨૦૦૦/૭ સાગરોપમ	ભવાદ્ય સમય-વર્તી મિથ્યા. દેવો	અલ્પકાળ બાંધી દીર્ઘાયુ-વાળા અસંજ્ઞીમાંથી આવેલ ચરમ સમયવર્તી ઉ. સ્થિતિવાળા દેવો
સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ	૩ આવલિકા ન્યૂન ૨૦ કો.કો.સાગરો.	બે આવલિકા અધિક અંત સહિત પલ્યો. અસં.ભા.ન્યૂન ૩/૭ સાગ.	મિથ્યાદષ્ટિ, તિર્યંચો ભવાદ્ય સમયવર્તી	જઘ. સ્થિતિસત્તાવાળા એકેન્દ્રિયમાંથી આવેલ બંધાવલિકાના ચરમ સમયવર્તી સંજ્ઞી તિર્યંચ

પ્રકૃતિઓ	સંખ્યા	પ્રકૃતિ ઉદી. સાદ્યા. (૧)	પ્રકૃતિ સ્વામિત્વ (૨)	જઘ. સ્થિતિ ઉદીરણા (૩)	ઉ. સ્થિતિ ઉદીરણા (૪)
મનુષ્યગતિ	૧	સાદિ-અધ્રુવ	સયોગીગુણ. સુધીના મનુષ્યો	સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ
એકેન્દ્રિયજાતિ	૧	સાદિ-અધ્રુવ	એકેન્દ્રિયો	સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ
વિકલેન્દ્રિય-જાતિ	૩	સાદિ-અધ્રુવ	વિકલેન્દ્રિયો	સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ
પંચેન્દ્રિયજાતિ, ત્રસ ચતુષ્ક	૫	સાદિ-અધ્રુવ	સયોગી ગુણ. સુધીના તે તે જીવો પરંતુ પ્રત્યેકમાં શરીરસ્થ	સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ
ઔદારિક સપ્તક	૭	સાદિ-અધ્રુવ	યથાસંભવ સયોગી ગુણ. સુધીના મનુ. અને તિર્યંચ-	સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ
વૈક્રિયષટ્ક	૬	સાદિ-અધ્રુવ	દેવ-નારક, ઉત્તર વૈક્રિય શરીરી મનુષ્ય તિર્યંચ	સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ
વૈક્રિય અંગોપાંગ	૧	સાદિ-અધ્રુવ	વાયુકાય સિવાય ઉપર પ્રમાણે	સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ
તૈજસ સપ્તક, વર્ણાદિ વીસ અગુરુલઘુ નિર્માણ અસ્થિર, અશુભ	૩૧	અનાદિ, ધ્રુવ અધ્રુવ	સયોગી ગુણ. સુધીના જીવો	સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ

અજ. સ્થિ. ઉદી. (૫)	અનુ. સ્થિ. ઉદી. (૬)	ઉ. સ્થિ. ઉદી. પ્રમાણ (૭)	જ. સ્થિ. ઉ. પ્રમાણ (૮)	ઉ. સ્થિ. ઉદી. સ્વામી (૯)	જ. સ્થિ. ઉદી. સ્વામી (૧૦)
સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ	ત્રણ આવલિકા ન્યૂન ૨૦ કો.કો.સાગરો.	અંતર્મુહૂર્ત	મિથ્યાદૃષ્ટિ મનુષ્યો.	ચરમ સમયવર્તી સયોગી
સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ	આવલિકા અધિક અંત. ન્યૂન ૨૦ કો.કો.સાગરો.	બે આવ. અધિક ચાર અંત સહિત પલ્યો. અસં.ભા.ન્યૂન $\frac{૨}{૭}$ સાગ.	મિથ્યાદૃષ્ટિ એકેન્દ્રિયો ભવાદ્ય સમયવર્તી	જઘ. સ્થિતિસત્તાવાળા બંધાવલિકાના ચરમ સમયે એકેન્દ્રિયો
સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ	બે આવલિકા અધિક અંત. ન્યૂન ૨૦ કો.કો.સાગરો.	બે આવ. અધિક અંત સહિત પલ્યો. અસં.ભા.ન્યૂન $\frac{૨}{૭}$ સાગ.	મિથ્યાદૃષ્ટિ યથા-સંભવવિકલેન્દ્રિયો ભવાદ્ય સમયવર્તી	જઘ. સ્થિ.વાળા એકે.-માંથી આવેલ બંધા.ના ચરમ સમયે યથાસંભવ બેઇન્દ્રિયાદિ
સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ	બે આવલિકા ન્યૂન ૨૦ કો.કો.સાગરો.	અંતર્મુહૂર્ત	મિથ્યાદૃષ્ટિ પર્યાપ્ત સંજ્ઞી	ચરમ સમયવર્તી સયોગી
સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ	આવ. અધિક અંત.ન્યૂન ૨૦ કો.કો.સાગરો.	અંતર્મુહૂર્ત	મિથ્યાદૃષ્ટિ પર્યા. ભવાદ્ય સમયે તિર્યંચ	ચરમ સમયવર્તી સયોગી
સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ	બે આવલિકા ન્યૂન ૨૦ કો.કો.સાગરો.	સાધિક પલ્યો. અસં. ભાગ ન્યૂન$\frac{૨}{૭}$સાગરો.	મિથ્યાદૃષ્ટિ ઉ. વૈ. શરીરી મનુ. તિર્યંચ સંજ્ઞી	ચરમ વૈક્રિય શરીરી બાદર પર્યા. વાયુકાય
સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ	બે આવલિકા ન્યૂન ૨૦ કો.કો.સાગરો.	સાધિક પલ્યો. બે.અસં.ભાગ ન્યૂન $\frac{૨૦૦૦}{૭}$ સાગર.	મિથ્યાદૃષ્ટિ ઉ. વૈ. શરીરી મનુ. તિર્યંચ સંજ્ઞી	અલ્પકાળ બાંધી દીર્ઘાયુ. અસં.માંથી આવેલ ચરમ સમયવર્તી તત્પ્રાયોગ્ય ઉ. સ્થિ.વાળા દેવો અને નારકો
અનાદિ-ધ્રુવ અધ્રુવ	સાદિ-અધ્રુવ	બે આવલિકા ન્યૂન ૨૦ કો.કો.સાગરો.	અંતર્મુહૂર્ત	મિથ્યાદૃષ્ટિ પર્યાપ્ત સંજ્ઞી	ચરમ સમયવર્તી સયોગી

પ્રકૃતિઓ	સંખ્યા	પ્રકૃતિ ઉદી. સાદ્યા. (૧)	પ્રકૃતિ સ્વામિત્વ (૨)	જઘ. સ્થિતિ ઉદીરણા (૩)	ઉ. સ્થિતિ ઉદીરણા (૪)
આહારક સપ્તક	૭	સાદિ-અધ્રુવ	આહારક શરીરી મુનિ	સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ
વજ્રઋષભ-નારાચ સંઘયણ	૧	સાદિ-અધ્રુવ	ઉત્પત્તિ સ્થાનના પ્રથમ સમયથી ૧૩મા ગુણ. સુધીના યથાસંભવ પર્યા. મનુષ્ય. તિર્યંચ-પંચે.	સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ
મધ્યમના ચાર સંઘયણ	૪	સાદિ-અધ્રુવ	ઉત્પત્તિ સ્થાનના પ્રથમ સમયથી સાતમા ગુણ. સુધીના યથાસંભવ મનુષ્ય. તિર્યંચ-પંચે.	સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ
છેવટ્ઠું સંઘયણ	૧	સાદિ-અધ્રુવ	ઉત્પત્તિ સ્થાનના પ્રથમ સમયથી યથાસંભવ સાતમા ગુણ.સુધીના વિકલે.પંચે.તિર્યંચ તથા મનુષ્યો	સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ
સમચતુરસ્ર સંસ્થાન	૧	સાદિ-અધ્રુવ	શરીરસ્થ દેવો, યુગલિકો, ઉત્તર શરીરી સંજ્ઞી. કેટલાક પર્યાપ્ત મનુષ્ય-તિર્યંચ પંચેન્દ્રિય	સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ
મધ્યમના ચાર સંસ્થાન	૪	સાદિ-અધ્રુવ	શરીરસ્થ કેટલાક પર્યા. મનુષ્ય તિર્યંચ પંચેન્દ્રિય	સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ
હુંડક સંસ્થાન	૧	સાદિ-અધ્રુવ	શરીરસ્થ નારક, અસંજ્ઞી, લબ્ધિ અપર્યાપ્ત, કેટલાક પર્યાપ્ત સંજ્ઞી મનુષ્ય, તિર્યંચ.	સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ
નરકાનુ-પૂર્વી	૧	સાદિ-અધ્રુવ	વિગ્રહગતિવર્તી નારક	સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ

અજ. સ્થિ. ઉદી. (૫)	અનુ. સ્થિ. ઉદી. (૬)	ઉ. સ્થિ. ઉદી. પ્રમાણ (૭)	જ. સ્થિ. ઉ. પ્રમાણ (૮)	ઉ. સ્થિ. ઉદી. સ્વામી (૯)	જ. સ્થિ. ઉદી. સ્વામી (૧૦)
સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ	અંત ન્યૂન અંતઃ. કો.કો.સાગરો.	સાતમા ગુણ-ઠાણે સંભવતી જઘ.અંતઃ કો. કો. સાગરો.	પ્રથમ સમયવર્તી આહારક શરીરી પ્રમત્ત મુનિ	ચરમભવી આહારક શરીરી ચરમસમયવર્તી મુનિ
સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ	ત્રણ આવલિકા ન્યૂન ૨૦ કો.કો.સાગરો.	અંતર્મુહૂર્ત	મિથ્યાદષ્ટિ પર્યા. સંજ્ઞી મનુષ્ય તિર્યંચ	ચરમ સમયવર્તી સયોગી
સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ	ત્રણ આવલિકા ન્યૂન ૨૦ કો.કો.સાગરો.	બે આવલિકા અધિક પાંચ અંત.સહિત પલ્યો.અ.ભા. ન્યૂન $\frac{૨}{૭}$ સાગર	મિથ્યાદષ્ટિ પર્યા. સંજ્ઞી મનુષ્ય તિર્યંચ	જઘ. સ્થિતિસત્તાવાળા એકે.માંથી આવેલ સ્વ-બંધ આવ. ચરમસમય-વર્તી સંજ્ઞી
સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ	આવ. અધિક અંત.ન્યૂન ૨૦ કો.કો.સાગરો.	બે આવલિકા અધિક પાંચ અંત.સહિત પલ્યો.અ.ભા. ન્યૂન $\frac{૨}{૭}$ સાગર	ઉત્પત્તિસ્થાનના પ્રથમ સમયે મિથ્યા. પર્યા. સંજ્ઞી તિર્યંચ	જઘ. સ્થિતિસત્તાવાળા એકે.માંથી આવેલ સ્વ-બંધ આવ. ચરમસમય-વર્તી સંજ્ઞી
સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ	ત્રણ આવલિકા ન્યૂન ૨૦ કો.કો.સાગરો.	અંતર્મુહૂર્ત	નારક વિના મિથ્યા. સર્વ પર્યાપ્તિએ પર્યા.	ચરમ સમયવર્તી સયોગી
સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ	ત્રણ આવલિકા ન્યૂન ૨૦ કો.કો.સાગરો.	અંતર્મુહૂર્ત	સર્વ પર્યાપ્તિએ પર્યાપ્ત મિથ્યા. સંજ્ઞી મનુષ્ય તિર્યંચ	ચરમ સમયવર્તી સયોગી
સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ	બે આવલિકા ન્યૂન ૨૦ કો.કો.સાગરો.	અંતર્મુહૂર્ત	મિથ્યા. નારક, કેટલાક સંપૂર્ણ પર્યાપ્ત સંજ્ઞી મનુષ્ય-તિર્યંચ	ચરમ સમયવર્તી સયોગી
સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ	આવલિકા અધિક અંત. ન્યૂન ૨૦ કો. કો. સાગરો.	સાધિક પલ્યો. અસં. ભાગ ન્યૂન $\frac{૨૦૦૦}{૭}$ સાગર.	વિગ્રહગતિ પ્રથમ સમયવર્તી ધૂમ્ર પ્રભાદિ ત્રણ નારકો	અલ્પકાળ બાંધી દીર્ઘાયુ. અસં.માંથી આવેલ વિગ્રગતિ તૃતીય સમયવર્તી નારક

પ્રકૃતિઓ	સંખ્યા	પ્રકૃતિ ઉદી. સાદ્યા. (૧)	પ્રકૃતિ સ્વામિત્વ (૨)	જઘ. સ્થિતિ ઉદીરણા (૩)	ઉ. સ્થિતિ ઉદીરણા (૪)
દેવાનુ-પૂર્વી	૧	સાદિ-અધ્રુવ	વિગ્રહગતિવર્તી દેવો	સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ
તિર્યંચાનુ-પૂર્વી	૧	સાદિ-અધ્રુવ	વિગ્રહગતિવર્તી તિર્યંચો	સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ
મનુષ્યાનુ-પૂર્વી	૧	સાદિ-અધ્રુવ	વિગ્રહગતિવર્તી મનુષ્યો	સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ
અશુભ-વિહાયોગતિ	૧	સાદિ-અધ્રુવ	શરીર પર્યાપ્તિએ પર્યાપ્ત. નારક વિકલેન્દ્રિય અને સ્વોદયવાળા પંચે. તિર્યંચ-મનુષ્ય	સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ
શુભ-વિહાયોગતિ	૧	સાદિ-અધ્રુવ	શરીર પર્યાપ્તિએ પર્યાપ્ત. દેવો, યુગલિકો અને સ્વોદયવર્તી પર્યાપ્ત મનુષ્ય અને તિર્યંચ	સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ
આતાપ	૧	સાદિ-અધ્રુવ	શરીર પર્યાપ્તિએ પર્યાપ્ત ખર બાદર પૃથ્વીકાય	સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ
ઉદ્યોત	૧	સાદિ-અધ્રુવ	સૂક્ષ્મ, લબ્ધિ, અપર્યાપ્ત, તેઉ-વાયુ વિના તિર્યંચો અને ઉત્તર શરીરી દેવો, પંચેન્દ્રિય તિર્યંચો તથા મુનિઓ	સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ
ઉપઘાત	૧	સાદિ-અધ્રુવ	શરીરસ્થ સયોગી સુધીના સર્વે	સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ

અજ. સ્થિ. ઉદી. (૫)	અનુ. સ્થિ. ઉદી. (૬)	ઉ. સ્થિ. ઉદી. પ્રમાણ (૭)	જ. સ્થિ. ઉ. પ્રમાણ (૮)	ઉ. સ્થિ. ઉદી. સ્વામી (૯)	જ. સ્થિ. ઉદી. સ્વામી (૧૦)
સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ	આવલિકા અધિક અંત. ન્યૂન ૨૦ કો. કો. સાગરો.	સાધિક પલ્યો. અસં. ભાગ ન્યૂન ૨૦૦૦/૭ સાગર.	વિગ્રહગતિ પ્રથમ સમયવર્તી દેવો	અલ્પકાળ બાંધી દીર્ઘાયુ. અસં.માંથી આવેલ વિગ્રહગતિ તૃતીય સમયવર્તી દેવો
સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ	આવલિકા અધિક અંત. ન્યૂન ૨૦ કો. કો. સાગરો.	બે આવલિકા અધિક પલ્યો. અસં. ભાગ ન્યૂન ૨/૭ સાગ.	વિગ્રહગતિ પ્રથમ સમયવર્તી મિથ્યા. તિર્યંચો	જઘન્ય સ્થિતિ સત્તાવાળા એકેન્દ્રિયમાંથી આવેલ વિગ્રહગતિ તૃતીય સમયવર્તી સંજ્ઞી તિર્યંચ
સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ	આવલિકા અધિક અંત. ન્યૂન ૨૦ કો. કો. સાગરો.	બે આવલિકા અધિક પલ્યો. અસં. ભાગ ન્યૂન ૨/૭ સાગ.	વિગ્રહગતિ પ્રથમ સમયવર્તી મિથ્યા. પર્યાપ્ત ગર્ભજ મનુષ્ય	જઘન્ય સ્થિતિ સત્તાવાળા એકેન્દ્રિયમાંથી આવેલ વિગ્રહગતિ તૃતીય સમયવર્તી મનુષ્ય
સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ	બે આવલિકા ન્યૂન ૨૦ કો.કો.સાગરો.	અંતર્મુહૂર્ત	મિથ્યા. નારકો અને સ્વોદયવર્તી મનુષ્યો અને તિર્યંચો	ચરમ સમયવર્તી સયોગી
સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ	ત્રણ આવલિકા ન્યૂન ૨૦ કો.કો.સાગરો.	અંતર્મુહૂર્ત	મિથ્યા. દેવો સ્વોદયવર્તી મનુષ્યો અને તિર્યંચો	ચરમ સમયવર્તી સયોગી
સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ	આવલિકા અધિક અંત. ન્યૂન ૨૦ કો. કો. સાગરો.	બે આવલિકા અધિક પલ્યો. અસં. ભાગ ન્યૂન ૨/૭ સાગ.	શરીર પર્યાપ્તિએ પર્યાપ્તના પ્રથમ સમયે ખરબાદર પૃથ્વીકાય	જઘન્ય સ્થિતિ સત્તાવાળા શરીર પર્યા. પર્યાપ્ત ખર પૃથ્વીકાય
સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ	બે આવલિકા ન્યૂન ૨૦ કો. કો. સાગરો.	બે આવલિકા અધિક પલ્યો. અસં. ભાગ ન્યૂન ૨/૭ સાગ.	ઉત્તર શરીરી દેવો	જઘન્ય સ્થિતિ સત્તાવાળા શરીર પર્યાપ્તિએ પર્યાપ્ત સ્વોદયવર્તી એકેન્દ્રિયો
સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ	બે આવલિકા ન્યૂન ૨૦ કો.કો.સાગરો.	અંતર્મુહૂર્ત	મિથ્યા. પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય	ચરમ સમયવર્તી સયોગી

પ્રકૃતિઓ	સંખ્યા	પ્રકૃતિ ઉદી. સાદ્યા. (૧)	પ્રકૃતિ સ્વામિત્વ (૨)	જઘ. સ્થિતિ ઉદીરણા (૩)	ઉ. સ્થિતિ ઉદીરણા (૪)
પરાઘાત	૧	સાદિ-અધ્રુવ	લબ્ધિપર્યાપ્ત શરીર પર્યાપ્તિએ પર્યાપ્ત સયોગી ગુણ. સુધીના સર્વે	સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ
ઉચ્છ્વાસ	૧	સાદિ-અધ્રુવ	સ્વ પર્યાપ્તિએ પર્યાપ્ત સ્વનિરોધ સુધીના સર્વે સયોગી	સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ
જિનનામ	૧	સાદિ-અધ્રુવ	તીર્થંકર કેવલી સયોગી	સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ
સ્થિર-શુભ	૨	અનાદિ-ધ્રુવ અધ્રુવ	સયોગી કેવલી સુધીના સર્વે	સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ
સૌભાગ્ય-આદેય	૨	સાદિ-અધ્રુવ	સ્વોદયવર્તી ગર્ભજ પર્યાપ્ત તિર્યંચ, મનુષ્ય અને દેવ	સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ
યશઃકીર્તિ	૧	સાદિ-અધ્રુવ	તેઉકાય, વાયુકાય, સૂક્ષ્મ, લબ્ધિ અપર્યાપ્ત અને નારક વિના સ્વોદયવર્તી સર્વે	સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ
સુસ્વર	૧	સાદિ-અધ્રુવ	સ્વરપર્યાપ્તિએ પર્યાપ્ત દેવો અને સ્વોદયવર્તી ત્રસો	સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ
સ્થાવર	૧	સાદિ-અધ્રુવ	સ્થાવરો	સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ

અજ. સ્થિ. ઉદી. (૫)	અનુ સ્થિ. ઉદી. (૬)	ઉ. સ્થિ. ઉદી. પ્રમાણ (૭)	જ. સ્થિ. ઉ પ્રમાણ (૮)	ઉ. સ્થિ. ઉદી. સ્વામી (૯)	જ. સ્થિ. ઉદી. સ્વામી (૧૦)
સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ	બે આવલિકા ન્યૂન ૨૦ કો.કો.સાગરો.	અંતર્મુહૂર્ત	મિથ્યા. પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય	ચરમ સમયવર્તી સયોગી
સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ	બે આવલિકા ન્યૂન ૨૦ કો.કો.સાગરો.	અંતર્મુહૂર્ત	મિથ્યા. પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય	સ્વનિરોધ ચરમ સમયવર્તી સયોગી
સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ	પલ્યોપમનો અસં.ભાગ	અંતર્મુહૂર્ત	સ્વયોગ્ય ઉ. સ્થિ.સત્તાવાળા પ્રથમ સમયવર્તી જિન કેવલી.	ચરમ સમયવર્તી સયોગી જિન કેવલી
અનાદિ-ધ્રુવ અધ્રુવ	સાદિ-અધ્રુવ	ત્રણ આવલિકા ન્યૂન ૨૦ કો.કો.સાગરો.	અંતર્મુહૂર્ત	મિથ્યા. પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય	ચરમ સમયવર્તી સયોગી
સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ	ત્રણ આવલિકા ન્યૂન ૨૦ કો.કો.સાગરો.	અંતર્મુહૂર્ત	સ્વોદયવર્તી મિથ્યાદ. પર્યા. ગર્ભજ તિર્યંચ મનુષ્ય અને દેવ	ચરમ સમયવર્તી સયોગી
સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ	ત્રણ આવલિકા ન્યૂન ૨૦ કો.કો.સાગરો.	અંતર્મુહૂર્ત	નારક વિના સ્વોદયવર્તી મિથ્યાદૃષ્ટિ પર્યાપ્ત સંજ્ઞી	ચરમ સમયવર્તી સયોગી
સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ	ત્રણ આવલિકા ન્યૂન ૨૦ કો.કો.સાગરો.	અંતર્મુહૂર્ત	મિથ્યાદૃષ્ટિ દેવો અને સ્વોદયવર્તી ગર્ભજ તિર્યંચ-મનુષ્ય	સ્વર નિરોધ ચરમ સમયવર્તી સયોગી
સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ	આવલિકા અધિક અંત. ન્યૂન. ૨૦ કો. કો. સાગરો.	બે આવલિકા અધિક અંત. સહિત પલ્યો. અસં. ભાગ ન્યૂન $\frac{૩}{૭}$ સાગ.	ભવાદ્ય સમય-વર્તી મિથ્યાદૃષ્ટિ લબ્ધિ પર્યાપ્ત બાદર એકેન્દ્રિય	જઘન્ય સ્થિતિ સત્તાવાળા સ્વબંધ આવલિકાના ચરમ સમયવર્તી સ્થાવર

પ્રકૃતિઓ	સંખ્યા	પ્રકૃતિ ઉદી. સાધા. (૧)	પ્રકૃતિ સ્વામીત્વ (૨)	જઘ. સ્થિતિ ઉદીરણા (૩)	ઉ. સ્થિતિ ઉદીરણા (૪)
સૂક્ષ્મ-સાધારણ	૨	સાદિ-અધ્રુવ	ક્રમશઃ સૂક્ષ્મ અને શરીરસ્થ સાધારણ જીવો	સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ
અપર્યાપ્ત	૧	સાદિ-અધ્રુવ	લબ્ધિ અપર્યાપ્ત મનુષ્ય, તિર્યંચ	સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ
દૌર્ભાગ્ય-અનાદેય	૨	સાદિ-અધ્રુવ	નારક, લબ્ધિ અપર્યાપ્ત, સ્વોદયવર્તી ગર્ભજ તિર્યંચ, મનુષ્ય અને દેવ તથા વિકલેન્દ્રિય, એકેન્દ્રિય	સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ
અયશઃકીર્તિ	૧	સાદિ-અધ્રુવ	તેઉકાય, વાયુકાય, નારક, સૂક્ષ્મ, લબ્ધિ અપર્યાપ્ત અને સ્વોદયવર્તી શેષ જીવો	સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ
દુઃસ્વર	૧	સાદિ-અધ્રુવ	સ્વર પર્યાપ્તિએ પર્યાપ્ત-નારક અને સ્વોદયવર્તી તિર્યંચ મનુષ્ય	સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ

અજ. સ્થિ. ઉદી. (૫)	અનુ. સ્થિ. ઉદી. (૬)	ઉ. સ્થિ. ઉદી. પ્રમાણ (૭)	જ. સ્થિ. ઉ. પ્રમાણ (૮)	ઉ. સ્થિ. ઉદી. સ્વામી (૯)	જ. સ્થિ. ઉદી. સ્વામી (૧૦)
સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ	આવલિકા અધિક અંત. ન્યૂન. ૨૦ કો. કો. સાગરો.	બે આવલિકા અધિક અંત સહિત પલ્યો. અસં. ભાગ ન્યૂન $\frac{૩}{૭}$ સાગ.	ક્રમશઃ સૂક્ષ્મ અને સાધારણ ભવાદ્ય સમય-વર્તી	જઘન્ય સ્થિતિ સત્તાવાળા સ્વબંધ આવલિકાના ચરમ સમયવર્તી ક્રમશઃ સૂક્ષ્મ અને સાધારણ
સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ	બે આવલિકા અધિક અંત. ન્યૂન. ૨૦ કો. કો. સાગરો.	બે આવલિકા અધિક અંત સહિત પલ્યો. અસં. ભાગ ન્યૂન $\frac{૩}{૭}$ સાગ.	ભવાદ્ય સમય-વર્તી લબ્ધિ અપર્યાપ્ત	જઘન્ય સ્થિતિ સત્તાવાળા એકેન્દ્રિયમાંથી આવેલ સ્વબંધ આવલિકા. ચરમ સમયવર્તી અપર્યાપ્ત સંજ્ઞી
સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ	બે આવલિકા ન્યૂન. ૨૦ કો. કો. સાગરો.	બે આવલિકા અધિક અંત સહિત પલ્યો. અસં. ભાગ ન્યૂન $\frac{૩}{૭}$ સાગ.	મિથ્યાદૃષ્ટિ નારક અને સ્વોદયવર્તી ગર્ભજ પર્યાપ્ત તિર્યંચ, મનુષ્ય અને દેવ	જઘન્ય સ્થિતિ સત્તાવાળા એકેન્દ્રિયમાંથી આવેલ સ્વબંધ આવલિકાના ચરમ સમયવર્તી સંજ્ઞી
સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ	બે આવલિકા ન્યૂન. ૨૦ કો. કો. સાગરો.	બે આવલિકા અધિક અંત સહિત પલ્યો. અસં. ભાગ ન્યૂન $\frac{૩}{૭}$ સાગ.	મિથ્યાદૃષ્ટિ સ્વોદયવર્તી પર્યાપ્ત સંજ્ઞી	જઘન્ય સ્થિતિ સત્તાવાળા એકેન્દ્રિયમાંથી આવેલ સ્વબંધ આવલિકાના ચરમ સમયવર્તી સંજ્ઞી
સાદિ-અધ્રુવ	સાદિ-અધ્રુવ	બે આવલિકા ન્યૂન. ૨૦ કો. કો. સાગરો.	અંતર્મુહૂર્ત	મિથ્યાદૃષ્ટિ સ્વોદયવર્તી પર્યાપ્ત સંજ્ઞી	સ્વર નિરોધ ચરમ સમયવર્તી સયોગી

अनुभाग-

પ્રકૃતિઓ	ઘાતિ તથા સ્થાન આશ્રયી ઉ. અનુભાગ ઉદીરણા	ઘાતિ તથા સ્થાન આશ્રયી જઘ. અનુભાગ ઉદીરણા	વિપાકી
મતિ-શ્રુતાવરણ	સર્વઘાતિ ચતુઃસ્થા.	દેશઘાતિ એકસ્થા	જીવ વિ. કેટલાક પર્યાય. સહિત સર્વ જીવદ્રવ્ય
અવધિદ્વિક-આવરણ	સર્વઘાતિ ચતુઃસ્થા.	દેશઘાતિ એકસ્થા	જીવ વિ. રૂપીદ્રવ્યમાં
મનઃપર્યવ-જ્ઞાનાવરણ	સર્વઘાતિ ચતુઃસ્થા.	દેશઘાતિ દ્વિસ્થા.	જીવ વિ. કેટલાક પર્યાય. સહિત સર્વ જીવદ્રવ્ય
કેવલદ્વિક-આવરણ	સર્વઘાતિ ચતુઃસ્થા.	સર્વઘાતિ દ્વિસ્થા.	જીવ વિ. કેટલાક પર્યાય. સહિત સર્વ જીવદ્રવ્ય
ચક્ષુર્દર્શના-વરણ	સર્વઘાતિ દ્વિસ્થા.	દેશઘાતિ એકસ્થા	જીવ વિ. ગુરુલઘુ અનંત પ્રદેશી સ્કંધોમાં
અચક્ષુર્દર્શના-વરણ	દેશઘાતિ દ્વિસ્થા.	દેશઘાતિ એકસ્થા	જીવ વિ.
નિદ્રા-પ્રચલા	સર્વઘાતિ ચતુઃસ્થા.	દેશઘાતિ દ્વિસ્થા.	જીવ વિ.
થીણદ્ધિત્રિક	સર્વઘાતિ ચતુઃસ્થા.	દેશઘાતિ દ્વિસ્થા.	જીવ વિ.
દાનાન્તરાય ચતુષ્ક	દેશઘાતિ દ્વિસ્થા.	દેશઘાતિ એકસ્થા	જીવ વિ. સર્વદ્રવ્યના અનંતમા ભાગમાં
વીર્યાન્તરાય	દેશઘાતિ દ્વિસ્થા.	દેશઘાતિ એકસ્થા	જીવ વિ. કેટલાય પર્યાય સહિત સર્વ જીવદ્રવ્ય
મિથ્યાત્વ મોહનીય	સર્વઘાતિ ચતુઃસ્થા.	સર્વઘાતિ દ્વિસ્થા.	જીવ વિ. કેટલાય પર્યાય સહિત સર્વ જીવદ્રવ્ય
મિશ્ર મોહનીય	સર્વઘાતિ દ્વિસ્થા.	સર્વઘાતિ દ્વિસ્થા.	જીવ વિ. કેટલાય પર્યાય સહિત સર્વ જીવદ્રવ્ય
સમ્યક્ત્વ મોહનીય	દેશઘાતિ દ્વિસ્થા.	દેશઘાતિ એકસ્થા.	જીવ વિ. કેટલાય પર્યાય સહિત સર્વ જીવદ્રવ્ય
અનંતાનુબંધી ચતુષ્ક	સર્વઘાતિ ચતુઃસ્થા.	સર્વઘાતિ દ્વિસ્થા.	જીવ વિ. કેટલાય પર્યાય સહિત સર્વ જીવદ્રવ્ય

-उदीरणा यन्त्रकम् ॥

જઘન્ય	ઉત્કૃષ્ટ	અજ-ઘન્ય	અનુ-ત્કૃષ્ટ	ઉત્કૃષ્ટ અનુભાગ ઉદીરણા સ્વામી	જઘન્ય અનુભાગ ઉદીરણાના સ્વામી
૨	૨	૩	૨	અતિસંક્લિષ્ટ પરિણામી મિથ્યાદષ્ટિ પર્યાપ્ત સંજ્ઞી	સર્વોત્કૃષ્ટ પૂર્વલબ્ધિધર સમયાધિક આવલિકા શેષ ક્ષીણમોહી
૨	૨	૩	૨	અવધિ લબ્ધિ રહિત અતિસંક્લિ, પરિણામી મિથ્યાત્વી પર્યાપ્ત સંજ્ઞી	પરમાવધિ સમયાધિક આવલિકા શેષ ક્ષીણમોહી
૨	૨	૩	૨	અતિસંક્લિષ્ટ પરિણામી પર્યાપ્ત સંજ્ઞી	વિપુલમતિ મનઃપર્યવજ્ઞાની સમયાધિક આવલિકા શેષ ક્ષીણમોહી
૨	૨	૩	૨	અતિસંક્લિષ્ટ પરિણામી પર્યાપ્ત સંજ્ઞી	સમયાધિક આવલિકા શેષ ક્ષીણમોહી
૨	૨	૩	૨	અતિસંક્લિષ્ટ પરિણામી પર્યાપ્ત ચરમ સમયવર્તી તેઇન્દ્રિય	સર્વોત્કૃષ્ટ પૂર્વલબ્ધિધર સમયાધિક આવલિકા શેષ ક્ષીણમોહી
૨	૨	૩	૨	સર્વાલ્પ લબ્ધિ યુક્ત ભવાદ્ય સમયવર્તી સૂક્ષ્મ એકેન્દ્રિય...	સર્વોત્કૃષ્ટ પૂર્વલબ્ધિધર સમયાધિક આવલિકા શેષ ક્ષીણમોહી
૨	૨	૨	૨	તત્પ્રાયોગ્ય સંક્લિષ્ટ મધ્યમ પરિણામી પર્યાપ્ત	ઉપાશાંત મોહવર્તી, મતાન્તરે ૨ સમયાધિક આવલિકા શેષ ક્ષીણમોહી
૨	૨	૨	૨	તત્પ્રાયોગ્ય સંક્લિષ્ટ મધ્યમ પરિણામી પર્યાપ્ત	તત્પ્રાયોગ્ય વિશુદ્ધ પ્રમત્તયતિ
૨	૨	૩	૨	સર્વાલ્પ લબ્ધિ યુક્ત ભવાદ્ય સમયવર્તી સૂક્ષ્મ એકેન્દ્રિય	સમયાધિક આવલિકા શેષ ક્ષીણમોહી
૨	૨	૩	૨	સર્વાલ્પ લબ્ધિ યુક્ત ભવાદ્ય સમયવર્તી સૂક્ષ્મ એકેન્દ્રિય	સમયાધિક આવલિકા શેષ ક્ષીણમોહી
૨	૨	૪	૨	અતિ સંક્લિષ્ટ પરિણામી મિથ્યાત્વી પર્યાપ્ત સંજ્ઞી	એક સાથે સમ્યક્ત્વ-સંયમાભિમુખ ચરમ સમયવર્તી મિથ્યાદષ્ટિ
૨	૨	૨	૨	અતિસંક્લિષ્ટ મિથ્યાત્વાભિમુખ ચરમ સમયવર્તી મિશ્રદષ્ટિ	સમ્યક્ત્વાભિમુખ ચરમ સમયવર્તી મિશ્રદષ્ટિ.
૨	૨	૨	૨	મિથ્યત્વાભિમુખ ચરમ સમયવર્તી સમ્યગ્દષ્ટિ	ક્ષાયિક સમ્યક્ત્વાભિમુખ સમયાધિક આવલિકા શેષ...વેદક સમ્યક્ત્વી
૨	૨	૨	૨	અતિસંક્લિષ્ટ મિથ્યાદષ્ટિ પર્યાપ્ત સંજ્ઞી	એકીસાથે સમ્યક્ત્વ-સંયમાભિમુખ ચરમ સમયવર્તી મિથ્યાદષ્ટિ

પ્રકૃતિઓ	ઘાતિ તથા સ્થાન આશ્રયી ઉ. અનુભાગ ઉદીરણા	ઘાતિ તથા સ્થાન આશ્રયી જઘ. અનુભાગ ઉદીરણા	વિપાકી
અપ્રત્યાખ્યાના-વરણ	સર્વઘાતિ ચતુઃસ્થા.	સર્વઘાતિ દ્વિસ્થા.	જીવ વિ. કેટલાય પર્યાય સહિત સર્વ જીવદ્રવ્ય
પ્રત્યાખ્યાના-વરણ	સર્વઘાતિ ચતુઃસ્થા.	સર્વઘાતિ દ્વિસ્થા.	જીવ વિ. કેટલાય પર્યાય સહિત સર્વ જીવદ્રવ્ય
સંજ્વલનત્રિક	સર્વઘાતિ ચતુઃસ્થા.	દેશઘાતિ એકસ્થા.	જીવ વિ. કેટલાય પર્યાય સહિત સર્વ જીવદ્રવ્ય
સંજ્વલન લોભ	સર્વઘાતિ ચતુઃસ્થા.	દેશઘાતિ એકસ્થા.	જીવ વિ. કેટલાય પર્યાય સહિત સર્વ જીવદ્રવ્ય
હાસ્ય રતિ	સર્વઘાતિ ચતુઃસ્થા.	દેશઘાતિ દ્વિસ્થા.	જીવ વિ. કેટલાય પર્યાય સહિત સર્વ જીવદ્રવ્ય
અરતિ-શોક-ભય-જુગુપ્સા	સર્વઘાતિ ચતુઃસ્થા.	દેશઘાતિ દ્વિસ્થા.	જીવ વિ. કેટલાય પર્યાય સહિત સર્વ જીવદ્રવ્ય
નપુંસક વેદ	સર્વઘાતિ ચતુઃસ્થા.	દેશઘાતિ એકસ્થા.	જીવ વિ. કેટલાય પર્યાય સહિત સર્વ જીવદ્રવ્ય
સ્ત્રીવેદ, પુરુષવેદ	સર્વઘાતિ દ્વિસ્થા.	દેશઘાતિ એકસ્થા.	જીવ વિ. કેટલાય પર્યાય સહિત સર્વ જીવદ્રવ્ય
સાતાવેદનીય	સર્વઘાતિ પ્રતિભાગા ચતુઃસ્થા.	સર્વઘા. પ્રતિભાગા દ્વિસ્થા.	જીવ વિપાકી
અસાતાવેદનીય	સર્વઘાતિ પ્રતિભાગા ચતુઃસ્થા.	સર્વઘા. પ્રતિભાગા દ્વિસ્થા.	જીવ વિપાકી
નીચ ગોત્ર	સર્વઘાતિ પ્રતિભાગા ચતુઃસ્થા.	સર્વઘા. પ્રતિભાગા દ્વિસ્થા.	જીવ વિપાકી
ઉચ્ચ ગોત્ર	સર્વઘાતિ પ્રતિભાગા ચતુઃસ્થા.	સર્વઘા. પ્રતિભાગા દ્વિસ્થા.	જીવ વિપાકી
નરકાયુષ્ય	સર્વઘાતિ પ્રતિભાગા ચતુઃસ્થા.	સર્વઘા. પ્રતિભાગા દ્વિસ્થા.	ભવ વિપાકી

જઘન્ય	ઉત્કૃષ્ટ	અજ-ઘન્ય	અનુ-ત્કૃષ્ટ	ઉત્કૃષ્ટ અનુભાગ ઉદીરણા સ્વામી	જઘન્ય અનુભાગ ઉદીરણાના સ્વામી
૨	૨	૨	૨	અતિસંક્લિષ્ટ મિથ્યાદૃષ્ટિ પર્યાપ્ત સંજ્ઞી	સંયમાભિમુખ ચરમ સમયવર્તી અવિરત સમ્યગ્દૃષ્ટિ
૨	૨	૨	૨	અતિસંક્લિષ્ટ મિથ્યાદૃષ્ટિ પર્યાપ્ત સંજ્ઞી	સંયમાભિમુખ ચરમ સમયવર્તી દેશવિરતિ
૨	૨	૨	૨	અતિસંક્લિષ્ટ મિથ્યાદૃષ્ટિ પર્યાપ્ત સંજ્ઞી	સ્વોદય ચરમ સમયવર્તી અનિવૃત્તિ ક્ષપક
૨	૨	૨	૨	અતિસંક્લિષ્ટ મિથ્યાદૃષ્ટિ પર્યાપ્ત સંજ્ઞી	સમયાધિક આવલિકા શેષ ક્ષપક સૂક્ષ્મ સંપરાયવર્તી
૨	૨	૨	૨	સર્વ પર્યાપ્તિએ પર્યાપ્ત સહસ્રાર કલ્પવાસી દેવ	ચરમ સમયવર્તી અપૂર્વકરણ ક્ષપક
૨	૨	૨	૨	સર્વ પર્યાપ્તિએ પર્યાપ્ત ઉ. સ્થિતિ વાળા અતિ સં. સપ્તમપૃથ્વીના નારકજીવો	ચરમ સમયવર્તી અપૂર્વકરણ ક્ષપક
૨	૨	૨	૨	સર્વ પર્યાપ્તિએ પર્યાપ્ત ઉ. સ્થિતિ વાળા અતિ સં. સપ્તમપૃથ્વીના નારકજીવો	સ્વોદીરણા ચરમ સમયવર્તી અનિવૃત્તિ-ક્ષપક
૨	૨	૨	૨	આઠ વર્ષના આયુષ્યવાળા આઠમા-વર્ષમાં વર્તતા અતિસંક્લિષ્ટ પર્યાપ્ત સંજ્ઞી તિર્યંચ	સ્વોદીરણા ચરમ સમયવર્તી અનિવૃત્તિ-ક્ષપક
૨	૨	૨	૨	ઉત્કૃષ્ટ સ્થિતિક સર્વ વિશુદ્ધ પર્યાપ્ત અનુત્તરવાસીદેવ	સ્વોદયવર્તી મધ્યમ પરિણામી ચાર-ગતિવાળા
૨	૨	૨	૨	ઉત્કૃષ્ટ સ્થિતિક અતિ સં. પર્યાપ્ત સપ્તમ પૃથ્વી-નારક	સ્વોદયવર્તી મધ્યમ પરિણામી ચાર-ગતિવાળા
૨	૨	૨	૨	ઉત્કૃષ્ટ સ્થિતિક અતિ સં. પર્યાપ્ત સપ્તમ પૃથ્વી-નારક	સ્વોદયવર્તી મધ્યમ પરિણામી તદુદય-યોગ્ય જીવો
૨	૨	૨	૨	ચરમ સમયવર્તી સયોગી કેવલી	સ્વોદયવર્તી મધ્યમ પરિણામી તદુદય-યોગ્ય જીવો
૨	૨	૨	૨	ઉત્કૃષ્ટ સ્થિતિક પર્યાપ્ત અતિ સં. સપ્તમ પૃથ્વી-નારક	સર્વ વિશુદ્ધ જઘન્ય સ્થિતિક પ્રથમ નારક

પ્રકૃતિઓ	ઘાતિ તથા સ્થાન આશ્રયી ઉ. અનુભાગ ઉદીરણા	ઘાતિ તથા સ્થાન આશ્રયી જઘ. અનુભાગ ઉદીરણા	વિપાકી
દેવાયુષ્ય	સર્વઘાતિ પ્રતિભાગા ચતુઃસ્થા.	સર્વઘા. પ્રતિભાગા દ્વિસ્થા.	ભવ વિપાકી
તિર્યંચાયુષ્ય	સર્વઘાતિ પ્રતિભાગા દ્વિસ્થા.	સર્વઘા. પ્રતિભાગા દ્વિસ્થા.	ભવ વિપાકી
મનુષ્યાયુષ્ય	સર્વઘાતિ પ્રતિભાગા દ્વિસ્થા.	સર્વઘા. પ્રતિભાગા દ્વિસ્થા.	ભવ વિપાકી
નરકગતિ	સર્વઘાતિ પ્રતિભાગા ચતુઃસ્થા.	સર્વઘા. પ્રતિભાગા દ્વિસ્થા.	જીવ વિપાકી
તિર્યંચગતિ	સર્વઘાતિ પ્રતિભાગા દ્વિસ્થા.	સર્વઘા. પ્રતિભાગા દ્વિસ્થા.	જીવ વિપાકી
મનુષ્યગતિ	સર્વઘાતિ પ્રતિભાગા દ્વિસ્થા.	સર્વઘા. પ્રતિભાગા દ્વિસ્થા.	જીવ વિપાકી
દેવગતિ	સર્વઘાતિ પ્રતિભાગા ચતુઃસ્થા.	સર્વઘા. પ્રતિભાગા દ્વિસ્થા.	જીવ વિપાકી
એકેન્દ્રિયજાતિ	સર્વઘાતિ પ્રતિભાગા દ્વિસ્થા.	સર્વઘા. પ્રતિભાગા દ્વિસ્થા.	જીવ વિપાકી
વિકલેન્દ્રિયજાતિ	સર્વઘાતિ પ્રતિભાગા દ્વિસ્થા.	સર્વઘા. પ્રતિભાગા દ્વિસ્થા.	જીવ વિપાકી
પંચેન્દ્રિયજાતિ	સર્વઘાતિ પ્રતિભાગા ચતુઃસ્થા.	સર્વઘા. પ્રતિભાગા દ્વિસ્થા.	જીવ વિપાકી
ઔદારિકષટ્ક	સર્વઘાતિ પ્રતિભાગા દ્વિસ્થા.	સર્વઘા. પ્રતિભાગા દ્વિસ્થા.	પુદ્ગલ વિપાકી
ઔદારિક અંગોપાંગ	સર્વઘાતિ પ્રતિભાગા દ્વિસ્થા.	સર્વઘા. પ્રતિભાગા દ્વિસ્થા.	પુદ્ગલ વિપાકી
વૈક્રિયષટ્ક	સર્વઘાતિ પ્રતિભાગા ચતુઃસ્થા.	સર્વઘા. પ્રતિભાગા દ્વિસ્થા.	પુદ્ગલ વિપાકી
વૈક્રિય અંગોપાંગ	સર્વઘાતિ પ્રતિભાગા ચતુઃસ્થા.	સર્વઘા. પ્રતિભાગા દ્વિસ્થા.	પુદ્ગલ વિપાકી

જઘન્ય	ઉત્કૃષ્ટ	અજ-ઘન્ય	અનુ-ત્કૃષ્ટ	ઉત્કૃષ્ટ અનુભાગ ઉદીરણા સ્વામી	જઘન્ય અનુભાગ ઉદીરણાના સ્વામી
૨	૨	૨	૨	સર્વ વિશુદ્ધ ઉત્કૃષ્ટ સ્થિતિક અનુ-ત્તર વાસી દેવ—	અતિ સંક્લિષ્ટ જઘન્ય સ્થિતિક દેવ
૨	૨	૨	૨	સર્વ વિશુદ્ધ ત્રણ પલ્યોપમના આયુષ્યવાળા યુગલિક તિર્યંચ	અતિ સંક્લિષ્ટ જઘન્ય સ્થિતિક તિર્યંચ
૨	૨	૨	૨	સર્વ વિશુદ્ધ ત્રણ પલ્યોપમના આયુષ્યવાળા યુગલિક મનુષ્ય	અતિ સંક્લિષ્ટ જઘન્ય સ્થિતિક મનુષ્ય
૨	૨	૨	૨	ઉત્કૃષ્ટ સ્થિતિવાળા પર્યાપ્ત સપ્તમ પૃથ્વી-નારક	મધ્યમ પરિણામી નારક
૨	૨	૨	૨	અતિ સં. આઠ વર્ષના આયુવાળા આઠમા વર્ષમાં વર્તતા સંજ્ઞી તિર્યંચ	મધ્યમ પરિણામી તિર્યંચ
૨	૨	૨	૨	સર્વ વિશુદ્ધ ત્રણ પલ્યોપમના આયુ-ષ્યવાળા પર્યાપ્ત યુગલિક મનુષ્ય	મધ્યમ પરિણામી મનુષ્ય
૨	૨	૨	૨	ઉત્કૃષ્ટ સ્થિતિવાળા પર્યાપ્ત અનુત્તર-વાસી-દેવ	મધ્યમ પરિણામી દેવ
૨	૨	૨	૨	અતિ સં. જઘન્ય સ્થિતિવાળા પર્યાપ્ત બાદર એકેન્દ્રિય	મધ્યમ પરિણામી એકેન્દ્રિય
૨	૨	૨	૨	અતિ સં. જઘન્ય આયુષ્યવાળા યથાસંભવ પર્યાપ્ત વિકલેન્દ્રિય	મધ્યમ પરિણામી યથાસંભવ વિકલેન્દ્રિય
૨	૨	૨	૨	ઉત્કૃષ્ટ સ્થિતિવાળા પર્યાપ્ત અનુત્તરવાસી દેવ	મધ્યમ પરિણામી પંચેન્દ્રિય
૨	૨	૨	૨	અતિ વિશુદ્ધ ત્રણ પલ્યોપમના આયુવાળા પર્યાપ્ત મનુષ્ય	અતિ સંક્લિષ્ટ અલ્પાયુ અપર્યાપ્ત સૂક્ષ્મ વાયુ
૨	૨	૨	૨	અતિ વિશુદ્ધ ત્રણ પલ્યોપમના આયુવાળા પર્યાપ્ત મનુષ્ય	અતિ સંક્લિષ્ટ અલ્પાયુ સ્વોદય પ્રથમ સમયવર્તી બેઇન્દ્રિય
૨	૨	૨	૨	ઉત્કૃષ્ટ સ્થિતિવાળા પર્યાપ્ત અનુત્તરવાસી દેવ	અલ્પાયુ અતિ સં. પર્યાપ્ત બાદર વાયુકાય
૨	૨	૨	૨	ઉત્કૃષ્ટ સ્થિતિવાળા પર્યાપ્ત અનુત્તરવાસી દેવ	અલ્પકાળ બાંધી દીર્ઘાયુ અસંજ્ઞીમાંથી આવેલ સ્વોદય પ્રથમ સમયવર્તી અતિસંક્લિષ્ટ નારક

પ્રકૃતિઓ	ઘાતિ તથા સ્થાન આશ્રયી ઉ. અનુભાગ ઉદીરણા	ઘાતિ તથા સ્થાન આશ્રયી જઘ. અનુભાગ ઉદીરણા	વિપાકી
આહારક સપ્તક	સર્વઘાતિ પ્રતિભાગા ચતુ:સ્થા.	સર્વઘા. પ્રતિભાગા દ્વિસ્થા.	પુદ્ગલ વિપાકી
તૈજસ સપ્તક, અગુરુલઘુ નિર્માણ. મૃદુ-લઘુ-વિના શુભ-વર્ણ નવક. સ્થિર-શુભ (૨૦)	સર્વઘાતિ પ્રતિભાગા ચતુ:સ્થા.	સર્વઘા. પ્રતિભાગા દ્વિસ્થા.	પુદ્ગલ વિપાકી
પ્રથમ સંઘયણ	સર્વઘાતિ પ્રતિભાગા દ્વિસ્થા.	સર્વઘા. પ્રતિભાગા દ્વિસ્થા.	પુદ્ગલ વિપાકી
મધ્યમના ચાર સંઘયણ	સર્વઘાતિ પ્રતિભાગા દ્વિસ્થા.	સર્વઘા. પ્રતિભાગા દ્વિસ્થા.	પુદ્ગલ વિપાકી
છેવટ્ઠું સંઘયણ	સર્વઘાતિ પ્રતિભાગા દ્વિસ્થા.	સર્વઘા. પ્રતિભાગા દ્વિસ્થા.	પુદ્ગલ વિપાકી
પ્રથમ સંસ્થાન	સર્વઘાતિ પ્રતિભાગા ચતુ:સ્થા.	સર્વઘા. પ્રતિભાગા દ્વિસ્થા.	પુદ્ગલ વિપાકી
મધ્યમના ચાર સંસ્થાન	સર્વઘાતિ પ્રતિભાગા દ્વિસ્થા.	સર્વઘા. પ્રતિભાગા દ્વિસ્થા.	પુદ્ગલ વિપાકી
હુંડક સંસ્થાન	સર્વઘાતિ પ્રતિભાગા ચતુ:સ્થા.	સર્વઘા. પ્રતિભાગા દ્વિસ્થા.	પુદ્ગલ વિપાકી
મૃદુ-લઘુ સ્પર્શ	સર્વઘાતિ પ્રતિભાગા ચતુ:સ્થા.	સર્વઘા. પ્રતિભાગા દ્વિસ્થા.	પુદ્ગલ વિપાકી
ગુરુ-કર્કશ સ્પર્શ	સર્વઘાતિ પ્રતિભાગા દ્વિસ્થા.	સર્વઘા. પ્રતિભાગા દ્વિસ્થા.	પુદ્ગલ વિપાકી

જઘન્ય	ઉત્કૃષ્ટ	અજ-ઘન્ય	અનુ-ત્કૃષ્ટ	ઉત્કૃષ્ટ અનુભાગ ઉદીરણા સ્વામી	જઘન્ય અનુભાગ ઉદીરણાના સ્વામી
૨	૨	૨	૨	અતિ વિશુદ્ધ પર્યાપ્ત આહારક શરીરી અપ્રમત્ત યતિ	અલ્પકાળ બાંધી તત્પ્રાયોગ્ય સંક્લિષ્ટ આહારક શરીરી પ્રમત્તયતિ
૨	૨	૨	૩	ચરમ સમયવર્તી સયોગી	તત્પ્રાયોગ્ય સંક્લિષ્ટ, અનાહારક મિથ્યાદૃષ્ટિ સંજ્ઞી પંચેન્દ્રિય
૨	૨	૨	૨	સર્વ વિશુદ્ધ ત્રણ પલ્યોપમના આયુવાળા પર્યાપ્ત યુગલિક મનુષ્ય	અતિ સંક્લિષ્ટ અલ્પાયુ સ્વોદય પ્રથમ સમયવર્તી અસંજ્ઞી પંચેન્દ્રિય
૨	૨	૨	૨	અતિ સંક્લિષ્ટ આઠ વર્ષના આયુ-ષ્યવાળા આઠમા વર્ષમાં વર્તતા સંજ્ઞી તિર્યંચ...	અતિ વિશુદ્ધ પૂર્વક્રોડ વર્ષના આયુ-ષ્યવાળા સ્વોદય પ્રથમ સમયવર્તી મનુષ્ય
૨	૨	૨	૨	અતિ સંક્લિષ્ટ આઠ વર્ષના આયુ-ષ્યવાળા આઠમા વર્ષમાં વર્તતા સંજ્ઞી તિર્યંચ...	અતિ સંક્લિષ્ટ બાર વર્ષના આયુ-ષ્યવાળા બારમા વર્ષમાં વર્તતા બેઇન્દ્રિય
૨	૨	૨	૨	સર્વ વિશુદ્ધ પર્યાપ્ત આહારક શરીરી અપ્રમત્તયતિ	અતિ સંક્લિષ્ટ અલ્પાયુ સ્વોદય પ્રથમ સમયવર્તી અસંજ્ઞી પંચેન્દ્રિય
૨	૨	૨	૨	અતિ સંક્લિષ્ટ આઠ વર્ષના આયુ-ષ્યવાળા આઠમા વર્ષમાં વર્તતા સંજ્ઞી તિર્યંચ...	અતિ વિશુદ્ધ પૂર્વક્રોડ વર્ષના આયુ-ષ્યવાળા સ્વોદય પ્રથમ સમયવર્તી અસંજ્ઞી પંચેન્દ્રિય
૨	૨	૨	૨	અતિ સંક્લિષ્ટ ઉ. સ્થિતિવાળા પર્યાપ્ત સપ્તમ પૃથ્વી નારક	ઉ. આયુષ્યવાળા સ્વોદય પ્રથમ સમયવર્તી સૂક્ષ્મ વિશુદ્ધ પરિણામી
૨	૨	૨	૪	અતિ વિશુદ્ધ પર્યાપ્ત આહારક શરીરી અપ્રમત્ત યતિ	તત્પ્રાયોગ્ય વિશુદ્ધ અનાહારક સંજ્ઞી પંચેન્દ્રિય
૨	૨	૪	૨	અતિ સંક્લિષ્ટ આઠ વર્ષના આયુ-ષ્યવાળા આઠમા વર્ષમાં વર્તતા સંજ્ઞી તિર્યંચ	કેવલી સમુદ્ઘાતમાં ષષ્ઠ સમયવર્તી

પ્રકૃતિઓ	ઘાતિ તથા સ્થાન આશ્રયી ઉ. અનુભાગ ઉદીરણા	ઘાતિ તથા સ્થાન આશ્રયી જઘ. અનુભાગ ઉદીરણા	વિપાકી
ગુરુ-કર્કશ વિના અશુભ-વર્ણ સમક અસ્થિર અશુભ (૯)	સર્વઘાતિ પ્રતિભાગા ચતુ:સ્થા.	સર્વઘા. પ્રતિભાગા દ્વિસ્થા.	પુદ્ગલ વિપાકી
નરકાનુપૂર્વી	સર્વઘાતિ પ્રતિભાગા દ્વિસ્થા.	સર્વઘા. પ્રતિભાગા દ્વિસ્થા.	ક્ષેત્ર વિપાકી
દેવાનુપૂર્વી	સર્વઘાતિ પ્રતિભાગા દ્વિસ્થા.	સર્વઘા. પ્રતિભાગા દ્વિસ્થા.	ક્ષેત્ર વિપાકી
તિર્યંચાનુપૂર્વી	સર્વઘાતિ પ્રતિભાગા દ્વિસ્થા.	સર્વઘા. પ્રતિભાગા દ્વિસ્થા.	ક્ષેત્ર વિપાકી
મનુષ્યાનુપૂર્વી	સર્વઘાતિ પ્રતિભાગા દ્વિસ્થા.	સર્વઘા. પ્રતિભાગા દ્વિસ્થા.	ક્ષેત્ર વિપાકી
અશુભવિહાયો-ગતિ	સર્વઘાતિ પ્રતિભાગા ચતુ:સ્થા.	સર્વઘા. પ્રતિભાગા દ્વિસ્થા.	જીવ વિપાકી
શુભવિહાયો-ગતિ	સર્વઘાતિ પ્રતિભાગા ચતુ:સ્થા.	સર્વઘા. પ્રતિભાગા દ્વિસ્થા.	જીવ વિપાકી
ઉપઘાત	સર્વઘાતિ પ્રતિભાગા ચતુ:સ્થા.	સર્વઘા. પ્રતિભાગા દ્વિસ્થા.	પુદ્ગલ વિપાકી
પરાઘાત	સર્વઘાતિ પ્રતિભાગા ચતુ:સ્થા.	સર્વઘા. પ્રતિભાગા દ્વિસ્થા.	પુદ્ગલ વિપાકી
આતપ	સર્વઘાતિ પ્રતિભાગા દ્વિસ્થા.	સર્વઘા. પ્રતિભાગા દ્વિસ્થા.	પુદ્ગલ વિપાકી
ઉદ્યોત	સર્વઘાતિ પ્રતિભાગા ચતુ:સ્થા.	સર્વઘા. પ્રતિભાગા દ્વિસ્થા.	પુદ્ગલ વિપાકી
ઉચ્છ્વાસ	સર્વઘાતિ પ્રતિભાગા ચતુ:સ્થા.	સર્વઘા. પ્રતિભાગા દ્વિસ્થા.	જીવ વિપાકી
તીર્થંકર નામકર્મ	સર્વઘાતિ પ્રતિભાગા ચતુ:સ્થા.	સર્વઘા. પ્રતિભાગા દ્વિસ્થા.	જીવ વિપાકી

જઘન્ય	ઉત્કૃષ્ટ	અજ-ઘન્ય	અનુ-ત્કૃષ્ટ	ઉત્કૃષ્ટ અનુભાગ ઉદીરણા સ્વામી	જઘન્ય અનુભાગ ઉદીરણાના સ્વામી
૨	૨	૩	૨	અતિ સંક્લિષ્ટ મિથ્યાદષ્ટિ, પર્યાપ્ત સંજ્ઞી	ચરમ સમયવર્તી સયોગી
૨	૨	૨	૨	ઉ. સ્થિતિવાળા વિગ્રહગતિ તૃતીય સમયવર્તી સપ્તમ પૃથ્વી નારક	મધ્યમ પરિણામી વિગ્રહગતિવર્તી નારક
૨	૨	૨	૨	ઉ. સ્થિતિવાળા વિગ્રહગતિ તૃતીય સમયવર્તી અનુત્તર દેવ	મધ્યમ પરિણામી વિગ્રહગતિવર્તી દેવ
૨	૨	૨	૨	અતિ સંક્લિષ્ટ આઠ વર્ષના આયુ-ષ્યવાળા વિગ્રહગતિ તૃતીય સમય-વર્તી સંજ્ઞી તિર્યંચ	મધ્યમ પરિણામી વિગ્રહગતિવર્તી તિર્યંચ
૨	૨	૨	૨	અતિ વિશુદ્ધ ત્રણ પલ્યોપમના આયુષ્યવાળા વિગ્રહગતિ તૃતીય સમયવર્તી મનુષ્ય	મધ્યમ પરિણામી વિગ્રહગતિવર્તી મનુષ્ય
૨	૨	૨	૨	અતિ સંક્લિષ્ટ ઉત્કૃષ્ટ સ્થિતિવાળા પર્યાપ્ત સપ્તમ પૃથ્વી નારક	મધ્યમ પરિણામી
૨	૨	૨	૨	સર્વ વિશુદ્ધ પર્યાપ્ત આહારક શરીરી અપ્રમત્તયતિ	મધ્યમ પરિણામી
૨	૨	૨	૨	ઉત્કૃષ્ટ સ્થિતિવાળા પર્યાપ્ત સપ્તમ પૃથ્વી નારક	વિશુદ્ધ દીર્ઘાયુ શરીરસ્થ સૂક્ષ્મ
૨	૨	૨	૨	સર્વ વિશુદ્ધ પર્યા. આહારક શરીરી અપ્રમત્તયતિ	દીર્ઘાયુ અતિ સં. પર્યાપ્ત ચરમ સમયવર્તી સૂક્ષ્મ
૨	૨	૨	૨	સર્વ વિશુદ્ધ બાદરપર્યાપ્ત ખર પૃથ્વીકાય	અતિ સં. સ્વોદય પ્રથમ સમયવર્તી ખર બાદર પૃથ્વીકાય
૨	૨	૨	૨	સર્વ વિશુદ્ધ પર્યાપ્ત વૈક્રિયશરીરી અપ્રમત્તયતિ	અતિ સં. સ્વોદય પ્રથમ સમયવર્તી ખર બાદર પર્યા. એકેન્દ્રિય
૨	૨	૨	૨	ઉ. સ્થિતિવાળા પર્યાપ્ત અનુત્તર-વાસી દેવ	ઉચ્છ્વાસ પર્યાપ્તિએ પર્યાપ્ત મધ્યમ પરિણામી
૨	૨	૨	૨	ચરમ સમયવર્તી સયોગી તીર્થંકર ભગવંત	આયોજિકાકરણની પહેલાં તીર્થંકર કેવલી

પ્રકૃતિઓ	ઘાતિ તથા સ્થાન આશ્રયી ઉ. અનુભાગ ઉદીરણા	ઘાતિ તથા સ્થાન આશ્રયી જઘ. અનુભાગ ઉદીરણા	વિપાકી
ત્રસત્રિક	સર્વઘાતિ પ્રતિભાગા ચતુઃસ્થા.	સર્વઘા. પ્રતિભાગા દ્વિસ્થા.	જીવ વિપાકી
પ્રત્યેક	સર્વઘાતિ પ્રતિભાગા ચતુઃસ્થા.	સર્વઘા. પ્રતિભાગા દ્વિસ્થા.	પુદ્ગલ વિપાકી
સૌભાગ્ય, આદેય, યશ,	સર્વઘાતિ પ્રતિભાગા ચતુઃસ્થા.	સર્વઘા. પ્રતિભાગા દ્વિસ્થા.	જીવ વિપાકી
સુસ્વર	સર્વઘાતિ પ્રતિભાગા ચતુઃસ્થા.	સર્વઘા. પ્રતિભાગા દ્વિસ્થા.	જીવ વિપાકી
સ્થાવર	સર્વઘાતિ પ્રતિભાગા દ્વિસ્થા.	સર્વઘા. પ્રતિભાગા દ્વિસ્થા.	જીવ વિપાકી
સૂક્ષ્મ-	સર્વઘાતિ પ્રતિભાગા દ્વિસ્થા.	સર્વઘા. પ્રતિભાગા દ્વિસ્થા.	જીવ વિપાકી
અપર્યાપ્ત	સર્વઘાતિ પ્રતિભાગા દ્વિસ્થા.	સર્વઘા. પ્રતિભાગા દ્વિસ્થા.	જીવ વિપાકી
સાધારણ	સર્વઘાતિ પ્રતિભાગા દ્વિસ્થા.	સર્વઘા. પ્રતિભાગા દ્વિસ્થા.	પુદ્ગલ વિપાકી
દૌર્ભાગ્ય ચતુષ્ક	સર્વઘાતિ પ્રતિભાગા ચતુસ્થા.	સર્વઘા. પ્રતિભાગા દ્વિસ્થા.	જીવ વિપાકી

જઘન્ય	ઉત્કૃષ્ટ	અજ-ઘન્ય	અનુ-ત્કૃષ્ટ	ઉત્કૃષ્ટ અનુભાગ ઉદીરણા સ્વામી	જઘન્ય અનુભાગ ઉદીરણાના સ્વામી
૨	૨	૨	૨	ઉ. સ્થિતિવાળા પર્યાપ્ત અનુત્તર-વાસી દેવ	પરાવર્તમાન મધ્યમ પરિણામી તે તે પ્રકૃતિના ઉદયવાળા જીવો
૨	૨	૨	૨	સર્વ વિશુદ્ધ પર્યાપ્ત આહારક શરીરી અપ્રમત્તયતિ	અતિ સં. અલ્પાયુ શરીરસ્થ અપર્યાપ્ત સૂક્ષ્મવાયુ
૨	૨	૨	૨	ચરમ સમયવર્તી સયોગી	સ્વોદયવર્તી પરાવર્તમાન મધ્યમ પરિણામી
૨	૨	૨	૨	ઉ. સ્થિતિવાળા પર્યાપ્ત અનુત્તરવાસી દેવ	સ્વોદયવર્તી પરાવર્તમાન મધ્યમ પરિણામી
૨	૨	૨	૨	જઘન્ય સ્થિતિવાળા અતિસંક્લિષ્ટ પર્યાપ્ત બાદર એકેન્દ્રિય	પરાવર્તમાન મધ્યમ પરિણામી સ્થાવર
૨	૨	૨	૨	જઘન્ય સ્થિતિવાળા અતિસંક્લિષ્ટ પર્યાપ્ત સૂક્ષ્મ	પરાવર્તમાન મધ્યમ પરિણામી સૂક્ષ્મ
૨	૨	૨	૨	અતિસંક્લિષ્ટ ચરમસમયવર્તી અપર્યાપ્ત મનુષ્ય	પરાવર્તમાન મધ્યમ પરિણામી અપર્યાપ્ત
૨	૨	૨	૨	જઘન્ય સ્થિતિવાળા અતિસંક્લિષ્ટ પર્યાપ્ત બાદર નિગોદ	ઉ. આયુવાળા સ્વોદય પ્રથમ સમય-વર્તી સૂક્ષ્મ વિશુદ્ધ પરિણામી
૨	૨	૨	૨	ઉ. સ્થિતિવાળા અતિસંક્લિષ્ટ પર્યાપ્ત સપ્તમ પૃથ્વી નારક	સ્વોદયવર્તી પરાવર્તમાન મધ્યમ પરિણામી

પ્રદેશ-

પ્રકૃતિઓ	સંખ્યા	જઘન્ય	ઉત્કૃષ્ટ	અજઘન્ય	અનુત્કૃષ્ટ
અવધિ વિના ચાર જ્ઞાનાવરણીય, ત્રણ દર્શનાવરણીય પાંચ અંતરાય.	૧૨	૨	૨	૨	૩
અવધિદ્વિક આવરણ	૨	૨	૨	૨	૩
નિદ્રા-પ્રચલા	૨	૨	૨	૨	૨
થીણદ્ધિત્રિક	૩	૨	૨	૨	૨
સાતા-અસાતાવેદનીય	૨	૨	૨	૨	૨
મિથ્યાત્વ મોહનીય	૧	૨	૨	૨	૪
મિશ્રમોહનીય	૧	૨	૨	૨	૨
સમ્યક્ત્વ મોહનીય	૧	૨	૨	૨	૨
અનંતાનુબંધી ચતુષ્ક	૪	૨	૨	૨	૨
અપ્રત્યાખ્યાનાવરણ ચતુષ્ક	૪	૨	૨	૨	૨
પ્રત્યાખ્યાનાવરણ ચતુષ્ક	૪	૨	૨	૨	૨
સંજ્વલન ત્રિક	૩	૨	૨	૨	૨
સંજ્વલન લોભ	૧	૨	૨	૨	૨
હાસ્યષટ્ક	૬	૨	૨	૨	૨
વેદત્રિક	૩	૨	૨	૨	૨
નરકાયુષ્ય	૧	૨	૨	૨	૨
દેવાયુષ્ય	૧	૨	૨	૨	૨
તિર્યંચ-મનુષ્યાયુષ્ય	૨	૨	૨	૨	૨
નીચ ગોત્ર	૧	૨	૨	૨	૨

-उदीरणा यन्त्रकम् ॥

ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણા સ્વામી (સર્વત્ર—તે તે પ્રકૃતિના ઉદયવાળા ગુણિતકર્માંશ જીવો સમજવા)	જઘન્ય પ્રદેશ ઉદીરણા સ્વામી (સર્વત્ર—તે તે પ્રકૃતિના ઉદયવાળા-પ્રાયઃ ક્ષપિત-કર્માંશ જીવો સમજવા)
સમયાધિક આવલિકા શેષ ક્ષીણમોહી	સર્વપર્યાપ્તિએ પર્યાપ્ત અતિસંક્લિષ્ટ મિથ્યાદષ્ટિ
અવધિલબ્ધિ રહિત સમયાધિક આવલિકા શેષ ક્ષીણમોહી	અવધિલબ્ધિયુક્ત સર્વ પર્યા. પર્યાપ્ત અતિ સં. મિથ્યાદષ્ટિ.
ઉપશાંતમોહી	તત્પ્રાયોગ્ય સંક્લિષ્ટ મધ્યમ પરિણામી સંજ્ઞી
તત્પ્રાયોગ્ય વિશુદ્ધ પ્રમત્તયતિ	તત્પ્રાયોગ્ય સંક્લિષ્ટ મધ્યમ પરિણામી સંજ્ઞી
અપ્રમત્તાભિમુખ પ્રમત્તયતિ	સર્વ પર્યાપ્તિએ પર્યાપ્ત અતિસંક્લિષ્ટ મિથ્યાદષ્ટિ
એકીસાથે સમ્યક્ત્વ-ચારિત્રાભિમુખ ચરમસમયવર્તી મિથ્યાદષ્ટિ.	સર્વ પર્યાપ્તિએ પર્યાપ્ત અતિસંક્લિષ્ટ મિથ્યાદષ્ટિ
સમ્યક્ત્વાભિમુખ ચરમસમયવર્તી મિશ્રદષ્ટિ.	મિથ્યાત્વાભિમુખ ચરમસમયવર્તી મિશ્રદષ્ટિ
ક્ષાયિક સમ્યક્ત્વાભિમુખ સમયાધિક આવલિકા શેષ વેદક સમ્યક્ત્વી.	મિથ્યાત્વાભિમુખ ચરમસમયવર્તી અવિરતસમ્યક્ત્વી
એકીસાથે સમ્યક્ત્વ-ચારિત્રાભિમુખ ચરમસમયવર્તી મિથ્યાદષ્ટિ.	સર્વ પર્યાપ્તિએ પર્યાપ્ત અતિસંક્લિષ્ટ મિથ્યાદષ્ટિ
સંયમાભિમુખ ચરમસમયવર્તી અવિરત સમ્યક્ત્વી	સર્વ પર્યાપ્તિએ પર્યાપ્ત અતિસંક્લિષ્ટ મિથ્યાદષ્ટિ
સંયમાભિમુખ ચરમસમયવર્તી દેશવિરતિ સમ્યક્ત્વી	સર્વ પર્યાપ્તિએ પર્યાપ્ત અતિસંક્લિષ્ટ મિથ્યાદષ્ટિ
સ્વોદીરણા ચરમસમયવર્તી ક્ષપક અનિવૃત્તિકરણ	સર્વ પર્યાપ્તિએ પર્યાપ્ત અતિસંક્લિષ્ટ મિથ્યાદષ્ટિ
સમયાધિક આવલિકા શેષ ક્ષપક સૂક્ષ્મસંપરાયી	સર્વ પર્યાપ્તિએ પર્યાપ્ત અતિસંક્લિષ્ટ મિથ્યાદષ્ટિ
ચરમસમયવર્તી ક્ષપક અપૂર્વકરણ	સર્વ પર્યાપ્તિએ પર્યાપ્ત અતિસંક્લિષ્ટ મિથ્યાદષ્ટિ
સ્વોદીરણા ચરમસમયવર્તી ક્ષપક અનિવૃત્તિકરણ	સર્વ પર્યાપ્તિએ પર્યાપ્ત અતિસંક્લિષ્ટ મિથ્યાદષ્ટિ
ઉ. સ્થિતિવાળા તીવ્રદુઃખી સપ્તમપૃથ્વી નારક	જ. સ્થિતિવાળા સુખી નારક
જઘ. સ્થિતિવાળા તીવ્ર દુઃખી દેવ	ઉ. સ્થિતિવાળા સુખી અનુત્તરવાસી
આઠ વર્ષના આયુષ્યવાળા આઠમા વર્ષમાં વર્તતા અતિદુઃખી ક્રમશઃ તિર્યંચ અને મનુષ્ય—	ત્રણ પલ્યોપમના આયુષ્યવાળા અતિસુખી ક્રમશઃ તિર્યંચ અને મનુષ્ય.
સંયમાભિમુખ ચરમસમયવર્તી અવિરત સમ્યક્ત્વી	સર્વોત્કૃષ્ટ સંક્લિષ્ટ મિથ્યાદષ્ટિ પર્યાપ્ત સંજ્ઞી.

પ્રકૃતિઓ	સંખ્યા	જઘન્ય	ઉત્કૃષ્ટ	અજઘન્ય	અનુત્કૃષ્ટ
ઉચ્ચ ગોત્ર	૧	૨	૨	૨	૨
દેવગતિ, નરકગતિ	૨	૨	૨	૨	૨
તિર્યંચગતિ	૧	૨	૨	૨	૨
મનુષ્યગતિ	૧	૨	૨	૨	૨
એકેન્દ્રિયજાતિ	૧	૨	૨	૨	૨
વિકલેન્દ્રિય	૩	૨	૨	૨	૨
પંચેન્દ્રિયજાતિ, ઔદારિક સપ્તક, પ્રથમસંઘયણ,- છ સંસ્થાન, ત્રસ ચતુષ્ક, સૌભાગ્ય, આદેયદ્વિક, ઉપઘાત, પરાઘાત, વિહાયોગતિદ્વિક,	૨૬	૨	૨	૨	૨
વૈક્રિય સપ્તક	૭	૨	૨	૨	૨
આહારક સપ્તક	૭	૨	૨	૨	૨
તૈજસસપ્તક, વર્ણાદિ-વીસ, અગુરુલઘુ, નિર્માણ, સ્થિરદ્વિક, અસ્થિરદ્વિક,	૩૩	૨	૨	૨	૩
નરક-તિર્યંચાનુપૂર્વી	૨	૨	૨	૨	૨
દેવ-મનુષ્યાનુપૂર્વી	૨	૨	૨	૨	૨
આતપ	૧	૨	૨	૨	૨
ઉદ્યોત	૧	૨	૨	૨	૨
ઉચ્છ્વાસ, સુસ્વર, દુઃસ્વર	૩	૨	૨	૨	૨
તીર્થંકર નામકર્મ	૧	૨	૨	૨	૨
સ્થાવર, સૂક્ષ્મ, સાધારણ	૩	૨	૨	૨	૨
અપર્યાપ્ત	૧	૨	૨	૨	૨
દૌર્ભાગ્ય, અનાદેય, અપયશ	૩	૨	૨	૨	૨
અંતિમ પાંચ સંઘયણ	૫	૨	૨	૨	૨

ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણા સ્વામી (સર્વત્ર—તે તે પ્રકૃતિના ઉદયવાળા ગુણિતકર્માંશ જીવો સમજવા)	જઘન્ય પ્રદેશ ઉદીરણા સ્વામી (સર્વત્ર—તે તે પ્રકૃતિના ઉદયવાળા-પ્રાયઃ ક્ષપિત-કર્માંશ જીવો સમજવા)
ચરમ સમયવર્તી સયોગી	સર્વોત્કૃષ્ટ સંક્લિષ્ટ મિથ્યાદૃષ્ટિ પર્યાપ્ત સંજ્ઞી.
વિશુદ્ધ ક્ષાયિક સમ્યક્ત્વી ક્રમશઃ દેવ અને નારક	સર્વોત્કૃષ્ટ સંક્લિષ્ટ મિથ્યાદૃષ્ટિ પર્યાપ્ત સંજ્ઞી.
સર્વ વિશુદ્ધ દેશવિરતિ તિર્યંચ	સર્વોત્કૃષ્ટ સંક્લિષ્ટ મિથ્યાદૃષ્ટિ પર્યાપ્ત તિર્યંચ
ચરમ સમયવર્તી સયોગી	સર્વોત્કૃષ્ટ સંક્લિષ્ટ મિથ્યા. ગર્ભજ પર્યાપ્ત મનુષ્ય.
વિશુદ્ધ બાદર પર્યાપ્ત પૃથ્વીકાય	અતિ સંક્લિષ્ટ બાદર પર્યાપ્ત એકેન્દ્રિય—
અતિ વિશુદ્ધ પર્યાપ્ત વિકલેન્દ્રિય	અતિ સંક્લિષ્ટ બાદર પર્યાપ્ત વિકલેન્દ્રિય
ચરમ સમયવર્તી સયોગી	સર્વોત્કૃષ્ટ સંક્લિષ્ટ મિથ્યાદૃષ્ટિ પર્યાપ્ત સંજ્ઞી.
સર્વ વિશુદ્ધ અપ્રમત્તયતિ.	સર્વોત્કૃષ્ટ સંક્લિષ્ટ મિથ્યાદૃષ્ટિ પર્યાપ્ત સંજ્ઞી.
સર્વ વિશુદ્ધ અપ્રમત્તયતિ.	તત્પ્રાયોગ્ય સંક્લિષ્ટ પ્રમત્તયતિ
ચરમસમયવર્તી સયોગી	સર્વોત્કૃષ્ટ સંક્લિષ્ટ મિથ્યાદૃષ્ટિ પર્યાપ્ત સંજ્ઞી.
વિગ્રહગતિ તૃતીય સમયવર્તી ક્ષાયિક સમ્યક્ત્વી ક્રમશઃ નારક અને તિર્યંચ	વિગ્રહગતિવર્તી અતિસંક્લિષ્ટ ક્રમશઃ નારક અને તિર્યંચ
વિગ્રહગતિ તૃતીયં સમયવર્તી ક્ષાયિક સમ્યક્ત્વી મતાન્તરે વિશુદ્ધસમ્યક્ત્વી ક્રમશઃ દેવ અને મનુષ્ય.	અતિસંક્લિષ્ટ વિગ્રહગતિવર્તી મિથ્યાત્વી ક્રમશઃ દેવ અને મનુષ્ય.
અતિવિશુદ્ધ પર્યાપ્ત ખર પૃથ્વીકાય	અતિસંક્લિષ્ટ પર્યાપ્ત ખર પૃથ્વીકાય.
સર્વ વિશુદ્ધ ઉત્તરશરીરી અપ્રમત્તયતિ	અતિસંક્લિષ્ટ મિથ્યાદૃષ્ટિ પર્યાપ્ત સંજ્ઞી
સ્વનિરોધ ચરમ સમયવર્તી સયોગી	અતિસંક્લિષ્ટ મિથ્યાદૃષ્ટિ પર્યાપ્ત સંજ્ઞી
ચરમ સમયવર્તી સયોગી	આયોજિકાકરણની પહેલાં તીર્થંકર કેવલી
અતિ વિશુદ્ધ ક્રમશઃ પર્યાપ્ત પૃથ્વીકાય સૂક્ષ્મ અને સાધારણ	અતિસંક્લિષ્ટ ક્રમશઃ પર્યાપ્ત સ્થાવર, સૂક્ષ્મ અને સાધારણ.
ચરમ સમયવર્તી સંમૂર્ચ્છિમ મનુષ્ય	અતિસં. ચરમ સમયવર્તી અપર્યાપ્ત ગર્ભજ મનુષ્ય
સંયમાભિમુખ ચરમ સમયવર્તી અવિરત સમ્યક્ત્વી	અતિસંક્લિષ્ટ મિથ્યાદૃષ્ટિ પર્યાપ્ત સંજ્ઞી
સર્વ વિશુદ્ધ સ્વોદયવર્તી અપ્રમત્તયતિ	અતિસંક્લિષ્ટ મિથ્યાદૃષ્ટિ પર્યાપ્ત સંજ્ઞી

શ્રી શંખેશ્વર-પાર્શ્વનાથાય નમઃ

પંચસંગ્રહ—દ્વિતીયભાગ

શ્રી ઉદીરણાકરણ સારસંગ્રહ

(૧) લક્ષણ—કષાયસહિત અથવા કષાયરહિત યોગ સંજ્ઞાવાળા વીર્યથી ઉદયાવલિકાની બહારની સ્થિતિઓમાં રહેલ દલિકોને ખેંચી ઉદયાવલિકામાં નાખવાં અર્થાત્ ઉદયાવલિકામાં રહેલ દલિકો સાથે ભોગવવા યોગ્ય કરવાં તે ઉદીરણા કહેવાય છે.

(૨) ભેદ—પ્રકૃતિ-સ્થિતિ-અનુભાગ અને પ્રદેશની અપેક્ષાએ તે ઉદીરણાના ચાર પ્રકાર છે. તે એક એક ઉદીરણા મૂળ પ્રકૃતિઓ અને ઉત્તર પ્રકૃતિઓ આશ્રયી બબ્બે પ્રકારે છે. તેમાં મૂળ કર્મોની જ્ઞાનાવરણીય વગેરે આઠ પ્રકારે અને ઉત્તર પ્રકૃતિઓની ઉદીરણા મતિજ્ઞાનાવરણીય વગેરે એકસો અઠ્ઠાવન પ્રકારે છે.

(૩) સાદ્યાદિ પ્રરૂપણા—વેદનીય અને મોહનીય કર્મની સાદિ, અનાદિ, ધ્રુવ અને અધ્રુવ એમ ચાર-ચાર પ્રકારે આયુષ્યની સાદિ-અધ્રુવ એમ બે પ્રકારે અને જ્ઞાનાવરણીય વગેરે શેષ પાંચ કર્મની સાદિ વિના ત્રણ-ત્રણ પ્રકારે હોવાથી આઠે મૂળકર્મના પચીસ ભાંગા થાય છે.

ત્યાં વેદનીય કર્મની પ્રમત્ત ગુણસ્થાનક સુધી અને મોહનીયકર્મની ઉદીરણા સૂક્ષ્મસંપરાયની સમયાધિક આવલિકા બાકી હોય ત્યાં સુધી હોય છે. તેથી ઉપરનાં ગુણસ્થાનકોમાં હોતી નથી એટલે ઉપરના ગુણસ્થાનકેથી પ્રમત્ત ગુણસ્થાનકે આવે ત્યારે વેદનીયની અને અગિયારમા ગુણસ્થાનકથી દશમા અથવા ચોથા ગુણસ્થાનકે આવે ત્યારે મોહનીયની સાદિ, અપ્રમત્ત અને સૂક્ષ્મસંપરાયગુણસ્થાનકની ચરમ આવલિકાને પ્રાપ્ત નહીં થયેલા જીવોને અનાદિ, અભવ્યોને ઉદીરણાનો વિચ્છેદ થવાનો ન હોવાથી ધ્રુવ અને ભવ્ય જીવોને ઉદીરણાનો વિચ્છેદ થવાનો હોવાથી અધ્રુવ એમ ચાર પ્રકારે છે.

આયુષ્યકર્મની પોતપોતાના ભવની છેલ્લી આવલિકામાં ઉદીરણા હોતી નથી અને પરભવની ઉત્પત્તિના પ્રથમ સમયથી શરૂ થાય છે. તેથી સાદિ-અધ્રુવ એમ બે પ્રકારે છે.

જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાયકર્મની બારમા ગુણસ્થાનકની સમયાધિક આવલિકા બાકી હોય ત્યાં સુધી અને નામ તથા ગોત્રની સયોગીના ચરમસમય સુધી હંમેશાં ઉદીરણા થાય છે. માટે અનાદિ, અભવ્યોને ધ્રુવ અને ભવ્ય જીવોને અધ્રુવ એમ ત્રણ પ્રકારે હોય છે. પરંતુ અહીંથી પડવાનો અભાવ હોવાથી સાદિ થતી નથી.

મિથ્યાત્વની સાદ્યાદિ ચાર પ્રકારે હોવાથી ચાર, પાંચ જ્ઞાનાવરણ, ચાર દર્શનાવરણ, પાંચ અંતરાય, વર્ણાદિ વીસ, તૈજસ-કાર્મણ સપ્તક, સ્થિર-અસ્થિર શુભ-અશુભ, અગુરુલઘુ અને નિર્માણ—આ સુડતાળીસ ધ્રુવોદયી પ્રકૃતિઓની સાદિ વિના ત્રણ પ્રકારે હોવાથી એકસો એકતાળીસ અને બાકીની એકસોદશ અધ્રુવોદયી પ્રકૃતિઓની ઉદીરણા સાદિ અને અધ્રુવ એમ બે

પ્રકારે હોવાથી બસો વીસ—એમ ઉત્તરપ્રકૃતિઓ આશ્રયી કુલ ત્રણસો પાંસઠ ભાંગા થાય છે.

ત્યાં અધ્રુવોદયી પ્રકૃતિઓનો ઉદય અમુક ટાઇમે જ હોય છે અને જ્યારે ઉદય હોય છે ત્યારે જ ઉદીરણા હોય છે. માટે સાદિ અને અધ્રુવ સુપ્રતીત જ છે.

સમ્યક્ત્વીને મિથ્યાત્વની ઉદીરણા હોતી નથી પરંતુ સમ્યક્ત્વથી પડી મિથ્યાત્વે જાય ત્યારે શરૂ થાય છે માટે સાદિ, સમ્યક્ત્વ ન પામેલા જીવોને અનાદિ, અભવ્યોને ધ્રુવ અને ભવ્યોને અધ્રુવ હોય છે.

મતિજ્ઞાનાવરણીય વગેરે ચૌદ ઘાતી પ્રકૃતિઓની બારમા ગુણસ્થાનકની સમયાધિક આવલિકા બાકી હોય ત્યાં સુધી અને શેષ નામકર્મની તેત્રીસ ધ્રુવોદયી પ્રકૃતિઓની સયોગીના ચરમ સમય સુધી હંમેશાં ઉદીરણા હોય છે માટે અનાદિ, અભવ્યોને ધ્રુવ અને ભવ્ય જીવો આશ્રયી અધ્રુવ હોય છે. અહીંથી પડવાનો અભાવ હોવાથી સાદિ થતી નથી.

(૪) **સ્વામી**—વેદનીય અને પોત-પોતાના ભવની ચરમ આવલિકા વર્જી આયુષ્યના પ્રમત્તગુણઠાણા સુધીના, નામ અને ગોત્રકર્મના તેરમા ગુણસ્થાનક સુધીના. મોહનીયના ચરમ આવલિકા વિના દશમા ગુણસ્થાનક સુધીના અને જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય તથા અંતરાયના ચરમ આવલિકા વિના બારમા ગુણસ્થાનક સુધીના સર્વ જીવો ઉદીરણાના સ્વામી છે.

ઉપઘાત, પ્રત્યેક, સાધારણ અને પરાઘાત આ ચાર પ્રકૃતિઓની ઉદીરણાના સ્વામી શરીર પર્યાપ્તિએ પર્યાપ્તા જીવો કહ્યા છે. પરંતુ પરાઘાતના શરીર પર્યાપ્તિએ પર્યાપ્તા લબ્ધિપર્યાપ્તા અને શેષ ત્રણ પ્રકૃતિઓના ઉત્પત્તિસ્થાને આવેલા સઘળા જીવો સંભવે છે. તથા કર્મપ્રકૃતિ ઉદીરણામાં તે જ પ્રમાણે બતાવેલ છે. વિશેષ સ્પષ્ટતા માટે મૂળ-ભાષાન્તર ઉદીરણાકરણ-ગાથા પાંચની ટિપ્પણ જોવી.

પાંચ જ્ઞાનાવરણ, ચાર દર્શનાવરણ અને પાંચ અંતરાય આ ચૌદ પ્રકૃતિઓના બારમા ગુણસ્થાનકની સમયાધિક આવલિકા શેષ સુધીના જીવો સ્વામી છે.

ત્રસત્રિક, સ્થાવરત્રિક, ચાર ગતિ, પાંચ જાતિ, ચાર આયુષ્ય, ત્રણ દર્શન-મોહનીય અને ત્રણ વેદ આ પચીસ પ્રકૃતિઓની તે તે નામવાળા વિગ્રહગતિમાં તેમજ અયોગી વિનાના ભવસ્થ યથાસંભવ સઘળા જીવો અને ચારે આનુપૂર્વીના તે તે નામવાળા વિગ્રહગતિમાં વર્તતા જીવો ઉદીરણાના સ્વામી છે. પરંતુ ચારે આયુષ્યમાં ચરમાવલિકા સિવાયના સમજવા.

જેમ—ત્રસો ત્રસનામકર્મ, સાધારણ નામકર્મના ઉદયવાળા સાધારણ નામકર્મના, દેવો દેવગતિનામકર્મ અને દેવાયુષ્યના, પંચેન્દ્રિયો પંચેન્દ્રિય જાતિનામકર્મના, ઉપશમ સમ્યક્ત્વ પામતાં પ્રથમ સ્થિતિની ચરમાવલિકા સિવાયના મિથ્યાદષ્ટિઓ મિથ્યાત્વ મોહનીયના, મિશ્રદષ્ટિઓ મિશ્રમોહનીયના, ક્ષાયિક સમ્યક્ત્વ પામતાં ચરમાવલિકા સિવાયના ક્ષયોપશમ સમ્યગ્દષ્ટિઓ સમ્યક્ત્વમોહનીયના, સ્રીવેદોદયવાળા સ્રીવેદના અને વિગ્રહગતિમાં વર્તમાન નારકો નરકાનુપૂર્વીના ઉદીરકો છે. એમ સર્વત્ર સમજવું.

આહારકશરીરી, વૈક્રિયલબ્ધિસંપન્ન વૈક્રિયશરીરી-મનુષ્યો અને તિર્યંચો, દેવો અને નારકો સિવાયના એકેન્દ્રિયો, વિકલેન્દ્રિયો, પંચેન્દ્રિયતિર્યંચો અને મનુષ્યો ઔદારિક શરીર, ઔદારિક

બંધન ચતુષ્ટય અને ઔદારિક સંઘાતન આ છ પ્રકૃતિઓના તેમજ એકેન્દ્રિયોને અંગોપાંગનો ઉદય ન હોવાથી શેષ બેઇન્દ્રિય વગેરે જે ઔદારિક ષટ્કના ઉદીરકો છે તે જ ઔદારિક અંગોપાંગના ઉદીરકો છે.

ઉત્પત્તિસ્થાનને પ્રાપ્ત થયેલા દેવો, નારકો, વૈક્રિયલબ્ધિસંપન્ન વૈક્રિય શરીરી-મનુષ્યો, તેમજ પંચેન્દ્રિયતિર્યંચો અને બાદર પર્યાપ્ત વાયુકાય, વૈક્રિય ષટ્કના અને બાદરપર્યાપ્ત વાયુકાયને ઉપાંગનો ઉદય ન હોવાથી તે સિવાય ઉપરના સઘળા જીવો વૈક્રિય અંગોપાંગના ઉદીરકો છે.

આહારલબ્ધિસંપન્ન ચૌદ પૂર્વધર પ્રમત્ત મુનિઓ જ્યારે આહારકશરીર બનાવે ત્યારે આહારક સપ્તકના ઉદીરકો છે.

જો કે આહારક શરીરવાળા કોઈક મુનિઓ અપ્રમત્તગુણઠાણે જાય છે, ત્યારે અપ્રમત્તગુણસ્થાનકે પણ તેઓનો ઉદય હોવાથી ઉદીરણા કરે છે, પરંતુ તેવા જીવો ક્વચિત્ હોવાથી અથવા તો અન્ય કોઈ કારણથી તેની વિવક્ષા કરી નથી એમ લાગે છે.

વર્ણાદિ વીસ, તૈજસકાર્મણ સપ્તક, સ્થિર-અસ્થિર, શુભ-અશુભ, અગુરુલઘુ અને નિર્માણ આ તેત્રીસ ધ્રુવોદયી પ્રકૃતિઓના સયોગીગુણસ્થાનકના ચરમ સમય સુધીના દરેક જીવો અને બાદર લોભનો ઉદય નવમા ગુણસ્થાનક સુધી જ હોવાથી તેના ઉદયવાળા નવમા ગુણસ્થાનક સુધીના તેમજ સૂક્ષ્મ કિટ્ટીરૂપ સંજ્વલન લોભના સમયાધિક આવલિકા શેષ હોય ત્યાં સુધીના સૂક્ષ્મસંપરાયવર્તી જીવો જ ઉદીરક છે.

શરીર પર્યાપ્તિએ પર્યાપ્તા-લબ્ધિ પર્યાપ્તા પંચેન્દ્રિય તિર્યંચો અને મનુષ્યો યથાસંભવ છમાંથી જે જે સંઘયણ અને જે જે સંસ્થાનના ઉદયવાળા હોય તે તે સંઘયણ તે તે સંસ્થાનના ઉદીરકો છે.

જો કે અહીં શરીરપર્યાપ્તિએ પર્યાપ્તા જીવો છ સંઘયણ અને છ સંસ્થાનના ઉદીરકો જણાવેલ છે, પરંતુ સંઘયણો અને સંસ્થાનોનો ઉદય પણ જે સમયે ઉત્પત્તિ સમયે આવે છે તે જ સમયે શરીરની સાથે જ થાય છે. તેથી જ કર્મપ્રકૃતિ ઉદીરણાકરણ ગાથા ૧૦ની ટીકામાં ''देहत्था पज्जत्ता'' એ શબ્દથી શરીરસ્થ પર્યાપ્તા જીવો ઉદીરકો બતાવેલા છે, અને તે જ વધુ ઠીક લાગે છે, છતાં બહુશ્રુતો કહે તે પ્રમાણ. તેમજ સર્વે દેવો, બાદર પર્યાપ્ત વાયુકાય સિવાયના વૈક્રિયશરીરી તિર્યંચો તથા મનુષ્યો, આહારકશરીરી અને યુગલિક તિર્યંચો તથા મનુષ્યો સમચતુરસ્ર સંસ્થાનના જ ઉદીરક છે. કારણ કે તેઓને બીજાં સંસ્થાનોનો ઉદય ન હોવાથી તેઓની ઉદીરણા થતી નથી.

યુગલિક તિર્યંચો અને મનુષ્યોને તેમજ ક્ષપકશ્રેણિ ઉપર આરૂઢ થનાર આત્માઓને વજ્રઋષભનારાચ સંઘયણનો જ ઉદય હોવાથી તેઓ પ્રથમ-સંઘયણના જ ઉદીરકો છે. અને પ્રથમ, 'ત્રણ' સંઘયણવાળા ઉપશમશ્રેણિ કરતા હોવાથી ઉપશમશ્રેણિમાં યથાસંભવ પ્રથમ ત્રણ સંઘયણના ઉદીરકો હોય છે. વૈક્રિય તથા આહારક શરીરીને સંઘયણનો ઉદય ન હોવાથી તેઓ કોઈપણ સંઘયણના ઉદીરક નથી.

સર્વે એકેન્દ્રિયો, વિકલેન્દ્રિયો, લબ્ધિ અપર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચો તથા મનુષ્યો અને નારકોને હુંડક સંસ્થાનનો જ ઉદય હોવાથી તેઓ હુંડક સંસ્થાનની જ ઉદીરણા કરે છે. અને એકેન્દ્રિયો તથા નારકોને સંઘયણનો ઉદય ન હોવાથી શેષ સર્વે વિકલેન્દ્રિયો, લબ્ધિ અપર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચો તથા મનુષ્યો સેવાર્ત્ત સંહનનના જ ઉદીરકો છે. પણ અન્ય સંઘયણોનો ઉદય ન હોવાથી ઉદીરણા કરતા નથી.

શરીર પર્યાપ્તિએ પર્યાપ્તા આતપ નામકર્મના ઉદયવાળા ખર બાદર પૃથ્વીકાય જીવો આતપ નામકર્મના ઉદીરકો છે.

શરીર પર્યાપ્તિએ પર્યાપ્તા લબ્ધિ પર્યાપ્ત બાદર પૃથ્વીકાય, અપકાય, પ્રત્યેક તથા સાધારણ-વનસ્પતિકાય, વિકલેન્દ્રિયો, પંચેન્દ્રિય તિર્યંચો, વૈક્રિય તથા આહારક શરીરી મુનિઓ અને ઉત્તરવૈક્રિય શરીરધારી દેવોને ઉદ્યોતનો ઉદય સંભવે છે પણ અન્યને નહીં, તેથી આ જીવો જ્યારે ઉદ્યોતના ઉદયમાં વર્તતા હોય ત્યારે તેઓ ઉદ્યોતના ઉદીરકો હોય છે.

ભાષાપર્યાપ્તિએ પર્યાપ્તા વિકલેન્દ્રિયો, પંચેન્દ્રિયતિર્યંચો અને મનુષ્યોને યથાસંભવ બન્ને સ્વરોનો ઉદય હોવાથી તેઓ યથાસંભવ બન્ને સ્વરોના, દેવો તથા યુગલિકો સુસ્વરના જ ઉદયવાળા હોવાથી સુસ્વરના અને નારકો દુઃસ્વરના ઉદયવાળા હોવાથી દુઃસ્વરના ઉદીરકો છે. તેમજ શરીર પર્યાપ્તિએ પર્યાપ્તા પંચેન્દ્રિય તિર્યંચો તથા મનુષ્યોને યથાસંભવ બન્ને વિહાયોગતિઓનો ઉદય હોવાથી તેઓ યથાસંભવ બંને વિહાયોગતિના, સર્વે દેવો તથા યુગલિકો શુભવિહાયોગતિના જ ઉદયવાળા હોવાથી શુભ વિહાયોગતિના અને વિકલેન્દ્રિયો તથા નારકો અશુભવિહાયોગતિના જ ઉદયવાળા હોવાથી અશુભવિહાયોગતિના ઉદીરકો હોય છે.

લબ્ધિ અપર્યાપ્ત જીવોને નામકર્મના માત્ર પ્રથમના બે જ ઉદયસ્થાનો હોવાથી તેઓને સ્વર તથા વિહાયોગતિઓનો ઉદય ન હોવાથી આ ચારમાંથી કોઈપણ પ્રકૃતિઓની ઉદીરણા થતી નથી.

સયોગી ગુણસ્થાનકે જ્યાં સુધી સ્વરનો રોધ ન કરે ત્યાં સુધી જ બન્ને સ્વરોની ઉદીરણા થાય છે.

તેરમા ગુણસ્થાનકે શ્વાસોચ્છ્વાસનો નિરોધ ન કરે ત્યાં સુધીના શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિએ પર્યાપ્તા સઘળા સંસારી જીવો શ્વાસોચ્છ્વાસ નામકર્મના ઉદીરક છે.

લબ્ધિપર્યાપ્ત બાદર પૃથ્વીકાય, અપ્કાય, પ્રત્યેક તથા સાધારણ વનસ્પતિકાય તેમજ લબ્ધિ પર્યાપ્ત વિકલેન્દ્રિય, પંચેન્દ્રિય તિર્યંચ, મનુષ્ય તથા દેવોને યશઃકીર્ત્તિ અને અયશઃકીર્ત્તિ એ બન્નેના ઉદયનો સંભવ હોવાથી યથાસંભવ તે જીવો બન્નેના ઉદીરકો છે. અને સૂક્ષ્મ એકેન્દ્રિયો તેઉકાય, વાયુકાય, લબ્ધિ અપર્યાપ્તા એકેન્દ્રિયો, વિકલેન્દ્રિયો, પંચેન્દ્રિયતિર્યંચો, મનુષ્યો અને નારકોને અયશઃકીર્ત્તિનો જ ઉદય હોવાથી આ સઘળા જીવો અયશઃકીર્ત્તિના જ ઉદીરકો છે.

લબ્ધિ પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચો, મનુષ્યો અને દેવોને સૌભાગ્ય-દૌર્ભાગ્ય, આદેય-અનાદેય આ ચારેય પ્રકૃતિઓના ઉદયનો સંભવ હોવાથી આ જીવો યથાસંભવ ચારે પ્રકૃતિઓના ઉદીરકો છે. અને એકેન્દ્રિયો, વિકલેન્દ્રિયો, નારકો, લબ્ધિ અપર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચો અને

મનુષ્યો દૌર્ભાગ્ય અને અનાદેયના જ ઉદયવાળા હોવાથી આ બે પ્રકૃતિઓના જ ઉદીરકો છે.

દેશવિરતિ અને સર્વવિરતિધર મનુષ્યો, ઉચ્ચ કુલમાં ઉત્પન્ન થયેલા મનુષ્યો અને સઘળા દેવો ઉચ્ચ ગોત્રના જ ઉદયવાળા હોવાથી ઉચ્ચ ગોત્રના ઉદીરકો છે અને શેષ નીચ કુળમાં ઉત્પન્ન થયેલા મનુષ્યો, નારકો અને સઘળા તિર્યંચોને નીચ ગોત્રનો જ ઉદય હોવાથી તેઓ નીચ ગોત્રની જ ઉદીરણા કરે છે.

તેરમા ગુણસ્થાનકવર્તી તીર્થંકર ભગવંતો તીર્થંકર નામકર્મના ઉદીરક છે. ચૌદમા ગુણસ્થાનકે ઉદય હોવા છતાં યોગના અભાવે તેઓશ્રી કોઈપણ કર્મની ઉદીરણા કરતા નથી.

શરીર પર્યાપ્તિના પછીના સમયથી ઇન્દ્રિય પર્યાપ્તિની સમાપ્તિ સુધી—ઉદય હોવા છતાં ઉદીરણા ન હોવાથી ઇન્દ્રિય પર્યાપ્તિ સમાપ્ત થાય તે પછીના સમયથી બારમા ગુણસ્થાનકની એક આવલિકા શેષ હોય ત્યાં સુધીના જીવો આ ગ્રંથ તથા કર્મસ્તવ આદિ ગ્રંથના મતે નિદ્રા અને પ્રચલાના યથાસંભવ ઉદીરકો છે. પરંતુ કર્મપ્રકૃતિકાર વગેરે કેટલાક આચાર્ય મ.સા.ના મતે ક્ષપક અને ક્ષીણમોહ ગુણસ્થાનકે નિદ્રા અને પ્રચલાનો ઉદય ન હોવાથી ઇન્દ્રિય પર્યાપ્તિની સમાપ્તિની પછીના સમયથી યથાસંભવ ઉપશાંતમોહ ગુણસ્થાનક સુધીના જીવો ઉદીરક છે.

દેવો, નારકો, યુગલિકો, વૈક્રિયશરીરી અને આહારક શરીરીને છોડી પ્રમત્તગુણસ્થાનક સુધીના ઇન્દ્રિય પર્યાપ્તિએ પ્રાયપ્તા સઘળા જીવોને થીણદ્ધિત્રિકના ઉદયનો સંભવ હોવાથી આ સઘળા જીવો યથાસંભવ ઉદયપ્રાપ્ત થીણદ્ધિત્રિકના ઉદીરકો છે.

સાતા-અસાતા વેદનીયના ઉદયવાળા છઠ્ઠા ગુણસ્થાનક સુધીના જીવો અનુક્રમે સાતા અને અસાતાના ઉદીરકો હોય છે. અપ્રમત્તાદિ ગુણસ્થાનોમાં યથાસંભવ બન્ને વેદનીયનો ઉદય હોવા છતાં આ બે પ્રકૃતિઓની ઉદીરણાને યોગ્ય સંક્લિષ્ટ અધ્યવસાયોનો અભાવ હોવાથી ઉદીરણા થતી નથી.

અનંતાનુબંધી કષાયના પ્રથમના બે ગુણસ્થાનક સુધીના, અપ્રત્યાખ્યાનીય કષાયના ચોથા ગુણસ્થાનક સુધીના, પ્રત્યાખ્યાનીય કષાયના પાંચમા ગુણસ્થાનક સુધીના, સંજ્વલનત્રિકના નવમા ગુણસ્થાનકના ક્રમશઃ બીજા, ત્રીજા અને ચોથા ભાગ સુધીના, બાદર સંજ્વલનત્રિકના નવમા ગુણસ્થાનક સુધીના અને સંજ્વલન સૂક્ષ્મ લોભના ચરમાવલિકા વિના દશમા ગુણસ્થાનકવાળા જીવો ઉદીરણાના સ્વામી છે. પરંતુ આ બધી પ્રકૃતિઓ અધ્રુવોદયી હોવાથી જ્યારે જે જે પ્રકૃતિનો ઉદય હોય ત્યારે જ તે તે પ્રકૃતિની ઉદીરણા થાય છે એમ સમજવું.

હાસ્યષટ્કના પણ આઠમા ગુણસ્થાનક સુધીના જીવો જ્યારે જે જે પ્રકૃતિના ઉદયવાળા હોય ત્યારે તે તે પ્રકૃતિના ઉદીરક હોય છે.

દેવોને ઉત્પત્તિના પ્રથમ અંતર્મુહૂર્ત સુધી હાસ્ય, રતિ અને સાતાવેદનીયનો જ ઉદય હોવાથી તેઓ આ ત્રણ પ્રકૃતિઓના જ અને નારકોને ઉત્પત્તિના પ્રથમ અંતર્મુહૂર્ત સુધી અરતિ, શોક અને અસાતાનો જ ઉદય હોવાથી તેઓ આ ત્રણ પ્રકૃતિઓના જ ઉદીરકો હોય છે. અને પ્રથમ અંતર્મુહૂર્ત પછી પરાવર્ત્તનનો સંભવ હોવાથી દેવો અને નારકો યથાસંભવ ઉદય પ્રાપ્ત તે તે પ્રકૃતિઓના ઉદીરકો હોય છે.

. દેવો સામાન્યથી મોટા ભાગે ભવપર્યંત હાસ્ય, રતિ અને સાતાના ઉદીરકો હોય છે. પરંતુ માત્સર્યાદિ દોષોની પ્રાપ્તિ, પ્રિયનો વિયોગ અને ચ્યવન વગેરે કેટલાક પ્રસંગોમાં કેટલીક વાર વચ્ચે વચ્ચે અરતિ, શોક અને અસાતાનો ઉદય થવાથી તે સમયે આ ત્રણ પ્રકૃતિઓના ઉદીરકો હોય છે, એ જ પ્રમાણે નારકો સામાન્યથી મોટા ભાગે ભવપર્યંત અરતિ, શોક અને અસાતાના જ ઉદીરકો હોય છે પરંતુ તીર્થંકર-પરમાત્માઓના ચ્યવન કલ્યાણક વગેરે પ્રસંગોમાં જ હાસ્ય, રતિ અને સાતાનો ઉદય થવાથી તે સમયે આ ત્રણ પ્રકૃતિઓના ઉદીરકો હોય છે, પરંતુ અલ્પ આયુષ્યવાળા કેટલાક નારકોને ભવપર્યંત તીર્થંકર પરમાત્માના કલ્યાણકોનો પ્રસંગ જ પ્રાપ્ત થતો ન હોવાથી તેઓ અરતિ, શોક અને અસાતાના જ ઉદીરકો હોય છે.

આ જ ગ્રંથના પ્રથમ ભાગના પાંચમા દ્વારની ૯૯ અને ૧૦૦મી ગાથામાં બતાવેલ એકતાળીસ પ્રકૃતિઓ વિના શેષ સર્વ પ્રકૃતિઓનો હંમેશાં ઉદય અને ઉદીરણા સાથે જ હોય છે. તેથી ઉદય અને ઉદીરણાના સ્વામી સમાન જ છે.

કોઈપણ વિવક્ષિત કર્મની બે અથવા તેથી વધારે પ્રકૃતિઓની એકીસાથે ઉદીરણા થાય તે પ્રકૃતિસ્થાન ઉદીરણા કહેવાય છે. અને જે જે કર્મમાં એવા જેટલા જેટલા ઉદીરણાનાં પ્રકૃતિસ્થાનો હોય તેટલાં તેટલાં ઉદીરણા પ્રકૃતિ સ્થાનો કહેવાય છે.

જ્ઞાનાવરણીય અને અંતરાયકર્મમાં પાંચ પ્રકૃતિઓનું એક જ ઉદયસ્થાન હોવાથી ઉદીરણાસ્થાન પણ એક-એક છે. અને બારમા ગુણસ્થાનક સુધીના જીવો તેના સ્વામી છે.

દર્શનાવરણીય કર્મમાં ચાર અને પાંચ પ્રકૃતિ સ્વરૂપ ઉદયસ્થાનો બે હોવાથી ઉદીરણાસ્થાનો પણ બે છે, અને બારમા ગુણસ્થાનક સુધીના જીવો તેના સ્વામી છે.

મોહનીયકર્મમાં ત્રણ વિના એકથી દસ સુધીનાં નવ ઉદયસ્થાનો હોવાથી નવ ઉદીરણા સ્થાનો છે. અને જે જીવો જે જે ઉદયસ્થાનના સ્વામી છે તેઓ જ તે તે ઉદીરણાસ્થાનના પણ સ્વામી છે.

. નામકર્મમાં નવનું અને આઠનું ઉદયસ્થાન ચૌદમા ગુણસ્થાનકે હોવાથી યોગના અભાવે ઉદીરણાનો પણ અભાવ હોવાથી આ બે સ્થાનો છોડી શેષ જે દસ ઉદયસ્થાનો છે તે જ દસ ઉદીરણાસ્થાનો છે. અને જે જીવો જે જે ઉદયસ્થાનના સ્વામી છે તેઓ તે જ ઉદીરણાસ્થાનના સ્વામી છે.

ગોત્રકર્મની એક પ્રકૃતિના તેરમા ગુણસ્થાનક સુધીના, વેદનીય અને આયુષ્યકર્મની એક પ્રકૃતિના છઠ્ઠા ગુણસ્થાનક સુધીના, અને ભોગવાતા દરેક આયુષ્યની પોતપોતાના ભવની ઉપાન્ત્ય આવલિકા સુધીના પ્રમત્ત જીવો એક પ્રકૃતિની ઉદીરણાના સ્વામી છે.

ઇતિ પ્રકૃતિ-ઉદીરણા

સ્થિતિ-ઉદીરણા

આમાં લક્ષણ, ભેદ, સાદ્યાદિ અદ્ધાચ્છેદ અને સ્વામિત્વ એમ પાંચ અધિકારો છે.

(૧) **લક્ષણ**—બંધ સમયે થયેલ નિષેક રચના પ્રમાણે અબાધા કાળ વ્યતીત થયા પછી સ્વાભાવિક રીતે જે કર્મ ઉદયમાં આવે છે તે સ્વાભાવિક ઉદય અથવા સંપ્રાપ્તોદય કહેવાય છે, અને ઉદયાવલિકાની ઉપરના સત્તાગત કોઈપણ સ્થિતિસ્થાનોમાં રહેલ દલિકોને જે વીર્યવિશેષથી ખેંચીને અર્થાત્ બંધ સમયે નિયત થયેલ નિષેકના કાળને ઘટાડીને તે સંપ્રાપ્તોદય કર્મની ઉદયાવલિકામાંનાં સ્થિતિસ્થાનોમાં બંધ સમયે જે દલિકો ગોઠવાયેલ છે તેની સાથે ભોગવવા યોગ્ય કરવા તે સ્થિતિ ઉદીરણા કહેવાય છે.

જો કે સ્થિતિરૂપ કાળની ઉદીરણા થતી નથી પરંતુ તે તે સ્થિતિ સ્થાનમાં રહેલ દલિકોની ઉદીરણા થાય છે. તેથી નિષેક સમયે નક્કી થયેલ કાળની અપેક્ષાએ ઘણા જ ઓછા કાળમાં ઉદયમાં લવાય છે. તેથી દલિકોની ઉદીરણા હોવા છતાં ઉપચારથી સ્થિતિ ઉદીરણા કહેવામાં આવે છે. તેનું બીજું નામ અસંપ્રાપ્તોદય છે.

(૨) **ભેદ**—ઉદય બંધોત્કૃષ્ટ પ્રકૃતિઓની બે આવલિકા ન્યૂન સઘળી સ્થિતિઓ ઉદીરણાને યોગ્ય છે. કારણ કે મતિજ્ઞાનાવરણીયાદિ ઉદયબંધોત્કૃષ્ટા પ્રકૃતિઓની બંધાવલિકા વીત્યા બાદ તુરત જ ઉદયાવલિકાની ઉપર જેટલી સ્થિતિઓ સત્તામાં હોય તે દરેક સ્થિતિસ્થાનોની ઉદીરણા થાય છે. એટલે તે દરેક સ્થિતિસ્થાનોમાંના અમુક અમુક દલિકોને ઉદયાવલિકામાં રહેલ દલિકોની સાથે ભોગવવા યોગ્ય કરે છે. તેથી મતિજ્ઞાનાવરણીયનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ થાય ત્યારે બંધાવલિકા અને ઉદયાવલિકા એમ બે આવલિકા ન્યૂન ત્રીસ કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિની ઉદીરણા થાય છે. અને તેની નીચેના સ્થિતિસ્થાનની પણ તેની અપેક્ષાએ સમયાધિક બે આવલિકા ન્યૂન ત્રીસ કોડાકોડી સાગરોપમ પ્રમાણ ઉદીરણા થાય છે, તેથી પણ નીચેના સ્થિતિસ્થાનની ઉદીરણા થાય ત્યારે તેની અપેક્ષાએ બે સમયાધિક બે આવલિકા ન્યૂન ત્રીસ કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિ ઉદીરણા થાય છે. એમ એક એક સમય ન્યૂન કરતાં ઉદયાવલિકાની ઉપરના પ્રથમ સ્થિતિસ્થાનની ઉદીરણા થાય ત્યારે એક સમય પ્રમાણ સ્થિતિની ઉદીરણા થાય છે. તેથી બે આવલિકા ન્યૂન ત્રીસ કોડાકોડી સાગરોપમના જેટલા સમયો છે તેટલા સ્થિતિ ઉદીરણાના ભેદો હોય છે.

એમ જે જે ઉદય બંધોત્કૃષ્ટા પ્રકૃતિઓનો જેટલો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ છે. તેમાંથી બે આવલિકા ન્યૂન કરી જેટલા સમયો રહે તેટલો તે તે પ્રકૃતિઓના સ્થિતિ ઉદીરણાના ભેદો થાય છે. તેથી પાંચ જ્ઞાનાવરણીય, ચાર દર્શનાવરણીય, પાંચ અંતરાય અને અસાતાવેદનીય આ પંદરના બે આવલિકા ન્યૂન ત્રીસ કોડાકોડી સાગરોપમના સમય પ્રમાણ, મિથ્યાત્વમોહનીયના બે આવલિકા ન્યૂન સિત્તેર કોડાકોડી સાગરોપમના સમયપ્રમાણ, સોળ કષાયના બે આવલિકા ન્યૂન ચાળીસ કોડાકોડી સાગરોપમના સમય પ્રમાણ, અને પંચેન્દ્રિયજાતિ, વૈક્રિય સપ્તક, તૈજસકાર્મણસપ્તક, હુંડકસંસ્થાન, વર્ણચતુષ્કના વીસ, અશુભવિહાયોગતિ, પરાઘાત, ઉચ્છ્‌વાસ, અગુરુલઘુ, નિર્માણ, ઉદ્યોત, ઉપઘાત, ત્રસચતુષ્ક અસ્થિરષટ્ક અને નીચ ગોત્ર આ ચોપ્પન

પ્રકૃતિઓના બે આવલિકા ન્યૂન વીસ કોડાકોડી સાગરોપમના સમયપ્રમાણ સ્થિતિ ઉદીરણા ભેદો છે.

ઉદય સંક્રમોત્કૃષ્ટા પ્રકૃતિઓની પોતપોતાના મૂળકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિસત્તાથી એક આવલિકા ન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિસત્તા હોય છે. તેમાંથી સંક્રમ આવલિકા અને ઉદયાવલિકા એમ બે આવલિકા ન્યૂન સઘળી સ્થિતિઓની ઉદીરણા થતી હોવાથી પોતાના મૂળકર્મની ઉત્કૃષ્ટસ્થિતિ સત્તાથી ત્રણ આવલિકા ન્યૂન સઘળાં સ્થિતિસ્થાનોની ઉદીરણા થાય છે. તેથી સાતવેદનીયના ત્રણ આવલિકા ન્યૂન ત્રીસ કોડાકોંડી સાગરોપમના સમય પ્રમાણ, મનુષ્યગતિ, સ્થિરષટ્ક, શુભવિહાયોગતિ, પ્રથમના પાંચ સંઘયણ તથા પાંચ સંસ્થાન, અને ઉચ્ચ ગોત્ર આ ઓગણીસ પ્રકૃતિઓના ત્રણ આવલિકા ન્યૂન વીસ કોડાકોડી સાગરોપમના સમય પ્રમાણ અને નવનોકષાયના ત્રણ આવલિકા ન્યૂન ચાળીસ કોડાકોડી સાગરોપમના સમય પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિ ઉદીરણાના ભેદો છે.

જો કે સમ્યક્ત્વ મોહનીય પણ ઉદય સંક્રમોત્કૃષ્ટા છે, પરંતુ તેની ઉદીરણા ચોથાથી સાતમા ગુણઠાણા સુધી જ થાય છે. અને મિથ્યાત્વનો બંધ પ્રથમ ગુણઠાણે જ હોય છે. તેમજ ઉત્કૃષ્ટસ્થિતિબંધ અતિસંક્લિષ્ટ પરિણામે જ થતો હોવાથી ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરી અંતર્મુહૂર્ત્ત પછી જ સમ્યક્ત્વ પામી શકે છે. માટે પ્રથમ ગુણઠાણે મિથ્યાત્વનો સિત્તેર કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિબંધ કરી અંતર્મુહૂર્ત્ત પછી સમ્યક્ત્વ પામે તે જ સમયે અંતર્મુહૂર્ત્ત ન્યૂન મિથ્યાત્વની સ્થિતિમાંથી ઉદયાવલિકાની ઉપરની સ્થિતિઓમાં રહેલ દલિકોને સમ્યક્ત્વ મોહનીયની ઉદયાવલિકાની ઉપર સંક્રમાવે છે. માટે સમ્યક્ત્વમોહનીયની ઉત્કૃષ્ટસ્થિતિસત્તા અંતર્મુહૂર્ત્ત ન્યૂન સિત્તેર કોડાકોડી સાગરોપમ પ્રમાણ જ હોય છે. અને તેમાંથી પણ સંક્રમાવલિકા અને ઉદયાવલિકા સકલ કરણને અયોગ્ય હોવાથી બે આવલિકા અધિક અંતર્મુહૂર્ત્ત ન્યૂન સિત્તેર કોડાકોડી સાગરોપમના સમયપ્રમાણ સમ્યક્ત્વમોહનીયના સ્થિતિ ઉદીરણાના ભેદો છે....

આયુષ્યચતુષ્ક ઉદયબંધોત્કૃષ્ટાદિ ચાર સંજ્ઞાઓથી રહિત છે. પણ દેવાયુ અને નરકાયુના ઉદયાવલિકા ન્યૂન તેત્રીસ સાગરોપમના સમયો પ્રમાણ અને મનુષ્યઆયુ તથા તિર્યંચ આયુષ્યના ઉદયાવલિકા ન્યૂન ત્રણ પલ્યોપમના સમયો પ્રમાણ સ્થિતિ ઉદીરણાના ભેદો છે.

મિશ્રમોહનીય, આહારકસપ્તક અને જિનનામ વિના શેષ અનુદય સંક્રમોત્કૃષ્ટા મનુષ્યાનુપૂર્વી, દેવદ્વિક, વિકલત્રિક અને સૂક્ષ્મત્રિક આ નવ પ્રકૃતિઓના તેમજ અનુદય બંધોત્કૃષ્ટા નરકદ્વિકાદિ વીસ પ્રકૃતિઓના અંતર્મુહૂર્ત્ત ન્યૂન પોતપોતાના મૂળકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ સત્તાના સમયો પ્રમાણ સ્થિતિઓ ઉદીરણાને યોગ્ય હોવાથી અનુદય સંક્રમોત્કૃષ્ટા નવ અને નરકદ્વિક, તિર્યંચદ્વિક, ઔદારિકસપ્તક, સેવાર્ત્તસંહનન, એકેન્દ્રિય, સ્થાવર અને આતપ આ પંદર અનુદય બંધોત્કૃષ્ટ મળી કુલ ચોવીસ પ્રકૃતિઓના અંતર્મુહૂર્ત્ત ન્યૂન વીસકોડાકોડી સાગરોપમના સમયો પ્રમાણ અને નિદ્રાપંચકના અંતર્મુહૂર્ત્ત ન્યૂન ત્રીસ કોડાકોડી સાગરોપમના સમયો પ્રમાણ સ્થિતિ ઉદીરણાના ભેદો છે.

પ્રથમ ગુણસ્થાનકે મિથ્યાત્વનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ કરી અંતર્મુહૂર્ત્ત પછી સમ્યક્ત્વ પામી

અંતર્મુહૂર્ત ન્યૂન મિથ્યાત્વને મિશ્ર તથા સમ્યક્ત્વમોહનીયમાં સંક્રમાવે છે. અને ઓછામાં ઓછા અંતર્મુહૂર્ત કાળ સુધી ચોથા ગુણઠાણે રહી જીવ પછી મિશ્રગુણઠાણે જાય ત્યારે એક અંતર્મુહૂર્ત મિથ્યાત્વગુણસ્થાનકનો અને એક અંતર્મુહૂર્ત ચોથા ગુણઠાણાનો વ્યતીત થઈ જાય છે. માટે મિશ્રગુણસ્થાનકે બે અંતર્મુહૂર્ત ન્યૂન સિત્તેર કોડાકોડી સાગરોપમ પ્રમાણ મિશ્રમોહનીયની ઉત્કૃષ્ટ સ્થિતિસત્તા હોય છે. અને તેમાં પણ ઉદયાવલિકા સકલ કરણને અયોગ્ય હોવાથી તેની પણ ઉદીરણા થતી નથી માટે આવલિકા અધિક બે અંતર્મુહૂર્ત ન્યૂન સિત્તેર કોડાકોડી સાગરોપમના સમયો પ્રમાણ મિશ્રમોહનીયના સ્થિતિ-ઉદીરણાના ભેદો છે.

આહારક સપ્તકની અન્ય પ્રકૃતિઓના સંક્રમથી જેટલી અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટસ્થિતિસત્તા થાય છે. તેમાંથી અંતર્મુહૂર્ત ન્યૂન અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિઓ ઉદીરણાને યોગ્ય છે. વળી તીર્થંકરનામકર્મનો ઉદય તેરમા ગુણસ્થાનકથી થાય છે. અને ત્યાં પલ્યોપમના અસંખ્યાતમાભાગ પ્રમાણ જ ઉત્કૃષ્ટસ્થિતિસત્તા હોય છે. તેથી ઉદયાવલિકા ન્યૂન પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિઓ ઉદીરણાને યોગ્ય હોય છે.

(૩) સાદ્યાદિ :

(૧) મૂળકર્મ-આશ્રયી :

વેદનીય અને આયુષ્યના જઘન્યાદિ ચારે ભેદો સાદિ અને અધ્રુવ એમ—બે-બે પ્રકારે હોવાથી કુલ સોળ, મોહનીયની અજઘન્યસ્થિતિ ઉદીરણા ચાર પ્રકારે અને શેષ જઘન્યાદિ ત્રણ સાદિ-અધ્રુવ એમ બે-બે પ્રકારે હોવાથી કુલ દસ, શેષ જ્ઞાનાવરણીય વગેરે પાંચ કર્મની અજઘન્યાદિ ત્રણ સાદિ અને અધ્રુવ એમ બે-બે પ્રકારે હોવાથી એક-એક કર્મના નવ નવ ભેદ થવાથી પિસ્તાળીસ એમ આઠેય મૂળકર્મ આશ્રયી સ્થિતિ ઉદીરણાના એકોત્તેર ભાંગા થાય છે.

એકેન્દ્રિયની સમાન જઘન્યસ્થિતિસત્તાવાળા જીવને વેદનીયકર્મની જઘન્યસ્થિતિ ઉદીરણા અને તેથી અધિક સત્તાવાળાને અજઘન્યસ્થિતિ ઉદીરણા થાય છે. માટે જઘન્ય અને અજઘન્ય એ બન્ને વારાફરતી થતી હોવાથી સાદિ અને અધ્રુવ છે.

આયુષ્યકર્મની પોતપોતાના ભવની સમયાધિક આવલિકા બાકી હોય ત્યારે જઘન્ય અને ભવની સમયાધિક ચરમ આવલિકા વિના શેષ સઘળા કાળમાં અજઘન્ય સ્થિતિ ઉદીરણા થાય છે, માટે આ બન્ને પણ સાદિ અને અધ્રુવ છે. તેમજ ઉત્કૃષ્ટ આયુષ્યવાળા જીવને ભવના પ્રથમ સમયે ઉત્કૃષ્ટ સ્થિતિ ઉદીરણા અને ભવની ચરમ આવલિકા વિના શેષ સર્વકાળે અનુત્કૃષ્ટ સ્થિતિ ઉદીરણા થાય છે. માટે આ બન્ને પણ સાદિ અને અધ્રુવ છે.

શ્રેણિમાં દશમા ગુણસ્થાનકની સમયાધિક આવલિકા શેષ હોય ત્યારે સંજ્વલન લોભની અપેક્ષાએ મોહનીયકર્મની એક સમય જઘન્ય સ્થિતિ ઉદીરણા હોય છે, માટે તે સાદિ અને અધ્રુવ એમ બે પ્રકારે છે. અને તે સિવાયના કાળમાં જ્યારે મોહનીયની ઉદીરણા થાય છે, ત્યારે તેની અજઘન્યસ્થિતિ ઉદીરણા હોય છે, અગિયારમા ગુણસ્થાને મોહનીયકર્મની ઉદીરણા હોતી નથી. ત્યાંથી પડે ત્યારે અજઘન્ય સ્થિતિ ઉદીરણા શરૂ થાય છે. માટે સાદિ, આ ગુણસ્થાનક નહીં પામેલા જીવોને આશ્રયી અનાદિ, અભવ્યોને ધ્રુવ અને ભવ્ય જીવોને અંત થવાનો હોવાથી

અધ્રુવ છે.

જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય અને અંતરાય આ ત્રણ કર્મની બારમા ગુણસ્થાનકની સમયાધિક આવલિકા બાકી હોય ત્યારે, નામ તથા ગોત્ર આ બે કર્મની સયોગીગુણસ્થાનકના ચરમ સમયે એક જ સમય જઘન્યસ્થિતિ ઉદીરણા થાય છે. માટે સાદિ અને અધ્રુવ એમ બે પ્રકારે છે. અને શેષ સર્વકાળે અજઘન્યસ્થિતિ ઉદીરણા હોય છે. પણ તેની શરૂઆત ન હોવાથી અનાદિ, અભવ્યોને અંત ન થવાથી ધ્રુવ અને ભવ્યોને અંત થવાનો હોવાથી અધ્રુવ એમ તે ત્રણ પ્રકારે હોય છે.

આયુષ્ય સિવાય સાતે કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ સત્તાકાળ જીવોને ઉત્કૃષ્ટ સ્થિતિ ઉદીરણા અને અનુત્કૃષ્ટ સ્થિતિસત્તાવાળા જીવોને અનુત્કૃષ્ટસ્થિતિ ઉદીરણા હોય છે. સંસારી આત્માઓને ઉત્કૃષ્ટ અને અનુત્કૃષ્ટ સ્થિતિ ઉદીરણા પણ અનેક વાર થાય છે. માટે તે બન્ને સાદિ અને અધ્રુવ એમ બબ્બે પ્રકારે છે. માત્ર વેદનીય કર્મની ઉદીરણા છઠ્ઠા ગુણસ્થાનક સુધી જ થાય છે. આટલી વિશેષતા છે.

(૨) ઉત્તર પ્રકૃતિઓ આશ્રયી :

મિથ્યાત્વમોહનીયની અજઘન્યસ્થિતિ ઉદીરણા ચાર પ્રકારે અને શેષ જઘન્યાદિ ત્રણ પ્રકારની ઉદીરણા બબ્બે પ્રકારે હોવાથી કુલ દસ, પાંચજ્ઞાનાવરણીય, ચાર દર્શનાવરણીય, પાંચ અંતરાય, વર્ણાદિ વીસ, તૈજસકાર્મણસપ્તક, અગુરુલઘુ, નિર્માણ, સ્થિર-અસ્થિર, શુભ અને અશુભ આ સુડતાળીસ ધ્રુવોદયી પ્રકૃતિઓની અજઘન્યસ્થિતિ ઉદીરણા સાદિ વિના ત્રણ પ્રકારે અને શેષ જઘન્યાદિ ત્રણ પ્રકારની ઉદીરણા સાદિ-અધ્રુવ એમ બબ્બે પ્રકારે હોવાથી એક એકના નવ નવ એમ કુલ ચારસો ત્રેવીસ (૪૨૩) અને બાકીની એકસો દસ અધ્રુવોદયી પ્રકૃતિઓના ચારેય વિકલ્પો આદિઅધ્રુવ એમ બબ્બે પ્રકારે હોવાથી એક-એકના આઠ આઠ, એમ કુલ આઠસો એંશી—એ રીતે ઉત્તરપ્રકૃતિઓ આશ્રયી કુલ એક હજાર ત્રણસો તેર—(૧૩૧૩) ભાંગા થાય છે.

ઉપશમસમ્યક્ત્વ પ્રાપ્ત કરનારને મિથ્યાત્વની પ્રથમસ્થિતિની સમયાધિક આવલિકા બાકી રહે ત્યારે એક જ સમય મિથ્યાત્વની જઘન્યસ્થિતિ ઉદીરણા થાય છે. માટે સાદિ અને અધ્રુવ બે પ્રકારે હોય છે. તે સિવાયના સર્વકાળે પ્રથમ ગુણસ્થાનકે મિથ્યાત્વની અજઘન્યસ્થિતિ ઉદીરણા હોય છે. પરંતુ ઉપરનાં ગુણસ્થાનકોમાં હોતી નથી. માટે ઉપરના ગુણસ્થાનકેથી પડી પ્રથમ ગુણસ્થાનકે આવે ત્યારે મિથ્યાત્વની અજઘન્યસ્થિતિ ઉદીરણા શરૂ થતી હોવાથી તેની સાદિ ઉપરના ગુણસ્થાનકે નહીં ગયેલા જીવોને અનાદિ, અભવ્યોને ધ્રુવ અને ભવ્યોને અધ્રુવ એમ ચાર પ્રકારે હોય છે.

પાંચ જ્ઞાનાવરણીય, ચાર દર્શનાવરણીય અને પાંચ અંતરાય એ ચૌદ પ્રકૃતિઓની બારમા ગુણસ્થાનકની સમયાધિક આવલિકા બાકી હોય ત્યારે અને વર્ણાદિ શેષ તેત્રીસ ધ્રુવોદયી પ્રકૃતિઓની સયોગીના ચરમ સમયે એક જ સમય જઘન્ય સ્થિતિ ઉદીરણા થતી હોવાથી સાદિ અને અધ્રુવ એમ બે પ્રકારે છે. તે સિવાય આ પ્રકૃતિઓની જ્યારે ઉદીરણા હોય છે, ત્યારે

અજઘન્ય સ્થિતિ ઉદીરણા થાય છે. બારમા તથા તેરમા ગુણસ્થાનકેથી જીવને પડવાનો અભાવ હોવાથી તેની સાદિ થતી નથી. માટે અનાદિ, અભવ્યો આશ્રયી ધ્રુવ અને ભવ્યો આશ્રયી અધ્રુવ એમ તે ત્રણ પ્રકારે છે.

આ અડતાળીસ ધ્રુવોદયી પ્રકૃતિઓની ઉત્કૃષ્ટસ્થિતિસત્તાવાળા જીવોને અમુક નિયતકાળ સુધી ઉત્કૃષ્ટ તથા અનુત્કૃષ્ટ સ્થિતિ સત્તાવાળા જીવોને અનુત્કૃષ્ટ સ્થિતિ ઉદીરણા હોય છે. ઉત્કૃષ્ટ અને અનુત્કૃષ્ટ સ્થિતિસત્તા સંસારી જીવોને વારંવાર થતી હોવાથી ઉત્કૃષ્ટ અને અનુત્કૃષ્ટસ્થિતિ ઉદીરણા પણ વારંવાર થાય છે. તેથી તે બન્ને સાદિ અને અધ્રુવ એમ બબ્બે પ્રકારે હોય છે.

બાકીની એકસો દસ પ્રકૃતિઓ અધ્રુવોદયી હોવાથી તેની ઉદીરણા પણ અચોક્કસ હોય છે. તેથી તેઓની જઘન્ય વગેરે ચારે પ્રકારની સ્થિતિઉદીરણા સાદિ અને અધ્રુવ એમ બબ્બે પ્રકારે હોય છે.

૪-૫ અદ્ધાચ્છેદ તથા સ્વામિત્વ :

જેટલી સ્થિતિઓ ઉદીરણાને અયોગ્ય હોય તેટલો અદ્ધાચ્છેદ કહેવાય. અને ઉત્કૃષ્ટ કે જઘન્યસ્થિતિની જે જીવો ઉદીરણા કરે તે જીવો ઉત્કૃષ્ટ અને જઘન્યસ્થિતિ ઉદીરણાના સ્વામી હોય છે

સંક્રમણકરણમાં જે જે પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ અને જઘન્યસ્થિતિ સંક્રમના સ્વામી કહ્યા છે. અને જેટલી સ્થિતિઓ સંક્રમને અયોગ્ય કહી છે તે જ પ્રમાણે અહીં સ્થિતિઉદીરણામાં પણ તે તે પ્રકૃતિઓના તે તે જીવો ઉત્કૃષ્ટ અને જઘન્ય સ્થિતિઉદીરણાના સ્વામી હોય છે. તેમજ તેટલી સ્થિતિઓ ઉદીરણાને અયોગ્ય હોય છે. અને તે જ અદ્ધાચ્છેદ કહેવાય છે, અમુક પ્રકૃતિઓમાં જે વિશેષતા છે, તે હવે પછી બતાવવામાં આવશે.

મતિજ્ઞાનાવરણીય વગેરે છ્યાસી ઉદયબંધોત્કૃષ્ટા પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ કરી બંધાવલિકા પછી ઉદયાવલિકાની ઉપરની બધી સ્થિતિઓની ઉદીરણા કરે છે, માટે બે આવલિકા અદ્ધાચ્છેદ કહેવાય અને ઉત્કૃષ્ટસ્થિતિસત્તાવાળા તે તે પ્રકૃતિના ઉદયવાળા જીવો ઉત્કૃષ્ટસ્થિતિ ઉદીરણાના સ્વામી છે.

પ્રથમ ગુણસ્થાનકે અતિસંક્લિષ્ટ પરિણામે મિથ્યાત્વમોહનીયનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ કરી અંતર્મુહૂર્ત પછી ત્રણ કરણ કર્યા વિના જે જીવ સમ્યક્ત્વ પામે તે જીવ સમ્યક્ત્વ પ્રાપ્તિના પ્રથમ સમયથી અંતર્મુહૂર્ત ન્યૂન ઉદયાવલિકા ઉપરની મિથ્યાત્વની સિત્તેર કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિને સમ્યક્ત્વમોહનીય તથા મિશ્રમોહનીયમાં ઉદયાવલિકા ઉપર સંક્રમાવે છે. તે સમયે આ બન્ને પ્રકૃતિઓની અંતર્મુહૂર્ત ન્યૂન સિત્તેર કોડાકોડી સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટસ્થિતિસત્તા થાય છે. અને ચતુર્થગુણસ્થાનકે જ સંક્રમાવલિકા વીત્યા પછી ઉદયાવલિકા ઉપરની સમ્યક્ત્વમોહનીયની ઉત્કૃષ્ટસ્થિતિ ઉદીરણા કરે છે. માટે સમ્યક્ત્વમોહનીયનો બે આવલિકા અધિક અંતર્મુહૂર્ત પ્રમાણ અદ્ધાચ્છેદ અને ચતુર્થગુણસ્થાનકવાળો જીવ તેની ઉત્કૃષ્ટસ્થિતિ ઉદીરણાનો સ્વામી છે. તે જ આત્મા ઓછામાં ઓછો પણ અંતર્મુહૂર્ત પ્રમાણ ચતુર્થગુણસ્થાનકે રહીને તૃતીય ગુણસ્થાનકે જાય છે. અને ત્યાં જઈ ઉદયાવલિકા ઉપરની મિશ્રમોહનીયની સઘળી સ્થિતિની ઉદીરણા કરે છે. માટે

મિશ્રમોહનીયનો આવલિકા અધિક બે અંતર્મુહૂર્ત્ત અદ્ધાચ્છેદ અને ઉપર બતાવેલ તૃતીયગુણસ્થાનકવાળો આત્મા તેની ઉત્કૃષ્ટસ્થિતિ ઉદીરણાનો સ્વામી છે.

સમ્યક્ત્વમોહનીય, સાતાવેદનીય, મનુષ્યગતિ, સ્થિરષટ્ક, શુભવિહાયોગતિ, પ્રથમના પાંચ સંઘયણ તથા પ્રથમના પાંચ સંસ્થાન, ઉચ્ચ ગોત્ર અને નવ નોકષાય આ ત્રીસ પ્રકૃતિઓ ઉદયસંક્રમોત્કૃષ્ટા છે તેમાં સમ્યક્ત્વમોહનીય ઉપર આવી ગયેલ હોવાથી તે વિના શેષ ઓગણત્રીસ પ્રકૃતિઓનો ત્રણ આવલિકા અદ્ધાચ્છેદ અને બે આવલિકા ન્યૂન પોતપોતાના મૂળકર્મ જેટલી ઉત્કૃષ્ટસ્થિતિ સત્તાવાળા જીવો પોતપોતાના ઉદયમાં વર્તતા ઉત્કૃષ્ટસ્થિતિ ઉદીરણાના સ્વામી છે. કારણ કે આ બધી પ્રકૃતિઓનો પોતપોતાના મૂળકર્મ જેટલો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ થતો નથી. પરંતુ પોતપોતાની પ્રતિપક્ષ પ્રકૃતિઓના સંક્રમથી ઉત્કૃષ્ટસ્થિતિ સત્તા થાય છે.

દા. ત. સાતાવેદનીયની પ્રતિપક્ષ અસાતાવેદનીયનો ત્રીસ કોડાકોડી સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરી તુરત જ સાતાવેદનીયનો બંધ શરૂ કરે ત્યારે બંધાતી એવી સાતાવેદનીયમાં અસાતાની બંધ આવલિકા વ્યતીત થયા બાદ તરત જ ઉદયાવલિકા ઉપરની એટલે બે આવલિકા ન્યૂન ત્રીસ કોડાકોડી સાગરોપમ પ્રમાણ અસાતાવેદનીયને સાતાવેદનીયમાં ઉદાયવલિકા ઉપર સંક્રમાવે છે. તેથી તે જ સમયે સાતાવેદનીયની આવલિકા ન્યૂન ત્રીસ કોડાકોડી સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિ સત્તા થાય છે. પરંતુ સંક્રમાવલિકામાં કોઈ કરણ લાગતું ન હોવાથી સંક્રમાવલિકા વીત્યા પછી તે સઘળી સ્થિતિ ઉદીરણાને યોગ્ય થાય છે. પરંતુ ઉદયાવલિકા પણ સકલકરણને અયોગ્ય હોવાથી તેમાં ઉદીરણા થતી નથી. માટે સંક્રમાવલિકા અને ઉદયાવલિકા તેમજ એક આવલિકા સત્તામાં પ્રથમથી જ ઓછી છે તેથી કુલ ત્રણ આવલિકાનો અદ્ધાચ્છેદ થાય છે. અને સાતાવેદનીયના ઉદયવર્તી બે આવલિકા ન્યૂન ઉત્કૃષ્ટસ્થિતિ સત્તાવાળા જીવોને ઉત્કૃષ્ટ-સ્થિતિ ઉદીરણા થાય છે. માટે તે જીવો તેના સ્વામી કહેવાય છે.

એ જ પ્રમાણે ઉચ્ચ ગોત્રના પ્રતિપક્ષ નીચ ગોત્રનો વીસ કોડાકોડી સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિ બંધ કરી તુરત જ ઉચ્ચ ગોત્રનો બંધ શરૂ કરે ત્યારે બંધાતા એવા ઉચ્ચ ગોત્રમાં નીચ ગોત્રની બંધાવલિકા વ્યતીત થયા પછી ઉદયાવલિકા ઉપરના અર્થાત્ બે આવલિકા ન્યૂન વીસ કોડાકોડી સાગરોપમ પ્રમાણ નીચ ગોત્રને ઉચ્ચ ગોત્રમાં ઉદયાવલિકા ઉપર સંક્રમાવે છે. તેથી તે સમયે આવલિકા ન્યૂન વીસ કોડાકોડી સાગરોપમ પ્રમાણ ઉચ્ચ ગોત્રની ઉત્કૃષ્ટ સ્થિતિ સત્તા થાય છે. અને સંક્રમાવલિકામાં કોઈપણ કરણ લાગતું ન હોવાથી સંક્રમાવલિકા વ્યતીત થયા બાદ ઉદીરણા શરૂ થાય છે. પરંતુ ઉદયાવલિકા પણ સકલ કરણને અયોગ્ય હોવાથી તેનાં દલિકોની ઉદીરણા થતી નથી માટે ત્રણ આવલિકા અદ્ધાચ્છેદ અને બે આવલિકા ન્યૂન વીસ કોડાકોડી સાગરોપમ પ્રમાણ ઉચ્ચ ગોત્રની સત્તાવાળા ઉચ્ચ ગોત્રના ઉદયવર્ત્તી જીવો ઉચ્ચ ગોત્રની ઉત્કૃષ્ટસ્થિતિ ઉદીરણાના સ્વામી છે.

એ જ પ્રમાણે શેષ સત્તાવીસ પ્રકૃતિઓ માટે પણ સમજવું, પરંતુ તે તે પ્રકૃતિના ઉદયવાળા જીવો જ ઉત્કૃષ્ટ સ્થિતિ ઉદીરણાના સ્વામી છે, એ ખાસ યાદ રાખવું.

મનુષ્યાનુપૂર્વી વગેરે અનુદયસંક્રમોત્કૃષ્ટા અઢાર અને અનુદયબંધોત્કૃષ્ટા નરકદ્વિક વગેરે

વીસ મળી કુલ આડત્રીસ પ્રકૃતિઓમાં અંતર્મુહૂર્ત પ્રમાણ અદ્ધાચ્છેદ અને અંતર્મુહૂર્ત ન્યૂન પોત-પોતાની ઉત્કૃષ્ટસ્થિતિ સત્તાવાળા તેમજ તે તે કર્મના ઉદયના પ્રથમ સમયે વર્તતા જીવો ઉત્કૃષ્ટ સ્થિતિઉદીરણાના સ્વામી છે.

આહારકસપ્તકનો અપ્રમત્તગુણસ્થાનકે ઉત્કૃષ્ટસ્થિતિબંધ કરે અને તે વખતે નામકર્મની અન્ય પ્રકૃતિઓની આહારકસપ્તકના બંધ કરતાં ઘણી વધારે અર્થાત્ સંખ્યાતગુણી સ્થિતિસત્તા હોય છે. અને તે પ્રકૃતિઓને આહારકસપ્તકમાં સંક્રમાવી તેને ઉત્કૃષ્ટસ્થિતિસત્તા પ્રમાણ કરી અંતર્મુહૂર્ત પછી પ્રમત્તગુણસ્થાનકે આવી આહારક શરીરને બનાવતાં પ્રથમ સમયે આહારકસપ્તકની ઉત્કૃષ્ટસ્થિતિ ઉદીરણા કરે છે. અને ઉત્કૃષ્ટસ્થિતિસત્તા થયા બાદ અંતર્મુહૂર્ત પછી જ આહારક શરીર બનાવે છે. તેથી અંતર્મુહૂર્તપ્રમાણ અદ્ધાચ્છેદ હોય છે.

તેરમા ગુણસ્થાનકના પ્રથમ સમયે વધારેમાં વધારે જેટલી—પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિસત્તા હોઈ શકે તેટલી સ્થિતિસત્તાવાળા તીર્થંકર પરમાત્મા ઉદયાવલિકા ઉપરની સઘળી સ્થિતિની ઉદીરણા કરે ત્યારે આવલિકા પ્રમાણ અદ્ધાચ્છેદ અને આવલિકાન્યૂન પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ તીર્થંકરનામકર્મની ઉત્કૃષ્ટસ્થિતિ ઉદીરણા હોય છે.

મનુષ્યાનુપૂર્વી, દેવદ્વિક, વિકલત્રિક અને સૂક્ષ્મત્રિક આ નવપ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિસત્તા પોતપોતાનો ઉદય ન હોય ત્યારે તેની પોતપોતાની પ્રતિપક્ષભૂત નરકાનુપૂર્વી, નરકદ્વિક, પંચેન્દ્રિય જાતિ અને બાદરત્રિક અથવા નામકર્મની કોઈપણ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટસ્થિતિ બંધ કરી બંધાતી એવી મનુષ્યાનુપૂર્વી વગેરેમાં બંધાવલિકા વીતી છે. જેની એવી ઉદયાવલિકા ઉપરની નરકાનુપૂર્વી વગેરે પ્રકૃતિઓને બંધાતી એવી મનુષ્યાનુપૂર્વી વગેરેમાં ઉદયાવલિકા ઉપર સંક્રમાવી મનુષ્યાનુપૂર્વી વગેરે નવે પ્રકૃતિઓની આવલિકા ન્યૂન વીસ કોડાકોડી સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટસ્થિતિ સત્તા કરે છે. અને ઉત્કૃષ્ટસ્થિતિસત્તા કર્યા પછી તથાસ્વભાવે જ મધ્યમ પરિણામે અંતર્મુહૂર્તકાળ ત્યાં જ રહી મરણ પામી મનુષ્યાનુપૂર્વી વગેરે પ્રકૃતિઓના ઉદયને કરે છે. તે વખતે ઉદયાવલિકા ઉપરની મનુષ્યાનુપૂર્વી વગેરેની સ્થિતિઓની ઉદીરણા કરે છે માટે આવલિકા અધિક અંતર્મુહૂર્ત પ્રમાણ અદ્ધાચ્છેદ હોય છે. પરંતુ અપેક્ષાએ તે આવલિકાને જુદી ન ગણતાં અંતર્મુહૂર્ત પ્રમાણ અદ્ધાચ્છેદ બતાવેલ છે અને આવલિકા અધિક અંતર્મુહૂર્ત ન્યૂન ઉત્કૃષ્ટસ્થિતિ સત્તાવાળા વિગ્રહગતિમાં વર્તમાન મનુષ્યાનુપૂર્વીના મનુષ્યો, દેવદ્વિકના દેવો, વિકલત્રિકના વિકલેન્દ્રિયો અને સૂક્ષ્મત્રિકના ક્રમશઃ સૂક્ષ્મ, અપર્યાપ્ત અને સાધારણ જીવો પોતાના ઉદયના પ્રથમ સમયે ઉત્કૃષ્ટસ્થિતિ સ્વામી છે.

કોઈપણ કર્મનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ અતિસંક્લિષ્ટ પરિણામે જ થાય છે તેથી અતિસંક્લિષ્ટ પરિણામે ઉત્કૃષ્ટસ્થિતિ બંધ કરી તથાસ્વભાવે જ મધ્યમ પરિણામવાળો થઈ અંતર્મુહૂર્ત પ્રમાણ ત્યાં જ રહી પછી મરીને આત્મા અન્ય ગતિમાં જાય છે. તેથી અતિસંક્લિષ્ટ પરિણામે મનુષ્યો અથવા તિર્યંચો કૃષ્ણલેશ્યામાં વર્તતા નરકદ્વિકનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ કરી અંતર્મુહૂર્તપ્રમાણ મધ્યમપરિણામમાં રહી મરણ પામી કૃષ્ણલેશ્યાવાળી નીચેની ત્રણ નરકપૃથ્વીમાં ઉત્પન્ન થનારા નારકો ઉદયાવલિકા ઉપરની નરકદ્વિકની સઘળી સ્થિતિઓની ઉદીરણા કરે છે. તેથી ધૂમપ્રભા વગેરે ત્રણ પૃથ્વીના નારકો નરકદ્વિકની ઉત્કૃષ્ટસ્થિતિ ઉદીરણાના સ્વામી છે અને આવલિકાની વિવક્ષા ન કરતાં

અંતર્મુહૂર્ત પ્રમાણ અદ્ધાચ્છેદ હોય છે.

એ જ પ્રમાણે અતિસંક્લિષ્ટ પરિણામે ઈશાન સુધીના દેવો એકેન્દ્રિય, સ્થાવર અને આતપ નામકર્મનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ કરી અંતર્મુહૂર્ત પછી કાળ કરી એકેન્દ્રિયમાં ઉત્પન્ન થઈ પ્રથમ સમયે ઉદયાવલિકા ઉપરની સ્થિતિની ઉદીરણા કરે ત્યારે એકેન્દ્રિયજીવો એકેન્દ્રિય તથા સ્થાવરનામકર્મના અને શરીરપર્યાપ્તિએ પર્યાપ્ત એવા ખરપૃથ્વીકાય જીવો આતપનામકર્મના ઉત્કૃષ્ટસ્થિતિ ઉદીરણાના સ્વામી હોય છે અને યથાસંભવ નાનામોટા અંતર્મુહૂર્તપ્રમાણ અદ્ધાચ્છેદ હોય છે.

એ જ રીતે નારકો અથવા સહસ્રાર સુધીના દેવો અતિસંક્લિષ્ટ પરિણામે ઔદારિક સપ્તક તિર્યંચદ્વિક અને સેવાર્ત્ત સંહનન આ દસ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ કરી અંતર્મુહૂર્ત ત્યાં જ રહી મરણ પામી યથાસંભવ તિર્યંચ કે મનુષ્યભવમાં ઉદય પ્રાપ્ત આ દસે પ્રકૃતિઓની ઉદયાવલિકા ઉપરની સઘળી સ્થિતિઓની ઉદીરણા કરે ત્યારે ઉત્કૃષ્ટસ્થિતિ ઉદીરણાના સ્વામી હોય છે અને અંતર્મુહૂર્ત પ્રમાણ અદ્ધાચ્છેદ હોય છે.

અતિસંક્લિષ્ટ પરિણામે નિદ્રાપંચકનો ઉદય જ ન હોવાથી નિદ્રાના અનુદયવાળા જીવો તેનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ કરી અંતર્મુહૂર્ત પ્રમાણ મધ્યમ પરિણામમાં રહ્યા પછી જ નિદ્રાના ઉદયવાળા થાય છે. તેથી ઉદયપ્રાપ્ત તે તે નિદ્રાની ઉદયાવલિકા ઉપરની સઘળી સ્થિતિની ઉદીરણા કરે ત્યારે અંતર્મુહૂર્ત પ્રમાણ અદ્ધાચ્છેદ અને તે તે નિદ્રાના ઉદયવાળા તે તે નિદ્રાના ઉત્કૃષ્ટ સ્થિતિ ઉદીરણાના સ્વામી હોય છે.

જઘન્યસ્થિતિ ઉદીરણાના સ્વામી :

એકેન્દ્રિયમાં ઓછામાં ઓછી જેટલી સ્થિતિસત્તા હોઈ શકે તે એકેન્દ્રિય પ્રાયોગ્ય જઘન્ય સ્થિતિસત્તા કહેવાય અને તે એકેન્દ્રિયના જઘન્ય સ્થિતિબંધથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ અધિક હોય છે. તેટલી જઘન્ય સ્થિતિસત્તાવાળો એકેન્દ્રિય અનંતાનુબંધી આદિ બાર કષાય, ભય, જુગુપ્સા, પાંચ નિદ્રા, આતપ અને ઉદ્યોત આ એકવીસ પ્રકૃતિઓનો પોતાની જઘન્યસ્થિતિ સત્તાની સમાન અગર તેનાથી કંઈક અધિક નવીન બંધ કરતો બંધાવલિકાના ચરમ સમયે પોતપોતાના ઉદયવાળો જઘન્યસ્થિતિ ઉદીરણાનો સ્વામી છે. કારણ કે બેઇન્દ્રિયાદિ અન્ય જીવોને સ્થિતિસત્તા વધારે હોય છે. તેથી એકેન્દ્રિયોને જઘન્યસ્થિતિ ઉદીરણા ઘટે છે.

ત્યાં અનંતાનુબંધી આદિ બાર કષાયની બે આવલિકા ન્યૂન ચાર સપ્તમાંશ સાગરોપમ, ભય, જુગુપ્સા, આતપ અને ઉદ્યોતની બે આવલિકા ન્યૂન બે સપ્તમાંશ સાગરોપમ અને નિદ્રાપંચકની બે આવલિકા ન્યૂન ત્રણ સપ્તમાંશ સાગરોપમ જઘન્ય સ્થિતિ ઉદીરણા હોય છે.

પરંતુ આ ગ્રંથના મતે જઘન્ય સ્થિતિબંધ પૂર્ણ ૪/૭ સાગરોપમ વગેરે હોવાથી ઉદીરણામાં પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અધિક સમજવો. એ જ રીતે હવે પછી પણ જઘન્ય સ્થિતિ ઉદીરણાના પ્રમાણમાં સર્વત્ર એ પ્રમાણે સમજવું.

જઘન્ય સ્થિતિસત્તાવાળો એકેન્દ્રિય બેઇન્દ્રિયાદિ ચાર જાતિ, ત્રસ, બાદર અને પ્રત્યેક નામકર્મને મોટા અંતર્મુહૂર્તકાળ સુધી બાંધી પછી એકેન્દ્રિય, સ્થાવર, સૂક્ષ્મ અને સાધારણ

નામકર્મનો બંધ શરૂ કરે ત્યારે પોતપોતાની બંધ આવલિકાના ચરમ સમયે ઉદયપ્રાપ્ત આ ચારે પ્રકૃતિઓના જઘન્યસ્થિતિ ઉદીરણાનો સ્વામી છે.

જ્યાં પ્રતિપક્ષ પ્રકૃતિઓ બંધ યોગ્ય હોય ત્યાં તે તે પ્રકૃતિઓ અંતર્મુહૂર્તકાળથી વધારે બંધાતી નથી અને વિવક્ષિત એકેન્દ્રિય જાતિ વગેરેનો બંધ શરૂ થયા પછી પૂર્વે બંધાયેલી બેઇન્દ્રિયાદિ જાતિઓનો તેમાં સંક્રમ શરૂ થાય છે. તેથી એકેન્દ્રિયાદિ જાતિઓની બંધ આવલિકા પૂર્ણ થતાંની સાથે જ સંક્રમ્યમાણ બેઇન્દ્રિયાદિ જાતિઓની સંક્રમાવલિકા પણ પૂર્ણ થાય છે. માટે બંધાવલિકા પછીના પ્રથમ સમયે બંધાયેલી એકેન્દ્રિયાદિ જાતિઓની બંધાવલિકા અને પ્રથમ સમયે સંક્રમેલ બેઇન્દ્રિયાદિ જાતિઓની સંક્રમાવલિકા પૂર્ણ થવાથી તેની પણ ઉદીરણા થાય છે. તેથી બંધાવલિકાના ચરમસમયે પૂર્વગત સત્તામાંથી અન્ય પ્રકૃતિઓના બંધકાળ પ્રમાણ અંતર્મુહૂર્ત અને બધ્યમાન પ્રકૃતિની આવલિકાપ્રમાણ સ્થિતિઓ સત્તામાંથી ઓછી થઈ જાય છે. માટે આવલિકાના ચરમસમયે આ ચારે પ્રકૃતિઓની જઘન્ય સ્થિતિ ઉદીરણા કરે છે. ત્યાં એકેન્દ્રિય જાતિની બે આવલિકા અધિક ચાર અંતર્મુહૂર્ત ન્યૂન અને શેષ ત્રણ પ્રકૃતિઓની બે આવલિકા અધિક અંતર્મુહૂર્ત ન્યૂન બે સપ્તમાંશ સાગરોપમ પ્રમાણ જઘન્યસ્થિતિ ઉદીરણા હોય છે.

જઘન્ય સત્તાવાળો એકેન્દ્રિય વિકલેન્દ્રિયમાં આવી પ્રથમ સમયથી ઉદય વિનાની શેષ ચાર જાતિઓનો વારાફરતી મોટા મોટા અંતર્મુહૂર્તકાળ સુધી બંધ કરી ઉદય પ્રાપ્ત બેઇન્દ્રિયાદિ જાતિનો બંધ શરૂ કરે ત્યારે તેની બંધાવલિકાના ચરમસમયે ઉદયપ્રાપ્ત બેઇન્દ્રિયાદિજાતિની જઘન્ય સ્થિતિઉદીરણા કરે છે. અને તેઓની જઘન્યસ્થિતિ ઉદીરણા બે આવલિકા અધિક ચાર અંતર્મુહૂર્ત ન્યૂન બે સપ્તમાંશ સાગરોપમ પ્રમાણ હોય છે.

જઘન્ય સત્તાવાળો એકેન્દ્રિય સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચમાં આવી પ્રથમ સમયથી ઉદયપ્રાપ્ત સિવાયની તેની પ્રતિપક્ષ જેટલી પ્રકૃતિઓ હોય તે દરેકને મોટા મોટા અંતર્મુહૂર્તકાળ સુધી બાંધી પછી ઉદય પ્રાપ્ત પ્રકૃતિઓનો બંધ શરૂ કરે ત્યારે તે તે ઉદયપ્રાપ્ત પ્રકૃતિઓની બંધાવલિકાના ચરમસમયે દુર્ભાગ્ય, અનાદેયદ્વિક, નીચ ગોત્ર, તિર્યંચદ્વિક, પ્રથમ સિવાયનાં પાંચ સંઘયણ, મનુષ્યાનુપૂર્વી, અપર્યાપ્તનામકર્મ, હાસ્ય, રતિ, અરતિ, શોક અને બે વેદનીય—આ ઓગણીસ પ્રકૃતિઓની જઘન્યસ્થિતિ ઉદીરણા કરે છે. માત્ર મનુષ્યાનુપૂર્વી તથા તિર્યંચાનુપૂર્વીનો ઉદય વિગ્રહગતિમાં જ હોવાથી આ બે પ્રકૃતિઓની જઘન્ય સ્થિતિ ઉદીરણા એકેન્દ્રિયમાંથી આવેલ ક્રમશઃ મનુષ્ય અને સંજ્ઞીપંચેન્દ્રિય તિર્યંચને વિગ્રહગતિમાં ત્રીજે સમયે જઘન્ય સ્થિતિ ઉદીરણા હોય છે.

ત્યાં દૌર્ભાગ્ય, અનાદેયદ્વિક, તિર્યંચગતિ, નીચ ગોત્ર, અપર્યાપ્તનામ, હાસ્ય, રતિ, અરતિ, અને શોક આ દસની બે આવલિકા અધિક અંતર્મુહૂર્ત ન્યૂન બે સપ્તમાંશ સાગરોપમ પ્રમાણ, બીજા વગેરે પાંચ સંઘયણની બે આવલિકા અધિક પાંચ અંતર્મુહૂર્ત ન્યૂન બે સપ્તમાંશ સાગરોપમપ્રમાણ, બે વેદનીયની બે આવલિકા અધિક અંતર્મુહૂર્ત ન્યૂન ત્રણ સપ્તમાંશ સાગરોપમ પ્રમાણ અને મનુષ્ય તથા તિર્યંચાનુપૂર્વીની આવલિકા ન્યૂન બે સપ્તમાંશ સાગરોપમ પ્રમાણ જઘન્ય સ્થિતિ ઉદીરણા હોય છે.

દીર્ઘ આયુષ્યવાળો અસંજ્ઞીપંચેન્દ્રિય સર્વ પર્યાપ્તિએ પર્યાપ્ત થતાંની સાથે જ દેવદ્વિક,

નરકદ્વિક અને વૈક્રિય અંગોપાંગ આ પાંચે પ્રકૃતિઓનો ઓછામાં ઓછો પલ્યોપમના અસંખ્યાતમા ભાગ ન્યૂન બે હજાર સપ્તમાંશ સાગરોપમ પ્રમાણ સ્થિતિબંધ કરી શકે છે, તેટલો સ્થિતિબંધ કરી પછી પોતાનું આયુષ્ય પૂર્ણ કરી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ આયુષ્યવાળા દેવ અને નરકમાં જાય તેવા જીવને વિગ્રહગતિમાં ત્રીજા સમયે ક્રમશઃ દેવ અને નરકાનુપૂર્વીની તેમજ પોતાના આયુષ્યના અંત્ય સમયે ક્રમશઃ દેવ તથા નરકગતિની અને બંનેમાં વૈક્રિય અંગોપાંગનામકર્મની જઘન્ય સ્થિતિ ઉદીરણા થાય છે તેથી તે તે જીવો તેના સ્વામી છે.

ત્યાં દેવ તથા નરકાનુપૂર્વીની સાધિક પલ્યોપમના અસંખ્યાતમાભાગ ન્યૂન બે હજાર સપ્તમાંશ સાગરોપમપ્રમાણ, દેવગતિ, નરકગતિ અને વૈક્રિય અંગોપાંગની સાધિક પલ્યોપમના બે અસંખ્યાત ભાગ ન્યૂન બે હજાર સપ્તમાંશ સાગરોપમ પ્રમાણ જઘન્ય સ્થિતિ ઉદીરણા થાય છે.

જ્યારે જે પ્રકૃતિઓનું અંતરકરણ કરે છે ત્યારે તે પ્રકૃતિઓની પહેલી અને બીજી એમ બે સ્થિતિ થાય છે. માટે અંતરકરણ કર્યા પછી ત્યાં પહેલી સ્થિતિની સમયાધિક આવલિકા બાકી હોય ત્યારે મિથ્યાત્વની મિથ્યાદષ્ટિ, સમ્યક્ત્વમોહનીયની ઉપશમ શ્રેણિ માટે ઉપશમ સમ્યક્ત્વ પામતાં પ્રથમ સ્થિતિની સમયાધિક આવલિકા શેષ અથવા ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરતાં સમયાધિક આવલિકા શેષ ક્ષાયોપશમ સમ્યક્ત્વી ચોથાથી સાતમા ગુણસ્થાનકવર્ત્તી, સંજ્વલનત્રિક અને ત્રણ વેદની નવમા ગુણસ્થાનકવર્તી અને સંજ્વલન લોભની દસમા ગુણસ્થાનકવર્તી જીવ જઘન્ય સ્થિતિ ઉદીરણાનો સ્વામી હોય છે. અને સમય પ્રમાણ જઘન્ય સ્થિતિ ઉદીરણા હોય છે.

ટીકામાં સમ્યક્ત્વમોહનીય અને સંજ્વલનલોભની બંને શ્રેણિમાં અને બાકીની પ્રકૃતિઓની ક્ષપકશ્રેણિમાં જઘન્ય સ્થિતિ ઉદીરણા હોય એમ બતાવેલ છે. પરંતુ બન્ને શ્રેણિઓમાં સંભવી શકે છે. પછી તો કેવલી ગમ્ય.

જે પ્રકૃતિઓનો એકેન્દ્રિયમાં બંધ હોય છે તે પ્રકૃતિઓની એકેન્દ્રિયમાં જઘન્યસ્થિતિ સત્તા પણ એકેન્દ્રિયના જઘન્ય સ્થિતિબંધથી પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અધિક જ હોય છે, પણ તેથી ઓછી હોતી નથી, પરંતુ જે પ્રકૃતિઓનો એકેન્દ્રિયમાં બંધ નથી અને ઉદ્વલના થાય છે, તે પ્રકૃતિઓની ઉદ્વલના કરતી વખતે જઘન્યસ્થિતિસત્તા તેથી પણ ઓછી હોય છે. છતાં ઉદ્વલના કરતી વખતે એકેન્દ્રિયના જઘન્યબંધ સમાન જઘન્યસ્થિતિ સત્તાથી ઓછી સત્તા થયા પછી તે પ્રકૃતિઓ ઉદયમાં આવવા યોગ્ય રહેતી નથી પરંતુ સંપૂર્ણ ક્ષય થઈ જાય છે. તેથી મિશ્રમોહનીયની ઉદ્વલના કરતાં પલ્યોપમના અસંખ્યાતમા ભાગ ન્યૂન એક સાગરોપમ પ્રમાણ તેની સત્તા રહે તેવા એકેન્દ્રિયો સંજ્ઞીપંચેન્દ્રિયમાં આવી જ્યારે મિશ્રગુણઠાણું પામે ત્યારે તેઓ મિશ્રગુણસ્થાનકના ચરમ સમયે મિશ્રમોહનીયની કંઈક અધિક પલ્યોપમના અસંખ્યાતમા ભાગ ન્યૂન એક સાગરોપમ પ્રમાણ જઘન્યસ્થિતિ ઉદીરણાના સ્વામી છે.

ઉદ્વલના કરતા પલ્યોપમના અસંખ્યાતમા ભાગ ન્યૂન બે સપ્તમાંશ સાગરોપમ પ્રમાણ વૈક્રિયષટ્કની સત્તાવાળા પર્યાપ્ત બાદર વાયુકાય વારંવાર વૈક્રિય શરીર બનાવી અંતિમ વૈક્રિય શરીર બનાવે ત્યારે તેના ઉદયના ચરમ સમયે કંઈક અધિક પલ્યોપમના અસંખ્યાતમા ભાગ ન્યૂન

બે સપ્તમાંશ સાગરોપમ પ્રમાણ વૈક્રિય ષટ્કના જઘન્યસ્થિતિ ઉદીરણાના સ્વામી છે.

ચાર વાર મોહનીયકર્મનો સર્વોપશમ કરી ત્યારબાદ ક્ષાયિક સમ્યક્ત્વ પામી સર્વાર્થસિદ્ધઅનુત્તર વિમાનમાં ઉત્પન્ન થાય અને ત્યાંથી કાળ કરી પૂર્વક્રોડ વર્ષના આયુષ્યવાળા મનુષ્યમાં ઉત્પન્ન થઈ આઠ વરસની ઉંમરે સંયમનો સ્વીકાર કરી અલ્પ આયુષ્ય બાકી રહે છતે આહારક શરીર બનાવે તેવા મુનિઓ આહારકના ઉદયના ચરમ સમયે આહારક સપ્તકના જઘન્યસ્થિતિ ઉદીરણાના સ્વામી છે. તેનું પ્રમાણ યથાસંભવ અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ હોય છે.

મોહનીયનો ઉપશમ કરતાં તેમજ ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરતાં સ્થિતિઘાતાદિકથી તેમજ સ્વાર્થસિદ્ધ વિમાનમાં ઘણી અપવર્તના થવાથી નામકર્મની પ્રકૃતિઓની સ્થિતિસત્તા ઘણી ઓછી થઈ જાય છે. માટે મનુષ્યભવમાં સંયમ સ્વીકાર્યા પછી આહારકના બંધ વખતે નામકર્મની અન્ય પ્રકૃતિઓની સ્થિતિ સત્તા ઘણી જ ઓછી હોવાથી સંક્રમ દ્વારા પણ આહારકની સ્થિતિસત્તા ઘણી વધતી નથી, તેથી ચાર વાર મોહનો ઉપશમ, ક્ષાયિક સમ્યક્ત્વની પ્રાપ્તિ વગેરે કહેલ છે.

બારમા ગુણસ્થાનકની સમયાધિક આવલિકા બાકી રહે ત્યારે પાંચ જ્ઞાનાવરણીય, ચાર દર્શનાવરણ અને પાંચ અંતરાય આ ચૌદ પ્રકૃતિઓની ઉદયાવલિકા ઉપરની એક સમય પ્રમાણ સ્થિતિની ઉદીરણા થાય છે, ત્યારે જઘન્યસ્થિતિ ઉદીરણાના સ્વામી હોય છે અને તેરમા ગુણસ્થાનકના ચરમસમયવર્તી જીવો મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ઔદારિકસપ્તક, તૈજસકાર્મણ સપ્તક, પ્રથમ સંઘયણ, છ સંસ્થાન, વર્ણાદિ વીસ, બે વિહાયોગતિ, આતપ તથા ઉદ્યોત વિના છ પ્રત્યેક પ્રકૃતિઓ, ત્રણ દસક, દુઃસ્વર, અસ્થિરદ્વિક અને ઉચ્ચ ગોત્ર આ પાંસઠ પ્રકૃતિઓના અંતર્મુહૂર્ત સ્થિતિપ્રમાણ જઘન્યસ્થિતિ ઉદીરણાના સ્વામી છે. પરંતુ ઉચ્છ્વાસ અને બે સ્વરના યોગનિરોધ કરતી વખતે પોતપોતાના ઉદયના ચરમ સમયે જઘન્યસ્થિતિ ઉદીરણાના સ્વામી છે. આટલી વિશેષતા છે.

પોતપોતાના આયુષ્યની સમયાધિક આવલિકા બાકી રહે ત્યારે તે તે જીવો એક સમય પ્રમાણ તે તે આયુષ્યની જઘન્યસ્થિતિ ઉદીરણાના સ્વામી હોય છે.

ઇતિ સ્થિતિ-ઉદીરણા

અનુભાગ ઉદીરણા

અહીં સંજ્ઞા, શુભાશુભ, વિપાક, હેતુ, સાદ્યાદિ અને સ્વામિપણું આ છ અધિકારો છે. તેમાં પ્રથમની ચાર બાબતો બંધ તથા ઉદય આશ્રયી આ ગ્રંથના પ્રથમ ભાગના ત્રીજા દ્વારમાં જે પ્રમાણે કહેલ છે તે પ્રમાણે અહીં પણ સમજવું, છતાં સામાન્યથી આ પ્રમાણે છે.

(૧) સંજ્ઞા—સ્થાન અને ઘાતી આશ્રયી સંજ્ઞા બે પ્રકારે છે, તેમાં પણ સ્થાન સંજ્ઞા એક સ્થાનક વગેરે ચાર પ્રકારે અને ઘાતી સંજ્ઞા સર્વઘાતી આદિ ત્રણ પ્રકારે છે. હવે આ ચાર

બાબતોમાં બંધ કરતાં અહીં જે થોડી ઘણી વિશેષતા છે તે બતાવવામાં આવે છે.

પુરુષવેદ, ચક્ષુ-અચક્ષુદર્શનાવરણ અને પાંચ અંતરાય આ આઠ પ્રકૃતિઓનો રસ બંધ આશ્રયી ચાર સ્થાનક વગેરે ચાર પ્રકારનો છે પરંતુ તથાસ્વભાવે જે ઉદીરણામાં ઉત્કૃષ્ટથી દ્વિસ્થાનકમાં અને જઘન્ય અથવા મધ્યમથી એકસ્થાનક અને દ્વિસ્થાનક જ રસ હોય છે.

સ્ત્રીવેદનો બંધ આશ્રયી દ્વિસ્થાનક આદિ ત્રણ પ્રકારનો રસ હોવા છતાં ઉદીરણામાં ઉત્કૃષ્ટથી દ્વિસ્થાનક અને જઘન્ય તથા મધ્યમથી એકસ્થાનક અને દ્વિસ્થાનક જ હોય છે.

સમ્યક્ત્વ મોહનીયનો બંધ છે જ નહીં પરંતુ ઉદીરણામાં તેનો ઉત્કૃષ્ટથી દ્વિસ્થાનક અને જઘન્ય તથા મધ્યમથી એકસ્થાનક અને દ્વિસ્થાનક રસ હોય છે.

મનઃપર્યવજ્ઞાનાવરણનો બંધ આશ્રયી એકસ્થાનક આદિ ચાર પ્રકારનો રસ હોવા છતાં ઉદીરણામાં ઉત્કૃષ્ટથી ચાર સ્થાનક અને મધ્યમથી ચતુઃસ્થાનક, ત્રિસ્થાનક અને દ્વિસ્થાનક તથા જઘન્યથી દ્વિસ્થાનક જ રસ હોય છે.

નપુંસકવેદનો બંધ આશ્રયી દ્વિસ્થાનક વગેરે ત્રણ પ્રકારનો રસ હોવા છતાં ઉદીરણા આશ્રયી ઉત્કૃષ્ટથી ચાર સ્થાનક અને મધ્યમથી ચાર સ્થાનક આદિ ચારેય પ્રકારનો અને જઘન્યથી એક સ્થાનક રસ હોય છે. નપુંસક વેદનો એકસ્થાનક રસ ન બંધાવા છતાં તેના ક્ષય વખતે દ્વિસ્થાનક વગેરે રસનો ઘાત થવાથી સત્તામાં એકસ્થાનક રસ હોય છે માટે એકસ્થાનકરસની ઉદીરણા હોય છે.

ચાર સંજ્વલન કષાય, ત્રણ જ્ઞાનાવરણ અને અવધિદર્શનાવરણનો જેમ બંધમાં એક સ્થાનક આદિ ચાર પ્રકારનો રસ છે તેમ ઉદીરણામાં પણ છે.

હાસ્યષટ્કનો જેમ બંધમાં દ્વિસ્થાનક આદિ ત્રણ પ્રકારનો રસ છે તેમ ઉદીરણામાં પણ ત્રણ પ્રકારનો હોય છે.

અચક્ષુદર્શનાવરણ, સમ્યક્ત્વમોહનીય અને પાંચ અંતરાયનો ઉદીરણામાં હંમેશાં તથાસ્વભાવે દેશઘાતી જ રસ હોય છે. અને બાકીની બધી દેશઘાતી પ્રકૃતિઓનો ઉદીરણામાં સર્વઘાતી અને દેશઘાતી એમ બન્ને પ્રકારનો રસ હોય છે.

અનંતાનુબંધી આદિ બાર કષાય, નિદ્રાપંચક, મિથ્યાત્વમોહનીય, કેવલજ્ઞાનાવરણ અને કેવલ દર્શનાવરણનો રસ બંધની જેમ ઉદીરણામાં પણ સર્વઘાતી અને દ્વિસ્થાનક આદિ ત્રણ પ્રકારે હોય છે.

મિશ્રમોહનીયનો બંધ નથી પરંતુ ઉદીરણામાં સર્વઘાતી અને સ્થાન આશ્રયી દ્વિસ્થાનક રસ હોય છે.

સંપૂર્ણ શ્રુતકેવલીઓને મતિ—શ્રુત અને અવધિજ્ઞાનાવરણ તેમજ અવધિદર્શનાવરણનો ઉદીરણામાં એક સ્થાનક રસ હોય છે. એમ કર્મપ્રકૃતિ—ચૂર્ણિ તથા ટીકામાં બતાવેલ છે. પરંતુ આ ગ્રંથમાં આ હકીકત નથી.

ગુરુ અને કર્કશ એ બે સ્પર્શ, દેવાનુપૂર્વી, નરકાનુપૂર્વી તેમજ મનુષ્ય તથા તિર્યંચોમાં જ

એકાન્તે ઉદયવાળી મનુષ્યત્રિક, તિર્યંચત્રિક, એકેન્દ્રિયાદિ ચાર જાતિ, ઔદારિક સપ્તક, છ સંઘયણ, મધ્યમના ચાર સંસ્થાન, આતપ અને સ્થાવર ચતુષ્ક આ બત્રીસ એમ કુલ છત્રીસ પ્રકૃતિઓનો બંધ આશ્રયી દ્વિસ્થાનક આદિ ત્રણ પ્રકારે રસ હોય છે, પરંતુ ઉદીરણામાં ઉત્કૃષ્ટ મધ્યમ અને જઘન્યથી પણ તથાસ્વભાવે દ્વિસ્થાનક જ રસ હોય છે.

શેષ પંચોતેર પ્રકૃતિઓનો બંધમાં જેમ દ્વિસ્થાનક આદિ ત્રણ પ્રકારે રસ છે તેમ ઉદીરણા આશ્રયી પણ છે. ઉત્કૃષ્ટથી ચાર સ્થાનક, મધ્યમથી ચતુઃસ્થાનક, ત્રિસ્થાનક અને દ્વિસ્થાનક એમ ત્રણ પ્રકારનો અને જઘન્યથી દ્વિસ્થાનક જ રસ હોય છે.

અઘાતી એકસો અગિયાર પ્રકૃતિઓનો રસ અઘાતી હોવા છતાં ઘાતી પ્રકૃતિઓની સાથે ઉદીરણામાં આવે છે ત્યારે સર્વઘાતી પ્રતિભાગા કહેવાય છે. માટે ઉદીરણા આશ્રયી સર્વઘાતી પ્રતિભાગા રસ હોય છે.

શુભાશુભ—પાપપ્રકૃતિઓ બધી અશુભ છે અને પુન્યપ્રકૃતિઓ બધી શુભ છે તથા સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીય પણ પાપ પ્રકૃતિઓ હોવાથી અશુભ છે.

જે પ્રકૃતિઓનો વધારેમાં વધારે જેટલો ઉત્કૃષ્ટ રસ બંધાય છે તેટલો રસ સત્તામાં હોય ત્યારે ઉત્કૃષ્ટ અનુભાગ સત્તા કહેવાય છે. અને સામુદાયિક સર્વ રસસ્પર્દ્ધકોની ઉત્કૃષ્ટ સત્તાની અપેક્ષાએ સામુદાયિકપણે અનંતભાગહીન, અસંખ્યાતભાગહીન, સંખ્યાતભાગહીન, સંખ્યાતગુણહીન, અસંખ્યાતગુણહીન અથવા અનંતગુણહીન અનુભાગ સત્તામાં હોય ત્યારે સત્તાગત ઘણા સ્પર્દ્ધકોનો રસ ઓછો થવા છતાં કેટલાક સ્પર્દ્ધકો જેવા ઉત્કૃષ્ટ રસવાળા બંધાયા હતા તેવા રસવાળા પણ સત્તામાં રહી જાય છે, તેથી ઉત્કૃષ્ટ અનુભાગ સત્તાની અપેક્ષાએ ઉપર બતાવ્યા પ્રમાણે ષટ્સ્થાન હીન અનુભાગ સત્તાવાળા જીવોને પણ ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણા થાય છે.

વિપાક—મોહનીયની અઠ્ઠાવીસ, જ્ઞાનાવરણ પાંચ, કેવલ દર્શનાવરણ અને વીર્યાંતરાય આ પાંત્રીસ પ્રકૃતિઓ જીવદ્રવ્યમાં સંપૂર્ણપણે પોતાના વિપાકની અસર બતાવે છે. પરંતુ તેના અમુક ભાગને અસર બતાવે છે અને અમુક ભાગને નથી બતાવતા, એમ નથી.

સંપૂર્ણ જીવ દ્રવ્ય ઉપર અસર કરવા છતાં જીવના દરેક પ્રદેશોમાં જે જ્ઞાનાદિ અનંતાનંત પર્યાયો છે તે સર્વને દબાવવાની શક્તિ તે પ્રકૃતિઓમાં ન હોવાથી અમુક પર્યાયોને દબાવવા છતાં જીવના દરેક પ્રદેશમાં અમુક અમુક અંશે જ્ઞાનાદિ ગુણો વિદ્યમાન હોય છે, અન્યથા જીવ અજીવપણું જ પામે. કહ્યું પણ છે કે—અત્યંત ગાઢ વાદળ ચઢી આવે તોપણ ચન્દ્ર-સૂર્યની પ્રભા કંઈક અંશે પ્રગટ રહે જ છે. નહીંતર દરેક પ્રાણીઓને પ્રસિદ્ધ રાત અને દિવસનો ભેદ પણ ન રહે.

જેમ અમલદારને દસ હજાર રૂા. સુધીનો દંડ કે સજા કરવાની સત્તા હોય અને જો તે રોષાયમાન થઈ જાય તો તેટલો દંડ કે સજા કરી શકે, તેમ જે ગુણનો જેટલો વિષય હોય તે ગુણને આવરનાર કર્મનો પણ તેટલો જ વિષય હોય છે. તેથી ગુરુ-લઘુ પરિણામી અનંતપ્રદેશી સ્કંધો જ ચક્ષુનો વિષય હોવાથી ચક્ષુદર્શનાવરણનો વિપાક ગુરુલઘુ પરિણામી અનંતપ્રદેશી

સ્કંધોમાં અને રૂપી દ્રવ્યો જ અવધિજ્ઞાન અને અવધિદર્શનનો વિષય હોવાથી આ બન્ને આવરણનો રૂપી દ્રવ્યોમાં જ વિપાક હોય છે.

દેવા, લેવા, અને ભોગવવા યોગ્ય સર્વ દ્રવ્યોનો અનંતમો જ ભાગ હોવાથી સર્વ દ્રવ્યના અનંતમા ભાગ જેટલાં દ્રવ્યો જ દાનાદિ ચાર લબ્ધિનો વિષય હોવાથી દાનાંતરાય વગેરે ચારેનો વિપાક પણ ગ્રહણ, ધારણ, અને ઉપભોગાદિ દ્રવ્યમાં જ હોય છે.

આ સિવાય બાકીની પ્રકૃતિઓનો વિપાક જેમ ત્રીજા દ્વારમાં ક્ષેત્ર, ભવ, પુદ્ગલ અને જીવને આશ્રયી બતાવેલ છે તેમ ઉદીરણા આશ્રયી પણ હોય છે.

પ્રત્યય—રસ ઉદીરણાનાં પ્રત્યયો, કારણો અને હેતુઓ આ એકાર્થવાચી શબ્દો છે.

ઉદયમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ અને ભવ આ પાંચ કારણો હોવા છતાં ઉદીરણાનું મુખ્ય કારણ કષાય સહિત કે કષાય રહિત જીવનો વીર્યવ્યાપાર છે અને તે જ ઉદીરણા કરણ છે. તેથી હંમેશાં જેવો રસ બંધાય અથવા જેવો રસ સત્તામાં હોય તેવા જ રસની ઉદીરણા થતી નથી પરંતુ વીર્યવ્યાપાર રૂપ ઉદીરણા કરણથી ઓછો કે વધારે રસ પણ ઉદીરણા દ્વારા ઉદયમાં આવે છે. તેનું મુખ્ય કારણ યોગ હોવા છતાં સત્તાગત રસથી ઓછા રસની ઉદીરણા થવામાં પરિણામ અથવા ભવ એ બીજાં પણ બે મુખ્ય કારણો છે. ત્યાં પરિણામ એટલે ગુણ, અધ્યવસાય અથવા ઉત્તર શરીરાદિની પ્રાપ્તિ કે સત્તાગત રસનો અન્યથા ભાવ થવો—આમ મુખ્ય ચાર અર્થ છે. માટે આ ચાર કારણોને લઈને થતી રસ ઉદીરણાને પરિણામ પ્રત્યયકૃત અને દેવાદિભવના નિમિત્તથી ફેરફાર થઈને જે રસની ઉદીરણા થાય છે તે ભવપ્રત્યયિક કહેવાય છે. અર્થાત્ અમુક પ્રકારના પરિણામ કે દેવાદિક ભવના નિમિત્તથી જ અમુક પ્રકારનું યોગ રૂપ વીર્ય પ્રગટ થાય છે. તેથી ઉદીરણાનું મુખ્ય કારણ યોગ હોવા છતાં પરંપરાએ પરિણામ અને ભવ પણ અનુભાગ ઉદીરણામાં કારણ હોવાથી આ ઉદીરણા પરિણામ અને ભવકૃત એમ બે પ્રકારની હોય છે.

ત્યાં પ્રથમ કદાચ પ્રતિપક્ષ પ્રકૃતિઓની ઉદીરણા હોય તોપણ ઉત્તર વૈક્રિય અથવા આહારક શરીર બનાવે ત્યારે સમચતુરસ્રસંસ્થાન, મૃદુ, લઘુસ્પર્શ, પરાઘાત, સુસ્વર, શુભવિહાયોગતિ અને પ્રત્યેકનામકર્મ આ આઠ પ્રકૃતિઓની જ ઉદીરણા થાય છે. તેથી આ બે શરીરવાળા જીવોને આ પ્રકૃતિઓની ઉદીરણા શરીર પરિણામ પ્રત્યયિક કહેવાય છે. તેમાં પણ આહારક શરીર ગુણપ્રત્યયિક હોવાથી તે શરીરવાળા મુનિઓને આ આઠ પ્રકૃતિઓની ઉદીરણા ગુણપરિણામ પ્રત્યયિક અને ઉત્તરવૈક્રિય શરીર ગુણ અને નિર્ગુણના નિમિત્તથી બન્ને પ્રકારે બનતું હોવાથી વૈક્રિય શરીરવાળા જીવોને આ પ્રકૃતિઓ સગુણ અને નિર્ગુણ પરિણામ પ્રત્યયિક કહેવાય છે.

અવિરત આત્માઓને કદાચ પ્રતિપક્ષ પ્રકૃતિઓની ઉદય અને ઉદીરણા હોય તોપણ દેશવિરત અને સર્વવિરત મનુષ્યોને સૌભાગ્ય, આદેયદ્વિક અને ઉચ્ચ ગોત્રની જ ઉદીરણા થતી હોવાથી આ જીવોને આ ચાર પ્રકૃતિઓની ઉદીરણા ગુણપરિણામ પ્રત્યયિક છે. અને સ્ત્રીવેદ આદિ નવ નોકષાયના જઘન્ય રસસ્પર્દ્ધકથી માંડી શરૂઆતના અનંતમા ભાગ પ્રમાણ રસ સ્પર્દ્ધકોની ઉદીરણા દેશવિરત તથા મુનિઓને જ થતી હોવાથી તેટલા રસની ઉદીરણા ગુણ-

પરિણામ પ્રત્યયિક કહેવાય છે. આ સ્થાને કર્મપ્રકૃતિ ઉદીરણાકરણ ગાથા બાવનમાં શરૂઆતમાં અસંખ્યાતમાભાગ જેટલા રસ સ્પર્દ્ધકોની ઉદીરણા દેશવિરત તથા મુનિઓને ગુણપરિણામ પ્રત્યયિક બતાવેલ છે. તેથી સત્તામાં ગમે તેટલો રસ હોય તોપણ આ જીવોને આ નવ પ્રકૃતિઓનો જેવો જઘન્ય રસ ઉદીરણા દ્વારા ઉદયમાં આવે છે તેવો અન્ય જીવોને આવતો નથી. માટે દેશવિરતિ અને સર્વવિરતિરૂપ ગુણપરિણામ પ્રત્યયિક છે.

દેવત્રિકની દેવભવમાં, મનુષ્યત્રિકની મનુષ્યભવમાં, તિર્યંચત્રિક, એકેન્દ્રિયાદિ ચાર જાતિ, સ્થાવરદ્વિક, સાધારણ અને આતપ આ અગિયારની તિર્યંચભવમાં અને નરકત્રિકની નરકભવમાં જ ઉદીરણા થતી હોવાથી આ વીસ પ્રકૃતિઓ તે તે ભવ પ્રત્યયિક ઉદીરણાવાળી કહેવાય છે. અને શેષ અધ્રુવોદયી તેમજ ધ્રુવોદયી પ્રકૃતિઓમાં ખાસ કોઈ ભવ કે ગુણ કારણ ન હોવાથી તે પ્રકૃતિઓની ઉદીરણા નિર્ગુણપરિણામ પ્રત્યયિક છે. તેમાં પણ ધ્રુવોદયી પ્રકૃતિઓની ઉદીરણા હંમેશાં અને અધ્રુવોદયી પ્રકૃતિઓની તદ્‌યોગ્ય દ્રવ્યાદિક પાંચ નિમિત્તો મળે ત્યારે જ થાય છે.

તીર્થંકરનામકર્મ તેમજ નવ નોકષાય વિના ચાર ઘાતી કર્મની આડત્રીસ પ્રકૃતિઓ તથા **च** શબ્દથી વૈક્રિયસપ્તક અને ધ્રુવોદયી પ્રકૃતિઓ યથાસંભવ તિર્યંચો અને મનુષ્યોને બંધાયેલ રસ કરતાં ઓછા કે વધારે રસવાળી થઈને જ ઉદીરણામાં આવતી હોવાથી આ પ્રકૃતિઓ ગુણ પરિણામ પ્રત્યયકૃત છે. અથવા તો સર્વપ્રકૃતિઓની દેવાદિ ચારમાંના કોઈ ને કોઈ ભવમાં જ ઉદીરણા થતી હોવાથી સર્વ પ્રકૃતિઓ ભવ પ્રત્યયિક ઉદીરણાવાળી અથવા જેટલો અને જેવો રસ બંધાયો હોય તેવો જ રસ સર્વ જીવોને ઉદયમાં આવતો નથી પરંતુ પરિણામ એટલે ફેરફાર થઈને પણ ઉદીરણામાં આવે છે. તેથી અપેક્ષાએ સર્વપ્રકૃતિઓ ઉદીરણા પરિણામ પ્રત્યયકૃત પણ કહી શકાય છે.

સાદ્યાદિ :

(૧) મૂળપ્રકૃતિ આશ્રયી—મોહનીયકર્મની અજઘન્ય અનુભાગોદીરણા સાદ્યાદિ ચાર પ્રકારે અને શેષ ત્રણ વિકલ્પો સાદિ-અધ્રુવ એમ બે પ્રકારે હોવાથી કુલ દસ, શેષ ત્રણ ઘાતીકર્મની અજઘન્ય અનુભાગોદીરણા સાદિ વિના ત્રણ પ્રકારે અને શેષ ત્રણ વિકલ્પો સાદિ-અધ્રુવ એમ બે-બે પ્રકારે હોવાથી એક એકના નવ-નવ કુલ સત્તાવીસ, વેદનીયકર્મની અનુત્કૃષ્ટ અનુભાગોદીરણા ચાર પ્રકારે અને શેષ ત્રણ વિકલ્પો બે-બે પ્રકારે હોવાથી કુલ દસ, નામ તથા ગોત્રકર્મની અનુત્કૃષ્ટ અનુભાગોદીરણા સાદિ વિના ત્રણ પ્રકારે અને શેષ ત્રણ વિકલ્પો સાદિ-અધ્રુવ એમ બે પ્રકારે હોવાથી એક-એકના નવ-નવ કુલ અઢાર. અને આયુષ્યના ચારે વિકલ્પો સાદિ-અધ્રુવો એમ બે-બે પ્રકારે હોવાથી કુલ આઠ, સર્વ મળીને મૂળકર્મ આશ્રયી અનુભાગ ઉદીરણાના તોત્તેર (૭૩) ભાંગા થાય છે.

મોહનીયકર્મની જઘન્ય અનુભાગોદીરણા ક્ષપક શ્રેણિમાં દસમા ગુણસ્થાનકની સમયાધિક આવલિકા બાકી હોય ત્યારે થાય છે અને તે એક જ સમય થતી હોવાથી સાદિ-અધ્રુવ છે. તે સિવાય જ્યારે મોહનીયકર્મની ઉદીરણા હોય છે ત્યારે અજઘન્ય અનુભાગ ઉદીરણા હોય છે અને

તે અગિયારમા ગુણસ્થાનકે સર્વથા હોતી નથી, ત્યાંથી પડે ત્યારે સાદિ, અગિયારમા ગુણસ્થાનકને નહિ પામેલા જીવોને અનાદિ, અભવ્યોને ધ્રુવ અને ભવ્યોને અધ્રુવ હોય છે.

જ્ઞાનાવરણ વગેરે ત્રણ ઘાતીકર્મની જઘન્ય અનુભાગ ઉદીરણા બારમા ગુણસ્થાનકની સમયાધિક આવલિકા બાકી હોય ત્યારે એક સમય માત્ર જ થતી હોવાથી સાદિ-અને અધ્રુવ છે, શેષ સર્વકાળમાં આ ત્રણે કર્મની અજઘન્ય અનુભાગ ઉદીરણા હોય છે અને બારમા ગુણસ્થાનકેથી પડવાનો અભાવ હોવાથી સાદિ થતી નથી માટે અનાદિ, અભવ્યોને ધ્રુવ અને ભવ્યોને અધ્રુવ હોય છે.

આ ચારે ઘાતીકર્મની પ્રથમ ગુણસ્થાનકે ઉત્કૃષ્ટ અને પછી અનુત્કૃષ્ટ એમ બંને પ્રકારની ઉદીરણા વારાફરતી અનેક વાર થતી હોવાથી સાદિ-અધ્રુવ એમ બે પ્રકારે છે.

વેદનીયકર્મનો સાતાવેદનીય આશ્રયી ઉપશમ શ્રેણિમાં ઘણો રસ બાંધી ત્યાંથી કાળ કરી સર્વાર્થસિદ્ધવિમાનમાં ઉત્પન્ન થાય ત્યારે વેદનીય કર્મની ઉત્કૃષ્ટ અનુભાગ ઉદીરણા થાય છે. અને તે નિયતકાળ થતી હોવાથી સાદિ-અધ્રુવ છે. શેષ સર્વકાળે પ્રમત્ત ગુણસ્થાનક સુધી આ કર્મની અનુત્કૃષ્ટ અનુભાગ ઉદીરણા થાય છે. પરંતુ અપ્રમત્તાદિ ગુણસ્થાનકોમાં થતી નથી, ત્યાંથી પડે ત્યારે પુનઃ શરૂ થાય ત્યારે સાદિ, અપ્રમત્ત ભાવને નહિ પામેલા જીવોને અનાદિ, અભવ્યોને ધ્રુવ અને ભવ્યોને અધ્રુવ હોય છે.

નામ તથા ગોત્રકર્મની ઉત્કૃષ્ટ અનુભાગ ઉદીરણા તેરમા ગુણસ્થાનકે જ થતી હોવાથી સાદિ અને અધ્રુવ છે, તે સિવાયના કાળમાં આ કર્મોની અનુત્કૃષ્ટ અનુભાગ ઉદીરણા હોય છે અને તેરમા ગુણસ્થાનકેથી પડવાનો અભાવ હોવાથી તેની સાદિ થતી નથી માટે અનાદિ, અભવ્યોને ધ્રુવ અને ભવ્યોને અધ્રુવ એમ ત્રણ પ્રકારે હોય છે.

નામ, ગોત્ર અને વેદનીયકર્મની ઘણી અનુભાગ સત્તાનો નાશ કરેલ એકેન્દ્રિયાદિ જીવોને જઘન્ય અને ઘણી અનુભાગ સત્તાનો નાશ ન કરેલ જીવોને અજઘન્ય અનુભાગ ઉદીરણા એમ વારાફરતી અનેક વાર થતી હોવાથી તે બન્ને સાદિ અને અધ્રુવ છે.

દરેક ભવની ચરમ આવલિકામાં આયુષ્યની ઉદીરણા જ થતી ન હોવાથી તેના ઉત્કૃષ્ટાદિ ચારે વિકલ્પો સાદિ અને અધ્રુવ એમ બે પ્રકારે છે.

ઉત્તરપ્રકૃતિ આશ્રયી :—

મિથ્યાત્વ, ગુરુ અને કર્કશ સ્પર્શની અજઘન્ય અનુભાગ-ઉદીરણા સાદ્યાદિ ચાર પ્રકારે અને શેષ ત્રણ વિકલ્પો આદિ-અધ્રુવ એમ બે પ્રકારે હોવાથી એક એકના દસ કુલ ત્રીસ, મૃદુ અને લઘુસ્પર્શની અનુત્કૃષ્ટ અનુભાગ ઉદીરણા ચાર પ્રકારે અને શેષ ત્રણ વિકલ્પો બે બે પ્રકારે હોવાથી એક એકના દસ-દસ કુલ વીસ. તૈજસ-કાર્મણસપ્તક, સ્થિર, શુભ નિર્માણ, અગુરુલઘુ અને મૃદુ-લઘુસ્પર્શ વિના શેષ નવ શુભ વર્ણાદિકની અનુત્કૃષ્ટ અનુભાગ ઉદીરણા સાદિ વિના ત્રણ પ્રકારે અને શેષ ત્રણ વિકલ્પો બે પ્રકારે હોવાથી એક એકના નવ-નવ કુલ એકસો એંશી, પાંચ જ્ઞાનાવરણ, ચાર દર્શનાવરણ, પાંચ અંતરાય, અસ્થિર, અશુભ, કર્કશ અને ગુરુ-સ્પર્શ વિના શેષ અશુભ વર્ણાદિસાતની અજઘન્ય અનુભાગ ઉદીરણા સાદિ વિના ત્રણ પ્રકારે અને

બાકીના ત્રણ વિકલ્પો સાદિ અને અધ્રુવ હોવાથી એક એકના નવ-નવ કુલ બસો સાત અને શેષ એકસો દસ પ્રકૃતિઓ અધ્રુવોદયી હોવાથી તેની ઉદીરણા પણ અધ્રુવ હોય છે. માટે તે પ્રકૃતિઓના ચારે વિકલ્પો સાદિ અને અધ્રુવ એમ બબ્બે પ્રકારે હોવાથી એક એકના આઠ-આઠ કુલ આઠસો-એંશી, એમ એકસો અઠ્ઠાવન ઉત્તરપ્રકૃતિઓ આશ્રયી સર્વ મળીને એક હજાર ત્રણસો સત્તર વિકલ્પો થાય છે.

મિથ્યાત્વની જઘન્ય અનુભાગ ઉદીરણા એકીસાથે સમ્યક્ત્વ અને સર્વવિરતિ ચારિત્રને પ્રાપ્ત કરનાર અતિ વિશુદ્ધ મિથ્યાદૃષ્ટિને પોતાના ચરમ સમયે એક સમય માત્ર જ થતી હોવાથી સાદિ-અધ્રુવ છે અને શેષ સર્વકાળમાં પ્રથમ ગુણસ્થાનકે મિથ્યાત્વની અજઘન્ય અનુભાગ ઉદીરણા હોય છે. અને સમ્યક્ત્વથી પડતા જીવને તેની શરૂઆત થતી હોવાથી સાદિ, સમ્યક્ત્વને નહિ પામેલા જીવોને અનાદિ, અભવ્યોને ધ્રુવ અને ભવ્યોને અધ્રુવ હોય છે.

ગુરુ અને કર્કશ-સ્પર્શની જઘન્ય અનુભાગ ઉદીરણા તથાસ્વભાવે જ કેવલીસમુદ્ઘાતમાં છઠ્ઠા સમયે સમયમાત્ર જ થતી હોવાથી સાદિ-અધ્રુવ અને સાતમા સમયે પુનઃ અજઘન્ય થાય છે માટે સાદિ, જઘન્યના સ્થાનને નહિ પામેલ જીવોને અનાદિ, અભવ્યોને ધ્રુવ અને ભવ્યોને અધ્રુવ હોય છે.

આ ત્રણ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ અનુભાગ ઉદીરણા ઉત્કૃષ્ટ અનુભાગ બંધ કરનાર મિથ્યાદૃષ્ટિઓને બંધ આવલિકા પછી ઉત્કૃષ્ટરસ સત્તામાં હોય ત્યાં સુધી ઉત્કૃષ્ટ અને પછી અનુત્કૃષ્ટ એમ વારાફરતી અનેક વાર થતી હોવાથી બંને સાદિ અને અધ્રુવ છે.

મૃદુ અને લઘુ સ્પર્શની ઉત્કૃષ્ટ અનુભાગ ઉદીરણા આહારક શરીરીને બે સમય માત્ર થતી હોવાથી સાદિ-અધ્રુવ છે. અને શેષ સર્વકાળે અનુત્કૃષ્ટ અનુભાગ ઉદીરણા હોય છે. અને તે આહારક શરીરની સમાપ્તિ પછી પુનઃ શરૂ થતી હોવાથી સાદિ, આહારકશરીર નહિ બનાવેલ જીવોને અનાદિ, અભવ્યોને ધ્રુવ અને ભવ્યોને અધ્રુવ હોય છે.

આ બે પ્રકૃતિઓની જઘન્ય અનુભાગ ઉદીરણા ઘણી અનુભાગ સત્તાનો નાશ કરેલ એકેન્દ્રિયાદિ જીવોનો અમુક ટાઇમ સુધી હોય છે. અને ઘણી અનુભાગ સત્તાનો નાશ નહિ કરેલ જીવોને અજઘન્ય અનુભાગ ઉદીરણા થાય છે માટે તે બન્ને સાદિ-અધ્રુવ છે.

તૈજસ-કાર્મણ સપ્તક, સ્થિર, શુભ, અગુરુલઘુ, નિર્માણ, મૃદુ-લઘુ સ્પર્શ વિના શેષ નવ શુભ વર્ણાદિ આ વીસ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ અનુભાગ ઉદીરણા સયોગીકેવલીને ચરમસમયે થતી હોવાથી સાદિ-અધ્રુવ છે. શેષ સર્વકાળે અનુત્કૃષ્ટ અનુભાગ ઉદીરણા હોય છે, પરંતુ સયોગી ગુણસ્થાનકેથી પડવાનો અભાવ હોવાથી તેની સાદિ નથી માટે અનાદિ, અભવ્યોને ધ્રુવ અને ભવ્યોને અધ્રુવ હોય છે.

આ વીસ શુભ પ્રકૃતિઓની જઘન્ય અને અજઘન્ય અનુભાગ ઉદીરણા મૃદુ-લઘુ સ્પર્શની જેમ અનેક વાર થતી હોવાથી સાદિ-અધ્રુવ એમ બે પ્રકારે છે.

પાંચ જ્ઞાનાવરણ, ચાર દર્શનાવરણ અને પાંચ અંતરાયની જઘન્ય અનુભાગ ઉદીરણા બારમા ગુણસ્થાનકની સમયાધિક આવલિકા બાકી હોય ત્યારે અને અસ્થિર, અશુભ તેમજ કર્કશ

અને ગુરુસ્પર્શ વિના શેષ અશુભ વર્ણાદિ સાતની જઘન્ય અનુભાગ ઉદીરણા તેરમા ગુણસ્થાનકના ચરમસમયે થતી હોવાથી સાદિ-અધ્રુવ છે. શેષ સર્વકાળમાં આ ત્રેવીસ પ્રકૃતિઓની અજઘન્ય અનુભાગ ઉદીરણા હોય છે. અને બારમા તેમજ તેરમા ગુણસ્થાનકેથી પડવાનો અભાવ હોવાથી તેની સાદિ ન હોવાથી અનાદિ, અભવ્યોને ધ્રુવ અને ભવ્યોને અધ્રુવ હોય છે.

આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ અને અનુત્કૃષ્ટ અનુભાગ ઉદીરણા પ્રથમ ગુણસ્થાનકે મિથ્યાત્વની જેમ વારાફરતી અનેક વાર થતી હોવાથી સાદિ-અધ્રુવ એમ બે પ્રકારે છે.

શેષ એકસો દસ પ્રકૃતિઓની ઉદીરણા જ અધ્રુવ હોવાથી તેના ચારે વિકલ્પો સાદિ અને અધ્રુવ એમ બબ્બે પ્રકારે જ હોય છે.

ઉત્કૃષ્ટ અનુભાગ ઉદીરણાના સ્વામી :

અહીં ઉત્કૃષ્ટ અનુભાગ ઉદીરણાના અમુક જીવો જ સ્વામી બતાવ્યા અને અન્ય જીવો કેમ નહિ ? તેનાં કેટલાંક કારણો ટીકાકાર મહર્ષિએ બતાવેલ છે અને કેટલાંક કારણો વિચાર કરતાં આપણે પણ સમજી શકીએ તેવાં છે, તે અહીં બતાવવામાં આવ્યાં છે પરંતુ કેટલાંક કારણો આપણે ન સમજી શકીએ તે બહુશ્રુતો પાસેથી જાણવા પ્રયત્ન કરવો.

પાપ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ અનુભાગ ઉદીરણા તદ્યોગ્ય અતિસંક્લિષ્ટ પરિણામી જીવોને અને પુન્યપ્રકૃતિઓની ઉત્કૃષ્ટ અનુભાગ ઉદીરણા તદ્યોગ્ય અતિવિશુદ્ધ પરિણામી જીવોને હોય છે. આ વાત સર્વત્ર ધ્યાનમાં રાખવી.

દાનાંતરાય આદિ પાંચ અંતરાય અને અચક્ષુર્દર્શનાવરણના ઉત્કૃષ્ટ અનુભાગ ઉદીરણાના સ્વામી સર્વથી અલ્પ દાનાદિ લબ્ધિ અને અચક્ષુર્દર્શન લબ્ધિ સંપન્ન સૂક્ષ્મ લબ્ધિ અપર્યાપ્ત ઉત્પત્તિના પ્રથમસમયવર્તી જીવો, છે કારણ કે આ જીવોને ઓછામાં ઓછી દાનાદિ લબ્ધિ હોવાથી અનુભાગ ઉદીરણા વધારે પ્રમાણમાં હોય છે માટે તેઓ જ સ્વામી હોય છે.

ચક્ષુર્દર્શનાવરણના ઉત્કૃષ્ટ અનુભાગ ઉદીરણાના સ્વામી સર્વપર્યાપ્તિએ પર્યાપ્તના ચરમસમયવર્તી તે ઇન્દ્રિય જીવો છે. ચતુરિન્દ્રિયાદિને ચક્ષુર્દર્શનાવરણનો ક્ષયોપશમ હોવાથી અને બેઇન્દ્રિયાદિ જીવોને એટલો તીવ્ર સંક્લેશ ન હોવાથી ઉત્કૃષ્ટ અનુભાગ ઉદીરણા થતી નહિ હોય તેમ લાગે છે.

અપર્યાપ્ત અવસ્થામાં નિદ્રાનો તીવ્ર ઉદય ન હોવાથી તેમજ અતિવિશુદ્ધ કે અતિસંક્લિષ્ટ અવસ્થામાં નિદ્રાના ઉદયનો સર્વથા અભાવ હોવાથી મધ્યમ પરિણામી સર્વ પર્યાપ્તિએ પર્યાપ્ત જીવો યથાસંભવ નિદ્રાના ઉદયવાળા પાંચ નિદ્રાના સ્વામી છે.

સર્વ પર્યાપ્તિએ પર્યાપ્ત તેત્રીસ સાગરોપમના આયુષ્યવાળા સાતમી નરકના નારકો અરતિ, શોક, ભય, જુગુપ્સા, નપુંસકવેદ, અસાતાવેદનીય, નરકગતિ હુંડકસંસ્થાન, ઉપઘાત, અશુભવિહાયોગતિ, દૌર્ભાગ્યત્રિક, અયશકીર્ત્તિ અને નીચ ગોત્રના સ્વામી છે. કારણ કે અન્ય સર્વ જીવો કરતાં આ જીવોને આ પ્રકૃતિઓનો અત્યંત તીવ્ર રસોદય હોય છે. તેથી ઉદીરણા પણ ઘણી જ હોય છે.

ત્રસત્રિક, પંચેન્દ્રિયજાતિ, સાતાવેદનીય, સુસ્વર, ઉચ્છ્વાસનામ વૈક્રિયસપ્તક અને દેવગતિ આ પંદર પ્રકૃતિઓના સ્વામી તેત્રીસ સાગરોપમના આયુષ્યવાળા સર્વ પર્યાપ્તિએ પર્યાપ્ત અતિવિશુદ્ધ પરિણામી અનુત્તરવાસી દેવો હોય છે. અન્ય જીવોને આ પ્રકૃતિઓનો આવો તીવ્ર રસોદય ન હોવાથી ઉત્કૃષ્ટ અનુભાગ ઉદીરણા પણ થતી નથી.

પછીના અનંતર સમયે મિથ્યાત્વ પ્રાપ્ત કરનાર ચરમ સમયવર્તી મિશ્રદૃષ્ટિ જીવો મિશ્રમોહનીયના અને ક્ષયોપશમ સમ્યગ્દૃષ્ટિ ચરમસમયવર્તી સમ્યક્ત્વ મોહનીયના સ્વામી છે. આ બન્ને પાપ પ્રકૃતિઓ હોવાથી અતિસંક્લિષ્ટ પરિણામીને ઉત્કૃષ્ટ અનુભાગ ઉદીરણા થાય છે અને એના ઉદયવાળા જીવોમાં ઉપરોક્ત જીવો જ અતિસંક્લિષ્ટ પરિણામી હોય છે માટે જ તેઓનું ગ્રહણ કરેલ છે.

તથાસ્વભાવે જ પર્યાપ્ત સહસ્રાર દેવો હાસ્ય અને રતિ મોહનીયના ઉત્કૃષ્ટ અનુભાગ ઉદીરણાના સ્વામી છે.

અતિસંક્લિષ્ટ પરિણામી ચરમસમયવર્તી લબ્ધિ અપર્યાપ્ત મનુષ્ય અપર્યાપ્ત નામકર્મના સ્વામી છે. અન્ય જીવો કરતાં આ જીવો વધારે સંક્લિષ્ટ હોય છે.

કર્કશ, ગુરુસ્પર્શ, સ્ત્રીવેદ, પુરુષવેદ, અંતિમ પાંચ સંઘયણ, મધ્યમ ચાર સંસ્થાન અને તિર્યંચગતિ. આ ચૌદ પ્રકૃતિઓના તથાસ્વભાવે જ આઠ વરસના આયુષ્યવાળા આઠમા વર્ષે વર્તતા સંજ્ઞીપંચેન્દ્રિય તિર્યંચો સ્વામી છે.

ત્રણ પલ્યોપમના આયુષ્યવાળા અતિવિશુદ્ધ પરિણામી પર્યાપ્ત મનુષ્યો ઔદારિકસપ્તક, મનુષ્યગતિ અને વજ્રઋષભનારાચ સંઘયણના તેમજ ઉત્કૃષ્ટ આયુષ્યવાળા સર્વ પર્યાપ્તિએ પર્યાપ્ત પોતપોતાના ભવમાં વર્તતા જીવો તે તે આયુષ્યના ઉત્કૃષ્ટ અનુભાગ ઉદીરણાના સ્વામી છે. પરંતુ નરક આયુષ્યના અતિસંક્લિષ્ટ પરિણામી અને શેષ ત્રણ આયુષ્યના અતિવિશુદ્ધ પરિણામી જાણવા.

જઘન્ય આયુષ્યવાળા અતિસંક્લિષ્ટ પરિણામી પર્યાપ્ત બેઇન્દ્રિયો બેઇન્દ્રિયજાતિના, તેઇન્દ્રિયો તેઇન્દ્રિયજાતિના, ચઉરિન્દ્રિયો ચઉરિન્દ્રિયજાતિના, સૂક્ષ્મજીવો સૂક્ષ્મનામકર્મના, બાદર એકેન્દ્રિયો સ્થાવરનામકર્મના, બાદરસાધારણો સાધારણનામકર્મના તેમજ સ્થાવર અને સાધારણ જીવો એકેન્દ્રિયજાતિ નામકર્મના સ્વામી છે. જઘન્ય આયુષ્યવાળા પર્યાપ્ત જીવો વધારે સંક્લિષ્ટ હોઈ શકે છે અને સૂક્ષ્મ કરતાં પણ બાદર જીવો વધારે સંક્લિષ્ટ હોય છે. તેથી જઘન્ય આયુષ્યવાળા પર્યાપ્ત અને યથાસંભવ બાદર જીવો બતાવેલ છે.

આહારક શરીર સંબંધી સર્વ પર્યાપ્તિએ પર્યાપ્ત, અતિવિશુદ્ધ આહારક મુનિ સમચતુરસ્રસંસ્થાન, મૃદુ, લઘુસ્પર્શ, પરાઘાત, પ્રત્યેક, શુભવિહાયોગતિ અને આહારક સપ્તક આ તેર પ્રકૃતિઓના સ્વામી છે.

વૈક્રિયશરીર સંબંધી સર્વ પર્યાપ્તિએ પર્યાપ્ત, અતિવિશુદ્ધ વૈક્રિયશરીરધારી મુનિ ઉદ્યોતનામકર્મના ઉત્કૃષ્ટ અનુભાગ ઉદીરણાના સ્વામી છે. જોકે આહારક શરીરીને પણ ઉદ્યોતનામકર્મનો ઉદય હોય છે. અને તેઓને વૈક્રિય શરીર કરતાં વધારે વિશુદ્ધિ સંભવે છે. છતાં

અહીં તેમનું ગ્રહણ કરેલ નથી તેનું કારણ બહુશ્રુતો જાણે.

ઉત્કૃષ્ટ આયુષ્યવાળા, સર્વ પર્યાપ્તિએ પર્યાપ્ત, અતિવિશુદ્ધ સૂર્યના વિમાનમાં રહેલ પૃથ્વીકાયજીવો આતપનામકર્મના સ્વામી છે. તેમજ ચારે આનુપૂર્વીના પોતપોતાની ગતિની જેમ ઉત્કૃષ્ટઅનુભાગ ઉદીરણાના સ્વામી છે. પરંતુ આનુપૂર્વીઓનો ઉદય વિગ્રહગતિમાં જ હોય છે અને ઉદય હોય ત્યારે જ ઉદીરણા હોય છે તેમજ વિગ્રહગતિ વધારેમાં વધારે ત્રણ સમયની હોય છે. તેથી પોતપોતાના ભવમાં વિગ્રહગતિમાં ત્રીજા સમયે વર્તતા અને તેમાં પણ દેવ-મનુષ્યાનુપૂર્વીના તદ્પ્રાયોગ્ય અતિવિશુદ્ધ અને નરક-તિર્યંચાનુપૂર્વીના તદ્પ્રાયોગ્ય અતિસંક્લિષ્ટ જીવો જાણવા.

તૈજસ-કાર્મણસપ્તક, મૃદુ-લઘુસ્પર્શ વિના શેષ શુભવર્ણાદિ નવ, અગુરુલઘુ, નિર્માણ, સ્થિરદ્વિક સૌભાગ્ય, આદેયદ્વિક, તીર્થંકરનામકર્મ અને ઉચ્ચ ગોત્ર આ પચીસ પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ અનુભાગ ઉદીરણાના સ્વામી સયોગી કેવલીઓ છે. અને અવધિજ્ઞાનાવરણીય વિના ચાર જ્ઞાનાવરણ, કેવલદર્શનાવરણ, મિથ્યાત્વ, સોળ કષાય, કર્કશ-ગુરુ સ્પર્શ વિના અશુભવર્ણાદિ સાત અને અસ્થિર દ્વિક આ એકત્રીસ પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ અનુભાગ ઉદીરણાના સ્વામી અતિસંક્લિષ્ટ પરિણામી સર્વપર્યાપ્તિએ પર્યાપ્ત મિથ્યાદૃષ્ટિ સંજ્ઞીપંચેન્દ્રિયો છે.

અવધિજ્ઞાનાવરણ અને અવધિદર્શનાવરણના ઉત્કૃષ્ટ અનુભાગ ઉદીરણાના સ્વામી ચારે ગતિના અતિસંક્લિષ્ટ પરિણામી પર્યાપ્ત સંજ્ઞીપંચેન્દ્રિયો છે. પરંતુ અવધિજ્ઞાન પ્રાપ્ત કરતાં ઘણા રસનો ક્ષય થઈ જાય છે. તેથી અવધિજ્ઞાનયુક્ત આત્માઓને ઉત્કૃષ્ટ અનુભાગ ઉદીરણા થતી નથી. માટે અવધિજ્ઞાન રહિત જીવો ગ્રહણ કર્યા છે.

જઘન્ય અનુભાગ ઉદીરણાના સ્વામી :

અહીં પુન્યપ્રકૃતિઓની જઘન્ય અનુભાગ ઉદીરણા તે તે પ્રકૃતિઓની ઉદીરણા કરનારા જીવોમાં જે જીવો અતિસંક્લિષ્ટ પરિણામી હોય તેઓને જ હોય છે. અને પાપપ્રકૃતિઓની જઘન્ય અનુભાગ ઉદીરણા તે તે પ્રકૃતિઓની ઉદીરણા કરનારા જીવોમાં જે જીવો અતિવિશુદ્ધ પરિણામી હોય તેઓને જ હોય છે. આ વાત ખાસ ખ્યાલમાં રાખવી.

બારમા ગુણસ્થાનકની સમયાધિક આવલિકા બાકી હોય ત્યારે સર્વોત્કૃષ્ટ ચૌદ પૂર્વલબ્ધિ-સંપન્ન જીવો મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ, ચક્ષુર્દર્શનાવરણ, અને અચક્ષુર્દર્શનાવરણના, પરમાવધિજ્ઞાનવાળા અવધિજ્ઞાનાવરણ અને અવધિદર્શનાવરણના, અને વિપુલમતિમનઃ-પર્યવજ્ઞાની મનઃપર્યવજ્ઞાનાવરણના જઘન્ય અનુભાગ ઉદીરણાના સ્વામી છે, તે તે ગુણો પ્રાપ્ત કરતાં ઘણા રસનો નાશ થતો હોવાથી બારમા ગુણસ્થાનકે બહુ જ ઓછો રસ સત્તામાં હોય છે, તેમ જ ચરમ આવલિકામાં ઉદીરણા જ થતી ન હોવાથી સર્વોત્કૃષ્ટ તે તે ગુણયુક્ત જીવો બારમા ગુણસ્થાનકની સમયાધિક આવલિકા બાકી હોય ત્યારે જ જઘન્ય અનુભાગ ઉદીરણા કરે છે, તેથી તેઓનું ગ્રહણ કરેલ છે.

ક્ષપક અપૂર્વકરણ ગુણસ્થાનકના ચરમ સમયે યથાસંભવ ઉદય પ્રાપ્ત હાસ્યષટ્કના, નવમા ગુણસ્થાનકે પોતપોતાની ઉદીરણાના ચરમસમયે ત્રણ વેદ તથા સંજ્વલનત્રિકના, દશમા

ગુણસ્થાનકની સમયાધિક આવલિકા બાકી હોય ત્યારે સંજ્વલન લોભના અને બારમા ગુણસ્થાનકની સમયાધિક આવલિકા બાકી હોય ત્યારે કેવલજ્ઞાનાવરણ, કેવલદર્શનાવરણ અને પાંચ અંતરાયના જઘન્ય અનુભાગ ઉદીરણાના સ્વામી છે, કારણ કે ઉપશમશ્રેણિ કરતાં ક્ષપકશ્રેણિમાં વધારે વિશુદ્ધિ હોય છે. અને પોતપોતાની ઉદીરણાના ચરમસમયે વધારે વિશુદ્ધિ હોય છે. માટે તે તે જીવોનું ગ્રહણ કરેલ છે.

નિદ્રા અને પ્રચલાના અગિયારમા ગુણસ્થાનકવાળા જીવો સ્વામી છે. આ ગ્રંથકાર મહર્ષિ ક્ષપકશ્રેણિમાં અને ક્ષીણમોહે નિદ્રા તથા પ્રચલાનો ઉદય માનતા નથી તેથી આ બે પ્રકૃતિઓની ઉદીરણા કરનારમાં અગિયારમા ગુણસ્થાનકવાળા જીવો વધારે વિશુદ્ધ હોવાથી તેઓને ગ્રહણ કરેલ છે. આ કર્મપ્રકૃતિ ચૂર્ણિકાર આદિના મતે બતાવેલ છે. પરંતુ જે મહર્ષિઓ ક્ષીણમોહના દ્વિચરમસમય સુધી આ બે પ્રકૃતિઓનો ઉદય માને છે, તેઓના મતે બારમા ગુણસ્થાનકની સમયાધિક આવલિકા બાકી હોય ત્યારે જઘન્ય અનુભાગ ઉદીરણાના સ્વામી હોય છે એમ સમજવું.

અપ્રમત્તાભિમુખ તત્પ્રાયોગ્ય વિશુદ્ધ પ્રમત્તયતિ થીણદ્ધિત્રિકના સ્વામી છે. કારણ કે તેની ઉદીરણા કરનારા જીવોમાં તેઓ જ સર્વથી વધારે વિશુદ્ધ હોય છે.

ક્ષાયિકસમ્યક્ત્વ પ્રાપ્ત કરનાર ચારથી સાત ગુણસ્થાનક સુધીના, યથાસંભવ ચારે ગતિમાં સમ્યક્ત્વમોહનીયની સમયાધિક આવલિકા શેષ હોય એવા ક્ષયોપશમ સમ્યગ્દૃષ્ટિજીવો સમકિતમોહનીયના સ્વામી છે. કારણ કે તેની ઉદીરણા કરનાર જીવોમાં આ જીવો જ અતિવિશુદ્ધ હોય છે. તેમજ કૃતકરણ અવસ્થામાં કાળ કરી ચારે ગતિમાં જઈ શકે છે. માટે તેવા જીવો સ્વામી કહ્યા છે.

સમકાળે સમ્યક્ત્વ અને સર્વવિરતિ ચારિત્ર પ્રાપ્ત કરનાર મિથ્યાત્વના ચરમસમયવર્ત્તી અનંતાનુબંધી ચાર કષાય અને મિથ્યાત્વના, સર્વવિરતિ પ્રાપ્ત કરનાર ચરમ સમયવર્ત્તી અવિરત સમ્યગ્દૃષ્ટિ અપ્રત્યાખ્યાનીય ચાર કષાયના, સર્વવિરતિ પ્રાપ્ત કરનાર ચરમસમયવર્ત્તી દેશવિરત પ્રત્યાખ્યાનાવરણ ચાર કષાયના તેમજ ત્રીજા ગુણસ્થાનકવાળા જીવો સમ્યક્ત્વ અને ચારિત્ર એક સાથે પ્રાપ્ત કરતા ન હોવાથી અનંતર સમયે સમ્યક્ત્વ પ્રાપ્ત કરનાર ત્રીજા ગુણસ્થાનકના ચરમસમયવર્ત્તી જીવો મિશ્રમોહનીયના જઘન્ય અનુભાગ ઉદીરણાના સ્વામી છે.

ચારે આયુષ્યમાં જઘન્યસ્થિતિબંધ સાથે જ જઘન્ય રસબંધ થાય છે તેથી જઘન્ય સ્થિતિવાળા પોતપોતાના ભવમાં વર્તતા જીવો તે તે આયુષ્યના જઘન્ય અનુભાગ ઉદીરણાના સ્વામી છે પરંતુ નરકાયુષ્યના અતિવિશુદ્ધ અને શેષ ત્રણ આયુષ્યના અતિસંક્લિષ્ટ પરિણામી જાણવા.

અલ્પ આયુષ્યવાળા સૂક્ષ્મવાયુકાય જીવો ઉત્પત્તિના પ્રથમ સમયે ઔદારિકષટ્કના તથા પ્રત્યેક નામકર્મના, અલ્પ આયુષ્યવાળા બાદર પર્યાપ્ત વાયુકાય જીવો વૈક્રિયષટ્કના અને અલ્પ આયુષ્યવાળા બેઇન્દ્રિયો ઉત્પત્તિના પ્રથમ સમયે ઔદારિક અંગોપાંગના સ્વામી છે.

એકેન્દ્રિયમાંથી વૈક્રિય એકાદશની ઉદ્વલના કરી અસંજ્ઞી પંચેન્દ્રિયતિર્યંચમાં આવી અલ્પરસ બાંધી ત્યાંથી કાળ કરી પલ્યોપમના અસંખ્યાતમા ભાગના આયુષ્યવાળા નરકમાં

ઉત્પન્ન થનાર અતિસંક્લિષ્ટ પરિણામી નારકો ઉત્પત્તિના પ્રથમ સમયે વૈક્રિય અંગોપાંગના જઘન્ય અનુભાગ ઉદીરણાના સ્વામી છે.

વિગ્રહગતિમાં વર્તતા અતિસંક્લિષ્ટ પરિણામી મિથ્યાદૃષ્ટિ તૈજસ-કાર્મણ સપ્તક, મૃદુ અને લઘુ સ્પર્શ વિના શુભવર્ણાદિનવક, સ્થિર, શુભ, અગુરુલઘુ અને નિર્માણ આ વીસ પ્રકૃતિઓના જઘન્ય અનુભાગ ઉદીરણા સ્વામી છે.

તત્પ્રાયોગ્ય સંક્લિષ્ટ આહારક શરીરીઓ આહારક સપ્તકના જઘન્ય અનુભાગ ઉદીરણાના સ્વામી છે.

અલ્પ આયુષ્યવાળા પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિયતિર્યંચો ઉત્પત્તિના પ્રથમ સમયે આહારી પ્રથમ સંઘયણ તથા પ્રથમ સંસ્થાનના, અને સર્વવિશુદ્ધ પૂર્વક્રોડના આયુષ્યવાળા ભવના પ્રથમ સમયે આહારી, પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિયો મધ્યમના ચાર સંસ્થાનના જઘન્ય અનુભાગ ઉદીરણાના સ્વામી છે. અલ્પ આયુષ્યવાળા જીવો વધારે સંક્લિષ્ટ હોય છે, પુન્ય પ્રકૃતિઓની જઘન્ય અનુભાગ ઉદીરણા સંક્લિષ્ટ પરિણામથી થાય છે. અને પ્રથમ સંઘયણ તથા પ્રથમ સંસ્થાન પુન્યપ્રકૃતિઓ હોવાથી તેના સ્વામી અલ્પ આયુષ્યવાળા કહ્યા છે. તથા દીર્ઘાયુષ્યવાળા વધારે વિશુદ્ધ હોય છે તેમજ પાપપ્રકૃતિઓની જઘન્ય અનુભાગ ઉદીરણા વિશુદ્ધ પરિણામથી થાય છે. અને મધ્યમનાં ચાર સંસ્થાનો પાપ પ્રકૃતિઓ હોવાથી તેની ઉદીરણાના સ્વામી પૂર્વક્રોડ વર્ષના આયુષ્યવાળા અસંજ્ઞી પંચેન્દ્રિયો કહ્યા છે, કારણ કે અસંજ્ઞી પંચેન્દ્રિયોનું ઉત્કૃષ્ટથી પણ તેટલું જ આયુષ્ય હોય છે.

સર્વવિશુદ્ધ પૂર્વક્રોડના આયુષ્યવાળા મનુષ્યો મધ્યમના ચાર સંઘયણના જઘન્ય અનુભાગ ઉદીરણાના સ્વામી છે. તિર્યંચો કરતાં પ્રાયઃ મનુષ્યો અલ્પબળવાળા હોય છે. માટે અહીં મનુષ્યો ગ્રહણ કરેલ છે.

દીર્ઘ આયુષ્યવાળા તત્પ્રાયોગ્ય વિશુદ્ધ પર્યાપ્ત સૂક્ષ્મ એકેન્દ્રિયો ઉત્પત્તિના પ્રથમ સમયે હુંડકસંસ્થાન, ઉપઘાત અને સાધારણનામકર્મના, અતિસંક્લિષ્ટ પરિણામી તે જ સૂક્ષ્મ એકેન્દ્રિયો સર્વપર્યાપ્તિએ પર્યાપ્તના ચરમસમયે પરાઘાતનામકર્મના, આતપ તથા ઉદ્યોતના ઉદયવાળા અતિસંક્લિષ્ટ પરિણામી ખર બાદર પૃથ્વીકાય જીવો શરીર પર્યાપ્તિએ પર્યાપ્તના પ્રથમ સમયે ક્રમશઃ આતપ અને ઉદ્યોતનામકર્મના અને બાર વર્ષના આયુષ્યવાળા બારમા વર્ષમાં વર્તતા બેઇન્દ્રિયો સેવાર્ત્ત સંહનનના જઘન્ય અનુભાગ ઉદીરણાના સ્વામી છે.

વિગ્રહગતિમાં વર્તમાન તત્પ્રાયોગ્ય અતિવિશુદ્ધ સંજ્ઞીપંચેન્દ્રિય પર્યાપ્ત જીવો મૃદુ અને લઘુ સ્પર્શના જઘન્ય અનુભાગ ઉદીરણાના સ્વામી છે.

કેવલીસમુદ્‌ઘાતના છઠ્ઠા સમયે જ તથાસ્વભાવે કર્કશ અને ગુરુસ્પર્શના, તેમજ આ બે સ્પર્શ વિના શેષ અશુભવર્ણાદિ સપ્તક, અસ્થિર અને અશુભના સયોગીકેવલી ગુણસ્થાનકના ચરમસમયવર્ત્તી જીવો જઘન્ય અનુભાગ ઉદીરણાના સ્વામી છે.

કેવલીસમુદ્‌ઘાતની પહેલાં કેવલીની દૃષ્ટિએ જે શુભયોગોનો વ્યાપાર થાય છે તેને આયોજિકાકરણ કહેવાય છે. અને તે દરેક કેવલીભગવંતો કરે છે. તેમજ તે વખતે અતિવિશુદ્ધ પરિણામ હોવાથી તીર્થંકરનામકર્મના ઘણા રસની ઉદીરણા થાય છે, તેથી

સયોગીકેવલીગુણસ્થાનકના પ્રથમ-સમયથી આયોજિકાકરણના પૂર્વ સમય સુધી તીર્થંકર ભગવંતો તીર્થંકરનામકર્મના જઘન્ય અનુભાગ ઉદીરણાના સ્વામી છે.

બે વેદનીય, ચાર ગતિ, પાંચ જાતિ, ચાર અનુપૂર્વી, બે વિહાયોગતિ, ઉચ્છ્વાસ, ત્રસત્રિક, સૌભાગ્યચતુષ્ક, સ્થાવરત્રિક, દૌર્ભાગ્ય ચતુષ્ક અને બે ગોત્ર આ ચોત્રીસ પ્રકૃતિઓ બંધ તથા ઉદયમાં પરાવર્તમાન છે. જ્યારે જઘન્ય રસબંધ થાય ત્યારે જઘન્યરસની અને ઉત્કૃષ્ટ રસબંધ થાય ત્યારે પ્રાયઃ ઉત્કૃષ્ટરસની ઉદીરણા થાય છે. તેમજ આ બધી પ્રકૃતિઓનો જઘન્ય રસબંધ પરાવર્તમાન મધ્યમ પરિણામે થાય છે માટે તે-તે પ્રકૃતિના ઉદયવાળા પરાવર્તમાન મધ્યમ પરિણામી સઘળા જીવો આ ચોત્રીસ પ્રકૃતિઓના જઘન્ય અનુભાગ ઉદીરણાના સ્વામી છે.

સામાન્યથી જઘન્ય અનુભાગ ઉદીરણા અને ઉત્કૃષ્ટ અનુભાગ ઉદીરણાના સ્વામી કોણ હોય ! તે જાણવા માટે આ ત્રણ બાબતો બરાબર વિચારવી.

(૧) ભવપ્રત્યય ઉદીરણા છે કે પરિણામ પ્રત્યય ? પ્રાયઃ ભવપ્રત્યયથી જઘન્ય અનુભાગ ઉદીરણા અને પરિણામ પ્રત્યયથી ઉત્કૃષ્ટ અનુભાગ ઉદીરણા થાય છે.

(૨) પુન્યપ્રકૃતિ છે કે પાપપ્રકૃતિ ? પુન્યપ્રકૃતિઓની જઘન્ય અનુભાગ ઉદીરણા તત્પ્રાયોગ્ય અતિસંક્લિષ્ટ પરિણામી જીવને અને ઉત્કૃષ્ટ અનુભાગ ઉદીરણા તત્પ્રાયોગ્ય અતિવિશુદ્ધ જીવને હોય છે. તેમજ પાપપ્રકૃતિઓની જઘન્ય અનુભાગ ઉદીરણા તત્પ્રાયોગ્ય અતિવિશુદ્ધ જીવને અને ઉત્કૃષ્ટ અનુભાગ ઉદીરણા તત્પ્રાયોગ્ય અતિસંક્લિષ્ટ જીવને હોય છે.

(૩) પુદ્ગલાદિ ચાર વિપાકમાંથી કયા વિપાકવાળી પ્રકૃતિ છે ? કારણ કે પુદ્ગલવિપાકી પ્રકૃતિઓની ભવાદ્ય સમયે અલ્પ પુદ્ગલો ગ્રહણ થાય ત્યારે જઘન્ય અને ઘણાં પુદ્ગલો ગ્રહણ થાય ત્યારે પ્રાયઃ ઉત્કૃષ્ટ અનુભાગ ઉદીરણા હોય છે.

ઇતિ અનુભાગ ઉદીરણા

પ્રદેશ-ઉદીરણા

અહીં સાદ્યાદિ અને સ્વામિત્વ આ બે અધિકારો છે....ત્યાં પ્રથમ મૂળકર્મ આશ્રયી સાદ્યાદિ બતાવે છે.

મૂળ પ્રકૃતિ આશ્રયી સાદ્યાદિ :

વેદનીય અને મોહનીયની અનુત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણા ચાર પ્રકારે અને શેષ ત્રણ વિકલ્પો બબ્બે પ્રકારે હોવાથી એક-એકના દસ-દસ, કુલ વીસ, આયુષ્ય કર્મના ચારે વિકલ્પો બબ્બે પ્રકારે હોવાથી કુલ આઠ અને જ્ઞાનાવરણ આદિ શેષ પાંચ પાંચ કર્મની અનુત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણા સાદિ વિના ત્રણ પ્રકારે અને શેષ ત્રણ વિકલ્પો બબ્બે પ્રકારે હોવાથી એક-એકના નવ-નવ કુલ પિસ્તાળીસ, સર્વ મળી આઠે કર્મના તોંતેર વિકલ્પો થાય છે.

પ્રાયઃ ગુણિતકર્માંશ આત્માને ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણા અને ક્ષપિતકર્માંશ જીવને જઘન્ય પ્રદેશ ઉદીરણા થાય છે. માટે સર્વત્ર ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણામાં ગુણિતકર્માંશ અને જઘન્ય પ્રદેશ

ઉદીરણામાં ક્ષપિતકર્માંશ જીવો લેવા.

અપ્રમત્તાભિમુખ સર્વવિશુદ્ધ પ્રમત્તયતિને વેદનીયકર્મની અને દશમા ગુણસ્થાનકની સમયાધિક આવલિકા બાકી હોય ત્યારે મોહનીયકર્મની ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણા થાય છે. અને તે નિયત સમય થતી હોવાથી સાદિ-અધ્રુવ છે. શેષ સર્વકાળમાં આ બે કર્મની અનુત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણા હોય છે. સાતમા ગુણસ્થાનકે વેદનીયકર્મની અને અગિયારમે ગુણસ્થાનકે મોહનીયકર્મની ઉદીરણા થતી નથી. ત્યાંથી પડે ત્યારે અનુત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણાની શરૂઆત થાય છે માટે સાદિ, તે તે સ્થાનને નહિ પામેલ જીવોને અનાદિ, અભવ્યોને ધ્રુવ અને ભવ્યોને અધ્રુવ હોય છે. તેમજ અતિસંક્લિષ્ટ પરિણામી મિથ્યાદૃષ્ટિ જીવોને આ બે કર્મની જઘન્ય અને અતિસંક્લિષ્ટ પરિણામ અમુક ટાઈમથી વધારે ટકતા ન હોવાથી શેષ કાળે અજઘન્ય, એમ વારાફરતી અનેક વાર થતી હોવાથી આ બન્ને પ્રદેશ ઉદીરણા સાદિ-અધ્રુવ એમ બે પ્રકારે છે.

આયુષ્યકર્મની ઉદીરણા જ અધ્રુવ હોવાથી તેના ચારે વિકલ્પો સાદિ-અધ્રુવ છે.

બારમા ગુણસ્થાનકની સમયાધિક આવલિકા બાકી હોય ત્યારે જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાયકર્મની, તેરમા ગુણસ્થાનકના ચરમસમયે નામ તથા ગોત્રકર્મની સમયમાત્ર ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણા હોય છે માટે તે સાદિ અને અધ્રુવ છે. શેષકાળે આ પાંચે કર્મની ઉદય હોય ત્યારે અનુત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણા હોય છે. બારમા તથા તેરમા ગુણસ્થાનકેથી પડવાનો અભાવ હોવાથી તેની સાદિ નથી માટે અનાદિ, અભવ્યોને ધ્રુવ અને ભવ્યોને અધ્રુવ હોય છે. વેદનીયકર્મની જેમ આ પાંચે કર્મની અતિસંક્લિષ્ટ પરિણામી મિથ્યાદૃષ્ટિને જઘન્ય પ્રદેશ ઉદીરણા અને શેષ કાળે અજઘન્ય પ્રદેશ ઉદીરણા વારાફરતી અનેક વાર થતી હોવાથી તે બન્ને સાદિ-અધ્રુવ હોય છે.

ઉત્તર પ્રકૃતિ આશ્રયી સાદ્યાદિ :

મિથ્યાત્વમોહનીયની અનુત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણા ચાર પ્રકારે અને શેષ ત્રણ વિકલ્પો સાદ્યાદિ બે પ્રકારે હોવાથી કુલ દસ, શેષ સુડતાળીસ ધ્રુવોદયી પ્રકૃતિઓની અનુત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણા સાદિ વિના ત્રણ પ્રકારે અને શેષ ત્રણ વિકલ્પો બબ્બે પ્રકારે હોવાથી એક-એકના નવ-નવ કુલ ચારસોત્રેવીસ અને બાકીની એકસોદસ અધ્રુવોદયી પ્રકૃતિઓના ચારે વિકલ્પો બબ્બે પ્રકારે હોવાથી એક-એકના આઠ-આઠ કુલ આઠસો એંશી, એમ સર્વ મળીને એક હજાર ત્રણસો તેર વિકલ્પો થાય છે.

સમકાળે સમ્યક્ત્વ અને સર્વવિરતિ ચારિત્ર પ્રાપ્ત કરનાર મિથ્યાદૃષ્ટિને મિથ્યાત્વની ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણા હોય છે. અને તે નિયત કાળ હોવાથી સાદિ-અધ્રુવ છે. શેષ સર્વકાળમાં મિથ્યાદૃષ્ટિને મિથ્યાત્વની અનુત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણા હોય છે. અને ઉપરના ગુણસ્થાનકેથી પ્રથમ ગુણસ્થાને આવે ત્યારે તેની શરૂઆત થાય છે—માટે સાદિ, ઉપરના ગુણસ્થાનકે નહિ ગયેલા જીવોને અનાદિ, અભવ્યોને ધ્રુવ અને ભવ્યોને અધ્રુવ હોય છે. સર્વ સંક્લિષ્ટ મિથ્યાદૃષ્ટિને મિથ્યાત્વ મોહનીયની જઘન્ય પ્રદેશ ઉદીરણા અને તે જ મિથ્યાદૃષ્ટિને અતિસંક્લિષ્ટ પરિણામ ન હોય ત્યારે અજઘન્ય પ્રદેશ ઉદીરણા—એમ વારાફરતી અનેકશઃ થતી હોવાથી આ બન્ને ઉદીરણા સાદિ-અધ્રુવ છે.

બારમા ગુણસ્થાનકની સમયાધિક આવલિકા બાકી હોય ત્યારે પાંચ જ્ઞાનાવરણ, ચાર

દર્શનાવરણ અને પાંચ અંતરાય આ ચૌદની અને તેરમા ગુણસ્થાનકના ચરમસમયે તૈજસ-કાર્મણ સપ્તક, અગુરુલઘુ, નિર્માણ, સ્થિર, અસ્થિર, શુભ, અશુભ અને વર્ણાદિ વીસ, નામકર્મની આ તેત્રીસ ધ્રુવોદયી પ્રકૃતિઓની એક સમય માત્ર ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણા થાય છે માટે સાદિ-અધ્રુવ છે. શેષ સર્વકાળે આ પ્રકૃતિઓની અનુત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણા હોય છે. અને બારમા તથા તેરમા ગુણસ્થાનકેથી પડવાનો અભાવ હોવાથી તેની સાદિ નથી માટે અનાદિ, અભવ્યોને ધ્રુવ અને ભવ્યોને અધ્રુવ હોય છે. તેમજ અતિસંક્લિષ્ટ પરિણામી મિથ્યાદષ્ટિને મિથ્યાત્વ મોહનીયની જેમ આ સુડતાળીસ પ્રકૃતિઓની જઘન્ય પ્રદેશ ઉદીરણા અને અજઘન્ય પ્રદેશ ઉદીરણા વારાફરતી અનેક વાર થતી હોવાથી તે બન્ને સાદિ-અધ્રુવ છે.

શેષ એકસો દસ અધ્રુવોદયી પ્રકૃતિઓની ઉદય હોય ત્યારે જ ઉદીરણા હોય છે. પણ હંમેશાં હોતી નથી. તેથી તે પ્રકૃતિઓના ચારે વિકલ્પો સાદિ-અધ્રુવ જ હોય છે.

ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણાના સ્વામી :—

સામાન્ય રીતે ઘાતી પ્રકૃતિઓની જે જીવો જે સમયે જઘન્ય અનુભાગની ઉદીરણા કરે છે તે સમયે તે જ જીવો ઘાતીકર્મપ્રકૃતિઓની ઉત્કૃષ્ટપ્રદેશ ઉદીરણા કરે છે. તેથી તે જ જીવો તેના સ્વામી છે. તે આ પ્રમાણે.

સમયાધિક આવલિકા બાકી હોય એવા બારમા ગુણસ્થાનકવાળા જીવો પાંચ જ્ઞાનાવરણ, ચાર દર્શનાવરણ અને પાંચ અંતરાયની ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણાના સ્વામી છે. પરંતુ અવધિજ્ઞાન પ્રાપ્ત કરતાં અવધિદ્વિકના આવરણનાં ઘણાં પુદ્ગલોનો ક્ષય થઈ જાય છે. તેથી અવધિજ્ઞાનયુક્ત જીવોને આ બે પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણા થતી નથી. માટે આ બે આવરણની ઉદીરણાના સ્વામી અવધિલબ્ધિ રહિત જાણવા.

ગુણિતકર્માંશ ક્ષપક અપૂર્વકરણ ચરમસમયવર્ત્તી યથાસંભવ ઉદયપ્રાપ્ત હાસ્યષટ્કના, નવમા ગુણસ્થાનકે પોતપોતાની ઉદીરણાના ચરમસમયે સંજ્વલનત્રિક તથા ત્રણ વેદના, અને સમયાધિક આવલિકા બાકી હોય તેવા દસમા ગુણસ્થાનકવાળા જીવો સંજ્વલન લોભની ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણાના સ્વામી છે.

સમકાળે સમ્યક્ત્વ અને સર્વવિરતિ પ્રાપ્ત કરનાર ચરમસમયવર્ત્તી મિથ્યાદષ્ટિ મિથ્યાત્વ અને અનંતાનુબંધી ચતુષ્કના, સર્વવિરતિ પ્રાપ્ત કરનાર ચરમસમયવર્ત્તી ચતુર્થ અને પંચમ ગુણસ્થાનકવાળા ક્રમશઃ અપ્રત્યાખ્યાનાવરણ ચતુષ્કના અને પ્રત્યાખ્યાનાવરણ ચતુષ્કના, અપ્રમત્તાભિમુખ પ્રમત્તયતિ ઉદય પ્રાપ્ત યથાસંભવ થીણદ્ધિત્રિકના અને અગિયારમા ગુણસ્થાનકવાળા જીવો ઉદયપ્રાપ્ત યથાસંભવ નિદ્રાદ્વિકના ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણાના સ્વામી છે.

ક્ષયોપશમ સમ્યક્ત્વ પામતાં ત્રીજા ગુણસ્થાનકના ચરમસમયવર્ત્તી મિશ્રમોહનીયના અને ક્ષાયિકસમ્યક્ત્વ પ્રાપ્ત કરનાર પોતાની ઉદીરણાના ચરમસમયવર્ત્તી ક્ષયોપશમ સમ્યક્ત્વી સમ્યક્ત્વમોહનીયની ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણાના સ્વામી છે.

અપ્રમત્તાભિમુખ અતિવિશુદ્ધ પ્રમત્તયતિ બે વેદનીયના, સર્વવિશુદ્ધ અપ્રમત્તયતિ પ્રથમ સિવાયના પાંચ સંઘયણ, આહારક સપ્તક, વૈક્રિય સપ્તક અને ઉદ્યોત આ વીસ પ્રકૃતિઓના

ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણાના સ્વામી છે.

સર્વવિશુદ્ધ દેશવિરતિ તિર્યંચ તિર્યંચગતિના, પોતપોતાના ભવની વિગ્રહગતિમાં વર્તમાન ક્ષાયિક સમ્યગ્દષ્ટિ પોતપોતાની આનુપૂર્વીના, અને ક્ષાયિક સમ્યગ્દષ્ટિ દેવો તથા નારકો ક્રમશઃ દેવ અને નરકગતિના ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણાના સ્વામી છે. આ સ્થળે કર્મપ્રકૃતિની ટીકા તથા ચૂર્ણિમાં નરક અને તિર્યંચાનુપૂર્વીના ક્ષાયિક સમ્યક્ત્વી અને મનુષ્ય તથા દેવાનુપૂર્વીના સામાન્ય સમ્યગ્દષ્ટિ જીવો સ્વામી કહ્યા છે.

સર્વવિરતિને પ્રાપ્ત કરનાર ચરમસમયવર્તી અવિરત સમ્યગ્દષ્ટિ મનુષ્ય દૌર્ભાગ્ય, અનાદેયદ્વિક અને નીચ ગોત્રના ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણાના સ્વામી છે.

જઘન્યસ્થિતિવાળા દેવો અલ્પ પુન્ય પ્રકર્ષવાળા હોવાથી તેઓને પ્રિયના વિયોગાદિમાં ઘણા દુઃખનો સંભવ છે. ઘણા દુઃખી જીવો તથાસ્વભાવે જ આયુષ્યકર્મનાં ઘણાં પુદ્ગલો ઉદીરણા દ્વારા ઉદયમાં લાવી ક્ષય કરે છે. તેમજ ઉત્કૃષ્ટ આયુષ્યવાળા નારકો વધુ દુઃખી હોય છે. માટે દસ હજાર વર્ષના આયુષ્યવાળા તીવ્ર દુઃખોદયમાં વર્તતા દેવો દેવાયુષ્યના, તેત્રીસ સાગરોપમના આયુષ્યવાળા તીવ્ર દુઃખોદયમાં વર્તતા સાતમી નરકના નારકો નરકાયુષ્યના તેમજ આઠ વર્ષના આયુષ્યવાળા આઠમા વર્ષમાં વર્તતા તિર્યંચો અને મનુષ્યો તથાસ્વભાવે ક્રમશઃ તિર્યંચ તથા મનુષ્ય આયુષ્યના ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણાના સ્વામી છે.

સ્વપ્રાયોગ્ય સર્વવિશુદ્ધ બાદર પર્યાપ્ત પૃથ્વીકાય જીવો એકેન્દ્રિય અને સ્થાવર નામકર્મના, ખર પૃથ્વીકાય આતપનામકર્મના, સૂક્ષ્મજીવો સૂક્ષ્મનામકર્મના, સાધારણ વનસ્પતિકાય જીવો સાધારણ નામકર્મના, પર્યાપ્ત વિકલેન્દ્રિયો ક્રમશઃ બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચતુરિન્દ્રિય જાતિ નામકર્મના અને સર્વવિશુદ્ધ પોતાના અંત સમયે સંમૂર્ચ્છિમ અપર્યાપ્ત મનુષ્યો અપર્યાપ્ત નામકર્મના ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણાના સ્વામી છે.

ચરમસમયવર્તી સયોગીકેવલી મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ઔદારિક-સપ્તક, તૈજસ-કાર્મણ સપ્તક, છ સંસ્થાન, પ્રથમ સંઘયણ, વર્ણાદિ વીસ, વિહાયોગતિદ્વિક, આતપ-ઉદ્યોત વિના છ પ્રત્યેક પ્રકૃતિઓ, ત્રસદશક, અસ્થિર, અશુભ, દુઃસ્વર અને ઉચ્ચ ગોત્ર....આ પાંસઠ પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણાના સ્વામી છે. પરંતુ બે સ્વર અને ઉચ્છ્વાસના નિરોધ કાળે પોતપોતાની ઉદીરણાની ચરમસમયવર્તી જાણવા.

જઘન્ય પ્રદેશ ઉદીરણાના સ્વામી :

જેમ ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણામાં તે તે પ્રકૃતિના ઉદયવાળા અતિવિશુદ્ધ પરિણામી જીવો સ્વામી છે, તેમ જઘન્ય પ્રદેશ ઉદીરણામાં તે તે પ્રકૃતિના ઉદયવાળા અતિસંક્લિષ્ટ પરિણામી જીવો સ્વામી છે.

અવધિજ્ઞાનાવરણ અને અવધિદર્શનાવરણના અવધિલબ્ધિવાળા ચારે ગતિના અતિસંક્લિષ્ટ પરિણામી મિથ્યાદષ્ટિ જીવો જઘન્ય પ્રદેશ ઉદીરણાના સ્વામી છે. અવધિ ઉત્પન્ન થતાં ઘણાં પુદ્ગલો સત્તામાંથી દૂર થઈ જાય છે, અને થોડાં જ રહે છે, તેથી અવધિલબ્ધિયુક્ત જીવો ગ્રહણ કર્યા છે.

અવધિદ્વિકના આવરણ વિના શેષ ચાર જ્ઞાનાવરણ, ત્રણ દર્શનાવરણ, બે વેદનીય,

મિથ્યાત્વમોહનીય, સોળ કષાય અને નવ નોકષાય, આ પાંત્રીસ પ્રકૃતિઓના અતિસંક્લિષ્ટ પરિણામી સર્વ પર્યાપ્તિએ પર્યાપ્ત મિથ્યાદૃષ્ટિ જીવો જઘન્ય પ્રદેશ ઉદીરણાના સ્વામી છે.

તત્પ્રાયોગ્ય અતિસંક્લિષ્ટ મિથ્યાત્વાભિમુખ ચરમસમયવર્ત્તી ક્ષયોપશમસમ્યક્ત્વી સમ્યક્ત્વમોહનીયના અને મિશ્રદૃષ્ટિ મિશ્રમોહનીયના જઘન્ય પ્રદેશ-ઉદીરણાના સ્વામી છે.

તત્પ્રાયોગ્ય સંક્લિષ્ટ ચારે ગતિના પર્યાપ્ત જીવો યથાસંભવ ઉદયપ્રાપ્ત પાંચ નિદ્રાના જઘન્ય પ્રદેશ ઉદીરણાના સ્વામી છે.

ચાર ગતિ, પંચેન્દ્રિયજાતિ, ઔદારિકસપ્તક, વૈક્રિયસપ્તક તૈજસ-કાર્મણસપ્તક, સંસ્થાનષટ્ક, સંઘયણષટ્ક, વર્ણાદિ વીસ, વિહાયોગતિદ્વિક, આતપ અને તીર્થંકરનામ વિના પ્રત્યેક છ પ્રકૃતિ, ત્રસદશક, અસ્થિરષટ્ક, ગોત્રદ્વિક અને પાંચ અંતરાય આ નેવ્યાસી પ્રકૃતિઓના સર્વ પર્યાપ્તિએ પર્યાપ્ત યથાસંભવ ચારે ગતિના અતિસંક્લિષ્ટ પરિણામી મિથ્યાદૃષ્ટિ સંજ્ઞીપંચેન્દ્રિય જીવો સ્વામી છે.

ચાર અનુપૂર્વીના તત્પ્રાયોગ્ય સંક્લિષ્ટ પોતપોતાના ભવમાં વિગ્રહગતિમાં વર્તતા જીવો જઘન્ય પ્રદેશ ઉદીરણાના સ્વામી છે.

અતિસંક્લિષ્ટ પરિણામી સર્વ પર્યાપ્તિએ પર્યાપ્ત બાદર એકેન્દ્રિયો એકેન્દ્રિયજાતિ અને સ્થાવરનામકર્મના, બાદર નિગોદના જીવો સાધારણના, સર્વ પર્યાપ્તિએ પર્યાપ્ત સૂક્ષ્મ જીવો સૂક્ષ્મ નામકર્મના અને અપર્યાપ્તના ચરમ સમયે ગર્ભજ અપર્યાપ્ત મનુષ્યો અપર્યાપ્તનામકર્મના જઘન્ય પ્રદેશ ઉદીરણાના સ્વામી છે.

સર્વપર્યાપ્તિએ પર્યાપ્ત અતિ સંક્લિષ્ટ બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચતુરિન્દ્રિયજીવો અનુક્રમે બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય જાતિના અને અતિસંક્લિષ્ટ પરિણામી સર્વ પર્યાપ્તિએ પર્યાપ્ત પૃથ્વીકાય જીવો આતપનામકર્મના જઘન્યપ્રદેશ ઉદીરણાના સ્વામી છે.

તત્પ્રાયોગ્ય સંક્લિષ્ટ પરિણામી આહારક શરીરધારી પ્રમત્તયતિ આહારક સપ્તકના જઘન્ય પ્રદેશ ઉદીરણાના સ્વામી છે.

આયોજિકા કરણ કર્યા બાદ ઉદીરણા દ્વારા ઉદયમાં આવી ઘણાં પુદ્ગલોનો ક્ષય થતો હોવાથી આયોજિકાકરણના પહેલાના કાળમાં તીર્થંકર પરમાત્માઓ તીર્થંકરનામકર્મના જઘન્ય પ્રદેશ ઉદીરણાના સ્વામી છે.

સુખી જીવોને તથાસ્વભાવે જ આયુષ્યકર્મનાં ઉદીરણા દ્વારા થોડાં પુદ્ગલો ઉદયમાં આવે છે અને જઘન્ય સ્થિતિવાળા નારકો અન્ય નારકોની અપેક્ષાએ વધારે સુખી હોય છે, તેથી દસ હજાર વર્ષના આયુષ્યવાળા સ્વભૂમિકાને અનુસાર સુખી નારકો નરક આયુષ્યના, તેત્રીસ સાગરોપમના આયુષ્યવાળા દેવો દેવાયુષ્યના, ત્રણ પલ્યોપમના આયુષ્યવાળા મનુષ્યો મનુષ્ય આયુષ્યના અને તિર્યંચો તિર્યંચ આયુષ્યના જઘન્ય પ્રદેશ ઉદીરણાના સ્વામી છે.

"ઉદીરણાકરણ સારસંગ્રહ સમાપ્ત"

ઉદીરણાકરણ પ્રશ્નોત્તરી

પ્રશ્ન—૧. સંઘયણ તથા સંસ્થાનના ઉદય અને ઉદીરણામાં મતાંતર હોય તો જણાવો ?

ઉત્તર—બૃહત્સંગ્રહણી વગેરે કેટલાક ગ્રંથોમાં પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચોને માત્ર સેવાર્ત્ત સંહનન અને હુંડક સંસ્થાનનો જ ઉદય માનેલ હોવાથી તે ગ્રંથકારોના મતે તે બેની જ ઉદીરણા હોય, અન્ય સંહનન-સંસ્થાનોની ઉદીરણા ન હોય. પરંતુ આ ગ્રંથકાર વગેરે કેટલાક આચાર્ય-ભગવંતો યથાસંભવ છયે સંહનન અને સંસ્થાનોનો ઉદય માને છે. તેથી પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચોને છયે સંહનન અને સંસ્થાનની ઉદીરણા હોય છે.

તેમજ કર્મસ્તવ વગેરે કેટલાક ગ્રંથકારો બીજા અને ત્રીજા સંહનનનો ઉદય અગિયારમા ગુણસ્થાનક સુધી માને છે માટે તેઓના મતે તે બે સંહનનની ઉદીરણા પણ અગિયાર ગુણસ્થાનક સુધી હોય છે. પરંતુ આ ગ્રંથકાર અને કર્મપ્રકૃતિ વગેરે ગ્રંથકારોએ આ બે સંહનનનો ઉદય પણ સાતમા ગુણસ્થાનક સુધી જ માનેલ છે. માટે છેલ્લા ત્રણ સંઘયણની જેમ આ બે સંહનનની પણ ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણા અપ્રમત્ત મુનિને જ બતાવેલ છે.

પ્રશ્ન—૨. શરીર પર્યાપ્તિએ અપર્યાપ્ત જીવોને નિદ્રાઓનો ઉદય અને ઉદીરણા હોય કે નહિ ?

ઉત્તર—આ ગ્રંથની તેમજ કર્મપ્રકૃતિની પૂ. મલયગિરિજી મ. કૃત અને પૂ. ઉપાધ્યાયજી કૃત ટીકાઓ વગેરેમાં શરીર પર્યાપ્તિએ અપર્યાપ્ત જીવોને નિદ્રાઓનો ઉદય તેમજ ઉદીરણા બતાવેલ નથી. પરંતુ શરીર-પર્યાપ્તિની સમાપ્તિના પછીના સમયથી ઇન્દ્રિય પર્યાપ્તિની સમાપ્તિ સુધી ઉદીરણા વિના કેવલ ઉદય બતાવેલ છે. પરંતુ આ જ ગ્રંથના પ્રથમ ભાગની પંચમદ્વારની ૧૦૦મી ગાથાની સ્વોપજ્ઞ ટીકામાં આહાર પર્યાપ્તિથી આરંભી ઇન્દ્રિય પર્યાપ્તિની સમાપ્તિ સુધી નિદ્રાઓનો કેવલ ઉદય બતાવેલ છે પરંતુ ઉદીરણા બતાવેલ નથી. અર્થાત્ સ્વોપજ્ઞ ટીકાકાર વગેરેના મતે આહાર પર્યાપ્તિની શરૂઆતથી ઇન્દ્રિય પર્યાપ્તિની સમાપ્તિ સુધી કેવલ ઉદય હોય અને પછી ઉદય-ઉદીરણા સાથે હોય અને અન્ય આચાર્યોના મતે આહાર-પર્યાપ્તિની શરૂઆતથી શરીર પર્યાપ્તિની સમાપ્તિ સુધી ઉદય અને ઉદીરણા બન્ને ન હોય એમ લાગે છે. પરંતુ શરીર પર્યાપ્તિની સમાપ્તિના પછીના સમયથી ઇન્દ્રિય પર્યાપ્તિની સમાપ્તિ સુધી ઉદીરણા વિના કેવલ ઉદય હોય છે, અને ત્યારબાદ ઉદય-ઉદીરણા સાથે હોય છે.

પ્રશ્ન—૩. પ્રથમ ગુણસ્થાનકે જેમ મોહનીયકર્મના ૭થી ૧૦ સુધીનાં ઉદય સ્થાનો છે તેમ ઉદીરણા સ્થાનો પણ ચાર જ હોય કે ન્યૂનાધિક હોય ?

ઉત્તર—અહીં તેમજ કર્મપ્રકૃતિ ઉદીરણાકરણની ૨૨મી ગાથામાં પ્રથમ ગુણસ્થાનકે ૭થી ૧૦ એમ સામાન્યથી ઉદીરણા સ્થાનો પણ ચાર બતાવેલ છે. પરંતુ પ્રથમ ગુણસ્થાનકે અનંતાનુબંધી વગેરે ચાર કષાય, મિથ્યાત્વ, એક વેદ અને એક યુગલ એ આઠ પ્રકૃતિના ઉદય વખતે અનાદિ મિથ્યાદૃષ્ટિ ઉપશમ સમ્યક્ત્વ પામે ત્યારે મિથ્યાત્વની જેમ અનંતાનુબંધીનું પણ અંતર-કરણ કરતો હોય તો પ્રથમ સ્થિતિની ચરમ આવલિકામાં મિથ્યાત્વ અને અનંતાનુબંધીની

ઉદીરણા ન હોવાથી છનું ઉદીરણા સ્થાન પણ આવે, પરંતુ તેની વિવક્ષા ન કરી હોય અથવા તો અનંતાનુબંધીનું અંતર-કરણ ન કરતો હોય અને માત્ર ક્ષયોપશમ જ કરતો હોય તો છનું ઉદીરણા સ્થાન ન પણ આવે—તે બહુશ્રુતો પાસેથી જાણી લેવું.

પ્રશ્ન—૪. પૂર્વભવમાંના ચરમ અંતર્મુહૂર્તમાં ત્યાંથી કાળ કરી જે ભવમાં જવાનું હોય તે ભવ પ્રાયોગ્ય જ પ્રકૃતિઓ બંધાય છે. તેથી નરકાદિગતિમાં જતાં પૂર્વભવના ચરમ અંતર્મુહૂર્તમાં અવશ્ય નરકગતિ આદિ પ્રકૃતિઓનો જ બંધ હોય છે અને કાલ કરતાંની સાથે જ નરકગતિ વગેરે પ્રકૃતિઓ ઉદયમાં આવે છે. માટે અનુદયબંધોત્કૃષ્ટા પ્રકૃતિઓની ઉત્કૃષ્ટસ્થિતિ ઉદીરણા ઉદય બંધોત્કૃષ્ટા પ્રકૃતિઓની જેમ બે આવલિકા ન્યૂન આવે, છતાં તેમ ન બતાવતાં અનુદયસંક્રમોત્કૃષ્ટા પ્રકૃતિઓની જેમ કર્મપ્રકૃતિ ઉદીરણાકરણ ગાથા ૩૩ અને અહીં પણ ઉદીરણાકરણ ગાથા ૩૦ની ટીકામાં આતપના ઉપલક્ષણથી અનુદયબંધોત્કૃષ્ટા વીસેય પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ ઉદીરણા અંતર્મુહૂર્ત ન્યૂન ઉત્કૃષ્ટસ્થિતિ પ્રમાણ કેમ બતાવેલ છે ?

ઉત્તર—તમારો પ્રશ્ન બરાબર છે. તેથી જ આ બન્ને ગ્રંથોની મૂળગાથાઓમાં તેમજ કર્મપ્રકૃતિ ઉદીરણાકરણ ગાથા ૩૩ની ચૂર્ણિમાં અનુદયબંધોત્કૃષ્ટા પ્રકૃતિઓમાંથી માત્ર આતપ નામકર્મની જ ઉત્કૃષ્ટ સ્થિતિ ઉદીરણા અંતર્મુહૂર્ત ન્યૂન વીસ કોડાકોડી સાગરોપમ પ્રમાણ બતાવેલ છે. પરંતુ આતપના ઉપલક્ષણથી ચૂર્ણિકાર મહર્ષિએ શેષ અનુદયબંધોત્કૃષ્ટા પ્રકૃતિઓનું ગ્રહણ કરેલ નથી. તેથી આતપ વિના શેષ અનુદય બંધોત્કૃષ્ટા પ્રકૃતિઓની બે આવલિકા ન્યૂન પોતપોતાના મૂળકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિ ઉદીરણા હોય છે. છતાં ટીકાઓની અંદર આતપના ઉપલક્ષણથી અનુદયબંધોત્કૃષ્ટા બધી પ્રકૃતિઓનું ગ્રહણ કરી અંતર્મુહૂર્ત ન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિ ઉદીરણા બતાવેલ છે તેનું કારણ પૂર્વભવના ચરમ અંતર્મુહૂર્તમાં આગામી ભવ પ્રાયોગ્ય અવશ્ય બંધ હોવા છતાં ટીકાકારોના મતે ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કર્યા પછી મધ્યમ પરિણામી થઈ અંતર્મુહૂર્ત સુધી ત્યાં જ રહી મધ્યમ સ્થિતિબંધ કરતાં કાળ કરી તે તે ભવમાં ઉત્પન્ન થાય છે માટે ટીકાકારોના મતે આતપની જેમ સઘળી અનુદયબંધોત્કૃષ્ટા પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ ઉદીરણા અંતર્મુહૂર્ત ન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિ પ્રમાણ બતાવેલ છે.

પ્રશ્ન—૫. ચૂર્ણિકાર મહર્ષિ વગેરેના મતે પૂર્વ ભવના ચરમ અંતર્મુહૂર્તમાં પણ ઉત્કૃષ્ટ સ્થિતિબંધ હોય છે. અને તેથી આતપ વિના અનુદય બંધોત્કૃષ્ટા પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ ઉદીરણા બે આવલિકા ન્યૂન પોતપોતાના મૂળ કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ પ્રમાણ બતાવેલ છે. તો આતપ નામકર્મ પણ અનુદય બંધોત્કૃષ્ટા હોવા છતાં તેની ઉત્કૃષ્ટ સ્થિતિ ઉદીરણા બે આવલિકા ન્યૂન ન બતાવતાં અંતર્મુહૂર્ત ન્યૂન કેમ બતાવેલ છે ?

ઉત્તર—મૂળકાર તથા ચૂર્ણિકાર વગેરે મહર્ષિઓના મતે પણ આતપની ઉત્કૃષ્ટ સ્થિતિ ઉદીરણા અંતર્મુહૂર્ત ન્યૂન જ હોય છે. કારણ કે બાદર પર્યાપ્ત પૃથ્વીકાયમાં ઉત્પન્ન થનાર ઈશાનાંત સુધીના દેવો પોતાના ભવના ચરમ અંતર્મુહૂર્તમાં આતપ, સ્થાવર અને એકેન્દ્રિય જાતિનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરી તુરત જ એકેન્દ્રિયમાં ઉત્પન્ન થાય છે. પરંતુ આતપ નામકર્મનો ઉદય તથા ઉદીરણા બાદર ખર પૃથ્વીકાયને શરીર પર્યાપ્તિ પૂર્ણ થયા પછી જ થાય છે. અને શરીર પર્યાપ્તિ પૂર્ણ કરતાં અંતર્મુહૂર્ત કાળ લાગે છે. માટે દેવભવના ચરમસમયે વીસ કોડાકોડી

સાગરોપમ પ્રમાણ આતપ નામકર્મનો બંધ કરેલ હોવા છતાં અંતર્મુહૂર્ત્ત પછી જ ઉદયમાં આવે ત્યારે ઉદીરણા પ્રવર્ત્તે છે તેથી આતપ નામકર્મની અંતર્મુહૂર્ત્ત ન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિ ઉદીરણા હોય છે પરંતુ ઉત્પન્ન થતાંની સાથે જ સ્થાવર તથા એકેન્દ્રિય જાતિનો ઉદય થાય છે. તેથી આ બન્ને પ્રકૃતિઓની તે જ વખતે જેની બંધ આવલિકા પૂર્ણ થઈ છે એવી ઉદયાવલિકા ઉપરની સઘળી સ્થિતિની ઉદીરણા થાય છે. માટે સ્થાવર તથા એકેન્દ્રિય જાતિની ઉત્કૃષ્ટ સ્થિતિ ઉદીરણા આ મતે બે આવલિકા ન્યૂન વીસ કોડાકોડી સાગરોપમ પ્રમાણ ઘટી શકે છે. એ પ્રમાણે આ મતે શેષ અનુદય બંધોત્કૃષ્ટા પ્રકૃતિઓ માટે પણ સમજવું.

પ્રશ્ન—૬. ટીકાકાર મહર્ષિઓએ દેવો અથવા નારકો ઔદારિક સપ્તક, તિર્યંચદ્વિક અને સેવાર્ત્ત સંહનનનો અતિ સંક્લિષ્ટ પરિણામે ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરી પછી મધ્યમ પરિણામે ત્યાં જ અંતર્મુહૂર્ત્ત રહી મનુષ્ય-તિર્યંચમાં ઉત્પન્ન થાય ત્યારે ઉદયના પ્રથમ સમયે યથાસંભવ આ દસ પ્રકૃતિઓની અંતર્મુહૂર્ત્ત ન્યૂન વીસ કોડાકોડી સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિ ઉદીરણા બતાવેલ છે. પરંતુ સર્વ પર્યાપ્તિએ પર્યાપ્ત અતિ સંક્લિષ્ટ પરિણામી મનુષ્ય-તિર્યંચ પણ નરકગતિ આદિ નામકર્મની કેટલીક પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરી શકે છે. તેથી તે પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરી ઔદારિક સપ્તક આદિ આ ૧૦ પ્રકૃતિઓનો બંધ શરૂ કરે ત્યારે બંધાવલિકા જેની પૂર્ણ થઈ છે એવી ઉદયાવલિકા ઉપરની અર્થાત્ બે આવલિકા ન્યૂન વીસ કોડાકોડી સાગરોપમ પ્રમાણ નરકગતિ વગેરે અન્ય પ્રકૃતિઓને બંધાતી ઔદારિક સપ્તક વગેરે પ્રકૃતિઓમાં પોતાની ઉદયાવલિકા ઉપર સંક્રમાવે ત્યારે ઔદારિક સપ્તક વગેરે આ ૧૦ પ્રકૃતિઓની આવલિકા ન્યૂન વીસ કોડાકોડી સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિસત્તા થાય છે. અને સંક્રમાવલિકા વીત્યા બાદ ઉદયાવલિકા ઉપરની અર્થાત્ ત્રણ આવલિકા ન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિ પ્રમાણ આ દસ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ ઉદીરણા કરી શકે છે. છતાં પર્યાપ્ત મનુષ્ય-તિર્યંચોને યથાસંભવ આ દસ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ ઉદીરણા ત્રણ આવલિકા ન્યૂન ન બતાવતાં ઉદયના પ્રથમ સમયે અંતર્મુહૂર્ત્ત ન્યૂન કેમ બતાવેલ છે ?

ઉત્તર—ટીકાકાર મહર્ષિઓના મતે પૂર્વભવના ચરમ અંતર્મુહૂર્ત્તમાં ઉત્કૃષ્ટ સ્થિતિબંધ ન હોવાથી તેમના મતે આ વિરોધ આવે છે. પરંતુ મૂળકાર તેમજ ચૂર્ણિકારના મતે ચરમ અંતર્મુહૂર્ત્તમાં પણ ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સ્વીકારેલ હોવાથી ઉદયના પ્રથમ સમયે યથાસંભવ મનુષ્ય અને તિર્યંચોને આ દશે પ્રકૃતિઓની બે આવલિકા ન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિ ઉદીરણા ઘટે છે પરંતુ પર્યાપ્ત મનુષ્ય-તિર્યંચોને આ દસ પ્રકૃતિઓની સંક્રમથી ઉત્કૃષ્ટ સ્થિતિ સત્તા પ્રાપ્ત થતી હોવાથી ઉદય સંક્રમોત્કૃષ્ટા પ્રકૃતિઓની જેમ ત્રણ આવલિકા ન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિ ઉદીરણા થાય છે. માટે જ પર્યાપ્ત મનુષ્ય-તિર્યંચો ન બતાવતાં ઉદયના પ્રથમ સમયવર્ત્તી મનુષ્યતિર્યંચો જ ઉત્કૃષ્ટ સ્થિતિ ઉદીરણાના સ્વામી બતાવેલ છે. અને તે જ બરાબર લાગે છે. પછી તો બહુશ્રુતો કહે તે પ્રમાણ.

પ્રશ્ન—૭. વૈક્રિય સપ્તકની ઉત્કૃષ્ટ સ્થિતિ ઉદીરણાના સ્વામી ઉત્તર-વૈક્રિય શરીરી મિથ્યાદષ્ટિ મનુષ્યતિર્યંચોની જેમ ઉદય પ્રથમ-સમયવર્તી નારકો હોય કે નહિ ?

ઉત્તર—પૂર્વભવના ચરમ અંતર્મુહૂર્ત્તમાં ઉત્કૃષ્ટ સ્થિતિબંધ માનનાર ચૂર્ણિકાર આદિ મહર્ષિઓના મતે ઉદય પ્રથમ સમયવર્તી નારકો પણ વૈક્રિય સપ્તકના ઉત્કૃષ્ટ સ્થિતિ ઉદીરણાના

સ્વામી હોઈ શકે છે. પરંતુ ચરમ અંતર્મુહૂર્તમાં ઉત્કૃષ્ટ સ્થિતિ નહિ માનનાર ટીકાકાર-મહર્ષિઓના મતે ઉદયના પ્રથમ સમયે નારકોને અંતર્મુહૂર્ત ન્યૂન વીસ કોડાકોડી સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિ ઉદીરણા હોય છે. માટે નારકો ઉત્કૃષ્ટ સ્થિતિ ઉદીરણાના સ્વામી સંભવતા નથી. પરંતુ ઉત્તર શરીરી મિથ્યાદૃષ્ટિ મનુષ્ય-તિર્યંચો આ સાતે પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરી બંધાવલિકા વ્યતીત થયા બાદ ઉદયાવલિકા ઉપરની બે આવલિકા ન્યૂન વીસ કોડાકોડી સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિ ઉદીરણા કરે છે માટે તેઓ જ એના સ્વામી છે.

પ્રશ્ન—૮. અનુદય બંધોત્કૃષ્ટા પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ ઉદીરણા કેટલી હોય ?

ઉત્તર—આતપની આવલિકા અધિક અંતર્મુહૂર્ત ન્યૂન વીસ કોડાકોડી સાગરોપમ, પાંચ નિદ્રાની આવલિકા અધિક અંતર્મુહૂર્ત ન્યૂન ત્રીસ કોડાકોડી સાગરોપમ, નરકદ્વિક, એકેન્દ્રિયજાતિ અને સ્થાવર આ ચારની ચૂર્ણિકાર વગેરે મહર્ષિઓના મતે બે આવલિકા ન્યૂન વીસ કોડાકોડી સાગરોપમ અને ટીકાકાર મહર્ષિઓના મતે આવલિકા અધિક અંતર્મુહૂર્ત ન્યૂન વીસ કોડાકોડી સાગરોપમ અને ઔદારિક સપ્તક, તિર્યંચદ્વિક તથા સેવાર્ત્ત સંહનન આ દશની ચૂર્ણિકાર મહર્ષિઓના મતે બે આવલિકા ન્યૂન વીસ કોડાકોડી સાગરોપમ અને ટીકાકાર મહર્ષિઓના મતે આવલિકા અધિક અંતર્મુહૂર્ત ન્યૂન વીસ કોડાકોડી સાગરોપમ, પરંતુ પર્યાપ્ત મનુષ્ય-તિર્યંચોને છઠ્ઠા પ્રશ્નના ઉત્તરમાં બતાવ્યા પ્રમાણે ત્રણ આવલિકા ન્યૂન વીસ કોડાકોડી સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ ઉદીરણા હોય છે.

પ્રશ્ન—૯. આ જ કરણ ગાથા ૩૨ની ટીકામાં ભય-જુગુપ્સા, આદ્ય બાર કષાય, પાંચ નિદ્રા, આતપ તથા ઉદ્યોતના જઘન્ય સ્થિતિ ઉદીરણાના સ્વામી બંધ-આવલિકાના ચરમ સમયે એકેન્દ્રિયો બતાવેલ છે. પરંતુ જઘન્ય સ્થિતિ-સત્તાવાળા એકેન્દ્રિયો કાળ કરી અન્ય તિર્યંચ કે મનુષ્યમાં ઉત્પન્ન થાય ત્યારે પ્રથમ સમયથી એકેન્દ્રિયની જઘન્ય સ્થિતિ સત્તા કરતાં અધિક બંધ હોવા છતાં પ્રથમ બંધ આવલિકાના ચરમસમયે પૂર્વ બદ્ધ સત્તાગત સ્થિતિની જ ઉદીરણા થતી હોવાથી પંચેન્દ્રિય તિર્યંચો વગેરે પણ અનંતાનુબંધી આદિ બાર કષાય અને ભય-જુગુપ્સાના જઘન્ય સ્થિતિ ઉદીરણાના સ્વામી કેમ ન હોય ?

ઉત્તર—પ્રશ્નમાં બતાવ્યા મુજબ આ ચૌદે પ્રકૃતિઓ ધ્રુવબંધી હોવાથી પંચેન્દ્રિય-તિર્યંચો અને મનુષ્યો પણ આ પ્રકૃતિઓના જઘન્ય સ્થિતિ ઉદીરણાના સ્વામી હોઈ શકે છે. જો કે મૂળ ગાથા તેમજ ટીકામાં બતાવેલ નથી છતાં ઉપલક્ષણથી લેવામાં કોઈ દોષ લાગતો નથી.

પ્રશ્ન—૧૦. દેવભવના પ્રથમ સમયે ચૂર્ણિકાર મહર્ષિના મતે વૈક્રિય સપ્તકની ઉત્કૃષ્ટ સ્થિતિ ઉદીરણા હોય કે નહિ ?

ઉત્તર—ન હોય, કારણ કે અતિસંક્લિષ્ટ પરિણામે મનુષ્ય-તિર્યંચો નરકદ્વિકની સાથે વૈક્રિય સપ્તકનો ઉત્કૃષ્ટ સ્થિતિ બંધ કરી પછી વિશુદ્ધ પરિણામે ચરમ અંતર્મુહૂર્તમાં દેવપ્રાયોગ્ય બંધ કરતાં દેવદ્વિક અને વૈક્રિય સપ્તકનો ૧૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિ બંધ કરી દેવમાં ઉત્પન્ન થાય ત્યારે પ્રથમ સમયે પણ આવલિકા અધિક અંતર્મુહૂર્ત ન્યૂન વીસ કોડાકોડી સાગરોપમ પ્રમાણ જ ઉત્કૃષ્ટ સ્થિતિ ઉદીરણા કરે છે. માટે ચૂર્ણિકારના મતે પણ ઉદય પ્રથમ

સમયવર્તી નારકો જ આવે અને ટીકાકાર મહર્ષિઓના મતે ઉત્તર શરીરી મનુષ્ય-તિર્યંચો જ આવે.

પ્રશ્ન—૧૧. પલ્યોપમના અસંખ્યાતમા ભાગ ન્યૂન એક સાગરોપમ પ્રમાણ મિશ્રમોહનીયની સ્થિતિ સત્તાવાળા એકેન્દ્રિય સંજ્ઞીપંચેન્દ્રિયમાં આવી મિશ્રપણું પામે ત્યારે મિશ્રગુણસ્થાનકના ચરમ સમયે મિશ્રમોહનીયના જઘન્ય સ્થિતિ ઉદીરણાના સ્વામી બતાવ્યા, પરંતુ મિથ્યાત્વગુણસ્થાનકે સંજ્ઞીપંચેન્દ્રિયો પણ મિશ્રમોહનીયની ઉદ્વલના કરે છે માટે પલ્યોપમના અસંખ્યાતમા ભાગ ન્યૂન ૧ સાગરોપમ પ્રમાણ સ્થિતિસત્તા રહે એવો સંજ્ઞી પંચેન્દ્રિય મિશ્રગુણઠાણું પામે તો તેના ચરમસમયે જઘન્ય સ્થિતિ ઉદીરણા કેમ ન બતાવી ?

ઉત્તર—ઉદ્વલના કરતા સંજ્ઞીપંચેન્દ્રિયોને એટલી ઓછી સ્થિતિ સત્તા થયા પછી તેઓને તે પ્રકૃતિ ઉદય અને ઉદીરણા યોગ્ય રહેતી નથી. પરંતુ એકેન્દ્રિયમાંથી આવેલ સંજ્ઞીપંચેન્દ્રિયને કંઈક ન્યૂન એક સાગરોપમની સ્થિતિ સત્તા હોય ત્યાં સુધી મિશ્રમોહનીયની ઉદયઉદીરણા થઈ શકે છે માટે એકેન્દ્રિયમાંથી આવેલ સંજ્ઞી ગ્રહણ કરેલ છે.

પ્રશ્ન—૧૨. વિગ્રહગતિમાં આનુપૂર્વીઓનો ઉદય બહુલતાએ ત્રણ સમય સુધી અને ક્વચિત્ ચાર સમય સુધી હોવા છતાં અન્ય સમયો ન લેતાં ચારે આનુપૂર્વીઓની ઉત્કૃષ્ટ અનુભાગ ઉદીરણા ત્રીજા સમયે જ કેમ બતાવી ?

ઉત્તર—શુભ અને અશુભ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ અનુભાગ ઉદીરણા ક્રમશઃ અતિવિશુદ્ધ અને સંક્લિષ્ટ પરિણામે જ થાય છે. અને સંજ્ઞીમાંથી કાળ કરી સંજ્ઞીમાં ઉત્પન્ન થનારને જ તદ્યોગ્ય અતિવિશુદ્ધિ અને સંક્લિષ્ટતા હોય છે. તેમજ સંજ્ઞીમાંથી સંજ્ઞીમાં ઉત્પન્ન થનારને બે વક્રા થાય છે અને ત્રીજા સમયે ઉત્પત્તિ-સ્થાને પહોંચી જાય છે. તેથી ત્રીજા સમયે આનુપૂર્વીનો ઉદય હોતો નથી પરંતુ કર્મપ્રકૃતિ ટિપ્પનકમાં આચાર્યનું વચન પ્રમાણ હોવાથી ઉત્પત્તિ-સ્થાને પ્રથમ સમયે આહારીને પણ આનુપૂર્વીનો ઉદય કહેલ છે. તેથી જ ત્રીજા સમયે અતિ વિશુદ્ધ દેવ-મનુષ્યને ક્રમશઃ દેવ તથા મનુષ્યાનુપૂર્વીની અને અતિસંક્લિષ્ટ તિર્યંચ તથા નારકોને ક્રમશઃ તિર્યંચ તથા નરકાનુપૂર્વીની ઉત્કૃષ્ટ અનુભાગ ઉદીરણા હોય છે પરંતુ બીજાઓને હોતી નથી માટે જ અન્ય સમયો ગ્રહણ ન કરતાં ત્રીજા સમયનું ગ્રહણ કરેલ છે.

પ્રશ્ન—૧૩. આ જ કરણ ગાથા ૬૦ તથા તેની ટીકામાં સામાન્યથી સર્વ પર્યાપ્તિએ પર્યાપ્ત ઉત્કૃષ્ટ સ્થિતિવાળા દેવોને અને ગાથા ૫૪ની ટીકામાં સર્વાર્થસિદ્ધ વિમાનવાસી દેવોને ઉત્પત્તિના પ્રથમ સમયે સાતાવેદનીયની ઉત્કૃષ્ટ અનુભાગ ઉદીરણા બતાવેલ છે તેમજ કર્મપ્રકૃતિ ઉદીરણા કરણમાં પણ તે જ પ્રમાણે બતાવેલ છે. તો તે મતાંતર છે કે કેમ ?

ઉત્તર—પ્રશ્નમાં જણાવ્યા મુજબ આ બાબતમાં બે મત હોય તેમ લાગે છે.

પ્રશ્ન—૧૪. ગાથા ૬૮ની ટીકામાં અવધિલબ્ધિ રહિત અતિસંક્લિષ્ટ ચારે ગતિના સર્વ પર્યાપ્તિએ પર્યાપ્ત મિથ્યાદષ્ટિ જીવો અવધિદ્વિક આવરણના ઉત્કૃષ્ટ અનુભાગ ઉદીરણાના સ્વામી કહ્યા છે, પરંતુ સર્વ પર્યાપ્તિએ પર્યાપ્ત દેવ અને નારક અવશ્ય અવધિલબ્ધિવાળા જ હોય છે તેથી દેવ-નારકો પર્યાપ્ત અવસ્થામાં અવધિલબ્ધિ રહિત કેમ કહ્યા ?

ઉત્તર—પર્યાપ્ત દેવ-નારક અવધિલબ્ધિ રહિત હોતા નથી એ વાત બરાબર છે; છતાં ટીકામાં કેમ કહેલ છે તે બહુશ્રુતો પાસેથી જાણી લેવું.

પ્રશ્ન—૧૫. શરીરસ્થને પ્રથમ સમયે યથાસંભવ ઉદયપ્રાપ્ત છ સંસ્થાન અને પ્રથમના પાંચ સંઘયણની જઘન્ય અનુભાગ ઉદીરણા બતાવેલ છે, તેની જેમ સેવાર્ત્ત સંહનનની જઘન્ય અનુભાગ ઉદીરણા શરીરસ્થ બેઇન્દ્રિયોને પ્રથમ સમયે ન બતાવતાં બાર વર્ષના આયુષ્યવાળાને બારમા વર્ષે કેમ બતાવેલ છે ?

ઉત્તર—આ ગ્રંથની તેમજ કર્મપ્રકૃતિની બન્ને ટીકામાં બાર વર્ષના આયુષ્યવાળા બેઇન્દ્રિયને બારમા વર્ષે સેવાર્ત્ત સંહનનની જઘન્ય અનુભાગ-ઉદીરણા બતાવેલ છે, પરંતુ કર્મપ્રકૃતિ ઉદીરણાકરણ ગાથા ૭૬ની ચૂર્ણિમાં બાર વર્ષના આયુષ્યવાળા બેઇન્દ્રિયને શરીરસ્થના પ્રથમ સમયે જઘન્ય અનુભાગ ઉદીરણા બતાવેલ છે અને તે જ વધારે ઠીક લાગે છે. પછી તો અતિશયજ્ઞાની જાણે અથવા તો મતાંતર હોય તેમ લાગે છે.

પ્રશ્ન—૧૬. એવી કઈ અને કેટલી પ્રકૃતિઓ છે કે જેઓની જઘન્ય સ્થિતિ ઉદીરણા માત્ર એક સમયે પ્રમાણ સ્થિતિની જ હોય ?

ઉત્તર—પાંચ જ્ઞાનાવરણ, ચાર દર્શનાવરણ, મિથ્યાત્વમોહનીય, સમ્યક્ત્વમોહનીય, સંજ્વલન ચતુષ્ક, ત્રણ વેદ, ચાર આયુષ્ય અને પાંચ અંતરાય—આ સત્તાવીસ પ્રકૃતિઓની જઘન્ય સ્થિતિ ઉદીરણા માત્ર એક સમય પ્રમાણ સ્થિતિની હોય છે.

પ્રશ્ન—૧૭. એવી કઈ અને કેટલી પ્રકૃતિઓ છે કે જેઓની માત્ર એક સમય પ્રમાણ જઘન્ય સ્થિતિ ઉદીરણા હોવા છતાં ઉદય અને ઉદીરણા સાથે જ જાય ?

ઉત્તર—સંજ્વલન ક્રોધાદિ ત્રણ પ્રકૃતિઓ જ એવી છે કે જેઓની માત્ર એક સમય પ્રમાણ જઘન્ય સ્થિતિ ઉદીરણા હોવા છતાં પ્રથમ સ્થિતિની સમયાધિક આવલિકા શેષ રહે ત્યાં સુધી ઉદય અને ઉદીરણા બન્ને સાથે જ હોય છે, અને ત્યારપછીના સમયે બન્ને સાથે વિચ્છેદ પામે છે.

પ્રશ્ન—૧૮. દેવ તથા નરકાયુષ્યના ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણાના સ્વામી અત્યંત દુઃખોદયમાં વર્તતા ક્રમશઃ જઘન્ય આયુષ્યવાળા દેવો અને ઉત્કૃષ્ટ આયુષ્યવાળા નારકો કેમ કહ્યા ?

ઉત્તર—પ્રબલ અસાતાના ઉદયમાં અર્થાત્ અત્યંત દુઃખોદયમાં વર્તતા જીવોને તથાસ્વભાવે જ ઉદીરણા દ્વારા આયુષ્યકર્મનાં ઘણાં પુદ્ગલો ઉદયમાં આવે છે. અને જઘન્ય સ્થિતિવાળા દેવો તથા ઉત્કૃષ્ટ સ્થિતિવાળા નારકોને જ સ્વભૂમિકાનુસારે પ્રબલ દુઃખોદય હોઈ શકે છે, માટે જ અત્યંત દુઃખોદયમાં વર્તતા જઘન્ય આયુષ્યવાળા દેવો અને ઉત્કૃષ્ટ આયુષ્યવાળા નારકો અનુક્રમે દેવ અને નરકાયુષ્યના ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણાના સ્વામી બતાવ્યા છે.

પ્રશ્ન—૧૯. બંધ આશ્રયી એકસ્થાનક આદિ ચારે પ્રકારનો રસ હોવા છતાં ઉદીરણામાં માત્ર એક અને દ્વિસ્થાનક જ રસ હોય એવી પ્રકૃતિઓ કઈ અને કેટલી છે ?

ઉત્તર—ચક્ષુ-અચક્ષુર્દર્શનાવરણ, પુરુષવેદ અને પાંચ અંતરાય આ આઠ પ્રકૃતિઓ બંધ

આશ્રયી એક સ્થાનક આદિ ચાર પ્રકારના રસવાળી હોવા છતાં ઉદીરણામાં એક અને દ્વિસ્થાનક જ રસ હોય છે.

પ્રશ્ન—૨૦. બંધ આશ્રયી એક સ્થાનક આદિ ચારે પ્રકારનો રસ હોવા છતાં ઉદીરણામાં માત્ર દ્વિસ્થાનક આદિ ત્રણ પ્રકારનો રસ હોય એવી કઈ પ્રકૃતિ છે ?

ઉત્તર—મનઃપર્યવજ્ઞાનાવરણ બંધ આશ્રયી એકસ્થાનક આદિ ચારે પ્રકારના રસવાળી હોવા છતાં એક સ્થાનક રસની ઉદીરણા થતી ન હોવાથી ઉદીરણા આશ્રયી દ્વિસ્થાનક આદિ ત્રણ પ્રકારનો જ રસ હોય છે.

પ્રશ્ન—૨૧. બંધમાં દ્વિસ્થાનક આદિ ત્રણ પ્રકારનો રસ હોવા છતાં ઉદીરણા આશ્રયી એક સ્થાનક આદિ ચારે પ્રકારનો રસ હોય એવી કઈ પ્રકૃતિ છે ?

ઉત્તર—નપુંસકવેદ બંધ આશ્રયી દ્વિસ્થાનક આદિ ત્રણ પ્રકારના રસવાળી હોવા છતાં ઉદીરણા આશ્રયી એક સ્થાનક આદિ ચારે પ્રકારનો રસ હોય છે.

પ્રશ્ન—૨૨. બંધ આશ્રયી દ્વિસ્થાનક આદિ ત્રણ પ્રકારનો રસ હોવા છતાં ઉદીરણા આશ્રયી એક અને દ્વિસ્થાનક જ રસ આવે એવી કઈ પ્રકૃતિ છે ?

ઉત્તર—સ્ત્રીવેદ બંધ આશ્રયી દ્વિસ્થાનક આદિ ત્રણ પ્રકારના રસવાળી હોવા છતાં ઉદીરણા આશ્રયી એક અને દ્વિસ્થાનક જ રસ હોય છે.

પ્રશ્ન—૨૩. એવી કઈ અને કેટલી પ્રકૃતિઓ છે કે જેઓનો બંધ આશ્રયી જેમ એકસ્થાનક આદિ ચારે પ્રકારનો રસ હોય છે તેમ ઉદીરણા આશ્રયી ચારે પ્રકારનો રસ હોય ?

ઉત્તર—મત્યાદિ ત્રણ જ્ઞાનાવરણ, અવધિ દર્શનાવરણ અને સંજ્વલન ચતુષ્ક, આ આઠ પ્રકૃતિઓનો જેમ બંધ આશ્રયી ચારે પ્રકારનો રસ હોય છે, તેમ ઉદીરણા આશ્રયી ચારે પ્રકારનો રસ હોય છે.

પ્રશ્ન—૨૪. એવી કઈ અને કેટલી પ્રકૃતિઓ છે કે જેઓનો બંધ આશ્રયી દ્વિસ્થાનક આદિ ત્રણ પ્રકારનો રસ હોવા છતાં ઉદીરણા આશ્રયી માત્ર દ્વિસ્થાનક જ રસ હોય ?

ઉત્તર—ગુરુ અને કર્કશ સ્પર્શ, તિર્યંચત્રિક, મનુષ્યત્રિક, ઔદારિક સપ્તક, છ સંઘયણ, મધ્યમના ચાર સંસ્થાન, આતપ, એકેન્દ્રિયાદિ ચાર જાતિ, સ્થાવર ચતુષ્ક, દેવાનુપૂર્વી અને નરકાનુપૂર્વી આ ૩૬ પ્રકૃતિઓનો બંધ આશ્રયી દ્વિસ્થાનક આદિ ત્રણ પ્રકારનો રસ હોવા છતાં ઉદીરણા આશ્રયી તથાસ્વભાવે દ્વિસ્થાનક જ રસ હોય છે.

પ્રશ્ન—૨૫. એવી કેટલી અને કઈ પ્રકૃતિઓ છે કે જેઓનો ઉદીરણા આશ્રયી માત્ર દ્વિસ્થાનક જ રસ હોય ?

ઉત્તર—ચોવીસમા પ્રશ્નોત્તરમાં જણાવેલ ૩૬ પ્રકૃતિઓ અને મિશ્રમોહનીય એમ ૩૭ પ્રકૃતિઓનો ઉદીરણા આશ્રયી દ્વિસ્થાનક જ રસ હોય છે.

પ્રશ્ન—૨૬. એવી કઈ અને કેટલી પ્રકૃતિઓ છે કે જેઓનો બંધની સમાન ઉદીરણા આશ્રયી પણ દ્વિસ્થાનક આદિ ત્રણ પ્રકારનો રસ હોય ?

ઉત્તર—કેવલજ્ઞાનાવરણ, કેવલદર્શનાવરણ, પાંચ નિદ્રા, બે વેદનીય, મિથ્યાત્વ, આદ્ય બાર કષાય, હાસ્યષટ્ક, નરક અને દેવાયુષ્ય, બે ગોત્ર, દેવ તથા નરકગતિ, પંચેન્દ્રિય જાતિ, આહારક સપ્તક, વૈક્રિય સપ્તક, તૈજસ સપ્તક, સમચતુરસ્ર અને હુંડકસંસ્થાન, ગુરુ તથા કર્કશ સ્પર્શ વિના અઢાર વર્ણ ચતુષ્ક, બે વિહાયોગતિ, આતપ વિના સાત પ્રત્યેક પ્રકૃતિ, ત્રસદશક અને અસ્થિરષટ્ક આ એકસો એક પ્રકૃતિઓ બંધની જેમ ઉદીરણા આશ્રયી દ્વિસ્થાનક આદિ ત્રણ પ્રકારના રસવાળી હોય છે.

પ્રશ્ન—૨૭. એવી કઈ અને કેટલી પ્રકૃતિઓ છે કે જેઓનો ઉદીરણા આશ્રયી એક અને દ્વિસ્થાનક જ રસ હોય ?

ઉત્તર—ચક્ષુર્દર્શનાવરણ, અચક્ષુર્દર્શનાવરણ સમ્યક્ત્વ મોહનીય, પુરુષવેદ, સ્ત્રીવેદ અને પાંચ અંતરાય આ દસ પ્રકૃતિઓનો ઉદીરણા આશ્રયી એક અને દ્વિસ્થાનક જ રસ હોય છે.

પ્રશ્ન—૨૮. દેશઘાતી કઈ અને કેટલી પ્રકૃતિઓ એવી છે કે જેઓને ઉદીરણા આશ્રયી માત્ર દેશઘાતી જ રસ હોય ?

ઉત્તર—અચક્ષુર્દર્શનાવરણ, સમ્યક્ત્વમોહનીય અને પાંચ અંતરાય આ દેશઘાતી સાત પ્રકૃતિઓનો ઉદીરણા આશ્રયી સદા દેશઘાતી જ રસ હોય છે પરંતુ સર્વઘાતી હોતો જ નથી.

પ્રશ્ન—૨૯. કયા કયા જીવોને અયશકીર્ત્તિની ઉદીરણા હોય જ ?

ઉત્તર—સૂક્ષ્મ એકેન્દ્રિય, તેઉકાય, વાયુકાય, નારક, લબ્ધિ અપર્યાપ્ત મનુષ્ય અને તિર્યંચોને હંમેશાં અયશકીર્ત્તિનો જ ઉદય હોવાથી તેની ઉદીરણા હોય જ છે.

પ્રશ્ન—૩૦. યુગલિક મનુષ્ય-તિર્યંચોને નામકર્મની પરાવર્તમાન કઈ કઈ શુભ પ્રકૃતિઓની જ ઉદીરણા હોય ? અને કઈ કઈ અશુભ પ્રકૃતિઓની પણ હોઈ શકે ?

ઉત્તર—યુગલિક મનુષ્ય-તિર્યંચોને પ્રથમ સંઘયણ, પ્રથમ સંસ્થાન, શુભવિહાયોગતિ અને સુસ્વર આ ચાર નામકર્મની પરાવર્તમાન શુભ પ્રકૃતિઓની જ ઉદીરણા હોય છે, અને દૌર્ભાગ્ય તેમજ અનાદેયદ્વિક આ ત્રણ પરાવર્તમાન અશુભ પ્રકૃતિઓની પણ ઉદીરણા હોઈ શકે છે.

પ્રશ્ન—૩૧. હાસ્ય અને રતિની ઉત્કૃષ્ટ અનુભાગ ઉદીરણા કોને હોય ?

ઉત્તર—સર્વ પર્યાપ્તિએ પર્યાપ્ત સહસ્રાર કલ્પવાસી દેવોને હાસ્ય-રતિની ઉત્કૃષ્ટ અનુભાગ ઉદીરણા હોય છે.

પ્રશ્ન—૩૨ કઈ કઈ પ્રકૃતિઓની કેવા પરિણામે ઉત્કૃષ્ટ અને જઘન્ય અનુભાગ ઉદીરણા થાય ?

ઉત્તર—તત્પ્રાયોગ્ય અતિસંક્લિષ્ટ પરિણામે અશુભ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ અનુભાગ ઉદીરણા અને શુભ પ્રકૃતિઓની જઘન્ય અનુભાગ ઉદીરણા તેમજ અતિ-વિશુદ્ધ પરિણામે અશુભ પ્રકૃતિઓની જઘન્ય અને શુભ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ અનુભાગ ઉદીરણા હોય છે પરંતુ તે તે પ્રકૃતિઓના ઉદયવર્ત્તી અતિસંક્લિષ્ટ અથવા અતિ વિશુદ્ધ જીવો સમજવા.

પ્રશ્ન—૩૩. એવી કઈ અને કેટલી પ્રકૃતિઓ છે કે જેઓની સયોગી ગુણસ્થાનકના

ચરમસમયે જઘન્ય સ્થિતિ ઉદીરણા માત્ર અંતર્મુહૂર્ત પ્રમાણ હોય ?

ઉત્તર—નામકર્મની ધ્રુવોદયી તેત્રીસ, મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ઔદારિક સપ્તક, પ્રથમ સંઘયણ, છ સંસ્થાન, બે વિહાયોગતિ, ઉપઘાત, પરાઘાત, તીર્થંકર નામકર્મ, ત્રસ ચતુષ્ક, સૌભાગ્ય, આદેય, યશઃ અને ઉચ્ચ ગોત્ર આ બાસઠ પ્રકૃતિઓની સયોગી ગુણસ્થાનકના ચરમસમયે અને બે સ્વર તથા ઉચ્છ્વાસ આ ત્રણની પોતપોતાના નિરોધના ચરમસમયે અંતર્મુહૂર્ત પ્રમાણ જઘન્ય સ્થિતિ ઉદીરણા હોય છે.

પ્રશ્ન—૩૪. અપર્યાપ્ત નામકર્મની ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણા શેષ લબ્ધિ અપર્યાપ્ત જીવોને ન બતાવતાં સંમૂર્ચ્છિમ મનુષ્યોને ચરમ સમયે કેમ બતાવી ?

ઉત્તર—અન્ય લબ્ધિ અપર્યાપ્ત જીવો કરતાં સંમૂર્ચ્છિમ મનુષ્યોને ચરમ-સમયે વિશુદ્ધિ વધારે હોય છે અને તત્પ્રાયોગ્ય અતિ વિશુદ્ધ જીવોને જ ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણા થાય છે માટે અન્ય જીવોને નહિ પરંતુ સંમૂર્ચ્છિમ મનુષ્યોને જ ચરમ સમયે અપર્યાપ્ત નામકર્મની ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણા બતાવેલ છે.

પ્રશ્ન—૩૫. તૈજસસપ્તક, શુભવર્ણાદિ નવ, અગુરુલઘુ, નિર્માણ, જિનનામ, સ્થિરત્રિક, આદેયદ્વિક અને ઉચ્ચ ગોત્ર આ પચીસ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ અનુભાગ ઉદીરણા સયોગી ગુણસ્થાનકના ચરમ સમયે બતાવેલ છે પરંતુ આ જ ગ્રંથના પ્રથમ ભાગ—પ્રથમ દ્વારની પંદરમી ગાથાની પૂ. મલયગિરિજીકૃત ટીકામાં કેવલી સમુદ્‌ઘાતના પ્રસંગે મનુષ્યગતિ-આદિ ઓગણચાળીસ શુભ પ્રકૃતિઓના અનુભાગને અપ્રશસ્ત-પ્રકૃતિઓના અનુભાગમાં પ્રવેશ કરી હણી-હણીને અનંતમા ભાગ જેટલો જ રાખે છે એમ બતાવેલ છે અને તે ઓગણચાળીસ પ્રકૃતિઓમાં તૈજસ સપ્તક વગેરે આ પચીસ પ્રકૃતિઓ પણ આવી જાય છે માટે સયોગી ગુણસ્થાનકના ચરમસમયે આ પચીસ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ અનુભાગ ઉદીરણા શી રીતે હોઈ શકે ?

ઉત્તર—પ્રથમદ્વાર ગાથા ૧૫ની ટીકામાં સમુદ્‌ઘાતનું સ્વરૂપ આવશ્યકચૂર્ણી આદિ સિદ્ધાંત ગ્રંથોના આધારે બતાવેલ છે પરંતુ કર્મગ્રંથ કે કર્મપ્રકૃતિ આદિ ગ્રંથોના આધારે બતાવેલ નથી. કારણ કે કર્મપ્રકૃતિ અને પંચસંગ્રહ અને સંક્રમણ કરણમાં દેવગતિ વગેરે કેટલીક શુભપ્રકૃતિઓના ઉત્કૃષ્ટ અનુભાગસંક્રમના સ્વામી પોતપોતાના બંધવિચ્છેદથી એક આવલિકા બાદ સયોગી ગુણસ્થાનકના ચરમસમય સુધીના જીવો બતાવેલ છે અને ઉત્કૃષ્ટ અનુભાગ સત્તા હોય તો જ ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમ પણ ઘટે. પરંતુ કેવલી સમુદ્‌ઘાતમાં શુભ પ્રકૃતિઓના અનુભાગનો નાશ કરે તો કેવલી સમુદ્‌ઘાત પછી ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમ પણ ન ઘટે. માટે કેવલી સમુદ્‌ઘાતમાં સિદ્ધાંતના મતે શુભપ્રકૃતિઓના અનુભાગનો ઘાત કરે. પરંતુ કર્મપ્રકૃતિ આદિ ગ્રંથોના મતે ઘાત ન કરે. અને તેથી જ સયોગી ગુણસ્થાનકના ચરમસમય સુધી ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમ અને ઉદીરણા ઘટી શકે છે. પછી તો બહુશ્રુતો કહે તે પ્રમાણ.

પ્રશ્ન—૩૬. આ જ કરણની ગાથા ૨૧ની ટીકામાં જણાવેલ છે કે દેવતાઓને ઉત્પત્તિના પહેલા અંતર્મુહૂર્ત પછી માત્સર્ય વગેરે દોષો તેમજ પ્રિયના વિયોગ આદિ અને ચ્યવનકાળ વગેરે

પ્રસંગોમાં અસાતા તેમજ અરતિ-શોકનો ઉદય હોય છે તો તે સિવાયના સર્વકાલમાં દેવોને સતત સાતા અને હાસ્ય-રતિનો જ ઉદય હોય ?

ઉત્તર—દેવોને સતત સાતા વગેરેનો ઉદય ઉત્કૃષ્ટથી પણ છ માસ સુધી જ હોય છે. એ પ્રમાણે તત્ત્વાર્થાધિગમ સૂત્ર-ચતુર્થ અધ્યાય ૨૨મા સૂત્રની ટીકા પૃષ્ઠાંક ૩૦૪માં જણાવેલ છે. તેથી છ માસ પછી માત્સર્યાદિ દોષ વગેરેના પ્રસંગો ન આવે તોપણ અલ્પ-સમય માટે અસાતા વેદનીય વગેરેનો ઉદય અવશ્ય થાય છે એમ લાગે છે. માટે દેવોને સાતા વેદનીય વગેરે ત્રણે પ્રકૃતિઓની ઉત્કૃષ્ટથી પણ સતત છ માસ સુધી ઉદીરણા હોય છે. પછી અલ્પકાળ માટે પણ અવશ્ય અસાતા વેદનીય વગેરે ત્રણે અશુભ-પ્રકૃતિઓનો ઉદય થવાથી અસાતા વેદનીય વગેરેની જ ઉદીરણા થાય છે.

પ્રશ્ન—૩૭. જીવાભિગસૂત્ર ત્રીજી પ્રતિપત્તિ, ત્રીજો ઉદ્દેશ નારક અધિકાર સૂત્ર ૯૫ ગાથા ૬ 'उववाएण व सायं' ઇત્યાદિ ગાથાઓમાં ઉત્પત્તિ સમયે પણ કોઈક નારક સાતાવેદનીયને જ અનુભવે છે. તથાસ્વભાવે જ તેને ક્ષેત્રકૃત, પરમાધાર્મિકકૃત તેમજ પરસ્પરકૃત એમ કોઈપણ પ્રકારની વેદના હોતી નથી તેથી સાતાનો ઉદય હોવાથી ઉદીરણા પણ સાતાની જ થાય, છતાં આ કરણની ગાથા ૨૧ તથા તેની ટીકામાં પ્રથમ અંતર્મુહૂર્તમાં નારકોને અસાતા વેદનીયની ઉદીરણા હોય એમ કેમ બતાવેલ છે ?

ઉત્તર—જીવાભિગમસૂત્રમાં જે કહેલ છે તે બરાબર છે પરંતુ બહુલતાએ મોટા ભાગના નારકોને ઉત્પત્તિના પ્રથમ અંતર્મુહૂર્તમાં અસાતા વગેરેનો જ ઉદય અને ઉદીરણા હોય છે માટે જ ગ્રંથ તથા કર્મપ્રકૃતિમાં બહુલતાની અપેક્ષાએ એમ કહેલ છે.

ઇતિ ઉદીરણાકરણ પ્રશ્નોત્તરી

ॐ ह्रीँ अर्हं नमः

ઉપશમનાકરણ

આ પ્રમાણે ઉદીરણાકરણ વિસ્તારપૂર્વક કહ્યું. હવે ઉપશમનાકરણનું પ્રતિપાદન કરે છે. તેનું આ શરૂઆતનું સૂત્ર છે—

देसुवसमणा सव्वाण होइ सव्वोवसामणा मोहे ।
अपसत्था पसत्था जा करणुवसमणाए अहिगारो ॥१॥

देशोपशमना सर्वेषां भवति, सर्वोपशमना मोहस्य ।
अप्रशस्ता प्रशस्ता या, करणोपशमनयाऽधिकारः ॥१॥

અર્થ—દેશોપશમના સઘળા-આઠે કર્મની થાય છે અને સર્વોપશમના માત્ર મોહનીયકર્મની જ થાય છે. તેના અનુક્રમે અપ્રશસ્ત અને પ્રશસ્ત એ પર્યાયનામો છે. અહીં કરણોપશમના વડે અધિકાર છે.

ટીકાનુ૦—ઉપશમના બે પ્રકાર છે : ૧. દેશોપશમના, ૨. સર્વોપશમના. તેમાં દેશોપશમના સઘળા-આઠે કર્મની થાય છે, અને સર્વોપશમના માત્ર મોહનીયકર્મની જ થાય છે. દેશોપશમનાનાં દેશોપશમના[૧], અનુદયોપશમના, અગુણોપશમના અને અપ્રશસ્તોપશમના એ પર્યાય નામો છે. અને સર્વોપશમનાનાં સર્વોપશમના[૨], ઉદયોપશમના, ગુણોપશમના અને પ્રશસ્તોપશમના એ પર્યાય નામો છે. દેશોપશમના બે પ્રકારે થાય છે. ૧. યથાપ્રવૃત્તાદિ કરણ પૂર્વક, અને ૨. તે કરણ સિવાય. અને સર્વોપશમના તો યથાપ્રવૃત્તાદિ કરણથી થાય છે. યથાપ્રવૃત્તકરણ, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ એ ત્રણ કરણો છે, તેનું સ્વરૂપ હમણાં જ કહેવામાં આવશે. તે વડે કરાયેલી જે ઉપશમના તે કરણકૃત ઉપશમના કહેવાય છે.

---

૧. સત્તામાં રહેલાં કર્મદલિકોને એવી સ્થિતિમાં મૂકવાં કે જેની અંદર ઉદ્વર્ત્તના, અપવર્ત્તના અને સંક્રમણ સિવાય કોઈ કરણ લાગે નહિ. એ દેશોપશમનામાં સર્વોપશમનાની જેમ સર્વથા અને અસંખ્યગુણકારે દલિકની ઉપશમના નથી થતી માટે દેશોપશમના અને અગુણોપશમના કહેવાય છે. જેનો દેશોપશમ થયેલ હોય છે તેનો ઉદય પણ હોઈ શકે છે, તેથી અનુદયોપશમ એવું પણ નામ છે. અને સર્વોપશમ થયા પછી જેમ પૂર્વરૂપમાં ગુણ ઉઘાડો થાય છે તેમ દેશોપશમનામાં થતો નથી માટે અપ્રશસ્તોપશમના નામ છે. દેશોપશમનાનું સ્વરૂપ આગળ ઉપર આવશે.

૨. સત્તામાં રહેલાં દ્વિતીય સ્થિતિગત દલિકો અંતરકરણ કર્યા બાદ પૂર્વ પૂર્વ સમય કરતાં ઉત્તરોત્તર સમયે અસંખ્યાત અસંખ્યાત ગુણકારે ઉપશમાવી તેને એવી સ્થિતિમાં મૂકે છે કે જેની અંદર સંક્રમાદિ કોઈ કરણ ન લાગે અને અંતર્મુહૂર્ત સુધી ઉદય પણ ન થાય. એટલા માટે તેને સર્વોપશમના અને ઉદયોપશમના કહેવામાં આવે છે. ઉપશમન ક્રિયા શરૂ થયા પછી પ્રતિસમય અસંખ્યાત-અસંખ્યાત ગુણ દલિક ઉપશમે છે માટે ગુણોપશમના નામ છે. અને સર્વોપશમ થયા પછી તે કર્મ જે ગુણને દબાવે છે તે સંપૂર્ણ પ્રમાણમાં ખુલ્લો થાય છે માટે પ્રશસ્તોપશમના એવું ચોથું પર્યાય નામ છે.

પર્વતની નદીના પથ્થરના સ્વયમેવ ગોળ થવાના ન્યાયે સંસારી આત્માઓને યથા-પ્રવૃત્તાદિકરણથી સાધ્ય જે ક્રિયાવિશેષ તે (એટલે કે સમ્યક્ત્વાદિ પ્રાપ્ત કરતાં યથાપ્રવૃત્તાદિકરણ પૂર્વક ચડવાનો જે ક્રમ બતાવ્યો છે તે) સિવાય જ વેદન, અનુભવ આદિ કરણોથી થયેલ પ્રશસ્ત પરિણામ દ્વારા જે ઉપશમના થાય છે તે કરણરહિત-અકરણોપશમના કહેવાય છે. તે અકરણોપશમનાનો અનુયોગ-વ્યાખ્યાન-વર્ણન અત્યારે તેના સ્વરૂપના જાણકારના અભાવે વિચ્છિન્ન-નષ્ટ થયેલ છે એટલે પ્રશસ્ત અને અપ્રશસ્ત બંને ઉપશમના જે કરણો દ્વારા થાય છે તેનો જ અહીં અધિકાર છે.

તેમાં પણ પ્રથમ સર્વોપશમનાનું સ્વરૂપ કહે છે. કારણ તેના સંબંધમાં ઘણું કહેવાનું છે. તેના અર્થાધિકારો—વિષયો આ છે : ૧. પ્રથમસમ્યક્ત્વોત્પાદપ્રરૂપણા, ૨. દેશવિરતિ લાભ-પ્રરૂપણા, ૩. સર્વવિરતિ લાભપ્રરૂપણા, ૪. અનંતાનુબંધિ વિસંયોજના, ૫. દર્શનમોહ-નીયક્ષપણા, ૬. દર્શનમોહનીયોપશમના, ૭. ચારિત્રમોહનીયોપશમના.

ઉપરોક્ત સાત વિષયોમાંથી પ્રથમ સમ્યક્ત્વ કેવા ક્રમપૂર્વક ઉત્પન્ન થાય છે તેનો વિચાર કરે છે—

सव्वुवसमणजोग्गो पज्जत्त पणिंदि सण्णि सुभलेसो ।
परियत्तमाणसुभपगइबंधगोऽतीव सुज्झंतो ॥२॥

असुभसुभे अणुभागे अणंतगुणहाणिवुड्ढिपरिणामो ।
अन्तोकोडाकोडीठिइओ आउं अबंधंतो ॥३॥

बन्धादुत्तरबन्धं पलिओवमसंखभागऊणूणं ।
सागारे उवओगे वट्टंतो कुणइ करणाइं ॥४॥

सर्वोपशमनायोग्यः पर्याप्तः पञ्चेन्द्रियः संज्ञी शुभलेश्यः ।
परावर्त्तमानशुभप्रकृतिबन्धकः अतीव शुध्यन् ॥२॥

अशुभशुभयोरनुभागस्य अनन्तगुणहानिवृद्धिपरिणामः ।
अन्तःकोटाकोटीस्थितिकः आयुरबध्नन् ॥३॥

बन्धादुत्तरबन्धं पल्योपमसंख्यभागन्यूनम् ।
साकारे उपयोगे वर्त्तमानः करणानि करोति ॥४॥

અર્થ—પર્યાપ્ત, પંચેન્દ્રિય, સંજ્ઞી, શુભલેશ્યાવાળો, પરાવર્ત્તમાન શુભપ્રકૃતિનો બંધક, અનુક્રમે ચડતા વિશુદ્ધ અધ્યવસાયવાળો, અશુભપ્રકૃતિના રસને ઉત્તરોત્તર અનંતગુણહીન અને શુભપ્રકૃતિના રસને અનંતગુણાકારે બાંધતો, અંતઃકોડાકોડી સાગરોપમની સ્થિતિવાળો, આયુને નહિ બાંધતો, સમયે સમયે થતા કર્મના બંધને પણ ઉત્તરોત્તર પલ્યોપમના સંખ્યાતમા ભાગે ન્યૂન ન્યૂન બાંધતો, સાકારોપયોગે વર્તમાન એવો ભવ્ય આત્મા સર્વોપશમનાને યોગ્ય છે. આવો આત્મા મિથ્યાત્વનો સર્વોપશમ કરવા ત્રણ કરણ કરે છે.

ટીકાનુ૦—મિથ્યાત્વની સર્વોપશમનાને લાયક સઘળી પર્યાપ્તિએ પર્યાપ્તો ઉપશમલબ્ધિ (મિથ્યાત્વમોહનીયકર્મને સર્વથા શાંત કરવાની યોગ્યતાવાળો અને જેના ભવ્યત્વનો પરિપાક થયો છે એવો), ઉપદેશ શ્રવણલબ્ધિ (ઉપદેશ શ્રવણ કરવાની યોગ્યતાવાળો) અને પ્રયોગલબ્ધિ (મનોયોગ, વચનયોગ અને કાયયોગમાંથી કોઈપણ એક યોગ યુક્ત) એ ત્રણ શક્તિ યુક્ત સંજ્ઞી પંચેન્દ્રિય છે.

તે કરણકાલની પહેલાં પણ—યથાપ્રવૃત્તાદિ કરણ શરૂ કરતાં પહેલાં પણ અંતર્મુહૂર્ત્તકાળ પર્યંત શુભલેશ્યાવાળો—તેજો, પદ્મ અને શુક્લ લેશ્યામાંથી કોઈપણ શુભલેશ્યાયુક્ત હોય છે અને પરાવર્ત્તમાન પુન્યપ્રકૃતિઓ બાંધે છે. આ ઉપશમસમ્યક્ત્વ ચારે ગતિના જીવો ઉત્પન્ન કરી શકે છે.

તેમાં પ્રથમસમ્યક્ત્વ ઉત્પન્ન કરતા તિર્યંચ અને મનુષ્યો દેવગતિપ્રાયોગ્ય દેવદ્વિક, પંચેન્દ્રિયજાતિ, વૈક્રિયશરીરનામકર્મ, વૈક્રિયઅંગોપાંગ, પ્રથમસંસ્થાન, પરાઘાત, ઉચ્છ્વાસ, પ્રશસ્તવિહાયોગતિ, ત્રસદશક, સાતવેદનીય, ઉચ્ચૈર્ગોત્ર (સાતવેદનીય અને ઉચ્ચૈર્ગોત્ર સિવાય ૧૯ પ્રકૃતિમાં ધ્રુવબંધિની વર્ણચતુષ્ક, અગુરુલઘુ, તૈજસ, કાર્મણ, નિર્માણ તથા ઉપઘાત એ નવ મેળવીએ ત્યારે નામકર્મની દેવગતિ પ્રાયોગ્ય ૨૮ પ્રકૃતિ થાય છે) રૂપ પરાવર્ત્તમાન એકવીસ પ્રકૃતિઓ બાંધે છે.

દેવતા અને નારકી મનુષ્યગતિ પ્રાયોગ્ય—મનુષ્યદ્વિક, પંચેન્દ્રિયજાતિ, પ્રથમસંઘયણ, પ્રથમસંસ્થાન, ઔદારિકદ્વિક, પરાઘાત, ઉચ્છ્વાસ, પ્રશસ્તવિહાયોગતિ, ત્રસદશક, સાતાવેદનીય અને ઉચ્ચૈર્ગોત્ર (સાતવેદનીય અને ઉચ્ચૈર્ગોત્ર વિના વીસ પ્રકૃતિમાં ધ્રુવબંધિની વર્ણચતુષ્ક, અગુરુલઘુ, તૈજસ, કાર્મણ, નિર્માણ અને ઉપઘાત એ નવ પ્રકૃતિ મેળવીએ ત્યારે મનુષ્યગતિ પ્રાયોગ્ય ૨૯ પ્રકૃતિ થાય છે) રૂપ પરાવર્ત્તમાન બાવીસ પુન્ય પ્રકૃતિઓ બાંધે છે. માત્ર સાતમી નારકીવાળો ભવસ્વભાવે જ પહેલે, બીજે ગુણઠાણે તિર્યંચગતિ પ્રાયોગ્ય બંધ કરતો હોવાથી પ્રથમસમ્યક્ત્વ ઉત્પન્ન કરતાં પણ અનિવૃત્તિકરણના ચરમસમય પર્યંત તિર્યંચગતિ પ્રાયોગ્ય બંધ કરે છે, એટલે તે તિર્યગ્દ્વિક અને નીચ ગોત્રકર્મનો બંધ કરે છે. બાકીની-અવશેષ પ્રકૃતિઓ તો પૂર્વે બતાવી તે જ બાંધે છે.

ઉત્તરોત્તર સમયે અનંતગુણ વિશુદ્ધિએ વધતો શુભ અધ્યવસાયવાળો ચારે ગતિમાંહેનો કોઈપણ જીવ હોઈ શકે છે. તથા અશુભ પ્રકૃતિઓના રસને અનુક્રમે અનંતગુણહીન કરતો અને પુન્ય-પ્રકૃતિઓના રસને અનંતગુણ વધારતો, તથા આયુઃકર્મ સિવાય સાતે કર્મની અંતઃકોડાકોડી સાગરોપમની સ્થિતિની સત્તા જેણે રાખી છે એવો, આયુઃકર્મને નહિ બાંધતો, (અતિ વિશુદ્ધ પરિણામવાળો આત્મા આયુઃ બાંધતો નથી, આયુનો બંધ લોભના-મધ્યમ પરિણામે થાય છે માટે તેનું વર્જન કર્યું છે.) પૂર્વ પૂર્વ સ્થિતિબંધ કરતાં ઉત્તર-ઉત્તર સ્થિતિબંધને પલ્યોપમના સંખ્યાતમા ભાગે ઓછો ઓછો કરતો, એટલે કે એક સ્થિતિબંધ જ્યારે પૂર્ણ થાય ત્યારે નવો પલ્યોપમના સંખ્યાતમા ભાગે ન્યૂન બાંધતો-કરતો, બંધાતી અશુભપ્રકૃતિઓના દ્વિસ્થાનક રસને બાંધતો, તે પણ પ્રતિસમય અનંતગુણહીન એટલે અનંતમો ભાગ કરતો, અને બંધાતી શુભ પ્રકૃતિના રસને ચોઠાણીઓ બાંધતો, તે પણ પ્રતિસમય અનંતગુણ વધારતો, તથા મતિઅજ્ઞાન શ્રુતઅજ્ઞાન અને

વિભંગજ્ઞાનમાંથી કોઈપણ સાકારોપયોગે-જ્ઞાનોપયોગે વર્તમાન આત્મા સમ્યક્ત્વ, પ્રાપ્ત કરવાને યોગ્ય છે, અને તેવો આત્મા તેને પ્રાપ્ત કરવા માટે યથાપ્રવૃત્તાદિ ત્રણ કરણ કરે છે.

ત્રણ કરણનાં નામ આ પ્રમાણે છે—

पढमं अहापवत्तं बीयं तु नियट्टी तइयमणियट्टी ।
अंतोमुहुत्तियाइं उवसमअद्धं च लहइ कमा ॥५॥

प्रथमं यथाप्रवृत्तं द्वितीयं तु निवृत्ति तृतीयमनिवृत्तिम् ।
आन्तर्मौहूर्त्तिकानि उपशमाद्धां च लभते क्रमात् ॥५॥

અર્થ—પહેલું યથાપ્રવૃત્તિકરણ, બીજું અપૂર્વકરણ અને ત્રીજું અનિવૃત્તિકરણ એ દરેકનો કાળ અંતર્મુહૂર્ત્તનો છે, ત્યારપછી અંતર્મુહૂર્ત્ત કાળપ્રમાણ ઉપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે.

ટીકાનુ૰—ઉપશમસમ્યક્ત્વ પ્રાપ્ત કરતાં પહેલાં આત્મા ત્રણ કરણ કરે છે—પહેલું યથાપ્રવૃત્તકરણ, બીજું અપૂર્વકરણ અને ત્રીજું અનિવૃત્તિકરણ. આ ત્રણે કરણોમાંના દરેકનો કાળ અંતર્મુહૂર્ત્ત પ્રમાણ છે. આ પ્રમાણે અનુક્રમે ત્રણે કરણો કર્યા પછી આત્મા ઉપશમસમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે, તેનો પણ કાળ અંતર્મુહૂર્ત્ત જ છે. ૫

હવે અનુક્રમે ત્રણે કરણોનું સ્વરૂપ કહે છે—

आइल्लेसु दोसुं जहन्नउक्कोसिया भवे सोही ।
जं पइसमयं अज्झवसाया लोगा असंखेज्जा ॥६॥

आद्ययोर्द्वयोः जघन्योत्कृष्टा भवति शुद्धिः ।
यत्प्रतिसमयमध्यवसाया लोका असंख्येयाः ॥६॥

અર્થ—શરૂઆતનાં બે કરણમાં જઘન્ય અને ઉત્કૃષ્ટ એમ બે પ્રકારની વિશુદ્ધિ હોય છે. કારણ કે દરેક સમયે અસંખ્યલોકાકાશપ્રદેશ પ્રમાણ અધ્યવસાયો છે.

ટીકાનુ૰—કરણ એટલે પૂર્વ પૂર્વ સમયથી ઉત્તરોત્તર સમયે અનંત અનંત ગુણ વધતા આત્મપરિણામ.

આદિનાં બે—યથાપ્રવૃત્તકરણે અને અપૂર્વકરણે સાથે ચડેલા જીવોમાં અધ્યવસાયનું તારતમ્ય હોય છે. યથાપ્રવૃત્ત અને અપૂર્વકરણના પ્રથમ સમયને સમકાલે સ્પર્શ કરનારા જીવોમાં તે તે કરણની અપેક્ષાએ કેટલાક જઘન્ય પરિણામી; કેટલાક મધ્યમ પરિણામી અને કેટલાક ઉત્કૃષ્ટ પરિણામી જીવો હોય છે. તેથી જ ગાથામાં એમ કહેવામાં આવ્યું છે કે, શરૂઆતનાં યથાપ્રવૃત્ત અને અપૂર્વ એ બે કરણમાં જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ વિશુદ્ધિ હોય છે. કારણ કે એ બે કરણમાં અનેક જીવોની અપેક્ષાએ પ્રતિસમય તરતમભાવે અસંખ્ય લોકાકાશપ્રદેશ પ્રમાણ અધ્યવસાયો—વિશુદ્ધિનાં સ્થાનકો છે. તે પણ પૂર્વ પૂર્વ સમય કરતાં ઉત્તર ઉત્તર સમયે વધતાં હોય છે.

જેમકે—યથાપ્રવૃત્તકરણના પ્રથમ સમયે ત્રણે કાલના જીવોની અપેક્ષાએ તરતમભાવે અસંખ્યલોકાકાશપ્રદેશ પ્રમાણ વિશુદ્ધિનાં સ્થાનકો હોય છે. બીજે સમયે ક્ષયોપશમની વિચિત્રતાને

લઈને થોડાં વધારે વિશુદ્ધિનાં સ્થાનકો હોય છે, ત્રીજા સમયે થોડાં વધારે હોય છે, એમ યથાપ્રવૃત્તકરણના ચરમસમય પર્યંત જાણવું. યથાપ્રવૃત્તકરણના ચરમસમયથી અપૂર્વકરણના પ્રથમ સમયે વધારે વિશુદ્ધિનાં સ્થાનકો હોય છે, બીજે સમયે તે કરતાં વધારે, એમ અપૂર્વકરણના પણ ચરમસમય પર્યંત લઈ જવાનું છે.

આ કરણોને સ્પર્શ કરનારા ત્રણે કાળના જીવો જો કે અનંત છે પરંતુ ઘણા જીવો સમાન અધ્યવસાય-વિશુદ્ધિવાળા હોવાથી અધ્યવસાય-વિશુદ્ધિનાં સ્થાનકોની સંખ્યા અસંખ્ય લોકાકાશ પ્રદેશ પ્રમાણ જ થાય છે, વધારે નહિ. આ બંને કરણોમાં પૂર્વ પૂર્વ સમય કરતાં ઉત્તરોત્તર સમયે મોહનીયકર્મના ક્ષયોપશમની વિચિત્રતાને કારણે અધ્યવસાયની સંખ્યા વધતી જાય છે. તેથી જ યથાપ્રવૃત્ત તથા અપૂર્વકરણના અધ્યવસાયોની સ્થાપના સ્થાપવામાં આવે તો વિષમચતુરસ્ર ક્ષેત્ર રોકે છે.

અનિવૃત્તિકરણે તો સાથે ચડેલા જીવો સરખા જ પરિણામવાળા હોય છે. એટલે કે અનિવૃત્તિકરણના પ્રથમ સમયે જ ચડ્યા હતા, જે ચડે છે અને જે ચડશે તેઓના એકસરખા પરિણામ હોય છે, સાથે ચડેલા જીવોમાં અપૂર્વકરણની જેમ અધ્યવસાયની તરતમતા હોતી નથી. (જો કે પૂર્વ પૂર્વ સમય કરતાં ઉત્તરોત્તર સમયે અનંતગુણી વિશુદ્ધિ તો હોય છે જ) અને તેથી જ અનિવૃત્તિકરણના અધ્યવસાયો મુક્તાવલિ સંસ્થિત કહ્યા છે. ૬

એ જ વાતને સ્પષ્ટ કરે છે.

पइसमयमणंतगुणा सोही उड्ढामुही तिरिच्छा उ ।
छट्ठाणा जीवाणं तइए उड्ढामुही एक्का ॥७॥

प्रतिसमयमनन्तगुणा शुद्धिः ऊर्ध्वमुखी तिर्यङ्मुखी तु ।
षट्स्थाना जीवानां तृतीये ऊर्ध्वमुखी एका ॥७॥

અર્થ—પ્રતિસમય જીવોની ઊર્ધ્વમુખી વિશુદ્ધિ અનંતગુણી છે, અને તિર્યગ્મુખી વિશુદ્ધિ છ સ્થાન પતિત છે. ત્રીજા અનિવૃત્તિકરણમાં એકલી ઊર્ધ્વમુખી જ વિશુદ્ધિ હોય છે.

ટીકાનુ૰—પૂર્વ પૂર્વ સમય કરતાં ઉત્તર-ઉત્તર સમયની વિશુદ્ધિનો જે વિચાર તે ઊર્ધ્વમુખી વિશુદ્ધિ, અને એક જ સમયની વિશુદ્ધિનો-વિશુદ્ધિના તારતમ્યનો જે વિચાર તે તિર્યગ્મુખી વિશુદ્ધિ કહેવાય છે. ઊર્ધ્વમુખી વિશુદ્ધિ ત્રણે કરણમાં હોય છે, તિર્યગ્મુખી વિશુદ્ધિ શરૂઆતનાં બે કરણોમાં જ છે. ત્રણે કરણોમાં પૂર્વ પૂર્વ સમય કરતાં ઉત્તર ઉત્તર સમયની ઊર્ધ્વમુખી વિશુદ્ધિ અનંત-અનંતગુણી જાણવી. એટલે કે પ્રથમ સમયે જે વિશુદ્ધિ છે તેની અપેક્ષાએ દ્વિતીય સમયે અનંતગુણી વિશુદ્ધિ હોય છે, તે કરતાં ત્રીજા સમયે અનંતાગુણી વિશુદ્ધિ હોય છે એમ પ્રથમ યથાપ્રવૃત્તકરણના પ્રથમ સમયથી આરંભી અનિવૃત્તિકરણના ચરમસમય પર્યંત સમજવાનું છે.

શરૂઆતનાં બે કરણની તિર્યગ્મુખી વિશુદ્ધિ છ સ્થાન પતિત હોય છે. એટલે કે—યથાપ્રવૃત્તકરણના પ્રથમ સમયે સાથે જ ચડેલા જીવોમાં અનેક જીવોની અપેક્ષાએ જે અસંખ્ય

લોકાકાશ પ્રદેશપ્રમાણ વિશુદ્ધિનાં સ્થાનકો છે. તેમાંનું કોઈ જીવનું વિશુદ્ધિસ્થાન કોઈ જીવના વિશુદ્ધિસ્થાન કરતાં અનંત ભાગ અધિક હોય છે, કોઈનું અસંખ્યાતભાગ અધિક, કોઈનું સંખ્યાતભાગ અધિક, કોઈનું સંખ્યાતગુણ અધિક, કોઈનું અસંખ્યગુણ અધિક અને કોઈનું અનંતગુણ અધિક વિશુદ્ધિસ્થાન હોય છે. એમ બીજા, ત્રીજા સમયે યાવત્ અપૂર્વકરણના ચરમ સમય પર્યંત સમજવું. આ પ્રમાણે યથાપ્રવૃત્તે તથા અપૂર્વકરણે સાથે જ ચડેલા જીવોમાં વિશુદ્ધિનું તારતમ્ય છે.

અનિવૃત્તિકરણમાં આવું તારતમ્ય નથી. કેમ કે અનિવૃત્તિકરણે તો દરેક સમયે સાથે ચડેલા સઘળા જીવોનાં વિશુદ્ધિસ્થાનો-અધ્યવસાયો એકસરખા હોય છે. એટલે કે અનિવૃત્તિકરણના પ્રથમ સમયે જે જીવો હતા, છે અને હશે, તે સઘળાઓને એક જ અધ્યવસાયસ્થાન-સરખી જ વિશુદ્ધિ હોય છે. બીજે સમયે જે જીવો હતા, છે અને હશે, તે સઘળાઓનું પણ એક જ અધ્યવસાયસ્થાન હોય છે. માત્ર પ્રથમ સમયના અધ્યવસાયની—વિશુદ્ધિની અપેક્ષાએ અનંતગુણ છે. આવી રીતે અનિવૃત્તિકરણના ચરમ સમય પર્યંત સમજવું. માટે જ આ ત્રીજે કરણે ઊર્ધ્વમુખી એક જ વિશુદ્ધિ છે. પરંતુ તિર્યગ્મુખી વિશુદ્ધિ હોતી નથી. ૭.

હવે યથાપ્રવૃત્તકરણની વિશુદ્ધિનું તારતમ્ય બતાવતાં કહે છે—

गंतुं संखेज्जंसं अहापवत्तस्स हीण जा सोही ।
तीए पढमे समये अणंतगुणिया उ उक्कोसा ॥८॥

गत्वा संख्येयांशं यथाप्रवृत्तस्य हीना या शुद्धिः ।
तस्याः प्रथमे समये अनन्तगुणिता तु उत्कृष्टा ॥८॥

અર્થ—યથાપ્રવૃત્ત કરણના સંખ્યાતમા ભાગ સુધી જઈને (તેના) ચરમ સમયે જે જઘન્ય વિશુદ્ધિ હોય છે તે કરતાં પ્રથમ સમયે ઉત્કૃષ્ટ વિશુદ્ધિ અનંતગુણ હોય છે.

ટીકાનુ૰—યથાપ્રવૃત્તકરણના પ્રથમ સમયે તરતમભાવે અસંખ્ય વિશુદ્ધિનાં સ્થાનકો કહ્યાં છે, તેમાંની જે સર્વજઘન્ય વિશુદ્ધિ છે તે હવે પછી કહેવાશે તેની અપેક્ષાએ અલ્પ હોય છે, તેના કરતાં બીજા સમયની જઘન્યવિશુદ્ધિ અનંતગુણ, તે કરતાં ત્રીજા સમયની જઘન્યવિશુદ્ધિ અનંતગુણ, એમ ત્યાં સુધી કહેવું યાવત્ યથાપ્રવૃત્તકરણનો સંખ્યાતમો ભાગ જાય. હવે તે સંખ્યાતમા ભાગના અંતે જે જઘન્યવિશુદ્ધિ છે તેનાથી પ્રથમ સમયે ઉત્કૃષ્ટ વિશુદ્ધિ અનંતગુણી છે. તેનાથી સંખ્યાતમા ભાગના પછીના સમયની જઘન્ય વિશુદ્ધિ અનંતગુણી છે. એટલે કે જે સમયની જઘન્યવિશુદ્ધિ કરતાં પ્રથમ સમયની ઉત્કૃષ્ટવિશુદ્ધિ અનંતગુણી કહી છે તેના પછીના સમયની જઘન્ય વિશુદ્ધિ અનંતગુણી છે. તેનાથી બીજા સમયની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ અનંતગુણ છે. તેથી (બીજા સમયની ઉત્કૃષ્ટવિશુદ્ધિથી) જે સમયથી બીજા સમયની ઉત્કૃષ્ટવિશુદ્ધિ અનંતગુણ કહી છે તેના પછીના સમયની જઘન્યવિશુદ્ધિ અનંતગુણ છે. એટલે કે સંખ્યાતમાભાગ પછીના બીજા સમયની જઘન્યવિશુદ્ધિ અનંતગુણી છે. આવી રીતે ઉપર નીચે એક-એક સમયની જઘન્ય-ઉત્કૃષ્ટ વિશુદ્ધિ અનંતગુણી કહેતાં—ત્યાં સુધી કહેવું યાવત્ યથાપ્રવૃત્તકરણના ચરમ સમયે જઘન્ય વિશુદ્ધિ અનંતગુણી હોય છે. ૮

તે જ આ ગાથામાં કહે છે—

एवं एक्कंतरिया हेट्ठुवरिं जाव हीणपज्जंते ।
तत्तो उक्कोसाओ उवरुवरिं होइ अणंतगुणा ॥९॥

एवमेकान्तरिता अधस्तादुपरि यावत् हीन पर्यन्तः ।
तत उत्कृष्टा उपर्युपरि भवन्त्यनन्तगुणाः ॥९॥

અર્થ—આવી રીતે સંખ્યાતમા ભાગથી હેઠે અને ઉપર એકાંતરિત વિશુદ્ધિ અનંતગુણ ત્યાં સુધી કહેવી યાવત્ જઘન્ય વિશુદ્ધિનું છેલ્લું સ્થાન આવે. ત્યારપછી ઉપર ઉપર ઉત્કૃષ્ટવિશુદ્ધિ અનંતગુણ કહેવી.

ટીકાનુ૦—આ પ્રમાણે યથાપ્રવૃત્તકરણના સંખ્યાતમા ભાગ પછીથી આરંભીને નીચે અને ઉપર એક સમયની ઉત્કૃષ્ટ, એક સમયની જઘન્ય એમ એકાંતરિત—એક એકના આંતરે અનંતગુણ વિશુદ્ધિ ત્યાં સુધી કહેવી યાવત્ જઘન્યવિશુદ્ધિનું છેલ્લું સ્થાન—યથાપ્રવૃત્તનો ચરમ સમય આવે. આવી રીતે એકાંતરિત જઘન્ય વિશુદ્ધિ યથાપ્રવૃત્તકરણના ચરમ સમય પર્યંત કહેવાઈ. હવે યથાપ્રવૃત્તકરણના છેલ્લા સંખ્યાતમાભાગમાં—કે જેમાં જઘન્યવિશુદ્ધિ કહેવાય છે પરંતુ ઉત્કૃષ્ટવિશુદ્ધિ નથી કહેવાઈ તે પણ ઉત્તરોત્તર—એક બીજા કરતાં અનંતગુણી કહી જવી. એટલે કે યથાપ્રવૃત્તના ચરમ સમયની જઘન્ય વિશુદ્ધિથી તે જ કરણના છેલ્લા સંખ્યાતમા ભાગના પ્રથમ સમયની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ અનંતગુણ, તેનાથી તે પછીના સમયની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ અનંતગુણ, એમ ચરમ સમય પર્યંત ઉત્કૃષ્ટ વિશુદ્ધિ કહેવી. આ પ્રમાણે યથાપ્રવૃત્તકરણનું સ્વરૂપ કહ્યું. ૯

હવે અપૂર્વકરણના સ્વરૂપને પ્રગટ કરતાં કહે છે—

जा उक्कोसा पढमे तीसेणंता जहण्णिया बीए ।
करणे तीए जेट्ठा एवं जा सव्वकरणंपि ॥१०॥

योत्कृष्टा प्रथमे तस्या अनन्तगुणा जघन्या द्वितीये ।
करणे तस्या ज्येष्ठा एवं यावत् सर्वकरणमपि ॥१०॥

અર્થ—અપૂર્વકરણના પહેલે સમયે જે ઉત્કૃષ્ટ વિશુદ્ધિ છે તેના કરતાં બીજા સમયની જઘન્ય વિશુદ્ધિ અનંતગુણ હોય છે, તેનાથી તે જ (બીજા) સમયની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ અનંતગુણી છે. એ પ્રમાણે સંપૂર્ણ કરણ પર્યંત જાણવું.

ટીકાનુ૦—યથાપ્રવૃત્તકરણના ચરમ સમયે જે ઉત્કૃષ્ટ વિશુદ્ધિ હોય છે, તેનાથી અપૂર્વકરણના પ્રથમ સમયની જઘન્ય વિશુદ્ધિ પણ અનંતગુણી હોય છે, તેનાથી તે જ પ્રથમ સમયની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ અનંતગુણી હોય છે, તેનાથી બીજા સમયની જઘન્ય વિશુદ્ધિ અનંતગુણી હોય છે. તેનાથી તે જ સમયની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ અનંતગુણી હોય છે, તેનાથી ત્રીજા સમયની જઘન્ય વિશુદ્ધિ અનંતગુણી હોય છે, તેનાથી પણ તે જ ત્રીજા સમયની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ અનંતગુણી હોય છે. આ પ્રમાણે દરેક સમયે જઘન્ય-ઉત્કૃષ્ટ વિશુદ્ધિ ત્યાં સુધી કહેવી યાવત્ અપૂર્વકરણ સંપૂર્ણ

થાય. આ રીતે અપૂર્વકરણની વિશુદ્ધિનો ક્રમ કહ્યો, અને તે યથાપ્રવૃત્તકરણ કરતાં થોડો વિલક્ષણ છે, કારણ કે યથાપ્રવૃત્તકરણે તેના સંખ્યાતમાભાગ સુધી જઘન્ય વિશુદ્ધિ અનંતગુણ લઈ ગયા, ત્યારબાદ એકાંતરિત જઘન્ય-વિશુદ્ધિ કહી. અહીં બીજા કરણે તો પહેલા જ સમયની જઘન્ય, તે જ સમયની ઉત્કૃષ્ટ એમ એક-એક સમયની જઘન્ય-ઉત્કૃષ્ટ વિશુદ્ધિ અનંતગુણ કહી છે. ૧૦

આ કરણે બીજી જે વિશેષતાઓ હોય છે તે કહે છે—

अपुव्वकरणसमगं कुणइ अपुव्वे इमे उ चत्तारि ।
ठितिघायं रसघायं गुणसेढी बंधगद्धा य ॥११॥

अपूर्वकरणसमकं करोत्यपूर्वानिमान् तु चतुरः ।
स्थितिघातं रसघातं गुणश्रेणिं बन्धकाद्धां च ॥११॥

અર્થ—અપૂર્વકરણની સાથે જ સ્થિતિઘાત, રસઘાત, ગુણશ્રેણિ અને બંધકાદ્ધા-અપૂર્વ સ્થિતિબંધ આ ચાર અપૂર્વ કરે છે.

ટીકાનુ૦—જે સમયે આત્મા અપૂર્વકરણમાં પ્રવેશ કરે છે તે જ સમયથી આરંભીને જેનું સ્વરૂપ હવે પછી કહેવામાં આવશે, અને જેને ભૂતકાળમાં કોઈ વખત કર્યા નથી એટલા જ માટે અપૂર્વ એવા ચાર પદાર્થોને શરૂ કરે છે. અને તે આ—સ્થિતિઘાત, ગુણિશ્રેણિ અને બંધકાદ્ધા-અપૂર્વસ્થિતિબંધ. ૧૧

હવે સ્થિતિઘાતના સ્વરૂપને પ્રતિપાદન કરતા આ ગાથા કહે છે—

उक्कोसेणं बहुसागराणि इयरेण पल्लसंखंसं ।
ठितिअग्गाओ घायइ अन्तमुहुत्तेण ठितिखंडं ॥१२॥

उत्कृष्टेन बहूनि सागराणि इतरेण पल्यसंख्यांशम् ।
स्थित्यग्रात् घातयति अन्तर्मुहूर्त्तेन स्थितिखण्डम् ॥१२॥

અર્થ—સ્થિતિના અગ્રભાગથી ઉત્કૃષ્ટથી ઘણા સાગરોપમ પ્રમાણ અને ઇતર-જઘન્યથી પલ્યોપમના સંખ્યાતમા ભાગપ્રમાણ સ્થિતિખંડને અંતર્મુહૂર્ત કાલમાં ઘાત કરે છે.

ટીકાનુ૦—સત્તામાં રહેલી સ્થિતિના અગ્રભાગથી—છેવટના ભાગથી—ઉત્કૃષ્ટથી ઘણા સાગરોપમ પ્રમાણ અને જઘન્યથી પલ્યોપમના સંખ્યાતમા ભાગપ્રમાણ સ્થિતિખંડને અંતર્મુહૂર્ત કાળે ઘાત[1] કરે છે. અને ઘાત કરીને તેનાં દલિકોને નીચે જે સ્થિતિનો ઘાત થવાનો નથી ત્યાં નાખે

૧. સ્થિતિઘાત એટલે જેટલી સ્થિતિનો ઘાત કરવાનો છે તેટલી સ્થિતિમાં—કાળમાં ભોગવવા યોગ્ય દલિકોને ત્યાંથી ખસેડી ભૂમિકા સાફ કરવી તે—એટલે નિષેક રચના વખતે જે દલિકો તે સ્થાનકોમાં ભોગવવા યોગ્ય થયાં હતાં તે દલિકોને અન્ય સ્થાનકનાં દલિકો સાથે—એટલે કે જે સ્થાનકોમાં તે દલિકો નાખે છે તેની સાથે ભોગવવા યોગ્ય કરવા તે.

ઘણા સાગરોપમ પ્રમાણ કે પલ્યોપમના સંખ્યાતમાભાગ પ્રમાણ સ્થિતિનો ઘાત કરે છે. એટલે કે તેટલી સ્થિતિમાં ભોગવાય તેટલાં દલિકોને ત્યાંથી ખસેડી તેટલી ભૂમિકા સાફ કરે છે, એટલે કે તેટલી સ્થિતિનાં દલિકો અન્ય સ્થિતિઓ સાથે ભોગવાય તેવાં કરે છે. નિષેક રચના વખતે તે સ્થાનકોમાં દલિકો

છે. ત્યારપછી ફરી પણ પલ્યોપમના (અ)સંખ્યાતમા ભાગપ્રમાણ સ્થિતિખંડને અંતર્મુહૂર્તકાળે ઘાત કરે છે. અને તેનાં દલિકોને પ્રથમ કહેલા પ્રકારે જ નીચે નાખે છે. આવી રીતે અપૂર્વકરણના કાળમાં ઘણા હજાર સ્થિતિઘાતો કરે છે. અને તેથી જ અપૂર્વકરણના પ્રથમ સમયે જેટલી સ્થિતિની સત્તા હતી તે કરતાં તેના ચરમસમયે સંખ્યાતમા ભાગની સત્તા રહે છે. આવી રીતે સ્થિતિઘાતનું સ્વરૂપ કહ્યું. ૧૨

હવે રસઘાતનું સ્વરૂપ કહે છે—

असुभाणंतमुहुत्तेणं हणइ रसकंडगं अणंतंसं ।
किरणे ठितिखंडाणं तंमि उ रसकंडगसहस्सा ॥१३॥

अशुभानामन्तर्मुहूर्त्तेन हन्ति रसकण्डकं अनन्तांशम् ।
किरणो स्थितिखण्डानां तस्मिंस्तु रसकण्डकसहस्त्राणि ॥१३॥

અર્થ—સ્થિતિઘાત કરતાં અશુભ પ્રકૃતિઓના અનંત વિભાગરૂપ સત્તાગત રસ કંડકનો અંતર્મુહૂર્તમાં ઘાત કરે છે. એક સ્થિતિઘાત કરતાં એક સ્થિતિઘાત જેટલા કાળમાં હજારો રસઘાત થાય છે.

ટીકાનુ૰—અશુભ પ્રકૃતિઓનો જે રસ સત્તામાં છે તેના અનંતમા ભાગને મૂકીને શેષ સઘળા રસને અંતર્મુહૂર્તકાલમાં નાશ કરે છે. ત્યારપછી ફરી પણ પહેલાં મૂકેલા અનંતમા ભાગના અનંતમા ભાગને મૂકીને શેષ રસને અંતર્મુહૂર્તમાં નાશ કરે છે. આવી રીતે એક એક સ્થિતિઘાત જેટલા કાળમાં અનેક હજાર[1] રસઘાત કરે છે. હજારો સ્થિતિઘાતો વડે અપૂર્વકરણ પૂર્વ થાય છે. તાત્પર્ય એ કે અપૂર્વકરણના કાળમાં હજારો વાર સ્થિતિઘાત થાય છે, અને એક સ્થિતિઘાત જેટલા કાળમાં હજારો વાર રસઘાત થઈ જાય છે. આ પ્રમાણે રસઘાતનું સ્વરૂપ કહ્યું. ૧૩

હવે ગુણશ્રેણિનું સ્વરૂપ કહે છે—

ગોઠવાયાં હતાં. સ્થિતિઘાત વખતે માત્ર અંતર્મુહૂર્તમાં જ ઉપર કહી તેટલી સ્થિતિમાં રચાયેલાં દલિકો અન્ય સ્થિતિઓ કે જેનો સ્થિતિઘાત નથી થવાનો તેની સાથે ભોગવાય તેવાં કરે છે. તેથી તેટલી સ્થિતિમાં ભોગવવા યોગ્ય દલિકો રહેતાં નથી, માટે સ્થિતિ ઓછી થઈ એમ કહેવાય છે.

૧. રસઘાત એટલે બંધ વખતે આત્માએ કાષાયિક અધ્યવસાયો દ્વારા કર્મપુદ્‌ગલોમાં જે શક્તિ ઉત્પન્ન કરી હતી તે શક્તિ ઓછી કરવી તે. અહીં વિશુદ્ધપરિણામના યોગે આત્માના ગુણોની બંધ વખતે ઉત્પન્ન થયેલી આવારક શક્તિને વિશુદ્ધિના પ્રમાણમાં ઓછી કરે છે, સત્તામાં રહેલા અશુભ પ્રકૃતિના રસના અનંતમા ભાગને છોડી અનંતા ભાગરૂપ એક ખંડને અંતર્મુહૂર્ત કાળે ઘાત કરે છે, એટલે કે તે ખંડમાંના અમુક પ્રમાણ રસને પહેલા સમયે અમુક પ્રમાણ રસને બીજા સમયે, એમ ક્ષય કરતાં ચરમ સમયે, તે રસખંડનો સંપૂર્ણપણે નાશ થાય છે. ત્યાર બાદ પહેલાં જે અનંતમો ભાગ મૂક્યો હતો તેનો અનંતમો ભાગ મૂકી અનંતા ભાગને ઉપરોક્ત રીતે અંતર્મુહૂર્ત કાળે ઘાત કરે છે. આ પ્રમાણે રસનો ઘાત થવાથી ઉત્તરોત્તર અલ્પ અલ્પ રસવાળાં દલિકો નીચે ઊતરે છે. એટલે અધ્યવસાયની નિર્મળતા પણ વધતી જાય છે.

घाइय ठिईओ दलियं घेत्तुं घेत्तुं असंखगुणणाए ।
साहियदुकरणकालं उदयाइ रएइ गुणसेढिं ॥१४॥

घातितस्थितेः दलिकं गृहीत्वा गृहीत्वा असंख्यगुणनया ।
साधिकद्विकरणकालं उदयात् रचयति गुणश्रेणिम् ॥१४॥

અર્થ—જે સ્થિતિનો ઘાત કરે છે તેમાંથી દલિકો ગ્રહણ કરીને ઉદયથી આરંભી પૂર્વ પૂર્વ સમય કરતાં ઉત્તરોત્તર સમયમાં અસંખ્ય-અસંખ્ય ગુણકારે અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ કરતાં અધિકકાળમાં જે દલરચના થાય છે તે ગુણશ્રેણિ છે.

ટીકાનુ૦—જે સ્થિતિનો ઘાત કરે છે તેમાંથી દલિકો ગ્રહણ કરીને તે દલિકોને ઉદયસમયથી આરંભી દરેક સમયમાં—ઉપર ઉપરના દરેક સ્થાનમાં અસંખ્ય-અસંખ્ય ગુણ વધતા=પૂર્વ પૂર્વ સમય કરતાં પછી પછીના સમયમાં અસંખ્યાત-અસંખ્યાત ગુણકારે ગોઠવે છે. જેમ કે—ઉદયસમયમાં થોડું ગોઠવે છે, બીજા સમયમાં અસંખ્યાતગુણ વધારે ગોઠવે છે, ત્રીજે સમયે તેનાથી અસંખ્યાતગુણ વધારે ગોઠવે છે, એમ અસંખ્યાત-અસંખ્યાત ગુણકારે જે દલરચના થાય છે, તે ગુણશ્રેણિ કહેવાય છે. અને તે રીતે દળ રચના અપૂર્વકરણ તથા અનિવૃત્તિકરણના કાળ કરતાં થોડા વધારે સમયોમાં થાય છે.

આ પ્રમાણે જેનો સ્થિતિઘાત થાય છે તેમાંથી પહેલે સમયે જે દલિકો ઉપાડે છે તેની રચનાનો ક્રમ કહ્યો. પહેલા સમય કરતાં બીજે સમયે અસંખ્યગુણ વધારે ઉપાડે છે, અને ઉદય સમયથી આરંભી પૂર્વોક્ત ક્રમે ગોઠવે છે. એમ પૂર્વ પૂર્વ સમય કરતાં ઉત્તરોત્તર સમયે અસંખ્યાતગુણ અસંખ્યાતગુણ વધારે ઉપાડે છે અને ઉદય સમયથી આરંભી પૂર્વ પૂર્વ સમયથી ઉત્તરોત્તર સમયમાં અસંખ્યાતગુણ-અસંખ્યાતગુણાકારે ગોઠવે છે. આ પ્રમાણે ગુણશ્રેણિક્રિયાકાળના ચરમસમય પર્યંત જેનો સ્થિતિઘાત થાય છે તેમાંથી દલિક ઉપાડે છે અને ઉદયસમયથી આરંભી ગોઠવે છે.

તથા અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણના સમયો અનુક્રમે અનુભવ કરતાં ક્ષીણ થવાથી ગુણશ્રેણિ દ્વારા થતો દલિક નિક્ષેપ બાકીના—અવશિષ્ટ સમયોમાં થાય છે, પણ ઉપર વધતા નથી. એટલે કે ગુણશ્રેણિ ક્રિયાકાળના પ્રથમ સમયે—અપૂર્વકરણના પ્રથમ સમયે જેટલા સમયો—સ્થાનકોમાં દળ રચના થઈ હતી તેનાથી તે પછીના—બીજે સમયે એક ઓછા સ્થાનમાં દળરચના થાય, ત્રીજે સમયે બે ઓછા સ્થાનમાં દલરચના થાય, ચોથા સમયે ત્રણ ઓછા સ્થાનમાં દલરચના થાય, એમ જેમ જેમ અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણના સમયો ક્રમશઃ ભોગવાતા ભોગવાતા ઓછા થતા જાય તેમ તેમ ઓછા સ્થાનમાં દલરચના થાય. અપૂર્વકરણના પ્રથમ સમયે જે છેલ્લું સ્થાન હતું તે જ ગુણશ્રેણિ ક્રિયા પૂર્ણ થતાં સુધી છેલ્લા સ્થાન તરીકે રહે તે પણ દલરચના આગળ વધે નહિ. ૧૪

હવે અપૂર્વસ્થિતિબંધનું સ્વરૂપ કહે છે—

करणाइए अपूव्वो जो बंधो सो न होइ जा अन्नो ।
बंधगद्धा सा तुल्लिगा उ ठिइकंडगद्धाए ॥१५॥

करणादौ अपूर्वो यो बन्धः स न भवति यावदन्यः ।
बन्धकाद्धा सा तुल्या तु स्थितिकण्डकाद्धया ॥१५॥

અર્થ—અપૂર્વકરણના પ્રથમસમયે જે સ્થિતિબંધ થાય છે, તે કરતાં બીજો સ્થિતિબંધ જ્યાં સુધી ન થાય ત્યાં સુધીના કાળને બંધકાદ્ધા કહે છે. તે બંધકાદ્ધા સ્થિતિઘાત તુલ્ય છે.

ટીકાનુ૦—એક સ્થિતિબંધના કાળને બંધકાદ્ધા કહે છે. અપૂર્વકરણના પ્રથમ સમયે જે સ્થિતિબંધ શરૂ કર્યો છે, તે જ સ્થિતિબંધ જ્યાં સુધી રહે નવો શરૂ ન થાય ત્યાં સુધીના કાળને બંધકાદ્ધા—બંધકાળ કહે છે. અને તે સ્થિતિઘાતની સમાન છે. સ્થિતિઘાત અને અપૂર્વસ્થિતિબંધ[૧] સાથે જ શરૂ થાય છે, અને સાથે જ પૂર્ણ થાય છે. તાત્પર્ય એ કે, એક સ્થિતિઘાત કરતાં જેટલો કાળ થાય છે તેટલો જ કાળ એક સ્થિતિબંધ કરતાં પણ થાય છે. ત્યારબાદ નવો શરૂ થાય છે. ૧૫

जा करणाईए ठिई करणंते तीइ होइ संखंसो ।

या करणादौ स्थितिः करणान्ते तस्याः भवति संख्यांशः ।

અર્થ—અપૂર્વકરણની શરૂઆતમાં સ્થિતિની જે સત્તા હતી તેનો સંખ્યાતમો ભાગ કરણના અંતે શેષ રહે છે.

ટીકાનુ૦—અપૂર્વકરણના પ્રથમ સમયે જેટલી સ્થિતિની સત્તા હતી તેમાંથી હજારો સ્થિતિઘાતો દ્વારા ક્રમશઃ ક્ષીણ થતાં અપૂર્વકરણના ચરમસમયે સંખ્યાતમા ભાગ જેટલી જ અવશિષ્ટ રહે છે. આ હકીકત પહેલાં પણ પ્રસંગે કહી છે. આ પ્રમાણે અપૂર્વકરણમાં સ્થિતિઘાતાદિ ચાર પદાર્થો પ્રવર્તે છે.

આ પ્રમાણે અપૂર્વકરણનું સ્વરૂપ કહ્યું. હવે અનિવૃત્તિકરણના સ્વરૂપનું પ્રતિપાદન કરે છે.

अणिअट्टिकरणमओ मुत्तावलिसंठियं कुणइ ॥१६॥

अनिवृत्तिकरणमतः मुक्तावलिसंस्थितं करोति ॥१६॥

અર્થ—ત્યારપછી અનિવૃત્તિકરણ મુક્તાવલીના આકારે કરે છે.

---

૧. ઉત્તરોત્તર સમયે અધ્યવસાયની ધારા નિર્મળ થતી જતી હોવાથી પ્રતિસમય થોડો થોડો સ્થિતિબંધ ઓછો થતો જાય છે, પરંતુ એવી રીતે ઓછો થતો સ્થિતિબંધ છદ્મસ્થ જીવોના ખ્યાલમાં ન આવે માટે પલ્યોપમના સંખ્યાતમા ભાગ જેટલો સ્થિતિબંધ ઓછો ન થયો હોય ત્યાં સુધી નવો સ્થિતિબંધ ગણ્યો નથી. જે સમયથી પલ્યોપમના સંખ્યાતમાભાગપ્રમાણ સ્થિતિબંધ ઓછો થાય તે સમયથી નવો સ્થિતિબંધ ગણ્યો છે. પલ્યોપમના સંખ્યાતમા ભાગપ્રમાણ ઓછો સ્થિતિબંધ થતા સુધીના ક્રમશઃ ઓછા થતા સ્થિતિબંધોને એકમાં ગણ્યા છે. આ પ્રમાણે મને સમજાય છે. -ભાષાંતરકર્તા.

ટીકાનુ૰—અપૂર્વકરણ પૂર્ણ કર્યા પછી અનિવૃત્તિકરણ કરે છે. અને તે પહેલાં નાનું મોતી, પછી મોટું, પછી મોટું, એ રીતે મોતીથી કરેલા હારના આકારે થાય છે. કારણ કે અનિવૃત્તિ કરણે તિર્યગ્મુખી વિશુદ્ધિ નથી, માત્ર ઊર્ધ્વમુખી વિશુદ્ધિ જ છે. એટલે અનિવૃત્તિકરણના કોઈપણ સમયે એકીસાથે ચડેલા સઘળા જીવોના એક સરખા પરિણામ હોય છે, અને પૂર્વ પૂર્વ સમય કરતાં ઉત્તરોત્તર સમયે અનંતગુણ વિશુદ્ધ હોય છે. તેથી જ પહેલાં નાનું, પછી મોટું, એ રીતે કરેલ મુક્તાવલિ સંસ્થિત આ કરણ છે. આ હકીકત પણ પહેલાં કહી છે. ૧૬

एवमनियट्टीकरणे ठितिघायाईणि होंति चउरोवि ।
संखेज्जंसे सेसे पढमठिई अंतरं च भवे ॥१७॥

एवमनिवृत्तिकरणे स्थितिघातादीनि भवन्ति चत्वार्यपि ।
संख्येयांशे शेषे प्रथमस्थितिरन्तरं च भवेत् ॥१७॥

અર્થ—અપૂર્વકરણની જેમ અનિવૃત્તિકરણે પણ સ્થિતિઘાતાદિ ચારે થાય છે. અનિવૃત્તિકરણનો સંખ્યાતમો ભાગ શેષ રહે ત્યારે પ્રથમસ્થિતિ અને અંતરકરણ થાય છે.

ટીકાનુ૰—આવી રીતે અપૂર્વકરણના ક્રમે અનિવૃત્તિકરણમાં પણ સ્થિતિઘાતાદિ ચારે પદાર્થો પ્રવર્ત્તે છે. આવી રીતે સ્થિતિઘાતાદિ થતા થતા અનિવૃત્તિકરણના સંખ્યાતા ભાગ જાય અને એક સંખ્યાતમો ભાગ બાકી રહે ત્યારે જેટલો અનિવૃત્તિ કરણનો કાળ બાકી છે તેટલા જ કાળમાં ભોગવાઈ રહે તેટલી મિથ્યાત્વની સ્થિતિ રાખીને ઉપર અંતરકરણ કરે છે.

અંતરકરણ એટલે અંતર્મુહૂર્ત્તમાં ભોગવાય તેટલાં સ્થાનકોનાં દલિકોને ત્યાંથી ખસેડી શુદ્ધ—દલિક વિનાની ભૂમિકા કરવી તે. જો કે શુદ્ધ ભૂમિનું નામ જ અંતરકરણ છે, પરંતુ ત્યાંથી દલિકો ખસ્યા વિના શુદ્ધ ભૂમિ થતી નથી તેથી કારણમાં કાર્યનો આરોપ કરીને અંતરકરણ ક્રિયા કાળને પણ અંતરકરણ કહેવામાં આવે છે.

આ અંતરકરણ—મિથ્યાત્વના દલ વિનાની શુદ્ધ ભૂમિ—પ્રથમ સ્થિતિના અંતર્મુહૂર્ત્તથી કંઈક મોટા અંતર્મુહૂર્ત્ત પ્રમાણ છે. એટલે કે પ્રથમ સ્થિતિનો જેટલો કાળ છે તેનાથી અંતરકરણશુદ્ધ ભૂમિ-ઉપશમ સમ્યક્ત્વનો કાળ થોડો વધારે છે. ૧૭

अंतमुहुत्तियमेत्ताइं दोवि निम्मवइ बंधगद्धाए ।
गुणसेढिसंखभागं अंतरकरणेण उक्किरइ ॥१८॥

अन्तर्मुहूर्त्तमात्रे द्वे अपि निर्मापयति बन्धकाद्धया ।
गुणश्रेणिसंख्यभागमन्तरकरणेनोत्किरति ॥१८॥

અર્થ—બંને અંતર્મુહૂર્ત્ત પ્રમાણ બનાવે છે. (અંતરકરણ ક્રિયા કાળ) બંધકાદ્ધા તુલ્ય છે. અંતરકરણનાં દલિકો સાથે ગુણશ્રેણિના સંખ્યાતમા ભાગને પણ ઉખેડે છે.

ટીકાનુ૰—પ્રથમ સ્થિતિ અને અંતરકરણ એ બંને અંતર્મુહૂર્ત્ત પ્રમાણ છે, અને તે બંને

સાથે જ થાય છે. માત્ર પ્રથમ સ્થિતિના અંતર્મુહૂર્ત કરતાં અંતરકરણનું અંતર્મુહૂર્ત કંઈક મોટું છે, આ હકીકત ઉપર કહી છે. તથા અંતરકરણ ક્રિયાકાળ અપૂર્વ સ્થિતિબંધના જેટલો છે. એટલે કે જે સમયે અપૂર્વ સ્થિતિબંધ શરૂ થાય છે તે જ સમયે અંતરકરણ—આંતરૂ પાડવાની ક્રિયા—શુદ્ધ ભૂમિ કરવાની ક્રિયા—અંતર્મુહૂર્ત પ્રમાણ સ્થાનોનાં દલિકોને ખસેડી શુદ્ધ ભૂમિ કરવાની ક્રિયા શરૂ થાય છે, અને અપૂર્વસ્થિતિબંધ પૂર્ણ થવાની સાથે જ અંતરકરણ ક્રિયા પણ પૂર્ણ થાય છે અને તેટલી ભૂમિકા શુદ્ધ થાય છે. તેથી જ એમ કહ્યું છે કે અંતરકરણ અભિનવ સ્થિતિબંધના કાળ પ્રમાણ કાળે કરે છે. અંતરકરણના પ્રથમ સમયે જ મિથ્યાત્વનો અન્ય સ્થિતિબંધ આરંભે છે, તે સ્થિતિબંધ અને અંતરકરણ એક સાથે જ પૂર્ણ થાય છે. તથા જે ગુણશ્રેણિના સંખ્યાતા ભાગો પ્રથમ અને દ્વિતીય સ્થિતિને અવલંબીને રહ્યા છે, તેનો એક સંખ્યાતમો ભાગ અંતરકરણનાં દલિકો સાથે જ નાશ કરે છે. પહેલાં એમ કહેવામાં આવ્યું છે કે ગુણશ્રેણિ દ્વારા જેટલાં સ્થાનકોમાં દળરચના થાય છે તે સ્થાનો અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ એ બંનેના સમુદિત કાળથી વધારે છે. એટલે જ્યારે અંતરકરણક્રિયા શરૂ કરે છે ત્યારે પણ અંતરકરણમાં અને તે ઉપરની દ્વિતીય સ્થિતિમાં દળરચના થાય છે તેથી જ અંતરકરણનાં દલિકો સાથે ગુણશ્રેણિ દ્વારા ગોઠવાયેલાં દલિકો પણ ઉકેરાય છે. ૧૮

હવે અંતરકરણનો વિધિ કહે છે—

अंतरकरणस्स विहि घेत्तुं घेत्तुं ठिईउ मज्झाओ ।
दलियं पढमठिईए विच्छुभई तहा उवरिमाए ॥१९॥

अन्तरकरणस्य विधिः गृहीत्वा गृहीत्वा स्थितेर्मध्यात् ।
दलिकं प्रथमस्थित्यां क्षिपति तथोपरिमायाम् ॥१९॥

અર્થ—અંતરકરણનો વિધિ કહે છે—અંતરકરણની સ્થિતિમાંથી દલિકો ગ્રહણ કરીને પ્રથમ સ્થિતિમાં તેમજ દ્વિતીય સ્થિતિમાં નાખે છે.

ટીકાનુ૦—અંતર્મુહૂર્ત પ્રમાણ અંતરકરણની સ્થિતિમાંથી દલિકો ગ્રહણ કરીને કેટલાંક પ્રથમ સ્થિતિમાં નાખે છે, કેટલાંક દ્વિતીય સ્થિતિમાં નાખે છે. એટલે કેટલાંક દલિકોને પ્રથમ સ્થિતિના કર્માણુ સાથે ભોગવાય તેવાં કરે છે. કેટલાંક દલિકોને દ્વિતીય સ્થિતિના કર્માણુ સાથે ભોગવાઈ જાય તેવાં કરે છે; આ પ્રમાણે ત્યાં સુધી કહેવું કે અંતરકરણનાં સઘળાં દલિકોનો નાશ થાય, અને ભૂમિકા શુદ્ધ થાય. સઘળાં દલિકોનો ક્ષય અંતર્મુહૂર્ત કાળે થાય છે. આ અંતર્મુહૂર્તનું પ્રમાણ સ્થિતિઘાતના કાળ જેટલું છે. આ હકીકત પહેલાં કહેવાઈ છે. ૧૯

इगदुगआवलिसेसाइ णत्थि पढमा उदीरणागालो ।
पढमठिईए उदीरण बीयाओ एइ आगाला ॥२०॥

एकद्व्यावलिकाशेषायां न स्तः प्रथमायां उदीरणाऽऽगालौ ।
प्रथमस्थितेरुदीरणं द्वितीयायाः एत्यागालः ॥२०॥

અર્થ—પ્રથમ સ્થિતિની એક અને બે આવલિકા બાકી રહે ત્યારે અનુક્રમે ઉદીરણા અને

આગાલ થતા નથી. પ્રથમસ્થિતિમાંથી જે (ઉદીરણા પ્રયોગથી) ઉદયમાં આવે તે ઉદીરણા અને બીજી સ્થિતિમાંથી ઉદીરણા પ્રયોગથી જે ઉદયમાં આવે તે આગાલ કહેવાય છે.

ટીકાનુ૦—પ્રથમ સ્થિતિમાં વર્તમાન આત્મા ઉદયાવલિકા ઉપરના પ્રથમ સ્થિતિનાં દલિકોને ઉદીરણા પ્રયોગથી ખેંચીને જે ઉદયાવલિકામાં નાખે તે ઉદીરણા કહેવાય છે, અને બીજી સ્થિતિમાંથી ઉદીરણાપ્રયોગથી ખેંચીને ઉદયાવલિકા ગત દલિકો સાથે ભોગવાય તેવાં કરવાં—ઉદયાવલિકામાં નાખવાં તે આગાલ કહેવાય છે. અંતરકરણ ક્રિયા શરૂ થયા પછી પ્રથમ સ્થિતિમાંથી જે દળ ખેંચાય તે ઉદીરણા અને દ્વિતીય સ્થિતિમાંથી જે દળ ખેંચાય તે આગાલ. આ પ્રમાણે વિશેષ બોધ થાય માટે આગાલ એ ઉદીરણાનું બીજું નામ પૂર્વાચાર્યોએ જણાવ્યું છે.

ઉદય અને ઉદીરણા વડે પ્રથમ સ્થિતિ અનુભવતો ત્યાં સુધી જાય યાવત્ પ્રથમ સ્થિતિની બે આવલિકા બાકી રહે, અહીંથી આગાલ બંધ થાય છે, ફક્ત ઉદીરણા જ પ્રવર્ત્તે છે. તે પણ પ્રથમ સ્થિતિની એક આવલિકા બાકી ન રહે ત્યાં સુધી જ થાય છે. પ્રથમ સ્થિતિની એક આવલિકા બાકી રહે ત્યારે ઉદીરણા પણ બંધ પડે છે. બાકી રહેલ તે છેલ્લી આવલિકાને ઉદયથી જ ભોગવી લે છે. ૨૦

आवलिमेत्तं उदयेण वेइउं ठाइ उवसमद्धाए ।
उवसमियं तत्थ भवे सम्मत्तं मोक्खबीयं जं ॥२१॥

आवलिकामात्रमुदयेन वेदयित्वा तिष्ठत्युपशमाद्धायाम् ।
औपशमिकं तत्र भवेत् सम्यक्त्वं मोक्षबीजं यत् ॥२१॥

અર્થ—આવલિકા માત્ર દલિકને ઉદયથી ભોગવીને ઉપશમાદ્ધામાં સ્થિત થાય છે. ત્યાં મોક્ષનું બીજ ઉપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે.

ટીકાનુ૦—પ્રથમ સ્થિતિના છેલ્લા આવલિકાગત દલિકને કેવળ ઉદયથી અનુભવીને અંતરકરણમાં[1]—શુદ્ધિભૂમિમાં—ઉપશમાદ્ધામાં પ્રવેશ કરે છે. અને તેના પહેલા સમયથી જ ઉપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે કે જે સમ્યક્ત્વ મોક્ષનું બીજભૂત—કારણરૂપ છે, કારણ કે તેના વિના મોક્ષ થતો નથી.

उवरिमठिइ अणुभागं तं च तिहा कुणइ चरिममिच्छुदए ।
देसघाईणं सम्मं इयरेणं मिच्छमीसाइं ॥२२॥

उपरिमस्थितेरनुभागं तच्च त्रिधा करोति चरिमे मिथ्यात्वोदये ।
देशघातिना सम्यक्त्वं इतरेण मिथ्यात्वमिश्रे ॥२२॥

---

૧. અંતરકરણમાં મિથ્યાત્વનાં દલિકો નહિ હોવાથી તેના પહેલા સમયે જ ઉપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે. જેટલા સમયમાં ભોગવવા યોગ્ય દલિકો દૂર કરી ભૂમિકા સાફ કરી તેટલા સમયને ઉપશમાદ્ધા અથવા અંતરકરણ કહેવામાં આવે છે. ઉપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત થવામાં મિથ્યાત્વ પ્રતિબંધક છે. અંતરકરણમાં તે નહિ હોવાથી જ ઉપશમસમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે. જ્યાં સુધી કરેલી શુદ્ધભૂમિ શુદ્ધભૂમિ રૂપે રહે છે ત્યાં સુધી જ સમ્યક્ત્વ પણ રહે છે.

અર્થ—પ્રથમ સ્થિતિના ચરમ સમયે મિથ્યાત્વના ઉદયમાં વર્તતો દ્વિતીય સ્થિતિના રસને ત્રણ પ્રકારે કરે છે—ત્રણ ભાગમાં વહેંચી નાખે છે. તેમાં સમ્યક્ત્વમોહનીયને દેશઘાતી રસયુક્ત કરે છે, અને મિશ્ર તથા મિથ્યાત્વમોહનીયને સર્વઘાતી રસયુક્ત કરે છે.

ટીકાનુ૰—પ્રથમ સ્થિતિના ચરમ સમયે મિથ્યાત્વના ઉદયમાં વર્તતો મિથ્યાદૃષ્ટિ દ્વિતીય સ્થિતિ સંબંધી કર્મપરમાણુઓના રસને વિશુદ્ધિના બળથી ત્રણ પ્રકારે કરે છે એટલે કે દ્વિતીય સ્થિતિમાં રહેલ મિથ્યાત્વમોહનીયનાં દલિકોને રસભેદે ત્રણ વિભાગમાં વહેંચી નાખે છે. આ ક્રિયા અનિવૃત્તિકરણના ચરમ સમયથી—પ્રથમ સ્થિતિને અનુભવતા અનુભવતા એક સમય બાકી રહે તે છેલ્લા સમયથી શરૂ થાય છે. તે ત્રણ વિભાગ આ પ્રમાણે છે—શુદ્ધ, અર્ધવિશુદ્ધ અને અશુદ્ધ. તેમાં શુદ્ધપુંજનું નામ સમ્યક્ત્વમોહનીય છે, અને તેનો રસ એકઠાણીયો તથા મંદ બેઠાણીયો અને દેશઘાતિ છે. અર્ધવિશુદ્ધ પુંજનું નામ મિશ્રમોહનીય છે, અને તેનો રસ મધ્યમ બેઠાણીયો અને સર્વઘાતી છે. અશુદ્ધ પુંજનું નામ મિથ્યાત્વમોહનીય છે અને તેનો રસ તીવ્ર બેઠાણીયો, ત્રણઠાણીયો, ચારઠાણીયો અને સર્વઘાતી છે.

જે સમયે ઉપશમસમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે તે સમયથી આરંભીને મિથ્યાત્વ મોહનીયનાં પુદ્ગલોને મિશ્ર અને સમ્યક્ત્વમોહનીયમાં પૂર્વ પૂર્વ સમય કરતાં ઉત્તરોત્તર સમયે અસંખ્ય અસંખ્ય ગુણાકારે સંક્રમાવે છે. જો કે મિથ્યાત્વમોહનીયનો રસ ઘટાડી યથાપ્રવૃત્ત સંક્રમ વડે મિશ્ર અને સમ્યક્ત્વમોહનીયરૂપે કરવાની ક્રિયા અનિવૃત્તિકરણના ચરમ સમયથી શરૂ થાય છે. પરંતુ ગુણસંક્રમ ચોથા ગુણસ્થાનકના પ્રથમ સમયથી શરૂ થાય છે. ૨૨

તે ગુણસંક્રમ આ પ્રમાણે થાય છે—

सम्मे थोवो मीसे असंखओ तस्ससंखओ सम्मे ।
पइसमयं इय खेवो अंतमुहुत्ता उ विज्झाओ ॥२३॥

सम्यक्त्वे स्तोकः मिश्रे असंख्येयगुणः तस्मिन् असंख्येयगुणः सम्यक्त्वे ।
प्रतिसमयमिति क्षेपः अन्तर्मुहूर्त्तात्तु विध्यातः ॥२३॥

અર્થ—પ્રથમ સમયે સમ્યક્ત્વમોહનીયમાં થોડો સંક્રમ થાય છે, તે જ સમયે મિશ્રમોહનીયમાં અસંખ્યાતગુણ સંક્રમ થાય છે. તેનાથી સમ્યક્ત્વ મોહનીયમાં બીજે સમયે અસંખ્યાતગુણ, એ પ્રમાણે પ્રતિસમય અંતર્મુહૂર્ત સુધી સંક્રમ થાય છે. ત્યારપછી વિધ્યાતસંક્રમ થાય છે.

ટીકાનુ૰—જે સમયે ઔપશમિક સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે તે જ સમયે મિથ્યાત્વમોહનીયનાં દલિકો સમ્યક્ત્વમોહનીયમાં થોડાં સંક્રમે છે, અને તે જ સમયે મિશ્રમોહનીયમાં અસંખ્યાતગુણા દલિક સંક્રમે છે. બીજે સમયે પ્રથમ સમયે મિશ્રમોહનીયમાં સંક્રમેલા દલિકથી અસંખ્યાતગુણ સમ્યક્ત્વમોહનીયમાં સંક્રમે છે, તેનાથી તે જ સમયે મિશ્રમોહનીયમાં અસંખ્યાતગુણ સંક્રમે છે. ત્રીજે સમયે બીજે સમયે મિશ્રમોહનીયમાં સંક્રમેલા દલિકથી અસંખ્યાતગુણ સમ્યક્ત્વ મોહનીયમાં સંક્રમે છે, તેનાથી તે જ સમયે મિશ્રમોહનીયમાં

અસંખ્યાતગુણ સંક્રમે છે. આ ક્રમે પ્રતિસમય સમ્યક્ત્વ અને મિશ્રમોહનીયમાં મિથ્યાત્વમોહનીયનો ગુણસંક્રમ અંતર્મુહૂર્ત્ત પર્યંત થાય છે. ત્યારપછી જેનું સ્વરૂપ પહેલાં કહેવાયું છે તે વિધ્યાતસંક્રમ પ્રવર્ત્તે છે. ૨૩

गुणसंकमेण एसो संकमो होइ सम्ममीसेसु ।
अंतरकरणंमि ठिओ कुणइ जओ स पसत्थगुणो ॥२४॥

गुणसंक्रमेणैषः संक्रमो भवति सम्यक्त्वमिश्रयोः ।
अन्तरकरणे स्थितः करोति यतः स प्रशस्तगुणः ॥२४॥

અર્થ—સમ્યક્ત્વ તથા મિશ્રમોહનીયમાં ઉપર કહ્યો તે પ્રમાણે સંક્રમ ગુણસંક્રમ વડે થાય છે. અને તે અંતરકરણમાં રહ્યો છતો કરે છે. કારણ કે ત્યાં આત્મા પ્રશસ્તગુણ યુક્ત છે.

ટીકાનુ૦—મિથ્યાત્વમોહનીયનાં પુદ્ગલોનો મિશ્ર તથા સમ્યક્ત્વમોહનીયમાં પૂર્વની ગાથામાં જેનું સ્વરૂપ કહ્યું તે સંક્રમ ગુણસંક્રમ વડે થાય છે. કારણ કે અહીં અંતરકરણમાં રહેલો આત્મા ઉપશમસમ્યક્ત્વ રૂપ પ્રશસ્તગુણ યુક્ત છે. પ્રશસ્તગુણ યુક્ત આત્મા સંક્રમ કરે છે, તેથી અંતરકરણમાં રહેલાને ગુણસંક્રમ પ્રવર્ત્તે છે. કેમ કે અહીં તેનું લક્ષણ ઘટે છે.

ગુણસંક્રમનું લક્ષણ આ પ્રમાણે છે—'અપૂર્વકરણથી આરંભીને અબધ્યમાન અશુભ પ્રકૃતિઓનાં દલિકોને પૂર્વ પૂર્વ સમય કરતાં ઉત્તરોત્તર સમયે અસંખ્યાત-અસંખ્યાત ગુણકારે સ્વજાતીય બંધાતી પ્રકૃતિરૂપે કરવા તે ગુણસંક્રમ કહેવાય છે.'

જ્યારે ઉપર કહેલા લક્ષણમાં અપૂર્વકરણથી આરંભી ગુણસંક્રમ થાય એમ કહ્યું ત્યારે એમ શંકા થાય છે કે મિથ્યાત્વમોહનીયનો ઉપશમ કરતાં અપૂર્વકરણે ગુણસંક્રમ કેમ થતો નથી ? તેના ઉત્તરમાં કહે છે કે, તે વખતે મિથ્યાત્વમોહનીયકર્મનો બંધ થાય છે. મિથ્યાત્વમોહનીયનો જ્યાં સુધી ઉદય હોય છે ત્યાં સુધી બંધ પણ હોય છે. અનિવૃત્તિકરણના ચરમ સમય પર્યંત ઉદય છે માટે બંધ પણ ત્યાં સુધી છે. બંધાતી પ્રકૃતિનો ગુણસંક્રમ થતો નથી અને અંતરકરણમાં તેનો ઉદય નથી માટે બંધ પણ નથી, તેથી અંતરકરણમાં મિથ્યાત્વમોહનીયનો ગુણસંક્રમ પ્રવર્ત્તે છે તેમ કહ્યું છે. ૨૪

गुणसंकमेण समगं तिण्णि थक्कंत आउवज्जाणं ।
मिच्छत्तस्स उ इगिदुगआवलिसेसाए पढमाए ॥२५॥

गुणसंक्रमेण समकं तिस्रोऽपि तिष्ठन्ति आयुर्वर्जानाम् ।
मिथ्यात्वस्य तु एकद्व्यावलिकाशेषायां प्रथमायाम् ॥२५॥

અર્થ—ગુણસંક્રમ સાથે જ આયુવર્જિત બાકીના કર્મમાં ત્રણે સ્થિતિઘાત, રસઘાત, ગુણશ્રેણિ, થાકે છે—બંધ પડે છે. મિથ્યાત્વમોહનીયની પ્રથમ સ્થિતિની એક અને બે આવલિકા બાકી રહે ત્યારે અનુક્રમે સ્થિતિઘાત, રસઘાત અને ગુણશ્રેણિ બંધ થાય છે.

ટીકાનુ૦—જ્યાં સુધી મિથ્યાત્વમોહનીયનો ગુણસંક્રમ થાય છે ત્યાં સુધી આયુવર્જિત

સાતકર્મમાં સ્થિતિઘાત, રસઘાત અને ગુણશ્રેણિ પ્રવર્ત્તે છે. જ્યારે ગુણસંક્રમ બંધ થાય છે, ત્યારે સ્થિતિઘાતાદિ પણ બંધ થાય છે. તથા જ્યાં સુધી મિથ્યાત્વમોહનીયની પ્રથમ સ્થિતિની એક આવલિકા શેષ રહી હોતી નથી, ત્યાં સુધી તેનો સ્થિતિઘાત, રસઘાત થાય છે, એક આવલિકા બાકી રહે ત્યારે તે બંને બંધ થાય છે, તથા મિથ્યાત્વમોહનીયની પ્રથમ સ્થિતિની બે આવલિકા જ્યાં સુધી બાકી રહી હોતી નથી ત્યાં સુધી ગુણશ્રેણિ પણ થાય છે. બે આવલિકા શેષ રહે ત્યારે તેમાં ગુણશ્રેણિ બંધ થાય છે. ૨૫

उवसंतद्धाअंते बिइए ओकड्डियस्स दलियस्स ।
अज्झवसाणविसेसा एकस्सुदओ भवे तिण्हं ॥२६॥

उपशान्ताद्धाऽन्ते विधिना अपकर्षितस्य दलिकस्य ।
अध्यवसानविशेषात् एकस्योदयः भवेत् त्रयाणाम् ॥२६॥

અર્થ—ઉપશાંતાદ્ધાના અંતે વિધિ વડે ઉતારેલા ત્રણે પ્રકારના દલિકમાંથી અધ્યવસાયને અનુસારે એકનો ઉદય થાય છે.

ટીકાનુ૦—ઉપશમસમ્યક્ત્વના—અંતરકરણના અંતર્મુહૂર્ત્ત કાળનો કંઈક અધિક એક આવલિકા કાળ બાકી રહે ત્યારે તે સમધિક કાળ પર્યંત બીજી સ્થિતિમાં રહેલા સમ્યક્ત્વ, મિશ્ર અને મિથ્યાત્વમોહનીયનાં દલિકોને અધ્યવસાય દ્વારા ખેંચીને અંતરકરણની છેલ્લી આવલિકામાં ગોઠવે છે. ગોઠવવાનો ક્રમ આ પ્રમાણે છે—પ્રથમ સમયે ઘણાં ગોઠવે છે, દ્વિતીય સમયે થોડાં, તૃતીય સમયે થોડાં, એ ક્રમે આવલિકાના ચરમસમય પર્યંત ગોઠવે છે. ગોઠવેલાં તે દલિકોની રચના ગોપુચ્છાકાર થાય છે. હવે કંઈક અધિક કાળ પૂર્ણ થાય અને એક આવલિકા કાળ બાકી રહે ત્યારે અધ્યવસાયને અનુસરીને ત્રણ પુંજમાંના કોઈ એક પુંજનો ઉદય થાય છે. તે સમયે જો શુભ પરિણામ હોય તો સમ્યક્ત્વપુંજનો, મધ્યમ પરિણામ હોય તો મિશ્રપુંજનો, અને જઘન્ય પરિણામ હોય તો મિથ્યાત્વપુંજનો ઉદય થાય[1] છે.

---

૧. અનિવૃત્તિકરણ ચરમ સમયથી આરંભી મિથ્યાત્વમોહનીયના રસભેદે ત્રણ પુંજ થવાની ક્રિયા થાય છે અને અંતરકરણના પ્રથમ સમયથી આરંભી મિથ્યાત્વમોહનીયનો મિશ્ર તથા સમ્યક્ત્વમોહનીયમાં ગુણસંક્રમ થાય છે અને તે ગુણસંક્રમ અંતર્મુહૂર્ત્ત સુધી રહે છે, પછી વિધ્યાતસંક્રમ પ્રવર્ત્તે છે. આ હકીકત પ્રથમ કહી છે. જ્યાં સુધી ગુણસંક્રમ થાય છે ત્યાં સુધી દ્વિતીય પુંજમાંથી ખેંચવાની ક્રિયા થતી નથી. કારણ તે વખતે વિશુદ્ધ પરિણામ હોય છે. વિધ્યાતસંક્રમના કાળમાં એ ક્રિયા થાય છે. જેને ત્રણ પુંજમાંથી કોઈ પુંજનો ઉદય થવાનો હોય છે તે અંતરકરણનો કંઈક અધિક એક આવલિકા કાળ બાકી રહે ત્યારે દ્વિતીય સ્થિતિમાંથી દલિકો ખેંચી છેલ્લી આવલિકામાં ગોઠવે છે. કંઈક અધિક કાળ પૂરો થાય ત્યારે અધ્યવસાયને અનુસરીને કોઈ એક પુંજનો ઉદય થાય છે. તેમાંથી જો સમ્યક્ત્વ પુંજનો ઉદય થાય તો ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે. મિશ્ર પુંજનો ઉદય થાય તો ત્રીજે અને મિથ્યાત્વ પુંજનો ઉદય થાય તો પહેલે ગુણઠાણે જાય છે. જેને અનંતાનુબંધિનો ઉદય થવાનો હોય તેને ઉપરોક્ત રીતે પુંજ ગોઠવવાની ક્રિયા થતી નથી પરંતુ અંતરકરણનો ઓછામાં ઓછો એક સમય અને વધારેમાં વધારે છ આવલિકા કાળ બાકી રહે ત્યારે અનંતાનુબંધિ કષાયનો ઉદય થાય છે અને તેના ઉદયથી પડી બીજે જાય છે. ત્યાંથી પહેલે ગુણઠાણે જાય છે.

छावलियासेसाए उवसमअद्धाइ जाव इगसमयं ।
असुभपरिणामओ कोइ जाइ इह सासणत्तंपि ॥२७॥

षडावलिकाशेषायामुपशमाद्धायां यावदेकसमय (शेषायां) ।
अशुभपरिणामतः कोऽपि याति इह सासादनत्वमपि ॥२७॥

અર્થ—ઉપશમસમ્યક્ત્વનો જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટથી છ આવલિકા કાળ બાકી રહે ત્યારે અશુભ પરિણામ થવાથી કોઈ અનંતાનુબંધિના ઉદયથી સાસ્વાદને પણ જાય છે.

ટીકાનુ૰—ઉપશમસમ્યક્ત્વ-અંતરકરણનો ઓછામાં ઓછો એક સમય અને વધારેમાં વધારે છ આવલિકા જેટલો કાળ બાકી રહે ત્યારે કોઈકને અનંતાનુબંધિ કષાયનો ઉદય થાય છે, અને તેનો ઉદય થવાથી બીજા ગુણસ્થાનકને પ્રાપ્ત કરે છે, ત્યારબાદ ત્યાંથી પડી તે આત્મા અવશ્ય મિથ્યાત્વે જાય છે. ૨૭

सम्मत्तेणं समगं सव्वं देसं च कोइ पडिवज्जे ।
उवसंतदंसणी सो अंतरकरणे ठिओ जाव ॥२८॥

सम्यक्त्वेन समं सर्वं देशं च कोऽपि प्रतिपद्येत ।
उपशान्तदर्शनी स अन्तरकरणे स्थितो यावत् ॥२८॥

અર્થ—સમ્યક્ત્વ સાથે જ કોઈ દેશવિરતિ અને સર્વવિરતિ પ્રાપ્ત કરે છે. જ્યાં સુધી અંતરકરણમાં રહેલો છે ત્યાં સુધી તે ઉપશમસમ્યક્ત્વી છે.

ટીકાનુ૰—ઉપશમસમ્યક્ત્વ સાથે જ કેટલાકને દેશવિરતિ અથવા સર્વવિરતિ પ્રાપ્ત થાય છે. એટલે કે તેઓ પહેલેથી સીધા પાંચમે અને છઠ્ઠે ગુણઠાણે પણ જાય છે. શતકની બૃહચ્ચૂર્ણિમાં કહ્યું છે કે—'અંતરકરણમાં સ્થિત-રહેલો ઉપશમસમ્યક્ત્વી કોઈક દેશવિરતિ પણ પામે છે અને કોઈક પ્રમત્ત અને અપ્રમત્તભાવ પણ પ્રાપ્ત કરે છે પણ સાસ્વાદની કંઈ પામતા નથી.' અહીં ઉપશમસમ્યક્ત્વી ત્યાં સુધી જાણવા કે જ્યાં સુધી અંતરકરણમાં[1] રહેલા છે. આવી રીતે સમ્યક્ત્વોત્પત્તિનો વિચાર સવિસ્તર કહ્યો. ૨૮

---

૧. ઉપશમ સમ્યક્ત્વી ત્યાં સુધી કહેવાય છે કે જ્યાં સુધી આત્મા અંતરકરણમાં રહ્યો છે. હવે અહીં અંતરકરણ ક્યાં સુધી હોય તે પ્રશ્નના ઉત્તરમાં સમજવાનું કે જ્યાં સુધી અનંતાનુબંધિ કષાયને ઉદય નથી થયો હોતો, અથવા અંતરકરણનો સમધિક આવલિકા કાળ બાકી રહે છે અને સમધિકકાળ પર્યંત છેલ્લી આવલિકામાં દ્વિતીય સ્થિતિમાંથી ખેંચાયેલા મિથ્યાત્વાદિ ત્રણે પુંજનાં જે દલિકો ગોઠવાય છે, તેમાંથી એકે પુંજનો ઉદય નથી થયો હોતો, ત્યાં સુધીના કાળને અંતરકરણનો કાળ સમજવાનો છે. અધ્યવસાયની નિર્મળતામાં ઘણા ભેદો હોય છે. કોઈ ત્રણ કરણ કરી પહેલેથી ચોથે જ જાય છે. કોઈ તીવ્ર વિશુદ્ધિવાળો આત્મા મિથ્યાત્વના ઉપશમાવવા સાથે અપ્રત્યાખ્યાનાવરણનો પણ ક્ષયોપશમ કરી પહેલેથી પાંચમે જાય છે. અને અતિ તીવ્ર વિશુદ્ધિ પરિણામવાળો કોઈ આત્મા બીજા અને ત્રીજા એમ બંને કષાયનો ક્ષયોપશમ કરી પહેલેથી સર્વવિરતિ ભાવ પણ પામે છે. તે તે ગુણને અનુસરીને ક્રમે ચડતી વિશુદ્ધિવાળા આત્માઓ પહેલે ગુણઠાણેથી ચોથે, પાંચમે, છઠ્ઠે કે સાતમે જાય—તેમાં કોઈ વિરોધ નથી.

હવે પૂર્વોક્ત ક્રમે ચારિત્રમોહનીયની ઉપશમનો વિચાર પણ વિસ્તારથી કહેવો જોઈએ. અવિરતિથી માંડીને સર્વવિરતિ સુધીના કોઈપણ ગુણઠાણાવાળો પ્રવર્ધમાન શુભ પરિણામી ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ આત્મા ચારિત્રમોહનીયની ઉપશમનાનો અધિકારી છે. એ હકીકત આ ગાથામાં કહે છે—

वेयगसम्मद्दिट्ठि सोही अद्धाए अजयमाईया ।
करणदुगेण उवसमं चरित्तमोहस्स चेट्ठंति ॥२९॥

वेदकसम्यग्दृष्टयः शोध्यद्धायामयतादयः ।
करणद्विकेनोशपमं चारित्रमोहस्य चेष्टन्ते ॥२९॥

અર્થ—વિશુદ્ધિમાં વર્તમાન અવિરતિ સમ્યગ્દષ્ટિ આદિ ગુણઠાણાવાળા ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ બે કરણ વડે ચારિત્રમોહનીયનો ઉપશમ કરે છે.

ટીકાનુ૦—જેણે સંક્લિષ્ટ પરિણામનો ત્યાગ કર્યો છે અને જે વિશુદ્ધ પરિણામમાં વર્તે છે, એવો વેદકસમ્યગ્દષ્ટિ-ક્ષાયોપશમિકસમ્યક્ત્વી અવિરતિ, દેશવિરતિ, પ્રમત્ત અને અપ્રમત્ત ગુણઠાણામાંથી કોઈપણ ગુણઠાણામાં વર્તમાન આત્મા યથાપ્રવૃત્ત તથા અપૂર્વ એ બે કરણ વડે ચારિત્રમોહનીયને ઉપશમાવવા માટે યથાયોગ્ય રીતે પ્રયત્ન કરે છે. ત્રીજા કરણથી તો સાક્ષાત્ ઉપશમાવે જ છે. તેથી જ પ્રથમના બે કરણથી પ્રયત્ન કરે છે એમ કહ્યું છે. ૨૯

હવે તે અવિરતાદિ ત્રણનું સ્વરૂપ કહે છે—

जाणणगहणणुपालणविरओ विरई अविरओण्णेसु ।
आइमकरणदुगेणं पडिवज्जइ दोण्हमण्णयरं ॥३०॥

ज्ञानग्रहणानुपालनविरतो विरतिः अविरतोऽन्येषु ।
आदिकरणद्विकेन प्रतिपद्यते द्वयोरन्यतराम् ॥३०॥

અર્થ—જ્ઞાન, ગ્રહણ અને અનુપાલન વડે વિરત તે વિરત છે. અને અન્ય ભાંગામાં વર્તમાન અવિરત છે. આદિના બે કરણથી દેશવિરતિ કે સર્વવિરતિમાંના કોઈ એકને પ્રાપ્ત કરે છે.

ટીકાનુ૦—વિરતિનું યથાર્થજ્ઞાન, તેનું (વિધિપૂર્વક) ગ્રહણ[1] અને અનુપાલન[2] કરવાથી વિરત થાય છે. તેની અંદર જે ત્રિવિધે—મન, વચન અને કાયા વડે ત્રિવેધે—મન, વચન અને કાયાના પાપવ્યાપારથી વિરમ્યો છે તે સર્વવિરત કહેવાય છે, જે દેશથી વિરમ્યો છે તે દેશવિરત કહેવાય છે. અને જ્ઞાન, ગ્રહણ અને અનુપાલનરૂપ શુભ ભંગ સિવાય અન્ય ભાંગામાં વર્તમાન આત્મા અવિરત કહેવાય છે. આ જ હકીકતનો વિસ્તારથી વિચાર કરે છે.

---

૧. ગ્રહણ એટલે વિધિપૂર્વક આત્મસાક્ષીએ અને ગુરુસાક્ષીએ વ્રતો ઉચ્ચરવાં તે.

૨. અનુપાલન—ગ્રહણ કરેલાં વ્રતોને બરાબર પાળવાં તે.

જ્ઞાન, ગ્રહણ અને અનુપાલનરૂપ ત્રણ પદના આઠ[1] ભાંગા થાય છે. તેની અંદરના શરૂઆતના સાત ભાંગામાં વર્તમાન આત્મા તો અવિરત છે. કારણ કે તેની અંદર યથાયોગ્ય રીતે સમ્યગ્જ્ઞાન, સમ્યગ્ગ્રહણ કે સમ્યગ્પાલન નથી. સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ગ્રહણપૂર્વક પળાયેલ વ્રતો જ મોક્ષરૂપ ફળને આપનારાં બને છે, પરંતુ સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ગ્રહણ સિવાય ઘુણાક્ષરન્યાયે પળાયેલ હોવા છતાં પણ તે વ્રતો ફળ આપનાર થતાં નથી. સાત ભાંગામાંથી આદિના ચાર ભાંગામાં તો સમ્યગ્જ્ઞાનનો જ અભાવ છે. ત્યારપછીના ત્રણ ભાંગામાં સમ્યગ્ગ્રહણ અથવા સમ્યગ્પાલનનો અભાવ છે. તેથી જ શરૂઆતના સાત ભાંગામાં વર્તમાન આત્મા અવિરત કહેવાય છે. (આ સાત ભાંગામાંથી શરૂઆતના ચાર ભાંગે વર્તમાન આત્મા તો મિથ્યાદૃષ્ટિ જ છે, કારણ કે તેને યથાર્થ જ્ઞાન જ નથી. પછીના ત્રણ ભાંગા અવિરતિ સમ્યગ્દૃષ્ટિના છે.)

છેલ્લા ભાંગામાં વર્તમાન વ્રતોના યથાર્થ જ્ઞાનપૂર્વક અને વિધિપૂર્વક તેનું ગ્રહણ કરી અનુપાલન કરનાર છે માટે તે આત્મા વિરત કહેવાય છે. તેમાં દેશથી પાપવ્યાપારનો ત્યાગ કરનાર દેશવિરત અને સર્વથા પાપવ્યાપારથી વિરમેલો આત્મા સર્વવિરત કહેવાય છે વ્રત-ગ્રહણના ભેદે દેશવિરતિ શ્રાવકના અનેક પ્રકાર છે. કોઈ એક અણુવ્રતી—અણુવ્રત ગ્રહણ કરનાર, કોઈ બે અણુવ્રતી, કોઈ ત્રણ અણુવ્રતી, યાવત્ ઉત્કૃષ્ટથી કોઈ પૂર્ણ બાર વ્રતધારી અને કેવળ અનુમતિ સિવાય સઘળા પાપવ્યાપારનો ત્યાગ કરનાર પણ હોય છે.

અનુમતિ ત્રણ પ્રકારે છે, તે આ પ્રમાણે—૧. પ્રતિસેવનાનુમતિ, ૨. પ્રતિશ્રવણાનુમતિ અને ૩. સંવાસાનુમતિ. તેમાં જે પોતે કરેલા અથવા બીજા સ્વજનાદિએ કરેલા પાપને અનુમોદે છે અને સાવદ્યારંભથી બનેલા અશનાદિનો ઉપભોગ કરે છે તેને પ્રતિસેવનાનુમતિ દોષ લાગે છે. જ્યારે પુત્રાદિએ કરેલ પાપકાર્યોને સાંભળે છે, સાંભળીને અનુમોદે છે—ઠીક માને છે અને પ્રતિષેધ કરતો નથી ત્યારે પ્રતિશ્રવણાનુમતિ. અને જ્યારે પાપારંભમાં પ્રવર્ત્તેલા પુત્રાદિ ઉપર માત્ર મમત્વ યુક્ત હોય છે, પરન્તુ તેઓનાં કોઈ પાપકાર્યોને સાંભળતો નથી કે સારાં માનતો નથી, ત્યારે સંવાસાનુમતિ દોષ લાગે[2] છે.

તેમાં છેલ્લો દોષ જે સેવે છે તે ઉત્કૃષ્ટ દેશવિરત છે, અને તે બીજા શ્રાવકો કરતાં ગુણોમાં શ્રેષ્ઠ છે. હવે જે સંવાસાનુમતિથી-પુત્રાદિ ઉપરના મમત્વભાવથી પણ વિરમ્યો છે તે સર્વવિરત કહેવાય છે.

આ બે—દેશવિરત અને સર્વવિરતિમાંથી કોઈપણ વિરતિને શરૂઆતનાં બે કરણ—

૧.	અજ્ઞાન	અગ્રહણ	અપાલન	જ્ઞાન	અગ્રહણ	અપાલન
	અજ્ઞાન	અગ્રહણ	પાલન	જ્ઞાન	અગ્રહણ	પાલન
	અજ્ઞાન	ગ્રહણ	અપાલન	જ્ઞાન	ગ્રહણ	અપાલન
	અજ્ઞાન	ગ્રહણ	પાલન	જ્ઞાન	ગ્રહણ	પાલન

૨. અહીં પહેલી અનુમતિમાં પોતે અથવા બીજાએ પણ કરેલા પાપનું અનુમોદન આદિ છે, ત્યારે બીજીમાં માત્ર પુત્રાદિએ કરેલા પાપનું અનુમોદન આદિ છે. ત્રીજીમાં તો તે પણ નથી, ગૃહસ્થાશ્રમમાં રહેલો હોવાથી મમત્વમાત્ર જ છે.

યથાપ્રવૃત્ત અને અપૂર્વકરણ[1] વડે પ્રાપ્ત કરે છે. ત્યાં જો અવિરતિ છતાં ઉપરોક્ત બે કરણ કરે તો દેશવિરતિ અથવા સર્વવિરતિ બેમાંથી ગમે તે પ્રાપ્ત કરે છે, અને દેશવિરત છતાં ઉપરોક્ત બે કરણ કરે તો સર્વવિરતિને જ સ્વીકારે છે.

શંકા—દેશવિરતિ અને સર્વવિરતિ પ્રાપ્ત કરતાં ત્રીજું અનિવૃત્તિકરણ કેમ થતું નથી ?

ઉત્તર—કરણકાળથી પહેલાં પણ અંતર્મુહૂર્ત કાળ પર્યંત પ્રતિસમય અનંતગુણ ચડતી વિશુદ્ધિએ વર્તમાન અશુભ કર્મોનો રસ બે સ્થાનક કરે છે, અને શુભ પ્રકૃતિઓનો રસ ચતુઃસ્થાનક કરે છે ઇત્યાદિ સ્વરૂપ કહ્યું તે પ્રમાણે યથાપ્રવૃત્તકરણ પર્યંત અહીં પણ કહેવાનું છે. યથાપ્રવૃત્તકરણ અને અપૂર્વકરણના સ્વરૂપને પણ એ જ પ્રમાણે સમજવાનું છે. માત્ર અહીં દેશવિરતિ અને સર્વવિરતિ પ્રાપ્ત કરતાં થતા અપૂર્વકરણમાં ગુણશ્રેણિ થતી નથી. અપૂર્વકરણ પૂર્ણ થતાં જ અનંતર સમયે અવશ્ય દેશવિરતિ અથવા સર્વવિરતિ પ્રાપ્ત કરે છે. તેથી ત્રીજું અનિવૃત્તિકરણ થતું નથી.

उदयावलिए उप्पिं गुणसेढिं कुणइ चरित्तेण ।
अंतो असंखगुणणाइ तत्तियं वड्ढई कालं ॥३१॥

उदयावलिकाया उपरि गुणश्रेणिं करोति सह चारित्रेण ।
अन्तः(मुहूर्त्तं) असंख्यगुणनया तावन्मात्रं वर्द्धते कालम् ॥३१॥

અર્થ—દેશવિરતિ અને સર્વવિરતિ પ્રાપ્ત થતાંની સાથે જ ઉદયાવલિકા ઉપર અંતર્મુહૂર્ત કાળ પર્યંત અસંખ્ય ગુણકારે ગુણશ્રેણિ કરે છે. તેટલો જ કાળ અવશ્ય પ્રવર્દ્ધમાન પરિણામી હોય છે.

ટીકાનુ૦—દેશવિરતિ અને સર્વવિરતિ પ્રાપ્ત કરવા માટે થતા અપૂર્વકરણમાં ગુણશ્રેણિ થતી નથી પરંતુ કરણ પૂર્ણ થયા બાદ દેશવિરતિ અથવા સર્વવિરતિ ચારિત્રની સાથે જ એટલે કે જે સમયે દેશવિરતિ અને સર્વવિરતિ ચારિત્ર પ્રાપ્ત થાય તે જ સમયથી ઉદયાવલિકાના ઉપરના સમયથી માંડીને પૂર્વ પૂર્વ સ્થાન કરતાં ઉત્તરોત્તર અંતર્મુહૂર્તપ્રમાણ સ્થાનમાં અસંખ્યાત અસંખ્યાત ગુણકારે અંતર્મુહૂર્ત કાળપર્યંત ગુણશ્રેણિ-દળ રચના કરે છે.

જો કે દેશવિરતિ અને સર્વવિરતિ ગુણઠાણે તે ગુણસ્થાન જ્યાં સુધી ટકી રહે ત્યાં સુધી ગુણશ્રેણિ થાય છે, છતાં અહીં અંતર્મુહૂર્ત કહેવાનું કારણ એ કે, દેશવિરતિ અને સર્વવિરતિ પ્રાપ્ત થયા પછી અન્તર્મુહૂર્ત કાળ પર્યંત આત્મા અવશ્ય પ્રવર્ધમાન[2] પરિણામી હોય છે. ત્યારપછી

---

૧. સર્વથા ક્ષય કે સર્વથા ઉપશમ કરવાનો હોય છે ત્યાં જ ત્રીજું અનિવૃત્તિકરણ થાય છે. દેશવિરતિ કે સર્વવિરતિ પ્રાપ્ત કરતાં અનુક્રમે અપ્રત્યાખ્યાનાવરણીય અને પ્રત્યાખ્યાનાવરણીય કર્મનો સર્વથા ક્ષય કે સર્વથા ઉપશમ કરવો પડતો નથી પરન્તુ ક્ષયોપશમ કરવાનો હોય છે, તે તો અપૂર્વકરણે જ થાય છે એટલે અહીં ત્રીજા કરણની જરૂર રહેતી નથી.

૨. અહીં પ્રવર્દ્ધમાન પરિણામ કે હીયમાન પરિણામ તે કોની અપેક્ષાએ ? તે વિચારવાનું રહે છે. મને લાગે છે કે તે તે ગુણ પ્રાપ્ત કરતાં શરૂઆતના અંતર્મુહૂર્ત પર્યંત જે ચડતા પરિણામ રહ્યા તેની અપેક્ષાએ

નિયમ નથી, ત્યારપછી તો કોઈ પ્રવર્દ્ધમાન પરિણામી હોય છે. કોઈ અવસ્થિત-સ્થિર પૂર્વ હતા તેવા જ પરિણામવાળો હોય છે, કોઈ હીયમાનપરિણામી પણ થાય છે. હવે જો પ્રવર્દ્ધમાનપરિણામી આત્મા હોય તો ગુણશ્રેણિ ચડતા ચડતા ક્રમે કરે છે. હીયમાનપરિણામી હોય તો હીયમાન—ઊતરતા ક્રમે અને જો અવસ્થિત પરિણામી હોય તો અવસ્થિત-સ્થિર ગુણશ્રેણિ કરે છે.

હીયમાનપરિણામી આત્મા ઉપરનાં સ્થાનકોમાંથી દલિકો થોડાં ઉતારે છે અને થોડાં ગોઠવે છે, અવસ્થિતપરિણામી આત્મા પૂર્વના સમયમાં જેટલાં દલિકો ઉતાર્યાં હતાં તેટલાં જ ઉતારી તેટલાં જ ગોઠવે છે. દેશવિરત કે સર્વવિરત જ્યારે સ્વભાવસ્થ અને હીનપરિણામી હોય ત્યારે સ્થિતિઘાત અને રસઘાત કરતો નથી. ૩૧

परिणामपच्चएणं गमागमं कुणइ करणरहिओवि ।
आभोगणट्ठचरणो करणे काऊण पावेइ ॥३२॥

परिणामप्रत्ययेन गमागमं करोति करणरहितोऽपि ।
आभोगनष्टचरणः करणे कृत्वा प्राप्नोति ॥३२॥

અર્થ—અનાભોગપરિણામે પડેલો આત્મા કરણ કર્યા વિના પણ ગમનાગમન કરે છે. ઉપયોગપૂર્વક જેનું ચારિત્ર નષ્ટ થયું છે તે બે કરણ કરીને જ ચડે છે.

ટીકાનુ૰—અનાભોગે—ઉપયોગ સિવાય જ પરિણામના હ્રાસરૂપ કારણે પડતા પરિણામ થવાથી દેશવિરત આત્મા અવિરતિ પ્રાપ્ત કરે, અથવા સર્વવિરત આત્મા દેશવિરતિ કે અવિરતિને પ્રાપ્ત કરે તો તે ફરી પણ પૂર્વે પ્રાપ્ત કરેલી દેશવિરતિ અને સર્વવિરતિને કરણ કર્યા વિના જ પ્રાપ્ત કરે છે. આવી રીતે કરણ કર્યા વિના પણ આત્મા અનેક વાર ગમનાગમન કરે છે. પરંતુ જેણે ઉપયોગપૂર્વક પોતાના ચારિત્રનો નાશ કર્યો છે અને તેમ કરીને દેશવિરતિથી અથવા સર્વવિરતિથી પડીને મિથ્યાત્વ પર્યંત પણ જેઓ ગયા છે તેઓ ફરી પણ જઘન્યથી અંતર્મુહૂર્ત્ત કાળે અને ઉત્કૃષ્ટથી ઘણા કાળે પૂર્વપ્રતિપન્ન દેશવિરતિ અથવા સર્વવિરતિને ઉક્ત પ્રકારે બે[1] કરણ કરીને જ પ્રાપ્ત કરે છે. ૩૨

परिणामपच्चएणं चउव्विहं हाइ वड्ढई वावि ।
परिणामवड्ढयाए गुणसेढिं तत्तियं रयइ ॥३३॥

परिणामप्रत्ययेन चतुर्विधं हीयते वर्द्धते वाऽपि ।
परिणामावस्थित्या गुणश्रेणिं तावन्मात्रां रचयति ॥३३॥

હોવા જોઈએ, અથવા જે સમયની ગુણશ્રેણિનો વિચાર કરતાં હોઈએ તેની પૂર્વના સમયના પરિણામની પ્રવર્દ્ધમાન, હીયમાન કે અવસ્થિત પરિણામ માનવા જોઈએ. તત્ત્વકેવલી ગમ્ય ભાષાંતરકર્ત્તા.

૧. આભોગે પડેલા ક્લિષ્ટપરિણામી હોય છે તેથી તેઓ કરણ કર્યા વિના ચડી શકતા નથી. અને કોઈ એવા જ પ્રકારના કર્મના ઉદયથી અનાભોગે પડેલા હોય તેઓના તથાપ્રકારના ક્લિષ્ટપરિણામ નહિ થવાથી કરણ-કર્યા વિના જ ચડી જાય છે.

અર્થ—પરિણામરૂપ નિમિત્ત વડે ગુણશ્રેણિ ચાર પ્રકારે ઘટે છે અથવા વધે છે, અવસ્થિત પરિણામે તેટલી જ રચે છે.

ટીકાનુ૦—પરિણામરૂપ કારણ વડે ગુણશ્રેણિ વધે છે અને ઘટે છે. એટલે કે પૂર્વ પૂર્વ સમય કરતાં ઉત્તરોત્તર સમયે ચડતા પરિણામી આત્મા હોય તો ઉપરનાં સ્થાનકોમાંથી અનુક્રમે વધારે વધારે દલિકો ઉપાડી વધારે વધારે ગોઠવે છે. સ્થિર પરિણામી હોય તો તેટલાં જ ઉતારી તેટલાં જ ગોઠવે છે. અને પડતા પરિણામી હોય તો ઉપરથી થોડાં ઉતારે છે અને થોડાં ગોઠવે છે.

દેશવિરતિ અને સર્વવિરતિ પ્રાપ્ત થયા પછી અંતર્મુહૂર્ત્ત કાળ પર્યંત તો આત્મા અવશ્ય ચડતા પરિણામવાળો જ હોય છે, ત્યારપછી નિયમ નથી. કોઈ હીન પરિણામી થાય છે. કોઈ એવા ને એવા પરિણામે ટકી રહે છે, કોઈ પ્રવર્દ્ધમાન પરિણામી પણ થાય છે. આ હેતુથી જ ગુણશ્રેણિમાં—એટલે ઉપરથી દલિકો ઉતારી રચનામાં પણ ફેરફાર થાય છે. હવે જો હીનપરિણામી—પૂર્વ પૂર્વ સમય કરતાં ઉત્તરોત્તર સમયે મંદ પરિણામી આત્મા થતો જાય તો ગુણશ્રેણિ પણ અસંખ્યાત ભાગહીન, સંખ્યાતભાગહીન, સંખ્યાતગુણહીન, કે અસંખ્યાતગુણહીન થાય છે. ઉપરથી એટલા એટલા ઓછા ઉતારી નીચે ઓછા ઓછા ગોઠવે છે. જો પૂર્વ પૂર્વ સમય કરતાં ઉત્તરોત્તર સમ્યે પરિણામ વધતા જાય તો પરિણામાનુસારે ગુણશ્રેણિ પણ પૂર્વોક્ત પ્રકારે વધે છે. અને પૂર્વ સમયે જેવા પરિણામ હતા તેવા ઉત્તર સમયે પરિણામ રહે તો ગુણશ્રેણિ પણ તેટલી જ થાય છે, એટલે કે પૂર્વ સમયે જેટલાં દલિકો ઉતાર્યાં હતાં અને જે ક્રમે ગોઠવ્યાં હતાં તેટલાં જ ઉત્તર સમયે ઉતારી તે જ પ્રમાણે ગોઠવે છે. ગુણશ્રેણિના ક્રમે થતી દળરચના અંતર્મુહૂર્ત્ત પ્રમાણ સ્થાનકોમાં જ થાય છે, અને દેશવિરતિ તથા સર્વવિરતિ ગુણસ્થાનક જ્યાં સુધી ટકી રહે છે ત્યાં સુધી તે પણ સમયે થયા કરે છે. આ પ્રમાણે દેશવિરતિ અને સર્વવિરતિના લાભની પ્રાપ્તિનો ક્રમ કહ્યો. ૩૩

હવે અનંતાનુબંધિની વિસંયોજનાનું સ્વરૂપ કહે છે—

सम्मुप्पायणविहिणा चउगइया सम्मदिट्ठिपज्जत्ता ।
संजोयणा विजोयंति न उण पढमट्ठिर्ति करेंति ॥३४॥

सम्यक्त्वोत्पादनविधिना चतुर्गतिकाः सम्यग्दृष्टयः पर्याप्ताः ।
संयोजनान् वियोजयन्ति न पुनः प्रथमस्थितिं कुर्वन्ति ॥३४॥

અર્થ—ઉપશમસમ્યક્ત્વ પ્રાપ્ત કરતાં કહેલી વિધિથી ચારે પર્યાપ્તા ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિઓ અનંતાનુબંધિની વિસંયોજના કરે છે, પરંતુ ત્રીજા કરણમાં પ્રથમ સ્થિતિ કરતા નથી.

ટીકાનુ૦—ઉપશમસમ્યક્ત્વ પ્રાપ્ત કરતાં જે ત્રણ કરણનો ક્રમ કહ્યો છે એ જ ત્રણ કરણના ક્રમે ચારે ગતિના સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત વેદક સમ્યગ્દષ્ટિ આત્માઓ ચોથાથી સાતમા ગુણઠાણા સુધીમાં વર્તતા-તેમાં ચોથે ગુણઠાણે વર્ત્તતા ચારે ગતિના જીવો, દેશવિરત તિર્યંચ અને

મનુષ્યો અને સર્વવિરત મનુષ્યો જ અનંતાનુબંધિની વિસંયોજના-નાશ કરે છે. ઉપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરતાં અનિવૃત્તિકરણમાં જે અંતરકરણ થાય છે તે અહીં થતું નથી. અને તે થતું નથી— માટે પ્રથમ સ્થિતિ પણ થતી નથી. કારણ કે અંતરકરણની નીચેની નાની સ્થિતિ પ્રથમ સ્થિતિ કહેવાય છે, અને ઉપરની બીજી—મોટી સ્થિતિ કહેવાય છે. અહીં તો અંતરકરણ જ થતું નથી, પરંતુ ઉદ્વલનાનુવિદ્ધ ગુણસંક્રમ વડે સર્વથા નાશ જ કરે છે, તો પછી પ્રથમ-દ્વિતીય સ્થિતિ ક્યાંથી જ થાય ? અર્થાત્ અનંતાનુબંધીની વિસંયોજના કરતાં થતા અનિવૃત્તિકરણમાં પ્રથમસ્થિતિ કે અંતરકરણ થતાં નથી. ૩૪

આ જ સંબંધમાં વિશેષ કહે છે :—

ऊवरिमगे करणदुगे दलियं गुणसंकमेण तेसिं तु ।
नासेइ तओ पच्छा अंतमुहुत्ता सभावत्थो ॥३५॥

उपरितने करणद्विके दलिकं गुणसंक्रमेण तेषां तु ।
नाशयति ततःपश्चात् अन्तर्मुहूर्त्तात् स्वभावस्थः ॥३५॥

અર્થ—ઉપરના બે કરણમાં ગુણસંક્રમ વડે તે અનંતાનુબંધિનાં દલિકોનો નાશ કરે છે, અને અંતર્મુહૂર્ત્ત બાદ સ્વભાવસ્થ થાય છે.

ટીકાનુ૦—ઉપરના બે કરણ—અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણમાં અનંતાનુબંધિ ક્રોધ, માન, માયા અને લોભનાં દલિકોનો ઉદ્વલનાસંક્રમાનુવિદ્ધ ગુણસંક્રમ વડે સર્વથા નાશ કરે છે— એટલે કે બંધાતા શેષ કષાયો રૂપે કરી નાખે છે. ઉપરનાં ગુણસ્થાનોમાં જે કર્મનો સર્વથા નાશ કરવાનો હોય છે તેમાંના ઘણામાં ઉદ્વલના સંક્રમ અને ગુણસંક્રમ બંને લાગુ પડે છે. એટલે જ માત્ર અંતર્મુહૂર્ત્ત કાળે તેઓનો સર્વથા નાશ થાય છે. અહીં અનંતાનુબંધિનો સર્વથા નાશ કરવાનો છે એટલે અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણે ઉદ્વલના યુક્ત ગુણસંક્રમ વડે માત્ર અંતર્મુહૂર્ત્તમાં જ તેનો સર્વથા નાશ કરે છે. માત્ર એક ઉદયાવલિકા અવશિષ્ટ રહે છે. કારણ કે તેમાં કોઈ કરણ લાગતું નથી. બાકી રહેલી તે આવલિકા સ્તિબુક-સંક્રમ વડે વેદ્યમાન સ્વજાતીય પ્રકૃતિમાં સંક્રમી દૂર થાય છે. ત્યાર[1] બાદ અંતર્મુહૂર્ત્ત પછી અનિવૃત્તિકરણના અન્તે શેષકર્મોના પણ સ્થિતિઘાત

૧. અનિવૃત્તિકરણમાં તો પૂર્વ પૂર્વ સમયથી ઉત્તરોત્તર સમયે અનન્તગુણ વિશુદ્ધિ હોય છે તેથી ઉદ્વલનાનુવિદ્ધગુણસંક્રમ વડે અનંતાનુબંધિનો ઉદયાવલિકા છોડી સર્વથા નાશ કરે છે. અહીં એક શંકા થાય છે કે અનિવૃત્તિકરણ ક્યારે પૂર્ણ થાય ? છેલ્લી ઉદયાવલિકા ક્ષય થયા બાદ કે પહેલાં ? આ વિષયમાં મને તો એમ લાગે છે કે છેલ્લો ખંડ ક્ષય થયા બાદ કોઈ કાર્ય નહિ રહેલું હોવાથી અને અહીં અનંતાનુબંધિના ક્ષય માટે જ કરણો કર્યાં હતાં તે કાર્ય પૂર્ણ થયું એટલે ઉદયાવલિકા બાકી રહે અને કરણ પૂર્ણ થાય. જેમ સમ્યક્ત્વ મોહનીયના છેલ્લા ખંડનો ક્ષય થયે છતે કૃતકરણ થાય છે તેમ અનંતાનુબંધિના છેલ્લા ખંડનો નાશ થાય અને અનિવૃત્તિકરણ પૂર્ણ થાય એ ઠીક જણાય છે. ત્રીજું કરણ પૂર્ણ થયા પછી ઉદયાવલિકા જે રહી છે તે સ્તિબુક સંક્રમ દ્વારા દૂર થઈ જાય છે. તથા 'ત્યાર બાદ અંતર્મુહૂર્ત્ત પછી' એમ જે લખ્યું છે તેનો સંબંધ અનિવૃત્તિકરણ સાથે હોય તેમ જણાય છે. એટલે અનિવૃત્તિકરણ પૂર્ણ થયા પછી અંતર્મુહૂર્ત્ત ગયા બાદ અન્ય કર્મોમાં પણ સ્થિતિઘાતાદિ થતા નથી પણ સ્વભાવસ્થ થાય છે. સ્વભાવસ્થ થાય છે—એટલે જે ગુણઠાણે અનંતાનુબંધિની વિસંયોજના શરૂ કરી હોય તે ગુણઠાણે જેવા સ્વાભાવિક પરિણામ હોય તેવા પરિણામવાળો થાય

અને ગુણશ્રેણિ થતા નથી પરંતુ મોહનીયની ચોવીસની સત્તાવાળો થયો છતો સ્વભાવસ્થ જ રહે છે. આ પ્રમાણે અનંતાનુબંધિની વિસંયોજનાનું સ્વરૂપ કહ્યું.

કોઈ આચાર્ય મહારાજા ઉપશમશ્રેણિ કરતાં અનંતાનુબંધિની ઉપશમના માને છે, તેમના મત પ્રમાણે અનંતાનુબંધિની ઉપશમના કઈ રીતે થાય તે હકીકત આ૦ શ્રીમલયગિરિજી કૃત ષડશીતિની ટીકામાંથી અહીં ઉતારી છે તે આ પ્રમાણે—

અવિરતિસમ્યગ્દષ્ટિ, દેશવિરતિ, પ્રમત્ત અને અપ્રમત્તગુણસ્થાનમાંથી કોઈપણ ગુણસ્થાને વર્તમાન અનંતાનુબંધિની ઉપશમનાનો પ્રયત્ન કરે છે. તે મન, વચન અને કાયાના ત્રણ યોગમાંથી કોઈપણ યોગ યુક્ત, તેજો, પદ્મ, શુક્લ લેશ્યામાંથી કોઈપણ શુભ લેશ્યાવાળો, સાકારોપયોગે ઉપયુક્ત અન્તઃકોડાકોડી સાગરોપમ સ્થિતિની સત્તાવાળો ભવ્ય આત્મા હોય છે. તથા તે પરાવર્ત્તમાન પુન્યપ્રકૃતિનો બંધક હોય છે, તેમજ પ્રતિસમય અશુભપ્રકૃતિઓના રસને અનંતગુણહીન કરે છે અને શુભપ્રકૃતિઓના રસને અનંતગુણ વધારે છે. સ્થિતિબંધ પણ પૂર્ણ થાય ત્યારે જેમ જેમ પૂર્ણ થતો જાય તેમ તેમ અન્ય સ્થિતિબંધ પલ્યોપમના અસંખ્યાતમે ભાગે, કર્મપ્રકૃતિ તથા પંચસંગ્રહના મતે પલ્યોપમના સંખ્યાતમે ભાગે હીન-હીન કરે છે. આ પ્રમાણે કરણ શરૂ કરતાં પહેલા પણ અંતર્મુહૂર્ત્ત પર્યંત નિર્મળ પરિણામવાળો રહે છે. ત્યારપછી અંતર્મુહૂર્ત્તકાળ પ્રમાણ ત્રણ કરણ કરે છે. ૧. યથાપ્રવૃત્તકરણ, ૨. અપૂર્વકરણ અને ૩. અનિવૃત્તિકરણ, ૪. તથા ચોથી ઉપશાન્તાદ્ધા.

તેમાં યથાપ્રવૃત્તકરણમાં પ્રવેશ કરતો આત્મા પૂર્વ પૂર્વ સમય કરતાં ઉત્તરોત્તર સમયે અનંતગુણ ચડતા પરિણામે પ્રવેશ કરે છે પરંતુ તદ્યોગ્યવિશુદ્ધિના અભાવે સ્થિતિઘાત, રસઘાત, ગુણશ્રેણિ કે ગુણસંક્રમણ એમાંથી કંઈ જ કરતો નથી. તે અંતર્મુહૂર્ત્ત પ્રમાણ યથાપ્રવૃત્તકરણના કાળમાં દરેક સમયે ત્રિકાળવર્ત્તિ અનેક જીવોની અપેક્ષાએ અસંખ્ય લોકાકાશપ્રદેશપ્રમાણ વિશુદ્ધિનાં સ્થાનકો હોય છે. અને દરેક સમયનાં તે વિશુદ્ધિ સ્થાનકો ષટ્સ્થાનપતિત છે. વળી પ્રથમ સમયે જે વિશુદ્ધનાં સ્થાનકો છે તેના કરતાં બીજે સમયે વધારે હોય છે, ત્રીજે સમયે તે કરતાં વધારે, એમ પૂર્વ પૂર્વ સમય કરતાં ઉત્તરોત્તર સમયે યથાપ્રવૃત્તકરણના ચરમ સમય પર્યંત વધારે વધારે હોય છે.

તથા યથાપ્રવૃત્તકરણના પ્રથમ સમયે જઘન્ય વિશુદ્ધિ અલ્પ, તેનાથી બીજે સમયે જઘન્ય-

---

છે. અથવા એમ પણ હોય કે છેલ્લો ખંડ અને ઉદયાવલિકા અનિવૃત્તિકરણમાં જ ખલાસ થાય અને ત્યાર બાદ અંતર્મુહૂર્ત પછી શેષકર્મોમાં સ્થિતિઘાતાદિ ન થાય, સ્વભાવસ્થ થાય. ટીકામાં 'अनिवृत्तिकरणपर्यवसाने' એ જે લખ્યું છે તેનો અર્થ એમ જણાય છે કે અનિવૃત્તિકરણ પૂર્ણ થયા પછી અંતર્મુહૂર્ત્ત બાદ અન્ય કર્મોમાં સ્થિતિઘાતાદિ ન થાય. આમ હોવાનું કારણ કોઈપણ ગુણ પ્રાપ્ત થયા પછી અંતર્મુહૂર્ત્ત સુધી ચડતા પરિણામવાળો જ રહે છે એમ જણાવ્યું છે. જેમ કે ઉપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત થયા પછી, દેશવિરતિ અને સર્વવિરતિ પ્રાપ્ત થયા પછી અંતર્મુહૂર્ત્ત પર્યંત અવશ્ય ચડતા પરિણામવાળો જ રહે છે, એમ જણાવ્યું છે. તે પ્રમાણે અનંતાનુબંધીની વિસંયોજના કર્યા પછી પણ અંતર્મુહૂર્ત્ત ચડતા પરિણામવાળો રહે. ચડતા પરિણામવાળો રહે ત્યાં સુધી અન્ય કર્મમાં સ્થિતિઘાતાદિ થાય. ત્યારબાદ ન થાય એમ જણાય છે. પછી તત્ત્વ કેવળી ગમ્ય.

વિશુદ્ધિ અનંતગુણી, તેનાથી ત્રીજે સમયે જઘન્યવિશુદ્ધિ અનંતગુણી, એમ યથાપ્રવૃત્તકરણના સંખ્યાતમા ભાગપર્યંત કહેવું. તે કરતાં યથાપ્રવૃત્તકરણના પ્રથમ સમયની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ અનંતગુણી, તેનાથી સંખ્યાતમાભાગ પછીના સમયની જઘન્ય વિશુદ્ધિ અનંતગુણી, તે કરતાં બીજા સમયની ઉત્કૃષ્ટ અનંતગુણી, તે કરતાં સંખ્યાતમાભાગ પછીના બીજા સમયની જઘન્ય વિશુદ્ધિ અનંતગુણી, તેના કરતાં ત્રીજા સમયની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ અનંતગુણી, તેનાથી સંખ્યાતમાભાગ પછીના ત્રીજા સમયની જઘન્ય વિશુદ્ધિ અનંતગુણી, એમ ઉપરના એક એક સમયની ઉત્કૃષ્ટ અને સંખ્યાતમાભાગના પછીના એક એક સમયની જઘન્ય અનંતગુણ વિશુદ્ધિ યથાપ્રવૃત્તકરણના ચરણ સમય પર્યંત કહેવી. યથાપ્રવૃત્તકરણના છેલ્લા સંખ્યાતમાભાગમાં ઉત્કૃષ્ટ વિશુદ્ધિ નથી કહી તે પણ ઉત્તરોત્તર અનંતગુણ કહી જવી. આ પ્રમાણે યથાપ્રવૃત્તકરણમાં વિશુદ્ધિનું તારતમ્ય હોય છે.

આ રીતે યથાપ્રવૃત્તકરણ પૂર્ણ કરી અપૂર્વકરણમાં પ્રવેશ કરે છે. અપૂર્વકરણમાં પણ પ્રતિસમય નાના જીવોની અપેક્ષાએ અસંખ્યલોકાકાશપ્રદેશપ્રમાણ વિશુદ્ધિનાં સ્થાનકો હોય છે, અને પૂર્વ પૂર્વ સમય કરતાં ઉત્તરોત્તર સમયે વધારે વધારે હોય છે. તથા દરેક સમયનાં વિશુદ્ધિ-સ્થાનકો ષટ્સ્થાન પતિત છે. વિશુદ્ધિનું તારતમ્ય આ પ્રમાણે છે—યથાપ્રવૃત્તકરણના ચરમસમયની ઉત્કૃષ્ટ વિશુદ્ધિથી અપૂર્વકરણના પ્રથમસમયની જઘન્ય વિશુદ્ધિ અનંતગુણી હોય છે, તે કરતાં તે જ સમયની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ અનંતગુણી છે, તેનાથી બીજા સમયની જઘન્ય વિશુદ્ધિ અનંતગુણી છે, તેનાથી તે જ સમયની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ અનંતગુણી છે, આ પ્રમાણે અપૂર્વકરણના ચરમ સમય પર્યંત વિશુદ્ધિનું તારતમ્ય હોય છે.

તથા અપૂર્વકરણના પ્રથમ સમયથી આરંભી સ્થિતિઘાત, રસઘાત, ગુણશ્રેણિ, ગુણસંક્રમ અને અન્ય સ્થિતિબંધ એ પાંચ પદાર્થો એકીસાથે પ્રવર્ત્તે છે.

સ્થિતિઘાત—એટલે સત્તાગતસ્થિતિના ઉપરના ભાગમાંથી વધારેમાં વધારે સેંકડો સાગરોપમ પ્રમાણ અને ઓછામાં ઓછા પલ્યોપમના સંખ્યાતમા ભાગપ્રમાણ સ્થિતિને ખંડે છે—નાશ કરવાનો પ્રયત્ન કરે છે—તેટલાં સ્થાનકોમાંનાં દલિકોને ઉપાડી ભૂમિ સાફ કરવાનો પ્રયત્ન કરે છે. તેનાં દલિકોને નીચે જે સ્થિતિનો ઘાત થવાનો નથી તેની અંદર નાખે છે. આ પ્રમાણે પૂર્વ પૂર્વ સમય કરતાં ઉત્તરોત્તર સમયે અસંખ્યાતગુણા વધારે દલિકોને ગ્રહણ કરતો અંતર્મુહૂર્ત્ત કાળે તેટલી સ્થિતિનો નાશ કરે છે. વળી પણ ઉપરોક્ત ક્રમે પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ બીજો ખંડ લે છે અને અંતર્મુહૂર્ત્તમાં નાશ કરે છે. આવી રીતે અપૂર્વકરણના કાળમાં હજારો સ્થિતિઘાતો કરે છે. અપૂર્વકરણમાં પ્રથમ સમયે જે સ્થિતિસત્તા હતી તે કરતાં ચરમ સમયે સંખ્યાતગુણહીન થાય છે એટલે કે સંખ્યાતમા ભાગની બાકી રહે છે.

રસઘાત—અશુભ પ્રકૃતિઓનો સત્તામાં જે રસ છે તેનો અનંતમો ભાગ રાખી શેષ અનંત ભાગોને સમયે સમયે નાશ કરતો અંતર્મુહૂર્ત્ત કાળે સંપૂર્ણપણે નાશ કરે છે. ત્યારપછી રાખેલા અનંતમા ભાગનો અનંતમો ભાગ રાખી શેષ અનંત ભાગોને સમયે સમયે નાશ કરતો અંતર્મુહૂર્ત્તમાં નાશ કરે છે. વળી શેષ રાખેલા અનંતમા ભાગનો અનંતમો ભાગ રાખી અનંતા ભાગોને સમયે સમયે નાશ કરતો અંતર્મુહૂર્ત્તકાળે નાશ કરે છે. આવી રીતે એક સ્થિતિઘાત જેટલા

કાળમાં હજારો રસઘાત કરે છે.

ગુણશ્રેણિ—ઉદયસમયથી[૧] આરંભી અંતર્મુહૂર્તપ્રમાણ સ્થિતિથી ઉપરનાં સ્થાનકોમાંથી દલિકો ગ્રહણ કરીને તેને ઉદયાવલિકાના[૨] ઉપરના સમયથી આરંભી અંતર્મુહૂર્ત પ્રમાણ સમયોમાં પૂર્વ પૂર્વ કરતાં ઉત્તરોત્તર સમયમાં અસંખ્યાત-અસંખ્યાત ગુણાકારે ગોઠવે છે. આ પ્રમાણે પ્રતિસમય અંતર્મુહૂર્તથી ઉપલાં સ્થાનકોમાંથી અસંખ્યાત અસંખ્યાતગુણ વધારે દલિકોને ઉતારીને ઉદયાવલિકાના ઉપરના સમયથી આરંભી પૂર્વોક્તક્રમે ગોઠવે છે. આ ગુણશ્રેણિનું—દળરચનાનું અંતર્મુહૂર્ત અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ કરતાં મોટું છે, એટલે કે અપૂર્વકરણના પ્રથમસમયે જે દલિક ઉતારે છે તેને ઉદયાવલિકા છોડી તેના ઉપરના સમયથી આરંભી અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ કરતાં વધારે સમયોમાં ગોઠવે છે. અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણના સમયોને ભોગવીને જેમ જેમ ખલાસ કરતો જાય તેમ તેમ દળરચના શેષ શેષ સમયોમાં થાય છે, પણ ઉપર વધારતો નથી. એટલે કે અપૂર્વકરણના પહેલે સમયે ગુણશ્રેણિનો જે છેલ્લો સમય હતો તે જ છેલ્લા સમય તરીકે કાયમ રહે છે.

ગુણસંક્રમ—અપૂર્વકરણના પ્રથમસમયે અનંતાનુબંધિનું દલિક બંધાતી સ્વજાતીય પર પ્રકૃતિમાં થોડું સંક્રમાવે છે, બીજે સમયે અસંખ્યાતગુણ વધારે સંક્રમાવે છે, ત્રીજે સમયે તે કરતાં અસંખ્યાતગુણ વધારે સંક્રમાવે છે, એમ પૂર્વ પૂર્વ કરતાં ઉત્તરોત્તર સમયે અસંખ્યાતગુણ વધારે યાવત્ અપૂર્વકરણના ચરમ સમયપર્યંત સંક્રમાવે છે. અનંતાનુબંધિની ઉપશમના કરતાં ગુણસંક્રમ માત્ર અનંતાનુબંધિનો જ થાય છે, અબધ્યમાન દરેક અશુભ પ્રકૃતિનો ગુણસંક્રમ તો આઠમા ગુણસ્થાનકથી શરૂ થાય છે.

અન્યસ્થિતિબંધ—અપૂર્વકરણના પ્રથમસમયે અપૂર્વ-અલ્પ સ્થિતિબંધ કરે છે, ત્યારપછીનો બીજો પલ્યોપમના સંખ્યાતમા ભાગહીન કરે છે, એમ પછી પછીના સ્થિતિબંધો પલ્યોપમના સંખ્યાતમાભાગે ન્યૂન ન્યૂન થતા જાય છે. સ્થિતિઘાત અને સ્થિતિબંધનો કાળ સરખો છે એટલે કે સ્થિતિઘાત અને સ્થિતિબંધ સાથે જ શરૂ થાય છે અને સાથે જ પૂર્ણ થાય છે.

આવી રીતે આ પાંચે પદાર્થોને અપૂર્વકરણમાં એકીસાથે આરંભે છે. એકીસાથે ચડેલા જીવોમાં પણ અધ્યવસાયનું તારતમ્ય હોય છે તેથી તેનું નિવૃત્તિ એ બીજું નામ પણ છે. અપૂર્વકરણ પૂર્ણ કરી અનિવૃત્તિકરણમાં પ્રવેશ કરે છે. અપૂર્વકરણ ત્યાં સુધી કહેવાય કે જ્યાં સુધી ચડેલા જીવોમાં પણ અધ્યવસાયનું તારતમ્ય હોય. ત્યાર બાદ જે સમયથી સાથે ચડેલા જીવો સમાન પરિણામવાળા થાય તે સમયથી અનિવૃત્તિકરણની શરૂઆત થાય છે, એમ સમજવું.

આ કરણમાં દરેક સમયે એકીસાથે ચડેલા એક એક જીવોના અધ્યવસાયો સરખા હોય છે. માત્ર પૂર્વ પૂર્વ સમય કરતાં ઉત્તરોત્તર અનંતગુણ વિશુદ્ધ હોય છે. એટલે આ કરણના જેટલા

૧. જેના ઉદય હોય છે તેની ગુણશ્રેણિ ઉદયસમયથી આરંભીને થાય છે, જેનો ઉદય નથી હોતો તેની ગુણશ્રેણિ પ્રદેશોદયાવલિકા છોડી ઉપરના સમયથી થાય છે.

૨. જે સ્થિતિનો ઘાત થાય છે તેમાંથી દલિકો ગ્રહણ કરે છે અને ગુણશ્રેણિના ક્રમે ગોઠવે છે એમ કર્મપ્રકૃતિમાં તથા અહીં અગાડી ગુણશ્રેણિનો અર્થ કર્યો છે, ત્યાં કહેલ છે.

સમયો એટલાં જ વિશુદ્ધિનાં સ્થાનકો છે. અપૂર્વકરણની જેમ અહીં પણ પૂર્વોક્ત સ્થિતિઘાતાદિ પાંચે પદાર્થોનો એકીસાથે આરંભ કરે છે. હવે તે અનિવૃત્તિકરણના સંખ્યાતાભાગ જાય અને એક સંખ્યાતમો ભાગ બાકી રહે ત્યારે અનંતાનુબંધિનું અંતરકરણ કરે છે. અહીં અનંતાનુબંધિનો ઉદય નહિ હોવાથી નીચે એક આવલિકા મૂકીને ઉપરના અંતર્મુહૂર્તપ્રમાણ અંતરકરણનાં દલિકોને બધ્યમાન પરપ્રકૃતિમાં સંક્રમાવે છે. અને અભિનવ સ્થિતિબંધ કે સ્થિતિઘાત કરતાં જેટલો વખત જાય તેટલા જ વખતમાં ખાલી કરે છે. પ્રથમ સ્થિતિના આવલિકાગત દલિકો સ્તિબુકસંક્રમ વડે વેદ્યમાન પરપ્રકૃતિમાં સંક્રમી ખલાસ થાય છે.

જે સમયે અન્તરકરણક્રિયા શરૂ થાય તેના બીજા સમયથી દ્વિતીય સ્થિતિગત અનંતાનુબંધિના દલિકને ઉપશમાવવા માંડે છે. પ્રથમ સમયે થોડા ઉપશમાવે છે, બીજે સમયે અસંખ્યાતગુણ ઉપશમાવે છે, તેનાથી ત્રીજે સમયે અસંખ્યાતગુણ ઉપશમાવે છે. એમ અંતર્મુહૂર્ત્ત કાળમાં સંપૂર્ણપણે ઉપશમાવે છે. ઉપશમાવે એટલે અંતર્મુહૂર્ત્ત પર્યંત ઉદય, સંક્રમણ, ઉદ્વર્ત્તના-અપવર્ત્તના, નિદ્ધત્તિ, નિકાચના અને ઉદીરણાને અયોગ્ય કરે છે. ઉપશમેલા દલિકમાં અંતર્મુહૂર્ત્ત પર્યંત ઉપરોક્ત કોઈ કરણો લાગતાં નથી, તેમ પ્રદેશ કે રસથી ઉદય પણ થતો નથી.

આ પ્રમાણે જે આચાર્ય મહારાજ અનંતાનુબંધિની ઉપશમના માને છે તેમના મતે તેની ઉપશમનાનું સ્વરૂપ કહ્યું.

હવે દર્શનમોહનીયની ક્ષપણાનો વિધિ કહે છે.

दंसणखवणस्सरिहो जिणकालीओ पुमट्ठवासुवरिं ।
अणणासकमा करणाइ करिय गुणसंकमं तहय ॥३६॥

दर्शनक्षपकार्हः जिनकालिकः पुमान् वर्षाष्टकस्योपरि (वर्तमानः)
अनन्तानुबन्धिनाशक्रमेण करणानि कृत्वा गुणसंक्रमं तथा च ॥३६॥

અર્થ—આઠથી અધિક વરસના આયુવાળો જિનકાલિક મનુષ્ય દર્શનમોહનીય ખપાવવાને લાયક છે. તે અનંતાનુબંધિની વિસંયોજનામાં કહેલ ત્રણ કરણના ક્રમે કરણો કરીને તેનો નાશ કરે છે. ગુણસંક્રમ પણ તે જ પ્રમાણે કરે છે—તેવી જ રીતે થાય છે.

ટીકાનુ૰—જે કાળમાં તીર્થંકરો વિચરે છે તે કાળમાં ઉત્પન્ન થયેલો, આઠ વરસ કરતાં અધિક આયુવાળો, પ્રથમ સંઘયણી મનુષ્ય દર્શન મોહનીય-મિથ્યાત્વ મોહનીય, મિશ્રમોહનીય અને સમ્યક્ત્વમોહનીયની ક્ષપણા કરવા માટે લાયક છે, અને તે અનંતાનુબંધિની વિસંયોજનામાં બતાવ્યા પ્રમાણે ત્રણ કરણો તથા ગુણસંક્રમ કરીને ત્રણે દર્શનમોહનીયનો સર્વથા નાશ કરે છે.

એના જ સંબંધમાં વિશેષ વિચાર કરે છે—દર્શનમોહનીયનો નાશ કરવા માટે પ્રયત્ન કરતો આત્મા યથાપ્રવૃત્તકરણ, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ એમ ત્રણ કરણ કરે છે. આ ત્રણે કરણોનું સ્વરૂપ પહેલાં કહ્યું છે તે પ્રમાણે સમજવાનું છે. એટલે આ કરણોમાં પૂર્વે સ્થિતિઘાતાદિ જે કંઈ કરવાનું કહ્યું છે તે પ્રમાણે અહીં પણ યથાયોગ્ય રીતે કરે છે. પ્રથમ ગુણઠાણે અલ્પવિશુદ્ધિ હતી તેથી વધારે કાળમાં થોડું કાર્ય થતું હતું, દર્શનમોહનીયની ક્ષપણા ચોથાથી સાતમા સુધીમાં

થાય છે તેની વિશુદ્ધિ અનંતગુણ વધારે હોવાથી થોડા કાળમાં સ્થિતિઘાતાદિ વધારે પ્રમાણમાં કરે છે. વિશેષમાં અહીં અપૂર્વકરણના પ્રથમ સમયથી આરંભી ઉદ્વલના-સંક્રમ યુક્ત ગુણસંક્રમ પ્રવર્ત્તે છે. ગુણસંક્રમ વડે મિથ્યાત્વ તથા મિશ્રમોહનીયનું દલિક સમ્યક્ત્વ મોહનીયમાં નાંખે છે, એટલે તે બંનેનાં દલિકોને સમ્યક્ત્વ મોહનીયરૂપે કરી નાખે છે. સંક્રમણકરણમાં જેનું સ્વરૂપ કહ્યું છે તે ઉદ્વલના સંક્રમ દ્વારા સ્થિતિના ખંડો કરી સ્વ અને પરમાં નાખી નાશ કરે છે. તેની અંદર પ્રથમ સ્થિતિખંડ મોટો અને ત્યારપછી ઉત્તરોત્તર નાના નાના સ્થિતિખંડો કરે છે. આ પ્રમાણે અપૂર્વકરણના ચરમ સમય પર્યંત થાય છે. ૩૬

તે જ હકીકત છે.

अप्पुव्वकरणसमगं गुणउव्वलणं करेइ दोण्हंपि ।
तक्करणाइं जं तं ठिइसंतं संखभागन्ते ॥३७॥

अपूर्वकरणसमकं गुणोद्वलने करोति द्वयोरपि ।
तत्करणादौ यत् तत् स्थितिसत्कर्म संख्येयभागमन्ते ॥३७॥

અર્થ—અપૂર્વકરણની સાથે જ બંનેમાં—મિશ્ર અને મિથ્યાત્વમોહનીયમાં ગુણસંક્રમ અને ઉદ્વલના સંક્રમ કરે છે—પ્રવર્ત્તાવે છે. અને તેથી કરીને અપૂર્વકરણની આદિમાં જે સ્થિતિની સત્તા હતી તેનાં કરતાં અંતે સંખ્યાતમો ભાગ રહે છે.

ટીકાનુ૰—અપૂર્વકરણના પ્રથમ સમયથી આરંભીને અનુદિત મિશ્ર તથા મિથ્યાત્વ-મોહનીયમાં ઉદ્વલનાસંક્રમ અને ગુણસંક્રમ પ્રવર્ત્તે છે. સમ્યક્ત્વ મોહનીયમાં તો ફક્ત ઉદ્વલના સંક્રમ જ પ્રવર્ત્તે છે, કારણ કે દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયનું પરસ્પર સંક્રમણ થતું નથી. તેના દલિકોને તો નીચે ઉતારી ઉદયસમયથી આરંભી ગુણશ્રેણિના ક્રમે ગોઠવે છે.

આ પ્રમાણે ઉદ્વલનાનુવિદ્ધ ગુણસંક્રમ વડે મિથ્યાત્વ અને મિશ્રની સ્થિતિ ઓછી થવાથી અપૂર્વકરણના પ્રથમ સમયે જેટલી તે બંનેની સ્થિતિસત્તા હતી, તેના સંખ્યાતમા ભાગ જેટલી જ ચરમ સમયે રહે છે. ૩૭

एवं ठिइबंधो वि हु पविसइ अणियट्टिकरणसमयंमि ।
अप्पुव्वं गुणसेढिं ठितिरसखंडाणि बंधं च ॥३८॥

एवं स्थितिबन्धोऽपि हु प्रविशति अनिवृत्तिकरणसमये ।
अपूर्वां गुणश्रेणिं स्थितिरसखण्डानि बन्धं च ॥३८॥

અર્થ—આ પ્રમાણે અપૂર્વ સ્થિતિબંધ પણ થાય છે. ત્યારબાદ અનિવૃત્તિકરણમાં પ્રવેશે છે. ત્યાં અપૂર્વ ગુણશ્રેણિ, સ્થિતિઘાત, રસઘાત અને બંધ કરે છે.

ટીકાનુ૰—આ જ પ્રમાણે સ્થિતિબંધ માટે પણ સમજવું. એટલે કે અપૂર્વકરણના પ્રથમસમયથી ચરમ સમયે જેમ સંખ્યાત ગુણ હીન સ્થિતિની સત્તા રહે છે, તેમ સ્થિતિબંધ પણ અપૂર્વકરણના પ્રથમ સમયથી ચરમ સમયે સંખ્યાત ગુણહીન-સંખ્યાતમા ભાગ પ્રમાણ રહે છે.

(જો કે દર્શનમોહનીય ત્રણમાંથી એકેનો બંધ થતો નથી, પણ જે કર્મો બંધાય છે તેનો સ્થિતિબંધ ઉપર કહ્યા પ્રમાણે થાય છે.)

અપૂર્વકરણ પૂર્ણ થયા બાદ અનિવૃત્તિકરણમાં પ્રવેશ કરે છે. પ્રવેશના પ્રથમ સમયથી જ આરંભી અપૂર્વ ગુણશ્રેણિ, અપૂર્વ સ્થિતિ અને રસનો ઘાત તથા અપૂર્વ સ્થિતિબંધ કરે છે. અપૂર્વકરણ કરતાં આ કરણમાં અનંતગુણ વિશુદ્ધ પરિણામ હોવાથી અને આ કરણમાં ત્રણે દર્શનમોહનીયનો સર્વથા નાશ થવાનો છે માટે અપૂર્વ સ્થિતિઘાતાદિ કરે છે એમ કહ્યું છે. ૩૮

ઉપર કહી તે જ હકીકત આ ગાથામાં કહે છે—

देसुवसमणनिकायणनिहत्तिरहियं च होइ दिट्ठितिगं ।
कमसो असण्णिचउरिंदियाइतुल्लं च ठितिसंतं ॥३९॥

देशोपशमनानिकाचनानिद्धत्तिरहितं च भवति दृष्टित्रिकम् ।
क्रमशः असंज्ञिचतुरिन्द्रियादितुल्यं च स्थितिसत्कर्म ॥३९॥

અર્થ—અનિવૃત્તિકરણમાં દેશોપશમના, નિકાચના, નિદ્ધત્તિ રહિત દષ્ટિત્રિક થાય છે. તથા વચમાં હજારો સ્થિતિઘાત થયા બાદ અનુક્રમે અસંજ્ઞીપંચેન્દ્રિય અને ચતુરિન્દ્રિયાદિ તુલ્ય સ્થિતિની સત્તા થાય છે.

ટીકાનુ૰—અનિવૃત્તિકરણના પ્રથમ સમયથી આરંભી દર્શનમોહનીયની ત્રણે પ્રકૃતિઓમાં દેશોપશમના, નિકાચના અને નિદ્ધત્તિ એ ત્રણ કરણમાંથી એક પણ કરણ પ્રવર્ત્તતું નથી.

ત્રણે દર્શનમોહનીયની સ્થિતિસત્તા સ્થિતિઘાતાદિથી ઓછી થતાં થતાં હજારો સ્થિતિઘાત થયા બાદ અસંજ્ઞી પંચેન્દ્રિયની સ્થિતિસત્તા સમાન સત્તા થાય છે. ત્યારબાદ વળી હજારો સ્થિતિઘાત થયા બાદ ચઉરિન્દ્રિયની સ્થિતિસત્તા સમાન સત્તા થાય છે. ત્યારપછી પણ તેટલા જ સ્થિતિઘાતો થયા બાદ ત્રીન્દ્રિયની સ્થિતિસત્તા સમાન સત્તા થાય છે. ત્યારપછી પણ હજારો સ્થિતિઘાતો થયા બાદ બેઇન્દ્રિયની સ્થિતિસત્તા સરખી સ્થિતિની સત્તા થાય છે. ત્યારપછી તેટલા જ—હજારો સ્થિતિઘાતો થાય ત્યારે એકેન્દ્રિયની સ્થિતિસત્તા જેટલી સત્તા થાય છે. ત્યારપછી પણ હજારો સ્થિતિઘાત થયા પછી પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિની સત્તા બાકી રહે છે. ૩૯

ઉપર કહી તે જ હકીકત આ ગાથામાં કહે છે—

ठितिखंडसहस्साइं एक्केक्के अंतरंमि गच्छंति ।
पलिओवमसंखंसे दंसणसंते तओ जाए ॥४०॥

स्थितिखण्डसहस्राणि एकैकस्मिन्नन्तरे गच्छन्ति ।
पल्योपमसंख्येयांशे दर्शनसत्कर्मणि ततः जाते ॥४०॥

અર્થ—અનુક્રમે અસંજ્ઞી અને ચઉરિન્દ્રિયાદિ તુલ્ય સ્થિતિની સત્તા થાય છે. એકેકા આંતરામાં હજારો સ્થિતિઘાતો થાય છે. ત્યારપછી પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિની

સત્તા બાકી રહે છે, અને તે વખતે જે થાય છે તે કહે છે.

ટીકાનુ૦—અનિવૃત્તિકરણના પ્રથમ સમયથી આરંભી આંતરે આંતરે હજારો સ્થિતિઘાત થયા બાદ અનુક્રમે અસંજ્ઞીપંચેન્દ્રિય અને ચઉરિન્દ્રિયાદિ તુલ્ય સ્થિતિની સત્તા થાય છે. આ હકીકત પૂર્વની ગાથામાં કહેવાઈ ગઈ છે. આવી રીતે સ્થિતિ ઘટતાં ઘટતાં ત્રણે દર્શનમોહનીયની પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિસત્તા જ્યારે રહે ત્યારે જે થાય છે તે હવે કહે છે. ૪૦

संखेज्जा संखिज्जा भागा खंडइ सहससो तेवि ।
तो मिच्छस्स असंखा संखेज्जा सम्ममीसाणं ॥४१॥

संख्येयान् संख्येयान् भागान् खण्डयति सहस्रशः तेऽपि ।
ततः मिथ्यात्वस्यासंख्येयान् संख्येयान् सम्यक्त्वमिश्रयोः ॥४१॥

અર્થ—ત્રણે દર્શનમોહનીયની પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિસત્તા થયા બાદ સંખ્યાતા સંખ્યાતા ભાગ ખંડે છે. તેવા પણ હજારો સ્થિતિઘાત જાય. ત્યારપછી મિથ્યાત્વના અસંખ્યાતા અને સમ્યક્ત્વ અને મિશ્રમોહનીયના સંખ્યાતા સંખ્યાતા ભાગ પ્રમાણ સ્થિતિઘાત કરે છે.

ટીકાનુ૦—ત્રણે મોહનીયની પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિની સત્તા જ્યારે થાય ત્યારે તે સત્તાગત પલ્યોપમના સંખ્યાતમાભાગ પ્રમાણ સ્થિતિના સંખ્યાતા ભાગ કરી એક ભાગ રાખી બાકીના બધા ભાગોનો નાશ કરે. વળી જેટલી સ્થિતિ સત્તામાં છે તેના સંખ્યાતા ભાગ કરી એક ભાગ રાખી બધાનો નાશ કરે. વળી જેટલી સ્થિતિ અવશિષ્ટ છે તેના સંખ્યાતા ભાગ કરી એક ભાગ રાખી શેષ સઘળા ભાગોનો નાશ કરે છે. આ પ્રમાણે હજારો સ્થિતિઘાત થઈ જાય છે.

જ્યારથી પલ્યોપમના સંખ્યાતમા ભાગ જેટલી સત્તા થઈ ત્યારથી અત્યાર સુધી ત્રણે દર્શનમોહનીયના સત્તાગત સ્થિતિના સંખ્યાતા-સંખ્યાતા ભાગ કરી એક-એક ભાગ રાખી અવશિષ્ટ સ્થિતિનો નાશ કરતો હતો, હવે પછી મિથ્યાત્વમોહનીયની સત્તામાં જે સ્થિતિ છે તેના અસંખ્યાતા ભાગ કરી એક રાખી શેષ બધી સ્થિતિનો નાશ કરે છે અને મિશ્ર તથા સમ્યક્ત્વમોહનીયના તો સંખ્યાતા-સંખ્યાતા ભાગ કરી એક રાખી બાકીના બધા ભાગોનો જ નાશ કરે છે. ૪૧

तत्तो बहुखंडंते खंडइ उदयावलीरहियमिच्छं ।
तत्तो असंखभागा सम्मामीसाण खंडेइ ॥४२॥

बहुखंडंते मीसं उदयावलिबाहिरं खिवइ सम्मे ।
अडवाससंतकम्मो दंसणमोहस्स सो खवगो ॥४३॥

ततो बहुखण्डान्ते खण्डयति उदयावलिकारहितं मिथ्यात्वम् ।
ततोऽसंख्यभागान् सम्यक्त्वमिश्रयोः खण्डयति ॥४२॥

बहुखण्डान्ते मिश्रं उदयावलिकाबाहिरं क्षिपति सम्यक्त्वे ।
अष्टवर्षसत्कर्मा दर्शनमोहस्य स क्षपकः ॥४३॥

અર્થ—ત્યારપછી ઘણા ખંડોને અંતે ઉદયાવલિકા છોડીને મિથ્યાત્વમોહનીયનો નાશ કરે છે. ત્યારપછી મિશ્ર અને સમ્યક્ત્વમોહનીયના અસંખ્યાતા ભાગોને ખંડે છે. ત્યારબાદ ઘણા ખંડોને અંતે ઉદયાવલિકા ઉપરનું મિશ્રનું દળ સમ્યક્ત્વમાં નાખે છે. તે કાળે સમ્યક્ત્વમોહનીયની આઠ વરસની સત્તાવાળો દર્શનમોહનીયનો ક્ષપક કહેવાય છે.

ટીકાનુ૦—આ રીતે મિથ્યાત્વમોહનીયની સત્તાગત સ્થિતિના અસંખ્યાતા ભાગ કરી એક રાખે—બાકી બધાનો નાશ કરે, વળી જે સ્થિતિ સત્તામાં છે તેના અસંખ્યાતા ભાગ કરી એક ભાગ રાખી બાકીના બધાનો નાશ કરે. આ ક્રમે મિથ્યાત્વમોહનીયના સ્થિતિઘાત કરતાં ઘણા સ્થિતિઘાત થયા બાદ ઉદયાવલિકા છોડીને શેષ સઘળી મિથ્યાત્વની સ્થિતિનો નાશ કરે છે. તે વખતે મિશ્ર તથા સમ્યક્ત્વમોહનીયની પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલી સ્થિતિસત્તા રહે છે.

જે જે સ્થિતિનો ઘાત[1] થાય છે તેનાં દલિકોનો પ્રક્ષેપ વિધિ કહે છે—

જે જે સ્થિતિઓનો ઘાત થાય છે, તેમાંનાં મિથ્યાત્વનાં દલિકોને મિશ્ર તથા સમ્યક્ત્વમોહનીય એ બંનેમાં નાખે છે. મિશ્રમોહનીયના સમ્યક્ત્વમોહનીયમાં નાંખે છે, અને સમ્યક્ત્વમોહનીયના નીચે ઉદય સમયથી આરંભી ગુણશ્રેણિના ક્રમે ગોઠવે છે. મિથ્યાત્વમોહનીયની જે ઉદયાવલિકા બાકી રહી છે—તેને સ્તિબુકસંક્રમ વડે સમ્યક્ત્વમોહનીયમાં નાખે છે.

મિથ્યાત્વમોહનીયની જયારથી ઉદયાવલિકા બાકી રહી ત્યારથી મિશ્ર તથા સમ્યક્ત્વમોહનીયની સત્તાગત સ્થિતિના અસંખ્યાતા ભાગ કરે છે. એક ભાગ રાખી શેષ સઘળા ભાગોનો નાશ કરે છે. વળી જે સત્તામાં છે તેના અસંખ્યાતા ભાગ કરી એક રાખી બાકી બધાનો નાશ કરે છે. આવી રીતે કેટલાક સ્થિતિઘાતો ગયા બાદ મિશ્રમોહનીયની એક ઉદયાવલિકા પ્રમાણ સ્થિતિસત્તા રહે છે. તે વખતે સમ્યક્ત્વમોહનીયની આઠ વરસ પ્રમાણ સ્થિતિસત્તા રહે છે. આ પ્રમાણે ઉદયાવલિકા ઉપરનું મિશ્રમોહનીયનું સઘળું દળ નાશ પામે છે, અને ઉદયાવલિકા સમ્યક્ત્વમાં સ્તિબુકસંક્રમ વડે સંક્રમી દૂર થાય છે.

સમ્યક્ત્વમોહનીયની આઠ વરસ પ્રમાણ સ્થિતિસત્તાવાળો આત્મા તે વખતે તેનાં સઘળાં વિઘ્નો નષ્ટ થવાથી નિશ્ચયનયના મતે દર્શનમોહનીયનો ક્ષપક કહેવાય છે. વિઘ્નરૂપ સર્વઘાતી મિથ્યાત્વ અને મિશ્રમોહનીયનો તો સર્વઘાત કર્યો અને સમ્યક્ત્વમોહનીયનો અંતર્મુહૂર્ત્તમાં અવશ્ય ઘાત કરશે, તેથી તે નિશ્ચયનયના મતે દર્શનક્ષપક કહેવાય છે. ૪૨-૪૩.

૧. ત્રણે દર્શનમોહનીયમાં સ્થિતિઘાત થાય છે પરંતુ તેનું પ્રમાણ ઓછું વધતું હોય છે. કેમ કે જેનો પહેલાં ઘાત થવાનો હોય તેના સ્થિતિઘાતનું પ્રમાણ મોટું હોય, અન્યમાં કંઈક નાનું હોય.

. अंतमुहुत्तियखंडं तत्तो उक्किरइ उदयसमयाओ ।
निक्खिवइ असंखगुणं जा गुणसेढी परिहीणं ॥४४॥

आन्तर्मौहूर्त्तिकं खण्डं तत उत्किरति उदयसमयात् ।
निक्षिपति असंख्येयगुणं यावद् गुणश्रेणिं परिहीनम् ॥४४॥

અર્થ—સમ્યક્ત્વમોહની સત્તા આઠ વરસની રહ્યા બાદ તેના અંતર્મુહૂર્ત્ત પ્રમાણ સ્થિતિખંડ કરે છે. તેનાં દલિકોને ઉદય સમયથી આરંભી અસંખ્યાત ગુણાકારે ગુણશ્રેણિના શિર પર્યંત ગોઠવે છે, પછી ઓછા ઓછા ગોઠવે છે.

ટીકાનુ૰—જ્યારથી સમ્યક્ત્વમોહનીયની આઠ વરસ પ્રમાણ સ્થિતિસત્તા રહી ત્યારથી તેના અંતર્મુહૂર્ત્ત પ્રમાણ સ્થિતિખંડો કરી તેનો ઘાત કરે છે. તેનાં દલિકોને ઉદય સમયથી આરંભી ગોઠવે છે. ઉદય સમયમાં થોડું ગોઠવે છે, દ્વિતીય સમયમાં અસંખ્યાત ગુણ ગોઠવે છે, પછીના સમયમાં અસંખ્યાતગુણ ગોઠવે છે, એમ પૂર્વ પૂર્વ સ્થાન કરતાં ઉત્તર-ઉત્તર સ્થાનમાં અસંખ્યાત-અસંખ્યાતગુણ ગુણશ્રેણિના શિર પર્યંત-ગુણશ્રેણિ જેટલા સ્થિતિસ્થાનમાં થાય છે—તેના છેવટના સમય પર્યંત ગોઠવે છે. ત્યારપછીના સમયોમાં—સ્થિતિસ્થાનોમાં ઓછું ઓછું યાવત્ ચરમસ્થિતિ પર્યંત ગોઠવે[1] છે. માત્ર જેનો સ્થિતિઘાત થાય છે ત્યાં ગોઠવતો નથી. ૪૪

उक्किरइ असंखगुणं जाव दुचरिमंति अंतिमे खंडे ।
संखेज्जंसो खंडइ गुणसेढीए तहा देइ ॥४५॥

उत्किरति असंख्यगुणं यावद् द्विचरिममन्तिमे खण्डे ।
संख्येयांशं खण्डयति गुणश्रेण्याः तथा ददाति ॥४५॥

અર્થ—પ્રથમ સ્થિતિખંડ કરતાં ઉત્તરોત્તર સ્થિતિખંડો અસંખ્યાત-અસંખ્યાતગુણ મોટા મોટા લેતો દ્વિચરમ સ્થિતિખંડ પર્યંત ઉકેરે છે. દ્વિચરમખંડથી ચરમખંડ સંખ્યાત ગુણ મોટો છે. છેલ્લો સ્થિતિખંડ ખંડતા ગુણશ્રેણિના સંખ્યાતમા ભાગને ખંડે છે અને ગુણશ્રેણિમાં નાખે છે.

ટીકાનુ૰—સમ્યક્ત્વમોહનીયની આઠ વરસની સત્તા જ્યારથી રહે છે ત્યારથી સ્થિતિઘાત અંતર્મુહૂર્ત્ત અંતર્મુહૂર્ત્ત પ્રમાણ થાય છે. માત્ર ઉત્તરોત્તર અંતર્મુહૂર્ત્તો અસંખ્યાતગુણ મોટા મોટા લેવાના છે. તેનાં દલિકોને પૂર્વોક્ત ક્રમે ઉદયસમયથી આરંભી ગોઠવે છે. આ પ્રમાણે પૂર્વ પૂર્વ ખંડ કરતાં ઉત્તરોત્તર અસંખ્યાતગુણ મોટા મોટા સ્થિતિખંડને ઉકેરતો દ્વિચરમસ્થિતિખંડ પર્યંત ઉકેરે છે.

---

૧. અહીં દર્શનમોહનીયના ક્ષયના અધિકારમાં એકલી જ ગુણશ્રેણિ જ્યારે થતી હોય છે ત્યારે દલિકોની રચના ગુણશ્રેણિના શિર સુધી જ થાય છે. અને ઉદ્વલના તથા ગુણશ્રેણિ બંને જ્યાં લાગુ પડેલ હોય છે ત્યાં ગુણશ્રેણિના શિર સુધી પૂર્વ પૂર્વ સ્થાન કરતાં ઉત્તર-ઉત્તર સ્થાનમાં અસંખ્યાત અસંખ્યાત ગુણ દલિક ગોઠવે છે અને ત્યારપછીનાં સ્થાનોમાં જેનો સ્થિતિઘાત થાય છે તે છોડીને બાકીનામાં થોડાં થોડાં ગોઠવાય છે, જેનો સ્થિતિઘાત થાય છે ત્યાં બિલકુલ ગોઠવાતાં નથી, આ ક્રમ છે.

દ્વિચરમ સ્થિતિખંડ સ્થિતિઘાતથી છેલ્લો સ્થિતિખંડ-સ્થિતિઘાત સંખ્યાતગુણ મોટો છે. છેલ્લો સ્થિતિખંડ ખંડતાં તેની સાથે ગુણશ્રેણિના સંખ્યાતમા ભાગને પણ ખંડે છે. અને ખંડાતા તે ગુણશ્રેણિના સંખ્યાતમા ભાગ ઉપરની તેના કરતાં સંખ્યાતગુણી મોટી તે જ ચરમસ્થિતિખંડની સ્થિતિને ઉકેરે છે, એટલે કે અંતર્મુહૂર્ત્ત પ્રમાણ ચરમખંડ સાથે ગુણશ્રેણિનો જેટલો ભાગ ઉકેરાય છે તે ભાગથી તેની પછી ઉકેરાતો ચરમસ્થિતિખંડ સંખ્યાતગુણ મોટો છે.

તાત્પર્ય એ કે ગુણશ્રેણિના સંખ્યાતમા ભાગ સાથે આખા ચરમખંડને ઉકેરે છે. અને તે ચરમખંડ ગુણશ્રેણિના સંખ્યાતમા ભાગથી સંખ્યાતગુણ મોટો છે.

હવે તેનાં દલિકોને ઉદયસમયથી આરંભી ગોઠવે છે. ઉદયસમયમાં થોડું ગોઠવે છે, ત્યારપછીના ઉત્તરોત્તર સ્થાનમાં ગુણશ્રેણિના શિરપર્યંત અસંખ્યાત-અસંખ્યાત ગુણ ગોઠવે છે. અહીં ચરમખંડ ઉવેલતા ગુણશ્રેણિના શિર ઉપરનાં સ્થાનોમાં દલિક બિલકુલ ગોઠવતો નથી, કારણ કે તે જ દલિક ઉત્કીર્યમાણ છે. આ પ્રમાણે છેલ્લા ખંડનું દલિક ખલાસ થાય ત્યારે તે ક્ષપક કૃતકરણ[1] કહેવાય છે. ૪૫

कयकरणो तक्काले कालंपि करेइ चउसु वि गइसु ।
वेइयसेसो सेढी अण्णयरं वा समारुहइ ॥४६॥

कृतकरणः तत्काले कालमपि करोति चतुर्ष्वपि गतिषु ।
वेदितशेषः श्रेणिमन्यतरां वा समारोहति ॥४६॥

અર્થ—કૃતકરણ છતો-અનિવૃત્તિકરણ પૂર્ણ કરીને તે વખતે કોઈ જીવ કાળ પણ કરે છે, અને કાળ કરીને ચારે ગતિમાં જાય છે. કાળ ન કરે તો સમ્યક્ત્વમોહનીયનો બાકીનો ભાગ અનુભવી બેમાંથી કોઈપણ શ્રેણિ ઉપર આરોપણ કરે છે.

ટીકાનુ૦—કૃતકરણ છતો એટલે કે અનિવૃત્તિકરણ પૂર્ણ કરીને કોઈક જીવ કાળ પણ કરે છે અને કાળ કરીને ચારમાંથી કોઈપણ ગતિમાં[2] ઉત્પન્ન થઈ શકે છે. અને સમ્યક્ત્વમોહનીયનો શેષ ભાગ ભોગવી ક્ષાયિક સમ્યક્ત્વ ઉપાર્જન કરે છે. માટે જ કહ્યું છે કે, ક્ષાયિકસમ્યક્ત્વનો પ્રસ્થાપક-પ્રારંભક-ઉત્પન્ન કરવાની શરૂઆત કરનાર મનુષ્ય જ છે અને નિષ્ઠાપક-પૂર્ણ કરનાર ચારે ગતિના જીવો છે. કારણ કે સમ્યક્ત્વમોહનીયના છેલ્લા ખંડનો નાશ થાય એટલે કરણ પૂર્ણ થાય. પરંતુ છેલ્લા ખંડનું જે દલિક ઉદયસમયથી આરંભી ગુણશ્રેણિના શિર પર્યંત ગોઠવાયું છે તે ભોગવવાનું બાકી રહે છે. અહીં આયુ પૂર્ણ થયું હોય તો મરીને પરિણામાનુસાર ગમે તે

---

૧. कृतकरण-कृतानि करणानि येन-અર્થાત્ જેણે કરણો પૂર્ણ કર્યાં છે તે. કારણ કે અહીં ત્રીજું અનિવૃત્તિકરણ પૂર્ણ થાય છે.

૨. ક્ષાયિકસમ્યક્ત્વી ત્રણ નરક, વૈમાનિક દેવ, અસંખ્યાત વર્ષના આયુવાળા તિર્યંચ કે મનુષ્ય એમ ચારમાંથી કોઈપણ ગતિમાં પરિણામાનુસાર ઉત્પન્ન થઈ શકે છે. જેણે સંખ્યાત વરસના આયુવાળા મનુષ્ય-તિર્યંચનું, ભવપતિ, વ્યંતર, જ્યોતિષ દેવનું કે ત્રણ નરક સિવાય નારકીનું આઉખુ બાંધ્યું-હોય તે ક્ષાયિક સમ્યક્ત્વ ઉત્પન્ન કરી શકતો નથી.

ગતિમાં ઉત્પન્ન થાય છે, અને સમ્યક્ત્વમોહનીયનો બાકીનો ભાગ ભોગવી ક્ષાયિકસમ્યક્ત્વ ઉત્પન્ન કરે છે એટલે ઠીક જ કહ્યું છે કે નિષ્ઠાપક ચારે ગતિના જીવો હોઈ શકે છે. જો તે વખતે કાળ ન કરે તો મનુષ્યગતિમાં જ સમ્યક્ત્વમોહનીયનો શેષભાગ અનુભવી ક્ષાયિકસમ્યક્ત્વ ઉત્પન્ન કરીને ક્ષપક કે ઉપશમશ્રેણિમાંથી કોઈપણ શ્રેણિ પર આરોહણ કરે છે—ચઢે છે. તેમાં પરભવનું વૈમાનિક દેવનું જ આયુ બાંધ્યું હોય અને પછી ક્ષાયિકસમ્યક્ત્વ ઉત્પન્ન કર્યું હોય તો જ ઉપશમશ્રેણિ પર ચઢી શકે છે.

ચાર ગતિમાંથી કોઈપણ ગતિનું આયુ નહિ બાંધનાર અબદ્ધાયુ ક્ષાયિક સમ્યક્ત્વી આત્મા અંતર્મુહૂર્તમાં જ ક્ષપકશ્રેણિ પર ચડે છે—ક્ષાયિકસમ્યક્ત્વ પ્રાપ્ત કરી અંતર્મુહૂર્ત કાળમાં જ ચારિત્રમોહનીયની ક્ષપણાનો આરંભ કરે છે. વૈમાનિકદેવ સિવાય કોઈ આયુ બંધાયું હોય તો એક પણ શ્રેણિ પર ચડી શકતો નથી. ૪૬

ક્ષાયિક સમ્યક્ત્વી કેટલામે ભવે મોક્ષમાં જાય એ પ્રશ્નનો ઉત્તર આપે છે—

तइय चउत्थे तम्मि व भवंमि सिज्झंति दंसणे खीणे ।
जं देवनरयऽसंखाउचरमदेहेसु ते होंति ॥४७॥

तृतीये चतुर्थे तस्मिन्वा भवे सिध्यन्ति दर्शने क्षीणे ।
यत् देवनारकासंख्यायुश्चरमदेहेषु ते भवन्ति ॥४७॥

અર્થ—દર્શનસપ્તક ક્ષય કર્યા બાદ ત્રીજા, ચોથા કે તે જ ભવમાં મોક્ષમાં જાય છે. કારણ કે દેવ-નારકી, અસંખ્યાતવરસના આયુવાળા કે ચરમ દેહમાં તેઓ હોય છે.

ટીકાનુ૦—દર્શન સપ્તકનો ક્ષય થયા બાદ ત્રીજા, ચોથા કે તે જ ભવમાં જીવો મોક્ષમાં જાય છે. કારણ કે ક્ષાયિકસમ્યક્ત્વી દેવ, નારકી કે અસંખ્ય વરસના આયુવાળા મનુષ્ય-તિર્યંચમાં ઉત્પન્ન થાય છે, અથવા ચરમશરીરી હોય છે. તેથી જ ત્રીજા, ચોથા કે તે જ ભવમાં મોક્ષમાં જાય છે એમ કહ્યું છે. એનો જ વિશેષ વિચાર આ પ્રમાણે છે—

દેવતા કે નારકીનું આયુ બાંધ્યા બાદ ક્ષાયિક સમ્યક્ત્વ ઉત્પન્ન કરે તો દેવ કે નારકીમાં જઈ મનુષ્ય થઈ મોક્ષે જાય છે. તેને જે ભવમાં ક્ષાયિક ઉત્પન્ન કર્યું તે મનુષ્યનો ભવ, પછી દેવ અથવા નરકનો ભવ, પછી મનુષ્યનો ભવ એમ ત્રણ ભવ થાય છે.

અસંખ્યાત વરસના આયુવાળા મનુષ્ય-તિર્યંચનું આયુ બાંધ્યા પછી—ક્ષાયિકસમ્યક્ત્વ ઉત્પન્ન કર્યું હોય તો યુગલિકમાં જઈ ત્યાંથી દેવમાં, ત્યાંથી મનુષ્યમાં આવી મોક્ષમાં જાય છે તેને ચાર ભવ થાય છે. પહેલો મનુષ્યનો, પછી યુગલિયાનો, પછી દેવનો, અને છેલ્લો મનુષ્યનો.

કોઈક કૃષ્ણ અને દુપ્પસહસૂરિ જેવા ક્ષાયિકસમ્યક્ત્વીને પાંચ ભવ પણ થાય છે. તેઓ દેવ કે નારકીનું આયુ બાંધ્યા બાદ ક્ષાયિકસમ્યક્ત્વ ઉત્પન્ન કરે છે, એટલે મનુષ્યમાંથી દેવ કે નરક ગતિમાં જાય છે, ત્યાંથી એવા કાળમાં અને એવા સંયોગ વચ્ચે મનુષ્યપણે ઉત્પન્ન થાય છે કે તે જ ભવમાં મોક્ષમાં ન જઈ શકે, તેથી દેવાયુ બાંધી દેવગતિમાં જાય છે, ત્યાંથી મનુષ્ય થઈ મોક્ષમાં જાય છે. આ રીતે પાંચ ભવ પણ થાય છે. ૧. મનુષ્યનો, ૨. દેવ કે નારકીનો,

૩. મનુષ્યનો, ૪. દેવનો, ૫. મનુષ્યનો.

જેણે પરભવનું આયુ બાંધ્યું જ નથી અને ક્ષાયિકસમ્યક્ત્વ ઉત્પન્ન કરે છે, તે ચરમશરીરી કહેવાય છે. તેઓ તો ક્ષાયિકસમ્યક્ત્વ ઉત્પન્ન થયા બાદ તરત જ ચારિત્રમોહનીયની ક્ષપણાનો આરંભ કરે છે, અને તે જ ભવમાં મોક્ષમાં જાય છે. આ રીતે દર્શન મોહનીયની ક્ષપણાનું સ્વરૂપ કહ્યું. ૪૭

હવે ચારિત્રમોહનીયની ઉપશમનાનું સ્વરૂપ કહે છે—તે ચારિત્ર મોહનીયની ઉપશમનાનો અધિકારી વૈમાનિક દેવ વિષયક જેણે આયુ બાંધ્યું હોય તેવો ક્ષાયિકસમ્યક્ત્વી અથવા વૈમાનિક વિષયક આયુ બાંધ્યું હોય કે ન બાંધ્યું હોય એવો વેદકસમ્યક્ત્વી છે. જે વેદક સમ્યક્ત્વ છતાં ઉપશમશ્રેણિ માંડે છે—ચારિત્રમોહનીયની ઉપશમના માટે પ્રયત્ન કરે છે, તે પ્રથમ કેટલાક આચાર્યોના મતે અનંતાનુબંધિની વિસંયોજના કરીને કેટલાક આચાર્યોના મતે અનંતાનુબંધિને ઉપશમાવીને દર્શનમોહનીયત્રિક ઉપશમાવે છે. ત્યારપછી ચારિત્રમોહનીયની ઉપશમના માટે પ્રયત્ન કરે છે. અનંતાનુબંધિની વિસંયોજના તથા ઉપશમના કેવી રીતે કરે છે તે પહેલાં કહેવાઈ ગયું છે. હવે દર્શનત્રિકની ઉપશમનાનો વિધિ કહે છે—

अहवा दंसणमोहं पढमं उवसामइत्तु सामण्णे ।
ठिच्चा अणुदइयाणं पढमठिई आवली नियमा ॥४८॥
पढमुवसमं व सेसं अंतमुहुत्ताउ तस्स विज्झाओ ।
संकेसविसोहिओ पमत्तइयरत्तणं बहुसो ॥४९॥

अथवा दर्शनमोहं प्रथममुपशमय्य श्रामण्ये ।
स्थित्वा अनुदितयोः प्रथमस्थितिरावलिका नियमात् ॥४८॥
प्रथमोपशमवच्छेषं अन्तर्मुहूर्त्तात् तस्य विध्यातः ।
संक्लेशविशुद्धितः प्रमत्तेतरत्वं बहुशः ॥४९॥

અર્થ—અથવા પ્રથમ શ્રમણપણામાં રહીને દર્શનમોહનીય ઉપશમાવીને ચારિત્રમોહનીયની ઉપશમના કરે છે. અનુદિત મિથ્યાત્વ અને મિશ્રમોહનીયની પ્રથમ સ્થિતિ આવલિકામાત્ર હોય છે. શેષ હકીકત પ્રથમોપશમવત્ જાણવી. અંતર્મુહૂર્ત ગયા બાદ દર્શનદ્વિકનો વિધ્યાતસંક્રમ પ્રવર્ત્તે છે. સંક્લેશ અને વિશુદ્ધિના વશથી પ્રમત્ત અને અપ્રમત્તપણામાં બહુ વાર ફરે છે.

ટીકાનુ૦—વૈમાનિક દેવનું જેણે આયુ બાંધ્યું છે એવો કોઈ આત્મા પ્રથમ અનંતાનુબંધિ ખપાવ્યા બાદ દર્શનમોહનીય ખપાવી ક્ષાયિકસમ્યક્ત્વ પામી ચારિત્રમોહનીયની ઉપશમનાનો પ્રયત્ન કરે છે. અથવા પ્રથમ અનંતાનુબંધિ ખપાવ્યા કે ઉપશમાવ્યા બાદ દર્શનત્રિક ઉપશમાવીને પણ કોઈ ચારિત્રમોહનીયની ઉપશમનાનો પ્રયત્ન કરે છે. તે દર્શનત્રિકની ઉપશમના શ્રમણપણામાં જ કરે છે. દર્શનત્રિકની ઉપશમના કરતાં યથાપ્રવૃત્ત, અપૂર્વ અને અનિવૃત્તિ એ ત્રણે કરણો થાય છે, તેનું સ્વરૂપ પૂર્વે મિથ્યાત્વની કે અનંતાનુબંધિની ઉપશમના કરતાં જેમ કહ્યું

છે, તેમ અહીં પણ સમજી લેવાનું છે. માત્ર અંતરકરણ કરતાં અનુદિત મિથ્યાત્વ તથા મિશ્રમોહનીયની પ્રથમ સ્થિતિ આવલિકા પ્રમાણ કરે છે, અને ઉદય પ્રાપ્ત સમ્યક્ત્વ મોહનીયની પ્રથમ સ્થિતિ અંતર્મુહૂર્ત્ત પ્રમાણ કરે છે. ત્રણેના અંતરકરણનાં દલિકોને સમ્યક્ત્વમોહનીયની પ્રથમસ્થિતિમાં નાખે છે. તથા મિથ્યાત્વ અને મિશ્રમોહનીયના પ્રથમ સ્થિતિગત દલિક સ્તિબુકસંક્રમ વડે સમ્યક્ત્વમોહનીયની ઉદયાવલિકામાં સંક્રમે છે. સમ્યક્ત્વમોહનીયની પ્રથમ સ્થિતિ વિપાકોદય દ્વારા અનુભવતાં ક્ષીણ થાય ત્યારે ઔપશમિક સમ્યગ્દષ્ટિ થાય છે. ત્રણેનાં દ્વિતીયસ્થિતિગત દલિકોને અનંતાનુબંધિની માફક ઉપશમાવે છે. શેષ હકીકત પ્રથમ ઉપશમસમ્યક્ત્વ પ્રમાણે સમજી લેવાની છે.

જેમ દર્શનત્રિકને ઉપશમાવતાં અપૂર્વ તથા અનિવૃત્તિકરણમાં મિથ્યાત્વ તથા મિશ્રમોહનીયનાં દલિકોનો સમ્યક્ત્વમોહનીયમાં[1] ગુણસંક્રમ થતો હતો તેમ અન્તરકરણમાં પ્રવેશ કર્યા પછી પણ અંતર્મુહૂર્ત્ત પર્યંત ગુણસંક્રમ થાય છે. અંતર્મુહૂર્ત્ત ગયા બાદ ગુણસંક્રમના અંતે વિધ્યાતસંક્રમ થાય છે. વિધ્યાતસંક્રમ વડે મિશ્ર તથા મિથ્યાત્વનાં દલિકોને સમ્યક્ત્વમોહનીયમાં સંક્રમાવે છે.

આ પ્રમાણે દર્શનમોહનીયનો ઉપશમ થયા પછી સંક્લેશ અને વિશુદ્ધિના વશથી પ્રમત્તપણાને અને અપ્રમત્તપણાને અનેક વાર અનુભવી એટલે કે અનેક વાર પ્રમત્તથી અપ્રમત્તે અને અપ્રમત્તથી પ્રમત્તે ફરીને ચારિત્રમોહનીયની ઉપશમના કરવા પ્રયત્ન કરે છે. ૪૮-૪૯

ચારિત્રમોહનીયની ઉપશમનાનો ક્રમ બતાવે છે—

पुणरबि तिन्नि करणाइं करेइ तइयंमि एत्थ पुण भेओ ।
अंतोकोडाकोडी बंधं संतं च सत्तण्हं ॥५०॥

पुनरपि त्रीणि करणानि करोति तृतीये अत्र पुनः भेदः ।
अन्तः कोटाकोटीबन्धं सत्तां च सप्तानाम् ॥५०॥

અર્થ—ચારિત્રમોહનીયની ઉપશમના કરતાં ફરી પણ ત્રણ કરણ કરે છે. ત્રીજા કરણમાં વિશેષ છે. ત્યાં સાતે કર્મોનો બંધ અને સત્તા અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ કરે છે.

ટીકાનુ૰—ચારિત્રમોહનીયને ઉપશમાવતો આત્મા પણ યથાપ્રવૃત્તાદિ ત્રણ કરણ કરે છે. કરણનું સ્વરૂપ તો પ્રથમ ઉપશમસમ્યક્ત્વ પ્રાપ્ત કરતાં કહ્યું છે તે પ્રમાણે કે અનંતાનુબંધિની ઉપશમના કરતાં કહ્યું છે, તે પ્રમાણે સમજી લેવાનું છે. અહીં ચારિત્રમોહનીય ઉપશમાવતાં[2]

---

૧. અહીં સામાન્યતઃ મિથ્યાત્વ અને મિશ્રનો સમ્યક્ત્વમાં સંક્રમ થાય એમ લખ્યું છે પરંતુ મિથ્યાત્વનો મિશ્રમાં પણ એ જ પ્રમાણે સંક્રમ થાય છે એ પણ સમજી જ લેવાનું છે.

૨. દર્શનત્રિકની ઉપશમના કર્યા પછી અને ચારિત્રમોહનીયની ઉપશમના કરતાં હજારો વાર પ્રમત્ત અને અપ્રમત્તે ફરે છે, અને ત્યારબાદ અપૂર્વકરણે જાય છે, એમ પહેલાં કહેવામાં આવ્યું છે. તેમાં છેલ્લી વાર જે અપ્રમત્તપણું પ્રાપ્ત થયા પછી અપૂર્ણકરણમાં પ્રવેશ કરે તે અપ્રમત્તપણાને ચારિત્રમોહનીયની ઉપશમના કરતાં યથાપ્રવૃત્તકરણ તરીકે સમજવાનું છે.

અપ્રમત્ત ગુણસ્થાને યથાપ્રવૃત્તકરણ, આઠમા અને નવમા ગુણસ્થાનકે અનુક્રમે અપૂર્વ અને અનિવૃત્તિકરણ સમજવાના છે. અપૂર્વકરણે સ્થિતિઘાત, રસઘાત, ગુણશ્રેણિ, અબધ્યમાન સઘળી અશુભ પ્રકૃતિઓનો ગુણસંક્રમ અને અપૂર્વ સ્થિતિબંધ પૂર્વની જેમ થાય છે.

અનિવૃત્તિકરણે પણ સ્થિતિઘાતાદિ પાંચે પ્રવર્તે છે. આ કરણમાં બીજો જે વિશેષ છે તે બતાવે છે—અનિવૃત્તિકરણના પ્રથમ સમયે આયુ સિવાય સાતે કર્મોનો બંધ અને સત્તા અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ કરે છે. જો કે અત્યાર પહેલાં થયેલા અપૂર્વકરણાદિ કરણોમાં પણ તેટલો જ બંધ અને સત્તા હોય છે, છતાં તે બંધ અને સત્તાથી નવમા ગુણસ્થાનકનો બંધ અને સત્તા અસંખ્યાતગુણ હીન એટલે કે અસંખ્યાતમા ભાગ પ્રમાણ સમજવા. તથા જો કે અહીં બંધ અને સત્તા સરખાં જણાય છે છતાં બંધ કરતાં સત્તા વધારે જ સમજવી. આ જ સ્થળે કર્મપ્રકૃતિમાં સત્તા અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ અને બંધ અંતઃક્રોડ સાગરોપમ પ્રમાણ કહેલ છે. ૫૦

ठिइखंडं उक्कोसंपि तस्स पल्लस्स संखतमभागं ।
ठितिखंडं बहु सहस्से सेक्केक्कं जं भणिस्सामो ॥५१॥

स्थितिखण्डं उत्कृष्टमपि तस्य पल्यस्य संख्यतमभागम् ।
स्थितिखण्डेषु बहुषु सहस्रेषु एकैकं यत् भणिष्यामः ॥५१॥

અર્થ—આ ગુણસ્થાનકે સ્થિતિનો ઘાત ઉત્કૃષ્ટથી પણ પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ જ થાય છે. હજારો સ્થિતિઘાત થયા પછી એક એક કર્મમાં જે કંઈ કરે છે તે હવે કહીશું.

ટીકાનુ૦—નવમે ગુણઠાણે ઉત્કૃષ્ટથી પણ પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ જ સ્થિતિઘાત થાય છે. તથા જે બંધ કહેલ છે તેમાંથી પણ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ઘટાડી ઘટાડીને અન્ય સ્થિતિબંધ કરે છે. તથા જો કે સામાન્યતઃ સાતે કર્મોનો સ્થિતિઘાત પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ કહેલ છે, તથાપિ સત્તામાં અલ્પબહુત્વ આ પ્રમાણે છે—નામ અને ગોત્રકર્મની સત્તા તેઓ અલ્પ સ્થિતિવાળા હોવાથી થોડી છે, તેનાથી જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય અને અંતરાયની વધારે છે. પરંતુ તુલ્ય સ્થિતિવાળા હોવાથી સ્વસ્થાને પરસ્પર સરખી છે, તેનાથી મોહનીયકર્મની સત્તા વધારે છે. જેની સ્થિતિ વધારે હોય છે તેની સત્તા પણ વધારે હોય છે, જેની સ્થિતિ ઓછી હોય છે, તેની સત્તા પણ ઓછી હોય છે. આ ઉપરથી સામાન્યતઃ સત્તામાં જે અંતઃકોડાકોડી કહેલ છે તે નાની-મોટી હોય છે તે સ્પષ્ટ સમજાય છે. હવે અહીં ઘણા હજાર સ્થિતિઘાતો ઓળંગી ગયા બાદ એક-એક કર્મના સંબંધમાં જે કંઈ કરે છે તે કહીશું ૫૧

તે જ હકીકત કહે છે—

करणस्स संखभागे सेसे य असण्णिमाइयाण समो ।
बंधो कमेण पल्लं वीसग तीसाण उ दिवड्ढं ॥५२॥

करणस्य संख्यभागे शेषे च असंज्ञ्यादीनां समः ।
बन्धः क्रमेण पल्यः विंशतिकयोः त्रिंशत्कानां तु सार्धः ॥५२॥

અર્થ—અનિવૃત્તિકરણનો સંખ્યાતમો ભાગ શેષ રહે ત્યારે અનુક્રમે ઘટતા અસંજ્ઞી આદિના સરખો બંધ થાય છે. ત્યારપછી વીસ કોડાકોડીની ઉત્કૃષ્ટ સ્થિતિવાળા નામ-ગોત્રકર્મનો એક પલ્યોપમનો અને ત્રીસ કોડાકોડીની સ્થિતિવાળાં જ્ઞાનાવરણાદિ ચાર કર્મોનો દોઢ પલ્યોપમનો બંધ થાય છે.

ટીકાનુ૰—અનિવૃત્તિકરણના સંખ્યાતા ભાગ જાય અને એક ભાગ બાકી રહે ત્યારે અસંજ્ઞીપંચેન્દ્રિયના સ્થિતિબંધ સરખો સ્થિતિબંધ થાય છે. ત્યારપછી ઘણા સ્થિતિઘાતો થઈ ગયા બાદ ચઉરિન્દ્રિયના સ્થિતિબંધ તુલ્ય સ્થિતિબંધ થાય છે. વળી ઘણા સ્થિતિઘાતો થયા પછી તેઇન્દ્રિયના સ્થિતિબંધ તુલ્ય સ્થિતિબંધ થાય છે. એવી રીતે ઘણા સ્થિતિઘાતો વહી ગયા બાદ બેઇન્દ્રિયના બંધ તુલ્ય થાય છે. ત્યારપછી ઘણા સ્થિતિઘાતો થઈ ગયા બાદ એકેન્દ્રિયના સ્થિતિબંધ તુલ્ય સ્થિતિબંધ થાય છે. ત્યારપછી હજારો સ્થિતિબંધો થઈ ગયા બાદ વીસકોડાકોડીની સ્થિતિવાળાં નામ અને ગોત્ર કર્મનો પલ્યોપમ પ્રમાણ સ્થિતિબંધ થાય છે, અને ત્રીસ કોડાકોડી સાગરોપમની સ્થિતિવાળા જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય તથા અંતરાયનો દોઢ પલ્યોપમ પ્રમાણ સ્થિતિબંધ થાય છે.

અહીં ઉપર દરેક સ્થળે હજારો સ્થિતિઘાત ગયા બાદ એમ જણાવ્યું છે. છેલ્લે જ સ્થિતિબંધો થઈ ગયા બાદ એમ કહ્યું છે. એ ઉપરથી એમ સમજી શકાય છે કે જેટલા જેટલાં સ્થિતિઘાતો[1] થાય છે તેટલા અપૂર્વ-અપૂર્વ સ્થિતિબંધો પણ થાય છે. કારણ કે સ્થિતિઘાત અને સ્થિતિબંધ સાથે જ શરૂ કરે છે અને સાથે જ પૂર્ણ કરી નવા આરંભે છે. સત્તામાંથી સ્થિતિ ઓછી થાય છે, તેમ બંધમાંથી પણ ઓછી થાય છે, સત્તામાંથી સ્થિતિઘાતો વડે ઓછી થાય છે—તેમ બંધમાંથી અપૂર્વ સ્થિતિબંધ કરતા-કરતા ઓછી થાય છે. ૫૨

मोहस्स दोण्णि पल्ला संतेवि हु एवमेव अप्पबहू ।
पलियमित्तंमि बंधे अण्णो संखेज्जगुणहीणो ॥५३॥

मोहस्य द्वौ पल्यौ सत्तायामपि हु एवमेवाल्पबहुत्वम् ।
पल्यमात्रे बन्धे अन्यः संख्येयगुणहीनः ॥५३॥

અર્થ—મોહનીયકર્મનો બે પલ્યોપમ સ્થિતિબંધ થાય છે. સત્તામાં અલ્પ-બહુત્વનો ક્રમ એ જ છે, પલ્યોપમ માત્ર બંધ થયા પછીનો અન્ય સ્થિતિબંધ સંખ્યાતગુણહીન થાય છે.

ટીકાનુ૰—તથા મોહનીયનો બે પલ્યોપમનો સ્થિતિબંધ થાય છે. સત્તામાં સ્થિતિનું અલ્પ-બહુત્વ બંધના ક્રમે જ કહેવું. એટલે કે જેનો સ્થિતિબંધ વધારે તેની સત્તા વધારે, જેનો સ્થિતિબંધ ઓછો તેની સત્તા ઓછી કહેવી. તે આ પ્રમાણે—નામ અને ગોત્રની સત્તા અલ્પ, તેનાથી જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય અને અંતરાયની વિશેષાધિક, તેથી મોહનીયની અધિક છે.

---

૧. બંધ કરતાં સત્તા વધારે હોય છે તે પ્રથમ કહ્યું છે. પરંતુ જેટલી સ્થિતિનો ઘાત કરે છે તેટલી જ બંધમાંથી ઓછી કરે છે કે નહિ એટલે કે પલ્યોપમનો સંખ્યાતમો ભાગ બંનેમાં સરખો છે કે નહિ, તે કહી શકાય નહિ, જોકે સંખ્યામાં જેટલા સ્થિતિઘાતો થાય છે તેટલા જ અપૂર્વ સ્થિતિબંધો પણ થાય છે.

તથા જે જે કર્મનો જ્યારે જ્યારે પલ્યોપમ પ્રમાણ સ્થિતિબંધ થાય તે તે કર્મનો ત્યારથી આરંભી અન્ય સ્થિતિબંધ સંખ્યેયગુણહીન-સંખ્યાતમા ભાગ પ્રમાણ થાય છે. તેથી જ નામ અને ગોત્ર કર્મનો સ્થિતિબંધ પલ્યોપમ પ્રમાણ જ્યારે થયો ત્યારપછીનો અન્ય સ્થિતિબંધ સંખ્યાતગુણહીન થાય છે. બાકીનાં કર્મોનો તો અન્ય અન્ય સ્થિતિબંધ પલ્યોપમના સંખ્યાતમા ભાગહીન થાય છે. ૫૩

ત્યાર બાદ જે થાય છે તે કહે છે—

एवं तीसाण पुणो पल्लं मोहस्स होइ उ दिवड्ढं ।
एवं मोहे पल्लं सेसाणं पल्लसंखंसो ॥५४॥

एवं त्रिंशत्कानां पुनः पल्यः मोहस्य भवति तु सार्धः ।
एवं मोहे पल्यः शेषाणां पल्यसंख्यांशः ॥५४॥

અર્થ—એ પ્રમાણે ત્રીસ કોડાકોડી સાગરોપમની સ્થિતિવાળા જ્ઞાનાવરણાદિનો પલ્યોપમ સ્થિતિબંધ થાય છે, અને મોહનીયનો દોઢ પલ્યોપમ થાય છે. પછીથી મોહનીયનો પલ્યોપમ સ્થિતિબંધ થાય છે. શેષ કર્મનો પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિબંધ થાય છે.

ટીકાનુ૦—મોહનીય કર્મનો બે પલ્યોપમ સ્થિતિબંધ થયા પછી હજારો અપૂર્વ સ્થિતિબંધ થયા બાદ ત્રીસ કોડાકોડી સાગરોપમની સ્થિતિવાળા જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય અને અંતરાય કર્મનો એક પલ્યોપમનો સ્થિતિબંધ કરે છે, અને મોહનીયનો દોઢ પલ્યોપમ સ્થિતિબંધ કરે છે. જ્ઞાનાવરણીયાદિનો પલ્યોપમનો સ્થિતિબંધ થયા પછીનો અન્ય સ્થિતિબંધ સંખ્યાતગુણહીન થાય છે. મોહનીયનો તો પલ્યોપમના સંખ્યાતમા ભાગ હીન થાય છે. મોહનીયનો દોઢ પલ્યોપમ સ્થિતિબંધ થયા પછી હજારો અન્ય સ્થિતિબંધ થયા બાદ મોહનીયનો સ્થિતિબંધ પણ પલ્યોપમ પ્રમાણ થાય છે. ત્યારપછીનો મોહનીયનો પણ અન્ય સ્થિતિબંધ સંખ્યાતગુણહીન એટલે કે પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ માત્ર થાય છે. જે વખતે મોહનીયનો પલ્યોપમ પ્રમાણ સ્થિતિબંધ થાય છે, તે વખતે શેષ કર્મોનો અન્ય સ્થિતિબંધ પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ થાય છે. ૫૪

वीसगतीसगमोहाण संतयं जहक्कमेण संखगुणं ।
पल्लअसंखेज्जंसो नामगोयाण तो बंधो ॥५५॥

विंशतिकत्रिंशत्कमोहानां सत्कर्म यथाक्रमं संख्यगुणम् ।
पल्यासंख्येयांशः नामगोत्रयोस्ततो बन्धः ॥५५॥

અર્થ—વીસ અને ત્રીસ કોડાકોડીની સ્થિતિવાળાની તથા મોહનીયની સત્તા અનુક્રમે સંખ્યાતગુણી હોય છે. ત્યારપછી નામ અને ગોત્રકર્મનો સ્થિતિબંધ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ થાય છે.

ટીકાનુ૦—જ્યારે મોહનીયકર્મનો સ્થિતિબંધ પલ્યોપમપ્રમાણ થાય છે ત્યારે વીસ કોડાકોડીની સ્થિતિવાળા, ત્રીસ કોડાકોડીની સ્થિતિવાળા અને મોહનીય એ સઘળાં કર્મોની

સ્થિતિની સત્તા અનુક્રમે સંખ્યાતગુણ કહેવી. તે આ પ્રમાણે—નામ અને ગોત્રની સત્તા અલ્પ, તેનાથી જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય અને અંતરાયકર્મની સંખ્યાતગુણી, સ્વસ્થાને પરસ્પર તુલ્ય, તેનાથી મોહનીયની સંખ્યાતગુણ છે.

મોહનીયકર્મનો પલ્યોપમ પ્રમાણ સ્થિતિબંધ જ્યારે થયો ત્યારપછીનો નામગોત્રનો અન્ય સ્થિતિબંધ પોતાના પહેલાના બંધથી અસંખ્યાત ગુણ હીન થાય એટલે કે માત્ર પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ બંધ થાય છે. અહીં સત્તાની અપેક્ષાએ અલ્પબહુત્વ વિચારે છે—નામ અને ગોત્રકર્મની સત્તા અલ્પ, પરસ્પર તુલ્ય, તે કરતાં જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય અને અંતરાયકર્મની અસંખ્યાત ગુણ, સ્વસ્થાને પરસ્પર તુલ્ય, તે કરતાં મોહનીયની સત્તા સંખ્યાતગુણી છે. ૫૫

एवं तीसाणंपि हु एक्कपहारेण मोहणीयस्स ।
तीसगअसंखभागो ठितिबंधो संतयं च भवे ।।५६।।

एवं त्रिंशत्कानामपि हु एकप्रहारेण मोहनीयस्य ।
त्रिंशत्कासंख्यभागः स्थितिबन्धः सत्कर्म च भवेत् ।।५६।।

અર્થ—એ પ્રમાણે નામ-ગોત્રના ક્રમે ત્રીસ કોડાકોડીની સ્થિતિવાળાં કર્મોનો પણ પલ્યોપમના અસંખ્યાતમા ભાગપ્રમાણ સ્થિતિબંધ થાય છે. પછી એકી વારે મોહનીયનો પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ સ્થિતિબંધ થાય છે. તે સ્થિતિબંધ ત્રીસ કોડાકોડી સાગરોપમની સ્થિતિવાળાનો અસંખ્યાતમો ભાગ હોય છે. જેમ બંધ તેમ સત્તા પણ થાય છે.

ટીકાનુ૰—આ પ્રમાણે નામ અને ગોત્રકર્મના ક્રમે-નામ અને ગોત્રકર્મનો અસંખ્યાતગુણ હીન બંધ થયા પછી હજારો સ્થિતિબંધો થઈ ગયા બાદ જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય અને અંતરાયનો સ્થિતિબંધ પોતાના પૂર્વ સ્થિતિબંધથી અસંખ્યાતગુણ હીન થાય છે, એટલે કે તેના અસંખ્યાતમા ભાગ પ્રમાણ થાય છે. આ વખતે સત્તાની અપેક્ષાએ અલ્પબહુત્વનો વિચાર કરે છે, તે આ પ્રમાણે—નામ અને ગોત્રકર્મની સત્તા અલ્પ, તેનાથી જ્ઞાનાવરણીયાદિ ચાર કર્મોની અસંખ્યાતગુણી, સ્વસ્થાને પરસ્પર તુલ્ય, તેનાથી મોહનીયની સત્તા અસંખ્યાતગુણી છે.

ત્યારપછી હજારો સ્થિતિબંધ થઈ ગયા બાદ એકી વારે-એકદમ મોહનીયકર્મનો પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ બંધ થાય છે. અને તે પણ જ્ઞાનાવરણીયાદિથી અસંખ્યાતગુણહીન થાય છે. અત્યાર સુધી જ્ઞાનાવરણીયાદિ કરતાં મોહનીયનો અસંખ્યાતગુણો બંધ થતો હતો તે હવે મોહનીયથી જ્ઞાનાવરણીયાદિનો અસંખ્યાતગુણો[1] બંધ થાય છે. સત્તામાં પણ આ પ્રમાણે જ ફેરફાર થાય છે. સત્તાની અપેક્ષાએ અલ્પ-બહુત્વ આ પ્રમાણે છે—નામ અને

૧. અહીં પહેલાં જ્ઞાનાવરણીયાદિ કરતાં મોહનીયકર્મની સત્તા અને બંધ અસંખ્યેયગુણ થયા હતા, હવે પ્રબળ શુદ્ધ અધ્યવસાયના યોગે એકદમ સત્તામાંથી મોટો સ્થિતિઘાત કરી સત્તા ઓછી કરી નાખે છે, તેમજ બંધમાંથી સ્થિતિ ઘટાડી બંધ પણ ઓછો કરે છે, એટલે મોહનીયના બંધ અને સત્તાથી જ્ઞાનાવરણાદિનો બંધ અને સત્તા અસંખ્યગુણ થાય છે.

ગોત્રકર્મની સત્તા અલ્પ, તેનાથી મોહનીયની સત્તા અસંખ્યેયગુણી, તેનાથી જ્ઞાનાવરણીયાદિ ચારની સત્તા અસંખ્યાતગુણી, સ્વસ્થાને પરસ્પર તુલ્ય છે. ૫૬

वीसग असंखभागे मोहं पच्छा उ घाइ तइयस्स ।
वीसग तओ घाई असंखभागम्मि बज्झंति ॥५७॥

विंशत्कासंख्यभागे मोहस्य पश्चात्तु घातिनः तृतीयस्य ।
विंशत्कयोः ततः घातिनः असंख्यभागे बध्यन्ते ॥५७॥

અર્થ—નામ અને ગોત્રકર્મના બંધના અસંખ્યાતમે ભાગે મોહનીયનો બંધ થાય છે. પછી ત્રીજા કર્મની નીચે ઘાતિ જાય છે. ત્યારપછી નામ અને ગોત્રકર્મના અસંખ્યાતમા ભાગે ઘાતિકર્મ બંધાય છે.

ટીકાનુ૦—બંધ અને સત્તામાંથી ઘણી સ્થિતિ ઓછી થઈને મોહનીયકર્મનો જ્ઞાનાવરણીયાદિથી અસંખ્યેયગુણ હીન સ્થિતિબંધ અને સત્તા થયા પછી હજારો સ્થિતિબંધો થઈ ગયા બાદ વળી એકીસાથે બંધમાંથી સ્થિતિ ઓછી થઈને તેનો નામ-ગોત્રની નીચે અસંખ્યાતગુણ હીન બંધ થાય છે. એટલે કે નામ અને ગોત્રના બંધથી અસંખ્યેયગુણહીન મોહનીયનો બંધ થાય છે. અહીં સ્થિતિબંધ આશ્રયી અલ્પબહુત્વ વિચારે છે—મોહનીયનો સ્થિતિબંધ અલ્પ, તેનાથી નામ અને ગોત્રકર્મનો અસંખ્યગુણ, સ્વસ્થાને પરસ્પર તુલ્ય, તેનાથી જ્ઞાનાવરણાદિ ચાર કર્મનો અસંખ્યગુણ, સ્વસ્થાને પરસ્પર તુલ્ય બંધ થાય છે.

ત્યારબાદ વળી હજારો સ્થિતિબંધો થયા પછી વેદનીયની નીચે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાયનો બંધ થાય છે, એટલે કે વેદનીયથી તેઓનો બંધ અસંખ્યાત ગુણ હીન થાય છે. અત્યાર સુધી તે ચારેનો બંધ સરખો થતો હતો. અહીં સ્થિતિબંધ આશ્રયી અલ્પબહુત્વ વિચારે છે—મોહનીયનો સ્થિતિબંધ અલ્પ, તેનાથી નામ અને ગોત્રકર્મનો અસંખ્યાતગુણ, સ્વસ્થાને તુલ્ય, તેથી જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાયનો અસંખ્યગુણ, સ્વસ્થાને પરસ્પર તુલ્ય, અને તેનાથી વેદનીયનો અસંખ્યાતગુણ બંધ થાય છે. ત્યારપછી હજારો સ્થિતિબંધો થઈ ગયા પછી વીસ કોડાકોડી સાગરોપમની સ્થિતિવાળાં નામ અને ગોત્રકર્મના અસંખ્યાતમા ભાગે જ્ઞાનાવરણાદિ ત્રણ કર્મનો સ્થિતિબંધ થાય છે. અત્યાર સુધી નામ અને ગોત્રના બંધથી અસંખ્યાતગુણ જ્ઞાનાવરણીયાદિ ત્રણ કર્મનો બંધ થતો હતો, તે હવે પછીથી જ્ઞાનાવરણીયાદિ ત્રણ કર્મથી નામ અને ગોત્રકર્મનો અસંખ્યાતગુણ બંધ થાય છે. અહીં અલ્પબહુત્વ આ પ્રમાણે છે—મોહનીયકર્મનો સ્થિતિબંધ અલ્પ, તે કરતાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાયનો અસંખ્યાતગુણ સ્વસ્થાને પરસ્પર તુલ્ય, તે કરતાં પણ નામ અને ગોત્રકર્મનો અસંખ્યાતગુણ, સ્વસ્થાને તુલ્ય, તે કરતાં વેદનીયકર્મનો અસંખ્યાતગુણ[1] સ્થિતિબંધ થાય[2] છે. ૫૭

---

૧. આ સ્થળે કર્મપ્રકૃતિમાં વેદનીયનો વિશેષાધિક સ્થિતિબંધ કહ્યો છે.

૨. જેમ બંધમાં સ્થિતિ ઓછી થાય છે તેમ સત્તામાંથી પણ ઓછી થાય છે. એટલે સત્તા સંબંધે અલ્પબહુત્વ પણ બંધ પ્રમાણે જ સમજી લેવાનું છે. હવે પછી અલ્પબહુત્વ આ જ પ્રમાણે રહે છે.

असंखसमयबद्धाणुदीरणा होइ तंमि कालम्मि ।
देसघाइरसं तो मणपज्जवअंतरायाणं ॥५८॥

असंख्यसमयबद्धानामुदीरणा भवति तस्मिन् काले ।
देशघातिरसं ततो मनःपर्यवान्तरायाणाम् ॥५८॥

અર્થ—તે કાળે અસંખ્ય સમય સુધીના બંધાયેલા કર્મની જ ઉદીરણા થાય છે. ત્યારપછી હજારો સ્થિતિઘાત થયા પછી મનઃપર્યવજ્ઞાનાવરણ અને દાનાંતરાયનો દેશઘાતી રસ બાંધે છે.

ટીકાનુ૰—જે સમયે સઘળાં કર્મોનો પલ્યોપમના અસંખ્યાતમા ભાગપ્રમાણ સ્થિતિબંધ છે તે સમયે અસંખ્ય સમયનાં બંધાયેલાં કર્મોની જ ઉદીરણા થાય છે (માસો અને વર્ષો પહેલાંનાં બંધાયેલાં કર્મોની નહિ) કારણ કે જે પ્રકૃતિ બંધાય છે તેની સ્થિતિની અપેક્ષાએ સમયાદિ ન્યૂન સત્તાગત સ્થિતિઓ છે તે જ ઉદીરણાને પ્રાપ્ત થાય છે, બીજી નહિ. કેમ કે લાંબા કાળની બંધાયેલી સ્થિતિઓ લગભગ ક્ષય થઈ ગયેલી હોય છે, માટે જ અસંખ્ય સમયનાં બંધાયેલાં કર્મોની જ તે વખતે ઉદીરણા થાય છે એમ કહ્યું છે. ત્યારપછી હજારો સ્થિતિબંધો થયા બાદ મનઃપર્યવજ્ઞાનાવરણ અને દાનાંતરાયનો દેશઘાતિ રસ બંધાય છે. ૫૮

लाहोहीणं पच्छा भोगअचक्खुसुयाण, तो चक्खु ।
परिभोगमइणं तो विरियस्स असेढिगा घाई ॥५९॥

लाभावधीनां पश्चात् भोगाचक्षुःश्रुतानां ततः चक्षुषः ।
परिभोगमत्योः ततः वीर्यस्य अश्रेणिगाः घातिनम् ॥५९॥

અર્થ—પછી લાભાંતરાય, અવધિજ્ઞાનાવરણીય અને અવધિદર્શનાવરણનો દેશઘાતિ રસ બાંધે છે, ત્યારપછી ભોગાંતરાય, અચક્ષુર્દર્શનાવરણીય અને શ્રુતજ્ઞાનાવરણીયનો દેશઘાતિ રસ બાંધે છે, ત્યારપછી ચક્ષુર્દર્શનાવરણીયનો દેશઘાતિ રસ બાંધે છે, ત્યારપછી ઉપભોગાંતરાય અને મતિજ્ઞાનાવરણીયનો દેશઘાતિ રસ બાંધે ત્યારપછી વીર્યાંતરાયનો દેશઘાતિ રસ બાંધે છે. શ્રેણિ ઉપર નહિ ચડેલા સઘળા જીવો સર્વઘાતી રસ જ બાંધે છે.

ટીકાનુ૰—મનઃપર્યવજ્ઞાનાવરણ અને દાનાંતરાયનો દેશઘાતિ રસ થયા પછી હજારો સ્થિતિબંધ વ્યતીત થયા બાદ લાભાંતરાય, અવધિજ્ઞાનાવરણીય અને અવધિદર્શનાવરણીયનો દેશઘાતિ રસ બાંધે છે. ત્યારપછી સંખ્યાતા હજાર સ્થિતિબંધો વ્યતીત થયા બાદ ભોગાંતરાય, અચક્ષુર્દર્શનાવરણીય અને શ્રુતજ્ઞાનાવરણીયનો દેશઘાતિ રસ બાંધે છે. ત્યારપછી સંખ્યાતા હજાર સ્થિતિબંધો થઈ ગયા પછી ચક્ષુર્દર્શનાવરણીયનો દેશઘાતિ રસ બાંધે છે. ત્યારપછી હજારો સ્થિતિબંધ થયા પછી ઉપભોગાંતરાય અને મતિજ્ઞાનાવરણીયનો દેશઘાતિ રસ બાંધે છે. ત્યારપછી હજારો સ્થિતિબંધો વ્યતીત થયા પછી વીર્યાંતરાયનો દેશઘાતિ રસ બાંધે છે. ક્ષપકશ્રેણિ કે ઉપશમશ્રેણિમાંથી કોઈપણ શ્રેણિ ઉપર નહિ ચડેલા દરેક જીવો ઉપરોક્ત સઘળી કર્મપ્રકૃતિઓનો રસ સર્વઘાતિ જ બાંધે છે. ૫૯

संजमघाईण तओ अंतरमुदओ उ जाण दोण्हं तु ।
वेयकसायण्णयरे सोदयतुल्ला उ पढमट्ठिई ॥६०॥

संयमघातिनीनां ततोऽन्तरं उदयस्तु ययोर्द्वयोस्तु ।
वेदकषायान्यतरयोः स्वोदयतुल्या च प्रथमस्थितिः ॥६०॥

અર્થ—ત્યારપછી સંયમઘાતિ પ્રકૃતિઓનું અંતરકરણ થાય છે. વેદ અને કષાય એ બેમાંથી જેનો ઉદય હોય તેની પ્રથમસ્થિતિ સ્વોદય તુલ્ય છે.

ટીકાનુ૰—વીર્યાંતરાયકર્મનો દેશઘાતિ રસ થયા પછી સંખ્યાતા હજાર સ્થિતિબંધો થઈ ગયા પછી ચારિત્રનો ઘાત કરનારી અનંતાનુબંધી વર્જીને બાર કષાય અને નવ નોકષાય સર્વ મળી એકવીસ પ્રકૃતિઓનું અંતરકરણ[1] કરે છે. તેમાં સંજ્વલનના ચાર કષાયોમાંથી કોઈપણ એકનો

---

૧. અહીં બાર કષાય અને નવ નોકષાય એમ ૨૧ પ્રકૃતિનું અંતરકરણ કરે છે એમ કહ્યું છે. આ જ સ્થળે કર્મપ્રકૃતિના ઉપશમના કરણમાં પણ એમ જ કહ્યું છે. અંતરકરણ એટલે ઉપશમ ભાવનું સમ્યક્ત્વ કે ચારિત્ર જેટલો કાળ રહેવાનું હોય લગભગ તેટલા કાળમાં ભોગવાય તેટલાં દલિકોને ત્યાંથી તદ્દન દૂર કરી તેટલી (અંતર્મુહૂર્ત પ્રમાણ) ભૂમિકા સાફ કરવી તે.

હવે અહીં શંકા થાય છે—આ અંતરકરણ ક્રિયા એટલે કે અંતર્મુહૂર્તમાં ભોગવાય તેટલાં દલિકો દૂર કરી તેટલી ભૂમિ સાફ કરવાની ક્રિયા એકવીસે પ્રકૃતિની સાથે જ થાય છે કે ક્રમપૂર્વક ? જો સાથે જ થાય એટલે કે ૧૯ અનુદયવતી પ્રકૃતિની એક આવલિકા પ્રમાણ સ્થિતિ છોડીને અને ઉદયવતી પ્રકૃતિમાં ઉદય સમયથી આરંભી અંતર્મુહૂર્ત પ્રમાણ સ્થિતિ છોડીને ત્યારપછીના અંતર્મુહૂર્તમાં ભોગવાય તેટલાં દલિકો એક સ્થિતિઘાત જેટલા કાળમાં એક સાથે જ દૂર થાય તો એમ થયું કે ૧૯ પ્રકૃતિના આવલિકા ઉપરના અને ઉદયવતી પ્રકૃતિના અંતર્મુહૂર્ત પ્રમાણ પ્રથમ સ્થિતિ ઉપરના અંતર્મુહૂર્ત પ્રમાણ કાળમાં ભોગવાય તેટલાં દલિકો દૂર થઈ તેટલી ભૂમિકા એકવીસે પ્રકૃતિની એક સાથે સાફ થઈ ગઈ. જો એમ થાય તો જે જે પ્રકૃતિઓની ગુણશ્રેણિઓ ચાલુ છે તેની તેની ગુણશ્રેણિ-દળરચના કેવી રીતે થાય ? તેના ઉત્તરમાં એમ સમજવાનું કે અહીં સ્પષ્ટ લખ્યું નથી તોપણ ઉપશમ સમ્યક્ત્વની પ્રાપ્તિ વખતે જેમ મિથ્યાત્વની પ્રથમ સ્થિતિ બે આવલિકા બાકી રહે ત્યારે ગુણશ્રેણિ બંધ પડે છે, એમ બતાવેલ છે તેમ અહીં પણ અંતરકરણ ક્રિયા કરી જે પ્રકૃતિઓની પ્રથમ સ્થિતિ એક આવલિકા રાખે છે તેઓની તે જ વખતે અને જે ઉદયવતી પ્રકૃતિઓની પ્રથમ સ્થિતિ ઉદયકાળ પ્રમાણ અંતર્મુહૂર્ત રાખે છે, તેઓની પ્રથમસ્થિતિ બે આવલિકા પ્રમાણ બાકી રહે ત્યારે ગુણશ્રેણિ બંધ પડે છે, અને પ્રથમ ગુણશ્રેણિ દ્વારા અંતરકરણના અમુક ભાગમાં જે દલિક રચના થઈ હતી તે પણ અંતરકરણના દલિકની સાથે જ દૂર થઈ જાય છે. એમ એકવીસે પ્રકૃતિઓની અંતરકરણ કરવાની ક્રિયા એક જ સાથે શરૂ થાય છે અને સમાપ્ત પણ સાથે જ થાય છે.

અહીં કદાચ એવી પણ શંકા થાય કે એકવીસમાંથી ઓગણીસ પ્રકૃતિઓની પ્રથમસ્થિતિ એક જ આવલિકા હોય છે તેથી ત્યારપછીની અંતરકરણ કરેલ અંતર્મુહૂર્ત પ્રમાણ જગ્યામાં દલિક હોતાં નથી તો પછી ક્રોધોદયે શ્રેણિ માંડનારને માન, માયા અને લોભ વગેરેનો પછી ક્રમશઃ ઉદય ક્યાંથી થાય ? તેના ઉત્તરમાં એમ સમજવાનું કે અહીં સ્પષ્ટ લખેલ નથી પરંતુ જેમ ક્ષપકશ્રેણિમાં ક્રોધોદયે શ્રેણિ માંડનારને ક્રોધની પ્રથમ સ્થિતિ એક આવલિકા બાકી રહે ત્યારે માન વગેરે ત્રણનું અંતરકરણ થયેલ હોવાથી ત્યાં દલિકો છે જ નહિ છતાં બીજી સ્થિતિમાં રહેલ માનનાં દલિકોને આકર્ષી નીચે લાવી અંતર્મુહૂર્ત પ્રમાણ કાળમાં ભોગવાય તેટલી પ્રથમ સ્થિતિ બનાવી વેદે છે અને માનની પ્રથમ સ્થિતિ એક આવલિકા રહે ત્યારે માયાની અને માયાની પ્રથમસ્થિતિ એક આવલિકા રહે ત્યારે લોભની દ્વિતીય સ્થિતિમાંથી દલિકોને આકર્ષી અંતર્મુહૂર્ત કાળ પ્રમાણ

અને ત્રણ વેદમાંથી કોઈપણ એકનો એમ બે પ્રકૃતિઓનો ઉદય હોય છે, એટલે તે બે પ્રકૃતિઓની પ્રથમ સ્થિતિ પોતાના ઉદયકાળ જેટલી કરે છે, એટલે કે તે પ્રકૃતિઓનો નવમા ગુણઠાણાના જે સમય સુધી ઉદય હોય છે તેટલી પ્રથમ સ્થિતિ કરે છે. બીજા અગિયાર કષાય અને આઠ નોકષાય એમ ઓગણીસ પ્રકૃતિઓની પ્રથમ સ્થિતિ એક આવલિકા જેટલી કરે છે. ૬૦

આ ગાથામાં સંજ્વલનના ચાર કષાયોનો અને ત્રણ વેદોનો સ્વોદય કાળ કેટલો હોય તે કહે છે.

थीअपुमोदयकाला संखेज्जगुणा उ पुरिसवेयस्स ।
तस्सवि विसेसअहिओ कोहे तत्तोवि जहकमसो ॥६१॥

स्त्रीनपुंसककालात् संख्येयगुणस्तु पुरुषवेदस्य ।
तस्मादपि विशेषाधिकः क्रोधस्य ततोऽपि यथाक्रमशः ॥६१॥

અર્થ—સ્ત્રીવેદ અને નપુંસકવેદના ઉદયકાળથી પુરુષવેદનો ઉદયકાળ સંખ્યાતગુણો છે, તે કરતાં ક્રોધાદિ ચારનો અનુક્રમે વધારે વધારે છે.

ટીકાનુ૦—સ્ત્રીવેદ અને નપુંસકવેદનો ઉદયકાળ પુરુષવેદના ઉદયકાળની અપેક્ષાએ અલ્પ છે, સ્વસ્થાને પરસ્પર તુલ્ય છે,[1] તેનાથી પુરુષવેદનો ઉદયકાળ સંખ્યાતગુણો છે. તે પુરુષવેદના

અનુક્રમે માયા અને લોભની પ્રથમસ્થિતિ બનાવે છે અને વેદે છે, તેમ ઉપશમશ્રેણિમાં પણ ક્રોધોદયે શ્રેણિ માંડનારને ક્રોધની પ્રથમસ્થિતિ એક આવલિકા બાકી રહે ત્યારે માનનું અંતરકરણ કરેલ હોવાથી ત્યાં દલિકો નથી પરંતુ માનની ઉપરની સ્થિતિમાંથી દલિકો નીચે લાવી અંતર્મુહૂર્ત પ્રમાણ પ્રથમ સ્થિતિ બનાવી વેદે છે. તે જ પ્રમાણે માયા અને લોભ માટે પણ સમજવું.

અહીં કદાચ આવો પ્રશ્ન થાય કે આમ કરવાની શી જરૂર છે ? તો તેના ઉત્તરમાં એમ સમજવું કે જેમ ક્ષપકશ્રેણિમાં કરે છે તેમ અહીં પણ કરે છે એમાં જીવસ્વભાવ જ કારણ છે.

૧. જે વેદના ઉદયે આત્મા શ્રેણિ ઉપર ચડ્યો હોય તે વેદનો ઉદય તેના વિચ્છેદ થતા સુધી કાયમ રહે છે, પલટાતો નથી. ક્રોધાદિમાં તેમ નથી. ક્રોધના ઉદયે શ્રેણિ માંડનારને ક્રોધનો ઉદય વિચ્છેદ થયા પછી માનનો ઉદય થાય છે, તેના ઉદય-વિચ્છેદ થયા પછી અનુક્રમે માયા અને લોભનો ઉદય થાય છે.

અહીં વેદના ઉદયમાં જે અલ્પબહુત્વ કહ્યું તે એવી રીતે ઘટે છે કે ત્રણે વેદના ઉદયવાળા જુદા જુદા ત્રણ જીવોએ એકીસાથે શ્રેણિ આરંભી એકી સમયે નવમે ગુણસ્થાને ગયા અને અંતરકરણ પણ એક સાથે જ શરૂ કર્યું. હવે નપુંસકવેદના ઉદયવાળાને નવમા ગુણસ્થાનકના જે સમયે નપુંસકવેદના ઉદયનો વિચ્છેદ થાય તે જ સમયે સ્ત્રીવેદના ઉદયે શ્રેણિ માંડનારને તેના ઉદયનો વિચ્છેદ થાય છે, એટલે બંનેનો ઉદય કાળ સરખો કહ્યો છે. અને ત્યારપછી સંખ્યાતગુણ કાળ ગયા પછી અને કર્મપ્રકૃતિ ચૂર્ણિના મતે સંખ્યાત ભાગ જેટલો કાળ ગયા પછી પુરુષવેદના ઉદયવાળાને પુરુષવેદનો ઉદય-વિચ્છેદ થાય છે, એટલે તેનો સંખ્યાત ગુણો ઉદય કાળ કહ્યો છે. અને કર્મપ્રકૃતિચૂર્ણિના મતે સંખ્યાતભાગ અધિક ઉદય કાળ કહ્યો છે—માટે મતાંતર જણાય છે. આ રીતે જુદા જુદા જીવોની અપેક્ષાએ વિચારતાં અલ્પબહુત્વ સ્પષ્ટ રીતે સમજાય છે. ક્રોધાદિની હકીકત તો સ્પષ્ટ છે. કારણ કે ક્રોધના ઉદયવિચ્છેદ પછી જ અંતર્મુહૂર્ત માનનો ઉદય-વિચ્છેદ થાય છે. અથવા ક્રોધના ઉદયે શ્રેણિ આરંભનારને જ્યાં ક્રોધનો ઉદય-વિચ્છેદ થાય છે ત્યાંથી અંતર્મુહૂર્ત પછી માનના ઉદયે શ્રેણિ આરંભનારને માનનો ઉદયવિચ્છેદ થાય છે એવી જ રીતે માયા, લોભ માટે પણ સમજવું.

ઉદયકાળ કરતાં સંજ્વલન ક્રોધનો ઉદયકાળ વિશેષાધિક છે. તેના કરતાં અનુક્રમે માન, માયા અને લોભનો ઉદયકાળ વિશેષાધિક-વિશેષાધિક છે. હવે સંજ્વલન ક્રોધાદિનો ઉદય ક્યાં સુધી રહે છે તે કહે છે—સંજ્વલન ક્રોધના ઉદયે ઉપશમશ્રેણિ સ્વીકારનારને જ્યાં સુધી અપ્રત્યાખ્યાના-વરણ-પ્રત્યાખ્યાનાવરણ ક્રોધનો ઉપશમ થયો હોતો નથી ત્યાં સુધી સંજ્વન ક્રોધનો ઉદય હોય છે. સંજ્વલન માનના ઉદયે શ્રેણિ આરંભનારને જ્યાં સુધી અપ્રત્યાખ્યાનાવરણ-પ્રત્યાખ્યાનાવરણ માનનો ઉપશમ થયો હોતો નથી ત્યાં સુધી સંજ્વલનમાનનો ઉદય હોય છે. સંજ્વલન માયાના ઉદયે શ્રેણિ માંડનારને જ્યાં સુધી અપ્રત્યાખ્યાનાવરણ-પ્રત્યાખ્યાનાવરણ માયા શાન્ત ન થઈ હોય ત્યાં સુધી સંજ્વલન માયાનો ઉદય હોય છે. અને સંજ્વલન લોભના ઉદયે શ્રેણિ આરંભનારને જ્યાં સુધી અપ્રત્યાખ્યાનાવરણ-પ્રત્યાખ્યાનાવરણ લોભનો ઉપશમ ન થાય ત્યાં સુધી બાદર સંજ્વલન લોભનો ઉદય હોય છે. બાદર લોભને શાંત કરીને સૂક્ષ્મસંપરાયગુણસ્થાનકે જાય છે. આવી રીતે અંતરકરણ ઉપરની અપેક્ષાએ સમાન સ્થિતિવાળું છે, અને અધોભાગની અપેક્ષાએ ઉક્તન્યાયે વિષમસ્થિતિવાળું છે. ૬૧

अंतरकरणेण समं ठितिखंडगबंधगद्धनिप्फत्ति ।
अंतरकरणाणंतरसमए जायंति सत्त इमे ॥६२॥

अंतरकरणेन समं स्थितिखण्डबंधकाद्धानिष्पत्तिः ।
अंतरकरणानन्तरसमये जायन्ते सप्त इमे ॥६२॥

અર્થ—અંતરકરણની સાથે જ સ્થિતિઘાત અને અપૂર્વ સ્થિતિબંધની નિષ્પત્તિ થાય છે. અંતરકરણના અનંતર સમયે આ સાત પદાર્થો શરૂ થાય છે.

ટીકાનુ॰—અંતરકરણની સાથે જ સ્થિતિઘાત અને અપૂર્વ સ્થિતિબંધની નિષ્પત્તિ-પૂર્ણતા થાય છે. એટલે કે જેટલા કાળમાં એક સ્થિતિખંડનો ઘાત કરે છે અથવા અપૂર્વ સ્થિતિબંધ કરે છે તેટલા જ કાળમાં અંતરકરણક્રિયા—નાની અને મોટી સ્થિતિ વચ્ચે અંતર્મુહૂર્ત્ત કાળમાં ભોગવાય તેટલાં દલિકોને ત્યાંથી ખસેડી શુદ્ધ ભૂમિકા કરવાની ક્રિયા પૂર્ણ કરે છે. આ ત્રણે સાથે આરંભે છે અને સાથે જ પૂર્ણ કરે છે. સ્થિતિઘાત જેટલો જ કાળ હોવાથી અંતરકરણ ક્રિયા કાળમાં હજારોવાર રસઘાત થાય છે.

અંતરકરણમાંનાં દલિકોને નાખવાનો ક્રમ આ પ્રમાણે છે—

જે કર્મનો તે વખતે બંધ અને ઉદય બંને હોય છે તેના અંતરકરણનાં દલિકો પ્રથમ સ્થિતિ અને દ્વિતીય સ્થિતિ એમ બંનેમાં નાખે છે. એટલે કે કેટલાંક દલિકોને પ્રથમ સ્થિતિ સાથે ભોગવાય તેવાં અને કેટલાંકને દ્વિતીય સ્થિતિ સાથે ભોગવાય તેવાં કરે છે. જેમ પુરુષવેદના ઉદયે શ્રેણિ આરંભનાર પુરુષવેદનાં દલિકોને બંને સ્થિતિમાં નાખે છે. જે કર્મનો કેવળ ઉદય હોય છે પણ બંધ નથી હોતો તેના અંતરકરણનાં દલિકો પ્રથમ સ્થિતિમાં જ નાખે છે. જેમ સ્ત્રીવેદના ઉદયે શ્રેણિ આરંભનાર સ્ત્રીવેદના દલિકને પ્રથમ સ્થિતિમાં નાખે છે. જે કર્મનો તે વખતે કેવળ બંધ હોય છે પણ ઉદય નથી હોતો તેના અંતરકરણ સંબંધી દલિકોને દ્વિતીય સ્થિતિમાં જ નાખે છે, પણ પ્રથમ સ્થિતિમાં નાખતો નથી. જેમ સંજ્વલન ક્રોધના ઉદયે શ્રેણિ આરંભનાર માનાદિના

અંતરકરણનાં દલિકોને દ્વિતીય સ્થિતિમાં જ નાખે છે. જે કર્મનો તે વખતે બંધ કે ઉદય કોઈ જ ન હોય તેઓના અંતરકરણનાં દલિકોને બંધાતી સ્વજાતીય પરપ્રકૃતિમાં નાખે છે જેમ બીજા અને ત્રીજા કષાયનાં દલિકોને પરપ્રકૃતિમાં નાખે છે. ૬૨

તથા જે સમયે અંતરકરણ ક્રિયા શરૂ થાય છે તે સમયની પછીના સમયથી નીચેની ગાથામાં કહેવાશે તે સાત પદાર્થો એકીસાથે શરૂ થાય છે. ૬૨

એ જ સાત પદાર્થો બતાવે છે—

एगट्ठाणाणुभागो बंधो उदीरणा य संखसमा ।
अणुपुव्वी संकमणं लोहस्स असंकमो मोहे ॥६३॥

बद्धं बद्धं छसु आवलीसु उवरेणुदीरणं एइ ।
पंडगवेउवसमणा असंखगुणणाइ जावंतं ॥६४॥

एकस्थानानुभागबंध उदीरणा च संख्येयसमा ।
आनुपूर्व्या संक्रमणं लोभस्यासंक्रमो मोहे ॥६३॥

बद्धं बद्धं षण्णामावलीनामुवरी उदीरणामेति ।
पंडकवेदोपशमनां असंख्येयगुणनया यावदन्तः ॥६४॥

અર્થ—મોહનીયનો એક સ્થાનિકરસબંધ, મોહનીયનો સંખ્યાત વર્ષપ્રમાણ સ્થિતિબંધ, મોહનીયની સંખ્યાત વર્ષની ઉદીરણા, ક્રમપૂર્વક સંક્રમણ, લોભના સંક્રમનો અભાવ, તે સમયે બંધાયેલા દલિકની છ આવલિકા ગયા બાદ ઉદીરણા અને નપુંસકવેદની પૂર્વ પૂર્વ સમય કરતાં ઉત્તરોત્તર સમયે અસંખ્ય ગુણકારે ઉપશમક્રિયા આ સાત પદાર્થો એક સાથે શરૂ થાય છે.

ટીકાનુ૦—જે સમયે અંતરકરણ ક્રિયા શરૂ થાય છે ત્યારપછીના સમયથી આ પ્રમાણે સાત પદાર્થો એક સાથે શરૂ થાય છે—જે સમયે અંતરકરણ ક્રિયા શરૂ થઈ ત્યારપછીના સમયથી મોહનીયકર્મનો રસબંધ એક સ્થાનક થાય છે ૧. તથા મોહનીયકર્મની ઉદીરણા સંખ્યાતા વરસની જ થાય છે. (કેમ કે સંખ્યાત વરસથી વધારે સ્થિતિ સત્તામાં હોતી નથી.) ૨. ઉદીરણા શબ્દની પાસે રહેલો य અનુક્તનો સમુચ્ચાયક હોવાથી અહીં મોહનીયનો જે સ્થિતિબંધ થાય છે તે સંખ્યાતા વરસનો થાય છે અને તે પણ પૂર્વ પૂર્વથી સંખ્યાત ગુણહીન થાય છે. ૩. તથા પુરુષવેદ અને સંજ્વલન ચતુષ્કનો ક્રમપૂર્વક જ સંક્રમ થાય છે, એટલે કે જે જે પ્રકૃતિનો પહેલો બંધવિચ્છેદ થાય છે તેનું દલિક પછી પછી બંધવિચ્છેદ થનારી પ્રકૃતિઓમાં જાય, પરંતુ પછી બંધવિચ્છેદ થનારી પ્રકૃતિઓનું પહેલાં બંધવિચ્છેદ થનારીમાં ન જાય, જેમ કે પુરુષવેદનું ક્રોધાદિમાં જાય, ક્રોધનું માનાદિમાં જાય, પરંતુ ક્રોધાદિનું પુરુષવેદમાં કે માનાદિનું ક્રોધમાં ન જાય, અંતરકરણ શરૂ થયા પહેલાં તો પરસ્પર સંક્રમ થતો હતો. ૪. તથા અહીં સંજ્વલન લોભનો અન્ય કોઈ પ્રકૃતિમાં સંક્રમ થતો નથી. ૫. તથા અત્યાર સુધીમાં બંધાયેલા કર્મની બંધાવલિકા ગયા પછી ઉદીરણા થતી હતી. અંતરકરણ ક્રિયાની શરૂઆતના દ્વિતીય સમયથી જે કર્મ બંધાય છે તે છ આવલિકા પછી ઉદીરણાને પ્રાપ્ત થાય છે. ૬. તથા નપુંસકવેદની અસંખ્ય અસંખ્ય ગુણકારે ઉપશમના

ઉપશમક્રિયાના ચરમસમયપર્યંત થાય છે. તે આ પ્રમાણે—પહેલા સમયે નપુંસકવેદનું દલિક થોડું ઉપશમાવે છે, (ઉપશમાવે છે એટલે શાંત કરે છે એટલે કે એ દલિકને એવી સ્થિતિમાં મૂકે છે કે અંતર્મુહૂર્ત પર્યંત ચારિત્રમોહનીયની કોઈપણ પ્રકૃતિમાં ઉદય ઉદીરણાદિ કોઈપણ કરણ પ્રવર્તે નહિ.) બીજે સમયે અસંખ્યાતગુણ ઉપશમાવે છે, ત્રીજે સમયે તે કરતાં અસંખ્યાતગુણ ઉપશમાવે છે. આવી રીતે પ્રતિસમય અસંખ્યાત-અસંખ્યાતગુણ ચરમસમય પર્યંત ઉપશમાવે છે. નપુંસકવેદને ઉપશમાવતાં જેટલો કાળ જાય તે કાળનો ચરમસમય અહીં સમજવો. તથા જેટલું દલિક ઉપશમાવે છે, તે કરતાં પર પ્રકૃતિમાં અસંખ્યાતગુણ દ્વિચરમસમયપર્યંત સંક્રમાવે છે. ચરમ સમયે તો અન્ય પ્રકૃતિમાં જેટલું સંક્રમે છે તે કરતાં અસંખ્યાતગુણ ઉપશમે છે. નપુંસકવેદની ઉપશમનાના પ્રથમ સમયથી આરંભી સઘળાં કર્મોની ઉદીરણા દલિકની અપેક્ષાએ અલ્પ થાય છે, અને ઉદય અસંખ્યાતગુણ થાય છે. (કારણ કે ગુણશ્રેણિ દ્વારા ઘણું દલિક નીચેની સ્થિતિઓમાં ગોઠવાયેલું હોવાથી અત્યારે ઉદીરણાકરણ દ્વારા બીજી સ્થિતિમાંથી જેટલું દલિક ખેંચાઈને ભોગવાય છે તેનાથી ઉદય દ્વારા અસંખ્યાતગુણ વધારે ભોગવાય છે.)

अंतरकरणपविट्ठो संखासंखंसमोहइयराणं ।
बंधादुत्तरबंधो एवं इत्थीए संखंसे ॥६५॥

अन्तरकरणे प्रविष्टः संख्येयासंख्येयांशं मोहेतरासाम् ।
बन्धादुत्तरबंधमेवं स्त्रियं (स्त्रियाः) संख्येयांशे ॥६५॥

અર્થ—અંતરકરણમાં પ્રવેશેલો આત્મા મોહનીયકર્મનો અને ઇતરકર્મોનો બંધ પછીનો બંધ અનુક્રમે સંખ્યેયગુણહીન અને અસંખ્યેયગુણહીન કરે છે. આવી રીતે જ સ્ત્રીવેદને ઉપશમાવે છે. સ્ત્રીવેદનો સંખ્યાતમો ભાગ ઉપશમ્યા બાદ જે થાય છે તે નીચેની ગાથામાં કહે છે.

ટીકાનુ૦—અંતરકરણમાં પ્રવેશ કરીને જીવ પહેલે સમયે જ મોહનીયનો જે બંધ કરે છે તેનાથી પછીનો બંધ સંખ્યેયગુણહીન કરે છે, એટલે કે અંતરકરણના પહેલે સમયે જે બંધ કરે છે તેના સંખ્યાતમા ભાગ પ્રમાણ પછીનો સ્થિતિબંધ કરે છે. જે બંધ જેની અપેક્ષાએ સંખ્યાતમો ભાગ છે તે બંધ તેની અપેક્ષાએ સંખ્યાતગુણહીન જ કહેવાય છે. તથા મોહનીયવર્જિત શેષ કર્મોનો પૂર્વ બંધ પછીનો બંધ અસંખ્યેયગુણહીન કરે છે એટલે કે અસંખ્યાતમા ભાગપ્રમાણ કરે છે. આ પ્રમાણે ક્રિયા કરતાં અંતર્મુહૂર્તમાં નપુંસકવેદ ઉપશમાવે છે. તેને ઉપશમાવ્યા પછી સ્ત્રીવેદની ઉપશમ ક્રિયા શરૂ થાય છે, અને તેને હજારો સ્થિતિબંધો વ્યતીત થયા બાદ નપુંસકવેદની ઉપશમના પ્રમાણે ઉપશમાવે છે, એટલે કે, નપુંસકવેદ ઉપશમ્યા પછી હજારો સ્થિતિઘાત જેટલા કાળમાં સ્ત્રીવેદને પણ ઉપશમાવે છે ૬૫

સ્ત્રીવેદને ઉપશમાવતાં તેનો સંખ્યાતમો ભાગ ઉપશમ્યે છતે જે થાય તે નીચેની ગાથામાં કહે છે.

उवसंते घाईणं संखेज्जसमा परेण संखंसो ।
बंधो सत्तण्हेवं संखेज्जतमंमि उवसंते ॥६६॥

उपशान्ते घातिनां संख्येयसमाः परेण संख्येयांशः ।
बन्धः समानामेवं संख्येयतमे उपशान्ते ॥६६॥

અર્થ—સ્ત્રીવેદનો સંખ્યાતમો ભાગ ઉપશમ્યે છતે ઘાતિ કર્મનો સંખ્યાત વર્ષ પ્રમાણ સ્થિતિબંધ થાય છે, ત્યારપછી તેનો સ્થિતિબંધ સંખ્યાતમો ભાગ થાય છે. આ રીતે સાતને ઉપશમાવે છે, અને તેનો સંખ્યાતમો ભાગ ઉપશમ્યે છતે જે થાય છે તે નીચેની ગાથામાં કહે છે.

ટીકાનુ૦—સ્ત્રીવેદને ઉપશમાવતાં તેનો સંખ્યાતમો ભાગ ઉપશમ્યા પછી ઘાતિ કર્મજ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાયનો સંખ્યાતવર્ષ પ્રમાણ સ્થિતિબંધ થાય છે. તે સંખ્યાતવર્ષ પ્રમાણ સ્થિતિબંધ થયા પછીનો જે સ્થિતિબંધ થાય છે તે સંખ્યેયગુણહીન થાય છે. જે સમયે ઘાતિકર્મનો સંખ્યાતવર્ષ પ્રમાણ સ્થિતિબંધ થાય છે તે સમયથી આરંભી કેવળજ્ઞાનાવરણ વર્જીને શેષ ચાર જ્ઞાનાવરણીયનો, કેવળદર્શનાવરણીય વર્જીને શેષ ત્રણ દર્શનાવરણીયનો એકસ્થાનકરસ બાંધે છે. ત્યારપછી હજારો સ્થિતિબંધો થયા બાદ સ્ત્રીવેદ ઉપશાંત થાય છે. સ્ત્રીવેદ ઉપશમ્યા પછી હાસ્યષટ્ક અને પુરુષવેદ એમ સાત પ્રકૃતિની એક સાથે ઉપશમન ક્રિયા શરૂ કરે છે. ૬૬

પૂર્વોક્ત રીતે એ સાત નોકષાયને ઉપશમાવતાં તેનો સંખ્યાતમો ભાગ ઉપશમ્યા પછી જે થાય છે તે નીચેની ગાથામાં કહે છે—

नामगोयाण संखा बंधो वासा असंखिया तइए ।
ता सव्वाण वि संखा तत्तो संखेज्जगुणहाणी ॥६७॥

नामगोत्रयोः संख्येयानि बन्धः वर्षाणि असंख्येयानि तृतीये ।
ततः सर्वेषामपि संख्येयानि ततः संख्येयगुणहान्या ॥६७॥

અર્થ—નામ અને ગોત્રકર્મનો સંખ્યાતવર્ષ પ્રમાણ સ્થિતિબંધ થાય છે. ત્રીજા વેદનીયનો અસંખ્યાત વર્ષપ્રમાણ બંધ થાય છે. ત્યારપછી સઘળાં કર્મોનો સંખ્યાત વર્ષપ્રમાણ બંધ થાય છે. ત્યારપછી સંખ્યાત ગુણહીન બંધ થાય છે.

ટીકાનુ૦—સ્ત્રીવેદ ઉપશમ્યા પછી નપુંસકને જે રીતે ઉપશમાવ્યો તે રીતે હાસ્યષટ્ક અને પુરુષવેદની ઉપશમક્રિયા શરૂ કરે છે. સાતને ઉપશમાવતાં તેનો સંખ્યાતમોભાગ[1] જ્યારે ઉપશમી જાય ત્યારે નામ અને ગોત્રકર્મનો સંખ્યાતવર્ષપ્રમાણ સ્થિતિબંધ થાય છે, અને ત્રીજા વેદનીયકર્મનો અસંખ્યાત વર્ષપ્રમાણ સ્થિતિબંધ થાય છે. તે સ્થિતિબંધ પૂર્ણ થયા બાદ પછીનો સ્થિતિબંધ વેદનીયકર્મનો પણ સંખ્યાત વર્ષપ્રમાણ થાય છે. વેદનીયકર્મનો સંખ્યાતવર્ષપ્રમાણ સ્થિતિબંધ થયા પછીથી સઘળાં કર્મોનો સ્થિતિબંધ સંખ્યાતવર્ષપ્રમાણ થાય છે. અને પૂર્વ પૂર્વ સ્થિતિબંધ કરતાં ઉત્તરોત્તર સ્થિતિબંધ સંખ્યાતગુણ હીન હીન થાય છે. ત્યારપછી હજારો સ્થિતિબંધો થઈ ગયા પછી હાસ્યષટ્ક અને પુરુષવેદ એ સાતે નોકષાયો શાંત થાય છે. ૬૭

---

૧. આ સ્થળે કર્મપ્રકૃતિમાં ''એ સાત પ્રકૃતિને ઉપશમાવતાં જેટલો કાળ જાય તે કાળનો સંખ્યાતમો ભાગ ગયા પછી'' એમ છે, એમાં તાત્પર્ય ભેદ નથી. કેમ કે તેટલા કાળમાં તેટલું દલિક ઉપશમાવે છે.

હાસ્યષટ્ક ઉપશમ્યા પછી પુરુષવેદનું ઉપશમ્યા વિનાનું જેટલું દલિક શેષ રહે છે તે આ ગાથામાં કહે છે—

जं समए उवसंतं छक्कं उदयट्ठिई तया सेसा ।
पुरिसे समऊणावलिदुगेण बंधं अणुवसंतं ॥६८॥

यस्मिन् समये उपशान्तं षट्कमुदयस्थितिस्तदा शेषा ।
पुरुषे समयोनावलिद्विकेन बद्धमनुपशान्तम् ॥६८॥

અર્થ—જે સમયે હાસ્યષટ્ક ઉપશમ્યું તે સમયે પુરુષવેદનો એક ઉદય સમય અને સમય ન્યૂન બે આવલિકા કાળમાં બંધાયેલું દલિક ઉપશમ્યા વિનાનું બાકી રહે છે.

ટીકાનુ૰—જે સમયે હાસ્યાદિ છ નોકષાય સર્વથા ઉપશમ્ય, ઉપશમ્યા એટલે—જેમ વારંવાર પાણીથી છંટાયેલો અને દ્રુઘણ—કૂબાથી કુટાયેલો માટીનો પિંડ શાંત થાય તેમ વિશુદ્ધિરૂપ પાણીથી સિંચાયેલો અને અનિવૃત્તિકરણરૂપ દ્રુઘણ—કૂબાથી કુટાયેલો કર્મરૂપ રેણુનો પુંજ પણ શાંત થાય છે—સંક્રમણ, ઉદ્વર્ત્તના, અપવર્ત્તના, ઉદીરણા, નિદ્ધત્તિ, નિકાચનાકરણ અને ઉદયને અયોગ્ય થાય છે. તે સમયે પુરુષવેદની એક ઉદયસ્થિતિ—માત્ર એક ઉદયસમય બાકી રહે છે. શેષ પ્રથમ સ્થિતિ બધી ભોગવાઈ જાય છે. તે પ્રથમ સ્થિતિના ચરમસમયે પુરુષવેદનો છેલ્લો સોળ વરસ પ્રમાણ સ્થિતિબંધ થાય છે. તે સાથે બીજી સ્થિતિમાં સમય ન્યૂન બે આવલિકા કાળમાં બંધાયેલ દળ ઉપશમ્યા વિનાનું બાકી રહે છે, શેષ સઘળાની ઉપશમના થઈ ગઈ છે.

આને જ અંગે વિશેષ વિચાર આ પ્રમાણે છે—પુરુષવેદની પ્રથમ સ્થિતિની બે આવલિકા બાકી રહે ત્યારે જેનું સ્વરૂપ પહેલાં કહેવાયું છે તે આગાલનો વિચ્છેદ થાય છે, માત્ર ઉદીરણા થાય છે. તથા જે સમયે આગાલનો વિચ્છેદ થાય છે, તે સમયથી આરંભી હાસ્યષટ્કનું દલિક પુરુષવેદમાં સંક્રમતું[1] નથી; પરંતુ સંજ્વલન ક્રોધાદિમાં સંક્રમે છે. કારણ તે સમયથી પુરુષવેદની

---

૧. સંક્રમણકરણમાં કહ્યા પ્રમાણે સમયન્યૂન બે આવલિકા બાકી રહે ત્યારે પુરુષવેદ પતદ્ગ્રહ તરીકે રહેતો નથી પરંતુ તેની પતદ્ગ્રહતા નાશ પામે છે. કારણ કે બંધવિચ્છેદ થયા પછી માત્ર બંધાયેલું જ ઉપશમ્યા વિનાનું બાકી રહે છે એમ કહે છે. જો પતદ્ગ્રહ તરીકે કાયમ રહે તો જેમ બંધાયેલું બાકી રહે છે તેમ સંક્રમથી આવેલું પણ બાકી રહેવું જોઈએ. અહીં એવો ક્રમ છે કે જે જે સમયે બંધાય છે અને જે અન્યના સંક્રમથી આવે છે તે તે સમયથી આરંભી એક આવલિકા તદવસ્થ પડ્યું રહે છે, તેમાં કોઈ કરણ લાગતું નથી. આવલિકા પૂર્ણ થયા પછી ઉપશમવા અગર સંક્રમવા માંડે છે, તે એક આવલિકા કાળે શાન્ત થઈ જાય છે. દાખલા તરીકે—જે સમયે પુરુષવેદનો બંધવિચ્છેદ થાય છે. તે સમયથી આઠમા સમયે (અહીં આવલિકાના ચાર સમય કલ્પ્યા છે) જે બંધાયું અગર અન્યનું સંક્રમથી આવ્યું તે દલિક તે સમયથી એક આવલિકા તો તદવસ્થ પડ્યું રહે છે, આવલિકા પૂર્ણ થયા બાદ તેની ઉપશમના અને અન્યમાં સંક્રમ થવા માંડે તે બંધવિચ્છેદ સમયે ખલાસ થાય. હવે જે સમયે બંધવિચ્છેદ થાય છે તે સમયથી સાતમા સમયે જે બંધાયેલું છે તે બંધવિચ્છેદ પછીના સમયે શાન્ત થાય છે. પરંતુ જો પતદ્ગ્રહતા નષ્ટ ન થાય અને સંક્રમથી આવવાનું ચાલુ રહે તો બંધવિચ્છેદ થયા પછી બંધાયેલા દલિકની જેમ સંક્રમથી આવેલ દલિક પણ શેષ રહે અને બંધાયેલું દલિક જેમ બંધવિચ્છેદ પછીના સમયે ઉપશમે છે તેમ સંક્રમેલું દલિક પણ ઉપશમે. પરંતુ તેમ કહેતા નથી પણ બંધવિચ્છેદ થયા પછી માત્ર બંધાયેલું જ બાકી રહે છે એમ કહે છે એટલે પ્રથમ સ્થિતિની

પતદ્ગ્રહતાનો નાશ થાય છે. હવે જ્યારે શેષ રહેલ પુરુષવેદનો એક ઉદયસમય પણ ભોગવાઈ જાય છે ત્યારે આત્મા અવેદી થાય છે. અવેદીપણાના પ્રથમસમયે બે સમય ન્યૂન બે આવલિકા કાળમાં બંધાયેલું જે દલિક છે તે જ ઉપશમ્યા વિનાનું બાકી રહે છે, શેષ સઘળા દલિકની નપુંસકવેદમાં કહેલ વિધિ પ્રમાણે ઉપશમના થઈ ગયેલ છે અને બે સમયન્યૂન બે આવલિકા કાળમાં જે બંધાયેલું ઉપશમ્યા વિનાનું બાકી છે તેને પણ તેટલા જ કાળે ઉપશમાવે છે. ૬૮

પૂર્વગાથામાં કહી તે જ હકીકત આ ગાથામાં સ્પષ્ટ કરે છે—

आगालेण समगं पडिग्गहया फिडइ पुरिसवेयस्स ।
सोलसवासिय बंधो चरिमो चरिमेण उदएण ॥६९॥

तावइ कालेणं चिय पुरिसं उवसामए अवेदो सो ।
बंधो बत्तीससमा संजललिणियराण उ सहस्सा ॥७०॥

आगालेन समकं पतद्ग्रहता स्फिटति पुरुषवेदस्य ।
षोडशवार्षिको बन्धः चरमः चरमेणोदयेन ॥६९॥

तावता कालेनैव पुरुषमुपशमयति अवेदः सः ।
बन्धो द्वात्रिंशत्समानि संज्वलनस्येतरेषां तु सहस्राणि ॥७०॥

અર્થ—આગાલ સાથે પુરુષવેદની પતદ્ગ્રહતા નાશ પામે છે. સોળ વર્ષનો છેલ્લો બંધ પણ છેલ્લા ઉદય સાથે નષ્ટ થાય છે. અવેદક થયો છતો અનુપશમિત પુરુષવેદને તેટલા જ કાળે ઉપશમાવે છે. જે સમયે પુરુષવેદ ઉપશમ્યો તે સમયે સંજ્વલન કષાયોનો બત્રીસ વર્ષ પ્રમાણ બંધ થાય છે, અને ઇતરકર્મનો સંખ્યાતા હજાર વર્ષનો બંધ થાય છે.

ટીકાનુ૰—જે સમયે પુરુષવેદના (જેનું સ્વરૂપ પહેલાં કહેવાયું છે તે) આગાલનો વિચ્છેદ થાય છે તે જ સમયે પુરુષવેદની પતદ્ગ્રહતા પણ નષ્ટ થાય છે. એટલે કે હાસ્યાદિ ષટ્કાદિ ષટ્કાદિ પ્રકૃતિઓનું દલિક પુરુષવેદમાં સંક્રમતું નથી. પુરુષવેદનો સોળ વર્ષપ્રમાણ જે છેલ્લો સ્થિતિબંધ થાય છે તે પણ પ્રથમસ્થિતિના છેલ્લા ઉદય સમય સાથે નષ્ટ થાય છે, બંધ અને ઉદય સાથે જ દૂર થાય છે. ઉદીરણા પ્રથમસ્થિતિની એક આવલિકા બાકી રહે ત્યારે દૂર થાય છે. પુરુષવેદનો જ્યારે સોળ વરસનો બંધ થાય છે, ત્યારે સંજ્વલનના ચારે કષાયોનો સંખ્યાતા હજાર વર્ષ બંધ થાય છે.

જે સમયે પુરુષવેદનો છેલ્લો બંધ થાય છે તે સમયે તે સમયથી બીજી આવલિકાના છેલ્લા સમયનું બંધાયેલું અને સંક્રમથી આવેલું સઘળું દલિક શાંત થાય છે. જેમ કે આવલિકાના ચાર

સમયન્યૂન બે આવલિકા બાકી રહે અને પતદ્ગ્રહતા નષ્ટ થાય એમ કહ્યું છે. અહીં જે સમયે આગાલ બંધ પડે છે તે સમયથી પતદ્ગ્રહતા નાશ પામે છે તેમ કહે છે, આગાલ પ્રથમ સ્થિતિની બે આવલિકા શેષ રહે ત્યારે નષ્ટ થાય છે એ હિસાબે પતદ્ગ્રહતા પ્રથમ સ્થિતિની બે આવલિકા રહી ત્યારથી બંધ પડી એમ થાય છે. સંક્રમણકરણમાં સમયન્યૂન બે આવલિકા પ્રથમસ્થિતિ શેષ રહે ત્યારે પતદ્ગ્રહતા નષ્ટ થાય તેમ કહ્યું છે. તત્ત્વ કેવલીગમ્ય.

સમય કલ્પીએ અને આઠમા સમયને છેલ્લો સમય કલ્પીએ તો તે સમયથી છેલ્લા પૂર્વના આઠમા સમયનું બંધાયેલું અને તે સમયે સંક્રમથી આવેલું છેલ્લા સમયે શાંત થાય છે, તેથી બંધવિચ્છેદ સમયે સમયોન બે આવલિકાનું બંધાયેલું જ ઉપશમ્યા સિવાયનું બાકી રહે છે. અને અવેદકપણાના પહેલા સમયે બે સમયન્યૂન બે આવલિકા કાળમાં બંધાયેલું ઉપશમ્યા વિનાનું બાકી રહે છે. અને તે તેટલા જ કાળે ઉપશમાવે છે.

પ્રથમ સ્થિતિની સમયોન બે આવલિકા બાકી રહે ત્યારે પુરુષવેદની પતદ્ગ્રહતા નષ્ટ થઈ હોવાથી અવેદકપણાના પ્રથમ સમયે સંક્રમથી આવેલા દલિકને શાંત કરવાનું રહેતું જ નથી. આનું કારણ જે સમયે બંધાય છે તે સમયથી એક આવલિકા તદવસ્થ પડ્યું રહે છે. આવલિકા પૂરી થયા બાદ ઉપશમાવવા માંડે છે, એક આવલિકા કાળે ઉપશમાવી દે છે. એટલે જ જે સમયે બંધાયું તે સમયથી આવલિકા ગયા બાદ પછીની આવલિકાના છેલ્લે સમયે સંપૂર્ણપણે શાંત થાય છે. એટલે જે સમયે છેલ્લો બંધ થાય છે, તે સમયથી આરંભી પૂર્વના બીજી આવલિકાના છેલ્લે સમયે જે બંધાયું તે બંધવિચ્છેદ સમયે શાન્ત થાય છે, પછીના સમયે જે બંધાયું તે અવેદકપણાના પહેલા સમયે શાન્ત થાય છે. આ ક્રમે શાંત કરે છે. તેથી જ અવેદકપણાના પ્રથમ સમયે બે સમયન્યૂન બે આવલિકાકાળનું બંધાયેલું જ ઉપશમ્યા વિનાનું બાકી રહે છે, અને તેને તેટલા જ કાળે શાન્ત કરે છે, એમ કહ્યું છે.

ઉપશમન ક્રિયા કરવાનો આ ક્રમ છે—બંધવિચ્છેદ પછીના એટલે કે અબંધના પ્રથમ સમયે થોડું ઉપશમાવે છે, દ્વિતીય સમયે અસંખ્યાતગુણ ઉપશમાવે છે. ત્રીજા સમયે તે કરતાં અસંખ્યાતગુણ ઉપશમાવે છે. આ પ્રમાણે ઉપશમાવતાં બે સમય ન્યૂન બે આવલિકાના ચરમ સમયે સંપૂર્ણપણે ઉપશમાવે છે. જેમ ઉપશમાવે છે તેમ બે સમયન્યૂન બે આવલિકા પર્યંત યથાપ્રવૃત્ત સંક્રમ વડે પરમાં સંક્રમાવે પણ છે.

સંક્રમનો વિધિ આ પ્રમાણે છે—પહેલા સમયે ઘણું સંક્રમાવે છે, બીજે સમયે વિશેષ ન્યૂન, ત્રીજે સમયે વિશેષ ન્યૂન એમ ચરમસમય પર્યંત સંક્રમાવે છે.

એમ ઉત્તરોત્તર ઉપશમાવતાં અને ન્યૂન ન્યૂન સંક્રમાવતાં અવેદકપણાના પ્રથમ સમયથી બે સમય ન્યૂન બેઆવલિકાકાળે પુરુષવેદ સંપૂર્ણ શાન્ત થાય છે. જે સમયે પુરુષવેદ સંપૂર્ણપણે શાન્ત થાય છે તે સમયે સંજ્વલન કષાયોનો બત્રીસ વર્ષનો (આ સ્થળે કર્મપ્રકૃતિમાં અંતર્મુહૂર્ત ન્યૂન બત્રીસ વર્ષ બંધ કહ્યો છે) અને બાકીના જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, અંતરાય, નામ અને ગોત્રકર્મનો સંખ્યાતા હજાર વર્ષનો સ્થિતિબંધ થાય છે. ૬૯-૭૦

હવે અપ્રત્યાખ્યાનાવરણીયાદિની ઉપશમનાનો પ્રકાર બતાવે છે—

अव्वेयपढमसमया कोहतिगं आढवेइ उवसमिउं ।
तिसु पडिग्गहया एक्का उदओ य उदीरणा बंधो ॥७१॥
फिट्टंति आवलीए सेसाए

अवेदकप्रथमसमयात् क्रोधत्रिकमारभते उपशमयितुम् ।
तिसृषु पतद्ग्रहतैकस्यां उदयश्चोदीरणा बन्धः ॥७१॥
स्फिटन्त्यावलिकायां शेषायाम्

અર્થ—અવેદકપણાના પ્રથમ સમયથી ત્રણ ક્રોધને ઉપશમાવવાનો આરંભ કરે છે. પ્રથમ સ્થિતિની ત્રણ આવલિકા બાકી રહે ત્યારે સંજ્વલન ક્રોધની પતદ્ગ્રહતા દૂર થાય છે અને એક આવલિકા શેષ રહે ત્યારે ઉદય, ઉદીરણા અને બંધ નષ્ટ થાય છે.

ટીકાનુ૦—જે સમયે પુરુષવેદનો અવેદક થાય છે, તે અવેદકપણાના પ્રથમ સમયથી આરંભી અપ્રત્યાખ્યાનાવરણીય, પ્રત્યાખ્યાનાવરણીય અને સંજ્વનલ એ ત્રણેના ક્રોધને એકીસાથે ઉપશમાવવાનો આરંભ કરે છે. ઉપશમના કરતાં પૂર્વ પૂર્વ સમયથી ઉત્તરોત્તર સમયે અસંખ્ય-અસંખ્યગુણ ઉપશમાવતો જાય છે. એ ત્રણની ઉપશમન ક્રિયા શરૂ કરતાં જે સ્થિતિબંધ થાય તેની પછીનો સંજ્વલનનો સંખ્યેયભાગહીન સ્થિતિબંધ થાય છે, અને શેષકર્મનો સંખ્યેયગુણહીન સ્થિતિબંધ થાય છે. તથા શેષ સ્થિતિઘાત, રસઘાત, ગુણશ્રેણિ અને ગુણસંક્રમ પહેલાંની જેમ જ થાય છે.

સંજ્વલન ક્રોધની પ્રથમસ્થિતિ સમયોન ત્રણ આવલિકા બાકી રહે ત્યારે તેની પતદ્ગ્રહતા નષ્ટ થાય છે. એટલે કે સંજ્વલનક્રોધમાં અપ્રત્યાખ્યાવરણ-પ્રત્યાખ્યાનાવરણ ક્રોધનું દલિક સંક્રમતું નથી, પરંતુ સંજ્વલન માનાદિમાં સંક્રમે છે. પ્રથમસ્થિતિની બે આવલિકા બાકી રહે ત્યારે આગાલનો વિચ્છેદ થાય છે, માત્ર ઉદીરણા જ પ્રવર્ત્તે છે. તે પણ પ્રથમસ્થિતિની એક આવલિકા શેષ રહે ત્યાં સુધી જ પ્રવર્ત્તે છે. ઉદયાવલિકાના ચરમ સમયે સંજ્વલન ક્રોધાદિ ચારેનો સ્થિતિબંધ ચાર માસનો થાય છે, અને શેષ કર્મોનો સંખ્યાતા હજાર વરસનો થાય છે. તથા ઉદીરણાવલિકાના ચરમસમયે સંજ્વલનક્રોધનો બંધ, ઉદય અને ઉદીરણા એ ત્રણેનો સાથે જ વિચ્છેદ થાય છે. અને તે જ સમયે અપ્રત્યાખ્યાનાવરણીય અને પ્રત્યાખ્યાનાવરણીય ક્રોધ સંપૂર્ણપણે ઉપશમે છે.

જે સમયે સંજ્વલનક્રોધનો ઉદયવિચ્છેદ થાય છે તે સમયે ઉદયાવલિકાગત દલિક[1] અને સમયોન બે આવલિકાકાળમાં બંધાયેલું દલિક મૂકીને શેષ સંજ્વલન ક્રોધનું પણ સઘળું દલિક શાંત થઈ જાય છે. તે સમયોન બે આવલિકાકાળમાં બંધાયેલા દલિકને તેટલા જ કાળે પુરુષવેદમાં કહેલ ક્રમ પ્રમાણે ઉપશમાવે છે. ૭૧

તે જ હકીકત કહે છે—

सेसयं तु पुरिससमं ।
एवं सेसकसाया वेयइ थिबुगेण आवलिया ॥७२॥

૧. તથાસ્વભાવે સંજ્વલન ક્રોધાદિની પ્રથમસ્થિતિની એક આવલિકા બાકી રહે અને માનાદિનો ઉદય થઈ જાય છે. તેથી જ પ્રથમસ્થિતિની એક આવલિકા બાકી રહી જાય છે તે અવશિષ્ટ આવલિકાગત દલિક સ્તિબુકસંક્રમ વડે માનાદિમાં સંક્રમી દૂર થાય છે.

शेषं तु पुरुषसमम् ।
एवं शेषकषायान् वेद्यते स्तिबुकेनावलिका ॥७२॥

અર્થ—શેષ પુરુષવેદ સમાન કહેવું. આ પ્રમાણે શેષ કષાયને ઉપશમાવે છે. તથા પ્રથમસ્થિતિની છેલ્લી આવલિકા સ્તિબુકસંક્રમ વડે અનુભવે છે.

ટીકાનુ૰—સંજ્વલનક્રોધનો બંધાદિ વિચ્છેદ થયા પછી તેના શેષ દલિકની ઉપશમના પુરુષવેદની ઉપશમના પ્રમાણે થાય છે. આ હકીકત પૂર્વની ગાથામાં કહેવાઈ ગઈ છે. જે રીતે ત્રણ ક્રોધને ઉપશમાવે છે તે રીતે શેષ અપ્રત્યાખ્યાનાવરણ, પ્રત્યાખ્યાનાવરણ અને સંજ્વલન માન-માયા અને લોભ કષાયોને ઉપશમાવે છે. તે દરેકની પ્રથમસ્થિતિની જે આવલિકા શેષ રહે છે તેને પછીના પછીના કષાયમાં સ્તિબુકસંક્રમ વડે સંક્રમાવી અનુભવે છે.

એનો જ વિશેષ વિચાર કરે છે. જ્યારે સંજ્વલન ક્રોધના બંધ, ઉદય અને ઉદીરણાનો વિચ્છેદ થાય ત્યારે તેની પ્રથમસ્થિતિની એક આવલિકા શેષ રહે છે. તે શેષ આવલિકાને સ્તિબુકસંક્રમ વડે માનમાં નાખી અનુભવે છે. અને જે સમયન્યૂન બે આવલિકા કાળમાં બંધાયેલું દલિક ઉપશમ્યા સિવાયનું સત્તામાં છે તેને તેટલા જ કાળે એટલે કે બંધવિચ્છેદ સમયથી સમયોન બે આવલિકા કાળે અને અબંધના પ્રથમ સમયથી બે સમયન્યૂન બે આવલિકાકાળે ઉપશમાવે છે.

ઉપશમનાનો ક્રમ જો કે પુરુષવેદ પ્રમાણે લેવા કહેલ છે છતાં અહીં જણાવે છે, અને તે આ પ્રમાણે—પ્રથમ સમયે અલ્પ ઉપશમાવે છે, બીજે સમયે અસંખ્યાતગુણ ઉપશમાવે છે, ત્રીજે સમયે અસંખ્યગુણ ઉપશમાવે છે, એમ અબંધના પ્રથમ સમયથી બે સમયન્યૂન બે આવલિકાના ચરમસમયપર્યંત ઉપશમાવે છે. જેમ ઉપશમાવે છે તેમ માનાદિમાં યથાપ્રવૃત્ત સંક્રમ વડે પુરુષવેદોક્ત ક્રમે સંક્રમાવે પણ છે. આવી રીતે સંજ્વલનક્રોધને સંપૂર્ણપણે ઉપશમાવે છે.

જે સમયે સંજ્વલનક્રોધના બંધ, ઉદય અને ઉદીરણા વ્યવચ્છિન્ન થયા તે જ સમયે એટલે કે સંજ્વલનક્રોધના અબંધ સમયથી આરંભી સંજ્વલન માનની દ્વિતીયસ્થિતિમાંથી દલિક ખેંચીને પ્રથમસ્થિતિ કરે છે અને અનુભવે છે. (જે સમયે સંજ્વલન ક્રોધનો છેલ્લો ઉદય બંધ પડ્યો તે પછીના સમયથી માનનો ઉદય શરૂ થાય છે. પેલાના ઉદયવિચ્છેદ અને પછીનાના ઉદય વચ્ચે અંતર હોતું નથી.) બીજી સ્થિતિમાંથી ખેંચેલાં દલિકોમાંથી ઉદયસમયમાં અલ્પ નાખે છે, બીજા સમયમાં અસંખ્યાતગુણ નાખે છે. ત્રીજા સ્થિતિસ્થાનમાં અસંખ્યગુણ નાખે છે, એમ પ્રથમસ્થિતિના ચરમસમય પર્યંત નાખે છે.(અત્યાર સુધી માનનો પ્રદેશોદય હતો તેથી એક પ્રદેશોદયાવલિકા છોડી ગુણશ્રેણિના ક્રમે દલિક ગોઠવાતું હતું. હવે રસોદય થયો એટલે ઉદયથી આરંભી ગુણશ્રેણિના ક્રમે દલિક ગોઠવાય છે.)

પ્રથમસ્થિતિના પ્રથમસમયે સંજ્વલનમાનનો સ્થિતિબંધ ચાર માસ અને શેષ જ્ઞાનાવરણીયાદિનો સંખ્યાતા હજારવર્ષનો થાય છે. તે જ સમયથી અપ્રત્યાખ્યાનાવરણીયાદિ ત્રણે માનોને ક્રોધના ક્રમે એક સાથે જ ઉપશમાવવાનો આરંભ કરે છે.

સંજ્વલન માનની પ્રથમસ્થિતિ સમયોન ત્રણ આવલિકા શેષ રહે ત્યારે અપ્રત્યાખ્યાનાવરણ, પ્રત્યાખ્યાનાવરણ માનનાં દલિકોને સંજ્વલન માનમાં સંક્રમાવતો નથી પરંતુ સંજ્વલનની

માયા આદિમાં સંક્રમાવે છે. બે આવલિકા શેષ રહે ત્યારે આગાલનો વિચ્છેદ થાય છે. કેવળ ઉદીરણા જ પ્રવર્ત્તે છે. તે પણ એક આવલિકા પર્યંત જ થાય છે. તે ઉદીરણાવલિકાના છેલ્લે સમયે બંધ અને ઉદય પણ દૂર થાય છે. ત્રણે સાથે જ દૂર થાય છે. તે વખતે પ્રથમસ્થિતિની એક આવલિકા બાકી રહે છે.

જે સમયે માનનો બંધવિચ્છેદ થાય છે તે સમયે સંજ્વલન માન, માયા અને લોભનો સ્થિતિબંધ બે માસ થાય છે. અને શેષ કર્મોનો સંખ્યાતા વર્ષનો થાય છે. અપ્રત્યાખ્યાનાવરણ અને પ્રત્યાખ્યાનાવરણ માન સર્વથા શાંત થાય છે અને સંજ્વલનમાનનું પ્રથમસ્થિતિની છેલ્લી એક આવલિકા તથા સમયોન બે આવલિકાકાળમાં બંધાયેલું દલિક છોડીને શેષ સઘળું શાંત થાય છે. પ્રથમસ્થિતિની આવલિકાને સ્તિબુકસંક્રમ વડે માયામાં સંક્રમાવી અનુભવે છે, અને સમયોન બે આવલિકાકાળમાં બંધાયેલા દળને તેટલા જ કાળે પુરુષવેદના ક્રમે ઉપશમાવે છે, અને સંક્રમાવે છે.

માનનો ઉદયવિચ્છેદ થયા પછી સંજ્વલનમાયાની દ્વિતીયસ્થિતિમાંથી દલિક ખેંચીને પ્રથમસ્થિતિ કરે છે અને વેદે છે. તે પ્રથમસ્થિતિના પ્રથમસમયે માયા અને લોભનો બે માસ સ્થિતિબંધ થાય છે, અને શેષ કર્મોનો સંખ્યાતા વર્ષનો થાય છે. તે જ સમયથી આરંભી ત્રણે માયાને એક સાથે ઉપશમાવવાનો આરંભ કરે છે.

સંજ્વલન માયાની પ્રથમ સ્થિતિ સમયોન ત્રણ આવલિકા બાકી રહે ત્યારે અપ્રત્યાખ્યાનાવરણ અને પ્રત્યાખ્યાનાવરણીય માયાને સંજ્વલનમાયામાં સંક્રમાવતો નથી, કારણ તેની પતદ્ગ્રહતા નષ્ટ થાય છે. પરંતુ સંજ્વલન લોભમાં સંક્રમાવે છે. બે આવલિકા શેષ રહે ત્યારે આગાલ બંધ પડે છે, કેવળ એક આવલિકા પર્યંત ઉદીરણા પ્રવર્ત્તે છે. તે ઉદીરણાવલિકાના ચરમસમયે સંજ્વલન માયા અને લોભનો સ્થિતિબંધ એક માસનો થાય છે, અને શેષ કર્મોનો સંખ્યાતા વર્ષનો થાય છે. અને તે જ સમયે સંજ્વલન માયાના બંધ, ઉદય અને ઉદીરણાનો વિચ્છેદ થાય છે. અપ્રત્યાખ્યાનાવરણ-પ્રત્યાખ્યાનાવરણ માયા સર્વથા શાંત થાય છે. અને સંજ્વલનમાયાનું પ્રથમસ્થિતિની એક આવલિકા અને સમયોન બે આવલિકા કાળમાં બંધાયેલા દલિકને છોડીને શેષ સઘળું શાંત થાય છે. અવશિષ્ટ પ્રથમસ્થિતિની છેલ્લી આવલિકાને સંજ્વલન લોભમાં સ્તિબુકસંક્રમ વડે સંક્રમાવી ભોગવે છે. સમયોન બે આવલિકા કાળમાં બંધાયેલા દલિકને તેટલા જ કાળે પુરુષવેદના ક્રમ પ્રમાણે ઉપશમાવે છે, અને સંજ્વલન લોભમાં સંક્રમાવે છે.

ત્યારપછીના સમયે એટલે કે જે સમયે માયાનો ઉદયવિચ્છેદ થયો તે પછીના સમયે સંજ્વલન લોભની દ્વિતીય સ્થિતિમાંથી દલિક ખેંચીને પ્રથમસ્થિતિ કરે છે અને અનુભવે છે. આવી રીતે ક્રોધનો ઉદયવિચ્છેદ થયા પછી માનનો ઉદય, તેનો ઉદયવિચ્છેદ થયા પછી માયાનો ઉદય, અને તેનો ઉદયવિચ્છેદ થયા પછી લોભનો ઉદય થાય છે, અને તે દરેકની પ્રથમસ્થિતિની જે છેલ્લી-છેલ્લી આવલિકા શેષ રહે છે તે પછી-પછીમાં સ્તિબુકસંક્રમથી સંક્રમાવી અનુભવે છે. ૭૨

હવે સંજ્વલન ક્રોધાદિનો પોતપોતાના ઉદયના ચરમસમયે જેટલો સ્થિતિબંધ પૂર્વે ટીકામાં કહ્યો છે તેને સૂત્રકાર પોતે જ આ નીચેની ગાથામાં બતાવે છે.

चरिमुदयम्मि जहन्नो बंधो दुगुणो उ होइ उवसमगे ।
तयणंतरपगईए चउग्गुणोण्णेसु संखगुणो ॥७३॥

चरमोदये जघन्यो बन्धो द्विगुणस्तु भवत्युपशमके ।
तदनन्तरप्रकृतेः चतुर्गुणोऽन्येषु संख्येयगुणः ॥७३॥

અર્થ—સંજ્વલન ક્રોધાદિના પોતપોતાના ઉદયના ચરમસમયે ક્ષપકશ્રેણિમાં જે જઘન્યસ્થિતિબંધ થાય છે, તેનાથી ઉપશમશ્રેણિમાં તે બંધ બમણો થાય છે. તદનંતર પ્રકૃતિનો ચાર ગુણો થાય છે અને અન્ય કર્મોનો સંખ્યાતગુણ બંધ થાય છે.

ટીકાનુ૦—ક્ષપકશ્રેણિમાં ક્ષપકને પોતપોતાના ઉદયના ચરમસમયે સંજ્વલન ક્રોધાદિનો જે જઘન્યસ્થિતિબંધ થાય છે ત્યાં તે સ્થિતિબંધ ઉપશમકને બમણો થાય છે, તે જ સમયે તદનંતર પ્રકૃતિનો ચાર ગુણો અને એની પછીની પ્રકૃતિનો આઠ ગુણો થાય છે. અને અન્ય કર્મોનો સંખ્યાતગુણ બંધ થાય છે.

જેમ કે—ક્ષપકશ્રેણિમાં સંજ્વલન ક્રોધનો પોતાના ઉદયના ચરમસમયે બે માસનો જઘન્યસ્થિતિબંધ થાય છે. ઉપશમશ્રેણિમાં મંદપરિણામ હોવાથી ત્યાં જ—પોતાના ઉદયના ચરમસમયે બમણો એટલે કે ચાર માસ પ્રમાણ સ્થિતિબંધ થાય છે. અને તે જ સમયે ક્રોધની અનંતર પ્રકૃતિ જે માન છે તેના આશ્રયી વિચારીએ તો તેનો ચાર ગુણો એટલે કે ચાર માસ પ્રમાણ બંધ થાય છે. અને માનની અનંતર પ્રકૃતિ માયાનો આઠ ગુણો બંધ થાય છે. કારણ કે સંજ્વલન ક્રોધના ચરમોદય કાળે ક્રોધાદિ ચારેનો ચાર માસનો જઘન્ય સ્થિતિબંધ થાય છે. તે ચાર માસ પ્રમાણ બંધ ક્ષપકશ્રેણિમાં ક્રોધ, માન અને માયાના બંધવિચ્છેદ કાળે થતા બંધથી બમણો, ચાર ગુણો અને આઠ ગુણો છે. અહીં ક્ષપકશ્રેણિમાં ક્રોધ, માન અને માયાનો પોતપોતાના છેલ્લા ઉદય સમયે જે જઘન્ય સ્થિતિબંધ થાય છે તે કરતાં ઉપશમશ્રેણિમાં ક્રોધના ચરમોદયકાળે ક્રોધાદિ ત્રણેનો બંધ કેટલો ગુણો થાય છે તે બતાવ્યું છે.

એવી જ રીતે માનના ચરમોદયકાળે માન, માયાનો કેટલા ગુણો બંધ થાય છે તે હકીકત જણાવી છે. જેમ કે—ક્ષપકશ્રેણિમાં પોતપોતાના ચરમોદયસમયે ક્રોધનો બે માસ, માનનો એક માસ અને માયાનો પંદર દિવસનો સ્થિતિબંધ થાય છે. ઉપશમશ્રેણિમાં ક્રોધના ચરમોદયકાળે ક્રોધ, માન અને માયા[1] દરેકનો ચાર માસનો જઘન્ય સ્થિતિબંધ થાય છે એટલે ક્રોધનો બમણો, માનનો ચાર ગુણો અને માયાનો આઠ ગુણો ઘટી શકે છે. આ પ્રમાણે માનના ચરમોદય કાળે માન અને માયાનો બે માસનો જઘન્ય સ્થિતિબંધ થાય છે. તે ક્ષપકશ્રેણિના જઘન્યસ્થિતિબંધ કરતાં બમણો અને ચાર ગુણો થાય છે. માયાના ચરમોદયકાળે તેનો એક માસનો જઘન્ય સ્થિતિબંધ થાય છે તે ક્ષપકશ્રેણિમાં ચરમોદયકાળે થતા જઘન્ય સ્થિતિબંધથી બમણો છે. તથા શેષ જ્ઞાનાવરણીયાદિ

૧. અહીં લોભનો પણ ચાર માસ પ્રમાણ જઘન્ય સ્થિતિબંધ થાય છે પણ ક્ષપકશ્રેણિમાં થનારા અંતર્મુહૂર્ત પ્રમાણ જઘન્ય સ્થિતિબંધ કરતાં કેટલા ગુણો થાય છે તે બતાવ્યું નથી. માયાનો આઠ ગુણો થાય છે ત્યાં સુધી કહ્યું.

કર્મોનો સર્વત્ર સંખ્યેય વર્ષ પ્રમાણ સ્થિતિબંધ થાય છે. માત્ર પૂર્વ પૂર્વ સ્થિતિબંધ કરતાં ઉત્તરોત્તર સ્થિતિબંધ ઓછો-ઓછો થાય છે. ૭૩

હવે સંજ્વલન લોભની વક્તવ્યતા કહે છે—

लोभस्स उ पढमठिइं बिईयठिइओ उ कुणइ तिविभागं ।
दोसु दलणिक्खेवो तइयो पुण किट्टीवेयद्धा ॥७४॥

लोभस्य तु प्रथमस्थितिं द्वितीयस्थितेस्तु करोति त्रिविभागां ।
द्वयोर्दलनिक्षेपः तृतीयः पुनः किट्टीवेदनाद्धा ॥७४॥

અર્થ—માયાનો ઉદયવિચ્છેદ થયા બાદ લોભની બીજી સ્થિતિમાંથી ત્રણ ભાગવાળી પ્રથમ સ્થિતિ કરે છે. પ્રથમના બે ભાગમાં દળનો નિક્ષેપ કરે છે. ત્રીજો ભાગ કિટ્ટિવેદનાદ્ધા-કિટ્ટિ વેદવાનો કાળ છે.

ટીકાનુ૦—માયાના ઉદયવિચ્છેદ પછીના સમયથી આરંભી લોભનો ઉદય થાય છે. તે લોભની બીજી સ્થિતિમાંથી દલિક ઉતારી તેની પ્રથમ સ્થિતિ કરે છે. લોભની પ્રથમસ્થિતિના ત્રણ ભાગ કરે છે—પહેલો અશ્વકર્ણકરણાદ્ધા, બીજો કિટ્ટિ કરણાદ્ધા, ત્રીજો કિટ્ટિવેદનાદ્ધા.

ચડતા ચડતા રસાણુવાળી વર્ગણાઓનો ક્રમ તોડ્યા સિવાય અત્યંત હીન રસવાળા સ્પર્દ્ધકો કરવા તે અપૂર્વ સ્પર્દ્ધક કહેવાય છે. તે અપૂર્વ સ્પર્દ્ધક કરવાના કાળને અશ્વકર્ણકરણાદ્ધા કહેવામાં આવે છે.

એટલો બધો રસ ઘટાડી નાખવો કે જેને લઈને ચડતા ચડતા રસાણુવાળી વર્ગણાનો ક્રમ તૂટી જાય તે કિટ્ટિ કહેવાય છે. જે કાળમાં કિટ્ટિઓ થાય છે તે કિટ્ટિકરણાદ્ધા કહેવાય છે.

નવમા ગુણસ્થાનકે કરેલી તે કિટ્ટિઓના અનુભવ કાળને કિટ્ટિવેદનાદ્ધા કહેલ છે.

જે સમયે લોભનો ઉદય થાય છે, તે સમયથી નવમા ગુણસ્થાનકનો જેટલો કાળ બાકી છે તેના બે ભાગ થાય છે. તેમાંના પ્રથમ ભાગમાં અપૂર્વ સ્પર્દ્ધકો થાય છે. દ્વિતીય વિભાગમાં કિટ્ટિઓ થાય છે, અને સૂક્ષ્મસંપરાયગુણસ્થાનકે કિટ્ટિકરણાદ્ધામાં કરેલી કિટ્ટિઓને વેદે છે—અનુભવે છે. નવમા ગુણસ્થાનકના જે સમયથી લોભનો ઉદય થાય છે તે સમયથી આરંભી તેનો જેટલો કાળ બાકી છે તે કરતાં તેની પ્રથમસ્થિતિ એક આવલિકા અધિક કરે છે. આવલિકા અધિક કહેવાનું કારણ નવમાના ચરમ સમય પર્યંત તો લોભના રસોદયને વેદે છે, છતાં તેની પ્રથમ સ્થિતિની એક આવલિકા બાકી રહે છે અને નવમું ગુણસ્થાન પૂરું થઈ દશમે ગુણસ્થાનકે જાય, ત્યાં અવશિષ્ટ તે આવલિકા સ્તિબુકસંક્રમ વડે સૂક્ષ્મકિટ્ટિઓમાં સંક્રમાવી અનુભવે છે. એટલે જ પ્રથમસ્થિતિ એક આવલિકા વધારે કરે છે, એમ કહ્યું છે. અશ્વકર્ણકરણાદ્ધાના પ્રથમસમયથી અપ્રત્યાખ્યાનાવરણીય, પ્રત્યાખ્યાનાવરણીય અને સંજ્વલન એમ ત્રણેના લોભને એકીસાથે ઉપશમાવવાનો આરંભ કરે છે ૭૪

અશ્વકર્ણકરણાદ્ધાના કાળમાં અન્ય જે કંઈ કરે છે તે કહે છે—

संताणि बज्झमाणग सरुवओ फड्डुगाणि जं कुणइ ।
सा अस्सकण्णकरणद्ध मज्झिमा किट्टिकरणद्धा ॥७५॥

सन्ति बध्यमानस्वरूपतः स्पर्द्धकानि यत्करोति ।
साऽश्वकर्णकरणाद्धा मध्यमा किट्टिकरणाद्धा ॥७५॥

અર્થ—લોભના સત્તાગત સ્પર્દ્ધકોને તત્કાળ બધ્યમાન સ્પર્દ્ધકો સ્વરૂપે જેની અંદર કરે તે અશ્વકર્ણકરણાદ્ધા. ત્યારપછી મધ્યમ કિટ્ટિકરણાદ્ધા પ્રવર્ત્તે છે.

ટીકાનુ૦—માયાનાં જે દલિકો સંજ્વલન લોભમાં સંક્રમેલાં છે તે અને પૂર્વે જે સંજ્વલન લોભનાં દલિકો બંધાયેલા સત્તામાં પડ્યાં છે તેઓને તત્કાલ બધ્યમાન સંજ્વલનલોભરૂપે એટલે કે તત્કાળ બંધાતા સંજ્વલનલોભની જેમ અત્યંત નીરસ જેની અંદર કરે છે તે અશ્વકર્ણ-કરણાદ્ધા છે.

એનો જ વિશેષ વિચાર આ પ્રમાણે છે—અશ્વકર્ણકરણાદ્ધાના કાળમાં વર્તમાન માયાનાં જે દલિકો સંજ્વલનલોભમાં સંક્રમેલાં છે તે તથા પૂર્વે બંધાયેલાં લોભનાં જે દલિકો સત્તામાં પડ્યાં છે તેઓને પ્રતિસમય ગ્રહણ કરીને તત્કાળ બંધાતા સંજ્વલનલોભના જેવાં અત્યંત હીન રસવાળા કરે છે, માત્ર ચડતા ચડતા રસાણુનો ક્રમ તોડતો નથી. સંસારમાં રખડતાં આ પહેલાં કોઈપણ કાળે બંધ આશ્રયી આવા હીન રસવાળા સ્પર્દ્ધકો બાંધ્યા નહોતા, પરંતુ વિશુદ્ધિના વશથી અત્યારે જ સત્તામાં એટલા બધા હીન રસવાળા કરે છે.

આ પ્રમાણે પ્રતિસમય અપૂર્વસ્પર્દ્ધક કરતાં સંખ્યાતા સ્થિતિબંધો જાય ત્યારે અશ્વકર્ણકરણાદ્ધા પૂર્ણ થાય છે. ત્યારબાદ કિટ્ટિકરણાદ્ધામાં પ્રવેશ કરે છે. તે વખતે સંજ્વલનલોભનો સ્થિતિબંધ દિવસ પૃથક્ત્વ થાય છે, અને શેષ કર્મોનો વર્ષ પૃથક્ત્વ પ્રમાણ થાય છે. કિટ્ટિકરણાદ્ધાના કાળમાં પૂર્વ સ્પર્દ્ધકો[1] અને અપૂર્વસ્પર્દ્ધકોમાંથી દલિકો ગ્રહણ કરીને સમયે સમયે અનંતી અનંતી કિટ્ટિઓ કરે છે. ૭૫

હવે કિટ્ટિઓનું સ્વરૂપ અને પ્રથમ સમયે કેટલી કિટ્ટિઓ કરે છે, તે કહે છે—

अप्पुव्वविसोहीए अणुभागोणूण विभयणं किट्टी ।
पढमसमयंमि रसफड्डुगवग्गणाणंतभागसमा ॥७६॥

अपूर्वविशुद्ध्या अनुभागोनस्य विभजनं किट्टिः ।
प्रथमसमये रसस्पर्द्धकवर्गणानामनन्तभागसमाः ॥७६॥

અર્થ—અપૂર્વ વિશુદ્ધિ વડે ચડતા ચડતા રસાણુનો ક્રમ તોડીને અત્યંત હીન રસ કરવો

---

૧. અહીં અપૂર્વસ્પર્દ્ધકો તથા પૂર્વસ્પર્દ્ધકો એમ બંને કહે છે. એનું તાત્પર્ય એ છે કે અપૂર્વસ્પર્દ્ધકના કાળમાં જેટલા સ્પર્દ્ધકો તત્કાળ બંધાતા સંજ્વલનલોભના જેવા અલ્પ રસવાળા કરેલા છે તેઓને તથા તે કાળે જે સ્પર્દ્ધકોના અપૂર્વસ્પર્દ્ધકો કર્યા નથી તે બંનેને ગ્રહણ કરીને કિટ્ટિઓ કરે છે. અપૂર્વસ્પર્દ્ધક કાળમાં સત્તાગત બધા સ્પર્દ્ધકો અપૂર્વ થતા નથી, કેટલાક થાય છે અને કેટલાક તેવા જ રહે છે.

તે કિટ્ટિ કહેવાય છે. પહેલે સમયે રસસ્પર્દ્ધકગત વર્ગણાના અનંતમા ભાગે કિટ્ટિઓ થાય છે.

ટીકાનુ૰—પૂર્વસ્પર્દ્ધકો અને અપૂર્વસ્પર્દ્ધકોમાંથી વર્ગણાઓને ગ્રહણ કરીને અપૂર્વ વિશુદ્ધિ દ્વારા અપૂર્વસ્પર્દ્ધક કરતી વખતે જે રસ ઓછો કર્યો હતો તે કરતાં પણ અનંતગુણ હીન રસ કરીને ચડતા ચડતા રસાણુનો ક્રમ તોડી નાખવો અને વર્ગણા-વર્ગણાઓની વચ્ચે મોટું અંતર કરી નાખવું તે કિટ્ટિ કહેવાય છે. જેમ કે જે વર્ગણામાં અસત્કલ્પનાએ એકસો એક, એકસો બે, એકસો ત્રણ રસાણુઓ હતા તેઓનો રસ ઓછો કરીને અનુક્રમે પાંચ, પંદર અને પચીસ રસાણુઓ રાખવા તે કિટ્ટિ કહેવાય છે. આ રીતે કિટ્ટિઓ કરતી વખતે અપૂર્વસ્પર્દ્ધકના કાળમાં જે રસ ઓછો થયો હતો તે કરતાં પણ અનંતગુણહીન રસ થાય છે. અને વર્ગણા, વર્ગણા વચ્ચે મોટું અંતર પડે છે. અપૂર્વસ્પર્દ્ધકોમાં એક રસાણુ અધિક, બે રસાણુ અધિક એમ ચડતા ચડતા રસાણુવાળી વર્ગણાઓ મળી શકે છે તેથી પૂર્વની જેમ તેના સ્પર્દ્ધકો પણ થઈ શકે છે, પરંતુ કિટ્ટિઓ થાય છે ત્યારે તે ક્રમ રહેતો નથી. કિટ્ટિકરણાદ્ધાના પ્રથમ સમયે અનંતી કિટ્ટિઓ કરે છે અને તે કિટ્ટિઓ એક સ્પર્દ્ધકમાં રહેલી અનંતી વર્ગણાના અનંતમા ભાગે હોય છે.

અહીં શંકા કરે છે કે તે કિટ્ટિઓ સર્વજઘન્ય રસસ્પર્દ્ધકના રસ સરખી કરે છે કે તે કરતાં પણ હીન રસવાળી કરે છે ? તેના ઉત્તરમાં કહે છે કે સર્વજઘન્ય રસસ્પર્દ્ધકમાં જેટલો રસ છે તે કરતાં પણ હીન રસવાળી કરે છે. ૭૬

ઉપરની જ હકીકત આ ગાથામાં દર્શાવે છે—

सव्वजहन्नगफड्डुगअणंतगुणहाणिया उ ता रसओ ।
पइसमयमसंखंसो आइमसमया उ जावन्तो ॥७७॥

सर्वजघन्यस्पर्द्धकादनन्तगुणहानिकास्तु ताः रसतः ।
प्रतिसमयमसंख्येयांशानादिमसमयात्तु यावदन्तः ॥७७॥

અર્થ—તે કિટ્ટિઓને રસ આશ્રયી સર્વજઘન્ય રસ સ્પર્દ્ધકથી અનંતગુણ હીન રસવાળી કરે છે. પહેલા સમય કરતાં દરેક સમયે અસંખ્યાતમા ભાગ પ્રમાણ કિટ્ટિઓ થાય છે, એમ કિટ્ટિકરણાદ્ધાના ચરમસમય પર્યંત કરે છે.

ટીકાનુ૰—સત્તામાં ઓછામાં ઓછા રસવાળું જે રસસ્પર્દ્ધક છે તે કરતાં પણ રસને આશ્રયીને તે કિટ્ટિઓ અનંતગુણ હીન રસવાળી કરે છે. એટલે કે સત્તામાં રહેલા ઓછામાં ઓછા રસવાળા સ્પર્દ્ધકમાં જે રસ છે તે કરતાં પણ કિટ્ટિઓમાં અનંતમા ભાગપ્રમાણ રસ રાખે છે. તે કિટ્ટિઓ કિટ્ટિકરણાદ્ધાના પ્રથમ સમયથી આરંભી પૂર્વ-પૂર્વ સમય કરતાં ઉત્તરોત્તર સમયે અસંખ્યાતમા-અસંખ્યાતમા ભાગે કરે છે. એટલે કે કિટ્ટિકરણાદ્ધાના પ્રથમ સમયે એક રસસ્પર્દ્ધકમાં જેટલી વર્ગણા હોય છે તેના અનંતમા ભાગપ્રમાણ કિટ્ટિઓ કરે છે, બીજા સમયે તે કરતાં અસંખ્યેયગુણ હીન કિટ્ટિઓ કરે છે, તે કરતાં ત્રીજા સમયે અસંખ્યેય ગુણહીન કિટ્ટિઓ કરે છે. આ પ્રમાણે કિટ્ટિકરણાદ્ધાના ચરમસમય પર્યંત કિટ્ટિઓ કરે છે. તાત્પર્ય એ કે પહેલા સમયે વધારે કિટ્ટિઓ કરે છે અને પછી પછીના સમયે પૂર્વ-પૂર્વ કરતાં અસંખ્યાતમા અસંખ્યાતમા

ભાગપ્રમાણ કિટ્ટિઓ કરે છે. ૭૭

अणुसमयमसंखगुणं दलियमणंतंसओ उ अणुभागो ।
सव्वेसु मंदरसमाइयाण दलियं विसेसूणं ॥७८॥

अनुसमयमसंख्येगुणं दलिकमनन्तांशकस्तु अनुभागः ।
सर्व्वेषु मन्दरसादिकानां दलिकं विशेषोनम् ॥७८॥

અર્થ—પ્રત્યેક સમયે દલિક અસંખ્યાતગુણ હોય છે અને રસ અનંતમો ભાગ હોય છે. સઘળા સમયોમાં મંદરસવાળી કિટ્ટિઓમાં દળ વિશેષ, તેથી અધિક રસવાળીમાં અલ્પ, એમ અધિક અધિક રસવાળી કિટ્ટિઓમાં દલિક અલ્પ-અલ્પ હોય છે, એમ દરેક સમયે થયેલ કિટ્ટિઓમાં સમજવું.

ટીકાનુ૦—દરેક સમયે જે કિટ્ટિઓ થાય છે તેના દલિકનું પ્રમાણ પૂર્વ-પૂર્વ સમય કરતાં ઉત્તરોત્તર સમયે અસંખ્યાતગુણ-અસંખ્યાતગુણ હોય છે. એટલે કે પહેલે સમયે જે કિટ્ટિઓ થાય છે તે સઘળી કિટ્ટિઓનું દલિક બીજા સમયની કિટ્ટિઓની અપેક્ષાએ અલ્પ હોય છે. તેનાથી બીજા સમયે થયેલી સઘળી કિટ્ટિઓનું દલિક અસંખ્યાતગુણ હોય છે. તેનાથી ત્રીજા સમયે કરાયેલી સઘળી કિટ્ટિઓનું દલિક અસંખ્યાતગુણ છે. આ પ્રમાણે પૂર્વ પૂર્વ સમય કરતાં ઉત્તરોત્તર સમયે અસંખ્યાતગુણ દલિક કિટ્ટિકરણાદ્ધાના ચરમસમય પર્યંત હોય છે. અને રસની અપેક્ષાએ વિચારીએ તો તે અનંતમો ભાગમાત્ર હોય છે. પહેલા સમયે કરાયેલી સઘળી કિટ્ટિઓમાં રસ વધારે હોય છે. તે કરતાં બીજા સમયે કરાયેલી સઘળી કિટ્ટિઓમાં અનંતગુણહીન રસ હોય છે, એમ કિટ્ટિકરણાદ્ધાના ચરમસમય પર્યંત પૂર્વ-પૂર્વ સમય કરતાં ઉત્તરોત્તર સમયે કરાયેલી કિટ્ટિઓમાં અનંતગુણહીન રસ હોય છે.

(અહીં કારણનો વિચાર કરીએ તો ઉત્તરોત્તર સમયે પરિણામની નિર્મળતા હોવાથી રસ ઓછો ઓછો થાય છે. તથાસ્વભાવે અલ્પ રસવાળાં દલિકો વધારે હોય છે, અને અધિક રસવાળાં દલિકો અલ્પ હોય છે, તેથી પૂર્વ પૂર્વ સમયથી ઉત્તરોત્તર સમયના દલિકનું પ્રમાણ વધારે કહ્યું છે.)

અહીં સુધી તો પૂર્વ પૂર્વ સમયની કિટ્ટિઓના દલિક અને રસની અપેક્ષાએ ઉત્તરોત્તર સમયની કિટ્ટિઓના દલિક એ રસનું પ્રમાણ બતાવ્યું છે. હવે પ્રત્યેક સમયે થતી કિટ્ટિઓનાં દલિકોનું એકબીજાની અપેક્ષાએ પ્રમાણ કહે છે—દરેક સમયોમાં જે કિટ્ટિઓ થાય છે, તેઓમાંથી જઘન્ય રસવાળી કિટ્ટિ પહેલી, તેનાથી અનંતગુણ રસવાળી બીજી, તેનાથી અનંતગુણ રસવાળી ત્રીજી, એમ યાવત્ સર્વોત્કૃષ્ટ રસવાળી કિટ્ટિ છેલ્લી એમ સ્થાપના સ્થાપવી. તેઓમાં દલિક વિશેષહીન-વિશેષહીન કહેવું. જેમ કે પ્રથમ કિટ્ટિમાં ઘણું દલિક, તેનાથી અનંતગુણ અધિક રસવાળી બીજી કિટ્ટીમાં વિશેષહીન દલિક, તે કરતાં અનંતગુણાધિક ત્રીજી કિટ્ટિમાં વિશેષહીન દલિક, આ પ્રમાણે સર્વોત્કૃષ્ટ કિટ્ટિ પર્યંત વિશેષહીન દલિક કહેવું.

તથા સઘળા સમયની કિટ્ટિઓની સ્થાપનામાં જેમ પૂર્વ-પૂર્વ કિટ્ટિના દલિકથી ઉત્તરોત્તર

કિટ્ટિનું દલિક વિશેષહીન-વિશેષહીન હોય છે તેમ એક સમયે થયેલી કિટ્ટિઓમાં પણ જાણવું. તે આ પ્રમાણે—પહેલે સમયે કરાયેલી કિટ્ટિઓમાં જે અલ્પરસવાળી કિટ્ટિ છે, તેમાં દલિક ઘણું વધારે છે. તેનાથી અનંતગુણ અધિક રસવાળી બીજી કિટ્ટિમાં દલિક વિશેષહીન છે. તેનાથી અનંતગુણ અધિક રસવાળી ત્રીજી કિટ્ટિમાં દલિક વિશેષહીન છે. આવી રીતે પછી પછીની અનંતગુણાધિક રસવાળી કિટ્ટિઓમાં વિશેષહીન વિશેષહીન દલિક પહેલે સમયે કરાયેલી કિટ્ટિઓમાં જે સર્વોત્કૃષ્ટ રસવાળી કિટ્ટિ છે ત્યાં સુધી કહેવું. આ પ્રમાણે દરેક સમયની કિટ્ટિઓ માટે જાણવું. ૭૮

आइमसमयकयाणं मंदाईणं रसो अणंतगुणो ।
सव्वुक्कस्सरसा वि हु उवरिमसमयस्सऽणंतंसे ॥७९॥

आदिमसमयकृतानां मंदादीनां रसोऽनन्तगुणः ।
सर्वोत्कृष्टरसाऽपि हु उपरितनसमयस्यानन्तांशे ॥७९॥

અર્થ—પહેલે સમયે કરાયેલી જઘન્યરસવાળી કિટ્ટિથી માંડીને સર્વોત્કૃષ્ટ રસવાળી કિટ્ટિપર્યંત ઉત્તરોત્તર અનંતગુણ રસ કહેવો. ઉપરના સમયની સર્વોત્કૃષ્ટ રસવાળી કિટ્ટિ પણ નીચલા સમયની જઘન્યરસવાળી કિટ્ટિના અનંતભાગ પ્રમાણ છે.

ટીકાનુ૦—ઉપરની ગાથામાં એક સમયે કરાયેલી કિટ્ટિઓમાં દલિકોનું પ્રમાણ બતાવીને આ ગાથામાં એ જ પ્રમાણે રસનું પ્રમાણ બતાવે છે—પહેલે સમયે કરાયેલી કિટ્ટિઓમાં અત્યંત મંદ રસવાળી જે કિટ્ટિ છે તે બીજી કિટ્ટિની અપેક્ષાએ અત્યંત હીનરસવાળી છે. તેનાથી બીજી કિટ્ટિ અનંતગુણરસવાળી છે. તેનાથી ત્રીજી કિટ્ટિ અનંતગુણ રસવાળી છે. એ પ્રમાણે પ્રથમ સમયે કરાયેલી કિટ્ટિઓમાં ઉત્તરોત્તર અનંતગુણ સર્વોત્કૃષ્ટ રસવાળી કિટ્ટિપર્યંત કહેવું. આ હકીકત પહેલે સમયે જે કિટ્ટિઓ થાય છે તેને ક્રમપૂર્વક સ્થાપના કરવાથી બરાબર સમજાય છે. જઘન્યરસવાળીને પહેલી અને ચડતા ચડતા રસવાળીને પછી પછી સ્થાપવી. આ પ્રમાણે દ્વિતીય આદિ સમયોમાં કરાયેલી કિટ્ટિઓ સંબંધે પ્રરૂપણા કરવી.

હવે પૂર્વ-પૂર્વ સમયની જઘન્ય રસવાળી કિટ્ટિ અને પછી-પછીના સમયની ઉત્કૃષ્ટ રસવાળી કિટ્ટિના રસનું અલ્પબહુત્વ કહે છે. પહેલે સમયે કરાયેલી કિટ્ટિઓમાં જે અત્યંત અલ્પરસવાળી છે, તે હવે પછી કહેશે તેની અપેક્ષાએ ઘણા રસવાળી છે. તેનાથી દ્વિતીય સમયે કરાયેલી કિટ્ટિઓમાં જે ઉત્કૃષ્ટ રસવાળી કિટ્ટિ છે તે અનંતગુણહીન રસવાળી કિટ્ટિ છે. તથા બીજા સમયે કરાયેલી કિટ્ટિઓમાં જે અત્યંત અલ્પરસવાળી કિટ્ટિ છે તેની અપેક્ષાએ ત્રીજા સમયે કરાયેલી કિટ્ટિઓમાં જે સર્વોત્કૃષ્ટ રસવાળી કિટ્ટિ છે તે અનન્તગુણહીન રસવાળી કિટ્ટિ છે. આ પ્રમાણે પૂર્વ-પૂર્વ સમયની અલ્પરસવાળી કિટ્ટિની અપેક્ષાએ જ પછી-પછીના સમયની ઉત્કૃષ્ટ રસવાળી કિટ્ટિ અનંતગુણહીન-અનંતગુણહીન રસવાળી સમજવી.

જે રીતે રસનું અલ્પબહુત્વ કહ્યું તેમ પ્રદેશનું અલ્પબહુત્વ કહે છે. પહેલા સમયે કરાયેલી કિટ્ટિઓમાં જે ઘણા પ્રદેશવાળી કિટ્ટિ છે તે બીજા સમયે કરાયેલી કિટ્ટિમાંની સર્વાલ્પ પ્રદેશવાળી કિટ્ટિની અપેક્ષાએ અલ્પ પ્રદેશવાળી છે. તેનાથી બીજા સમયે કરાયેલી કિટ્ટિઓમાંની

જે સર્વાલ્પ પ્રદેશવાળી કિટ્ટિ છે તે અસંખ્યગુણ પ્રદેશવાળી છે તેનાથી ત્રીજા સમયે કરાયેલી કિટ્ટિઓમાંની જે સર્વાલ્પ પ્રદેશવાળી કિટ્ટિ છે તે પણ અસંખ્યાતગુણ પ્રદેશવાળી છે, એમ પૂર્વપૂર્વથી ઉત્તરોત્તર અસંખ્ય-અસંખ્યગુણ ચરમ સમય પર્યંત કહેવું. તાત્પર્ય એ કે વધારે વધારે રસવાળી કિટ્ટિઓ અલ્પ અલ્પ પ્રદેશવાળી હોય છે, અને અલ્પ અલ્પ રસવાળી કિટ્ટિઓ અધિક અધિક પ્રદેશવાળી હોય છે. ૭૯

किट्टिकरणद्धाए तिसु आवलियासु समयहीणासु ।
न पडिग्गहया दोण्हवि सट्ठाणे उवसमिज्जंति ॥८०॥

किट्टिकरणाद्धायास्तिसृष्वावलिकासु समयहीनासु ।
न पतद्ग्रहता द्वयोरपि स्वस्थाने उपशम्यते ॥८०॥

અર્થ—કિટ્ટિકરણાદ્ધાની સમયન્યૂન ત્રણ આવલિકા બાકી રહે ત્યારે સંજ્વલનલોભ પતદ્ગ્રહ તરીકે રહેતો નથી, ત્યાર પછી બંને લોભ સ્વસ્થાને જ ઉપશમે છે.

ટીકાનુ૰—કિટ્ટિકરણાદ્ધાની સમય ન્યૂન ત્રણ આવલિકા બાકી રહે ત્યારે (અને નવમા ગુણસ્થાનની સમય ન્યૂન બે આવલિકા બાકી રહે ત્યારે) સંજ્વલનલોભની પતદ્ગ્રહતા નષ્ટ થાય છે, એટલે અપ્રત્યાખ્યાનાવરણ-પ્રત્યાખ્યાનાવરણ લોભનાં દલિકો સંજ્વલન લોભમાં સંક્રમતા નથી, પરંતુ હવે અન્ય સ્વરૂપે થયા વિના પોતપોતાના સ્થાનમાં જ એટલે કે અપ્રત્યાખ્યાન અને પ્રત્યાખ્યાન સ્વરૂપે જ શાંત થાય છે—ઉપશમે છે. કિટ્ટિકરણાદ્ધાની બે આવલિકા (અને નવમા ગુણસ્થાનકની એક આવલિકા) બાકી રહે ત્યારે બાદર સંજ્વલન લોભનો આગાલ બંધ થાય છે, માત્ર ઉદીરણા જ થાય છે. તે ઉદીરણા પણ એક આવલિકા પર્યંત થાય છે. કિટ્ટિકરણાદ્ધાના સંખ્યાતાભાગ જાય ત્યારે સંજ્વલનલોભનો સ્થિતિબંધ અંતર્મુહૂર્તપ્રમાણ થાય છે, જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાય એ ત્રણ કર્મનો દિવસ પૃથક્ત્વપ્રમાણ થાય છે, તથા નામ, ગોત્ર અને વેદનીય કર્મનો ઘણાં હજાર વર્ષનો સ્થિતિબંધ થાય છે. ત્યારપછી કિટ્ટિકરણાદ્ધાના ચરમ સમયે સંજ્વલન લોભનો સ્થિતિબંધ અંતર્મુહૂર્તનો થાય છે. કિટ્ટિકરણાદ્ધાના સંખ્યાતાભાગ જાય ત્યારે સંજ્વલન લોભનો જે અંતર્મુહૂર્તનો સ્થિતિબંધ થયો હતો તે અંતર્મુહૂર્ત કરતાં આ અંતર્મુહૂર્ત નાનું સમજવું. જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાયનો એક અહોરાત્ર અને નામ, ગોત્ર તથા વેદનીયનો કંઈક ન્યૂન બે વર્ષ પ્રમાણ સ્થિતિબંધ થાય છે. આગાલ વિચ્છેદ થયા પછી જે એક ઉદીરણાવલિકા રહે છે તેનો જે ચરસમય તે જ કિટ્ટિકરણાદ્ધાનો ચરમસમય છે, અને તે જ નવમા ગુણસ્થાનકોનો પણ ચરમસમય છે. ૮૦

કિટ્ટિકરણાદ્ધાના ચરમસમયે જે થાય તેને કહેવા ઇચ્છતા કહે છે—

लोहस्स अणुवसंतं किट्टि उदयावली य पुव्वुत्तं ।
बायरगुणेण समगं दोण्णिवि लोभा समुवसंता ॥८१॥

लोभस्यानुपशान्तं किट्ट्य उदयावलिका च पूर्वोक्तम् ।
बादरगुणेन समकं द्वावपि लोभौ समुपशान्तौ ॥८१॥

અર્થ—તે સમયે કિટ્ટિઓ, ઉદયાવલિકા અને સમયન્યૂન બે આવલિકાકાળમાં બંધાયેલ દલિક જ અનુપશાંત છે. બાદરસંપરાય ગુણસ્થાનક સાથે જ બંને લોભ શાંત થાય છે.

ટીકાનુ૰—કિટ્ટિકરણાદ્ધાના ચરમસમયે કિટ્ટિકરણાદ્ધા કાળમાં કરાયેલી બીજી સ્થિતિમાં રહેલી કિટ્ટિઓ, સમયન્યૂન બે આવલિકાકાળમાં બંધાયેલું દલિક, અને ઉદયાવલિકા આટલું જ સંજ્વલનલોભનું ઉપશમ્યા વિનાનું બાકી રહે છે, શેષ સઘળું શાંત થાય છે. (અવશિષ્ટ તે ઉદયાવલિકાને દશમાગુણસ્થાનકે સૂક્ષ્મકિટ્ટિઓમાં સ્તિબુકસંક્રમ વડે સંક્રમાવી અનુભવે છે, સમયન્યૂન બે આવલિકાકાળમાં બંધાયેલું દલિક તેટલા જ કાળે શાંત થાય છે અને કિટ્ટિઓમાં કેટલીક કિટ્ટિઓને ભોગવીને ખપાવે છે, કેટલીકને શાંત કરે છે.) તથા તે જ ચરમસમયે અપ્રત્યાખ્યાનાવરણ અને પ્રત્યાખ્યાનાવરણ લોભ સંપૂર્ણ શાંત થાય છે, અને અનિવૃત્તિબાદરસંપરાય ગુણસ્થાનક પણ પૂર્ણ થાય છે. તેમજ બાદર સંજ્વલનલોભના ઉદય-ઉદીરણાનો વિચ્છેદ થાય છે, અને દશમા ગુણસ્થાનકમાં પ્રવેશ કરે છે. ૮૧

सेसद्धं तणुरागो तावइया किट्टिओ उ पढमठिई ।
वज्जिय असंखभागं हिट्ठुवरिमुदीरए सेसा ॥८२॥

शेषाद्धां तनुरागः तावत्यः किट्टयस्तु प्रथमस्थितिः ।
वर्जयित्वाऽसंख्येयभागमधस्तादुपरितनमुदीरयति शेषाः ॥८२॥

અર્થ—શેષકાળે-કિટ્ટિવેદનાદ્ધા કાળમાં સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકે હોય છે. સૂક્ષ્મ-કિટ્ટિઓની દશમાના કાળ જેટલી પ્રથમસ્થિતિ કરે છે. તથા ચરમસમયે કરાયેલી કિટ્ટિનો હેઠલો અસંખ્યાતમો ભાગ અને પ્રથમસમયે કરાયેલી કિટ્ટિઓનો અસંખ્યાતમો ભાગ વર્જીને શેષ કિટ્ટિઓની ઉદીરણા કરે છે.

ટીકાનુ૰—લોભની પ્રથમસ્થિતિને અશ્વકર્ણકરણાદ્ધા, કિટ્ટિકરણાદ્ધા અને કિટ્ટિવેદનાદ્ધા એમ ત્રણ ભાગમાં વહેંચે છે, એ પહેલાં કહ્યું છે. તેમાંના પ્રથમના બે ભાગપ્રમાણ પ્રથમસ્થિતિનો અનુભવ નવમે ગુણસ્થાનકે કરે છે. તે બે ભાગ જેટલા કાળમાં અપૂર્વસ્પર્દ્ધક અને કિટ્ટિઓ થાય છે તેનું સંપૂર્ણ સ્વરૂપ અત્યાર સુધીમાં આવી ગયું છે. ત્રીજા કિટ્ટિવેદનાદ્ધા વિભાગમાં કિટ્ટિકરણાદ્ધાકાળમાં કરાયેલી કિટ્ટિઓ વેદે છે. અને તે કાળમાં આત્મા સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકે હોય છે. આ ગુણસ્થાનકે બીજી સ્થિતિમાં રહેલી કિટ્ટિઓમાંની કેટલીક કિટ્ટિઓ ખેંચીને તેની પોતાના કાળપ્રમાણ પ્રથમસ્થિતિ કરે છે. કિટ્ટિકરણાદ્ધા કાળની શેષ રહેલી ઉદયાવલિકાને સ્તિબુકસંક્રમ વડે સંક્રમાવી અનુભવે છે. બે સમય ન્યૂન બે આવલિકા કાળનું બંધાયેલું દલિક જે ઉપશમ્યા વિનાનું બાકી છે તેને તેટલા જ કાળે આ ગુણસ્થાનકે ઉપશમાવે છે.

સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકના પ્રથમ સમયે જે કિટ્ટિઓ ઉદયમાં આવે છે તે પહેલા અને છેલ્લા સમયે કરાયેલી કિટ્ટિઓ વર્જીને પ્રાયઃ ઉદયમાં આવે છે. પ્રથમસ્થિતિમાં એવી જ રીતે ગોઠવે છે કે પહેલે સમયે જે કિટ્ટિઓ ઉદયમાં આવે તે કિટ્ટિકરણાદ્ધા કાળમાંના પહેલા અને છેલ્લા સમયની કરાયેલી કિટ્ટિઓ ન હોય તથા ચરમસમયે કરાયેલી કિટ્ટિઓનો નીચલો

અસંખ્યાતમો ભાગ અને પહેલા સમયે કરાયેલી કિટ્ટિઓનો ઉપરનો[1] અસંખ્યાતમો ભાગ છોડીને શેષ કિટ્ટિઓની ઉદીરણા કરે છે. પહેલા અને છેલ્લા સમયની કિટ્ટિઓ સૂક્ષ્મસંપરાયના પ્રથમ સમયે ઉદયમાં નથી આવતી, પણ આ રીતે ઉદીરણાદ્વારા ઉદયમાં આવે છે. ૮૨

गेण्हंतो य मुयंतो असंखभागं तु चरिमसमयंमि ।
उवसामिय बीयठिइं उवसंतं लभइ गुणठाणं ॥८३॥

गृह्णन्ति च मुञ्चन्ति असंख्येयभागं तु चरिमसमये ।
उपशमयति द्वितीयस्थितिं उपशान्तं लभते गुणस्थानम् ॥८३॥

અર્થ—અસંખ્યાતમાભાગને ગ્રહણ કરતો અને મૂકતો ચરમસમય પર્યંત જાય છે. ચરમ સમયે બીજી સ્થિતિને ઉપશમાવીને ઉપશાંતમોહ ગુણસ્થાનક પ્રાપ્ત કરે છે.

ટીકાનુ૰—સૂક્ષ્મસંપરાયના બીજે સમયે ઉદયપ્રાપ્ત કિટ્ટિઓના અસંખ્યાતમાભાગને[2] છોડે છે. કારણ કે તેની કિટ્ટિઓ ઉપશમી જાય છે તેથી ઉદયમાં આવતી નથી. અને તે સાથે ભોગવવા માટે અપૂર્વ અસંખ્યાતમા ભાગને ઉદીરણાકરણ વડે ગ્રહણ કરે છે. એટલે કે બીજે સમયે ઉદયપ્રાપ્ત જેટલી કિટ્ટિઓ હોય છે, તેનો અસંખ્યાતમો ભાગ ઉપશમાવી નાખે છે તેથી તેટલી કિટ્ટિઓનો ફલાનુભવ કરતો નથી, પરંતુ બાકીની કિટ્ટિઓનો ફલાનુભવ કરે છે.

આ પ્રમાણે દરેક સમયે ઉદય પ્રાપ્ત કિટ્ટિઓના અસંખ્યાતમા ભાગને છોડતો અને અપૂર્વ અસંખ્યાતમા ભાગને ભોગવવા માટે ઉદીરણાકરણ વડે ગ્રહણ કરતો સૂક્ષ્મસંપરાયના ચરમસમય

૧. અહીં એમ સમજાય છે કે પહેલા સમયે કરાયેલી કિટ્ટિઓનો ઉપરનો અસંખ્યાતમો ભાગ એટલે કે ઉત્કૃષ્ટ રસવાળી કિટ્ટિઓ છોડીને અને છેલ્લા સમયે કરાયેલી કિટ્ટિઓની નીચેનો અસંખ્યાતમો ભાગ એટલે કે મંદ રસવાળી કિટ્ટિઓને છોડીને શેષ કિટ્ટિઓને ઉદીરણા દ્વારા ખેંચી અનુભવે છે. પ્રાય પદ મૂકવાનું કારણ પણ એ જ સમજાય છે કે—ઉદય દ્વારા નહિ પણ આ રીતે—ઉદીરણા દ્વારા પહેલા છેલ્લા સમયની કિટ્ટિઓ ઉદયમાં આવે છે.

૨. અહીં ઉદયપ્રાપ્ત કિટ્ટિઓના અસંખ્યાતમા ભાગને ઉપશમાવે છે એમ જણાવે છે, પરંતુ ઉદયપ્રાપ્ત કિટ્ટિઓ શી રીતે ઉપશમે ? કારણ કે ઉદયપ્રાપ્ત કિટ્ટિઓ તો પ્રથમ સ્થિતિમાં જે કિટ્ટિઓ છે તે છે. પ્રથમ સ્થિતિને તો ઉદય ઉદીરણાથી ભોગવે છે. દરેક સ્થળે પ્રથમ સ્થિતિને ઉદય-ઉદીરણાથી ભોગવે છે, એમ જણાવેલું છે તો અહીં ઉપશમ થાય એ કેમ બને ? તેના ઉત્તરમાં એમ જણાય છે કે, દશમા ગુણસ્થાનકની વિશુદ્ધિના માહાત્મ્યથી પ્રથમ સ્થિતિના ઉદયપ્રાપ્ત કિટ્ટિઓના અસંખ્યાતમા ભાગને પણ દ્વિતીય સ્થિતિગત કિટ્ટિઓ સાથે ઉપશમાવે છે. સમુદ્ઘાતના માહાત્મ્યથી જેમ પુન્ય પ્રકૃતિના રસને પાપરૂપે કરી અનુભવે છે. અથવા જે દશમા ગુણસ્થાનકના કાળ પ્રમાણ પ્રથમ સ્થિતિ કરી તેને તો ભોગવીને ખપાવે, પરંતુ સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકે ઉદય આવવા યોગ્ય જે કિટ્ટિઓ બીજી સ્થિતિમાં રહેલી હોય, તેના અસંખ્યાતમા ભાગને ઉપશમાવતો અને અપૂર્વ અસંખ્યાતમા ભાગને ઉદીરણાકરણ વડે ગ્રહણ કરી અનુભવતો, આ પ્રમાણે પ્રતિસમય કરતો દશમાના ચરમ સમય સુધી જાય છે. અહીં ચરમ સમય સુધી ઉદીરણાકરણ વડે કિટ્ટિઓને ગ્રહણ કરવાનું કહ્યું છે, પરંતુ પ્રથમ સ્થિતિની એક આવલિકા બાકી રહે અને ઉદીરણા ન થાય એમ કહ્યું નથી. એટલે એમ જણાય છે કે કિટ્ટિકરણાદ્ધા કાળમાં દશમે અનુભવવા યોગ્ય જે કિટ્ટિઓ કરી છે, તેમાંથી ઉપર કહ્યા પ્રમાણે ઉપશમાવતો તેને ઉદીરણાકરણ વડે ખેંચી અનુભવતો આ પ્રમાણે ક્રિયા કરતો ચરમ સમય પર્યંત જાય છે. તત્ત્વ કેવલીગમ્ય.

પર્યંત જાય છે, તથા બીજી સ્થિતિમાં રહેલા અનુપશાંત સઘળાં દલિકોને પણ સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકના પ્રથમ સમયથી આરંભી ચરમ સમય પર્યંત પૂર્વ પૂર્વ સમય કરતાં ઉત્તરોત્તર સમયે અસંખ્ય-અસંખ્યગુણ ઉપશમાવે છે. તથા નવમા ગુણસ્થાનકના ચરમસમયે સમયોન બે આવલિકા કાળમાં બંધાયેલું દળ જે અનુપશાંત હતું તેને પણ તે સમયથી આરંભી તેટલા જ કાળમાં દશમા ગુણસ્થાનકે ઉપશમાવે છે.

સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકના ચરમસમયે જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાયનો અંતર્મુહૂર્ત્ત સ્થિતિબંધ થાય છે, નામ અને ગોત્રકર્મનો સોળ મુહૂર્ત્તનો અને વેદનીયકર્મનો ચોવીસ મુહૂર્ત્તનો સ્થિતિબંધ થાય છે. તે જ ચરમસમયે દ્વિતીયસ્થિતિગત મોહનીયકર્મનું સઘળું દલિક સંપૂર્ણ રીતે ઉપશમી જાય છે, અને પછીના સમયે ઉપશાંતમોહ ગુણસ્થાનક પ્રાપ્ત કરે છે. આ ગુણસ્થાનકે મોહનીયની અઠ્ઠાવીસે પ્રકૃતિ સર્વથા શાંત થયેલી હોય છે. ઉપશમનો કાળ અંતર્મુહૂર્ત્ત પ્રમાણ છે. તે જ ઉપશાંતમોહ ગુણસ્થાન છે. ૮૩

अंतोमुहुत्तमेत्तं तस्सवि संखेज्जभागतुल्लाओ ।
गुणसेढी सव्वद्धं तुल्ला य पएसकालेहिं ॥८४॥

अन्तर्मुहूर्त्तमात्रं तस्यापि संख्येयभागतुल्याः ।
गुणश्रेणीः सर्वाद्धां तुल्याश्च प्रदेशकालाभ्याम् ॥८४॥

અર્થ—આ ગુણસ્થાનક અંતર્મુહૂર્ત્ત માત્ર રહે છે. તેના સંખ્યાતમા ભાગ પ્રમાણ ગુણશ્રેણિ થાય છે. અને તે તેના સંપૂર્ણ કાળ પર્યંત કાળ અને પ્રદેશ વડે અવસ્થિત થાય છે.

ટીકાનુ૦—ઉપશાંતમોહ ગુણસ્થાનકનો કાળ અંતર્મુહૂર્ત્તનો છે. આ ગુણસ્થાનકે મોહનીયકર્મ સિવાય શેષ કર્મોમાં સ્થિતિઘાત, રસઘાત અને ગુણશ્રેણિ એ ત્રણ થાય છે. તેમાં ગુણશ્રેણિ ઉપશાંતમોહ ગુણસ્થાનકના કાળના સંખ્યાતમાભાગ પ્રમાણ કરે છે. એટલે કે ઉપશાંતમોહ ગુણસ્થાનકના સંખ્યાતમા ભાગમાં જેટલા સમયો હોય તેટલા સમયોમાં ગુણશ્રેણિ-દળરચના કરે છે; તે ગુણશ્રેણિ પ્રદેશ અને કાળ વડે સરખી છે.

આ ગુણસ્થાનમાં દરેક સમયના પરિણામ એક સરખા હોવાથી પ્રતિસમયે સરખા જ દલિકો ઉપરની સ્થિતિમાંથી ઉતારે છે અને સરખી જ રચના કરે છે એટલે કે ઉપશાંતમોહ ગુણસ્થાનકના પહેલા સમયે જેટલાં દલિકો ઉપરથી ઉતાર્યાં અને પ્રથમ સમયથી તે ગુણસ્થાનકના સંખ્યાતમા ભાગના સમયોમાં જે રીતે ગોઠવ્યા તેટલાં જ દલિકો બીજે સમયે ઉતારે છે અને તે (બીજા) સમયથી તે ગુણસ્થાનકના સંખ્યાતમા ભાગમાં જેટલા સમયો હોય તેટલામાં તે જ રીતે ગોઠવે છે, એમ ચરમસમય પર્યંત જાણવું.

પૂર્વ પૂર્વ સમય જેમ જેમ ઓછો થતો જાય તેમ તેમ ઉપરનો એક એક સમય મળતો જતો હોવાથી ઉપશાંતમોહ ગુણસ્થાનકના સંખ્યાતમા ભાગના સમયપ્રમાણ દળરચનાનો કાળ કાયમ રહે છે. આ કારણથી આ ગુણસ્થાનકે કાળ અને પ્રદેશની અપેક્ષાએ ગુણશ્રેણિ સરખી કરે છે તેમ કહેવામાં આવે છે. સ્થિતિઘાત રસઘાત, પૂર્વની જેમ થાય છે. પતદ્ગ્રહના અભાવે અહીં ગુણસંક્રમ થતો નથી. ૮૪

करणाय नोवसंतं संकमणोवट्टणं तु दिट्ठितिगं ।
मोत्तुण विलोमेणं परिवडई जा पमत्तोत्ति ॥८५॥

करणाय नोपशान्तं संक्रमापवर्त्तनं तु दृष्टित्रिकम् ।
मुक्त्वा विलोमेन प्रतिपतति यावत् प्रमत्त इति ॥८५॥

અર્થ—ત્રણ દૃષ્ટિને મૂકીને ઉપશમેલું દલિક કરણને યોગ્ય થતું નથી. ત્રણ દૃષ્ટિમાં સંક્રમણ અને અપવર્ત્તના થાય છે. ગુણસ્થાનકનો કાળ પૂર્ણ થયા પછી વિલોમે યાવત્ પ્રમત્ત સંયત સુધી પડે છે.

ટીકાનુ૦—આ ગુણસ્થાનકે મોહનીયકર્મની એકે એક પ્રકૃતિ ઉપશમેલી છે એટલે તેની અંદર કોઈપણ કરણની યોગ્યતા રહેતી નથી. એટલે કે ઉપશમેલી તે પ્રકૃતિઓમાં સંક્રમણ, ઉદ્વર્ત્તના, અપવર્ત્તના, નિદ્ધત્તિ, નિકાચના અને ઉદીરણા કરણો પ્રવર્ત્તતાં નથી, તેમ જ તેનો ઉદય પણ થતો નથી. માત્ર સમ્યક્ત્વમોહનીય, મિશ્રમોહનીય, અને મિથ્યાત્વમોહનીયને છોડીને. કારણ કે તે ત્રણમાં અપવર્ત્તના અને સંક્રમ થાય છે. તેમાં સંક્રમ મિથ્યાત્વ અને મિશ્રમોહનીયમાં પ્રવર્ત્તે છે, અને અપવર્ત્તના ત્રણેમાં થાય છે. આ પ્રમાણે જેણે ક્રોધના ઉદયથી શ્રેણિ આરંભી હોય તેને આશ્રયી સમજવું.

જ્યારે માનના ઉદયથી શ્રેણિ પ્રાપ્ત કરે ત્યારે માનને વેદતો નપુંસકવેદમાં કહેલ ક્રમે ત્રણે ક્રોધને ઉપશમાવે છે. ત્યાર પછી ક્રોધના શ્રેણિનો આરંભ કરનારાએ જે ક્રમે ત્રણ ક્રોધ ઉપશમાવ્યા હતા તે ક્રમે ત્રણે માનને[૧] ઉપશમાવે છે.

જ્યારે માયાના ઉદયે શ્રેણિ પ્રારંભે ત્યારે માયાને વેદતો પહેલાં નપુંસકવેદના ક્રમે ત્રણ ક્રોધને ઉપશમાવે છે, ત્યારપછી ત્રણ માન ઉપશમાવે છે ત્યારપછી ક્રોધના ઉદયે શ્રેણિ આરંભનાર જે ક્રમે ત્રણ ક્રોધ ઉપશમાવે છે તે ક્રમે ત્રણ માયા ઉપશમાવે છે.

જ્યારે લોભના ઉદયે શ્રેણિ પ્રાપ્ત કરે ત્યારે લોભને વેદતો પહેલાં નપુંસકને શાન્ત કરતાં જે ક્રમ કહ્યો છે તે ક્રમે ત્રણ ક્રોધને, ત્યાર પછી ત્રણ માનને, અને ત્યારપછી ત્રણ માયાને ઉપશમાવે

---

૧. માનના ઉદયે શ્રેણિ આરંભનારને સંજ્વલન ક્રોધનો બંધ વિચ્છેદ ક્યાં થાય છે તે જણાવ્યું નથી. પરંતુ એમ જણાય છે કે ક્રોધના ઉદયે શ્રેણિ આરંભનારને જ્યાં ક્રોધનો બંધ વિચ્છેદ થાય ત્યાં જ માનના ઉદયે શ્રેણિ આરંભનારને પણ ક્રોધનો બંધવિચ્છેદ થાય અને ક્રોધના ઉદયે શ્રેણિ આરંભનારને જેમ તેનો બંધ વિચ્છેદ થયા પછી બે સમયન્યૂન બે આવલિકામાં બંધાયેલું ઉપશમ્યા વિનાનું બાકી રહે છે તેમ માનના ઉદયે શ્રેણિ આરંભનારને પણ ક્રોધનો બંધવિચ્છેદ થયા પછી બે સમયન્યૂન બે આવલિકા કાળનું બંધાયેલું અનુપશાન્ત રહે અને તે તેટલા જ કાળે માન ભોગવતાં ઉપશમાવે. એમ માયાના ઉદયે શ્રેણિ આરંભનારને ક્રોધ અને માન માટે સમજવું એટલે કે માયાના ઉદયે શ્રેણિ માંડનારને સંજ્વલન ક્રોધનો બંધવિચ્છેદ થયા પછી જે સમયન્યૂન બે આવલિકા કાળનું બંધાયેલું અનુપશાંત છે તે તેટલા જ કાળે માનને ઉપશમાવતાં સાથે જ ઉપશમાવે, અને માનનો બંધવિચ્છેદ થયા પછી જે બે સમયન્યૂન બે આવલિકા કાળનું બંધાયેલું માનનું જે દળ અનુપશાંત છે તે તેટલા જ કાળે માયાને વેદતાં ઉપશમાવે છે એમ લોભના ઉદયે શ્રેણિ માંડનાર ક્રોધના અવશિષ્ટને માન સાથે, માનના અવશિષ્ટને માયા સાથે ઉપશમાવે, અને માયાના અવશિષ્ટને લોભ વેદતાં ઉપશમાવે છે એમ જણાય છે. તત્ત્વ કેવલીગમ્ય.

છે. અને ત્યાર પછી ક્રોધને ઉદયે શ્રેણિ આરંભનાર જે રીતે ક્રોધને ઉપશમાવે છે તે રીતે ત્રણ લોભને શાંત કરે છે.

મોહનીય શાંત કરેલું હોવાથી આ ગુણસ્થાનકથી આગળ વધી શકતો નથી પણ અહીં અંતર્મુહૂર્ત્ત રહી અવશ્ય પડે જ છે. તે પ્રતિપ્રાત—પડવું કેવી રીતે થાય છે, તે કહે છે—ઉપશાંતમોહ ગુણસ્થાનકથી બે રીતે પડે છે : ૧. ભવક્ષયે અને, ૨. ગુણસ્થાનકના કાળક્ષયે.

ભવક્ષયે પ્રતિપાત મરનારને થાય છે. ઉપશાંત મોહગુણસ્થાનકે કોઈનું આયુ પૂર્ણ થાય છે, અને તે ત્યાંથી મરી સર્વાર્થસિદ્ધ મહાવિમાનમાં ઉત્પન્ન થાય છે. મનુષ્યાયુના ચરમ સમય પર્યંત અગિયારમું ગુણસ્થાનક હોય છે, પરંતુ દેવાયુના પ્રથમ સમયથી જ ચતુર્થ ગુણસ્થાન પ્રાપ્ત થાય છે. અને તેને પ્રથમ સમયથી જ એકીસાથે સઘળાં કરણો પ્રવર્ત્તે છે. તેમાં ઉદીરણાકરણથી જે દલિકો ખેંચે છે તેને ઉદયાવલિકામાં ગોઠવે છે જે દલિકોને ઉદીરતો નથી પરંતુ અપવર્ત્તના કરણથી નીચે ઉતારે છે તે દલિકોને ઉદયાવલિકા બહાર ગોપુચ્છાકારે ગોઠવે છે. અને જે અંતરકરણ હતું એટલે કે શુદ્ધ ભૂમિકા હતી તેને દલિકોથી ભરી દે છે, અને તે દલિકોને અનુભવે છે.

જે ઉપશાંતમોહે ગુણસ્થાનકનો અંતર્મુહૂર્ત્તનો કાળ પૂર્ણ કરી પડે છે તે જે ક્રમે સ્થિતિઘાતાદિ કરતો ચડતો હતો, તે જ ક્રમે પશ્ચાનુપૂર્વીએ[1] સ્થિતિઘાતાદિ કરતો પ્રમત્તસંયત-ગુણસ્થાનક સુધી પડે છે. ૮૫

ओकड्डित्ता दलियं पढमठिर्तिं कुणइ बिइयठिइर्हिंतो ।
उदयाइ विसेसूणं आवलिउप्पिं असंखगुणं ॥८६॥

अपकृष्ण दलिकं प्रथमस्थितिं करोति द्वितीयस्थितेः ।
उदयादिषु विशेषोनं आवलिकोपरि असंख्येयगुणम् ॥८६॥

અર્થ—દ્વિતીયસ્થિતિમાંથી દલિકોને ખેંચીને પ્રથમસ્થિતિ કરે છે. ઉદય સમયથી આરંભી વિશેષ ન્યૂન-ન્યૂન, અને આવલિકા ઉપર અસંખ્યેય ગુણ ગોઠવે છે.

ટીકાનુ૰—ઉપશાંતમોહ ગુણસ્થાનકેથી ગુણસ્થાનકનો કાળ પૂર્ણ કરીને પડતા સંજ્વલન લોભાદિ કર્મોને અનુભવે છે. અગિયારમેથી દશમે આવતાં પહેલાં સંજ્વલન લોભને અનુભવે છે, ત્યાર પછી નવમે ગુણસ્થાનકે જ્યાં માયાનો ઉદયવિચ્છેદ થયો હતો ત્યાંથી આરંભી માયાને, ત્યાર પછી જ્યાં માનનો ઉદયવિચ્છેદ થયો હતો ત્યાંથી આરંભી માનને, ત્યારપછી

---

૧. ગુણસ્થાન પર ચડતાં પરિણામની અત્યંત વિશુદ્ધિ હોવાથી વધારે વધારે પ્રમાણમાં સ્થિતિ અને રસનો ઘાત કરતો હતો, વધારે વધારે દલિકો ઉતારી ઉદય સમયથી આરંભી વધારે વધારે ગોઠવતો હતો અને નવો નવો સ્થિતિબંધ હીન હીન કરતો જતો હતો, હવે પડતાં પરિણામની મંદતા હોવાથી અલ્પ પ્રમાણમાં સ્થિતિ, રસનો ઘાત કરે, સ્થિતિબંધ વધારતો જાય, અને ગુણશ્રેણી વિલોમે કરે એટલે કે નિષેક રચનાને અનુસારે દળરચના કરે. એટલે કે ઉદય સમયમાં ઘણા, ત્યારબાદ અલ્પ અલ્પ, એ પ્રમાણે ૮૬મી ગાથામાં કહેલ વિધિએ દળરચના કરે.

જ્યાં ક્રોધનો ઉદય વિચ્છેદ થયો હતો ત્યાંથી આરંભી ક્રોધને અનુભવે છે.

આ પ્રમાણે ચડતાં જે સમયે જેનો ઉદયવિચ્છેદ થયો હતો પડતાં ત્યાં આવે ત્યારે તેનો ઉદય થાય છે. આ પ્રમાણે ક્રમપૂર્વક અનુભવવા માટે બીજી સ્થિતિમાંથી તેઓનું દલિક ખેંચીને પ્રથમસ્થિતિ કરે છે. ખેંચેલા દલિકને ઉદયસમયાદિ સમયોમાં વિશેષન્યૂન-વિશેષન્યૂન ક્રમે ગોઠવે છે. ઉદય સમયે ઘણું દલિક ગોઠવે છે. દ્વિતીયસમયે વિશેષહીન, એમ ઉદયાવલિકાના ચરમસમય પર્યંત ગોપુચ્છાકારે દલિક ગોઠવે[1] છે અને ઉદયાવલિકાના ઉપરના સમયોમાં અસંખ્યાત-અસંખ્યાતગુણ ગોઠવે છે. ઉદયાવલિકા ઉપર પ્રથમ સમયે ઉદયાવલિકાના ચરમસમયના દલિક નિક્ષેપની અપેક્ષાએ અસંખ્યાતગુણ, તે કરતાં બીજા સમયમાં અસંખ્યાતગુણ, તે કરતાં ત્રીજા સમયે અસંખ્યાતગુણ, આ પ્રમાણે પૂર્વ પૂર્વ સમય કરતાં ઉત્તરોત્તર સમયે અસંખ્યાત-અસંખ્યાતગુણ દલિક ઉદયવતી પ્રકૃતિઓમાં ગુણશ્રેણિના શિર પર્યંત ગોઠવે છે, ત્યાર પછી વિશેષહીન-વિશેષહીન ગોઠવે છે. ૮૬

આ જ હકીકત આ ગાથામાં કહે છે.

जावइया गुणसेढी उदयवई तासु हीणगं परओ ।
उदयावलीमकाउं गुणसेढिं कुणइ इयराणं ॥८७॥

यावती गुणश्रेणिः उदयवतीषु तासु हीनकं परतः ।
उदयावलीमकृत्वा गुणश्रेणिं करोतीतरासाम् ॥८७॥

અર્થ—જે ઉદયવતી પ્રકૃતિઓ છે તેઓમાં ગુણશ્રેણિના શિરપર્યંત ગુણશ્રેણિના ક્રમે દળનિક્ષેપ કરે છે, પછીના સમયોમાં ન્યૂન ન્યૂન કરે છે. ઇતર-અનુદયવતી પ્રકૃતિઓમાં ઉદયાવલિકા કર્યા વિના ઉપરના સમયથી ગુણશ્રેણિપર્યંત ગુણશ્રેણિના ક્રમે દળરચના કરે છે.

ટીકાનુ૦—તત્કાળ ઉદયવતી જે પ્રકૃતિઓ છે, તેઓની ઉદયાવલિકામાં ગોપુચ્છાકારે દલિકનિક્ષેપ કરે છે—ગોઠવે છે, અને ઉદયાવલિકાના ઉપરના સમયથી આરંભી ગુણશ્રેણિના શિરપર્યંત ગુણશ્રેણિના ક્રમે પૂર્વ પૂર્વ કરતાં ઉત્તરોત્તર અસંખ્ય-અસંખ્યગુણ દલિકનિક્ષેપ કરે છે, ત્યાર પછીના સમયોમાં વિશેષન્યૂન-વિશેષન્યૂન દલિકનિક્ષેપ કરે છે. અને તત્કાળ અનુદયવતી જે પ્રકૃતિઓ છે તેની ઉદયાવલિકા કરતો નથી—ઉદયાવલિકામાં દલિક ગોઠવતો નથી, પરંતુ તે એક

---

૧. અંતરકરણ ઉપરની અપેક્ષાએ સમ કહ્યું છે. એટલે કે લોભનું જે સ્થિતિ સુધી અંતરકરણ કરે છે, માયા આદિ પ્રકૃતિઓનું પણ ત્યાં સુધી કરે છે. હવે અગિયારમેથી પડતાં ઉદય તો દરેકનો સાથે થતો નથી, પરંતુ ક્રમપૂર્વક થાય છે. એટલે ઉપશમ સમ્યક્ત્વથી પડતાં અંતરકરણનો અમુક કાળ બાકી રહે અને બીજી સ્થિતિમાંથી ખેંચી જેમ નીચે ગોઠવે છે, તેમ અહીં પણ અંતરકરણનો અમુક કાળ બાકી રહે ત્યારે પહેલાં લોભનો ઉદય થાય છે માટે લોભની બીજી સ્થિતિમાંથી દલિક ખેંચે અને ઉપર કહ્યા પ્રમાણે રચના કરે, ત્યાર બાદ અંતર્મુહૂર્ત કાળે માયાનો ઉદય થાય છે માટે અંતર્મુહૂર્ત બાદ માયાની બીજી સ્થિતિમાંથી દલિક ખેંચી તેની ઉપર કહ્યા પ્રમાણે રચના કરે. એ પ્રમાણે જે ક્રમે ઉપશમના કરી છે તેનાથી વિલોમ ક્રમે એટલે કે પડતાં જે ક્રમે જે પ્રકૃતિનો ઉદય થતો હોય તેની બીજી સ્થિતિમાંથી દલિક ખેંચી તેની રચના કરે. એટલે જ જેમ ક્રમપૂર્વક ઉપશમ થયો હતો તેમ વિલોમે ઉદય પણ ક્રમપૂર્વક થાય છે.

આવલિકા છોડીને ઉપરના સમયથી આરંભી ગુણશ્રેણિના શિરપર્યંત પૂર્વ પૂર્વ કરતાં ઉત્તરોત્તર અસંખ્ય અસંખ્યગુણ ગોઠવે છે, અને ત્યાર પછી અલ્પ અલ્પ ગોઠવે છે. ૮૭

संकमउदीरणाणं नत्थि विसेसो उ एत्थ पुव्वुत्तो ।
जं जत्थ उ विच्छिन्नं जायं वा होइ तं तत्थ ॥८८॥

संक्रमोदीरणयोर्नास्ति विशेषस्तु अत्र पूर्वोक्तः ।
यद् यत्र तु व्यवच्छिन्नं जातं वा भवति तत्तत्र ॥८८॥

અર્થ—અહીં સંક્રમ અને ઉદીરણાના સંબંધમાં વિશેષ નથી—જે જ્યાં વિચ્છિન્ન થયું હતું તથા જ્યાં જે થતું હતું ત્યાં તે થાય છે.

ટીકાનુ૰—ઉપશમશ્રેણિ પર ચડતાં સંક્રમના સંબંધમાં જે વિશેષ કહ્યો હતો, જેમ કે ક્રમ-પૂર્વક સંક્રમ થાય, અનાનુપૂર્વીએ-ઉત્ક્રમે સંક્રમ ન થાય, તે તથા અંતરકરણના દ્વિતીયસમયથી બંધાયેલા કર્મની છ આવલિકા ગયા બાદ ઉદીરણા થાય, છ આવલિકામાં ન થાય—આ ઉદીરણાના સંબંધમાં જે વિશેષ કહ્યો હતો, તે વિશેષ ઉપશમશ્રેણિથી પડતાં રહેતો નથી. ઉપશમશ્રેણિથી પડતાં તો ક્રમ, ઉત્ક્રમ—બંને રીતે સંક્રમ થાય, તેમજ બંધાયેલા કર્મની બંધાવલિકા પૂર્ણ થયા પછી પણ ઉદીરણા થાય છે. તથા શ્રેણિ પર ચડતાં બંધન, સંક્રમણ, અપવર્ત્તના, ઉદ્વર્ત્તના, ઉદીરણા, દેશોપશમના, નિદ્ધત્તિ, નિકાચના અને આગાલનો જે સમયે વિચ્છેદ થયો હતો. પડતાં તે સમયને પ્રાપ્ત થાય ત્યારે તે સર્વે પ્રવર્ત્તે છે. તથા ચડતાં જે સ્થાને સ્થિતિઘાત, રસઘાતાદિ થતા હતા પડતાં ત્યાં તે જ પ્રમાણે વિપર્યસ્ત—ઊલટા ક્રમે થાય છે. ૮૮

वेइज्जमाण संजलण कालाओ अहिगमोहगुणसेढी ।
पडिवत्तिकसाउदए तुल्ला सेसेहि कम्मेहिं ॥८९॥

वेद्यमानसंज्वलनकालादधिका मोहगुणश्रेणिः ।
प्रतिपत्तिः कषायोदये तुल्या शेषैः कर्मभिः ॥८९॥

અર્થ—મોહનીયની ગુણશ્રેણિ વેદ્યમાન સંજ્વલના કાળથી અધિક થાય છે, જે જે કષાયના ઉદયે શ્રેણિની પ્રાપ્તિ થાય છે તેની ગુણશ્રેણિ શેષકર્મની તુલ્ય થાય છે.

ટીકાનુ૰—શ્રેણિ પરથી પડતાં મોહનીયકર્મની પ્રકૃતિઓની ગુણશ્રેણિ કાળને આશ્રયીને વેદ્યમાન સંજ્વલનના કાળથી અધિક કાળ પ્રમાણ કરે છે. ચડતી વખતે કરેલી ગુણશ્રેણિની તુલ્ય-સરખી કરે છે. (એટલે કે શ્રેણિ પર ચડતી વખતે જેટલાં સ્થાનોમાં ગુણશ્રેણિના ક્રમે દળરચના થઈ હતી, પડતી વખતે પણ તેટલા સ્થાનમાં દળરચના થાય છે.) તથા જે કષાયના ઉદયે ઉપશમશ્રેણિ પર આરૂઢ થયો હતો—શ્રેણિ પર ચડ્યો હતો, પડતાં તેનો જ્યારે ઉદય થાય ત્યારે તેની ગુણશ્રેણિ શેષકર્મની ગુણશ્રેણિની તુલ્ય કરે છે.

જેમ કોઈએ સંજ્વલનક્રોધના ઉદય શ્રેણિ પ્રાપ્ત કરી, શ્રેણિથી પડતાં જ્યારે તેને સંજ્વલનક્રોધનો ઉદય થાય ત્યારે ત્યાંથી તેની ગુણશ્રેણિ શેષકર્મના સમાન થાય છે.

એ પ્રમાણે માન અને માયાના સંબંધમાં પણ સમજવું. સંજ્વલન લોભના ઉદયે ઉપશમશ્રેણિ પ્રાપ્ત કરનારને પ્રતિપાતકાળે—પડતાં પ્રથમસમયથી જ આરંભી સંજ્વલન લોભની ગુણશ્રેણિ શેષકર્મની ગુણશ્રેણિની તુલ્ય થાય છે. તથા શેષ કર્મો માટે તો જેમ ચડતાં કહ્યું હતું તેમ પડતાં પણ તે જ પ્રમાણે અન્યૂનાતિરિક્ત—બરાબર (ન વધારે ન ઓછું) થાય છે એમ જાણવું. ૮૯

खवगुवसामगपच्चागयाण दुगुणो तहिं तहिं बंधो ।
अणुभागोऽणंतगुणो असुभाण सुभाण विवरीओ ॥९०॥

क्षपकोपशमकप्रत्यागतानां द्विगुणस्तत्र तत्र बन्धः ।
अनुभागोऽनन्तगुणः अशुभानां शुभानां विपरीतः ॥९०॥

અર્થ—ક્ષપક, ઉપશમક અને પડેલા ઉપશમકને ત્યાં ત્યાં ક્રમે બમણો સ્થિતિબંધ થાય છે. અને અશુભ પ્રકૃતિઓનો રસ અનંતગુણ બંધાય છે, શુભ પ્રકૃતિઓનો વિપરીત-અનંતગુણ હીન બંધ થાય છે.

ટીકાનુ૰—ક્ષપકશ્રેણિ પર ચઢતા ક્ષપકને જે જે સ્થાને જેટલો જેટલો સ્થિતિબંધ થાય છે તે કરતાં પણ ઉપશમશ્રેણિ પર ચઢતા ઉપશમકને તે જ સ્થાને બમણો-બમણો સ્થિતિબંધ થાય છે અને તે કરતાં પણ ઉપશમશ્રેણિથી પડતાં તે જ સ્થાને બમણો-બમણો બંધ થાય છે. અર્થાત્ ક્ષપકના બંધની અપેક્ષાએ ચાર ગુણો સ્થિતિબંધ થાય છે.

તથાક્ષપકને જે સ્થાને અશુભપ્રકૃતિઓનો જેટલો રસબંધ થાય છે, તેની અપેક્ષાએ તે જ સ્થાને ઉપશમકને અનંતગુણ અનુભાગ-રસબંધ થાય છે, તે કરતાં પણ તે જ સ્થાને ઉપશમશ્રેણિથી પડતાં અનંતગુણ રસબંધ થાય છે, શુભપ્રકૃતિઓનો રસબંધ અશુભના રસબંધ કરતાં વિપરીત થાય છે એટલે કે શુભપ્રકૃતિઓનો ક્ષપકને જે સ્થાને જેટલો રસબંધ થાય છે, તેનાથી ઉપશમકને શ્રેણિ પર ચડતાં તે જ સ્થાને અનંતગુણહીન રસબંધ થાય છે, અને તે કરતાં ઉપશમશ્રેણિથી પડતાં તે જ સ્થાને અનંતગુણહીન રસબંધ થાય છે. ૯૦

परिवाडीए पडिउं पमत्तइयरत्तणे बहू किच्चा ।
देसजई सम्मो वा सासणभावं वए कोई ॥९१॥

परिपाट्या पतित्वा प्रमत्तेतरत्वे बहून् कृत्वा ।
देशयतित्वं सम्यक्त्वं वा सासादनभावं व्रजेत्कोऽपि ॥९१॥

અર્થ—ક્રમપૂર્વક પ્રમત્તગુણસ્થાન સુધી પડે છે. પ્રમત્ત-અપ્રમત્તપણામાં ઘણા પરાવર્ત્તન કરીને કોઈ દેશવિરતિ થાય છે, કોઈ ચતુર્થ ગુણસ્થાનકે જાય છે, કોઈ સાસ્વાદનભાવને પણ પ્રાપ્ત કરે છે.

ટીકાનુ૰—જે ક્રમે ઉપશમશ્રેણિ પર ચડ્યો હતો એટલે કે ચડતાં જે ક્રમે જે જે ગુણસ્થાનકોને સ્પર્શ્યો હતો, પડતાં તે ક્રમે તે તે ગુણસ્થાનકોને સ્પર્શ કરતો પ્રમત્તસંયતગુણસ્થાન સુધી આવે છે. દશમા, નવમા એમ અનુક્રમે ગુણસ્થાનકને સ્પર્શ કરતો આવે છે. ત્યાર પછી

પ્રમત્ત અપ્રમત્તપણામાં ઘણી વાર પરાવર્તન કરીને (ફરીને કોઈ તદ્‌ભવ મોક્ષગામી હોય તો ક્ષપકશ્રેણિ માંડે છે, તેમ જ કોઈ ઉપશમશ્રેણિ પણ માંડી શકે છે.) કોઈ દેશવિરતિ થાય છે, કોઈ અવિરતિ સમ્યગ્દષ્ટિ[1] થાય છે, અને જેઓના મતે અનંતાનુબંધિની ઉપશમના થાય છે, તેઓના મતે કોઈ સાસ્વાદન ગુણસ્થાનકને પણ પ્રાપ્ત થાય છે, ત્યાંથી પડી મિથ્યાત્વે જાય છે. ૯૧

उवसमसम्मत्तद्धा अंतो आउक्खया धुवं देवो ।
जेण तिसु आउएसुं बद्धेसु न सेढिमारुहइ ॥९२॥

उपशमसम्यक्त्वाद्धाऽन्ते आयुःक्षयात् ध्रुवं देवः ।
येन त्रिषु आयुष्षु बद्धेषु न श्रेणिमारोहति ॥९२॥

અર્થ—ઉપશમસમ્યક્ત્વના કાળમાં આયુનો ક્ષય થાય તો અવશ્ય દેવ થાય છે, કારણ કે ત્રણમાંથી કોઈપણ આયુ બંધાયું હોય તો શ્રેણિ પર ચડતો નથી.

ટીકાનુ૰—ઉપશમસમ્યક્ત્વના કાળમાં વર્તતો જો કોઈ આયુ પૂર્ણ થઈ જવાથી કાળ કરે તો અવશ્ય દેવ થાય છે. કારણ કે નારક, તિર્યંચ અને મનુષ્ય સંબંધી આયુ બંધાયું હોય તો ઉપશમશ્રેણિ પર ચઢી શકતો નથી, પરંતુ વૈમાનિક દેવ સંબંધી આયુ બંધાયું હોય તો જ ઉપશમશ્રેણિ પર ચડી શકે છે. તેમ જ ઉપશમસમ્યક્ત્વના કાળમાં મરણ પામે તો દેવ જ થાય છે. (પરભવાયુ બાંધ્યા વિના પણ ઉપશમશ્રેણિ પર ચડી શકે છે તે અંતરકરણ ખલાસ થયા પછી આયુ બાંધી શકે છે.) ૯૨

सेढिपडिओ तम्हा-छडावलि सासणो वि देवेसु ।
एगभवे दुक्खुत्तो चरित्तमोहं उवसमेज्जा ॥९३॥

श्रेणिपतितस्तस्मात् षडावलिको सासादनोऽपि देवेषु ।
एकभवे द्विकृत्वः चारित्रमोहं उपशमयेत् ॥९३॥

અર્થ—તે કારણથી શ્રેણિથી પડેલો છ આવલિકા જેનો કાળ છે તે સાસ્વાદન ગુણસ્થાનકવાળો પણ મરીને દેવમાં જ જાય છે. એક ભવમાં બે વાર ચારિત્રમોહનીયકર્મ સર્વથા ઉપશમાવી શકે છે.

ટીકાનુ૰—દેવાયુ વર્જીને ત્રણ આયુમાંથી કોઈપણ આયુ બાંધ્યા પછી ઉપશમશ્રેણિ પર ચડી શકતો નથી, તેથી શ્રેણિથી પડીને ઉત્કૃષ્ટથી છ આવલિકા અને જઘન્યથી સમય જેટલો જેનો કાળ છે તે સાસ્વાદનગુણસ્થાનકે પણ જો કાળ કરે તો મરીને અવશ્ય દેવ થાય છે. તાત્પર્ય એ કે આયુ બાંધ્યા પછી જો ઉપશમશ્રેણિ પર ચડે તો વૈમાનિક દેવનું આયુ બાંધ્યા પછી જ ચડે છે. પરભવાયુ બાંધ્યા વિના પણ ઉપશમશ્રેણિ પર ચડી શકે છે તે અંતરકરણ[2] ખલાસ થયા પછી

---

૧. ચોથા, પાંચમા, છઠ્ઠા અને સાતમા ગુણસ્થાનકમાંથી કોઈપણ સ્થાને ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરી ત્યાં સ્થિર પણ થઈ શકે છે.

૨. જ્યાં સુધી મિથ્યાત્વમોહનો ઉદય ન થાય અથવા જ્યાં સુધી ક્ષાયોપશમિક સમ્યક્ત્વ ન પામે

આયુ બાંધી શકે છે.

તથા એક ભવમાં વધારેમાં વધારે બે વાર જ ચારિત્રમોહનીયકર્મને સર્વથા ઉપશમાવે છે. જે જીવ એક ભવમાં બે વાર ઉપશમશ્રેણિ માંડે છે, તે તે ભવમાં ક્ષપકશ્રેણિ માંડી શકતો નથી—ચારિત્રમોહનીયની ક્ષપણા કરી શકતો નથી. પરંતુ જેણે એક જન્મમાં એક વાર ચારિત્ર-મોહનીયની ઉપશમના કરી હોય તેને તે જન્મમાં ક્ષપકશ્રેણિ થાય પણ ખરી—ચારિત્રમોહનીયની ક્ષપણા કદાચ થાય પણ ખરી. આ ઉપરથી એમ નથી સમજવાનું કે ચારિત્રમોહનીયની ક્ષપણા કરતાં પહેલાં ચારિત્રમોહનીયની ઉપશમનાની જરૂર છે. ચારિત્રમોહનીયની ઉપશમના કર્યા વિના પણ ચારિત્રમોહનીયની ક્ષપણા કરી શકે છે. તથા એક જન્મમાં ઉપશમ અને ક્ષપક એમ બંને શ્રેણિ પર ચડી શકે છે એ કાર્મગ્રંથિક અભિપ્રાય છે.

આગમના અભિપ્રાયે તો એક ભવમાં ઉપશમ અને ક્ષપક એ બેમાંથી એક જ શ્રેણિ પર ચડી શકે છે. કહ્યું છે કે—'બેમાંથી એક શ્રેણિ સિવાય એક ભવમાં દેશવિરતિ, સર્વવિરતિ ચારિત્ર વગેરે સર્વ પ્રાપ્ત કરી શકે છે.' અન્યત્ર પણ કહ્યું છે—''એક ભવમાં મોહનો ઉપશમ ઉપરાઉપરી બે વાર થાય, પરંતુ જે ભવમાં મોહનો સર્વોપશમ થયો હોય તે ભવમાં મોહનો સર્વથા ક્ષય ન થાય.'' ૯૩

આ પ્રમાણે પુરુષવેદે શ્રેણિ પ્રાપ્ત કરનાર આશ્રયી વિધિ કહ્યો. હવે સ્ત્રીવેદ અને નપુંસકવેદે ઉપશમશ્રેણિ પ્રાપ્ત કરનાર આશ્રયી વિધિ કહે છે—

दुचरिमसमये नियगोदयस्स इत्थीनपुंसगो ण्णोण्णं ।
समयित्तु सत्त पच्छा किंतु नपुंसो कमारद्धे ।।९४।।

द्विचरिमसमये निजकोदयस्य स्त्री नपुंसकोऽन्योन्यं ।
शमयित्वा सप्त पश्चात् किन्तु नपुंसकः क्रमारब्धे ।।९४।।

અર્થ—સ્ત્રી અને નપુંસક પોતાના ઉદયના દ્વિચરમ સમયે અન્યોન્ય-નપુંસક સ્ત્રીવેદને અને સ્ત્રી નપુંસકવેદને ઉપશમાવે છે. પછી અવેદક થઈને સાત પ્રકૃતિ એકીસાથે ઉપશમાવે છે. પરંતુ નપુંસકવેદે શ્રેણિ આરંભનાર પ્રથમ એકલો નપુંસકવેદ ઉપશમાવે છે, થોડો કાળ ગયા પછી સ્ત્રીવેદની પણ ઉપશમન ક્રિયા શરૂ કરે છે.

ટીકાનુ૰—અત્યાર સુધી પુરુષવેદને ઉદયે ઉપશમશ્રેણિ આરંભનાર કેવા ક્રમપૂર્વક ચારિત્રમોહનીયની પ્રકૃતિઓ ઉપશમાવે છે તે કહ્યું છે. હવે સ્ત્રી કે નપુંસકવેદના ઉદયે શ્રેણિ આરંભનાર કેવા ક્રમથી ઉપશમાવે છે, તે કહે છે—

જ્યારે સ્ત્રીવેદના ઉદયે કોઈ ઉપશમશ્રેણિ પ્રાપ્ત કરે ત્યારે પહેલાં નપુંસકવેદ ઉપશમાવે

ત્યાં સુધી અંતરકરણ છે. તે કાળમાં મરણ પામે તો અવશ્ય દેવ જ થાય છે. આયુ બાંધ્યા વિના ઉપશમશ્રેણિ માંડી હોય તો ક્ષયોપશમ સમ્યક્ત્વ કરીને અથવા મિથ્યાત્વભાવ પામીને જ અધ્યવસાયાનુસારે આયુ બાંધે છે. મિથ્યાત્વમોહનો ઉદય થાય ત્યારે અથવા ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરી સમ્યક્ત્વમોહનો ઉદય થાય ત્યારે અંતરકરણ ખલાસ થાય છે.

છે ત્યારપછી સ્ત્રીવેદ પોતાના ઉદયના દ્વિચરમ સમય પર્યંત ઉપશમાવે છે. પોતાના ઉદયના દ્વિચરમ સમયે છેલ્લા એક ઉદયસમયને છોડીને સ્ત્રીવેદનું સઘળું દલિક શાન્ત થઈ જાય છે તે એક છેલ્લી ઉદયસ્થિતિને ભોગવી લીધા બાદ અવેદક થઈને હાસ્યાદિષટ્ક અને પુરુષવેદ એ સાતે પ્રકૃતિઓને એકીસાથે ઉપશમાવવાનો આરંભ કરે છે. હવે પછીની શેષ હકીકત પુરુષવેદના ઉદયે શ્રેણિ આરંભનારની જેમ સમજવી.

સ્ત્રીવેદ કે પુરુષવેદની ઉદયે શ્રેણિ સ્વીકારનાર જે સ્થાને નપુંસકવેદને ઉપશમાવે છે તે સ્થાન પર્યંત નપુંસકવેદને ઉદયે શ્રેણિ માંડનાર એકલા નપુંસકવેદને જ ઉપશમાવવાની ક્રિયા કરે છે. ત્યાર પછી નપુંસક અને સ્ત્રીવેદ એ બંનેને એકીસાથે ઉપશમાવવા માંડે છે. આ પ્રમાણે નપુંસકવેદોદયના દ્વિચરમસમયપર્યંત બંનેને ઉપશમાવે છે. તે દ્વિચરમસમયે સ્ત્રીવેદ સર્વથા ઉપશમી જાય છે, નપુંસકવેદની એક ઉદયસ્થિતિ શેષ રહે છે. તે એક ઉદયસ્થિતિ પણ ભોગવાઈ ગયા બાદ હાસ્યાદિષટ્ક અને પુરુષવેદ[1] એ સાતેને એકીસાથે ઉપશમાવવાનો આરંભ કરે છે. હવે પછીનો ક્રમ પુરુષવેદના ઉદયે શ્રેણિ આરંભનારની જેમ સમજવો. આવી રીતે મોહનીયકર્મની સર્વોપશમાનું સ્વરૂપ કહ્યું.

સર્વોપશમના સંપૂર્ણ

હવે દેશોપશમનાનું સ્વરૂપ કહે છે.

मूलुत्तरकम्माणं पगडिट्ठितिमादि होइ चउभेया ।
देसकरणेहिं देसं समइ जं देससमणा तो ॥९५॥

मूलोत्तरकर्म्मणां प्रकृतिस्थित्यादिका भवति चतुर्भेदा ।
देशकरणैः देशं शमयति यत् देशोपशमनाऽतः ॥९५॥

અર્થ—મૂળ કર્મ તથા ઉત્તર કર્મપ્રકૃતિઓ પ્રકૃતિ, સ્થિતિ આદિ ચાર ભેદે છે એટલે દેશોપશમના પણ ચાર ભેદે છે. દેશકરણોથી તેઓના એક દેશને શમાવે છે માટે તે દેશોપશમના કહેવાય છે.

ટીકાનુ૰—સર્વોપશમનાનું સંપૂર્ણ સ્વરૂપ કહ્યા પછી હવે દેશોપશમનાનું સ્વરૂપ કહે છે—દેશોપશમના બે પ્રકારે છે : ૧. મૂળપ્રકૃતિ વિષયક, ૨. ઉત્તરપ્રકૃતિ વિષયક. તે એકેક પ્રકૃતિ, સ્થિતિ આદિથી ચાર ચાર પ્રકારે છે. ૧. પ્રકૃતિદેશોપશમના, ૨. સ્થિતિદેશોપશમના, ૩.

---

૧. અહીં પુરુષવેદનો બંધવિચ્છેદ ક્યાં થાય છે અને બંધવિચ્છેદ થયા પછી જેમ સમયોન બે આવલિકામાં બંધાયેલું અનુપશાન્ત રહે છે તે અહીં રહે કે નહિ, તે કહ્યું નથી. પરંતુ શેષ હકીકત પુરુષવેદના ઉદયે શ્રેણિ આરંભનારની જેમ સમજવી એમ કહે છે. એ ઉપરથી એમ લાગે છે કે પુરુષવેદના ઉદયે શ્રેણિ આરંભનારને જ્યાં તેનો બંધવિચ્છેદ થાય છે ત્યાં જ સ્ત્રી કે નપુંસકવેદને ઉદયે શ્રેણિ આરંભનારને પણ પુરુષવેદનો બંધવિચ્છેદ થાય અને બંધવિચ્છેદ સમયે સમયોન બે આવલિકામાં બંધાયેલું જે અનુપશાંત રહે તે પહેલા જ સમયે ઉપશમાવે છે.

અનુભાગદેશોપશમના, ૪ પ્રદેશદેશોપશમના. એટલે કે મૂળકર્મ, ઉત્તરપ્રકૃતિઓ તથા તેના પ્રકૃતિ, સ્થિતિ આદિ ભેદો એ દરેકની દેશોપશમના થઈ શકે છે.

હવે અહીં પ્રશ્ન થાય કે શા માટે દેશોપશમના એવું નામ કહેવાય છે ? અને દેશોપશમના એટલે શું ? તેનો પ્રત્યુત્તર આ પ્રમાણે આપે છે—કરણનો એક દેશ-ભાગ જે યથાપ્રવૃત્ત અને અપૂર્વકરણ છે તે બે કરણ વડે પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશના એક દેશને ઉપશમાવે છે—માટે દેશોપશમના એવું નામ કહેવામાં આવે છે.

દેશોપશમના એટલે કરણનો એક દેશ જે યથાપ્રવૃત્તકરણ અને અપૂર્વકરણ એ બે કરણ વડે પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશના અમુક ભાગને ઉપશમાવવો, સર્વોપશમનાની જેમ સંપૂર્ણ ભાગને નહિ, તે દેશોપશમના કહેવાય છે. દેશોપશમના વડે ઉપશમેલાં દલિકોમાં સંક્રમ, ઉદ્વર્ત્તના, અપવર્ત્તના સિવાય કોઈ કરણો લાગતાં નથી, પરંતુ ત્રણ કરણો જ પ્રવર્ત્તે છે. તે દેશોપશમના મૂળ કર્મ અને તેની ઉત્તર પ્રકૃતિઓમાં થાય છે, તથા તેના જે પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશ એ ચાર ભેદો છે તે દરેકમાં થાય છે, એટલે મૂળપ્રકૃતિવિષયક અને ઉત્તરપ્રકૃતિવિષયક એમ દેશોપશમનાના બે ભેદ છે, તેમજ તે દરેક પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશના ભેદે ચાર ચાર ભેદે છે. કુલ દેશોપશમનાના આઠ ભેદ થાય છે. ૯૫

આ ગાથામાં ઉપરની ગાથાની ટીકામાં કહ્યો તે દેશોપશમનાનો તાત્પર્યાર્થ કહે છે—

उवट्टण ओवट्टण संकमकरणाइं होंति नण्णाइं ।
देसोवसामियस्सा जा पुव्वो सव्वकम्माणं ॥९६॥

उद्वर्त्तनाऽपवर्त्तनसंक्रमकरणानि भवन्ति नान्यानि ।
देशोपशमनास्वामी यावदपूर्व्वः सर्वकर्मणाम् ॥९६॥

અર્થ—દેશોપશમના વડે ઉપશમિત દળમાં ઉદ્વર્ત્તના, અપવર્ત્તના અને સંક્રમ એ ત્રણ કરણ પ્રવર્ત્તે છે, બીજા પ્રવર્ત્તતા નથી. અપૂર્વકરણ ગુણસ્થાનક સુધીના જીવો સઘળા કર્મની દેશોપશમનાના સ્વામી છે.

ટીકાનુ૰—દેશોપશમના વડે જે કર્મની ઉપશમના થાય છે તેની અંદર સંક્રમણ, ઉદ્વર્ત્તના, અને અપવર્ત્તના એ ત્રણ કરણો પ્રવર્ત્તે છે, ઉદીરણા આદિ બીજાં કોઈ કરણો પ્રવર્ત્તતાં નથી. આટલો દેશોપશમનાનો સર્વોપશમનાથી વિશેષ છે. આ દેશોપશમના વડે મૂળપ્રકૃતિ અથવા ઉત્તરપ્રકૃતિઓને ઉપશમાવવાને અપૂર્વકરણ ગુણસ્થાનકના ચરમસમય સુધીમાં વર્તમાન દરેક આત્માઓ સ્વામી છે. એટલે કે—સઘળા એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, અને અસંજ્ઞી-સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચો, સઘળા દેવો, સઘળા નારકી અને સઘળા મનુષ્યો દેશોપશમનાના સ્વામી છે.

તેમાં મનુષ્યો અપૂર્વકરણ ગુણસ્થાનકના ચરમસમય સુધીમાં વર્ત્તતા જ સ્વામી છે, મનુષ્યોને જ આઠમું ગુણસ્થાનક હોય છે માટે એમ કહેવામાં આવ્યું છે. બીજા જીવો માટે તો પોતપોતાના ગુણસ્થાનકની હદ પર્યંત દેશોપશમના થાય છે એમ સમજવું તથા આ દેશોપશમના

સઘળાં—આઠે કર્મોમાં થાય છે, સર્વોપશમનાની જેમ એકલા મોહનીયમાં જ નહિ. ૯૬

સ્વામીના વિષયમાં જ કંઈક વિશેષ કહે છે—

खवगो उवसमगो वा पढमकसायाण दंसणतिगस्स ।
देसोवसामगो सो अपुव्वकरणंतगो जाव ॥९७॥

क्षपक उपशमको वा प्रथमकषायाणां दर्शनत्रिकस्य ।
देशोपशमकः स अपूर्वकरणान्तगो यावत् ॥९७॥

અર્થ—ત્રણ કરણ કરતા પોતાના અપૂર્વકરણના ચરમસમય સુધીના ક્ષપક અથવા ઉપશમક પ્રથમકષાય અને દર્શનત્રિકની દેશોપશમનાના સ્વામી છે.

ટીકાનુ૦—સામાન્ય રીતે સઘળાં કર્મોની દેશોપશમના અપૂર્વકરણ ગુણસ્થાનકના *ચરમસમય પર્યંત જ થાય છે, પરંતુ જે ગુણસ્થાનકે અનંતાનુબંધિની વિસંયોજના અથવા* ઉપશમના કરવા તેમજ મિથ્યાત્વની અને દર્શનત્રિકની ઉપશમના અને ક્ષપણા કરવા ત્રણ કરણ કરે છે તેમાંના અપૂર્વકરણ સુધી જ તે તે પ્રકૃતિઓની દેશોપશમના થાય છે. જેમ કે, અનાદિ મિથ્યાત્વી ચારે ગતિના સંજ્ઞીપર્યાપ્તા ઉપશમ સમ્યક્ત્વની પ્રાપ્તિ માટે મિથ્યાત્વમોહનીયને ઉપશમાવવા મિથ્યાત્વગુણસ્થાનકે ત્રણ કરણ કરે છે. તેમાં મિથ્યાત્વમોહનીયની દેશોપશમના અપૂર્વકરણના ચરમસમય પર્યંત જ થાય છે, અનંતાનુબંધિની વિસંયોજના કરવા માટે ચારે ગતિના સંજ્ઞી પર્યાપ્તા સ્વસ્વપ્રાયોગ્ય ચોથાથી સાતમા સુધીમાં વર્તતા ત્રણ કરણ કરે છે, અનંતાનુબંધિની ઉપશમના માટે સર્વવિરત મનુષ્યો જ ત્રણ કરણ કરે છે; અને તેની દેશોપશમના તે ત્રણ કરણમાંના અપૂર્વકરણના ચરમ સમયપર્યંત જ થાય છે. દર્શનત્રિકની ક્ષપણા માટે ચોથાથી સાતમા સુધીના પ્રથમ સંઘયણી મનુષ્યો ત્રણ કરણ કરે છે અને તેની ઉપશમના માટે સર્વવિરત મનુષ્યો જ ત્રણ કરણ કરે છે. તેમાંના અપૂર્વકરણ સુધી જ તેની દેશોપશમના થાય છે. અને અન્ય કર્મોની દેશોપશમના તો અપૂર્વકરણ ગુણસ્થાનકના ચરમસમયપર્યંત થાય છે. ૯૭

હવે સાદિ આદિ ભાંગાની પ્રરૂપણા કરી છે—

साइयमाइचउद्धा देसुवसमणा अणाइसंतीणं ।
मूलुत्तरपगईणं साइ अधुवा उ अधुवाओ ॥९८॥

साद्यादिना चतुर्द्धा देशोपशमना अनादिसत्ताकानाम् ।
मूलोत्तरप्रकृतीनां सादिरध्रुवा त्वध्रुवाणाम् ॥९८॥

અર્થ—અનાદિસત્તાવાળી મૂળ તથા ઉત્તરપ્રકૃતિઓની દેશોપશમના સાદિ આદિ ચાર ભેદે છે. અને અધ્રુવસત્તાવાળી પ્રકૃતિઓની સાદિ અને સાંત એમ બે ભેદે છે.

ટીકાનુ૦—જે મૂળ કે ઉત્તરપ્રકૃતિઓની ધ્રુવસત્તા-અનાદિકાળથી સત્તા છે, તેઓની દેશોપશમના સાદિ, અનાદિ, ધ્રુવ અને અધ્રુવ એમ ચાર ભેદે છે. તેની અંદર પ્રથમ મૂળકર્મમાં ચાર ભાંગા ઘટાવે છે—મૂળ આઠે કર્મની અપૂર્વકરણ ગુણસ્થાનકથી આગળ દેશોપશમના થતી

નથી. ત્યાંથી પડે ત્યારે થાય છે માટે સાદિ, તે સ્થાન જેણે પ્રાપ્ત કર્યું નથી તેઓ આશ્રયી અનાદિ, અભવ્યો તે સ્થાન પ્રાપ્ત જ નહિ કરે માટે તેઓ આશ્રયી અનંત, અને ભવ્યો તે સ્થાનનો સ્પર્શ કરશે ત્યારે દેશોપશમનાનો અંત થશે માટે તેઓ આશ્રયી સાંત. આ પ્રમાણે મૂળ કર્મોની દેશોપશમનામાં ચાર ભાંગા વિચાર્યા. હવે અનાદિસત્તાવાળી ઉત્તરપ્રકૃતિઓમાં એ જ ચાર ભાંગાનો વિચાર કરે છે—

વૈક્રિયસપ્તક, આહારકસપ્તક, મનુષ્યદ્વિક, દેવદ્વિક નરકદ્વિક, સમ્યક્ત્વમોહનીય, મિશ્રમોહનીય અને ઉચ્ચ ગોત્રરૂપ ઉદ્વલનયોગ્ય ત્રેવીસ પ્રકૃતિ તથા તીર્થંકરનામ અને ચાર આયુ એમ અઠ્યાવીસ વર્જીને શેષ એકસો ત્રીસ પ્રકૃતિઓ અનાદિસત્તાવાળી છે. તેની અંદર મિથ્યાત્વ અને અનંતાનુબંધિની દેશોપશમના પોતપોતાના અપૂર્વકરણથી આગળ ન થાય અને શેષ સઘળી પ્રકૃતિઓની અપૂર્વકરણ ગુણસ્થાનકથી આગળ ન થાય. તે સ્થાનથી પડે ત્યારે થાય માટે સાદિ, તે સ્થાન જેઓએ પ્રાપ્ત નથી કર્યું તેઓ આશ્રયી અનાદિ, અભવ્યની અપેક્ષાએ અનંત અને ભવ્યોની અપેક્ષાએ સાંત. અને જે ઉપરોક્ત અઠ્યાવીસ અધ્રુવ સત્તાવાળી પ્રકૃતિઓ છે તેઓની દેશોપશમના તેઓ અધ્રુવસત્તાવાળી હોવાથી સાદિ અને સાંત એમ બે ભાંગે છે. ૯૮

હવે પ્રકૃતિસ્થાનોની સાદ્યાદિ પ્રરૂપણા કરે છે—

गोयाउयाण दोण्हं चउत्थ छट्ठाण होइ छ सत्तण्हं ।
साइयमाइ चउद्धा सेसाणं एगठाणस्स ॥९९॥

गोत्रायुषोर्द्वे चतुर्थषष्ठयोर्भवन्ति षट् सप्त ।
साद्यादिचतुर्द्धा शेषाणां एकस्थानम् ॥९९॥

અર્થ— ગોત્ર અને આયુનાં બે સ્થાન, ચોથા મોહનીયનાં છ સ્થાન અને છઠ્ઠા નામકર્મનાં સાત સ્થાન છે. તે સઘળાં સ્થાનો સાદિ આદિ ચાર ભેદે છે. શેષ કર્મોનું એક એક સ્થાન છે.

ટીકાનુ૦—સ્થાન એટલે સત્તામાં રહેલ એક કે ઘણી જેટલી પ્રકૃતિઓની એક સાથે દેશોપશમના થઈ શકતી હોય તેનો સમુદાય. ગોત્રકર્મની દેશોપશમના આશ્રયી બે પ્રકૃતિસ્થાનો છે. ૧. બે, ૨. એક—જ્યાં સુધી ઉચ્ચ ગોત્રની ઉદ્વલના કરી હોતી નથી ત્યાં સુધી ગોત્રની બંને પ્રકૃતિઓ સત્તામાં હોય છે. માટે બે પ્રકૃતિઓનું પહેલું પ્રકૃતિસ્થાન, અને ઉચ્ચૈર્ગોત્ર ઉવેલે ત્યારે એક નીચ ગોત્રની સત્તા હોય છે માટે તે એક પ્રકૃતિનું બીજું પ્રકૃતિસ્થાન.

આયુકર્મનાં પણ બે પ્રકૃતિસ્થાન છે : ૧. બે પ્રકૃતિરૂપ, ૨. એક પ્રકૃતિરૂપ. જ્યાં સુધી પરભવાયુ બાંધ્યું નથી ત્યાં સુધી ભોગવાતા એક જ આયુની સત્તા છે માટે એક પ્રકૃતિનું પહેલું, અને જ્યારે પરભવાયુ બાંધે ત્યારે બે પ્રકૃતિનું બીજું પ્રકૃતિસ્થાન થાય છે. આ પ્રમાણે ગોત્રના બે અને આયુના બે એમ ચારે સ્થાનોની દેશોપશમના એ ચારે સ્થાનો અધ્રુવ હોવાથી સાદિ અને સાંત એમ બે ભેદે છે.

ચોથા મોહનીયકર્મનાં દેશોપશમનાને યોગ્ય છ પ્રકૃતિસ્થાનો છે, અને તે-આ—એકવીસ ચોવીસ, પચીસ, છવ્વીસ, સત્તાવીસ અને અઠ્યાવીસ પ્રકૃતિઓના સમૂહરૂપ. શેષ તેર, બાર

વગેરે પ્રકૃતિસ્થાનો અનિવૃત્તિબાદરસંપરાય ગુણસ્થાને હોય છે. તેથી તે દેશોપશમનાને યોગ્ય નથી. તેની અંદર અઠ્ઠાવીસનું પ્રકૃતિસ્થાન મિથ્યાદૃષ્ટિ, સાસ્વાદન સમ્યગ્દૃષ્ટિ અને વેદકસમ્યગ્દૃષ્ટિને હોય છે, સત્તાવીસનું જેણે સમ્યક્ત્વમોહનીય ઉવેલી છે એવા મિથ્યાદૃષ્ટિને, છવ્વીસનું જેણે મિશ્ર તથા સમ્યક્ત્વમોહનીય ઉવેલી છે એવા મિથ્યાદૃષ્ટિને અથવા અનાદિ મિથ્યાદૃષ્ટિને, પચીસનું છવ્વીસની સત્તાવાળા મિથ્યાદૃષ્ટિને સમ્યક્ત્વ ઉત્પન્ન કરતાં અપૂર્વકરણથી અગાડી, કારણ કે ત્યાં મિથ્યાત્વની દેશોપશમના થતી નથી, પચીસ પ્રકૃતિઓની જ થઈ શકે છે, તથા અનંતાનુબંધિની વિસંયોજના કરતા અપૂર્વકરણથી આગળ ચોવીસનું, અથવા ચોવીસની સત્તાવાળાને ચોવીસનું. અનંતાનુબંધિ તથા દર્શનત્રિક એ સાતનો જેણે નાશ કર્યો છે તેવા ક્ષાયિકસમ્યક્ત્વીને એકવીસનું. આ પ્રમાણે મોહનીયકર્મનાં છ પ્રકૃતિસ્થાનો દેશોપશમનાને યોગ્ય છે.

આ છમાંથી છવ્વીસનું સ્થાન છોડીને શેષ પાંચે સ્થાનોની દેશોપશમના તે સ્થાનો કોઈ કાળે જ થનારા હોવાથી સાદિ અને સાંત એમ બે ભાંગે છે. અને છવ્વીસનું પ્રકૃતિસ્થાન સાદિ, અનાદિ, ધ્રુવ અને અધ્રુવ એમ ચાર પ્રકારે છે. તેમાં જેણે સમ્યક્ત્વ-મિશ્રમોહનીય ઉવેલ્યા છે તેને આશ્રયી અઠ્ઠાવીસથી છવ્વીસે આવ્યો માટે સાદિ, અનાદિ મિથ્યાદૃષ્ટિને અનાદિ, અભવ્યને ધ્રુવ-અનંત, અને ભવ્યને અધ્રુવ-સાંત. આ પ્રમાણે મોહનીય દેશોપશમનાના પ્રકૃતિસ્થાનોની સંખ્યા તથા તેના ભાંગા કહી. હવે છઠ્ઠા નામકર્મના દેશોપશમનાને યોગ્ય સ્થાનો અને ભાંગા કહે છે.

નામકર્મનાં દેશોપશમનાને યોગ્ય એકસો ત્રણ, એકસો બે, છન્નુ, પંચાણું, ત્રાણું, ચોરાસી અને બ્યાશી પ્રકૃતિઓના સમુદાયરૂપ સાત પ્રકૃતિસ્થાનો છે. તેમાંનાં શરૂઆતનાં ચાર સ્થાનો અપૂર્વકરણ ગુણસ્થાનકના ચરમસમયપર્યંત દેશોપશમનાને યોગ્ય જાણવા, આગળ નહિ. શેષ ત્રાણુ, ચોરાસી, અને બ્યાશી એ ત્રણે સ્થાનો એકેન્દ્રિયાદિમાં દેવદ્વિકાદિ પ્રકૃતિઓ ઉવેલાયા બાદ હોય છે. તેની દેશોપશમના તેઓ કરી શકે છે. શેષ સ્થાનકો અપૂર્વકરણ ગુણસ્થાનકથી અગાડી હોય છે એટલે તે દેશોપશમનાને અયોગ્ય છે. આ સાતે સ્થાનોની દેશોપશમના તે સઘળાં સ્થાનો અનિયત-અનિત્ય હોવાથી સાદિ અને સાંત એમ બે પ્રકારે છે.

શેષ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય અને અંતરાય એ ચાર કર્મોનું દેશોપશમનાને આશ્રયી એક એક પ્રકૃતિસ્થાન છે. તેમાં જ્ઞાનાવરણીય અને અંતરાયનું પાંચ પાંચ પ્રકૃતિરૂપ, દર્શનાવરણીયનું નવપ્રકૃતિરૂપ, અને વેદનીયનું બે પ્રકૃતિરૂપ પ્રકૃતિસ્થાન છે. તેઓની દેશોપશમના સાદિ આદિ ચાર પ્રકારે છે. અપૂર્વકરણથી અગાડી તેઓમાંના એકે પ્રકૃતિસ્થાનની દેશોપશમના થતી નથી ત્યાંથી પડે ત્યારે થાય છે માટે સાદિ, તે સ્થાન જેઓએ પ્રાપ્ત કર્યું નથી તેઓ આશ્રયી અનાદિ, અભવ્ય આશ્રયી અનંત, અને ભવ્ય આશ્રયી સાંત, આ પ્રમાણે પ્રકૃતિ દેશોપશમનાનું સ્વરૂપ કહ્યું. ૯૯

હવે સ્થિતિદેશોપશમનાનું સ્વરૂપ કહે છે—

उवसामणा ठिइओ उक्कोसा संकमेण तुल्लाओ ।
इयरा वि किंतु अभव्वउव्वलगअपुव्वकरणेसु ॥१००॥

स्थितेरुत्कृष्टा उपशमना संक्रमेण तुल्या ।
इतराऽपि किंतु अभव्योद्वलकापूर्वकरणेषु ॥१००॥

અર્થ—સ્થિતિની ઉત્કૃષ્ટ દેશોપશમના ઉત્કૃષ્ટ સંક્રમ તુલ્ય છે. જઘન્ય દેશોપશમના પણ જઘન્ય સંક્રમ તુલ્ય છે, પરંતુ તે અભવ્ય યોગ્ય જઘન્ય સ્થિતિમાં વર્ત્તતા એકેન્દ્રિયને ઉદ્વલકને અથવા અપૂર્વકરણવર્ત્તી જીવને થાય છે.

ટીકાનુ૦—મૂળપ્રકૃતિવિષયક અને ઉત્તરપ્રકૃતિવિષયક એમ સ્થિતિદેશોપશમના બે પ્રકારે છે. વળી તે દરેક ઉત્કૃષ્ટ અને જઘન્ય એમ બે બે ભેદે છે. તેની અંદર મૂળ અથવા ઉત્તરપ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિદેશોપશમના સંક્રમી સમાન છે. એટલે કે વધારેમાં વધારે જેટલી સ્થિતિનો સંક્રમ થાય છે તેટલી સ્થિતિની દેશોપશમના પણ થઈ શકે છે. તથા જે સંક્રમણકરણમાં ઉત્કૃષ્ટસ્થિતિસંક્રમના સ્વામી બતાવ્યા છે, અને જે રીતે ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમના વિષયમાં સાદિ આદિ ભાંગાઓનો વિચાર કર્યો છે તે જ રીતે ઉત્કૃષ્ટદેશોપશમનાના સંબંધમાં પણ સમજવાનું છે. એટલે કે દરેક રીતે ઉત્કૃષ્ટદેશોપશમના ઉત્કૃષ્ટ સંક્રમણની સમાન છે.

ઇતર-જઘન્યસ્થિતિદેશોપશમના પણ જઘન્યસ્થિતિસંક્રમના સરખી છે. પરંતુ તે અભવ્યપ્રાયોગ્ય જઘન્ય સ્થિતિમાં વર્ત્તતા એકેન્દ્રિયને સમજવી. કારણ કે પ્રાયઃ સઘળાં કર્મની અતિ જઘન્યસ્થિતિ તેને જ હોય છે. પરંતુ ઉદ્વલના યોગ્ય ત્રેવીસ પ્રકૃતિઓની જે આત્મા તે પ્રકૃતિઓનો ઉદ્વલક છે તે આત્મા તે પ્રકૃતિઓની ઉદ્વલના કરતાં છેલ્લો પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિખંડ શેષ રહે ત્યારે જઘન્ય સ્થિતિ દેશોપશમના કરે છે. તેની અંદર આહારકસપ્તક, સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીયની ઉદ્વલના એકેન્દ્રિયાદિ સઘળા જીવો પણ કરે છે. અને શેષ ચૌદ પ્રકૃતિઓનો ઉદ્વલક એકેન્દ્રિય જ છે. એટલે તેની જઘન્ય સ્થિતિ દેશોપશમના તે જ કરે છે. (તેમાં પણ આહારકસપ્તકની ઉદ્વલના ચાર ગુણઠાણા સુધી થઈ શકે છે માટે ત્યાં સુધીના જીવો તેની જઘન્ય સ્થિતિદેશોપશમનાના સ્વામી છે.) તથા જે પ્રકૃતિની મિથ્યાત્વીને જઘન્ય સ્થિતિદેશોપશમના થઈ શકતી નથી તે તીર્થંકર નામકર્મની અપૂર્વકરણે જઘન્ય સ્થિતિ દેશોપશમના થાય છે. ૧૦૦

આ ગાથામાં રસ અને દેશની દેશોપશમના કહે છે—

अणुभाग पएसाणं सुभाण जा पुव्व मिच्छ इयराणं ।
उक्कोसियरं अभविय एगेंदि देससमणाए ॥१०१॥

अनुभागप्रदेशयोः शुभानां यावदपूर्वः मिथ्यादृष्टिरितरासां ।
उत्कृष्टेतराया अभव्यैकेन्द्रियः देशोपशमनायाः ॥१०१॥

અર્થ—રસ અને પ્રદેશની દેશોપશમના સંક્રમ તુલ્ય છે. પરંતુ શુભ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ અનુભાગ અને પ્રદેશની દેશોપશમના અપૂર્વકરણે થાય છે, ઇતરની મિથ્યાત્વીને થાય છે. અને જઘન્ય દેશોપશમના અભવ્ય યોગ્ય જઘન્ય સ્થિતિમાં વર્ત્તતા એકેન્દ્રિયને થાય છે.

ટીકાનુ૦—અનુભાગદેશોપશમના અને પ્રદેશદેશોપશમના અનુક્રમે અનુભાગસંક્રમે અને પ્રદેશસંક્રમ તુલ્ય છે. તેમાં પ્રથમ અનુભાગ દેશોપશમનાનું સ્વરૂપ કહે છે—જઘન્ય અને ઉત્કૃષ્ટ એમ અનુભાગદેશોપશમના બે પ્રકારે છે. તેમાં જે જીવ ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમનો સ્વામી પહેલાં (સંક્રમણકરણમાં) જણાવ્યો છે તે જ જીવ ઉત્કૃષ્ટ અનુભાગ દેશોપશમનાનો પણ સ્વામી છે. તેમાં શુભપ્રકૃતિની ઉત્કૃષ્ટ દેશોપશમનાનો સ્વામી સમ્યગ્દષ્ટિ છે. માત્ર સાતવેદનીય, ઉચ્ચૈર્ગોત્ર અને યશઃકીર્તિનો ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમસ્વામી અપૂર્વકરણ ગુણસ્થાનકથી અગાડીનો પણ છે, પરંતુ ઉત્કૃષ્ટ અનુભાગ દેશોપશમનાનો સ્વામી તો અપૂર્વકરણ સુધીનો જ છે. એટલે કે કોઈપણ શુભપ્રકૃતિની ઉત્કૃષ્ટ અનુભાગદેશોપશમનાનો સ્વામી અપૂર્વકરણ સુધીમાં વર્તમાન સમ્યગ્દષ્ટિ આત્મા જ છે.

ઇતર અશુભ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ અનુભાગદેશોપશમનાનો સ્વામી ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમના સ્વામીની જેમ મિથ્યાદષ્ટિ છે.

હવે જઘન્ય અનુભાગદેશોપશમનાનો સ્વામી કહે છે—તીર્થંકર નામકર્મ વર્જીને સઘળી પ્રકૃતિઓનો જઘન્ય અનુભાગ દેશોપશમનાનો સ્વામી અભવ્યસિદ્ધિયોગ્ય જઘન્યસ્થિતિમાં વર્તમાન એકેન્દ્રિય જાણવો. જો કે જ્ઞાનાવરણપંચક, સંજ્વલન કષાય, દર્શનાવરણ ચતુષ્ક, નવ નોકષાય, અન્તરાય, પંચક એ સત્તાવીસ પ્રકૃતિઓનો જઘન્ય સંક્રમ પોતપોતાના અન્ત સમયે કહ્યો છે પરંતુ તે નવમે અને દશમે ગુણસ્થાનકે થાય છે અને અનુભાગદેશોપશમના તો અપૂર્વકરણ સુધીમાં જ પ્રવર્ત્તે છે. એટલે એ સઘળી પ્રકૃતિઓની જઘન્ય અનુભાગ દેશોપશમનાનો સ્વામી અભવ્ય પ્રાયોગ્ય જઘન્ય સ્થિતિવાળો એકેન્દ્રિય જ કહ્યો છે. અભવ્ય પ્રાયોગ્ય અતિઅલ્પ સ્થિતિવાળા એકેન્દ્રિય જીવથી આઠમા ગુણસ્થાનકવાળાને રસ અનંતગુણ વધારે હોય છે, એટલે ઉપરોક્ત એકેન્દ્રિય જ જઘન્યાનુભાગ દેશોપશમનાના સ્વામી તરીકે પસંદ કર્યો છે—માન્યો છે.

તીર્થંકર નામકર્મના જઘન્ય અનુભાગ સંક્રમનો જે સ્વામી છે તે જ તેની જઘન્ય અનુભાગ દેશોપશમનાનો પણ સ્વામી છે.

પ્રદેશ-દેશોપશમનાના સંબંધમાં કહે છે—પ્રદેશદેશોપશમના જઘન્ય અને ઉત્કૃષ્ટ એમ બે ભેદે છે, તેમાં ઉત્કૃષ્ટ પ્રદેશદેશોપશમના ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમ તુલ્ય છે. એટલે કે જે જીવ જે પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમનો સ્વામી છે તે જ જીવ તે પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ દેશોપશમનાનો પણ સ્વામી છે. માત્ર ઉત્કૃષ્ટ પ્રદેશોપશમના અપૂર્વકરણ ગુણસ્થાનકના ચરમ સમય પર્યંત કહેવી. અને જઘન્ય પ્રદેશદેશોપશમના અભવ્યપ્રાયોગ્ય જઘન્યસ્થિતિમાં વર્તમાન એકેન્દ્રિયને જ થાય છે. આ પ્રમાણે દેશોપશમનાનું સ્વરૂપ કહ્યું, સાથે ઉપશમનાકરણ પણ પૂર્ણ કર્યું. ૧૦૧

ઇતિ ઉપશમનાકરણ

નિદ્ધત્તિ નિકાચનાકરણ

આ પ્રમાણે ઉપશમનાકરણનું સ્વરૂપ કહ્યું. હવે નિદ્ધત્તિ અને નિકાચનાકરણનું પ્રતિપાદન કરતાં કહે છે—

देसुवसमणा तुल्ला होइ निहत्ती निकायणा नवरि ।
संकमणं वि निहत्तीइ नत्थि सव्वाणि इयरीए ॥१०२॥

देशोपशमनातुल्या भवति निद्धत्तिर्निकाचना नवरम् ।
संक्रमणमपि निद्धत्याः नास्ति सर्वाणि इतरस्याम् ॥१०२॥

અર્થ—નિદ્ધત્તિ અને નિકાચનાકરણ દેશોપશમનાની તુલ્ય છે. માત્ર નિદ્ધત્તિમાં સંક્રમણ પણ થતું નથી, અને નિકાચનામાં કોઈપણ કરણ પ્રવર્ત્તતાં નથી.

ટીકાનુ૰—નિદ્ધત્તિ અને નિકાચના એ બંને કરણનું સ્વરૂપ દેશોપશમનાની સરખું છે. એટલે કે દેશોપશમનામાં તેના ભેદ, સ્વામી સાદ્યાદિપ્રરૂપણા, અને પ્રમાણ વગેરે જે કંઈપણ કહ્યું છે તે બરાબર નિદ્ધત્તિ અને નિકાચનાના સંબંધમાં પણ જાણવું. એટલું વિશેષ છે કે દેશોપશમનામાં જ્યારે સંક્રમણ, ઉદ્વર્ત્તના અને અપવર્ત્તના એમ ત્રણ કરણ પ્રવર્ત્તે છે ત્યારે નિદ્ધત્તિમાં ઉદ્વર્ત્તના અને અપવર્ત્તના એ બે જ કરણ પ્રવર્ત્તે છે, અને નિકાચનામાં કોઈપણ કરણ પ્રવર્ત્તતું નથી. કેમ કે નિકાચિત દળ સકલ કરણને અયોગ્ય છે.

જ્યાં જ્યાં ગુણશ્રેણિ થાય છે ત્યાં પ્રાયઃ દેશોપશમના, નિદ્ધત્તિ, નિકાચના અને યથાપ્રવૃત્તસંક્રમનો પણ સંભવ છે તેથી તેઓનું પરસ્પર અલ્પબહુત્વ કહે છે. ૧૦૨

गुणसेढिपएसग्गं थोवं उवसामियं असंखगुणं ।
एवं निहय निकाइय अहापवत्तेण संकंतं ॥१०३॥

गुणश्रेणिप्रदेशाग्रं स्तोकमुपशान्तमसंख्येयगुणम् ।
एवं निधत्तं निकाचितं यथाप्रवृत्तेन संक्रान्तम् ॥१०३॥

અર્થ—ગુણશ્રેણિના પ્રદેશનું પ્રમાણ અલ્પ છે, તેથી ઉપશમેલું અસંખ્યાતગુણ છે. તેથી અનુક્રમે નિદ્ધત્તિરૂપ અને નિકાચનારૂપે થયેલ અસંખ્યેયગુણ, તે કરતાં યથાપ્રવૃત્તસંક્રમથી સંક્રમેલું અસંખ્યાતગુણ છે.

ટીકાનુ૰—કોઈપણ કર્મની ગુણશ્રેણિમાં ગુણશ્રેણિ દ્વારા જે દલિક ગોઠવાય છે. તે હવે પછી કહેશે તેની અપેક્ષાએ અલ્પ છે, તે કરતાં દેશોપશમના દ્વારા જે ઉપશમે છે તે અસંખ્યાતગુણ છે, તે કરતાં નિદ્ધત્તિરૂપે જે દલિક થાય છે તે અસંખ્યાતગુણ છે, તે કરતાં

નિકાચિત રૂપે.જે દલિક થાય છે તે અસંખ્યાતગુણ છે અને તે કરતાં યથાપ્રવૃત્તસંક્રમ વડે જે દલિક સંક્રમે છે તે અસંખ્યાતગુણ સંક્રમે છે. ૧૦૩

હવે આઠ કરણોના જે અધ્યવસાયો છે તેઓનું અલ્પબહુત્વ કહે છે—

ठिइबंधउदीरणतिविहसंकमे होंति संखगुण कमसो ।
अज्झवसाया एवं उवसामणमाइएसु कमा ॥१०४॥

स्थितिबंधोदीरणात्रिविधसंक्रमेषु भवन्त्यसंख्येयगुणाः क्रमशः ।
अध्यवसाया एवमुपशमनादिषु क्रमात् ॥१०४॥

અર્થ—બંધન, ઉદીરણા, ત્રિવિધસંક્રમ અને ઉપશમના આદિના અધ્યવસાયો અનુક્રમે અસંખ્યાતગુણા છે.

ટીકાનુ૦—અહીં ગાથામાં ગ્રહણ કરેલા સ્થિતિબંધ શબ્દથી સ્થિતિ અને રસના બંધમાં કષાયરૂપ કારણ સરખું હોવાથી અનુભાગબંધ પણ ગ્રહણ કરેલ છે. યોગથી થતા પ્રવૃત્તિ બંધ અને પ્રદેશબંધ અહીં ગ્રહણ કર્યા નથી, તેથી સ્થિતિબંધ એ પદ મૂકેલ છે. એટલે સ્થિતિબંધ અને રસબંધના અર્થાત્ બંધનકરણના હેતુભૂત અધ્યવસાયો અલ્પ છે, તે કરતાં ઉદીરણાને યોગ્ય અધ્યવસાયો અસંખ્યાતગુણ છે, તે કરતાં ઉદ્વર્ત્તના, અપવર્ત્તના અને સંક્રમ એ ત્રણેના સમુદિત અધ્યવસાયો અસંખ્યાતગુણ છે, તેથી ઉપશમનાયોગ્ય અધ્યવસાયો અસંખ્યાતગુણ છે, તેથી નિદ્ધત્તિ યોગ્ય અધ્યવસાયો અસંખ્યાતગુણ છે, અને તે કરતાં નિકાચનાયોગ્ય અધ્યવસાયો અસંખ્યાતગુણ છે.

આ પ્રમાણે આઠ કરણનું સ્વરૂપ કહ્યું, અને તે કહીને કર્મપ્રકૃતિ સંગ્રહ સમાપ્ત કર્યો. ૧૦૪

શ્રી કર્મપ્રકૃતિ સંગ્રહ સમાપ્ત.
આ પ્રમાણે આચાર્ય શ્રીચંદ્રમહત્તરાચાર્ય વિરચિત
મૂળ અને આચાર્યશ્રી મલયગિરિ મહારાજ વિરચિત આઠ
કરણની ટીકાનો વઢવાણ શહેર નિવાસી હીરાલાલ દેવચંદે
કરેલો ગુર્જર ભાષાનુવાદ સંપૂર્ણ થયો.

ક્ષપકશ્રેણિનું સ્વરૂપ

ઉપશમનાકરણમાં મોહનીયકર્મની સર્વોપશમનાનું સ્વરૂપ કહેવાના પ્રસંગે ઉપશમશ્રેણિનું સવિસ્તર સ્વરૂપ કહ્યું છે, અવશિષ્ટ ક્ષપકશ્રેણિનું સ્વરૂપ આ. શ્રીમલયગિરિજી મહારાજ કૃત છઠ્ઠા કર્મગ્રંથની ટીકાને અનુસરીને અહીં ઉતારવામાં આવ્યું છે. તેમાં પણ અનંતાનુબંધિની વિસંયોજના અને દર્શનત્રિકની ક્ષપણાનું સ્વરૂપ ઉપશમના કરણમાં વિસ્તારપૂર્વક કહેવામાં આવ્યું છે, એટલે તે અહીં નહિ ઉતારતાં માત્ર ચારિત્રમોહનીયની ક્ષપણાનું સ્વરૂપ જ ઉતારવામાં આવ્યું છે.

ચારિત્રમોહનીયનો ક્ષય કરવા માટે પ્રયત્ન કરતો આત્મા યથાપ્રવૃત્તકરણ, અપૂર્વકરણ, અને અનિવૃત્તિકરણ એમ ત્રણ કરણ કરે છે. એ ત્રણે કરણનું સ્વરૂપ ઉપશમનાકરણમાં કહેલા ત્રણ કરણના સ્વરૂપને અનુસરી અહીં પણ કહેવાનું છે. માત્ર અહીં યથાપ્રવૃત્તકરણ અપ્રમત્તગુણસ્થાનકે, અપૂર્વકરણ અપૂર્વકરણ ગુણસ્થાનકે, અને અનિવૃત્તિકરણ અનિવૃત્તિકરણ ગુણસ્થાનકે સમજવું. એટલે કે અહીં એ ત્રણે ગુણસ્થાનકો જ ત્રણ કરણરૂપે જાણવાં.

અપૂર્વકરણ ગુણસ્થાનકે સ્થિતિઘાતાદિ વડે અપ્રત્યાખ્યાનાવરણ અને પ્રત્યાખ્યાનાવરણ એ આઠ કષાયને તેવી રીતે ક્ષય કરે છે કે જેની સ્થિતિ અનિવૃત્તિકરણ ગુણસ્થાનકના પ્રથમ સમયે પલ્યોપમના અસંખ્યાતમા ભાગપ્રમાણ રહે છે. અનિવૃત્તિકરણના સંખ્યાતા ભાગ જાય ત્યારે સ્ત્યાનર્દ્ધિત્રિક, નરકદ્વિક, તિર્યગ્દ્વિક, એકેન્દ્રિય, બેઇન્દ્રિય તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય જાતિ, સ્થાવર, આતપ, ઉદ્યોત, સૂક્ષ્મ અને સાધારણ. ઉદ્વલના સંક્રમ વડે ઉવેલાતી આ સોળ પ્રકૃતિઓની પલ્યોપમના અસંખ્યાતમા ભાગપ્રમાણ સ્થિતિ થાય. અને તેનો બધ્યમાન પ્રકૃતિઓમાં પ્રતિસમય ગુણસંક્રમ વડે સંક્રમાવતાં સંપૂર્ણપણે ક્ષય થાય. જો કે અપ્રત્યાખ્યાનાવરણ પ્રત્યાખ્યાનાવરણ કષાયાષ્ટકનો ક્ષય કરવાનો આરંભ પહેલાં જ કર્યો હતો, પરંતુ હજી સુધી તેનો ક્ષય કર્યો નથી. વચમાં જ પૂર્વોક્ત સોળ પ્રકૃતિઓનો ક્ષય કર્યો. ત્યારબાદ અંતર્મુહૂર્તકાળે કષાયાષ્ટકનો પણ ક્ષય કરે છે.[1]

૧. ક્ષપકશ્રેણિમાં અનિવૃત્તિકરણ ગુણસ્થાનકે આઠ કષાય, થીણદ્ધિત્રિકાદિ સોળ હાસ્યષટ્ક, ત્રણ વેદ અને સંજ્વલનત્રિક એ છત્રીસ પ્રકૃતિઓનો સર્વથા નાશ કરે છે, યથાયોગ્ય રીતે અબધ્યમાન પ્રકૃતિઓમાં અપૂર્વકરણના પ્રથમ સમયથી જ ઉદ્વલનાનુવિદ્ધ ગુણસંક્રમ પ્રવર્ત્તે છે. ગુણસંક્રમ વડે પરમાં અસંખ્ય-અસંખ્ય ગુણાકારે સંક્રમાવે છે, અને ઉદ્વલના સંક્રમ વડે સ્વમાં નીચે ઉતારે છે. ઉદ્વલના સંક્રમ જે પ્રકૃતિને સર્વથા નાશ કરવો હોય ત્યાં પ્રવર્ત્તે છે. અહીં એટલું ધ્યાનમાં રાખવું કે જે જે પ્રકૃતિનો પહેલાં ક્ષય થાય તેમાં ક્ષય કરવાની મુખ્ય ક્રિયા પ્રવર્ત્તે છે, અન્ય ઉપર ગૌણ પ્રવર્ત્તે છે. અહીં અપૂર્વકરણે પ્રથમ આઠ કષાયોનો ક્ષય કરવા માટે મુખ્યપણે ક્રિયા શરૂ કરી અને તેની સ્થિતિ નવમાના પ્રથમ સમયે પલ્યોપમના અસંખ્યાતમાભાગ પ્રમાણ રાખી; આઠમાથી સોળ પ્રકૃતિનો પણ નાશ કરતો જ હતો પરંતુ નવમાના પ્રથમ સમયે તેની વધારે સ્થિતિ હતી. કારણ કે તેમાં ગૌણ ક્રિયા પ્રવર્ત્તતી હતી. નવમાના પ્રથમ સમયથી પહેલાં સોળ પ્રકૃતિનો ક્ષય થાય છે, માટે આઠ કષાયના ક્ષયની ક્રિયા ગૌણ કરી સોળ પ્રકૃતિઓનો ક્ષય કરવાની ક્રિયા મુખ્યપણે કરી, અને તેનો નાશ કર્યો. ત્યારબાદ પલ્યોપમના અસંખ્યાત ભાગ પ્રમાણ જે આઠ કષાયની સ્થિતિ રહી હતી, તેનો નાશ કર્યો. આ પ્રમાણે અહીં ક્ષય કરવા યોગ્ય અન્ય પ્રકૃતિઓ માટે પણ સમજવું. સર્વથા નાશ પામતી જે પ્રકૃતિઓમાં એકલો ગુણસંક્રમ જ્યારે પ્રવર્ત્તે ત્યારે તે તે પ્રકૃતિનો માત્ર છેલ્લો એક ખંડ રહ્યો છે તેમ સમજવું.

અન્ય આચાર્યો આ પ્રમાણે કહે છે—પહેલાં સોળ કર્મપ્રકૃતિઓનો ક્ષય કરવાનો પ્રારંભ કરે છે, માત્ર વચમાં આઠ કષાયનો ક્ષય કરે છે, ત્યારબાદ સોળ પ્રકૃતિઓનો ક્ષય કરે છે. (તેઓ એમ કહેતા જણાય છે—અપૂર્વકરણે સ્થિતિઘાતાદિ વડે સોળ પ્રકૃતિઓનો તેવી રીતે ક્ષય કરે કે તેની સ્થિતિ અનિવૃત્તિકરણના પ્રથમ સમયે પલ્યોપમના અસંખ્યાતમા ભાગપ્રમાણ રહે અપ્રત્યાખ્યાનાવરણ-પ્રત્યાખ્યાનાવરણ કષાયને પણ ઉદ્વલનાનુવિદ્ધ ગુણસંક્રમ વડે ક્ષય કરતો જતો હતો પરંતુ તેના પર ગૌણ ક્રિયા પ્રવર્તતી હોવાને લીધે અનિવૃત્તિકરણના પ્રથમ સમયે તેની સ્થિતિસત્તા વધારે હતી. હવે તેના પર મુખ્ય ક્રિયા શરૂ થાય, એટલે અનિવૃત્તિકરણના સંખ્યાતમાભાગ જાય ત્યારે તેની સ્થિતિસત્તા પલ્યોપમના અસંખ્યાતમાભાગ પ્રમાણ થાય. તેને બધ્યમાન પર પ્રકૃતિમાં ગુણસંક્રમ વડે સંક્રમાવી અંતર્મુહૂર્તકાળે ખલાસ કરે. ત્યારબાદ જેની સ્થિતિ અનિવૃત્તિકરણના પ્રથમ સમયે પલ્યોપમના અસંખ્યાતમા ભાગપ્રમાણ રહી હતી તે થીણદ્ધિત્રિકાદિ સોળ કર્મપ્રકૃતિઓનો સત્તામાંથી નાશ કરે.

આ રીતે પહેલાં કે પછી થીણદ્ધિત્રિકાદિ સોળ પ્રકૃતિઓનો અને આઠ કષાયનો ક્ષય કરી પછી અંતર્મુહૂર્તકાળે નવ નોકષાય અને સંજ્વલન ચતુષ્ક એ તેર પ્રકૃતિઓની અંતરકરણક્રિયા[1]-આંતરૂં પાડવાની ક્રિયા શરૂ કરે છે. જેનો ઉદય હોય છે તેની પ્રથમ સ્થિતિ અંતર્મુહૂર્ત પ્રમાણ રાખે છે, અને શેષ પ્રકૃતિઓની પ્રથમસ્થિતિ એક આવલિકા પ્રમાણ રાખે છે. અંતરકરણ ક્રિયા શરૂ કર્યા બાદ પહેલાં બીજી સ્થિતિમાં રહેલ નપુંસકવેદના દલિકને ઉદ્વલનાનુવિદ્ધ ગુણસંક્રમ વડે ક્ષય કરવા માંડે છે. (જો કે આ ગુણસ્થાનકે જે જે પ્રકૃતિઓનો નાશ કરવાનો હોય છે તેને ઉદ્વલનાનુવિદ્ધ ગુણસંક્રમ વડે નાશ કરવાની ક્રિયા અપૂર્વકરણના પ્રથમ સમયથી જ શરૂ થાય છે. પરંતુ જેનો પહેલાં નાશ કરવાનો હોય તેમાં મુખ્યપણે ક્રિયા પ્રવર્તે છે, અને અન્યમાં ગૌણપણે ક્રિયા પ્રવર્તે છે. નવમા ગુણસ્થાનકે પહેલાં નપુંસકવેદ સત્તામાંથી જાય છે, માટે લખ્યું છે કે નપુંસકવેદના દલિકને ઉદ્વલનાનુવિદ્ધ ગુણસંક્રમ વડે ક્ષય કરવા માંડે છે.)

નપુંસકવેદનો ક્ષય કરતા કરતા અંતર્મુહૂર્ત માત્ર કાળે પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ છેલ્લા ખંડ સત્તામાં રહે છે. તે છેલ્લા ખંડને ગુણસંક્રમ વડે બધ્યમાન પ્રકૃતિમાં સંક્રમાવી

---

૧ અંતરકરણના દલિકને પર પ્રકૃતિમાં સંક્રમાવી એક સ્થિતિઘાત જેટલા દૂર કરે છે. અંતરકરણના દલિકને દૂર કરવાનો નિયમ આ છે—જે પ્રકૃતિનો બંધ અને ઉદય બંને હોય તેના અંતરકરણના દલિકને નાની અને મોટી એમ બંને સ્થિતિમાં નાખે છે, જેનો માત્ર બંધ હોય, ઉદય ન હોય તેના અંતરકરણના દલિકને મોટી સ્થિતિમાં નાખે છે. જેનો ઉદય હોય પરંતુ બંધ ન હોય તેના અંતરકરણના દલિકને પ્રથમ નાની = સ્થિતિમાં નાખે છે, જેનો બંધ કે ઉદય બંને ન હોય તેના અંતરકરણના દલિકને માત્ર પરમાં જ નાખે છે. અહીં નપુંસકવેદનો બંધ તો નથી, હવે જો તે વેદના ઉદયે શ્રેણિ માંડી હોય તો તેના અંતરકરણનું દલિક નાની સ્થિતિમાં જાય, અને તેના ઉદયે શ્રેણિ ન માંડી હોય તો પરમાં જાય છે. અંતરકરણના દલિક દૂર થયા પછી નાની સ્થિતિ રહે છે. હવે જો તેનો રસોદય હોય તો ઉદયથી, નહિ તો સ્તિબુકસંક્રમ વડે ભોગવી દૂર કરે છે. સાથે સાથે જ બીજી સ્થિતિમાંથી ઉપર કહી તે રીતે સ્થિતિને એકદમ દૂર કરવાનો પ્રયત્ન કરે છે, અંતર્મુહૂર્તમાં ખલાસ કરી સત્તાહીન થાય છે. અંતરકરણ ક્રિયા કરવાની શરૂઆત દરેક પ્રકૃતિઓમાં સાથે જ થાય છે, પરંતુ પૂર્ણ ક્રમશઃ થાય છે એમ સમજાય છે. આ પ્રમાણે અન્ય પ્રકૃતિઓ માટે પણ સમજવું.

અંતર્મુહૂર્તકાળે દૂર કરે છે. પ્રથમ સ્થિતિને કઈ રીતે દૂર કરે છે ? તે કહે છે—નપુંસકવેદના ઉદયે જો ક્ષપક શ્રેણિ પર આરૂઢ થયો હોય તો અંતર્મુહૂર્તપ્રમાણ પ્રથમ સ્થિતિને ભોગવીને દૂર કરે છે. જો નપુંસકવેદના ઉદય શ્રેણિ ન પ્રારંભી હોય તો આવલિકામાત્ર તેની પ્રથમસ્થિતિ તેટલા જ કાળે ઉદયવતી પ્રકૃતિમાં સ્તિબુક સંક્રમ વડે સંક્રમી દૂર થાય છે. આ પ્રમાણે નપુંસક વેદનો ક્ષય થાય છે.

(જે વેદ કે જે કષાયના ઉદયે શ્રેણિ પ્રારંભી હોય તેની પ્રથમ સ્થિતિ અંતર્મુહૂર્ત પ્રમાણ થાય છે, અને અન્યની આવલિકામાત્ર થાય છે. અંતરકરણમાંનાં દલિકોને દૂર કરવાની ક્રિયા, પ્રથમસ્થિતિને ભોગવી અગર સ્તિબુકસંક્રમ વડે સંક્રમાવી દૂર કરવાની ક્રિયા, અને બીજી સ્થિતિનો નાશ કરવાની ક્રિયા આ ત્રણે ક્રિયા સાથે જ પ્રવર્ત્તે છે, તેમાં અંતરકરણના દલિક પ્રથમ ખલાસ થાય છે. ત્યારબાદ પ્રથમ સ્થિતિ ખલાસ થાય છે. ત્યારબાદ મોટી સ્થિતિ ખલાસ થાય છે.)

નપુંસકવેદનો સત્તામાંથી નાશ થયા બાદ નપુંસકવેદનો જે રીતે ક્ષય કર્યો તે જ રીતે સ્ત્રીવેદનો પણ અંતર્મુહૂર્તકાળે ક્ષય કરે છે. સ્ત્રીવેદનો ક્ષય કર્યા પછી હાસ્યાદિ છએ પ્રકૃતિઓનો એક સાથે ક્ષય કરવાનો પ્રારંભ કરે છે. જે સમયે મુખ્યતયા તેના ક્ષયની શરૂઆત કરી તે સમયથી આરંભી તે હાસ્યાદિ ષટ્કનું બીજી સ્થિતિનું દળ પુરુષવેદમાં[1] સંક્રમાવતો નથી, પરંતુ સંજ્વલનક્રોધમાં (ક્રોધાદિમાં) સંક્રમાવે છે. આ પ્રમાણે હાસ્યષટ્કને સંજ્વલનક્રોધમાં સંક્રમાવતો સંક્રમાવતો અંતર્મુહૂર્તકાળે સંપૂર્ણપણે સત્તામાંથી દૂર કરે છે.

(આ ગુણઠાણે છત્રીસ પ્રકૃતિઓનો સત્તામાંથી ક્ષય થાય છે. તેમાં લગભગ બધામાં ઉદ્વલનાસંક્રમ અને ગુણસંક્રમ બંને પ્રવર્ત્તે છે. બંધવિચ્છેદ થયા પછી અબધ્યમાન એ પ્રકૃતિઓમાં

---

૧. પુરુષવેદમાં નહિ સંક્રમાવવાનું કારણ તેની પ્રથમ સ્થિતિ સમયન્યૂન બે આવલિકા રહે છે. સંક્રમણ કરણમાં કહ્યું છે કે—જ્યારે પુરુષવેદની પ્રથમ સ્થિતિ સમયન્યૂન બે આવલિકા રહે છે ત્યારે તેની પતદ્ગ્રહ તરીકેની યોગ્યતા નષ્ટ થાય છે, પતદ્ગ્રહ તરીકેની યોગ્યતા નષ્ટ થયા પછી તેમાં કોઈ દલિક સંક્રમી શકે નહિ.

અહીં એક વિચાર થાય છે કે સમયન્યૂન બે આવલિકા પ્રમાણ પ્રથમ સ્થિતિ બાકી રહે ત્યારે પતદ્ગ્રહ તરીકેની યોગ્યતા કેમ નષ્ટ થાય છે ? વિચાર કરતાં આ પ્રમાણે સમજાય છે—એમ કહેવામાં આવ્યું છે કે જે સમયે પુરુષવેદનો બંધવિચ્છેદ થાય છે તે સમયે સમયન્યૂન બે આવલિકાનું બંધાયેલું માત્ર બાકી રહે છે. ત્યાં અન્યનું સંક્રમેલું પણ બાકી રહે છે તેમ કહેતા નથી. વળી બંધવિચ્છેદ થયા પછી જે છેલ્લા સમયે સર્વ સંક્રમ વડે પરમાં સંક્રમાવે છે તે સમયે જે સમયે છેલ્લો બંધ થયો તે સમયનું બંધાયેલું જે દલિક છે, તેને જ સંક્રમાવે છે. હવે જો જ્યાં સુધી તેનો બંધ થતો હોય ત્યાં સુધી પતદ્ગ્રહ તરીકેની તેની યોગ્યતા કાયમ રહેતી હોય તો એમ કહેવું જોઈએ કે, બંધવિચ્છેદ સમયે સમયન્યૂન બે આવલિકા કાળમાં બંધાયેલું તેમજ તેટલા કાળમાં અન્ય પ્રકૃતિઓના સંક્રમથી પ્રાપ્ત થયેલું દળ બાકી રહે છે, તેમજ જે સમયે સર્વસંક્રમ થાય છે તે સમયે છેલ્લા સમયના બંધાયેલા તેમજ તેમાં અન્ય પ્રકૃતિના સંક્રમથી પ્રાપ્ત થયેલાં દલિકોનો પણ સર્વસંક્રમ થાય છે. અને જો એ પ્રમાણે હોય તો જઘન્ય સંક્રમાદિ ઘટી શકે નહિ. એટલે જે સમયે સર્વસંક્રમ થાય છે તે સમયે શુદ્ધ છેલ્લા એક સમયના બંધાયેલા દળનો જ સર્વસંક્રમ થાય છે. આ ઉપરથી એમ સમજાય છે કે જીવસ્વભાવે સમયન્યૂન બે આવલિકા પ્રમાણ પ્રથમ સ્થિતિ બાકી રહે ત્યારે પુરુષવેદ પતદ્ગ્રહ તરીકે રહેતો નથી. અન્યત્ર પણ જ્યાં સંભવે ત્યાં આ પ્રમાણે સમજવું.

અપૂર્વકરણના પ્રથમ સમયથી ઉદ્વલનાનુવિદ્ધ ગુણસંક્રમની શરૂઆત થઈ જાય છે. નવમા ગુણઠાણે જેનો જેનો પહેલાં પહેલાં નાશ થવાનો હોય તેમાં મુખ્યતયા અને જલદીથી ક્રિયા પ્રવર્તે છે, અને અન્યમાં ગૌણતયા—ધીરે ધીરે પ્રવર્તે છે. જેમ કે પહેલાં નપુંસકવેદનો ક્ષય થાય છે, એટલે તેમાં મુખ્યપણે અને તેનો ક્ષય થયા પછી સ્ત્રીવેદમાં મુખ્યતયા ક્ષય ક્રિયા પ્રવર્તે, આ પ્રમાણે સર્વ માટે સમજવું.)

જે સમયે હાસ્યાદિ ષટ્કનો સત્તામાંથી સંપૂર્ણપણે નાશ થાય છે, તે જ સમયે પુરુષવેદના બંધ, ઉદય અને ઉદીરણાનો[1] વિચ્છેદ થાય છે, અને સમયન્યૂન બે આવલિકામાં બંધાયેલ દળ છોડીને શેષ સઘળાં દલિકોનો પણ ક્ષય થાય છે. માત્ર સમયન્યૂન બે આવલિકાકાળનું બંધાયેલું દળ જ સત્તામાં શેષ રહે છે. ઉદયવિચ્છેદ થયા બાદ આત્મા અવેદી થાય છે.

(અહીં એ ધ્યાનમાં રાખવાનું કે હાસ્યષટ્ક સાથે પુરુષવેદનો નાશ કરવાની ક્રિયા પણ શરૂ કરી હતી, પરંતુ હાસ્યષટ્કનો અહીં બંધ થતો ન હતો અને પુરુષવેદનો બંધ થતો હતો. એટલે હાસ્યષટ્કના સંપૂર્ણપણે નાશ થવાની સાથે સમયન્યૂન બે આવલિકાકાળમાં બંધાયેલા દલિકને છોડી તેના સત્તામાંના શેષ સઘળા દળનો પણ નાશ થયો, માત્ર સમયન્યૂન બે આવલિકા કાળમાં બંધાયેલાં દલિકો જ સત્તામાં રહ્યાં.

સમયન્યૂન બે આવલિકામાં બંધાયેલા શા માટે રહી જાય છે ? એ પ્રશ્નનો ઉત્તર આ છે—જે સમયે બંધાય છે તે સમયથી આરંભી તેની બંધાવલિકા ગયા બાદ જ તેમાં સંક્રમાદિ પ્રવર્ત્તે છે. અને સંક્રમાવલિકાના ચરમ સમયે તેનો સત્તામાંથી ક્ષય થાય છે. આ ઉપરથી એમ થયું કે જે સમયે બંધાય તેનો તે સમયથી આરંભી બીજી આવલિકાના ચરમ સમયે સત્તામાંથી નાશ થાય છે. આ હિસાબે જે સમયે બંધવિચ્છેદ થાય તે સમયથી આરંભી બરાબર બે આવલિકામાંની પહેલી આવલિકાના પહેલા સમયે જે બાંધ્યું તેનો બીજી આવલિકાના છેલ્લા સમયે એટલે કે બંધવિચ્છેદ સમયે નાશ થયો એટલે જ બંધવિચ્છેદ સમયે સમયન્યૂન બે આવલિકાનું બંધાયેલું દલિક જ સત્તામાં બાકી રહે, એમ કહેવામાં આવે છે.)

આ પ્રમાણે પુરુષવેદે ક્ષપકશ્રેણિ પર આરૂઢ થનાર માટે સમજવું. જ્યારે નપુંસકવેદે ક્ષપકશ્રેણિ પર આરૂઢ થાય ત્યારે નપુંસકવેદ અને સ્ત્રીવેદનો સત્તામાંથી એક સાથે જ નાશ કરે છે. જે સમયે ઉપરોક્ત બંને વેદનો સત્તામાંથી નાશ થયો તે જ સમયે પુરુષવેદનો બંધવિચ્છેદ

૧. અહીં ષષ્ઠ કર્મગ્રંથની ટીકા તેમજ કર્મપ્રકૃતિની ટીકા તેમજ ચૂર્ણિમાં પુરુષવેદના બંધોદયની સાથે જ ઉદીરણાનો વિચ્છેદ બતાવેલ છે અને તે મતાન્તર લાગે છે કારણ કે કર્મપ્રકૃતિ ઉદય અધિકાર ગાથા ૨ જીની ટીકામાં ત્રણ વેદનો ઉદીરણા વિના એક આવલિકા કેવળ ઉદય બતાવેલ છે. અને તે જ પ્રમાણે ઉદયાધિકાર ગાથા-૫ અને તેની ટીકામાં ત્રણે વેદની જઘન્ય અનુભાગ ઉદીરણા પછી એક આવલિકા જઈને પોતપોતાના ઉદયના ચરમસમયે જઘન્ય અનુભાગ ઉદય હોય છે એમ કહેલ છે. તેથી પુરુષવેદની પ્રથમ સ્થિતિ એક આવલિકા બાકી રહે ત્યારે ઉદીરણાવિચ્છેદ થાય અને પ્રથમ સ્થિતિના ચરમસમયે બંધ તથા ઉદય વિચ્છેદ થાય એમ સમજાય છે અને એ જ વધારે ઠીક લાગે છે. કારણ કે સંજ્વલન ક્રોધાદિની જેમ પ્રથમ સ્થિતિ એક આવલિકા બાકી રહે ત્યારે પુરુષવેદના બંધોદય વિચ્છેદ થતા નથી પરંતુ પ્રથમ સ્થિતિના ચરમસમયે જ વિચ્છેદ થાય છે. પછી તો બહુશ્રુતો કહે તે પ્રમાણ.

થાય છે. ત્યારબાદ બે સમયન્યૂન બે આવલિકા કાળે અવેદી તે આત્મા હાસ્યષટ્ક અને પુરુષવેદનો એક સાથે નાશ કરે છે.

જ્યારે સ્ત્રીવેદે ક્ષપકશ્રેણિ પર આરૂઢ થાય ત્યારે પહેલાં નપુંસકવેદનો નાશ કરે. ત્યારબાદ સ્ત્રીવેદનો ક્ષય કરે. અને સ્ત્રીવેદના ક્ષય સમયે જ પુરુષવેદનો બંધવિચ્છેદ થાય. ત્યારબાદ અવેદી તે આત્મા હાસ્યષટ્ક અને પુરુષવેદનો એક સાથે નાશ કરે. આ પ્રમાણે ભિન્ન ભિન્ન વેદે શ્રેણિ આરંભનાર આશ્રયી પ્રકૃતિના ક્ષયનો ક્રમ છે.

હવે[1] પછી પુરુષવેદે ક્ષપકશ્રેણિ પર આરૂઢ થનાર આશ્રયીને શું થાય છે, તે કહે છે—પુરુષવેદનો જે સમયે બંધ અને ઉદય વિચ્છેદ થાય છે તે પછીના સમયથી આત્મા સંજ્વલન ક્રોધને નાશ કરવાનો મુખ્યપણે પ્રયત્ન કરે છે. પુરુષવેદનો ઉદયવિચ્છેદ જે સમયે થાય છે તે પછીના સમયથી આરંભી નવમા ગુણસ્થાનકના જે સમય સુધી સંજ્વલન ક્રોધનો ઉદય-રસોદય રહેવાનો હોય છે, તેટલા કાળને ત્રણ ભાગમાં વહેંચી નાખે છે. ત્રણ ભાગમાં વહેંચવાનું કારણ જુદા જુદા કાળમાં જુદી જુદી ક્રિયા થાય છે, તે છે. પહેલા ભાગમાં અપૂર્વ સ્પર્દ્ધક થવાની ક્રિયા થાય છે. બીજા ભાગમાં કિટ્ટિઓ થવાની ક્રિયા થાય છે, અને ત્રીજા ભાગમાં કરેલી કિટ્ટિઓને વેદવાની ક્રિયા થાય છે. આ ત્રણેના અનુક્રમે આ નામો છે—૧. અશ્વકર્ણકરણાદ્ધા, ૨. કિટ્ટિકરણાદ્ધા, ૩. કિટ્ટિવેદનાદ્ધા.

અદ્ધાનો અર્થ કાળ છે, જે કાળમાં અપૂર્વસ્પર્દ્ધક થવાની ક્રિયા થાય છે, તેને અશ્વકર્ણકરણાદ્ધા, જે કાળમાં કિટ્ટિઓ થવાની ક્રિયા થાય છે તેને કિટ્ટિકરણાદ્ધા, અને જે કાળમાં કરેલી કિટ્ટિઓનો અનુભવ કરવાની ક્રિયા થાય છે, તેને કિટ્ટિવેદનાદ્ધા કહેવામાં આવે છે. અપૂર્વસ્પર્દ્ધક અને કિટ્ટિઓનું સ્વરૂપ ઉપશમના કરણમાં કહેવાઈ ગયું છે, એટલે તે ત્યાંથી જોઈ લેવું.

અપૂર્વસ્પર્દ્ધક ક્રિયા કાળમાં વર્તમાન આત્મા અંતરકરણ ઉપરની બીજી સ્થિતિમાં સંજ્વલન ક્રોધ, માન, માયા અને લોભ એ ચારેનાં પ્રતિસમય અનંતસંખ્યા પ્રમાણ અપૂર્વસ્પર્દ્ધકો કરે છે. તથા આ જ કાળમાં સમયોન[2] બે આવલિકા જેટલા કાળમાં બંધાયેલું પુરુષવેદનું જે દલિક સત્તામાં રહેલું હતું તેને તેટલા જ કાળે ગુણસંક્રમ વડે ક્રોધમાં સંક્રમાવતાં ચરસમયે[3] સર્વસંક્રમ વડે સંક્રમાવી નાશ કરે છે. આ પ્રમાણે પુરુષવેદની સત્તાનો નાશ થયો.

---

૧. અન્ય વેદે ક્ષપકશ્રેણિ પર આરૂઢ થનાર પણ આ ક્રમે જ સંજ્વલન ક્રોધાદિનો નાશ કરે છે.

૨. કાળની આ ગણના બંધવિચ્છેદ સમયની અપેક્ષાએ છે.

૩. પુરુષવેદનો જે સમયે બંધવિચ્છેદ થાય છે, તે સમયે સમયન્યૂન બે આવલિકા કાળમાં બંધાયેલું-અસત્કલ્પનાએ સાત સમયમાં બંધાયેલું જ સત્તામાં બાકી રહે છે, શેષ સર્વ દળનો નાશ થઈ જાય છે. અવેદીના પ્રથમ સમયે છ સમયમાં બંધાયેલું, બીજા સમયે પાંચ સમયમાં બંધાયેલું, ત્રીજા સમયે ચાર સમયમાં બંધાયેલું, ચોથા સમયે ત્રણ સમયમાં બંધાયેલું. પાંચમા સમયે બે સમયમાં બંધાયેલું, અને અવેદીના છઠ્ઠા સમયે માત્ર એક સમયમાં બંધાયેલું એટલે કે બંધવિચ્છેદ સમયમાં જ બંધાયેલું બાકી રહે છે, ત્યાર પછીના સમયે કંઈ સત્તામાં જ રહેતું નથી.

અંતર્મુહૂર્ત પ્રમાણ અપૂર્વસ્પર્દ્ધક થવાની ક્રિયા પૂર્ણ થાય એટલે કિટ્ટિકરણાદ્ધામાં પ્રવેશે છે. એટલે કે કિટ્ટિ કરવાની ક્રિયા શરૂ કરે છે. કિટ્ટિ કરવાની ક્રિયા શરૂ કરતો આત્મા સંજ્વલન ક્રોધ, માન, માયા અને લોભ એ ચારેના બીજી સ્થિતિમાં રહેલ દળની કિટ્ટિ કરે છે. તે કિટ્ટિઓ જો કે વાસ્તવિક રીતે અનંત છે, તોપણ ક્રોધની ત્રણ, માનની ત્રણ, માયાની ત્રણ અને લોભની ત્રણ એમ ચારે કષાયની મળી સ્થૂળ જાતિભેદની અપેક્ષાએ બાર કલ્પાય છે.

અહીં જઘન્ય રસવાળી કિટ્ટિ પહેલી, કંઈક ચડતા રસવાળી બીજી, એમ અનંત કિટ્ટિની ચડતા ચડતા ક્રમે સ્થાપના સ્થાપવી, તેમાં જઘન્યથી અમુક સંખ્યા પર્યંતની કિટ્ટિઓનો 'પહેલીમાં' સમાવેશ કર્યો, ત્યારપછીની અમુક સંખ્યાવાળી કિટ્ટિઓનો 'બીજીમાં' સમાવેશ કર્યો, ત્યારપછીની છેલ્લી કિટ્ટિ સુધીનો 'ત્રીજીમાં' સમાવેશ કર્યો છે. મતલબ કે ક્રોધાદિની સઘળી કિટ્ટિઓનો ત્રણ ત્રણ ભાગમાં સમાવેશ કર્યો છે. એટલે દરેકની ત્રણ ત્રણ કિટ્ટિઓ કલ્પાય છે, એમ કહેવામાં આવ્યું છે.

(પ્રથમ સંજ્ઞાવાળી કિટ્ટિઓને પહેલાં અનુભવે છે, દ્વિતીય સંજ્ઞાવાળી કિટ્ટિઓને ત્યારપછી અનુભવે છે, અને તૃતીય સંજ્ઞાવાળી કિટ્ટિઓને તે પછી અનુભવે છે. આ પ્રમાણે અનુભવે છે, એટલે અનંત કિટ્ટિઓનો ત્રણમાં સમાવેશ કર્યો હોય એમ સમજાય છે.)

ક્રોધના ઉદયે શ્રેણિ આરંભનાર આ પ્રમાણે બાર કિટ્ટિઓ કરે છે. જો માનના ઉદયે ક્ષપકશ્રેણિ પર આરૂઢ થાય તો સ્ત્રીવેદના ઉદયે શ્રેણિ આરંભનાર પુરુષવેદનો જે રીતે ક્ષય કરે છે તે રીતે ક્રોધનો નાશ કરે છે, એટલે તેની કિટ્ટિઓ થતી નથી. પરંતુ માનની ત્રણ, માયાની ત્રણ અને લોભની ત્રણ કુલ નવ કિટ્ટિઓ જ થાય છે. માયાના ઉદયે જો ક્ષપકશ્રેણિ પર આરૂઢ થાય તો ક્રોધ અને માન એ બંનેનો તો પૂર્વોક્ત રીતે સત્તામાંથી નાશ કરે છે. એટલે માયા અને લોભની જ કિટ્ટિઓ કરે છે. અને જો લોભના ઉદયે ક્ષપકશ્રેણિ પર આરૂઢ થાય તો ક્રોધ, માન અને માયા એ ત્રણેનો પૂર્વોક્ત વિધિએ નાશ કરે છે, એટલે માત્ર લોભની જ ત્રણ કિટ્ટિ કરે છે.

આ ઉપરથી એમ સમજાય છે કે અવેદીના પ્રથમ સમયથી બે સમયન્યૂન બે આવલિકા કાળ સુધી જ પુરુષવેદની સત્તા હોય છે, ત્યારબાદ હોતી નથી. આનું કારણ એમ છે કે જે સમયે બાંધે છે તે સમયથી આરંભી બંધાવલિકા ગયા બાદ સંક્રમાવવાનો આરંભ કરે છે, સંક્રમાવલિકાના ચરમસમયે સંક્રમાવી ખલાસ કરે છે, એટલે ચરમસમયે સત્તામાં રહેતું નથી. જેમ કે—જે સમયે બંધવિચ્છેદ થાય છે તે સમયથી પહેલાં આઠમા સમયે બાંધ્યું તેની બંધાવલિકા ગયા બાદ સંક્રમની શરૂઆત કરે, સમયે સમયે સંક્રમાવતાં ચરમસમયે-બંધવિચ્છેદ સમયે સર્વથા નાશ કરે છે. એટલે બંધવિચ્છેદ સમયે સમયન્યૂન બે આવલિકા કાળમાં બંધાયેલું જ શેષ રહે છે. તેને ઉપરોક્ત ક્રમે સંક્રમાવતાં તેટલા જ કાળે સત્તામાંથી નાશ કરે છે.

બંધવિચ્છેદથી પૂર્વે આઠમા સમયે બંધાયેલા દળના સંક્રમની શરૂઆત ચોથા સમયથી થાય અવેદીના પૂર્વ સમયે સંક્રમાવી ખલાસ કરે એટલે તે સમયે આઠમા સમયનું બંધાયેલું ન હોય. એટલે બંધવિચ્છેદ સમયે સમયન્યૂન બે આવલિકાનું બંધાયેલું સત્તામાં હોય છે એમ કહેવામાં આવ્યું છે, (અહીં આવલિકાના ચાર સમય કલ્પ્યા છે) એ હિસાબે સાતમા સમયે બંધાયેલું બંધવિચ્છેદ પછીના પ્રથમ સમયે, છઠ્ઠા સમયે બંધાયેલું બીજા સમયે, પાંચમા સમયે બંધાયેલું ત્રીજા સમયે, ચોથા સમયે બંધાયેલું, ચોથા સમયે, ત્રીજા સમયે બંધાયેલું પાંચમા સમયે, બીજા સમયે બંધાયેલું છઠ્ઠા સમયે અને પહેલા એટલે કે બંધવિચ્છેદ સમયે બંધાયેલું સાતમા સમયે સત્તામાં હોતું નથી, એ ફલિત થાય છે.

કિટ્ટિકરણાદ્ધા પૂર્ણ થાય ત્યારે ક્રોધે ક્ષપકશ્રેણિ પર આરૂઢ થનાર આત્મા ક્રોધના બીજી સ્થિતિમાં રહેલ 'પ્રથમ' (પ્રથમ સંજ્ઞાવાળી) કિટ્ટિના દલિકને ખેંચી (તેની અંતર્મુહૂર્ત્ત પ્રમાણ) પ્રથમ સ્થિતિ કરે છે, અને તેને સમયાધિક આવલિકા બાકી રહે ત્યાં સુધી અનુભવે[1] છે. ત્યાર-પછીના સમયે બીજી સ્થિતિમાં રહેલ બીજી કિટ્ટિના દલિકને ખેંચી તેની પ્રથમ સ્થિતિ કરે અને અનુભવે છે, તેને પણ ત્યાં સુધી અનુભવે કે સમયાધિક આવલિકા શેષ રહે. એટલે કે દ્વિતીય સંજ્ઞાવાળી કિટ્ટિઓની જે પ્રથમ સ્થિતિ થઈ હતી તેમાંથી સમયાધિક આવલિકા કાળમાં અનુભવાય તેટલી શેષ રહે. ત્યાર પછીના સમયે બીજી સ્થિતિમાં રહેલ ત્રીજી કિટ્ટિના દલિકને ખેંચી તેની પ્રથમ સ્થિતિ કરે, અને તેને વેદે, તેને પણ ત્યાં સુધી વેદે કે સમયાધિક આવલિકા શેષ રહે.

(અહીં તાત્પર્ય આ પ્રમાણે સમજાય છે—કિટ્ટિ કરવાની ક્રિયા પૂર્ણ થયા પછી આત્મા કિટ્ટિ વેદવાની ક્રિયા કરે છે. જે સમયથી કિટ્ટિ વેદવાની ક્રિયા શરૂ થાય તે સમયથી આરંભી ક્રોધનો રસોદય જેટલો કાળ રહેવાનો હોય તેના પ્રથમ ભાગમાં એટલે કે લગભગ એક તૃતીયાંશ ભાગમાં પ્રથમ સંજ્ઞાવાળી કિટ્ટિ વેદે, એ પ્રમાણે બીજા ભાગમાં દ્વિતીય સંજ્ઞાવાળી કિટ્ટિ વેદે, અને ત્રીજા ભાગમાં તૃતીય સંજ્ઞાવાળી કિટ્ટિ વેદે છે. પ્રથમ સ્થિતિ કરવાનો ક્રમ આ પ્રમાણે છે—બીજી સ્થિતિમાં રહેલ પ્રથમ સંજ્ઞાવાળી કિટ્ટિઓને ખેંચી તે કિટ્ટિઓને રસોદયથી જેટલો કાળ અનુભવવાનો છે તેનાથી એક આવલિકા અધિક પ્રથમ સ્થિતિ કરે. એ પ્રમાણે જે જે કિટ્ટિઓને અનુભવવાનો હોય તેની પ્રથમ સ્થિતિ તેના રસોદય કાળથી એક આવલિકા પ્રમાણ વધારે કરે છે.

એક આવલિકા પ્રમાણ વધારે થવાનું કારણ તે આવલિકા કાળ બાકી રહે છે અને જીવસ્વભાવે પછી પછીની કિટ્ટિનો ઉદય થઈ જાય છે. જે એક એક આવલિકા શેષ રહી તેને પછીની કિટ્ટિ સાથે જ અનુભવી લે છે. ક્રોધાદિની પ્રથમ સ્થિતિ પણ આ પ્રમાણે થાય છે. ક્રોધના ઉદયે શ્રેણિ આરંભનાર જે વખતે તેની પ્રથમ સ્થિતિ કરે છે તે ક્રોધનો નવમા ગુણઠાણાના જે સમય સુધી રસોદય હોય તેનાથી એક આવલિકા અધિક કરે છે. કેમ કે પ્રથમ સ્થિતિની એક આવલિકા બાકી રહે છે અને માનનો ઉદય થઈ જાય છે. બાકી રહેલી તે આવલિકા સ્તિબુકસંક્રમ વડે માનમાં સંક્રમી ભોગવાઈ જાય છે. આ પ્રમાણે કિટ્ટિઓની અને માનાદિની પ્રથમ સ્થિતિ માટે સમજવું.)

ત્રણે પ્રકારની કિટ્ટિઓના અનુભવ કાળમાં બીજી સ્થિતિમાં રહેલ દલિકને ગુણસંક્રમ વડે પૂર્વ પૂર્વ સમયથી ઉત્તરોત્તર સમયે અસંખ્ય-અસંખ્યગુણાકારે સંજ્વલન માનમાં નાખે છે. તૃતીય કિટ્ટિ વેદનકાળના ચરમસમયે સંજ્વલન ક્રોધનો બંધ, ઉદય, ઉદીરણા એ ત્રણનો યુગપત્ વિચ્છેદ થાય છે. (વિચ્છેદ સમયે) તેની સત્તા પણ સમયન્યૂન બે આવલિકા કાળમાં બાંધેલ દળને છોડી અન્ય કોઈ દળની હોતી નથી, કેમ કે સઘળું માનમાં સંક્રમાવી દીધેલ છે.

---

૧. અહીં પ્રથમ સ્થિતિ તો ચાલુ જ છે. તેની સાથે પ્રથમ સંજ્ઞાવાળી કિટ્ટિઓને પણ અનુભવે છે. ત્યાં સુધી અનુભવે કે સમયાધિક આવલિકા કાળ પર્યંત પ્રથમ સંજ્ઞાવાળી કિટ્ટિઓ અનુભવાય તેટલી તેની પ્રથમ સ્થિતિ શેષ રહે. ત્યાર પછીના સમયે દ્વિતીય સંજ્ઞાવાળી કિટ્ટિઓને ખેંચી અનુભવે. એક આવલિકા જેટલા કાળમાં અનુભવાય તેટલી જે પ્રથમ સંજ્ઞાવાળી કિટ્ટિઓ શેષ રહી છે તેને દ્વિતીય સંજ્ઞાવાળી કિટ્ટિઓ સાથે અનુભવે છે. કિટ્ટિઓને અનુભવવાનો આ ક્રમ છે.

ત્યારપછીના સમયે બીજી સ્થિતિમાં રહેલ માનની પ્રથમ કિટ્ટિના દલિકને ખેંચી તેની પ્રથમ સ્થિતિ કરે છે, અને તેને અંતર્મુહૂર્ત પર્યંત વેદે છે. આ કાળમાં જ ક્રોધના બંધાદિનો વિચ્છેદ થયે છતે સમયન્યૂન બે આવલિકા કાળમાં બંધાયેલું તેનું જે દલિક સત્તામાં હતું, તેને પણ તેટલા જ કાળે ગુણસંક્રમ વડે પરમાં સંક્રમાવતાં-સંક્રમાવતાં ચરમસમયે સર્વસંક્રમ વડે સંક્રમાવી પુરુષવેદની જેમ નાશ કરે છે. તથા તે વખતે પ્રથમ સ્થિતિરૂપે કરી અનુભવાતું પ્રથમ કિટ્ટિનું દળ પણ સમયાધિક આવલિકા પ્રમાણ શેષ થાય એટલે કે તેટલા કાળમાં ભોગવાય તેટલું શેષ રહે. ત્યારપછીના સમયે બીજી સ્થિતિમાં રહેલ માનની બીજી કિટ્ટિનું દલિક ખેંચી તેની પ્રથમ સ્થિતિ કરે અને વેદે. તેને ત્યાં સુધી વેદે કે તેની સમયાધિક આવલિકા માત્ર શેષ રહે.

ત્યારપછીના સમયે (અહીં 'ત્યારપછીના સમયે' એટલા માટે લખવામાં આવે છે કે પ્રથમ સ્થિતિરૂપે કરાયેલ દરેક કિટ્ટિ એક આવલિકા પ્રમાણ એટલે કે તેટલા કાળમાં ભોગવાય તેટલી શેષ રહે છે, અને પછી પછીની કિટ્ટિઓનો ઉદય થાય છે.) બીજી સ્થિતિમાં રહેલ ત્રીજી કિટ્ટિના દલિકને ખેંચી તેની પ્રથમ સ્થિતિ કરે અને વેદે. તે ત્યાં સુધી વેદે કે તેની સમયાધિક આવલિકામાત્ર શેષ રહે. તે સમયે માનના બંધ, ઉદય અને ઉદીરણા એ ત્રણેનો એક સાથે વિચ્છેદ થાય. અને તેની સત્તા પણ શેષ સઘળાં દલિકોનો માયામાં પ્રક્ષેપ થયેલો હોવાથી સમયન્યૂન બે આવલિકા કાળમાં બદ્ધ દલિકની જ રહે. અને તેનો માયાની પ્રથમ કિટ્ટિ વેદતાં માનની જેમ નાશ કરે.

માનનો જે સમયે ઉદયવિચ્છેદ થયો ત્યારપછીના સમયે બીજી સ્થિતિમાં રહેલ માયાના પ્રથમ કિટ્ટિના દલિકને ખેંચી તેની પ્રથમ સ્થિતિ કરે અને વેદે. તે ત્યાં સુધી વેદે કે તેની સમયાધિક આવલિકા માત્ર સ્થિતિ શેષ રહે. ત્યારપછીના સમયે બીજી સ્થિતિમાં રહેલ બીજી કિટ્ટિના દલિકને ખેંચી તેની પ્રથમ સ્થિતિ કરે અને વેદે. તેને પણ ત્યાં સુધી વેદે કે તેની સમયાધિક આવલિકા શેષ રહે. ત્યારબાદ બીજી સ્થિતિમાં રહેલ ત્રીજી કિટ્ટિના દલિકને ખેંચી તેની પ્રથમ સ્થિતિ કરે અને વેદે, તેને પણ ત્યાં સુધી વેદે કે તેની સમયાધિક આવલિકા શેષ રહે. તે જ સમયે માયાના બંધ, ઉદય અને ઉદીરણાનો યુગપત્ વિચ્છેદ થાય છે. તેની સત્તા પણ શેષ સઘળા દલિકનો લોભમાં સંક્રમ કરેલો હોવાથી સમયન્યૂન બે આવલિકા કાળમાં બદ્ધ દલિકની જ રહે. તેનો લોભની પ્રથમ કિટ્ટિ વેદતાં માનની જેમ નાશ કરે છે.

માયાનો જે સમયે ઉદયવિચ્છેદ થયો ત્યારપછીના સમયે બીજી સ્થિતિમાં રહેલ લોભની પ્રથમ કિટ્ટિના દલિકને ખેંચી તેની પ્રથમ સ્થિતિ કરે અને તેને અંતર્મુહૂર્ત પર્યંત વેદે. બરાબર એક આવલિકા કાળમાં ભોગવાય તેટલી પ્રથમ સ્થિતિરૂપે કરાયેલ પ્રથમ કિટ્ટિ શેષ રહે ત્યારે બીજી સ્થિતિમાં રહેલ બીજી કિટ્ટિના દલિકને ખેંચી તેની પ્રથમ સ્થિતિ કરે અને વેદે. તે બીજી કિટ્ટિને વેદતાં બીજી સ્થિતિમાં રહેલ ત્રીજી કિટ્ટિના દલિકને ગ્રહણ કરી તેની સૂક્ષ્મ[1] કિટ્ટિઓ કરે. તે સૂક્ષ્મ

૧. અતિ ઘણો રસ ઓછો કરી ચડતા ચડતા રસાણુવાળા પરમાણુઓનો ક્રમ તોડી નાખવો તેને કિટ્ટિ કહેવાય છે. અહીં સંજ્વલન ક્રોધના ઉદયે શ્રેણિ પર આરૂઢ થનારાઓએ જ બાર કિટ્ટિઓ કરી તે હવે પછી થનારી લોભની સૂક્ષ્મ કિટ્ટિઓના હિસાબે સ્થૂલ છે. કેમ કે વખતે સૂક્ષ્મ કિટ્ટિકરણક્રિયા જે સમયથી શરૂ થાય છે તેના હિસાબે પરિણામની મંદતા હતી. વળી ઉપશમશ્રેણિમાં દશમા ગુણસ્થાનકે જેટલા રસવાળી

કિટ્ટિઓ ત્યાં સુધી કરે કે પ્રથમ સ્થિતિરૂપે કરાયેલ બીજી કિટ્ટિને વેદતાં વેદતાં તેની સમયાધિક આવલિકા માત્ર શેષ રહે. તે જ સમયે સંજ્વલન લોભનો બંધવિચ્છેદ, બાદર કષાયનો ઉદય-ઉદીરણા વિચ્છેદ અને અનિવૃત્તિબાદર સંપરાય ગુણસ્થાનકનો પણ વિચ્છેદ થાય છે.

ત્યારપછીના સમયે બીજી સ્થિતિમાં રહેલ સૂક્ષ્મ કિટ્ટિઓના દલિકને ખેંચી તેની પ્રથમ સ્થિતિ કરે છે, અને તેને વેદે છે. તેને વેદતો આત્મા સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનવર્ત્તી કહેવાય છે. બીજી સ્થૂલ કિટ્ટિની જે એક આવલિકા શેષ રહી તે અનુભવાતી સૂક્ષ્મ કિટ્ટિમાં સ્તિબુક સંક્રમ વડે સંક્રમી દૂર થાય છે. પ્રથમ અને બીજી કિટ્ટિની જે આવલિકા શેષ રહે છે, તે બીજી અને ત્રીજી કિટ્ટિમાં મળી ભોગવાઈ જાય છે. લોભની સૂક્ષ્મ કિટ્ટિઓને અનુભવતો સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનકવર્ત્તી આત્મા (બીજી સ્થિતિમાં રહેલ) સૂક્ષ્મકિટ્ટિઓના દલિકને અને સમયન્યૂન બે આવલિકા કાળમાં બંધાયેલું જે દલિક સત્તામાં અવશિષ્ટ છે, તેને પ્રતિસમય સ્થિતિઘાતાદિ વડે ખપાવતા ખપાવતા ત્યાં સુધી ખપાવે કે દશમા ગુણસ્થાનકના સંખ્યાતમાભાગ જાય અને એક ભાગ શેષ રહે.

(અહીં સર્વાપવર્ત્તના વડે સ્થિતિ અપવર્ત્તીને દશમાના સંખ્યાતમા ભાગ જેટલી રાખે છે. અહીં લોભનો કોઈ પ્રકૃતિમાં સંક્રમ થતો નથી, અને સત્તામાંથી નાશ તો કરવો જ છે, એટલે તેનો સ્થિતિઘાતાદિ વડે જ નાશ કરવો રહ્યો, એટલે સ્થિતિઘાતાદિ વડે તેનો નાશ કરે છે એમ કહ્યું છે.)

તે સંખ્યાતમો ભાગ પણ અંતર્મુહૂર્ત્ત પ્રમાણ જ છે. અહીંથી આરંભી મોહનીયકર્મમાં સ્થિતિઘાત, રસઘાત, ગુણશ્રેણિ થતા નથી, પરંતુ અન્ય શેષ કર્મોમાં થાય છે. અપવર્ત્તિત (અપવર્ત્તના કરણથી ઘટાડી અંતર્મુહૂર્ત્ત પ્રમાણ રાખેલ એટલે કે હવે દશમા ગુણસ્થાનકનો અંતર્મુહૂર્ત્ત પ્રમાણ જે કાળ શેષ છે તેટલી રાખેલ) લોભની તે સ્થિતિને ઉદય, ઉદીરણા વડે વેદતા ત્યાં સુધી જાય કે તેની સત્તામાં સમયાધિક આવલિકામાત્ર સ્થિતિ શેષ રહે, ત્યાર બાદ ઉદીરણા ન થાય. કેમ કે સત્તામાં માત્ર એક ઉદયાવલિકા જ શેષ રહી છે. તેને કેવળ ઉદય દ્વારા જ સૂક્ષ્મ સંપરાયના ચરમ સમય પર્યંત અનુભવે છે.

તે ચરમ સમયે જ્ઞાનાવરણીય પાંચ, દર્શનાવરણીય ચાર, અંતરાય પાંચ, યશઃકીર્ત્તિનામ તથા ઉચ્ચ ગોત્રનો બંધ વિચ્છેદ થાય છે, અને મોહનીયકર્મની સત્તાનો વિચ્છેદ થાય છે. ત્યારબાદ આત્મા ક્ષીણકષાય વીતરાગ છદ્મસ્થ ગુણસ્થાનકને પ્રાપ્ત કરે છે. અહીંથી બારમા આદિ ગુણસ્થાનકનું સ્વરૂપ પંચસંગ્રહના પહેલા દ્વારમાં કહેલ ગુણસ્થાનકના અધિકારમાંથી જોઈ લેવું. આ પ્રમાણે મોહનીયકર્મનો ક્ષય કઈ રીતે થાય છે, તે કહ્યું. તે કહીને ક્ષપકશ્રેણિનું સ્વરૂપ પૂર્ણ કર્યું.

ક્ષપકશ્રેણિ સમાપ્ત

કિટ્ટિઓ હોય છે. તેનાથી ક્ષપકશ્રેણિમાં દશમા ગુણસ્થાનકે અતિ અલ્પ રસવાળી કિટ્ટિઓ અનુભવાય છે એટલે સંજ્વલન લોભની બીજી કિટ્ટિ વેદતાં ત્રીજી કિટ્ટિની સૂક્ષ્મ કિટ્ટિ કરે છે, એમ કહેવામાં આવે છે.

॥ श्री शंखेश्वरपार्श्वनाथाय नमः ॥

પંચસંગ્રહ—દ્વિતીય ભાગ

"ઉપશમનાકરણ સારસંગ્રહ"

કરણકૃત અને અકરણકૃત એમ ઉપશમના બે પ્રકારની છે. ત્યાં યથાપ્રવૃત્તાદિકરણો વિના જ વેદનાદિ અનુભવ દ્વારા જે ઉપશમના થાય છે તે અકરણકૃત ઉપશમના કહેવાય છે અને તે અકરણકૃત ઉપશમનાનું જ્ઞાન કર્મપ્રકૃતિ અથવા પંચસંગ્રહકાર મહર્ષિઓના વખતમાં વિદ્યમાન ન હોવાથી તેઓશ્રીએ બતાવેલ નથી. તેથી અહીં ફક્ત કરણકૃત ઉપશમનાનું જ સ્વરૂપ બતાવેલ છે.

યથાપ્રવૃત્તાદિ કરણરૂપ ક્રિયાથી જે ઉપશમના થાય છે તે કરણકૃત ઉપશમના કહેવાય છે. તેના પણ દેશોપશમના અને સર્વોપશમના એવા મુખ્ય બે પ્રકાર છે.

યથાપ્રવૃત્ત અને અપૂર્વકરણરૂપ બે કરણો વડે જે ઉપશમના થાય છે તે દેશોપશમના કહેવાય છે. અને તે આઠે કર્મોમાં થાય છે. દેશોપશમનામાં સત્તાગત દલિકોનો અસંખ્યાત ગુણાકારે સર્વથા—સર્વપ્રકારે ઉપશમ થતો નથી માટે તેને દેશોપશમના અથવા અગુણોપશમના કહેવાય છે. જે પ્રકૃતિઓની દેશોપશમના થાય છે તેઓનો ઉદય પણ ચાલુ હોય છે માટે અનુદીરણોપશમના કહેવાય છે. તેમજ દેશોપશમના થવાથી દબાયેલ ગુણો પ્રગટ થતા નથી માટે અપ્રશસ્તોપશમના પણ કહેવામાં આવે છે જેનું સ્વરૂપ સર્વોપશમનાની પછી બતાવવામાં આવશે.

યથાપ્રવૃત્તાદિ ત્રણ કરણરૂપ ક્રિયા દ્વારા જે ઉપશમના થાય છે તે સર્વોપશમના કહેવાય છે અને તે મોહનીય કર્મની જ થાય છે. સર્વોપશમનામાં ઉપશમન ક્રિયા દ્વારા સત્તાગત મોહનીય કર્મનાં દલિકોનો અસંખ્યાત ગુણાકારે સર્વથા—સર્વપ્રકારે ઉપશમ થાય છે તેથી તેનું ગુણોપશમના એવું પણ નામ છે. અને સર્વોપશમ થયેલ પ્રકૃતિઓનો ઉદય હોતો નથી. માટે ઉદયોપશમના તેમ જ દબાયેલ ગુણો સર્વથા પ્રગટ થાય છે માટે પ્રશસ્તોપશમના એવું પણ નામ છે.

ત્યાં ગ્રંથકાર મહર્ષિએ સર્વોપશમનાના સમ્યક્ત્વોત્પાદ પ્રરૂપણા, દેશવિરતિ લાભ, સર્વ વિરતિ લાભ, અનંતાનુબંધિ વિસંયોજના, દર્શન મોહનીયક્ષપણા, દર્શન મોહનીય ઉપશમના અને ચારિત્રમોહનીયની ઉપશમના એમ સાત વિષયાધિકાર બતાવેલ છે. પરંતુ દેશવિરતિ લાભ વગેરે ચાર વિષયાધિકારોમાં મોહનીય કર્મની કોઈપણ પ્રકૃતિની સર્વથા ઉપશમના થતી નથી છતાં સર્વોપશમના અધિકારમાં બતાવેલ છે તેનું કારણ ચારિત્રમોહનીયની ઉપશમના દેશવિરતિ અને સર્વવિરતિની પ્રાપ્તિ પછી જ થાય છે તેમજ મૂળ મતે અનંતાનુબંધિની વિસંયોજના કર્યા પછી જ ચારિત્રમોહનીયની ઉપશમના થાય છે અને દર્શનત્રિકનો ક્ષય કર્યા પછી પણ ચારિત્રમોહનીયની ઉપશમના થાય છે. માટે આ ચાર અર્થાધિકારો પણ સર્વોપશમનાના પ્રસંગમાં બતાવેલ છે એમ લાગે છે. અન્યથા મૂળ મતે સર્વોપશમનાના સમ્યક્ત્વોત્પાદ પ્રરૂપણા, દર્શનત્રિક ઉપશમના, ચારિત્ર મોહનીય ઉપશમના આ ત્રણ અને અન્ય આચાર્યોના મતે અનંતાનુબંધિની ઉપશમના

સહિત ચાર અર્થાધિકારો હોય છે એમ સમજાય છે.

સમ્યક્ત્વોત્પાદ અધિકાર

ચારે ગતિમાં રહેલ સર્વ પર્યાપ્તિએ પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય ઉપશમ, ઉપદેશશ્રવણ અને ઉપશમન ક્રિયાને યોગ્ય ઉત્કૃષ્ટયોગ આ ત્રણ લબ્ધિયુક્ત જીવો યથાપ્રવૃત્તાદિ ત્રણ કરણ કરી ઉપશમ સમ્યક્ત્વ પામી શકે છે. પરંતુ કરણકાળની પહેલાં પણ અંતર્મુહૂર્ત્ત કાળ પર્યંત આ યોગ્યતાઓ હોય છે.

(૧) ગ્રંથિદેશ પાસે આવેલ અભવ્યની વિશુદ્ધિથી પણ ઉત્તરોત્તર પ્રતિસમયે અનંતગુણ વર્ધમાન વિશુદ્ધિ હોય છે.

(૨) આયુષ્ય વિના સાત-કર્મની અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિસત્તા અને અશુભ પ્રકૃતિઓના સત્તાગત ચતુઃસ્થાનક રસને દ્વિસ્થાનક તેમજ શુભપ્રકૃતિઓના દ્વિસ્થાનક સત્તાગત રસને ચતુઃસ્થાનિક કરે છે એમ કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગાથા પાંચમાં તથા તેની ચૂર્ણિ અને બન્ને ટીકામાં કહેલ છે પરંતુ આ મૂળગ્રંથમાં અને એની ટીકાઓમાં શુભપ્રકૃતિઓના સત્તાગત રસને અનંતગુણ અધિક અને અશુભપ્રકૃતિઓના રસને અનંતગુણહીન કરે છે એમ સામાન્યથી જ બતાવેલ છે છતાં અર્થ સમાન હોય તેમ લાગે છે.

(૩) મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાનમાંથી કોઈપણ એક સાકારોપયોગમાં વર્તતા અને જઘન્ય પરિણામે તેજોલેશ્યા, મધ્યમ પરિણામે પદ્મલેશ્યા, તેમજ ઉત્કૃષ્ટ પરિણામે શુક્લલેશ્યામાં વર્ત્તતા હોય છે.

(૪) સ્વભૂમિકાનુસાર જઘન્ય, મધ્યમ, અને ઉત્કૃષ્ટ યોગે બધ્યમાન પ્રકૃતિઓનો સ્વભૂમિકાનુસાર ક્રમશઃ જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ પ્રદેશ બંધ કરે છે.

(૫) જો સમ્યક્ત્વ પ્રાપ્ત કરનાર મનુષ્યો અથવા તિર્યંચો હોય તો સુડતાળીસ ધ્રુવબંધી પ્રકૃતિઓ અને સાતાવેદનીય, હાસ્ય-રતિ, પુરુષવેદ, ઉચ્ચ ગોત્ર આ પાંચ તેમજ દેવદ્વિક, પંચેન્દ્રિય જાતિ, વૈક્રિયદ્વિક, પ્રથમસંસ્થાન, શુભવિહાયોગતિ, ઉચ્છ્વાસ, પરાઘાત અને ત્રસ-દશક આ ઓગણીસ નામકર્મની એમ કુલ પરાવર્ત્તમાન ચોવીસ પ્રકૃતિઓને બાંધે છે. પણ જો દેવો અને નારકો હોય તો ધ્રુવબંધી સુડતાળીસ, સાતાવેદનીય, હાસ્ય-રતિ, પુરુષવેદ, ઉચ્ચ ગોત્ર, આ પાંચ તેમજ મનુષ્યદ્વિક, પંચેન્દ્રિય જાતિ, ઔદારિકદ્વિક, પ્રથમસંઘયણ, પ્રથમ સંસ્થાન, શુભવિહાયોગતિ, પરાઘાત, ઉચ્છ્વાસ અને ત્રસદશક આ વીસ નામકર્મની એમ કુલ પરાવર્તમાન પચીસ પ્રકૃતિઓ બાંધે છે. પરંતુ સમ્યક્ત્વ પ્રાપ્ત કરનાર જો સાતમી નરક પૃથ્વીના નારકો હોય તો તેઓ મિથ્યાત્વ અવસ્થામાં મનુષ્યદ્વિક અને ઉચ્ચ ગોત્રનો બંધ જ કરતા ન હોવાથી મનુષ્યદ્વિક અને ઉચ્ચ ગોત્રના બદલે તિર્યંચદ્વિક અને નીચ ગોત્ર સહિત પચીસ અથવા ઉદ્યોતનો બંધ કરે તો છવ્વીસ પરાવર્ત્તમાન પ્રકૃતિઓ બાંધે છે.

આયુષ્ય ઘોલના અર્થાત્ ચડતા-ઊતરતા પરિણામે બંધાય છે. પરંતુ અહીં એકધારા ચડતા પરિણામ હોવાથી આયુષ્યની કોઈપણ પ્રકૃતિ બાંધતા નથી.

-(૬) સામાન્યથી એક અંતર્મુહૂર્ત સુધી સમાન સ્થિતિબંધ થતો હોવાથી તે એક સ્થિતિબંધ કહેવાય છે. અને અંતર્મુહૂર્ત પછી સંક્લિષ્ટ અથવા વિશુદ્ધ પરિણામના અનુસારે ક્રમશઃ વધારે અથવા ઓછો સ્થિતિબંધ થાય છે. પરંતુ અહીં ક્રમશઃ ચડતા વિશુદ્ધ પરિણામ હોવાથી પૂર્વ પૂર્વનો સ્થિતિબંધ પૂર્ણ કરી તે-તે સ્થિતિબંધની અપેક્ષાએ પલ્યોપમનો (અ) સંખ્યાતમો ભાગ ન્યૂન-ન્યૂન નવો-નવો સ્થિતિબંધ કરે છે.

(૭) દરેક સમયે બંધાતી શુભ પ્રકૃતિઓનો રસ પૂર્વ-પૂર્વના સમયથી અનંતગુણ અધિક-અધિક અને અશુભ પ્રકૃતિઓનો અનંતગુણ હીન-હીન બાંધે છે.

આ પ્રમાણે અંતર્મુહૂર્ત કાળ રહી પછી યથાપ્રવૃત્ત, અપૂર્વ અને અનિવૃત્તિ આ ત્રણ કરણો કરે છે. અને દરેકનો કાળ અંતર્મુહૂર્ત પ્રમાણ છે.

યથાપ્રવૃત્તકરણ અને અપૂર્વકરણમાં એક સાથે પ્રવેશ કરેલ જીવોને દરેક સમયે વિશુદ્ધમાં તરતમતા હોય છે માટે દરેક સમયે ત્રિકાળવર્ત્તી અનેક જીવો આશ્રયી અસંખ્યલોકાકાશ પ્રદેશ પ્રમાણ ચડતા-ઊતરતા અધ્યવસાયો હોય છે અને આ બંને કરણોના પ્રભાવથી મોહનીયકર્મનો તેવા જ વિચિત્ર પ્રકારનો ક્ષયોપશમ થાય છે કે જેથી પછી-પછીના સમયમાં અધ્યવસાયો થોડા અધિક-અધિક હોય છે અને સંપૂર્ણ એક અથવા બન્ને કરણોના કુલ અધ્યવસાયો પણ અસંખ્યલોકાકાશ પ્રદેશ પ્રમાણ હોય છે પરંતુ એક સમયવર્ત્તી અસંખ્યલોકાકાશ પ્રદેશ પ્રમાણ અધ્યવસાયોની અપેક્ષાએ સંપૂર્ણ કરણગત અધ્યવસાયોની સંખ્યા અસંખ્યગુણ અસંખ્યલોકાકાશ પ્રદેશ પ્રમાણ હોય છે આ હકીકત કંઈક સહેલાઈથી સમજી શકાય માટે અસત્કલ્પનાથી બતાવવામાં આવે છે.

યથાપ્રવૃત્ત કરણ

કરણકાળનું અંતર્મુહૂર્ત અસંખ્યાત સમયનું હોવા છતાં અસત્કલ્પનાએ પચીસ સમય પ્રમાણ, પ્રથમ સમયના અસંખ્યાતલોકાકાશ પ્રદેશ પ્રમાણ અધ્યવસાયોની સંખ્યા એકસો (૧૦૦) અને પછી પછીના સમયે થોડા વધારે વધારે એટલે પાંચ-પાંચ વધારે કલ્પીએ તો યથાપ્રવૃત્તકરણના પ્રથમ સમયે ત્રિકાલવર્ત્તી સર્વજીવો આશ્રયી એકસો, બીજા સમયે એકસો પાંચ, ત્રીજા સમયે એકસો દસ અધ્યવસાયો હોય, એમ પછી પછીના સમયે પાંચ-પાંચ અધ્યવસાયો અધિક અધિક હોવાથી પચીસ સમયાત્મક અંતર્મુહૂર્તના ચરમ સમયે અર્થાત્ પચીસમા સમયે અનેક જીવો આશ્રયી—કુલ બસો વીસ (૨૨૦) અધ્યવસાયો હોય છે.

અહીં તિર્યગ્મુખી અને ઊર્ધ્વમુખી એમ બે પ્રકારની વિશુદ્ધિ હોય છે. પ્રથમ-સમયના જે એકસો અધ્યવસાયો છે તેમાં પહેલો અધ્યવસાય સૌથી અલ્પવિશુદ્ધિવાળો અને તેની અપેક્ષાએ ૧૦૦મો અધ્યવસાય અનંતગુણ અધિક વિશુદ્ધિવાળો હોય છે તેથી પહેલા નંબરના અધ્યવસાયની વિશુદ્ધિની અપેક્ષાએ છેલ્લા અધ્યવસાય સુધીના અધ્યવસાયોમાંના કેટલાક અધ્યવસાયો અનંત ભાગ અધિક, કેટલાક અસંખ્યાતભાગ અધિક, કેટલાક સંખ્યાત ભાગ અધિક, કેટલાક સંખ્યાત, ગુણ અધિક, કેટલાક અસંખ્યાત ગુણ અધિક અને કેટલાક છેલ્લા અધ્યવસાયો અનંતગુણ અધિક વિશુદ્ધિવાળા હોય છે.

એ જ પ્રમાણે બીજા સમયના એકથી એકસો પાંચ સુધીના જે અધ્યવસાયો છે તેમાં પ્રથમ અધ્યવસાય બીજા વગેરે અધ્યવસાયોથી અલ્પવિશુદ્ધિવાળો છે અને તે જ પહેલા સમયની વિશુદ્ધિની અપેક્ષાએ એકસોપાંચમા અધ્યવસાય સુધીના અધ્યવસાયોમાંના કેટલાક અધ્યવસાયો અનંતભાગ અધિક, કેટલાક અસંખ્યાતભાગ, કેટલાક સંખ્યાતભાગ, કેટલાક સંખ્યાતગુણ, કેટલાક અસંખ્યાતગુણ અને કેટલાક છેલ્લા અધ્યવસાયો અનંતગુણ અધિક વિશુદ્ધિવાળા હોય છે. એ પ્રમાણે યથાપ્રવૃત્તકરણના ચરમસમય સુધી દરેક સમયના અધ્યવસાયોમાં સૂક્ષ્મ દૃષ્ટિએ અસંખ્યાતપ્રકારની તરતમતા હોવા છતાં સ્થૂલદૃષ્ટિએ છ-છ પ્રકારની તરતમતા હોય છે. આ તિર્યગ્મુખી વિશુદ્ધિ કહેવાય છે.

પહેલા-પહેલાના સમયના અધ્યવસાયોની વિશુદ્ધિની અપેક્ષાએ ઉત્તરોત્તર પછી-પછીના સમયોની વિશુદ્ધિ પણ સામાન્યથી અનંતગુણ હોય છે. તેને ઊર્ધ્વમુખી વિશુદ્ધિ કહેવાય છે.

યથાપ્રવૃત્તકરણમાં પૂર્વ-પૂર્વ સમયના અધ્યવસાયોથી પછી-પછીના સમયોમાં બધા અધ્યવસાયો નવા હોતા નથી. તેમજ પૂર્વ-પૂર્વ સમયના બધા અધ્યવસાયો પછી-પછીના સમયમાં આવતા પણ નથી. પરંતુ પૂર્વ-પૂર્વ સમયના અધ્યવસાયોમાંથી શરૂઆતના અલ્પ વિશુદ્ધિવાળા થોડા-થોડા અધ્યવસાયો છોડે છે. અને જેટલા છોડે છે તેનાથી થોડા વધારે સંખ્યા પ્રમાણ નવા-નવા અધ્યવસાયો પછી-પછીના સમયમાં હોય છે. તે આ પ્રમાણે—

પ્રથમ સમયના જે એકસો અધ્યવસાયો છે તેમાંથી એકથી વીસ અધ્યવસાયો છોડી શેષ પ્રથમ સમયના જે એકવીસથી સો સુધીના કુલ એંશી અને પચીસ તેનાથી અધિક વિશુદ્ધિવાળા નવા—એમ કુલ એકસો પાંચ અધ્યવસાયો બીજા સમયમાં હોય છે. તેમાંથી પ્રથમ સમયના એકવીસથી ચાળીસ સુધીના વીસ અધ્યવસાયો છોડી શેષ પ્રથમ સમયના સાઠ અને પચાસ નવા એમ એકસો દશ અધ્યવસાયો ત્રીજા સમયમાં હોય છે તેમાંથી પ્રથમ સમયના એકતાળીસથી સાઠ સુધીના વીસ અધ્યવસાયો છોડી શેષ પ્રથમ સમયના ચાળીસ અને પંચોતેર નવા એમ કુલ એકસો પંદર અધ્યવસાયો ચોથા સમયમાં હોય છે. અને તેમાંથી પણ પ્રથમ સમયના એકસઠથી એંશી સુધીના વીસ અધ્યવસાયો છોડી શેષ પ્રથમ સમયના એક્યાશીથી સો સુધીના વીસ અધ્યવસાયો અને એકસો નવા એમ કુલ એકસોવીસ અધ્યવસાયો પાંચમા સમયમાં હોય છે.

એટલે પચીસ સમયાત્મક યથાપ્રવૃત્તકરણના પાંચ-પાંચ સમય પ્રમાણ પાંચ ભાગ પાડીએ તો પ્રથમ સમયના અધ્યવસાયો પાંચ સમય સ્વરૂપ યથાપ્રવૃત્તકરણના પ્રથમ સંખ્યાતમા ભાગના ચરમસમય રૂપ પાંચમા સમય સુધી હોય છે. બીજા સમયના છઠ્ઠા સમય સુધી, ત્રીજા સમયના સાતમા સમય સુધી, ચોથાના આઠમા સુધી, પાંચમાના નવમા સુધી, છઠ્ઠાના દશમા સુધી—એમ યાવત્ એકવીસમા સમયના અધ્યવસાયોમાંના અમુક અધ્યવસાયો યથાપ્રવૃત્તકરણના ચરમ સમય રૂપ પચીસમા સમય સુધી હોય છે. તેથી યથાપ્રવૃત્તકરણના પ્રથમ સમયની જઘન્ય વિશુદ્ધિથી યથાપ્રવૃત્તકરણના પ્રથમના પાંચ સમય સ્વરૂપ સંખ્યાતમા ભાગમાંના ચરમ સમયરૂપ પાંચમા સમય સુધી બીજા, ત્રીજા, ચોથા અને પાંચમા સમયના અધ્યવસાયસ્થાનની જઘન્ય વિશુદ્ધિ ક્રમશઃ એક-એકથી અનંતગુણ અધિક હોય છે. તે પાંચમા સમયના અધ્યવસાયની જઘન્ય વિશુદ્ધિથી પ્રથમ સમયના અધ્યવસાયની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ અનંતગુણ હોય છે.

તે થકી સંખ્યાતભાગ સ્વરૂપ પાંચ સમયથી ઉપરના છઠ્ઠા સમયની જઘન્ય વિશુદ્ધિ અનંતગુણ, તે થકી શરૂઆતના બીજા સમયની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ અનંતગુણ હોય છે. તે થકી સંખ્યાતભાગના ઉપરના બીજા અર્થાત્ સાતમા સમયની જઘન્ય વિશુદ્ધિ અનંતગુણ, તેનાથી પ્રથમના ત્રીજા સમયની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ અનંતગુણ હોય છે. એમ ઉપર-ઉપરના એક-એક સમયની જઘન્ય અને શરૂઆતના ઉપર-ઉપરના એક એક સમયની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ અનુક્રમે અનંતગુણ અધિક અધિક હોવાથી વીસમા સમયની ઉત્કૃષ્ટ વિશુદ્ધિથી યથાપ્રવૃત્ત કરણના ચરમ સમયરૂપ પચીસમા સમયની જઘન્ય વિશુદ્ધિ અનંતગુણ હોય છે.

અહીં સર્વ સમયોનાં અધ્યવસાય સ્થાનોની જઘન્ય વિશુદ્ધિ પૂર્ણ થાય છે પરંતુ છેલ્લા ઉપરના એકવીસથી પચીસ સુધીના પાંચ સમય સ્વરૂપ અંતિમ સંખ્યાતભાગના સમય પ્રમાણ અધ્યવસાયોની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ બાકી રહે છે. માટે પચીસમા સમયની જઘન્ય વિશુદ્ધિ થકી ચરમ સંખ્યાતમા ભાગના પ્રથમ સમયની અર્થાત્ એકવીસમા સમયની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ અનંતગુણ, તે થકી બાવીસ-ત્રેવીસ-ચોવીસ અને પચીસમા સમયની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ અનુક્રમે એક-એકથી અનંતગુણ હોય છે.

એમ નદીઘોલગોળ પાષાણના ન્યાયે તથાભવ્યત્વના પરિપાકના વશથી ભવ્યો તેમજ અભવ્યો પણ અનેક વાર યથાપ્રવૃત્ત કરણ કરી ગ્રંથિ દેશ સુધી આવે છે અને અભવ્ય જીવો મોક્ષની શ્રદ્ધા વિના સાંસારિક સુખોની ઇચ્છાથી દ્રવ્ય ચારિત્ર ગ્રહણ કરી શ્રુત સામાયિકનો લાભ મેળવી નવમા ગ્રૈવેયક સુધી ઉત્પન્ન થાય છે પરંતુ સમ્યક્ત્વ વગેરે શેષ ત્રણ સામાયિકો પ્રાપ્ત કરી શકતા નથી. વળી તે અભવ્ય જીવોના તેમજ અંતર્મુહૂર્ત્તમાં સમ્યક્ત્વ પ્રાપ્ત ન કરનાર ભવ્ય જીવોના યથાપ્રવૃત્તકરણની અપેક્ષાએ આ યથાપ્રવૃત્તકરણ વિલક્ષણ છે તેથી અંતર્મુહૂર્ત્તમાં સમ્યક્ત્વ પ્રાપ્ત કરનારા ભવ્ય આત્માઓ યથાપ્રવૃત્તકરણ પછી તુરત જ અપૂર્વકરણ કરે છે.

અપૂર્વકરણ

આ કરણમાં યથાપ્રવૃત્તકરણની જેમ દરેક સમયે અસંખ્યલોકાકાશ પ્રદેશ પ્રમાણ અને પૂર્વ-પૂર્વના સમયથી ઉત્તરોત્તર પછી-પછીના સમયમાં થોડા અધિક-અધિક અધ્યવસાયો હોય છે. માટે અહીં પણ તિર્યગ્મુખી અને ઊર્ધ્વમુખી એમ બે પ્રકારની વિશુદ્ધિ હોય છે. તેનું સંપૂર્ણ સ્વરૂપ યથાપ્રવૃત્તકરણમાં બતાવ્યા પ્રમાણે છે. પરંતુ યથાપ્રવૃત્તકરણમાં પૂર્વ-પૂર્વ સમયના અમુક અમુક અધ્યવસાયો જેમ ઉત્તરોત્તર પછી-પછીના સમયમાં હોય છે તેમ આ કરણમાં હોતા નથી પરંતુ પૂર્વ-પૂર્વના સમયથી ઉત્તરોત્તર પછી-પછીના સમયમાં બધા અધ્યવસાયો નવા-નવા જ હોય છે.

તેથી અપૂર્વકરણના પ્રથમ સમયે જે એકસો અધ્યવસાયો હોય છે તેનાથી તદ્દન ભિન્ન અને અનંતગુણ વિશુદ્ધિવાળા બીજા સમયમાં એકસો-પાંચ, તેનાથી તદ્દન ભિન્ન અનંતગુણ વિશુદ્ધિવાળા ત્રીજા સમયમાં એકસો દશ, ચોથા સમયમાં એકસો પંદર, પાંચમા સમયમાં એકસો વીસ એમ યાવત્ વધતા વધતા આ કરણ અંતિમ સમયરૂપ પચીસમા સમયમાં બસો વીસ (૨૨૦) અધ્યવસાયો હોય છે.

અહીં પણ દરેક સમયોના અધ્યવસાયોમાં યથાપ્રવૃત્તકરણની માફક સૂક્ષ્મ દૃષ્ટિએ

અસંખ્ય પ્રકારની અને સ્થૂલ દૃષ્ટિએ છ પ્રકારની વિશુદ્ધિ આશ્રયી તરતમતા હોય છે અને તેથી જ આ અધ્યવસાયો ષટ્સ્થાન વૃદ્ધ અથવા ષટ્સ્થાન પતિત કહેવાય છે.

અહીં દરેક સમયમાં અધ્યવસાયો તદ્દન નવા હોવાથી અપૂર્વકરણના પ્રથમ સમયના જે એકસો અધ્યવસાયો છે, તેમાંના દ્વિતીયાદિ અધ્યવસાયોની અપેક્ષાએ પ્રથમ અધ્યવસાયની વિશુદ્ધિ અત્યંત અલ્પ છે. છતાં યથાપ્રવૃત્તકરણના ચરમ સમયની ઉત્કૃષ્ટ વિશુદ્ધિની અપેક્ષાએ તો અનંતગુણ હોય છે અને અપૂર્વકરણના પ્રથમ સમયના પ્રથમ અધ્યવસાયની વિશુદ્ધિની અપેક્ષાએ સર્વોત્કૃષ્ટ અંતિમ-એકસોમા અધ્યવસાયની વિશુદ્ધિ અનંતગુણ છે. અને તે પ્રથમ સમયના એકસોમા અધ્યવસાયની વિશુદ્ધિ થકી બીજા સમયની જઘન્ય, તે થકી તે જ બીજા સમયની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ અનંતગુણ હોય છે. તે થકી ત્રીજા સમયની જઘન્ય અને તે થકી પણ તે જ ત્રીજા સમયની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ અનંતગુણ છે. એમ પૂર્વ-પૂર્વના સમયથી ઉપર-ઉપરના પછીના સમયની જઘન્ય અને પછી તે જ સમયની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ અનંતગુણ હોવાથી દ્વિચરમ સમયની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ થકી પચીસમા સમયરૂપ ચરમ સમયની જઘન્ય અને તે થકી તે પચીસમા સમયની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ અનંતગુણ હોય છે.

તેમ જ આ કરણમાં પૂર્વ-પૂર્વ સમયથી ઉત્તરોત્તર પછી-પછીના સમયમાં પહેલાં કોઈવાર ન આવ્યા હોય તેવા અનંતગુણ વિશુદ્ધિવાળા ચડતા પરિણામ હોય છે. તેથી આ અપૂર્વકરણમાં સ્થિતિઘાત, રસઘાત, ગુણશ્રેણિ અને અપૂર્વસ્થિતિબંધ આ ચાર પદાર્થો પૂર્વ કોઈવાર ન કર્યા હોય તેવા નવીન કરે છે માટે પણ તેનું અપૂર્વકરણ નામ યથાર્થ છે.

(૧) સ્થિતિઘાત :

બંધાદિ વખતે છેલ્લા ટાઇમમાં ભોગવવા યોગ્ય જે દલિક રચના થઈ હોય તે સ્થિતિનો અગ્રભાગ કહેવાય છે.

તે આયુષ્ય વિના સાત કર્મસ્થિતિના અગ્રભાગથી ઉત્કૃષ્ટથી ઘણા સેંકડો સાગરોપમ પ્રમાણ અને જઘન્યથી પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિસ્થાનમાં રહેલ એટલે તેટલા કાળમાં ભોગવવા યોગ્ય દલિકોને અપવર્ત્તનાકરણ દ્વારા અંતર્મુહૂર્ત્તમાં તેની નીચેની જે સ્થિતિઓનો ઘાત નથી થતો તે સ્થિતિઓમાં રહેલ દલિકોની સાથે ભોગવવા યોગ્ય કરી ઉપરની ઘણા સેંકડો સાગરોપમ પ્રમાણ અથવા પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ કર્મની સ્થિતિસત્તા ઓછી કરવી તે એક સ્થિતિઘાત કહેવાય છે. (જુઓ યંત્ર નં. ૧)

ત્યારબાદ પુનઃ પ્રથમ ઓછી કરેલ સ્થિતિસત્તાની નીચેના પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિસ્થાનોમાં રહેલ દલિકોને અપવર્ત્તનાકરણ દ્વારા ઉતારી અંતર્મુહૂર્ત્તકાળમાં નીચે જે સ્થિતિઓનો ઘાત નથી કરવાનો તે સ્થિતિસ્થાનોમાં બંધાદિ સમયે ગોઠવાયેલ દલિકોની સાથે ભોગવવા યોગ્ય કરી તેટલી સ્થિતિ સત્તામાંથી ઓછી કરવી તે બીજો સ્થિતિઘાત.

એમ પહેલાં-પહેલાંની ઓછી કરેલ સ્થિતિસત્તાની નીચે નીચેના પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિસ્થાનોગત દલિકોને ત્યાંથી સાફ કરી નીચે નીચેનાં સ્થિતિસ્થાનોમાં રહેલ દલિકોની સાથે ભોગવવા યોગ્ય કરી હજારોવાર પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિઓ

સત્તામાંથી દૂર કરે છે. અને તેને જ સ્થિતિઘાત કહેવાય છે.

અપૂર્વકરણમાં આવા હજારો સ્થિતિઘાત થાય છે. અને તેથી જ અપૂર્વકરણના પ્રથમ સમયે જેટલી કર્મની સ્થિતિસત્તા હોય છે તેના કરતાં આ જ કરણના ચરમ સમયે સંખ્યાતગુણહીન અર્થાત્ સંખ્યાતમા ભાગ પ્રમાણ કર્મની સ્થિતિસત્તા રહે છે.

(૨) રસઘાત :

પ્રથમ અંતર્મુહૂર્તમાં જે સ્થિતિઓનો નાશ કરે છે તે સ્થિતિસ્થાનોમાં રહેલ અશુભ પ્રકૃતિઓનો જે રસ છે તે રસના બુદ્ધિથી અનંતભાગ કલ્પી અપવર્તનાકરણ દ્વારા અંતર્મુહૂર્તમાં અનંતભાગોનો નાશ કરી એક અનંતમા ભાગ જેટલો રસ રાખે છે અર્થાત્ બંધાદિ વખતે અશુભપ્રકૃતિઓનાં દલિકોના રસમાં જે અશુભ ફળ આપવાનો પાવર હતો, તે પાવરના અનંતભાગ કરી એક અનંતમાભાગ જેટલો પાવર રાખી શેષ અનંતાભાગો જેટલા પાવરનો નાશ કરે છે. તેથી અનંતગુણહીન એટલે અનંતભાગ પ્રમાણ પાવર રહે છે તે એક રસઘાત કહેવાય છે.

ત્યારબાદ પ્રથમ રસઘાતમાં બાકી રહેલ જે રસનો અનંતમો ભાગ છે તેના ફરીથી અનંતા ભાગ કરી અંતર્મુહૂર્તમાં અપવર્તનાકરણ દ્વારા અનંતભાગોનો નાશ કરી માત્ર એક ભાગ જેટલો રસ બાકી રાખે તે બીજો રસઘાત કહેવાય છે એમ બાકી રહેલ અનંતમા ભાગના ઘણા હજારોવાર અનંતા-અનંતા ભાગો કરી એક-એક અંતર્મુહૂર્તમાં એક એક અનંતમો ભાગ રાખી શેષ અનંતાભાગોનો નાશ કરી પ્રથમ સ્થિતિઘાત પૂર્ણ થાય ત્યાં સુધીમાં ઘણા હજારો રસઘાત કરી તે સ્થિતિસ્થાનોમાંનાં ઉકેરાતાં દલિકોને તદ્દન નીરસ બનાવે છે.

જો કે અહીં સામાન્યથી એક રસઘાતનો કાળ પણ અંતર્મુહૂર્ત, એક સ્થિતિઘાતનો કાળ પણ અંતર્મુહૂર્ત તેમજ સંપૂર્ણ અપૂર્વકરણનો કાળ પણ અંતર્મુહૂર્ત પ્રમાણ જ છે પરંતુ અપૂર્વકરણના અંતર્મુહૂર્તથી એક એક સ્થિતિઘાતનું અંતર્મુહૂર્ત ઘણા હજારોગણું નાનું અને એક-એક સ્થિતિઘાતના અંતર્મુહૂર્ત કરતાં પણ એક-એક રસઘાતનું અંતર્મુહૂર્ત ઘણા હજારોગણું નાનું હોય છે માટે જ અપૂર્વકરણમાં ઘણા હજારો સ્થિતિઘાત અને એક એક સ્થિતિઘાતની અંદર ઘણા હજારો રસઘાત થાય છે.

(૩) ગુણશ્રેણિ :

આ કરણના પ્રથમ સમયથી અપવર્તના કરણ દ્વારા સ્થિતિઘાતો કરી જે જે સ્થિતિઓનો નાશ કરે છે તે સ્થિતિસ્થાનોમાં રહેલાં દલિકોને જલદીથી ખપાવવા માટે દરેક સમયે અસંખ્યાતગુણાકારે ઉપરથી ઉતારે છે. અને જે જે સમયે જેટલાં જેટલાં દલિકો ઉતારે છે, તે તે દલિકોને તે જ સમયે રસોદયવાળી પ્રકૃતિઓમાં ઉદય સમયથી લઈને અને અનુદિત સત્તાગત પ્રકૃતિઓમાં ઉદયાવલિકા ઉપરના પ્રથમ સમયથી લઈને અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણના કાળથી કંઈક અધિક કાળ સુધીના દરેક સમયોમાં પૂર્વ-પૂર્વ સમયથી ઉત્તરોત્તર ઉપર-ઉપરના સમયમાં અસંખ્યાતગુણાકારે ગોઠવે છે. અર્થાત્ બંધાદિસમયે થયેલ નિષેકરચનાનાં દલિકો સાથે ભોગવવા યોગ્ય કરે છે, તે ગુણશ્રેણિ કહેવાય છે.

અસત્કલ્પનાએ આ બન્ને કરણોના ૨૫-૨૫ સમયો કલ્પીએ તો કુલ ૫૦ અને તેનાથી પણ કંઈક અધિક કાળના ૨૦ સમયો કલ્પીએ, તેમજ ઉદયાવલિકા ચાર સમયની કલ્પીએ તો પ્રથમ સમયે ઉતારેલ દલિકને રસોદયવાળી પ્રકૃતિઓમાં પ્રથમ ઉદય સમયથી અને અનુદિત સત્તાગત પ્રકૃતિઓમાં પાંચમા સમયથી આરંભી યાવત્ ૭૦મા સમય સુધી પૂર્વ-પૂર્વના સમયથી ઉપર-ઉપરના સમયમાં અનુક્રમે અસંખ્યાત ગુણાકારે ગોઠવે છે.

પ્રથમ સમયે ઉતારેલ દલિકથી બીજા સમયે અસંખ્યાતગુણ દલિક ઉતારી પ્રથમ સમય ભોગવવા દ્વારા દૂર થયેલ હોવાથી અપૂર્વકરણના પ્રથમ સમયની અપેક્ષાએ બીજો સમય તે ઉદય સમય કહેવાય. તેથી રસોદયવાળી પ્રકૃતિઓમાં અપૂર્વકરણના બીજા સમયરૂપ ઉદય સમયથી લઈને ૭૦મા સમય સુધીના ૬૯ સમયોમાં અને અનુદિત સત્તાગત પ્રકૃતિઓમાં છઠ્ઠા સમયથી યાવત્ ૭૦મા સમય સુધીના પાંસઠ સમયોમાં ક્રમશઃ અસંખ્યાતગુણાકારે ગોઠવે છે.

બીજા સમયે ઉતારેલ દલિકોની અપેક્ષાએ ત્રીજા સમયે અસંખ્યાતગુણ દલિકો ઉતારે છે અને તે વખતે અપૂર્વકરણના બે સમયો વ્યતીત થયેલ હોવાથી રસોદયવાળી પ્રકૃતિઓમાં ત્રીજા સમયરૂપ ઉદય સમયથી લઈ ૭૦ સુધીના ૬૮ સમયમાં અને અનુદિત સત્તાગત પ્રકૃતિઓમાં સાતમા સમયથી ૭૦ સુધીના કુલ ૬૪ સમયોમાં અનુક્રમે અસંખ્યાતગુણાકારે ગોઠવે છે.

એમ ગુણશ્રેણિ કરવાના ચરમ સમય સુધી દરેક સમયે અસંખ્યાતગુણ દલિકો ઉતારે છે. અને તે અપૂર્વકરણ તથા અનિવૃત્તિકરણના જેમ જેમ સમયો વ્યતીત થતા જાય છે તેમ તેમ રસોદયવાળી પ્રકૃતિઓમાં ઉદય સમયથી લઈને અને અનુદિત સત્તાગત પ્રકૃતિઓમાં ઉદયાવલિકા ઉપરના પ્રથમ સમયથી યાવત્ ૭૦મા સમય સુધીના બાકી રહેલ શેષ-શેષ સમયોમાં અસંખ્યાતગુણાકારે ગોઠવાય છે પરંતુ પૂર્વ-પૂર્વના સમયો વ્યતીત થાય ત્યારે ૭૦મા સમયથી ઉપરના સમયો વધતા નથી અર્થાત્ ઉપરના સમયમાં દલિક રચના થતી નથી. (જુઓ યન્ત્ર નં. ૩-૪ તેમજ નં. ૫-૬)

(૪) અપૂર્વસ્થિતિબંધ :

અપૂર્વકરણના પ્રથમ સમયે દરેક કર્મનો જે નવો સ્થિતિબંધ શરૂ કરે છે તે સ્થિતિબંધ પૂર્ણ થયે તેની અપેક્ષાએ બીજો સ્થિતિબંધ પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ ન્યૂન કરે છે. તે પૂર્ણ થયે તેની અપેક્ષાએ ત્રીજો સ્થિતિબંધ પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ ન્યૂન કરે છે. એમ અપૂર્વકરણના ચરમ સમય સુધી પૂર્વ-પૂર્વનો સ્થિતિબંધ પૂર્ણ થયે તેનાથી પછી-પછીનો સ્થિતિબંધ પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ ન્યૂન-ન્યૂન કરે છે. તેથી અપૂર્વકરણના પ્રથમ સમયે થતા સાતે કર્મના સ્થિતિબંધની અપેક્ષાએ અપૂર્વકરણના ચરમ સમયે નવીન સ્થિતિબંધ સંખ્યાતગુણ હીન અર્થાત્ સંખ્યાત ભાગ પ્રમાણ કરે છે. (જુઓ યન્ત્ર નં. ૨)

સ્થિતિઘાત અને સ્થિતિબંધ એકીસાથે શરૂ થાય છે અને સાથે જ પૂર્ણ થાય છે. અર્થાત્ એક સ્થિતિઘાત અને એક સ્થિતિબંધનો કાળ સરખો છે. માટે અપૂર્વકરણમાં જેટલા સ્થિતિઘાતો થાય છે તેટલા જ અપૂર્વ સ્થિતિબંધો પણ થાય છે.

અનિવૃત્તિકરણ

આ કરણમાં એકીસાથે પ્રવેશ કરનાર જીવોને કોઈપણ એક સમયે અધ્યવસાયોમાં પરસ્પર ફેરફાર હોતો નથી. માટે ત્રિકાળવર્તી અનેક જીવો આશ્રયી પણ વિવક્ષિત એક એક સમયમાં સમાન અધ્યવસાય હોવાથી એક એક અધ્યવસાય જ હોય છે. તેથી આ કરણના જેટલા સમયો હોય છે તેટલા જ અધ્યવસાય સ્થાનો હોય છે. માટે આ અધ્યવસાયોની આકૃતિ મોતીની સેર સરખી છે.

અહીં તિર્યગ્મુખી વિશુદ્ધિ હોતી નથી, પરંતુ પૂર્વ-પૂર્વ સમયના અધ્યવસાયની વિશુદ્ધિની અપેક્ષાએ ઉત્તરોત્તર પછી-પછીના સમયના અધ્યવસાયની વિશુદ્ધિ અનંતગુણ હોય છે. અને આ કરણમાં પણ અપૂર્વકરણમાં બતાવેલ સ્થિતિઘાતાદિ ચારે પદાર્થો પ્રવર્ત્તે છે.

આ અનિવૃત્તિકરણના અંતર્મુહૂર્ત્તકાળના અસત્કલ્પનાએ એકસો (૧૦૦) સમય કલ્પીએ અને તેના ૧૦-૧૦ સમયના દસ ભાગની કલ્પના કરી ઘણા સંખ્યાતભાગ અર્થાત્ ૯૦ સમય પ્રમાણ નવ ભાગ જેટલો કાળ જાય અને ૧૦ સમય પ્રમાણ એક સંખ્યાત ભાગ જેટલો કાળ બાકી રહે ત્યારે સત્તામાં રહેલ જે મિથ્યાત્વની સ્થિતિ છે, તેને ઉદય સમયથી અર્થાત્ એકાણુમા સમયથી લઈ અનિવૃત્તિકરણના બાકી રહેલ સંખ્યાતમા ભાગ પ્રમાણ અર્થાત્ ૯૧-૧૦૦ સુધીના ૧૦ સમય પ્રમાણ નીચે રાખી તેની (૧૦૦ સમયની) ઉપર એક અંતર્મુહૂર્ત્ત કાળમાં ભોગવવા યોગ્ય મિથ્યાત્વનાં દલિકોને ત્યાંથી દૂર કરવાની ક્રિયા શરૂ કરે છે અને તેને અંતરકરણની ક્રિયા કહેવાય છે.

આ ક્રિયા દ્વારા અંતર્મુહૂર્ત્ત પ્રમાણ જગ્યામાંથી મિથ્યાત્વનાં દલિકો ખસેડી અર્થાત્ દૂર કરી નીચે અને ઉપર એમ બન્ને બાજુ નાખી તે અંતર્મુહૂર્ત્ત પ્રમાણ જગ્યા તદ્દન મિથ્યાત્વના દલિક વિનાની કરે છે તે અંતરકરણનાં દલિકોની સાથે ગુણશ્રેણિનો પણ ઉપરનો સંખ્યાતમો ભાગ ખંડાઈ દૂર થઈ જાય છે. અને તેને જ અંતરકરણ કહેવાય છે. તેમજ જે સમયથી અંતરકરણની ક્રિયા શરૂ કરે તે સમયથી મિથ્યાત્વની ગુણશ્રેણિ અનિવૃત્તિકરણના ચરમ સમય સુધી જ થાય છે પરંતુ તેના ઉપરના સમયોમાં થતી નથી અને અંતરકરણ ક્રિયા સમાપ્ત થયા પછીના સમયથી દ્વિતીય સ્થિતિગત મિથ્યાત્વનાં દલિકોને અસંખ્યાત ગુણાકારે ઉપશમાવતાં અંતર્મુહૂર્ત્તમાં સંપૂર્ણ ઉપશમાવે છે.

અંતરકરણ ક્રિયાનો કાળ અંતર્મુહૂર્ત્ત પ્રમાણ હોવા છતાં તે કાળ અનિવૃત્તિકરણના બાકી રહેલ સંખ્યાતમા ભાગની અપેક્ષાએ પણ ઘણો જ અલ્પ છે. માટે અંતરકરણની ક્રિયા પૂર્ણ થયા પછી પણ અંતર્મુહૂર્ત્ત પ્રમાણ અનિવૃત્તિકરણનો કાળ બાકી રહે છે. જેટલા કાળમાં એક સ્થિતિઘાત કરે છે તેટલા જ કાળમાં અંતરકરણની ક્રિયા પણ કરે છે. માટે અંતરકરણ ક્રિયાનું અંતર્મુહૂર્ત્ત આવલિકાના એક સંખ્યાતમા ભાગ જેટલું નાનું હોય તેમ લાગે છે. અંતરકરણ ક્રિયા પૂર્ણ થયા પછી અંતરકરણ થયેલ હોવાથી સત્તાગત મિથ્યાત્વની સ્થિતિના બે ભાગ થઈ જાય છે. તેમાં એક અંતર્મુહૂર્ત્ત પ્રમાણ અંતરકરણની નીચેની સ્થિતિને નાની અથવા પ્રથમ સ્થિતિ અને બીજી સત્તાગત સંપૂર્ણ સ્થિતિ પ્રમાણ અંતરકરણની ઉપરની સ્થિતિને મોટી અથવા બીજી સ્થિતિ કહેવાય છે.

અનિવૃત્તિકરણની અથવા મિથ્યાત્વની પ્રથમ સ્થિતિ બે આવલિકા પ્રમાણ બાકી રહે ત્યારે મિથ્યાત્વની ગુણશ્રેણિ બંધ પડે છે. અને આવલિકા બાકી રહે ત્યારે સ્થિતિઘાત અને રસઘાત પણ બંધ પડે છે, અર્થાત્ તે સમયથી મિથ્યાત્વના સ્થિતિઘાત અને રસઘાત થતા નથી. તેમજ મિથ્યાત્વની પ્રથમ સ્થિતિ બે આવલિકા પ્રમાણ બાકી રહે ત્યારે અંતરકરણની ઉપર રહેલ મિથ્યાત્વનાં દલિકોને ઉદીરણાના પ્રયોગથી ઉદયાવલિકામાં નાખી ઉદયાવલિકામાં રહેલ દલિકો સાથે ભોગવવા યોગ્ય કરતો નથી માટે આગાલ વિચ્છેદ થાય છે. અને પ્રથમ સ્થિતિની એક આવલિકા બાકી રહે ત્યારે ઉદીરણા પણ વિચ્છેદ થાય છે.

જ્યારે જ્યારે જે જે પ્રકૃતિઓનું અંતરકરણ થાય છે ત્યારે ત્યારે અંતરકરણ થયા પછી ઉદીરણા પ્રયોગ દ્વારા અંતરકરણની ઉપરની સ્થિતિમાંથી દલિકને ઉદયાવલિકામાં નાખી ઉદયપ્રાપ્ત દલિકોની સાથે ભોગવવા યોગ્ય કરે છે. તે ઉદીરણાનું જ પૂર્ણ પુરુષોએ આગાલ એવું વિશેષ નામ આપેલ છે.

અનિવૃત્તિકરણની સમાપ્તિની સાથે જ અંતરકરણની નીચેની મિથ્યાત્વની નાની સ્થિતિ પણ ભોગવાઈને સત્તામાંથી સંપૂર્ણ નષ્ટ થઈ જાય છે. માટે અનુવૃત્તિકરણની સમાપ્તિ પછીના પહેલા જ સમયે આત્મા અંતરકરણમાં પ્રવેશ કરે છે. અને તે અંતરકરણમાં મિથ્યાત્વનાં દલિકો ન હોવાથી ઉખરભૂમિને પ્રાપ્ત કરી જેમ દાવાનળ ઓલવાઈ જાય છે તેમ અંતરકરણરૂપ ઉખર ભૂમિને પ્રાપ્ત કરી અનાદિકાલીન મિથ્યાત્વરૂપ દાવાનળ પણ ઓલવાઈ જાય છે. તેથી અંતરકરણમાં પ્રથમ સમયે જ આત્મા પૂર્વે કોઈપણ વાર પ્રાપ્ત ન કરેલ મોક્ષરૂપી વૃક્ષના બીજ સમાન અપૂર્વ આત્મહિત સ્વરૂપ ઉપશમ સમ્યક્ત્વની પ્રાપ્તિ કરે છે. અને તે જ અંતરકરણમાં ઉપશમ સમ્યક્ત્વની સાથે કોઈક આત્મા દેશવિરતિ અથવા સર્વવિરતિ પણ પ્રાપ્ત કરે છે.

અનિવૃત્તિકરણના ચરમસમયવર્તી એટલે મિથ્યાત્વની પ્રથમ સ્થિતિના ચરમસમયવર્તી મિથ્યાદષ્ટિ અથવા ઉપશમ સમ્યક્ત્વની પ્રાપ્તિના પ્રથમ સમયે અંતરકરણની ઉપરની સ્થિતિમાં રહેલ સત્તાગત મિથ્યાત્વનાં દલિકોને રસના ભેદે ત્રણ પ્રકારે કરે છે. ત્યાં કેટલાંક દલિકોને એક સ્થાનિક અને જઘન્ય દ્વિસ્થાનિક રસવાળાં કરી શુદ્ધપુંજ રૂપ બનાવે છે અને તે સમ્યક્ત્વ મોહનીય તેમજ દેશઘાતી કહેવાય છે, કેટલાંક દલિકોને દ્વિસ્થાનિક રસવાળાં બનાવી અર્ધશુદ્ધ પુંજરૂપ કરે છે તે મિશ્ર મોહનીય અને સર્વઘાતી કહેવાય છે, અને તિ સિવાયનાં શેષ દલિકો ઉત્કૃષ્ટ દ્વિસ્થાનિક, ત્રિસ્થાનિક અને ચતુઃસ્થાનિક રસવાળા થાય છે તે અશુદ્ધપુંજ રૂપ મિથ્યાત્વ મોહનીય અને સર્વઘાતી છે.

અંતરકરણના પ્રથમ સમયથી અંતરકરણના અંતર્મુહૂર્ત્ત પ્રમાણ કાળથી સંખ્યાતમા ભાગ પ્રમાણ અંતર્મુહૂર્ત્ત સુધી દરેક સમયે મિથ્યાત્વનાં દલિકોને ગુણસંક્રમ દ્વારા સમ્યક્ત્વ મોહનીય અને મિશ્રમોહનીયમાં અનુક્રમે અસંખ્યાત ગુણાકારે સંક્રમાવે છે. ત્યાં પ્રથમસમયે સમ્યક્ત્વ મોહનીયમાં થોડાં અને મિશ્રમોહનીયમાં તેથી અસંખ્યાતગુણ સંક્રમાવે છે. પ્રથમ સમયે મિશ્રમોહનીયમાં જેટલાં સંક્રમાવે છે, તેનાથી બીજા સમયે સમ્યક્ત્વમોહનીયમાં અસંખ્યાતગુણ અને તેનાથી તે જ બીજા સમયે મિશ્રમોહનીયમાં અસંખ્યાતગુણ સંક્રમાવે છે. એમ પૂર્વ-પૂર્વના સમયે મિશ્રમોહનીયમાં જેટલાં સંક્રમાવે છે તેનાથી પછી-પછીના સમયે સમ્યક્ત્વમોહનીયમાં અને

મિશ્રમોહનીયમાં અનુક્રમે એક-એકથી અસંખ્યાતગુણ સંક્રમાવે છે. મિથ્યાત્વની જેમ મિશ્રને પણ અસંખ્યાત ગુણાકારે સમ્યક્ત્વ મોહનીયમાં સંક્રમાવે છે.

આ પ્રમાણે અંતર્મુહૂર્ત્ત સુધી ગુણસંક્રમ થાય છે, ત્યારબાદ અંતરકરણના બાકી રહેલ અંતર્મુહૂર્ત્ત પ્રમાણ શેષકાળમાં મિથ્યાત્વ અને મિશ્રમોહનીયનો વિધ્યાત સંક્રમ થાય છે. જ્યાં સુધી આ બે પ્રકૃતિઓનો ગુણસંક્રમ થાય છે ત્યાં સુધી સમયે સમયે અનંતગુણ વિશુદ્ધ પરિણામ હોવાથી મિથ્યાત્વ વિના શેષ સત્તામાં રહેલ કર્મપ્રકૃતિઓના સ્થિતિઘાત, રસઘાત અને ગુણશ્રેણિ થાય છે અને ગુણસંક્રમની સાથે સ્થિતિઘાતાદિ પણ વિચ્છેદ પામે છે.

આ અંતરકરણનો કંઈક અધિક આવલિકા પ્રમાણ કાળ બાકી રહે ત્યારે અંતરકરણની ઉપરની સ્થિતિમાંથી ત્રણેય દર્શન મોહનીયનાં દલિકો ઉતારી અંતરકરણની અંદર છેલ્લી એક આવલિકા જેટલા કાળમાં પ્રથમ સમયે ઘણાં અને પછી-પછીના સમયે વિશેષ હીન-હીન દલિકો ગોઠવે છે. અને અધ્યવસાયાનુસારે ત્રણમાંથી કોઈપણ પુંજનો ઉદય કરે છે, તેથી જો સમ્યક્ત્વમોહનીયનો ઉદય થાય તો ક્ષાયોપશમિક સમ્યક્ત્વી, મિશ્રમોહનીયનો ઉદય થાય તો મિશ્રદૃષ્ટિ અને મિથ્યાત્વ મોહનીયનો ઉદય થાય તો આત્મા મિથ્યાદૃષ્ટિ થાય છે, પરંતુ અંતરકરણનો જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી છ આવલિકા પ્રમાણ કાળ બાકી રહે ત્યારે કોઈક બીકણ આત્માને અનંતાનુબંધીનો ઉદય થાય તો તે આત્મા સાસ્વાદન સમ્યક્ત્વ પામી અંતરકરણનો જેટલો કાળ બાકી રહે તેટલા કાળ સુધી સાસ્વાદન ભાવમાં રહી પછી અવશ્ય મિથ્યાત્વ ગુણસ્થાને જાય છે.

અંતરકરણમાં જે આત્માને અનંતાનુબંધીનો ઉદય થાય છે તે આત્મા અંતરકરણનો કંઈક અધિક આવલિકા કાળ બાકી રહે ત્યારે અંતરકરણની ઉપરની સ્થિતિમાંથી દલિકો અંતરકરણમાં લાવી આવલિકા પ્રમાણ કાળમાં ગોઠવતો નથી, કારણ કે અંતરકરણની અંદર કોઈ પુંજનો ઉદય થવાનો નથી. અને અંતરકરણ પૂર્ણ થયા પછી ત્રણે પુંજ તૈયાર હોવાથી તેમાંથી મિથ્યાત્વનો જ ઉદય થાય છે. આ અંતરકરણનો કાળ મિથ્યાત્વની પ્રથમ સ્થિતિના અંતર્મુહૂર્ત્ત પ્રમાણ કાળથી ઘણો વધારે હોય છે.

ચારિત્રમોહનીય ઉપશમના અધિકાર

સંક્લિષ્ટ પરિણામનો ત્યાગ કરી, અનંતગુણ વિશુદ્ધિમાં વર્તમાન, ચોથાથી સાતમા સુધીના ચારમાંથી કોઈપણ ગુણસ્થાનમાં રહેલ ક્ષયોપશમ સમ્યક્ત્વી ચારિત્ર મોહનીયને ઉપશમાવવાનો પ્રયત્ન કરે છે, ત્યાં ચારિત્રમોહનીયનો ઉપશમ નવમા અને દશમા ગુણસ્થાનકે જ થાય છે. તેથી ચારિત્રમોહનીયની ઉપશમનાનો પ્રયત્ન કરતો આત્મા દેશવિરતિ પ્રાપ્ત કરીને અથવા કર્યા વિના પરંતુ સર્વવિરતિ પ્રાપ્ત કર્યા પછી જ નવમા અને દશમા ગુણઠાણે જઈ ચારિત્રમોહનીયનો ઉપશમ કરે છે. માટે પ્રથમ આત્મા દેશવિરતિનો લાભ કઈ રીતે પ્રાપ્ત કરે છે તે બતાવે છે.

ત્યાં પ્રથમ દેશવિરતિ અને સર્વવિરતિનું સ્વરૂપ આ પ્રમાણે છે. જિનેશ્વર ભગવંતે કહેલ જીવાદિ નવતત્ત્વની યથાર્થ શ્રદ્ધા કરવી તે જાણવું, જિનેશ્વર ભગવંતે કહેલ વિધિમુજબ દેવગુરુ

વગેરેની સાક્ષીએ વ્રતોનો સ્વીકાર કરવો તે ગ્રહણ કરવું અથવા આદરવું અને ગ્રહણ કરેલ વ્રતોને શ્રદ્ધાપૂર્વક યથાર્થ રીતે પાળવાં તે પાલન કરવું કહેવાય છે.

જાણવું, આદરવું અને પાલન કરવું આ ત્રણ પદોના આઠ ભાંગા થાય છે.

(૧) વ્રતોને યથાર્થ જાણે નહિ,	આદરે નહિ	અને પાળે નહિ.
(૨) વ્રતોને યથાર્થ જાણે નહિ,	આદરે નહિ	પણ પાળે.
(૩) વ્રતોને યથાર્થ જાણે નહિ,	આદરે	પણ પાળે નહિ.
(૪) વ્રતોને યથાર્થ જાણે નહિ,	પણ આદરે	અને પાળે.
(૫) વ્રતોને યથાર્થ જાણે	પણ ન આદરે,	ન પાળે.
(૬) વ્રતોને યથાર્થ જાણે	પણ ન આદરે,	પણ પાળે.
(૭) વ્રતોને યથાર્થ જાણે	આદરે	પણ ન પાળે.
(૮) વ્રતોને યથાર્થ જાણે	આદરે	અને પાળે.

આમાંના પ્રથમના ચાર ભાંગામાં વર્તમાન આત્માને યથાર્થ શ્રદ્ધા જ ન હોવાથી મિથ્યાદૃષ્ટિ કહેવાય છે. પછીના ત્રણ ભાંગામાં વર્તમાન આત્મા અવિરત સમ્યગ્દૃષ્ટિ કહેવાય છે. અને છેલ્લા ભાંગામાં રહેલ આત્મા દેશવિરતિ અથવા સર્વવિરત કહેવાય છે.

ત્યાં પાંચમાંથી કોઈપણ એક અણુવ્રત ઉચ્ચરે જઘન્ય, બે-ત્રણ યાવત્ પાંચેય અણુવ્રત ઉચ્ચરે તે મધ્યમ અને સંવાસાનુમતિ વર્જી સર્વ પાપવ્યાપારનો ત્યાગ કરે તે ઉત્કૃષ્ટ દેશવિરત કહેવાય છે. અહીં પ્રતિસેવના, પ્રતિશ્રવણા અને સંવાસા એમ અનુમતિ ત્રણ પ્રકારે છે.

પોતે અથવા પુત્રાદિકે કરેલાં પાપોની અનુમોદના કરે અને પાપવ્યાપારથી તૈયાર થયેલ ભોજનાદિનો ઉપભોગ કરે ત્યારે પ્રતિસેવનાનુમતિ દોષ લાગે છે. માત્ર પુત્રાદિકે કરેલ પાપોને સાંભળે અને સંભાળીને અનુમોદના કરે પરંતુ નિષેધ કરે નહિ ત્યારે પ્રતિશ્રવણાનુમતિ દોષ લાગે છે. અને જ્યારે પુત્રાદિકે કરેલ પાપોને સાંભળતો નથી તેમજ અનુમોદન પણ કરતો નથી. માત્ર પાપવ્યાપાર કરનાર પુત્રાદિ કુટુંબીજનોમાં પોતાનું મમત્વ હોય ત્યારે સંવાસાનુમતિ દોષ લાગે છે. જ્યારે તે સંવાસાનુમતિનો પણ ત્યાગ કરે છે ત્યારે આત્મા સર્વવિરત કહેવાય છે.

અહીં દેશવિરતિ પ્રાપ્ત કરનાર અવિરત સમ્યગ્દૃષ્ટિ અને સર્વવિરતિ પ્રાપ્ત કરનાર અવિરત સમ્યગ્દૃષ્ટિ અથવા દેશવિરત આ બેમાંથી કોઈપણ હોય છે. ત્યાં દેશવિરતિ અને સર્વવિરતિ પ્રાપ્ત કરવા માટે યથાપ્રવૃત્ત અને અપૂર્વકરણ આ બે કરણો કરે છે. કરણકાળના અંતર્મુહૂર્તની પહેલાં પણ પ્રતિસમયે અનંતગુણ વિશુધ્યમાન પરિણામી વગેરે ઉપશમ સમ્યક્ત્વની પ્રાપ્તિમાં ત્રણ કરણની પહેલાં બતાવેલ બધી જ યોગ્યતાવાળો હોય છે. અને તે પ્રમાણે અંતર્મુહૂર્ત કાળ સુધી રહી પૂર્વે બતાવેલ સ્વરૂપવાળાં યથાપ્રવૃત્ત અને અપૂર્વકરણ કરે છે પરંતુ અહીં અપૂર્વકરણમાં ગુણશ્રેણિ કરતો નથી. આટલી વિશેષતા છે.

મોહનીયકર્મની કોઈપણ પ્રકૃતિનો સર્વથા ક્ષય અથવા ઉપશમ કરવાનો હોય છે ત્યારે

ત્રીજું અનિવૃત્તિકરણ પણ થાય છે પરંતુ આ બે ગુણ પ્રાપ્ત કરતાં મોહનીયકર્મની કોઈપણ પ્રકૃતિનો સર્વથા ક્ષય અથવા ઉપશમ થતો નથી પરંતુ દેશવિરતિ પ્રાપ્ત કરતાં અપ્રત્યાખ્યાનાવરણ કષાયનો અને સર્વવિરતિ પ્રાપ્ત કરતાં પ્રત્યાખ્યાનાવરણ કષાયનો ક્ષયોપશમ થાય છે. માટે ત્રીજું અનિવૃત્તિકરણ થતું નથી. પરંતુ અપૂર્વકરણની સમાપ્તિ પછીના પહેલા જ સમયે આત્મા દેશવિરતિ અથવા સર્વવિરતિ પ્રાપ્ત કરે છે.

જે સમયે આ બે ગુણ પ્રાપ્ત કરે છે તે સમયથી ઉદયાવલિકા ઉપરના પ્રથમ સમયથી ગુણશ્રેણિ કરે છે. વળી ગુણપ્રાપ્તિના સમયથી અંતર્મુહૂર્ત્ત કાળ સુધી અવશ્ય વર્ધમાન પરિણામવાળો હોવાથી પૂર્વ-પૂર્વના સમયથી પછી-પછીના ઉત્તરોત્તરસમયે ઉપરથી અસંખ્યાતગુણ દલિકો ઉતારી અંતર્મુહૂર્ત્તકાળ સુધીમાં અસંખ્યાતગુણાકારે ગોઠવે છે.

ત્યારબાદ ગુણપ્રાપ્તિના સમયની અપેક્ષાએ અથવા જે સમયે ગુણશ્રેણિનો વિચાર કરીએ તેના પૂર્વ સમયની અપેક્ષાએ કોઈક જીવને વર્ધમાન, કોઈક જીવને અવસ્થિત અર્થાત્ તેવા ને તેવા અને કોઈક જીવને હીયમાન અર્થાત્ ઊતરતા પરિણામ પણ હોય છે માટે ગુણશ્રેણિ પણ સમાન થતી નથી. પરંતુ વર્ધમાન પરિણામ હોય તો પરિણામના અનુસારે ઉપરથી પ્રતિસમયે અસંખ્યાતભાગ અધિક, સંખ્યાતભાગ અધિક, સંખ્યાતગુણ અધિક અથવા અસંખ્યાતગુણ અધિક દલિકો ઉતારે છે. જો અવસ્થિત પરિણામ હોય તો ઉપરથી દરેક સમયે સમાન દલિકો ઉતારે છે અને જો હીનમાન પરિણામ હોય તો પૂર્વ-પૂર્વના સમયની અપેક્ષાએ પછી-પછીના સમયે પરિણામના અનુસારે ઉપરથી અસંખ્યાતભાગહીન, સંખ્યાતભાગહીન, સંખ્યાતગુણહીન અથવા અસંખ્યાતગુણહીન દલિકો ઉતારે છે.

જે સમયે ઉતારે છે, તે જ સમયે અનુદયવતી પ્રકૃતિઓની ઉદયાવલિકાની ઉપર પ્રથમ સમયથી અને રસોદયવતી પ્રકૃતિઓમાં ઉદય સમયથી અંતર્મુહૂર્ત્તકાળ સુધીનાં સ્થાનોમાં અનુક્રમે અસંખ્યાત ગુણાકારે ગોઠવે છે. એમ જ્યાં સુધી દેશવિરતિ અથવા સર્વવિરતિ રહે ત્યાં સુધી ગુણશ્રેણિ પણ ચાલુ રહે છે. અને સર્વત્ર અંતર્મુહૂર્ત્તકાળ સુધીનાં સમાન સ્થાનોમાં દલિક રચના થાય છે.

ઈરાદાપૂર્વક વ્રતોનો ભંગ નિષ્ઠુર પરિણામ વિના થતો નથી, એથી જો જાણીબૂઝીને વ્રતોનો ભંગ કરી આ બે ગુણોથી આત્મા નીચે ઊતરે તો પુનઃ યથાપ્રવૃત્તકરણ અને અપૂર્વકરણ કરીને જ આ બે ગુણો પ્રાપ્ત કરી શકે છે. પરંતુ ઈરાદા વિના પ્રબળ મોહનીયકર્મના ઉદયથી જે આત્માઓ નીચેનાં ગુણસ્થાનકોમાં જાય છે તેઓને તેવા નિષ્ઠુર પરિણામ ન હોવાથી આ બે કરણ કર્યા વિના પણ પુનઃ દેશવિરતિ અથવા સર્વવિરતિ પ્રાપ્ત થઈ શકે છે.

અનંતાનુબંધિની વિસંયોજના

ઉપશમશ્રેણિ કરનાર જીવોને આ ગ્રંથકાર તેમજ કર્મપ્રકૃતિકાર વગેરે આચાર્યોના મતે પ્રથમ અનંતાનુબંધિની વિસંયોજના જ થાય છે પરંતુ ઉપશમના થતી નથી, માટે ચારિત્રમોહનીયની ઉપશમનાનું સ્વરૂપ કહેતાં પહેલાં અનંતાનુબંધિની વિસંયોજના કયા આત્માઓ કઈ રીતે કરે છે તે બતાવે છે.

ચારે ગતિમાં રહેલ સર્વ પર્યાપ્તિએ પર્યાપ્ત સંજ્ઞીપંચેન્દ્રિય ક્ષયોપશમ સમ્યક્ત્વી યથાસંભવ ચોથાથી સાતમા ગુણસ્થાનક સુધીના જીવો ઉપશમ સમ્યક્ત્વની પ્રાપ્તિમાં બતાવેલ યથાપ્રવૃત્તકરણ, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ કરે છે તેમાં ત્રણે કરણોનું સ્વરૂપ પૂર્વે બતાવેલ છે. તેમ અહીં પણ સમજવું. પરંતુ અહીં અનંતાનુબંધિનો બંધ ન હોવાથી અપૂર્વકરણના પ્રથમ સમયથી અનંતાનુબંધિ ચારે કષાયોનો ઉદ્વલનાનુવિદ્ધ ગુણસંક્રમ શરૂ થાય છે. તેથી બધ્યમાન શેષ મોહનીય કર્મની પ્રકૃતિઓમાં પ્રતિસમયે અસંખ્યાત ગુણાકારે અનંતાનુબંધિનાં દલિકોનો સંક્રમ થાય છે અને અનંતાનુબંધિનો ઉપશમ કરવાનો ન હોવાથી તેનું અંતરકરણ થતું નથી તેમજ અંતરકરણના અભાવે અંતરકરણની નીચેની અને ઉપરની એમ બે સ્થિતિઓ પણ થતી નથી, પરંતુ અનિવૃત્તિકરણના કાળનો એક સંખ્યાતમો ભાગ રહે ત્યારે નીચે એક ઉદયાવલિકા છોડી તે સિવાય સંપૂર્ણ અનંતાનુબંધિનો ક્ષય થઈ જાય છે. અને શેષ રહેલ ઉદયાવલિકાને પણ સ્તિબુક સંક્રમ દ્વારા વેદ્યમાન મોહનીયકર્મની પ્રકૃતિમાં સંક્રમાવી અનંતાનુબંધિની સત્તારહિત થાય છે.

તે પછી અંતર્મુહૂર્ત્ત બાદ અનિવૃત્તિકરણના અંતે શેષ કર્મોના પણ સ્થિતિઘાત, રસઘાત તેમજ ગુણશ્રેણિ બંધ પડે છે. તેથી આત્મા સ્વભાવસ્થ થાય છે.

અનંતાનુબંધિનો ઉપશમ કરીને પણ ઉપશમ શ્રેણિ થઈ શકે છે એમ જે આચાર્ય મ. સાહેબો માને છે, તેઓને મતે અનંતાનુબંધિની ઉપશમનાનું સ્વરૂપ બતાવવામાં આવે છે.

ક્ષયોપશમ સમ્યક્ત્વી ચોથાથી સાતમા સુધીના ચારમાંથી કોઈપણ ગુણસ્થાનકમાં વર્તમાન મનુષ્ય ઉપશમ સમ્યક્ત્વની પ્રાપ્તિના અધિકારમાં બતાવ્યા મુજબ કરણ કાળ પહેલાં અંતર્મુહૂર્ત્ત સુધી યોગ્યતાઓ પ્રાપ્ત કર્યા પછી યથાપ્રવૃત્તાદિ ત્રણ કરણો કરે છે, પરંતુ અહીં અનંતાનુબંધિનો બંધ ન હોવાથી અપૂર્વકરણના પ્રથમ સમયથી તે ગુણસંક્રમ પણ થાય છે.

તેમજ અનિવૃત્તિકરણના સંખ્યાતાભાગ જાય અને એક ભાગ બાકી રહે ત્યારે અનંતાનુબંધિનો ઉદય ન હોવાથી એક ઉદયાવલિકા પ્રમાણ સ્થિતિ રાખીને તેની ઉપર એક સ્થિતિબંધના કાળ પ્રમાણ અંતર્મુહૂર્ત્તકાળમાં અંતર્મુહૂર્ત્ત પ્રમાણ જગ્યામાંથી અનંતાનુબંધિનાં દલિકો દૂર કરવાની ક્રિયા કરે છે. અર્થાત્ અંતર્મુહૂર્તમાં ભોગવવા યોગ્ય અનંતાનુબંધિનાં દલિકો ત્યાંથી લઈ બધ્યમાન સ્વજાતીય પ્રકૃતિઓમાં સંક્રમાવે છે, અને તેટલી જગ્યા દલિક વિનાની કરે છે. તેમજ ઉદયાવલિકા પ્રમાણ પ્રથમ સ્થિતિનો વેદ્યમાન પ્રકૃતિઓમાં સ્તિબુક સંક્રમ દ્વારા સંક્રમાવી સત્તામાંથી ક્ષય કરે છે.

જે સમયે અંતરકરણની ક્રિયા પૂર્ણ થાય છે, તેના પછીના સમયથી દ્વિતીય સ્થિતિમાં રહેલ સત્તાગત અનંતાનુબંધિનાં દલિકોને દરેક સમયે અસંખ્યાતગુણ ઉપશમાવતાં અંતર્મુહૂર્ત્તકાળમાં સંપૂર્ણ ઉપશાંત કરે છે. તેથી અંતર્મુહૂર્ત્ત પ્રમાણ ઉપશાંતપણાના કાળમાં સંક્રમણ, ઉદ્વર્ત્તના, અપવર્ત્તના, ઉદીરણા, નિધત્તિ અને નિકાચના આ છમાંથી કોઈપણ કરણો લાગતાં નથી, તેમજ પ્રદેશોદય કે રસોદય પણ થતો નથી.

દર્શનત્રિક ક્ષપણા અધિકાર

જેમ દર્શનત્રિકની ઉપશમના કરી ઉપશમ સમ્યક્ત્વી ઉપશમશ્રેણિ કરે છે, તેમ દર્શનત્રિકનો ક્ષય કરી ક્ષાયિક સમ્યક્ત્વી પણ ઉપશમશ્રેણિ કરે છે. માટે અહીં દર્શનત્રિકની ક્ષપણાનો અધિકાર પ્રસ્તુત છે. ત્યાં આ કાળ અને આ ક્ષેત્ર આશ્રયી શ્રીઋષભદેવ ભગવાનના કેવલજ્ઞાનોત્પત્તિના સમયથી જંબૂસ્વામીના કેવલજ્ઞાનોત્પત્તિ સુધીના કાળમાં અને સામાન્યથી સર્વ ક્ષેત્રોને આશ્રયી વિચારીએ તો જે કાળમાં કેવલજ્ઞાન ઉત્પન્ન થઈ શકે તે કાળમાં પ્રથમ સંઘયણી, ઓછામાં ઓછી આઠ વર્ષની વયવાળા, ચોથાથી સાતમા સુધીના કોઈપણ ગુણસ્થાનકવર્તી ક્ષયોપશમસમ્યક્ત્વી મનુષ્યો યથાપ્રવૃત્તાદિ ત્રણ કરણો કરી દર્શનત્રિકનો ક્ષય કરી શકે છે.

સામાન્યથી કરણોનું સ્વરૂપ ઉપશમસમ્યક્ત્વની પ્રાપ્તિમાં જેમ બતાવવામાં આવેલ છે તેમ અહીં પણ સમજવું, પરંતુ અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણમાં જે વિશેષતાઓ છે, તે હવે બતાવવામાં આવે છે:

પ્રથમ ગુણઠાણે વિશુદ્ધિ અલ્પ હોવાથી જેટલા કાળમાં અને જેટલા પ્રમાણમાં સ્થિતિઘાતાદિ થતા હતા તેના કરતાં અહીં અનંતગુણ વિશુદ્ધિ હોવાથી નાના અંતર્મુહૂર્તમાં અને મોટા પ્રમાણમાં સ્થિતિઘાતાદિ કરે છે. તેમજ અપૂર્વકરણના પ્રથમ સમયથી મિથ્યાત્વ અને મિશ્રમોહનીયનો ઉદ્વલના સંક્રમ તથા ગુણસંક્રમ થાય છે. પરંતુ દર્શન મોહનીય અને ચારિત્રમોહનીયનો પરસ્પર સંક્રમ થતો ન હોવાથી સમ્યક્ત્વમોહનીયનો કેવલ ઉદ્વલના સંક્રમ પ્રવર્ત્તે છે. અને સ્થિતિઘાતથી ઉપરથી ઉતારેલ દલિકોને સમ્યક્ત્વ મોહનીયમાં જ ઉદયાવલિકાના પ્રથમ સમયથી ગુણશ્રેણિના પર્યન્તભાગ સુધી અસંખ્યાત ગુણાકારે અને પછી વિશેષ હીન-હીન ગોઠવે છે. એમ અપૂર્વકરણમાં સ્થિતિઘાતાદિ પાંચ પદાર્થો પ્રવર્ત્તે છે. તેથી અપૂર્વકરણના પ્રથમ સમયે આયુષ્ય વિના શેષ કર્મોની જેટલી સ્થિતિસત્તા અને જેટલો નવીન સ્થિતિબંધ હોય છે તેની અપેક્ષાએ આ કરણના ચરમ સમયે સંખ્યાત ગુણહીન અર્થાત્ સંખ્યાતભાગ પ્રમાણ સ્થિતિસત્તા અને નવીન સ્થિતિબંધ હોય છે.

એ જ પ્રમાણે અનિવૃત્તિકરણમાં પણ સ્થિતિઘાતાદિ પાંચે પદાર્થો પ્રવર્ત્તે છે પરંતુ આ કરણથી દર્શનત્રિકનો સંપૂર્ણ ક્ષય કરવાનો હોવાથી આ ત્રણે પ્રકૃતિઓના સ્થિતિઘાતાદિ ઘણા મોટા પ્રમાણમાં થાય છે. તેમજ અનિવૃત્તિકરણના પ્રથમ સમયથી દર્શનત્રિકમાં દેશોપશમના નિદ્ધત્તિ અને નિકાચના આ ત્રણમાંથી કોઈપણ કરણો લાગતાં નથી અર્થાત્ દર્શનત્રિકનાં સત્તાગત દલિકોમાં આ કરણના પ્રથમ સમયથી દેશોપશમના, નિદ્ધત્તિ તેમજ નિકાચના થતી નથી.

આ કરણમાં ઘણા હજારો સ્થિતિઘાત વ્યતીત થયા પછી અસંજ્ઞીપંચેન્દ્રિયની સ્થિતિસત્તા જેટલી દર્શનત્રિકની સ્થિતિસત્તા રહે છે, ત્યાર પછી પુનઃ હજારો સ્થિતિઘાત થયા બાદ ચતુરિન્દ્રિય જીવોને જેટલી સ્થિતિસત્તા હોય છે તેટલી સ્થિતિસત્તા રહે છે. ત્યારબાદ પુનઃ હજારો સ્થિતિઘાત ગયા બાદ ત્રીન્દ્રિયોને, પુનઃ હજારો સ્થિતિઘાત ગયા પછી બેઇન્દ્રિયોને અને ત્યારબાદ હજારો સ્થિતિઘાત વ્યતીત થયા પછી એકેન્દ્રિયોને જેટલી સ્થિતિસત્તા હોય છે તેટલી દર્શનત્રિકની સ્થિતિસત્તા રહે છે. ત્યારબાદ પુનઃ હજારો સ્થિતિઘાત ગયા પછી પલ્યોપમના સંખ્યાતમા ભાગ

પ્રમાણ દર્શનત્રિકની સ્થિતિસત્તા રહે છે.

ત્યારપછી દર્શનત્રિકની જેટલી સ્થિતિસત્તા છે તેના સંખ્યાતા ભાગ કરી એક સંખ્યાતમો ભાગ બાકી રાખી શેષ સંખ્યાતમાભાગોનો નાશ કરે છે. પુનઃ બાકી રહેલ સંખ્યાતમાભાગના સંખ્યાતા ભાગો કરી એક સંખ્યાતમો ભાગ રાખી શેષ સઘળા સંખ્યાતા ભાગોનો નાશ કરે છે. એમ બાકી રહેલ સંખ્યાતમા ભાગના હજારો વાર સંખ્યાતા-સંખ્યાતા ભાગો કરી એક એક સંખ્યાતમો ભાગ રાખી શેષ સઘળા સંખ્યાતા ભાગોનો નાશ કરે છે.

એ પ્રમાણે હજારો સ્થિતિઘાત ગયા પછી મિથ્યાત્વમોહનીયની જે સ્થિતિસત્તા છે તેની અસંખ્યાતા ભાગ કરી તેમાંથી એક અસંખ્યાતમો ભાગ રાખી શેષ સઘળા અસંખ્યાતા ભાગોનો નાશ કરે છે. પુનઃ શેષ રહેલ એક અસંખ્યાતમા ભાગના અસંખ્યાત ભાગ કરી એક અસંખ્યાતમો ભાગ રાખી શેષ સઘળા અસંખ્યાતા ભાગોનો નાશ કરે છે. એ પ્રમાણે શેષ રહેલ મિથ્યાત્વના એક એક અસંખ્યાતમા ભાગના અસંખ્યાતા-અસંખ્યાતાભાગો કરી એક-એક અસંખ્યાતમો ભાગ બાકી રાખી શેષ બધા અસંખ્યાત ભાગોનો નાશ કરે છે. એ રીતે ઘણા સ્થિતિઘાતો થવાથી મિથ્યાત્વની સ્થિતિ માત્ર એક ઉદયાવલિકા પ્રમાણ રહે છે, અને શેષ સઘળી નાશ થઈ જાય છે.

જે સમયથી સત્તાગત મિથ્યાત્વની સ્થિતિના અસંખ્યાતમો ભાગો કરી એક અસંખ્યાતમો ભાગ રાખી અસંખ્યાતા-અસંખ્યાતા ભાગોનો નાશ કરવાની શરૂઆત કરી છે તે સમયથી મિશ્ર અને સમ્યક્ત્વમોહનીયના સત્તાગત સ્થિતિના સંખ્યાતા ભાગ કરી એક એક સંખ્યાતમો ભાગ રાખી શેષ સઘળા સંખ્યાતાભાગોનો નાશ કરે છે. એમ મિશ્ર તથા સમ્યક્ત્વમોહનીયના પણ ઘણા સ્થિતિઘાતો વ્યતીત થાય છે અને જ્યારે મિથ્યાત્વની સ્થિતિ ઉદયાવલિકા પ્રમાણ રહે છે ત્યારે મિશ્ર તથા સમ્યક્ત્વમોહનીયની પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિસત્તા રહે છે.

દ્વિચરમ સ્થિતિખંડ સુધી સ્થિતિઘાતથી ઉતારેલ મિથ્યાત્વનાં દલિકોને નીચે સ્વમાં અને મિશ્ર તેમજ સમ્યક્ત્વમાં તથા મિશ્રમોહનીયના સ્થિતિઘાતથી ઉતારેલ દલિકોને સ્વમાં અને સમ્યક્ત્વમાં નાખે છે તેમજ ચરમ સ્થિતિઘાતથી ઉતારેલ મિથ્યાત્વનાં દલિકોને મિશ્ર તથા સમ્યક્ત્વ મોહનીયમાં અને મિશ્રમોહનીયનાં દલિકોને સમ્યક્ત્વમોહનીયમાં નાખે છે. તેમજ સમ્યક્ત્વ મોહનીયનાં દલિકોને પોતાના ઉદયસમયથી ગુણશ્રેણિના ક્રમે ગોઠવે છે.

મિથ્યાત્વની ઉદયાવલિકાને સ્તિબુકસંક્રમથી સમ્યક્ત્વમોહનીયમાં સંક્રમાવી ભોગવી મિથ્યાત્વની સ્થિતિનો સંપૂર્ણ નાશ કરે છે.

જે સમયે મિથ્યાત્વમોહનીય માત્ર ઉદયાવલિકા જેટલી સ્થિતિ રહે છે, તે સમયથી સત્તાગત મિશ્ર અને સમ્યક્ત્વમોહનીયની સ્થિતિના અસંખ્યાતા ભાગો કરી એક અસંખ્યાતમો ભાગ રાખી શેષ સઘળા અસંખ્યાતા ભાગોનો નાશ કરે છે. બાકી રહેલ એક અસંખ્યાતમા ભાગના પુનઃ અસંખ્યાતા ભાગો કરી એક અસંખ્યાતમો ભાગ રાખી શેષ સઘળા અસંખ્યાત ભાગોનો નાશ કરે છે. એમ બાકી રહેલ અસંખ્યાતમા ભાગના વારંવાર અસંખ્યાતા ભાગો કરી એક એક અસંખ્યાતમો ભાગ રાખી શેષ અસંખ્યાતા ભાગોનો નાશ કરી-કરી ઘણા સ્થિતિઘાતો

થયા બાદ મિશ્રમોહનીયની સ્થિતિસત્તા ઉદયાવલિકા પ્રમાણ રાખે છે. અને તે ઉદયાવલિકાને પણ સ્તિબુકસંક્રમથી સમ્યક્ત્વમોહનીયમાં સંક્રમાવી સત્તામાંથી દૂર કરે છે.

જે વખતે મિશ્રમોહનીયની ઉદયાવલિકા બાકી રહે છે તે વખતે સમ્યક્ત્વમોહનીયની સ્થિતિસત્તા આઠ વરસ પ્રમાણ રહે છે તે સમયથી તે આત્માના વિઘ્નરૂપ સર્વઘાતી મિથ્યાત્વ અને મિશ્રનો સર્વથા ક્ષય થયેલ છે. અને સમ્યક્ત્વમોહનીયનો પણ અંતર્મુહૂર્તમાં અવશ્ય ક્ષય થવાનો હોવાથી નિશ્ચયનયના મતે તે આત્મા દર્શનમોહનો ક્ષપક કહેવાય છે. જે સમયે સમ્યક્ત્વ-મોહનીયની આઠ વર્ષ પ્રમાણ સ્થિતિસત્તા રહે છે તે સમયથી સમ્યક્ત્વમોહનીયના દ્વિચરમ સ્થિતિખંડ સુધી અંતર્મુહૂર્તમાં અંતર્મુહૂર્ત-અંતર્મુહૂર્ત પ્રમાણવાળા અનેક સ્થિતિખંડો ઉકેરી ઉકેરી નાશ કરે છે.

આ દરેક સ્થિતિખંડો અંતર્મુહૂર્ત પ્રમાણવાળા હોવા છતાં અંતર્મુહૂર્તના અસંખ્યાત પ્રકારો હોવાથી પહેલા સ્થિતિખંડ કરતાં બીજો સ્થિતિખંડ અસંખ્યાતગુણ મોટા અંતર્મુહૂર્ત પ્રમાણ હોય છે. તેનાથી પણ ત્રીજો સ્થિતિખંડ અસંખ્યાતગુણ મોટા અંતર્મુહૂર્તપ્રમાણ હોય છે. એમ દ્વિચરમ સ્થિતિખંડ સુધી સઘળા સ્થિતિખંડો પૂર્વ-પૂર્વના સ્થિતિખંડ કરતાં અસંખ્યાતગુણ મોટા મોટા અંતર્મુહૂર્ત પ્રમાણવાળા હોય છે. આ પ્રમાણે આ ગ્રંથની ટીકા તેમજ કર્મપ્રકૃતિની ઉપાધ્યાયજી કૃત ટીકામાં બતાવેલ છે. પરંતુ કર્મપ્રકૃતિની ચૂર્ણિ તથા પૂ. મલયગિરિજી કૃત ટીકામાં અસંખ્યાતગુણ મોટા મોટા બતાવેલ નથી પરંતુ સામાન્યથી અંતર્મુહૂર્ત પ્રમાણ બતાવેલ છે.

દરેક સ્થિતિખંડનાં દલિકોને નીચે ઉતારી ઉદયસમયથી ગુણશ્રેણિના ચરમસમય સુધી પૂર્વ-પૂર્વના સમયથી ઉત્તરોત્તર પછી-પછીના સમયમાં અસંખ્યાતગુણાકારે ગોઠવે છે. અને *ગુણશ્રેણિના ચરમસમય ઉપરના પ્રથમ સમયથી જે સ્થિતિખંડનો ઘાત કરે છે તેની નીચેના* ચરમસ્થિતિ સ્થાન સુધી વિશેષ હીન-હીન ગોઠવે છે પરંતુ જે સ્થિતિખંડનો ઘાત કરે છે તે સ્થિતિસ્થાનોમાં ગોઠવતો નથી.

દ્વિચરમ સ્થિતિખંડથી ચરમસ્થિતિખંડ સંખ્યાતગુણ મોટો હોય છે અને ચરમસ્થિતિખંડની સાથે ગુણશ્રેણિનો પણ મસ્તક બાજુનો છેલ્લો સંખ્યાતમો ભાગ ખંડાઈ જાય છે, અર્થાત્ નાશ થઈ જાય છે. ગુણશ્રેણિના ખંડાતા છેલ્લા સંખ્યાતમા ભાગ કરતાં પણ ચરમસ્થિતિખંડ સંખ્યાતગુણ મોટો છે. ચરમસ્થિતિખંડનાં દલિકોને ત્યાંથી ઉતારી તેની સાથે અર્થાત્ ચરમ સ્થિતિખંડની સાથે જે ગુણશ્રેણિનો ભાગ ખંડાતો નથી તે ભાગના ચરમ સમય સુધી ઉદય સમયથી લઈને અસંખ્યાત ગુણાકારે ગોઠવે છે. એ પ્રમાણે ચરમસ્થિતિખંડનો પણ નાશ કરે છે. અને આ ચરમસ્થિતિખંડનો નાશ થાય ત્યારે ક્ષપક કૃતકરણ કહેવાય છે. અર્થાત્ દર્શનત્રિકની ક્ષપણા માટે શરૂ કરેલ યથાપ્રવૃત્તાદિ ત્રણ કરણરૂપ ક્રિયાઓ સમાપ્ત થઈ છે જેને—એવો કહેવાય છે.

અનિવૃત્તિકરણમાં ચરમસ્થિતિખંડનો નાશ થયા પછી સમ્યક્ત્વમોહનીયનો જે થોડો ભાગ હજુ સત્તામાં છે, તેટલો ભાગ સત્તામાં હોય અને જો બદ્ધાયુ હોય તો અનિવૃત્તિકરણ પૂર્ણ થતાંની સાથે આયુષ્ય પૂર્ણ થઈ જાય તો કાળ કરી ચારમાંથી કોઈપણ ગતિમાં જઈ સત્તામાં બાકી રહેલ સમ્યક્ત્વમોહનીયનો શેષ ભાગ ઉદય-ઉદીરણાથી ભોગવી ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે. તેમજ

પૂર્વે કૃતકરણ સુધી શુક્લલેશ્યાવાળો હતો પરંતુ ત્યારબાદ પરિણામના અનુસારે કોઈપણ લેશ્યાવાળો થાય છે. માટે જ ક્ષાયિક સમ્યક્ત્વ પામવાની શરૂઆત કરનાર મનુષ્ય જ હોય છે પરંતુ ક્ષાયિકસમ્યક્ત્વની ઉત્પત્તિ ચારે ગતિમાં થાય છે, એમ કહેલ છે.

આયુષ્ય ન બાંધેલ, અથવા વૈમાનિકદેવનું, પ્રથમ ત્રણ નરકનું તેમજ યુગલિક મનુષ્યતિર્યંચનું આયુષ્ય બાંધેલ ક્ષાયિકસમ્યક્ત્વ પામી શકે છે પરંતુ ભવનપતિ વગેરે ત્રણ નિકાયનું, ચોથી વગેરે નરકનું તેમજ સંખ્યાતવર્ષનું મનુષ્ય-તિર્યંચનું આયુષ્ય બાંધેલ જીવો ક્ષાયિક સમ્યક્ત્વ પામી શકતા નથી.

હવે જો અબદ્ધાયુ ક્ષાયિક સમ્યક્ત્વ પામે તો દર્શનત્રિકનો ક્ષય કર્યા પછી અંતર્મુહૂર્ત્તમાં જ ક્ષપકશ્રેણિ કરી કેવલજ્ઞાન પ્રાપ્ત કરે છે તેથી તે ચરમશરીરી હોય છે, અને દેવાયુષ્ય બાંધ્યા પછી ક્ષાયિકસમ્યક્ત્વ પામનાર દર્શનત્રિકનો ક્ષય કર્યા બાદ ઉપશમશ્રેણિ કરી શકે છે, પરંતુ શેષ આયુષ્ય બાંધ્યા પછી જો ક્ષાયિકસમ્યક્ત્વ પામે તો તે જીવો ઉપશમશ્રેણિ પણ કરી શકતા નથી.

દેવ અથવા નરક આયુષ્ય બાંધ્યા પછી ક્ષાયિકસમ્યક્ત્વ પ્રાપ્ત કરે તો જે ભવમાં ક્ષાયિકસમ્યક્ત્વ પ્રાપ્ત કર્યું છે તે મનુષ્યનો ભવ, બીજો દેવ અથવા નરકનો ભવ કરી ત્રીજા ભવે મનુષ્ય થઈ મોક્ષમાં જાય છે. પરંતુ જો ત્રીજા ભવમાં મનુષ્ય થવા છતાં ત્યાં કાળ અથવા ક્ષેત્રના પ્રભાવે મોક્ષપ્રાપ્તિની સામગ્રી ન મળી શકે તો દુપ્પસહસૂરી તેમજ કૃષ્ણવાસુદેવની જેમ ત્યાં દેવાયુષ્ય બાંધી ચોથો ભવ દેવનો કરી મનુષ્યમાં આવી કોઈક જીવો પાંચમા ભવે પણ મોક્ષમાં જાય છે. અને જો યુગલિક મનુષ્ય કે તિર્યંચનું આયુષ્ય બાંધ્યા પછી ક્ષાયિકસમ્યક્ત્વ પ્રાપ્ત કરે તો તે પહેલો મનુષ્યનો ભવ, બીજો યુગલિક મનુષ્ય કે તિર્યંચનો ભવ, યુગલિકો કાળ કરીને અવશ્ય દેવલોકમાં જાય છે માટે ત્રીજો દેવનો ભવ કરી ચોથા ભવે મનુષ્ય થઈ મોક્ષમાં જાય છે.

દર્શનત્રિક ઉપશમના અધિકાર

વૈમાનિકદેવનું આયુષ્ય બાંધ્યા પછી જો ક્ષાયિકસમ્યક્ત્વ પ્રાપ્ત કરે તો ઉપશમશ્રેણિ કરી શકે છે. આ વાત પ્રથમ આવી ગઈ છે. અને વૈમાનિકદેવનું આયુષ્ય બાંધેલ અગર કોઈપણ ગતિ પ્રાયોગ્ય આયુષ્ય બાંધ્યા વિના ક્ષયોપશમ સમ્યક્ત્વી ઉપશમશ્રેણિ કરી શકે છે, પરંતુ અન્ય જીવો કરી શકતા નથી. તેમજ જો ક્ષયોપશમ સમ્યક્ત્વી ઉપશમશ્રેણિ કરે તો ચારિત્રમોહનીયનો ઉપશમ કરતાં પહેલાં ચોથાથી સાતમા સુધીના ચારમાંથી કોઈપણ ગુણસ્થાનકમાં વર્તમાન આત્માઓ પ્રથમ અનંતાનુબંધિની વિસંયોજના અથવા જે આચાર્યભગવંતો ઉપશમના પણ માને છે તેઓના મતે અનંતાનુબંધિની ઉપશમના કરીને પણ છઠ્ઠા અથવા સાતમા ગુણસ્થાનકે દર્શનત્રિકની ઉપશમના કરે છે.

આ દર્શનત્રિકની ઉપશમના કરતાં પણ યથાપ્રવૃત્તાદિ ત્રણ કરણો કરે છે. અને તેનું સ્વરૂપ જેમ મિથ્યાત્વની ઉપશમના કરતાં અથવા અનંતાનુબંધિની ઉપશમના કરતાં બતાવવામાં આવેલ છે તેમ અહીં પણ સમજવું. પરંતુ અપૂર્વકરણના પ્રથમ સમયથી મિથ્યાત્વ અને મિશ્રમોહનીયનો સમ્યક્ત્વમોહનીયમાં ગુણસંક્રમ પણ પ્રવર્ત્તે છે. અને અનિવૃત્તિકરણના સંખ્યાતા ભાગ જાય અને એક ભાગ બાકી રહે ત્યારે ત્રણે દર્શનમોહનીયનું અંતરકરણ કરે છે. પરંતુ

અનુદિત મિથ્યાત્વ અને મિશ્રમોહનીયની પ્રથમસ્થિતિ આવલિકા પ્રમાણ અને ઉદય પ્રાપ્ત સમ્યક્ત્વમોહનીયની પ્રથમસ્થિતિ બાકી રહેલ અનિવૃત્તિકરણના સંખ્યાતમા ભાગ જેટલા અંતર્મુહૂર્ત પ્રમાણ કરે છે.

મિથ્યાત્વ તથા મિશ્રની આવલિકા પ્રમાણ પ્રથમસ્થિતિ સ્તિબુક સંક્રમથી સમ્યક્ત્વમોહનીયમાં સંક્રમાવી અને સમ્યક્ત્વમોહનીયની પ્રથમસ્થિતિ રસોદયથી અનુભવી સત્તામાંથી દૂર કરે છે. ત્રણે પ્રકૃતિઓના અંતરકરણમાં રહેલ દલિકોને ત્યાંથી દૂર કરી સમ્યક્ત્વની પ્રથમસ્થિતિમાં પ્રક્ષેપી ભોગવીને ક્ષય કરે છે. તેમજ ત્રણેના દ્વિતીય (અંતરકરણની ઉપરની) સ્થિતિમાં રહેલ દલિકોને અનંતાનુબંધિની ઉપશમનામાં બતાવ્યા પ્રમાણે અસંખ્યાત ગુણાકારે ઉપશમાવે છે. અને અપૂર્વકરણના પ્રથમસમયથી મિથ્યાત્વ અને મિશ્રમોહનીયનો જે ગુણસંક્રમ શરૂ થયો હતો તે અંતરકરણમાં પ્રવેશ કર્યા પછી પણ અંતર્મુહૂર્ત સુધી ચાલુ રહે છે. ત્યારબાદ અંતરકરણમાં જ આ બન્ને પ્રકૃતિઓનો વિધ્યાત સંક્રમ શરૂ થાય છે. શેષ સર્વ સ્વરૂપ પ્રથમની જેમ જ સમજવાનું છે. આ રીતે દર્શનત્રિકની ઉપશમના કરીને ઉપશમ સમ્યક્ત્વી અથવા ક્ષાયિકસમ્યક્ત્વી ચારિત્રમોહનીયને ઉપશમાવવાનો પ્રયત્ન કરે છે.

ચારિત્ર મોહનીય ઉપશમના અધિકાર

ચારિત્ર મોહનીયની ઉપશમના કરતાં છઠ્ઠા અને સાતમા ગુણસ્થાનકે હજારોવાર ગમનાગમન કરીને પ્રથમ બતાવેલ સ્વરૂપવાળા યથાપ્રવૃત્તાદિ ત્રણ કરણો કરે છે, પરંતુ યથાપ્રવૃત્તકરણ અપ્રમત્તગુણસ્થાનકે, અપૂર્વકરણ અપૂર્વકરણગુણસ્થાનકે અને અનિવૃત્તિકરણ અનિવૃત્તિકરણ ગુણસ્થાનકે કરે છે. અર્થાત્ આ ત્રણ ગુણસ્થાનકો ત્રણ કરણ સ્વરૂપ છે.

અહીં અપૂર્વકરણમાં અને અનિવૃત્તિકરણમાં પણ સ્થિતિઘાતાદિ પાંચે પદાર્થો પ્રવર્તે છે, પરંતુ અપૂર્વકરણના પ્રથમ સમયથી સત્તામાં રહેલ બધી અશુભ પ્રકૃતિઓનો બધ્યમાન સ્વજાતીય પ્રકૃતિઓમાં ગુણસંક્રમ થાય છે.

હવે અનિવૃત્તિકરણમાં જે વિશેષતા છે, તે બતાવવામાં આવે છે.

આ કરણના પ્રથમ સમયથી સત્તાગત સર્વ કર્મપ્રકૃતિઓનાં કોઈપણ દલિકોમાં દેશોપશમના, નિદ્ધત્તિ અને નિકાચના થતી નથી. અર્થાત્ આ ત્રણમાંથી કોઈપણ કરણો લાગતાં નથી. તેમજ અપૂર્વકરણના પ્રથમ સમયે આયુષ્ય સિવાયના સાતે કર્મની જે અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિસત્તા અને સ્થિતિબંધ હોય છે તેની અપેક્ષાએ આ ગુણસ્થાનકના પ્રથમ સમયે સંખ્યાતગુણહીન અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિસત્તા અને સ્થિતિબંધ હોય છે. અર્થાત્ સંખ્યાતમાભાગ પ્રમાણ હોય છે.

અહીં જો કે સામાન્યથી સ્થિતિસત્તા અને સ્થિતિબંધ સમાન બતાવેલ છે, તોપણ બંધની અપેક્ષાએ સત્તા ઘણી વધારે હોય છે. તેમજ સામાન્યથી સાતે કર્મની સત્તા અને બંધ સમાન બતાવેલ હોવા છતાં સ્થિતિના અનુસારે સત્તા અને સ્થિતિબંધમાં આ પ્રમાણે ફેરફાર હોય છે.

નામ અને ગોત્રકર્મની સ્થિતિ અન્ય કર્મ કરતાં ઓછી અને પરસ્પર સમાન હોવાથી આ બન્ને કર્મની સત્તા અને બંધ અન્યકર્મની અપેક્ષાએ અલ્પ હોય છે, નામ તથા ગોત્ર કર્મ કરતાં

જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય અને અંતરાય આ ચાર કર્મની સ્થિતિ અધિક હોવાથી સત્તા અને બંધ પણ અધિક હોય છે. અને તુલ્ય સ્થિતિવાળાં હોવાથી પરસ્પર સમાન હોય છે. અને આ ચાર કર્મ થકી પણ મોહનીયકર્મની સ્થિતિસત્તા તથા બંધ અધિક હોવાથી સત્તા અને બંધ પણ અધિક હોય છે.

અહીં બંધ પણ અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ બતાવેલ છે, પરંતુ કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગાથા ૩૫માં બંધ કંઈક ન્યૂન ક્રોડસાગરોપમ પ્રમાણ બતાવેલ છે. આ કરણમાં ઉત્કૃષ્ટથી પણ પલ્યોપમના સંખ્યાતમાભાગ પ્રમાણ સ્થિતિખંડનો ઘાત થાય છે. અને પૂર્વ-પૂર્વ સ્થિતિબંધની અપેક્ષાએ પછી પછીનો નવો નવો સ્થિતિબંધ પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ ઓછો ઓછો થાય છે.

હવે આ કરણમાં ઘણા હજારો સ્થિતિઘાતો વ્યતીત થયા બાદ બંધ અને સત્તા આશ્રયી એક-એક કર્મમાં જે વિશેષતા થાય છે, તે બતાવે છે.

અનિવૃત્તિકરણના સંખ્યાતા ભાગ જાય અને એક ભાગ બાકી રહે ત્યારે સાતે કર્મનો સ્થિતિબંધ અસંજ્ઞીપંચેન્દ્રિયની સમાન થાય છે. સ્થિતિઘાત અને અપૂર્વ સ્થિતિબંધ સાથે જ શરૂ થાય છે અને સાથે જ પૂર્ણ થાય છે. એથી ટીકામાં હજારો સ્થિતિઘાત જણાવેલ હોવાથી હજારો અપૂર્વસ્થિતિબંધ પણ સમજી લેવાના છે. તેથી પુનઃ હજારો સ્થિતિઘાતો અને હજારો અપૂર્વ સ્થિતિબંધો ગયા પછી ચતુરિન્દ્રિયના બંધ સમાન સ્થિતિબંધ થાય છે. ત્યારબાદ હજારો સ્થિતિઘાત અને હજારો અપૂર્વ સ્થિતિબંધ ગયા પછી તેઇન્દ્રિય સમાન, ત્યારબાદ પુનઃ તેટલા જ સ્થિતિઘાત અને અપૂર્વસ્થિતિબંધ વ્યતીત થયા પછી બેઇન્દ્રિય સમાન અને ત્યારબાદ તેટલા જ સ્થિતિઘાત અને અપૂર્વસ્થિતિબંધ વ્યતીત થયા પછી એકેન્દ્રિયના બંધ સમાન સાતે કર્મનો સ્થિતિબંધ થાય છે. ત્યારબાદ પુનઃ હજારો સ્થિતિઘાત અને સ્થિતિબંધ વ્યતીત થયે છતે નામ અને ગોત્રકર્મનો એક પલ્યોપમ પ્રમાણ, જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય અને અંતરાય આ ચાર કર્મનો દોઢ પલ્યોપમપ્રમાણ અને મોહનીય કર્મનો બે પલ્યોપમપ્રમાણ સ્થિતિબંધ થાય છે.

તેમજ સ્થિતિસત્તાનું અલ્પબહુત્વ પણ બંધની જેમ જ હોય છે અર્થાત્ નામ અને ગોત્રની સ્થિતિસત્તા અન્ય કર્મોની અપેક્ષાએ અલ્પ, તેનાથી જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય અને અંતરાય આ ચારની વિશેષાધિક અને તેનાથી પણ મોહનીય કર્મની સ્થિતિસત્તા વિશેષાધિક હોય છે.

જ્યાં સુધી પલ્યોપમ પ્રમાણ સ્થિતિબંધ ન થાય ત્યાં સુધી તે તે કર્મના પહેલા-પહેલાના સ્થિતિબંધની અપેક્ષાએ પછી પછીના સ્થિતિબંધો પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ ઓછા ઓછા થાય છે. પરંતુ પલ્યોપમ પ્રમાણ સ્થિતિબંધ થયા પછી તે-તે કર્મનો પૂર્વ-પૂર્વના સ્થિતિબંધની અપેક્ષાએ પછી પછીનો સ્થિતિબંધ સંખ્યાતગુણ હીન-હીન અર્થાત્ સંખ્યાતમાભાગ પ્રમાણ થાય છે. માટે પલ્યોપમ પ્રમાણ સ્થિતિબંધ થયા પછી નામ અને ગોત્રના નવા નવા સ્થિતિબંધો પૂર્વ-પૂર્વના સ્થિતિબંધની અપેક્ષાએ સંખ્યાતગુણ હીન-હીન થાય છે. પરંતુ શેષ પાંચ કર્મના તો પૂર્વની જેમ પલ્યોપમના સંખ્યાતમાભાગ પ્રમાણ ન્યૂન-ન્યૂન જ થાય છે.

ત્યારપછી હજારો સ્થિતિઘાત ગયા બાદ જ્ઞાનાવરણ વગેરે ચાર કર્મોનો સ્થિતિબંધ પણ પલ્યોપમ પ્રમાણ થાય છે અને તે વખતે મોહનીય કર્મનો સ્થિતિબંધ દોઢ પલ્યોપમ પ્રમાણ થાય છે. જ્ઞાનાવરણીય વગેરે ચાર કર્મોનો પલ્યોપમ પ્રમાણ સ્થિતિબંધ થયા પછી તેઓનો પછીનો સ્થિતિબંધ પૂર્વ-પૂર્વના સ્થિતિબંધની અપેક્ષાએ સંખ્યાતગુણ હીન-હીન અર્થાત્ સંખ્યાતમા ભાગ જેટલો થાય છે. પરંતુ મોહનીય કર્મનો તો નવો નવો સ્થિતિબંધ પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ ઓછો ઓછો થાય છે. ત્યાર પછી હજારો સ્થિતિઘાત વ્યતીત થયે છતે મોહનીયકર્મનો સ્થિતિબંધ પણ એક પલ્યોપમ પ્રમાણ થાય છે. અને તે પછી અન્ય કર્મોની જેમ મોહનીય કર્મનો પણ પૂર્વ-પૂર્વના સ્થિતિબંધની અપેક્ષાએ નવો નવો સ્થિતિબંધ સંખ્યાતગુણ હીન-હીન થાય છે.

જ્યારે મોહનીય કર્મનો નવો સ્થિતિબંધ એક પલ્યોપમ પ્રમાણ થાય છે, ત્યારે સ્થિતિસત્તાની અપેક્ષાએ નામ અને ગોત્રકર્મની સ્થિતિસત્તા અલ્પ હોય છે, તેના કરતાં જ્ઞાનાવરણ વગેરે ચાર કર્મની સ્થિતિસત્તા સંખ્યાતગુણ અને પરસ્પર સમાન હોય છે. અને તેથી મોહનીયકર્મની સ્થિતિસત્તા સંખ્યાતગુણ અધિક હોય છે. તેમજ જે વખતે મોહનીયકર્મનો સ્થિતિબંધ એક પલ્યોપમ પ્રમાણ થાય છે તે પછી પૂર્વના સ્થિતિબંધની અપેક્ષાએ નામ અને ગોત્રકર્મનો નવો સ્થિતિબંધ અસંખ્યાતગુણહીન એટલે કે પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ થાય છે. તેથી તે વખતે નામ તથા ગોત્રકર્મની સ્થિતિસત્તા અલ્પ અને પરસ્પર તુલ્ય હોય છે. આ બે કર્મથી જ્ઞાનાવરણ વગેરે ચાર કર્મની અસંખ્યાતગુણ તથા પરસ્પર તુલ્ય અને તેથી મોહનીયકર્મની સ્થિતિસત્તા સંખ્યાતગુણ હોય છે.

એમ નામ અને ગોત્રકર્મનો સ્થિતિબંધ પલ્યોપમના અસંખ્યાતમાભાગ પ્રમાણ થયા પછી હજારો સ્થિતિઘાત વ્યતીત થયે છતે જ્ઞાનાવરણ વગેરે ચાર કર્મોનો નવો સ્થિતિબંધ પૂર્વના સ્થિતિબંધની અપેક્ષાએ અસંખ્યાતગુણહીન એટલે કે પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ થાય છે. તે વખતે નામ અને ગોત્રકર્મની સ્થિતિસત્તા અન્ય કર્મોની અપેક્ષાએ અલ્પ અને પરસ્પર તુલ્ય હોય છે. આ બે કર્મથી જ્ઞાનાવરણ વગેરે ચાર કર્મોની અસંખ્યાતગુણ અને પરસ્પર તુલ્ય અને આ ચાર કર્મથી પણ મોહનીય કર્મની સ્થિતિસત્તા અસંખ્યાતગુણ હોય છે.

ત્યારપછી હજારો સ્થિતિઘાત વ્યતીત થયે છતે એકીસાથે એકદમ મોહનીય કર્મનો સ્થિતિબંધ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ કરે છે એટલું જ નહિ પરંતુ મોહનીય કર્મનો નવો સ્થિતિબંધ જ્ઞાનાવરણીય વગેરે ચાર કર્મના સ્થિતિબંધથી પણ અસંખ્યાત ગુણહીન કરે છે. અને તે વખતે અપવર્તન કરણ દ્વારા સત્તામાંથી પણ મોહનીયકર્મની એક જ સ્થિતિઘાતમાં ઘણી જ સ્થિતિસત્તા ઘટાડી જ્ઞાનાવરણ વગેરે ચાર કર્મથી અસંખ્યાતગુણ જે સ્થિતિસત્તા હતી તેના બદલે અસંખ્યાતગુણ હીન કરે છે. અને અસંખ્યાતગુણહીન કર્યા પછી સત્તાની અપેક્ષાએ પણ અન્ય કર્મોથી નામ અને ગોત્રકર્મની સ્થિતિસત્તા અલ્પ અને પરસ્પર તુલ્ય, તેનાથી મોહનીયકર્મની અસંખ્યાતગુણ અને તેથી પણ જ્ઞાનાવરણ વગેરે ચાર કર્મની સ્થિતિસત્તા અસંખ્યાતગુણ અને પરસ્પર તુલ્ય હોય છે.

મોહનીયકર્મનો એકીસાથે મોટો સ્થિતિઘાત અને ઘણો સ્થિતિબંધ ઓછો કરી જ્ઞાનાવરણાદિ ચાર કર્મની અપેક્ષાએ અસંખ્યાતગુણ હીન સ્થિતિસત્તા અને સ્થિતિબંધ કર્યા પછી

પુનઃ હજારો સ્થિતિઘાત ગયા બાદ નામ અને ગોત્રકર્મ કરતાં પણ મોહનીયકર્મનો સ્થિતિબંધ એકદમ ઘટાડી અસંખ્યાતગુણહીન કરે છે. અને જ્યારે મોહનીયનો અસંખ્યાતગુણહીન સ્થિતિબંધ કરે છે ત્યારે બંધની અપેક્ષાએ મોહનીયકર્મનો સ્થિતિબંધ સૌથી અલ્પ, તે થકી નામ અને ગોત્રકર્મનો અસંખ્યાતગુણ અને પરસ્પર તુલ્ય અને તેથી પણ જ્ઞાનાવરણ વગેરે ચાર કર્મનો સ્થિતિબંધ અસંખ્યાતગુણ અને પરસ્પર સમાન થાય છે.

હમણાં સુધી જ્ઞાનાવરણ વગેરે ચાર કર્મનો સ્થિતિબંધ સમાન હતો, પરંતુ હવે પછી હજારો સ્થિતિઘાત અથવા હજારો સ્થિતિબંધ જાય ત્યારે જ્ઞાનાવરણીય વગેરે ત્રણઘાતીકર્મનો સ્થિતિબંધ એકદમ ઘટાડી વેદનીય કર્મ કરતાં અસંખ્યાતગુણહીન કરે છે. એટલે કે આ ત્રણ કર્મની અપેક્ષાએ વેદનીયકર્મનો સ્થિતિબંધ અસંખ્યાતગુણ થઈ જાય છે. તેથી તે વખતે મોહનીય કર્મનો સ્થિતિબંધ સૌથી અલ્પ, તે થકી નામ અને ગોત્રકર્મનો અસંખ્યાતગુણ અને પરસ્પર તુલ્ય, આ બે કર્મ થકી જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાયનો અસંખ્યાતગુણ અને પરસ્પર તુલ્ય તેમજ જ્ઞાનાવરણ વગેરેથી પણ વેદનીયકર્મનો સ્થિતિબંધ અસંખ્યાતગુણ હોય છે.

ત્યારબાદ હજારો સ્થિતિઘાત જાય ત્યારે પહેલાં જે જ્ઞાનાવરણ વગેરે ત્રણ કર્મનો સ્થિતિબંધ નામ અને ગોત્ર કરતાં અસંખ્યાતગુણ હતો તેના બદલે અસંખ્યાતગુણહીન અર્થાત્ નામ અને ગોત્રકર્મની અપેક્ષાએ અસંખ્યાતમા ભાગ પ્રમાણ થઈ જાય છે. અહીં બંધ આશ્રયી અલ્પ-બહુત્વ વિચારીએ તો મોહનીય કર્મનો સૌથી અલ્પ, તે થકી જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાય આ ત્રણ કર્મનો અસંખ્યાતગુણ અને પરસ્પર તુલ્ય, તે થકી નામ અને ગોત્રનો અસંખ્યાતગુણ અને પરસ્પર તુલ્ય અને તે થકી પણ વેદનીયકર્મનો સ્થિતિબંધ અસંખ્યાતગુણ હોય છે. આ સ્થળે કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગાથા ૩૯માં નામ અને ગોત્ર થકી વેદનીયનો સ્થિતિબંધ વિશેષાધિક બતાવેલ છે....તત્ત્વો તો બુહશ્રુતો જાણે.

અહીં તેમજ હવે પછી સર્વત્ર સ્થિત્તિબંધના અલ્પબહુત્વની જેમ જ સ્થિતિસત્તાનું અલ્પબહુત્વ પણ હોય છે.

જે સમયે સાતે કર્મનો સ્થિતિબંધ પલ્યોપમના અસંખ્યાતમાભાગ પ્રમાણ થાય છે, તે સમયથી અસંખ્યાત સમયોમાં બંધાયેલ સત્તાગત દલિકોની જ ઉદીરણા થાય છે. પરંતુ તેથી અધિક કાળ પહેલાં બંધાયેલ સત્તાગત દલિકોની ઉદીરણા થતી નથી, ત્યારબાદ હજારો સ્થિતિઘાત વ્યતીત થયે છતે મનઃપર્યવજ્ઞાનાવરણ અને દાનાન્તરાયનો દેશઘાતી રસ બંધાય છે ત્યારબાદ પુનઃ હજારો સ્થિતિઘાત જાય ત્યારે અવધિજ્ઞાનાવરણ, અવધિદર્શનાવરણ અને લાભાન્તરાય આ ત્રણનો, ત્યાર પછી પુનઃ હજારો સ્થિતિઘાત વ્યતીત થયે છતે શ્રુતજ્ઞાનાવરણ, અચક્ષુર્દર્શનાવરણ અને ભોગાંતરાય આ ત્રણનો, ત્યારબાદ હજારો સ્થિતિઘાતો ગયે છતે અનુક્રમે ચક્ષુર્દર્શનાવરણ, ત્યારબાદ મતિજ્ઞાનાવરણ તથા ઉપભોગાંતરાય અને ત્યારબાદ વીર્યાંતરાયનો દેશઘાતિ રસ બંધાય છે.

અહીં જે જે સમયે જે જે પ્રકૃતિઓનો દેશઘાતી રસ બંધાય છે તેના પૂર્વના સમય સુધી બન્ને શ્રેણિઓમાં તે તે પ્રકૃતિઓનો સર્વઘાતી રસ પણ બંધાતો હતો, પરંતુ કેવલ દેશઘાતી નહિ,

એમ સમજવું.-

વીર્યાંતરાયનો દેશઘાતી રસબંધ થયા પછી સંખ્યાતા હજારો સ્થિતિઘાત વ્યતીત થયે છતે અપ્રત્યાખ્યાનાવરણ વગેરે બાર કષાય અને નવનોકષાય એમ ચારિત્રમોહનીયની એકવીસ પ્રકૃતિઓનું અંતરકરણ કરવાની ક્રિયા શરૂ કરે છે. તે અંતરકરણ ક્રિયાનો કાળ એક સ્થિતિઘાત અથવા અપૂર્વ સ્થિતિબંધના કાળ સમાન અંતર્મુહૂર્ત્ત પ્રમાણ છે.

તે અંતર્મુહૂર્ત્ત પ્રમાણના કાળવાળી અંતરકરણક્રિયા દ્વારા એક જીવ આશ્રયી વેદ્યમાન ચાર સંજ્વલનમાંથી એક સંજ્વલન અને વેદ્યમાન ત્રણમાંથી એક વેદ, એમ બે પ્રકૃતિઓની પ્રથમ સ્થિતિ શ્રેણિમાં જ્યાં સુધી પોતપોતાનો ઉદય રહેવાનો છે, ત્યાં સુધી અંતર્મુહૂર્ત્તપ્રમાણ અને શેષ ઓગણીસ પ્રકૃતિઓની આવલિકા પ્રમાણ અને અનેક જીવો આશ્રયી ચાર સંજ્વલન અને ત્રણ વેદની પ્રથમસ્થિતિ શ્રેણિમાં પોતપોતાનો જ્યાં સુધી ઉદય રહેવાનો છે ત્યાં સુધી અંતર્મુહૂર્ત્તપ્રમાણ અને શેષ ચૌદ પ્રકૃતિઓની ઉદયાવલિકા પ્રમાણ રાખી, વચમાં અંતર્મુહૂર્ત્તપ્રમાણ જગ્યામાં રહેલ ભોગવવા યોગ્ય એકવીસ પ્રકૃતિઓનાં દલિકોને ત્યાંથી દૂર કરી હવે પછી બતાવવામાં આવશે, તે પ્રમાણે અન્યત્ર ગોઠવી તેની સાથે ભોગવવા યોગ્ય કરે છે. (જુઓ યંત્ર નં. ૮)

ત્યાં નપુંસકવેદ વગેરે ત્રણ વેદોદયવાળા ત્રણ અલગ અલગ જીવો શ્રેણિનો પ્રારંભ કરે, તો જે સ્થાને નપુંસકવેદે શ્રેણિ માંડનારને નપુંસકવેદનો ઉદયવિચ્છેદ થાય છે તે સ્થાને સ્ત્રીવેદે શ્રેણિ માંડનારને સ્ત્રીવેદનો પણ ઉદયવિચ્છેદ થાય છે. માટે આ બન્ને વેદનો સ્વોદયકાળ સમાન છે. અને આ બે વેદે શ્રેણિ માંડનારને જ્યાં વેદોદયનો વિચ્છેદ થાય છે તેના કરતાં પુરુષ વેદે શ્રેણિ માંડનારને સંખ્યાતગુણ કાળ ગયા પછી પુરુષવેદનો ઉદયવિચ્છેદ થાય છે. આમ અહીં જણાવેલ છે. તેથી પૂર્વોક્ત બે વેદોની અપેક્ષાએ પુરુષવેદનો ઉદયકાળ સંખ્યાતગુણ આવે. પરંતુ ચૂર્ણિકારના મતે પૂર્વોક્ત બે વેદનો ઉદયવિચ્છેદ થયા પછી સંખ્યાત ભાગપ્રમાણ કાળ ગયા બાદ પુરુષવેદનો ઉદયવિચ્છેદ થાય છે. તેથી પૂર્વોક્ત બે વેદોના સ્વોદયકાળથી પુરુષવેદનો સ્વોદયકાળ સંખ્યાતભાગ અધિક હોય છે.

પુરુષવેદે શ્રેણિ માંડનારને જે જગ્યાએ પુરુષવેદનો ઉદયવિચ્છેદ થાય છે, તેના કરતાં સંજ્વલન ક્રોધોદયે શ્રેણિ માંડનારને ક્રોધનો ઉદય અમુક કાળ પછી વિચ્છેદ થાય છે. તેના કરતાં સંજ્વલન માનોદયે શ્રેણિ માંડનારને માનનો ઉદય અમુક કાળ પછી વિચ્છેદ થાય છે. તેના કરતાં સંજ્વલન માયાએ શ્રેણિ માંડનારને અમુક કાળ પછી માયાનો અને તેના કરતાં પણ સંજ્વલન લોભે શ્રેણિ માંડનારને અમુક કાળ ગયા પછી બાદરલોભનો ઉદયવિચ્છેદ થાય છે. માટે પુરુષવેદના ઉદયથી સંજ્વલન ક્રોધાદિ ચારેનો ઉદયકાળ ક્રમશઃ વિશેષાધિક છે. અને પ્રથમ સ્થિતિ પણ પોતપોતાના ઉદયકાળ પ્રમાણ થાય છે. તથા શેષ અનુદિત પ્રકૃતિઓની પ્રથમ સ્થિતિ આવલિકા માત્ર હોય છે, માટે જ પ્રથમ સ્થિતિની અપેક્ષાએ એકવીસે પ્રકૃતિઓની અંતરકરણ રૂપ ખાલી જગ્યા એક સરખી હોતી નથી, પરંતુ સહેજ આગળપાછળ હોવાથી વિષમ હોય છે. અને બીજી ઉપરની સ્થિતિની અપેક્ષાએ અંતરકરણરૂપ ખાલી જગ્યા સમાન હોય છે.

અહીં જે વેદના ઉદયે શ્રેણિ ઉપર આરૂઢ થયો હોય તે વેદનો ઉદયવિચ્છેદ થયા પછી અન્યવેદનો ઉદય થતો નથી તેથી આત્મા અવેદી થાય છે. પરંતુ સંજ્વલન કષાયો માટે તેમ નથી. કારણ કે જો ક્રોધોદયે શ્રેણિ ઉપર આરૂઢ થયો હોય તો ક્રોધના ઉદયનો વિચ્છેદ થયા બાદ ક્રમશઃ માન, માયા અને લોભનો. સંજ્વલન માનોદયે શ્રેણિ ઉપર ચઢ્યો હોય તો માનનો ઉદયવિચ્છેદ થયા બાદ ક્રમશઃ માયા અને લોભનો, સંજ્વલન માયાના ઉદયે શ્રેણિ ઉપર આરૂઢ થયો હોય તો માયાનો ઉદયવિચ્છેદ થયા બાદ સંજ્વલન લોભનો ઉદય થાય છે. અને સંજ્વલન લોભના ઉદયે શ્રેણિ પર ચડ્યો હોય તો નવમા ગુણકસ્થાનકના ચરમ સમય સુધી બાદર લોભનો જ ઉદય હોય છે. અને પછી દશમા ગુણસ્થાને સૂક્ષ્મ લોભનો ઉદય હોય છે.

અનુદિત પ્રકૃતિઓની આવલિકા પ્રમાણ પ્રથમ સ્થિતિ સ્તિબુક સંક્રમથી વેદ્યમાન પ્રકૃતિઓમાં સંક્રમાવી ભોગવી દૂર કરે છે અને વેદ્યમાન પ્રકૃતિઓની પ્રથમ સ્થિતિ ભોગવીને સત્તામાંથી દૂર કરે છે. જે પ્રકૃતિઓનો બંધ અને ઉદય ચાલુ હોય તે પ્રકૃતિઓના અંતરકરણનાં દલિકો ત્યાંથી લઈ અંતરકરણની ઉપરની અને નીચેની એમ બન્ને સ્થિતિઓમાં પ્રક્ષેપે છે. જે પ્રકૃતિઓનો કેવલ બંધ હોય પણ ઉદય ન હોય તે પ્રકૃતિઓના અંતરકરણનાં દલિકોને પોતાની ઉપરની સ્થિતિમાં, જે પ્રકૃતિઓનો બંધ ન હોય પરંતુ કેવલ ઉદય હોય તે પ્રકૃતિઓના અંતરકરણનાં દલિકોને પોતાની પ્રથમ સ્થિતિમાં, તેમજ જે પ્રકૃતિઓનો બંધ કે ઉદય બેમાંથી એકે ન હોય તે પ્રકૃતિઓના અંતરકરણનાં દલિકોને બધ્યમાન સ્વજાતીય પરપ્રકૃતિમાં પ્રક્ષેપે છે.

જેમ પુરુષવેદના ઉદયે શ્રેણિ માંડનારને પુરુષવેદનો બંધ અને ઉદય બન્ને હોવાથી તેના અંતરકરણનાં દલિકોને નીચેની અને ઉપરની એમ બન્ને સ્થિતિઓમાં નાખે છે. સ્ત્રીવેદ અથવા નપુંસકવેદના ઉદય શ્રેણિ માંડનારને પુરુષવેદનો બંધ હોય છે પરંતુ ઉદય ન હોવાથી પુરુષવેદના દલિકોને માત્ર બીજી સ્થિતિમાં, સ્ત્રીવેદે શ્રેણિ માંડનારને સ્ત્રીવેદનો ઉદય હોય છે. પરંતુ બંધ હોતો નથી માટે તેના અંતરકરણનાં દલિકોને પ્રથમ સ્થિતિમાં અને મધ્યમના આઠ કષાય તેમજ હાસ્યષટ્ક આ ચૌદ પ્રકૃતિઓનો બંધ કે ઉદય બેમાંથી એકે ન હોવાથી તે પ્રકૃતિઓના અંતરકરણનાં દલિકોને બધ્યમાન સંજ્વલન કષાયોમાં સંક્રમાવે છે.

શંકા—સંજ્વલન ક્રોધ-માન-માયા અને લોભના ઉદયે શ્રેણિ ઉપર આરૂઢ થનારને ક્રોધાદિ ચારેની પ્રથમ સ્થિતિ પોત-પોતાના ઉદયકાળ પ્રમાણ હોવાથી ત્યાં સુધી ક્રોધાદિનો ઉદય હોઈ શકે, પરંતુ અન્ય ત્રણ સંજ્વલન કષાયની પ્રથમ સ્થિતિ એક આવલિકા પ્રમાણ જ હોય છે, અને તે પણ નપુંસક વેદાદિના ઉપશમ થયા પહેલાં જ સ્તિબુક સંક્રમથી દૂર થઈ જાય છે. અને પછી તો અંતરકરણરૂપ ખાલી જગ્યા જ હોય છે. તેથી ક્રોધના ઉદયે શ્રેણિ માંડનારને ક્રોધના ઉદયવિચ્છેદ પછી ક્રમશઃ માનાદિ ત્રણનો, માનના ઉદયે શ્રેણિ માંડનારને માનના ઉદયવિચ્છેદ થયા પછી માયાદિ બેનો, અને માયાના ઉદયે શ્રેણિ માંડનારને માયાનો ઉદયવિચ્છેદ થયા પછી લોભનો ઉદય ક્યાંથી થાય ? કારણ કે ત્યાં તે તે પ્રકૃતિઓના ભોગવવા યોગ્ય દલિકોનો જ અભાવ છે.

સમાધાન—જેમ ક્ષપકશ્રેણિમાં જે જે કષાયોના ઉદયે શ્રેણિ ઉપર આરૂઢ થયેલ હોય તે તે કષાયનો ઉદયવિચ્છેદ થાય ત્યારે દ્વિતીય સ્થિતિમાં રહેલ પછી પછીના કષાયનાં દલિકોને

આકર્ષી અંતરકરણરૂપ ખાલી જગ્યામાં લાવી પોતપોતાના ઉદયકાળથી એક આવલિકા અધિક પ્રથમ સ્થિતિરૂપે બનાવીને ભોગવે છે. તેમ અહીં પણ ક્રોધનો ઉદયવિચ્છેદ થાય ત્યારે દ્વિતીય સ્થિતિમાં રહેલ માનના, માનનો ઉદયવિચ્છેદ થાય ત્યારે દ્વિતીય સ્થિતિમાં રહેલ માયાના, માયાનો ઉદયવિચ્છેદ થાય ત્યારે દ્વિતીય સ્થિતિમાં રહેલ લોભનાં દલિકોને આકર્ષી પોતપોતાના ઉદયકાળ પ્રમાણથી એક આવલિકા અધિક ક્રમશઃ માન, માયા અને લોભની પ્રથમ સ્થિતિ બનાવી ભોગવે છે. એ જ પ્રમાણે માનના ઉદયે શ્રેણિ માંડનારને માનનો ઉદયવિચ્છેદ થાય ત્યારે દ્વિતીય સ્થિતિમાં રહેલ માયાના અને માયાનો ઉદયવિચ્છેદ થાય ત્યારે દ્વિતીય સ્થિતિમાં રહેલ લોભનાં દલિકોને આકર્ષી માયા અને લોભની પોતપોતાના ઉદયકાળ પ્રમાણથી એક આવલિકા અધિક પ્રથમ સ્થિતિ બનાવે છે અને ભોગવે છે. એ જ પ્રમાણે માયાના ઉદયે શ્રેણિ માંડનારને માયાનો ઉદયવિચ્છેદ થાય ત્યારે દ્વિતીય સ્થિતિમાં રહેલ લોભનાં દલિકોને આકર્ષી પ્રથમ નવમા ગુણસ્થાનકના બાકી રહેલ કાળપ્રમાણથી એક આવલિકા અધિક લોભની પ્રથમ સ્થિતિ બનાવી ભોગવે છે માટે કોઈ જાતનો વિરોધ લાગતો નથી અને ઉપરોક્ત શંકાને પણ સ્થાન નથી.

ક્રોધના ઉદયે શ્રેણિ ઉપર આરૂઢ થનારને જ્યાં સુધી અપ્રત્યાખ્યાનીય અને પ્રત્યાખ્યાનીય ક્રોધનો ઉપશમ ન થાય ત્યાં સુધી સંજ્વલન ક્રોધનો ઉદય હોય છે, માનના ઉદયે શ્રેણિ ઉપર આરૂઢ થનારને જ્યાં સુધી અપ્રત્યાખ્યાનીય અને પ્રત્યાખ્યાનીય માનનો ઉપશમ ન થાય ત્યાં સુધી સંજ્વલન માનનો ઉદય હોય છે, માયાના ઉદયે શ્રેણિ ઉપર આરૂઢ થનારને જ્યાં સુધી અપ્રત્યાખ્યાનીય અને પ્રત્યાખ્યાનીય માયાનો ઉપશમ ન થાય ત્યાં સુધી સંજ્વલન માયાનો ઉદય હોય છે. અને સંજ્વલન લોભના ઉદયે શ્રેણિ ઉપર આરૂઢ થનારને જ્યાં સુધી અપ્રત્યાખ્યાનીય અને પ્રત્યાખ્યાનીય લોભનો ઉપશમ ન થાય ત્યાં સુધી એટલે કે નવમા ગુણસ્થાનકના ચરમ સમય સુધી સંજ્વલન બાદર લોભનો ઉદય હોય છે. પછી દશમા ગુણસ્થાનકે સૂક્ષ્મ લોભનો ઉદય હોય છે.

જે સમયે અંતરકરણ કરવાની ક્રિયા સમાપ્ત થાય છે તેના પછીના સમયથી આ સાત પદાર્થો પ્રવર્તે.

(૧) હમણાં સુધી મોહનીય કર્મનો રસ દ્વિસ્થાનિક વગેરે બંધાતો હતો પરંતુ હવેથી એક સ્થાનિક બંધાય.

(૨) મોહનીય કર્મનો નવીન સ્થિતિબંધ સંખ્યાત વર્ષ પ્રમાણ અને ઉદય તથા ઉદીરણા પણ સંખ્યાત વર્ષ પ્રમાણ હોય.

(૩) હમણાં સુધી બધ્યમાન પ્રકૃતિઓની બંધાવલિકા વ્યતીત થયા બાદ ઉદીરણા થતી હતી, પરંતુ હવે બધ્યમાન દરેક પ્રકૃતિઓની બંધ સમયથી છ આવલિકા વ્યતીત થયા પછી ઉદીરણા થાય.

(૪) હમણાં સુધી મોહનીય કર્મની બધ્યમાન પુરુષવેદ અને સંજ્વલન કષાય ચતુષ્ક આ પાંચનો અરસપરસ સંક્રમ થતો હતો પરંતુ હવેથી પુરુષવેદનો સંજ્વલન ક્રોધાદિ ચારમાં, સંજ્વલન ક્રોધનો સંજ્વલન માનાદિ ત્રણમાં થાય પણ પુરુષવેદમાં ન થાય. સંજ્વલન માનનો

સંજ્વલન માયા અને લોભમાં થાય પરંતુ પુરુષવેદ અને સંજ્વલન ક્રોધમાં ન થાય, સંજ્વલન માયાનો સંક્રમ સંજ્વલન લોભમાં થાય પરંતુ પુરુષવેદ તેમજ સંજ્વલન ક્રોધ તથા માનમાં ન થાય તેથી સંજ્વલન લોભનો કોઈમાં સંક્રમ ન થાય, અર્થાત્ સંક્રમનો જ અભાવ થાય.

(૫) હવેથી મોહનીયકર્મનો નવો નવો સ્થિતિબંધ પૂર્વ-પૂર્વના સ્થિતિબંધની અપેક્ષાએ સંખ્યાતગુણ હીન-હીન અર્થાત્ સંખ્યાતમા ભાગ પ્રમાણ થાય.

(૬) શેષ કર્મોનો નવો નવો સ્થિતિબંધ પૂર્વ-પૂર્વના સ્થિતિબંધની અપેક્ષાએ અસંખ્યાતગુણ હીન-હીન અર્થાત્ અસંખ્યાતમા ભાગ પ્રમાણ થાય.

(૭) દ્વિતીય સ્થિતિગત નપુંસક વેદનાં દલિકોને ઉપશમાવવાની શરૂઆત થાય.

ત્યાં પૂર્વ પૂર્વના સમયથી ઉત્તરોત્તર સમયે અસંખ્યાતગુણ ઉપશમાવે છે. અને જે જે સમયે જેટલું જેટલું દલિક ઉપશમાવે છે તેની અપેક્ષાએ અસંખ્યાતગુણ પરપ્રકૃતિઓમાં સંક્રમાવે છે, એમ નપુંસકવેદ ઉપશમાવવાના દ્વિચરમ સમય સુધી સમજવું, પરંતુ ચરમ સમયે તો જે અન્ય પ્રકૃતિમાં સંક્રમે છે, તેના કરતાં અસંખ્યાતગુણ ઉપશમાવે છે.

અહીં વેદ્યમાન સઘળાં કર્મોની ઉપરની સ્થિતિઓમાંથી ઘણાં દલિકો ઉતારી ગુણશ્રેણિમાં ગોઠવેલ હોવાથી અને ગુણશ્રેણિની ઉપરની સ્થિતિઓમાં દલિકો અલ્પ હોવાથી ઉદીરણાથી થોડાં દલિકો ઉદયમાં આવે છે. અને તેની અપેક્ષાએ સ્વાભાવિક રીતે ઉદયમાં આવતાં દલિકો અસંખ્યાતગુણ હોય છે.

આ રીતે નપુંસકવેદનો ઉપશમ થયા બાદ હજારો સ્થિતિઘાત પ્રમાણ કાળમાં એ જ ક્રમે સ્ત્રીવેદનો ઉપશમ કરે છે, પરંતુ સ્ત્રીવેદની ઉપશમન ક્રિયાના કાળનો સંખ્યાતમો ભાગ ગયા પછી જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અને અંતરાય આ ત્રણ ઘાતી કર્મનો સ્થિતિબંધ સંખ્યાત વર્ષ પ્રમાણ કરે છે. ત્યારબાદ આ ત્રણે કર્મનો નવો નવો સ્થિતિબંધ પૂર્વ-પૂર્વના સ્થિતિબંધની અપેક્ષાએ સંખ્યાતગુણ હીન-હીન એટલે કે સંખ્યાતમા ભાગ પ્રમાણ કરે છે. અને હમણાં સુધી કેવલજ્ઞાનાવરણ વિના ચાર જ્ઞાનાવરણ અને કેવલદર્શનાવરણ વિના ત્રણ દર્શનાવરણ આ સાત પ્રકૃતિઓનો જઘન્ય દ્વિસ્થાનિક રસ બંધાતો હતો પરંતુ તેના બદલે જે સમયથી જ્ઞાનાવરણ વગેરે ત્રણ કર્મનો સંખ્યાત વર્ષ પ્રમાણ સ્થિતિબંધ થાય છે તે સમયથી એકસ્થાનિક રસબંધ થાય છે. ત્યાર પછી હજારો સ્થિતિઘાત વ્યતીત થયે છતે સંપૂર્ણપણે સ્ત્રીવેદ ઉપશમી જાય છે. સ્ત્રીવેદનો ઉપશમ થયા પછી તુરત જ હાસ્યષટ્ક અને પુરુષવેદ આ સાત પ્રકૃતિઓની નપુંસકવેદની જેમ એકીસાથે ઉપશમન ક્રિયા શરૂ કરે છે.

આ સાત પ્રકૃતિઓની ઉપશમન ક્રિયાના કાળનો એક સંખ્યાતમો ભાગ ગયા પછી નામ અને ગોત્ર આ બે કર્મનો સ્થિતિબંધ સંખ્યાતવર્ષ પ્રમાણ થાય છે અને તે વખતે વેદનીય કર્મનો સ્થિતિબંધ અસંખ્યાતવર્ષ પ્રમાણ થાય છે. પણ તે વેદનીયકર્મનો અસંખ્યાત વર્ષ પ્રમાણ છેલ્લો સ્થિતિબંધ પૂર્ણ થયા પછી સર્વ કર્મનો સ્થિતિબંધ સંખ્યાત વર્ષ પ્રમાણ થાય છે.

હવે પછી પૂર્વ-પૂર્વના સ્થિતિબંધની અપેક્ષાએ દરેક કર્મનો નવો નવો સ્થિતિબંધ સંખ્યાતગુણ હીન-હીન અર્થાત્ સંખ્યાતમા ભાગ પ્રમાણ થાય છે. ત્યાર બાદ હજારો સ્થિતિઘાત

વ્યતીત થાય ત્યારે હાસ્યષટ્કનો સંપૂર્ણ ઉપશમ થાય છે. અને જે સમયે હાસ્યષટ્કનો સંપૂર્ણ ઉપશમ થાય છે, તે સમયે પુરુષવેદની પ્રથમ સ્થિતિ એક સમય પ્રમાણ અને દ્વિતીય સ્થિતિમાં સમયન્યૂન બે આવલિકા પ્રમાણ કાળમાં બંધાયેલ દલિક છોડી શેષ સર્વ દલિક ઉપશમી જાય છે. અને તે સમયે પુરુષવેદનો ચરમસ્થિતિબંધ સોળ વર્ષ પ્રમાણ થાય છે.

પુરુષવેદની પ્રથમ સ્થિતિ બે આવલિકા પ્રમાણ બાકી હોય ત્યારે દ્વિતીય સ્થિતિમાંથી ઉદીરણા પ્રયોગ દ્વારા દલિકો પુરુષવેદની ઉદયાવલિકામાં આવતાં નથી, માટે આગાલ બંધ પડે છે પરંતુ ઉદીરણા ચાલુ હોય છે, તેમજ પ્રથમ સ્થિતિ સમયન્યૂન બે આવલિકા પ્રમાણ બાકી રહે ત્યારે પુરુષવેદ અપતદ્ગ્રહ થાય છે, માટે તે સમયથી હાસ્યષટ્કનાં દલિકો પુરુષવેદમાં સંક્રમતાં નથી પરંતુ સંજ્વલન ક્રોધાદિમાં સંક્રમે છે, તેમજ એક સમય પ્રમાણ પુરુષવેદની પ્રથમ સ્થિતિ ભોગવ્યા બાદ આત્મા અવેદક થાય છે. અને જે સમયે આત્મા અવેદક થાય છે તે સમયે દ્વિતીય સ્થિતિમાં બે સમય ન્યૂન બે આવલિકા પ્રમાણ કાળમાં બંધાયેલ પુરુષવેદનું દલિક અનુપશાંત હોય છે, કારણ કે જે સમયે જે કર્મ બંધાય છે અથવા અન્ય પ્રકૃતિમાંથી સંક્રમીને આવે છે તે સમયથી એક આવલિકા કાળ સુધી તેમાં કોઈ કરણ લાગતું નથી. માટે બંધ આવલિકા અથવા સંક્રમ આવલિકા વ્યતીત થયા બાદ બીજી આવલિકાના પ્રથમ સમયથી તેને સંક્રમાવવાની અથવા ઉપશમાવવાની ક્રિયા શરૂ કરે છે. અને તેને સંપૂર્ણ સંક્રમાવતાં અથવા ઉપશમાવતાં બીજી આવલિકા પૂર્ણ થઈ જાય છે, અર્થાત્ બીજી આવલિકાના ચરમ સમયે સંપૂર્ણ સંક્રમ અથવા ઉપશમ થઈ જાય છે.

દા. ત. આઠમા સમયે બંધવિચ્છેદ થાય તો નવમો સમય બંધવિચ્છેદ પછીનો સમય ગણાય. તેથી બંધવિચ્છેદ પછીના સમયે એટલે નવમા સમયે શરૂઆતના પહેલા સમયે બંધાયેલ અથવા અન્ય પ્રકૃતિના સંક્રમથી આવેલ દલિકની (અસંખ્યાત સમય પ્રમાણ આવલિકાને પણ અસત્કલ્પનાએ ચાર સમયની ગણીએ તો) ચોથા સમયે બંધ આવલિકા અથવા સંક્રમ આવલિકા પૂર્ણ થવાથી પાંચમા સમયે સંક્રમ અથવા ઉપશમ શરૂ થાય અને તે આઠમા સમયે સંપૂર્ણ સંક્રમી અથવા ઉપશમી જાય.

એ રીતે બીજા સમયે બંધાયેલ અથવા અન્ય પ્રકૃતિના સંક્રમથી આવેલ દલિકની બંધાવલિકા અથવા સંક્રમ-આવલિકા પાંચમા સમયે પૂર્ણ થાય, છઠ્ઠા સમયે તેનો સંક્રમ અથવા ઉપશમ કરવાની શરૂઆત કરે અને ચાર સમયાત્મક બીજી આવલિકાના ચરમસમયે એટલે નવમા સમયે સંપૂર્ણ સંક્રમી જાય અથવા ઉપશમી જાય.

પરંતુ ત્રીજા સમયે બંધાયેલ અથવા સંક્રમથી આવેલ દલિકોનો નવમા સમય સુધી સંપૂર્ણ સંક્રમ અથવા ઉપશમ થતો નથી. તેથી ત્રીજા સમયે બંધાયેલ અથવા સંક્રમથી આવેલ દલિક નવમા સમય સુધી સત્તામાં હોય છે. આ રીતે તે પછીના આઠમા સમય સુધી બંધાયેલ અથવા સંક્રમથી આવેલ દરેક દલિકોનો અમુક ભાગ સંક્રમવા કે ઉપશમવા છતાં અમુક દલિકો સત્તામાં પણ રહી જાય છે. તેથી બંધવિચ્છેદ પછીના એટલે નવમા સમયે ત્રીજાથી આઠમા સમય સુધી બંધાયેલા અથવા સંક્રમથી આવેલા છ સમયનાં દલિકો રહી જાય છે. અને ચાર સમયની આવલિકા કલ્પેલ હોવાથી છ સમયો એટલે બે સમય ન્યૂન બે આવલિકા પ્રમાણ કહી શકાય,

માટે જ પુરુષવેદના બંધવિચ્છેદ પછીના સમયે બે સમયન્યૂન બે આવલિકા કાળમાં બંધાયેલ દલિક અનુપશાંત હોય છે.

એ જ પ્રમાણે ક્રોધાદિ ચારે સંજ્વલન કષાયોના બંધવિચ્છેદ પછીના સમયે બે સમય ન્યૂન બે આવલિકા પ્રમાણ કાળમાં બંધાયેલ ક્રોધાદિનાં દલિકો પણ અનુપશાંત હોય છે અને જે સમયે પુરુષવેદનો સોળ વર્ષ પ્રમાણ બંધ થાય છે, તે સમયે ચારે સંજ્વલન કષાયનો સંખ્યાતા હજાર વર્ષ પ્રમાણ સ્થિતિબંધ થાય છે.

અવેદકના પ્રથમ સમયે બે સમય ન્યૂન બે આવલિકા પ્રમાણ કાળમાં બંધાયેલ પુરુષવેદનું જે દલિક અનુપશાંત છે, તેને તે જ સમયથી બે સમય ન્યૂન બે આવલિકા કાળ સુધી ક્રમશઃ પૂર્વપૂર્વના સમયથી ઉત્તરોત્તર પછી પછીના સમયે અસંખ્યાત ગુણાકારે ઉપશમાવે છે અને બધ્યમાન સંજ્વલન કષાયોમાં યથાપ્રવૃત્ત સંક્રમ દ્વારા પહેલા સમયે ઘણું અને પછી પછીના સમયે વિશેષ હીન હીન સંક્રમાવે છે. એમ જે સમયે અવેદક થાય છે તે સમયથી બે સમય ન્યૂન બે આવલિકાના અંતે પુરુષવેદ સંપૂર્ણ ઉપશાંત થાય છે. અને તે સમયે ચારે સંજ્વલન કષાયનો સ્થિતિબંધ બત્રીસ વર્ષ પ્રમાણ થાય છે. આ સ્થળે કર્મપ્રકૃતિ ઉપશમના કરણમાં અંતર્મુહૂર્ત્ત ન્યૂન બત્રીસ વર્ષ પ્રમાણ થાય એમ કહેલ છે, તેમ જ મોહનીય વિના શેષ કર્મનો સ્થિતિબંધ સંખ્યાતા હજાર વર્ષ પ્રમાણ થાય છે.

અવેદકના પ્રથમ સમયથી અપ્રત્યાખ્યાનીય, પ્રત્યાખ્યાનીય અને સંજ્વલન એ ત્રણે ક્રોધને એક સાથે ઉપશમાવવાની શરૂઆત કરે છે, અને ઉત્તરોત્તર દરેક સમયે અસંખ્યાતગુણ ઉપશમાવે છે, તેમજ આ ત્રણ ક્રોધની ઉપશમન ક્રિયા શરૂ કરે તે વખતે જે સ્થિતિબંધ થાય છે તે સ્થિતિબંધ પૂર્ણ થયા પછી ચારે સંજ્વલનનો નવો સ્થિતિબંધ સંખ્યાત ભાગ હીન અને શેષ કર્મોનો સંખ્યાતગુણ હીન એટલે સંખ્યાતમા ભાગ પ્રમાણ કરે છે.

જ્યારે સંજ્વલન ક્રોધની પ્રથમ સ્થિતિ સમય ન્યૂન ત્રણ આવલિકા શેષ રહે ત્યારે સંજ્વલન ક્રોધ અપતદ્ગ્રહ થાય છે, માટે તે સમયથી સત્તાગત અન્ય પ્રકૃતિઓનાં દલિકો સંજ્વલન ક્રોધમાં સંક્રમતાં નથી, પરંતુ માનાદિ ત્રણમાં સંક્રમે છે. સંજ્વલન ક્રોધની પ્રથમસ્થિતિ બે આવલિકા પ્રમાણ શેષ રહે ત્યારે આગાલ પણ બંધ પડે છે, અને પ્રથમસ્થિતિ એક આવલિકા બાકી રહે ત્યારે સંજ્વલન ક્રોધના બંધ-ઉદય-અને ઉદીરણા એકીસાથે વિચ્છેદ થાય છે અને તે સમયે અપ્રત્યાખ્યાનીય અને પ્રત્યાખ્યાનાવરણીય ક્રોધ સંપૂર્ણ ઉપશાંત થાય છે. જે સમયે સંજ્વલન ક્રોધના બંધાદિ વિચ્છેદ થાય છે. તે સમયે પ્રથમસ્થિતિમાં એક આવલિકા અને દ્વિતીય સ્થિતિમાં સમય ન્યૂન બે આવલિકા પ્રમાણ કાળમાં બંધાયેલ દલિકને છોડી સંજ્વલન ક્રોધનું પણ અન્ય સર્વ દલિક ઉપશાંત થયેલ હોય છે. પ્રથમ સ્થિતિગત આવલિકાને સ્તિબુક સંક્રમથી માનમાં, માનની પ્રથમ સ્થિતિગત આવલિકાને માયામાં, માયાની લોભમાં અને બાદર લોભની પ્રથમ સ્થિતિગત આવલિકાને દશમા ગુણસ્થાનકે કિટ્ટિઓમાં સંક્રમાવી ભોગવી દૂર કરે છે.

ક્રોધની દ્વિતીય સ્થિતિમાં બંધવિચ્છેદ પછીના સમયે જે બે સમય ન્યૂન બે આવલિકા પ્રમાણકાળમાં બંધાયેલ દલિક અનુપશાંત છે તેને બંધવિચ્છેદ પછીના સમયથી બે સમયન્યૂન બે

આવલિકાકાળમાં જ પુરુષવેદની જેમ ઉપશમાવે છે, અને યથાપ્રવૃત્ત સંક્રમથી બધ્યમાન પ્રકૃતિઓમાં સંક્રમાવી સંપૂર્ણ ઉપશાંત કરે છે. એ જ પ્રમાણે માન અને માયાના બંધોદય વિચ્છેદ પછીના સમયે દ્વિતીય સ્થિતિમાં બે સમય ન્યૂન બે આવલિકા પ્રમાણ કાળમાં બંધાયેલ જે દલિકો અનુપશાંત હોય છે તેઓને તેટલા જ કાળમાં પુરુષવેદની જેમ ઉપશમાવી અને યથાપ્રવૃત્ત સંક્રમથી સંક્રમાવી સંપૂર્ણપણે ઉપશમાવે છે.

લોભના બંધવિચ્છેદ પછીના સમયે જે બે સમય ન્યૂન બે આવલિકા પ્રમાણ કાળમાં બંધાયેલ દલિકો અનુપશાંત હોય છે. તેઓને દશમા ગુણસ્થાનકે તેટલા જ કાળમાં સંપૂર્ણપણે સ્વસ્થાનમાં ઉપશમાવે છે. પરંતુ મોહનીય કર્મની કોઈપણ પ્રકૃતિનો બંધ ન હોવાથી સંક્રમાવતો નથી.

સંજ્વલન ક્રોધના બંધવિચ્છેદ સમયે ચારે સંજ્વલન કષાયનો સ્થિતિબંધ ચાર માસ પ્રમાણ હોય છે. અને જ્ઞાનાવરણીય વગેરે છ કર્મનો સ્થિતિબંધ સંખ્યાત હજાર વર્ષ પ્રમાણ હોય છે, જે સમયે સંજ્વલન ક્રોધના બંધોદય-ઉદીરણા વિચ્છેદ થાય છે, તેના પછીના સમયથી માનના દ્વિતીય સ્થિતિમાં રહેલ દલિકોને આકર્ષી અંતરકરણરૂપ ખાલી જગ્યામાં લાવી આ ગુણસ્થાનકે જેટલો કાળ માનનો ઉદય રહેવાનો છે તેટલાથી એક આવલિકા વધારે કાળ સુધીમાં પૂર્વ-પૂર્વના સમયથી પછી-પછીના સમયમાં અસંખ્યાત ગુણાકારે દલિકો ગોઠવી પ્રથમ સ્થિતિ બનાવી તેનો ઉદય કરે છે.

સંજ્વલન માનોદયના પ્રથમ સમયે માન વગેરે ત્રણેનો સ્થિતિબંધ ચાર માસ પ્રમાણ હોય છે અને તે જ સમયથી અપ્રત્યાખ્યાનીય, પ્રત્યાખ્યાનીય અને સંજ્વલન એ ત્રણ માનને ઉપશમાવવાની શરૂઆત કરે છે. જ્યારે માનની પ્રથમ સ્થિતિ સમય ન્યૂન ત્રણ આવલિકા રહે છે, ત્યારે સંજ્વલન માન અપતદ્ગ્રહ થાય છે. માટે તે સમયથી અન્ય પ્રકૃતિનાં દલિકો સંજ્વલન માનમાં સંક્રમતાં નથી, પરંતુ માયા અને લોભમાં સંક્રમે છે. અને સંજ્વલન માનની પ્રથમસ્થિતિ બે આવલિકા બાકી રહે ત્યારે આગાલ બંધ પડે છે. તેમજ પ્રથમ સ્થિતિ એક આવલિકા બાકી રહે ત્યારે અપ્રત્યાખ્યાનીય અને પ્રત્યાખ્યાનીય માનનો સંપૂર્ણ ઉપશમ થઈ જાય છે. અને સંજ્વલન માનના બંધ-ઉદય અને ઉદીરણાનો વિચ્છેદ થાય છે. તેમજ તે સમયે માનની પ્રથમ સ્થિતિમાં એક આવલિકા અને દ્વિતીય સ્થિતિમાં સમય ન્યૂન બે આવલિકા કાળમાં બંધાયેલ દલિક વિના સંજ્વલન માનનું પણ સર્વ દલિક ઉપશાંત થયેલું હોય છે.

સંજ્વલન માનના બંધવિચ્છેદ સમયે સંજ્વલન માન વગેરે ત્રણ કષાયનો સ્થિતિબંધ બે માસ પ્રમાણ અને શેષ જ્ઞાનાવરણીય વગેરે કર્મોનો સંખ્યાતવર્ષ પ્રમાણ હોય છે. સંજ્વલન માનના બંધવિચ્છેદ પછીના સમયે સંજ્વલન માયાના દ્વિતીય સ્થિતિમાં રહેલ દલિકોને આકર્ષી નવમા ગુણસ્થાનકે જેટલો કાળ માયાનો ઉદય રહેવાનો છે, તેટલાથી આવલિકા અધિક કાળ પ્રમાણ અંતરકરણરૂપ ખાલી જગ્યામાં દલિકો લાવી ગુણશ્રેણિના ક્રમે ઉદય સમયથી લઈ અસંખ્યાત ગુણાકારે ગોઠવી પ્રથમ સ્થિતિ બનાવી તેને વેદે છે.

માયોદયના પ્રથમ સમયથી અપ્રત્યાખ્યાનીય, પ્રત્યાખ્યાનીય અને સંજ્વલન આ ત્રણે

માયાને ઉપશમાવવાની શરૂઆત કરે છે, અને સંજ્વલન માયાની પ્રથમ સ્થિતિ સમય ન્યૂન ત્રણ આવલિકા રહે ત્યારે સંજ્વલન માયા અપતદ્ગ્રહ થવાથી અન્ય પ્રકૃતિનાં દલિકો તેમાં સંક્રમતાં નથી પરંતુ લોભમાં જ સંક્રમે છે. તેમજ સંજ્વલન માયાની પ્રથમ સ્થિતિ બે આવલિકા બાકી રહે ત્યારે આગાલ બંધ પડે છે, અને એક આવલિકા બાકી રહે ત્યારે સંજ્વલન માયાના બંધ-ઉદય-ઉદીરણા એકીસાથે વિચ્છેદ થાય છે, અને તે જ સમયે અપ્રત્યાખ્યાનીય અને પ્રત્યાખ્યાનીય માયાનો સંપૂર્ણ ઉપશમ થઈ જાય છે. પરંતુ સંજ્વલન માયાનું પ્રથમ સ્થિતિમાં એક આવલિકા અને દ્વિતીય સ્થિતિમાં સમય ન્યૂન બે આવલિકા પ્રમાણ કાળમાં બંધાયેલ દલિક અનુપશાંત હોય છે. અને તે અનુપશાંત દલિકને પણ તે સમયથી સમયોન બે આવલિકા કાળમાં ઉપશમાવે છે.

સંજ્વલન માયાના બંધવિચ્છેદ સમયે સંજ્વલન માયા અને લોભનો એક માસ પ્રમાણ અને શેષ કર્મોનો સંખ્યાત વર્ષ પ્રમાણ સ્થિતિબંધ થાય છે. માયોદયના વિચ્છેદ પછીના સમયે લોભના દ્વિતીય સ્થિતિમાં રહેલ દલિકોને આકર્ષી હવે પછી જેટલો કાળ લોભનો ઉદય રહેવાનો છે તેટલા કાળના ત્રણ ભાગ કલ્પી તેના બે ભાગ પ્રમાણ કાળમાં એટલે કે નવમા ગુણસ્થાનકના કાળથી એક આવલિકા અધિક કાળ પ્રમાણ અંતરકરણરૂપ ખાલી જગ્યામાં દલિકો લાવી પ્રથમ સમયથી અસંખ્યાત ગુણાકારે ગોઠવી પ્રથમ સ્થિતિ બનાવી તેનો ઉદય શરૂ કરે છે. તેમ જ સંજ્વલન માયાના બંધવિચ્છેદ પછીના સમયે અપ્રત્યાખ્યાનીય, પ્રત્યાખ્યાનીય અને સંજ્વલન એ ત્રણે લોભને ઉપશમાવવાની શરૂઆત કરે છે. તેમજ સંજ્વલન લોભની પ્રથમ સ્થિતિ સમયન્યૂન ત્રણ આવલિકા બાકી રહે ત્યારે સંજ્વલન લોભ અપતદ્ગ્રહ થવાથી બંને લોભને સ્વસ્થાને જ ઉપશમાવે છે પરંતુ પતદ્ગ્રહના અભાવે સંક્રમાવતો નથી, અને નવમા ગુણસ્થાનકના ચરમસમયે અપ્રત્યાખ્યાનીય તેમજ પ્રત્યાખ્યાનીય લોભ સંપૂર્ણ ઉપશમ થઈ જાય છે.

જે સમયે સંજ્વલન લોભનો ઉદય થાય છે તે સમયથી લોભના ઉદયકાળના ત્રણ વિભાગ કરે છે, અને તેમાંથી પ્રથમ બે ભાગમાં દલિકો ગોઠવે છે. એ વાત ઉપર બતાવવામાં આવેલ છે. તેમાં લોભ વેદવાના પહેલા ભાગનું અશ્વકર્ણકરણાદ્ધા, બીજા ભાગનું કિટ્ટિકરણાદ્ધા અને ત્રીજા ભાગનું નામ કિટ્ટિવેદનાદ્ધા છે. ત્યાં સંખ્યાતા સ્થિતિઘાત પ્રમાણ અશ્વકર્ણકરણાદ્ધા કાળમાં દ્વિતીય સ્થિતિમાં રહેલ સંજ્વલન લોભના દલિકોના દરેક સમયે અપૂર્વ સ્પર્દ્ધકો કરે છે. એટલે કે—અનાદિ સંસારમાં બંધ દ્વારા કોઈવાર સંજ્વલન લોભનાં ન કર્યાં હોય તેવાં હમણાં બધ્યમાન લોભના રસ સ્પર્દ્ધકોની સમાન સત્તાગત દલિકોના રસ સ્પર્દ્ધકોમાંથી કેટલાયે નવાં રસ સ્પર્દ્ધકો બનાવે છે, એટલે કે ચડતા ચડતા રસાણુઓનો ક્રમ તોડ્યા વિના સત્તાગત રસ સ્પર્દ્ધકોને અનંતગુણ હીન રસવાળા કરી નવાં રસ સ્પર્દ્ધકો બનાવે છે. અને તે જ અપૂર્વ સ્પર્દ્ધકો કહેવાય છે.

ત્યારબાદ લોભ વેદવાના બીજા ભાગમાં પ્રવેશ કરે છે અને તે જ કિટ્ટિકરણાદ્ધાનો કાળ છે. તે કિટ્ટિકરણાદ્ધાના પ્રથમ સમયે સંજ્વલન લોભનો સ્થિતિબંધ દિવસ પૃથક્ત્વ અને શેષ કર્મોને વર્ષ પૃથક્ત્વ પ્રમાણ થાય છે.

કિટ્ટિકરણાદ્ધાના પ્રથમ સમયથી ચરમ સમય સુધી દરેક દ્વિતીય સ્થિતિમાં રહેલ સંજ્વલન

લોભના પૂર્વ અને અપૂર્વ સ્પર્દ્ધકોમાંથી કેટલાંક દલિકોને ગ્રહણ કરી તેમાંથી અનંતી અનંતી કિટ્ટિઓ બનાવે છે અર્થાત્ પહેલાં ચડતા ચડતા રસાણુઓના ક્રમનો ત્યાગ કર્યા વિના અનંતગુણહીન રસવાળાં અપૂર્વ સ્પર્દ્ધકો કર્યાં હતાં, પરંતુ હમણાં વિશુદ્ધિનો પરમ પ્રકર્ષ હોવાથી એકોત્તર ચડતા ચડતા રસાણુઓનો ક્રમ તોડી અપૂર્વસ્પર્દ્ધકો કરતાં પણ અનંતગુણહીન રસ કરે છે.

દા. ત. અભવ્યથી અનંતગુણ વર્ગણાઓનું એક સ્પર્દ્ધક અને પ્રત્યેક વર્ગણાના દરેક પરમાણુઓમાં સર્વ જીવ રાશિથી અનંતગુણ રસાણુઓ હોવા છતાં અસત્કલ્પનાએ પાંચ વર્ગણાઓનું એક સ્પર્દ્ધક અને પ્રથમ વર્ગણાના પરમાણુઓમાં એકસો એક, બીજીમાં એકસો બે, ત્રીજીમાં એકસો ત્રણ, ચોથીમાં એકસો ચાર અને પાંચમી વર્ગણાના પરમાણુઓમાં એકસો પાંચ રસાણુઓ હતા, તેના બદલે અનંતગુણહીન અંતર કરી એકોત્તર ચડતા રસાણુઓનો ક્રમ તોડી પ્રથમ વર્ગણાના અમુક પરમાણુઓમાં પાંચ, બીજીમાં પંદર, ત્રીજીમાં પચીસ, ચોથીમાં પાંત્રીસ અને પાંચમી વર્ગણાના અમુક પરમાણુઓમાં પિસ્તાળીસ રસાણુઓ રાખી વચમાં મોટું-મોટું અંતર પાડે છે અને તે જ કિટ્ટિઓ કહેવાય છે.

એક રસ સ્પર્દ્ધકમાં જેટલી વર્ગણાઓ હોય છે તેના અનંતમા ભાગ જેટલી કિટ્ટિઓ પ્રથમ સમયે બનાવે છે. પ્રથમ સમયે બનાવેલ કિટ્ટિઓની અપેક્ષાએ બીજા સમયે અસંખ્યાતમા ભાગ પ્રમાણ કિટ્ટિઓ બનાવે છે. એમ કિટ્ટિકરણાદ્ધાના ચરમ સમય સુધી પૂર્વ પૂર્વના સમયની અપેક્ષાએ પછી પછીના સમયમાં અસંખ્યાતગુણ હીન-હીન અર્થાત્ અસંખ્યાતમા ભાગ પ્રમાણ કિટ્ટિઓ બનાવે છે. અને સર્વોત્કૃષ્ટ રસવાળી કિટ્ટિઓનો રસ પણ સર્વ જઘન્ય રસ સ્પર્દ્ધકના રસથી અનંતગુણહીન અર્થાત્ અનંતમા ભાગ જેટલો હોય છે.

પૂર્વ-પૂર્વના સમયથી પછી પછીના સમયે અનંતગુણ વિશુદ્ધિ હોય છે તેમજ તથાસ્વભાવે જ ઘણા રસવાળા કર્મપરમાણુઓ થોડા અને અલ્પ રસવાળા કર્મપરમાણુઓ ઘણા હોય છે. તેથી પ્રથમ સમયે કરાયેલ બધી કિટ્ટિઓના રસની અપેક્ષાએ બીજા સમયે કરાયેલ કિટ્ટિઓમાં રસ અનંતગુણહીન એટલે કે અનંતમા ભાગપ્રમાણ હોય છે. અને તે થકી પણ ત્રીજા સમયે કરાયેલ કિટ્ટિઓમાં રસ અનંતગુણહીન હોય છે. એમ પૂર્વ પૂર્વના સમયની અપેક્ષાએ પછી પછીના સમયમાં કરાયેલ કિટ્ટિઓમાં ક્રમશઃ અનંતગુણહીન-હીન રસ હોય છે.

પ્રથમ સમયે કરાયેલી બધી કિટ્ટિઓનું દલિક પછીના સમયે કરાયેલ કિટ્ટિઓના દલિકની અપેક્ષાએ અલ્પ હોય છે, અને પ્રથમ સમયની સમસ્ત કિટ્ટિઓના દલિકથી બીજા સમયે કરાયેલ કિટ્ટિઓનું દલિક અસંખ્યાતગુણ, તે થકી પણ ત્રીજા સમયે કરાયેલ કિટ્ટિઓનું દલિક અસંખ્યાતગુણ હોય છે. એમ પૂર્વ-પૂર્વના સમયથી અપેક્ષાએ પછી પછીના સમયમાં કરાયેલ કિટ્ટિઓનું દલિક ક્રમશઃ એક એકથી અસંખ્યાતગુણ હોય છે.

એમ પૂર્વ-પૂર્વના સમયમાં કરાયેલી કિટ્ટિઓના રસ તથા દલિકની અપેક્ષાએ પછી-પછીના સમયમાં કરાયેલ કિટ્ટિઓના રસ અને દલિકનું અલ્પબહુત્વ બતાવી હવે દરેક સમયે કરાયેલ કિટ્ટિઓનું પરસ્પર અલ્પબહુત્વ બતાવે છે.

ત્યાં પ્રથમ સમયે કરાયેલ જે અનંતી કિટ્ટિઓ છે તેમાં સર્વથી અલ્પ રસવાળી જે કિટ્ટિ છે તેને પ્રથમ સ્થાપન કરી તે પછી ચડતા ચડતા અધિક રસવાળી પ્રથમ સમયે કરાયેલી બધી કિટ્ટિઓને અનુક્રમે સ્થાપન કરીએ તો પ્રથમ કિટ્ટિમાં સર્વથી અલ્પ રસ હોય છે. તેથી બીજી કિટ્ટિમાં અનંતગુણ, તે થકી ત્રીજી કિટ્ટિમાં અનંતગુણ એમ પૂર્વ-પૂર્વની કિટ્ટિની અપેક્ષાએ પછી પછીની કિટ્ટિમાં અનંતગુણ રસ હોય છે.

તે જ પ્રથમ સમયે કરાયેલી અનંતી કિટ્ટિઓમાંની જે સર્વાલ્પ રસવાળી પ્રથમ કિટ્ટિ છે. તેમાં તે જ પ્રથમ સમયે કરાયેલ અન્ય કિટ્ટિઓના દલિકની અપેક્ષાએ ઘણા દલિક હોય છે, અને અનંતગુણ અધિક રસવાળી પછી પછીની કિટ્ટિમાં વિશેષ હીન-હીન દલિક હોય છે.

એમ બીજા-ત્રીજા યાવત્ કિટ્ટિકરણાદ્ધાના ચરમસમય સુધી કરાયેલ કોઈપણ એક સમયની કિટ્ટિઓમાં રસ અને દલિકોનું અલ્પબહુત્વ હોય છે. કારણ કે તથાસ્વભાવે જ અલ્પ અલ્પ રસવાળી કિટ્ટિઓમાં દલિકો ઘણાં ઘણાં, અને ઘણા ઘણા રસવાળી કિટ્ટિઓમાં દલિકો અલ્પ અલ્પ હોય છે.

હવે પ્રથમ સમયે કરાયેલ કિટ્ટિઓમાંની જે કિટ્ટિ સર્વથી અલ્પ રસવાળી છે તે પણ બીજા સમયે કરાયેલ કિટ્ટિઓમાંની સર્વથી અધિક રસવાળી કિટ્ટિની અપેક્ષાએ અનંતગુણ અધિક રસવાળી છે. અને બીજા સમયે કરાયેલ કિટ્ટિઓમાંની જે કિટ્ટિ સર્વથી અલ્પ રસવાળી છે તે પણ ત્રીજા સમયે કરાયેલ સર્વથી અધિક રસવાળી કિટ્ટિની અપેક્ષાએ પણ અનંતગુણ રસવાળી છે. એમ પૂર્વ-પૂર્વના સમયમાં કરાયેલ કિટ્ટિઓમાંની જે કિટ્ટિ સર્વથી અલ્પ રસવાળી છે તે પણ પછી-પછીના સમયે કરાયેલ સર્વથી અધિક રસવાળી કિટ્ટિની અપેક્ષાએ અનંતગુણ રસવાળી હોય છે.

પ્રથમ સમયે કરાયેલ કિટ્ટિઓમાંની જે કિટ્ટિ સર્વથી અલ્પરસ અને ઘણા પ્રદેશોવાળી છે, તેના દલિકની અપેક્ષાએ પણ બીજા સમયે કરાયેલ કિટ્ટિઓમાં જે સર્વથી ઘણા રસ અને અલ્પ પ્રદેશવાળી છે તે પણ અસંખ્યાતગુણ દલિકવાળી છે. તેની અપેક્ષાએ ત્રીજા સમયે કરાયેલ કિટ્ટિઓમાં જે કિટ્ટિ સર્વથી ઘણા રસ અને અલ્પ દલિકવાળી છે તે પણ અસંખ્યાતગુણ દલિકવાળી છે. તેની અપેક્ષાએ ચોથે સમયે કરાયેલ કિટ્ટિઓમાં જે કિટ્ટિ સર્વથી અધિક રસ અને અલ્પ પ્રદેશવાળી છે તે પણ અસંખ્યાતગુણ પ્રદેશવાળી છે. એમ ચરમ સમય સુધી સમજવું.

કિટ્ટિકરણાદ્ધાના ઘણા સંખ્યાતા ભાગ જાય ત્યારે સંજ્વલન લોભનો સ્થિતિબંધ અંતર્મુહૂર્ત્ત પ્રમાણ, જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાયકર્મનો દિવસ પૃથક્ત્વ અને શેષ ત્રણ કર્મનો ઘણાં હજારો વર્ષ પ્રમાણ થાય છે. અને તે પણ હીન-હીન થતાં કિટ્ટિકરણાદ્ધાના ચરમસમયે એટલે કે નવમા ગુણસ્થાનકના ચરમસમયે હમણાં બતાવેલ અંતર્મુહૂર્ત્તની અપેક્ષાએ સંજ્વલન લોભનો ઘણાં નાનાં અંતર્મુહૂર્ત્તપ્રમાણ, જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાયનો એક અહોરાત્રપ્રમાણ અને શેષ ત્રણ કર્મનો કંઈક ન્યૂન બે વર્ષ પ્રમાણ સ્થિતિબંધ થાય છે. અને ત્યારપછીના સમયે જીવ દશમા ગુણસ્થાનકમાં પ્રવેશ કરે છે.

જે સમયે દશમા ગુણસ્થાનકમાં પ્રવેશ કરે છે તે સમયે લોભ વેદનાદ્ધારૂપ સંજ્વલન

લોભના બેતૃતીયાંશ ભાગ પ્રમાણ કરાયેલ પ્રથમ સ્થિતિની એક આવલિકા અને છેલ્લા બે સમયન્યૂન બે આવલિકા પ્રમાણકાળમાં બંધાયેલ તેમ જ કિટ્ટિકરણાદ્ધામાં કરાયેલ કિટ્ટિઓ સિવાયનું સંજ્વલન લોભનું સર્વદલિક ઉપશાંત હોય છે. અને કિટ્ટિકરણાદ્ધામાં દ્વિતીય સ્થિતિમાં જે કિટ્ટિઓ કરેલી છે તેમાંથી દશમા ગુણસ્થાનકના પ્રથમ સમયે કેટલીક કિટ્ટિઓને આકર્ષી અંતરકરણરૂપ ખાલી જગ્યાને વિષે દશમા ગુણસ્થાનકના કાળપ્રમાણ કાળમાં ગોઠવી પ્રથમ સ્થિતિ બનાવે છે અને તેને ભોગવે છે. તેમજ તે જ સમયથી નવમા ગુણસ્થાનકના છેલ્લે સમયન્યૂન બે આવલિકા કાળમાં બંધાયેલ સંજ્વલન લોભને બે સમયન્યૂન બે આવલિકાકાળમાં સ્વસ્થાને ઉપશમાવે છે. તેમજ કિટ્ટિકરણાદ્ધાની બાકી રહેલ સંજ્વલન લોભની આવલિકાને સ્તિબુકસંક્રમથી પ્રથમ સ્થિતિ સંક્રમાવી આવલિકાપ્રમાણકાળમાં ભોગવી નાશ કરે છે.

દશમા ગુણસ્થાનકના પ્રથમ સમયે કિટ્ટિકરણાદ્ધાના પહેલા અને છેલ્લા સમયે કરાયેલ કિટ્ટિઓ સિવાયની બાકીના સમયમાં કરાયેલ દરેક કિટ્ટિઓનાં કેટલાંક દલિકો ઉદયમાં આવી જાય એવી રીતે ગોઠવે છે. અને પ્રથમ સમયે કરાયેલ કિટ્ટિઓનો ઉપરનો અસંખ્યાતમો ભાગ છોડી શેષ કિટ્ટિઓ તેમજ ચરમસમયે કરાયેલ કિટ્ટિઓના નીચેના અસંખ્યાતમા ભાગને છોડી શેષ કિટ્ટિઓ ઉદીરણા દ્વારા પ્રથમ સમયે ઉદયમાં આવે છે. બીજા સમયે ઉદય પ્રાપ્ત કિટ્ટિઓનો અસંખ્યાતમો ભાગ ભોગવ્યા વિના જ ઉપશમાવે છે અને દ્વિતીય સ્થિતિમાંથી ઉદીરણાથી એક અસંખ્યાતમા ભાગ પ્રમાણ કિટ્ટિઓ અનુભવવા માટે ગ્રહણ કરીને ઉદયસમયમાં ગોઠવી ભોગવે છે, એમ આ ગુણસ્થાનકના છેલ્લા સમય સુધી દરેક સમયે ઉદયપ્રાપ્ત કિટ્ટિઓનો એક એક અસંખ્યાતમો ભાગ અનુભવ્યા વિના ઉપશમાવે છે. અને દ્વિતીય સ્થિતિમાંથી ઉદીરણા દ્વારા અપૂર્વઅસંખ્યાતમા ભાગ પ્રમાણ કિટ્ટિઓને ગ્રહણ કરી અનુભવવા માટે ઉદય સમયમાં ગોઠવે છે.

આ ગુણસ્થાનકના પ્રથમ સમયથી ચરમસમય સુધી દ્વિતીય સ્થિતિમાં જે સૂક્ષ્મકિટ્ટિકૃત દલિક અનુપશાંત છે. તેને પણ પૂર્વ-પૂર્વના સમયથી પછી-પછીના સમયે અસંખ્યાતગુણાકારે ઉપશમાવી ચરમસમયે સંપૂર્ણ ઉપશાંત કરી લે છે. આ ગુણસ્થાનકના ચરમસમયે જ્ઞાનાવરણ દર્શનાવરણ અને અંતરાયકર્મનો અંતર્મુહૂર્તપ્રમાણ, નામ અને ગોત્રકર્મનો સોળ મુહૂર્તપ્રમાણ અને વેદનીયનો ચોવીસ મુહૂર્તપ્રમાણ સ્થિતિબંધ થાય છે. ત્યારપછીના સમયે આત્મા અગિયારમા ઉપશાંત મોહગુણસ્થાનકમાં પ્રવેશ કરે છે.

આ ગુણસ્થાનકે મોહનીયકર્મ સંપૂર્ણ ઉપશાંત થયેલ હોવાથી તેનો અનુદય હોય છે. આ ગુણસ્થાનકનો કાળ મરણની અપેક્ષાએ જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત પ્રમાણ છે.

અહીં પતદ્ગ્રહનો અભાવ હોવાથી ગુણસંક્રમ તેમ જ કાષાયિક બંધનો અભાવ હોવાથી અપૂર્વ-સ્થિતિબંધ આ બે પદાર્થો પ્રવર્તતા નથી. પરંતુ મોહનીય અને આયુષ્ય વિના શેષ છ કર્મમાં સ્થિતિઘાત, રસઘાત અને ગુણશ્રેણિ આ ત્રણ પદાર્થો પ્રવર્ત્તે છે. આ ગુણસ્થાનકે અવસ્થિત પરિણામ હોવાથી ઉપરની ગુણશ્રેણિઓની જેમ દરેક સમયે ઉપરથી અસંખ્યાતગુણ દલિકો ઉતારતો નથી પરંતુ સરખા પ્રમાણમાં જ દલિકો ઉતારે છે. અને જેમ-જેમ પૂર્વના સમયો

ભોગવાઈને દૂર થાય છે તેમ-તેમ ઉપર-ઉપરનાં સ્થાનોમાં દલિક-રચના થાય છે. અને તે દલિક-રચના આ ગુણસ્થાનકના સંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થાનોમાં પૂર્વ-પૂર્વના સમયથી પછી પછીના સમયમાં અસંખ્યાતગુણાકારે થાય છે. તેથી આ ગુણસ્થાનકે થતી ગુણશ્રેણિ કાળ અને દલિકોની અપેક્ષાએ સમાન હોય છે.

દા. ત. આ ગુણસ્થાનકના અંતર્મુહૂર્ત્તના અસત્કલ્પનાએ ૧૦૦ સમય અને સંખ્યાતમા ભાગના ૧૦ સમય કલ્પીએ તો પ્રથમ સમયે ઉપરથી ઉતારેલ દલિકોને ૧થી ૧૦ સમયમાં ગોઠવે છે. બીજા સમયે ઉતારેલ દલિકને ૨થી ૧૧, ત્રીજા સમયે ઉતારેલ દલિકોને ૩થી ૧૨ અને ચોથા સમયે ઉતારેલ દલિકોને ૪થી ૧૩ સમયમાં ગોઠવે છે. એમ આ ગુણસ્થાનકના ચરમ સમય સુધી તે તે સમયે ઉતારેલ દલિકોને તે તે સમયથી ૧૦ સમય સુધીના કાળમાં અસંખ્યાત ગુણાકારે ગોઠવે છે. અને ઉપરથી પણ દરેક સમયે સરખાં જ દલિકો ઉતારે છે. માટે જ આ ગુણસ્થાનકમાં જે ગુણશ્રેણિ થાય છે તે કાળ અને દલિકોની અપેક્ષાએ તુલ્ય હોય છે.

આ ગુણસ્થાનકે મોહનીયકર્મનો સર્વથા ઉપશમ થયેલ હોવાથી તેની સત્તાગત કોઈપણ પ્રકૃતિઓમાં સંક્રમણ, ઉદ્વર્ત્તના, અપવર્ત્તના, ઉદીરણા, નિદ્ધત્તિ અને નિકાચના આ છમાંથી કોઈપણ કરણ લાગતાં નથી તેમજ આ અંતર્મુહૂર્ત્ત કાળમાં મોહનીયકર્મની કોઈપણ પ્રકૃતિઓનો ઉદય થતો નથી, માત્ર સત્તાગત મિથ્યાત્વ અને મિશ્રનો સંક્રમ અને ત્રણે દર્શનમોહનીયની અપવર્ત્તના થાય છે.

એમ ક્રોધોદયે શ્રેણિ માંડનારને સમજવું. પરંતુ માનોદયે શ્રેણિ માંડનારને નપુંસકવેદની જેમ ત્રણે ક્રોધ એકીસાથે ઉપશાંત થાય છે, માયોદયે શ્રેણિ ઉપર આરૂઢ થનારને પ્રથમ ત્રણ ક્રોધ પછી ત્રણ માન, તે જ પ્રમાણે લોભોદયે શ્રેણિ માંડનારને પ્રથમ ત્રણ ક્રોધ, પછી ત્રણ માન, અને ત્યારબાદ ત્રણ માયા ઉપશાંત થાય છે અને લોભને તો પ્રથમની જેમ જ ઉપશમાવે છે.

ક્રોધોદયે શ્રેણિ માંડનારને જ્યાં ક્રોધનો બંધવિચ્છેદ થાય છે તે જ સ્થાને માને શ્રેણિ માંડનારને પણ ક્રોધનો બંધવિચ્છેદ થાય છે. અને જે સમયે ક્રોધનો બંધવિચ્છેદ થાય છે. તે જ સમયે સમય ન્યૂન બે આવલિકા કાળમાં બંધાયેલ ક્રોધ જે અનુપશાંત હોય છે તેને પછીના સમયથી બે સમયન્યૂન બે આવલિકા કાળમાં ક્રોધોદયે શ્રેણિ માંડનારની જેમ ઉપશમાવે છે અને યથાપ્રવૃત્ત સંક્રમથી સંક્રમાવે છે.

એ જ પ્રમાણે માયોદયે શ્રેણિ માંડનારને પણ જે જગ્યાએ ક્રોધનો બંધવિચ્છેદ થાય છે તે જ જગ્યાએ ક્રોધનો, જે જગ્યાએ માનનો બંધવિચ્છેદ થાય છે તે જગ્યાએ માનનો અને લોભોદયે શ્રેણી માંડનારને ક્રોધાદિ ત્રણેનો ક્રોધોદયે શ્રેણિ માંડનારને જે જે સ્થાને બંધવિચ્છેદ થાય છે તે તે સ્થાને જ ક્રમશઃ સંજ્વલન ક્રોધ, માન અને માયાનો બંધવિચ્છેદ થાય છે અને પોતપોતાના બંધવિચ્છેદ સમયે સમય ન્યૂન બે આવલિકા કાળમાં બંધાયેલ તે તે કષાયનું જે દલિક અનુપશાંત હોય છે તેને પોતપોતાના બંધવિચ્છેદ પછીના સમયથી બે સમય ન્યૂન બે આવલિકા કાળમાં પ્રથમની જેમ જ ઉપશમાવે છે અને યથાપ્રવૃત્ત સંક્રમથી સંક્રમાવે છે.

અંતર્મુહૂર્ત્ત પ્રમાણ ૧૧મા ગુણસ્થાનકનો કાળ પૂર્ણ થયા પહેલાં જ જો મનુષ્યભવનું

આયુષ્ય પૂર્ણ થઈ જાય તો તે કાળ કરી સર્વાર્થસિદ્ધિ વિમાનમાં ઉત્પન્ન થાય અને તે ભવક્ષયે પતન થયું કહેવાય અને તે આત્માને મરણના ચરમસમય સુધી ૧૧મું ગુણસ્થાનક હોય છે, પરંતુ દેવભવના પ્રથમ સમયે જ વચ્ચેનાં છ ગુણસ્થાનકોનો સ્પર્શ થયા વિના ૧૧માંથી સીધું ચોથું ગુણસ્થાનક પ્રાપ્ત થાય છે. અને તે સમયથી બધાં કરણો પ્રવર્ત્તે છે.

દેવભવના પ્રથમ સમયે જે જે જીવને ચારિત્ર મોહનીયકર્મની જે જે કર્મપ્રકૃતિઓનો ઉદય થાય છે તે કર્મપ્રકૃતિઓની દ્વિતીય સ્થિતિમાં જે પ્રથમ દલિકો ઉપશાંત થયેલાં હતાં તેમાંથી અપવર્ત્તના દ્વારા અંતરકરણરૂપ ખાલી જગ્યામાં દલિકો લાવી ઉદય સમયથી આવલિકા પ્રમાણ કાળમાં ગોપુચ્છાકારે અને આવલિકા ઉપરના પ્રથમ સમયથી ગુણશ્રેણિના શિર સુધી અસંખ્યાત ગુણાકારે અને પછી પુનઃ વિશેષ હીન હીન ગોઠવે છે. તથા મોહનીયકર્મની જે પ્રકૃતિઓ દેવભવના પ્રથમ સમયે ઉદયમાં નથી આવતી તે પ્રકૃતિઓનાં દલિકોને દ્વિતીય સ્થિતિમાંથી અપવર્ત્તનાકરણ દ્વારા અંતરકરણરૂપ ખાલી જગ્યામાં લાવી ઉદયાવલિકાની ઉપરના પ્રથમ સમયથી ગુણશ્રેણીના શિર સુધી અસંખ્યાત ગુણાકારે અને તેની ઉપર વિશેષ હીન-હીન ગોઠવે છે. અને તેથી પ્રથમ જે અંતરકરણરૂપ ખાલી જગ્યા હતી ત્યાં પણ પુનઃ દલિકો ગોઠવાઈ જવાથી અને ખાલી જગ્યા પુરાઈ જવાથી અંતરકરણ રહેતું નથી.

આયુષ્ય પૂર્ણ ન થાય તોપણ આ ગુણસ્થાનકનો કાળ અંતર્મુહૂર્ત્ત પ્રમાણ જ હોવાથી તે પૂર્ણ થયે જીવ અવશ્ય પડે છે અને તે અદ્ધાક્ષયે પતન થયું કહેવાય. તેથી જે ક્રમે ચડ્યો હતો તે જ ક્રમે એટલે કે ૧૧મે થી ૧૦મે, ૯મે, ૮મે આવી ત્યાંથી સાતમે અને છઠ્ઠે ગુણસ્થાનકે હજારોવાર પરાવર્ત્તન કરી સ્થિર થાય છે. અને કોઈક જીવ પાંચમે તેમજ કોઈક ચોથે આવીને પણ સ્થિર થાય છે અને કોઈક ત્યાંથી પહેલે પણ જાય છે.

જે આચાર્યો અનંતાનુબંધીનો ઉપશમ કરીને ઉપશમ શ્રેણિ કરી શકાય છે એમ માને છે. તેઓના મતે કોઈક જીવ છઠ્ઠા, પાંચમા કે ચોથાથી સાસ્વાદને આવીને પણ મિથ્યાત્વે જાય છે.

અદ્ધાક્ષયે પડતાં ક્રમશઃ પ્રથમ સંજ્વલન લોભ, પછી માયા, માન અને ક્રોધનો ઉદય થાય છે. અને જે જે પ્રકૃતિઓનો જે જે સમયે ઉદય થાય છે—તે સમયે તેના દ્વિતીય સ્થિતિમાં રહેલ દલિકોને આકર્ષી આવલિકા પ્રમાણકાળમાં ગોપુચ્છાકારે. પછી ગુણશ્રેણિના શિર સુધી અસંખ્યાતગુણાકારે અને પછી પુનઃ હીન-હીન દલિકો ગોઠવે છે. તેમજ અવેદ્યમાન મોહનીયકર્મની અન્ય પ્રકૃતિઓના દ્વિતીય સ્થિતિમાં રહેલ દલિકોને જ્યારે જ્યારે અનુપશાંત કરે ત્યારે ત્યારે ઉદયાવલિકાની ઉપર પ્રથમ સમયથી ગુણશ્રેણિના શિર સુધી અસંખ્યાતગુણાકારે અને પછી હીન-હીન ગોઠવે છે. તેમજ સ્થિતિઘાત વગેરે ચડતી વખતે જેમ થતા હતા તેમ પડતી વખતે પણ ઊલટા ક્રમે થાય છે. એટલે ચડતી વખતે ક્રમશઃ સ્થિતિઘાતાદિ જે મોટા મોટા થતા હતા, તે પડતી વખતે ઓછા-ઓછા પ્રમાણમાં થાય છે. તેમજ ચડતી વખતે જે જે સ્થાને જે જે પ્રકૃતિઓનો બંધ, ઉદય તેમજ દેશોપશમના નિદ્ધત્તિ અને નિકાચનાકરણો વિચ્છેદ થયાં હતાં તે જ રીતે પડતી વખતે તે તે સ્થાને તે સર્વે પુનઃ શરૂ થાય છે, પણ ચડતી વખતે અંતરકરણ કર્યા પછી પુરુષવેદ અને ચાર સંજ્વલનનો સંક્રમ જે ક્રમશઃ જ થતો હતો અને લોભના સંક્રમનો જ સર્વથા અભાવ હતો તેમજ બધ્યમાનકર્મની જે સમયથી છ આવલિકા પછી ઉદીરણા થતી હતી

તેના બદલે પડતી વખતે પુરુષવેદ અને ચાર સંજ્વલનનો અરસપરસ પાંચેનો પાંચેમાં સંક્રમ થાય. સંજ્વલન લોભનો પણ સંક્રમ થાય અને બધ્યમાન કર્મલતાની બંધ આવલિકા પછી ઉદીરણા થાય છે. તેમજ ચડતી વખતે ગુણશ્રેણિની રચના માટે પ્રતિસમયે ઉપરની સ્થિતિઓમાંથી અસંખ્યાતગુણ દલિકો ઊતરતાં હતાં તેના બદલે પડતી વખતે દરેક સમયે અસંખ્યાતગુણ હીન-હીન દલિકો ઊતરે છે અને પૂર્વની જેમ ગોઠવાય છે.

ક્ષપકશ્રેણિમાં જે જે સ્થાને જે જે કર્મપ્રકૃતિઓનો જેટલો સ્થિતિબંધ થાય છે તેની અપેક્ષાએ ચડતી વખતે ઉપશમશ્રેણિમાં તે તે સ્થાને બમણો અને પડતી વખતે તે તે સ્થાને તેનાથી પણ બમણો એટલે કે ક્ષપકશ્રેણિમાં થાય છે તેનાથી ચાર ગુણો સ્થિતિબંધ થાય છે.

જેમ-ક્ષપકશ્રેણિમાં બંધવિચ્છેદ સમયે પુરુષવેદનો આઠ વર્ષનો, ઉપશમશ્રેણિમાં ચડતી વખતે ૧૬ વર્ષનો અને પડતી વખતે તે જ સ્થાને ૩૨ વર્ષનો સ્થિતિબંધ થાય છે એ જ પ્રમાણે ક્ષપકશ્રેણિમાં ૧૦મા ગુણસ્થાનકના ચરમસમયે જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાયનો અંતર્મુહૂર્તપ્રમાણ, નામ અને ગોત્રનો આઠ મુહૂર્તપ્રમાણ અને વેદનીયનો ૧૨ મુહૂર્તપ્રમાણ સ્થિતિબંધ થાય છે. ત્યારે ઉપશમશ્રેણિમાં ચડતી વખતે ૧૦મા ગુણસ્થાનકના ચરમસમયે જ્ઞાનાવરણ વગેરે કર્મનો ક્ષપકશ્રેણિના અંતર્મુહૂર્તની અપેક્ષાએ બમણા અંતર્મુહૂર્તપ્રમાણ, નામ અને ગોત્રનો ૧૬ મુહૂર્તપ્રમાણ અને વેદનીયનો ૨૪ મુહૂર્તપ્રમાણ સ્થિતિબંધ થાય છે. ત્યારે પડતી વખતે દશમા ગુણસ્થાનકના પ્રથમ સમયે તેથી પણ બમણો એટલે કે જ્ઞાનાવરણ વગેરે ત્રણ કર્મનો પૂર્વની અપેક્ષાએ બમણો અને ક્ષપકશ્રેણિની અપેક્ષાએ ચારગુણા મોટા અંતર્મુહૂર્ત પ્રમાણ, નામ અને ગોત્રનો ૩૨ મુહૂર્તપ્રમાણ અને વેદનીયનો ૪૮ મુહૂર્તપ્રમાણ સ્થિતિબંધ થાય છે.

ક્ષપકશ્રેણિમાં જે જે સ્થાને શુભ અને અશુભ પ્રકૃતિઓનો જેટલો રસબંધ થાય છે તેની અપેક્ષાએ ઉપશમશ્રેણિમાં ચડતી વખતે ક્રમશઃ અનંતગુણ હીન અને અનંતગુણ અધિક અને પડતી વખતે તેનાથી પણ શુભનો અનંતગુણ હીન અને અશુભનો અનંત ગુણ અધિક રસબંધ થાય છે.

શ્રેણિ પરથી પડતો જીવ મોહનીયકર્મની પ્રકૃતિઓની ગુણશ્રેણિ કાળની અપેક્ષાએ વેદ્યમાન સંજ્વલનના કાળથી અધિક કાળવાળી બનાવે છે. અને ચડવાના કાળની ગુણશ્રેણિની અપેક્ષાએ તુલ્ય બનાવે છે. જે કષાયના ઉદયે ઉપશમશ્રેણિ ઉપર આરૂઢ થયો હતો, પડતી વખતે જ્યારે તે કષાયનો ઉદય થાય ત્યારે તે કષાયની ગુણશ્રેણિ શેષકર્મની સમાન કરે છે.

દા. ત. સંજ્વલન ક્રોધના ઉદયે શ્રેણિ ઉપર આરૂઢ થનારને શ્રેણિથી પડતા પણ જ્યારે સંજ્વલન ક્રોધનો ઉદય થાય ત્યારથી સંજ્વલન ક્રોધની ગુણશ્રેણિ કાળની અપેક્ષાએ શેષકર્મોની સમાન થાય છે. એમ સંજ્વલન માન અને માયા માટે પણ સમજવું. પરંતુ સંજ્વલન લોભના ઉદયે શ્રેણિ માંડનારને તો પડે ત્યારે લોભોદયના પ્રથમ સમયથી જ તેની ગુણશ્રેણિ શેષકર્મોની ગુણશ્રેણિની સમાન થાય છે. અને શેષકર્મોની ગુણશ્રેણિ તો જેમ ચડતી વખતે કરે છે, તેમ પડતી વખતે પણ કરે છે. તેમાં કોઈ વિશેષતા નથી.

ત્રણ આયુષ્ય વિના દેવાયુષ્ય બાંધીને અથવા કોઈપણ આયુષ્ય બાંધ્યા વિના આત્મા

ઉપશમશ્રેણિ કરી શકે છે. માટે બદ્ધાયુ ઉપશમશ્રેણિ કરે અને ઉપશમ સમ્યક્ત્વના કાળમાં ગમે તે ગુણઠાણે કાળ કરે તો અવશ્ય વૈમાનિક દેવમાં જ જાય છે. અને જો અબદ્ધાયુ હોય તો અંતરકરણપૂર્ણ થયા પછી—એટલે કે ઉપશમ સમ્યક્ત્વનો કાળ પૂર્ણ થયા પછી જ પરિણામના અનુસારે ચારમાંથી ગમે તે આયુષ્ય બાંધી કાળ કરી તે તે ગતિમાં જાય છે.

એક ભવની અંદર એક વાર ઉપશમશ્રેણિ કરી બીજી વાર ક્ષપકશ્રેણિ કરી આત્મા મોક્ષમાં પણ જઈ શકે છે અને જો ક્ષપકશ્રેણિ ન કરે તો ભવની અંદર બે વાર ઉપશમશ્રેણિ કરી શકે છે. પરંતુ બે વાર ઉપશમશ્રેણિ કર્યા પછી તે ભવમાં ક્ષપકશ્રેણિ કરી શકતો નથી. આખા ભવચક્રની અંદર ઉપશમશ્રેણિ ચાર વાર કરી શકે છે. પણ સિદ્ધાંતના મતે એક ભવની અંદર ક્ષપક અથવા ઉપશમ આ બેમાંથી ગમે તે એક જ શ્રેણિ કરી શકે છે. એટલે એક ભવમાં ઉપશમશ્રેણિ કરી હોય તો તે ભવમાં ક્ષપકશ્રેણિ ન જ કરી શકે. આ પ્રમાણે પુરુષવેદના ઉદયે શ્રેણિ ઉપર આરૂઢ થનારની અપેક્ષાએ બતાવ્યું.

પરંતુ સ્ત્રીવેદે શ્રેણિ માંડનાર પ્રથમ નપુંસકવેદને ઉપશમાવે છે, અને ત્યારબાદ એક ઉદય સમય વર્જી શેષ સંપૂર્ણ સ્ત્રીવેદને પણ ઉપશમાવે છે. અને સ્ત્રીવેદના ઉદયવિચ્છેદની સાથે જ પુરુષવેદનો બંધવિચ્છેદ થાય છે. પછીના સમયે અવેદક એવો તે આત્મા હાસ્યષટ્ક અને પુરુષવેદ આ સાતે પ્રકૃતિઓને એકીસાથે ઉપશમાવે છે.

નપુંસકવેદના ઉદયે શ્રેણિ માંડનાર, પ્રથમ પુરુષવેદે અથવા સ્ત્રીવેદે શ્રેણિ માંડનાર જે જગ્યાએ નપુંસકવેદને ઉપશમાવે છે, ત્યાં સુધી એકલા નપુંસકવેદને ઉપશમાવવાની ક્રિયા કરે છે પરંતુ નપુંસકવેદનો અમુક ઉપશમ થયા પછી તેની સાથે જ સ્ત્રીવેદને ઉપશમાવવાની પણ શરૂઆત કરે છે અને નપુંસકવેદના ઉદયના ચરમ સમયે નપુંસક તથા સ્ત્રીવેદ બન્ને એકીસાથે સંપૂર્ણ ઉપશાંત થઈ જાય છે. અને તે જ સમયે પુરુષવેદનો બંધવિચ્છેદ થાય છે. અને પછીના સમયથી અવેદક થઈ હાસ્યષટ્ક અને પુરુષવેદ એ સાતે પ્રકૃતિઓને એકીસાથે ઉપશમાવે છે. ત્યારબાદ તો પ્રથમ પુરુષવેદોદયે શ્રેણિ ઉપર આરૂઢ થનાર ક્રોધાદિને જેમ ઉપશમાવે છે તેમ અહીં પણ ઉપશમાવે છે.

એમ સર્વોપશમનાનું સ્વરૂપ બતાવી હવે દેશોપશમનાનું સ્વરૂપ કહે છે.

દેશોપશમના

લક્ષણ—યથાપ્રવૃત્તાદિ પ્રથમ જે ત્રણ કરણો બતાવેલાં છે તેમાંથી યથાપ્રવૃત્ત અને અપૂર્વકરણ રૂપ બે કરણોથી અથવા બે કરણો થાય ત્યાં સુધી જે મૂળ અને ઉત્તરપ્રકૃતિઓની ઉપશમના થાય છે તે દેશોપશમના કહેવાય છે.

આ દેશોપશમના ફક્ત મોહનીયમાં જ નહિ પરંતુ આઠે કર્મોમાં થાય છે.

દેશોપશમના વડે ઉપશાંત થયેલ દલિકોમાં ઉદ્વર્ત્તના, અપવર્ત્તના, અને સંક્રમ આ ત્રણ કરણો પ્રવર્ત્તે છે. પરંતુ તે સિવાય ઉદીરણા વગેરે શેષ કરણો પ્રવર્તતાં નથી.

આ દેશોપશમના અપૂર્વકરણ ગુણસ્થાનકના ચરમસમય સુધી સત્તાગત સર્વ પ્રકૃતિઓમાં થાય છે. પરંતુ દર્શનત્રિક તથા ચાર અનંતાનુબંધિની દેશોપશમના પોતપોતાનો ક્ષય અથવા ઉપશમ કરવા માટે જે ત્રણ કરણો કરે છે તેમાંના અપૂર્વકરણના ચરમસમય સુધીના જીવો જ કરે છે.

ભેદ—દેશોપશમના મૂળ તેમજ ઉત્તરપ્રકૃતિઓની થાય છે તેમજ પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશોમાં પણ થાય છે. માટે મુખ્ય બે પ્રકાર અને તે એક-એકના ચાર ચાર પ્રકાર છે. ત્યાં મૂળ પ્રકૃતિઓની દેશોપશમના જ્ઞાનાવરણીય વગેરે આઠ પ્રકારે અને ઉત્તરપ્રકૃતિઓની દેશોપશમના મતિજ્ઞાનાવરણીય વગેરે એકસો અઠ્ઠાવન પ્રકારે છે.

સ્વામી—સામાન્યપણે એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના યથાસંભવ અપૂર્વકરણગુણસ્થાનકના ચરમસમય સુધીના બધા જીવો સત્તાગત કર્મપ્રકૃતિઓની દેશોપશમનાના સ્વામી છે, પરંતુ પ્રથમ ગુણસ્થાનકે મિથ્યાત્વની સર્વોપશમના કરનાર મિથ્યાદૃષ્ટિઓ અપૂર્વકરણના ચરમસમય સુધીના મિથ્યાત્વમોહનીયની દેશોપશમનાના સ્વામી છે, તેમજ અનંતાનુબંધિની ક્ષપણા અથવા ઉપશમના કરનાર યથાસંભવ ચારથી સાતગુણસ્થાનક સુધીના ચારે ગતિના જીવો અને દર્શનત્રિકની ક્ષપણા અથવા ઉપશમના કરનાર ચોથાથી સાતમા સુધીના ચાર ગુણસ્થાનકવર્ત્તી પોતપોતાના અપૂર્વકરણના ચરમસમય સુધીના કોઈપણ જીવો અનંતાનુબંધિ અને દર્શનત્રિકની દેશોપશમનાના સ્વામી છે.

સાદ્યાદિ—મૂળ અને ઉત્તરપ્રકૃતિ આશ્રયી સાદ્યાદિભંગ બે પ્રકારે છે. તેમાં પ્રથમ મૂળ પ્રકૃતિઓ આશ્રયી બતાવે છે.

મૂળ પ્રકૃતિ આશ્રયી—આઠે મૂળ કર્મોની અનાદિકાળથી સત્તા હોય છે. અને એકેન્દ્રિયાદિ સઘળા જીવો અનાદિકાળથી તેની દેશોપશમના કરે છે. અને તે દેશોપશમના અપૂર્વકરણગુણસ્થાનકના ચરમસમય સુધી જ થાય છે. પરંતુ અનિવૃત્તિકરણ વગેરે ગુણસ્થાનકોમાં થતી નથી. એથી ઉપશમશ્રેણિ ઉપર આરૂઢ થઈ નવમાથી અગિયારમાગુણસ્થાનક સુધીના ત્રણમાંથી કોઈપણ ગુણસ્થાનકેથી પડી આઠમા વગેરે ગુણસ્થાનકે આવે ત્યારે પુનઃ દેશોપશમના શરૂ થાય છે. માટે સાદિ, નવમા ગુણસ્થાનકને ન પામેલા જીવોને અનાદિ, અભવ્યોને કોઈ કાળે દેશોપશમનાનો વિચ્છેદ થવાનો ન હોવાથી ધ્રુવ અને ભવ્યોને ભવિષ્યમાં વિચ્છેદ થવાનો

હોવાથી અધ્રુવ—એમ ચાર પ્રકારે છે.

ઉત્તરપ્રકૃતિ આશ્રયી—ધ્રુવસત્તાવાળી ૧૩૦ પ્રકૃતિમાંથી ચાર અનંતાનુબંધિ અને મિથ્યાત્વ વિના શેષ ૧૨૫ પ્રકૃતિઓની એકેન્દ્રિયાદિ સઘળા જીવોને યથાસંભવ આઠમા ગુણસ્થાનકના ચરમસમય સુધી દેશોપશમના થાય છે. પણ નવમા ગુણસ્થાનકાદિમાં થતી નથી. માટે ઉપશમશ્રેણિ ઉપર આરૂઢ થયેલ જીવો આઠમા ગુણસ્થાનકના ચરમસમયે આ સઘળી પ્રકૃતિઓની દેશોપશમનાનો વિચ્છેદ કરી ઉપરનાં ગુણસ્થાનકોમાં જઈ ત્યાંથી અદ્ધાક્ષયે પડે તો આઠમા અને ભવક્ષયે પડે તો ચોથા ગુણસ્થાનના પ્રથમ સમયથી પુનઃ શરૂ કરે છે. માટે સાદિ, નવમા ગુણસ્થાનકને ન પામેલા જીવો આશ્રયી અનાદિ, અભવ્યોને કોઈ કાળે વિચ્છેદ થવાનો ન હોવાથી ધ્રુવ અને ભવ્યોને અધ્રુવ એમ ચાર-ચાર પ્રકારે હોય છે.

ચાર અનંતાનુબંધિની ક્ષપણા અથવા ઉપશમના કરનાર સમ્યગ્દૃષ્ટિ તથા મિથ્યાત્વની સર્વોપશમના કરનાર મિથ્યાદૃષ્ટિ જીવોને પોતપોતાના અપૂર્વકરણના ચરમસમય સુધી જ દેશોપશમના થાય છે. પછી થતી નથી. એથી પોતપોતાની દેશોપશમના વિચ્છેદ થયા પછી પુનઃ પડે ત્યારે શરૂ થાય છે માટે સાદિ, અને પોતપોતાના અપૂર્વકરણના ચરમસમયથી આગળ ન ગયેલ જીવોને અનાદિ અભવ્યોને ધ્રુવ અને ભવ્યોને અધ્રુવ હોય છે તેથી ચાર ચાર ભાંગા થાય છે.

સમ્યક્ત્વમોહનીય, મિશ્રમોહનીય, ચાર આયુષ્ય, વૈક્રિયસપ્તક, આહારકસપ્તક, દેવદ્વિક, નરકદ્વિક, મનુષ્યદ્વિક, જિનનામ અને ઉચ્ચ ગોત્ર આ અઠ્યાવીસ અધ્રુવસત્તાવાળી પ્રકૃતિઓની સત્તા જ અધ્રુવ હોવાથી જ્યારે સત્તામાં હોય છે, ત્યારે જ દેશોપશમના થાય છે તેથી આ અઠ્યાવીસ પ્રકૃતિઓની દેશોપશમના સાદિ-અધ્રુવ એમ બબ્બે પ્રકારે હોય છે.

પ્રકૃતિસ્થાન દેશોપશમના તથા સાદ્યાદિ

બે અથવા તેથી વધારે પ્રકૃતિના સમુદાયને પ્રકૃતિસ્થાન કહેવામાં આવે છે. ત્યાં જ્ઞાનાવરણીય અને અંતરાય આ બે કર્મોના પાંચ-પાંચ પ્રકૃત્યાત્મક એકેક જ સત્તાસ્થાન હોય છે. માટે દેશોપશમનામાં પણ પાંચ પ્રકૃત્યાત્મક એક જ સ્થાન હોય છે. અને અનિવૃત્તિકરણ ગુણસ્થાનકે તેની દેશોપશમના થતી નથી. પરંતુ ત્યાંથી પડે ત્યારે શરૂ થાય છે માટે સાદિ, નવમા ગુણસ્થાનકને નહિ પામેલા જીવોને અનાદિ, અભવ્યોને ધ્રુવ અને ભવ્યોને અધ્રુવ એમ જ્ઞાનાવરણ અને અંતરાયકર્મના પાંચ પાંચ પ્રકૃત્યાત્મક સ્થાનની દેશોપશમના ચાર-ચાર પ્રકારે હોય છે.

દર્શનાવરણીયના છ અને ચાર પ્રકૃતિનાં સત્તાસ્થાનો ક્ષપકશ્રેણિમાં નવમા ગુણસ્થાનકથી હોય છે માટે તેઓની દેશોપશમના થતી નથી, પરંતુ નવપ્રકૃત્યાત્મક સત્તાસ્થાન ઉપશમશ્રેણિમાં ૧૧મા ગુણસ્થાનક સુધી અને ક્ષપકશ્રેણિમાં નવમા ગુણસ્થાનકના સંખ્યાતા ભાગો સુધી હોય છે પરંતુ નવમા વગેરે ગુણસ્થાનકે તેની દેશોપશમના થતી નથી. ત્યાંથી પડે ત્યારે શરૂ થાય છે માટે સાદિ, નવમા ગુણસ્થાનકને નહિ પામેલા જીવોને અનાદિ, અભવ્યોને ધ્રુવ અને ભવ્યોને અધ્રુવ. એમ દર્શનાવરણના નવપ્રકૃત્યાત્મક સ્થાનની દેશોપશમના ચાર પ્રકારે હોય છે.

વેદનીયકર્મનાં બે સત્તાસ્થાન હોવા છતાં એક પ્રકૃતિનું સત્તાસ્થાન ચૌદમાના ચરમ સમયે જ પ્રાપ્ત થાય છે. માટે તેની દેશોપશમના થતી નથી, પરંતુ બે પ્રકૃત્યાત્મક સત્તાસ્થાનની આઠમા ગુણસ્થાનક સુધી દેશોપશમના થાય છે અને નવમા વગેરે ગુણસ્થાનકોમાં થતી નથી. માટે ત્યાંથી પડી આઠમે ગુણસ્થાનકે આવે ત્યારે પુનઃ શરૂ થાય છે માટે સાદિ, નવમા ગુણસ્થાનકે ન પામેલા જીવોને અનાદિ, અભવ્યોને ધ્રુવ અને ભવ્યોને અધ્રુવ એમ બે પ્રકૃત્યાત્મક સ્થાનની દેશોપશમના ચાર પ્રકારે થાય છે.

આયુષ્યકર્મમાં પોતપોતાના ભવના પ્રથમ સમયથી જ્યાં સુધી પરભવનું આયુષ્ય બાંધવાની શરૂઆત ન કરે ત્યાં સુધી એકની અને પરભવાયુષ્ય બાંધવાની શરૂઆત કરે ત્યારથી કાળ ન કરે ત્યાં સુધી ૨ પ્રકૃતિની સત્તા હોય છે. અને આ બન્ને સ્થાનોની સત્તાની જેમ દેશોપશમના પણ વારંવાર થતી હોવાથી બન્ને સ્થાનો સાદિ અને અધ્રુવ એમ બે પ્રકારે છે.

ગોત્રકર્મનાં બે અને એક પ્રકૃત્યાત્મક બે સત્તાસ્થાનો છે. ત્યાં તેઉકાય અને વાયુકાયમાં ઉચ્ચ ગોત્રની ઉદ્વલના કર્યા પછી અન્ય ભવમાં જઈ જ્યાં સુધી ઉચ્ચ ગોત્ર ન બાંધે ત્યાં સુધી એકની અને ઉચ્ચ ગોત્રની ઉદ્વલના ન કરી હોય અગર કર્યા પછી પણ અન્ય ભવમાં પુનઃ ઉચ્ચ ગોત્ર બાંધેલ હોય તેવા જીવોને બે પ્રકૃતિની સત્તા હોય છે. તથા તે બન્ને સત્તાસ્થાનો સાદિ-સાંત હોય છે અને દેશોપશમનામાં પણ આવે છે. માટે આ બન્ને સ્થાનોની દેશોપશમના પણ સાદિ અને સાંત એમ બે પ્રકારે હોય છે. જોકે ચૌદમાના ચરમસમયે કેવલ ઉચ્ચ ગોત્રરૂપ એક પ્રકૃતિનું સત્તાસ્થાન હોય છે, પરંતુ તેની દેશોપશમના થતી નથી.

મોહનીયકર્મમાં ૨૧, ૨૪, ૨૫, ૨૬, ૨૭ અને ૨૮ એમ પ્રકૃતિ દેશોપશમનાનાં છ સ્થાનો છે.

ત્યાં અનાદિ મિથ્યાદૃષ્ટિને અથવા સમ્યક્ત્વથી પડી મિથ્યાત્વગુણસ્થાનકે આવેલા જીવને સમ્યક્ત્વ-મોહનીય અને મિશ્રમોહનીયની ઉદ્વલના કર્યા બાદ છવ્વીસની સત્તા હોય છે. આ સત્તાસ્થાન સાદ્યાદિ ચાર પ્રકારે હોવાથી છવ્વીસ પ્રકૃત્યાત્મક સ્થાનની દેશોપશમના પણ ચાર પ્રકારે થાય છે.

૨૮ની સત્તાવાળાને અઠ્યાવીસની તેમજ સમ્યક્ત્વમોહનીયની ઉદ્વલના કરેલ ૨૭ની સત્તાવાળાને સત્તાવીસની અને પ્રથમ ગુણસ્થાનકે મિથ્યાત્વની સર્વોપશમના કરવા માટે જ્યારે ત્રણ કરણ કરે છે ત્યારે અપૂર્વકરણના ચરમસમયે મિથ્યાત્વની દેશોપશમનાનો વિચ્છેદ થવાથી અનિવૃત્તિ કરણના પ્રથમ સમયથી ૨૬ની સત્તા હોવા છતાં મિથ્યાત્વ વિના ૨૫ની દેશોપશમના થાય છે.

તેમ જ ચોથાથી સાતમા ગુણસ્થાન સુધીમાં અનંતાનુબંધિની ક્ષપણા અથવા ઉપશમના કરવા માટે ત્રણ કરણ કરે ત્યારે અનિવૃત્તિકરણના પ્રથમ સમયથી અનંતાનુબંધિની દેશોપશમના થતી નથી, માટે અનંતાનુબંધિ વિના ૨૪ની દેશોપશમના થાય છે. અને દર્શનત્રિકની ક્ષપણા તથા ઉપશમના કરનારને પોતાના અનિવૃત્તિકરણના પ્રથમ સમયથી આ ત્રણેની દેશોપશમના થતી નથી. માટે ૨૪ અથવા ૨૮ની સત્તા હોવા છતાં દર્શનત્રિક અથવા અનંતાનુબંધિ અને દર્શનત્રિક

વિના શેષ ૨૧ પ્રકૃતિઓની દેશોપશમના થાય છે. તેમજ ૨૧ની સત્તાવાળા ક્ષાયિક સમ્યક્ત્વીને પણ ૨૧ની દેશોપશમના થાય છે. અહીં ૨૬ સિવાયના પાંચે સ્થાનોની દેશોપશમના અમુક ટાઈમે જ થતી હોવાથી સાદિ અને સાંત એમ બે જ પ્રકારે હોય છે.

૨૩ અને ૨૨નું સત્તાસ્થાન દર્શનત્રિકની ક્ષપણા કરવા માટે ત્રણ કરણમાંના ત્રીજા અનિવૃત્તિકરણમાં પ્રવેશ કર્યા પછી જ પ્રાપ્ત થાય છે. માટે આ બે સત્તાસ્થાનો દેશોપશમનામાં આવતા નથી. તેમજ ૧૩ વગેરે મોહનીયનાં શેષ સત્તાસ્થાનો ક્ષપકશ્રેણિમાં આઠમા ગુણસ્થાનક પછી જ આવે છે. માટે તે સ્થાનો પણ દેશોપશમનામાં આવતાં નથી.

નામકર્મનાં ૧૦૩, ૧૦૨, ૯૬, ૯૫, ૯૩, ૯૦, ૮૯, ૮૪, ૮૩, ૮૨, ૯ અને ૮ એમ બાર સત્તાસ્થાનો હોવા છતાં ૯૦, ૮૯, ૮૩, ૯ અને ૮ પ્રકૃત્યાત્મક પાંચ સત્તાસ્થાનો ક્ષપકશ્રેણિમાં આઠમા ગુણસ્થાનક પછી જ હોય છે. માટે આ પાંચ સ્થાનો દેશોપશમનામાં આવતાં નથી. પરંતુ તે સિવાયનાં શેષ ૧૦૩, ૧૦૨, ૯૬, ૯૫, ૯૩, ૮૪ અને ૮૨ આ સાતે સત્તાસ્થાનો યથાસંભવ અપૂર્વકરણ ગુણસ્થાનક સુધી હોય છે, અને તે સાદિ-સાંત હોય છે. માટે આ સાતે સ્થાનોની દેશોપશમના થાય છે, અને તે પણ સાદિ સાંત હોય છે.

સ્થિતિદેશોપશમના:-

આ દેશોપશમના પણ મૂળ અને ઉત્તકર્મપ્રકૃતિઓ આશ્રયી બે પ્રકારે અને તે દરેક ઉત્કૃષ્ટ અને જઘન્ય એમ પુનઃ બબ્બે પ્રકારે છે.

ત્યાં મૂળ અને ઉત્તર સઘળી પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિદેશોપશમના ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ પ્રમાણે હોય છે. એટલે જે જે જીવો જે જે મૂળ અને ઉત્તરપ્રકૃતિઓનો જેટલો ઉત્કૃષ્ટસ્થિતિ સંક્રમ કરે છે તેટલી જ તે તે જીવોને ઉત્કૃષ્ટ સ્થિતિની દેશોપશમના પણ હોય છે અને તે જ જીવો તેના સ્વામી પણ છે. સાદ્યાદિભંગ પણ જે પ્રમાણે સ્થિતિસંક્રમમાં બતાવેલ છે. તે જ પ્રમાણે દેશોપશમનામાં પણ હોય છે.

જઘન્ય સ્થિતિ દેશોપશમના પણ અભવ્ય પ્રાયોગ્ય જઘન્યસ્થિતિમાં વર્તમાન એકેન્દ્રિય જીવો કરે છે. માટે તે જ જીવો તેના સ્વામી છે. કારણ કે અન્ય જીવો કરતાં એકેન્દ્રિય જીવોને સ્થિતિસત્તા ઓછી હોય છે. અને તેઓ પણ દેશોપશમના કરી શકે છે. તેમજ એકેન્દ્રિયમાંથી આવેલ જઘન્ય સ્થિતિસત્તાવાળા બેઈન્દ્રિયાદિ જીવો પણ બંધાવલિકા સુધી તે તે પ્રકૃતિઓની જઘન્ય સ્થિતિ દેશોપશમનાના સ્વામી હોઈ શકે છે.

તીર્થંકરનામકર્મની એકેન્દ્રિયાદિ જીવોને સત્તા ન હોવાથી તેની જઘન્ય સ્થિતિ દેશોપશમના ક્ષપક જઘન્ય સ્થિતિસત્તાવાળા અપૂર્વકરણ ગુણસ્થાનકના ચરમ સમયવર્તી જીવો કરે છે. અને ઉદ્વલના યોગ્ય પ્રકૃતિઓની જઘન્ય સ્થિતિ દેશોપશમના તે તે પ્રકૃતિઓની ઉદ્વલના કરતી વખતે જ્યારે પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ ચરમ સ્થિતિખંડની ઉદ્વલના કરે છે તે વખતે જ્વલન સ્થિતિદેશોપશમના હોય છે.

ત્યાં આહારક સપ્તકની ઉદ્વલના એકથી ચાર ગુણસ્થાનક સુધીના એકેન્દ્રિયાદિ સઘળા જીવો કરતા હોવાથી તે સર્વે તેની દેશોપશમનાના સ્વામી છે. અને સમ્યક્ત્વ તેમજ

મિશ્રમોહનીયની પ્રથમ ગુણસ્થાનકવર્તી એકેન્દ્રિયાદિ સઘળા જીવો ઉદ્વલના કરે છે. માટે તેઓ આ બે પ્રકૃતિઓની દેશોપશમનાના સ્વામી છે. અને વૈક્રિય સપ્તક, દેવદ્વિક તથા નરકદ્વિક આ અગિયાર પ્રકૃતિઓની ઉદ્વલના એકેન્દ્રિયો જ કરતા હોવાથી તેઓ તેની દેશોપશમનાના સ્વામી છે.

મનુષ્યદ્વિક અને ઉચ્ચ ગોત્રની ઉદ્વલના તેઉકાય તેમજ વાયુકાય જીવોમાં થતી હોવાથી તેઉકાય અને વાયુકાય આ ત્રણ પ્રકૃતિઓની જઘન્ય સ્થિતિ દેશોપશમનાના સ્વામી છે.

જો કે આમાંની કેટલીક તેમજ બીજી કેટલીક પ્રકૃતિઓની ક્ષપકજીવો નવમા ગુણસ્થાનકે પણ ઉદ્વલના કરે છે. પરંતુ દેશોપશમના આઠમા ગુણસ્થાનક સુધી થાય છે, માટે નવમા ગુણસ્થાનકવાળા જીવો તેના સ્વામી નથી.

અનુભાગ દેશોપશમના

આ દેશોપશમના પણ મૂળ તથા ઉત્તરપ્રકૃતિઓ આશ્રયી બે પ્રકારે અને પુનઃ તે દરેક ઉત્કૃષ્ટ અને જઘન્ય એમ બબ્બે પ્રકારે છે.

ત્યાં મૂળ તથા ઉત્તરપ્રકૃતિઓના ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમના જે જીવો સ્વામી છે, તે જ જીવો ઉત્કૃષ્ટ અનુભાગ દેશોપશમનાના પણ સ્વામી છે. એટલે સર્વ અશુભ પ્રકૃતિઓની જેમ ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમના સ્વામી યુગલિક તેમજ આનતાદિ દેવો વર્જી શેષ સઘળા એકેન્દ્રિયાદિ મિથ્યાદૃષ્ટિ જીવો છે. તેમ ઉત્કૃષ્ટ અનુભાગ દેશોપશમનાના પણ સ્વામી છે. અને કેટલીક શુભ પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમના સ્વામી અપૂર્વકરણ ગુણસ્થાનકથી ઉપરના જીવો છે. પરંતુ દેશોપશમના આઠમા ગુણસ્થાનક સુધી જ થાય છે. માટે જે જે પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમના સ્વામી આઠમા ગુણસ્થાનક પછી બતાવેલ છે તે સઘળી શુભ પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ અનુભાગ દેશોપશનાના સ્વામી ક્ષપક અપૂર્વકરણ ગુણસ્થાનક-ચરમ સમયવર્તી જીવો હોય છે. પરંતુ ઔદારિક સપ્તક, મનુષ્યદ્વિક, વજ્રઋષભનારાચસંઘયણ, આતપ અને ઉદ્યોત આ બાર પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમના સ્વામી જેમ સમ્યગ્દૃષ્ટિ તથા મિથ્યાદૃષ્ટિ છે. તેમ ઉત્કૃષ્ટ અનુભાગ દેશોપશમનાના સ્વામી પણ સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિઓ છે.

ત્રણ શુભ આયુષ્યના ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમની જેમ સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ જીવો ઉત્કૃષ્ટ અનુભાગ દેશોપશમનાના સ્વામી છે.

જે જીવો તીર્થંકરનામકર્મના જઘન્ય અનુભાગ સંક્રમના સ્વામી છે તે જ જઘન્ય અનુભાગ દેશોપશમના સ્વામી છે. શેષ શુભ-અશુભ સઘળી પ્રકૃતિઓના જઘન્ય અનુભાગ દેશોપશમનાના સ્વામી ઘણો અનુભાગ સત્તામાંથી હણી નાખેલ છે જેણે એવા અભવ્ય પ્રાયોગ્ય જઘન્ય સ્થિતિમાં વર્તમાન એકેન્દ્રિયો અને તેટલી જ જઘન્ય અનુભાગ સત્તાવાળા પ્રથમ બંધ આવલિકાના ચરમ સમય સુધીના બેઇન્દ્રિયાદિ જીવો જઘન્ય અનુભાગ દેશોપશમનાના સ્વામી છે.

જો કે પાંચ જ્ઞાનાવરણીય, ચાર દર્શનાવરણ, પાંચ અંતરાય, સંજ્વલન ચતુષ્ક અને નવ નોકષાય આ ૨૭ પ્રકૃતિઓનો જઘન્ય અનુભાગ સંક્રમ ક્ષપકશ્રેણિમાં પોતપોતાના સંક્રમના

ચરમસમયે બતાવેલ છે; પરંતુ દેશોપશમના આઠમા ગુણસ્થાનક સુધી જ થાય છે. અને આઠમા ગુણસ્થાનકવર્તી જીવોને એકેન્દ્રિયોની અપેક્ષાએ આ પ્રકૃતિઓનો અનંતગુણ અધિક રસ સત્તામાં હોય છે, તેથી આ પ્રકૃતિઓના પણ જઘન્ય અનુભાગ દેશોપશમનાના સ્વામી પૂર્વે બતાવેલ એકેન્દ્રિયાદિ જીવો જ છે.

પ્રદેશદેશોપશમના

આ દેશોપ્રશમના પણ મૂળ તેમજ ઉત્તરપ્રકૃતિઓની થાય છે અને તે દરેક ઉત્કૃષ્ટ અને જઘન્ય એમ બબ્બે પ્રકારે છે.

તેમાં પૂર્વે સંક્રમણકરણમાં જે જીવો ઉત્કૃષ્ટપ્રદેશ સંક્રમના સ્વામી કહ્યા છે તે જ જીવો ઉત્કૃષ્ટ પ્રદેશ દેશોપશમનાના સ્વામી છે. પરંતુ જે જે પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમના સ્વામી અપૂર્વકરણગુણસ્થાનકથી ઉપરના જીવો બતાવેલ હોય તે તે પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ પ્રદેશ દેશોપશમનાના સ્વામી અપૂર્વકરણગુણસ્થાનક સુધીના જીવો જ હોય છે. કારણ કે આ ગુણસ્થાનક પછી કોઈપણ પ્રકૃતિઓની દેશોપશમના થતી જ નથી.

તેમજ તીર્થંકર નામકર્મના જે જીવો જઘન્ય પ્રદેશસંક્રમના સ્વામી છે તે જ જઘન્ય પ્રદેશ દેશોપશમના સ્વામી છે. પર્યાપ્ત અસંજ્ઞીપંચેન્દ્રિય તિર્યંચો સ્વપ્રાયોગ્ય જઘન્યયોગે વર્તમાન અને નાનામાં નાના જેટલા અંતર્મુહૂર્ત્તમાં આયુષ્ય બાંધી શકાય તેટલા અંતર્મુહૂર્ત્તકાળમાં દસ હજાર વર્ષ પ્રમાણ દેવ તથા નરકાયુષ્ય બાંધી તેની બંધાવલિકા વ્યતીત થયા બાદ પ્રથમ સમયે આ બન્ને આયુષ્યની જઘન્ય દેશોપશમનાના સ્વામી હોય છે. શેષ શુભ અને અશુભ સઘળી પ્રકૃતિઓના જઘન્ય પ્રદેશ દેશોપશમનાના સ્વામી અભવ્ય પ્રાયોગ્ય જઘન્યસ્થિતિમાં વર્તમાન એકેન્દ્રિય જીવો જ હોય છે.

આ પ્રમાણે ઉપશમના કરણનું સ્વરૂપ બતાવી હવે નિદ્ધત્તિ અને નિકાચનાકરણનું સ્વરૂપ બતાવે છે.

॥ ઉપશમનાકરણ સારસંગ્રહ સમાપ્ત ॥

ॐ ह्रीं श्रीं शंखेश्वरपार्श्वनाथाय नमः

નિદ્ધત્તિ નિકાચનાકરણ સારસંગ્રહ

જેમ દેશોપશમના પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશની થાય છે, તેમ જ મૂળ પ્રકૃતિઓની જ્ઞાનાવરણીય વગેરે આઠ પ્રકારે અને ઉત્તર પ્રકૃતિઓની મતિજ્ઞાનાવરણીય વગેરે એકસો અઠ્ઠાવન પ્રકારે થાય છે. તેમ નિદ્ધત્તિ અને નિકાચના પણ પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશની થાય છે. અને તે પણ જ્ઞાનાવરણીય વગેરે મૂળ આઠકર્મની અને મતિજ્ઞાનાવરણીય વગેરે એકસો અઠ્ઠાવન ઉત્તરપ્રકૃતિઓની થાય છે.

તેમજ દેશોપશમના જેમ અપૂર્વકરણગુણસ્થાનક સુધી જ થાય છે તેમ આ બે કરણો પણ આઠમા ગુણસ્થાનક સુધી જ પ્રવર્ત્તે છે. માટે પ્રકૃતિ વગેરે ચારે પ્રકારની મૂળ અને ઉત્તરપ્રકૃતિઓની દેશોપશમનાના જે જે જીવો સ્વામી છે અને જેમ સાદ્યાદિ તથા પ્રકૃતિસ્થાન દેશોપશમના જેટલાં સ્થાનોની જે રીતે થાય છે અને જેઓ તેના સ્વામી છે તેમ આ બન્ને કરણોમાં પણ સર્વ સમાન છે. માત્ર નિદ્ધત્ત થયેલ કર્મમાં ઉદ્વર્ત્તના તથા અપવર્ત્તના એ બે જ કરણો પ્રવર્ત્તે છે, પરંતુ સંક્રમણકરણ પ્રવર્ત્તતું નથી. અને નિકાચિતકર્મમાં કોઈપણ કરણ પ્રવર્ત્તતું નથી, કારણ કે નિકાચિત કર્મ સકલ કરણને અયોગ્ય છે.

જ્યારે ગુણશ્રેણિ થતી હોય છે, ત્યારે પ્રાયઃ દેશોપશમના, નિદ્ધત્તિ, નિકાચના અને યથાપ્રવૃત્તસંક્રમ હોય છે. માટે દલિક આશ્રયી આ ચારેનું અલ્પબહુત્વ બતાવે છે.

ગુણશ્રેણિમાં જેટલાં દલિકો ગોઠવાય છે, તે હવે બતાવવામાં આવશે તેની અપેક્ષાએ અલ્પ હોય છે. ગુણશ્રેણિમાં ગોઠવાયેલ દલિકોની અપેક્ષાએ અસંખ્યાતગુણ દલિકોની દેશોપશમના થાય છે. તેનાથી અસંખ્યાતગુણ દલિકોની નિદ્ધત્તિ થાય છે, તેનાથી અસંખ્યાતગુણ દલિકોની નિકાચના થાય છે અને જેટલાં દલિકોની નિકાચના થાય છે તેનાથી પણ અસંખ્યાતગુણ દલિકો દરેક સમયે યથાપ્રવૃત્તસંક્રમ દ્વારા સંક્રમે છે.

નવમાથી તેરમા ગુણસ્થાનક સુધીમાં ગુણશ્રેણિઓ થાય છે. પરંતુ ત્યાં દેશોપશમના, નિદ્ધત્તિ અને નિકાચના થતી નથી તેમ જ દશમા ગુણસ્થાનક પછી કોઈપણ પ્રકૃતિઓનો યથાપ્રવૃત્ત સંક્રમ પણ થતો નથી. વળી અનંતાનુબંધી તેમજ દર્શનત્રિકની ક્ષપણા અથવા ઉપશમના માટે તેમજ મિથ્યાત્વની સર્વોપશમના માટે ત્રણ કરણો કરે છે. ત્યારે પણ પોતપોતાના અપૂર્વકરણ પછી ગુણશ્રેણિ હોય છે પરંતુ આ પ્રકૃતિઓની દેશોપશમના, નિદ્ધત્તિ તેમજ નિકાચના થતી નથી તેથી જ ગુણશ્રેણિ દ્વારા દલિકો ગોઠવે છે. ત્યારે પ્રાયઃ દેશોપશમના વગેરે હોય છે એમ બતાવેલ છે.

હવે આઠે કરણોના અધ્યવસાયોનું અલ્પબહુત્વ આ પ્રમાણે છે.

પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ યોગથી થાય છે. અર્થાત્ તેમાં મુખ્યત્વે અધ્યવસાય કારણ નથી, પરંતુ સ્થિતિબંધ અને તેના ઉપલક્ષણથી અનુભાગબંધ કાષાયિક અધ્યવસાયોથી થાય છે. માટે અહીં સ્થિતિબંધના અધ્યવસાયોથી બંધનકરણના અધ્યવસાયો સમજવાના છે. અને તે હવે પછી બતાવવામાં આવશે તે અધ્યવસાયોની અપેક્ષાએ થોડા છે. છતાં અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ હોય છે. બંધનકરણના અધ્યવસાયોથી ઉદીરણાકરણના અધ્યવસાયો અસંખ્યાતગુણ છે, તે થકી સંક્રમણ, ઉદ્વર્ત્તના અને અપવર્ત્તના એ ત્રણે કરણના સમુદિત અધ્યવસાયો અસંખ્યાતગુણ છે. અને એ અધ્યવસાયોથી પણ ઉપશમના, નિદ્ધત્તિ અને નિકાચનાકરણના અધ્યવસાયો ક્રમશઃ એક એકથી અસંખ્યાતગુણ છે.

॥ નિદ્ધત્તિ નિકાચનાકરણ સારસંગ્રહ સમાપ્ત ॥

ઉપશમનાકરણ પ્રશ્નોત્તરી

પ્રશ્ન—૧. ઉપશમનાના મુખ્ય પ્રકાર કેટલા ? અને કયા કયા છે ?

ઉત્તર—કરણકૃત અને અકરણકૃત એમ ઉપશમનાના મુખ્ય બે પ્રકાર છે.

પ્રશ્ન—૨. અકરણકૃત ઉપશમના એટલે શું ? અને તે આ ગ્રંથમાં કેમ બતાવવામાં આવેલ નથી ?

ઉત્તર—યથાપ્રવૃત્તાદિ કરણો કર્યા વિના નદી-પાષાણ ઘોલગોળના ન્યાય પ્રમાણે વેદનાદિ દ્વારા જે ઉપશમના થાય છે તે અકરણકૃત ઉપશમના કહેવાય છે. અને આ અકરણકૃત ઉપશમનાના સ્વરૂપનું જ્ઞાન કર્મપ્રકૃતિકાર તથા પંચસંગ્રહકાર મહર્ષિઓને ન હોવાથી અથવા તો તે કાળમાં કોઈપણ આચાર્ય ભગવંતોને ન હોવાથી બતાવવામાં આવેલ નથી.

પ્રશ્ન—૩. કરણકૃત ઉપશમનાના મુખ્ય પ્રકાર કેટલા ? અને કયા ? અને તે કયા કયા કર્મોની થાય છે ?

ઉત્તર—કરણકૃત ઉપશમનાના સર્વોપશમના અને દેશોપશમના એમ મુખ્ય બે પ્રકાર છે. તેમ જ સર્વોપશમના માત્ર મોહનીય કર્મની જ થાય છે અને દેશોપશમના આઠે કર્મોની થાય છે.

પ્રશ્ન—૪. સર્વોપશમના એટલે શું ?

ઉત્તર—ઉદય, ઉદીરણા, નિદ્ધત્તિ અને નિકાચના જેમાં ન થાય, તેમ જ દર્શનત્રિક સિવાય ઉપશાંત થયેલ મોહનીયકર્મની પ્રકૃતિઓમાં સંક્રમણ, ઉદ્વર્ત્તના અને અપવર્ત્તના પણ ન થાય એવી અવસ્થામાં સત્તાગત કર્મને મૂકવાં તે સર્વોપશમના કહેવાય છે.

પ્રશ્ન—૫. ઉપશમના સર્વ પ્રકૃતિઓમાં અને તેનાં સર્વ દલિકોમાં જ થાય કે અમુક પ્રકૃતિઓનાં અમુક દલિકોમાં જ થાય ?

ઉત્તર—સર્વોપશમના મોહનીયકર્મની ૨૮ પ્રકૃતિઓમાં જ થાય અને તે ૨૮ પ્રકૃતિઓનાં સત્તાગત સર્વ દલિકોની થાય છે. માટે જ આ સર્વોપશમનાથી તે તે પ્રકૃતિઓએ દબાવેલ ગુણો પ્રગટ થાય છે માટે તે સર્વોપશમનાને ગુણોપશમના અથવા પ્રશસ્તોપશમના પણ કહેવામાં આવે છે. અને દેશોપશમના આઠે કર્મની સત્તાગત સર્વ પ્રકૃતિઓના અમુક અમુક દલિકમાં જ થાય છે. માટે દેશોપશમનાથી તે તે પ્રકૃતિઓએ દબાવેલ ગુણો અથવા આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત થતું નથી. તેથી દેશોપશમનાને અગુણોપશમના અથવા અપ્રશસ્તોપશમના પણ કહેવામાં આવે છે.

પ્રશ્ન—૬. આ બે પ્રકારની ઉપશમનામાંથી અભવ્ય જીવોને કઈ ઉપશમના હોય ?

ઉત્તર—સર્વોપશમના અનિવૃત્તિકરણરૂપ ત્રીજા કરણથી જ થાય છે અને અભવ્યજીવોને અપૂર્વકરણ તથા અનિવૃત્તિકરણ થતાં નથી માટે તેઓને સર્વોપશમના થતી નથી પરંતુ સત્તાગત સર્વપ્રકૃતિઓમાં દેશોપશમના જ થાય છે.

પ્રશ્ન—૭. જે વખતે જે કર્મોની દેશોપશમના પ્રવર્ત્તે, તે વખતે તે કર્મપ્રકૃતિઓની સર્વોપશમના પ્રવર્ત્તે કે નહિ ?

ઉત્તર—દેશોપશમના અપૂર્વકરણ ગુણસ્થાનકના અથવા દર્શન સપ્તકની અપેક્ષાએ પોતપોતાના અપૂર્વકરણના ચરમસમય સુધી જ પ્રવર્ત્તે છે. અને સર્વોપશમના અનિવૃત્તિકરણમાં અથવા અનિવૃત્તિકરણ કર્યા પછી જ થાય છે. માટે દેશોપશમના હોય ત્યારે સર્વોપશમના ન જ હોય અને સર્વોપશમના હોય ત્યારે તે પ્રકૃતિઓની દેશોપશમના ન જ હોય.

પ્રશ્ન—૮. સર્વોપશમના કોણ અને ક્યારે કરે ?

ઉત્તર—ઉપશમ, ઉપદેશશ્રવણ અને સર્વોપશમનાને યોગ્ય યોગ આ ત્રણ લબ્ધિથી યુક્ત સર્વ પર્યાપ્તિએ પર્યાપ્ત સંજ્ઞીપંચેન્દ્રિય જીવો અંતર્મુહૂર્ત્તકાળ સુધી જ સર્વોપશમના કરે છે.

પ્રશ્ન—૯. દેશોપશમના કોણ અને ક્યારે કરે ?

ઉત્તર—બધ્યમાન પ્રકૃતિઓની બંધ-આવલિકા વ્યતીત થયા બાદ સત્તાગત સર્વ પ્રકૃતિઓની અપૂર્વકરણ ગુણસ્થાનકના અથવા પોતાના અપૂર્વકરણના ચરમ સમય સુધીના એકેન્દ્રિયાદિ સર્વ જીવો અનાદિકાળથી દેશોપશમના કરે છે.

પ્રશ્ન—૧૦. ઉપશમનાકરણથી ઉપશાંત થયેલ દલિકો કેટલો કાળ ઉપશાંત રહે ?

ઉત્તર—બન્ને પ્રકારની ઉપશમનાથી ઉપશાંત થયેલ દલિકો અંતર્મુહૂર્ત્તકાળ સુધી જ ઉપશાંત રહે છે. અર્થાત્ અંતર્મુહૂર્ત્ત પછી પુનઃ તે દલિકો અનુપશાંત એટલે બધાં કરણો લાગે તેવાં થઈ જાય છે.

પ્રશ્ન—૧૧. દેશોપશમના કરણપૂર્વક જ થાય કે કરણ વિના પણ થાય ?

ઉત્તર—દેશોપશમના યથાપ્રવૃત્ત અને અપૂર્વકરણ રૂપ બે કરણોથી થાય અથવા આ બે કરણો કર્યા વિના પણ થાય છે.

પ્રશ્ન—૧૨. મોહનીય કર્મની કઈ પ્રકૃતિઓની સર્વોપશમનાથી કયા ગુણો પ્રગટ થાય છે ?

ઉત્તર—દર્શનમોહનીયની સર્વોપશમનાથી ઉપશમ સમ્યક્ત્વ અને ચારિત્ર મોહનીયની પ્રકૃતિઓની સર્વોપશમનાથી ઔપશમિક યથાખ્યાત ચારિત્ર ગુણ પ્રગટ થાય છે.

પ્રશ્ન—૧૩. મોહનીયકર્મની સર્વોપશમનાથી ઉપરના પ્રશ્નોત્તરમાં બતાવેલ બે ગુણો જ થાય છે, તો દેશવિરતિ, સર્વવિરતિ, અનંતાનુબંધિની વિસંયોજના અને દર્શનત્રિકની ક્ષપણા આ ચાર અધિકારો સર્વોપશમનાના અધિકારમાં કેમ બતાવ્યા ?

ઉત્તર—ચારિત્ર મોહનીયની સર્વોપશમના કરતાં પહેલાં સર્વવિરતિનો લાભ અને આ આચાર્ય મહારાજ વગેરેના મતે અનંતાનુબંધિની વિસંયોજના અવશ્ય થાય છે. તેમ જ કેટલાક આત્માઓ દેશવિરતિ પામે છે અને કેટલાક દર્શનત્રિકની ક્ષપણા પણ કરે છે તેથી સર્વોપશમનાના અધિકારમાં આ ચાર અધિકારો બતાવેલ હોય તેમ લાગે છે. અથવા મોહનીય કર્મની સર્વોપશમના બતાવતાં દેશવિરતિ અને સર્વવિરતિ ક્રમશઃ અપ્રત્યાખ્યાનીય અને પ્રત્યાખ્યાનીય કષાયના ક્ષયોપશમથી અને ક્ષાયિકસમ્યક્ત્વ દર્શનસપ્તકના ક્ષયથી પ્રાપ્ત થાય છે. માટે આ ચાર અધિકારો બતાવેલ હોય તેમ લાગે છે.

પ્રશ્ન—૧૪. દર્શન મોહનીયની સર્વોપશમના કોણ કરે ?

ઉત્તર—પ્રથમ ઉપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરનાર અનાદિ મિથ્યાદૃષ્ટિ, સર્વ પર્યાપ્તિએ પર્યાપ્ત, સંજ્ઞીપંચેન્દ્રિય અથવા ઉપશમશ્રેણિ ઉપર આરૂઢ થનાર ચોથાથી સાતમા ગુણસ્થાનક સુધીના અને મતાન્તરે છઠ્ઠા-સાતમા ગુણસ્થાનકવાળા ક્ષયોપશમ સમ્યક્ત્વી મનુષ્યો દર્શન મોહનીયની સર્વોપશમના કરે છે.

પ્રશ્ન—૧૫. અભવ્ય તેમજ સમ્યક્ત્વ પામનાર ભવ્યજીવનું યથાપ્રવૃત્તકરણ સમાન હોય કે તરતમતાવાળું હોય ?

ઉત્તર—અભવ્ય જીવને યથાપ્રવૃત્તકરણના અંતે જે વિશુદ્ધિ હોય છે તેના કરતાં અનંતગુણ વિશુદ્ધિ સમ્યક્ત્વ પ્રાપ્ત કરનાર ભવ્ય જીવને યથાપ્રવૃત્તકરણથી અંતર્મુહૂર્ત પહેલાં હોય છે. અને તે પણ ઉત્તરોત્તર દરેક સમયે અનંતગુણ અધિક હોય છે. તેથી જ અભવ્યજીવના યથાપ્રવૃત્તકરણથી સમ્યક્ત્વ પામનાર ભવ્યજીવનું યથાપ્રવૃત્તકરણ ઘણા જુદા પ્રકારનું હોય છે. કારણ કે બન્નેની વિશુદ્ધિમાં ઘણી જ મોટી (અનંતગુણ પ્રમાણ) તરતમતા હોય છે.

પ્રશ્ન—૧૬. કઈ લેશ્યાઓમાં વર્તતા જીવો સમ્યક્ત્વ પામે ?

ઉત્તર—મનુષ્યો અને તિર્યંચો તેજો વગેરે ત્રણ શુભ લેશ્યામાં અને દેવોને તથા નારકોને દ્રવ્ય લેશ્યા અવસ્થિત હોવાથી તેઓ પોતપોતાને જે લેશ્યા હોય તે દ્રવ્ય લેશ્યામાં વર્તતા અને ભાવથી તેજો વગેરે ત્રણ શુભ લેશ્યામાં વર્તતા સમ્યક્ત્વ પામે છે. કારણ કે દેવો તથા નારકોને દ્રવ્યલેશ્યા અવસ્થિત હોવા છતાં છ એ ભાવલેશ્યા પરાવર્તન થાય છે.

પ્રશ્ન—૧૭. ઉપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરતાં અપૂર્વકરણના પ્રથમ સમયથી સ્થિતિઘાતાદિ પાંચ પદાર્થોમાંથી કેટલા પદાર્થો પ્રવર્તે ?

ઉત્તર—મિથ્યાદૃષ્ટિ ઉપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરે ત્યારે અપૂર્વકરણના પ્રથમ સમયથી

આયુષ્ય વિના સાતે કર્મમાં ગુણસંક્રમ વિના સ્થિતિઘાતાદિ ચાર પદાર્થો પ્રવર્ત્તે છે. અને ક્ષયોપશમ સમ્યક્ત્વી ઉપશમ સમ્યક્ત્વ પામે ત્યારે સાતે કર્મમાં સ્થિતિઘાતાદિ ચાર અને મિથ્યાત્વ તથા મિશ્રમાં ગુણસંક્રમ સહિત પાંચે પદાર્થો પ્રવર્ત્તે છે.

પ્રશ્ન—૧૮. એક સ્થિતિઘાત તથા એક સ્થિતિબંધનો કાળ કેટલો ?

ઉત્તર—સ્થિતિઘાત તથા સ્થિતિબંધનો કાળ સમાન અંતર્મુહૂર્ત્ત પ્રમાણ છે. પરંતુ તે અંતર્મુહૂર્ત્ત આવલિકાના ઘણા નાના સંખ્યાતમા ભાગ જેટલું જ સમજવું. કારણ કે અંતર્મુહૂર્ત્ત પ્રમાણ અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણમાં સેંકડો વાર ઘણા હજારો સ્થિતિઘાતો અને સ્થિતિબંધો થાય છે.

પ્રશ્ન—૧૯. આવલિકાના સંખ્યાતમાભાગ પ્રમાણ અંતર્મુહૂર્ત્તકાળમાં જે એક સ્થિતિઘાત થાય છે તેનું પ્રમાણ કેટલું ?

ઉત્તર—ઉત્કૃષ્ટથી ઘણા સાગરોપમ પ્રમાણ અને જઘન્યથી પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિઓ અંતર્મુહૂર્ત્તમાં નષ્ટ થાય છે. તેમાં દરેક સમયે થોડી થોડી સ્થિતિનો ઘાત થતો નથી. પરંતુ ઉપરોક્ત પ્રમાણવાળાં સ્થિતિસ્થાનોમાં રહેલ દલિકોમાંથી દરેક સમયે થોડાં થોડાં દલિકોનો નાશ કરતાં અંતર્મુહૂર્ત્ત પ્રમાણકાળમાં તે સંપૂર્ણ દલિકોનો નાશ કરી અર્થાત્ અન્યત્ર-સ્વ અથવા પરમાં ગોઠવી એકીસાથે તેટલી સ્થિતિનો ઘાત કરે છે.

જો કે કેટલાક સ્થળે ટીકામાં જઘન્યથી એક સ્થિતિસ્થાનનું પ્રમાણ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલું બતાવેલ છે. પરંતુ તે અશુદ્ધ હોય તેમ લાગે છે. કારણ કે પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ એક-એક સ્થિતિઘાત કરે તો અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણમાં એક-એકમાં અસંખ્યાતા સ્થિતિઘાતો કરવા પડે, પરંતુ અસંખ્યાત સ્થિતિઘાતો કરવાનું ક્યાંય બતાવેલ નથી. વળી અપૂર્વકરણના પ્રથમ સમયે જેટલી સ્થિતિસત્તા હોય છે તેના કરતાં તે જ અપૂર્વકરણના ચરમ સમયે સંખ્યાતગુણ હીન સ્થિતિસત્તા બતાવવામાં આવેલ છે તે પણ ઘટી શકે નહિ. કેમકે અસંખ્યાતા સ્થિતિઘાતો કરે ત્યારે એક પલ્યોપમ જેટલી સ્થિતિ ઘટે તો હજારો સ્થિતિઘાત કરવાથી સંખ્યાતગુણહીન સ્થિતિ કેમ થાય ? તેમજ કર્મપ્રકૃતિ ઉપશમના કરણ મૂળગાથા ૧૪ તથા તેની બન્ને ટીકામાં અને ચૂર્ણીમાં તેમજ આ ગ્રંથમાં પણ ઉપશમના કરણ ગાથા ૧૨ની ટીકામાં અપૂર્વકરણમાં હજારો સ્થિતિઘાતો થાય એમ બતાવેલ છે. પરંતુ અસંખ્યાતા સ્થિતિઘાતો થાય એમ ક્યાંય બતાવેલ નથી.

સ્થિતિઘાતની જેમ પૂર્વ-પૂર્વનો સ્થિતિબંધ પૂર્ણ થયે છતે નવો નવો સ્થિતિબંધ પણ પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ ઓછો ઓછો થાય છે અને સ્થિતિબંધો પણ ઘણી વખત ઘણા હજારો થાય છે, કારણ કે બન્નેનો કાળ સમાન છે અને યુક્તિ પણ તે જ છે.

પ્રશ્ન—૨૦. એક સ્થિતિઘાતમાં જઘન્યથી પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિનો જ ઘાત કરે કે તેથી ઓછો પણ કરે ?

ઉત્તર—અપૂર્વકરણમાં એક એક સ્થિતિઘાત પલ્યોપમના સંખ્યાતમા ભાગથી ઓછો ન જ કરે, પરંતુ અનિવૃત્તિકરણના કાળના ઘણા સંખ્યાતા ભાગ ગયા પછી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ અને મિશ્રનો ક્ષય કર્યા પછી સમ્યક્ત્વ મોહનીયનો અંતર્મુહૂર્ત અંતર્મુહૂર્ત પ્રમાણ સ્થિતિઘાતો કરે છે. એમ નવમા ગુણસ્થાનકના કાળના ઘણા સંખ્યાતા ભાગ ગયા પછી પણ યથાસંભવ નાના મોટા સ્થિતિઘાત કરે છે.

પ્રશ્ન—૨૧. સત્તાગત શુભાશુભ બધી પ્રકૃતિઓનો સ્થિતિઘાત થાય કે માત્ર અશુભનો જ થાય ?

ઉત્તર—આયુષ્ય સિવાય સર્વ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ અતિ સંક્લિષ્ટ પરિણામથી થાય છે. તેથી ઉત્કૃષ્ટ સ્થિતિબંધની જેમ ચાર આયુષ્ય વિના શુભાશુભ બધી પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ પણ અશુભ ગણાય છે. માટે શુભાશુભ બધી પ્રકૃતિઓનો સ્થિતિઘાત થાય, પરંતુ કેવળ અશુભનો જ નહિ.

પ્રશ્ન—૨૨. સત્તાગત શુભાશુભ બધી પ્રકૃતિઓનો રસઘાત થાય કે માત્ર અશુભનો જ થાય ?

ઉત્તર—શુભ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ રસ અતિવિશુદ્ધ પરિણામે બંધાય છે. માટે બંધની જેમ શુભ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટરસ પણ શુભ હોય છે. તેથી શુભ પ્રકૃતિઓના રસનો ઘાત કરતો નથી. પરંતુ સત્તાગત કેવળ અશુભ પ્રકૃતિઓના રસનો જ ઘાત કરે છે. અર્થાત્ આયુષ્ય વિના સત્તાગત સર્વ અશુભ પ્રકૃતિઓના સ્થિતિઘાત અને રસઘાત એમ બન્ને થાય છે. અને સત્તાગત શુભ પ્રકૃતિઓનો માત્ર સ્થિતિઘાત જ થાય છે પણ રસઘાત થતો નથી.

પ્રશ્ન—૨૩. ગુણશ્રેણિ એટલે શું ? અને તે કેટલાં સ્થાનોમાં દલિક રચના કરે ? તેમજ ઉપરનાં સ્થાનોમાંથી દલિકો ઉતારવાની ક્રિયા કેટલો કાળ ચાલે ?

ઉત્તર—ઉદયવતી પ્રકૃતિઓની ઉદયસમયથી અને અનુદયવતી પ્રકૃતિઓની ઉદયાવલિકા ઉપરના પ્રથમ સમયથી અંતર્મુહૂર્તના સમયમાં અસંખ્યાત ગુણાકારે કરાતી દલિકોની રચના તે ગુણશ્રેણિ કહેવાય છે, અને તે કરવાની ક્રિયા અંતર્મુહૂર્ત સુધી ચાલે છે.

પ્રશ્ન—૨૪. ગુણશ્રેણિની રચના માટે કયાં સ્થિતિસ્થાનોમાંથી દલિકો લાવે ?

ઉત્તર—ગુણશ્રેણિની રચના માટે ઘાત્યમાન સ્થિતિસ્થાનોમાંથી દલિકો લાવે છે એમ કેટલાકનું માનવું છે. પરંતુ ઘાત્યમાન તેમ જ અઘાત્યમાન સઘળાં સ્થિતિસ્થાનોમાંથી દલિકો લાવે છે, એમ અન્ય કેટલાક મહર્ષિઓ કહે છે. કેમ કે સ્વસ્થાનમાં રહેલ સ્વભાવસ્થ દેશવિરત અને સર્વવિરત જીવો સ્થિતિઘાત કરતા નથી. પરંતુ ગુણશ્રેણિ કરે છે અને તે ગુણશ્રેણિ પણ પ્રથમ સમ્યક્ત્વની પ્રાપ્તિ કરતાં ક્રમશઃ અસંખ્યાતગુણ દલિકવાળી હોય છે. ઇત્યાદિ યુક્તિઓ પણ આપે છે.

પ્રશ્ન—૨૫. અનિવૃત્તિકરણમાં અંતરકરણ કરવાની ક્રિયાનો કાળ કેટલો ? તેમજ તેના

પછીનો અને પહેલાંનો અનિવૃત્તિકરણનો કાળ કેટલો ?

ઉત્તર—અંતરકરણ કરવાની ક્રિયા એક સ્થિતિઘાત જેટલા કાળમાં કરે છે. અને સ્થિતિઘાતનો કાળ માત્ર આવલિકાના સંખ્યાતમાભાગ પ્રમાણ જ છે. તેથી અલ્પ છે. અને તેના કરતાં અંતરકરણ કર્યા પછીનો અનિવૃત્તિકરણનો કાળ ઘણી આવલિકાપ્રમાણ હોવાથી સંખ્યાતગુણ છે. પરંતુ કેટલાક મહર્ષિઓ વિશેષાધિક કહે છે, તેની યુક્તિ હું સમજી શકતો નથી. અને અંતરકરણક્રિયાના પછીના કાળથી અંતરકરણક્રિયાની પહેલાંનો અનિવૃત્તિકરણનો કાળ સંખ્યાતગુણ હોય છે. કારણ કે અનિવૃત્તિકરણકાળના ઘણા સંખ્યાતભાગ ગયા પછી અંતરકરણની ક્રિયા શરૂ કરે છે.

પ્રશ્ન—૨૬. અવિરતિ આદિના લક્ષણમાં વિરતિના જ્ઞાન, સ્વીકાર અને પાલનવાળાને વિરતિ બતાવેલ છે. પરંતુ શરૂઆતના ચાર ભાંગામાં મિથ્યાદૃષ્ટિ અને પછીના ત્રણ ભાંગામાં અવિરત બતાવ્યા છે. તો જ્ઞાન અને સ્વીકાર વિના કરાતી ધર્મક્રિયાઓ અને પાલન કરાતાં વ્રતો શું સર્વથા વિરતિમાં ન જ આવે ?

ઉત્તર—યથાર્થ જ્ઞાન ન હોય અને જેમ માસ-તુસ મુનિ આદિને જ્ઞાનીના વચનની પરતંત્રતા હતી તેમ પરતંત્રતા પણ ન હોય તો મિથ્યાત્વ હોવાથી વિરતિ ન જ ગણાય અને યથાર્થજ્ઞાન અથવા જ્ઞાનીના વચનની પરતંત્રતા હોવા છતાં વિધિપૂર્વક સ્વીકાર કર્યા વિના પાલન કરવામાં આવતાં વ્રતો વગેરે પણ યથાર્થ રીતે સ્વીકારેલ ન હોવાથી વ્યવહારથી મોટા ભાગે વિરતિમાં ગણાતાં નથી પરંતુ અવિરતિમાં ગણાય છે. માટે યથાર્થ જ્ઞાન, ગ્રહણ અને પાલનવાળા જીવોને જ દેશવિરતિ અથવા સર્વવિરતિ હોય છે.

પ્રશ્ન—૨૭. દેશવિરતિ કે સર્વવિરતિની પ્રાપ્તિમાં કેટલાં કરણો કરવાં પડે ?

ઉત્તર—મોહનીયકર્મની કોઈપણ પ્રકૃતિઓનો ક્ષય અથવા ઉપશમ કરવાનો હોય ત્યારે ત્રણ કરણો કરવાં પડે છે. પરંતુ ક્ષયોપશમ કરવાનો હોય ત્યારે ત્રીજું અનિવૃત્તિકરણ કરવું પડતું નથી અને આ બે ગુણોની પ્રાપ્તિમાં કોઈપણ પ્રકૃતિઓનો સર્વથા ક્ષય કે ઉપશમ થતો નથી પણ ક્ષયોપશમ થાય છે. માટે યથાપ્રવૃત્તકરણ અને અપૂર્વકરણ કરી અનિવૃત્તિકરણ કર્યા વિના તુરત જ દેશવિરતિ અથવા સર્વવિરતિ પ્રાપ્ત કરે છે.

પ્રશ્ન—૨૮. દેશવિરતિ તથા સર્વવિરતિ પ્રાપ્ત કરનાર આત્માઓને દેશવિરતિ અને સર્વવિરતિની ગુણશ્રેણિ ક્યારે શરૂ થાય ? અને તે ગુણશ્રેણિ કરવાની ક્રિયા ક્યાં સુધી ચાલુ રહે ?

ઉત્તર—આ બન્ને પ્રકારના આત્માઓને ગુણપ્રાપ્તિના અપૂર્વકરણમાં ગુણશ્રેણિ શરૂ થતી નથી. પરંતુ જે સમયે ગુણની પ્રાપ્તિ થાય તે જ સમયથી જ્યાં સુધી દેશવિરતિ કે સર્વવિરતિ રહે ત્યાં સુધી ગુણશ્રેણિ કરવાની ક્રિયા ચાલુ રહે છે અને દરેક સમયે ઉપરની સ્થિતિઓમાંથી લાવેલ દલિકોને ઉદયવતી પ્રકૃતિઓના ઉદયસમયથી અને શેષ પ્રકૃતિઓના ઉદયાવલિકાના ઉપરના પ્રથમ સમયથી અંતર્મુહૂર્તપ્રમાણ કાળના સમયોમાં ગોઠવે છે.

પ્રશ્ન—૨૯. કઈ કઈ ગુણશ્રેણિ કરવાની ક્રિયા કેટલો કાળ ચાલે ?

ઉત્તર—દેશવિરતિ, સર્વવિરતિ અને સયોગી આ ત્રણ ગુણશ્રેણિ કરવાની ક્રિયા ઉત્કૃષ્ટથી દેશોનપૂર્વકોડ વર્ષ કાળ પર્યંત અને શેષ આઠ ગુણશ્રેણિઓ કરવાની ક્રિયા ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત સુધી ચાલે છે.

પ્રશ્ન—૩૦. દેશોનપૂર્વક્રોડકાળ સુધી જે ત્રણ ગુણશ્રેણિઓ થાય છે તેઓમાં કાળ તથા દલિકને આશ્રયી ફેરફાર હોય કે ન હોય ?

ઉત્તર—આ ત્રણે શ્રેણિઓમાં દરેક સમયે ઉતારેલ દલિકો સરખા જ અંતર્મુહૂર્ત પ્રમાણ કાળમાં ગોઠવે છે પરંતુ દેશવિરતિની ગુણશ્રેણિનાં નિષેક રચનાનાં સ્થાનો કરતાં સર્વવિરતિની ગુણશ્રેણિનાં દલિક રચનાનાં સ્થાનો સંખ્યાત ગુણહીન અર્થાત્ સંખ્યાતમા ભાગ જેટલા અંતર્મુહૂર્ત પ્રમાણ છે. અને સયોગી ગુણશ્રેણિની દલિક રચનાનાં સ્થાનો તેથી પણ સંખ્યાતમા ભાગ પ્રમાણ નાના અંતર્મુહૂર્ત પ્રમાણ છે. તેમજ દેશવિરતિ અથવા સર્વવિરતિની પ્રાપ્તિના પ્રથમ સમયથી અંતર્મુહૂર્ત કાળ સુધી અવશ્ય વર્ધમાન પરિણામ હોય છે. તેથી ગુણશ્રેણિની રચના માટે દરેક સમયે ઉપરથી અસંખ્યાતગુણ દલિકો લાવે છે. પરંતુ અંતર્મુહૂર્ત પછી અવસ્થિત પરિણામ રહે અથવા વર્ધમાન કે હીયમાન પરિણામ પણ થાય. માટે પરિણામના અનુસારે જો અવસ્થિત પરિણામ હોય તો ઉપરથી દરેક સમયે સમાન અને વર્ધમાન પરિણામ હોય તો પરિણામના અનુસારે ક્રમશઃ અસંખ્યાતભાગ અધિક, સંખ્યાત ભાગ અધિક, સંખ્યાત ગુણ અધિક અથવા અસંખ્યાતગુણ અધિક અને જો હીયમાન પરિણામ હોય તો પરિણામના અનુસારે ઉપરની સ્થિતિમાંથી અનુક્રમે અસંખ્યાતભાગહીન, સંખ્યાતભાગહીન, સંખ્યાતગુણહીન અથવા અસંખ્યાતગુણહીન દરેક સમયે દલિકો લાવી ગુણશ્રેણિની રચના કરે છે. પરંતુ દેશવિરતિ કરતાં સર્વવિરતિની ગુણશ્રેણિમાં અને તેથી પણ સયોગીની ગુણશ્રેણિમાં ક્રમશઃ અનંતગુણ વિશુદ્ધિ હોવાથી એક એકથી અસંખ્યાતગુણ દલિકો લાવે છે. તેમજ સયોગી ગુણસ્થાનકે સર્વકાળ અવસ્થિત પરિણામ હોવાથી ગુણશ્રેણિની રચના માટે દરેક સમયે ઉપરની સ્થિતિમાંથી સમાન દલિકો જ લાવે છે.

પ્રશ્ન—૩૧. અનંતાનુબંધીની વિસંયોજના (ક્ષપણા) કોણ કરે ?

ઉત્તર—ક્ષયોપશમ સમ્યગ્દષ્ટિ ચારે ગતિમાં રહેલ અવિરત અથવા દેશવિરત તિર્યંચો અને મનુષ્યો તેમજ સર્વવિરત મનુષ્યો વિશુદ્ધિના પ્રાબલ્યથી ચારે અનંતાનુબંધીની વિસંયોજના કરે છે. અને મતાંતરે ચોથાથી સાતમા ગુણસ્થાનક સુધીના મનુષ્યો ઉપશમશ્રેણિ ઉપર આરૂઢ થતાં પહેલાં ચાર અનંતાનુબંધીની ઉપશમના પણ કરે છે.

પ્રશ્ન—૩૨. અબદ્ધાયુ ક્ષાયિક સમ્યક્ત્વ પામે તો તે ભવે અવશ્ય મોક્ષમાં જાય જ ?

ઉત્તર—સામાન્યથી અબદ્ધાયુ ક્ષાયિક સમ્યક્ત્વ પામે તો તે જ ભવે મોક્ષમાં જાય પરંતુ અબદ્ધાયુ હોવા છતાં ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યા પછી જો જિનનામ નિકાચિત કરે તો ત્રીજા

ભવે જ મોક્ષે જાય.

પ્રશ્ન—૩૩. કઈ લેશ્યામાં વર્ત્તતો આત્મા દર્શનત્રિકની ક્ષપણા કરે ?

ઉત્તર—જેમ ચારિત્રમોહનીયની ક્ષપણા શુક્લલેશ્યામાં વર્ત્તતો કરે છે તેમ દર્શનમોહનીયની ક્ષપણા પણ શુક્લલેશ્યામાં વર્ત્તતો કરે છે. પરંતુ સમ્યક્ત્વ મોહનીયનો ચરમસ્થિતિઘાત થયા બાદ કૃતકરણ અવસ્થામાં એટલે કે સમ્યક્ત્વ મોહનીયને વેદતો હોય ત્યારે પરિણામની હાનિ પણ થાય છે. માટે પરિણામના અનુસારે છમાંથી કોઈપણ લેશ્યમાં વર્ત્તતો હોય છે.

પ્રશ્ન—૩૪. ઉપશમશ્રેણિમાં ૯, ૧૦ અને ૧૧મા ગુણસ્થાનકે મોહનીયકર્મની કેટલી સ્થિતિ સત્તા હોય ?

ઉત્તર—કર્મપ્રકૃતિચૂર્ણિના હિસાબે—આ ત્રણે ગુણસ્થાનકમાં ક્રમશઃ હીન-હીન હોવા છતાં અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિસત્તા હોય છે.

પ્રશ્ન—૩૫. ઉપશમશ્રેણિમાં નવમા ગુણસ્થાનકના સંખ્યાતા ભાગ ગયા પછી મતિજ્ઞાનાવરણીય્ર વગેરે બાર દેશઘાતી પ્રકૃતિઓનો જેમ દેશઘાતી રસબંધ બતાવ્યો તેમ, મોહનીયકર્મની પ્રકૃતિઓનો દેશઘાતી રસબંધ કેમ ન બતાવ્યો ? અને તેઓનો દેશઘાતી રસબંધ ક્યારે થાય ?

ઉત્તર—સંભવતઃ મોહનીયકર્મની બધ્યમાન પ્રકૃતિઓનો છઠ્ઠા ગુણસ્થાનકથી દેશઘાતી રસબંધ શરૂ થાય છે. માટે જ શ્રેણિમાં એ પ્રકૃતિઓનો દેશઘાતી રસબંધ ક્યારે શરૂ થાય છે તે બતાવેલ નથી. એમ મોહનીયકર્મની પ્રકૃતિઓના ઉદય માટે પણ સમજવું.

પ્રશ્ન—૩૬. અંતરકરણનાં દલિકો ક્યાં નખાય ?

ઉત્તર—જે પ્રકૃતિઓનો કેવળ ઉદય હોય તે પ્રકૃતિઓનાં અંતરકરણનાં દલિકો પોતાની પ્રથમ સ્થિતિમાં, જે પ્રકૃતિઓનો કેવળ બંધ હોય તેઓનાં દલિકો પોતાની બીજી સ્થિતિમાં, જે પ્રકૃતિઓનો બંધ-ઉદય બન્ને ચાલુ હોય તેઓનાં દલિકો પોતાની પહેલી અને બીજી એમ બન્ને સ્થિતિમાં અને જે પ્રકૃતિઓનો બંધ-ઉદય એકે ન હોય તેઓના અંતરકરણનાં દલિકો માત્ર બધ્યમાન સ્વજાતીય પરપ્રકૃતિમાં નાખે છે.

પ્રશ્ન—૩૭. બે સ્થિતિની વચ્ચે ખાલી જગ્યારૂપ આંતરૂં એટલે કે જે અંતરકરણ છે, તે પ્રથમસ્થિતિ કરતાં નાનું હોય કે મોટું ?

ઉત્તર—કર્મપ્રકૃતિ-મૂળ તથા ટીકામાં તો પ્રથમસ્થિતિ કરતાં ખાલી જગ્યારૂપ આંતરૂં ઘણા મોટા અંતર્મુહૂર્ત્તપ્રમાણ હોય એમ બતાવેલ છે. પરંતુ કર્મપ્રકૃતિચૂર્ણિમાં પ્રથમસ્થિતિથી આંતરૂં સંખ્યાતગુણ મોટું હોય એમ બતાવેલ છે.

પ્રશ્ન—૩૮. અલગ અલગ ત્રણ વેદોદયવાળા જીવો ઉપશમશ્રેણિ ઉપર આરૂઢ થાય

ત્યારે સ્ત્રી તથા નપુંસકવેદની પ્રથમસ્થિતિ કરતાં પુરુષવેદની પ્રથમસ્થિતિ કેટલી મોટી હોય ?

ઉત્તર—સ્ત્રી કે નપુંસકવેદે શ્રેણિ માંડનારને આ બે વેદની પ્રથમસ્થિતિ જેટલી હોય છે તેના કરતાં પુરુષવેદે શ્રેણિ માંડનારને પુરુષવેદની પ્રથમસ્થિતિ આ ગ્રંથમાં સંખ્યાતગુણ મોટી બતાવેલ છે. પરંતુ કર્મપ્રકૃતિ-ચૂર્ણિમાં સંખ્યાતભાગ અધિક બતાવેલ છે.

પ્રશ્ન—૩૯. માયાના બંધવિચ્છેદ પછી નવમા ગુણસ્થાનકના અંત સુધી કેવળ બાદર લોભનો જ ઉદય હોય છે, છતાં તે બાદર લોભોદયના ઉદયકાળના બે ભાગ પાડવાનું શું કારણ છે ?

ઉત્તર—બાદર લોભોદય હોવા છતાં તેના પહેલા ભાગમાં અપૂર્વસ્પર્દ્ધકો કરવાની અને બીજા ભાગના કાળમાં સૂક્ષ્મકિટ્ટિઓ કરવાની—એમ અલગ અલગ બે જાતની ક્રિયાઓ થાય છે. તે સમજાવવા માટે બાદર લોભોદયના કાળના બે ભાગ પાડેલ છે.

પ્રશ્ન—૪૦. ઉપશમશ્રેણિમાં કઈ પ્રકૃતિનાં અપૂર્વસ્પર્દ્ધકો તથા કિટ્ટિઓ કરે ?

ઉત્તર—માત્ર સંજ્વલન લોભનાં અપૂર્વસ્પર્દ્ધકો અને કિટ્ટિઓ કરે છે પરંતુ અન્ય કોઈ પ્રકૃતિનાં નહિ.

પ્રશ્ન—૪૧. અગિયારમા ગુણસ્થાનકે કયા કયા કર્મના ઉદય-સત્તા તથા કયાં કયાં કરણો પ્રવર્ત્તે છે ?

ઉત્તર—જ્ઞાનાવરણ, દર્શનાવરણ, નામ, ગોત્ર અને અંતરાય આ પાંચકર્મના ઉદય-સત્તા તથા અપવર્ત્તના, તેમજ ઉદીરણા આ બે કરણો પ્રવર્ત્તે છે. વેદનીયના ઉદય-સત્તા તથા બંધ અને અપવર્ત્તના આ બે કરણ પ્રવર્ત્તે છે. ચારિત્રમોહનીયની માત્ર સત્તા હોય છે. અને જો દર્શનમોહનીયની સત્તા હોય તો તેમાં અપવર્ત્તના અને સંક્રમણ આ બે કરણો પણ પ્રવર્ત્તે છે. તેમજ આયુષ્યના ઉદય-સત્તા અને અપવર્ત્તના પ્રવર્ત્તે છે.

પ્રશ્ન—૪૨. કિટ્ટિઓ કુલ કેટલી કરે અને તે કિટ્ટિઓનો રસ સ્પર્દ્ધકની સમાન હોય કે સ્પર્દ્ધકથી ઓછો હોય ?

ઉત્તર—એક સ્પર્દ્ધકની એક વર્ગણાના અનંતમાભાગપ્રમાણ અનંતી કિટ્ટિઓ કરે છે. દરેક સ્પર્દ્ધકની વર્ગણાઓ સમાન સંખ્યાવાળી હોય છે. તેથી તેમ કહેલ છે. તેમજ પૂર્વ સ્પર્દ્ધકો કરતાં અનંતગુણહીન રસવાળાં અને અનંતમાભાગપ્રમાણ અપૂર્વ સ્પર્દ્ધકો કરે છે. અને અપૂર્વ સ્પર્દ્ધકોથી પણ અનંતગુણહીન રસવાળી અનંતમાભાગ જેટલી કિટ્ટિઓ કરે છે. અપૂર્વ સ્પર્દ્ધકોમાં પૂર્વ સ્પર્દ્ધકો કરતાં અનંતગુણહીન રસ હોવા છતાં દરેક વર્ગણાઓમાં ઇકોતેર ચડતા રસાણુઓનો ક્રમ કાયમ રહે છે. પરંતુ કિટ્ટિઓમાં ઇકોતેર ચડતા રસાણુઓના ક્રમનો નાશ કરી મોટું મોટું અંતર કરે છે.

પ્રશ્ન—૪૩. ઉપશમશ્રેણિ ઉપર આરૂઢ થતાં અને પડતાં ગુણશ્રેણિ સરખી થાય ? કે

તેમાં કંઈ ફરક હોય ?

ઉત્તર—આરૂઢ થતાં ઉદયવતી પ્રકૃતિઓનાં ઉદય સમયથી ગુણશ્રેણિના અંત્ય સમય સુધી અસંખ્યાતગુણાકારે દલિકો ગોઠવે છે પરંતુ પડતાં ઉદયાવલિકાના પ્રથમસમયથી અંત્ય સમય સુધી વિશેષહીન-હીન અને ઉદયાવલિકા ઉપરના પ્રથમ સમયથી ગુણશ્રેણિના અંત્ય સમય સુધી અસંખ્યાતગુણાકારે દલિકો ગોઠવે છે. તેમજ ચડતી વખતે વિશુદ્ધ પરિણામ હોવાથી ગુણશ્રેણિની રચના માટે ઉત્તરોત્તર દરેક સમયે ઉપરની સ્થિતિઓમાંથી અસંખ્યાતગુણ દલિકો લાવે છે. ત્યારે પડતી વખતે સંક્લિષ્ટ પરિણામ હોવાથી અસંખ્યાતગુણહ હીન-હીન દલિકો લાવે છે.

પ્રશ્ન—૪૪. અગિયારમા ગુણસ્થાનકથી અદ્ધાક્ષયે પડે તો ક્રમશઃ નીચે કયા ગુણસ્થાનક સુધી આવે ?

ઉત્તર—અગિયારમા ગુણસ્થાનકથી મરણના અભાવે જો અદ્ધાક્ષયે પડે તો ક્રમશઃ ૧૦મે, ૯મે, ૮મે, ૭મે આવી છઠ્ઠે અવશ્ય આવે છે. અને કોઈક આત્મા છઠ્ઠાથી ૫મે અને ત્યાંથી ૪થે પણ આવે છે. તેમજ કોઈક છઠ્ઠા પાંચમા કે ચોથા ગુણસ્થાનકથી સાસ્વાદન ભાવ પામી મિથ્યાત્વે પણ જાય છે.

પ્રશ્ન—૪૫. ઉપશમશ્રેણિથી પડતાં કોઈપણ ગુણસ્થાનકમાં તેમજ સાસ્વાદન ગુણસ્થાનકે આવી કાળ કરે તો કઈ ગતિમાં જાય ?

ઉત્તર—દેવાયુષ્ય સિવાય અન્ય ત્રણ આયુષ્ય બાંધી આત્મા ઉપશમશ્રેણિ કરી શકતો નથી માટે ઉપશમશ્રેણિથી પડતાં કોઈપણ ગુણસ્થાનકે અગર સાસ્વાદનગુણસ્થાનકે આવી કાળ કરે તો અવશ્ય દેવગતિમાં જ જાય, પરંતુ અન્ય કોઈ ગતિમાં ન જ જાય.

પ્રશ્ન—૪૬. અગિયારમા ગુણસ્થાનકે આયુષ્ય પૂર્ણ થાય તો કાળ કરીને ક્યાં ઉત્પન્ન થાય ?

ઉત્તર—આ ગ્રંથમાં ઉપશમનાકરણ ગાથા ૮૫ની ટીકામાં બતાવ્યા મુજબ સર્વાર્થસિદ્ધ મહાવિમાનમાં ઉત્પન્ન થાય, પરંતુ કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગાથા ૬૩માં બતાવ્યા મુજબ દેવગતિમાં અને તત્ત્વાર્થાધિગમસૂત્ર અધ્યાય ૯ સૂત્ર ૪૯ના ભાષ્ય તથા ટીકામાં જઘન્યથી સૌધર્મ દેવલોકમાં ઉત્પન્ન થાય એમ બતાવેલ છે. માટે બે મત હોય તેમ લાગે છે.

પ્રશ્ન—૪૭. કર્મપ્રકૃતિકાર તેમજ આ ગ્રંથકાર ઉપશમશ્રેણિમાં અનંતાનુબંધિનો ઉપશમ માનતા નથી પરંતુ વિસંયોજના જ માને છે. તેથી તેઓના મતે ઉપશમશ્રેણિમાં અનંતાનુબંધિ સત્તામાં જ ન હોવાથી ઉપશમશ્રેણિથી પડતાં અનંતાનુબંધિના ઉદયના અભાવે સાસ્વાદન-ગુણસ્થાનક શી રીતે આવે ?

ઉત્તર—આ મહર્ષિઓના મતે અનંતાનુબંધિના ઉદય વિના પણ મિથ્યાત્વાભિમુખ અવસ્થામાં બાર કષાયોના ઉદયથી એક આવલિકા સુધી સાસ્વાદન ગુણસ્થાનક હોય છે, એમ

કર્મપ્રકૃતિ સંક્રમણકરણ ચૂર્ણિમાં તેમજ ગાથા ૧૬ની ટીકામાં બતાવેલ છે. માટે કોઈ વિરોધ નથી.

પ્રશ્ન—૪૮. નવમા ગુણસ્થાનકમાં તેમજ તેથી ઉપરનાં ગુણસ્થાનકોમાં દેશોપશમના, નિદ્ધત્તિ અને નિકાચના થયેલ કર્મ સત્તામાં હોય કે ન હોય ? તેમજ ત્યાં આ ત્રણ કરણો પ્રવર્ત્તે કે નહિ ?

ઉત્તર—આઠમા ગુણસ્થાનકના ચરમ સમયે આ ત્રણે કરણો વિચ્છેદ થાય છે. માટે અનિવૃત્તિકરણાદિ ગુણસ્થાનકોમાં દેશોપશમના, નિદ્ધત્તિ તેમજ નિકાચિત થયેલ કોઈપણ કર્મનાં દલિકો સત્તામાં હોતાં નથી. તેમજ કોઈપણ કર્મના સત્તાગત દલિકોમાં આ ત્રણ કરણો પ્રવર્ત્તતાં પણ નથી.

પ્રશ્ન—૪૯. નવમા ગુણસ્થાનકથી દેશોપશમનાની જેમ નિદ્ધત્તિ અને નિકાચનાં કરણો નવાં ભલે ન પ્રવર્ત્તે, પરંતુ આઠમા ગુણસ્થાનક સુધીમાં નિદ્ધત્ત અને નિકાચિત થયેલ કર્મ નવમા વગેરે ગુણસ્થાનકમાં કેમ ન હોય ?

ઉત્તર—નિદ્ધત્તિ અને નિકાચિત કર્મપ્રકૃતિઓના સાદ્યાદિ, ભેદો, સ્થાનો અને સ્વામીઓ દેશોપશમનાની જેમ જ બતાવેલ છે પણ ભિન્ન બતાવેલ નથી. જો નિદ્ધત્ત અને નિકાચિત થયેલ કર્મો નવમા વગેરે ગુણસ્થાનકમાં પણ માનીએ તો નિદ્ધત્ત અને નિકાચિત કર્મોના સ્વામી અને સાદ્યાદિ દેશોપશમનાની જેમ ન આવે પણ જુદા જ આવે, માટે નિદ્ધત્ત અને નિકાચિત થયેલ કર્મો નવમા વગેરે ગુણસ્થાનકમાં હોતાં નથી, પરંતુ દેશોપશમનાથી ઉપશમેલ દલિક માત્ર અંતર્મુહૂર્ત્ત સુધી જ ઉપશાંત હોય છે અને પછી અનુપશાંત થાય છે. તેમ નિદ્ધત્ત અને નિકાચિત થયેલ દલિકો માટે નથી. કારણ કે નિદ્ધત્ત અને નિકાચિત થયેલ દલિકો અંતર્મુહૂર્ત્તથી ઘણાં વધારે કાળ સુધી પણ તે જ સ્વરૂપે સત્તામાં રહે છે.

પ્રશ્ન—૫૦. અગિયારમા ગુણસ્થાનકે કયાં કયાં કર્મોની ગુણશ્રેણિ થાય ?

ઉત્તર—મોહનીય અને આયુષ્ય વિના શેષ છ કર્મોની ગુણશ્રેણિ થાય.

પ્રશ્ન—૫૧. કયાં કયાં કરણો કયા કયા ગુણસ્થાનક સુધી પ્રવર્ત્તે ! તેમજ કયા કયા કરણથી કર્મમાં થયેલ ફેરફાર કયા ગુણસ્થાનક સુધી રહે ?

ઉત્તર-બંધનકરણ—સાંપરાયિક બંધની અપેક્ષાએ દશમા ગુણસ્થાનક સુધી પ્રવર્ત્તે. આ કરણથી બંધાયેલ કર્મ ચૌદમા ગુણસ્થાનક સુધી સત્તામાં રહે છે.

સંક્રમણકરણ—દર્શનમોહનીય વિના દશમા ગુણસ્થાનક સુધી અને દર્શનમોહનીયમાં અગિયારમા ગુણસ્થાનક સુધી પ્રવર્ત્તે છે અને કોઈપણ કર્મરૂપે સંક્રમેલ દલિક ચૌદમા ગુણસ્થાનક સુધી રહે છે.

અપવર્ત્તનાકરણ—તેરમા ગુણસ્થાનક સુધી પ્રવર્ત્તે છે અને તેનાથી ઓછી થયેલ સ્થિતિસત્તા ચૌદમા ગુણસ્થાનક સુધી રહે છે.

ઉદ્વર્તનાકરણ—દશમા ગુણસ્થાનક સુધી અથવા અપેક્ષાએ તેરમા ગુણસ્થાનક સુધી પ્રવર્તે છે અને તેનાથી થયેલ ફેરફારવાળી કર્મસત્તા ચૌદમા ગુણસ્થાનક સુધી હોય છે.

ઉદીરણાકરણ—આ કરણ અને તેનું કાર્ય તેરમા ગુણસ્થાનક સુધી હોય છે.

સર્વોપશમનાકરણ—પહેલે અને ચોથાથી દશમા ગુણસ્થાનક સુધી પ્રવર્તે છે, તેનાથી ઉપશાંત થયેલ કર્મદલિક યથાસંભવ ત્રીજા વિના એકથી અગિયાર ગુણસ્થાનક સુધી હોય છે.

દેશોપશમા, નિદ્ધત્તિ અને નિકાચના આ ત્રણ કરણો અને તેનાથી ઉપશાંત, નિદ્ધત્ત અને નિકાચિત થયેલ કર્મ આઠમા ગુણસ્થાનક સુધી રહે છે પણ પછી રહેતાં નથી.

પ્રશ્ન—પર. અનાદિ મિથ્યાદષ્ટિ પ્રથમ ઉપ્રશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે ત્યારે જેમ મિથ્યાત્વની સર્વોપશમના કરે છે તેમ અનંતાનુબંધીની ઉપશમના કરે કે નહીં ? કારણ કે અનંતાનુબંધીનો ઉદય હોય ત્યાં સુધી ઉપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત ન થાય, છતાં અનંતાનુબંધિની ઉપશમના કેમ બતાવી નથી ?

ઉત્તર—અનાદિ મિથ્યાદષ્ટિ ઉપશમ સમ્યક્ત્વ પામે ત્યારે જેમ મિથ્યાત્વની સર્વોપશમના કરે છે, તેમ અનંતાનુબંધિની સર્વોપશમના કરતો નથી. પરંતુ અનંતાનુબંધિનો ક્ષયોપશમ કરતો હોય તેમ લાગે છે.

તેનું પહેલું કારણ—જો અનંતાનુબંધિનો પણ ઉપશમ કરતો હોય તો જેમ અનાદિમિથ્યાદષ્ટિને ઉપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરતાં અનિવૃત્તિકરણના પ્રથમ સમયથી મિથ્યાત્વ-મોહનીય વિના ૨૫ની દેશોપશમના બતાવી, તેમ અનંતાનુબંધીની પણ દેશોપશમના ન થવાથી ૨૧ પ્રકૃતિઓની દેશોપશમના બતાવવી જોઈએ, પણ તેમ બતાવેલ નથી.

બીજું કારણ જેમ મિથ્યાત્વની પ્રથમ સ્થિતિ સમયાધિક આવલિકા બાકી રહે ત્યારે મિથ્યાત્વની જઘન્ય સ્થિતિ ઉદીરણા બતાવી, તેમ અનંતાનુબંધિની પણ જઘન્ય સ્થિતિ ઉદીરણા આવી શકે છતાં તેમ ન બનાવતાં અનંતાનુબંધિની જઘન્ય સ્થિતિ ઉદીરણા એકેન્દ્રિયોમાં બતાવવામાં આવેલ છે.

ત્રીજું કારણ—જેમ પુરુષવેદના બંધવિચ્છેદ પછી બે સમયન્યૂન બે આવલિકા પ્રમાણ કાળમાં બંધાયેલ પુરુષવેદના દલિકને તેટલા જ કાળમાં સંક્રમાવે છે, ત્યારે સંક્રમના ચરમ સમયે પુરુષવેદનો જઘન્ય અનુભાગ સંક્રમ બતાવેલ છે. તેમ અનંતાનુબંધિનો પણ ઉપશમ સમ્યક્ત્વ પામ્યા પછી બે સમય ન્યૂન બે આવલિકા જેટલા અંતિમકાળમાં બંધાયેલ દલિકોને સંક્રમાવતાં સંક્રમના ચરમ સમયે ઘણો ઓછો રસ સંક્રમતો હોવાથી જઘન્ય અનુભાગ સંક્રમ બતાવવો જોઈએ. પરંતુ તેમ ન બનાવતાં અનંતાનુબંધિની વિસંયોજના કરી પ્રથમ ગુણસ્થાનકે આવેલ આત્માને પ્રથમ સમયે બંધાયેલ રસ અનંતગુણ હોવા છતાં બંધાવલિકા પછીના પ્રથમ સમયે તે રસને સંક્રમાવતાં જઘન્ય અનુભાગ સંક્રમ બતાવેલ છે.

ચોથું કારણ—પ્રથમ ઉપશમ સમ્યક્ત્વની પ્રાપ્તિ વખતે જો મિથ્યાત્વની જેમ અનંતાનુબંધિની પણ સર્વોપશમના થતી હોત તો અંતરકરણ કર્યા પછી મિથ્યાત્વની પ્રથમ સ્થિતિ એક આવલિકા પ્રમાણ રહે ત્યારે મિથ્યાત્વની જેમ અનંતાનુબંધિની પણ ઉદીરણા ન થાય માટે તેવા મિથ્યાદૃષ્ટિને અપ્રત્યાખ્યાનીય વગેરે ત્રણ ક્રોધાદિ, ત્રણમાંથી એક વેદ અને એક યુગલ એમ જઘન્યથી છ પ્રકૃતિનું ઉદીરણાસ્થાન પણ આવી શકે, પરંતુ કર્મપ્રકૃતિમાં તે ક્યાંય બતાવેલ નથી. તેથી અનંતાનુબંધિનો ક્ષયોપશમ જ થતો હોય તેમ લાગે છે. પછી તો બહુશ્રુતો તો કહે તે પ્રમાણ.

ઉપશમનાકરણ પ્રશ્નોત્તરી સમાપ્ત